॥ શ્રીહરિઃ ॥

# શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્ર

## (ગુજરાતી મૂળ સમ્પૂર્ણ)

: રચયિતા :

વિદ્વર્ય સદ્ગુરુ શતાનંદ સ્વામી (ઋષિવર્ય)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**

**૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ

મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી

મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી

: સૌજન્ય :

અ.નિ. સદ્ગુરુ સ્વામી કૃષ્ણકેશવદાસજીના શિષ્ય

અ.નિ. શાસ્ત્રી સ્વામી નરનારાયણદાસજીના

સમસ્ત શિષ્ય મંડળ જેતલપુરધામ

સંકલન કર્તા : શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી - જેતલપુરધામ

પ્રકાશન તિથિ : પ્રથમ આવૃતિ તા. ૬-૨-૨૦૧૫
બીજી આવૃતિ તા. ૧૪-૮-૨૦૧૮ (પુણ્યતિથિ નિમિત્તે)

પ્રાપ્તિ સ્થાન : શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ
શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજલી,
શ્રી સ્વામિનારાયણ મંદિર, કલોલ,
શ્રી સ્વામિનારાયણ મંદિર, મહેસાણા

પ્રકાશકની માહિતી : શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ
તા. દશક્રોઈ, જી. અમદાવાદ ફોન નં. : ૯૦૯૯૯૩૯૩૭૬
લાઈવ દર્શન JETALPURDARSHAN (YOU TUBE)

મૂલ્ય : રૂા. ૧૦૦/- (નિમિત માત્ર)

## શાસ્ત્રનું દાન સાદર અર્પણ

શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના ચતુર્થ આચાર્ય પ્રવર પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના દિક્ષિત અને પૂર્વાશ્રમમાં ગામ ચરાડા તા. માણસાના ચૌધરી પરિવારમાં જન્મ ધારણ કરેલ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના સંત વિભૂતિ તપોમૂર્તિ સદ્ગુરુ વર્ય સ્વામી કૃષ્ણકેશવદાસજીની શ્રી નરનારાયણદેવ દેશના ધામો અને ગામોમાં કરેલી સત્સંગની સેવાઓને વંદન.   તથા

શ્રી નરનારાયણદેવ દેશની ગાદીના પંચમ આચાર્ય પ્રવર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દિક્ષિત અને પૂર્વાશ્રમ કચ્છ ગામ રવાપર તા. નખત્રાણાના ભગત પરિવારમાં જન્મ ધારણ કરેલ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના સાક્ષર વિદ્વાન્ વેદાન્તાચાર્ય શાસ્ત્રી સ્વામી નરનારાયણદાસજીની શ્રી નરનારાયણદેવ દેશના ધામો અને ગામોમાં કરેલી અદ્વિતીય સેવાઓને વંદન.

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને ધર્મકુળની પ્રસન્નાર્થે.

સમસ્ત શિષ્ય મંડળ તરફથી સત્સંગિજીવન શાસ્ત્ર સમ્પૂર્ણ ગુજરાતી સંપ્રદાયની સેવામાં સાદર અર્પણ.

### સંત મંડળ

| | |
|---|---|
| સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજી | મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી |
| મહંત શાસ્ત્રી સ્વામી ઉત્તમપ્રિયદાસજી | મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી |
| શાસ્ત્રી સ્વામી ભક્તિવલ્લભદાસજી | મહંત શાસ્ત્રી સ્વામી દેવસ્વરૂપદાસજી |
| મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી | મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી |
| શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી | શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજી |

# આજ્ઞાપત્રમ્

## અનુક્રમણિકા

**અધ્યાય** **પાનુ**

**પ્રથમ પ્રકરણ**


૧. ગ્રંથમંગલાચરણ અને સુવ્રત મુનિ પ્રતાપસિંહ સમાગમ નિરૂપણ ........ ૧
૨. શતાનંદ મુનિ જન્માદિ ચરિત્ર અને બદરીપતિ આરાધના ........ ૪
૩. શ્રી નરનારાયણદેવ દર્શન તથા વરદાન. શ્રીહરિ સમીપે નિવાસ તથા ગ્રંથ રચના પ્રારંભ..... ૬
૪. કથા મંગળાચરણ, હિમાલય અને બદરિકાશ્રમ વર્ણન........ ૯
૫. મુનિ આગમન........ ૧૪
૬. મુનિજનોને નારાયણ ભગવાનનું દર્શન તથા તેઓએ કરેલું પૂજન ........ ૧૬
૭. મુનિકૃત સ્તુતિ ........ ૧૮
૮. અધર્મવૃદ્ધિ વર્ણન અને ધર્મ-મૂર્તિ આગમન........ ૧૯
૯. દુર્વાસાનો શાપ તથા અનુગ્રહ ........ ૨૧
૧૦. અસુરોએ આદરેલા દુરાચારનું વર્ણન ........ ૨૪
૧૧. ધર્મદેવ અને ભક્તિમાતાનો જન્મ ........ ૨૬
૧૨. લગ્ન પછી ધર્મભક્તિને બાલ શર્માએ આપેલો ઉપદેશ........ ૨૮
૧૩. દેવ શર્માને અસુરોએ આપેલું દુઃખ, તીર્થગમન, રામાનંદ સ્વામીનું મિલન........ ૩૧
૧૪. રામાનંદ સ્વામીનું જન્માદિ વૃત્તાંત........ ૩૩
૧૫. રામાનંદ સ્વામીને અસુરોએ કરેલા ઉપદ્રવ તથા ઉદ્ધવ સંપ્રદાય પ્રવૃત્તિ નિરૂપણ........ ૩૬
૧૬. રામાનંદ મુનિ દ્વારા ધર્મદીક્ષા નિરૂપણ........ ૩૭
૧૭. અસુરોપદ્રવ, હનુમાનજીની આજ્ઞાથી ધર્મદેવનું વૃન્દાવન ગમન........ ૪૦
૧૮. વિષ્ણુયાગ સમારંભ શ્રીકૃષ્ણ દર્શન........ ૪૫
૧૯. ભક્તિ ધર્મકૃત સ્તુતિ અને પ્રગટ થવાનું વરદાન ........ ૪૭
૨૦. વૃન્દાવનથી જતાં રસ્તામાં અશ્વત્થામાનો શાપ ........ ૫૦
૨૧. ધર્મશત્રુ અસુરોને વિન્ધ્યવાસિની દેવીનો શાપ........ ૫૪
૨૨. ભક્તિમાતા થકી શ્રી પુરુષોત્તમ પ્રાદુર્ભાવ વર્ણન........ ૫૫
૨૩. હનુમાનજી દ્વારા કૃત્યાનો પરાભવ તથા બાળરક્ષણ વર્ણન ........ ૫૮
૨૪. માર્કંડેય મુનિ દ્વારા પુત્રનું નામકરણ વર્ણન ........ ૬૧
૨૫. કર્ણવેધાદિ સંસ્કાર નિરૂપણ ........ ૬૩
૨૬. કાળિદત્ત અસુરનાશ નિરૂપણ ........ ૬૬
૨૭. છપૈયામાં વારંવાર ઉત્પાતો થવાથી સપરિવાર ધર્મનું અયોધ્યાગમન વર્ણન ........ ૭૦
૨૮. શ્રીહરિને વર્ણ તથા અંકોનું શિક્ષણ તથા રામચંદ્ર સ્તુતિ વર્ણન ........ ૭૩
૨૯. ધર્મકૃત સ્ત્રી-પુરુષ ગુરુમર્યાદા નિરૂપણ........ ૭૪

| અધ્યાય | | પાનુ |
|---|---|---|


૩૦. શ્રી ઘનશ્યામ મહારાજની યજ્ઞોપવિત લીલાવર્ણન ........ ૭૫
૩૧. સર્વશાસ્ત્રોનો અભ્યાસ, માતાને ઉપદેશ વર્ણન ........ ૭૮
૩૨. શ્રીહરિગીતામાં ભક્તિમાતાને સત્પુરુષનાં લક્ષણ કહ્યા તે વર્ણન ........ ૮૦
૩૩. શ્રીહરિગીતામાં ધર્માદિના લક્ષણ વર્ણન ........ ૮૩
૩૪. શ્રીહરિગીતામાં જ્ઞાન સ્વરૂપ વર્ણન ........ ૮૭
૩૫. શ્રીહરિગીતામાં વૈરાગ્ય સ્વરૂપ વર્ણન ........ ૮૯
૩૬. શ્રીહરિગીતામાં ભક્તિ સ્વરૂપ કથન ........ ૯૨
૩૭. શ્રી ભક્તિમાતા દેહત્યાગ વર્ણન ........ ૯૭
૩૮. ધર્મકૃત શ્રીહરિ પ્રાર્થના તથા વરદાન વર્ણન ........ ૯૯
૩૯. ધર્મદેવકૃત સ્વપુત્રને ઉપદેશ તથા ભાગવત શ્રવણ વર્ણન ........ ૧૦૧
૪૦. શ્રી ધર્મદેવ દેહ ત્યાગ વર્ણન ........ ૧૦૩
૪૧. શ્રી ધર્મદેવનું ઔર્ધ્વદેહિ કર્મ નિરૂપણ ........ ૧૦૬
૪૨. શ્રીહરિનું તપશ્ચર્યા માટે વનગમન વર્ણન ........ ૧૦૭
૪૩. મારુતિ ભૈરવ યુદ્ધ, શ્રીહરિ પુલહાશ્રમ ગમન ........ ૧૧૦
૪૪. સૂર્ય આરાધના અને વરદાન વર્ણન ........ ૧૧૨
૪૫. બુટોલપુર ગમન, ત્યાર પછી ગોપાળયોગી સમાગમ વર્ણન ........ ૧૧૪
૪૬. સીરપુરગમન અને સિદ્ધોનો પરાજય ........ ૧૧૭
૪૭. કામાક્ષીગમન તથા પિબક પરાજય વર્ણન ........ ૧૧૯
૪૮. કપિલાશ્રમગમન તથા શ્રી જગન્નાથપુરીમાં અસુરોનાં નાશનું વર્ણન ........ ૧૨૨
૪૯. શ્રીહરિની દક્ષિણ યાત્રા વર્ણન ........ ૧૨૬
૫૦. તીર્થોમાં ફરતા શ્રીહરિનું લોજપુર આગમન, સુખાનંદ તથા મુક્તાનંદ સમાગમ ........ ૧૩૨
૫૧. લોજપુર વાસ મુક્તાનંદ પ્રશ્નોત્તર ........ ૧૩૩
૫૨. શ્રીહરિજીનો લોજપુરમાં નિવાસ ........ ૧૩૬
૫૩. મુક્તાનંદ મુનિનો શ્રી રામાનંદ મુનિને નીલકંઠવર્ણી બાબત ભૂજ પત્ર લખવો ........ ૧૩૮
૫૪. શ્રીહરિને રામાનંદ સ્વામીને પત્ર લખવો ........ ૧૪૧
૫૫. રામાનંદ સ્વામીએ શ્રીહરિ તથા મુક્તાનંદ મુનિને લોજપુર પત્ર લખ્યો તે વર્ણન ........ ૧૪૪
૫૬. પિપલાણામાં શ્રીહરિજીને રામાનંદ મુનિનો સમાગમ ........ ૧૪૬
૫૭. શ્રીરામાનંદ સ્વામીની સેવા અને વર પ્રાપ્તિ ........ ૧૪૮
૫૮. રામાનંદ મુનિ દ્વારા શ્રીહરિને મહાદીક્ષા નિરૂપણ ........ ૧૫૨
૫૯. શ્રીહરિજીને ધર્મધુરા સમર્પણ, પટ્ટાભિષેક વર્ણન ........ ૧૫૫
૬૦. રામાનંદ મુનિની અંતર્ધાન લીલા તથા તેમની ઔર્ધ્વદેહિક ક્રિયા નિરૂપણ ........ ૧૬૦

| અધ્યાય | | પાનુ |
|---|---|---|

## દ્વિતીય પ્રકરણ


| | | |
|---|---|---|
| ૧. | હરિકૃત ધર્મ પ્રશંસા વર્ણન | ૧૬૩ |
| ૨. | નિયમ, શ્રદ્ધા, ગુણ, દોષ વર્ણન | ૧૬૬ |
| ૩. | શ્રીહરિનું સ્વભક્તોને ચતુર્ભુજ વિષ્ણુસ્વરૂપે દર્શન | ૧૬૮ |
| ૪. | શ્રીહરિકૃત મેઘજી પરાજ્ય વર્ણન | ૧૭૦ |
| ૫. | શ્રાવક આદિને સ્વસ્વ ઈષ્ટદેવનું વર્ણન | ૧૭૨ |
| ૬. | જન્માષ્ટમી મહોત્સવ અને આશ્ચર્ય દર્શન વર્ણન | ૧૭૫ |
| ૭. | શ્રીહરિકૃત વેદાદિ સારભૂત ધર્મ નિરૂપણ અર્થાત્ શ્રીનારાયણ ગીતા નિરૂપણ | ૧૭૬ |
| ૮. | બહુજનોને સમાધિ અને યોગકળા દર્શન વર્ણન | ૧૮૨ |
| ૯. | પિપલાણા તથા આખા બન્ને ગામમાં એકી સાથે શ્રીહરિકૃત વિષ્ણુયાગ નિરૂપણ વર્ણન | ૧૮૫ |
| ૧૦. | શ્રીહરિકૃત ધર્મ-અર્ધમ સર્ગ વર્ણન | ૧૮૭ |
| ૧૧. | લોભથી પરાભવ પામેલા વસિષ્ઠ મુનિ અને સહસ્રાર્જુન કથા વર્ણન | ૧૯૦ |
| ૧૨. | કામદોષથી બ્રહ્મા-સૌભરી આદિનો પરાજ્ય | ૧૯૩ |
| ૧૩. | રસાસ્વાદથી ઋષ્યશૃંગ મુનિ પરાભવ વર્ણન | ૧૯૬ |
| ૧૪. | દયાથી ભરત પરાભવ વર્ણન | ૧૯૮ |
| ૧૫. | માનદોષથી દક્ષ, દુર્વાસાનો પરાભવ વર્ણન | ૨૦૦ |
| ૧૬. | રાજકુમારોની પ્રાર્થનાથી ભાડેર ગમન તથા તામસ વ્રત નિષેધ વર્ણન | ૨૦૪ |
| ૧૭. | મૂળશર્માને અસુર લક્ષણ નિરૂપણ વર્ણન | ૨૦૮ |
| ૧૮. | ભૂજનગરમાં રામનવમી મહોત્સવ વર્ણન | ૨૧૦ |
| ૧૯. | ભૂજના રાજાના કારભારીના ત્યાં હિંસામય યજ્ઞમાં અહિંસા ધર્મ વિવેચન વર્ણન | ૨૧૫ |
| ૨૦. | ધમકડા આદિમાં વિચરણ તથા અનેક ઐશ્વર્ય પ્રદર્શન વર્ણન | ૨૨૦ |
| ૨૧. | તુંગજિત રાજા પ્રત્યે લોભ પરાક્રમ વર્ણન | ૨૨૩ |
| ૨૨. | અભય રાજાની કથા તથા ખટવાંગ અને અભય  રાજાનો સમાગમ વર્ણન | ૨૨૫ |
| ૨૩. | અભય રાજા આગળ ખટવાંગકૃત શ્રીહરિ પ્રતાપ વર્ણન | ૨૨૮ |
| ૨૪. | ખટવાંગ દ્વારા શ્રીહરિ જન્મ કર્મ વર્ણન | ૨૩૦ |
| ૨૫. | ખટવાંગ કૃત શ્રીહરિ ધ્યાન વર્ણન | ૨૩૪ |
| ૨૬. | કષ્ટહારી દશાવતાર સ્તોત્ર તથા શ્રીહરિ આરાધના વર્ણન | ૨૩૬ |
| ૨૭. | શ્રીહરિનું કારિયાણી આગમન તથા ખટવાંગ કૃત સ્તુતિ વર્ણન | ૨૩૯ |
| ૨૮. | અભય રાજાનો કારિયાણીમાં શ્રીહરિ સમાગમ વર્ણન | ૨૪૨ |
| ૨૯. | પરોપકાર માટે રંતિદેવ કથા વર્ણન | ૨૪૬ |
| ૩૦. | શ્રીહરિ દુર્ગપુર ગમન ફૂલદોલોત્સવ અને સત્સંગ પ્રશંસા વર્ણન | ૨૪૯ |

| અધ્યાય | | પાનુ |
|---|---|---|


૩૧. અભય પ્રાર્થનાથી સંતવર્ણી સહિત શ્રીહરિનો ગઢપુરમાં ચાતુર્માસ પર્યંત નિવાસ પૂજા અને સ્તુતિ નિરૂપણ ........ ૨૫૧
૩૨. મુનિજનોને પૂર્વ જન્મનું જ્ઞાન તથા ગઢપુર નિવાસ પ્રતિજ્ઞા વર્ણન ........ ૨૫૪
૩૩. મુનિજનોને દેશાંતર મોકલવા તથા ક્રોધ જીતવાનો ઉપાય વર્ણન ........ ૨૫૭
૩૪. અસુરોથી પીડિત મુનિજનોનું અલક્ષિત વિચરણ વર્ણન ........ ૨૬૦
૩૫. રાજકોટમાં શ્રીહરિનો ગર્વનર સાથે મેળાપ વર્ણન ........ ૨૬૩
૩૬. ગર્વનરને વરદાન આપી શ્રીહરિનું ગઢપુર ગમન વર્ણન ........ ૨૬૬
૩૭. શિવરામ વિપ્રે પૂછલે શ્રીહરિના દેશ જન્માદિનું શ્રીહરિકૃત વર્ણન ........ ૨૬૯
૩૮. મૂળીપુરના રાજાના કારભારીની પ્રાર્થનાથી સંતો સહિત મૂળીપુર ગમન વર્ણન ........ ૨૭૬
૩૯. શ્રીહરિનું મૂળીપુરમાં આગમન વર્ણન ........ ૨૭૮
૪૦. મૂળીપુરની પ્રશંસા અને સાયલા આદિ ગામોમાં ગમન વર્ણન ........ ૨૮૦
૪૧. શ્રીહરિનું વાંકાનેર આદિ ગામોમાં વિચરણ ........ ૨૮૨
૪૨. મૂળીથી ગઢપુર પધારી ત્યાંથી મછિયાવ ગમન વર્ણન ........ ૨૮૪
૪૩. મરુત આદિ રાજાઓનું ચરિત્ર વર્ણન ........ ૨૮૭
૪૪. સિદ્ધપુર ગમન અને તીર્થવિધિ નિરૂપણ વર્ણન ........ ૨૯૦
૪૫. વિસનગર ગમન, ત્યાં બ્રાહ્મણ ભોજન વર્ણન ........ ૨૯૩
૪૬. વિસનગરમાં ચાતુર્માસ વિધિ નિરૂપણ વર્ણન ........ ૨૯૫
૪૭. કાર્તિક માસ કર્તવ્ય વ્રત વિધિ નિરૂપણ ........ ૨૯૭
૪૮. ગેરિતા ગમન, શ્રીનગરમાં સ્વપ્રતાપ સ્થાપન વર્ણન ........ ૩૦૧
૪૯. ડાંગરવા આદિ ગામોમાં વિચરણ વર્ણન ........ ૩૦૮
૫૦. જેતલપુર ગમન, બ્રહ્મભોજન તથા રંકજન સંભાવના આદિ ચરિત્ર વર્ણન ........ ૩૧૦
૫૧. કૌલાગમ નિરૂપણ અને ખંડન વર્ણન ........ ૩૧૨
૫૨. સદ્‌ગ્રંથો દ્વારા શ્રીહરિ કૃત કૌલમત ખંડન ........ ૩૧૭
૫૩. પ્રણામપૂર્વક શાક્ત મતખંડન, કીચક પરાજ્ય ........ ૩૨૦
૫૪. જેતલપુરમાં સ્વ નિવાસ માટે સ્વજનો આગળ પ્રતિજ્ઞા વર્ણન ........ ૩૨૫
૫૫. ડભાણમાં મહાવિષ્ણુયાગ નિરૂપણ વર્ણન ........ ૩૨૮
૫૬. સુરા ખાચર પ્રત્યે વિપ્ર માહાત્મ્ય કથન ........ ૩૨૯
૫૭. ચરોતર વિચરણ કરી સુરત ગમન વર્ણન ........ ૩૩૨
૫૮. સૂર્યપુરમાં ભાલચંદ્ર આદિ ભક્તજનો આગળ ભક્તિ અને ભક્તનાં લક્ષણ ઉપદેશ વર્ણન ૩૩૪
૫૯. ધર્મપુર ગમન ત્યાં કુશળ કુંવરબાનો મનોરથ પૂર્ણ કરી ગઢપુર ગમન વર્ણન ........ ૩૩૮

| અધ્યાય | | પાનુ |
|---|---|---|

## તૃતીય પ્રકરણ


૧. ઉત્તમ રાજા તથા લલિતાદિક ભક્તોની ભક્તિનો ઉત્કર્ષ વર્ણન ............................ ૩૪૩
૨. શ્રીનારાયણમુનિ ભગવાનની પૃથક્ પૃથક્ સેવા વ્યવસ્થા નિરૂપણ ........................ ૩૪૫
૩. સર્વ ઉત્સવોમાં જયા લલિતાનું મુખ્યપણું ............................................ ૩૪૮
૪. અન્નકૂટોત્સવ માટે શ્રીહરિ આજ્ઞા ગ્રહણ................................................ ૩૪૯
૫. અન્નકૂટ સામગ્રી અને મુનિજનોને બોલાવવા. ........................................ ૩૫૨
૬. અન્નકૂટોત્સવમાં ભગવત્કૃત પાઠશાળા અવલોકન........................................ ૩૫૫
૭. દેશાંતરોથી આવતા મુનિ મંડલોનાં નામો ................................................ ૩૫૭
૮. શ્રીહરિનું મુનિજનો સન્મુખ ગમન વર્ણન ................................................ ૩૬૦
૯. દેશાંતરોના જનોનું સન્માન તથા વિવિધ વસ્તુદાન........................................ ૩૬૩
૧૦. પ્રાતઃકાળે સભા તથા પરમોત્સવ વર્ણન................................................ ૩૬૬
૧૧. દેશાંતરના જનોને શ્રીહરિએ સમાચાર પૂછ્યા અને તેમણે કહ્યા તે વર્ણન ................ ૩૬૮
૧૨. મધ્ય દેશાદિ જનોકૃત શ્રીહરિ પૂજન વર્ણન ............................................ ૩૭૦
૧૩. ઉન્મત્ત ગંગા (ઘેલા નદી) જળક્રીડા વર્ણન................................................ ૩૭૫
૧૪. ગઢપુરમાં દીપાવલિ મહોત્સવ વર્ણન.................................................... ૩૭૮
૧૫. રસોઈયાઓની રસોઈ કરવાની ચતુરાઈ નિરૂપણ ........................................ ૩૮૨
૧૬. રાજાકૃત શ્રીહરિ સ્તુતિ અને સકળ જનકૃત શ્રીહરિ પૂજન વર્ણન.......................... ૩૮૩
૧૭. મુનિકૃત પૂજા અને પૃથક્ પૃથક્ સ્તુતિ વર્ણન ............................................ ૩૮૬
૧૮. શ્રીહરિકૃત અન્નકૂટ રચના અવલોકન .................................................. ૩૯૧
૧૯. ભક્ત સંતોષ માટે શ્રીહરિકૃત પ્રત્યક્ષ પકવાન્ન આદિ ભોજન વર્ણન ...................... ૩૯૩
૨૦. શ્રીહરિકૃત સંતમંડળ ભોજન વર્ણન .................................................... ૩૯૫
૨૧. ક્ષત્રિયાદિ નિજ ભક્તોને ભોજન વડે તૃપ્ત કરવા .......................................... ૩૯૭
૨૨. શ્રીહરિકૃત સત્સંગ દીપ વર્ણન .......................................................... ૩૯૯
૨૩. પ્રબોધિની ઉત્સવ માટે જીવુબા માટે આજ્ઞા ગ્રહણ.......................................... ૪૦૩
૨૪. હેમંતસિંહે પૂછેલ સંદ્ધર્ભ રક્ષણ સાધન વર્ણન ............................................ ૪૦૪
૨૫. શ્રીહરિકૃત સ્ત્રીપુરુષ સ્પર્શ વિવેક વર્ણન.................................................. ૪૧૦
૨૬. શ્રીહરિકૃત ધર્મસિદ્ધ નિરૂપણ વર્ણન .................................................... ૪૧૪
૨૭. બ્રહ્માનંદ મુનિએ પૂછેલ નિષ્કામ શુદ્ધિ વર્ણન.............................................. ૪૧૮
૨૮. ગોપાળાનંદ મુનિએ પૂછેલ ત્યાગીજનોનો આહ્નિક વિધિ નિરૂપણ.......................... ૪૨૧
૨૯. મુક્તાનંદ મુનિએ પૂછેલ ભગવતસ્વરૂપ અદ્વૈત જ્ઞાન વર્ણન ................................ ૪૨૪
૩૦. કૃષ્ણ મંત્ર જપવિધિ નિરૂપણ વર્ણન........................................................ ૪૩૩

| અધ્યાય | | પાનુ |
|---|---|---|
| ૩૧. | શ્રીહરિકૃષ્ણ એકાદશી માહાત્મ્ય નિરૂપણ | ૪૩૬ |
| ૩૨. | એકાદશી ઉત્પત્તિ તથા તેને વરદાન નિરૂપણ | ૪૩૮ |
| ૩૩. | શ્રીનારાયણ મુનિકૃત એકાદશી વ્રત વિધિ નિરૂપણ | ૪૪૨ |
| ૩૪. | શ્રીહરિકૃત એકાદશી ઉદ્યાપન વિધિ નિરૂપણ | ૪૫૬ |
| ૩૫. | કેશવાદિ મૂર્તિ લક્ષણ નિરૂપણ | ૪૫૮ |
| ૩૬. | શ્રીનારાયણ મુનિકૃત યથાશાસ્ત્ર એકાદશી વ્રત આચરણ નિરૂપણ | ૪૬૦ |
| ૩૭. | જયાકૃત ગુડધેનુ આદિ દાનોનું વિધાન નિરૂપણ | ૪૬૨ |
| ૩૮. | ભગવાન શ્રીહરિકૃત પાઠશાળા અવલોકન | ૪૬૫ |
| ૩૯. | શ્રીહરિકૃત પીરસવાની લીલા વર્ણન | ૪૬૭ |
| ૪૦. | વિદુરનીતિ પ્રમાણે વર્તવાનો સ્વભક્તોને ઉપદેશ | ૪૭૦ |
| ૪૧. | શ્રીહરિકૃત બ્રહ્મધામ સ્વરૂપ વર્ણન | ૪૭૨ |
| ૪૨. | મુનિજનોએ કરેલી શ્રીહરિ સ્તુતિ વર્ણન | ૪૭૫ |
| ૪૩. | ગઢપુરમાં જયા આદિકૃત શ્રીહરિ સ્તુતિ વર્ણન | ૪૭૯ |
| ૪૪. | જયા આદિએ પૂછેલ ભગવત્પ્રસન્નતા ગુણ નિરૂપણ | ૪૮૫ |
| ૪૫. | ધ્યાનસ્થ જયા આદિને અલૌકિક ભક્તિ દર્શન | ૪૮૭ |
| ૪૬. | અન્ય ઉત્સવ નિરૂપણ અને રાજાકૃત વૃત્તાલય ઉત્સવ પ્રશ્ન | ૪૯૧ |
| ૪૭. | દોલોત્સવ કરવા શ્રીહરિનું વૃત્તાલય ગમન વર્ણન | ૪૯૨ |
| ૪૮. | શ્રીહરિ વૃત્તાલય ગમન અને ભક્તજન સુખ પ્રદાન નિરૂપણ | ૪૯૬ |
| ૪૯. | રામપ્રતાપ અને ઈચ્છારામનું આગમન | ૪૯૯ |
| ૫૦. | સર્વ ભક્તજન ભોજન વિધિ નિરૂપણ | ૫૦૧ |
| ૫૧. | ફળાહાર લીલા નિરૂપણ | ૫૦૫ |
| ૫૨. | શ્રીહરિકૃત શ્રીકૃષ્ણ મહાપૂજા નિરૂપણ | ૫૦૭ |
| ૫૩. | દેશાંતરથી આવેલ ભક્તજનોએ કરેલી શ્રીહરિ પૂજા વર્ણન | ૫૦૮ |
| ૫૪. | દેશાંતરના ભક્તોએ કરેલી શ્રીહરિ પૂજા વર્ણન | ૫૧૦ |
| ૫૫. | સ્વજનો પાસે સાયંકાળ વિધિ આચરણ નિરૂપણ | ૫૧૨ |
| ૫૬. | રામપ્રતાપ ઘરે પારણા ફૂલદોલ તિથિ નિર્ણય | ૫૧૪ |
| ૫૭. | નરનારાયણ ભગવાનનું દોલારોહણ અને પૂજન વિધિ નિરૂપણ | ૫૧૬ |
| ૫૮. | સંતો સાથે રંગલીલા મહોત્સવ વર્ણન | ૫૧૯ |
| ૫૯. | શ્રીનારાયણ મુનિકૃત સ્વભક્ત શિક્ષણ વર્ણન | ૫૨૨ |
| ૬૦. | સ્ત્રી પ્રસંગથી નારદ પર્વતની દુર્દશા વર્ણન | ૫૨૬ |
| ૬૧. | સ્વભક્ત સ્ત્રીઓ માટે પુરુષ પ્રસંગે નિષેધ વર્ણન | ૫૩૦ |

| અધ્યાય | | પાનુ |
|---|---|---|


૬૨. પ્રાયશ્ચિત વિધિ નિરૂપણ ........ ૫૩૩
૬૩. મુક્તાનંદ સ્વામીએ તથા બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનો ગાયાં તથા ઐશ્વર્ય વર્ણન ........ ૫૩૬
૬૪. વડતાલથી સંત પાર્ષદો સહિત શ્રીહરિનું ગઢપુર ગમન વર્ણન ........ ૫૩૮


**ચતુર્થ પ્રકરણ**


૧. પુરાણ ઉપપુરાણ શ્રવણવિધિ ........ ૫૪૧
૨. શ્રીમદ્ ભાગવતોત્પત્તિ નિરૂપણ ........ ૫૪૬
૩. શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય નિરૂપણ ........ ૫૪૮
૪. શ્રીમદ્ ભાગવત પૂજાવિધિ નિરૂપણ ........ ૫૫૨
૫. શ્રોતા અને વક્તાઓના નિયમ વર્ણન ........ ૫૫૪
૬. શ્રોતાઓમાં લક્ષણ અને નિયમ વર્ણન ........ ૫૫૭
૭. શ્રીમદ્ ભાગવત દાન વિધિ નિરૂપણ ........ ૫૫૯
૮. શ્રીમદ્ ભાગવત પુરશ્ચરણ વિધિ વર્ણન ........ ૫૬૦
૯. ભાગવત આદિનું શ્રવણ તથા વ્યાસ પૂજા ........ ૫૬૨
૧૦. સારંગપુરમાં જન્માષ્ટમી મહોત્સવ વર્ણન ........ ૫૬૪
૧૧. જન્માષ્ટમી વ્રતવિધિ નિરૂપણ ........ ૫૬૭
૧૨. જન્માષ્ટમીવ્રત અને શ્રીકૃષ્ણ પૂજન વર્ણન ........ ૫૭૧
૧૩. કારિયાણી ગમન અને ઉત્સવ વર્ણન ........ ૫૭૨
૧૪. સ્વર્ગ અને નરકગામી પુરુષ વર્ણન ........ ૫૭૩
૧૫. નાગડકા અને જૂનાગઢ જવા વિચારણા ........ ૫૭૮
૧૬. હેમંતસિંહ અને ઉત્તમરાજાની ઉક્તિ પ્રત્યુક્તિ ........ ૫૮૦
૧૭. શ્રીહરિનું ભક્તજનો સાથે નાગડકા ગમન ........ ૫૮૩
૧૮. શ્રીહરિકૃત માઘ સ્નાન વિધિ વર્ણન ........ ૫૮૫
૧૯. શ્રીહરિકૃત ચાંદ્રાયણ વ્રતવિધિ નિરૂપણ ........ ૫૮૮
૨૦. પંચાળામાં પુષ્પદોલોત્સવ લીલાવર્ણન ........ ૫૮૯
૨૧. શ્રીહરિકૃત દ્વૈતાદ્વૈત શ્રુતિ નિર્ણય વર્ણન ........ ૫૯૧
૨૨. ધર્માદિ સહિત સ્વસ્વરૂપ દર્શન વર્ણન ........ ૫૯૫
૨૩. હેમંતસિંહકૃત સ્તુતિ જૂનાગઢ-ગઢપુર ગમન ........ ૫૯૮
૨૪. સ્વાવતાર પ્રયોજન અને ગૂઢ સંકલ્પ નિરૂપણ ........ ૬૦૨
૨૫. શ્રીનગરમાં શ્રી નરનારાયણ આદિ પ્રતિષ્ઠા મહોત્સવ ........ ૬૦૩
૨૬. શ્રીહરિકૃત વિષ્ણુપુર વર્ણન ........ ૬૦૮
૨૭. સનક મુનિ-ધર્મદેવ સમાગમ વર્ણન ........ ૬૧૦

| અધ્યાય | | પાનુ |
|---|---|---|
| ૨૮. | શ્રીહરિકૃત ભક્ત પ્રશંસા વર્ણન | ૬૧૩ |
| ૨૯. | વિશ્વોત્પત્તિથી આરંભી ધર્માવિર્ભાવ વર્ણન | ૬૧૫ |
| ૩૦. | ધર્મદેવકૃત તપોધર્મ નિરૂપણ વર્ણન | ૬૧૭ |
| ૩૧. | ભગવત્પ્રાદુર્ભાવ અને નામકરણ વિધિ | ૬૧૮ |
| ૩૨. | ધર્મકથિત ઈશ્વર પૂજન મહોત્સવ વર્ણન | ૬૨૨ |
| ૩૩. | દેવકૃત ભગવત્પૂજોપક્રમ નિરૂપણ વર્ણન | ૬૨૪ |
| ૩૪. | સનક મુનિ પ્રત્યે નારાયણ મહાપૂજા પ્રકાર વર્ણન | ૬૨૬ |
| ૩૫. | બ્રહ્મચર્ય નિમિત્ત યોગ નિરૂપણ વર્ણન | ૬૨૯ |
| ૩૬. | દેવો પ્રત્યે ધર્મદેવકથિત ત્યાગાધિકાર વર્ણન | ૬૩૧ |
| ૩૭. | મહદ્ વૈરાગ્યકારણ અને દેવીકૃત ભગવત્પૂજા | ૬૩૩ |
| ૩૮. | સાભ્રમતીસ્નાન તથા મંડપોપવેશ નિરૂપણ | ૬૩૫ |
| ૩૯. | મુનિ-બ્રાહ્મણો સહિત નારાયણની ભોજન લીલા | ૬૩૭ |
| ૪૦. | ભગવાન શ્રીનરનારાયણનું તપ માટે વિશાલા ગમન | ૬૩૯ |
| ૪૧. | ફરી શ્રીનરનારાયણદેવ પ્રાદુર્ભાવ વર્ણન | ૬૪૩ |
| ૪૨. | શ્રીહરિની બ્રાહ્મણ ભોજન લીલા વર્ણન | ૬૪૬ |
| ૪૩. | મૂળીમાં રાધાકૃષ્ણ અને શ્રીહરિની પ્રતિષ્ઠા વર્ણન | ૬૪૮ |
| ૪૪. | ભૂજમાં શ્રીનરનારાયણદેવ અને મૂળીમાં ભક્તિધર્મ પ્રતિષ્ઠા | ૬૫૦ |
| ૪૫. | ભગવાન શ્રીહરિકૃત મૂળીપુર માહાત્મ્ય વર્ણન | ૬૫૨ |
| ૪૬. | મૂળીપુર સભામાં કાળબળ નિરૂપણ વર્ણન | ૬૫૪ |
| ૪૭. | શ્રી વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણદેવ પ્રતિષ્ઠા તથા ધોળકામાં મોરલી મનોહર દેવ પ્રતિષ્ઠા વર્ણન | ૬૫૬ |
| ૪૮. | પૂજા માટે ચિત્ર પ્રતિમા અને નંદ રામાદિનું દ્વારિકા પ્રેષણ | ૬૬૧ |
| ૪૯. | આરાવણ ગામમાં છાપો આપનારનું નિર્દયપણું | ૬૬૪ |
| ૫૦. | સચ્ચિદાનંદ મુનિને દ્વારકાધીશ દર્શન પ્રતિબંધ | ૬૬૮ |
| ૫૧. | સચ્ચિદાનંદ મુનિકૃત સ્તુતિ, કૃષ્ણદર્શન અને વરદાન વર્ણન | ૬૭૦ |
| ૫૨. | દ્વારકાથી શ્રીહરિનું વૃત્તાલય ગમન વર્ણન | ૬૭૩ |
| ૫૩. | શ્રીહરિકથિત વૃત્તાલય માહાત્મ્ય વર્ણન | ૬૭૬ |
| ૫૪. | વડોદરાવાસી જનોનો હરિહરાચાર્યને પ્રશ્ન અને ઉત્તર | ૬૭૮ |
| ૫૫. | મુક્ત મુનિ કૃત કલિયુગમાં પણ શ્રીહરિજન્મ પ્રતિપાદન | ૬૮૦ |
| ૫૬. | આસુરીજનોને શ્રીહરિજન્મનું અજ્ઞાન વર્ણન | ૬૮૪ |
| ૫૭. | શ્રીહરિના અવતારોનું અસાધારણ લક્ષણ | ૬૮૮ |

| અધ્યાય | પાનુ |
|---|---|
| ૫૮. રામચંદ્રાદિ વિપ્રોનું શ્રીહરિ આશ્રિત થવું | ૬૯૩ |
| ૫૯. વડતાલમાં શ્રીધર્મદેવ જન્મોત્સવ વર્ણન | ૬૯૬ |
| ૬૦. આચાર્ય સ્થાપન તથા ભક્તિ જન્મોત્સવ | ૬૯૮ |
| ૬૧. સયાજીરાવ મહારાજની પ્રાર્થનાથી વડોદરા ગમન | ૭૦૨ |
| ૬૨. સયાજીરાવકૃત શ્રીહરિ સન્માન, વડતાલ ગમન | ૭૦૪ |
| ૬૩. વડતાલ નિવાસ શિક્ષાપત્રી લેખન સંકલ્પ | ૭૦૬ |
| ૬૪. શ્રીહરિકૃત શિક્ષાપત્રી લેખન | ૭૦૭ |
| ૬૫. શ્રીહરિનું ફરી શ્રીનગર ગમન અને ફૂલદોલોત્સવ | ૭૨૧ |
| ૬૬. પાઠશાળા અવલોકન અને પ્રશંસા વર્ણન | ૭૨૩ |
| ૬૭. શ્રીનગર દોલોત્સવમાં સાધુ વિપ્ર સંતર્પણ | ૭૨૫ |
| ૬૮. મહાસભામાં પીઠ ઉપર શ્રીહરિનું બિરાજવું | ૭૨૭ |
| ૬૯. શ્રીહરિકૃત બદ્ધજીવ નિરૂપણ વર્ણન | ૭૨૯ |
| ૭૦. શ્રીહરિકથિત ષટ્ચક્રાદિ ધારણાદિ વર્ણન | ૭૩૨ |
| ૭૧. શ્રીહરિકૃત રાજયોગ નિરૂપણ વર્ણન | ૭૩૪ |
| ૭૨. ક્રમમુક્તિ અને સદ્યોમુક્તિ વર્ણન | ૭૩૬ |
| ૭૩. શ્રીહરિ પૂજા તથા રંગલીલા વર્ણન | ૭૩૯ |
| ૭૪. શ્રીહરિકૃત રંગલીલા વર્ણન | ૭૪૧ |
| ૭૫. શુક મુનિનું નિર્વિકારિપણું વર્ણન | ૭૪૩ |
| ૭૬. જનક શુકદેવ સંવાદ વર્ણન | ૭૪૬ |
| ૭૭. જનક શુકસંવાદ જીવાત્માનું કર્તાપણું વર્ણન | ૭૪૮ |
| ૭૮. શ્રીશુકમુનિ કથિત પ્રવૃત્તિ. કર્મ ત્યાગનું શ્રેષ્ઠપણું | ૭૫૦ |
| ૭૯. શુકદેવ કથિત ગૃહસ્થાશ્રમ પણ બંધનકારી નથી | ૭૫૨ |
| ૮૦. જેતલપુર તથા ધોલેરામાં મૂર્તિ પ્રતિષ્ઠાપન | ૭૫૫ |
| ૮૧. શ્રીહરિ કથિત સામાન્ય દીક્ષા લક્ષણ નિરૂપણ | ૭૫૮ |
| ૮૨. દીક્ષા ગ્રહણ સમય તથા અધિકારી નિરૂપણ | ૭૬૪ |
| ૮૩. ગૃહસ્થ મહાદીક્ષા ગ્રહણ વિધિ નિરૂપણ | ૭૬૬ |
| ૮૪. અનાશ્રમીનો મહાદીક્ષા વિધિ નિરૂપણ | ૭૭૧ |
| ૮૫. બ્રહ્મચારી મહાદીક્ષા વિધિ નિરૂપણ | ૭૭૩ |
| ૮૬. ત્રૈવર્ણિક ત્યાગી મહાદીક્ષા વિધિ નિરૂપણ | ૭૭૪ |
| ૮૭. દિક્ષિતોના સામાન્ય ધર્મ વર્ણન | ૭૭૬ |
| ૮૮. સ્ત્રીદીક્ષા વિધિ નિરૂપણ વર્ણન | ૭૭૮ |

| અધ્યાય | પાનુ |
|---|---|
| ૮૯. અયોધ્યાપ્રસાદ રઘુવીર દીક્ષા વિધિ | ૭૮૩ |
| ૯૦. જન્માષ્ટમી ઉત્સવ વિધિ અને તિથિ નિર્ણય | ૭૮૪ |
| ૯૧. શ્રીહરિકૃત ભાદ્રમાસ ઉત્સવ વિધિ વર્ણન | ૭૮૮ |
| ૯૨. આસો માસ વ્રત ઉત્સવ વિધિ નિરૂપણ | ૭૯૨ |
| ૯૩. કાર્તિકમાસ વ્રત ઉત્સવ વિધિ નિરૂપણ | ૭૯૪ |
| ૯૪. માર્ગશીર્ષ, પોષ અને મહામાસ વ્રત ઉત્સવ | ૭૯૮ |
| ૯૫. ફાગણ ચૈત્ર અને વૈશાખ માસના ઉત્સવો | ૮૦૦ |
| ૯૬. જેઠ, અષાઢ અને શ્રાવમ માસ ઉત્સવ વર્ણન | ૮૦૩ |
| ૯૭. લોભરૂપ દોષ જય નિરૂપણ | ૮૦૬ |
| ૯૮. કામદોષ અને તેને જીતવાના ઉપાય | ૮૧૦ |
| ૯૯. રસાસ્વાદ રૂપ દોષો અને તેને જીતવાના ઉપાય | ૮૧૪ |
| ૧૦૦. સ્નેહરૂપ અને તેને જીતવાના ઉપાયો | ૮૧૮ |
| ૧૦૧. માનના દોષો અને તેને જીતવાના ઉપાયો | ૮૨૦ |
| ૧૦૨. જ્ઞાન વૈરાગ્યાદિનાં લક્ષણ | ૮૨૪ |
| ૧૦૩. શ્રીહરિવર્ણિત પુરુષસર્ગ નિરૂપણ વર્ણન | ૮૨૬ |
| ૧૦૪. શ્રીહરિ કથિત આહંકારિક સર્ગ નિરૂપણ | ૮૨૯ |
| ૧૦૫. શ્રીહરિ કથિત પ્રાણેન્દ્રિયાવસ્થા ગુણ લક્ષણ | ૮૩૩ |
| ૧૦૬. ક્ષેત્રજ્ઞાત્માના અધ્યાત્માદિ ભેદ વર્ણન | ૮૩૭ |
| ૧૦૭. શ્રીહરિ કથિત સાંખ્ય સિદ્ધાંત નિરૂપણ | ૮૩૮ |
| ૧૦૮. શ્રીહરિ નિરૂપતિ જ્ઞાન સિદ્ધિ વર્ણન | ૮૪૧ |

**પંચમ પ્રકરણ**

| | |
|---|---|
| ૧. છ પ્રકારનાં ધર્મનાં લક્ષણ અને તેનું વર્ણન | ૮૪૩ |
| ૨. શ્રીહરિ નિરૂપિત ચારે વર્ણના ધર્મનું વર્ણન | ૮૪૫ |
| ૩. ચાર આશ્રમના ધર્મોનું વર્ણન | ૮૪૭ |
| ૪. દ્વિજોનું સંક્ષેપમાં આહ્નિક નિરૂપણ | ૮૫૨ |
| ૫. ગાયત્રી વિધિ વિધાન | ૮૫૫ |
| ૬. પ્રાતઃહોમ, બ્રહ્મયજ્ઞ, દેવ, પિતૃતર્પણ નિરૂપણ | ૮૫૭ |
| ૭. શ્રીહરિએ બતાવેલો દેવાર્ચન વિધિ | ૮૫૯ |
| ૮. ગૃહસ્થધર્મમાં વિવાહ વગેરેનું વર્ણન | ૮૬૨ |
| ૯. સ્માર્તકર્મ વિધિનું વર્ણન | ૮૬૫ |
| ૧૦. દેશ, કાળ, પાત્ર આદિનું નિરૂપણ | ૮૬૭ |

| અધ્યાય | | પાનુ |
|---|---|---|
| ૧૧. | દાનવિધિનું વર્ણન | ૮૬૯ |
| ૧૨. | ઈષ્ટાપૂર્ત કર્મનું વિસ્તારથી નિરૂપણ | ૮૭૩ |
| ૧૩. | શ્રીહરિ નિરૂપિત બ્રાહ્મણ વિશેષ વિધિ વર્ણન | ૮૭૫ |
| ૧૪. | ગૃહસ્થ જીવિકાવૃત્તિ નિરૂપણ વર્ણન | ૮૭૭ |
| ૧૫. | બ્રાહ્મણ માટે કૃષિ કર્મવિધિ નિરૂપણ | ૮૮૧ |
| ૧૬. | ગુરુ સન્માન વિધિ નિરૂપણ વર્ણન | ૮૮૩ |
| ૧૭. | બ્રાહ્મણોનો આહ્નિક વિધિ નિરૂપણ | ૮૮૭ |
| ૧૮. | હેય ઉપાદેય કર્મ નિરૂપણ | ૮૮૯ |
| ૧૯. | શુદ્ધિ (પ્રાયશ્ચિત) વિધિ નિરૂપણ | ૮૯૩ |
| ૨૦. | શ્રીહરિ પ્રતિપાદિત શ્રાદ્ધવિધિ વર્ણન | ૮૯૯ |
| ૨૧. | શ્રીહરિકૃત કલિ વર્જ્ય ધર્મ નિરૂપણ | ૯૦૪ |
| ૨૨. | રાજધર્મ અષ્ટાદશ વ્યસન વર્ણન | ૯૧૦ |
| ૨૩. | શ્રીહરિ નિરૂપિત રાજધર્મ વર્ણન | ૯૧૧ |
| ૨૪. | શ્રીનારાયણ મુનિકૃત ષડ્‌વર્ગાદિ વર્ણન | ૯૧૪ |
| ૨૫. | રાજધર્મોમાં છત્રીશ ગુણ તેમજ મંત્રી આદિ નિરૂપણ | ૯૧૭ |
| ૨૬. | અષ્ટાદશ વ્યવહાર નિર્ણય નિરૂપણ | ૯૨૦ |
| ૨૭. | વિચારપૂર્વક દંડવિધિ નિરૂપણ વર્ણન | ૯૨૨ |
| ૨૮. | શ્રીહરિકૃત બ્રાહ્મણ પ્રશંસા વિધિ વર્ણન | ૯૨૫ |
| ૨૯. | નારાયણમુનિ કૃત અહિંસાદિ ધર્મ નિરૂપણ | ૯૨૮ |
| ૩૦. | શ્રીહરિકૃત સધવા સ્ત્રી લક્ષણ નિરૂપણ | ૯૩૦ |
| ૩૧. | પતિવ્રતા ધર્મ નિરૂપણ વર્ણન | ૯૩૧ |
| ૩૨. | પતિવ્રતાના ભેદ તદ્ધર્મ ફળ વર્ણન | ૯૩૩ |
| ૩૩. | વિધવા સ્ત્રી ધર્મ નિરૂપણ | ૯૩૭ |
| ૩૪. | વિધવા કલ્યાણકારી વ્રત વિધિ વર્ણન | ૯૩૯ |
| ૩૫. | વિધવા ધર્મભંગ પ્રાયશ્ચિત વિધિ નિરૂપણ | ૯૪૨ |
| ૩૬. | સર્વ સ્ત્રીઓનો સાધારણ કૃષ્ણ પૂજાવિધિ વર્ણન | ૯૪૩ |
| ૩૭. | શ્રીહરિ કૃત સ્ત્રી સાધારણ ધર્મ નિરૂપણ | ૯૪૭ |
| ૩૮. | વાનપ્રસ્થાશ્રમી ધર્મ નિરૂપણ | ૯૪૮ |
| ૩૯. | સંન્યાસ ધર્મ અને પ્રવજ્યા અધિકારી વર્ણન | ૯૫૦ |
| ૪૦. | સંન્યાસીઓનો ભિક્ષા વિધિ નિરૂપણ | ૯૫૨ |
| ૪૧. | ત્યાગી ત્યાજ્ય કર્મ અને પ્રાયશ્ચિત વિધિ વર્ણન | ૯૫૬ |
| ૪૨. | સંકર જાતિ ધર્મ નિરૂપણ વર્ણન | ૯૫૮ |

| અધ્યાય | | પાનુ |
|---|---|---|
| ૪૩. | પ્રાયશ્ચિત નિર્ણય માટે પાર્ષદ નિરૂપણ વર્ણન | ૯૬૧ |
| ૪૪. | મહાપાપ અતિપાપ પ્રાયશ્ચિત વર્ણન | ૯૬૨ |
| ૪૫. | ગોવધ આદિ ઉપપાપોનો પ્રાયશ્ચિત વિધિ | ૯૬૩ |
| ૪૬. | પ્રકીર્ણ અને અત્યધિક પાપ પ્રાયશ્ચિત વિધિ | ૯૬૭ |
| ૪૭. | ચાંદ્રાયણાદિક વ્રત લક્ષણ નિરૂપણ | ૯૭૨ |
| ૪૮. | કર્મવિપાક નિરૂપણ અને શિવરામ વિપ્રની સ્તુતિ | ૯૭૪ |
| ૪૯. | જૂનાગઢ શ્રી રાધારમણદેવ પ્રતિષ્ઠા વિધિ | ૯૭૯ |
| ૫૦. | નારાયણ મુનિકૃત વર્ણીધર્મ વર્ણન | ૯૮૧ |
| ૫૧. | વર્ણીજનો માટે નિષેધ કરેલ ધર્મ નિરૂપણ | ૯૮૪ |
| ૫૨. | બ્રહ્મચારી વિહિત કર્મોનું નિરૂપણ | ૯૮૬ |
| ૫૩. | વેદોત્પત્તિ નિરૂપણ વર્ણન | ૯૮૮ |
| ૫૪. | બ્રહ્મચારી આહ્નિકકર્મ વિધિ નિરૂપણ | ૯૯૧ |
| ૫૫. | ગઢપુરમાં શ્રીગોપીનાથ પ્રતિષ્ઠા મહોત્સવ | ૯૯૫ |
| ૫૬. | યોગ સાધનોચિત દેશ, આહાર નિરૂપણ | ૯૯૭ |
| ૫૭. | યમ નિયમ આદિ લક્ષણોનું વર્ણન | ૯૯૯ |
| ૫૮. | શૂન્યક પ્રાણાયામનું શ્રેષ્ઠત્વ વર્ણન | ૧૦૦૩ |
| ૫૯. | શ્રીહરિકૃત તત્ત્વાદિ જ્ઞાન કથન નિરૂપણ | ૧૦૦૫ |
| ૬૦. | પ્રત્યાહાર આદિ યોગાંગોનાં લક્ષણ નિરૂપણ | ૧૦૦૭ |
| ૬૧. | ભૌતિક શરીરનું વિકારીપણું વર્ણન | ૧૦૧૦ |
| ૬૨. | શ્રીહરિકૃત બ્રહ્માંડ રચના વર્ણન | ૧૦૧૨ |
| ૬૩. | બાહ્ય આભ્યંતર પંચભૂત સ્વરૂપ કથન | ૧૦૧૪ |
| ૬૪. | બાહ્ય આભ્યંતર વાયુ સ્વરૂપ વર્ણન | ૧૦૧૬ |
| ૬૫. | શતાનંદ મુનિ પ્રત્યે કાળ જ્ઞાન નિરૂપણ | ૧૦૧૮ |
| ૬૬. | શતાનંદ મુનિને વરપ્રદાન વર્ણન | ૧૦૧૯ |
| ૬૭. | ગ્રંથનિર્માણ તથા નરનારાયણ લક્ષ્મીનારાયણ આદિ મૂર્તિ પ્રતાપ વર્ણન | ૧૦૨૨ |
| ૬૮. | શ્રીહરિ સ્વધામ ગમન લીલા વર્ણન | ૧૦૨૫ |
| ૬૯. | ગ્રંથના આદિથી અંત સુધી ચરિત્રાનુક્રમ તથા ગ્રંથ માહાત્મ્ય વર્ણન | ૧૦૨૯ |

॥ શ્રીહરિઃ ॥

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સદ્‌ગુરુ શ્રીશતાનંદ મુનિ વિરચિત

# સત્સંગિજીવન

## પ્રકરણ-૧

(ગ્રંથકર્તા શતાનંદમુનિ ગ્રંથના પ્રારંભમાં મંગળાચરણ કરે છે :)

सुव्रत उवाच ।

सदानन्दाम्भोधिः स्मितरुचिरपूर्णेन्दुवदनः प्रफुल्लाम्भोजन्मच्छदसदृशशोभाक्षियुगलः ।
कृपापारावारः श्रितसकलजीवातिसुखदो महाश्रेयोमूर्तिर्जयति भुवि नारायणमुनिः ॥१॥

### અધ્યાય - ૧

સદા આનંદના સાગર, મંદહાસ્યથી સુશોભિત અને પૂર્ણિમાના ચંદ્રની સમાન મુખાર્વિંદવાળા, પ્રફુલ્લિત કમળની પાંખડી સમાન શોભાયમાન નેત્રોવાળા, કૃપાના સાગર, આશ્રિત ભક્તજનોને અત્યંત સુખ આપનારા, આત્યંતિક મોક્ષમૂર્તિ એવા નારાયણમુનિ આ ભૂમિ ઉપર જયકારી પ્રવર્તો. (૧) વિવિધ નિયમો અને સદાચારમાં તત્પર બ્રહ્મા, શંકર વગેરે દેવોથી પણ પોતાના તેજ વડે જીતવામાં મુશ્કેલ એવું મન, પોતાના પ્રભાવ વડે જે શ્રીહરિ તરત જ પોતાના આશ્રિતોના વશમાં કરનારા છે; (છતાં) અજ્ઞાની જનોને (મનુષ્ય જેવું આચરણ કરતા હોવાથી) મનુષ્ય જેવા ભાસે છે તેવા આ નારાયણમુનિ ! મને ભગવાનનાં દિવ્ય ચરિત્રો વર્ણન કરનારી બુદ્ધિ આપો. (૨) અત્યંત ક્ષમાથી, ઈન્દ્રિયોના દમનથી અને કોમળ વચનોથી પોતાનાં અતકર્ય ઐશ્વર્યોને ઢાંકી રાખનારા અને તેથી જ મનુષ્યભાવના અનુકરણને શોભાવનારા, બંને શ્વેત વસ્ત્રોને ધારણ કરવાવાળા, સમુદ્રપર્યંત કીર્તિવાળા, હૃદયકમળમાં ધ્યાન કરવા યોગ્ય મૂર્તિવાળા, સાક્ષાત્ ગુરુરૂપ શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૩) ઈચ્છિત મનોરથો પૂર્ણ કરવાવાળા, શ્રીયુક્ત, વિઘ્નોનો નાશ કરવામાં સમર્થ, શ્રીકૃષ્ણના અવતારભૂત, શ્રીગણેશજી વિઘ્નરહિત ગ્રંથની સમાપ્તિરૂપ મારું કલ્યાણ કરો. (૪) સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, શાંતિ વગેરે ગુણવાળા, શ્રીહરિ ભગવાનના મહાન એકાંતિક ભક્ત એવા સુવ્રત નામના બ્રહ્મર્ષિ હતા. (૫) તે મહર્ષિના ભક્તિભાવથી આધીન બનેલા. એવા શ્રીહરિ મુનિએ પૂજામાં અર્પણ કરેલા ઉપહારોને સ્વયં પ્રત્યક્ષ ગ્રહણ કરતા હતા. (૬) શ્રીહરિના કૃપાપ્રસાદથી ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળના જ્ઞાનવાળા અને વિશુદ્ધ બુદ્ધિવાળા શ્રીહરિના ભક્તજનોએ જાણેલા તે સુવ્રતમુનિ જ્યારે સ્વેચ્છાએ મહાઐશ્વર્યવાળા શ્રીહરિ અંતર્ધાન થયા ત્યારપછી શ્રીહરિ નીજ આજ્ઞાથી પૃથ્વી ઉપર જીવોના કલ્યાણ માટે ભગવાનના જન્મ, કર્માદિક (લીલાચરિત્રો)ને કહેવા તીર્થોમાં ફરતા હતા. (૭-૮) તે સુવ્રતમુનિ દુર્ગપુરથી જૂનાગઢ, ત્યાંથી દ્વારકા, ત્યાંથી ભૂજનગર થઈને મૂળીનગરમાં પધાર્યા. (૯) મૂળીથી તેઓ ધોલેરા ગયા, પછી અમદાવાદ ગયા.

ત્યાં એક માસ રહીને પછી જેતલપુર ગયા. (૧૦) પછી વડતાલ જઈને, ત્યાં ત્રણ દિવસ રહીને વૈરાગ્યશીલ યાત્રિકોની સાથે તેઓ ઉજ્જૈન ગયા. (૧૧) અને પછી જેમને તીર્થ પ્રિય છે એવા તે મુનિ વૃંદાવન ગયા. ત્યાંથી કાશીપુરી થઈને પૂર્વસાગરને કિનારે રહેલી જગન્નાથપુરી પહોંચ્યા. (૧૨) જે જગન્નાથપુરીમાં જગદીશ સ્વરૂપે રહેલા શ્રીકૃષ્ણ એકાંતિક ભક્તોને પોતાના સ્વરૂપનું સાક્ષાત્ દર્શન આપે છે. શ્રીહરિના અતિશય પ્રતાપથી પૃથ્વીમાં આ પુરી અનુપમ છે. (૧૩) જ્યાં દરરોજ પ્રાતઃ, સંગવ, મધ્યાહ્ન, અપરાહ્ન અને સાયંકાળ એમ પાંચ વખત જગન્નાથજીના અર્ચાવતાર સ્વરૂપના પૂજનનો મહાન ઉત્સવ થાય છે. (૧૪) તે ક્ષેત્રના દર્શનથી પરમ આનંદ પામેલા સુવ્રતમુનિએ (તે પુરીમાં આવેલા) ચક્રતીર્થ નામના અતિ પવિત્ર સ્થાનમાં નિવાસ કર્યો. (૧૫) તે સુવ્રતમુનિ સ્વધર્મનું પાલન કરતા થકા શ્રીહરિની નવધા ભક્તિ કરતા હતા અને દરરોજ પાંચ સમયમાં જગન્નાથજીના દર્શન કરતા હતા. (૧૬) તે મુનિ પોતાની પાસે આવેલા મુમુક્ષુ જનોને શ્રીહરિની ભક્તિ અને પોતપોતાના ધર્મનો ઉપદેશ કરતા હતા અને શ્રીહરિના જન્મ-કર્માદિ ચરિત્રની કથા કહેતા હતા. (૧૭) ગુજરાત દેશના અધિપતિ વૈરાગ્યવાળા હોવાથી પોતાના રાજ્યનો ત્યાગ કરેલા પ્રતાપસિંહ નામના રાજર્ષિ ત્યાં પુરીમાં આવેલા હતા. (૧૮) અહિંસાદિક ધર્મવાળા અને કૃષ્ણભક્ત, ભગવાનનો સાક્ષાત્કાર કરવામાં અત્યંત ઉત્સાહવાળા અને તેથી જ સત્પુરુષના સંગની લાલસાવાળા પ્રતાપસિંહ રાજા તે ચક્રતીર્થમાં જ આવીને રહ્યા હતા. (૧૯) તે રાજાએ એક સમયમાં ત્યાં રહેલા સુવ્રતમુનિને દર્ભની સાદડી ઉપર બેસીને મુમુક્ષુ જનોને પરમ આદરથી શ્રીહરિકૃષ્ણના અપાર મહિમાનો બોધ આપતા જોયા. (૨૦) તપસ્વી, પ્રશાંત, સ્વધર્મનિષ્ઠ, પવિત્ર, કોમળ વાણીવાળા, બ્રહ્મચર્યનું પાલન કરનારા, સહનશીલ સિદ્ધયોગી, વિવેક અને વૈરાગ્યવાળા, અંતઃશત્રુઓને જીતનારા, શ્રીહરિની મૂર્તિમાં સ્થિર, આત્મનિષ્ઠ, વૈષ્ણવોમાં શ્રેષ્ઠ, સદ્ધર્મનો ઉપદેશ આપવામાં ચતુર, સાધુઓનાં લક્ષણોથી યુક્ત સુવ્રતમુનિને પૂર્ણ મનોરથવાળા જાણીને તે રાજા તેમની સમીપે જઈ વિનયપૂર્વક પ્રણામ કરીને કહેવા લાગ્યા. (૨૧-૨૨-૨૩) હે મુનિશ્રેષ્ઠ ! સાધુ લક્ષણે યુક્ત એવા આપનો હું શરણાગત છું. જન્મ-મરણરૂપી સંસારથી હું મુક્ત થાઉં તેવું સાધન મને કહેવા માટે આપ યોગ્ય છો. (૨૪) આ પ્રમાણે રાજાએ પૂછેલા અને મુમુક્ષુ જનો જેમને પ્રિય છે એવા તે (સુવ્રતમુનિ) વિપ્રર્ષિ આદરપૂર્વક તેમનું સન્માન કરીને કહેવા લાગ્યા. (૨૫) તમોએ ઘણું સારું પૂછયું છે. તેના વડે જ આત્માનું હિત થાય છે. સંસારથી મુક્ત થવાય તે જ મનુષ્યદેહનું કર્તવ્ય છે. (૨૬) હે રાજન્ ! તમે આ જગન્નાથ ભગવાનના અર્ચા સ્વરૂપની નવધા ભક્તિ કરો. અને તેનાથી જ તમે ઇચ્છિત પ્રાપ્ત કરી શકશો. (૨૭) આ રીતે મુનિએ ઉપદેશ આપેલા રાજા મુનિનું વચન આદરપૂર્વક માથે ચઢાવીને, મુનિના કહેવા પ્રમાણે કરવા લાગ્યા. દરરોજ નિષ્કપટભાવે મુનિનો સમાગમ કરવા લાગ્યા. (૨૮) આ પ્રમાણે ભક્તિ કરવાથી તે રાજાની બુદ્ધિ નિર્મળ થઈ. પછી સુવ્રતમુનિને સાક્ષાત્ શ્રીકૃષ્ણનું સેવન કરનારા જાણીને તે રાજા સુવ્રતમુનિને પ્રણામ કરી, બે હાથ જોડીને ફરીથી કહેવા લાગ્યા. તમે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણની સેવા

કરનારા છો એમ મને જણાય છે. (૨૯-૩૦) હે મુને ! તમારી સાથે સાક્ષાત્ કૃષ્ણ વાતો કરે છે. તમોએ અર્પણ કરેલું ભોજન જમે છે. કારણ કે તમારાં લોકથી વિલક્ષણ એવાં ચિહ્નોથી મને આમ જણાય છે. (૩૧) તમે (ભગવાનનું દર્શન કરાવવામાં) સમર્થ છો. તેથી હે બ્રહ્મન્ ! તમે મારા ઉપર અનુગ્રહ કરવા યોગ્ય છો. જે અનુગ્રહથી હું પણ સાક્ષાત્ ભગવાનનાં દર્શન કરી શકું. (૩૨) આ પ્રમાણે રાજાએ કહેલા, વૈષ્ણવો ઉપર પ્રીતિવાળા તે સુવ્રતમુનિ રાજા પ્રત્યે બોલ્યા : હે રાજન્ ! મનુષ્યોને પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન તો અતિ દુર્લભ છે. (૩૩) મહાન ચક્રવર્તી રાજાઓ સારાસારનો વિવેક જાણીને રાજ્ય અને ઘરબારનો ત્યાગ કરીને ભગવાનના દર્શન માટે જ ઉગ્ર તપશ્ચર્યા કરતા હતા. (૩૪) ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે સાધનોનું સાચું ફળ સત્પુરુષોએ સાક્ષાત્ કૃષ્ણદર્શન જ કહેલું છે. (૩૫) (પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન થવા દુર્લભ છે) છતાં પણ ધર્મ અને સાધુઓના રક્ષણ અર્થે અને ધર્મ-સાધુઓના દ્રોહી અસુરોનો વિનાશ કરવા માટે (ભગવાન) જ્યારે સ્વેચ્છાથી પૃથ્વી ઉપર આવિર્ભાવ પામે છે ત્યારે પ્રત્યક્ષ દેખાય છે. (૩૬) પ્રત્યક્ષ ભગવાન સર્વ મનુષ્યોને દષ્ટિગોચર હોય છે તોપણ ‘આ નરાકૃતિ સ્વયં ભગવાન જ છે’ એમ તો કોઈક જ (પુણ્યશાળી) જાણી શકે છે; બધા જાણી શકતા નથી. (૩૭) હાલમાં જ પૃથ્વી ઉપર ઉત્તર કોશલ દેશમાં સરવરિયા બ્રાહ્મણ વંશમાં ધર્મદેવથી તેમનાં પત્ની ભક્તિદેવીમાં તે શ્રીકૃષ્ણ ‘હરિ’ નામથી પ્રસિદ્ધ પ્રગટ થયેલા હતા. (૩૮) હે રાજન્ ! તે શ્રીહરિ મને પ્રત્યક્ષ મળ્યા હતા, મેં તેમની સેવા કરેલી છે અને ચંદન-પુષ્પ-વસ્ત્ર વડે મેં તેમને વારંવાર પૂજેલા છે. (૪૦) હે રાજન્ ! જેમની મૂર્તિ મંગળકારી છે તેવા શ્રીહરિ પોતાના આશ્રિતોના મન પોતાની મૂર્તિમાં આકર્ષિત કરીને હાલમાં (આ લોકમાંથી) અંતર્ધાન થયેલા છે. (૩૯) હે રાજન્ હું તે શ્રીહરિની આજ્ઞાથી જ મુમુક્ષુ જનોને તે શ્રીહરિના જન્મ-કર્માદિને કહેતો, તીર્થના બહાને આ પૃથ્વી ઉપર વિચરણ કરું છું. (૪૧)

**પ્રતાપસિંહ રાજાએ કહ્યું :**

હે સુવ્રતમુનિ ! આજે મારું ભાગ્ય જાગ્યું અને મારો જન્મ પણ સફળ થયો. કારણ કે દેવતાઓને પણ દુર્લભ એવા તમારા સમાગમને હું પામ્યો છું. (૪૨) કરુણાવાળા ભગવાનના ભક્તો પોતે પૂર્ણકામ હોવા છતાં મુમુક્ષુ જીવાત્માઓ પર અનુગ્રહ કરવા માટે પૃથ્વી પર વિચરે છે. (૪૩) આથી હે બ્રહ્મન્ ! શ્રીહરિનું સમગ્ર ચરિત્ર જેવું જોયેલું અને સાંભળેલું તે બધું તમે મને કૃપા કરી કહેવા યોગ્ય છો. (૪૪) તે શ્રીહરિ જેવી રીતે પૃથ્વી ઉપર પ્રગટ થયા. જે જે ચરિત્રો કર્યાં હોય તે સર્વ સાંભળવાની ઈચ્છાવાળા અને સાવધાન ચિત્તવાળા મને (કૃપા કરી) કહો. (૪૫) આ પ્રમાણે શ્રદ્ધાવાળા તે રાજાએ પોતાના હિત માટે પુછાયેલા તે સુવ્રતમુનિએ પ્રસન્ન થઈને સાંભળેલું અને પ્રત્યક્ષ જોયેલું સર્વ શ્રીહરિચરિત્ર કહેવાનો આરંભ કર્યો. (૪૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
સુવ્રતપ્રતાપસિંહ સમાગમે નિરૂપણ નામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

●

## અધ્યાય - ૨

(સુવ્રતમુનિ પ્રતાપસિંહ રાજાને સત્સંગિજીવનની કથા સંભળાવતા પહેલાં મંગળાચરણ કરે છે.) નિરંતર પોતાની મૂર્તિનું ચિંતવન કરનારા ભક્તોના અધિક શ્વેત મનોહર પ્રકાશવાળા હૃદયમાં રમણીય દિવ્ય રૂપનું જેમણે દર્શન કરાવ્યું છે એવા ભગવાન શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૧) શ્રીહરિ પોતાના શરણે આવેલા મનુષ્યોને ત્રિગુણાત્મિકા માયા અને કઠોર કર્મોનાં બંધનોને કરુણાથી નાશ કરીને અત્યંત દુર્લભ બ્રહ્મપુરમાં લઈ જાય છે, તે શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૨) પોતાના આશ્રિત ભક્તોના નેત્રોરૂપી ચકોર પક્ષીઓને ચંદ્રમાની પેઠે આનંદ આપનારા, ભક્તોના હૃદયકમળમાં વિલાસ કરનારા અને બહાર નેત્રોની આગળ અતિ રમણીય જમણા હાથમાં કમળ અને ડાબા હાથમાં અભયદાનને ધારી રહેલા મેઘસમાન શ્યામસુંદર મૂર્તિવાળા અને શ્વેતવસ્ત્રો ધારણ કરનારા શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૩) અનંત બ્રહ્માંડોના સ્વામી છતાં પોતાની ઈચ્છાથી મનુષ્યાકૃતિ ધારણ કરનારા, દેવોએ અને રાજાઓએ જેમના ચરણકમળ પૂજેલાં છે તેવા, અદ્વિતીય અને સર્વના સ્વામી શ્રીનારાયણમુનિ જયકારી પ્રવર્તે છે. શિવબ્રહ્માદિ ઈશ્વરોના પણ નિયંતા, સર્વ ભૂતોથી પર અને ક્ષર-અક્ષરથી પણ પર એવા શ્રીહરિને હું (સુવ્રતમુનિ) નમસ્કાર કરું છું તે પ્રભુ હાલમાં મારી વાણીને નિર્મળ કરો. (૪) (આ પ્રમાણે સુવ્રતમુનિ ઈષ્ટદેવની સ્તુતિ કરીને હવે ગુરુ શતાનંદમુનિને નમસ્કારાત્મક પ્રાર્થના કરે છે.) વૈરાગ્યના વેગથી જેમણે સમગ્ર ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ કર્યો છે. પરમાત્માની પ્રસન્નતાથી જેમને સર્વ યોગોની સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. (પ્રત્યક્ષ શ્રીહરિ) કૃષ્ણના ચરણકમળની ઉપાસનાના બળથી જેમને દૃઢ આત્મનિષ્ઠા પ્રાપ્ત થયેલી છે. જેઓ વિષ્ણુદત્ત મૈથિલી બ્રાહ્મણના પુત્ર છે. એવા મારા ગુરુ (શતાનંદ મુનિ)ને હું નમસ્કાર કરું છું. (૫) શ્રીહરિની પ્રસન્નતાથી ત્રિકાળદર્શીપણું પ્રાપ્ત કરીને શ્રીહરિનાં આશ્ચર્યકારી ચરિત્રો જેમાં છે એવું આ (સત્સંગિજીવન) રચીને અમારા જેવા શિષ્યોને ભણાવનારા, વ્યાસપુત્ર શ્રી શુકદેવજી સમાન આકૃતિવાળા તે શતાનંદમુનિ મારા ઉપર પ્રસન્ન થાઓ. (૬) હે રાજર્ષિ ! મુમુક્ષુ એવા તમોએ આ ઉત્તમ પ્રશ્ન કર્યો છે. કેમ કે મનુષ્યોને જન્મમરણરૂપ સંસારથી મુકાવનારી ભગવાનની કથાને તમે પૂછો છો. (૭) જે પુરુષોને હજારો જન્મનાં પુણ્યનો સંચય થાય છે તેઓને જ શ્રીહરિની કથાનું શ્રવણ કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. (૮) શ્રીહરિની કૃપાથી સર્વજ્ઞપણું પામેલા, સિદ્ધ યોગવાળા, કુશાગ્ર બુદ્ધિવાળા, બ્રહ્મચર્યવ્રતવાળા, શતાનંદમુનિ પ્રત્યક્ષ ભગવાનનાં ચરિત્રોને પદ્યથી ગૂંથતા હતા. (૯) હે રાજન્ ! શતાનંદમુનિ પાસેથી ભણેલું પરમ પવિત્ર સત્સંગિજીવન નામનું ધર્મશાસ્ત્ર હું તમને સમગ્રપણે કહું છું. (૧૦)

**પ્રતાપસિંહ રાજા બોલ્યા :**

હે મુનિ ! તે શતાનંદ મુનિ કોણ હતા ? ક્યાં જન્મ્યા હતા ? કોના પુત્ર હતા ? કેવી રીતે પ્રત્યક્ષ ભગવાનને પ્રસન્ન કરતા હતા ? અને કયા સ્થાનમાં સત્સંગિજીવનની રચના કરી ? (૧૧) હે મુનિવર્ય ! તમે આ બધું જાણવાની ઈચ્છા વાળા મને કહો કારણ કે સર્વજ્ઞ એવા તમારાથી કંઈપણ અજાણ્યું નથી. (૧૨) ગ્રામ્ય સુખોની ઈચ્છાઓને ત્યાગ કરનારો હું એકાગ્રચિત્તવાળો છું. તો

સત્સંગિજીવન સાંભળવાની ઈચ્છાવાળા મને તે સમગ્ર કથા સંભળાવો. (૧૩) આ રીતે તે રાજાએ પૂછેલા, ભગવાનના એકાંતિક ભક્ત બ્રાહ્મણ સુવ્રતમુનિ પોતે જે રીતે અનુભવેલું, જોયેલું અને જાણેલું, તે સર્વ તેમને હર્ષથી કહેવા લાગ્યા. (૧૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ભૂમિતલ ઉપર મિથિલા નામની પવિત્ર નગરી છે. તેમાં અતિ ધાર્મિક વિષ્ણુદત્ત નામના શ્રેષ્ઠ બ્રાહ્મણ રહેતા હતા. (૧૫) તેમને નૈષ્ઠિક વ્રતવાળા, ગુરુ સેવાપરાયણ અને અહિંસાદિ ગુણોના સમૂહોથી વિખ્યાત એવા શતાનંદ નામના પુત્ર હતા. (૧૬) વેદશાસ્ત્ર અને પુરાણોને જાણનારા, પંચરાત્રના અર્થો જાણવામાં પ્રવીણ, શબ્દાદિ વિષયોમાં વૈરાગ્યવાળા, સ્વધર્મમાં અચલ નિષ્ઠાવાળા, શાસ્ત્રરૂપી નેત્રોથી દેવ-મનુષ્યનાં લક્ષણોને જાણનારા, સારા નરસાના વિવેકવાળા, શાંત, ઉદાર, કોમળ વાણીવાળા, અહિંસાવ્રતવાળા, કરુણાવાળા, સત્પુરુષોના સમાગમમાં નિમગ્ન, પરોક્ષપણે વિષ્ણુને ભજતા થકા પ્રત્યક્ષ ભગવાનના દર્શનની લાલસાવાળા, એવા તે શતાનંદમુનિ દ્ઢભક્તિવાળા મુમુક્ષજનો સાક્ષાત્ શ્રીહરિનું દર્શન કરે છે એવો શાસ્ત્ર દૃષ્ટિથી નિશ્ચય કરતા હતા. (૧૫-૨૦) તે મુનિ દરરોજ ભક્તિપૂર્વક શ્રીમદ્ ભાગવતનો પાઠ કરતા હતા. એકાંત સ્થળમાં રહી ભાગવત પુરાણના અર્થનું મનન અને ચિંતન કરતા હતા. (૨૧) શતાનંદ મુનિ એક દિવસે પંચમ સ્કંધના અર્થનું ચિંતન કરતા હતા, ભરતખંડમાં ઉપાસના કરવા યોગ્ય નરનારાયણ ભગવાન છે એમ જાણતા હતા. (૨૨) તે શ્રી નરનારાયણ કલ્પ પર્યંત (પ્રલયકાળ સુધી) તપ કરતાં નારદ અને ઉદ્ધવ વડે સેવેલા સ્વયં પ્રત્યક્ષ બદ્રિકાશ્રમમાં રહેલા છે. (૨૩) ત્યારબાદ નરનારાયણ ભગવાનને પ્રત્યક્ષ જોવાની ઉત્કંઠાવાળા શતાનંદ મુનિ પોતાના મનુષ્યજન્મને સફળ કરવા સારુ તીર્થ યાત્રાળુઓની સાથે બદ્રિકાશ્રમમાં ગયા. (૨૪) જ્યાં વિષ્ણુના ચરણકમળમાંથી સાક્ષાત્ ઉત્પન્ન થયેલી. માટે જ સંસારપાશથી મુકાવનારી ગંગા વહે છે તથા જેમાં પવિત્ર નારદકુંડ અને પાપોનો નાશ કરનાર તપ્તકુંડ તીર્થ છે. (૨૫) જે આશ્રમમાં ઉર્વશી સંગમતીર્થ છે. તેમ જ જ્યાં પવિત્ર પાંચ શિલાઓ રહેલી છે અને જ્યાં બીજાં પણ ઘણાં તીર્થ રહેલાં છે. (૨૬) શતાનંદ મુનિએ અખાત્રીજને દિવસે બદ્રિકાશ્રમ (બદરીનારાયણ)માં પહોંચીને ત્યાં અર્ચારૂપે રહેલા નરનારાયણ મુનિનાં દર્શન કર્યાં. (૨૭) ધર્મશાસ્ત્ર પ્રમાણે તીર્થ સંબંધી ઉપવાસ, મુંડન વગેરે વિધિ કરતા થકા આકુળતારહિત મનવાળા થઈને ત્યાં જ નિવાસ કરતા હતા. (૨૮) હે રાજન્ ! સાથે આવેલા યાત્રાળુઓ તીર્થ કરીને ગયા ત્યારપછી તેઓ નારાયણ ઋષિને પ્રસન્ન કરવાનો આરંભ કર્યો. (૨૯) શુભ બુદ્ધિવાળા તેઓ પ્રતિદિન સંધ્યા-વંદનાદિ નિત્યકર્મ કરીને શ્રીહરિની આગળ દશમ સ્કંધનો સંપૂર્ણ પાઠ વિધિપૂર્વક કરતા હતા. (૩૦) આ પ્રમાણે કંદ, મૂળ અને ફળનો આહાર કરતા. દીર્ઘદૃષ્ટિવાળા તેથી તપથી ખેદ નહિ પામતા તેમણે ભગવાનનું આરાધન કરતાં છ માસ પસાર કર્યાં. (૩૧) પછી તે મુનિએ પ્રબોધિની એકાદશીના દિવસે નિરાહાર કરીને દિવસે દશમ સુંધી પાઠ અને ભગવાનની પૂજા કરી અને રાત્રિમાં જાગરણ કર્યું. (૩૨) પછી તે જ રાત્રિમાં દયાસાગર શ્રી નરનારાયણ ભગવાન પ્રસન્ન થઈ. તેમને પોતાનું સ્વરૂપ જે મૂર્તિ તેમાં જ અનન્ય માનસવાળા પોતાના ભક્તોએ જ દર્શન

કરવા યોગ્ય એવું અદ્‌ભુત દિવ્ય દર્શન આપ્યું. (૩૩) એકાએક એક સાથે ઉગેલા અનેક સૂર્યો સમાન કાંતિવાળા, વર્ણિવેશવાળા, દ્વિભુજવાળા, તરુણાવસ્થામાં રહેલ તપસ્વી, ઘનશ્યામ, અતિ પ્રશાંત સ્વભાવવાળા ઈષ્ટદેવ શ્રી નરનારાયણને અચાનક જોઈને તે આશ્ચર્ય પામ્યા. (૩૪) પોતે જોયેલા ભગવાનને બદરીપતિ જાણીને શતાનંદમુનિ તત્કાળ ઊઠીને, પૃથ્વી ઉપર દંડની પેઠે પડી સાષ્ટાંગ પ્રણામ કરી, પ્રેમના આંસુયુક્ત નેત્રવાળા, હર્ષથી પુલકિત અંગોવાળા, બંને હાથ જોડીને શ્રીનારાયણની સ્તુતિ કરવા લાગ્યા. (૩૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
શતાનંદ કૃત બદરીપતિ આરાધના નિરૂપણ નામે બીજો અધ્યાય થયો. ।।૨।।

●

## અધ્યાય - ૩

**શતાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે શ્રી વાસુદેવ ! કરુણાસાગર તમો સર્વ મુમુક્ષુ જનોના કલ્યાણ માટે દેવર્ષિ થઈને તીવ્ર તપ કરો છો. તે મુનિજનોમાં શ્રેષ્ઠ બદરીપતિ નારાયણ એવા તમારી હું સ્તુતિ કરું છું. (૧) શ્રી નારદાદિ મુનિમંડળોએ સેવેલાં છે ચરણકમળો જેમનાં એવા, પક્ષીઓના માળાઓ રહિત ઘાટા પાંદડાઓથી વ્યાપ્ત વિશાલા નામની બોરડી નીચે બેસીને વેદના રહસ્યાર્થોનું નિરૂપણ કરનારા, નારાયણ એવા તમારી હું સ્તુતિ કરું છું. (૨) અપ્સરાઓના સમૂહો અને વસંતઋતુના સુગંધીમાન વાયુઓ તથા ઈન્દ્રને માધુર્યથી મોહ પમાડનારા ગાયકોના સમૂહથી યુક્ત કામદેવને પણ જેમણે તત્કાળ જીતી લીધો છે એવા શ્રેષ્ઠમુનિ બદરીપતિ નારાયણ તમારી હું સ્તુતિ કરું છું. (૩) તપસ્વીઓને જીતી લેનારો ક્રોધ પણ તમારા મનને સ્પર્શ કરવા કોઈપણ રીતે ક્યારેય પણ શક્તિમાન થતો નથી. અન્ય અંતઃશત્રુઓ તમારાથી ભય પામે છે તેવા શ્રેષ્ઠમુનિ બદરીપતિ નારાયણ તમારી હું સ્તુતિ કરું છું. (૪) પૂર્ણ મનોરથવાળા સ્વામી છો તોપણ સમગ્ર નૈષ્ઠિક બ્રહ્મચારીઓને પોતાના આચરણ વડે શિક્ષણ કરાવવા માટે સમયે સમયે પોતાનું દેવસંબંધી અને પિતૃસંબંધી કર્મ કરો છો એવા મુનિવર બદરીપતિ નારાયણ તમારી હું સ્તુતિ કરું છું. (૫) સમસ્ત જનોના સુખના કારણરૂપ સમગ્ર સચ્છાસ્ત્રોનો સમુદાય નૈષ્ઠિકોમાં શ્રેષ્ઠ એવા આપમાંથી પ્રવર્તે છે. અને જેમનું કર્મ દેવગણોથી પણ દુષ્કર છે એવા મુનિવર બદરીપતિ નારાયણ તમારી હું સ્તુતિ કરું છું. (૬) પૃથ્વી ઉપર રહેલા જે પુરુષો સંસારના ભયથી ઊપજેલા વૈરાગ્યથી નિવૃત્તિમાર્ગને અનુસરે છે તેવા પુરુષો આ બદરીકાશ્રમમાં રહેલા તમારા આશ્રયથી સુખી થાય છે એવા મુનિવર બદરીપતિ નારાયણ તમારી હું સ્તુતિ કરું છું. (૭) આપના ચરણકમળના રસમાં લુબ્ધ થયેલો રંક જન પણ સમસ્ત બ્રહ્માંડનું સુખ પણ કોઈ કામે ઈચ્છતો નથી (કારણ કે) (તમે) સુખસાગર છો. આવા મુનિવર બદરીપતિ નારાયણ તમારી હું સ્તુતિ કરું છું. (૮) હે ભગવન્ ! બહુ વખતથી ઉત્પન્ન થયેલો મારો મનોરથ હાલમાં તમારા દર્શનરૂપ ફળથી પૂરો થયો છે. કરુણારસથી ભીનાં તમારા ચરણકમળમાં ભક્તિવાળા મારા ઉપર કૃપા કરો. (૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પોતાના આશ્રિતો માટે કલ્પવૃક્ષ સમાન નારાયણ ભગવાન સ્તુતિ કરતા એવા શતાનંદ મુનિ પ્રત્યે બોલ્યા : હે શતાનંદ ! તમારા ઉપર હું પ્રસન્ન થયેલો છું. માટે સમસ્ત અર્થોની સિદ્ધિને આપનારા એવા મારા થકી તમે ઇચ્છિત વર માંગો. (૧૦) આ પ્રમાણે નારાયણે કહ્યું એટલે શતાનંદ મુનિ ભગવાનને પ્રણામ કરી તેમની સેવામાં ઉત્સાહિત મનવાળા થઈને ફરીથી બોલ્યા. (૧૧) હે પ્રભો ! જો તમે મારી ઉપર પ્રસન્ન થયા હોય અને મને વર આપવો હોય તો મને નિરંતર આપની પાસે રાખો અને મને આપની સેવા આપો. (૧૨) હું આ લોકમાં આપની પાસે રહીને આપના ગુણગાન કરવા ઇચ્છું છું. જેનાથી વાણીની સફળતા થાય અને અંતઃકરણની શુદ્ધિ થાય. (૧૩) હે પ્રભો ! હું આપના થકી કોઈપણ સિદ્ધિઓ કે ઐશ્વર્યને ઇચ્છતો નથી. કારણ કે માયામય સાંસારિક સુખમાં હું ચોક્કસપણે વૈરાગ્ય પામેલો છે. (૧૪) આ પ્રમાણે કહેતા મહાબુદ્ધિશાળી શતાનંદમુનિને ભગવાન કહેવા લાગ્યા કે હે બ્રહ્મન્ ! મુમુક્ષુ એવા તમોએ આ ઘણો યોગ્ય વિચાર કર્યો છે. (૧૫) પરંતુ હાલમાં હું આ પૃથ્વી પર ઉત્તર કૌશલ દેશમાં ધર્મદેવથી તેમનાં પત્ની ભક્તિદેવીમાં પ્રગટ થઈને 'હરિ' નામથી પ્રખ્યાતિ પામ્યો છું. (૧૬) હું હાલમાં ગિરનાર પર્વતની નજીક સૌરાષ્ટ્રમાં રહું છું. તે હું ત્યાં તમોને મારી સમીપમાં રાખીશ તેમાં લગીરે સંદેહ નથી. (૧૭) તમારા હૃદયમાં મારા ગુણાનુવાદ કરવાની ઇચ્છા પ્રવર્તે છે માટે તમે મારાં ચરિત્રોનાં ગ્રંથના કર્તા થશો. (૧૮) તે (હરિરૂપ એવો) હું તમારો મનોરથ પૂર્ણ કરીશ તેથી તમો ત્યાં શ્રીહરિને શોધીને પ્રાપ્ત કરો. આમ કહીને તે ભગવાન અંતર્ધાન થઈ ગયા. (૧૯) પછી નારાયણના પ્રત્યક્ષ દર્શનથી સિદ્ધ મનોરથવાળા અને તેથી જ અત્યંત પ્રસન્ન મનવાળા શતાનંદમુનિ પ્રભાતે પારણાં કરીને સૌરાષ્ટ્ર દેશ તરફ ચાલતા થયા. (૨૦) બદરીનારાયણના પ્રત્યક્ષ દર્શનથી આનંદિત તે બ્રાહ્મણ (શતાનંદમુનિ) ગુજરાત દેશમાં પ્રસિદ્ધ અમદાવાદ નગરમાં બે મહિને પહોંચ્યા. (૨૧) સૌરાષ્ટ્ર દેશથી નીકળીને ડભાણ ગામમાં આવીને સહજાનંદ નામના વર્ણીન્દ્ર શ્રીહરિ વિષ્ણુયાગ કરે છે એ પ્રમાણે (શતાનંદમુનિએ) ત્યાં (અમદાવાદમાં) સાંભળ્યું. (૨૨) નારાયણના અવતાર શ્રીહરિને જોઈશું અને મિષ્ટ ભોજન પામીને ધન પ્રાપ્ત કરીશું એવી બ્રાહ્મણોની વાણી પણ શતાનંદ મુનિએ સાંભળી. (૨૩)

(સુવ્રતમુનિ કહે છે) હે રાજન્ ! વિષ્ણુયાગના ઉત્સવને જોવા માટે જતા બ્રાહ્મણોના સમૂહોની સાથે શતાનંદમુનિ પણ બીજે દિવસે ડભાણ પહોંચ્યા. (૨૪) વિવિધ પ્રદેશોમાંથી આવેલા, બંને હાથોમાં પૂજાસામગ્રીને ધારી રહેલા, શ્રીહરિના દર્શનની ઉત્કંઠાવાળા મનુષ્યોથી યુક્ત ડભાણપુરમાં રહેલા શ્રીહરિને શતાનંદમુનિએ જોયા. (૨૫) ઊંચા સિંહાસન પર બિરાજમાન, શ્યામ સ્વરૂપ, ચંદ્ર સમાન કાંતિવાળા, ભક્તજનોના હૃદય અને નેત્રોને આનંદ આપનારા, નૈષ્ઠિક બ્રહ્મચારીના વેશને ધારણ કરનારા, રત્નજડિત સુવર્ણના અલંકારો તથા પુષ્પોના તોરા વગેરે અલંકારોથી તેમજ વિવિધ પ્રકારનાં વસ્ત્રો અને સુગંધયુક્ત ચંદનોથી ભક્તોના સમૂહો વડે સર્વ પ્રકારે પૂજાતા શ્રીહરિને જોયા. (૨૬-૨૭) અનેક દેશોથી આવેલા જનસમૂહથી અર્પણ કરાતા ફૂલોના હજારો હારોને

હાથમાં રાખેલી સોટી વડે ગ્રહણ કરતા, સોના અને ચાંદીની મુદ્રિકાઓ તથા વસ્ત્રો અને અલંકારોને અતિ પ્રેમપૂર્વક બ્રાહ્મણોને આપતા તથા મંદ હાસ્યયુક્ત મુખારવિંદવાળા એવા શ્રીહરિને જોઈને શતાનંદમુનિએ દંડની પેઠે પૃથ્વી પર પડીને પ્રણામ કર્યો. પછી બે હાથ જોડીને 'હે નારાયણ ! હે હરે ! તમો જય પામો.' એમ બોલ્યા. (૨૮-૨૯-૩૦) પ્રસન્ન થયેલા, ભક્તવત્સલ શ્રીહરિ પોતે જ (નારાયણરૂપે આપેલા) વરદાનને સફળ કરવા, તે મુનિનો સ્વાગતાદિ વડે સત્કાર કરવા લાગ્યા. (૩૧) શરણાગતોને અભયદાન આપનારા, કરુણાસાગર સર્વના સ્વામી એવા શ્રીહરિએ નિર્મળ બુદ્ધિવાળા તે બ્રાહ્મણ (શતાનંદ મુનિ)ને પોતાની પાસે નિવાસ કરાવ્યો. (૩૨) મનોરથની સિદ્ધિ મેળવીને આનંદિત થયેલા તે શતાનંદમુનિ પ્રત્યક્ષ શ્રીહરિની પ્રતિ દિન સેવા કરતા, શ્રીહરિનું યશોગાન કરવામાં ઉત્કંઠાવાળા થઈ ભગવાનની સમીપે નિવાસ કરતા હતા. (૩૩) થોડા સમયમાં સન્મતિવાળા તે શતાનંદ મુનિને યમ-નિયમ-આસન વગેરે આઠ અંગોવાળા યોગના અભ્યાસ વગર જ શ્રીહરિની કૃપાથી સમાધિની સિદ્ધિ પ્રાપ્ત થઈ. (૩૪) હૃદયકમળમાં શ્રીહરિનું ધ્યાન કરતા શતાનંદમુનિએ અગાઉ જોયેલા બદરીપતિ નારાયણને જોયા; પછી (બદરીપતિ) આકાશમાં વીજળીની પેઠે ક્ષણવારમાં અંતર્ધાન થયા. (૩૫) (પછી શતાનંદમુનિ તે શ્રીહરિને) મહા તેજોમય અક્ષરધામમાં રહેલા સમગ્ર, ઐશ્વર્ય સંપન્ન અને પાર્ષદો-પરિગ્રહોથી યુક્ત શ્રીકૃષ્ણરૂપે દેખતા હતા. (૩૬) ત્યારપછી શ્રીહરિ અલૌકિક ઐશ્વર્યે સહિત દિવ્ય એવાં ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ વગેરે સર્વ ધામો શતાનંદ મુનિને (સમાધિમાં) દેખાડતા હતા. (૩૭) વળી પોતે શ્રીહરિ જે રીતે આ લોકમાં પ્રગટ થયા તથા જેવી રીતે ધર્મદેવ, ભક્તિદેવી અને ઋષિઓ પ્રાદુર્ભાવ પામ્યા તે સર્વેનું પૂર્વરૂપ અને હાલનું રૂપ એ બધું શ્રીહરિ શતાનંદમુનિને (સમાધિ સમયમાં) જણાવતા હતા. (૩૮) આ પૃથ્વી ઉપર બીજા પણ નરનારી ભક્તજનો ઉત્પન્ન થયા છે તે સર્વેના (પૂર્વરૂપ અને વર્તમાનરૂપ) બંને રૂપ શ્રીહરિ તે મુનિને જણાવતા હતા. (૩૯) પછી ભક્તોના જન્મ-કર્માદિ સઘળું તથા પોતાના સર્વ ઐશ્વર્યો વગેરે બધું તે શ્રીહરિ જણાવતા હતા અને તે મુનિને ત્રિકાળ - ભૂત, ભવિષ્ય ને વર્તમાન - નું જ્ઞાન આપતા હતા. (૪૦) પછી મહાબુદ્ધિશાળી શતાનંદમુનિ પણ સર્વજ્ઞાન-સંપન્ન થઈ ગયા, અને જે બતાવ્યું તે યથાર્થપણે જાણી ગયા તથા પોતે પૂર્વે મૈત્રેયઋષિ હતા એમ પણ જાણી ગયા. (૪૧) પછી પ્રસન્નચિત્તવાળા વર્ણિ (શતાનંદમુનિ) પોતાનું પૂર્વોક્ત જ્ઞાન અને વિદ્યાને શ્રીહરિના ગુણોના વર્ણનથી સફળ કરવા માટે શ્રીહરિ પ્રત્યે બોલ્યા. (૪૨) હે પ્રભો ! વિવિધ પ્રબંધો દ્વારા તમારા યશોનો ગ્રંથ રચવાથી મારું જ્ઞાન સફળ કરવા માટે ઉત્સાહવાળા મને (ગ્રંથ રચવાની) તમો આજ્ઞા આપો. (૪૩) આ પ્રમાણે તેમણે નિષ્કપટભાવે પ્રાર્થના કરેલા શ્રીહરિ તે મુનિ પ્રત્યે બોલ્યા : હે દ્વિજ ! તમારો આ મનોરથ સિદ્ધ થશે. (૪૪) તમે મારી સાથે ઉત્તમ દુર્ગપુર (ગઢડા) આવો. ત્યાં હું રાધાકૃષ્ણ (ગોપીનાથજી) નું મંદિર કરાવીશ. (૪૫) હે વર્ણિન્ ! એવા અતિ પવિત્ર સ્થાનમાં રહીને, સ્થિર અતઃકરણવાળા થઈને, પોતાના - અનુભવાત્મક જ્ઞાન વડે મારા શાસ્ત્રની રચના કરો. (૪૬) આ પ્રમાણે શ્રીહરિએ આજ્ઞા કરાએલા મુનિ પ્રસન્ન થઈને શ્રીહરિના કહેવા પ્રમાણે તેમની સાથે ગઢડા આવીને લાંબા કાળ સુધી રહ્યા. (૪૭) પછી

શતાનંદમુનિએ ગોપીનાથજીના મંદિરમાં રહીને શ્રીહરિલીલામય સત્સંગિજીવન નામના ધર્મશાસ્ત્રની રચના કરી. (૪૮) પછી મુનિ, પોતે કરેલું શાસ્ત્ર શ્રીહરિ અંતર્ધાન થયા પછી શોધીને શ્રીહરિના મારા જેવા ભક્ત વિદ્વાનોને તથા વિદ્વાન બ્રાહ્મણોને ભણાવતા હતા. (૪૯) હે રાજન્ ! આ પ્રમાણે મારા ગુરુ શતાનંદમુનિના જન્મ-કર્મ વગેરે તમને કહ્યા. હવે તેમણે રચેલું સત્સંગિજીવન નામનું સચ્છાસ્ત્ર હું તમને કહું છું. (૫૦) (સુવ્રતમુનિ કહે છે.) સર્વધર્મોથી ભરપૂર, શ્રીહરિની લીલાઓથી વૃદ્ધિ પામેલું, શ્રોતાઓને આશ્ચર્ય પમાડનારું, આ પૃથ્વી પરના રસિક જનોના હૃદયને પ્રસન્ન કરનારું, કળિયુગના દોષોનો નાશ કરનારા આ (સત્સંગિજીવન નામનું) ધર્મશાસ્ત્રને તમે આદરપૂર્વક શ્રવણ કરો. (૫૧)

ઇતિશ્રી સત્સંગીજીવનમાં, નારાયણ ચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, પ્રથમ
પ્રકરણમાં શતાનંદ મનોરથ સિદ્ધિ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

●

## અધ્યાય - ૪

(સત્સંગિજીવનની કથાની શરૂઆતમાં સુવ્રતમુનિ મંગળાચરણ કરે છે.)

**સુવ્રતમુનિ બોલ્યા :**

ધર્મની સ્થાપના માટે અને અધર્મના નાશ માટે ઉત્તર કોશલ દેશમાં રહેલા ધર્મભક્તિથી પ્રગટ થયેલા, દેવતાઓને આનંદ આપનારા, ધર્મની પ્રવૃત્તિ કરનારા, સુંદર ચંદન અને પુષ્પહારોમાં રુચિવાળા, શ્વેતવસ્ત્રોને ધારણ કરનારા, અત્યંત શોભાયમાન એવા પરમ ગુરુ નારાયણ ઋષિરૂપ શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૧) યોગેશ્વરોના પણ અંતર્યામી અને પ્રિય એવા જે શ્રીહરિ બાલ્યાવસ્થામાં પણ ઉત્તમ વૈભવયુક્ત પોતાના ઘરમાં આસક્તિરહિત રહેલા, પિતાથી પોતાને પ્રિય નૈષ્ઠિક બ્રહ્મચર્ય યોગ્ય ઉપનયન સંસ્કાર પ્રાપ્ત કરી તીવ્ર વૈરાગ્યથી સંબંધીઓ યુક્ત ઘરનો ત્યાગ કરી તીવ્ર તપ કરવા વનમાં ગયા. (૨) જે શ્રીહરિને નિરંતર બ્રહ્મસ્થિતિ સ્વાભાવિક હતી, ધર્મ અને ભક્તિ પણ સપરિવાર શ્રીહરિના હૃદયકમળમાં નિવાસ કરતા હતા, રાજાઓને પણ દુર્લભ એવા શબ્દાદિ પંચવિષયો કે, જેનાથી મુનિઓને પણ ભય રહે છે. તે શ્રીહરિના મનને આકર્ષવા ક્યારેય સમર્થ થયા નહિ. (૩) મહાયશસ્વી શ્રીહરિ પૃથ્વીમાં પોતાના આશ્રિત જનોને નરનાટકથી ઘણી પ્રીતિ ઉપજાવતા રામાનંદસ્વામી નામના ગુરુથી મહાદીક્ષા પામ્યા પછી સહજાનંદ નામથી વિખ્યાત થયા. આશ્રિતોના સદ્‌ગુરુ, શુષ્કજ્ઞાનીઓ કૌલમતવાદીઓ અને નાસ્તિકો વગેરેના મતરૂપ ગાઢ અંધકારને નાશ કરવામાં સૂર્ય સમાન થયા (૪) જે શ્રીહરિ પોતાના બધા આશ્રિતોને લોભ, ઈર્ષ્યા, મદ, માન, મત્સર, કલિ, ક્રોધ અને કામરૂપી સૈન્યથી તત્કાળ મુકાવીને અંતકાળે તે જનોને માયાથી પર પોતાના અક્ષરધામમાં લઈ જાય છે એવા બહુ પ્રતાપવાળા શ્રીહરિ પૃથ્વી પર હંમેશાં વિજય પામે છે. (૫) કોઈ સમય પોતાના મુખકમળના દર્શન કરવા માટે પોતાના નિવાસસ્થાન પર્ણશાળાની ચારેબાજુ વિટાઈને રહેલા મુનિસમૂહને જાણીને તત્કાળ બહાર આવતા શ્રીહરિમાં મારું મન લાગેલું રહો. (૬) કોઈક સમયે મુનિના સમુદાયો

પોતાની સમીપમાં આવતા સાંભળીને એકદમ ઉતાવળે તેમના તરફ જવાથી વીસરી ગયા છે ઓઢવાનું વસ્ત્ર-માટે એક જ વસ્ત્રવાળા, પોતાની ચોપાસ રહેલા પોતાના મુનિગણોને નવીન કમળ સમાન નેત્રોવડે કોલમ દષ્ટિપાતથી સુખ આપનારા શ્રીહરિમાં મારું મન લાગેલું રહો. (૭) અને ક્યારે ! સભામાં મહામૂલ્યવાન આસન ઉપર બિરાજમાન પ્રભુ જમણા હાથમાં શોભાયમાન તુલસી- કાષ્ઠની માળા રાખી ઈષ્ટદેવનું સ્મરણ કરે છે. નક્ષત્રગણના મધ્યમાં રહેલ ચંદ્રમા સમાન શોભાવાળા અને મુનિઓનાં નેત્રોને એક સ્થાનભૂત તે શ્રીહરિમાં મારું મન લાગેલું રહો. (૮) ક્યારેક મુનિજનોથી કરાતી પૂજામાં સ્વીકારેલાં શ્વેતવસ્ત્રો તિલક, ચોખા અને વિચિત્ર પુષ્પોના હારવાળા, ચરણમાં પાદુકાઓ ધારણ કરેલા, કમર ઉપર હસ્તકમળ મૂકીને ઊભેલા શ્રીહરિમાં મારું મન લાગેલું રહો. (૯) ક્યારેક અજન્મા એવા ભગવાન જન્મોત્સવ સમયે જુદા જુદા દેશોમાંથી આવેલા ભક્તોના સમૂહોએ વિવિધ પ્રકારનાં વસ્ત્રો, આભૂષણો અને સુગંધીમાન પુષ્પહારોથી પૂજાયેલા શ્રીહરિ મને હર્ષ આપનારા થાઓ. (૧૦) ક્યારેક મુનિજનોનો આતિથ્યસત્કાર કરવામાં કેડ્ય ઉપર પીતાંબર બાંધીને અન્ય સંતો પીરસનારા હોવા છતાં પણ પોતે પીરસીને અતિતૃપ્ત કરતા તે શ્રીહરિ મને સિદ્ધિ આપનારા થાઓ. (૧૧) ધ્વજ, જવ, કમળ, અંકુશ, ઊર્ધ્વરેખા વડે સુંદર ચરણો મૂકવાથી આ ધરતીને સ્વર્ગ કરતાં પણ અતિ સૌભાગ્યવતી કરતા; પોતાના સખાઓના મજાકભર્યાં વચનોના ઉત્તર આપવામાં ચતુર ધર્મનંદન શ્રીહરિ મને બુદ્ધિ આપો. (૧૨) આ જગતમાં જડબુદ્ધિવાળા પાપી જીવો પણ જે શ્રીહરિના મહાન સંતોના આશ્રય વડે તત્ક્ષણ દુષ્ટ સ્વભાવનો ત્યાગ કરી હાલમાં પણ પુણ્યાત્મા બને છે તે શ્રીહરિ મારા પર પ્રસન્ન થાઓ. (૧૩) ક્યારેક તો ભગવદ્‌ભક્તિ સહિત વેદ અને સ્મૃતિસંમત પોતપોતાના સ્વધર્મને પોતાના ભક્તજનોને અધિકાર પ્રમાણે ઉપદેશ કરતા અને પોતે (લોકસંગ્રહાર્થે) તેનું આચરણ કરતા એવા શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ (૧૪) ક્યારેક પૃથ્વી ઉપર શુદ્ધ હિંસારહિત વિષ્ણુ યાગાદિ ઈષ્ટકર્મ કરતા અને વાવ, કૂવા, તળાવ, મંદિર ઈત્યાદિ પૂર્તકર્મ કરતા થકા અગણિત બ્રાહ્મણોને યથેષ્ટ ભોજન વડે તૃપ્ત કરતા એવા શ્રીહરિ મારા પર પ્રસન્ન થાઓ. (૧૫) ક્યારેક રાત્રિ સમયે મુનિઓના સમૂહની વચ્ચે વિરાજમાન સ્વયં ઘણા સંશયવાળા પ્રશ્નો ઉત્પન્ન કરાવીને (જ્યારે અન્ય કોઈ ઉત્તર ન આપી શકે ત્યારે) બધા સારી રીતે જાણે તેમ પદે પદે વિવિધ ઉત્તર આપનારા શ્રીહરિ મારું સારી રીતે મંગલ વિસ્તારો. (૧૬) ક્યારેક સભામાં દેશોનો પોતાના બે દત્તકપુત્રો (અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી) ને સરખી રીતે વિભાગ કરી આપનારા તથા પૃથ્વીમાં ધર્મનું રક્ષણ કરવાની એક ભાવનાવાળા ધર્મપુત્ર તે શ્રીહરિનું હું બુદ્ધિ પ્રાપ્તિ માટે સ્મરણ કરું છું. (૧૭) આ પૃથ્વી પર વિવિધ યોગસાધનથી રહિત એવો મનુષ્યપણ જેમને લગારેક જોવા માત્રથી પણ અચૂક સમાધિની સિદ્ધ દશાને નિશ્ચય પામે છે એવા શ્રીહરિ મારા સર્વ મંગલને વિસ્તારો. (૧૮) આ પૃથ્વી ઉપર ભરતખંડમાં ઉત્તર દિશામાં નગાધિરાજ હિમાલય આવેલો છે. (તે કેવો છે ?) અતિ વિસ્તારવાન અને ઊંચો, મહેલોની જેવી ગુફાઓવાળો, મોટા ચાંદીના ઢગલાની માફક શ્વેત કાંતિવાળો છે. આ હિમાદ્રિ કોઈ સ્થાનમાં કાજળના પર્વત જેવો, ક્યાંક

સુવર્ણમય શિખરોથી શોભાયમાન, કોઈક જગ્યાએ ચાંદી સમાન શિખરવાળો છે. આમ, અનેક પ્રકારના વર્ણો (શ્યામ, શ્વેત, પીળો, લાલ વગેરે)થી વિચિત્ર દર્શનવાળો છે. (૧૯-૨૦) જેમાંથી નિર્મળ જળવાળી, ઘણા ઝરણાંઓમાંથી ઉદ્‌ભવતી, ચોપાસ સારસ અને હંસ પક્ષીઓથી શોભાયમાન, ચંચળ તરંગોથી શબ્દાયમાન, એવી સેંકડો નદીઓ વહે છે. (૨૧) ધાવડો, કેવડો, ગૂગળ, રાતો રોહિડો, અર્જુન, કુંદ, કદંબ, નાળિયેરી, વડ, બિલી, કોઠી, દાડમ, તાડ, તમાલ, સાલ, જાલ, આ વૃક્ષોથી જે હિમાલય સુંદર દેખાય છે. વળી સરલ, વરણ, આસોપાલવ, રસાળ, વગેરે વૃક્ષોનાં સમૂહોથી અને બોરસડી આંબા, ચંપાઓ, કેળ વગેરે ફળ આપનારાં વૃક્ષોથી અને પુષ્પોના વૃક્ષોથી તે હિમાલય ચોતરફ અતિરમણીય છે. (૨૨-૨૩) જે પ્રફુલ્લિત પુષ્પોરૂપી ચક્ષુથી જોતો હોય ને શું ? વળી પૂજવાલાયક અતિથિઓને વાયુથી હાલતી શાખાવાળા વૃક્ષોરૂપી હાથથી તથા કોયલોના મધુર ટહૂકારથી જાણે કે બોલાવતો હોય ને શું ? અને દર્ભો રૂપી આસન અને ફળ, મૂળ, કંદાદિરૂપ ભોજન વડે જાણે તૃપ્ત કરતો હોય ને શું ? એવો હિમાલય છે. (૨૪) જે પર્વતમાં મૃગો, પાડાઓ, વાનરો, વરાહો, શાહુડીઓ, રીંછો, ગેંડાઓ, વગેરે રહ્યા છે. તથા કૂકડા, મોર, ચાતક અને બીજા પક્ષીઓ રહે છે. (૨૫) હાથીઓના શબ્દો, ઝરણાંઓના કલરવ, ગંધર્વોના વિણાદિનાં ગાનો અને મુનિઓના વેદ ધ્વનિઓ તથા પક્ષીસમૂહોના શબ્દો વડે હિમાલય શોભે છે. (૨૬) પૂર્વે બ્રહ્માએ જેને બધા પર્વતોનો અધિપતિ કરેલો હતો તે હિમાલય ઉત્તમ રત્નોનું ઉદ્‌ભવસ્થાન છે. શિવ વગેરેએ જેને નિવાસ કર્યો છે. (૨૭) જે પર્વતમાં બ્રહ્મલોકથી નીકળેલી ભગવાનના ચરણસ્પર્શથી દિવ્ય મહિમાવાળી, ત્રણ માર્ગવાળી ગંગા પ્રથમ પ્રતિષ્ઠાને પામેલી. સાત પ્રવાહોથી સાત નામવાળી વહે છે. (૨૮) વસ્વૌકસારા, નલિની, પાવની, સરસ્વતી, જમ્બુનદી, સીતા અને સિન્ધુ - આ સાત ગંગાઓ વહે છે. (૨૯) પૃથ્વીને ધારણ કરનાર આ પર્વતમાં પ્રત્યક્ષ શ્રી પુરુષોત્તમની કૃપાથી ઋષિરૂપ ધારણ કરેલા શ્રી નારાયણનો આશ્રમ છે. પોતાને અતિપ્રિય પ્રભુની સેવા કરવા માટે બદરીની આકૃતિ વડે પોતાની અક્ષરધામતા જેમણે છુપાવી છે તેવો તે (બદરિકાશ્રમ) દર્શનમાત્રથી અતિ સુખ આપનાર છે. (૩૦) જ્યાં બોરડીઓના સમૂહોમાં શોભાયમાન બોરનાં ઝૂમખાંઓ પ્રભુના દર્શને આવેલા મુક્તમંડળોના હૃદયમાં કમંડલોની ભ્રાંતિ કરાવે છે. (૩૧) વળી જ્યાં ચોતરફ વૃક્ષોના મૂળ પાસે રહેલા મુનિઓ ભગવાન શ્રી નારાયણના મુખથી સાંભળેલા વેદના અર્થોને પોતાના હૃદયમાં વારંવાર ચિંતવન કરે છે (૩૨) જે આશ્રમમાં મુનિજનોએ કૃપાદૃષ્ટિથી જોયેલાં સસલાં, ઉંદરો, પક્ષીઓ, મૃગલાંઓ વગેરે અચળ શિક્ષા પામેલાં મુનિબાળકોની જેમ શ્રીહરિનું ચિંતવન કરે છે. (૩૩) લોકોને પીડા ઉપજાવવામાં તત્પર કામાદિ શત્રુઓ રૂપી હાથીઓ શ્રીહરિના નામરૂપી સિંહથી ભય પામીને મુક્તોના નિવાસસ્થાનરૂપ આશ્રમને મનથી પણ પામવા સમર્થ થતા નથી. (૩૪) જ્યાં માનસિક તાપની શાંતિ માટે ચારેબાજુથી આવેલા મુક્તજનો શ્રીહરિની વાણીરૂપી અમૃત વડે શાંત બનેલા બ્રહ્માનંદના સુખવાળો બની વિહરે છે. (૩૫) જ્યાં હંમેશાં વિરોધી એવા ગજરાજ અને સિંહ વગેરે પશુઓ પણ પોતાના વિરોધી સ્વભાવનો ત્યાગ કરી વાનપ્રસ્થાશ્રમી બ્રાહ્મણોની માફક કામક્રોધાદિ દોષેરહિત

ઋષિવૃત્તિને ધારણ કરે છે. (૩૬) જે આશ્રમમાં સર્પો નોળિયાઓ સાથે, હાથીઓ સિંહોની સાથે, ઉંદરો બિલાડાઓની સાથે, શિયાળો વરુઓની સાથે, હરણો વાઘોની સાથે અને ઘુવડો કાગડાઓની સાથે ફરે છે. (૩૭) જે આશ્રમમાં નિર્મળ જળવાળી, દર્શનમાત્રથી સઘળાં પાપોના સમૂહનો નાશ કરનારી, ચંદ્રના જેવી કાંતિવાળી, ઊછળતા તરંગોવાળી, વિસ્તારવાળી વિષ્ણુપદી ગંગા વહે છે. (૩૮) જે આશ્રમમાં ગંગાજળથી ધોયેલાં અને વૃક્ષની ડાળીઓ પર સૂકવેલાં વાનપ્રસ્થીઓનાં કૌપીનો, ગોદડીઓ, વસ્ત્રો અને વલ્કલોને સ્પર્શ કરતાં વાયુ પણ ભય પામે છે. (૩૯) જે આશ્રમ સૂર્ય અને અગ્નિસમાન કાંતિવાળા, જિતેન્દ્રિય, તપોનિષ્ઠ, રુરુ નામના મૃગોનાં ચર્મરૂપી વસ્ત્રોવાળા, સર્વજ્ઞ અને બ્રહ્મભાવને પામેલા પરમહંસોએ રાત્રીદિવસ સેવેલો છે. (૪૦) જે આશ્રમ ઘણા પુણ્યસમૂહથી રહિત જનો માટે અપ્રાપ્ય છે, જ્યાં બ્રહ્મસ્થિતિને પામેલાઓ રહે છે, અભિષ્ટ મનોરથોને આપનારો છે. શિંકાઓમાં લટકતાં ભોજનપાત્રો અને જળના ઘડાઓથી શોભાયમાન એવા આ આશ્રમને જોવા માત્રથી જ રસ્તાનો થાક ઊતરી જાય છે. (૪૧) જે આશ્રમમાં હરિપૂજક ભક્તજનોએ નિર્માલ્ય ફેંકેલ દિવ્ય પુષ્પોના ઢગલાઓ અહીંતહીં રહેલા છે. અતિ તેજસ્વી આશ્રમમાં મુનિઓને રાત્રીનો ગાઢ અંધકાર બાધ કરતો નથી. (૪૨) જ્યાં છ અંગો સહિત ચાર વેદોને જાણનારા અને - ઇન્દ્રિયોના નિગ્રહથી કૃશ અંગરૂપી લતાઓવાળા તથા જટાઓવાળા, પવિત્ર વાનપ્રસ્થોના ખૂબ ભસ્મસમૂહોવાળી, અગ્નિહોત્રની શાળાઓ છે. (૪૩) જે આશ્રમમાં એકવાર વાયુભક્ષણ કરનારા, એકવાર જળપાન કરનારા, કેટલાંક વરાળમાત્રનું પાન કરનારા, કેટલાંક ફીણનો આહાર કરનારા, કેટલાંક ચંદ્રમાનાં કિરણોનું પાન કરનારા અને કેટલાંક હોમ સમયના ધુમાડાનું પાન કરવાવાળા વાનપ્રસ્થીઓ તપ કરે છે. (૪૪) જે આશ્રમમાં કેટલાક ઋષિઓ ચીંથરા, મૃગચર્મ, પાંદડા અને વલ્કલ વગેરે વસ્ત્રો પહેરનારા, કેટલાંક ઘાસનાં વસ્ત્રો પહેરનારા છે. જ્યાં કેટલાક ઋષિઓ પથ્થરોથી કૂટેલાં અન્ન અને ફળો ખાય છે. કેટલાક દાંતથી ચાવીને ખાય છે. (૪૫) જે આશ્રમમાં કેટલાક મુનિજનો પીપળાના ફળ ખાઈને રહે છે. કેટલાક જળમાં નિવાસ કરી ભગવન્ નામનો જપ કરે છે; સર્વ વિષયોનો ત્યાગ કરનારા કેટલાક મુનિજનો આભ્રાવકાશ નામના વ્રતને અનુસરી ખુલ્લા આકાશ નીચે વસે છે. (૪૬) જે આશ્રમમાં નરબંધુ શ્રી નારાયણમાં વિશેષ પ્રેમબુદ્ધિ પ્રાપ્ત કરવા જેમણે દરેક રસોનો ત્યાગ કર્યો છે એવા દુર્બળ દેહવાળા, નૈષ્ઠિક વ્રત ધારણ કરેલા મુનિઓ હૃદયકમળમાં પ્રકાશમાન તે શ્રીહરિ નારાયણ ભગવાનનું ધ્યાન કરે છે. (૪૭) જે આશ્રમમાં ઋષિઓ સત્ય અને અમૃતરૂપ એવા શ્વેતદ્વીપ નામના પોતાના ધામમાં રહેલા શ્રી વાસુદેવ ભગવાનના દર્શન માટે ઉત્સુક હૃદયવાળા, ધનુષ્યમાંથી છૂટેલા બાણથી પણ અધિક વેગવાળા, નરસહિત નારાયણને ઊંચા સ્વરોથી ગાયન કરનારા, આકાશમાર્ગે સમૂહમાં વિહરનારા ક્રૌંચ પક્ષીઓની પેઠે દરરોજ શ્વેતદ્વીપ પ્રત્યે જાય છે. (૪૮) 'હે વાસુદેવ !' આ પ્રમાણે આકાશમાં ઊંચેથી ધ્વનિ કરનારા, શ્વેત કાંતિવાળા, માર્ગમાં પોતાની પ્રત્યે આવતા અને સર્વભાવથી નમસ્કાર કરતા નારાયણના ઋષિઓને ઘણા સત્કારપૂર્વક નમસ્કાર કરતા શ્વેતમુક્તો

ક્રૌંચ પક્ષીઓના સમૂહની પેઠે નર સહિત નારાયણના દર્શન માટે શ્વેતદ્વીપથી દરરોજ બદરિકાશ્રમમાં આવે છે. (૪૯) જે આશ્રમમાં વનવાસી એવા પશુ-પક્ષીઓ, સાપ અને મનુષ્યો આ બધા પ્રાતઃકાળે સ્નાનાર્થે ગંગા પ્રત્યે જશે એવા શ્રી નારાયણ ભગવાનના દર્શન કરવા તત્કાળ બીજી સર્વ ક્રિયાઓનો ત્યાગ કરી દરરોજ માર્ગમાં આવી, હમણાં પ્રભુ આવશે એમ ઉત્સાહવાળા તેથી ઊંચા મુખવાળા થઈ હારબંધ ઊભા રહે છે. (૫૦) જે આશ્રમમાં લીલા પાંદડાવાળી, સપાટ ભૂમિદળવાળી, મચ્છરોથી રહિત એવા કોમળ સ્થાનમાં ચીકણાં અને કોમળ પાદડાં અને પાકાં મીઠાં બોરથી સુશોભિત બોરડી ઊગેલી છે. (૫૧) જે બોરડી ફળ, પુષ્પ, ડાળીમાંથી સુશોભિત વૃક્ષોથી વીંટળાયેલી, જેની નીચે રહેનારાઓને ભૂખ-તરસ, ગરમી-ઠંડી વગેરે દોષો નડતા નથી અને જે પૂજાના ઉપહારો અને હોમક્રિયાઓથી સદા પૂજાયેલી છે. (૫૨) જે બોરડી અતિ વિશાળ છે. અત્યંત નિર્મળ કાંતિમાન શાખાઓવાળી તથા કાંટાઓથી રહિત છે. જેમાંથી મધુર રસ ઝરે છે. ખરેખર દિવ્ય છે, મનોહર છે, દર્શનમાત્રથી જ જનોના સર્વ પાપોના નાશ કરનારી છે. (૫૩) મધુર શબ્દવાળા પક્ષીઓથી શબ્દાયમાન કરેલી, દરેક સમયે દેવતાના સમૂહોથી સેવાયેલી, ઘાટી છાયાથી જે આશ્રય કરવા યોગ્ય છે અને મુનિઓ જે બોરડીને વિશાલા કહે છે. (૫૪) જે આશ્રમમાં જ્ઞાનવિજ્ઞાનથી સંપન્ન, સિદ્ધ અને ભાગવત ભક્તોના અગ્રણી એવા ઉદ્ધવજી શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞાથી નિવાસ કરે છે. (૫૫) જે આશ્રમમાં વૈહાયસ નામનો જળનો ધરો છે, જે આશ્રમમાં વાતાપી અને મરૂત વગેરે રાજર્ષિઓ રહે છે. જ્યાં અશ્વશિરા નામના ઋષિ અનાદિ સિદ્ધ વેદોનો નિત્ય પાઠ કરે છે. (૫૬) જ્યાં પૂર્વે ઈન્દ્રે વેદાર્થના પારંગત વૃત્રાસુરને હણીને બ્રહ્મહત્યા પાપના નિવારણ માટે દશ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું. (૫૭) જે આશ્રમમાં નારદમુનિએ ઉપદેશ આપેલા સૂર્યપુત્ર સાવર્ણિમુનિ (ભવિષ્યના આઠમા મનુ) સધર્મોનો અભ્યાસ અને શ્રી નારાયણમુનિનું ભજન કરતાં તપસ્યા કરે છે. (૫૮) જ્યાં સ્વયં ભગવાન નરનારાયણ પૃથ્વીમાં રહેલા ભક્તોના કલ્યાણ માટે નિરંતર દુષ્કર તપ કરે છે. (૫૯) જે આશ્રમમાં ક્યારેય પણ કળિયુગ પ્રવર્તતો નથી. કારણ કે કલ્યાણમય સ્વરૂપવાળા સાક્ષાત્ જગતપતિ શ્રી નારાયણ ત્યાં નિવાસ કરે છે. (૬૦) જ્યાં અખંડ ભગવાનના ધ્યાનથી શાંત મનવાળા મુનિ નારદ હંમેશાં નરનારાયણની સેવાપરાયણ વર્તે છે. (૬૧) સુખના તારતમ્ય ભાવને જાણનારા વિવેકી પુરુષો સત્યલોકાદિ ધામના સુખને બદરિકાશ્રમના અલ્પસુખની સમાન ગણતા નથી. (૬૨) જે આશ્રમ અનેક મુક્તભાવને પામેલા મુનિઓ, મુક્ત ભાવની લાલસાવાળા મુમુક્ષુવૃંદોથી અને દેવતાઓએ આશ્રય કરેલો છે. દર્શનમાત્રથી જ પાપને હરનારો અગાઉ વર્ણવેલો આ આશ્રમ આ ભૂલોકમાં પૃથ્વીને શોભાવે છે. (૬૩)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
બદરિકાશ્રમ વર્ણન નામનો ચોથો અધ્યાય થયો. ॥૪॥

●

# અધ્યાય - ૫

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! ત્યાં (બદરિકાશ્રમમાં) એક સમયે ભગવાન નરનારાયણના દર્શન માટે તે ભગવાને જ સ્મરણ કરાયેલા, અને પૃથ્વીમાં બહુવિધ તીર્થયાત્રા કરીને શ્રી ભગવાનના દર્શન વડે તીર્થયાત્રાનું ફળ પ્રાપ્ત કરવા ઇચ્છતા મુનિઓ આવ્યા. (૧-૨)

(હવે મુનિઓનાં નામો કહે છે.)

મરીચિ, વસિષ્ઠ, અત્રિ, એકત, દ્વિત, ત્રિત, કશ્યપ, ભરદ્વાજ, શાકલ્ય, ભૃગુ અને અંગિરા (અગિયાર) (૩) હારીત, ગૌતમ, કણ્વ, યાજ્ઞવલ્કય, પરાશર, શિંશપાયન, ઔર્વ, વિશ્વામિત્ર તથા આસુરી. (નવ) (૪) સંવર્ત, બભ્રુ, મૈત્રેય, બૃહદશ્વ, લોમશ, ઉતથ્ય, ઈંદ્રપ્રમિત્તિ, વૈશમ્પાયન અને દેવલ (નવ) (૫) પુલસ્ત્ય, પુલહ, મર્ગ, શક્તિ, વોઢુ, બૃહુસ્પતિ, વામદેવ, પંચશિખ, પ્રચેતા, કર્દમ, ક્રતુ (અગિયાર) (૬) જૈગિષવ્ય, સુમંતુ, વાલ્મીકિ, ચ્યવન, અરુણિ, કાત્યાયન, જરત્કારુ, આસ્તિક અને વિભાંડક (નવ) (૭) ઋષ્યશૃંગ, શરદ્વાન, શમીક, જૈમિની, યતિ, અષ્ટાવક્ર, પાણિનિ, માંડવ્ય, શાકટાયન. (નવ) (૮) કૃષ્ણાત્રેય, સ્થૂલશિશ, શુનક, ગાર્ગ્ય, તિત્તિરી, કાલવૃક્ષીય, ઉત્તંગ, નાચિકેત અને માઠર (નવ) (૯) મૌજાયન, પર્ણાદ, બૃહદગ્નિ અને પર્વત, જાતુકર્ણ્ય, ઋચીક, હરિશ્મશ્રુ અને અંશુમાન (નવ) (૧૦) વૈતંડી, ક્ષારપાણિ, કઠ, તાંડ્ય, ગાલવ, અગ્નિવેશ્ય, કૌંડિન્ય, શાંડિલ્ય તથા ભાલુકિ (નવ) (૧૧) શ્વેતકેતુ, વિપુલ, મંકિ, ગૌરશિશ, ભાંડાયનિ, જયંત, માંડૂકેય, અને શાર્કર (આઠ) (૧૨) કૃણાદ, કવષ, પૈલ, પિપ્પલાયન-ભાગુરિ, કક્ષીવાન, ઇધ્મવાહ, વત્સ, ગૌરમુખ (આઠ) (૧૩) જાબાલિ, ઉપમન્યુ, શુદ્ર, વેદશિશ, મેધાતિથિ, આર્ષ્ટિષેણ, અથર્વા, ઇન્દ્રપ્રમદ (આઠ) (૧૪) કુશિક, નરદ, શંખ, લિખિત, સુતપા, શુક, પ્રાણ, દાલ્ભ્ય, વીતવ્ય, સાવર્ણ્ય, ઉદ્દાલક (અગિયાર) (૧૫) સાવેતસ, વૈતહવ્ય, સાવર્ણિ, ભાર્ગવ ગોભિલ, જાજલિ, યાસ્ક, કાશ્યપ, વાત્સ્ય, નૈધ્રુવ (દસ) (૧૬) સૌભરિ, શૌનક, અગસ્ત્ય, મુદ્દગલ, સૈન્ધવાયન, સારસ્વત, ભૂરિષેણ, દેવરાત, અફતણ (નવ) (૧૭) હે રાજન્ ! આ બધા (મરિચ્યાદિક એકસો ઓગણચાલીસ) શિષ્યોએ સહિત તથા બીજા પણ પીપ્પલાદ વગેરે મુનિઓ કૈલાસ પર્વતની સમીપમાં વર્તમાન બદરિકાશ્રમમાં આવ્યા. (૧૮) તે મુનિઓ ત્યાં શ્વેતજળવાળી, પ્રાતઃકાળનાં સૂર્યકિરણોથી દેદીપ્યમાન, ચંચળ તરંગોવાળી, ઊંચા ઊછળતા મોટા તરંગોના ધ્વનિ વડે દિશાઓને ગુંજાવતી, અને ભસ્મીભૂત થયેલા સગર રાજાના સાઠ હજાર પુત્રોને મુક્તિ આપનારી એવી ગંગાને જોતા હતા. (૧૯) જે ગંગા નિત્યપ્રત્યે ભગવાન શ્રી નારાયણના સ્નાનથી અતિપવિત્ર, તેથી જ દર્શન અને સ્મરણ માત્રથી જ સર્વ પાપસમૂહોનો નાશ કરનારી છે તો (સ્નાન-આચમન વગેરે) સ્પર્શ કરવાથી તો સર્વ પાપસમૂહોનો નાશ કરે એમાં શું કહેવાનું ? કારણ કે ગંગા એવા નામ માત્રથી જ દૂર રહેલા મનુષ્યોના પાપ પણ નાશ કરે છે. (૨૦) જે ગંગાના સંબંધથી કીટક વગેરે અસદ્ દેશો પણ તત્કાળ જ સંત પુરુષોએ સેવવાયોગ્ય પવિત્ર તીર્થક્ષેત્રપણાને પામે છે અને જે ગંગાના સંબંધ વિનાના દેશો મોટી સમૃદ્ધિવાળા હોય તો પણ જળવિહોણી નદીઓની

માફક ચોક્કસ નિંદનીય થાય છે. (૨૧) જે ગંગાજીનું સેવન કરવાથી આ લોકમાં મનુષ્યો જે ગતિને પામે છે તે ગતિને તપ, યજ્ઞ, વ્રતોથી પણ પામતા નથી. ચાંદ્રાયણ, ધારણાપારણાવ્રત, પુરશ્ચરણ વગેરે વડે જે દેહશુદ્ધિ થાય તે તો ગંગાજીના જળના બિંદુમાત્રથી પણ થાય છે. (કારણ કે નારાયણ ભગવાનના ચરણકમળમાંથી નીકળેલી હોવાથી તે અતિ પવિત્ર છે.) (૨૨) ગંગા નદી કરતાં બીજી કોઈ પણ નદી પાપાત્માઓ એવા મનુષ્યોને વિવિધ પ્રકારના યજ્ઞો કરવાનો પરિશ્રમ કર્યા વિના પણ એક જ વાર જળસંપર્ક માત્રથી જ તરત જ સૂર્યની કાંતિ સમાન ઉજ્જવલ શ્રેષ્ઠ વિમાનમાં બેસાડી સ્વર્ગ પમાડવામાં નિપુણ જણાતી નથી. (૨૩) હે રાજન્ ! જે ગંગા નદી શંકરના જટારૂપી મુગટને અલંકાર કરનારી છે. ઈન્દ્રે સહિત દેવો અને ગંધર્વોથી નિરંતર સેવાયેલી, મુમુક્ષુઓ અને મુક્તોએ સમગ્ર સિદ્ધિની કામનાવાળાઓને સર્વ અર્થોને આપનારી હોવાથી નિરંતર સેવા કરવા યોગ્ય છે. (૨૪) અન્ય કોઈપણ સ્થળે મૃત્યુ પામેલા મનુષ્યનું હાડકું માંસભક્ષી પક્ષીની ચાંચમાંથી જો ગંગાના જળમાં પડે તો તે (મરેલો માણસ) તત્કાળ સ્વર્ગને પામે છે તો ગંગાજીમાં સ્નાન કરનાર દેવલોકને પામે એમાં શું કહેવાનું ? (૨૫) સમગ્ર પુણ્યના સાગર પુરુષોત્તમ શ્રી નારાયણ પોતે મહામુનિઓના સમૂહ સહિત દરરોજ જે ગંગાના જળમાં લીલાએ સહિત સ્નાન કરે છે તે ગંગાના માહાત્મ્યનું વર્ણન કરવામાં નિપુણ પૃથ્વીમાં કોણ હોઈ શકે ? (૨૬) (મરિચ્યાદિક ઋષિઓએ) ત્યાં ગંગામાં વિધિપૂર્વક સ્નાન કરીને, સંધ્યા-વંદનાદિ કરીને શ્રી નારાયણના દર્શન કરવા માટે વિશાલા પ્રત્યે આવ્યા. (૨૭) ગગનસ્પર્શી એવી વિશાલા-બદરી નીચે રહેલા ભગવાન નરમુનિના તે સર્વ બ્રાહ્મણો દર્શન કરતા હતા. (૨૮) સુવર્ણની કાંતિવાળા જટારૂપી મુગટમાં મુનિઓએ અર્પણ કરેલા તોરાવાળા, સફેદ ઊર્ધ્વપુંડ્ર તિલકવાળા, તુલસીની માળા ધારણ કરેલા, શ્વેતવસ્ત્રોવાળા, કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને હરભાજન આ નવ મુખ્ય મહાયોગેશ્વરોથી વિંટાયેલા તથા કલાપગ્રામના નિવાસી તૃનુ આદિ બ્રાહ્મણો એ વિટાયેલા, બે ભૂજાવાળા, મેઘાની માફક શ્યામસુંદર, વર્ણિવેશને ધારણ કરનારા, કૃશ શરીરવાળા, અતિ પ્રસન્ન મુખારવિંદવાળા એવા શ્રીનર ભગવાનને જોઈને મુનિઓ હર્ષ પામ્યા. (૨૯-૩૨) પછી બ્રહ્મણ્યદેવ અને જગદગુરુ એવા શ્રીનરે પોતાને પ્રિય મુનિઓને જોઈને જલ્દીથી પાસે આવીને આનંદથી નમસ્કાર કર્યા. આનંદથી પરિપૂર્ણ મુનિઓએ પણ શ્રીનરનો દૃઢ આલિંગન સત્કાર કર્યો. (૩૩) પછી નર ભગવાને આપેલાં દર્ભનાં આસનો ઉપર મુનિઓ બેઠા. પછી સત્પુરુષોમાં પૂજ્ય તે નરપ્રભુએ અતિ પૂજનીય એવા મુનિજનોની પાદ્ય-અર્ધ્ય વગેરે વડે યથાયોગ્ય પૂજા કરી. (૩૪) તે નરમુનિ ઋષિઓનું દેશકાળ અનુસાર આદરસત્કાર કરીને વિનયપૂર્વક નજીક જઈને આ પ્રમાણે વચન બોલ્યા. (૩૫)

**નરમુનિ બોલ્યા :**

હે મુનિઓ ! આપના દર્શનથી આજે મને ખૂબ આનંદ થયો છે. સંસારમાં બધી જ વસ્તુ સુલભ છે પણ સત્પુરુષોનો સમાગમ જ દુર્લભ છે. (૩૬) તમે સત્પુરુષોમાં પણ ઉત્તમ છો. કારણ કે ઋષિ સમાન આકૃતિવાળા અને તપશ્ચર્યા કરતા નારાયણ ભગવાનમાં તમારી બુદ્ધિ દૃઢ નિશ્ચયવાળી છે.

(૩૭) જેમના હૃદયમાં સર્વદા શ્રીમાન્ બદરીવન વલ્લભ શ્રીહરિ સાક્ષાત્ સ્ફુરાયમાન થાય છે એવા તમને ઉત્તમ સંતો જાણીએ છીએ. (૩૮) તમે બધા મુક્ત પુરુષો છો. દૃષ્ટિમાત્રથી જ લોકોને પવિત્ર કરો છો. તેથી તમારો સમાગમ જીવો માટે અતિ દુર્લભ માનું છું. (૩૯) જે પુરુષની મુક્તિ થવાની હોય તેને જ તમારો સમાગમ પ્રાપ્ત થાય છે. (કેમ કે) તમારા સમાગમ વડે શ્રીમન્નારાયણ ભગવાનમાં પ્રેમ જન્મે છે. (૪૦) તેના વડે (ભગવાનમાં પ્રીતિથી) દેહગેહાદિકમાં આસક્તિ રહિત, પ્રશાંતબુદ્ધિવાળો પુરુષ બ્રહ્મા વગેરેને પણ દુર્લભ એવા પરમ પદને પામે છે. (૪૧) પૃથ્વી ઉપર પરોપકાર માટે તીર્થોને બહાને વિચરણ કરનારા, નારાયણ પરાયણ સત્પુરુષ એવા તમને કોની ઉપમા સંભવી શકે ? (૪૨) દયાળુ એવા સંતો પરોપકારના સ્વભાવવાળા હોય છે. ભગવાનના ભક્તો એવા તમો અતિશય પરોપકારી છો. (૪૩) ભગવાનને પ્રિય એવા હે મુનિજનો! તમે ઉત્તમ સમયે આવ્યા છો. કારણ કે સર્વના સ્વામી એવા નારાયણ ભગવાન હમણાં જ દર્શન આપશે. (૪૪) હે સિદ્ધો ! પોતાના દર્શન માટે દરરોજ આવતા મુનિઓ અને દેવોને પોતાનું દર્શન આપવાનો અત્યારે સમય થયો છે. (૪૫) શ્રી નારાયણ પ્રભુ નૈષ્ઠિક બ્રહ્મચારીઓને યોગ્ય પ્રાતઃકાલમાં સંધ્યાદિ અનુષ્ઠાનને સમાપ્ત કરી આ સમયે જ આ સ્થાનમાં રોજ આવે છે. (૪૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રમાણે મધુર વાણી વડે સત્કાર કરતાં નર ભગવાનને તેમના પ્રભાવને જાણનારા અને પ્રસન્ન મનવાળા મુનિઓ કહેવા લાગ્યા. (૪૭)

**મુનિઓ બોલ્યા :**

હે નરોત્તમ ! અમે ઋષિઓ તમને બ્રહ્માંડોના નિયંતા તપ જગદીશ્વરરૂપે જાણીએ છીએ. (૪૮) તપશ્ચર્યા કરતા અને નિરંતર શ્રી નારાયણની સેવા કરતા એવા તમોને પણ પ્રત્યક્ષ નારાયણની પેઠે ઈશ્વર જ જાણીએ છીએ. (૪૯) એક મૂર્તિ (પુરુષોત્તમ) નર અને નારાયણ નામથી બે પ્રકારે જાણાઓ છો. આથી ઈશ્વર એવા તમે સર્વેને આદરણીય, પૂજનીય અને વંદનીય છો. (૫૦) હે ભગવન્ ! મત્સ્ય, જવ, અંકુશ, વજ્ર, કળશ, કમળ, ઊર્ધ્વરેખાથી અંકિત શ્રી નારાયણ ભગવાનના ચરણોથી અંકિત થયેલી આ ભારત ભૂમિ ધન્ય છે. તથા શ્રીહરિ દ્વારા દરરોજ જોવાયેલી આ વૃક્ષોની હારમાળા પણ ધન્ય છે. ભક્તપ્રિય શ્રી નારાયણ ભગવાનના આશ્રમના દર્શનથી અમો ઋષિઓ પણ ધન્ય થયા છીએ. (૫૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
મુન્યાગમન નરદર્શન નિરૂપણ નામનો પાંચમો અધ્યાય થયો. ॥૫॥

●

## અધ્યાય-૬

**સુવ્રતમુનિ કહે છે :**

આ પ્રમાણે જ્યારે મુનિઓ બોલ્યા ત્યારે નર ભગવાને મુખ મરકાવ્યું તે સમયે આહ્નિકવિધિ પૂર્ણ કરીને પ્રભુ શ્રીનારાયણ પોતાની પર્ણકુટીથી ત્યાં (નર અને ઋષિઓ હતા તે સ્થાનમાં) આવ્યા.

(૧) યોગથી સિદ્ધિ પામેલા શરીરવાળા મુક્તજનોએ તથા આકાશમાં રહેલા અતિ વિનયવાળા ગંધર્વો સહિત દેવોના સમૂહે ઘણે પ્રકારે માર્ગમાં વંદના કરાયેલા, પોતાના અનુગામી ઉદ્ધવ જોયા છે. ચરણકમળ જેમના એવા પ્રભુ પધાર્યા. (૨) દેહધારીઓથી ન થઈ શકે એવા તપોના દ્વિગુણિતપણાથી અનેક સૂર્યનારાયણના પ્રકાશ પેઠે શોભતા, પોતાનાં સમગ્ર અંગોથી ઉત્પન્ન થતી અતિ શ્વેત કાંતિથી દેદીપ્યમાન; (૩) જાનુ પર્યંત લાંબા બન્ને હાથવાળા, મેઘ સમાન શ્યામ વર્ણવાળા, નવીન કમળપત્રો સમાન વિશાળ નેત્રોવાળા, પૂર્ણચંદ્ર સમાન મુખારવિંદ વાળા, મંદહાસ્ય વડે શોભાયમાન દંતપક્તિવાળા, કોમળ ચરણોવાળા; (૪) સૂક્ષ્મ રમણીય પીળા કુટિલ કેશવાળા, બાંધેલી સુંદર જટાવાળી, વિશાળ છાતીવાળા, પીપળાના પાન સમાન ઉપરથી વિશાળ અને નીચેના ભાગમાં સંકુચિત એવા સુંદર ઉદરમાં સુશોભિત ત્રિવળીવાળા ઊંડી ગોળ નાભિવાળા. (૫) શ્વેત ઊર્ધ્વપુંડ્રૂ તિલકવાળા, તુલસીમાળા અને યજ્ઞોપવીત ધારણ કરનારા, સ્પષ્ટ નાડીઓ દેખાય છે તેવા અંગવાળા, વર્ણિરાજ હોવાથી એક હાથમાં મૃતિકાનું કમંડળું અને બીજા હાથમાં પલાશદંડને ધારી રહેલા; (૬) શુદ્ધ શ્વેત ધોતી ધારણ કરેલા, ખભા પર લટકતા સફેદ ઉપરણીવાળા, સદાસર્વદા યૌવનઅવસ્થાવાળા, અમૃત-વર્ષણ કરતી પોતાની દૃષ્ટિથી મુનિઓને તૃપ્તિ પમાડનારા; (૭) પોતાને અતિપ્રિય એવા મુનિઓના દર્શનમાત્રથી ઉત્પન્ન થયેલા ઘણા હર્ષને ઉદરમાં સમાવી લેવામાં શક્તિમાન ન હોવાથી પ્રફુલ્લિત મુખકમળ અને નેત્રકમળમાંથી (હર્ષ) જાણે કે સ્રવતો હોય તેવા દેખાતા અને મનોહર મૂર્તિવાળા શ્રી નારાયણ પ્રભુ ત્યાં પધાર્યા. (૮) તે ભગવાનને જોઈને પ્રેમાતિશયથી વિવશ થઈ જવાથી, નમસ્કાર-સ્તુતિ વગેરે કરવામાં અશક્ત મુનિઓ પ્રેમથી ઉત્પન્ન થયેલ જળથી ભરેલા નેત્રોવાળા, પ્રથમ આસનથી ઊઠીને પૃથ્વી પર પડીને સાષ્ટાંગ નમસ્કાર કરવા લાગ્યા. (૯) મનમાં પ્રસન્ન થયેલા આ મુનિઓ નરના મોટાભાઈ નારાયણના દર્શન સમયે ઘણા દિવસના વિયોગથી ઊપજેલા તાપને તત્કાળ દૂર કરતા હતા. જેવી રીતે પૂર્ણચંદ્રના દર્શન સમયે પોયણાં વિયોગનો તાપ ટાળે છે તેમ (૧૦) તે સમયમાં સર્વ મુનિઓ પ્રભુ નારાયણને આંખો વડે આદરથી જોતા, મુખો વડે ચાટતા અને હાથો વડે આલિંગન કરતા હોય ને શું ? આ પ્રમાણે જેમાં નર મુખ્ય છે એવા તનુ વગેરે ઋષિઓએ જોયું. (૧૧) પછી માન આપનારા શ્રીહરિ મુનિઓનું પોતાનું આલિંગન, કરસ્પર્શ, સંભાષણ, દૃષ્ટિપાત વગેરે વડે યથાયોગ્ય સન્માન કરતા તે બદરીવૃક્ષની નીચે દર્ભાસન બિછાવેલી વેદિકા પાસે પધાર્યા. (૧૨) તે વેદિકા ઉપર મનોહર પીઠ ઉપર ભક્તપ્રિય, મુનિપતિ ભગવાન શ્રી નારાયણ વેદ જાણનારા મુનિઓની પ્રસન્નાતા માટે ઉત્તર દિશા બાજુ મુખ રાખીને બેઠા, પછી તે બ્રાહ્મણોએ આસનમાં બેઠેલા અને ચપળ દૃષ્ટિથી ચોપાસ મુનિમંડળને જોતા નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રી નારાયણ ભગવાનને પ્રીતિપૂર્વક ફરી નમસ્કાર કર્યા (૧૩) પછી અવ્યગ્ર બુદ્ધિવાળા તે મુનિન્દ્રો પોતાના ઈષ્ટદેવ શ્રી નારાયણ પ્રભુ અને નરપ્રભુની વિશુદ્ધ વિવિધ પૂજાસામગ્રીઓ વડે વેદોક્ત વિધિથી સ્નેહપૂર્વક પૂજા કરવા લાગ્યા. (૧૪) કસ્તૂરી, કુમકુમ, કેસર અને કપૂરથી યુક્ત ઉત્તમ સુગંધવાળા ચંદન વડે, સુગંધ અને સુંદરતાયુક્ત મોગરા, મલ્લિકા, ચંપા, કેવડા વગેરે અને પુષ્પો વડે તથા તુલસીપત્ર

વડે... (૧૫) વિચિત્ર પ્રકારના ઉત્તમ હારો, રમણીય, કલગીઓ અને સુંદર તોરાઓ, ઘણા સુગંધીમાન ધૂપો, અનેક દીવાઓ, સ્વાદિષ્ઠ નૈવેદ્યો અને ફળો વડે.. (૧૬) અતિ મનોહર આરતી, સન્મંત્રો, પુષ્પાંજલિઓ, પ્રણામો, ઊંચા સ્વરથી સ્તુતિ માટે અધિક ગાન કરાયેલા વેદોક્તમંત્રો વડે પૂજા-વિધાનમાં પ્રવીણ મુનિઓ ઈશ્વરમૂર્તિ શ્રી નારાયણ પ્રભુનું પૂજન કરતા હતા. (૧૭) પછી તે મુનિજનો વડે પૂજાયેલા, સ્વભક્ત મુનિઓના આગમનથી ખૂબ હર્ષવાળા, લટકાવેલા, ભાતભાતનાં ઉત્તમ પુષ્પોના તોરાવાળા, કંઠથી લઈ ચરણ પર્યંત સુશોભિત હારોની પંક્તિવાળા, ધ્યાનના સ્થાનભૂત, એવા તે શ્રી નારાયણનું મુનિઓ એકીટશે નિરીક્ષણપૂર્વક ધ્યાન કરવા લાગ્યા. (૧૮) ઋષિવેશધારી શ્રી નારાયણને અતિ પ્રકાશમાન અંગવાળા શ્રી નારાયણની કૃપાથી જ મુનિઓ પોતાના હૃદયકમળમાં પ્રકાશમાન અક્ષરધામમાં પણ જોતા હતા. પછી ભગવાનના દર્શનના આનંદથી પૂર્ણ સમગ્ર અવયવોવાળા મુનિઓ ફરીથી બહાર શ્રી નારાયણને નીરખીને આનંદિત થયા અને તેમની સ્તુતિ કરવા લાગ્યા. (૧૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
ભગવદ્દર્શન પૂજન મહોત્સવ નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

●

## અધ્યાય-૭

(ઋષિઓ નારાયણ ભગવાનની સ્તુતિ કરે છે.)

**ઋષિઓ બોલ્યા :**

હે અજન્મા પ્રભુ ! તમારો જય જયકાર હો. કરુણારસથી ઉત્પન્ન, અતિ વિસ્તારવાન અજ્ઞાનરૂપી ગાઢ અંધકારનો નાશ કરનારા અચલ વચનામૃતોથી ઘણા જન્મોથી થયેલા ભ્રમરૂપ સંસારને હરનારા જગદ્‌ગુરુ રૂપે તમો વર્તો છો. (૧) હે નાથ ! ધીરજપૂર્વકના તપથી જેમણે પાપોનો નાશ કર્યો છે એવા પોતાના ચરણકમળોને સેવનારા જનોને અક્ષર અને અમૃત નામના, અસંખ્ય સૂર્યોના પ્રકાશ માફક દેદીપ્યમાન એવા પોતાના ધામમાં તમે લઈ જાઓ છો. (૨) હે ધર્મપ્રિય પ્રભુ ! પૃથ્વી ઉપર પ્રલયકાળે નાશ પામેલાં બધાં શાસ્ત્ર કે પુરાણો અને વેદોને, શુદ્ધ ધર્મમાર્ગનું રક્ષણ કરવા, પ્રભુ એવા તમે સમુદ્ધાર કરી પ્રવર્તાવો છો. (૩) પૃથ્વી ઉપર જે મનુષ્યો શાસ્ત્રો અને સત્પુરુષોનાં વચનો વડે પણ સમસ્ત જીવોના સંસારચક્રના ભ્રમણને છોડાવનારા ઈશ્વરોના ઈશ્વર એવા આપને નથી જાણતા તેવા ઋષિઓ પણ તમારી માયા વડે હણાયેલા છે. (૪) શરીરધારીઓને તમારા આશ્રય વિના સ્વર્ગમાં, પૃથ્વી ઉપર કે આકાશમાં સુખ નથી. તેથી હમણાં અથવા તો સો વર્ષના અંતે પણ શરીરધારીઓ તમારા આશ્રિત થાય ત્યારે જ સુખી થાય છે. (૫) મોટાઓમાં ઉત્તમ એવા હે શ્રીહરિ ! આજે અમે કૃતકૃત્ય થયા છીએ. કારણ કે ઋષિનું શરીર ધારણ કરેલા ક્ષર અને અક્ષરથી પણ પર રહેલા પુરુષોત્તમ એવા તમોને હૃદયમાં જાણીએ છીએ. (૬) અચળ ભક્તિ-ભાવનાથી સેવાયેલા વેદ, શાસ્ત્ર, પુરાણ અને ગુરુ વડે પણ જો મન તમારામાં નિશ્ચલ

ન થાય તો તે (શાસ્ત્રોનું સેવન) કેવળ મિથ્યાવાદરૂપ ફળ છે એમ જ કહેવાય. (૭) હે ધર્મપુત્ર ! સાંખ્ય, યોગ, વેદ, આગમનાં વચનોની અને પંચરાત્ર તથા ધર્મશાસ્ત્રોનાં વચનોની નિષ્ઠા, (વિશ્રાંતિ ભૂમિ) (અંતે) સાક્ષાત્ તમે જ છો. જેમ અહીં (પૃથ્વી ઉપર) આવેલાં જળાશયોની નિષ્ઠા સમુદ્રમાં છે તેમ. (૮) આ લોકમાં જેઓ આ વાણીરૂપી શાસ્ત્રોને પામીને પછી તેનું હાર્દ પુરુષાકૃતિ એવા તમારામાં ત્રિગુણાત્મક મૂર્તિની કલ્પના વડે નહિ જાણીને (જેને મેળવવાના છે એવા) તમારાં ચરણકમળને ભજતાં નથી તે અધોગતિને પામે છે. (૯) જે મૂઢ પુરુષો તમારા સ્વરૂપને યથાર્થ નહિ જાણીને, આ કોઈ તપસ્વી છે. (ભગવાન નથી) એમ જાણીને તમારી અવગણના કરીને ભજતા નથી, તેઓ આસુરી યોનિઓમાં ચારેબાજુ વારંવાર ફરતાં અનેક પ્રકારે ક્લેશ પામે છે. (૧૦) જેઓ તમને છોડીને આત્મતત્ત્વને જોવા પ્રયત્ન કરે છે અથવા બીજાની ઉપાસના કરે છે, તેમની અભિલાષા પરિપૂર્ણ નથી થઈ તેવા ભ્રષ્ટ જનો પોતાને છેતરતાં નરકને પામે છે. (૧૧) (અન્ય દ્વારા અર્પણ થયેલ) બલિને ખાનારા બ્રહ્મા વગેરે (તમારાથી) ભયભીત થયેલા અખિલ બ્રહ્માંડના સ્વામી એવા આપને બલિ અર્પણ કરે છે. તેથી અમે તમારા ચરણકમળના આશ્રિત થયા છીએ. (૧૨) હે સ્વામિન્ આજે અમે તમારા ચરણકમળનાં દર્શનથી ધન્ય થયા છીએ. તમારા દર્શનરૂપ આ મનોરથનું ફળ બહુ દિવસે અત્યારે પ્રાપ્ત થયું. (૧૩) જીવાત્માઓ તમારી ભક્તિ વિના કામ અને લોભરૂપ દાવાનળથી સળગતાં નાશ પામે છે. તેથી અમે તમારા શરણને સદા પામેલા છીએ. (૧૪) ગોલોકના અધિપતિ એવા તમે પોતે ભગવાન વાસુદેવ જ લોકોના કલ્યાણ માટે ધર્મ થકી મૂર્તિમાં પ્રગટ થયા હતા. (ભગવાનની આરાધનારૂપ) નૈષ્કર્મ્ય કર્મમાં આદરવાળા તમો આ લોકમાં ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મે સહિત એવું દુષ્કર તપ કરતા સતા મુનિજનોને સિદ્ધ દશા પમાડો છો. (આમ, આપનું તપ મુનિજનોના અનુગ્રહાર્થે છે.) (૧૫) શેષનારાયણ હજાર મુખોથી પણ તમારા ગુણોના સમુદાયને કહેવા ક્યારેય પણ સમર્થ નથી થઈ શકતા. તો બીજા બ્રહ્માદિ કેવી રીતે (તમારા ગુણગાન કરવામાં) સફળ થઈ શકે ? પોતાના વચનની ફળસિદ્ધિ માટે અમે યથામતિ તમારી સ્તુતિ કરીએ છીએ. (૧૬)

**સુવ્રતમુનિ કહે છે :**

આ પ્રમાણે સમગ્ર પાપોને નાશ કરનારી સ્મૃતિવાળા શ્રીહરિનું સ્તવન કરતાં મુનિઓ તેમની (ભગવાન નારાયણની) આગળ જ તે પ્રભુના મુખકમળનું પ્રેમથી દર્શન કરવા લાગ્યા. (૧૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રી
નારાયણસ્તુતિ નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

●

## અધ્યાય - ૮

**સુવ્રતમુનિ પછી કહે છે :**

હે રાજન્ ! પછી ભક્તવત્સલ અને પ્રસન્ન થયેલા ભગવાન સુખપૂર્વક બેઠેલા અને બંને હાથ જોડેલા મુનિઓ પ્રત્યે બોલ્યા. (૧)

**શ્રી ભગવાન બોલ્યા :**

હે મુનિવર્યો ! તમારું સારું આગમન થયેલું છે. તમો અહીંયાં આવ્યા તેથી હું ઘણો પ્રસન્ન થયો છું. કારણ કે તમારું આગમન (મારું) ઈપ્સિત છે. (૨) હે મુનિઓ ! તમે મને પ્રિય છો. તેવાં ગોલોકાદિક ધામો, અણિમાદિ યોગેશ્વર્યો તથા બલિ હરનારા બ્રહ્માદિ દેવો પણ પ્રિય નથી. (૩) તમે તો મારા સ્વરૂપ જેવા પ્રિય છો કારણ કે અજ્ઞાની જીવોને કૃપા વડે મુક્તિના ઉપાયભૂત ઉપદેશ કરતાં નિરંતર મારું સ્મરણ કરો છો. (૪) મહાદાનો, તપો, યજ્ઞો, અને વ્રતો આ બધું જીવોને (મારા જ્ઞાનના ઉપદેશથી) અભયદાનના સોળમા ભાગની બરાબર થાય નહિ. (૫) હે મહાભાગો ! આથી જ હું નિર્મળ હૃદયવાળા, મારામાં જ નિષ્ઠાવાળા અને પરોપકારી એવા તમોને સદા અંતઃકરણમાં ચિંતવું છું. (૬) તમારું સર્વ લોકોમાં વિચરણ છે તે પણ જીવોના કલ્યાણ માટે જ છે એ વાતને હું જાણું છું. (૭) હે સાધુ પુરુષો ! તમો હાલમાં સ્વર્ગથી આવ્યા છો કે શું ? પાતાળ કે ભૂર્લોકથી આવ્યા છો કે શું ? જ્યાંથી આવેલા હો તે મને કહો. (૮)

**ઋષિઓ બોલ્યા :**

સ્વામિન્ ! ભરતખંડમાં સમગ્ર તીર્થોની યાત્રા કરીને આપના દર્શન કરવા માટે અહીં આવ્યા છીએ. (૯)

**ભગવાન બોલ્યા :**

હે મુનિઓ ! આ ભરતખંડમાં અતિ દુર્લભ મનુષ્ય જન્મને પામીને મેં બાંધેલી ધર્મમર્યાદાને લોકો પાળે છે કે નહિ? (૧૦)

**ઋષિઓ બોલ્યો :**

હે ભગવન્ ! હાલમાં ભૂમિ ઉપર દંભાદિ પરિવારે સહિત અધર્મ કલિયુગની સહાય પામીને સર્વ પ્રજાઓમાં વ્યાપેલો છે. (૧૧) હે પ્રભુ ! ધર્મના રક્ષક રાજાઓ અને ધર્મના ઉપદેશ ગુરુઓમાં પણ અધર્મ ખૂબ પ્રવર્તેલો છે. આથી સર્વ જનોએ તમે રચેલી ધર્મની મર્યાદાઓ તોડી નાંખેલી છે. (૧૨) મનુષ્યો વિષયોમાં અતિ લોલુપ હોવાથી મહાપાપો અને ઉપપાપોમાં પ્રવર્તેલા છે માટે સદાચારથી રહિત વર્તે છે. (૧૩) આથી (સર્વજનો પાપના આચરણવાળા હોવાથી) તે માનવોએ યમપુરીનો માર્ગ ખૂબ સાંકડો કરેલો છે (બધા મરીને યમપુરીમાં જ જાય છે.) આથી પૃથ્વીના પડ ઉપર કોઈપણ મનુષ્ય (ગુરુજન) કોઈપણ પુરુષ (શિષ્યવર્ગ) નો રક્ષક છે જ નહિ. (૧૪) હે ભગવન્ ! તમે જ ભારતવર્ષના લોકોના સુખાર્થે બદરિકાશ્રમમાં રહીને કઠિન તપશ્ચર્યા કરો છો તેથી આપ જ તે લોકોનું અધર્માચરણથી રક્ષણ કરવા યોગ્ય છો. (૧૫)

**સુવ્રત મુનિ બોલ્યા :**

હે રાજન્ ! આવી રીતનું ઋષિઓનું વચન સાંભળી જેમને ખૂબ કરુણા ઊપજી છે તેવા તે પ્રભુ નારાયણ મુનિએ પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામી અધર્મથી પોતાની પ્રજાઓને બચાવવા ઈચ્છા કરી. (૧૬) હે રાજન્ ! તે મુનિઓનું આગમન જાણીને મૂર્તિની સાથે ધર્મદેવ ત્યાં (બદરિકાશ્રમમાં) આવ્યા. (૧૭) ગૌર વર્ણવાળા, તપથી અતિ દૂબળા શરીરવાળા, જટાયુક્ત મસ્તકવાળા,

પૂર્ણચન્દ્ર સમાન મનોહર મુખવાળા, કરુણાયુક્ત નેત્રકમળવાળા, યજ્ઞોપવીતથી શોભતા, શ્વેત વસ્ત્રો ધારણ કરનારા, હાથમાં દર્ભવાળા તે ધર્મદેવ નારાયણના દર્શનમાં જ મનવાળા હતા. (૧૮) તે ધર્મદેવ બદરીવૃક્ષની નીચે વેદિકા પર બેઠેલા તે પ્રભુનું દૂરથી જ દર્શન કરતા હતા. સુંદર પ્રસન્ન મુખકમળવાળા, શાંતમૂર્તિ, કરુણાસભર નેત્રો વડે ભક્તસમૂહને જોતા, બહુવિધ ક્ષમાના સ્થાનભૂત સર્વના નિયંતા, ગરીબનિવાજ અને સ્વશરીરની શોભા વડે સર્વજનોના મન અને નયનોને આહ્‌લાદ આપનારા એવા તે પ્રભુ હતા. (૧૯) પછી મહા પ્રભાવશાળી એવા ધર્મદેવ, મુનિમંડળના મધ્યમાં રહેલા તે નારાયણ ભગવાનને જોઈને જેમનું અંતઃકરણ ભરાઈ ગયું છે તેવા તે અતિ વેગપૂર્વક શ્રીનારાયણની સમીપમાં આવ્યા. (૨૦) ભગવાન પોતાના પિતા ધર્મને ઝડપથી આવતા જોઈને આસનથી તત્કાળ ઊઠી સન્મુખ જઈને આલિંગન કરી તેમના ચરણમાં નમસ્કાર કરતા હતા. (૨૧) હે ભૂપતે! તે સમયે હર્ષના આંસુઓ જેમના નેત્રોમાં ભરેલાં છે એવા ધર્મદેવ પણ પોતાને પ્રણામ કરતા એવા નર અને નારાયણને ઉત્તમ આશીર્વચનો આપતા હતા. (૨૨) ત્યાર બાદ નર અને નારાયણ મૂર્તિ નામના પોતાનાં માતુશ્રીને પ્રણામ કરતા હતા. અને તે મૂર્તિદેવી તે બંને પુત્રોને આશીર્વાદ આપતાં હતાં. (૨૩) હે રાજન્ ! તે સમયે સર્વ ઋષિઓ પણ ઊભા થઈને આદરપૂર્વક સમીપે જઈને હર્ષ વડે સંભ્રાંત થયેલા હોય તેમ તે દંપતી ભક્તિ-ધર્મને પ્રણામ કરવા લાગ્યા. (૨૪) તે મૂતિ અને ધર્મ પણ નમસ્કાર કરતા ઋષિઓનું યથાયોગ્ય સન્માન કર્યું. પછી તે બંને નર ભગવાને આપેલા દર્ભાસન પર બેઠા. (૨૫) પછી ભગવાન નારાયણની સાથે તે ઋષિઓ પણ યથાયોગ્ય સ્વસ્થાને બેસી ગયા. પછી પ્રસન્ન થયેલા નારાયણ પ્રભુ ધર્મદેવને કુશળ પૂછવા લાગ્યા. (૨૬) તે પછી શ્રીનારાયણે પોતાને મુનિઓએ નિવેદન કરેલી પૃથ્વી પરની અધર્મના ઉપદ્રવની વાત મુનિજનોને પ્રીતિથી સાંભળતાં જ (મૂર્તિધર્મની આગળ) યથાર્થપણે કહેવા લાગ્યા. (૨૭)

**(સુવ્રતમુનિ કહે છે)**

હે ભૂપ ! તે સમયે નારાયણ ભગવાનના મુખકમળથી નીકળતી વાર્તાને સાંભળતા તે સર્વે મુનિઓ વગેરેની સર્વ મનોવૃત્તિઓ સમાધિની પેઠે એક શ્રી નારાયણ ભગવાનમાં નિમગ્ન થઈ ગઈ. (૨૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
અધર્મોપ્રદ્રવ નિવેદન નામે આઠમો અધ્યાય થયો. (૮)

●

## અધ્યાય : ૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે શ્રી ભગવાન નારાયણનું વચન સાંભળતા સતા મુનિઓ અને ધર્મદેવ વગેરે શ્રી નારાયણના વદનકમળમાં જ એક સ્થિર દૃષ્ટિવાળા અને સ્થિર ચિત્તવૃત્તિવાળા થઈ ગયા. (૧) અને નારાયણ પણ (ભારત-ભૂ-ભારની) વાર્તા કહેવામાં એકાગ્રચિત્ત થયા ત્યારે નારાયણે અંતરમાં

પ્રેરેલા એવા દુર્વાસામુનિ તે સ્થાનમાં આવ્યા. (૨) તપોનિધિ (દુર્વાસા) કૈલાસ પર્વતથી પ્રથમ ગંગાને પામ્યા. ત્યાં સ્નાન સંધ્યાદિ વિધિ કરીને ગંગાથી બદરિકાશ્રમમાં આવ્યા. (૩) દુર્વાસામુનિએ ત્યાં મુનિમંડળના મધ્યમાં રહેલા નરનારાયણ, ધર્મ તથા મૂર્તિ, તથા સિદ્ધદેહવાળા ઉદ્ધવજીને જોયા. (૪) વાર્તામાં આસક્ત મન હોવાથી તેમનામાંથી કોઈએ પણ તે (દુર્વાસામુનિ) ને જોયા નહિ. તેથી સન્માન યોગ્ય તેમનો કોઈએ કંઈ આદરસત્કાર કર્યો નહિ. (૫) હે રાજન્ ! અત્રિપુત્ર દુર્વાસા સભાજનોને જોતા ઘડીવાર ઊભા રહ્યા. પછી પોતે અપમાનિત થયા હોય એમ હૃદયમાં માનવા લાગ્યા. (૬) તત્કાળ સર્વ પ્રત્યે (દુર્વાસામુનિ) ક્રોધ પામ્યા. ક્રોધથી લાલચોળ નેત્રવાળા, ધ્રુજતા અંગોવાળા, થઈને શાપ દેશે એવા તે આગળ બોલવા લાગ્યા. (૭) આશ્ચર્યની વાત છે કે સમય કેવો બદલાઈ ગયો છે. સન્માર્ગમાં વર્તનારા એવા જનો પણ અધિક મદવાળા થઈને ધર્મ મર્યાદાને તોડતા (અતિથિના અપમાનરૂપ) કુમાર્ગમાં પ્રવર્તેલા છે. (૮) વિદ્યાદિના અભિમાનને લીધે મુનિઓ તો મારું અપમાન કરે પરંતુ જગતને ધારણ કરનાર ધર્મ પણ મારું અપમાન કરે એ નવાઈ કહેવાય. (૯) આથી હું આ સર્વના ગર્વને હમણાં જ ઉતારું છું જેથી આ બધાં ફરીથી આમ ન કરે. આમ ઊંચા સ્વરે કહીને તે સર્વને શાપ આપવા લાગ્યા. (૧૦) હે ધર્મદેવ વગેરે ! તમો સર્વે મનુષ્યભાવને પામો અને ત્યાં કળિ તથા અધર્મથી સંપન્ન એવા અસુરો થકી અનાદર, માર, ગ્રામ અને નગરમાંથી કાઢી મૂકવા વગેરે મહા કષ્ટને પામો. (૧૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! દુર્વાસાઋષિ સભામાં બેઠેલા સર્વને શાપ આપીને જાણે અકસ્માત્ સમગ્ર બ્રહ્માંડને ભસ્મસાત્ કરી દેશે કે શું ? એવા ક્રોધાગ્નિથી સળગતા મૌન થઈ ગયા. (૧૨) હે નૃપ ! ત્યારે ભગવાન નારાયણ, ધર્મદેવ, મુનિઓ અને ઉદ્ધવ વગેરે બધા અતિ ઊંચા આક્રોશ ધ્વનિ સાંભળીને અગ્નિ સમાન દુર્વાસાને પોતાની આગળ જોતા હતા. (૧૩) અતિ ક્રોધાગ્નિની જ્વાળાઓથી બળતા શરીરવાળા, કંપાયમાન અંગોવાળા, કટકટાયમાન દાંતવાળા, દાંત વડે હોઠને પીસતા, જોઈ ન શકાય તેવી ભયંકર આંખોવાળા દુર્વાસામુનિને તેઓએ જોયા. (૧૪) તે સર્વે મુનિઓ તત્કાળ ઊઠીને સન્માનપૂર્વક દુર્વાસાને પ્રણામ કરી સારા આસનમાં બેસાડીને વિનયપૂર્વક તેમને શાંત કરવા લાગ્યા. (૧૫) હે રાજન્ ! મુનિઓએ યુક્તિ અને વિનયપૂર્વક પ્રાર્થના કર્યા છતાં પણ તેઓ (દુર્વાસા) હવિષ્યાન્નથી અગ્નિ જેમ પ્રદીપ્ત થાય તેમ ફરીથી વધારે ક્રોધાયમાન થયા પણ શાંતિ ન પામ્યા. (૧૬) હે નરપતિ ! પછી મહાબુદ્ધિવાન, સાંત્વન આપવામાં ચતુર, પ્રિય છે બ્રાહ્મણો જેમને એવા ધર્મદેવ પૃથ્વીમાં પડી, તેમને નમસ્કાર કરી, બંને હાથ જોડી વિનાકારણ સર્વેને શાપ આપતા દુર્વાસાને વિનયપૂર્વક કહેવા લાગ્યા. (૧૭)

**ધર્મદેવ બોલ્યા :**

હે મહર્ષે ! અપરાધી પુરુષોને સર્વ પ્રકારે તેમના હિત માટે આપ જેવા સત્પુરુષોનો શિક્ષારૂપી દંડ યોગ્ય છે. (૧૮) હે મુનિ ! તમારો (સન્માન નહિ કરવારૂપ) અપરાધ અમે જાણપણાપૂર્વક કે મત્સરદોષથી નથી કર્યો. ભગવાનના વચનોમાં આસક્ત ચિત્તવાળા થવાથી અમો તમારા

આગમનને જાણી શક્યા નહિ. (૧૯) જેના માટે અમે સર્વસ્વ કહેતા બધાનો ત્યાગ કરી દઈએ, વધારે તો શું પણ પોતાના પ્રાણનો પણ ત્યાગ કરી દઈએ તો આવેલા બ્રહ્મર્ષિ એવા તમારી શું પૂજા ન કરીએ ? (૨૦) તેથી ભગવદ્ વાર્તામાં આસક્ત મનવાળા હોવાથી તમારું સન્માન નહિ કરતા એવા અમારા અપરાધને ક્ષમા કરીને અમો સર્વને શાપથી મુક્ત કરો. (૨૧) બીજાના અનુગ્રહ માટે જ જેમનો જન્મ છે તેવા અને શિક્ષા માટે જ ક્ષણમાત્ર ક્રોધવાળા બ્રાહ્મણોનું હૃદય તો માખણ સમાન (કોમળ) કહેલું છે. (૨૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આમ નીતિને જાણનારા ધર્મે નિષ્કપટપણે દુર્વાસાની પ્રાર્થના કરી ત્યારે ક્રોધનો વેગ થોડો શાંત પડ્યો છે તેવા દુર્વાસામુનિ હાથ જોડીને ઉભેલા ધર્મદેવને કહેવા લાગ્યા. (૨૩) દુર્વાસામુનિ બોલ્યા : હે ધર્મ ! હું ક્ષણમાત્ર ક્રોધવાળો નથી. વળી હું પોતે આપેલા શાપમાંથી ત્રિલોકી મધ્યે કોઈપણ સ્થળે અને કોઈપણને મુક્ત કરું જ નહિ એવી મારી ખ્યાતિ છે. (૨૪) છતાં પણ હે નિષ્પાપ ! મારું ચિત્ત તો પુણ્યમૂર્તિ એવા તમારી સમીપે ભગવાન નારાયણની ઈચ્છાથી આજે જ થોડું કોમળ થયેલું જાણાય છે. (૨૫) મારો શાપ બીજી રીતે ક્યારેય મિથ્યા નહિ થાય તો પણ હે ધર્મ ! હું તમારા પર અનુગ્રહ કરું છું તેને તમે સાંભળો. (૨૬) હે ધર્મ ! મનુષ્યજન્મમાં પણ આ જ મૂર્તિ તમારા પત્ની થશે અને ફરીથી આ ભગવાન નારાયણ જ તમારા પુત્ર થશે. (૨૭) અને તે નારાયણરૂપ પુત્ર તમારા બંનેની તથા સર્વ મુનિઓની અધર્મયુક્ત અસુરોના કષ્ટથી રક્ષા કરશે અને પૃથ્વી ઉપર સર્વ રીતે ખરેખર તમારું પોષણ કરશે. (૨૮) અને તમે બંને તમારા પુત્રરૂપ થયેલા ભગવાનમાં સ્નેહના અધિકપણાથી જેમનું ચિત્ત પરોવાઈ ગયું છે તેવા થોડા જ સમયમાં મારા શાપથી મુક્ત થશો. (૨૯) પછી હે ધર્મ ! તમે બંને પોતાને ઈષ્ટ એવી દિવ્ય ગતિને પામશો. આ પ્રકારનું મારું વચન ક્યારેય પણ મિથ્યા નહિ થાય. (૩૦) હે મુનિઓ ! તમે બધા ઉદ્ધવ સહિત પૃથ્વી ઉપર દ્વિજાતિપણાને પામશો ત્યારબાદ શ્રીહરિ નારાયણ પ્રગટ થઈને તમારે વિષે મિત્રપણું કરશે. (૩૧) પછી તમે બધા મારા શાપથી મુક્ત થઈ દિવ્યગતિને પામશો. આ પ્રકારે સર્વને કહીને તે મુનિ ફરી કૈલાસ તરફ ચાલતા થયા. (૩૨) તે મુનિઓ બીજા દેહોને ધારણ કરવા ઈચ્છતા સતા બદ્રિકાશ્રમમાં નિવાસ કરતા હતા. આ મુનિઓ દુર્વાસાને સામો શાપ આપવા સમર્થ હતા. તોપણ સદ્‌બુદ્ધિવાળા તેઓએ શાપ આપ્યો નહિ. (૩૩) નિરપરાધી મુનિઓ તથા ધર્માદિકને શાપ થયો તેમાં હેતુ તો ધર્મવિરોધી અસુરોના વિનાશ માટે ફરી અવતરશે એવા ભગવાનની ઈચ્છા જ જાણવી. (૩૪) માટે નારાયણે નિષ્કારણ ક્રોધ કરી ધર્મ વગેરેને શાપ આપતા તે મુનિને કંઈ ઠપકો ન આપ્યો તથા શાપને મિથ્યા ન કર્યો. (૩૫) પછી શ્રી ધર્મદેવ શ્રીહરિને કહેવા લાગ્યા કે હે નારાયણ ! તમોએ મારું અને ઋષિઓનું અસુરોએ આપેલા કષ્ટથી રક્ષણ કરવું (૩૬) પછી નારાયણે ધર્મદેવને કહ્યું : હે તાત ! તમે મનમાં જરા પણ ચિંતા કરશો નહિ. આ શાપ મારી ઈચ્છાથી જ થયેલો છે એમ જાણો. (૩૭) હમણાં પૃથ્વીપર સર્વત્ર અધર્મ પ્રવર્તેલો છે અને તે અધર્મ કળિની સહાયતાથી માનવોને પીડે છે. (૩૮) માટે ફરીથી હું તમારા પુત્રપણાને પામીને હું હરિ નામવાળો

સાધુપુરુષોનું પાલન કરીશ અને બધી જગ્યાએથી અધર્મનો નાશ કરીશ. (૩૯) હું પૃથ્વી ઉપર તમો સૌની સાથે વિચરણ કરતો થકો ધર્મ, જ્ઞાન, વૈરાગ્યથી મુક્ત એકાંતિક ભક્તિ પ્રવર્તાવીશ. (૪૦) આથી શાપની ચિંતા છોડી તમે બધા પૃથ્વી ઉપર મનુષ્યજાતિમાં જન્મ ધારણ કરો. જેની જેની જે તે ઈચ્છા પ્રમાણે દ્વિજાતિમાં ઉત્પન્ન થાઓ. (૪૧) આ પ્રમાણે શ્રીહરિથી કહેવાયેલા તે બધા નારાયણને નમસ્કાર કરીને પોતાનું હિત કરનાર નરનારાયણનું હૃદયમાં સ્મરણ કરતા પોતાના આશ્રમ પ્રત્યે ગયા. (૪૨) પછી ધર્મદેવ પત્ની મૂર્તિ સાથે કૌશલ દેશમાં મનુષ્યજન્મ ગ્રહણની ઈચ્છા કરતા પોતાના માતાપિતા કયાં કરવા તેનો વિચાર કરવા લાગ્યા અને ઉદ્ધવ પણ તે માટે વિચારવા લાગ્યા. (૪૩) સુવ્રતમુનિ કહે છે : હે ભૂપતિ ! તે મુનિઓ તો મનુષ્યજાતિમાં જન્મગ્રહણ કરવાની ઈચ્છાવાળા અનેક દેશોમાં ગયા. ત્યારબાદ તે બધા કેટલાક સમયે દ્વિજાતિમાં જન્મ ગ્રહણ કરતા હતા. (૪૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ
પ્રકરણમાં ધર્માદિશાપાનુગ્રહ નિરૂપણ નવમો અધ્યાય થયો. ॥૯॥

●

## અધ્યાય-૧૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

(ધર્માદિ મનુષ્યમાં જન્મતા હતા) હે રાજન્ ! એવામાં પૃથ્વી ઉપર હજારો અસુરો, દાનવો, દૈત્યો, યક્ષો અને રાક્ષસો મનુષ્યોમાં ઉત્પન્ન થયા. (૧) પૂર્વે (સત્યયુગમાં) દેવાસુર સંગ્રામમાં શ્રીહરિની સહાયથી (ઈન્દ્રાદિક) દેવોએ હણેલા તે અસુરો (પરાભવના કારણભૂત જાણીને) ભગવાનમાં વૈર બાંધતા હતા. (૨) તે અધર્માચરણના સ્વભાવવાળા સનાતન એવા ધર્મને ભગવાન શ્રી નારાયણનો અતિપ્રિય જાણી તે ધર્મના નાશથી જ નારાયણનો નાશ થશે એમ નિશ્ચય કરતા હતા. (૩) પછી તે અસુરો દ્વાપરયુગ અને કલિયુગની સંધિ સમયે પૃથ્વી ઉપર ઉત્પન્ન થયા. તેમાં કેટલાક મનુષ્યોમાં, કેટલાક પશુઓમાં અને કેટલાક પક્ષીઓમાં પણ ઉત્પન્ન થયા. (૪) અત્યંત ઉન્મત્ત એવા તે અસુરો વેદ, દેવ, ઋષિ, બ્રાહ્મણો અને સત્પુરુષોનું ધર્મધારણપણું જાણતા હોવાથી વેદાદિકનો અત્યંત દ્રોહ કરવા લાગ્યા. (૫) પછી પૃથ્વીના ભારભૂત અસુરોના વિનાશ માટે શ્રી બદરીપતિ નારાયણ પોતે પૃથ્વીમાં યદુકુળમાં કૃષ્ણનામવાળા પ્રગટ થયા હતા. (૬) પછી જેમની અદ્‌ભુત લીલા છે તેવા શ્રીકૃષ્ણ ભગવાન કેટલાક અસુરોને પોતે મારતા હતા. કેટલાક અસુરોને બળદેવજી તથા અર્જુન વગેરે દ્વારા મરાવતા હતા. (૭) ત્યાં જે અસુરો સ્વયં શ્રીકૃષ્ણના હણવાથી મૃત્યુ પામ્યા હતા, તથા જે અસુરો અન્ય વડે હણાયેલા પરંતુ (તીવ્ર વૈરભાવને લીધે) શ્રીકૃષ્ણનું સતત સ્મરણવાળા થઈને મૃત્યુ પામ્યા હતા તથા જે અસુરો અંતિમ સમયે શ્રીકૃષ્ણનું દર્શન કરવાપૂર્વક મરણ પામ્યા હતા. હે ભુપાલ! તે બધા અસુરો પોતાને અભિલષિત મુક્તિ પામતા હતા. કેમ કે કૃપાળુ એવા શ્રીકૃષ્ણ ભગવાને પોતાની સાથેની વૈરબુદ્ધિને પણ ભક્તિરૂપ માની. (૮-૯) અને જે અસુરો ઉપર કહેલા પ્રકારના ન હતા. પરંતુ શ્રીકૃષ્ણ ભગવાનમાં દ્વેષબુદ્ધિ થકા મૃત્યુ

પામ્યા હતા તથા મનમાં રહેલા પંચવિષયના ભોગોની તીવ્ર તૃષ્ણા સહિત મૃત્યુ પામેલા, તે બંને પ્રકારના અસુરો દુર્વાસાએ શાપ આપેલા ધર્મદેવ થકી શ્રી નારાયણનો જન્મ થવાનો જાણીને ઉત્પન્ન થતા હતા. (૧૦-૧૧) હે રાજન્ ! ભાર્યાએ સહિત ધર્મ અને મુનિઓને પીડવાથી જ ફરીથી કૃષ્ણનું વેર વાળવાની ઈચ્છા કરતા (તે સર્વ અસુરો) ધર્મ, વગેરેના જન્મ પહેલાં જ પૃથ્વી ઉપર મનુષ્યોમાં સેંકડો અને હજારોની સંખ્યામાં ઉત્પન્ન થયા. (૧૨-૧૩) તેમાં જે દૈત્યો અને દાનવો હતા તે રાજકુળમાં ઉત્પન્ન થયા અને યક્ષો રાક્ષસો તથા બ્રહ્માની જાંઘમાંથી ઊપજેલા હતા તે બ્રાહ્મણાદિ વર્ણોમાં ઉત્પન્ન થયા. (૧૪) આ બધા (અસુરો) પોતાનું અસુરપણું છુપાવવા વિષ્ણુ, શિવ અને કાલીની દીક્ષા ગ્રહણ કરી મનુષ્યોની વચ્ચે ઉપદેષ્ટા ગુરુરૂપે વર્તવા લાગ્યા. (૧૫) બધા અસુરો શ્રીકૃષ્ણ ઉપર વેર હોવાથી તે ભગવાનને પોતાના કરતાં પણ અધિકપ્રિય વર્ણાશ્રમધર્મ અને તે ભગવાનની ભક્તિ તેનું વારંવાર ખંડન કરવા લાગ્યા. (૧૬) ગુરુ રૂપે વર્તનારા અસુરોએ (વેન રાજાના પુત્ર) પૃથુરાજાનો યજ્ઞ ભંગ કરવા ઈન્દ્રે પૂર્વે ધારેલા અને પછી મૂકી દીધેલા પાખંડ ધર્મના (નગ્ન રક્તવસ્ત્રાદિ) વેશો બહુ પ્રકારે ધારણ કર્યા. (૧૭) વળી (મયદાનવના પુત્ર) બલાસુરના મુખમાંથી ઊપજેલી ત્રણ પ્રકારની (સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી) સ્ત્રીગણના પતિ થઈને તે અસુરાંશ ગુરુઓ દેવતાને અર્પણ કરેલ અન્ન, માંસ, મદિરા, આદિનું મહાત્મ્ય બહુ પ્રકારે કહેતા હતા. (૧૮) આ પ્રમાણે કપટથી ધારેલી વિષ્ણુ વગેરેની દીક્ષાઓ વડે દૈવી સંપત્તિવાળા જીવોને પ્રલોભન દેખાડી સ્વધર્મ અને હરિભક્તિ થકી ભ્રષ્ટ કરતા હતા. (૧૯) મદ્ય, માંસ અને પરસ્ત્રીઓમાં તેમ જ રસાસ્વાદ અને ધનમાં આસક્ત થયેલા અસુરો કળિયુગના બળથી અને મંત્ર, જંત્ર, તંત્રાદિ વડે લોકોને વશ કરતા હતા. (૨૦) લોકો પોતાને ધાર્મિક સમજી ને વિશ્વાસ કરીને સ્ત્રીઓ, ધન, અન્ન, વસ્ત્રાદિક પોતાને જે પ્રકારે આપે તે પ્રકારનું આચરણ કરતા હતા. (૨૧) વળી તે અસુરો શાસ્ત્રોમાં કહેલા નિર્ણયાત્મક વાક્યો વડે બ્રહ્મજ્ઞાન, ભક્તિ અને સ્વધર્મને ઉપદેશ પણ સ્વાર્થસિદ્ધિને જેમ અનુકૂળ થાય તેમ કરતા હતા. (૨૨) વળી તે અસુરો 'સમગ્ર વેદ હિંસામય યજ્ઞપ્રધાન છે' એવું વેદનું તાત્પર્ય કહેવા લાગ્યા અને યજ્ઞના બહાને બહુ પશુપક્ષીઓને હણવા લાગ્યા. (૨૩) વળી અસુરો શ્રુતિ અને સ્મૃતિઓના શબ્દોના ભેદોથી પોતાની રુચિને અનુસરતા વિપરીત અર્થો કરતા હતા. (૨૪) બ્રહ્મરૂપ એવા પોતાના આત્માના સાક્ષાત્કારમાં મદિરાપાન જ વૈરાગ્ય (જ્ઞાન, ભક્તિ) વગેરે કરતાં પણ મુખ્ય સાધન છે એમ કહેતા હતા. (૨૫) વિષ્ણુ, શિવ અને કાલિકાને પ્રસન્ન કરવામાં અને તેમનાં પ્રત્યક્ષ દર્શનમાં પણ મદ્ય, માંસ, અને સ્ત્રીસંગને મુખ્ય સાધન માનતા હતા. (૨૬) દેવકર્મ તથા પિતૃકર્મમાં અને દેવોની પ્રસન્નતા માટે માંસબલિદાનને જ મુખ્ય જણાવતા હતા અને સાત્ત્વિક એવા ઈન્દ્રાદિ દેવોનું પણ માંસ-મદિરા વડે વારંવાર પૂજન કરતા હતા. (૨૭) પોતાના ઈષ્ટ દેવોના મંદિરોમાં પણ પરસ્ત્રીઓનો સંગ કરતા હતા. પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે ઘણુંખરું મહાપાપોનું પણ આચરણ કરતા હતા. (૨૮) તે અસુરો અતિ પવિત્ર તીર્થસ્થાનોમાં, દેવાલયોમાં અને નગરોમાં ઘણુ કરી નિવાસ કરતા હતા. કેટલાક અસુરો તપસ્વીના જેવા વેશવાળા હતા તો કેટલાક આયુધો ધારણ કરતા હતા. (૨૯) તે અસુરો જ્યાં પોતાની શિષ્ય-

શાખાઓનું બળ હોય ત્યાં દુરાચારને જાહેરમાં આચરતા હતા અને બીજે તો તે દુરાચાર ગુપ્તપણે આચરતા હતા. (૩૦) આ રીતનો જે પોતાનો મત હતો તેની પુષ્ટિ માટે નવીન એવા ગ્રંથોની કલ્પના વડે રચના કરતા હતા અને વેદ-સ્મૃતિ પુરાણ વગેરેના વાક્યોના તેને અનુસરતા અર્થ કરતા હતા. (૩૧) દૈત્ય-દાનવોના અંશથી ઉત્પન્ન થયેલા રાજારૂપ અસુરો, યજ્ઞ-રાક્ષસના અંશથી ઉત્પન્ન થયેલા ગુરુરૂપ અસુરોનો જ આશ્રય કરતા હતા. ગુરુઓની આજ્ઞામાં વર્તતા રાજારૂપ અસુરોએ ધર્મની મર્યાદાઓને છિન્નભિન્ન કરી નાખી. (૩૨) હે રાજન્ ! ત્યારે તે તે રાજાઓની પ્રજા પણ અધર્મનું આચરણ કરવામાં નિર્ભય થઈ ગઈ; કેમ કે જેવા રાજા હોય તેવી પ્રજા થાય. (૩૩) આથી વૈદિક અહિંસક યજ્ઞમાર્ગ સર્વ સ્થળેથી નષ્ટ પ્રાય થવા લાગ્યો તેથી બ્રહ્માદિક સર્વ દેવો પણ અતિ દુર્બળપણાને પામ્યા. (૩૪) આ લોકમાં કળિના અત્યંત બળથી વૃદ્ધિ પામેલા દુષ્ટ બુદ્ધિવાળા તે અસુરોએ અધર્મ પ્રવર્તાવ્યો તેથી પૃથ્વી વારંવાર કંપવા લાગી. (૩૫) દુષ્ટ બુદ્ધિવાળા અસુરોના ભારને સહન કરવા પૃથ્વી સમર્થ થઈ નહિ. અને સધર્મ, તીર્થ, દેવો અને સજ્જનો દુઃખ પામતા હતા. (૩૬) પૃથ્વી ઉપર વારંવાર દુષ્કાળ પડવા લાગ્યા. વીજળી પડવા લાગી, અને વાવાઝોડાથી ઘણા મોટાં વૃક્ષો પડવા લાગ્યા. (૩૭) હે પૃથ્વીપતિ રાજન્ ! આ રીતે પૃથ્વી ઉપર રહેલી પ્રજાઓમાં ભૂકંપ વગેરે અપશુકનો સાથે અધર્મ પ્રવર્તમાન થયો ત્યારે મૂર્તિ સાથે ધર્મ મનુષ્યજાતિમાં જન્મ ગ્રહણ કરતા હતા. પછી ઋષિઓ અને ઉદ્ધવ પણ મનુષ્ય જાતિમાં જન્મ ગ્રહણ કરતા હતા. (૩૮)

ઇતિશ્રી સત્સંગીજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
અસુર દુરાચાર પ્રવૃત્તિનિરૂપણ નામે દસમો અધ્યાય થયો. ॥૧૦॥

●

## અધ્યાય-૧૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન ! ઉત્તર કૌશલ દેશમાં સરયુ નદીના ઉત્તર કિનારે ચારે વર્ણના લોકોથી પૂર્ણ એવું ઈટાર નામે નગર આવેલું છે. (૧) ત્યાં સાવર્ણી નામના ગોત્રવાળા બ્રાહ્મણ રહેતા હતા. તેમને ભાર્ગવ, વૈતહાય અને સાર્વતસ નામના ત્રણ પ્રવર હતા. (૨) જેમનો વેદ સામ નામનો અને શાખા કૌથમી વિખ્યાત હતાં. પૃથ્વીમાં લક્ષ્મણ શર્મા નામથી તેઓ પ્રસિદ્ધ હતા. (૩) તેમના પુત્ર વંશીધર, વંશીધરના પુત્ર વેદમાન, અને વેદમાનના કનહીરામ નામ બુદ્ધિશાળી પુત્ર પ્રસિદ્ધ હતા. (૪) તે કનહીરામ કોઈ સમયે અમુક સમય મહેદાવ નામના નગરમાં રહેતા હતા. તેઓ સુરનેતા નામના રાજાના વંશમાં પૂજ્ય પંડિત હતા. (૫) તેમના પુત્ર બાલશર્મા વેદશાસ્ત્રમાં પ્રવીણ, ધર્મપ્રિય, નિર્મળ અંતઃકરણવાળા, સત્યવાદી અને જિતેન્દ્રિય હતા. (૬) તેઓ બ્રહ્માના સમાન ધર્મવાળા, શુદ્ધ કુળમાં ઉત્પન્ન થયેલા યજ્ઞોકર્તા, મહા બુદ્ધિશાળી, તથા વિદ્યા-શાંતિ-દયા-લજ્જા-સૌશીલ્ય વગેરે ગુણોથી યુક્ત હતા. (૭) તે બાલશર્માને પતિવ્રતાના ગુણોથી શોભતા ભાગ્યવતી નામનાં પત્ની હતાં. તે પત્નીની સાથે તેઓ પ્રતિદિન ધર્મનું જ આચરણ કરતા હતા. (૮) હે રાજન્ ! ધર્મ પ્રજાપતિ શુદ્ધ અંતઃકરણવાળા તે દંપતી (બાલશર્મા-ભાગ્યવતી)ને જ પોતાનાં માતાપિતા કરવા માટે

અંતઃકરણથી નિશ્ચય કરતા હતા. (૯) પછી આ ધર્મ થોડા જ સમયમાં બાલશર્માના અંતઃકરણમાં આવિર્ભાવ પામીને પછી ભાગ્યવતીના ઉદરમાં ગર્ભરૂપે થઈને મનુષ્યની માફક રહ્યા. (૧૦) જ્યારે દસમો મહિનો થયો ત્યારે મનુષ્યભાવનું નાટક કરતા, સત્પુરુષોને સુખ પમાડવા સ્વતંત્ર થકા પ્રાદુર્ભાવ પામ્યા. (૧૧) દેવતાઓએ નંદનવનથી પુષ્પો લાવીને વિનયપૂર્વક બે હાથ જોડી ઉત્સાહપૂર્વક પોતાના (ધર્મના) જન્મની પ્રતીક્ષા કરતા દેવોના હસ્તે પુષ્પવૃષ્ટિ તથા જયજય શબ્દોની સાથે તથા પોતાનો દ્રોહ કરનારા અસુરોના નાશને સૂચવનારા અંતઃકરણમાં ત્રાસના અતિશયની સાથે જગતને ધારણ કરનાર ધર્મ પ્રાદુર્ભાવ પામ્યા. (૧૨) સંવત ૧૭૯૬માં પ્રમોદ નામના સંમત્સરમાં, દક્ષિણાયનમાં સૂર્ય વર્તતા હતા તે સમે, શરદ ઋતુમાં, કાર્તિક માસના શુક્લ પક્ષની એકાદશી તિથિમાં, બુધવારે, ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રમાં, વજ્ર યોગમાં, કલ્યાણી નામના કરણમાં, કુંભ લગ્નમાં, ભૌમ-બુધ-ગુરુ-શુક્ર આ ચાર ગ્રહો કેન્દ્રમાં રહ્યે સતે ભાગ્યવતીએ મનુષ્ય જેવા રૂપને ધરનારા ધર્મને જન્મ આપ્યો. (૧૩-૧૪-૧૫) પૃથ્વીમાં પ્રત્યક્ષ ધર્મ પ્રગટ થયા ત્યારે ઈન્દ્રાદિક દેવો આકાશમાં રહીને પુષ્પવૃષ્ટિ કરવાપૂર્વક દુંદુભિ, વગેરે વાજિંત્રો વગાડવા લાગ્યા. (૧૬) ત્યારે દેવોએ ખૂબ હર્ષથી ખૂબ વગાડેલા તે વાજિંત્રોના અતિ ઊંચો ધ્વનિ ત્રિલોકીમાં વ્યાપી ગયો. (૧૭) તે સમયે ગંધર્વો ગીત પ્રબંધો વડે ઉત્તમ સ્વરથી ગાન કરવા લાગ્યા તથા સ્વર્ગલોકમાં અપ્સરાઓ સાથે મળીને નૃત્ય કરવા લાગી. (૧૮) ધર્મદેવના આવિર્ભાવવાળા ગૃહમાં પુષ્પવૃષ્ટિઓ કરતા. ઉદાર મનવાળા દેવતાઓને અતિ મહાન ઉત્સવ થતો હતો. (૧૯) એ સમયે પૃથ્વી ઉપર નગરો, કસ્બાઓ અને ગામડાઓમાં શુભ શુકન થવા લાગ્યા. અને યાજ્ઞિકોના યજ્ઞના અગ્નિ ધૂમાડારહિત ખૂબ પ્રદિપ્ત થવા લાગ્યા. (૨૦) તે સમયે સાધુ પુરુષોના ચિત્ત તત્કાળ નિર્મળ થવા લાગ્યા તથા સરોવરો પ્રફુલ્લિત કમળોવાળાં તથા નિર્મળ જળવાળાં થયાં. (૨૧) તે સમયે (મંદ, શીત અને સુગંધીમાન એવા) સુખકારી વાયુઓ વાવા લાગ્યા, આકાશ નિર્મળ થયું, સિદ્ધો જય જય નાદ કરવા લાગ્યા અને ઋષિઓ આશીર્વાદ આપવા લાગ્યા. (૨૨) પછી તે સમયે પુત્ર જન્મના ખૂબ અધિક આનંદથી સંભ્રાન્ત જેવા થઈ ગયેલા, ધર્મશાસ્ત્રમાં નિપુણ તે બાલશર્મા તત્કાળ સ્નાન કરતા હતા. પ્રથમ બ્રાહ્મણોનું પૂજન કરી તે બ્રાહ્મણોના કહેવા પ્રમાણે જાતકર્મ સંસ્કાર કરતા હતા. પછી તે બ્રાહ્મણોને વિધિપૂર્વક યથાશક્તિ દાન આપતા હતા. (૨૩) ખૂબ જ કોમળ અંગોવાળા બાળક મચ્છરોના દંશથી પીડા પામેલ હોવા છતાં રુદન કરતા ન હતા. આ પ્રમાણે બાળકની સહનશીલતા જોઈને સુજ્ઞ એવા પુરુષો અને સ્ત્રીઓ તે બાળકને પૂર્વના યોગી જાણતાં હતાં. (૨૪) નવીન મેઘ સમાન શ્યામસુંદર અંગવાળા, જાનુપર્યંત લાંબા બંને હાથવાળા, સુંદર મંદહાસ્યથી યુક્ત મુખવાળા, બહુ પ્રકારે મનુષ્યાનુકરણ કરનારા ઈશ્વર એવા તે બાળકને પુત્ર માનીને બંને માતા-પિતા અતિ આનંદનો અનુભવ કરતાં હતાં. (૨૫) પછી તે બાળકના પિતાએ જન્મના બારમા દિવસે વિધિપૂર્વક નામકરણ સંસ્કાર કર્યો. આ બાળકના શરીરની કાંતિ મનોહર છે તેથી પૃથ્વી ઉપર તે દેવશર્મા નામે પ્રસિદ્ધ હજો. (૨૬) ખૂબ ઝડપથી દિવસે દિવસે વૃદ્ધિ પામતા, શ્યામસુંદર અંગવાળા, ચંદ્રમાની કાંતિ સમાન દાંતો જેમને આવ્યા છે તેવા, તે બાલશર્મા બાલ

સહજ પ્રથમ કાલી કાલી વાણી બોલ્યા. તે વાણી સર્વ જનોના હૃદયને આનંદ આપનારી થઈ. (૨૭) હે રાજન્ ! તે દેવશર્મા સ્વવેદોક્ત વિધિથી અન્નપ્રાશન સંસ્કાર વગેરે સંસ્કારોને ક્રમશઃ પ્રાપ્ત કરી, મૌંજીબંધન નામના ઉપનયન સંસ્કારને પામીને નષ્ટપ્રાય થયેલા બ્રહ્મચર્ય વ્રતને અધિક જીવન આપતા થકા ધારણ કરીને ગુરુકુળમાં બાર વર્ષ પર્યંત વાસ કરીને, અંગો સહિત ઋગ્વાદિ વેદોને ભણ્યા, પછી ગુરુને ઈચ્છિત વસ્તુના દાનથી સંતુષ્ટ કરીને અનુક્રમથી બ્રહ્મચર્ય વ્રતની સમાપ્તિ નિમિત્તે સમાવર્તન સંસ્કારને કરતા હતા. (૨૮) હે રાજન્ ! સ્નાતક બનેલા તે દેવશર્મા ઉંમર આદિથી પોતાને યોગ્ય, કુલીન અને ગુણોથી પોતાને યોગ્ય એવી સ્ત્રી સાથે પરણવા ઈચ્છતા હતા. (૨૯) હે રાજન્ ! તે (ઉત્તર કૌશલ) દેશમાં મનોરમા નામની એક નદી છે. તે નદીના કિનારે પાપસમૂહને બાળનારું મખોડા નામનું તીર્થ છે. (૩૦) આ તીર્થની ઉત્તર દિશામાં છપૈયા નામથી પ્રસિદ્ધ ગામ છે. ચાર વર્ણના જનોથી વ્યાપ્ત અને યાજ્ઞિકોને અતિપ્રિય છે. (૩૧) નિર્મળ જળવાળા ખૂબ વિશાળ સરોવરથી સુશોભિત, ચારે બાજુ ખૂબ ઊંચા અનેક વૃક્ષોથી શોભાયમાન છે. (૩૨) ત્યાં જિતેન્દ્રિય, વિદ્વાન એવા કૃષ્ણશર્મા નામે બ્રાહ્મણ હતાં તેને પતિવ્રતા, અને સાધ્વી એવા ભવાની નામે પ્રસિદ્ધ પત્ની હતી. (૩૩) નિષ્કપટ હૃદયવાળાં અને પવિત્ર એવાં તે દંપતી અક્ષર થકી પણ પર એવા વાસુદેવની પરમ ભક્તિ કરતાં હતાં. (૩૪) પૂર્વે ધર્મનાં પત્ની મૂર્તિ નામે (હતાં) તે આ (દંપતી)ની પુત્રીરૂપે જન્મ્યાં. જે શીલ, વગેરે લક્ષણથી યુક્ત તથા અનેક પ્રકારના ગુણોથી સુશોભિત હતાં. (૩૫) વિક્રમ સંવત્ ૧૭૯૮માં કારતક માસના શુક્લ પક્ષમાં પૂર્ણિમાને દિવસે, અગ્નિ દેવતા કૃતિકા નક્ષત્રમાં બુધવારે ચંદ્રોદય સમયે - પૂર્વ દિશાનું મુખ કિરણોરૂપ કંકુથી લીંપીને અરુણ કર્યું ત્યારે - દિવ્ય સુંદર શોભાયમાન દેવી તત્કાળ પ્રગટ થયા. (૩૬-૩૭) જે સમયે મુનિના શાપથી મૂર્તિ ઉત્પન્ન થયા તે સમયે શ્રીકૃષ્ણ ભગવાનની શ્રવણભક્તિ અને કીર્તનભક્તિ વગેરે ભક્તિમાં મનુષ્યોના હૃદયમાં પણ અતિ ઉત્સાહ વાધ્યો તથા શ્રીકૃષ્ણનાં મંદિરોમાં મોટા ઉત્સવો થયા. ભૂમિના ભારરૂપ અસુરોનો સમુદાય વૃદ્ધાવસ્થાને પામ્યો. (૩૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
ધર્મભક્તિ જન્મોત્સવ નામે અગિયારમો અધ્યાય થયો. ॥૧૧॥

●

## અધ્યાય-૧૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! કૃષ્ણશર્માએ પોતાની પુત્રીના જાતકર્માદિ સંસ્કાર વિધિ પ્રમાણે કર્યા તથા અત્યંત હર્ષપૂર્વક સ્ત્રીનું બાલા એવું નામ પાડ્યું. (૧) બાલાના જન્મ સમયથી આરંભીને તે વિપ્ર કૃષ્ણશર્માનું ઘર, ધન, ધાન્ય, સંપત્તિથી વૃદ્ધિ પામતું હતું અને ઉપદ્રવ રહિત થયું. (૨) તે બાલા શૈશવલીલાથી માતા-પિતાને હર્ષ પમાડતાં હતાં અને શુક્લપક્ષીય ચંદ્રકળાની પેઠે પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યાં. (૩) રૂપ, ગુણ અને (સામુદ્રિક) લક્ષણો વડે તે બાલા દેવહૂતિ સમાન જ હતા. તેથી જ બાલ્યવયથી જ કૃષ્ણ ભક્તિમાં જ એક નિષ્ઠાવાળાં અને સત્યભાષી હતાં. (૪) હે રાજન્ ! તેને

(બાલાને) હર્ષપૂર્વક નિરંતર કૃષ્ણની પ્રેમપૂર્વક ભક્તિ કરતા જોઈને સર્વજનો તેમને ભક્તિ નામથી જ બોલાવવા લાગ્યા. (૫) કૃષ્ણશર્માએ યોગ્ય લક્ષણોથી શોભતા એવા દેવશર્માને પોતાને ઘેર લાવીને (ભક્તિ નામની) કન્યા વિધિપૂર્વક અર્પણ કરી. (પરણાવી) (૬) ત્યાં બાલશર્મા પોતાના સંબંધીઓ વગેરેની સાથે આવેલા હતા. કૃષ્ણશર્મા વડે સન્માનિત થયેલા તેઓ (બાલશર્મા) પુત્ર દેવશર્માને પરણાવતા હતા. (૭) તે દંપતી (ભક્તિ અને દેવશર્મા) બંનેને શંકર અને ગૌરીની માફક પરસ્પરને યોગ્ય એવાં જોઈને લોકો પ્રેમથી વારંવાર પ્રશંસા કરવા લાગ્યા. (૮) પછી કૃષ્ણશર્મા સુશીલ અને ગુણસંપન્ન એવા જમાઈ તે દેવશર્માને પ્રાર્થના કરીને પોતાના ઘરમાં જ પ્રેમથી નિવાસ કરાવતા હતા. (૯) દ્વિજોત્તમ પંડિત એવા તે દેવશર્મા પણ પોતાના પિતાની આજ્ઞાથી જ અને સ્વપત્નીની ઈચ્છાથી જ કૃષ્ણશર્માની પ્રીતિ માટે તેમના ઘરે નિવાસ કરતા હતા. (૧૦) વિપ્રવર્ય તે બાલશર્મા કેટલાક દિવસ સુધી તે (છપૈયા) પુરમાં પુત્ર અને પુત્રવધૂ બંનેની સાથે ? પુરમાં નિવાસ કરી પછી પોતાના પુરમાં જવાની ઈચ્છાવાળા તે પોતાની પુત્રવધૂને ઉપદેશ આપવા લાગ્યા. (૧૧)

**બાલશર્મા બોલ્યા :**

હે કલ્યાણી : તમારું કલ્યાણ થાઓ. તમે હિતકારી એવું મારું વચન સાંભળો. તમે સુશીલા અને પાપકર્મથી ભયશીલ એવા થાઓ. નિત્ય પતિવ્રતા ધર્મને પાલન કરતા થાઓ. (૧૨) પતિવ્રતા નારી પોતાના સ્વામી સાથે ક્રીડા કરતાં જેટલી સંખ્યામાં પોતાના શરીરનાં રૂંવાડાં છે તેને દસ હજારે ગુણતા જેટલા વર્ષ થાય ત્યાં સુધી સ્વર્ગલોકના સુખને ભોગવે છે. (૧૩) જે નારી લોકમાં પતિવ્રતા છે તેની માતા પણ ધન્ય છે, તેના પિતા પણ ધન્ય છે અને તે પતિવ્રતાના સ્વામી પણ ધન્ય છે. (૧૪) જે પુરુષે સેંકડો જન્મનું પુણ્ય મેળવ્યું હોય તે પુરુષના ઘેર જ ધર્મનિષ્ઠાવાળી પતિવ્રતા નારી હોય. (૧૫) પતિવ્રતા નારીના પુણ્ય વડે પિતાના વંશના ત્રણ, માતાના વંશના ત્રણ અને પતિના વંશના ત્રણ આ સર્વે પૂર્વના તથા પછીના ત્રણ ત્રણ સ્વર્ગનાં સુખોને ભોગવે છે. (૧૬) સૂર્ય, ચંદ્ર અને વાયુ પણ પતિવ્રતાના સ્પર્શથી અતિશય ભય પામીને પોતે પવિત્ર થવા માટે જ સ્પર્શ કરે છે; પરંતુ મલિન બુદ્ધિથી કે નિર્ભયપણે કરતા નથી. (૧૭) પૃથ્વી ઉપર જેટલાં તીર્થો છે તેટલાં પતિવ્રતા નારીના ચરણોમાં વર્તે છે અને પતિવ્રતા નારીના શરીરમાં સર્વ દેવો અને તપસ્વીઓનું તેજ વર્તે છે. (૧૮) આથી જ પતિવ્રતા નારીની ચરણરજથી પૃથ્વી પણ તત્કાળ પવિત્ર થાય છે. પતિવ્રતા સ્ત્રીને નમસ્કાર કરવા માત્રથી પાપી પુરુષ પણ પાપોથી મુક્ત થઈ જાય છે. (૧૯) પતિવ્રતા નારી તો અરુન્ધતી, સાવિત્રી, અનસૂયા, શાંડિલી, વળી અહલ્યા, સતી, દ્રૌપદી તથા શતરૂપા તુલ્ય છે. (૨૦) મેના, સુનીતિ, સંજ્ઞા, સ્વાહા, લોપામુદ્રા વગેરેને સમાન પતિવ્રતા નારી છે. તમે પણ તેવાં પતિવ્રતા થાઓ. (૨૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! વિપ્રવર્ય બાલશર્મા આ પ્રમાણે પુત્રવધૂને ઉપદેશ આપીને તેમના પતિ (દેવશર્મા) માં તેમનો અપાર પ્રેમ જોઈને તેમનું 'પ્રેમવતી' એવું સાર્થક નામ પાડતા હતા. (૨૨) પછી વક્તાઓમાં શ્રેષ્ઠ એવા બાલશર્મા સ્વવંશમાં સૂર્યસમાન, સર્વગુણસંપન્ન તથા બાલ્યકાળથી જ સુશિક્ષિત એવા પોતાના પુત્રને પણ ઉપદેશ કરવા લાગ્યા. (૨૩)

**બાલશર્મા બોલ્યા :**

હે પુત્ર ! જો કે તમે વેદશાસ્ત્રમાં પારંગત છો તેથી સુજ્ઞ છો. તો પણ હું વૃદ્ધ અને પિતા હોવાથી તમને ઉપદેશ કરું છું. તમારું કલ્યાણ થાઓ. (૨૪) સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, દેવાર્ચન, વૈશ્વદેવ, અને આતિથ્ય-આ (નવ) કર્મોનું નિત્ય પ્રત્યે આચરણ કરો. (૨૫) આ તમારા પત્ની બાલા હોવા છતાં પણ સાધ્વી છે એમ મને લાગે છે. જેની પત્ની ગુણસંપન્ન હોય તેને ધર્મપાલન સુલભ થાય છે. (૨૬) ગૃહસ્થધર્મનું અનુસરણ કરવા ઈચ્છતા એવા તમારે આનું પ્રિય કરવું જ યોગ્ય છે. ધર્મવલ્લભા (ધર્મ જ જેને પ્રિય છે) અને ગુણસંપન્ન એવી આ ભાર્યા અવગણના કરવા યોગ્ય નથી. (૨૭) પોતાના સમીપ સંબંધવાળી સ્ત્રી વિના કોઈપણ સ્થળે તમારે પરસ્ત્રીનો સ્પર્શ ન કરવો. અને અમંગળ એવી વિધવા સ્ત્રીના સ્પર્શનો તો વિશેષપણે ત્યાગ કરવો. (૨૮) જેમ જીવે ત્યાગ કરેલો દેહ તત્કાળ અપવિત્ર થાય છે તેમ જ પતિવિહોણી નારી સારી રીતે સ્નાન કરેલી હોય તો પણ અપવિત્ર છે. (૨૯) અજાણતાં વિધવાનો સ્પર્શ થઈ જાય તો માત્ર સ્નાન કરવું અને જાણીજોઈને સ્પર્શ થઈ જાય તો એક દિવસ ઉપવાસ કરવો. (૩૦) અને પોતાની પત્ની સિવાય અન્ય કોઈ સ્ત્રી સાથે એકાંતમાં ન રહેવું. (એટલું જ નહિ પરંતુ) માતા, બહેન અને દીકરીની સાથે પણ તમારે ક્યારેય પણ એકાંતમાં ન રહેવું. (૩૧) મદ્ય, માંસ, પરદારાગમન, ચોરી, આત્મહિંસા, પરહિંસા અને જાતિમાંથી ભ્રષ્ટ કરનારું વર્ણસંકર કર્મ - આ સર્વનો સર્વપ્રકારે દૂરથી જ ત્યાગ કરવો. (૩૨) શિશ્ન અને ઉદરને તૃપ્ત કરનારા કામી પુરુષોના પ્રસંગથી પરદારાગમનની પ્રવૃત્તિ થાય છે. માટે સ્ત્રીલંપટ પુરુષોનો સંગ ક્યારેય પણ કોઈપણ સ્થળે ન કરવો. (૩૩) નારાયણ પરાયણ એવા સત્પુરુષોનો જ તમારે સંગ કરવો. ધર્મ અને અધર્મનો નિર્ણય કરી સદાચારરૂપ ધર્મનું જ સેવન કરવું. (૩૪) સ્વર્ગ ગમનાદિકમાં ધર્મ જ સહાયભૂત થાય છે અન્ય કંઈ નહિ. આથી તમે સર્વપ્રકારે સદા ધર્મપરાયણ થાઓ. (૩૫) દર મહિને શુક્લ પક્ષ અને કૃષ્ણપક્ષનું એકાદશી વ્રત આવે છે તે તો યુવાન એવા તમો બંને જણાએ આદરપૂર્વક કરવું. (૩૬) એકાદશીવ્રત સર્વ વ્રતો કરતાં ઉત્તમ જાણવું. જે વ્રત કરીને સ્ત્રીઓ અને પુરુષો ભુક્તિ અને મુક્તિની સિદ્ધિ પ્રાપ્ત કરે છે. (૩૭) બીજાં પણ વિષ્ણુ ભગવાનના વ્રતો છે તથા તેના મહોત્સવો છે તે પોતાની શક્તિ પ્રમાણે દરવર્ષે કરવા. (૩૮) વળી શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસન્નતા માટે તમારે ભાદરવા સુદ ચતુર્થીને દિવસે શ્રીગણપતિનું પૂજન કરવું તથા શિવરાત્રી વ્રત પણ કરવું. (૩૯) આસો વદ ચૌદશના દિવસે રામભક્તોના અગ્રણી હનુમાનજીનું પૂજન કરવું. આ હનુમાનજી આપણા કુલદેવતા છે. (૪૦) ઊર્ધ્વરેતા એવા તે હનુમાનજીને તેલથી સ્નાન કરાવવું, સિંદૂરથી અંગરાગ કરવો અને કરેણ અને આંકડાનાં ફૂલોથી તેમનું પૂજન કરવું. (૪૧) તથા હે પુત્ર ! હનુમાનજીને અડદના વડાં, લાડુ, ચણા અને ગોળમિશ્રિત ધાણા વડે પોતાની શક્તિ પ્રમાણે નૈવેદ્ય કરવું. (૪૨) યથાશક્તિ ભક્તિભાવથી પૂજેલા હનુમાનજી હરકોઈ કષ્ટ વખતે સ્મરણ કરતાં જ તમારાં સઘળા દુઃખોનો નાશ કરશે તેમાં જરા પણ શંકા નથી. (૪૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રમાણે બાલશર્માએ ઉપદેશ આપેલા તે (ભક્તિ-દેવશર્મા) દંપતીએ એમ જ આચરણ કરીશું ! એમ કહીને બાલશર્માને પ્રણામ કર્યા. (૪૪) પછી ધર્મમાં નિષ્ઠાવાળા હોવાથી તે બંનેની ધર્મમાં નિષ્ઠા અને આદર જોઈને પ્રસન્ન થયેલા ધર્મોપદેશક બાલશર્મા પ્રણામને કરતા એવા તે પુત્ર અને પુત્રવધૂને શુભ આશીર્વાદો આપતા હતા. (૪૫) હે રાજન્ ! સત્પુત્રથી જેમણે સકળ મનોરથ પ્રાપ્ત કરેલ છે એવા તે બાલશર્મા પોતાના ગામ ગયા. કાળે કરી શરીર ત્યાગ કરી પોતાના ઉત્તમ પદને પામતા હતા. (૪૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
ભક્તિધર્માનુશાસન નામે બારમો અધ્યાય થયો. ॥૧૨॥

●

## અધ્યાય-૧૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

બાલશર્મા પોતાને ગામ ગયા પછી બ્રાહ્મણોત્તમ એવા તે દેવશર્મા સાસુ-સસરાને રાજી કરવાપૂર્વક પિતાએ કહેલા ગૃહસ્થ-ધર્મોનું યથાવિધિ પાલન કરતા હતા. (૧) અને તે પ્રેમવતી તો નિષ્કપટ ભાવે પોતાના પતિને ઈશ્વરની પેઠે માનતા, વિનય અને અનુવૃત્તિપૂર્વક તેમનું સેવન કરવા લાગ્યા. (૨) હે રાજન્ ! તે દંપતી દર પખવાડીએ નિરાહાર રહીને અતિ આદરથી નિયમપૂર્વક એકાદશીવ્રત કરતાં હતાં. (૩) હે રાજન્ ! શ્રુતિ અને સ્મૃતિમાં પ્રતિપાદિત એવા ધર્મનું પાલન કરતાં તેઓ બંનેના હૃદયની શુદ્ધિ દિવસે દિવસે અધિકાધિક વધવા લાગી. (૪) તે દેવશર્મા મહાકષ્ટ સમયમાં પણ કોઈ સ્થાનમાં પોતાનો સદાચારધર્મ છોડતા નહિ અને ધાર્મિક પુરુષોનો જ સમાગમ કરતા હતા. પણ અધર્મીઓનો સમાગમ તો ક્યારેય કરતા ન હતા. (૫) સર્વ જનો તે દેવશર્માની ધર્મ પ્રત્યેની નિષ્ઠા જોઈ તેમને 'ધર્મ' નામે જ બોલાવતા. આથી જ તે દેવશર્મા ધર્મ નામથી પ્રસિદ્ધ થયા. (૬) તે ધર્મના પુત્રોએ સહિત 'શ્રદ્ધા' વગેરે બાર પત્નીઓ પ્રાકૃત જનોથી જોઈ ન શકાય એવા દિવ્ય અંગોવાળી તે ધર્માવતાર દેવશર્માનું નિરંતર સેવન કરતી હતી. (૭) તે ધર્મદેવ પ્રતિદિન નિયમપૂર્વક ત્રિકાળસ્નાન, ત્રિકાળ સંધ્યાવંદન, ગાયત્રીમંત્રજપ, સાયં પ્રાતઃ હોમકર્મ, વેદપાઠાદિ સ્વાધ્યાયકર્મ, નિત્ય પિતૃતર્પણ, વિષ્ણુપૂજન, વૈશ્વ દેવિકર્મ અને અતિથિસત્કાર આ નવ કર્મો કરતા હતા. (૮-૯) પછી સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની દૃઢતા માટે દરરોજ વેદ, ન્યાયાદિશાસ્ત્ર, પુરાણ અને ઈતિહાસ (રામાયણ-મહાભારત)નો અભ્યાસ કરતા હતા. (૧૦) હે રાજન્ ! તે ભક્તિ ધર્મ દંપતી જે તે પોતપોતાના ધર્મનું પાલન કરતાં અને પ્રેમપૂર્વક ભગવાનનું ભજન સેવન કરતાં અને વિષ્ણુ ભગવાનનાં વ્રતો કરતાં હતાં. (૧૧) આ પ્રકારે તે બંને જણાને સ્વધર્મ અને વિષ્ણુભક્તિમાં અતિ આગ્રહ હતો. તથા તે ભક્તિ ધર્મની માફક જ પૃથ્વી ઉપર ઉત્પન્ન થયેલા સર્વ ઋષિઓને પણ સ્વધર્મ અને ભક્તિમાં અતિ આગ્રહ હતો. (૧૨) પછી સમય જતાં તે ભક્તિ ધર્મ થકી ધર્મમાં નિષ્ઠાવાળા એક પુત્રનો પ્રાદુર્ભાવ થયો જેનું નામ રામપ્રતાપ રાખવામાં

આવ્યું અને તે ગુણો વડે સંકર્ષણ સમાન હતા. (૧૩) પૂર્વે પૃથ્વી ઉપર જે હજારો અસુરો ઉત્પન્ન થયા હતા તે ધાર્મિક એવા ભગવદ્ ભક્તોને અનેક પ્રકારે પીડા પમાડવા લાગ્યા. (૧૪) મદોન્મત્ત એવા તે અસુરો ઋષિજનોને પોતાના શત્રુ જાણીને તેમને વિશેષ પીડવા લાગ્યા. અને ધર્મદેવને તો ઋષિઓ કરતાં પણ વિશેષ પીડવા લાગ્યા. (૧૫) ભક્તિ સહિત તે ધર્મ એકને જ અત્યંત વૈરી માની તે ધર્મ જેમ જેમ દુ:ખી થાય તેમ તેમ જ અસુરો કરવા લાગ્યા. (૧૬) તે અસુરો ધર્મદેવના સમગ્ર ગુણોમાં દોષારોપણ કરતા. ધર્મની નિંદા કરતા હતા. વારંવાર અપવાદો આપતા હતા અને તિરસ્કાર કરતા હતા. (૧૭) દુર્જનોએ પીડા પમાડેલા માટે પોતાના ઘરમાં રહેવા માટે ઉદાસીન થયેલા એવા તે ધર્મ સ્ત્રી પુત્રાદિ સહિત અયોધ્યાપુરીમાં આવી નિવાસ કરવા લાગ્યા. (૧૮) હે રાજન્ ! હંમેશાં સરયૂ નદીમાં સ્નાન કરી નિત્ય-નૈમિત્તિક ક્રિયાઓ કરતા તે ધર્મદેવ ત્યાં પણ અસુરોથી વારંવાર કષ્ટ પામતા હતા. (૧૯) હે રાજન્ ! દુષ્ટ અસુરજનો સુશીલ, સર્વદોષોથી રહિત તથા પતિવ્રતા એવા પ્રેમવતીને પણ વારંવાર દુ:ખી કરતા હતા. (૨૦) જેમ પૂર્વે બંધુઓએ સહિત ધર્મરાજા જે પ્રકારે મહાદુ:ખને પામ્યા હતા તે પ્રમાણે દેવશર્મા મહાદુ:ખને પામ્યા. દ્રૌપદીની માફક ભક્તિદેવી પણ મહાદુ:ખને પામ્યા. (૨૧) ત્યારબાદ ધર્મદેવ પોતાની બુદ્ધિ અનુસાર દુ:ખ ટાળવાનો ઉપાય કરવા ઈચ્છતા કાશીમાં આવી કેટલાક માસ સુધી ત્યાં નિવાસ કરતા હતા. (૨૨) હે ભૂપતિ ! તે કાશીપુરીમાં પણ ધર્મદેવન પ્રત્યે કાશીમાં રહેલા અતિદ્વેષી અસુરો તથા બીજાઓએ પણ મહાઉપદ્રવ કર્યો. (૨૩) ઉપદ્રવથી ખૂબ જ ત્રાસ પામેલા તોપણ ધીરજવાળા તે ધર્મદેવ સ્ત્રી-પુત્ર સહિત અસુરો ન જાણે તેમ કાશીથી પ્રયાગક્ષેત્રમાં આવ્યા. (૨૪) ઉપવાસ આદિ વ્રતોથી કૃશ થઈ ગયેલા તે ધર્મ ત્યાંનો તીર્થવિધિ કરી તીર્થના નિયમોનું પાલન કરતાં કેટલાક દિવસ પર્યંત પ્રયાગમાં નિવાસ કરતા હતા. (૨૫) ત્યાં પ્રયાગમાં તીર્થયાત્રા કરવાની ઈચ્છાથી આવેલા, મહાતપસ્વી, રામાનંદમુનિ નામના વૈષ્ણવાચાર્યનાં ધર્મદેવે દર્શન કર્યાં. (૨૬) પોતાના શિષ્યોને ઉપદેશ આપવામાં પ્રવીણ, કેટલાક શિષ્યોથી વીંટળાયેલા, મુમુક્ષુજનોને બોધ આપતા, નૈષ્ઠિક બ્રહ્મચારીના વેશવાળા, દયાના સાગર, લલાટમાં મંગલકારી કેસરમિશ્રિત ચંદનથી કરેલું અને મધ્યે કુંકુમચંદ્રકથી યુક્ત ઊર્ધ્વપુંડ્ર તિલકને ધારી રહેલા, ગળામાં તુલસીકાષ્ઠની કંઠી ધારી રહેલા, વેદાદિ શાસ્ત્રો અને પરબ્રહ્મ તત્ત્વમાં નિષ્ણાત, તથા સત્પુરુષનાં લક્ષણવાળા એવા તે મુનિને સિદ્ધ યોગીરાજ જાણીને ધર્મદેવ પરમ આદરથી તેમની સેવા કરવા લાગ્યા. (૨૭-૨૮-૨૯) ત્યારબાદ તે ધર્મદેવ સ્વસ્વરૂપમાં નિષ્ઠાવાળા, જનાર્દન ભગવાનના એકાંતિક મુખ્ય ભક્ત, તથા લૌકિક અને વૈદિક કાર્યોમાં વિચક્ષણ એવા તે મુનિનું સેવન કરતા, સ્વબુદ્ધિ વડે તેમને ઉદ્ધવ તુલ્ય છે એમ વિચાર કરવા લાગ્યા. (૩૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ અસુરોથી ઉપદ્રવ પામેલા શ્રી ધર્મદેવને શ્રી રામાનંદ સ્વામીનાં દર્શન થયાં નામે પ્ર-પ્રકણમાં તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

●

## અધ્યાય - ૧૪

**પ્રતાપસિંહ રાજા બોલ્યા :**

હે સુવ્રતમુનિ ! તે રામાનંદમુનિ કોણ હતા ? કોના શિષ્ય હતા ? કયા દેશમાં તેમનો વાસ હતો? અને તેઓ વૈષ્ણવાચાર્ય કેવી રીતે થયા ? આ બધું મને યથાર્થપણે કહેવા માટે તમે યોગ્ય છો. (૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પૃથ્વીમાં ઉદ્ધવજીના અવતારરૂપ અને જેમણે ભાગવત ધર્મનો માર્ગ બાંધેલ છે. એવા સદ્‌ગુરુ શ્રી રામાનંદમુનિના જાતિ આદિક ચરિત્ર હું કહીશ તે તમે સાંભળો. (૨) હે રાજન્! અયોધ્યાનગરમાં કાશ્યપ ગોત્રમાં જન્મેલા, આશ્વલાયન શાખાવાળા અને ઋગ્વેદી, પવિત્ર બુદ્ધિવાળા, પૂર્વે જેમણે ઈશ્વરની આરાધના કરી છે એવા, વિદ્યા અને વિનયવાળા, સત્યવાદી અને જિતેન્દ્રિય એવા અજય નામના બ્રાહ્મણ હતા. (૩-૪) શ્રીકૃષ્ણની ભક્તિરૂપી કુમુદને વિકાસ કરવામાં ચંદ્રસમાન, દુર્વાસાનો શાપ પામેલા પ્રસિદ્ધ એવા ઉદ્ધવજી અજય બ્રાહ્મણની સુમતિ નામની ભાર્યામાં ઉત્પન્ન થયા. (૫) વિક્રમ સંવત ૧૭૯૫ના વર્ષમાં શ્રાવણ વદ આઠમના દિવસે તેઓ પૃથ્વી પર જન્મ્યા. (૬) તે બાળક ગૌર વર્ણવાળા, મંદહાસ્ય વડે મનોહર મુખવાળા, કોમળ છે ચરણકમળનું જોડલું જેમનું તેવા, પ્રૌઢ આકૃતિવાળા અને લાંબા ભૂજદંડવાળા તથા ગંભીર નાભિવાળા નેત્રની સમીપમાં લાલ કાંતિવાળા, વિશાળ વૃક્ષઃસ્થળવાળા, પાકા ઘિલોડા સમાન લાલ ઓષ્ઠવાળા, વાંકડિયા શ્યામ કેશવાળા, શોભાયમાન નેત્રવાળા, વિશાળ લલાટવાળા એવા તેઓ શોભતા હતા. (૭) પછી પુત્ર જન્મથી મહા ઉત્સાહી, બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા તે અજય વિપ્ર સ્નાન કરી, બ્રાહ્મણોને બોલાવી જાતકર્મ સંસ્કાર કરાવતા હતા. (૮) પછી અતિ પ્રસન્ન આત્માવાળા તે અજય વિપ્રે બારમે દિવસે સ્વસ્તિવાચન પૂર્વક પુત્રનું પોતાના અંતઃકરણમાં સર્વ જનોને પ્રેમ ઉત્પન્ન કરવાથી રામ નામ પાડ્યું. (૯) માતાપિતાએ લાલન-પાલન કરાયેલા રામ નેત્રોને આનંદ આપનારા ઉદય પામેલા બીજના ચંદ્રમાની માફક થોડા સમયમાં વૃદ્ધિ પામ્યા. (૧૦) આઠમા વર્ષે વિધિપૂર્વક પિતા દ્વારા ઉપનયન સંસ્કાર પામેલા ધર્માત્મા તે રામ દ્રઢપણે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતા હતા. (૧૧) જેમને નૈષ્ઠિક વ્રત અતિ પ્રિય છે અને તેથી ગૃહસ્થાશ્રમની ઈચ્છા વગરના તેઓ ઘણું કરીને નિવૃત્તિધર્મવાળા સત્પુરુષોનો જ સમાગમ કરતા હતા. (૧૨) હે રાજન્ ! હજી દશ વર્ષની અંદર ઉંમર હોવા છતાં રામ પિતાથી વંચાતા શ્રીમદ્ ભાગવતને દરરોજ પ્રીતિપૂર્વક સાંભળતા હતા. (૧૩) તેથી તેમના મનમાં વિષ્ણુ ભક્તિનો સમ્યગ ઉદય થતો હતો તેથી તે નિયમપૂર્વક ભગવાનની પ્રતિમાનું પૂજન કરતા હતા. (૧૪) ભગવાનના પ્રત્યક્ષ દર્શનની ઈચ્છાવાળા, ગૃહ વગેરેમાં આસક્તિએ રહિત રામશર્મા વેદોના અધ્યયનના નિમિત્તથી પોતાના ભવનથી તત્કાળ નીકળી ગયા. (૧૫) નાના પ્રકારના દેશોમાં તીર્થયાત્રા કરતા કરતા વસ્તુભોગની ઈચ્છા જતી રહી છે તેવા શ્રીહરિનું ધ્યાન કરતા રામશર્મા ગિરનાર પર્વતમાં પહોંચ્યા. (૧૬) ત્યાં ગોપનાથ મહાદેવના મંદિરમાં રહેલા, યોગકળામાં પ્રવીણ ગોપાળાનંદ વર્ણિના શિષ્ય આત્માનંદ મુનિને બાળશર્માએ જોયા (૧૭) અષ્ટાંગ યોગની કળામાં પ્રવીણ, યોગીઓએ માનેલા,

સમાધિસ્થિતિવાળા, પોતાના આત્માને બ્રહ્મની સાથે ઐક્યપણાને પામેલા, ઘણા કાળ પર્યંત પોતાના દેહને ટકાવી રાખવામાં તથા તેનો તત્કાળ ત્યાગ કરવાના સ્વતંત્રપણાને સદ્‌ગુરુની કૃપાથી પામેલા, કૃપાપૂર્વક પોતે કરેલા ઉપદેશથી યોગસિદ્ધિને પામેલા ઘણા શિષ્યોથી વીંટળાયેલા એવા તે મુનિ (આત્માનંદ)ને રામશર્માએ અતિ આદરપૂર્વક પ્રણામ કર્યાં. (૧૮-૧૯-૨૦) પોતાના પ્રતાપથી પ્રસિદ્ધ તે આત્માનંદ મુનિએ આદરપૂર્વક સન્માનેલા, વર્ણીધર્મમાં અચલ સ્થિતિવાળા રામશર્માએ ત્યાં એક માસ નિવાસ કર્યો. (૨૧) હે રાજન્ ! પછી રામશર્મા આ આત્માનંદ મુનિને સમાધિમાં શ્રીકૃષ્ણનું સાક્ષાત્ દર્શન થાય છે એમ જાણી તે મુનિને પ્રણામ કરી હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા. (૨૨) હે સ્વામિન્ ! હું પ્રત્યક્ષ ભગવાનના દર્શનની ઈચ્છા રાખું છું તેથી તમે તે ભગવદ્ દર્શનની સિદ્ધિ થાય તેવો ઉપાય મને કૃપા કરી કહેવા યોગ્ય છો. (૨૩) હે રાજન્ ! રામશર્માએ કહેવાયેલા આત્માનંદ મુનિ તેને કહેવા લાગ્યો. તમે યોગની સાધના કરો. તેનાથી તમારું (ભગવદ્ દર્શનરૂપ) ઈચ્છિત સિદ્ધ થશે. આમ કહેલા રામશર્મા ખૂબ હર્ષ પામ્યા. (૨૪) પછી તે રામશર્મા તે (આત્માનંદ) મુનિને સિદ્ધયોગી જાણીને તે મુનિને વિનયપૂર્વક માન આપતા. અષ્ટાંગયોગની પ્રાપ્તિ માટે મુનિના શિષ્યભાવને પામ્યા. (૨૫) આત્માનંદમુનિ પ્રસન્ન મનવાળા થઈ રામશર્માનું રામાનંદ એવું નામ પાડતા હતા અને તેને અષ્ટાંગયોગ શિખવાડતા હતા. (૨૬) હે રાજન્ ! વર્ણિરાજ એવા તે રામાનંદ પણ થોડા જ સમયમાં ગુરુ (આત્માનંદ)ની જેમ સિદ્ધ યોગવાળા થયા. અને તેથી બ્રહ્મ સાથે આત્માના ઐક્યપણાને પામ્યા. (૨૭) રામાનંદ મુનિ સમાધિમાં દશે દિશામાં વ્યાપતું બ્રહ્મ તેજ હંમેશાં જોતા હતા પણ બ્રહ્મતેજમાં નારાયણનું દર્શન પામતા ન હતા. (૨૮) ત્યારે અસંતુષ્ટ બનેલા અને આકુળવ્યાકુળ થયેલા રામાનંદ મુનિ ગુરુને કહેવા લાગ્યા : હે સ્વામિન્ ! આપની કૃપાથી હું સમાધિદશાને પામ્યો છું. (૨૯) સમાધિમાં કેવળ એક નિરાકાર બ્રહ્મતેજને જોઉં છું પણ મને પ્રિય એવું સાકાર કૃષ્ણાખ્ય બ્રહ્મ તો નથી જ દેખાતું. (૩૦) તેથી હે ગુરો ! શ્રીકૃષ્ણના દર્શન વગર હું અતિ ઉદ્વેગયુક્ત મનવાળો થઈ ગયો છું અને પોતાના જીવાત્માને અપૂર્ણ મનોરથવાળો માનું છું. (૩૧) ત્યારે ગુરુ બોલ્યા : હે વર્ણિ ! નિરાકાર જે તેજ તમે જોયું તે જ કૃષ્ણ છે. જે આકાર છે તે માયિક છે. (૩૨) આકૃતિનો વિનાશ છે. આકારરહિતનો વિનાશ નથી. હે નરાધિપ ! આ પ્રમાણે કહેવાયેલા ઉદ્ધવ (રામાનંદ મુનિ) તત્કાળ જ મૂર્ચ્છા પામ્યા. (૩૩) પછી તે મુનિ બે ઘડી પછી મૂર્ચ્છાના અંતમાં ઉચ્છ્‌વાસ પામ્યા. પછી ખૂબ રડવા લાગ્યા. શ્રીહરિને નિરાકાર કહેતા ગુરુનો ત્યાગ કરીને પૂર્વ તરફ ચાલ્યા. (૩૪) ત્યારે ગુરુ આત્માનંદે ખૂબ રોક્યા છતાં ત્યાં રોકાયા નહિ. અને સાકાર બ્રહ્મના સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારા સદ્‌ગુરુને શોધવા માટે નીકળ્યા. (૩૫) હે રાજન્ ! તેવા ગુરુ રામાનુજાચાર્યના આશ્રમમાં હોય એવો નિર્ણય કરીને રામાનંદમુનિ શ્રીહરિને અતિ પ્રિય એવા શ્રીરંગક્ષેત્રમાં ગયા. (૩૬) ત્યાં વર્ણિ રામાનંદમુનિ હૃદયમાં ભગવાનનું સ્મરણ કરતાં તે શ્રી રંગદેવ ભગવાનના મંદિરના સમીપમાં જ પોતાનો નિવાસ કર્યો. (૩૭) ત્યાં દરરોજ કાવેરી નદીમાં સ્નાન કરી, વિધિપૂર્વક નિત્યકર્મ કરી. નિયમપૂર્વક શ્રી રંગનાથ પ્રભુનાં દર્શન કરતા હતા. (૩૮) પ્રત્યક્ષ

ભગવાનના દર્શનમાં કારણભૂત ગુરુને શોધતા રામાનંદ મુનિ વૈષ્ણવોનો સમાગમ કરતા હતા. (૩૯) હે નરાધિપ ! રામાનંદ મુનિ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિના સાકારપણાનું પ્રતિપાદન કરનારાં સચ્છાસ્ત્રો સાંભળવાના મનવાળા હતા. (૪૦) હે રાજન્ પછી રામાનુજાચાર્યના ચરિત્રથી ભરપૂર પ્રપન્નામૃત ગ્રંથનું ત્યાં મુનિએ શ્રવણ કર્યું. (૪૧) પછી રામાનંદમુનિએ શ્રીવૈષ્ણવોના આચાર્ય સદા સિદ્ધ દેહમાં રહેલા શ્રી રામાનુજને ગુરુ કરવા માટે ઈચ્છા કરી. (૪૨) વર્ણિ રામાનંદમુનિ રામાનુજાચાર્યે રચેલા અને સાકારબ્રહ્મના નિશ્ચયને પ્રતિપાદન કરનારા તેથી જ પોતાને અભિષ્ટ એવા શ્રી ભાષ્યાદિ ગ્રંથોને સ્નેહપૂર્વક સાંભળતા હતા. (૪૩) શ્રી રામાનુજ સ્તોત્ર નામનું એકસો આઠ નામોવાળું સ્તોત્ર તેનો પ્રતિદિન પાઠ કરવા લાગ્યા અને તે શાસ્ત્રશ્રવણ અનુસાર ભક્તિપૂર્વક રામાનુજાચાર્યનું ધ્યાન કરવા લાગ્યા. (૪૪) હે નૃપ ! રામાનંદ મુનિને આ પ્રમાણે કરતાં ત્રણ માસ વીતી ગયા. પછી ચૈત્ર માસમાં શુક્લ પક્ષમાં પંચમીના દિવસે પ્રભાતે તેમને સ્વપ્ન થયું. (૪૫) રામાનંદમુનિએ સ્વપ્નમાં પ્રત્યક્ષ રામાનુજાચાર્યને જોયા. ત્રણ દંડવાળા, સૂર્યસમાન કાંતિવાળા, દિવ્ય દેહવાળા, સુંદર નેત્રોવાળા, બાર ઊર્ધ્વપુંડ્ર તિલકોને ધારણ કરનારા, મંદહાસ્યયુક્ત મુખવાળા, શ્રીમન્નાથ શ્રી રામાનુજાચાર્ય છે એમ જાણીને તત્કાળ સાષ્ટાંગ નમસ્કાર કર્યા. (૪૬-૪૭) ત્યારબાદ યતીન્દ્ર રામાનુજાચાર્ય બંને હાથ જોડી ઊભા રહેલા રામાનંદ પ્રત્યે બોલ્યા : હે વર્ણિન્ ! તમે મારી પાસેથી વરદાન માગો. મને રામાનુજ જ જાણો. (૪૮) આમ કહેવાયેલા તે રામાનંદમુનિ અતિ પ્રસન્ન અંતઃકરણવાળા રામાનુજાચાર્ય પ્રત્યે બોલ્યા : હે યતિરાજ! લાંબા સમયથી જન્મેલો મારો મનોરથ આપના દર્શનમાત્રથી પૂરો થઈ ગયો. (૪૯) હે પ્રભો ! હું શ્રી નારાયણ ભગવાનના પ્રત્યક્ષ દર્શન ઈચ્છું છું. જે ઉપાય વડે જલ્દી દર્શન થાય તે ઉપાય મને કહો. (૫૦) પછી પ્રસન્ન થયેલા રામાનુજાચાર્યે શરણે આવેલા રામાનંદ મુનિને વૈષ્ણવી દીક્ષા આપી. બે મંત્રો આપ્યા અને પછી આ પ્રમાણે બોલ્યા : (૫૧) હે વર્ણિશ્રેષ્ઠ ! તમે આળસનો ત્યાગ કરી મેં રચેલા ગ્રંથોનો અભ્યાસ કરો અને નિત્ય પ્રેમપૂર્વક શ્રી નારાયણનું ભજન કરો. (૫૨) સ્વધર્મ-વિષ્ણુભક્તિ-ભગવાનના ભક્તોનો સમાગમ અને ઈન્દ્રિયોને વિષયોથી પાછી વાળવી-આ ચારનો તમે ત્યાગ કરશો નહિ. (૫૩) હે નિષ્પાપ ! આ પ્રમાણે વર્તતા તમે થોડા જ સમયમાં શ્રીમન્નારાયણ ભગવાનના દર્શન કરી શકશો. (૫૪) પોતાને શરણે આવેલા મુમુક્ષુ જનોને તમે મારી આજ્ઞાથી વૈષ્ણવી દીક્ષા આપો. તમારી પેઠે તે દીક્ષિત જનોને સિદ્ધિ થશે તેમાં લગીરે સંદેહ નથી. (૫૫) જે પુણ્યક્ષેત્રમાં ભગવાનની ભક્તિમાં તમને અંતરાય ન થાય ત્યાં તમે નિવાસ કરો. આમ કહીને રામાનુજાચાર્ય અંતર્ધાન થઈ ગયા. (૫૬) પછી સ્વપ્નમાંથી જાગ્રત થયા ત્યારે પોતાના શરીરને શંખચક્રાદિ ચિહ્નોથી અંકિત અને ઊર્ધ્વપુંડ્ર તિલકોથી શોભાયમાન જોતા હતા. પ્રસન્ન ચિત્તવાળા રામાનંદ મુનિ સ્વપ્નમાં થયેલા અનુભવને સત્ય જ જાણતા હતા. (૫૭) હે રાજન્ ! પોતાના ધર્મમાં રહેલા તે મુનિ પ્રેમથી ભજન કરતાં થોડા જ સમયમાં તેઓએ તેજોમય અક્ષરધામમાં રહેલા લક્ષ્મીનારાયણનાં પોતાના હૃદયમાં દર્શન કર્યાં (૫૮) પછી પૂર્ણ મનોરથવાળા તે રામાનંદમુનિ પૃથ્વી ઉપર તીર્થોમાં વિચરતા હતા. અને તીર્થોમાં પોતાને શરણે

આવેલા મુમુક્ષુઓને વૈષ્ણવી દીક્ષા આપતા હતા. (૫૯) હે રાજન્ ! પૃથ્વીમાં તેમણે દીક્ષા આપેલા તે જનો પોતાના ધર્મમાં રહેલા, દંભેરહિત ભગવાનની દૃઢ ભક્તિવાળા થઈ ગયા. (૬૦) તેમના આશ્રિત જનો થોડા સમયમાં સાક્ષાત્ ભગવાનના દર્શન પામતા હતા. પછી તેઓ તે તે સ્થાનોમાં રામાનંદમુનિનો મહિમા ઘણા પ્રકારે કહેવા લાગ્યા. (૬૧) હે રાજન્ ! તે રામાનંદમુનિ, પ્રસન્ન થયેલા સાક્ષાત્ યતિરાજ (રામાનુજાચાર્ય)ના અનુગ્રહથી, શ્રીહરિની પ્રસન્નતાથી, દંભરહિત સ્વધર્મયુક્ત ભક્તિથી પૃથ્વી ઉપર અતિશય ખ્યાતિને પામ્યા. (૬૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
શ્રીરામાનંદસ્વામી જન્માદિચરિત્ર નિરૂપણ નામે ચૌદમો અધ્યાય થયો ॥૧૪॥

●

## અધ્યાય-૧૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! રામાનંદમુનિની ખૂબ પ્રતિષ્ઠા જોઈને દ્વેષબુદ્ધિવાળા, દંભી અને વિષયાસક્ત એવા અન્ય વૈષ્ણવો સહન કરી શકતા ન હતા. (૧) હે રાજન્ ! લોકમાં તે રામાનંદ મુનિનું જે જે રીતે અપમાન થાય તે તે રીતે તેઓ કરવા કરાવવા લાગ્યા. (૨) આમ છતાં મુનિનો પ્રતાપ ઓછો નહિ થયેલો જોઈને તેમની સાથે શાસ્ત્રાર્થો કરવા લાગ્યા પરંતુ તે વિવાદોમાં પરાભવ પામ્યા. (૩) પછી અત્યંત ક્રોધિત થયેલા તે અસુરો તે મુનિને તાડન, તિરસ્કાર વગેરે કરવા લાગ્યા. તે રામાનંદમુનિ વિવેકબુદ્ધિથી અવન્તીનગરીના કંદર્પ બ્રાહ્મણની જેમ સહન કરવા લાગ્યા. (૪) કેટલાક વસ્ત્ર વગરના નાગા, જટાવાળા અને હાથમાં લોખંડના ચિપિયાવાળા કેટલાક અસુરો તે રામાનંદમુનિના ઊર્ધ્વપુંડ્ર તિલકો ભૂંસી નાખતા હતા તથા તુલસીની માળા પણ તોડી નાખતા હતા. (૫) કેટલાક મદોન્મત્ત અસુરો ક્રોધથી મુનિના વાસુદેવ ભગવાનની પ્રતિમાનું સિંહાસન પણ ભાંગી નાખતા હતા અને કેટલાંક તો તેમની નિત્યપૂજનની પ્રતિમા પણ હરી લેતા હતા. (૬) આ પ્રમાણે અસુરો દ્વારા વિનાકારણ ઉપદ્રવને પ્રારબ્ધથી થયેલો માની રામાનંદમુનિ પૃથ્વી ઉપર અદૃશ્ય વૈષ્ણવ ચિહ્નવાળા વિચરવા લાગ્યા. (૭) ઉપદ્રવે સહિત રામાનંદમુનિએ બહારથી રામાનુજાચાર્યનાં ચિહ્નોનો ત્યાગ કરી ચિત્તમાં નારાયણને ભજતા વૃંદાવનમાં આવ્યા. (૮) તે રામાનંદમુનિ પ્રતિદિન યમુનાનદીમાં સ્નાન કરી, નિત્યકર્મ કરી સમગ્ર મંદિરોમાં શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરતા હતા. (૯) હે રાજન્ ! બપોરે પછી તે તે મંદિરોમાં વંચાતી શ્રીમદ્ ભાગવત પુરાણની કથા સાંભળતા હતા. (૧૦) આ પ્રમાણે કરતા, શ્રેષ્ઠ બુદ્ધિવાળા, અદૃશ્ય ચિહ્નવાળા તે રામાનંદ મુનિને શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉદય થતી હતી તેથી પ્રતિદિન તે શ્રીકૃષ્ણનું જ ધ્યાન કરવા લાગ્યા. (૧૧) રાસેશ્વરી રાધિકાના પતિ અને વૃંદાવનમાં વિહાર કરનારા શ્રીકૃષ્ણે રામાનંદમુનિ ઉપર પ્રસન્ન થઈ સમાધિમાં પોતાનાં દર્શન આપ્યાં. (૧૨) હે રાજન્ ! તે શ્રીકૃષ્ણમાં એકાગ્રચિત્તવાયા થઈ તેમનો જપ કરતા એવા તે રામાનંદમુનિને દેશકાળના માપે રહિત બ્રહ્મજ્યોતિનું દર્શન કરાવતા હતા. (૧૩) તે બ્રહ્મતેજમાં લક્ષ્મી અને રાધિકાએ સહિત સ્વરૂપનું દર્શન કરાવતા હતા. મનોહર

આકૃતિવાળા, મુરલી વગાડતા, બે હસ્તવાળા, ઘનશ્યામમૂર્તિવાળા, શ્રેષ્ઠ નટ સમાન વેશવાળા, અનેક પ્રકારના અલંકારોને ધારણ કરેલા, મુગટધારી, ગળામાં વૈજયંતીમાળાને ધારણ કરતા એવા તે પ્રભુ હતા. (૧૪) હે રાજન્ ! રામાનંદમુનિ (શ્રીકૃષ્ણના દર્શનથી) સર્વોત્કૃષ્ઠ આનંદને પામ્યા. અને પહેલાં (નારાયણના દર્શનથી)ની જેમ હાલમાં (રાધાકૃષ્ણના દર્શનથી) પોતાને પૂર્ણકામ માનવા લાગ્યા. (૧૬) તે રામાનંદમુનિ જ્યારે જ્યારે શ્રીકૃષ્ણનું ધ્યાન ધરતા હતા ત્યારે ત્યારે દર્શન થતાં હતાં. દરરોજ પૂજા સમયે પ્રતિમામાં પણ સ્ફુરાયમાન તે શ્રીકૃષ્ણને જ જોતા હતા. (૧૭) રામાનંદમુનિ પ્રતિદિન અર્ચામૂર્તિમાં સ્ફુરાયમાન શ્રીકૃષ્ણને પૂજાના ઉપહારો અત્યંત પ્રીતિપૂર્વક પ્રત્યક્ષની પેઠે અર્પણ કરતા હતા. તેથી તે પરમ સુખને પામતા હતા. (૧૮) પછી સાક્ષાત્ શ્રીકૃષ્ણના દર્શનથી આનંદવાળા માનસિક દુઃખથી રહિત તે વર્ણિરાજ શ્રી રામાનંદ મુનિએ તે ભગવાનની ઇચ્છાથી પોતાને શ્રીકૃષ્ણ ભગવાનના એકાંતિક રહસ્યને જાણનારા ઉદ્ધવ રૂપે જાણ્યા. (૧૯) અને દુર્જનકૃત ઉપદ્રવને દુર્વાસાના શાપથી થયેલો જાણતા હતા. પછી પોતાના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણની જ હર્ષપૂર્વક સેવા કરતા હતા. (૨૦) પછી (જ્ઞાનોપદેશ વડે) જીવોના હિત માટે ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર પોતાનું સ્થાપન કર્યું છે. એવું ચિંતવન કરીને સર્વ જીવોનું હિત જ સારી રીતે આચરવા લાગ્યા. (૨૧) હે નૃપ ! તે મુનિ તત્ત્વપૂર્વક વેદ વગેરે સત્શાસ્ત્રોમાંથી ભગવદ્ વાક્યોનો સાર ગ્રહણ કરી નિર્ભય એવો પોતાનો નવીન સંપ્રદાય પ્રવર્તાવતા હતા. (૨૨) પોતપોતાના વર્ણાશ્રમધર્મ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની દ્ઢ ભક્તિ કરવી એ જ ઉદ્ધવ સંપ્રદાયનું લક્ષણ છે એમ જાણવું. (૨૩) તે મુનિ જીવ, ઈશ્વર અને માયાના સ્વરૂપનો નિર્ણય તો ઘણું કરીને શ્રી રામાનુજાચાર્યે કરેલા શ્રીભાષ્યાદિક ગ્રંથોમાં કહેલો છે તે પ્રમાણે જ પ્રતિપાદન કરતા હતા. (૨૪) રામાનંદ મુનિએ પોતાને શરણે આવેલા મુમુક્ષુઓને ઉપદેશ આપીને પહેલાના પોતાના અનુભવવાળા પ્રસિદ્ધ વૃંદાવનમાં એક માસ પર્યંત નિવાસ કર્યો. (૨૫) હે રાજન્ ! અંગસહિત વેદો, ઉપનિષદો અને પુરાણોના જાણકાર વર્ણિરાજ તે (રામાનંદ) મુનિ મુમુક્ષુઓને ધર્મે સહિત શ્રીકૃષ્ણની ભક્તિનો ઉપદેશ આપતા તીર્થરાજ પ્રયાગક્ષેત્રમાં આવ્યા. (૨૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
ઉદ્ધવસંપ્રદાય પ્રવૃત્તિનિરૂપણ નામે પંદરમો અધ્યાય થયો ॥૧૫॥

●

## અધ્યાય-૧૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! રામાનંદમુનિનું જાતિ, કુળ, દીક્ષા વગેરે તમે મને જે જે પૂછયું તે બધું જ મેં તમને કહ્યું. હવે તે ધર્મદેવ ત્યાં (પ્રયાગરાજમાં) કેટલાક દિવસ પર્યંત નિવાસ કરતા હતા. (૧) ત્યાં એકવાર રાત્રિમાં (ધર્મદેવને તે રામાનંદમુનિની પગચંપી કરતાં કરતાં (નિદ્રાધીન થતાં) સ્વપ્નાવસ્થામાં તેજ- સમૂહના મધ્યમાં રહેલા શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. (૨) (શ્રીકૃષ્ણના દર્શનરૂપ) પરમ આશ્ચર્ય જોઈને, તેમાં કારણભૂત રામાનંદમુનિની જ પ્રસન્નતા જાણીને તેથી જ ધર્મે તેમને જ

એક મુખ્ય સદ્‌ગુરુ જાણ્યા. (૩) તેથી પત્નીએ સહિત ધર્મદેવ સર્વ પ્રકારના ભાવથી રામાનંદ મુનિના જ શરણને પામી તેમના દ્વારા ભાગવતી દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા કરી. (૪) રામાનંદમુનિએ પણ મુમુક્ષુ ધર્મદેવને તુલસીના કાષ્ટની કંઠી કંઠમાં ધારણ કરાવી અને આઠ આઠ અક્ષરોવાળા બે શ્રીકૃષ્ણના મંત્રોનો ઉપદેશ આપ્યો. (૫) પ્રથમ 'શ્રીકૃષ્ણ' પદ છે પછી 'ત્વમ્' પદ અને 'ગતિ' પદ છે અને અંતમાં બે મકાર 'મમ' છે. શ્રીકૃષ્ણ ત્વં ગતિમર્મ' આવો આદિ મંત્ર વૈષ્ણવપણાને પમાડનારો છે. (૬) 'બ્રહ્માહં' એ આદિ જેમાં છે. પછી જેને અંતે 'દા' છે એવું કૃષ્ણ પદ છે. પછી 'सोऽस्मि' પદ છે. 'ब्रह्माहं कृष्णदासोऽस्मि' એ બીજો મંત્ર મનવાંછિત ફળ આપનારો છે. (૭) પહેલો શરણમંત્ર સામાન્ય મંત્ર તરીકે જાણીતો છે. બીજો મંત્ર મહામંત્ર (મહાદીક્ષાના અધિકાર વાળાને યોગ્ય) હોવાથી વિશેષ છે. આ પ્રમાણે હે રાજન્ ! તમે જાણો. (૮) પછી રામાનંદમુનિએ 'ધર્મદેવને મુમુક્ષુઓએ પાલન કરવા યોગ્ય, ભાગવતધર્મોનો ઉપદેશ આપ્યો. જે સધર્મોથી યુક્ત માણસ આ લોકમાં અને પરલોકમાં પૂજાય છે. (૯) હે ધર્મ ! આપણા સંપ્રદાયમાં રહેલા પુરુષો અને સ્ત્રીઓ હોય તેઓએ નિયમપૂર્વક પાલન કરવા યોગ્ય ધર્મો હું કહું છું તે તમે સાંભળો. (૧૦) શ્રીકૃષ્ણ સંબંધી દીક્ષા પામેલા સ્ત્રી-પુરુષોએ દેવતા અને પિતૃયાગને માટે કોઈપણ દેહધારીની ક્યારેય પણ હિંસા ન કરવી. (૧૧) સ્ત્રી વગેરેની પ્રાપ્તિ માટે મનુષ્યનો વધ ક્યારેય પણ ન કરવો. હે વિપ્ર ! આત્મઘાત તો તીર્થમાં પણ ક્યારેય ન કરવો. (૧૨) હે વિપ્ર ! અગિયાર પ્રકારનું મદ્ય અને ત્રણ પ્રકારની સુરા આપત્કાળમાં પણ ક્યારેય પીવી નહિ. મદ્યથી મિશ્રિત ઔષધ પણ ન પીવું. (૧૩) પરદારાગમન અને સ્ત્રીઓનું દાન પુરુષોએ ક્યારેય પણ ન કરવું. તેવી રીતે સ્ત્રીઓએ જારપુરુષનો સંગ ન કરવો કારણ કે તે મહાપાતક છે. (૧૪) હે દ્વિજ ! ગૃહસ્થાશ્રમથી બીજા બ્રહ્મચારી આદિ આશ્રમીઓએ આઠ પ્રકારે સ્ત્રીમાત્રનો પ્રસંગ કરવો નહિ. આ મર્યાદા સનાતની (અનાદિસિદ્ધ) છે. (૧૫) (ગૃહસ્થાશ્રમી) પુરુષોએ વિધવા સ્ત્રીનો સ્પર્શ બુદ્ધિપૂર્વક ન કરવો. વિધવા સ્ત્રીએ પુરુષ માત્રનો સ્પર્શ બુદ્ધિપૂર્વક ન કરવો. તથા સધવા સ્ત્રીએ ત્યાગી પુરુષનો સ્પર્શ બુદ્ધિપૂર્વક ન કરવો. (૧૬) હે વિપ્રેન્દ્ર ! ધર્મ કાર્યને માટે પણ ચોરીનું કર્મ ન કરવું. (ઉદ્ધવ સંપ્રદાય સિવાય) અન્ય માર્ગને અનુસરનાર પુરુષના મુખ થકી કૃષ્ણકથા પણ ન સાંભળવી. (૧૭) જેનું અડેલું ભોજન પોતાને ખપતું ન હોય તેના હાથનું રાંધેલું કે સ્પર્શ કરેલું અન્ન અને જળ શ્રીહરિની પ્રસાદી હોય તો પણ ક્યારેય ખાવું-પીવું નહિ. (૧૮) પોતાની જીવિકાવૃત્તિ માટે પણ અન્યની ઉપર મિથ્યા અપવાદ આરોપણ કરવો નહિ. પાપાત્માઓનો તથા વ્યસનીઓના સંગ કરવો નહિ. (૧૯) હે બ્રહ્મ ! જે તપસ્વી હોવા છતાં ક્રોધી હોય; જે કૃષ્ણભક્ત કામી હોય, જે ધર્મમાં રહેવા છતાં અન્ય ધર્મી હોય, જે ત્યાગી લોભી હોય; જે ગુરુ પોતાના શિષ્યવર્ગને શાસ્ત્ર પ્રમાણે વર્તાવે નહિ; અને જે જ્ઞાની થઈ પરમાત્માના આકારનું યુક્તિપૂર્વક ખંડન કરતા હોય; આ છ પ્રકારના માણસોનો સંગ સન્મતિનો નાશ કરનાર છે. મુમુક્ષુઓએ પોતાના કલ્યાણને માટે અસત્પુરુષની માફક તેમનો ત્યાગ કરવો. (૨૦-૨૧-૨૨) દેવો, તીર્થો, વેદો, ગાયો, બ્રાહ્મણો, સાધુઓ અને સ્વધર્મનિષ્ઠ તેમની નિંદા ક્યારેય પણ ન કરવી. (૨૩) અને જે શાસ્ત્રમાં

શ્રીકૃષ્ણદેવના સાકારપણાનું ખંડન કર્યું હોય તેવું શાસ્ત્ર ક્યારેય માનવું નહિ અને સાંભળવું નહિ. (૨૪) આયુધ, ઝેર, પક્ષી અને માછલાં પકડવાની જાળ આ બધું કોઈને ક્યારેય પણ આપવું નહિ કારણ કે આ દાન હિંસામૂલક છે. (૨૫) બ્રહ્મચર્યાદિ આશ્રમવાળા બ્રાહ્મણે ક્યારેય પણ આયુધ ધારણ કરવાં નહિ. જીવહિંસાકારક વસ્તુ હોય તે પણ ક્યારેય પોતાની પાસે ન રાખવી. (૨૬) પ્રતિદિન સવારે સ્નાન કરી ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. તે તિલક શ્રીકૃષ્ણની પ્રસાદિભૂત ચંદનથી અથવા ગોપીચંદનથી કરવું. (૨૭) પુરુષ ઊર્ધ્વપુંડ્રના મધ્યભાગમાં તે પ્રસાદિ ચંદન વડે અથવા રાધાલક્ષ્મીના પ્રસાદિભૂત કંકુ વડે ગોળ ચાંદલો કરવો. (૨૮) સુવાસિની સ્ત્રીએ દરરોજ શ્રીકૃષ્ણની પૂજા કરતાં બાકી રહેલા ચંદનથી હૃદયમાં ચાંદલો કરવો. (૨૯) તે સધવા સ્ત્રીઓએ પ્રતિદિન રાધાલક્ષ્મીજીના પ્રસાદીભૂત કંકુ વડે લલાટની મધ્યમાં ગોળ ચાંદલો કરવો. (૩૦) અને વિધવા સ્ત્રીએ રાધાકૃષ્ણની પૂજા કરતાં વધેલા ચંદન અને કંકુથી મિશ્રિત કંઠમાં નાનો ચાંદલો કરવો. (૩૧) પછી (ચારે વર્ણના) સર્વ જનોએ પોતપોતાના અધિકાર પ્રમાણે સંધ્યા વગેરે નિત્યકર્મ કરીને જ યથાવિધિ શ્રી રાધાકૃષ્ણની પૂજા કરવી. (૩૨) આમ, રાધાકૃષ્ણની પૂજા કરીને શ્રીમદ્ ભાગવતમાં કહેલી રાસલીલા પંચાધ્યાયીનો પાઠ કરવામાં અશક્ત હોય તે એક અંતિમ અધ્યાયનો જ પાઠ કરે તેનાથી સમગ્ર રાસલીલાના પાઠનું ફળ થાય છે. (૩૪) અને પ્રતિદિન દિવસે તથા રાત્રિએ ભગવાનના મંત્રનો જાપ પોતપોતાની શક્તિ અનુસાર નિયમપૂર્વક કરવો. (૩૫) કૃષ્ણદીક્ષા પામેલા સમગ્ર જનોએ સર્વ કાળમાં ત્રણ અક્ષરવાળા શ્રીકૃષ્ણ નામમંત્રનું કીર્તન તથા સ્મરણ કરવું. (૩૬) પોતાના ગળામાં ચારે બાજુ વીંટાઈને રહે તેવી તુલસી કાષ્ઠની બનાવેલી, સૂક્ષ્મ મણકાવાળી, કલ્યાણકારી એવી બેવડી કંઠી નિત્ય ગળામાં યજ્ઞોપવીતની માફક ધારણ કરવી. (૩૭) તુલસીની કંઠીના અભાવમાં દ્વિજાતિએ ચંદન કાષ્ઠથી બનેલી માળા ધારણ કરવી અને શુદ્ર પણ ચંદન કાષ્ઠની માળા ધારણ કરવી. (૩૮) અને તે સ્ત્રી-પુરુષોએ પ્રથમ ભગવાનના ચરણકમળનો સ્પર્શ કરાવીને જ કંઠી સર્વદા ગળામાં ધારણ કરવી. (૩૯) જીવ, માયા અને ઈશ્વરનું સ્વરૂપ અતિ આદરપૂર્વક જાણવું અને શ્રીકૃષ્ણ ભગવાન સિવાયની અન્ય કોઈપણ વસ્તુમાં પ્રીતિ કરવી નહિ. (૪૦) આ ધર્મોને પાલન કરનારા સ્ત્રી-પુરુષોએ સર્વદા (શ્રવણ-કીર્તનાદિક) નવ પ્રકારની ભક્તિ વડે શ્રીકૃષ્ણનું ભજન કરવું એ રીતની મર્યાદા છે. (૪૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

પત્ની સહિત ધર્મદેવને તે મુનિ આ પ્રમાણે આહિંસાદિક સર્વ ધર્મોનો ઉપદેશ કરી પછી ફરીથી આ પ્રકારે કહેવા લાગ્યા. (૪૨) હે દ્વિજવર્ય ! તમે અત્યંત ધન્ય છો. કારણ કે તમે તમારા કલ્યાણ માટે પ્રયત્નશીલ છો. તમારામાં જે ગુણો વર્તે છે તે અન્ય દેહધારીઓને દુર્લભ છે. (૪૩) માટે હે સન્મતિ ધર્મદેવ ! સર્વે મારા શિષ્યોમાં તમે પૂજનીય અને મુખ્ય થશો એમ નિશ્ચય જાણો કારણ કે આપણા સંપ્રદાયમાં ઉત્તમ ગુણોથી જ મોટાપણું રહેલું છે. (૪૪) હે ધર્મ ! પત્નીએ સહિત તમે ઘેર જઈને હંમેશાં બીજો મહામંત્ર (શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્ર)નો જપ કરો. પોતાના આશ્રિત મુમુક્ષુજનોને યોગ્યતા પ્રમાણે બે મંત્રોનો ઉપદેશ કરો. (૪૫) હે નિષ્પાપ ! ત્રણ વર્ણના તથા

સચ્છૂદ્ર પુરુષોને પ્રથમ શરણમંત્ર વિધિપૂર્વક તમો ઉપદેશ કરો. (૪૬) અને બીજો મહામંત્ર તો જપ કરતા એવા ઉત્તમ અધિકારી પુરુષોને જ વિધિપૂર્વક ઉપદેશ કરો. (૪૭) આપત્તિ સમયે તમોએ બીજા મહામંત્રનું વિધિપૂર્વક પુરુશ્ચરણ કરવું. આ મંત્રના દેવતા શ્રીકૃષ્ણ ભગવાન જ છે. તે પ્રભુ સમગ્ર પોતાના મનોવાંછિત ફળને આપનારા છે. (૪૮) જીવ, માયા અને ઈશ્વરના સ્વરૂપોને યથાર્થ જાણવા માટે શ્રીરામાનુજાચાર્યે કરેલા ગ્રંથો તમારે આદરપૂર્વક ભણવા. (૪૯) જ્ઞાનનો નિર્ણય કરવામાં જેવું લક્ષ્મણાર્ય (રામાનુજાચાર્ય) ની જેવી નિપુણતા છે તેવી બીજા આચાર્યોની નથી. આથી મેં તેમના ગ્રંથો માન્ય કરેલા છે. (૫૦) રામાનંદમુનિએ આ પ્રમાણે કહીને સંપ્રદાયનું સમગ્ર રહસ્ય પણ સ્નેહવાળા શિષ્ય ધર્મદેવને યથાર્થપણે કહ્યું. (૫૧) પછી ઉદ્ધવાવતાર શ્રી રામાનંદમુનિ ધર્મદેવને પોતાને ઘેર જવાની આજ્ઞા આપીને પોતે દ્વારકા પ્રત્યે ગયા. ધર્મદેવ પણ પોતાને ઘેર ગયા. (૫૨) હે રાજન્ ! સદ્ગુરુ શ્રી રામાનંદમુનિની પ્રાપ્તિથી પરમાનંદને પામેલા તે ધર્મદેવ સ્ત્રી અને પુત્ર સાથે પોતાના ગામ-છપૈયામાં આવી શ્રીકૃષ્ણની ભક્તિ કરવા લાગ્યા. (૫૩) સ્થૂળ વગેરે ત્રણ દેહોથી વિલક્ષણ, અખંડ અને અભેદ્ય લક્ષણવાળા પોતાના આત્માના સ્વરૂપને શ્રીકૃષ્ણનો દાસ માનતા હતા. (૫૪) જીવ, ઈશ્વર, કાળ, માયા અને પુરુષના નિયંતા શ્રીકૃષ્ણ ભગવાન જ છે એવો નિશ્ચય કરી જગત નાશવંત છે એમ તેઓ જાણતા હતા. (૫૫) ગુરુની આજ્ઞાથી તે ધર્મ રામાનુજાચાર્યના કરેલા ગ્રંથોને શ્રદ્ધાપૂર્વક પાઠ કરતા (ભણતા) હતા અને બીજાને ભણાવતા હતા. (૫૬) હે રાજન્ શ્રીકૃષ્ણને ભજતા એવા તે ધર્મદેવના ધર્મનિષ્ઠાદિક ગુણો વડે ધર્મને 'આ સાક્ષાત્ ધર્મપ્રજાપતિના આવતાર જ છે' એમ દૈવી જીવો જાણતા હતા. (૫૭) પછી દૈવી જીવો ગુરુઓનાં લક્ષણોથી રહિત એવા (અસુર) ગુરુઓનો ત્યાગ કરીને ધર્મદેવનો આશ્રય કરવા લાગ્યા. (૫૮) પોતાના અસુર ગુરુઓનો ત્યાગ કરી ધર્મને આશ્રયે આવેલા દૈવીજનોને પણ અસુર ગુરુઓમાં ગુરુબુદ્ધિ નાશ પામતી ન હતી. કારણ કે દંભથી પ્રાપ્ત કરેલા વિવિધ પ્રકારના રસાસ્વાદથી સારી રીતે પુષ્ટ થયેલા અસુર ગુરુઓના શરીરોમાં પ્રાપ્ત થયેલ ગુરુતા રહેલી હતી. (શરીરની ગૌરવતારૂપ ગુરુતા રહી - પરંતુ લક્ષણરૂપ નષ્ટ થઈ.) (૫૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
શ્રીધર્મદેવે રામાનંદસ્વામીનો આશ્રય કર્યો એ નામે સોળમો અધ્યાય થયો ॥૧૬॥

●

## અધ્યાય-૧૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! અહીં જે જનોને ધર્મદેવે (વૈષ્ણવી) દીક્ષા આપી તે બધા જનો આસુરી ક્રિયાઓનો ત્યાગ કરી દેવતાઓની પેઠે શોભવા લાગ્યા. (૧) ધર્મના શિષ્યો વસ્ત્ર, અન્ન, ધન, વાહન વગેરેથી ધર્મનું અતિશય સન્માન કરવા લાગ્યા. તેથી ધર્મ જે તે મહારાજાની જેમ સમૃદ્ધિવાળા થયા. (૨) પછી તે ધર્મદેવ પોતાના પુત્રના ઉપનયન સુધીના સંસ્કારોને પોતે જ કરતા હતા અને તે સંસ્કાર કર્મમાં લોકોને આશ્ચર્ય પમાડનારો દાન વગેરે વિધિ કરતા હતા. (૩) હે રાજન્ ! આસુરી સંપત્તિથી

મદોન્મત્ત મનુષ્યભાવને પામેલા અસુરો ધર્મની સમૃદ્ધિ જોઈને દેવોના શત્રુ અસુરો રાજાઓની સહાયતાથી ધર્મદેવ અને તેમના શિષ્યોને પીડવા લાગ્યા. (૪) હે રાજન્ ! તે અસુરો ધર્મની જીવિકા-ધન, સોએ સો ગાયો, વાહનો વગેરે હરી જવા લાગ્યા અને તેમનું બહુ પ્રકારે અપમાન કરવા લાગ્યા. (૫) ધર્મદેવ શત્રુઓએ પમાડેલા અનુપમ મહાદરિદ્રતાથી પીડા પામેલા માટે મત્સરવાળા જ્ઞાતિજનો પણ ધર્મદેવનું અપમાન કરવા લાગ્યા. (૬) હે નૃપસત્તમ ! ધન-ધાન્યાદિ નાશ પામી ગયાં છે અને જીવિકા હરાઈ ગઈ છે તોપણ તે ધર્મદેવ પોતાના ઘર પ્રત્યે આવતા-જતા અભ્યાગતોની અને અન્નભિક્ષુકોની જે તે પ્રકારે કષ્ટ વેઠીને પણ સેવા કરતા હતા. (૭-૮) ખૂબ ધૈર્યથી શત્રુઓએ કરેલા ઉપદ્રવને સહન કરતા પોતાના પતિ ધર્મદેવને એક સમયે વિનયશીલ અને મહાબુદ્ધિશાળી પ્રેમવતી કહેવા લાગ્યાં. (૯) "અહો ! દૈવગતિ વિચિત્ર છે. હે સ્વામિન્ ! અપકાર કરનારના ઉપર કયારેય પણ અપકાર નહિ કરનારા એવા તમારી પણ આવી દુઃખમય અવસ્થા છે. (૧૦) શત્રુઓએ કરેલો કોઈપણ પ્રકારના કારણ વગર મોટો ઉપદ્રવ થયો છે જે ઉપદ્રવથી સમગ્ર ઘરનાં ઉપકરણો સાથે જીવિકા વૃત્તિ પણ હરાઈ ગયેલી છે. (૧૧) અન્નાર્થીઓ તો અવારનવાર ઘણા આવે છે અને અન્ન તો ઘરમાં બિલકુલ નથી. આપણે તો ભૂખ સહન કરી લઈશું પરંતુ ઘેર આવતા અતિથિઓને શું કહીશું ? (૧૨) આપણને તો બીજા કે ત્રીજા દિવસે ભોજન મળે છે. તે પણ ક્યારેક અન્ન મળે છે, ક્યારેક ફળ મળે છે, ક્યારેક કંદ મળે છે તો ક્યારેક શાક મળે છે. (૧૩) તેથી પુરુષ એવા તમારાથી તો ધૈર્યથી આ બધું દુઃખ સહન કરી લેવાય છે પરંતુ ધૈર્ય રહિત અને અબળા એવી મારો અંતરાત્મા ખૂબ જ ઉદ્વેગ પામે છે. (૧૪) હે નાથ ! સતીધર્મ વિરોધી દરિદ્રતાથી હું ભય પામું છું કેમકે દરિદ્રપણામાં અન્નાદિની કામનાવાળી સ્ત્રી (પતિવ્રતા) ધર્મથી ભ્રષ્ટ થાય છે. (૧૫) હે સ્વામિન્ ! આપ તો અનેક શાસ્ત્રમાં પારંગત છો. તેથી સર્વ ઉપાયોને જાણનારા છો. આથી આ કષ્ટની નિવૃત્તિ માટે કંઈક સાધન કરવું હોય તે વિચારો. (૧૬) હે સ્વામિન્ ! આવડી મોટી આપત્તિ સમયે કષ્ટ પ્રાપ્તિ થતાં પણ અગાઉની પેઠે તમારી જે સ્વસ્થપણાની સ્થિતિ છે તે અમો સર્વને આશ્ચર્ય ઉપજાવનારી થાય છે." (૧૭) આ પ્રમાણે પત્નીએ કોમળપણે કહેલા, સર્વ ઉપાયને જાણનારા અને સર્વ ઉપાય કરવામાં સમર્થ તે ધર્મદેવ આપત્તિથી બહુ પ્રકારે કલેશ પામતા ભક્તિને રાજી કરતા થકા કહેવા લાગ્યા : (૧૮) "હે કલ્યાણી ! શાસ્ત્રસંમત મારું જે વાક્ય કહું તે તમે સાંભળો. વિપત્તિરૂપ સમુદ્રને બુદ્ધિશાળી પુરુષો ધૈર્યરૂપી નાવથી તરી જાય છે. (૧૯) આ દેહ પ્રારબ્ધકર્મને આધીન છે તેથી સર્વ દેહધારીઓને જે સુખદુઃખ પ્રાપ્ત થાય છે તે પ્રારબ્ધકર્મને અનુસારે જ થાય છે. (૨૦) આથી આપણને દુઃખ પ્રાપ્ત થયું છે તે પ્રારબ્ધકર્મથી જ થયું છે. તે દુઃખપ્રાપ્તિમાં શત્રુ વગેરે તો નિમિત્તમાત્ર છે. (૨૧) હે ભદ્રે ! પોતાનામાં રહેલા પ્રારબ્ધકર્મ ભોગવ્યા વગર સારા સારા ઉપાયો કરવાથી નષ્ટ થતું નથી એ નિશ્ચય વાત છે. (૨૨) હે સતિ ! પૂર્વે સમર્થ દેવો, રાજાઓ વગેરેએ દુષ્ટ પ્રારબ્ધથી ઉદ્ભવેલું અત્યંત કષ્ટ ભોગવેલું છે. (૨૩) હે ભદ્રે ! ત્રિલોકીનો અધિપતિ ઈન્દ્ર પૂર્વે પોતાની પત્નીની સાથે વૃત્રાસુરે કરેલા મહાકષ્ટને પામ્યો હતો. (૨૪) તે જ રીતે પવિત્ર કીર્તિવાળો નિષધ દેશનો અધિપતિ નળ રાજા દમયંતી પત્ની સાથે શત્રુએ કરેલી ઘણી પીડા પામ્યો

હતો. (૨૫) બ્રહ્મવિદ્ જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ વસિષ્ઠ મુનિ બ્રહ્માતુલ્ય હોવા છતાં પત્ની અરુન્ધતી સાથે બહુ પ્રકારે શત્રુએ કરેલા કષ્ટને પામ્યા હતા. (૨૬) તે જ પ્રમાણે સમર્થ એવા અન્ય જનોએ પણ પ્રારબ્ધથી પ્રાપ્ત થયેલું કષ્ટ ધીરજપૂર્વક સહન કરેલું છે. તે જ પ્રમાણે આપણે પણ તે સહન જ કરવું જોઈએ.'' (૨૭) હે રાજન્ ! આ પ્રકારે પતિ ધર્મદેવનું વચન સાંભળી ખિન્ન અંતઃકરણવાળાં ભક્તિ પોતાના દુઃખનો પાર ન જોતાં ધૈર્ય વગરનાં થઈ રડવા લાગ્યાં. (૨૮) પછી તેને સાંત્વન આપતાં ધર્મદેવ ફરીથી મધુર વચન બોલવા લાગ્યાં કે હે કલ્યાણી ! તમે ખેદ ન કરો. કોઈને પણ આપત્તિ હંમેશાં રહેતી નથી. (૨૯) તેથી પ્રારબ્ધ કર્મ દુર્નિવાર્ય હોવાથી ધીર પુરુષો વારંવાર ઉપાય નાશ પામવા છતાં ઘણું કરીને ઉદ્યમનો ત્યાગ કરતા નથી. (૩૦) તેવી જ રીતે હું પણ તમારી પ્રસન્નતા માટે કષ્ટને નાશ કરનારા સાધનને જરૂર કરીશ. તેથી તમે મનમાં ચિંતા ન કરો.'' (૩૧) આ પ્રમાણે તે ધર્મદેવ પોતાની પત્નીને આશ્વાસન આપીને 'હું કષ્ટ નાશ કરવાને શો ઉપાય કરું' એમ ચિંતવન કરવા લાગ્યા. (૩૨) પછી સર્વ કષ્ટને નાશ કરનાર, અંજનિપુત્ર હનુમાનજી અમારા કુળદેવ છે માટે આ આપત્તિકાળમાં તો હનુમાનની જ આરાધના કરવી યોગ્ય છે એમ ધર્મદેવ નિશ્ચય કરતા હતા. (૩૩) જપના ફળને જલદી આપનાર, પવિત્ર અયોધ્યા નામના ક્ષેત્રમાં આવી ત્યાં નિવાસ કરીને હનુમાનજીની આરાધના કરવા લાગ્યા. (૩૪) તે ધર્મદેવ અસુર સમૂહોથી અજ્ઞાતપણે પ્રતિદિન હનુમાનજીના મંદિરે જઈ પૂજન કરી તેમના મંત્રાત્મક સ્તોત્રનો પાઠ કરતા હતા. (૩૫) અંજનિના પુત્ર, વાયુપુત્ર, બુદ્ધિશાળી, રામચંદ્રજીના મહાન સેવક અને સુગ્રીવના મંત્રી એવા હે હનુમાનજી તમને મારા નમસ્કાર હો. (૩૬) હે મહાવીર, હે મહાબળ તથા પરાક્રમવાળા, શત્રુઓ માટે ભયંકર આકૃતિવાળા અને રાવણને ત્રાસ આપનારા હે હનુમાન તમને મારા નમસ્કાર હો. (૩૭) તથા રુદ્રાવતારથી પ્રસિદ્ધ, શિલાઓ તથા વૃક્ષોના આયુધોવાળા, રાક્ષસોના સૈન્યને વિમર્દન કરનારા મહાયશસ્વી એવા તમને નમસ્કાર હો. (૩૮) લંકાનગરીને બાળનારા, રાવણપુત્ર ઈન્દ્રજીતને મારનારા, સીતાજીના શોકનો વિનાશ કરનારા એવા હે હનુમાન ! તમને મારા નમસ્કાર હો. (૩૯) હે મહાયોગિન્ ! હંમેશાં શુદ્ધ અંતઃકરણવાળા, જેમને સીતા સહિત રામચંદ્રજી પ્રિય છે તેવા તથા ચિરંજીવી એવા તમને નમસ્કાર હો. (૪૦) હે ભૂતપ્રેત પિશાચ આદિના ભયને તોડનારા, હે કપિરાજ હનુમન્ ! સર્વ રોગોના વિનાશ કરનારા એવા તમને નિત્ય નમસ્કાર હો. (૪૧) શ્રી રામચંદ્રજીને અતિ પ્રિય એવા આપને નમસ્કાર હો. અતિ સ્થૂળરૂપવાળા તથા ક્યારેક અતિ સૂક્ષ્મરૂપ ધારણ કરનારા એવા આપને નમસ્કાર હો. (૪૨) આશ્રિતોના સમગ્ર ભયને તોડનારા, સ્વયં ભયરહિત, મહાબુદ્ધિશાળી તથા બાળસૂર્યની માફક કાંતિયુક્ત દેહવાળા અને મુષ્ટિરૂપી આયુધવાળા તમને નમસ્કાર હો. (૪૩) રાવણની વાટિકાનો ધ્વંસ કરીને રાક્ષસોને ત્રાસ પમાડનારા, રામનામમાં પ્રીતિવાળા અને લક્ષ્મણજીને પ્રાણદાન આપનારા તમને નમસ્કાર હો. (૪૪) સર્વ જનોએ વંદન કરવા યોગ્ય, વિશેષપણે જયવાળા, શ્રેષ્ઠ અને ભક્તના સંકટને હરનારા, ધર્મમાં નિષ્ઠાવાળા અને જીતવાના સ્વભાવવાળા આપને નમસ્કાર હો. (૪૫) નૈષ્ઠિક વ્રતધારીઓમાં શ્રેષ્ઠ, જનરહિત અરણ્યમાં નિવાસ કરનારા, ભક્તોને ઈચ્છિત ફળ આપનારા અને

પાંડવોનું પ્રિય કરનારા એવા તમને નમસ્કાર હો. (૪૬) ધર્મના શત્રુનો નાશ કરનારા, દોષેરહિત, તેજસ્વી, નિત્ય રામાયણકથા સાંભળવામાં ઉત્સુક મનવાળા એવા તમને નમસ્કાર હો. (૪૭) ધાર્મિક જનોએ સેવવા યોગ્ય, દેવોએ પૂજન કરાયેલા, નૈષ્ઠિકવ્રતમાં પ્રીતિવાળા, સર્વ પાપોને નાશ કરનારા, બ્રાહ્મણોનું હિત કરનારા એવા તમોને નમસ્કાર હો. (૪૮) હે દારિદ્રપણાના દુઃખને નાશ કરનારા, હે મારુતે ! પોતાના ભક્તોના બંધનને તોડનારા, સુખ આપનારા અને શરણાગત રક્ષક તથા ઋષિ સમાન આચરણવાળા તમને નમસ્કાર હો. (૪૯) હે વરદાતા ! હે રામ ધ્યાનાદિમાં એકાગ્ર ચિત્તવાળા, હે સજ્જનોથી સુખપૂર્વક આરાધન કરવા યોગ્ય અને દુર્જનોથી આરાધના કરવા માટે અશક્ય, દિવ્ય રૂપવાળા એવા તમને નમસ્કાર હો. (૫૦) આકડાનાં પુષ્પોની માળાવાળા આપને નમસ્કાર હો. તમે મને ભયરહિત કરો. તમે તમારું સાક્ષાત્ દર્શન મને આપો. સુંદર આકૃતિમાન્ સર્વને દર્શન આપનારા એવા તમને નમસ્કાર હો. (૫૧) તે સ્તોત્રના પાઠ પછી તે ધર્મદેવ દરેક શ્લોકના અનુક્રમથી એકેક અક્ષર ગ્રઅણ કરીને રચેલા અને સકળ મનોરથના ફળને આપનારા 'ફટ્ સ્વાહા' છે અંતમાં જેને એવા સર્વોત્તમ મંત્રનો યથાવિધિ જપ કરતા હતા. (૫૨) (ૐ નમો હનુમતે ભય ભંજનાય સુખં કુરુ ફટ્ સ્વાહા) હે રાજન્ ! મંત્રના જપને અંતે પ્રતિદિન તે ધર્મદેવ બને હાથ જોડી એક પગે ઊભા રહીને તેમની આગળ સ્તોત્રનો પાઠ કરતા હતા. (૫૩) હે રાજનીતિમાં પ્રવીણ, વેદ-આગમ અને શાસ્ત્રોમાં ઉત્કૃષ્ઠ બુદ્ધિવાળા, રાજાધિરાજ શ્રીરામચંદ્રજીના મંત્રીઓમાં શ્રેષ્ઠ, સિંદૂરથી લેપાયમાન શરીરવાળા, બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ, એવા ભગવાન શ્રી રામચંદ્રજીના દૂત હે હનુમાનજી ! મારા કષ્ટનું નિવારણ કરો. (૫૪) રાવણે સીતાજીના કરેલા અપહરણથી શ્રીરામચંદ્રજીને થયેલા ભારે દુઃખને નિવારવામાં એકમાત્ર મુખ્ય સહાય કરનારા, રાક્ષસોના સમૂહને હણનારા, રાવણની રાજધાની લંકાનગરીને બાળનારા એવા શ્રી રામચંદ્રજીના દૂત હે હનુમાનજી ! મારા કષ્ટનું નિવારણ કરો. (૫૫) જેનો પ્રતિકાર કરવાનું ખૂબ મુશ્કેલ છે એવી રાવણે છોડેલી શક્તિના પ્રહારથી, લક્ષ્મણજીના પ્રાણ કંઠે આવી ગયા હતા; એવા લક્ષ્મણજીના સુખ માટે સંજીવની ઔષધી લાવનારા અને દ્રોણાચલ નામના પર્વતને ઉપાડી લાવીને જેમણે રામપક્ષના સૌને ખૂબ આનંદિત કર્યા હતા એવા શ્રી રામચંદ્રજીના દૂત હે હનુમાનજી ! મારા કષ્ટનું નિવારણ કરો. (૫૬) રામચંદ્રજીના વિયોગરૂપી દુઃખસાગરમાં ડૂબેલા ભરતજીને ભગવાન અયોધ્યા પાછા આવી રહ્યા છે એવા સંદેશારૂપી નૌકા આપીને દુઃખ દૂર કરનારા, અને ભરતે જેમને ભારે પુરસ્કાર આપેલો છે તેવા અને જેમનું ચિત્ત ભગવાન રામના ચરણકમળમાં ભમરાની પેઠે સદા આસક્ત રહે છે એવા શ્રી રામચંદ્રજીના દૂત હે હનુમાનજી ! મારા કષ્ટનું નિવારણ કરો. (૫૭) વાયુના અવતારરૂપ કેસરી નામના મહાકપિરાજ તથા તેમનાં પત્ની અંજનિ એ બંનેના વિશાળ તપના ફળસ્વરૂપે પુત્રરૂપે પ્રગટ થયેલા એવા, અને શરીરબળ અને વેગની તીવ્રતામાં ગરુડની ઉપમા આપી શકાય એવા રામચંદ્રજીના દૂત હે હનુમાનજી ! મારા કષ્ટનું નિવારણ કરો. (૫૮) મંત્રાભિચાર કરનાર માણસોએ પ્રેરેલા વીર અને કૃત્યાઓને ક્રોધથી લાલ થયેલાં નેત્રોની દૃષ્ટિમાત્રથી જ નસાડી મૂકનારા, જેમની સામે નજર માંડી શકાય નહિ એવી

ઉગ્ર તેજસ્વી દૃષ્ટિવાળા, અને રોગ વિનાશક, ઉત્તમ પુત્રદાતા અને ધનદાતા છે મંત્રજપ જેમનો એવા શ્રી રામચંદ્રજીના દૂત હે હનુમાનજી ! મારા કષ્ટનું નિવારણ કરો. (૫૯) તમારા નામના અલ્પપદ શ્રવણમાત્રથી પણ જે બ્રહ્મરાક્ષસ, પિશાચ ગણો, ભૂત, અને મારિકાઓ તે બધા ભયભીત થઈને દૂર નાસી જાય છે એવા શ્રી રામચંદ્રજીના દૂત હે હનુમાનજી ! મારા સંકટનું નિવારણ કરો. (૬૦) હે પૂર્ણકામ ! તમો ભક્તોના મનોરથો પૂર્ણ કરવામાં શક્તિમાન છો. તેથી મદોન્મત્ત શત્રુઓના ભયથી પીડા પામીને દીન બની ગયેલ મારું મનોવાંછિત પૂર્ણ કરો. શ્રીરામચંદ્રજીના દૂત હે હનુમાનજી ! મારા કષ્ટનું નિવારણ કરો.'' (૬૧) હે રાજન્ ! આ પ્રમાણે તે (ધર્મદેવ) નિયમિત વ્રતવાળા થઈ સમગ્ર સંકટને હરનારા આ સ્તોત્રવડે હનુમાનજીની સ્તુતિ કરતા હતા. (૬૨) તે ધર્મદેવ પત્નીએ સહિત કોઈક સમયે ફળ અને કંદનું જ ભક્ષણ કરતા, કોઈક સમયે માત્ર શાક તો કોઈ સમયે કેવળ જલાહાર તો કોઈ વખત નિરાહાર રહેતા હતા. (૬૩) (પુરશ્ચરણ પ્રારંભમાં દિવસથી) બીજા માસના અંતે હનુમાનજીએ સ્વપ્નમાં આવી ધર્મદેવને સાક્ષાત્ દર્શન આપ્યા અને પ્રસન્ન ચિત્તવાળા હનુમાનજી બોલ્યા : (૬૪) ''હે ધર્મ ! હું તમારા પર પ્રસન્ન થયો છું. તમો તત્કાળ દુઃખથી મુક્ત થશો. તમો વૃંદાવનમાં જાઓ. ત્યાં પૂર્વજન્મના મિત્રોનો સમાગમ પામશો. (૬૫) હે દ્વિજોત્તમ ! ત્યાં (વૃંદાવનમાં) સ્વસમાન અસુરોથી પીડા પામેલા મરીચિ આદિ મિત્રો સાથે મળીને તમો વિષ્ણુયાગ કરો.'' (૬૬) આ પ્રમાણે કહી મારુતિ અંતર્ધાન થઈ ગયા. પછી હર્ષિત થઈ ગયે ધર્મદેવ જાગૃત થયા અને સ્વપ્નમાં ઘટેલી ઘટનાને સત્ય માનવા લાગ્યા. (૬૭) પ્રાતઃકાળમાં તે ધર્મદેવ વ્રતની સમાપ્તિ કરીને પુત્રને મામાને ઘેર મૂકી ભાર્યાની સાથે વૃંદાવન જવા નીકળ્યા. (૬૮) અસુરો પાછળ પડશે એમ ભય પામેલા તેથી ઘેરથી ગુપ્તપણે નીકળેલા અને માર્ગમાં સહાય તથા ભાતા વગરના બંને ભયપૂર્વક ચાલતા હતા. (૬૯) જાડા અને સાંધેલા વસ્ત્રોવાળાં, કૃશ શરીરવાળાં, મધુર વાણીવાળાં, જગતનાં માતાપિતા એવાં ધર્મ-ભક્તિ નૈમિષારણ્ય ક્ષેત્ર તરફ જતાં હતાં. (૭૦) હે રાજન્ ! ધૈર્યવાળાં તે ધર્મ ભક્તિ દશમા દિવસે નૈમિષારણ્ય પહોંચ્યા. ત્યાં શક્તિ અનુસાર તીર્થવિધિ કરતા હતા. (૭૧) વૃંદાવનવિહારી શ્રી કૃષ્ણનું હૃદયમાં ચિંતવન કરતા અને અયાચકવ્રતવાળા તેઓ બંને વ્રજભૂમિમાં પહોંચ્યા. (૭૨) હે રાજન્ ! ભગવાનના ફૂલડોળના ઉત્સવના દર્શન કરવા જતા મનુષ્યોના સમુદાયોનો સંગ પણ તે સંઘમાં રહેલ અસુરોની શંકાથી તેઓ માર્ગમાં કરતા નહોતા. (૭૩) હે રાજન્ ! ધર્મ પોતાની પત્ની ભક્તિ સાથે ધીમે ધીમે ચાલતા એક મહિને દોલોત્સવના દિવસે પવિત્ર વૃંદાવનમાં પહોંચ્યા. (૭૪) દેશાંતરથી આવતા જનસમૂહોએ પૂજા કરાતા, ગોવર્ધન પર્વતમાં પુષ્પમય હિંડોળામાં બિરાજમાન, અર્ચાસ્વરૂપ શ્રી બાલકૃષ્ણને જોઈ ધર્મદેવે તેમની પૂજા કરી અને ગોવર્ધન પર્વતની વિચિત્ર શોભા જોઈ વિધિપૂર્વક તે ગોવર્ધનની પ્રદક્ષિણા કરી. (૭૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
ભક્તિધર્મનું વૃંદાવનમાં આગમન નામે સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

●

## અધ્યાય-૧૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યાં પુષ્પદોલોત્સવ જોવા માટે દેશાંતરોથી સ્ત્રીઓ સહિત હજારો માણસો આવ્યા હતા. (૧) દુર્વાસાના શાપથી જે મુનિઓ પૃથ્વી ઉપર મનુષ્યોમાં ઉત્પન્ન થયેલા તેઓ અસુરો થકી ઘણા પ્રકારે પીડા પામેલા, જ્યાં ત્યાં ભમતા ભમતા, વૃંદાવનમાં આવ્યા. (૨) શ્રીકૃષ્ણની ઈચ્છાથી પૂર્વજન્મની સ્મૃતિ પામેલા માટે જ પરસ્પરને જાણી ગયેલા, અને લોકોએ જેમના સ્વરૂપને જાણ્યું નથી એવા દૈવ ઈચ્છાથી એક જ સ્થળે (વૃંદાવનમાં) ભેગા થયેલા હતા. (૩) પછી ગોવર્ધન પર્વતની પ્રદક્ષિણા કરતા તે ધર્મદેવે પરિક્રમા કરતા મુનિઓને માર્ગમાં મળીને અસાધારણ લક્ષણો વડે આ મુનિઓ છે તેમ જાણ્યું. મનુષ્યદેહધારી મુનિઓએ આ ધર્મદેવ છે એમ જાણ્યું. (૪) તે બધાં પરસ્પર મળીને પોતપોતાના જન્મથી આરંભીને પોતપોતાનું સમગ્ર વૃત્તાંત કહેવા લાગ્યા અને અસુર સમૂહથી થયેલ કષ્ટને કહેવા લાગ્યા. (૫) તે સમયે ધર્મદેવે બ્રાહ્મણોનું કષ્ટ સાંભળીને, બ્રાહ્મણોએ ધર્મદેવનું કષ્ટ સાંભળીને પરસ્પર દુઃખી થઈ ગયા. પછી મુનિઓ ધર્મ પ્રત્યે આ વચન બોલ્યા. (૬) આ લોકમાં આપણે બધાએ રૂદ્રાંશ દુર્વાસામુનિના શાપથી અસુરોથી ઘોર દુઃખ પ્રાપ્ત કર્યું. હવે તે દુઃખનો દુર્વાસાએ કહેલો અંત ક્યારે જોઈશું ? (૭) ધર્મદેવ ઋષિઓ પ્રત્યે બોલ્યા : હે દ્વિજો ! તે મુનિનું વાક્ય મિથ્યા નહિ થાય. તેથી ધીરજ રાખી ભગવાનનાં દર્શન થાય ત્યાં સુધી આપણે દુઃખ સહન કરવું પડશે. (૮) અહીં આપણે હનુમાનજીએ કહેલો ઉપાય જ કરવો જોઈએ. જેના વડે સંતુષ્ટ થયેલા સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન જલદી પ્રગટ થઈ પોતાનું સાક્ષાત્ દર્શન આપે. (૯) હે મુનિજનો ! હું વિધિપૂર્વક શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રનું પુરશ્ચરણ કરું અને તમે તેના અંગભૂત (શ્રીમદ્ ભાગવતના પાઠ વગેરેનું) અનુષ્ઠાન કરો. (૧૦) હે રાજન્ ! ધર્મદેવનું આ વચન સાંભળી આનંદિત થયેલા તે મુનિઓ, 'આ ધર્મદેવે કહ્યું છે તે પ્રમાણે જ કરવું' એમ નિશ્ચય કરતા હતા. (૧૧) હવે તે ફાગણવદી બીજ ગુરુવાર અને હસ્ત નક્ષત્રમાં શ્રી વિષ્ણુયાગનો આરંભ કરતા હતા. (૧૨) ત્યાં યજમાન તરીકે ધર્મદેવે પ્રથમ યથાશાસ્ત્ર અને યથાશક્તિ શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રના પુરશ્ચરણનો પ્રારંભ કર્યો. (૧૩) પછી કેટલાક ઋષિઓ પુરશ્ચરણ વિધિથી સાત સાત દિવસે શ્રીમદ્ ભાગવતનો આદરપૂર્વક પાઠ કરતા હતા. (૧૪) કેટલાક મુનિજનો મહાભારતમાં રહેલી ભગવીતાનો પાઠ કરવા લાગ્યા, કેટલાક મુનિઓ વાસુદેવ માહાત્મ્યનો પાઠ કરવા લાગ્યા. (૧૫) કેટલાક મુનિજનો વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનો પાઠ કરવા લાગ્યા, કેટલાક મુનિજનો વિષ્ણુગાયત્રીનો યથાવિધિ જપ કરવા લાગ્યા. (૧૬) કેટલાક મુનિજનો ઉત્તર દિશા તરફ મુખ રાખીને શ્રી નારાયણ કવચનો પાઠ કરવા લાગ્યા તથા કેટલાક કૃષ્ણનું 'શ્રીકૃષ્ણ' એવું ભગવન્નામસ્મરણ જ કરવા લાગ્યા. (૧૭) શ્રીમદ્ ભાગવતમાં રહેલી રાસલીલાના વર્ણનવાળી પંચાધ્યાયીનો દૃઢ બુદ્ધિવાળાં ભક્તિદેવી હંમેશાં પાઠ કરતાં હતાં. (૧૮) રાતે સમગ્રજનો ઊંઘી ગયા બાદ તે બધાં (ધર્મ અને

મુનિઓ) ભેગા મળીને વીણા-મૃદંગ તાલ સહિત ગીતગોવિંદ (નામની અષ્ટપદી)નું ગાન કરતા હતા. (૧૯) હે નૃપોત્તમ ! આ પ્રમાણે કૃષ્ણનું સમારાધન કરતાં, તપથી કૃશ થઈ ગયેલા અંગોવાળા, અસુરોથી દુઃખ પામેલા ધર્માદિકને પ્રભુ દર્શન દેવાની ઇચ્છા કરતા હતા. (૨૦) પછી વૈશાખ સુદ અગિયારસ-મોહિની એકાદશીને દિવસે પ્રેમ અને કરુણાથી પૂર્ણ દર્શન આપવાની ઇચ્છા કરી. (૨૧) શ્રીકૃષ્ણની મહાપૂજા કરીને રાત્રિમાં જાગરણ કરતા તે ધર્માદિ સર્વે બ્રાહ્મમુહૂર્તમાં એકાએક સચ્ચિદાનંદ સ્વરૂપ, કોટાનુકોટિ સૂર્ય-ચંદ્ર સમાન કાંતિવાળા મહાતેજને જોયું, તે તેજમાં (મુક્તોથી) સંપૂજ્યમાન છે ચરણકમળ જેમના એવા તે શ્રીકૃષ્ણને જોયા. (૨૨-૨૩) તે પ્રભુ નવીન મેઘ સમાન સુંદર મૂર્તિવાળા, અતિ તેજથી શ્વેત કાંતિવાળા, કોટિ કામદેવને પણ મોહ પમાડનાર રૂપવાળા, અગ્નિમાં તપાવેલ સુવર્ણસમાન કાંતિમાન પીળા વસ્ત્રવાળા, બંને હસ્તકમળ વડે પાકા ગિલોડા સમાન મનોહર નીચલા હોઠ ઉપર મૂકીને સ્વરભેદોથી અનેક પ્રકારે સુંદર વેણુને વગાડતા અને નટરાજ સમાન સુંદર વેશવાળા, અનેકવિધ રત્નોની પંક્તિઓથી ચિત્રવિચિત્ર મુગટવાળા મત્સ્યરાજ સમાન કુંડળોથી શોભાયમાન, મોટા ગોળ મોતીઓની માળાવાળા, સુંદર સુગંધિત ફૂલોના ઉત્તમ હારવાળા, લલાટમાં કેસરની અર્ચાતિલક વડે મનોહર દેખાતા, લટકતા એકસરખા સુંદર તોરાઓની પંક્તિઓવાળા, સુવર્ણ અને રત્નમય અનેક આભૂષણો ધારણ કરેલા, શરદના પૂર્ણચંદ્ર સમાન મુખકમળવાળા, શરદ ઋતુમાં નવીન ખીલેલાં કમળપત્ર સમાન દીર્ઘ વિશાળ નેત્રોવાળા, સૂક્ષ્મ વાંકા અને કોમળ શ્યામ કેશવાળા, તથા જેમના સમગ્ર અવયવોની કાંતિ દર્શનીય છે એવા હતા. (૨૪-૨૮) તથા રુક્મિણી, રાધા, લક્ષ્મણા, સત્યભામા, સત્યા, ભદ્રા, જાંબવતી, કાલિંદી વગેરે પટરાણીઓથી જેમના ચરણકમળ પ્રેમથી પૂજાય છે તેવા અને તે સ્ત્રીઓના મનને દૃષ્ટિમાત્રથી હરણ કરનારા. (૨૯) વળી નંદરાજ, બલરામ, યશોદા, દેવકી, વસુદેવ અને નંદા, સુનંદા, સુરભિ વગેરે ગાયોએ પણ સ્નેહપૂર્વક નીરખેલા, (૩૦) તથા શૃંગારોચિત કેસર, કુંકુમ, પુષ્પહાર વગેરે દ્રવ્યો જેમના હાથમાં છે એવા અનેક ગોપાંગનાઓના સમૂહોથી ચારે બાજુ જોવાતા મુખકમળમાં સુશોભિત મંદહાસ્ય વડે આનંદિત કરેલ છે ભક્તસમૂહ જેમણે એવા તે શ્રીકૃષ્ણ હતા. (૩૧) તે ધર્માદિક પરમાત્માને જોઈને પરમાનંદ પામી આશ્ચર્ય સહિત પૃથ્વી પર દંડવત્ પ્રણામ કરી બંને હાથ જોડી ઊભા રહેતા હતા. (૩૨) તે વખતે ઇન્દ્રિયોની વૃત્તિઓ તો આકર્ષાઈ તે ભગવાનની મૂર્તિમાં જ સ્થિર થઈ જતી હતી તેથી તે બધા કાષ્ઠપ્રતિમાની માફક નિશ્ચેષ્ટ બની ગયા. (૩૩) આમ, કૃષ્ણની ઇચ્છાથી જ બે ઘડી સુધી ઊભા રહેતા હતા. પછી ફરીથી પૂર્વની માફક જ દેહની સ્મૃતિને પામી જતા હતા. ત્યારબાદ તે શ્રીકૃષ્ણની આગળ ઊભેલા ધર્મદેવ મુનિઓ સાથે તે ઈશ્વરમૂર્તિ શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. (૩૪)

ઇતિશ્રી સત્સગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
વિષ્ણુયાગારાધિત શ્રીકૃષ્ણ દર્શનાનંદનિરૂપણ નામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

●

# અધ્યાય-૧૯

**ધર્મદેવ બોલ્યા :**

"હે ભગવન્ ! મનુષ્યોના સઘળા પાપ સમુદાયોનો નાશ કરવામાં શક્તિમાન, અને સર્વ આપત્તિઓનો તત્કાળ નિવારણ કરનાર એવું આપનું દર્શન હમણાં અમે અહીં પ્રાપ્ત કર્યું છે. (૧) હે હરે ! અનંત કોટિ બ્રહ્માંડના તમે ઈશ્વર છો. તેથી અનાદિકાળથી આવેલું માયાનું બંધન તેને પણ હરનારા છો. ક્ષર-અક્ષરથી પર છો તેથી પુરુષોત્તમ છો. (૨) હે વિભો ! મૂળ પ્રકૃતિથી પર વિશાળ અને અવિનાશી અક્ષર નામનું તમારું ધામ છે. અતિશય તેજસ્વી એવા તે ધામમાં તમે સમગ્ર ઐશ્વર્ય અને શક્તિ સહિત સદૈવ વિરાજો છે. (૩) હે સર્વ કારણ પ્રભો ! વાસુદેવાદિ પ્રસિદ્ધ ચતુર્વ્યુહ આદિ અવતાર સ્વરૂપોને ધરનારા પણ તમે જ છો. તેથી અભિજ્ઞ એવા સર્વ એકાંતિક ભક્તો પણ તમારું વિધિપૂર્વક પૂજન કરે છે. (૪) બ્રહ્મા-વિષ્ણુ અને શિવની આકૃતિ ધારીને જગતની ઉત્પત્તિ, પાલન અને સંહારને પણ આપ ઈશ્વર જ કરો છો. સર્વે શ્રુતિસ્મૃતિઓ આપની જ એક કીર્તિ પ્રતિપાદન કરે છે. (૫) હે શ્રીહરિ ! અનેક અધર્મ માર્ગો વડે જ્યારે ધર્મમાર્ગો ક્ષીણતા પ્રાપ્ત કરે છે ત્યારે આ લોકમાં ધર્મમાર્ગો તેમ જ સજ્જનો તથા દેવોનું રક્ષણ કરવા અનેક અવતાર સ્વરૂપે આપ પ્રગટ થાઓ છો. (૬) હે ભગવન્ ! પહેલા પ્રલયના અંતે તમે મત્સ્યરૂપે પ્રગટ થઈ આદિ દૈત્ય (હયગ્રીવ) પાસેથી વેદો પાછા લાવ્યા હતા તથા કૂર્મ રૂપે તમે પીઠ ઉપર મંદરાચલ પર્વતને ધારણ કર્યો હતો. (૭) હે ભગવન્ ! તમે જ વરાહરૂપે દઢના અગ્રભાગ વડે સમુદ્રમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો અને તમે જ નરસિંહ સ્વરૂપ ધારણ કરીને મૃત્યુને જીતનાર દૈત્યરાજ (હિરણ્યકશ્યપુ)ને માર્યો હતો." (૮) "હે ભગવન્ ! વામન સ્વરૂપે તમે આશ્ચર્યકારી ત્રણ પગલાંના મિષથી બલિરાજાને છેતર્યો હતો તથા આપે જમદગ્નિના પુત્રરૂપે પૃથ્વીને રાજવંશ રહિત કરી હતી. (૯) હે ભગવન્ ! પૂર્વે તમે રઘુવંશમાં રામરૂપે પ્રગટ થઈ સમુદ્રમાં સેતુ બાંધી અતિ બળવાન રાક્ષસોના સમૂહોના નિયંતા તથા લોકોને પીડા આપનાર રાવણને હણ્યો હતો. (૧૦) પ્રથમ વસુદેવ અને દેવકીના પુત્રપણાને પામી કૃષ્ણસ્વરૂપે વ્રજમાં આવતા હતા. ત્યારબાદ તમે ગાયો, ગોવાળો, ગોપીઓ અને વ્રજવાસી લોકોનાં ઘણાં જ દુઃખો દૂર કરવા યમુના કિનારે વિહાર કરતા હતા. (૧૧) એટલા માટે ગોપીજનના પ્રિય એવા તમે કંસે મોકલેલા અનેક દૈત્યોને મારીને ફરીથી જન્મભૂમિ (મથુરા) જઈને સાધુજનના દ્રોહી, ઉગ્રસેનના પુત્ર મામાકંસને મારતા હતા. (૧૨) હે ભગવન્ ! પછી તમે દ્વારકામાં આવી પોતાના અનેક રૂપને આવિર્ભાવ પમાડી રુક્મિણી આદિ સ્ત્રીઓને પરણી ધરણી ઉપર ભારરૂપ ધર્મદ્રોહી અસુરોને મારી-મરાવીને ધર્મનો વિસ્તાર કરતા હતા. (૧૩) પછી હે ભૂમન્ ! હસ્તિનાપુર, ઈન્દ્રપ્રસ્થ વગેરે સ્થાનોમાં પોતાના અતિશય પ્રિય નરાવતાર અર્જુન સાથે વિહાર કરતા કરતા હે સ્વામિન્ ! સર્વેશ્વર અને સર્વનિયામક એવા તમો દ્રૌપદી સહિત સર્વ પાંડુપુત્રોનું પ્રિય કરતા હતા. (૧૪) તમે બુદ્ધાવતાર ધારણ કરી દૈત્યોને મોહ પમાડ્યો હતો અને હવે પછી હે પ્રભુ ! કળિયુગના અંતે તમે પૃથ્વી ઉપર કલ્કિસ્વરૂપે દુષ્ટજનોનો

વિનાશ કરશો. (૧૫) હે નાથ ! આ પૃથ્વી ઉપર વારંવાર પ્રગટ થઈને પોતાના ભક્તજનોના કષ્ટ તમે જ દૂર કરો છો. તમે બ્રાહ્મણોનું હિત કરનારાઓમાં દેવ સમાન છો અને સદા સ્વતંત્ર છો. આથી હાલમાં આપ અમારા ઉપર કરુણા કરો.'' (૧૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રમાણે મુનિઓની સાથે શ્રી પુરુષોત્તમની સ્તુતિ કરી પ્રત્યક્ષ ભગવાનનાં દર્શનથી આનંદજન્ય આંસુઓથી વ્યાપ્ત નેત્રવાળા દેવશર્મા મૌન થયા. (૧૭) ત્યારબાદ ભક્તિદેવી પણ દિવ્ય શરીરવાળા શ્રીકૃષ્ણને પ્રત્યક્ષ જોઈને આનંદપૂર્વક બે હાથ જોડીને પ્રણામ કરવા લાગ્યાં. (૧૮) પછી તે પ્રભુનું વૃંદાવનમાં ભક્તાધીનપણું સ્મરણ કરતાં અને રોમાંચિત અંગોવાળાં, પ્રેમનાં આંસુપૂર્ણ નેત્રવાળાં તે ભક્તિદેવી ગદ્‌ગદ્ વાણીથી સ્તુતિ કરવા લાગ્યાં. (૧૯)

**ભક્તિદેવી બોલ્યા :**

હે આનંદસ્વરૂપ અને આનંદદાતા, દયાળુ અને વંદન કરનારને કલ્પવૃક્ષ સમાન ચરણકમળવાળા અને સર્વદા ભક્તવૃંદને આનંદિત કરનારા નંદ ગોપના નંદનપુત્ર તમને હું વંદન કરું છું. (૨૦) પોતાના ભક્તોને મુક્તિ આપનારા, આનંદના નિધિ, નંદના ઘેર રહીને 'હે મા મને માખણ આપો' આ પ્રમાણે કાલી કાલી ભાષા ઊંચા સ્વરે બોલતા આનંદ પમાડતા યશોદાના ખોળામાં રહેલા અને ઉપનિષદો જેને બ્રહ્મ કહે છે એવા તમોને હું વંદન કરું છું. (૨૧) જે તમો માખણની ચોરી નિમિત્તે ગુસ્સે ભરાયેલા યશોદા માતાએ ખાંડણિયા સાથે બાંધેલા તે સમયે ભય અને શરમથી નીચું જોઈ ગયેલાં, બંને નેત્રોમાં આંસુવાળા થયેલાં નેત્રોથી ભયપૂર્વક માતા સામે જોતા એવા તમોને ભજું છું. (૨૨) તમે ગોપિકાઓની સાથે પ્રોત્સાહિત થઈને ગાતા હતા, વારંવાર નૃત્ય કરતા હતા. તથા ગોપિકાઓથી આજ્ઞાથી ભાણું, બાજોઠ અને ચાખડીઓ આ વસ્તુઓને લાવી આપતા હતા અને ગોપીઓની આગળ હાથ ફેલાવીને હસ્તચાલન કરતા હતા એવા તમને વંદન કરું છું. (૨૩) ગોપબાળકો સાથે ખેલકૂદ કરતા, ગાયો અને વાછરડાં ચારવામાં તત્પર એવા તથા વાંસળીના શબ્દથી ગાયોના ધણને આનંદિત કરનારા તથા વાંદરાઓને નચાવનારા તમને નમસ્કાર કરું છું. (૨૪) ''વૃંદાવનમાં ગાયોના ધણને ચારનારા, ગોવર્ધનને ધારણ કરી ગોકુળની રક્ષા કરનારા, ગોપીજનોના પ્રિય, રાધારમણ એવા કૃષ્ણ તમોને નમસ્કાર હો. (૨૫) પોતાની દૃષ્ટિમાત્રથી ચરાચર પ્રાણીમાત્રનો ઉદ્ધાર કરનાર, હણવા માટે ઈચ્છતા અસુરનો પણ ઉદ્ધાર કરનારા, પાપના સમૂહોનો તત્કાળ નાશ કરનાર નામ છે જેમનું એવા ખભા ઉપર ગાયોને બાંધવાનું દોરડું (નેતરું) રાખનારા તમને મારા નમસ્કાર હો. (૨૬) જે તમે પૂર્ણ ચંદ્રમાથી રમણીય વૃંદાવનમાં શરદઋતુની સર્વ રાત્રિઓમાં અનેક ગોપવધૂઓ સાથે જેટલી ગોપિકા તેટલા સ્વરૂપે થઈને રાસ રમતા હતા તેવા તમને નમસ્કાર કરું છું. (૨૭) હે નાથ ! બ્રહ્મા, શિવ, ઈન્દ્ર, ચંદ્ર, બ્રૃહસ્પતિ વગેરે બ્રહ્મર્ષિઓને જીતવાથી મહાગર્વથી પરિપૂર્ણ થયેલો એણે તેથી જ (આપના પ્રત્યે) વક્રદૃષ્ટિથી જોતો, આપને રાસોત્સવમાં જીતવાની ઈચ્છાથી આવેલો કામદેવ તેને તમોએ આહીરોની સ્ત્રીઓ જે ગોપિકાઓ

તેમની સાથે શૃંગારશાસ્ત્રમાં કહેલી લીલાઓને કરતા થકા જ જીતી લીધો. એવા તમારા જ શરણને હું પામી છું.'' (૨૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે પ્રેમવતી પણ શ્રીકૃષ્ણની સ્તુતિ અને નમસ્કાર કરી વિરામ પામ્યાં તે સમયે ભગવાન ધર્માદિક પ્રત્યે બોલ્યા : હે ભક્તો ! પ્રસન્ન થયેલા મારી પાસેથી તમે ઇચ્છિત વરદાન માગો.' (૨૯) ત્યારે ધર્મદેવ એમ બોલ્યા કે હે ભગવન્ ! મનુષ્યવેષમાં રહેલા અસુરોએ ઘણા ઉપદ્રવ કર્યા છે તેથી અમે બધા મહાકરુણાવાળા આપને શરણે આવ્યા છીએ. (૩૦) તેથી હે શરણાગત વત્સલ કૃષ્ણ ! તે અસુરોથી ભય પામેલા તમારા આશ્રિત એવા તમારું રક્ષણ કરવા માટે તમારા સિવાય બીજું કોઈ નથી.'' (૩૧) આ પ્રમાણે બોલતા અને બંને હાથ જોડેલા ધર્મને શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા : ''હે ધર્મ ! તમે બધા દુષ્ટ અસુરોથી ભય પામશો નહિ. (૩૨) તમોને અતિશય પીડા આપનારા આ સર્વ અસુરો પૂર્વે મારા વિશે જ વૈર બાંધેલા હોવાથી મારા પરાભવની કામના કરનારા છો. (૩૩) તેથી તમને મારા જાણીને વિશેષપણે પીડે છે. સુરા-માંસના નૈવેદ્યોથી સત્ત્વપ્રધાન દેવોને પણ પીડે છે. (૩૪) પૃથ્વીના ભારરૂપ અને કપટથી આચ્છાદિત-ક્રિયાઓવાળા તે અસુરો મારા સિવાય અન્યથી નિશ્ચય પરાભવ પમાડવા શક્ય નથી. (૩૫) હે ધર્મ ! આથી હું પણ તમારા દંપતીના પુત્રપણાને પામીને તે અસુરોનો વિનાશ કરીશ એમાં સંશય નથી. (૩૬) બદરિકાશ્રમમાં તમારી સર્વેની સાથે હું પણ દુર્વાસામુનિ દ્વારા શાપ પામેલો છું માટે હું મનુષ્યજન્મ ધારણ કરીશ. (૩૭) હે ધર્મદેવ ! આ લોકમાં હરિ નામે પ્રસિદ્ધ થઈશ અને પત્ની સહિત તમારી, મુનિઓની અને દેવતાઓની અસુરો થકી રક્ષા કરીશ. (૩૮) જેવી રીતે આ બધા ભક્તોની સાથે હું અહીં સદૈવ ક્રીડા કરું છુ. તેવી જ રીતે પૃથ્વી ઉપર ભ્રમણ કરતો હું તમારી સાથે પણ ક્રીડા કરીશ. (૩૯) હે નિષ્પાપ ! આજથી આરંભીને તમારું દારિદ્રય પણ નાશ પામશે અને હવેથી ધનધાન્ય વગેરે તમારી સંપત્તિ અગાઉ કરતાં પણ અધિક થશે. (૪૦) હું દુર્વાસામુનિના શાપથી તમને જલદી મુક્ત કરીશ અને ક્ષીણ થયેલા એકાંતિક ધર્મને સર્વપ્રકારે વિસ્તારીશ. (૪૧) આ લોકમાં જે પુરુષો તમારી માફક મારા મંત્રનો જપ કરશે અને શ્રીમદ્ ભાગવત પુરાણનો વિધિપૂર્વક પાઠ કરશે. (૪૨) તેમના સર્વ મનોરથો નિશ્ચિતપણે સિદ્ધ થશે અને દેહ છૂટ્યા પછી મારા પરમધામને અવશ્ય પ્રાપ્ત કરશે. (૪૩) તે પુરુષો મારા શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોકમાં જે ઐશ્વર્યો અને ભોગો રહેલા છે તે બધાને નિશ્ચય પામશે.'' (૪૪) હે રાજન્ ! જેમણે કરુણા કરી છે તેવા શ્રીકૃષ્ણ ભગવાન ઋષિગણ સહિત ધર્મદેવને આ પ્રમાણે કહીને અહીંયાં અંતર્ધાન થઈ ગયા. પછી ઋષિઓની સાથે ધર્મદેવે પ્રસન્ન થઈને પુરશ્ચરણનો વિધિ સમાપ્ત કર્યો. (૪૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ધર્માદિકૃત શ્રીકૃષ્ણસ્તુતિ-વરપ્રદાનનિરૂપણ નામે ઓગણીશમો અધ્યાય થયો. ॥૧૯॥

●

## અધ્યાય-૨૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીકૃષ્ણના દર્શનથી ખૂબ આનંદવાળા થયેલા તે ધર્મ વગેરેએ જપાત્મક વિષ્ણુયાગ યથાશક્તિ સમાપ્ત કરી પારણાં-ભોજન કર્યું. (૧) પછી તે બધા એકાંત સ્થળમાં એકત્રિત થઈ પરસ્પર સંકેત કરતા હતા કે આપણો આ વૃત્તાંત ક્યારેય પણ કોઈની આગળ કહેવો નહિ. (૨) આ લોકમાં શ્રીકૃષ્ણ પ્રગટ થયા પછી તો તે વૃત્તાંત ગુપ્ત રાખવા કોણ શક્તિમાન થઈ શકે તેમ છે ? કોઈ નથી. પરંતુ ત્યારે તો કોઈ ચિંતા જ નથી કારણ કે તેઓ સર્વના અધીશ્વર છે. (૩) આ પ્રમાણે સંકેત કરી પરસ્પર મળી,નમસ્કાર કરી, તે સર્વે વૃંદાવનથી પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા. (૪) હે રાજન્! તે મહર્ષિઓ તથા ધર્મદેવને પૂર્વજન્મનું સ્મરણ તો શ્રીહરિની ઈચ્છાથી કોઈક સમયે જ રહેલું હતું પણ સર્વદા રહેતું ન હતું. (૫) પત્નીએ સહિત થયેલા પૂર્ણ મનોરથવાળા તેથી પ્રસન્ન ચિત્રવાળા ધર્મદેવ પોતાના ગામ પ્રત્યે જતા ફરીથી તે નૈમિષારણ્ય ક્ષેત્રને પામતા હતા. (૬) વૃક્ષોના સમુદાયોથી ઘાટા તે અરણ્યમાં ફરતાં તે ધર્મદેવ અને ભક્તિદેવી કેટલાક અસુરોને જોઈને તે માર્ગનો ત્યાગ કરતા હતા. (૭) ગહન વનમાં ફરતાં ધર્મ અને ભક્તિ પ્રસિદ્ધ એવા રાજમાર્ગનું ભાન ભૂલી જતાં હતાં. એટલામાં સૂર્ય પણ અસ્ત પામ્યો. વચ્ચે કોઈ ગામ પણ ન આવ્યું. (૮) હે રાજન્ ! અતિ ધૈર્યવાળાં, ભૂખ્યાં અને તરસ્યાં, ભક્તિ-ધર્મ બંને જણ, 'આપણે અંધારામાં કયાં જઈશું' એમ વિચારીને ત્યાં જ રોકાયાં. (૯) ત્યાં તેઓ બંને દૈવ ઈચ્છાથી સમીપમાં આવેલા કોઈ એક તપસ્વીને જોતાં હતા. શ્યામ વર્ણવાળો લાલ વિસ્તૃત નેત્રવાળો, જટાધારી, અતિ ભયાનક શરીરવાળો અને ઊંચો, માથામાં ટાલવાળો, વર્ણિવેશને ધારણ કરેલા પુરુષને જોઈને આ કોઈ સિદ્ધ છે એમ જાણીને પ્રણામ કરી ધર્મ તેમની આગળ હાથ જોડી ઊભા રહ્યા. તે સમયે તપસ્વી પુરુષ ધર્મને કહેવા લાગ્યો : (૧૦-૧૧) આ દુર્ગમ વનમાં સંધ્યા સમયે પત્નીએ સહિત કોણ તમે ફરો છો ? માટે તમે ધૈર્યવાન પુરુષ છો. આ બધું તત્કાળ યથાર્થ તમે કહો.' ત્યારે ધર્મે કહ્યું : (૧૨) 'હે વર્ણિન્ ! હું કોશલ દેશમાં જન્મેલો દેવશર્મા નામનો બ્રાહ્મણ છું. શત્રુઓના ભયથી અતિ દુઃખ પામેલો તેથી ખૂબ જ દરિદ્રી થઈ ગયેલો હોવાથી ઘરનો ત્યાગ કરી વૃંદાવન ક્ષેત્રમાં ગયો હતો. (૧૩) ત્યાં જપાત્મક વિષ્ણુયાગના અનુષ્ઠાનથી શ્રીકૃષ્ણની આરાધના કરી વરદાન પામી ઘેર જતાં દૈવવશાત્ માર્ગ ભૂલી જવાથી વનમાં ભમતો હતો એટલામાં તમને જોઈને આનંદિત થયેલો છું. (૧૪) કૃષ્ણના નામ-સ્મરણથી જ જેને ક્રોધ ઉત્પન્ન થયો છે એવા તે વર્ણિ ધર્મ પ્રત્યે ફરીથી કહેવા લાગ્યા કે તમે કૃષ્ણ પાસેથી શું વરદાન પામ્યા છો ? એ તમે કહો ત્યારે ધર્મદેવ પણ તપસ્વીને કહેવા લાગ્યા : (૧૫) 'પ્રસન્ન થયેલા કૃષ્ણને અસુરોએ કરેલું સર્વ પોતાનું દુઃખ કહ્યું ત્યારે કૃષ્ણ મારા પ્રત્યે બોલ્યા કે પૃથ્વી ઉપર તમારા શત્રુઓ બધા અસુરો છે. (૧૬) આ અસુરો પૂર્વે કળિના અંશથી અવતરેલા દુર્યોધનના સહાયકો હતા. તેમાં કેટલાક અસુરો યુદ્ધમાં ભીમ-અર્જુન વગેરેએ માર્યા, કેટલાકને મેં માર્યા અને કેટલાકને બલભદ્રે માર્યા. (૧૭) તેમાં પણ ભૂમિ ઉપર જે દૈત્ય, દાનવ, રાક્ષસો વૈરબુદ્ધિથી પણ દર્શન વગેરેથી મારા સંબંધને પામ્યા હતા તેઓ મારા ધામને પામ્યા.

(૧૮) અને તેમાં જે અસુરો વિષય સંબંધી તૃષ્ણાવાળા, અતિ દૃઢ વાસનાવાળા મરણ પામેલા તેઓ અત્યારે પૃથ્વી ઉપર ફરીથી ઉત્પન્ન થઈ મારી સાથે વૈરભાવને ભજનારા છે. (૧૯) મારે વિષે કે મારી સાથે વૈર રાખનારા અને બદલો લેવાની કામનાવાળા તે અસુરો ધર્માવતાર અને ધર્મમાં નિષ્ઠાવાળા તમોને ધર્મ જ મારું સ્વરૂપ છે એમ જાણીને તમને પીડે છે અને બીજા પણ મારા ભક્તોને પીડા કરે છે. (૨૦) માટે હું તમારા પુત્રપણાને પામીને દેવના શત્રુ તે અસુરોનો નાશ કરીશ જ. આ પ્રમાણે મને વરદાન આપી તે શ્રીકૃષ્ણ અંતર્ધાન થઈ જતા હતા. પછી હું પણ પોતાને ઘેર જતાં અહીં નૈમિષારણ્યમાં આવેલો છું. (૨૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે કૃષ્ણના ઉત્કર્ષવાળી અને પોતાના અપકર્ષવાળી ધર્મની વાણી સાંભળી તે વર્ણિ અત્યંત કોપથી વ્યાકુળ બની ગયા. (૨૨) તે વર્ણિ જોવાથી ધર્મને બાળતા હોય ને શું એવા દાંતોથી નીચેના હોઠને કરડતા કહેવા લાગ્યા : હે વિપ્ર ! જે શ્રીકૃષ્ણ તમારો પુત્ર થશે. (૨૩) તે શ્રીકૃષ્ણના સર્વ ગુણદોષોને હું જાણું છું. મારા સિવાય બીજો કોઈ જાણતો નથી. તે શ્રીકૃષ્ણ અમારા પ્રિય રાજા દુર્યોધનનું અનિષ્ટ કરનારા હતા. (૨૪) અર્જુનના સારથિ શ્રીકૃષ્ણે મને પણ અસહ્ય દુઃખ આપ્યું છે. મને દુર્યોધનનો સખા-અશ્વત્થામા તમે જાણો. (૨૫) હે દ્વિજ ! માટે મને પ્રિય જે અસુરોના સમૂહની પ્રસન્નતા માટે, પૂર્વેના વૈરના બદલા માટે હું શાપ આપું છું : (૨૬) 'તમારા પુત્રભાવને પામેલા કૃષ્ણ ક્યારેય પણ શસ્ત્ર ધારણ કરવા શક્તિમાન ન થાઓ.' અને શસ્ત્ર ધારણ કર્યા સિવાય પોતાના શત્રુઓનો વિનાશ ન જ થાય. (૨૭) પુરુષ મહાન શૂરવીર હોય, રાજનીતિશાસ્ત્રના અર્થને જાણનાર હોય તોપણ શસ્ત્ર ધારણ કર્યા વગર શત્રુના વધમાં કયારેય શક્તિમાન થાય નહિ. (૨૮) અને તમારો પુત્ર મારા વાક્યને ઉલ્લંઘીને જો કોઈપણ સમયે શસ્ત્ર ધારણ કરશે તોપણ પોતાના શત્રુઓથી તે ક્ષણે પરાભવ પામશે.' (૨૯) હે રાજન્ ! દ્રોણપુત્ર અશ્વત્થામા આ પ્રમાણે શાપ આપીને અદૃશ્ય થયા, પછી તે બંને તે વનમાં શાપની ચિંતાથી અત્યંત ખેદ પામતાં હતાં. (૩૦) અપાર વિપત્તિસાગરમાં ડૂબી ગયેલાં અને જંગલમાં સહાય વિનાનાં તે બંનેને કૃષ્ણની ઈચ્છાથી પ્રાપ્ત થયેલું એક ધૈર્ય જ નાવપણાને પ્રાપ્ત થયું. (૩૧) તે સમયે સ્ત્રીસ્વભાવથી ખેદ પામતાં પ્રેમવતીને ધર્મદેવ કહેવા લાગ્યાં કે હે ભદ્રે ! આપણું સિદ્ધ થયેલું કાર્ય પણ દૈવગતિથી વિઘ્નવાળું થયેલું છે. (૩૨) હે પ્રિયે ! વિઘ્નોની શાંતિ માટે વિઘ્નેશ શ્રી ગણપતિનું વ્રત કરવું આપણા માટે યોગ્ય છે. કારણ કે હે સતિ ! સર્વ વિઘ્નોની નિવૃત્તિ માટે પોતાના મનોરથને સિદ્ધ કરનારું ગણપતિનું વ્રત પુરાણોમાં કહેલું છે. (૩૩) ગણનાયક શ્રી ગણેશજીને શ્રીકૃષ્ણના અવતાર તરીકે ગણેલા હોવાથી તેમનું વ્રત મનુષ્યોને અનેક પ્રકારનાં દુઃખોનો નાશ કરનારું છે. (૩૪) દર વર્ષે ભાદરવા સુદ ચોથને દિવસે આપણે બંને ગણપતિનું વ્રત કરીશું. તેનાથી પ્રસન્ન થયેલા ગણપતિ આપણા બંનેનું વિઘ્નોથી રક્ષણ કરશે. (૩૫) હે રાજન્ ! આ પ્રકારે તે બંને મનથી નિયમનો સંકલ્પ કરતાં હતાં, પછી ધર્મદેવે દુઃખ અને શોકનો નાશ કરનાર વાક્ય ફરીથી ભક્તિને કહ્યું; (૩૬) 'હે સુંદરી ! પૃથ્વી ઉપર આપણે બે જણાં જ આવા દુઃખને પામ્યાં

છીએ એમ તમે ન માનતાં. કારણ કે સમગ્ર વિશ્વ દુઃખમય જ છે. (૩૭) પૂર્વે શ્રી રામચંદ્રજીએ વનવાસ સમયમાં પત્ની સીતાજી અને ભાઈ લક્ષ્મણજી સાથે મહાદુઃખ ભોગવ્યું છે.' (૩૮) આમ કહી ધર્મદેવ હનુમાનજીના મહિમાથી યુક્ત શ્રીરામચરિત્ર (ભક્તિને) કહેવા લાગ્યા. તે કહેતા રાત્રિના ત્રણ પ્રહાર વીતી ગયા. (૩૯) તે ભક્તિદેવી પણ હનુમાનજીએ વારંવાર કરેલ જાનકીપતિ શ્રીરામનું સહાયપણું તેને સાંભળી હૃદયમાં ચિંતવન કરવા લાગ્યાં, (૪૦) 'શ્રી રામચંદ્રજી જેમને પ્રિય છે એવા હનુમાન અમારા કુળદેવ છે. તે હનુમાન પણ મહાઆપત્કાર્યમાં અહો ! -અમારી શામાટે ઉપેક્ષા કરો છો ? (૪૧) હે હનુમન્ ! તમે અમારી રક્ષા કરો રક્ષા કરો' એવી વાણી બોલે છે તેટલામાં તો વિપ્રરૂપધારી હનુમાનજી સાક્ષાત્ પ્રગટ થયા. (૪૨) ધર્મદેવ દ્વારા ભક્તિદેવીને રાત્રે કહેવાતી શ્રી રામકથા સાંભળવા તે (હનુમાનજી) આવેલા હતા. ત્યાં અદૃશ્યરૂપે રહેલા હતા. (૪૩) પછી તે હનુમનજી પ્રત્યક્ષ થઈને બોલ્યા કે હે ભક્તિ ! હે ધર્મ ! તમે (શાપના) દુઃખનો ત્યાગ કરો. હું તમારો કુળદેવ હનુમાન છું. હું તમારી રક્ષા કરીશ. (૪૪) દ્રોણપુત્રના શાપથી તમારા પુત્ર શસ્ત્રને ધારણ કરશે નહિ તોપણ તે કેવળ બુદ્ધિથી જ સમગ્ર ત્રિલોકીને જીતવા શક્તિમાન છે. (૪૫) હું તો માત્ર સ્મરણ કરતાં જ ભયથી શસ્ત્ર વગરના તમારા પુત્રનું રક્ષણ કરનાર છું. દારિદ્ર દુઃખ પણ નાશ પામશે તે નિશ્ચિત જાણો. (૪૬) આ પ્રકારે કહી તે હનુમાનજી ભક્તિ-ધર્મને મહામાર્ગ બતાવી અંતર્ધાન થઈ ગયા. પછી આશ્ચર્યયુક્ત મનવાળાં તે બંને જણ જવા માટે ઈચ્છતાં હતાં. (૪૭) હે રાજન્ ! ત્યારથી આરંભીને ભક્તિ અને ધર્મ સર્વ દુઃખે રહિત અન્ન, વસ્ત્ર, વગેરે પ્રાપ્ત થવાથી નિશ્ચિંત એવા શાંત મનવાળાં થયાં. (૪૮) પછી ભયરહિત તો બંને જણ ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણનું હૃદયમાં ચિંતવન કરતાં પહેલાં જોયેલા મહામાર્ગે ચાલતા આવતા હતા. (૪૯) ભક્તિએ માર્ગમાં પ્રેમયુક્ત વચનોથી પતિ ધર્મદેવને પ્રસન્ન કરતાં કરતાં હનુમાનજીના ચિરંજીવ લક્ષણવાળું વૃત્તાંત પૂછતાં હતાં. (૫૦) "હે સ્વામિન્ ! પવનનંદન હનુમાન ચિરંજીવી કેવી રીતે થયા ? ભગવાનના દિવ્ય લોકનો ત્યાગ કરીને ભૂલોકમાં રહીને હંમેશાં શું કરે છે ? (૫૧) હે નાથ ! શ્રી હનુમાનજીનો પ્રભાવ જોઈને અને સાંભળીને મારા ચિત્તમાં પરમ આનંદ થાય છે. (૫૨) આ પ્રમાણે પ્રેમવતીએ પ્રીતિથી પૂછેલા ધર્મદેવ તેને કહેવા લાગ્યા કે શ્રી સીતારામના અનુગ્રહથી હનુમાનજીએ ચિરંજીવીપણું પ્રાપ્ત કરેલું છે. (૫૩) રઘુકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીરામ યુદ્ધમાં રાવણને મારીને પોતાના સૈન્યથી ચોતરફ વીંટાયા થકા અયોધ્યામાં આવીને રાજ્યસિંહાસનમાં બેઠા. (૫૪) હે સતી ! રામચંદ્રજીના વિયોગને સહન નહિ કરી શકવાથી વાનરો, રાક્ષસો, રીંછો વગેરે એ દિવ્યરૂપ (માણસ જેવું) ધારણ કરી એક વર્ષ સુધી ત્યાં નિવાસ કરતા હતા. (૫૫) છત્ર, ચામર, પંખા વગેરેથી શ્રી રામચંદ્રજીની સેવા કરતાં, અને સમગ્ર લૌકિક કૃત્યને ભૂલી ગયેલા તે (વાનર વગેરે) દરરોજ પ્રભુમાં પ્રેમવૃદ્ધિ પામતા હતા. (૫૬) તેથી પ્રભુ પોતાની આગળથી ન જતાં એવા તે (વાનરાદિને) પોતપોતાના સ્થાને મોકલવા વસ્ત્ર, આભૂષણ, ધન વગેરે વડે તેમનું સન્માન કર્યું. (૫૭) પછી તે શ્રી રામ સુગ્રીવ વગેરે વાનરોનો યથાયોગ્ય સત્કાર કરી આંસુ ભરેલા નેત્રોવાળા તે બધાને બલાત્કારથી કિષ્કિંધાનગરીમાં

મોકલી દેતા હતા. (૫૮) ત્યારે તે હનુમાનજી પણ તેમની સાથે જશે એવા તે શ્રીરામનો ત્યાગ કરવા અસમર્થ હોવાથી આંખોમાંથી આંસુ વહાવતા હાથ જોડીને કહેવા લાગ્યા : (૫૯) 'હે સ્વામિન્ ! તમારામાં મારો પરમ સ્નેહ સર્વદા રહો. હે વીર ! ભક્તિ પણ અચલાયમાન રહો. મારો ભાવ બીજે ન જાય, આપનામાં જ રહો. (૬૦) હે રામ ! જ્યાં સુધી પૃથ્વી ઉપર તમારી કથાની પ્રવૃત્તિ રહેશે ત્યાં સુધી સર્વદા તે સાંભળતો આ લોકમાં હું જીવું એવી મારી રુચિ છે. (૬૧) હે રામ ! કિંપુરુષ નામના ખંડમાં મને આ તમારી કથાઓ ત્યાંના નિવાસી ગંધર્વજનો સંભળાવે તેવી મારી યાચના છે. (૬૨) હે ભગવન્ ! મારા હૃદયમાં તમારી કથારૂપી અમૃતપાનમાં જેવી ઈચ્છા વર્તે છે તેવી દિવ્ય લોકની પ્રાપ્તિની ઈચ્છા નથી, તથા ઐશ્વર્યની ઈચ્છા નથી એ નિશ્ચિત વાત છે.' (૬૩) રામ તો સિંહાસનથી ઊઠીને આ પ્રમાણે બોલતા હનુમાનને સ્નેહથી બે હાથમાં ઘાલીને ભેટ્યા. (૬૪) 'હે કપિશ્રેષ્ઠ ! આ બધું તમારું ઈચ્છિત તમારા માગ્યા પ્રમાણે જ થશે એમાં શંકા નથી. મારા વરદાનથી તમારું ઈચ્છિત સિદ્ધ થશે જ.' (૬૫)

**ધર્મદેવ બોલ્યા :**

હે ઉત્તમવ્રતવાળાં ભક્તિ ! આ પ્રમાણે રામચંદ્રજીથી વરદાન પામેલા હનુમાનજી રઘુનાથની કથા એ જ પ્રાણ છે જેના એવા આ પૃથ્વી ઉપર ચિરંજીવી વર્તે છે. (૬૬) આમ આ વરદાનના પ્રભાવથી આ ભૂમિ ઉપર જ્યાં જ્યાં રામચંદ્રજીની કથા થાય છે ત્યાં ત્યાં હનુમાનજી જઈને કથા સાંભળે છે. (૬૭) રાત્રે હું તમને કથા કહેતો હતો ત્યારે તે સાંભળવા તમારા સમીપે આવ્યા હતા. તેથી હમણાં આપણને સ્વદર્શન આપી સ્વસ્થાને ગયા. (૬૮) ગણેશવ્રતના સંકલ્પથી વિઘ્નનાશમાં હનુમાનજીએ આપણને સ્વદર્શન આપ્યું તેથી આપણા કાર્યની સિદ્ધિ થઈ. (૬૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે પતિનું વચન સાંભળીને ભક્તિ પ્રસન્ન થયાં. ધર્મદેવ ભક્તિની સાથે યથાશક્તિ ચાલતા પોતાના ગામમાં ગયા. (૭૦) હે રાજન્ ! દોઢ મહિને પોતાને ગામ ગયેલા ધર્મદેવને મળીને સ્વજનો, જ્ઞાતિજનો વગેરે બધા ખૂબ જ હર્ષ પામ્યાં. (૭૧) ધર્મના સમગ્ર શત્રુઓ પણ (પ્રાદુર્ભાવ પામશે એવા) શ્રીકૃષ્ણના પ્રતાપથી મિત્રો જેવા થઈ ગયા. ધર્મના દર્શન માત્રથી જ ભય પામતા હતા. (૭૨) ત્યાર પછી કરુણાનિધિ ભગવાન શ્રી નરનારાયણ મુમુક્ષુજનોના કલ્યાણ માટે આ પૃથ્વી ઉપર મનુષ્યજન્મ સ્વીકારવા ઈચ્છા કરતા હતા. (૭૩) હે નરાધિપ ! ત્યારબાદ (નર-નારાયણ) બે રૂપોવાળા આ ભગવાન સ્વેચ્છાથી એકમૂર્તિરૂપે થઈ ધર્મદેવના હૃદયકમળમાં પ્રગટ થતા હતા. (૭૪) પછી તે ધર્મદેવના ઘરમાં અન્ન, વાહન, પશુ, દ્રવ્ય, વગેરે સમૃદ્ધિ પ્રતિદિન વધતી પૂર્વથી પણ વધારે થતી હતી. (૭૫) આ પ્રકારે શ્રીહરિનો અનુગ્રહ તેમના ઉપર થવાથી દ્વિજોત્તમ તે ધર્મદેવ પૃથ્વી ઉપર ફરી હરિપ્રસાદ નામે જ પ્રસિદ્ધ થતા હતા. (૭૬) હે રાજન્ ! તે (હરિપ્રસાદ) સર્વ જનોથી પણ અતિ અધિક કાંતિ વડે અને અકસ્માત થયેલી સમૃદ્ધિ વડે પોતાનામાં ઉત્પન્ન થયેલ શ્રી ભગવાનનો આવિર્ભાવ જાણતા હતા. (૭૭) હરિપ્રસાદે પછી તે ભક્તિને પ્રાપ્ત થયેલા ઋતુકાળને સોળમે દિવસે ગુરુવારે પુષ્યનક્ષત્રમાં ગર્ભ આરોપણ કર્યો. તે ગર્ભધારણથી શુભ

અંગવાળા તે ભક્તિ ભગવાનનાં માતા દેવહૂતિ સમાન શોભાયમાન એવા પૃથ્વી ઉપર શોભવા લાગ્યાં. (૭૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
ધર્મદેવને અશ્વત્થામાએ શાપ આપ્યો અને પોતાને ગામ પાછા પધાર્યા એ નામે વીસમો અધ્યાય થયો.
॥૨૦॥

●

## અધ્યાય-૨૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આવા જ સમયમાં ચારે વર્ણોમાં ઉત્પન્ન થયેલા અસુરો સેંકડોની સંખ્યામાં એકત્રિત થઈને વિંધ્યાચળમાં રહેલી વિંધ્યવાસિની દેવીની પૂજા મહોત્સવને કરતા હતા. (૧) આસો સુદ નોમના રોજ તે દેવીના મંદિરમાં પણ દુષ્કર્મોને કરતા તે અસુરોનો મોટો ઉત્સવ થતો હતો. (૨) તે અસુરો હજારો બોકડા, ઘેટા, પાડા તથા નરરૂપ પશુઓને મારી તે દેવીની આગળ માંસનું નૈવેદ્ય કરતા હતા અને દારૂના ઘડાઓ અર્પણ કરતા હતા. (૩) પછી તે અસુરો તે નિવેદિત માંસ ખાઈ, સુરાપાન કરી મદથી ઉદ્ધત બનેલા એવા તે દેવીના મંદિરમાં જ સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી સ્ત્રીઓ પ્રત્યે અભિગમન કરતા હતા. (૪) આ પ્રકારે તે અસુરોનો અધર્મ અને અન્યાય જોઈ તે દેવી તે અસુરો ઉપર કોપાયમાન થયાં અને તે અસુરોના આચાર્યપણામાં રહેલા કાલીદત્ત નામના અસુર ઉપર તો અત્યંત કોપ કરતાં હતાં. (૫) રાત્રિએ તે દેવી તેના સ્વપ્નમાં આવીને, ભયંકર રૂપ પ્રગટ કરીને ત્રિશૂળ અને તરવાર ધારણ કરી ક્રોધથી લાલચોળ આંખોવાળી થઈને (કાલીદત્તને) કહેવા લાગી. (૬) 'હે દ્વિજ ! તમે બધા સુરાપાનાદિથી ઊપજેલા મદથી ઉદ્ધત થયેલા છો તેથી મર્યાદા વગરના અસુરો છો. કારણ કે મારા ઉદ્દેશથી માંસ મદિરાનું ભક્ષણ કરો છો. (૭) હે અસુરોને ઠગનાર ! મારા મંદિરમાં પશુહિંસા, મનુષ્યહિંસા અને પરદારાગમન કરનાર દયારહિત તમો અસુરોને હું શાપ આપું છું. (૮) તમારા સર્વેના વંશનો વિનાશ થશે. જીવિકાની વૃત્તિઓનો તત્કાળ વિનાશ થશે. અને તમે પણ જલદી નાશ પામશો. (૯) અને તમે સુરામાંસ વડે જેમ મારી પૂજા કરો છો તેમ આ દિવસથી આરંભી પૃથ્વી ઉપર જે બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે મારી પૂજા કરશે તો તમારી જેમ જ તેઓનો પણ વંશચ્છેદ થશે અને તે ધંધા ધનધાન્યાદિથી રહિત થશે અને મરણ પામીને નરકને પામશે. (૧૦-૧૧) અને તમારા પૂર્વના શત્રુ શ્રીકૃષ્ણ કોસલ દેશમાં ધર્મભક્તિથી પ્રગટ થયેલા હરિ નામવાળા અને બુદ્ધિરૂપી શસ્ત્રવાળા તમારા મૂળનું નિકંદન કાઢશે. (૧૨) તે શ્રીહરિ સર્વ ભૂમિ ઉપર ફરતા ફરતા જ્યાં ત્યાં સંતાઈ રહેલા તમારામાંના એક એકને શોધી તમારા મૂલનું નિકંદન કાઢશે. (૧૩) અને પૃથ્વી ઉપર જે રાજાઓ તમારી સહાય કરનારા થશેતે પણ તમારી જેમ જ નાશ પામશે. આમાં કોઈ સંદેહ નથી. (૧૪) વાયુ દિશાએથી આવેલો રાતા મુખવાળો કોઈ (અંગ્રેજ) રાજા એકદમ તે અસુર રાજાઓને વશ કરી સમગ્ર પૃથ્વી ભોગવશે. (૧૫) હે નૃપ ! આ પ્રમાણે ક્રોધિત થયેલી તે દેવી શાપ આપી અંતર્ધાન થઈ. તે વચન સાંભળી અતિ ત્રાસ પામેલો

કાલીદત્ત જાગ્યો. (૧૬) પછી તે કાલીદત્ત દેવીનું શાપાત્મક વચન સર્વ અસુરો આગળ કહેવા લાગ્યો પછી તે અસુરો દેવીનું શાપાત્મક વચન સાંભળી ચિંતાના દુઃખથી વ્યાકુળ બની ગયા. (૧૭) પોતાનાં કર્મોથી જ ઉપસ્થિત થયેલા શાપને ઉપાયો દ્વારા પણ નિવારણ કરવામાં અશક્ય માની દેવી આગળ અસુરો પૃથ્વી ઉપર નાક ઘસવા કે પ્રણામ કરવા ઈત્યાદિ વડે ક્ષમા માગવા લાગ્યા. (૧૮) પછી જેમની સમીપે આપત્તિઓ આવેલી છે એવા તે અસુરો પોતપોતાની શક્તિ અનુસાર શાપપ્રતિકારનો ઉપાય કરવા ઈચ્છતા વિચાર કરવા લાગ્યા. (૧૯) કૃત્યાઓને ઉત્પન્ન કરી તેમના દ્વારા શસ્ત્રો-અસ્ત્રો વડે, તથા સાધના કરેલા વીરો, યંત્રો અને મંત્રોથી તે શ્રીહરિને બાલ્યાવસ્થામાં જ હણવો જોઈએ. (૨૦) શરીર શક્તિ અને મિત્રો જેનાં વૃદ્ધિ પામેલાં છે તેવા શત્રુનો આપણાથી પરાભવ થઈ શકે એમ નથી તેથી ઉદ્યમયુક્ત એવા આપણે તે બાળકને જ મારી નાખશું. (૨૧) તે ધર્મદ્રોહી શત્રુઓ આ પ્રમાણે નિર્ણય કરી શ્રીહરિના જન્મની રાહ જોતા અને કૃત્યાને ઉત્પન્ન કરવાના વિચારવાળા પોતપોતાને સ્થાનકે ગયા. (૨૨) પૃથ્વીમાં પોતાના શત્રુના જન્મ અને પોતાના નાશની પ્રતિજ્ઞાના શ્રવણથી ગઈ છે ધીરતા જેઓની એવા ચિંતારૂપી જ્વરપીડાથી દુઃખી તે અસુરો પૃથ્વી ઉપર યુગ યુગ જેવડા દિવસોને જેમ તેમ કરી મહા કષ્ટથી ભયપૂર્વક પસાર કરતા હતા. (૨૩) હે રાજન્ ! અસુરોના ભયથી રહિત તે હરિપ્રસાદ તો ભાદરવા સુદ ચોથના દિવસે ગણપતિનું વ્રત અને આસો વદી ચૌદશના દિવસે હનુમાનજીનો પૂજોત્સવ યથાવિધિ કરતા હતા. (૨૪)

ઇતિશ્રી સત્સંગિ જીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં અસુરોને વિંધ્યવાસિની શાપ નામનો એકવીસમો અધ્યાય થયો. ॥૨૧॥

## અધ્યાય-૨૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

પછી ગર્ભ ધારણ કરતાં પ્રેમવતી દેવમાતા અદિતીની માફક સર્વ સ્ત્રી-પુરુષોએ માનવા અને પૂજવા યોગ્ય થતાં હતાં. (૧) અને તે પ્રેમવતી જગતના આધાર અને નિયંતા એવા નારાયણ ભગવાનને હૃદયમાં ધારણ કરતાં એકાએક પૂર્ણચંદ્ર સમાન કાંતિવાળાં થયાં. (૨) પોતાના ઘરના આંગણમાં બેઠેલાં ભક્તિદેવીને જનો જ્યાં ત્યાંથી ભેગા મળીને આશ્ચર્યપૂર્વક જોવા લાગ્યાં. (૩) ગર્ભવતી તેથી લજ્જાવાળાં અને પોતાનાં શરીરની કાંતિથી અંધકાર નાશ કરતાં અને પોતાને જોવા ઈચ્છતાં જનસમૂહથી પીડિત એવા ભક્તિદેવી ઘરથી બહાર નીકળતાં ન હતાં. (૪) પછી તે દ્વિજ દેવશર્મા વેદ ગર્ભમાં છે જેને એવી બ્રહ્માની પત્ની સાવિત્રીની જેમ પોતાની પત્ની ભક્તિને જોઈ મહાઆશ્ચર્ય અને મહાહર્ષને પામ્યા. (૫) અને બીજી સ્ત્રીઓ પણ તેજસ્વિની, મંદહાસ્યયુક્ત મુખવાળી તથા ક્યારેય પણ પૂર્વે આવી રીતની નહિ જોયેલી તે સ્ત્રીને જોઈને આદરપૂર્વક પરસ્પરને કહેવા લાગી. (૬) આ પૃથ્વી ઉપર અમોએ ગર્ભવતી સ્ત્રીઓ ઘણી જોએલી છે. આ ભક્તિ સમાન તો કયારેય જોયેલ પણ નથી અને સાંભળેલ પણ નથી. (૭) બ્રહ્મા અને શંકરે દેવોની તથા નારદાદિ મુનિઓની સાથે એકાંતમાં ત્યાં આવીને પુરુષોત્તમની સ્તુતિ કરવા લાગ્યા. (૮)

**દેવતાઓ બોલ્યા :**

હે શ્રીકૃષ્ણ ! સર્વ પુરુષાર્થોનાના સારરૂપ અને સંસાર સમુદ્રમાં ડૂબતાઓ માટે નૌકાસ્વરૂપ અને મુક્ત જનોએ સારી રીતે પૂજ્યમાન તથા કોમળ અને ચિહ્નોથી યુક્ત એવા આપના ચરણાર્વિંદમાં અમે વંદના કરીએ છીએ. (૯) હે ઈશ્વરોના ઈશ્વર ! અનંત બ્રહ્માંડસમૂહને સ્વવશ માયાશક્તિ દ્વારા નિરંતર તમે જ સર્જો છો, પાલન કરો છો અને સંહાર પણ કરો છો છતાં તમે બંધાતા નથી. કારણ કે તમે માયાના ગુણોથી વિમુક્ત છો. (૧૦) પૂર્વકાળમાં વસુદેવના ઘેર અવતાર ગ્રહણ કરી તમે પ્રતિજ્ઞા કરેલી હતી. તે સર્વ વાક્ય સત્ય કરવા હે શ્રીહરે ! તમે અક્ષરધામવાસી શ્રીકૃષ્ણ જ અહીં (ભક્તિદેવીના ઉદરમાં) આવેલા છો. (૧૧) હે નારાયણ ! જ્યારે જ્યારે આ ભૂમિ ઉપર ધર્મની ગ્લાનિ થાય છે અને જ્યારે અધર્મની વૃદ્ધિ થાય છે અને જ્યારે સત્પુરુષોને કષ્ટ થાય છે ત્યારે તમે દેવ, બ્રાહ્મણ ક્ષત્રિય આદિ કુળોમાં જન્મોને ધારણ કરો છો. (૧૨) હે પુરુષોત્તમ! તમારાં નામો, ગુણો, જન્મો, કર્મો, રૂપ વગેરે ઐશ્વર્યોનું નિરૂપણ કરવા, આટલું જ છે એમ માપ કરવા અમો શક્તિમાન નથી. (૧૩) હે ઈશ્વર ! જે જનો સત્પુરુષોના પ્રસંગથી નિર્મળ બુદ્ધિવાળા ગુણોના નિવાસસ્થાન અને મનુષ્યજન્મ ધારી નરાકૃતિ તમારો આશ્રય કરે છે તે જનો દુઃખથી પણ ન તરી શકાય એવા સંસાર સમુદ્રને સુખપૂર્વક તરી જાય છે. (૧૪) શુદ્ધ નિર્ગુણ અને સર્વોત્તમ એવું આ દશ્યમાન રૂપને જો તમે પ્રકાશ ન કરો તો કેવળ વેદશાસ્ત્રના પઠન શ્રવણ માત્રથી જ જીવાત્માઓનું કલ્યાણ ન થાય અને તમારા સ્વરૂપનું જ્ઞાન પણ ન થાય. (૧૫) હે દેવાધિદેવ ! વેદાદિ શાસ્ત્રોમાં તમને સાકાર સ્વરૂપે જ પ્રતિપાદન કરેલા છે તો પણ તમારા સાક્ષાત્ સમાગમથી વંચિત એવા અજ્ઞાની જનો તે (શાસ્ત્રો) વડે જ તમને નિરાકાર જાણે છે. (૧૬) હે લક્ષ્મીપતે ! જે પુરુષો તમને નિરાકાર કહે છે; અપાર મૂઢ પાપી એવા તે જનો સદા અપાર કષ્ટ નરકના દુઃખને પામે છે એ નિશ્ચય વાત છે. (૧૭) જ્યારે જ્યારે અમને કષ્ટ પડયું હતું ત્યારે ત્યારે તમે આ પૃથ્વી ઉપર મત્સ્ય (કચ્છ, વારાહ, નૃસિંહ) વગેરે રૂપે તેમજ (મનુષ્યરૂપે) અવતાર ગ્રહણ કરી જેમ ત્રિલોકીનું રક્ષણ કરેલું તેમ અત્યારે ત્રિલોકીમાં રહેલા અમારું રક્ષણ કરો, તમોને નમસ્કાર હો. (૧૮) હે ભક્તે ! હવે તમને અસુર સમૂહથી ભય નહિ થાય કારણ કે ગોલોકના મધ્યવર્તી અક્ષરધામવાસી શ્રીકૃષ્ણ તમારા હૃદયમાં પ્રવેશેલા છે. આ તમારા કુળના રક્ષક થશે તે તમારી સર્વની રક્ષા કરશે. (૧૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે આત્માઓના આત્મા અંતર્યામી સાક્ષાત્ શ્રીહરિની સ્તુતિ કરી બ્રહ્મા અને શિવજી વગેરે સર્વ દેવતાઓ ત્યાંથી પોતપોતાના ધામ પ્રત્યે ગયા. (૨૦) પછી જનોને આનંદદાયક અવસર આવતાં ભક્તિદેવીમાં આત્મીય રૂપથી રહેલા શ્રી પુરુષોત્તમ નારાયણ એવા વિશ્વાત્મા (પોતાના પૂર્ણરૂપથી જ) પ્રગટ થયા. (૨૧) વિક્રમાદિત્ય શકના ૧૮૩૭ના પરિમિત વર્ષમાં વિરોધકૃત નામના સંવત્સરમાં, સૂર્ય ઉત્તરાયનને પામતાં, વસંત ઋતુમાં, ચૈત્ર માસમાં, શુકલ પક્ષમાં, નવમી તિથિએ, પુષ્ય નક્ષત્રમાં, સોમવારે, સુકર્મ નામનો યોગ થતાં, કૌલવકરણમાં,

વૃશ્ચિક લગ્નમાં, ગુરુ અને શનિના મળતાં, શુક્ર ઊંચા સ્થાનમાં અને ચંદ્ર પોતાની કર્ક રાશિને પામતાં, રાહુ રિપુસ્થાનને પામતાં, બુધ બુદ્ધિસ્થાનને પામતાં, મંગળ ધનસ્થાનને પામતાં, સૂર્ય સુતસ્થાનને પામતાં, સર્વોત્તમ સર્વોપરી વિશ્વાત્મા પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ થયો. (૨૧ થી ૨૫) તે સમયે તે ભક્તિમાતા પુરુષોત્તમ ભગવાનનું દર્શન કરતાં હતાં. તે ભગવાન મહાતેજઃપુંજના મધ્યે રહેલા, મેઘસમાન શ્યામસુંદર વર્ણવાળા, સુંદર મુકુટવાળા, કુંડળ ધારણ કરેલા, સુંદર વાંકડિય વાળવાળા, બંને હાથ વડે વેણુ વગાડતા, ખીલેલાં કમળપત્ર સમાન વિશાળ દીર્ઘ નેત્રવાળા, લલાટમાં ચંદ્રક સહિત તિલક ધારી રહેલા, પીતાંબર ધારી રહેલા, મોતીઓની સુંદર માળાવાળા, કાંચી, બાજુબંધ, કંકણાદિ વડે ખૂબ જ દેદીપ્યમાન એવા પ્રભુ હતા. (૨૬-૨૭) તે જ ભગવાનને બદરીપતિ સાક્ષાત્ નારાયણરૂપે પણ ભક્તિ માતાએ જોયા. સુંદર દર્શનીય અવયવોવાળા, હાસ્યયુક્ત મુખારવિંદવાળા, યુવાન વયવાળા, આનંદસાગર, દયાના સાગર, નરથી યુક્ત, મેઘસમાન શ્યામ, તપથી ખૂબ કૃશ થયેલા, જટાસહિત ઉત્તમ મસ્તકવાળા, પૂર્ણચંદ્ર સમાન મનોહર મુખવાળા, દયાયુક્ત નેત્રકમળવાળા, યજ્ઞોપવીતથી શોભાયમાન, પવિત્ર શ્વેત વસ્ત્રવાળા, શાંતમૂર્તિ, કિશોર અવસ્થાવાળા, તેજોનિધિ એવા તે નારાયણ હતા. (૨૮-૨૯) તે સમયે તે નારાયણ ભક્તિમાતાને કહેવા લાગ્યા : હે ભક્તે ! હવે તમે અસુર સમૂહથી ભય પામો નહિ. કારણ કે હું હમણાં જ તેનો નાશ કરીશ. (૩૦) મેં કહેલા વચનની યાદી આપવા માટે મેં અક્ષરધામવાસી અને બદરીવાસી એવા મારાં બે રૂપો તમને દર્શાવ્યા છે માટે હે ભક્તિ ! તમારે મારા આ બંને રૂપોમાં કોઈ જાતનો ભેદ ન જાણવો. (૩૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રકારે કહી ભગવાન નારાયણ જે તે બીજી સ્ત્રીઓ તથા ભક્તિદેવીને જોતા જોતા પ્રાકૃત લૌકિક બાળક થઈ ગયા. (૩૨) તે સમયે પૃથ્વી ઉપર ઉત્સાહપણાથી પરિપૂર્ણ મનવાળા સ્ત્રીઓ સહિત પુરુષોને તથા સ્વર્ગમાં દેવતાઓને પણ મહોત્સવ થતો હતો. (૩૩) ત્યારે દેવતાઓ મહા ઉત્સાહપૂર્વક હર્ષથી પુષ્પવૃષ્ટિ કરતા હતા, ઇન્દ્રરાજાના ગવૈયા ગાંધર્વો પણ ઉત્સાહપૂર્વક ગાન કરવા લાગ્યા અને અપ્સરાગણો નૃત્ય કરવા લાગ્યાં. (૩૪) તે સમયે અગ્નિહોત્રી બ્રાહ્મણોના આહ્વનીયાદિ અગ્નિઓ ભસ્મથી આવૃત્ત હોવા છતાં પણ તે જ ક્ષણે સ્વયમેવ પ્રદીપ્ત થઈ ગયા અને સત્પુરુષોના મન પણ અંતઃશત્રુઓથી રહિત સમ્યક્ નિર્મળ થઈ જતા હતા. (૩૫) કૌલમતવાદીઓ, નાસ્તિકો, પાખંડીઓ, તેમના ગુરુઓ અને પાપીજનો તથા મનુષ્યાકારે રહેલા દૈત્યો અને રાક્ષસો તેમના મન ભાવિ પોતાના વિનાશના ત્રાસને એકાએક પામ્યા. (૩૬) હે નૃપોત્તમ ! બાલશર્માના પુત્ર ધર્મદેવના ઘરના આંગણામાં દેવતાઓના દુંદુભિ વાજિંત્રોના અવાજોથી મિશ્રિત સુંદર વાજિંત્રોના ધ્વનિ થવા લાગ્યા. (૩૭) તે સમયે સ્ત્રીઓ પણ જનોને મંગલકારી એવા અદ્ભુત બાળકને આશીર્વાદ યોજતી યોજતી બધી ભેગી મળીને ઉચ્ચ સ્વર ભેદોથી ગાતી હતી અને ચૂર્ણથી લેપન કરતી હતી. (૩૮) તે સમયે સુખાકારી વાયુઓ વાવા લાગ્યા. આકાશ નક્ષત્રો રહિત નિર્મળ થઈ ગયું, દેવતાઓના અનુચરો જયકારી શબ્દો બોલતા હતા અને ઋષિઓ આશિષો આપવા

લાગ્યા તથા યથાયોગ્ય ગાવા લાગ્યા. (૩૯) જેમની વાણી મંગલમય રૂપવાળી છે, જેમનું હાસ્ય મંગલાત્મક છે, જેમનાં નેત્રકમળ મંગલદાયક છે, જેમના હસ્તકમળનો વિલાસ મનુષ્યોના પરમ મંગળ કરનારો છે, જેમનું મુખારવિંદ દર્શન કરનારાઓનું મંગલકારક છે. જેમના ચરણકમળનું ગમન મંગલકારી છે, જેમનું સર્વ કંઈ મંગલરૂપ છે, મંગલમૂર્તિ એવા આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ નિત્ય જગતનું મંગલ કરો. (૪૦) તે સમયે હરિપ્રસાદ પણ કૃષ્ણ પુત્રરૂપે અવતરેલા છે, એવું સ્ત્રીઓ દ્વારા સાંભળી અત્યંત હર્ષને પામ્યા. પછી ઉદાર બુદ્ધિવાળા તેમણે પોતાના પુત્રના વેદોક્ત જાતકર્મ સંસ્કાર કર્યા. (૪૧) તે હરિપ્રસાદે પ્રથમ પોતાને ઘેર સુવર્ણમિશ્રિત જળ વડે તત્કાળ સ્નાન કરી ત્યાં જ સ્વગૃહ્યાનુસારી વેદોક્તમંત્રો વડે પિતૃઓનું તર્પણ કર્યું. (૪૨) પછી તે હરિપ્રસાદ પોતાના પુત્રનું (બ્રાહ્મણો સાથે) મંગલવાચન કર્યું, પછી રસનામાર્જન કર્યું, પછી યથાયોગ્ય મેધાજનન કર્યું, પછી જાતકર્મના અંગભૂત દાનવિધિ પણ કર્યો. (૪૩) તે સમયે વિપ્રશ્રેષ્ઠ હરિપ્રસાદના ઘરે એકત્રિત થયેલા જ્ઞાતિજનો ખૂબ આનંદ પામ્યા હતા અને કુમારને આશીર્વાદ આપતા હતા. (૪૪) તે સમયે છપૈયાપુરમાં ઘેર ઘેર ગીત મંગળ વાદન થતા હતા અને સર્વના હૃદયમાં મહાન આનંદ ઉભરાતો હતો. (૪૫) તે હરિપ્રસાદ પણ પુત્રજન્મથી હર્ષ પામીને જાતકર્મ કરાવનારા સિવાયના અન્ય બ્રાહ્મણોને યથોચિત દાન આપતા હતા. (૪૬) નરનાટન કરવાની ઈચ્છાવાળા લક્ષ્મીપતિ તે ભગવાનના સંકલ્પથી આ ભગવાન જ છે એમ તો કોઈપણ જાણી શકતા ન હતા. (૪૭) બાળલીલા કરવાની ઈચ્છાવાળા પ્રભુની ઈચ્છાથકી ભક્તિ-ધર્મ એ બંનેને પણ પુત્રરૂપે થયેલા શ્રીકૃષ્ણમાં પુત્ર ભાવ જ થતો હતો. (૪૮) આ ઈશ્વર છે એવા મારા વિષેના જ્ઞાનથી પુત્રભાવે મારું લાલન કરવાનું દુર્લભ છે એમ માનીને પ્રભુ પોતે જ પુત્રભાવને કરતા હતા. (૪૯) તે દંપતી ભક્તિ-ધર્મ પણ પોતાના મનોરથની સિદ્ધિને પામીને અત્યંત હર્ષ પામતાં હતાં અને તે બંને જણાં નરાકૃતિ પરબ્રહ્મ વાસુદેવરૂપ તે પુત્રમાં અતિશય સ્નેહને બાંધતા હતા. (૫૦) અભિષ્ટદેવ અને તે ભક્તિ-ધર્મના રક્ષક તેથી જેમનો પ્રતાપ જાણેલો છે એવા કૃષ્ણને હૃદયમાં જાણતાં તે બંને જણા પુત્રના રક્ષણ અર્થે સ્થાપન કરેલા રક્ષિકાવૃંદના પૂજનને વીસરી જઈ નિત્ય તે કૃષ્ણનું સ્મરણ કરતા હતા. (૫૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રી
નારાયણ પ્રાદુર્ભાવોત્સવ નામે બાવીશમો અધ્યાય થયો. ॥૨૨॥

●

## અધ્યાય-૨૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યારપછી અસુરસમૂહોએ અકસ્માત્ ઉત્પન્ન થયેલો પોતાના હૃદયનો કંપારો તથા અવયવોના ફરકવા ઈત્યાદિ ચિહ્નો વડે સ્વવૈરી વિષ્ણુનો જન્મ થયેલો જાણી અનેક કૃત્યાઓ ઉત્પન્ન કરી. (૧) હે નૃપ ! તે અસુરોના ગુરુ કાલીદત્તે કોપાયમાન થઈને પોતે વશ કરેલા, ભયંકર આકૃતિવાળી, કોટરા, મુખ્ય જેમાં છે એવો, ઉગામેલાં છે શસ્ત્રો જેમને એવા, કૃત્યાઓના સમૂહને

પહેલેથી જ છપૈયાપુરમાં મોકલ્યો. (૨) તે કૃત્યાસમૂહે બાળકના જન્મથી છઠ્ઠા દિવસે બધા લોકો સૂઈ ગયા ત્યારે મધરાતે હરિપ્રસાદ ઘેર જઈને સૂતિકાના નિવાસ ઘરમાં તત્કાળ પ્રવેશ કર્યો. (૩) અનેક શરીરવાળો કૃત્યાનો સમૂહ સૂતિકાગૃહમાં સૂતેલી કેટલીક વૃદ્ધ બ્રાહ્મણ સ્ત્રીઓને જોતો હતો. પછી શય્યામાં બેઠેલા અને બાળકુમારના મુખ સામે દૃષ્ટિ રાખેલા તે દ્વિજરાજપત્ની ભક્તિને પણ જોતો હતો. (૪) હે રાજન્ ! ગણપતિપૂજન કરવા પૂર્વક શિવા આદિ છ કૃતિકાઓ અને વિષ્ણુ જેમાં મુખ્ય છે એવાં અંગોએ સહિત મહાષષ્ઠી નામની વૈષ્ણવી દેવીનું યથાવિધિ પૂજન કરીને જાગરણ કરતાં એવા ભક્તિને જોયાં. (૫) ભયંકર મુખવાળી એક કોટરા નામની કૃત્યા પ્રદીપ્ત અગ્નિની જ્વાળા સમાન કાંતિવાળા બાળકને ભક્તિમાતાના ખોળામાં જોઈને બાળકને પકડવા ભક્તિના પડખે આવીને વચન બોલી. (૬) નિર્વસ્ત્ર એવી, ઊંચું ત્રિશૂળ ઉગામેલી અને હાથમાં રુધિરયુક્ત ખોપરીને ધારી રહેલી, વિખરાયેલા કેશવાળી, શ્યામ વર્ણવાળી, ગોળ અને લાલ આંખોવાળી, વિસ્તૃત ભયાનક દાઢોવાળી (તે બોલી :) (૭) 'હે મૂઢે ! હું બાળકોને પીડા કરનાર ગ્રહ જાતિની સ્વામિની છું. તારા પુત્રને હમણાં જ ચોક્કસ ખાઈ જાઉં છું. મારી દાઢની અંદર પડવા ઈચ્છનાર તારા બાળકની રક્ષા કરનાર પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કર. (૮) આ પ્રકારે કહીને ભયરહિત તેથી ધૈર્યપૂર્વક રહેલાં તે ભક્તિમાતાના ખોળામાંથી એકદમ ખેંચીને તે મલિન આશયવાળી, પહોળા કરેલા મુખવાળી અને તીક્ષ્ણ ભયાનક જીભવાળી કોટરાએ બાળકપ્રભુને ગળેથી પકડ્યો. (૯) તેટલામાં તો બીજા વિકરાળ, પહોળાં ફાડ્યાં છે મુખ જેમણે, નઠારા રૂપવાળા સોએ સો બાળગ્રહો આવી પહોંચ્યા. તે બાળગ્રહો આને છેદી નાંખો, ભેદી નાંખો, અમારી પાસે લાવો, મારી નાંખો' એવા ઊંચે સ્વરે ભયાનક અવાજો કરતા અદૃશ્ય થઈ ગયા. (૧૦) બાળગ્રહોનો સમૂહ બાળકને ગળામાંથી ગ્રહણ કરીને લઈ ગયો પછી ભક્તિદેવી મોટેથી રુદન કરવા લાગ્યાં. આ રુદન સાંભળીને વિપ્ર ધર્મદેવ નારાયણનામ સ્મરણ કરતા કરતા જલદી ત્યાં આવ્યા. (૧૧) ત્યારે બાલાભક્તિ ગાઢ સ્નેહને લીધે હા પુત્ર ! હા પુત્ર ! એમ રુદન કરતાં કરતાં મૂર્છા પામી નિશ્ચેતન થઈ ગયાં. તે વિપ્ર પણ પુત્રને નાશ પામેલા જાણી મૂર્છા પામી ગયા. બીજા (પડોશી) ગૃહસ્થો પણ રડવા ગ્યા. (૧૨) ત્યારે તે બંનેને ચેતના વિનાના જાણી પૂર્વે અનેક ઉપચારો વડે આરાધેલા વાયુનંદન હનુમાન તત્કાળ ત્યાં આવી તે દંપતીને પ્રબોધન કરતા જગાડવા લાગ્યાઃ (૧૩) 'હે દેવી ! તમે જાગો ! કેમ સૂતેલાં છો ? (આ પ્રમાણે ભક્તિને બોલાવી પછી ધર્મદેવને બોલાવે છે.) હે વિપ્ર ! તમે જાગો જાગો.' તે હનુમાનજીના જગાડવાના શબ્દો સાભળી તે બંને જણ નેત્રોમાં આંસુ ભરેલા જાગ્યા. (૧૪) બંનેએ ભ્રાંતિવાળાની માફક ઊઠીને તે સમયે જ તેલસહિત સિંદૂરથી સારી રીતે ચર્ચાયેલ અંગવાળા, આંકડાનાં પુષ્પોની માળાવાળા, દર્શનીય સ્વરૂપ અને દિવ્યવિગ્રહવાળા હનુમાનજીને જોયા. (૧૫) બંને અતિ ખેદવાળા શા માટે રુદન કરો છો ? આ પ્રમાણે બોલતા હનુમાનને ભક્તિએ કહ્યું : 'હે વાનર બાળક મને સુખ આપનાર અમૃતમય વાણીવાળા, પવિત્ર મૂર્તિ એવા તમે કોણ છો ? (૧૬) અતિસંકટથી પ્રાપ્ત થયે અમારો પુત્ર બાલગ્રહો હમણાં જ લઈ ગયા છે તેથી હું રડું છું.' આ પ્રમાણે બોલતાં પોતાના દર્શનથી પ્રાપ્ત થયેલા ધૈર્યવાળાં ભક્તિને

હનુમાને કહ્યું : (૧૭) 'હે ભક્તિ ! હું હનુમાન નામવાળો શ્રીરામચંદ્રજીનો સેવક છું. તમે બંને મારા દૃઢ ઉપાસક ભક્તો છો. તેથી તમો બંનેને આ કષ્ટ આવેલું જાણી તેના નિવારણ માટે જ હું અહીં આવેલો છું. (૧૮) હે નરેશ; આ પ્રમાણે હનુમાન ભક્તિને આશ્વાસન આપી, સ્વેચ્છાથી મનુષ્યભાવ ગ્રહણ કરનારા, અને મનુષ્યલીલાથી ભક્તોના મન હરનારા નારાયણસ્વરૂપ તે બાળકને બાલગ્રહોથી છોડાવવા તત્કાળ ત્યાંથી વિદાય થયા. (૧૯) પછી તે બાળકને ભક્ષણ કરી જવાની ઇચ્છાવાળી તેથી બાળકને લઈને ઊંચે ગયેલી કૃત્યા તે બાળકની જ્વલાયમાન અગ્નિસમાન દૃષ્ટિ વડે અતિશય બળવા લાગ્યો છે મોટો દેહ જેનો એવી તે બાળકનો ત્યાગ કરી દેતી હતી. (૨૦) હજુ જેને જન્મે દસ દિવસ પણ થયા નથી એવા તે બાળકને તે પિશાચિની કૃત્યાએ વેગથી પૃથ્વી ઉપર ફગાવી દીધા તેથી તે જ ક્ષણે મૂર્છાને પામી ગયા. અને તે બાળકને ઠંડાં પોતાનાં કિરણો વડે પોષણ કરી ચંદ્રે સુખીયા કર્યા. (૨૧) પછી તે કોટરા તે બાળકરૂપ શ્રીહરિને મારવા ઊંચું ઉગામેલ છે ત્રિશૂળ જેણે, કરાળદૃષ્ટિથી તે બાળક સામું જોતી, લાંબા વાંકા તીક્ષ્ણ દાંતોથી અધરોષ્ઠને પીસતી એવી આકાશમાર્ગમાં જ ઊભી રહી. (૨૨) ધર્મદેવના ભવનથી આકાશમાર્ગે ઊડેલા, ફેલાવેલાં મુખવાળાં, મોટી ભયંકર દાઢોવાળા, પર્વત જેવી આકૃતિવાળા, વજ્રઘોષ સમાન ભયંકર શબ્દને કરતા, એવા હનુમાનજી ધનુષ્યમાંથી છૂટેલા બાણની માફક એકદમ ત્યાં આવી પહોંચ્યા. (૨૩) પછી આકાશમાં રહેલી તે કોટરા એકદમ પ્રલયકાળના અગ્નિ સમાન ભયંકર બાળકને સારી રીતે ભ્રાંતિપૂર્વક જોઈને અતિ ભયથી અતિ કંપતી એવી તેના થરથર કંપતા હાથમાંથી ત્રિશૂલ પડી ગયું. (૨૪) તેને જોઈને એકાએક થરથર કાંપતી એવી કોટરા તેને જોવા માટે શક્તિમાન ન થઈ. ખરેખર ફરીથી 'અહીં નહિ આવું એવો ચિત્કાર કરીને પોતાના પરિવાર સાથે ભાગવા લાગી. (૨૫) પોતાને અતિશય પ્રિય બાળરૂપ ભગવાનને પીડા પમાડવાથી ઉત્પન્ન થયેલા ખૂબ જ ક્રોધવાળા તે હનુમાનજી તે કૃત્યાગણને પકડી ખેંચીને પોતાના લાંબા પૂંછ વડે ઘાસના ભારાની માફક શીઘ્ર બાંધી લાતો મારી તાડન કરવા લાગ્યાં. (૨૬) પછી મૃત્યુ સમાન જેણે દુઃખને પ્રાપ્ત કર્યું છે અને પ્રારબ્ધકર્મના ફલોનો ભોગ બાકી રહેવાથી રક્ષણ કરાયો છે કંઠમાં જીવ જેમનો એવા કૃત્યાઓના સમૂહને દૂર ફેંકી દઈને હનુમાનજીએ સૌમ્ય શરીરવાળા થઈ તત્કાલ પ્રીતિથી બાલકૃષ્ણને બંને હાથમાં ધારણ કર્યા. (૨૭) પછી હનુમાનજી નિશ્ચેટ શરીરવાળા તે બાળકને ધીમે રહીને ઉપાડીને ભક્તિને આપતા હતા. તે ભક્તિમાતા પણ કૃત્યાઓએ ગળાથી પકડવાથી મૂર્છિત જેવી અવસ્થામાં પોતાના પુત્રને પામી કપિરાજ હનુમાનજી પ્રત્યે બોલ્યાં. (૨૮) 'હે દેવ ! તમે મૃત્યુના મુખમાંથી છોડાવેલ આ બાળક હજુ ચેતન વગરનો છે, તેથી તેને સચેત કરો. રામચંદ્રજીના નાનાભાઈ લક્ષ્મણને (ઔષધી લાવી) જીવતદાન આપનારા તમને આને ઉજ્જીવન કરવામાં કંઈ જ અસાધ્ય નથી એમ હું જાણું છું.' (૨૯) આ પ્રમાણે ભક્તિમાતાનું વચન સાંભળી સર્વજ્ઞ એવા અંજનિપુત્ર બોલ્યા કે 'હે ભદ્રે ! હે મંગલકારિણી ! તમારો આ બાળક તો દિવ્ય નારાયણ છે. કોઈ પ્રાકૃત નથી. આ પ્રકારે તમે સત્ય જ જાણો. (૩૦) હે ભક્તે ! આ અલૌકિક બાળક પોષ્યવર્ગે સહિત તમારા બંનેનું તથા શરણે આવેલા બીજાઓનું સંસારનાં દુઃખોથી રક્ષણ કરશે. આથી તમારે સૌથી વધારે

અનુરાગ આ બાળકમાં જ કરવો.' (૩૧) તેને આ પ્રમાણે કહી તેમના પુત્રના મુખ સામું જેટલામાં જોયું એટલામાં મૂર્છામાંથી જાગ્રત થયેલા તે બાળક હસવા લાગ્યા. પછી મનુષ્યચરિત્ર કરવાની ઈચ્છાવાળા તે શ્રીહરિની ઈચ્છાથી હનુમાનજી ત્યાં અદૃશ્ય થઈ ગયા. (૩૨) પછી હનુમાનજીનું સામર્થ્ય જોઈને અતિ આશ્ચર્ય પામેલાં તેઓ બંને પ્રાકૃત બાળકની જેમ પોતાના પુત્રને ફરીથી જન્મ્યાં હોય તેમ માનવા લાગ્યાં. (૩૩) તેઓ બંને આશ્ચર્યપૂર્વક લોકોને કહેવા લાગ્યાં કે હમણાં જ હનુમાનજીએ અમારા બાળકની પિશાચણીઓના સમૂહથી રક્ષા કરી છે. (૩૪) પછી તે બંને હનુમાનજીમાં સર્વોત્કૃષ્ટ ભક્તિભાવ પામ્યાં અને પોતાના સંબંધીજનો આગળ તે હનુમાનજીનું માહાત્મ્ય બહુ પ્રકારે કહેતાં હતાં. (૩૫) ત્યારથી આરંભીને તે ભક્તિ, ધર્મ અને તેમના સંબંધીઓ શનિવારે હનુમાનજીનાં દર્શન-પૂજનનો નિયમ ધારણ કરતાં હતાં. (૩૬) હે રાજન્ ! પછી ધર્મદેવ કૃત્યાએ કરેલી પીડાની શાંતિ માટે વેદોક્ત માર્ગ વડે જ ગ્રહશાંતિ કરતા હતા, બ્રાહ્મણોને રસવાળાં ભોજન વડે તૃપ્ત કરતા હતા અને નારાયણ કવચ સ્તોત્રનો જપ કરતા હતા. (૩૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
હનુમાન કૃત બાળરક્ષણ નિરૂપણ નામે ત્રેવીસમો અધ્યાય થયો. ॥૨૩॥

●

## અધ્યાય-૨૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

વૈશાખ સુદ એકાદશીના દિવસે, શુક્રવારે, અર્યમા દેવતા જેના છે એવા ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં દિવસના ચોથા મુહૂર્તમાં ભક્તિમાતાએ પોતાની કુળદેવી લક્ષ્મીજી તથા શેષશાયી શ્રી નારાયણનું સ્મરણ કરી સુંદર શણગારેલા પારણામાં સ્વલંકૃત કરેલા પુત્રને પૂર્વ દિશા તરફ મસ્તક રાખી યથાવિધિ પધરાવ્યા. (૧-૨) બીજા માસના આરંભમાં ગુરુવારે વસ્ત્રથી ગાળેલું તેથી શુભ એવું ગાયનું દૂધ પુત્રને શંખથી પિવડાવતા હતા. (૩) પછી તે ધર્મદેવ ત્રીજા માસમાં પોતાના પુત્રને ઘરથી બહાર પ્રથમ લઈ જવા રૂપ નિર્ગમન સંસ્કાર કરતા હતા અને સૂર્યનાં દર્શન કરાવતા હતા. આ સંસ્કારમાં બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવતા હતા. સામવેદી હોવાથી વૃદ્ધિશ્રાદ્ધ કરતા ન હતા. (૪) ધર્મ શુદ્ધ વસ્ત્રથી દેહને ઢાંકીને જન્મથી ત્રણ માસની ઉંમરવાળા પોતાના પુત્રને પ્રદોષ સમયે યથાવિધિ ચંદ્રની પૂજા કરી ચંદ્રદર્શન કરાવતા હતા અને વામદેવ સંબંધી સામગાન કરાવતા હતા. (૫) કોઈ એક સમયે ત્રિકાળજ્ઞાની, અતિશય તેજસ્વી, બ્રહ્મચારીનો વેશ ધારણ કરેલા, પોતાના શિષ્યો સહિત માર્કંડેય નામના મહામુનિ ધર્મદેવને ઘેર આવ્યા. (૬) હે નૃપસત્તમ ! સર્વ ધર્મના જ્ઞાતા, પત્નીએ સહિત હરિપ્રસાદ શર્માએ યથાયોગ્ય અતિથિ ક્રિયાથી માર્કંડેય મુનિની સંભાવના કરી. (૭) ભોજન કરી, જળપાન કરી સુખપૂર્વક બેઠેલા મુનિની સેવા કરતા ઉદાર બુદ્ધિવાળા હરિપ્રસાદ પ્રસન્નતા પમાડતા બોલ્યા : (૮) 'હે બ્રહ્મન્ ! લોકોને કૃતાર્થ કરતા અને ખૂબ તેજસ્વી એવા તમારું આગમન અત્યારે કયા સ્થાનેથી થયેલું છે ? આજે આપે મારું ઘર પાવન કર્યું છે. (૯) હે બ્રહ્મન્ ! વેદો, શાસ્ત્રો, આગમો આ બધામાંથી તમે શું ભણેલા છો ? તમો સમગ્ર

વિદ્યાના સાગર સમાન જાણો છો. માટે મને કહેવા માટે યોગ્ય છો. (૧૦) હે રાજન્ ! આ પ્રકારે ધર્મદેવે પૂછેલા બુદ્ધિમાન ત્રિકાળજ્ઞાની અને ધર્મપુત્રના દર્શનથી આનંદિત થયેલા તે બ્રહ્મર્ષિ ધર્મદેવ પ્રત્યે આ વચન બોલ્યા. (૧૧) હું તીર્થયાત્રા કરતો દૈવ ઇચ્છાથી આ તમારા ઘર પ્રત્યે આવેલો છું. ભૃગુગોત્રમાં ઉત્પન્ન થયેલો મને તમે માર્કંડેય જાણો. (૧૨) મેં વેદશાસ્ત્ર અને પુરાણોનો અભ્યાસ કરેલો છે. અને વિશેષપણે તો હું જ્યોતિષશાસ્ત્રને ભણેલો છું અને બીજાઓને ભણાવું છું અને બીજા વેદાંગો પણ ભણ્યો છું. (૧૩) પછી પ્રસન્ન થયેલા ધર્મદેવ તેમના દ્વારા જ પોતાના પુત્રના નામકરણ કરાવવાની ઇચ્છા કરતાં તે મુનિને પ્રણામ કરી ફરીથી તેમના પ્રત્યે બોલ્યા : (૧૪) 'હે મુનિવર્ય ! અમારા ભાગ્યવશાત જ આ મારા ઘેર આપનું આગમન થયેલું છે તેથી મારા ઉપર કૃપા કરી મારા ગ્રહમાં થોડો સમય નિવાસ કરો. (૧૫) હે બ્રહ્મન્ ! જ્યોતિષશાસ્ત્રમાં પારંગત તમો મારા આ પુત્રનું ભવિષ્યમાં થનારું ભાગ્યોદય શાસ્ત્રરૂપી ચક્ષુ વડે જુઓ. (૧૬) હે મહાભાગ ! નામકરણ સંસ્કારનું મુહૂર્ત જોઈ નિશ્ચય કરી તેવા શુભ મુહૂર્તમાં ગુણોથી થયેલું અને નક્ષત્રના સંબંધી નામાભિધાન યથાર્થપણે કરો.' (૧૭) આ પ્રમાણે ધર્મ વડે પ્રાર્થના કરાયેલા માર્કંડેય મુનિ પંચાંગ-પત્રમાં જોઈ નામકરણ સંસ્કારનું મુહૂર્ત નિશ્ચિત કરી ધર્મદેવને કહેવા લાગ્યા : (૧૮) 'હે ધર્મ ! અગિયારમે કે બારમે દિવસે વિષ્ટિ વગેરે નઠારા યોગનો સંભવ હોવાથી નામકરણ સંસ્કાર ન કર્યો હોય તો જન્મથી સો રાત્રિ વીત્યા પછી કરવો. (૧૯) આવતી કાલે સાતમ અને ગુરુવારે, કર્ક લગ્નમાં, ચંદ્ર વગેરે ગ્રહો કેન્દ્રમાં રહેતા તમારા પુત્રનું નામ કર્મ કરો. (૨૦) આ પુત્રનું શુભ અથવા અશુભ ભાવિ હશે તે પણ નામકરણ સંસ્કારના અંતમાં જન્મસમય વિચારીને તમને કહીશ. (૨૧) આ પ્રકારે મુનિએ કહેલા ધર્મે અતિ પ્રસન્ન થઈ તે સમયે જ તેને ઉપયોગી સામગ્રી સંપાદન કરી પ્રાતઃકાલમાં દિવસના ત્રીજા મુહૂર્તમાં તે કર્મનો આરંભ કર્યો. (૨૨) પ્રથમ વૃદ્ધિ શ્રાદ્ધ કરીને પાર્થિવ નામના અગ્નિની સ્થાપના કરી આહુતિપૂર્વક હોમ કર્યો. (૨૩) પછી મુનિ જે તે અંતર્દષ્ટિથી બાલકૃષ્ણ ભગવાનનું સમગ્ર કરવા ધારેલું કાર્ય જાણીને તેમનું સાર્થક એવું નામાભિધાન કરતા બોલ્યા : (૨૪) 'હે દ્વિજ ! આ તમારા પુત્ર તમારા બંનેની તથા સ્વાશ્રિત સર્વની આપત્તિઓને હરશે માટે હરિ સંજ્ઞાવાળા હો. વળી જન્મ સમયે પણ કર્કરાશિમાં ચંદ્ર હોવાથી હરિ નામ જ યોગ્ય છે. (૨૫) આ તમારા પુત્રનો વર્ણ કૃષ્ણ હોવાથી અને જનોનાં મન પોતામાં આકર્ષણ કરવાથી તેમજ ચૈત્ર માસમાં જન્મ હોવાથી આ પૃથ્વી ઉપર કૃષ્ણ નામે પ્રસિદ્ધ થાઓ. (૨૬) હે વિપ્ર ! મેં તમારા પુત્રનાં આ બે જુદાં જુદાં નામ 'હરિ' અને 'કૃષ્ણ' કહ્યાં. તોપણ બે મળીને એક 'હરિકૃષ્ણ' એવું નામ પણ થશે. (૨૭) અને આ તમારો પુત્ર ત્યાગ, જ્ઞાન, તપ, ધર્મ અને અષ્ટાંગ યોગથી પાર્વતી-પતિ નીલકંઠ સમાન થશે. તેથી નીલકંઠ નામથી ઓળખાશે. (૨૮) હે ઉત્તમ વિપ્ર ! આ પ્રમાણે આ તમારા પુત્રના ગુણ અને કર્મ અનુસાર આ રીતનાં જ બીજાં પણ અનેક નામો થશે. (૨૯) આ પુત્ર શ્રીહરિની કથા સાંભળવામાં પૃથુરાજ તુલ્ય થશે અને પ્રેમસહિત સેવાભક્તિથી શ્રીહરિને વશ કરવામાં તેમજ ક્ષમા રાખવામાં અંબરીષ રાજા તુલ્ય થશે. (૩૦) અને ભગવાનના દાસપણામાં આ હનુમાનજી સમાન થશે. કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કાર્યો જણાવનાર નીતિશાસ્ત્રના જ્ઞાનમાં વિદુર સમાન થશે. (૩૧) અને તીવ્ર

વૈરાગ્યમાં શુકદેવજી સમાન, સદ્‌બુદ્ધિમાં જનકરાજા સમાન, શુભ આગ્રહમાં હંમેશાં શ્રીકૃષ્ણના ભજનમાં પ્રહ્‌લાદના સમાન થશે. (૩૨) આ માયાદિ તત્ત્વોથી ભિન્ન આત્મા-પરમાત્મા સંબંધી તત્ત્વજ્ઞાનમાં કપિલદેવ સમાન થશે અને દોષોનો ત્યાગ કરી ગુણ ગ્રહણ કરવામાં મહાયોગી દતાત્રેય સમાન થશે. (૩૩) આ પુત્ર અધર્મસર્ગના ભયશીલપણામાં યુધિષ્ઠિર રાજાની સમાન થશે અને દયાળુપણા અને ઉદારતામાં રાજા રંતિદેવ સમાન થશે. (૩૪) આ બાળક શ્રીકૃષ્ણ ભગવાનનો-અન્યને પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય કરાવવામાં નારદઋષિ સમાન થશે. ઇન્દ્રિયોરૂપી શત્રુઓને વશ કરવામાં અર્જુન સમાન થશે. (૩૫) આ પુત્ર શ્રીકૃષ્ણચરણરજના માહાત્મ્યજ્ઞાનમાં યાદવોમાં અગ્રેસર અક્રૂરજી સમાન થશે અને ભગવદ્ ભક્તોના માહાત્મ્યજ્ઞાનમાં ઉદ્ધવજી તુલ્ય થશે. (૩૬) આ સાધુતામાં આત્મદર્શી મહાત્માના સ્વભાવવાળા સાધુઓમાં અગ્રેસર જડભરત જેવા પૃથ્વીમાં થશે. (૩૭) વળી આ નાના પ્રકારના પ્રશ્ન-ઉત્તર વિધિમાં ઉત્તરોત્તર યુક્તિઓમાં બૃહસ્પતિ સમાન થશે અને ધીરતામાં બલિરાજા તુલ્ય થશે. (૩૮) આ પુત્રના હાથમાં પદ્માકારનું ચિહ્‌ન છે તથા વજાકાર ચિહ્‌ન છે. તથા ચરણોમાં ઊર્ધ્વરેખા અને કમળનાં ચિહ્‌નો છે તેથી આ શ્રીહરિ લાખો માણસોના નેતા થશે એમ નિશ્ચે જાણો. (૩૯) જેવી રીતે વિષ્ણુ ભગવાન દેવતાઓનું રક્ષણ કરે છે તેમ આ તમારા પુત્ર સર્વ પ્રકારનાં કષ્ટોથી સર્વદા તમારા બંનેનું રક્ષણ કરનારા થશે. (૪૦) હે ધર્મ ! તમારા પુત્ર આવી રીતે અનેક ગુણોવાળા થશે. તમારા પુત્રના અસંખ્ય ગુણોનો પાર હું પામી શકતો નથી. (૪૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે કહીને વિરામ પામેલા તે મૂર્તિને ધર્મદેવે હર્ષપૂર્વક નવીન વસ્ત્રો, અલંકારો અને ઘણું ધન આપ્યાં. (૪૨) પછી તે ધર્મદેવના ઘેર એક દિવસ રહીને ભગવાનના પ્રત્યક્ષ દશરન વડે અતિ સંતુષ્ટ થયેલા તે મુનિ ત્યાંથી તીર્થરાજ પ્રયાગ પ્રત્યે ગયા. (૪૩) હે રાજન્ ! મહા પદવીને પામેલા સત્પુરુષોના સમૂહોએ પણ અભિવાંછનીય સ્વપુત્રના ગુણોને સાંભળીને ભાર્યાએ સહિત ધર્મદેવ ઉત્પન્ન થયેલા મહા આનંદરૂપ સાગરમાં ઊંડા ડૂબી ગયા, અને તેથી જ લૌકિક વ્યાવહારિક કાર્યની વિસ્મૃતિ થઈ ગઈ. (૪૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
નામકરણવિધાન નામે ચોવીસમો અધ્યાય થયો. ॥૨૪॥

●

## અધ્યાય-૨૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

પછી પુત્રજન્મથી પાંચમા માસમાં પુત્રદા એકાદશી (શ્રાવણ સુદી)ના દિવસે સાતમા મુહૂર્તમાં ધર્મ પોતાના પુત્રને ભૂમિ ઉપર બેસાડતા હતા. (૧) આ પ્રસંગે ધર્મ પૃથ્વીની સાથે વરાહ ભગવાનને ગીત-વાજિંત્રોના નાદો અને વેદમંત્રોના ધ્વનિઓની સાથે હર્ષથી પૂજતા હતા. (૨) હે રાજન્ ! શ્રી ધર્મદેવ ભાદરવા માસના શુકલ પક્ષની દશમી તિથિએ બાળક એવા સ્વપુત્રના મંગલ

સ્નાનપૂર્વક અન્નપ્રાશન સંસ્કાર કરાવતા હતા. (૩) તે ધર્મદેવે પ્રથમ અભ્યુદયિક કરી શુચિ નામના અગ્નિની સ્થાપના કરી બ્રહ્માદિનું પૂજન અને ચરુ હોમાદિ કર્યો. (૪) ધર્મ મંદ હાસ્યથી પ્રફુલ્લિત મુખવાળા, પોતાના માતાના ખોળામાં રહેલા, અલંકારાદિથી શોભતા, શ્રીહરિકૃષ્ણ નામના પુત્રને દહીં, ઘી, મધથી મિશ્રિત કરેલું, સર્વ રસયુક્ત શુભ અન્ન, સ્નેહથી મૌન થઈને સુવર્ણની સળી વડે એકવાર જમાડતા હતા. (૫) તે ધર્મદેવ સાતમા માસમાં ગુરુવાર અને પૂર્ણ સંજ્ઞાવાળી આસો સુદી દશમના દિવસે કુળદેવ આદિનું પૂજન કરી પુત્રનો કર્ણવેધ સંસ્કાર કરાવતા હતા. (૬) કર્ણ વીંધવામાં કુશળ દરજી બેવડા દોરાવાળી ચાંદીની સોય વડે વેદમંત્રથી અભિમંત્રિત પ્રથમ જમણો કાન અને પછી ડાબો કાન વીંધતો હતો. (૭) પછી તે ધર્મદેવ પુત્રની આજીવિકાની પરીક્ષા માટે તે બાળકની આગળ વસ્ત્ર, પાત્ર, આયુધ, અલંકાર, ધન, પુસ્તક વગેરે અનુક્રમથી મૂકતા હતા. તે બધા સ્થાપન કરેલા પદાર્થો પૈકી તે પુત્ર છેલ્લા પુસ્તક નામના પદાર્થને હર્ષથી ગ્રહણ કરતા હતા. આથી પિતા ખૂબ જ આનંદ પામ્યા. (૮) માતાપિતાએ પોષણ કરાયેલા તેઓ શુકલપક્ષમાં ચંદ્રમાની પેઠે પ્રતિદિન વૃદ્ધિ પામતા હતા. અલૌકિક પોતાની બાળલીલા સંબંધી ચરિત્રોથી પોતાનાં દર્શન કરનારાઓનાં મનને આકર્ષી લેતા હતા. (૯) પુત્ર ભાવથી શ્રીહરિનું લાલન કરતાં તે દંપતી ધર્મ ભક્તિનાં રાતદિવસ ક્ષણની માફક જલદી વીતી જતાં હતાં. (૧૦) શ્રીહરિકૃષ્ણને જોનારા, તેમાં આસક્ત મનવાળાં સ્ત્રીઓ અને પુરુષોનાં હૃદયમાં સંસાર સંબંધી દુઃખ પ્રવેશવા માટે ક્યારેય પણ શક્તિમાન થતું ન હતું. (૧૧) વયોવૃદ્ધ એવા વિદ્વાનો પણ તે શ્રીહરિમાં વિવશ અંતઃકરણવાળા પોતાના વાર્ધક્યને ભૂલીને તે શ્રીહરિની સાથે બાળકોની માફક રમવા લાગ્યા. (૧૨) કલ્યાણમયી મૂર્તિવાળા ભગવાન તેમના કલ્યાણ માટે તેમની મનોવૃત્તિઓ પોતાનામાં જ જેવી રીતે ખેંચાય તેવી લીલા કરતા હતા. (૧૩) હે ભૂપતે ! તે બાળકરૂપ શ્રીહરિને રમાડતી, સ્નેહયુક્ત ચિત્તવાળી સર્વ સ્ત્રીઓને પણ આ ભક્તિનો પુત્ર છે કે મારો છે એવો મારા-તારાનો ભેદ હતો નહિ. (૧૪) વૃદ્ધ સ્ત્રીઓ પુત્રભાવથી અને અન્ય સ્ત્રીઓ ભ્રાતૃભાવથી રાત્રિદિવસ તે પ્રભુને લાડ લડાવતાં પોતાના ઘરને પણ સંભાળતી ન હતી. (૧૫) એક સ્ત્રીના હાથમાંથી શ્રીહરિને બીજી, બીજીના હાથમાંથી ત્રીજી ઉપાડી લેતી હતી. આમ, વારંવાર પ્રેમથી બાળકને ગ્રહણ કરવાની ઈચ્છાવાળી (તે સ્ત્રીઓમાં) તું નહિ હું લઉં એ રીતનો વાણીનો કલહ થતો હતો. (૧૬) બાલા એવા ભક્તિ તો તમે ન લો, તમારે ન લેવો' આમ ઘણી સ્ત્રીઓનાં વચનો વડે વારંવાર નિષેધ કરાતાં પોતાના પુત્રનું લાલન કરવા અવકાશ જ પામતાં ન હતાં. (૧૭) પછી રમણીય અને અવ્યક્ત બાલોચિત કાલી વાણી બોલતા શ્રીકૃષ્ણને સ્ત્રીઓ 'હે અમ્બ ! હે તાત !' એવાં પદો વારંવાર બોલાવતી હતી. (૧૮) ત્યારે તે શ્રીહરિ તે સ્ત્રીઓને હસાવતા અર્ધા અક્ષરવાળાં પદો વડે કાલુ કાલુ મધુર બોલવા લાગ્યા. પહેલા વર્ષમાં જ બોલતા અને ચાલતા શીખી જતા હતા. (૧૯) સ્વેચ્છાથી જ મનુષ્યમૂર્તિ બનેલા શ્રીહરિ આ પ્રકારે બાળલીલા વડે સ્વજનોને આનંદ પમાડતાં પ્રથમ વર્ષ પસાર કર્યું. (૨૦) હે રાજન્ ! તે ધર્મદેવ મોટાપુત્ર રામપ્રતાપનો પોતાના કુળને ઉચિત એવો વિવાહ તે દેશના રાજાની

જેમ ખૂબ ધામધૂમથી કરતા હતા. (૨૧) બલદેવ નામના વિપ્ર રામપ્રતાપને વસ્ત્રાભૂષણથી સમલંકૃત એવાં સુવાસિની નામની પોતાની પુત્રીને આપતા હતા. (૨૨) સુશીલ એવાં તે સ્ત્રી પરમ ધાર્મિક એવા રામપ્રતાપ પતિને પામી પતિવ્રતા ધર્મમાં સ્નેહપૂર્વક અનુવૃત્તિથી તથા ગુણો વડે તે પતિનું સેવન કરવા લાગ્યા. (૨૩) હે ભૂપતે ! પછી તે હરિ નામના પુત્રના બીજા વર્ષના આરંભમાં રામનવમીના દિવસે તો જન્મમહોત્સવ કરાવતા હતા. (૨૪) ત્યારે હનુમાનજી, બલિરાજા, વ્યાસજી, કૃપાચાર્ય, અશ્વત્થામા, વિભિષણ, માર્કંડેય અને પરશુરામ આ બધાંની વિધિપૂર્વક પૂજા કરાવી. (૨૫) અને ધર્મદેવ તેના અંગભૂત હરિભક્ત એવા હજારો બ્રાહ્મણોને તેમની ઇચ્છાનુસાર ઉત્તમ રસવાળાં ભોજન વડે જમાડીને તેમને દક્ષિણાઓ આપતા હતા. (૨૬) પછી તે બાલમૂર્તિ એવા તે ભગવાનમાં બધાને ખૂબ પ્રેમ હોવાથી માતાપિતાને તો વિશેષપણે ખૂબ પ્રેમ થતો હતો. (૨૭) પછી હરિપ્રસાદ ત્રીજા વર્ષમાં અતિ વિનયી, વૃદ્ધોથી પણ અતિ બુદ્ધિશાળી શ્રીહરિનો ચૌલસંસ્કાર કરાવતા હતા. (૨૮) જેઠ માસની વદી પાંચમને દિવસે ગુરુવાર, ધનિષ્ઠા નક્ષત્રમાં વૈદિક બ્રાહ્મણોને બોલાવી, વિધિપૂર્વક ચૌલસંસ્કાર કરાવતા હતા. (૨૯) ધર્મદેવ મંગલસ્નાન કરી માતૃપૂજનપૂર્વક નાન્દી શ્રાદ્ધ અને પુણ્યાહવાચન કરાવતા હતા. (૩૦) પોતાના કુળધર્મને જાણનાર ધર્મદેવ સભ્ય નામના અગ્નિની સ્થાપના કરી, વિધિને જાણનાર બ્રાહ્મણે કહેલા પાત્રાસાદન આચરતા હતા. (૩૧) પછી ત્યાં પાત્રાસાદનમાં અગ્નિની જમણી બાજુ એકવીશ દર્ભની જુડીઓ અને ડાબા ભાગમાં લાલ વર્ણના બળદના છાણનું સ્થાપન કરતા હતા. (૩૨) હે નરાધિપ ! ત્યારબાદ ધર્મદેવ વ્યાહૃતિઓ વડે હોમાદિ કરીને લોખંડના અસ્ત્રાને ગ્રહણ કરી કપુષ્ણિકાછેદન એટલે કે કેશછેદનવિધિ કરતા હતા. (૩૩) ધર્મદેવે પોતાના કુળાચાર પ્રમાણે વાળંદ પાસે શ્રીહરિનું શિખાએ સહિત મુંડન કરાવ્યું, પછી ગૌદાન કર્યું. (૩૪) પછી ઘી-સાકર મુક્ત કેરીનો રસ તથા અનેક રસો વડે પરમ પ્રેમથી સેંકડો બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કર્યા. (૩૫) પછી તે દ્વિજેન્દ્ર સ્વજ્ઞાતિબંધુઓ તથા ગામમાં રહેલા બીજાઓને તેમ જ આગંતુકોને પણ જમાડતા હતા. (૩૬) અને તે જ કર્મમાં વ્યાકુળ ચિત્તવાળાં ભક્તિમાતા તો પ્રાણપ્રિય એવા પોતાના પુત્રની સારસંભાળ લેવામાં સમર્થ ન થયાં. (૩૭) હે રાજન્ ! પતિવ્રતા ભક્તિદેવી કિશોર અવસ્થાવાળાં બાળકોને પુત્રને રમાડવા માટે સોંપી દઈને, મહોત્સવ જોવા આવેલી સ્ત્રીઓની સંભાવનામાં લાગી ગયાં. (૩૮) પછી હે રાજન્ ! ભોજનના અંતે સૂર્ય દિવસના છેલ્લા મુહૂર્તમાં ગયો તોપણ પરમ આનંદથી ક્રીડા કરતાં બાળકો બાળક હરિકૃષ્ણને લઈને છપૈયા ગામથી પૂર્વ દિશામાં ઘણાં વૃક્ષોની હારમાળાવાળા ઉપવનને પામીને ખૂબ રાજી થયેલાં તે વૃક્ષોનાં ફળોને જોતાં જોતાં આંબા ઉપરથી પડેલાં પાકાં ફળોને ખાવા લાગ્યાં. (૩૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ
પ્રકરણમાં ચૌલસંસ્કારવિધિ નામે પચીશમો અધ્યાય થયો. ॥૨૫॥

●

## અધ્યાય-૨૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નિષ્પાપ રાજન્ ! ત્યાં બાળકો રમતાં રમતાં ફળ વગેરે ખાતાં હતાં તેવામાં સૂર્ય આથમી ગયો અને ચારેબાજુ અંધારું થઈ ગયું. (૧) ત્યાં સુધીમાં વ્યર્થ ગયેલું છે પોતે સર્જેલી કૃત્યાગણનું બળ જેને એવો, અસુરોનો ગુરુ કાલીદત્ત ત્યાં આવ્યો. (૨) કપટથી જેણે સારો વેષ ધાર્યો છે એવો માયાવી અને દુશ્મનનાં છિદ્રોને જાણનારો તે બાળકોના મધ્યે ભક્તિનંદન શ્રીહરિને મારવાની ઈચ્છાવાળો તેમની સાથે રમવા લાગ્યો. (૩) બાળકો સાથે રમતો કાલીદત્ત લાલ આંખોથી બાળકોને ભય પમાડતો હતો અને ધર્મપુત્રને વેગથી પકડવા ઈચ્છતો તે તેમની સમીપમાં આવ્યો. (૪) તે બાલકૃષ્ણને પકડવા માટે જેણે બંને હાથ પહોળા કર્યા છે એવો કાલીદત્ત, બાળકને પ્રલયકાળના અગ્નિ સમાન જોઈને તેની ઝાંખી કરવા પણ શક્તિમાન થયો નહિ. (૫) તે બાળકને પોતે પરાભવ માટે અશક્ય જાણી, દુષ્ટ આગ્રહવાળો અને મંત્રોમાં કુશળ તે કાલીદત્ત અસુર શ્રીહરિને મારવા અસુર સંમત માયાને ફેલાવતો હતો. (૬) કાલીદત્તે ઘણા કાળ સુધી સાધેલા મંત્ર વડે યોજેલી, ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામતી, જનોને ભય પમાડનારી માયા પ્રગટ થઈ. (૭) મહાન વેગવાળો અને વૃક્ષોને ઉખાડી નાખનારો તીક્ષ્ણ વાયુ વાવા લાગ્યો, આકાશમાં મેઘઘટા ચડી આવી અને વીજળી ખૂબ ચમકવા લાગી. (૮) અત્યંત ગર્જના કરતા મેઘો મુશળધાર વરસવા લાગ્યા. આકસ્મિક ઉત્પન્ન થયેલો તે ઉપદ્રવ જનોને ભય પમાડનારો હતો. (૯) અતિવાયુ અને અતિવૃષ્ટિથી ઘણાં મહાવૃક્ષો પણ પડી ગયાં, અને તેનાથી સેંકડો પશુપક્ષીઓ નાશ પામ્યાં. (૧૦) હે નરેશ ! ત્યારે ઘનઘોર મેઘઘટાથી મહાન અંધકાર છવાઈ ગયો અને તે અંધકારથી કોઈપણ માણસ પોતાને કે બીજાને જોઈ શકતો ન હતો. (૧૧) કિશોર અવસ્થાવાળાં બાળકો રડવાના સ્વભાવથી રહિત શ્રીહરિને ધરતી ઉપર બેસાડીને તેમને હસાવતા થકા પોતાની રુચિ અનુસાર રમતાં હતાં. (૧૨) એકાએક થયેલી અતિવૃષ્ટિથી વ્યગ્ર ચિત્તવાળાં, ભયે સહિત બાળકો કંપતાં, ભીનાં વસ્ત્રોવાળાં વૃક્ષની નીચે ઊભાં રહેતાં હતાં. (૧૩) વાયુ અને વૃષ્ટિ હમણાં અથવા થોડીવાર પછી શાંત થઈ જશે. આ પ્રમાણે પ્રતીક્ષા કરતાં બાળકો વૃક્ષ નીચે ઊભા રહ્યાં હતાં. (૧૪) પરંતુ પ્રત્યેક ક્ષણે વાયુ અને વૃષ્ટિ વધવા લાગ્યાં અને સહન ન થઈ શકે એવો જ્યારે વિરામ ન પામ્યો ત્યારે બાળકો ચિંતા અને ભયથી વ્યાકુળ થવા લાગ્યા. (૧૫) જે વૃક્ષ નીચે તે બાળકોએ હરિપ્રસાદના પુત્રને રાખ્યા હતા તે વૃક્ષને ભૂલીને ભ્રાંતિવાળાં બાળકો હરિકૃષ્ણને બીજાં વૃક્ષો નીચે ખોળવા ગયાં. (૧૬) 'હે હરિકૃષ્ણ ! હે હરે ! હે કૃષ્ણ !' હે નીલકંઠ ! આ પ્રમાણે ભયથી થયેલી ગદ્‌ગદ્ વાણીથી વડે શ્રીહરિને બોલાવવા લાગ્યાં. (૧૭) વાયુ અને વરસાદનો ઘોર શબ્દ વૃદ્ધિ પામવાથી બાળકોના શબ્દને તે શ્રીહરિ સાંભળતા ન હતા અને શ્રીહરિના શબ્દને તે બાળકો સાંભળતાં ન હતાં. (૧૮) ધર્મના પુત્ર શ્રીહરિને નહિ જોતાં માટે ચિંતાથી વ્યાકુળ મનવાળાં, ધીરજથી રહિત, ચેતના વિહોણાં બાળકો રડવા લાગ્યાં. (૧૯) ભાગ્યહીન એવા અમે આ શું કર્યું ? દ્વિજરાજ હરિપ્રસાદના બાળકને અહીં શા માટે લઈ આવ્યા ? (૨૦) હવે પુરમાં પ્રવેશીને આપણે

લોકોને શું ઉત્તર આપીશું ? અને ભક્તિ ધર્મને આપણે મોઢું કઈ રીતે બતાવીશું ? (૨૧) ચિંતાથી આકુળ ચિત્તવાળા અને ભયથી કંપતાં એવાં તે બાળકોના દુઃખની સીમા ન રહી. તેમાં કેટલાંક બાળકો તો મૂર્છિત થઈ ગયાં. (૨૨) પછી શ્રીહરિ, પોતાના નાશ માટે અસુર કાલીદત્તે કરેલી માયાને મનમાં જાણી, આત્મદૃષ્ટિવાળા, માટે જ વિકારે રહિત, પર્વતની પેઠે અચલમૂર્તિ પહેલાંની માફક જ તે સ્થળે બેઠેલા હતા. (૨૩) ખૂબ જ બળવાન વાયુવેગના આઘાતથી તત્કાળ જ ઉખડી ગયાં છે મૂળ જેનાં એવું, હિમાલય પર્વતથી પડેલા મોટા પત્થરના રૂપવાળું મોટું આંબાનું વૃક્ષ બાલસ્વરૂપ શ્રીહરિના ઉપર પડ્યું. (૨૪) પડેલું તે મહાવૃક્ષ પોતાના વાંકાપણાના અવકાશમાં રહેલા કુમાર ઉપર છત્રની માફક થઈ જઈને વાયુ અને વરસાદથી રક્ષણ કરનારું થઈ ગયું. (૨૫) મહાવૃક્ષ નીચે તે બાળકને જીવતા જોઈને તે કાલીદત્ત બાળકને પકડવા ફરીથી પોતાના હાથ ફેલાવતો હતો. (૨૬) તેટલામાં તે શ્રીહરિની દૃષ્ટિ વડે જ મોહ પામ્યો તેથી ભ્રમથી વિહ્‌વળ થયેલો તે વનમાં ભૂત પ્રવેશેલા પુરુષની જેમ આમતેમ ભટકવા લાગ્યો. (૨૭) ભયથી વ્યાકુળ બનેલાં બાળકો વીજળીઓના અજવાળામાં ચારે બાજુ ઊઠતા, પડતા, ભમતા કાલીદત્તને જોતાં હતાં. (૨૮) પડતાં અને પડેલાં ઘણાં વૃક્ષોના આઘાતથી ખૂબ ઘવાઈ ગયેલાં અંગોવાળો થવાથી તે કાલીદત્ત લાલ કેસૂડાંથી ખીલેલાં ખાખરા વૃક્ષની જેમ બાળકોએ જોવાયેલો તે મૃત્યુ પામ્યો. (૨૯) હે નૃપોત્તમ ! આ પ્રકારે શસ્ત્ર વગરના પણ મહામતિ ભગવાન શ્રીહરિએ સ્વપ્રતાપથી જ તે કાલીદત્તનો નાશ કર્યો. (૩૦) તે કાલીદત્ત જ્યારે મૃત્યુ પામ્યો ત્યારે વાયુ અને વૃષ્ટિ ધીમે ધીમે વિરામ પામી ગયાં, મૂર્છા પામેલાં બાળકો ફરીથી ચેતનાને પામ્યાં. (૩૧) હે રાજન્ ! પછી પુરમાં ભક્તિ-ધર્મ બંને અને દ્વિજાદિ બીજા જનો સંધ્યા સમયે પણ પાછા નહિ આવેલા પોતપોતાના પુત્રોને ગોતવા લાગ્યા. (૩૨) હે નૃપ ! તે જનો અતિવાયુ અને અતિવૃષ્ટિ જોઈને ક્યાંય પણ બાળકોને નહિ જોવાથી સંભ્રાંતા મનવાળા ખૂબ જ ઉદ્વેગવાળા થઈ ગયા. (૩૩) ત્યારે પુરુષોના ડાબાં અને સ્ત્રીઓનાં જમણાં અંગો ફરકવા લાગ્યાં તેથી પોતાનાં બાળકોનું કાંઈક અશુભ થયું હશે એમ હૃદયથી માનવા લાગ્યાં. (૩૪) અતિ વાયુ, અતિ વૃષ્ટિ, ગાઢ અલંકાર અને ખાસ કરીને પુત્રનિમિત્તે મનની પીડાથી તેઓ જ્યાં ત્યાં મૂર્છા પામવા લાગ્યાં. (૩૫) રાત્રિનો પ્રથમ પ્રહાર વ્યતીત થયો ત્યારે વાયુ મંદવેગવાળો થયો અને વરસાદ અટકી ગયો ત્યારે (ભક્તિ-ધર્માદિ) શ્રીહરિની ઈચ્છાથી તેઓ મૂર્છા રહિત થયાં. (૩૬) ઉદ્વેગયુક્ત ચિત્તવાળા તે જનો કાચનાં ફાનસોમાં દીવાઓ તથા મોટી મશાલો કરાવીને તે બગીચા તરફ જતાં હતાં. (૩૭) કેટલાક તલવાર, ઢાલ, ધનુષ્ય હાથમાં લીધેલા એવા અને કેટલાક હાથમાં લાકડીઓવાળા તે નગરજનો હે પુત્ર ! હે પુત્ર ! એમ બોલતા હતા. (૩૮) પછી પોતાના બંધુઓએ પકડ્યા છે બંને હાથ એવા ખસી જતા અંગના વસ્ત્રથી વીંટાયેલા શરીરવાળા, કંઠમાં પ્રાણવાળા, અસુરના શત્રુ એવા પોતાના પુત્રમાં જેમનું મન છે એવા, વિખરાયેલા કેશવાળા, ધર્મદેવ માર્ગમાં ધીમે ધીમે ચાલતા હતા. (૩૯) તે ભક્તિમાતા પણ ચંદ્રોદયથી બિડાઈ ગયેલા કમળ સમાન મ્લાન મુખવાળાં, 'હે કૃષ્ણ ! કૃષ્ણ મારા બાળ !' એમ મુખેથી બોલતાં, બંને પડખાંએ રહેલી સ્ત્રીઓએ બંને બાહુ પકડેલાં, પોતાના પુત્રમાં

પ્રાણવાળા મરેલાની માફક માર્ગમાં ચાલતાં હતાં. (૪૦) તે સમયે અધિક અતિશય દુઃખવાળા, અતિ પ્રિય હોવાને લીધે પોતાના નાનાભાઈ શ્રીહરિનો શોક કરતા, અત્યંત રુદન કરતા, વિવશ થયેલા અને કંપતા અંગવાળા, રામપ્રતાપ પણ પોતાના સરખી ઉંમરવાળાઓની સાથે માર્ગમાં ધીરે ધીરે જતા હતા. (૪૧) ધર્મની સમીપમાં રહેનારી શ્રદ્ધાદિ ધર્મની સ્ત્રીઓ તો તે સમયે દિવ્ય શરીરોથી યુક્ત, ઉતાવળી થઈને સૌથી પહેલાં તત્કાળ ઉપવનમાં ભાંગેલા આંબાના વૃક્ષની નીચે પોતાના બાળકને જોતી હતી. (૪૨) તેને જોઈ દૂધ ઝરતા સ્તનોરૂપી સુવર્ણ કુંભોવાળી, હર્ષથી નજીક આવેલી, અધિક કંપિત શરીરવાળી, તે બાળકને ગ્રહણ કરી લેતી હતી. હે નરેશ ! પ્રેમાતિશયને લીધે ખોળામાં લઈ તે બાળકને પોતપોતાના સ્તનનું દૂધ હર્ષભેર પાન કરાવતી હતી. (૪૩) શ્રદ્ધા આદિ સ્ત્રીઓનો પોતામાં અનુપમ પુત્રસ્નેહ જોઈને તેમની પ્રીતિ માટે શ્રીહરિ તત્કાળ જ બાર સ્વરૂપે થઈ જતા હતા. (૪૪) બાલસ્વરૂપ શ્રીહરિ તે સ્ત્રીઓનું એકીસાથે બાર રૂપે થઈ અમૃતસમાન મધુર દૂધપાન કરતા હતા અને તે સ્ત્રીઓ પણ શ્રીહરિ મારા જ ખોળામાં છે, બીજાનામાં નથી એમ સમજતી હતી. (૪૫) હે રાજન્ ! ત્યારે તે સ્ત્રીઓ પૂર્ણ મનોરથવાળી થઈ ગઈ. કારણ કે કૃષ્ણ જે તે પોતાનામાં પ્રીતિવાળા જનો માટે કલ્પવૃક્ષ સમાન છે. (૪૬) પછી આંખોમાં આંસુ ભરેલા તે પુરવાસી જનો પુત્રોને શોધતા શોધતા જ્યાં તેમના પુત્રો રહેલા છે ત્યાં મૂર્છામાંથી ઊઠીને ખૂબ રુદન કરતાં બાળકોને જોતા હતા. (૪૭) પુરવાસીજનો પોતાના જીવતા પુત્રોને પામીને આધિ વ્યાધિ રહિત થઈ ગયા. પછી પુરજનો પોતાના પુત્રોને 'ધર્મપુત્ર શ્રીહરિ ક્યાં છે ?' એમ પૂછતા હતા. (૪૮) ત્યારે પુત્રોએ કહ્યું કે અહીં વૃક્ષ નીચે રમવા માટે અમે ધર્મના પુત્રને રાખ્યા હતા, પણ ત્યાં હાલમાં તે દેખાતા નથી. (૪૯) વજ્રપાત સમાન દુઃખદાયક તે બાળકોનું વાક્ય સાંભળી અત્યંત દુઃખી થઈને રડતાં તે પુરજનો આમતેમ શોધવા લાગ્યા. (૫૦) ત્યારે તે શ્રદ્ધાદિ ધર્મપત્નીએ મોટા વૃક્ષ નીચે સ્વહસ્તે કાંકરા વગેરે દૂર કરી સાફ કરેલા સ્થાનમાં કૃષ્ણને બેસાડી જનો જોઈ ન શકે તેમ અદૃશ્યરૂપે રહેલી હતી. (૫૧) તેવામાં શ્રીહરિનાં સુંદરી મામી હરિરૂપ બાળકને શોધતાં ત્યાં નિર્ભયપણે સ્વસ્થ રહેલા શ્રીહરિને એકાએક જોતાં હતાં. (૫૨) ત્યારે તે સુંદરીબાઈ બાળકને 'મેં મેળવ્યા, મને મળ્યા' એમ ઊંચા સ્વરથી બોલતાં શ્રીહરિને લઈ ભક્તિમાતાને આપતાં હતાં. ભક્તિમાતા પણ સુંદરીબાઈને લાંબો કંઠનો હાર આપતાં હતાં. (૫૩) ત્યારે પુત્રને પામી હૃદય સાથે દબાવી, દૂધ ઝરતા સ્તનવાળાં ભક્તિમાતા સ્તનપાન કરાવતાં પુત્ર ફરી ઉત્પન્ન થયેલો માનવા લાગ્યાં. (૫૪) ધર્મદેવ, રામપ્રતાપ, જ્ઞાતિજનો અને પુરવાસીઓ જેના અવયવોને કંઈ વાગ્યું નથી એવા કુમારને પામીને આનંદ પામતા હતા. (૫૫) પછી તેઓ અસુરગુરુને પડેલો જોઈ સંભ્રમ સહિત પૂછવા લાગ્યા કે હે બાળકો આ કોણ મરેલો છે ? ત્યારે બાળકો આ વચન બોલતાં હતાં. (૫૬) 'અમો સર્વ બાળકોને ભય પમાડતો, વિકરાળ નેત્રવાળો આ અસુર શ્રીહરિને મારવાની ઇચ્છાવાળો બંને હાથ લાંબા કરીને પકડવા ઇચ્છતો હતો. (૫૭) તરત જ આ નીલકંઠે તેના સામું જોવા માત્રથી આ કાલીદત્ત આમતેમ ભમતો મરણ પામ્યો, એમાં સંશય નથી. (૫૮) તે બાળકોનાં વચન સાંભળી તે ધર્માદિ નવાઈ પામી, ભય પામતાં બોલવા

લાગ્યા કે આ પાપી પોતાના જ પાપકર્મથી નાશ પામેલો છે. (૫૯) હે રાજન્ ! પછી જ્યારે ચંદ્ર ઉદય થયો ત્યારે મહા આશ્ચર્યને પામેલાં તથા અતિ આનંદ પામેલાં બધાં પુરમાં આવતાં હતાં. (૬૦) ભક્તિ અને ધર્મ તો બાળકોનું વચન સાંભળીને પોતાના અંતઃકરણમાં શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં હતાં, તે સમયે જ શ્રીકૃષ્ણની ઇચ્છાથી (તેમને) જ્ઞાન થયું. (૬૧) કે મરણ પામેલો આ પુરુષ નક્કી અસુરોનો ગુરુ કાલીદત્ત જ છે, જેણે અગાઉ આપણને વારંવાર દુઃખી કર્યાં હતાં. (૬૨) આ બાળક પણ પ્રાકૃત શરીરવાળા નથી પણ જેમણે નરનાટક ધારણ કર્યું છે એવા સ્વયં નારાયણઋષિ પુરુષોત્તમ છે. વૃંદાવનમાં આપણા બંનેને વરદાન આપનારા, વરદાનને સફળ કરતાં પૃથ્વી ઉપર આપણા ઘેર પ્રગટ થયેલા છે. (૬૩) અને પ્રસન્ન થયેલા આ નારાયણે અસુરોના વધની પ્રતિજ્ઞા કરેલી છે તથા દુષ્ટ બુદ્ધિવાળા શત્રુઓથી આપણી રક્ષા કરવાની પ્રતિજ્ઞા કરેલી છે. (૬૪) તેથી જ આપણા પુત્રરૂપે શ્રીહરિએ જ માયાવી અસુરરાજ કાલીદત્તને માર્યો છે. નહિ તો મહાબલવાન આ કાલીદત્તને મારવા કોણ સમર્થ થાય ? (૬૫) કાલીદત્તના બળથી સર્વે અસુરો બળવાન છે. આના મૃત્યુથી જ સર્વે અસુરોનું અવશ્ય મૃત્યુ થયેલું છે. (૬૬) કારણ કે પૃથ્વી ઉપર આ કાલીદત્ત જ સર્વ અસુરોનું મૂળ છે માટે મૂળ છેદાયા પછી શાખારૂપ બીજા અસુરોનો જુદો વિનાશ હોતો નથી. (૬૭) અહો ! નવાઈની વાત છે કે શસ્ત્ર વિના પણ મહાબુદ્ધિવાળા આ ભગવાને બાળવયમાં જ દૈત્યાધિપતિને તત્કાળ માર્યો છે. આગળ તો મારશે તેમાં શું કહેવું ? (૬૮) આ પૃથ્વી ઉપર આ હરિકૃષ્ણ જ આપણા બંનેનું પોષણ કરશે. આપણે ભયરહિત થયાં છીએ અને આપણા શિષ્યો પણ સર્વત્ર ભયરહિત થયા છે. (૬૯) દયાનિધિ આ કૃષ્ણની ભક્તવત્સલતાનું શું વર્ણન કરવું ? થઈ શકે જ નહિ. આ પ્રકારે કહીને ઉત્સાહવાળા હૃદયથી આલિંગન કરી પરમસુખમાં નિમગ્ન થયાં. (૭૦) પછી તે શ્રીહરિ માતાપિતાને આપેલું સ્વસ્વરૂપનું જ્ઞાન હરી લેતા હતા. ત્યારે ભાર્યા સાથે ધર્મદેવ પહેલાંની માફક શ્રીહરિમાં પુત્રબુદ્ધિવાળા થયા. (૭૧) મહાઉત્પાતમાં બાળક જીવિત રહ્યા અને શત્રુનો નાશ થયો-આ બંનેમાં ધર્મદેવ શ્રીકૃષ્ણનો અનુગ્રહ અને કુલદેવ (હનુમાનજી)ની કૃપા માનવા લાગ્યા. (૭૨) તે રાત્રિ વ્યતીત થયા બાદ પ્રભાતે ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ધર્મ વિઘ્નની શાંતિ માટે બ્રાહ્મણો પાસે હોમ કરાવતા હતા. (૭૩) ધર્મ 'શ્રીનારાયણ કવચ'ના પાઠ કરાવતા હતા, બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કરી ગાયો અને સુવર્ણનું દાન આપતા હતા. (૭૪) પછી ધર્મદેવ કુલદેવ મારુતિનું પૂજન, બલિદાન વગેરે વિધિ જાણનારા વૈદિક બ્રાહ્મણો પાસે કરાવતા હતા. (૭૫) પછી તે ધર્મદેવ હનુમાનજીને તથા બધા બ્રાહ્મણોને પોતાના પુત્ર પાસે વંદન કરાવતા હતા. તે બ્રાહ્મણો તે બાળકને શુભ આશિષો આપતા હતા. (૭૬) હે રાજન્ ! તે બાળક સ્વાભાવિક અતિ મનોહર આકૃતિવાળા અને જેનો ચૌલસંસ્કારવિધિ થયેલો છે તેવા બાળસ્વરૂપ હરિકૃષ્ણ ખાણમાંથી નીકળેલા નીલમણિની માફક વિશેષ શોભતા હતા. (૭૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ચૌલસંસ્કારમાં માયાવી કાલીદત્ત મરણ પામ્યો એ નામે છવ્વીશમો અધ્યાય થયો. ॥૨૬॥

●

# અધ્યાય-૨૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

વિપ્રર્ષિ એવા તે હરિપ્રસાદ પોતાના પુરમાં વારંવાર અસુરોથી થતા ઉપદ્રવને જોઈને તે પુરમાં રહેવા ઈચ્છતા ન હતા. (૧) પુણ્યક્ષેત્રમાં રહેવાની રુચિવાળા, ધનધાન્યથી સમૃદ્ધિવાળા ધર્મ તત્કાલ જ તે છપૈયાપુરનો ત્યાગ કરીને અયોધ્યાપુરી જવા તત્પર થયા. (૨) હે રાજન્ ! પત્નીએ સહિત ધર્મ પોતાના ઘરમાં રહેલી વસ્તુઓ ગાડા વગેરેમાં મૂકીને પુત્રાદિની સાથે અયોધ્યાનગરી તરફ ચાલ્યા. (૩) પોતાના મોટા પુત્ર રામપ્રતાપની સાથે ધર્મ એક ગાડામાં બેઠા અને શ્રીહરિને ખોળામાં બેસાડીને પુત્રવધૂએ સહિત ભક્તિ એક ગાડામાં બેઠાં. (૪) પોતાના પુત્રની ઉદાર કાલી મધુર બાલભાષાને વારંવાર સાંભળતાં અને પુત્રના મુખકમળને વારંવાર જોતા ધર્મ હર્ષથી પરિપૂર્ણ અંતઃકરણવાળા હોવાથી ઉલ્લંઘન કરેલા માર્ગને અને માર્ગમાં આવતા જનોને જાણ્યા નહિ, ધર્મની પત્નીએ પણ જાણ્યા નહિ. (૫) ઉદારબુદ્ધિ ધર્મ પોતાના સંબંધીઓની સાથે બે ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે સરયુનદીના મનોહર તટને પામ્યા. સમુદ્રની પરમપ્રિય પત્ની પ્રત્યક્ષ દેખાતી સરયુને જોતા હતા. (૬) જેના સ્નાનથી અને જેના દર્શનમાત્રથી પણ જનોના પાપસમૂહો નાશ પામે છે. ભગવાન રામચંદ્રજીની જળક્રિયાથી અતિ પવિત્ર જળવાળી, જે સરયુ પોતાના નામના ઉચ્ચારણ માત્રથી પાપોને ભય પમાડનારી છે. (૭) ગામના સમાન, નગરની ઉપમા યોગ્ય, માટે જ વિસ્તારવાન મધ્યભાગવાળી, મોટી નૌકાઓવાળી અને શબ્દાયમાન બહુ તરંગોના સમૂહોથી શોભાયમાન છે. (૮) જનસમુદાયે ચંદન, પુષ્પ, ધૂપ, દીપાવલિઓ અને ફળ વડે પૂજાયેલી છે, વળી ક્રીડા કરતાં માછલાંઓના સમૂહોના ફરવાથી કવિઓને વર્ણન કરવા યોગ્ય શોભા પામેલી છે. (૯) જે માનસ નામના મહાસરોવરમાંથી નીકળેલી છે, અને માનસ સરોવરવાસી હંસો જ્યાં સુંદર અવાજ કરે છે, કિનારા પરના વૃક્ષોનાં પ્રતિબિંબોથી મનોહર દેખાય છે અને પોતાના અંતઃકરણની શુદ્ધિ ઈચ્છનારા જનોએ સેવવા યોગ્ય છે. (૧૦) પછી ધર્મ પોતાના સૌની સાથે નાવમાં બેસીને મહા નદી ઊતર્યા. નૌકામાં મૂકેલો સર્વ સામાન સામે કિનારે જોઈ સંભાળી લીધો. (૧૧) તે હરિપ્રસાદ અયોધ્યાપુરીને પામીને પ્રસન્ન ચિત્ત-વાળા થઈ ગયા. હે રાજન્ ! એટલામાં તો સૂર્ય પણ લાલ વર્ણવાળા અસ્તાચળને પામી ગયો. (૧૨) તે સમયે હવેલીઓમાં અને સરયુના તીરે લોકો હજારો દીવાઓની હારો કરતા હતા. જેનાં પ્રતિબિંબોથી આખી નદી દીવામય હોય એમ શોભતી હતી. (૧૩) ત્યાં સંધ્યા કરતાં ઘણા બ્રાહ્મણોને જોઈ ધર્મ પોતે પણ સ્નાન કરી પશ્ચિમ દિશામાં મુખવાળા સાયં સંધ્યાની ઉપાસના કરતા હતા. (૧૪) સ્વર્ગદ્વાર નામના તીર્થમાં સંધ્યાવિધિ કર્યા પછી ત્યાંથી ધર્મ લક્ષ્મણતીર્થ તરફ દર્શન કરવા માટે આનંદથી જતા હતા. (૧૫) તુલસી, પુષ્પ, વૃક્ષો વગેરેથી શોભાયમાન લક્ષ્મણ દ્વાર નામના ઘાટથી રમણીય, અયોધ્યામાં પ્રવેશ કર્યો. જે પુરીને પંડિતો મુક્તિ આપનારી કહે છે. (૧૬) હે રાજેન્દ્ર ! જે નગરી સ્વયં મનુ ભગવાને નિર્માણ કરી છે. સરયૂ નદીને લક્ષ કરીને બાર યોજન લાંબા વિસ્તારવાળી અને ત્રણ યોજન પહોળા વિસ્તારવાળી વિશાળ છે. (૧૭) જે નગરી ઈક્ષ્વાકુવંશના રાજાઓની રાજધાની તરીકે પ્રખ્યાત છે

અને જેમાં રામ નામે સ્વયં સાક્ષાત્ વાસુદેવ ભગવાન પ્રગટ થયા હતા. (૧૮) જે અયોધ્યા ફળ અને પુષ્પોના ભારથી ચોતરફ નમતાં અનેક વૃક્ષો અને લતાઓથી શોભતા અનેકવિધ બગીચા વડે ચારે તરફથી વીંટળાયેલી છે. (૧૯) જે પુરીમાં નાના માર્ગો અને રાજમાર્ગો, બજાર અને આંગણાઓ વગેરે જુદા જુદા વાળીચોળીને સારું રાખેલાં હોય છે અને જે પુરીમાં ગૃહદ્વારો દહીં, અક્ષત, કુંકુમ વગેરેથી રોજ પૂજાએલાં હોય છે. (૨૦) વળી જે શ્વેત તેથી જ કૈલાસ પર્વતના શિખર સમાન અને હારબંધ રહેલા વિશાળ અનેક મહેલો, હવેલીઓ, મઠમંદિરો, છાત્રાલયો અને ધર્મશાળાઓથી વિરાજમાન છે. (૨૧) જેમાં ચાર વર્ણના લોકો જુદા જુદા સંકડાશ વગરનાં ઘરોની પંક્તિઓમાં વસે છે, અને જેમનો અવતાર ધર્મ માટે જ છે એવા શ્રીહરિના પ્રતાપથી તે બધા પોતપોતાના ધર્મનું પાલન કરતાં વસે છે. (૨૨) ઝૂલો અને આભૂષણોથી શણગારેલા ચાર પ્રકારના હાથીઓના સમૂહથી, સુલક્ષણોવાળા અને વાયુ સમાન વેગવાળા અશ્વોથી અને ભદ્ર હાથીઓ જેવા મદોન્મત્ત સાંઢોથી તે પુરી પરિપૂર્ણ છે. (૨૩) હે નિષ્પાપ રાજન્ ! ધર્મ તે પુરીમાં દરેક રામમંદિરમાં સંધ્યા સમયે આરતીનાં પદો, વીણા, મૃદંગ, શંખ, કાંસીજોડા, મંજીરા, શરણાઈ અને ઢોલ વગેરેના અવાજને સાંભળતા હતા. (૨૪) પોષ્ય વર્ગ સહિત ધર્મ દીપમાલાઓથી શોભાયમાન પંક્તિબદ્ધ ગોઠવેલી વિવિધ વેચવાની વસ્તુઓ જેમાં છે એવી હારબંધ દુકાનો તથા દેવોની પેઠે શોભતા પુરજનોને જોતાં જોતાં અયોધ્યાને વટાવતા હતા. (૨૫) પછી ચાર વર્ણો જેમાં વસે છે અને રામઘાટની નજીક આવેલા છે એવા બરહટ્ટા નામના અયોધ્યાના શાખાનગરમાં આવ્યા. (૨૬) તે ધર્મદેવ ત્યાં ત્રણ અગ્નિઓથી ભોજન કરાતા ઘી આદિ હવિષ્યાન્નના અતિ ઉત્કટ સુગંધને સૂંઘતાં પોતાના પ્રાચીન ઘરમાં નિવાસ કરતા હતા. (૨૭) પછી ધર્મદેવ દરરોજ સરયૂમાં ત્રિકાલસ્નાન કરી તથા સંધ્યા- વંદનાદિ નિત્યકર્મ કરતાં પોતાના ઈષ્ટદેવ કૃષ્ણની ભક્તિનું આચરણ કરતા હતા. (૨૮) ત્યારે બાળક એવા શ્રીહરિ પણ પિતા વડે કરાતી કૃષ્ણપૂજા જોઈને પોતે પણ બાળલીલા વડે શ્રીકૃષ્ણપૂજા કરવા લાગ્યા. (૨૯) તે બાલકૃષ્ણ કુમાર અવસ્થામાં પણ સાધુની પેઠે શીલ અને ગુણોથી યુક્ત, કૃષ્ણપૂજનમાં પ્રીતિવાળા અને લૌકિક ગ્રામીણ રમતનાં સાધનોને છોડી દેનારા થયા. (૩૦) તે બાળરૂપ શ્રીહરિ દરરોજ સવારે શીતકાળમાં પણ માતાને અનુસરીને કર્મઠ બ્રાહ્મણની જેમ સરયૂ નદીમાં સ્નાન કરવા જતા હતા. (૩૧) પછી તે બાલકૃષ્ણ ઘેર આવી, બાલોચિત સાધનોથી કૃષ્ણપૂજા કરતા હતા. ક્યારેક તો તેમાં નિમગ્ન મનવાળા થઈ જવાથી ભોજન વગેરેને પણ ભૂલી જતા હતા. (૩૨) આવા બાળહરિ ક્યારેક તો કૃષ્ણધ્યાનમાં ઓતપ્રોત થતાં પિતા, માતા અને સમવયસ્ક સખાઓના બહુવાર બોલાવ્યા છતાં પણ ઘણીવાર સુધી તેઓના શબ્દને સાંભળતા ન હતા. (૩૩) તે હરિ બાલ્યાવસ્થામાં પણ વિષ્ણુકથાનાં કીર્તન-શ્રવણાદિકમાં ઉત્સાહવાળા થયા હતા. અને ત્યાં ત્યાં (મંદિરોમાં) મોટે ભાગે રામાયણ સાંભળતા હતા. (૩૪) અને તે શ્રીહરિ બહુધાપણે રામભક્તોના સમાગમથી ભકતજનો જેમને પ્રિય એવા શ્રી જાનકીનાથ રામચંદ્રજીમાં ભક્તિને પામ્યા હતા. (૩૫) જન્મથી પાંચ વર્ષને પામેલા અને જેમણે ગ્રામવિહાર બુદ્ધિનો ત્યાગ કરેલ છે અને શુદ્ધસાધુઓનો માર્ગ સ્વીકારેલ છે એવા તે ભગવાન શ્રીહરિ પૃથ્વી

ઉપર શુદ્ધ સાધુમાર્ગને સ્થાપન કરવા નિત્ય પ્રાતઃકાળે સરયૂનદીમાં આદરપૂર્વક સ્નાનવિધિ કરી સમગ્ર દેવોનાં દર્શન કરવા માટે દેવમંદિરોમાં જતા હતા. (૩૬) આ શ્રીહરિ સીતા-લક્ષ્મણ અને વાયુપુત્ર હનુમાનજી એ સહિત શ્રી રામચંદ્રજીનું ભજન કરતા, શ્રીમદ્ ભાગવતપુરાણ તથા રામાયણ સાંભળતા હતા પરંતુ સમૃદ્ધિવાળા ઘરમાં, માતાપિતામાં, પશુઓમાં, દ્રવ્યમાં અને મિત્રોમાં પણ તથા સાંસારિક કોઈપણ પદાર્થમાં પ્રીતિ બાંધતા ન હતા. (૩૭) હે રાજન્ ! આ શ્રીહરિ સર્વજ્ઞ હોવા છતાં મનુષ્યલીલા કરતાં, શ્રુતિ અને સ્મૃતિને જાણનારા કૃષ્ણભક્ત પિતા ધર્મદેવથી સર્વ ભાગવતધર્મોને અને સર્વ વર્ણાશ્રમધર્મોને સાંભળતા હતા. અને પોતાના માતાના મુખથી સમગ્ર સ્ત્રીઓના બધા ધર્મોને સાંભળતા હતા. આમ, શ્રીહરિ બાલ્યાવસ્થામાં જ પંડિત થઈ ગયા. (૩૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
ધર્મદેવનું અયોધ્યાગમન નામે સત્યાવીસમો અધ્યાય થયો. ॥૨૭॥

●

## અધ્યાય-૨૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ જ વર્ષમાં વૈશાખ સુદી ૨ રવિવારના દિવસે પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તમાં ભક્તિમાતાએ અન્ય (ત્રીજા) પુત્રને જન્મ આપ્યો. (૧) તે પુત્ર ગુણો વડે પ્રદ્યુમ્ન તુલ્ય હતા, તેથી નિત્ય શ્રીહરિને અનુવર્તનારા અને લોકો વડે પૂજાતા ઈચ્છારામ નામથી પ્રસિદ્ધ થયા. (૨) આ જ માસની બારસને બુધવારને દિવસે સૂર્ય દેવતા હસ્ત નક્ષત્રમાં હતા ત્યારે ધર્મપિતા નીલકંઠને અક્ષર લખવાનો આરંભ કરાવતા હતા. (૩) તે સમયે ધર્મદેવ ગણેશ પૂજનપૂર્વક લક્ષ્મીનારાયણ દેવ, સરસ્વતીદેવી, સામવેદ તથા ગોભિલ સૂત્રકારનું યથાશાસ્ત્ર પૂજન કરાવતા હતા. (૪) પછી ઘી વડે હોમ કરી, બ્રાહ્મણોને જમાડી યથાશક્તિ ગાયો અને સોનું દક્ષિણામાં આપતા હતા. (૫) પછી કુશાગ્ર બુદ્ધિવાળા હરિકૃષ્ણ બહુ જ થોડા સમયમાં સર્વ વર્ણો અને અંકોને શીખી લઈને સર્વ ગ્રંથો વાંચવા લાગ્યા. (૬) હે રાજન્ ! ધર્મને જાણનારા ધર્મદેવ તેમની તીક્ષ્ણ બુદ્ધિ જોઈને વેદના છએ અંગોને આદરપૂર્વક ભણાવતા હતા. (૭) તે હરિકૃષ્ણ પણ યજ્ઞોપવીત સંસ્કાર પહેલાં જ વેદના સર્વ અંગોને વિના પ્રયાસે ભણી લેતા હતા. આથી તેમના પિતા આનંદ પામ્યા. (૮) વિષ્ણુપૂજામય રમતો વડે કૌમારાવસ્થાને ઉલ્લંઘીને તે ધર્મનંદન શ્રીહરિ પ્રૌગંડાવસ્થાને પામ્યા. (૯) શ્રીહરિ દરરોજ રાત્રિના છેલ્લા પહોરમાં સરયૂ નદીમાં સ્નાન કરવા જતા હતા. પછી ઘેર આવીને રામનામ વડે રઘુનાથજીનું પૂજન કરતા હતા. (૧૦) ચંદન, ચોખા, ફૂલો, ધૂપ, દીપ અને નૈવેદ્ય વડે શ્રી રઘુનાથજીનું પૂજન કરી તેમની પ્રસાદીરૂપ અન્નાદિક જ લેતા હતા, બીજું કશું જ અંગીકાર કરતા ન હતા. (૧૧) પવિત્ર થઈ રામનામના જપ કરવા માટે શ્રીહરિ દરરોજ જમણા હાથમાં તુલસીની માળા ધારણ કરતા હતા. (૧૨) ક્યારેક સ્નાન કરી, ઊર્ધ્વપુંડ્ર તિલક ધારેલા આ શ્રીહરિ બાળક હોવા છતાં વ્યાકુળતા રહિત એવા અને જનોને આશ્ચર્ય પમાડતા રામકોટની પ્રદક્ષિણા કરતા હતા.

(૧૩) શ્રી રામજન્મભૂમિ, લક્ષ્મણતીર્થ, વિદ્યાકુંડ વગેરે સ્થાનોમાં રામપ્રતિમાઓનું દર્શન કરવા તેઓ દરરોજ જતા હતા. (૧૪) ત્યાં શ્રીરામનાં દર્શન કરી, દંડવત્ પ્રણામ કરી, રામાયણ કથાશ્રવણથી જેમણે શ્રીરામનો મહિમા જાણ્યો છે એવા તે શ્રીહરિ શ્રી રામની સ્તુતિ કરતા હતા. (૧૫) પોતાના કર્મથી શીલાપણાને પામેલી, દીન અને સાધન વગરની, હિંસક પ્રાણીઓવાળા વનમાં પડેલી, ગૌતમપત્ની અહલ્યાને પોતાના ચરણકમળના સ્પર્શમાત્રથી પાવન કરી, શાપથી મુકાવી ઉદ્ધાર કર્યો. એવા જીવહિતકારી, પરમકૃપાળુ, નિષ્કારણ ઉપકાર કરનારા શ્રીરામને હું ભજું છું. (૧૬) તામસ જાતિમાં જન્મેલા તેથી ક્રૂર અને ઘોર જંગલમાં વિહરનાર, મનુષ્યમાં પશુ સમાન, બુદ્ધિહીન એવા નિષાદોના અધિપતિ ગૃહરાજાને તેની અપવિત્ર જાતિને નહિ ગણીને દયા અને પ્રેમથી આલિંગન કરતા એવા જીવહિતકારી, પરમ કૃપાળુ, નિષ્કારણ ઉપકાર કરનારા શ્રીરામને હું ભજું છું. (૧૭) કાગડાનું સ્વરૂપ ધારેલા અને સીતાજીનો દ્રોહ કરનાર, વધને યોગ્ય છતાં ઈન્દ્રપુત્રને બાણ વડે સર્વ ભુવનોમાં ભમાવતા હતા. સર્વ લોકમાં ભમેલા તેથી શોકથી ઘેરાયેલા અને પોતાના શરણને પામેલા ઈન્દ્રપુત્રને જિવાડતા એવા જીવહિતકારી, પરમકૃપાળુ, નિષ્કારણ ઉપકાર કરનારા શ્રીરામને હું ભજું છું. (૧૮) અત્યંત નીચ જાતિની અને સ્ત્રી એવી શબરી બોરડીનાં ફળોની રખવાળી કરતી, પોતાના (રામચંદ્રજીના) આગમનની ચિંતા કરતી તેને પોતાનું દર્શન આપી, શબરીએ આપેલાં બોર આરોગતાં વરદાતા જાનકીવલ્લભ એવા જીવહિતકારી, પરમકૃપાળુ, નિષ્કારણ ઉપકાર કરનારા શ્રીરામને હું ભજું છું. (૧૯) પક્ષીયોનિમાં ઉત્પન્ન થયેલા, માંસાહારી, વ્રત-તપ-દાનથી રહિત એવા જટાયુ નામના ગીધ પક્ષીની અંતિમ બધી જ ક્રિયા પુત્ર જેમ પિતાની કરે તેવા પ્રેમથી કરનારા એવા જીવહિતકારી, પરમકૃપાળુ, નિષ્કારણ ઉપકાર કરનારા શ્રીરામને હું ભજું છું. (૨૦) પોતાના બંધુથી ભય પામેલા, ઘર વગરના, વાનરોના પતિ એવા સુગ્રીવને પોતાના શરણમાં આવેલો જોઈ તે વાનર હોવા છતાં પ્રેમથી પોતાનો મિત્ર બનાવી પછી તરત જ વાલીને હણીને તેને રાજ્ય પર સ્થાપનારા એવા જીવહિતકારી, પરમકૃપાળુ, નિષ્કારણ ઉપકાર કરનારા શ્રીરામને હું ભજું છું. (૨૧) પોતાના શત્રુ રાવણનો નાનો ભાઈ, અને રાક્ષસ એવા વિભીષણને પોતાના શરણે આવેલો દૂરથી જોઈ, ખૂબ આનંદિત થકા, સામે ચાલીને પોતાના ભાઈ લક્ષ્મણજીની માફક તત્ક્ષણે આલિંગન કરતા એવા જીવહિતકારી, પરમકૃપાળુ, નિષ્કારણ ઉપકાર કરનારા શ્રીરામને હું ભજું છું. (૨૨) જેમના નામસ્મરણથી મનુષ્યોનું મંગળ ન થાય તેવા વાનર અને રીંછોને પણ પોતાનો આશ્રય કરવાથી વૈદિક મંત્રોની પેઠે અતિ પવિત્રપણું અને મંગલપણું પ્રીતિથી આ લોકમાં કરી દેનારા તથા અનેક જીવોને સંસારસાગરમાંથી તારનારા એવા જીવહિતકારી, પરમકૃપાળુ, નિષ્કારણ ઉપકાર કરનારા શ્રીરામને હું ભજું છું. (૨૩) હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિ નિત્ય હાથ જોડી શ્રી રઘુનાથજીની સ્તુતિ કરતા હતા અને પછી ઘેર આવી વેદાંગોનો અભ્યાસ કરતા હતા. (૨૪) હે રાજન્ ! માર્કંડેયમુનિએ નામકરણ સંસ્કાર વખતે આ શ્રીહરિના જે ગુણો કહ્યા હતા તે સર્વગુણોનો ધર્મદેવ વગેરે સૌ પ્રત્યક્ષ અનુભવ કરવા લાગ્યા. (૨૫) તે શ્રીહરિ યોગીન્દ્રને સ્પૃહા કરવા યોગ્ય પોતાના વ્રત-નિયમો વડે બાલ્યાવસ્થામાં પિતા

વગેરેથી પણ અધિક સર્વલોકોમાં પ્રસિદ્ધિ પામ્યા. (૨૬) સાક્ષાત્ વાયુપુત્ર બાલ્યાવસ્થામાં જ રાક્ષસીઓથી તમારું રક્ષણ કરતા હતા તેથી તમે હનુમાનજીનું આદરપૂર્વક પૂજન કરો એમ માતાપિતા અનુશાસન કરતાં હતાં તેથી શ્રીહરિ પણ તેમનો ખૂબ આદર કરી ભક્તિપૂર્વક તેમનું પૂજન કરતા હતા. (૨૭) હે રાજન્ ! જે કોઈ નગરવાસી બાળકો ધર્મનંદન શ્રીહરિનો સમાગમ કરતાં હતાં તે સર્વ બાળકોને શ્રીહરિ પ્રહ્લાદની પેઠે વિષ્ણુપૂજન-સ્મરણ વગેરે સર્વ ભાગવતધર્મો શીખવતા હતા. (૨૮) બાલ્યાવસ્થામાં જ આત્મનિષ્ઠ તેથી ખૂબ તીવ્ર વૈરાગ્યવાળા, વિષરસની તૃષ્ણાથી રહિત, ગૃહત્યાગ કરવાની ઈચ્છાવાળા, શ્રીહરિ બ્રહ્મચર્યયુક્ત ઉપનયન સંસ્કારની અપેક્ષા રાખી, સરોવરમાં કમળની જેમ નિર્લેપ થકા ઘરમાં નિવાસ કરતા હતા. (૨૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં, નારાયણ ચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, શ્રીહરિ
પ્રૌગંડલીલા વર્ણન નામે અઠ્યાવીશમો અધ્યાય થયો. ॥૨૮॥

●

## અધ્યાય-૨૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હંમેશા એકાંતિક ધર્મમાં સ્થિતિવાળા અને અનેક ઉત્તમ સત્પુરુષોના ગુણોથી સભર એવા શ્રી ધર્મદેવ રઘુકુળમાં ઉત્તમ એવા રામચંદ્રજીની તે અયોધ્યાપુરીમાં રહેતા હતા ત્યારે સર્વજનો તેમની સ્તુતિ-પ્રશંસા કરતા હતા. (૧) તે ધર્મદેવમાં સદ્‌ગુરુના લક્ષણો જોઈને પુરવાસીઓ બહુધા તેમના આશ્રય કરવા લાગ્યા અને આશ્રિતજનો હર્ષિત થઈને અનાજ, દ્રવ્ય, વસ્ત્ર, અલંકાર વગેરેથી તેમનું વારંવાર પૂજન કરવા લાગ્યા. (૨) તે ધર્મદેવ પણ પોતાના શરણને પામેલા જનોને કૃષ્ણમંત્રનો સારી રીતે ઉપદેશ કરતા હતા અને પોતાના ગુરુના મુખે સાંભળેલા પાલન કરવા યોગ્ય સર્વ ધર્મોનો પણ યથાયોગ્ય ઉપદેશ આપતા હતા. (૩) હે નરેન્દ્ર ! તે ધર્મદેવે કહેલા ધર્મોમાં વર્તનારા તે પુરુષો ધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત એવી રાસેશ્વરી રાધાના પ્રાણપતિ એવા શ્રીકૃષ્ણની પરાભક્તિ કરવા લાગ્યા. (૪) અને જે કોઈ સુરાપાન કરનારા હતા તે પણ તેમના સંગથી તત્કાળ સુરાપાનનો ત્યાગ કરતા હતા. વળી જે માંસભક્ષણ કરનારા હતા તે પણ દેવ-પિતૃ સંબંધી કર્મમાં પણ કોઈ પ્રકારે માંસના સંસર્ગનો ત્યાગ કરતા હતા. (૫) હે રાજન્ ! તેમને આશ્રિત જે ગૃહસ્થો હતા તે ઘી-દૂધ-ડાંગર-સાકર આદિ શુદ્ધ હવિષ્યાન્ન દ્રવ્યો વડે શ્રી વિષ્ણુયાગાદિ સાત્ત્વિક યજ્ઞો કરતા હતા. (૬) હે નૃપ ! અને અગ્નિહોત્રી લોકો તેમનો આશ્રય કરતા હતા તે પણ યજ્ઞમાં કોઈપણ સ્થળે સાક્ષાત્ પશુને મારતા જ ન હતા અને તે બ્રાહ્મણો સૂત્રામણિયાગમાં પણ સુરાપાન જ કરતા ન હતા. (૭) હજારો સ્ત્રીઓને પોતાનો આશ્રય કરવાની ઈચ્છાવાળી જોઈને પંડિત અને શિષ્ય પરંપરાના હિતકારી એવા ધર્મદેવ બુદ્ધિવડે વિચાર કરવા લાગ્યા. (૮) અહીં પુરુષ શુભ કે અશુભ જે જે આચરણ કરે છે તે પ્રમાણે જ તેને આશ્રિત જનસમુદાય અને બીજા જનો પણ આચરણ કરે છે. આથી શ્રેયથી વિચાર કરી કાર્ય કરવું જોઈએ. (૯) કારણ કે પૃથ્વી ઉપર જે ધર્મોપદેશકો સ્ત્રીઓનું ગુરુપણું કરે છે તેઓ રતિક્રીડામાં આસક્ત, પોતાને આશ્રિત તેથી વિશેષ

આધીન એવી પરદારા સ્ત્રીઓમાં ભ્રષ્ટ થઈ જાય છે. (૧૦) કોઈપણ પુરુષને ક્યારેય પણ કોઈપણ સ્થળે સ્ત્રીનો પ્રસંગ યોગ્ય જ નથી. તેથી પુરુષે નાગણીની પેઠે સ્ત્રીથી ભય પામવું જોઈએ. તેમાં પણ ધર્મોપદેશક ગુરુએ તો વિશેષપણે ભય પામવું જોઈએ. (૧૧) આથી જે ગુરુ સ્ત્રીઓનું કલ્યાણ ઈચ્છતા હોય તેમણે પોતાની પત્ની દ્વારા અહિંસાદિક નિયમો સહિત કૃષ્ણમંત્રનો ઉપદેશ કરાવવો; પણ ગુરુએ સ્ત્રીઓને જોવી નહિ કે તેમની સાથે બોલવું નહિ. (૧૨) સમીપ સંબંધવાળી સ્ત્રીઓ સિવાયની અન્ય સ્ત્રીઓને ગુરુએ ક્યાંય પણ જોવી નહિ, તેમનો સ્પર્શ કરવો નહિ, તેમની સાથે બોલવું પણ નહિ એ જ ઉત્તમ ધર્મ છે એવો અમારો મત છે. (૧૩) હે નરેન્દ્ર ! આ પ્રમાણે નિશ્ચય કરીને ધર્મદેવ પોતાની પત્ની ભક્તિદેવી પાસે તે સ્ત્રીઓને મંત્રોપદેશ અપાવતા હતા અને તે સ્ત્રીઓને સધવા-વિધવાના ધર્મોને પણ કહેવડાવતા હતા. (૧૪) પોતાના પતિમાં જ નિષ્ઠાવાળી તથા કુલટા સમાન જે સ્ત્રીઓ ભક્તિદેવીનો આશ્રય કરતી હતી તે બધી પણ શ્રીહરિના પ્રતાપથી પતિવ્રતાનારીના તુલ્ય પ્રસિદ્ધ ગુણોવાળી થઈ જતી હતી. (૧૫) હે રાજન્ ! પોતાના પોષ્યવર્ગ સહિત તે ધર્મદેવ ત્યાં નિવાસ કરતાં પ્રતિદિન સ્નાનાદિ ષટ્કર્મ કરતા થકા કૃષ્ણમહાપૂજા આચરતા હતા. (૧૬) તે ધર્મદેવ દરરોજ ઉત્તમ મહાનવૈદ્ય કૃષ્ણને નિવેદન કરતા હતા. પછી તે ભગવાનની આરતી કરતા હતા. (૧૭) અને કૃષ્ણજન્માષ્ટમી આદિ મુખ્ય વ્રતોને આચરતા હતા અને તેમાં જાગરણ કરી વિશેષપણે કૃષ્ણપૂજા કરતા હતા. (૧૮) તે ધર્મદેવ ભારે ભારે દ્રવ્યોથી અન્નકૂટ વગેરે રાધિકાના પતિ એવા શ્રીકૃષ્ણના વાર્ષિક ઉત્સવો રાજાની પેઠે કરતા હતા. (૧૯) હે રાજન્ ! દર વર્ષે ભાદરવા સુદ ચતુર્થીના દિવસે મધ્યાહ્‌ન કાળે શ્રી ગણપતિનું પૂજન-મહોત્સવ વિધિપૂર્વક કરતા હતા. (૨૦) દર વર્ષે આસો વદ ચૌદશના દિવસે કુળદેવ હનુમાનજીનો પૂજન આદિ મહોત્સવ વિધિપૂર્વક કરતા હતા. (૨૧) અને તે ધર્મદેવ દરરોજ સંધ્યા સમયે શ્રીકૃષ્ણ ભગવાનના અવતાર ચરિત્રોની કથા કરતા હતા. (૨૨) અને બુદ્ધિશાળી તે ધર્મદેવ દરરોજ સદ્‌ગ્રંથોનું પઠન-પાઠન તથા સ્વયં ચિંતન યથાવકાશ કરતા હતા. (૨૩) આ પ્રમાણે સ્વધર્મપરાયણ અને શત્રુઓના વિજેતા તથા શ્રીકૃષ્ણના પ્રતાપથી અસુરોનો ઘણો ભય જેમનો દૂર થઈ ગયો છે એવા ધર્મદેવ આ લોકમાં પોતાના શરણે આવેલા મનુષ્યોને સન્માર્ગમાં પ્રવતર્તાવતા થકા પુત્ર, પત્ની વગેરે સહિત નિવૃત્તિપરાયણ તે પુરીમાં વાસ કરતા હતા. (૨૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં, નારાયણ ચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં, 'ધર્મે' કરેલું સ્ત્રી-પુરુષ-ગુરુ મર્યાદા નિરૂપણ નામે ઓગણત્રીશમો અધ્યાય થયો. ॥૨૯॥

●

## અધ્યાય-૩૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પછી ધર્મદેવ પુત્રનો યજ્ઞોપવીત સંસ્કાર કરવા અત્યંત ઉત્સાહવાળા થઈને પોતાના ગૃહ્યસૂત્રમાં કહેલી સામગ્રીઓ દેશ-વિદેશથી પણ સંપાદન કરવા લાગ્યા. (૧) પછી જ્યોતિષીને બોલાવી, કંકુ, પુષ્પ, વસ્ત્ર, દક્ષિણા વડે તે બ્રાહ્મણનું પૂજન કરી તેની આગળ રત્ન સહિત શ્રીફળ

મૂકી પોતાના પુત્રનો ઉપનયન સંસ્કારનો સમય પૂછતા હતા. (૨) હે ધર્મદેવ ! તમારા પુત્રને ગર્ભથી લઈ આઠમું વર્ષ ચાલે છે. તેમાં અત્યારે શુભકારી ફાગણ માસ ચાલે છે તેથી આ જ માસમાં દશમી તિથિએ પુષ્યનક્ષત્રમાં અને મેષલગ્નમાં ઉપનયન સંસ્કારકર્મ તમે કરો. (૩) આ પ્રમાણે સાંભળી ધર્મદેવે તે જ મુહૂર્ત નક્કી કર્યું, અને પોતાના જ્ઞાતિસંબંધીજનો, સુહૃદજનો, સખાજનો ઉપર મંગલ પત્રિકાઓ લખીને મોકલાવતા હતા. (૪) શ્રી હરિકૃષ્ણના દર્શન માટે અતિ ઉત્સાહિત મનવાળા, તે સંબંધીજનો ગાડાં, રથ, ઘોડા આદિ વાહન ઉપર બેસી, સુહૃદ, પુત્ર, કલત્ર અને સેવકો સાથે ભેટો લઈને ત્યાં આવવા લાગ્યા. (૫) તેમનો યથાયોગ્ય સત્કાર કરતાં ખૂબ સામગ્રીઓ સંપાદન કરી, પુત્રના મંગલ કર્મથી ખૂબ જ હર્ષિત થયેલા ધર્મદેવ ત્યાં આવેલા સર્વ સગાંઓને નવીન વસ્ત્રો અને અલંકારો આપતા હતા. (૬) પછી તે ધર્મદેવ ગુણસંપન્ન, ચાર વેદોને જાણનારા, પુરાણો અને શાસ્ત્રોના જાણકાર, અને કવિઓ એવા બ્રાહ્મણોને ઉત્તમ દૂતો મોકલીને દેશાંતરોમાંથી બહુ માનપૂર્વક બોલાવતા હતા. (૭) પછી સૂર્ય સમાન ક્રાંતિવાળા અને વેદ તથા શાસ્ત્રોને જાણનારા તે ઉત્તમ બ્રાહ્મણો તથા પોતાના આચાર્ય છે મુખ્ય જેમાં એવા બ્રાહ્મણો ગોભિલમુનિએ ગુહ્યસૂત્રમાં કહેલા ક્રમથી શ્રીહરિને ઉપનયન કર્મ કરાવવા લાગ્યા. (૮) તે સમયે ધર્મદેવના ઘેર રાતદિવસ મંગલકારી ઘણાં વાંજિંત્રો વાગવા લાગ્યાં તથા સધવા સ્ત્રીઓના સમૂહો મનોહર ગીત કીર્તનો ગાતા હતા. (૯) હે ભૂપ ! તે ધર્મદેવ પુત્રના ઉપનયન સંસ્કારમાં અધિકાર સિદ્ધ કરવા માટે કરવા યોગ્ય ત્રણ કૃચ્છ્ર વ્રતોના પ્રતિનિધિરૂપે બ્રાહ્મણોને ત્રણ ગાયોનું દાન આપતા હતા. (૧૦) સ્વચ્છંદપણે આચરણ, ભક્ષણ તથા ઉચ્ચારણ મુખ્ય છે જેમાં એવા દોષોની શાંતિ માટે પુત્રે પણ કૃચ્છ્રત્રયાત્મક કાર્ય કરવું જોઈએ. ઉપર્યુક્ત પ્રકારે ત્રણ ગાયોના ધનથી જ પિતા પ્રથમથી જ કરતા હતા. (૧૧) વળી ધર્મદેવ ઉપનયન સંસ્કારના અંગભૂત કર્મો માતૃપૂજા, તથા નાંદિમુખ જે વૃદ્ધિશ્રાદ્ધ તથા સૂર્યાદિ ગ્રહોની શાંતિ તથા પુણ્યાહ્‌વાચન તથા મિષ્ટ ભોજન વડે બ્રાહ્મણોને તૃપ્તિ વગેરે સર્વકર્મ આગલે દિવસે જ કરતા હતા. (૧૨) અને ધર્મ દશમીના દિવસે પ્રભાતે ઘર આગળ લીંપેલી જમીન ઉપર સંમાર્જન આદિ સંસ્કારોથી અભિસંસ્કૃત સ્થંડિલ (કુંડ)ને વિષે સમુદ્‌ભવ નામના અગ્નિની પૂજા કરાવતા હતા. (૧૩) તે ધર્મદેવ પોતાની વેદશાખાને ઉચિત કર્મોનો માર્ગ તથા સાવંશ ધર્મને જાણતા હોવા છતાં દ્વિજાતિ સંસ્કાર કરાવવામાં જાણકાર બ્રાહ્મણે બતાવેલી રીતિ પ્રમાણે જ સર્વ ક્રિયા કરતા હતા. (૧૪) સ્નાન કરાવેલા અને જમાડેલા પછી કેશમુંડન કરાવવાથી માતાએ ફરી સ્નાન કરાવેલા અને અલંકૃત કરેલા, પોતાના જમણા ભાગમાં વિનયપૂર્વક બેઠેલા તે પુત્રને વિધિપૂર્વક સંસ્કાર કરાવતા હતા. (૧૫) કેડમાં કટિસૂત્ર બાંધીને, પછી કૌપીન આચ્છાદાન વસ્ત્રનો કકડો ધારણ કરાવી, નવ તંતુવાળું, પવિત્ર અને કપાસના સૂતરથી બનાવેલું ત્રિગુણાત્મક યજ્ઞોપવીત તેને આપતા હતા. (૧૬) પછી અગ્નિવ્રત ઈત્યાદિ ઘીથી હોમ કરી, પછી નાભિ વગેરે કુમારનાં અંગોનો મંત્રોચ્ચારણ પૂર્વક સ્પર્શ કરી, 'આ જ દિવસથી તમે બ્રહ્મચારી બનો છો.' એમ કહી આચાર્ય તેને પાળવાના ધર્મો કહેતા હતા. (૧૭) હે રાજન્ ! તે ધર્મદેવ પોતાના પુત્રને પ્રૈષ ધર્મો યથાર્થ સંબોધન કરતા હતા કે હે સુત ! તમે દરરોજ પ્રાતઃકાળે અને સાયંકાળે અથવા તો

સાયંકાળે જ સમિધોનો અગ્નિમાં હોમ કરો. (૧૮) તમે દરરોજ ભોજન પહેલાં અને ભોજનના અંતે મંત્રસહિત અપોશન એટલે જળભક્ષણ કરો. તમે દિવસની નિદ્રાનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરો. આચાર્યની સેવામાં તત્પર બનો. (૧૯) હે રાજન્ ! પિતાએ આ પ્રકારે કહેલા તે કુમાર હસતાં હસતાં 'ભલે' એમ ઊંચા સ્વરે બોલ્યા, તેથી ધર્મદેવ, તેમના પત્ની, સંબંધીઓ અત્યંત આનંદ પામ્યાં. (૨૦) પછી વિધિ જાણનારા તે આચાર્યે કુમારની કમર ઉપર ત્રેવડી અને સુંદર એવી મુંજની મેખલા બાંધી પછી તેમાં ધર્મદેવના પ્રવરને અનુરૂપ ત્રણ ગ્રંથિઓ બાંધી. (૨૧) પછી અગ્નિથી ઉત્તર દિશા તરફ, કુશના આસન ઉપર પૂર્વાભિમુખે બેઠેલા તે ધર્મદેવ સમાન આસન ઉપર બેઠેલા પુત્રને બ્રાહ્મમંત્ર એટલે કે ગાયત્રીમંત્રનો ઉપદેશ કરતા હતા. (૨૨) ત્યારે મહાદુન્દુભિનો ખૂબ જ અવાજ થવા લાગ્યો, સર્વ પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. જય શબ્દની સાથે બ્રાહ્મણોથી કરાતો વેદધ્વનિ સ્ત્રીગણનાં ગીતોની સાથે જ શોભવા લાગ્યો. (૨૩) પછી ગુરુએ શ્રીહરિને મસ્તકના કેશપર્યંત લાંબો ખાખરાનો દંડ મંત્રોચ્ચાર સાથે ધારણ કરાવ્યો તેમજ ઉત્તરીય વસ્ત્રને સ્થાને મૃગચર્મ મંત્રોચ્ચાર સાથે ધારણ કરાવ્યું પછી સંધ્યાવિધિ શીખવવા લાગ્યા. (૨૪) ત્યારે મધ્યાહ્ન સંધ્યા પહેલાં કરવી કે સાયંકાળ સંધ્યા પહેલાં કરવી એમ બહુ પ્રકારે સભાસદોમાં વિવાદ થતાં 'મધ્યાહ્ન સંધ્યાની જ પહેલી ઉપાસના કરાવવી' એમ ધર્મદેવ બોલ્યા. (૨૫) પ્રથમની પેઠે ફરીથી ગુરુએ ઉપદેશ કરેલા બીજા પણ પ્રૈષધર્મો તેના પાલનમાં અતિ ઉત્સાહવાળા પુત્રને વચનો વડે સ્પષ્ટ થાય તેમ ધર્મદેવ બોધ કરવા લાગ્યા : (૨૬) 'હે સુત ! તમે વિદ્યાગુરુના પાપાચરણ સિવાયના વચનમાં નિરંતર રહો. ક્રોધ અને મિથ્યાભાષણનો ત્યાગ કરો. શાસ્ત્રમાં નિષેધ કરેલું આઠ પ્રકારનું મૈથુન તેનો ત્યાગ કરો.' (૨૭) "હે પુત્ર ! તમે ગ્રામ્યગીતનો ત્યાગ કરો. નૃત્ય ન કરવું, વાદ્યગીતને સાંભળવાં નહિ. ચંદનાદિનું લેપન ન કરવું. નેત્રમાં અંજન, તૈલમર્દન પૂર્વક સ્નાન, ઘર્ષણ સ્નાન, પગ ઉપર પગ ઘસીને ધોવા વગેરે ન કરવું. (૨૮) હે પુત્ર ! આચાર્યની આગળ ઊંચું આસન ન કરવું. ખૂબ ઘસીને દાંત સાફ ન કરવા, દાંતિયા વડે કેશ ઓળવા નહિ; જમીન ખોતરવી નહિ, અને વિનાકારણ વાળ કપાવવા નહિ. (૨૯) હે સુત ! તમારે ક્યારેય પણ મદ્ય અને માંસનો સ્પર્શ ન કરવો; બળદગાડામાં બેસવું નહિ, ચામડાની પાદુકા પહેરવી નહિ, યથેષ્ટ ચેષ્ટા કરવી નહિ, અરીસામાં જોવું નહિ. બીજાની નિંદા કરવી નહિ તથા છત્રી ન વાપરવી. (૩૦) 'હે પુત્ર ! વાણીથી પણ કોઈ પ્રાણીની હિંસા ન કરો; મોક્ષ માટે પણ સ્વ-હિંસા એટલે કે આત્મઘાત ન કરો; પૃથ્વી ઉપર કુત્સિત પુરુષોનો સંગ ન કરો અને કાંસાના પાત્રમાં ક્યારેય પણ ભોજન ન કરો. (૩૧) વળી જુગાર, તમાકુ, ભાંગ્ય વગેરે ન પીવા યોગ્ય પીણાંઓનો તથા લસણ વગેરે અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કરો, વળી ગાય, બ્રાહ્મણ, તીર્થ, દેવતા, સત્પુરુષો, સાધ્વીઓ તથા સચ્છાસ્ત્રોની ક્યારેય પણ નિંદા ન કરો. (૩૨) હે સુત ! તમો કૌપીન, મૌજીબંધ, કટિસૂત્ર, દંડ, યજ્ઞોપવીત, કમંડળુ, મૃગચર્મ અને ભિક્ષાપાત્ર આટલું નિત્ય અવશ્ય ધારણ કરો. (૩૩) તમો પ્રતિદિન સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, દેવાદિ તર્પણ, સામર્થ્ય અનુસારે શ્રીવિષ્ણુપૂજન તથા શ્રવણાદિ ભક્તિ કરો." (૩૪) હે રાજન્ ! આ પ્રમાણે પિતાથી સારી રીતે બોધન કરેલા,

સ્વેચ્છાથી ગ્રહણ કરેલ છે નરતનુ જેમણે એવા તે શ્રીહરિ ધર્મદેવ પ્રત્યે 'બહુ સારુ' એમ બોલ્યા. ત્યારપછી તેમણે બંને હાથ ઊંચા કરી સૂર્યનું ઉપસ્થાન કર્યું અને અગ્નિની પ્રદક્ષિણા પણ કરી. (૩૫) પછી હે નરેશ ! 'ભિક્ષા આપો' એમ પોતે જ ભિક્ષા માગતા બ્રહ્મચારીને પોતે ભક્તિમાતાએ જ ભિક્ષા પીરસી. પછી જેમાં સુવાસિની મુખ્ય છે એવી બીજી સ્ત્રીઓ પ્રીતિયુક્ત થઈ ભિક્ષા આપતી હતી. (૩૬) તે બ્રહ્મચારી આચાર્યવર્યને ભિક્ષા અર્પણ કરી પછે 'તમો ગ્રહણ કરો' એમ આચાર્યે પોતા માટે આપેલું ભૈક્ષ સ્વીકારતા હતા. પછી વિધિને જાણનારા ધર્મદેવ તે કર્મ આચાર્ય દ્વારા યથાવિધિ સમાપન કરાવતા હતા. (૩૭) પછી શુદ્ધ વર્ણિવેષ ધારેલાં, સૂર્યસમાન કાંતિવાળા, પ્રાપ્ત થયેલા સંસ્કારવાળા, તે શ્રીહરિ ત્યાં સભામાં ઉત્તમ બ્રાહ્મણોના મંડળ વચ્ચે મૂર્તિમાન બ્રહ્મચર્યની જેમ શોભતા હતા. (૩૮) હવે પછી ઉત્સાહયુક્ત મનવાળા ધર્મદેવ બ્રાહ્મણોને ગાયો, સુવર્ણ મુદ્રાઓ, વસ્ત્રો, આભરણો, ઉત્તમ વાહનો વગેરે ઉદારતાપૂર્વક આપવા લાગ્યા. સ્વાશ્રિત જનોને પણ તે ધર્મદેવ યથાયોગ્ય વસ્ત્રો, ધન વગેરે આપવા લાગ્યા તથા સંબંધીજનોને પણ વસ્ત્રો વગેરે યથાયોગ્ય આપવા લાગ્યા. (૩૯) પછી ધર્મદેવ પોતાને ઘેર આવેલા પુરવાસી વિપ્રો તથા બીજા વિપ્રોને વિવિધ પ્રકારના તથા ઘી વગેરે રસોથી ભરેલાં પોતાને ઈપ્સિત, ભક્ષ્ય અને ભોજ્ય એવા પદાર્થો વડે સારી રીતે જમાડીને તૃપ્ત કરતા હતા. પછી રાજાની પેઠે સર્વેને દક્ષિણાથી સંતુષ્ટ કરી સૌ-સૌના ઘેર વિદાય કરી અતિ આનંદપૂર્વક પોતાના પુત્રને સમગ્ર સામવેદ અર્થસહિત ભણાવવા લાગ્યા. (૪૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં, નારાયણ ચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, પ્રથમ પ્રકરણમાં
શ્રીહરિ યજ્ઞોપવીત ઉત્સવ નિરૂપણ નામે ત્રીશમો અધ્યાય થયો. ॥૩૦॥

●

## અધ્યાય-૩૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ઉત્તમ રાજા ! યજ્ઞોપવીત સંસ્કાર પામેલા શ્રીહરિ ગુરુએ કહેલા સ્વધર્મોનું પાલન કરતા થકા માતાપિતાની પ્રેમપૂર્વક સેવા કરવા લાગ્યા. (૧) પછી ઘરનો ત્યાગ કરવાની ઈચ્છાવાળા શ્રીહરિ ભૂમિ ઉપર ધર્મનું સ્થાપન કરવાના પોતાના અવતારના પ્રયોજન અંગે વિચારવા લાગ્યા. (૨) કુમાર્ગમાં અનુગમન કરનારા અસુર સમૂહોને જીતીને પૃથ્વી ઉપર મારે હાલમાં ધર્મ સ્થાપન કરવાનો છે. એને માટે તો આ મારો અવતાર છે. (૩) જો હું હમણાં જ ઘરનો ત્યાગ કરું તો મારા વડે અતિ સુખ પામેલા અને અસુર ભયથી રહિત થયેલાં મારાં માતાપિતા અત્યંત દુઃખિયાં થઈ જાય. (૪) તેઓ બંને મારા વિયોગથી થનારી અતિ પીડાને સહન કરવા શક્તિમાન થઈ શકે જ નહિ. તેથી તેઓ બંનેને દુર્વાસાના શાપથી મુક્ત કરીને પછી મારે ઘરનો ત્યાગ કરવો. (૫) તે શ્રીહરિ મનમાં આવો ગૂઢ સંકલ્પ કરીને, વેદોમાં આદરવાળા, રામકૃષ્ણનું ભજન કરતા અને વેદાધ્યયન કરતા, ત્યાં વાસ કરતા હતા. (૬) તે શ્રીહરિએ વિદ્યાવાન પુરુષો પૈકી પોતાના પિતા ધર્મદેવને જ વિદ્યાગુરુ કર્યા, અન્યને નહિ. પિતા પાસે જ પ્રથમ ત્રીજો સામવેદ ભણ્યા. (૭) શ્રીહરિ

તીવ્ર બુદ્ધિવાળા હોવાથી થોડા જ સમયમાં પિતા ધર્મદેવ તથા અન્ય પંડિતોને આશ્ચર્ય પમાડતા સમગ્ર વેદોને ભણી ગયા. (૮) પછી કાવ્યો, શાસ્ત્રો, પુરાણો વગેરે ભણતા હતા અને મહાભાષ્ય વગેરે જે કંઈ ધર્મદેવ જાણતા હતા તે સર્વ પણ ભણી ગયા. (૯) હવે ધર્મદેવ પણ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયેલી જોઈ, તીવ્ર વૈરાગ્ય પામીને સાંખ્ય ધર્મનો આશ્રય કરી શ્રીકૃષ્ણ ધ્યાનપરાયણ થયા. (૧૦) હે રાજન્ ! પછી તે ધર્મદેવ સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત ભક્તિયોગનું પોતાનું અનુભવાત્મક જ્ઞાન પોતાના પુત્રને યથાશાસ્ત્ર ઉપદેશતા હતા. (૧૧) પોતાના ગુરુ (રામાનંદસ્વામી)નું માહાત્મ્ય તથા સૌરાષ્ટ્ર વગેરે દેશોમાં તેમનું વિચરણ તથા પોતાના સંપ્રદાયની સમગ્રરીતિ પોતાના પુત્રને યથાવત્ કહી સંભળાવી. (૧૨) તે શ્રીહરિ વિદ્યાઓ તથા સર્વ ગુણોએ કરીને પિતાની માફક મહાયશસ્વી થઈને બહુ થોડા સમયમાં જ સર્વ જનોમાં માનનીય અને પૂજનીય થયા. (૧૩) પછી તે શ્રીહરિ પોતાના ઘરમાં પિતા દ્વારા વંચાતું શ્રીમદ્ ભાગવત નામનું પુરાણ એકાગ્ર મનથી સાંભળતા હતા. (૧૪) પછી શ્રીહરિ સંપૂર્ણ મહાભારત તથા સાત ખંડોવાળું સ્કંદપુરાણ પિતા થકી સમગ્રપણે સાંભળતા હતા. (૧૫) હે રાજન્ ! ત્યારબાદ ધર્મપ્રિય શ્રીહરિ એકાગ્ર મનથી ધર્મશાસ્ત્રોરૂપ અષ્ટાદશ સ્મૃતિઓ પણ પિતા થકી જ સાંભળતા હતા. (૧૬) પછી કુશાગ્ર બુદ્ધિવાળા શ્રીહરિ પોતાની જ બુદ્ધિથી સારાસાર નિશ્ચય કરીને પોતાને વાંચવા માટે જુદું જુદું લખવા લાગ્યા. (૧૭) શ્રીમદ્ ભાગવતમાંથી 'પંચમ અને દશમ સ્કંધ' એ બે સાર જુદા લખ્યા અને સ્કંદપુરાણમાંથી 'શ્રીવાસુદેવમાહાત્મ્ય' આ સાર જુદો લખ્યો. (૧૮) પછી મહાભારતમાંથી 'શ્રીમદ્ ભગવદ્ગીતા, વિદુરનીતિ અને વિષ્ણુસહસ્રનામ' એ ત્રણ સાર જુદા લખ્યા. (૧૯) તે પછી ધર્મશાસ્ત્રોમાંથી ઉત્તમ સારરૂપ એક 'યાજ્ઞવલ્ક્યસ્મૃતિ' પ્રીતિથી જુદી લખી. (૨૦) પછી આ ચાર સાર જુદા જુદા લખીને શ્રીહરિએ ધર્મદેવને બતાવ્યા. તેથી તે જોઈને પ્રસન્ન થયેલા ધર્મદેવ શ્રીહરિની બુદ્ધિને દૈવી બુદ્ધિમાન માનવા લાગ્યા. (૨૧) પુત્ર પ્રત્યે બોલ્યા કે તમો દરરોજ કૃષ્ણપૂજા કરી રહ્યા પછી આ ચાર સારનો યથાવકાશ પાઠ કરો અને શ્રોતાઓ હોય તો કથા પણ કરો. (૨૨) પછી શ્રીહરિ 'ઓમ' એવા અંગીકાર વચનથી ગ્રહણ કરી તેનો દરરોજ પાઠ કરવા લાગ્યા. અને શ્રોતાઓના કર્ણને આનંદ આપનારી કથા પણ કરવા લાગ્યા. (૨૩) પછી તે શ્રીહરિ આ ચારે સારનો સૂક્ષ્મપત્રવાળો અને સ્પષ્ટ સુંદર પોતાના અક્ષરે લખેલો ગુટકો બનાવી હંમેશાં પોતાની પાસે રાખતા હતા. (૨૪) શ્રીમદ્ ભાગવત વગેરેને દરરોજ સાંભળતા એવા તે શ્રીહરિને શ્રીકૃષ્ણમાં જ દૃઢ ઉપાસના કરવા યોગ્ય બુદ્ધિ થતી હતી. (૨૫) પછી વૈષ્ણવી દીક્ષા લેવાની ઈચ્છા કરતા પુત્રને ધર્મદેવ પોતાના સંપ્રદાય પ્રમાણે પ્રથમ સામાન્ય એવી વૈષ્ણવી દીક્ષા આપતા હતા. (૨૬) પછી કૃષ્ણસંબંધી અષ્ટાક્ષરમંત્ર અને બીજો ત્રણ અક્ષરવાળો મંત્ર આપ્યો તથા વિનયશીલ એવા તેમને સદ્ધર્મોનો ઉપદેશ આપ્યો. (૨૭) પછી શ્રીહરિ કહેવા પ્રમાણે શ્રીકૃષ્ણપૂજા પ્રેમપૂર્વક કરવા લાગ્યા તથા સ્વતઃસિદ્ધ સકળ ધર્મોનું સ્વયં પાલન કરવા લાગ્યા. (૨૮) હે રાજન્ ! આ પ્રમાણે શ્રીકૃષ્ણનું નિત્ય ભજન કરતાં તથા સચ્છાસ્ત્રોનો અભ્યાસ કરતાં કરતાં શ્રીહરિ શર્મા જન્મથી આરંભીને અગિયારમાં વર્ષમાં પ્રવેશ પામ્યા. (૨૯) દંભથી વૈષ્ણવ વેષ ધારણા કરેલા, ભયંકર તરવાર વગેરે

શસ્ત્રો ધારણ કરેલા, લાલચોળ આંખોવાળા, બહુ શરીરબળવાળા અને મદમાં ઉદ્ધત થયેલા એવા સેંકડો અસુરો ટોળે મળીને પોતાના વેરી અને શસ્ત્ર વગરના શ્રીકૃષ્ણને હણવા માટે પ્રવૃત્તમાન થયેલા વારેવારે અયોધ્યામાં આવતા હતા. (૩૦-૩૧) જેવી રીતે પૂર્વે મૂઢ એવા સંતપ્તક ક્ષત્રિયો અર્જુનની માયાથી મોહિત થઈને પરસ્પરને હણીને મૃત્યુ પામ્યા હતા તેમ આ બધા પણ શ્રીહરિની માયામાં મોહિત થઈને 'આ નીલકંઠ છે' એમ પરસ્પર શત્રુભાવ ઉત્પન્ન થતાં તેઓ એકબીજાને શસ્ત્રો વડે હણવાથી મૃત્યુ પામી ગયા. (૩૨-૩૩) ત્યાં આવેલા અસુરોનો આ પ્રકારે પરાભવ વિનાશ કરી શ્રીહરિએ બીજા પ્રદેશોમાં રહેલા તે દેવોના શત્રુઓનો વિનાશ કરવા ઈચ્છા કરી. (૩૪) કાર્તિક સુદ નવમીની રાત્રિમાં કાર્તિકવ્રતવાળાં અને તેથી દૂબળા અંગવાળાં થયેલાં પોતાના ભક્તિમાતાને થોડા ઉદ્વેગવાળાં જોઈને આગળ ઊભેલા શ્રીહરિ કહેવા લાગ્યાં. (૩૫) "વિષ્ણુજનપ્રિય એવાં હે માતા ! હું તમોને હંમેશાં ખૂબ આનંદયુક્ત જોઉં છું. પરંતુ હાલમાં તમોને હું ઉદ્વિગ્ન મનવાળાં કેમ જોઉં છું ? (૩૬) હે માત ! તમારે સ્વદેહમાં અહંતા (અને પુત્રાદિકમાં) મમતા ન કરવી. કારણ કે તે જ ઉદ્વેગનું કારણ તથા જન્મ-મરણ કહેતાં સંસારનું કારણ છે. (૩૭) અહંતા-મમતાનું કારણ તો માયા જ છે એમ તમે જાણો. તે માયા ત્રિગુણાત્મિકા (સત્ત્વ, રજ, તમ એ ત્રણ ગુણરૂપ) અને ગાઢ અંધકારરૂપ છે એમ જાણો. નારાયણની શક્તિરૂપ તે માયા વડે સ્થાવર જંગમરૂપ સમગ્ર વિશ્વ મોહિત થયેલું છે. (૩૮) અને સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને પંચરાત્રાદિ શાસ્ત્રો તથા તે શાસ્ત્રોને જાણનારા મહર્ષિઓ પણ એમ જ કહે છે." (૩૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે પુત્રનું વચન આદરપૂર્વક સાંભળતાં એવા માતાના હૃદયમાં તે શ્રીહરિની ઈચ્છાથી જ પૂર્વની જેમ (કાલીદત્તના વિનાશ સમયે જેમ આ તો સાક્ષાત્ પરમાત્મા મારે ત્યાં અવતર્યા છે એવી સ્મૃતિ થઈ આવેલી તેમ) સ્મૃતિ થઈ આવી. (૪૦) પછી વર્ણિવેશવાળા પુત્રને સાક્ષાત્ નારાયણ જાણી માતા અન્ય વસ્તુઓમાં વૈરાગ્યને પામીને તે શ્રીહરિના જ શરણને પામતાં હતાં. (૪૧) જેમને સંસારમાંથી મુક્તિ મેળવવાની બુદ્ધિ પ્રાપ્ત થયેલી છે એવાં તે (ભક્તિમાતા) પોતાના આસનથી ઊઠી બંને હાથ જોડી, શ્રીહરિને નમસ્કાર કરી, તેમની પાસે બેસી, આત્યંતિક નિઃશ્રેયસ કહેતાં મોક્ષનું સાધન પૂછવા લાગ્યાં. (૪૨)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં, નારાયણ ચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, પ્રથમ પ્રકરણમાં, વિદ્યાધ્યયન-સામાન્ય દીક્ષાગ્રહણ-અસુરયૂથનિઘાત નિરૂપણ નામનો એકત્રીશમો અધ્યાય થયો. ॥૩૧॥

●

## અધ્યાય-૩૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! સર્વ સદ્‌ગુણોથી સંપન્ન એવાં માતા પ્રેમવતી સાક્ષાત્ નારાયણના અવતાર એવા પોતાના પુત્ર શ્રીહરિને કહેવા લાગ્યાં. (૧)

**પ્રેમવતી બોલ્યાં :**

મુમક્ષુજનોએ શરણ પ્રાપ્ત કરવા યોગ્ય એવા ઋષિરૂપ અને કષ્ટને હરનારા શ્રીહરિ તમને હું નમસ્કાર કરું છું. (૨) ભૂતલ ઉપર સમગ્ર પ્રાણીઓના કલ્યાણ માટે અવતાર ધારણ કરેલાં તમને હું સાક્ષાત્ પ્રભુ નારાયણઋષિ રૂપે જાણું છું. (૩) તેથી હે હરે ! સંસારનું મૂળ એવી માયાની નિવૃત્તિ સર્વથા આ જન્મમાં જેમ થાય તેમ મને તમો ઉપદેશ આપો. (૪) હે સન્મતે ! હું ગ્રામ્ય સુખોથી વૈરાગ્ય પામીને તમારા શરણમાં આવેલી છું તેથી મને મુમક્ષુ જાણીને યથાર્થ ઉપદેશ કરવાને તમે યોગ્ય છો. ! (૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે માતાએ પ્રેમપૂર્વક પૂછેલા અને સ્વતઃસિદ્ધ વિશુદ્ધ જ્ઞાનવાળા તે શ્રીહરિ પ્રસન્ન થઈને મોક્ષની ઇચ્છાવાળા માતાને સંસારનું મૂળ માયાના નાશનો ઉપાય કહેવા લાગ્યા. (૬)

**શ્રીહરિ બોલ્યા :**

હે માતા ! મુમુક્ષુ અને વૈરાગ્યશીલ તેમને વેદોનો અર્થ જાણનારાઓ વડે નિશ્ચિત થયેલો અને શાસ્ત્રસંમત એવો ઉત્તર હું તમને કહું છું તે સાંભળો. (૭) મુમુક્ષુ જનોએ તથા મહામુક્તોએ સેવવા યોગ્ય શ્રીકૃષ્ણ, વિષ્ણુ, પુરુષોત્તમ, નારાયણ (વગેરે નામવાળા) એક ભગવાન જ છે. (૮) તેની માયા વડે મોહિત એવો જીવસમુદાય સંસારને પામે છે તેથી જે જનો તે ભગવાનને શરણે જાય છે તે જ માયાને તરી જાય છે. (૯) સજ્જનોના સમાગમથી તે ભગવાનનો મહિમા જાણીને તેમનાથી પ્રાપ્ત થયેલી સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત ભક્તિથી જનોએ તે ભગવાનનું સેવન કરવું જોઈએ. (૧૦) હે મહાવ્રતવાળાં માતા ! સ્વધર્માદિ ત્રણ અંગયુક્ત ભક્તિ હોય તો ક્યારેય પણ કોઈ પણ વિઘ્નથી આ લોકમાં પરાભવ પામતી નથી. (૧૧) આ ત્રણ અંગોમાંથી એકાદ અંગનો પણ લેપ થાય તો અંગની વિકળતાને લીધે ભક્તિયોગવાળાને દેશકાળાદિકની વિષમતાને લીધે ભક્તિમાં જરૂર વિઘ્ન થાય છે. (૧૨) કાર્યકારણરૂપ માયાની સર્વથા આત્યંતિક નિવૃત્તિ (ધર્માદિ ત્રણ અંગે સહિત) ભક્તિથી જ થાય, તેની નિવૃત્તિનો અન્ય કોઈ ઉપાય નથી. (૧૩) તે માયાની નિવૃત્તિ થતાં શ્રીકૃષ્ણનો શુદ્ધ સેવક તેના પરમ ધામને પામે છે તે ધામ ને વેદો 'બ્રહ્મ' કહે છે. (૧૪) અને કાળ-માયાના ભયથી રહિત એવા તે ધામમાં તે ભક્ત અનંત અને અક્ષય-અવિનાશી સુખને સારી રીતે પામે છે અને પોતાના તમામ મનોવાંછિતને પામે છે. (૧૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે વેદ,શાસ્ત્ર, પુરાણ અને પંચરાત્ર અને આગમ ગ્રંથોના સિદ્ધાંતભૂત એવું પોતાના પુત્રનું કહેવું સાંભળીને માતા ફરીથી પૂછવા લાગ્યા. (૧૬)

**પ્રેમવતી બોલ્યાં :**

હે ભગવન્ ! ધર્માદિ અંગ સહિત કૃષ્ણભક્તિથી જ માયાની નિવૃત્તિ થાય તેવો સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત તમોએ કહ્યો. (૧૭) હે મહામતિવાળા ! તેથી જ આ બધું હું તમારી પાસેથી જ યથાર્થ જાણવાની ઇચ્છા રાખું છું. તો સ્ત્રી એવી મને જેમ બોધ થાય તેમ કહેવા તમે યોગ્ય છો. (૧૮)

મહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્વધર્માદિ સહિત ભક્તિ જેમના દ્વારા પામવા યોગ્ય છે તે સાધુપુરુષોનાં લક્ષણો તમે મને કહો. (૧૯) સ્વધર્મ વગેરેના લક્ષણો પણ તમે પૃથક્ પૃથક્ વિવેચન કરી તત્ત્વપૂર્વક તમે મને કહો કારણ કે હે કૃષ્ણ ! તમે સર્વજ્ઞ છો. (૨૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! એવી રીતે માતાએ પૂછ્યું એટલે સર્વના આદિભૂત મુનિ ભગવાન્ શ્રીહરિ માતાને સ્વધર્માદિક જાણવાની ઈચ્છા થઈ તેથી તેમની ઉપર બહુ આદરભાવવાળા થઈને તેમને કહેવા લાગ્યા. (૨૧) શ્રીહરિ બોલ્યા : હે માતા ! પોતાનું કલ્યાણ ઈચ્છતા એવા તમે આ ખૂબ જ સુંદર પૂછેલું છે. કારણ કે પંડિતોએ જાણવા યોગ્ય હોવાથી આ સર્વ માટે હિતકારી છે. (૨૨) અંગોસહિત ભક્તિમાં કારણભૂત અને મુમુક્ષુઓએ સેવવાયોગ્ય એવા સત્પુરુષોનાં લક્ષણો હું તમને પહેલાં કહીશ. (૨૩) પ્રાણીઓ ઉપર દયાવાળા, ક્ષમાવાળા, પ્રાણીમાત્રના હિતેચ્છુઓ, તિતિક્ષુ (શીત-ઉષ્ણાદિ દ્વંદ્વને સહન કરનારા), અસૂયારહિત, શાંત અવસ્થાવાળા અને અજાતશત્રુ. (૨૪) ઈર્ષ્યા વગરના, વૈરભાવરહિત, માનરહિત, મત્સરરહિત, યથાયોગ્ય અન્યને માન આપનારા, અને પ્રિય અને સત્ય બોલવાના સ્વભાવવાળા. (૨૫) તથા કામ, ક્રોધ, લોભ આદિ દોષોને જીતનારા, મદરહિત, અહંતા-મમતા વગરના, સ્વધર્મમાં દૃઢ વર્તનવાળા, (૨૬) દંભરહિત, પવિત્ર આચારવાળા, ઈન્દ્રિયોનું દમન કરનારા, સરળ સ્વભાવવાળા, મિતભાષી, જિતેન્દ્રિય, અપ્રમત્ત, દ્વન્દ્વોથી પર અને ધૈર્યશાલી, (૨૭) વિષયમાં પ્રવર્તવારૂપ ચપલપણાથી રહિત, પરિગ્રહરહિત, બોધ આપવામાં નિપુણ, આત્મનિષ્ઠ અને સર્વના ઉપકારક, (૨૮) નિર્ભય, અપેક્ષા વગરના, જુગાર વગેરે વ્યસનોથી રહિત, ખૂબ શ્રદ્ધાવાળા, ઉદાર, તપમાં નિષ્ઠાવાળા તથા નિષ્પાપ. (૨૯) તથા જેમણે ગ્રામ્યકથાવાર્તાનો ત્યાગ કર્યો છે એવા, સચ્છાસ્ત્રોના અભ્યાસવાળા, વિષયાસક્તિ વગરના અને આસ્તિક તેમજ વિવેકશીલ. (૩૦) મદ્ય-માંસ વગેરેના સંસર્ગથી રહિત, દૃઢ વ્રતવાળા, ચોરીના કર્મથી રહિત અને બીજાની ખાનગી વાતને જાહેર નહિ કરનારા. (૩૧) નિદ્રાને જીતનારા, જેમણે આહાર જીતેલ છે એવા, સંતોષવાળા, સ્થિર બુદ્ધિવાળા, અહિંસામય વૃત્તિવાળા, તૃષ્ણારહિત, અને સુખ-દુઃખમાં સમાન મતિવાળા (૩૨) નહિ કરવા યોગ્ય કાર્યમાં લજ્જાવાળા, પોતાના વખાણ અને બીજાની નિંદા નહિ કરનારા, યથોચિત્ત બ્રહ્મચર્યનું પાલન કરનારા તથા યમ-નિયમોથી સંપન્ન. (૩૩) આસન તથા પ્રાણ જીતનારા, શ્રીકૃષ્ણચરણ કમળમાં દૃઢ આશ્રયવાળા, નિત્ય કૃષ્ણભક્તિપરાયણ અને ભગવાન અર્થે જ જેમની સઘળી ક્રિયાઓ છે એવા, (૩૪) શ્રીકૃષ્ણના અવતારોનાં ચરિત્રોને દરરોજ પ્રેમપૂર્વક સાંભળનારા તથા કીર્તન કરનારા તથા ભગવદ્ધ્યાનપરાયણ એવા. (૩૫) જેમની એક ક્ષણમાત્ર પણ ભગવદ્ભક્તિ વિના નથી ગઈ એવા. હે નિષ્પાપ માતા ! આવાં (૩૫) લક્ષણવાળા હોય તેમને સંત જાણવા. (૩૬) આવા પુરુષોના સંગથી મહાત્મ્યજ્ઞાન પૂર્વકની અને ધર્માદિ અંગો સહિતની કૃષ્ણભક્તિ મુમુક્ષુજનો વડે પ્રાપ્ત કરાય છે. (૩૭) (ઉપર દર્શાવેલાં લક્ષણવાળા) સત્પુરુષો થકી જ શ્રીકૃષ્ણ તથા તેમના અવતારોનાં દિવ્ય અદ્ભુત ચરિત્રોનું શ્રવણ થાય તેથી તેમને જ સાંભળવા. (૩૮) ગોલોક, વૈકુંઠ,

અક્ષર વગેરે ધામોમાં પ્રભુનું જે અપરિમિત ઐશ્વર્ય છે તે પણ સાધુઓ થકી જ જણાય છે. (૩૯) તથા ક્ષીરસાગરની સમીપે રહેલા, બ્રહ્મતેજથી વ્યાપ્ત એવા શ્વેતદ્વીપનું તથા ભૂલોકમાં વૃંદાવન, દ્વારિકાપુરી અને બદરિકાશ્રમમાં રહેલા ભગવાનનાં ધામોનું માહાત્મ્ય પણ આ સંતો થકી જ સાંભળી શકાય છે. (૪૦-૪૧) આ ભરતખંડમાં રહેલા પુલહાશ્રમ જેમાં મુખ્ય છે તેવાં ક્ષેત્રો તથા ગંગા-યમુનાદિ તીર્થોનું માહાત્મ્ય તથા હે સતિ ! સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણના સંબંધી જે જે અદ્‌ભુત માહાત્મ્ય છે તે તે સર્વ પણ શ્રોતાજનોએ એવા સંતો પાસેથી જ જાણી શકાય છે. (૪૨-૪૩) સાધુઓ થકી (શ્રીકૃષ્ણનાં ચરિત્રો વગેરેના) શ્રવણથી જ કૃષ્ણમાહાત્મ્યનું યથાર્થ જ્ઞાન થાય છે. એવા જ્ઞાન થકી જ ભગવાનમાં ધર્માદિ અંગે સહિત ભક્તિ ઊપજે છે. (૪૪) પૂર્વોક્ત લક્ષણવાળા જે સાધુજનો એક જ વાર તેમનું દર્શન, ચરણસ્પર્શ, નમસ્કાર, પરિચર્યા, ભોજન કે પૂજનથી જ જનોના અનેકજન્મોનાં પાપસમૂહોને તેના મૂળથી જ તે જ ક્ષણે નાશ કરે છે. જે સાધુપુરુષોને કૃષ્ણે સ્વયં પોતાના હૃદયસમાન કહેલા છે અને જેમના ચરણમાં તીર્થો રહેલાં છે. હે માતા ! આવા સાધુજનોના પ્રસંગથી મુમુક્ષુજનને આ લોકમાં કઈ વસ્તુ દુર્લભ છે ? (૪૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં, નારાયણ ચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં હરિગીતામાં
સત્પુરુષોનાં લક્ષણ કહ્યાં એ નામે બત્રીસમો અધ્યાય થયો. ॥૩૨॥

●

## અધ્યાય-૩૩

**શ્રીહરિ બોલ્યા :**

હે માતા ! હવે ભક્તિના અંગભૂત ધર્મ વગેરેનાં લક્ષણો વિવેચન કરી હું તમને તત્ત્વપૂર્વક કહું છું. (૧) ઈશ્વરો સહિત આ ત્રણે લોકનો ધારક અને જીવો તથા ઈશ્વરોએ ધારણ કરવા યોગ્ય એવો તે ધર્મ છે. (૨) જે પુરુષ જાતિ અને કુળથી હીન હોવા છતાં પણ ધર્મમાં નિષ્ઠાવાળો છે તે બ્રહ્મા વગેરે વડે પૂજનીય અને પ્રશંસનીય થાય છે. (૩) બ્રહ્મા વગેરે જેવો ઈશ્વર હોય તોપણ ક્યારેક ધર્મથી ભ્રષ્ટ થઈ જાય તો અતિ તુચ્છ એવા અલ્પ જનો પણ તેની નિંદા કરે છે. તેથી બધાએ ધર્મમાં જ રહેવું. (૪) શ્રુતિ, સ્મૃતિ, સદાચારથી પ્રમાણિત કરેલો, વર્ણવિભાગથી જુદો જુદો તે ધર્મ મનુષ્યોમાં વર્તે છે. (૫) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચાર વર્ણો કહેલા છે તથા બ્રહ્મચર્ય, ગાર્હસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આ ચાર આશ્રમો કહ્યા છે. (૬) તે વર્ણ અને આશ્રમોનો ધર્મ સાધારણ અને વિશેષ એમ બે પ્રકારનો છે. તે બંને પ્રકારના ધર્મને હે શુભે ! હું સંક્ષેપમાં કહું છું. (૭) અહિંસા, સત્ય, ચોરી ન કરવી, કામ-ક્રોધ-લોભ ઉપર વિજય મેળવવો, મદ્ય-માંસ-પરદારાગમન વગેરેનો ત્યાગ, વ્યસનોનો ત્યાગ, વર્ણસંકરતામાં કારણરૂપ પાપકર્મનો ત્યાગ, (અગાઉ વર્ણવેલા) સત્પુરુષની સેવા અને ભગવાનની ભક્તિ-આ બધા સાધારણ ધર્મ છે એટલે ચારે વર્ણ અને આશ્રમોના જનોએ પાળવાના છે. (૮-૯) શમ, દમ, તપ, જ્ઞાન, દયા, શ્રદ્ધા, ક્ષમા વગેરે-આ બધા બ્રાહ્મણવર્ણના સ્વાભાવિક વિશેષ ધર્મો છે. (૧૦) શૌર્ય, ધૈર્ય, બળ, ઉદારતા, સાધુ-ગાયો-બ્રાહ્મણોનું રક્ષણ, તિતિક્ષા, શરણતા વગેરે ક્ષત્રિયોના વિશેષ ધર્મ સમજવા. તથા

આસ્તિકતા વગેરે વૈશ્યોના ધર્મો છે. (૧૧) હે નિષ્પાપ માતા ! બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય આ ત્રણ દ્વિજાતિની સેવા કરવી, હિંસા-ચોરી વગેરેથી રહિત રહેવું અને કુળપરંપરાગત વણાટકામ વગેરે શૂદ્રના ધર્મો છે. (૧૨) હે માતા ! યજ્ઞ કરાવવા વગેરે બ્રાહ્મણની, આયુધ ધારણ કરવું એ ક્ષત્રિયની, વૈશ્યો માટે વ્યાપાર અને શૂદ્રો માટે ત્રણ વર્ણોની સેવા એમ આજીવિકા કહેલી છે. (૧૩) આપત્તિને પામેલા બ્રાહ્મણ અને ક્ષત્રિયને વૈશ્યવૃત્તિ આજીવિકા માટે કરવાની કહી છે. વૈશ્યને દ્વિજાતિ સેવારૂપ શૂદ્રવૃત્તિ આજીવિકા કહી છે અને શૂદ્રને વર્ણસંકર કારીગરીની (સાદડી બનાવવાની) વૃત્તિ આજીવિકા માટે કહી છે. આપત્કાળ દૂર થતાં પોતાની વૃત્તિનો જ આશ્રય કરવો. (૧૪) જે ત્રૈવર્ણિક સંસ્કારોથી દ્વિજાતિપણાને પામેલો છે તે બ્રહ્મચર્યાશ્રમમાં રહીને વિદ્યાધ્યયન માટે ગુરુનો આશ્રય કરે. (૧૫) અને તે બ્રહ્મચારી સૂતર-કંતાન કે મૃગચર્મ વગેરેનાં કૌપીન, આચ્છાદાન વસ્ત્ર વગેરે જરૂર પૂરતાં જ રાખે, વધારે ન રાખે અને દંડ-કમંડલુ પોતા પાસે રાખે. (૧૬) જપમાલા, બ્રહ્મસૂત્ર, દર્ભ અને જટાને ધારણ કરે. આંખનું આંજણ, તેલ ચોળીને સ્નાન, સુગંધી અંગલેપન, પુષ્પમાળાઓ તથા ઘરેણાંઓનો ત્યાગ કરે. (૧૭) સાધુઓનો સમાગમ મુક્તિનું દ્વાર છે અને સ્ત્રીલંપટ પુરુષોનો સંગ સંસૃતિનું દ્વાર છે એમ નિશ્ચય કરી સત્સંગ જ કરે બીજા સંગનો તો ત્યાગ જ કરે. (૧૮) અને તે બ્રહ્મચારી આઠ પ્રકારથી સ્ત્રીના સંગનો ત્યાગ કરે અને ગુરુપત્નીને પણ દૂરથી જ વંદન કરે. (ચરણસ્પર્શ ન કરે.) (૧૯) બ્રહ્મચર્યવ્રતને ધારણ કરેલો વર્ણિ મૈથુનમાં આસક્ત પ્રાણીમાત્રને બુદ્ધિપૂર્વક ક્યારેય પણ ન જુએ. (૨૦) દેવતાની પ્રતિમા સિવાયની કોઈપણ ચીતરેલી નારીપ્રતિમાને બ્રહ્મચારી કદી સ્પર્શ ન કરે અને પોતાના ગુરુ-આચાર્યનું ભક્તિભાવપૂર્વક સેવન કરે. (૨૧) દરરોજ ત્રણે કાળમાં સંધ્યાવંદન કરે. તેમાં પ્રાતઃ અને પ્રદોષ સમયે મૌનપણે સ્વશક્તિ અનુસાર જપ કરે. (૨૨) અને તે પ્રાતઃ તથા સાયંકાલે હોમ કરે અને ભિક્ષા માટે ગમન કરે અને નિત્ય વેદાભ્યાસપરાયણ અને જિતેન્દ્રિય એવો તે ત્યાં (ગુરુકુળમાં) વાસ કરે. (૨૩) અને તે વર્ણી અંગો તથા અર્થે સહિત વેદને દેશકાળ અને શક્તિ અનુસાર ભણીને સમાવર્તન સંસ્કાર કરે. (૨૪) અને તે બ્રહ્મચારી અવિરક્ત કહેતાં સકામ હોય તો ગુરુને દક્ષિણા આપી ગૃહસ્થાશ્રમી થાય અને વિરક્ત હોય તો વાનપ્રસ્થાશ્રમ કે સંન્યાસાશ્રમનો આશ્રય કરે. (૨૫) તે બ્રહ્મચારી ગૃહસ્થાશ્રમની ઈચ્છાવાળો થાય તો પોતાની સમાન જાતિની, નાની વયની, શુદ્ધ કુળમાં જન્મેલી, આનંદિત એવી કન્યાને પરણે. પછી ન્યાયપૂર્વક ધનનું ઉપાર્જન કરે. (૨૬) તે ગૃહસ્થ પુરુષ, સ્નાન, ત્રિકાળસંધ્યા, પિતૃતર્પણ, શ્રીવિષ્ણુપૂજન, સ્વાધ્યાય અને વૈશ્વદેવ-આ કર્મોને પ્રતિદિન કરે. (૨૭) અને તે ગૃહસ્થ આપત્તિકાળમાં સમયના અભાવે મધ્યાહ્ન સમયની સંધ્યા પ્રાતઃ સંધ્યા સાથે કરી લે, અથવા પ્રાતઃકાળની સંધ્યા રહી ગઈ હોય તો મધ્યાહ્ન કાળની સંધ્યા સાથે કરે તથા સાયંસંધ્યા રહી ગઈ હોય તો રાત્રિમાં કરે. (૨૮) ચારેય વેદને ભણેલો એવો વિપ્ર હોય પણ જો સંધ્યાવંદન, ગાયત્રીજપ અને વિષ્ણુપૂજનથી રહિત હોય તો તે શૂદ્ર જ છે એમાં સંશય નથી. (૨૯) સ્નાન કર્યા પછી વગર ધોયેલા સુતરાઉ વસ્ત્રનો સ્પર્શ ન કરવો. અને સ્નાન કર્યા સિવાય તેથી અપવિત્ર એવા જનથી ધોયેલા વસ્ત્રનો પણ સ્પર્શ ન કરવો. (૩૦) તે દ્વિજાતિ વિવાહ સમયે તેમજ પિતાના ધનનો

ભાઈભાગ વહેંચે ત્યારે સંપત્તિ સંભવિત હોય ત્યારે અગ્નિનું સ્થાપન કરે. (૩૧) હે માતા ! તે ગ્રહી પોષ્યવર્ગ (માતા-પિતા-પત્ની-પુત્ર-નોકર વગેરે)નું સમયાનુસારે અન્ન-જળ-વસ્ત્ર વગેરેથી પોષણ કરે પણ પીડા પમાડે નહિ, તેમજ અતિથિને પણ હંમેશાં સંતોષ પમાડે. (૩૨) અને તે નિત્ય સાધુપુરુષોનો સમાગમ તથા શ્રીહરિની નવધા ભક્તિ કરે. કુસંગનો સંગ ન કરે તેમ જ મૂઢની પેઠે ઘર વગેરેમાં આસક્તિ ન કરે. (૩૩) સર્વ પ્રાણીઓ કરતાં શ્રીહરિના એકાંતિક ભક્તોનું સન્માન, રક્ષણ, પૂજન, નમસ્કાર વગેરે સર્વથી અધિકપણે કરે. (૩૪) અહીં સજીવન પથ્થર આદિ જીવો કરતાં તૃણાદિ શ્રેષ્ઠ છે. અને તે તૃણાદિ કરતાં અન્ન તથા ઔષધિ શ્રેષ્ઠ છે અને તેના કરતાં લતાઓ શ્રેષ્ઠ છે. તેમની અપેક્ષાએ આંબા આદિક વૃક્ષો શ્રેષ્ઠ છે અને તે કરતાં દેવવૃક્ષોમાં પીપળો છે. એ રીતે સ્થાવરમાં (પ્રાણશક્તિના અધિકપણાથી) ભેદ કહેલો છે. હવે હું તમને જંગમમાં ન્યૂનાધિકભાવ કહું છું. (૩૫-૩૬) કીડીઓ આદિક જીવો થકી પતંગીયો આદિક ઉત્તમ છે, તેના થકી ભમરો આદિક શ્રેષ્ઠ છે. તેમના થકી ચકલાં આદિક શ્રેષ્ઠ છે, તેમના થકી સસલાં વગેરે શ્રેષ્ઠ છે; તેનાથી બકરાં વગેરે ઉત્તમ છે, તેનાથી ગાયો વગેરે શ્રેષ્ઠ છે અને તેમના થકી મનુષ્યોમાં ચાર વર્ણો ઉત્તમ છે. (૩૭-૩૮) તેના કરતાં બ્રાહ્મણો શ્રેષ્ઠ છે, બ્રાહ્મણોમાં પણ સ્વધર્મનિષ્ઠ શ્રેષ્ઠ છે. તેમના મધ્યે જ્ઞાનનિષ્ઠાવાળા શ્રેષ્ઠ છે અને તેમના મધ્યે ભગવાનના એકાંતિક ભક્તો અતિ શ્રેષ્ઠ છે. (૩૯) તેનાથી શ્રેષ્ઠ કોઈ નથી, કારણ કે તેમના હૃદયમાં હંમેશાં શ્રીહરિ રહેલા છે. આ પ્રમાણે તેમનું તારતમ્ય (શ્રેષ્ઠતા) જાણીને તે શ્રીહરિના આશ્રિતોને ખૂબ અધિકપણે માનવા જોઈએ. (૪૦) જે આ પ્રમાણે જાણતો નથી અને સદ્-અસદ્‌માં સમાન બુદ્ધિવાળો થાય છે તે મહાપાપને કરે છે. તેથી તે સદ્‌અસદ્‌નો વિવેક કરે. (૪૧) અને વૈષ્ણવ એવો તે ગૃહી ચંદન, ફૂલહારો, અલંકારો, વસ્ત્રો અને અન્ન વગેરે સર્વે ભક્તિભાવપૂર્વક શ્રીહરિને નિવેદન કરી પછી પ્રસાદીભૂત તે વસ્તુનું સેવન કરે. (૪૨) તે શ્રીહરિને નિવેદન કરેલ ચંદન-પુષ્પાદિથી દેવો અને પિતૃઓનું વાસુદેવ બુદ્ધિથી પૂજન કરે અને તે ગૃહસ્થ યથાસમયે શાસ્ત્રવિધિ પ્રમાણે પિત્રાદિનું શ્રાદ્ધ કરે. (૪૩) હે સતિ ! તે શ્રાદ્ધકર્મ ખેડ્યા સિવાય પાકેલા સામો વગેરેથી અથવા હળખેડીને પકાવેલાં ડાંગર આદિ પવિત્ર ધાનોથી કરવું. (૪૪) ક્યારેય આપત્તિ સમયે પણ માંસ તો શ્રાદ્ધમાં ક્યાંય પણ ન આપવું. કારણ કે પિતૃઓ અહિંસા ધર્મપરાયણ પરમ વૈષ્ણવો છે. (૪૫) જે દેવ-દેવીને મદ્ય-માંસનું નૈવેદ્ય થતું હોય તથા જેની આગળ જીવહિંસા થતી હોય તે દેવ-દેવીને માનવાં નહિ. (૪૬) અને તે ગૃહસ્થ દેશકાળને અનુસારે પોતપોતાના અધિકારને અનુસરીને તીર્થોને તથા વ્રતોને યથાશાસ્ત્ર કરે. (૪૭) અને પવિત્ર દેશમાં, પવિત્ર કાળમાં, પુણ્યપાત્રમાં વિશેષપણે કરીને યથાશાસ્ત્ર (દાન)પુણ્ય કરે. અહીં જે કંઈ થોડું આપેલું હોય તે પણ અક્ષય થાય છે. (૪૮) અને ધનવાન તો દ્દઢ મનોહર શ્રી વિષ્ણુમંદિર બનાવી અને તેમાં ભગવત્ પ્રતિમાની સ્થાપના કરવી. પછી ધનદાનથી શ્રીહરિની પૂજાપ્રવાહ ચાલુ રાખે. (૪૯) (ધનાઢ્ય ગૃહસ્થ) ઘણીક દક્ષિણાઓવાળા અને અહિંસામય એવા વિષ્ણુયાગાદિને કરે અને ભગવન્ પ્રસન્નાર્થે વાવ, કૂવા, તળાવ વગેરે જળાશયોને પણ કરાવરાવે. (૫૦) અને ઘણા ઘીથી યુક્ત એવાં ભોજનો વડે સાધુ અને બ્રાહ્મણોને પરિતૃપ્ત કરે અને ક્યારેય

પણ તેમનો અનાદર ન કરે. અને સાધુઓ પાસે નિષ્કપટ પણે વર્તે. (૫૧) અને તે ક્યારે પણ અતિલોભી, અતિકામી, અતિક્રોધી, તથા મત્સરવાળો અને અતિમાની ન થાય અને સર્વ દેહધારીઓ ઉપર દયા રાખે. (૫૨) અને તે ગૃહસ્થ પોતાના સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રીઓનો આપત્કાળ આવ્યા સિવાય બુદ્ધિપૂર્વક ક્યારેય પણ સ્પર્શ ન કરે. (૫૩) અને તે ગૃહસ્થ આપત્કાળ આવ્યા સિવાય ક્યારેય પણ પોતાની માતા, બહેન અને પુત્રીની સાથે પણ એકાંતમાં ન બેસે. (૫૪) અને તીર્થાદિમાં મુક્તિને માટે પણ પોતાનો કે પારકાનો દેહપાત ન કરે. અને સદા સ્વધર્મનિષ્ઠ બને. (૫૫) અને સ્ત્રીઓ પૈકી જે પતિવાળી એવી જે સધવા સ્ત્રીઓએ ચપળતાનો ત્યાગ કરી પતિવ્રતાધર્મમાં રહીને પોતાના પતિને દેવની જેમ સેવવો. (૫૬) વિધવા સ્ત્રીઓએ પતિબુદ્ધિથી ભગવાનને સેવવા જોઈએ અને વ્રત વગેરે કરીને પોતાના દેહનું દમન કરવું જોઈએ. (૫૭) અને વિધવાનારી પોતાના સંબંધી જનોથી અન્ય પુરુષ માત્રને ક્યારેય જુએ કે સ્પર્શે નહિ જેમ ત્યાગી પુરુષો સ્ત્રીઓનો સ્પર્શ ન કરે તેમ. (૫૮) અને તે વિધવા આપત્તિકાળ સિવાય પિતા કે પુત્રાદિ સાથે પણ એકાંત સ્થાનમાં સાથે ન રહે. (૫૯) તે ગૃહસ્થ આયુષ્યના ત્રીજા ભાગમાં વનમાં પ્રવેશ કરે. તેમાં જો સ્ત્રી ગુણવાન હોય તો સ્ત્રી સાથે, નહિ તો સ્વયં એકલો વાનપ્રસ્થી બને. (૬૦) ત્યાં ઉનાળામાં પંચાગ્નિ તાપે, શિયાળામાં ગળાબૂડ જળમાં બેસે અને ચોમાસામાં વર્ષાની ધારાઓ સહન કરે-(આમ, તપ કરીને) તે ભગવત્પરાયણ થાય. (૬૧) તે વાનપ્રસ્થી વનમાં થયેલાં ધાન્યો-ફળોથી અગ્નિહોત્ર વગેરે કરે અને અગ્નિની રક્ષા માટે કુટીર બનાવે-પોતે તો બહાર જ વાસ કરે. (૬૨) પોતે ઉપાર્જન કરેલા ખેડ્યા વિના પાકેલા અન્ન વગેરેથી નિર્વાહ કરે પછી યથાશક્તિ વનમાં રહીને પછી સંન્યાસાશ્રમ ગ્રહણ કરે. (૬૩) તે સંન્યાસી બે કૌપીન, તેને આચ્છાદાન કરનારાં બે બહિર્વાસ વસ્ત્રો, એક ગોદડી રાખે. વાંસનો બનાવેલો એક દંડ અને એક કમંડળુ રાખે. (૬૪) આવો યતિ નારાયણપરાયણ થઈને અષ્ટાક્ષર મંત્રનો નિત્ય જપ કરે. અને જ્ઞાન-વિજ્ઞાનથી સંપન્ન થઈને એક હરિભક્તિને જ કરે. (૬૫) તે સંન્યાસી વર્ષાકાળ વિના કે વિપત્તિ વિના એક જગ્યાએ જ નિવાસ ન કરે. અને નિત્ય પવિત્ર બ્રાહ્મણના ઘરની એકવાર પ્રમાણસર ભિક્ષા કરે. (૬૬) જિતાત્મા અને જિતેન્દ્રિય એવો તે સંન્યાસી એકાદશી વગેરે શ્રીહરિનાં વ્રતો વિધિપૂર્વક કરે અને બ્રહ્મચર્યનું પાલન કરે. (૬૭) કળિયુગમાં વાનપ્રસ્થ અને સંન્યાસનો નિષેધ કરેલો છે. આથી વૈરાગ્યવાળો તે ત્રૈવર્ણિક વર્ણી અથવા ગૃહસ્થ થાય. (૬૮) અને વાસુદેવ સંબંધી વૈષ્ણવી મહાદીક્ષા ગ્રહણ કરીને વૈષ્ણવ ભગવદ્ ભક્ત બને. પછી તે પોતે ગૃહસ્થ બ્રહ્મચર્યનું પાલન કરતો હરિભજન કરે. (૬૯) તે ગૃહસ્થ ઘરનો ત્યાગ કરી સંતમંડળ મધ્યમાં સાધુ સ્વભાવમાં રહેલો પૂર્વે જડભરતની જેમ શ્રીહરિનું ભજન કરે. (૭૦) અને પોતાના હિત માટે ઉદ્યમી ત્યાગી પુરુષ કાષ્ઠની બનાવેલી સ્ત્રીપ્રતિમાને બુદ્ધિપૂર્વક ન જુએ અને સ્પર્શ કરે નહિ. તથા સુવર્ણ આદિ દ્રવ્યનો ત્યાગ કરે. (૭૧) સ્ત્રી અને સ્ત્રીઓમાં આસક્તિવાળાનો સંગ શ્રીહરિ વિના મોટા મુક્તોને પણ બંધન કરનારો છે. માટે તેનો સર્વથા ત્યાગ કરવો. (૭૨) જ્ઞાન, ભક્તિ, તપ, યોગ, ત્યાગ અને સત્ શાસ્ત્રોનું ચિંતન વગેરે સર્વ ગુણો સ્ત્રીના સંગથી વ્યર્થ બની જાય છે. (૭૩)

કાળી નાગણ થકી જ જેમ એમ નારી થકી મુમુક્ષુ સાધુ ભયશીલ થાય અને સમાધિ સ્થિતિને પામેલો પુરુષ પણ નારીનો દૂરથી જ ત્યાગ કરે. (૭૪) કામ, ક્રોધ, લોભ, માન, રસાસ્વાદ અને ગ્રામ્યસ્નેહ (વિષયસેવીઓની સાથે સ્નેહ) આ છ નરકનાં દ્વારો છે એમ જાણી તેનો ત્યાગ કરે. (૭૫) જિતેન્દ્રિય એવો તે ત્યાગી અષ્ટવિધ-બ્રહ્મચર્યનું રક્ષણ કરતો શ્રીહરિની નવધાભક્તિને સદા પ્રેમપૂર્વક કરે. (૭૬) તે સાધુ ભગવાનની સેવાથી વિહીન એવી ચતુર્વિધ મુક્તિને તથા કૈવલ્યને ન ઇચ્છે તો તુચ્છ એવા સ્વર્ગાદિને શા માટે ઇચ્છે ? (૭૭) એક વિષ્ણુસેવા સિવાય અનેક વાસનાઓના ઉન્મૂલનમાં તત્પર થયેલા તે સાધુના અંતઃકરણમાં અંતઃશત્રુઓ પણ પ્રવેશ કરવા અવકાશ પામતા નથી. (૭૮) તે સાધુ તો અશુભ એવા દેશ, કાળ, ક્રિયા, શાસ્ત્ર, સંગ વગેરેનો ત્યાગ કરીને ઉત્તમ સત્ પુરુષોએ આશરેલા આચરણમાં સતત પ્રવર્તે. (૭૯) આ બધા (મેં વર્ણવેલા) ધર્મોમાં જે જે ધર્મમાંથી પતિત થાય તેનું તેનું વર્ણાશ્રમી યથાશાસ્ત્ર પ્રાયશ્ચિત કરે. (૮૦) હે જનયિત્રિ માત ! આ રીતે ચાર વર્ણ અને ચાર આશ્રમનો ધર્મ શાસ્ત્રાનુસાર મેં તમને રૂડી રીતે જુદો જુદો કહ્યો છે. હવે હું તમને જ્ઞાનનું લક્ષણ કહીશ. (૮૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં, નારાયણ ચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, પ્રથમ પ્રકરણમાં,
શ્રીહરિગીતામાં વર્ણાશ્રમ ધર્મનિરૂપણ નામનો તેત્રીસમો અધ્યાય થયો. ॥૩૩॥

●

## અધ્યાય-૩૪

**શ્રીહરિ બોલ્યા :**

હે માતા ! જે વસ્તુ જેવી હોય તેવી જ રીતે પ્રમાણોથી તેને જાણવી તે જ્ઞાનનું લક્ષણ કહેલું છે. (૧) (અનેક પ્રકારના જ્ઞાન મધ્યે મુક્તિના સાધનભૂત) જ્ઞાન બે પ્રકારનું કહેલું છે. એક તો જીવાત્માના સ્વરૂપનું જ્ઞાન અને બીજું પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન. (૨) અહીં આત્માને જીવ કહેલો છે. તે સમગ્ર શરીરમાં વ્યાપીને રહ્યો છે. નેત્રાદિ બાહ્ય કરણો તથા (મન, બુદ્ધિ, ચિત્ત-અહંકાર, અંતઃકરણો તથા તેમના દેવતાઓનો પણ પ્રકાશક છે. (૩) જાગ્રત વગેરે અવસ્થાઓમાં અને સ્થૂલ વગેરે દેહોમાં તાદાત્મ્યપણે વ્યાપીને રહેલો છે છતાં તેનાથી ભિન્ન લક્ષણો ધરાવે છે. (૪) જેવી રીતે ખૂબ તપાવેલા લોઢાના ગોળામાં અગ્નિ તાદાત્મ્યપણે વ્યાપીને રહેલો છે છતાં તેનાથી ભિન્ન લક્ષણો ધરાવે છે. (૫) દેહમાં વિકારો પ્રાપ્ત થયા છતાં જીવાત્મા વિકાર પામતો નથી. દેહનો નાશ થવા છતાં જીવાત્મા ક્યારેય પણ નાશ પામતો નથી. (૬) સત્ય અને ચૈતન્ય રૂપોવાળો તે અક્ષર, સૂક્ષ્મ અને દુર્જ્ઞેય એવો વર્તે છે. આ રીતે જીવાત્માનું જે જ્ઞાન તે આત્મજ્ઞાન કહેવાય છે. (૭) હવે હું તમને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કહું છું. જેને શ્રીકૃષ્ણ કહે છે, પરબ્રહ્મ પુરુષોત્તમ કહે છે. (૮) તેથી અપ્રાકૃત ગુણોવાળા વિષ્ણુ નિર્ગુણ એવા ઈશ્વરેશ્વર છે, જેને નારાયણ અને વાસુદેવ કહેવાય છે. (૯) જેના સાક્ષાત્ સંબંધથી કર્મકર્તા, શ્રદ્ધા, કર્મ, જ્ઞાન, સ્થાન અને દ્રવ્ય વગેરે ત્રિગુણ સંબંધવાળા છે તોપણ નિર્ગુણ થઈ જાય છે. (૧૦) તે પરમાત્મા સ્વતંત્ર, સ્વયંપ્રકાશ, સર્વ કારણોના કારણ, બ્રહ્મસ્થિતિને પામેલા મુક્તોએ પણ ઉપાસના કરવા યોગ્ય અને કોટિ સૂર્યચંદ્રથી

પણ અધિક પ્રકાશમાન છે. (૧૧) પરમાત્માનું ધામ અક્ષરબ્રહ્મ છે તેમાં પ્રધાન આદિક અષ્ટ આવરણોથી ચારે તરફ વીંટાયેલી અનેક બ્રહ્માંડકોટિઓ અણુની પેઠે રહી છે. (૧૨) જે દિવ્યરૂપ, અક્ષરના આત્મા, અક્ષરથી પર, સર્વ જીવાત્માઓના અંતર્યામી, તથા જે અચ્યુત હરિ છે-આ પ્રકારે સાંભળેલા છે તે પરમાત્મા છે. (૧૩) કાળ, માયા, પુરુષ, મહત્ તત્ત્વ વગેરે જેમની શક્તિઓ છે તથા જે એકમેવં અદ્વિતીય બ્રહ્મ પ્રભુ છે. (૧૪) આ પૃથ્વી ઉપર લોકોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરે છે અને અનેક કલ્યાણકારી ગુણોવાળા જે છે તેને પરમાત્મા જાણવા. (૧૫) શ્રીકૃષ્ણ અગણિત બ્રહ્માંડોને સર્જવાની ઈચ્છા કરતાં અક્ષર પુરુષરૂપે પોતાની શક્તિ એવી મૂળ પ્રકૃતિને જુએ છે. પછી તે પ્રકૃતિ ઈક્ષણથી અર્પિત તેજોરૂપ ગર્ભને ધારણ કરે છે. (૧૬) પછી તે મૂળપ્રકૃતિ પુરુષો સહિત કોટિશઃ પ્રધાનતત્ત્વોને ઉત્પન્ન કરે છે. તે પુરુષોના આત્મા એવા પ્રભુએ નિરીક્ષણ કરેલાં તે પ્રધાનતત્ત્વો થકી જગતના કારણભૂત મહદાદિ તત્ત્વોની ઉત્પત્તિ થાય છે. (૧૭) આ પ્રકારે હરિની ઈચ્છાથી ઘણાં બ્રહ્માંડો ઉત્પન્ન થયાં છે. તેમાંથી હું એક બ્રહ્માંડની અનુક્રમથી ઉત્પત્તિ કહું છું. (૧૮) હે માતા ! તેમાંથી એકની પણ ઉત્પત્તિ વિસ્તારથી કહી શકાય તેમ નથી તેથી હું તમને સંક્ષેપમાં તેની ઉત્પત્તિ કહું છું. (૧૯) પુરુષથી જોવાયેલ અને ત્રિગુણાત્મિકા મૂળ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ, પ્રધાનતત્ત્વ થકી જગતની ઉત્પત્તિના અંકુરરૂપ મહત્ત્વ ઉત્પન્ન થાય છે. (૨૦) પછી વાસુદેવની ઈચ્છાથી પ્રધાનથી આવૃત્ત મહતત્ત્વમાંથી ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થાય છે. (૨૧) આ અહંકાર સાત્ત્વિક, રાજસ્ અને તામસ્ એમ ત્રણ પ્રકારનો છે. જેમ પ્રધાનથી મહતત્ત્વ આવૃત્ત છે તેમ મહતત્ત્વથી અહંકાર આવૃત્ત છે. (૨૨) પછી વાસુદેવની ઈચ્છાથી તામસ અહંકારમાંથી 'શબ્દ' ઉત્પન્ન થાય છે અને તેમાંથી શબ્દ જેની તન્માત્રા છે તે આકાશ ઉત્પન્ન થાય છે. (૨૩) પછી તામસ અહંકારમાંથી શબ્દ જેની તન્માત્રા છે તે આકાશ થકી સ્પર્શ ઉત્પન્ન થાય છે. તેમાંથી સ્પર્શ જેની તન્માત્રા છે તે વાયુ ઉત્પન્ન થાય છે. (૨૪) પછી આકાશથી આવૃત્ત વાયુથી રૂપ ઉત્પન્ન થાય છે અને તેમાંથી રૂપ જેની તન્માત્રા છે તે તેજ ઉત્પન્ન થાય છે જે વાયુથી આવૃત્ત છે. (૨૫) અને તે તેજમાંથી રસ ઉત્પન્ન થાય છે અને તેમાંથી રસ જેની તન્માત્રા છે તે જળ ઉત્પન્ન થાય છે. અને તે જળ તેજથી આવૃત્ત છે. (૨૬) અને જળમાંથી ગંધ ઉત્પન્ન થાય છે અને તેમાંથી ગંધ જેની તન્માત્રા છે તે પૃથ્વી ઉત્પન્ન થાય છે અને તે પૃથ્વી જળથી આવૃત્ત છે. તે પૃથ્વીની વિશેષ નામની સંજ્ઞા પણ કહેલી છે. (૨૭) અહીં આકાશ વગેરે પાંચ મહાભૂતો કહેવાય છે શબ્દ વગેરે પાંચ તન્માત્રા કહેલી છે. (૨૮) હે માતા ! રાજસ અહંકારમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો તથા પ્રાણ અને બુદ્ધિ ઉત્પન્ન થાય છે. (૨૯) આંખ, કાન, નાક, જીભ અને ચામડી-આ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે અને વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ (મૂત્રેન્દ્રિય) આ પાંચ કર્મેન્દ્રિયો છે. (૩૦) હવે સાત્ત્વિક અહંકારમાથી ઈન્દ્રિયો તથા અંતઃકરણોના દેવતાઓ અને મન ઉત્પન્ન થાય છે. (૩૧) દિક્, વાયુ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઈન્દ્ર, વિષ્ણુ, મિત્ર, પ્રજાપતિ, ચંદ્રમા, બ્રહ્મા, વાસુદેવ અને રુદ્ર આ (ઈન્દ્રિયોના) આધિદેવતાઓ છે. (૩૨) આ બધાં અસંહત સંજ્ઞ દેવો અસમર્થ હોવા છતાં પણ ભગવદ્ ઈચ્છાથી જ પોતપોતાના અંશોથી વિરાટદેહને રચે છે. (૩૩) વિરાટ દેહમાં રહેલા

આત્માને વૈરાજપુરુષ નામે ઈશ્વર કહેવાય છે અને તે પોતાના અંગમાંથી ઉત્પન્ન થયેલા જળમાં શયન કરવાથી નારાયણ કહેવાય છે. (૩૪) હે સતિ ! તે નારાયણની નાભિકમળમાંથી રાજસ એવા બ્રહ્મા ઉત્પન્ન થાય છે. પરમાત્મા શ્રીહરિ તે બ્રહ્માથી સર્વ શરીરીઓને સર્જે છે. (૩૫) તેમાં પ્રજાપતિઓ, મનુઓ, દેવો, ઋષિઓ, ગંધર્વો, ચારણો, સિદ્ધો, યક્ષો, વિદ્યાધરો અને અસુરો આ બધાંને જુદા જુદા સર્જે છે. (૩૬) તે રીતે કિંપુરુષો, અપ્સરાઓ, કિન્નરો, સર્પો, માતૃગણો, પિશાચો, રાક્ષસો, ભૂતો, પ્રેતો, વિનાયકો, વેતાલ, ઉન્માદ, કુષ્માંડો, વૃદ્ધગ્રહો, બાલગ્રહો, પશુઓ, મૃગો, પક્ષીઓ, વૃક્ષો, પર્વતો, સરીસૃપો (પેટ વડે ચાલનારાં) એ સિવાયનાં બીજા પણ જે પૃથ્વી, જળ, આકાશના નિવાસી સ્થાવર જંગમ છે તે સર્વેને તેમના કર્મને અનુસારે ગુણમય દેહોને બ્રહ્મારૂપે ભગવાન સર્જે છે. (૩૭-૩૮-૩૯) આ રીતે સર્જેલા દેહધારીઓમાં કેટલાક શુદ્ધ સાત્ત્વિક પ્રકૃતિવાળા, રાજસ-તામસ્ મિશ્ર સત્ત્વગુણવાળા અને કેટલાક નિર્ગુણ છે. (૪૦) સર્વ જીવો પોતપોતાના સત્ત્વાદિ ગુણ અને તદનુસારી પ્રકૃતિ અનુસાર પુણ્યકર્મો કે પાપકર્મો કે પુણ્યપાપ મિશ્રિત એવાં કર્મો કરે છે. નિર્ગુણ જીવો તો કેવળ કૃષ્ણભક્તિ પરાયણ થાય છે. (૪૧) હે માતા ! આ રીતે ભગવાન બ્રહ્મારૂપે પ્રજાને સર્જે છે, વિષ્ણુરૂપે તે પ્રજાનું પાલન કરે છે અને શિવરૂપે તેમનો સંહાર કરે છે. (૪૨) અને તે પરમાત્મા સર્વ જીવોમાં પુરુષરૂપે પ્રવેશ કરી તે જીવોને વિષે સમભાવ રાખીને તેમના કર્મ અનુસાર સુખદુઃખાત્મક ફળ આપે છે. (૪૩) વળી તે શ્રીહરિ અક્ષર, પ્રકૃતિ, પુરુષ, પ્રધાનપુરુષો, મહદાદિતત્ત્વો, બ્રહ્માંડને અંદર અને બહાર રહેલા સ્થૂળ-સૂક્ષ્મ બન્ને રૂપ કાળ, સર્વના કાર્યરૂપ વૈરાજપુરુષ, હે મહામતે ! તેના થકી થયેલા પ્રજાપતિઓ, બ્રહ્મા વગેરે સર્વેના નિયંતા આ એક પરમાત્મા જ છે જેમ ખંડિયા રાજાઓના એક સમ્રાટ ચક્રવર્તી નિયંતા હોય છે તેમ. (૪૪-૪૬) જેને જગતના અધિકાર કાર્યમાં તે પરમાત્માએ યોજેલા છે, તેઓ તેનાથી ભય પામીને તેની આજ્ઞામાં જ હંમેશાં રહીને કાર્ય કરે છે. (૪૭) આમ, હે માત ! આ બધા જ પરાધીન છે. એક શ્રીકૃષ્ણ પુરુષોત્તમ જ સ્વતંત્ર છે તેથી તે સર્વેએ સેવવા યોગ્ય છે. (૪૮) હે માતઃ ! આ પ્રમાણે પરમાત્માસ્વરૂપ જ્ઞાન મેં તમને કહ્યું. જે મુમુક્ષુએ સદ્‌ગુરુ થકી આ જ્ઞાન મેળવ્યું તેને બીજું જાણવાનું કશું બાકી રહેતું નથી. (૪૯) જે પુરુષ આ પ્રકારે (પૂર્વોક્ત લક્ષણવાળા) સત્પુરુષોના સાચા સમાગમથી આત્માનું સ્વરૂપ અને પરમાત્માનું સ્વરૂપ યથાર્થ જાણીને, ભવબંધનને તોડનારા શ્રી વાસુદેવ ભગવાનની ભક્તિ કરે છે તે પુરુષ મુક્ત જ કહેલો છે. (૫૦)

ઇતિશ્રી સત્સંગિ જીવનમાં, નારાયણ ચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, પ્રથમ પ્રકરણમાં,
શ્રીહરિગીતામાં જ્ઞાનસ્વરૂપનિરૂપણ નામે ચોત્રીશમો અધ્યાય થયો. ॥૩૪॥

●

## અધ્યાય-૩૫

**શ્રીહરિ કહે છે :**

તમામને યથાયોગ્ય માન આપનારાં હે માતા ! હવે હું તમને વૈરાગ્યનું સ્વરૂપ કહું છું. ભગવાન સિવાયના બીજા તમામ પદાર્થમાત્રમાં રાગ (આસક્તિ)નો અભાવ તે વૈરાગ્યનું સ્વરૂપ કહ્યું છે.

(૧) હે માતા ! દેહ અને દેહસંબંધી સ્ત્રી, પુત્ર, ધન, ઘર, પશુ, વાહન, ઉપકરણો, ખેતર વગેરેમાં જે અરુચિ તે વૈરાગ્ય. (૨) તથા વિવિધ શબ્દાદિ પંચવિષયના ભોગોમાં, કીમતી વસ્ત્રાલંકારોમાં અને રાજ્યસંબંધી ભોગોમાં અરુચિ તેમજ સ્વર્ગાદિક જે પુણ્યલોક તથા તેમાં જે ભોગવિશેષો છે તેમાં સર્વમાં સર્વ પ્રકારે અનાસક્તિ તે વૈરાગ્ય કહેવાય એમ મુનિઓએ સ્પષ્ટ કહેલું છે. (૩-૪)

**પ્રેમવતી બોલ્યાં :**

'હે હરિકૃષ્ણ ! જીવાત્માઓને આવી રીતનો વૈરાગ્ય ઉદય થાય તે ઉપાય તમે મને યથાર્થપણે કહેવા યોગ્ય છો. કેમકે તમે સર્વજ્ઞ છો.' (૫)

**શ્રીહરિ બોલ્યા :**

સર્વ પ્રાણીઓના દેહ તથા સર્વ લોક તથા સર્વ ભોગો-આ સર્વના ક્ષયદર્શનથી (સર્વનો વિનાશ થાય છે એવા વિચારથી) વૈરાગ્ય ઉદય પામે છે. (૬) હે માત ! નિત્યપ્રલય, નૈમિત્તિકપ્રલય, ત્રીજો પ્રાકૃત નામનો પ્રલય અને છેલ્લો આત્યંતિક-આમ ચાર પ્રકારના પ્રલય કહેલા છે. (૭) ત્યાં સમગ્ર પ્રકૃતિકાર્ય પ્રધાનાદિરૂપ બ્રહ્માંડનો, બ્રહ્માદિથી સ્થાવર પર્યંત સર્વનો તેમજ સર્વ ભોગોનો પણ બળવાન કાળના વેગથી વિનાશ થાય છે તે નિશ્ચય વાત છે. આ રીતે વિનાશને જોનારાઓને તે (દેહાદિ)માં વૈરાગ્ય ઉત્પન્ન થાય. (૮-૯) તેવી જ રીતે દેહિઓના દુઃખદર્શનથી પણ તેની ઉત્પત્તિ થાય છે. સર્વ જનોને પાપકર્મના ફળસ્વરૂપે દુઃખ ઉત્પન્ન થાય છે. (૧૦) પૃથ્વી ઉપર શિશ્ન અને ઉદરપોષણ પરાયણ અસત્ પુરુષોના સંગથી જ પ્રાણીઓને અતિ દુઃખ આપનારી પાપમાં પ્રવૃત્તિ થાય છે. (૧૧) અને તે કુસંગથી જ મનુષ્યની વિવેકબુદ્ધિ અને ધર્મનિષ્ઠાનો વિલય થઈ જાય છે અને જ્ઞાન આદિ ગુણો પણ નાશ પામી જાય છે. (૧૨) અને તેથી દેહમાં અહંતા અને દેહના સંબંધીમાં મમતા વૃદ્ધિ પામે છે. અને અહંતા-મમતાની વૃદ્ધિને લીધે દેહ અને દેહસંબંધીઓમાં અતિશય આસક્તિ થાય છે. (૧૩) અને તે અહંતા-મમતાને લીધે દેહ, સ્ત્રી, પુત્ર, ધન વગેરેમાં આસક્ત થયેલો પુરુષ તેમના માટે અનેક પાપકર્મો કરે છે. (૧૪) દંભ, ચાડિયાપણું, શઠતા, મિથ્યાભાષણ વગેરે કુકર્મમાં પ્રવૃત્ત થયેલા પુરુષો પારકી થાપણોને ઓળખે છે એટલું જ નહિ પરંતુ વિશ્વાસુના પ્રાણનો પણ ઘાત કરે છે. (૧૫) અને તે જનો બીજાઓ પર મિથ્યા અપવાદ મૂકનારા, પરદ્રોહ કરનારા, હિંસા કરનારા અને ચોરી કરનારા થાય છે. આમ, અનીતિ કર્મથી જ સ્વકુટુંબનું પોષણ કરનારા થાય છે. (૧૬) અને તે જનો હરકોઈ નિન્દિત પાપ કર્મથી જ જ્યાં ત્યાંથી ધન વગેરે ઉપાર્જન કરી તેનાથી પોતાનું અને પોતાના સ્ત્રી-પુત્રનું પોષણ કરે છે. (૧૭) દેહાદિના પોષણમાં આસક્તિથી પોતાના વૈદિક વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ કરી નિરંકુશ થકા પાખંડ ધર્મ અને વેષને ધારણ કરે છે. (૧૮) અને તે જનો ગાય, બ્રાહ્મણ, સત્પુરુષ, વેદ, તીર્થ અને દેવતાઓનો દ્રોહ કરનારા અને અભિમાની, અનમ્ર તથા ભગવદ્ ભક્તિથી વિમુખ થાય છે. (૧૯) વળી તે પુરુષો માંસભક્ષણ-સુરાસેવન-મદ્યપાનપરાયણ થાય છે અને પરસ્ત્રીઓ અને વિધવાઓમાં આસક્ત થાય છે. (૨૦) અને મદમાં ઉદ્ધત અને નિર્લજ થઈને ન પીવા યોગ્ય પીણાંઓનું પાન કરે છે, અભક્ષ્ય વસ્તુઓનું ભક્ષણ કરે છે અને ન બોલવા યોગ્ય અપશબ્દો બોલે છે. (૨૧) હે સતિ ! આ પ્રકારે

ભૂતલ ઉપર જે દુષ્ટકર્મ કરનારા માણસો રહે છે તે અંતકાળે અને પછી પણ અતિશય કષ્ટને પામે છે. (૨૨) ત્યારે તેમને લેવા માટે અત્યંત ક્રૂર, વાંકા ભયંકર મુખવાળા, હાથમાં પાશ-દોરડાને ધારણ કરેલા, ભયંકર દર્શન જેનું છે એવા યમદૂતો આવે છે. (૨૩) યમદૂતોના દર્શન માત્રથી જ તે પાપીઓની નાડીગ્રંથિઓ તૂટવા લાગે છે અને અત્યંત નાસ પામેલા અને થરથર કંપાયમાન અંગોવાળા તે પાપીઓ અત્યંત વિહ્વળ બની જાય છે. (૨૪) પછી સ્થૂલદેહમાં થયેલી દૃઢ ભાવનામય લિંગ દેહમાં બાંધીને તે યમદૂતો લાંબા અને કુત્સિતમાર્ગેથી તેને યમપુરીમાં લઈ જાય છે. (૨૫) સૂર્ય અને દાવાનળથી ખૂબ તપેલી રેતીવાળા અને ખૂબ જ કાંટાળા માર્ગ ઉપર ચાલવાને અશક્ત એવા તે પાપીઓને ખૂબ જ તાડન કરે છે. (૨૬) માર્ગમાં ક્રૂર એવા યમદૂતોથી પીઠ ઉપર લોહદંડવડે મરાતા તે પાપીઓ આશ્રયરહિત થયેલા ખૂબ ઊંચે સ્વરે રડે છે. (૨૭) કષ્ટ અને શ્રમથી ભૂમિ ઉપર પડી જતા તે પાપીઓને ફરીથી ઉઠાડીને ફરીથી મારતા એવા યમદૂતો કયાંય પણ વિશ્રામ કર્યા સિવાય ઝડપથી ચલાવે છે. (૨૮) આમ તે પાપીજનોને અત્યંત કષ્ટ આપી યમદૂતો યમપુરીમાં લઈ જાય છે, જેમ રાજાના સૈનિકો ગુનેગારને રાજગૃહ (દંડસ્થાન)માં લઈ જાય છે તેમ. (૨૯) તે પાપીજનોના મન, વાણી અને દેહથી કરાયેલા સર્વ પ્રકારનાં પાપોને યમરાજ જાણે છે અને તે બધું મુખ્ય અનુચર ચિત્રગુપ્ત જાણે છે. (૩૦) મુક્તિના સાધનભૂત મનુષ્યદેહને વ્યર્થ કરવાથી ગુસ્સે થયેલા યમરાજા પાપીજનોને યમદૂતો પાસે ખૂબ યાતના અપાવે છે. (૩૧) યમાલયમાં પાપકર્મીઓએ ભોગવવા યોગ્ય અત્યંત દારૂણ એવા નરકો સેંકડો અને હજારો છે તેમાં પાપીઓને યમદૂતો ફેંકે છે અને તેઓ મોટી વેદના પામે છે. (૩૨) હે માતા ! તેમાંથી કેટલાક નરકોનાં નામ તમને હું કહું છું. (૩૩) તામિસ્ર, અંધતામિસ્ર, મહારૌરવ, રૌરવ, કુંભીપાક, કાલસૂત્ર અને અસિપત્રવન. (૩૪) અંધકૂપ, શૂકરાસ્યં, સંદશ, કૃમિ ભોજન, તપ્તસૂર્મિ, વૈતરણી, વજ્રકંટક શાલ્મલિ, (૩૫) પ્રાણરોધ અને પૂયોદ, સારમેયાદન તથા લાલાભક્ષ, વૈરાસન, અયઃપાન, અવીચિકા (૩૬) તથા ક્ષારકર્દમ વગેરે મુખ્ય નરકો છે, બીજા પણ હજારો નરકો છે જેમાં પાપકર્મ કરનારા નરોને બૂમો પાડતા છતાં પીડા પમાડાય છે. (૩૭) અને અત્યંત ગુસ્સે થયેલા યમરાજ તો પાપીનું જેવા પ્રકારનું પાપ હોય તેવા નરકમાં દુઃખ આપવામાં તત્પર એવા દૂતો પાસે તે પાપીઓને તેમાં ફેંકાવે છે. (૩૮) વજ્ર જેવા દાંતોવાળા તે યમરાજ પાપીઓનાં અંગોને કુહાડાથી છેદીને ચાવે છે તથા પાપીઓને ખાય છે. (૩૯) અને તે પાપીજનોને પ્રદીપ્ત અગ્નિમાં બાળે છે તથા તપાવેલા તેલમાં નાંખે છે અને સાપ, વીંછી, ગીધ અને કૂતરાઓ વગેરેથી તેમનું ભક્ષણ કરાવે છે. (૪૦) તે યમરાજ તે જીવતા એવા તે પાપીઓનાં આંતરડાં ઉખાડી નાંખે છે તોપણ ભાગ્યકર્મના વશથી તે પાપીઓ મરતાં નથી. (૪૧) તે પાપીઓએ આ લોકમાં જેવી જેવી રીતે જીવો મરેલાં છે તેવી તેવી રીતે મુદગર હાથમાં લીધેલા અને ભયંકર એવા યમદૂતો તે તે પ્રાણીઓ પાસે પાપીઓને મરાવે છે. (૪૨) યમદૂતો કોઈ સ્થળે પાપીઓને હાથીઓ પાસે છૂંદાવે છે, પર્વતના શિખર ઉપરથી ફગાવે છે, વિષયુક્ત અગ્નિ તથા ધુમાડામાં અને ક્ષારયુક્ત કાદવવાળા જળમાં રૂંધી રાખે છે. (૪૩) વળી (તે પાપીઓને) અગ્નિથી ખૂબ તપાવેલી લોખંડની લાલચોળ

પ્રતિમાઓ સાથે બાથ ભિડાવે છે, અને આંખોમાં લોઢાના સળિયા ખોસી ઘાલે છે. (૪૪) વળી તે પાપીઓને કાનમાં સીસું રેડે છે અને મુખમાં લોઢાનો રસ રેડે છે તેમ જ ખૂબ વીર્ય, વિષ્ટા, મૂત્ર અને પરુ વગેરે પીવડાવે છે. (૪૫) અને ક્રૂર એવા તે યમદૂતો પાપીઓની ચામડી ચીરીને લાંબી લાંબી સોયો વડે સીવે છે અને તેઓને યંત્રોમાં પીલે છે. (૪૬) પછી આ રીતે બહુ પ્રકારની તીવ્ર વેદનાઓને તે પાપીઓ પામે છે પછી તેઓ જરાયુજ, અંડજ, ઉદભિજ અને સ્વેદજ આ ચાર પ્રકારની યોનિઓને પામે છે. (૪૭) પછી ગર્ભવાસનું દુઃખ તો દુઃસહ છે, જન્મનું દુઃખ તો તેનાથી અધિક છે, વ્યાધિદુઃખ અને વૃદ્ધાવસ્થાનું દુઃખ તથા મૃત્યુનું દુઃખ ફરી ફરીને વારંવાર આવ્યા કરે છે. (૪૮) હે માતા ! આધ્યાત્મિક, (આધિભૌતિક અને આધિદૈવિક) વગેરે ત્રણ પ્રકારનાં દુઃખોને પોતે કરેલાં કર્મો અનુસાર (દરેક જન્મમાં) પામે છે અને રડતાં રડતાં તે દુઃખ ભોગવે છે. (૪૯) અને તે જીવો સેંકડો-હજારો યુગો પર્યંત અનંત દુઃખમયી યોનિઓમાં વારંમવાર ભ્રમણ કરે છે. (૫૦) આ રીતે સંસારને પામતા જીવો ક્યારેક કૃષ્ણકૃપાને કારણે સંસારમુક્તિના સાધનભૂત મનુષ્યદેહને પામે છે. (૫૧) હે જનની ! તે જનો નરદેહને પામી સત્સંગ કરી ભગવાનની ભક્તિ કરે છે અને તે ભક્તિને અને સ્વઈપ્સિત મુક્તિને પણ પામે છે. (૫૨) અને જે મનુષ્યો કુબુદ્ધિવાળા, કૃષ્ણભક્તિએ રહિત, સ્ત્રી વગેરેમાં આસક્ત થાય છે તે પૂર્વજન્મોની જેમ જ દુઃખને પામે છે. (૫૩) અને તે ફરીથી યમદૂતોના હાથમાં જઈ મોટી યાતનાઓને પામે છે અને ફરીથી ચોરાશી લાખ યોનિઓને પામે છે. (૫૪) આ પ્રકારે જે જનો આ લોકમાં મનુષ્યોનું સંસાર સંબંધી દુઃખ વારંવાર જુએ છે તેમને વૈરાગ્ય ઉદય થાય છે. સત્સંગથી વૈરાગ્ય વૃદ્ધિ પામે છે. (૫૫) હે સતિ ! તેથી વિરક્ત એવા તે જનો દુષ્ટજનસંગથી ડરીને, સદા આનંદવાળા અને દુઃખ, ક્ષય અને ભયરહિત કૃષ્ણાશ્રયમાં રહે છે. (૫૬) વૈરાગ્યહીન પુરુષને દુઃખરહિત સુખ નથી અને વૈરાગ્ય વિના પુરુષોને ભક્તિ જલદી વૃદ્ધિ પામતી નથી. (૫૭) હે જનની ! માયામય પદાર્થોમાં વૈરાગ્ય પામેલાઓને સાક્ષાત્ પુરુષોત્તમમાં પ્રીતિ ખૂબ વૃદ્ધિ પામે છે તેથી તેઓ પરા ગતિને પામે છે. (૫૮) હે જનયિત્રિ માત ! તમોને આ પ્રકારે તેની ઉત્પત્તિનાં કારણો સહિત વૈરાગ્યસ્વરૂપલક્ષણ કહ્યું. હવે સંસારબંધનથી મોક્ષ ઈચ્છનાર પુરુષને મોક્ષપ્રદા ભક્તિનું સ્વરૂપ હવે તમને કહું છું. (૫૯)

ઈતિશ્રી સત્સંગિ જીવનમાં, નારાયણ ચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, પ્રથમ પ્રકરણમાં, શ્રીહરિગીતામાં વૈરાગ્યસ્વરૂપલક્ષણનિરૂપણ નામે પાંત્રીસમો અધ્યાય થયો. ॥૩૫॥

●

## અધ્યાય-૩૬

**શ્રીહરિ બોલ્યા :**

ભજ ધાતુનો અર્થ સેવારૂપ છે અને કિતન્ પ્રત્યયનો અર્થ પ્રેમરૂપ છે તેથી સ્નેહપૂર્વક જે ભગવાનની સેવા છે તેને પંડિતો ભક્તિ કહે છે. (૧) જેવી રીતે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને અનન્ય ભાવથી જેમ સેવન કરે તેમ મુમુક્ષુ પણ સર્વદા અનન્ય ભાવથી શ્રીહરિનું ભજન કરે. (૨) વિષ્ણુનું શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસપણું, સખાપણું અને આત્મનિવેદન-આ

ભક્તિનાં નવ લક્ષણો છે. આમાંથી એકપણ લક્ષણને આશરેલો મુમુક્ષુ જીવ આ લોકમાં ભક્તિ અને પરલોકમાં મુક્તિને પામે છે. (૩-૪) હે સતિ ! સ્વધર્મમાં રહેલ કૃષ્ણભક્તના મુખથી શ્રીકૃષ્ણના જન્મ-કર્મોનું હંમેશાં શ્રવણ કરવું જોઈએ. (૫) શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાનના વારાહાદિ અવતારોના ચરિત્રને પણ મુમુક્ષુજને આદરપૂર્વક સાંભળવા જોઈએ. (૬) અને તે શ્રીકૃષ્ણ ભગવાનના ભક્તો પ્રહ્‌લાદ ધ્રુવજી, પ્રિયવ્રત તથા અંબરીષ આદિની કથા પણ આદરપૂર્વક સાંભળવી. (૭) શ્રીકૃષ્ણ તથા તેમના સાધુઓનાં ચરિત્રોનું હંમેશાં કીર્તન કરવું. તેમની કથાવાર્તા પણ હંમેશાં આદરપૂર્વક સાંભળવી જોઈએ. (૮) શ્રીકૃષ્ણ અને તેના ભક્ત સંબંધી ચરિત્રગ્રંથોનું પઠન-પાઠન સ્વહિતાર્થે મુમુક્ષુએ કરવું જોઈએ તથા તેમનો નિત્ય પાઠ કરવો જોઈએ. (૯) તથા વ્રજપતિ શ્રીકૃષ્ણના સંસ્કૃત કે પ્રાકૃત છંદોથી ગૂંથેલા પદ્યો-ગદ્યોનું ગાન હર્ષપૂર્વક કરવું જોઈએ. (૧૦) પોતાને વીણાવાદનમાં ચાતુર્ય હોય તો વીણાદિ વાજિંત્રે સહિત, અથવા તાળીઓના શબ્દે સહિત અથવા કોઈ સમયે વાજિંત્ર રહિત પણ કીર્તન કરવું જોઈએ. (૧૧) અને હે માતા ! શ્લોક વગેરેથી અથવા મનને આહ્‌લાદ આપનારાં વાક્યો, (હે પ્રભો ! હે કૃષ્ણ) વડે પ્રભુની સ્તુતિ-પ્રાર્થનારૂપ નામસંકિર્તન કરવું (૧૨) અંગો અને ઉપાંગો સહિત ભગવાનની મૂર્તિનું ધ્યાન હૃદયકમળમાં કરવું જોઈએ. અને પછી ચરણકમળથી આરંભી હસિતવદન સુધી એક એક અંગનું ચિંતવન મનથી કરવું જોઈએ. (૧૩) અને વૃંદાવનચંદ્ર શ્રીકૃષ્ણનાં ચરિત્રો અને ગુણોનું હૃદયથી ચિંતવન કરવું અને ભગવાનના મંત્રનો જપ કરવો જોઈએ. (૧૪) તેવી રીતે જગત્‌પતિ ભગવાનના ગોલોક, વૈકુંઠ, અક્ષરધામ વગેરે ધામો તથા તેમના પાર્ષદો આદિનું સ્મરણ કરવું જોઈએ. (૧૫) સત્પુરુષોના સ્વામી એવા પ્રત્યક્ષ ભગવાનના ચરણકમળ મર્દનરૂપ સેવા કરવી જોઈએ અને પ્રત્યક્ષ ભગવાનના અભાવમાં માનસિક પાદસંવાહન કરવું જોઈએ તથા પ્રતિમાઓનો ચરણસ્પર્શ કરવો જોઈએ. (૧૬) જેમના ચરણકમળની સેવાથી જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ઉત્પત્તિ, પાલન અને સંહાર કરવાનું સામર્થ્ય પામ્યા છે; જેમના સંબંધથી ત્રણ માર્ગે જનારી ગંગા સમગ્ર બ્રહ્માંડને પવિત્ર કરે છે અને જે ચરણને સેવનારા જનોનો કાળ-માયાનો ભય નાશ પામે છે. અને જે ચરણકમળને રાધા-રમા આદિ અખંડ સેવે છે એવા ભગવત્ ચરણને કોણ ન સેવે ? (૧૭) જે વનિતાઓ ભગવાનના ચરણકમળની સેવાથી જ દેવોથી પણ શ્રેષ્ઠ એવી કવિવર વ્યાસજી વગેરેએ ગાવા યોગ્ય પવિત્ર કીર્તિને પામી જતી હતી. લીલા માટે નરનાટન કરનાર શ્રીકૃષ્ણના ચરણકમળ સંસારમુક્તિની કામનાવાળા જનોએ હર્ષથી સેવન કરવું જોઈએ. આનાથી અન્ય કોઈ ગતિ જ નથી. (૧૮) હે માતઃ ! (નારદાદિ) સાત્વત ભકતોએ ભગવાનનું અર્ચન (પૂજન) બે પ્રકારનું કહ્યું છે : આભ્યંતર તથા બાહ્ય તે બે પ્રકારનું પૂજન યથાશક્તિ યથાવિધિ કરવું જોઈએ. (૧૯) જેવી રીતે (ઉપદેષ્ટા થકી) સાંભળેલું હોય તેવી રીતે જ ભગવાનનું હૃદયમાં ધ્યાન કરી મનથી કલ્પેલા મોટા ઉપચારો વડે પૂજનને બુદ્ધિમાન ભક્તોએ પ્રથમ (આભ્યંતર) પૂજન કહેલું છે. (૨૦) અને યથાલબ્ધ ઉપચારોથી વેદોક્ત મંત્રાદિ વડે અધિકાર પ્રમાણે બીજું બાહ્ય કૃષ્ણનું પૂજન કહેલું છે. (૨૧) તેમાં આભ્યંતર પૂજન પ્રથમ કરીને જ પછી બીજું બાહ્ય પૂજન કરે અને ચલ

મૂર્તિમાં તો કૃષ્ણનું આવાહન કરીને પૂજન કરે. (૨૨) મદ્ય માંસ આદિ સંસર્ગથી રહિત અને પવિત્ર તથા પ્રસિદ્ધ તેમ જ અન્ય કોઈ દેવને સમર્પણ નહિ કરેલાં દ્રવ્યો વડે શ્રીકૃષ્ણની પૂજા કરવી જોઈએ. (૨૩) ભગવાનને સ્નાન કરાવી યથોચિત્ત વસ્ત્રો ધારણ કરાવે તથા વિવિધ અલંકારોને યથાસ્થાને ધારણ કરાવે. (૨૪) અને ભગવાનને કુંકુમ કેસરયુક્ત ચંદનાદિ વડે ઋતુ પ્રમાણે અનુલેપન પ્રેમપૂર્વક કરે અને તિલક તો કરે જ. (૨૫) સુગંધી પુષ્પોના હારો, તોરા (કાનનાં આભૂષણો તેમ જ શેખરો (પાઘના તોરાઓ) ભગવાનને ધારણ કરાવી ધૂપ, દીપ સમર્પણ કરે. (૨૬) ઋતુ પ્રમાણે યથાશક્તિ નૈવેદ્ય સમર્પણ કરે અને તે ભગવાનની વાજિંત્રોના અવાજથી મહારાજની આરતી કરે. (૨૭) પ્રદક્ષિણા અને સ્તવન, પ્રાર્થના અને નમસ્કાર કરે. આ રીતે પ્રતિદિન પ્રાતઃ, સંગવ, મધ્યાહ્ન, અપરાહ્ન અને સાયકાળ, આ પાંચ વખત કૃષ્ણનું પૂજન કરવું તે ઉત્તમ પૂજન કહેલું છે. (૨૮-૨૯) પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયં આ ત્રણ વખતનું પૂજન કરવું તે મધ્યમ પૂજન છે અને અશક્ત દેહવાળાઓએ એક કાળે જ પૂજન કરવું તેને કનિષ્ઠ પૂજન કહે છે. (૩૦) અને ભગવદ્ ભક્તોએ ભગવાનના જન્માષ્ટમી, રામનવમી આદિ જન્મોત્સવમાં અને એકાદશીના દિવસોએ ગીત વાજિંત્ર સહિત ભગવાનની મહાપૂજા કરવી જોઈએ. (૩૧) તે ઉત્સવોએ ઉપવાસ, જાગરણ અને પારણાના દિવસે પોતાની શક્તિ અનુસાર બ્રાહ્મણો તથા સંતોને ભોજન કરાવવું. (૩૨) ધનિક ભક્તોએ ભગવાનનાં મજબૂત મંદિરો બંધાવી તેમાં મોટા ઉત્સવપૂર્વક શ્રીકૃષ્ણની પ્રતિષ્ઠા કરાવવી. (૩૩) પૂજાપ્રવાહના નિર્વાહ માટે ગામ, ખેતર, ધન વગેરેથી નિર્બાધ આજીવિકા પણ નિરંતર ચલાવ્યા કરે. (૩૪) કૂવો, વાવ, તળાવ વગેરેને તથા કૃષ્ણ માટે પુષ્પવાટિકા બનાવે અને અહિંસામય એવા વિષ્ણુયાગો કરાવે. (૩૫) તથા શ્રીકૃષ્ણના મંત્રો તથા ગ્રંથોનું પુરશ્ચરણ વૈષ્ણવ એવા ભગવદ્ ભક્ત બ્રાહ્મણ પાસે વિધિપૂર્વક કરાવે. (૩૬) કૃષ્ણપૂજા કરતાં બાકી રહેલાં ગંધ વગેરેથી બધા દેવો, પિતૃઓ, સાધુઓ અને બ્રાહ્મણોની પૂજા કરવી જોઈએ તથા ભગવાનને અર્પણ કરેલા અન્નથી તેમને તૃપ્ત કરવા જોઈએ. (૩૭) તે ભગવાનના પુરુષ ભક્તોએ શ્રીકૃષ્ણને સાષ્ટાંગ વંદન કરવા જોઈએ અને પવિત્રવ્રતધારી સ્ત્રી ભક્તોએ પંચાંગ પ્રણામ કરવા જોઈએ. (૩૮) અને કૃષ્ણના ચરણસ્પર્શવાળી ધૂળમાં ભક્તોએ અક્રુરજીની જેમ આળોટવું જોઈએ અને તે ધૂળને અતિ માહાત્મ્યપૂર્વક મસ્તકે ચઢાવવી જોઈએ. (૩૯) માનને દૂરથી જ તજીને ભગવાનનું દાસપણું કરવું અને દાસની માફક યથાકાલ ભગવાનની પરિચર્યા કરે. (૪૦) અને શ્રીકૃષ્ણની પૂજા માટે પોતે જ જળ, પુષ્પ તથા તુલસીપત્રને લાવે, ચંદન ઘસે તથા પવિત્ર શુભ શુભ પકવાન્નોને પણ પોતે જ બનાવે. (૪૧) તે ભગવાનને ઋતુ પ્રમાણે વીંઝણા વડે પવન નાંખે, ભગવાનના મંદિરમાં વાળવું, લીંપવું વગેરે પોતે જ કરે. (૪૨) અને યથાયોગ્ય અન્ન, જળ, ફળ વડે વૈષ્ણવ એવા ભગવદ્ ભક્તોનું પ્રીતિપૂર્વક સેવન કરે તથા માનરહિત થઈને તેમને નમસ્કાર કરે. (૪૩) હે માન દેનારાં માતા ! દ્રૌપદી અને અર્જુને જેમ શ્રીકૃષ્ણની સાથે સખાપણું કર્યું તેવી રીતે દેહ, સ્ત્રી, પુત્ર, દ્રવ્ય વગેરે કરતાં ભગવાનને વિષે સર્વાધિક પ્રેમ કરવો જોઈએ. (૪૪) હે સતિ ! મનુષ્યનાટ્ય કરતા આ ભગવાનની કોઈપણ ક્રિયામાં દોષબુદ્ધિ ક્યારેય પણ ન કરવી અને એમનો દ્ઢ વિશ્વાસ કરવો

જોઈએ. (૪૫) હે જનનિ ! હવે આત્મનિવેદન નામની નવમી ભક્તિનું લક્ષણ તમે સાંભળો. કૃષ્ણ માટે જ આત્માને અર્પણ કરી દેવો જોઈએ. (૪૬) દેહ, ઇન્દ્રિય, અંતઃકરણ, સ્વભાવ તથા પિતા, પુત્ર વગેરે અને સ્વજનના પણ વશમાં ક્યારેય વર્તવું ન જોઈએ. (૪૭) નિત્ય કૃષ્ણાધીન જ રહે, તથા સર્વ ક્રિયાઓ કૃષ્ણ માટે જ કરે અને કૃષ્ણભક્તિમાં અંતરાય કરનાર સ્વભાવ તથા સ્વજનોનો ત્યાગ કરે. (૪૮) અને તે ભગવાનનું જ દર્શન કરે, તેમની જ કથા સાંભળે સને ત્વચા વડે ભગવાન અને તેમના ભક્તોનો જ ચરણસ્પર્શ કરે. (૪૯) અને જીભને ભગવાનના ગુણોના ઉચ્ચારણમાં તથા ભગવાનના પ્રસાદ આરોગવામાં પ્રયોજે તથા ભગવાને સુંઘેલ પુષ્પાદિ વસ્તુને જ નાસિકાથી સુંઘે. (૫૦) અને તેમની સેવામાં જ હાથ જોડી રાખે, વંદન કરવામાં મસ્તક જોડી રાખે અને પ્રદક્ષિણા કરવામાં તથા ભગવાનની પાસે જવામાં જ ચરણોને જોડી રાખે. (૫૧) મન વડે ભગવાન સંબંધી જ સંકલ્પો કરે બુદ્ધિથી ભગવાનનો જ નિશ્ચય કરે તેમજ ચિત્તથી ભગવાનનું જ તત્ત્વપૂર્વ ચિંતવન કરે. (૫૨) તથા અહંકારથી પોતામાં કૃષ્ણદાસાભિપણું એટલે કે હું કૃષ્ણનો દાસ છું એવું અભિમાન કરે તથા ખેતી, વ્યાપાર અને ઉદ્યોગધંધા વગેરે પણ કૃષ્ણસેવા માટે જ કરે. (૫૩) વળી જે જે વસ્તુ પોતાને પ્રિય હોય તેનું ભગવાનને નિવેદન કરે. ચંદન, પુષ્પ, વસ્ત્ર વગેરે તેમની પ્રસાદીભૂત કરીને જ ધારણ કરે. (૫૪) ભગવાનને અર્પણ કર્યા વગરનું પત્ર પણ ન ખાવું જોઈએ અને હે નિષ્પાપ (માતા) ! તેવી રીતે જળ વગેરે પણ ન પીવું જોઈએ. (૫૫) તેમના સેવકોએ તપ,યજ્ઞ, વ્રત, દાન અને વૈષ્ણવોનું સેવન-આ બધું કેવળ ભગવાનની પ્રસન્નતા માટે કરવું. (૫૬) આ રીતે શ્રવણ આદિ નવલક્ષણવાળી ભક્તિથી જે ભગવાનનું ભજન કરે છે તેને ભક્તો કહેલા છે.; તે ભક્તો પણ બે પ્રકારના કહ્યા છે. (૫૭) પ્રથમ પ્રકાર સકામ ભક્ત કહેવાય છે. તે સકામ ભક્તો ભગવાનથી જ ધર્મ, વિસ્તૃત અર્થ, કામ અને મોક્ષ પામે છે. (૫૮) દેહના અંતે (સકામ ભક્તો) શ્રીકૃષ્ણના ગોલોકાદિ ધામોમાં સ્વઈષ્ટ સુખોને પામે છે અને ભગવાન જ અક્ષય સુખ આપનારા છે. (૫૯) અને જે બીજા નિષ્કામ ભક્તો છે તે ભગવાનની સેવા સિવાય ચતુર્વિધ મુક્તિ તથા અષ્ટસિદ્ધિને પણ ક્યારેય ઇચ્છતા નથી. (૬૦) તે ભક્તો ભગવાનથી અપાતા આવા આ ઐશ્વર્યને મનથી પણ ગ્રહણ કરતા નથી કારણ કે તે ભગવાનની સેવામાં અંતરાયરૂપ છે. (૬૧) હે માત ! આમ નિષ્કામભાવથી જે મનુષ્ય ભગવાનને સેવે તે પરિપૂર્ણ ઉત્તમ ભક્ત જાણવો અને આવો ભક્ત ભગવાનનું હૃદય છે એમ જાણવું. (૬૨) પ્રતિદિન ભગવાનનું સેવન કરનાર તે ઉત્તમ ભક્તને ભગવાનમાં પ્રેમ અતિશય વૃદ્ધિ પામે છે અને તે પ્રેમ વિઘ્નોથી હણાતો નથી. (૬૩) જેમ ગંગા નદીનો પ્રવાહ અંતરાયભૂત પર્વતોને પણ ભેદીને-અવગણીને તત્કાળ સમુદ્રમાં જઈ મળે છે, તેમ તે નિષ્કામ ભક્તનો પ્રેમ પણ દેશ, કાળ, ક્રિયારૂપ મોટાં વિઘ્નોને ઉલ્લંઘીને કેવળ કૃષ્ણને જ પામે છે. (૬૪-૬૫) તે ભક્તનાં અંતઃકરણો તથા બાહ્યકરણો એટલે કે ઇન્દ્રિયોની વૃત્તિઓ પોતપોતાના વિષયોની પેઠે સ્વાભાવિક જ શ્રીકૃષ્ણમાં જોડાય છે. (૬૬) સાક્ષાત્ શ્રીકૃકણ ભગવાનમાં અત્યંત સ્નેહ પામેલો તે ભક્ત ભગવાન સિવાય બીજે ક્યાંય કોઈપણ વસ્તુમાં અનુરાગી ન જ થાય. (૬૭) આ લોકમાં બે પ્રકારના પદાર્થો છે : એક રમણીય અને બીજા અરમણીય તેમાં જે રમણીય. પદાર્થ હોય તે (ભક્તને) દુઃખરૂપ જ થાય. (૬૮) અને અરમ્ય પદાર્થોમાં કયારેક થોડુંક પણ સુખ થાય

પરંતુ કૃષ્ણાનુરાગીને રમ્ય પદાર્થોમાં તો મહાદુઃખ થાય છે. (૬૯) અને તેને મલિયાગર ચંદનનો લેપ હળાહળ ઝેરના લેપ જેવો લાગે છે, ફૂલના હારો સર્પવત્ લાગે છે અને અલંકારો દોષવત્ લાગે છે. (૭૦) અને તે કૃષ્ણાનુરાગી ભક્તને મનોહર ફૂલોની પથારી સળગતી આગ જેવી લાગે છે અને ચંદ્ર પણ પરિતાપ આપનારો થાય છે. (૭૧) તે ભક્તને સુંદર નવીન ઘર ઘોર અરણ્યસમ લાગે છે તથા સુગંધી શીતળ વાયુ પ્રદીપ્ત દાવાનળ સમાન લાગે છે. (૭૨) સૂક્ષ્મ વસ્ત્ર પણ ભારરૂપ લાગે છે, સ્વજન પણ વ્યાઘ્ર સમાન લાગે છે; શરીર-સૌંદર્ય કુષ્ઠરોગ જેવું લાગે છે અને સ્વાદિષ્ટ ભોજન ઝેર સમાન લાગે છે. (૭૩) તે કૃષ્ણાનુરાગી ભક્તને મનોહર ગાયન તીક્ષ્ણ બાળ સમાન લાગે છે અને દેવાંગના સમાન નારી રાક્ષસી સમાન લાગે છે. (૭૪) અને ભક્તોએ તે વૈરાગ્યશીલ ભક્તનાં ચિહ્નો વડે પ્રભુસ્નેહનું અનુમાન કરવું. ભગવાનના તે ભક્તને હૃદયમાં તથા બહાર સર્વત્ર હમેશાં એક કૃષ્ણ જ સ્ફુરિત થાય છે. (૭૫) ક્યારેક તે ભક્ત સ્નેહથી સ્ફુરિત થયેલા ભગવાનને જોઈ હસવા લાગે છે. ક્યારેક પોતાના નેત્રથી દૂર ભગવાનને જોઈ વિયોગથી રડવા લાગે છે. (૭૬) તે ભક્ત ક્યારેક આનંદથી નૃત્ય કરવા લાગે છે; ક્યારેક ભગવાન સાથે બોલવા લાગે છે, ક્યારેક સાષ્ટાંગ વંદન કરે છે અને ક્યારેક સ્તબ્ધ બની રહે છે. (૭૭) ક્યારેક 'અપરાધોની ક્ષમા આપો' એમ પ્રાર્થના કરે છે અને ક્યારેક સ્નેહથી વિવશ અને નિર્લજ્જ થઈને તે ગાય છે. (૭૮) તે ભક્ત કયારેક તો હે હરે ! હે નારાયણ ! હે સ્વામિન્ ! હે કૃષ્ણ ! હે ગોવિંદ ! હે માધવ ! ઈત્યાદિ સત્પુરુષોના સ્વામી ભગવાનનાં નામોનું ઊંચા સ્વરે કીર્તન કરે છે. (૭૯) ઈત્યાદિ બહુ પ્રકારનાં ચિહ્નોથી ઉપલક્ષિત તે ભક્ત પોતાની ચરણરજથી સમગ્ર વિશ્વને પવિત્ર કરે છે. (૮૦) હે માતા ! આવા પ્રેમવાળા ભક્તને શ્રીહરિની મૂર્તિમાં અનાયાસે પ્રાણ અને મનનો નિરોધ થઈ જાય એ નિશ્ચિત છે. (૮૧) અને ભક્ત સ્ત્રી હોય કે પુરુષ પ્રારબ્ધ કર્મને અંતે શરીરનો ત્યાગ કરી માયામય ગુણોને છોડી નિર્ગુણ થાય છે. (૮૨) તે ભક્ત ભગવદ્-ઈચ્છાથી બ્રહ્મમય દિવ્ય દેહને પ્રાપ્ત કરી દિવ્ય વિમાનમાં બેસી પોતે પામવા ઈચ્છેલા ધામને પામે છે. (૮૩) અને તે ભક્ત સર્વથી વંદન કરાતો ગોલોક, વૈકુંઠ કે અક્ષરધામમાં ભગવાનની અખંડ સેવામાં રહે છે. (૮૪) હે જનની ! તે તે ધામોમાં ભગવાને આપેલાં અનંત, અક્ષય અને દિવ્ય સુખોને તે ભક્ત ખરેખર પ્રાપ્ત કરે છે; ભોગવે છે. (૮૫) આ પ્રકારે મેં તમોને અધ્યાત્મશાસ્ત્ર સમગ્રપણે કહ્યું. જીવોના કલ્યાણ માટે આ જ (શ્રીહરિગીતા) પર્યાપ્ત છે એવો મારો મત છે. (૮૬) વેદો, પંચરાત્ર, સાંખ્યયોગ, ધર્મશાસ્ત્ર અને પુરાણ આદિનું જે રહસ્ય છે તે મેં સ્પષ્ટ રીતે કહ્યું છે. (૮૭) આથી તમારા કલ્યાણ માટે આ જ્ઞાન આત્મામાં ધારણ કરવું જોઈએ. તેથી સર્વ કષ્ટથી મુક્ત થઈ સર્વોત્કૃષ્ટ સુખને પામશો. (૮૮) આ પરમ રહસ્ય (રૂપ કથા) જે સાંભળશે, પાઠ કરશે તેને કૃષ્ણભક્તિ પ્રાપ્ત થશે અને ઈચ્છિત સુખની પ્રાપ્તિ થશે. (૮૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આમ તે ભક્તિ માતા પુત્રે ગાયેલું આ રહસ્ય સાંભળી નિઃસંશય થયાં. તેથી અતિ પ્રસન્ન હૃદયવાળાં થયેલાં કહેવા લાગ્યાં. (૯૦)

**પ્રેમવતી બોલ્યાં :**

હે હરે ! સ્ત્રી-પુરુષ સર્વને કલ્યાણકારી, ધર્મ-જ્ઞાન-વૈરાગ્યયુક્ત નવલક્ષણા ભક્તિ તમે કહેલી છે. (૯૧) (જે કૃષ્ણવિષયક ભક્તિ તમોએ કહી) તે કૃષ્ણ તો હાલમાં અહીં હરિ નામે પ્રસિદ્ધ તમે જ છો. આમ, તમારાં વાક્યોથી જેનો સંશય નાશ પામ્યો છે તેવી હું તમને નિશ્ચયપણે (કૃષ્ણરૂપે) જાણું છું. (૯૨) તમારામાં મનને જોડી અત્યારે કાળમાયાથી ઊપજેલા સર્વ કષ્ટ થકી હું મુક્ત થઈ ગઈ છું. અને અત્યારે તમારા પરમ ધામમાં હું જાઉં છું, (૯૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

તે નારાયણ પ્રભુ શ્રીહરિને આ પ્રમાણે કહીને તે શ્રીહરિને જ વિશુદ્ધ મનથી અંતરમાં ધારણ કરતાં હતા. તેથી દેહની વિસ્મૃતિ થઈ ગઈ. (ભગવાનમાં તેઓ સંલગ્ન થઈ ગયાં.) (૯૪) હે ધરણીપતિ ! પ્રતિદિન ભગવાનની પ્રેમથી પૂજા કરી શ્રીહરિજીના મુખકમળમાંથી નીકળેલી, વેદોના સારભૂત આ (પંચાધ્યાયીરૂપ) ગીતા સંપૂર્ણ અથવા તેનો એક-એક અધ્યાય તેનો નાના પ્રકારની શુભ કામનાવાળો જે જન પાઠ કરે-સાંભળે તેને સ્વઇચ્છિત સુખ મળે છે અને જે નિષ્કામી જન સાંભળે - પાઠ કરે કે સાંભળે તે ભગવાનની સર્વોત્તમ ભક્તિને પામે છે એમાં લગીરે સંદેહ નથી. (૯૫)

ઇતિશ્રી સત્સંગિ જીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
શ્રીહરિગીતામાં ભક્તિસ્વરૂપલક્ષણ નિરૂપણ નામે છત્રીસમો અધ્યાય થયો. ॥૩૬॥

●

## અધ્યાય-૩૭

**રાજા બોલ્યા :**

હે મહામુનિ ! તે ભક્તિદેવી ભગવાનનું ધ્યાન કરતાં કેવી ગતિને પામ્યાં ? અને પછી શ્રીહરિ શું કરતા હતા તે તમે મને કહો. (૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે ભક્તિમાતાને ધ્યાનમગ્ન રહેતાં રહેતાં સૂર્યોદય થઈ ગયો. પછી શ્રીહરિ સ્નાન કરીને આહનિક કર્મ કરવા અગ્નિશાળામાં પ્રવેશ કરતા હતા. (૨) પછી ધ્યાન કરતાં ભક્તિદેવી પોતાના હૃદયકમળમાં પ્રાદુર્ભાવ પામેલા અગાઉ જોયેલા તેવા બ્રહ્મચારીવેષે શ્રીહરિને જોતાં હતાં. (૩) પ્રસન્ન મુખચંદ્રથી ક્રાંતિવાળા, કમળપત્ર સમાન નેત્રોવાળા, દ્વિભુજ, રમણીય અંગોવાળા, શ્યામસુંદર શરીરવાળા, કોપીન ઉપર ધોતી પહેરેલા, સફેદ ઉપરણી ધારેલા તથા રૂમાલથી બાંધેલા શ્યામસુંદર કેશ બાંધેલા, શ્વેત યજ્ઞોપવીત ધારેલા, જમણા હાથમાં જપમાળા ધારણ કરેલા, કંઠમાં ધારેલી સૂક્ષ્મ તુલસીકાષ્ઠની બેવડી માળાવાળા, લલાટ, કંઠ, હૃદય અને બાહુમાં કંકુના ગોળ ચાંદલાથી યુક્ત ઉર્ધ્વપુંડ્ર તિલક ધારેલા, એવા શ્રીહરિને જોતાં હતાં. (૪-૭) તે પ્રકારે ભક્તિ શ્રીહરિને જોતાં જોતાં દેહ, ઇન્દ્રિય, મન, પ્રાણ અને સત્ત્વાદિ ગુણોથી ભિન્ન અને દેહાદિકના પ્રકાશક એવા પોતાના આત્માને જોતાં હતાં. (૮) ભક્તિએ સત્તામાત્ર પોતાના આત્માને અક્ષરબ્રહ્મની સાથે ઐક્યભાવને પામેલો જોતાં હતાં. પછી અક્ષરભાવને પામેલાં પોતાના

આત્મામાં શ્રીહરિને જોતાં હતાં. (૯) પછી તે શ્રીહરિ પણ પોતાને જ શ્રીકૃષ્ણ નિશ્ચય જાણતાં પોતાનાં માતાને તે મૂર્તિનું જ દર્શન કરાવતા હતા, તે ભક્તિએ આશ્ચર્યપૂર્વક શ્રીકૃષ્ણના રૂપે શ્રીહરિને જોયા. (૧૦) અનંત કામદેવ સમાન લાવણ્યવાળા, નવીન મેઘ સમાન શ્યામ વર્ણવાળા અને પ્રત્યેક અંગમાંથી નીકળતી કોટિ ચંદ્રસમાન કાંતિવાળા; (૧૧) શુદ્ધ સુવર્ણની કાંત સમાન વસ્ત્રોવાળા, રત્નજડિત કટિમેખલાથી મનોહર, મોરપીંછાથી યુક્ત મુગટવાળા તથા મકરાકાર કુંડળવાળા. (૧૨) કંઠમાં શોભાયન કૌસ્તુભ મણિવાળા અને મોતીઓના હારોને શોભાડનારા, કંઠમાં મનોહર વૈજયંતી માળા ધારણ કરેલા. (૧૩) ભુજાઓમાં હેમના કડાં, સાંકળા અને સુંદર બાજુબંધ ધારેલા, બંને ચરણોમાં ઝાંઝર ધારેલા, કિશોર અવસ્થાવાળા અને સુંદર નેત્રોવાળા (૧૪) ઉત્તમ નટવર સમાન વેષવાળા, સુગંધીમાન ચંદનથી અર્ચના કરેલા શરીરવાળા, પુષ્પના હારો, તોરાઓ અને ગુચ્છોને ધારણ કરેલા (૧૫) બે ભુજાઓ વડે મધુર સ્વરે મુરલી વગાડતા; આશ્ચર્યકારી દર્શનવાળા એવા તે શ્રીહરિને જોઈ આનંદયુક્ત થયેલાં તે પ્રેમવતી નમસ્કાર કરતાં હતાં. (૧૬) પછી તે પ્રેમવતી પૂર્વે જોયેલા તેવા જ વર્ણિવેષ સ્વપુત્ર શ્રીહરિને જ જોતાં હતાં. પછી ફરી નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યાં. (૧૭)

**ભક્તિમાતા બોલ્યાં :**

અનાદિ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન એવા હે શ્રીહરિ ! જેમણે અનેક અવતાર ધારણ કરેલા છે એવા હે પ્રભો ! ધર્મપ્રિય એવા જે તમે કળિયુગમાં અસુર સમૂહથી સાધુ પુરુષ, દેવ, બ્રાહ્મણ, ધર્મ અને ગાયોનું રક્ષણ કરવા અતિ કરુણા કરી મારાથી પ્રગટ થયા છો. નૈષ્ઠિક બ્રહ્મચારીના વેશવાળા-શ્રીહરિ આપને મારા નમસ્કાર હો. (૧૮) 'હે શ્રીહરિ ! પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર, રુદ્ર અને મેઘ આ સર્વના મિત્ર અર્થાત્ તેમના જેવા ગુણવાળા, સાધુઓમાં પ્રેમવાળા, સાધુગુણો અને આત્મનિષ્ઠા જેમનામાં ઉદય પામેલા છે એવા હે હરિ ! તમારે વિષે મારી બુદ્ધિ સદા સ્થિર રહો. (૧૯) એકાન્તિક ધર્મને ધારણ કરનારા, હે ધીર ! વરદાન અને અભયદાન મુદ્રાયુક્ત હસ્તોવાળા હે હરે ! પાપસમૂહને બાળવામાં દાવાનળ સમાન નામવાળા હે હરે ! ગાયો, બ્રાહ્મણો, પૃથ્વી, દેવતા અને સાધુઓનું રક્ષણ કરનાર હે હરિ ! તમારે વિષે મારી બુદ્ધિ સદા સ્થિર રહો. (૨૦) પાખંડ માર્ગનું ખંડન કરવામાં પંડિત શ્રીહરે ! શ્રીગોલોક (અક્ષર) ધામમાં અનંત ભક્તજનો જેમણે પમાડયાં છે અને ભક્તોને ઈપ્સિત પુરુષાર્થોના વિતરણમાં કલ્પતરુ સમાન સમર્થ એવા હે હરે ! તમારે વિષે મારી બુદ્ધિ સદા સ્થિર રહો. (૨૧) હિંસારહિત યજ્ઞોને પ્રવર્તાવનાર, દેવકર્મ અને પિતૃકર્મ યુક્ત ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિનો ઉપદેશ કરનાર, શુદ્ધ બ્રહ્મચર્યવ્રતવાળા, મહાવ્રતે યુક્ત, શમદમાદિગુણે સંપન્ન એવા હે હરે ! તમારે વિષે મારી બુદ્ધિ સદા સ્થિર રહો. (૨૨) સત્શાસ્ત્રોનો આશ્રય કરનારા જિતેન્દ્રિય, સત્યસ્વરૂપ, સત્યસંકલ્પ, હે માધવ વિષ્ણુ, બ્રાહ્મણો અને સાધુઓને પૂજનારા શ્રાદ્ધકર્મમાં આસ્થાવાળા, સમાધિવાળા, યોગકળાની પ્રવૃત્તિવાળા, એવા હે હરે ! તમારે વિષે મારી બુદ્ધિ સ્થિર રહો. (૨૩) દંભથી વૈદિક માર્ગ ગ્રહણ કરનારા અસુર ગુરુઓ અને રાજાઓના વિનાશ માટે લાલ મુખવાળા

અંગ્રેજ રાજાના અંતઃકરણમાં પ્રેરણા કરવામાં કારણરૂપ તથા અતિ કરુણાથી સર્વ પ્રાણીઓના પિતૃભાવને ભજવનારા એવા હે હરે ! તમારે વિષે મારી બુદ્ધિ સ્થિર રહો.' (૨૪) ઐશ્વર્ય, બળ, નમ્રતા, પ્રતિભા, નિર્દોષ વિદ્યા, તપ, નીતિ, સત્યમાં આગ્રહ, દાન, શીલ, વગેરે મહાપુરુષોનાં ઉત્તમ ચિહ્નોથી યુક્ત, સૌમ્ય મૂર્તિવાળા એવા હે હરે ! તમારા વિષે મારી બુદ્ધિ સ્થિર રહો. (૨૫) પૂર્ણચંદ્રને પણ લજ્જા પમાડનારા મુખકમળવાળા કમળપત્ર સમાન નેત્રોવાળા અને વસ્ત્ર આભૂષણોથી સુંદર વેશવાળા, ખૂબ દર્શનીય મંદ હાસ્યથી જોવા વડે નાશ કરેલ છે સમગ્ર જીવોનું દીનપણું જેમણે એવા હે હરે ! તમારે વિષે મારી બુદ્ધિ સ્થિર રહો.' (૨૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ રીતે શ્રીહરિકૃષ્ણની સ્તુતિ કરતાં, એક શ્રીહરિને વિષે જ જેનું મન નિમગ્ન છે, માટે જ તેમાં સ્થિર સ્થિતિને પામેલાં, અવિદ્યારૂપ મૂળમાયા જેની નિવૃત્તિ પામી ગઈ છે એવાં ભક્તિમાતા વિરામ પામી ગયાં. (૨૭) તેમનો દેહ તત્કાળ પડી ગયો, પણ દેહ પડી ગયો એમ ભક્તિમાતા જાણતાં ન હતાં. એ જ ક્ષણે અન્ય જેના અગાઉની પેઠે તેમને જોઈ ન શકે તેવા દિવ્ય દેહને પામ્યાં. (૨૮) દિવ્ય દેહથી જ પોતાના પતિ ધર્મદેવની અત્યંત પ્રેમથી સેવા કરતા દુર્વાસાના શાપથી મુકાયેલાં ભક્તિદેવીએ શ્રદ્ધાદિક ધર્મપત્નીઓની સાથે નિવાસ કર્યો. (૨૯) વિક્રમ સંવત ૧૮૪૮માં પ્રમિત વર્ષ વર્તમાન થતાં સૂર્ય તુલા રાશિમાં હતો ત્યારે કાર્તિક માસમાં શુકલ પક્ષમાં દસમી તિથિમાં શનિવારે ભક્તિમાતા ભૌતિક દેહનો ત્યાગ કરી સિદ્ધદશાને પામી ગયાં. (૩૦-૩૧) તે સમયે ભક્તિમાતાના પુત્રો અને જ્ઞાતિજનો અત્યંત રુદન કરવા લાગ્યા. અને ધર્મદેવ તો (જન્મેલાનું મૃત્યુ નક્કી જ છે) એવી લૌકિક ગતિને દેખાડીને આશ્વાસન આપતા હતા. (૩૨) પછી ધર્મજ્ઞ ધર્મદેવ શાસ્ત્ર પ્રમાણે ધર્માદિને અનુસરીને મોટા પુત્ર પાસે ભક્તિમાતાનું ઔર્ધ્વદૈહિક કર્મ કરાવતા હતા. (૩૩) હે રાજન્ ! ભક્તિમાતા દિવ્યદેહને પામ્યાં ત્યારે બુદ્ધિમાન શ્રી હરિકૃષ્ણ તો પોતાના મોટાભાઈની પત્નીમાં જ તેમની અનુવૃત્તિમાં અનુસરવાથી તેમને માનતા થકા તેમનામાં માતૃભાવ કરતા હતા. (૩૪)

ઈતિશ્રી સત્સંગિ જીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
પ્રેમવતીને દિવ્યગતિ પ્રાપ્તિનામ સાડત્રીશમો અધ્યાય થયો. ॥૩૭॥

●

## અધ્યાય-૩૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હવે સ્વધર્મમાં રહેલા ધર્મદેવ, પુત્રોથી સેવા કરાતા, સાંખ્યયોગને આશરેલા, રાતદિવસ શ્રીકૃષ્ણનું જ ભજન કરતા હતા. (૧) વ્યાવહારિક સર્વ કર્મોનો ત્યાગ કરેલા, વિષયોમાં વૈરાગ્યને પામેલા, રસાસ્વાદને જીતેલા, અલ્પાહારી, બ્રહ્મચર્યવ્રતમાં પ્રીતિવાળા; (૨) ચાંદ્રાયણાદિ તપથી કૃશ શરીરવાળા, ધ્યાનયોગના બળથી તેજસ્વી, એવા ધર્મ પુત્રભાવ પામેલા શ્રીહરિકૃષ્ણ ભગવાનમાં અત્યંત સ્નેહયુક્ત મનવાળા થયા. (૩) તપ અને યોગથી થયેલા શુદ્ધ અંતઃકરણવાળા,

ધર્મદેવ શાસ્ત્રદૃષ્ટિથી જાણેલાં અંગોમાં થતા ચિહ્નનો તથા સ્વપ્નમાં થતાં ચિહ્નોથી પોતાના સમીપમાં આવેલા મૃત્યુને જાણતા હતા. (૪) પછી મનથી શ્રીકૃષ્ણનું ચિંતન કરતા તે ધર્મદેવ શ્રીમદ્ ભગવતના દશમ સ્કંધનો આદરથી નિયમપૂર્વક નિત્યપાઠ કરતા હતા. (૫) દરેક માસ ધર્મદેવ પ્રેમવતીના માસિક શ્રાદ્ધોને કરાવતા હતા. તથા ઉન્માસિક શ્રાદ્ધ તથા ત્રિપાક્ષિક શ્રાદ્ધ યથાવિધિ કરાવતા હતા. (૬) પછી હે નૃપ ! ઉન્ષાણમાસિક તથા ષાણમાસિક શ્રાદ્ધ કરાવીને હજારો બ્રાહ્મણોને યથેચ્છ ભોજન કરાવતા હતા. (૭) સાતમા માસના શ્રાદ્ધમાં ધર્મદેવ ઉત્તમ બ્રાહ્મણોને જમાડી, અને તેમનું વિસર્જન કરાવીને પોતાના બંધુઓની સાથે ભોજન કરતા હતા. (૮) તે દિવસે ધર્મદેવને શરીરે તીવ્ર જ્વરપીડા થવા લાગી. તે સમયમાં પોતાના મનથી પોતાના દેહનો અંતકાળ નજીક આવ્યો છે તેમ તેઓ જાણતા હતા. (૯) ત્યારે ધર્મદેવ સર્વમાંથી આસક્તિનો ત્યાગ કરી, શ્રીકૃષ્ણ ભગવાનના ધ્યાનનું કેવળ આલંબન કરી નિર્જળા એકાદશીના દિવસે વિપ્રોની પાસે શ્રીકૃષ્ણનું પૂજન કરતા હતા. (૧૦) વ્રતના અંગભૂત જાગરણના વ્રતવાળા શ્રીહરિ સર્વે જનો સૂઈ ગયા ત્યારે પિતાની ચરણસેવા કરતા જાગરણ કરતા હતા. (૧૧) હે નિષ્પાપ રાજન્ ! પછી તાવની પીડાથી નિદ્રા વિનાના ધર્મદેવ સાક્ષાત્ શ્રીહરિની ઈચ્છાથી એકાએક સમાધિ પામ્યા. (૧૨) વૃંદાવનમાં પૂર્વે જોયેલા હતા તે પ્રમાણે જ બ્રહ્મતેજના સમુદાયમાં વિહાર કરતાં, હાથમાં મોરલીવાળા શ્રીકૃષ્ણને ધર્મે જોયા. (૧૩) તે ભગવાનના દર્શનથી આનંદ-સમુદ્રમાં મગ્ન બની ગયેલા અને રોમાંચિત ગાત્ર તથા આંસુઓથી ઢંકાયેલ નેત્રવાળા ધર્મદેવ સંભ્રમ સહિત દંડવત્ પ્રણામ કરવા લાગ્યા, પછી તેમની આગળ હાથ જોડીને ઊભા રહ્યા. (૧૪) તે શ્રીકૃષ્ણને જોતા એવા ધર્મદેવે એકાએક કૃષ્ણ તુલ્ય સમગ્ર આકારવાળા અને વર્ણિવેશવાળા પોતાની આગળ બેઠેલા હરિ નામના પોતાના પુત્રને જોયા. (૧૫) હે રાજન્ ! તે ક્ષણે પોતાના ઘેર શ્રીકૃષ્ણ શ્રીહરિ નામે અવતરેલા છે એવું સ્મરણ થયું. (૧૬) ધર્મ જેટલામાં પોતાના પુત્ર શ્રીહરિને પ્રેમથી આલિંગન કરવા જાય છે તેટલામાં શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા. સમાધિથી બહાર આવેલા ધર્મદેવે પોતાની સેવામાં તત્પર પોતાના પુત્ર હરિકૃષ્ણને પોતાની આગળ જોયા. (૧૭) તે ધર્મદેવ રોમાંચિત ગાત્રવાળા તથા અશ્રુસભર નેત્રવાળા થઈને નૃનાટ્યથી ઢાંકી રાખેલ છે ઐશ્વર્ય જેમણે એવા તે સ્વપુત્ર શ્રીહરિને દૃઢ આલિંગન કરીને નમસ્કાર કરી પ્રાર્થના કરવા લાગ્યા. (૧૮)

**ધર્મદેવ બોલ્યા :**

હાલમાં મેં તમોને જાણ્યા છે અખિલ જગતના સ્વામી, એક અદ્વિતીય પ્રભુ, મને અતિપ્રિય, મને 'તમારો પુત્ર થઈશ' એવો વર આપનારા, અજન્મા, ભક્તોને ઈચ્છિત ફળને આપનારા, દેહધારીઓએ કલ્યાણ માટે નિરંતર સેવવા યોગ્ય, જે શ્રીકૃષ્ણ છે તે સ્વયં તમે છો. માયાથી પર અક્ષરબ્રહ્મ, તેનાથી પર અને સર્વવ્યાપક એવા તે તમોને મારા નમસ્કાર છે. (૧૯) સાક્ષાત્ પરબ્રહ્મ, નિર્ગુણ અને સ્વતંત્ર જે શ્રીકૃષ્ણ છે તે જ તમે છો. (હું તમારા પુત્રપણાને પામી અસુરોનો નાશ કરીશ) આવું પોતાનું વાક્ય સત્ય કરવા અત્યારે મારા પુત્રપણાને પામેલા છો. (૨૦) હે હરે ! મારું શરીર પાંચ-છ દિવસોમાં જ પડી જશે એમ મને લાગે છે. તેથી મારા ચિત્તમાં મને જરાપણ

ભય નથી કારણ કે તમારો દૃઢ આશ્રય કરેલો છે. (૨૧) મારા હૃદયમાં એક જ ખેદ થાય છે કે હું તમારો વિરહ કેવી રીતે સહન કરીશ. તેથી દેહાન્તરની પ્રાપ્તિમાં પણ મને તમારો વિયોગ ન થાઓ એવી હું તમારી પાસે યાચના કરું છું.' (૨૨)

**શ્રી ભગવાન બોલ્યા :**

હે તાત ! તમોએ મારું સ્વરૂપ જેવું છે તેવું જાણ્યું છે. આથી બીજું કંઈપણ જાણવા યોગ્ય કે પામવા યોગ્ય બાકી રહેતું નથી. (૨૩) હવે આ ભૌતિક દેહનો ત્યાગ કરી દિવ્ય દેહ પામી સ્વજનોની સાથે સર્વદા મારા સમીપમાં જ રહેશો એમાં સંશય નથી. (૨૪) આથી તમે ચિંતાનો ત્યાગ કરી, મારા વિના બીજાની આસક્તિનો ત્યાગ કરી, મારા પરાયણ તમો વિશુદ્ધ મનથી પોતાના જીવાત્મામાં મારું ધ્યાન કરવામાં તત્પર બનો. (૨૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રમાણે કહેવાયેલાં વચનથી જેમની સંપૂર્ણ વાસના નાશ પામી છે તેવા અતિ હર્ષિત મનવાળા તે ધર્મદેવ શ્રીહરિને નમસ્કાર કરતાં કહેવા લાગ્યાં. (૨૬) 'હે મહામોહનાશક હરે ! આ લોકમાં તમે કરેલા ઉપકારનો બદલો વાળવા માટે કોઈ પુરુષ બે હાથ જોડી નમસ્કાર કરવા સિવાય કંઈપણ કરવા સમર્થ થતો નથી. તેથી હું તમારા ચરણકમળમાં નમસ્કાર કરું છું. (૨૭) આ પ્રમાણે કહી ધર્મદેવ હર્ષિત થતાં, પોતાને બુદ્ધિદાતા તે શ્રીહરિને નમસ્કાર કરતા હતા. સ્વાભાવિક નમ્રતાવાળા અને વર્ણિવેશવાળા ભગવાન શ્રીહરિ પણ તે ધર્મદેવનો ખૂબ આદર કરવા લાગ્યાં. દેહનો ત્યાગ કરી મહામાર્ગ પામશે એવા ધર્મદેવે નિર્મળ શ્રીહરિનું જ્ઞાનરૂપી ચિંતામણી આપવા માટે (શ્રીહરિના) મોટાભાઈ (રામપ્રતાપ) અને નાનાભાઈ (ઈચ્છારામ)ને પોતાની પાસે બોલાવ્યા. (૨૮)

ઈતિશ્રી સત્સંગિ જીવનમાં, નારાયણ ચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, પ્રથમ
પ્રકરણમાં ધર્મવરપ્રદાન નિરૂપણ નામે આડત્રીશમો અધ્યાય થયો. ॥૩૮॥

●

## અધ્યાય-૩૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

શ્રીકૃષ્ણમાં ચિત્તવાળા તે બંને ભાઈઓ (રામપ્રતાપ અને ઈચ્છારામ) તત્કાળ આવી ધર્મને નમસ્કાર કરી તેમની સમીપમાં બેઠા. પછી ધર્મદેવ તેમને કહેવા લાગ્યાં. (૧) 'હે પુત્રો ! તમે મારું વચન સાંભળો. તમારા બંનેનું હિતકારક અને રહસ્યભૂત વચન તમને કહું છું. જો મારા વચનમાં વિશ્વાસ હોય તો તે હૃદયમાં ધારણ કરો. (૨) આપણે જે રાધિકાપતિ શ્રીકૃષ્ણની ઉપાસના કરીએ છીએ તે જ સ્વયં હરિ નામે આ તમારા સગાભાઈ છે. (૩) માટે આજથી આરંભીને પોતાના ધર્મ અને યમનિયમ સહિત, કપટરહિત ભક્તિ શ્રીહરિકૃષ્ણની જ કરવી. અને સદા આ શ્રીહરિના વચનમાં (આજ્ઞામાં) રહેવું. (૪) જે શ્રીકૃષ્ણની પ્રતિમાની પ્રતિદિન પૂજા કરીએ છીએ તે મૂર્તિ પણ આ તમારા ભાઈ જ છે એમ જાણી યથાવિધિ પૂજા કરવી. (૫) અને પૂર્વે મેં તમોને શ્રીકૃષ્ણના બે

મંત્રો જે ઉપદેશેલા છે તે પણ આ તમારા ભાઈ શ્રીહરિના જ છે એમ જાણી મનોવાંછિત ફળ આપનારા તે મંત્રોનો જાપ કરવો. (૬) મારી આજ્ઞામાં વર્તનારા માટે જ શ્રીહરિને પ્રીતિથી સેવનારા તમો બંનેનું આ લોકમાં અને પરલોકમાં શ્રેય થશે તે નક્કી છે. (૭) આ શ્રીહરિ શસ્ત્ર વિના પણ પૃથ્વી ઉપર કળિયુગ અને અધર્મથી વૃદ્ધિ પામેલા અને મનુષ્યાકારે દેખાતા અસુરોનો બુદ્ધિબળથી નાશ કરશે. (૮) અને આ શ્રીહરિ દુર્જનોએ ગ્લાનિ પમાડેલા સદ્ધર્મનું પોષણ કરશે અને શ્રીકૃષ્ણની ભક્તિ વિશેષે કરીને પ્રવર્તાવશે. (૯) મહાયશસ્વી શ્રીહરિ તમારા બંનેના વંશમાં પોતાનું આચાર્યપણું સ્થાપન કરીને પોતાના સર્વોત્તમ (અક્ષર) ધામમાં પ્રયાણ કરશે. (૧૦) પછી શ્રીહરિના આશ્રિત સર્વે જનો આ શ્રીહરિરૂપ કૃષ્ણની પ્રતિમાની નિત્ય પૂજા કરશે. તેનાથી તેઓ પરમગતિ (અક્ષરધામને) પામશે. (૧૧) શ્રીહરિકૃષ્ણે બાંધેલી મર્યાદામાં રહેલા અને તેમને જ પૂજનારા ભક્તો, અન્ય જનોને અપ્રાપ્ય એવી ચતુર્વર્ગની સિદ્ધિને અવશ્ય પામશે જ.' (૧૨) ધર્મદેવે આ પ્રમાણે કહેલા, હર્ષ પામેલા તે બંને પુત્રો તે જ ક્ષણે શ્રીહરિને પ્રણામ કરી કહેવા લાગ્યા: 'હે કૃષ્ણ ! અમે તમારા છીએ. તમે અમારું સદા રક્ષણ કરો.' (૧૩) ત્યારે પ્રસન્ન થયેલા શ્રીહરિ તે બંને ભાઈઓને કહેવા લાગ્યા : 'હે ભાઈઓ ! પિતાની આજ્ઞામાં રહેલા તમે બંને શ્રીકૃષ્ણનું જ આદરથી ભજન કરો. તેથી હું પ્રસન્ન થઈશ.' (૧૪) ત્યારે તે બંને ભાઈઓ તો આદરપૂર્વક શ્રીકૃષ્ણરૂપ તે ભગવાનને જ ભજવા લાગ્યા. અને તે બંનેને શ્રીહરિકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન તો શ્રીહરિની ઈચ્છાથી ક્યારેક જ થતું હતું, હંમેશાં નહિ. (૧૫) બંને પુત્રોને શ્રીહરિની ઉપાસનાનો ઉપદેશ એકાદશીની રાત્રિના છેલ્લા પ્રહારમાં ધર્મદેવે કર્યો. પછી સૂર્યોદય થયો. (૧૬) તે શ્રીહરિ બંને ભાઈઓને સાંભળતા પિતાને પૂછવા લાગ્યા : 'હે પિતા ! જે તમારા હૃદયમાં અતિ પ્રિય હોય તે મને કહો. તે હું તમોને ઈચ્છિત તત્કાળ કરીશ.' (૧૭) ત્યારે ધર્મદેવ શ્રીહરિ પ્રત્યે બોલ્યા : 'હે હરે ! હું પૂર્ણકામ છું. હે કૃષ્ણ ! તમારી ભક્તિમાં મારા હૃદયમાં ક્યારેય તૃપ્તિ થતી નથી. (૧૮) તેથી હું દેહ પડે ત્યાં સુધી ભક્તિ કરવા ઈચ્છું છું પરંતુ અશક્તિને લીધે પૂજા આદિ કરવા શક્તિમાન નથી. (૧૯) હે હરે ! આથી હું અર્થે સહિત શ્રીમદ્ ભાગવત કથા સાંભળવાની ઈચ્છા રાખું છું તેથી સપ્તાહવિધિથી શ્રીમદ્ ભાગવત શ્રવણ મને જલદી કરાવો.' (૨૦) આ પ્રમાણે પિતાનું અભીષ્ટ સાંભળી પ્રસન્ન થયેલા શ્રીહરિ તે પિતાની પ્રશંસા કરી તે જ સમયે વિધિપૂર્વક મંડપાદિ કરાવ્યા. (૨૧) પછી પોતાના મોટાભાઈ રામપ્રતાપ વડે પૂર્વે કહેલા લક્ષણવાળા, બહુશ્રુત અને વૈષ્ણવ પૌરાણિક બ્રાહ્મણોને બોલાવવામાં આવ્યા. (૨૨) પછી ધર્મદેવે આપદ્ ધર્મને અનુસારે નિત્યકર્મ કરીને, વિધિસ્વરૂપને જાણતા હોવાથી પુરાણશ્રવણનો વિધિ કર્યો. (૨૩) ત્યાં પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ (હરિકૃષ્ણરૂપે) હોવા છતાં, લોકમર્યાદાના સ્થાપન માટે કૃષ્ણની સુવર્ણમૂર્તિની સ્થાપના કરાવી તેનું તેમણે પૂજન કર્યું. (૨૪) આરંભેલા સત્કાર્મની નિર્વિઘ્ને સમાપ્તિ માટે પ્રથમ શ્રી ગણપતિનું પૂજન કરીને પછી કુળદેવ હનુમાનજીનું પૂજન કરીને પછી કૃષ્ણપ્રતિમાની પૂજા કરી. (૨૫) પછી ગાયત્રીમંત્ર તથા કૃષ્ણમંત્રોના જપ કરવા પાંચ વિદ્વાન બ્રાહ્મણોની વરણી કરી. અને તેમને વસ્ત્ર, ભૂષણ, આસનો વગેરે આપ્યાં. (૨૬) પછી તે વરેલા બ્રાહ્મણો યથાવિધિ સપ્તાહ પર્યંત જપ કરતા

હતા. પછી ધર્મદેવે પૌરાણિક બ્રાહ્મણને સૌથી ઊંચા આસન (પાટ) ઉપર બેસાર્યા. (૨૭) પ્રથમ શ્રીમદ્‌ભાગવતનું પૂજન કરી અને પછી આ સાક્ષાત્ વ્યાસમુનિ છે એમ માનીને વક્તા બ્રાહ્મણની પૂજા કરી અને પછી શ્રોતા બ્રાહ્મણોની પણ પૂજા કરી. (૨૮) ધર્મમાં દૃઢ સ્થિતિવાળા તે ધર્મદેવની જ્વરપીડા પણ મંદ પડી ગઈ. પછી તે ધર્મદેવ દિવસે પુરાણને સાંભળવા લાગ્યા અને રાત્રિએ સમાધિમાં રહેવા લાગ્યા. (૨૯) યથાવિધિ કથા સાંભળતાં આ ધર્મદેવને છ દિવસો વીતી ગયા. પછી ચતુર્થીના દિવસે શુક્રવારે પ્રાતઃકાળે કથા-શ્રવણવિધિની પૂર્ણાહુતિ કરાવી. (૩૦) પછી પુરાણવક્તા વિપ્રનું પૂજન કરી તેમને દાનમાં એકહજાર સોનામહોરો, વસ્ત્રો, આભૂષણો, સુવર્ણમય સિંહ અને શુભલક્ષણવાળી ગાય-આ સર્વ આપ્યાં. (૩૧) પછી તે પૌરાણિક વિપ્રને ઘોડા ઉપર બેસારીને, વરઘોડામાં રામપ્રતાપ વગેરેને મોકલીને, અને ગીત, વાજિંત્રના શબ્દોથી વાજતેગાજતે તેમને ઘેર પહોંચાડ્યા. (૩૨) પછી વરેલા વિપ્રોને ઉત્તમ દક્ષિણા દીધી અને દેશકાળને જાણનારા તે ધર્મદેવે હોમના પ્રતિનિધિરૂપ જપાત્મક હોમ કરાવ્યા. (૩૩) અને બ્રાહ્મણોને પૂર્વાહ્‌ન સમયે જ મિષ્ટાન્નોથી તૃપ્ત કર્યા અને ભોજનાંતે દક્ષિણા આપીને તેમને ઘેર વળાવ્યા. (૩૪) તે પછી રામપ્રતાપાદિક ભોજન કરી રહ્યા તેટલામાં તે ધર્મદેવના શરીરે અધિક જ્વરપીડા થવા લાગી. એટલે સર્વ કોઈ સ્વજનો જલદી આવીને તેમની પાસે બેઠા. (૩૫)

ઈતિશ્રી સત્સંગિ જીવનમાં, ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ધર્મદેવે પુત્રોને ઉપદેશ કર્યો તથા ભાગવત સપ્તાહનું શ્રવણકથન નામે ઓગણચાલીસમો અધ્યાય થયો. ॥૩૯॥

●

## અધ્યાય ૪૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતિ ! વિચક્ષણ એવા તે પુત્રો પિતાના શરીરની શિથિલતા જોઈને 'મૃત્યુસમય નજીક આવ્યો છે' એમ મનમાં નિશ્ચય કર્યો. તે પછી શ્રીહરિએ (૧) વિધિને જાણનારા વૈદિક બ્રાહ્મણોને જલદી બોલાવીને તેમની પાસે અંતકાળે કરવાનો સર્વ વિધિ પિતા પાસે કરાવ્યો. (૨) તેમાં વિપ્રોએ પ્રથમ દેહશુદ્ધિ માટે કહેલું છ વર્ષનું પ્રાયશ્ચિત, તેના પ્રતિનિધિરૂપ સુવર્ણધનથી ધર્મદેવ પાસે તત્કાળ કરાવ્યું. (૩) પરિષદ વિપ્રોની અનુમતિ થતાં બ્રાહ્મણોએ શિખા, કાખ અને ઉપસ્થને છોડી મુંડન કરાવી દશ પ્રકારનું સ્નાન કરાવ્યું. (૪) પછી ચોખાથી બનાવેલા અષ્ટદળ કમળ ઉપર અષ્ટપટરાણીઓ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની બ્રાહ્મણોએ વૈદિક મંત્રોથી પૂજા કરાવી. (૫) પછી તે ધર્મદેવ પાસે પ્રાયશ્ચિતના અંગભૂત ગાયનું દાન અપાવતા હતા. પછી ગાય, ભૂમિ, તલ વગેરે જેમાં મુખ્ય છે એવાં દસ પ્રકારનાં દાનો ધર્મદેવ પાસે સુપાત્ર બ્રાહ્મણોએ અપાવ્યાં. (૬) તેમજ પુષ્કળ કાચું અન્ન ભરેલાં એક હજાર પાત્રો ઘી તથા દક્ષિણા સાથે બ્રાહ્મણોને અપાવ્યાં. તથા ઉત્ક્રાંતિધેનુ અને વૈતરણીધેનુ અપાવી. (૭) હે રાજન્ ! તે વિપ્રોએ મુખ્ય પક્ષનો આશ્રય કરીને તે ધર્મદેવ પાસે ઋણમોચિકા ધેનુ, પાપમોચિકાધેનુ અને મોક્ષદાયિકાધેનુ અપાવી. (૮) પછી ધર્મને એકદંડાકૃતિ શ્વાસ ચાલતો જોઈને, નેત્રોમાં આંસુવાળા પુત્રોએ તત્કાળ તીર્થના જળથી પિતાને સ્નાન કરાવ્યું.

(૯) પછી તે ગાયના છાણથી લીંપેલી ભૂમિ ઉપર દર્ભો પાથરી ઘણા કાળા તલ વેરી ત્યાં ઉત્તર દિશામાં મસ્તક રાખી પિતાને સુવાડી દીધા. (૧૦) પછી સર્વે તે બંધુજનો સર્વ દુઃખાપહારી એવા શ્રીકૃષ્ણનારાયણ નામોનું ઊંચા સ્વરે સંકીર્તન કરવા લાગ્યા. (૧૧) પછી શ્રીહરિમાં જ અનન્ય ભાવવાળા તે ધર્મદેવ પોતાની આગળ રહેલા ભગવાન શ્રીહરિમાં જ સ્થિર કરી દીધાં છે નેત્રો જેમણે એવા તેમણે તત્કાળ કલેવરનો ત્યાગ કરી દીધો. (૧૨) શ્રીહરિના અનુગ્રહથી દુર્વાસાના શાપરૂપ બંધનમાંથી મુક્ત થયેલા ધર્મદેવ તત્કાળ જ સુખપૂર્વક દિવ્યદેહને પામ્યા. (૧૩) પછી ધર્મદેવ (દિવ્યદેહવાળાં પોતાનાં પત્ની) ભક્તિ વગેરે સાથે પુત્રરૂપી શ્રીહરિકૃષ્ણની સેવા કરતા નિરંતર તેમની સમીપે વાસ કરતા હતા. (૧૪) પછી તે ધર્મદેવને ગતંપ્રાણ જોઈ પુત્રો ત્યારે યોગ્ય કાર્ય કરવા લાગ્યા. (મૃત્યુ સમયે) રડવાનો નિષેધ હોવાથી બધા ધૈર્ય ધરતા હતા. (૧૫) તે પુત્રને મુંડન કરાવીને ઠંડા જળથી સ્નાન કરતા હતા. મોટા પુત્ર (રામપ્રતાપ) પિતૃયજ્ઞવિધિથી પિતાનો પ્રેતસંસ્કાર કરવા લાગ્યા. (૧૬) પિતામાં ઊર્ધ્વોચ્છિષ્ટાદિ દોષોનો સઘળાં અભાવ હોવાથી તે નિમિત્તનું પ્રાયશ્ચિત કરતા ન હતા. (૧૭) પિતાના મરણોત્તરની પ્રક્રિયામાં પોતાના અધિકારની સિદ્ધિ માટે પોતે કૃચ્છત્રયના પ્રતિનિધિરૂપ સુવર્ણદાનનો સંકલ્પ કર્યો. (૧૮) પછી તે પિતૃશબને ઘીથી લેપન કરી, સ્નાન કરાવી, શ્વેત નવું એક વસ્ત્ર ધારણ કરાવી ઉત્તર દિશામાં મસ્તક રાખી સુવાડતા હતા. (૧૯) અને બીજું પણ તેવું જ શ્વેત નવીન ઉત્તમ વસ્ત્ર તે શાલ ઉપર ઓઢાડી પછી ચંદન, પુષ્પમાળા, અબીલ, ગુલાલ, વગેરેથી પૂજા કરતા હતા. (૨૦) પછી તે રામપ્રતાપ (મસ્તકના) વગેરે સાત છિદ્રોમાં સુર્વણની રેખા મૂકી પછી મૃતસ્થાનમાં ઉત્ક્રમણશ્રાદ્ધ કરતા હતા. (૨૧) તે શ્રાદ્ધમાં અપસવ્ય (જમણે ખભે જનોઈ) કરીને એકોદ્દિષ્ટ વિધિથી (મંત્રે વર્જિત) શબ નામથી પિંડ આપતા હતા અને દ્વારદેશમાં પાંથનામથી પિંડ આપતા હતા. (૨૨) પછી તે વસ્ત્રથી આચ્છાદિત શબને વાંસથી બનાવેલ નનામીમાં બાંધીને પુત્રો, સપિંડસંબંધીઓ અને સ્વજનો સૌએ મળીને ઘરમાંથી પૂર્વમસ્તકે શબને ઉપાડીને નીકળ્યા. (૨૩) પછી રામપ્રતાપના મોટાપુત્ર નંદરામ માટીની હાડલીમાં લૌકિક અગ્નિ લઈને શબ આગળ ચાલતા હતા. (૨૪) રામપ્રતાપે ચકલામાં ખેચર નામથી પ્રેતને ત્રીજો પિંડ આપતા હતા. અને વિશ્રામસ્થાને ભૂતનામથી પ્રેતને ચોથો પિંડ આપતા હતા. (૨૫) માર્ગમાં સૌથી આગળ વૃદ્ધો, પછી નાના માણસો અને પછી સ્ત્રીઓ એમ આગળ ચાલતા હતા. સ્ત્રીઓ તો ચકલા પાછળ આવી પછી નદી તરફ જતી હતી. (૨૬) સ્મશાનમાં શબને ખભા સુધી નીચે ઉતારી જ્યેષ્ઠ પુત્ર રામપ્રતાપે ચિત્તસ્થાનમાં સાધકનામથી પ્રેતને યથાવિધિ પાંચમો પિંડ આપ્યો. (૨૭) પછી સંશોધિત ભૂમિ ઉપર તુલસી, પીપળો, ચંદનથી બનાવેલી ચિતામાં સ્થાપન કરેલ ક્રવ્યાદ નામના અગ્નિ સ્નાન કરાવેલા, ઘીથી લેખન કરાવેલા, એક વસ્ત્ર સહિત એવા શબને ઉત્તરમસ્તકે હોમી દીધું, પછી તે શબ અર્ધું બળી ગયું ત્યારે રામપ્રતાપે તલસહિત ઘીની આહુતિઓ આપી. (૨૮-૨૯) હે રાજન ! પછી તે સ્થળમાં પુત્રાદિ બંધુજનોએ બહુ રૂદન કર્યું. પછી શબ લગભગ બળી ગયું ત્યારે તે બંધુજનો શોકપૂર્વક ત્યાંથી ઊભા થયા.

(૩૦) તેઓ સૌ ચિતા તરફ પાછું વાળીને જોયા વગર, નાનાનાનાઓને આગળ કરી, ધર્મદેવનું સ્મરણ કરતાં કરતાં મહાનદી સરયુમાં સ્નાન કરવા ગયા. (૩૧) પછી તેઓ ત્યાં વસ્ત્રો પલાળી ધોઈ, ભીનાં વસ્ત્રો પહેરીને શિખાબંધન છોડીને વૃદ્ધોને આગળ કરી નદીમાં પ્રવેશ કરી સૌએ સ્નાન કર્યું. (૩૨) તેઓ એકવાર સ્નાન કરી, તટ ઉપર આવી જેમણે અપસવ્ય કરેલ છે. એવા ત્યાં આચમન કરી, શિખા બાંધી, દક્ષિણમાં અગ્રભાગવાળા દર્ભોને ધારણ કર્યા. (૩૩) પછી તેઓ એ દક્ષિણાભિમુખે થઈને પ્રેતના ગોત્ર નામના ઉચ્ચારણ કરીને તલ સહિત ત્રણત્રણ જળની અંજલિઓ પ્રિતૃપ્રેતને આપી. (૩૪) પુત્રો, સપિંડો, સમાન ઉદકો અને અન્ય જનો પણ પૂર્વોક્ત પ્રકારે દાહાંજલિઓ આપતા હતા. (૩૫) પછી બધાય ફરી સ્નાન કરી બીજાં વસ્ત્રો પહેરીને તે નદીના કાંઠે શોકવ્યાકુળ મનવાળા થઈને બેઠા. (૩૬) હે નૃપતિ ! પછી ધીરજવાળા, વૃદ્ધ અને પુરાણને જાણનારા અયોધ્યાવાસી જનોએ પ્રાચીન દષ્ટાંતો વડે તે પુત્રોના શોકને ટાળવાના બહુ ઉપાયો કર્યા. (૩૭) પછી તે સર્વ જનો પાછળ નહિ જોતા, નીચા મુખવાળા, નાનાઓને આગળ કરી ધીમે ધીમે ઘર તરફ ચાલ્યા. (૩૮) અને સર્વ સ્ત્રીઓ સરયુમાં સ્નાન કરી અને શોકાતુર થયેલી રોતી કકળતી, ભેગી થઈને તે પુરુષોથી પહેલાં ઘેર આવી ગઈ હતી. (તેમની પાછળ પુરુષો આવ્યા. (૩૯) પછી તેઓ ઘરના દ્વાર પાસે ઊભા રહી, લીંબડાના થોડાક પાંદડા ચાવીને પછી અગ્નિ, બળદ વગેરેનો સ્પર્શ કરીને, ઘરમાં પ્રવેશ કર્યો. (૪૦) સંપિડાદિ જનો રડતાં પુત્રોને આશ્વાસન આપી પોતપોતાના ઘેર ગયા. અને સ્ત્રીઓ પણ સુવાસિની આદિક સ્ત્રીઓને આશ્વાસન આપીને પોતપોતાને ઘેર ગયાં. (૪૧) પછી તે શુદ્ધ કરીને, બ્રહ્મચર્યપરાયણ ધર્મના પુત્રો દસ દિવસ સુધી ક્ષાર - લવણ (મીઠું) રહિત ભોજન કરતા પૃથ્વી ઉપર શયન કરતા હતા. (૪૨) ત્યાગ કર્યો છે સર્વ ભોગોનો જેમણે એવા, હાસ્ય અને આનંદ આદિથી રહિત પુત્રો દરરોજ સાયંકાળે શ્રીમદ્ ભગવદ્ ગીતા સાંભળતા હતા. (૪૩) સંપિડોએ દસ દિવસનું અને સોદકોએ ત્રણ દિવસનું મરણસૂતક અન્ય જનોને નહિ સ્પર્શ કરવાપૂર્વક પાળ્યું. (૪૪) ગોત્ર સંબંધે રહિત એવા ધર્મદેવના શિષ્યો પણ બધા દોઢ દિવસ સુધી આશૌચ પાલન કરતા હતા. (૪૫) અને તેઓ સૂતકમાં અર્ધ્યપર્યંત દર્ભ જળરહિત માનસી સંધ્યા કરતા હતા. અને સૂર્યને અર્ધ્ય તો પ્રત્યક્ષ જળથી આપતા હતા. (૪૬) અને તેઓ (સૂતકમાં) નિત્ય કૃષ્ણની પૂજા મનથી કરતા હતા. શ્રીકૃષ્ણની પ્રતિમાના દર્શન નેત્રોથી કરતા હતા અને વૈશ્વદેવ તો કરતા નહોતા. (૪૭) અને બ્રહ્મચારીવ્રતવાળા શ્રીહરિ તો પોતાનું સર્વ નિત્યકર્મ વિધિવત્ પ્રતિદિન કરતા હતા. અને પોતાના બંધુઓ વગેરેને સ્પર્શ નહિ કરતા પોતે સ્વબંધુઓથી જુદી રસોઈ કરીને જમતા હતા. (૪૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્ર પ્રથમ પ્રકરણમાં
ધર્મદેહોત્સર્ગમાં તેમનો દાહવિધિ નામે ચાલીસમો અધ્યાય થયો. ॥૪૦॥

●

## અધ્યાય - ૪૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે જ્યેષ્ઠપુત્ર રામપ્રતાપ બીજા દિવસે (ધર્મદેવની) ચિતાભસ્મને સરયૂજળમાં પધરાવતા હતા અને અસ્થિસંચયન શ્રાદ્ધ કરતા હતા. (૧) એક કાચા ઘડામાં દૂધ અને બીજામાં જળ ભરીને તે બંને પાત્ર પ્રદોષ સમયે પ્રેતની તુષ્ટિ માટે ખુલ્લા આકાશ નીચે મૂક્યા. (૨) રામપ્રતાપ નવશ્રાદ્ધ કરતા થકા દશ પ્રેતપિંડો આપ્યા. તે નવશ્રાદ્ધ (પ્રેતશ્રાદ્ધ)માં આશિષ વગેરે અઢાર પદાર્થો આચર્યા નહિ. (૩) દશમે દિવસે પિંડપ્રદાન પછી સર્વ સપિંડજનોએ અયોધ્યાપુરીથી બહાર કેશ, દાઢી અને મૂછ વગેરેનું મુંડન કરાવ્યું. (૪) તે પિંડ આપનાર (રામપ્રતાપે) સર્વ બંધુજનોને જમાડ્યા, પછી દેહશુદ્ધિ કરીને અગિયારમા દિવસે કરવાનું કર્મ કર્યું. (૫) (રામપ્રતાપે એકાદશાહકર્મમાં) સૌ પ્રથમ શ્રીકૃષ્ણપૂજા કરી અને વૈષ્ણવશ્રાદ્ધ કરીને સામમંત્રો વડે વિષ્ણુનું તર્પણ કર્યું. (૬) પછી વિષ્ણુગણનાં અગિયાર શ્રાદ્ધો કરી, બ્રહ્મા વગેરેનાં પાંચ શ્રાદ્ધો કર્યાં. આ પ્રમાણે કુલ સોળ શ્રાદ્ધો કર્યાં. (૭) તે પછી રામપ્રતાપે વૃષોત્સર્ગ (નીલ પરણાવવાનો વિધિ) કરીને, મહૈકોદિષ્ટ નામનું શ્રાદ્ધ કરીને, પછી વિષ્ણુપૂજન કરી જળ ભરેલો, સુતર વીંટાળેલો, ઘડો અન્ન સહિત બ્રાહ્મણોને આપ્યો. (૮) પછી તે (પુત્ર) બ્રાહ્મણોને (વસ્ત્ર, ધાન્ય, આભૂષણ, પાત્ર ઈત્યાદિ) ઉપસ્કરે સહિત શય્યાદાન દક્ષિણા સહિત આપતા હતા. તેવી જ રીતે (આસન, ઉપાનહ, છત્ર, મુદ્રિકા, કમંડલુ, ભાજન, ભાજનાધાર અને વસ્ત્ર) આ અષ્ટવિધિ પદાર્થમય ત્રયોદશ પદોને દક્ષિણા સહિત આપતા હતા. (૯) તેમજ ગાયો, રથ, અશ્વ, ભેંસ આદિકનાં દાનો આપ્યા બાદ માસિકાદિ સોળ શ્રાદ્ધો તંત્રથી એટલે કે એક દિવસે એકદમ કર્યાં. (૧૦) હે રાજન ! પહેલાં પ્રથમ માસનું શ્રાદ્ધ પછી ઉન્માસિક પછી દ્વિતીય માસિક શ્રાદ્ધ પછી ત્રિપક્ષિક શ્રાદ્ધ પછી ત્રીજા માસનું શ્રાદ્ધ, પછી ચતુર્થ માસનું શ્રાદ્ધ, પછી પંચમ માસનું પછી ઉનષાણમાસિક શ્રાદ્ધ, પછી છઠ્ઠા માસનું, પછી સાતમા માસનું, આઠમામાસનું પછી નવમાસિક શ્રાદ્ધ પછી દસમા મહિનાનું શ્રાદ્ધ, પછી અગિયારમા માસનું શ્રાદ્ધ પછી બારમા માસનું શ્રાદ્ધ અને છેલ્લે ઉનાબ્દિક - એ રીતે રામપ્રતાપે સોળ શ્રાદ્ધ કર્યાં. (૧૧-૧૪) ત્યારબાદ પોતાના જ્ઞાતિજનો તથા અન્ય બ્રાહ્મણોને જમાડ્યા અને તે પછી બારમે દિવસે સપિંડીકરણ શ્રાદ્ધ કર્યું. (૧૫) તે સંપિંડીકરણમાં પિંડસંયોજન પછી નિઃશ્વાસ ધેનુ અને મોક્ષધેનુ આપીને વામદેવ નામનું સામગાન કરાવ્યું. (૧૬) તે દિવસે પોતાની જ્ઞાતિના અને બીજા પણ હજારો બ્રાહ્મણોને ચતુર્વિધિ ભોજન જમાડ્યા. (૧૭) પછી તેરમા દિવસે વિષ્ણુની પૂજા કરી, શ્રવણાદિક દેવતાઓની પૂજા કરી, બહુ પ્રકારનાં દાનો આપી પાથેય નામનું શ્રાદ્ધ કર્યું. (૧૮) પછી તે રામપ્રતાપ સ્નાન કરી, શુદ્ધ સ્વચ્છ વસ્ત્રો પહેરી ગણપતિની પૂજા કરી મંગલવાચન કરાવ્યું. (૧૯) ત્યારે સેંકડો ધર્મદેવના શિષ્યો તથા અન્ય જનો પણ નવાં વસ્ત્રો તથા બહુ પ્રકારનાં દાન આપતા હતા. (૨૦) અને તે દિવસે પણ હજારો બ્રાહ્મણો આગંતુક લોકો પણ બીજા સર્વ અન્નાર્થીઓને જમાડી તૃપ્ત કરતા હતા. (૨૧) ધર્મદેવનું ઔર્ધ્વદૈહિક કર્મ મુખ્યપક્ષથી કરવા છતાં

પણ શ્રીહરિનું સામીપ્ય હોવાના કારણે તેમાં કંઈપણ અપૂર્ણતા રહેતી ન હતી. (૨૨) પછી પુત્રો સહિત રામપ્રતાપ અને ઇચ્છારામ પોતપોતાની સ્ત્રીઓ સાથે પિતા પાસેથી પામેલા કૃષ્ણમંત્રને પ્રતિદિન જપતા હતા. (૨૩) તે પછી ઘર છોડીને ચાલ્યા જશે એવા શ્રીહરિની ઈચ્છા જ બંને ભાઈઓને શ્રીહરિમાં 'શ્રીકૃષ્ણ જ છે.' એવી બુદ્ધિ (પિતાના ઉદ્દેશથી પ્રગટ કરી હતી તે) વિલિન થઈ ગઈ. (૨૪) હે ભૂપતે ! નાસ્તિકોએ ખંડન કરેલો વેદોક્તકર્મકાંડમાર્ગને આ પ્રમાણે પિતા સંબંધી ઔર્ધ્વદૈહિક કર્મ કરાવી શ્રીહરિએ ભૂતળ ઉપર સારી રીતે પ્રવર્તાવ્યો. (૨૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં, નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
ધર્મદેવની ઔર્ધ્વદૈહિક ક્રિયાવિધિનિરૂપણ નામે એકતાળીસમો અધ્યાય થયો. ॥૪૧॥

●

## અધ્યાય - ૪૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરાધિપ ! પિતાનું ઉત્તરકર્મ વિધિપૂર્વક પૂર્ણ કર્યા પછી ભગવાન શ્રી નીલકંઠવર્ણીએ ચાલી નીકળવાની ઈચ્છા કરી. (૧) પછી તે શ્રીહરિ સ્વબંધુજનોનો, મિત્રજનોનો અને અન્ય નગરજનોનો પોતા વિષે અતિશય સ્નેહ છે તે પોતાના ગૃહત્યાગમાં અંતરાયરૂપ છે તેમ માનીને, અંતરાયની શાંતિ માટે સર્વ વિઘ્નોને નિવારણ કરનારા ગણપતિની ધરો વગેરેથી સારી રીતે પૂજા કરી બે હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. (૨-૩) હે વિઘ્નેશ ! વિઘ્નસમૂહનો નાશ કરવો એ તો આપના મંગળ નામનો જ મહિમા છે. હે શ્રી શંકરપુત્ર ! તમો દેવાધિપતિ ઈન્દ્રાદિહ વડે વંદનીય ચરણકમળવાળા છો, પાર્વતીના મહાવ્રતના ફળરૂપ છો અને અખિલ મંગળસ્વરૂપ છો. હે સિદ્ધિવિનાયક ! તમે મારા વિઘ્નને હરો. (૪) ઉત્તમ પદ્મરાગમણીના વર્ણસમાજ લાલવર્ણવાળી શરીરની કાંતિવાળા, શ્રી સિદ્ધિ અને બુદ્ધિ નામની પોતાની પત્નીઓએ ચારેબાજુ ચર્ચેલી કુંકુંમની શોભાવાળા, તથા જમણા સ્તન ઉપર વીંટળાયેલ છે અતિ મનોહર સૂંઢ જેમણે એવા હે સિદ્ધિવિનાયક ! તમે મારા વિઘ્નને હરો. (૫) ચાર હાથોમાં પાશ, અંકુશ, કમળ અને પરશુને ધારી રહેલા, લાલ પુષ્પોની માળા ધારી રહેલા, પાર્વતીના અંગથી પ્રગટ થયેલા, ચંદ્રથી અલંકૃત અને સિંદૂરથી સુશોભિત લલાટવાળા હે સિદ્ધિવિનાયક ! તમે મારા વિઘ્નને હરો. (૬) સર્વ પ્રકારનાં કાર્યોમાં વિઘ્નસમૂહોથી ભય પામેલા બ્રહ્મા વગેરે દેવાદારોએ પણ લાડુ વગેરે વડે સારી રીતે પૂજેલા, તથા સર્વ દેવોમાં પ્રથમ પૂજ્ય એવા હે સિદ્ધિવિનાયક ! તમે મારા વિઘ્નને હરો. (૭) ઉતાવળે ચાલવાથી પડી ગયેલા, માટે જ તેના આઘાતથી ઊંચી ડોક કરી ચૂંચૂં શબ્દને કરતા પોતાના (વાહનભૂત) સ્થૂલ ઉંદરને (ફરીથી વેગમાં દોડાવી) દેવસમૂહને ખૂબ જ હસાવનારા, સૂપડા જેવા કાનવાળા અને વિશાળ, ગોળ ઊંચા તુંદ કહેતા ઉંદરવાળા એવા હે સિદ્ધિવિનાયક ! તમે મારા વિઘ્નને હરો. (૮) તમો યજ્ઞોપવીતને ઠેકાણે નાગરાજને ધારી રહેલા છો. અજવાળી પ્રથમા તિથિએ ઊગતા ચંદ્રનું દર્શન મંગળકારી કરી દીધું છે. તમે ભક્તજનોને અભય આપનારા, દયાના સ્થાનભૂત અને વિઘ્નોના રાજા છો એવા હે

સિદ્ધિવિનાયક ! તમે મારા વિઘ્નને હરો. (૯) ઉત્તમ રત્નોની પંક્તિથી સુશોભિત ઉત્તમ મુગટવાળા અને કસુંબલ રંગનાં બે વસ્ત્રો ધારેલા, અતિશય શોભાવાળા અને સર્વત્ર મંગલકારી જેમનું સ્મરણ અને પ્રતાપ છે એવા હે સિદ્ધિવિનાયક ! તમે મારા વિઘ્નને હરો. (૧૦) દેવાન્તક આદિ અસુરોથી ભય પામેલા દેવોની પીડાને હરનારા, વરેણ્યરાજાના અજ્ઞાન અંધકારને જ્ઞાનોપદેશથી હરનારા, ત્રિભુવનપતિ બ્રહ્માદિકોને આનંદ પમાડનારા અને કુમાર (કાર્તિકસ્વામી)ના ભાઈ એવા હે સિદ્ધિવિનાયક ! તમે મારા વિઘ્નને હરો. (૧૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતે ! આ પ્રમાણે વિઘ્નવિનાયક ગણેશની સારી સ્તુતિ નમસ્કાર કરી (સં. ૧૮૪૯ના આષાઢ માસની) શુકલ દશમીએ શુક્રવારે પ્રાતઃકાળે શ્રીહરિ ચાલી નીકળ્યા. (૧૨) તે શ્રીહરિ પોતાના મોટાભાઈ વગેરે બંધુજનોને કે પુરવાસી કોઈપણ જનને પૂછયા વગર એકલા જ નિત્ય સ્નાનના બહાને ઘેરથી ચાલી નીકળ્યા. (૧૩) તપશ્ચર્યા કરવા માટે ઉત્સુક મનવાળા તે વર્ણિ પ્રથમ ઉત્તર દિશા તરફ મુખ કરીને ચાલ્યા ત્યારે સરયૂ કિનારે પહોંચી નિર્જન સ્થાનમાં ક્ષણ માત્ર ઊભા રહ્યા. (૧૪) તે શ્રીહરિ આચ્છાદન વસ્ત્ર સહિત કૌપિન ધારેલા, મૃગચર્મરૂપ ઉત્તરીય વસ્ત્રને ધારી રહેલા તેમજ પલાશદંડ તથા શ્વેત યજ્ઞોપવીત ધારેલા, કંઠમાં તુલસીકાષ્ઠની બેવડી કંઠી ધારેલા, લલાટમાં ચાંદલા સહિત ઊર્ધ્વપુંડ તિલકથી શોભાયમાન, મસ્તક ઉપર જટાવાળા, કેડ ઉપર મૌંજી મેખલા ધારેલા જપમાળા અને કમંડલુ ધારણ કરેલા, ભિક્ષાપાત્ર, પાણી ગાળવા માટે વસ્ત્રનો ટૂકડો ધારેલા, શાલિગ્રામશીલા બાલમુકુંદને નાની પટારી (બટવા)માં મૂકી વસ્ત્રથી વીંટાળી ગળામાં ધારી રહેલા તથા પાદુકાએ સહિત, તથા અતિપ્રિય તેથી મીણ પાયેલા વસ્ત્ર વગેરેથી અત્યંત રક્ષણ કરેલી ચાર સારની નાની પુસ્તિકાને ખભા ઉપર ધારી રહેલા એવા શ્રીહરિ (સરયૂકાંઠે) એક ક્ષણ ઊભા હતા. (૧૫-૧૯) આ રીતે ઊભેલા શ્રીહરિ લોકોના અવલોકનથી ભય પામીને એકાંતમાં ઊભેલા તે મહાનદીને ઊતરવાની ઈચ્છાવાળા હોડી આવવાની રાહ જોતા હતા (૨૦) તેટલામાં તો ત્યાં, પૂર્વે એકબીજાનાં આયુધોથી પરસ્પર હણાયેલા અસુરમાંથી બાકી રહેલો, ભયંકર આકૃતિવાળો, શ્રીહરિનો શત્રુ કોઈક અસુર ત્યાં એકદમ આવી પહોંચ્યો. (૨૧) મૃત્યુ પામેલા એવા પણ પોતાના ભાઈઓનું વેરવાળી પ્રિય કરવાની ઈચ્છાથી તેણે સારી રીતે પ્રયત્નવાન બની, કોઈની પણ સહાય વગરના અને એકલા ઊભેલા શ્રીહરિને તરત જ એકદમ પકડી ખૂબ ક્રોધથી સરયૂમાં ફેંકી દીધા. (૨૨) ત્યાં મહાપુરમાં પડેલા એવા શ્રીહરિ ધૈર્યયુક્ત બની પુસ્તિકા (ચાર સારના ગુટકા)નું રક્ષણ કરતા થકા મહાભયંકર મગર અને જળચરોથી અતિ ભયંકર એવી મહાનદીને તરવા લાગ્યા. (૨૩) તે શ્રીહરિ સૂર્યોદયથી આરંભી સાડા ત્રણ પ્રહર પર્યંત તરતાં તરતાં ત્યાંથી ત્રણ યોજન દૂર સરયૂના સામે કાંઠે પહોંચ્યા. (૨૪) જેવી રીતે તે અસુર પોતાને મરી ગયેલા સમજે તેવી રીતે મહાપ્રવાહમાં તરંગોથી તણાતા તણાતા શબની માફક પોતે દેખાતા હતા. (૨૫) ચેષ્ટારહિત એવા તે શ્રીહરિને મૃત્યુ પામેલા જાણીને અતિ હર્ષિત થયેલો તે અસુર શ્રીહરિની માયાથી મોહિત થતો

ત્યાંથી ચાલ્યો ગયો. (૨૬) પછી અસુરો જ્યાં જ્યાં રહેલા હતા ત્યાં તેઓને (શ્રીહરિને પાણીમાં ફેંકી મારી નાખવારૂપ) પોતાનું આ કર્મ કહ્યું. તેમાંના કેટલાક શ્રીહરિને મરી ગયેલા માનવા લાગ્યા અને કેટલાકે તે ન માન્યું. (૨૭) શ્રીહરિકૃષ્ણ યોગૈશ્વર્યથી જળવેગના પરાભવને પામ્યા નહિ. સરયૂનદીના સામે કાંઠે ઉતરી તેઓ ઉત્તરદિશામાં કાળા વર્ણવાળા હિમાલય તરફ ચાલ્યા. (૨૮) પછી તે શ્રીહરિ કેટલાક દિવસે તે હિમાલય પર્વતની તળેટીમાં ઘણાક સર્પો અને મૃગોથી વ્યાપ્ત મહાવનમાં પ્રવેશતા હતા. (૨૯) તે મહાવન સિંહો, વાઘો, ભૂંડો, પાડાઓ, મદોન્મત્ત, હાથીઓ, ગવયો, રૂરૂ મૃગો અને કસ્તૂરીમૃગોથી વ્યાપ્ત હતું. (૩૦) તે મહાવન બહુ પ્રકારનાં પુષ્પો અને ફળોથી લચી પડતાં નાના પ્રકારનાં વૃક્ષો તથા નદી, સરોવરો અને પક્ષીઓવાળું હતું. (૩૧) અત્યંત કોમળ અંગોવાળા, વનમાં ઉત્પન્ન થયેલા કંદ અને ફળોનું ભક્ષણ કરનારા, ઉઘાડા પગવાળા, ધીરજવાન, બાળક હોવા છતાં હિંસક પ્રાણીઓથી નિર્ભય, આત્મદર્શી, દીર્ઘદર્શી, કુશાગ્રબુદ્ધિવાળા, ગર્વ વિનાના તે શ્રીહરિ સ્વધર્મનું પાલન કરતાં ત્યાં વનમાં વિચરણ કરતા હતા. (૩૨-૩૩) વૈરાગ્યનિષ્ઠા હોવાથી ગ્રામ્યસુખોમાં અતિ અરુચિવાળા તે શ્રીહરિ વનવાસ કેવળ કષ્ટરૂપ જ હોવા છતાં તેને ઘરના સુખથી પણ અધિક આનંદવાળો માનતા હતા. (૩૪) ભરતાખ્યાનના પાઠથી જેમની વૈરાગ્યનિષ્ઠા દૃઢ થયેલી છે એવા શ્રીહરિ પુલહાશ્રમમાં તપ કરવા અત્યંત ઉત્સાહવાળા થયા. (૩૫) એક વખત માર્ગ ભૂલેલા શ્રીહરિ દિશાને લક્ષ કરીને ચાલતા ચાલતા ફળ-જળ વગેરે કંઈ નહિ મળતાં ત્રણ દિવસ કેવળ ઉપવાસથી જ વિતાવતા હતા. (૩૬) ચોથા દિવસે ચાલતાં શ્રીહરિનું શરીર અન્નજળરહિત હોવાથી શિથિલ થઈ ગયું અને જેમ પવન વગર ધજા ઢળી પડે તેમ પૃથ્વી ઉપર ઢળી પડ્યા. (૩૭) તે શ્રીહરિ એક મુહૂર્તપર્યંત એવી રીતે મૂર્છિત રહ્યા. પછી ધીમેથી આંખ ઉઘાડી ચારે બાજુ જોતાં દૂર એક નદીને જોઈ. (૩૮) ધીરે ધીરે ચાલીને હિમાલયના ઉપપર્વતમાંથી નીકળેલી તે નદીએ પહોંચ્યા. ત્યાં આપદ્ધર્મ અનુસાર નિત્યકર્મ કરતા હતા. (૩૯) હે ભૂપતે ! શ્રીહરિએ તે નદીનું જળપાન કર્યું અને થોડી શાંતિ પામ્યા. તે નદીને કિનારે રહેલા વટવૃક્ષ નીચે વિશ્રામ કરતા હતા. (૩૪) પોતાને પ્રિય એવા શ્રીહરિનું વનવાસનું કષ્ટ જોવા અસમર્થ થયા હોય તેવા સૂર્યનારાયણ અંબુનિધિ સમુદ્રમાં પ્રવેશી ગયા કહેતાં અસ્ત પામ્યા. (૪૧) હવે શ્રીહરિ સાયંકાળની સંધ્યોપાસના કરી ન્યાસ કરવાપૂર્વક નારાયણ કવચના પાઠથી સ્વદેહરક્ષણ કરતા હતા. (૪૨) અને સમાધિ કરવાની ઈચ્છાવાળા તે શ્રીહરિ હિંસકોથી પોતાની રક્ષા માટે પોતાને અતિ પ્રિય કુળદેવ હનુમાનજીનું હૃદયમાં ચિંતવન કરવા લાગ્યા. (૪૩) યાદ કરતાં જ તે હનુમાનજી એકાએક હૃદયમાં દેખાવા લાગ્યા. પછી તે હનુમાનને પ્રતિમામાં મંત્રોથી આવાહન કરી સ્થાપન કરતા હતા. (૪૪) તે હનુમાનજી અતિ બાળસ્વરૂપવાળા થઈ શ્રીહરિને સ્વદશન આપી તે શ્રીહરિની આજુબાજુ ભમતા મુખ્યત્વે તે વડ ઉપર જ રહ્યા. (૪૫) હે નિષ્પાપ રાજન ! પછી શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની રાત્રે મહાન્ અંધકાર વ્યાપી ગયો હતો એ ખૂબ વાદળો ઘેરાવાથી ઢંકાયેલાં નક્ષત્રો પણ દેખાતાં ન હતાં. (૪૬) ત્યારે શિયાળવા, ઘુવડો અને વાઘો ભયંકર શબ્દને કરતાં આમતેમ ભમતા હતા અને તમરાંઓના તીક્ષ્ણ કર્ણકઠોર શબ્દો થવા લાગ્યા. (૪૭) ગર્જનાઓ અને વીજળીપાત સાથે ભયંકર મેઘશબ્દો થવા લાગ્યા તથા વીજળીના ઝબકારા વારંવાર થવા લાગ્યા. (૪૮) આમતેમ ભણતી ભૂતાવલીઓ દૂરથી વારંવાર દેખાવા લાગી. હે રાજન ! તે રાત્રિ ભલભલા ધીરજવાળા માટે પણ અત્યંત ભયંકર થઈ પડી. (૪૯) તો પણ શ્રીહરિ તો દૃઢ આસનમાં

બેસીને, હૃદયમાં રાધાપતિ શ્રીકૃષ્ણનું જ ચિંતવન કરતાં સમાધિ પ્રાપ્ત કરતાં હતાં. તેથી જ વાઘ વગેરેનો જેમને ભય જતો રહ્યો છે એવાં ખૂબજ શાંત અને દેહભાનથી રહિત થઈ ગયા. (૫૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં, નારાયણચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, પ્રથમ પ્રકરણમાં ૧. હરિપ્રવ્રજ્યામાં હિમાદ્રિવિચરણ નામે બેતાલીસમો અધ્યાય થયો. ॥૪૨॥

●

## અધ્યાય - ૪૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! જ્યારે ઘોર રાત્રી થઈ ત્યારે ભૂતરાજ ભૈરવ પ્રાણીઓનો અંત કરનાર યમરાજની જેમ એકાએક ત્યાં આવ્યો. (૧) પિશાચો, ડાકણીઓ, ભૈરવી અને જોગણીઓના ગણોથી વીંટળાયેલા, હાથમાં ત્રિશૂલ ધારેલો, જટાધારી લાલચોળ આંખોવાળો, હજાર દીવીઓના પ્રકાશમાં દેખાતો, તાડના ઝાડ જેવો ઊંચો ફેલાયેલા મુખવાળો તીક્ષ્ણ દાંઢેથી વિકરાળ એવો અને કાજળ જેવા કાળા વર્ણથી ભયંકર દેખાતો, મનુષ્ય - પશુ - પક્ષી વગેરેના માંસથી તૃપ્ત થયેલા, ગર્દભ સમાન કઠોર શબ્દવાળો અને દાંતો વડે જીવતાં પશુઓને ચાવતો, વળી રુધિરથી ખરડાયેલા સમગ્ર અંગવાળો, કાળા પિશાચોએ અનુસરેલો, તથા જેણે હણેલા હરણ, ભૂંડ, પાડાઓ વગેરે ખભા ઉપર રાખેલો છે એવો, તે વડમાંજ જેનું નિવાસસ્થાન છે તેવો વનનાં પ્રાણીઓ જ જેનું ભોજન છે. એવો તે ભૈરવ વિહાર કરવા અને ભક્ષ્ય લાવવા માટે ગયેલો તે ફરી પાછો આવેલો હતો. (૨-૬) તે અને તેના અનુગામીઓના ભયંકર શબ્દથી ત્રાસ પામેલા સિંહ આદિ પ્રાણીઓ આમતેમ દોડવા લાગ્યા. (૭) તે શબ્દ સાંભળીને તે હનુમાનજીએ વાનરજાતિનો કિલકિલાટ (કિકિયારી) કર્યો. દિશાઓ અને આકાશમાં વ્યાપી ગયેલા તે અવાજથી તે બધા ત્રાસ પામી ગયા. (૮) મારુતિના મહાધ્વનિથી શ્રીહરિ (સમાધિમાંથી) જાગૃત થાય ત્યારે તેમણે ભૂતપ્રેતાદિકના અધિપતિ ભૈરવને ભાળ્યો અને ભાળીને પણ મનમાં લેશ પણ ઉદ્વેગ ન પામતાં નિર્ભય થઈને સ્વસ્થપણે જ બેસી રહ્યા. (૯) તે શ્રીહરિને જોઈ ક્રોધાયમાન અને ભયંકર દેખાવવાળો તે ભૈરવ ગણોને કહેવા લાગ્યો : હે ભૂત ! આપણા સ્થાનમાં રહેલા આને તું જલદી ભક્ષણ કર. (૧૦) તથા હે પ્રેત ! તું આને ત્રિશૂલથી મારી નાખ; હે રાક્ષસ ! તું આના માંસને ખાઈ જા; હે ડાકિની ! તું આના થોડાક ગરમ લોહીને જલદી પી જા. (૧૧) હે રાજન્! આ પ્રકારે બોલતો સમીપે આવી હણવાનો ઉદ્યમ કરવા લાગ્યો. તથા તેના ગણો પણ ફરીથી ભયંકર શબ્દ કરવા લાગ્યા. (૧૨) તેટલામાં તો હનુમાનજીએ ખૂબ ઊંચા વિશાળ પર્વત સમાન સ્વરૂપ ધારણ કર્યું અને પોતાના પૂંછથી હજારો પિશાચીઓને વીંટાળી પગ વડે લાતો મારવા લાગ્યા. (૧૩) હે રાજન્ ! મૃતઃપ્રાય થયેલા છેદાઈ ગયેલાં અંગોવાળા નારકીજનો જેમ પોતાના અશુભ કર્મોને લીધે મરતા નથી તેમ તે બધા પણ મરતા ન હતા. (૧૪) પછી તે હનુમાનજીને દૃઢ મુક્કા વડે ભૈરવને તાડન કરી પોતાનું વિકરાળ મુખ દેખાડ્યું અને ફરીથી અતિ ભયંકર શબ્દ કર્યો. (૧૫) પછી તે ભૈરવ મોંઢામાંથી લોહીની ઉલ્ટી કરતો મોટા પર્વત ઉપરથી શિલા જેમ પડે તેમ, પોતાના સેંકડો ગણોને દબાવતો પૃથ્વી ઉપર પડ્યો.

(૧૬) ફરીથી મારુત તાડન કરશે એવી બીક લાગવાથી ત્યાંથી ધીમેધીમે તે ભૈરવ દૂર નાસી ગયો અને તેના ગણો પણ ત્રાસ પામીને જ્યાં ત્યાં નાસી ગયા. (૧૭) તે ભૈરવ તથા તે ગણો તે સ્થળમાં સંતાઈને હનુમાનજીને ત્યાં છે કે ગયા ? એમ જોતા આખી રાત દૂર બેસી રહ્યા. (૧૮) પોતાની માયા વડે જેમણે પોતાનું ઐશ્વર્ય ગુપ્ત રાખ્યું છે તેવા શ્રીહરિ તો ધ્યાનમાં જ બેસી રહેતા પણ કાંઈપણ બોલ્યા જ નહિ. અરુણોદય થતાં તે સમાધિમાંથી ઊઠ્યા. (૧૯) અરુણોદયમાં ઊઠી સ્નાન કરી આહ્‌નિક કર્મ કરવા લાગ્યા. ભગવાને ચાર દિવસના ઉપવાસી જાણીને હનુમાનજીએ સ્વાદિષ્ઠ ફળો લાવીને શ્રીહરિને આપ્યાં. (૨૦) પછી જેમણે આહ્‌નિક કર્મ કર્યું છે તેવા શ્રીહરિ તેમના ઉપરઠારપણાની પ્રશંસા કરતા તે ફળોને આરોગીને જળપાન કરીને તે સ્થાન થકી આગળ જવાની ઇચ્છા કરી. (૨૧) પછી બાલમૂર્તિધારી હનુમાનજીને ભેટી કહેવા લાગ્યા : "જ્યારે જ્યારે આવો આપત્કાળ આવી પડે ત્યારે ત્યારે તમારે અમારી રક્ષા કરવી કારણકે તમે અમારા કુળદેવ છો." (૨૨) ત્યારે હનુમાન બોલ્યા : 'હે ભગવાન ! જ્યારે જ્યારે તમને સંકટ આવે ત્યારે તમે મારું સ્મરણ કરજો, હું તત્કાળ આવી જઈશ. (૨૩) ખૂબ રાજી થયેલા પવનનંદન હનુમાનજી શ્રીહરિને આ પ્રમાણે કહી અંતર્ધાન થઈ ગયા. પછી સર્વ પ્રાણીઓ માટે જેમની દૃષ્ટિ કલ્યાણકારક છે એવા શ્રીહરિ ઉત્તર દિશા તરફ ચાલ્યા. (૨૪) તે શ્રીહરિ માર્ગમાં જ્યાં રાત્રિ પડે ત્યાં જ નિર્ભયતાથી વાસ કરતા હતા અને જે મળી આવે તે ફળ અન્નાદિ જમતા હતા અને ક્યારેક (ન મળે તો) ઉપવાસ કરતા હતા. (૨૫) તે શ્રીહરિ કેટલાક દિવસે તે કાળા પર્વતને ઉલ્લંઘીને આગળ ચાલતાં તે જ હિમાલયને શ્વેતવર્ણવાળો અને ગગનસ્પર્શી જોતા હતા. (૨૬) ચાંદી જેવા વર્ણવાળો, વૃક્ષો વગરનો, પશુ પક્ષી આદિથી રહિત, વિવિધ પ્રકારની ધાતુઓની ખાણવાળો અને જેમાં વિશાળ ગુફાઓ રહેલી છે એવો તથા તપસ્વીઓએ સારી રીતે સેવવાયોગ્ય, દેવસમૂહોથી સેવિત એવા તે હિમાલયને જોતા હતા અને ક્યારેક તો અદ્‌ભુત એવા તે પર્વતને શ્રીહરિ સુર્વણસમાન વર્ણવાળો જોતા હતા. (૨૭-૨૮) હે રાજન્ ! એક સમયે તે શ્રીહરિ તળેટીમાં ફરતાં ફરતાં ભૂલા પડી ગયા અને તે હિમાલયના મૂળમાંથી નીકળેલી કોઈએક નદીને પામ્યા. (૨૯) તે શ્રીહરિ સાથળ સુધી જળવાળી ને ક્યાક અગાધ જળવાળી તે નદીના પ્રવાહની સામે તરીને ગયા અને આગળ ચાલતાં તેમણે બે પર્વતને જોયા. (૩૦) તેમાં એક ઉન્નત પર્વત નદીના પૂર્વ ભાગમાં અને બીજો પશ્ચિમ ભાગમાં ભાળ્યો. આ બે પર્વતની વચ્ચે નદીના મૂળભૂત મહાગુફાઓને શ્રીહરિએ જોઈ. (૩૧) પછી તે શ્રીહરિએ માર્ગ ન જોયો અને સૂર્યનારાયણઃ પણ અસ્તાચળને પામી ગયા. હવે તે નદીના પૂર્વભાગમાં રહેલ પર્વત ઉપર દેવાતુલ્ય કોઈ પુરુષને શ્રીહરિએ જોયો. (૩૨) તે આ સ્વયં હિમાલય જ, કોઈ સિદ્ધયોગી દૈવયોગથી માર્ગ ભૂલી ગયેલા છે, એમ જાણીને, ભગવાનને તે માર્ગ બતાવવા લાગ્યો. (૩૩) તમે આ ગુફામાં પ્રવેશ કરી નદીમાં જ ધીરે ધીરે ચાલતાં આગળ જતાં માર્ગને પામશો. આ પ્રકારે શ્રીહરિને કહી હિમાલય અંતર્ધાન થઈ ગયો. (૩૪) તે સાંભળી ઘણા જ ગાઢ અંધકારવાળા તે માર્ગે ચાલતાં રાત્રિના પહેલા પહોરના અંતે નદીથી બહારના ભાગમાં કોઈ એક માર્ગને પામ્યા. (૩૫) ત્યાં અગાધ જળવાળો અને અત્યંત વિશાળ કોઈ એક ધરો જોયો.

પછી શ્રીહરિ ખૂબ જ ભૂખ્યા થયેલા છે એવી અવસ્થામાં બાકીની રાત્રિ ત્યાં જ રહ્યા. (૩૬) પછી પ્રભાતે ત્યાંથી ચાલ્યા અને ત્રીજા દિવસે કોઈ પ્રસિદ્ધ મહામાર્ગને પામ્યા. એ રીતે મહાવનમાં શ્રીહરિએ અનેક વિકટ ઠેકાણાં પાર કર્યાં. (૩૭) હે રાજન્ ! આ પ્રમાણે દૈવી કર્મવાળા વર્ણિરાજ શ્રીહરિ પાર્વતીપિતા હિમાલયની વિચિત્ર શોભા જોતા જોતા કેટલાક દિવસે શાસ્ત્ર અને લોકમાં પ્રસિદ્ધ તથા મહામનો હર એવો બ્રહ્મપુત્ર પુલહમુનિના આશ્રમને પામ્યા. (૩૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં, નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ભૈરવગણ પરાજય અને પુલહાશ્રમ આગમન નિરૂપણ નામે તેંતાલીસમો અધ્યાય થયો. ॥૪૩॥

●

## અધ્યાય - ૪૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

જે દર્શન માત્રથી જ પવિત્ર કરનારો અને જલદીથી તપસિદ્ધને પ્રદાન કરનારો અને મુમુક્ષુજનોએ સેવવા યોગ્ય એવા તે આશ્રમને શ્રીહરિએ જોયો. (૧) જ્યાં સાક્ષાત્ ભગવાન કૃષ્ણ પોતાના ભક્તજનો પર વાત્સલ્યપણાથી ભક્તોની ઈચ્છાનુસારે સ્વીકારેલા દિવ્યરૂપથી સર્વદા સાક્ષાત્ રહેલા છે એ નક્કી છે. (૨) હે રાજન્ ! જ્યાં પહેલા ઋષભદેવના પુત્ર ભરતજીએ તપ કર્યું હતું અને જ્યાં આશ્રમની ચારે બાજુ મહા પવિત્ર ચક્રનદી (ગંડકી) વહે છે (૩) ત્યાં મહાનદીમાં સ્નાન કરી, નિત્યકર્મ કરીને શ્રીહરિએ મુક્તનાથ નામના પ્રસિદ્ધ વિષ્ણુ ભગવાનનું દર્શન અને પૂજન કર્યું. (૪) પછી હરિએ ભરતજીના તપસ્થાનમાં પોતાનો નિવાસ કર્યો અને ત્યાં તેમની જેમ જ વિષ્ણુ ભગવાનનું આરાધન આઠે પ્રહર કરવા લાગ્યા. (૫) તે ભરતજીને મૃગના બચ્ચામાં દયા આવવાથી ભગવાનની આરાધનામાં વિઘ્ન આવ્યું હતું તેને વારંવાર યાદ કરીને શ્રીહરિ નિત્ય અસંગી રહેવા લાગ્યા. (૬) જેમણે ખૂબ સારી રીતે ત્યાગ કરેલા છે બાહ્ય પદાર્થોમાં આસક્તિ એવા (શ્રીહરિ)એ પુરંજન રાજાનું આખ્યાન વારંવાર યાદ કરીને અંતરના પણ બુદ્ધિ આદિકને આધીન વર્તવારૂપ સંગ છોડી દીધો. (૭) અને પોતાના આત્માને આસક્તિરહિત, નિર્ગુણ, શુદ્ધ, પ્રકાશમાન, નિત્ય, અક્ષર, અજન્મા, અવ્યવ અને સત્ તથા ચિત્ સ્વરૂપ માનતા હતા. (૮) પછી એક પગે ઊભા રહીને બંને હાથ ઊંચા રાખીને વેદમાતા ગાયત્રીનો જપ કરતા કરતા કોઈનાથી પણ ન થઈ શકે એવું તપ કરવા લાગ્યા. (૯) આવું તપ તપતાં શ્રીહરિ સૂર્યમંડળના મધ્યમાં રહેલા, હિરણ્યમય અને શંખ - ચક્રધારી ભગવાનનું હૃદયમાં ધ્યાન ધરવા લાગ્યા. (૧૦) ત્રણ વખત ગંડકી નદીમાં સ્નાન અને મુકતનાથનું પૂજન કરતાં કેવળ ફળ અને પાન ખાઈને તીવ્ર તપ કરવા લાગ્યા. (૧૧) બાલ્યાવસ્થામાં જ તે બ્રાહ્મણ બટુકનું આવું તીવ્ર તપ જોઈને તપસ્વીઓ પણ અત્યંત આશ્ચર્ય પામી ગયા હતા. (૧૨) તપસ્વિમુનિઓના મનમાં પૂર્ણચન્દ્રના જેવી સ્વજનોને શાંતિ કરનારી દિવ્ય ક્રાંતિની જેમની છે એવા ભગવાનના સંબંધમાં તર્ક થવા લાગ્યો કે આ બાળ પ્રહલાદ હશે કે શું ? અથવા ધ્રુવ હશે કે શું ? અથવા સન્તકુમાર હશે કે શું ? અથવા કાર્તિકસ્વામી હશે ? કે દતાત્રેય હશે ? કે ઋભુઋષિ હશે ? અથવા ભગવાન નર કે નારાયણ મુનિ હશે ? કારણ કે મનુષ્યોથી ન થઈ

શકે તેવું તપ કરે છે. આ પ્રમાણે આશ્ચર્યવશાત્ તપસ્વિમુનિઓએ તર્ક કરેલા તે શ્રીહરિ તપ કરવા લાગ્યા. (૧૩) અને તે શ્રીહરિના સ્વરૂપને જાણનારા (દેવો વગેરે) તે શ્રીહરિને તપ કરતા જોઈને ખૂબ જ ગ્લાનિ પામતા હતા. કારણકે પોતાને અતિપ્રિય એવા શ્રીહરિનું કષ્ટ જોવાથી દુઃખી થતા હતા. (૧૪) તપઃપ્રિય અને શ્રીહરિના સહચર એવા ભક્તિધર્મ પણ તે શ્રીહરિના જમણા અને ડાબા પગે નિરંતર રહ્યા હતા. (૧૫) ઊંચા ફેલાયેલા બન્ને બાહુવાળા, એક પગે ઊભા રહેલા અને અતિ દુર્બળ થયેલા તે શ્રીહરિના જમણા પડખે ભક્તિમાતા અને ડાબા પડખે ધર્મદેવ (અતિ દુર્બળ હોવાથી) પૃથ્વી ઉપર પડી જશે એવી શંકાથી ઊભા રહેતા હતા. (૧૬) એ રીતે નિર્દંભપણે સૂર્યનું ઉપસ્થાન કરતાં અને ત્યાં રહેલા સર્વ મુનિઓને આશ્ચર્ય ઉત્પન્ન કરતા તે શ્રીહરિને ચાર્તુમાસ વીતી ગયા. (૧૭) તે પછી પ્રબોધિની એકાદશીએ સૂર્ય સ્વયં સાક્ષાત્ દ્વિભુજ, દિવ્ય દેહધારી થઈને શ્રીહરિ પાસે આવ્યા. (૧૮) તે શ્રીહરિ પણ પોતાની પાસે સાક્ષાત્ સૂર્યનારાયણને આવેલા જોઈને તેમને સાષ્ટાંગ પ્રમાણ કરી, બે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા. (૧૯) હે જગદાત્મન્ - જગતના તમો જ આત્મા છો. તમો ભાસ્કર - જગતને પ્રકાશ કરનારા અને અહસ્કર દિવસ કરનારા છો. તમારાં કિરણો તેજોમય છે. તમારી મૂર્તિ વેદમયી છે. વેદાધિકારી બ્રાહ્મણો વડે આપની આરાધના થાય છે. ગાઢ અંધકારમાં ડૂબી ગયેલા જીવનલોકને (તે અંધકારમાં રાખીને) દ્દષ્ટિદાનથી સુખી રાખવા માટે તમારા વિના અન્ય કોણ સમર્થ છે ? - કોઈપણ નથી. આવા તમો જય પામો જય પામો. (૨૦) હે કૃપાળુ ! તમે જગતની ઉત્પત્તિ, પાલન અને લયના કારણ છો કારણ કે તમે હરિહરવિધિમૂર્તિ અને સર્વલોકને પ્રકાશ કરનાર, તથા ઉપાસકોને મનવાંછિત ફળપ્રદાતા જે પરમેશ્વર તે તમે જ છો. નમસ્કાર પરાયણ મનુષ્યોના રોગસમૂહને તમે નાશ કરો છો. (૨૧) અગ્નિ ચંદ્રમા વગેરે તેજસ્વી છે તે પણ આપની પાસેથી તેજને પામી ફરે છે. હે વરદાતા સૂર્યદેવ ! તમારા બિંબમંડળને જે પામે તે પ્રાણીઓ ફરીથી આ સંસારસાગરમાં પડતા નથી પણ મુક્ત થઈ જાય છે. (૨૨) હે અંશુમાલિત્ ! આ બ્રહ્માંડમાં તમારા એક કિરણના પ્રકાશને પણ સહન કરવા દેવતાઓમાં પણ કોઈ સમર્થ નથી તો તમારા સંપૂર્ણ કિરણ તેજસ્વીને તો સહન કરવા સમર્થ ન જ થઈ શકે ! એવા ઈશ્વરમૂર્તિ તમને હું નમસ્કાર કરું છું. (૨૩) હે કમળબંધો ! તમારા દર્શનની બહુ દિવસથી મને ઈચ્છા હતી. સમગ્ર પાપકુંજને હરનારું તે ઈચ્છિત દર્શન આજ થવાથી મને જે અતિશય આનંદ થયો છે તે ચંદ્રોદય થતાં સમુદ્રને જ જેમ, તેમ મારા હૃદયમાં સમાતો નથી. (૨૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રમાણે સ્તુતિ કરતા શ્રીહરિ પ્રત્યે સૂર્યનારાયણ બોલ્યા : હે હરે ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. તમે મારી પાસેથી ઈચ્છિત વર માંગો. (૨૫) ત્યારબાદ શ્રીહરિએ પોતાના ઈચ્છિત વર માગવા લાગ્યા કે હે ભગવાન ! તમે મારા ઉપર પ્રસન્ન થયા હો તો મારું અભિલષિત મને આપો. (૨૬) અને અંધકારનાશક તમે જ છો. એથી હે દેવેશ! તમે વારંવાર મૃત્યુ પમાડનાર મારા અંતઃકરણમાં રહેલા અંધકાર (અજ્ઞાન)ને નાશ કરવાને યોગ્ય છો. (૨૭) કામ, ક્રોધ, લોભ વગેરે તથા ઈન્દ્રિયો અધિક મહા શત્રુઓ છે, તેથી તે મહાશત્રુઓથી તમે મારું રક્ષણ કરવા યોગ્ય છો.

(૨૮) અને હે પ્રભો ! જ્યારે જ્યારે હું મારા હૃદયમાં આપનું સ્મરણ કરું ત્યારે ત્યારે તમારે આવાને આવા દિવ્યરૂપથી મને દર્શન દેવા. (૨૯) આટલું જ મારું અભિષ્ટ છે તે તમો આપો. માયાના વિનાશક એવા તમારા થકી બીજું કંઈપણ માયિક સુખ હું નથી ઇચ્છતો. (૩૦) પછી તથાસ્તુ ! એમ કહીને સૂર્યભગવાન અંતર્ધાન થઈ ગયા. તે પછી મનમાં પ્રસન્ન થયેલા શ્રીહરિએ પણ તે તપશ્ચર્યાની સમાપ્તિ કરી. (૩૧) તપસ્વીઓમાં શ્રેષ્ઠ એવા મુનિજનોએ ખૂબ સન્માન કરેલા શ્રીહરિ શીઘ્ર તપની સિદ્ધિ અને અંતઃકરણની શુદ્ધિ વગેરે નિષ્પાદન કરનારા તે તીર્થના માહાત્મયની પ્રશંસા કરતાં બારસ સુધી પુલહાશ્રમમાં નિવાસ કરીને રહ્યા પછી ત્યાંથી બીજે દિવસે જવા નીકળ્યા. (૩૨)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં, પ્રથમ પ્રકરણમાં સૂર્યનારાયણપ્રસાદન નામે ચુમાલીસમો અધ્યાય થયો. ॥૪૪॥

●

## અધ્યાય - ૪૫

**પ્રતાપસિંહ રાજા પૂછે છે કે :**

હે સુવ્રતમુને ! શ્રીહરિ ઘરેથી ચાલી નીકળ્યા ત્યારે તે હરિમાં અતિશય સ્નેહને પામેલા અને તેથી જ તેમનામાં ચિત્તવાળા બંધુજનોએ શું કર્યું ? (૧) હે બ્રહ્મન્ ! મધુર અને મનોહર એવી આ શ્રીહરિકૃષ્ણની કથાને સાંભળવામાં હું રસજ્ઞ હોવાથી, જેવી રીતે મનુષ્યને અમૃતપાનની તૃપ્તિ થતી નથી તેવી રીતે હું પણ તૃપ્ત થતો નથી. (૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપ ! જ્યારે ભગવાન પોતાના ઘરનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા ત્યારે તેમના સખાઓ તેમને જોવા તેમને ઘેર આવ્યા. (૩) ઘેર તેમને નહિ જોઈને નદી ઉપર અને અયોધ્યામાં જ્યાં ત્યાં શ્રીહરિને શોધવા લાગ્યા જે જે તેમના બેસવાના સ્થાનો હતા તે બધા જોઈ વળ્યા. (૪) ત્યાંપણ શ્રીહરિને ન જોતાં તે સખાઓ બીજાપણ બહુ સ્થળોમાં શોધાશોધ કરતાં, જ્યારે પરમસખા શ્રીહરિ મળ્યા નહિ ત્યારે તે સખાઓ રડતાં રડતાં શ્રીહરિના ઘેર ગયા. (૫) ત્યાં ઉદાસીન થઈને બેઠેલા તેમના મોટાભાઈ (રામપ્રતાપજી)ને મળી. 'તમારા ભાઈ નીલકંઠ ક્યાંય ચાલ્યા ગયા છે કે શું' ? આમ સખાઓ કહેવા લાગ્યા. (૬) તે સમયે રામપ્રતાપ ઇચ્છારામ અને બીજા બંધુજનો પણ શ્રીહરિને ઘેર ઘેર અને બાગબગીચામાં ગોતાગોત કરવા લાગ્યા. (૭) તે બધાય બંધુઓ ક્યાંય પણ શ્રીહરિને નહિ ભાળીને જ્યારે રડતા રડતા પાછા આવ્યા ત્યારે મોટાભાઈ રામપ્રતાપજી ખૂબ જ ચિંતાતુર થઈ ગયા. (૮) 'હે કૃષ્ણ ! હે હરે ! હે ભાઈ ! હે હરિકૃષ્ણ ! હે મારા નાનાભાઈ ! હે નીલકંઠ! હે વર્ણિ ! વગેરે સંબોધનોથી ઊંચા સ્વરથી શ્રીહરિને બોલાવવા લાગ્યા. (૯) મહાદુઃખ સાગરમાં પડેલા તેથી તેમનો શોક કરતાં, પોતાના ઘેર આવી ઓ ભાઈ! ઓ ભાઈ ! એમ બોલતાં ઊંચા સ્વરે વિલાપ કરવા લાગ્યા, (૧૦) 'હા કમલલોચન ભાઈ ! શ્રીહરિ ! મારો ત્યાગ કરીને તમે ક્યાં ગયેલા છો ? તે મારા ભાઈની રોજની ભોજન કરવાની વેળા પણ વ્યતીત થઈ ગઈ ! (૧૧) હું ક્યાં જઈને તેમનું ચંદ્રસમાન મનોહર મુખ જોઉં ? હું ક્યાં જઈને તેમના વચનામૃતનું પાન કરું ?

(૧૨) આ પ્રમાણે તે બ્રાહ્મણ (રામપ્રતાપ) સ્નેહથી અત્યંત વિલાપ કરવા લાગ્યા. પછી શ્રીહરિનાં બાલચરિત્રોનું સ્મરણ કરતા દુઃખપૂર્વક દિવસો વિતાવવા લાગ્યા. (૧૩) ઈચ્છારામ આદિ બંધુઓ તથા અન્ય જ્ઞાતિજનો પણ તેવી રીતે દરરોજ શ્રીહરિનો શોક કરતા કષ્ટથી દિવસો ગાળતા હતા. (૧૪) જેમાં સુવાસિની મુખ્ય છે એવી સ્ત્રીઓ પણ રાતદિવસ તે શ્રીહરિનું સ્મરણ કરતી દુઃખથી જ દિવસો વિતાવતી હતી. હવે શ્રીહરિનો કથાવૃતાંત તમે સાંભળો. (૧૫) હવે વર્ણિરાજ શ્રીહરિ પ્રાતઃકાળે મુક્તનાથ વિષ્ણુને નમસ્કાર કરી ત્યાંના તપસ્વિ મુનિઓને નમન કરીને તે પુલહાશ્રમથી દક્ષિણ દિશાને અભિમુખ ચાલી નીકળ્યા. (૧૬) હે રાજન્ ! જેનું સ્વરૂપ અજ્ઞાનીજનો તત્ત્વતઃ જાણતા નથી એવા બાળમુનિ ભગવાને બહુ ગહન વનો, બહુ મોટા પર્વતો, બહુ મોટી નદીઓ અને બહુ સરોવરો ઉલ્લંઘન કર્યાં. (૧૭) પછી હિમાલયની તળેટી ફરતા ફરતા અતિ વિશાળ ગહન અરણ્ય તેઓ પામ્યા. તે અરણ્ય સિંહો, વાઘો, હાથીઓથી ભયંકર ક્રૂર સૂવરો, પાડાઓ, ગાયો, મૃગો, અને સર્પોથી વ્યાપ્ત તથા નાના પ્રકારના મોટાં મોટાં વૃક્ષોથી ગાઢ એવું તે અરણ્ય હતું. (૧૮-૧૯) મનુષ્યોથીન પ્રવેશી શકાય એવા તે ગાઢ જંગલમાં ફરતાં જ્યાં સંધ્યા સમય થઈ જાય ત્યાં જ વાસ કરતા કરતા શ્રીહરિ બુટોલપુર નામના નગરને પામ્યા. (૨૦) ત્યાં ઉત્તમ બુદ્ધિવાળા પર્વતીય પ્રદેશમાં તેમના મહાદત્ત નામના રાજાએ પોતાના રાજદરબારમાં ભગવાનનો ઉતારો કરાવી બહુભાવનાથી સેવા કરવા લાગ્યો. (૨૧) હે રાજન્ ! તે રાજાની માયા નામની બહેન હતી તે ભગવાનને પોતાના કલ્યાણ માટે સ્નેહથી અને પરાભક્તિથી સારી સેવા કરવા લાગી. (૨૨) તે બંને ઉપર પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ જન્મચરણથી મુક્ત કરનારું સ્વરૂપનું જ્ઞાન તે બંનેને આપી તે પોતે તપઃપ્રિય હોવાથી શ્રીહરિ પાછા વનમાં ગયા. (૨૩) મુક્તનાથ ક્ષેત્રમાંથી નીકળી વનમાં વિચરતા (બુટોલપત્તનથી નીકળી) આ વનને પામેલા શ્રીહરિને ત્યાં નિવાસ કરતાં એક વર્ષ જેટલો સમય વીતી ગયો. (૨૪) એ રીતે તે ઘોર વનમાં વિચરતા અને પોતાના વર્ણિધર્મને યથાશાસ્ત્ર આચરતા શ્રીહરિ સુંદર દેખાવવાળા કોઈ ઉંચા વિશાળ વટવૃક્ષને પામ્યા. (૨૫) તે વટવૃક્ષના પૂર્વ ભાગમાં વિશાળ તળાવ હતું તથા ઉત્તરભાગમાં નદી હતી આ બંનેથી શોભાયમાન તથા મોટામોટા નળસ્તંબ (ગુચ્છો)થી ચારે બાજુ વીંટળાયેલા ચોતરફ કર્યા કરતા હાથીઓનાં જૂથોથી શબ્દાયમાન એવા વટવૃક્ષને અને ત્યાં બેઠેલા એક મહાયોગીને શ્રીહરિએ જોયા. (૨૬-૨૭) મૃગચર્મના આસન પર બેઠેલા, જટા તથા યજ્ઞોપવીત ધારેલા, ઉપરના આચ્છાદન સહિત કૌપીન ધારેલા, કોઈપણ વસ્તુના સંગ્રહરહિત એવા શાલિગ્રામની પૂજા કરી ભગવદ્ગીતાનો પાઠ કરવામાં તત્પર ગોપાળ-યોગી નામથી વિખ્યાત એવા તે મહાયોગીને શ્રીહરિએ વિનયપૂર્વક નમસ્કાર કર્યો. (૨૮-૨૯) અને તે યોગીન્દ્ર પણ તત્કાળ જ ઊઠી પૂર્વ ગાઢ સ્નેહવાળા કોઈ પુરુષ આવેલા હોય તેની જેમ આદરપૂર્વક અત્યંત સ્નેહથી મળીને આનંદ પામ્યા. (૩૦) તેઓ બન્ને એક બીજાના દર્શનથી પરસ્પર ગાઢ મિત્ર થઈ ગયા. ત્યાં વર્ણિન્દ્ર શ્રીહરિનું યોગીન્દ્ર મુનિવરે અતિ સન્માન કર્યું. (૩૧) બાલસ્વામી એવા તે શ્રીહરિ તે ગોપાળયોગીને ગુરુરૂપે માનવા લાગ્યા. અને તેમની પાસેથી સંપૂર્ણ યોગ અને યોગશાસ્ત્ર શીખતા હતા. (૩૨) અને તે ગોપાળયોગીથી પણ

શ્રીહરિને આદરપૂર્વક અષ્ટાંગયોગના યમ - નિયમ - આસન - પ્રાણાયામ - પ્રત્યાહાર - ધારણા અને મનથી શ્રીહરિનું ધ્યાન સુધીના અંગો તથા અંગી સમાધિ શીખવવા લાગ્યા. (૩૩-૩૪) ગુરુએ એકજ વાર કહેલું તે સર્વ શ્રીહરિએ થોડા જ સમયમાં ગુરુને વિસ્મય પમાડતા, યથાવત્ ગ્રહણ કરી લીધું. (૩૫) શ્રીહરિએ નેતિ, બે પ્રકારની બસ્તી, કુંજરક્રિયા તથા નૌલિ અને શંખપ્રક્ષાલન વગેરે ક્રિયાઓ સિદ્ધ કરી લીધી. (૩૬) હે ભૂપતે ! શ્રીહરિ ગુરુએ ઉપદેશેલા માર્ગેથી ક્રમશઃ થોડાજ સમયમાં તે અષ્ટાંગયોગને સિદ્ધ કરી લેતા હતા. (૩૭) સંપૂર્ણ યોગશાસ્ત્રને શ્રીહરિ ગુરુમુખથી સાંભળવા માત્રથી જ ગ્રહણ કરી લેતા હતા. આથી તે ગોપાળયોગી વિસ્મય પામી ગયા અને શ્રીહરિને શ્રીકૃષ્ણતુલ્ય માનવા લાગ્યા. (૩૮) વળી ગોપાળયોગી અતિ નિસ્પૃહ છે તો પણ શ્રીહરિ વિષે પોતાના પ્રેમાતિશયને જોઈને બુદ્ધિશાળીઓમાં અગ્રેસર તે યોગી હરિકૃષ્ણને જ પોતાના ગુરુરૂપે જ માનવા લાગ્યા. (૩૯) આમ પરસ્પર ગુરુબુદ્ધિ બંને એકબીજાની સેવા કરતા અને કંદમૂળફળાદિક આહારવાળા તેઓ બંને ત્યાં એકવર્ષ નિવાસ કરતા હતા. (૪૦) ત્યાં હિમ, વાયુ, વરસાદ અને તાપને સહન કરતા પ્રતિદિન ત્રણ વખત સ્નાન કરી ઉગ્ર તપ કરતા હતા. (૪૧) પછી તે સમયમાં ગાયો - ભેંસોને ચારનાર અને દૈવેચ્છાથી ત્યાં આવી ચઢેલા ગોવાંળિયાઓએ આશ્રમની સમીપે ઘોષ (નસેડો) બનાવી દીધો. (૪૨) ત્યાં દરરોજ સિંહો આવીને તેમાંથી પાંચ-છ પશુઓને ખાઈ જવા માંડ્યા. આથી તે ગોવાળો અતિશય ખેદયુક્ત અંતઃકરણવાળા થઈ ગયા. (૪૩) પછી તે ગોવાળોને પશુરક્ષણ માટે યોગીન્દ્રને પ્રાર્થના કરી ત્યારે તેમણે કૃપા કરી દીર્ઘ અવાજ કરનારો શંખ વગાડ્યો. (૪૪) તે શંખનાદ જેટલા પ્રદેશમાં ફેલાયો તેટલા પ્રદેશમાં કોઈપણ હિંસક પ્રાણી આવ્યું નહિ પરંતુ ત્યાં રહેલાં સઘળાં હિંસક પ્રાણીઓ બીજે ચાલ્યાં ગયાં. (૪૫) સાધૂશીલ શ્રીહરિની કૃપાથી તે સ્થાન ભય વગરનું થઈ ગયું તેથી આશ્ચર્ય પામેલા ગોવાળો પશુઓ સહિત સુખપૂર્વક રહેવા લાગ્યા. (૪૬) ત્યાં રહેલા વર્ણિરાજ શુદ્ધ ચિત્તથી ભગવદ્ગીતાના કેવળ બીજા અધ્યાયનું સારી રીતે ચિંતન કરતા હતા. (૪૭) અસાધારણ લક્ષણે યુક્ત આત્માનું શુદ્ધ સ્વરૂપ સ્વાનુભવ વડે જ યથાર્થ જાણી શકાય છે એવો બુદ્ધિપૂર્વક નિશ્ચય કર્યો. (૪૮) તેવી રીતે ઈન્દ્રિયો અંતઃકરણ અને પ્રાણ આ બધાની સર્વ વૃત્તિઓને તે તે વિષયોમાંથી પાછી વાળી વારંવાર આત્મામાં જ ધારણ કરતા હતા. (૪૯) હે નૃપોત્તમ ! આમ પૂર્વોક્ત પ્રકારે અભ્યાસ કરતાં શ્રીહરિને સ્વસ્વરૂપમાં ધ્યાનયોગની પરિપક્વતા યોગ્ય સમયે થઈ ગઈ. (૫૦) હે રાજન્ ! પછી આ શ્રીહરિના હૃદયમાં અખંડ, ઈન્દ્રિયાદિનું પ્રકાશક અને અનંત એવું આત્મજ્યોતિ સર્વત્ર દેખાવા માંડ્યું. (૫૧) પછી આ પ્રમાણે વિશુદ્ધ આત્માને અક્ષરબ્રહ્મની સાથે નિત્ય એકત્વપણે ચિંતવન કરતા કરતા બ્રહ્મનિષ્ઠ થયા. (૫૨) પછી તે શ્રીહરિના સ્વસખા ગોપાળયોગીને પણ આ યોગ શીખવતા હતા પછી તે યોગી પણ બ્રહ્મભાવને પામી ગયા. (૫૩) તે પછી ગોપાળયોગી શ્રીહરિના કૃપા સંકલ્પથી વર્ણીન્દ્ર શ્રીહરિને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ જાણ્યા. અને પછી તેમની જ ભક્તિ કરવા લાગ્યા. (૫૪) સિદ્ધયોગવાળા તે ગોપાળમુનિ દૃઢાસન બેસીને શ્રીહરિને જ હૃદયકમળમાં ધારણ કરતા હતા. પછી તે મુનિ દેહની વિસ્મૃતિ પામી ગયા. (૫૫) હે નિષ્પાપ રાજન્ ! તે યોગી

પંચભૌતિક દેહનો ત્યાગ કરીને તે શ્રીહરિને કૃપાથી દિવ્યદેહને ધારણ કરી તત્કાળ ગોલોકધામને પામી ગયા. (૫૬) પછી સિદ્ધયોગી હોવાથી આકસ્મિક ક્રિયાઓ વાળા વર્ણિરાજ શ્રીહરિ સખાનો મરણોત્તર વિધિ કરી ત્યાંથી પૂર્વાભિમુખે ચાલી નીકળ્યા. (૫૭) નિરંતર બ્રહ્મરૂપમાં સ્થિતિવાળા, નાસિકાના અગ્રભાગમાં સામે જ સ્થિર નજર રાખનારા શ્રીહરિ ધનુષોમાંથી છૂટેલા બાણની માફક માર્ગમાં વેગથી ચાલવા લાગ્યા. (૫૮) આદિવરાહ તીર્થને પામીને, તેમાં દેહાનુસંધાને રહિત થઈને કેવળ કૃષ્ણનું સ્મરણ કરતા થકા ત્યાં ત્રણ દિવસ રહ્યા. (૫૯) હે રાજન્ ! બહુવર્ય એવા તે શ્રીહરિ જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં જનસમૂહને તેમના દિવ્યદર્શનથી, સ્વર્ગલોકમાંથી ઊતરી આવેલા બ્રહસ્પતિના દર્શનથી થાય તેમ, દર્શન મહોત્સવ થતો હતો. (૬૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં, નારાયણ ચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, પ્રથમ
પ્રકરણમાં, યોગાભ્યાસવિધાન નામે પિસ્તાળીશમો અધ્યાય થયો. ॥૪૫॥

●

## અધ્યાય - ૪૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

પછી બ્રહ્મચારી એવા શ્રીહરિ બંગદેશમાં આવેલા સીરપુરમાં પધાર્યા. જ્યાં અતિ ધાર્મિક સિદ્ધવલ્લભ નામના રાજા હતા. (૧) આ મહામુનિ શ્રીહરિ તે રાજાની બહુ પ્રાર્થનાથી તે રાજા વડે યથા સમયે સેવા કરતા થકા તે દુર્ગમાં જ ચાર માસ રહ્યા. (૨) શીલ અને ગુણથી સંપન્ન એવા કોઈ ગોપાળદાસ નામના સાધુ તે ભગવાનની સેવામાં દરરોજ પરમ પ્રેમથી તત્પર વર્તતા હતા. (૩) અને ત્યાં બીજા પણ તામસ મંત્રો જેમણે સિદ્ધ કર્યા છે તેવા સિદ્ધ સંજ્ઞાવાળા અને ક્ષુદ્રદેવના ઉપાસક એવા હજારો સાધુઓ પણ રહેતા હતા. (૪) તેમાંના કેટલાક સાધુઓ વીતરણી સંજ્ઞાવાળા, કેટલાક બ્રહ્મચારી અને કેટલાક પરમહંસ સંજ્ઞાવાળા તથા કેટલાક જતી કહેવાતા હતા. (૫) તેમાંના કેટલાક સાધુઓ ભૈરવના ઉપાસક હતા, કેટલાક કાલિકાના ઉપાસક હતા તો કેટલાક યોગિનીના ભક્તો હતા જ્યારે કેટલાક વીરવિદ્યામાં પાવરધા હતા. (૬) હે રાજન્ ! તે સિદ્ધોમાં વસ્તુમાત્ર પરિગ્રહે રહિત એવા કૌપીન માત્ર એક વસ્ત્રવાળા અને તપશ્ચર્યામાં સંલગ્ન એવા એકસો સિદ્ધો મુખ્ય હતા. (૭) રાજાએ તે સિદ્ધો ઉપર છાયા સહિત સ્થાનમાં વાસ કરાવતા હતા. અને આવેલા આ નીલકંઠવર્ણીને પણ પૂજન કરીને છાયારહિત સ્થાને વાસ કરાવ્યો. (૮) હે રાજન્ ! તે રાજા પણ ખૂબ ઘી-સાકરથી યુક્ત ભક્ષ્ય અને ભોજ્ય પદાર્થો વડે અને તેમને જે જે વસ્તુની અભિલાષા હોય તેને તે વસ્તુઓ વડે સિદ્ધોને દરરોજ સંતોષ પમાડતા હતા. (૯) તે રાજા તે સિદ્ધોને બેસવા માટે અલગ અલગ લાકડાની પાટો આપતા હતા અને તે સિદ્ધો પણ પોતાની સિદ્ધાઈ બતાવતા સુખપૂર્વક રહેતા હતા. (૧૦) પછી તે વર્ષાકાળે દર વર્ષ કરતાં ખૂબજ વૃષ્ટિ થઈ અને સિદ્ધપણાના અભિમાનવાળા તે સિદ્ધો વર્ષાની ધારાઓ પડવાથી ખૂબ પીડાવા લાગ્યા. (૧૧) આકાશમાં ભયંકર કડાકાઓથી ખૂબ વરસી રહેલા મેઘો ભયંકર વીજળીઓના ઝબકારાથી ભયંકર દેખાવા લાગ્યા. (૧૨) વિકરાળ શબ્દવાળો અતિવાયુ તથા વજ્રસમાન મેઘગર્જનાના શબ્દો તેમજ

રાતદિવસ અતિવૃષ્ટિથી ખેદ પામી ગયેલા સિદ્ધોએ પોતાનું અભિમાન છોડ્યું. (૧૩) પછી તે સિદ્ધો ખૂબ ઠંડા પવનથી કંપાયમાન થતાં ધીમે ધીમે રાત્રિમાં ક્યારેક તો પાંચ જણ તો ક્યારેક સાત જણ એમ પલાયન થઈ જવા લાગ્યા. (૧૪) આ પ્રમાણે તે કેટલાક દિવસોમાં તે બધા સિદ્ધો પલાયન થઈ ગયા. તેમનું આચરણ જોવા ત્યાં રાખેલા રાજસેવકો પ્રતિદિન ત્યાં (આ બધું) જોતાં હતા. (૧૫) પછી ખૂબ વિવેકબુદ્ધિવાળા તે રાજાએ શ્રીહરિ એકલાજ ત્યાં બાકી રહેલા જોઈ તેમને જ સાચા સિદ્ધ માન્યા, બીજા કોઈને નહિ. (૧૬) અત્યંત પડતી જળધારાને અને પ્રચંડ પવનને વિના વ્યાકુળતા સહન કરવા પૂર્વક સ્થિર બેસી રહેલા શ્રીહરિને રાજા તથા નગરજનો બહુ બહુ માનવા લાગ્યા. (૧૭) અને તે રાજા નાસી ગયેલા એકસો સિદ્ધોને પોતાના દુર્ગની અંદર રહેલા ઘરોમાં નિવાસ કરેલા જોઈ તેમને તથા બીજા સિદ્ધોને પણ ગ્રામીણ તુચ્છ ગ્રહસ્થ સમાન માનવા લાગ્યા. (૧૮) ત્યારે શક્તિના ઉપાસક સિદ્ધો શ્રીહરિને પરમ ઉત્કર્ષ જોઈ અતિ ઈર્ષ્યાગ્નિ બળતા અવયવોવાળા તે શ્રીહરિને મારવાના ઉદ્યમમાં મંડ્યા. (૧૯) ત્યારે તે બધા મંત્રેલા અડદ નાખવા વગેરેથી પોતાના ઈષ્ટદેવોએ બતાવેલ અભિચારાદિક મારણાદિ ક્રિયાઓ વડે કોઈપણ માંત્રિક સિદ્ધ શ્રીહરિને મારવા સમર્થ થઈ શકતો નથી. (૨૦) તે વર્ણિરાજ શ્રીહરિ ઉપર તે સિદ્ધોના બધા પ્રયાસો આકાશમાં કરેલા શસ્ત્રના ઘાની પેઠે નિષ્ફળ થઈ જતા હતા. (૨૧) તે શ્રીહરિને મારવા અસમર્થ દુષ્ટાત્મા તે સિદ્ધોએ મંત્રેલા અડદની મૂઠી તે શ્રીહરિની સેવા કરનારા ગોપાળદાસ નામના સાધુ ઉપર નાંખી. (૨૨) તે જ સમયે તે ગોપાળદાસની જીભ બહાર નીકળી ગઈ. મૂર્છિત થઈ ગયા તેથી મોઢામાંથી ફીણ નીકળી રહ્યું છે એવા ચેષ્ટા વગરના થઈ પૃથ્વી ઉપર ઢળી પડ્યા. (૨૩) પછી તેમને જોયા વગર હજારો લોકો ચારેબાજુથી આવવા લાગ્યા. અને તે રાજા તો આ ઉપદ્રવ કોઈથી પણ નિવારણ ન થાય તેવો છે એમ કહેવા લાગ્યા. (૨૪) પછી રાજા શાક્તોને કહેવા લાગ્યા : "હે મંત્ર શાસ્ત્રીઓ ! તમે સિદ્ધયોગીઓ કહેવાઓ છો તો આ સાધુનો ઉપદ્રવ શાંત થાય એવો ઉપાય કરો." (૨૫) ત્યારે તે મંત્રશાસ્ત્રીઓ તે રાજાને કહેવા લાગ્યા : 'હે રાજન્ ! આ સાધુનું દુઃખ અપ્રતિકાર્ય છે. આ નીલકંઠ વર્ણી મહાન સિદ્ધ છે તેથી તે આ સાધુની ચિકિત્સા કરે.' (૨૬) તેમણે દ્વેષ ભાવથી આ પ્રમાણે કહ્યું છતાં રાજાએ પ્રાર્થના કરેલા શ્રીહરિ તત્કાળ જ સાધુની પાસે આવ્યા અને આ બધું દુષ્કૃત્ય શાક્તોએ જ કરેલું છે એમ જાણી લીધું. (૨૭) હે નૃપતે ! ત્યારે શ્રીહરિ તે સાધુના જમણા કાનમાં ભગવાનનો અષ્ટાક્ષર મંત્ર ધીમેથી બોલ્યા. તે જ ક્ષણે તે સાધુ નિરૂપદ્રવી થઈ ને એકદમ ઉભા થઈ ગયા. (૨૮) ત્યારે તે સર્વજનો પણ અત્યંત વિસ્મય પામી ગયા. અને તે શ્રીહરિને સાક્ષાત્ ભગવાન તુલ્ય અથવા ભગવાનના પરમ ભક્ત માનવા લાગ્યા. (૨૯) અને જેણે આ સાધુ ઉપર અડદની મૂઠી ફેંકી હતી તે તો પોતે જ આચરેલા અભિચાર કર્મથી તત્કાળ ગોપાળદાસની જેમ મૂર્છિત થઈને ધરતી પર ઢળી પડ્યો. (૩૦) ત્યારે તે સિદ્ધો અને બુદ્ધિ અને શક્તિસંચાર પર્યંત તે ઉપદ્રવ નિવારણ ઉપાય જો કે કરવા લાગ્યા તો પણ સમર્થ થયા નહિ ત્યારે ગર્વરહિત થઈ ગયા. (૩૧) પછી તે બધા શાક્તો વર્ણિરાજ શ્રીહરિને પ્રણામ કરી વારંવાર પ્રાર્થના કરી, ગુણ ગ્રહણ કરવાના સ્વભાવવાળા શ્રીહરિને તે ઉપદ્રવવાળા શાક્તની પાસે લઈ

આવ્યા. (૩૨) દયાના સાગર અને ઉદાર બુદ્ધિ ભગવાન શ્રીહરિ તેમની પાસે જઈ દૃષ્ટિમાત્રથી જ તે ક્ષણે કંઠપ્રાણ અને મૃતઃપાય એવા તે સિદ્ધોને ઉઠાડતા હતા. (૩૩) પછી વિસ્મય પામેલા તે સિદ્ધોએ શ્રીહરિની પૂજા કરી અને રાજાએ પણ પૂજા સ્તુતિ કરતાં ફરી પોતાના નિવાસસ્થાને આવી વાસ કર્યો. (૩૪) પછી અતિ આશ્ચર્ય પામેલા ઉત્તમ બુદ્ધિવાળા રાજા એ સાક્ષાત્ ઈશ્વર જાણી અતિ સ્નેહથી ભર્યો અને પુત્ર સહિત તે શ્રીહરિનું શિષ્યપણું સ્વીકાર્યું. (૩૫) ધનના લોભથી તે સિદ્ધો તે નગરમાં જેતે જેતે પીડા પમાડતા હતા તે તે શ્રીહરિના પ્રતાપથી તત્કાળ નિરુપદ્રવી થઈ ગયા. (૩૬) તે શ્રીહરિ નગરવાસી જનોએ પોતાને અપાતું ઘણું ધન તેમાંથી જરાપણ ગ્રહણ ન કર્યું. તથા વસ્ત્ર વાહન વગેરે કંઈપણ નિસ્પૃહ એવા તેમણે સ્વીકાર્યું નહિ. (૩૭) પછી તે શ્રીહરિને રાજા હજારો સુવર્ણમુદ્રાઓ તથા વસ્ત્રો આપતા હતા પણ શ્રીહરિ તેને માયામય જાણીને કશું લેતા ન હતા. (૩૮) તે સમયમાં જ ત્યાં ગરીબ કુટુંબવાળો અને વેદશાસ્ત્ર પુરાણનો ભણેલો તૈલંગ દેશનો એક બ્રાહ્મણ આવ્યો. (૩૯) તે બ્રાહ્મણને ધાર્મિક જાણીને રાજાએ તેને હાથી કાળપુરુષ, લવણ વગેરે મહાદાનો આપ્યાં. (૪૦) ત્યારે તે બ્રાહ્મણ ગૌર વર્ણનો હોવા છતાં મહાદાનના પ્રરિગ્રહથી તત્કાળ શ્યામવર્ણવાળો થઈ ગયો અને તેથી લોકોમાં નિંદાપાત્ર બની ગયો. (૪૧) તે બ્રાહ્મણ પોતાના દોષની શાંતિ માટે શ્રીહરિની લોકપ્રસિદ્ધિ સાંભળીને તેમના શરણે આવ્યો. (૪૨) ત્યારે કરુણાસાગર શ્રીહરિએ તે બ્રાહ્મણની દુર્દશા જોઈ તેના જમણા કાનમાં કૃષ્ણમંત્રનો ઉચ્ચાર કરતાં તે વિપ્ર પાપથી મુક્ત થઈ ગયો. (૪૩) હે ધરતીપતે ! તે બ્રાહ્મણ તે જ ક્ષણે પૂર્વના જેવો વર્ણવાળો થઈ ગયો. તેથી વિસ્મય પામી ગયેલો તે બ્રાહ્મણ શ્રીહરિના ગુણોને વખાણતો વખાણતો પોતાના દેશ તરફ પ્રયાણ કરી ગયો. (૪૪) હે રાજન્ ! આ પૃથ્વી ઉપર તે શ્રીરિ સમગ્ર જે યોગીન્દ્રો, તપસ્વીઓ, સિદ્ધો તેના સામર્થ્ય કરતાં પણ અધિક સામર્થ્યને ધારણ કરતાં અનન્યસિદ્ધ અને પોતાનું સ્વકીય સાધુપર્ણ તેને પ્રસિદ્ધ કરતાં જરાપણ ઉદ્વેગને પામ્યા નહિ. (૪૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
સિદ્ધાભિમાનીગુરુપરાજય નામનો છેતાલીસમો અધ્યાય થયો. ॥૪૬॥

●

## અધ્યાય - ૪૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

ચાતુર્માસ વીત્યા પછી સર્વ સિદ્ધો ત્યાંથી (સિરપુરથી) બીજા દેશ તરફ જતા હતા. અને તે (સિદ્ધવલ્લભ) રાજાએ સારી રીતે પૂજેલા ભગવાન નારાયણ પણ તેમની સાથે પ્રયાણ કરતા હતા. (૧) તે સિદ્ધોએ કામાક્ષી દેવીના સમીપે કોઈ એક ગામ પહોંચીને તેની બહાર વાડીમાં અલગ અલગ રસોઈ કરવાનો આરંભ કર્યો. (૨) તેટલામાં આવેલા સિદ્ધોને સાંભળી મહાકાલીનો ઉપાસક ત્યાં રહેલો કોઈક મોટો બ્રાહ્મણ તે (વાડી)માં આવ્યો. (૩) તે બ્રાહ્મણ પ્રથમ તો પોતાના ધર્મમાં રહેનારો, વેદોની ક્રિયાઓમાં જ આદરવાળો વિદ્વાન અને પોતાની સ્ત્રીમાં પ્રીતવાળો, ઉત્તમ સ્વભાવ અને સૌજન્યાદિ ગુણોથી યુક્ત હતો. (૪) તે બ્રાહ્મણ એક સમયે શક્તિના ઉપાસકના

પ્રસંગથી તત્કાળ ફળ આપનાર કુલાવર્ણ નામનું સમગ્ર શાસ્ત્ર વાંચતો હતો. (૫) ત્યારે તેને સંગદોષને લીધે તે શાસ્ત્રમાં પ્રીતિ થઈ. પછી શાક્તોના સમાગમમાં પ્રીતિવાળો થઈ, કૌલાગમમાં કહેલા મલિન દેવતાઓના ઉપાસક માર્ગમાં આસક્ત થયો. (૬) પછી તે બ્રાહ્મણ સ્વધર્માદિકનો ત્યાગ કરી શક્તિના ઉપાસકોમાં અગ્રેસર થયો. સર્વ સિદ્ધોનો ઈશ્વર છું એવા અભિમાનવાળો, ક્રોધથી બળતા અંગવાળો ત્યાં આવ્યો. (૭) સુરાપાનના મદથી ચકળવકળ લાલ આંખોવાળો, માંસ ખાનારો, આઠ પ્રકારની સ્ત્રીઓના ગુહયાંગમાંથી સ્રવતા રજથી મિશ્રિત કરેલું છે તથા સિંદુરને ભ્રૂકુટિના મધ્યમાં ધારી રહેલો. (૮) ખોપરીની માળાવાળી કુલ્લા નામની મહાકાલીનો નિરંતર સ્મરણ કરતો અને વારંવાર ગર્વથી હસતો, (દેવીભાવનાથી પૂજેલી) કન્યાઓના ગુદા ધોયેલા જળોથી આખા શરીરમાં માર્જન કરતો. (૧૦) સુશયન પછી કાચાં માછલાં ચાવવાથી અત્યંત દુર્ગંધયુક્ત મુખવાળો, મસ્તક ઉપર લાલ વસ્ત્ર ધારણ કરનારો, પિબૈક નામથી પ્રસિદ્ધ (૧૧) ગામના નિવાસી પોતાના શિષ્યો સ્ત્રીઓ અને પુરુષોએ સહિત પિબૈક નામના બ્રાહ્મણે તત્કાળ ત્યાં આવીને પોતાના દર્શનથી ભય પામેલા સિદ્ધોને કહ્યું. (૧૨) હે ધૂર્તો ! અહો તમે દુર્લભ એવી સિદ્ધ સંજ્ઞાને કેમ ધારણ કરો છો ? કારણ કે હાલમાં આ પૃથ્વી ઉપર હું એકલો જ સિદ્ધ છું, બીજો નથી. (૧૩) અને તમારા જેવા હજારો શિષ્યો કરેલા છે. તેમાં જેણે મારું વચન નથી માન્યું તેને તો યમપુરીમાં મોકલ્યા છે. (૧૪) માટે તમો યજ્ઞોપવીતની પેઠે કંઠમાં ધારણ કરેલી કંઠી કાઢી નાંખીને આજે જ તમારા કલ્યાણ માટે અત્યારે જ મારા શિષ્યો થાઓ. (૧૫) અન્યથા મારી આજ્ઞાથી જ રાહ જોઈ રહેલા વિકરાળ મુખવાળા વીર પુરુષો તમને બધાને જીવતા ખાઈ જશે. (૧૬) ત્યારે જેમણે પૂર્વે જેના ખૂબ જ ગુણો સાંભળ્યા હતા એવા પિબૈકને પ્રત્યક્ષ જોઈને સર્વ સિદ્ધો ભયથી ખૂબ જ કંપવા લાગ્યા. (૧૭) પછી તેઓ 'હમણાં જ મરી જઈશું અથવા તો ઉન્મત થઈ જઈશું તેથી જલ્દી આપણે આના શિષ્યો થઈ જઈએ' એમ પરસ્પર બોલવા લાગ્યા. (૧૮) હે રાજન્ ! ત્યારબાદ તેમના ગળામાંથી કંઠીઓ તોડી નાખવા તૈયાર થયેલા જોઈ શ્રીહરિ તેમને કહેવા લાગ્યા કે હે સિદ્ધો, તમે આ શું કરો છો ? (૧૯) તમારે ચિંતા કરવી નહિ. આ ક્ષુદ્ર તમને શું કરશે ? આ પિબૈક પહેલાં મને જ શિષ્ય બનાવે પછી ભલે તમને શિષ્ય બનાવો. (૨૦) આ પ્રમાણે આશ્વાસન મળવા છતાં તે સિદ્ધો ભયભીત થઈને શ્રીહરિને કહેવા લાગ્યા કે આ બીજા સામાન્ય સિદ્ધ જેવો નથી કારણ કે તમને પણ હમણાં ક્ષણ માત્રમાં મારી નાખશે. (૨૧) પિબૈક પણ શ્રીહરિને પોતાના કાર્યમાં વિઘ્નરૂપે જોઈને વિકરાળ દૃષ્ટિથી જોતો જોતો શ્રીહરિને પોતાની પાસે બોલાવવા લાગ્યો. (૨૨) નીલકંઠવર્ણી શ્રીહરિ પણ તે જ સમયે પાકક્રિયાનો ત્યાગ કરી તેના સમીપે આવી તેના સન્મુખ જ વીરાસનથી બેસી ગયા. (૨૩) શ્રી હરિ પાછળ સર્વ સિદ્ધો પિબૈકના મુખ સામે દૃષ્ટિ કરી બેસી ગયા. ત્યારબાદ તે પિબૈક પણ સિદ્ધોને સ્વસામર્થ્ય દેખાડવા લાગ્યો. (૨૪) મંત્રેલા એવા અડદોને ખૂબ ઘાટા લીલાં પાંદડાવાળા વડલાના વૃક્ષ ઉપર પિબૈક ફેંકતો હતો. તેથી તે વૃક્ષ તરત જ સુકાઈ ગયું. ત્યારે તે સિદ્ધો એકદમ ભય પામી ગયા. (૨૫) તો પણ અક્ષુબ્ધ મનવાળા અને સ્થિર બેસી રહેલા શ્રીહરિને જોઈને પિબૈકે તત્કાળ મારી નાખનારા મંત્રેલા અડદની

મુઠ્ઠી શ્રીહરિ ઉપર ફેંકી. (૨૬) છતાં પણ અગાઉના પેઠે સ્થિર બેઠેલા હરિને જોઈ તે પિબૈક તેમને કહેવા લાગ્યો કે હે વર્ણિન ! કાલભૈરવની મૂઠથી હું હમણાં જ તમને મારી નાખું છું તું તારા ઈષ્ટદેવનું સ્મરણ કર. (૨૭) ત્યારે તે વર્ણીરાજ શ્રીહરિ દુષ્ટબુદ્ધિવાળા અને ઉપર પ્રમાણે બોલતાં તથા ખૂબ પહોળા ફાડેલાં નેત્રોવાળા પિબૈક પ્રત્યે બોલ્યાં, ''અમને લગીરે ચિંતા નથી તારી જેટલી શક્તિ હોય તેટલો ઉદ્યમ કરી લે. (૨૮) પછી પિબૈકે કાળભૈરવના વીરોને શ્રીહરિ તરફ પ્રેર્યા તો ભગવાન સામું જોવા પણ શક્તિમાન થયા નહિ ત્યારે પોતાને પ્રેરનારા પિબૈકને જ પીડવા વળગી પડ્યા. (૨૯) ત્યારે તે પિબૈક મોઢામાંથી લોહીની ઉલ્ટી કરતો પૃથ્વી ઉપર પડી ગયો અને મૂર્છા પામ્યો. પછી થોડીવારમાં અત્યન્ત ક્રોધ પામતો ઊભો થઈ ગયો. (૩૦) પછી તે પાણીના કોગળા ફરી ફરીને તે શ્રીહરિને કહેવા લાગ્યો, 'હે વર્ણિન્ ! હમણાં જ બટુક ભૈરવના વીરો તમને મારી નાખશે માટે સ્થિર થઈ જાઓ.' (૩૧) ત્યારે શ્રીહરિ બોલ્યા, 'કંઈ ચિંતા નથી.' પછી પિબૈક બટુક ભૈરવના વીરોને પ્રેર્યા ત્યારે તે વીરો પણ શ્રીહરિ સામે જોવા માટે સમર્થ થયા નહિ. તત્કાળ પ્રેરણા કરનાર પિબૈક ઉપર પડ્યા. (૩૨) ત્યારે તે પિબૈક પૂર્વની માફક પડી ગયો. પછી ફરીથી ઊઠીને બોલ્યો; ''હમણાં જ તમને હું મહાકાલી વીરો પાસે મારી નખાવું છું માટે તમે સ્થિર થાઓ.' (૩૩) આમ કહીને પિબૈક મહાકાલીના વીરોને પ્રરતો હતો. તે વીરો પણ શ્રીહરિ સામે જોવા અસમર્થ થઈને કરનાર પિબૈકને જ વળગ્યા. આથી તે અગાઉની પેઠે પડી ગયો. (૩૪) ફરી તે પાછો એક ક્ષણાન્તે ઊઠી ક્રોધાયમાન થતો શ્રીહરિને કહેવા લાગ્યો, 'હે બ્રહ્મચારી ! તું સાવધાન થઈ જા. હમણાં જ હનુમાનજીના વીરો પાસે તને મારી નંખાવું છું. (૩૫) તે પછી વિપ્રે હનુમાનજીના વીરોને શ્રીહરિને મારવા પ્રેર્યા ત્યારે તે પોતાના સ્વામી મારુતિને અતિપ્રિય શ્રીહરિને જોઈ નમસ્કાર કરી પાછા વળી તે પિબૈકને પૃથ્વી ઉપર પાડી નાંખ્યો. (૩૬) પિબૈક મુખમાંથી લોહીની ઉલ્ટી કરતો અને અત્યંત વિહ્‌વળ થઈને મહામૂર્છિત થઈ ગયો તે ફરીથી ઊઠવા સમર્થ થયો નહિ અને તેના પ્રાણ કંઠમાં આવી ગયા. (૩૭) જેનાં નેત્રો પહોળાં થઈ ગયાં છે, ભૂમિ ઉપર પડી રહેલા, ચેતન વગરના અને મૃતઃપ્રાય થઈ ગયેલા, પિબૈકને જોઈને તેનાં સંબંધીજનો 'અરે ! અમે મરી ગયા' એમ વિલાપ કરવા લાગ્યા. (૩૮) પછી રડતા એવા તે સંબંધીઓ નીલકંઠ વર્ણી શ્રીહરિને વારંવાર પ્રમાણ કરી કહેવા લાગ્યા કે હે સ્વામિન્ ! અમારા ઉપર દયા કરી આ પિબૈકને જિવાડો કારણ કે તમે સર્વેશ્વર છો. (૩૯) અને આ પિબૈક ફરી આવું દુષ્કર્મ ક્યારેય નહિ કરે એમ કહીને તેઓએ શ્રીહરિના ચરણોમાં ઘણું દ્રવ્ય અર્પણ કર્યું. (૪૦) અને તે સંબંધીઓ એ તે સિદ્ધોને પણ સુંદર કાચાં સીધાં આપ્યા પછી દયાળુ ભગવાન શ્રીહરિએ કૃપાદૃષ્ટિથી જ તે પિબૈક સામે જોયું. (૪૧) તેટલામાં તે તત્કાળ ઊઠી શ્રીહરિને આદરપૂર્વક પ્રણામ કરી 'હે હરે ! ફરીથી આવું કર્મ હું નહિ જ કરું' એમ કહીને પોતાના સંબંધીઓ સાથે પોતાને ઘેર ગયો. (૪૨) હે રાજન્ ! તે સિદ્ધો તો પ્રાણદાતા એવા જગદીશ્વરને જાણી વિસ્મયપૂર્વક પ્રણામ કરી શ્રીહરિના શિષ્ય બની ગયા. (૪૩) પછી તે સિદ્ધો રસોઈ બનાવી, ભોજન કરી, રાધિકાપતિ શ્રીકૃષ્ણનું ભજન કરતાં રાત્રિ ત્યાં જ રહ્યા. (૪૪) હવે મનભંગ થયેલા તે પિબૈક પગથી અથડાયેલા સાપની પેઠે ક્રોધાગ્નિથી બળતા શરીરવાળો શાંતિ

પામ્યો નહિ. (૪૫) પિબૈક મધ્યરાત્રે કાળભૈરવને ખૂબ માંસ વડે પૂજીને મદિરા અને લોહીનું પાન કરાવીને વર્ણિને નાશ કરવા માટે પ્રેરતો હતો. (૪૬) વિકરાળ મુખવાળો, દિગંબર લાલચોળ નેત્રોવાળો, છૂટા કેશવાળો, કાજળના પર્વત સમાન કાળા દેહવાળો, તે કાલભૈરવ ત્રિશૂલ ધારણ કરી શ્રીહરિ સમીપે ગયો. (૪૭) કાલભૈરવ શ્રીહરિની નજીકમાં રહેવા માટે અસમર્થ થઈને દૂર ઊભો રહ્યો. શ્રીહરિ પણ તેને જોઈને ભય પામ્યા નહિ અને હસવા લાગ્યા. (૪૮) ક્રૂર એવો કાળભૈરવ પ્રાતઃકાળ સુધી ઊભો રહ્યો, પછી શ્રીહરિ સ્નાન કરવા ગયા ત્યારે ઊંચા હાથમાં ત્રિશૂલવાળા કાલભૈરવને જોયો. (૪૯) કાલભૈરવ પણ શ્રીહરિની દૃષ્ટિથી કંપાયમાન શરીરવાળો પોતાના પ્રેરક પિબૈકને મારવા માટે શ્રીહરિના ભયથી તત્કાળ પલાયન થઈ ગયો. (૫૦) ત્યારે દયાના સાગર વર્ણિરાજ પલાયન કરતા તે કાલભૈરવને કહેવા લાગ્યા, હે કાલભૈરવ ! તું તે બ્રાહ્મણને મારીશ નહિ કારણ કે અમે તેનું અન્ન જમ્યા છીએ. (૫૧) આ પ્રમાણે શ્રીહરિએ કહેવાયેલો કાલભૈરવ પિબૈક પાસે જઈ શ્રીહરિએ કહેલું વચન કહ્યું ત્યારે તે પિબૈક પાસે અતિ વિસ્મય થતો તે શ્રીહરિને સાક્ષાત્ ઈશ્વર માનવા લાગ્યો. (૫૨) હે નૃપોત્તમ ! ઉપકાર કરનાર શ્રીહરિ ઉપર અપકાર કરનાર પોતાને ધિક્કારી શ્રીહરિનું શિષ્યપણું સ્વીકારતો હતો. (૫૩) પછી પિબૈક અગાઉની પેઠે પોતાના ધર્મના આચરણમાં નિષ્ઠાવાળો અને પાપથી ભય પામનારો થયો, વેદબાહ્ય કૌલાગમાદિ ગ્રંથોને તત્કાળ જ ત્યાગ કરી દીધા. (૫૪) તે પિબૈક શ્રીમદ્ ભાગવત તથા શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પોતે પાઠ કરતો અને સાંભળતો અને ભક્તિભાવથી નિરંતર શ્રીહરિ રાધિકેશનું જ ભજન કરવા લાગ્યો. (૫૫) શ્રીહરિએ તે સિદ્ધોને બીજા દેશમાં વિચરણ કરવાની આજ્ઞા આપી પોતે એકલા જ ત્યાંથી નવલખા પર્વત તરફ ચાલ્યા. (૫૬) હે રાજન્ ! આ પ્રમાણે માનવીયનાટ્ય કરતા અને અમાનુષ દિવ્ય ચરિત્રો જેમનાં છે એવા શ્રીહરિ સ્વપ્રતાપથી મહાગુરુઓમાં રહેલ અધર્મ વંશનો નાશ કરતા, પૃથ્વી ઉપર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય યોગ સહિત એવી શ્રીકૃષ્ણની પરાભક્તિને સારી રીતે વિસ્તારતા, વિચરણ કરતા એવા શ્રી નીલકંઠ વર્ણી નામના શ્રીહરિ અમને આનંદ આપનાર થાઓ. (૫૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં મહાશક્તિથી પિબૈક પરાજય નામે સુડતાલીસમો અધ્યાય થયો. ॥૪૭॥

●

## અધ્યાય - ૪૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

વિભુ એવા શ્રીહરિ અદ્ભુત એવા તે નવલખા પર્વતને પામી તેના ઉપર ચઢીને જોતા હતા તો ત્યાં ચારેબાજુ નવલખા સિદ્ધોનાં સ્થાનો જોયાં. (૧) નવલાખ સિદ્ધોનાં નવલાખ સ્થાનોમાં કાષ્ઠ વગરની અગ્નિજ્વાલાઓ જોઈ અને ત્યાં શ્રીહરિએ ક્યાંક ઠંડા પાણીના તો ક્યાંક ગરમ પાણીના કુંડો જોયા. (૨) આ ખૂબ આશ્ચર્યજનક છે એમ બોલતાં ત્યાં રહેલા મુક્તદશાને પામેલા યોગીની સિદ્ધિઓ પ્રાપ્ત કરેલા યોગી પુરુષોએ પણ જોવા માટે અશક્ય એવા સમગ્ર સિદ્ધોને જોયા. (૩) તે

સિદ્ધોને જોઈને શ્રીહરિએ નમસ્કાર કર્યો અને સિદ્ધોએ પણ યોગીઓના ગુરુ એવા શ્રીહરિને નમસ્કાર કર્યા. પછી શ્રીહરિ તે સ્થાનમાં ભક્તસિદ્ધોને આનંદ પમાડતા ત્રણ દિવસ સુધી રહ્યા. (૪) પછી શ્રીહરિ મનુષ્યોથી અગમ્ય તે પર્વત ઉપરથી ગજમાર્ગ દ્વારા નીચે ઊતરી વડવાકુંડ નામના તીર્થમાં ગયા. (૫) નીલકંઠ એવા શ્રીહરિ વડવાકુંડમાં પૃથ્વીમાંથી નીકળતા વાયુ, અગ્નિ અને જળના સમૂહને આશ્ચર્યપૂર્વક જોતા ત્રણ દિવસ ત્યાં રહ્યા. (૬) ત્યારપછી શ્રીહરિ અગ્નિકોણ તરફ ચાલ્યા. ત્યાં ગંગા અને સાગરના સંગમને પામી ત્યાં સ્નાન કરી ત્યાં ત્રણ દિવસ રહ્યા. (૭) પછી નાવમાં બેસી સમુદ્રની ખાડી ઊતરી ચોપાસ ખાઈરૂપે રહેલ સમુદ્ર વેષ્ટિત અને અતિ સુંદર એવા કપિલાશ્રમમાં ગયા. (૮) હે રાજન્ ! જે આશ્રમમાં સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક આચાર્યોના ગુરુ સ્વયં ભગવાન કપિલમુનિ ત્રણ લોકના કલ્યાણ માર્ગે નિરંતર તપ કરતા રહે છે. (૯) ભક્તિના પુત્ર શ્રીહરિ સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, સાંખ્યયોગ અને ભક્તિનિરૂપક શ્રી કપિલમુનિને જોઈ પરમ આનંદ પામ્યા. (૧૦) વર્ણિરાજ શ્રીહરિ તપસ્વીમુનિઓને અતિપ્રિય તે કપિલાશ્રમમાં એક માસ પર્યંત નિવાસ કરી પછી આ જગન્નાથપુરી આવ્યા. (૧૧) વર્ણીન્દ્ર શ્રીહરિ આ પુરુષોત્તમપુરીમાં નિવાસ કરતાં દરરોજ સમુદ્રમાં સ્નાન અને જગન્નાથ ભગવાનનાં દર્શન કરતા હતા. (૧૨) તીર્થ કરવા યોગ્ય વિધિ જાણનારા શ્રીહરિ જગન્નાથપુરીમાં રહેલા ઈન્દ્રધુમ્ન સરોવર આદિ તીર્થસ્થાનોમાં સ્નાન કરતા હતા. (૧૩) હે રાજન્ ! પછી આ પુરીમાં નિવાસ કરતો અને ટોળેટોળારૂપે ભમતા દંભી ભક્તો અને મનુષ્યાકારે રહેલા ઘણા ઘણા અસુરોને શ્રીહરિએ જોયા. (૧૪) અભિમાન, ક્રોધ, શૂરવીરતા, મસ્તક આદિથી પરસ્પર સ્પર્ધા કરતા, ઉચ્છ્રંખલ, ધર્મથી વિમુખ, અને કામદેવનાં રમકડાં બની ગયેલા, ખળ એવા. (૧૫) ગુરુતા અને સાધુતાની પ્રસિદ્ધિ માટે દંભથી શૈવ, વૈષ્ણવ અને શાક્તોનાં સર્વ બાહ્ય ચિહ્નોને ધારી રહેલા અસુરોને જોયા. (૧૬) વળી મંત્રો દ્વારા ચમત્કાર બતાવી પુરનિવાસી જનોને વશમાં કરી સ્ત્રીઓ અને પુરુષોને પોતપોતાના ધર્મોનો ત્યાગ કરાવતા હતા. (૧૭) પોતાના ગુરુપણાથી નિસ્પૃહપણાનો બાહ્ય દેખાવ કરતાં, પોતાની પુત્રી સમાન શિષ્ય પત્નીઓ પાસે પ્રેમથી વારંવાર સંગ કરતા. (૧૮) વળી લાલચ આપી, કપટથી લોકોને મહાફળ બતાવી, કેટલાક લોકોને ભય દેખાડી લોકો પાસેથી દ્રવ્ય પડાવતા, (૧૯) ત્યાં કેટલાક તીક્ષ્ણ શસ્ત્રો અને મોટી લાકડીઓ તથા લોઢાના ચીપિયાઓને ધારણ કરનારા, તપસ્વીના જેવા વેશવાળા અસુરોને શ્રીહરિએ જોયા. (૨૦) કેટલાક અસુરો શસ્ત્ર વિનાના, ઉપરથી સારા વેષોને ધારણ કરનારાઓ, વળી વીરો, કૃત્યાઓ, મંત્રો અને યંત્રોથી ગુપ્તપણે જનોના દ્રોહ કરનાર અસુરોને જોયા. (૨૧) ત્યાં શૈવો, શાક્તો, વામમાર્ગમાં રહેલાઓ, કૌલિ આગમન વગરેથી તેના મૂલપદ્ધતિ ગ્રંથો વડે શિવ-શક્તિની પૂજામાં આસક્ત. (૨૨) વિષ્ણુની દીક્ષાવાળા દક્ષિણમાર્ગમાં રહેલા અને મકારાદિવર્જિત અર્થાત્ (મધ, માંસ, મત્સ્ય, મુદ્રા, મૈથુન) મકારાદિ પંચમાં પ્રથમ ચારથી રહિત કૈવલ પાંચમો મકાર મૈથુનમાત્રમાં આસક્તિવાળા એ બંને પ્રકારના પોતાના શિષ્યોને પોતાના પાપાચરણમાં પ્રવર્તતતા શ્રીહરિએ જોયા. (૨૩) ટોળે મળી ફરતા હજારો અસુરોને પોતાના મુખ્ય શત્રુઓ જોઈને તે બુદ્ધિમાનોમાં સર્વોત્તમ શ્રીહરિ પૃથ્વીને અત્યંત ભારવાળી માનતા હતા. (૨૪)

શ્રીહરિ ત્યાં પાંચ રાત્રિ નિવાસ કરી પછી બીજા તીર્થમાં જ્યાં ઈચ્છતા હતા છતાં પૂર્વે કહેલા અસુરોનો પરાભવ કરવા માટે જ તે પુરીમાં અધિક નિવાસ કરતા હતા. (૨૫) પદાર્થમાત્રમાં સ્પૃહાએ રહિત, શાન્ત, એવા શ્રીહરિ પોતાની ધર્મ સહિત ભક્તિનો ત્યાગ નહિ કરતાં મુખ્યત્વે ઈન્દ્રધુમ્ન સરોવરને કાંઠે જ નિવાસ કરતા હતા. (૨૬) હે નરાધિપ ! વર્ણીન્દ્ર શ્રીહરિ જે પ્રકારે અસુરો પોતાને શત્રુ ન જાણે તેવી રીતે પોતે ત્યાં વર્તતા હતા. (૨૭) કેટલાક પુરવાસી જતો આ શ્રીહરિને સિદ્ધયોગી કોઈ મહાપુરુષ એમ જાણતા હતા. તેથી તેઓ શ્રીહરિનું પ્રતિદિન દર્શન તથા પૂજન કરતા હતા. (૨૮) ત્યાં જે જે જનો શ્રીહરિને પૂછીને જે જે કાર્ય કરતાં હતાં તે તે જનોનું તે તે કાર્ય દુઃસાધ્ય હોવા છતાં પણ તત્કાળ સિદ્ધ થવા લાગ્યું. (૨૯) સિદ્ધ કાર્યોવાળા જેનો શ્રીહરિના આગળ ઘણું દ્રવ્ય, વસ્ત્ર, પાત્ર વગેરે અર્પણ કરતા હતા અને આ તમારું જ છે એમ કહેતા હતા. (૩૦) અતિનિસ્પૃહી એવા શ્રીહરિ તો દૃષ્ટિમાત્રથી પણ તે વસ્તુઓને ગ્રહણ કરતા નહોતા તેવું આશ્ચર્ય જોઈને જનો શ્રીહરિને સાક્ષાત્ નારાયણ માનવા લાગ્યા. (૩૧) સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદમાં લોલુપ અને દંભી ભક્ત એવા તે અસુરો મત્સરપણાથી શ્રીહરિનો આવો ઉત્કર્ષ સહન કરી શક્યા નહિ. (૩૨) મુખથી અપશબ્દો બોલતા તે અસુરો શ્રીહરિનું વારંવાર અપમાન કરવા લાગ્યા અને ઉદ્ધત અસુરો શ્રીહરિ ઉપર મિથ્યા કલંક આરોપવા લાગ્યા. (૩૩) અધિક મદવાળા અસુરો ધ્યાનમાં બેઠેલા, મહાવ્રતવાળા શ્રીહરિને ઊંચકીને પોતાના નિવાસસ્થાનમાં લઈ જતા હતા અને ત્યાં ઘણે પ્રકારે તિરસ્કાર કરતા હતા. (૩૪) કેટલાક ક્રૂર તેથી દયારહિત એવા અસુરો શ્રીહરિને પકડીને તેમની પાસે ભાર ઉપાડવાનું કાર્ય બલાત્કારે કરાવતા હતા, કેટલાક મૌન રહેલા શ્રીહરિને પરાણે બોલાવતા હતા. (૩૫) અજ્ઞાની અસુરોએ આ પ્રમાણે પીડા પમાડેલા શ્રીહરિ દેહમાં અહંતા અને મમતાબુદ્ધિથી રહિત આત્મામાં અચલ મતિવાળા, તેથી પોતાના અંતઃકરણમાં જરા પણ ખેદ પામ્યા નહિ. (૩૬) હે રાજન્ ! પછી પોતાની સાધુતાનો ત્યાગ નહિ કરતા અને ક્ષમા એ જ સ્વભાવવાળા શ્રીહરિ તેમનું અસુરપણું ત્યાગ કરાવવાની ઈચ્છાથી હસીને કહેવા લાગ્યા (૩૭) 'હે ભાઈઓ ! દેહ વિનાશી છે, આત્મા અચ્છેદ્યાદિ લક્ષણવાળો છે. આ પ્રકારે વેદો, શાસ્ત્રો અને પૂર્વે થઈ ગયેલા સાધુઓ પણ કહે છે. (૩૮) માટે માન અપમાન બંને દેહમાં રહેલાં હોવાથી મારે મનસમાન છે તેથી હું શ્રીકૃષ્ણની ભક્તિને આત્માને બ્રહ્મરૂપની ભાવનાથી કરું છું. (૩૯) મનુષ્યોના શરીરમાં રહેલો ક્રોધ તો મોટો શત્રુ છે, અને ઉત્પન્ન થવા માત્રમાં શરીરને બાળે છે, અને પુણ્યનો નાશ કરી નાંખે છે. (૪૦) તેથી વૈષ્ણવ ભક્ત એવા તમો બધાએ જોવું જોઈએ. અને ભક્તિ અને જ્ઞાનના મહાશત્રુરૂપ એવા ક્રોધને વિવેકબુદ્ધિથી વશ કરી ઈષ્ટદેવનું ભજન કરવું જોઈએ.' (૪૧) આ પ્રમાણે શ્રીહરિનું વાક્ય સાંભળી અસુરોમાં પ્રકૃતિવાળા હતા અને અસુરોના પ્રસંગથી આસુરભાવને પામેલા હતા તે નરો તો પોતાના કલ્યાણ માટે શ્રીહરિનો જ આશ્રય કરવા લાગ્યા. (૪૨) હે નૃપ ! જેઓ જન્મથી જ અસુર છે તેમાંના કેટલાક તો શ્રીહરિનું કહેવું યોગ્ય છે એમ માનવા લાગ્યા અને બીજા તો જે આવું માનતા ન હતા તેમની શત્રુતા કરવા લાગ્યા. (૪૩) ત્યારપછી મહાપુરુષ એવા શ્રીહરિના અપરાધથી અને હિતવાણીના ઉલ્લંઘનથી ભ્રષ્ટ થયેલી

બુદ્ધિવાળા અને શસ્ત્રધારીઓ તે ધર્મવૈરી અસુરોમાં પરસ્પર કલેહ થવા લાગ્યો. (૪૪) ચિત્તમાં વિપરીત ભાવને પામેલા માન-મત્સર-ઈર્ષા-ક્રોધ વગેરે પરાભવ પામેલા, લાલચોળ આંખોવાળા તે અસુરોને વિનાકારણ અકસ્માત મહાકલહ થવા લાગ્યો. (૪૫) તે સમયે જેમણે પોતાનાં વાક્યો સ્વીકાર કર્યાં નથી તે અસુરોનો વિનાશ જાણતા શ્રીહરિ તે અસુરોના નિવાસથી પોતાના સ્થાનમાં આવીને રહ્યા. (૪૬) તે અસુરો જ્યાં ત્યાં ટોળારૂપે પરસ્પર મળીને ક્રોધ વડે ઉદ્ધત ચિતવાળા પરસ્પર મર્મસ્થળને ભેદનારી વાણી બોલવા લાગ્યા. (૪૭) શ્રીહરિની માયાજાળથી મોહિત થયેલા તે અસુરોમાં ન સાંભળવા યોગ્ય ઘણાં દુષ્ટ વાક્યો જેમાં છે એવા ભયંકર અને ઉંચા મહાશબ્દોવાળો મહાકલેશ થયો. (૪૮) તે અસુરો પરસ્પર તિરસ્કાર કરતા, તત્કાલ જ તલવારોને ગ્રહણ કરતા હતા અને કેટલાક સાંગો, કેટલાક ધનુષ્યબાણ, કેટલાક તીક્ષ્ણ ધારવાળી પરશુઓ ગ્રહણ કરતા હતા. (૪૯) કેટલાક અસુરો ભાલાઓ, ચાબુકો, ખટવાંગો નામના આયુધો, લોખંડના જાડા દંડાઓ, ડાંગો, ચીપિયાઓ ગ્રહણ કરતા હતા. (૫૦) વળી કેટલાક અસુરો તો સિંદૂરથી ચર્ચિત ત્રિશુલોને ઉપાડતા હતા, તથા કેટલાક ભુશંડી, અસ્ત્રાઓ, કેટલાક અગ્નિબાણો ઉપાડતા હતા. (૫૧) પછી ક્રોધિત થયેલા અસુરો શસ્ત્રો-અસ્ત્રો વડે મુષ્ટિ - લાકડીઓ - લોહદંડ - વૃક્ષશાખા વગેરે વડે પરસ્પરને નિર્દયપણે મારવા લાગ્યા. (૫૨) અતિશય બળવાન તો તે અસુરોના પ્રહારનો મોટો ધ્વનિ થયો, તથા મારો મારો એવા મોટા ધ્વનિ સાથે ભેરી, નગારાં, તુરઈ વગેરે વાજિંત્રોના શબ્દો થવા લાગ્યા. (૫૩) માંસ-ભોજન વડે મત્ત બનેલા અસુર-સમૂહોનું તે યુદ્ધ શૂરવીરોથી પણ ન જોઈ શકાય તેવું તુમુલ થતું હતું. (૫૪) તે સમયે માંસભક્ષી, કંકપક્ષી, કાગડાઓ, ગીધડાઓ, કૂતરાઓ અને રુધિરનું પાન કરનારાઓ તથા માંસભોજી એવા ભૂત પ્રેત પિશાચ શાકિની યાગિની રાક્ષસ અને ભૈરવો આ બધાને ખૂબ મોટો ઉત્સવ થયો. (૫૫-૫૬) અને તલવાર વગેરેથી છેદાયેલા તે અસુરોનાં હજારો મસ્તકો નાળિયેરના ફળોની જેમ પૃથ્વી પર પડવા લાગ્યાં. (૫૭) કેટલાક અસુરો સંગ્રામમાં પગનાં મૂળો તથા છેદાયેલા બંને હાથવાળા પૃથ્વી ઉપર પડવા લાગ્યા કેટલાક અસુરો સર્વ અંગો છેદાઈ ગયાં છે એવા પૃથ્વી ઉપર પડવા લાગ્યા. (૫૮) હે રાજેન્દ્ર ! દાંતો વડે હોઠોને પીસતા તે અસુરોનાં મસ્તકો પૃથ્વી ઉપર પડેલાં હોવા છતાં પણ ભયંકર હોવાથી લોકો જોવા શક્તિમાન થઈ શકતા ન હતા. (૫૯) હે રાજન્ ! ક્રોધથી પરસ્પર પ્રહાર કરતા દશ હજાર અસુરો તે દિવસે મરણ પામીને યમપુરીમાં ગયા. (૬૦) ત્યારથી માંડીને વિજયની આશાથી માંસાહાર વડે અતિબળવાળા બનેલા અને મદ્યપાનથી મદોન્મત્ત થયેલા તે અસુરોનું યુદ્ધ નિત્ય ચાલતું. (૬૧) ક્યારેક તે અસુરોમાંથી બે હજાર મરતા હતા, ક્યારેક પાંચસો, ક્યારેક પાંચ હજાર તો તો કોઈક દિવસે એક હજાર અસુરો મરતા હતા. (૬૨) કોઈક દિવસે તે અસુરોમાંથી બસો તો કોઈક દિવસે પરસ્પર પ્રહાર કરતા સો મરતા હતા અને કોઈક દિવસે પચાસ મરતા હતા. આમ આ યુદ્ધ બે માસ સુધી ચાલ્યું. (૬૩) હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિની ઈચ્છાથી ધર્મનો દ્રોહ કરનાર અસુરો નાશ પામ્યા. હે નૃપ ! અસુરોના વિનાશથી દેવગણો હર્ષ પામ્યા. (૬૪) જેમનાં નાક કપાઈ ગયાં છે, જેમનાં કાન કપાઈ ગયા છે અને જેમનાં હાથ કપાઈ ગયા છે તેવા

કેટલાક અસુરો તથા યુદ્ધથી ભય પામેલા કેટલાક અસુરો નાસી ગયા હતા. (૬૫) નાસી ગયેલા અસુરો દેશાંતરમાં રહેલા મહાબલિષ્ટ અસુરોને આ અસુરવિનાશરૂપ સર્વ વૃત્તાત આદિથી આરંભીને સમગ્ર કહેતા હતા. (૬૬) ત્યારે વિશેષપણે શ્રીહરિમાં વૈરભાવ બાંધેલા, શ્રીહરિને મારવાની ઇચ્છાવાળા દેશાંતરમાં રહેલા અસુરો શસ્ત્રોનો પ્રહાર કરવાની કલાનો અભ્યાસ અતિ તત્પરતાથી કરવા લાગ્યા. (૬૭) ધર્મનો દ્રોહ કરનાર અસુરસમૂહોનો જ્યારે વિનાશ થયો ત્યારે શ્રીહરિ 'અધર્મનું મૂળ નાશ પામ્યું' આ પ્રમાણે નિશ્ચય પોતાના અંતરમાં માનતા હતા. (૬૮) પછી શ્રીહરિ અસુરોને આશ્રિત દૈવી પ્રકૃતિવાળા જીવોને બોધ આપી, દુરાચારનો ત્યાગ કરાવી ફરી સન્માર્ગમાં સ્થાપના કરતા હતા. (૬૯) તે જનોએ પ્રેમથી માનેલા અને સારી રીતે પૂજેલા શ્રીહરિ તે સર્વને શ્રીકૃષ્ણની ભક્તિ તથા અહિંસા આદિ સમગ્ર ધર્મોનો ઉપદેશ આપતા હતા. (૭૦) હે રાજન્ ! આ પ્રમાણે તે ભગવાન આયુધ વગરના છતાં પણ ધર્મદ્રોહી અસુરોનો સ્વપ્રતાપથી જેમ સૂર્ય અંધકારનો નાશ કરે તેમ નાશ કરાવતા હતા. (૭૧) ધર્મનંદન શ્રીહરિ આ પ્રમાણે ધર્મ અને ભક્તિનું પોષણ કરતા અને ધર્મભક્તિના દ્રોહી જનોને પરાભવ કરતા આ પુરીમાં દશ માસ સુધી નિવાસ કરીને રહ્યા. (૭૨) હે રાજન્ ! જે પુરુષ અસુરવિનાશરૂપ શ્રીહરિનું આ ચરિત્ર નિયમતત્પર થઈને સાંભળે અથવા જે કીર્તન કરે તે પુરુષ પોતાના શત્રુઓની આપદાઓના સમૂહથી મુક્ત થઈ જાય અને દેહના અંતકાળે અચ્યુત ભગવાન શ્રીહરિના અક્ષરધામને ચોક્કસ પામે છે. (૭૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્ર પ્રથમ પ્રકરણમાં ઉત્કલદેશીય અસુરસંઘ-પરાભવ નિરૂપણ નામે અડતાલીશમો અધ્યાય થયો. ॥૪૮॥

●

## અધ્યાય - ૪૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

પછી દિવ્યદેહવાળા ધર્માદિથી સર્વદા અનુગમન કરતા વર્ણિરાજ એકલા જ દક્ષિણ દિશા તરફ પ્રયાણ કરતા હતા. (૧) તે પ્રભુ સેતુબંધ નામના તીર્થ તરફ પ્રયાણ કરશે એવા આદિકર્મ નામના તીર્થને પામ્યા પછી મહાવનમાં ચાલતાં શ્રીહરિ માનસુર પહોંચ્યા. (૨) ત્યાં દૈવી સંપત્તિને આશરીને રહેલા સત્રધર્મા રાજા હરિને મહાપુરુષ જાણીને બહુ માનપૂર્વક નિવાસ કરાવતા હતા. (૩) શ્રીહરિ પણ એકાંત સ્થળે રહેલી આચ્છાદન વિનાની એક વેદિકા ઉપર વાસ કરતા હતા અને રાજાના અનુચરો આદરપૂર્વક શ્રીહરિની સર્વકાળે સેવા કરવા લાગ્યા. (૪) જગન્નાથપુરીથી ભાગીને આવેલા અસુરોને જેમને સ્વજનનો વિનાશ જણાવ્યો છે એવા માનસપત્તનના અસુરો વર્ણીન્દ્ર સ્વજનક્ષયમાં મુખ્ય હેતુભૂત જાણીને તેમને મારવાનો ઉદ્યમ કરવા લાગ્યા. (૫) તે દૈત્યો રાત્રે વેદિકા ઉપર એકાકિ બેઠેલા જાણી સો એ સો ભેગા ભઈ શ્રીહરિ ઉપર પથ્થરનો વરસાદ વરસાવવા લાગ્યા. (૬) પાપકર્મથી જેમની બુદ્ધિ નષ્ટ પામી છે એવા દૈત્યોએ નિર્દોષ અને સાધુગુણસંપન્ન તે શ્રીહરિ ઉપર સંધ્યાકાળથી આરંભીને પ્રાતઃકાળ સુધી મોટા મોટા પથ્થરના

ટુકડાઓ ફેંક્યા. (૭) તે વેદિકાની ચારે બાજુ સેંકડો પથ્થરના ઢગલાઓ થઈ ગયા પરંતુ તેમાંનો એક પથ્થર શ્રીહરિને સ્પર્શ્યો પણ નહિ તે મોટું આશ્ચર્ય થયું. (૮) આ રીતે શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય બતાવ્યું પણ તે દૈત્યો શ્રીહરિમાં દ્રોહબુદ્ધિનો ત્યાગ કરતા ન હતા કારણ કે તેમનો મૃત્યુકાળ નજીકમાં હતો. (૯) ત્યાર પછી તેમના સઘળા પ્રયત્નો નિષ્ફળ ગયા છે એવા તે તમામ અસુરો ભેગા મળી શ્રીહરિને શસ્ત્રોથી હણવાની ઈચ્છાથી પોતપોતાના આયુધો ઘસી સજાવી તૈયાર રાખીને ત્યાં ગુપ્તપણે રહ્યા. (૧૦) (ઉપર્યુક્ત) આશ્રયકારી ઘટના સાંભળીને સત્રધર્મા રાજા પ્રાતઃકાળે શ્રીહરિ સમીપે આવ્યો અને અન્ય પુરવાસીજનો પણ આવ્યા અને તે અદ્‌ભુત વૃત્તાંત જોઈ ખૂબ જ વિસ્મય પામી ગયા. (૧૧) ત્યારે વિસ્મિત થયેલા રાજા બોલ્યા : ‘જેમ પૂર્વે ભક્ત પ્રહલાદની રક્ષા નૃસિંહ અવતાર ધારણ કરીને કરી હતી તેમ જ આ નીલકંઠવર્ણિની રક્ષા પણ ભગવાને જ કરેલી છે. (૧૨) આ મહાપુરુષ ભક્તરાજ પ્રહ્‌લાદ જ નહિ હોય કે શું ? એમ બોલીને રાજાએ કહ્યું કે આજથી આરંભીને હું તમારો આશ્રિત છું. (૧૩) હે ભૂપતે ! ત્યારબાદ શ્રીહરિએ દીક્ષાવિધિમાં કહેલા પ્રકારે તે રાજાને યથાવિધિ ભગવાનનો આશ્રિત બનાવ્યો તથા અન્ય મુમુક્ષુઓને ભગવાનનો આશ્રય કરાવ્યો. (૧૪) પછી રાજાએ તે સર્વ અસુરોને શ્રીહરિનો દ્રોહ કરનાર અતિ પાપી જાણીને ખૂબ ભયંકર પોતાના સૈન્ય પાસે મારી નખાવ્યા. (૧૫) પાપી અસુરોનો નાશ પોતાનાં પાપકર્મોથી એમ જાણતા શ્રીહરિ રાજા વડે પૂજાયેલા થકા માનસપુરથી વેંકટાદ્રિ પર્વત ઉપર પહોંચ્યા. (૧૬) ત્યાં રહેલા વિષ્ણુભગવાનના અર્ચાવતારનાં દર્શન કરી શ્રીહરિને ત્યાંથી શિવકાંચી અને વિષ્ણુકાંચી પુરીમાં ગયા. ત્યાંથી શ્રીરંગક્ષેત્રમાં પહોંચ્યા. (૧૭) શ્રીહરિએ કાવેરી નદીમાં સ્નાન કરી, નદીની પૂર્વ દિશામાં પુષ્પો અને ફળોથી લચી પડતા વૃક્ષોવળી સુશોભિત ફૂલવાડીમાં નિવાસ કર્યો.(૧૮) તે સ્થાનમાં બે માસ પર્યંત રહીને ત્યાંના વૈષ્ણવો સાથે અધર્મનો નાશ કરવા માટે વિવાદ કરીને તેમનામાં રહેલા દુરાચારોને પોતાના પ્રતાપથી દૂર કરાવતા હતા. (૧૯) વળી, શ્રીહરિ ત્યાં રહેલા અભિચારી કે પ્રયોગ (મારણ, મોહન, ઉચ્ચાટન વગેરે) કરનારા બ્રાહ્મણ વગેરે સેંકડો લોકોનો પરાભવ કરી પોતાનો પ્રતાપ વિસ્તારતા હતા. (૨૦) પછી શ્રીહરિ મહાપાતકનો નાશ કરનાર સેતુબંધ નામના તીર્થે પહોંચીને ત્યાં સ્નાન કરીને શ્રી રામેશ્વર મહાદેવનાં દર્શન કરતા હતા. (૨૧) તપસ્વીઓને પ્રિય એવા શ્રીહરિ રામેશ્વરક્ષેત્રમાં બે માસ નિવાસ કરી ત્યાંથી એકાકી સુંદરરાજ નામના વિષ્ણુના અર્ચારૂપ ભગવાનને પામ્યા. (૨૨) ત્યારપછી ભૂતપુરી નામના તીર્થ તરફ જતાં રસ્તામાં અત્યંત ઘોર મહાઅરણ્યને પામ્યા તેમાં પાંચ દિવસ સુધી ચાલતા કોઈપણ સ્થળે અન્ન કે પાણી સુધ્ધાં પામ્યા નહિ.’ (૨૩) હે ભૂપતે ‘તે શ્રીહરિ પાંચમે દિવસે પ્રદોષ સમયે કોઈ એક જળાશયને પામ્યા. તે જળાશયમાં સ્નાન કરી શ્રીહરિએ શાલગ્રામની પૂજા કરી. (૨૪) ત્યારબાદ તપસ્વીઓના ગુરુ એવા શ્રીહરિ ચાર વનશિંબી કહેતાં આબળા ફળી અગ્નિથી શેકીને વિષ્ણુનૈવેદ્ય ધરીને પોતે જમ્યા. (૨૫) શ્રીહરિ ત્યાં રાત્રિના પ્રથમ પહોર સુધી રહીને પછી ચાલી નીકળ્યા. બીજા દિવસે બપોરે

શ્રીહરિને વનની વચ્ચે એક કૂવો મળ્યો. (૨૬) હે રાજન્ ! શ્રીહરિએ તે કૂવામાંથી કમંડળ વડે પાણી કાઢી સ્નાન કરી વડના નીચે બેસી આહનિક કર્મ કરવા લાગ્યા. (૨૭) ત્યારે કૃશ દેહવાળાં, સુંદર દર્શનવાળાં અને નન્દિશ્વર ઉપર બેઠેલાં તથા કાપડીના વેશમાં રહેલાં કોઈ દંપતી ત્યાં આવ્યાં. (૨૮) કાષાય વસ્ત્રોવાળાં તે દંપતી તે શ્રીહરિને અતિ તપસ્વી જોઈને તેમના સમીપે આવી, નમન કરી, ક્ષણમાત્ર ઊભા રહ્યા. (૨૯) તેટલામાં શ્રીહરિ પણ પ્રવાસવિધિથી બે સંધ્યાઓની ઉપાસના કરી સ્નાન આદિથી શાલિગ્રામને પૂજ્યાનો આરંભ કરતા હતા. શ્રીહરિ ચંદનના પાત્રમાં શાલિગ્રામને મૂકીને વેદમંત્રોનો પાઠ કરતા મોટા કમંડળુની ધાર વડે અભિષેક કરતા હતા. (૩૧) પાંચ શેર પાણી ભરેલું કમંડળ ખાલી થઈ ગયું. તોપણ તે ચંદનપાત્ર તો પૂર્વની જેમ જ જળરહિત શ્રી હરિએ જોયું. (૩૨) શ્રીહરિએ આ જળ ગયું ક્યાં ? એમ કહીને તે પાત્ર ઊંચકીને જોયું તે પાત્ર છિદ્ર રહિત જ જોઈ ફરીથી પૃથ્વી ઉપર સ્થાપન કર્યું. (૩૩) તે જળ ખૂબ તરસ્યા એવા શાલિગ્રામે પોતે જ પીધું એમ નિશ્ચય કરી શ્રીહરિ પોતે શાલિગ્રામની તૃષાની શાંતિ કરવા માટે ઇચ્છતા હતા. (૩૪) શ્રીહરિ ફરીથી કમંડળુથી પાણી કાઢી ધાર વડે તે શાલિગ્રામને અભિષેક કરાવવા લાગ્યા. ત્યારે શાલિગ્રામ તે બધું પાણી પી ગયા ત્યારે શ્રીહરિ ફરીથી તે પ્રમાણે કર્યું. (૩૫) ત્યારે તે પાણી શાલિગ્રામ પી ગયા ત્યારે શ્રીહરિ તો હસતાં ફરીથી કૂવામાંથી જળ કાઢી ધારા વડે અભિષેક કરવા લાગ્યા. (૩૬) તે જળ પણ જ્યારે શાળગ્રામ પી ગયા ત્યારે શ્રીહરિ તે અતિશય તરસ્યા થયેલા જાણી ફરી કમંડળ વડે જળ કાઢવા કૂવા પાસે ગયા. (૩૭) પરિશ્રમથી જેનું આખું શરીર ખૂબ થાકી ગયું છે અને શ્રમથી ખૂબ પરસેવો વળ્યો છે એવા તે શ્રીહરિનો ભક્તિભાવ જોઈને તે દંપતી (ભવ-ભવાની) ખૂબ જ આશ્ચર્ય પામી ગયાં. (૩૮) પોતાની સેવા કરનારા ઉપર ખૂબ જ વત્સલ એવા ભગવાન શાલિગ્રામ વર્ણિરાજ શ્રીહરિને થાકી ગયેલા જાણી તરત જ જેમની તૃષા છિપાઈ ગઈ છે એવા થઈ ગયા. (૩૯) ત્યારે જળ લઈને આવેલા શ્રીહરિએ શાલિગ્રામને સ્નાન કરાવવાનું પાત્ર જ્યારે જળયુક્ત જોયું ત્યારે તેમને પિપાસારહિત જાણી ચંદન વગેરેથી તેમની પૂજા કરી. (૪૦) પછી શ્રીહરિ મનથી વિચાર કરવા લાગ્યા કે અતિ તરસ્યા થયેલા શાલિગ્રામની તૃષાની નિવૃત્તિ તો હમણાં થઈ પરંતુ તેની ક્ષુધાની શાંતિ કેવી રીતે થાય ? (૪૧) આ પ્રમાણે શ્રીહરિ વિષ્ણુ માટે જ ચિંતાથી પોતાના મનમાં ખેદ કરવા લાગ્યા અને પોતાને તો છ-છ ઉપવાસ થયેલા છે છતાં તે માટે તો જરા પણ ખેદ પામતા નથી. (૪૨) હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિનો અભિપ્રાય જાણી તે બંને દંપતી પરમ પ્રીતિને પામ્યાં. પછી શિવજી પોતાની પત્ની પાર્વતીને કહેવા લાગ્યાં. (૪૩) 'હે પ્રિયે ! તમે આ બટુ બ્રહ્મચારીને મહાવિષ્ણુના નૈવેદ્ય માટે પોટલીમાંથી બાંધેલો સાથવો અને મીઠું જેમ બને જલદી આપો.' (૪૪) ત્યારબાદ તે પાર્વતી ગ્રંથિ છોડી કોથળીમાં રહેલો સાથવો વર્ણિવેષ શ્રીહરિને આપ્યો અને જોઈએ તેટલું જ લેનારા શ્રીહરિ તે સાથવો ગ્રહણ કરતા હતા.(૪૫) શ્રીહરિ તે સાથવાને નિમક અને જળ વડે મિશ્રિત કરી શાલિગ્રામને નૈવેદ્ય કરતા હતા. ત્યારબાદ

મહાવિષ્ણુનું પૂજન વિધિવિધાનપૂર્વક સમાપ્ત કરતા હતા. (૪૬) પછી દેવસંબંધી અને મનુષ્યસંબંધી લક્ષણો જાણનાર શ્રીહરિ દરિદ્ર ભિક્ષુક સમા આકૃતિવાળા, શરીરની ક્રાંતિથી મનુષ્યોને ઉલ્લંઘન કરનાર તે શિવ-પાર્વતીને નમસ્કાર કરી પૂછવા લાગ્યા. (૪૭) આકસ્મિક આગમનવાળા, શાંત, કરુણાસાગર, યોગીરૂપે ઢંકાયેલા અને શિવ-પાર્વતીની માફક મનોહર એવા તમો બંને કોણ છો ? (૪૮) મહા અરણ્યમાં આપના જેવાનું દર્શન તો મહાદુર્લભ છે. તમે બધી રીતે મનુષ્ય તો નથી જ. તેથી તમારી ઓળખ જે હોય તે મને સત્ય કહો.' (૪૯) પછી તે બંને શ્રીહરિને કહેવા લાગ્યા : 'હે વર્ણિન્ ! તમે ભૂખ અને તૃષાથી ખૂબ ગ્લાનિ પામેલા છો તથા અત્યંત કૃશ થઈ ગયા છો તેથી જળપાન કરો અને વિષ્ણુનૈવેદ્ય જમો.(૫૦) પછી આપણે વાતો કરીશું.' આ પ્રમાણે તેઓએ કહેલા શ્રીહરિ તે બંનેના વચનને માનતા સાથવો જમી જળપાન કરી તેમના સમીપમાં બેઠા.(૫૧) ત્યારે યોગી એવા શિવજી શ્રીહરિ પ્રત્યે બોલ્યા : 'હે વિપ્ર ! તમે બ્રહ્મચર્યવ્રતમાં સ્થિતિવાળા તપસ્વી હોવા છતાં ક્રોધને જીતેલા અને શ્રીકૃષ્ણના મહાન્ ભક્ત છો. (૫૨) મારાથી આપની આગળ અસત્ય વચન કેમ બોલાય' ? ન જ બોલાય. કારણ કે તપસ્વીઓની આગળ અસત્ય વચન સમગ્ર પુણ્યોનું ક્ષય કરનારું છે. માટે તપસ્વીની આગળ મેં પૂર્વે નહિ બોલાયેલું અસત્ય વચન તમારી આગળ બોલીશ નહિ. (૫૩) હે વર્ણીરાટ્ ! પાર્વતીની સાથે તમારી સમીપમાં દૈવ ઈચ્છાથી આવેલા, તપસ્વીઓને પણ દુર્લભ દર્શનવાળા, મને નિશ્ચે શંકર જાણો.' (૫૪) શંકર આ પ્રમાણે કહીને અચાનક જ પોતાનું વાસ્તવિક રૂપ બતાવતા હતા. નીલકંઠ શ્રીહરિએ પણ દિવ્ય વિગ્રહવાળા શંકરને આશ્ચર્યપૂર્વક જોયા. (૫૫) કપૂર સમાન ગૌરવવર્ણવાળા, ઘણા સૂર્યસમાન-દેદીપ્યમાન શરીરવાળા, ભસ્મ લગાવવાથી સુંદર અવયવોથી દર્શનીય, યજ્ઞોપવીત માટે ગોળ વીંટળાયેલો છે નાગરાજ જેમણે એવા; બાજુબંધ, હાર, કંદોરો વગેરેના સ્થાનમાં રહેલા છે સર્પો જેમને એવા. (૫૬) વાઘ તથા હાથીના ચર્મરૂપ સુંદર વસ્ત્રોના જોડલાથી શોભાવાળા, તથા વિકસિત કમળતુલ્ય મંદહાસ્યયુક્ત મુખવાળા, જેમના ભાલમાં ચંદ્ર રહ્યો છે તેથી ચંદ્રથી પ્રકાશિત રમણીય વિશાળ લલાટવાળા, મહાન સુવર્ણની માફક પીળી જટાના સમુદાયવાળા. (૫૭) દર્ભાસનમાં વીરાસનથી પૃથ્વીમાં શ્રીહરિની આગળ બેઠેલા, નિશ્ચલ ત્રણ નેત્રોવાળા, સ્થિર અંગોવાળા, ડાબા હાથમાં પોતાના ભક્તજનોને અભયદાનની મુદ્રા અને જમણા હાથમાં રુદ્રાક્ષની માળા ધારી રહેલા. (૫૮) પોતાને ડાબે પડખે રહેલા અને ત્રિલોકીમાં જે પતિવ્રતાના સમૂહોએ પૂજન કરાયાં છે ચરણકમળ જેમનાં એવાં પાર્વતીએ અતિભક્તિથી સુંદર પંખા વડે સેવન કરાતા, આત્મારામ, નન્દી આદિ ગણોના સમૂહોએ સ્તુતિ કરાયેલા. (૫૯) સુંદર બુદ્ધિવાળા, બ્રાહ્મીવિદ્યાને જાણવાની ઈચ્છાવાળા, નમ્ર, પોતાના બંને હાથોની અંજલી આપતા એવા, ક્રૌંચ યુગલના શત્રુ કાર્તિકસ્વામી, નારદ, સનંદન આદિ વિપ્રવર્યોએ હર્ષપૂર્વક જોવાતા, જેમના નેત્રોના કટાક્ષપાત દયાવાળા છે એવા શિવજીને શ્રીહરિ જોતા હતા. (૬૦) હે રાજન્ ! જગતના અધિશ્વર એવા

મહાદેવજીને સાક્ષાત્ જોઈને વર્ણી તેમને પ્રણામ કરી, રોમાંચિત ગાત્રવાળા, નેત્રોમાં આંસુ ભરેલા, નમનશીલ, બંને હાથ જોડીને સ્નેહપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. (૬૧)

**શ્રી નીલકંઠવર્ણી બોલ્યા :**

'સદા મંગલમૂર્તિ, શાશ્વત, સર્વ જગતના નિયંતા, પ્રશાંત, દિશાઓના અધિપતિઓના નિયંતા, બ્રહ્માદિ દેવોએ પૂજ્યાં છે ચરણકમળ જેમનાં એવા હે શંકર ! હું તમને નમસ્કાર કરું છું. (૬૨) જગતના ઈશ્વર, સર્વ ગુણોનો જેમાં અધિવાસ છે એવા, દેવ-મહાદેવ, મહાન કીર્તિવાળા, વિદ્યા, તપ, યોગકળાઓના નિધિસ્વરૂપ હે શંકર ! તમને હું નમસ્કાર કરું છું.(૬૩) કાળે સહિત માયા અને યમના ભયનો નાશ કરનારા, જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશના કારણભૂત એવા, પ્રચેતાઓ (બર્હિષ રાજાના દશ પુત્રો)ના ગુરુ તથા પૂર્ણકામ એવા હે શંકર ! તમોને હું નમસ્કાર કરું છું. (૬૪) મહાવિષથી જેમણે સમસ્ત લોકનું રક્ષણ કર્યું છે એવા, મૃત્યુને જીતનારા, પોતાની પૂજા કરનાર મનુષ્યો ઉપર તત્કાળ પ્રસન્ન થનારા, અને ભસ્મીભૂત કર્યો છે કામદેવનો દેહ જેમણે એવા હે શંકર ! તમોને હું નમસ્કાર કરું છું. (૬૫) સમગ્ર વિદ્યાઓ તંત્રો અને મંત્રોની પ્રવૃત્તિના કારણ, અતિશય વૈરાગ્યના વેગથી ત્યાગ કર્યા છે સર્વ ભોગો જેમણે એવા, મુમુક્ષુ તથા મુક્તજનોએ સેવવા યોગ્ય હે શંકર ! તમને હું નમસ્કાર કરું છું. (૬૬) ગંગાને ધારણ કરનારા, અંધક નામના અસુરનો નાશ કરનારા, કૈલાસ પર્વતના સ્વામી, પોતાના ભક્તોને સુખી કરનારા, પાપસમૂહને જેમનું નામ માત્ર ઉખાડી નાખનારું છે એવા હે શંકર ! તમને હું નમસ્કાર કરું છું. (૬૭) વિશ્વના સ્વામી, જેમણે કાશીમાં વાસ કર્યો છે એવા, સમીપમાં મરણવાળા જનોને જમણા કર્ણમાં તારક મંત્રને કહેનારા તથા જેમણે મહાપાપીજનોને સંસારથી ઉદ્ધાર કર્યા છે એવા હે શંકર ! તમને હું નમસ્કાર કરું છું. (૬૮) દેવ વગેરેના સર્વના કષ્ટના હરનારા તેથી 'હર' એવા નામવાળા, અતિશય શોભાયુક્ત પાર્વતીના પ્રાણપતિ, ત્રિપુરારિ, નંદીકેશ્વર નામના બળદનું ચિહ્ન છે ધ્વજમાં જેને એવા, મંગલમૂર્તિ ઐશ્વર્યયુક્ત એવા હે શંકર ! તમને હું નમસ્કાર કરું છું.' (૬૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિ પ્રેમથી શિવની સ્તુતિ કરી, દારિદ્રયને નાશ કરનારી જગતમાતા દુર્ગા પાર્વતીની સ્તુતિ કરવા લાગ્યા. (૭૦)

**શ્રી નીલકંઠવર્ણી બોલ્યા :**

'હે શિવે ! હે માત ! મંગલના સમૂહોને આપનારા, સર્વેશ્વરી, સમગ્ર લોકોની માતા, મહાપતિવ્રતા, શિવનાં પત્ની, સમગ્ર જગતના આદિભૂત હે ઉમા ! તમોને હું પ્રણામ કરું છું. (૭૧) દેવેન્દ્રાદિ દેવોને કષ્ટ આપનાર અસુર સમુદાયનો નાશ કરનારાં, હંમેશાં સર્વ દેવોને સુખ આપનારાં હે ઉમા ! તમોને હું પ્રણામ કરું છું. (૭૨) શુંભ અને નિશુંભ નામના અસુરોના ગર્વનો વિનાશ કરનારાં, પોતાના આશ્રિતજનોના આપત્તિસમૂહનું નિવારણ કરનારાં, તથા શ્રી વિષ્ણુકાર્યમાં

ઉદ્યત યોગમાયારૂપ એવાં હે ઉમા ! તમોને હું પ્રણામ કરું છું. (૭૩) દૈત્યોના નાશ માટે અનેક શક્તિઓને ધારણ કરનારાં, તથા ઈન્દ્રના પક્ષવાળા, મહાસંગ્રામમાં દૈત્યોના હનન માટે જેમણે ઘણા હાથ આવિષ્કૃત કર્યા છે એવાં હે ઉમા ! તમોને હું પ્રણામ કરું છું. (૭૪) મદિરા અને માંસ વડે જે પોતાના પૂજક શૂદ્ર વર્ણો તેમનાં મસ્તકો છેદવા ચારેબાજુ ક્રોધરૂપી ભયંકર મુખવાળાં (કાલિકા) અને જડ વિપ્રને પ્રાણ આપનારાં ભદ્રકાલી એવાં હે ઉમા ! તમોને હું પ્રણામ કરું છું. (૭૬) આદિ યુગમાં દક્ષપુત્રીનુ રૂપ ધારણ કરનારાં સતી નામવાળાં પછી શોભાયુક્ત હિમાલયનાં પુત્રી પાર્વતી નામ ધારણ કરનારાં તથા પતિવ્રતાધર્મનું રક્ષણ જે મુખ્ય જેમને છે એવા હે ઉમંગ ! તમોને હું પ્રણામ કરું છું.' (૭૭) પ્રથમ શિવની પ્રસન્નતા માટે દેવ-મનુષ્યથી ન થઈ શકે એવું તીવ્ર તપ કરતાં તમે પાંદડું સુધ્ધાં ખાધું નહિ માટે આપણા નામવાળાં હે ઉમા ! તમોને હું પ્રણામ કરું છું. હે માત ! ગણેશનાં માતા, નિરંતર મહેશની સેવાપરાયણ, પોતાના સેવકોના અશુભોને નાશ કરનારાં, હે ઉમા ! તમોને હું પ્રણામ કરું છું. (૭૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે સ્તુતિ કરીને નિવૃત્તિ પામેલા વર્ણિરાજને શંકર-પાર્વતી કહેવા લાગ્યાં કે 'હે વર્ણિવર્ય ! તમે અમારી પાસેથી ઈચ્છિત વરદાન માગો.' (૭૯)

**શ્રી નીલકંઠ બોલ્યા :**

'જગતના માતપિતા એવાં તમો પ્રસન્ન થયાં હો તો આ સંસારમાં મને વૈરાગ્ય દૃઢ રટે તેમ ઈચ્છું છું. (૮૦)

**ઉમા મહેશ્વર બોલ્યાં :**

'હે વર્ણિન્ ! જે વૈરાગ્ય તમે માગો છો તે તમારામાં હંમેશાં સિદ્ધ જ છે તો પણ હે મહામુનિ ! તે વૈરાગ્ય તમારામાં ઉત્તમપણે રહેશે. (૮૧) તમે તો સાક્ષાત્ બદરીપતિ નારાયણ ઋષિ છો. તમે મનુષ્યનાટ્યનું અનુકરણ કરો છો એ અમે જાણીએ છીએ. (૮૨) નરનારાયણ એવા જગદીશને નમસ્કાર હો અને અર્જુન સહિત શ્રીકૃષ્ણ સ્વરૂપ એવા તથા ધર્મસ્થાપનાર્થે પ્રગટ થયેલા એવા શ્રીહરિને નમસ્કાર હો.' (૮૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે શિવ-પાર્વતી પ્રફુલ્લિત મુખકમળવાળા ઋષિપતિ તે શ્રીહરિને નમસ્કાર કરી તેમના અવલોકનથી આનંદપૂર્ણ અંતઃકરણવાળા બની તે જગ્યાએથી એકદમ અંતર્ધાન થઈ ગયા. (૮૪)

ઈતિશ્રી સત્સંગગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં મહારણ્યમાં ઉમા-મહેશ્રવર દર્શન નામે ઓગણપચાસમો અધ્યાય થયો ॥૪૯॥

●

## અધ્યાય-૫૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

સ્વજનોને અતિ પ્રિય દર્શનવાળા શંકર ભગવાન અંતર્ધાન થયા ત્યારે નીલકંઠવર્ણી પણ મહારણ્ય સ્થાનથી નીકળી મનથી શંકરનું અનુસ્મરણ કરતા ભૂતપુરીને પામ્યા. (૧) તે નગરીમાં શ્રી રામાનુજાચાર્યની પ્રતિમાનું દર્શન અને પૂજન કરી ત્યાંથી કન્યા નામની દુર્ગાદેવી (કન્યાકુમારી)ને પામ્યા. (૨) ત્યાર પછી શ્રીહરિ પદ્મનાભ જનાર્દન પહોંચ્યા, ત્યાં આદિ કેશવ નામના વિષ્ણુને પામતા હતા. (૩) તે તીર્થમાં શસ્ત્રધારી બે હજાર અસુરો હતા. તે શ્રીહરિને મારવાની ઈચ્છાવાળા અસુરોને તે તીર્થના રાજાએ જ મારી નંખાવ્યા. (૪) જેમ અગાઉ માનસપત્તનમાં સત્રધર્મા રાજાએ અસુરોને હણ્યા હતા તેવી રીતે આ તીર્થમાં પણ ધાર્મિક રાજાએ પણ હજારો અસુરોને હણ્યા. (૫) તીર્થયાત્રા પરાયણ એવા નારાયણ શ્રીહરિ પછી કેશવ તીર્થથી ચંદન, પારિજાત વગેરે વિવિધ પ્રકારનાં વૃક્ષોથી વ્યાપ્ત મલય નામના કુલાચળને પામ્યા. (૬) તે પર્વતમાં સાક્ષીગોપાલ નામના વિષ્ણુ ભગવાનનું દર્શન કરતા થકા, સાપોથી વીંટળાયેલા ચંદન વૃક્ષોના વનમાં પાંચ દિવસ નિવાસ કરીને રહ્યા. (૭) ત્યાર પછી શ્રીહરિ ચંદ્રભાગા નદીને તીરે આવેલા પુંડલિકપુર(પંઢરપુર)માં પહોંચ્યા, ત્યાં શ્રી વિઠ્ઠલ નામના ભગવાન્ શ્રીપતિનાં દર્શન કર્યાં. (૮) શ્રીહરિ પ્રતિદિન નદીમાં સ્નાન, શ્રીવિઠ્ઠલનાથનાં દર્શન અને તેમના દિવ્યગુણોનું ગાન કરતા થકા તે પુરમાં બે માસ સુધી રહ્યા. (૯) ત્યાર પછી શ્રી વિઠ્ઠલ ભગવાનને નમસ્કાર કરી, ખૂબ પ્રેમથી આલિંગન કરી તે ક્ષેત્રના માહાત્મ્યની પ્રશંસા કરતા શ્રીહરિ દંડકારણ્યમાં આવ્યા. (૧૦) તે દંડકારણ્યમાં પંચવટીની પ્રદક્ષિણા કરી પછી ત્યાંથી નાસિક નામના નગરમાં પહોંચ્યા. ત્યાં ત્ર્યંબકેશ્વર મહાદેવનાં દર્શન કરી તાપી નદીના કિનારે પહોંચ્યા. (૧૧) ત્યાર પછી શ્રીહરિ નર્મદાયાત્રા કરી, મહા નદી ઊતરી ત્યાંથી સાબરમતી નદી તરીને ભીમનાથ નામના મહાદેવ પહોંચ્યા. (૧૨) ત્યારબાદ ગોપનાથ મહાદેવ નામના તીર્થને પામી, પંચતીર્થી કરતા શ્રી નીલકંઠ માંગરોળનગરને પામ્યા. (૧૩) આ પ્રમાણે તીર્થોમાં ભ્રમણ કરતા સદ્ધર્મનું પાલન કરતાં, પોતાના તેજથી તીર્થમાં રહેલા અધર્મોને ઊખેડી નાખતા હતા. (૧૪) સચ્છાસ્ત્રોથી સંમત એવા સંવાદો વડે પાખંડી ગુરુઓનો પરાજય કરી તે પાખંડીઓથી રક્ષણ કરાયેલા મુમુક્ષુજનોને સંસારના બંધનથી મુક્ત કરાવતા હતા. (૧૫) તપ, બ્રહ્મચર્ય વગેરેને નિયમોને પોતે આચરતા થકા, ત્યાગીઓ, તીર્થવાસીઓ તથા અન્ય જનોને તે પ્રમાણે વર્તવાનો ઉપાય શ્રીહરિ બતાવતા હતા. (૧૬) તે શ્રીહરિ એકાંકી, તિતિક્ષુ, શાંત, નિસ્પૃહી, નિષ્પરિગ્રહ અને કૌપિન માત્ર જ જેમનું વસ્ત્ર છે તેવા તથા આસન માટે મૃગચર્મ ધારણ કરનારા અને જટાધારી હતા. (૧૭) બધી ઋતુઓમાં પણ ઢાંક્યા વગરના અંગવાળા, દિવસરાત ગામથી બહાર વૃક્ષ નીચે નિવાસ કરનારા, કોઈ ગામમાં નિવાસ નહિ કરનારા શ્રીહરિ બધાને વર્તનની રીતિ બતાવતા હતા. (૧૮) દરરોજ ત્રણ સમય સ્નાન કરનારા, ત્રણે કાળમાં કૃષ્ણ ભગવાનની પૂજા કરનારા અને પૂજનને અંતે પંચાધ્યાયીનો પાઠ કરતા હતા. (૧૯) દરરોજ ત્રણે સમયે પ્રાણાયામ

કરતા, નાનાવિધ આસનો કરનારા, તથા સખત ઠંડીના સમયે પણ અગ્નિનું સેવન કરતા ન હતા. (૨૦) નિરંતર આત્મસ્વરૂપમાં રહેનારા, પલકારારહિત નેત્રોવાળા, ચામડી અને હાડકાં જ બાકી રહેલ છે જેમના અંગમાં તેવા તથા સ્પષ્ટ ઉઘાડી દેખાતી નાડીઓવાળા, (૨૧) દેહના અનુસંધાન રહિત, તથા રસ્તામાં કાંટાં કાંકરા વગેરેમાં પણ કોઈને માર્ગ પૂછયા સિવાય પાદુકા વગર જ ચાલનારા. (૨૨) ભયંકર એવાં જંગલો અને પર્વતોમાં નિર્ભયપણે ફરનારા તેમને કોઈ પણ સ્થળે સિંહ, વાઘ, રાક્ષસ, પિશાચ વગેરેએ તેમના દેહને કદિ પ્રહાર કરી શક્યા નથી. (૨૩) કોઈક સમયે એકવાર અન્ન જમતા, ક્યારેક ફળ, મૂળ કે પાંદડાં ખાઈને રહેતા, ક્યારેક તો ભોજન વગરના તો ક્યારેક માત્ર જળ પીને દિવસ પસાર કરતા. (૨૪) કેટલાય દિવસ સુધી એકવાર જ વાયુભક્ષણ કરીને રહેતા. વળી કોઈ સમયે માગ્યા વિના જ આપેલું અન્ન હોય તો જ ખાતા અને ક્યારેક કૃચ્છવ્રત-પરાયણ રહેતા. (૨૫) રમણીય પાંચ વિષયોમાં પૂર્ણ વૈરાગ્યવાળા, અને સ્ત્રીઓની તો ગંધ માત્ર પણ નિશ્ચે સહન કરી શકતા ન હતા. (૨૬) બધી એકાદશીઓના દિવસે અને ભગવાનના જન્મદિવસે અન્નની ગંધ પણ નહિ લેનારા, ધીર, ઉર્ધ્વરેતા અને જિતેન્દ્રિય એવા શ્રીહરિ હતા. (૨૭) બીજા કેટલાય તપસ્વી અને ત્યાગીજનો શ્રીહરિને અતિ તપસ્વી જોઈ તેમની જેમ તપવાની તીવ્ર ઈચ્છાથી તેમનો સમાગમ કરવા લાગ્યા. (૨૮) દેહાભિમાનથી ઉત્પન્ન થયેલા શરીરના દુઃખથી પીડા પામેલા તપસ્વી ત્યાગીઓ અને માનીઓ પણ શ્રીહરિની સમીપે રહેવા માટે શક્તિમાન થયા નહિ. (૨૯) તેમાંના કેટલાક તપસ્વીઓ ત્રણ રાત્રિ કે પાંચ રાત્રિ સુધી શ્રીહરિનો સમાગમ કરી પલાયન કરી ગયા તો કેટલાક દશ રાત્રિ સુધી સમાગમ કરી ભાગી ગયા. (૩૦) આ પ્રકારે મનુષ્યોથી દુષ્કર એવા તમોને આચરતા અને વનમાં ફરતા શ્રીહરિને સાત વર્ષ અને એક માસ વીતી ગયો. (૩૧) આ પ્રમાણે શ્રીહરિ વનવિચરણ કરતાં કરતાં વિક્રમ સંવત ૧૮૫૬ના વર્ષમાં સૂર્ય દક્ષિણાયનનો થયો ત્યારે શુક્લ નામના સંવત્સર યોગમાં શ્રાવણ વદ છઠને દિવસે સંગવકાલે (પ્રાતઃકાળમાં) લોજ નામના નગરમાં પહોંચ્યા. (૩૨-૩૩) હે રાજન્ ! વર્ણિવર્ય તે શ્રીહરિ પોતાને પ્રિય દેવ રાધિકાના પતિ, વૃદાવનચન્દ્ર શ્રીકૃષ્ણને પોતાના હૃદયમાં ચિંતન કરતા લોજપુર ગામથી બહાર આવેલી વાવના કિનારે બે ઘડી પર્યંત વિરાજમાન થયા હતા. (૩૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
લોજપુરાગમન નામે પચાસમો અધ્યાય થયો. ॥૫૦॥

●

## અધ્યાય-૫૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યાં (લોજપુરમાં) ઉદ્ધવાવતાર શ્રી રામાનંદમુનિના મુક્તાનંદાદિ પચાસ શિષ્યો રહેતા હતા. (૧) તેમાં સ્નાન માટે આવેલા સુખાનંદ નામના સાધુએ ધ્યાનનિષ્ઠ બનેલા કોઈ અલૌકિક અને વર્ણિવેશ તે શ્રીહરિને જોયા. (૨) પછી તપસ્વીઓમાં શ્રેષ્ઠ નીલકંઠવર્ણીને નમસ્કાર

કરીને સુખાનંદસ્વામી બોલ્યા, ''હે વર્ણિન્ ! તમે ક્યાંથી આવો છો ? અને ક્યાં જવાના છો ?'' (૩)

**શ્રી નીલકંઠવર્ણી બોલ્યા :**

''હું ઉત્તર કૌશલ દેશથી તીર્થોમાં ફરતો હરિઇચ્છાથી અહીં આવેલો છું. તમે કોણ છો ? અને કોના શિષ્ય છો ?'' (૪)

**સુખાનંદસ્વામી બોલ્યા :**

''પૃથ્વી ઉપર ઈશ્વરપણે પ્રસિદ્ધ એવા શ્રીમાન્ રામાનંદસ્વામીના ત્યાગીઓ અને ગૃહસ્થો હજારો શિષ્યો છે. (૫) તેમાં જે ત્યાગીઓ છે તેમાં અગ્રણી મુક્તાનંદ છે તે હું આદિક પચાસ ત્યાગીઓ સાથે અહીં (લોજપુર)માં રહે છે. (૬) હું અહીં સ્નાન કરવા આવેલો તે તપોનિધિ એવા તમને જોઈને યોગીજનોને પણ દર્શનયોગ્ય એવા તમારી સમીપે આવેલો છું. (૭) અમારાથી મોટેરા એવા (મુક્તાનંદસ્વામી) યોગપારને પામેલા છે. તપસ્વી એવા તે કૃષ્ણભક્ત આપના જેવાનાં દર્શનની બહુ ઈચ્છા રાખે છે. (૮) દેહધારીઓને દર્શન યોગ્ય એવા આપના જેવા તપસ્વીઓના સેવન માટે જ સ્વગુરુની આજ્ઞાથી અમે સાધુઓ અહીં રહેલા છીએ. (૯) આથી તપસ્વી એવા તમારે તેમને (મુક્તાનંદસ્વામીને) દર્શન આપવું જોઈએ. તમે જો ત્યાં નહિ આવો તો તેઓ (મુક્તાનંદસ્વામી) જ અહીં આવશે. (૧૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! વર્ણિરાજ શ્રીહરિ આ પ્રકારનું વાક્ય સાંભળીને મુક્તાનંદસ્વામી જેવા યોગીન્દ્રનું દર્શન એ જ તીર્થયાત્રાનું ફળ જાણનારા તે નીલકંઠવર્ણી સુખાનંદને કહેવા લાગ્યા. (૧૧) હે મુને વનમાં રોજ નવા નવા વૃક્ષ નીચે વાસ કરનારો હું ક્યારેય પણ ગામમાં કે નગરમાં પ્રવેશતો નથી. (૧૨) તો પણ તે મુક્તાનંદસ્વામી જેવા યોગીઓનું દર્શન એ જ સર્વ તીર્થો અને તપોનું ફળ છે એમ હું જાણું છું. તેથી તમારી સાથે જ તે મુનિના દર્શન માટે અત્યારે જ આવું છું. (૧૩) આ પ્રમાણે કહીને તે જ ક્ષણે ઊઠી તે સુખાનંદ સ્વામી સાથે તે આશ્રમમાં આવ્યા ત્યારે મુક્તાનંદ સ્વામી આદિ સંતો પણ કેટલાંક ડગલાં સન્મુખ ગમન કરતા હતા. (૧૪) તેઓ (શ્રી નીલકંઠવર્ણી) તેમને (મુક્તાનંદાદિ સંતોને) નમસ્કાર કરી યથાયોગ્ય બેસતા હતા. તે બધાં તો તે શ્રીહરિને જોઈને આશ્ચર્ય પામી ગયા. (૧૫) તે બધાં તો તપના તેજથી દેદીપ્યમાન, મનોનયનાભિરામ એ અતિ શાંતિમૂર્તિ એવા શ્રીહરિને જોઈને બહુ પ્રકારે તર્ક કરવા લાગ્યા. (૧૬) અહો ! બહુ એવા તપસ્વીઓ અને યોગીઓ આપણે જોયા પણ આ પૃથ્વી ઉપર આમના જેવા કોઈ દીઠા પણ નથી અને સાંભળ્યા પણ નથી. (૧૭) ક્યાં ઉગ્ર તપ ? અને ક્યાં આ બાળક્રીડાને ઉચિત અવસ્થા ? તેથી આ કોઈ સાધારણ પુરુષ નથી પણ કોઈક દેવતા છે. (૧૮) શું આ નરાકૃતિરૂપે રહેલ સૂર્ય છે ? ચંદ્ર છે ? અથવા અગ્નિદેવ છે ? કે કાર્તિકસ્વામી અથવા સનતકુમાર છે ? કે શ્રવણ થતા કોઈ નિરન્નમુક્ત છે ? કે સાક્ષાત્ મૂર્તિમાન તપ જ છે ? (૧૯) જે કોઈ હો. પરંતુ આજે આપણે સદ્‌ભાગ્યે તપોનિધિ એવા મુનિને જોયા. આ તપસ્વીની સેવાથી આપણા ઉપર શ્રી રામાનંદસ્વામી ખૂબ ખુશ થશે.

(૨૦) આ પ્રમાણે પરસ્પર બોલતા તે સર્વે સાધુઓ શ્રીહરિની સેવા-પરિચર્યા સુપેરે કરવા લાગ્યા. મુક્તાનંદમુનિ તો સ્વાગત આદિ પૂછીને આતિથ્ય કરવા લાગ્યા. (૨૧) વર્ણિરાજ શ્રીહરિ પણ તે સાધુઓને આ ઘોર કળિકાળમાં પણ જિતેન્દ્રિય, સુશીલ એવા બુદ્ધિપૂર્વક નિશ્ચય કરી પ્રતિદિન સમાગમ કરવા યોગ્ય માનવા લાગ્યા. (૨૨) પછી તે વર્ણીન્દ્ર મુક્તાનંદસ્વામીને સૌના મોટેરા જાણીને તેમના મતનું પરીક્ષણ કરવા જિજ્ઞાસુ જનની પેઠે વિનયપૂર્વક જ પૂછવા લાગ્યા. (૨૩)

**શ્રી નીલકંઠવર્ણી બોલ્યા :**

હે મહામુનિ ! તમે અતિ જ્ઞાનવાળા છો. સંતોમાં પણ તમે માન્ય છો. તેથી હું તમને જે પૂછું તેનો ઉત્તર કરવા માટે તમે યોગ્ય છો. (૨૪) જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના રૂપો પૃથક્ હું જાણવાની ઈચ્છા કરૂં છું આ પાંચેના સ્વરૂપથી જુદા જુદા લક્ષણો તમે કહો. (૨૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે વર્ણિ શ્રીહરિએ આ પ્રમાણે સૂક્ષ્મ પ્રશ્ન પૂછેલા તે (મુક્તાનંદ) મુનિ ગુરુના મુખથી જે સાંભળેલ તે પ્રમાણે તેનો ઉત્તર કરવા લાગ્યા. (૨૬)

**મુક્તાનંદમુનિ બોલ્યા :**

જે સ્થૂલ આદિ ત્રણે શરીરોમાં નખના અગ્ર ભાગથી શિખા પર્યંત વ્યાપીને, ઈન્દ્રિયો અંતઃકરણો વડે વિવિધ ક્રિયાઓ કરે છે. (૨૭) હે બ્રહ્મચારીવર્ય ! તથા જે અજન્મા છે, નિત્ય છે, શાશ્વત છે, નિરંશ છે, પ્રકાશક છે તથા જે અછેદ્યાદિ ગુણોથી યુક્ત તથા જ્ઞેય એવા લક્ષણોવાળો જીવાત્મા કહેલો છે. (૨૮) જે વિરાટ આદિ ત્રણ દેહમાં વ્યાપીને બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરે છે તે સર્વજ્ઞ ઈશ્વરને જાણવા. (૨૯) જે જીવાત્માઓનાં જન્મક્ષેત્રરૂપ છે જે અનાદિ છે, જડચિદાત્મિ છે, જે તમોમયી છે, જે ભગવાનની શક્તિ છે, કાર્યકારણ રૂપિણી છે, જે ત્રિગુણાત્મિકા છે, જે અજા છે, જે અજ્ઞાન નામ કહેવાય છે તેને તમારે માયા જાણવી. જેને ભગવાનના આશ્રિતજનો તરી જાય છે. (૩૦-૩૧) જે (બ્રહ્મસ્વરૂપ), સત્ય, જ્ઞાનસ્વરૂપ એ અનંત છે, પૂર્ણ છે, અખંડ છે, અક્ષર છે અને જે વાસુદેવનું ધામ છે, તે મૂર્ત અને અમૂર્ત કહેવાય છે, જે શુદ્ધ તથા નિત્ય છે, અવિકારી છે, જે માયા વગેરેનું પ્રકાશક છે, વળી તે બ્રહ્મ સર્વના આધારરૂપ છે એમ મારો મત છે. તેને જ બ્રહ્મ જાણો (૩૨-૩૩) વળી જે સ્વતંત્ર છે, સ્વયંપ્રકાશ છે, જે આનંદમયી દિવ્યમૂર્તિવાળાં છે, જે વિષ્ણુ, કૃષ્ણ અને અચ્યુત એવા અવિનાશી છે તે વાસુદેવ નારાયણ છે. (૩૪) જે સર્વજ્ઞ છે, સત્યસંકલ્પ છે, સર્વ કર્મોનું ફળ આપનારા છે, જે અંતર્યામી છે, સર્વ શક્તિઓથી સેવિત છે જે પરમેશ્વર છે. (૩૫) જે સ્વશક્તિ વડે સર્વત્ર વ્યાપીને રહેલા છે અને જે સ્વતઃ સ્વધામમાં વ્યતિરેકપણે રહેલા છે. જે કાળ-માયાના નિયંતા છે, સર્વ કારણના પણ કારણ છે. (૩૬) જે પરમાત્મા કહેવાય છે, તે પરંબ્રહ્મ કહેવાય છે. મોક્ષ મેળવવાની ઈચ્છાવાળા સર્વજનોને જે ઉપાસના કરવા યોગ્ય છે. (૩૭) આ પ્રમાણે મેં ગુરુમુખે સાંભળેલું, મારી બુદ્ધિ પ્રમાણે આપના પ્રશ્નના ઉત્તરરૂપે કહ્યું. એ વ્યાખ્યાનને વિસ્તારથી અમારા ગુરુ રામાનંદસ્વામી જાણે છે. (૩૮)

અને તે રામાનંદસ્વામી તો આ સ્વરૂપો (જીવ-ઈશ્વર આદિ)ને પ્રત્યક્ષ જુએ છે એ પોતાના તેજથી મુમુક્ષુજનોને તે સ્વરૂપોનું પ્રત્યક્ષ દર્શન કરાવે છે. (૩૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ઉદ્ધાવતાર શ્રી રામાનંદમુનિના શિષ્યોમાં અગ્રેસર મુક્તાનંદમુનિ આ પ્રકારે કહીને વિરામ પામ્યા. વર્ણિરાજ શ્રીહરિ પણ આ મુક્તાનંદમુનિનું વચન સાંભળી પ્રસન્ન થઈ ગયા. (૪૦) મુક્તાનંદમુનિ સરળ અને નિષ્કપટ સાધુ છે એમ નિશ્ચય કરી શ્રીહરિ બોલ્યા : હે મુને ! તમે સંશય રહિત યથાર્થ ઉત્તર કર્યો છે. (૪૧) આ અગાઉ (જીવ-ઈશ્વરનું સ્વરૂપ)મેં ઘણા ઘણા શાસ્ત્રવેત્તા પંડિતોને પૂછેલું પણ તેનો ઉત્તર તમે જેવો કર્યો તેવો કોઈએ કર્યો નથી. (૪૨) હે સંતો ! આજે તમારા દર્શનથી મને મહાન્ આનંદ થયો છે. કારણ કે તમે સર્વ શાસ્ત્રમાં કહેલાં લક્ષણોવાળા યથાર્થ મહાન સંતો છો. (૪૩) પછી મુક્તાનંદમુનિ શ્રીહરિ પ્રત્યે બોલ્યા : મેં પણ આ લોજપુરમાં પ્રસિદ્ધ એવા હજારો તપસ્વીઓ જોયા પણ તમારા જેવો કોઈ નથી જોયો. (૪૪) હે યોગીન્દ્ર ! આ રીતનો પ્રશ્ન કરવામાં અને તેનો ઉત્તર જાણવામાં પણ અત્યારે તો તમારી જ બુદ્ધિ સર્વોપરીપણે વર્તે છે. (૪૫) નીલકંઠવર્ણિ તે સંતોને સાધુલક્ષણે સંપન્ન જાણી તે સાધુઓ વડે યથાયોગ્ય સેવન કરાતા ત્યાં જ કેટલાક દિવસ નિવાસ કરીને રહ્યા. (૪૬) બુદ્ધિમાન કોઈ પણ જન બ્રહ્મવિદ્યાના પ્રાકૃત કે સંસ્કૃત ભાષામાં પ્રશ્નોત્તરમાં તે શ્રીહરિને ઉલ્લંઘી શકતો ન હતો. (૪૭) તે વિચક્ષણ સંતો પણ શ્રીહરિની અતિમાનુષી બુદ્ધિ જોઈને તે શ્રીહરિમાં આ કોઈ સાધારણ મનુષ્ય છે એવી નરબુદ્ધિ તો ન જ કરતા હતા. (૪૮) વર્ણિવેશ તે શ્રીહરિનો પાર જેમણે પ્રાપ્ત કર્યો નથી એવા તે સર્વે તો (આ માનવ છે કે ઈશ્વર છે) એવા આશ્ચર્યપૂર્વક મનુષ્યમૂર્તિ ભગવાનની સેવા કરવા લાગ્યા. (૪૯) હે ભૂપાલ ! તે શ્રીહરિ અતિભાવપૂર્વક મનોહર અને અતિ પવિત્ર એવી રાસેશ્વરી રાધાના પ્રાણપતિ શ્રીકૃષ્ણ ભગવાન સંબંધી કથાઓ નિત્ય સાંભળતા અને ઈન્દ્રિયોને નિયમમાં કરવાપૂર્વક ત્યાં તપ કરતા હતા. (૫૦)

ઈતિશ્રી સત્સંગિજિવનમાં, નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
મુક્તાનંદાદિ સાધુસમાગમ નામનો એકાવનમો અધ્યાય થયો. ॥૫૧॥

●

## અધ્યાય-૫૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે સાધુઓ તો વર્ણી એવા તે શ્રીહરિની સદા ભગવદ્સ્વરૂપ ધ્યાનમાં દૃષ્ટિની સ્થિરતાને જોતા અતિ આશ્ચર્ય પામ્યા. તેમાં મુક્તાનંદ સ્વામી શ્રીહરિને કહેવા લાગ્યા. (૧) હે વર્ણિસત્તમ ! અમે સર્વ કાળમાં તમારાં નેત્રોની સ્થિરતાને જોઈએ છીએ. તમે કયા દેવતાનું ધ્યાન ધરો છો તે તમે અમને કહેવા યોગ્ય છો. (૨) શ્રી નીલકંઠવર્ણી બોલ્યા : હે નિષ્પાપ ! સત્શાસ્ત્રોથી સંમત, અને સર્વના ઈશ્વર તથા શ્રીરાધિકાપતિ કૃષ્ણ છે તે જ મારા ઈષ્ટદેવ છે. (૩) જે બ્રહ્મા, ધર્મ,

શિવ વગેરે દેવોના પણ દેવ છે. જે વરાહ આદિ અવતારોના ધરનારા છે. જે કૃષ્ણ પરંબ્રહ્મ છે. (૪) હે મુને ! હું તે શ્રીકૃષ્ણનું નિત્ય ધ્યાન ધરું છું, નિત્ય પૂજા કરું છું, નિત્ય કીર્તન કરું છું. જે નામ કળિયુગમાં સર્વ પ્રાણીઓનો ઉદ્ધાર કરનારું છે એમ કહેવાય છે. (૫) સંસારમાં ભ્રમણ કરતા અને સ્વકર્મથી દુઃખિત એવા પુરુષોને આ કળિયુગમાં એક શ્રીકૃષ્ણ વિના બીજી કોઈ ગતિ જ નથી. (૬) શોભાવિશિષ્ટ અને ગવેન્દ્ર એવા આ શ્રીકૃષ્ણના ચરણકમળ વિના બીજી કોઈ પણ વસ્તુમાં મારે રજમાત્ર પણ પ્રીતિ સર્વ પ્રકારે નથી જ. (૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રમાણે તે શ્રીહરિને કહેતા સાંભળીને તેમને મહાબુદ્ધિવાળા કૃષ્ણભક્ત જાણી પ્રસન્ન થયેલા અને જેમને ભગવદ્ ભક્તો પ્રિય છે એવા મુક્તાનંદમુનિ કહેવા લાગ્યા. (૮)

**મુક્તાનંદમુનિ બોલ્યા :**

હાલમાં પૃથ્વી ઉપર અમે બધા શ્રીકૃષ્ણને જ ભજીએ છીએ. સદ્‌ગુરુની કૃપાથી તે શ્રીકૃષ્ણને હૃદયમાં જોઈએ પણ છીએ. (૯) લોકમાં સ્વયં ઉદ્ધવજી રામાનંદ નામથી પ્રસિદ્ધ છે, મોક્ષની ઈચ્છાવાળા જનોને આશ્રય કરવા યોગ્ય તે રામાનંદમુનિ અમારા સદ્‌ગુરુ છે. (૧૦) તેઓ જેમના પર કૃપા કરે છે તે સમાધિમાં ગોલોક ધામમાં અખંડ રાસલીલામાં રમમાણ મુરલીધારી શ્રીકૃષ્ણને જુએ છે. (૧૧) વળી હે બ્રહ્મન્ ! જે કોઈ તમારા જેવા ભક્તિ, ધર્મ અને તપથી યુક્ત છે તેમને તો શ્રીકૃષ્ણ ગુરુકૃપાને વશ થઈને પ્રત્યક્ષ દર્શન આપે છે. (૧૨) અમે તે રામાનંદમુનિને શ્રીકૃષ્ણથી ભિન્ન જોતા નથી. આ લોકોમાં જનોના કલ્યાણ માટે શ્રી રામાનંદસ્વામી રૂપે શ્રીકૃષ્ણ જ વર્તે છે. (૧૩) પૃથ્વી પર તે ઉદ્ધવજીને આત્મતુલ્ય જાણતા સ્વયં કૃષ્ણે મુમુક્ષ જીવોનું ગુરુપદ તે ઉદ્ધવજીમાં જ ધારણ કર્યું છે. (૧૪) હે બ્રહ્મન્ ! માટે વર્તમાનકાળમાં ગુરુપદ તે ઉદ્ધવજી સિવાય બીજે ક્યાંય નથી. અહીં તમે શ્રીમદ્ ભાગવતના (ચોથા અધ્યાયના) બે શ્લોકો સાંભળો. (૧૫) હમણાં મૃત્યુલોકથી મારા આશ્રયવાળું, મારામાં રહેલું જ્ઞાન આત્મનિષ્ઠામાં શ્રેષ્ઠ એવા ઉદ્ધવજી સાક્ષાત્ પ્રાપ્ત કરવા યોગ્ય છે. (૧૬) અને ઉદ્ધવ અણુમાત્ર પણ મારાથી ન્યૂન નથી કારણ કે તે ગુણોથી પીડિત નથી તેથી લોકોને મારા સ્વરૂપવિષયક જ્ઞાન ગ્રહણ કરાવવા અહીં (ભૂમિ ઉપર) રહો. (૧૭) આ પ્રકારે સ્વયં શ્રીકૃષ્ણ ભગવાને કહેલું તેથી હે નિષ્પાપ નીલકંઠવર્ણી ! અહીં અમે તે શ્રી રામાનંદસ્વામીના આશ્રિતો છીએ. તેથી જ તેમની આજ્ઞાથી કૃષ્ણનું ભજન કરીએ છીએ : (૧૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરેશ્વર ! આ પ્રમાણે મુક્તાનંદ મુનિનું વચન સાંભળતાં વર્ણિવેષ શ્રી હરિને પૂર્વે પિતાએ કહેલ રામાનંદસ્વામિના ગુરુપણાનું સ્મરણ થઈ આવ્યું. (૧૯) પછી શ્રી હરિ સેવા વડે રામાનંદસ્વામીની કૃપા સંપાદન કરી પ્રત્યક્ષ કૃષ્ણદર્શન કરવાના ઉત્સાહવાળા થયા (૨૦) પછી તે મુક્તાનંદસ્વામીને પ્રણામ કરી બોલ્યા : હે સન્મતે ! હું પણ તમારો જ છું. તેથી જેમ મારું હિત થાય તેમ મને ઉપદેશ કરો. (૨૧) અને મને શ્રી રામાનંદમુનિનાં દર્શન જલ્દી થાય તેમ કરો. આ પ્રમાણે

કહી સંક્ષેપથી શ્રી હરિ પોતાનું જન્મકર્માદિ વૃત્તાંત કહેવા લાગ્યા. (૨૨) ત્યારપછી સાધુઓમાં અગ્રેસર મુક્તાનંદમુનિ બ્રહ્મણ જન્મને અલંકાર કરતાં શ્રી હરિને આદર કરતા કહેવા લાગ્યા કે તમે ધન્ય છો. કારણ કે તમે મનુષ્ય જન્મને શ્રી રામાનંદમુનિના દર્શન વડે સાર્થક કરો છો (૨૩) સદ્‌ગુરુ સ્વામી હાલમાં તો ભૂજનગરમાં વસે છે તે પાછા બે ત્રણ મહિને અહીં ચોક્કસ આવશે. (૨૪) તે સ્વામીના દર્શનની ઈચ્છા હોય તો સર્વ પ્રકારે અમારા વચનમાં વિશ્વાસ કરી (જ્યાં સુધી રામાનંદસ્વામીનું આગમન થાય ) ત્યાં સુધી અહીં બ્રહ્મચારીઓની જેમ તમે નિવાસ કરો. (૨૫) હે રાજન્ ! પછી સંતોએ આદર કરેલા શ્રી હરિ તે રામાનંદમુનિના આગમનની રાહ જોઈને સ્વધર્મનું પાલન કરતા ત્યાં રહ્યા. (૨૬) પછી શ્રીહરિ નિર્માનીપણે ત્યાં રહેતા સંતો એ વર્ણીઓની પતરાળા બનાવવા ખાખરાના પાન લાવી આપવા. રસોઈ કરવી વગેરે વડે સેવન કરવા લાગ્યા. (૨૭) શ્રી હરિ માંદા સંતોની સેવા, સદન્ન ઔષધ બનાવવું પાણી આપવું, પગ દબાવવા વગેરે સેવા હર્ષપૂર્વક કરવા લાગ્યા. (૨૮) તે શ્રી હરિના સદ્‌ગુણો જોઈને તે સર્વે સંતો સ્વગુરુ રામાનંદમુનિની જેમ જ તે શ્રી હરિમાં જેમનું ચિત્ત લાગી ગયું છે એવા થઈ ગયા. (૨૯) ઉદ્ધવાવતાર શ્રી રામાનંદમુનિના દર્શનમાં ઉત્સાહયુક્ત મનવાળા શ્રી હરિ ધર્મ અને ભક્તિનો ત્યાગ નહિ કરતા અને સંતોનું સેવન કરતા નિત્ય આકરું તપ આચરતા હતા. (૩૦) ગ્રીષ્મ ઋતુના અંતે વરસાદની ધારાઓને સહન કરતા, હિમઋતુમાં જળમાં આકંઠ મગ્ન રહેનારા અને ગ્રીષ્મ સમયમાં પંચાગ્નિ તાપનારા આ પ્રમાણે ઉગ્ર તપવાળા શ્રી હરિ ત્યાં વસતા તપસ્વી એવા ત્યાંના સંતોને વિસ્મય પમાડતા હતા. (૩૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં ધર્મશાસ્ત્રમાં નારાયણચરિત્રમાં પ્રથમ પ્રકરણમાં
રામાનંદસ્વામી ગુરુત્વનિરૂપણ નામે બાવનમો અધ્યાય થયો ॥૫૨॥

●

## અધ્યાય-૫૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજેન્દ્ર ! ત્યાં (લોજપુરમાં) સંતમંડળમાં શ્રી હરિ નિવાસ કરતાં કરતાં ચૈત્રી માસ વીતી ગયો તોપણ ત્યાં રામાનંદમુનિ ન જ આવ્યા. (૧) ત્યારબાદ અતિશય ચિંતાથી ખેદ પામેલા અને તે મુનિના દર્શનની ઈચ્છાથી જેમનું અંતઃકરણ ખેંચાય છે તેવા શ્રીહરિ નિરાશ થઈ ગયા અને ભુજનગર તરફ જવાની ઈચ્છા કરવા લાગ્યા. (૨) પછી શ્રી રામાનંદમુનિના દર્શન માટે અતિ ઉત્કંઠાવાળા વર્ણિરાજ શ્રીહરિ સંતોમાં અગ્રગણ્ય મુક્તાનંદમુનિને પ્રણામ કરી આ પ્રમાણે વચન બોલ્યા : (૩) ‘હે મહામુને ! પૂર્વે તમે કહેલ માસ-મર્યાદા વીતી ગયા હોવા છતાં ભક્તવત્સલ અમારા સ્વામી શ્રી રામાનંદમુનિ કેમ ન આવ્યા ? (૪) તેમના આગમનમાં અટકાવ કરવામાં મારું જ કોઈ અદૃષ્ટ હશે કે શું ? નહિતો સ્વતંત્ર એવા જગદ્‌ગુરુ શ્રી રામાનંદમુનિ કેમ ન આવે ? (૫) હે મુને ! હું જ હમણાં તેમના હવે તેમના સમીપે જઈશ તો મને તમે ભુજનગર જવાની આજ્ઞા

આપો. (૬) આ પ્રકારનું વાક્ય સાંભળી ઉત્તમ બુદ્ધિવાળા મુક્તાનંદ મુનિ ભુજનગર જવા તૈયાર થયેલા શ્રીહરિને સુંદર વચનો વડે રાજી કરતા કહેવા લાગ્યા. (૭) રામાનંદમુનિ તો વૈશાખ વદમાં જરૂર આવશે જ. ત્યારે જ તમે તેમનું દર્શન કરજો. (૮) હે તપસ્વીવર્ય ! હાલમાં તપથી કૃશ થયેલા અંગવાળા તમે જવાને શક્તિમાન નથી તેથી તમે અહીં જ સ્વસ્થ ચિત્તવાળા થઈ નિવાસ કરો. (૯) અને તે ભુજપુરી તો અહીંથી ઘણી જ દૂર છે. વચ્ચે મુશ્કેલીથી ઊતરી શકાય તેવી સમુદ્રખાડી છે. તેથી હાલ અહીં જ સંતમંડળમાં તમે નિવાસ કરો. (૧૦) તમે જરા પણ મનમાં ખેદ કરશો નહિ, હું હાલ જ તમારું વૃત્તાંત લખીને સ્વામી પર પત્ર મોકલીશ (૧૧) હે બુદ્ધિવાળાઓમાં શ્રેષ્ઠ ! તેમના ઉત્તરને અનુરૂપ તમોએ જવાનો વિચાર કરવો. તેથી હાલમાં તો ઉતાવળ કરશો નહિ. (૧૨) હે નિષ્પાપ ! તે સ્વામીની આજ્ઞા વિના તેમની સમીપે તમારું ગમન ઈચ્છિત સુખને આપનારું નહિ થાય તેથી અત્યારે તમે ન જાઓ. (૧૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ રીતે મુક્તાનંદમુનિએ આશ્વાસન આપેલા વર્ણિરાજ શ્રીહરિ ત્યાં જ નિવાસ કરીને રહ્યા અને મુક્તાનંદમુનિ એકાન્તસ્થળે બેસીને શ્રી રામાનંદમુનિ ઉપર પત્ર લખવા લાગ્યા. (૧૪) સ્વસ્તિ, શોભાવાળા, અનેક સદ્‌ગુણ સમૂહથી યુક્ત નિત્ય મહાસિદ્ધિઓથી અને નાના પ્રકારની શક્તિઓથી પ્રતિદિન સેવન કરાતા છે ચરણકમળ જેમના, અને સદ્‌ભક્તોથી સ્તુતિ કરાતા, અને સ્વેચ્છાથી જેમણે મનુષ્યદેહ ધારણ કરેલો છે તેમ જ સમર્થ અને ભુજનગરવાસી ભક્તજનોને હાલમાં ત્યાં રહી આનંદ આપનાર સદ્‌ગુરુ શ્રી રામાનંદસ્વામી એવા તમને હું મુકતાનંદ નમસ્કાર કરું છું. (૧૫) હે પ્રભો ! અહીં તમારી જ કૃપાથી તમારા ચરણકમળમાં મનવાળા તમારા સેવક એવા અમને સુખશાંતિ છે. હવે તમારા કુશળ સમાચાર લખશો. અહીં લોજનગરમાં અમે બધા જ તમારી આજ્ઞામાં વર્તીએ છીએ. પત્ર મોકલવાનું જે કારણ છે તે તમારે આદરપૂર્વક સાંભળવા યોગ્ય છે. (૧૬) અહીં કોશલ દેશથી કોઈ મહામુનિવર્ય અહીં આવેલા છે. આ મુનિવર્ય તપશ્ચર્યાથી થયેલી કૃશતાને લીધે સ્પષ્ટ બહાર ઉઘાડી દેખાતી નાડીમાત્રથી વ્યાપ્ત શરીરવાળા છે છતાં સર્વોત્તમ કાંતિવાળા વર્તે છે અને સાક્ષાત્ મૂર્તિમાન તપ હોય ને શું ? એવા જણાય છે ! (૧૭) નીલકંઠ શંકર સમાન ખૂબ વૈરાગ્યવાળા, નીલકંઠ કહેતા મયૂરના મિત્ર મેઘ સમાન સર્વ માનવોએ પ્રાર્થના કરવા યોગ્ય, નીલકંઠના શત્રુ કામદેવના ગર્વને હરનારા નેત્રોવાળા તે મુનિ નીલકંઠ નામથી પ્રખ્યાત છે. (૧૮) વળી તે મુનિ બ્રહ્મચારી સમાન વેષવાળા સ્વસ્વરૂપ અને પરબ્રહ્મ સ્વરૂપમાં નિરંતર સ્થિતિને પામેલા નિર્નિમેષ નયનોવાળા, સ્થિર અવયવોવાળા નિષ્પરિગ્રહ અને ઉદાર મતિવાળા છે. (૧૯) તથા તે મુનિ કિશોર અવસ્થાના અંતને પામેલા પવિત્ર તીર્થ સેવનમાં કુશળ, ઝીણા-વાંકડિયા-કોમળ-ટૂંકા કેશવાળા, અને સ્પષ્ટ, કોમળ અને મનોહર વાણીવાળા છે. (૨૦) તથા તે વર્ણિ સ્ત્રીસંબંધી ગંધને પણ સહન કરવામાં અશક્ત, મન-મત્સર રહિત ચિત્તવાળા છે. હૃદયમાં તો એક શ્રીકૃષ્ણને છોડી બીજી કોઈપણ વસ્તુની સ્પૃહા કરતા નથી. (૨૧) વળી જીર્ણ

વલ્કલ અને મૃગચર્મના વસ્ત્રોવાળા હાથમાં તુલસીમાળા રાખનારા, સરળ ક્રિયાવાળા અને મુનિઓને (જ્ઞાન-વૈરાગ્ય વગેરે) ધર્મો શિખવાડતા, અહીં રહેલાં અમે મુનિઓના શિષ્ય થઈને રહ્યા છે. (૨૨) ક્યારેક રસ વગરનું થોડું અન્ન ખાય છે, ક્યારેક કોઈક ફળ અથવા તો પાંદડાં ખાય છે. ક્યારેક તો જળમાત્ર પીવે છે તો ક્યારેક કેવળ વાયુભક્ષણ કરીને જ રહે છે. (૨૩) આ મુનિ કેટલાક દિવસો સુધી ભિક્ષા માગેલું અન્ન જ જમે છે. ક્યારેક યાચના કર્યા વગર જ પામેલું જમે છે. ક્યારેક નક્તકાળમાં ભોજન કરે છે. ક્યારેક ત્રીજા દિવસે જમે છે. આમ તે મુનિ મનુષ્યોથી ન બની શકે તેવું દુષ્કર તપ કરે છે. (૨૪) અને છ એ ઋતુમાં આ વર્ણિને વૃક્ષ નીચે જ વાસ પ્રિય છે તે નિશ્ચિત છે. અને આ મુનિ મહેલમાં વાસ કરવો તેને પોતાના અંતઃકરણમાં જેલ સમાન માને છે. (૨૫) અને ગ્રીષ્મ ઋતુમાં બહુધા પંચાગ્નિનું સેવન કરે છે, વર્ષાકાળે બહાર વેદિકા ઉપર સૂઈ જાય છે, અને શિશિર ઋતુમાં ઠંડા જળમાં નિરંતર નિવાસ કરી પોતાના શરીરને સૂકવી નાખે છે. (૨૬) આ મુનિની બાલક્રીડાને ઉચિત એવી બાલ્યાવસ્થા ક્યાં ? એન (યોગીજનોને) દુર્લભ એવી ઉત્તમ સિદ્ધદશા કયાં ? આ મુનિમાં તે બંને જોઈને બહુ પ્રકારના સંશયો થાય છે. (૨૭) અને આ મુનિના નિર્મળ તપોમય તેજમાં આમારી ઉગ્ર તપશ્ચર્યાઓની ક્રાંતિઓ તો આકાશના મધ્યે હાલ રહેલ સૂર્યની ક્રાંતિ આગળ દીવાઓની ક્રાંતિના સમાનપણાને પામી જાય છે. (૨૮) અને જે સકલ યોગકળાને જાણનારો હોય તે પણ આ મુનિ આગળ શિષ્ય પદવીને અનુસરે છે. કોઈપણ મનુષ્ય આ મુનિને પોતાનું કંઈપણ કુશળપણું પ્રકાશિત કરવા સમર્થ થતો નથી. (૨૯) અને આ મુનિએ સદ્‌ગુરુ પાસેથી શાસ્ત્રસમૂહનું જ્ઞાન કેટલું મેળવ્યું છે તેનો નિર્ણય અહીં કરી શકે તેવો અમારામાંથી કોઈપણ દેખાતો નથી. (૩૦) અને મુનિ સભામાં એક નાનકડો પ્રશ્ન કરે ત્યારે મોટા વિદ્વાન પુરુષોની બુદ્ધિ જાણે કે કુંઠિત થઈ ગઈ હોય તેમ પ્રત્યુત્તર આપવામાં તેમની તર્કશક્તિ ક્ષીણ થઈ જાય છે અને સભામાં શૂન્યભાવને પામી જાય છે. (૩૧) અને આ મુનિ શાસ્ત્રને જાણનારા પંડિતે પણ કોઈપણ સંશયને પૂછતાં જ તમારી જેમ જ જલદીથી યુક્તિથી, બહુવિધ પ્રત્યુત્તરોથી શમાવી દે છે. આથી "આ તો કોઈ પ્રભુ છે કે શું ?" આમ ભ્રમ થાય છે . (૩૨) ધ્યાનમાં રહેલા તેથી સુસ્થિર આસન ઉપર દૃઢ સ્થિતિવાળા - સાધુઓનું મન ક્યારેક બહાર જાય છે ત્યારે તેમના અંતઃકરણના સાક્ષી હોય તેમ આ મુનિ જાણી જાય છે. (૩૩) અને આ વર્ણિનું (હૃદય તો) દુર્જન પુરુષના તીક્ષ્ણ વચનરૂપી બાણસમૂહોથી ભેદાતું નથી. કારણ કે તે હૃદય અતિ ગાઢ ક્ષમાથી વ્યાપ્ત વજ્રની માફક દૃઢતાને પામેલું છે. (૩૪) અન્ય જનોના દુઃખના એક લેશ માત્રના દર્શનથી જ દ્રવીભૂત થતાં એવા મુનિના હૃદયની કોમળતાની એક કણિકાને પણ કમળનાળ, માખણ અને શિરીષ પુષ્પોએ શું પ્રાપ્ત કરી શકાય છે ? (૩૫) અને સંપુર્ણ સાધુતા તો આ મુનિવરમાં અમને અમારી દૃષ્ટિથી જેવી જોવામાં આવે છે તેવી તો જનસમૂહના ગુરુ એવા એક તમારા સિવાય બીજા કોઈપણ ઋષિમુનિમાં પણ સાંભળી નથી એ નિશ્ચય વાત છે. (૩૬) આ મુનિ સંબંધી સર્વ ચરિત્રને જોઈ મારા ચિત્તમાં એમ પણ ભાસે છે કે અમારી બુદ્ધિની દૃઢતાની પરીક્ષા કરવા તમે અહીં આવ્યા

છો કે શું ? (૩૭) આ મુનિ તમારા દર્શનમાં ઉત્સુક મનવાળા તેથી તમારા સમીપે આવવા ઉદ્યત છે તોપણ મેં રોક્યા છે. હું હાલમાં તેમને તમારી સમીપે મોકલું કે નહિ એ સર્વ તમારે લખવું. (૩૮) આ પ્રમાણે સૂચના હેતુથી જ આ પત્ર મેં યથામતિ લખ્યો છે તે જોઈ વાંચી તેનો ઉત્તર જેમ બને તેમ જલ્દી લખજો. (૩૯) હે પ્રભો ! સુજ્ઞ પુરુષો ઉપર અતિ અધિક લખવાથી શું ? તેથી મેં આટલું જ લખેલું છે. મારા ઉપર તમારે સદા કૃપા કરવી જોઈએ. (૪૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે પત્ર લખી પછી મુક્તાનંદમુનિએ વર્ણિરાજ શ્રીહરિને કહ્યું કે મેં સ્વામીને પત્ર લખ્યો છે; તમે પણ લખો (૪૧) પ્રભુ એવા શ્રી રામાનંદમુનિ તમારો પત્ર જોઈ જલ્દીથી આવશે. આ પ્રમાણે તે મુક્તાનંદમુનિ વડે કહેવાયેલા, ઉત્તમ બુદ્ધિવાળા શ્રીહરિ પણ પત્રિકા લખવા લાગ્યા. (૪૨) હે રાજન્ ! તે શ્રીહરિને તો એકાંત સ્થળમાં બેસીને પોતાના સાથળ ઉપર રાખેલા પાટિયા પર લખવાનો પત્ર મૂકીને, જમણા હાથમાં કલમ ગ્રહણ કરીને, ડોકને સહેજ નમાવીને ઉત્તમ અક્ષરોએ પત્ર લખવા લાગ્યા (૪૩)

ઈતિશ્રી સંત્સંગિજીવનમાં ધર્મશાસ્ત્રમાં નારાયણ ચરિત્રમાં પ્રથમ પ્રકરણમાં
મુક્તાનંદ લિખિત પત્રિકા નિરૂપણ નામે ત્રેપનમો અધ્યાય થયો ॥૫૩॥

●

## અધ્યાય-૫૪

**સુવ્રતમુનિ બોલ્યાઃ**

હે નૃપતે ! વર્ણીન્દ્ર એવા શ્રીહરિ પોતાના ભાવથી ગર્ભિત એવી પત્રિકાને જેમ લખતા હતા તેમ હું તમને કહું છું તે શાંતિથી સાંભળો : (૧) સ્વસ્તિ, લક્ષ્મીથી સુશોભિત એવા ભુજનગરમાં રાજાધિરાજની જેમ શોભા વડે જેમના ચરણકમળ સેવાયેલા છે અને અનેક સદ્ગુણરૂપી મનોહર મહામણિઓથી જેમણે વેશ રચેલો છે, અને સાધુપુરુષોના ગુરુ તથા પોતાની દૃષ્ટિ માત્રથી જેમણે સર્વ ભક્તોનો ભય ખેંચી લીધેલો છે એવા ઉદાર કીર્તિવાળા પૃથ્વી પર શ્રી કૃષ્ણભક્તિને ખૂબ જ વિસ્તારતા વિજય પામો છો. (૨) હે સ્વામિન્ ! તમે સાક્ષાત્ ઉદ્ધવ, પ્રાણીઓના કલ્યાણ માટે,ધર્મની રક્ષા માટે અયોધ્યાપુરમાં અજય નામના વિપ્રથી સુમતિ નામના ભાર્યામાં જન્મેલા છો. તે તમને જ અનેકવાર પૃથ્વી ઉપર પડી, નમસ્કાર કરી, જેના તમે એક જ શરણ છો એવો હું નીલકંઠ નામનો બ્રાહ્મણ વિજ્ઞપ્તિ કરું છું. (૩) હે વિભો ! પોતાના સંબંધીજનોનો તથા કોશલ નામના પોતાના દેશનો પણ ત્યાગ કરી હું તીર્થોમાં ફરતો ફરતો અહીં લોજપુરમાં તમારા આશ્રિત સંતોની સંગાથે રહ્યો છું. (૪) અને હું આ જન્મમાં જ પ્રત્યક્ષ ભગવાનના દર્શનની સ્પૃહાથી દરવર્ષે વર્ષાઋતુમાં ચાતુર્માસ સુધી આદરપૂર્વક તે વ્રતને કરું છું જે વ્રતને ધારણાપારણાવ્રત કહેવામાં આવે છે. (૫) હે વિભો ! તેથી કાર્તિક માસમાં આખો મહિનો ઉપવાસ કરું છું અથવા કોઈક માસમાં કૃચ્છ્વ્રત કરું છું અને માઘ માસમાં ચાંદ્રાયણવ્રત કરું છું તથા પારાક કૃચ્છ્વ્રત કરું છું. (૬) હું

ભગવાનની પ્રસન્નતા માટે વ્રતોમાં મુખ્ય એવું એકાદશીવ્રત નિત્ય કરું છું છતાં દેહદુઃખ તો મારા ચિત્તમાં જરાપણ ગણતો જ નથી. (૭) હે અતુલ પ્રતાપવાળા મનિવર્ય ! ઇન્દ્રિયો સંબંધી શબ્દાદિ પંચ વિષયોનો ત્યાગ કરીને મેં મારા શરીરને તપે કરીને રુધિર માંસ જેમાંથી સુકાઈ ગયું છે અને ચામડી તથા હાડપિંજર માત્ર બાકી રહેલું છે, એવું મે કરી દીધું છે. (૮) અને મારા પ્રાણો તોએક તમારા દર્શનની આશારૂપી અમૃતવેલનું અવલંબન કરીને આ દેહમાં ચાલી રહ્યા છે. અન્નરહિત શરીરમાંથી ચાલ્યા જવાની ઈચ્છાવાળા તે પ્રાણોને તમારા દર્શનની આશારૂપ અમૃતવેલ સિવાય અન્ય અવલંબન નથી. (૯) અન્નમય પ્રાણવાળા આ કળિયુગમાં અન્નભક્ષણ રહિત આ મારા દેહમાંના હાડપિંજરમાં રહેલા મારા પ્રાણો જનોને કળિયુગમાં સત્યયુગનો ભ્રમ કરે છે. (૧૦) હે વિભો ! અષ્ટાંગયોગના અભ્યાસથી સંપાદન કરેલ ઐશ્વર્યના બળથી મારે દેહ સંબંધી સર્વ ક્રિયાઓ થાય છે એમ જાણી તમે કૃષ્ણભક્ત એવા મારા ઉપર કૃપા કરો. (૧૧) મારા પિતા અને માતા, સ્વામી અને બંધુ, ગુરુ અને મિત્ર તે શ્રીકૃષ્ણ જ છે. અને તે શ્રીકૃષ્ણમાં મારે સંપૂર્ણ સ્નેહાતિશય છે. બીજામાં સ્નેહ તો જો કૃષ્ણભક્ત હોય તો જ થાય છે. (૧૨) અને મારી પાંચ ઈન્દ્રિયોના વિષયભોગના પ્રદાતા પોતાના મિત્રવર્ગની પણ જો શ્રીકૃષ્ણમાં પ્રીતિ ન હોય તો તેમને પણ શત્રુની પેઠે તે જ ક્ષણે ત્યાગી દઉં. (૧૩) અને સ્નેહથી મારું પોષણ કરનારા પિતા, માતા અને સગાભાઈને પણ જો શ્રીકૃષ્ણભક્તિથી પરામુખ ક્યારેક પણ હું જોઉં તો તરત જ ત્યાગ કરી દઉં તો પછી બીજા બંધુજનોનો તો ત્યાગ કરું જ એમાં શું ? (૧૪) જો પોતાના બંધુવર્ગના ત્યાગમાં દોષ લાગે એમ જો તમે કહો તો ઘણા પ્રાચીન ભક્તો પણ તેમની ભક્તિરહિત બંધુજનોનો ત્યાગ કરેલો છે એમ હું કહું છું. (૧૫) જેમકે વિભીષણે પોતાના ભાઈનો ત્યાગ કર્યો, ભરતજીએ પોતાની માતાનો ત્યાગ કર્યો હતો તેમ જ વિદુરજીએ પણ પોતાના કુળનો ત્યાગ કર્યો હતો અને ઋષિપત્નીઓએ પોતાના પતિ વગેરેનો ત્યાગ કર્યો હતો. (૧૬) કૃષ્ણસંગનો નિષેધ કરનારા પોતાના પતિઓનો ગોપિકાઓએ ત્યાગ કર્યો હતો અને અંગરાજા પણ કષ્ટથી પ્રાપ્ત થયેલા પુત્ર વેનનો ત્યાગ કરી વનમાં ચાલ્યા ગયા હતા. (૧૭) હે વિભો ! ઈત્યાદિ ભગવદ્દભક્તિ રહિત સ્વજનોનો ત્યાગ કરનારા અનેક અહીં છે અને તેમની અપકીર્તિ ક્યાંય પણ થઈ નથી. લોકમાં અને શાસ્ત્રમાં તો તેઓ કીર્તિ જ પામેલ છે. (૧૮) હે ઈશ ! સાધુજનોનો આવો વર્તન માર્ગ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. તેથી હું કૃષ્ણ એ કૃષ્ણભક્તોમાં મુક્તિના કારણરૂપ પરમપ્રેમ કરું છું. બીજા કોઈપણ પદાર્થમાં પ્રેમ કરતો નથી. (૧૯) અને અહીં જે નિવૃતિધર્મી તમારા ભક્તો (સંતો) છે તે તો મારા પૂજનીય છે. પરત્યાદિ માહત્મ્યયુકત ભક્તિ અને જ્ઞાનવાળા આ સંતો જ મારું સર્વસ્વ છે. (૨૦) આ લોકમાં પોતાને ભગવાનમાં ભક્તિ નથી અને ભક્તજનોનો સંગ નથી તેમને તો હું ગધેડા, કૂતરા અને બળદ જેવા જાણુ છું અને તેમના દર્શનમાત્રથી પણ અપરાધ થાય છે. (૨૧) હે વિભો ! આ લોકમાં જેઓ વિષય સંબંધી સુખમાં આસક્ત તેથી જ નિદ્રા, ભય, ક્રોધ આદિ ષડૂર્મિઓથી યુક્ત થાય છે. તે મનુષ્યો અને પશુઓમાં હું જરાપણ ભેદ જોતો નથી. (૨૨) હે ઈશ ! સ્વર્ગમાં રહેલા દેવો

મનુષ્યજન્મની પ્રશંસા કરે છે તે તેમાં વિષયભોગની અધિક સંભાવનાથી નહિ કેમ કે ભગવદ્ ભક્તિયુક્ત મનુષ્ય જન્મ જ દેવપ્રશંસાને યોગ્ય છે એમ હું જાણું છું. (૨૩) જે ઉત્તમ કુળ, રૂપ, કીર્તિ નાના પ્રકારના ગુણ, ઐશ્વર્યથી યુક્ત હોય પણ તે ભગવાનની ભક્તિથી રહિત હોય તો તે નરને હું દેખાવથી રમણીય લાગતા અને અંદરથી ઝેર ભરેલા એવા ઈન્દ્રામણાના ફળતુલ્ય જોઉં છું. (૨૪) તે ભગવાનની ભક્તિરૂપ ગુણ અલ્પ જેટલો હોય તોપણ મનુષ્યોનાં બીજા બધા ગુણોને ગ્રહણ કરવા યોગ્ય કરે છે. જેમ સારી રીતે સંસ્કારાયેલા શાકને (થોડું પણ) મીઠું જેમ ગ્રહણ કરવાયોગ્ય કરે છે તેમ (૨૫) તે ભગવાનાના દાસપણાથી રહિત કદાચ તપોબળથી બ્રહ્માદિ લોકોને જો પામે તો ત્યાં પણ કાળનો ભય રહેલો છે કારણ કે તેમને પણ અનંત સુખ નથી એમન વેદ પ્રસિદ્ધ છે. (૨૬) તપના ફળભૂત મહાપદને પામેલા બ્રહ્મા, રુદ્ર, ઈન્દ્ર વગેરે દેવો પણ મુક્તિ માટે ભગવાનની ભક્તિ કરે છે. બ્રહ્માત્માક આત્મસ્વરૂપમાં નિષ્ઠાવાળા શુકદેવ આદિ પણ સંસ્કારમુક્તિની કામનાવાળા સાધારણ માણસોની જેમ માનરહિત થઈને ભગવાનની ભક્તિ કરે છે. (૨૭) તે ભગવાનમાં એવી રીતના કલ્યાણગુણો રહેલા છે કે મુક્તિ જેમને હસ્તગત છે તેઓ પણ તેમની ભક્તિ કરે છે. રાધા, રમા આદિ શક્તિઓ પણ જેમ સમ્રાટને પોતાની દાસીઓ સેવે તેમ શ્રીકૃષ્ણનું જ સેવન કરે છે. (૨૮) અતિ અલ્પ જીવો પણ ભગવાનની ભક્તિથી જ ખરેખર કાળના ભયથી રહિત થાય છે અને તે ભગવદ્ ભક્તિ વિના તો બ્રહ્મા આદિ ઈશ્વરોને પણ કાળથી અત્યંત ભય રહેલો છે. (૨૯) હે ભક્તપ્રિય ! તેથી હું સત્પુરુષ અને સત્ શાસ્ત્ર થકી આ રીતનું માહાત્મ્ય જાણી, આળસનો ત્યાગ કરી તીવ્ર તપોને કરતો પૃથ્વી ઉપર તેમની જ ભક્તિ કરું છું. (૩૦) શ્રીકૃષ્ણના પ્રત્યક્ષ દર્શન માટે અત્યંત ઉત્કંઠાવાળો હું તેમનું દર્શન નહિ થવાથી સ્વસ્થપણાને પામતો નથી. તેથી અહીંના સંતોની વાણીરૂપી દોરીથી બંધાયેલો હું તમારા આગમનની રાહ જોઈને જ રહેલો છું. (૩૧) હે ઈશ ! આ લોકોમાં તેમના ગુણગાન વિનાનું સુંદર ગાન, વિચિત્ર શ્લોકો, લૌકિક શબ્દો આ બધુ ભગવાનમાં એક ચિત્તવાળા મારા કાનમાં તીક્ષ્ણ અણીવાળા ત્રિશૂળપણાને પામે છે. (૩૨) મારા દૃષ્ટિપથમાં આવેલી અતિ રૂપાળી સ્ત્રીઓ તો મને રાક્ષસણી સમાન ભાસે છે અને મારા કંઠમાં પ્રાપ્ત થયેલી સુંગંધી શોભાયમાન પુષ્પમાળાઓ મને અંગારા જેવી લાગે છે. (૩૩) હે મુનિન્દ્ર ! તે ભગવાન ચિંતનમાં જ એક આત્મરતિવાળા મને મળિયાગર ચંદન, કુંકમ, કેસર, કસ્તૂરી વગેરેનું લેપન પણ કાળા કાદવના લેપન જેવું લાગે છે અને ઉત્તમ રાજમહેલ પણ મને વનનિવાસ જેવો લાગે છે. (૩૪) હે દેવ ! અને તે ભગવાનના વિરહથી આતુર એવા મને ઘાંટા, ઝીણાં ઉત્તમ વસ્ત્ર ફેલાયેલા મુખવાળા કાળા નાગ તુલ્ય લાગે છે અને વિવિધ પ્રકારના ભોજન મને હલાહલ ઝેર સમાન ભાસે છે. (૩૫) હે ભગવન્ ! આ લોકમાં જે કોઈ વસ્તુ સુખ ઉત્પન્ન કરવામાં કારણભૂત કહેલી છે તે વસ્તુ મને કેવળ દુઃખમય જ જણાય છે. ભગવાનનું પ્રત્યક્ષદર્શન નહિ પામીને હું ઉન્મત્તતા જેવી અવદશાને પામેલો છું. (૩૬) (ભગવાનના પ્રત્યક્ષ દર્શનરૂપ) મનોરથની ફલોપલબ્ધિ આપના ચરણારવિંદના સેવન વિના અન્ય કોઈપણ ઉપાય વડે

ન થાય, કારણ કે આ કળિયુગમાં તમે જ જગદ્‌ગુરુ અને ઉપદેષ્ટા છો. (૩૭) હે ઉદાર કીર્તિવાળા ! હે દયાનિધે ! હે આશ્રિતજનોના બંધો ! આપ જલ્દીથી કૃપા કરીને જ્યાં સુધીમાં મારો દેહ પડી ન જાય ત્યાં સુધીમાં મને આપનું દર્શન આપો. (૩૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે જનાધિપ ! નીલકંઠ એવા શ્રી હરિ આ પ્રમાણે ભક્તિભાવથી પત્ર લખીને મુક્તાનંદમુનિને આપતા હતા. (૩૯) ત્યારે બુદ્ધિમાન એવા તે મુક્તાનંદમુનિ પણ પોતાનો અને શ્રી હરિનો પત્ર ભેગા કરીને, સારી રીતે વાળીને, મહોર મારીને ઉપર પોતાના ગુરુનું નામ લખતા હતા. (૪૦) પછી સ્વાભાવિક જ તીવ્રગતિવાળા અને સાધુજનના પ્રયોજન માટે વિશેષપણે ઉતાવળે ચાલે તેવા મયારામ નામના બ્રાહ્મણ સાથે તે પત્રને મોકલ્યો. (૪૧) તે બ્રાહ્મણે સાતમે દિવસે ભુજનગર પહોંચીને ગંગારામ ભકતને ઘેર રહેલા જગદ્‌ગુરુ શ્રી રામાનંદસ્વામીના દર્શન કર્યા. (૪૨) પછી ભક્તોને આનંદ પમાડતા, કમળપત્ર સમાન દીર્ઘ વિશાળ નેત્રોવાળા, ગૌર અંગોવાળા, પુષ્ટ શરીરવાળા, શરદઋતુના પૂર્ણચંદ્રસમાન મુખવાળા, શોભાવિશિષ્ટ લાંબા હાથવાળા, સફેદ વસ્ત્રવાળા, વક્ર ભ્રૂકુટિવાળા મંદહાસ્યવાળા, પ્રસન્નતાયુક્ત, લાલ કમળ સમાન શોભા પમાન કોમળ ચરણયુગલવાળા એવા શ્રી રામાનંદમુનિને તેમણે પ્રણામ કરી પત્ર અર્પણ કર્યો. (૪૩)

ઈતીશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
શ્રી નીલકંઠ લિખિત પત્રિકાનિરૂપણ નામે ચોપનમો અધ્યાય થયો. ॥૫૪॥

●

## અધ્યાય-૫૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

મુનિરાજ રામાનંદસ્વામી તે બંને પત્રોને વાંચતા હતા. અને પછી વર્ણિરાજ શ્રી નીલકંઠને ત્યાં આવેલા જાણી પ્રસન્ન થયા. (૧) શ્રી હરિનો પોતાનામાં પ્રેમ અને તપશ્ચર્યા અંગે વાંચીને અશ્રુપૂર્ણ નેત્રોવાળા જગદ્‌ગુરુ રામાનંદસ્વામી ગદગદ થઈ ગયા. (૨) પત્રોનું સઘળું વૃત્તાંત સભામાં સુંદરજી વગેરે ભક્તોને સંભળાવતા તે શ્રી હરિના ગુણોની પ્રશંસા કરવા લાગ્યા. (૩) પછી શ્રી હરિને આશ્વાસન આપવા તેમના પત્રનો પ્રત્યુત્તર જેની અંદર લખ્યો છે એક એવો પત્ર વિવેકસંપન્ન બુદ્ધિમાન એવા મુક્તાનંદમુનિ પ્રત્યે લખવા લાગ્યા. (૪) લોજ નામના નગરમાં નિવાસ કરતા, દુઃખી વા સંસારી જનોને આનંદ આપનારા તમો સાધુઓનું ક્ષેમ થાઓ. સનત્ સુજાત મુનિએ જેને 'બ્રહ્મ' કહ્યું છે એવું તમારું બ્રહ્મચર્યવ્રત નિર્વિઘ્ન રહો. (૫) ભુજપુરીમાં નિવાસ કરી રહેલા મેં રામાનંદે પત્ર દ્વારા પ્રેરેલા શુભાશિષ મુક્તાનંદમુનિ વગેરે તમારે જાણવું. (૬) તમે મયારામ નામના વિપ્ર સાથે જે પત્ર મોકલ્યો છે તે અમને પહોંચ્યો છે તે પત્ર વાંચવાથી તમારું સર્વ વૃત્તાંત અમે યથાર્થપણે જાણ્યું છે. (૭) અને ત્યાં આવેલા મહાબુદ્ધિવાળા વર્ણિરાજનું વૃત્તાંત અમે જાણ્યું. તેમની વર્તન રીતિ મનુષ્યચરિત્રમાં મળતી ન આવે તેવી અપૂર્વ જ છે, માટે

કોઈ સાધારણ પુરુષ નથી. (૮) શ્વેતદ્વીપમાંથી કોઈ નિરન્નમુક્ત અથવા બદરિકાશ્રમમાંથી કોઈ મુનીન્દ્ર તમારા સમીપે યદેચ્છાથી આવેલા હોય એમ નિશ્ચય મારા ચિત્તમાં જણાય છે. (૯) આથી તમો સર્વ સંતો તે વર્ણિરાજની તેમના મનની રુચિ અનુસારે સેવા સદાકાળ કરશો અને તેમની પાસેથી નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતની રક્ષા માટે યોગની કળાઓ શીખવી. (૧૦) પ્રથમ તો શરીરશુદ્ધિ માટે નેતી, ધોતી અને બે પ્રકારની બસ્તિક્રિયા તથા કુંજરક્રિયા, તૌલિકા અને શંખપ્રક્ષાલન આદિ ક્રિયાઓ શીખવી પછી અનુક્રમે અષ્ટાંગયોગ શીખવો. (૧૧) પછી યમ, નિયમ, આસનો, પ્રાણાયામ બહુ પ્રકારથી શીખવા તથા પ્રત્યાહાર તેમજ ધારણા શીખવી તથા ધ્યાન અને સમાધિ તેમના કહેવા પ્રમાણે શીખવી. (૧૨) અષ્ટાંગ યોગના અભ્યાસ વિના શુ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત સિદ્ધ થાય નહિ. અભ્યાસપરાયણ એવા તમારે પોતાના વ્રતની રક્ષા માટે તે અષ્ટાંગયોગ સિદ્ધ કરવો જ જોઈએ ? (૧૩) જેઓ યાગ વડે નૈષ્ઠિક બ્રહ્મચર્યને બૃહત્સ્વરૂપે સિદ્ધ જિતેન્દ્રિય થાય છે પછી બ્રહ્માત્મ સ્વરૂપે કૃષ્ણનું ભજન કરે છે તે જ ઉત્તમ ભક્તો કહેલા છે. (૧૪) સર્વ પુરુષાર્થને આપનાર સંપાદન કરેલા બ્રહ્મચર્ય વ્રતનું કામરૂપી શત્રુથી તમારે રક્ષણ કરવું અને સ્ત્રીઓના પ્રસંગને સર્વ પ્રકારે દૂરથી તજવો. (૧૫) બ્રહ્મચર્ય પાલનની ઈચ્છાવાળો પુરુષ સ્ત્રીને બુદ્ધિપૂર્વક ન જુએ, સ્ત્રીઓની કથા ન સાંભળે, સ્ત્રીઓના ગુણોની પ્રશંસા સાંભળે નહિ અને કહે પણ નહિ. (૧૬) સ્ત્રીઓના ક્રિયાસ્થાને ન જાય, વસ્ત્ર વગરની નગ્ન કુમારિકાઓને બુદ્ધિપૂર્વક ન જુએ, સ્ત્રીઓના ચિત્ર કે પ્રતિમાને જુએ કે સ્પર્શે નહિ. (૧૭) કોઈપણ સ્થળે સ્ત્રીઓ સાથે મશ્કરી ન કરે, સ્ત્રીઓ સાથે ક્યારેય પણ બોલે નહિ અને અન્ય પુરુષ દ્વારા ઉપદેશ ન કરાવે. (૧૮) અને નૈષ્ઠિક વ્રતધારી કૃષ્ણ ભક્ત સ્ત્રીએ પહેરેલ વસ્ત્રનો સ્પર્શ ન કરે અને સ્ત્રી સંબંધી સંકલ્પ પણ ન કરે અને સ્ત્રીના શરીરને પ્રાણાંત કાળ પણ બુદ્ધિપૂર્વક સ્પર્શ ન કરે. (૧૯) અને જ્યાં જ્યાં સ્ત્રીઓની (સ્નાનાદિ) ક્રિયા થતી હોય ત્યાં ત્યાં તે તે ક્રિયા પણ ન કરે, સ્ત્રીઓથી ચાર હાથ દૂર ચાલે અને જે ઘરમાં સ્ત્રી સૂતી હોય તે ઘરમાં સૂવે નહિ. (૨૦) જે પુરુષ આ પ્રકારે ન કરે તે તો સિદ્ધ થયેલા યોગવાળો હોય તો પણ પોતાના મનસંકલ્પને આધીન સ્ત્રીઓનો પ્રસંગ પામવાથી પોતાના બૃહદ્વ્રતમાંથી નિશ્ચય ભ્રષ્ટ થઈને દુરંત દુઃખને પામે છે. (૨૧) વળી ક્રોધ, માન, મદ, મત્સર, લોભ, ઈર્ષા અને વિવિધ પ્રકારની રસલોલુપતા આ બધા પણ યોગમાં અંતરાયરૂપ થાય છે માટે યોગીજને આ બધાનો દૂરથી ત્યાગ કરવો. (૨૨) અને તે કૃષ્ણભક્ત યોગીપુરુષ આહાર અને નિદ્રા યોગ્ય પ્રમાણમાં જ કરે, વ્યસન, તો ક્યારેક સહેજ પણ ન સેવે. મદિરા-માંસનો તો સ્પર્શ પણ ન કરે તથા દ્રોહબુદ્ધિનો ત્યાગ કરે. (૨૩) સ્વહિતની ઈચ્છાવાળા યોગીપુરુષે કાયા, વાણી અને મનથી પોતાની અને પરની હિંસા ન કરવી. ચોરીનું કર્મ ન કરવું અને વર્ણસંકરપણાને કરનારું કર્મ ન કરવું (૨૪) હે નિષ્પાપ મુનિ ! પૃથ્વી પર આ રીતના સ્વધર્મનિષ્ઠ કૃષ્ણભક્ત હોય તેમના ઉપર સદા મારી પ્રસન્નતા છે અને ભગવાનને પણ તેવા જ ભક્તો પ્રિય લાગે છે. (૨૫) હે સુબુદ્ધે ! તમે પણ પોતાના ગુરુભાઈઓ સાથે નીલકંઠમુનિ પાસેથી ગુરુભાવપૂર્વક આદર કરીને

અષ્ટાંગયોગને ગ્રહણ કરો અને મેં કહેલા ધર્મોમાં વર્તો. (૨૬) અને તપથી કૃશ થઈ ગયેલા નીલકંઠવર્ણીની યથોચિત અન્ન જળાદિક વડે તમારે સેવા કરવી, વળી વયથી નાના હોવા છતાં બ્રહ્મચારીમાં આ બાળક છે એવી બાળબુદ્ધિ ન જ કરવી કારણ કે આ તો મહાતપોનિધિ છે. (૨૭) અને ગ્રીષ્મ ઋતુમાં વૈશાખ માસ વીતતાં ત્યાં હું જલદીથી આવીશ. તેથી ત્યાં સુધી અતિ નિસ્પૃહી એવા તે બ્રહ્મચારી જતા ન રહે તેવી રીતે તમે સર્વે એ તેમની સેવા કરવી. (૨૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

પ્રભુ એવા તે રામાનંદમુનિ આ પ્રકારે મુક્તાનંદમુનિ પ્રતિ તેમના પત્રનો ઉત્તર લખીને પછીથી નીલકંઠમુનિના પત્રનો ઉત્તર લખવા લાગ્યા. (૨૯) હે નીલકંઠ ! શ્વેતદ્વીપવાસી મહામુક્તોમાં મુખ્ય વાસુદેવ સમાન અતિ તેજસ્વી અને પોતાના તીવ્ર તપો વડે જનોના હૃદયમાં ધર્મપુત્રપણાની આશંકા કરાવતા એવા વર્ણિરાજ તમારુ મંગળ થાઓ. હે નીલકંઠ ! પરમ આનંદવાળા મુનિ એવા તમારે ધર્મરક્ષાનો જ મુખ્ય સંબંધ જેમાં છે અને વેદશાસ્ત્ર સંમત એવા મુજ રામાનંદના ઘણા ઘણા આશીર્વાદ વાંચવા. (૩૦) તમારો પત્ર મળ્યો. તેમાંનું સર્વ વૃત્તાંત અમે જાણ્યું. આ કળિયુગમાં મનુષ્યોથી ન થઈ શકે એવો તમારો દેહથી આચરણ કરાતો ધર્મ, દુષ્કર તપ, તથા તમારામાં રહેલા વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ, તમારા દ્ઢતર નિયમો, તમારી ધર્મનિષ્ઠા અને શાંતિ. આ બધું પૂર્વજન્મસિદ્ધ આ જન્મમાં તમે પ્રાપ્ત કર્યું છે. તેથી અમોને જરાપણ આશ્ચર્ય થતું નથી. (૩૧) તમે સદા ધ્યાનમાં જેવા સ્વરૂપવાળા કૃષ્ણને જુઓ છો તેથી તેમના ધ્યાનપરાયણ એવા તમે સાધુઓમાં નિવાસ કરતા અમારી પ્રતીક્ષા કરો. હું જે તમારું પ્રિય કરવા માટે પિપલાણા નામના ગામમાં જેમ બને તેમ જલદી આવીશ અને તમે પણ ત્યાં સંતો સાથે આવજો. (૩૨) તમને મારા દર્શનની અતિશય ઉત્કંઠા છે અને તેનું કારણ હું જાણું છું. હાલમાં કાઠી-કોળી વગેરે લુટારાઓનો ભય હોવાથી માર્ગ ઘણો દુર્ગમ છે. તેથી તમારે અહીં આવવું નહિ અને મારે વિષે જો તમારે પૂજ્ય બુદ્ધિ હોય તો આ મારું વચન માની તમે સંતોને અષ્ટાંગયોગ શિખવાડો. (૩૩) મારા દર્શન માટે તમારા અંતરમાં જેવી ઉત્સુકતા છે તેવું જ તમારા દર્શન માટે મને પણ ઐત્સુક્ય છે એમ તમે જાણો તેથી હું જલદી આવીશ. તમે સદા સ્વધર્મમાં રહેજો. હું તમારા જેવા ધાર્મિક ભક્તજનોનો સમાગમ યશોદાપુત્ર શ્રીકૃષ્ણ પાસે યાચું છું. (૩૪) પૃથ્વી ઉપર જે જનો ધર્મપરાયણ છે તે જનો મને અતિશય પ્રિય છે. હું તેમનાથી ક્યારેય દૂર જતો નથી કારણ કે તે જનોમાં જ મારું ચિત્ત ચોંટી રહેલું હોવાથી તમારા જેવા સંતો જ મને બહુ પ્રિય છે. કારણ કે સંતોનું ચરણોદક માત્ર સ્પર્શ કર્યું હોય તોપણ તીર્થો કરતાં અધિક શુદ્ધ કરે છે. (૩૫) જેઓ પૃથ્વી ઉપર તમારા જેવા સત્‌પુરુષોને જમાડે છે અથવા પૂજે છે તેમણે દેવો સહિત સ્થાવર જંગમ આ સંપૂર્ણ વિશ્વ પૂજેલું છે અને બહુપ્રકારે સારી રીતે જમાડેલું છે. (૩૬) સંતો ઉપર મારે જેવો પ્રેમ છે તેવો તો મને પોતાના આત્મા ઉપર પણ નથી કારણ કે કૃષ્ણ ભક્તિ રસિક એ ધાર્મિક સાધુઓ જ મારું હૃદય છે. (૩૭) તેથી મારા દર્શન માટે તમે જરાપણ ખેદ પામશો નહિ. કારણ કે આપણા બંનેનો સમાગમ જેમ બને તેમ જલદી પિપલાણા ગામમાં જરૂર

થશે જ. (૩૮) તેથી મારી આજ્ઞા વિના તમારે અહીં આવવું નહિ એવી મારી આજ્ઞા છે. અને જો સ્વેચ્છાથી પણ તમે અહીં આવશો તો અભિલષિત સુખ નહિ પામો. (૩૯) તમારે દર્શનના પ્રેમથી મારી આજ્ઞા ઉલ્લંઘી સર્વ પ્રકારે અહીં તો ન જ આવવું અને મારામાં જ મનવાળા સંતોમાં તમારે બહુ પ્રકારે આદર કરવો. (૪૦) અને જેવા ઉગ્ર તપથી પોતાનું શરીર ક્ષીણ થઈ નાશ પામે તેવું તપ ફરી કરશો નહિ; કારણ કે શરીર જ ધર્મના સાધનરૂપ છે. (૪૧) અતિશે તપ કરી અત્યંત દુર્બળ કરી નાખેલું મનુષ્યશરીર પાડી નાખવાથી જ્ઞાન, ભક્તિ અને તપનું સાધન તથા સ્વધર્મનું સાધન ફરી થશે નહિ.(૪૨) હે તાત ! મારા હિત માટે મારા વચનથી પોતાના શરીરનું સર્વથા પોષણ કરો. કારણ કે તમારે મારા સંબંધી ઘણું ઘણું કાર્ય સાધવાનું છે. (૪૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃત ! આ પ્રમાણે શ્રી રામાનંદમુનિએ પત્રિકા લખી, મહોર મારી, વિપ્ર મયારામને આપી (૪૪) ત્યારે તે વિપ્રશ્રેષ્ઠ તે ઉત્તર પત્રને લઈ જઈ જલદીથી ફરી લોજપુર તરફ પ્રયાણ કર્યું અને ત્યાંથી સાતમા દિવસે લોજપુર પહોચ્યા. (૪૫) ત્યાં તેમણે તે પત્ર મુક્તાનંદસ્વામીને આપ્યો. મુક્તાનંદમુનિએ પણ તે પત્ર વર્ણિ એવા શ્રીહરિની સાથે વાંચ્યો. (૪૬) ત્યારપછી શ્રીહરિ સ્વામીની આજ્ઞા માનીને ત્યાં જ નિવાસ કરીને રહ્યા. તે સંતો પણ હર્ષપૂર્વક તે શ્રી હરિ પાસેથી યોગકળાઓ શીખતા હતા. (૪૭) શ્રીહરિ પણ ગુરુએ ઉપદેશ કર્યા પ્રમાણે તે સંતોને સંપૂર્ણ અષ્ટાંગયોગ શીખવતા હતા અને તે સંતો પણ ગુરુકૃપાથી થોડા જ સમયમાં તે યોગની સિદ્ધાવસ્થાને પામ્યા. (૪૮)

ઇતિશ્રી સંત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં રામાનંદસ્વામિલિખિત પત્રિકાદ્વય નિરૂપણ નામે પંચાવનમો અધ્યાય થયો. ||૫૫||

●

## અધ્યાય-૫૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

વર્ણિરાજ શ્રીહરિને ત્યાં નિવાસ કરતાં અને સંતોને યોગ શીખવવા, તપશ્ચર્યા કરતાં વૈશાખ માસ વીતી ગયો. (૧) ત્યારબાદ તે શ્રીહરિને પ્રભુ આજે અથવા કાલે કે પરમ દિવસે ચોક્કસ આવશે એમ ચિંતન કરતાં અડધો જેઠ માસ પણ વીતી ગયો. સંતોના સ્વામી (શ્રી રામાનંદમુનિ) પણ નીલકંઠ વર્ણિને પોતાનાં દર્શન કરવાની તીવ્ર ઇચ્છાથી આકર્ષિત અંતઃકરણવાળા હોવાથી થોડા સેવકો સાથે ભુજનગરથી ચાલી નીકળ્યા. (૩) સુવર્ણ અને રત્નના ઉપકરણવાળા મોટા રથ ઉપર બિરાજેલા, હારબંધ ઊભેલા નગરવાસીજનોને મધુર દૃષ્ટિથી જોયા કરતા, (વિયોગની વ્યથાથી) અશ્રુપૂર્ણ નેત્રોવાળા નગરજનો વડે પૂજાયેલા અને વળાવેલા રામાનંદમુનિ રસ્તામાં ભક્તોને આનંદ પમાડતા પિપલાણા પધાર્યા. (૪-૫) તે પિપલાણા ગામમાં પોતાના ભક્તજનોએ પૂજેલા સત્ય, શૌચાદિ ભગવદ્‌ગુણ સંપન્ન રામાનંદ મુનિ પોતાના ભક્ત નરસિંહ નામના બ્રાહ્મણને

ઘેર ઊતર્યા. (૬) ત્યારબાદ તે મુનિએ પિપલાણા ગામમાં પોતાના બધા ભક્તોને તેડાવવા માટે લોજપુર ગામે કુમારજીત નામના દૂતને મોકલ્યો. (૭) તે જ દિવસે જલદી લોજપુર પહોંચીને 'શ્રી રામાનંદ સ્વામી એ તમને બોલાવ્યા છે' એમ સંતોને કહી દૂતકાર્ય પૂર્ણ કર્યું. (૮) તે સંતો તે દૂતનું અમૃતસમાન વાક્ય સાંભળી ખૂબ રાજી થઈ ગયા. તે સમયે નીલકંઠ શ્રીહરિ અત્યારે જ તમે ચાલો એમ બોલ્યા. (૯) પછી પોતાના ગુરુના દર્શનમાં ઉત્કંઠાવાળા તે સંતોએ વિચાર કરી રાત્રે ચંદ્રોદય થયે પિપલાણા ગામ તરફ પ્રયાણ કર્યું. (૧૦) મુક્તાનંદાદિ સંતો, ભક્તવર્ય પર્વતભાઈ, દેવાનંદ નામના સંન્યાસી અને જેઠો આદિક બીજા ભક્તજનો પોતાને પ્રિય એવા ગુરુવરના દર્શન કરવાના ઉત્સાહવેગથી આકર્ષિત અંતઃકરણવાળા થવાથી તે ગામનું લક્ષ કરી માર્ગમાં ઝડપથી ચાલવા લાગ્યા. (૧૧-૧૨) નીલકંઠવર્ણિનું શરીર અતિશય દૂબળું હોવાથી રસ્તામાં ઉતાવળે ચાલવાથી શ્વાસથી ભરપૂર હૃદયવાળા તેઓ પૃથ્વી ઉપર પડી ગયા. (૧૩) આગળ ચાલ્યા જતા સંતોએ થોડું આગળ જઈને પાછળ જોયું ત્યારે શ્રીહરિને પડી ગયેલા જોઈ તેમની પાસે પાછા આવી ગયા. (૧૪) પાછા આવેલા તે સંતો ધીરે ધીરે શ્રીહરિના ચરણ ચાંપવા લાગ્યા અને તેથી તેમને થોડી સ્વસ્થતાને પામેલા જોઈને સંતો કહેવા લાગ્યા, (૧૫) 'હે નીલકંઠ ! આપણે આજે જ પિપલાણા ગામમાં પહોંચવાનું છે. એટલા માટે તમે તમારી શુદ્ધ યોગધારણાને ધારણ કરો. (૧૬) અને તે યોગધારણાના બળથી તમે રસ્તાના પારને પામશો, તે સિવાય નહિ જ પામો. આમ કહેવાયેલા શ્રીહરિ સંતોના કહેવા પ્રમાણે યોગધારણ કરતાં ખૂબ ઝડપથી ચાલવા લાગ્યા. (૧૭) શરીરનું ભાન ભૂલી ગયેલા શ્રીહરિ હૃદયમાં ભગવાનનું ધ્યાન કરતાં ધનુષ્યમાંથી છૂટેલા બાણની જેમ ખૂબ જ ત્વરાથી અને બધા સંતોની આગળ ચાલવા લાગ્યા. (૧૮) સંતો તેમની પાછળ દોડવા છતાં પહોંચતા ન હતા. એ રીતે તીવ્ર વેગથી ચાલતા તેઓ બધા ઓજસ્વતી ઓઝત નદીને પામ્યા. (૧૯) આ નદી પિપલાણાથી દક્ષિણ ભાગમાં વહે છે - વરસાદ થવાથી પાણીના પૂરથી ભરપૂર, ડહોળાયેલા પાણીવાળી ભયંકર તરંગોવાળી, ચતુર તારાઓથી પણ તરી ન શકાય તેવી હતી. (૨૦) વર્ણિરાટ શ્રીહરિ તો એકદમ તેમાં પ્રવેશ કરીને, અનાયાસથી બાહુ વડે સામાને સામા જ તરતા થકા મહા તરંગસમૂહોએ લગાર તણાયા સિવાય સામે કાંઠે પહોંચી ગયા. (૨૧) અને તે બધા સાધુઓ તો તરંગોવાળી તે નદીને અતિ જળથી પૂર્ણ હોવાથી ભયંકર, દુસ્તર અને નાવથી જ ઊતરી શકાય એવી જાણી કિનારે જ ઊભા રહ્યા. (૨૨) ત્યારબાદ તે સર્વ સંતો નાવમાં બેસી, ખૂબ પ્રયાસથી નદીને પાર કરીને શ્રીહરિને મળીને પિપલાણા ગામમાં પ્રવેશ્યા. (૨૩) સમસ્ત સંતો જેઠ વદ બારસના દિવસે મધ્યાહ્ન પહેલાં નરસિંહ વિપ્રના ઘેર પોતાના ગુરુનાં દર્શન કર્યાં. (૨૪) ગૌર અંગવાળા, પુષ્ટ મૂર્તિ, શ્વેતવસ્ત્રધારી, સુંદર પ્રફુલ્લિત મુખવાળા, જાનુપર્યંત લાંબા બાહુવાળા, કમળપત્ર સમાન નેત્રોવાળા, મંદહાસ્યવાળા, પોતાના ભક્તસમૂહોએ ચંદન અને પુષ્પહારો વડે પ્રેમથી પૂજેલા અને વિશાળ સભામાં દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન તથા પોતાના ભક્તોને આનંદ આપતા પરમ સુખનિધિ એવા રામાનંદ સ્વામીને બધા પ્રણામ કરવા લાગ્યા. (૨૫)

વર્ણિરાજ શ્રીહરિને જોઈ પ્રભુ રામાનંદસ્વામી જેટલાકમાં ઊઠવા જાય છે એટલાકમાં આ ભક્તોત્તમ એવા શ્રીહરિ તે મુનિને સાષ્ટાંત પ્રણામ કરવા લાગ્યા. (૨૬) રામાનંદસ્વામી પ્રણામ કરતાં વર્ણીન્દ્રને પોતાના હાથ વડે એકદમ ઉઠાડીને, બાહુમાં પ્રેમવશવડે ગાઢ ભેટીને પોતાની પાસે બેસાર્યા. પ્રણામ કરતાં બીજા સંતોનું પણ યથાયોગ્ય સન્માન કર્યું. (૨૭) વર્ણિરાજ શ્રીહરિ તો સ્વામી શ્રી રામાનંદમુનિને સંતો થકી જેવા સાંભળેલા તેવા જ જોઈ પ્રેમાશ્રુ તથા રોમાંચિત ગાત્રવાળા થઈ પરમ આનંદ પામ્યા. (૨૮) તે રામાનંદમુનિ પણ પોતાના દર્શનમાં મટકું માર્યા વગર જોઈ રહેલા શ્રીહરિને તેવી જ નેત્રમિલન રહિત દૃષ્ટિથી બે મુહૂર્તપર્યંત જોઈ રહ્યા. (૨૯) પહેલા દેહભાવરહિત થયેલા અને પછીથી સ્વસ્થતા પામેલા તે શ્રીહરિને જોયા કરતાં. શ્રીરામાનંદમુનિ યથાયોગ્ય સ્વાગત આદિથી આદરપૂર્વક પૂછવા લાગ્યા. (૩૦) ત્યારે મુક્તાનંદમુનિએ શ્રીહરિનું વૃત્તાંત જાણતા હતા તે કહી સંભળાવ્યું ત્યારે રામાનંદસ્વામી તે વર્ણિ શ્રીહરિની પ્રશંસા કરવા લાગ્યા. (૩૧) વર્ણિરાજ શ્રીહરિ પણ પ્રેમપૂર્વક ગદ્‌ગદ્ કંઠવાળા થઈ રામાનંદમુનિની સ્તુતિ કરી કહેવા લાગ્યા કે મારો મનોરથરૂપી સંકલ્પ આજ જ સફળ થયો. (૩૨) પૃથ્વી ઉપર સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્રની ભક્તિ પ્રવર્તક એવા તમને પામીને હું અત્યારે કૃતાર્થ થયો છું અને મારો મનુષ્યજન્મ પણ સફળ થયો છે. (૩૩) પછી પ્રસન્ન થયેલા તે શ્રીરામાનંદમુનિ વર્ણિરાજ તથા સર્વ સંતોનું દૂધ આદિ ફલાહાર વડે યથોચિત આતિથ્ય કરાવતા હતા. (૩૪) પ્રેમરસથી પરિપૂર્ણ નેત્રોવાળા અને સિદ્ધ અવસ્થાવાળા, તથા અમૃત સમાન સારભૂત વાણી જેમની છે એવા તેઓ બંને કહેતાં વર્ણિરાજ શ્રીહરિ અને મુનિરાજ રામાનંદસ્વામી આ બંનેનો સમાગમ સર્વજનોએ દર્શન કરવા યોગ્ય બની ગયો. (૩૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં રામાનંદસ્વામી સમાગમ નામનો છપ્પનમો અધ્યાય થયો. ॥૫૬॥

●

## અધ્યાય-૫૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

પછી રામાનંદમુનિ સાયંકાળે સ્નાન કરી નૈવેદ્ય-આરતી વગેરે ઉત્તમ ઉપચારો વડે રાધિકાધીશ શ્રીકૃષ્ણનું પૂજન કરવા લાગ્યા. (૧) ત્યારપછી સ્વામી પોતાના ભક્તોની સાથે એકાદશીનું જાગરણ કરતાં ફરીથી તે નીલકંઠવર્ણી શ્રીહરિને તેમનું જન્મસ્થાનાદિ પૂછવા લાગ્યા. (૨) પછી કુળ, માતાપિતા, ગોત્ર, પ્રવર, આચાર્ય, વેદ, શાખા, ઈષ્ટદેવ, વૈરાગ્ય, તથા સ્વજનત્યાગનું કારણ વગેરે ક્રમશઃ પૂછ્યું. (૩) પછી વનવાસ, તપ, અંગો સહિત યોગનું સાધન, તીર્થયાત્રા, ત્યાં ત્યાં તીર્થવાસીઓનો સમાગમ પૂછવા લાગ્યા. (૪) શ્રીહરિ સ્વામીએ પૂછેલું સર્વ જેમ જેમ પોતે અનુભવેલું હતું તેમ તેમ યથાર્થ અનુક્રમે કહી સંભળાવ્યું. (૫) વિસ્તારપૂર્વક શ્રીહરિનું વૃત્તાંત સાંભળી તેમના ઉપર પ્રસન્ન થઈને રામાનંદસ્વામી કહેવા લાગ્યા કે હે વર્ણિન્ ! તમો અમારા જ છો

કારણ કે તમે ધર્મના પુત્ર છો. (૬) તમારાં પિતા ધર્મદેવ તમારા માતા ભક્તિદેવીને સાથે પ્રયાગમાં અમને મળ્યાં હતાં. મહાબુદ્ધિમાન અને સમગ્ર અર્થોને જાણનારા ધર્મદેવે મારા થકી ભાગવતી દીક્ષાને પામ્યા હતા. (૭) તે ધર્મદેવ મારી અનુજ્ઞાથી કોશલદેશમાં પોતાને આશ્રયે આવેલા મુમુક્ષુ જનોને અહિંસાદિ યમોની સાથે કૃષ્ણભક્તિનો ઉપદેશ કરતાં હતાં. (૮) હે મહાતપસ્વી ! તમે તો ગુણોથી પિતા કરતાં પણ અતિઅધિક હોઈને જોનારા સર્વ કોઈ જનોના મનમાં ‘‘આ કોઈ સાધારણ મનુષ્ય નથી પણ કોઈ દેવ છે કે શું ?’’ એવી શંકા ઉત્પન્ન કરો છો. (૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ શ્રીહરિ પોતાના પિતા ધર્મદેવમાં રામાનંદમુનિનો અનુગ્રહ સાંભળી અત્યંત હર્ષ પામ્યા. હવે મધ્યરાત્રિ થઈ હતી (ત્યારે આગળ કહેવાશે તેવું) આશ્ચર્ય થયું. (૧૦) શ્રી રામાનંદસ્વામીના સર્વ રોમાંતવતી છિદ્રોમાંથી તથા સર્વ અંગમાંથી શ્વેતવર્ણવાળું સુમનોહર તેજ નીકળવા લાગ્યું. (૧૧) તે તેજ એકીભૂત થઈને દશેય દિશાઓમાં વ્યાપી ગયું ત્યારે રાત્રિનો બધો અંધકાર જતો રહ્યો અને રાત્રિ પણ દિવસ હોય તેમ શોભવા લાગી. (૧૨) આ પ્રમાણે નીકળેલું તેજ એક પ્રહર સુધી ચાલુ રહ્યું તે તેજ શ્રી નીલકંઠવર્ણી અને બીજા સર્વે જોઈ પરમ વિસ્મય પામ્યા. (૧૩) પછી તે સકલ તેજ, જેમ શરદઋતુમાં આકાશમાં સર્વ વાદળાં લીન થઈ જાય તેમ, તે રામાનંદમુનિમાં જ લીન થઈ ગયું. (૧૪) આ શ્રી રામાનંદમુનિ ગુણોથી શ્રીકૃષ્ણને સમાન છે, તેમનામાં સર્વદા કૃષ્ણ રહેલા છે અને શ્રીકૃષ્ણ તેમને વશ વર્તે છે- એવી મુક્તાનંદાદિ સંતોની વાણી સત્ય છે એમ શ્રીહરિએ નિશ્ચય કર્યો. (૧૫) પછી દૃઢ નિશ્ચયવાળા શ્રીહરિ ઈશ્વરમૂર્તિ ગુરુશ્રી રામાનંદમુનિ બહુ પ્રકારે આદર કરાતા થકા ત્યાં જ સુખપૂર્વક નિવાસ કરવા લાગ્યા. (૧૬) જેમનું દર્શન આશ્ચર્યકારી છે તેવા તે તપસ્વી નીલકંઠવર્ણિને જોતા એવા શ્રી રામાનંદમુનિના શિષ્યોને ઘણું આશ્ચર્ય થતું હતું. (૧૭) અને સ્વયં રામાનંદસ્વામી પણ યોગીજનોએ દુષ્પ્રાપ્ય એવા સદ્‌ગુણો જેમાં છે એવા શ્રીહરિને જોઈ આ કોઈ ધર્મરક્ષણમાં સમર્થ એવી કૃષ્ણ સંબંધી કલા જ છે એમ માનવા લાગ્યા. (૧૮) પરંતુ ઉદ્ધવાવતાર સર્વજ્ઞ એવા રામાનંદ મુનિ ‘શ્રીહરિ સાક્ષાત્ નારાયણ છે’ એમ જાણી શક્યા નહિ કારણ કે પ્રભુ એવા શ્રીહરિ અતિશય નરનાટ્યાનુકરણ નિર્ભર છે. (૧૯) હવે પછી શ્રી રામાનંદસ્વામી પાસે બાલ્યાવસ્થાવાલા, મહાન તપસ્વી, યોગીરાજ કોઈક વર્ણિ આવેલા છે એવો ઉદ્‌ઘોષ લોકોમાં ફેલાયો. (૨૦) તેથી તેમના દર્શન માટે જુદા જુદા દેશોમાંથી હજારો નરનારી જનો, ત્યાગીઓ અને યોગીઓ પણ આદરપૂર્વક આવવા લાગ્યા. (૨૧) અને તે બધાં ગુરુ રામાનંદમુનિને પૂછવા લાગ્યા : ‘જે નાના વર્ણિરાજ હમણાં જ આપને ત્યાં આવેલા છે તે કોણ છે ?’ ત્યારે સ્વામી પાસે રહેલા શ્રીહરિને આંગળી ચીંધીને મનુષ્યોને બતાવતાં હતાં. (૨૨) ત્યારે તે જનો વર્ણિરાજ શ્રીહરિને દુર્બળ દેહવાળા અતિ તપસ્વી જોઈ પરમ વિસ્મય પામી શ્રીરામાનંદમુનિને ફરી પૂછવા લાગ્યા. (૨૩) આ બ્રહ્મચારી ક્યાંથી આવેલા છે ? બાલ્યાવસ્થાવાળા હોવા છતાં પણ ખૂબ

તપોબળવાળા મહાતપસ્વી વર્ણિ જનોને આશ્ચર્ય પમાડતા યોગકળાને જાણે છે. (૨૪) અને યજ્ઞોપવીતવાળા, જટાવાળા, શાંતમૂર્તિ, તપથી દુર્બળ થયેલા તેથી આખા શરીરમાં જેમની નાડીઓ ઉઘાડી દેખાય છે એવા ઊર્ધ્વપુંડ્ર તિલક અને તુલસીની બેવડી કંઠી તથા આસન માટે મૃગચર્મને ધારી રહેલા છે. (૨૫) (સંસારથી) ઉદાસીન, ધ્યાનથી નિશ્ચલ નેત્રવાળા તથા દેહાનુસંધાન રહિત અને નિષ્પરિગ્રહ એવા આ કોણ છે ? (૨૬) ત્યારે સ્વામી બોલ્યા : 'આ બાળક કોશળ દેશથી આવેલા છે. અને આ બાળકના માતાપિતા ખૂબ ધર્મપરાયણ અને ભગવાનના ભક્ત હતાં. (૨૭) અતિશય બુદ્ધિવાળા આ બાળક પિતાના મુખથી ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યનું માહાત્મ્ય સાંભળતા અને તેને પામવાની ઇચ્છા કરતાં હતા. (૨૮) પછી ભક્તિ વગેરેની સિદ્ધિ માટે અતિ ઉત્કંઠાવાળા આ વર્ણિ બંધુજનોને પૂછયા વિના ત્યાગ કરી ઘોર અરણ્યમાં જઈ અતિ દારુણ તપ કરતા હતા. (૨૯) ભક્તિભાવપૂર્વક તે આકરા તપથી જ છ માસમાં જ સૂર્યનારાયણને પ્રસન્ન કરી તીર્થોમાં વિચરણ કરતા આ ગામમાં સ્વેચ્છાથી જ આવેલા છે. (૩૦) દેવોને પણ દુરારાધ્ય એવા વિષ્ણુને બાલ્યાવસ્થામાં જ પ્રસન્ન કરતા એવા આ બાળકનું આ ચરિત્ર ધ્રુવના જેવું જ છે એ નિશ્ચિત છે. (૩૧) આ પ્રમાણે ભગવાનના ગુણોથી સંપન્ન રામાનંદમુનિનું વાક્ય સાંભળીને જનો ખૂબ જ વિસ્મય પામ્યા અને તે મુનિને નમસ્કાર કરી તથા ધ્રુવની ઉપમાવાળા શ્રીહરિને પણ નમસ્કાર કરી જેમ આવેલા હતા તેમ પાછા ગયા. (૩૨) હે રાજન્ ! (ત્યારબાદ રામાનંદસ્વામી) ઉત્તમ બુદ્ધિવાળા તથા ક્રિયાયોગોમાં ખૂબ નિપુણતાવાળા તે શ્રીહરિને ભગવાનની પૂજામાં ઉપયોગી પુષ્પ આદિ વસ્તુઓ લાવવામાં જોડતા હતા. (૩૩) શ્રીહરિ પણ સ્વધર્મ અને ભક્તિનું સર્વદા પાલન કરતા થકા ભગવદ્ પૂજાના અવસરમાં તેમના ગુરુની સમીપે જ રહેતા હતા. (૩૪) રામાનંદસ્વામી સ્નાન કરી સંધ્યાદિ નિત્યપ્રાતઃ વિધિમાં પ્રવર્તે ત્યારે નીલકંઠવર્ણી તો પૂજનવિધિનાં પાત્રોને માંજી સાફ કરતા હતા. (૩૫) પૂજા કરતી વખતે તુલસી, પુષ્પ, ચંદન, ધૂપ દીપ, નૈવેદ્ય વગેરે તે શ્રીહરિ તત્કાળ લાવી આપતા હતા. (૩૬) કહ્યા વિના પણ ગુરુ-અભિપ્રાયને જાણનારા શ્રીહરિ જે વસ્તુની જરૂર હોય તે વસ્તુ યોગ્યસમયે લાવી આપતા હતા વગર કહ્યે વસ્તુ લાવી આપવાથી ગુરુનું મન પણ શ્રીહરિ હરી લેતા હતા. (૩૭) હે નરેશ્વર ! રામાનંદમુનિ વર્ણિરાજ શ્રીહરિની ભગવદ્ સેવામાં સર્વોત્તમ અતિશય શ્રદ્ધા જોઈને તેમને વશ થઈ જતા હતા. (૩૮) રામાનંદ સ્વામીની પૂજા સમયે ભગવાન કૃષ્ણ તો પ્રતિમા દ્વારા પ્રગટ થઈ તેમણે અર્પેલા ચંદનપુષ્પાદિ ઉપહારોને પ્રત્યક્ષપણે સ્વીકારતા હતા. પણ ભગવાનને રામાનંદમુનિ સિવાય બીજું કોઈપણ દેખાતું ન હતું. (૩૯) એક દિવસ શ્રી રામાનંદમુનિ સર્વ પ્રકારે સાક્ષાત્ શ્રીકૃષ્ણ દર્શનના અધિકારવાળા નીલકંઠવર્ણિને તે ભગવાનના દર્શન માટે પ્રત્યક્ષ થયેલા શ્રીકૃષ્ણની પ્રાર્થના કરવા લાગ્યા. (૪૦) હે ભગવાન ! તમારામાં અતિશય પ્રેમવાળા, સદ્‌ગુણોથી શોભાવિશિષ્ટ એવા આ નીલંકઠવર્ણિને પણ તમે મારી જેમ જ પ્રત્યક્ષ દર્શન આપો. (૪૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

ત્યારે શ્રીકૃષ્ણ પણ 'તથાસ્તુ' એમ પ્રતિજ્ઞા ફરીને પ્રભુએ મંદહાસ્યપૂર્વક તે નીલકંઠવર્ણીને પણ પોતાનું સાક્ષાત્ દર્શન આપ્યું. (૪૨) ત્યારે શ્રીહરિ શ્રી રામાનંદમુનિની સેવા કરતા તેમણે રામાનંદમુનિ વડે અર્પણ કરાતા ઉપચારોને પ્રત્યક્ષ ગ્રહણ કરતા શ્રી કૃષ્ણને જોયા. (૪૩) તે શ્રીહરિ નૈવેદ્યને જમતા, તે ભગવાનને જોઈને આનંદસાગરમાં નિમગ્ન થઈ ગયા. પછી તે શ્રીહરિ ગુરુ રામાનંદમુનિની પૂજા સમયે આ પ્રકારે પ્રતિદિન ભાળવા લાગ્યા. (૪૫) પછી નીલકંઠવર્ણી પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યા કે મારી પૂજા સમયે પણ આવું કૃષ્ણદર્શન કેમ થાય એમ તર્ક કરવા લાગ્યા. (૪૬) જેમ રામાનંદમુનિએ અર્પણ કરાતા ઉપહારોને નિત્ય ગ્રહણ કરે છે તેમ જ મારાથી અપાતા ઉપહારોને અચ્યુત એવા શ્રીકૃષ્ણ ક્યારે પ્રસન્ન થઈને ગ્રહણ કરશે ? (૪૭) જ્યારે મારાથી અપર્ણ કરાતા ઉપહારોને શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ સ્વીકારશે ત્યારે જ હું કૃતાર્થતાને પામીશ. (૪૮) અને મારો આ મનોરથ તો ગુરુસેવાથી જ સંપૂર્ણ સિદ્ધ થશે માટે હું શ્રી રામાનંદમુનિની જ સેવા કરું (૪૯) પછી ભક્તિ શ્રદ્ધાથી યુક્ત નિત્ય તે ગુરુનું જ સેવન કરવા લાગ્યા. આ પ્રમાણે કરતાં કરતાં શ્રીહરિને ચાતુર્માસ વીતી ગયા. (૫૦) હે નૃપતે ! વિક્રમાદિત્ય રાજાનો શક કહેતા વિક્રમ સંવત ૧૮૫૭નું વર્ષ વર્તમાન થયું ત્યારે પ્રબોધિની એકાદશીના દિવસે ઉત્તમ અધિકારી એવા તે શ્રીહરિને મહાદીક્ષા આપવાની રામાનંદમુનિએ ઈચ્છા કરી. (૫૧) ત્યારે વર્ણિરાજ શ્રીહરિએ મહાદીક્ષા ગ્રહણ કરવામાં ઉત્સાહવાળા થઈને ગુરુની આજ્ઞાથી ત્રણ અક્ષરવાળા 'શ્રીકૃષ્ણ' મંત્રનો જપ કરવા પૂર્વક આગલે દિવસે ઉપવાસ કર્યો. (૫૨) હે નરેન્દ્ર ! રામાનંદમુનિએ પ્રમોદ નામના સંવત્સરમાં પ્રબોધિની એકાદશીના દિવસે પ્રાતઃકાળે યથાવિધિ મહોત્સવ સાથે અતિ હર્ષપૂર્વક શ્રીહરિને મહાદીક્ષા આપી. (૫૩)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
રામાનંદસ્વામી શુશ્રૂષા નામે સત્તાવનમો અધ્યાય થયો. ॥૫૭॥

●

## અધ્યાય-૫૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

પ્રબોધિની એકાદશીના રોજ મુનિપતિ શ્રી રામાનંદસ્વામી પોતાના ઉદ્ધવસંપ્રદાયમાં વર્તતા અને શાંત તેમજ દીક્ષાવિધિના જાણકાર બ્રાહ્મણને બોલાવ્યો.(૧) તેની પાસે દીક્ષા સંબંધી સર્વ વિધિ કરાવી અને તે બ્રાહ્મણે પણ યથાશાસ્ત્ર અને યથાયોગ્ય સર્વ વિધિ કરી.(૨) હે નૃપ ! તેમાં પ્રથમ શરીરશુદ્ધિ માટે તે બ્રાહ્મણે શ્રીહરિને ત્રણ કૃચ્છ્રવ્રતોના પ્રતિનિધિરૂપ પ્રાયશ્ચિત કરાવ્યું.(૩) પછી ત્યાં નાના વર્ણોથી સુશોભિત સર્વતોભદ્ર નામનું મંડળ કરીને નવકળશોને યથાવિધિ સ્થાપન કર્યા.(૪) ઉદાર બુદ્ધિવાળા શ્રી રામાનંદમુનિએ ત્યાં અનુક્રમથી તાંબાના આઠ કળશો સ્થાપી તેની મધ્યમાં સુવર્ણકળશ સ્થાપન કર્યો. એ રીતે નવ કળશો સ્થાપન કર્યા.(૫) પછી જળ ભરેલા, અંદર

રત્નો ભરેલા અને પાંચ પીપળાના પત્ર તથા ફળો સહિત પૂર્ણપાત્રવાળાં તે બધાં કળશોમાં દેવોની સ્થાપના કરી.(૬) તેમાં મધ્યકળશમાં શ્રી રાધિકા સહિત શ્રીકૃષ્ણની, પૂર્વ દિશામાં ભગવતી દુર્ગાની તથા દક્ષિણ દિશામાં સૂર્યનારાયણની સ્થાપના કરી.(૭) પશ્ચિમ દિશામાં વિઘ્નરાજ ગણપતિની, ઉત્તરમાં શિવની, અગ્નિકોણમાં વિશ્વકસેનની અને નૈઋત્યમાં ગરુડની સ્થાપના કરી.(૮) વાયુકોણના કળશમાં હનુમાનજીની, ઈશાનકોણમાં રહેલા કળશમાં શ્રીદામાની; એ રીતે દિશાના અનુક્રમથી યથાવિધિ દેવોની સ્થાપના કરી.(૯) પછી તે વિપ્રે અંગારિત દેવોએ સહિત પ્રધાનદેવ શ્રીકૃષ્ણનું મૂળમંત્રો તથા વૈદિક-પૌરાણિક મંત્રો વડે પૂજન કરાવ્યું.(૧૦) પંચામૃત સહિત ષોડષોપચાર દ્રવ્યોથી, મહાનૈવેદ્યથી અને મહાદીપથી પૂજન કરાવ્યું.(૧૧) આ પૂજન સમયે મૃદંગ, કાંસી, ઝાલર, નગારાં, તુશઈ વગેરે વાજીંત્રોના ધ્વનિની સાથે ભક્તોના ભગવદ્ગુણ કીર્તનના ધ્વનિ સાથે મિશ્રિત થતાં ત્યાં મહાન ધ્વનિ ગાજી રહ્યો.(૧૨) પછી તે બ્રાહ્મણે સંસ્કારેલી વેદિકા ઉપર અગ્નિ સ્થાપન કરી અષ્ટાક્ષર મૂળમંત્રથી ઘીની એકસો આઠ આહુતિનો હોમ કર્યો.(૧૩) પછી રામાનંદ મહામુનિએ પૂર્વાભિમુખ બેઠેલા શ્રીહરિને કૌપીન ઉપર પહેરવાનું શ્વેતવત્ર અને ઓઢવાનું વસ્ત્ર આપ્યું.(૧૪) પછી વર્ણિ શ્રીહરિને ભગવાનની પ્રસાદીભૂત નવીન સૂક્ષ્મ મણિકાની તુલસીકાષ્ઠમાળા ગળામાં ધારણ કરવા આપી. (૧૫) કૃષ્ણપૂજાથી બાકી રહેલા સુગંધી ચંદન વડે, શ્રીહરિને ઊર્ધ્વપુંડ તિલક કરાવ્યું. પછી રાધાની પૂજા કરતાં બાકી રહેલા કુંકુમથી ચાંદલો કરાવ્યો.(૧૬) પછી ઉત્તરાભિમુખ બેઠેલા રામાનંદસ્વામી શ્રીકૃષ્ણ પ્રભુનું ધ્યાન કરી શ્રીહરિના જમણા કાનમાં અષ્ટાક્ષર કૃષ્ણમંત્રનો ઉપદેશ કર્યો.(૧૭) શુદ્ધબુદ્ધિવાળા શ્રીહરિને ગુરુ શ્રી રામાનંદમુનિએ સંપ્રદાયમાં કહેલી રીતિ પ્રમાણે મંત્રના અર્થનો યથાર્થ બોધ કર્યો. (૧૮) જીવ નામવાળું અને ઈશ્વર નામવાળું (પિંડ અને બ્રહ્માંડ) બંને પ્રકારના ક્ષેત્ર કહેતાં શરીરનું અભિમાન કરે છે તે બન્ને ક્ષેત્રજ્ઞો કહેવાય છે. જીવ અલ્પજ્ઞ ક્ષેત્રજ્ઞ અને ઈશ્વર સર્વજ્ઞ ક્ષેત્રજ્ઞ છે. આ બંને પ્રકારના ક્ષેત્રજ્ઞને આ મંત્રમાં 'અહં' શબ્દથી કહેવાય છે. (૧૯) અહીં બંને પ્રકારના ક્ષેત્રજ્ઞમાં જે અન્વયપણે છે અને જે બંનેનો નિયંતા છે અને જે તે ક્ષેત્રજ્ઞથી વ્યતિરેક જ છે તે અક્ષર બ્રહ્મ શબ્દથી કહેવાય છે. (૨૦) જે ક્ષેત્રજ્ઞનો આશ્રય કરી આ અક્ષરને પ્રેરે છે તે આ પુરુષોત્તમ નામે અક્ષરાતીત કહેવાય છે. (૨૧) તે ભગવાન જ જનકલ્યાણાર્થે જેમણે દિવ્ય નરાકૃતિ ધારણ કરેલ છે એવા જ્ઞાનદાનથી સ્વસ્વરૂપભૂત જીવાત્માઓના અજ્ઞાનનો નાશ કરે છે માટે તે કૃષ્ણ કહેવાય છે. (૨૨) પ્રેમથી તે ભગવાનના સેવન વડે જ પોતાનું શોભાપણું છે તે જ 'દાસ' શબ્દનો અર્થ આ મંત્રમાં કહેલો છે. (૨૩) 'અસ્મિ' પદથી પૂર્ણકામપણું જાણવું. આ પ્રકારે જાણનારાને કશું જાણવાનું કે પામવાનું બાકી રહેતું નહિ હોવાથી તે મુક્તપણું મેળવે છે. (૨૪) વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ અને બ્રહ્મપુરમાં ભગવાનની પ્રાપ્તિ અને સેવાથી ભગવાનના ભક્તો પૂર્ણકામ છે. (૨૫) અહીં પણ શ્રીહરિ ભગવાનની પ્રત્યક્ષ પ્રાપ્તિરૂપ હેતુથી અને સેવાથી આ પ્રમાણે જેમનું પૂર્ણપણું છે એવા શ્રી રામાનંદમુનિએ મંત્રાર્થને કહ્યો. (૨૬) અંતઃકરણની વૃત્તિના બહિર્ગમનનો નિરોધ થાય તથા

હૃદયમાં પ્રકાશ થાય અને શ્રીકૃષ્ણદર્શન થાય, આમ તે મંત્રજપનું ફળ થાય એમ શ્રી રામાનંદમુનિએ કહ્યું. (૨૭) આ પ્રમાણે ગુરુ શ્રી રામાનંદમુનિ મંત્રાર્થનો બોધ આપી ફરીથી શ્રીહરિને કહેવા લાગ્યા કે જ્યાં સુધી દેહનું ભાન હોય ત્યાં સુધી તમે સ્વધર્મનો ત્યાગ ન કરો. (૨૮) પિતા ધર્મદેવથી આપણા સંપ્રદાય સંબંધી જે ધર્મો તમે સાંભળેલા છે તે સર્વ ધર્મોનું તો તમે સદા પાલન કરો જ છો. (૨૯) તમે તે સર્વે ધર્મોનો ત્યાગ નહિ કરવા પૂર્વક જ હે હરે ! તમારે શ્રીકૃષ્ણનું બાહ્ય તથા માનસ પૂજન દરરોજ નિયમપૂર્વક કરવું. (૩૦) પૂજાના અંતે પ્રથમ રાસપંચાધ્યાયીનો પોતાની શક્તિ પ્રમાણે પાઠ કરી, એકાગ્ર મનથી શ્રી વાસુદેવ માહાત્મ્યનો પાઠ કરો. (૩૧) અન્ન ભગવાનને નિવેદિત કરેલું પ્રસાદીભૂત જ જમવું તથા જળ પણ પ્રસાદીનું જ પીવું અને ભગવાનને સમર્પણ કર્યા વિનાનું તો ફળદળ આદિ કંઈ પણ ખાવું નહિ. (૩૨) અને તમે સર્વદા શ્રીકૃષ્ણનું નામસંકીર્તન કરો તથા ભગવાનની ભક્તિ વિનાનો વ્યર્થ કાળ નિર્ગમન ન કરવો. (૩૩) હે મુને ! જ્યાં ભગવાનનું માહાત્મ્ય વર્ણન કરેલું હોય તથા ચરિત્ર વર્ણવેલું હોય એવા ગ્રંથની કથા પ્રતિદિન નિયમપૂર્વક સાંભળવી. (૩૪) તે કથા સાંભળવાથી ભગવદ્ ભક્તિ ખૂબ જ વૃદ્ધિ પામે છે તેથી તે કથા દરરોજ સાંભળવી અને વક્તાનો અભાવ હોય તો જાતે જ વાંચી લેવી. (૩૫) હે નૃપ ! રામાનંદમુનિ આ પ્રમાણે ધર્મોનો ઉપદેશ આપીને, પોતાના મનમાં વિચાર કરી શિષ્યભાવે રહેલા તે શ્રીહરિનું સાર્થક નામાભિધાન કર્યું. (૩૬) તે ગુરુએ તેમનું પહેલું 'સહજાનંદ' એવું નામ પાડ્યું અને પછી બીજું શ્રી 'નારાયણમુનિ' એવું નામાભિધાન સ્વયંભૂ કર્યું. (૩૭) જે તપથી, સ્વભાવથી, દેહથી, આકૃતિથી સર્વ પ્રકારે નારાયણમુનિ તુલ્ય હોવાથી તે નારાયણમુનિરૂપ નામને જ હર્ષપૂર્વક પાડ્યું. (૩૮) પછી શ્રીહરિએ ખૂબ આદરપૂર્વક શ્રીરામાનંદમુનિની પૂજા કરી; પછી પ્રદક્ષિણા કરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૩૯) પછી શ્રીહરિએ વિનયપૂર્વક સંતોની અને વૈષ્ણવોની પૂજા કરી પછી તે બ્રાહ્મણે મહાદીક્ષાવિધિ વિધિપૂર્વક સમાપ્ત કર્યો. (૪૦) પછી વર્ણિરાજ શ્રીહરિ બે હાથ જોડીને ગુરુ સમીપે ઊભા રહ્યા ત્યારે પ્રસન્ન થયેલા તે ગુરુ શ્રીહરિને કહેવા લાગ્યા કે તમે મારી પાસેથી ઈપ્સિત વરદાન માંગો. (૪૧)

**શ્રી નીલકંઠવર્ણી બોલ્યા :**

તમારા પૂજનની પ્રતિમામાં જે શ્રીકૃષ્ણ સાક્ષાત્ પ્રગટ થઈ પ્રતિદિન ઉપહારોને સ્વીકારે છે, જમે છે, હસે છે અને તમારી સાથે બોલે છે. (૪૨) જો તમે પ્રસન્ન થયા હો તો તે શ્રીકૃષ્ણ મારી પૂજા પ્રતિમામાંથી પણ સ્વયં પ્રગટ થઈ મારું અભિષ્ટ કરે એવું વરદાન આપો. (૪૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

મુનિરાટ રામાનંદે શ્રીહરિને અત્યંત પ્રસન્ન થઈને 'તથાસ્તુ' એમ કહ્યું. પછી તે રાત્રિમાં બધાએ ભગવન્નામ સંકીર્તન કરવા પૂર્વક જાગરણ કર્યું. (૪૪) પ્રાતઃકાળે રામાનંદસ્વામીએ બ્રાહ્મણો, સાધુઓ, બ્રહ્મચારીઓ એ સર્વેને તેમને પ્રિય એવાં ભક્ષ્ય ભોજ્યથી જમાડ્યા અને તેમને વસ્ત્ર વગેરેની દક્ષિણ આપી. (૪૫) હે રાજન્ ! પછી દરરોજ શ્રીહરિની પૂજા સમયે શ્રીકૃષ્ણ

રામાનંદસ્વામીની માફક પ્રત્યક્ષ ઉપહાર વગેરે ગ્રહણ કરતા હતા. (૪૬) તે વણિવર્યમુનિ સાક્ષાત્ ભગવાનના દર્શનથી જેમનો મનોરથ પૂર્ણ થઈ ગયો છે તેવા પોતાના આત્માને કૃતકૃત્ય માનવા લાગ્યા. (૪૭) ક્યારેક તો દ્વિભુજ તથા વેણુ વગાડતા અને નટવર વેશવાળા રાધાસહિત શ્રીકૃષ્ણને પ્રત્યક્ષ જોતા હતા. (૪૮) ક્યારેક બલરામ સહિત, ક્યારેક રુંકિમણી સહિત, ક્યારેક અર્જુન સહિત તો ક્યારેક શ્રીકૃષ્ણને એકલા જ જોતા હતા. (૪૯) અને ક્યારેક શ્રીહરિ દ્વિબાહુ એવા પણ તે શ્રીકૃષ્ણને ક્યારેક ચતુર્ભુજરૂપે જોતા હતા. પછી તે શ્રીહરિનો શ્રીકૃષ્ણમાં પરમ ઉત્કૃષ્ટ પ્રેમ ખૂબ જ વૃદ્ધિ પામ્યો. (૫૦) હે ધરેશ ! તપસ્વી લીલાને ધારણ કરતાં એવા શ્રીહરિ આ પ્રમાણે નૃનાટ્યનું પરિશીલન કરતાં 'આ તો કૃષ્ણ સમાન જ છે' એવી બુદ્ધિથી ગુરની સેવા નમ્રતાપૂર્વક સમયે સમયે કરવા લાગ્યા. (૫૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં
મહાદીક્ષાગ્રહણ નામે અઠ્ઠાવનમો અધ્યાય થયો. ॥૫૮॥

●

## અધ્યાય-૫૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પોતાના શિષ્યભાવને પામેલા અને પોતાની સેવાશુશ્રૂષામાં લાગેલા છતાં પણ સદ્‌ગુણોથી વિભૂષિત એવા તે શ્રીહરિમાં રામાનંદસ્વામીને સખાભાવ જ થયો હતો. (૧) બુદ્ધિમાન એવા શ્રીહરિને પૂછીને જ શ્રી રામાનંદસ્વામી વ્યાવહારિક કામ કરતા હતા અને પોતાના અંતરનો રહસ્ય આશય પણ તેમને જણાવતા હતા. (૨) પછી તે રામાનંદસ્વામી શ્રીહરિની સાથે રૈવતાચળ પર્વતની તળેટીમાં કૃષ્ણભક્તિ પ્રવર્તાવતા સ્વભક્તોના ગામોમાં વિચરણ કરતા હતા. (૩) હે રાજન્ ! તે રામાંદસ્વામી કોઈક ગામમાં એક માસ સુધી, કોઈક ગામમાં એક પખવાડિયા સુધી, કોઈક ગામમાં પાંચ દિવસ નિવાસ કરતા કરતા જેતપુર નામના ગામે પહોંચ્યા. (૪) ધર્મનિષ્ઠ એવા ઉન્નડ નામના રાજાએ બહુ પ્રકારે રહેવા સારું પ્રાર્થના કરેલા રામાંદસ્વામી પોતાના ભક્તજનોને આંદ પમાડતાં થકા ત્યાં રહ્યા. (૫) ત્યાં ભગવાન્ નારાયણમુનિ પોતાના સદ્‌ગુણોએ કરીને સર્વ શિષ્યોથી અધિકપણે નિરંતર ગુરુસેવાપરાયણ થઈને રહ્યા. (૬) હે નૃપતિસત્તમ ! તે શ્રીહરિમાં (હવે કહેવાશે) તે બધા ગુણો સર્વદા વિદ્યમાન હતા. (કયા તે ગુણો ?) તો સર્વ કાળમાં અને સર્વ દેશમાં પણ સ્વસ્વરૂપમાં અચળ સ્થિતિ હતી. (૭) સત્ય, શૌચ, દયા, ક્ષાન્તિ-(ક્રોધનું કારણ ઉપસ્થિત થવા છતાં ચિત્તને નિયમમાં રાખવું), ત્યાગ, સંતોષ, આજર્વ-મન, વચન અને કર્મની એકરૂપતા, શમ, દમ, તપ, સામ્ય-(રમણીય-અને અરમણીય પદાર્થોમાં તુષ્યપણું), તિતિક્ષા, ઉપરતિ-વ્યર્થ વ્યાપારમાં વિરતિ, અને શ્રુત-(સર્વ શાસ્ત્રાર્થનું યથાર્થ જાણવાપણું). (૮) જ્ઞાન, વિરક્તિ ઐશ્વર્ય, શૌર્ય, તેજ, બળ, સ્મૃતિ, સ્વાતંત્ર્ય, કૌશલ, કાંતિ, ધૈર્ય અને માર્દવ-(ચિત્તની કોમળતા). (૯) પ્રગલ્ભતા, પ્રશ્રય-(વડિલો સમક્ષ વિનય), શીલ, સહ મનની પ્રવીણતા, ઓજ,

બળ, ભગ-(જ્ઞાનાદિકનો ઉત્કર્ષ), ગાંભીર્ય, સ્થૈર્ય, આસ્તિક્ય, કીર્તિ, મૌન, અગર્વતા...(૧૦) અમાનિત્વ, અદંભીત્વ, મિતાહાર, દક્ષતા, મૈત્રી, સર્વોપકારિત્વ, કામૈરક્ષુબ્ધચિત્તતા-(વિષયો વડે ચિત્તમાં ક્ષોભ થવા ન દેવો). (૧૧) અદ્રોહ, માનદત્વ (યથાયોગ્ય સર્વજનોનો સત્કાર કરવો), ષડૂર્મિવજય, બ્રહ્મણ્યત્વ, શરણ્યત્વ, અનિહા (સર્વ વસ્તુની અભિલાષા રહિતપણું), અપરિગ્રહ. (૧૨) અત્યંત પ્રેમપૂર્વક અચળ નિષ્ઠાવાળી શ્રી રાધિકાપતિ શ્રીકૃષ્ણમાં ભક્તિ, તથા નિષ્કપટભાવે ગુરુસેવા. (આ બધા ગુણો શ્રી નારાયણમુનિમાં હતાં.) (૧૩) મુનિપતિ શ્રી રામાનંદમુનિના શિષ્યો નારાયણમુનિના સર્વથી અધિક આ ગુણોને જોઈ વિસ્મય પામી જતા હતા અને તેથી જ તેમને પોતાના દરેકથી અધિક શ્રેષ્ઠ માનવા લાગ્યા. (૧૪) હે રાજન્ ! ગુરુનું અભિષ્ટ કરતા એવા શ્રી નારાયણમુનિને શ્રી રામાનંદમુનિ સમીપે વાસ કરતાં બે વર્ષ વીતી ગયાં. (૧૫) પછી તે રામાનંદમુનિએ શ્રી નારાયણમુનિને આ પ્રકારે સદ્‌ગુણસંપન્ન જોઈ પોતાની ધર્મધુરા (આશ્રિતોને ભાગવત ધર્મમાં વર્તાવવારૂપ ધૂંસરી) આરોપણ કરી, આ લોકથી અંતર્ધાન થવા ઈચ્છા કરી. (૧૬) પછી શ્રી રામાનંદમુનિ સર્વમાં વૈરાગ્યવાળા એવા નારાયણમુનિને વ્યવહારમાં જોડતા થકા, પોતાના સર્વ ભક્તો સાંભળતાં થકા કહેવા લાગ્યા. (૧૭)

**શ્રી રામાનંદસ્વામી બોલ્યા :**

હે નારાયણમુને ! હે ધીમન્ ! તમે આદરપૂર્વક મારું વચન સાંભળો અને સાંભળીને સર્વ પ્રકારે આ લોકમાં જેમ હું કહું તેમ તમે કરવાને યોગ્ય છો. (૧૮) જે આ બધાં મારા આશ્રયે રહેલા ભગવદ્ ભક્તો નર-નારી જનો છે તે બધાને તમારે ધર્મમર્યાદામાં સ્થાપન કરવા. (૧૯) અને તમે પ્રતિદિન જે વાસુદેવમાહાત્મ્યનો પાઠ કરો છો તેમાં વર્ણાશ્રમવાળા સ્ત્રી-પુરુષોના ધર્મો વર્ણન કરેલાં છે. (૨૦) તેને અનુસારે યથાધિકાર જનોને તે ધર્મોમાં જ સ્થાપન કરવા અને શ્રીકૃષ્ણની સેવારીતિ તો વિઠ્ઠલનાથજીએ કહેલા પ્રકારે જ ગ્રહણ કરવી. (૨૧) અને તે શ્રી રાધિકાપતિના વ્રતોઉત્સવોનો વૈષ્ણવોએ ઉચિત નિર્ણય પણ તે વિઠ્ઠલનાથજીએ કહેલા પ્રકારે જ પ્રવર્તાવવો. (૨૨) પૂર્વે શ્રી રામાનુજ સંપ્રદાયમાં મારી જે સ્થિતિ હતી પણ અન્ય વૈષ્ણવોએ મત્સરરૂપ દોષથી ઉપદ્રવ કરેલો. (૨૩) પછી બાહ્ય રીતે શ્રી રામાનુજાચાર્ય માર્ગના બાર ઉર્ધ્વપુંડ્રઆદિકનો ત્યાગ કરી, સત્ શાસ્ત્રો અનુસાર મેં પૃથ્વી ઉપર નવીન માર્ગ પ્રવર્તાવ્યો છે. (૨૪) અધ્યાત્મજ્ઞાનની સિદ્ધિ માટે શ્રીકૃષ્ણોપાસનામાં પુષ્ટિકારક શ્રીમાન્ રામાનુજાચાર્યે રચેલા ગ્રંથો મેં પ્રતિપાદન કરેલા છે. (૨૫) આથી તમે જીવ, માયા અને પરમાત્માના સ્વરૂપોનો નિશ્ચય કરવા શ્રી રામાનુજાચાર્યે રચેલ ભાષ્યાદિ ગ્રંથોની (વિદ્વાનોમાં) પ્રવૃત્તિ કરો. (૨૬) આ પ્રકારની મારી આજ્ઞા સર્વ શાસ્ત્રોના અર્થને જાણનારા તમારે પાલન કરવી. તમો એક જ આ સમયમાં મારા સ્થાન (આચાર્યપદ)માં બેસવાને યોગ્ય છો. (૨૭) જે દિવસે તમને મેં જોયા ત્યારથી આરંભીને આ મારો નિર્ણય થયો છે તો તેને પૂર્ણ કરવા તમે યોગ્ય છો. (૨૮) હે મુને ! હું તમારી વૈરાગ્ય તીવ્રતાને જાણું છું, તે ખરેખર છે. તો પણ આ (મારા સ્થાને રહી આશ્રિતો ઉપર પ્રભુપણું કરવું એ) કાર્ય બીજા કોઈથી નહિ પણ માત્ર

તમારાથી જ થઈ શકે એમ છે. (૨૯) વસ્ત્રાલંકારથી યુક્ત એવી જનપૂજા તમારે જ સ્વીકારવી. વળી રથ, ઘોડા, હાથી અને પાલખીમાં આરોહણ પણ તમારે જ કરવું. (૩૦) અને આશ્રિત એવા ભક્તજનોની કલિદોષો વગેરેથી તમારે સર્વથા રક્ષા કરવી. હે તપોધન ! આ લોકમાં તે કલિદોષોથી રક્ષણ કરવા તમે જ એક સમર્થ છો. (૩૧) અને આપ ગાંગેયની માફક ધૈર્યવાળા છો અને આપ ધર્મલોપ નહિ થવા દો એમ જાણીને જ હું આપને મારા આ આશ્રિત સર્વજનોના આધિપત્યમાં સ્થાપન કરું છું. (૩૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપ ! આમ તે નારાયણમુનિ સદ્‌ગુરુ એવા રામાનંદસ્વામીનું વચન સાંભળી ક્ષણભર ચિત્તમાં વિચાર કરીને ઉદાસીન જેવા થઈને તેમના પ્રત્યે બોલ્યા. (૩૩)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

પોતાના ગુરુની આજ્ઞા શિષ્યે પાળવી જોઈએ એ જ સનાતન ધર્મ છે. તો પણ હે પ્રભો ! તમારું વચન (ઉપદેશ પ્રસંગથી સ્ત્રીધનનું સાંનિધ્ય કરનારું) લોક અને શાસ્ત્રથી નિંદિત છે એમ હું માનું છું. (૩૬) હું જે સ્ત્રીઓની ગંધમાત્રને પણ સૂંઘીને પલાયન થઈ જાઉં છું તેવો હું તે સ્ત્રીઓના સમીપે સ્થિતિ કયા પ્રકારે કરીશ ? (૩૭) મુમુક્ષુજનોને સ્ત્રીપ્રસંગ બંધનકારી મહાન પાશરૂપ છે. કારણ કે અનેક મુક્તો પણ સ્ત્રી પ્રસંગથી તે જ ક્ષણમાં ભ્રષ્ટ થઈ ગયા હતા. (૩૮) નૈષ્ઠિકવ્રતમાં દૃઢ નિષ્ઠાવાળા, આ સ્ત્રી છે કે પુરુષ છે એવી ભેદદૃષ્ટિએ રહિત એવા ઋષ્યશૃંગ સ્ત્રી પ્રસંગથી પોતાના બૃહદ્‌વ્રતથી ભ્રષ્ટ થયા હતા. (૩૯) સ્ત્રીના સંગથી કામ ઉત્પન્ન થાય છે, કામથી ક્રોધ ઉત્પન્ન થાય છે, ક્રોધથી સંમોહ થાય છે અને સંમોહથી સ્મૃતિવિભ્રમ થાય છે. (૪૦) સ્મૃતિભ્રંશથી બુદ્ધિનાશ થાય છે, બુદ્ધિનાશથી સ્વયં નષ્ટ થઈ જાય છે તેથી આ લોકમાં સ્ત્રીપ્રસંગથી હું નિશ્ચય અત્યંત ભય પામું છું. (૪૧) જે અનવસ્થિત અર્થાત્ ચંચળ મનનો ક્યારેય પણ વિશ્વાસ કરવો નહિ. કારણ કે તેનાથી બહુ કાળે સંપાદન કરેલું શિવજીનું તપ સરી ગયું હતું. (૪૨) જેમ વિશ્વાસ કરનાર પતિનો વ્યભિચારિણી સ્ત્રી જાર પુરુષને અવકાશ આપી ઘાત કરાવે છે તેમ જેમણે વિશ્વાસ કર્યો છે એવા યોગીનું મન કામનો અવકાશ પામે છે અને તે કામનાની પાછળ અંતઃશત્રુઓને અવકાશ મળે છે. (૪૩) કામ, ક્રોધ, મદ, લોભ, શોક, મોહ, ભય વગેરે વિશ્વાસ કરેલા મનના અવલંબનથી ઉદ્‌ભવે છે અને કર્મબંધન પણ મનોમૂલક છે તો આવા ચંચળ મનને કયો ડાહ્યો માણસ સ્વીકાર કરે ? એટલે કે ‘મન મારે વશ વર્તે છે’ એવા વિશ્વાસથી કોણ સ્વીકાર કરે ? કોઈ પણ ન જ કરે. (૪૪) ભૂતપ્રાણી પ્રત્યેની ધ્યાનથી પણ મનનો સંગ (વિશ્વાસ) કરવાયોગ્ય ગણાતો હોય તો પણ જગતની ગતિ કર્મફળને અનુસારે થયા કરે છે. એમ જાણનારાએ ભૂતાનુકંપમાં પણ ઉપેક્ષા કરવી યોગ્ય છે. (૪૫) જેઓ દયાથી પણ ભગવાનથી બીજી જગ્યાએ મનને જોડે છે તેઓ મૃગલાના બચ્ચાના પ્રસંગથી ભરતજીની જેમ પોતાની સ્થિતિથી ભ્રષ્ટ થઈ જાય છે. (૪૬) તેથી હું પ્રજ્વલિત અગ્નિમાં પડવું અથવા વિષભક્ષણ કરવું એને શ્રેષ્ઠ માનું છું પણ ક્યારેય પણ કોઈને પણ સ્ત્રીનો પ્રસંગ શ્રેષ્ઠ

માનતો નથી. (૪૭) વળી ધનનો પ્રસંગ પણ મને રુચિકર નથી. કેમકે ધનપ્રસંગથી ઉત્તમ શીલવાળો પણ દુરાચારમાં પ્રવૃત્ત થાય છે. (૪૮) હે રાજન્ ! પૂર્વે વસિષ્ઠમુનિએ પણ ધન-આસક્તિથી વિનષ્ટ બુદ્ધિવાળા થઈને ધર્મિષ્ઠ એવા નિમિરાજાને શાપ આપ્યો હતો અને પોતે પણ 'વેશ્યાપુત્ર' તરીકે વિખ્યાત થયા હતા. (૪૯) દેશ, કાળ, ક્રિયા, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને સંગ આ આઠ જેવા (શુભ કે અશુભ) હોય તેવું (શુભાશુભ) ફળ તેના સેવનારાને આપે છે. (૫૦) જે મનુષ્યો શુભ એવા દેશકાળાદિકનું સેવન કરે છે તેઓની બુદ્ધિ શુભ થાય છે અને અશુભ દેશકાળાદિકનું સેવન કરનારની બુદ્ધિ પણ અશુભ જ થાય છે એમાં લેશ સંશય નથી. (૫૧) જે પુરુષની જેવી બુદ્ધિ થાય તેવા તે કર્મને કરે છે. પછી તે પુરુષ કર્માનુરૂપ જ ફળ પણ પામે છે. (૫૨) માટે બુદ્ધિશાળી પુરુષે અસત્ દેશકાળાદિકનું સેવન કરવું નહિ, અસત્ દેશકાળાદિકનો ત્યાગ કરીને સત્ દેશકાળાદિકનું સત્વરે સેવન કરવું. (૫૩) મદિરા અને ભાંગ્ય પીનાર મૂર્ખ માણસને જેમ અસર થાય છે તેમ શાસ્ત્રજ્ઞને પણ તે મદિરા મદોન્મત્ત કરીને તે જ ક્ષણે ખરેખર ઉન્મત્તતાને પમાડે છે. (૫૪) તેવી રીતે સ્ત્રી અને ધન પણ પોતાનું સેવન કરનાર જનને તે વિદ્વાન કે સાત્ત્વિક હોય તો પણ મદયુક્ત કરીને કુમાર્ગે લઈ જાય છે. (૫૫) સ્ત્રીધનાદિ વસ્તુઓ પૂર્વે કહેલા સ્વભાવવાળી જ વર્તે છે. કોઈ પણ પદાર્થ પોતામાં સહજ સ્વભાવથી રહેલો ગુણનો ત્યાગ કરવા સમર્થ થતો નથી. (૫૬) સ્ત્રીઓ કે ધનાદિના પ્રસંગમાં મારી સ્વાભાવિક જ રુચિ નથી. હે ગુરુદેવ ! હું આ નિશ્ચિત સત્ય કહું છું. (૫૭) સદ્‌ગુરુ એવા તમારી આજ્ઞાનો પ્રતિવાદ ઉચિત નથી તેથી મારું ચિત્ત ખેદ પામે છે. આથી તમે મારું હિત થાય તેમ કહો. (૫૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

તે ગુરુ આ પ્રકારે નારાયણમુનિનું પ્રતિવાક્ય સાંભળીને તે નારાયણમુનિમાં જ સ્વામીત્વ સ્થાન કરતાં તેમને પોતાનો હૃદ્‌ગત અભિપ્રાય કહ્યો. (૬૦)

**શ્રી રામાનંદસ્વામી બોલ્યા :**

'તમે મારું વાક્ય સાંભળો. હું તમારું હાર્દ ખરેખર જાણું છું પરંતુ હું જે કામ કરું છું તે વિચારીને જ કરૂં છું. બીજું કરતો નથી. (૬૧) હાલમાં પૃથ્વી ઉપર હું સ્વાશ્રિત જનોની ધર્મરક્ષામાં સમર્થ વર્તું છું તે તમે સત્ય જ કહો છો. (૬૨) પરંતુ હે સુવ્રત ! ઉત્તમ શિષ્ય એવા આપને વિષે આ ધર્મધુરા ધારણ કરી, નિશ્ચિંત થઈ, કૃતાર્થ થઈને આ દેહનો ત્યાગ કરવા ઇચ્છું છું. (૬૩) હે તાત ! આ ધર્મધુરાને વહન કરવામાં સમર્થ તમારા જેવો બીજો કોઈ પણ હું જોતો નથી તેથી તમે મારા આ વચનને સ્વીકારવાને યોગ્ય છો. (૬૪) સ્ત્રીઓ સાથે સંભાષણાદિથી બ્રહ્મચારીનો વ્રતભંગ થાય એમ જે તમે કહ્યું તે બરાબર છે. તેમાં જરાપણ સંશય નથી. (૬૫) જે જનોને સ્ત્રીધનાદિના પ્રસંગથી વ્રત લુપ્ત થાય તે બ્રહ્મચારીઓ બીજા છે અને તમે તો અમાનુષી ક્રિયાવાળા વર્ણિ છો પણ સામાન્ય પ્રાકૃત વર્ણી નથી. (૬૬) હે નિષ્પાપ ! હજારો સ્ત્રીઓમાં અને સુવર્ણના ઢગલાઓમાં પણ નિર્વિકારપણે વર્તવાની કેવળ તમારામાં જ શક્તિ છે, અન્યમાં નથી. (૬૭) હે પ્રભો ! તમને વર

આપનારા તથા કામાદિથી રક્ષણ કરનારા સૂર્યનારાયણ સાક્ષાત્ તમારા હૃદયમાં વિરાજમાન છે. (૬૮) અને મેં તમને તત્ત્વથી યથાર્થપણે સર્વથા સમર્થ જાણ્યા છે તેથી પ્રાચીન (જૂના) એવા આ મુક્તાનંદાદિ સર્વને છોડીને તમારી જ પ્રાર્થના કરું છું. (૬૯) હે નારાયણ-મુનિ ! તમારાથી અન્ય બ્રહ્મચારીઓ તો સ્ત્રીકથાશ્રવણ માત્રથી પણ કદાચિત્ ભ્રષ્ટ થઈ જાય તો સ્ત્રી દર્શનાદિથી ભ્રષ્ટ થાય એમાં શું કહેવું ? (૭૦) તમારાથી બીજા જનોએ સ્ત્રીધન વગેરેનો સંસર્ગ સર્વથા ત્યાજ્ય છે અને તમે તો ઈશ્વર છો તેથી સ્વાશ્રિતોના સ્વધર્મ વગેરેનું રક્ષણ કરો. (૭૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતે ! આ પ્રમાણે વર્ણિરાજ ગુરુનું આવું વાક્ય સાંભળીને પોતાને તેની ઈચ્છા નથી તો પણ સ્વામીશ્રીને સન્માન આપવાપૂર્વક તેમનું વચન સ્વીકાર કર્યું. (૭૨) નારાયણમુનિએ પોતાનું વચન અંગિકાર કર્યું ત્યારે મુનિશ્વર એવા શ્રી રામાનંદમુનિ તે નારાયણમુનિને પોતાની ગાદી ઉપર બેસાડી પોતાના તમામ આશ્રિતોને કહેવા લાગ્યા. (૭૩)

**શ્રી રામાનંદસ્વામી બોલ્યા !**

હે મારા આશ્રિત ગૃહસ્થો ! તથા ત્યાગીઓ ! તમો સર્વે સાવધાન મનથી સાંભળો આ શ્રી નારાયણમુનિને મેં મારા સ્થાને સ્થાપન કરેલા છે એમ નિશ્ચિત છે. (૭૪) મનુષ્યોને સુદુર્લભ એવા સદ્‌ગુણોથી સંપન્ન એવા આ નારાયણમુનિ તમોને ધર્મમર્યાદાનું પાલન કરાવવામાં શક્તિમાન છે. (૭૫) માટે જ આજ દિવસથી આરંભીને તમો સર્વેએ આમની આજ્ઞામાં જ રહેવું. આ આજ્ઞા તમોએ અવશ્ય પાળવી. (૭૬) 'હે સ્વામીન્ ! અમે આપના કહેવા પ્રમાણે જ કરીશું.' એમ સર્વ બોલ્યા ત્યારે ગુરુ શ્રી રામાનંદમુનિ બંને હાથ જોડેલા વર્ણિરાજ શ્રી નારાયણમુનિને ફરી કહેવા લાગ્યા. (૭૭) હે મહામુને ! તમે મારી આજ્ઞાનું પાલન કર્યું તેથી હું તમારા ઉપર ઘણો પ્રસન્ન થયો છું તેથી પોતાને ઇચ્છિત એવા કેટલાક વર માગો. (૭૮) હે મહાપુરુષ ! આ બ્રહ્માંડ ગોલકમાં મારે તમને કંઈપણ નહિ આપવાયોગ્ય નથી. તેથી તમે સ્વાભિલષિત હોય તે નિશ્ચયે બોલો. (૭૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

શ્રી સ્વામીએ વરદાન અર્થે પ્રેરેલા મહામુનિ શ્રી નીલકંઠવર્ણી સર્વ જીવોની ઉપર દયાનિધિ હોવાથી આ પ્રમાણે બોલ્યા : (૮૦)

**શ્રી નીલકંઠવર્ણી બોલ્યા :**

જો તમે મને વરદાનને પાત્ર માનતા હો તો તમે મને ઈપ્સિત વરદાનો આપો : હે ગુરો ! નંદપુત્ર શ્રીકૃષ્ણના કોમળ ચરણકમળયુગલમાં મારી બુદ્ધિ અચળ રહો. (૮૧) આ લોકમાં અંતકાળે અગણિત વીંછીના દંશ સમાન ઘણું મોટું દુઃખ થાય છે એમ લોકો કહે છે. તો તે દુઃખ અને બીજું પણ દૈહિક દુઃખ તે આ વૈષ્ણવભક્તોનું દુઃખ મને થાઓ અને તેઓ તો દુઃખરહિત થાઓ. (૮૨) હે પ્રજેશ ! પૃથ્વી ઉપર કોઈ પણ સ્થળે ભગવાનના ભક્તોને પોતે કરેલ કર્મોના વશથી અવશ્ય ભોગવવા યોગ્ય જે મોટું દુઃખ હોય તે તથા આ લોકમાં ભક્તોને દારિદ્રયથી અન્નવસ્ત્રાદિનું જે દુઃખ

થવાનું હોય તે પણ મને આવો. તે વૈષ્ણવ ભક્તોને નહિ. (૮૩) જ્યાં જ્યાં વ્રજરમણ શ્રીકૃષ્ણચંદ્રની કથા થતી હોય તથા પ્રખ્યાત ગુણોવાળા સંતો હોય ત્યાં ત્યાં સદૈવ મારો વાસ થાઓ અને સંસારમાં આસક્તિવાળા જનોના પ્રસંગમાં તો મારો વાસ ક્યારેય પણ ન જ થાઓ. (૮૪) મારી જીભ ભગવાનના ગુણો કહેવામાં ગુલતાન રહો, મારા કાન ભગવાન સંબંધી કથા સાંભળવામાં રહો, તથા મારા હાથ ભગવાનની સેવામાં જ અને હૃદય ભગવાનની સ્મૃતિમાં, મારાં નેત્રો ભગવાનના દર્શનમાં તત્પર રહો. મારી શરીરસંબંધી ક્રિયા તથા મનસંબંધી સઘળી ક્રિયાઓ એક શ્રીકૃષ્ણના સંબંધવાળી થાઓ. આ લોકમાં ક્યારેય પણ અભક્તજનનો દુઃસંગ ન થાઓ. હે વિભો ! તમે મારા ઉપર પ્રસન્ન થયા હો તો મને આ વરો તમે આપો. (૮૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ગુરુ એવા શ્રી રામાનંદમુનિ પ્રાર્થના કરતા તે શ્રી નારાયણમુનિ પ્રત્યે બોલ્યા : હે મુને ! તમારા બધા મનોરથો પૂર્ણ થશે એમાં જરા પણ સંશય નથી. (૮૬) પરોપકારપરાયણ શ્રી નારાયણમુનિને આ પ્રમાણે વરદાનો આપીને શ્રી રામાનંદસ્વામી પોતાના મુખ્ય શિષ્યોથી વિંટળાયેલા જેતપુરથી ફણેણી નામના ગામે ગયા. (૮૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં નારાયણમુનિ સ્વામિત્વ સ્થાપન એ નામે ઓગણસાઈઠમો અધ્યાય થયો. ॥૫૯॥

●

## અધ્યાય-૬૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

ત્યાં (ફણેણીમાં) મોક્ષદા એકાદશીને દિવસે શ્રી રામાનંદમુનિએ મોટો ઉત્સવ કર્યો અને બારશના દિવસે હજારો સાધુબ્રાહ્મણોને જમાડ્યા. (૧) પછી શ્રી રામાનંદમુનિએ ભદ્રા નામની નદીએ જઈ, ત્યા સ્નાન કરી બ્રાહ્મણોને દાન આપી પછી એકાંત સ્થળે આવીને બેઠા. (૨) પદ્માસન વાળી બેઠેલા ઉદ્ધાવતાર શ્રી રામાનંદમુનિએ શ્રીકૃષ્ણમાં પરમ મસાધિ ધારણ કરી અને શ્રીહરિની ઈચ્છાથી મનુષ્ય શરીરને તત્કાળ છોડી દીધું. (૩) હે ભૂપતે ! દુર્વાસામુનિના શાપથી મુક્ત થયેલા તે ઉદ્ધવજી પૂર્વની માફક સિદ્ધ દેહવાળા બન્યા હતા અને બદરીકાશ્રમમાં આવી પૂર્વવત્ શ્રીકૃષ્ણ ભક્તિ કરવા લાગ્યા. (૪) વિક્રમ સંવત ૧૮૫૮ના માગશર સુદ તેરસ અને ગુરુવારે શ્રીહરિના પણ ગુરુ એવા શ્રી રામાનંદમુનિ અંતર્ધાન થઈ ગયા. (૫) ત્યારે તે રામાનંદમુનિના મુખ સામે જ એક દૃષ્ટિવાળા, સર્વ શિષ્યો શ્રીકૃષ્મના નામોનું જ સંકીર્તન કરતા તે શ્રી રામાનંદમુનિને દેહત્યાગ કરેલા જાણતા હતા. (૬) શ્રી રામાનંદમુનિની સમીપે આવી, તેમને નાડીપ્રાણ રહિત થયેલા જોઈ, અશ્રુપૂર્ણ આંખોવાળા તે સર્વ વિભ્રાંત જેવા થઈ ગયા. (૭) ધર્મશાસ્ત્રના પારને પામેલા, દેશકાળ ઉચિત ક્રિયાવાળા એવા શ્રીહરિ તો ધૈર્ય ધારણ કરી, સ્નાન કરી કેશ મુંડન કરાવતાં હતાં. (૮) પછી સ્નાન કરી તે રામાનંદમુનિના મૃતશરીરને ચંદનથી ચર્ચી, પછી પુષ્પ, અબીલ, ગુલાલ આદિથી

પૂજા કરી અને નમસ્કાર કર્યા. (૯) તે શ્રીહરિ પિતૃમેઘ વિધાનથી અનુક્રમે તેમની ક્રિયાઓ કરી, તત્કાળ વિમાન બનાવડાવી તેમાં તે દેહને પધરાવ્યો. (૧૦) પછી તે વિમાનને બહુમૂલ્ય શ્વેત સૂક્ષ્મ વસ્ત્રોથી આચ્છાદન કરી પોતે અને બીજા સ્નાન કરેલા ત્રણ શિષ્યો સાથે તે વિમાનને ભદ્રા નદી ઉપર લઈ ગયા. (૧૧) ત્યારે બ્રાહ્મણો વિષ્ણુસુક્તનો પાઠ કરતાં હતાં, સંતો તો જેમની આંખમાં આંસુ ભરેલા છે એવા ઝાંઝ મૃદંગથી યુક્ત ભગવાનના કીર્તનો ગાવા લાગ્યા. (૧૨) ભદ્રા નદીના તટમાં, કોઈ પવિત્ર સ્થાનમાં તે વિમાનને મૂકીને ચંદનવૃક્ષ, તુલસી, પીપળ આદિકનાં સુકાં કાષ્ઠોથી ચિતા રચી. (૧૩) પછી શ્રીહરિએ નદીના જળમાં સ્નાન કરાવેલા, પુશ્પહારોથી સુશોભિત સ્વામીના દેહને ચિતામાં આરોપણ કરી, પછી ઘીથી લેપન કરેલા તે દેહને ઉત્તપન નામના અગ્નિથી દાહ કર્યો. (૧૪) અર્ધો દાહ થતાં ઘીથી હોમ કર્યો તે પછી દેહ પૂરો દગ્ધ થઈ ગયા પછી જળ વડે અગ્નિને શમાવીને તે ભસ્મ નદીમાં નાંખી દીધી. (૧૫) હે નૃપ ! તે પછી શ્રીહરિ અગ્રેસર જેમાં છે એવા સર્વ શિષ્યો નદીમાં સ્નાન કરી ગુરુને જલાંજળી આપી ફરી સ્નાન કરતાં હતાં. (૧૬) પચી શોકાકુળ થયેલા તે બધા ફણેણી ગામમાં આવીને, નિસ્તેજ બનેલા તે સર્વેએ તે દિવસે ઉપવાસ કર્યો. (૧૭) પછી બીજે દિવસે સંતોમાં અગ્રણી શ્રીહરિએ પત્રો લખીને નાના પ્રકારના દેશોમાં રહેલા ભક્તોને જણાવવા કેટલાક જનોને મોકલ્યા. (૧૮) (વિવિધ દેશોમાં રહેલા) ભક્ત સ્ત્રીપુરુષો પત્રો વાંચીને પૃથ્વી ઉપરથી ગુરુના અંતર્ધાન સમાચાર જાણીને ખૂબ શોકમાં વ્યાકુળ થઈ ગયા. (૧૯) ત્યારે ઘરનાં સઘળાં કાર્યો છોડી, પોતાની સ્ત્રીઓ સહિત ગૃહસ્થિઓ સ્વશક્તિ અનુસાર ધન લઈ ખૂબ ત્વરાથી ત્યાં આવ્યા. (૨૦) ત્યાગી, વર્ણીજનો પણ આ અત્યંત દુઃખપ્રદ વૃત્તાંત સાંભળી, તે બધા બ્રહ્મસ્થિતિને પામેલા હોવા છતાં ખૂબ જ શોકાતુર થઈ ગયા. (૨૧) જે જે સાધુ-બ્રહ્મચારીઓ જે જે દેશમાં હતાં તે સર્વે ભક્તો (જ્યારે આ સાંભળ્યું) એ જ ક્ષણમાં વસ્ત્રે સહિત સ્નાન કરી તે તે દેશમાંથી સત્વરે ફણેણી ગામમાં આવ્યા. (૨૨) હે નૃપ ! નારાયણમુનિએ ત્યાં આવેલા, અશ્રુપૂર્ણ આંખોવાળા, તે બધાને યથાયોગ્ય નિવાસસ્થાન (ઉતારો) આદિક આપ્યું. (૨૩) તે પછી બીજા દિપસથી આરંભી તેર દિવસ સુધી પ્રતિદિન બપોર પછીના સમયે અર્થ સહિત શ્રીમદ્ ભગવદ્ ગીતાને શુદ્ધ થઈને શ્રવણ કરવા લાગ્યા (૨૪) હે રાજન્ ! ઉદાર બુદ્ધિવાળા અને આશૌચ નિયમોમાં રહેલા શ્રી નારાયણમુનિએ બાર દિવસ સુધી ક્ષાર પદાર્થો તથા લવણ ભક્ષણ કર્યું નહિ. (૨૫) અને સ્વયં શ્રી નારાયણમુનિ સંધ્યા, અગ્નિહોમ, આદિ મુખ્ય નિત્યકર્મો તો આશૌચમાં પણ મનસ્મૃતિના બળથી કરતાં હતાં પરંતુ બીજા જનોનો સ્પર્શ કરતાં ન હતાં. (૨૬) આશૌચને છેલ્લે દિવસે તો ગુરુનું યથાવિધિ નવ શ્રાદ્ધ કર્યું. તે પછી અગિયારમા દિવસે વૃષોત્સર્ગયુક્ત કર્મ કર્યું. (૨૭) તે જ દિવસે કરવાનાં આઠ પ્રકારનાં ત્રયોદશપદ અને ગાયો આદિક દશ પ્રકારનાં દાનો દક્ષિણા સાથે વિપ્રોને આપ્યાં. (૨૮) તે પછી બારમાના દિવસે કરવાયોગ્ય કર્મ યથાવિધિ કર્યું અને તે કર્મમાં બ્રાહ્મણોને જમાડ્યા. (૨૯) અને પછી શ્રીહરિએ તેરમા દિવસે કરવાનું કર્મ (વિષ્ણુશ્રાદ્ધાદિ) કર્યું. તે કર્મમાં ત્રીશ બ્રહ્મચારીઓની કેસર ચંદનાદિ વડે

પૂજા કરી. (૩૦) અને તે બ્રહ્મચારીઓને ઉચિત એવા વસ્ત્રો, આસનાર્થે મૃગચર્મો અને મણિપ્રવાળની જપમાળાઓ વગેરે આપ્યું અને તેમને તથા બીજાઓને જમાડ્યા. (૩૧) પછી સ્વસ્તિવાચન કર્મના અંતે શ્રીનારાયણમુનિને સર્વે ગૃહસ્થીઓએ પોતપોતાની શક્તિ અનુસારે દ્રવ્ય વસ્ત્રો વગેરે આપ્યું. (૩૨) તે તેરમાને દિવસે તો વર્ણિરાજ શ્રીહરિ સર્વ ગૃહસ્થજનો, ત્યાગીજનો, બ્રાહ્મણો, તે ગામના સર્વ માણસો અને ત્યાં આવેલા અત્ય અતિથિઓને જમાડતા હતા. (૩૩) હે ભૂપતે ! અને તે દિવસે વસ્ત્ર, અલંકાર, ચંદનાદિ દક્ષિણાઓ વડે તે ભગવદ્ ગીતાની કથા વાંચનાર બ્રાહ્મણની પૂજા કરી. (૩૪) હે ભૂપ ! એવી રીતે નારાયણમુનિએ પોતાના ગુરુ શ્રી રામાનંદમુનિનો ઔર્ધ્વદૈહિક સમગ્ર ક્રિયાકલાપ વિધિપૂર્વક યથાયોગ્ય પૂરો કરીને તે પછી (ચૌદમાને દિવસે) પોતાના ગુરુભાઈઓનું સમગ્ર મંડળ - સર્વ જનો યથાવકાશ બેસી શકે એવા ઉચિત સ્થાનમાં- એકત્રિત કર્યું. (૩૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં રામાનંદસ્વામી તિરોધાન તથા તેમનો ઔર્ધ્વદૈહિક ક્રિયાવિધિ નામે સાઠમો અધ્યાય થયો. ॥૬૦॥

●

*॥ આમ પ્રથમ પ્રકરણ પૂર્ણ થયું ॥*

॥ श्रीहरिः ॥

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

સદ્‌ગુરુ શ્રીશતાનંદ મુનિ વિરચિત

# સત્સંગિજીવન

## પ્રકરણ-૨

सुव्रत उवाच ।

स्नातः कृताह्निकः सोऽथ चतुर्दशदिने सभाम् । कारयामास महतीं न्यषीदत्तत्र च स्वयम् ।।१।।

तस्याग्रतो निषेदुश्च नैष्ठिका ब्रह्मचारिणः । मुकुन्दानन्दप्रमुखाः स्वामिनः सहयायिनः ।।२।।

### અધ્યાય - ૧

**સુવ્રતમુનિ કહે છે :**

હે પ્રતાપસિંહ રાજન્ ! રામાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછી ચૌદમે દિવસે ભગવાન શ્રીહરિએ સ્નાન તથા સંધ્યાવંદનાદિ કરીને મોટી સભા ભરી અને પોતે પણ તેમાં બિરાજમાન થયા. (૧) તે શ્રીહરિની આગળ શ્રી રામાનંદ સ્વામીની સાથે રહેનારા મુકુંદાનંદ વગેરે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ બેઠા. (૨) તેમની પાછળ મુક્તાનંદ વગેરે સમગ્ર સંતો બેઠા. તેમની પાછળ મયારામ વગેરે બ્રાહ્મણો તથા મૂળજી વગેરે ક્ષત્રિયો બેઠા. (૩) પર્વતભાઈ વગેરે વૈશ્યો તથા કાળુજી વગેરે શૂદ્રો પણ બેઠા. વળી તે સભામાં લાડુબાઈ વગેરે સ્ત્રીઓ પણ પુરુષોનો સ્પર્શ ન થાય એ રીતે એક સ્થાનમાં બેઠી. (૪) તે સિવાય બીજા પણ જેઓ ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત હતા તે સર્વે સભામાં બેઠા. (સર્વ વ્યવસ્થિતપણે સભામાં બેસી ગયા) પછી મુકુદાનંદ બ્રહ્મચારી વગેરે સર્વ જનો બે હાથ જોડીને શ્રીહરિ પ્રત્યે આ પ્રમાણે બોલ્યા : (૫) 'હે નારાયણ મુને ! સદ્‌ગુરુરૂપ નાના પ્રકારના શ્રેષ્ઠ ગુણોથી શોભાયમાન શ્રી સહજાનંદ સ્વામી તમોને અમો નમસ્કાર કરીએ છીએ. (૬) હે મહારાજ ! હવે રામાનંદ સ્વામીના સ્થાને આપ જ છો, માટે આપ જ અમારા સ્વામી છો અને અમે સર્વ આપના શિષ્યો છીએ. (૭) અમો સર્વ આદરપૂર્વક આપની આજ્ઞામાં વર્તીશું માટે અમોને કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કાર્યમાં યોગ્યતા પ્રમાણે ઉપદેશ આપો.' (૮)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! આવી રીતે તે ભક્તોનું વચન સાંભળીને તેમને નિષ્કપટ વચનવાળા જાણીને યથાયોગ્ય સત્કાર કરનાર શ્રી નારાયણમુનિ ધર્મશાસ્ત્રમાંનાં વાક્યો વડે તેમની ધર્મમાંની સ્થિતિને દૃઢ કરતા સતા કહેવા લાગ્યા. (૯)

**શ્રી નારાયણમુનિ કહે છે :**

હે રૂડી બુદ્ધિવાળા મુકુંદ બ્રહ્મચારી ! તથા બીજા ભક્તો ! તમે સાંભળો; તમે મારા આશ્રયમાં જ રહ્યા છો એમ હું જાણું છું તેમાં કશો સંશય નથી. (૧૦) આ મનુષ્યજન્મ પામીને મનુષ્યોએ સર્વ

પ્રકારે કરીને જે કાંઈ કરવાનું છે તે જ, મોક્ષની ઈચ્છાવાળા એવા તમો કરી રહ્યા છો. (૧૧) હે ભક્તો ! શ્રી રામાનંદમુનિએ જે જે ભક્તજનોને પોતપોતાના અધિકાર પ્રમાણે જે જે ક્રિયામાં જે જે પ્રકારે પ્રેરણા કરી હોય તે જનોએ તે કર્મમાં તે પ્રકારે જ વર્તવું. (૧૨) અને તે રામાનંદ સ્વામીએ સધર્મનાં વાક્યો કહ્યાં છે તે ગૃહસ્થ તથા ત્યાગીઓએ સર્વેએ નિયત કરેલાં વ્રતથી પાળવાનાં છે. (૧૩) ધર્મે રહિત જે કર્મ જોકે ધનનો લાભ વગેરે મહાફળ આપનારું હોય તોપણ બુદ્ધિમાન અને પવિત્ર મનુષ્યે, મલિન જળની પેઠે તે કર્મનું સેવન ન કરે. (૧૪) જે કર્મની, શાસ્ત્ર જાણનાર આર્ય પુરુષો તે કરતા થકા પ્રશંસા કરે છે તેને ધર્મ જાણવો અને જેની નિંદા કરે છે તેને અધર્મ જાણવો. (૧૫) વિદ્યા, લક્ષ્મી, શરીરની સુંદરતા, શૌર્ય, સારા કુળમાં જન્મ થવો, રોગે રહિતપણું, સંસારના કષ્ટથી ઉદ્ધાર એ બધું ધર્મમાંથી જ પ્રવર્તે છે. (૧૬) શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધમાં મનુષ્યોને તે તે શબ્દાદિ ભાગો અધિક પ્રાપ્ત થાય છે તે ધર્મનું જ ફળ છે એમ જાણવું. (૧૭) જે માણસ ધર્મનું ચિંતવન કરતો થકો દેહ મૂકે છે તે પણ સ્વર્ગને પામે છે તો પછી ધર્મનું આચરણ કરનારના ફળની તો વાત જ શી કહેવી ? (૧૮) જે ધન પોતાના ધર્મપૂર્વક સંપાદન કરેલું હોય તે જ સાચી આવક છે પરંતુ જે ધન અધર્મથી આવે છે તેને ધિક્કાર છે. આ લોકમાં ધર્મ જ અખંડ સુખનું કારણ છે. ધનની આકાંક્ષાથી ધર્મનો ત્યાગ કરવો જોઈએ નહિ. (૧૯) સત્શાસ્ત્રના અર્થમાં વિશ્વાસવાળા, શાંત, યજ્ઞ-યાગાદિ ધર્મ કરનારા ધનવાન પુરુષો વારંવાર ઉત્સવોનો અનુભવ કરે છે, વારંવાર સ્વર્ગસુખનો અનુભવ કરે છે. એટલે ધર્મનો ત્યાગ કરવો નહિ. (૨૦) ધર્મને વારે વારે આચરવાથી પ્રજાની વૃદ્ધિ પમાડે છે અને ધર્મથી જ અર્થ તથા કામ તથા સુખ અને જ્ઞાન પ્રાપ્ત થાય છે. (૨૧) ધન અને સુખની પ્રાપ્તિની ઈચ્છાવાળો પુરુષ પ્રથમ ધર્મનું આચરણ કરે, કેમકે ધર્મથી કંઈપણ અપ્રાપ્ય નથી એવો મારો અભિપ્રાય છે. (૨૨) જેવી રીતે જળથી સંપૂર્ણ ભરેલા એવા સરોવરમાં અંડજ એવા જળચરો એની મેળે જ જઈને ભળે છે તેની પેઠે શુભ કર્મ કરનારને સર્વ સંપત્તિઓ સહેજે પ્રાપ્ત થાય છે. (૨૩) ધર્મથી રાજ્ય, ધન, સુખ અને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે અને બન્ને લોકમાં જે કાંઈ સુખ છે તે પણ મનુષ્યોને ધર્મથી જ પ્રાપ્ત થાય છે. (૨૪) ધર્મની વૃદ્ધિથી જ હંમેશાં સર્વ પ્રાણીઓની વૃદ્ધિ થાય છે અને ધર્મના નાશથી ક્ષય થાય છે માટે ધર્મનું સેવન કરવું. (૨૫) શ્રુતિ-સ્મૃતિ પ્રતિપાદિત ધર્મને અનુલક્ષીને આચરણ કરવાથી મનુષ્ય આ લોકમાં કીર્તિને પામે છે અને મરીને પરલોકમાં સર્વોત્તમ સુખને પામે છે. (૨૬) એક ધર્મ જ એવો મિત્ર છે કે જે મનુષ્યના મરણ પછી પણ તેની સાથે જાય છે, જ્યારે બીજાઓ તો શરીરના નાશની સાથે જ ચાલ્યાં જાય છે. (૨૭) ધર્મ જ માતાની પેઠે રક્ષણ કરનારો હોવાથી માતૃકાર્ય સંપાદક છે, પિતાની માફક હિત જ કરનારો હોવાથી ધર્મ પિતૃકાર્ય સંપાદક છે. ધર્મ જ બંધુનું કાર્ય કરનારો હોવાથી સાચો ભ્રાતા છે અને મિત્રની માફક સદ્‌બુદ્ધિનો આપનારો હોવાથી ધર્મ જ સાચો સખા છે. ધર્મ જ સર્વનિયામક હોવાથી સાચો સ્વામી છે અને ભગવાનના હૃદયપણે ઉપાસના કરવા યોગ્ય હોવાથી ધર્મ જ દૈવત છે. (૨૮) સત્પુરુષોને ધર્મ જ એક ગતિ કહેતાં શરણ છે અર્થાત્ સત્પુરુષપણું સંપાદન કરવાનો માર્ગ છે. અને સત્પુરુષોનો ધર્મ જ એક આધાર છે કેમકે ધર્મમાં રહેવાથી જ સત્પુરુષપણું ટકી રહે છે. માટે ધર્મનો ક્યારેય પણ ત્યાગ ન કરવો. (૨૯) પુરુષે ત્યાગ કરાયેલો ધર્મ ત્યાગ કરનાર

પુરુષનો નાશ કરે છે. રક્ષણ કરાયેલો ધર્મ પોતાનું આચરણ કરનાર પુરુષનું સર્વ પ્રકારે રક્ષણ કરે છે. માટે મનુષ્યે શરીર, મન અને વાણીથી ધર્મનું આચરણ કરવું. (૩૦) કામ વડે કરીને કે ક્રોધથી કે ઉદ્વેગથી કે ભયથી અગર તો જીવવાના હેતુથી અગર તો લોભથી પણ ક્યારેય ધર્મનો ત્યાગ કરવો નહિ. (૩૧) આ ધર્મમાં પ્રીતિવાળા માટે પ્રાણીહિંસાદિ પાપકર્મ કરનારાઓનો તત્કાળ મહાસંપત્તિનો નાશ થવાથી અતિ દુઃખની પ્રાપ્તિ વગેરે વિપરીતપણાને જોનારો પુરુષ ધર્માચરણથી અન્નવસ્ત્રાદિથી દુઃખ થતું હોય તો પણ મનને અધર્મમાં જોડે નહિ. (૩૨) મનુષ્યનું જીવન તો તણખલાના અગ્ર ભાગ ઉપર રહેલા જળબિંદુના જેવું ચંચળ છે માટે ધર્મની સાધના સત્વરે કરવી. (૩૩) મનુષ્યે વિદ્યા અને ધન, પોતે અજર અને અમર છે એમ માનીને સાધવાં પરંતુ ધર્મ તો, જાણે મૃત્યુએ (યમરાજે) કેશ ઝાલી રાખ્યા હોય, તેમ પોતાના શરીરને ક્ષણભુંગર માનીને અનુસરવો જોઈએ. (૩૪) એક પણ દિવસ ધર્માચરણ રહિત વ્યતીત કરી જે પુરુષ જીવે છે તે તો લુહારની ધમણની પેઠે વ્યર્થ શ્વાસ લે છે એમ ડાહ્યા પુરુષો જાણે છે. (૩૫) ઠીકરામાં ભિક્ષા માંગીને જીવનારે પણ જો તેથી પોતાના ધર્મ યથાર્થ પળાય છે તો ખેદ પામવો નહિ પણ હું ધનવાન છું એમ ધર્મવાળા સત્પુરુષોએ માની લેવું. (૩૬) લક્ષ્મીની ઇચ્છાવાળાએ પણ ધર્મપરાયણ જ થવું કારણ કે સ્વર્ગલોકથી અમૃતની જેમ, તેમ ધર્મથી અર્થની સિદ્ધિ નાશ પામતી નથી. (૩૭) પુરુષ જ્યાં સુધી રોગાદિ ઉપદ્રવ રહિત હોય ત્યાં સુધી ધર્મનું જ આચરણ કરે અને રોગગ્રસ્ત પુરુષ તો બીજાઓથી 'તુ ધર્મનું પાલન કર' એમ પ્રેરાયો થકો પણ કંઈપણ કરવા ઉત્સાહિત થતો નથી. (૩૮) માટે આ લોક અને પરલોકમાં સહાયને અર્થે હંમેશાં ધર્મનો જ ધીરેધીરે સંગ્રહ કરવો. સહાયરૂપ ધર્મથી દુસ્તર એવા સંસારને તરી જવાય છે. (૩૯) ધર્મ છ પ્રકારનો છે : એક તો વર્ણધર્મ, બીજો આશ્રમધર્મ, ત્રીજો વર્ણાશ્રમ ધર્મ, ચોથો ગૌણ ધર્મ, પાંચમો નૈમિત્તિક ધર્મ અને છઠ્ઠો સાધારણ ધર્મ એમ તેના જાણનારાઓએ પ્રકાર કહેલા છે. (૪૦) શ્રી હરિ કહે છે : હે ભક્તો ! તે છ પ્રકારના ધર્મોમાં જે સાધારણ અહિંસાદિક ધર્મ છે તેને પ્રથમ હું તમોને કહું છું. (૪૧) ક્ષમા, દયા, અસૂયા ન રાખવી, શૌચ, અનાયાસ, મંગલ કરવું તે, કૃપણતા નહિ તે, અને નિસ્પૃહતા એ આઠ પ્રકારે સાધારણ ધર્મ માનેલો છે. (૪૨) બહારનું અથવા કોઈ આધ્યાત્મિક દુઃખ ઉત્પન્ન થાય ત્યારે જે દુઃખ આપનાર જન ઉપર જે કોપે નહિ અગર તેને સામો મારે નહિ તેને ક્ષમા કહેલી છે. (૪૩) પારકો હોય કે પોતાના ભાઈઓ હોય, શત્રુ હોય કે મિત્ર હોય અને જો તે આપત્તિમાં આવ્યા હોય તો તેનું સદા અને સર્વથા રક્ષણ કરે તેને દયા કહેલી છે. (૪૪) ગુણવાન પુરુષોના ગુણોનો જે દ્વેષ કરીને દોષારોપણ કરતો નથી પરંતુ નાના સરખા ગુણોના પણ જે વખાણ કરે છે અને જે બીજા દોષોને જોતો નથી તેને અનસૂયા કહેવાય છે. (૪૫)

ભક્ષ્ય નહિ કરવા યોગ્ય વસ્તુનો તથા અનિંદિત વસ્તુઓનો સંસર્ગ અને પોતાના ધર્મમાં વ્યવસ્થાપૂર્વક રહેવું એને શૌચ કહ્યું છે. (૪૬) જે શુભ કર્મ વડે કરીને પણ શરીરની પીડા થાય તે ન કરવું તેને અનાયાસ કહે છે. (૪૭) પ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો (અહિંસા), અસત્ય ભાષણનો ત્યાગ કરવો અને નિત્ય વખાણવા યોગ્ય આચરણ કરવું તેને મંગળ કહે છે. (૪૮) અલ્પમાત્ર

અન્નાદિમાંથી પણ દરરોજ ગરીબોને ઉદાર મનથી થોડુંઘણું પણ આપવું તેને અકાર્પણ્ય કહેલું છે. (૪૯) પોતાની પાસે જે કાંઈ હોય તેનાથી સંતોષ માનવો, અને પરાયા ધનનું ચિંતવન સુદ્ધાં ન કરવું, અને દેહ વગેરેમાં આસક્તિ ન રાખવી તેને નિઃસ્પૃહતા કહે છે. (૫૦) હે ભક્તો ! એવી રીતે સમસ્ત જગતોના ધારણમાં કારણભૂત ધર્મનું લક્ષ્ય મેં તમોને સંક્ષેપમાં કહ્યું. હવે મુમુક્ષુ એ જાણવા જેવો તે ધર્મની પ્રાપ્તિનો ઉપાય તે કહું છું. (૫૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં નારાયણમુનિ અને મુકુંદાનંદ વગેરેના સંવાદમાં ધર્મપ્રશંસાનિરૂપણનામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

●

## અધ્યાય - ૨

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

શરીરે અતિશય કષ્ટ વેઠનારને કે ધનના ઢગલાથી, કે શ્રદ્ધાથી રહિત એવા દેવોને પણ એ ધર્મની પ્રાપ્તિ થતી નથી. (૧) શ્રદ્ધા વિના જો સર્વસ્વ જીવિત આપવામાં આવે તોપણ તેથી તેનું કાંઈ ફળ પ્રાપ્ત થતું નથી. માટે શ્રદ્ધાવાળા થવું. (૨) ધર્મનું શ્રેષ્ઠ એવું સૂક્ષ્મ સ્વરૂપ શ્રદ્ધા જ છે, શ્રદ્ધાથી અતિરિક્ત પરમ દાન નથી. શ્રદ્ધા જ પરમ તપ છે અને શ્રદ્ધાથી અતિરિક્ત સ્વર્ગ કે મોક્ષ કંઈ પણ નથી. અને શ્રદ્ધા ઉપર જ આખું જગત ચાલે છે અને શ્રદ્ધાથી જ તે તે રૂપે જગત થયેલું છે. (૩) શ્રુતિઓ સૂક્ષ્મ રસ જેવી છે અને પ્રકૃતિ, પુરુષ અને તેના નિયંતા પરમેશ્વર આ ત્રણ તત્ત્વો પણ સૂક્ષ્મ છે તે માત્ર શ્રદ્ધા વડે જ ગ્રહણ થાય છે, હાથથી કે ચક્ષુથી ગ્રહણ થતાં નથી. (૪) સર્વની માતાની જેમ શ્રદ્ધા જ્ઞાન અને વૈરાગ્યની જનેતા થાય છે અને ધર્મ પણ શ્રદ્ધાથી નિષ્પાદન કરી શકાય છે. અન્ય કોઈપણ ઉપાયથી ધર્મ સિદ્ધ થતો નથી. (૫) બ્રાહ્મણો (ઋષિઓ) નિષ્કિંચન હોવા છતાં તેમનામાં શ્રદ્ધા હોવાથી જ સ્વર્ગને પામેલા છે. માટે ધર્માદિ ચાર પુરુષાર્થની પ્રાપ્તિનું પ્રથમ પરમ સાધન શ્રદ્ધા જ છે. (૬) ક્રિયા કરનારો, શ્રદ્ધાવાન, દાતા, પ્રાજ્ઞ, અસૂયા વિનાનો, તથા ધર્મ અને અધર્મના વિશેષ પ્રકારને જાણનાર પુરુષ દુસ્તર એવા આ સંસારને તરી જાય છે. (૭) શ્રદ્ધા વડે આચરવા છતાં પણ જો શિથિલ ચિત્તથી ધર્મ પાળવામાં આવે તો જોઈએ તે પ્રમાણે ફળને આપતો નથી. આથી ધર્મ પણ નિયમપૂર્વક જ પાળવો. (૮) નિયમથી ધર્મના પાળનારા પુરુષનું એ અસિધારા વ્રત છે. કેમકે, રાગ અને લોભથી વ્યાકુળ થયેલા મનવાળા જનોએ તો નિયમ પાળવો અત્યંત દુષ્કર છે. (૯) દેવતાઓને દેવત્વની પ્રાપ્તિ, અને તારાઓને પ્રકાશની પ્રાપ્તિ નિયમનું આચરણ કરવાથી જ થઈ છે. સમુદ્ર પણ નિયમાચરણથી જ મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી. (૧૦) અને અગ્નિ નિયમથી જ પ્રદીપ્ત થાય છે, સૂર્ય પણ નિયમથી તપે છે, વાયુ પણ નિયમની વાય છે અને જગત પણ નિયમપૂર્વક ધારવાથી રહ્યું છે. (૧૧) નિયમવાળાઓને જ ફળની સિદ્ધિ અને સમૃદ્ધિ મળે છે અને પૃથ્વીમાં નિયમરહિત પુરુષોને ઘોર વિપત્તિઓ પડે છે. (૧૨) શ્રદ્ધાવાળા પુરુષોએ પરલોકમાં સહાયક એવો ધર્મ પ્રતિદિન નિયમપૂર્વક જેમ થાય તેમ

વિશેષપણે વૃદ્ધિ પમાડવો જોઈએ. (૧૩) દેશ, કાળ, ઉપાય, દ્રવ્ય, શ્રદ્ધા, પાત્ર અને ત્યાગ આ સાતના સમૂહને ઋષિઓએ ધર્મનું મૂળ કહેલું છે. (૧૪) એ સાતે વાનાં જો શુદ્ધ હોય છે તો જ ધર્મ વિશુદ્ધ અને ફળપ્રદ થાય છે અને જો અશુદ્ધ હોય તો તેનાથી ધર્મ વિપરીત અને ફળરહિત થાય છે એમ જાણીને બુદ્ધિમાનોએ ધર્માનુષ્ઠાન કરવું જોઈએ. (૧૫) પુરુષમાં જે કાંઈ ગુણો કે દોષો છે તે સારી અથવા નરસી સંગત થકી જ થાય છે માટે મુમુક્ષુઓએ તો સત્પુરુષોનો જ સંગ કરવો પણ અસત્ પુરુષનો સંગ ન કરવો. (૧૬) દોષરૂપી જાળનું ઉત્પત્તિ સ્થાન અસત્પુરુષોનો સમાગમ છે, અને ધર્માદિક ગુણોનું પ્રભવસ્થાન તે દરરોજ સાધુનો સમાગમ કરવો તે છે. (૧૭) જેઓમાં વિદ્યા, યોનિ અને કર્મ એ ત્રણે વાનાં સારાં હોય તેમની પરીક્ષા કરીને બુદ્ધિમાને તેમનું સેવન કરવું. (૧૮) મનુષ્યો આ લોકમાં કશાનો આરંભ કર્યા વિના પણ કેવળ પુણ્યશાળીઓના સેવનથી પુણ્યને પ્રાપ્ત કરે છે અને પાપીઓના સેવનથી પાપને પામે છે. (૧૯) અસત્ પુરુષોનાં દર્શનથી, સ્પર્શથી, સાથે ચર્ચા કર્યાથી તથા સાથે બેઠકઊઠક રાખવાથી મનુષ્યો ધર્મના આચરણથી ભ્રષ્ટ થાય છે અને સિદ્ધિને પામતા નથી. (૨૦) અધમ પુરુષોના સમાગમથી પુરુષોની બુદ્ધિ નાશ પામી જાય છે. મધ્યમોના સમાગમથી મધ્યમ અને ઉત્તમોના સંગથી ઉત્તમ બુદ્ધિ થાય છે. (૨૧) માટે બહુ જ ડાહ્યા હોય, વૃદ્ધ હોય, સારા સ્વભાવવાળા હોય, તપસ્વી હોય, સત્પુરુષ હોય તથા શમપરાયણ હોય તેવાઓની સાથે જ સંસર્ગ રાખવો. (૨૨) અને તે સંતો થકી જ કર્તવ્ય ધર્મ અને અકાર્ય અધર્મનું લક્ષણ સ્વરૂપ યથાર્થપણે જાણી શકાય છે. (૨૩) માટે હે ભક્તો ! તમો સર્વે સત્પુરુષોનો સમાગમ કરતા થકા પોતપોતાના ધર્મમાં યથાયોગ્ય રીતે વર્તો. (૨૪) ‘તે સ્વધર્મ તો વાસુદેવ માહાત્મ્યમાંથી જાણવો’ એમ સ્વયં રામાનંદ સ્વામી પણ કહી ગયા છે માટે ધર્મ તે ગ્રંથ થકી ભાવપૂર્વક જાણવો. (૨૫) તે સ્વધર્મમાં રહીને ઈચ્છિત ફળને આપનારી ભગવાન રાધાકૃષ્ણની એકાંતિકી ભક્તિને સર્વદા કરો. (૨૬) ધર્મ, અધર્મ, સાધુ, અસાધુ, ન્યાય, અન્યાય, તથા ભગવાનનું સ્વરૂપ અને તેની ભક્તિ આ બધું સચ્છાસ્ત્રો થકી જ વિદ્વાનો જાણે છે. (૨૭) આથી મારા આશ્રયવાળા તમોએ પોતપોતાની બુદ્ધિને અનુસારે સચ્છાસ્ત્રોનો અભ્યાસ આદરપૂર્વક અવશ્ય કરવો જોઈએ. (૨૮) જેમાં ભગવાનનું સદા સાકારપણું અને નિત્ય નિર્દોષતા નિરૂપણ કરી હોય એ જ વેદાર્થોને અનુસરતાં શાસ્ત્રોને જ સચ્છાસ્ત્રો સમજવાં. (૨૯) તેવાં શાસ્ત્રો આ લોકમાં ઘણાં છે તેમાં મને જે ઈષ્ટ છે તે હું કહું છું તે તમો તમારા આત્માના કલ્યાણ માટે સાંભળો. (૩૦) વેદો, વ્યાસસૂત્રો, ભગવાને કહેલી ગીતા, વિષ્ણુસહસ્રનામ, શ્રીમદ્ ભાગવત તથા શ્રી વાસુદેવ માહાત્મ્ય અને વિદુરજીની કહેલી નીતિ, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ એ આઠ સચ્છાસ્ત્રો અમને ઈષ્ટ છે. (૩૧-૩૨) તેમાં પણ શ્રીમદ્ ભગવદ્ગીતા અને શારીરક નામનાં વ્યાસસૂત્રો એ બન્ને શ્રી રામાનુજાચાર્યના ભાષ્યવાળાં અમે માનેલાં છે. (૩૩) એ શાસ્ત્રોના અભ્યાસથી બુદ્ધિ કૃષ્ણભક્તિથી વાસિત (સુસંસ્કારી) થાય છે. પછી અન્ય શાસ્ત્રો વડે મારો આશ્રિત ઉદ્ધવ સંપ્રદાયથી ક્યારેય પણ ભ્રષ્ટ થાય જ નહિ. (૩૪) અને મારો આશ્રિત જે જન ભાષ્યે સહિત આ બન્ને ગ્રંથોને ભણવા

શક્તિમાન ન હોય તે તો સર્વથા રામાનુજભાષ્યયુક્ત ગીતાનો અભ્યાસ કરે. (૩૫) અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ પણ વિજ્ઞાનેશ્વર પંડિતે રચેલી મિતાક્ષરા ટીકાવાળી જ મને માન્ય છે. (૩૬) આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત એમનો નિર્ણય સંપ્રદાયને અનુસરીને એ સ્મૃતિ મુજબ જ કરવો. (૩૭) એ ગ્રંથો પૈકી પણ શ્રીમદ્ ભાગવતના દશમ અને પંચમ એ બે સ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ અમને ઘણાં ઈષ્ટ છે. (૩૮) એ ઉત્તમ ગ્રંથોનો નિત્ય પાઠ કરવો અને મારા જનોએ પોતાના કલ્યાણ માટે સ્વસ્થ ચિત્તથી તે ગ્રંથોને વિચારવા. (૩૯) મારા આશ્રિત એવા તમારે એ આજ્ઞાનું પાલન કરવું અને હે ભક્તજનો ! પાકૃત જનની પેઠે તમારે રામાનંદ સ્વામીનો શોક કરવો નહિ. (૪૦) જે અખંડ પોતાના સ્વરૂપમાં રહેલા મહાપુરુષો છે તેમનો આ પૃથ્વી ઉપર જન્મ માત્ર જનોના કલ્યાણ અર્થે જ હોય છે. (૪૧) તે મોટા પુરુષોનો આવિર્ભાવ અને તિરોભાવ સ્વતંત્રપણે જ છે. પરંતુ અન્ય પ્રાકૃત જીવની પેઠે કર્માધીનપણે હોતો નથી. (૪૨) તેમનું દેહ ત્યાગવાપણું જોઈને પ્રાણમય બનેલા એવા અસુરો જ મોહ પામે છે. પણ તેમનાં સ્વરૂપોને જાણનારા એવા દેવો તો તેમની લીલા માત્ર છે એમ સમજે છે. (૪૩) આથી હે ભક્તો ! સેવ્યમૂર્તિ એવા ગુરુના દેહત્યાગનો શોક છોડીને તમે પોતપોતાના દેશમાં જાઓ. હું પણ હવે ધોરાજી જાઉં છું. (૪૪) સુવ્રતમુનિ કહે છે : શ્રી હરિએ આ પ્રમાણે ઉપદેશેલા તે સર્વે ભક્તો શોકમુક્ત થઈને શ્રીહરિને પગે લાગી તેમને જ ગુરુ માની પોતપોતાના દેશમાં ગયા. (૪૫) હે રાજન્ ! તે શ્રીહરિ સકળ વેદ અને ધર્મશાસ્ત્રોના વિશાળ અને નિશ્ચયપૂર્વકનો સાર તેનો ઉપદેશ કરીને પોતાના સૌ ગુરુભાઈઓના શોકને હરીને પોતાનું હરિ એવું નામ તેને સાર્થક કર્યું. (૪૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં નારાયણમુનિ અને મુકુંદાનંદ વગેરેના સંવાદમાં શ્રદ્ધા વગેરેની પ્રશંસા તથા સચ્છાસ્ત્રોના ઉપદેશનું નિરૂપણ એ નામે બીજો અધ્યાય થયો. ॥૨॥

●

## અધ્યાય - ૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યારબાદ ધર્મ પ્રવર્તાવવાના મનવાળા શ્રીહરિ કેટલાક શિષ્યોને સાથે લઈને ધોરાજીપુરમાં પધાર્યા. (૧) પછી ધોરાજીથી માર્ગમાં શ્રી નારાયણમુનિ ઘણા ભક્તોએ ખૂબ ભાવથી પૂજાયા થકા ભાડેર આવી, પછી માણાવદર પધાર્યા. (૨) પછી સ્વભક્તોને આનંદ પમાડી માણાવદરથી પીપલાણા ગામે ગયા અને ત્યાંથી અગત્રાઈ ગયા. અને ત્યાંથી શ્રીહરિ કાળવાણી પધાર્યા. (૩) ક્યાંક એક, ક્યાંક બે અને ક્યાંક ત્રણ દિવસ એમ પોતાના ભક્તોને તેમના ધર્મોમાં રહેવાનો ઉપદેશ આપતા થકા રોકાતા હતા. (૪) તે શ્રીહરિ ગુરુની આજ્ઞાથી જ વાહન ઉપર સવારી કરતા હતા તથા ક્યારેક નવાં વસ્ત્ર અને અલંકારો ધારણ કરતા હતા. (૫) સ્ત્રીઓને પણ ધર્મમાં રાખવા માટે શ્રીહરિ કયારેક સ્ત્રીઓ આગળ ભાષણ કરતા હતા તોપણ પોતાની આત્મશક્તિએ

કરીને તેમાં ક્યારેય પણ આસક્ત થયા નહિ. (૬) હે પૃથ્વીપતિ રાજન્ ! શ્રી નારાયણમુનિ ધર્મના સ્થાપન માટે વિચરતા વિચરતા સમુદ્રના કાંઠે આવેલા માંગરોળ નામના નગરમાં પધાર્યા. (૭) સમુદ્રના કાંઠે નગરથી બહાર પણ નગરથી બહુ દૂર નહિ ત્યાં વડ અને આંબલીનાં વૃક્ષોની છાયાવાળા સ્થાનમાં પોતાનો ઉતારો કર્યો. (૮) તે નગરમાં શ્રીહરિના દર્શનથી મોટા હર્ષને પામેલા મુમુક્ષુ એવા અને ધનાઢ્ય એવા વણિક ભક્તો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૯) તે વણિક ભક્તોમાં મુખ્ય ગોવર્ધનભાઈ તથા દામોદર નામના હતા તથા રામચંદ્ર, સૂરચંદ્ર એ વણિકો અને રતનજી આદિ ક્ષત્રિયો તથા મંછારામ, ધનજિત, મધુ, આણંદજી, ત્રિકમ વગેરે શૂદ્રોએ ભક્તિપૂર્વક તેમની સેવા કરી. (૧૦-૧૧) હે રાજન્ ! રાજુબાઈ અને ભાણબાઈ વગેરે નિર્મળ ચિત્તવાળી સ્ત્રીઓએ પણ યથાયોગ્ય રીતે શ્રીહરિની સેવાચાકરી કરી. (૧૨) શ્રીહરિએ ત્યાં મીઠા જળની એક મોટી વાવ ખોદાવી અને તેના પૂર્ત કર્મની વિધિમાં સર્વ ભક્તોને બોલાવી મહોત્સવ કરાવ્યો. (૧૩) સારા મિષ્ટ ભોજનો વડે હજારો બ્રાહ્મણોને તૃપ્ત કરવામાં આવ્યા અને અગ્નિદેવના મુખમાં હવિષ્ય હોમીને ચંદ્ર વગેરે દેવતાઓને તૃપ્ત કર્યા. (૧૪) જ્યારે વર્ણિવેષી શ્રીહરિ વિષ્ણુની પૂજા કરવા માટે પોતે આસન ઉપર વિરાજમાન થયા ત્યારે આ પ્રમાણે અદ્‌ભુત આશ્ચર્ય થયું. (૧૫) દેવતાઓનું પૂજન કરતા એવા મયારામ વગેરેએ તે શ્રીહરિને તત્કાળ ચતુર્ભુજરૂપે દીઠા. (૧૬) ગદા, પદ્મ, શંખ અને ચક્ર એને ધારણ કરેલા તથા મુકુટથી સુશોભિત અને પીતાંબર ધારેલા તથા મેઘ સરખા શ્યામ તથા વૃક્ષઃસ્થળમાં શ્રી વત્સના ચિહ્નથી અંકિત એવા પ્રભુને જોતા હતા. (૧૭) તે ભગવાનની ડાબી તરફ શ્વેત અંગવાળા ધર્મને દીઠા; તેમને ચાર મુખ, ચાર પગ, આઠ નેત્ર અને ચાર હાથ હતા. (૧૮) ધર્મના બે હાથ જોડાયેલા હતા અને બીજા બેમાંથી એક હાથમાં પૂજાની સામગ્રી અને બીજા હાથમાં ધર્મશાસ્ત્ર ધારણ કરેલા હતા. (૧૯) તેમણે શ્વેત વસ્ત્રો ધારણ કરેલાં હતાં અને નાના પ્રકારનાં આભૂષણો પહેરેલાં હતાં તથા સારાં રત્નો જડેલા મુકુટવાળા અને શાંત સ્વરૂપવાળા હતા. (૨૦) તે વિષ્ણુ ભગવાનના જમણા પડખે રહેલાં બે ભુજાવાળાં અને વસ્ત્રાલંકારથી શોભાયમાન તથા ગૌરવર્ણવાળાં એવાં ભક્તિદેવીને તેમણે દીઠાં. (૨૧) તે ભક્તિદેવી વિવિધ પૂજાના ઉપચારોથી ભરેલા એવા સુવર્ણપાત્રને એક હાથમાં અને બીજા હાથમાં પુષ્પની માળાને ધારણ કરતાં હતાં. (૨૨) હે નૃપતે ! મયારામ આદિ બ્રાહ્મણો નરનાટન ધારી રહેલા તે શ્રીહરિની ઇચ્છા થકી આ પ્રકારે ભક્તિ-ધર્મથી યુક્ત વિષ્ણુરૂપે શ્રીહરિનું દર્શન કરતા હતા. (૨૩) તે સર્વ બ્રાહ્મણો આ પ્રમાણે એક મુહૂર્ત પર્યંત જોઈ આશ્ચર્યથી ચકિત થઈને પછી તે નારાયણમુનિને જ સ્વેચ્છાથી મનુષ્યાકૃતિ ધારી રહેલા વિષ્ણુરૂપે માનવા લાગ્યા. (૨૪) એક મુહૂર્તના અંતે તેઓ શ્રીહરિને અગાઉની પેઠે વર્ણિરૂપે જોઈ, પ્રણામ કરીને, પૂર્તકર્મનો વિધિ સમાપ્ત કરીને તે શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. (૨૫) દૃઢ નિશ્ચયવાળા થયેલા તે બ્રાહ્મણોએ પછી વેદમાં કહેલી રીતિથી વેદના મંત્રોચ્ચાર વડે શ્રીહરિની મહાપૂજા કરી. (૨૬) તે બ્રાહ્મણો નારાયણમુનિનો સમાશ્રય કરી તેમની આજ્ઞામાં રહીને અન્ય ઉપાસનાનો ત્યાગ કરીને સર્વ ભાવ વડે શ્રીહરિની જ ઉપાસના કરવા લાગ્યા. (૨૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે તે શ્રીહરિએ કૃપા કરી બ્રાહ્મણોને પોતાના ઈશ્વરપણાનો બોધ આપવા માટે વિષ્ણુસ્વરૂપે દર્શન કરાવ્યું અને પોતાનો પ્રતાપ વિસ્તારતા થકા માંગરોલ નગરમાં વસંતઋતુ પર્યંત નિવાસ કરીને રહ્યા. (૨૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
વિષ્ણુસ્વરૂપ આવિષ્કારનિરૂપણ નામનો ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

●

## અધ્યાય - ૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

માંગરોલ નગરમાં મેઘજી નામનો એક વણિક હતો જે શ્રીહરિનો જૂનો ગુરુભાઈ અને સિદ્ધપણાના અભિમાનવાળો હતો. (૧) તે મેઘજી સમાધિમાં સ્વતંત્રપણાને પામ્યો હતો. તે સ્વેચ્છાથી જ પોતાના શરીરનો ત્યાગ કરી સ્વેચ્છાથી ભગવાનના ધામમાં જતો અને ફરી પાછો તે ધામમાંથી પાછો આવતો આવી રીતનો સમર્થ હતો. (૨) રામાનંદસ્વામીના અંતર્ધાન થયા પછી તે પોતાને અન્ય કરતાં મોટો માનતો અને મુકુંદાનંદ વગેરેનું તથા શ્રીહરિનું પણ અપમાન કરતો હતો. (૩) એકવાર સભામાં બેઠો હતો અને ભગવાનના ભક્તો એવા ત્યાગીઓને તિરસ્કારતો અને સંતોની સાથે વિવાદ કરતો હતો એવા મેઘજી પ્રત્યે શ્રીહરિ બોલવા લાગ્યા : (૪) હે મેઘજી ! દેવતાઓએ પણ માન આપવા યોગ્ય એવા આ સંતોની તું અવગણના કેમ કરે છે ? હું તારું સામર્થ્ય જાણું છું. હું ક્ષણમાત્રમાં તારો મદ ઉતારીશ. (૫) જો તને સુખી થવાની ઈચ્છા હોય તો તું મારી આજ્ઞામાં રહે. નહિ તો સમાધિમાંનું તારું સ્વાતંત્ર્ય હમણાં જ ચાલ્યું જશે. (૬) એટલે મેઘજી બોલ્યો : હે વર્ણીન્દ્ર ! તું તો હજી છોકરું છે, તું શું કરનાર છે ? હું તો રામાનંદ સ્વામીનો ખૂબ જૂનો શિષ્ય હોઈ નિર્ભય છું. (૭) તારે તો મારી આજ્ઞામાં વર્તવું કેમ કે હું સર્વ પ્રકારે શ્રેષ્ઠ છું. તું મને તારી આજ્ઞામાં વર્તાવવાની ઈચ્છા કરતાં તને શરમ આવતી નથી ? (૮) હું હમણાં જ તને મારું સામર્થ્ય બતાવું છું તે તું જો; આમ કહીને પોતાના બન્ને હાથ ખૂબ તપેલા તેલવાળા કડાઈઓમાં બોળી દીધા. (૯) હાથની ચામડી દાઝી અને ફોલ્લા પડી ગયા પરંતુ તે વાણિયો વાદ કરતો સતો દેહની અત્યંત વિસ્મૃતિ થવાથી તે પીડાને જાણતો ન હતો. (૧૦) આ આશ્ચર્યને જોઈને સર્વે નગરવાસીજનો મેઘજીને સિદ્ધ પુરુષ માનવા લાગ્યા. ત્યારે મેઘજી સૌના સાંભળતાં વચન બોલ્યો : (૧૧) આજથી ચોથે દિવસે ચોથા મુહૂર્તમાં હું તત્કાળ મારા સ્થૂળ શરીરનો ત્યાગ કરીશ એમાં સંશય લાવવો નહિ. (૧૨) ત્યારે શ્રીહરિએ મેઘજીને કહ્યું કે જો તું આ પ્રકારે સ્વતંત્રપણે દેહત્યાગ કરે તો અમો બધા તારા શિષ્યો થઈ જઈએ અને જો દેહત્યાગ ન કરી શકે તો તારે અમારા શિષ્ય થવું. (૧૩) હે વણિક ! તને દેહ અને જવા ધારેલા ભગવાનના ધામની અધવચ્ચે ત્રિશંકુની પેઠે અટકાવીશ તેમાં સંશય ન રાખીશ. તારામાં બળ હોય તેટલું કરજે. (૧૪) ત્યારે તે વણિક બોલ્યો કે અણિમા વગેરે સિદ્ધિઓ મારા વશમાં છે માટે મારી બાબતમાં તમારું સામર્થ્ય ચાલશે નહિ.

(૧૫) એમ કહીને, ઘેર જઈને દેહને આત્માથી છૂટો કરવાની ઇચ્છાવાળા તેણે હજારો બ્રાહ્મણોને બહુ પ્રકારે દાન આપ્યાં. (૧૬) બ્રાહ્મણોને વિધિસર મિષ્ટ ભોજન તૈયાર કરાવી બ્રાહ્મણોને જમાડ્યા તથા બીજા હજારો સાધુઓને તે દિવસથી આરંભીને જમાડ્યા. (૧૭) યવન અને ચાંડાળ સુધ્ધાં બધા માણસોને જમાડ્યા, પરંતુ મત્સરને લીધે નીલકંઠ બ્રહ્મચારીના આશ્રિત એવા સાધુઓને જમાડ્યા નહિ. (૧૮) આ પ્રમાણે ત્રણ દિવસ જમાડી પછી ચોથે દહાડે પણ અનેક સાધુઓ અને બ્રાહ્મણોને સત્વરે જમાડ્યા. (૧૯) પછી તે દિવસે ચોથા મુહૂર્તમાં મેઘજી પદ્માસન વાળીને સમાધિ કરવા બેઠો. તેને જોવા માટે નગરના ઘણા જનો ત્યાં આવ્યા. (૨૦) શરીરનાં બધાં અંગોમાંથી પ્રાણવાયુને આકર્ષીને તેને હૃદયાકાશમાં લાવ્યો અને નાડીઓના બંધ તોડી થોડી વાર સ્થિર થયો. (૨૧) પરંતુ હૃદયાવકાશમાંથી પ્રાણને ઉપર લઈ જવાને તથા બ્રહ્મરંધ્રને ભેદીને જવા માટે તેણે ઘણું બળ કર્યું પણ તે શક્તિમાન થયો નહિ. (૨૨) બહુ સમય સુધી અનેક પ્રયત્નો કરવા છતાં મેઘજી પોતાના પ્રાણોના ઉપર બ્રહ્મરંધ્રમાં લઈ જવા કે નીચે પાછા લાવવા કોઈપણ પ્રકારે શક્તિમાન થયો નહિ. (૨૩) હે નરાધિપ રાજન્ ! તે પોતાને વશ એવી અણિમાદિ આઠ સિદ્ધિઓ વડે પણ પ્રાણોનું સંચાલન કરવા શક્તિમાન થયો નહિ. (૨૪) પછી આ વણિક આકાશમાં ઊંધે મસ્તકે લટકી રહેલા ત્રિશંકુરાજાની જેવી દુર્દશા પામીને ચેષ્ટારહિત થઈને એક સ્થાનમાં પડી રહ્યો. (૨૫) પ્રતિજ્ઞા જેની ભંગ થઈ છે, અતિશય વ્યાકુળ અને સિદ્ધપણાના અભિમાનવાળા મેઘજીને બીજા દિવસે નગરના વણિક તથા વિપ્ર લોકો કહેવા લાગ્યા : (૨૬) વર્ણિરાજ શ્રીહરિ તથા તેમના સંતોની તેં અવજ્ઞા કરેલી છે. તેથી તારી પ્રતિજ્ઞા સિદ્ધ થઈ નથી અને તું આ આપત્તિને પામ્યો છે. (૨૭) માટે તું તત્કાળ શ્રી નારાયણમુનિને શરણે જા, તે યોગ્ય હશે તે કરશે; કાં તો દેહનો ત્યાગ કરાવશે અથવા તને જિવાડશે. (૨૮) એ પ્રમાણે નગરના લોકોએ તેને તેના હિતની વાણી કહી અને તે એવા કષ્ટને પામ્યો હતો તો પણ માનને લીધે તેની બુદ્ધિ નાશ પામી ગઈ છે એવા તેણે લોકોનું કહ્યું માન્યું નહિ. (૨૯) તે આ પ્રમાણે પાંચ દિવસ સુધી જડની પેઠે પડી રહ્યો એટલે પછી તેનું માન ગળી ગયું અને હૃદયથી નારાયણમુનિના શરણને પામ્યો. (૩૦) અસ્ફુટ અક્ષરોવાળી વાણીથી તથા સાન કરીને પાસે બેઠેલા મનુષ્યોને કહ્યું કે તમે વર્ણીન્દ્ર નારાયણમુનિને અહીં લાવો, વિલંબ ન કરો. (૩૧) એટલે લોકોએ જઈને જેમની પ્રાર્થના કરેલી છે એવા અને કૃપાના સાગર શ્રીહરિ પોતે સત્પુરુષોની સાથે ત્યાં આવીને પોતાનાં નેત્રો વડે મેઘજીનાં નેત્રોને એકાગ્ર દૃષ્ટિથી જોવા લાગ્યા. (૩૨) શ્રીહરિના જોવા માત્રથી જ મેઘજીના પ્રાણ તથા નાડીઓ તત્કાળ પોતપોતાના સ્થાને થઈ ગયાં અને પછી તે સ્વસ્થ થઈ, બેઠો થઈ તેમને જ પોતાના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ માનીને તેમને નમસ્કાર કરવા લાગ્યો. (૩૩) વળી તે બોલ્યો : હે સ્વામિન્ ! આજદિનથી હું આપનો દાસ છું. મારા ઉપર કૃપા કરો, મારા અપરાધ ક્ષમા કરો, તમો મને આજ્ઞા કરવાને યોગ્ય છો. (૩૪) શ્રીહરિ બોલ્યા : હે મેઘજી ભક્ત ! હાલમાં તમારે દેહત્યાગ કરવાનો નથી પરંતુ પૃથ્વી ઉપર ભગવાનની વાતો કરતા થકા સુખેથી જીવો. (૩૫) આ પ્રમાણે કહીને ભગવાન શ્રીહરિ તે મેઘજીને સાથે લઈને પુર બહાર પોતાના ઉતારે પધાર્યા. આવું વૃત્તાંત જોઈને સર્વ પુરવાસીજનો ખૂબ જ

આશ્ચર્ય પામી ગયા. (૩૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે નગરના જનો ભગવાન શ્રીહરિનું આશ્ચર્યકારી ઐશ્વર્ય જોઈને 'શ્રીહરિને વિષે અતુલ ઐશ્વર્ય છે તથા તેઓ આ સમસ્ત જગતના પતિ પરમેશ્વર છે' એવા સંભ્રમને પામ્યા. તે પછી તેમાંથી કેટલાક શ્રીહરિનું શરણ સ્વીકારવા ઉત્સાહિત હૃદયવાળા થયા અને કેટલાક તો આ પ્રભુ જ છે એમ પરીક્ષા કરીને તેમની પાસે (શરણે) ગયા. (૩૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
સ્વતંત્ર સમાધિનિષ્ઠ મેઘજિત પરાજય નામનો ચોથો અધ્યાય થયો. ॥૪॥

●

## અધ્યાય - ૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

માંગરોલ વગેરે ગામોમાં એકઠા થયેલા હજારો શ્રાવક વણિકો શ્રીહરિનો આશ્રય કરવાની ઇચ્છાવાળા થઈને શ્રીહરિને પ્રણામ કરી આ પ્રકારે કહેવા લાગ્યા. (૧) 'હે વર્ણિરાજ ! અમો સર્વે શ્રાવકો અમારા તીર્થંકરોને જોવાની અભિલાષા ધરાવીએ છીએ. પછી તમારી આજ્ઞામાં રહેવા માટે તત્પર છીએ તેમાં સંશય નથી.' (૨) તેવું વચન સાંભળીને શ્રીહરિએ તે વણિકોને ધ્યાનમાં બેસાડીને કૃપાપૂર્વક દૃષ્ટિમાત્રથી જ કરાવેલી સમાધિમાં તેમને બહુ કહેતાં ચોવીશ તીર્થંકરોના દર્શન કરાવ્યાં. (૩) સમાધિ થવાથી વિલીન થઈ ગયાં છે નાડી પ્રાણ જેમનાં એવા તે શ્રાવકો બહારથી સૂકા કાષ્ઠની માફક થઈ ગયા. પોતાના હૃદયકમળમાં તો શાસ્ત્રોમાં સાંભળેલા લક્ષણવાળા તીર્થંકરોને જોતા હતા. (૪) હે રાજન્ ! આ પ્રમાણે વણિકો સમાધિમાં ત્રણ પ્રહર સુધી બેઠા. ઋષભદેવ વગેરે તીર્થંકરોને જોઈને અત્યંત આનંદ પામી ગયા. (૫) શ્રી નીલકંઠના દર્શન માટે આવેલા વણિકો મરી ગયા એવો મોટો ઊહાપોહ માંગરોલપુરમાં થયો તે સમયે જેમને સમાધિ થઈ છે તેમના સંબંધીઓ એકદમ ત્યાં આવ્યાં. (૬) સમાધિમાં રહેલા જનોને મરેલાં મડદાની માફક ભૂમિ ઉપર નિશ્ચેત પડેલાં જોઈને તેમનાં સંબંધીઓ રડતાં રડતાં શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યાં કે 'હે હરે ! અમારાં સંબંધીઓને તમે જીવતાં કરો.' (૭) તે સમયે શ્રીહરિએ તત્ક્ષણ દૃષ્ટિમાત્રથી તેમને સમાધિમાંથી જગાડ્યાં. જાગૃત થયેલા તે વણિકો 'શ્રીહરિએ અમને તીર્થંકરો બતાવ્યા' આ પ્રમાણે બોલ્યા. (૮) ત્યારબાદ તે શ્રાવકો નારાયણમુનિને ઈશ્વર જાણી દૃઢપણે તેમનો આશ્રય કરી દેહ અને દેહના સંબંધીજનોમાં આસક્તિ રહિત થઈને શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. (૯) તે માંગરોલપુરમાં બીજા શ્રી વલ્લભકુળના આશ્રિત તથા નિમ્બાર્ક સંપ્રદાયના અને મધ્વ સંપ્રદાયના તથા શ્રી રામાનુજ સંપ્રદાયના આશ્રિતો હતા. (૧૦) કેટલાક રામાનંદ સંપ્રદાયના અનુયાયીઓ તથા કેટલાક શંકરાચાર્યના મતના, કેટલાક સૂર્યના ઉપાસકો, કેટલાક શક્તિના ઉપાસકો, કેટલાક ગણપતિના ઉપાસકો, કેટલાક શિવના ઉપાસકો એવા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એવા ઘણા જનો હતા. (૧૧) ઉપરાંત શૂદ્રજનો, સ્ત્રીઓ અને સંન્યાસીજનો બ્રહ્મચારીઓ વૈરાગીજનો તથા અતીતો

હજારો હજાર તે પુરમાં પૂર્વોક્ત મતોના આશ્રિતો હતા તે બધા ભેગા થઈને શ્રી નારાયણમુનિ પાસે આવ્યા. (૧૨) તે સર્વે મતવાદીજનો શ્રીહરિની તત્કાળ સમાધિ કરાવવારૂપ અતિમાનુષી ક્રિયા જોઈને નમસ્કાર કરી કહેવા લાગ્યા : 'હે સ્વામીન્ ! તમો અમારા ઈષ્ટદેવોનાં દર્શન કરાવવા યોગ્ય છો' ! (૧૩) તે સમયે ધર્મસ્થાપનામાં ઉદ્યુક્ત એવા સહજાનંદસ્વામી હસતા સતા તે સર્વેનું અભિલષિત પૂર્ણ કરતા મનથી વિચાર કરવા લાગ્યા. (૧૪) જો હું મારા યોગેશ્વર્યથી એ જનોને તેમનાં હૃદયકમળમાં તેમના ઈષ્ટદેવોને બતાવું તો તેઓ મને પરમેશ્વર જાણે. (૧૫) તેમને મારા સ્વરૂપનું જ્ઞાન થવાથી સર્વ જનો મને સર્વ ઈષ્ટદેવોના નિયંતા જાણીને મારો આશ્રય કરે અને ધર્માભાસરૂપ એવા તે તે માર્ગોનો ત્યાગ કરીને આત્યંતિક કલ્યાણ કરનારી મારી ભક્તિ કરે. (૧૬) શ્રીહરિ આવો વિચાર કરી સર્વજનોને બેસાડી મહાકૃપાપૂર્વક પોતાના સામર્થ્યથી તત્કાળ સમાધિ કરાવી. (૧૭) શ્રીહરિના જોવા માત્રથી બધા સંકુચિત નાડીવાળા અને પ્રાણો જેમના લીન થયા છે એવા તે જનોએ પોતપોતાનાં હૃદયમાં પોતપોતાના ઈષ્ટદેવોને જોયા. (૧૮) તેમાં વલ્લભ, નિમ્બાર્ક અને મધ્વ સંપ્રદાયમાં રહેલા જનો વૃંદાવનમાં રહેલા અને બાળલીલા વડે મનોહર દેખાતા અને ગોપીઓના સમૂહથી વીંટાયેલા શ્રીકૃષ્ણને જોતા હતા. (૧૯) રામાનુજાચાર્યના મતનાં જનોએ સુનન્દન અને ગરુડ વગેરેથી તથા વિષ્વકસેન પાર્ષદથી યુક્ત શ્રી લક્ષ્મીનારાયણને જોયા. (૨૦) રામાનંદના આશ્રિતોએ સીતા-લક્ષ્મણ અને હનુમાનજી સહિત દિવ્ય સિંહાસનમાં બેઠેલા શ્રી રામચંદ્રજીને જોયા. (૨૧) શંકરાચાર્યના સંપ્રદાયમાં રહેલાઓ બ્રહ્મપ્રકાશ જોતા હતા અને શૈવો પાર્વતી અને પ્રમથ નામના ગણોએ સહિત શંકરને જોતા હતા. (૨૨) સૂર્યના ભક્તો સૂર્યમંડળમાં વર્તમાન સાક્ષાત્ હિરણ્યમય પુરુષને જોતા હતા તથા ગણપતિના ઉપાસકો હૃદયમાં મહાગણપતિનું દર્શન કરતા હતા. (૨૩) શક્તિના ઉપાસકો પોતાના હૃદયમાં પોતાની દેવીને જોતા હતા. આ પ્રમાણે સર્વજનોએ શ્રીહરિના પ્રતાપથી પોતપોતાના ઈષ્ટદેવોને જોયા. (૨૪) તે સર્વ જનો પોતપોતાના ઐશ્વર્યયુક્ત પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરીને પરમ આનંદ પામ્યા અને પૂર્ણ મનોરથવાળા થયા. (૨૫) પ્રાપ્ત કરેલ છે ઈષ્ટદર્શન જેમણે એવા તે સર્વ જનો મરેલાની માફક હતા તેમને શ્રી નારાયણમુનિએ પોતાની દૃષ્ટિમાત્રથી સમાધિમાંથી તત્કાળ ઉઠાડ્યા. (૨૬) પછી અતિ વિસ્મય પામેલા સર્વે જનોએ પોતાના હૃદયમાં જોયેલા આશ્ચર્યને પરસ્પર કહેતા થકા શ્રી નારાયણમુનિને જ પોતાના યોગના ઐશ્વર્યથી પોતપોતાના ઈષ્ટદેવનું રૂપ ધારનારા જાણ્યા. (૨૭) ત્યારપછી શ્રી નારાયણમુનિને પ્રત્યક્ષ પરમેશ્વર જાણીને પોતાના સંપ્રદાય અને પોતાના ગુરુઓનો ત્યાગ કરીને શ્રીહરિનો આશ્રય કર્યો. (૨૮) ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા મુકુંદાનંદ અને મુક્તાનંદ વગેરેએ પણ શ્રીહરિનું અત્યંત આશ્ચર્યકારી ઐશ્વર્ય જોઈ શ્રી નારાયણમુનિ જ કૃષ્ણરૂપે પોતાના ઈષ્ટદેવ છે એવો નિશ્ચય કર્યો. (૨૯) હે રાજન્ ! ત્યારબાદ પરમ હર્ષ પામેલા મુકુદાનંદ વગેરે તે શ્રી નારાયણમુનિની જ ભક્તિ કરતા હતા અને સદા આજ્ઞામાં વર્તતા હતા. (૩૦) ત્યાં વજદિન નામનો પ્રસિદ્ધ મુસલમાન રાજા હતો. તેમનો કાજી નામનો સાળો આ શ્રીહરિનું સમાધિ અંગેનું અદ્ભુત આશ્ચર્ય લોકો દ્વારા સાંભળતો હતો. (૩૧) તે કાજી પોતાના બનેવી વજદીન રાજાની

આજ્ઞાથી પોતાના સેવકોથી વીંટાયો થકો શ્રી નારાયણમુનિ સમીપે આવી પ્રણામ કરી વચન બોલ્યો : (૩૨) 'હે વર્ણીરાજ ! તમો લોકોને પોતપોતાના ઈષ્ટદેવ દેખાડો છો એવું અમોએ સાંભળ્યું છે. આથી તમો અમારા ઈષ્ટદેવ પયગંબરોનું દર્શન કરાવો તો અમે તમારા આજ્ઞાકારી સેવકો થઈએ.' (૩૩) ત્યારે શ્રી સહજાનંદસ્વામી તે કાજીને પણ બેસાડી 'તમો મારી સામે જુઓ' એમ બોલ્યા. ત્યારે તે કાજી શ્રી નારાયણમુનિને જુએ છે તેટલી વારમાં તો તે કાજી લીન થઈ ગયાં છે નાડી-પ્રાણ જેનાં એવો થઈ ગયો. (૩૪) ચેષ્ટા રહિત થઈ ગયેલા દેહવાળો તે કાજી પૂર્વે સાંભળેલા એવા પયગંબરોને પોતાના હૃદયમાં જોઈને ખૂબ જ હર્ષ પામી ગયો. (૩૫) ત્યારબાદ તે કાજી નારાયણમુનિની દૃષ્ટિમાત્રથી સમાધિમાંથી જાગૃત થયો અને આશ્ચર્યયુક્ત થકો સમાધિમાં જે જોયું તે ત્યાં સાથે આવેલા પોતાના યવનોને કહેતો હતો. (૩૬) પછી તે કાજી નારાયણમુનિને પરમેશ્વર જાણીને તેમનો દૃઢ આશ્રય કરતો હતો અને નિરંતર તેમની આજ્ઞામાં જ વર્તતો હતો. (૩૭) રાજા વજદીન પણ આ આશ્ચર્યને જોઈ દૃઢ નિશ્ચયવાળો થઈ તે નારાયણમુનિનો આશ્રય કરી અનન્ય ભક્તિ વડે નિરંતર શ્રીહરિનું ભજન કરવા લાગ્યો. (૩૮) આ પ્રમાણે શ્રીહરિનું ઐશ્વર્ય સાંભળી શ્રીહરિના નિવાસસ્થાને જે જે પુરુષ આવતો હતો તે તે જન શ્રી નારાયણમુનિ સાક્ષાત્ ઈશ્વર છે એમ નિશ્ચય કરી આશ્ચર્યપૂર્વક શ્રી નારાયણમુનિનો આશ્રય કરતો હતો. (૩૯) તે તે જનો પોતાના સંપ્રદાયમાં રહેલું મદ્યપાન-માંસભક્ષણ-પરસ્ત્રી વગેરેના સેવનને, અધર્મ જ છે એમ નિશ્ચય કરી, તેમના પ્રતાપથી ત્યાગ કરતા હતા. (૪૦) મદ્યપાન, માંસભક્ષણ, પરસ્ત્રીનો સંગ, ચોરી, પોતાની અને બીજાની હિંસા, અભક્ષ્યનું ભક્ષણ તથા અપેયનું પાન વગેરે જાતિભ્રષ્ટ કર્મ વગેરેનો ત્યાગ કરતા હતા. (૪૧) અને ગૃહસ્થોથી બીજા શ્રીહરિના આશ્રિત ત્યાગી જનો અષ્ટપ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરતા હતા અને ગૃહસ્થજનો સમીપ સંબંધવાળા બંધુજનોની સ્ત્રીઓ સિવાયની વિધવા સ્ત્રીઓનો સ્પર્શ કરતા ન હતા. (૪૨) અને શ્રીહરિની આશ્રિત એવી સુવાસિની કહેતાં પતિવાળી સ્ત્રીઓ પતિવ્રતાધર્મનું પાલન કરતી હતી અને તદાશ્રિત વિધવા સ્ત્રીઓ ત્યાગીજનોની પેઠે બ્રહ્મચર્યનું પાલન કરતી હતી. (૪૩) અને શ્રીહરિના સર્વ ભક્તજનો તે શ્રીહરિના પ્રતાપથી સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્ય યુક્ત ભક્તિ વડે સંપન્ન હતા. (૪૪) આવી રીતે વર્તતા નારાયણમુનિના શિષ્યો પૃથ્વીમાં રહેલા છે છતાં જાણે શ્વેતદ્વીપમાં રહેલા હોય તેમ વિલક્ષણપણે વર્તતા હતા. (૪૫) હે રાજન્ ! આ પ્રમાણે દેવો, મનુષ્યો, દૈત્યો તેમ જ બ્રહ્મા અને રુદ્ર વગેરેએ ચિંતવનથી પણ સિદ્ધ ન થઈ શકે તેવો પ્રતાપ પૃથ્વીમાં માનવોના કલ્યાણ માટે વારંવાર ઘણા પ્રકારે વિસ્તારતા ધારણ કરેલી મનુષ્યાકૃતિથી અલૌકિક લીલા-નિપુણ વર્ણિરાજ શ્રીહરિએ અસુર ગુરુજનોમાં રહેલ અધર્મવંશને ઉખેડી નાંખ્યો. (૪૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
આશ્ચર્યલીલા નિરૂપણ નામે પાંચમો અધ્યાય થયો. ।।૫।।

●

## અધ્યાય - ૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે માંગરોલપુરમાં (પૂર્વાધ્યાયમાં કહ્યા પ્રમાણે) પોતાનો દિવ્ય પ્રતાપ બતાવી હજારો જનોને પોતાનાં આશ્રિત કરી બીજા પુર પ્રત્યે જવાની ઈચ્છા કરી. (૧) પછી વિનયશીલ વજદીન રાજા તથા પુરજનોએ તે પુરમાં રહેવા પ્રાર્થના કરાયેલા શ્રીહરિનું તેમનું પ્રિય કરવાની ઈચ્છાથી માંગરોલપુરમાં અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો આ ચાર માસ રહ્યા. (૨) હે રાજન્ ! શ્રીહરિનો પ્રતાપ જોનારા તથા સાંભળનારા જનોને આશ્ચર્ય કરનારો, પૂર્વે વયોવૃદ્ધ જનોએ પણ નહિ સાંભળેલો, દશે દિશામાં વ્યાપી ગયો. (૩) દુર્વાસા ઋષિના શાપથી પૃથ્વીમાં તે તે દેશોમાં ત્રણ વર્ણના મનુષ્યોમાં પ્રકટ થયેલા મરિચ્યાદિક મુનિઓ શ્રીહરિનો પ્રતાપ સાંભળતા હતા પછી તેમને જોવાની ઈચ્છા કરતા હતા. (૪) ત્રણ વર્ણના ઋષિઓ બધા ભેગા થઈને તે નગરમાં આવ્યા. શ્રીહરિએ મુનિઓને યથાયોગ્ય સન્માન આપીને ત્યાં પોતાની સમીપમાં નિવાસ કરાવ્યો. (૫) તે મુનિઓ શ્રીહરિનો પ્રતાપ વારંવાર સાંભળીને અને જોઈને આ શ્રીહરિ શ્રીકૃષ્ણ જ છે એવો નિર્ણય કરતા હતા. કેટલાક દ્વિજો સંશય કરતા હતા. (૬) તે પછી શ્રીહરિએ કૃષ્ણ જન્માષ્ટમીને દિવસે મહોત્સવ કરવાની ઈચ્છાથી પોતાના સર્વ આશ્રિત ભક્તોને દૂતો દ્વારા માંગરોલપુરમાં બોલાવ્યા. (૭) ગૃહસ્થો અને ત્યાગીઓ વગેરે ભક્તો એકત્રિત થઈને ત્યાં આવ્યા. ધર્મનંદન શ્રીહરિએ આવેલા ભક્તસમુદાયનું યથાયોગ્ય સન્માન કર્યું. (૮) અષ્ટમીને દિવસે શ્રીહરિએ ફૂલના હારો, ચિત્રવિચિત્ર વસ્ત્રો અને કેળના સ્તંભોથી શોભાયમાન, અતિ મનોહર મંડપ કરાવ્યો. (૯) તે મંડપમાં મધ્યરાત્રીએ ભગવાનનાં કીર્તનો તથા વાજિંત્રો વગાડવાપૂર્વક મહાપૂજાની સામગ્રીઓ વડે શ્રીહરિએ શાસ્ત્રવિધિ પ્રમાણે શ્રીકૃષ્ણનું પૂજન કર્યું. (૧૦) તે સમયમાં મૃદંગ-કાંસીજોડા-મંજીરા વગેરે વાજિંત્રો વગાડતા સાધુજનો સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનાં પદો વડે શ્રીકૃષ્ણનાં ગુણકીર્તનો ગાવા લાગ્યા. (૧૧) શ્રીહરિએ હિંડોળામાં બાળમુકુંદને પધરાવી હીંચકો નાંખ્યો અને પોતાના ભક્તજનોની સાથે શ્રીકૃષ્ણના કથાકીર્તન દ્વારા જાગરણ કર્યું. (૧૨) રાત્રિનો ત્રીજો પહોર વીત્યા પછી શ્રીહરિ ભક્તમંડળની સભામાં ભક્તોને આનંદ આપતા થકા પાટ ઉપર બિરાજમાન થયા. (૧૩) સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદો તથા અન્ય ગૃહસ્થો અને બાઈઓ સ્થિર નેત્રોવાળાં થઈને અત્યંત ભાવપૂર્વક શ્રીહરિના મુખાર્વિંદને જોઈ રહેતા હતા. (૧૪) તે સમયે ભગવાન શ્રીહરિએ 'આ સર્વ ભક્તોને મારા સ્વરૂપ સંબંધી યથાર્થ જ્ઞાન થાઓ' આ પ્રમાણે કૃપાપૂર્વક જ ઈચ્છા કરી. પછી તે ભક્તજનો શ્રીહરિને આગળ કહેવાશે એવા રૂપે જોવા લાગ્યાં. (૧૫) એક એક અંગમાંથી નીકળતા કોટાનકોટિ સૂર્યોના તેજવાળા, મેઘની માફક શ્યામ મૂર્તિવાળા, પીળું વસ્ત્ર (પીતાંબર) ધારણ કરેલા, મયૂરપીંછના મુગટવાળા, કંઠમાં કૌસ્તુભમણિ અને વૈજંતીમાલાને ધારી રહેલા, ઉત્તમ શોભાયમાન રત્નજડિત સુવર્ણના કંદોરાવાળા, મકરાકાર કુંડલ કર્ણમાં ધારેલા, ઝાંઝરની શોભાવાળાં જેમનાં ચરણકમળ છે, કડાં અને બાજુબંધથી શોભાયમાન હસ્તકમળવાળા, ચંદન પુષ્પથી પૂજિત શરીરવાળા, કિશોર અવસ્થાવાળા, બંને હસ્તો વડે અધરોષ્ઠ ઉપર ધારણ કરેલી

વેણુને વગાડતા, નટવરના જેવા વેષવાળા, એવા તે શ્રી નારાયણમુનિને શ્રીકૃષ્ણ સ્વરૂપે જોઈ તે તે જનો અતિ હર્ષ પામ્યાં. (૧૬-૧૯) તેમાં કેટલાક ભગવાન સામે મટકારહિત નેત્રોવાળા હૃદયમાં સમાધિ પામી ગયા અને કેટલાક ભક્તો તો મટકારહિત થકા બે ઘડી પર્યંત સ્થિર થઈ ગયા. (૨૦) ત્યારપછી તે ભક્તો પૂર્વની માફક જ ફરી શ્રીહરિને જોતા હતા : બ્રહ્મચારી સમાન વેષવાળા, સૂક્ષ્મ જટાવાળા, શ્યામસુંદર આકૃતિવાળા, શ્વેતવસ્ત્રો ધારણ કરેલા, મૃગચર્મ ધારી રહેલા, શાંતમૂર્તિ અને જમણા હાથમાં જપમાળા ધારણ કરેલા એવા શ્રી નારાયણમુનિને જોઈને તે જનો તત્કાળ સાષ્ટાંગ નમસ્કાર કરવા લાગ્યા : (૨૧-૨૨) આ નારાયણમુનિ જ. પોતે સ્વયં સાક્ષાત્ શ્રી કૃષ્ણ જ છે : આ પ્રમાણે ઉત્સાહવાળાં તે જનો આશ્ચર્યપૂર્વક પરસ્પર કહેવા લાગ્યા. (૨૩) ઉદ્ધવ સંપ્રદાયના જનો, દુર્વાસાના શાપથી દ્વિજાતિમાં જન્મેલા ઋષિઓ, પુરવાસી જનો તથા બીજા જે જનો તે સભામાં હતા તે સર્વે શ્રીહરિનો આશ્રય કરતા હતા. (૨૪) પછી તે સર્વે જનો હાથ જોડી અમો તમારા જ છીએ એમ બોલ્યા. એટલામાં પ્રાતઃકાળ થઈ ગયો તેથી શ્રી સહજાનંદસ્વામીએ સ્નાન કરી શ્રીકૃષ્ણનું પૂજન કર્યું. (૨૫) હે રાજન્ ! શ્રીહરિએ હજારોહજાર સાધુ અને બ્રાહ્મણોને સુંદર ભોજનોથી તૃપ્ત કર્યા પછી પોતે પારણું કર્યું. પછી બીજા જનોને પણ પારણાં કરાવ્યાં. (૨૬) દેશાંતરથી આવેલા સર્વ ઋષિજનો, શ્રીહરિ પરમેશ્વર છે એવા દૃઢ નિશ્ચયવાળા થઈને સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત ભક્તિ વડે શ્રી નારાયણમુનિને જ ભજતા હતા. (૨૭) હે રાજન્ ! તે ઋષિઓમાં કેટલાક ઋષિઓ તો બ્રહ્મચર્યાશ્રમમાં જ વર્તતા હતા અને કેટલાક ત્યાગી ભક્તો એટલે કે સાધુઓ હતા. (૨૮) હે નૃપ ! પછી સત્પુરુષોના સ્વામી શ્રીહરિએ બપોર પછી ફરીથી સભા કરાવી. તે સભામાં પુરુષો અને સ્ત્રીઓ યથાયોગ્ય (પોતપોતાના સ્થાને) બેઠાં. (૨૯) ભગવાન શ્રીહરિ તે સભામાં શ્વેત ચાદરવાળી તળાઈ બિછાયેલી પાટ ઉપર બિરાજમાન થયા. શરદપૂર્ણિમામાં ઉદય થયેલો ચંદ્ર તારાઓની મધ્યમાં જેમ શોભે તેમ શ્રીહરિ ભક્તમંડળમાં શોભતા હતા. (૩૦) હે નરેન્દ્ર ! પછી અનન્ય ભાવવાળા સર્વ ભક્તોએ ચંદન, ઉત્તમ પુષ્પહારો, વિવિધ પ્રકારનાં ઉત્તમ વસ્ત્રો અને સુવર્ણમુદ્રાઓ વડે શ્રીહરિનું પૂજન કર્યું પછી નમસ્કાર કર્યા. (૩૧) શ્રીહરિ થકી વિશુદ્ધ પોતાના ધર્મમાર્ગને સાંભળવા ઈચ્છતા સર્વે ભક્તો શ્રીહરિના મુખકમળની શોભાને જોતા અને વિનયથી નમેલા ખભાવાળા શ્રીહરિની સન્મુખ જ બેસી ગયા. (૩૨)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
જન્માષ્ટમીના ઉત્સવમાં શ્રીકૃષ્ણસ્વરૂપદર્શન નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

●

## અધ્યાય - ૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! મુકુંદાનંદ વર્ણી વગેરે શિષ્યો બંને હાથ જોડી નારાયણમુનિને નમસ્કાર કરી આદરપૂર્વક આ પ્રમાણે પૂછવા લાગ્યા. (૧)

**શિષ્યો કહે છે :**

'હે ભગવન્ ! તમો જ સર્વ ભૂત-પ્રાણીમાત્રના સર્વોત્તમ આશ્રય છો. સ્વાશ્રિત શિષ્યોના તો તમે વિશેષપણે ગુરુ અને ઉપાસ્ય પરમેશ્વર છો. (૨) હે પ્રભો ! તમારા આશ્રિત એવા અમો ત્યાગી, ગૃહી અને સ્ત્રીઓના આત્યંતિક કલ્યાણ કરનાર ધર્મોને કહો.' (૩)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! આ પ્રમાણે પોતાના શિષ્યોએ પૂછતાં, કૃપાસાગર ભગવાન શ્રીહરિ વેદ, સ્મૃતિ અને પુરાણોના સારભૂત એવા સનાતન ધર્મોને કહેવા લાગ્યા. (૪)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તો ! હું સચ્છાસ્ત્રોને અનુસરનારા ભાગવત ધર્મો તમોને કહું છું. મારા આશ્રિતજનો સર્વ પુરુષો તથા સ્ત્રીઓ સાંભળો. (૫) હે ભક્તો ! મારા આશ્રિતોએ રાત્રિના છેલ્લા પહોરે બ્રાહ્મમુહૂર્તમાં દરરોજ ઊઠીને શ્રીહરિનાં નામોનું કીર્તન કરવું-ઊંચા સ્વરથી નામો ઉચ્ચારવાં. (૬) મારાં ભક્તોએ ભગવાનના ભક્તોનાં નામોનું ઉચ્ચારણ કરવું તથા અવ્યગ્ર મનવાળા થઈને ઘડી બે ઘડી શ્રીહરિનું ધ્યાન કરવું. (૭) પછી જેનું ધ્યાન કર્યું તે જ રાધિકાપતિ શ્રીકૃષ્ણને હૃદયકમળમાં સ્મરણ કરતા શુદ્ધ હૃદયવાળા મારા જનોએ દેહસંબંધી ક્રિયા કરવી. (૮) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ભક્તોએ હંમેશાં સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, દેવતાપૂજન વગેરે કર્મો કરવાં. (૯) સ્નાન અને શ્રીહરિની માનસી પૂજા તથા બાહ્ય પૂજા દરરોજ કર્યા સિવાય, રોગાદિની પીડા વગર, મારાં આશ્રિત સર્વ જનોએ અન્ન જમવું નહિ. (૧૦) દેશાકાળાનુસાર પ્રાપ્ત થયેલાં શુદ્ધ ચંદન-પુષ્પાદિથી અધિકાર પ્રમાણે શાસ્ત્રોમાં કહેલા મંત્રોથી શ્રીહરિની પ્રતિમા શાસ્ત્રવિધિ પ્રમાણે પૂજવી. (૧૧) મારાં આશ્રિત જનોએ યથાસમયે જે કંઈ અન્ન કે ફળ પ્રાપ્ત થાય તેમાં રસાસ્વાદથી આસક્ત થયા સિવાય તેનું ભક્ષણ કરવું. (૧૨) અને જે પુરુષ ગૃહસ્થ અથવા ત્યાગીમાં મુખ્ય હોય તે બીજા જમનારા જનોને જમાડીને પછી પોતે દરરોજ જમે. ભોજન કરનારાઓમાં પંક્તિભેદ ન કરે. (૧૩) અમારા આશ્રિતોએ શુકલપક્ષ અને કૃષ્ણપક્ષની સર્વ એકાદશીઓ, કૃષ્ણજન્માષ્ટમી, રામનવમી, હરિજયંતી અને શિવરાત્રીના દિવસે અન્ન જમવું નહિ. (૧૪) અને મારા આશ્રિતોએ મદ્ય અને માંસ અને તેનાથી મિશ્રિત ઔષધાદિ વસ્તુઓ અને ગાંજો, તમાકુ વગેરે માદક વસ્તુઓનો સ્પર્શ પણ ક્યારેય કરવો નહિ. (૧૫) અને જે શાસ્ત્રોમાં શ્રીહરિના અવતારોનું નિરૂપણ કરેલું હોય અને તે શ્રીહરિની ભક્તિએ સહિત જ્ઞાન જે શાસ્ત્રોમાં સ્થાપન કરેલું હોય તે શાસ્ત્રો મારા આશ્રિતોએ ભણવાં જોઈએ. (૧૬) અને સર્વ સચ્છાસ્ત્રો ભગવાનની ભક્તિનિષ્ઠ એવા બુદ્ધિશાળી વક્તાના મુખથી સાંભળવા પરંતુ અંતઃશત્રુથી દગ્ધ અને શ્રીહરિના અભક્ત એવા વક્તાના મુખથી ક્યારેય પણ ન સાંભળવાં. (૧૭) અને જે જ્ઞાનશાસ્ત્રમાં ભગવાનના દિવ્ય સ્વરૂપનું પ્રતિપાદન કરેલું ન હોય તે જ્ઞાનશાસ્ત્ર હોય તોપણ મારા આશ્રિતોએ ક્યારેય પણ સાંભળવું નહિ. (૧૮) સર્વ નિયમોથી યુક્ત અને બ્રહ્મમાં સ્થિતિને પામેલી એવી પણ સ્ત્રીના મુખ થકી પુરુષોએ જ્ઞાન ન જ સાંભળવું. (૧૯) અને ભગવાનના યશ (લીલા)નું ભક્તિભાવપૂર્વક સદા

ગાન કરવું અને તે ભગવાનના ભક્તોનું પણ સદા યશોગાન કરવું તથા સાધુપુરુષોનો સદા સમાગમ કરવો પરંતુ શ્રીહરિના અભક્તનો સમાગમ તો ક્યારેય પણ ન કરવો. (૨૦) મારા સર્વ આશ્રિતોએ સાધુની આગળ નિર્માનીપણે દાસભાવે વર્તવું જોઈએ અને તેમનાં ઉપદેશ વાક્યોને એકાગ્ર ચિત્તથી ધારણ કરવાં જોઈએ. (૨૧) મિથ્યા વાદવિવાદ ન કરવો, ગ્રામ્યવાર્તા સાંભળવી નહિ, અપશબ્દો બોલવા નહિ અને આપત્તિકાળ વિના અસત્ય ભાષણ કરવું નહિ. (૨૨) જે સત્પુરુષોના સમાગમથી પોતાનાં વ્રતોની દ્ઢતા થાય અને ભગવાનમાં અતિશય પ્રેમ થાય તેવા સત્પુરુષોનો સમાગમ મારા આશ્રિતોએ ક્યારેય પણ ત્યાગ ન કરવો. (૨૩) સમાધિનિષ્ઠ વ્યક્તિ પણ જો પૂર્વોક્ત ભગવાનના ભક્તના સંગનો ત્યાગ કરે છે તો તે પુરુષ કામક્રોધાદિ શત્રુઓથી પરાભવ પામીને ભ્રષ્ટ થાય તેમાં સંશય નથી. (૨૪) આ લોકમાં સાધુસમાગમ કરતાં, જો કોઈપણ માણસ આપણી નિંદા કરે તો તેટલા માત્રથી ક્યારેય પણ મનથી ક્ષોભ પામવો નહિ. (૨૫) પોતાના બ્રહ્મચર્યાદિ વ્રતથી પતિત હોય તેવા પોતાની ઈચ્છા પ્રમાણે વર્તનાર ભગવાનના ભક્તનો પણ આ લોકમાં સમાગમ કરવો નહિ તથા અન્ય પાપીજનનો સંગ પણ કરવો નહિ. (૨૬) જે પુરુષ બ્રહ્મરૂપ આત્મસાક્ષાત્કારને પામેલો હોય છતાં પણ જગત્પ્રભુની અવગણના કરતો હોય અને ભગવાનના અવતારોમાં શ્રદ્ધા ન હોય તે પુરુષનો દૂરથી ત્યાગ કરવો. (૨૭) જે પુરુષ બહારથી મારા સંપ્રદાયના તિલક-ચાંલ્લાદિ ચિહ્ન ધારણ કરતો હોય પણ ગુપ્તપણે સ્ત્રી આદિમાં આસક્તિવાળો હોય તે પુરુષનો દૂરથી ત્યાગ કરવો. (૨૮) બાહ્ય ઈન્દ્રિયોના જયરૂપી શાંતિ, અંતઃકરણના જયરૂપી દાંતિ, વાસનાના ક્ષયરૂપી ઉપરતિ, શીત-ઉષ્ણાદિકની સહનશીલતારૂપી તિતિક્ષા અને આસ્તિકતા વગેરે દેવાદિકોને પણ દુર્લભ એવા સદ્ગુણોએ યુક્ત થવું. (૨૯) આ લોકમાં પોતાના આત્મા અને પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર થયો હોય તોપણ મારા શિષ્યોએ ક્યારેય પણ શબ્દાદિ પંચવિષયમાં લોભાવું નહિ. (૩૦) પૂર્વે થઈ ગયેલા સિદ્ધ એવા મોટા પુરુષોએ ધર્મ સંબંધી જે આચરણ કર્યું હોય તે જ ગ્રહણ કરવું પરંતુ તેમણે ક્યારેય અધર્માચરણ કરેલું હોય તેનું તો મારા આશ્રિતોએ ગ્રહણ ન જ કરવું. (૩૧) શાસ્ત્રમાં કહેલા બ્રહ્મચર્યવ્રત જેમાં મુખ્ય છે એવા ભક્તિની સિદ્ધિમાં ઉપકારક સાધનો વિના જ તત્કાળ મહાફળવાળી ભક્તિનો જો કોઈ ઉપદેશ આપે કહેતા કેવળ ભક્તિનો જ ઉપદેશ કરે પણ બ્રહ્મચર્યાદિ નિયમો પાળે નહિ તો તે ઉત્તમ ભક્ત સાધન વિનાની ભક્તિની સાથે તે ઉપદેશક પુરુષનો પણ તત્કાળ ત્યાગ કરી દે પણ તે ભક્ત પોતાના નિયમોનો ક્યારેય પણ ત્યાગ ન કરે. (૩૨-૩૩) ધર્મ = સચ્છાસ્ત્રમાં કહેલો સદાચાર, જ્ઞાન = જીવ માયા -ઈશ્વરના સ્વરૂપનો અવબોધ, વૈરાગ્ય = ભગવાન વિના અન્ય પદાર્થમાં અપ્રીતિ આ ત્રણ ભક્તિના મસ્તક, હૃદય અને ચરણના અનુક્રમથી અંગો યથાર્થ પણે મારાં આશ્રિતોએ જાણવાં. (૩૪) જે પુરુષ પ્રથમ ધર્માચરણની પ્રતિજ્ઞા કરી પછી તે પ્રતિજ્ઞા પાલન નથી કરતો તે પુરુષને તો ચાંડાળ જેવો જાણવો અને સ્ત્રી પણ તેવી જાણવી. (૩૫) અને સર્વ મારા આશ્રિતોએ લોભ, કામ અને ક્રોધ વગેરે શત્રુઓના વશમાં રહેવું નહિ કારણ કે તે ક્રોધાદિ તો નરકનાં દ્વાર છે. (૩૬) જે પુરુષ તીવ્ર વૈરાગ્ય તથા ઉત્તમ જ્ઞાનને પામેલો હોય અને જે ધર્માચરણ પરાયણ હોય અને જે

પ્રેમપૂર્વક ભગવાનની ભક્તિ કરતો હોય તે પુરુષનું ગુરુની પેઠે મારા આશ્રિતોએ સેવન કરવું. (૩૭) ગૌલાક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અને મનોહર બ્રહ્મપુર ધામમાં ભગવાનનું જે ઐશ્વર્ય છે તે અમારા આશ્રિતોએ ખૂબ સાંભળવું અને સંભળાવવું. (૩૮) તે ધામોમાં પોતાના પાર્ષદોએ સહિત શ્રીકૃષ્ણાદિ ઈશ્વરો રહેલા છે, તથા રાધાલક્ષ્મી આદિ શક્તિઓ રહેલી છે અને તે ધામોમાં જે મુક્ત રહેલા છે. - આ બધું પોતાના હૃદયમાં નિરંતર ચિંતવન કર્યા કરવું; જે ચિંતવનથી અંતકાળમાં પણ પોતાને મોક્ષ આપનાર સ્મૃતિ થાય. (૩૯-૪૦) આ લોકમાં બ્રહ્મસ્થિતિને પામેલા એવા બુદ્ધિમાનોએ શુક સનકાદિકની પેઠે ભગવાનની શ્રવણાદિક નવધા ભક્તિ જ સર્વદા કરવી જોઈએ. (૪૧) અને સત્પતિ શ્રીહરિનું ચરણોદક તથા નૈવેદ્ય ગ્રહણ કરવાનું હોય તે પણ પોતાની જાતિના ધર્મને અનુસરીને ગ્રહણ કરવું. એ સિવાય ક્યારેય ગ્રહણ કરવું નહિ. (૪૨) અને નહિ યાચના કરતા એવા અભક્તને તે ભગવાન સંબંધી ચરણોદક કે નૈવેદ્ય ન આપવું. શ્રદ્ધાપૂર્વક યાચના કરનારને આપવું. (૪૩) અમારા આશ્રિતોએ ભગવાનના ગરીબ ભક્તોની ક્યારેય પણ અવગણના ન કરવી. કારણ કે તેવા ગરીબ ભક્તોની અવગણનાથી મોટો ભય થાય છે. (૪૪) રોગથી પીડા પામેલ ભક્તની શ્રીહરિની માફક જ સેવા કરવી અને ભક્તને તેની રુચિને અનુસારે અન્નાદિક આપવું. (૪૫) મોટા સત્પુરુષોની આગળ પોતાના સર્વદોષ અવગુણોને કહી દેવા અને પોતાના મુખે કરીને પોતાના ગુણોની પ્રશંસા ન જ કરવી. (૪૬) મારા આશ્રિતોએ દેવતાની પ્રતિમા આગળ, ગુરુ અને રાજા આગળ, ભગવાનના ભક્ત આગળ અને સભામાં પગ લાંબા કરીને બેસવું નહિ. (૪૭) તેમની આગળ જે કંઈ બોલવું તે વિચારીને જ બોલવું. સત્ય અને તેમનું પ્રિય થાય તેમ બોલવું. તેમની જે કંઈ ખાનગી વાત હોય તે કોઈની આગળ પ્રકાશિત કરવી નહિ. (૪૮) મારા આશ્રિતોએ કોઈપણ પ્રાણીનો દ્રોહ કરવો નહિ, ચોરીનું કાર્ય કોઈ પ્રકારે કરવું નહિ અને અન્યનું હિત થાય તેવું સત્ય ભાષણ કરવું. (૪૯) જાતિથી ભ્રષ્ટ કરનાર જેનું ખપતું ન હોય તેનું અન્ન-જળ ગ્રહણ કરવારૂપ કર્મ કરવું નહિ. પોતાની તથા પારકી હિંસા કરવી નહિ. બીજાને ઉદ્વેગ થાય તેવું માર્મિક કે કઠોર વચન ન બોલવું તથા મિથ્યાપવાદનું વચન બોલવું નહિ. (૫૦) મારા આશ્રિતોએ પોતાના આચાર્યને આવતા સાંભળી ગામની સીમા પર્યંત સામે જવું તથા જ્યારે પોતાના ગામથી બીજા ગામ જાય ત્યારે ગામના સીમાડા સુધી વળાવવા જવું. (૫૧) અને મારા શિષ્યે નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતથી શોભાયમાન ભગવદ્ ભક્તને જોઈને તેની ઈર્ષા ન કરવી તથા અન્ય કોઈનું અપમાન ન કરવું અને કોઈને ગાળો પણ ન દેવી. (૫૨) અને મારો આશ્રિત સભામાં એકાંતિક ભક્તો તથા બીજા મોટા પુરુષોના ગુણોનું વર્ણન કરે પરંતુ કોઈપણ સમયે અવગુણ તો ન જ ગાય. (૫૩) બ્રાહ્મણો ભગવાનને પ્રિય છે એમ જાણી તેમનું સદા સન્માન કરે તથા રસ્તામાં ચાલતાં દૂરથી દેવમંદિર દેખાય તેને જોઈ હાથ જોડી નમસ્કાર કરે. (૫૪) મારો આશ્રિત કોઈપણ સમયે નાસ્તિક જનોના અપાસરામાં પ્રવેશ ન કરે તથા તે નાસ્તિકોના આચાર્ય સાથે ભાષણ ન કરે અને નાસ્તિકોના ગ્રંથોને ન સાંભળે. (૫૫) આ પ્રકારે મારા આશ્રિત એવા ત્યાગી-ગૃહીના આ સાધારણ ધર્મો મેં તમોને કહ્યા. શ્રીહરિ કહે છે કે હે ભક્તો ! હવે હું તમોને વિશેષ ધર્મો કહું છું. (૫૬) મારા

આશ્રિત બ્રહ્મચારી જનોએ વેદપાઠ અને ગુરુસેવા કરવી. તથા વાનપ્રસ્થોએ તપ કરવું તથા અહિંસામય યજ્ઞ કરવા. (૫૭) સંન્યાસીઓએ કદીપણ કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ અને તેમણે વિષ્ણુપૂજા તથા ઓંકાર જપ નિત્ય પ્રત્યે કરવો. (૫૮) ગૃહસ્થાશ્રમી સિવાયના મારા ત્યાગી આશ્રમવાળા સાધુ, બ્રહ્મચારી વગેરેએ સુવર્ણ, ચાંદી વગેરે ધનનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. (૫૯) અને ગૃહીવર્જિત બ્રહ્મચારી સાધુ આદિ આશ્રમી જનોએ આઠ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ કરવો. શ્રી રાધા-લક્ષ્મી વગેરે દેવની પ્રતિમા વિના સ્ત્રીઓની પ્રતિમા જોવી નહિ. પોતે ચીતરવી નહિ અને તેનો સ્પર્શ પણ કરવો નહિ. (૬૦) એમણે સ્ત્રીઓથી ચાર હાથ દૂર માર્ગમાં ચાલવું, ઉત્સવોમાં ઘણા જનસમૂહ હોય ત્યારે અને સાંકડો માર્ગ હોય તેમાં સ્ત્રીના સ્પર્શથી પોતાના શરીરનું રક્ષણ કરવું. (૬૧) અને જે જે સ્થળે સ્ત્રીઓની સ્નાન આદિ ક્રિયાઓ થતી હોય તે તે સ્થળે તે તે ક્રિયા મારા નૈષ્ઠિક વ્રતધારી ત્યાગીઓએ કરવી નહિ. (૬૨) બે ઘરોની વચ્ચે એક જ ભીંત હોય અને તે ઘરમાં એક જ સ્ત્રી રહેતી હોય તેવા બીજા ખાલી ઘરમાં આપત્કાળ પડ્યા વિના નૈષ્ઠિક વ્રતધારીઓએ રાત્રીમાં સૂવું નહિ. (૬૩) શ્રીકૃષ્ણના સ્ત્રીભક્તોએ પૂજેલા વિષ્ણુનાં દર્શન માટે નૈષ્ઠિક વ્રતધારીઓએ ક્યારેય જવું નહિ. (૬૪) મારા આશ્રિત એવા ત્યાગીજનોએ કોઈ સ્થળે ભિક્ષાના પ્રસંગ વિના કે સભાના પ્રસંગ વિના ગૃહસ્થોના ઘર પ્રત્યે જવું નહિ. (૬૫) ત્યાગીઓએ કોઈ સ્થળે આપત્તિકાળ સિવાય ક્યારેય પણ એકલા જવું નહિ તેમજ રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા પર સૂવું નહિ. (૬૬) ત્યાગીજનોએ રાત્રિમાં આપત્કાળ સિવાય માર્ગમાં ચાલવું નહિ તેમજ રાત્રિમાં પોતાના નિવાસસ્થાનથી બહાર જવું નહિ. (૬૭) બ્રહ્મચર્યવ્રતથી બીજે આપદ્ધર્મ લેવો અર્થાત્ આપત્કાળમાં પણ બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ કરવો નહિ અને સાક્ષાત્ સ્ત્રીસંગના ત્યાગરૂપ જે આઠમું બ્રહ્મચર્યનું અંગ તેનો ત્યાગ પ્રાણાન્તે પણ કરવો નહિ. (૬૮) બ્રહ્મનિષ્ઠ મારા ત્યાગી શિષ્યોએ ઋષભદેવ, જડભરતની માફક માનનો ત્યાગ કરવો તથા દેહાસક્તિનો પણ ત્યાગ કરવો. (૬૯) નિવૃત્તિધર્મમાં પ્રીતિવાળા ત્યાગીઓએ પ્રવૃત્તિ ધર્મપરાયણ વચન ઈશ્વરનું અથવા ગુરુનું હોય તોપણ ક્યારેય માનવું નહિ - ગ્રહણ કરવું નહિ. (૭૦) મારે આશ્રિત વિધવા સ્ત્રીઓને ચાતુર્માસમાં વિશેષપણે ધારણા-પારણા વગેરે વ્રતો કરવાનાં નિશ્ચે કહેલાં છે. (૭૧) વિધવા સ્ત્રીઓને સર્વ પ્રકારે ખામી વિનાનું અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. દેવતાની પ્રતિમા વિના પુરુષ તથા તેની પ્રતિમાનો પણ સ્પર્શ કરવો નહિ. (૭૨) હે જનો ! વિધવા સ્ત્રીઓએ પોતાના દેહના નિર્વાહમાં ઉપયોગી દ્રવ્ય હોય તો તે ધર્મકાર્યમાં પણ આપવું નહિ, આ મારી આજ્ઞા છે. (૭૩) બાળા, યુવતી, વૃદ્ધ, વિધવા અને સધવા સ્ત્રીઓએ સ્વતંત્રપણે વર્તવું નહિ. હંમેશાં પિતા વગેરેની આજ્ઞામાં રહેવું. (૭૪) ક્યારેય કોઈપણ સ્ત્રીઓએ પોતાના સંબંધીજનો વિના સ્વતંત્રપણે તીર્થયાત્રા પણ કરવી નહિ. (૭૫) શ્રીહરિ કહે છે કે હે જનો ! મારે આશ્રિત સુવાસિની સ્ત્રીઓએ પોતાનો પતિ આંધળો હોય, રોગી હોય કે વૃદ્ધ હોય તો પણ ઈશ્વરની માફક સેવવો. (૭૬) અને તે સધવા સ્ત્રીઓએ ચંચળતાનો ત્યાગ કરી પોતાના શિયળનું હંમેશાં રક્ષણ કરવું અને પોતાના સસરા સંબંધી અને પિતા સંબંધી કુળને ક્યારેય પણ લાંછન ન લગાડવું. (૭૭) અમારે આશ્રિત ગૃહસ્થ પુરુષોએ પોતે

પરણેલીથી અન્ય સ્ત્રીઓને માતાની બુદ્ધિથી જોવી. પોતાની સંબંધી સ્ત્રીઓ (માતા, બહેન, દીકરી, ભાર્યા) સાથે યથાયોગ્ય વ્યવહાર કરવો. (૭૮) માતા, બહેન વગેરે સમીપ સંબંધીમાં ગૃહસ્થોએ દૂર રહીને ભગવાનની કથા કરવી. પરંતુ સર્વત્ર સર્વદા કૃષ્ણકથા કરવી નહિ. (૭૯) ગૃહસ્થોએ પણ આપત્કાળ પડ્યા વિના એકાંત સ્થળમાં માતા, બહેન અને દીકરીની સાથે પણ ન બેસવું. (૮૦) ગૃહસ્થોએ આપત્કાળ પડ્યા વિના પોતાના સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રીનો ક્યારેય પણ જાણીને સ્પર્શ કરવો નહિ. (૮૧) હે જનો ! ગૃહસ્થોએ દરરોજ પાંચ મહાયજ્ઞો કરવા શ્રદ્ધાપૂર્વક સંતપુરુષોની સેવા કરવી અને શક્તિ પ્રમાણે દાન આપવું. (૮૨) એક પોતાની સ્ત્રી સિવાયનું પોતાને અતિ પ્રિય પદાર્થ માન, ઈર્ષ્યા, દંભ અને ક્રોધ રહિત સુપાત્રને અર્પણ કરવું તેને તમારે દાન સમજવું. (૮૩) ધનવાન ગૃહસ્થોએ પ્રાણીહિંસા રહિત યજ્ઞો કરવા અને વાવ, કૂવો, તળાવ, દેવસ્થાન વગેરે પૂર્તકર્મ કરવાં અને પુણ્યક્ષેત્રોમાં દાન કરવાં તથા સાધુબ્રાહ્મણને જમાડી તૃપ્ત કરવા. (૮૪) મારા આશ્રિત રાજાઓએ પ્રાણીના વધ વિના સામ, દામ, દંડ, ભેદ એ ચાર ઉપાયોથી રાજનીતિને અનુસરી પોતાના કાર્યની સિદ્ધિ કરવી. (૮૫) રાજાઓએ રાજધર્મમાં કહેલું પ્રાણીવધનું વચન યુદ્ધ સિવાય અન્યત્ર ગ્રહણ કરવું નહિ. પિતા જેમ પોતાના પુત્રાદિકનું રક્ષણ કરે છે તેમ પ્રજાનું રક્ષણ પાલન કરવું. (૮૬) મેં કહેલા નિયમોમાં જે જે નિયમનો ભંગ થાય તો તે તે નિયમ સ્ખલનરૂપ દોષનું યથાયોગ્ય પ્રાયશ્ચિત કરવું. (૮૭) જ્ઞાન, વૈરાગ્યથી યુક્ત દંભે રહિત પોતાના અધિકાર પ્રમાણે મેં કહેલા સદ્ધર્મો વડે, ભગવાન અને ભગવાનના ભક્તોની નિષ્કપટ શ્રદ્ધાપૂર્વક સેવા વડે તથા સર્વ ભૂતપ્રાણીમાત્ર ઉપર દયા વડે, લોભ, કામ, ક્રોધ, માન વગેરેના ત્યાગ વડે હરકોઈ મનુષ્યને ભગવાન સન્મુખ કરવા વડે ભગવાન તત્કાળ પ્રસન્ન થાય છે તેમાં સંશય નથી. (૮૮-૮૯-૯૦) દુર્લભ એવા મનુષ્યદેહને પ્રાપ્ત કરી, સત્પુરુષોના ઉપદેશ દ્વારા શ્રીહરિ નારાયણના સન્મુખ કહેતાં પ્રત્યક્ષ ભગવાનના ભક્તો થાય છે તે જીવો સંસારસાગરને તરી જાય છે. (૯૧) વિવેકીજનોએ આ મનુષ્યદેહ ચિંતામણિ સમાન જાણવો. મનુષ્યદેહ વડે સ્વર્ગ-મોક્ષ તથા બીજું પણ પોતાને ઈચ્છિત પ્રાપ્ત થાય છે. (૯૨) આ મનુષ્યદેહ સંસારસાગરમાં નૌકારૂપ જ છે. ભગવત્પ્રાપ્તિના ઉપદેષ્ટા ગુરુ કર્ણધાર છે, અનુકૂળ વાયુરૂપે સ્વયં ભગવાન જ છે. તે મનુષ્યદેહથી કયો પરમ પુરુષાર્થ સિદ્ધ ન થાય ? (૯૩) વિષય સંબંધી જે સુખ છે તે સમગ્ર એવા દેહોમાં સામાન્યપણે રહેલું છે માટે વિવેકી માણસ શ્રીહરિનું ભજન કરે. (૯૪) મનુષ્યશરીરને કાળરૂપી સાપના મુખમાં પડેલું ક્ષણભંગુર જાણીને બુદ્ધિમાન પુરુષ આ જન્મમાં જ પોતાના જીવાત્માના મોક્ષને તત્કાળ સિદ્ધ કરે. (૯૫) દેવોને પણ પ્રાર્થનીય મનુષ્યદેહની જે પોતાને પ્રાપ્તિ થયેલી છે તે જ મોટી ભગવાનની અપાર કરુણા વિચક્ષણ પુરુષોએ જાણવી. (૯૬) જે પુરુષો નરદેહ પામીને શ્રીહરિની ભક્તિમાં નિયમોથી ધર્મ પાળવામાં સત્યયુગ જેવા કાળ તથા પ્રારબ્ધમાં હોય તો પ્રભુ ભજાય અથવા ભગવાનની કૃપા હોય તો થાય વગેરે કારણો દર્શાવે છે. (૯૭) તે પુરુષો પુરુષાર્થ રહિત હોવાથી નપુંસક સમાન છે તે મૂઢ પુરુષો અસંખ્ય જન્મોથી ક્યારેય પણ મનુષ્યદેહને પામતા નથી અને તે સંસારમાં વારંવાર ભટકે છે. (૯૮) આથી પોતાના ધર્મમાં નિરંતર નિયમપૂર્વક રહીને શ્રદ્ધાપૂર્વક

તમો મારા આશ્રિતોએ ઉત્સાહપૂર્વક જ શ્રીહરિની ભક્તિ કરવી. (૯૯) સ્નાન, શ્રીહરિના સ્વરૂપના ચિંતનરૂપી ધ્યાન, શ્રીહરિની પૂજા, મંત્રજપ, ભગવદ્ ગુણ કીર્તન તથા સત્સંગ આ છ કર્મો સર્વ મારાં આશ્રિતોએ પ્રતિદિન કરવાં. (૧૦૦) અને હે સજ્જનો ! તમારી જ્યાં સુધી દેહની સ્મૃતિ હોય ત્યાં સુધી આ જે મેં કહેલા પોતપોતાના ધર્મોને ક્યારેય પણ ત્યાગ કરવા નહિ, આવી મારી આજ્ઞા છે. (૧૦૧)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! જગદ્ગુરુ ભગવાન શ્રીહરિની સચ્છાસ્ત્રસંમત આવી વાણીને સાંભળીને સર્વ ભક્તો મહાઆનંદ પામ્યા. (૧૦૨) 'હે સત્પતે ! અમો સર્વ તમોએ કહ્યા પ્રમાણે જ આચરણ કરીશું.' આ પ્રમાણે કહીને તે ભક્તો ભગવાન શ્રીહરિની ખૂબ પ્રીતિથી વંદના કરવા લાગ્યા. (૧૦૩) તે શ્રીહરિને જ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જાણનાર મુકુંદાનંદ વગેરે ભક્તો દૃઢ આશરો કરી તેમની આજ્ઞામાં વર્તતા સર્વ પ્રકારના ભાવથી તેમની ભક્તિ વડે ભજવા લાગ્યા. (૧૦૪) સર્વ જનોના હિતને કરનારી નારાયણમુનિએ પોતે પોતાના મુખેથી કહેલી 'ગીતા'નો જે પાઠ કરે અથવા સાંભળે તે મનુષ્ય પણ પોતાનું ઇચ્છિત પ્રાપ્ત કરે. (૧૦૫) મનની ઇચ્છાઓને પૂર્ણ કરનારી કલ્પતરુની શાખારૂપ આ શ્રી 'નારાયણગીતા' પોતાનું શ્રેય ઇચ્છનારાં સર્વ મનુષ્યોએ સર્વથા કરવા યોગ્ય છે. (૧૦૬) અને આ શ્રી નારાયણગીતા સર્વ શાસ્ત્રોના સારભૂત હોવાથી સર્વથી અધિક શ્રેષ્ઠ જાણવી - કેમ કે સ્વયં સાક્ષાત્ શ્રી પુરુષોત્તમ નારાયણના મુખકમળથી નીકળેલી છે. (૧૦૭) સુવ્રતમુનિ કહે છે : હે રાજન્ ! આ લોકમાં જે જનો શ્રી નારાયણે જ કહેલા સનાતન સ્વધર્મનું પોતપોતાના અધિકારને અનુસરી નિરંતર આચરણ કરે છે તે જનો જ મનુષ્યદેહનું ફળ પામેલા છે એ નિશ્ચિત વાત છે. (૧૦૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
શ્રી નારાયણગીતા નિરૂપણ નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

●

## અધ્યાય - ૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પછી શ્રી સહજાનંદસ્વામીએ પોતાના ગૃહસ્થ ભક્તોને પોતપોતાના દેશ જવા માટે આજ્ઞા આપી. ત્યારે તે ગૃહસ્થો સ્ત્રી આદિ કુટુંબીઓ સહિત શ્રી નારાયણમુનિને પ્રણામ કરીને પોતપોતાના દેશ પ્રત્યે ગયા. (૧) તે નારાયણમુનિએ, મુકુંદાનંદ, મુક્તાનંદાદિ કેટલાક ત્યાગીઓને મહત્ત્વપણાથી માન આપતા પોતાની સમીપે રાખ્યા. (૨) હે નરાધિપ ! બીજા ત્યાગીજનોને પૃથ્વી ઉપર અજ્ઞાની જનોને ઉપદેશ આપવા માટે જુદા જુદા દેશોમાં મંડળોરૂપે થઈને જવા શ્રી નારાયણમુનિ આજ્ઞા આપતા હતા. (૩) ત્યારબાદ ત્યાંના રાજાને તથા નગરવાસીજનોને ધર્મમાર્ગમાં રહેવા આજ્ઞા આપી, શિષ્યો સહિત ફરી કાલવાણી પધારતા હતા. (૪) હે રાજન્ ! ત્યાં જીવનશર્મા બ્રાહ્મણના ઘેર પોતાનો નિવાસ કરતા હતા. તે ગામના ઘણા ભક્તજનો શ્રી નારાયણમુનિનું

ભક્તિપૂર્વક સેવન કરવા લાગ્યા. (૫) મેઘજી, લક્ષ્મણ, ભીમો, રઘુનાથ, આંબો, જાદવ, જયરામ વગેરે બ્રાહ્મણ ભક્તજનો શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૬) હવે ધનવાન વૈશ્ય ભક્તોનાં નામો કહે છે : વૈશ્યભક્તોમાં મુખ્ય પર્વતભાઈ તથા રાજાભાઈ, જીવરાજભાઈ, ઉન્મત્તભાઈ તથા બે જેઠાભાઈ અને મૂળજીભાઈ, હૃદાભાઈ, ખોડાભાઈ, વસ્તાભાઈ, નરસિંહભાઈ તથા જેઠો અને જૂઠો બંને સગાભાઈ, કૃષ્ણભાઈ, બે માધવદાસ, અંબારામ, કેશવલાલ, લક્ષ્મણ અને વશરામ વગેરે ઘણા ભક્તજનો નારાયણમુનિની સેવા કરતા હતા. (૭-૮-૯) તેજાબાઈ, મોંઘીબાઈ, ફુલીબાઈ, હીરાબાઈ, જીવીબાઈ આદિ શ્રેષ્ઠ ભક્તિવાળા સ્ત્રીભક્તો ભગવાન શ્રીહરિની ઉપાસના-સેવા કરતાં હતાં. (૧૦) કાલવાણીમાં કહેલા ભક્તો તથા બીજા પણ હજારો ભક્તજનો શ્રી નારાયણમુનિની કૃપાથી જ સદા સમાધિસ્થિતિ પામેલા સર્વ યોગકળાઓને જાણનારા હતા. (૧૧) અનુક્રમથી સિદ્ધ કર્યા છે યોગનાં આઠ અંગોવાળા તથા યોગની સિદ્ધિઓ પ્રાપ્ત થયેલી છે જેમને એવા યોગીઓ જેવા હોય તેવા પૂર્વે કહેલાં ભક્તો શ્રીહરિની કૃપાથી તત્કાળ જ યોગીઓ જેવા થયા. (૧૨) શ્રીહરિના ભક્તજનો પ્રાણોને સ્થિર કરવામાં, ત્યાગ કરી ફરી તેમાં પ્રવેશ કરવામાં તથા દેહત્યાગ કરવામાં સ્વતંત્રપણું પ્રાપ્ત કરતા હતા. વિશેષ શું કહેવું ? નાનાં નાનાં બાળકો પણ સ્વતંત્રપણું પ્રાપ્ત કરતાં હતાં. (૧૩) સર્વ લોકના સ્વતંત્ર નિયંતા શ્રીહરિ જ્યારે એકીસાથે ઘણા ભક્તજનોને પોતાના સ્વરૂપમાં સમાધિ કરાવતા હતા તે સમયે આશ્ચર્ય ઉપજાવતા હતા. (૧૪) શ્રીહરિના દર્શન સમયે સમાધિ પામેલાં સેંકડો અને હજારો પુરુષો અને સ્ત્રીઓની ત્યાં જુદી જુદી પંક્તિઓ થતી હતી. (૧૫) સમાધિ પામેલાઓમાં કેટલાક જનો સિદ્ધાસનમાં કેટલાક પદ્માસનમાં રહેલા તથા કેટલાક વીરાસનમાં બેઠેલા હતા. (૧૬) હે રાજન્ ! કેટલાક જનો વજ્રાસન, કેટલાક સ્વસ્તિકાસનમાં રહેલા અને કેટલાક શબાસનમાં રહેલા હતા. (૧૭) સમાધિની ઉત્તમ દશા હોવાથી તે સમગ્ર જનો કાષ્ઠ અને પથ્થરની પ્રતિમાઓની પેઠે અંગની ચેષ્ટારહિત થઈ જતા હતા. (૧૮) શ્રીહરિ સમાધિમાં રહેલા જનોમાં કેટલાકને એક પહોરને અંતે, કેટલાકને બે પહોરના અંતે અને કેટલાને એક દિવસના અંતે ઉઠાડતા હતા. (૧૯) કેટલાકને બે દિવસે, કેટલાકને પંદર દિવસે, કેટલાકને એક મહિનાના અંતમાં, કેટલાકને બે માસે, તો વળી કેટલાકને ત્રણ માસને અંતે ઉઠાડતા હતા. (૨૦) કેટલાકને ચાર માસને અંતે પરમેશ્વર ઉઠાડતા હતા. કેટલાકને તો જોવા માત્રથી અને શબ્દથી અથવા મનના સંકલ્પથી ઉઠાડતા હતા. (૨૧) વળી કોઈક જન તો સમાધિમાં પરમાનંદના આસ્વાદના લોભથી ફરી બહાર પોતાના દેહમાં શ્રીહરિના બોલાવવા છતાં પાછો આવતો ન હતો ત્યારે સર્વ શક્તિમાન પ્રભુ મહાયોગેશ્વરપણાથી તેના આત્માની સાથે પોતાના આત્માનો એકભાવરૂપ યોગૈશ્વર્યથી જ બલાત્કારે તેને ફરી પાછો દેહમાં લાવતા હતા. (૨૨-૨૩) જે જે ભક્ત સમાધિમાંથી જાગીને દેહમાં આવતો હતો તે ભક્ત સમાધિમાં પોતે જે જે વસ્તુ જોયેલી હોય તે તે સર્વ વસ્તુનું વર્ણન સભામાં બેઠેલા જનો આગળ કરતો હતો. (૨૪) કેટલાક ભક્તો અલૌકિક અક્ષરધામની વાર્તા કરતા હતા, કેટલાક શ્વેતદ્વીપની અને કેટલાક વૈકુંઠધામની વાર્તા કરતા હતા. (૨૫) કેટલાક ભક્તો ગોલોક ધામનું દિવ્ય ઐશ્વર્ય

અને વૈભવ કહેતા હતા. કેટલાક જનો ત્રિલોકીમાં રહેલ દેવતાઓ અને દૈત્યો આદિનાં સ્થાનોની વાતો કહેતા હતા. (૨૬) કેટલાક જનો ત્રિલોકીમાં રહેલા ભગવાનનાં સ્થાનોની વાતો કરતા હતા. કેટલાક લોકાલોક પર્વતથી બહાર રહેલાં સ્થાનોની વાર્તા કરતા હતા. (૨૭) કેટલાક જનો જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની અને ત્યાં રહેલાં અનંત બ્રહ્મા, વિષ્ણુ અને શિવની ક્રિયાઓ અને ઐશ્વર્યસુખો, અનુક્રમથી કહેતા હતા. (૨૮) તે તે બ્રહ્માંડોમાં દેવ-દૈત્ય-મનુષ્યો વગેરેની આશ્ચર્યરૂપી જે ક્રિયાઓ સમાધિમાં જોયેલી તે સર્વ કહેતા હતા. (૨૯) કેટલાક જનો સંપૂર્ણ બ્રહ્માંડરચના જેવી જોયેલી તેવી જ વર્ણન કરતા હતા. વળી કેટલાક જનો સ્વદેહમાં જે રચના છે તેને વર્ણવતા હતા. (૩૦) હે નરાધિપ ! કેટલાક જનો તે બ્રહ્માંડોમાં સંપૂર્ણ ભૂગોળ અને ખગોળની સ્થિતિનું યથાર્થપણે વર્ણન કરતા હતા. (૩૧) સમાધિમાંથી ઊઠેલા ભક્તજનોની તેવા પ્રકારની વાણીઓ સાંભળતા શ્રી નારાયણમુનિ તે તે યોગવાળા ભક્તજનોનો સમાધિમાં પક્વતા-અપરિપક્વતાનો નિર્ણય કરતા હતા. (૩૨) તેમનામાં જે જે જનની યોગધારણા અપરિપક્વ હતી તે તે જનને ફરીથી પક્વપણાને યોગ્ય એવી તે તે ધારણાને શ્રી નારાયણમુનિ કરાવતા હતા. (૩૩) કેટલાંક સમાધિવાળાં ભક્તજનોને પ્રાણોનું અને નાડીઓનું સ્વતંત્રપણાથી વારંવાર સંકોચ અને વિકાસ શીખવતા હતા. (૩૪) શ્રીહરિ કેટલાંકને સર્વ અંગોથી પ્રાણે સહિત આત્માને ખેંચીને કેવળ નેત્રમાં જ ધારણ કરવાની કળાને શીખવતા હતા અને વળી કેટલાકને આંગળી વગેરે એક જ અંગમાં જીવની ધારણાને શીખવતા હતા. (૩૫) તેવા પ્રકારની ધારણા કહેતાં સમાધિમાં પ્રાણાત્મા રહિત દેહને કોઈ અગ્નિથી બાળે અથવા શસ્ત્રથી છેદે તોપણ પીડા થતી નહિ. (૩૬) બે નેત્રો પૈકી કોઈપણ એક નેત્રમાં પોતાના અંતઃકરણની સન્મુખ વૃત્તિથી ધારણા કરે તેમ જ બીજા નેત્રમાં મટકું માર્યા વિના બહાર વૃત્તિથી ધારણા કરે. એ બંને નેત્રોમાં વારાફરતી વારંવાર ધારણા કરવાનો અક્ષિયોગ શ્રી સહજાનંદસ્વામી સમાધિવાળા જનોને શીખવતા હતા. (૩૭-૩૮) કેટલાક ભક્તોને પ્રતિલોમ વૃત્તિએ કરીને પોતાના અંતર સન્મુખ વૃત્તિવાળાં કરી નાડીઓ અને પ્રાણોનું આકર્ષણ કરવાનો યોગ શીખવતા હતા. (૩૯) બંને નેત્રોને મટકાંએ રહિત બહાર વૃત્તિ ધારણ અને તેને અનુસાર નાડી-પ્રાણનું આકર્ષણ કેટલાક ભક્તોને શીખવતા હતા. (૪૦) ત્યારબાદ પ્રભુ શ્રીહરિ આધારાદિ છ ચક્રોમાંના કોઈ પણ એક ચક્રમાં પ્રાણોને રોકીને કેટલાક ભક્તોને વિવિધ પ્રકારના નાદનું શ્રવણ કરાવતા હતા. (૪૧) શ્રીહરિ છ ચક્રોમાંથી એક ચક્રમાં પ્રાણો રોકનાર કેટલાક પુરુષોને તે ચક્રમાં ઓંકારોને ગણાવતા હતા અને સમાધિમાંથી જાગેલા તે જનો પાસે તે ઓંકાર શબ્દોની સંખ્યા બીજાની આગળ કહેવડાવતા હતા. (૪૨) અને કેટલાક ભક્તોને ઈડા, પિંગલા અને સુષુમ્ણા નાડીઓના માર્ગે કરી ચંદ્ર, સૂર્ય વગેરે લોકોમાં પહોંચાડતા હતા. (૪૩) હે નિષ્પાપ રાજન્ ! શ્રીહરિ આવા પ્રકારની સર્વ યોગકળાઓ સાધનસંપત્તિ વિના પણ પોતાના ભક્તોને પમાડતા હતા. (૪૪) શ્રીહરિના પ્રતાપથી તત્કાળ જ સિદ્ધદશાને પામેલા બુદ્ધિમાન ભક્તો અન્યનાં શરીરોમાં પ્રવેશ કરીને તેમના મનમાં રહેલા સંકલ્પને જાણી જતા હતા. (૪૫) તે સમાધિવાળા ભક્તજનો બીજા જનોનાં શરીરોમાં પ્રવેશપૂર્વક રહીને તેના પ્રાણોને રોકીને સ્વયં શ્રીહરિની જેમ ભગવાનનાં

ધામો દેખાડતા હતા. (૪૬) શ્રીહરિએ આજ્ઞા કરાયેલો જે કોઈ પુરુષ હોય તે બીજાને સમાધિ કરાવતો હતો અને સમાધિમાંથી જગાડતો હતો. (૪૭) ઐશ્વર્યશાળી શ્રીહરિએ કૃપાથી આ પ્રમાણે પોતાનો પ્રતાપ બતાવતા કામબળથી નાશ પામેલી યોગકળાઓ પૃથ્વી પર સારી રીતે પ્રવર્તાવી. (૪૮) હે રાજર્ષે ! દરેક ગામમાં અને દરેક ઘરમાં સાંભળનારાઓને મંગળ કરનારી યોગકળાઓની યુક્તિઓની વાર્તાઓ થતી હતી. (૪૯) સુવ્રતમુનિ કહે છે કે હે રાજન્ ! શ્રી ભક્તિ-ધર્મના પુત્ર શ્રીહરિ ભક્તજનોની સભામાં બિરાજમાન થકા પોતાના ભક્તજનોને યોગમાં રહેલી અનેક યુક્તિઓનો ઉપદેશ આપતા, પોતાના ભક્તોનાં હૃદયકમળોમાં પ્રવેશ કરી પોતાના હાથ વડે તે ભક્તજનોના હાથને ગ્રહણ કરી આગળ ચાલતા થકા તે ભક્તજનોએ જોવા માટે ઈચ્છા કરેલા માટે જ પોતે પ્રાપ્ત કરાયેલા તે તે દેવતાઓના લોકોના વૈભવોને પોતાની હાથની આંગળીએથી બતાવતા થકા સદા વિશેષણે જયકારી વર્તે છે. (૫૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
વિચિત્ર યોગકલાવિષ્કારનામે આઠમો અધ્યાય થયો. ॥૮॥

●

## અધ્યાય - ૯

**સુવ્રતમુનિ કહે છે :**

હે પ્રતાપસિંહ રાજન્ ! દશે દિશાઓમાં જેમની કીર્તિ વ્યાપેલી છે એવા નારાયણમુનિ પોતાના ભક્તજનોને અત્યંત આનંદ આપતા ત્યાં (કાલવાણીમાં) બે માસ રહ્યા. (૧) પીપલાણા ગામથી નરસિંહ વિપ્ર અને આખા ગામથી નારાયણ વિપ્ર બંને જણ એક જ સમયમાં ત્યાં આવ્યા. (૨) બંને વિપ્રો પોતપોતાના ગામમાં શ્રીહરિનું આગમન થાય એટલા માટે પ્રાર્થના કરતા હતા. તે બંને ભક્તજનો ઉપર પ્રસન્ન થઈને નારાયણમુનિએ 'તમો કહો છો તે પ્રમાણે કરીશું' એવી પ્રતિજ્ઞા કરી. (૩) પછી શ્રીહરિ પ્રબોધિની એકાદશીનો મોટો ઉત્સવ કરી ત્યાંથી શિષ્યો સહિત ઓજત નદીના કિનારે આવેલા આખા (અક્ષય) ગામમાં પધાર્યા. (૪) શ્રીહરિ તે જ દિવસે પીપલાણા ગામે પણ પધારતા હતા. તે બંને ગામોમાં શ્રીહરિ છ માસ પર્યંત નિવાસ કરતા હતા. (૫) નારાયણ, રામજી, ગોવિંદ, કુમારજિત, નરસિંહ, પરમાનંદ, કલ્યાણ, કલો, રઘુ ઈત્યાદિ બ્રાહ્મણ તથા અન્ય જાતિના ભક્તજનો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. જીવી, લાડિની, મીઠી, રુક્ષ્મણી, લાડુ વગેરે સ્ત્રી ભક્તો અતિ સ્નેહથી સેવા કરતી હતી. (૬-૭) તે સર્વ ભક્તો અને સર્વ સ્ત્રીઓ કાળ, ધર્મ અને યમના ભયથી મુકાવવામાં અતિ આતુર શ્રી નારાયણમુનિની કૃપાથી સમાધિમાં સ્વતંત્રપણું પામ્યાં. (૮) પીપલાણા ગામમાં કાર્તિક પૂર્ણિમાનો મોટો ઉત્સવ કરતા હતા. તે સમયે સર્વજનો વસ્ત્ર, આભૂષણ, ધન વગેરેથી શ્રીહરિને પૂજતા હતા. (૯) ઉદાર નરસિંહ ભક્તે તો શ્રીહરિની આગળ ધનનો ઢગલો કર્યો તેનાથી સર્વજનો વિસ્મય પામી ગયાં. (૧૦) શ્રીહરિ ભગવાન તે ધનસમૂહ વડે ઓજત નદીના કિનારે વિષ્ણુયાગ કરતા હતા. તે વિષ્ણુયાગમાં દેશાંતરોથી હજારો ભક્તજનો આવતા હતા. (૧૧) ઉત્તમ બ્રાહ્મણો પાસે શાસ્ત્રવિધિ અનુસાર કુંડ, મંડપ વગેરે દેવસ્થાપન

કરાવીને ઉત્તમ મહામૂલ્યવાળી પૂજાસામગ્રીઓથી વિષ્ણુનું પૂજન કરાવતા હતા. (૧૨) તે વિષ્ણુયાગમાં શ્રીહરિએ બોલાવેલા વેદ-શાસ્ત્ર-પુરાણને જાણનારા તથા શ્રૌત અને સ્માર્ત ક્રિયાઓને જાણનારા હજારો બ્રાહ્મણો આવ્યા. (૧૩) તે વિષ્ણુયાગમાં કેટલાક બ્રાહ્મણો પાસે વિષ્ણુગાયત્રીનો જપ કરાવતા હતા તો કેટલાક પાસે દ્વાદશાક્ષર મંત્રનો જપ તથા કેટલાક બ્રાહ્મણો પાસે ષડક્ષરમંત્રનો જપ કરાવતા. (૧૪) કેટલાક બ્રાહ્મણો પાસે અષ્ટાક્ષરમંત્રનો જપ કરાવતા હતા. કેટલાક બ્રાહ્મણો પાસે વિષ્ણુસૂક્ત તથા કેટલાક પાસે લક્ષ્મીસૂક્તનો જપ કરાવતા હતા. (૧૫) શ્રીહરિ કેટલાક બ્રાહ્મણો પાસે વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનો પાઠ કરાવતા હતા. કેટલાકની પાસે નારાયણ કવચનો પાઠ કરાવતા હતા. કેટલાકની પાસે ભગવદ્‌ગીતાનો પાઠ કરાવતા હતા. (૧૬) શ્રીહરિ કેટલાક બ્રાહ્મણો પાસે શ્રીમદ્ ભાગવત પુરાણનો પાઠ કરાવતા હતા. કેટલાક બ્રાહ્મણો પાસે કેવળ દશમસ્કંધનો પાઠ કરાવતા હતા. (૧૭) કેટલાક બ્રાહ્મણો પાસે વાસુદેવમાહાત્મ્યનો પાઠ કરાવતા હતા. તો કેટલાક બ્રાહ્મણો પાસે શ્રીહરિ કઠવલ્લી અને મુંડક એ બે ઉપનિષદોનો પાઠ કરાવતા હતા. (૧૮) પ્રભુ શ્રીહરિ કેટલાક બ્રાહ્મણો દ્વારા પોતાના સામદેવનું પારાયણ કરાવતા હતા. અને સ્વયં પ્રભુ શ્રીહરિ પણ શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો જપ કરતા હતા. (૧૯) પછી હોમ અને પૂર્ણાહુતિ કરીને અનંત વિપ્રોને જમાડતા હતા. અને તેમને વસ્ત્રો, અલંકારો અને ઈચ્છિત દ્રવ્ય આપતા હતા. (૨૦) પછી શ્રીહરિ સેંકડો બ્રાહ્મણોને કન્યાદાનાર્થે ઘણું દ્રવ્ય આપતા હતા તથા બ્રાહ્મણકુમારોને યજ્ઞોપવીત આપવા ઘણું દ્રવ્ય આપતા હતા. (૨૧) ઉત્તમ દૂધવાળી સેંકડો ગાયોનું વિધિપૂર્વક દાન આપતા હતા તથા રથ, ઘોડા આદિ વાહનો તથા સોનામહોરો આપતા હતા. (૨૨) ત્યારબાદ શ્રીહરિ સૌરાષ્ટ્ર દેશના અન્ય આગંતુક એવા હજારો બ્રાહ્મણોને છ માસ પર્યંત યથેષ્ટ ભોજન કરાવતા હતા. (૨૩) મનુષ્યોથી ન થઈ શકે તેવા (દિવ્ય ચરિત્રવાળા) શ્રીહરિ આ રીતે પોતાના ભક્તજનોને આનંદ આપતા ગંગાદશહરાનો ઉત્સવ કરવા પીપલાણા ગામથી મેઘપુર પધારતા હતા. (૨૪) શ્રીહરિ પોતાની પાછળ આવતા નરસિંહ વગેરે ભક્તોને પાછા વાળીને પોતાની સામે આવેલા મેઘપુરના ભક્તસમૂહોએ સ્તુતિ કરાયેલા મેઘપુરમાં આવતા હતા. (૨૫) ત્યાં જેઠો, રઘુનાથ વગેરે બ્રાહ્મણો ભક્તિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા અને અમરસિંહ નામના ભાટ ભક્ત પોતાના પુત્રોની સાથે શ્રીહરિની સેવા કરતા હતા. (૨૬) રામજી, નારાયણ, જીવો આદિ સોની ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા તથા લાડકી, વાલી વગેરે સ્ત્રીઓ શ્રીહરિની સેવા કરતી હતી. (૨૭) હે નરપતિ ! મેઘપુરમાં તે બધા ભક્તજનો શ્રીહરિની કૃપાથી નાના પ્રકારની યોગકળાના વિધાનમાં સ્વતંત્રપણાને પામ્યા. (૨૮) અને તે મેઘપુરમાં દેવાના દુઃખથી પીડિત રવજી નામના બ્રાહ્મણને જોઈને શ્રીહરિએ ઘણું જ દ્રવ્ય આપીને તેને ઋણના દુઃખથી મુકાવ્યો. (૨૯) હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિ પોતાનો પ્રતાપ વિસ્તારતા મેઘપુરમાં બે માસ પર્યંત નિવાસ કરીને ત્યાંથી માણાવદર પધારતા હતા. (૩૦) શ્રીહરિએ ત્યાં મયારામ વિપ્રને ત્યાં પોતાનો નિવાસ કર્યો. ગોવિંદરામ નામના પોતાના ભાઈની સાથે મયારામ શ્રીહરિનું સેવન કરતા હતા. (૩૧) ત્યાં આંબો, જીવો, શ્યામ, કલ્યાણ, લક્ષ્મણ, જશુ વગેરે વૈશ્ય ભક્તજનો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા

કરતા હતા. (૩૨) મીઠીબાઈ, રતનબાઈ આદિ સ્ત્રી ભક્તો અતિ ભાવપૂર્વક ભગવાન શ્રીહરિની દરરોજ સેવા કરતા હતા. (૩૩) નારાયણમુનિ તે માણાવદર ગામમાં મેઘપુરની માફક કીર્તિને વિસ્તારતા અને ભક્તોને આનંદ પમાડતા જન્માષ્ટમીનો મહોત્સવ કરતા હતા. (૩૪) શ્રીહરિ ભગવાનના દર્શનમાં ખૂબ ઉત્સાહવાળા સ્ત્રીઓ સહિત ગૃહસ્થ ભક્તજનો અને સર્વે ત્યાગીજનો માણાવદરમાં આવવા લાગ્યા. (૩૫) તે દિવસે શ્રીહરિ ભક્તોની સાથે ઉપવાસ અને જાગરણ કરતા હતા તથા બાલકૃષ્ણપૂજન અને સાધુપૂજન શાસ્ત્રવિધિ પ્રમાણે કરતા હતા. (૩૬) હે નરપતે ! બીજે દિવસે તે નારાયણમુનિ બ્રાહ્મણ ભોજન કરાવી, પારણાં કરી બપોર પછીના સમયે મોટી સભા કરતા હતા. (૩૭) તે સભામાં નારાયણમુનિએ બોલાવેલા તે સર્વ ભક્તજનો સભામાં આવીને યથાયોગ્ય બેસતા હતા. સમગ્ર સધવા-વિધવા સ્ત્રીઓ પણ એક બાજુ બેસતી હતી. (૩૮) ત્યારબાદ સર્વજનોએ મુખ્યપણે સેવન કરવા યોગ્ય અને પોતાના ભક્તસમૂહથી સારી રીતે પૂજન કરાતા એવા અને મંદ હાસ્યયુક્ત મુખવાળા તે નારાયણમુનિ તે સભામાં મધ્યમાં સ્થાપન કરેલા દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૩૯) સભામાં બિરાજમાન ભક્તસમૂહોએ અતિરમણીય ચંદન, પુષ્પહારો અને સુંદર વસ્ત્રોથી પૂજાયેલા અને દેશાંતરથી આવેલા પોતાના ભક્તજનો તથા પોતાની સમીપમાં રહેનારા અને દેશાંતરથી આવેલા સાધુઓથી વીંટળાયેલા શ્રીહરિને નમસ્કાર કરી મયારામભટ્ટ વિનયપૂર્વક કહેવા લાગ્યા. (૪૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં વિષ્ણુયાગ વિધાન-માણાવદર આગમન નામે નવમો અધ્યાય થયો. ॥૯॥

●

## અધ્યાય - ૧૦

**મયારામ ભટ્ટ બોલ્યા :**

હે ભગવન્ ! કરુણાથી પરિપૂર્ણ, સમગ્ર આશ્રિત જીવોના ત્રિવિધ તાપોનું શમન કરનારા, પ્રસિદ્ધ પ્રતાપવાળા, સદા આનંદસ્વરૂપ, નિર્મળ, ભક્તોને સુખ આપવાના સ્વભાવવાળા, શ્રેષ્ઠ ગુરુ નારાયણમુનિ તમોને હું પ્રણામ કરું છું. (૧) હે હરે ! હે સર્વજ્ઞ ! હે ભગવન્ ! ભક્તોના મનોરથો પૂર્ણ કરવામાં હે કલ્પતરુ ! સમગ્ર જીવોના હિતને માટે મનુષ્ય વિગ્રહ ધારણ કરનાર, પૃથ્વીમાં સર્વ જીવોનું સર્વ પ્રકારે શ્રેય કરનારી તમારી ભક્તિ છે. આપની કૃપાથી આ પ્રમાણે નિશ્ચે જાણું છું. (૨-૩) હે મહારાજ ! તે તમારી ભક્તિ જે ઉપાયથી પુષ્ટિ પામી ઇષ્ટ ફળ આપનારી થાય તે ઉપાય મને કૃપા કરી તત્ત્વપૂર્વક કહેવાને તમે યોગ્ય છો. (૪)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

ઘણાં વિઘ્નોથી પરાભવ પામેલી ન હોય તો સાધનોથી સિદ્ધ કરાતી ભક્તિ મનુષ્યોને શીઘ્ર ફળ આપનારી થાય. (૫) અધર્મથી ઉત્પન્ન થયેલો સર્ગ ભગવાનની ભક્તિમાં મહા વિઘ્નરૂપ છે. ધર્મથી ઉત્પન્ન થયેલા સર્ગ વડે તે અધર્મ સર્ગને પ્રયાસપૂર્વક જીતવો. (૬) આસુરી સંપત્તિથી યુક્ત અધર્મ સર્ગ દોષરૂપ માનેલો છે અને દૈવી સંપદથી યુક્ત દ્વિતીય સર્ગ (ધર્મસર્ગ) ગુણરૂપ માનેલો છે. (૭)

હે દ્વિજવર્ય ! અધર્મસર્ગના પરાભવથી ભક્તિ પુષ્ટ થઈ મનુષ્યોને ઈષ્ટફળ આપનારી થાય. ધર્મસર્ગનો આશ્રય કરવાથી જ અધર્મ સર્ગનો પરાભવ થાય. (૮)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! તે બ્રાહ્મણ અમૃત સમાન શ્રી નારાયણમુનિના વચનનું પાન કરીને પ્રસન્ન થયેલા ફરીથી સર્વ સંશયોને નાશ કરનારા સહજાનંદસ્વામીને પૂછવા લાગ્યા. (૯)

**મયારામ ભટ્ટ બોલ્યા :**

હે મુનિપતે ! તે આ બે ધર્મ અને અધર્મ સર્ગ તેની ઉત્પત્તિ, વ્યક્તિ અને સંજ્ઞા તેને જાણવાની ઈચ્છાવાળા મને તમો પૃથક્પૃથક્ કહો. (૧૦)

**સુવ્રતમુનિ કહે છે :**

જેને ધર્મ પ્રિય છે એવા વિપ્રે સભામાં અગાઉ કહેવા પ્રમાણે પૂછેલા તે ભગવાન શ્રીહરિ ભક્તસમૂહો માટે મનોહારી એવી વાણી બોલતા હતા. (૧૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! પૂર્વે વૈરાજ નારાયણની નાભિમાં ઉત્પન્ન થયેલા કમળથી બ્રહ્મા પ્રાદુર્ભાવ પામ્યા. તે બ્રહ્માએ વૈરાજધારણા કહેતાં 'વૈરાજ સ્વરૂપનું ચિંતવન કરી સર્ગની ઉત્પત્તિ માટે આરંભ કર્યો. (૧૨) તે બ્રહ્મા દેવો, દૈત્યો, મનુષ્યો, નાગો, સર્વ પશુ-પક્ષીઓ અને સ્થાવર-જંગમ સર્વ પ્રાણીઓને પૂર્વ કલ્પની માફક જ સર્જન કર્યા. (૧૩) બ્રહ્માના શરીરના પાછલા ભાગમાંથી અવિદ્યા શક્તિવાળો અધર્મ ઉત્પન્ન થયો. બળવાન અધર્મ પોતાના વંશે સહિત સર્વ લોકોમાં વ્યાપીને રહેતો હતો. (૧૪) તે અધર્મ પ્રજાઓને દુઃખ આપનારો તથા વારંવાર જન્મ- મૃત્યુને પમાડનારાઓ માટે જ જનોને ચોરાશીલાખ યોનિઓમાં ભ્રમણ કરાવનારો નરકને પમાડતો થયો. (૧૫) અલ્પ પુરુષાતનવાળા જનોએ દુર્જેય એવા અધર્મની મૃષા, અસૂયા, ચિંતા, ઈર્ષા, તૃષ્ણા, આશા, મમતા વગેરે બધી (શક્તિઓ)પત્નીઓ કહેલી છે. (૧૬) દંભ, લોભ, મત્સર, કામ, ક્રોધ, રસાસ્વાદ, મદ, દર્પ (ગર્વ), મોહ, પારુષ્ય (કઠોર સ્વભાવ), સ્ત્રીપુત્ર આદિમાં અતિ પ્રીતિરૂપ સ્નેહ, માન, અસત્ય, કલહ, દ્રોહ, અપવિત્રતા, અવિશ્વાસ, ચૌર્ય, સુરા આદિનું પાલન, દયારહિતપણું, જૂગટું, ગર્વ, નાસ્તિકતા, ચાડિયાપણું, પ્રમાદ, સ્પૃહા, રાગ, દ્વેષ, ભય, દુઃખ, અજ્ઞાન, વ્યસન, દુર્વાક્ય, શઠતા, હિંસા, પાપ, મૃત્યુ અને યાતના આ બધો અધર્મનો વંશ કહેલો છે. (૧૭-૧૮-૧૯) આ પ્રકારે અધર્મનો વંશ મેં મુખ્યપણે કહેલો છે તે આસુરી જનોને અતિ પ્રિય છે. અને સત્પુરુષોએ તે સદા ત્યાગ કરવા યોગ્ય છે. (૨૦) આ દંભ આદિમાંથી એક એક પણ અધર્મના સમાન શક્તિ અને પરાક્રમવાળો છે માટે ભગવાનનો ભક્ત ક્યારેય પણ તેમાંથી એકપણ દોષનું સેવન કરે નહિ. (૨૧) અધર્મ વર્ગથી પીડાતી પોતાની પ્રજાઓને જોઈ બ્રહ્મા મનથી તે પ્રજાઓનું હિત ચિતવન કરવા લાગ્યા. (૨૨) અમારી સર્વ પ્રજાઓનું પોતાને ઈચ્છિત સુખ કયા ઉપાયથી થાય એમ ચિતવન કરતા બ્રહ્માના હૃદયમાં મોટો પ્રકાશ થયો. (૨૩) ત્યારબાદ શુદ્ધ સત્ત્વમય શરીરવાળા તે બ્રહ્માજીના હૃદયમાંથી ઋષિ સમાન આકૃતિવાળા સ્વયં ધર્મ પ્રાદુર્ભૂત થયા, જે ધર્મમાં સાક્ષાત્

નારાયણનો નિવાસ છે. (૨૪) કમળ સમાન ચરણોવાળા, કમળ સમાન બાહુવાળા, કમળ સમાન નેત્રવાળા, ગૌર વર્ણવાળા, શ્વેત વસ્ત્રોવાળા તથા શ્વેત ચંદન, પુષ્પમાળા તોરાથી શોભાયમાન અંગવાળા... (૨૫) આ ધર્મ જ્ઞાન-શક્તિ મુખ્ય છે એવા છે અને પોતાના આશ્રિત જનોને પરમ સુખ આપનાર, પોતાને ઇચ્છિત સ્વર્ગ અને મોક્ષ આપનાર, પરિવાર સહિત અધર્મને જીતવા માટે સમર્થ છે. (૨૬) શ્રદ્ધા, શાંતિ, દયા, મેધા, તૃષ્ટિ, પુષ્ટિ, ગતિ, મૈત્રી, તિતિક્ષા, લજ્જા, બુદ્ધિ, મૂર્તિ, ક્રિયા અને ઉન્નતિ ઇત્યાદિ શક્તિઓ પ્રતિદિન ધર્મની સેવામાં તત્પર ધર્મની સ્ત્રીઓ કહેલી છે. હવે હું તમોને ધર્મના વંશમાં પ્રધાન (મુખ્ય) એવાં નામોને કહું છું. (૨૭-૨૮) જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અભય, આર્જવ, તપ, સત્ય, શૌચ, આનંદ, કલ્યાણ, સ્થૈર્ય, ધૈર્ય, માર્દવ, સંતોષ, નિગ્રહ, ત્યાગ, યોગ, યજ્ઞ, શમ, દમ, ઉપાસના, ઉપરતિ, આસ્તિક્ય, ક્ષમા, સ્મૃતિ, તેજ, શુભ, સ્વાધ્યાય, પ્રશ્રય (વિનય), હર્ષ, ધ્યાન, સમતા, બ્રહ્મવિદ્યા, લાભ, સામ, અર્થ, ઉદ્યમ તથા પ્રથમ કહેલ જે અધર્મમાંથી ઉત્પન્ન થયેલા જે દભ વગેરે તેમના વિરોધી અર્થવાળા એટલે કે અદંભ આદિ સર્વે, તથા શ્રવણ વગેરે જે ભક્તિના ભેદો તથા બીજા પણ જે શુભ ગુણો-આ બધા ધર્મના વંશમાં મેં કહેલા છે. (૨૯-૩૦) ઋષિઓ, દેવો, મનુષ્યો, સુખ ઇચ્છનારાઓ, મુક્તભાવ પામેલાઓ અને બીજા પણ ધર્મ સર્ગથી થયેલાં જ્ઞાનાદિનું ભાવપૂર્વક સેવન કરતા હતા. (૩૪) ધર્મ સર્ગથી થયેલા જ્ઞાનાદિ, વિશ્વમાં વ્યાપીને અધર્મ સર્ગ દંભાદિને પોતાના સામર્થ્યની પરાભવ પમાડીને પોતાના આશ્રિત સર્વજનોને સુખી કરતા હતા. (૩૫) આ જ્ઞાનાદિમાંથી એક એક પણ ધર્મતુલ્ય પરાક્રમવાળા છે. તે હેતુ માટે મુમુક્ષુ પુરુષ ક્યારેય પણ જ્ઞાનાદિમાંથી એકનો પણ ત્યાગ ન જ કરે. (૩૬) આ ધર્મ અને અધર્મ બંને પોષે એક એવા પોતપોતાના જ્ઞાનાદિ અને દંભાદિ વંશમાં જુદા જુદા રહે છે અને તે જ્ઞાનાદિ અને દંભાદિ પોતે તે ધર્મ અને અધર્મમાં પણ રહે છે એ નિશ્ચય વાત છે. (૩૭) જેમ વડલો પોતાના બીજમાં રહેલો છે અને જેમ બીજ વડમાં જ રહે છે તેમ ધર્મ અને અધર્મ પણ પોતાનામાંથી ઉત્પન્ન થયેલા જ્ઞાનાદિ દંભાદિમાં રહે છે અને જ્ઞાનાદિ દંભાદિ તે ધર્મ અને અધર્મમાં રહે છે. (૩૮) આ પ્રકારે ગુણદોષાત્મક બે પ્રકારનો મહાન ધર્મસર્ગ અને અધર્મસર્ગ કહેલો છે. તે બેના મધ્યમાં અધર્મથી ઉત્પન્ન થયેલા દંભાદિ દોષો છે અને ધર્મથી જ ઊપજેલા જ્ઞાન આદિ તો સર્વ ગુણો જ છે. (૩૯) જે પુરુષો જ્ઞાનાદિ ગુણો વડે દંભાદિ દોષોને જીતીને ભગવાનની ભક્તિ કરે છે તે પુરુષો સર્વોત્તમ ઇચ્છિત સુખને પ્રાપ્ત કરે છે અને આવા આચરણ રહિત જનો પ્રાપ્ત કરતા નથી. (૪૦) આથી જેમણે ગ્રામ્ય વિષયસુખની એષણાઓનો ત્યાગ કર્યો છે તેવા પુરુષોએ જ્ઞાનાદિ ગુણોનો આશ્રય કરીને દંભાદિ દોષરૂપ શત્રુઓને પ્રયાસપૂર્વક જીતવા જોઈએ. (૪૧) આ દંભાદિ દોષોમાં લોભ વગેરે પાંચ દોષો તો અવશ્ય જીતવા જ જોઈએ. જે પાંચ દોષો જીતવાથી સર્વ દોષો જિતાય છે એમાં સંશય નથી. (૪૨) લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને પાંચમું સ્થાન માન - આ પાંચ અંતઃશત્રુઓ પ્રયાસપૂર્વક જીતવા જોઈએ. (૪૩) લોભ આદિ પાંચ દોષો મુમુક્ષુજનોને કલ્યાણમાં નિરંતર વિઘ્નકર્તા છે. અને આળસવાળા મુક્તને પણ મુક્તાપણારૂપ સ્થાનમાંથી પાડી નાખવામાં કારણભૂત છે. (૪૪) જો પુરુષમાં એ પાંચ દોષો પૈકી એક પણ મુખ્ય હોય તો બીજા

અન્ય ચાર તથા અધર્મ સર્ગથી ઉત્પન્ન થયેલા બીજા બધા દોષો પણ મુખ્ય દોષને અનુસરે છે. (૪૫) ભગવાન શ્રીહરિ મયારામભટ્ટને કહે છે : હે સન્મતે ! આથી જ પુરાણોમાં લોભ વગેરે એકેકનું તેમના પ્રસંગથી સર્વદોષોની ખાણપણું અને દુર્જેયપણું કહેલું છે. (૪૬) આથી સાવધાન એવા મારા આશ્રિતોએ અતિ બળવાન એવા તે લોભ વગેરે અંતઃશત્રુઓને સર્વથા જીતીને ભગવાનની ભક્તિ કરવી જોઈએ. (૪૭) આ લોભાદિ અંતઃશત્રુઓ દૃઢ મનવાળા એવા અમો ભક્તજનોને શું કરશે - આમ મનમાં માનવું નહિ. કેમ કે નાનો પણ શત્રુ કષ્ટને આપનારો જ હોય છે. (૪૮) જે જનો પોતાના મનના વિશ્વાસથી પ્રમાદને કરતા હતા તે પુરુષો અતિ મોટા હતા છતાં પણ તેમને લોભાદિ અંતઃશત્રુઓએ તુચ્છતાને પમાડેલ છે. (૪૯) લોભાદિ અંતઃશત્રુઓથી પરાભવ પામેલા મોટા પુરુષો તો ઘણા છે. તેમનાં કેટલાંક નામોને સંક્ષપથી હું તમોને કહું છું. (૫૦) બ્રહ્મનિષ્ઠ એવા વસિષ્ઠમુનિ તથા ધાર્મિક એવો કૃતવીર્યનો પુત્ર સહસ્રાર્જુન આ બંને લોભથી જ પરાભવ પામ્યા હતા. (૫૧) બ્રહ્મા, સૌરભમુનિ, ઈન્દ્ર અને નહુષરાજા આ બધા અતિ ધાર્મિક હોવા છતાં કામદોષથી પરાભવ પામીને દુર્દશાને પામ્યા હતા. (૫૨) મુનિવર ઋષ્યશૃંગમુનિ તથા અન્ય બ્રાહ્મણો-મહર્ષિઓ અને રાજાઓ રસાસ્વાદરૂપ દોષથી પરાભવ પામીને કલ્યાણના માર્ગથી પડી જતા હતા. (૫૩) ઋષભદેવના પુત્ર ભરતરાજા રાજ્યાદિ વૈભવનો ત્યાગ કરેલો હોવા છતાં મૃગના બાળકમાં સ્નેહ થવાથી પરાભવ પામ્યા હતા. (૫૪) દક્ષ પ્રજાપતિ અને અત્રિમુનિના પુત્ર દુર્વાસામુનિ આ બંને માનથી મહાન પરાભવ તત્કાળ પામ્યા હતા. (૫૫) આમ તે લોભાદિ અંતઃશત્રુઓથી આ બધા અને બીજા પણ ઘણા દેવો, રાજાઓ, મહર્ષિઓ પરાભવ પામીને મોટી આપત્તિને પામ્યા હતા. (૫૬) વસિષ્ઠ જેવા મોટાની જો આ દશા થઈ તો જે આધુનિક જનો પોતાના મનનો વિશ્વાસ કરે તે જનો કેમ ભ્રષ્ટ ન થાય ? - જરૂર થાય જ. (૫૭) તે હેતુ માટે મારા સર્વ આશ્રિતોએ મનનું નિયમન કરીને જ આ લોભાદિક અંતઃશત્રુઓને જીતવાપૂર્વક આઠે પહોર સાવધાન થકા શ્રીહરિનું ભજન કરવું જોઈએ. (૫૮) પૃથ્વીમાં જે ભક્તજનો અધર્મ સર્ગનો ત્યાગ કરીને, ધર્મ સર્ગનો આશ્રય કરીને ભક્તિનું પોષણ કરી વૃદ્ધિ પમાડે છે તે ભક્તજનો ઇચ્છિત સુખ પામે છે તે નિશ્ચિત વાત છે. (૫૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
ધર્માધર્મ સર્ગનિરૂપણ નામે દશમો અધ્યાય થયો. ॥૧૦॥

●

## અધ્યાય - ૧૧

**સુવ્રતમુનિ કહે છે :**

હે પ્રતાપસિંહ રાજન્ ! તે મયારામ વિપ્ર શ્રીહરિનું વચન સાંભળીને જેનું મન અતિ તૃપ્તિને પામ્યું નથી એવા બે હાથ જોડીને નમસ્કાર કરીને આદરપૂર્વક પૂછવા લાગ્યા. (૧)

**મયારામ બોલ્યા :**

હે સ્વામિન્ ! હે દયાસિંધો ! હે હરે ! હે સર્વ જીવોનું હિત કરનારા ! પિતા જેમ પુત્રોનું હિત કરે

છે તેમ તમો પણ અમારું સર્વથા હિત કરો છો. (૨) હે સ્વામિન્ ! અતિ દુષ્ટ લોભાદિ પાંચનું મહાન બળ તમોએ કહ્યું. જે લોભાદિથી મુક્ત દશાને પામેલાને પણ ભય રહેલો છે. (૩) હે પ્રભો ! વસિષ્ઠમુનિ આદિ મોટાઓ લોભાદિથી જે પ્રકારે પરાભવ પામ્યા તે સર્વ કથાઓ પૃથક્ પૃથક્ સાંભળવા અમે ઇચ્છીએ છીએ. (૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

બ્રાહ્મણોત્તમ મયારામે આ પ્રમાણે પુછાયેલા ભક્તપતિ શ્રી નારાયણમુનિ મધુરવાણી વડે પોતાના આશ્રિત જનોને આનંદ આપતા સ્નેહપૂર્વક કહેવા લાગ્યા. (૫)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે દ્વિજ ! ભારતાદિ ઇતિહાસો અને પુરાણોમાં વસિષ્ઠાદિની કથાઓ વિસ્તારપૂર્વક વર્ણવેલી છે તે કથાઓ હું તમોને સંક્ષેપથી કહું છું. (૬) શ્રી નારાયણમુનિ બોલ્યા : તે કથાઓમાં પ્રથમ મુનિશ્રેષ્ઠ વસિષ્ઠ લોભવશ થઈને જે પ્રકારે પરાભવ પામ્યા તે કથા તમોને હું કહું છું. (૭) સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા નિમિ નામના રાજા હતા. તે નિમિરાજા યજ્ઞ કરશે એવા થકા પોતાના કુલગુરુ વસિષ્ઠ મુનિને આચાર્ય તરીકે વરણ કરતા હતા. (૮) ત્યાર બાદ વસિષ્ઠ મુનિ યજ્ઞનો આરંભ કરાવી નિમિરાજાને કહેવા લાગ્યા કે હે નૃપ ! મને પ્રથમ યજ્ઞ કરવા ઇન્દ્ર રાજાએ વરણ કરેલો છે તે નિશ્ચય જાણો. (૯) તે ઇન્દ્રને યજ્ઞ કરાવીને તત્કાળ અહીંયાં આવીશ એમાં સંશય કરવો નહિ. પછી તમોને યજ્ઞ કરાવીશ ત્યાં સુધી મારી રાહ જુઓ. (૧૦) વસિષ્ઠ આ પ્રમાણે કહીને ગયા પછી નિમિ રાજા તો દેહને ક્ષણભંગુર જાણીને બીજા બ્રાહ્મણો પાસે તે ઉત્તમ યજ્ઞ સમાપ્ત કરાવતા હતા. (૧૧) તેવામાં સુરેશ્વર ઇન્દ્રનો યજ્ઞ સમાપ્ત કરાવીને આવેલા અને પોતાના શિષ્ય નિમિરાજાનો અન્યાય જોઈને યજ્ઞ કરાવવાથી પ્રાપ્ત ધનમાં લોભવાળી બુદ્ધિવાળા વસિષ્ઠ કોપાયમાન થયા. (૧૨) ત્યારબાદ વસિષ્ઠમુનિ નિમિરાજાને શાપ આપતા હતા કે પંડિતપણાના અભિમાનવાળા એવા તમારો દેહ હાલમાં પડી જાઓ. (૧૩) હે મુને ! લોભથી ધર્મને નહિ જાણતા તમારો દેહ હાલમાં પડો. આ પ્રકારે નિમિ અને વસિષ્ઠ એ બંને પરસ્પર શાપથી મૃત્યુ પામ્યા. (૧૪) યાજ્ઞિક બ્રાહ્મણોએ દેવોની પ્રાર્થના દ્વારા જીવતા કર્યા. નિમિ તો દેહે રહિત રહ્યો. જનોનાં નેત્રોમાં ઉન્મેષ અને નિમેષથી તે નિમિ દેખાય છે. (૧૫) વસિષ્ઠમુનિ ઉર્વશીથી મિત્રાવરુણના વીર્યથી પુત્રપણાને પામીને વેશ્યાપુત્ર તરીકે પ્રસિદ્ધ થયા. (૧૬) આ પ્રમાણે સૂર્યવંશના રાજાના આચાર્ય મહામુનિ વસિષ્ઠ પણ લોભના વશથી જ પરાભવ પામ્યા. (૧૭) મહાયોગ કલાનિધિ એવા શ્રી દત્તાત્રેયના શિષ્ય હૈહય જે કાર્તવીર્ય સહસ્રાર્જુન તેની પણ લોભથી જ પરાભવકથા હું કહું છું. (૧૮) ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલો મહાબળ-પરાક્રમવાળો અને કૃતવીર્યનો પુત્ર એવો અર્જુન નામનો મહાન રાજા હતો. (૧૯) નારાયણના અંશાવતાર શ્રી દત્તાત્રેય નામના મહામુનિની આરાધના કરી યુદ્ધમાં પોતાને ઇચ્છિત એવા એક હજાર બાહુને પ્રાપ્ત કરતો હતો. (૨૦) તે સહસ્રાર્જુન દત્તાત્રેયની કૃપાથી યોગેશ્વર્યને સંપાદન કરી અપ્રતિહત છે બળ, પ્રભાવ અને લક્ષ્મી જેની એવો થકો સર્વ પૃથ્વીને ભોગવતો હતો. (૨૧) એક સમયે તે અર્જુન ગહન વનમાં મૃગયા કરતો થકો દૈવ ઇચ્છાથી

તપોનિધિ જમદગ્નિ મુનિના આશ્રમને પામ્યો. (૨૨) જમદગ્નિ મુનિએ કામધેનુની પ્રસન્નતાથી સેના-મંત્રી-વાહનોએ સહિત રાજાનો આતિથ્યસત્કાર કર્યો. (૨૩) પોતાના ઐશ્વર્ય વૈભવ કરતાં પણ અધિકાધિક ક્યાંય પણ નહિ જોયેલું અને નહિ સાંભળેલું એવું જમદગ્નિ મુનિનું વૈભવ-ઐશ્વર્ય જોઈને રાજા વિસ્મય પામી ગયો. (૨૪) પછી તે અર્જુન, મુનિના તેવા વૈભવનું કારણ કામધેનુ જ છે એમ જાણી, બરાડા પાડતી વાછરુએ સહિત કામધેનુને પોતાના નગરમાં બળપૂર્વક લઈ ગયો. (૨૫) વિદ્યા ભણવા માટે ગયેલા રામ ભગવાનના અંશાવતાર (પરશુરામ) તે સમયમાં પોતાના (પિતાના) આશ્રમમાં આવ્યા અને અર્જુનનું કામધેનુ લઈ જવા રૂપ દુષ્ટકર્મ સાંભળીને દબાયેલા સાપની પેઠે ક્રોધાયમાન થયા. (૨૬) ત્યારબાદ યમરાજની પેઠે દુર્જેય એવા તે રામ તીક્ષ્ણ શસ્ત્ર ફરસીને ગ્રહણ કરી માહિષ્મતી નગરીમાં જઈ તે કાર્તવીર્ય રાજા સહસ્રાર્જુન સાથે યુદ્ધ કરતા હતા. (૨૭) તે પરશુરામ સત્તર અક્ષૌહિણી સેનાએ સહિત રાજાને મારી પોતાની કામદુધા ધેનુને લઈને આશ્રમમાં આવતા હતા. (૨૮) પરશુરામના તે કર્મને જાણીને ક્ષમાસાગર જમદગ્નિમુનિ બોલ્યા કે હે પુત્ર ! તમારું રાજાહનનરૂપ કર્મ બ્રહ્મકુલોચિત નથી. (૨૯) હે તાત રામ ! આપણે બ્રાહ્મણો તો ક્ષમાથી જ પૂજ્યપણાને પામેલા છીએ અને કમલાસન બ્રહ્મા પણ ક્ષમારૂપ ગુણથી જ પરમેષ્ઠી પદ સત્યલોકને પામેલા છે. (૩૦) પ્રભુ સાક્ષાત્ શ્રીહરિ પણ ક્ષમાથી જ સંતુષ્ટ થાય છે. ક્ષમાને અભાવે પ્રસન્ન થતા નથી. હે પુત્ર ! તમે આ પાપ જ કરેલું છે તેમાં સંશય નથી. (૩૧) રાજ્યદાન સમયે મસ્તક ઉપર અભિષેક કરાયેલા રાજાનો વધ બ્રાહ્મણના વધ કરતાં પણ અધિક છે. આથી તમો તીર્થયાત્રા કરીને જલદી રાજાના વધનું પ્રાયશ્ચિત કરો. (૩૨) આ પ્રમાણે પિતા જમદગ્નિનું વાક્ય સાંભળી તે પરશુરામ એક વર્ષ પર્યંત શાસ્ત્રોક્ત વિધિ અનુસાર તીર્થયાત્રા કરી ફરી પોતાના આશ્રમમાં આવ્યા. (૩૩) એક દિવસ પોતાના બાંધવો સહિત પરશુરામ આશ્રમમાંથી વનમાં ગયા હતા તેવામાં સહસ્રાર્જુનના પુત્રો અવકાશ જોઈ મુનિના આશ્રમમાં આવી ગયા. (૩૪) અતિ દારુણ સ્વભાવવાળા અર્જુનના પુત્રો રોકકળ કરતી (જમદગ્નિની પત્ની) રેણુકાને અવગણીને જમદગ્નિનું મસ્તક કાપી, સાથે લઈને પોતાની નગરીમાં આવી ગયા. (૩૫) તે પરશુરામ માતાનું આક્રંદ સાંભળી તત્કાળ ત્યાં આવી તે મદોન્મત્ત એવા ક્ષત્રિયોનું દુષ્ટાત્માપણું જોઈ અતિ ક્રોધને પામતા હતા. (૩૬) ત્યારબાદ તે પરશુરામ માહિષ્મતી નગરીમાં જઈને તે સહસ્રાર્જુનના પાંચ હજાર પુત્રોને મારી તેના લોહીથી ભયંકર નદી કરી અને તેમનાં કાપેલાં મસ્તકોથી પર્વત કર્યો. (૩૭) વિષ્ણુના અવતારભૂત પરશુરામ પિતાના મસ્તકને લઈને જમદગ્નિ મુનિને સજીવન કરતા હતા અને તેમને સપ્તર્ષિ નક્ષત્રગણના સમૂહમાં સ્થાપન કરતા હતા. (૩૮) ત્યાર બાદ યમરાજની પેઠે ભયંકર એવા પરશુરામ હાથમાં ફરસી લઈને ચારેબાજુ પરિભ્રમણ કરતા થકા એકવીશ વખત પૃથ્વીને ક્ષત્રિય વિનાની કરી. (૩૯) આ પ્રમાણે લોભથી વિનષ્ટ બુદ્ધિવાળો અર્જુનરાજા પુત્રોએ સહિત નાશ પામ્યો. અને સર્વ ક્ષત્રિયોના સંહારમાં પણ કારણભૂત બન્યો. (૪૦) આ પ્રમાણે બીજા પણ ઘણા જ મુક્તો, સિદ્ધો અને મહર્ષિઓ તથા રાજાઓ પણ લોભથી મોટા વિનાશને પામતા હતા. (૪૧) શ્રી હરિ કહે છે કે હે ઉત્તમ બુદ્ધિવાળા મયારામ ! હૃદયમાંથી લોભનો ત્યાગ નહિ કરનારા

વસિષ્ઠમુનિ અને કાર્તવીર્ય અર્જુનની દશા મે આ પ્રકારે તમોને કહી. હવે કામરૂપ દોષના આધીનપણાથી બ્રહ્મા, સૌભરી વગેરેની ભાગવતાદિ પુરાણોમાં પ્રસિદ્ધ દશાને હું તમોને કહીશ તે તમે સ્થિર મનવાળા થઈ સાંભળો. (૪૨)

ઇતિ શ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, બીજા પ્રકરણમાં, લોભથી વસિષ્ઠાદિ પરાભવ નામે અગિયારમો અધ્યાય થયો ॥૧૧॥

●

## અધ્યાય - ૧૨

**શ્રી નારાયણમુનિ કહે છે :**

પૂર્વે સૃષ્ટિ સમયે જગતના સર્જક બ્રહ્મા રૂપ અને લાવણ્યથી સંપન્ન અને પોતાના અંગથી જ ઉત્પન્ન થયેલી પોતાની પુત્રી સરસ્વતીને જોઈ કામવિહ્વલ થયા. (૧) વિશ્વસ્રષ્ટા બ્રહ્મા આસનથી ઊઠીને જેટલામાં સરસ્વતીને આલિંગન કરવા-સ્પર્શ કરવા જાય છે તેટલામાં તો ભય પામેલી કન્યા સરસ્વતી મૃગલીનો વેશ ધારણ કરી પલાયન થઈ ગઈ. (૨) તે પ્રજાપતિ પોતાને નહિ ઇચ્છતી એવી તે કન્યા સરસ્વતીની કામના કરતા મૃગ થઈ લજ્જાએ રહિત, કામથી નષ્ટ બુદ્ધિવાળા થઈ પાછળ દોડતા હતા. (૩) તે વખતે મરીચિ વગેરે ઋષિઓ, ત્યાગ કરી છે મર્યાદા જેમણે અને અધર્મમાં બુદ્ધિવાળા એવા પિતા બ્રહ્માને જોઈ, ઉપદેશ આપવા લાગ્યા. (૪) ઋષિઓ કહે છે કે હે પિતાજી ! તમારાથી પૂર્વે થયેલા કોઈ બ્રહ્માઓએ આવું (તમારા જેવું) કર્મ કર્યું નથી. અને બીજા કોઈપણ કલ્પોમાં કરશે પણ નહિ. (૫) કામનો નિગ્રહ નહિ કરીને પ્રાકૃત નીચ એવો પણ કોઈ પુરુષ ભયથી પલાયમાન અને અકામા એવી પોતાની દીકરીની પાછળ દોડે ખરો ? પાછળ જાય નહિ. (૬) હે પિતા ! તેજસ્વી એવા મોટા પુરુષોને પણ આવું કર્મ યોગ્ય નથી તે નિશ્ચય જાણો કેમ કે તે મોટા પુરુષો જે લોકોમાં ધર્મમાર્ગના પ્રવર્તનારા છે, (૭) શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે, બીજો પ્રાકૃતજન પણ તે જ આચરણ કરે છે, તે શુભાશુભનું પ્રમાણ કરે છે, લોક પણ તેમણે પ્રમાણ કરેલું શુભ અથવા અશુભનું આચરણ કરે છે. (૮) આ પ્રકારે પુત્રોએ ઉપદેશ કરાયેલા તેથી લજ્જા પામેલા બ્રહ્માએ અધર્મ અને અપયશથી ભય પામેલા તે શરીરનો તત્કાળ જ ત્યાગ કર્યો. (૯) હે દ્વિજ ! આ પ્રમાણે પૂર્વે સૃષ્ટિ સમયે જગતના ધારણ એવા બ્રહ્મા કામરૂપ દોષથી મોહિત થઈને પશુની માફક નિર્લજ્જ થઈને દુષ્ટાચરણમાં પ્રવૃત્ત થયા હતા. (૧૦) આથી નીચ પ્રાકૃત માણસ પણ બ્રહ્માના નિન્દિત કર્મને સાંભળીને જ આજ પર્યંત માથું ધુણાવવાપૂર્વક બ્રહ્માની નિંદા કરે છે. (૧૧) કામરૂપ દોષથી બ્રહ્માનો પરાભવ મેં તમોને કહ્યો. હવે હું તમોને આજીવન બ્રહ્મચર્ય વ્રતવાળા મહાન તપસ્વી સૌભરિ મુનિનો પરાભવ કહીશ. (૧૨) એક સમયે તપસ્વીઓમાં શ્રેષ્ઠ સૌભરિ નામના મહર્ષિ યમુનાજીના જળમાં પ્રવેશી હજારો વર્ષ સુધી તપ કરતા હતા. (૧૩) એક દિવસે સૌભરિમુનિ તે યમુનાજીમાં મૈથુન કર્મને કરતા, સ્ત્રીસુખથી પરમ સુખ પામેલા, મહામત્સ્યને જોતા હતા. (૧૪) આ પ્રકારે વિષયસુખ દર્શનથી સૌભરિ મુનિના હૃદયમાં સ્ત્રી સંબંધી સ્પૃહા જાગૃત થઈ. ત્યારબાદ તપનો ત્યાગ કરી સ્ત્રીનું જ ચિંતવન કરવા લાગ્યા. (૧૫) પછી રાજકન્યાની ઇચ્છાવાળા

સૌભરિમુનિએ ઘણી કન્યાઓવાળા માંધાતા રાજા પાસે જઈ એક કન્યાની યાચના કરી. (૧૬) વૃદ્ધપણાથી કાંપતા અંગોવાળા, તપથી સુકલકડી શરીરવાળા મુનિને જોઈ રાજા બોલ્યા, હે મુને ! જે કન્યા તમોને ઇચ્છે તેને પરણો. (૧૭) 'જેમ તમે કહો છો તેવું થાઓ' એમ બોલતા સૌભરિ મુનિ સાથે પોતાની કન્યાનો વિવાહ નહિ ઇચ્છતા માંધાતા રાજાએ મુનિના (શાપના) ભયથી પ્રતિહારની સાથે અંતઃપુરમાં પ્રવેશ કરાવ્યો. (૧૮) પોતાના વૃદ્ધત્વથી માંધાતા રાજાનો પોતામાં પ્રેમનો અભાવ જાણીને તે સૌભરિ મુનિ અપ્સરાઓને પણ મોહ પમાડે તેવા દિવ્યરૂપવાળા તત્કાળ થઈ ગયા. (૧૯) તે સમયે માંધાતા રાજાની પચાસે કન્યાઓ દિવ્યરૂપવાળા સૌભરિ મુનિને જોઈ, તે બધી કન્યાઓ પોતાને પ્રિય એવા તે પતિની મનમાં ઇચ્છા કરતી હતી. (૨૦) ત્યારે સૌભરિ મુનિ પચાસે કન્યાઓને ગ્રહણ કરી પોતાના આશ્રમમાં આવી તે જ ક્ષણે તપના પ્રભાવથી મહેલ, વસ્ત્ર, આભૂષણ, પાત્ર, અન્ન વગેરે સર્વ નિર્માણ કરતા હતા. (૨૧) મુનિ તે સ્ત્રીઓની સાથે દિવસ કે રાત્રિ જાણ્યા વગર વિષયસુખોને ભોગવતા થકા તે સ્ત્રીઓમાં પાંચ હજાર સુંદર પુત્રોને ઉત્પન્ન કરતા હતા. (૨૨) તપના પ્રભાવથી સિદ્ધ થયેલા એવા સૌભરિ મુનિ આ પ્રકારે કામના દોષથી મોહિત થઈને ભગવાનમાં પ્રીતિના કારણભૂત તપથી ભ્રષ્ટ થઈ ગયા. (૨૩) હે દ્વિજોત્તમ મયારામ ! સૌભરિમુનિની કથા મેં તમોને કહી. હવે દેવરાજ ઇન્દ્રનો પણ કામદોષથી પરાભવ થયેલો તે કથા હું તમોને કહું છું. (૨૪) એક સમયે દેવોનો રાજા ઇન્દ્ર વિમાનમાં બેસીને પૃથ્વી ઉપર અંતરિક્ષમાં વિચરતો હતો ત્યારે તેણે ગંગાનદીમાં સ્નાન કરવા આવેલા ગૌતમઋષિનાં પત્ની (અહલ્યા)ને જોયાં. (૨૫) રૂપલાવણ્ય સંપન્ન એવાં તે અહલ્યાને જોઈ તત્કાળ કામ વડે નષ્ટ થયેલી બુદ્ધિવાળો તે મનમાં અહલ્યાનું જ ચિંતવન કરવા લાગ્યો. (૨૬) પતિવ્રતા એવાં તે ગૌતમ મુનિનાં પત્ની અહલ્યાને છળકપટથી ભોગવવા ઇચ્છા કરતો થકો તે એકલો જ અદૃશ્ય રૂપવાળો થઈને તેણીની પાછળ પાછળ જતો હતો. (૨૭) ત્યારબાદ તે ઇન્દ્ર ગૌતમમુનિના આશ્રમમાં આવી ત્યાં તપસ્વી ગૌતમમુનિને જોઈ તેમનાથી ભય પામીને અવકાશને ગોતતો એકાંતમાં રહેતો હતો. (૨૮) ત્યારબાદ પાપબુદ્ધિવાળો ઇન્દ્ર, ગૌતમમુનિ નિત્યકર્મ કરવા ગંગા નદી ઉપર ગયા ત્યારે લાગ જોઈ, ગૌતમમુનિના જેવું રૂપ ધારણ કરી ઇન્દ્ર અહલ્યાની સાથે રમણ કરવા લાગ્યો. (૨૯) તેટલામાં તો નિત્યવિધિથી પરવારેલા ગૌતમઋષિ પોતાના આશ્રમમાં આવી ગયા અને પોતાની પત્ની સાથે છળકપટથી દુષ્ટાચરણ કરતો અને પોતાના જેવી જ આકૃતિવાળા બનેલા દેવપતિ ઇન્દ્રને જોયો. (૩૦) ગૌતમમુનિ તે ઇન્દ્રનું દુષ્ટપણું જાણીને ક્રોધ વડે લાલ થઈ ગયેલાં નેત્રોવાળા થઈને અધર્મકારી એવા ઇન્દ્રનો બહુ પ્રકારે તિરસ્કાર કરી શાપ આપતા હતા. (૩૧) 'હે યોનિલુબ્ધ ! હે દુરાત્માન્ ! સ્રવતા રુધિર વડે ગંધાતી એવી હજાર યોનિઓ તારા શરીરમાં જ થશે.' (૩૨) આ પ્રમાણે શાપ પામેલો તે ઇન્દ્ર તત્કાળ જ તેવી જ એક હજાર દુર્ગંધવાળી યોનિવાળી આકૃતિવાળો થઈ ગયો ને મોટી દુર્દશાને પામ્યો અને લોકમાં મોટી અપકીર્તિને પામ્યો. (૩૩) અહલ્યા પણ પોતાના પતિના શાપથી વનમાં અદૃશ્યપણા (પાષાણરૂપ)ને પામી, પોતાના પતિવ્રતા ધર્મમાં દૂષણ પમાડનાર ઇન્દ્રને મનથી શાપ આપતી હતી. (૩૪) હે દ્વિજ ! આ પ્રમાણે મેં કામથી ઇન્દ્રનો પરાભવ કહ્યો.

પછી ઈન્દ્રાસનને પામેલા નહુષ રાજાનો કામથી પરાભવ કહું છું. (૩૫) પૂર્વે વૃત્રાસુરના વધરૂપી બ્રહ્મહત્યાથી પીડા પામેલા ઈન્દ્રે માનસ સરોવરે કમળના નાળમાં ગુપ્તપણે નિવાસ કર્યો. (૩૬) તે સમયે ત્રિલોકી અધિપતિ રહિત થઈ જવાથી સર્વ દેવો સહિત ઋષિઓએ નહુષ નામના રાજાને ઈન્દ્રાસનમાં અભિષેકપૂર્વક બેસાડ્યો. (૩૭) વિદ્યા, તપ અને યોગના જ્ઞાનથી સ્વર્ગપાલનના સામર્થ્યવાળા માટે જ ઈન્દ્રપદ પામેલો નહુષ રાજા ધર્મવત્સલ થઈને ત્રિલોકીનું પાલન કરતો હતો. (૩૮) ઈન્દ્રના સર્વ પાર્ષદો, સર્વ સમૃદ્ધિઓ, સર્વ ગંધર્વો, અપ્સરાગણો નહુષને જ પ્રાપ્ત થયાં. (૩૯) તે નહુષ એક ઈન્દ્રાણી વિના સર્વ ઈન્દ્ર સંબંધી વૈભવ પામી પછી તે ઈન્દ્રાણી પાસે જઈ કહેવા લાગ્યો : 'હે કમલ સમાન સુંદર નેત્રોવાળી ઈન્દ્રાણી ! 'તું ઈન્દ્ર એવા મને વર.' (૪૦) ત્યારે ઈન્દ્રાણી તે નહુષ પ્રત્યે બોલી : 'હે ધર્મજ્ઞ ! તમો પરસ્ત્રીના ધર્મભંગ રૂપી કર્મ આચરવા માટે યોગ્ય નથી. હે કલ્યાણ ! મારી આશા છોડીને તમે સુખી થાઓ.' (૪૧) આ પ્રમાણે તે ઈન્દ્રાણીએ બહુ પ્રકારે ઉપદેશ કર્યો છતાં ઈન્દ્રપદના મદથી ઉદ્ધત થયેલો તે નહુષ રાજા કામથી વ્યાકુલ થકો તે ઈન્દ્રાણીનું હિતકારી વચન માન્યો નહિ. (૪૨) ત્યારબાદ તે ઈન્દ્રાણી નહુષને કહેવા લાગી કે 'હે ભદ્ર ! હમણાં મારે અમુક વ્રત છે તેથી તે વ્રતના અંતે તમોને નિશ્ચય વરીશ. હાલ તમો તમારા સ્થાને જાઓ.' (૪૩) આ પ્રમાણે કહેવાયેલો નહુષ સ્વસ્થાને ગયો. તે ઈન્દ્રાણી પણ ગુરુના ઉપદેશથી ઉપશ્રુતિ નામની દેવીની આરાધના કરી ઈન્દ્રને પામી. (૪૪) પછી ઈન્દ્રાણી ઈન્દ્રે શિખવાડેલી યુક્તિ પામીને ફરીથી પોતાની પાસે આવેલા નહુષ રાજાને મંદહાસ્યપૂર્વક વચન કહ્યું. (૪૫) 'મુખ્ય એવા મહર્ષિઓથી વહન કરાતા અને અપૂર્વ કહેતાં અગાઉ જેમાં કોઈ બેઠું ન હોય એવા વાહન(શિબિકા)માં બેસીને મને વરવા માટે મારા નિવાસસ્થાને આવો. હું તમોને નિશ્ચય વરીશ.' (૪૬) આ પ્રમાણે ઈન્દ્રાણીથી કહેવાયેલો, કામથી અને ધર્મમાર્ગથી ભ્રષ્ટ થયેલો નહુષ પણ તત્કાળ મહામુનિઓ જેમાં જોડેલા છે એવી શિબિકામાં બેસીને જવા લાગ્યો. (૪૭) ત્યારે તે શિબિકાવાહક મુનિઓમાં મંદગતિવાળા અગસ્ત્યમુનિને 'સર્પ સર્પ' એટલે કે 'શીઘ્ર ચાલો, શીઘ્ર ચાલો' એમ બોલતો અને જેનું પુણ્ય નષ્ટ થયું છે એવો નહુષ રાજા ક્રોધાયમાન થઈને અગસ્ત્ય મુનિને પગથી લાત મારતો હતો. (૪૮) ત્યારબાદ અગસ્ત્યમુનિ ક્રોધાયમાન થઈને કુમાર્ગગામી નહુષ રાજાને શાપ આપતા હતા કે 'હે પાપાત્મન્ ! તું જ પૃથ્વી ઉપર બહુકાળ સુધી સાપ થઈ જા'. (૪૯) આ પ્રમાણે અગસ્ત્ય મુનિએ શાપ આપેલો નહુષ રાજા તે જ ક્ષણે સાપ થઈ પૃથ્વી ઉપર પડ્યો અને મોટા કષ્ટને પામ્યો હતો. (૫૦) હે વિપ્ર ! આ પ્રમાણે બીજા પણ ઘણા જ મોટા મોટા મુનિઓ, રાજાઓ અને મુકતો પણ બળવાન એવા કામથી પરાભવ પામતા હતા. (૫૧) શ્રીહરિ કહે છે કે હે દ્વિજેન્દ્ર મયારામ ! સુજ્ઞ વિવેકી એવા જનોએ ત્યાગ કરવા યોગ્ય કામદેવનું દુષ્ટપણું આ પ્રકારે મેં તમોને કહ્યું. તે આખ્યાન હૃદયમાં ધારીને મારા આશ્રિતોએ પોતાના શત્રુ તે કામદોષનો શીઘ્ર જેમ થાય તેમ ત્યાગ કરવો જોઈએ. (૫૨)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં કામરૂપદોષથી બ્રહ્મા વગેરેનો પરાભવ કહ્યો એ નામે બારમો અધ્યાય થયો. ॥૧૨॥

## અધ્યાય - ૧૩

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! રસાસ્વાદમાં લુબ્ધ થઈ ગયેલા અને તેથી દુર્દશાને પામેલા ઋષ્યશૃંગ મુનિની કથા તમોને હું સંક્ષેપથી કહું છું. (૧) પૂર્વે કૌશિકી નદીના તટે વિભાંડક નામના ઋષિ રહેતા હતા. તે ઋષિને તપોનિધિ એવા ઋષ્યશૃંગ નામના એક પુત્ર હતા. (૨) તે ઋષ્યશૃંગમુનિ બાલ્યાવસ્થાથી જ વનમાં વાસ કરતા હતા તેથી પિતા સિવાય અન્ય કોઈ પુરુષ કે સ્ત્રીને દેખતા ન હતા, જાણતા ન હતા. (૩) પાંચ જ્ઞાનેન્દ્રિયોના રસોથી વર્જિત એવા અને નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતવાળા એવા તે ઋષ્યશૃંગમુનિ પિતા વિભાંડકની સાથે તપ કરીને સુરેશ્વર ઈન્દ્રાદિકે પણ વંદનીય એવા થયા. (૪) અતિ પ્રભાવવાળા તે ઋષ્યશૃંગમુનિ બાલ્યાવસ્થામાં જ તપશ્ચરણથી સર્વ તપસ્વીઓ અને મહર્ષિઓના માન અભિમાનને હરનારા અને સેવન કરવા યોગ્ય થયા. (૫) એ સમયમાં અંગદેશનો અધિપતિ લોમપાદ નામનો પ્રસિદ્ધ રાજા હતો અને તે દશરથ રાજાનો મિત્ર હતો. (૬) તે લોમપાદ રાજાએ કોઈ બ્રાહ્મણને 'હું તને આપીશ' એમ પ્રતિજ્ઞા કરીને, પોતાના પુરોહિત બ્રાહ્મણ દ્વારા નિષેધ કરવાથી, 'હું તને આપીશ નહિ' તેમ બોલ્યો. પછી પુરવાસી બ્રાહ્મણો લોમપાદ રાજાનો ત્યાગ કરી વનમાં જઈને વસ્યા. (૭) આ પ્રમાણે બ્રાહ્મણોનો અપરાધ કરવાથી તે રાજાના દેશમાં ઈન્દ્રે વૃષ્ટિ કરી નહિ. વરસાદના અભાવથી સમગ્ર પ્રજા અતિ દુઃખી થઈ. (૮) વૃદ્ધ અમાત્યોની સાથે લોમપાદ રાજા વૃદ્ધ મુનિઓને વરસાદ ન થવાનું શું કારણ છે એમ પૂછવાની ઈચ્છાવાળો વનમાં ગયો. (૯) વનમાં લોમપાદ રાજાથી ખૂબ પ્રાર્થના કરાયેલા મુનિઓ બોલ્યા : 'હે રાજન્ ! બ્રાહ્મણોના અપરાધથી તમારા દેશમાં ઈન્દ્ર જળ વરસાવતો નથી. (૧૦) તે હેતુ માટે બ્રાહ્મણોના અપરાધનું પ્રાયશ્ચિત કરીને તમારા નગરમાં બ્રાહ્મણોને ફરી વસાવો અને તે બ્રાહ્મણોને યથાયોગ્ય માન આપીને પૂર્વની માફક તેમની વૃત્તિ આપવાપૂર્વક પૂજન કરો. (૧૧) બ્રહ્મચર્ય વ્રતવાળા મુનિઓમાં શ્રેષ્ઠ, ઈતિમાત્રને (અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મૂષક, શલભ, શુક અને અતિ સમીપમાં આવતા રાજાઓ આ છ ઈતિઓ છે) હરનારા ચરણકમળવાળા ઋષ્યશૃંગમુનિને કોઈપણ ઉપાયથી (રાજ્યમાં) લાવો. (૧૨) હે રાજન્ ! વૃષ્ટિ થશે અને પ્રજાઓ સુખી થશે.' આ પ્રમાણે મુનિઓએ કહેતાં રાજા લોમપાદ પ્રસન્ન થઈ મુનિઓને નમસ્કાર કરી પોતાના નગરમાં આવ્યા. (૧૩) ત્યારબાદ બ્રાહ્મણોના અપરાધનિવારક પ્રાયશ્ચિત કરીને બ્રાહ્મણોને નગરમાં નિવાસ કરાવી, ઋષ્યશૃંગમુનિને લાવવા માટે વેશ્યાને મોકલતા હતા. (૧૪) ત્યારે તે વેશ્યા પણ કૌશિકી નદીને તીરે એક અદ્‌ભુત આશ્રમ કર્યો અને કૃત્રિમ એવાં પુષ્પવૃક્ષો વડે એક નૌકાને શણગારતી હતી. (૧૫) તે વેશ્યા ગુપ્તદૂતો દ્વારા ઋષ્યશૃંગના પિતા વિભાંડકમુનિને (સમિધ વગેરે લેવા) બીજા વનમાં ગયેલા જાણી એકાકી ઋષ્યશૃંગને છળથી લાવવા માટે ઋષ્યશૃંગ મુનિના સમીપમાં ગઈ. (૧૬) રૂપલાવણ્યથી યુક્ત તથા વસ્ત્રાલંકારોથી સુશોભિત વેશ્યા ઋષ્યશૃંગ મુનિને પ્રણામ કરી તપ વગેરેના કુશળ સમાચાર પૂછવા લાગી. (૧૭) આ પુરુષ છે કે સ્ત્રી છે તેવા ભેદભાવથી રહિત ઋષ્યશૃંગ મુનિએ તેને કોઈ બ્રહ્મચારી જાણી દર્ભાસનથી તેનું આતિથ્ય કરવા માટે આરંભ કર્યો.

(૧૮) પૂછવા લાગ્યા કે 'હે જટાધર ! તપશ્ચર્યાથી અગ્નિની સમાન પ્રકાશિત તેજવાળા તમો કોણ છો ? તમારું ગોત્ર શું છે ? કયા પુણ્યાત્માના પુત્ર છો ? તમારો આશ્રમ ક્યાં આવેલો છે ?' (૧૯)

**વેશ્યા બોલી :**

'હે મુને ! કૌશિકી નદીને સામે તીરે તમારા આશ્રમથી બાર કોશ દૂર મારો મનોહર નાવ્યાશ્રમ છે. (૨૦) હે બ્રહ્મન્ ! તમોએ મારું અભિવાદન ન કરવું જોઈએ પરંતુ મારે અભિવાદન નમસ્કાર કરવા યોગ્ય તમો છો. તમે મને આલિંગન કરી મને કૃતાર્થ કરો એવું મારું વ્રત છે.' (૨૧)

**ઋષ્યશૃંગ મુનિ બોલ્યા :**

'હે વર્ણિ ! કોઠાં અને ઈંગોરા વગેરે આ ફળો તમે જમો અને આ તુંબડામાં ભરેલું પાણી પીવા તમે યોગ્ય છો.' (૨૨) ઋષ્યશૃંગ મુનિએ આ પ્રમાણે કહેવાયેલી વેશ્યાએ એમણે આપેલાં ફળો દૂર ફેંકી દઈ પોતાની પાસે રહેલ (લાડુ, ઘેબર, પેંડા, બરફી વગેરે) રસવાળા પદાર્થો ઋષ્યશૃંગ મુનિને આપ્યા. (૨૩) ઋષ્યશૃંગ મુનિ પણ રત્નજડિત પાત્રમાં દૂધ વગેરેનું પાન કરી તથા સુવર્ણપાત્રમાં રહેલ રસયુક્ત ભોજન કરી ખૂબ જ હર્ષ પામતા હતા. (૨૪) રસપાન વડે ક્ષોભ પામેલી ઈન્દ્રિયોવાળા ઋષ્યશૃંગ મુનિ ખૂબ જ પ્રસન્ન થકા હસવા લાગ્યા અને સુગંધી પુષ્પોને સૂંઘીને બીજા અન્ય કોઈ મુનિ હોય ને શું એવા થઈ ગયા. (૨૫) ત્યારબાદ ઠગવામાં બહુ જ ચતુર એવી વેશ્યા તે મુનિને વિચલિત ઈન્દ્રિયોવાળા જાણીને વારંવાર તે મુનિનાં અંગોને આલિંગન કરીને મધુર મધુર ગાવા લાગી. (૨૬) પછી તે વેશ્યા મુનિને વિકાર પામેલા જાણીને તેને ફરીથી સારી રીતે આલિંગન કરી તેમનું મન પોતાના વશમાં કરી પોતાના હૃદયમાં અત્યંત આનંદ પામી. (૨૭) કપટ ધર્મવાળી તે વેશ્યા, મુનિના પિતા વિભાંડક મુનિના આગમનના ભયથી 'મારે અગ્નિહોત્રનો સમય થયો છે' એમ કહીને, ઋષ્યશૃંગ મુનિ પ્રત્યે (હાવભાવપૂર્વક) જોતી જોતી તત્કાળ ચાલી ગઈ. (૨૮) રસાસ્વાદથી પોતાના ધર્મથી ભ્રષ્ટ થયેલા ઋષ્યશૃંગ મુનિ વેશ્યાને પોતાના હૃદયમાં ચિંતવન કરતા કરતા ક્ષોભ પામેલા અંતઃકરણવાળા થયા અને તેમનામાં ભૂતાદિનો પ્રવેશ થયો હોય તેવા થઈ ગયા. (૨૯) ત્યારબાદ પોતાના આશ્રમમાં આવેલા વિભાંડક મુનિ પોતાના પુત્ર ઋષ્યશૃંગને વિહ્‌વળ જોઈને પૂછવા લાગ્યા કે 'હે પુત્ર ! તું વિરુદ્ધ સ્વભાવવાળો કયા કારણથી થયો છું ?' (૩૦)

**ઋષ્યશૃંગમુનિ બોલ્યા :**

'હે પિતા ! આપણા આશ્રમમાં સુવર્ણ સમાન વર્ણવાળા, સપ્રમાણ આકૃતિવાળા, તેજસ્વી શ્યામ જટાવાળા, કમળના જેવા નેત્રોવાળા, મધુર કંઠવાળા, અગાઉ નહિ જોયેલા એવા કોઈ વર્ણિરાજ આવ્યા હતા. (૩૧) કંઠથી નીચેના ભાગમાં માસના બે પિંડો ધારી રહેલા, અતિકૃશ ઉદરવાળા અને કાંતિવાળું વલ્કલવસ્ત્ર ધારી રહેલા તે જાણે દેવપુત્ર હોય ને શું ! એવા સુંદર હતા. (૩૨) તે વર્ણીરાજ મારા મુખને પોતાના મુખની સાથે અને મારા શરીરને પોતાના શરીરની સાથે ગાઢ આલિંગન કરીને મધુર ગાયન ગાતા થકા મને અત્યંત આનંદ પમાડતા હતા. (૩૩) વર્ણીરાજે અતિ મિષ્ટ રસયુક્ત ભોજન અને મિષ્ટ પીણાથી મને તૃપ્ત કર્યો. હે પિતાજી ! તેના વિના મારું શરીર બધું અતિશય બળે છે. (૩૪) હે પિતાજી ! મારે તત્કાળ તેમના આશ્રમમાં જવાની ઈચ્છા

છે ને વર્ણીરાજની સાથે જ તેમના આશ્રમમાં જ તપ કરીશ.' (૩૫) આ પ્રકારે બોલતા પુત્ર ઋષ્યશૃંગને કોઈ કપટી સ્ત્રીએ ભ્રમિત ચિત્તવાળા કરેલ છે એમ જાણી ચિત્તમાં આશ્ચર્ય પામી વિભાંડક મુનિ પુત્રને બોધ કરવા લાગ્યા : (૩૬) 'હે પુત્ર ! આ વનમાં તપસ્વી મુનિજનોને છળવા બહુરૂપવાળા રાક્ષસો ભમે છે. એ હેતુ માટે તમારા સમીપે આવેલ હતો તે મુનિભક્ષક કોઈ રાક્ષસ હતો એમ તમે નિશ્ચય જાણો.' (૩૭) ઇત્યાદિ વચનો વડે વિભાંડક મુનિ પુત્ર ઋષ્યશૃંગમુનિને બોધ આપી વનમાં તે સ્ત્રીને ત્રણ દિવસ સુધી શોધતા હતા તોપણ ક્યાંય દેખતા ન હતા. (૩૮) ત્યાર બાદ કોઈ એક સમયે વિભાંડક મુનિ સમિધ વગેરે લેવા આશ્રમથી વનમાં ગયા ત્યારે ખણખણાયમાન શબ્દવાળાં ઝાંઝર અને કંદોરાવાળી તે વેશ્યા ફરીથી આશ્રમમાં આવી. (૩૯) ઋષ્યશૃંગ મુનિ તો તે વેશ્યાને દૂરથી જોઈને અત્યંત હર્ષિત થકા તત્કાળ તે વેશ્યા સન્મુખ દોડતા હતા અને ખૂબ જ સ્નેહથી આલિંગન કરતા હતા. (૪૦)

**ઋષ્યશૃંગમુનિ બોલ્યા :**

'હે પ્રાણવલ્લભ ! જેટલામાં મારા પિતા આશ્રમમાં આવે નહિ તેટલામાં મને મારા આશ્રમથી તમારા રમણીય આશ્રમમાં લઈ જવા માટે યોગ્ય છો.' (૪૧) ઋષ્યશૃંગમુનિએ આ પ્રકારે કહેતાં તે વેશ્યા ખૂબ હર્ષિત થઈને ઋષ્યશૃંગમુનિને તત્કાળ નૌકામાં બેસાડી લોમપાદ રાજાના અંતઃપુરમાં લાવીને બોલી : 'આ જ મારો આશ્રમ છે.' (૪૨) ત્યારબાદ સ્ત્રીઓએ તે મુનિને શૃંગારરસમાં ઉપયોગી દક્ષતા શિખવાડી. તે મુનિ પણ પોતાના નૈષ્ઠિક બ્રહ્મચારી ધર્મનો ત્યાગ કરી શૃંગારાદિક શિક્ષામાં આસક્ત થયા. (૪૩) હવે ઋષ્યશૃંગ મુનિના આગમનથી જ લોમપાદ રાજાના દેશમાં વરસાદ થયો અને સર્વ સુખી થયા. રાજાએ શંખા નામની કન્યા હર્ષપૂર્વક ઋષ્યશૃંગમુનિને આપી (પરણાવી). (૪૪) હે દ્વિજ ! જગતમાં પૂજ્ય અને નૈષ્ઠિકવ્રતધારી મુનિ પણ રસાસ્વાદથી પોતાના નૈષ્ઠિક બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયા. (૪૫) આ પ્રમાણે બીજા પણ ઘણા રાજાઓ અને મહર્ષિઓ પણ રસાસ્વાદથી ભ્રષ્ટ થયેલા લોકમાં અતિ નિંદાપણાને પામ્યા. (૪૬) હે વિપ્ર ! રસાસ્વાદના વશપણાથી જેમનું બ્રહ્મચર્યવ્રત નષ્ટ થયું છે એવા ઋષ્યશૃંગમુનિની કથા મેં તમોને કહી. હવે મનુષ્યોએ સાંભળવા જેવી ભરતરાજાની કથા હું તમોને કહું છું. (૪૭)

ઇતિ શ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
ઋષ્યશૃંગપરાભવ નામે તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

●

## અધ્યાય - ૧૪

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્રવર્ય ! પૂર્વે ઋષભદેવના પુત્ર ભરત નામના રાજા હતા. જંબુદ્વીપના નવ ખંડોના તે અધિરાજ સમ્રાટ હતા. (૧) હે દ્વિજ ! પહેલા અજનાભ નામથી પ્રસિદ્ધ આ ખંડ જે ભરતના નામથી બધા ખંડોમાં ભારત સંજ્ઞા પુરાણ જાણનારા મુનિઓએ કહેલી છે. (૨) તે ભરત રાજ્યને કરતા, વેદોક્ત ધર્મને પ્રવર્તાવતા, બહુવિધ યજ્ઞો વડે ભગવાન શ્રી વાસુદેવનું પૂજન કરતા હતા. (૩)

ભરત રાજાની શ્રી વાસુદેવ ભગવાનમાં ભક્તિ પ્રતિદિન વૃદ્ધિ પામતી હતી. ભગવાન સિવાય બીજા રાજ્ય, સ્ત્રી, ધન વગેરેમાંથી વૈરાગ્ય થયો. (૪) ત્યારપછી ભરતજી રાજ્યનો યથોચિત્ વિભાગ કરી પુત્રોને વહેંચી આપી, દેવોએ પણ યાચના કરવા યોગ્ય પોતાની સર્વ સમૃદ્ધિનો મળની માફક ત્યાગ કરી દેતા હતા. (૫) મહામતિ તે ભરતરાજા શ્રીહરિનારાયણ ભગવાનની જ આરાધનાની ઈચ્છાવાળા સ્ત્રી, પુત્ર, ધન, રાજ્ય વગેરેનો ત્યાગ કરી પુલહાશ્રમમાં તપ કરવા જતા હતા. (૬) આત્માને સંસારથી મુક્ત કરવાની ઈચ્છાવાળા તેથી મુમુક્ષુ, એકાકી, શાંત, શબ્દાદિ પંચ વિષયોમાં તૃષ્ણારહિત એવા ભરતજી ગંડકી નદીના કિનારે શ્રીહરિની ઉપાસના કરવા લાગ્યા. (૭) ફળ, મૂળ, કંદ, તુલસી, જળ વગેરેથી યથાસમય પૂજા કરતા ભરત પ્રેમથી વિવશ થઈને પૂજાનો અનુક્રમ પણ ભૂલી જતા હતા. (૮) ભગવાનની ઉપાસનાથી નિર્મળ બુદ્ધિવાળા ભરત સૂર્યમંડળના મધ્યમાં રહેલા પુરુષપ્રકૃતિથી પર હિરણ્મય પુરુષની સૂર્યની ઋચાઓ વડે ઉપાસના કરવા લાગ્યા. (૯) કોઈ એક સમયે ગંડકી નદીમાં સ્નાન કરી હૃદયમાં પ્રણવ ઓંકારનો ભરતજી જપ કરતા હતા તેવામાં કોઈ એક ગર્ભિણી હરિણી પાણી પીવાની ઈચ્છાવાળી ત્યાં આવી. (૧૦) જેટલામાં તે હરિણી પાણી પીએ છે તેટલામાં કોઈ કેસરી સિંહે સર્વ લોકોને ભય ઉપજાવનારો મોટો નાદ કર્યો. (૧૧) તે નાદને સાંભળી અતિ ભયથી દોડતી હરિણીનો ગર્ભ અકસ્માત જળના પ્રવાહમાં પડી ગયો. ત્યારબાદ હરિણી મૃત્યુ પામી ગઈ. (૧૨) તે સમયે તે રાજર્ષિ ભરત કોમળ અંગવાળા તે મૃગલીના બાળકને તરંગોથી તણાતું જોઈ દયા વડે તે બાળકને આશ્રમમાં લાવ્યા. (૧૩) માતાપિતાના અભાવથી દીન મૃગીસુત પ્રત્યે 'મારા વિના રક્ષા કરનાર છે જ નહિ' એમ દયાથી ભરતને દરરોજ તેમાં અતિસ્નેહ વૃદ્ધિ પામ્યો. (૧૪) તે મૃગબાળનું લાલનપાલન કરતા તે ભરતજીના સ્નાન, સંધ્યા આદિ નિયમો તથા અહિંસા આદિ સર્વ યમો ધીમે ધીમે નાશ પામ્યા. (૧૫) બાળક હોવાથી કોમળ શરીરવાળા મૃગબાળનું પાલન કરતા તેમાં જ એકચિત્તવાળા ભરતજી ભગવાનની પૂજા પણ ભૂલી ગયા. (૧૬) ભરતજી અત્યંત સ્નેહને લીધે આસન, શયન, ગમન, ભોજન વગેરે સર્વ ક્રિયામાં તે મૃગલાને એક ક્ષણ માત્ર પણ દૂર કરવામાં શક્તિમાન થયા નહિ. (૧૭) મૃગ કોઈ સમયે સ્વેચ્છાએ ઘણીક વાર પણ અન્ય સ્થળે જાય તો રાજર્ષિ ભરત ધનનાશ પામેલા લોભીજનની પેઠે વિહ્વળ થઈ જતા હતા. (૧૮) કોઈક સમયે ઘાસ ચરવા ગયેલા મૃગને પોતાના આશ્રમમાં આવતાં થોડો પણ વિલંબ થાય તો ભરતજી વિલાપ કરવા લાગતા હતા. (૧૯) કામુકી સ્ત્રી કામુક પુરુષના વિરહની જ જેમ રાજર્ષિ ભરત સ્નેહના વશપણાથી મૃગબાળનો વિરહ સહન કરવા ક્યારેય પણ સમર્થ થયા નહિ. (૨૦) હે દ્વિજ ! આ પ્રકારે મૃગબાળને અખંડ સંભારતા હોવાથી મૃગબાળના આકારવાળા મનયુક્ત ભરતના દેહનું આરંભક કર્મ (દેહ પ્રારબ્ધ) સમાપ્ત થઈ ગયું. (૨૧) પછી ભરતજી અંતઃકાળમાં પણ પુત્રની માફક સમીપમાં રહેલા તે મૃગબાળનું જ ધ્યાન કરતાં દેહત્યાગ કરતા હતા તેથી મૃગદેહને પામ્યા. (૨૨) આ પ્રકારે તે રાજા, ત્યાગ કર્યાં છે રાજ્ય, સ્ત્રી, પુત્ર, વૈભવ જેમણે એવા છતાં પણ મૃગના બાળકમાં પ્રીતિથી પોતે પશુત્વને પામ્યા. (૨૩) આ પ્રકારે બીજા પણ ઘણા રાજાઓ અને મુનિઓ

પણ સ્નેહથી પરાભવ પામીને અત્યંત દુર્દશાને પામ્યા હતા. (૨૪) શ્રીહરિ કહે છે કે હે વિપ્રવર્ય ! જે ભક્તજન દયાથી પણ શ્રીહરિ ભગવાન સિવાય અન્ય પદાર્થમાં મનથી સ્નેહ કરે છે, દૃઢ ભક્તિયોગમાં આરૂઢ હોય તોપણ, તે ભક્ત ભરતજીની માફક બુદ્ધિરહિત થઈને સંસારને પામે છે તે નિશ્ચય જાણો. (૨૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
સ્નેહથી ભરત-પરાભવ નામે ચૌદમો અધ્યાય થયો ॥૧૪॥

●

## અધ્યાય - ૧૫

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મયારામ વિપ્ર ! સાધુજનોએ સાંભળવા યોગ્ય અને હૃદયમાં ધારણ કરવા યોગ્ય એવી માનરૂપ દોષથી પરાભવ પામેલા દક્ષ પ્રજાપતિ અને દુર્વાસામુનિની કથા હું તમોને કહું છું. (૧) પૂર્વે ભાગીરથી ગંગાના તીરે વિશ્વની સૃષ્ટિ કરનારા પ્રજાપતિઓ યજ્ઞ કરતા હતા. તે યજ્ઞમાં સમગ્ર દેવો-દેવીઓ અને મુનિઓ પણ આવેલાં હતાં. (૨) તે યજ્ઞમાં સૂર્યની માફક તેજસ્વી દક્ષ પ્રજાપતિ અચાનક ત્યાં આવ્યા. જે દક્ષ પ્રજાપતિની બ્રહ્માએ પ્રજાપતિઓના અધિપતિપણામાં અભિષેકપૂર્વક સ્થાપના કરેલી છે. (૩) પછી દક્ષ, પોતે પોતાને સર્વથી અધિકપણે અભિમાનપૂર્વક શ્રેષ્ઠ માનતા, સભામાં દેવોએ સત્કાર કરાયેલા બ્રહ્માને નમસ્કાર કરી સભામાં બેસતા હતા. (૪) ત્યારબાદ તે દક્ષ ચોતરફ ઈન્દ્રાદિ દેવોના સમૂહ જોતા સતા તેમની સન્મુખ બેઠેલા, જેમનું ચિત્ત ભગવાન વાસુદેવમાં એકાગ્રપણાને પામેલું છે એવા શિવજીને જોતા હતા. (૫) અત્યંત માનવાળા તે દક્ષ શિવજીએ પોતાને પ્રણામ કર્યા નથી એમ જાણીને ક્રોપથી શિવને શાપતા થકા દેવાદિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૬) 'હે દેવો ! હું જે કહું છું તે મત્સરથી દોરવાઈને કે અજ્ઞાનથી લગીરે કહેતો નથી પરંતુ સાધારણપણે સત્પુરુષોનું આચરણ હું તમોને કહું છું.' (૭) આ પ્રકારે અભિમાનવાળી ભાષાની યુક્તિ વડે દેવતા સમક્ષ પોતાનું સજ્જનપણું દેખાડી દક્ષ પ્રજાપતિ શંકરની નિંદા કરવા લાગ્યા. (૮) 'લોકપાલોના યશને નાશ કરનારો આ શંકર નિર્લજ્જ છે. કારણ કે સત્પુરુષોની (વડીલોને નમસ્કાર કરવારૂપ) મર્યાદાનું ઉલ્લંઘન કરી ઠૂંઠની માફક અનમ્ર થકો અમારું અપમાન કરે છે. (૯) આ શિવ મારો જમાઈ હોવાથી પ્રણામ કરવાને યોગ્ય માટે હું ગુરુ હોવાથી ઊભા થઈને પ્રણામ કરવાને યોગ્ય મને સભામાં વાણીથી પણ મારો સત્કાર કર્યો નહિ. (૧૦) માંકડા જેવી આંખવાળો, ક્રિયાહીન, ભૂતપ્રેતાદિથી વીંટાયેલો, દિગંબર, સ્મશાનવાસી, મુંડની માળાવાળો અને ચિતાની ભસ્મના અનુલેપનવાળો છે. (૧૧) એટલા માટે જ અમંગળ સ્વરૂપ અને શિવ એવા નામ માત્રવાળા અને પવિત્રતારહિત, દુષ્ટમનવાળા આ શંકરને કન્યા આપવાની ઈચ્છા રહિત એવા મેં બ્રહ્માની પ્રેરણાથી મારી કન્યા આપી. (૧૨) ઘણા દુરાચારવાળા આ શંકર યજ્ઞમાં ભાગ પામો નહિ.' હે વિપ્ર ! આ પ્રકારે દક્ષ પ્રજાપતિ ક્રોધથી શિવજીને શાપ આપી પોતાના સ્થાનમાં ગયા. (૧૩) શિવજીને શાપ આપીને જતા એવા દક્ષને નંદિકેશ્વરે ત્રિવિધ શાપ આપ્યો. દક્ષ આત્મા-

પરમાત્માના જ્ઞાનરહિત થાઓ, બકરાના જેવા મુખવાળા થાઓ, અને દેહમાં આત્મબુદ્ધિવાળા થાઓ. (૧૪) હે વિપ્ર ! આ પ્રમાણે નંદિકેશ્વરે પ્રજાપતિને શાપ આપીને પછી અતિ ક્રોધથી દક્ષના આશ્રિત, શિવના અપમાનનું અનુમોદન આપનારા, બ્રાહ્મણોને પણ શાપો આપ્યા. (૧૫) 'હે બ્રાહ્મણો ! વેદવાદોમાં મોહ પામો, ભક્ષ્યાભક્ષ્યના વિચારથી રહિત થાઓ, દેહાદિના પોષણ માટે વિદ્યાભ્યાસો અને વ્રતોને ધારણ કરનારા થાઓ અને ભિક્ષુક થઈને આ લોકમાં વિચરો' એવા ચાર શાપ આપ્યા. (૧૬) આ પ્રમાણે વૈદિક બ્રાહ્મણોને શાપ આપતા એવા તે નંદિકેશ્વરને જોઈ ક્રોધાયમાન થયેલા ભૃગુમુનિ શિવભક્તોને શાપ આપવા લાગ્યા. (૧૭) 'જે જનો શંકરના વ્રતને ધારણ કરનારા તથા તેમને અનુસરનારા જે જનો હોય તે બધા વેદવિરુદ્ધ આચારવાળા, પાખંડી અને સચ્છાસ્ત્રોનું ખંડન કરનારા થાઓ. (૧૮) અને તે જનો શૌચાચાર રહિત, મૂઢ બુદ્ધિવાળા તથા જટા-ભસ્મ-અસ્થિ વગેરે ધારણ કરવાના સ્વભાવવાળા સતા શિવદીક્ષાવાળા થાઓ. શિવદીક્ષામાં સુરા અને આસવ ખૂબ જ આદરણીય થાય છે.' (૧૯) આ પ્રકારે ભૃગુમુનિ શિવભક્તોને શાપ આપતા હતા તેવામાં તો ઉદાસીન થઈને શિવજી સભામાંથી ઊઠીને પોતાના પાર્ષદોની સાથે કૈલાસમાં ગયા. (૨૦) હવે ત્યારબાદ પૃથ્વી ઉપર કોઈપણ મનુષ્ય, અસુર કે દેવ કોઈપણ સ્થળે રુદ્રના ભાગ વિનાનો યજ્ઞ કરવા શક્તિમાન ન થયા તેથી ઘણો જ લાંબો કાળ યજ્ઞ વિનાનો ચાલ્યો ગયો. (૨૧) પછી માનથી નષ્ટબુદ્ધિવાળા સ્વયં દક્ષ પ્રજાપતિએ માત્ર શિવજીને બોલાવ્યા સિવાય દેવો અને ઋષિઓએ સહિત યજ્ઞનો આરંભ કર્યો. (૨૨) બ્રહ્મા અને વિષ્ણુ આ બંને આદરપૂર્વક બોલાવ્યા છતાં પણ શિવનો અનાદર જાણીને દક્ષના યજ્ઞમાં ગયા નહિ. (૨૩) શંકર પ્રત્યેના દ્વેષને લીધે દક્ષે પોતાની પુત્રી સતીને પણ બોલાવી નહિ. સતી સિવાયની પોતાની અન્ય પુત્રીઓને પતિઓ સહિત બોલાવી. (૨૪) વિમાનોમાં બેસી આકાશમાર્ગે પિતા દક્ષના યજ્ઞમાં જતી દેવપત્નીઓને જોઈને શિવપત્ની સતી ખૂબ જ હર્ષિત થઈ ગયાં. (૨૫) પિતા દક્ષે નહિ બોલાવેલાં છતાં પણ યજ્ઞ મહોત્સવ જોવા અત્યંત ઉત્કંઠાવાળા થઈ ગયેલાં તે સતી સ્ત્રીબુદ્ધિને આધીન થઈ ત્યાં જવા ઉદ્યમવાળા થયાં. (૨૬) શિવે ઘણા પ્રકારની યુક્તિઓથી નિષેધ કર્યો છતાં પણ સતી કેટલાક પ્રમથાદિગણો સહિત હઠપૂર્વક જ પિતાના યજ્ઞમાં ગયાં. (૨૭) દક્ષે શિવજી પ્રત્યેના દ્વેષથી પોતાની પુત્રીની સામે પણ જોયું નહિ. પછી માનીની એવાં તે સતી પણ અપમાનિત થકા પિતા દક્ષના ઉપર ખૂબ જ ક્રોધાયમાન થયાં. (૨૮) સતીએ રુદ્રના ભાગથી રહિત યજ્ઞ જોઈ ક્રોધથી દક્ષ ઉપર ઘણો તિરસ્કાર કરી સમાધિમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિથી શરીરનો તત્કાળ ત્યાગ કર્યો. (૨૯) ત્યારે શિવપાર્ષદો દક્ષને મારવા સારુ સન્મુખ દોડ્યા તે સમયે ભૃગુમુનિએ રુદ્રગણોનો નાશ કરવા અગ્નિમાંથી દેવોને ઉત્પન્ન કર્યા. (૩૦) ત્યારે શિવગણો મોટા મોટા સળગતા ઊંબાડિયારૂપ આયુધોવાળા રૂભ નામના દેવો દ્વારા આમતેમ તાડન કરાતા ત્યાંથી પલાયન કરી ગયા. (૩૧) ત્યારે નારદજીએ કૈલાસ પર્વતમાં રહેલા શિવજી પાસે જઈ આ સમગ્ર વૃત્તાંત નિવેદન કર્યું તે સાંભળી શિવજી અત્યંત ક્રોધાયમાન થયા. (૩૨) પોતાની જટામાંથી સર્વ ગણોના અધિપતિ વીરભદ્ર નામના ગણને ઉત્પન્ન કરી કહેવા લાગ્યા : 'હે વીરભદ્ર ! તમે કોઈપણ વિચાર કર્યા

સિવાય અત્યારે જ યજ્ઞ સહિત દક્ષનો નાશ કરો.' (૩૩) આ પ્રમાણે આજ્ઞા આપેલો વીરભદ્ર પણ અન્ય ગણોથી વીંટાયો થકો ગિરિરાજની માફક સર્વ પૃથ્વીને કંપાવતો સતો દક્ષના યજ્ઞ પ્રત્યે ગયો. (૩૪) દક્ષના યજ્ઞમાં જઈ તે વીરભદ્રે યજ્ઞકુંડને ઉખાડી નાખી મંડપ વગેરેને બાળી નાખી, દક્ષનું મસ્તક કાપી નાખી તેને અગ્નિકુંડમાં હોમી દેતો હતો. (૩૫) ત્યારે મણિમાન આદિ શિવગણો પણ દક્ષના પક્ષના દેવો અને ઋષિઓને સળગતા ઊંબાડિયા વગેરેથી તાડવ કરતા હતા. (૩૬) છિન્નભિન્ન થયેલા અવયવોવાળા દેવો પલાયન કરી જતા હતા અને રુદ્રગણો યજ્ઞભંગ અને દક્ષને મારવારૂપ કાર્ય કરી ફરીથી કૈલાસમાં આવતા હતા. (૩૭) પછી ઘણા દિવસો ગયા પછી સમગ્ર દેવોએ પ્રાર્થના કરાયેલા શિવજીના અનુગ્રહથી દક્ષ બકરાના મુખવાળા જીવતા થયા. (૩૮) આ પ્રકારે માનરૂપ દોષથી પ્રજાપતિ એવા દક્ષનો (યજ્ઞભંગ અને શિરચ્છેદાદિરૂપ) મોટો અનર્થ થયો અને શિવજીની અવજ્ઞા કરવાથી લોકમાં પણ મોટી નિંદાને પાત્ર થયા. (૩૯) હે દ્વિજ ! હવે હું તમોને સાક્ષાત્ રુદ્રાંશ અને તપોનિધિ દુર્વાસામુનિનો પણ માનરૂપદોષથી પરાભવ કહું છું તે તમો સાંભળો. (૪૦) પૂર્વે સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા મહામતિ અંબરીષ નામના રાજા સપ્તદ્વીપવાળી પૃથ્વીનું શાસન કરતા હતા. (૪૧) તે અંબરીષ રાજા, પિતા જેમ પુત્રનું પાલન કરે તેમ પ્રજાઓનું પાલન કરતા હતા, મહાયજ્ઞો વડે શ્રીહરિનું યજન કરતા હતા અને ભગવાનની પ્રસન્નતા અર્થે નાના પ્રકારનાં વ્રતો કરતા હતા અને દાનો કરતા હતા. (૪૨) તે અંબરીષે દેવોને પણ દુષ્પ્રાપ્ય એવી વિભૂતિને ક્ષણભંગુર જાણી તે ઐશ્વર્યમાં વૈરાગ્યવાળા થકા નારાયણ ભગવાનમાં જ સ્નેહ કરતા હતા. (૪૩) સત્પુરુષોનો સમાગમ કરતા એવા તે અંબરીષ અનન્ય ચિત્તવાળા થઈ શ્રીહરિની નવધાભક્તિને કરવા લાગ્યા. તેથી શ્રીહરિ ભગવાન ખૂબ જ સંતોષ પામ્યા. (૪૪) ખૂબ જ પ્રસન્ન થયેલા ને નારાયણ ભગવાન તે અંબરીષભક્તની રક્ષાર્થે તેના સમીપે સર્વ અશુભને નાશ કરનારું સુદર્શન ચક્ર સ્થાપન કરતા હતા. (૪૫) એક સમયે રાજાએ સ્ત્રીએ સહિત મધુવન (મથુરા)માં જઈ એક વર્ષ સાધ્ય એવું દ્વાદશીવ્રત શ્રીકૃષ્ણ નારાયણની પ્રસન્નાર્થે ધારણ કર્યું. (૪૬) તે વ્રતની સમાપ્તિમાં કાર્તિક માસમાં ત્રણ દિવસ ઉપવાસ કરી અંબરીષ રાજાએ પરમાત્માની મહાપૂજા કરી ઘણાં દાનો આપતા હતા. (૪૭) દ્વાદશીના દિવસે બ્રાહ્મણોને તેમના ઈચ્છિત ભોજનોથી સારી રીતે તૃપ્ત કરી જેટલામાં અંબરીષ પારણાં કરવા જાય છે તેટલામાં દુર્વાસામુનિ આવ્યા. (૪૮) અંબરીષ રાજાએ પોતાની સમીપમાં આવેલા અતિથિ દુર્વાસામુનિનું ઊઠીને સન્મુખ જવું, પ્રણામ કરવા, આસન આપવું વગેરેથી સત્કાર કરી ભોજન માટે પ્રાર્થના કરી. (૪૯) દુર્વાસામુનિ 'બહુ સારુ' એમ કહીને તત્કાળ સ્નાન કરવા યમુનામાં ગયા ત્યાં સંધ્યા આદિ કરતાં મુનિને ઘણો વિલંબ થઈ ગયો. (૫૦) દ્વાદશીનાં પારણાં કરવા ઈચ્છતા રાજા અંબરીષે મુનિને વિલંબ થયેલો જાણી, શાસ્ત્રવેત્તા બ્રાહ્મણ પંડિતોને પોતાને આવા સંકટ સમયે શું કરવું તે પૂછવા લાગ્યા : (૫૧) 'હે બ્રાહ્મણો ! બ્રાહ્મણના અતિક્રમણ (અતિથિપણે આવેલા દુર્વાસાનો ત્યાગ કરી ભોજન કરવા)માં દોષ અને દ્વાદશીતિથિમાં પારણાં ના કરીએ તો દોષ છે માટે આવા સંકટમાં શું કરવું ?' રાજાએ આ પ્રકારે પૂછતાં બ્રાહ્મણો બોલ્યા : (૫૨) 'હે રાજન્ ! તમો કેવળ જળથી પારણાં

કરો. જેથી પારણા નિમિત્તે ભોજન કરાયેલું અને ભોજન નહિ કરાયેલું સમજાય. બ્રાહ્મણ પંડિતોની આજ્ઞા પામીને અંબરિષે કેવળ જળથી પારણાં કર્યાં. (૫૩) ત્યારબાદ યમુનાજીથી આવેલા દુર્વાસામુનિ રાજાએ પારણાં કરેલાં જાણી, પોતાના પ્રથમ પૂજ્યત્વપણાના અભિમાનથી ઉદ્ભવેલ ક્રોધને પામીને અંબરીષ રાજાને કહેવા લાગ્યા : (૫૪) 'અરે ! હે નિર્દય ! હે શ્રીમદાન્ધ ! હે વિષ્ણુના અભક્ત ! હું ઈશ્વર છું એવા અભિમાનવાળા ! ચક્રવર્તી હોવાથી નિરંકુશ એવો તું અત્યંત ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરે છે.' (૫૫) 'તેં આવેલા અતિથિ એવા મને ભોજનનું નિમંત્રણ આપી તે અતિથિને જમાડ્યા સિવાય પારણાં કરી લીધાં તેનું ફળ તને તત્કાળ બતાવું છું.' (૫૬) ક્રોધથી લાલ નેત્રોવાળા તે દુર્વાસામુનિ આ પ્રકારે કહીને પોતાની જટામાંથી પ્રલયકાળના અગ્નિ જેવી કૃત્યાને પ્રગટ કરી અંબરિષ રાજાને મારવા મોકલી. (૫૭) ત્યારે તે અંબરીષ રાજા તો હાથમાં ખડગ ધારેલી સામે આવતી કૃત્યાને જોઈ દેહને નાશવંત અને આત્માને અવિનાશી જાણીને જરાપણ વિચલિત થયા નહિ. (૫૮) ત્યારે તે અંબરીષના રક્ષણાર્થે રહેલું સુદર્શન ચક્ર પ્રથમ કૃત્યાને બાળી દઈને દુર્વાસામુનિની પાછળ પડ્યું. (૫૯) ત્યારે તે ચક્રાગ્નિથી બળતા દુર્વાસામુનિ ત્યાંથી તત્કાળ ભાગ્યા અને પોતાના પ્રાણોની રક્ષા કરવા ઈચ્છતા દશે દિશાઓમાં ભમવા લાગ્યા. (૬૦) દુર્વાસામુનિ જે જે સ્થાનમાં જતા હતા તે તે સ્થાનમાં સુદર્શન ચક્ર તેમની પાછળ દોડતું હતું. જેવી રીતે છાયા દેહધારીની પાછળ જાય છે અથવા જેવી રીતે મૃત્યુ દેહધારી પાછળ જાય છે તેમ જ પાછળ પડ્યું. (૬૧) પાતાળ, અંતરિક્ષ અને ઈન્દ્રાદિ દેવોનાં સ્થાનોમાં પણ કોઈપણ રક્ષણ કરનાર નહિ મળવાથી મુનિ બ્રહ્માને શરણે ગયા. (૬૨) 'હું સુદર્શન ચક્રથી તમારું રક્ષણ કરવા સમર્થ નથી' એમ બ્રહ્માજીએ કહેતાં તે મુનિ મહાદેવના શરણમાં ગયા. તે મહાદેવે પણ બ્રહ્માજીની માફક જ કહ્યું. (૬૩) તેથી 'તમે રક્ષણ કરો, બચાવો બચાવો' એવા આર્તનાદથી આકાશને શબ્દાયમાન કરતા મુનિ વૈકુંઠલોકમાં શ્રીહરિ ભગવાનને પ્રણામ કરી 'મને બચાવો બચાવો' એમ બોલ્યા. (૬૪) 'હે નાથ ! મેં અજ્ઞાનથી તમારા ભક્ત અંબરીષનો અપરાધ કરેલો છે. દયા કરી તે અપરાધને ક્ષમા કરી આ સુદર્શન ચક્રથી મારું રક્ષણ કરવા યોગ્ય છો.' (૬૫) નિર્માની ભક્તો જેમને પ્રિય છે એવા શ્રીહરિ ભગવાન, આ પ્રકારે બોલતા દુર્વાસામુનિને કહેવા લાગ્યા : 'હે મુને ! હું ભક્તોને આધીન છું, નિશ્ચય સ્વતંત્ર નથી.' (૬૬) આથી હું મારા ભક્તોના દ્રોહીઓનું રક્ષણ કરવામાં સમર્થ નથી. તમે તે રાજાના જ શરણમાં જાઓ. તે અંબરીષ રાજા જ સુદર્શન ચક્રથી તમારું રક્ષણ કરશે.' (૬૭) આ પ્રકારે કહેવાયેલા, માનના વશપણાથી મહાદુઃખ પામેલા દુર્વાસામુનિ તત્કાળ જ માનનો ત્યાગ કરીને રાજા અંબરીષને શરણે ગયા. (૬૮) અંબરીષ રાજાને દૂરથી જોઈને 'સુદર્શન ચક્રથી રક્ષણ કરો, રક્ષણ કરો,' આ પ્રમાણે ઊંચા સ્વરે બોલતા મુનિએ બંને હાથ જોડીને તે ક્ષત્રિય એવા અંબરીષ રાજાને સાષ્ટાંગ પ્રણામ કર્યા. (૬૯) પછી અંબરીષ રાજાએ શ્રીહરિના ચક્રની સ્તુતિ કરી કૃપા વડે તે ચક્રના ભયથી દુર્વાસામુનિને મુકાવ્યા. તે મુનિનું આદરપૂર્વક પૂજન કર્યું. (૭૦) હે મયારામ વિપ્ર ! આવી રીતે સર્વ જનોને જેમનાથી ભય છે તેવા દુર્વાસામુનિને માનરૂપ દોષથી અત્યંત દુઃખ પ્રાપ્ત થયું. તેવા માનનો ભગવાનનો ભક્ત દૂરથી ત્યાગ કરે. (૭૧)

આ પ્રમાણે બીજા ઘણા રાજાઓ અને ઋષિમુનિઓ માનરૂપ દોષથી મહાકષ્ટને પામ્યા હતા અને પૃથ્વી ઉપર મોટી અપકીર્તિને પામ્યા હતા. (૭૨) શ્રીહરિ કહે છે : હે દ્વિજોત્તમ ! આ પ્રકારે લોભાદિક દોષો વડે પરાભવ પામેલા વસિષ્ઠમુનિ વગેરેની કથા સંક્ષેપથી મેં તમોને કહી. (૭૩) માટે પ્રમાદે રહિત મારા ભક્તોએ માન-લોભાદિક મહાશત્રુઓ દૂરથી ત્યાગ કરવા. તેમનો ત્યાગ કરવાથી વિઘ્ન રહિત ભક્તિ ઈષ્ટ ફળને આપનારી થાય. (૭૪) સુવ્રતમુનિ કહે છે : હે રાજન્ ! આ પ્રકારે બ્રાહ્મણ શ્રેષ્ઠ મયારામભટ્ટ શ્રીહરિનું વચન સાંભળીને ભક્તસમુદાયોએ સહિત પ્રસન્ન થયા અને હૃદયમાં તે વચનને ધારણ કરતા થકા શ્રી નારાયણમુનિની વંદના કરવા લાગ્યા. (૭૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
માનરૂપ દોષથી દક્ષદુર્વાસાનો પરાભવ થયો એ નામે પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

●

## અધ્યાય - ૧૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યારબાદ માણાવદરના જન્માષ્ટમીના ઉત્સવ ઉપર ભાડેર નગરથી આવેલા રાજકુમારો પોતાના નગરમાં શ્રીહરિને લઈ જવા પ્રાર્થના કરતા હતા. (૧) ત્યારે તેઓનું પ્રિય કરવાની ઈચ્છાથી શ્રીહરિ ભક્તસમૂહથી વીંટાયા થકા કપિલાછઠના દિવસે ભાડેરપુરમાં પધાર્યા. (૨) ત્યાં શ્રદ્ધાવાળા અને અતિ શુદ્ધબુદ્ધિવાળા રાજપુત્રો વાઘજી, મૂળજી અને દેશજી પરમ સ્નેહથી શ્રીહરિની સેવા કરતા હતા. (૩) દેવરામ વગેરે બ્રાહ્મણો શ્રીહરિને ભક્તિથી સેવતા હતા અને બીજા ઘણા વૈશ્ય, શૂદ્ર, સ્ત્રીઓ શક્તિ પ્રમાણે ભક્તિપૂર્વક સેવતાં હતાં. (૪) વર્ણિરાજ શ્રીહરિ તે ભાડેરપુરમાં ભાદરવા વદી અમાવસ્યાને દિવસે પિતૃઓને ઉદ્દેશી હજારો બ્રાહ્મણોને યથેષ્ટ ભોજન કરાવતા હતા. (૫) ત્યારબાદ તે દિવસે અપરાહ્ન સમયે મંગળકારિણી સભા થઈ ત્યારે સત્પુરુષોના સ્વામી નારાયણમુનિ સભા મધ્યે દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન થકા શોભતા હતા. (૬) તે પ્રભુના આગળ ત્યાગી એવા મુનિજનો બેસતા હતા અને તેમની સમીપે સર્વ ગૃહસ્થો અને બાઈઓ પોતપોતાની મર્યાદા પ્રમાણે બેસતા હતા. (૭) પ્રૌઢ આકૃતિવાળા, સપ્રમાણ શરીરવાળા, કમળના પત્રસમાન નેત્રવાળા, જાનુ પર્યંત લાંબા બાહુવાળા, મેઘ સમાન શ્યામ શરીરવાળા, મંદહાસ્યયુક્ત મુખારવિંદવાળા, પુષ્ટ અને સ્થૂલ ખભાવાળા, ત્રણ રેખાથી અલંકૃત શંખ સમાન કંઠવાળા, તિલપુષ્પ સમાન નાસિકાવાળા, વિશાળ હૃદયવાળા, ત્રણ રેખાઓથી શોભાયમાન ઉદરવાળા, સૌમ્ય આકૃતિવાળા, ગોળગંભીર ઊંડી નાભિવાળા, ઊંચા અગ્રભાગવાળા ચરણકમળવાળા, લલાટમાં ઊર્ધ્વપુંડ્ર તિલક ધારી રહેલા, કંઠમાં તુલસીની કંઠીવાળા, શ્વેતાંબરધારી, બ્રહ્મચારીવેષથી મનોહર દેખાતા, ભક્તજનોએ ચંદન, પુષ્પમાળા અને તોરા વગેરેથી પૂજેલા તથા જમણા હાથમાં તુલસીકાષ્ઠની માળા ધારી રહેલા એવા શ્રીહરિ સભા મધ્યે શોભતા હતા. (૮-૯-૧૦-૧૧) પોતાના મુખારવિંદમાં જેમણે નેત્રો અર્પણ કર્યાં છે એવા પોતાના ભક્તોને સકળ ઐશ્વર્યસંપન્ન શ્રીહરિ કારુણ્યરસથી ભરપૂર નેત્રોથી ચોતરફ જોતા થકા આનંદિત કરતા હતા. (૧૨) પોતાના

વચનામૃતને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાં તે સકળ ભક્તસમૂહ મૌનથકા બેસી રહ્યા ત્યારે તે નારાયણમુનિ મધુર વચન બોલ્યા. (૧૩)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે સર્વે ત્યાગી-ગૃહી ભક્તજનો ! સર્વે મારું વચન સાંભળો. તમો સર્વે ભક્તજનોનું સર્વ પ્રકારે સદા નિશ્ચે પરમ શ્રેય કરનારું વચન કહું છું. (૧૪) अहिंसा परमो धर्मः । અહિંસા જ પરમ ધર્મ છે એવું વેદોનું શાસન છે માટે સર્વ આશ્રિતોએ હિંસાનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. (૧૫) પોતાનું હિત ઈચ્છનારા ભક્તજનોએ શરીર, વાણી અને મનથી ક્યારેય પણ કોઈપણ પ્રાણીનો દ્રોહ કરવો નહિ. (૧૬) મારા આશ્રિતજનોએ યજ્ઞોમાં પણ દેવોને ઉદ્દેશીને પણ ક્યારેય હિંસા કરવી જ નહિ અને સૌત્રામણિ યજ્ઞમાં પણ સુરાપાન કરવું નહિ. (૧૭) જે દેવ અથવા દેવીને દારૂમાંસનું અર્પણ થતું હોય અને જે દેવ-દેવીની આગળ જીવ હિંસા થતી હોય તે દેવ-દેવીને મારા આશ્રિતોએ માનવાં નહિ. (૧૮) તેવાં દેવ-દેવીનું વ્રત તથા તેના મંત્રનો જપ કરવો નહિ. આપત્કાળ પડ્યા સિવાય ક્યારેય પણ તેવાં દેવદેવીને નમસ્કાર પણ કરવો નહિ. (૧૯) કૌલાગમ વગેરે ગ્રંથો સાંભળવા નહિ અને વાંચવા પણ નહિ. કૌલાગમમાં કહેલો દૈવી સંપ્રદાય વેદબાહ્ય છે એવું તમારે જાણવું. (૨૦) જે મનુષ્યો મેં નિષેધ કરેલું કરે તેવા મનુષ્યોનો પ્રસંગ પણ મારા આશ્રિતોએ આપત્કાળ વિના કરવો નહિ. (૨૧) આજદિનથી આરંભીને જે કોઈપણ માણસો મેં નિષેધ કરેલું આચરણ કરશે તે મનુષ્યોના વંશનો અવશ્ય વિનાશ થશે. (૨૨) મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી મારો અનાદર કરનાર મનુષ્યોના ધનનો નાશ થશે, રાજ્યવિનાશ થશે, લોકમાં પ્રતિષ્ઠાહીન થશે તથા ઘણો અપયશ થશે. (૨૩) નિષેધનું આચરણ કરનારાઓનો એક પણ પુરુષાર્થ (ધર્મ-અર્થ-કામ-મોક્ષ) ક્યારેય પણ સિદ્ધ થશે નહિ. તે પુરુષો મરીને ઘોર નરકમાં પડશે. આમાં જરાપણ સંદેહ નથી. (૨૪)

**સુવ્રતમુનિ કહે છે :**

આ પ્રકારનું શ્રીહરિનું વાક્ય સાંભળી તે શ્રીહરિના જ ચરણકમળના દૃઢ આશ્રયવાળા અને ઉત્તમ બુદ્ધિવાળા વ્યાઘ્રજિત રાજા બંને હાથ જોડી શ્રીહરિને નમસ્કાર કરી કહેવા લાગ્યા. (૨૫) 'હે શ્રીહરે પ્રભો ! અમારા વંશપરંપરાથી ચાલતું આવેલું પ્રતિવર્ષે કરાતું વાર્ષિક નવરાત્રિવ્રત છે તે આવતી કાલ પ્રાતઃકાળથી જ આરંભ થવાનું છે. (૨૬) તો તે નવરાત્રિવ્રત તમારા આશ્રિત એવા અમોએ કરવું કે ના કરવું ? કારણ કે તેમાં કોઈ કોઈ સ્થળે હિંસા અને સુરાપાન જોવામાં આવે છે. (૨૭) માટે અમારા આ સંશયમાં જે યોગ્ય હોય તે તમો કહો. કારણ કે તમો જ ધર્મપ્રવર્તક છો.' આ પ્રકારે તે રાજાએ પૂછેલા અને ન્યાયકર્તા એવા ભગવાન શ્રીહરિ આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૮)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે રાજન્ ! રાજસ અને તામસ દેવદેવીઓ મદિરા અને માંસ ભક્ષણ કરે છે પરંતુ સાત્ત્વિક દેવ-દેવીઓ ક્યારેય પણ સુરામાંસ ભક્ષણ કરતા જ નથી. (૨૯) નવરાત્રિનું વ્રત જે દેવી સંબંધી છે તે

સાત્ત્વિકી દેવી પાર્વતી છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, તપ, યોગ વગેરે ગુણોથી યુક્ત સાત્ત્વિકી દેવી પાર્વતી છે. જેમ લક્ષ્મીજી અને વેદમાતા સાવિત્રી છે. (૩૦) જેના શિવજી પ્રાણવલ્લભ છે એવી પાર્વતીદેવી તો અમારે પૂજ્ય છે. નવરાત્રવ્રત પાર્વતીનું છે એમ તમો જાણો. (૩૧) હે નરાધિપ ! સાત્ત્વિક એવા દેવદેવીઓ સંબંધી વ્રત, પૂજન વગેરે કરવું જોઈએ પરંતુ બીજા રાજસ, તામસ દેવદેવીઓનું વ્રતાર્ચાદિ તો ક્યારે પણ ન જ કરવું. (૩૨) તપમાં પ્રીતિવાળાં અને શિવજીથી યુક્ત એવાં પાર્વતીજીને હિંસા ક્યારે પણ પ્રિય નથી. આથી તેઓની સન્મુખ જે જનો હિંસા આચરે છે તે તો અસુરો જાણવા. (૩૩) હે રાજન્ ! માટે પાર્વતીના નવરાત્રવ્રતમાં ક્યારેક મદ્ય અને માંસ વડે પૂજન યુક્ત એવો કુલાચાર જો હોય તો તેને તમે અધર્મ જ જાણો એ નિશ્ચય વાત છે. (૩૪) જે કુલાચારમાં પ્રાણીવધ થાય, સુરાપાન થાય કે પરદારાસંગરૂપ વ્યભિચાર થાય તે કુલાચાર ધર્મ તો મારા આશ્રિતોએ દૂરથી જ ત્યાગ કરવો જોઈએ. (૩૫) ધર્માભાસ કહેતાં ધર્મની માફક જણાતો કુલાચાર અધર્મ જ છે અને તે અધર્મરૂપ કુલાચારનો ત્યાગ કરવામાં જરાપણ પાપ નથી. શ્રીહરિ કહે છે કે નિષ્પાપ રાજકુમાર ! આ અધર્મરૂપ કુલાચારનો ત્યાગ વેદાદિ સચ્છાસ્ત્રોએ પ્રમાણ કરેલો પરમ ધર્મ જ થાય છે. (૩૬) જેમને મદ્યમાંસ પ્રિય છે એવા ભૈરવાદિ તુચ્છ દેવતાઓ અને દેવીઓ હોય તે તામસ દેવ-દેવીઓનું વ્રતપૂજન કરવું નહિ. (૩૭) મારા આશ્રિત મુમુક્ષુ વૈષ્ણવ એવા તમોએ હિંસાપ્રિય દેવતાઓનું પૂજન વગેરે કરવું તે યોગ્ય નથી. (૩૮) હિંસા અધર્મની પત્ની છે અને અહિંસા ધર્મપત્ની છે. હિંસા અધર્મીજનોને પ્રિય છે તથા અહિંસા ધાર્મિકજનોને પ્રિય છે. (૩૯) માટે ભગવાનના ભક્તોએ તમોગુણી એવા દેવદેવીઓથી ક્યારેય પણ ભય પામવું નહિ. કારણ કે ભગવાન તો કાળમાયાદિકના પણ નિયામક છે. (૪૦) પરંતુ મારા આશ્રિતોએ તામસ એવા દેવ-દેવીઓની નિંદા તો ન જ કરવી તથા તેમાં સેવકોની પણ નિંદા ન કરવી અને શક્તિપંથીઓની સાથે વિવાદ પણ ન કરવો.' (૪૧)

**સુવ્રતમુનિ કહે છે :**

હે નૃપ ! આવી રીતનું શ્રીહરિનું વાક્ય સાંભળી સંશયરહિત થઈ ગયેલા તે વ્યાઘ્રજિત રાજાએ બહુ સારુ કહીને શ્રીહરિની આજ્ઞા મસ્તકે ચડાવી. (૪૨) ત્યારે તે સમયે નારાયણ શ્રીહરિના બ્રાહ્મણ ભક્તજનો ભગવાનને નમસ્કાર કરી પૂછવા લાગ્યા કે હે પ્રભો ! અમારે નવરાત્રવ્રત બાબતમાં થોડુંક પૂછવું છે તો આપ કૃપા કરી સાંભળો. (૪૩) 'હે ભગવન્ ! અમો સર્વે તમારા ચરણકમળના આશ્રિત વૈષ્ણવ ભક્તજનો છીએ તેથી બહુધા તામસ દેવદેવીઓનાં વ્રત વગેરે તો ન જ કરીએ. (૪૪) પરંતુ કેટલાક બ્રાહ્મણો કુલાચારને આધીન થઈને બહારથી તામસ દેવ-દેવી વ્રત કરે છે તે પણ બ્રાહ્મણો હે સ્વામિન્ ! હવે આજ દિવસથી આરંભી તે વ્રત નહિ કરે તે નિશ્ચિત વાત છે. (૪૫) હે જગત્પતે ! પરંતુ તે વ્રતમાં અમારી સર્વેની આજીવિકા છે. માટે ચંદનાદિથી પૂજાપાઠ, દેવીનું સ્થાપન, હોમ વગેરે કરાવવાનું હોય છે. (૪૬) તો પછી હે દેવ ! અમો તે દેવીપૂજન આદિ કરીએ કે ન કરીએ ? તેમાં જે ઉચિત હોય તે તમો અમોને કૃપા કરી કહો.' આ પ્રમાણે કહેતા એવા તે બ્રાહ્મણો પ્રત્યે શ્રીહરિ વચન બોલ્યા : (૪૭) 'હે દ્વિજ ભક્તો ! પોતાની

જીવિકાવૃત્તિ માટે અથવા પરાધીનપણે ચંડિકાદિ દેવીની પ્રતિમાનું પૂજન વગેરે ઉપરથી કરાવવું. (અંતર્વૃત્તિથી નહિ) (૪૮) આપત્કાળમાં પોતાના નિર્વાહનો બીજો ઉપાય જેમને નથી તેવા બ્રાહ્મણોએ તામસ દેવતાઓનું પૂજાદિ આચરણ કર્યું હોય અથવા કરાવ્યું હોય તો તેનું યથાયોગ્ય પ્રાયશ્ચિત કરવું. (૪૯) તે બ્રાહ્મણોએ યજમાન ન જાણે તે રીતે અન્ય નિમિત્તને ઉદ્દેશીને પોતાના દોષની નિવૃત્તિ માટે ચાંદ્રાયણ વ્રત કરવું. (૫૦) જો યજમાન જાણે તો માનથી નાશ પામેલી બુદ્ધિવાળો તે યજમાન પોતાના આશ્રિત બ્રાહ્મણની જીવિકાવૃત્તિ આપેલી હોય તે પાછી લઈ લે માટે ચાંદ્રાયણવ્રત ગુપ્તપણે કરવું. (૫૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરેશ્વર ! આ પ્રકારનું ભગવાનનું વાક્ય સાંભળીને પ્રાપ્ત થયેલ છે આપત્કાળ નિર્ગમનનો ઉપાય જેમને, તેથી ખૂબ જ પ્રસન્ન થયેલા તે બ્રાહ્મણો ફરીથી શ્રીહરિને પૂછવા લાગ્યા. (૫૨)

**બ્રાહ્મણો બોલ્યા :**

'હે હરે ! મહારોગો તથા ભૂતપ્રેતાદિ અને બાલગ્રહ-વૃદ્ધગ્રહ વગેરેથી પીડિત જનોએ તે પીડાની નિવૃત્તિ માટે કયા સ્તોત્રાદિનો પાઠ કરવો ? (૫૩) તથા હે પ્રભો ! દેહાવસાન સમયે શાનો જપ કરવો ? કે જે જપ કરવાથી મહાપાપી જનોની પણ ઉત્તમ ગતિ થાય અને બ્રહ્મધામને પામે. (૫૪) અને હે સર્વેશ્વર ! સકામ અને નિષ્કામ જનોએ પણ જે જપેલું સ્તોત્ર ઇચ્છિત અર્થને આપે તે જપનીય સ્તોત્ર પણ કૃપા કરી કહેવા યોગ્ય છો.' (૫૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપતિ ! તે બ્રાહ્મણોએ આ પ્રમાણે પૂછેલા ભગવાન નારાયણ-મુનિ સર્વ સભામાં રહેલા જનોને વાણી વડે આનંદ ઉપજાવતા થકા કહેવા લાગ્યા. (૫૬)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'હે બ્રાહ્મણો ! તમો મારું વચન સાંભળો અને બીજા પણ સભાજનો મારું વચન સાંભળો. હું સર્વ સ્તોત્રોમાં મુગટ માફક પરમ શ્રેય આપનારું સ્તોત્ર કહું છું. (૫૭) મહાભારતમાં દાન-ધર્મોમાં ભીષ્મપિતામહે યુધિષ્ઠિરને વિષ્ણુસહસ્રનામ કહ્યું હતું તે સ્તોત્રનો જપ કરવો એવો અમારો મત છે. (૫૮) હે દ્વિજોત્તમો ! કેવળ તે સ્તોત્રના જપથી જ સર્વ પુરુષાર્થો સિદ્ધ થશે. માટે મનુષ્યોએ સર્વ કાર્યોમાં આ સ્તોત્ર હંમેશાં જપવું. (૫૯) તથા શ્રીમદ્ ભાગવતમાં કહેવાયેલા, સર્વ ઉપદ્રવનો નાશ કરનારા નારાયણ સ્વરૂપ કવચ(નારાયણ કવચ)નો જપ કરવો. (૬૦) કાર્ય અને ધનસંપત્તિના અનુસારે વિષ્ણુસહસ્રનામ તથા નારાયણ કવચનું પુરશ્ચરણ પુરશ્ચરણ-વિધિ જોઈને કરવું. (૬૧) શાસ્ત્ર પ્રમાણે પુરશ્ચરણ કર્યું હોય તો મનુષ્યોની કાર્યસિદ્ધિ થાય માટે ત્રણ વર્ણના સર્વ જનોએ આ બે સ્તોત્રો જપવા. (૬૨) મારા આશ્રિતોએ આ લોકમાં કોઈપણ કાર્યમાં તાત્કાલિક ફળ આપનારા હોય તોપણ ક્ષુદ્ર દેવના મંત્રો તો ક્યારેય પણ જપવા નહિ. (૬૩) જેમને મદ્ય-માંસ પ્રિય છે એવા રાજસ અને તામસ દેવો મોક્ષના અંકુરો છેદનારા છે. આ દેવોના મંત્રો જપવા નહિ. (૬૪) જે પુરુષો તે મંત્રો જપે છે તે પુરુષો નાના પ્રકારનાં નરકોને ભોગવીને પિશાચપણાને પામે છે અને

સ્ત્રીઓ તે મંત્રો જપે તે ઘણાં નરકો ભોગવીને ડાકણપણાને પામે છે. (૬૫) હે દ્વિજોત્તમો ! માટે સકામ અને નિષ્કામ સર્વજનોએ પણ સર્વ કાર્યમાં હંમેશાં અગાઉ કહેલાં બે સ્તોત્રોનો પાઠ કરવો. (૬૬) અથવા તત્કાળ ફળ આપનાર હનુમાનજીનો મંત્ર બ્રહ્મચર્યવ્રતમાં રહેલા જનોએ શાસ્ત્ર પ્રમાણે પોતાની શક્તિ અનુસાર જપવો.' (૬૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આવું શ્રીહરિનું વચન સાંભળી રાજાએ સહિત તે બ્રાહ્મણો અને સભામાં ઉપસ્થિત અન્ય જનો ભગવાનનું વચન મસ્તકથી ગ્રહણ કરી શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૬૮) હે રાજન્ ! આવી રીતે ભક્તજનોને આનંદ આપતા શ્રીહરિ ભગવાન અન્નકૂટોત્સવ સુધી ભાડેરપુરમાં નિવાસ કરી ત્યાંથી મોડા ગામ જવા નીકળ્યા. (૬૯) સેવકો સહિત શ્રીહરિ માર્ગમાં ભક્તોનાં ગામોમાં એક કે બે દિવસ રોકાતા રોકાતા થોડા દિવસોમાં મોડા ગામને પામ્યા. (૭૦) મોડા ગામના દલજિત નામના ભક્ત મુખ્ય જેમાં છે એવા ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ ભક્તોથી પૂજાયેલા સ્વભક્તોને આનંદ આપનારા સહજાનંદસ્વામી પાંચ દિવસ નિવાસ કરી મોડા ગામથી અલૈયા નામના ગામે પધારતા હતા. (૭૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
તામસદેવ વ્રતાદિનિષેધ નામે સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

●

## અધ્યાય - ૧૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરપતિ ! તે અલૈયા ગામમાં શ્રીહરિ ભગવાન નારાયણજી વગેરે સુથાર ભક્તજનો વડે સારી રીતે પૂજાયા થકા ત્યાંથી શેખપાટ ગામે પધાર્યા. (૧) શેખપાટમાં સર્વેશ્વર શ્રીહરિની, માતા અને પુત્રે સહિત લાલજી નામના સુથાર ભક્તે સારી રીતે પૂજા કરી. ત્યાં કેટલાક દિવસ નિવાસ કર્યો. (૨) ત્યાંથી સેવકો સહિત ભગવાન શ્રીહરિ મહાસુદ ૫-વસંતપંચમીના દિવસે ભાદરા ગામ પધાર્યા. તે ગામમાં શ્રીહરિ મોટો ઉત્સવ કરતા હતા. (૩) ભાદરામાં મૂળશર્મા અને સુંદરશર્મા વગેરે બ્રાહ્મણો તથા વરધાભાઈ, લાધાભાઈ, રતનભાઈ, દેવાભાઈ વગેરે વૈશ્ય ભક્તો શ્રીહરિની સારી રીતે સેવા કરવા લાગ્યા. (૪) તથા વશરામ, રામજી, માવજી વગેરે સુથાર ભક્તો તથા નાથાભાઈ વગેરે શૂદ્ર ભક્તો આદરપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૫) તે ગામમાં દેશાંતરોથી આવેલા ઘણા ભક્તજનો એકત્રિત થયા હતા. તે બધા ખૂબ પ્રસન્નતાપૂર્વક શ્રીહરિની ચંદન, પુષ્પ, ધન વગેરે વડે પૂજન કરતા હતા. (૬) હે રાજન્ ! તે ગામમાં અપરાહ્ન સમયે મોટી સભા થઈ. તે સભામાં આનંદદાતા ભગવાન શ્રીહરિ મધ્યમાં સુંદર પીઠ ઉપર બિરાજમાન થયા. (૭) વર્ણીન્દ્ર શ્રીહરિ પોતપોતાના સ્થાનમાં મર્યાદાપૂર્વક બેઠેલા, પોતાના મુખારવિંદમાં જેમણે પોતાના નેત્રો અર્પણ કર્યા છે એવા ભક્તોને આનંદ આપતા વચન બોલ્યા : (૮) 'હે ભક્તજનો ! સર્વ દેહધારીઓને મોક્ષ પમાડનારી કૃષ્ણભક્તિ તે સત્પુરુષોના સમાગમથી ઉદય થાય છે અને તે

કૃષ્ણભક્તિ અસુરોના સમાગમથી નાશ પામે છે. (૯) માટે મોક્ષની ઈચ્છાવાળા જનોએ અસુરોનો સમાગમ ન જ કરવો જોઈએ. મનુષ્યોમાં તે અસુરોને તેમનાં લક્ષણોથી જાણવા જોઈએ. કેમ કે તે અસુરોની મનુષ્યોથી કંઈ જુદી જાતિ હોતી નથી.' (૧૦) પોતાને હિતકારી એવું ભક્તપતિ શ્રીહરિનું વચન સાંભળી વિપ્રવર્ય મૂલશર્મા શ્રીહરિને પ્રણામ કરી આ પ્રમાણે બોલ્યા. (૧૧)

**મૂલશર્મા બોલ્યા :**

'હે જગત્પતે ! જે અસુરોના સંગનો ત્યાગ કરવાનો તમોએ કહ્યો તે અસુરોનાં લક્ષણો આ સભામાં રહેલા અમો સર્વ ભક્તો યથાર્થ જાણવા ઈચ્છીએ છીએ. (૧૨) હે સ્વામિન્ ! સર્વજ્ઞ તમો અમારા ઉપર કૃપા કરી અસુરોનાં લક્ષણો કહેવા માટે યોગ્ય છો.' આ પ્રમાણે મૂલશર્મા વિપ્રે પ્રેરેલા શ્રીહરિ કહેવા લાગ્યા. (૧૩)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'હે વિપ્ર ! અસુરસંબંધી મુખ્ય લક્ષણ એ છે કે ભગવાન અને ભગવાનના અવતારોનું તથા તેમના ભક્તોનું દ્રોહાચરણ કરવું. (૧૪) અસુરોનું લક્ષણ સ્વાભાવિક જ આ પ્રમાણે તમો જાણો. બહારથી ભક્તિનો આડંબર બીજા જનોને મહાભક્તપણે બતાવે - એ બીજું આસુર લક્ષણ જાણવું. (૧૫) આશ્ચર્યકારી એવાં પણ શ્રીકૃષ્ણ અને તેમના ભક્તોના માહાત્મ્ય ચરિત્રોમાં દોષદૃષ્ટિ કરવી એ પણ બીજું અસુર સંબંધી લક્ષણ જાણવું. (૧૬) પ્રાણીહિંસા અને માંસભક્ષણ - સુરાપાન જેમને પ્રિય છે એવા દેવદેવીઓમાં ઈષ્ટબુદ્ધિ, તેના મંત્રનો જપ, તેનું પૂજન, તેના વ્રતની ક્રિયા, તેવાં દેવદેવીઓના ગ્રંથોનું પઠન-શ્રવણ વગેરેમાં આસક્તપણું અને તેમની દીક્ષા ધારણ કરવી વગેરે અસુરોનાં લક્ષણો છે. (૧૭-૧૮) બુદ્ધિપૂર્વક જીવહિંસા કરવી, માંસભક્ષણ કરવું અને પોતાથી પારકી સ્ત્રી પ્રત્યે ગમન કરવું આ પણ અસુર સંબંધી લક્ષણ જાણો. (૧૯) હે દ્વિજ ! કામ, ક્રોધ, લોભ, અભિમાન, વિદ્યાધનાદિ મદ આ બધાથી જે ઉચ્છ્રંખલપણું તે પણ અસુરનું લક્ષણ જાણવું. (૨૦) રસાસ્વાદમાં લોલુપતા, વર્ણસંકરપણું, (વણખપતું ખાવું), લોકોને દેખાડવા માટે જ પોતાના વર્ણાશ્રમધર્મનું પ્રદર્શન કરવું - આ અસુર સંબંધી લક્ષણ જાણવું. (૨૧) એ આદિ અસુરોનાં લક્ષણો જાણવા યોગ્ય છે તે મેં સંક્ષેપથી કહેલાં છે. જે મનુષ્યોમાં મેં કહેલાં લક્ષણો હોય તેમને અસુર જાણવા. (૨૨) આથી કૃષ્ણભક્ત એવા મારા આશ્રિતોએ આપત્તિકાળ સિવાય તે અસુરોનો સંગ ન જ કરવો. જે જનો તે અસુરોનો સંગ કરશે તે કલ્યાણના માર્ગથી ભ્રષ્ટ થઈ જશે તે નિશ્ચય જાણો.' (૨૩)

**સુવ્રતમુનિ કહે છે :**

આ પ્રકારે શ્રીહરિ નારાયણમુનિનું શિક્ષાવચન સાંભળી મૂલશર્મા વિપ્ર તથા તે સભામાં રહેલા બીજા બધા ભક્તજનો તે શિક્ષાવચન અંગીકાર કરતા હતા. (૨૪) ભગવાન શ્રીહરિ દરરોજ આવી રીતનાં શિક્ષાવચનો વડે પોતાના ભક્તોને બોધ આપતા તે ભાદરા ગામમાં છ દિવસ સુધી વાસ કરી ત્યાંથી સમુદ્રની ખાડી ઊતરવા પ્રયાણ કરતા હતા. (૨૫) નાવ દ્વારા તે સમુદ્રની ખાડીને તરીને ત્યાંથી કચ્છદેશમાં અંજારનગર પધાર્યા. ત્યાં કચરાભાઈ વગેરે બ્રાહ્મણો ખૂબ જ આનંદપૂર્વક

શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. (૨૬) ભાગવતધર્મનું સ્થાપન કરવામાં ઉદ્યમી તથા અધર્મનું મૂળ ઉખેડી નાંખવામાં પાવરધા એવા તે શ્રીહરિ મહાપ્રભુ તે અંજાર નગરમાં કેટલાક દિવસ વાસ કરી ત્યાંથી ભૂજનગર પધાર્યા. (૨૭) ભૂજનગરના નિવાસી ભક્તજનો પોતાના પુરમાં (શ્રીહરિ પધાર્યા હોવાની) વાત સાંભળીને નાના પ્રકારનાં વાજિંત્રોના ધ્વનિની સાથે રથ, ઘોડા, પાલખી વગેરેથી સન્મુખ જઈને શ્રીહરિને જોઈને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૨૮) સર્વેશ્વર એવા તે શ્રીહરિ આવેલા ભક્તજનોનું સન્માન કરી, સાથે આવેલા સ્વશિષ્યોને નાના પ્રકારનાં વાહનોમાં યથાયોગ્ય બેસાડી પછી પોતે સિંધ દેશમાં ઉત્પન્ન થયેલા ઉત્તમ ઘોડા ઉપર બિરાજમાન થઈ તે ભક્તો સાથે તે ભૂજનગરમાં પ્રવેશ કરતા હતા. (૨૯) સર્વનિયંતા શ્રીહરિએ તે પુરમાં સુંદરજીભાઈ નામના સુથારના ભવનમાં પોતાનો નિવાસ કર્યો. પોતાની સાથે આવેલા ભક્તજનોને પુરમાં પોતાના ભક્તોના ઘરોમાં યથાયોગ્ય નિવાસ કરાવ્યો. (૩૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં શ્રીહરિ (મૂળશર્મા-આગળ) અસુર લક્ષણ નિરૂપણ કરી, ભૂજનગર પધાર્યાએ નામે સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

●

## અધ્યાય - ૧૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિના દર્શનમાં ઉત્કંઠાવાળા પુરના જનો જેમનાં અદ્‌ભુત ચરિત્રો સાંભળેલ છે તે નારાયણમુનિને પ્રત્યક્ષ જોઈને પરમ સુખ પામતા હતા. (૧) હે નૃપતે ! ત્યારબાદ પુરના ભક્તો સાવધાનપણે હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા. તે ભક્તોનાં કેટલાંક નામો હું તમોને કહું છું. (૨) તેમાં પ્રથમ પ્રયાગજી વગેરે વિપ્રો અને સુંદરજી, હીરજી, ભગવાનજી, જીવરામ, પ્રાગજી, દેવરામ, ઉત્તમ બુદ્ધિવાળા નારાયણજી, રાઘવજી વગેરે સુથારો, શિવરામ, હરજી, ઉકરડા, વલ્લભજી વગેરે શૂદ્રો, ગંગારામ વગેરે મલ્લો : આ સર્વે ભક્તો અતિ પ્રેમપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા, તથા હે રાજન્ ! પૂજા, અમરી, લાધી, લહરી, સૂરજ વગેરે સ્ત્રીઓ પણ પરમ પ્રેમથી સેવા કરતી હતી. (૩-૪-૫-૬) ભૂજનગરમાં સંવત ૧૮૬૦ના ચૈત્ર સુદી ૯-નવમીને દિવસે શોભાયમાન મહોત્સવ થયો. તે મહોત્સવમાં જુદા જુદા દેશો, પુર અને ગામો વગેરેથી મોટો જનસમુદાય આવ્યો. (૭) હે રાજન્ ! શ્રીહરિ નારાયણમુનિએ સુશોભિત અને વિશાળ મંડપ બનાવરાવી તે મંડપમાં મધ્યાહ્ન સમયે શ્રી રામચંદ્રજી ભગવાનનું વિધિપૂર્વક પૂજન કર્યું. (૮) અને તે દિવસે સર્વ ત્યાગી, ગૃહીજનો તથા સ્વયં શ્રીહરિ અને બીજા જનો પણ ઉપવાસ અને રાત્રિમાં જાગરણ કરતા હતા. (૯) શ્રીહરિ પૂર્ણકામ છે તોપણ પૃથ્વી ઉપર ધર્મમર્યાદા સ્થાપવા માટે રામચંદ્રજીનું પૂજન કરી સાધુઓ અને બ્રાહ્મણોનું પૂજન કરવા લાગ્યા. (૧૦) ત્યારબાદ બપોર પછી અપરાહ્ન સમયે સભામાં સુવર્ણના સિંહાસન ઉપર બિરાજમાન એવા તે શ્રીહરિને નમસ્કાર કરી સર્વ ભક્તજનોએ શ્રીહરિની પૂજા કરવાનો આરંભ કર્યો. (૧૧) વેદ-શાસ્ત્રોમાં વિશારદ એવા બ્રાહ્મણોત્તમ પ્રાગજીભાઈ તે શ્રીહરિને પ્રણામ કરી ચંદન, પુષ્પ અને નવીન વસ્ત્રો

વગેરેથી પૂજા કરતા હતા. (૧૨) પ્રયાગજી વિપ્ર પૂજા કરી શ્રીહરિને જોતા હતા તે સમયે જ સમાધિ થઈ. તે સમાધિમાં અક્ષરબ્રહ્મના પ્રકાશમાં વર્ણિવેશવાળા આ શ્રીહરિનું દર્શન કરવા લાગ્યા. (૧૩) પછી ક્ષણાંતે ગોલોક ધામમાં તે શ્રીહરિને કૃષ્ણસ્વરૂપે જોતા હતા અને વળી ફરી પાછા વર્ણિવેશે જોઈને શ્રીહરિના સંકલ્પથી સમાધિમાંથી ઊભા થયા. (૧૪) શ્રીહરિના ચરણકમળમાં દ્દઢ આશ્રયવાળા અને તે પ્રયાગજી વિપ્રે બંને હાથ જોડી અતિ સ્નેહપૂર્વક શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૧૫)

**પ્રયાગજી બોલ્યા :**

'હે કૃપાનાથ ! તેજોમય દિવ્ય ગોલોકધામમાં રાધિકાજી તથા અન્ય ગોપિકાઓ સાથે સદા વિલાસ કરનારા અને વાંસળી વગાડનારા એવા તમોને હું નમસ્કાર કરું છું. તમો પ્રસન્ન થાઓ. (૧૬) વળી હે શ્રીહરે ! વાસુદેવ શ્રીકૃષ્ણ એવા તમોને નમસ્કાર હો. હે કૃપાનાથ ! વાસુદેવ શ્રીકૃષ્ણ એવા તમોને સ્વાશ્રિતજનોને ઉત્તમ બુદ્ધિ આપનાર, ભક્તોની રક્ષા માટે હંમેશાં ઉદ્યમવાળા એવા તમોને મારા વારંવાર નમસ્કાર હો. (૧૭) ભક્તિ અને ધર્મના પુત્ર, ભક્તજનોના દુઃખ હરનારા, મહાવર્ણિનો વેશ ધારણ કરનારા, ધર્મના એક રક્ષક એવા તથા અધર્મવંશને મૂળમાંથી ઉખેડી નાખનાર તમોને નમસ્કાર હો. તમો પ્રસન્ન થાઓ. (૧૮) દેવો અને દેવેન્દ્રથી વંદન કરાયેલા તમોને નમસ્કાર છે, બ્રહ્માજી અને મહાદેવજીએ પૂજેલા તથા અનેક બ્રહ્માંડોના આધારભૂત એક એક રોમ જેમનું છે એવા હે કૃપાનાથ ! તમને નમસ્કાર હો ! તમે પ્રસન્ન થાઓ. (૧૯) લોકોનું પાલન કરનારા અને લોકોના સ્રષ્ટા પણ તમે જ છો. સુખ ઈચ્છનારાઓએ સર્વદા ચિંતન કરવા યોગ્ય છો. સર્વ ભૂતપ્રાણી માત્ર ક્ષર અને કૂટસ્થ અક્ષર થકી જે સર્વોત્તમ પુરુષ પુરુષોત્તમ તમે જ છો. હે કૃપાનાથ ! તમોને નિત્ય નમસ્કાર હો. તમો પ્રસન્ન થાઓ. (૨૦) હે કૃપાનાથ ! તમોને નમસ્કાર હો. તમે પ્રસન્ન થાઓ. તમો જ પોતાના ભક્તોનું રક્ષણ કરવા માટે મત્સ્ય-કૂર્મ-વરાહ-નૃસિંહ-વામન-પરશુરામ-રામચંદ્ર તથા કૃષ્ણાવતાર ધારણ કરનારા છો. (૨૧) હે હરે ! પ્રત્યેક યુગમાં અધર્મના વિનાશ માટે ધર્મની પ્રવૃત્તિ માટે અવતારો ધારણ કરો છો. તમો સ્વતંત્ર છો તો પણ એકાંતિક ભક્તોને આધીન થકા વશ વર્તો છો એ નિશ્ચય વાત છે. હે કૃપાનાથ ! મારા તમને નમસ્કાર હો. તમો મારા ઉપર પ્રસન્ન થાઓ. (૨૨) હે હરે ! જેમ બાળકોનો પિતા તે બાળકોનું હિત જ કરે, જેમ સખા પોતાનું મિત્રનું સદા હિત જ કરે છે તેમ જ તમો પણ વિના પ્રેરે મારું હિત કરવાને યોગ્ય છો. હે કૃપાનાથ ! તમો મારા ઉપર પ્રસન્ન થાઓ અને તમોને સર્વદા મારો નમસ્કાર હો.' (૨૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આવી રીતે સ્તુતિ કરતા પ્રયાગજી વિપ્રને શ્રીહરિએ તેમની સ્તુતિથી પ્રસન્ન થયેલ પુરાણમાં નિપુણ જાણીને પુરાણાદિ વાંચવા માટે પોતાના સમીપમાં રાખ્યા. (૨૪) પછી રાજાને યોગ્ય ઘરના વૈભવવાળા, શિલ્પકળામાં તો વિશ્વકર્મા સમાન, ભૂજના રાજાના મંત્રી, શ્રીહરિની એકાંતિક ભક્તિમાં અંબરિષની ઉપમાવાળા સુંદરજીભાઈએ શ્રીહરિની પૂજા કરી. (૨૫) સુગંધી

ચંદન પુષ્પના હારો, શેખરો, નાના પ્રકારનાં ઉત્તમ વસ્ત્રો અનેકવિધ આભૂષણો વડે શ્રીહરિનું પૂજન કર્યું. (૨૬) ત્યારપછી તે શ્રીહરિની આગળ હજારો સુવર્ણમુદ્રાઓ અર્પણ કરી. પત્ની, પુત્ર અને ભાઈઓની સાથે સુંદરજી શ્રીહરિની આરતી ઉતારતા હતા. (૨૭) ત્યારબાદ બે હાથ જોડી તે સુંદરજી શ્રીહરિને પ્રણામ કરી અત્યંત દર્શનીય તે પ્રભુજીને જોતા થકા આનંદથી પરિપૂર્ણ થઈ ગયા. (૨૮) હે રાજન્ ! તે સુંદરજીભાઈ શ્રીહરિને જોતા સતા અચાનક જ અસંપ્રજ્ઞાત સમાધિને પામી ગયા. સમાધિમાં મોટું તેજ જોયું અને તે તેજમાં વર્ણીવેષ શ્રીહરિનું દર્શન કરતા હતા. (૨૯) પછી તે સુંદરજીભાઈ બ્રહ્મતેજમાં ગોલોકનું દર્શન કરતા હતા. તેમાં રાસમંડળમાં મુરલી વગાડતા શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીહરિનું દર્શન કરતા હતા. (૩૦) તે પછી શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીહરિને જ અવ્યાકૃત ધામમાં આઠ ભૂજાઓવાળા અને શેષનારાયણરૂપ પલંગ પર શયન કરેલા એવા દર્શનીય ભૂમાપુરુષ ઈશ્વરનું દર્શન કરતા હતા. (૩૧) ત્યારબાદ અમૃત નામના શ્વેતદ્વીપમાં નિરન્ન એવા શ્વેતમુક્તોના સમૂહોએ સેવા કરાયેલા મહાપુરુષરૂપી શ્રીહરિને જોતા હતા. (૩૨) પછી વૈકુંઠલોકમાં લક્ષ્મીજીએ સેવાયેલા વિષ્ણુરૂપે શ્રીહરિને જોતા હતા. ક્ષીરસાગરમાં શેષશાયી યોગશ્વરરૂપે શ્રીહરિને જોતા હતા. (૩૩) અગ્નિમંડળમાં સ્રુક સ્રુવાદિ યજ્ઞોમાં ઉપકરણોથી જણાતા યજ્ઞનારાયણરૂપે શ્રીહરિને સમાધિમાં સુંદરજીએ જોયા. સૂર્યના મંડળમાં હિરણ્યમય પુરુષરૂપે તેમને જોયા. (૩૪) પછી બદરિકાશ્રમમાં શ્રીહરિને નરનારાયણરૂપે જોયા, ત્યારપછી પ્રથમની પેઠે સુંદરજીએ વર્ણિવેશવાળા શ્રીહરિને જોયા. (૩૫) પછી શ્રીહરિનું સમગ્ર ઐશ્વર્યયુક્તપણે મહાસમર્થ શ્રીહરિના જોવા માત્રથી સમાધિમાંથી બહાર આવેલા સુંદરજીભાઈ શ્રીહરિને સર્વકારણ જાણીને સાષ્ટાંગ પ્રણામ કરી અત્યંત હર્ષપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. (૩૬)

**સુંદરજીભાઈ બોલ્યા :**

'હે ગોલોકધામના અધિપતિ ! હે સર્વથી પર પરમેશ્વર ! હે કૃષ્ણ ! હે ભગવન્ ! તમો કાળમાયાના નિયંતા છો. માટે જ સર્વના નિયંતા, અક્ષરથી પણ પર, દિવ્ય આકૃતિવાળા, સ્વપ્રકાશ, સર્વાત્મા, અણિમાદિ સર્વ ઐશ્વર્યોએ સેવા કરાયેલાં છે ચરણકમળ જેમનાં એવા પુરુષોત્તમ, ભક્તજનોને ઈચ્છિત ફળ આપવામાં કલ્પતરુ વર્ણિવેશવાળા તમોને સર્વદા નમસ્કાર કરું છું. (૩૭) હે હરે ! અવ્યાકૃત ધામમાં તમો ભૂમા છો, અમૃતપદ કહેતાં શ્વેતદ્વીપમાં તમે મહાપુરુષ છો, વૈકુંઠમાં તમે વિષ્ણુરૂપે છો, ક્ષીરસાગરમાં તમો યોગેશ્વર છો, અગ્નિમંડળમાં તમો યજ્ઞનારાયણ છો, સૂર્યમંડળમાં તમો હિરણમય પુરુષ છો, પૃથ્વી ઉપર તમો બદ્રિકાશ્રમમાં નરનારાયણ છો. (૩૮) માયા-કાળ-યમાદિના ભયને નાશ કરવામાં જેમનો આશ્રય મહાન છે એવા તમો તે તે ધામોમાં જે સમગ્ર શક્તિઓ, પાર્ષદો, ઐશ્વર્યના સમૂહોએ સહિત આ ભૂતળમાં સ્વાશ્રિત જનોના કલ્યાણ માટે કરુણા કરી મનુષ્ય આકારે ઉત્પન્ન થયા છો. પોતે જ પરમ દયાથી કરાવેલા સમાધિયોગમાં પોતાના આશ્રિત જનોને પોતાના નાના પ્રકારના દિવ્ય આકાર બતાવતા તમો સર્વોત્તમપણે શોભો છો.' (૩૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે સ્તુતિ અને નમસ્કાર કરી ઉદાર બુદ્ધિવાળા સુંદરજીભાઈ પોતાનાં બંધુ અને પુત્રાદિ પરિવારે સહિત જુદી જુદી યથાવિધિ શ્રીહરિની પૂજા કરતા હતા. (૪૦) સાક્ષાત્ જોયેલ છે શ્રીહરિજીનો પ્રતાપ જેમણે એવા તે સુંદરજી વગેરે ભક્તો ચંદન-પુષ્પ વગેરે મોટા મોટા ઉપચારો વડે અતિ ભાવથી પૃથક્ પૃથક્ તે શ્રીહરિની પૂજા કરી સ્તુતિ કરવા લાગ્યા. (૪૧) હે હરે! સચ્છાસ્ત્રથી વિરુદ્ધ એવા નાસ્તિક મતનું ખંડન કરનારા, ભગવદ્‌ભજનથી શુદ્ધબુદ્ધિનાં ધર્મ-જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય વગેરે સદ્‌ગુણોથી શોભાયમાન, ક્રોધે સહિત લોભનો તાડનપૂર્વક નાશ કરનારા, રસમાં આસક્તિને ભેદનારા, કુસંગીનો સંગ કરનારને શિક્ષા કરનારા, સદા અભિમાનીજનોને નિંદા સહિત ઠપકો આપનારા, વામ વગેરે અસન્માર્ગોને બાળનારા, કામે સહિત મોહનો મૂળ સહિત નાશ કરનારા હે સત્પુરુષોના પતિ ! બ્રહ્માંડના કારણ, શરણે આવેલા જીવોને તારનારા, સ્વાશ્રિત જનોના અંતઃશત્રુઓને મારનારા, સમગ્ર ધર્મને ધારણ કરનારા, સ્વભક્તોના ષડૂર્મિજન્ય દુઃખોનું નિવારણ કરનારા, વિકારમાં કારણભૂત પંચ ગ્રામ્ય વિષયોનું નિવારણ કરનારા, કૃપારસને વિસ્તારનારા, ત્રિવિધ તાપનો નાશ કરનારા એવા તમોને વારંવાર નમસ્કાર કરું છું. (૪૨-૪૩) હે ધર્મધુરંધર ! સારી રીતે નમતી ગ્રીવાવાળા વર્ણીન્દ્ર મુકુંદાનંદે સેવન કરાતા એવા હે શ્રીહરે ! સુંદરજીના સુંદર ભુવનમાં વાસ કરનારા ! હે સુખાધિપતે ! તમો જયકારી પ્રવર્તો. જયકારી પ્રવર્તો. હે લોકોથી વિલક્ષણ જ્ઞાનોપદેશ આપનારા ! તથા વિવેકી જનોએ જ લક્ષિત કર્યું છે સ્વરૂપ જેમનું એવા હે પ્રભો ! ભક્તોનું ખૂબ જ રક્ષણ કરનારા ! હે કમળપત્ર લોચન ! હે ગજસમાન ગતિવાળા ! તમો જય પામો, જય પામો. હે મદરહિત સંતજનોને આનંદદાયક! સુખને આપનારી વંદના છે જેમની એવા, નાશ પમાડ્યાં છે બંધનો જેમણે એવા, પાપકર્મોને વિનાશ કરનારા, સન્માર્ગોનું પોષણ કરનારા, સાધુપુરુષોને શોભાવનારા, દૂષણોથી હંમેશાં રહિત, સાધુજનોમાં હંમેશાં મનની પ્રીતિવાળા અથવા નિરંતર સ્વસ્વરૂપમાં પ્રીતિવાળા હે હરે ! તમો જયકારી પ્રવર્તો, જયકારી પ્રવર્તો. (૪૪) હે કષ્ટ વિનાશક ! હે ત્રણે કાળમાં વર્તનારા અને માયાના અંજન રહિત ! મુક્ત પુરુષોને પ્રસન્ન કરનારા ! સુંદર નેત્રકમળવાળા પ્રભો ! બહુજનોને સંસારથી મુકાવનારા હે મુક્તપતે ! તમો જય પામો. જીવોની ઉપર દયા કરનારા, જ્ઞાનોપદેશથી ચંદ્રની પેઠે આનંદ આપનારા, યોગમાર્ગની વિવિધ યુક્તિઓને ધારણ કરનારા, પોતાના એકાંતિક ભક્તોમાં મહાપ્રીતિવાળા, પોતાના અતિશય લાવણ્યથી કામદેવના મનને હરનારા, સ્વાશ્રિતજનોના નિયામક, તમો જય પામો, જય પામો. મૂર્ખ જનોને ખેદ કરનારા, દંભી જનોને ભેદનારા, પાપરૂપ અધર્મનો નાશ કરનારા, વર્ણાશ્રમના ધર્મોને પ્રકાશ કરનારા, સ્વભક્તોને ઇચ્છિત આપનારા, નાના પ્રકારના દિવ્ય ભોગોના પતિ એવા શ્રીહરે ! તમો જયકારી પ્રવર્તો, જયકારી પ્રવર્તો. નિરંતર પ્રાપ્ત થયેલા ઈન્દ્રાદિક દિગ્પાલોએ સારી રીતે નમસ્કાર કરાતા એવા બ્રહ્માદિકોએ પણ વંદન કરાતા તથા નંદિત પંડિત ! કહેતાં દક્ષિણાદાન, ભોજનદાન અને સંશયછેદન વગેરે વડે આનંદિત કરેલા છે વિદ્વાનજનો જેમણે તથા ખંડન કર્યા છે

ભક્તોના સંશયો જેમણે એવા હે મુક્તિપતે ! એટલે કે ચાર પ્રકારની મુક્તિઓના સ્વામી એવા તમો જયકારી પ્રવર્તો, જયકારી પ્રવર્તો. (૪૫) હે શ્રીહરે ! તમો મારા ઉપર પ્રસન્ન થાઓ. તમારા ચરણાવિંદમાં હું નમસ્કાર કરું છું. તે ચરણકમળ કેવું છે ? જે પૂર્ણચંદ્ર મંડળ સમાન જે નખ પ્રભામંડળ તેની પંક્તિમાં શોભાયમાન એવા જે શ્વેતકિરણો તેની કાંતિ વડે નાશ કરેલ છે સ્વભક્ત હૃદયોના અંધકાર જેણે એવું તથા કલ્યાણનું એક મુખ્ય સ્થાન તથા વિકસિત ઊર્ધ્વરેખાવાળું એવું તમારું ચરણયુગલ તેમાં હું પ્રણામ કરું છું. (૪૬)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! આ પ્રકારે સાધનસંપત્તિ વિના પણ ઐહિક ભોગ અને મોક્ષને આપનારા શ્રીહરિની સ્તુતિ કરી ભક્તિભાવપૂર્વક તેમને પ્રણામ કરી તે સુંદરજી આદિ પરિવાર બેસી જતા હતા. (૪૭) ત્યારબાદ સર્વ ગૃહસ્થજનો પણ પોતપોતાના સામર્થ્ય પ્રમાણે વસ્ત્ર, આભૂષણ, ધનાદિ વડે શ્રીહરિની પૂજા કરતા હતા. (૪૮) ભક્તોજનો પૂજા કરી શ્રીહરિની મૂર્તિ સામું જોતા હતા ત્યારે તે સર્વ ભક્તજનો પણ શ્રીહરિની કૃપાના બળથી તે જ ક્ષણે સમાધિને પામી જતા હતા. (૪૯) તે સમાધિમાં ગોલોકાદિ દિવ્ય ધામોમાં રહેલા સચ્ચિદાનંદ દિવ્ય વિગ્રહ સાક્ષાત્ તે શ્રીહરિને જ જોતા હતા. (૫૦) તે સમયે સર્વ ભક્તો સર્વોત્તમ સમાધિમાં શ્રીહરિના દર્શનના સુખનો અનુભવ કરી સમાધિમાંથી ઊઠીને શ્રીહરિને આ પરમેશ્વર જ છે એવો સંશયે રહિત નિશ્ચય કરતા થકા શ્રીહરિના ચરણકમળમાં દ્દઢ આશ્રયવાળા થયા. (૫૧) પછી સર્વે ભક્તો બંને હાથ જોડી શ્રીહરિના મુખકમળને જોઈને ચિંતામણિની પેઠે ભક્તજનોના મનોરથને પૂર્ણ કરનાર શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા. (૫૨) 'હે વિભો ! ધન, વસ્ત્ર, આભૂષણ, ઘર વગેરેની તૃષ્ણારૂપ જે પાણીના આવર્તો તેમાં ભમતા એવા પુત્ર, કલત્ર, મિત્રરૂપ મઘરોના મંડલને ખેંચનાર તથા છ અંતઃશત્રુઓ રૂપ જે ઊંચા ઊંચા તરંગો તેમાં પાડીને ડુબાડતો એવો તથા મનુષ્યદેહરૂપ નાવ જેમાં છે એવા સંસારસાગરમાં ખેદ પામતા જન માટે તમો જ કર્ણધાર નાવિક છો. (૫૩) હે હરે ! અતિ ભયંકર યમના દૂતો દેહાવસાન સમયે એકવાર જેના નામ માત્ર - સ્વામિનારાયણ ઉચ્ચારણ કરતાં જનને પરિત્યાગ કરી દૂર જાય છે. એટલા માટે સત્પુરુષોએ આદર કરેલા એવા તમોને જ અમો નમસ્કાર કરતા સતા ભજીએ છીએ. હે શ્રીહરે ! તમો જય પામો અને અધમ જનોનો તમે ઉદ્ધાર કરો.' (૫૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે પોતાના સ્વામિની સ્તુતિ કરી પ્રાપ્ત કરેલ છે અતિશય આનંદ જેમણે એવા તે સર્વ ભક્તો આદરપૂર્વક તે પ્રભુને નમસ્કાર કરી બેસી ગયા. (૫૫) ત્યારબાદ શ્રીહરિ ભક્તોએ પોતાને અર્પણ કરેલ જે વસ્ત્ર, આભૂષણ, ધન વગેરે સર્વ વસ્તુઓ તે જ સમયે બ્રાહ્મણોને આપી દેતા હતા. (૫૬) તે વસ્ત્રધનાદિનું દાન જોઈ તે શ્રીહરિના દ્વેષી એવા અસુરો પણ વિસ્મય પામી ગયા અને અસુરો આમને કોઈક ઈષ્ટદેવ વશમાં છે એવા આ કોઈ મહાપુરુષ છે એમ જાણવા લાગ્યા. (૫૭) ત્યારબાદ શ્રીહરિએ પ્રભાતે હજારો બ્રાહ્મણો અને ત્યાગીજનોને જમાડ્યા અને બ્રાહ્મણોને

અઢળક દક્ષિણાઓ આપી. (૫૮) હે પૃથ્વીપતિ રાજન્ ! આ પ્રકારે ભૂજનગરવાસી ભક્તજનો ક્ષમા અને દયાના સાગર એવા સાક્ષાત્ પુરુષોત્તમના દર્શન, પૂજન, સેવન અને વાર્તા શ્રવણ આદિ વડે કરી પોતાનો મનુષ્યજન્મ સાર્થક કરતા હતા. (૫૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં રામનવમીના ઉત્સવ ઉપર સુંદરજી વગેરેએ શ્રીહરિની સ્તુતિ કરી એ નામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

●

## અધ્યાય - ૧૯

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! તે ભૂજનગરમાં ત્યાંના રાજાના કારભારી કુબેરજી, જગજીવનરામ અને રામચંદ્ર નામે પ્રખ્યાત એવા ત્રણ બ્રાહ્મણો હતા. (૧) કુબેરજી વગેરે ત્રણેય સગા ભાઈઓ દેવી ભક્તોમાં અતિ મોટા, મહાન ધન સંપાદન કરેલા, મદથી ઉન્મત્ત થયેલા, મહાન અભિમાનવાળા, હિંસાપ્રધાન યજ્ઞો જેમને પ્રિય છે એવા અધમ હતા. (૨) તે ત્રણેમાં મોટા કુબેરજી રાજાને પણ દુર્લભ એવી મોટી મોટી સામગ્રીઓ સંપાદન કરી સોમયાગ તથા સૌત્રામણી યાગ કરવાનો આરંભ કરતા હતા. (૩) કુબેરજીએ બોલાવેલા, યજ્ઞવિધિમાં પ્રવીણ, સર્વશાસ્ત્રોને જાણનારા બહુશ્રુત બ્રાહ્મણો તે યજ્ઞમાં વિવિધ દેશાંતરોથી આવતા હતા. (૪) તે કુબેરજી શ્રી નારાયણમુનિને અતિ અધિક પ્રતાપવાળા અને વેદ શાસ્ત્રાર્થના પારને પામેલા જાણી તેમને પણ યજ્ઞમંડપમાં પધારવા આમંત્રણ આપતા હતા. (૫) 'વિના બોલાવે પણ માણસો યજ્ઞ પ્રસંગે ગમન કરે ત્યારે આમંત્રેલા જન તો યજ્ઞપ્રસંગે ગતિ કરે તેમાં કહેવાનું જ શું હોય ?' આ સ્મૃતિવાક્યને અનુસરી સ્વયં શ્રી સહજાનંદસ્વામી પોતાના શિષ્યો સહિત તે યજ્ઞમંડપમાં પધાર્યા. (૬) યજમાન કુબેરજી શ્રીહરિનો યથાયોગ્ય આદર કરી ઉત્તમ આસન ઉપર બેસાડી પ્રણામ કરી તે શ્રીહરિ આગળ બેઠા. (૭) મુનિ કહે છે : હે રાજન્! દેશાંતરથી આવેલા તથા તે કચ્છ દેશમાં રહેલા તથા અગ્નિ સમાન ક્રાંતિવાળા સમગ્ર પંડિતો શ્રીહરિને નમસ્કાર કરી તેમની આગળ બેસતા હતા. (૮) તે સભામાં બધા યથાયોગ્ય બેસી ગયા ત્યારે તે કુબેરજી શ્રીહરિને પ્રણામ કરી બન્ને હાથ જોડી વાક્ય બોલ્યા. (૯)

**કુબેરજી બોલ્યા :**

'હે સ્વામિન્ ! તમો નૈષ્ઠિકેન્દ્ર વેદશાસ્ત્રના અર્થોના પારંગત છો માટે યજ્ઞની સમાપ્તિ પર્યંત આ નગરમાં નિવાસ કરવા યોગ્ય છો. (૧૦) હું યજ્ઞસમાપ્તિ પર્યંત અન્નાદિક વડે સેવકો સહિત તમારી સેવા કરીશ. મહાયજ્ઞમાં તમારા સરીખા પુરુષો આભૂષણોરૂપ થાય છે. (૧૧) હે વર્ણિન્ ! આ યજ્ઞમાં વેદ આગમને જાણનારા કુલીન અને ઉત્તમ પાત્રભૂત બ્રાહ્મણો નાના પ્રકારના દેશોથી આવેલા છે. (૧૨) તેમાં કેટલાક બ્રાહ્મણો કાશીનિવાસી, કેટલાક દ્રાવિડ દેશના તો કેટલાક દાક્ષિણાત્ય કેટલાક ગૌડ દેશના અને કેટલાક ગુજરાત દેશના છે. (૧૩) આથી હે ઉત્તમ બુદ્ધિવાળા વર્ણિન્ ! તમો પણ સ્થિર મનવાળા થઈ આ નગરમાં નિવાસ કરો. અમારી સૌની એ જ ઇચ્છા છે.' (૧૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! કુબેરજીનું આવું વચન સાંભળીને તે યજ્ઞમાં બાંધેલા, વધ કરવા યોગ્ય, ઊંચેથી બૂમો પાડતા ઘણા બકરાઓ જોઈને દયાળુ શ્રીહરિ બોલ્યા. (૧૫)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'હે વિપ્ર ! કુબેરજી ! તમારા નાનાભાઈઓ સહિત તમો મારું વાક્ય સાંભળો બીજા પણ વિદ્વાન બ્રાહ્મણો સાંભળો, હું ધર્મપરાયણ એવા તમારા માટે હિતકારી વાક્ય કહું છું. (૧૬) સજ્જન પુરુષ સભામાં ન જાય અને કદાચ જો સભામાં જાય તો સત્ય કહે. જાણવા છતાં ન બોલે અથવા વિપરીત બોલે તો પાપી થાય. આથી હું સત્ય કહીશ. (૧૭) સર્વ બ્રાહ્મણો તથા સાત્ત્વિક મનુષ્યોને સાક્ષાત્ પશુની હિંસા રહિત યજ્ઞ જ યોગ્ય છે. વિશેષપણે ધાર્મિક બ્રાહ્મણોને યોગ્ય છે. (૧૮) હે દ્વિજોત્તમ ! હિંસા સહિત યજ્ઞમાં યજ્ઞનું શેષ માંસનું ભક્ષણ થાય તે ધાર્મિક બ્રાહ્મણોને યોગ્ય નથી. (૧૯) બૂમો પાડતા પશુનો બળપૂર્વક વધ અને તેમની ચામડીનું વિદારણ એ બંને બાબતો દયાળુ બ્રાહ્મણોએ તો જોવા માટે પણ અશક્ય છે. (૨૦) હે કુબેરજી ! આ બધા બ્રાહ્મણો સુપાત્રો છે એમ તમો કહો છો તો એ સુપાત્ર બ્રાહ્મણો રાક્ષસોની પેઠે તે હિંસામય યજ્ઞકર્મ કેમ કરી શકશે ? એ તો અતિ અયોગ્ય કહેવાય. (૨૧) અને પશુહિંસા કરવાથી તો બ્રાહ્મણોનું પાત્રપણું તથા બ્રાહ્મણત્વ પણ નાશ પામી જશે. વૃત્તં કહેતાં સત્યાદિ સદાચરણ વિના તો બ્રાહ્મણત્વ અને પાત્રપણું એ બંને બહુ શાસ્ત્રના અધ્યયન વગેરેથી થાય નહિ. (૨૨) હે વિપ્ર ! આ વિષયમાં હેમાદ્રિસૂરિ નામના પંડિતે ઘણાં એવાં શ્રુતિ વાક્યો અગ્નિપુરાણમાંથી ઉદ્ધૃત કરેલાં છે તે પૈકી કેટલાંક વાક્યો હું તમોને કહું છું. (૨૩) હે રાજન્ ! દ્વિજપણાનું કારણ જાતિ નથી, ઉત્તમ કુળ નથી, સ્વાધ્યાય એટલે કે વેદાંદિ પાઠ નથી, શાસ્ત્રપઠન નથી પરંતુ વૃત્ત એટલે કે સદાચાર જ કારણ છે. (૨૪) સારા વૃત્તરહિત માટે જ દુરાત્મા પુરુષનું કેવળ કુળમાત્ર શું કરશે ? સુગંધિમાન પુષ્પોમાં સૂક્ષ્મ કીડાઓ શું ઉત્પન્ન થતા નથી ? (૨૫) હે વિશાંપતે ! કેવળ એક અધ્યયન જ મુખ્યપણે પાત્રતામાં ન ગ્રહણ કરવું જોઈએ. હે તાત ! પાત્રતામાં વૃત્તનું જ અન્વેષણ કરવું જોઈએ. કેવળ પઠનથી પાત્રતા નથી, વેદાધ્યયન શું રાક્ષસો નથી કરતા ? વેદ જાણેલા પણ રાક્ષસ નામથી પ્રસિદ્ધ થયેલા છે, બ્રાહ્મણ નામથી થયા નથી. (૨૬) નટની માફક વેષમાત્રથી હિંસાદિ પાપયુક્ત મનવાળા બ્રાહ્મણને ઘણા શાસ્ત્રાધ્યયનથી પણ શો અર્થ છે ? કંઈ પણ નથી. માટે જે બ્રાહ્મણ સત્યાદિ વૃત્તોનું આચરણ કરે છે તે બ્રાહ્મણે શાસ્ત્રાધ્યયન કર્યું જ છે. (૨૭) જેમ સ્વતઃ પવિત્ર જળ મનુષ્યની ખોપરીમાં ભરેલું તથા પવિત્ર દૂધ કૂતરાના ચામડાના પાત્રમાં ભરેલું જેમ સ્થાનાદોષથી દૂષિત થાય છે તેમ પુરુષમાં સદાચાર રહિત બહુજ્ઞાતાપણું પણ દૂષિત જ થાય. (૨૮) ભીષ્મપિતામહનું વચન છે કે હે યુધિષ્ઠિર રાજન્! એક સદાચાર જ તમો બ્રાહ્મણનું લક્ષણ જાણો. ચારે વેદનો ભણેલો પણ દુષ્ટ આચરણવાળો બ્રાહ્મણ હોય તો તેને શૂદ્રથી પણ હલકો ઋષિમુનિઓએ કહેલો છે. (૨૯) હે રાજેન્દ્ર ! સત્ય-ઈન્દ્રિયનિગ્રહ-તપ-દાન-અહિંસા-ભોગનો સંકોચ એ ગુણો જેનામાં હોય તેને મુનિજનોએ બ્રાહ્મણ કહેલો છે. (૩૦) હંમેશાં અહિંસામાં પ્રીતિવાળો, પ્રતિદિન અગ્નિમાં હોમ કરનારો, એક

પત્નીવ્રતવાળો, યથાશક્તિ દાન આપનારો એવા પ્રકારનો જે હોય તે જ બ્રાહ્મણ કહેવાય છે. (૩૧) સત્ય, દાન, ક્ષમા, શીલ, અક્રૂરપણું, દયા અને અનિંદા આટલા ગુણો જે બ્રાહ્મણમાં દેખાય છે, દેવો તેને બ્રાહ્મણ કહે છે. (૩૨) તપ, વર્ણાશ્રમને યોગ્ય સદાચાર, ધર્મ, દમ, દાન, સત્ય, શૌચ, શાસ્ત્રાધ્યયન, દયા, વિદ્યા, વિનય, અસ્તેય, તપ વગેરે બ્રાહ્મણનાં લક્ષણ છે. (યમ અને શાતાતપમુનિ) (૩૩) (વસિષ્ઠ મુનિ કહે છે.) યાગ, તપ, દાન, સત્ય, શૌચ, શાસ્ત્રાધ્યયન, ઘૃણા, શાસ્ત્રજન્ય જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિક્ય આ બધું બ્રાહ્મણોનું લક્ષણ છે. (૩૪) જે ક્ષમાવાળા અને ઇન્દ્રિયનિગ્રહવાળા છે, જેમના કાન શાસ્ત્ર-શ્રવણથી પરિપૂર્ણ છે, પ્રાણીના વધથી નિવૃત્તિ પામેલા છે, દાન ગ્રહણમાં જેમના હાથ સંકોચ પામેલા છે એવા બ્રાહ્મણો જ જનોનો સંસારથી ઉદ્ધાર કરવા શક્તિમાન થાય છે. (૩૫) ક્ષમા, ઇન્દ્રિયોનો નિગ્રહ, દયા, સત્ય, દાન, શીલ, તપ, શ્રુત આ આઠ અંગોવાળાને સર્વોત્તમ પાત્ર કહેલું છે. (૩૬) કેવળ વિદ્યા-શાસ્ત્રાધ્યયનથી કે કેવળ તપથી પાત્રતા નથી જણાતી પરંતુ જે પુરુષમાં વૃત્ત કહેતાં સદાચાર હોય અને સાથે વિદ્યા અને તપ હોય તે પાત્ર કહેલું છે. (૩૭) શ્રીહરિ કહે છે : હે વિપેન્દ્ર કુબેરજીત ! વગેરે બ્રાહ્મણોના દયાળુપણામાં ઘણાં જ વાક્યો છે. પંડિતજનો તે વાક્યોને માને છે એટલા માટે સદાચાર અને દયા વિના પાત્રતા અને બ્રાહ્મણત્વ સિદ્ધ થતું નથી. (૩૮) માટે તમોએ આ યજ્ઞ પશુહિંસાએ રહિત કરવો. તેનાથી તમો સર્વ ઇચ્છિત ફળરૂપી કલ્યાણ પામશો જ. (૩૯) હે વિપ્ર ! કહેલા લક્ષણવાળા પાત્ર બ્રાહ્મણો જે યજ્ઞમાં હોય તે યજ્ઞમાં મનથી પણ જીવોની હિંસાનો સંભવ કેમ થાય ? - કોઈપણ પ્રકારે ન જ થાય. (૪૦) યજ્ઞસ્થંભમાં બાંધેલા અને બૂમો પાડતા આ પશુઓને જોતાં મારા મનમાં દયાના વશથી ખરેખર અત્યંત દુઃખ થાય છે. (૪૧) ડાંગર, જવ, તલ વગેરે અન્નથી, દહીં, દૂધ-ઘી વગેરે રસોથી યજ્ઞ કરો. તેવો યજ્ઞ કરવાથી દેવો તૃપ્તિ પામશે જ. (૪૨) શાસ્ત્રોમાં દેવો સાત્ત્વિક પ્રકૃતિ-પ્રધાનવાળા કહેલા છે, તથા અસુરો તામસ પ્રકૃતિ-પ્રધાનવાળા કહેલા છે અને મનુષ્યો રાજસ પ્રકૃતિ-પ્રધાનવાળા કહેલા છે. અનુક્રમથી ઊર્ધ્વલોક-અધોલોક અને મધ્યલોક નિવાસી કહેલા છે. (૪૩) હે બ્રહ્મન્ ! અસુરો તમોગુણ સ્વભાવવાળા હોવાથી મદ્ય-માંસ પ્રિય હોય છે. સત્ત્વગુણ પ્રકૃતિવાળા દેવો તો જવ-તલ-ચોખા વગેરે અન્ન તથા દૂધ-દહીં-ઘી-સાકર વગેરે રસો જેમને પ્રિય છે એવા છે. (૪૪) માંસ વડે દેવતાઓનું પૂજન આપત્કાળ સિવાય સર્વપ્રકારે ઉચિત જ નથી. અન્નાદિના સર્વથા અભાવમાં તો માંસ વડે પણ ક્યારેક જ દેવપૂજન કરવું જોઈએ. (૪૫) નાના પ્રકારના અન્ન તથા રસો હોવા છતાં પણ આપદ વિના પણ તમો લોક અને શાસ્ત્રની નિંદિત એવો આ યજ્ઞ કરો છો તે આ ઘણું જ અયોગ્ય કહેવાય. (૪૬) માટે આ પશુઓને યજ્ઞસ્થંભથી છોડી મૂકીને પાયસ આદિ હુત દ્રવ્યોથી યજ્ઞ કરશો તો જ હું આ નગરમાં રહીશ નહિતર નહિ રહું.' (૪૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

શ્રીહરિનું વાક્ય સાંભળી તે બ્રાહ્મણ કુબેરજી સંશયયુક્ત થયો અને બીજા કેટલાક સાત્ત્વિક બ્રાહ્મણો તો નારાયણમુનિનું વાક્ય સત્ય છે એમ માનવા લાગ્યા. (૪૮) ત્યારે રજોગુણી-તમોગુણી પ્રકૃતિવાળા કાશી વગેરેના બ્રાહ્મણોએ પ્રેરેલો રજ-તમ પ્રકૃતિવાળો મહામાની જગજીવન વિપ્ર

બોલ્યો. (૪૯) 'યજ્ઞના ઉપયોગ માટે પશુઓ સર્જેલાં છે એવી વૈદિકી શ્રુતિ છે તેથી જે જનો યજ્ઞથી બીજા સ્થળે પશુઓને મારે છે તે જનો અસુરો માનેલા છે. (૫૦) આથી વેદમાં કહેલી જે હિંસા તે પંડિતજનોએ હિંસા માનેલી નથી. તેથી હે વર્ણિન્ ! પૂર્વેહજારો પશુ હિંસામય યજ્ઞો કરવામાં આવેલા છે. (૫૧) એટલા માટે પુરાતન વૈદિક માર્ગને ખોટો કરવા કોણ સમર્થ છે ? તેથી અમે તો વેદોક્તરીતિથી જ યજ્ઞ કરીશું. પણ ભિન્ન માર્ગથી નહિ કરીએ તે નિશ્ચે જાણો.' (૫૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રકારે હિંસામાં રુચિવાળા અને વેદના તાત્પર્યને નહિ જાણનારા જગજીવનના વાક્યને સાંભળીને શ્રીહરિ સહજાનંદસ્વામી ફરી પણ તેનું હિત થાય તેવું વાક્ય બોલ્યા. (૫૩)

**શ્રી નારાયણમુનિ કહે છે :**

'હે દ્વિજ ! વેદનું તાત્પર્ય યજ્ઞોમાં પશુના વધમાં નથી પરંતુ સર્વ પ્રકારે રાગથી દેહપુષ્ટિ વગેરે માટે અતિશય પ્રીતિથી સ્વાભાવિક નિત્ય કરાતી જે હિંસા તેના સંકોચ કહેતાં તેને રોકવામાં જ વેદનું તાત્પર્ય વર્તે છે. (૫૪) રાજસી અને તામસી જનોને જીવહિંસામાં સ્વભાવસિદ્ધ જ પ્રવૃત્તિ વર્તે છે. વિધિ વાક્યથી તેમાં પ્રેરણા નથી. (૫૫) હે વિપ્ર ! જો હિંસામાં અનુરાગ હોય તો તે હિંસા યજ્ઞમાં કરવી : આ પ્રમાણે વેદ બોલતા થકા હિંસાનો સંકોચ કરે છે. (૫૬) વેદનું તાત્પર્ય સંકોચપૂર્વક હિંસાની નિવૃત્તિમાં જ છે. આ મારો નિર્ણય શ્રીમદ્ ભાગવતમાં કહેલો છે તે સાંભળો. (૫૭) આ લોકમાં પ્રાણીમાત્રને સ્ત્રીસંગ, માંસ અને સુરાનું સેવન રાગથી જ નિત્યપ્રાપ્ત છે. તેમાં વિધિ નથી. વિવાહિત સ્ત્રીમાં મૈથુન, યજ્ઞ નિમિત્તે માંસભક્ષણ અને સૌત્રામણિ યાગમાં સુરાપાન આવી વ્યવસ્થા કરી છે પણ તેનાથી નિવૃત્તિ પામવી તે ઇષ્ટ છે. (૫૮) કામ્ય કર્મના વિધાનના અભિપ્રાયને નહિ જાણનાર બાળક સમાન પુરુષોના અનુશાસન આ વેદ યજેત સ્વર્ગફૂલ : આ વેદ (પરોક્ષવાદ) કામ્યકર્મથી નિવૃત્તિ પ્રત્યક્ષ પણ કહેતો નથી. કર્મની મુક્તિ માટે ધીમે ધીમે કામ્યકર્મોની નિવૃત્તિ માટે સ્વર્ગાદિફળની ઉદ્દેશ્યતાથી યજ્ઞાદિ કર્મો વિધાન કરે છે. જેમ પિતા બાળકોનું ઔષધનું પાન કરાવતા સાકર-પતાસાં બતાવે છે તે તો કેવળ બતાવવા પૂરતું જ છે. (૫૯) આથી વેદને યજ્ઞમાં પશુ વગેરે વધ તાત્પર્ય વિષયક તમો ક્યારેય પણ ન જાણો. વેદનું હિંસાપરક તાત્પર્ય જાણવામાં તો મહાન અનર્થ થશે. આમાં જરા પણ સંશય નથી તે નિશ્ચય જાણો. (૬૦) હે દ્વિજ ! પૂર્વે સત્યયુગમાં અંતરિક્ષમાં ગતિવાળા (ઉપરિચર) વસુ નામના રાજા હતા. તે વસુરાજાને દેવો તથા ઋષિઓ સંશય પ્રશ્ન પૂછવા લાગ્યા. (૬૧) હે નૃપ ! વેદ હિંસા પર છે કે હિંસા પર નથી. આ પ્રમાણે પુછાયેલા વસુરાજા 'વેદ હિંસા પર છે' એમ બોલ્યા. આવું બોલ્યા પછી આકાશમાંથી પૃથ્વી પર પડ્યા. (૬૨) આ પ્રમાણે અંતરિક્ષમાં ગતિવાળા એવા વસુરાજા વેદને હિંસાપરક કહેવાથી તત્કાળ અધોગતિવાળા થઈ ગયા. આ કથા વાયુપુરાણ, મત્સ્યપુરાણ તથા ભારત અને સ્કંદ પુરાણ વગેરેમાં પ્રસિદ્ધ થયેલું છે. (૬૩) હે દ્વિજ ! જો વેદને હિંસા પ્રિય હોય તો હિંસા પર વેદ છે એટલું કહેવા માત્રથી જ વસુરાજા તે જ ક્ષણે પૃથ્વી ઉપર કેમ પડે ? (૬૪) તે હેતુ માટે તમો વેદને હિંસા-નિવૃત્તિ તાત્પર્યવાળા જાણો. આ પ્રકારે કહેવાયેલો તે જગજીવન ક્રોધથી બળતો થકો ફરીથી શ્રીહરિ

નારાયણમુનિને આક્ષેપ કરવા લાગ્યો. (૬૫) 'યજ્ઞમાં યાજ્ઞિક એવા ઋત્વિજોએ મંત્રોચ્ચારપૂર્વક મારેલાં સર્વ પશુઓ પશુજાતિથી મુક્ત થઈ સ્વર્ગને પામે છે એ નિશ્ચય વાત છે. (૬૬) આથી હે વર્ણિન્ ! યજ્ઞમાં થનારી હિંસા ધર્મ જ છે તે નિશ્ચિત હોવા છતાં તમો તે યજ્ઞ સંબંધી હિંસાને અધર્મ કહેતા પંડિત સભામાં શોભતા નથી. (૬૭) યજ્ઞશેષ માંસ-સુરાપાન-મત્સ્યાદિના ભક્ષણમાં યજ્ઞશેષને ખાનારા સત્પુરુષો સર્વ પાપોથી મુકત થાય છે. આવું ગીતામાં કહેલું શ્રીકૃષ્ણ ભગવાનનું વચન પ્રમાણ છે.' (૬૮)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! માંસ ખાવાની રુચિવાળા દંભમાત્રથી યજ્ઞ કરનારા ધર્મવિરુદ્ધ હિંસામાં ધર્મના અભિમાનવાળા જગજીવનની વાણી સાંભળીને સહજાનંદસ્વામી બોલ્યા. (૬૯)

**શ્રી નારાયણમુનિ કહે છે :**

'હે બ્રાહ્મણ ! યજ્ઞમાં પશુહિંસા ધર્મ કહેવાય છે એવો તમારો અભિપ્રાય છે પરંતુ તે મત સત્પુરુષોનો નથી. કેમ કે, સદાચારનું ફળ સુખ છે અને પાપ કર્મનું ફળ દુઃખરૂપ થાય છે. (૭૦) હે વિપ્ર ! શ્રીમદ્ ભાગવત પુરાણમાં નારદ ઋષિએ પણ પશુમારણકર્મનું ફળ દુઃખ જ કહેલું છે તે હું તમોને કહું છું. (૭૧) અધ્યાત્મ તત્ત્વને જાણનારા, કૃપાળુ એવા નારદમુનિ હિંસામય યજ્ઞ ક્રિયાઓમાં આસક્ત મનવાળા પ્રાચીન બર્હિષ રાજાને ઉપદેશ કરવા લાગ્યા. (૭૨) 'હે પ્રજાપતે ! હે રાજન્ ! નિર્દય એવા તમોએ યજ્ઞ કર્મમાં મારેલા પશુરૂપ હજારો જીવસમૂહોને આકાશમાં જુઓ. (૭૩) આ તમોએ મારેલાં પશુઓ તમોએ કરેલી હનનની પીડાને યાદ કરતા સતા મૃત્યુ પામેલા તમારા આગમનની રાહ જુએ છે. પછી ક્રોધ ઉત્પન્ન થયેલાં પશુઓ લોખંડનાં યંત્રમય શીંગડાથી તમોને છેદશે. (૭૪) નિર્દય પુરંજન રાજાએ મારેલા યજ્ઞપશુઓ ક્રોધ પામેલા પુરંજન રાજાનું તેના પોતાના હનનરૂપ પાપસ્મરણ કરતા થકા પુરંજન રાજાને લોઢાની ફરશીઓથી છેદ્યા હતા તેમ તમને છેદી નાખશે.' (૭૫) ઈત્યાદિ નારદમુનિનો ઉપદેશ સાંભળી તે બહર્ષિ રાજા પશુહિંસામય યજ્ઞોનો ત્યાગ કરી પશુહિંસારહિત ધર્મનો આશ્રય કરતા હતા. (૭૬) પશુઘાતરૂપ કર્મ દુઃખરૂપ ફળને આપનારું હોવાથી પશુ હિંસારહિત સમગ્ર યજ્ઞ કરવા તમો યોગ્ય છો. કારણ કે તમો પણ બુદ્ધિમાન જ છો અને ઉત્તમ કીર્તિથી પૃથ્વી ઉપર પ્રસિદ્ધ છો.' (૭૭)

**સુવ્રતમુનિ કહે છે :**

આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તો પણ જગજીવન બ્રાહ્મણે તો પોતાના મતનો ત્યાગ કર્યો નહિ. તે સમયે શ્રીહરિ તે બ્રાહ્મણના મદને અતિશય જાણતા થકા તત્કાળ જ પોતાના નિવાસસ્થાને ગયા. (૭૮) અને ત્યારબાદ શ્રીહરિ સ્વભક્તોને ધર્મમાં રહેવાની આજ્ઞા આપી બીજા દિવસે ભૂજનગરથી નીકળી જતા હતા. ત્યારે ભક્તજનો સીમાડા સુધી શ્રીહરિની પાછળ ગયા. (૭૯) શ્રીહરિ પોતાના ભક્તોને પાછા વાળી માર્ગમાં રહેલાં તે તે ગામોમાં રહેલા ભક્તોને સુખ આપતા કેટલાક દિવસે ધમડકાપુરમાં પધાર્યા. (૮૦) હવે મદ-માન વડે વિમૂઢ બુદ્ધિવાળો જગજીવન શ્રીહરિનું 'હિંસામય યજ્ઞ ન કરવો જોઈએ' તે વચનનું ઉલ્લંઘન કરી પોતાના યજ્ઞનો આરંભ કરતો હતો અને પશુઓનો

વધ કરાવવા લાગ્યો. (૮૧) હે જનાધિપ ! શ્રીહરિના વાક્યનું ઉલ્લંઘન કર્યું તેથી અને વેદ હિંસાપરક છે એમ કહેવાથી તે જગજીવનનું મહાન અનિષ્ટ થયું. (૮૨) ઈશ્વરેચ્છાથી અચાનક જ તેના ઉપર ભૂજનગરના રાજાનો કોપ થયો. ક્રોધાયમાન થયેલા રાજાએ સૈનિકો સહિત તે કુબેરજીના યજ્ઞનો ઉચ્છેદ કરી નાખ્યો. (૮૩) પૂર્વે શિવજીનું અપમાન કરનાર દક્ષ પ્રજાપતિનો યજ્ઞ વીરભદ્રે જેમ છિન્નભિન્ન કરી નાંખ્યો હતો તેમ તે ભૂજના રાજાએ આ કુબેરજીનો યજ્ઞ પણ છેદી નાંખ્યો. (૮૪) રાજાના સૈનિક તે કુબેરજીનું દ્રવ્ય, પશુ, વાહનો અને ઘરોમાં રહેલી બધી વસ્તુઓ, યજ્ઞપાત્રો, પકવાનના સમૂહો બધું લૂંટી લેતા હતા. (૮૫) ત્યારે ખૂબ અભિમાનવાળા અને સેવકોએ સહિત એવા તે ત્રણે ભાઈઓ ક્રોધાયમાન થકા રાજસૈનિકો સાથે યુદ્ધ કરવા લાગ્યા. (૮૬) દાઢીવાળા યવનો વગેરેથી ખૂબ તાડન કરાતા કાશી પુરી વગેરેના બ્રાહ્મણો ખૂબ ઊંચા સ્વરે રોતા રોતા ત્યાંથી પલાયન કરી ગયા. (૮૭) રોતા, બૂમો પાડતા અને ભયથી દોડતા તથા જેમનું દ્રવ્ય હરાઈ ગયું છે એવા બ્રાહ્મણોની પાછળ દોડતા કાળ જેવા સૈનિકોને ભૂજ નરેશ 'મારશો નહિ' એમ નિષેધ કરતા હતા. (૮૮) તે યુદ્ધમાં હાથમાં ખડગ ધારેલા અને ક્રૂર એવા રાજભટો હાથમાં શસ્ત્રોવાળા, લાલ આંખોવાળા, અને પોતાને મારતા એવા તે ત્રણે ભાઈઓને મારી નાખતા હતા. (૮૯) તે યુદ્ધમાં પુત્રો અને સેવકોએ સહિત મારેલા તે ત્રણે ભાઈઓને તત્કાળ જ માંસભક્ષણના સ્વભાવવાળા કાગડા, ગીધડાં અને કૂતરા વગરેથી ભક્ષણ કરાયા. (૯૦) ભૂજનગરમાં ચોતરફ હાહાકાર વર્તી ગયો. તે નગરના જનો શ્રીહરિના વાક્યના ઉલ્લંઘનનું સર્વસ્વ નાશરૂપ ફળ મળ્યું એમ જાણવા લાગ્યા. (૯૧) હે રાજન્ ! ત્યારથી આરંભી સર્વ દેશમાં મોટો ઉદ્‌ઘોષ થઈ ગયો કે દેવતાના પ્રયોજન માટે પણ "જીવહિંસા ધન, વંશ વગેરે સર્વનો વિનાશ કરનારી છે" એ નિશ્ચિત વાત છે. (૯૨) હે રાજન્ ! ત્યારથી આરંભીને પૃથ્વી ઉપર ધાર્મિક પુરુષો યજ્ઞકર્મમાં પણ પશુવધ, મદ્યપાન અને માંસભક્ષણ તેનો પણ ત્યાગ કરી દેતા હતા. (૯૩)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! આ પ્રકારે હિંસામય યજ્ઞરૂપ અસુર કર્મના વિનાશક એવા શ્રીહરિ સહજાનંદસ્વામી મહાપ્રભુનો પ્રતાપ પૃથ્વી ઉપર પ્રખ્યાતિને પામ્યો. તેથી ભક્તિ નામનાં ભાર્યાએ સહિત અને જ્ઞાન, વૈરાગ્ય પુત્રે સહિત ધર્મ પુષ્ટિને પામી અતિશય આનંદ પામી ગયો. (૯૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
અહિંસા ધર્મસ્થાપન એ નામે ઓગણીસમો અધ્યાય થયો. ॥૧૯॥

●

## અધ્યાય - ૨૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે ધમડકાપુરીમાં લુબ્ધજીત નામના રાજા હતા. તે રાજા પોતાના નિવાસસ્થાને શ્રીહરિને વાસ કરાવી તે પ્રભુની દાસની માફક સેવા કરવા લાગ્યા. (૧) કલ્યાણભાઈ, ઈન્દુભાઈ, રામજી અને રાજધન કહેતાં રાયધણજી - આ ચારે તે રાજાના પુત્રો પણ પ્રેમથી શ્રીહરિનું સેવન

કરતા હતા. (૨) અને જીજાબાઈ, માનીબાઈ, વાયુબા, જીવાબા, મોટિનીબાઈ તથા કર્ણિકાબાઈ વગેરે તે રાજાની સ્ત્રીઓ પણ ભક્તિભાવપૂર્વક શ્રીહરિનું સેવન કરતી હતી. (૩) ધમડકાપુરીમાં બે દિવસ નિવાસ કરી શ્રીહરિ ત્યાંથી ભચાઉ ગામે પધાર્યા. ભચાઉમાં જયરામભાઈ અને કાર્મણભાઈ વગેરે ભક્તજનો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૪) ભચાઉ ગામથી સમુદ્રની ખાડી ઊતરી શ્રીહરિ આભીર દેશમાં પધાર્યા. આભીર દેશમાં પોતાના ભક્તોને સંતોષ આપવા પીપળી નામના ગામે પધાર્યા. (૫) પીપળી ગામમાં દેવો અને ગણેશ વગેરે વૈશ્ય ભક્તો અને માની-રામા વગેરે સ્ત્રીભક્તો પોતપોતાની શક્તિ અનુસાર શ્રીહરિની સેવા કરતા હતા. (૬) પીપળી ગામમાં બે દિવસ રહી શ્રીહરિ રાજકોટ નગરમાં પધાર્યા. ત્યાં લક્ષ્મી નામનાં રાજકન્યાએ અત્યંત ભાવપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. (૭) હે રાજન્ ! તે લક્ષ્મી શ્રીહરિના અનુગ્રહથી સમગ્ર યોગકળાઓ પામી. શ્રીહરિ રાજકોટમાં એક દિવસ રહી ત્યાંથી નીકળ્યા. (૮) ત્યારબાદ ભગવાન શ્રીહરિ પોતાના ભક્તજનોના ક્રોધને નિયમમાં કરતા, ગર્વને શાંત કરતા, કામને ઉખાડી નાખતા, અભિમાનોને નમાવી દેતા, સ્પૃહાને નિવૃત્તિ પમાડતા, લોભનો નાશ કરતા, પાપસમૂહને વિદારણ કરતા, કલિક્લેશને દૂર કરતા, પાખંડનું ઉચ્છેદન કરતા, સત્યને નિર્મળ કરતા, અને ધર્મને ઉત્તેજિત કરતા થકા પૃથ્વી ઉપર વિચરણ કરતા હતા. (૯) જ્ઞાનમાં સૂર્યસમાન શ્રીહરિ પૃથ્વીમાં મનુષ્યોને આશ્ચર્ય ઉપજાવતા પોતાનો અસાધારણ પ્રતાપ વિસ્તારતા અજ્ઞાનરૂપી અંધકારને હરતા અતિશય શોભતા હતા. (૧૦) હે રાજન્ ! જોયેલો અને સાંભળેલો છે પ્રતાપ જેમનો એવા ધર્મમાર્ગના પ્રવર્તક શ્રીહરિનો ઘણા પુરુષો અને સ્ત્રીઓ આશ્રય કરતાં હતાં. (૧૧) શ્રીહરિ પણ તે જનોનો ઉત્સાહ ઉત્પન્ન કરવા માટે અને પોતાના સ્વરૂપમાં બુદ્ધિની અતિ દ્દઢતા માટે જે બીજા કોઈ મુક્ત અથવા ઈશ્વરોમાં ન હોય તેવું પોતાનું ઐશ્વર્ય બતાવતા હતા. (૧૨) શ્રીહરિ અનેક જીવોની બ્રહ્મની સાથે એકતા પામેલા પોતાના આત્મામાં સમાધિથી પ્રાણ-ઈન્દ્રિય અને મનની વૃત્તિઓનો નિરોધ કરાવતા હતા. (૧૩) અને તે સમાધિમાં તેમના સ્વસ્વરૂપમાં જ સકલ ઐશ્વર્ય યુક્ત ગોલોકધામ, અક્ષરધામ, શ્વેતદ્વીપધામ, વૈકુંઠધામ, અવ્યાકૃત નામનું ભૂમા પુરુષનું ધામ, દિવ્ય બદરિકાશ્રમધામ, અગ્નિમંડળ, હિરણ્મયપુરુષધામ અને ક્ષીરસાગર ધામ વગેરે શ્રીહરિ ભગવાન દેખાડતા હતા. (૧૪-૧૫) અને તે તે ધામોમાં તે તે જનોને સદૈશ્વર્યથી યુક્ત તથા તે તે પાર્ષદ અને શક્તિઓથી સેવિત અને દિવ્ય એવી પોતાની મૂર્તિનું જ શ્રીહરિ દર્શન કરાવતા હતા. (૧૬) અને કેટલાક જનોને તો અકસ્માત પ્રણવધ્વનિ કહેતાં ઓંકારોના નાદોને સંભળાવતા હતા. અને કેટલાકને તો કોટિ સૂર્ય સમાન સ્વકીય તેજ પણ તે પ્રભુ દેખાડતા હતા. (૧૭) અને કેટલાક જનોને તો જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિરૂપ ત્રણ અવસ્થાઓથી વિલક્ષણ અને સચ્ચિદાનંદ છે સ્વરૂપ જેનું એવું દષ્ટા નામવાળું સ્વકીય બ્રહ્મરૂપ તે પ્રભુ દેખાડતા હતા. (૧૮) કેટલાક જનોને તો પૃથ્વી અને આકાશમાં ઈન્દ્રાદિક દેવતાઓનાં તથા વિષ્ણુનાં જે સ્થાન તથા ઐશ્વર્યો રહેલાં છે તેને દેખાડતા હતા. (૧૯) અને તે શ્રીહરિ મહાપ્રભુ આધારાદિ છ ચક્રોમાં પૃથક્ પૃથક્ રહેલા ગણેશ વગેરે (બ્રહ્મા, વિષ્ણુ, શિવ, જીવાત્મા અને હંસ) દેવતાઓનાં કેટલાક જનોને દર્શન કરાવતા હતા. (૨૦) અને સર્વેશ્વર એવા

તે શ્રી નારાયણ મુનિ કેટલાક ભક્તોને ક્યારેક પુરુષ સૂક્તમાં વર્ણન કરેલ બ્રહ્માંડાધાર વિરાટરૂપે દર્શન આપતા હતા. (૨૧) પ્રસન્ન થઈ ગયેલા તે નારાયણ મુનિ કોઈક સમયે સો સો જોજન દૂર રહેલા ભક્તજનોને પણ પ્રત્યક્ષ જ સ્વદર્શન આપતા હતા. (૨૨) વળી ક્યારેક તો દૂર રહેલા એવા ભક્તજનોએ પોતાના ઘરમાં ભગવાનની મૂર્તિ આગળ ધરેલ નૈવેદ્ય લોકોને આશ્ચર્ય પમાડતા જમી જતા હતા. (૨૩) વળી ક્યારેક કોઈપણ સ્થળે ભૌતિક દેહનો ત્યાગ કરતા પોતાના ભક્તોને પોતાના ધામમાં લઈ જવાની ઈચ્છાવાળા તે મૃત્યુ પામતા જનના ગામમાં અન્ય જનોને પણ પોતાના અલૌકિક સ્વરૂપનું પ્રત્યક્ષ દર્શન આપતા હતા. (૨૪) આ પ્રકારે બીજા મુમુક્ષુજનોને અલૌકિક સ્વૈશ્વર્ય દેખાડતા શ્રીહરિને જોઈને અભક્તજનો પણ આશ્ચર્ય પામી જતા હતા. (૨૫) શ્રીહરિની સાથે વિવાદ કરવા આવેલા એવા બહુમતવાદી જનો શાસ્ત્રવાદ વડે તે શ્રીહરિને પરાભવ પમાડવા સમર્થ થઈ શકતા ન હતા. (૨૬) શ્રીહરિએ કરાવેલ સમાધિમાં કૃષ્ણોપાસક હતા તે શ્રીહરિને સમાધિમાં કૃષ્ણસ્વરૂપે જોતા હતા. રામ ઉપાસકો રામચંદ્રરૂપે, શક્તિના ઉપાસકો શક્તિસ્વરૂપે, સૂર્યના ઉપાસકો સૂર્યરૂપે, શિવજીના ઉપાસકો શિવરૂપે, વૈષ્ણવધર્મવાળા વિષ્ણુસ્વરૂપે, જૈનો તીર્થંકરરૂપે અને પેગંબરોના ઉપાસક યવનો શ્રીહરિને પેગંબરરૂપે જોતા હતા. આ બધા આશ્ચર્ય પામી જતા હતા. (૨૭) આ પ્રકારે જે જે પુરુષ શ્રીહરિ સમીપે આવતો હતો તે તે પુરુષ તે જ ક્ષણે સમાધિ વડે સર્વેશ્વર એવા શ્રીહરિને જ પોતાના ઈષ્ટદેવરૂપે જોઈ ખૂબ જ આશ્ચર્ય પામી જતો હતો. (૨૮) ત્યારબાદ તે જનો પોતપોતાના મત સંપ્રદાયોનો ત્યાગ કરી એક શ્રીહરિના જ આશ્રિત થઈ ભાગવતધર્મમાં રહ્યા થકા ભક્તિભાવપૂર્વક નિત્ય સહજાનંદસ્વામી મહાપ્રભુનું જ ભજન કરવા લાગ્યા. (૨૯) શ્રીહરિના આશ્રિત થયેલા સર્વ પ્રાકૃત-પછાત જાતિના જનો પણ મદ્ય-માંસનો ત્યાગ કરી ખૂબ જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત બનતા હતા. (૩૦) નીચ જાતિના પણ શાસ્ત્રાધ્યન રહિત શ્રીહરિના શિષ્યને જીતવા માટે શાસ્ત્રાધ્યયનવાળો પુરુષ પણ ક્યારેય શક્તિમાન થયો નહિ. (આ પ્રભુનો પ્રતાપ). (૩૧) આ પ્રકારે પ્રભુ પોતાના પ્રભાવ વડે અજ્ઞાનના મૂળનો નાશ કરીને નષ્ટપ્રાય થયેલા ભાગવત ધર્મને પૃથ્વી ઉપર સ્થાપન કરતા હતા. (૩૨) અને તે ગામોમાં અને નગરમાં સ્વભક્તો પાસે ઘણાંક અન્નક્ષેત્રો બંધાવતા હતા. જે અન્નક્ષેત્રમાં આવેલા જનોને બીજી જગ્યાએ જવાની ઈચ્છા રહેતી ન હતી. (૩૩) સુવ્રત મુનિ કહે છે કે હે નરેશ્વર ! પ્રભુ શ્રીહરિ પ્રેમપૂર્વક ધનાઢ્યજનો પાસે પ્રધાનવિધિવાળા વૈષ્ણવ અહિંસામય વિષ્ણુયામ વગેરે યજ્ઞો વડે વિષ્ણુનું યજન કરાવતા હતા. (૩૪) વિષ્ણુયાગ, મહારુદ્ર, અતિરુદ્ર યાગ વગેરે યજ્ઞોમાં બહુ દિવસ પર્યંત હજારો બ્રાહ્મણોને મિષ્ટાન્નો વડે તૃપ્ત કરતા હતા. (૩૫) ચક્રવર્તી રાજાની માફક ઉદાર શ્રીહરિ તે તે યજ્ઞોમાં ઘણી સુવર્ણમુદ્રાઓ અને ચાંદીની મુદ્રાઓ બ્રાહ્મણોને અપાવતા હતા. (૩૬) ઘી, દૂધ, સાકર તથા હવિષ્યાન્નો વડે યજ્ઞોને કરાવતા થકા વેદબાહ્ય એ મકારપંચક (મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન) વિધિનો નાશ કરાવતા હતા - અહિંસામય યજ્ઞો જ પ્રવર્તાવતા હતા. (૩૭) સર્વેશ્વર એવા શ્રીહરિ વારંવાર સાધુ, બ્રાહ્મણ અને દેવતાઓનું પૂજન તથા મિષ્ટાન્નાદિ વડે તર્પણ કરતા હતા અને અધર્મ અને પાખંડનું ઉચ્છેદન કરતા હતા. (૩૮) શ્રીહરિ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં ધર્મ, જ્ઞાન,

વૈરાગ્ય અને ભક્તિના સર્વ પ્રકારના ભેદોનો તત્ત્વપૂર્વક વિસ્તારથી ઉપદેશ કરતા હતા. (૩૯) સચ્છાસ્ત્રોનાં વાક્યો વડે અને પોતાના પ્રતાપ વડે અધર્મી એવા ગુરુઓને જીતીને તેમના થકી મુમુક્ષુજનોની રક્ષા કરી ધર્મસર્ગમાં જોડતા હતા. (૪૦) વેદમાં કહેલ વર્ણાશ્રમ વગેરે ધર્મના સ્થાપક શ્રીહરિ બ્રાહ્મણાદિ ચારે વર્ણો તથા બ્રહ્મચર્યાદિ ચારે આશ્રમોના સનાતન ધર્મની પૃથ્વી ઉપર સ્થાપના કરતા હતા. (૪૧) ભગવાન શ્રીહરિ નૈષ્ઠિકવ્રતી કહેતા બ્રહ્મચર્યવ્રતવાળા બ્રહ્મચારીઓના ધર્મોને (અષ્ટપ્રકારે) પ્રવર્તાવતા હતા તથા પાકા બ્રહ્મચર્યવ્રતધારી પુરુષોની મધ્યે રાજાધિરાજપણે શોભતા હતા. (૪૨) જેમ થાય તેમ શ્રીહરિથી પોષણ કરાતા ભક્તિ, ધર્મ, વગેરે પણ સદા શ્રીહરિને સેવતા થકા સર્વોત્કૃષ્ટ શોભાથી શોભતા હતા. (૪૩) દિવ્યાકૃતિ ધારણ કરનારાં ભક્તિ-ધર્મ વગેરે તો શ્રીહરિની ઇચ્છાથી મહાપુણ્યશાળી જનોને ક્યારેક જ દર્શન કરવા યોગ્ય થતાં હતાં. કોઈ પુણ્યશાળી પુરુષને દર્શન દેતાં હતાં. સઘળાજનોને હંમેશાં દેખાતાં નહોતાં. (૪૪) સુવ્રત મુનિ કહે છે કે હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે દિવ્ય ચરિત્રો વડે આશ્ચર્યકારી કરુણાસાગર શ્રીહરિ મહાપ્રભુ ભૂમિ ઉપર વિચરતા વિચરતા અષાઢ માસમાં સરધાર નામના નગરમાં પધાર્યા. (૪૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં અનેક ઐશ્વર્ય બતાવી નાના પ્રકારના ભક્તજનોને આનંદ ઉપજાવ્યો એ નામે વીશમો અધ્યાય થયો. ॥૨૦॥

●

## અધ્યાય - ૨૧

**સુવ્રત મુનિ બોલ્યા :**

સરધારપુરમાં તુંગજિત અને વૈરિજિત નામના, શ્રીહરિના ચરણકમળમાં દૃઢ આશરાવાળા બે રાજકુમારો, શ્રીહરિની આદરપૂર્વક સેવા કરતા હતા. (૧) આ બન્ને રાજકુમારો પૈકી પહેલા તુંગ શ્રી હરિકૃષ્ણ ભગવાનના ચરણકમળની રજને પોતાના અંગમાં ધારણ કરવામાં અક્રૂરજી જેવા હતા અને બીજા વૈરિજિત કાર્યાકાર્ય જ્ઞાનમાં અને શ્રીહરિનો મહિમા જાણવામાં વિદુરજી જેવા હતા. (૨) તથા વેરીભાઈ, ભીમ, હકોજી વગેરે ક્ષત્રિયોમાં ઉત્તમ ભક્તો પણ શ્રીહરિનું પ્રીતિપૂર્વક સેવન કરતા હતા. (૩) કરીમ, મૂકો, હસન, રયો, હયજિત વગેરે યવનો પણ દૃઢ નિશ્ચય કરી શ્રીહરિને પ્રીતિથી ભજતા હતા. (૪) તુંગજિત રાજાના ભવનમાં રહેતા અને સર્વ ભક્તોને આનંદ પમાડતા શ્રીહરિ સૂર્ય જેમ અંધકારને દૂર કરે તેમ મનુષ્યોના અજ્ઞાનરૂપ અંધકારને હરતા હતા. (૫) ભક્તોએ સ્તુતિ કરાયેલા શ્રીહરિએ સરધારપુરમાં અષાઢથી આરંભીને ચાર માસ સુધી નિવાસ કર્યો અને કૃષ્ણજન્માષ્ટમીને દિવસે માણાવદરની માફક મહાન ઉત્સવ કર્યો. (૬) હજારો ગૃહસ્થો અને ત્યાગીઓ શ્રીહરિના દર્શન કરવાની ઇચ્છાથી આકર્ષિત અંતઃકરણવાળા થઈને દેશાંતરોમાંથી તે ઉત્સવમાં આવ્યા. (૭) સચ્છાસ્ત્રોની મર્યાદા પાળનારા શીહરિએ પોતાના ભક્તોની સાથે ઉપવાસ, જાગરણ તથા રાત્રિએ શ્રીકૃષ્ણનું પૂજન કર્યું. (૮) તે પછી નવમીએ સવારે સાધુ-બ્રાહ્મણોને મિષ્ટાન્નથી તૃપ્ત કરી પોતે પારણાં કરીને તે દિવસે સાંજે સંતોના પતિ આ ભગવાન

રમણીય સભામાં બિરાજમાન થયા. (૯) હે રાજન્ ! તે પછી અમૂલ્ય સિંહાસનમાં બિરાજમાન શ્રીહરિને પ્રણામ કરીને બ્રાહ્મણો અને સાધુઓ યથાયોગ્ય તેમની આગળ બેઠા અને બીજા સર્વ જનો સાધુ અને બ્રાહ્મણોની ચારે બાજુ યથાયોગ્ય બેઠા. (૧૦) સભામાં બેઠેલા સર્વ ભક્તો ભગવાનનું વચનામૃત સાંભળવામાં સન્મુખ થતાં તુંગજિત રાજાએ ભગવાનને પ્રણામ કરી, પાસે બેસીને સર્વ સભાજનોની સંમતિથી બે હાથ જોડી પ્રશ્ન પૂછયો. (૧૧)

**તુંગજિત બોલ્યા :**

'હે ભગવાન્ ! આ લોકમાં સર્વ દેહધારીઓને કામ, ક્રોધ અને લોભ - આ ત્રણ અંતઃશત્રુઓ દેખાય છે. (૧૨) હે સ્વામિન્ ! એ ત્રણમાં વધારે બળવાન શત્રુ કયો છે ? જે બળવાન શત્રુ મુમુક્ષુજનોએ સર્વ ઉપાયો વડે અવશ્ય જીતવા યોગ્ય છે તે અમોને યથાર્થપણે કહો.' (૧૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે તે રાજાએ પૂછેલો સંશય ભગવાન જગત્પતિ નારાયણ મુનિ શ્રોતાઓના મનને હરનારી વાણીથી રાજાને કહેવા લાગ્યા : (૧૪) 'હે રાજન્ ! આ કામાદિ ત્રણેય શત્રુઓ મનુષ્યોના પ્રાણનો નાશ કરનારા માનવામાં આવે છે. તો પણ તે પૈકી લોભ શત્રુ જ પરાભવ ન કરી શકાય તેવો અતિ બળવાન માનું છું. (૧૫) તે પાપસ્વરૂપ લોભ તો મુમુક્ષુ ગૃહસ્થોએ ઘણા ઉપાયોથી પણ જીતવો તેમજ ત્યાગીઓએ તો વિશેષપણે પ્રયત્નથી જીતવો. (૧૬) સંસાર સંબંધી પદાર્થોમાં જે પુરુષો અતિશય લોભવાળા હોય છે તે મનુષ્યો હણાયેલી બુદ્ધિવાળા અલ્પ કાળમાં જ નાશ પામે છે. (૧૭) નરકને પમાડનારા ઘણા દોષો લોભમાં રહેલા જણાય છે. લોભ પાપનું આશ્રયસ્થાન છે કેમકે લોભ પાપમાં પ્રવર્તાવે છે. (૧૮) લોભથી વિવિધ પ્રકારની કામનાઓ ઉત્પન્ન થાય છે. લોભથી ક્રોધ, મોહ અને ઈર્ષ્યા થાય છે. ટૂંકમાં બધા દોષ સમુદાય લોભથી પ્રવર્તે છે. (૧૯) વિદ્યાવિનયથી સંપન્ન અને પ્રસિદ્ધ એવા તપસ્વીઓ અને મહર્ષિઓ પણ લોભથી દુર્ગતિને પામ્યા હતા. (૨૦) તે જ રીતે હિરણ્યકશિપુ વગેરે અસુરો અને ઈન્દ્રાદિક દેવતાઓ તે સર્વે પણ લોભથી જ નાશ પામ્યા છે. (૨૧) હે મહામતે ! કૌરવોનો લોભથી જ નાશ થયો છે તથા બીજા બહુ રાજાઓ લોભથી નાશ પામી ગયા છે. (૨૨) આથી મારા આશ્રિતોએ કોઈપણ પદાર્થમાં લોભ કરવો નહિ. અર્થ (ધન), અનર્થ (ચોરી વગેરે) દોષોથી પરિપૂર્ણ છે એમ પણ તમે જાણો. (૨૩) ચોરીનું કર્મ, પ્રાણીદ્રોહ, અસત્ય ભાષણ, દંભ, પારકા ધનને મેળવવાની કામના, અને ક્રોધ - આ છ અનર્થો ધનપ્રાપ્તિના નિમિત્તવાળા છે. ગર્વ, મદ, ભેદ, વૈર, અવિશ્વાસ, સ્પર્ધા, ત્રણ વ્યસનો (સ્ત્રી, જુગાર, દારૂ) - એ નવ અનર્થો ધનપ્રાપ્તિ પછી થનારા છે. (૨૪) હે રાજન્ ! આ પંદર અનર્થો જ ધનમાં રહેલા છે એમ નહિ; બીજા પણ બહુ દોષો રહેલા છે. (૨૫) તેથી મારો આશ્રિત ભક્તજન અર્થ શબ્દવાચ્ય ધન અનર્થને ઉત્પન્ન કરનારું હોવાથી અનર્થ નામવાળું જાણીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિમાં વિઘ્ન કરનારા ધનમાં આસક્તિ ન રાખે.' (૨૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ કહેલું લોભનું દુષ્ટપણું સાંભળીને તુંગજિત રાજા, મુનિઓ

અને બીજા ગૃહસ્થ ભક્તો પણ મહા આનંદને પામ્યા. (૨૭) તે પછી શ્રીહરિએ દેશાંતરથી આવેલા ભક્તજનોને 'તમો સર્વે પ્રાતઃકાળમાં પોતપોતાના દેશોમાં જાઓ' એવી આજ્ઞા આપી. (૨૮) તે સમયે, કારિયાણીથી સરધારપુરમાં જન્માષ્ટમી મહોત્સવમાં દર્શન માટે આવેલા બુદ્ધિમાન ખટ્વાંગ રાજર્ષિ શ્રીહરિને પ્રાર્થના કરવા માટે ઊભા થયા. (૨૯) ધર્મમાં નિષ્ઠાવાળા, નૈષ્ઠિકવ્રત ધારી રહેલા, પરોક્ષ ભાવથી શ્રીકૃષ્ણને ભજનારા આ ખટ્વાંગ રાજા અગાઉ માંગરોલપુરમાં જન્માષ્ટમીના ઉત્સવમાં આવેલા હતા. (૩૦) માંગરોલપુરમાં જન્માષ્ટમીના ઉત્સવ સમયે શ્રીહરિનો અતિશય પ્રભાવ જોઈને શ્રીહરિના શિષ્ય થયા હતા. ભગવાનની વાર્તા કરવામાં અતિસમર્થ, જિતેન્દ્રિય, ઉદાર બુદ્ધિવાળા આ રાજર્ષિ હે રાજન્ ! ફરીથી પણ માણાવદરમાં જન્માષ્ટમીના ઉત્સવમાં આવેલા. પછી શ્રીહરિની આજ્ઞાથી પોતાના ગામ કારિયાણી ગયા હતા. (૩૧-૩૨) ફરીથી (ત્રીજી વાર) આ સરધારપુરમાં આવેલા શ્રીહરિને પોતાના ગામમાં લઈ જવાની ઈચ્છાવાળા ખટ્વાંગ રાજા શ્રીહરિને સમીપે આવી બે હાથ જોડી નમસ્કાર કરી બોલ્યા. (૩૩)

**ખટ્વાંગ રાજર્ષિ બોલ્યા :**

'હે ભગવન્ ! હું તમારા ચરણકમળનો દાસ છું અને તમે પોતાના ભક્તોમાં પ્રીતિવાળા છો. માટે તમારા આ દાસ ઉપર દયા કરી મારા ગામમાં પધારવાને માટે યોગ્ય છો. (૩૪) હે સ્વામિન્ ! વર્ણિ-સાધુ સહિત, તમારી સેવાથી પોતાનું ધનાદિ તથા પોતાનો મનુષ્યજન્મ સાર્થક કરવા માટે ઈચ્છું છું.' (૩૫)

**સુવ્રત મુનિ બોલ્યા :**

'હે રાજન્ ! આ પ્રકારે ખટ્વાંગ રાજાએ પ્રાર્થના કરાયેલા શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા : 'હે રાજર્ષે ! તમારા ગામમાં હું આવીશ તેમાં સંશય કરવો નહિ. (૩૬) હાલમાં સરધારપુરમાં ચાતુર્માસ પર્યંત રહેવાની મેં પ્રતિજ્ઞા કરી છે, માટે પ્રબોધિનીનો ઉત્સવ અહીં જ કરીને હું તમારે ગામ જરૂર આવીશ.' (૩૭) હે નૃપતે ! આ પ્રકારે પ્રસન્ન મનથી શ્રીહરિએ કહ્યું એટલે હર્ષ પામેલા રાજર્ષિ શ્રીહરિને નમસ્કાર કરી દશમીને દિવસે સૂર્યોદય થતાં સરધારપુરથી નીકળ્યા તે એકાદશીને દિવસે માર્ગમાં આવેલા ગઢપુરમાં આવ્યા. (૩૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
લોભદોષનિરૂપણ એ નામે એકવીશમો અધ્યાય થયો. ॥૨૧॥

●

## અધ્યાય - ૨૨

**રાજા બોલ્યા :**

'હે સુવ્રતમુને ! તે દુર્ગપુર કયા દેશમાં આવેલું છે ? ભગવદ્ ભક્ત ખટ્વાંગ રાજા કોના ઘેર રહેલા ? આ બધું મને કૃપા કરીને કહો.' (૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પશ્ચિમ દિશામાં આવેલા પાંચાળ દેશમાં પાપીજનોને પણ પાવન કરનારી, નિર્મળ જળવાળી ઉન્મતગંગા નામની પ્રખ્યાત નદી છે. (૨) જે ઉન્મત્તગંગામાં અચ્યુત શ્રીહરિએ પોતાના એકાંતિક સાધુજનોની સાથે અનેકવાર જળક્રીડા અને સ્નાન કર્યું છે. આથી બ્રહ્મહત્યાદિ મહાપાતકો નાશ કરનારા જળવાળી નદી છે. (૩) હે રાજન્ ! આ અતિ પવિત્ર નદીના કિનારે બ્રાહ્મણાદિ ચારેય વર્ણોનો જેમાં નિવાસ છે એવું દુર્ગપુર નામનું પ્રસિદ્ધ નગર છે. (૪) જે નગર પૂર્વે દ્વારિકાનું શાખાનગર હોવાથી વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણનું વિહારસ્થાન હતું. (૫) તે દુર્ગપુરમાં શ્રીકૃષ્ણમાં ભક્તિવાળા, ક્ષાત્રધર્મમાં નિષ્ઠાવાળા, શૂરવીર, સચ્છાસ્ત્રોના શ્રવણમાં પ્રીતિવાળા અભય નામના એક રાજા હતા. (૬)

**પ્રતાપસિંહ રાજા કહે છે :**

'હે સુવ્રતમુને ! તે અભય રાજાનાં પત્નીનું નામ શું અને તે રાજાના પુત્ર કોણ હતા અને તે ખટ્વાંગ રાજા કયા સમયે તે રાજાને ઘેર ગયા ? આ બધું તમો મને કૃપા કરીને કહો.' (૭)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! કરિયાણા નગરના અધિપતિ નાગેશ રાજાની પૂર્ણા નામની સ્ત્રી થકી ઉત્પન્ન થયેલી સુરપ્રભા નામની પુત્રીને અભયરાજા પરણ્યા હતા. (૮) બોટાદપુરના અધિપતિ રણગામી નામના રાજાની પુત્રી સોમાદેવીને પણ અભયરાજા પરણ્યા હતા. (૯) અભયરાજાની બન્ને પત્નીઓ પતિવ્રતા ધર્મમાં પ્રીતિવાળી હતી. અભયરાજાને સુરપ્રભા નામની પત્નીમાં ચાર કન્યાઓ ઉત્પન્ન થઈ. (૧૦) તેમાં પહેલી જયા, બીજી લલિતા, ત્રીજી પાંચાલી અને ચોથી નાની નામવાળી હતી. (૧૧) અભયરાજાની બીજી પત્નીમાં સદ્‌ગુણોથી યુક્ત એક ઉત્તમ નામવાળો, સારી વર્તણૂકવાળો, કોમળ વાણીવાળો, શાંત સ્વભાવવાળો પ્રહ્‌લાદની માફક સરળ બુદ્ધિવાળો પુત્ર હતો. (૧૨) તેમાં જયા અને લલિતા એ બે બહેનો મહાબુદ્ધિશાળી બાળવયમાં જ વિધવા થયેલી અને તેથી પંચવિષયોમાં વૈરાગ્ય પામેલી હતી. (૧૩) બ્રહ્મચર્યવ્રત ધારણ કરેલાં, કૃચ્છાદિવ્રત પરાયણ, પોતાના વિધવા ધર્મમાં જ સ્થિતિવાળાં, પોતાના પિતાના ઘરમાં જ રહેલાં હતાં. (૧૪) આ અભયરાજાને સોમા નામની બહેન હતી, ગાલવ નામનો સાળો હતો અને સર્વે પોતપોતાના ધર્મમાં નિષ્ઠાવાળા અને શ્રીકૃષ્ણની ભક્તિ-પરાયણ હતા. (૧૫) હે રાજન્ ! સર્વ સંબંધીઓ સાથે અભય રાજા દરરોજ નિયમપૂર્વક શ્રીમદ્ ભાગવત પુરાણ પરમ આદરપૂર્વક સાંભળતા હતા. (૧૬) દિવસે પુરાણીના મુખથી સાંભળેલી ભગવત્કથાને અભય રાજા રાત્રિએ સંબંધીઓને સંભળાવતા હતા. અને પોતાના અંતઃકરણમાં કથાનું વારંવાર ચિંતવન કરતા હતા. (૧૭) અભય રાજા સમગ્ર શ્રીમદ્ ભાગવત પુરાણને સાંભળીને પુરાણના વક્તાને દક્ષિણા આપી, ફરીથી તે પુરાણ પ્રીતિપૂર્વક સાંભળતા હતા. આ રીતે અભય રાજાએ સાત વાર શ્રવણ કર્યું. (૧૮) અભય રાજા જ્યારે જ્યારે સાંભળતા હતા ત્યારે ત્યારે यदा यदा ही धर्मस्य क्षयो वृद्धिश्च पाप्मनः । तदा तु भगवानीश आत्मानं सृजते हरिः ॥ (નવમા સ્કંધના છેલ્લા અધ્યાયમાં કહેલા) શ્લોકનો અર્થ પોતાના મનમાં વિચારતા

હતા. (૧૯) પૃથ્વી ઉપર જ્યારે અધર્મની વૃદ્ધિ થાય, ધર્મનો ક્ષય થાય ત્યારે ભગવાન અવતાર ગ્રહણ કરે છે. એવો નિશ્ચય જ છે. (૨૦) પૃથ્વીમાં હાલ મનુષ્યોમાં અધર્મ વૃદ્ધિ પામેલો જણાય છે આથી નિશ્ચે આ ભગવાનના અવતારનો સમય જ છે એમ પોતાના મનમાં માનવા લાગ્યા. (૨૧) હે રાજન્ ! વિષયો થકી વૈરાગ્ય પામેલા અભય રાજાના મનમાં દરરોજ આ વિચાર થવા લાગ્યો. (૨૨) એક વખત શ્રાવણ માસમાં કૃષ્ણપક્ષની એકાદશીને દિવસે અભય રાજાએ શાસ્ત્રવિધિ અનુસાર મહોપચારથી શ્રીકૃષ્ણની પૂજા કરી. (૨૩) એકાદશીવ્રતમાં પાળવાના અહિંસા-બ્રહ્મચર્યાદિ નિયમોનું પાલન કરતા મહાપૂજાના અંતે શ્રીકૃષ્ણના ગુણચરિત્રોનાં ઘણાં કીર્તનો ગવરાવ્યાં. (૨૪) સાંજના સમયે આદરપૂર્વક શ્રીમદ્ ભગવદ્ગીતા સાંભળી. કથાના અંતે અભય રાજા પોતે પોતાના સંબંધીઓની આગળ ભગવાનની વાર્તાઓ કરતા હતા : (૨૫) 'હે બંધુઓ ! હું મારા મનમાં રહેલો વિચાર તમને કહું છું. તેને તમે સૌ સાંભળો. આ લોકમાં સર્વ મનુષ્યોનું શ્રેય કૃષ્ણની ભક્તિથી જ થાય. (૨૬) પ્રત્યક્ષ શ્રીકૃષ્ણની ભક્તિ તો તત્કાળ જ ફળ આપનારી છે ને શ્રીકૃષ્ણની પ્રતિમામાં કરેલી ભક્તિ લાંબા સમયે ફળ આપનારી માની છે. (૨૭) આ લોકમાં જે પુરુષોએ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણને જોયા છે અને યથાશક્તિ સેવા-પૂજા કરી છે તે પુરુષો તો ધન્ય છે. તેમણે ભગવાનના ધામની પ્રાપ્તિરૂપ પરમગતિ પ્રાપ્ત કરી છે. (૨૮) આ ધરતી ઉપર જ્યારે શ્રીકૃષ્ણના અવતારનો પ્રાદુર્ભાવ થાય ત્યારે પ્રત્યક્ષ ભક્તિ થાય. મનુષ્યોને તે પ્રત્યક્ષ ભક્તિ દુર્લભ છે. (૨૯) ભગવાનના અવતારનો હેતુ તો પૃથ્વીમાં ધર્મની ગ્લાનિ અને અધર્મની પુષ્ટિ થાય તે છે. આ અર્થમાં શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુન પ્રત્યે કહેલું વચન કહું છું. (૩૦) હે રાજન્ ! જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે અને જ્યારે જ્યારે અધર્મની અભિવૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું આત્માને સર્જું છું. (૩૧) સચ્છાસ્ત્રોમાં કહેલા ધર્મોને સેવનારા સાધુઓના રક્ષણ માટે અને અધર્મવૃદ્ધિથી વૃદ્ધિ પામતા અસુરોના વિનાશ માટે અને ધર્મનું સ્થાપન કરવા માટે હું દરેક યુગમાં પ્રાદુર્ભાવ પામું છું. (૩૨) અગાઉ કળિયુગના આરંભમાં અધર્મ અત્યંત વૃદ્ધિ પામ્યો હતો ત્યારે પોતે શ્રીકૃષ્ણભગવાન વસુદેવ-દેવકીમાં પાદુર્ભાવ પામ્યા. (૩૩) પ્રગટ થઈને ભગવાને અધર્મમાં નિષ્ઠાવાળા હજારો અસુરોનો નાશ કરીને ભૂમિમાં ચાર વર્ણ અને ચાર આશ્રમને યોગ્ય ધર્મની સારી રીતે સ્થાપના કરી હતી. (૩૪) શ્રીકૃષ્ણ અંતર્ધાન થયા પછી તેમણે સ્થાપન કરેલો ધર્મમાર્ગ પરીક્ષિત સહદેવ પ્રથમ જેમાં છે અને રિપુંજયરાજા અંતે જેમાં છે એવા ચંદ્રવંશી રાજાઓથી રક્ષણ કરાયો હતો. (૩૫) આ જ રીતે બૃહદ્રણ પ્રથમ જેમાં છે અને સુમિત્ર રાજા અંતે જેમાં છે એવા સૂર્યવંશી રાજાઓએ તે ધર્મમાર્ગ સ્વશક્તિ અનુસાર રક્ષણ કરાયો હતો. (૩૬) પછી કળિયુગના કાળબળથી ક્ષય પામતો તે ધર્મમાર્ગ વિક્રમાદિત્ય અને શાલિવાહન નામના રાજાએ યથાર્થપણે રક્ષણ કર્યો હતો. (૩૭) પછી શંકરાચાર્ય (જૈન-બૌદ્ધ વગેરે) નાસ્તિકોને જીતીને પોતાના પ્રતાપથી પૃથ્વીમાં ધર્મમર્યાદાની સ્થાપના કરતા હતા. (૩૮) તે પછી અતિસમર્થ વિષ્ણુસ્વામી, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય અને નિમ્બાર્ક એ આચાર્યોએ ધર્મમાર્ગનું પાલન કર્યું હતું. (૩૯) તે પછી શ્રી વલ્લભાચાર્ય (પોતાના પુત્ર) વિઠ્ઠલનાથજીની સાથે પૃથ્વીમાં શ્રીકૃષ્ણની ભક્તિ પ્રવર્તાવતા ધર્મમાર્ગનું પાલન કર્યું હતું.

(૪૦) વલ્લભાચાર્ય અને વિઠ્ઠલનાથજી અંતર્ધાન થયા પછી આ સમર્થ વૃદ્ધિ પામેલા બળવાળો અધર્મસર્ગ સહિત કળિયુગ ગૃહસ્થો, ત્યાગીઓ અને રાજાઓમાં સારી રીતે પ્રવર્તેલો છે. (૪૧) માટે મનુષ્યોમાં વર્ણાશ્રમ વ્યવસ્થાથી રહેલો ધર્મ સંકરતાને પામેલો છે. કારણ કે ઉત્તમજનો બ્રાહ્મણો ઘણું કરીને અધર્મમાં રુચિવાળા છે. (૪૨) મુખ્યત્વે શૂદ્રો દ્વિજવર્ણના સમાન આચરણવાળા છે અને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો શૂદ્ર સમાન આચરણવાળા છે. ત્યાગીઓ ગૃહસ્થોના સમાન આચરણવાળા છે અને ગૃહસ્થો સ્ત્રી-અન્નાદિના અભાવથી ભિક્ષુઓના ધર્મને આચરે છે. (૪૩) સ્ત્રીઓ પતિવ્રતાના ધર્મથી રહિત પરપુરુષના ઉપભોગમાં આસક્ત થયેલી છે. ઉત્તમ જનો પણ હિંસા-માંસભક્ષણ-સુરાપાન વગેરેમાં પ્રીતિવાળા વર્તે છે. (૪૪) હે બંધુઓ ! 'આ ભક્ત છે, આ તપસ્વી છે. આ યોગી છે, આ ધાર્મિક છે' એવી ખ્યાતિ મેળવીને પછી પરદારા, પરધન, પર- અન્ન અને માનાદિની પ્રાપ્તિ માટે ધર્માદિમાં દંભ જ પ્રવર્તે છે. (૪૫) વિધવા સ્ત્રીઓ પુરુષોની સાથે હાસ્યવિનોદ વગેરે હાવભાવ વગેરેમાં, પુરુષોના અંગસ્પર્શ અને ભાતભાતના રસાસ્વાદમાં, સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરવામાં આસક્તિ યુક્ત જોવામાં આવે છે. (૪૬) આ પ્રમાણે ભૂમિ ઉપર હાલમાં કલિ અને અધર્મની પ્રવૃત્તિ સાધુજનોએ ન જોઈ શકાય એવી અતિ અધિક દેખાય છે. (૪૭) આથી ધર્મરક્ષણના ધારક શ્રીકૃષ્ણ ભગવાનનો અવતાર તો શાસ્ત્રે દર્શાવેલો પ્રાપ્ત થયો છે એમ જ મને જણાય છે. (૪૮) કોઈપણ દેશવિશેષમાં ભગવાન અવશ્ય અવતર્યા જ છે. જો એમ ન હોય તો ધર્મ ગ્લાનિના નિવારણ માટે ભગવાનના અવતરણને પ્રતિપાદન કરનારું ગીતાદિ શાસ્ત્ર પ્રમાણ કેમ થાય ? આ શાસ્ત્ર પ્રમાણ છે તો ભગવાન્ ગમે ત્યાં પણ પ્રગટ થયા છે એમ મને જણાય છે. (૪૯) તે પ્રાદુર્ભાવ પામેલા ભગવાન અમોને પોતાના જાણો, અધર્મ અને પાખંડથી અમારી રક્ષા કરો. કૃપા કરી અમને દર્શન આપો.' (૫૦)

**સુવ્રત મુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે અભય રાજા પોતાના બંધુઓને કહે છે તે સમયમાં જ ખટ્વાંગ રાજર્ષિ અભય રાજાના ઘેર આવ્યા. અભય રાજાએ ગુણ અને ઉંમરમાં વૃદ્ધ, પોતાના અનન્ય સુહૃદ માટે જ હિતકારી ખટ્વાંગ રાજર્ષિનો યોગ્ય સત્કાર કર્યો. (૫૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
અભયરાજગૃહે ખટ્વાંગઆગમન એ નામે બાવીસમો અધ્યાય થયો. ॥૨૨॥

●

## અધ્યાય - ૨૩

**સુવ્રત મુનિ બોલ્યા :**

હે રાજન્ ! અભય રાજાએ ખટ્વાંગ રાજાને 'ભલે પધાર્યા' કહીને આદરસત્કારપૂર્વક મુખ-હાથ-પગ ધોવા માટે જળ આપ્યું, આસન આપ્યું અને ફલાહાર આપી સત્કાર કરાયેલા ખટ્વાંગ રાજાની બાજુમાં જઈ અભય રાજા બેઠા. (૧) સુખેથી બેઠેલા, વિશ્રાંતિ પામેલા ખટ્વાંગ રાજર્ષિની પાસે પત્ની, પુત્ર, પુત્રીઓ સહિત પરિવારથી વીંટાઈને અભય રાજા પાસે બેસીને

પૂછવા લાગ્યા : (૨) 'હે રાજર્ષે ! ધર્મજ્ઞ તમે હાલમાં કયા સ્થાનથી આવો છો ? તમારું આગમન અમારા હિતને માટે જ છે.' (૩) અભય રાજાએ પુછાયેલા ખટ્વાંગ રાજર્ષિ તેમને કહેવા લાગ્યા : 'હે અભય રાજન્ ! સરધારપુરમાં સહજાનંદ નામવાળા અમારા ગુરુ આવ્યા છે. (૪) હે અભય રાજન્ ! તેમનાં દર્શન કરવા માટે હું થોડા સેવકો સાથે ત્યાં ગયો હતો. ત્યાં તેમના હજારો આશ્રિત જનો એકઠા થયા હતા. (૫) અમારા ગુરુએ સરધારપુરમાં કૃષ્ણ જન્માષ્ટમીને દિવસે અતિ ઉત્તમ ઉત્સવ કર્યો. હું તે ઉત્સવ જોઈ મારે ગામ કારિયાણી જતાં આ દુર્ગપુરમાં તમારી સમીપે આવ્યો છું.' (૬) હે રાજન્ ! ખટ્વાંગ રાજાએ ઉપર પ્રમાણે કહેવાયેલા અભય રાજા ફરીથી ખટ્વાંગ રાજર્ષિને પૂછવા લાગ્યા : 'હે મહાવ્રત ! તમારા ગુરુ કેવા ગુણોએ યુક્ત છે ? (૭) તમારા ગુરુ કોઈ મહાપુરુષ હોવા જોઈએ એવું હું અનુમાન કરું છું. જો એવા ન હોય તો તમારા જેવા બુદ્ધિશાળી વર્ષા ઋતુમાં તે ગુરુને જોવા કેમ જાય ? ન જ જાય. (૮) આ તમારા સહજાનંદ ગુરુ સાધારણ તો નથી જ એવી હું સંભાવના કરું છું. હે મિત્રશ્રેષ્ઠ ! માટે તમે તેમના ગુણો અમોને કહેવા માટે યોગ્ય છો.' (૯)

**ખટ્વાંગ બોલ્યા :**

'હે અભય ! હું તો તે મારા ગુરુના ગુણો કહીશ પરંતુ તમો આદિ જનો તે ગુણો સત્યપણે માનશો કે કેમ એમાં મને સંશય છે.' (૧૦)

**અભય રાજા બોલ્યા :**

'હે ખટ્વાંગ ! ધર્મનિષ્ઠાવાળા સત્યવાદી તમારો વિશ્વાસ અમોને છે જ માટે અમો યુધિષ્ઠિરની પેઠે તમોને સત્યવચનવાળા જાણીએ છીએ. (૧૧) હે રાજર્ષે ! માટે તમે તમારા ગુરુનો પ્રતાપ તથા સદ્ગુણો પોતાના પુત્રની પેઠે જ કહેવા માટે યોગ્ય છો. કેમ કે સૌ મુમુક્ષુઓ છીએ.' (૧૨) ખટ્વાંગ રાજા બોલ્યા : 'હે ભદ્ર ! તમો એકાગ્ર મનથી આશ્ચર્યકારી મારું વચન સાંભળો. બીજા સર્વે તમારા સંબંધીજનો પણ સાંભળો.' (૧૩) ખટ્વાંગ રાજા આ પ્રમાણે કહીને પોતે જે પ્રકારે જોયેલું અને શ્રીહરિના એકાંતિક સંતોના મુખથી સાંભળેલું શ્રીહરિનું સમગ્ર ઐશ્વર્ય કહેવા લાગ્યા. (૧૪) પ્રથમ શ્રીહરિએ માંગરોળપુરમાં જે પ્રતાપ જણાવ્યો તે પ્રતાપ તથા તેમના પરમકૃપાળુપણું આદિ ભગવાનપણાને જણાવનારા સદ્ગુણો કહેવા લાગ્યા. (૧૫) અલૌકિક તે ઐશ્વર્યને સાંભળીને પુત્રાદિ બંધુ વર્ગ સહિત તે અભય રાજા હર્ષિત રોમવાળા અને અત્યંત આનંદિત થયા. (૧૬) 'આ ભગવાનનો અવતાર થયો આ અંગે સંશય નથી જ' એમ પોતાના મનમાં નિશ્ચય કરીને ફરીથી તેમને પૂછવા લાગ્યા : (૧૭) 'હે મહામતે ! તમોએ જે વાત કહી તે પરમ સત્ય છે. શ્રીકૃષ્ણને પોતાના ઈષ્ટદેવ તરીકે માનતા તમારા સહજાનંદ નામે ગુરુ પોતે જ પ્રાદુર્ભાવ પામેલા શ્રીકૃષ્ણ જ છે આમાં લેશમાત્ર સંશય નથી.' (૧૮) 'હે સત્તમ ! ખટ્વાંગ ! આ પૃથ્વીમાં શ્રી સહજાનંદ સ્વામી કોના વંશમાં જન્મ્યા ? કયા દેશમાં થયા ? સૌરાષ્ટ્રદેશમાં ક્યારે આવ્યા ? હવે કયા દેશમાંજશે ? (૧૯) તમો તેમના પ્રાદુર્ભાવનો પ્રકાર અને નાના પ્રકારનાં ચરિત્રો યથાર્થપણે કહેવા માટે યોગ્ય છો. તમારું અમારે ત્યાં આગમન અમારા સદ્ભાગ્યથી જ થયેલું છે. (૨૦) હું દરરોજ શ્રી

ભગવાનના પ્રાદુર્ભાવનું ચિંતન કરું છું. હાલમાં તમારા મુખ થકી શ્રી ભગવાનના પ્રાદુર્ભાવનું વૃત્તાંત સાંભળી મહાઆનંદ થયો. તમો તેમની વાર્તા પ્રથમથી જ અમને કહો. (૨૧) પોતાના હિતેચ્છુ જનનું વચન પ્રમાણિત હોવાથી અમારા સંબંધીઓ પણ આ સાંભળવા માટે ઉત્સુક છે. તમો અમારા હિતસ્વી છો માટે કહો.' (૨૨)

**સુવ્રત મુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે બંધુજનોએ સહિત અભય રાજાએ પરમ શ્રદ્ધાપૂર્વક પુછાયેલા ભક્તોત્તમ ખટ્વાંગ રાજર્ષિ બહુ રાજી થઈને, ભગવાનનાં કહેવા ઈચ્છેલાં સમસ્ત દિવ્ય ચરિત્રો સંભારવાથી ઉત્પન્ન થયેલી પરમ આનંદરૂપ મહાનદીમાં એકદમ નિમગ્ન થઈ ગયા. (૨૩) તે સમયમાં પોતાના હૃદયમાં સ્ફુરણાયમાન થયેલા ભગવાનના ચરણકમળમાં થોડીવાર સુધી જેમનું ચિત્ત લીન થઈ ગયું છે એવા ખટ્વાંગ રાજર્ષિ બાહ્ય દેહાદિકની સ્મૃતિએ રહિત થઈ ગયા. પછી ધીમે ધીમે દેહની સ્મૃતિ પામીને, હર્ષાશ્રુથી પરિપૂર્ણ નેત્રવાળા અને રોમાંચિત ગાત્રવાળા થઈ. ભગવદ્ભક્તિએ યુક્ત થઈ અભયરાજાને શ્રીહરિનું દિવ્ય ચરિત્ર કહેવા લાગ્યા. (૨૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં દ્વિતીય પ્રકરણમાં
ખટ્વાઙ્ગાભયસંવાદ નામનો ત્રેવીસમો અધ્યાય થયો. ॥૨૩॥

●

## અધ્યાય - ૨૪

**ખટ્વાંગ રાજા બોલ્યા :**

'હે અભય રાજન્ ! ઉત્તર કોશલ દેશમાં છપૈયા નામે એક ગામ છે. ત્યાં ધર્માવતાર બુદ્ધિમાન દેવશર્મા નામે બ્રાહ્મણ હતા. (૧) આ બ્રાહ્મણ સામવેદી, સાવર્ણિ ગોત્રમાં જન્મેલા, ધર્મમાં જ દૃઢ સ્થિતિવાળા હતા. તે દેવશર્માને ભક્તિ નામના પતિવ્રતાધર્મમાં દૃઢ સ્થિતિવાળાં પત્ની હતાં. (૨) પત્ની સહિત દેવશર્મા વિપ્રે વૃંદાવનમાં પ્રીતિપૂર્વક મહાવિષ્ણુયાગથી શ્રીકૃષ્ણનું આદરથી આરાધન કર્યું. (૩) દેવશર્મા બ્રાહ્મણ ઉપર પ્રસન્ન થયેલા સ્વયં શ્રીકૃષ્ણ પૃથ્વીમાં એકાંતિક ધર્મ પ્રવર્તાવવા અને અધર્મનો નાશ કરવા દેવશર્માથી તેમની પત્ની ભક્તિમાં પાદુર્ભાવ પામ્યા. (૪) હરિ નામથી વિખ્યાત, સર્વના મનને હરનારા તે ભગવાન પોતાના દર્શનાદિ વડે બાલ્યવસ્થાથી આરંભીને ઘણા જીવોને પાપરૂપ સંસારસાગરથી મુકાવતા હતા. (૫) જેમને દશ દિવસ પણ હજી થયા નથી એવા શ્રીહરિએ પોતાનો નાશ કરવા ઈચ્છતા કોટરા વગેરે બાળગ્રહોને પોતાની દૃષ્ટિમાત્રથી બાળતા તત્કાળ જ નસાડી મૂક્તા હતા. (૬) ત્રણ વર્ષની અવસ્થાવાળા શ્રીહરિએ કૃત્યાઓને ઉત્પન્ન કરનાર કાલીદત્ત નામના મહાઅસુરને પોતાની દૃષ્ટિમાત્રથી મોહિત કર્યો. આથી તે અસુર વૃક્ષોમાં અહીં તહીં અથડાઈને મરણ પામ્યો. (૭) પછી કૃત્યાઓ વગેરેના ઉપદ્રવોના ભયથી તેમના પિતા પોતાના ગામનો ત્યાગ કરી પૂર્વના નિવાસભૂત અયોધ્યામાં આવીને રહ્યા. (૮) અયોધ્યામાં મહા બુદ્ધિશાળી આ બાળ ભગવાન મનુષ્યનાટકથી પોતાનું ઐશ્વર્ય ઢાંકી દઈને બાળપણાની લીલાઓથી જનોને આનંદ પમાડતા હતા. (૯) પૌગંડ વયમાં જ સર્વ સાધુગુણોએ

સંપન્ન એવા બાળપ્રભુ પિતાએ ઉપવીત સંસ્કાર કર્યા પછી નૈષ્ઠિકવ્રતને આશરીને ઘેર રહ્યા. (૧૦) પોતાના ભવનમાં નિવાસ કરતા શ્રીહરિ વિદ્યાગુરુ પોતાના પિતાને વિસ્મય પમાડતા અલ્પ કાળમાં જ વેદાદિ સર્વ વિદ્યાઓ ભણી ગયા. (૧૧) પછી શ્રીહરિએ પોતાના માતપિતાને દિવ્યગતિ આપી. પછી તીવ્ર વૈરાગ્યવેગથી અગિયાર વર્ષની ઉંમરવાળા શ્રીહરિ ઘરનો ત્યાગ કરી વનમાં ચાલી નીકળ્યા. (૧૨) પૃથ્વીમાં પુલહાશ્રમ વગેરે તીર્થોમાં ફરતા ફરતા શ્રીહરિ પોતાના સદાચરણોથી જ નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મો નૈષ્ઠિક બ્રહ્મચારીઓને બતાવતા હતા. (૧૩) શ્રીહરિ મહાતપશ્ચર્યા કરી તપસ્વીઓને તપશ્ચર્યાનો પ્રકાર દર્શાવતા હતા. અષ્ટાંગ યોગને સાધતા શ્રીહરિ યોગીઓને યોગાભ્યાસ કરવાની રીત બતાવતા હતા. (૧૪) સીરપુરમાં શ્રીહરિએ 'અમે મહાસિદ્ધો છીએ' એવા અભિમાનવાળા શક્તિના ઉપાસકોના મદને હર્યો હતો. દુષ્પ્રતિગ્રહના પાપથી જેનું શરીર કાળું થઈ ગયું છે એવા બ્રાહ્મણને દૃષ્ટિમાત્રથી અગાઉની માફક ગૌર શરીરવાળો કર્યો હતો. (૧૫) જે શ્રીહરિએ હજારો બટુક ભૈરવાદિ વીરગણો, કૃત્યાઓ, પિબૈક વગેરે દેવીઓના ઉપાસકોને પરાભવ પમાડીને પોતાના હજારો આશ્રિતોને પાપકર્મો થકી પાછા વાળ્યા હતા. (૧૬) શ્રીહરિએ જગન્નાથપુરીમાં દુષ્કર્મમાં આસક્ત મનવાળા હજારો અસુરોને મોહ ઉત્પન્ન કરાવી પરસ્પર યુદ્ધ કરાવીને નાશ પમાડ્યા હતા. (૧૭) માનસપુરમાં શ્રીહરિએ ધર્મના દ્રોહી હજારો અસુરોનો ધર્મમાર્ગનું રક્ષણ કરવા સત્રધર્મા નામના રાજા દ્વારા નાશ કરાવ્યો હતો. (૧૮) બહુવિધ તીર્થક્ષેત્રોમાં ફરતા શ્રીહરિ તે તે તીર્થસ્થાનોમાં ઘણા જનોને પોતાનાં દર્શન-સ્પર્શ-ભાષણાદિથી જન્મમરણાત્મક સંસારથી મુકાવ્યા હતા. (૧૯) હે સન્મતે ! આ પૃથ્વીમાં અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરતા શ્રીહરિ સૌરાષ્ટ્ર દેશમાં લોજ નામના પુરમાં આવ્યા. (૨૦) ત્યાં શ્રીકૃષ્ણની એકાંતિક ભક્તિનો પ્રચાર કરતા વૈષ્ણવાચાર્યોમાં શ્રેષ્ઠ રામાનંદ મહામુનિના શિષ્ય મુક્તાનંદાદિ રહેતા હતા. તેમની સાથે એમને સમાગમ થયો. (૨૧) ધર્મ, જ્ઞાન, તપ, યોગ, વિદ્યા, વૈરાગ્ય, ભક્તિએ સંપન્ન મુક્તાનંદાદિ મુનિઓ આ શ્રીહરિમાં આ બધા ગુણોને અતિશય જોઈને મનમાં અતિ આશ્ચર્ય પામી ગયા. (૨૨) હજારો શિષ્યોથી વીંટાયેલા ઉદ્ધવાવતાર શ્રી રામાનંદમુનિ સાથે પીપલાણા ગામમાં મુક્તાનંદાદિ સાથે શ્રીહરિને મેળાપ થયો હતો. (૨૩) ગુરુના પણ ગુરુ શ્રીહરિએ પૃથ્વીમાં દીક્ષાની રીતિ પ્રવર્તાવવા રામાનંદમુનિ થકી શ્રીકૃષ્ણના સંબંધવાળી મહાદીક્ષા યથાવિધિ ગ્રહણ કરી હતી. (૨૪) ગુરુએ હર્ષપૂર્વક દીક્ષાગ્રહણ સાથે દીક્ષાના અંગ તરીકે 'સહજાનંદ' અને 'નારાયણમુનિ' આ બે સાર્થક નામો પાડ્યાં હતાં. (૨૫) સર્વગુણસંપન્ન આ નારાયણમુનિને પોતાની ધર્મધુરા સોંપીને શ્રી રામાનંદમુનિ દેહાવસન્ન સમય પ્રાપ્ત થયે ભગવદ્ધામમાં ગયા. (૨૬) ગૃહસ્થ અને ત્યાગી ભક્તો સમગ્ર એક ગુરુના શિષ્યો નારાયણમુનિની આજ્ઞામાં નિરંતર વર્તતા હતા. (૨૭) પછી નારાયણમુનિ ભૂમિમાં સદ્‌ધર્મની પ્રવૃત્તિ માટે વિચરતા પ્રથમ સમુદ્રને કિનારે રહેલા માંગરોળપુરમાં આવ્યા. (૨૮) શ્રીહરિ સંવત્ ૧૮૫૮ના પોષ માસની પૂર્ણિમાને દિવસે માંગરોળપુરમાં આવ્યા. (૨૯) અધર્મથી અનેક જીવોનું રક્ષણ કરવા, પોતાનો પ્રતાપ દર્શાવતા, પ્રથમ સનાતન ધર્મ પ્રવર્તાવવા શ્રીહરિએ ત્યાં

આઠ માસ સુધી નિવાસ કર્યો. (૩૦) શ્રીહરિએ પૂર્તકર્મના નિમિત્તથી કરેલા વિષ્ણુની પૂજાના મહોત્સવમાં બ્રાહ્મણોને વિષ્ણુરૂપે પોતાનાં દર્શન આપ્યાં, પછી બ્રાહ્મણો શ્રીહરિને વૈદિક મંત્રોથી પ્રીતિપૂર્વક પૂજતા હતા. (૩૧) શ્રીહરિએ તે પુરમાં જન્માષ્ટમીનો મહોત્સવ કર્યો અને તે ઉત્સવમાં સર્વ જનોને પોતાનું અલૌકિક શ્રીકૃષ્ણ સ્વરૂપ બતાવ્યું. (૩૨) તે સમયમાં રામાનંદસ્વામીના સર્વ શિષ્યો નારાયણમુનિને જ પોતાના ઈષ્ટદેવ રાધિકાના પતિ શ્રીકૃષ્ણરૂપનો જ નિશ્ચય કરી અનન્ય ભાવથી ભજવા લાગ્યા. (૩૩) તે સમયે બીજા પણ મુમુક્ષુ નરનારીઓ પરમ આદરથી શ્રી નારાયણમુનિનું જ શરણ પામી પરમ આદરપૂર્વક ભજતા હતા. (૩૪) હે નિષ્પાપ ! તે સમયે સભામાં બેઠેલા મેં આ નારાયણમુનિને જ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જ છે એમ નિશ્ચય કર્યો. આ પ્રમાણે નિશ્ચય કરી તેમના શિષ્યભાવને પામ્યો છું. (૩૫) પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરતા શ્રીહરિ હજારો સ્ત્રીપુરુષોના પ્રાણની વૃત્તિનો નિરોધ પોતાના સ્વરૂપમાં સમાધિ દ્વારા કરાવતા હતા. (૩૬) સમાધિમાં એ લોકો યોગ્ય છે કે નહિ આ પ્રકારે શ્રીહરિ વર્ષાઋતુમાં વરસતા મેઘની પેઠે લગારેય જોતા ન હતા. (૩૭) આ અદ્‌ભુત ક્રિયાઓને જોનારા સર્વ કોઈ જનો અતિશય આશ્ચર્ય પામીને શ્રીહરિનો આશ્રય કરીને સદ્ધર્મના માર્ગમાં પ્રવર્તતા હતા. (૩૮) આથી બીજા જે તે તે દેવના આશ્રિતો હતા તેમને તેમના તેમના ઈષ્ટદેવરૂપે દર્શન આપતા હતા. તેથી આશ્ચર્ય પામેલા મતવાદીઓ પોતાના મતોનો ત્યાગ કરી અનન્યપણે શ્રીહરિના આશ્રિત થતા હતા. (૩૯) કાલવાણી ગામમાં શ્રીહરિ સર્વજનોના સંશય હરવા અલૌકિક યોગનું સમાધિસ્વરૂપ ઐશ્વર્ય ઘણા પ્રકારે જનોને બતાવતા હતા. (૪૦) યમનિયમાદિ સાધનસામગ્રી વિના શ્રીહરિએ કૃપાપૂર્વક જોવા માત્રથી પોતાના હજારો ભક્તોને સમાધિમાં સ્વતંત્રપણું આપ્યું હતું. (૪૧) શ્રીહરિ ઓજત નદીના કિનારે મહાવિષ્ણુયાગ કરતા હતા અને છ માસ સુધી બ્રાહ્મણોને તેમનાં ઈચ્છિત ભોજન જમાડ્યાં હતાં. (૪૨) વરસતો મેઘ જેમ જળને વરસાવે તેમ શ્રીહરિએ સુવર્ણ-ચાંદી-ધન-વાહન-વસ્ત્રો ઈત્યાદિ બ્રાહ્મણોને અત્યંત આપતા હતા. (૪૩) હે માનદ્ ! શ્રીહરિ પોતાના ભક્તોના દરેક ગામમાં મહોત્સવ કરતાં હાલમાં સરધારપુરમાં આવીને નિવાસ કરેલો છે. (૪૪) સમગ્ર ભક્તોની સભામાં મેં મારા ગામમાં પધારવા પ્રાર્થના કરેલા શ્રીહરિએ 'કાર્તિક સુદી પૂર્ણિમા પછી આવીશ' આવી મને પ્રતિજ્ઞા કરેલી છે. (૪૫) આ મારા ગુરુ નારાયણમુનિ સહજાનંદ, સ્વામિનારાયણ, સ્વામી આવા નામોથી વિરાજે છે. (૪૬) હરિકૃષ્ણ, હરિ, કૃષ્ણ અને નીલકંઠ વગેરે ગુણવિશેષથી કરેલાં નામોએ કરીને પ્રખ્યાત છે. એમનાં સ્વરૂપ, ગુણો અને ચરિત્રોને અનુલક્ષીને બીજાં હજારો નામો છે. (૪૭) આ ભગવાન અપરિમિત ત્યાગીજનો, ગૃહસ્થજનો અને પોતપોતાના ધર્મમાં રહેલી સ્ત્રીજનોએ ભક્તિપૂર્વક સેવેલા છે. (૪૮) દિવ્ય દેહવાળાં ભક્તિ-ધર્માદિ પણ નારાયણમુનિનું સેવન કરે છે. કેટલાંક મહાપુણ્યશાળી જનો ભક્તિ-ધર્માદિને પ્રત્યક્ષ દેખે છે એવું સાંભળ્યું છે. (૪૯) પોતાના કેટલાક ભક્તજનોને શ્રીહરિ ગોલોકધામની સાથે રાધિકા તથા શ્રીદામાદિ પાર્ષદે સહિત શ્રીકૃષ્ણસ્વરૂપથી બિરાજમાન પોતાના સ્વરૂપનું દર્શન આપે છે. (૫૦) પ્રભુ શ્રીહરિ વૈકુંઠધામની સાથે લક્ષ્મીજી તથા ગરુડાદિ પાર્ષદે સહિત

વિષ્ણુરૂપે કેટલાંકને દર્શન આપે છે. (૫૧) અતિપ્રકાશવાળા શ્વેતદ્વીપ નામના ધામ સાથે અને નિરન્નમુક્તોએ સહિત મહાપુરુષરૂપે કેટલાંક જનોને દર્શન આપે છે. (૫૨) કેટલાંક જનોને શ્રીહરિ અવ્યાકૃત ધામની સાથે લક્ષ્મી આદિક શક્તિઓ અને સુનંદાદિ પાર્ષદોએ સહિત ભૂમાપુરુષરૂપે દર્શન આપે છે. (૫૩) શ્રીહરિ બદરિકાશ્રમે સહિત તપસ્વીઓ અને અપરિમિત મુનિઓ સહિત નરનારાયણસ્વરૂપે કેટલાંકને પોતાનાં દર્શન આપે છે. (૫૪) શ્રીહરિ ક્ષીરસાગર નામના ધામે સહિત હિરણ્મય સ્વરૂપે કેટલાંક જનોને પોતાનાં દર્શન આપે છે. (૫૬) ભક્તવત્સવલ શ્રીહરિ અગ્નિમંડળે સહિત યજ્ઞપુરુષરૂપે કેટલાંકને પોતાનાં દર્શન આપે છે. (૫૭) શ્રીકૃષ્ણાદિ અનેકરૂપે પોતાનું પ્રત્યક્ષ દર્શન આપવાથી સમગ્ર જગતના એક સ્વામી ઐશ્વર્યસંપન્ન સાક્ષાત્ આ શ્રી હરિકૃષ્ણ જ છે માટે તેમનાથી અતિશ્રેષ્ઠ કોઈ છે જ નહિ માટે સર્વના કારણ છે એવો શાસ્ત્રાનુભવ સિદ્ધાંત છે. (૫૮) અષ્ટાંગયોગ વિના સમાધિમાં નાડીઓના પ્રાણોને રોકીને શ્રીહરિ પોતાનું અક્ષરધામાધિપતિ સ્વરૂપનું દર્શન આપે છે. (૫૯) આવા પ્રત્યક્ષ દર્શનથી સર્વ કોઈ મનુષ્યો અતિ વિસ્મય પામે છે. તે મનુષ્યોમાં જે મુમુક્ષુઓ છે તેઓ તો શ્રીહરિને પરમેશ્વર જાણીને ભજે છે. (૬૦) હે મહાભાગ્યશાળી અભય રાજન્ ! સમગ્ર ભૂમંડળમાં પ્રસિદ્ધ આ શ્રીહરિનો બીજો પણ પ્રતાપ હું તમોને કહું છું જે પ્રતાપ સર્વ જનોને પ્રત્યક્ષ જ અનુભવ કરાય છે. (૬૧) પૃથ્વીમાં કેટલાક શ્રીહરિને ભજતા જનો જ્ઞાનીઓ, અજ્ઞાનીઓ, બાળકો, વૃદ્ધપુરુષો, સ્ત્રીઓ વ્યંઢળો, શ્રીહરિના સાક્ષાત્ દર્શન પામેલાં, ક્યારેય પણ દર્શન નથી થયાં પરંતુ કેવળ સાધુ આદિ ભક્તોની માહાત્મ્ય સહિત તેમના સ્વરૂપના જ્ઞાનની વાતોથી 'શ્રીહરિ જ ભગવાન છે' એવો નિશ્ચય જેમને છે એવા ભક્તો શ્રીહરિને નામોચ્ચારણપૂર્વક ચિંતવન કરે છે. (૬૨-૬૩) એ સર્વ ભક્તો અંત સમયે કોઈપણ પ્રકારની પીડાનો અનુભવ કર્યા વગર વિમાનમાં બેસીને પાર્ષદો સહિત શ્રીહરિને જુએ છે. (૬૪) અંતકાળે શ્રીહરિને જોનારા તે જનો શ્રીહરિની સાથે આવેલા પાર્ષદોએ સહિત દિવ્ય અદ્‌ભુત વિમાનમાં બેસીને યોગીજનોને પણ દુર્લભ એવા શ્રીહરિના ધામને જ પામે છે. (૬૫) કેવળ મરનારા જનો જ શ્રીહરિને જુએ છે એમ નથી પરંતુ બીજા ભક્તો અને અભક્તો પણ ત્યાં ક્યારેક ક્યારેક શ્રીહરિને પ્રત્યક્ષ જુએ છે. (૬૬) શ્રીહરિને આશ્ચર્યપૂર્વક જોઈને - આ પરમેશ્વર હશે કે નહિ ?- એવા સંશયે રહિત થઈને આ લોકમાં રહેલા બુદ્ધિશાળીઓ તરત જ શ્રીહરિનો આશ્રય કરે છે. (૬૭) પરમેશ્વર વિના અન્ય દેવ-મનુષ્યાદિનું આવું સામર્થ્ય હોય જ નહિ માટે તમો સર્વ આ શ્રીહરિ પ્રત્યક્ષ ભગવાન છે એમ જાણો. (૬૮) તે પછી તમો તે ભગવાનના ધ્યાનથી પોતાના મનમાં કહેલા મહિમાવાળા પ્રભુને જોશો આવો નિર્ણય છે તેમાં લેશ સંશય નથી. (૬૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આવું ખટ્‌વાંગ રાજર્ષિનું વચન સાંભળી અભયરાજા અને તેના બંધુજનોએ આ શ્રીહરિ શ્રીકૃષ્ણ ભગવાન જ છે એવો દૃઢ નિશ્ચય કર્યો. (૭૦) હે નૃપ ! તે પછી અતિ પ્રસન્ન થયેલા મનવાળા અભય રાજાએ (પોતાને હિતનો બોધ આપનારા અને શ્રીકૃષ્ણના સાક્ષાત્કારવાળા)

ખટ્વાંગ રાજર્ષિની ઘણી પ્રશંસા કરી. સર્વ બંધુઓની સંમતિથી અભયરાજાએ ફરીથી ખટ્વાંગ રાજર્ષિને પૂછયું : (૭૧)

**અભય રાજા બોલ્યા :**

'હે રાજર્ષે ! તમોએ જે કહ્યું તે સર્વ નિશ્ચે સત્ય જ છે. તમો કૃતાર્થ છો, કેમ કે તમોએ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જોયા છે અને તેમાં તમો દૃઢ નિશ્ચયવાળા છો. (૭૨) આ દિવસથી આરંભીને અને નિશ્ચે તેમના છીએ - તેમના જ દાસ છીએ. હે રાજર્ષે ! શ્રીહરિનું ધ્યાન જે પ્રકારે કરવા યોગ્ય હોય તે પ્રકારે અમોને કહેવાને યોગ્ય છો.' (૭૩)

**સુવ્રત બોલ્યા :**

હે નરેશ ! અભય રાજાએ મહા આદરથી આ પ્રકારે પૂછેલા, શ્રી હરિકૃષ્ણ ભગવાનના ચરણ કમળોમાં જેમનું ચિત્ત ભ્રમરની પેઠે છે એવા નૈષ્ઠિક બ્રહ્મચારી ખટ્વાંગ રાજર્ષિ હર્ષ પામેલા પરિવારે સહિત અભય રાજાને રાજી કરવા શ્રીહરિના ધ્યાનનો પ્રકાર કહેવાનો આરંભ કર્યો. (૭૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
સંક્ષેપપણે હરિચરિત્રવર્ણન નામે ચોવીસમો અધ્યાય થયો. ॥૨૪॥

●

## અધ્યાય - ૨૫

**ખટ્વાંગ રાજા બોલ્યા :**

શ્રીહરિના ધ્યાનપરાયણ મુમુક્ષુ બાહ્ય અને આંતરિક શુદ્ધિવાળો થઈને, પવિત્ર દેશમાં સ્વસ્તિક આસને બેસીને, સરલ કાયાવાળો થઈને, મૌન ધારણ કરીને (૧) પોતાના બન્ને હાથ પોતાના ખોળામાં ઉપરાઉપર છતા મૂકીને, નાસિકાના અગ્રભાગમાં દૃષ્ટિ રાખીને પોતાના હૃદયકમળમાં એકાગ્ર મનથી, શ્રીહરિનું ધ્યાન કરે. (૨) મુમુક્ષુ પોતાની આગળ બેઠેલા અથવા ઊભા રહેલા અતિ રમણીય પુરુષાકૃતિવાળા, સંપૂર્ણ યુવાવસ્થામાં રહેલા શ્રીહરિનું ધ્યાન કરે. (૩) સમગ્ર શોભાને અનુરૂપ અવયવવાળા, નૂતન કમળ સમાન નેત્રવાળા, અત્યંત દર્શનીય આકૃતિવાળા, ધીરગંભીર, કોમળ ભાષણવાળા, (૪) તાજાં ખીલેલાં લાલ કમળની કાંતિ જેવી લાલ કાંતિવાળા, બન્ને હાથ અને પગના તળિયાથી શોભાયમાન, પ્રકાશિત ઊંચા મધ્યભાગવાળા, લાલ વર્ણવાળા નખરૂપી ચંદ્રમાની પંક્તિઓથી વિશેષ શોભતા, (૫) મંદ હાસ્યથી સ્ફુરાયમાન એવા સમાન દંતરૂપી મોતીઓની પંક્તિઓથી પ્રકાશમાન, જાનુપર્યંત લાંબા અને પુષ્ટ બાહુવાળા, વિશાળ વક્ષઃસ્થળવાળા, (૬) વિશાળ અને ઊંચા લલાટવાળા, અતિ શોભાયમાન ગંડસ્થળવાળા, લાલ અધરોષ્ઠવાળા અને લલાટમાં કેસર-ચંદનથી નિર્મિત ઊર્ધ્વપુંડ્ર તિલકના મધ્યે કુંકુમનો ગોળ ચાંદલો ધારી રહેલા, (૭) નવીન મેઘના સમાન શ્યામ અને જમણા હાથમાં તુલસીની માળા ધારી રહેલા, અને બીજા ડાબા હસ્ત વડે અભયદાન આપતા, (૮) ગળામાં તુલસીકાષ્ઠની સૂક્ષ્મ મણકાવાળી બેવડી કંઠી ધારી રહેલા તથા ડાબા ખભા ઉપર સુંદર શ્વતે યજ્ઞોપવીત ધારી રહેલા, (૯) શ્વેત કોમળ વસ્ત્રનો દૃઢ કચ્છ

ધારવાપૂર્વક કટિતટમાં પહેરી રહેલા તથા હંસની પાંખોની માફક શ્વેત ઉત્તરીય વસ્ત્રને ઓઢેલા, (૧૦) મસ્તક ઉપર અતિ સૂક્ષ્મ શ્વેત સુંદર ફેંટો બાંધતા, જન્માષ્ટમી આદિ ઉત્સવોમાં ભક્તોની પ્રીતિ માટે ઘણાં આભૂષણો ધારણ કરતા, (૧૧) પોતાના ભક્તજનોએ નાના પ્રકારના શ્વેત, લાલ, પીળા પુષ્પહારો તથા સુગંધી ચંદન વડે પૂજેલા, માથાની પાઘમાં જરા નીચે લટકતા તારાઓથી શોભાયમાન, મંદહાસ્યથી ભક્તોના મનને હરતા, (૧૨) તારાઓના મંડપના મધ્યમાં ઉદય પામેલા શરદ ઋતુના પૂર્ણ ચંદ્રમાની પેઠે પોતાના ભક્તોના મંડળની મધ્યમાં રહેલા, સર્વ જનોએ નમસ્કાર કરેલા, (૧૩) પોતાના હાથના લટકાથી સ્વભક્તજનોનાં હૃદયોને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરતા, કરુણામૃત રસથી ભરેલી દૃષ્ટિ વડે નિજજનોનું નિરીક્ષણ કરતા એવા નારાયણમુનિનું મુમુક્ષુજન પોતાના હૃદયકમળમાં ધ્યાન કરે. (૧૪) શ્રીહરિની સમગ્ર મૂર્તિનું ધ્યાન કર્યા પછી શ્રી વાસુદેવ ભગવાનમાં મન ધીમે ધીમે સ્થિર થાય ત્યારે પોતાના હૃદયમાં આ નારાયણમુનિનું ચરણતળ વગેરે જુદા જુદા એક એક અંગનું ચિંતન કરવું. (૧૫) પોતાના હૃદયમાં દૃષ્ટિની વૃત્તિમાં પ્રાપ્ત થયેલા શ્રીહરિના એક એક અંગમાં ચંચળ મનને સ્થિર કરનાર પુરુષના મનોગત દોષસમૂહ નાશ પામે છે જ. (૧૬) આ શ્રીહરિના ધ્વજ, કમળ, યવ, અંકુશ, ઊર્ધ્વરેખા આદિ જેમાં છે એવા રેખાના આકારવાળા સુંદર સોળ ચિહ્નોથી ચિહ્નિત, રમણીય, અતિ કોમળ, અળતાની માફક લાલ ચરણતળનું ચિત્તથી ચિંતવન કરવું. (૧૭) પછી નખકિરણની કાંતિથી ધ્યાતાજનોના હૃદયગત અજ્ઞાનરૂપી અંધકારને હરનારું, ક્રમશઃ નાની, સરખી અને કોમળ આંગળીઓથી વિરાજમાન, માટે જ નવપલ્લવની કાંતિને હરનારું એવું આ શ્રીહરિનું ચરણયુગલ ભક્તજને ચિંતન કરવું. (૧૮) પોતાના ભક્તજનના મનને મહાઆનંદ પમાડવા ધારણ કરેલાં નૂપુરના શબ્દોથી અતિ રમણીય, જોનાર જનોના નેત્રની વૃત્તિઓને ચોરનારા એવા ચરણકમળયુગલનું હૃદયમાં ચિંતવન કરવું. (૧૯) પછી પલ્લવ જેવી કોમળ, અનુક્રમે વિશાળ, ગોળ, જંઘાઓનું ભક્તજને પોતાના હૃદયમાં ધ્યાન કરવું. તે પછી અતિશય ગોળાકાર શ્રીહરિના ઢીંચણનું ધ્યાન કરવું તથા હાથીની સૂંઢ સમાન પુષ્ટ બન્ને સાથળનું ચિંતવન કરવું. (૨૦) સર્વોત્તમ સુવર્ણ કંદોરાથી બંધાયેલું, કોમળ અને સૂક્ષ્મ શ્વેત લાંબા વસ્ત્રને ધારી રહેલું, ભક્તોના સ્વામી શ્રીહરિનું વિશાળ કટિયુગલ પોતાના હૃદયમાં ભક્તજને લાંબા સમય સુધી ચિંતવવું. (૨૧) તે પછી શોભાયમાન ત્રિવળીના મધ્યમાં રહેલો સુંદર ગોળ ગંભીર નાભિકૂપ જેમાં છે એવું શ્રીહરિનું ઉદર ભક્તજને ચિત્તમાં ચિંતવન કરવું. તે પછી અત્યંત સુગંધયુક્ત વિવિધ પ્રકારનાં પુષ્પોની માળાઓથી શોભાયમાન છે એવું, સમાન અને વિસ્તારવાળું, યથાયોગ્ય ઉન્નત શ્રીહરિના વૃક્ષઃસ્થળનું હૃદયમાં ચિંતન કરવું. (૨૨) સુવર્ણનાં કડાં-સાંકળાં-વેઢ-વીંટીઓથી શોભાયમાન, લાલ કમળ સમાન શ્રીહરિના બન્ને હાથ પોતાના હૃદયમાં ચિંતવવા, અતિ દૃઢ બાજુબંધથી અલંકૃત અતિરમણીય એવા આ શ્રીહરિના બન્ને બાહુઓનું પોતાના મનમાં ચિંતન કરવું. (૨૩) વિવિધ મણિહારો અને સુવર્ણસૂત્રથી ગૂંથેલા મોતીઓની હારો વડે વિરાજમાન એવા શ્રીહરિના મનોહર કંઠનું સ્થિર મનથી લાંબા સમય સુધી ચિંતવન કરવું અને સસલાના કલંકે રહિત એવા મુખચંદ્રમાનું સ્થિર મને બહુકાળપર્યંત ચિંતન

કરવું. (૨૪) મંદહાસ્યથી પ્રસરતી દંતકાંતિના વિસ્તારથી પ્રકાશતાં બન્ને ગંડસ્થળો પોતાના હૃદયમાં ચિંતન કરવાં. તે પછી તે નવીન કમળદળ સરીખા દીર્ઘ ચંચળ બન્ને નેત્રોનું ચિંતવન કરવું. (૨૫) તે પછી કુંડળની શોભા અને અનેકવિધ પુષ્પમય ગુચ્છોની શોભાથી રમણીય એવા આ શ્રીહરિના બન્ને કાનનું ભક્તજને ધ્યાન કરવું. તે પછી લગારેક ઉન્નત અને લાંબા વિશાળ લલાટમાં શોભાયમાન તિલકે સહિત કુમકુમના ચંદ્રાકાર ચાંદલાનું ચિંતવન કરવું. (૨૬) તિલપુષ્પ અને દીપશિખાની શોભાને હરનારી શ્રીહરિની નાસિકાનું ચિંતન કરવું તથા તે નાસિકાની પાસે જમણા કપોળમાં શ્યામ તલનું ચિહ્ન છે અને ડાબા કાનમાં વિશેષ શોભાયમાન શ્યામ બિંદુ છે તેમનું ધ્યાન કરવું. (૨૭) વિવિધ પુષ્પના તોરાઓની પંક્તિથી શોભાયમાન વસ્ત્રના મુગટ (પાઘ) જેમાં છે એવા શ્રીહરિના મસ્તકનું ચિંતન કરવું. તે પછી મંદહાસ્યથી રમણીય શ્રીહરિના મુખારવિન્દનું જ ધ્યાન કરનાર ભક્તજને ઘણા સમય સુધી ધ્યાન કરવું. (૨૮) હે સુંદર બુદ્ધિવાળા અભયાદિ જનો ! આ પ્રકારે મેં શ્રી નારાયણમુનિનું ધ્યાન કહ્યું તે ધ્યાન તમો સર્વે દરરોજ કરો. (૨૯) અગાઉ કહ્યા પ્રમાણે દરરોજ શ્રી નારાયણમુનિનું ધ્યાન કરતાં અને 'શ્રીકૃષ્ણ' આ ત્રણ અક્ષરવાળા મંત્રરાજનો જપ કરતાં તમો સર્વ થોડા સમયમાં જ શ્રી નારાયણમુનિને નિશ્ચય પામશો. (૩૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરાધિપતિ ! આ પ્રમાણે કહીને ખટ્વાંગ રાજર્ષિ મૌન રહ્યા. અભયાદિએ પણ પોતાના મનમાં તેમનું વચન શ્રદ્ધાથી ધારણ કર્યું. (૩૧) હે પ્રતાપસિંહ રાજન્ ! આવી રીતે શ્રદ્ધાના અતિશયથી શ્રીહરિકૃષ્ણનાં ચરિત્રોની વાર્તાઓ કરતાં તે નિર્મળ અંતઃકરણવાળા અભયાદિ સર્વને શ્રાવણ વદી અજા નામની એકાદશીની રાત્રિ ક્ષણવારમાં પસાર થઈ ગઈ. (૩૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
શ્રીહરિસ્વરૂપધ્યાનનિરૂપણ નામે પચ્ચીસમો અધ્યાય થયો. ॥૨૫॥

●

## અધ્યાય - ૨૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પછી સવારમાં પારણાં કરી પોતાના ગામ જતા ખટ્વાંગ રાજર્ષિ પ્રત્યે વિનયવાળા અભય રાજા આંખમાં આંસુઓ સાથે બોલ્યા : (૧) હે સુવ્રતે ! જ્યારે ભગવાન તમારી ભક્તિના વશપણાથી તમારા ગામમાં પધારે ત્યારે તતક્ષણ દૂત દ્વારા અમોને જાણ કરશો. (૨) હે ભદ્ર ! હાલમાં અમો વિના કારણ પીડા કરતા અધર્મી શત્રુઓનો ઉપદ્રવ પામેલા છીએ. (૩)આથી દુર્ગપુરથી બહાર જવા માટે યોગ્ય નથી. એવું જો ન હોય તો આ દિવસેજ શ્રીહરિના દર્શન કરવા સરધારપુરમાં જાત. (૪) હે ખટ્વાંગ રાજર્ષિ ! જે ઉપાયથી શત્રુઓનો ભય નાશ પામે તે ઉપાય તમે જાણતા હો તો કહો જેથી અમો શ્રીહરિનાં વહેલી તકે દર્શન પામીએ. (૫) હે રાજન્ ! બહુશાસ્ત્રોના જાણકાર ખટ્વાંગ રાજાએ અભયરાજાને કહ્યું : 'હે સર્વોત્તમ સ્વભાવવાળા ! તમે સાંભળો, આ શ્રીહરિનું દશાવતાર સ્તોત્ર તમોને કહું છું. તમારાં મનમાં તે સ્તોત્ર ધારણ કરો. (૬) શ્રીકૃષ્ણની

મૂર્તિનું પૂજન કરી તમોએ દરરોજ આદરપૂર્વક સ્તોત્રનો પાઠ કરવો. આ સ્તોત્રના પાઠથી તમો સર્વ પ્રકારના ભયથી મુક્ત થશો.' (૭) હે રાજન્ ! ખટ્વાંગ રાજાએ સર્વ ભયનો નાશ કરનાર સ્તોત્રનો ઉપદેશ કર્યો. સર્વ બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ અભયરાજાએ તે સ્તોત્ર એકાગ્ર મનથી હૃદયમાં ધારણ કર્યું. (૮) જે શ્રીહરિએ પૂર્વે પૃથ્વીના પ્રલયકાળમાં અલૌકિક મીનનું રૂપ ધારણ કરીને સર્વત્ર જળબંબાકાર સમુદ્ર થયો ત્યારે પૃથ્વીરૂપી નૌકામાં બેસાડીને મહર્ષિઓએ સહિત સત્યવ્રત રાજાનું રક્ષણ કર્યું. તે રાજાને મત્સ્ય પુરાણ કહ્યું. હયગ્રીવ નામના અસુરને હણીને બ્રહ્માને વેદો આપ્યા તે શ્રીહરિ મારું સમગ્ર કષ્ટ નિવારણ કરો. (૯) અમૃત ઉત્પન્ન કરવા પોતાના સામર્થ્યથી ક્ષીરસમુદ્ર મંથન દેવો અને દાનવો કરવા લાગ્યા ત્યારે ક્ષીરસાગરમાં બૂડતા આધાર રહિત મંદરાચળને જે શ્રીહરિએ તત્કાળ કાચબાનું રૂપ ધારણ કરીને તત્કાળ પીઠ ઉપર ધારણ કર્યો તે શ્રીહરિ સમગ્ર કષ્ટનો નાશ કરો. (૧૦) જે શ્રીહરિએ પૂર્વે યજ્ઞમય વરાહરૂપ ધારણ કરીને રસાતળમાં ગયેલી પૃથ્વીને લઈ જનાર હિરણ્યાક્ષ દૈત્યનો યુદ્ધમાં સંહાર કરીને, પૃથ્વીનો એક ક્ષણમાં ઉદ્ધાર કર્યો હતો. તથા બ્રહ્માના આદિ દિવસમાં સમગ્ર યજ્ઞોને વિસ્તારી મનુષ્યોના મોક્ષ માટે પૃથ્વીને વરાહપુરાણરૂપે ભાગવતધર્મો કહ્યા તે શ્રીહરિ દરરોજ સમગ્ર કષ્ટ કરો. (૧૧) જે શ્રીહરિએ નરસિંહાકૃતિ ધારણ કરી ઉગ્ર નેત્રવાળા થઈને અસુરોના અધિપતિ હિરણ્યકશિપુને હણીને પોતાના અનન્ય ભક્ત પ્રહ્લાદનું તેનાથી રક્ષણ કરી, ઈન્દ્રાદિ દેવોને ફરીથી સ્વર્ગલોકનું સુખ પમાડીને હર્ષિત કર્યા તે શ્રીહરિ મારું સમગ્ર કષ્ટ હરો. (૧૨) વામન અવતાર ધારણ કરી બલિરાજાને ત્રણ પગલાં પૃથ્વીના બહાને છળ કરીને તેની પાસેથી આખી ત્રિલોકીની ભિક્ષા માગી લઈને તે ત્રિલોકી ઈન્દ્રને અર્પણ કરી પોતે બલીરાજાની ભક્તિને આધીન થઈ બલીરાજાનું દ્વારપાલપણું કરતા હતા. અને પોતે ઈન્દ્રના નાનાભાઈ રૂપે સ્વર્ગમાં રહીને વૈવસ્વત મનુનું રક્ષણ કર્યું હતું તે શ્રીહરિ મારા સમગ્ર કષ્ટનું નિવારણ કરો. (૧૩) જે શ્રીહરિએ પૂર્વે ભૃગુકુળમાં જમદગ્નિમુનિના પુત્રરૂપે પ્રગટ થઈને હાથમાં ફરશી ધારણ કરીને રામરૂપે થઈ પુત્રોએ સહિત સહસ્રાર્જુન રાજાના પ્રાણનો વિનાશ કરી, અતિ ઉદ્ધત, નઠારા માર્ગનું સેવન કરનારા ક્ષત્રિયોને એકવીશવાર હણીને, અધ્વર્યુ આદિ બ્રાહ્મણોના હાથમાં પૃથ્વી જેમણે આપેલી છે અને, સિદ્ધો અને ઋષિઓએ સ્તુતિ કરાયેલી છે સત્કીર્તિ જેની એવા શ્રીહરિ મારા સમગ્ર કષ્ટનું નિવારણ કરો. (૧૪) જે ભગવાન ધર્માત્મા રામચંદ્રરૂપે થઈ પિતા દશરથની આજ્ઞાથી સીતા અને લક્ષ્મણે સહિત વનવાસ ધારણ કરી પોતાના પ્રતાપથી સમુદ્રમાં પુલ બાંધી લંકાપતિ રાવણને વંશે સહિત તત્કાળ મારતા હતા અને સર્વ પ્રજાઓનું પુત્રની માફક પાલન કરતા હતા તે શ્રીહરિ મારા સમગ્ર કષ્ટને હરો. (૧૫) જે શ્રીહરિએ પૂર્વે ભૂમિનો ભાર ઉતારવા યદુરાજાના કુળમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ રૂપે પ્રગટીને પૃથ્વીના ભારભૂત કંસાદિ અસુર રાજાઓને મારીને ગાયો, પૃથ્વી, સાધુ, બ્રાહ્મણો, દેવો, ધર્મ વગેરેની સર્વ પ્રકારે રક્ષા કરી હતી. આથી જ જનોનું પરમ શ્રેય કરનાર મનોહરમૂર્તિ અને ગોવર્ધનને ઊંચો કરવારૂપ ચરિત્રથી સ્વાશ્રિતજનોનાં વિઘ્નોને નાશ કર્યા હતાં એવા શ્રીહરિ અમારું સમગ્ર કષ્ટ નિવારણ કરો. (૧૬) જે શ્રીહરિ ધારણ કર્યો છે બુદ્ધાવતાર જેમણે એવા, જેમનું ચરિત્ર અસુરોની બુદ્ધિને મોહ પમાડનારું છે, સદ્ધર્મના સંસ્થાપક

એવા અને પાખંડધર્મથી પોતાના ભક્તસમૂહનું જેમણે રક્ષણ કરેલું છે, તથા કરુણાસાગર એવા જેઓ અહિંસામય યજ્ઞોની પ્રવૃત્તિ વડે યશસ્વી થયેલા અને શુદ્ધ નિષ્કામ બુદ્ધિપ્રદાતા, સંસારસમુદ્રથી તારનારા શ્રીહરિ અમારું સમગ્ર કષ્ટ હરો. (૧૭) જે શ્રીહરિ કળિયુગના અંતમાં કલ્કિરૂપ ધારણ કરી દેવોએ આપેલ અશ્વ ઉપર બેસી ખડગ હાથમાં લઈ પૃથ્વી ઉપર વિચરતા ઘણા પાપી રાજાઓને મારીને પોતાના અંગમાં સ્પર્શવાળા વાયુના સ્પર્શમાત્રથી નાશ પમાડી છે જનોની કુબુદ્ધિ જેણે એવા, અતિ નિર્મળ અહિંસક સમગ્ર ધર્મને સ્થાપન કરશે એવા શ્રીહરિ મારું સમગ્ર કષ્ટ નાશ કરો. (૧૮) મત્સ્યાદિ દશાવતાર ધારણ કરનાર શ્રી નારાયણમુનિના આ સ્તોત્રના શ્રવણ અને પઠનથી જળસંબંધી પીડાથી ભય થતો નથી, સર્વ નરકના દુઃખ, અસુરગણકૃત ઉપદ્રવ, વાઘ વગેરે હિંસક પ્રાણીઓ, દુર્ગમ સ્થાન, દુષ્ટ રાજાઓ, કુમાર્ગ, શત્રુસમુદાય, અજ્ઞાન, કળિયુગ વગેરેથી ભય થતો નથી. આ સ્તોત્રનો પાઠ કરનાર અને શ્રવણ કરનાર જનોને દેહાંતે દીનબંધુ એવા શ્રીહરિ નારાયણમુનિની કૃપાથી ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. (૧૯)

**સુવ્રત મુનિ કહે છે :**

હે રાજન્ ! રાજર્ષિ ખટ્વાંગ તો આ પ્રમાણે ઉપદેશ કરીને પોતાને ગામ કારિયાણી ગયા. પોતાના પરિવારે સહિત અભય રાજા શ્રીહરિની ઉપાસનાપારાયણ થયા. (૨૦) પોતાના પરિવાર સહિત અભય રાજાએ શ્રીહરિનાં દર્શન થાય ત્યાંસુધી ઘી, દૂધ, ગોળ, સાકર વગેરે પદાર્થો જમવા નહિ એવો નિયમ રાખી, અહિંસા-બ્રહ્મચર્ય વગેરેએ સહિત ધારણા-પારણા વ્રત ધારણ કર્યું. (૨૧) સર્વાન્તરાત્મા ભગવાન શ્રીહરિ સર્વજનોના અંતરનો અભિપ્રાય જાણનારા દયાનિધિ શ્રી નારાયણમુનિ આ દુર્ગપુરમાં અમારે ઘેર પધારી દર્શન આપશે. (૨૨) આવો નિશ્ચય કરી અભય રાજા વગેરે ભક્તો પૃથ્વી ઉપર ધાર્યો છે નર આકાર જેમણે એવા જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણરૂપ શ્રી નારાયણમુનિની સમ્યક્ પ્રકારે આરાધન કરવા લાગ્યા. (૨૩) ખટ્વાંગ રાજર્ષિએ કહેલા પ્રકારથી શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરતાં, અખંડિત વ્રતવાળા, અતિ આદરવાળા અભય રાજા વગેરે ભક્તવત્સલ શ્રી નારાયણમુનિને અતિ સ્નેહથી ભજવા લાગ્યા. (૨૪) ક્યારેક મિતાહારી, ક્યારેક ફલાહારી, ક્યારેક નિરાહારી હોઈને તીવ્ર તપશ્ચર્યાથી શરીરને અતિશય કૃશ કરીને નિર્મળ અંતઃકરણવાળા થઈને ભગવાનનું આરાધન કરવા લાગ્યા. (૨૫) વાનપ્રસ્થો હોય તેમ તે સર્વ રાજભોગને યોગ્ય પોતપોતાનાં શરીરોને માટીના પિંડાની જેમ અનાદર કરીને હરિકૃષ્ણ ભગવાનની ઉપાસના કરવા લાગ્યા. (૨૬) પોતાનું રાજ્ય પોતાના મંત્રીને સોંપીને અભય રાજા શ્રીકૃષ્ણના પૂજનના અંતે દશાવતાર સ્તોત્રનો પાઠ કરતા શ્રીહરિની કથાનું શ્રવણ-મનન-નિદિધ્યાસમાં અત્યંત પ્રેમાસક્ત થયા. (૨૭) ત્યારે તે અભયરાજા વગેરે સર્વે ખટ્વાંગ રાજર્ષિથી જેવા સાંભળ્યા હતા તેવા શ્રીહરિને દરરોજ ધ્યાન કરતાં, અને જપ કરતાં સતા પોતાના હૃદયકમળમાં એકદમ આવિર્ભાવ પામેલા શ્રીહરિને દરરોજ જોતા હતા. (૨૮) તોપણ પ્રત્યક્ષ દર્શનની ઈચ્છા પ્રતિદિન વૃદ્ધિ પામતી હતી. તેથી તે બધા શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન માટે જ પોતાનાં શરીરોને સૂકવી નાખતા હતા. (૨૯) હે નરેન્દ્ર ! આ પ્રકારે ભક્તિભાવથી તે શ્રીહરિને પ્રતિદિન ભજતા અને નિર્મળ

આશયવાળા તથા સાક્ષાત્ શ્રીહરિની પ્રાપ્તિમાં જ એક મનવાળા એવા તે અભય રાજા વગેરેને અઢી માસ વીતી ગયા અને શત્રુભય પણ ચાલ્યો ગયો. (૩૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
સંકષ્ટહરસ્તોત્રોપદેશહર્યારાધનનિરૂપણ એ નામે છવ્વીશમો અધ્યાય થયો. ।।૨૬।।

●

## અધ્યાય - ૨૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

તે પછી શ્રીહરિ સરધારપુરમાં પ્રબોધિનીનો ઉત્સવ કરી, પોતે ખટ્વાંગ રાજાને કહેલા વાક્ય (હું પ્રબોધિનીનો ઉત્સવ કરીને તમારા ગામમાં નિશ્ચય આવીશ)ને સત્ય કરવા કારિયાણી ગામે પધાર્યા. (૧) શ્રીહરિની પ્રતિદિન રાહ જોતાં ખટ્વાંગ રાજા પોતાના ગામમાં શ્રીહરિકૃષ્ણ ભગવાનને આવતા સાંભળીને મહા આનંદથી વિહ્વલ થઈને તત્કાળ શ્રીહરિની સન્મુખ ગયા. (૨) ઘણા ઘોડેસ્વારોથી વીંટળાયેલા વિવિધ પ્રકારના વાજિંત્રના ધ્વનિથી દશ દિશાઓને શબ્દાયમાન કરતા ખટ્વાંગ રાજાએ માર્ગમાં આવતા શ્રીહરિને જોયા. (૩) વેગવંત ઘોડા ઉપર બિરાજેલા અને નૈષ્ઠિક વ્રતધારી બ્રહ્મચારીઓથી વીંટાયેલા તથા ભક્તજનોએ ચંદન અને પુષ્પનાહારોની પંક્તિઓથી પૂજેલા તથા તેમની સાથે આવતા મુનિજનો અને ભક્તજનોથી ભક્તિથી જોવાતા એવા શ્રીહરિને નમસ્કાર કરી અને તેમના આશ્રિત વર્ણિ, મુનિજનો અને ગૃહસ્થોને નમસ્કાર કરી, ભગવાન અને તેમના અનુયાયીઓ સાથે પોતાને ઘેર આવ્યા. (૪) ખટ્વાંગ રાજાએ શ્રીહરિનો ઉતારો પોતાના ઘરમાં જ સારી રીતે કરાવ્યો અને બીજા શ્રીહરિના આશ્રિત સાધુ-વર્ણિઓનો ઉતારો તો ગામમાં જ યથાયોગ્ય કરાવ્યો. (૫) હે રાજન્ ! ખટ્વાંગ રાજર્ષિ તો દાસની માફક, માને રહિત, અનુગામી સહિત, શ્રીહરિની સેવા પરમ પ્રીતિથી કરવા લાગ્યા. બીજા ભક્તજનો પણ નિર્માની થઈને દાસભાવે પ્રીતિપૂર્વક સેવા કરવા લાગ્યા. (૬) રાઘવ, વૈકુંઠ વગેરે ઉત્તમ બ્રાહ્મણો, વાસ્તુ, રામો, વેલો, વિક્રમ વગેરે ક્ષત્રિયો; (૭) વીરો, કામો, રાઘવ, કર્ણો, દેવો, ગોવર, પંચાયન, હીરો વગેરે વૈશ્યો; (૮) તથા દેવિકા વગેરે સ્ત્રીઓ - આ સર્વે ભક્તજનો યથાધન યથાશક્તિ તે ભગવાનની પરમ પ્રેમથી શુદ્ધ અંતઃકરણથી સેવા કરવા લાગ્યા. (૯) હે રાજન્ ! કારિયાણી ગામમાં શ્રીહરિ પધાર્યા તે દિવસે કાર્તિકી પૂર્ણિમા હતી. તે મહોત્સવ દિવસે ખટ્વાંગ રાજા સહિત સર્વ ભક્તોએ પરમાનંદથી શ્રીહરિની પૂજા કરી. (૧૦) સુગંધી ચંદન, પુષ્પના હારો, તોરાઓ, નવીન વસ્ત્રો અને ધન વગેરેથી અતિશય આદરપૂર્વક શ્રીહરિની પૂજા કરી નમસ્કાર કર્યા. (૧૧) ત્યારપછી બન્ને હાથ જોડી રહેલા તે ભક્તજનોએ વર્ણિ એવા શ્રીહરિને મુરલીવાદનમાં તત્પર એવા સાક્ષાત્ શ્રીકૃષ્ણરૂપે જોયા. (૧૨) પછી તે ભક્તજનો ફરી તે શ્રીહરિને પ્રણામ કરી જેટલામાં આશ્ચર્યપૂર્વક જુએ છે તેટલામાં તો તે શ્રીકૃષ્ણ પૂર્વની પેઠે વર્ણિરાજરૂપે થઈ ગયા. (૧૩) પછી શ્રીહરિને જ સર્વ અવતારના ધારણ કરનાર પુરુષોત્તમ જાણીને ખટ્વાંગ રાજા બન્ને હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. (૧૪)

**ખટ્વાંગ રાજા બોલ્યા :**

હે શ્રી નીલકંઠ ! તમો જય પામો. અનાદિ માયાના પાશમાં બંધાયેલા જીવોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી મૂકાવનાર, શુદ્ધસ્વરૂપ, જ્ઞાનઘન અને અસુરોને મોહ પમાડનારા, શ્રીધર્મની પત્ની જે ભક્તિના પુત્ર, પોતાના આશ્રિતજનોને જીવનરૂપ એવા શ્રીહરિકૃષ્ણ ભગવાન તમોને નિરંતર નમસ્કાર છે. (૧૫) હે શ્રીહરે ! અક્ષરથી પર આ પ્રમાણે શ્રુતિ વડે વર્ણન કરાયેલા બૃહદ્ એવા અક્ષરધામમાં નિવાસ કરતા તમોને આ દિવસે પામીને હું કૃતાર્થ થયો છું. (૧૬) સ્વધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય વગેરે અનેક સાધનોની વૃદ્ધિના સામર્થ્યથી ત્યાગ કર્યા છે માયિક ત્રણ ગુણનાં કાર્યો, ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ જેમણે એવા માટે જ બ્રહ્મભાવ પામેલા મુક્તજનોને પણ ઉપાસના કરવા યોગ્ય પરબ્રહ્મ તમો, તે અમારા નયનગોચર ઉપાસ્ય છો. (૧૭) તે પરબ્રહ્મ વાસુદેવ તમે રજોગુણથી બ્રહ્મા દક્ષાદિરૂપે થઈને વિશ્વની ઉત્પત્તિ કરો છો, સત્ત્વગુણનો આશ્રય કરીને વિષ્ણુ ધર્મ પ્રજાપતિ વગેરે રૂપે થઈને વિશ્વનું રક્ષણ કરો છો, અને તમોગુણને અંગીકાર કરી શિવ શેષાદિરૂપે થઈને પ્રલયકાળે વિશ્વનો વિનાશ કરો છો. ગુણોનાં કાર્યોથી બંધાયેલા નહિ માટે સત્ત્વાદિ ત્રણ ગુણોના સ્વામી છો. માટે સર્વાધિપતિ આ પ્રમાણે શ્રુતિઓએ કહેલા છો. (૧૮) પરબ્રહ્મ-સ્વતંત્ર તમો પોતાના સંકલ્પથી જ પ્રત્યેક યુગમાં દિવ્ય અવતારો ધારણ કરો છો. કાળે કળિને નષ્ટ થયેલા વેદોક્ત ધર્મને પ્રવર્તાવીને અસુરો થકી સત્પુરુષોનું રક્ષણ કરો છો. (૧૯) હે હરે ! તમો વરાહ સ્વરૂપ ધારણ કરી મહાબળવાન હિરણાક્ષને મારી રસાતલથી પોતાની દાઢ વડે ઉપર ધારેલી તથા પર્વત અને ગહન વનોથી યુક્ત પોતાની ઐશ્વર્ય શક્તિએ સહિત પૃથ્વીને એકાર્ણવ જળની ઉપર યથાપૂર્વક સ્થાપન કરી હતી. (૨૦) હે ભક્તોના મનોરથોને પૂરનારા ભગવન્ ! રુચિ નામના પ્રજાપતિએ ઘણા પ્રકારે કરેલી પ્રાર્થનાથી વશ થયેલા સર્વજનોના હિતકારી તમો યજ્ઞ શરીરવાળા દક્ષિણા નામની પત્નીએ સહિત આવિર્ભાવ પામેલા ત્રિભુવનના રક્ષક યજ્ઞસ્વરૂપ તમોએ સ્વયંભૂ મનુના રક્ષણ માટે અસુરસમૂહનો નાશ કર્યો હતો. (૨૧) પૃથ્વીમાં ભરતખંડમાં જન્મ જેમના છે એવા, પુણ્યમાં જ એક રુચિવાળા, ભગવદ્‌ભજનમાં પ્રવર્તેલા એવા સાધુપુરુષના હૃદયમાં ધર્મકુળની અભિવૃદ્ધિ માટે તમોએ નરનારાયણરૂપ ધારણ કર્યું હતું. (૨૨) તમો કર્દમ પ્રજાપતિના પુત્ર કપિલ નામે, કાળે કરીને નાશ પામેલા સાંખ્યજ્ઞાન પ્રથમ પોતાની માતા દેવહૂતિને આપ્યું. પછી શિષ્ય જે આસુરી નામના ઋષિને પણ સાંખ્યજ્ઞાન આપ્યું. પછી સમુદ્રના દ્વીપમાં નિવાસ કરીને તપશ્ચર્યા કરી હતી. (૨૩) તમોએ અત્રિમુનિના પુત્ર દત્તાત્રય રૂપે થઈને બ્રાહ્મણાદિ ચાર વર્ણોના ધર્મોએ સહિત આશ્રમધર્મો પૃથ્વીમાં પ્રથમ સારી રીતે સ્થાપ્યા. અને સહસ્રાર્જુન રાજા તથા યદુરાજાને અસાધારણ રાજ્યભોગરૂપ ભુક્તિ અને પરમપુરુષાર્થરૂપ મુક્તિ આપી હતી. (૨૪) નવીન મેઘ સમાન શ્યામ મૂર્તિવાળા વાસુદેવ તમોએ શ્રેષ્ઠ ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરીને ઉત્તાનપાદ રાજાના પુત્ર ધ્રુવને વરદાન આપીને મધુવનવાસી જનોને પોતાનાં દર્શન આપવાથી ઉદ્ધાર કર્યો હતો. (૨૫) હે ભગવન્ ! તમો વેન રાજાના પુત્ર પૃથુરૂપે થઈને પૃથ્વીમાં ઔષધિઓનું દોહન કર્યું; પૃથ્વીનું તળ સરખું કર્યું. પાપી એવા પણ સ્વપિતા વેન રાજાને સ્વર્ગમાં મોકલીને પોતે પ્રથમ રાજા

થયા. (૨૬) હે દેવ ! તમો નાભિ રાજા થકી તેમનાં પત્ની સુદેવીમાં પ્રકટ થઈ ઋષભ નામથી વિખ્યાત થઈ, સો યજ્ઞો કરી પોતાના પુત્રો આદિને પ્રવૃત્તિધર્મમાં રહેલા એકાંતિક ધર્મો અને પરમહંસાશ્રમમાં રહેલા ત્યાગીજનોને નિર્માનાદિ નિવૃત્તિ ધર્મો શીખવ્યા. (૨૭) હે ભક્તપતે ! તમોએ પૂર્વે હયગ્રીવરૂપે અવતરીને બ્રહ્માના દિવસને અંતે બ્રહ્માના મુખથી નીકળી પડેલા વેદો તેમને લાવી આપ્યા હતા. અને મત્સ્યાવતાર ધારણ કરીને પણ બ્રહ્માને વેદનું દાન આપી સત્યવ્રત રાજાને સમગ્ર ધર્મનો ઉપદેશ મત્સ્યપુરાણ દ્વારા આપ્યો હતો. (૨૮) હે વિભો ! તમોએ જ કૂર્માકૃતિ થઈને દુર્વાસામુનિના શાપથી જેમની લક્ષ્મી નાશ પામી છે એવા દેવસમુદાયનું દારિદ્રદુઃખથી રક્ષણ કરવા ક્ષીરનિધિના મંથનનો આરંભ કર્યો. ત્યારે મંદરાચળને પોતાના વિશાળ પીઠપ્રદેશ ઉપર ધારણ કર્યો હતો. તે પછી અસુરોના મોહ માટે કપટથી મોહિનીરૂપ ધારણ કરી દેવોને અમૃતપાન કરાવ્યું હતું. (૨૯) અતિ તીવ્ર વેગવાળા જેમણે અભૂતપૂર્વ નૃસિંહ રૂપ ધારીને સિંહો થકી વિલક્ષણ, ક્રોધાયમાન આકૃતિવાળા થઈ ખડખડાટ હાસ્યના ધ્વનિથી અંડકટાહને ફોડીને મદાન્ધ આદિદૈત્ય હિરણ્યકશિપુને નખોના અગ્રભાગ વડે ચીરી નાંખ્યો હતો અને વૈરાગ્યવાળા પોતાના ભક્ત પ્રહ્‌લાદને રાજ્યપદ ઉપર બળાત્કારે બેસાડ્યો હતો. (૩૦) તમો વામનરૂપે વિનયથી નમ્ર ખભાવાળા બ્રહ્મચારીના વેશવાળા કશ્યપના પુત્ર થઈને ત્રણ પગલાં પૃથ્વીની યાચનાના બહાને બલિરાજાનું ત્રિલોકીનું અધિપતિપણું દેવોમાં શ્રેષ્ઠ ઇન્દ્રને આપીને મહાન સુતલ લોકમાં રહેલા દૈત્યોનું રાજ્ય બલિરાજાને આપ્યું. (૩૧) આ તમો સ્વયંભુવ મનુઓ, સપ્તર્ષિઓ અને યજ્ઞભાગ જમનારા દેવો તથા ઈંદ્રોની પોતપોતાના અધિકારમાં સ્થિતિ કરવા ત્રિલોકીના રક્ષણ નિમિત્તે રાજરાજ આ પ્રકારની સંજ્ઞાવાળા અવતારો ધારણ કરો છો. (૩૨) તમોએ ધન્વંતરી સંજ્ઞાથી આ લોકમાં બધા રોગોને નાશ કરવામાં સમર્થ દિવ્ય નામવાળા થઈ આયુર્વેદનો પ્રકાશ કર્યો હતો. દરેક યજ્ઞમાં દેવોએ રોકેલો પછીથી નમ્ર દેવોએ આપેલાં યજ્ઞસંબંધી પોતાનો ભાગ પોતાના સામર્થ્યથી પામ્યા હતા. (૩૩) પૂર્વે તમોએ જમદગ્નિના પુત્ર રામ થઈને તીવ્ર ધારવાળી ફરશી ધારણ કરીને ક્રોધથી ચારેબાજુ લાલચોળ આંખવાળા થઈને કોઈની સહાય વિના એકાકી સહસ્રાર્જુને સહિત અતિ ક્રૂર ક્ષત્રિય જાતિને એકવીશ વાર નષ્ટ કરી પૃથ્વીને ક્ષત્રિયબીજ વિનાની કરી દીધી હતી. (૩૪) તમો દશરથ રાજાના પુત્ર રામરૂપે પ્રાદુર્ભાવ પામ્યા, તાડકા રાક્ષસી અને વિશ્વામિત્રના યજ્ઞનો નાશ કરનારા રાક્ષસોનો નાશ કરી, અહલ્યાનો પણ ઉદ્ધાર કરી, શિવધનુષ્યનો ભંગ કરી સીતાજીને પરણ્યા, પછી પિતાની આજ્ઞાથી નાનાભાઈ લક્ષ્મણ અને પત્ની સીતાજીને સાથે લઈ વનમાં ગયા. રાવણની બહેન સુર્પણખાને વિરૂપ કરી, ઘણા ઋષિઓના શત્રુ-અસુરોને હણ્યા. (૩૫) ત્યાર પછી તમો રાવણે હરણ કરાયેલી પોતાની પત્ની જાનકીનો વિશેષ શોક કરતા જટાયુ નામના પક્ષીનો અને ભીલ જાતિના શબરીનો ઉદ્ધાર કરી, વાલીનો નાશ કરવાથી ભયરહિત માટે જ પ્રસન્ન થયેલા સુગ્રીવના દૂતો હનુમાન વગેરેએ સીતાની આ લોકમાં શોધ કરીને વિસ્તરણવાળા સમુદ્રમાં પાળ બાંધી લંકાપુરીમાં જઈ વાંદરા-રીંછોના સૈન્યવાળા યુદ્ધમાં રાવણને મારી સીતાને પામી અયોધ્યામાં આવી રાજાધિરાજ થયા. (૩૬) તમે પરાશરસુત વ્યાસરૂપે થઈને કળિયુગમાં

લોકોની બુદ્ધિને અતિ અલ્પ જાણીને વેદસમૂહનો ચાર પ્રકારે વિભાગ કરી, પૈલ આદિ ઋષિઓને ભણાવ્યા હતા. પછી તેના જ જાણી શકાય તેવા અર્થોને સ્પષ્ટ કરવા (ભાગવતાદિ)પુરાણ અને (શારીરક આદિ) સૂત્ર રચ્યાં હતાં. (૩૭) હે હરે ! તમો પૃથ્વીનો ભાર ઉતારવા માટે શ્રીકૃષ્ણ નામે થયા. તમોએ ગોકુળમાં પૂતનાનો નાશ કરી તૃણાવર્ત નામના અસુરનો નાશ કરતા હતા. તથા શકટમાં રહેલા શકટાસુરનો ભંગ કરતા હતા. તથા માતાને પોતાના મુખમાં વિશ્વરૂપ દર્શન કરાવતા હતા. અને બાલ્યાવસ્થાને ઉચિત ક્રીડાઓ કરતા હતા. તેમ જ દહીં મથવાની ગોળી ભાંગવી, યમલાર્જુન વૃક્ષોને મૂળમાંથી ઉખાડી પાડી નાંખવાં, વગરે લીલાઓ તમે ગોકુલમાં કરતા હતા. ત્યારપછી વૃંદાવનમાં બકાસુર, વત્સાસુરનો નાશ તથા અઘાસુરનો નાશ કરતા હતા. અનંત વાછડા તથા ગોવાળિયાઓ રૂપે થઈ બ્રહ્માને મોહ પમાડવો તેમજ પર્વત, વૃક્ષો અને પક્ષીઓની પ્રશંસા કરવી અને કાલિયનાગનું મર્દન તથા દાવાનળનું પાન કરતા હતા. ત્યાર પછી કુમારી ગોપકન્યાઓનું શ્રીકૃષ્ણપ્રાપ્તિ માટે યમુનાતટે દરરોજ દેવીપૂજનરૂપ વ્રતનું ઈષ્ટફળ પ્રદાન કરતા હતા. પછી હે ભગવન્ ! તમો યજ્ઞમાં નિષ્ઠાવાળા બ્રાહ્મણોની પત્નીઓના અન્નભોજનથી પ્રસન્નતા, પોતાને ઈષ્ટ ગોવર્ધન પર્વતને સાત દિવસ સુધી પોતાના હાથમાં ધારણ કરવાથી વ્રજના પશુસમૂહ સહિત વ્રજવાસીઓનું રક્ષણ, ઈન્દ્રના ગર્વનો નાશ, વરુણના સમીપથી નંદરાજાનું લાવવું, પોતાને પ્રિય નંદાદિ ગોપોને પોતાનું અક્ષરધામ પમાડવું, વ્રજની ગોપીઓની સાથે રાસોત્સવથી રમણ, રાધાને એકાંતમાં લઈ જઈને પ્રીતિ ઉત્પન્ન કરવી, અજગરે ગળેલા પિતા નંદનું અજગરના વિનાશપૂર્વક મુકાવવું; શંખચૂડ, અરિષ્ટાસુર, વ્યોમાસુર અને કેશી વગેરે અસુરોનો વિનાશ કરવો; અક્રૂરના વાક્ય-શ્રવણથી પોતાની મથુરાનગરીમાં આગમન, ધોબીનો નાશ; દરજી, ત્રિવક્રા કુબજા અને સુદામા નામના માળી ઉપર અનુગ્રહ, ધનુભંગ કરવો, કુવલયાપીડ નામનો હાથી, મલ્લો અને કંસનો નાશ કરનાર, ગુરુ સાંદીપનિના મનોરથને પૂર્ણ કરનાર, ગોપીઓના મનની શાંતિ કરનાર, અક્રૂર, કુબ્જા, કુંતીને યથાયોગ્ય સંતોષ પમાડનાર, વિશ્વકર્મા દ્વારા દ્વારિકાનું નિર્માણ; કાલયવન અને જરાસંધના સૈન્યનો ક્ષય, રાજસમુદાયોના પરાભવ કરી આઠ પટરાણીઓ અને સોળ હજાર સ્ત્રીઓને પરણવું, વિપ્રના અપરાધથી કાચીંડાની યોનિ પામેલા નૃગરાજને તેનાથી મૂકાવવું, બાણાસુરના હસ્તોનું છેદન, યુધિષ્ઠિરના યજ્ઞનું જરાસંધના વિનાશરૂપ રક્ષણ, શિશુપાલ અને દંતવક્રાદિનો નાશ, વિપ્ર મિત્ર સુદામાના દારિદ્રનો નાશ, કુરુક્ષેત્રમાં જે યાત્રોત્સવ, કંસે મારી નાખેલા પોતાના મોટા ભાઈઓને પાછા લાવી માતાને બતાવીને માતાનો મનોરથ પૂર્ણ કર્યો હતો. પોતાના પરમ ભક્તો વૈદેહ, અર્જુન, ઉદ્ધવ આદિકને તત્ત્વનો બોધ કરી તેમના મોહનો નાશ કર્યો એ સર્વ કાર્યો આપે પૂર્વે કર્યાં છે. (૩૮) હે હરે ! તમો બુદ્ધાકૃતિ ધારણ કરનાર વેદોક્ત કર્માનુષ્ઠાન માર્ગના આશ્રિતોને પણ ત્રણ ભુવનોમાં રહેનારા જનોને પીડા કરતા અસુરસમૂહોને ઉપધર્મોના ઉપદેશથી મોહ પમાડ્યા હતા. (૩૯) હે ભગવન્ ! તમો કળિયુગના અંતે વિષ્ણુયશ નામે બ્રાહ્મણના પુત્ર અને મહાખડગ હાથમાં ધારણ કરેલા એવા કલ્કિ અવતાર રૂપે થઈ પૃથ્વી તળ ઉપર વિચરતા કુત્સિત બુદ્ધિવાળા, મ્લેચ્છપ્રાય એવા પાપીજનોનો સંહાર કરશો તે નિશ્ચિત વાત છે. (૪૦) હે પ્રભો ! તમો જ્યારે જ્યારે અસુરોએ કરેલી ધર્મહાનિ જુઓ છો ત્યારે ત્યારે પૃથ્વીમાં

અવતાર ધારણ કરો છો. તે શરીરો તમે કયારેક માતા અને પિતાના યોગથી ધારણ કરો છો તથા ક્યારેક તો એકથી જ ધારણ કરો છો અને ક્યારેક તમો અતાર્કિક ગમે તે કોઈ ઠેકાણે પણ પોતાની સ્વેચ્છાથી પોતે પ્રકાશો છો. (૪૧) હે પ્રભો ! તમારે અવતાર ધારણ કરવાનું તો વેદોક્ત વર્ણાશ્રમ ધર્મમાર્ગના રક્ષણ માટે જ છે. માટે પૃથ્વી ઉપર આ સમયે તમો સાક્ષાત્ અવતરીને દુર્જનોએ નષ્ટ કરેલા ધર્મમાર્ગને સારી રીતે પાલન કરતા - સર્વ અવતારોના ધરતલ પુરુષોત્તમ તમો શોભો છો. (૪૨) હે ભગવન્ ! સ્વતંત્ર એવા તમો પૃથ્વી ઉપર અવતાર ધારણ કરી જે જે ચરિત્રો કરો છો તે તે ચરિત્રો ત્રિવિધ તાપથી તપાયમાન થયેલા જનોને માટે હિતાવહ જ થાય છે. (૪૩) હે પુરુષોત્તમ ! તમારા અવતારો અને ચરિત્રો દિવ્ય અને અનંત છે માટે કોઈથી પણ ક્યારેય પણ તેની ગણના કરી શકાતી નથી. (૪૪)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! ભક્તશ્રેષ્ઠ ખટ્વાંગ રાજા આ પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરી બુદ્ધિમાન તે શ્રહરિની સેવામાં મનવાળા સ્નેહથી નમેલા અંગવાળા અતિસ્નેહપૂર્વક શ્રીહરિ પ્રત્યે યાચના કરવા લાગ્યા. (૫૦) ‘હે ભગવન્ ! હે સંતોના પતિ ! તમારામાં મનવાળા તમારા ચરણસેવક એવા મારા પર દયા કરી અહીં જ કેટલાક માસ સુધી શાંતિથી તમો નિવાસ કરવા યોગ્ય છો.’ (૪૬)

**શ્રી ભગવાન બોલ્યા :**

‘હે રાજર્ષે ! હું હંમેશાં ધર્મનિષ્ઠ એવા તમારી પ્રીતિ માટે વસંતના ઉત્સવ (મહા સુદ - ૫)સુધી તમારા ગૃહમાં નિવાસ કરીશ.’ (૪૭)

સુવ્રતમુનિ બોલ્યા : હે રાજન્ ! ત્યારપછી ખટ્વાંગ આદિથી આદરપૂર્વક સારી રીતે સેવા કરતા એવા તે શ્રીહરિ સ્વાશ્રિત ભક્તજનોને સુખ પમાડતા તે કારિયાણી ગામમાં રહ્યા. (૪૮) હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીહરિના નિવાસનો નિર્ધાર થયા પછી રાજર્ષિ ખટ્વાંગ રાજાએ શ્રીહરિના આગમનના સમાચાર સૂચવનારો એક મંગળ પત્ર લખીને એક દૂત દુર્ગપુર મોકલ્યો. ઉતાવળથી ચાલતા તે દૂતે જલદીથી દુર્ગપુર પહોંચીને અભય રાજાના હાથમાં તે પત્ર આપ્યો. (૪૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં કાર્યાયનગ્રામાગમન - ખટ્વાંગકૃત હરિસ્તુતિનિરૂપણ એ નામે સત્યાવીશમો અધ્યાય થયો. ॥૨૭॥

●

## અધ્યાય - ૨૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! અભયરાજાએ તે પત્ર પામીને તેમાં લખેલા સમાચાર જાણીને ભગવાન શ્રીહરિ કારિયાણી ગામમાં પધાર્યા છે એમ આનંદપૂર્વક પોતાના બંધુજનોને કહ્યું. ત્યારે તે અભય બન્ધુઓ તે જ સમયે કારિયાણી જવા તત્પર થઈ ગયા. (૧) પછી શ્રી નારાયણમુનિની કૃપાથી શત્રુના ભયથી રહિત થયેલા, હર્ષ પામેલા અભયરાજા થોડાક સેવકોને સાથે લઈ પોતાના બંધુઓની સાથે શીઘ્ર ગતિવાળા રથ-ઘોડા વગેરે વાહનોથી તે જ દિવસે કારિયાણી ગામે પહોંચી ગયા. (૨) ખટ્વાંગ

રાજાએ પોતાને ઘેર આવેલા, પોતા વિષે પરમ પ્રતીતિવાળા પોતાના અનન્ય મિત્ર અભયરાજાને યથાયોગ્ય સન્માન આપીને પ્રસન્ન થઈને અનુચરો સહિત તેમને પોતાને ઘેર નિવાસ કરાવ્યો. (૩) ખટ્વાંગ રાજા હરિકૃષ્ણની પૂજાની સામગ્રી સહિત, ઉત્તમાદિ બંધુવર્ગે સહિત શ્રીહરિના દર્શનની ઉત્કંઠાવાળા અભયરાજાને તત્કાળ ભગવાનની પાસે લઈ ગયા. (૪) હજારો ત્યાગીઓ અને ગૃહસ્થોના સમૂહોથી વીંટળાયેલા અને મનુષ્યાકૃતિ, જેવા સાંભળેલા હતા તેવા, પ્રત્યક્ષ શ્રી નારાયણમુનિને જોઈને હર્ષથી પૂર્ણ હૃદયવાળા થઈને અભયરાજા આદિ પ્રણામ કરવા લાગ્યા. (૫) સર્વ જીવોના અંતર્યામી અને પોતાના ભક્તજનોના મનોરથો પૂર્ણ કરવામાં કલ્પતરુ સમાન શ્રીહરિએ ખટ્વાંગ રાજર્ષિએ જણાવ્યો છે સમગ્ર ભાવ જેમનો એવા બંધુઓ સહિત અભયરાજાનો યથાયોગ્ય સત્કાર કર્યો. (૬) પછી તે અભય આદિ ભક્તજનોએ સિંહાસન ઉપર બિરાજમાન ઈશ્વરમૂર્તિ શ્રીહરિની બહુમૂલ્ય વસ્ત્રો, નાના પ્રકારનાં અનેક આભૂષણો તથા ચંદન પુષ્પહારો વડે પરમ ભક્તિભાવથી પૂજા કરી. (૭) પૂજાને અંતે તેઓએ પ્રેમપૂર્વક આરતી ઉતારી, ભક્તિભાવથી પ્રણામ કરી બે હાથ જોડીને તેમની દિવ્ય મનોહર મૂર્તિમાં નેત્રવૃત્તિને એકાગ્ર કરીને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૮)

**અભયાદિ બોલ્યા :**

એકાંતિક ધર્મની રક્ષા માટે જેમણે જન્મ ગ્રહણ કર્યો છે એવા હે સત્પુરુષોના પતિ ! અલૌકિક પ્રતાપથી જેમણે અસુરસમૂહો મૂળમાંથી ઉખાડી નાંખ્યા છે અને પાંખડ માર્ગોથી જેમણે પોતાના ભક્તજનોની રક્ષા કરી છે એવા હે પ્રશાંત મૂર્તિ ! હે નીલકંઠ ! તમો જયકારી પ્રવર્તો. (૯) આ કળિયુગમાં મનુષ્યોમાં કલ્યાણ માટે જ ભક્તિભાવથી સદા ઉપાસના કરવા યોગ્ય એવા હે મનોહર મૂર્તિપ્રભુ ! હે ક્ષમાસાગર ! હે દયાનિધિ ! હે પ્રશાંતમૂર્તિ નીલકંઠ ! તમો જયકારી પ્રવર્તો. (૧૦) પોતાના ભક્તોને ગોલોક ધામમાં લઈ જનારા હે આત્મનિષ્ઠ ! હે પ્રભો ! હંમેશાં એકાંતિક ધર્મ સ્થાપના કરનારા, પોતાના આશ્રિતોમાં પ્રવર્તાવ્યો છે સુખદ સાંખ્યયોગ જેમણે એવા હે પ્રશાંતમૂર્તે ! (૧૧) અધર્મ, માયા, કળિયુગ, કાળ અને નાના પ્રકારના બીજા દોષોને નાશ કરનારી છે શ્રવણાદિ ભક્તિ જેમની એવા હે શ્રીહરે ! ધર્માચરણમાં તત્પર હે પ્રભો ! હે સુંદર વેષવાળા ! હે પ્રશાંતમૂર્તે ! હે નીલકંઠ તમો જયકારી પ્રવર્તો. (૧૨) હે મહામુને ! યોગની કળાઓને પ્રવર્તાવનાર હે યોગેશ્વર ! અનંત ગુણો અને પ્રભાવવાળા હે વિભો ! - વ્યાપક પ્રભો ! વરદાન અને અભયદાન આપનારા હે દિવ્યરૂપ ! પ્રશાંતમૂર્તે ! તમો જયકારી પ્રવર્તો. (૧૩) કામાદિ શત્રુઓને ત્રાસ પમાડનારું ચિંતવન છે જેમનું એવા હે ઈશ્વર! પાપોના સમૂહો નાશ પમાડનાર છે નામ જેમનું તથા અજ્ઞાન આ વિધાનો વિધ્વંસ કરનારું છે બોધન સામર્થ્ય જેમનું એવા હે પ્રશાંત મૂર્તિવાળા નીલકંઠ ! તમો જયકારી પ્રવર્તો. (૧૪) હે હરિપ્રસાદના પુત્ર હરિકૃષ્ણ ! હે હરે ! હે સ્વામિન્ ! હે કૃષ્ણ ! હે તપસ્વિન્ ! હે નૈષ્ઠિકેન્દ્ર વર્ણિરાજ ! હે નારાયણ ! હે પ્રેમવતીના પુત્ર ! હે પ્રશાંતમૂર્તે ! હે નીલકંઠ ! તમો જયકારી પ્રવર્તો. (૧૫) અતિગંભીર ચરિત્રોવાળા હે સ્વામિનારાયણ! હે પ્રભો ! બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓએ પૂજેલાં છે ચરણકમળ જેમનાં એવા હે આચાર્યોમાં શ્રેષ્ઠ ! હે પ્રશાંતમૂર્તે ! હે નીલકંઠ ! તમો

જયકારી પ્રવર્તો. (૧૬) હે નીલકંઠ ! સંસારસાગરમાં બૂડતા જનોને જોઈને હૃદયમાં ઊપજેલી પરમ કૃપાથી આર્દ્ર મનવાળા માટે જ પોતાની ઈચ્છાથી જ ભૂતળમાં નરતનુ ધારીને આવિર્ભાવ પામેલા સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ તમો છો. આ મોટું આશ્ચર્ય છે. (૧૭) હે પોતાના ભક્તજનોના પ્રાણપતે ! અતિશય દયાથી ભૂતળમાં આવિર્ભાવ પામેલા હે પૂર્ણકામ ! હે વિષ્ણો ! ઈન્દ્રાદિ સમગ્ર દેવતાઓએ સેવેલાં છે ચરણ જેમનાં એવા, ભક્તજનોના સકલ મનોરથો પૂર્ણ કરવામાં તત્પર હે જીષ્ણો ! તમો જયકારી પ્રવર્તો. (૧૮) હે મુકુંદ ! જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણ, સ્થાવર જંગમ પ્રાણીઓના આત્મા, માયાના ગાઢ અંધકારથી પર પોતાના અક્ષરધામમાં સદૈવ બિરાજમાન એવા તમારી સ્તુતિ કરવામાં કોણ સમર્થ થાય ? કોઈપણ નહિ. (૧૯) સંસારરૂપ દાવાનળની શાંતિના કારણભૂત અને તેથી જ સુખના આશ્રયરૂપ એવા તમારી યાચના કરીએ છીએ કે અતિશય દયાને લીધે પ્રદર્શિત તમારા આ પ્રત્યક્ષ સ્વરૂપમાં અમારું મન હંમેશાં આસક્ત રહો. (૨૦) અપાર કરુણાથી સ્વાભાવિક પ્રસરતાં મંદહાસ્યનાં કિરણોથી પ્રકાશિત અને કુંડળોની કાંતિવાળા ગંડસ્થળો જેમાં છે એવા, મોળિયામાં ચારેબાજુ પ્રસરતા ઘણા તોરાઓની હારોથી શોભાયમાન તમારા મુખારવિંદમાં અમારા મનરૂપી ભમરા નિરંતર રમણ કરો. (૨૧) અક્ષતે સહિત શુભ તિલક અને વાંકી ધનુષાકાર બે ભ્રૂકુટિઓ વડે મનોહર, વિશાળ નેત્રોવાળા તમારા મુખચંદ્રમાં અમારા નેત્રરૂપી ચકોરનું જોડલું ક્રીડા કરો. (૨૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે અભયાદિથી સ્તુતિ કરાયેલા ભક્તવત્સલ ભગવાન શ્રી નારાયણમુનિ ખૂબ પ્રસન્ન થઈને અભયાદિને, મુમુક્ષુ જનોને ઈચ્છિત અભયદાન આપ્યું. (૨૩)

પછી અભયરાજા શ્રીહરિને નમસ્કાર કરી ફરી પ્રાર્થના કરવા લાગ્યા : હે સ્વામિન્ ! આ આપના દાસ એવા મારું ઈચ્છિત પૂર્વ કરવા તમો યોગ્ય છો. (૨૪) હે ભગવન્ ! બંધુજનોએ સહિત હું સંત, વર્ણિ આદિ સેવકો સહિત તમોને દુર્ગપુર તેડી જવા આવ્યો છું. તેને આપે હાલમાં માન્ય કરવું જોઈએ. (૨૫)

**શ્રી ભગવાન બોલ્યા :**

હે રાજન્ ! પરિવારે સહિત તમારા નિર્દોષ અભિપ્રાયને હું જાણું છું જ. હું તમારા દુર્ગપુરમાં જરૂર આવીશ તેમાં કોઈ સંશય નથી. (૨૬) પરંતુ મેં આ ગામમાં વસંતપંચમી પર્યંત રહેવાની ખટ્વાંગ રાજાને પ્રતિજ્ઞા કરી છે તેથી હું હાલમાં આવવા ઉત્સાહ કરી શકતો નથી. (૨૭) હે મહિપતે ! તેથી હું મુનિઓ આદિની સાથે તમારા પુરમાં આવી ફૂલદોલનો ઉત્સવ કરીશ એમાં સંશય નથી. (૨૮) ત્યારે અભયરાજાએ શ્રીહરિને કહ્યું : હું પણ વસંતોત્સવ સુધી બંધુજનોએ સહિત અહીં આપની સમીપે જ નિવાસ કરીશ અને તમારી સાથે જ મારે ઘેર જઈશ. (૨૯) હે રાજન્ ! અભયરાજા આ પ્રમાણે કહીને શ્રીહરિએ અનુમોદન આપતાં પત્નીઓ-પુત્ર-પુત્રીઓ સાથે દૃઢ નિશ્ચય કરી ત્યાં જ રહ્યા. (૩૦) અભયરાજાએ ભગવાનના દર્શન થતાં સુધી ધારણ કરેલું ધારણાપારણા વ્રત સમાપ્ત કર્યું અને પોતાને પૂર્ણકામ માનવા લાગ્યા અને તેમના પત્ની પુત્રાદિક

પણ વ્રત સમાપ્ત કરી પોતાને પૂર્ણકામ માનવા લાગ્યા. (૩૧) અભયરાજા પોતાના ઘરના કામકાજ માટે પોતાના સાળા ગાલવને દુર્ગપુર મોકલ્યો અને પોતે તો પ્રતિદિન નિરંતર શ્રીહરિની સેવામાં તત્પર થઈને વર્તતા હતા. (૩૨)શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ ખટ્વાંગ રાજાના ગૃહમાં રહેતા કરતા સર્વ જીવોને સુખ આપનાર તળાવ ખોદાવતા હતા. (૩૩) ઉદાર બુદ્ધિવાળા તે ખટ્વાંગ રાજર્ષિએ પોતાનું સોનું, ચાંદી વગેરે ધન હતું તે સર્વસ્વ શ્રીહરિને અર્પણ કરી દીધું. (૩૪) તે ધન વડે શ્રી ભગવાને પીપલાણામાં કર્યો હતો એમ કારિયાણીમાં મોટો વિષ્ણુયાગ કરી સર્વજનોને આશ્ચર્ય પમાડ્યા. (૩૫) હે રાજન્ ! તે મહાવિષ્ણુયાગના મહોત્સવ ઉપર દેશાંતરોથી વિવિધ ભેટ-સામગ્રી હાથમાં લીધેલા અનેક જનો આવવા લાગ્યા. તેઓ શ્રીહરિને મળી સર્વોત્તમ આનંદ પામ્યા. (૩૬) શ્રીહરિએ વિષ્ણુયાગના મહોત્સવના કાર્યમાં સોમલાખાચર, સુરાખાચર, માતરોધાધલ, અલૈયાખાચર અને જીવાખાચર આ ઉત્તમ ક્ષત્રિયોને અગ્રેસર કર્યા હતા. (૩૭) વર્ણિરાજ શ્રીહરિએ વિવિધ પ્રકારના મોદક વગેરે મિષ્ટાન્નો વડે અને સુવર્ણ આદિ દક્ષિણા વડે અનંત બ્રાહ્મણોને તૃપ્ત કર્યા હતા. (૩૮) શ્રીહરિએ વેદ જાણનારા હજારો બ્રાહ્મણોને સંતુષ્ટ કરીને ઘણી સામગ્રીથી કારિયાણી ગામમાં અતિરુદ્ર નામનો યજ્ઞ કર્યો. (૩૯) કાળવેગથી નષ્ટ થયેલી ધર્મમર્યાદાઓના રક્ષણ કરનારા શ્રીહરિએ વસંતપંચમીના રોજ શાસ્ત્રવિધિપૂર્વક તે અતિરુદ્ર મહાયાગ સમાપ્ત કરાવ્યો. (૪૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! અત્યંત દક્ષિણાદિ વડે ખૂબ સંતોષ પામેલા બ્રાહ્મણોએ અને જોયેલ છે યજ્ઞ મહોત્સવ એવા ગૃહસ્થજનોએ આ અવનિ ઉપર ગાયેલો શ્રી નારાયણ-મુનિનો યશ સાંભળનારા પૃથ્વીમાં રહેલા રાજાઓ આશ્ચર્ય પામ્યા. (૪૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
શ્રી નારાયણાભયરાજસમાગમપૂજનસ્તવનનિરૂપણ એ નામે અઠ્ઠાવીશમો અધ્યાય થયો. ॥૨૮॥

●

## અધ્યાય - ૨૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પછી શ્રીહરિએ શાસ્ત્રવિધિ અનુસાર યજ્ઞની સમાપ્તિ કરી, બ્રાહ્મણસમૂહોને દક્ષિણાથી સંતોષ પમાડી, ચોમેરથી સ્વભક્તોએ પૂજ્યા થકા સભામાં ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૧) તે સભામાં શ્રીહરિની આગળ દૃઢ બ્રહ્મચર્યવ્રતવાળા ત્યાગીજનો બેઠા, તેમની ચારે તરફ ગૃહસ્થ ભક્તો યથાયોગ્ય બેઠા. સ્ત્રીઓ પણ પુરુષોનો સ્પર્શ ન થાય તેમ એકબાજુ બેઠી. (૨) પ્રસન્ન મનવાળા, અતિ શોભાયમાન શ્રી નરનારાયણમુનિ ભગવાન પોતાના મુખારવિંદ સામી એક દૃષ્ટિવાળા સર્વ ભક્તજનોને સભામાં બેઠેલા જોઈ પોતાનાં વચનરૂપી અમૃતથી આનંદ આપતા બોલ્યા. (૩)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તો ! તમો સર્વે મારું વચન સાંભળો. હું તમારા સૌનું હિત થાય તેમ કહું છું. પરોપકાર સમાન અન્ય કોઈ પુણ્ય જ નથી. (૪) જીવડાં, પતંગિયાં, પશુ, પક્ષી વગેરે પોતાના ઉદરનું પોષણ કરનારાં હોય છે. પરોપકારી પુરુષો તો કોઈક જ હોય છે. (૫) જે જનો જાતે કષ્ટ સહન કરીને પણ અન્યનું હિત કરે છે તે પુરુષોએ જ પોતાનો ખરો સ્વાર્થ સાધ્યો છે. આ પ્રમાણે નિશ્ચય જાણો. (૬) આ લોકમાં જે પુરુષ બીજાનું દુઃખ જોઈને પોતાની શક્તિ અનુસારે તેનું દુઃખ નિવારણ ન કરે તે પુરુષ પશુતુલ્ય માનેલો છે. (૭) હે ભક્તો ! રંતિદેવ નામના રાજા ધન્ય (કૃતાર્થ) થઈ ગયા. જે રાજાનો નિર્મળ યશ આજદિન સુધી લોકો ગાય છે. (૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારનું ભક્તપતિ ભગવાનનું વાક્ય સાંભળી ભક્તજનો નિર્હેતુક દયાસાગર તે શ્રીહરિને નમસ્કાર કરીને કહેવા લાગ્યા. (૯)

**ભક્તજનો બોલ્યા :**

અમો સર્વ પણ પરોપકારશાળી રંતિદેવ રાજાની કથા સાંભળવાની ઈચ્છા રાખીએ છીએ. (૧૦)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

પૂર્વે ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલો સંસ્કૃતિ નામનો બુદ્ધિશાળી રાજા હતો. રંતિદેવ નામનો તેમનો પુત્ર હતો. (૧૧) શુભલક્ષણોથી સંપન્ન દયાળુ, બુદ્ધિશાળી, પવિત્ર રંતિદેવ પિતા દેવલોક પામ્યા પછી ધર્મથી રાજ્ય કરતો હતો. (૧૨) પરોપકારી સ્વભાવવાળા રાજા રંતિદેવ યજ્ઞોના બહાને પોતાની સમગ્ર સમૃદ્ધિ બ્રાહ્મણોને આપી દેતો હતો. (૧૩) વસ્ત્રો-પાત્ર-ધન વગેરે જે કાંઈ વસ્તુઓ પોતાને પ્રાપ્ત થતી તે સર્વ પણ રાજા તે જ સમયે બ્રાહ્મણોને આપી દેતો હતો. (૧૪) અકિંચન તોપણ ધૈર્યવાન રંતિદેવ રાજા કુટુંબે સહિત દરરોજ અયાચિત વૃત્તિનો આશ્રય કરીને જ વર્તતો હતો. (૧૫) ક્યારેક ઘૃતાદિયુક્ત સ્નિગ્ધ તો ક્યારેક લૂખું-સૂકું, ક્યારેક ઘણું તો ક્યારેક ખૂબ ઓછું, જે અન્ન-જળ મળે તેને રંતિદેવ ગ્રહણ કરતો હતો. (૧૬) આ પ્રમાણે વર્તતા રાજાને એક સમયે ઈશ્વરઈચ્છાથી અન્નજળ વગરના અડતાળીશ દિવસો પસાર થઈ ગયા. (૧૭) પછી ઓગણપચાસમા દિવસે કોઈ બ્રાહ્મણે રાંધેલ અન્ન અને જળ તેમને આપ્યું - તે બધું રંતિદેવ રાજાએ ગ્રહણ કર્યું. (૧૮) રાજાએ તે અન્નાદિ પોતાના પુત્રાદિને વહેંચી આપીને જેટલામાં રાજા ભોજન કરવા બેઠા તેટલામાં કોઈ અન્નાર્થી અતિથિ બ્રાહ્મણ પ્રાપ્ત થયો. (૧૯) રાજાએ શ્રદ્ધાપૂર્વક હરિબુદ્ધિથી તેને પોતાનું અન્નાદિક આપી દીધું. તે જમીને ગયો તેટલામાં બીજો અતિથિ આવ્યો. (૨૦) દયાથી આર્દ્ર હૃદયવાળા રંતિદેવ રાજાએ શ્રીહરિને સંભારીને શ્રદ્ધાપૂર્વક શૂદ્ર અતિથિને પણ અન્ન આપ્યું. (૨૧) તે પછી શૂદ્ર અતિથિ ભોજન કરીને ગયો. તેટલામાં બીજો અન્નાર્થી કૂતરાઓથી વીંટાયેલો, ભૂખથી દુર્બળ અંગવાળો અતિથિ રાજા પાસે આવ્યો. તે અતિથિ રાજાને કહેવા લાગ્યો. (૨૨) હે રાજન્ ! કૂતરાના મંડળે સહિત જમવાની ઈચ્છાવાળા મને અન્ન આપો. હે ભક્તો ! આ પ્રમાણે પ્રાર્થના

કરાયેલા રંતિદેવ રાજા પોતાના મનમાં પ્રસન્ન થયા. (૨૩) પછી રાજાએ બાકી રહેલું અન્ન શ્રદ્ધાપૂર્વક તેને આપી દીધું, અને તે શ્વાનપતિ અતિથિને પરમાત્મબુદ્ધિથી નમસ્કાર કર્યો. (૨૪) એક જણની તરસ છીપે એટલું જ જળ બાકી રહ્યું. રાજા જેટલામાં જળ પીવા ઈચ્છે છે તેટલામાં રાજા પાસે એકદમ એક ચાંડાળ આવ્યો. (૨૫) તે આવીને બોલ્યો : હે રાજન્ ! અશુભ એવા મને જળ આપો, આવી તેની દીન વાણી સાંભળીને રાજા ચાંડાળ સામું જોવા લાગ્યા. (૨૬) પછી સ્વાભાવિકપણે દયાવાળા પોતે તરસ્યા છે તો પણ તે રંતિદેવ ઉત્તમ રાજા હરિબુદ્ધિથી તેને જળ આપશે એવા થકા અમૃતમય વચન બોલ્યા : (૨૭) હું પરમાત્માથી અણિમાદિ અષ્ટ સિદ્ધિઓ સહિત સર્વોત્તમ ભોગપ્રાપ્તિ અથવા મુક્તિ ઈચ્છતો નથી. હું સર્વ પ્રાણીઓના અંદર રહેલા આત્માની સાથે એકતા પામી તેમના દુઃખના ભોકતારૂપે વર્તતો તેમનું દુઃખ હું પામું જેનાથી દુઃખભોક્તા મારા વડે સર્વ તે દુઃખરહિત થાય. (૨૮) દીન અને જીવવાની ઈચ્છાવાળા પ્રાણીને જીવનભૂત જળ અર્પણ કરવાના સંકલ્પમાત્રથી મારી ભૂખ, તરસ, ઈન્દ્રિયોનો ખેદ, શરીરનો શ્રમ, દૈન્ય, ચિત્તની ગ્લાનિ, શોક, વિષાદ, મોહ વગેરે બધાં નાશ પામ્યાં છે. (૨૯) હે ભક્તો ! મહા-ધીરજવાન અને સ્વભાવથી દયાળુ રાજા રંતિદેવ પોતે તરસથી પ્રાણાન્ત કષ્ટને પામ્યા હતા તોપણ તેમણે આ પ્રમાણે બોલીને ચાંડાળને પાણી આપ્યું. (૩૦) પછી તે સમયે ત્રિભુવનના અધિશ્વરો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે પરોપકારથી પ્રસન્ન થઈ રંતિદેવ રાજાને પોતાનાં દર્શન આપ્યાં. (૩૧) રાજ્યાદિની આસક્તિએ રહિત, સ્પૃહાએ રહિત વાસુદેવ ભગવાનમાં જ પ્રીતિવાળા રંતિદેવ રાજાએ બ્રહ્માદિને સાષ્ટાંગ પ્રણામ કર્યા પરંતુ કંઈ પણ વરદાન માગ્યું નહિ. (૩૨) હે ભક્તો ! આવા દયાવાન અને પરોપકારશીલ રંતિદેવ રાજાને ત્રિગુણાત્મક માયા સ્વપ્નની માફક લીન થઈ ગઈ. (મુક્ત થઈ ગયા.) (૩૩) તે રાજના અનુયાયીજનો પણ તેમના ઉત્તમ સંગના મહિમાથી તે સર્વે પણ નારાયણપરાયણ યોગીઓ થઈ ગયા હતા. (૩૪) આવા ગુણવાળા પવિત્ર, યશસ્વી, દ્ઢ ભક્તિમાન તે રંતિદેવ રાજર્ષિ પરોપકારધર્મથી પૃથ્વીમાં વિખ્યાત થયા. (૩૫) હે ભક્તો ! તમો સર્વે પોતે કષ્ટ સહન કરીને પણ હર્ષપૂર્વક યથાશક્તિ નિરંતર બીજાનું હિત થાય તેમ જ કરો. (૩૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રી ભગવાનનું અમૃત સમાન આ વચન સાંભળીને સર્વે ભક્તજનોએ હર્ષ પામી શ્રીહરિનું વચન ગ્રહણ કરી ભગવાનને નમસ્કાર કર્યા. (૩૭) દેશાંતરથી આવેલા ભક્તજનોએ પોતપોતાના દેશમાં જવાની આજ્ઞા આપ્યા પછી વર્ણિસ્વામી શ્રીહરિ પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. ખટ્વાંગ રાજર્ષિ પણ અતિશય આનંદ પામ્યા. શ્રીહરિની સેવાથી પોતાને પૂર્ણકામ માનવા લાગ્યા. (૩૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં પરોપકારોપદેશે રંતિદેવાખ્યાન નિરૂપણ એ નામે ઓગણત્રીશમો અધ્યાય થયો. ॥૨૯॥

●

## અધ્યાય - ૩૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! એક દિવસે સુખપૂર્વક બેઠેલા, કલ્પતરુની પેઠે ભક્તોના મનોરથ પૂર્ણ કરનારા શ્રીહરિને પ્રણામ કરી અભયરાજા બન્ને હાથ જોડીને કહેવા લાગ્યા. (૧)

**અભયરાજા બોલ્યા :**

'હે ભગવાન્ ! જે સમયે દુર્ગપુર પધારવા આપે પ્રતિજ્ઞા કરી હતી તે સમય આજ વર્તે છે. આથી અમારા ઉપર દયા કરી દુર્ગપુર પધારો.' (૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! સત્યપ્રતિજ્ઞાવાળા શ્રી સહજાનંદસ્વામી અભયરાજાનું વચન સાંભળીને એમ બોલ્યા : 'હે નૃપ ! આજે જ તમારા પુરમાં જઈએ, તમો તૈયાર થાઓ. (૩) ત્યારબાદ અભયરાજાએ સહિત, શ્રીહરિ મુનિઓની સાથે મહા સુદ દશમની રાત્રે કારિયાણી ગામથી નીકળ્યા. (૪) ખટ્વાંગ રાજર્ષિ તો શ્રીહરિની સાથે જ ચાલ્યા. ગામના બીજા જનો તો ગામના સીમાડા સુધી સાથે જઈને શ્રીહરિની આજ્ઞાથી પાછા વળ્યા. (૫) ત્યારપછી અભયરાજાના સાળા ગાલવ શ્રીહરિને આવતા સાંભળી નાના પ્રકારનાં વાજિંત્રોના ધ્વનિઓની સાથે શ્રીહરિની સન્મુખ આવ્યા. સંવત ૧૮૬૧ના મહા સુદી એકાદશીના પ્રભાતે શ્રીહરિ દુર્ગપુર આવ્યા પધાર્યા. (૬) ત્યારબાદ અભયરાજાએ પોતાના દુર્ગમાં તે પ્રભુ માટે જ તૈયાર કરી રાખેલા ભવનમાં શ્રીહરિનો ઉતારો કરાવ્યો. શ્રીહરિના અનુગામી મુનિ વગેરેને બીજાં ઘરોમાં નિવાસ કરાવ્યો. (૭) અભયરાજાએ તે જ ક્ષણમાં "જે હું છું અને આ જે કંઈ મારું છે તે સર્વસ્વ હવે આપનું જ છે." - એમ હર્ષપૂર્વક કહીને બધું શ્રીહરિને અર્પણ કરી દીધું. (૮) ત્યારબાદ પુત્રપુત્રીઓએ સહિત અનન્ય ભાવથી દરરોજ સેવકની પેઠે મુનિઓએ સહિત શ્રીહરિની સેવામાં જ વર્તવા લાગ્યા. (૯) અનુચરોએ સહિત અભયરાજા શ્રીહરિની સેવા એવી રીતે કરતા હતા કે જેમ શ્રીહરિ મહેમાનપણાના ભાવનો ત્યાગ કરી પોતાને દુર્ગપુરના અધિપતિ જ માનવા લાગ્યા. (૧૦) અભયરાજાએ સંતવર્ણિ આદિની પણ અન્ન-જળ-વસ્ત્રાદિકે કરીને એવી સેવા કરી કે જે સેવાથી તે બધા પૂર્વે બીજા ભક્તજનોએ કરેલી મોટી સેવાને પણ ભૂલી જતા હતા. (૧૧) ગોપીભટ્ટ, તથા બહેરચભાઈ, લાલજી તથા ભગવાન, રામચંદ્ર અને કૃષ્ણારામ વગેરે બ્રાહ્મણ ભક્તો તે શ્રીહરિની સેવા કરતા હતા. (૧૨) નાજા જોગીયા, અલૈયાખાચર, રાઠોડ ધાધલ અને નાંગમાલો વગેરે ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ ભક્તો પ્રતિદિન શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરતા હતા. (૧૩) માવજી, કૃષ્ણજી, આંબો, ઉકરડો, હરજી, રામજી, જોધો વગેરે વૈશ્યભક્તો પણ ખૂબ પ્રેમથી શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૧૪) રમાબાઈ, અમરીબાઈ, અમલાબાઈ, ખેમીબાઈ, દેવીબા, સોનાબા, જમીબાઈ, રતિબાઈ, ફુલ્લાબાઈ, દિવ્યાબાઈ, શમાબા વગેરે સ્ત્રીભક્તો શ્રીહરિની સેવા કરતાં હતાં. (૧૫) તે પછી દુર્ગપુરમાં પુષ્પદોલોત્સવ કરશે એવા શ્રીહરિએ દેશાંતરમાંથી પણ ભક્તજનોને અભયરાજના દૂતો મોકલીને બોલાવડાવ્યા. (૧૬) હે રાજન્ ! અભયરાજાએ પણ શ્રીહરિની આજ્ઞાથી કૃત્રિમ જળાશય (હોજ) અને ઘણી

ગાગરો રંગથી ભરાવી રાખી અને ગુલાલના મોટા ગંજ કરાવી મૂક્યા. (૧૭) પછી શ્રીહરિએ હોળીના બીજા દિવસે અર્યમા દેવતાવાળા ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં હરિભક્તો પાસે સુંદર ફૂલનો હિંડોળો બંધાવ્યો. (૧૮) વર્ણિરાજ શ્રીહરિ ફૂલના હિંડોળામાં બાલમુકુંદજીને પધરાવીને વિધિવત્ પૂજન કરી હિંડોળાનાં પદો ગવડાવતા અને પોતે શ્રીહરિ જ હીંચકાવવા લાગ્યા. (૧૯) તે સમયે ગવૈયા સંતો પણ વીણા, તાલ, મૃદંગ વગેરે વાજિંત્રોથી શ્રીકૃષ્ણના હોળાખેલન કીર્તનો આદરપૂર્વક ગાવા લાગ્યા. (૨૦) તે પછી શ્રીહરિ હિંડોળામાં રહેલા બાલકૃષ્ણની આગળ ભક્તજનો સાથે રંગ અને ગુલાલ ફેંકવા વડે ક્રીડા કરવા લાગ્યા. હરિજનો પણ ઉત્સાહપૂર્વક પરસ્પર ક્રીડા કરવા લાગ્યા. (૨૧) તે સમયે એક બાજુ સધવા સ્ત્રીઓ સર્વજનોના મંગળને કરનારાં શ્રીકૃષ્ણનાં બાળચરિત્રોને ગાતી ગાતી પરસ્પર રંગે રમવા લાગી. (૨૨) હે રાજન્ ! તે સમયે વિધવા સ્ત્રીઓ તો જેમ પોતાને રંગ અને ગુલાલનો સ્પર્શ ન થાય તેમ દૂર રહીને ભક્તો સાથે રંગક્રીડા કરતા શ્રીહરિનું દર્શન કરતી હતી. (૨૩) તે સમયે સર્વ ભક્તજનો શ્રી નારાયણમુનિએ ખૂબ આનંદથી પિચકારીઓ ભરી ભરીને ફેંકેલા ભગવાનની પ્રસાદીભૂત રંગ અને ગુલાલને આદરપૂર્વક ગ્રહણ કરતા હતા. (૨૪) ધર્મપુત્ર શ્રીહરિ મધ્યાહ્ન કાળ સુધી ભક્તજનો સાથે રમીને પછી સ્વચ્છ જળવાળી ઉન્મત્ત ગંગામાં સ્વભક્તો સાથે સ્નાન કરતા હતા. (૨૫) તે પછી ભગવાને બાળમુકુંદને ઉત્તમ મહાનૈવેદ્ય નિવેદન કરી આરતી ઉતારી. પછી બાળમુકુંદને પોઢાડી દીધા. (૨૬) ત્યાર પછી શ્રીહરિ (ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોસ્ય) ચાર પ્રકારનાં સુંદર રસસભર ભોજન વડે તમામ ભક્તજનોને ઈચ્છા મુજબ જમાડીને પછી પોતે જમ્યા. (૨૭) દુર્ગપુરમાં અપરાહ્ન સમયે ભગવાને શોભાયમાન સભા કરાવી. સભાનાં મધ્યમાં સુંદર પાટ ઉપર પોતે બિરાજ્યા. તેમની ચારે બાજુ ભક્તજનો બેઠા. (૨૮) જે ત્યાગીઓ, જે ગૃહસ્થો, જે સધવા-વિધવા સ્ત્રીઓ હતી : આ સર્વે ભગવાનના મુખકમળ સામી દૃષ્ટિ રાખીને યથાયોગ્ય સ્થાને બેઠાં. (૨૯) ત્યારબાદ શ્રી સહજાનંદસ્વામી ભક્તજનોને આનંદ પમાડતા, સર્વ પ્રાણધારીઓ માટે હિતકારી અને શાસ્ત્રસંમત મધુર વચન બોલ્યા. (૩૦)

**શ્રી ભગવાન બોલ્યા :**

'તમો સર્વે એકાગ્ર મનવાળા થઈ મારું વચન સાંભળો. તમારા કલ્યાણનું સાધન કહું છું. હંમેશાં સાધુજનોનો સમાગમ સર્વ પ્રકારે કરવો જોઈએ. (૩૧) પૂર્વે પણ આ લોકમાં જે જે જનો સંસાર બંધનથી મુક્ત થયેલા તે સર્વજનો સત્સંગથી જ થયા છે એ નિશ્ચિત વાત છે. (૩૨) સાધુ પુરુષો થકી જ મુમુક્ષુઓ પ્રત્યક્ષ શ્રીહરિનો મહિમા જાણે છે. ત્યારપછી સંસારના બંધનથી મોક્ષ કરનારી ભગવાનમાં ભક્તિ ઉદય થાય છે. (૩૩) અજ્ઞાનના અંધકારથી અંધ બની ગયેલા જનોને જ્ઞાનરૂપી ચક્ષુઓ સાધુપુરુષો આપે છે. સંતો થકી જ ધર્મ તથા અધર્મનું સ્વરૂપ પણ જાણી શકાય છે. (૩૪) પંડિતોને પણ ન જાણી શકાય તેવા વેદ-મીમાંસાદિ શાસ્ત્રો અને પુરાણોના સિદ્ધાંતો આ લોકમાં સંતો જ સારી રીતે જાણે છે, અન્ય કોઈ જાણતા નથી. (૩૫) સંસારસાગરમાં પડેલા, કામ, ક્રોધાદિ શત્રુઓ રૂપી જળચરોએ ગળી લીધેલા, સંસારસાગરમાં નીચે ડૂબતા જતા

જનોનો ઉદ્ધાર કરવામાં સંતો જ શક્તિમાન છે. (૩૬) અધર્માચરણી અસુર ગુરુઓ રૂપી કાળા સર્પના ઉપદેશરૂપી ઉગ્ર ઝેરરૂપી અગ્નિથી મરવા પડેલા જનોના વિષવૈદ્યો સંતો જ છે. (૩૭) સંતો દ્વારા જ આત્મા અને પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે. આ લોકમાં તેવા સંતોને પણ શાસ્ત્રસંમત લક્ષણો વડે જાણવા. (૩૮) (સંતોનાં લક્ષણો વર્ણવે છે.) જેમણે કામ-ક્રોધ-લોભ-ઈન્દ્રિયો જીતેલાં છે એવા મત્સરથી રહિત-નિર્માની-નિઃસ્વાદી-તથા લોકોથી નિસ્પૃહી - (૩૯) મમતાએ રહિત, અહંકાર રહિત, અહિંસાધર્મમાં પરાયણ, શાસ્ત્રમાં કહેવાયેલા બ્રહ્મચર્યવ્રતમાં સ્થિતિવાળા, સત્યવાણીવાળા અને દયાશીલ હોય. (૪૦) પરમાત્મામાં અખંડ પ્રીતિવાળા, વિષયોમાં વૈરાગ્યવાળા, વળી બ્રહ્મરૂપ આત્મા વડે ભગવાનની ઉપાસના-ભક્તિમાં સદૈવ તત્પર હોય. (૪૧) એ આદિ લક્ષણોથી યુક્ત સાધુપુરુષો મુમુક્ષુઓએ જાણવા, તેમનો જ સમાગમ કરવો તથા તેમની જ વાણી હૃદયમાં ધારણ કરવી. (૪૨) સંતો જ જીવાત્માઓના સર્વ પ્રકારે હિતકારી છે. માટે પરમાત્મામાં ચિત્તવાળા સત્પુરુષોનો જ વિશ્વાસ કરવો જોઈએ. (૪૩) આવા સાધુઓ તો શ્રીકૃષ્ણનું હૃદય જ છે એટલે કે સંતો ભગવાનને પોતાના હૃદય જેટલા પ્રિય છે. આથી તેમનો સત્કાર કરવો. પૂજવા, જમાડવા, યથાયોગ્ય સેવવા આવા સાધુઓ થકી અધિક બીજું કાંઈ નથી. (૪૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે ભગવાને કહેલી હિતકારી વાણી સાંભળીને સભામાં બેઠેલા તે સર્વ ભક્તોએ આદરથી માથું નમાવવાપૂર્વક અંગીકાર કરી પછી શ્રીહરિએ સર્વ ભક્તોને પોતપોતાના નગરમાં જવા આજ્ઞા આપી. તે સમયે અભયરાજા ઊભા થઈ શ્રીહરિને કહેવા લાગ્યા. (૪૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
દુર્ગપુરમાં દોલોત્સવમાં સત્સંગપ્રસંગ એ નામે ત્રીસમો અધ્યાય થયો. ॥૩૦॥

●

## અધ્યાય - ૩૧

**અભયરાજા બોલ્યા :**

'હે પ્રભો ! આ સાધુઓ અને બ્રહ્મચારીઓને ચાતુર્માસની સમાપ્તિ સુધી આ મારા દુર્ગપુરમાં જ રાખો. મારી શક્તિ અનુસાર હું તેમની સેવા કરીશ. (૧) મુનિમંડળના મધ્યમાં વિરાજમાન એવા આપના હું દરરોજ દર્શન ઈચ્છું છું. તેથી તમો મુનિઓ સાથે જ અહીં રહેવા યોગ્ય છો. (૨) હું આપનો અનન્ય ભક્ત છું અને આપ ભક્તવત્સલ છો તેથી મારી આ પ્રાર્થના કૃપા કરી સફળ કરવા યોગ્ય છો.' (૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

'હે રાજન્ ! આ પ્રમાણે અભયરાજાએ શુદ્ધ ભાવથી સારી રીતે પ્રાર્થના કરેલ ભાવગમ્ય શ્રીહરિ મહાપ્રભુ તે રાજાની પ્રશંસા કરતાં મધુર વચન બોલ્યા.' (૪)

**શ્રી ભગવાન બોલ્યા :**

'હે રાજન્ . ધર્મનિષ્ઠ શુદ્ધ તમારો આશય હું યથાર્થપણે જાણું છું. તમારો આ મનોરથ ચોક્કસ સંપૂર્ણ થશે. (૫) હું સાધુ, વર્ણિ, પાર્ષદો સાથે અહીં તમારા ગૃહમાં કાર્તિક માસની શુકલ પક્ષની પ્રબોધિની એકાદશી સુધી નિવાસ કરીશ.'

**સુવ્રતમુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે** : હે રાજન્ ! અભયરાજાને આ પ્રકારે વચન આપી તે શ્રીહરિ સમગ્ર ભક્તજનોને કહેવા લાગ્યા. (૬) 'હે ભક્તજનો ! દેશાંતરથી આવેલા તમે, સર્વ ભક્તો મુનિઓ વિના પોતપોતાના દેશમાં જાઓ. મુનિ- જનો તો અહીં દુર્ગપુરમાં અભયરાજાના ગૃહમાં જ સ્વસ્થપણે નિવાસ કરો.' (૭) હે રાજન્ ! આ પ્રકારે હરિજનોને કહીને શ્રીહરિએ અભયરાજાની ધર્મનિષ્ઠા, ઘણી ભક્તિ, વૈરાગ્ય, શ્રદ્ધા, આત્મા-પરમાત્માનું જ્ઞાન, સત્પુરુષોમાં આદર વગેરેની પ્રશંસા કરી. (૮) અભયરાજાનાં પુત્ર-પુત્રીઓ તથા તેમની પત્નીઓની પોતાને વિષે સ્થિર ભક્તિ, ધર્મમાં દૃઢ નિષ્ઠા, તીવ્ર વૈરાગ્ય વગેરે ગુણોની પ્રશંસા કરી. (૯) ત્યારપછી હે રાજન્ ! શ્રીહરિ સંતવર્ણિ જનોની સાથે ગઢપુરમાં સુખપૂર્વક નિવાસ કરતા હતા અને દેશાંતરથી આવેલા ભક્તજનો પોતપોતાના ગામો પ્રત્યે ગયા. (૧૦) ભગવાન શ્રી નારાયણમુનિમાં સખીભાવને પામેલા સમગ્ર મુનિઓ પ્રતિદિન શ્રીહરિના દર્શન, સ્પર્શ, સંભાષણ વગેરેથી ઉત્તરોત્તર આનંદ પામતા હતા. (૧૧) શ્રીહરિમાં જ એકાગ્ર મનવાળાં સર્વદા વિશુદ્ધ ભાવવાળાં જયા અને લલિતાની શ્રીહરિમાં સર્વાતિશાયી ભક્તિ હતી. (૧૨) પુત્રે સહિત અભયરાજા દરરોજ દિનરાત શ્રીહરિની આજ્ઞામાં રહીને મુનિજનો સહિત શ્રીહરિની પ્રીતિથી આદરપૂર્વક સેવા કરતા હતા. (૧૩) શ્રીહરિના જન્મદિવસને જાણનારા અભયરાજા પોતાના સંબંધીઓ સાથે સંવત ૧૮૬૧ના ચૈત્ર સુદી નવમી રામનવમી તિથિમાં શ્રીહરિનું પરમ પ્રેમથી પૂજન કરતા હતા. (૧૪) નવીન ઘણા મૂલ્યવાળાં વસ્ત્રો, નાના પ્રકારનાં આભૂષણો, શ્રેષ્ઠ કુમકુમ અને સુગંધીમાન કેસર મિશ્રિત ચંદન અને પુષ્પના હારો તથા તોરાઓ, કલગીઓ, સુર્વણમુદ્રાઓ અને મહાઆરતી વડે પૂજન કરતા હતા. (૧૫-૧૬) આરતીને અંતે પ્રભુને સાષ્ટાંગ પ્રણામ કરી બે હાથ જોડીને તેમને જ એકાગ્ર દૃષ્ટિથી જોઈ રહ્યા. તે રાજાના પુત્ર વગેરે પણ ભગવાનને પ્રેમસભર દૃષ્ટિથી જોઈ રહ્યા. (૧૭) મુનિમંડળના મધ્યમાં સિંહાસન ઉપર બિરાજમાન વર્ણિવેશધારી પોતે પૂજેલા શ્રીહરિને જોતા સતા અભયરાજા દશ દિશામાં ફેલાતું બ્રહ્મતેજ અચાનક જોતા હતા. (૧૮) અને તે બ્રહ્મતેજમાં રહેલા દિવ્ય વૃંદાવનમાં અખંડ રાસલીલા મંડળના મધ્યમાં ક્રીડા કરતા શ્રીકૃષ્ણરૂપ શ્રીહરિને જોતા હતા. (૧૯) મોરલી વગાડતા, કિશોર અવસ્થાવાળા, શ્યામસુંદર, મોરપીંછના મુગટવાળા, રાધાજીના મુખચંદ્ર સામી દૃષ્ટિવાળા, શૃંગારનાં સાધનો જેવાં કે પુષ્પમાળા, તાંબૂલ, ચંદનાદિનાં પાત્રો હાથમાં જેમને છે એવાં ગોપીઓના મંડળોએ કટાક્ષોથી ચોતરફ જોવાયું છે મુખકમળ જેમનું એવા કોટાનકોટિ કામદેવોને મોહ પમાડનાર એવા ભગવાનને જોયા. (૨૦-૨૧) પરિવાર સહિત અભયરાજા શ્રીકૃષ્ણરૂપે દેખાતા શ્રીહરિને આદરપૂર્વક નમસ્કાર કરતા હતા. પછી અગાઉની જેમ મુનિની સભામાં રહેલા વર્ણિવેશવાળા શ્રીહરિને જોવા લાગ્યા. (૨૨) પછી પૂર્ણકામ થયેલા

મનોરથવાળા એવા પરિવારે સહિત અભયરાજા ફરીથી નમસ્કાર કરી પ્રાપ્ત થયો છે હર્ષ જેમને એવા બન્ને હાથ જોડી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૨૩)

**અભયરાજા બોલ્યા :**

'શ્વેત વસ્ત્રને ધારણ કરનારા, નૈષ્ઠિક બ્રહ્મચારીના વેશવાળા, પીતાંબરધારી, ઉત્તમ નટના સમાન વેશધારી, નવીન મેઘસમાન અતિ સ્નેહયુક્ત સુંદર શ્યામમૂર્તિ, સમાધિમાં શ્રીકૃષ્ણરૂપે જોયેલા ધર્મપુત્ર શ્રીહરિને હું પ્રણામ કરું છું.' (૨૪) (સ્તુતિના આ આઠ શ્લોકોમાં પ્રથમ ચરણથી શ્રીહરિનું વર્ણન છે. દ્વિતીય ચરણથી શ્રીહરિએ બતાવેલું શ્રીકૃષ્ણ સ્વરૂપનું વર્ણન છે. તૃતીય ચરણથી બન્નેમાં રહેલા સમાન ધર્મોનું વિશેષપણે વર્ણન છે. ચોથા ચરણમાં બન્નેના નામપૂર્વક પ્રણામ કર્યા છે.) શાંત છે અંતઃશત્રુઓ જેમને એવા પોતાના આશ્રિતોના મંડળોમાં બેઠેલા, કમળપત્ર સમાન ચપળ નેત્રોવાળા એવા તથા શૃંગારરસયુક્ત ગોપીગણોનાં મંડળોમાં વિરાજમાન એવા શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીહરિની વંદના કરું છું. (૨૫) તુલસીકાષ્ઠની માળા હાથમાં ધારી રહેલા, હાથમાં કમળ ધારી રહેલા, વિચિત્ર એવા સુંદર સુગંધીયુક્ત ફૂલના સુંદર હારો ધારણ કરી રહેલા અને દિવ્ય વૃંદાવનમાં સુંદર સ્વરવાળી વેણુ હાથમાં ધારી રહેલા એવા શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીહરિની હું વંદના કરું છું. (૨૬) સમાધિ પ્રકરણથી વિસ્મય પમાડેલા છે સર્વજનો જેમણે, અને કામદેવનો ગર્વ હરવામાં દક્ષ એવા તથા રાસલીલા વડે ચકિત કરી દીધો હતો સર્વ દેવસમુદાય એવા શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીહરિની હું વંદના કરું છું. (૨૭) પોતાના ભક્તના ઉત્તમ ઘરમાં વિરાજમાન તથા દૃષ્ટિ પ્રસારણ માત્રથી પોતાના આશ્રિતોના મનને આકર્ષિત કરનારા તથા તેજોમય ધામમાં પણ શોભાયમાન એવા શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીહરિની હું વંદના કરું છું. (૨૮) મસ્તક પરના મોળિયામાં જે સુગંધીમાન તોરાઓથી પોતાના ભક્તોના મનને લોભાવનાર, મયૂરનાં પીંછાંની પંક્તિઓ જેમાં છે એવા મુગટથી શોભાયમાન, કમળ વગેરે સોળ ચિહ્નોથી યુક્ત યુગલ ચરણવાળા એવા શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીહરિની હું વંદના કરું છું. (૨૯) પોતાના ભક્તજનોએ અર્પણ કરેલા અલંકારો તત્કાળ વિપ્રોને આપનારા, પોતાનાં અંગોમાં વિવિધ પ્રકારનાં ભૂષણોને ધારણ કરનારા, કાળ-માયાના ભયને નાશ કરનારું નામ જેમનું છે એવા શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીહરિની હું વંદના કરું છું. (૩૦) ભક્તજનોના અંતઃશત્રુઓનો વિનાશક છે પ્રતાપ જેમનો તથા ચરણકમળમાં સાષ્ટાંગ નમસ્કાર કરતા પોતાના ભક્તજનોના બંધુરૂપ એવા તથા ગાયો, ગોપો અને ગોપીઓના શત્રુઓ જે દૈત્યોને વિનાશ કરનારા શ્રીકૃષ્ણસ્વરૂપ ધર્મનંદન શ્રીહરિની હું સ્તુતિ કરું છું.' (૩૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રકારે ભક્તિભાવથી શ્રીહરિ મહાપ્રભુજીની સ્તુતિ કરી પ્રણામ કરી નૃપોત્તમ અભય રાજા પ્રસન્ન થયેલા શ્રીહરિની આજ્ઞાથી પ્રભુ સમીપે બેસી ગયા. (૩૨) ભગવાનની કૃપાથી જેના સર્વ સંશયો નાશ થયા છે, જેમના સર્વ મનોરથો પૂર્ણ થયા છે એવા અભયરાજા પ્રીતિથી શ્રીહરિની દરરોજ સેવા કરતા હતા. તે જ રીતે પુત્ર ઉત્તમ તથા પુત્રી જયા વગેરે પણ સેવા કરતાં હતાં. (૩૩) હે રાજન્ ! ભગવાન પણ પુત્રાદિ સહિત અભયરાજાને સદા સંતોષ પમાડતા થકા એકાંતિક

ભાગવત ધર્મનો બોધ આપતા સુખપૂર્વક નિવાસ કરીને રહ્યા. (૩૪) શ્રી નારાયણ મુનિ ત્યાં નિવાસ કરી શ્રાવણ માસમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી તિથિ ઉપર માંગરોલ વગેરેમાં જેવો કરેલો તેવો મહોત્સવ કરતા હતા અને દરેક એકાદશીના ઉત્સવો કરતા હતા. (૩૫) હે પ્રતાપસિંહ રાજન્ ! એ રીતે અભયાદિ ભક્તોની પ્રસન્નતા માટે મુનિઓએ સહિત ગઢપુરમાં નિવાસ કરતાં, નિર્મળ તારામંડળ અને ચંદ્રમંડળ જેમાં છે એવી આસો માસની પૂનમ જે શરદપૂર્ણિમા તે આવી. (૩૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં અભયરાજકૃત શ્રી નારાયણસ્તુતિ એ નામે એકત્રીસમો અધ્યાય થયો. ॥૩૧॥

●

## અધ્યાય - ૩૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આસો સુદી પૂર્ણિમાની રાત્રીએ પૂર્ણ ચંદ્રનો ઉદય થતાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્નાન કરી ચંદ્રશાળા કહેતાં અગાશીમાં ભક્તજનો પાસે સોનાનું સિંહાસન સ્થાપન કરાવ્યું. (૧) ત્યાર બાદ શ્રીહરિ તે સિંહાસન ઉપર શ્રી બાલકૃષ્ણ પ્રતિમાની સ્થાપના કરી શાસ્ત્રવિધિ પ્રમાણે પૂજન કર્યું અને દૂધ-સાકરથી મિશ્રિત નવીન પૌંઆનું નૈવેદ્ય નિવેદન કર્યું. (૨) ત્યાર બાદ મહાનીરાજન-આરતી કરીને ગીત વાજિંત્રો સહિત શ્રીકૃષ્ણ રાસલીલાનાં સુંદર પદો શ્રીહરિ ગવરાવતા હતા. (૩) મુનિજનોને વીણા, તાલ, મૃદંગ, આદિ વડે ગાન કરતાં કરતાં રાત્રિના ત્રણ પહોર વીતી ગયા. પછી શ્રીહરિએ તે બાલકૃષ્ણને પોઢાડી દીધા. (૪) તે બાલકૃષ્ણના પૂજન સમયે દર્શનાર્થે આવેલા હજારો સ્ત્રીઓ-પુરુષો પ્રભુ શ્રીહરિને નમસ્કાર કરી પોતપોતાના સ્થાનમાં ગયા. (૫) ત્યાર પછી પુત્ર સહિત અભયરાજા શ્રીહરિની આજ્ઞાથી પોતાના નિવાસસ્થાને ગયા. ધર્મપુત્ર શ્રીહરિ સમીપે કેવળ મુનિજનો જ બેઠા હતા. (૬) તે મુનિજનો ઉપર પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ મુનિઓને પૂર્વજન્મ અને ઐશ્વર્યાદિનું જ્ઞાન આપતા પોતાના મુખકમળમાં અર્પણ કરી છે નેત્રની વૃત્તિઓ જેમણે એવા મુનિઓને કૃપાપૂર્વક કહેવા લાગ્યા. (૭) ‘હે ભક્તો ! દ્વિજાતિ એવા તમો સર્વે મારું વચન સાંભળો. તમો સર્વે, જેમને બ્રહ્માની ઉપમા છે એવાં મરિચ્યાદિક ઋષિઓ છો એમ જાણો.’ (૮) ‘તમો સર્વે દુર્વાસામુનિના શાપથી પૃથ્વી ઉપર મનુષ્ય જાતિમાં જન્મ પામેલા છો એમ તમે મનમાં પોતાના રહસ્યવૃત્તાંતને જાણો.’ (૯) આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહેલા તે સંતો પણ શ્રીહરિની ઇચ્છાથી જ પ્રાપ્ત થયેલી દિવ્ય દૃષ્ટિ વડે પોતપોતાના આત્માને પૂર્વજન્મમાં જેવા હતા તેવા સ્વરૂપે તત્કાળ જ જોવા લાગ્યા. (૧૦) પછી તે મુનિજનો તપ, યોગ અને સમાધિ સંબંધી સર્વ ઐશ્વર્ય- સંપન્ન પોતપોતાના સ્વરૂપને મરીચિ, વશિષ્ઠ આદિ મહર્ષિ રૂપે જોઈ ખૂબ હર્ષ પામ્યા. (૧૧) અને તે મુનિજનો શ્રીહરિને બદરિકાશ્રમવાસી ભગવાન શ્રી નારાયણઋષિ રૂપે જાણી અતિ પ્રસન્ન થકા શ્રીહરિને પ્રણામ કરી કહેવા લાગ્યા. (૧૨) ‘હે સત્પતે ! આપના અનુગ્રહથી અમોને આવું અમારા સ્વરૂપનું જ્ઞાન સર્વદા થાય. આ પ્રકારે અમે હૃદયથી કામના કરીએ છીએ.’ (૧૩) ત્યારે શ્રીહરિ તે મુનિજનોને

કહેવા લાગ્યા : 'હે મુનિજનો ! આ મારું વચન સાંભળો. તમોએ જે જ્ઞાન સર્વકાળ ઈચ્છયું છે તે તમારા માટે હિતકારી નથી. (૧૪) હે મુનિઓ ! આ ઘોર કળિયુગ વર્તે છે તેમાં મનુષ્યો આસુરી સંપત્તિને આશરેલા હોય છે. આથી બહુધા ઘણાં પાપવાળા હોય છે. (૧૫) અને પાપી મનુષ્યો તમારો મહિમા જાણ્યા વગર જ્યારે તમારો દ્રોહ કરી પીડા આપે ત્યારે પોતાના સામર્થ્યને જાણનારા તમો તે સહન કરવા માટે શક્તિમાન થાઓ નહિ. (૧૬) ઐશ્વર્યશાલી એવા તમોને જ્યારે ક્રોધ આવે ત્યારે આકસ્મિક એવો સર્વ દેહધારીઓનો શાપાદિ વડે વિનાશ થાય તે નિશ્ચિત વાત છે. (૧૭) એકના અપરાધથી તેના સંબંધથી ઘણા નિરપરાધીઓને પણ તમારા શાપજન્ય મહાદુઃખ થાય. જેમ પૂર્વે ઈન્દ્રના અપરાધથી ત્રિલોકીના જનોને દુઃખ થયું હતું (૧૮) હે સંતો ! તેવા ક્ષયમાં કહેતા સર્વ પ્રાણી વિનાશમાં નિમિત્તપણે તમે જ થાઓ. વળી ક્રોધનો ઉદય થવાથી તમારા તપનો નાશ થાય. (૧૯) આથી તમને તમારા પૂર્વજન્મના સ્વરૂપનું જ્ઞાન સર્વદા ઉચિત નથી. પરંતુ ક્યારેક અવસર ઉપર ધ્યાનાદિ સમયે તે સ્વરૂપજ્ઞાન જરૂર તમોને થશે.' (૨૦) સુવ્રત મુનિ કહે છે : હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું કે તત્કાળ શ્રીહરિની ઈચ્છાથી જ મુનિઓનું જ્ઞાન તિરોહિત થઈ ગયું. (૨૧) તે સમયે જ પ્રભાત સમય થયો. તેથી શ્રીહરિ નિત્ય સ્નાનાદિ કરવા પોતાના નિવાસસ્થાનમાં ગયા. મુનિઓ પણ સ્નાનાદિ કરવા ઉન્મત ગંગા (ઘેલા) નદી ઉપર ગયા. (૨૨) હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિ મહાપ્રભુ પિતા જેમ બાળકોનું હિત કરે તેમ પ્રતિદિન સર્વપ્રકારે આદરપૂર્વક સ્વભક્તોનું હિત કરે છે. (૨૩) ત્યાર બાદ દયાનિધિ શ્રીહરિ પૃથ્વી ઉપર સર્વ મુમુક્ષુઓનું કલ્યાણ કરવા સર્વ મુનિજનોને મોકલવા મનથી સંકલ્પ કરતા હતા. (૨૪) હે રાજન્ ! પોતાના ભક્તજનો દેશાંતરથી આવીને પોતપોતાનાં ગામોમાં શ્રીહરિને લઈ જવા માટે વારંવાર બહુ પ્રકારે પ્રાર્થના કરતા હતા. (૨૫) ત્યારે ધર્મસ્થાપન કરવાની પ્રવૃત્તિવાળા શ્રીહરિએ ભક્તોના ભાવોને આધીન થકા 'તમારા ગામોમાં હું જરૂર આવીશ' અને સર્વ ભક્તો આગળ પ્રતિજ્ઞા કરતા હતા. (૨૬) પરંતુ પોતે જે અભયરાજાને પ્રતિજ્ઞા કહી હતી તેનું પાલન કરતા શ્રીહરિ મુનિમંડળે સહિત ચાર માસ સુધી અભયરાજાના ગઢપુરમાં જ રહ્યા. (૨૭) ત્યાર બાદ પ્રબોધિની એકાદશીના રોજ મહોત્સવ કરીને તે દિવસે સભામાં બિરાજમાન ભક્તનંદન શ્રીહરિ અભયરાજા પ્રત્યે બોલ્યા. (૨૮) હે રાજન્ ! મોટા ચક્રવર્તી રાજાને પણ અતિ દુર્લભ એવા આ સર્વ મુનિજનો પણ તમારી પ્રસન્નતા માટે ચાર માસ પર્યંત મેં આ તમારા પુરમાં રાખ્યા. (૨૯) 'હે રાજન્ ! હવે હાલમાં મુમુક્ષુજનોના હિતને માટે ભૂમિ ઉપર વિચરણ કરવા મુનિજનોને હું પ્રેરણા કરું છું. કારણ કે સંતો જનોનો સંસારસાગરથી ઉદ્ધાર કરનારા છે. (૩૦) અને હે નિષ્પાપ રાજન્ ! દેશાન્તરોમાં રહેલા ભક્તજનો પણ મારા આગમનની રાહ જોઈ રહ્યા છે તેથી હું પણ હાલમાં સૌવીર દેશમાં જઈશ. (૩૧) હે રાજન્ ! તમે તો પુત્રાદિક નિજજનો સાથે અહિંસાદિ યમોને પરિપાલન કરતા સતા નિરંતર કૃષ્ણની જ ભક્તિ કરો.' (૩૨)

**સુવ્રત મુનિ કહે છે :**

હે રાજન્ ! શ્રીહરિનું આવું વચન સાંભળી અભયરાજા અને તેમના પુત્ર વગેરે રડતાં રડતાં શ્રીહરિને વારંવાર પ્રણામ કરી પ્રાર્થના કરવા લાગ્યા. (૩૩) 'હે કરુણાસાગર ! તમો જેના પ્રાણ છો એવા અમોને અહીં છોડીને ક્યાં જાઓ છો ? હે પ્રાણનાથ ! તમો ગયા પછી અમારાં શરીરોમાં પ્રાણ રહેશે નહિ. (૩૪) હે નાથ ! માટે તમારે જો સૌવીર દેશોમાં જવું જ હોય તો તમારી સાથે અમોને પણ લઈ જાઓ. અથવા તો અહીંયાં ગઢપુરમાં જ વાસ કરો. (૩૫) હે સત્પતે ! અમે તમારો વિરહ સહન કરવા એક ક્ષણ પણ શક્તિમાન નથી. આથી અમો તો તમારી સાથે જ આવીશું. આમાં જરા પણ સંશય નથી. (૩૬) હે ભગવન્ ! રાજ્યની ચિંતા નથી. કારણ કે તે તમોને અર્પણ કરી દીધેલું છે અને દેહનિર્વાહ તો બ્રહ્માંડમાં રહેલા જીવપ્રાણી માત્રના પોષણકર્તા તમો જ્યાં જ્યાં તમારી સાથે આવશું ત્યાં ત્યાં અન્ન તો આપશો જ.' (૩૭) આ પ્રકારે બંધુવર્ગે સહિત અભયરાજાનું નિષ્કપટ વચન સાંભળી તે અભયરાજાની ભક્તિને આધીન થઈ પ્રસન્ન થયેલા પ્રભુ બોલ્યા. (૩૮) 'હે ધરાધીશ ! તમો ચિંતા ન કરો. કારણ કે તમારા ધર્મથી પ્રસન્ન થયેલો હું તમોએ વશ કરાયેલો છું એમ તમો જાણો. (૩૯) એટલા માટે હું અહીંયાં જ નિયત વાસ કરીશ એમાં સંશય નથી. પરંતુ દેશાંતરના ભક્તજનોને રાજી કરવા બીજા દેશમાં જઈને પાછો વારંવાર અહીં આવીશ. (૪૦) હે રાજન્ ! આ રાજ્યનું તમોએ મારી આજ્ઞાથી પાલન કરવું અને મારા દર્શનાદિ માટે મુનિજનો પણ વારંવાર સર્વ દેશોમાંથી અહીં ગઢપુરમાં તમારા દરબારમાં આવશે જ. (૪૧) હે નરાધિપ ! તમારા પુત્ર-પુત્રીઓ વગેરેની દંભે રહિત ભક્તિથી અત્યંત આધીન કરાયેલો હું છું - તે મારું વચન સત્ય માનો.' (૪૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ જેમને વર આપ્યો એવા પરિવાર સહિત અભયરાજા ઘણો આનંદ પામ્યા અને ઉદાર કીર્તિવાળા અને ભક્તજનને સુખ પ્રદાન કરનારા એવા શ્રીહરિ તે અભયરાજાના દરબારમાં નિવાસ કરતા હતા. (૪૩) શ્રીહરિએ અભયરાજાના દરબારગઢમાં સર્વોત્તમ મંદિરમાં રાધિકાએ સહિત વાસુદેવ નારાયણની મૂર્તિની શાસ્ત્રોક્ત વિધિથી પ્રતિષ્ઠા કરી અને પ્રતિષ્ઠાવિધિમાં મોટો ઉત્સવ પણ કર્યો. (૪૪) હે રાજન્ ! પછી અભયરાજાએ શ્રી વાસુદેવની પ્રતિદિન યથાયોગ્ય સેવા કરવા માટે શ્રીહરિના ભક્ત, સારા સ્વભાવવાળા, ઉત્તમ બ્રાહ્મણ પૂજારીને જીવિકાવૃત્તિ આપીને રાખ્યા. તે બ્રાહ્મણ પણ દરેક સમયે તે ભગવાનની સેવા કરતા હતા. (૪૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
દુર્ગપત્તનનિવાસપ્રતિજ્ઞાવિધાન એ નામે બત્રીસમો અધ્યાય થયો. ॥૩૨॥

●

## અધ્યાય - ૩૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! મુમુક્ષુજનોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવા માટે મુનિજનોને નાના દેશોમાં મોકલશે એવા શ્રીહરિ, દુષ્ટમતિવાળા ઘણા માણસો (સમાજમાં) હોવાથી, મુનિજનોને શિક્ષા આપતા હતા. (૧)

**શ્રીહરિ કહે છે :**

'હે મુનિજનો ! પૃથ્વીમાં મનુષ્યોના બોધ માટે તમો મંડળો બાંધીને જાઓ. પ્રત્યક્ષ શ્રીકૃષ્ણની ભક્તિના પ્રવર્તક એવા તમો નાના પ્રકારના દેશોમાં વિચરણ કરો. (૨) નાના પ્રકારના દેશોમાં જે મુમુક્ષુજનો તમારા શરણમાં આવે તેમને તમારે સંસારના બંધનને તોડનારી ભક્તિનો ઉપદેશ કરવો. (૩) પોતપોતાના ધર્મમાં જે પ્રકારે દ્દઢ સ્થિતિ થાય અને અહિંસા મુખ્ય જેમાં છે એવા યમોનો ઉપદેશ કરવો અને નિત્ય જપવા યોગ્ય શ્રીકૃષ્ણ નામમંત્રનો પણ તમારે ઉપદેશ આપવો. (૪) અને આ જ ઉપદેશ સ્ત્રીઓને પણ તેમના સંબંધવાળા પુરુષ દ્વારા કરાવવો; પરંતુ હે દ્વિજો ! મુનિઓ ! કોઈ પણ સ્થળે તમોએ પોતે તો સ્ત્રીઓને ઉપદેશ ન કરવો. (૫) તમોએ તો બાળકો જેમ રાક્ષસીઓથી તેમ સ્ત્રીઓથી ભય પામવો, તે સ્ત્રીઓનો અષ્ટ પ્રકારે દૂરથી જ ત્યાગ કરવો અને તેમનો સ્પર્શ કરવો જ નહિ. (૬) હે મુનિઓ ! સ્વધર્મમાં રહીને ભગવાનની શ્રવણ-કીર્તનાદિ ભક્તિ તમોએ કરવી અને કરાવવી અને અહિંસાદિ યમોનું પાલન કરવું. (૭) પૃથ્વીમાં આસુરી સંપત્તિવાળા મદોન્મત્ત માટે જ સાધુજનોનો દ્રોહ કરનારા ઘણા દુર્જનો છે. કેટલાક દંભી ભક્તો હોય છે. (૮) દુષ્ટ બુદ્ધિવાળા તે દુર્જનોને તો વિષયો જ અતિ પ્રિય હોય છે, પરંતુ કૃષ્ણ પ્રિય નથી તથા પોતાનો ધર્મ પણ પ્રિય નથી અને પાપકર્મોથી તેમને ભય હોતો નથી. (૯) હે નિષ્પાપ સંતો ! તમારી સર્વ ક્રિયાઓ દુર્જન માટે પ્રતિકૂલ જ છે. તે હેતુ માટે અત્યંત નિર્દય એવા તે જનો તમારો દ્રોહ કરશે. (૧૦) લોકના મુખ થકી મારો પ્રતાપ સાંભળીને જેને મત્સર પ્રાપ્ત થયો છે તે દુર્જનો મને તમારી ક્રિયાના મૂળરૂપ જાણીને મારો પણ સવિશેષ દ્રોહ કરશે. (૧૧) આથી કોઈ પણ સ્થળે આવા દુર્જનો તમોને પીડા પમાડે તો પણ તમારે સહન જ કરવું. પરંતુ સામો ક્રોધ તો ક્યારેય પણ ન કરવો. (૧૨) પોતાનો અપરાધ કરનારનો પ્રતિકાર કરવાનું સામર્થ્ય હોવા છતાં પણ દુર્જને કરેલા ઉપદ્રવને સર્વ પ્રકારે સહન કરવો તે જ સાધુપુરુષોનું લક્ષણ છે તે નિશ્ચય જાણો. (૧૩) કારણ કે અન્ય જનના ઉપર ક્રોધ કરવાથી પોતાનું જ તપ ક્ષીણ થઈ જાય છે. આથી સત્પુરુષો બીજાઓએ કરેલ ઉપદ્રવ-પીડાને સહન જ કરે છે. (૧૪) કોઈ પણ માણસે કહેલું તિરસ્કારનું વચન જ્યાં સુધી સાંભળ્યું નથી ત્યાં સુધી આ લોકમાં ક્ષમાસાગર સાધુઓ જોવા મળે છે. પરંતુ અપાર શક્તિ હોવા છતાં વિકારને ન પામે તે સાધુઓ દુર્લભ છે. (૧૫) પરોપકારી સ્વભાવવાળા અને દયાથી આર્દ્ર હૃદયવાળા મારા આશ્રિત સાધુ એવા તમોને ક્ષમા જ ભૂષણરૂપ છે. (૧૬) અને પૂર્વે ઋષભદેવ તથા ઋષભદેવના પુત્ર ભરતજી જેમ નિર્માની હતા તેમ તમો સર્વે પણ મારા નિર્માની સંતો પૃથ્વી ઉપર મારી આજ્ઞાથી વિચરણ કરો. (૧૭) જે પુરુષ પૃથ્વી ઉપર બીજાએ કરેલી નિંદાને

સહન કરે છે તે પુરુષે ક્ષમા વડે આ આખી ત્રિલોકી જીતેલી છે એ નિશ્ચિત વાત છે. (૧૮) જૂની થયેલી કાંચળીને જેમ સર્પ ત્યાગ કરે છે તેમ જે સાધુપુરુષ મનમાં ઉત્પન્ન થયેલા ક્રોધનો ક્ષમાથી જ ત્યાગ કરે છે તે સાધુપુરુષ કહેવાય છે. (૧૯) જે પુરુષ દર મહિને સો વર્ષ સુધી ઉત્તમ યજ્ઞથી પૂજન કરે અને જે પુરુષ દ્રોહ કરનાર ઉપર ક્રોધ કરે નહિ તે બેમાં ક્રોધ નહિ કરનાર અધિક છે. (૨૦) જો જ્ઞાનવાન થઈને ક્રોધ કરે તો તેના જ્ઞાનનું ફળ શું ? પામર પ્રાણીની પેઠે સાધુપુરુષ બીજા ઉપર ક્રોધ કરે તો તે મૂર્ખ સમાન જ છે. (૨૧) દાન, વ્રત, નિયમપાલન, અતિપરિશ્રમથી કરેલું તપ આ બધું પોતાના ક્રોધાગ્નિથી નિશ્ચય ભસ્મ થઈ જાય છે. (૨૨) શમ-દમ-તપ-દાન-સરલતા-લજ્જા અને દયા આ સાત આ લોકમાં સ્વર્ગની પ્રાપ્તિનાં દ્વાર છે : આ પ્રમાણે સાધુઓ કહે છે. (૨૩) અને ક્રોધ તો નરકનું દ્વાર છે એમ વિદ્વાન પુરુષોએ કહેલું છે. માટે તત્કાળ સિદ્ધિને ઇચ્છતા સાધુપુરુષો ક્રોધનો દૂરથી જ ત્યાગ કરે છે. (૨૪) ક્રોધ વિનાશનું મૂળ હોવાથી સંતો તેનો ત્યાગ કરે છે. આ લોકમાં જનોનો વિનાશ ક્રોધમૂલક જ જોવા મળે છે. આથી લોકના નાશકારી ક્રોધને ધીર પુરુષો કેમ સ્વીકાર કરે ? ન જ કરે. (૨૫) ક્રોધાતુર માણસ બ્રહ્મહત્યાદિ પાપ કરે છે, ગુરુજનોનો પણ વધ કરે છે, ક્રોધી જન કઠોર વાણીથી શ્રેષ્ઠ જનોનું પણ અપમાન કરે છે. (૨૬) કોપાયમાન પુરુષ બોલવા યોગ્ય અને નહિ બોલવા યોગ્યને જાણતો નથી. તથા ક્રોધી માણસ કરવા યોગ્ય અને નહિ કરવા યોગ્યને જાણતો નથી. (૨૭) ક્રોધવશ થયેલો માણસ આ કાર્ય કરે છે તે આટલું કરવું, એમ કાર્ય અને તેની મર્યાદાને જાણતો નથી. નહિ બોલવાનાં તિરસ્કૃત વચનો વડે ગુરુજનોને પણ વ્યથા પહોંચાડે છે. (૨૮) ક્રોધી મનુષ્ય પોતાના આત્માને પણ યમસદન કહેતાં નરકમાં પાડે છે. આ બધા દોષોને જોઈને જ જ્ઞાનીજનોએ ક્રોધનો સર્વદા ત્યાગ કરવો જોઈએ. (૨૯) આ લોકમાં અને પરલોકમાં સર્વદા પરમ શ્રેયને ઇચ્છતા સાધુજનોએ ત્યાગ કરેલા ક્રોધને તમારા જેવા સાધુપુરુષ કેમ ગ્રહણ કરે ? ન જ કરે. (૩૦) સાધુપુરુષ પોતાના ઉપર ક્રોધ કરનાર માણસ પ્રત્યે ક્રોધ નહિ કરીને પોતાનું અને બીજાનું પણ આ પૃથ્વીમાં મહાન ભયથી સર્વ પ્રકારે રક્ષણ કરે છે. (૩૧) દુર્બળ પુરુષ જો કદાચિત્ બળિયા સાથે ક્રોધ કરે તો પોતે જ પોતાના દેહનો ત્યાગ કરે અથવા બળવાન પુરુષે શસ્ત્રાદિક વડે હણવાથી દેહનો ત્યાગ કરે. (૩૨) આત્મઘાત કરનાર પુરુષ પરલોકમાં કોઈપણ સ્થળે મંગલકારી લોક પામતો નથી પરંતુ ઘોર નરકને જ પામે છે. આથી અશક્ત પુરુષે ક્રોધ સહન કરવો જ હિતાવહ છે. (૩૩) પ્રતિકાર કરવામાં સમર્થ એવો વિદ્વાન પુરુષ બીજાએ પીડા પમાડેલો હોવા છતાં ક્રોધ કરતો નથી તો તે સમર્થ પુરુષ આ લોકમાં કીર્તિ પામીને પરલોકમાં આનંદ પામે છે. (૩૪) હે મહર્ષિઓ ! અશક્તની પેઠે શક્તિમાન ક્રોધનો ત્યાગ કરે તો પોતાના અને બીજાના રક્ષણથી મોટું પુણ્ય થાય છે. (૩૫) આથી આ લોકમાં બુદ્ધિમાન એવા દુર્બળ કે શક્તિમાન પુરુષે આપત્કાળમાં પણ હંમેશાં પારકાનો અપરાધ સહન કરવો. (૩૬) સાધુપુરુષો કહે છે કે ક્રોધી માણસનો કદી જય થતો નથી. ક્ષમાશીલ સાધુપુરુષોનો જ હંમેશાં વિજય થાય છે. આ પ્રમાણે સત્પુરુષોનો સિદ્ધાંત છે. (૩૭) આ લોકમાં સત્પુરુષોને પીડા પમાડવા રૂપ અપરાધથી આપોઆપ જ જીવતો પણ મૃત સમાન એવા પુરુષ ઉપર કયો બુદ્ધિમાન પુરુષ ક્રોધ કરે ?

સત્પુરુષના દ્રોહીને મારવું તે મરેલાને મારવા બરાબર છે. (૩૮) દુષ્ટ પુરુષો ખડગ આદિ વડે તમારા જેવા પુરુષોને મારતા હોય તોપણ તેજસ્વી, દીર્ઘદર્શી અને મહાબુદ્ધિવાળા તમે કેમ ક્રોધ કરો ? ન જ કરો. (૩૯) જે પુરુષ ખૂબ ઊપજેલા ક્રોધને, વિવેકબુદ્ધિથી શાંત કરે છે તેમને દીર્ઘદર્શી વિદ્વાન સાધુઓ ક્રોધ શાંત કરનાર પુરુષને તેજસ્વી પ્રતાપી માને છે. (૪૦) ક્રોધ એક જાતનો પ્રભાવ છે એમ તો મૂર્ખ લોકો જ કહે છે પણ પંડિતો કહેતા નથી. મનુષ્યનો નાશ કરનાર ક્રોધ રજોગુણથી ઉત્પન્ન થયેલો છે એમ જાણવો. (૪૧) ક્રોધ તો રાજર્ષિ એવા ક્ષત્રિયોને પણ હિતકારી થતો નથી. તે નિશ્ચય જાણો. ધર્મનો ત્યાગ કરવો શ્રેષ્ઠ છે પરંતુ પોતાના ધર્મપણે માનેલા ક્રોધનો સ્વીકાર કરવો ઉત્તમ નથી. (૪૨) જેમ અશક્ત પુરુષ બળવાન માણસે તાડન કરાયેલા ક્રોધને જીતે છે તેમ શક્તિમાન પુરુષ હંમેશાં ક્રોધ જીતનારો થાય છે; તે હંમેશાં સુખી થાય છે. (૪૩) ક્ષમા ધર્માચરણ છે, ક્ષમા એ યજ્ઞ, ક્ષમા એ વેદ, ક્ષમા શાસ્ત્રશ્રવણ છે. ક્ષમા વિનાના પુરુષે જે કંઈ પુણ્ય કરાય છે તે સર્વ નિરર્થક છે. (૪૪) નિત્ય પરાપરાધને સહન કરવાના સ્વભાવવાળા ક્ષમાશીલ સહિષ્ણુજનો અગ્નિહોત્રાદિ યજ્ઞ કરનારને પ્રાપ્ત થનારા સ્વર્ગાદિ લોકોને ઉલ્લંઘન કરીને સ્વર્ગાદિથી ઉપર રહેલા દિવ્ય લોકોને પોમે છે આમાં જરાપણ સંશય નથી. (૪૫) તેજસ્વીઓનું તેજ ક્ષમા છે, તપસ્વીઓનું બ્રહ્મતપ ક્ષમા, સત્યવાદીઓનું સત્ય ક્ષમા, શુદ્ધિવાળાઓની શુદ્ધિ ક્ષમા છે. અંતઃકરણનો નિગ્રહ પણ ક્ષમાથી જ થાય છે. (૪૬) આથી જ્ઞાની પુરુષે નિરંતર ક્ષમા રાખવી. જ્યારે સર્વ સુખદુઃખાદિ સહન કરે છે ત્યારે પરમાત્માની પ્રાપ્તિ થાય છે. (૪૭) આ લોક અને પરલોક ક્ષમાવાળાને સુગમ છે. આ લોક-પરલોકમાં ક્ષમા વડે જ ઉત્તમ સન્માન મળે છે. અને આ લોક-પરલોકમાં ક્ષમાથી જ ઉત્તરોત્તર શુભકારી ગતિ પણ પ્રાપ્ત થાય છે. (૪૮) મહાપ્રતાપવાળા બ્રહ્માંડોના ઈશ્વરો વિષ્ણુ-બ્રહ્મા-શંકર પણ પ્રતિક્ષણે ક્ષમાની જ પ્રશંસા કરે છે. (૪૯) હે મુનિજનો ! મને પણ સર્વદા ક્ષમા જ અતિ પ્રિય છે તે નિશ્ચિત વાત છે. માટે મારા આશ્રિત એવા તમોએ હંમેશાં ક્ષમા ધારણ કરવી. (૫૦) સાધુ સ્વભાવવાળા તમો ક્ષમાયુક્ત થઈ પોતાના આશ્રિતજનોને પોતપોતાના ધર્મે સહિત કૃષ્ણભક્તિનો ઉપદેશ કરતા સતા પૃથ્વી પર વિચરણ કરો. (૫૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિએ આજ્ઞા આપેલા અને શ્રીહરિના હૃદગત અભિપ્રાયને જાણનારા એવા તે દ્વિજ મુનિજનો મસ્તક નમાવી આજ્ઞાને ગ્રહણ કરી બન્ને હાથ જોડી શ્રીહરિને કહેવા લાગ્યા. (૫૨)

**મુનિજનો બોલ્યા :**

'હે પ્રભો ! હે નારાયણ ! અમો એ પ્રકારે જ આચરણ કરીશું, પરાપરાધને સહન કરીશું, અને તમારા પ્રતાપથી અમારી સાધુતામાં દૂષણ નહિ આવે. (૫૩) હે શ્રીહરે ! અમે સર્વે મુનિઓ મન, વચન અને દેહથી તમારા જ છીએ, તમારા જ છીએ. તમારા વિના અમારી બીજી ગતિ જ નથી. ફરી જલદી તમારું દર્શન થાય એવી કૃપા કરજો.' (૫૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે તે મુનિજનો તે શ્રીહરિની પ્રાર્થના કરી પ્રણામ કરી સર્વ મુનિજનો મંડળો

રૂપે થઈ આઠે દિશાઓમાં નાના પ્રકારના દેશો પ્રત્યે ગયા. (૫૫) દેશાંતરમાં ગયેલા તે મુનિઓ ભગવાન સંબંધી વાર્તાઓ કહેતાં 'હાલમાં નારાયણમુનિ રૂપે ભગવાન પ્રગટ થયેલા છે અને તેમનો આવો પ્રતાપ છે' ઈત્યાદિ વાર્તાઓ કરતાં હતાં જે વાર્તાઓ સાંભળી ધર્મનો દ્વેષ કરનારા દુર્જનો પણ તેને સત્ય જ માનતા હતા. (૫૬) યથાર્થ વચન કહેનારા અને સચ્છાસ્ત્રાર્થને જાણનારા મુનિજનોને ઘણા વિદ્વાનો પણ શાસ્ત્રાર્થના વાદોથી જીતવા સમર્થ થયા નહિ. તે જનોને મુનિજનો તત્કાળ જીતી લેતા હતા. (૫૭) મુનિજનોએ કરેલા ભગવાનના દિવ્ય ચરિત્રોપદેશને સાંભળીને સર્વજનો આશ્ચર્ય પામી ગયા. તેમાં જે મુમુક્ષુઓ હતા તે તો દૃઢ નિશ્ચયવાળા થઈ મુનિઓના શરણને પામ્યા. (૫૮) તે મુનિજનો પણ મુમુક્ષુજનોને શ્રીહરિકૃષ્ણની નવધા ભક્તિ, તથા સત્ય શૌચાદિ ધર્મનું ગ્રહણ કરવાનો અને કામ-ક્રોધાદિ અધર્મ સંતતિનો ત્યાગ કરવાનો ઉપદેશ આપતા હતા. (૫૯) મુનિઓએ ઉપદેશ કરેલા તે તે દેશોમાં હજારો મનુષ્યો મુનિઓનો આશ્રય કરી પોતપોતાના મત નિમિત્તે દુરાગ્રહો અને તે તે મતનો ઉપદેશ આપનારા ગુરુઓનો ત્યાગ કરીને પ્રત્યક્ષ નારાયણમુનિને ભજવા લાગ્યા. (૬૦) હે રાજેન્દ્ર ! તે તે પુરમાં અને ગામેગામમાં લોકો ટોળેટોળાં મળીને તે શ્રીહરિ સંબંધી જ વાર્તા કરવા લાગ્યા. (૬૧) હે ભૂપતે ! તે મુનિજનોના શરણમાં જઈને જે જે જનો શ્રીહરિનું ભજન સ્મરણ કરતા હતા તેમાંના હજારો મનુષ્યો તત્કાળ જ સમાધિને પામી જવા લાગ્યા. (૬૨) સમાધિવાળા જનો સમાધિમાં ગોલોકાદિ ધામો જોતા હતા. અને તે તે ધામોમાં ઐશ્વર્યાદિ સહિત ભગવાનનાં સ્વરૂપોનું દર્શન કરતા હતા. (૬૩) શ્રીહરિના ભક્ત એવા તે સ્ત્રી-પુરુષોને તે શ્રીહરિના પાર્ષદો મરણ સમયે વિમાન વડે શ્રીહરિના ધામમાં અચૂક લઈ જતા હતા. (૬૪) શ્રીહરિના આશ્રિત જનોને અંતકાળે ભગવાનના ધામ પ્રત્યે લઈ જવારૂપ આ આશ્ચર્યને ભક્તો અને બીજા અભક્તો પણ ક્યારેક ક્યારેક પ્રત્યક્ષપણે જોતા હતા. (૬૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! માનુષ્યનાટ્યને ધારણ કરી રહેલા, અતિશય દયાળુ, અતિ તેજસ્વી શોભાવાળા અને ઐશ્વર્યસંપન્ન ભગવાન શ્રી હરિકૃષ્ણે પોતાના પ્રત્યક્ષ દર્શન વિના પણ મનુષ્યોને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડ્યો. (૬૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
ક્રોધનિયમનોપદેશ નામે તેત્રીસમો અધ્યાય થયો. ॥૩૩॥

●

## અધ્યાય - ૩૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! સહસ્ર કિરણોવાળા સૂર્યનો પ્રતાપ જેમ કિરણો દ્વારા વ્યાપે છે તેમ મુનિજનોના વાક્ય વડે પ્રભુ શ્રીહરિનો (હરિભજન કરનારાઓને ભગવદ્ધામપ્રાપ્તિરૂપ) પ્રતાપ દશે દિશાઓમાં વ્યાપી ગયો. તે પ્રતાપથી દૈવી પ્રકૃતિવાળા જીવો આનંદ પામ્યા અને આસુરી પ્રકૃતિવાળા જીવો પ્રતાપ સહન નહિ થવાથી અધિક ખેદ પામ્યા. (૧) દૈત્યાંશભૂત ગુરુજનો

પોતાના શિષ્યોને પોતાનો પરિત્યાગ કરી શ્રીહરિનો સમાશ્રય કરતા જોઈને શ્રીહરિનું ઐશ્વર્ય સહન કરવા શક્તિમાન થયા નહિ. (૨) હે નૃપ ! શ્રીહરિ ઉપર દ્વેષ કરતા સર્વે અસુરાંશ ગુરુઓ દૈત્યાંશોથી ઉત્પન્ન થયેલા રાજાઓ સાથે મળીને શ્રીહરિ ભગવાનનો દ્રોહ કરવાની ઈચ્છા કરવા લાગ્યા. (૩) તે દ્રોહ કરવાની ઈચ્છાવાળા કેટલાક અસુરો શ્રીહરિને મારવા મહાવીર નામના ક્ષુદ્ર દેવોને મોકલતા હતા. તે કેવા તો કાલી અને ભૈરવને આશ્રિત અને ઘોર એવા અને બહુ જ કષ્ટથી સાધેલા, ભક્ષણ કરી જવાના સ્વભાવવાળા, મહાવિકરાળ, એવા ક્ષુદ્ર દેવોને મોકલ્યા. (૪) અસુર પ્રેરિત મહાવીરો શ્રીહરિના જોવા માત્રથી જ અંગમાં અતિશય બળતા અને અહીં તહીં ભમતા આક્રોશ કરતા થકા ફરી પાછા આવીને તેમના પ્રેરનારાઓને વળગીને અત્યંત પીડા પમાડતા હતા. (૫) અને કેટલાક અસુરાંશ નરો સાધુ સમાન વેશ ધારણ કરી શ્રીહરિ સમીપે આવી તે શ્રીહરિ ઉપર ગુપ્તપણે જેમ થાય તેમ સારી રીતે મારણ મંત્રો વડે અભિમંત્રિત અડદની મૂઠીઓ નાખતા હતા. (૬) કેટલાક અસુરાંશ નરોએ શ્રીહરિની ઉપર ભયંકર વિષપ્રયોગો કર્યા. કેટલાકે તો મારણ ઉપાયોને જાણનારી સ્ત્રીઓને ધનનું પ્રલોભન આપીને તેમની પાસે કામણટૂમણ કરાવ્યાં. (૭) એ રીતે કરેલા-કરાવેલા મારણ ઉપાયોથી શ્રીહરિ ભગવાન જરા પણ વિકૃતિને ન પામ્યા. અભિચાર કરનાર અસુર ગુરુ અને રાજાઓ પોતાના પાતકથી મહારોગોને પામીને વિનાશ પામી ગયા. (૮) તે પાપ કરનાર કેટલાક અસુરોના વંશનો નાશ થયો અને ધનાઢ્યોના ધનનો નાશ થયો. શ્રીહરિનો દ્રોહ કરનાર રાજાઓના રાજ્યનો નાશ થઈ ગયો અને તેઓ ભિખારી બની ગયા. (૯) કેટલાક અસુરો તો શ્રીહરિને હણવા માટે એક ગામથી બીજે ગામ પ્રત્યે જતા તેમના જવાના માર્ગને આંતરીને આયુધો હાથમાં ઉગામીને ટોળે વળીને બેસતા હતા. (૧૦) તે બધા પણ આશ્ચર્યકારી ચરિત્રવાળા શ્રીહરિને, માયા વડે મોહ પામીને, શ્રીહરિને કેવળ જોઈ જ રહ્યા પરંતુ મારવા શક્તિમાન થઈ શક્યા નહિ. (૧૧) સર્વ કોઈ દુર્જનોએ યથાશક્તિ, યથાબુદ્ધિ, યથાધન, યથામિત્ર અગાઉ કહ્યું તે પ્રમાણે શ્રીહરિને મારવાના અગણિત ઉપાયો કર્યા. (૧૨) તો પણ હે રાજન્ ! નિરવધિકાતિશય પ્રતાપવાળા અને ઈન્દ્રાદિક દેવોથી પણ અજેય એવા શ્રીહરિનો પરાભવ કરવા એકપણ સમર્થ થયો નહિ. (૧૩) તે અસુરાંશ જનો જ્યારે બહુ પ્રયત્નો છતાં સાક્ષાત્ ભગવાનનો દ્રોહ કરવામાં નિષ્ફળ ગયા ત્યારે તે શ્રીહરિના એકાંતિક ભક્તો એવા મુનિજનોને જ્યાં ત્યાં પીડા પમાડવા લાગ્યા. (૧૪) પવિત્ર તીર્થમાં વિચરતા એવા મુનિજનો જે જે પુર, દેશ, ગામમાં જતા હતા; તે તે દેશના અસુરાંશ રાજાઓ અને અસુરાંશ ગુરુઓ મુનિજનોને ખૂબ દુઃખ આપવા લાગ્યા. (૧૫) કેટલાક દુષ્ટબુદ્ધિવાળા જનો મુનિજનોના હાથમાંથી બળાત્કારે ભગવાનની મૂર્તિઓ છીનવી લઈને ખંડિત કરી દેતા હતા તથા સિંહાસનો ભાંગી નાખતા હતા. (૧૬) કેટલાક દુર્જનો મુનિઓના કંઠમાંથી તુલસીમાળાઓ ખેંચીને તોડી નાખતા હતા અને કેટલાક દુર્જનો મુનિઓના કપાળ પરનાં ઊર્ધ્વપુંડ્ર તિલકો ભૂંસી નાંખતા હતા. (૧૭) કોઈકે વસ્ત્ર-પુસ્તકો વગેરે હરી લીધાં, કોઈકે મુનિઓનાં કમંડળો ભાંગી નાખ્યાં, કોઈક ભિક્ષામાં મળેલા અન્નમાં મત્સ્યમાંસાદિ અભક્ષ વસ્તુઓ નાખતા હતા. (૧૮) કોઈ દુષ્ટોએ સ્ત્રીસ્પર્શને નહિ કરતા મુનિઓને માર્ગમાં

રોકીને પરાણે સ્ત્રીસ્પર્શ કરાવતા હતા. કેટલાક દુષ્ટો મુનિઓને પરાણે સ્ત્રીઓ સાથે વાત કરાવતા હતા. અને વાત ન કરે તો તાડન કરતા હતા. (૧૯) કેટલાક દુષ્ટજનો તો મુનિઓની કૌપીનોને ફાડી નાખતા હતા. ભિક્ષા માગેલા અન્નમાં ધૂળ નાંખતા હતા અને કેટલાક તો મુનિજનોના રસોઈ કરવાનાં વાસણોને ભાંગી નાંખતા હતા. (૨૦) કોઈ અસુરાંશ જનો વિનાકારણ અપશબ્દો બોલીને મુનિઓને તાડન કરતા હતા અને શ્રીહરિનો પ્રતાપ સહન નહિ થતાં તેઓ મુનિઓનો અનેક પ્રકારે તિરસ્કાર અને અપમાન કરતા હતા. (૨૧) કેટલાક દુષ્ટજનો તો તે તે નગરમાં અન્નસત્રોમાં અન્નદાન આપવા માટે મૂકેલા મુનિઓને મારીને કાઢી મૂકતા હતા અને અન્નસત્રોને તોડી નાખતા હતા. (૨૨) તો પણ શુકદેવ, ઋષભદેવ અને તેમના પુત્ર ભરતજી સમાન ઉપમાવાળા આત્મનિષ્ઠ, ક્રોધ રહિત અને જિતેન્દ્રિય એવા ક્ષમાવાન મુનિજનો તે સર્વ દુઃખને સહન કરતા હતા. (૨૩) ત્યાર પછી ચારેબાજુથી આમ તેમ કાઢી મુકાયેલા મુનિઓ થોડા થોડા ભેગા મળી શ્રી નારાયણમુનિને સમીપે આવતા હતા. (૨૪) ત્યારે ભગવાન શ્રીહરિ બહુ દુઃખ પામીને પોતાની પાસે આવેલા તે મુનિઓનું યથોચિત સન્માન કરાવી મુનિજનોનું વૃત્તાંત પૂછવા લાગ્યા. મુનિજનો શ્રીહરિ આગળ સર્વ વૃત્તાંત નિવેદન કરતા હતા. (૨૫) સર્વજ્ઞ નીલકંઠ પ્રભુએ મુનિઓએ કહેલું વૃત્તાંત સાંભળીને તેમને કહ્યું કે હે મુનિઓ, તમારો અપરાધ કરવાથી તે અસુરાંશ જનોનો નાશ કાળ નજીક આવી ગયો છે તે નિશ્ચિત વાત છે. (૨૬) જ્યારે કોઈપણ પુરુષ નિરપરાધી એવા સત્પુરુષોનો અપરાધ કરે ત્યારે તે પુરુષ શિવજીના તુલ્ય હોય તો પણ સપરિવાર નાશ પામે છે. (૨૭) મોટા સત્પુરુષોનો અપરાધ કરનાર અપરાધી પુરુષના આયુષ્ય, લક્ષ્મી, યશ, ધર્મ, સ્વર્ગાદિલોક, આશિષ અને બીજાં પણ સમસ્ત શ્રેયનો નાશ કરે છે. (૨૮) દૈત્યાંશભૂત એવા રાજાઓ અને ગુરુઓ આ ભૂતળ ઉપર છે તે સર્વે તમારો દ્રોહ કરવાથી હાલમાં ક્ષીણપુણ્ય થઈ ગયેલા છે. (૨૯) પૂર્વે કૃષ્ણાવતારમાં કંસ, કેશી અને બકાસુર વગેરે અસુરો શ્રીકૃષ્ણ ભગવાનના અપરાધથી નાશ પામ્યા હતા તેમ આ સર્વ મહા પાપીઓ પોતાના પાપથી જ થોડા જ દિવસોમાં નાશ પામશે. (૩૦) સત્પુરુષ એવા તમારી રક્ષા અર્થે અસુમાંશ રાજા-ગુરુઓને શિક્ષા કરનારો કોઈ નૃપતિ રાધારમણની ઈચ્છાથી વાયવ્યકોણમાંથી આવેલો છે. (૩૧) જે રાજાને પૂર્વે શ્રી રામચંદ્રજીએ કિંપુરુષખંડનો અધિપતિ કર્યો હતો તેના વંશનો, રાજનીતિનો જાણનારો, ઈસુખ્રિસ્તનો ઉપાસક અને નાના પ્રકારની કળાઓનો નિધિ છે. (૩૨) તે રાજા ગૌરવર્ણના શરીરવાળો, રોજ દાઢી મૂંડનારો, મસ્તક ઉપર કેશ ધારણ કરનારો, મેલ રહિત નિર્મળ વસ્ત્રો ને શસ્ત્રોને ધારણ કરનારો છે. (૩૩) વળી તે રાજા છ પ્રકારના ગુણો તથા ચાર પ્રકારના ઉપાયોમાં નિપુણ છે તથા અઢાર પ્રકારના વ્યવહારના નિર્ણયમાં નિપુણ છે. (૩૪) તે રાજા ગારુડ, માકર, ક્રૌંચ, ચક્ર, શુચિમુખ, મહત, વજ્ર, સર્વતોભદ્ર, અર્ધચંદ્ર, શાકટ, શૃંગાટક અને બાર્હસ્પત્ય આદિ સર્વે વ્યૂહોને યથાર્થ જાણે છે. આથી તે રાજા વ્યૂહરચના યુક્ત સ્વસૈન્યોને પૃથ્વી ઉપર સંચાલન કરે છે. (૩૫-૩૬) વળી તે રાજા તપસ્વીના જેવા વેશવાળો છે. સુવર્ણાદિ અલંકારો ત્યાગેલા છે. ઈશુ નામના ગુરુએ ઉપદેશેલા દશ ધર્મોનું પાલન કરે છે. (૩૭) પ્રત્યક્ષ એક પોતાના ઈશુ નામના દેવ

વિના અન્ય કંઈ દૈવત જ નથી એ રાજાનો પ્રથમ ધર્મ છે. હવે તે રાજાના બીજા ધર્મોને કહું છું. (૩૮) ઈશુ નામના પ્રભુમાં જ અનુરાગ કરવો તે બીજો ધર્મ અને મિથ્યા ભાષણમાં ઈશુ ખ્રિસ્તના શપથ ન ખાવા તે રાજાનો ત્રીજો ધર્મ જાણવો. (૩૯) રવિવારના રોજ રાત્રિદિવસ ઈશુ પ્રભુનું આરાધન કરવું તે ચોથો ધર્મ છે અને માતાપિતાને સદૈવ પૂજ્ય માનવા એ તે રાજાનો પાંચમો ધર્મ છે. (૪૦) કોઈપણ પ્રાણીનો વધ ન કરવો એ છઠ્ઠો ધર્મ છે. પરસ્ત્રી પ્રત્યે ગમન ન કરવું એ તેનો સાતમો ધર્મ છે. કોઈના પણ દ્રવ્ય પદાર્થોની ચોરી ન કરવી એ આઠમો ધર્મ છે. (૪૧) કોઈની ખોટી સાક્ષી ન પૂરવી એ તેનો નવમો ધર્મ છે અને બીજાઓના સ્ત્રી, ધન વગેરેની કોઈ પણ સમયે કામના ન કરવી એ આ રાજાનો દશમો ધર્મ છે. (૪૨) દશ પ્રકારના આ નિયમોનું પાલન કરતો થકો તે ચક્રવર્તી રાજા અધર્મી એવા રાજાઓને સારી રીતે શિક્ષા કરી તમારું રક્ષણ કરશે તે નિશ્ચિત વાત છે. (૪૩) તમો તે સમયની રાહ જોતા થકા હાલમાં આશ્રમનાં બાહ્ય ચિહ્નો રાખ્યા સિવાય વિચરણ કરો. તમો નિષ્પાપ નિર્દોષ છો. દેશકાળને અનુસારે વર્તવું એ તો નીતિ જ છે. (૪૪) પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાનની સહાયવાળા હતા એવા પાંડવો શત્રુ સંબંધી દુઃખ આવવાથી પોતે પોતાની જાતિનાં ચિહ્નો બીજા જનો જાણે નહિ એવા થઈને વિરાટનગરમાં રહ્યા હતા. (૪૫) ધર્મ જયને પામે છે, અધર્મ જયને પામતો નથી; સત્ય જયને પામે છે, અસત્ય જયને પામતું નથી, આ રીતનું ઋષિઓનું વાક્ય સત્ય માનીને તમો નિશ્ચિંત રહો. (૪૬)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! આ પ્રકારે શ્રી નીલકંઠ મહાપ્રભુએ કહેવાયેલા તે મુનિજનો તે શ્રીહરિનું ચિંતવન કરતા કરતા શ્રીહરિના કહેવા પ્રમાણે થોડો સમય પૃથ્વી ઉપર અલક્ષ્યપણે વર્ત્યા. (૪૭) હે નૃપ ! અહંતા અને મમતાનો ત્યાગ કરેલા નિરહંકારી અને નિર્વિકારી એવા તે મુનિગણો પ્રસિદ્ધ એવા ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા સત્સંગીના કંઠી ચાંદલો આદિ ચિહ્નોનો ત્યાગ કરી અસુર ગુરુઓ અને અન્ય મનુષ્યો પણ આ ઉદ્ધવ સંપ્રદાયના છે એમ નહિ જાણતા સતા રંકજનોની પેઠે પૃથ્વી ઉપર વિચરણ કરવા લાગ્યા. (૪૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં બીજા પ્રકરણમાં
અસુરાંશગુરુનૃપાદિકૃતસમુપદ્રવ એ નામે ચોત્રીસમો અધ્યાય થયો. ॥૩૪॥

●

## અધ્યાય - ૩૫

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! જેટલા સમયમાં મુનિજનો અલક્ષિત વિચરણ કરતા હતા તેટલા સમયમાં શ્રીહરિ ભગવાનની ઈચ્છાથી પૃથ્વીમાં પ્રતિદિન વધતા જતા પ્રતાપવાળા તે નૃપતિએ સાધુઓના દ્રોહમાં જ પ્રવર્તેલા સર્વ રાજાઓને જીતી લીધા. (૧) સર્વ રાજાઓ સાધુઓના દ્રોહથી ક્ષીણમંગળવાળા કહેતાં દુર્ભાગીયા થયા હતા. અને સત્પુરુષોના રક્ષણથી જેનો તેજ-પ્રતાપ વૃદ્ધિ પામેલો છે તેવા તે મહારાજાએ વિના પ્રયત્ને સરળતાથી તે સર્વ રાજાઓને વશ કરી લીધા. (૨) આ અસુર રાજાઓ

જેમનું રાજ્ય અને સ્થાન હરાઈ ગયું છે, જેમના બંધુઓ અને મિત્રો નાશ પામી ગયા છે, માટે જ શોભાએ રહિત થઈને, સ્વબચાવ માટે પૃથ્વીમાં ગુપ્તપણે નિવાસ કરતા હતા. (૩) આ નવો રાજા સંત અને અસંતના લક્ષણને યથાર્થ જાણતો હોવાથી દંભપરાયણ અને વિષયાસક્ત એવા, હરિભક્તો થકી બીજા, ખોટા ગુરુપદધારીઓને યથાયોગ્ય દંડ કરવા લાગ્યો. (૪) ઉદ્ધવ સંપ્રદાયમાં જોડાયેલા ગૃહીજનો અને ત્યાગીજનોને જે કોઈપણ રાજા કે બીજા દાંભિક ગુરુઓ બહુધા પીડતા હતા તે સર્વને આ રાજા પકડીને કંઠપાશથી બાંધીને તત્કાળ મારી નાંખ્યા. આ પ્રકારે તેમને મારવાથી ભૂતળમાં આ રાજા અપરાધી-ઓમાં તીવ્ર દંડ દેનારો દુઃસહ પ્રતાપવાળો છે એવો આક્રોશ પ્રવર્તી ગયો. (૫-૬) તે સમયે સત્પુરુષોના દ્રોહી અસુર ગુરુઓ અને રાજાઓ તે રાજા થકી અત્યંત ભય પામીને જે કોઈ ગુપ્ત સ્થળોમાં સંતાઈને દુઃખમાં દિવસો ગાળવા લાગ્યા. (૭) ત્યારપછી સમગ્ર ભરતખંડમાં તથા કિંપુરુષખંડમાં પણ તથા અન્ય દેશમાં પણ સન્માર્ગનું રક્ષણ કરનાર તે અંગ્રેજ રાજાનું ચક્રવર્તી રાજ્ય થયું. (૮) ત્યારપછી આ રાજા (રાજાઓના પ્રતિનિધિ ગર્વનર) દિગ્વિજય કરતો કરતો સૌરાષ્ટ્ર દેશમાં પ્રસિદ્ધ રાજકોટ નામના નગરમાં આવીને એક માસ રહ્યો. (૯) પોતાના ઉત્કર્ષમાં શ્રીહરિના ભક્તોની રક્ષાને જ કારણભૂત જાણનારા તે રાજા, શ્રીહરિ ભગવાનના દર્શનની ઉત્કંઠાવાળા થયા હોવાથી તેણે, શ્રીહરિ તરફ પોતાનો સંદેશો લઈ જનાર એક દૂત મોકલ્યો. (૧૦) ત્યારે શીઘ્રગતિવાળો તે રાજદૂતે ગઢપુરમાં રહેલા શ્રીહરિને પ્રાપ્ત કરી, પ્રણામ કરી, હાથ જોડી આકુળતા રહિત થઈને તે ગર્વનર-રાજાનું વાક્ય શ્રીહરિ આગળ નિવેદિત કર્યું. (૧૧)

**રાજદૂત કહે છે :**

'હે સ્વામિન્ ! હું જે તે મહાપ્રતાપી અંગ્રેજના ગવર્નર-રાજાનો દૂત છું. તે ગવર્નર સેંકડો રાજાઓથી સેવન કરાતા થકા રાજકોટ નગરમાં વસે છે. (૧૨) તે રાજા ગવર્નર આપના પ્રતાપથી ચારે દિશાઓને જીતીને મુંબઈ નગર જવાની ઈચ્છાવાળા થકા આપના દર્શન માટે ઉત્સાહવાળા થયેલા છે. (૧૩) એટલા માટે જો તમારી આજ્ઞા હોય તો તે ગવર્નર અહીં આવે. જો આપની ઈચ્છા થાય તો આપ જ ત્યાં પધારો. હે વર્ણીન્દ્ર ! આમાં તમારી જેમ ઈચ્છા હોય તેમ કરો. કારણ કે આમાં આપ સ્વતંત્ર છો. (૧૪) હે પ્રભો ! પૃથ્વી ઉપર તે ગવર્નર રાજાના રાજ્યમાં કોઈપણ સ્થળે તમારા આશ્રિત ભક્તજનોને દુર્જન પુરુષો થકી સર્વ પ્રકારે ભય નથી એમ તમે જાણો. (૧૫) એટલા માટે હે સ્વામિન્ ! આપને જેમ કરવાની ઈચ્છા હોય તેમ મને દૂતને ઉત્તર આપવાને યોગ્ય છો.' હે પ્રતાપસિંહ રાજન્ ! આવું દૂતનું વચન સાંભળીને શ્રીહરિ મહાપ્રભુ પ્રસન્ન થકા બોલ્યા. (૧૬)

**શ્રી નારાયણમુનિ ભગવાન કહે છે :**

'હે દૂત ! જે સદ્-અસદ્‌ના વિવેકશીલ રાજાએ અમારા સાધુઓની દુષ્ટો થકી રક્ષા કરી તે આ ગવર્નર-રાજાનું સ્વસ્તિ-મંગલ થાઓ. (૧૭) હાલમાં પૃથ્વી ઉપર આવો રાજા બહુ જ દુર્લભ છે તે નિશ્ચય વાત છે. આથી તે ગવર્નરના સમીપે હું જ નિશ્ચય આવીશ. (૧૮) આ પ્રમાણે કહીને તે દૂતને જમાડીને ફરીથી કહ્યું કે - 'અમારા આવવાની વાત તમો આજ જઈને રાજાને કહો, હું તૈયાર થઈને

આવું છું.' (૧૯) આ પ્રકારે શ્રીહરિએ કહેલો તે દૂત પોતાના સ્વામી ગવર્નર પાસે આવી શ્રીહરિએ કહેલું સર્વ યથાવત કહેતો હતો. શ્રીહરિના આગમનના સમાચાર જાણી પ્રસન્ન થયેલા તે ગવર્નર પોતાના સેવકોને કહેવા લાગ્યા. (૨૦) 'હે સેવકો ! આ રાજકોટ નગરમાં આજે અથવા કાલે શ્રી નારાયણમુનિ આવશે એટલા માટે જ્યારે તેઓ આવે તે જ સમયે તત્કાળ હું એકાંત સ્થળે રહેલો હોઉં તો પણ તમો મને તે સમાચાર આપશો. (૨૧) હે રાજન્ ! ગવર્નર-રાજા આ પ્રકારે સેવકોને આજ્ઞા આપી પોતે મનમાં બહુ હર્ષ પામી ભગવાનની પૂજાનાં સાધનો એક સ્થળમાં લાવી મેળવીને ભગવાનની આવવાની રાહ જોવા લાગ્યા. (૨૨) પૃથ્વી ઉપર પ્રસિદ્ધ છે પ્રતાપ જેમનો એવા તે શ્રી સ્વામિનારાયણ ભગવાન તે ગવર્નરનો આદર કરતા થકા બીજે દિવસે શિબિકામાં બેસી થોડાક પાર્ષદોથી વીંટાઈને પોતાના સેવાપરાયણ બ્રહ્મચારીઓ સાથે રાજકોટ નામના નગર પ્રત્યે પ્રયાણ કરતા હતા. (૨૩) માર્ગમાં સેંકડો અને હજારો જનો અન્ય કાર્યમાત્રને છોડીને શ્રેયોમૂર્તિ શ્રીહરિની પાછળ ગયા તે મનુષ્યોમાં શ્રીહરિના સેવકો તો કેવળ શ્રીહરિના દર્શનમાત્રની અભિલાષાવાળા હતા અને અન્ય જનો તો તે શ્રીહરિનું ગવર્નર કેવું સન્માન કરશે તે જોવાની ઈચ્છાવાળા હતા. (૨૪) શ્રી નારાયણમુનિ ગઢપુરથી નીકળ્યા તેને બીજે દિવસે દિવસની વીશ ઘડી વીત્યા પછી તે રાજકોટ નગરને પામ્યા. તે સમયે તે નગર અનેક રાજાઓના દેશ, તંબુઓની પંક્તિથી તથા અનેક મદોન્મત હાથીઓ, ઘોડાઓ, ઊંટો, બલીવર્દો, રથો અને પદાતિગણોથી શોભાયમાન હતું. (૨૫) તે સમયે દૂરથી ઊંચા સ્વરે જનસમૂહો જયજયકારી શબ્દ સાંભળીને ભગવાનનું આગમન જાણીને શ્રીહરિના દર્શનમાં થયો છે આદર જેમને, માટે જ આસન, ભોજન, શયન વગેરે ક્રિયાઓનો ત્યાગ કરીને નગરવાસી જનો, રાજસમૂહો, અને સૈનિકોએ સ્નેહથી બહાર આવીને જોયેલા શ્રીહરિના આગમનના શુભ સમાચાર પ્રથમથી કહી રાખેલા સેવકોએ રાજાને નિવેદન કર્યા. (૨૬) તે ગવર્નર-રાજા શ્રીહરિને આવેલા સાંભળી અત્યંત આનંદથી પૂર્ણથકા તત્કાળ જ રાજકાર્યનો ત્યાગ કરી ઉદાર બુદ્ધિવાળા તે પગપાળા ચાલતા શીઘ્રપણે શ્રીહરિની સામે આવ્યા. ગવર્નરની પાછળ સમગ્ર રાજાઓનો સમૂહ દોડતો હતો તથા તેમની પાછળ તેમના સેવકો દોડતા હતા. (૨૭) ઉતાવળે ચાલવાથી જેમને લગારેક શ્વાસ ચઢી ગયો છે, હર્ષથી જેમનું મુખ પ્રફુલ્લિત થયેલું છે, હર્ષાશ્રુથી જેમનાં નેત્રો સજળ થયેલાં છે એવા તે નરેન્દ્રને જોઈને ભગવાન વાહનમાંથી ઊતરીને જેટલાકમાં તેમની સામે જાય છે તેટલાકમાં જ રાજાએ પાસે આવીને શ્રીહરિના ચરણકમળમાં પોતાનું માથું મૂકીને નમસ્કાર કર્યો. (૨૮) તે પછી ભગવાને ઉઠાડેલા તે રાજા ભગવાનને બહુ ભાવથી બહુવાર ભેટીને મળીને બે હાથ જોડી તેમના મુખારવિંદ સામે એકાગ્ર દૃષ્ટિ રાખીને ઊભા રહ્યા. આનંદથી શ્રીહરિને જોઈ રહેલા આ રાજાનાં નેત્રોમાંથી આનંદનાં આસુંઓ પૃથ્વી પર પડ્યાં. તેની સાથે જ સાધુજનોના દ્રોહી અસુર ગુરુ રાજાઓના મદ, ઉદ્યમ, અભિમાન, સુખ આદિક પણ ભૂમિ ઉપર પડ્યાં. (૨૯) તે સમયે સર્વજનો પરસ્પર કુશળ પ્રશ્નને કરતા એવા તે નારાયણમુનિ અને ગવર્નર રાજાને જોઈ ઘણા કાળથી પ્રીતિવાળા બન્ને ગાઢમિત્રો હોય તેમ માનતા હતા. (૩૦) ત્યારપછી ભૂપતિ ગવર્નર શ્રીહરિના આશ્રિત શિષ્યોને ઉતારા અપાવી પોતાના હાથ વડે શ્રી

નારાયણમુનિનો હાથ પકડી પોતાની શિબિરમાં લઈ ગયા. (૩૧) તે સમયે તે શ્રીહરિ અને તેમના આશ્રિતો ઉપર જે ક્રોધવાળા રાજાઓ રાજસંમેલનમાં આવેલા હતા તેઓ આવા મોટા ગવર્નર પણ શ્રીહરિના શિષ્ય થઈ જવાથી આશ્ચર્ય પામી, મદરહિત અને અહંકારરહિત થઈ શ્રીહરિ મહાપ્રભુને નમસ્કાર કરવા લાગ્યા. (૩૨) ત્યારબાદ તે ગવર્નરે પોતે મંગાવેલ બહુમૂલ્ય સિંહાસન ઉપર શ્રી નારાયણમુનિને પધરાવ્યા તથા શ્રીહરિના મુનિ આદિ શિષ્યોને યથોચિત વિવિધ આસનો ઉપર બેસાર્યા. (૩૩) ત્યારબાદ ગવર્નર દેશાંતર થકી આવેલા રાજાઓને તથા પોતાના ચાકરોને સભા થકી બહાર કાઢીને પોતાના ખાસ અંગત બે ત્રણ અમાત્યો સાથે ભગવાનની પાસે બેઠા. (૩૪) મુનિ કહે છે : હે રાજન્ ! સભામાંથી બહાર કાઢેલા રાજાઓ તથા બીજા પણ બહુ રાજાઓ અને ગવર્નરના શસ્ત્રધારી સેવકો - આ સર્વે દૂર ઊભા રહીને વિનયથી મસ્તકો નમાવીને બે હાથ જોડીને ભગવાનની સન્મુખ બેઠેલા ગવર્નરને ભયપૂર્વક જોઈ રહ્યા. (૩૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
રાજકૂટપુરે ભગવતો ગવેન્દ્રનૃપસમાગમ નામે પાંત્રીસમો અધ્યાય થયો. ॥૩૫॥

●

## અધ્યાય - ૩૬

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! ત્યારબાદ વિનયથી નમ્ર અને નીતિશાસ્ત્રમાં પ્રવીણ એવા તે ગવર્નર, શ્રીહરિ મહાપ્રભુને નમસ્કાર કરી જોડેલ છે બન્ને હાથ જેમણે એવા થકા કહેવા લાગ્યા : (૧) 'હે સ્વામિન્ ! તમારા દર્શનથી અત્યારે મને મહાન આનંદ થયેલો છે. હું તમોને મનુષ્યાકૃતિ રૂપે ગુપ્ત રહેલ ગૂઢ ઈશ્વર છો એમ જાણું છું. (૨) જો એમ ન હોય તો તમારા શિષ્યો બ્રહ્માંડમાં રહેલ સમગ્ર જનોને ક્ષોભ પમાડનારા કામ, ક્રોધ વગેરે અંતઃકરણના શત્રુઓને જીતીને શાંતિ કેમ કરી પામે ? ન જ પામે. માટે તમે પરમેશ્વર જ છો. (૩) એટલા માટે જ તમારા આશ્રિત સાધુપુરુષોને સચ્છાસ્ત્રોમાં કહેલા લક્ષણવાળા જાણી, તે સત્પુરુષોનો દ્રોહ કરનારા દંભપરાયણ દુષ્ટ અસાધુઓને મેં દંડ દીધો છે. (૪) તમારે આશ્રિત સાધુપુરુષોનો દ્રોહ કરનારા દંભી ગુરુઓ તથા રાજાઓને મેં સાફ કરી નાંખ્યા છે. તેમાં જે કોઈ બચ્યા છો તે પૃથ્વી ઉપર કોઈ કોઈ સ્થળે સંતાઈને રહે છે. (૫) હે વર્ણીન્દ્ર ! પૃથ્વી ઉપર યુદ્ધાદિ પરિશ્રમ વિના અનાયાસથી જ પ્રાયશઃ મેં રાજાઓને વશમાં કરેલા છે આ પણ તમારો જ પ્રતાપ છે. (૬) તો હવે આ તમારા અનેક જીવોનું હિત કરનારા સાધુઓ નિર્ભય થઈને ધર્મપ્રવર્તન માટે ભૂમિમાં અગાઉની પેઠે સુખેથી વિચરો, કેમ કે એમનો અકારણ દ્રોહ કરનારાઓને દંડ દેવાનું મેં વ્રત લીધું છે.' (૭) હે રાજન્ ! આ પ્રકારે પૃથ્વીપતિનું વચન સાંભળીને શ્રીહરિ બોલ્યા કે હે ભૂપતે ! તમે અતિ વિચક્ષણ છો તેથી જે કરો છો તે ન્યાય જ છે. (૮) ધર્મ અને સત્પુરુષોનું રક્ષણ તથા ધર્મદ્રોહી અને સાધુદ્રોહીઓને દંડ દેવો અને પોતાની પ્રજાઓનું પાલન કરવું તે રાજાઓનો પરમ ધર્મ છે એમ મુનિઓ માને છે. (૯) સદ્ધર્મની રક્ષા વડે પૃથ્વી ઉપર તમારો ઉત્કર્ષ પ્રત્યક્ષ જોઈ શકાય છે અને અધર્મના આશ્રયથી જ અન્ય રાજાઓ નાશ પામે છે તે

જોઈ શકાય છે. (૧૦) હે નૃપ ! કિંપુરુષ નામના ખંડમાંથી આ ભરતખંડમાં તમારું આગમન થયું છે તે ધર્મની રક્ષા માટે ઈશ્વર ઈચ્છાથી જ થયેલું છે એમ નિશ્ચય જાણો. (૧૧) હે રાજન્ ! જો તમે આવી જ રીતે ધર્મથી જ પ્રજાને પાળશો તો તમો સર્વરાજેન્દ્ર ચક્રવર્તી થશો. (૧૨) શ્રીહરિ કહે છે હે ગવેન્દ્ર ! પૂર્વે જે જે રાજાઓ પૃથ્વી ઉપર વૃદ્ધિ પામી ચક્રવર્તી થયેલા છે અને ખૂબ પ્રસિદ્ધિને પામેલા છે તે બધા રાજાઓ સદ્‌ધર્મના રક્ષણથી જ વૃદ્ધિ પામેલા છે એમ તમો નક્કી જાણો.' (૧૩) હે રાજન્ ! આવું નારાયણમુનિનું વચન સાંભળીને રાજા ગવર્નર પોતાના આત્માને મુક્ત કરવાની ઈચ્છાવાળા થકા શ્રીહરિને પોતાના આત્માના કલ્યાણનો ઉપાય પૂછવા લાગ્યા. (૧૪) 'હે સ્વામિન્ ! જે આ રાજ્યસંબંધી આ લોકનું સુખ છે તે બધું આપની કૃપાથી જ મને મળેલું છે. હવે હું મરણ પછી જે પારલૌકિક સર્વોત્કૃષ્ટ સુખ છે તેની હું અભિલાષા રાખું છું. (૧૫) હે જગદ્‌ગુરો ! તમો તમારા અનન્યાશ્રિત જનોને સંસારબંધનથી મુકાવનારા છો. એમ જાણીને હું પણ આપના શરણને પામ્યો છું. (૧૬) તે હેતુ માટે તમો મને તમોને સંમત એવો મોક્ષનો ઉપાય કહો, કે જે ઉપાયથી હું સંસારરૂપ દુઃખબંધનથી જલદી મુક્ત થાઉં.' (૧૭)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'હે નૃપતે ! તમોએ આ પોતાના મોક્ષ માટે સારું વિચારેલું છે. કેમ કે, તે આત્માને માટે હિતકારી છે. શાસ્ત્રસંમત અને મેં સારી રીતે નિશ્ચિત કરેલો આત્મકલ્યાણનો ઉપાય હું તમોને કહું છું. (૧૮) વિષય સંબંધી સુખ તો પ્રાણીઓ પશુ પક્ષી આદિક દેહોમાં પણ પામે છે. અનાદિ કાળથી થયેલ ભવબન્ધનથી મુક્તિ તો મનુષ્યદેહથી જ મુમુક્ષુઓ સાધ્ય કરે છે. (૧૯) તે આ સર્વ અર્થને સિદ્ધ કરનારો નરદેહ દુર્લભ છે તે નિશ્ચિત વાત છે પરંતુ તે ક્ષણિક કહેતાં ક્ષણભંગુર છે આથી તેનો અવશ્ય નાશ થશે એમાં સંદેહ નથી. (૨૦) ચિંતામણિની પેઠે ચિંતિત અર્થને પ્રાપ્ત કરવામાં સમર્થ એવો નરદેહ જ્યાંસુધી સ્વાધીનતામાં વર્તે છે ત્યાંસુધીમાં બુદ્ધિમાન મનુષ્યે પોતાના કલ્યાણ અર્થે પ્રયત્ન કરી લેવો. (૨૧) ભગવાનમાં પ્રેમે સહિત નવધા ભક્તિ એ જ સર્વોત્તમ કલ્યાણનું સાધન મેં માનેલું છે. તે ભક્તિ સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે સહિત દૃઢ જેમ થાય તેમ કરવી જોઈએ. (૨૨) સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત આ અંગે સહિત ભક્તિનો મેં કહ્યો એ જ છે. માટે શ્રીકૃષ્ણમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અંગે સહિત ભક્તિને કરો. તેથી તમે સંસારબંધનથી મુક્ત થઈ જશો.' (૨૩) શ્રીહરિ મહાપ્રભુએ આ પ્રકારે કહેલા તે ગવર્નર ખૂબ રાજી થઈ ફરી તે શ્રીહરિને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં સ્વરૂપો પૂછવા લાગ્યા. (૨૪) ત્યારે શ્રી નારાયણમુનિ પણ તે સ્વધર્મ વગેરેનાં લક્ષણોને તત્ત્વપૂર્વક કહેવા લાગ્યા. તેથી અતિ પ્રસન્ન થયેલ, અતિ વિચક્ષણ એવા તે ગવર્નર શ્રીહરિને કહેવા લાગ્યા : (૨૫) 'હે સ્વામિન્ ! તમો જ નરાકૃતિ પરબ્રહ્મ ભગવાન જ છો તે નિશ્ચિત વાત છે. આથી હું નિરંતર તમારી જ ભક્તિ કરીશ. (૨૬) હે દેવ ! આ દિવસને આરંભીને હું કુટુંબ સહિત આપનો જ છું.' આ પ્રમાણે કહી તે ગવર્નર રાજાએ શ્રીહરિને અતિ આદરપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યો. (૨૭) શ્રીહરિ એ રીતે પ્રણામ કરતા તે રાજાને ઉઠાડીને બોલ્યા કે - 'હે નૃપતે ! હું તમારા ઉપર ખૂબ પ્રસન્ન થયેલો છું. તમો મારા થકી ઈચ્છિત વર માંગો.' આમ ભગવાને કહ્યું એટલે

આંખમાં આંસુ ભરેલ તે રાજા હાથ જોડીને શ્રીહરિ પ્રત્યે બોલ્યા : (૨૮) 'હે સ્વામિનારાયણ ભગવન્ ! જાણે અજાણે થયેલાં અનાદિકાળનાં પાપોથી હું હમણાં જ મુક્ત થાઉં,' ભગવાને રાજાને 'તથાસ્તુ' એમ વર આપીને પ્રતિદિન પાલન કરવાના અહિંસાદિ ધર્મોનો ઉપદેશ આપી સ્વતંત્ર એવા શ્રીહરિએ પોતાના આસન ઉપરથી ઊઠવાની ઈચ્છા કરી. (૩૦) ભગવાનનો અભિપ્રાય જાણીને તે સમયે જ રાજા ગવર્નર નાના પ્રકારના ઉપહારો મંગાવીને મંત્રીઓ સાથે અતિ ભાવપૂર્વક ભગવાનની અને મુનિજનોની મહાપૂજા કરી. (૩૧) બહુમૂલ્યવાળાં રમણીય વસ્ત્રો તથા સુવર્ણનાં આભૂષણો, પુષ્પના હારો, શેખર તોરાઓ, પાન-સોપારી તથા સોનારૂપાની મુદ્રાઓ વડે પૂજા કરી. (૩૨) તે પછી હાથ જોડીને ઊભા રહેલા ગવર્નર રાજાને પૂછીને શ્રીહરિ આસન પરથી ઊઠીને નીકળ્યા. પાછળ રાજા વળાવા નીકળ્યા. માર્ગમાં પોતાની પાછળ વળાવા આવેલા ગવર્નર રાજાને પરાણે પાછા વાળીને શ્રીહરિ પોતાના આવાસમાં આવ્યા. (૩૩) પરમ વિસ્મય પામેલા શ્રીહરિના દ્વેષી એવા તે રાજાઓ પણ અભિમાનનો ત્યાગ કરીને માર્ગમાં બધા ભેગા મળી શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૩૪) પછી તે ગવેન્દ્ર (ગવર્નર-રાજા)એ સર્વ ખંડિયા રાજાઓને સભામાં બોલાવી કહેવા લાગ્યા કે હે રાજાઓ ! તમો સર્વેએ નારાયણમુનિને માનવા સન્માનવા તથા તેમના સર્વ મુનિજનોને પણ સન્માનવા, (૩૫) જે કોઈ નારાયણમુનિ અને તેમના સાધુઓનો દ્રોહ કરશે તે મારે વધને યોગ્ય છે એમાં જરાપણ સંશય નથી એમ કહ્યું એટલે તે સર્વ રાજાઓએ ગવર્નરના વચનને નમ્રતાપૂર્વક માથે ચઢાવ્યું. (૩૬) પછી તે દિવસથી જ આરંભીને પૃથ્વી ઉપર ગામે ગામ અને પુર પુરમાં સર્વજનોએ શ્રી નારાયણમુનિને માનવા એવી ઘોષણા થઈ. (૩૭)

**સુવ્રતમુનિ કહે છે :**

હે નરાધિપ ! પ્રતાપસિંહ ! પછી તે ગવર્નરના સેવકોએ કરેલ છે અતિશય સન્માન જેમનું એવા શ્રી નારાયણમુનિ રાજકોટ નગરમાં તે રાત્રે નિવાસ કરી પ્રભાતે ફરી દુર્ગપુર પધાર્યા. (૩૮) પછી દેશાંતરોમાં ગયેલા સર્વ મુનિજનોને સર્વ દેશોમાંથી બોલાવીને સભામાં તે મુનિજનોને રાજકોટ નગરમાં બનેલું સર્વ વૃત્તાંત શ્રીહરિ મહાપ્રભુ કહેવા લાગ્યા. (૩૯)

**શ્રીહરિ બોલ્યા :**

'હે મુનિજનો ! પાપાચરણ પરાયણ અને તમારા દ્રોહી એવા અસુરાંશભૂત મનુષ્યોનો ઉચ્છેદ શ્રીકૃષ્ણ ભગવાને ગવેન્દ્ર રાજા દ્વારા નિષ્પન્ન કર્યો તે નિશ્ચે વાત જાણો. (૪૦) એટલા માટે હે નિષ્પાપ મુનિજનો ! તમો સર્વે પોતાના સંપ્રદાયને અનુસારે પૂર્વની માફક જ વેશ ધારણ કરો અને પૃથ્વી ઉપર સુખેથી વિચરો. (૪૧) અને શ્રીહરિએ કહેવાયેલા તે મુનિઓ હર્ષને પામ્યા અને આ સાક્ષાત્ ભગવાન જ છે એમ દૃઢ નિશ્ચયવાળા તે મુનિજનો અસુરજનોના વિનાશ શ્રી નારાયણમુનિનો જ પ્રતાપ છે એમ જાણી પૂર્વની માફક સંપ્રદાયનાં ચિહ્નો સહિત વર્તવા લાગ્યા. (૪૨) પછી પાંચ દિવસ પર્યંત તે દુર્ગપુરમાં નિવાસ કરી પછી શ્રીહરિની આજ્ઞાથી જવા તત્પર થયેલા તે મુનિજનોને અભય રાજાએ એક માસ પર્યંત ત્યાં નિવાસ કરાવ્યો. (૪૩) વિક્રમ સંવત ૧૮૬૪નું વર્ષ વર્તમાન સતા માઘ માસમાં આ પ્રકારે શ્રી હરિનારાયણમુનિનું આ ચરિત્ર થયું. (૪૪)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! ધર્મ છે પ્રિય જેમને અને આપ્તકામ કહેતાં પરિપૂર્ણ મનોરથવાળા અને પ્રદીપ્ત લક્ષ્મીવાળા એવા તે નારાયણમુનિ મહાપ્રભુ કહેલા પ્રકારે ધર્મના પ્રતિપક્ષીઓની શાંતિ કરી-કરાવીને સંમિલિત એવા મુનિજનો સહિત તે દુર્ગપુરમાં જ નિવાસ કરતા હતા. (૪૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં ભગવત્કૃત ગવેન્દ્રવરપ્રદાન દુર્ગપુર પ્રત્યાગમન નિરૂપણ એ નામે છત્રીસમો અધ્યાય થયો. ॥૩૬॥

●

## અધ્યાય - ૩૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યારપછી શ્રીહરિએ ફાગણ માસની સુદ એકાદશીને દિવસે સ્નાન સંધ્યાદિ નિત્યકર્મ કર્યા પછી કૃષ્ણપૂજારૂપ મહોત્સવ કરાવ્યો. (૧) મહોત્સવને અંતે અભયરાજાના દરબારના આંગણામાં એક મોટી સભા કરાવી. રાત્રિની તે સભામાં સર્વ વૈષ્ણવો યથાયોગ્ય બેઠા. (૨) ત્યારે તે સભાના મધ્યમાં સ્વામિનારાયણ ભગવાન ઊંચા સિંહાસનમાં ભક્તજનો સાથે વીંટાઈને બેઠેલા હોવાથી પોતે આકાશમાં તારામંડળની મધ્યમાં શરદપૂર્ણિમાનો ચંદ્રમા જેમ શોભે એમ શોભતા હતા. (૩) તે સમયે ત્યાગીજનો અને ગૃહસ્થ ભક્તજનો તે શ્રીહરિની જુદી જુદી પૂજા કરતા થકા કૃષ્ણકથાકીર્તનાદિક સાથે જાગરણ કરતા હતા. (૪) તે જાગરણ સમયે શિયાણી ગામના નિવાસી ધાર્મિક, મુમુક્ષુ, દક્ષ અને સદ્‌બુદ્ધિવાળા શિવરામ શર્મા નામના કોઈ એક વિપ્ર ત્યાં આવ્યા. (૫) શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના જ્ઞાતિ, સંપ્રદાય, દેશ, જન્મ, પિતા અને વેદ વગેરેને જાણવાની ઈચ્છાવાળા અને હરિસિંહ નામના સૌવીર દેશના (ઝાલાવાડ) રાજાએ મોકલેલા એવા શિવર્ષિ ત્યાં આવ્યા. (૬) આવેલા તે વિપ્ર, શ્રીહરિ તથા સંતો આદિને નમસ્કાર કરી, શ્રીહરિએ આદરપૂર્વક સન્માનેલા અને પછી બેઠેલા તેમને, આગમનનું કારણ પૂછવાથી કહેવા લાગ્યા. (૭) શિવરામ વિપ્ર બોલ્યા : 'હે સ્વામિન્ ! સૌવિર દેશના અધિપતિ જે તે નવીન સંપ્રદાયના પ્રવર્તક એવા તમોને પૃથ્વી ઉપર કેટલાક જનો દ્વારા સ્તુતિ કરતા અને કેટલાક જનો દ્વારા નિંદા કરતા સાંભળી રાજા આશ્ચર્ય ચિત્તવાળા થઈને આમાં યથાર્થ તત્ત્વ શું છે તે જાણવાની ઈચ્છાથી પોતાના આશ્રિત બ્રાહ્મણ એવા મને તેમણે આપની પાસે મોકલ્યો છે. (૮-૯) હે સત્પતે ! તમોને તથા તમારા આશ્રિત સત્પુરુષોને અત્યારે જોઈને જ, નાશ પામેલ છે અસન્માર્ગની શંકા જેને એવો હું રાજાએ પૂછેલા પ્રશ્નો કહું છું. (૧૦) હે સ્વામિન્ ! આપ કયા દેશમાં પ્રગટ થયેલા છો ? તમારું પ્રાગટ્ય કયા ગામમાં થયેલું છે ? અને તમો કઈ શાખાવાળા છો ? તમારું ગોત્ર કયું છે ? તમારા પ્રવર કેટલાં છે ? તમારો સંપ્રદાય કયો છે ? તમોને વૈષ્ણવી દીક્ષા આપનાર ગુરુ કોણ છે ? તમોને વિશેષપણે અભિમત શાસ્ત્ર કયું છે ? તમારે મતે ભક્તિ કેવા પ્રકારની છે ? (૧૧-૧૨) તમારા આશ્રિતો ગણપતિ આદિ ઘણા દેવોની સ્થાપના કરે છે તેમાં તમારા ઈષ્ટદેવ કયા ? અને દેવો કયા કારણથી મનાય છે તથા આદર કરાય છે. (૧૩) તમારા સંપ્રદાયમાં દેવીને કેવું સ્વરૂપ સ્થાન

આપેલું છે ? કંઠમાં ધારવાની કંઠી તથા તિલકનો પ્રકાર કેવો છે ? (૧૪) લોકમાં સાધુઓથી વિલક્ષણ એવા તમારા સાધુઓ છે તેમને તમારા આશ્રિતો પરમહંસ નામથી કેમ કહે છે ? (૧૫) હે પ્રભો ! યથાર્થપણે જાણવાની ઇચ્છાવાળા તે રાજાના આ પ્રશ્નો છે. આ પ્રશ્નોના ઉત્તર કૃપા કરીને તમો મને યથાર્થપણે કહેવાને યોગ્ય છો.' (૧૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે તે વિપ્રે રાજપ્રશ્નોને પૂછેલા શ્રી નારાયણમુનિ મહાપ્રભુ પોતાના ભક્તજનોને પણ સંશય રહિત કરતા સતા યથાર્થ ઉત્તર કહેવા લાગ્યા. (૧૭)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'હે શિવરામ વિપ્ર ! ઉત્તર કોશલ દેશમાં અયોધ્યા નામની નગરી છે. તે નગરીથી ઉત્તર દિશામાં આઠ કોશ દૂર છપૈયા નામનું ગામ છે. (૧૮) છપૈયાપુર અમારી જન્મભૂમિ છે. તેમાં સરવરિયા જ્ઞાતિથી પ્રસિદ્ધ એવા અને સુરનેતા નામના રાજાના વંશજોએ જેમના ચરણ પૂજ્યા છે એવા, અને પાંડે અટકવાળા, ઉદાર બુદ્ધિવાળા, ધર્મથી કીર્તિવાળા, હરિપ્રસાદ નામના ઉત્તમ બ્રાહ્મણ મારા પિતા છે. (૧૯-૨૦) ગોત્રના પ્રવર્તક સાવર્ણિ ઋષિ છે. મારું સાવર્ણિ ગોત્ર છે. ભાર્ગવ વૈતહવ્ય અને સાવેતસ આ પ્રસિદ્ધ ત્રણ પ્રવરો છે. (૨૧) મારો સામ નામનો વેદ છે. અમારી શાખા કૌથુમી છે. મને મારા સંબંધીજનો નીલકંઠ એવા નામથી બોલાવતા હતા. (૨૨) અને હે દ્વિજ ! હું બાલ્યાવસ્થામાં પણ અસત્પુરુષોના સમાગમમાં તથા બાલક્રીડાનાં સાધનોમાં અત્યંત અરુચિવાળો હતો. પ્રતિદિન સત્પુરુષોનો સમાગમ જ કરતો હતો. (૨૩) જન્મથી આઠમા વર્ષે પિતાએ યથાવિધિ ઉપવીત આપતાં પ્રેમથી યથાર્થપણે બ્રહ્મચર્યવ્રત અને તેનાં ધર્મોનું પાલન કરતો હતો. (૨૪) પૂર્વકાલીન સંસ્કારના પરિપાકથી અને સત્પુરુષોના અનુગ્રહથી મારા હૃદયમાં શ્રીકૃષ્ણ પ્રત્યે સ્વાભાવિકી અને નિર્મળ ભક્તિ ઉદય પામી. (૨૫) શ્રીકૃષ્ણનાં દિવ્ય ચરિત્રોને જણાવનારાં શ્રીમદ્ ભાગવત આદિક પુરાણોને સાંભળતાં મારા મનમાં પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઇચ્છા ઉત્પન્ન થઈ અને તેથી ઘરમાં ઉદાસીનતા થઈ. (૨૬) ત્યારબાદ તીવ્ર વૈરાગ્યથી અને શ્રીકૃષ્ણના સાક્ષાત્કારના અતિ ઉત્સાહથી ઘરનો અને સગાસંબંધીઓનો તત્કાળ ત્યાગ કરી ઘોર જંગલમાં ગયો. (૨૭) હું એકલો જ કૃષ્ણદર્શન કરાવનાર ગુરુની શોધમાં શ્રી મુક્તનાથ આદિ પવિત્ર તીર્થક્ષેત્રોમાં વિચરતો હતો. (૨૮) ભૂમિમાં જે જે જન ગુરુપણે, સિદ્ધપણે, મહાપુરુષપણે, પ્રતિષ્ઠિતપણે પ્રસિદ્ધ હતા તે સર્વકોઈ જનની પાસે જઈને હું વિનમ્રપણે આ પ્રશ્ન પૂછતો હતો કે મને શ્રીકૃષ્ણના સાક્ષાત્ દર્શન જે ઉપાયથી તત્ક્ષણ થાય તે ઉપાય તમે જાણતા હો તો મને કૃપા કરીને કહો. (૨૯-૩૦) મારા આ પ્રશ્નને સાંભળીને કેટલાકે મૌન ધારણ કર્યું અને કેટલાકે ક્રોધાયમાન થઈને દુર્વચનો વડે મારું એકદમ અપમાન કર્યું. (૩૧) કોઈપણ સ્થળે પ્રશ્નના ઉત્તર નહિ પામીને ઊલટાનો દુરુત્તર પામીને તેમણે કરેલા તિરસ્કારને સહન કરીને તે પુરુષોનો મેં ત્યાગ કરી દીધો. (૩૨) પૂર્વે ઋષભદેવના પુત્ર જડભરતે જેમ અજ્ઞાની લોકોથી કરાયેલ દુશ્ચેષ્ટા અને દુર્વચન સહન કર્યું હતું તેમ મેં પણ સહન કર્યું. (૩૩) ત્યારબાદ હું નિર્મળ મનથી એક

શ્રીકૃષ્ણનું સ્મરણ કરતો ઘણાં તીર્થોનું સેવન કરતો કરતો સૌરાષ્ટ્ર દેશમાં રેવતાચળ કહેતાં ગિરનાર પર્વતને પામ્યો. (૩૪) ગિરનારની તળેટીમાં રહેલા પીપલાણા ગામમાં વૈષ્ણવરાજ રામાનંદસ્વામીનું મને દર્શન થયું. (૩૫) સંવત અઢારસો છપ્પનના જેઠ વદી એકાદશીના રોજ તે સ્વામીને પામીને વિનયથી પૂર્વવત્ મેં શ્રીકૃષ્ણ સાક્ષાત્કારનું સાધન પૂછયું. ત્યારે હે દ્વિજ ! તે સ્વામી બહુ પ્રસન્ન થઈને મારા પ્રત્યે મધુર વચન બોલ્યા. (૩૬-૩૭) 'હે વર્ણીન્દ્ર ! તમો આ સ્થળમાં હમણાં જ મારી પાસે સ્થિર આસનથી બેસીને હૃદયકમળમાં શ્રી રાધાકૃષ્ણનું અષ્ટાક્ષરમંત્ર જપવાપૂર્વક ધ્યાન ધરો. (૩૮) ત્યારે તમો સમાધિ દ્વારા પ્રત્યક્ષ સાક્ષાત્ ઈષ્ટદેવને જોશો.' આ પ્રમાણે સ્વામીએ કહ્યું એટલે હું બહુ હર્ષથી તેમણે દર્શાવેલી રીતે ધ્યાનનિષ્ઠ થયો. (૩૯) ત્યારબાદ ધ્યાન સમયે જ ત્રણ અવસ્થાથી વિલક્ષણ અવસ્થાને પામેલો હું સત્પતિ રામાનંદમુનિના અનુગ્રહથી હૃદયમાં અલૌકિક તેજસમૂહ જોવા લાગ્યો. (૪૦) તે તેજસમૂહના મધ્યમાં લક્ષ્મી અને રાધાએ પૂજન કરાતા અને વેણુવાદનમાં તત્પર એવા વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણને જોયા. (૪૧) ત્યારબાદ તે શ્રીકૃષ્ણને પ્રણામ કરીને બે હાથ જોડી 'તમો પ્રસન્ન થાઓ' એમ બોલ્યો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન મને પ્રસન્ન કરતા થકા વાક્ય બોલ્યા : (૪૨) 'હે વર્ણિ ! આ ગામમાં રામાનંદ નામના સર્વ વૈષ્ણવોમાં અગ્રેસર વર્તે છે તેમને મારા એકાંતિક અનન્ય ભક્ત ઉદ્ધાવતાર તમે જાણો. (૪૩) હું તે ઉદ્ધાવતાર રામાનંદમુનિને આધીન હોવાથી મેં તમોને મારું સાક્ષાત્ દર્શન આપેલું છે. આ ઉદ્ધવજી મારા જ સંકલ્પથી લોકોના અનગ્રહ અર્થે આ લોકમાં અવતર્યા છે. (૪૪) આથી તમો રામાનંદ સદ્‌ગુરુના સેવનથી પૂર્ણકામ થશો એમાં સંશય નથી. જે અન્ય જનો રામાનંદમુનિનો આશ્રય કરશે તે પણ સંસારથી મુક્ત થઈ જશે. (૪૫) અને આશ્રય કરનારાઓમાં જે જનો મારે વિષે અનન્યભાવવાળા અને રામાનંદસ્વામીમાં દૃઢ વિશ્વાસવાળા થઈને મારું સેવન કરશે તે જનો આ દેહે જ મારા દર્શનને પામશે. (૪૬) પૃથ્વીમાં જે પુરુષો અને સ્ત્રીઓ આ ઉદ્ધવ સંપ્રદાયને અનુસરશે તેઓ મારા યથાર્થ મહિમાને નહિ જાણતા હશે તો પણ અને પાપી હશે તો પણ તેમને મરણ સમયે તેમનાં પાપોનો નાશ કરી, મારું સાક્ષાત્ દર્શન કરાવી હું મારા ધામ પ્રત્યે લઈ જઈશ. (૪૭-૪૮) તો તમો પણ શ્રી રામાનંદમુનિનો આશ્રય કરી સુખી થાઓ.' હે દ્વિજ ! આવું શ્રીકૃષ્ણનું અમૃતતુલ્ય વચન સાંભળી હું અતિશય આનંદ પામ્યો. (૪૯)

**શ્રીહરિ કહે છે :**

હે દ્વિજોત્તમ ! ત્યારબાદ હું સમાધિમાંથી ઊઠીને શ્રી રામાનંદમુનિના શ્રી વાસુદેવી મહાદીક્ષા ગ્રહણરૂપ શિષ્યભાવને પામ્યો. શ્રી રામાનંદમુનિ, સહજાનંદ એવું મારું નામ પાડીને મારા પ્રત્યે બોલ્યા : (૫૦) 'હે વર્ણિવર્ય ! તમોએ શ્રી રામાનુજાચાર્યે રચેલા શ્રી ભાષ્ય આદિ ગ્રંથોમાંથી જીવ, માયા, પરમેશ્વરના સ્વરૂપનો નિર્ણય જાણવો. (૫૧) શ્રીકૃષ્ણનાં વ્રત અને ઉત્સવોનો નિર્ણય શ્રી વિઠ્ઠલેશ ગોસ્વામીએ કરેલા નિબંધ થકી ગ્રહણ કરવો ઉત્તમ છે. (૫૨) અને શ્રીકૃષ્ણ પ્રતિમાની સેવારીતિ શ્રી વિઠ્ઠલેશ ગોસ્વામીએ કહેલી જ ગ્રહણ કરવી. કારણ કે એવી પ્રેમપૂર્વક સેવારીતિ બીજા કોઈ આચાર્યોએ કહેલી નથી. (૫૩) અને પૂર્વે મોટા પુરુષોએ લોક અને શાસ્ત્રની નિંદિત

એવું કર્મ ક્યારેક કોઈ નિમિત્તે કરેલું હોય તો તે તમારે ક્યારેય પણ ગ્રહણ ન કરવું કેમ કે જે દોષ હોય તે દોષ જ કહેવાય. (૫૪) પોતાથી મોટા કે પોતાથી નાના પુરુષ પાસેથી વિદ્યા, જ્ઞાન આદિ ગુણ દત્તાત્રેયની માફક ગ્રહણ કરવો. નાનામોટા શાસ્ત્રમાંથી પણ દત્તાત્રેયની પેઠે ગુણ ગ્રહણ કરવો.' આ પ્રકારનો ઉપદેશ આપીને રામાનંદસ્વામીએ મારા ઉપર અનુગ્રહ કર્યો. (૫૫) રામાનંદમુનિ પણ કોશલદેશમાં અયોધ્યાપુરીમાં જ સદ્ગુણો સ્થાનભૂત અને સરવરીયા બ્રાહ્મણ જ્ઞાતિના, રામશર્મા નામના હતા. (૫૬) હે વિપ્ર ! આ રામશર્માને પૂર્વકાલીન સંસ્કારવશાત્ બાલ્યાવસ્થાથી જ કૃષ્ણભક્તિ તીવ્ર વૈરાગ્યે સહિત સ્વાભાવિક જ હતી. (૫૭) રામશર્મા પોતાના પિતા થકી યજ્ઞોપવીતને પામી પછી વેદાભ્યાસને બહાને ઘરનો ત્યાગ કરી નિસ્પૃહ, અને પવિત્ર એવા પોતે એકાકી વનમાં ગયા. (૫૮) જિતેન્દ્રિય અને લોકપાવન એવા રામશર્મા હૃદયમાં શ્રીકૃષ્ણનું ચિંતવન કરતા થકા તીર્થયાત્રા કરતા કરતા સૌરાષ્ટ્ર દેશમાં આવ્યા. (૫૯) તે દેશમાં ગોપનાથ નામના મહાદેવના સ્થાનમાં વસતા, બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતા, ગોપાળાનંદ નામના યોગીન્દ્રના ઉત્તમ શિષ્ય, તીવ્ર વૈરાગ્યવાન, નૈષ્ઠિક બ્રહ્મચારી એવા આત્માનંદ નામના મહાયોગીને રામશર્માએ જોયા. (૬૦-૬૧) આ રામશર્મા આત્માનંદમુનિના શિષ્ય થઈને તેમણે પાડેલા રામાનંદ એવા નામથી પ્રખ્યાત થઈ નૈષ્ઠિકવ્રત દીક્ષા આશરીને તેમના થકી સાંગ યોગ શીખ્યા. (૬૨) ત્યાર પછી રામાનંદમુનિ સમાધિયોગમાં નિરાકાર અક્ષરબ્રહ્મ તેજને જોઈ ગુરુને કહેવા લાગ્યા : 'હે ગુરો! હવે હું સાક્ષાત્ કૃષ્ણપરબ્રહ્મને જોવાની ઈચ્છા કરું છું તો કૃપા કરી દર્શન કરાવો.' (૬૩) ત્યારે આત્માનંદ ગુરુ બોલ્યા કે તમોએ સમાધિમાં સાક્ષાત્ કર્યું તે તેજ પરબ્રહ્મ છે. આથી ખેદ કરીને તત્કાળ તે ગુરુનો ત્યાગ કરીને ત્યાંથી ચાલી નીકળ્યા. (૬૪) ત્યારપછી સાકાર કૃષ્ણનું નિત્યપણું, તેના સ્થાપક અને તે ભગવાનનું પ્રત્યક્ષ દર્શન કરાવવામાં સમર્થ એવા વૈષ્ણવાચાર્ય શ્રી રામાનુજાચાર્યને જાણી શ્રીરંગક્ષેત્રમાં આવ્યા.(૬૫) શ્રીરંગક્ષેત્રમાં શ્રી રામાનુજાચાર્યની પ્રતિમાની આરાધના કરી, તેમને પ્રસન્ન કરી, દિવ્યરૂપથી તેમણે આપેલી પાંચ સંસ્કાર ચિહ્નવાળી વૈષ્ણવી દીક્ષા ગ્રહણ કરી. (૬૬) તેમણે ઉપદેશેલા ભગવદ્ ધર્મોને પાલન કરતા થકા તેમના જ અનુગ્રહથી ધ્યાન સમયે હૃદયકમળમાં પ્રાદુર્ભાવ પામેલા શ્રીકૃષ્ણના સાક્ષાત્કારને પામ્યા. (૬૭) પ્રત્યક્ષ કૃષ્ણદર્શનથી શ્રી રામાનંદમુનિ સંપૂર્ણ મનોરથવાળા થઈ ગયા. ત્યારબાદ ગુરુ રામાનુજાચાર્યની આજ્ઞાથી મુમુક્ષુજનોને કૃષ્ણભક્તિનો ઉપદેશ કરતા કરતા પૃથ્વી ઉપર વિચરણ કરવા લાગ્યા. (૬૮) જે જે જનો રામાનંદમુનિના શિષ્યો થયા તે તે જનો તે મુનિના અનુગ્રહથી સર્વોત્કૃષ્ટ ભક્તિનિષ્ઠા અને ધર્મનિષ્ઠાને પામ્યા હતા. (૬૯) તેમના આશ્રિત કેટલાક પુરુષો અને સ્ત્રીઓ સમાધિ કહેતાં ચિત્તની એકાગ્રતામાં કૃષ્ણદર્શન પામતા હતા. તેમના સર્વ આશ્રિતો મદ્ય, માંસ આદિ સંસર્ગનો ત્યાગ કરતા હતા. (૭૦) શ્રી રામાનંદમુનિ નિર્દંભ ભક્તિ, તથા જ્ઞાન વડે, અહિંસાદિ યમો, શૌચાદિ નિયમો તથા વિવેકવાળી બુદ્ધિ અને વૈરાગ્ય તથા સ્વધર્મ વડે સર્વ આચાર્યો કરતાં અધિક વિખ્યાત થયા હતા. (૭૧) તેમના આશ્રિતજનો બહુવિધ વસ્ત્ર, આભૂષણ, ધન વડે તે મુનિનું પૂજન કરતા હતા. પરંતુ અપરિગ્રહી હોવાથી તેઓ સર્વ વસ્તુઓનો ધર્મકાર્યમાં

જ ઉપયોગ કરતા હતા. (૭૨) શ્રીહરિ કહે છે કે હે વાડવ ! મહાન એવા તે મુનિ બ્રાહ્મણોને વસ્ત્ર-અલંકાર આદિક આપતા હતા અને બહુ સ્થળે મોટાં અન્નક્ષેત્રો બંધાવતા હતા. (૭૩) તે સમયે લોકો જિતેન્દ્રિય, નિષ્કામી, નિર્લોભી, નિષ્કિંચન, તથા ક્રોધરહિત અને નિર્માની એવા તે રામાનંદમુનિને ખૂબ અધિકપણે માનવા લાગ્યા. (૭૪) બીજા સ્ત્રી, દ્રવ્ય, રસાસ્વાદમાં લાલસાવાળા દંભી વૈષ્ણવો રામાનંદમુનિના ઉત્તરોત્તર ઉત્કર્ષને સહન કરવા શક્તિમાન થઈ શક્યા નહિ. (૭૫) તેમના માનની હાનિ કરવા ઈચ્છતા તેમને વિષે કોઈપણ દોષ તો નહિ દેખીને તેમની ખોટી નિંદા કરતા સતા મિથ્યા અપવાદોનું આરોપણ કરવા લાગ્યા. (૭૬) હે દ્વિજ ! તેમાં કેટલાક વાદીઓ બ્રહ્મવિદ્યાથી રામાનંદમુનિને જીતવા માટે પ્રવર્ત્યા પરંતુ સર્વે પરાજયને જ પામ્યા, કોઈ એક પણ જીતી શક્યો નહિ. (૭૭) ત્યારે અતિક્રોધી એવા તે ખળો ક્રોધરહિત એવા મુનિને વારંવાર ઉપદ્રવ કરવા લાગ્યા. અને મર્મભેદી અપશબ્દો વડે તિરસ્કાર કરવા લાગ્યા. (૭૮) કોઈ દુર્જનોએ મુનિને એકાંત સ્થળમાં લઈ જઈને તેમનું તિલક ભૂસી નાખ્યું, કંઠમાળા તોડી નાંખી તો કોઈએ કાતરથી ચોટલી કાપી નાખી. (૭૯) કેટલાક અધિક મદવાળા જનોએ સિંહાસન વગેરે પૂજાનાં સાધનો ભાંગી નાખ્યાં તો કોઈએ કૃષ્ણપ્રતિમા હરી લીધી તો કોઈએ મુનિનાં વસ્ત્રો હરી લીધાં. (૮૦) ઉદ્ધત આકારવાળા, હાથમાં શસ્ત્ર ધારી રહેલા કેટલાક કહેવાતા વૈષ્ણવોએ મુનિના આશ્રિત સાધુઓને અન્નક્ષેત્રોમાંથી કાઢી મૂકીને અન્નક્ષેત્રો તોડી નાંખ્યાં. (૮૧) દુર્જનોએ કરેલા આવા સમગ્ર ઉપદ્રવોને વારંવાર ક્ષમાપૂર્વક સહન કરીને આ રામાનંદમુનિ ત્યાંથી ખસી નીકળી જલદી વૃંદાવનમાં આવીને કોઈ નિર્જન પ્રદેશમાં આવીને રહ્યા. (૮૨) ત્યાં રહી બુદ્ધિમાન આ રામાનંદમુનિ એકાગ્ર મનથી શ્રીકૃષ્ણનું ધ્યાન કરતા સતા રહ્યા. પછી શ્રીહરિની ઈચ્છાથી નવીન સંપ્રદાય રચનાને અનુકૂળ એવી મતિ પ્રાપ્ત થઈ. (૮૩) શ્રી વૈષ્ણવાચાર્યના ઊર્ધ્વપુંડ્ર આદિ બાર બાહ્ય લક્ષણો-ચિહ્નો છે તેમાં ઉપદ્રવ આવવાથી તેનો ત્યાગ કરી શાસ્ત્રાનુસારે તેને સ્થાને બીજું જ નવીન ચિહ્ન કલ્પી રાખ્યું. (૮૪) અધ્યાત્મજ્ઞાનની સિદ્ધિ માટે ગ્રંથો તો શ્રી રામાનુજાચાર્યે કરેલા શ્રી ભાષ્યાદિને પ્રમાણપણે સ્વીકાર્યા અને ફરીથી ભાગવત એકાંતિક ધર્મની પ્રવૃત્તિ સર્વત્ર કરી. (૮૫) મુમુક્ષુજનો માટે હિતકારી એવા રામાનંદમુનિ પોતાના સંપ્રદાયમાં ધર્મે સહિત ભક્તિને પ્રવર્તાવતા થકા પૃથ્વી ઉપર તીર્થોમાં વિચરણ કરવા લાગ્યા. (૮૬) આ રામાનંદસ્વામી ભૂતળમાં જે જે જનની ઉપર અનુગ્રહ કરે તે સર્વ કોઈ જન ગુરુ રામાનુજ અને શ્રીકૃષ્ણની કૃપાથી સમાધિમાં શ્રીકૃષ્ણને તત્કાળ પ્રત્યક્ષપણે જોતા હતા. (૮૭) આશ્રિતજનોનું હિત કરનારા આ મુનિ દ્વારિકાયાત્રા કરીને શ્રીકૃષ્ણની રમણભૂમિ રૈવતાચળમાં આવીને ત્યાં મુમુક્ષુઓને બોધ આપતા થકા રહ્યા. (૮૮) હે વિપ્રેન્દ્ર ! સાક્ષાત્ ઉદ્ધવજી જ અવતરેલા, કૃષ્ણભક્તિના પ્રવર્તક તે આ અમારા ગુરુ છે, તેઓ કૃષ્ણથી અણુમાત્ર પણ ન્યૂન નથી એમ અમે માનીએ છીએ. (૮૯) (સદ્‌ગુરુ થકી દીક્ષા પામ્યા) પછી મેં તેમના આશ્રિત સર્વ વૈષ્ણવોને કહ્યું : 'હે ભક્તો ! આપણા આ સદ્‌ગુરુ સાક્ષાત્ સ્વયં ઉદ્ધવજી જ છે તે નિશ્ચયે જાણો.' (૯૦) માટે આપણાં આ સંપ્રદાય સર્વ વૈષ્ણવોએ માન્ય કરેલો 'ઉદ્ધવ સંપ્રદાય' નામે પ્રખ્યાતિ પામો. આવું મારું વચન સાંભળી તે બધાએ 'તથાસ્તુ' એમ કહ્યું.

(૯૧) આ સમર્થ સદ્‌ગુરુ રામાનંદમુનિ મારા ઉપર પોતાની ધર્મધુરા સ્થાપન કરી અંતર્ધાન થઈ ગયા. હાલમાં તેમના પ્રતાપથી તે જ ધર્મધુરા હું વહન કરી રહ્યો છું. (૯૨) ત્યારબાદ બીજા મતવાદી જનો અમારા સંપ્રદાયને નવીન જાણી ગામડે ગામડે રહેલા અમારા સેવકોને અત્યંત પીડવા મંડ્યા. (૯૩) ત્યારે તેવી રીતના મતવાદીઓની પીડારૂપ આપત્કાળના કષ્ટ સમયે તે સાધુજનોને જે પ્રકારે સુખ થાય તે પ્રકારે તે સંતોને હું પૃથ્વી ઉપર વિચરણ કરાવું છું. (૯૪) હાલમાં અમો સદ્‌ગુરુ રામાનંદના પ્રસાદથી અને ધર્મરક્ષક શ્રીહરિ પ્રભુના પ્રતાપથી સ્વસ્થપણાને પામ્યા થકા પૂર્વની માફક જ સુખપૂર્વક વર્તીએ છીએ. (૯૫) શ્રીહરિ મહાપ્રભુ કહે છે કે હે શિવરામ વિપ્ર ! તમોને અમારો સંપ્રદાય કહ્યો તથા દીક્ષા આપનાર ગુરુ કહ્યા. હવે અમારા ઈષ્ટદેવને સાંભળો. 'સર્વ કારણના કારણ શ્રીકૃષ્ણ છે તે અમારા ઈષ્ટદેવ છે.' (૯૬) આ જ શ્રીકૃષ્ણ રાધિકાએ યુક્ત હોય ત્યારે રાધાકૃષ્ણ કહેવાય છે. તે શ્રીકૃષ્ણ લક્ષ્મીરૂપ રુકિમણીથી યુક્ત હોય ત્યારે લક્ષ્મીનારાયણ કહેવાય છે. (૯૭) હે બ્રહ્મન્ ! તે શ્રીકૃષ્ણ નરાવતાર અર્જુનથી યુક્ત હોય ત્યારે નરનારાયણ કહેવાય છે. અને બળભદ્ર વગેરેના યોગથી અમારા સંપ્રદાયમાં તે તે નામોથી કહેવાય છે. (૯૮) જે વાસુદેવાદિ ચાર વ્યૂહો છે તથા કેશવાદિક ચોવીશ મૂર્તિઓ છે. તથા પદ્મનાભ વરાહ વગેરે મૂર્તિઓ છે આ સર્વે પણ શ્રીકૃષ્ણના જ અવતાર હોવાથી અમો સર્વેને માન્ય જ છે. (૧૦૦) આદિ વૈષ્ણવરાજ હોવાથી શંકર તો પાર્વતી સાથે અમારા આશ્રિતોને પૂજ્ય છે. વળી પ્રાચીન બર્હિષ રાજાના પુત્ર પ્રચેતાઓને ઉપદેશ આપનારા હોવાથી શિવને બ્રહ્મવિદ્યાના પ્રવર્તકપણે અમોએ પૂજ્ય માન્યા છે. (૧૦૧) ગણપતિ તો બ્રહ્મવૈવર્ત પુરાણમાં શ્રીકૃષ્ણના અવતારવિશેષ પણે કહ્યા હોવાથી અમે પૂજ્યપણે માન્યા છે. અને અમારા કુળદેવતા હોવાથી હનુમાનજીને પૂજ્ય માન્યા છે.' (૧૦૨) સૂર્યદેવ તો ગાયત્રીના અધિષ્ઠાતા હોવાથી અમો સર્વ દ્વિજાતિઓને વિશેષપણે પૂજ્ય છે. હવે અમને જે શાસ્ત્રો ઈષ્ટ છે તે સંક્ષેપમાં કહું છું. (૧૦૩) શ્રીહરિ કહે છે કે બ્રાહ્મણોત્તમ ! ઉપનિષદોએ સહિત વેદો તથા વેદવ્યાસ રચિત શારીરિક સૂત્રો કહેતાં બ્રહ્મસૂત્ર, દશ લક્ષણયુક્ત ભાગવત નામનું પુરાણ, મહાભારતના ભીષ્મપર્વમાં શ્રીકૃષ્ણે કહેલી ભગવદ્‌ગીતા, એ મહાભારતના અનુશાસનપર્વમાં ભીષ્મપિતાએ કહેલું વિષ્ણુસહસ્રનામ નામનું સ્તોત્ર, મહાભારતના ઉદ્યોગપર્વમાં વિદુરજીએ કહેલી નીતિ, સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં રહેલ શ્રી વાસુદેવ માહાત્મ્ય, તથા યાજ્ઞવલ્ક્ય મુનિએ કરેલી ધર્મસંહિતા યાજ્ઞવલ્ક્યસ્મૃતિ - આ આઠ શાસ્ત્રો અમે ઈષ્ટપણે માન્યાં છે. (૧૦૪-૧૦૭) આ શાસ્ત્રોમાં શારીરક સૂત્રો અને શ્રીકૃષ્ણે કહેલી ગીતા આ બન્ને શ્રી રામાનુજાચાર્યે કરેલ ભાષ્ય યુક્ત જ (શ્રી ભાષ્ય અને ગીતાભાષ્ય) મેં માનેલા છે. (૧૦૮) આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતના નિર્ણયમાં મિતાક્ષરા ટીકાએ યુક્ત યાજ્ઞવલ્ક્યસ્મૃતિને અમે પ્રમાણ માની છે. (૧૦૯) અને શ્રીકૃષ્ણ ભગવાનના માહાત્મ્યજ્ઞાન માટે શ્રીમદ્ ભાગવતના દશમ અને પંચમ સ્કંધ અધિકપણે અમારા સંપ્રદાયમાં મેં માનેલા છે. (૧૧૦) બીજા પણ જે વેદાર્થને અનુસારે પ્રવર્તેલાં (સાંખ્ય, યોગ, વાલ્મિકી રામાયણ વગેરે) શાસ્ત્રો પણ આસ્તિકપણું હોવાથી અમારા સંપ્રદાયમાં પ્રમાણપણે માનેલાં છે. (૧૧૧) અને ભગવાન શ્રી

નારાયણની લક્ષ્મીરૂપા આદ્યાશક્તિ છે તે અમારા સંપ્રદાયમાં દેવી માનેલાં છે. ત્રણ વર્ગના જનોએ તુલસીકાષ્ઠની સૂક્ષ્મ મણકાવાળા બેવડી માળા કંઠમાં ધારણ કરવી. (૧૧૨) હે ભૂદેવ ! શૂદ્રોએ તો ચંદનાદિ કાષ્ઠથી કરેલી સૂક્ષ્મ મણકાની શ્રીકૃષ્ણના ચરણકમળ સ્પર્શથી પવિત્ર થયેલી કંઠી નિત્ય ધારણ કરવી. (૧૧૩) દ્વારકા માહાત્મ્ય પ્રસિદ્ધ ગોપીચંદન નામની મૃતિકા વડે અથવા કૃષ્ણપૂજા કરતાં વધેલા ચંદન વડે ચંદ્રની માફક વચ્ચે ગોળ ચાંદલાએ સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક અમારા સંપ્રદાયમાં કરાય છે. (૧૧૪) હે બ્રહ્મન્ ! આ ઉદ્ધવ સંપ્રદાયમાં ઊર્ધ્વપુંડ્રના મધ્યમાં રાધાલક્ષ્મીના પ્રસાદીભૂત કુંકુમ વડે પણ ચાંદલો કરાય છે. (૧૧૫) આ લોકમાં ત્યાગ કરેલ છે ગ્રામ્ય વિષય સંબંધી સુખો જેમણે, એવા જે અમારા સાધુઓ છે. તેમની અને મારી પણ ઋષભદેવના પુત્ર ભરતજીની પેઠે ભગવાનમાં ભક્તિ છે એમ જાણવું. (૧૧૬) નિર્માનીપણું, અસંગીપણું, અહિંસાધર્મ, અહંતામમતાત્યાગ અને આત્મનિષ્ઠા આ પાંચેય ગુણો ભક્તિના અલંકારો જડભરતમાં જેમ હતા તેમ અમારા સાધુઓમાં પણ છે. (૧૧૭) અને જે સાધુને આવી જડભરત જેવી સાલંકાર કૃષ્ણભક્તિ ન હોય તેને તો ઉદ્ધવ સંપ્રદાય થકી બહિષ્કૃત કરેલો છે એમ જાણવું. (૧૧૮) હે વિપ્ર ! અમારા સંપ્રદાયમાં જે ગૃહસ્થાશ્રમી ભક્તજનો છે તેમની ભગવાનમાં ભક્તિ તો અંબરીષ રાજાની પેઠે સ્વધર્મ યુક્ત જ હોય છે. (૧૧૯) હે દ્વિજોત્તમ ! આ પ્રકારે ત્યાગી ગૃહી અધિકાર ભેદથી ભક્તિ અંગભૂત ધર્મભેદને લીધે બે પ્રકારને પામીને ભક્તિની રીતિ સંપ્રદાયમાં માન્ય છે. (૧૨૦) અમારે આશ્રિત એવા સાધુઓ પરમહંસ શબ્દથી કહેવાય છે. હે વિપ્ર ! આ પ્રકારે તમારા સર્વ પ્રશ્નોના ઉત્તરો મેં તમોને કહ્યા. (૧૨૧-૧૨૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આવું ભગવાનનું વચન સાંભળીને મુમુક્ષુ શિવરામ વિપ્રે સંદેહ રહિત થઈ શ્રી નારાયણમુનિને સદ્‌ગુરુ જાણી તેમના આશ્રિત સત્સંગી થયા. (૧૨૩) તે પછી તેમની પ્રસન્નતાથી તત્ક્ષણ સમાધિને પામીને શિવરામ વિપ્ર રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ દર્શનને પામ્યા અને તે દર્શનથી તેઓ કૃતાર્થ થઈ ગયા. (૧૨૪) ત્યારબાદ તે શિવરામ વિપ્રે પોતાના યજમાન હરિસિંહ રાજાને જેવું સાંભળ્યું છે અને જેવું જોયું છે એવું (ભગવાનનું ઐશ્વર્ય અને ધર્મપ્રવર્તનનો પ્રકાર) સર્વ વર્ણવીને કહ્યું. (૧૨૫) મુનિ કહે છે નરાધિપતિ ! તે પછી શુભ બુદ્ધિવાળા તે હરિસિંહરાજા પણ શ્રીહરિના શરણને પામી સર્વોત્કૃષ્ટ આનંદને પામ્યા. અને તેના સંબંધીજનો પણ એ જ રીતે શ્રીહરિના શરણને પામીને પરમાનંદને પામ્યા. (૧૨૬) સભામાં બેઠેલા સર્વ સાધુઓ ભગવાને કહેલો પોતાના સંપ્રદાયનો ક્રમ સાંભળીને આનંદમગ્ન બની ગયા. ગઢપુરમાં ભગવાને ઊજવેલા દોલોત્સવનો અનુભવ કરીને (શ્રીહરિની આજ્ઞા થતાં) જેમનો શત્રુઓથી ભય નાશ પામેલો છે એવા થકા સુખપૂર્વક પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. (૧૨૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
ઉદ્ધવસંપ્રદાયપ્રકાશ એ નામે સાડત્રીસમો અધ્યાય થયો. ॥૩૭॥

●

## અધ્યાય - ૩૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! મુનિમંડળોના ગયા પછી ગઢપુરમાં મુનિપતિ શ્રીહરિ મહાપ્રભુ અભય ભૂપતિના ભવનમાં નિવાસ કરીને કૃષ્ણના આવિર્ભાવના જન્માષ્ટમી આદિક દિવસોમાં તથા સર્વ એકાદશીના દિવસોમાં મોટા ઉત્સવો કરાવતા હતા. (૧) ધર્માદિમાં પ્રીતિવાળા તે શ્રીહરિ ભાગવત નામના મહાપુરાણને પ્રતિદિન સાંભળતા હતા અને ભાગવતપુરાણનું દાન પણ કરતા હતા. અને આ ભાગવતના સેંકડો પાઠ યથાવિધિ વિપ્રો પાસે કરાવતા હતા. (૨) મહાભારત અંતર્ગત વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું શ્રવણ-પઠન પોતે પ્રીતિથી કરતા હતા અને ઉત્તમ બ્રાહ્મણો પાસે તેના યથાવિધિ પુરશ્ચરણો કરાવતા હતા. (૩) તે સમયે બીજાં ગામોના ભક્તજનો તે ગામોથી ગઢપુર આવીને પોતપોતાનાં ગામોમાં લઈ જવા માટે પ્રાર્થના કરતા હતા ત્યારે શ્રીહરિ મહાપ્રભુ અભય રાજાને પૂછીને તે તે ભક્તોનાં ગામોમાં પધારતા હતા. (૪) તે સમયે તે અભયરાજા પણ પોતાના બન્ધુજનો સાથે કોઈ કોઈ સ્થળે શ્રીહરિની સાથે જ જતા હતા. અને કોઈક સમયે શ્રીહરિની આજ્ઞાથી હૃદયકમળમાં શ્રીહરિનું જ ચિંતવન કરતા સતા પોતાના ગઢપુરમાં જ રહેતા હતા. (૫) હે પૃથ્વીપતિ રાજન્ ! શ્રીહરિ જે તે ભક્તજનોનાં ગામોમાં શ્રીહરિના ખૂબ પ્રસિદ્ધ પ્રભાવવાળા મહોત્સવો વડે સ્વભક્તોને આનંદ પમાડીને ફરીથી એ જ ગઢપુરમાં પાછા આવી જતા હતા. (૬) ગઢપુરમાં શ્રીહરિ જ્યારે જ્યારે ઉત્સવો કરતા હતા ત્યારે તે ઉત્સવ ઉપર હરિભક્ત સ્ત્રીઓ, વૃદ્ધો, બાળકો આ સર્વે ગૃહસ્થો અને ત્યાગીજનો સંઘથી મળીને આવતા હતા. (૭) તે દુર્ગપુરમાં ત્યાગી અને હરિભક્તોનાં મંડળે મંડળો પ્રતિદિન આવતાં અને જતાં હતાં અને કેટલાક ત્યાં નિરંતર રહેતાં પણ હતાં. (૮) પ્રતિદિન હજારો હજાર સંઘથી ભેગા થઈને શ્રીહરિ સમીપે આવતા, જતા અને રહેતા ત્યાગી-ગૃહીનાં મંડળોની ગણતરી કરવા માટે ગણિતવિદ્યામાં કુશળ જનો પણ સમર્થ થયા નહિ. (૯) દિવ્ય મનુષ્યાકાર પ્રભુ શ્રી વાસુદેવ શ્રીહરિ ગઢપુરમાં વિરાજતા હતા ત્યારે જેટલા હરિજનો રાજદરબારમાં સંઘથી દેખાતા હતા તેટલા જ ગામમાં પણ દેખાતા હતા. ઉન્મત્તગંગામાં તેટલા જ હતા, બન્ને કાંઠામાં, લક્ષ્મીવાડીમાં, માર્ગમાં, વૃક્ષોની છાયામાં, પણ એકસાથે સંઘો દેખાતા હતા. (૧૦) અને શ્રીહરિ મહાપ્રભુની દરેક સમયે સેવા કરતા ગઢપુરમાં રહેલા અભયરાજા વગેરે ભક્તોને તો દરરોજ મહોત્સવો જ થતા હતા. (૧૧)

**પ્રતાપસિંહ રાજા બોલ્યા :**

હે સુવ્રત મુનિવર્ય ! હે બ્રહ્મન્ ! આ અભયરાજા ધન્ય છે કે જેમણે ભક્તિએ કરીને ભગવાનને વશ કરી લીધા છે. નિસ્પૃહ એવા ભગવાન પણ (સ્નેહથી બંધાઈને) એમના ભવનમાં જ સાક્ષાત્ સ્વયં નિવાસ કરીને રહ્યા છે. (૧૨) હે સુવ્રતમુને ! ભગવાન શ્રીહરિ બીજાં ગામોના ભક્તજનો દ્વારા પ્રાર્થના કરાયા સતા અભયરાજાને પૂછીને તે તે હરિભક્તોના ગામે જતા હતા એમ તમોએ કહેલું છે. (૧૩) તો તે દુર્ગપુરથી કયાં કયાં પુરોમાં જઈ મોટા ઉત્સવો કરીને સત્પતિ શ્રીહરિ પાછા વારંવાર ગઢપુર પધારતા હતા તે વૃત્તાંત તમો મને કહો. (૧૪) હે સન્મતે ! શ્રીહરિ સંબંધી કોઈપણ

ચરિત તમારી જાણ બહાર નથી. કારણ કે તમો શ્રીહરિના પ્રસાદથી સર્વજ્ઞ છો અને તમો સદાય તેમની સમીપે જ રહેતા હતા. (૧૫) આ પ્રકારે પ્રતાપસિંહ રાજાએ પૂછેલા ભાગવત મુનિ સુવ્રત મનમાં શ્રી નારાયણનું સ્મરણ કરતા થકા રાજા પ્રત્યે બોલ્યા : (૧૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ધર્મરક્ષા માટે સ્વેચ્છાથી અવતરેલા, ભક્તોને અહર્નિશ આનંદ આપતા ભગવાન શ્રીહરિનાં ચરિત્રો હું તમોને કહું છું. તમો સાંભળો. (૧૭) હજારો હરિભક્તસમૂહો દુર્ગપુરમાં વાસ કરતા તે શ્રીહરિને પોતાનાં ગામો અને નગરો પ્રત્યે લઈ જવા ખૂબ જ પ્રાર્થના કરતા હતા. (૧૮) કરુણાસાગર અને ભક્તવત્સલ સર્વેશ્વર ભગવાન તે તે ભક્તોનું પ્રિય કરવાની ઈચ્છાથી તે તે ગામ અને પુર પ્રત્યે પધારતા હતા. (૧૯) ત્યાં ત્યાં જન્માષ્ટમી આદિક તિથિઓમાં મહોત્સવો કરી સદુપદેશાદિ વડે ધર્મ અને ભક્તિનું પોષણ કરતા હતા. (૨૦) હે નરાધિપતિ ! મુનિમંડળોએ સહિત એવા શ્રીહરિ મહાપ્રભુએ જ્યાં જ્યાં મહોત્સવ કર્યા છે એવાં ગામ નગરો અસંખ્યાત છે. (૨૧) તે સર્વ તો હું કહેવા સમર્થ નથી તે નિશ્ચે જાણો. તેમાંથી કેટલાંક ગામ-નગરો હું કહું છું. તેમાંની કેટલીક લીલાઓ હું સંક્ષેપમાં કહું છું. (૨૨) હે રાજન્ ! સૌવીર નામના દેશમાં ઝાલાવાડ નામનો પ્રદેશ છે. તે પ્રદેશમાં પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને નિર્માણ કરાવેલી મૂળી નામની નગરી છે. (૨૩) ત્યાં અતિ ધાર્મિક અને સ્વામિનારાયણ ભગવાનના પરમ ભક્ત રામાભાઈ નામના રાજા હતા. તેમનાં પત્ની પણ ધાર્મિક અને ભગવાનનાં ભક્ત હતાં. (૨૪) તે રામાભાઈ રાજાએ શ્રીહરિ મહાપ્રભુને પોતાના મૂળી નગરમાં લાવવા હરિભક્ત એવા રઘુભા નામના મંત્રીને આદરપૂર્વક ગઢપુર મોકલ્યા. (૨૫) કૃષ્ણદર્શનની લાલસાવાળા રાજાએ મને મોકલ્યો તે સારું કર્યું. મને શ્રીહરિનું દર્શન થશે એમ વિચારી ઉત્સાહવાળા મંત્રી રઘુભા ગઢપુરમાં આવ્યા અને ગઢપુરપતિ ઉત્તમરાજાએ સન્માનિત કરેલા મંત્રીએ ધર્મનંદન શ્રીહરિનાં દર્શન કર્યાં. (૨૬) ઉત્તમ રાજાના ઘરની વેદિકા ઉપર મુનિગણો સહિત વિરાજમાન અને શ્રીહરિના મુખારવિંદ સામી દૃષ્ટિવાળા હરિભક્તોથી વીંટળાયેલા, શ્વેત વસ્ત્રો ધારણ કરેલા, લલાટમાં કેસરમિશ્રિત ચંદન નિર્મિત ઉત્તમ ઊર્ધ્વપૂંડ્ર તિલક ધારી રહેલા, ચારેબાજુ પ્રિય ભક્તોને નીરખતા, મંદહાસ્યયુક્ત મુખારવિંદવાળા, કરુણાસાગર તે શ્રીહરિને જોઈ મંત્રી રઘુભા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. (૨૭) શ્રીહરિમહાપ્રભુએ તે મંત્રીનો આદર કરી પોતાના સમીપે બેસાડ્યા અને ભક્તજન છે પ્રિય જેમને એવા શ્રીહરિ રઘુભાને કુશળ પૂછવા લાગ્યા. (૨૮) જેમને આનંદ પ્રાપ્ત થયો છે એવા રઘુભા શ્રીહરિ પાસે પોતાના કુશળ સમાચાર નિવેદન કરી હાથ જોડી આદરપૂર્વક સમાભાઈ રાજાની વિજ્ઞાપના યથાર્થ કહેવા લાગ્યા. (૨૯) 'હે પ્રભો ! રાજા રામાભાઈએ આપને નમસ્કારપૂર્વક મૂળી નગરમાં આપના આગમન માટે ખૂબ પ્રાર્થના કરેલી છે. એટલા માટે જ આદરપૂર્વક મને આપની પાસે મોકલ્યો છે. (૩૦) એ હેતુ માટે હે સ્વામિન્ ! તમો અમારા હિતને માટે સમગ્ર સ્વભક્તો સંતો અને ગૃહસ્થો સહિત મૂળી નગરમાં પધારો. (૩૧) હે સત્પતે ! હે કૃપાના સાગર ! તમો બહુ કાળનો અમારો મનોરથ પૂર્ણ કરવાને યોગ્ય છો. તે તમારે જરૂર સંપાદન કરવો જ પડશે.' (૩૨)

આ પ્રકારે રઘુભાએ પ્રાર્થના કરેલા ભક્તવત્સલ અને રામભાઈની ભક્તિને આધીન એવા સર્વેશ્વર શ્રીહરિ પ્રેમમગ્ન થઈને રઘુભાને કહેવા લાગ્યા : (૩૩) 'હે રાજમંત્રિન્ ! બંને સ્ત્રીઓ સહિત સમાભાઈ રાજાનો અને પુરવાસી 'તમારા સર્વનો નિષ્કપટ ભક્તિભાવ હું જાણું છું આથી હું જરૂર આવીશ જ.' (૩૪) આ પ્રકારે લોકગુરુ શ્રી સ્વામિનારાયણ ભગવાને કહેલા રાજાના કારભારી રઘુભા ખૂબ રાજી થઈ ગયા. ઉત્તમ બુદ્ધિવાળા તે અમાત્ય સંતોને પણ સ્વપુર-આગમન માટે પ્રાર્થના કરતા સતા ગઢપુરમાં એક દિવસ રહ્યા. (૩૫) ત્યારબાદ બીજા દિવસે શ્રીહરિ અમાત્ય પ્રત્યે બોલ્યા કે હે મંત્રિન્ ! તમો આગળથી જાઓ અને હું આજથી ચોથા દિવસે મૂળી નગરમાં આવીશ તે નિશ્ચય જાણો. (૩૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરેન્દ્ર ! આ પ્રકારે શ્રીહરિ મહાપ્રભુનું વાક્ય સાંભળી રાજી થઈ ગયેલા રાજમંત્રી પોતાના મૂળીનગરમાં આવ્યા ત્યારપછી શ્રીહરિએ પણ મુનિજનોની સાથે વિચારવિમર્શ કરી મૂળી નગર જવા માટે ઈચ્છા કરી. (૩૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
સૌવિરરાજમન્ત્ર્યાગમન એ નામે આડત્રીશમો અધ્યાય થયો. ॥૩૮॥

●

## અધ્યાય - ૩૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારબાદ દુર્ગપુરનરેશ અભયરાજાની અનુમતિ લઈને ઉત્તમ ઘોડા ઉપર વિરાજમાન થઈ, સંતવર્ણી અને ગૃહસ્થોના સમુદાયોથી યુક્ત થકા, સ્વદૃષ્ટિ વડે દેશાંતરોમાં રહેલા સ્વભક્તોને સુખ પમાડવા ગઢપુરથી નીકળ્યા. (૧) તે સમયે સોમલાખાચર વગેરે ખૂબ વેગવાળા ઘોડેસવારો, ભગુજી વગેરે પદાતિ પાર્ષદો અને સજળ નેત્રોવાળા પુરવાસીજનો શ્રી નારાયણમુનિની પાછળ ચાલતા હતા. (૨) પાછળ આવતા પુરવાસી જનોને હાથની સંજ્ઞા વડે પાછા વાળી, ઘોડેસવારો સહિત ધર્મપુત્ર શ્રીહરિ, આગળ ચાલતા અને શીઘ્રગતિવાળા વાહનોવાળા સાધુજનોએ આકર્ષણ કરેલા હોય તેમ માર્ગમાં ચાલતા હતા. (૩) માર્ગમાં આવેલા ગામ અને પુરજનોએ સ્થિર નેત્રો વડે આશ્ચર્યપૂર્વક જોયેલા અને ચંદનપુષ્પ કુંકુમ વડે પૂજેલા તે મહાપ્રભુ ચોથા દિવસે મૂળીનગર પહોંચ્યા. (૪) શ્રી સ્વામિનારાયણ ભગવાનના આગમનથી પહેલાં પાછા આવેલા સ્વમંત્રીએ નિવેદન કરેલા સર્વ વૃત્તાંતથી હર્ષ પામેલા મૂળી નગરના રામાભાઈ રાજા શ્રીહરિને પધારવાના દિવસે પુરવાસીજનો સાથે તત્કાળ શ્રીહરિની સામે ગયા. (૫) દૂરથી જ ઉત્તમ ઘોડા ઉપર વિરાજમાન શ્રીહરિને જોઈને હર્ષથી રોમાંચિત થઈ રામાભાઈ રાજા ઘોડા ઉપરથી તત્કાળ નીચે ઊતરી સામે દોડીને પૃથ્વી પર પડી સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યા. (૬) ત્યારે શ્રીહરિ મહાપ્રભુ ભક્તિભાવપૂર્વક પોતાને પ્રણામ કરતા રામાભાઈ તથા અન્ય ભક્તજનો અને પુરવાસીજનોને યથાયોગ્ય વચનો વડે બોલાવતા હતા. ત્યારે તે રાજા પગપાળા વાંસે ચાલતા થકા

સંતોને પ્રણામ કરી તે મુનિજનો સાથે મૂળીનગરમાં પ્રવેશ કરતા હતા. (૭) ત્યારબાદ રામાભાઈ રાજાએ પોતાના મહેલમાં નિર્મળ સુંદર સિંહાસન ઉપર વર્ણી અને પાર્ષદોથી યુક્ત શ્રીહરિ મહાપ્રભુને વાસ કરાવ્યો. બીજાં ઘરોમાં સંતોને અને અન્ય ઘરોમાં ગૃહસ્થ ભક્તજનોને યોગ્ય ઉતારો આપ્યો. (૮) મૂળી નગરમાં શ્રીહરિનું આગમન સાંભળી સ્ત્રીઓ સહિત હજારો ભક્તજન સમૂહો બીજાં ગામોથી અકસ્માત જ હર્ષપૂર્વક મૂળીનગરમાં આવવા લાગ્યા. જનસમૂહથી મૂળીનગર ઉભરાવા લાગ્યું. (૯) તે રાજા સાધુવર્ણી આદિ સેવકોએ સહિત શ્રીહરિ મહાપ્રભુનું ભોજનાદિ વડે યથાશક્તિ યથાયોગ્ય આતિથ્ય કરાવતા હતા. રાજાની નિર્મળ નિષ્કપટ ભક્તિ વડે સંતોએ સહિત શ્રીહરિ સંતુષ્ટ થયા. (૧૦) રાજાના મંત્રી રઘુભાઈ, માલજીભાઈ, દાજીભાઈ તથા અભુભા આદિ સર્વ ભક્તજનો અભિમાન અને ક્રોધરહિત થકા અન્ય ભક્તજનોની સાથે પ્રત્યેક ક્ષણે શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૧૧) બીજા દિવસે રામાભાઈ રાજા અને તેમનાં રાણીએ સર્વોત્તમ વસ્ત્રો, ચંદન, પુષ્પ, ચોખા વગેરે વડે તથા બહુમૂલ્યવાન અને ઉત્તમ રત્નજડિત સુવર્ણના અલંકારો વડે ખૂબ આદરપૂર્વક શ્રીહરિ મહાપ્રભુની પૂજા કરી. (૧૨) ઉદારભાવવાળા રાજકીય અમાત્ય તથા પુરવાસીજનો પણ અવકાશ અનુસારે દરરોજ શ્રીહરિની તથા સર્વ સાધુજનોની સ્વધનસંપત્તિ પ્રમાણે સારી રીતે પૂજા કરતા હતા. (૧૩) મૂળીનગરના રાજદરબારમાં દરરોજ સાયંકાળે મોટી સભા થતી હતી તે સભામાં ઊંચા સિંહાસન ઉપર શ્વેત છત્ર અને બન્ને બાજુ ઢોળાતાં બે ચામરો વડે સંપાદિત કરેલ છે રાજલક્ષ્મી જેમણે એવા શ્રીહરિ વિરાજમાન થતા હતા. (૧૪) તે સભામાં સંતજનો, નૈષ્ઠિક બ્રહ્મચારીઓ અને ગૃહસ્થજનો યથાયોગ્ય બેસતા હતા, શ્રી નરનારાયણમુનિના વચનામૃતના પાન કરવામાં સ્પૃહાવાળા છે કાન જેમના અને નિર્નિમેષ નેત્રોવાળા થકા શ્રીહરિને એકીટશે જોઈ રહેતા હતા. (૧૫) શ્રીહરિમાં અતિશય ભક્તિવાળી પતિવ્રતાધર્મપરાયણ અને પુરુષોને નહિ સ્પર્શતી એવી સ્ત્રીઓ નારાયણમુનિના મુખારવિંદમાં જ અર્પણ કરેલા નેત્રોવાળી થકી તે સભામાં બેસતી હતી. (૧૬) સર્વના હૃદગત અભિપ્રાયને જાણનારા અને ભક્તપ્રિય એવા શ્રી નારાયણમુનિ વર્તમાન અધર્મને નાશ કરતા થકા, આદરપૂર્વક કરાતા પ્રશ્નોત્તર વડે સંશય સમૂહોને છેદીને સર્વ ભક્તજનસમૂહોને આનંદ પમાડતા હતા. (૧૭) હે રાજન્ ! શ્રી નારાયણમુનિ કોઈક સમયે વિસ્તારપૂર્વક સાંખ્યજ્ઞાન, તો કોઈક સમયે યોગજ્ઞાન, કોઈક સમયે ધર્મયુક્ત ભક્તિનું વર્ણન, તો કોઈક સમયે વૈરાગ્યબળથી ઉત્પન્ન સ્વરૂપજ્ઞાન કહેતા હતા. આ પ્રમાણે દરરોજ કરતા હતા. (૧૮) સંતોએ સહિત શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ મૂળીનગરથી ઉત્તરે આવેલી વાવમાં દરરોજ સ્નાન કરતા હતા. ભગવાનના સ્નાન કરવાથી તે વાવ ગંગાજીની પેઠે તેમાં સ્નાન કરનારા જનોનાં પાપોને હણનારી પરમ પવિત્ર કરનારી થઈ. (૧૯) મકરસંક્રાંતિના રોજ મૂળીનગરથી પશ્ચિમ દિશામાં નજીકમાં રહેલ ભોગાવા નદીમાં શ્રીહરિએ સાધુવર્ણિ આદિ સ્વશિષ્યો સાથે સ્નાન કર્યું અને બ્રાહ્મણોને ખૂબ દાનો આપ્યાં. (૨૦) તે દિવસે નારાયણમુનિએ સંતવર્ણિ પાર્ષદોના સમૂહો તથા બ્રાહ્મણોને ભક્ષ્ય-ભોજ્ય ભોજન વડે તૃપ્ત કર્યા. અને સ્વભક્તોને સંતુષ્ટ કરવા પોતે મુનિજનો સાથે તે ભક્તજનોને ઘેર દરરોજ જમવા પધારતા હતા. (૨૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ મૂળી નગરમાં આ પ્રકારે આનંદ પમાડતા થકા એક માસ પર્યંત રહ્યા. પરંતુ સંતો સહિત શ્રીહરિની દિન-રાત સેવા કરવામાં પ્રવૃત્ત નગરવાસીજનોને આખો મહિનો ક્ષણની માફક વિના વિલંબે વીતી ગયો. (૨૨)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં મૂળીપુરાગમન એ નામે ઓગણચાલીશમો અધ્યાય થયો. ॥૩૯॥

●

## અધ્યાય - ૪૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! એક સમયે શ્રીહરિ એકાદશીની રાત્રિમાં સર્વ ભકતજનો સાથે સભામાં ભાગવતી કથા સાંભળતા થકા જાગરણ કરતા હતા. (૧) કથાના અંતે સંતો પાસે વાજિંત્રો સહિત પ્રાકૃત ભાષામાં રહેલાં કૃષ્ણકીર્તનો ગવરાવતાં હતાં અને પોતે પણ તેમની સાથે ગાતા હતા. (૨) પછી કીર્તનના અંતે શ્રીહરિ ભગવાન સંબંધી વાર્તાઓ કરતા સતા ભક્તજનોને કહેવા લાગ્યા કે દ્વારકાધીશનું માહાત્મ્ય તો તમોએ વારંવાર સાંભળેલું છે. (૩) પૃથ્વી ઉપર ધર્મનો વિસ્તાર કરતા પ્રભુ શ્રીકૃષ્ણને જેવી દ્વારિકા પ્રિય છે તેવી જ આ મૂળીનગરી પણ અત્યંત પ્રિય છે. (૪) પૂર્વે કૃષ્ણ ભગવાને યવનોએ પીડા પમાડેલી મથુરાનગરીનો ત્યાગ કરી આકુળતારહિત થકા આ મૂળીનગરીમાં થોડો સમય નિવાસ કરેલો. (૫) જ્યારે દ્વારિકાનું નિર્માણ કર્યું ત્યારે દ્વારિકામાં જઈને શ્રીકૃષ્ણ નિવાસ કરતા હતા. આ પ્રમાણે શ્રીકૃષ્ણના નિવાસથી આ મૂળીનગરી પુણ્યભૂમિ છે. (૬) આ મૂળીનગરી દ્વારિકાનું મૂળ હોવાથી તેને મૂળી કહેવાય છે. આ નગરીમાં વાસ કરનારા જનોના પાપોના મૂળનો ઉચ્છેદ થાય છે તે નક્કી વાત છે. (૭)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! આ પ્રકારે ભગવાન શ્રીહરિએ મૂળીનગરીનું બહુધા માહાત્મ્ય કહેવાથી રાજા રામાભાઈ હૃદયમાં પુરજનોએ સહિત પ્રસન્ન થઈ ગયા. (૮) બીજા ગામોથી મૂળીમાં શ્રીહરિનું દર્શન કરવા આવેલા હરિભક્તો પોતપોતાનાં ગામોમાં લઈ જવા સારુ શ્રીહરિની ખૂબ જ પ્રાર્થના કરતા હતા. (૯) ત્યારબાદ રામાભાઈ રાજાથી અનુમોદન પામી બીજાં ગામોના ભક્તોનું પ્રિય કરવા માટે તે તે ભક્તોનાં ગામો પ્રત્યે પધારતા હતા. (૧૦) સાધુઓ, વર્ણીઓ, પાર્ષદો તથા ગૃહસ્થ ભક્તજનોથી વીંટાયેલા શ્રીહરિ મહાપ્રભુ માર્ગમાં ભક્તજનોને (દર્શનદાન-પૂજાગ્રહણ વડે) કૃતાર્થ કરતા થકા સાયલા નામના પુર પ્રત્યે પધાર્યા. (૧૧) સાયલાના બાપુભાઈ રાજા આદરપૂર્વક શ્રીહરિની સામે આવ્યા. સામૈયું કરી ભક્તિભાવપૂર્વક પોતાના દરબારમાં પધરાવીને પ્રેમથી સેવકો સહિત શ્રીહરિનો અતિથિસત્કાર કરતા હતા. (૧૨) ત્યારપછી સોમચંદભાઈ, ગણેશભાઈ વગેરે ભક્તજનો શ્રીહરિનું પ્રેમથી સેવન કરતા હતા. સ્વભક્તોને આનંદ પમાડતા સતા શ્રીહરિ મહાપ્રભુ ત્રણ દિવસ પર્યંત સાયલા ગામમાં રોકાયા હતા. (૧૩) ત્યારપછી મુરારિ,

અંબારામ, પીતાંબર, આત્મારામ અને શુકદેવ આદિ બ્રાહ્મણ ભક્તો શ્રીહરિને ચૂડા નામના ગામે લઈ ગયા. (૧૪) ચૂડા ગામમાં બ્રાહ્મણપ્રિય શ્રીહરિ મુરારિ ભક્તને ઘેર નિવાસ કરતા હતા. ત્યાં બ્રાહ્મણભક્તો સંતો સહિત શ્રીહરિનું પ્રેમથી સેવન કરતા હતા. (૧૫) ત્યાં સ્કંધજિત, સુરસિંહ, પંચાનન, ભાવલ આ બધા ક્ષત્રિય ભક્તજનો દ્રઢભાવથી શ્રીહરિનું સેવન કરતા હતા. (૧૬) ચૂડા ગામમાં બે દિવસ રોકાઈને શ્રીહરિ લાળિયાદપુર નામના ગામે પધાર્યા. ત્યાં રત્નસિંહ નામના રાજાએ શ્રીહરિને પોતાના દરબારમાં પધરાવ્યા. (૧૭) રાજાએ શ્રીહરિને નિવાસ કરાવીને ભોજનાદિ વડે આતિથ્ય કરી આદરપૂર્વક પૂજન કર્યું. ત્યારબાદ કાયાભાઈ અને રામજીભાઈએ અતિપ્રેમથી શ્રીહરિનું પૂજન કર્યું. પછી મેઘજીભાઈ, ઉદ્ધવજીભાઈ આ બન્ને બ્રાહ્મણોએ પણ શ્રીહરિની પૂજા કરી. (૧૮) લાળીયાદમાં બે દિવસ રોકાઈને શ્રીહરિ કંથારિયા નામના ગામે પધાર્યા. ત્યાં હરિ નામના ક્ષત્રિય ભક્તે શ્રીહરિને પોતાને ઘેર પધરાવી પૂજા કરી. (૧૯) પછી કાનજી અને લાલજી વગેરે વૈશ્ય ભક્તોએ શ્રીહરિની સેવા પૂજા કરી. ત્યારબાદ કંથારિયાથી ખંડપુર ગામના સમીપે થઈ અનુયાયી વર્ગે સહિત શ્રીહરિ અચાય ગામના સીમાડામાં રહેલી નદીને પામીને તેમાં અનુગામીઓ સહિત સ્નાન કર્યું. (૨૦) ત્યાં નિત્યકર્મ કરીને શ્રીહરિ જેટલામાં ભાતું જમે છે તેટલામાં લીંબડી નરેશના મંત્રી રૂપસિંહ પોતાની પત્ની સાથે ત્યાં આવી લીંબડી પધારવા પ્રાર્થના કરી. (૨૧) રૂપસિંહ મંત્રીએ સેવકો સહિત શ્રીહરિને લીંબડી લઈ જઈ પોતાને વેસ નિવાસ કરાવ્યો. પછી સેવકો સહિત શ્રીહરિને લાડુ વગેરે ખૂબ જમાડીને પછી પૂજન કર્યું. (૨૨) ત્યારબાદ લીંબડી નરેશ હરિસિંહ રાજા સંતવર્ણી અને પાર્ષદોએ સહિત, પુરાતન અને અવ્યય એવા શ્રીહરિ મહાપ્રભુને પોતાના મહેલમાં પધરાવી તેમની સુંદર, ચંદન, વસ્ત્ર, આભૂષણ, દ્રવ્ય વડે સારી રીતે પૂજા કરી. (૨૩) ત્યારપછી લવજીભાઈ, રણછોડભાઈ, ઝીણાભાઈ, નારાયણભાઈ, ભગાભાઈ આદિ સોની ભક્તોએ સેવા કરી તેમ જ નરભેરામ, શિવરામ આદિ બ્રાહ્મણોએ પણ સેવા કરી. (૨૪) પછી મેઘજી, જીવરામ, વીરજીએ પણ ભક્તિપૂર્વક શ્રીહરિની પૂજા કરી. લીંબડીમાં ભક્તજનોને સુખ પમાડતા શ્રીહરિ ત્યાં પાંચ દિવસ રોકાયા. (૨૫) હે રાજન્ ! સેવકો સહિત શ્રીહરિ ત્યાંથી બલદાણા ગામે પધાર્યા. તે ગામમાં જુઠાભાઈ અને પ્રેમજીભાઈ વગેરે ભક્તોએ સેવકો સહિત શ્રીહરિની ભોજનાદિ વડે સેવા કરી. (૨૬) ત્યાંથી પોતાના સંતો-ભક્તોથી વીંટાયા થકા શ્રીહરિ વસતડી ગામે પધાર્યા. શ્રીહરિનું દર્શન કરી પોતાના ઘેર લઈ જઈ બ્રાહ્મણોના અગ્રેસર ગોપાળજી ભક્તે હર્ષથી સારી રીતે જમાડીને આત્માર્પણ, ચંદનાદિ વડે પૂજા કરી. (૨૭-૨૮) પછી હે રાજન્ ! સંઘજિત, દેવરામ, કેશવ અને ઉત્તમ આ બ્રાહ્મણો તથા સામંત, જેઠીજી આદિ ઉત્તમ ક્ષત્રિયો પરમ હર્ષપૂર્વક સેવકો સહિત શ્રીહરિની પૂજા કરતા હતા. (૨૯) વસતડી ગામમાં ગોપાળજીભાઈના ઘેર બે દિવસ રોકાઈને પછી ત્યાંથી સત્પુરુષોના સ્વામી શ્રીહરિ ખોલડિયાદ ગામે પધાર્યા. (૩૦) તે ગામમાં ખેંગારજી, રામજી, રૂડા અને નારાયણ આદિ ક્ષત્રિવીરો સેવકો સહિત જગદ્‌ગુરુ શ્રી નારાયણમુનિની સેવા કરતા હતા. (૩૧) ખોલડિયાદ ગામમાં એક દિવસ રોકાઈને ત્યાંથી શ્રીહરિ રામપુરા ગામે પધાર્યા. ત્યાં જીવરામ સુથાર ભક્ત, દલુજી ક્ષત્રિય ભક્ત

અને રાયજી, રવજી તથા પ્રાગજિત આદિ અન્ય ભક્તો શ્રીહરિ અને સંતજનોની ભક્તિભાવથી યથોચિત પૂજા કરતા હતા. (૩૨)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! શ્રીહરિ રામપરા ગામમાં બે દિવસ રહીને ફરી મૂળીનગર પધાર્યા. મૂળીનગરવાસી જનોના નેત્રોરૂપી કમળને સૂર્યની માફક પ્રફુલ્લિત કરનારા શ્રીહરિ રામાભાઈ રાજાના દરબારમાં દશ દિવસ પર્યંત નિવાસ કરીને રહ્યા. (૩૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
સાયલા આદિ ગામોમાં ફરીને ફરી મૂળી પધાર્યા એ નામે ચાલીશમો અધ્યાય થયો. ॥૪૦॥

●

## અધ્યાય - ૪૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ધર્મદેવ થકી જન્મેલા શ્રી નારાયણમુનિની ભક્તવત્સલતા જોઈને ફરીથી પ્રાર્થના કરાયેલા શ્રીહરિ મૂળીનગરીથી તે ભક્તોનાં ગામોમાં પધારતા હતા. (૧) શિવલાલભાઈ નામના સોની ભક્ત શ્રીહરિની સારી રીતે પ્રાર્થના કરી પોતાના વાંકાનેર નામના નગરમાં સારી રીતે લાવીને તેમને પોતાના ઘેર પધરાવ્યા. (૨) વિનયથી નમેલા ખંભાવાળા શિવલાલભાઈ, નાગરભાઈ, પીતાંબરભાઈ વગેરેએ મુનિજનો સહિત શ્રીહરિની ભક્તિભાવપૂર્વક યથાયોગ્ય પૂજા કરી. (૩) ત્યારબાદ મુકુંદરાય, હરજીવન, જીવરામ, પુરુષોત્તમ વગેરે બ્રાહ્મણભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. શ્રીહરિ મહાપ્રભુ વાંકાનેર નગરમાં બે દિવસ રોકાયા. (૪) ત્યારબાદ હઠીભાઈ ક્ષત્રિય ભક્ત શ્રીહરિને પોતાના દેવળિયા ગામમાં લાવ્યા. તેમણે સારી રીતે પૂજેલા શ્રીહરિ ત્યાં એક દિવસ રોકાયા. (૫) હે નૃપ ! પછી મુકુંદભાઈ નામના બ્રાહ્મણ ભક્ત શ્રીહરિને હળવદ નામના ગામમાં પધરાવી પોતાને ઘેર નિવાસ કરાવી તેમનું સારી રીતે પૂજન કર્યું. (૬) તથા બે શિવરામભાઈ, કાશીભાઈ, બીજા મુકુંદભાઈ, કેશવલાલ, ગોવિંદરામ, હરિકૃષ્ણ અને મુરારિ વગેરે બ્રાહ્મણ ભક્તો સંતવર્ણી સહિત શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુની પરમ હર્ષપૂર્વક ભક્તિભાવથી પૂજન કરી, વિવિધ પ્રકારનાં ભક્ષ-ભોજ્યાદિ ભોજન વડે આદરપૂર્વક તૃપ્ત કરતા હતા. (૭-૮) અમરસિંહ ક્ષત્રિય, રણછોડ વૈશ્ય તથા નાગરભાઈ સોની આ બધા શ્રીહરિના આશ્રિતજનો શ્રીહરિનું સેવન કરતા હતા. (૯) હળવદમાં છ દિવસ રોકાઈને ત્યાંથી ધ્રાંગધ્રા નામના નગરમાં આવી શ્રીહરિએ મૂળજી વિપ્રના ઘેર પોતાનો નિવાસ કર્યો. (૧૦) તે મૂળજી વિપ્ર કેશવ અને પીતાંબર વગેરે બ્રાહ્મણો અને જેઠો અને રાઘવ નામના વણિક ભક્તજનો અતિ ભક્તિભાવથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૧) શ્રીહરિ સ્વભક્તોને આનંદ પમાડતા થકા ધ્રાંગધ્રામાં ત્રણ દિવસ રોકાઈને માર્ગમાં ભક્તજનોથી પૂજા કરાતા સતા મેથાણપુર પધાર્યા. (૧૨) મેથાણમાં શ્રીહરિએ પુંજાજી નામના ક્ષત્રિય ભક્તને ઘેર નિવાસ કર્યો હતો. પુંજાજી, કાકુભાઈ, જીવાભાઈ વગેરે ભક્તો તેમ જ બાઈઓ તથા દેવરામ, ગોવિંદરામ વગેરે બ્રાહ્મણભક્તો તથા અજુભાઈ

આદિ વૈશ્યભક્તો ભક્તિભાવપૂર્વક સ્વ-સંપત્તિ અનુસારે શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૧૩-૧૪) હે નરાધિપતિ! સત્પુરુષોના સ્વામી શ્રીહરિ મેથાણમાં ચાર દિવસ રોકાઈને ત્યાંથી ભદ્રેશ્વરી ગામે પધાર્યા. (૧૫) તે ગામમાં સુરચંદ્ર નામના વણિક ભક્તને ઘેર નિવાસ કર્યો. તે ભક્તે સેવકો સહિત શ્રીહરિને ઉત્તમ ભોજન જમાડી પૂજન કર્યું. પછી પ્રેમચંદ્ર અને અમીચંદ વગેરે વણિક ભક્તોએ શ્રીહરિ મહાપ્રભુનું પૂજન કર્યું. (૧૬) સુંદરભાઈ વગેરે વૈશ્યભક્તો આદરપૂર્વક શ્રીહરિનું સેવન કરતા હતા. તે ગામમાં બે દિવસ રોકાઈને શ્રીહરિ પાછા મૂળીનગર પધાર્યા. (૧૭) પોતાને અતિપ્રિય મૂળીપુર સ્થાનમાં શ્રીહરિ એક પખવાડિયું રોકાયા. પછી વઢવાણપુરવાસી ભક્તજનો શ્રીહરિને પોતાના પુરમાં લાવતા હતા. (૧૮) વઢવાણપુરમાં શ્રીહરિએ લક્ષ્મીચંદભાઈ વણિક ભક્તના ઘેર નિવાસ કર્યો. લક્ષ્મીચંદભાઈ તથા દેવેશભાઈ, લાધાભાઈ વગેરે વિપ્રોએ ભાવપૂર્વક શ્રીહરિની પૂજા કરી. (૧૯) વઢવાણપુરવાસી મોહન આદિ ભક્તો તથા ફઈબા આદિક સ્ત્રીઓ આળસરહિત થઈને સંતજનો સહિત શ્રીહરિની સેવા કરતા હતા. (૨૦) વઢવાણપુરના ભક્તોને પાંચ દિવસ સુધી સુખ પમાડીને શ્રીહરિ મેમકા નગરે પધાર્યા. મેમકામાં શામજીભાઈ નામે વૈશ્ય ભક્તને ઘેર નિવાસ કર્યો. માવજીભાઈ, વલ્લભભાઈ બે વૈશ્ય ભક્તો તથા હંસરાજ, મૂળજી, જાદવજી વગેરે બ્રાહ્મણભક્તો શ્રીહરિના દર્શન થકી મહોત્સવવાળા થયા થકા તથા કરશન, ખેતાભાઈ, નેમચંદ અને મૂળજી વગેરે વૈશ્ય શુદ્ધભાવવાળા ઉત્તમ ભક્તો સાધુજનો સહિત શ્રીહરિની સેવા કરતા હતા. શ્રીહરિ મેમકામાં બે દિવસ પર્યંત રોકાયા. (૨૨-૨૩) જગદ્‌ગુરુ શ્રીહરિ મહાપ્રભુ શિયાણી નામે ગામ પધાર્યા. શિયાણીમાં શ્રીહરિએ મેઘજી નામના વૈશ્ય ભક્તને ત્યાં નિવાસ કર્યો. (૨૪) શિવરામ, વિઠ્ઠલ, વિરજારામ, રામચંદ્ર વગેરે બ્રાહ્મણો તથા ભીમભાઈ, મેઘજી અને મોતીભાઈ વગેરે વણિકભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૨૫) હમજી, રૂપસિંહ ક્ષત્રિય, મુરારિ બ્રાહ્મણભક્ત, રાજાભાઈ વૈશ્ય, રાજાભાઈ યવન, લાધાભાઈ વગેરે વૈશ્યભક્તો, અત્યંત ભક્તિવાળી સ્ત્રીઓ આ બધાંએ શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિ શિયાણીમાં ત્રણ દિવસ રોકાયા. (૨૬-૨૭) ત્યાંથી શ્રીહરિ તાવી ગામ પધાર્યા. તાવી ગામમાં જેઠીજી નામના ક્ષત્રિય ભક્તને ઘેર નિવાસ કર્યો. જેઠીજી, ભારજી, અક્ષય વગેરે ક્ષત્રિય ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૨૮) જન્મથી આરંભીને નૈષ્ઠિક બ્રહ્મચારી એવા દામોદરભાઈ નામના વણિક ભક્તે શ્રીહરિને પોતાને ઘેર પધરાવી ચંદન પુષ્પાદિ વડે પૂજન કરી પોતાનું દેહ-ગેહ-ધન વગેરે સર્વસ્વ અર્પણ કરી દીધું. (૨૯) પછી અદાભાઈ, રઘુભાઈ અને જીવાભાઈ વગેરે ભક્તોએ હર્ષપૂર્વક શ્રીહરિની પૂજા કરી. તાવી ગામમાં શ્રીહરિ જેઠીજી વગેરે ભક્તોની પ્રીતિ માટે ત્રણ દિવસ રોકાયા. (૩૦) ત્યારબાદ શ્રીહરિ સંતોએ સહિત દેવળિયા ગામે પધાર્યા. દેવળિયામાં શ્રીહરિએ કેશિનીબાઈ નામના ક્ષત્રિય ભક્ત બાઈને ઘેર નિવાસ કર્યો. કેશિનીબાઈએ શ્રીહરિની પૂજા કરી. (૩૧) પ્રયાગજી વગેરે બ્રાહ્મણભક્તો અને જેઠીજી વગેરે ક્ષત્રિય ભક્તજનો શ્રીહરિની સેવા કરતા હતા. શ્રીહરિ દેવળિયામાં એક દિવસ રોકાયા. (૩૨) હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ જે જે ગામમાં પધારતા હતા તે તે ગામમાં ત્યાગી દીધેલ છે લૌકિક ક્રિયાઓ જેમણે એવા ભક્તજનોને શ્રીહરિના

દર્શન, સ્પર્શ, વાર્તાશ્રવણ અને સેવન વડે મહોત્સવ થતો હતો. (૩૩) ભગવાન શ્રી નારાયણમુનિ ત્યાં ત્યાં એકાંતિક ભાગવતધર્મની વાર્તાઓ વડે ભક્તજનોના હૃદયમાં રહેલા સર્વ સંશયોને હરતા થકા ધર્મવૈરી અસુરોના બળને ઉખાડી નાખતા હતા. (૩૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ભક્તોના સ્વામી માટે જ ભક્તોના કવચની પેઠે રક્ષક એવા શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ પૃથ્વી ઉપર વર્ણાશ્રમધર્મ યુક્ત ભગવદ્-ભક્તિને વિસ્તારતા થકા ફરી પાછા પોતાને પ્રિય મૂળીનગરમાં આવી ત્યાં નિવાસ કરવા લાગ્યા. (૩૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણમુનિચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં વાંકાનેર આદિ ગામોમાં વિચરણ કરી શ્રીહરિ મૂળી પાછા પધાર્યા એ નામે એકતાલીશમો અધ્યાય થયો. ॥૪૧॥

●

## અધ્યાય - ૪૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! મૂળીનગરમાં સં. ૧૮૬૫ના મહા સુદ પંચમીનો વસંતોત્સવ કરી પાર્ષદો સહિત શ્રીહરિ ઘોડેસવાર થઈ ગઢપુર પધાર્યા. (૧) દુર્ગપુરમાં આવેલા રાજા સુરસિંહે મુનિજનોએ સહિત શ્રીહરિને પોતાના મછિયાવપુરમાં લઈ જવા સ્તુતિપૂર્વક પ્રાર્થના કરી. (૨) હે રાજન્ ! ભક્તજનની ઇચ્છા પૂરી કરનાર શ્રીહરિ મહાપ્રભુએ સુરસિંહ રાજાનો આગ્રહ જોઈ મછિયાવપુર જવાની ઇચ્છા કરી. (૩) પછી અભયરાજાને પૂછીને સંતવર્ણી અને પાર્ષદો સહિત તથા બીજા હરિભક્તો સહિત મછિયાવપુર જવા નીકળ્યા. (૪) સેવકો સહિત શ્રીહરિ માર્ગમાં ચાલતા સાંજ સમયે સારંગપુર પહોંચ્યા. સારંગપુરના પોતાના ભક્તોએ સારી રીતે સેવન કરાયા સતા ત્યાં રાત્રિ રોકાયા. (૫) પછી પ્રભાતે નીકળી માર્ગમાં ચાલતા થકા સાંજે અણિયાર ગામને પામ્યા. અણિયારમાં ભક્તોએ સેવન કરાયેલા શ્રીહરિ સુખપૂર્વક ત્યાં રાત્રિ રોકાયા. (૬) પ્રભાતે નીકળી માર્ગે ચાલતા થકા મધ્યાહ્‌ને શ્રીહરિ અડવાલ ગામે પહોંચ્યા. ત્યાંના સ્વભક્તોએ પ્રાર્થના કરતા સતા એક મુહૂર્તમાત્ર ત્યાં રોકાયા. (૭) અડવાલ ગામનાં ભક્તિવાળાં બ્રાહ્મણબાઈએ સેવકો સહિત શ્રીહરિને જમાડ્યા પછી સુગંધી ચંદન, વસ્ત્ર, અલંકાર, ધનાદિ વડે શ્રીહરિની પૂજા કરી. (૮) દામોદર, હરજીવન, ત્રિકમભાઈ તથા તુલજારામ આ બધા બ્રાહ્મણોએ પણ પ્રેમથી શ્રીહરિની સેવા કરી. (૯) પછી શ્રીહરિ સર્વ બ્રાહ્મણભક્તોને અભયદાન આપી ત્યાંથી બળોલ ગામ પધાર્યા. ત્યાં વેરાભાઈ નામે ક્ષત્રિય ભક્તને ઘેર રાત્રિનિવાસ કર્યો. (૧૦) વેરાભાઈએ અતિ ભાવથી સેવકો સહિત શ્રીહરિને જમાડ્યા. તથા પૂજન કર્યું ત્યાં વશરામ, દેવજી અને કુશળભાઈ વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. (૧૧) ત્યાંથી સવારે ધર્મનંદન શ્રીહરિ શિવા નામના ગામે પધાર્યા. ત્યાં લાધાભાઈ નામના વણિક ભક્તે શ્રીહરિને પોતાને ઘેર આદરપૂર્વક નિવાસ કરાવ્યો. (૧૨) ત્યારબાદ સેવકો સહિત શ્રીહરિને ઉત્તમ ભોજન જમાડી અતિ પ્રેમથી ચંદન, વસ્ત્ર, ધન વડે

ભક્તિપૂર્વક પૂજા કરી. (૧૩) પછી માધવ, જેઠાભાઈ, વરજાંગ, ગોપ તથા વૈરાગી રામદાસ વગેરેએ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. (૧૪) શ્રી નારાયણ મહાપ્રભુ પ્રાતઃકાળે વિદાય થઈ કાણોત્તર ગામ પધાર્યા. કાણોત્તરમાં કિશોર નામના ભક્તે પોતાને ઘેર સેવકો સહિત શ્રીહરિને નિવાસ કરાવ્યો. (૧૫) કિશોરભાઈએ દેવાબાઈ નામનાં પોતાનાં પત્નીએ સહિત અતિ ભાવપૂર્વક સેવકો સહિત શ્રીહરિને જમાડી ચંદન, વસ્ત્ર, અલંકાર વગેરે વડે પૂજા કરી. (૧૬) પછી હે રાજન્ ! સગરામ, વેજો, નાથાવણિક અને શાર્દૂલ વગેરે ભક્તોએ પરમ ભક્તિભાવ વડે સેવકો સહિત શ્રીહરિની પૂજા કરી. (૧૭) શ્રીહરિ સ્વભક્તોને આનંદ પમાડતા થકા તે રાત્રિ કાણોત્તર ગામમાં રોકાયા. પછી દયાસાગર શ્રીહરિ સવારે નીકળી દદુકા ગામ પધાર્યા. (૧૮) દદુકામાં અલભ્ય નામના ભક્તે પોતાને ઘેર સેવકો સહિત શ્રીહરિને નિવાસ કરાવી ભોજનાદિ વડે સેવા કરી. પછી ગોડજી, જીવાભાઈ, વલ્લભભાઈ, સ્કંધજિત વગેરે ક્ષત્રિય ભક્તો અતિ પ્રેમથી ભોજનાદિ વડે શ્રીહરિની સેવા કરતા હતા. (૧૯) પછી પ્રાતઃકાળે શ્રીહરિ જલદી મછિયાવપુર પધાર્યા. વાજિંત્રો સહિત સ્વભક્તો શ્રીહરિની સામે ગયા અને વાજતે-ગાજતે શ્રીહરિને મછિયાવપુરમાં પ્રવેશ કરાવતા હતા. સુરસિંહ રાજાએ પોતાના દરબારમાં સેવકો સહિત શ્રીહરિને નિવાસ કરાવી ભોજન કરાવ્યું. (૨૦) મછિયાવપુરમાં શ્રીહરિ વૈદિક ધર્મમર્યાદાને દૃઢ કરતા થકા અને સ્વપ્રતાપને લોકોમાં વિસ્તારતા થકા, પ્રતિદિન ક્ષીણ થતા અધર્મને હરતા થકા એક માસ પર્યંત ત્યાં રહ્યા હતા. (૨૧) પુરાતન મુનિ શ્રીહરિ મછિયાવપુરમાં સુરસિંહ ભક્ત ભૂપતિના મહેલમાં વાસ કરતા સતા પત્રો લખી દૂતો દ્વારા દેશાંતરોમાંથી સ્વભક્તજનોને ફૂલદોળનો ઉત્સવ કરવા બોલાવતા હતા. (૨૨) સુરસિંહ રાજાએ અમૂલ્ય વસ્ત્રો, સુવર્ણમય આભૂષણો, ઉત્તમ ચંદન, સુગંધી પુષ્પહારો અને હજારો રૂપા મુદ્રાઓ વડે શ્રીહરિની પૂજા કરી. (૨૩) તે પછી રાજાની દેવિકા નામની રાણીએ તેજોવતી નામની પુત્રી સાથે સુવર્ણના તારયુક્ત વિવિધ વસ્ત્રો, અધિક ધન અને ભક્તિથી લાવેલા સ્વાદુ ભોજ્ય પદાર્થો વડે ભગવાનની પૂજા કરી. (૨૪) હે રાજન્ ! પછી તે રાજાના સાળાની પત્ની કેશિનીએ પરાભક્તિથી મહોપચાર વડે પૂજા કરી. તે પછી બીજી અગણિત નારીઓએ તથા પુરુષોએ પ્રીતિથી પૂજા કરી. (૨૫) દેશાંતરમાંથી આવેલા સર્વ નરનારીઓ રાજા રાણી અને તેમના સંબંધીજનોએ કરેલી શ્રીહરિની મહાપૂજા જોઈ, આશ્ચર્ય પામી ભગવાનનું ઐશ્વર્ય-પ્રતાપ વખાણતા થકા પરમ હર્ષને પામ્યા. (૨૬) આ રાજા દરરોજ અનેક પ્રકારનાં ભોજનાદિ વડે ભગવાનના સાધુઓ, વર્ણીઓ, વિપ્રો અને અનુચરોને તૃપ્ત કરતા હતા. (૨૭) મછિયાવપુરમાં શ્રીહરિ મહાપ્રભુ મુનિમંડળના મધ્યમાં રહેલ સિંહાસન ઉપર બિરાજમાન અને લાખો નરનારી ભક્તજનોથી વીંટળાયેલા તથા ગવૈયાઓ દ્વારા સ્તુતિ કરાતા અને સત્પુરુષો વડે ભક્તિભાવથી પૂજા કરાતા અને વાજિંત્રોના શબ્દોને સાંભળતા સતા રાજાધિરાજની માફક અતિશય શોભતા હતા. (૨૮-૨૯) હોલિકા ઉત્સવને દિવસે ભક્તજનો અને મુનિગણોની સાથે ખેલતા થકા ગુલાલના ખોબા ભરી ભરીને ફેંકતા થકા સર્વ ભક્તોને આનંદ પમાડતા હતા. (૩૦) મંદહાસ્ય વડે સુંદર મુખકમળવાળા

શ્રી નારાયણમુનિ પિચકારીઓ વડે પીળા અને લાલ રંગોથી ભક્તોને નવરાવતા એવા અને તેથી જ રંગો વડે ભીંજાયેલા વસ્ત્રોવાળા તથા પરિશ્રમથી ઊપજેલા પરસેવાબિંદુઓ રૂપ મોતીઓની હારયુક્ત લલાટવાળા તથા પોતાના બન્ને બાજુ રહેલા મુનિજનોના હાથમાંથી શીઘ્ર મોટી મજબૂત મૂઠી વડે ગુલાલને ગ્રહણ કરતા અને તે મુનિજન તેમજ ભક્તોનાં મુખને લિંપન કરતા સતા પોતાના ત્યાગી-ગૃહી જનોને ખૂબ જ હસાવતા હતા. (૩૧) ભગવાને આ પ્રકારની સુરનરોને મોહ પમાડનારી મનુષ્યલીલાના મિષથી પ્રેક્ષક જનોનાં ચિત્ત અને નેત્રોને પોતાના સ્વરૂપમાં આકર્ષી લીધાં. (૩૨) તે પછી ભગવાને સુરસિંહ રાજર્ષિના દરબારમાં દામોદર નામની શ્રીકૃષ્ણની પ્રતિમા પ્રતિષ્ઠાવિધિથી સ્થાપન કરાવી. (૩૩) એક સમયે શ્રીહરિ મછિયાવરપુરમાં સુરસિંહ રાજાએ પૂજેલા અને ચામર ઢોળાતા એવા શ્રીહરિ રાજાને ઉપદેશ આપતા કહેવા લાગ્યા. (૩૪)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે સુરસિંહ રાજાન્ ! મારા આશ્રિતોએ પરમાત્માના જ્ઞાનવાળા બ્રાહ્મણોની સેવા કરવી જોઈએ. કેમ કે બ્રાહ્મણોના અનુગ્રહથી સર્વ મનોરથો સફળ થાય છે. (૩૫) ગૃહસ્થોએ બ્રાહ્મણોને વિશેષપણે માનવા કેમ કે તે પૂજ્ય છે અને ઉત્તરોત્તર રાજ્યવૃદ્ધિની કામનાવાળા રાજાએ બ્રાહ્મણોને અવશ્ય માનવા જોઈએ. (૩૬) હે રાજન્ ! સેવાથી સંતુષ્ટ થયેલા બ્રાહ્મણો શું શું અભિવાંછિત સિદ્ધ નથી કરતા ? બ્રાહ્મણો તો પોતાના તપોબળ વડે દેવોને પણ સેવકો બનાવે છે. (૩૭) પૂર્વે અનેક રાજાઓ બ્રાહ્મણોના અનુગ્રહથી જ મોટાં પુણ્યો કરીને દેવતાઓને પણ અપ્રાપ્ય એવી સિદ્ધિને પામેલા છે. (૩૮) બ્રાહ્મણભક્ત અને ધર્માચરણયુક્ત એવા પૂર્વેના રાજાઓનું ખૂબ મોટું ઉજ્જ્વળ યશ અદ્યાપિપર્યંત નારદાદિ મુનિગણો સર્વત્ર ગાય છે. (૩૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ કહેલું બ્રાહ્મણોનું ઉત્તમ મહાત્મ્ય સાંભળીને સુરસિંહ રાજા નમ્રપણે પૂછવા લાગ્યા. (૪૦)

**સુરસિંહ રાજા બોલ્યા :**

હે સ્વામિન્ ! આ લોકમાં પૂર્વે કયા કયા રાજાઓએ કયા ઉપાયથી બ્રાહ્મણોને સંતોષ પમાડ્યા હતા તે મને કહેવા માટે આપ યોગ્ય છો. (૪૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે સૌવિર દેશાધિપતિ રાજાએ વિનયપૂર્વક પૂછેલા અને આથી જ પ્રસન્ન થયેલા શ્રીહરિ તે સુરસિંહ રાજાને આદરપૂર્વક સંક્ષેપથી ઉદાર રાજાઓનું આશ્ચર્યકારી ચરિત્ર કહેવા લાગ્યા. (૪૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં મત્સ્યાહ્વપુરે સુરસિંહ નૃપાદિ કૃત નારાયણાર્ચનાદિ નિરૂપણ એ નામે બેતાલીશમો અધ્યાય થયો. ॥૪૨॥

●

## અધ્યાય - ૪૩

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે સુરસિંહ રાજન્ ! તમોએ બહુ સારું પૂછયું છે. તમારે બ્રાહ્મણોમાં આદર પણ સારો છે. આથી હું તમોને બ્રાહ્મણપરાયણ રાજાઓનું ચરિત્ર કહું છું. (૧) હે રાજન્! પૂર્વે પ્રખ્યાત સૂર્યવંશમાં અને ચંદ્રવંશમાં બહુ દાનો વડે બ્રાહ્મણોને સંતોષ પમાડનારા ભૂમિ ઉપર હજારો રાજાઓ થઈ ગયા છે. (૨) તે બધા રાજાઓની કથા તો સો વર્ષે પણ કહી શકાય એવી નથી આથી હું સંક્ષેપમાં કેટલાક રાજાઓની થોડી થોડી કથા કહું છું. (૩) પૂર્વે મરુત નામે રાજા બ્રાહ્મણોનો પૂજક હતો. આ રાજાના મહાયજ્ઞમાં યજ્ઞભાગ ગ્રહણ કરવા ઈન્દ્ર સાથે દેવતાઓ અને મહર્ષિઓ સ્વયં આવ્યા હતા. (૪) દેવેન્દ્રે યજ્ઞાનુષ્ઠાનમાં આ રાજાની સાથે સ્પર્ધા કરી હતી. દેવગુરુ બૃહસ્પતિએ ઈન્દ્રને પ્રસન્ન કરવા તે રાજાને 'તુ હવે યજ્ઞ કરીશ નહિ' એમ કહેવું પડ્યું હતું. પછી બૃહસ્પતિના નાનાભાઈ સંવર્ત ઋષિએ યજ્ઞ કરાવ્યો હતો. (૫) જે રાજાના યજ્ઞમાં દિવ્યરૂપવાળા વિશ્વદેવો સભાસદ હતા અને મરુતો તથા સાધ્યગણો પીરસનારા હતા. (૬) આ રાજા પ્રશાસન કરતા હતા ત્યારે પૃથ્વી વિના ખેડ્યે ધાન્યાદિક આપતી હતી. જે રાજાએ યજ્ઞમાં આપેલી દક્ષિણાનો ભાર ઉપાડવા પણ બ્રાહ્મણો સમર્થ થયા નહિ. (૭) પૂર્વે બીજો એક સુહોત્ર નામનો વિખ્યાત રાજા બ્રાહ્મણભક્ત હતો. તેના દેશમાં ઈન્દ્રે એક વર્ષ પર્યંત સોનાનો વરસાદ વરસાવ્યો હતો. (૮) તેના રાજ્યમાં પૃથ્વીની વસુમતી સંજ્ઞા સાર્થક થઈ હતી. અને નદીઓ સુવર્ણમય જળ વડે ભૂષિત સુવર્ણમય મગર, કાચબા, માછલાંઓવાળી હતી. (૯) સુહોત્ર રાજાએ ઈન્દ્રે વરસાવેલ સુવર્ણમય માછલાંઓ વગેરે જોઈને તે બધું સોનું યાચક બ્રાહ્મણોને આપી દીધું હતું. (૧૦) તથા બ્રાહ્મણભક્ત અંગરાજા થઈ ગયા. તે રાજાએ યજ્ઞમાં બ્રાહ્મણોને સુવર્ણથી અલંકૃત એક લાખ અશ્વો તથા એક લાખ કન્યાઓ દાનમાં દીધી હતી. (૧૧) અંગરાજાએ વિષ્ણુપદ તીર્થસ્થાને સુવર્ણમાળાઓથી શણગારેલી એક લાખ ગાયો તથા એકલાખ બળદો બ્રાહ્મણોને દાનમાં આપ્યાં હતાં. તથા સોમથી ચંદ્રને તૃપ્ત કર્યો હતો. (૧૨) વળી દેવો ભૂદેવોને પ્રસન્ન કરવા સો યજ્ઞો કર્યા હતા. આ વિનયગુણસંપન્ન અંગરાજા આળસ તજીને બ્રાહ્મણોની આજ્ઞાનું અનુપાલન કરતો હતો. (૧૩) અગ્નિષ્ટોમ વગેરે સાત સોમસંસ્થા નામના યજ્ઞોમાં અંગરાજાએ બ્રાહ્મણોને જેટલું દ્રવ્ય દાનમાં આપ્યું હતું તેટલું આપવા માટે અન્ય કોઈ પુરુષ સમર્થ થયો નથી અને થશે પણ નહિ. (૧૪) ઉશીનર રાજાનો પુત્ર અતિધાર્મિક શિબિ નામના રાજા થઈ ગયા. જેમના રથધ્વનિથી આખી પૃથ્વી જેમ ચર્મથી વીંટાય તેમ વીંટી દીધી હતી. (૧૫) જે રાજાએ જયનશીલ એક રથમાં બેસીને સર્વ દિશાઓને જીતીને પોતે પૃથ્વીને એક છત્રવાળી કરી દીધી હતી. આ સમર્થ રાજા બ્રાહ્મણોનું જ હિત કરવામાં સદા તત્પર હતા. (૧૬) શિબિ રાજાએ પોતાના યજ્ઞમાં પૃથ્વીમાં જેટલા ગાયો, અશ્વો, હાથીઓ વગેરે હતું તે સર્વસ્વ બ્રાહ્મણોને દાનમાં આપી દીધું હતું. શિબિરાજાના રાજ્યભારને વહન કરનાર અન્ય કોઈપણ રાજા નથી એવું બ્રહ્માજી પોતે કહેતા હતા. (૧૭) તે જ પ્રકારે દુષ્યંતનો પુત્ર બહુપરાક્રમી ભરત નામના એક રાજા હતા. આ રાજાએ એક હજાર અશ્વમેધ યજ્ઞો અને એકસો

રાજસૂય યજ્ઞો કરીને દેવતાઓને પણ આશ્ચર્ય પમાડીને બ્રાહ્મણોને અતુલ દક્ષિણાઓ આપી હતી. જેના યજ્ઞોમાં દશ કરોડ ગાયો બ્રાહ્મણોએ વહેંચી લીધી હતી. (૧૮-૧૯) વળી જેણે કણ્વમુનિને એક હજાર પદ્મ સંખ્યા પરિમિત રત્નો આપ્યાં હતાં. જેમ મનુષ્ય હસ્ત દ્વારા આકાશને બાથ ભરવા જાય અને નથી પ્રાપ્ત કરી શકતો તેમ કોઈપણ રાજા ભરતના યશને પામી શકતો નથી. (૨૦) પૂર્વે એક ભગીરથ નામના રાજા હતા. જેણે કરેલાં યજ્ઞમાં ઈન્દ્રે સોમરસપાનથી મહોદ્ધત થઈ અનેક અસુરોને જીતી લીધા હતા. (૨૧) જે રાજાએ યજ્ઞોમાં બ્રાહ્મણોને સુવર્ણમય અલંકારો વડે શોભાયેલી એક લાખ કન્યાઓનું દાન દીધું હતું. પ્રત્યેક કન્યાદીઠ ચાર ઘોડાઓ જોડેલો એક એક રથ આપ્યો હતો. (૨૨) પ્રત્યેક રથની પાછળ હેમના અલંકારવાળા સો સો હાથીઓ આપ્યા તથા પ્રત્યેક હાથીની પાછળ હજાર હજાર અશ્વો આપ્યા હતા. (૨૩) તથા પ્રત્યેક અશ્વદીઠ એક એક હજાર ગાયો ભગીરથે કન્યાઓની પાછળ આપી હતી. ભગીરથ રાજા ઉગ્ર તપ કરી પિતૃઓના ઉદ્ધારાર્થે સ્વર્ગમાંથી ગંગાજીને લાવ્યા હતા. આથી તો ગંગાજી આજદિન પર્યંત ભાગીરથી નામથી પ્રસિદ્ધ છે. (૨૪) રાજા દિલીપ પણ બ્રાહ્મણભક્ત થઈ ગયા. દિલીપ રાજાના પુરોહિતને પ્રત્યેક યજ્ઞમાં સુવર્ણમય એક એક હજાર હાથીઓ દાનમાં મળતા હતા. (૨૫) જે રાજાના સુવર્ણમય મહા યજ્ઞસ્તંભ ઉપર છ હજાર ગંધર્વો તેમનું યશગાન કરવા પૂર્વક નૃત્ય કરતા હતા. આ સમગ્ર વિશ્વ રાજાના યશોગાનથી આવૃત્ત થઈ ગયું હતું. (૨૬) જે રાજાના ભવનમાં વેદાદિ પારાયણનો ઘોષ, ધનુષ્યની દોરીનો ઘોષ અને દીયતાં દીયતાં અર્થાત્ બ્રાહ્મણોને દક્ષિણાઓ આપો એવો ઘોષ - આ ત્રણ ઘોષો અખંડ થતા રહેતા હતા. (૨૭) દિલીપે પોતાના મહાયજ્ઞમાં દ્રવ્ય પાથરેલી પૃથ્વી વિપ્રોને દાન કરી દીધી હતી. મહાબાહુ આ રાજાએ આ પૃથ્વીને સ્વર્ગતુલ્ય શોભાયમાન કર્યું હતું. (૨૮) પૂર્વે પૃષદાજ્ય નામનું હવિષ્યાન્ન પીવાથી યુવનાશ્વ નામના રાજાના ઉદર થકી ઉત્પન્ન થયેલા, ત્રિલોકીને જીતનારા માંધાતા નામે એક રાજા હતા. (૨૯) દેવતાઓએ તરત જન્મેલા આ બાળકને ઉદ્દેશીને 'માતા વગરનો આ કુમાર કોને ધાવશે ?' એમ પૂછતાં ઈન્દ્રે 'ભર્દિણં' મને ધાવશે એમ કહ્યું. આથી તે કુમાર માંધાતા નામથી પ્રસિદ્ધ થયા. (૩૦) આ રાજાએ એકહજાર અશ્વમેધ યજ્ઞો અને એકસો રાજસૂય યજ્ઞો કર્યા હતા. તે યજ્ઞોમાં સો યોજન લાંબા અને એક યોજન ઊંચા રોહિત નામના મત્સ્યો બ્રાહ્મણોને દાનમાં આપ્યા હતા. આ રાજાએ સર્વ રાજાઓને જીતી લીધા હતા અને રાવણાદિ રાક્ષસોને ત્રાસ પમાડ્યો હતો. (૩૧-૩૨) સૂર્ય જેટલા પ્રદેશમાં ઉદય પામે છે, જેટલા પ્રદેશમાં સ્થિતિ કરે છે તે બધા પ્રદેશમાં યુવનાશ્વ પુત્ર માંધાતાનું શાસન હતું (આવો સમર્થ રાજા પણ વિપ્રોની સેવાપરાયણ હતો.) (૩૩) પૂર્વ યયાતિ નામના એક રાજા હતા તેણે એક હજાર યજ્ઞ કર્યા હતા. એક સો વાજપેય યજ્ઞો કર્યા હતા. તેણે સમુદ્ર સાથેની સમગ્ર પૃથ્વી જીતી લીધી હતી. (૩૪) બળવાન પુરુષ જોરથી શમ્યા નામનો દંડ ફેંકે અને જેટલો દૂર પડે તેટતેટલા અંતરે યજ્ઞવેદિકાઓ રચીને પૃથ્વીને ચિત્રિત કરી દીધી હતી. (૩૫) આ રાજાએ ત્રણ સોનાના પર્વતો દાનમાં આપીને બ્રાહ્મણોને તૃપ્ત કર્યા હતા. વળી દેવદાનવ યુદ્ધમાં દૈત્યોને હણ્યા હતા. ઉત્તરાવસ્થામાં રાજ્યનો ત્યાગ કરી વનમાં ગયા હતા. (૩૬) અંબરીષ નામે એક રાજા હતા. તેણે આરંભેલા

મહાયજ્ઞમાં બ્રાહ્મણોનું ભોજનાદિથી આતિથ્ય કરવા માટે દસહજાર યજનશીલ રાજાઓને જોડી રાખ્યા હતા. (૩૭) આ રાજાએ બ્રાહ્મણોને ઇચ્છિત પ્રકારે બહુવિધ દક્ષિણાઓ આપી હતી. અંબરીષ રાજાના અનુગ્રહથી હજારો રાજાઓ મુક્તિ પામ્યા હતા. (૩૮) પૂર્વે શશબિન્દુ નામે એક રાજા હતા. આ રાજાને એક લાખ પત્નીઓ હતી. ધનુર્ધારી સોનાના કવચધારી દશ લાખ પુત્રો હતા. (૩૯) પ્રત્યેક રાજપુત્રને સો સો કન્યાઓ અનુસરતી હતી. એક એક કન્યા પ્રત્યે સો સો હાથીઓ, એક એક હાથી પ્રત્યે સો સો રથો, પ્રત્યેક રથે સો સો અશ્વો, પ્રત્યેક અશ્વે સો સો ગાયો, આ પ્રમાણે કન્યાસંખ્યાથી ગણેલું હાથી, અશ્વ, ગાયો આદિરૂપ નિરવધિ ધન આ રાજાએ અશ્વમેધ યજ્ઞમાં બ્રાહ્મણોને આપી દીધું હતું. (૪૦-૪૧) પૂર્વે ગય નામના બ્રહ્મણ્ય રાજા થઈ ગયા. શ્રદ્ધાવાન અને સત્યવાદી ગય રાજાએ સો વર્ષ સુધી યજ્ઞમાં હોમ કરતાં વધેલા અન્ન વડે જ દેહનિર્વાહ કર્યો હતો. આથી પ્રસન્ન અગ્નિદેવના વરદાનથી અખૂટ ધન પામ્યા હતા. (૪૨) આ રાજાએ અમાવાસ્યા, પૌર્ણમાસી અને ચાતુર્માસમાં વારંવાર હજાર વર્ષ સુધી અશ્વમેધ યજ્ઞથી યજન કર્યું હતું. (૪૩) આ રાજા દરરોજ બ્રાહ્મણોને લાખ ગાયોનું દાન કરતા હતા. તેણે સોમરૂપ અમૃત વડે દેવતાઓને, કવ્યાન્ન વડે પિતૃઓને અને ધન વડે બ્રાહ્મણોને તૃપ્ત કર્યા હતા. (૪૪) આ રાજાને પચાસ હાથ પહોળી અને સો હાથ લાંબી પૃથ્વી સોને મઢીને અશ્વમેધ યજ્ઞમાં બ્રાહ્મણોને આપી હતી. અને ગંગાજીમાં જેટલી રેતી છે એટલી અસંખ્ય ગાયો વિપ્રોને આપી હતી. (૪૫) પૂર્વે એક સગર નામના છત્રપતિ રાજા હતા જે રાજાને બહુ પરાક્રમી સાઠ હજાર પુત્રો હતા. (૪૬) આ ઉત્સાહી રાજાએ એહ હજાર અશ્વમેધ યજ્ઞો વડે દેવતાઓને તૃપ્ત કર્યા હતા અને બ્રાહ્મણોની બધી કામનાઓ પૂરી કરી હતી. (૪૭) આ રાજાએ સોનાના સ્તંભોવાળો અને સોનાના આસન વગેરે ઉપકરણોવાળો અતિશય શોભાયમાન પોતાનો રાજમહેલ વિભાગ કરીને બ્રાહ્મણોને આપી દીધો હતો. (૪૮) સગર રાજાએ પોતાના સાઈઠ હજાર પુત્રો પાસે પૃથ્વીને ચારે બાજુ ખાઈરૂપે ખોદાવી નાખી હતી. સગર રાજાના નામ ઉપરથી સમુદ્ર 'સાગર' નામે પ્રખ્યાત થયો છે. (૪૯) એ બીજા પણ બહુ રંતિદેવ આદિ રાજાઓ બ્રાહ્મણોને પ્રસન્ન કરવાથી પ્રસિદ્ધિને પામેલા અને બીજાઓને દુર્લભ સમૃદ્ધિને પામેલા પ્રખ્યાત થયેલા છે. (૫૦) તેવી જ રીતે સ્વર્ગમાં ગયેલા નહુષ આદિ હજારો રાજાઓ, દેવતાઓ અને દૈત્યો, બ્રાહ્મણોનો અનાદર કરવાથી નષ્ટપ્રાય થઈ ગયા છે. (૫૧) આવી બહુ કથાઓ મહાભારત વગેરેમાં પ્રસિદ્ધ છે જ. આ કથાઓનો સાર તો એટલો જ છે કે રાજાઓએ વિપ્રોને પૂજવા. (૫૨) હે રાજન્ ! માટે રાજાએ પોતે અભિમાન છોડીને બ્રાહ્મણોને નિત્ય તૃપ્ત કરવા. શ્રેયાર્થી તો વિપ્રને પ્રસન્ન કરે જ. તે ન કરે તો રાજ્યલક્ષ્મી થકી ભ્રષ્ટ થઈ જાય. (૫૩) રાજાઓથી અતિરિક્ત બીજા જનો પણ મહાત્મા એવા બ્રાહ્મણોનું નિત્ય પૂજન કરે. અને મારા આશ્રિતો તો વિશેષપણે બ્રાહ્મણોનું પૂજન કરે. (૫૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્ત સુરસિંહ રાજા તથા બીજા ગૃહસ્થોને બ્રાહ્મણોની શુશ્રૂષા કરવી જોઈએ એવો ઉપદેશ આપ્યો. (૫૫) આ પ્રકારે ઉપદેશ

દેવાયેલા સુરસિંહ વગેરે સર્વે ભક્તજનોએ ભગવાનને હર્ષપૂર્વક પ્રણામ કરી ભક્તિથી તેમની આજ્ઞા માથે ચઢાવી. (૫૬) હે નૃપ ! શ્રીહરિ મછિયાવપુરમાં આ પ્રકારે પોતાના ભક્તજનોને સુખ પમાડી 'ચૈત્ર પૂર્ણિમાએ તીર્થયાત્રા કરવી' એમ કહીને ત્યાંથી ચાલી નીકળ્યા. (૫૭) સિદ્ધપુર જવા નીકળેલા શ્રીહરિની પાછળ સૌવિર દેશના લોકો ચાલી રહ્યા છે, અને અનેક મુનિજનોથી વીંટાયેલા શ્રીહરિ પ્રથમ કુંડાળ નામના ગામે પધાર્યા. (૫૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં મત્સ્યાહ્‌વયપુર બ્રાહ્મણપ્રશંસાયાં મરુતાદિનૃપચરિત્ર નિરૂપણ એ નામે તેતાલીશમો અધ્યાય થયો. ।।૪૩।।

●

## અધ્યાય - ૪૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! કુંડાલ ગામમાં કલા નામે પટેલ ભક્તે સંતવર્ણી સહિત પધારેલા શ્રીહરિ પોતાને ત્યાં નિવાસ કરાવી ચંદનાદિ વડે પૂજન કર્યું. (૧) નંદરામ વગેરે બ્રાહ્મણો, રાધાબાઈ વગેરે બ્રાહ્મણીઓ અને રામજીભાઈ વગેરે વૈશ્યભક્તો ભક્તિભાવપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૨) મોતીરામ, અંબાઈદાસ, અવિદાસ વગેરે ભક્તોએ અને બરહિણી, જહુ અને વારા આદિ સ્ત્રીભક્તોએ શ્રીહરિનું અતિભાવથી પૂજન કર્યું. (૩) કુંડાલમાં બે દિવસ નિવાસ કરી શ્રીહરિ માથાશૂળ ગામે પધાર્યા. તે ગામમાં મુરારિભાઈના ઘેર નિવાસ કર્યો. (૪) ત્યારબાદ રવજી આદિ ક્ષત્રિયો, જગાભાઈ વગેરે વૈશ્યો અને જીવીબાઈ વગેરે સ્ત્રીઓ ભક્તિભાવથી શ્રીહરિની સેવા કરતા હતા. (૫) ત્યાં એક દિવસ રોકાઈને ત્યાંના ભક્તજનો વડે પૂજાયેલા શ્રીહરિ મહેસાણા પધાર્યા. ત્યાં કુશળબાઈ નામે બ્રાહ્મણ ભક્તે શ્રીહરિને પોતાને ત્યાં નિવાસ કરાવી યથાશક્તિ શ્રીહરિનું આતિથ્ય કર્યું. પછી નરસિંહ વગેરે ભક્તો સેવકો સહિત શ્રીહરિની સેવા કરતા હતા. (૬-૭) મહેસાણામાં દેવાબાઈ વગેરે સ્ત્રીઓએ પૂજેલા શ્રીહરિ ત્યાં એક દિવસ નિવાસ કરી ત્યાંથી ઐઠોર પધાર્યા. અને ત્યાંથી હુંડ નામના ગામે પધાર્યા. (૮) હુંડ ગામમાં બ્રાહ્મણોત્તમ નથુરામ તથા જયા વગેરે બ્રાહ્મણ સ્ત્રીઓ અને કુશળ તથા મૂળચંદ વગેરે વૈશ્યભક્તોએ યથાશક્તિ શ્રીહરિનું પૂજન કર્યું. (૯) પછી રૂપા અને માણેકબાઈ વગેરે સ્ત્રીઓએ ભક્તિભાવથી શ્રીહરિનું પૂજન કર્યું. ત્યાં ત્રણ દિવસ રોકાઈને જનોમાં ભક્તિ અને ધર્મનું પોષણ કર્યું. (૧૦) પછી હે રાજન્ ! શ્રીહરિ ત્યાંથી અતિ પવિત્ર પ્રસિદ્ધ સિદ્ધપુર ગામે પધાર્યા. સિદ્ધપુરમાં સરસ્વતી નદીના કિનારે શ્રીહરિએ નિવાસ કર્યો. (૧૧) શ્રીહરિએ સિદ્ધપુરમાં બિંદુસરોવરમાં વિધિપૂર્વક સ્નાન કરી પોતાના આશ્રિત ગૃહસ્થો પાસે બ્રાહ્મણોને દાન અપાવ્યું. (૧૨) સોનું, રૂપુ, મોતી, વસ્ત્રો, આભૂષણો, ઘોડાઓ અને તાંબાનાં વાસણો બ્રાહ્મણોને અપાવ્યાં. (૧૩) બ્રાહ્મણોને પ્રિય ઉત્તમ લાડુ, દૂધપાક વગેરે ભોજન બ્રાહ્મણોને જમાડ્યાં. બીજા સર્વ ભૂખ્યા જનોને પણ જમાડી તૃપ્ત કર્યા. (૧૪) સિદ્ધપુરમાં ચૈત્રી પૂર્ણિમાનો મોટો મહોત્સવ સમૈયો થતો હતો તે ઉત્સવ ઉપર ઘણા નરનારી જનો સ્નાનાદિ માટે એકઠા થયેલા હતા. (૧૫) ત્યારપછી તે સર્વ જનો તીર્થવિધિ કરીને રાત્રિમાં સરસ્વતી નદીના કિનારે સભામાં

વિરાજેલા શ્રીહરિને ચારેબાજુ વીંટાઈને બેઠા. (૧૬) બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, સાધુઓ, ગૃહસ્થો અને વર્ણીઓ આ સર્વે શ્રીહરિના મુખારવિંદ સામે દૃષ્ટિ રાખીને એકાગ્ર થયા. (૧૭) હે રાજન્ ! તે સમયે તીર્થાદિમાં ગુપ્તપણે અધર્મ વસે છે એવું જાણનારા શ્રીહરિને અધર્મનું ઉચ્છેદન કરવાની ઇચ્છા થવાથી સર્વજનોને વચન કહ્યું. (૧૮)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે જનો ! હે મુનિજનો ! તમો સર્વ આદરપૂર્વક મારું વચન સાંભળો. હું તીર્થવાસી સર્વ મનુષ્યોનું હિત કહું છું. (૧૯) આ સિદ્ધપુર સર્વોત્તમ ક્ષેત્ર છે અને સર્વ તીર્થોમાં ઉત્તમ તીર્થ માનેલું છે. આ બિન્દુ સરોવર ઉપર કર્દમમુનિએ તપ કરેલું છે. (૨૦) જે કર્દમ બ્રહ્માના મનઃસંકલ્પ થકી થયેલા પુત્ર અને પ્રજાપતિ હતા. તેમણે તપ વડે કમલાપતિ નારાયણની આરાધના કરી હતી. (૨૧) તીવ્ર તપથી પ્રસન્ન થયેલા ભગવાન નારાયણ કર્દમને વરદાન આપવા આ ક્ષેત્રમાં આવ્યા હતા. તપ વડે અતિકૃશ શરીરવાળા કર્દમ પ્રજાપતિને નારાયણે જોયા. (૨૨) મુનિને અતિ દૂબળા શરીરવાળા જોઈને ભગવાન વિષ્ણુનાં નેત્રોમાંથી અશ્રુનાં બિંદુઓ અહીં પરમ દયાથી પડ્યાં હતાં. આ કારણે આ સરોવર 'બિન્દુ સરોવર' નામથી પ્રખ્યાત છે. (૨૩) મહામુનિ કપિલદેવ પણ આ જ સ્થળે કર્દમ પ્રજાપતિ થકી માતા દેવહૂતિમાં પ્રગટ થયા હતા. કપિલ મહર્ષિએ પોતાની માતાને સાંખ્યજ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો. (૨૪) શ્રીહરિ કહે છે : હે જનો ! સાંખ્યજ્ઞાનના શ્રવણથી દેવહૂતિ માતા આ સ્થળે સિદ્ધદશાને પામ્યાં હતાં. આથી મહર્ષિઓ આ ક્ષેત્રને 'સિદ્ધપદ' કહે છે. (૨૫) પૃથ્વી ઉપર જે જે તીર્થ હોય તેનું યથાશાસ્ત્ર સેવન કરવાથી જ મનુષ્યોને યથાશાસ્ત્ર ફળની પ્રાપ્તિ થાય છે, અન્યથા ફળની પ્રાપ્તિ ન જ થાય. (૨૬) નાસ્તિક, શ્રદ્ધારહિત, તીર્થફળ મળશે કે નહિ એવા સંશયવાળો, પાપયુક્તમનવાળો અને હેતુનિષ્ઠ (શાસ્ત્રો અને ભગવાનના સ્વરૂપમાં કુતર્ક સ્વભાવવાળો) આ પાંચ પ્રકારના જનો તીર્થમાં જવા છતાં તીર્થફળ મેળવતા નથી. (૨૭) કામ, ક્રોધ અને લોભને જીતીને તીર્થયાત્રા કરે તે પુરુષ સંપૂર્ણ તીર્થફળને પામે છે. (૨૮) જેના હાથ દાન સ્વીકારથી નિવૃત્તિ પામ્યા હોય, જેના પગ કુમાર્ગ થકી અપવિત્ર પ્રદેશમાં જવા થકી નિવૃત્તિ પામ્યા હોય, જેની જીભ રસલોલુપતા થકી અને શિશ્નેંદ્રિય ઉપસ્થલોલુપતા થકી પાછી વળી હોય, જેનું મન અસત્ ચિંતન થકી નિયમમાં થયું હોય, જેનું તપ દંભરહિત હોય અને જેની વિદ્યા, વિવાદરહિત હોય તે જ જન તીર્થાભિગમનના ફળને પામે છે. (૨૯) જે જન કોપ રહિત હોય, જેની મતિ નિર્મળ હોય, સત્યવાદી અને દૃઢ વ્રતવાળો હોય અને સર્વ ભૂતપ્રાણીમાં આત્મભાવવાળો હોય તે જ પુરુષ તીર્થફળને પામે છે. (૩૦) તીર્થમાં ઉપવાસ, મુંડન, સપિંડ શ્રાદ્ધ, સાધુબ્રાહ્મણોને જમાડવા અને યથાશક્તિ દાન વગેરે સત્કાર્ય કરવાં જોઈએ. (૩૧) તીર્થમાં ચાતુર્માસ વગેરેમાં કેશ ધારણના નિયમવાળાઓએ, બ્રહ્મચારીઓએ, જેના પિતા જીવતા હોય એવાઓએ તથા જેનો મુંડનકાળ નિયમિત હોય એવા સંન્યાસીઓ વગેરે તથા યોગી-સાધુઓએ મુંડન કરાવવું નહિ. (૩૨) પતિ જીવતો હોય તેવી સુવાસિની સ્ત્રીઓએ તથા છ માસની અંદર તે જ તીર્થમાં ફરી આગમન થાય તો મુંડન કરાવવું નહિ. (૩૩) તીર્થસ્થળે જે વિપ્રો કાયમી નિવાસ કરીને રહેલા હોય તેમને જ

જમાડવા, અને તેમની પૂજા કરવી. તીર્થમાં રહેલા બ્રાહ્મણોની પરીક્ષા તો કરવી જ નહિ. (૩૪) જે તીર્થમાં જે દેવતા મુખ્ય હોય તે દેવતાનું પૂજન પોતાની શક્તિ અનુસાર વસ્ત્ર, આભૂષણ, નૈવેદ્ય, ફળ, પાત્ર અને દ્રવ્ય વડે કરાવવું જોઈએ. (૩૫) અને જે જન નિર્ધન હોય તેને તો તીર્થમાં ભગવાનના મંદિરમાં વાળવું, લીંપવું, જળ છાંટવું ઇત્યાદિ સેવા કરવી. સાધુજનોની પરિચર્યા (વસ્ત્ર ધોવાં-જળ લાવી આપવું, વાસણ માંજી આપવાં વગેરે) પોતે જાતે કરે. (૩૬) આ પ્રકારે સેવા કરનારને મહાપૂજાનું ફળ, સર્વસ્વ દાનનું ફળ અને શ્રદ્ધાદિનું ફળ મળે છે તેમાં સંશય નથી. (૩૭) હે સજ્જનો! મનુષ્યોએ પવિત્ર તીર્થોમાં જઈને ભગવન્નામકીર્તન દાનાદિ જે કર્મ કરાય છે તે કર્મ હજારગણું થાય છે તેમાં સંદેહ નથી. (૩૮) તીર્થોમાં કિંચિત્માત્ર પણ કરેલું પુણ્ય જેમ વૃદ્ધિ પામે છે તેમ જ તીર્થોમાં પ્રાણીઓએ કરેલ પાપકર્મ પણ વૃદ્ધિ પામે છે. (૩૯) અન્ય ક્ષેત્રમાં કરેલું પાપ તીર્થક્ષેત્રમાં જવાથી નાશ પામે છે અને તીર્થક્ષેત્રમાં કરેલું પાપકર્મ વજ્રલેપ થઈ જાય છે. (૪૦) હે ભક્તો ! તીર્થમાં કરેલાં પાપોની પ્રાયશ્ચિતોથી પણ શુદ્ધિ થતી નથી. માટે તીર્થમાં પાપાચરણનો ત્યાગ કરી નિયમધારી થવું. (૪૧) બ્રહ્મનિષ્ઠ જનો શૌચ-સ્નાનાદિ નિયમોને માનુષવ્રત કહે છે અને અંતઃકરણની શુદ્ધિને દૈવવ્રત કહે છે. તીર્થગામી મનુષ્યે માનુષવ્રત અને દૈવવ્રત એ બન્ને નિયમોનું પાલન કરવું. (૪૨) જે પુરુષ લોભી, ચુગલીખોર, ક્રૂર, દંભી અને વિષયભોગની લાલસાવાળો હોય તે અનેક તીર્થોમાં સ્નાન કરે તો પણ પાપરૂપ મલિન જ છે. (૪૩) શરીર સંબંધી મેલનો ત્યાગ કરવાથી પુરુષ નિર્મળ થતો નથી. પરંતુ મનસંબંધી મળના ત્યાગથી જ પુરુષ અત્યંત નિર્મળ થઈ જાય છે. (૪૪) પંચવિષયોમાં વાસનારૂપ રાગને માનસમળ કહેવાય છે. વિષયોમાં જે વૈરાગ્યનો ઉત્કર્ષ તે મનની નિર્મળતાનો ઉત્કર્ષ કહ્યો છે. (૪૫) જે પુરુષોએ તીર્થમાં પાપકર્મ કર્યું હોય તે સર્વ ભૂતયોનિને પામે છે અને સ્ત્રીઓએ પાપાચરણ કર્યું હોય તે સ્ત્રીઓ ડાકણ થાય છે. (૪૬) ભૂતપ્રેત, પિશાચ, ડાકિની વગેરે રાત્રિદિવસ તીર્થમાં તીર્થગામી મનુષ્યોનાં છિદ્રોને જ જોયા કરે છે, તેમનો થોડોક પણ અપરાધ જોઈને તે જ ક્ષણે તે પુરુષો કે સ્ત્રીઓમાં પ્રવેશ કરે છે. (૪૭) પિશાચાદિને આધીન થવાથી જ પુરુષો સ્ત્રીઓની કામના કરે છે અને સ્ત્રીઓ પુરુષોની કામના કરી વ્યભિચારપરાયણ થાય છે અને વ્યભિચારી ધનલાભ અને હિંસામાં પ્રવૃત્ત થાય છે. (૪૮) આમ, તીર્થમાં મહાવિઘ્નો વાસ કરે છે. આથી મારા આશ્રિતોએ પાપકર્મથી ભયભીત અને નિયમો સહિત જ રહેવું જોઈએ. (૪૯) તેમાં પણ સ્ત્રીઓના કામકલંકિત દર્શન, સ્પર્શ, હાસ્યવિનોદ, ક્રીડા વગેરે પ્રસંગે કરીને વિદ્વાન પુરુષોનું પણ પુણ્ય નાશ પામી જાય છે. (૫૦) પુરુષોની પેઠે સ્ત્રીઓનું પણ પુણ્ય પુરુષના કામકલંકિત દર્શન, સ્પર્શ વગેરે વડે કરીને નાશ પામી જાય છે. આથી સ્ત્રીપુરુષોએ ચક્ષુ વગેરે ઇન્દ્રિયો નિયમમાં કરવી. (૫૧) ક્રોધ તો સર્વથા જીતવો જોઈએ અને તીર્થોમાં તો સુકૃતવાળા જનોએ વિશેષપણે જીતવો જોઈએ. અન્યથા ક્રોધ તો મનુષ્યના સુકૃતને ભસ્મ કરી નાખે છે. (૫૨) બ્રાહ્મણોએ આપત્કાળ સિવાય દાન ગ્રહણ કરવું નહિ, અને ખાસ કરીને તીર્થસ્થાનમાં ગ્રહણ કરવું જ નહિ. કેમ કે દાન, તપ અને તેજનો નાશ કરનારું છે. (૫૩) તીર્થમાં વિચરનાર મનુષ્યે અસત્ય વચન ન બોલવું, તથા તીર્થક્ષેત્રમાં અમારા આશ્રિતોએ જીવહિંસા આદિ પાપકર્મથી

સર્વથા ભય પામતા રહેવું. (૫૪) તીર્થયાત્રાળુ જનોએ પોતાનો સર્વ સમય સંધ્યાવંદનાદિ અનુષ્ઠાનથી, વિષ્ણુપૂજનથી, તેમના ગુણચરિત્રોના શ્રવણ-કીર્તન-સ્મરણ અને દાન વગેરેમાં પસાર કરવો. બીજી રીતે રાત્રિદિવસ વ્યર્થ ગાળવા ન જોઈએ. (૫૫)

**શ્રીહરિ મહાપ્રભુ કહે છે :**

હે સજ્જનો ! આ પ્રકારે જે મનુષ્યો તીર્થયાત્રા કરે છે તેમને તીર્થયાત્રાનું ફળ પ્રાપ્ત થાય છે, અન્યથા થતું નથી તે નિશ્ચય જાણો. (૫૬)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ ઉપદેશેલા બધા ભક્તો હંમેશાં સદાચરણમાં વર્તતા હતા તોપણ શ્રીહરિનું વચન હિતરૂપ જાણીને 'તમો જેમ કહો છો તેમ કરીશું.' આમ શ્રીહરિનું વચન પ્રીતિથી ગ્રહણ કરી લીધું. (૫૭) તીર્થવિધિને જાણનારા સ્વયં શ્રીહરિ પોતાના ભક્તસમાજની સાથે સિદ્ધપુરમાં સમગ્ર તીર્થવિધિ કરીને, માર્ગમાં જનસમૂહોને આનંદ પમાડતા થકા વિસનગર પધાર્યા. (૫૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
સિદ્ધપુરક્ષેત્રે તીર્થવિધ્યુપદેશ એ નામે ચુમાલીશમો અધ્યાય થયો. ॥૪૪॥

●

## અધ્યાય - ૪૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિ વિસનગર નજીક આવ્યા પછી પ્રણામ સ્તુતિપૂર્વક સ્વભક્તોએ પ્રથમ પ્રાર્થના કરેલા શ્રીહરિ મહાપ્રભુ હમણાં આવી રહ્યા છે એવું ભક્તોના મુખથી સાંભળી વડનગરવાસીજનોની સાથે વિસનગરવાસીઓ તત્કાળ જ શ્રીહરિની સન્મુખ આવ્યા. (૧) ભગવાનની અસાધારણ દયાળુતાને અંતઃકરણમાં સંભારતા થકા બન્ને નગરના હરિજનોએ નિજજનોથી વીંટાયેલા વેગવાન ઘોડા ઉપર બિરાજમાન થયેલા, સકલ ભક્તજનના બંધુરૂપ ભગવાનને માર્ગમાં જ સ્નેહસહિત જોયા. (૨) હે નરાધિપ ! ખૂબ જ હર્ષવાળા ભક્તજનોએ મહાપ્રભુને પ્રણામ કરી, ચોગરદમ પ્રસરતાં વાજિંત્રોના નાદો, ભગવાન સંબંધી કીર્તનોના નાદો અને બ્રાહ્મણોના વેદઘોષોએ સહિત ભગવાનને પોતાના પુરમાં પધરાવ્યા. (૩) ત્યારપછી આ ભક્તો મુનિમંડળ તથા સેવકોએ સહિત ભગવાનને યથાયોગ્ય ઉતારો વગેરે હર્ષપૂર્વક કરાવીને ઘણા સમયથી શ્રીહરિનું આતિથ્ય કરવારૂપ મનોરથનું ફળ પ્રાપ્ત કરીને રાજી થયા. (૪) સૂરજરામ શર્મા, મોતીરામ, વનમાળી, ઉદ્યમ, અમૂલ્ય અને અભિરામ વગેરે બ્રાહ્મણો શ્રીહરિની સેવા કરતા હતા. (૫) ત્યારબાદ પીતાંબર, ગણેશ, પુંજાભાઈ અને ચેલાભાઈ વગેરે બીજા ભક્તો મુનિઓએ સહિત શ્રીહરિની હર્ષપૂર્વક સેવા કરતા હતા. (૬) તેમજ દુર્લભા, ઊજળીબાઈ, જેઠીબાઈ, હઘા, ઉદયકુંવરબાઈ, સુવર્ણા, યતિની, જ્ઞાનાબાઈ, પુંજીબાઈ તથા ધનબાઈ વગેરે બાઈઓ યથાધર્મ પ્રીતિથી મુનિઓ સહિત ભગવાનની સેવા કરતી હતી. બીજા પણ સેંકડો જનો શ્રીહરિની પરિચર્યા

કરતા હતા. (૭-૮) સમગ્ર ભક્તજનોએ કિંમતી નવીન વસ્ત્રો, આભૂષણો અને ધન વડે તથા ચંદન પુષ્પાદિક વડે પ્રીતિથી શ્રીહરિની પૂજા કરી. (૯) હે નૃપ ! ભગવાને (વડનગર અને વિસનગર) આ બન્ને નગરમાં વસતા હજારો બ્રાહ્મણોને લાડુ, કંસાર, ઘેબર, શીરો, દૂધપાક, માલપુવા, જલેબી, ખાજાં વગેરે વડે તથા સાકરમિશ્રિત કેરીના રસ વડે અને વિવિધ પ્રકારનાં શાકો વડે તૃપ્ત કર્યા હતા અને સદુપદેશથી સદ્ધર્મની સ્થાપના કરી હતી. (૧૦-૧૧-૧૨) આ પ્રકારે શ્રીહરિએ અઢી મહિના સુધી બ્રાહ્મણોને જમાડ્યા હતા અને બહુ સામગ્રી વડે રથયાત્રાનો ઉત્સવ પણ કર્યો હતો. (૧૩) ત્યારબાદ અમદાવાદ નિવાસી ભક્તજનો ત્યાં આવી પોતાના નગરમાં પધારવા માટે શ્રીહરિની અત્યંત પ્રાર્થના કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિ તેમને કહેવા લાગ્યા. (૧૪) 'હે ભક્તજનો ! જન્માષ્ટમીનો મહોત્સવ કરવા તમારા નગરમાં હું સ્વયં આવીશ. હમણાં તો તમો તમારા નગરમાં જાઓ.' હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ કહ્યું એટલે તે ભક્તો પોતાના શ્રીનગર પાછા ગયા. (૧૫) ત્યારબાદ દરરોજ સભામાં અપરાહ્‌ન સમયે તથા રાત્રે મુમુક્ષુજનોને સુખ પમાડનારી એકાંતિક ભાગવતધર્મ સંબંધી વાર્તાઓ શ્રીહરિ મહાપ્રભુ કરતા હતા. (૧૬) અષાઢમાસના શુકલ પક્ષની દશમી તિથિએ પ્રદોષ સમયે સભામાં ઊંચા સિંહાસનમાં બિરાજમાન થયેલા ભગવાન ભકતોને આ પ્રમાણે કહેવા લાગ્યા : (૧૭) 'હે ભક્તજનો ! આવતી કાલે સવારે એકાદશીથી આરંભીને ચાતુર્માસ આવે છે. આથી ચાતુર્માસમાં સર્વ ભક્તજનોએ યથાશક્તિ તપ કરવું જોઈએ.' (૧૮)

**ભક્તજનો બોલ્યા :**

હે ભગવન્ ! મનુષ્યોએ આ પૃથ્વી ઉપર કેવું તપ કરવું જોઈએ ? આપ જ ધર્મમાર્ગના પ્રવર્તક છો. તો અમોને તપનો પ્રકાર કહેવા માટે આપ જ યોગ્ય છો. (૧૯)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! મનુષ્યોએ ચાતુર્માસમાં જે તપ અવશ્ય કરવાનું છે તે તમોને હું કહું છું. દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન એકાગ્ર કરી ભગવાનમાં જોડાવું એ જ પરમ તપ કહેલું છે. (૨૦) પોતાને ઈચ્છિત એવા ભોગવેલા રસો એટલે વિષયો વડે પુષ્ટ થયેલી ઈન્દ્રિયોનું વાસુદેવ ભગવાનમાં એકાગ્રપણું થતું નથી માટે ભગવાનના સંબંધથી રહિત પાંચ વિષયોનો ત્યાગ કરવો જોઈએ. (૨૧) ઈન્દ્રિયો સંબંધી વિષયોમાં જિહ્વા સંબંધી વિષય પ્રબળ છે. આથી જીભ સંબંધી રસાસ્વાદ તપ કરનાર પુરુષે ઉપવાસો વડે જીતવો જોઈએ. (૨૨) આથી સર્વે પ્રાચીન પુરુષો ચારમાસ પર્યંત ઉપવાસ જ કરતા હતા. હાલમાં કેટલાક યોગીઓ ઉપવાસ કરે છે. (૨૩) અત્યારે કળિયુગમાં સર્વ મનુષ્યોએ ચાર માસ સુધી ઉપવાસ કરવા અશક્ય હોવાથી ફળનો આહાર, દૂધપાન અથવા એક જ પ્રકારનો આહાર એકવાર કરવો. (૨૪) ચાતુર્માસમાં મનુષ્યો, શાકનો ત્યાગ કરે અથવા કેવળ શાકનો જ આહાર કરે. હે જનો ! ચાતુર્માસમાં ઘી, ગોળ, સાકર વગેરેનો ત્યાગ કરે અથવા માત્ર ઘીનો ત્યાગ કરે. (૨૫) ત્રણ વર્ણના મારા ભક્તો ચાતુર્માસમાં ક્યારેય પણ રીંગણાં, કાળીંગડું અને મૂળાનું ભક્ષણ ન જ કરે. (૨૬) પંડિતજનો ચાતુર્માસમાં લવણના ત્યાગને ઉત્તમ કહે છે. કેટલાક મહર્ષિઓ શેરડીમાંથી ઉત્પન્ન થયેલા રસમાત્રના ત્યાગને

શ્રેષ્ઠ કહે છે. (૨૭) ચાતુર્માસમાં ધારણા-પારણા વ્રત અતિ ઉત્તમ કહેલું છે. ત્યાગી-ગૃહી સૌ કોઈએ આ વ્રત તો ચાતુર્માસમાં અવશ્ય કરવા યોગ્ય છે. કેમ કે તે મહાફળને આપનારું છે. (૨૮) આથી, ઉત્તમ એવું આ વ્રત યુવાવસ્થામાં સ્ત્રીઓએ અને પુરુષોએ કરવું જોઈએ. વિધવા સ્ત્રીઓએ તો વિશેષપણે કરવું. (૨૯) વ્રતના અંગભૂત એવા બ્રહ્મચર્ય (સત્યભાષણ, દિવાનિદ્રાત્યાગ વગેરે) વગેરે સર્વ નિયમો સાવધાન પણે પાળવા જોઈએ, નહિતર આ બધું કેવળ શ્રમરૂપ જ થાય. (૩૦) વ્રત કરનાર વ્યક્તિના સામર્થ્યની અપેક્ષા રાખીને જ ચાતુર્માસનાં વ્રતો પુરાણોમાં બહુ પ્રકારે કહેલાં છે, તે કરવાં જ જોઈએ. (૩૧) ચાતુર્માસ સંબંધી વ્રતો સકામ અને નિષ્કામ જનોએ પોતપોતાની શરીરસંપત્તિ અનુસારે પ્રયત્નપૂર્વક કરવાં જોઈએ. (૩૨) સકામજનોએ પામેલું ફળ અલ્પ છે અને નિષ્કામ જનોએ પામેલું ફળ વાસુદેવની પ્રસન્નતારૂપ અપાર છે. તેને તેઓ પામે જ છે તેમાં સંશય નથી. (૩૩)

**શ્રીહરિ પરમાત્મા કહે છે** : હે ભક્તજનો ! બ્રહ્મવૈવર્તપુરાણમાં બ્રહ્માજીએ જ સ્વપુત્ર નારદમુનિને જે વ્રત વિધિ અનુષ્ઠાન કહેલું તે જ બ્રહ્માજીના વાક્યાર્થને ગ્રહણ કરીને હું સર્વવિધિ તમોને કહું છું. (૩૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
વિશનગરવટનગરયો બ્રાહ્મણભોજનાનન્દવર્ણન એ નામે પિસ્તાલીશમો અધ્યાય થયો. ॥૪૫॥

●

## અધ્યાય - ૪૬

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! ચાતુર્માસમાં ક્ષીરસાગરમાં સર્વ દેવો અને ઋષિઓ લક્ષ્મીપતિ શ્રી નારાયણ ભગવાનનું દર્શન કરતા થકા ઉપવાસ કરે છે. (૧) આથી આ લોકમાં મનુષ્યોએ ચાતુર્માસમાં ભગવાનની પ્રસન્નતા માટે આદરપૂર્વક યથાશક્તિ ચાર માસ સુધી વ્રત કરવું જોઈએ. (૨) વ્રત કરનાર વ્યક્તિ અષાઢ સુદ એકાદશીના દિવસે સ્નાન કરી, સફેદ વસ્ત્ર ધારણ કરી, ભગવાનની મૂર્તિ પાસે વ્રત ગ્રહણ કરે. (૩) 'હે દેવ ! હું આપની આગળ આ વ્રત ગ્રહણ કરું છું. હે કેશવ ! આપની પ્રસન્નતાથી આ વ્રત સિદ્ધિને પામો. (૪) હે દેવ ! આ વ્રત ગ્રહણ કર્યા પછી વચ્ચે મારું મૃત્યુ થઈ જાય તો હે જનાર્દન ! તમારી કૃપાથી તે વ્રત સમાપ્ત જ થયું ગણજો.' (૫) બુદ્ધિમાન વ્યક્તિ આ પ્રમાણે ગોવિંદ ભગવાનની પ્રાર્થના કરી દેશ, કાળ અને સ્વ-સામર્થ્ય અનુસાર વ્રતનો આરંભ કરે. (૬) વિધિપૂર્વક, નિયમપૂર્વક પુરાણનો સંહિતાપાઠ અને વેદપાઠ, ભગવાનની કથાનું શ્રવણ, ભગવદ્ ગુણાનુવાદ, ભગવાનની મહાપૂજા અથવા અલ્પપૂજા, પોતાની શારીરિક શક્તિ અનુસાર પ્રદક્ષિણા અને દરરોજ એકહજાર તુલસીપત્ર વડે ભગવાનનું પૂજન કરવું - આ બધાં ચાતુર્માસ સંબંધી વ્રતો છે. (૭-૮) દરરોજ પ્રભાતે બે ઘડી રાત્રિ બાકી રહે ત્યારે સ્નાન, દિવસમાં એક જ વખત ભોજન, માત્ર એક જ અન્નનું ભોજન, રાત્રે પ્રદોષ સમયે ભોજન, અન્નદાન, વસ્ત્રદાન, દીપદાન આ બધું દરરોજ કરવાનું સમજવું. (૯) સુવર્ણમુદ્રા, રજતમુદ્રા, તામ્રમુદ્રાનું દાન તથા

દૂધ-દહીં વગેરેનો ત્યાગ, માત્ર ઘીનો ત્યાગ વગેરે નિયમો કહેલાં છે. (૧૦) અથવા દૂધનો ત્યાગ, દહીંનો ત્યાગ, તેલનો ત્યાગ તે રૂપ વ્રત તથા શાકનો ત્યાગ અને માત્ર શાકનું જ ભક્ષણ, દહીંનું જ ભક્ષણ કે દૂધનું જ ભક્ષણ અને લસણ ત્યાગરૂપ વ્રત, કાંસાના વાસણમાં ભોજનત્યાગ, ગોદાન, ભૂમિશયન, પત્રાવલિમાં ભોજન આ બધું વ્રત દરરોજ સમજવાનું છે. (૧૧-૧૨) અથવા કૃચ્છચાંદ્રાયણાદિ વ્રતોમાં એકાદ વ્રત, ધારણાપારણા વ્રત, ગોમૂત્ર અને જવના સાથવાનો આહાર તથા ફળનો આહાર તે રૂપે વ્રત કહેલું છે. (૧૩) ચાતુર્માસમાં પાનબીડાનો ત્યાગ, પંચકેશ ધારવારૂપ વ્રત, ગાયો અને બ્રાહ્મણોના પૂજનરૂપ વ્રત, બ્રહ્મચર્ય વ્રત, દિવસની નિદ્રાનો ત્યાગ, ફળોનો ત્યાગ. (૧૪) તથા કામ, ક્રોધ, મદ અને માન ત્યાગરૂપ વ્રત, અહિંસા વ્રત, સત્યભાષણ વ્રત, ચોરી ન કરવાનું વ્રત અને અહંકારનો ત્યાગ આ બધાં વ્રતો કહેલાં છે. (૧૫) વળી શક્તિ અનુસાર (પ્રાતઃ, મધ્યાહ્‌ન અને સાયં) આ ત્રણ સમયે ભગવાનની પૂજા અને તાંબાના પાત્રમાં ગોળ સહિત તલનું દાન અને સત્પુરુષોનું પૂજન, જળના ઘડાનું દાન, સાધુબ્રાહ્મણોને મિષ્ટ ભોજન કરાવવું, ભગવાનના સ્તોત્રોના પાઠ, ભગવાનના મંદિરમાં સંજવારી વાળવી વગેરે વ્રત નિયમ કહેલું છે. (૧૬-૧૭) ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કરવા, પંચામૃત સ્નાનસહિત શ્રી વિષ્ણુપૂજન, ભગવાનના મંદિરમાં સંકીર્તન તથા ભગવાનના મંદિરમાં રાત્રે દીપદાન કરવું તે રૂપ વ્રત. (૧૮) વિના માગ્યે પ્રાપ્ત થયેલું જ ભોજન, યાચના કરીને જ મળેલા અન્નનું ભોજન, ભોજન વખતે મૌન રાખવું, ભગવાનના મંત્રનો જાપ તથા પ્રભુના ભક્તોની સેવારૂપ વ્રત. (૧૯) વગેરે બહુ પ્રકારના વ્રત નિયમો બ્રહ્માજીએ પુત્ર નારદજીને કહેલાં છે એમ નિશ્ચય જાણો. હે ભક્તજનો ! આ નિયમો પૈકી કોઈપણ એક નિયમ ચાતુર્માસમાં અવશ્ય પાળવો જોઈએ. (૨૦) શ્રાવણ મહિનામાં શાકભાજીનો ત્યાગ, તથા ભાદરવા મહિનામાં દહીંનો ત્યાગ તથા આસો મહિનામાં દૂધનો ત્યાગ તથા કાર્તિક માસમાં દ્વિદલોનો અમારો આશ્રિત ત્યાગ કરે. (૨૧) વૈષ્ણવજન ચાતુર્માસમાં ખાસ કરીને રીંગણા અને મૂળા ન જ ખાય અને દોષ યુક્ત લસણ, ડુંગળી વગેરે કદી ખાય જ નહિ. (૨૨) જે વ્યક્તિ પોતાની શક્તિ અનુસાર ચાતુર્માસના વ્રતનિયમોનું આચરણ ન જ કરે તે વ્યક્તિ મર્યા પછી નરકોને ભોગવીને કીટયોનિઓમાં ઉત્પન્ન થાય છે. (૨૩) તેમાં વૈષ્ણવોએ તો શ્રવણાદિ-નવધા ભક્તિ પૈકી એકાદ ભક્તિ તો વિશેષપણે ધારણ કરવી જ જોઈએ. (૨૪) આ ચાતુર્માસમાં મુનિજનોએ શરીરસાધ્ય સ્નાન, ઉપવાસ વગેરે નિયમો-અનુષ્ઠાન કરવા યોગ્ય કહેલા છે તે યથાશક્તિ પાળવા જોઈએ અને રસાસ્વાદ તો વિશેષપણે જીતવો જોઈએ. (૨૫) (ચાતુર્માસની સમાપ્તિ પ્રસંગે) કાર્તિક માસમાં શુકલપક્ષની એકાદશી તિથિએ ભગવાનનાં કીર્તનો અને વાજિંત્રોએ સહિત મંત્રોચ્ચારણ સાથે નારાયણ ભગવાનનું ઉત્થાપન કરે. (૨૬) હે ગોવિંદ ભગવાન ! તમો જાગો, જાગો. હે ગરુડધ્વજ ! તમો ઊઠો, હે લક્ષ્મીપતે ! તમો ઊઠો, તમો બ્રહ્માંડમાં મંગળ કરો. (૨૭) હે જગતના પતિ ! તમારા સૂઈ જવાથી આ જગત સૂતેલું જ છે. હે માધવ ! આપ જાગ્રત થવાથી સર્વ જગત મંગળકાર્ય કરવામાં સમર્થ થાય છે. (૨૮) હે કેશવ પ્રભો ! મેઘો નિવૃત્તિ પામી ગયા અને આકાશ નિર્મળ થઈ ગયું. દિશાઓ પણ નિર્મળ બની ગઈ, (શરદઋતુનું આગમન થયું

છે) માટે હે પ્રભો ! આપ મારા વડે અર્પણ કરાતાં શરદઋતુનાં પુષ્પોને ગ્રહણ કરો. (૨૯) (આ પ્રકારે પ્રાર્થના કરી ઉત્થાપન માટે વેદ મંત્ર ભણવો જોઈએ.) ભગવાનના ઉત્થાપન સમયે ("इंद्र विष्णु विचक्रमे त्रेता निदधे पदं समूढ मस्य पांसुरे स्वाहा") - વેદમંત્રનો પાઠ કરવો જોઈએ. હે જનો ! આ પ્રમાણે શ્રી નારાયણ ભગવાને ઉત્થાપન કરી યોગેશ્વર ભગવાનનું ભક્તિભાવથી પૂજન કરવું જોઈએ. (૩૦) બહુપ્રકારના ઉપચારો વડે, કીર્તન ગાન વડે તથા વાજિંત્રોના શબ્દોએ સહિત ભગવાનને પૂજવા જોઈએ. પછી દ્વાદશીના દિવસે પ્રારંભમાં ગ્રહણ કરેલ વ્રત શ્રીહરિ આગળ નિવેદન કરવું : (૩૧) 'હે દેવ ! હે પ્રભો ! આ વ્રત મેં આપની પ્રસન્નતા માટે જ કર્યું છે. હે જનાર્દન ! જો એ વ્રત કંઈક ન્યૂન રહી ગયું હોય તોપણ તે આપના અનુગ્રહથી સંપૂર્ણપણાને પામો.' (૩૨) ત્યારપછી શ્રીહરિના ભક્તે બ્રાહ્મણોનું ચંદન, પુષ્પ તથા ઉત્તમ વસ્ત્રો તથા વ્રતનાં અંગભૂત દાનો, આભૂષણો અને દક્ષિણાઓ વડે સારી રીતે પૂજન કરવું. (૩૩) પછી બ્રાહ્મણોને પકવાન્નો, ઘી આદિ રસો, દૂધપાક વડે જમાડી તૃપ્ત કરવા જોઈએ. પછી હે જનો ! પોતાના માતાપિતા, ભાઈઓ વગેરે ઈષ્ટ જન સાથે પારણું કરવું જોઈએ. (૩૪)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! આ પ્રમાણે જે મનુષ્યો આ લોકમાં, પુણ્યકારક તથા સત્શાસ્ત્રો અને સાધુજનોએ કહેલા, નિયમોનું પાલન કરે છે તે મનુષ્યો આ લોકમાં ખૂબ યશને પામશે તે નિશ્ચય જાણો ને દેહત્યાગ કર્યા પછી પરાત્પર પુરુષોત્તમ નારાયણના ધામમાં પરમ સુખને અવશ્ય પામશે જ. (૩૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં ચાતુર્માસ્યવ્રતવિધિનિરૂપણ એ નામે છેંતાલીશમો અધ્યાય થયો. ॥૪૬॥

## અધ્યાય - ૪૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે જનાધિપ રાજન્ ! આ પ્રમાણે શ્રી નારાયણ મહામુનિનું વાક્ય સાંભળીને વડનગરનિવાસી જનો શ્રીહરિને પ્રણામ કરી પૂછવા લાગ્યા. (૧)

**જનો બોલ્યા :**

'હે સ્વામિન્ ! જે જનો ચાતુર્માસ પર્યંત વ્રત, ઉપવાસો અને નિયમોને કરવા શક્તિમાન ન હોય તે જનોએ કરવા યોગ્ય વ્રત અમોને કહો. (૨)'

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે જનો ! જે મનુષ્યો ચાતુર્માસનું તપ કરવા અશક્ત હોય તે મનુષ્યોએ કાર્તિક માસ સંબંધી પવિત્ર વ્રત કરવું. (૩) કાર્તિક માસમાં પ્રભાતે નક્ષત્રો દેખાતાં હોય તે સમયે જ સ્નાન કરવું. આ જ મુખ્ય નિયમ છે. કાર્તિક માસના વ્રતો તમોને કહું છું તેમાંથી કોઈ એક વ્રત કરવું જોઈએ. (૪) આસો સુદ પૂર્ણિમાથી આરંભીને કાર્તિક પૂર્ણિમા પર્યંત માસોપવાસ નામનું વ્રત કરવું અથવા ચાન્દ્રાયણ વ્રત કરવું. (૫) બીજાં પણ કૃચ્છ્રવ્રતો સંક્ષેપથી કહું છું. તે વ્રતો પૈકી કોઈ એક કૃચ્છ્રવ્રત

પોતાની શક્તિ અનુસાર કરવું જોઈએ. (૬) શુકલ પક્ષમાં ચૌદશના દિવસે જળ મધ્યે રહીને વાયુભક્ષણ કરીને ઉપવાસને કરે. આ જળકૃચ્છ વ્રત કહેલું છે. (૭) દશમીના દિવસે પંચગવ્ય (ગોમૂત્ર, ગોમય, ગોક્ષીર, દહીં અને ઘી)નું ભક્ષણ તથા એકાદશીના રોજ ઉપવાસ આ બન્ને વિષ્ણુ ભગવાનનું પૂજન કરવા પૂર્વક કરે તેને હરિકૃચ્છ વ્રત કહેલું છે. (૮) સાતમથી આરંભીને સાતમે જળપાન, આઠમે દૂધપાન, નવમીએ દહીંપાન અને દશમીના રોજ ઘૃતપાન કરે અને એકાદશીએ ઉપવાસ કરે આ પૈતામહ કૃચ્છ્ર વ્રત કહેવાય છે. (૯) છઠથી આરંભીને ત્રણ દિવસ સુધી દૂધપાન, પછી ત્રણ દિવસ સુધી ઉપવાસ આ પ્રમાણે ઉત્તમ માહેન્દ્રકૃચ્છ્રવ્રત કહેલું છે. (૧૦) ત્રણ દિવસ સુધી મુનિપ્રિય નમારાદિ અન્નમાત્રનું ભક્ષણ કરી પછીના ત્રણ દિવસ જવનો સાથવો જમીને પછીના ત્રણ દિવસ ઉપવાસ કરે, આ વિષ્ણુકૃચ્છ્ર નામનું વ્રત કહ્યું છે. (૧૧) શુક્લ પક્ષના પડવાથી આરંભીને પાંચ દિવસ દૂધનું પાન કરીને, પછીના પાંચ દિવસ દહીંનું પાન કરે. આને ભાસ્કરકૃચ્છ્ર વ્રત કહે છે. (૧૨) શુક્લપક્ષમાં પાંચમથી આરંભીને સાત દિવસ અનુક્રમે રાબ, જવનો સાથવો, શાક, દહીં, દૂધ, ઘી અને જળને પૃથક્ પૃથક્ ભક્ષણ કરે. આને સપ્તર્ષિકૃચ્છ્ર વ્રત કહે છે. (૧૩) પડવાથી આરંભીને પાંચમ સુધી અનુક્રમે ખાખરાનાં પાન, બીલીનાં પાન, દર્ભ, કમળપત્ર અને ઉમરાના પાન નાંખી ખૂબ ઉકાળેલું દૂધ કે જળ પીવે અને છઠ્ઠી તિથિએ ઉપવાસ કરે. આ અગ્નિકૃચ્છ્ર વ્રત કહેવાય છે. (૧૪) સાતમથી આરંભીને અનુક્રમે દૂધ, બીલીફળ, કમળફળ અને કમળના તંતુનું ભક્ષણ કરી એકાદશીએ ઉપવાસ કરે તે લક્ષ્મીકૃચ્છ્ર વ્રત કહેવાય છે. (૧૫) આ સર્વ કૃચ્છ્રવ્રતો સર્વ પ્રકારનાં પાપોને હરનારાં છે. આથી નરનારી ભક્તજનોએ પ્રીતિપૂર્વક હંમેશાં અને કાર્તિક માસમાં વિશેષપણે કરવાં જોઈએ. (૧૬) બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થી અને સંન્યાસ આશ્રમમાં રહેલા પુરુષ, પૂર્વે કહેલા વ્રતોને કરીને આત્યંતિક પ્રલયમાં પણ નાશરહિત ભગવાનના પરમધામને પામે છે. (૧૭) સર્વ કૃચ્છ્રવ્રતને કરનારી વ્યક્તિ મન, વાણી અને અન્ય ઇન્દ્રિયોને નિયમમાં કરી સ્નાન કરી ધોયેલાં વસ્ત્ર પહેરી પવિત્રપણે અચ્યુત ભગવાનનું પૂજન કરે. (૧૮) વ્રત કરનાર પુરુષ પ્રાણીમાત્રની હિંસા રહિત, દાનપરાયણ, જપ અને હોમપરાયણ થઈ બ્રહ્મચર્યનું પાલન કરે. (૧૯) કૃચ્છ્રાદિ વ્રત કરનાર પુરુષ દૂધ વગેરે વ્રતદ્રવ્યો અમુક માપમાં જ, વિપ્રે આપેલી આજ્ઞા પ્રમાણે જ, ભક્ષણ કરે પરંતુ સ્વેચ્છામુજબ ભક્ષણ ન જ કરે. વિહિતથી વિશેષ ભક્ષણ કરવાથી વ્રતનો ભંગ થાય છે. (૨૦) કૃચ્છ્રવ્રત કરનાર પુરુષ ભૂખપીડાથી મૂર્છિત થઈ જાય તો વ્રત કરાવનાર બ્રાહ્મણ તે ભૂખપીડિત વ્રતીને ગાયના દૂધરૂપી અમૃતપાન કરાવે. (૨૧) જળ, મૂળ, ફળ, દૂધ, ઘી, પરિષદ વિપ્રની અનુમતિ, સદ્ગુરુનું વચન અને ઔષધ આ આઠ વસ્તુઓના સેવનથી વ્રતનો ભંગ થતો નથી. (૨૨) કાર્તિક માસમાં દરરોજ શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરતો સતો વિધિપૂર્વક કૃચ્છ્રવ્રતનું આચરણ કરે. આ પ્રકારે બ્રહ્માએ નારદજીને કહેલું તે જ મેં તમોને કહ્યું છે. (૨૩) જે વ્યક્તિ કૃચ્છ્રવ્રતો કરવા સમર્થ ન હોય તે વ્યક્તિ અન્ય વ્રતોને યથાશાસ્ત્ર અને શક્તિ અનુસાર જરૂર કરે. (૨૪) પુરુષ જે તે ક્ષમા, સત્ય અને દયા આ ત્રણેથી યુક્ત તથા બ્રહ્મચર્યવાળો અને આંતર-બાહ્ય શૌચવાળો અને જિતેન્દ્રિય થકો વ્રતને કરે અને સ્ત્રી પણ ઉપર્યુક્ત ગુણેયુક્ત

વ્રતોને કરે. (૨૫) (અન્ય વ્રતોનું વર્ણન) મંચ કે પલંગ વગેરે ઉપર શયન ત્યાગ, પંડોળાં, મૂળા, રીંગણ, કાળીંગડા, બહુબીજવાળાં ફળ તથા મધનું ભક્ષણ ન કરે. (૨૬) સર્વ જન નિત્ય પ્રાતઃસ્નાન કરે પછી દ્દઢાસન થકા પોતાની શક્તિ અનુસાર શ્રીહરિનું ધ્યાન કરે, ભગવાનની પૂજા કરે અને માનસીપૂજા કરે. (૨૭) મધ્યાહ્ને એક જ વાર ભોજન કરે અથવા માત્ર રાત્રે જ ભોજન કરે, લવણ રહિત અન્ન જમે અથવા યાચના વગર પ્રાપ્ત અન્નનું ભોજન કરે, ફળનો ત્યાગ કરે, અને રાંધેલા અન્નનો ત્યાગ કરે. (૨૮) અથવા તો શાક માત્રનો ત્યાગ કરે, આમ્લ આદિ રસોનો ત્યાગ કરે, પાનબીડા અને તેલમર્દનનો ત્યાગ કરે, અથવા દહીં, દૂધ, સાકર, ઘી, ગોળ અને તેલનો ત્યાગ કરે. (૨૯) ભૂમી પર શયન કરવાનું વ્રત કરે અથવા પૃથ્વી ઉપર અન્ન રાખીને ભોજન કરવાનું વ્રત રાખે, ભોજન સમયે મૌન વ્રત રાખે અથવા પથ્થર ઉપર સૂવાનું વ્રત રાખે તથા તીર્થમાં સ્નાન કરવાનું નિયમ ધારણ કરે. (૩૦) ગૌપૂજન, બ્રાહ્મણપૂજન, સાધુપૂજન અથવા વિષ્ણુપૂજનનું વ્રત રાખે અથવા પત્રાવલિમાં ભોજનનો નિયમ, પથ્થરના ટુકડા ઉપર અન્ન મૂકીને ભોજન કરવાનું વ્રત રાખે, તથા તપેલીમાં રાંધેલા ભોજનત્યાગ રૂપ નિયમ રાખે. (૩૧) તુલસી, પીપળો અને દેવતાની પ્રતિમાની સો પ્રદક્ષિણા ફરવાનું નિયમ ધારે, દેવતાને સો નમસ્કાર કરવાનો નિયમ ધારે અને દેવમંદિરમાં દરરોજ માર્જનનો નિયમ રાખે. (૩૨) પ્રતિદિન અન્નનું દાન કરે, ગાયનું દાન કરે, સુવર્ણનું દાન કરે, તલનું દાન કરે અને દીપનું દાન કરે. આ વ્રતો મેં કહ્યાં. (૩૩) હે જનો ! આ વ્રતો મેં તમોને સામાન્યપણે કહેલાં છે. હવે સ્કંદપુરાણ, પદ્મપુરાણ વગેરે પુરાણોમાં કહેલા વિશેષ વ્રતો કહું છું. (૩૪) સૂર્ય જ્યારે તુલા, મકર અને મેષ રાશિમાં હોય ત્યારે પ્રાતઃસ્નાન, હવિષ્યાન્ન ભક્ષ અને બ્રહ્મચર્યવ્રત વિધાન કરેલું છે. આ ત્રણે મહાપાતકને નાશ કરનારાં છે. (૩૫) વ્રતીએ કાર્તિક માસમાં ખાસ કરીને નદીમાં પ્રાતઃસ્નાન કરવું જોઈએ. નદીના અભાવે તળાવમાં અને તળાવના અભાવે કૂવા ઉપર સ્નાન કરવું અને અશક્ત વ્યક્તિએ ઘરમાં પ્રાતઃસ્નાન કરવું. (૩૬) જે પુરુષ સૂર્યોદય પહેલાં સ્નાન કરે છે તેને સૂર્યપુત્ર યમરાજનો ભય ક્યાંથી થાય ? ન જ થાય. (પ્રાતઃસ્નાનથી યમભય-ઉત્પાદક પાપોનો નાશ થઈ જાય છે.) આથી વ્રતધારી વ્યક્તિ મૌન ધારણ કરી પ્રાતઃસ્નાન કરતાં પહેલાં આ મંત્રનું ઉચ્ચારણ કરે : (૩૭) "હે જનાર્દન ! હે દેવેશ ! હે દામોદર ! લક્ષ્મીએ સહિત તમારી પ્રસન્નતા માટે હું કાર્તિક માસમાં પ્રાતઃસ્નાન કરીશ." (૩૮) કાર્તિક માસમાં પ્રયત્નપૂર્વક અવ્યય એવા વિષ્ણુ નારાયણની કેતકી, માલતી અને અગસ્તિ પુષ્પો વડે અને કમળો વડે પૂજા કરવી જોઈએ. (૩૯) જે જનોએ કાર્તિક માસમાં કમળલોચન શ્રી ભગવાનની કમળો વડે પૂજા નથી કરેલી તેના ઘરમાં કોટિ જન્મપર્યંત લક્ષ્મી રહેતી નથી. (૪૦) જે પુરુષ કાર્તિક માસમાં એક લાખ તુલસીપત્ર વડે શ્રીહરિનું પૂજન કરે તે પુરુષ પત્રે પત્રે અશ્વમેધ યજ્ઞના ફળને પામે છે. (૪૧) કાર્તિક માસમાં આંબળાના ફળથી લીંપેલા અંગવાળો અને આંબળાના ફળને જ અલંકારરૂપે ધારણ કરનારો અને આંબળાના ફળનો જ આહાર કરનારો મનુષ્ય સંસારથી મુક્ત થઈ જાય છે. (૪૨) વળી જે જન કાર્તિક માસમાં આંબળાની છાયાનો આશ્રય કરી ચક્રધારી પ્રભુનું પૂજન કરે તે પુરુષને રાજસૂય યજ્ઞનું ફળ થાય છે. (૪૩) આંબળાના સુશોભિત વનમાં દામોદર શ્રીકૃષ્ણની

પૂજા કરીને જે પુરુષ ભગવાનને નિવેદિત કરેલાં પકવાન્નો વડે બ્રાહ્મણોને જમાડીને તૃપ્ત કરે તે પુરુષ વિષ્ણુપુર વૈકુંઠને પામે. (૪૪) કાર્તિક માસમાં રાઈ, માદક જાયફળ વગેરે, મધ, કાંસાના પાત્રમાં ભોજન અને તેલ આદિનો ત્યાગ કરે તેમજ દ્વિદલનો વિશેષપણે ત્યાગ કરે. (૪૫) અડદ, મગ, મસૂર, ચણા, કળથી, વાલ, ચોખા, તુવેર અને મઠ આ બધાં મુનિઓએ દ્વિદલ કહ્યાં છે. (૪૬) કાર્તિક માસમાં રાત્રિ વીતેલું વાસી અન્ન, સંધિત (લવણ શાકાદિ), દાતાએ લોભથી કલેશપૂર્વક આપેલું અન્ન, સૂરણ, આટલાંનો વ્રત કરનારાઓએ ત્યાગ કરવો તથા દિવાનિદ્રા અને અસત્ય ભાષણનો ત્યાગ કરવો. (૪૭) કાર્તિક માસમાં દિવસે અને રાત્રિએ વિષ્ણુ સહસ્રનામ સ્તોત્રનો પાઠ કરવો તથા સંધ્યાકાળે મંદિરમાં દીપ પ્રગટાવવો. (૪૮) કાર્તિક માસમાં જવનો સાથવો તથા સામો વગેરે ઋષિધાન્ય જમવું તે ઋષિમુનિઓએ શ્રેષ્ઠ માનેલું છે. કોઈપણ વ્રતી પુરુષે કાર્તિક માસ, વ્રત વગરનો વાંઝિયો ન જવા દેવો. (૪૯) જે પુરુષ કાર્તિક માસમાં રાત્રિના છેલ્લા પહોરમાં શ્રીહરિ મહાપ્રભુનું સ્તોત્ર અને ગીત કરે તે પુરુષ પિતૃઓએ સહિત શ્વેતદ્વીપ ધામને પ્રાપ્ત કરે. (૫૦) જે મૂર્ખ પુરુષ કે સ્ત્રી કાર્તિક માસમાં અરુણોદય સમયે જાગરણ નથી કરતો તે પુરુષ કે સ્ત્રી ઘોર નરકને પામે છે તે નિશ્ચિત વાત છે. (૫૧) જે પુરુષ દામોદર ભગવાનને પ્રિય કાર્તિક માસ વ્રત વિના નિર્ગમન કરે તે પુરુષ પક્ષીઓની યોનિને પામે છે તેમાં કશો વિચાર કરવા યોગ્ય નથી. (૫૨) જે પુરુષ કાર્તિક માસમાં ભાગવતી દીક્ષાને ગ્રહણ કરે છે તે પુરુષ સંસારબંધનથી નિશ્ચય મુક્ત થાય છે. (૫૩) કાર્તિક માસમાં ભગવાનના ચરણકમળમાં અર્પણ કરેલી તુલસીકાષ્ઠની બેવડી માળા છે તે વૈષ્ણવોએ સદાય ધારણ કરવી. (૫૪) ''હે તુલસીકાષ્ઠમાંથી બનેલી ! કૃષ્ણજનો જેને પ્રિય છે તેવી હે માલે ! તમને હું કંઠમાં ધારણ કરું છું. મને શ્રીકૃષ્ણ વ્હાલા થાય એમ તમો કરો.'' (૫૫) આ મંત્રથી પ્રાર્થના કરી આ માળા (કંઠી) ભક્તિપૂર્વક ધારણ કરવી. આ પ્રમાણે કાર્તિક માસમાં વિશેષપણે વ્રતો કરવા. (૫૬) (શ્રી હરિ બોલ્યા :) હે જનો ! કાર્તિક માસમાં કહેલાં વ્રતોમાંથી કોઈ એકાદ વ્રતનું અનુષ્ઠાન કરનાર વ્રતી પણ ચાતુર્માસવ્રતના ફળને પામે છે. (૫૭) આથી મનુષ્યોએ વાસુદેવ ભગવાનની પ્રસન્નતા માટે વ્રત, ઉપવાસ, નિયમો યથાશક્તિ પ્રયત્નપૂર્વક કરવા જોઈએ. (૫૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ભગવાન નારાયણમુનિ આ પ્રકારે ભક્તોને કહીને વિરામ પામ્યા. અને સર્વભક્તજનો પણ પરમ આનંદ પામ્યા. (૫૯) સર્વ ભક્તો 'હે ભગવન્ ! આપના કહેવા પ્રમાણે ચારેય માસનાં વ્રતો અમો કરીશું.' એમ બોલ્યા : તે સમયે શ્રીહરિ મહાપ્રભુએ પણ પ્રસન્ન થકા બન્ને નગર (વડનગર-વિસનગર)ના સર્વ પુરવાસીઓની પ્રશંસા કરી. (૬૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
વિસનગરેકાર્તિકકૃચ્છ્રાદિવ્રતનિરૂપણ એ નામે સુડતાલીશમો અધ્યાય થયો. ॥૪૭॥

●

## અધ્યાય - ૪૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! એ રીતે બન્ને નગરના નિવાસી ભક્તજનોને સુખ પમાડીને તેમની અનુમતિ લઈને શ્રીહરિ ભગવાન શ્રાવણ સુદ પાંચમના દિવસે ત્યાંથી ચાલી નીકળ્યા. (૧) પ્રેમથી પાછળ વળાવવા આવતા ભક્તજનોને પાછા વાળી શ્રી નારાયણમુનિ માર્ગમાં આવતા ગ્રામવાસી અને નગરવાસી ભક્તજનોને સુખ પમાડીને ગેરિતા ગામ પધાર્યા. (૨) ગેરિતામાં વિજયરાજ નામના બ્રાહ્મણ ભક્ત, સેવકો સહિત શ્રીહરિને પોતાને ઘેર પધરાવી ભક્તિપૂર્વક સેવન કરતા હતા. હરિભાઈ વગેરે વૈશ્ય ભક્તો પણ સેવા કરતા હતા. (૩) તારાચંદભાઈ, અંબારામભાઈ વગેરે ભાવસાર ભક્તોએ શ્રીહરિની પૂજા કરી, બીજા પણ ગણેશભાઈ, મોતીરામ વગેરે ભક્તોએ પણ પોતપોતાની દ્રવ્યસંપત્તિ અનુસાર શ્રીહરિનું પૂજન કર્યું. (૪) પછી સૂરજબાઈ, ઉલ્લાસબાઈ, સાંકળીબાઈ વગેરે સ્ત્રી ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિ મહાપ્રભુ ગેરિતામાં ત્રણ દિવસ રોકાઈને વિહાર ગામે પધાર્યા. (૫) હે રાજન્ ! વિહાર ગામમાં શ્રીહરિએ પીતાંબરભાઈ વિપ્રને ત્યાં નિવાસ કર્યો. તેમણે શ્રીહરિનું પ્રેમથી પૂજન કર્યું. ત્યારબાદ કુબેરભાઈ વગેરે વૈશ્યભક્તો અને માનીબાઈ વગેરે સ્ત્રીભક્તોએ શ્રીહરિનું પૂજન કરાવ્યું. (૬) વિહાર ગામમાં એક દિવસ રોકાઈને શ્રીહરિ ત્યાંથી વિજાપુર પધાર્યા. ત્યાં પ્રાગજીભાઈ, રેવાભાઈ, ગણેશભાઈ વગેરે વૈશ્ય ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું. (૭) ત્યારપછી વજીબા, નંદા, રળિયાત, વિખેદા વગેરે સ્ત્રીભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. શ્રીહરિ વિજાપુરમાં ત્રણ દિવસ રોકાયા. (૮) ત્યાંથી શ્રીહરિ બામણગામ પધાર્યા. ત્યાં ગાંગજી, નારુ, રતુજી વગેરે ક્ષત્રિયો, સેવકો સહિત શ્રીહરિનું ભક્તિભાવપૂર્વક સેવન કરતા હતા. (૯) ત્યાંથી શ્રીહરિ પ્રાંતિજ પધાર્યા. ત્યાંના મંછારામ, મયારામ અને કાશીરામ વગેરે બ્રાહ્મણભક્તોએ શ્રીહરિનું પૂજન કરી આદરસત્કાર કર્યો. (૧૦) ત્યારપછી તુલજારામ, નથ્થુ, ભગવાન, માધવ, ગિલજી, હરગોવિંદ, સાંકળચંદ, નાનશા, પીતાંબર વગેરે વણિકજનોએ તથા ફતાજી નામના બારોટ ભક્તે શ્રીહરિનું સેવન કરી સંતવર્ણી પાર્ષદોએ સહિત શ્રીહરિને નાના પ્રકારના ભક્ષ્ય ભોજ્યાદિ વડે તૃપ્ત કર્યા. (૧૧-૧૨) ત્યારપછી મૂળીબાઈ, ઇચ્છા, યમુના, રૂપાળી, મણિ, સોનાબા અને બર્હિણી વગેરે નામની સ્ત્રીભક્તો તથા બીજા અન્ય સ્ત્રીભક્તોએ શ્રીહરિની યથાયોગ્ય પૂજા કરી. (૧૩) શ્રીહરિ મહાપ્રભુ પ્રાંતિજમાં ઉપરથી ભક્ત સમાન દેખાતા અનેક વાદકર્તાઓને સચ્છાસ્ત્રોની યુક્તિઓ વડે જીતી લઈને તેમનામાં ભાગવત ધર્મની સ્થાપના કરી. (૧૪) શ્રીહરિ પ્રાંતિજમાં પાંચ દિવસ નિવાસ કરીને ત્યાંથી માણસા પધાર્યા. ત્યાં પીતાંબરભાઈ, બહેચરભાઈ, દલજિત વગેરે ભક્તજનોએ શ્રીહરિની સેવા કરી. (૧૫) પછી દલપતરામ નામના બ્રાહ્મણે શ્રીહરિની સેવા કરી. પછી વિજય, સાંકળચંદ વગેરે વણિકભક્તોએ યથાધન શ્રીહરિની સેવા કરી. (૧૬) પછી દૃઢ ભક્તિવાળાં સોનાબા વગેરે સ્ત્રીભક્તોએ ઈશ્વરમૂર્તિ શ્રીહરિની પૂજા કરી. માણસામાં ત્રણ દિવસ રોકાઈને શ્રીહરિ પુંજાપર પધાર્યા. (૧૭) પુંજાપરમાં એક દિવસ રોકાઈને શ્રીહરિ પલિયડ ગામે પધાર્યા. ત્યાં જૂમખરામ વિપ્રે તથા ગંગાબા નામનાં બ્રાહ્મણીએ

શ્રીહરિની પૂજા કરી. (૧૯) ત્યારપછી જેઠાભાઈ વગેરે વૈશ્યભક્તો તથા જ્ઞાનબાઈ વગેરે સ્ત્રીઓએ શ્રીહરિની સેવા કરી. પલિયડમાં એક દિવસ રોકાઈને શ્રીહરિ ખોરજ પધાર્યા (૨૦) ખોરજમાં ગોદડ ભક્તે પૂજેલા શ્રીહરિ ત્યાંથી નારદીપુર પધાર્યા, નારદીપુરમાં રતનબાઈએ પૂજેલા શ્રીહરિ કરજીસણ પધાર્યા. (૨૧) કરજીસણમાં શ્રીહરિએ સેવકો સહિત નાચિકેત (નાનાભાઈ) બ્રાહ્મણના ઘેર નિવાસ કર્યો. ગોવિંદજી, ખુશાલ, પીતાંબર વગેરે વૈશ્ય ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું. (૨૨) શ્રીહરિ મહાપ્રભુએ કરજીસણમાં જન્માષ્ટમીને દિવસે મોટી સામગ્રીઓ વડે કૃષ્ણપૂજા મહોત્સવ કર્યો. બીજે દિવસે સંત બ્રાહ્મણોને મિષ્ટાન્ન વડે તૃપ્ત કર્યા. (૨૩) શ્રીહરિ કરજીસણમાં પાંચ દિવસ રોકાઈને ત્યાંથી વડુ ગામે પધાર્યા. વડુમાં ક્ષત્રિય વીર માનજીએ પરમ આદરપૂર્વક શ્રીહરિની સેવા કરી. (૨૪) ત્યારબાદ પુરુષોત્તમ, ઝવેરભાઈ, જેરામભાઈ વગેરે પટેલ ભક્તો માન મૂકીને શ્રીહરિની સેવા કરતા હતા. શ્રીહરિ ત્યાં એક દિવસ રોકાયા. (૨૫) ત્યારબાદ નારાયણમુનિ ભગવાન પાંચાળ, સૌવિર, તથા ગુર્જર દેશના ભક્તજનોથી વીંટાયા થકા અને સર્વ ભક્તજનોને સુખ પમાડતા થકા શ્રીનગર (અમદાવાદ) પધાર્યા. (૨૬) પોતાને અતિ પ્રિય સ્વામિનારાયણ ભગવાનને પધારતા સાંભળી શ્રીનગરવાસી ભક્તજનો અનેકવિધ વાહનો અને ગીત- વાજિંત્રોના ઘોષોની સાથે તેમની સન્મુખ ગયા. (૨૭) નથુરામ, હેમંતરામ, ગિરધર, લક્ષ્મણ, જીવન, ગણપતિ વગેરે બ્રાહ્મણો વિનમ્રભાવે શ્રીહરિની સન્મુખ ગયા. (૨૮) હીરાચંદ, બહેચર, લાલાગુપ્ત, માણેક, દામોદર, ભગવાન વગેરે ઉત્તમ વૈશ્ય ભક્તો શ્રીહરિની સામે ગયા. (૨૯) વળી ગંગાબા, રેવાબા, ગંગાજી, દિવાળી, અભયા, શિવા, લક્ષી, શ્યામાબાઈ વગેરે સ્ત્રીઓ શ્રીહરિના દર્શનની ઉત્સુકતાવાળાં થઈને સામે ગયાં. (૩૦) નગરની અર્ધો કોશ દૂર અશ્વ ઉપર બિરાજમાન થઈને આવેલા શ્રીહરિને જોઈને સર્વ ભક્તજનો હરખના આંસુથી વ્યાપ્ત દૃષ્ટિવાળા થઈને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. (૩૧) પ્રણામ કરતા ભક્તોને ભગવાને યથાયોગ્ય વચનો વડે સન્માનિત કર્યા. સન્માનિત કરાયેલા ભક્તોએ પરમ આદરથી શ્રીહરિને સુખપાલમાં બેસાર્યા અને મુનિજનોને રથ વગેરે વિવિધ વાહનોમાં બેસાર્યા. (૩૨) હે નૃપ ! પછી ખૂબ જ આનંદવાળા આ ભક્તો નાનાવિધ વાજિંત્રો વગાડતા અને શ્રીહરિના ગુણગાનનાં કીર્તનોને ઊંચા સ્વરે ગાતા નગરમાં પ્રવેશ્યા. (૩૩) આવીને નવીન મોટી હવેલીમાં આદરથી ભગવાનનો ઉતારો કરાવીને પછી તેમનું મુનિ સાથે આદરથી ઉત્તમ આતિથ્ય કરવા લાગ્યા. (૩૪) શ્રીનગરમાં જે નવીન હવેલીમાં શ્રીહરિનો નિવાસ હતો તે પોળ આજે પણ 'નવા વાસ'નામથી કહેવાય છે. (૩૫) શ્રીનગરવાસી ભક્તજનો સંતો, બ્રહ્મચારીઓ અને પાર્ષદોને બહુવિધ ભક્ષ્ય ભોજનાદિ વડે દરરોજ તૃપ્ત કરતા હતા. (૩૬) શ્રી સ્વામિનારાયણ ભગવાનને પોતપોતાને ઘેર લઈ જઈને ચંદન, પુષ્પ, કિંમતી વસ્ત્રો, આભૂષણો વડે તથા સોનારૂપાની મુદ્રાઓ વડે પૂજન કરતા હતા. (૩૭) જગતમાં ભક્તિમાર્ગનું સર્વત્ર પોષણ કરતા ભગવાને જન્માષ્ટમી તિથિએ ભક્તો પાસે મહાસામગ્રીથી શ્રીકૃષ્ણજન્મોત્સવ કરાવ્યો. (૩૮) પછી શ્રી નારાયણમુનિ ભગવાને ઈચ્છિત ભોજનો વડે હજારો બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કર્યા અને તેમને ચક્રવર્તી રાજાની પેઠે ભારે દક્ષિણાઓ આપી. (૩૯)

ત્યારબાદ હે રાજન્ ! પછી એકાદશીના દિવસે મોટી વિશાળ સભા ભરાઈ હતી. તે સભામાં પુરુષો અને સ્ત્રીઓ યથોચિત મર્યાદા પ્રમાણે બેઠાં. (૪૦) પછી તે સભામાં સંત, વર્ણી તથા શ્રીહરિના અનુચર પાર્ષદો અને સર્વ સેવકો અનુક્રમે મર્યાદાપૂર્વક બેઠા. (૪૧) ત્યારબાદ નથુભટ્ટ વગેરે પુરવાસી પુરુષો તથા ગંગા વગેરે હજારો સ્ત્રીઓ તે સભામાં સુખપૂર્વક મર્યાદા અનુસાર બેઠાં. (૪૨) ત્યારબાદ અભક્ત એવા હજારો નરનારી જનો તે સભાસ્થળે આવી હસતા હસતા અને નમસ્કાર કર્યા સિવાય કૂતુહલવશ ઊભા રહ્યાં. (૪૩) તે સભામાં રહેલા બ્રાહ્મણોમાં સેંકડો વેદાંતશાસ્ત્રીઓ હતા તથા સેંકડો નૈયાયિકો હતા તથા સેંકડો ઉત્તમ વૈયાકરણીઓ હતા. (૪૪) વળી કેટલાક મીમાંસકો હતા, યોગશાસ્ત્રને જાણનારાઓ ઘણા હતા, કેટલાક કાવ્ય-અલંકારના સ્વરૂપને જાણનારા હતા, કેટલાક વેદ ભણેલા હતા, કેટલાક તાંત્રિકો હતા, કેટલાક પુરાણ જાણનારા પંડિતો હતા. (૪૫) આ રીતે તે સભામાં સેંકડો સ્ત્રી-પુરુષો ભેગા થઈ ઊંચી ડોક કરીને ઊંચી દૃષ્ટિએ કેટલાક બેઠા હતા તથા કેટલાક ઊભા જ રહ્યાં. (૪૬) હે ભૂપતે ! ત્યારબાદ શ્રીહરિ સભાના મધ્યમાં સ્થાપન કરેલ મોટી પાટ ઉપર પોતે બિરાજમાન થયા. ત્યારે સર્વ જનો એકાગ્રદૃષ્ટિથી તે શ્રીહરિને જોઈ રહ્યાં. (૪૭) પ્રીતિપૂર્વક શ્રીહરિને જોઈ રહેલામાંથી કેટલાક મુનિઓ, કેટલાક ગૃહસ્થો અને કેટલીક સ્ત્રીઓ શ્રી નારાયણમુનિની કૃપાથી જ તત્કાળ જ સમાધિને પામીને શ્રીહરિના ગોલોક આદિ ધામોને પામ્યાં. (૪૮-૪૯) સભામાં આ રીતે સમાધિને પામેલા તે સ્ત્રી-પુરુષો મેષોન્મેષ રહિત નેત્રવાળા અને કાષ્ઠ પાષાણની મૂર્તિઓની માફક સ્થિર થઈ ગયાં. (૫૦) સમાધિ સમયે સભામાં જે જનો બેઠા હતા તેઓ બેઠા જ રહી ગયા અને જે જનો ઊભા હતા તેઓ થાંભલાની પેઠે ઊભા જ રહ્યા. તે સર્વ ભક્તો સુવર્ણના ચંપાની પેઠે કાંતિવાળા અને તેજસ્વી પ્રતીત થવા લાગ્યા. (૫૧) કેટલાક સમાધિનિષ્ઠ જનો તો બહાર સ્તબ્ધ નેત્રોવાળા અને કેટલાક અંદર પ્રતિલોમ નેત્રવૃત્તિવાળા થઈ ગયા. અને કેટલાક સ્વસ્વરૂપમાં લીન પ્રાણવૃત્તિવાળા થઈ ગયા. (૫૨) સમાધિમાં રહેલા જનોને જોઈને ભગવાનનો મહિમા જાણનારા અન્ય સર્વ જનો પરમ વિસ્મય પામીને આ શ્રીહરિનો જ પ્રતાપ છે એમ જાણવા લાગ્યા. (૫૩) અને કેટલાક તો શાસ્ત્રને જાણનારા હોવા છતાં પણ આસુરી બુદ્ધિવાળા પુરવાસી બ્રાહ્મણો આ પ્રકારની આકસ્મિક સમાધિ જોઈને તેને કપટ સમાધિ માનવા લાગ્યા. (૫૪) 'પોતાના મતની શ્રેષ્ઠતા સ્થાપવા આ બધાય કપટથી જડભાવને આશરીને જનોને ઠગે છે.' એમ બોલતા થકા સમાધિનિષ્ઠ જનોની પરીક્ષા કરવા લાગ્યા. (૫૫) સમાધિનિષ્ઠ જનોના હાથ-પગની નાડીઓની નાડીપરીક્ષકો પરીક્ષા કરવા લાગ્યા તો વળી કેટલાક કુમતિ જનો પગ-સાથળ વગેરે ઉપર સળગતા અંગારા મૂકવા લાગ્યા. (૫૬) ત્યારે નાડીપરીક્ષકો નાડી જોવા છતાં તેની ગતિ નહીં જાણીને તથા બળતા અંગારા મૂકનારા તેમનું ક્ષોભરહિતપણું જોઈને અત્યંત આશ્ચર્ય પામી ગયા. (૫૭) કેટલાક દુષ્ટ જનો તો છરી વડે સમાધિનિષ્ઠ જનોનાં અંગોનું છેદન કરીને પણ તેમનું ક્ષોભરહિતપણું જોઈને ત્રાસ પામી અત્યંત આશ્ચર્ય પામી ગયા. (૫૮) એ રીતે પરીક્ષામાં પ્રવર્તેલા તેઓ 'અસ્થાનમાં પરીક્ષા કરી' એમ જાણી એકબીજાને જોતા થકા પોતાને અપરાધી જાણીને અને શ્રી નારાયણમુનિને યોગેશ્વર જાણીને

ભયભીત થઈ ગયા. (૫૯) ત્યારબાદ તે બ્રાહ્મણો અને બીજાઓએ પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પોતાનો આશય પૂછવા શ્રીહરિની આગળ રહેલા નથ્થુભટ્ટને પ્રેર્યા. (૬૦) ત્યારે નથ્થુભટ્ટ બ્રાહ્મણો વગેરેનો અભિપ્રાય જાણી તેમને સંશય રહિત કરવા પોતાના બન્ને હાથ જોડી પ્રભુને નમસ્કાર કરીને કહેવા લાગ્યા. (૬૧) 'હે ભગવન્ ! શાસ્ત્રોને જાણનાર આ બધા પંડિતો આકસ્મિક સમાધિથી અત્યંત વિસ્મિત મનવાળા થઈને તમોને પોતાનો આશય પુછાવે છે. (૬૨) હે હરે ! આ ભૂમિ ઉપર દરરોજ વેદોના અંગભૂત ઉપનિષદ ગણોને સાંભળનારા અને મનન કરનારા ઘણા જનો છે. (૬૩) કેટલાક પુરુષો દરરોજ અષ્ટાંગયોગની સાધના કરે જ છે. શ્રવણમનનના અભ્યાસનિષ્ઠ અને અષ્ટાંગયોગનિષ્ઠ પુરુષોમાં કોઈ સમાધિને પામેલો જણાતો નથી. (૬૪) અથવા અનેક પ્રકારે વારંવાર અભ્યાસ કરવા છતાં પણ તેવો સમાધિને પામેલો કોઈપણ પુરુષ કે સ્ત્રી કોઈ ગામ કે પુરમાં સાંભળવામાં આવ્યા નથી. (૬૫) અને હે ઈશ્વર ! અહીં આ સભામાં પુરુષો હીન જાતિના હોવા છતાં પણ સર્વોત્કૃષ્ટ સમાધિનિષ્ઠ થયેલા જોવામાં આવે છે. (૬૬) આજે આ સભામાં રહેલા પુરુષો તો અષ્ટાંગયોગની સાધના કે ઉપનિષદ શ્રવણમનનના અભ્યાસ વિનાના પણ કેવળ તમારા દર્શન માત્રથી જ સર્વોત્તમ સમાધિ અવસ્થાને પામી ગયા છે. (૬૭) આ બધા નરનારીઓ સમાધિમાં શું જોતાં હશે ? આ બાબતમાં અમોને ઘણું જ આશ્ચર્ય થવા સાથે અમારા મનમાં સંદેહ વર્તે છે આથી આપ અમને કૃપા કરીને કહો. (૬૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! દયાનિધિ શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પ્રકારે જનોનું વચન સાંભળી મંદહાસ્ય કરીને સંદિગ્ધચિત્તવાળા પુરવાસી બ્રાહ્મણોને કહેવા લાગ્યા. (૬૯) 'હે દ્વિજો ! આ બધા જનોને સમાધિમાંથી જગાડીને તે સર્વને પૂછો. તે બધા પુરુષો પોતે જ સમાધિમાં જે પોતે જોયું તે બધું તમોને કહેશે.' (૭૦) ભગવાનનું આવું વચન સાંભળીને શાસ્ત્રી વિપ્રો, જગદ્‌ગુરુ શ્રીહરિ પ્રત્યે બોલ્યા કે હે ભગવન્ ! આ મૃતઃપ્રાય જનોને અમો જગાડવા માટે સમર્થ નથી. (૭૧) અમારા દુષ્ટ અભિપ્રાયથી અમોએ અગ્નિ-શસ્ત્રાદિ વડે પીડા પમાડેલા છતાં પણ આ જનો જાગ્રત થતા નથી એ જ મોટું આશ્ચર્ય છે. (૫૨) આથી હે પ્રભો ! સમાધિમાં રહેલા આ સર્વ જનોને તમો જ જાગ્રત કરો, ત્યારપછી તેમણે સમાધિમાં જોયેલું અમે તેમને પૂછીશું. (૭૩) ત્યારે નારાયણમુનિએ ચારે તરફ સમાધિનિષ્ઠ જનો સામે જોયું તેટલામાં તો તે સર્વે એકદમ સમાધિમાંથી ઊઠીને ભગવાનને પ્રમાણ કરી ઊભા રહ્યા. (૭૪) ત્યારબાદ શાસ્ત્રકુશળ પંડિત બ્રાહ્મણો સમાધિમાંથી જાગેલા જનોને આશ્ચર્યપૂર્વક પૂછવા લાગ્યા કે હે ભક્તજનો ! તમોએ સમાધિમાં શું જોયું તે અમોને કહો. (૭૫) સમાધિમાંથી વિરત થયેલા જનો સમાધિમાં પોતે જોયેલા આ જ શ્રી નારાયણમુનિની આજ્ઞા લઈને બધા જુદું જુદું બ્રાહ્મણોને કહેવા લાગ્યા. (૭૬) ત્યારે કેટલાક સમાધિમાંથી જાગેલા જનો 'પ્રાકૃત તમથી પર ચિદાકાશવર્તી બ્રહ્મપુર- ધામમાં આ જ શ્રીહરિને રાધાલક્ષ્મીથી યુક્ત અમોએ સાક્ષાત્ જોયા' એમ કહ્યું. (૭૭) એકી સાથે ઉદય પામેલા દશ હજાર સૂર્યના તેજ સમાન શ્વેતદ્વીપ ધામમાં શ્રી નારાયણમુનિને જ નિરન્ન મુક્તોએ સહિત

વાસુદેવ સ્વરૂપે અમે જોયા એમ કેટલાકે કહ્યું. (૭૮) કોઈ જનોએ આ શ્રીહરિ જ અનેક મૂર્તિમાન સંપત્તિએ સહિત ગોલોક ધામમાં રાસમંડળના ભૂષણરૂપ ગો-ગોપ-ગોપીઓએ સેવેલા, રાધિકેશ્વરસ્વરૂપ શ્રીકૃષ્ણરૂપે સમાધિમાં અમોએ જોયા એમ કહ્યું. (૭૯-૮૦) બીજા કોઈએ આ શ્રીહરિ જ મહાવૈકુંઠલોકમાં વિશ્વક્સેનાદિ પાર્ષદોએ વીંટાયેલા, મહાલક્ષ્મીએ સહિત, ભૂમાપુરુષરૂપે અમોએ જોયા છે એમ કહ્યું. (૮૧) તથા વૈકુંઠ લોકમાં ઉત્તમ પાર્ષદો અને લક્ષ્મીએ સહિત વિષ્ણુસ્વરૂપ આ શ્રીહરિ જ અમે જોયા એમ કેટલાક કહેતા હતા. (૮૨) ક્ષીરસાગરમાં શેષ- નારાયણરૂપ શય્યા ઉપર આ નારાયણમુનિને જ અમે જોયા એમ કેટલાક જનો કહેતા હતા. (૮૩) અમો તો આ શ્રી નારાયણમુનિને જ બદરિકાશ્રમમાં તપ કરતા શ્રી નરનારાયણસ્વરૂપે જોયા એમ કેટલાક જનોએ બ્રાહ્મણોને કહ્યું. (૮૪) તે જ પ્રકારે અમોએ આ નારાયણમુનિને સૂર્યમંડળમાં મહાકાંતિવાળા હિરણ્યવર્ણ હિરણ્મય પુરુષરૂપે જોયા એમ કેટલાક જનોએ વિપ્રોને કહ્યું. (૮૫) અમે તો આ શ્રીહરિને દેદીપ્યમાન અગ્નિમંડળમાં યજ્ઞપુરુષ યજ્ઞનારાયણ રૂપે જોયા એમ કેટલાકે કહ્યું. (૮૬) આ પ્રમાણે જે જે જનો જે જે લોકને પામીને એને જોયા હતા તે તે જનો તે લોક સંબંધી ઐશ્વર્ય અને વૈભવને બ્રાહ્મણો આગળ વિસ્તારથી કહેવા લાગ્યા. (૮૭) તે સમયે શાસ્ત્રીઓ તથા પૌરાણિક પ્રમુખ બ્રાહ્મણો સમાધિવાળા જનોનું યથાશાસ્ત્ર વચન સાંભળી પરમ આશ્ચર્યને પામી ગયા. (૮૮) જેમને શાસ્ત્રો જોયાં કે સાંભળ્યાં નથી એવાં પણ બાળકો અને સ્ત્રીઓ વગેરે દ્વારા ધામોનું યથાર્થ વર્ણન સાંભળી બ્રાહ્મણો વિચાર કરવા લાગ્યા. (૮૯) કે શાસ્ત્રો નહિ ભણેલ આ સમાધિસંપન્ન જનોએ જે વર્ણન કર્યું છે તે યથાર્થ જ છે, માટે એમની સમાધિ સાચી જ છે એમાં લેશ સંશય નથી. (૯૦) આવી સમાધિ જે શ્રી નારાયણમુનિના દર્શનમાત્રથી જ તે જ ક્ષણે થાય છે; આથી શ્રી નારાયણમુનિ જેવા અન્ય બીજા કોઈ ઈશ્વર જ નથી એ નિશ્ચય વાત છે. (૯૧) જે નારાયણમુનિ આ સ્વાશ્રિત જનોનાં નાડીપ્રાણને અનાયાસથી દૃષ્ટિ માત્રથી જ ખેંચે છે તે નારાયણમુનિ સર્વ લોકોના નાડીપ્રાણોને ખેંચી લે તો કોઈપણ તેમને ના કહેવા સમર્થ નથી. (૯૨) માટે આ સ્વામિનારાયણ પ્રત્યક્ષ ભગવાન જ છે એમાં સંશય નથી. સર્વ બ્રાહ્મણો આ પ્રમાણે નિશ્ચય કરી મહાપ્રભુ શ્રી નારાયણમુનિને પ્રણામ કરી તે પ્રભુનો આશ્રય કરવાની ઇચ્છા કરી પોતાનાં પૂર્વ કરેલાં કર્મોને યાદ કરવા લાગ્યા. (૯૪) અને લોકોને ઠગવા માટે પોતે પૂર્વ દંભભક્તિ વગેરે જે જે કર્મ કર્યું હતું તે કર્મનું સ્મરણ કરી પ્રશ્ચાત્તાપ કરવા લાગ્યા. (૯૫) ધર્માભાસથી પોતાથી જે જે પાપ થયાં હતાં તે પાપોનું સ્મરણ કરી આંખમાં આંસુ લાવ્યા. (૯૬) અને કામ, ક્રોધ, લોભ, મદ, ઈર્ષ્યા વગેરે મદથી જે જે પાપો કર્યાં હતાં તેને તેને સંભારીને તે બ્રાહ્મણો મૂર્છિત જેવા થઈ ગયા. (૯૭) આ પશ્ચાત્તાપ એમને શ્રીહરિદર્શનના પ્રભાવથી થયો, આ વિપ્રો એ રીતે અત્યંત પશ્ચાત્તાપના અગ્નિથી સમગ્ર પાપો બળી જતાં શુદ્ધ ચિત્તવાળા થઈ ગયા. (૯૮) તેથી શ્રીહરિજીને સર્વ નિયામક ઈશ્વર રૂપે જાણીને તેમના વિષે પોતાના મનને ધારણ કરવા શક્તિમાન ન થતાં શ્રી નારાયણમુનિના શરણમાં ગયા. (૯૯) ત્યારપછી શ્રી નારાયણમુનિને સાષ્ટાંગ પ્રણામ કરી તે બ્રાહ્મણો બે હાથ જોડીને બોલ્યા :

'હે સ્વામિન્ ! અમો આપના જ છીએ. ઘોર સંસાર થકી અમારી રક્ષા કરો.' (૧૦૦) આ પ્રમાણે કહીને તે બ્રાહ્મણોએ ચંદન, ચોખા, પુષ્પોના હારો, ધૂપ, દીપાદિ તથા નવીન વસ્ત્રાભૂષણો વડે શ્રીહરિની પ્રેમથી પૂજા કરી. (૧૦૧) તે દ્વિજો શ્રી નારાયણમુનિની કપૂર વડે આરતી કરતાં, તાળીઓ વગાડવા- પૂર્વક ઊંચા સ્વરથી આ પ્રમાણે ગાવા લાગ્યા : (૧૦૨) 'હે દેવ ! તમે જયકારી પ્રવર્તો, જયકારી પ્રવર્તો. તમારી મૂર્તિ મંગળકારી છે. સ્વભક્તોને સુખપૂર્તિ કરનાર છો. વળી નારાયણ - સર્વ જીવનસમૂહના આશ્રયભૂત છો. તમો પુરુષોત્તમ-ક્ષરાક્ષર પુરુષોની અપેક્ષાએ સર્વથા ઉત્તમપણે વિખ્યાત છો. હે પુરુષોત્તમ તમો જયકારી પ્રવર્તો. (ધ્રુવપદ) પ્રકૃતિમય ગાઢ અંધકારથી પાર વર્તતા, વિસ્તૃત તેજ ચિદાકાશમાં માપ રહિત બ્રહ્મપુર ધામમાં રાધા રમા સાથે તમો જ વિરાજો છો તથા ક્ષીરસાગરના ઉત્તર કિનારે રહેલ મહાન દ્વીપમાં દશ હજાર સૂર્ય સમાન કાંતિવાળા તમો જ વિરાજો છો. હે પ્રભો ! તમે જયકારી પ્રવર્તો. (૧૦૩) રમાની રુચિ માટે પોતે જ રચેલા, બહુ વિશાળ, કાળભય રહિત વૈકુંઠ ધામમાં લક્ષ્મીજીની પ્રીતિ માટે વિષ્ણુરૂપે વાસ કરો છો અને ક્ષીરસાગરમાં ચાતુર્માસ સમયે ઉદાર અને અતિ કોમળ મૂર્તિવાળા શેષનારાયણરૂપ પલંગ ઉપર લક્ષ્મીજીએ ચાંપ્યા છે ચરણાવિંદ જેમના એવા યોગેશ્વરરૂપે તમો શયન કરો છો. - એવા હે પ્રભો ! તમો જયકારી પ્રવર્તો. (૧૦૪) આપ જ રવિમંડળના મધ્યમાં હિરણમય પુરુષરૂપ તમો જ દેખાવો છો. દક્ષિણાદિ, આહ્‌વનીય અને ગાર્હપત્ય આ નામના ત્રણ અગ્નિમંડળમાં યજ્ઞોના સ્વામીરૂપે આપ જ વિરાજો છો. બદ્રિકાશ્રમમાં તપશ્ચર્યાથી સર્વ લોકોને સુખી કરવા પાપપુંજને હરનારા નામવાળા નરનારાયણ રૂપે આપ જ શોભો છો. તમો જયકારી પ્રવર્તો. (૧૦૫) આપ જ દિવ્ય ગોલોકધામમાં દિવ્ય વેણુવાદનમાં રસિક, રાધાજી સંગે વિહાર કરનારા, કળિબળનો નાશ કરનારા શ્રીકૃષ્ણસ્વરૂપે ભાસો છો. આપ જ મહાવૈકુંઠમાં મહાલક્ષ્મી અને પાર્ષદો સહિત સર્વના રક્ષક તથા ભક્તોને સુખદાતા એવા ભૂમાપુરુષરૂપે તમો જ છો. તમો જયકારી પ્રવર્તો. (૧૦૬) હે યોગેશ્વર ! ચેતન-અચેતન સર્વ વર્ગના અંતર્યામી તથા સ્વાશ્રિત જનોના કાળ-માયાદિ ભયને હરનારા પણ તમો જ છો. અને તમો જીવાત્માઓના આત્યંતિક કલ્યાણના કરનાર છો. હે ભગવન્ ! અમો આપના એક સત્ય ચરણારવિંદના જ શરણને પામ્યા છીએ તો તમે અમોને માયામય સંસારબંધનથી મુક્ત કરો અને અમારી દુર્મતિને દૂર કરો. હે પ્રભો ! તમો જયકારી પ્રવર્તો.' (૧૦૭) આ પ્રકારે સર્વ બ્રાહ્મણોએ આરતી ઉતારીને શ્રીહરિને મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરી. ત્યારપછી પ્રણામ કરી 'અમોને સંસારથી આપ બચાવો' એમ પ્રાર્થના કરવા લાગ્યાં. (૧૦૮) પછી સત્પુરુષોના સ્વામી શ્રીહરિ પ્રસન્ન થકા બ્રાહ્મણોને આશ્વાસન આપી તેમને સંસારથી અભયદાન આપ્યું. આથી બ્રાહ્મણો સ્વસ્થ અને પ્રસન્ન ચિત્તવાળા થઈ ગયા. (૧૦૯) આ પછી શ્રી નારાયણમુનિની આજ્ઞાથી બ્રાહ્મણો સભામાં બેસી ગયા પછી પ્રસન્ન થઈને પોતાના આત્માને કૃતકૃત્ય માનવા લાગ્યા. (૧૧૦) ત્યારપછી શ્રીહરિ બ્રાહ્મણોને કહેવા લાગ્યા : 'હે દ્વિજો ! આજથી માંડીને તમો મારા જ થયેલા છો તે નિશ્ચય જાણો. આથી વારંવાર જન્મમરણાત્મક સંસારથી તમોને ભય નહિ જ થાય. (૧૧૧) દેવ સંબંધી, પિતૃ સંબંધી સ્વધર્મને

પાલન કરતા રહીને હંમેશાં દૃઢ ભક્તિથી આદરપૂર્વક શ્રીકૃષ્ણની ઉપાસના કરો તેથી દેહાવસાને ભગવાનના બ્રહ્મપુર ધામને પામશો.' (૧૧૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુએ આ પ્રમાણે કહેલા તે શાસ્ત્રવેદી બ્રાહ્મણો શ્રી નારાયણમુનિને જ સ્વયં કૃષ્ણ છે એમ જાણીને વિનયપૂર્વક કહેવા લાગ્યા. (૧૧૩)

**બ્રાહ્મણો બોલ્યા :**

'હે નારાયણ ! હે હરે ! હે સ્વામિન્ ! હે મુમુક્ષુજનોના પરમ આશ્રય ! અમો અત્યારે જ તમારા સમાગમ ક્ષણે જ મનુષ્યદેહની પ્રાપ્તિની સફળતા પામી ગયા છીએ. (૧૧૪) વેદ, શાસ્ત્ર, પુરાણો વડે જે ઈશ્વર પ્રતિપાદન કરાય છે તે જ તમો છો. આવો અમારા હૃદયમાં નિશ્ચય થયેલો છે. (૧૧૫) અત્યારે અમો કૃતકૃત્ય થયા છીએ, કર્મપાશબંધનથી મુક્ત થયા છીએ. સર્વ શાસ્ત્રો એક તમારું જ પ્રતિપાદન કરે છે એમ અમો જાણીએ છીએ. (૧૧૬) અમો અગાઉ માનતા હતા કે સૂર્યમંડળ, અગ્નિમંડળ, બદરિકાશ્રમ, ક્ષીરસાગર, શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુરમાં ભિન્ન ભિન્ન ઈશ્વર છે. પરંતુ હે ઈશ્વર ! સર્વ ધામોમાં તમો એક જ વિરાજો છો એવું અમે હાલ જ જાણ્યું. (૧૧૭-૧૧૮) અમો એ ઈશ્વરના ભેદ અભેદના જ્ઞાન માટે આ ઈશ્વર સત્ય નથી અને આ ઈશ્વર સત્ય છે આવો વાદ અમોએ વિદ્વાનો સાથે કરેલો છે. (૧૧૯) પરંતુ હે સ્વામિન્ ! હાલમાં તો અમો સમાધિસંપન્ન જનોનાં વચનોથી તમો એકને જ સર્વના કારણ અને સર્વધામવાસી જાણીએ છીએ. (૧૨૦) આથી હે સ્વામિનારાયણ ! હે વિભો ! અમો કૃષ્ણનામવાળા તમારું જ શ્રવણ-કીર્તનાદિ નવ પ્રકારે સર્વદા ભજન કરીશું. (૧૨૧) અનુષ્ઠાન કરવા યોગ્ય દેવ સંબંધી અને પિતૃસંબંધી જે કર્મ કરવાનું તમોએ અમને કહ્યું તે અનુષ્ઠાન બાબતમાં અમો તમોને થોડુંક પૂછીએ છીએ. હે પ્રભો ! આપ તે સાંભળવાને યોગ્ય છો. (૧૨૨) અમો તો તમારો જ સમાશ્રય કરેલો હોવાથી કૃતાર્થ થયા છીએ. એવા અમને હવે પછી દેવસંબંધી અને પિતૃસંબંધી કર્મ કરવાથી શું ફળ છે ? કાંઈપણ નથી. (૧૨૩) આથી હે વિભો ! અમો આ કર્માચરણરૂપ કલેશને ત્યાગ કરવા ઈચ્છીએ છીએ. કેમ કે સ્વર્ગાદિ તુચ્છ લોકની અમારા અંતરમાં (તે વિનાશી હોવાથી) જરાપણ સ્પૃહા નથી. (૧૨૪) હે પ્રભો ! તે કર્મની યોગ્યયોગ્યતા અમો તમોને પૂછીએ છીએ તો તમો અમારા આ પ્રશ્નનો ઉત્તર કહેવા યોગ્ય છો.' (૧૨૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે પંડિતોએ પૂછેલા શ્રીહરિ મહાપ્રભુ અતિ પ્રસન્ન થઈ બ્રાહ્મણોની પ્રશંસા કરતા થકા સુંદર વાણીથી કહેવા લાગ્યા. (૧૨૬)

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

'હે પંડિતો ! તમો પુણ્યશાળી છો અને તમોએ શાસ્ત્રાધ્યયન પણ સફળ કર્યું છે કેમ કે ભગવદ્ભક્તિશૂન્ય પુરુષોને શાસ્ત્રો ભરેલી પેટીઓથી શું ફળ થાય ? કંઈપણ ફળ નથી. (૧૨૭) મનુષ્યોને શાસ્ત્રો વડે જે જાણવા યોગ્ય છે તે સર્વ તો તમોએ આજે જાણ્યું છે અને જે પ્રાપ્ત કરવા

યોગ્ય છે તે સર્વ પણ આજે પ્રાપ્ત કર્યું છે એમ જાણો. (૧૨૮) હે બ્રાહ્મણો ! તમોએ વૈદિક ધર્માચરણનો જે ત્યાગ કહ્યો તે કર્મત્યાગ અમારા મતમાં નથી જણાતો તે નિશ્ચય જાણો. (૧૨૯) હે વિપ્રો ! મનુષ્યોએ જ્યાં સુધી દેહનું ભાન હોય ત્યાં સુધી મારા સર્વ આશ્રિતોએ પ્રમાદ રહિત થઈને વર્ણાશ્રમોચિત પોતપોતાના ધર્મનું પાલન કરવું જોઈએ પણ ત્યાગ કરવો નહિ. (૧૩૦) ઉત્તમ બુદ્ધિવાળો મારો દરેક આશ્રિત જન બુદ્ધિપૂર્વક દેવસંબંધી અને પિતૃસંબંધી કર્મોનો ત્યાગ ન જ કરે. સમાધિને પરવશ થયેલા યોગીને વૈદિક કર્મો સ્વયં ત્યાગી દેશે. (૧૩૧) ધર્મ વડે નિત્ય નૈમિત્તિક કર્મો મુક્તોએ પણ સર્વથા ત્યાગ કરવા યોગ્ય નથી. તો તે કર્મો મુમુક્ષુઓએ તો મૂઢની માફક ત્યાગ ન જ કરાય. (૧૩૨) જે પુરુષો ભક્તિનું માહાત્મ્ય અવલંબન કરીને અથવા જ્ઞાનના માહાત્મ્યે કરી પોતપોતાના ધર્માચરણનો ત્યાગ કરે છે તે પુરુષો ધર્મ, ભક્તિ અને જ્ઞાનથી ભ્રષ્ટ થઈને નરકને પામે છે. (૧૩૩) આ ધર્મનો સંપૂર્ણ વિસ્તાર સ્કંદપુરાણમાં રહેલા શ્રી વાસુદેવ માહાત્મ્ય થકી તમોએ અવ્યગ્રબુદ્ધિથી જાણવો. (૧૩૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ભગવાને આ પ્રમાણે કહેલા બ્રાહ્મણો તેમને પ્રણામ કરી ‘તમો જેમ કહો છો તેમ જ અમે કરીશું’ એમ બોલ્યા. આ પ્રમાણે શ્રીનગરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાનો પ્રતાપ દર્શાવ્યો. (૧૩૫) દરરોજ શ્રી નારાયણમુનિ સભામાં વિરાજમાન થઈને જનોને ભાગવતધર્મનો ઉપદેશ કરતા હતા. ઘણો જનસમુદાય દરરોજ શ્રીહરિનો સમાશ્રય કરવા લાગ્યો. (૧૩૬) હે રાજન્ ! ભક્તજનોને આનંદ પમાડતા અને ધર્મભક્તિનું પોષણ કરતા શ્રીહરિ પ્રબોધિની એકાદશીના મહોત્સવ પર્યંત શ્રીનગરમાં નિવાસ કરીને રહ્યા. (૧૩૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરેન્દ્ર ! આ ધર્મપુત્ર શ્રીહરિ શ્રીનગરમાં સમસ્ત ભક્તસંઘોને આ પ્રમાણે સંતોષ પમાડીને તે શ્રીનગરમાં ધર્મમર્યાદાને સ્થાપન કરી ગુજરાત દેશની રાજધાની રૂપ શ્રીનગર થકી ચાલી નીકળ્યા. (૧૩૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં શ્રીનગરે ભગવદતિપ્રતાપદર્શનાચ્છાસ્ત્રવિદ્વિપ્રકૃતભગવદાશ્રય નિરૂપણ એ નામે અડતાલીશમો અધ્યાય થયો. ॥૪૮॥

## અધ્યાય - ૪૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારબાદ શ્રીહરિ ડાંગરવા પધાર્યા. ત્યાં વેણીદાસભાઈએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવી હર્ષપૂર્વક પૂજન કર્યું. (૧) પછી અગરાભાઈ વગેરે ભક્તજનો ભક્તિભાવપૂર્વક શ્રીહરિનું સેવન કરતા હતા તેમજ જ્ઞાનબાઈ, જતનબાઈ, વજીબાઈ વગેરે સ્ત્રીઓએ પણ સત્પતિ શ્રીહરિની સેવા કરી. (૨) ડાંગરવા એક દિવસ રોકાઈને શ્રીહરિ વસાઈ પધાર્યા. ત્યાં નરસિંહ તથા પુંજાભાઈ વગેરે ભાવિક ભક્તો શ્રીહરિનું સેવન કરતા હતા. (૩) ત્યાં નરહરિ આદિક ભક્તોની

સ્ત્રીઓએ વિનયથી નમ્ર થઈને ભક્તિપૂર્વક શ્રીહરિની પૂજા કરી. વસાઈમાં એક દિવસ રોકાઈને શ્રીહરિ મેઉ ગામે પધાર્યા. (૪) ત્યાં ભૂષણભાઈ, મનસારામ અને તુલજારામ વગેરે ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. જ્ઞાનીબાઈ વગેરે સ્ત્રીઓ ભક્તિભાવથી, પોતાની ધનસંપત્તિ પ્રમાણે, સેવા કરતી હતી. (૫) મેઉમાં શ્રીહરિ એક દિવસ રોકાઈને લાંઘણજ પધાર્યા. ત્યાં શ્રીહરિ રામચંદ્ર ભક્તને ઘેર એક દિવસ રહ્યા. હે રાજન્ ! પછી ગણેશભાઈ, નાગર, જુમખરામ વગેરે અન્ય ભક્તજનો શ્રીહરિની સેવા કરતા હતા. સોનાબાઈ, મીનાબાઈ વગેરે ભક્ત સ્ત્રીઓ પણ ભક્તિભાવપૂર્વક સેવા કરતા હતા. (૬) પછી ત્યાંથી માર્ગમાં આશ્ચર્યપૂર્વક જનસમુદાયે દર્શન કરાતા સતા શ્રીહરિ નારદીપુર પધાર્યા. ત્યાં ગુલાબચંદ્ર, સુખચંદ્ર વગેરે બ્રાહ્મણભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું. (૮) નારદીપુરમાં શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને જમાડ્યા. ત્યાં પાંચ દિવસ રોકાઈને શ્રીહરિ ઉનાવા પધાર્યા. (૯) ઉનાવામાં રામદાસ, રઘુભાઈ વગેરે ઉત્તમ પટેલ ભક્તો અને નાનીબાઈ વગેરે સ્ત્રીભક્તો બહુ જ ભાવથી શ્રીહરિનું સેવન કરતા હતા. (૧૦) ત્યાં બે દિવસ રોકાઈને શ્રીહરિ આદરજ પધાર્યા. ત્યાં બાદરજી, રતુજી ખાંટ વગેરે ઠાકોર ભક્તોએ નારાયણમુનિની સેવા સરભરા કરી. (૧૧) પછી સુજાનબાઈ, હવનબાઈ વગરે સ્ત્રીભક્તો શ્રીહરિની સેવાપૂજા કરતાં હતાં. ઈશ્વરમૂર્તિ શ્રીહરિ ત્યાં ત્રણ દિવસ રોકાઈને ત્યાંથી શળકી ગામે પધાર્યા. (૧૨) સલકીમાં દયાળજી, જાલમ, રાઘવ, ગોવિંદ વગેરે ઠાકોર ભક્તોએ ધર્મનંદન શ્રીહરિ મહાપ્રભુની દશ દિવસ સુધી સર્વ પ્રકારે સેવા કરી. (૧૩) હે રાજન્ ! શળકીમાં આઠ દિવસ મિષ્ટભોજન વડે બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કર્યા હતા. ત્યાંથી શ્રીહરિ દેહગામ પધાર્યા. (૧૪) દેહગામમાં વૈશ્ય પટેલ ગણેશ ભક્તે બે દિવસ સુધી સંતોએ સહિત શ્રીહરિને નિવાસ કરાવી હર્ષપૂર્વક શ્રીહરિનું આતિથ્ય કર્યુ. (૧૫) ગ્રામવાસી અન્ય ભક્તો તથા વખતબાઈ વગેરે સ્ત્રીભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ત્યાંથી વાસન પધાર્યા. (૧૬) વાસનમાં મંછારામ વગેરે બ્રાહ્મણો અને ગંગાબા વગેરે સ્ત્રીઓએ ત્રણ દિવસ સુધી શ્રીહરિની આસન-ભોજનાદિ વડે સરભરા કરી. ત્યાંથી શ્રીહરિ વ્હેલાળ પધાર્યા. (૧૭) વ્હેલાળમાં રઘુનાથ પટેલ, જયસિંહ, અજુજી અને જયરામ તથા વખતબા વગેરે ભાઈઓએ ભક્તિભાવથી શ્રીહરિની ત્રણ દિવસ સેવા કરી. (૧૮) ત્યાંથી શ્રીહરિ કણભા પધાર્યા. ત્યાં નાથાભાઈ, ઉમાભાઈ વગેરે ક્ષત્રિય ભક્તોએ ભક્તિભાવથી શ્રીહરિની સેવા કરી. (૧૯) કણભામાં એક દિવસ રોકાઈને શ્રીહરિ મોટેરા ગામ પધાર્યા. ત્યાં પુરુષોતમ અને ભૂધર બન્ને વૈશ્યભક્તોએ શ્રીહરિનું અર્ચન-પૂજન કર્યું. (૨૦) હે રાજન્ ! સંતોએ સહિત શ્રીહરિ બન્ને ભક્તોથી સારી રીતે સેવન કરાયા થકા ત્યાં એક દિવસ રોકાઈને મનીપર ગામે પધાર્યા. (૨૧) રામદાસ વગેરે ભક્તોએ સત્કાર કરાયેલા શ્રીહરિ ત્યાં ત્રણ દિવસ રોકાઈને ત્યાંથી ગામડી ગામે પધાર્યા. ત્યાં શ્રીહરિએ શંભુદાસના ઘેર નિવાસ કર્યો. (૨૨) શંભુદાસ ઉપરાંત રઘુનાથ, બાપુભાઈ, કાકુભાઈ, હરિ, વ્રજલાલ, જીવાભાઈ અને મોહન વગેરે વૈશ્યભક્તોએ શ્રીહરિની હર્ષપૂર્વક સેવા કરી. (૨૩) ત્યાંના ભક્તોએ સેવાપૂજાથી પ્રસન્ન કરેલા શ્રીહરિ મુનિજનોએ સહિત ગામડીમાં પાંચ દિવસ રોકાઈને ત્યાંથી ચાલી નીકળ્યા. (૨૪) ત્યારે રેવાશંકરભાઈ નામના વિપ્રે

શ્રીહરિને પોતાના ધોળકા નગરમાં લઈ જઈ પોતાને ઘેર નિવાસ કરાવી શ્રીહરિનું સારી રીતે આતિથ્ય કર્યું. (૨૫) પછી મુકુંદ, મૂળજી, વિષ્ણુ, મહાશંકર, સેવકરામ વગેરે બ્રાહ્મણ ભક્તોએ સેવકો સહિત શ્રીહરિનું આદરપૂર્વક સેવન કર્યું. (૨૬) ત્રિભુવન, નંદલાલ, મુરારિ, આશારામ વગેરે વૈશ્ય ભક્તો તથા ગંગાબાઈ, પુતળીબાઈ, વગરે સ્ત્રીભક્તો પણ અતિભાવથી શ્રીહરિનું સેવન કરતા હતા. (૨૭) પ્રસન્ન થયેલા શ્રીહરિને પોતાના નગરમાં ભગવાનનું મંદિર કરવા પ્રાર્થના કરી ત્યારે શ્રીહરિએ 'બહુ સારું મંદિર બનાવો' એમ રાજી થઈને તે ભક્તોને કહ્યું. (૨૮) અત્યંત ઉત્સાહવાળા તે ભક્તોએ ભગવાનના મંદિરનો આરંભ કરાવ્યો. શ્રીહરિ ધોળકામાં દશ દિવસ રોકાઈને ભાત ગામે પધાર્યા. (૨૯) ભાત ગામમાં દાદુભાઈ નામના વૈશ્ય ભક્તથી પૂજન કરાયા સતા શ્રીહરિ વસઈ ગામ આવી જેઠાભાઈ નામના વૈશ્ય ભકતને ઘેર નિવાસ કર્યો. તેમણે શ્રીહરિની આતિથ્યસેવા કરી. (૩૦) ત્યાં જેઠીજી, ભગુજી વગેરે ક્ષત્રિય ભક્તો તથા દેશક વગેરે વૈશ્ય ભક્તો તથા ઝવેર વગેરે ભક્તજનોએ ભક્તિપૂર્વક શ્રીહરિનું સેવન કર્યું. (૩૧) ત્યાં એક દિવસ રોકાઈને ત્યાંથી શ્રીહરિ નવાગામ પધાર્યા. ત્યાં રઘુનાથ, બાપુભાઈ, દેસાઈભાઈ વગેરે વૈશ્યભક્તોએ શ્રીહરિનું અર્ચન-પૂજન કર્યું. (૩૨) ત્યાં શ્રીહરિ એક દિવસ રોકાઈને મલ્લારી ગામે પધાર્યા. ત્યાં રાયજી, ભૂષણભાઈ વગેરે પટેલ ભક્તોએ શ્રીહરિનું સર્વ પ્રકારે સેવન કર્યું. (૩૩) ત્યાં એક દિવસ રોકાઈને શ્રીહરિ અસલાલી ગામે પધાર્યા. ત્યાં ઉત્તમ એવા હરિભાઈ નામે પટેલ ભક્તે પોતાને ઘેર નિવાસ કરાવી પૂજા સેવા કરી. (૩૪) ત્યાં વેણીભાઈ, ગોપાળજી, કરશન, કહાનજી વગેરે પટેલ ભક્તોએ આદરપૂર્વક સંતવર્ણી પાર્ષદોએ સહિત શ્રીહરિજીની પરમ ભક્તિથી સેવા કરી. (૩૫) ત્યાંના ભક્તોની સેવાથી પ્રસન્ન થયેલા ભક્તિ-ધર્મના પોષક શ્રીહરિ ત્યાં પાંચ દિવસ રોકાયા. (૩૬)

**સુવ્રતમુનિ કહે છે :**

હે પ્રતાપસિંહ રાજન્ ! સત્પુરુષોના સ્વામી શ્રી સહજાનંદ મહાપ્રભુ જ્યાં જ્યાં નિવાસ કરતા હતા તે તે સ્થળે ધર્મદ્વેષી અસુર જનોનું મૂળ સહિત નિકંદન થતું હતું અને ત્યાં ધર્મસર્ગ (સત્ય, શૌચ, દયા, દાન વગેરે)ની વૃદ્ધિ થતી હતી. (૩૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં શ્રીનગરોપગ્રામવિચરણ એ નામે ઓગણપચાસમો અધ્યાય થયો. ॥૪૯॥

●

## અધ્યાય - ૫૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારબાદ ભગવાન શ્રીહરિ (અસલાલી ગામથી) અનેક પ્રકારના વૃક્ષસમૂહથી વ્યાપ્ત અને દેવસરોવર વડે મનોહર જેતલપુર નગરમાં પધાર્યા. (૧) હે નરાધિપ ! તે પુરના નિવાસી આશાભાઈ, જીવણભાઈ વગેરે ભક્તજનો શ્રીહરિને પધારતા સાંભળીને પરમ હર્ષથી શ્રીહરિ સન્મુખ ગયા. તેમની સાથે શ્રીહરિ પુરમાં પધાર્યા. (૨) જેતલપુરમાં શ્રીહરિ

ભગવાને પોતાના સેવક મુનિજનો સાથે વટવૃક્ષથી સુશોભિત દેવસરોવરને કાંઠે પોતાનો ઉતારો કર્યો. (૩) દેવરામ, દયારામ, બે આશારામ, મયારામ અને ઉગરચંદ વગેરે બ્રાહ્મણો, તથા આશાજી, કાકુજી, ગંગદાસ, જીવણ, શંકર, મનોહર, રાજજી વગેરે ભાવિક વૈશ્યભક્તો તથા રળિયાત, રક્ષા, રામા, જીવરયા વગેરે સ્ત્રીભક્તો; આ બધા ભક્તો શ્રીહરિની પરમ પ્રેમથી સેવા કરવા લાગ્યા. (૪-૫-૬) આ ભક્તોએ શ્રી નારાયણમુનિનું ભારે આતિથ્ય કરી યથાયોગ્ય પૂજન કર્યું. પોતાના આશ્રિતોને સુખ પમાડતા શ્રીહરિ ત્યાં સૂખપૂર્વક રહ્યા. (૭) જેતલપુરમાં શ્રી નારાયણમુનિને મહાસામગ્રી વડે રુદ્રયાગ તથા વિષ્ણુયાગ જુદા જુદા કરાવ્યા. (૮) સર્વ જીવોના નિયામક શ્રીહરિ મહાપ્રભુએ યજ્ઞના ઉત્સવ કાર્યમાં નારદીપુરના નાનાભાઈ બ્રાહ્મણને તથા આશજીભાઈ અને ગામના નિવાસી વેણીભાઈ નામના ભક્તને મોટેરા કર્યા હતા. (૯) તે જ પ્રકારે અસલાલી ગામના નિવાસી વેણીભાઈ નામના ભક્તને મોટેરા કર્યા. આ સર્વ ભક્તોએ સેવાશુશ્રૂષા વડે શ્રીહરિને સંતોષ પમાડ્યા હતા. (૧૦) આ મહોત્સવમાં મહાસભા ભરી તેમાં બેઠેલા વિદ્વાન વિપ્રોની પૂજા કરી અને તે વિપ્રોનું સર્વ પ્રકારે ભક્તસમુદાય દ્વારા ભારે સન્માન કરાવ્યું. (૧૧) ત્યારબાદ શ્રીહરિએ મનોવંછિત ભોજનો વડે હજારો બ્રાહ્મણોને સારી રીતે જમાડીને તેમને દક્ષિણાઓ તથા વસ્ત્રો વડે સંતોષ પમાડ્યા હતા. (૧૨) શ્રીહરિએ આ મહાયાગમાં સેંકડો બ્રાહ્મણોને કન્યાદાન નિમિત્તે તથા બાળકોના યજ્ઞોપવીત સંસ્કારકરણ નિમિત્તે દ્રવ્ય અપાવ્યું. (૧૩) હે રાજન્ ! નાના પ્રકારનાં પકવાન્નો અને વિવિધ વ્યંજનો વડે સંતપાર્ષદોને ખૂબ તૃપ્ત કર્યા હતા. (૧૪) જેતલપુરમાં ઘણા ઘણા ભોજનવાળા મોટા યજ્ઞ મહોત્સવને સાંભળીને લાખો નરનારીઓ દેશદેશાંતરથી આવવા લાગ્યાં. (૧૫) તે નરનારીઓ અન્નાદિની ઘણી મોંઘવારીથી પીડિત અને કોઈ રાજાઓથી રક્ષણ નહિ કરાયેલાં તથા ભૂખથી શુષ્ક થઈ ગયેલાં અને જર્જરિત વસ્ત્રોવાળાં હતાં. (૧૬) તે નરનારીઓ શ્રીહરિ મહાપ્રભુને પ્રણામ કરી, ગ્લાનિયુક્ત ચહેરાવાળા થઈને ઊભા હતાં. ત્યારે રંકજનોને જોઈને દ્રવીભૂત થયેલા હૃદયવાળા કરુણાનિધિ અને અભયદાતા શ્રીહરિ બોલ્યા : (૧૭) 'હે જનો ! સાંભળો, તમો દુર્ભિક્ષ કાળના વિષમપણાથી પોતાના દેશ ઘર ખેતર વગેરેનો ત્યાગ કરી પરિવારજનો સાથે આ ગામમાં આવેલા છો. (૧૮) તમો અન્નવસ્ત્રની કંઈપણ ચિંતા ન કરશો. આ ગામમાં સુખેથી રહો. ભગવાન આ ગામમાં અન્નવસ્ત્ર તો જરૂર આપશે જ.' (૧૯) આ જેતલપુર લોકોને પવિત્ર કરનારું સર્વોત્તમ ક્ષેત્ર વર્તે છે. આ સરોવર તથા વાવ સ્નાન માત્રથી જ પાપસમૂહને નાશ કરનારાં છે. (૨૦) પૂર્વે રેવતીપતિ બળદેવજી દ્વારિકાથી ગોકુળ જતાં આ પુરમાં આવ્યા હતા. બળદેવજી આ સ્થળ જોઈને હર્ષ પામ્યા હતા. (૨૧) પછી સેવકોએ સહિત બળદેવજીએ આ વાડીમાં મુકામ કરેલો ત્યારે મહાભૂજાઓવાળા બળરામે આ તળાવમાં જળક્રીડા કરી હતી. (૨૨) બળદેવજીની જલક્રીડાના દર્શન કરવા દેવો, ગાંધર્વો, નારદાદિ મુનિઓ ક્રીડાયોગ્ય આ સ્થાનમાં રોજ આવતા હતા. (૨૩) આ પ્રકારે સાક્ષાત્ ભગવાન બળદેવજી તથા મુનિજનોના વારંવાર આગમનથી આ જેતલપુર મોટું પરમ તીર્થક્ષેત્ર થઈ ગયું છે. (૨૪) શ્રીહરિ કહે છે કે આ માટે અહીંયાં વાસ કરવાની મને પણ રુચિ વર્તે છે.

આટલા માટે તમો પણ આ સરોવર સમીપે પોતાનો સુખેથી નિવાસ કરો.' (૨૫) આ પ્રકારે ભગવાને કહેલા તે રંકજનોએ સરોવર કિનારે પડાવ નાંખ્યો. પછી સ્વયં ભગવાને સંતો પાસે રંકજનોને અન્ન વગરે અપાવીને સારી રીતે સંભાવના કરી. (૨૬) આ ક્ષેત્રમાં આનંદાનંદ સ્વામીને મુખ્ય મહંત કરવાની ઇચ્છાવાળા થઈને મુનિને કહેવા લાગ્યા : 'હે સાધો ! ધર્મમાં બુદ્ધિવાળા તમો અત્યંત વિચક્ષણ અને દયાળુ છો. (૨૭) એટલા માટે આ રંકજનોની દરરોજ તમારે અન્નાદિ વડે આદરપૂર્વક સંભાવના કરાવવી, કારણ કે તે એક મોટો ધર્મ છે. (૨૮) અનાથ અને રંકજનોને દયા વડે અન્નાદિથી તૃપ્ત કરવાથી દીનબંધુ ભગવાન જલદી સંતુષ્ટ થશે એ નિશ્ચય જાણો. (૨૯) હે બુદ્ધિમાન્ મુને ! આ રંકજનોને તૃપ્ત કરવાથી આપણે કોટિ યજ્ઞો સિદ્ધ થશે જ. તે આનંદાનંદમુનિ ખૂબ પ્રસન્ન થઈને રંકજનોની સંભાળ લેવા લાગ્યા. અને યજ્ઞસંબંધી અન્નસમૂહ વડે રંકજનોને દરરોજ તૃપ્ત કરવા લાગ્યા. (૩૧) શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ અન્નાદિ વડે સંભાવના કરાયેલા રંકજનો પોતાના ઘરથી વિશેષ સુખવાળા થઈને પોતાના દેશનું સ્વસ્થપણું થાય ત્યાં સુધી જેતલપુરમાં જ વસ્યા હતા. (૩૨)

**સુવ્રતમુનિ કહે છે :**

હે પ્રતાપસિંહ રાજન્ ! પૃથ્વી ઉપર તે તે સ્થળે જનોથી જોરશોરથી ગવાતું, પ્રશંસા કરાતું, શ્રીહરિ મહાપ્રભુ સંબંધી આ અદ્‌ભુત ચરિત્ર સાંભળીને રાજાઓ અત્યંત વિસ્મય પામી ગયા અને શ્રી નારાયણમુનિને 'આ કોઈ મોટા દેવ છે' એમ માનવા લાગ્યા. (૩૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં જયતલ્પપુરે દેશાન્તરાગતરઙ્કજનસમ્ભાવન એ નામે પચાસમો અધ્યાય થયો. ॥૫૦॥

●

## અધ્યાય - ૫૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારપછી શ્રીહરિ મહાપ્રભુ જેતલપુરમાં પુષ્પવૃક્ષ પ્રધાન વાડીમાં અત્યંત વિશાળ વડલાના વૃક્ષ નીચે સ્વભક્તોએ બાંધેલા હિંડોળામાં વિરાજમાન થયા. (૧) પછી સર્વ મુનિજનો અને ચારે વર્ણના હજારો પુરુષો અને હજારો સ્ત્રીઓ શ્રીહરિની ચારે બાજુ વીંટાઈને મર્યાદાપૂર્વક બેઠા. (૨) દોલામાં વિરાજમાન શ્રીહરિની ભક્તજનોએ કુંકુમ, અગર, કસ્તૂરી, કપૂર મિશ્રિત સુગંધીચંદન અને કેસરાદિ દ્રવ્યો વડે પૂજા કરી. (૩) અખંડ ચોખા, સુગંધી વિવિધ પુષ્પો, સુવર્ણવર્ણવાળા પુષ્પના ગજરાઓ તથા તોરાઓ અને શેખરો વડે તે પ્રભુનું પૂજન કર્યું. (૪) બહુ મૂલ્યવાન નાના પ્રકારનાં સૂક્ષ્મ અને કોમળ વસ્ત્રો તથા અમૂલ્ય સુવર્ણ, રજત, રત્ન વગેરે અલંકારો વડે અને મનોહર મુક્તહારો વડે પ્રભુનું પૂજન કર્યું. (૫) વળી બહુ પ્રકારનાં (ભક્ષ્ય-ભોજ્યાદિ) ઉપહારો તથા સુવર્ણમુદ્રાઓ રૂપામુદ્રા વગેરે વડે શ્રીહરિનું ભક્તિભાવથી પૂજન કરી આરતી ઉતારી તે ભક્તોએ શ્રીહરિને વંદના કરી. (૬) એવા સમયમાં અવકાશ જોઈને ભગવાનની સભામાં ક્ષુદ્રશક્તિ કાલિકાનો ઉપાસક કોઈ કીચક નામે વિપ્ર આવ્યો. (૭) આ કીચક સુરાપાનના

મદથી ચકળવકળ લાલચોળ આંખોવાળો, મૌનવ્રતવાળો, સિદ્ધોના જેવા વેષને ધારી રહેલો, પોતાની આગળ ચાલતા ચાર યતિ વર્ણિઓ સહિત તથા સિંદૂર અને ત્રિપુંડ્ર તિલકને લલાટમાં ધારી રહેલો, બીજા ચાર અનુચરોએ સહિત, કાલભૈરવાદિ ક્ષુદ્રમંત્રોથી મંત્રેલા લોખંડના કડાને ડાબા હાથમાં ધારી રહેલો, સ્ત્રીએ ઓઢેલી ચુંદડીના ચોરસ કટકાથી બાંધેલી પાઘડીમાં છરીને ધારી રહેલો, મુખમાંથી નીકળતા દારૂના દુર્ગંધવાળા વાયુથી સભામાં બેઠેલા સજ્જનોને દૂષિત કરતો, કુળસ્ત્રીઓના પ્રતિમાસ નીકળતા રજ (રુધિર)થી મિશ્રિત કરેલા કંકુથી ત્રિપુંડ્રના મધ્યમાં ચાંદલાને ધારી રહેલો, કાનમાં કપાસનું પુંમડુ ઘાલી રહેલો, મુખમાં જીરાને ચાવ્યા કરતો. બિલાડીના હાડકાંની ચિતાની ભસ્મ તથા ચાર રસ્તા એકઠા મળે તે ચોગઠાની ધૂળ અને મળથી યુક્ત લોઢું અને અડદ બાંધેલી પોટલીને ગળામાં ધારી રહેલો, તેલ નાંખીને બાંધેલા વાળોમાં કાળી ઊનનો દોરો બાંધેલો, આંખમાં હનુમાનજીના તેલનું કાજળ ધારણ કરેલો, ભ્રૂકુટિના મધ્યે ચોરસ આકૃતિવાળું સિંદૂરનું તિલક ધારી રહેલો, મંત્રેલા અડદની મૂઠી ભરેલો, દુર્ગંધી યુક્ત વસ્ત્રોવાળો, ફરસી સહિત દુર્મંત્રિત મળવિષ્ટાથી અંકિત તેલ સહિત સિંદૂરના રસથી લીંપેલું લોઢાનું ત્રિશૂળ કમરમાં ધારણ કરેલો, ભોજપત્ર ઉપર અષ્ટગંધ દ્રવ્યથી લખેલું મંત્રાક્ષર સહિત કાલીયંત્રને દારૂમિશ્રિત ચોખા સહિત રેશમી કોથળીમાં ધારી રહેલો, વિસ્ફારિત ભયંકર લાલ આંખોવાળો, સિદ્ધપણાના અભિમાનવાળો, અતિ અભિમાની તથા ક્રોધ અને મત્સરરૂપી અગ્નિથી દાઝેલા અંગવાળો (આવા અનેક દુરાચારોથી દૂષિત મૂર્તિવાળો) કીચક પોતે આશરેલા શાક્તમાર્ગના મહાશત્રુ શ્રી નારાયણમુનિને તેમનો મહાપ્રભાવ જાણતો નહિ હોવાથી જીતવાની ઈચ્છાથી ત્યાં આવીને પ્રણામ કર્યા વિના જ સભા મધ્યે બેઠો. (૮ થી ૧૮) ત્યારબાદ સભામાં રહેલા મોટા મુનિજનોને વક્રદૃષ્ટિથી જોતો સતો શંકાયુક્ત માનસવાળો તે વારંવાર શ્રી નારાયણમુનિની સામે જોયા કરતો હતો. (૧૯) પાપીની સાથે સંભાષણ કરવામાં દોષને જાણનારા સભાસદો, કોઈપણ ભગવાનના ભક્તો, કીચકની સાથે બિલકુલ બોલ્યા જ નહિ. (૨૦) ત્યારે કીચકના શિષ્યો બોલ્યા કે અહો આશ્ચર્યની વાત છે કે પૃથ્વી ઉપર ખરેખર કળિયુગ વ્યાપી ગયો છે; કેમ કે આ લોકમાં સદાચારી સાધુઓ પણ આવા સાધુપુરુષોનો અનાદર કરે છે. (૨૧) અથવા તો સદ્‌ગુરુની કૃપા વિના બ્રહ્મદર્શન ન જ થાય. આ લોકમાં પ્રાણીઓની સાધુતા સદ્‌ગુરુની કૃપા વિના નિર્મૂળ થઈ ગયેલી છે. (૨૨) હવે લોકમાં પૃથ્વી ઉપર આશ્ચર્યકારક એક અમારા ગુરુ જ છે અને આશ્ચર્યકારી અમારું ભાગ્ય છે કે અમોને પ્રતિદિન ભક્તિ અને મુક્તિ અનાયાસે સારી રીતે પ્રાપ્ત થાય છે. (૨૩) કીચકના શિષ્યોનું આવું વચન સાંભળી કીચક જેવા દુષ્ટોએ પ્રવર્તાવેલ અધર્મનો ઉચ્છેદ કરવા માટે જ પ્રગટેલા શ્રીહરિ મહાપ્રભુ હસીને બોલ્યા : (૨૪) 'તમો કોણ છો ? ક્યાંથી આવો છો ? આ સભામાં કયા પ્રયોજનથી આવ્યા છો ? તમો કયા દેવતાની આરાધના કરો છો ? તમોને પ્રિય કયું શાસ્ત્ર છે ?' (૨૫) શ્રીહરિનું આવું વાક્ય સાંભળી શ્રી નારાયણમુનિને જીતવાના ઉત્સાહયુક્ત મનવાળો કીચક ત્યારે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. (૨૬) અહો ! મૂઢમતિ જનો આને ઈશ્વર કહે છે જે આ લોકમાં ખૂબ પ્રસિદ્ધ એવા મને જાણતો નથી. (૨૭) આ લોકમાં બાળકો પણ

અતિ તેજસ્વી એવા મને જાણે છે મને આ નારાયણમુનિ જાણતો નથી માટે તે સમાધિનિષ્ઠ યોગી પણ નથી. (૨૮) હું ચામુંડા દેવીના અનુગ્રહથી અને મહાકૌલાગમના બળથી આને જીતી લઈશ. આ ઈશ્વર છે એવો ભય પણ હવે ચાલ્યો ગયો. (૨૯) આમ મનમાં વિચારી કીચકે નારાયણમુનિ જોડે બોલવા આંખના ઈશારાથી શિષ્યોને સૂચના આપી. કીચક શિષ્યો આનંદિત થઈને જગત્પતિ શ્રી નારાયણમુનિને પોતાના નામ વગેરે કહેવા લાગ્યા. (૩૦)

**કીચકના શિષ્યો બોલ્યા :**

'આ બધા મહાકાલી દીક્ષાવિધિમાં મહાપાન એટલે કે મદિરાપાનમાં ગુરુ ઉપદેષ્ટા છે. અષ્ટકુળ સ્ત્રી યોગવાળા, મહાસિદ્ધ, નિત્ય બ્રહ્મમાં જ રહેનારા યતિ અને વર્ણિરૂપ છે. (૩૧) અમારા ગુરુ કોઈની સાથે બોલતા નથી, દિવસે સભામાં મૌનવ્રતવાળા છે. રાત્રિમાં મહાકાલી સાથે પ્રત્યક્ષ બોલે છે. અને મહાકાલી સાથે રમણ કરે છે. (૩૨) અમે બધા સિદ્ધપુરુષો છીએ. કૌલાગમમાં પારંગત છીએ અને આ કીચક નરેન્દ્ર અમારા ગુરુરાજ છે. (૩૩) કૌલમાર્ગતંત્રના એક સૂર્ય, હજારો કુળસ્ત્રીઓની યોનિના પૂજક, દરેક પહોરે મદિરાનું પાન કરનારાઓના અગ્રેસર એવા પ્રખ્યાત ગુરુના શિષ્ય આ કીચક પણ ચાર વાર મદ્યપાન કરનારા છે. (૩૪) આ કીચકના અનુગ્રહથી જ ઘણા રાજાઓ તત્કાળ બ્રહ્મદર્શન અને સર્વત્ર સમદૃષ્ટિને પામીને મહા આનંદને પામી ગયા છે. (૩૫) આ પાંચ મકારના આચાર્ય છે. કુલાર્ણવ શાસ્ત્રના પંડિત છે. અને સમસ્ત સ્ત્રીકુલોદ્ધારક છે. આ લોકમાં કીચક જેવો સિદ્ધેન્દ્ર બીજો કોઈ નથી. (૩૬) સૂર્યસમાન કાંતિવાળા આ અમારા ગુરુને ભૂતળમાં સર્વજનો જાણે છે. તમો સર્વજ્ઞ ઈશ્વરપણે પ્રખ્યાતિ પામ્યા છો છતાં આમને જાણતા નથી એ મહા અદ્ભુત આશ્ચર્ય છે. (૩૭) અમો સાક્ષાત્ ત્રિપુરસુંદરી દેવીની ઉપાસના કરીએ છીએ. કૌલાગમ અમને પ્રિય પ્રમાણ છે. આ તો સર્વશાસ્ત્રોનું શિરોમણિ છે. (૩૮) જો કોઈ યોગમાં પ્રવર્તે તો તેને ભોગ સિદ્ધ થાય નહિ. કૌલતંત્ર અનુસાર સાધનના અનુષ્ઠાનથી યોગ ભોગ બન્નેની સિદ્ધિ થાય છે; આથી અમારો કૌલમત સર્વ મતની અપેક્ષાએ અતિ અધિક માન્યો છે. (૩૯) શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ વગેરે મતો વૃથા પરિશ્રમ માત્ર ફળવાળા છે. (એમાં નિષ્ઠાવાળા જનો, યોગ અને ભોગ બન્નેથી ભ્રષ્ટ થાય છે.) (૪૦) જે મનુષ્યોને બ્રહ્મહત્યાદિ મહાપાપોને આધીન થવાથી તે શૈવ-વૈષ્ણવાદિ દર્શનમાં વાંછા ઉત્પન્ન થાય છે તે મનુષ્યોની સદ્ગતિ તો કૌલમત સેવન વગર થતી જ નથી.' (૪૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે કીચકશિષ્યોનું વચન સાંભળીને તેમના કૌલમતનો વિનાશ કરનારા અને યુક્તિજ્ઞ ભગવાન શ્રીહરિ તેમના સિદ્ધાંતને જાણવાની ઈચ્છા કરતા હોય તેમ પૂછવા લાગ્યા. (૪૨)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'હે ચતુઃપિબો ! તમારી અપૂર્વ વાણી સાંભળી તમારો સિદ્ધાંત શ્રુતિસ્મૃતિના પ્રમાણ સહિત કહો અને તેના આશ્રયથી પ્રાપ્ત થનારું ફળ કહો.' (૪૩)

**કીચક શિષ્યો બોલ્યા :**

'હે નારાયણમુને ! અમે પૂર્વે લોકમુખે સાંભળેલું જે તમો શાક્તમતાદ્વેષી છો. પરંતુ અત્યારે તો તમો અમારા મતની જિજ્ઞાસાવાળા જણાઓ છો એ સ્પષ્ટ વાત છે. (૪૪) તમે પૂછો છો તે તો રહસ્ય છે. જનસભામાં અમારે તે કેવી રીતે કહેવું ? અને વાચ્ય-અવાચ્યના વિવેકસંપન્ન અમારાથી તેનું વિવેચન કેવી રીતે થાય ? (૪૫) તોપણ જો ઉત્તર ન આપીએ તો તમારા આશ્રિતો અમોને મૂર્ખ સમજે અને અમારા ગુરુ કીચકની અલ્પજ્ઞતા દેખાય. (૪૬) આ સિદ્ધપુરુષ છે, નિર્વિકલ્પ સમાધિએ સંપન્ન અને સર્વજ્ઞ છે, વળી સુરાપાન કરવામાં ઉપદેષ્ટાઓમાં શ્રેષ્ઠ છે તે મૂર્ખા ઠરે. (એ ભય છે.) (૪૭) માટે અમો હમણાં આ સભામાં કૌલસિદ્ધાંતને યથાર્થપણે કહીએ છીએ. અમારા વચનશ્રવણથી કદાચ તમારી પેઠે આ સભામાં બેઠેલા અન્ય જનોને પણ અમારા મતમાં શ્રદ્ધા થાય . (૪૮) શાસ્ત્રજ્ઞ એવા તમોને શાસ્ત્રીય વચન વગર નિશ્ચય ન થાય એટલા માટે કૌલમત નિરૂપણમાં કૌલશાસ્ત્રમાં રહેલાં શંકરસ્વામીનાં વચનો અમે કહીએ છીએ. (૪૯) જીવાત્માઓને બ્રહ્મજ્ઞાન વિના મુક્તિ થતી જ નથી. આથી બ્રહ્મજ્ઞાનનો સર્વ વિધિ ઊર્ધ્વામ્નાય જે કુલાર્ણવ થકી જાણવો. (૫૦) ઊર્ધ્વામ્નાયમાં પ્રવેશ થવો, પરાપ્રસાદનું ચિંતન થવું અને મહાષોઢાનું જ્ઞાન થવું - આ ત્રણ સામાન્ય તપનું ફળ નથી. (૫૧) પ્રિયા નારીનું મુખ જોવા પૂર્વક મદ્ય પીવું અને માંસ ખાવું-આવું આચરણ જ જપનીય, પરાપ્રાપ્ત અને પરંપદ છે. (૫૨) બ્રહ્મનું સ્વરૂપ આનંદમય છે. તે તો શરીરમાં રહેલા બ્રહ્મની અભિવ્યક્તિ કરનારું મુખ્ય મદ્ય છે. આથી યોગીઓ મદ્યપાન કરે છે. (૫૩) બ્રાહ્મણોએ તો મદ્ય હંમેશાં પીવું, ક્ષત્રિયોએ રણમાં જતી વખતે પીવું, વૈશ્યોએ ધનોપાર્જન સમયે પીવું અને શૂદ્રોએ અંત્યેષ્ટિ કર્મ સમયે પીવું જોઈએ. (૫૪) દેવીશાસ્ત્રમાં કહેલા માર્ગથી દેવો અને પિતૃઓનું પૂજન કરી, ગુરુનું સ્મરણ કરવાની સાથે મદ્ય પીનારો અને માંસ ખાનારો પુરુષ દોષ ભાગી થતો નથી. (૫૫) શ્રૃતિ પ્રમાણો દર્શાવે છે જે "देवताभ्यः पितृभ्यश्च मधुवातात्रृतायते । स्वादिष्ठया मदिष्ठया क्षीरं सर्पि मधु उदकं र्सद्यो दीक्षयति" વગેરે શ્રૃતિઓ કૌલમાર્ગમાં પ્રમાણભૂત છે. માટે દેવતાઓને નિવેદન કરેલા મદ્યમાંસનું ભક્ષણ નિર્દોષ ગણાય. (૫૬-૫૭) પત્ર, પુષ્પ, અંકુર, ફળ, મૂળ, ઝાડની છાલ, ધાન્ય રસ, વૃક્ષ અને લતામાંથી બનેલું, આ રીતે મદ્ય દશ પ્રકારનું કહેલું છે. (૫૮) ફણસ, દ્રાક્ષ અને મહુડાનું બનેલું, ખજૂરપેશીનું, તાડીના ફળનું, શેરડીના રસનું બનેલું, માખીઓએ બનાવેલા મદ્યમાંથી બનેલું, સીંધણીઓના વૃક્ષમાંથી બનેલું, અરીઠામાંથી બનાવેલું, ધાત્રી-ધાવડી અને ગોળના પાણીથી બનાવેલું તથા નાળિયેરીમાંથી બનાવેલું-આ અગિયાર પ્રકારનાં મદ્યો ભક્તિ અને મુક્તિને કરનારાં છે અને બારમું સુરારૂપ મદ્ય તો સર્વોત્તમ માનેલું છે. (૫૯-૬૦) હે દેવિ ! મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન - આ પાંચ મકાર દેવતાઓને પ્રીતિ કરનારાં છે. (૬૧) બળદ, નર, હાથી, અશ્વ, પાડા, વરાહ, બકરા અને મૃગલાને મારવાથી પ્રાપ્ત થયેલાં આઠ પ્રકારના મહામાંસ દેવતાઓને પ્રીતિકારક કહ્યાં છે. (૬૨) કુલાષ્ટક કે અકુલાષ્ટક એવી રજસ્વલા સ્ત્રીને આમંત્રણ આપીને બોલાવીને અભ્યંગ સ્નાનથી શુદ્ધ અંગવાળીને પૂજવા માટે

આસન ઉપર બેસાડે. (૬૩) જંગલની સ્ત્રી, મોચીની સ્ત્રી, માતંગ નામે ચાંડાળની સ્ત્રી, પુષ્પકસની સ્ત્રી, ચાંડાળની સ્ત્રી, ખાટકીની સ્ત્રી, ધીવરની સ્ત્રી અને વેશ્યા : આ કુલાષ્ટક કહ્યું છે. (૬૪) શંખના ઉત્તેજકની સ્ત્રી, શૌંડકની સ્ત્રી, શસ્ત્રજીવીની સ્ત્રી, રંગારાની સ્ત્રી, ગંધર્વની સ્ત્રી, ધોબીની સ્ત્રી, ચિત્રકારની સ્ત્રી, કોસટની સ્ત્રી - આ અકુલાષ્ટક કહ્યું છે. આ પૈકીની સ્ત્રી ન મળે તો ચાતુર્વણ્યની સ્ત્રીનું પૂજન કરે. (૬૫-૬૬) અન્યોન્ય અનુજ્ઞાથી અન્યોન્ય વદનનો સંયોગ કરીને નરનારી મદ્યપાન કરે તે મદ્યપાન પણ ગળાપર્યંત પીવે, આ રીતે મદ્યપાન કરનાર પુરુષ મુક્તભાવને પામી જાય તેમાં લેશ સંશય નથી. (૬૭) જે પુરુષ એકવાર મદ્યપાન કરી, બીજીવાર મદ્યપાન કરી, ફરી ત્રીજીવાર મદ્યપાન કરી ભૂમિ ઉપર પડી જાય ત્યાં સુધી મદ્યપાન કરે, ઊઠીને પણ ચોથી વાર મદ્યપાન કરે, તો ફરીથી આ સંસારમાં જન્મ પામતો નથી. (તેનો મોક્ષ થઈ જાય છે). (૬૮) મદ્યપાન દ્વારા થતા આનંદથી દેવી તૃપ્ત થાય છે, મદ્યપાનથી થયેલી મૂર્છાવસ્થાથી સ્વયં ભૈરવ તૃપ્ત થાય છે અને મદ્યપાનના વમનથી સર્વ દેવો તૃપ્ત થાય છે. માટે ત્રણેયને કરે. (૬૯) સ્ત્રીઓનું ઉચ્છિષ્ટ પોતે ભક્ષણ કરે, સ્ત્રીઓને પોતાનું ઉચ્છિષ્ટ ન આપે. તે પછી સ્ત્રીઓની યોનિની પૂજા કરીને તે પૂજક પુરુષ યથેચ્છ વિહાર કરે. (૭૦) સ્ત્રીઓ ઉપર ઉપભોગ માટે ચઢનારા વીર પુરુષોમાં કાર્ય અને અકાર્ય એવું કંઈ છે જ નહિ કેમ કે તેની ઈચ્છા એ જ શાસ્ત્રસંપત્તિ છે. આ પ્રકારે પરમેશ્વર શિવની આજ્ઞા છે. (૭૧) હે વરારોહે ! હુ યોનિલિંગ પ્રક્ષાલિત જળ વિના મદ્ય ભરેલો હજારો ઘડાઓ અર્પણ કરવાથી કે સોભાર માપના માંસના નૈવદ્યથી પણ પ્રસન્ન થતો નથી. (૭૨) હે દેવશી ! જે પુરુષ પોતાની બહેન, દીકરી કે પત્નીને મદ્યપાનથી મત્તભાવને પામેલા કુલયોગીને આપે તે પુરુષના પુણ્યની ગણતરી જ નથી. (૭૩) હે દેવેશી ! મદ્યમદથી મંદ મંદ ચાલતી, યૌવનની ઉન્મત્ત, વસ્ત્ર વિનાની, સર્વ અલંકારોથી શોભાયમાન એવી ભાઈની પત્ની કે પુત્રવધૂ કે પોતાની માતા કે ભાઈની પુત્રીને પોતે પૂજક પુરુષને સંશય રહિત થઈને ગુરુને પ્રણામ કરી ઉપભોગ માટે સોંપીને, સંભોગજન્ય પરિશ્રમને હટાવવા પ્રણામ કરી સાફ પંખા વડે પવન નાખે. (૭૪-૭૫) અતિ આસક્ત એવા ગુરુ અને સ્ત્રી બન્નેના સામરસ્યને લીધે બન્ને ગુહ્યાંગમાંથી જે વીર્યરૂપ દ્રવ્ય સ્રવે છે તેને સુરાપાત્રથી ગ્રહણ કરી અંગો સહિત અને આવરણથી યુક્ત, અને મહાકાળ ભૈરવ સહિત કાલિકાદેવીનું પૂજન કરી બાકી રહેલું દ્રવ્ય સાધુજનોને આપીને બાકી બચેલું દ્રવ્ય મંત્રેસહિત મુખ્ય પૂજકે પાન કરવું. (૭૬-૭૭) જે પૂજક પુરુષ વીર, ગુરુવચનમાં દૃઢ વિશ્વાસવાળો થઈ પોતાના નિયમોમાં દૃઢ થઈ નિત્યકર્મ, નિમિત્તકર્મ અને કામ્યકર્મમાં આ પ્રકારે કરે છે તે પુરુષ મારા અક્ષય પદને પામે છે. (૭૮) તે પુરુષ સર્વ ઐશ્વર્યથી સમન્વિત અને જીવન્મુકત થઈને આ લોક અને પરલોકમાં વિચરણ કરે છે તેને કોઈ નિવારી શકતું નથી.' (૭૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! સર્વેશ્વર ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પ્રમાણે મદ્યપાન કરનારાઓનાં દુર્વચનો સાંભળી જેમને હસવું આવી ગયું છે એવા પોતે કહેવા લાગ્યા. તે સભામાં બેઠેલા

સજ્જનોએ તો બન્ને હાથ વડે પોતાના બન્ને કાનને દબાવી રાખીને તેમના શિષ્યોનાં દુર્વચન સાંભળ્યાં જ નહિ. (૮૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં જયતલ્પપુરે ક્ષુદ્ર શાક્તમતખંડને પૂર્વપક્ષત્વેન કૌલમત નિરૂપણ એ નામે એકાવનમો અધ્યાય થયો. ॥૫૧॥

●

## અધ્યાય - ૫૨

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'હે સિદ્ધાભિમાનીઓ ! આ લોકમાં તમો ધૂર્ત અને પતિતોમાં અધમ છો. કેમ કે વેદાદિ સચ્છાસ્ત્ર વિરુદ્ધ હોવાથી અપ્રમાણ અને અસચ્છાસ્ત્ર એવું કુલાર્ણવ તમારું મુખ્ય શાસ્ત્ર છે. (૧) કોઈ ધૂર્ત મદ્યપાન કરનારાઓએ બનાવેલા પાપાત્મક ગ્રંથમાં તમોને સચ્છાસ્ત્રનો ભ્રમ છે તે નિશ્ચે જાણો અને તેથી જ તમે ભ્રષ્ટ થયેલા છો. (૨) જો સુરાપાનથી જ બ્રહ્મજ્ઞાન થતું હોય તો પ્રાચીન મહાન મુનિઓએ વૃથા તપનો પરિશ્રમ શા માટે કર્યો હશે ? (૩) હે માંસપ્રિયો ! શ્વપચ વગેરે બધાં મદ્યપાન કરનારાઓનાં કુલો જ છે તો તે કુલો મુક્તિને કેમ પામતાં નથી ? (૪) તમોને કયા પુરુષે ભરમાવેલા છે ? આવી દુષ્ટ બુદ્ધિને કેમ પ્રાપ્ત થયા છો ? કે પછી જગતને એકવર્ણ કરવા બ્રહ્માએ જ તમોને સરજેલા છે કે શું ? (૫) ઋષિપ્રણીત ગ્રંથોમાં રહેલા મદ્યપાન નિષેધક શ્લોકોને અપ્રમાણ જે પોતાનો સિદ્ધાંત તેને પ્રમાણ કરવા દોષયુક્ત કરો છો તે નિશ્ચિત વાત છે. (૬) (હવે આર્ષગ્રંથના સુરાપના નિષેધના કેટલાક શ્લોકો કહે છે.) ગોળમાંથી બનાવેલી, મહુડામાંથી બનાવેલી અને ચોખા વગેરેના લોટમાંથી બનાવેલી - આ ત્રણ પ્રકારની સુરા દ્વિજોમાં ઉત્તમ વિપ્રોએ બિલકુલ ન પીવી. (૭) સ્વાયંભુવ મનુ સુરાપાનનો નિષેધ કરે છે; તેવી જ રીતનું સુરાપાન નિષેધવાળું યાજ્ઞવલ્ક્ય મુનિનું વાક્ય સાંભળો. (૮) અજ્ઞાનથી પણ સુરા પીને અથવા વીર્ય, વિષ્ટ અને મૂત્ર પીને બ્રાહ્મણ, ક્ષત્રિયો અને વૈશ્યરૂપ દ્વિજાતિજનો ફરી સંસ્કારને યોગ્ય થાય છે. આથી દ્વિજોએ અજ્ઞાનથી પણ સુરા પીવી નહિ. (૯) ફણસ, દ્રાક્ષ, મહુડા, ખજૂર, તાડ, શેરડી, મધ, સીંધણીઓ, અરીઠા, મૈરેય, નાળિયેરી-આ બધાથી બનેલાં અગિયાર પ્રકારનાં મદ્યો પાપદોષ કરવામાં એકસરખાં જાણવાં અને બારમું સુરા મદ્ય તો ચારે વર્ણો માટે પણ મુનિઓએ અધમ કહેલું છે. (૧૦-૧૧) એ જ પ્રકારે પુલસ્ત્ય મુનિ પણ મદ્યપાનનો નિષેધ કરે છે તે સ્મૃતિઓમાં જે જ્ઞદભ્ભ્ભુણઍ પદમાં તમોએ 'અધમ' પદની જગ્યાએ 'ઉત્તમ' શબ્દ વાપરીને પાઠફેર કર્યો છે. (૧૨) હે મદ્યપાન કરનારાઓ ! જો તમો ઊર્ધ્વામ્નાય પ્રમાણ છે એમ માનતા હો તો પોતાના મદ્યવિષયમાં શ્રુતિઓનાં પ્રમાણો બતાવી શકો છો ? (૧૩) (શ્રુતિ પ્રમાણોના અભાવથી) તમારું કુલાર્ણવશાસ્ત્ર ધૂર્તોએ કલ્પેલું, અસત અને અપ્રમાણ છે કારણ કે તમારો સિદ્ધાંત વેદાદિ સર્વ શાસ્ત્રોથી વિરુદ્ધ છે. (૧૪) વર્ણાંતર કહેતાં ક્ષત્રિયાદિની વાત જવા દો પણ તમો બ્રાહ્મણોએ વેદ અને શાસ્ત્રથી નિંદિત મદ્યપાન નિઃશંક કેમ કરાય છે ? (૧૫) હે પતિતાધમો ! તમો ચાંડાલી વગેરે કુલાષ્ટક સ્ત્રીઓનું ઉચ્છિષ્ટ પાન કરી બ્રહ્મસૂત્ર યજ્ઞોપવીત વડે બ્રાહ્મણત્વને કેમ દૂષિત કરો છો ? (૧૬) ઋષિપ્રણીત

સ્મૃત્યાદિ ગ્રંથોમાં બ્રાહ્મણ માટે સુરાપાન વિધાયક એક પણ વચન જો હોય તો તમો કહો. (૧૭) હું તો અત્યારે મદ્યપાન અને માંસભક્ષણ નિષેધનાં આર્ષ પ્રમાણ અને સર્વવર્ણ પરાયણ હજારો વાક્યો તમોને બતાવું છું. (૧૮) યજ્ઞો, રાક્ષસો અને પિશાચોનું અન્ન, મદ્ય, માંસ અને સુરાસવ દેવતાઓનું હવિષ્યાન્ન ભક્ષણ કરનારાં બ્રાહ્મણે ભક્ષણ ન કરવું. (૧૯) વગેરે ઘણાં ઘણાં સ્મૃતિવાક્યો છે અને સુરાપાનને બ્રહ્મહત્યાદિ મહાપાતક પંચકમાં ગણેલું છે. (૨૦) મદિરાપાન કરનાર પુરુષ અગ્નિમાં અતિ તપાવેલ સુરા, જળ, ઘૃત, ગોમૂત્ર અને દૂધ તેમાંથી કોઈપણ એક પીને મરણ પામવાથી સુરાપાનથી થયેલ પાપથી નિવૃત્તિ પામે છે. (૨૧) અજ્ઞાનથી વિષ્ટા અને મૂત્ર ખાવાથી અથવા સુરામિશ્રિત જળ વગેરે પીવાથી દ્વિજાતિ ત્રણે વર્ણો ફરી સંસ્કાર ધારણ કરે ત્યારે યોગ્ય થાય છે. (૨૨) દ્વિજાતિ અજ્ઞાનથી સુરાપાન કરે તો તેની શુદ્ધિ માટે અગ્નિ જેવી તપાવેલી લાલચોળ સુરાને પીવે આમ અજ્ઞાનથી કરેલા સુરાપાનનું પ્રાયશ્ચિત સ્મૃતિમાં કહેલું છે. (૨૩) તો પછી જાણીજોઈને બુદ્ધિપૂર્વક વારંવાર સુરાપાન કરતા અને લોકોને અધોગતિને પમાડતા એવા તમારી કઈ ગતિ થશે ? મરીને કયા સ્થાને જશો ? (૨૪) જે પુરુષો પરદારાનો સંગ કરે છે તે પુરુષોને ભાગવતના પંચમ સ્કંધના છેલ્લા અધ્યાયમાં કહેલી તપ્તસૂર્મિ નામની નરકપ્રાપ્તિ રૂપ તીવ્ર વેદના હું તમોને કહું છું. (૨૫) આ લોકમાં જે પુરુષ પરસ્ત્રી પ્રત્યે ગમન કરે છે અથવા જે સ્ત્રી પરપુરુષ પ્રત્યે ગમન કરે છે તે બન્ને સ્ત્રી-પુરુષને યમપુરીમાં યમદૂતો ચાબૂક વડે પ્રહાર કરી ખૂબ તપાવેલી ધગધગતી લોખંડની સ્ત્રીની પ્રતિમા સાથે તે પુરુષને અને પુરુષની તેવી જ પ્રતિમા સાથે સ્ત્રીને આલિંગન કરાવે છે.' (૨૬)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! આ પ્રમાણે શ્રી નારાયણમુનિએ કહેલી વાણી સાંભળીને ભ્રમિત બુદ્ધિવાળા તે દ્વિજો પ્રત્યુત્તર આપવામાં અશક્ત થકા મૌન થઈ ગયા. કંઈ બોલી શક્યા નહિ. (૨૭) એટલે આવા શ્રીહરિનાં આ વચનથી ભેદાઈ ગયેલા મર્મસ્થાનવાળો એમનો ગુરુ કીચક ક્રોધાગ્નિથી બળતો થકો સુરાપાત્ર હાથમાં ધારી રહેલી મહાકાલીનું સ્મરણ કરીને કહેવા લાગ્યો : (૨૮) 'વૃથા સુરાપાનમાં તો અમો પણ દોષ માનીએ છીએ પરંતુ દેવનિવેદિત મદ્યાદિના ભક્ષણમાં દોષ જ ક્યાં છે ? કોઈ શાસ્ત્રમાં નથી. (૨૯) સૌત્રામણી વગેરે યજ્ઞોમાં દેવીનું પ્રસાદીભૂત મદ્યમાંસ બ્રાહ્મણોએ ભક્ષણ કરવું એમ વેદ કહે છે. તેમાં શું પાપ છે ? કંઈપણ નથી. (૩૦) વેદ વિહિત જે હિંસા છે તે હિંસા જ નથી એમ સ્મૃતિકારો કહે છે. વેદના આ ધર્મરહસ્યને જાણ્યા વિના આ સભામાં તમો અમોને કેમ દૂષિત કહો છો ? (૩૧) ભારતાદિ ઈતિહાસમાં અને અઢાર પુરાણોમાં ઘણા બ્રાહ્મણો પણ મદ્યપાન કરનારા, માંસ ભક્ષણ કરનારા અને ઈષ્ટ સ્ત્રીઓમાં ગમન કરનારા સંભળાય છે. (૩૨) માર્કંડેય પુરાણમાં સપ્તશતીમાં મદ્યમાંસાદિની પ્રશંસા યથાર્થપણે કરી છે તેને તમો શું જાણતા નથી ?' (૩૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યારબાદ પ્રમાણરહિત વેદવિરુદ્ધ પોતાના કુલાર્ણવ ગ્રંથને જાણીને વૈદિક માર્ગનો

ત્યાગ કરી કપટથી કુલાર્ણવમાં કહેલ સંપ્રદાયનો આશ્રય કરી વિવાદ કરતા કીચક પ્રત્યે શ્રીહરિ બોલ્યા. (૩૪)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'હે કીચક ! પુરાણોમાં અને શાસ્ત્રોમાં દેવતાઓને સાત્ત્વિક કહ્યા છે. દૈત્યો દાનવોને રજોગુણી કહ્યા છે અને રાક્ષસો, યક્ષો, ભૂતપિશાચો વગેરેને તમોગુણી કહેલા છે. (૩૫) અમૃત નામે દૂધ અને ઘી રૂપ અન્ન દેવતાઓનું પ્રિય માનેલું છે તેમ જ દૈત્યો, રાક્ષસો વગેરેનું સુરામાંસભક્ષણ પ્રિય માનેલું છે. (૩૬) આથી તો આદિરાજ પૃથુરાજાએ પ્રેરેલા સર્વ દેવતાઓ વગેરે ધેનુરૂપિણી પૃથ્વીમાંથી પોતપોતાના અન્નને દોહન કરતા હતા. (૩૭) દેવગણોએ ઈન્દ્રને વત્સ બનાવી સુવર્ણમય પાત્ર વડે અમૃત, મનઃશક્તિરૂપ વીર્ય, ઈન્દ્રિયશક્તિરૂપ ઓજ અને દેહશક્તિરૂપ બલરૂપી ક્ષીરનું દોહન કર્યું હતું. (૩૮) તથા દિતિપુત્રો દૈત્યોએ અને દનુપુત્રો દાનવોએ અસુરશ્રેષ્ઠ પ્રહ્‌લાદને વત્સ બનાવી લોહમય પાત્રમાં સુરા અને આસવરૂપી ક્ષીરનું દોહન કર્યું હતું. (૩૯) યક્ષ, રાક્ષસો, ભૂત અને માંસભક્ષી પિશાચોએ રુદ્રને વત્સ બનાવી માથાની ખોપરીમાં રુધિરરૂપી આસવનું દોહન કર્યું હતું. (૪૦) આ પ્રકારે શ્રીમદ્ ભાગવતપુરાણમાં પ્રતિપાદન કરેલું છે માટે મદ્યમાંસ દેવતાઓને નૈવેદ્ય કરવા યોગ્ય માન્યું નથી. (૪૧) (દૈત્ય દાનવ) રાક્ષસો અને (યક્ષ-રાક્ષસ) તામસોને મદ્યપાન અને માંસભક્ષણમાં સ્વાભાવિકી રુચિ વર્તે છે તેમાં વેદવિધિ કોઈ પ્રકારે ઘટતો નથી. (૪૨) સર્વત્ર પ્રવર્તતી હિંસાને રોકીને, વેદ યજ્ઞમાં જ હિંસાને કહીને, હિંસાનો સંકોચ એ વેદનું તાત્પર્ય છે. વેદને તો ક્યારેય પણ હિંસા પ્રિય છે જ નહિ. (૪૩) મહાભારત અને પુરાણોમાં પણ પ્રથમ પ્રરોચન કહેતાં રુચિ ઉત્પાદન માટે કહીને પછી અંતે 'અહિંસા પરમોધર્મ' - અહિંસા એ જ સર્વોત્કૃષ્ટ ધર્મ છે, એમ જ સ્થાપન કરેલું છે. (૪૪) હે ચતુઃપિબ ! માર્કંડેયપુરાણમાં ચંડીપાઠમાં પણ દ્વિજ પુરુષે મદ્યમાંસ ભક્ષણ કરવું જ જોઈએ એવું ક્યાં કહેલું છે ? (૪૫) 'સુરામાંસથી દેવીની પૂજા કરવી' એમ માર્કંડેયમાં રહસ્ય વિષે છે એમ કહેતા હો તો તે પણ ખોટું છે. આવું રહસ્યવચન કહો છો તે તો તમારા જેવા કોઈને કલ્પેલું - ઉપજાવી કાઢેલું હોવું જોઈએ. (૪૬) સુરામાંસાદિ પૂજા મેં બ્રાહ્મણો દ્વારા ત્યાગ કરવા યોગ્ય કહેલી છે એમ રહસ્યમાં અર્ધા શ્લોકથી દ્વિજન્મા બ્રાહ્મણનો નિષેધ કહેલો છે. આથી બ્રાહ્મણોએ મદ્યમાંસાદિ ત્યાગવું જ જોઈએ. (૪૭) આથી શાસ્ત્રનું તાત્પર્ય નહિ જાણીને મદ્યમાંસ ભક્ષણ વગેરે પાપકર્મમાં પ્રવર્તેલા તમારા જેવા જનો અંત સમયે શિષ્યોએ સહિત ઘોર નરકોને પામે છે તે નિશ્ચે જાણો. (૪૮) ત્રૈવર્ણિકદ્વિજોને સુરાપાન પંચવિધ મહાપાતકોમાં ગણેલું છે; એવી મર્યાદા ભૃગુકુળમાં ઉત્પન્ન થયેલા શુક્રાચાર્યે સ્થાપન કરેલી છે. તેમનાં આ વચન તમો સાંભળો : (૪૯) 'મૂઢબુદ્ધિ કોઈપણ બ્રાહ્મણ આજથી આરંભીને મદિરા પાન કરશે તે બ્રાહ્મણ ધર્મપતિત બ્રહ્મહત્યારો થઈને આ લોક અને પરલોકમાં નિંદિત થાય.' (૫૦) આ પ્રકારે શુક્રાચાર્યે કરેલી મર્યાદા આ લોકમાં વર્તે જ છે તે શુક્રમર્યાદાનું ઉલ્લંઘન કરનાર તમને મહાપાપ કેમ ન લાગે ? લાગે જ. (૫૧) પૂર્વે ઉદ્દાલકપુત્ર શ્વેતકેતુ મુનિએ સ્ત્રીઓ સાથે મનુષ્યોની પુશચર્યા (યથેષ્ટ આચરણ)નો નિષેધ કર્યો છે તે પણ તમો સાંભળો : (૫૨)

'આજથી આરંભીને બ્રહ્મચર્યવાળા પોતાના પતિનો ત્યાગ કરી જાર પુરુષ પાસે ગમન કરતી સ્ત્રીને ઘોર દુઃખકારી ભ્રૂણહત્યા (બાળહત્યા)તુલ્ય પાતક લાગશે. (૫૩) તે જ રીતે કુમાર અવસ્થાથી આરંભીને બ્રહ્મચારિણી પ્રતિવ્રતા નારીને ત્યાગીને અન્ય સ્ત્રી પ્રત્યે ગમન કરનાર પુરુષને પૃથ્વી ઉપર એ જ ભ્રૂણહત્યાનું પાપ લાગશે.' (૫૪) કોઈપણ જંતુનું માંસ મનુષ્યોના સર્વથા ભક્ષણ યોગ્ય છે જ નહિ એ નિર્ણયાત્મક ધોરી રાજમાર્ગ છે. (૫૫) યજ્ઞશેષ માંસના ભક્ષણમાં પણ ત્રૈવર્ણિક દોષ કહેલો છે જ. કોઈપણ અવસ્થામાં માંસ નિર્દોષ છે જ નહિ. (૫૬) આથી યજ્ઞશેષ અને શ્રાદ્ધશેષ માંસના ભક્ષણનો નિષેધ મહાભારતમાં છે. તે વાક્ય પણ તમોને કહું છું. (૫૭) 'માંસભક્ષણથી નિવૃત્તિ પામેલો પુરુષ યજુર્વેદ જાણનાર અધ્વર્યુએ સંસ્કાર કરેલું યજ્ઞ સંબંધી માંસ પણ ન જ ભક્ષણ કરે તથા અસંસ્કૃત માંસ અને ચરમમાંસ શ્રાદ્ધશેષને ન ભક્ષણ કરે. (૫૮) એક બાજુ સર્વ પ્રાણીઓનું માંસ અને એકબાજુ મત્સ્યમાંસ બન્ને પાપરૂપ થાય છે તેથી વિપ્ર તે માંસોનો સર્વથા ત્યાગ કરે.' (૫૯) આ જ સિદ્ધાંત વેદશાસ્ત્રોએ પ્રમાણિત કરેલો છે આથી માંસભક્ષી એવો તમારો સર્વ સિદ્ધાંત અસત્ય જ છે. (૬૦) હે માંસપ્રિય જનો ! પ્રાણીમાત્રની હિંસા વગર માંસ ક્યાંય પણ પ્રાપ્ત થતું નથી. આ લોકમાં બુદ્ધિપૂર્વક જાણી જોઈને પ્રાણીવધ કરવાથી તો પાપ જ છે. આથી તમારો આ મત દોષમય અને અસત્ય છે. (૬૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં જયતલ્પપુરે ક્ષુદ્રશાક્તમતખંડને મકારપંચકોચ્છેદન એ નામે બાવનમો અધ્યાય થયો. ||૫૨||

●

## અધ્યાય - ૫૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! પોતાના મતને ઉચ્છેદન કરનારી શ્રીહરિ ભગવાનની આવી વાણી સાંભળી મંત્રથી જેનું વીર્ય-પરાક્રમ રોકાયું છે એવો તે કીચક સર્પની પેઠે વારંવાર નિશ્વાસ લેતો થકો અંતરમાં અત્યંત વ્યાકુળ થઈને બોલ્યો. (૧)

**કીચક કહે છે :**

'હે વર્ણિન્ ! જો હિંસાનું વેદમાં તાત્પર્ય ન હોય તો દેવતાઓ, ઋષિઓ અને રાજાઓએ હિંસામય યજ્ઞો કેમ કરેલ છે ? તે તમો કહો. (૨) અને શું તે દેવ, રાજા, ઋષિઓએ વેદ, શાસ્ત્રો પુરાણો નહિ ભણ્યાં હોય ? અથવા સર્વને દૂષણ આપનાર તમો એક જ પંડિત છો ? બીજા કોઈ પંડિત જ નથી ? (૩) અને શુક્રાચાર્ય અને શ્વેતકેતુ મુનિને જે મદ્યમાંસભક્ષણ, પરદારાસંગ નિવૃત્તિરૂપ મર્યાદા પ્રવર્તાવી છે તે તો હમણાની આધુનિક જાણવી. તે કાંઈ અનાદિ મત નથી. (૪) આથી સુજ્ઞ એવા પંડિતજનો તે આધુનિક મતને માનતા નથી. તે તો પ્રાચીન માર્ગને અનુસરનારા છે કેમ કે તેઓ સૂક્ષ્મદર્શી છે.' (૫) સુવ્રમુનિ કહે છે હે રાજન્ ! તે સત્ પંડિતપણાના અભિમાની કહેતાં મૂર્ખ એવા કીચકની વાણી સાંભળી શ્રીહરિ, તે કીચકના મતને મર્દન કરતા થકા સત્પુરુષોનું વચન કહેવા લાગ્યા. (૬)

**શ્રી નારાયણમુનિ કહે છે :**

'હે કીચક ! હું હિંસામય કર્મ પરાયણ જનોને દૂષણ આપતો નથી પરંતુ આ પ્રકારે વેદનિરુપિત સત્ય સિદ્ધાંત છે તે મેં તમોને કહ્યો. (૭) મહાભારતમાં મોક્ષધર્મમાં ભીષ્મપિતામહ યુધિષ્ઠિરને તે જ સિદ્ધાંત નિઃસંશય કહેતા હતા તે તમે સાંભળો. (૮) વેદમાં કહેલી સનાતન અહિંસાપ્રધાન મર્યાદાને ઉલ્લંઘન કરનારા તેથી જ વિમૂઢ - વેદોના અભિપ્રાયને નહિ જાણનારા નાસ્તિક પુરુષોએ હિંસા સારી રીતે પ્રતિપાદન કરેલી છે. (૯) ધર્માત્મા સ્વાયંભૂ મનુએ યાગાદિ સર્વ કર્મોમાં અહિંસાની જ પ્રતિષ્ઠા કરી છે. હિંસામાં રુચિવાળા પુરુષો ઈચ્છામાત્રથી યજ્ઞશાળાથી બહાર કરેલી વેદી ઉપર પશુઓને મારે છે. (૧૦) તે જ પ્રમાણથી જ્ઞાનવાળા પુરુષે અહિંસાત્મક સૂક્ષ્મ ધર્મનું આચરણ કરાયેલું છે. માટે સર્વ પ્રાણીઓનો શરીર-વાણી મનથી દ્રોહ ન કરવારૂપ અહિંસા, સમગ્ર ધર્મોથી અતિશય શ્રેષ્ઠ, વેદાદિ સમગ્ર શાસ્ત્રોએ માનેલી છે. (૧૧) મનુષ્યો જો સોમાદિ યજ્ઞો, વૃક્ષો અને યજ્ઞસ્તંભોને ઉદ્દેશીને પશુઓને મારીને માંસ ખાય છે તે તો વૃથા છે. નિરર્થક છે. પશુને મારવારૂપ ધર્મની મુનિઓએ પ્રશંસા કરી નથી. (૧૨) સુરા, મદ્ય, માંસ, આસવ અને માંસ મિશ્રિત અન્ન વગેરે યજ્ઞાદિને ઉદ્દેશીને ખાય છે - તે બધું ધૂર્તોએ પ્રવર્તાવેલું છે. આ સુરા ભક્ષણાદિક વેદોમાં તો કહેલું જ નથી. (૧૩) અને તેમણે કલ્પેલું છે તે પણ અભિમાનથી, મોહરૂપ અજ્ઞાનથી, વેદનો અભિપ્રાય નહિ જાણવાથી, લોભથી, રસમાં લોલુપવાથી કલ્પેલું છે. વેદનું તાત્પર્ય જાણનારા બ્રાહ્મણો સર્વ યજ્ઞોમાં વિષ્ણુને જ પૂજ્યપણે માને છે. (૧૪) વિષ્ણુનું પૂજન પરમ અન્ન જે દૂધપાક, ઉત્તમ પુષ્પો વડે મુનિઓએ કહેલું છે. યજ્ઞિય વૃક્ષો વેદોમાં જ પરિકલ્પિત છે તેમનું યજન પણ દૂધપાક આદિ વડે જ કહેલું છે પણ સુરા આદિથી નહિ. (૧૫) અને કાર્તિક માસમાં ઉત્પન્ન થયેલું ડાંગર વગેરે અનાજ, મહાસત્ત્વગુણે યુક્ત શુદ્ધ ભાવવાળા પુણ્યશાળી પુરુષોએ પવિત્રપણે રાંધેલું હોય, તે બધું શ્રી વિષ્ણુ પરમાત્માને અર્પણ કરવા યોગ્ય છે. (૧૬) હે ચાર વાર મદ્યપાન કરનાર ! આ પ્રમાણે ભારતનાં વાક્યો તમોને કહ્યાં. શ્રીમદ્ ભાગવતનો પણ એ જ સિદ્ધાંત છે. (૧૭) મલિન બુદ્ધિવાળા જે પુરુષો વેદને હિંસાયજ્ઞપરાયણ કહે છે તે પુરુષો વેદના તાત્પર્યને નહિ જાણનારા અગ્નિસાધ્ય કર્મના અભિનિવેશ વડે લુપ્ત વિવેકવાળા અંતે આવાગમનરૂપ સંસારને પામે છે. પોતાના આશ્રયરૂપ એવા પરમાત્માસ્વરૂપને જાણતા નથી. (૧૮) વિષયોમાં પ્રીતિવાળા માટે જ કૃપણ અને તૃષ્ણાથી આકુળ એટલે હિંસામય યજ્ઞોથી ઈચ્છિત ફળ મળશે એવા વિશ્વાસવાળા પુરુષો યજ્ઞમાં અજાદિ પશુઓને મારે છે; તે પશુઓ મરીને પરલોકમાં ગયેલા પુરુષોને ભક્ષણ કરે છે. (૧૯) ધર્મ તત્ત્વને જાણનાર પુરુષ શ્રાદ્ધમાં માંસ આપે નહિ અને ખાય નહિ. કારણ કે મુનિઓને પ્રિય નિવાર વગેરે અન્નોથી પિતૃઓને સર્વોત્તમ પ્રીતિ થાય તેવી પશુહિંસાથી થતી નથી. (૨૦) ઈત્યાદિ વાક્યો વડે દેવ પિતૃયાગોમાં પણ સાક્ષાત પશુઘાત, શ્રીમદ્ ભાગવતમાં નિષેધ કરેલો છે તો પછી બીજી જગ્યાએ તો નિષેધ કરેલો જ હોય એમાં શું કહેવું ? (૨૧) મરીચિ વગરે સપ્તર્ષિઓ તથા વાલખિલ્ય મુનિઓ તે જ પ્રકારે હિંસામય યજ્ઞો ન કરવા એમ કહેતા હતા અને અન્ય સર્વ મહર્ષિઓ પણ માંસભક્ષણના અભાવની જ પ્રશંસા કરે છે. (૨૨) જે પુરુષ પશુ

આદિના માંસ વડે પોતાનું માંસ વધારવાની ઈચ્છા કરે છે તે અવશ્ય મહાદુઃખને પામે છે, આમ નારદે કહ્યું છે. (૨૩) અને જે પુરુષ માંસ ખાતો નથી, પોતે પશુને હણતો નથી તથા બીજા પાસે હણાવતો નથી તે પુરુષ સર્વ પ્રાણીઓમાં પૂજ્ય છે એમ સ્વયંભૂ મનુ વચન કહેતા હતા. (૨૪) અને બૃહસ્પતિ કહે છે : જે પુરુષ મદ્ય અને માંસ થકી નિવૃત્તિ પામેલો છે તે જ દાતા, યજ્ઞકર્તા અને તે જ તપસ્વી જાણવો. (૨૫) વળી ભીષ્મપિતામહે યુધિષ્ઠિરને કહ્યું છે કે જે પુરુષ સો વર્ષ સુધી મહિને મહિને અશ્વમેધ યજ્ઞથી પૂજન કરે છે અને જે પુરુષ માંસભક્ષણનો ત્યાગ કરે છે તે બન્ને સમાન પુણ્યશાળી છે. (૨૬) જે પ્રથમ અજ્ઞાનથી માંસ ખાઈને પછી માંસભક્ષણમાં દોષ જાણ્યા પછી નિવૃત્તિ પામે છે પણ જો ફરીથી માંસ ખાતો નથી તો તે પણ અશ્વમેધ યજ્ઞના ફળને પામે છે. (૨૭) જે વિદ્વાન પુરુષ સદા સર્વ ભૂતોને અભયદાન આપનારો થાય તે પુરુષ પ્રાણદાતા જાણવો. તે વિશ્વાસ કરવા યોગ્ય છે. તે કોઈથી પરાભવ પામતો નથી એ નક્કી વાત છે. (૨૮) જેમ પ્રાણ પોતાને અતિ વહાલા છે તેમ બીજાને પણ પોતપોતાના પ્રાણો અતિ પ્રિય જાણવા. સર્વ દેહીઓને મૃત્યુ સમાન બીજું કોઈ દુઃખ નથી. (૨૯) બ્રહ્મસ્વરૂપમાં નિષ્ઠાવાળા એવા ત્યાગી મુનિજનોને પણ સ્વવધ સમયે પ્રસન્નતા થતી નથી. (૩૦) માટે જ ત્યાગી દેહાધિભાન રહિત મુનિઓનો વધ કરે તો ધર્મશાસ્ત્રમાં બ્રહ્મહત્યાદિથી પણ અધિક દોષ નિશ્ચે કહેલો છે. (૩૧) તે જ પ્રકારે યજ્ઞ ભાગને ખાનારા સર્વ દેવતાઓને પણ ક્વચિત્ વધકાળ પ્રાપ્ત થાય ત્યારે મોટી પીડા થાય છે. (૩૨) ત્યારે તે દેવો જીવહિંસા પાપ જ છે એમ જાણે છે તેથી વધ સમયમાં દેવો નાસી જઈને પર્વતની ગુફાઓમાં ગુપ્ત વાસ કરે છે. (૩૩) તથા જે હિંસાપરાયણ મનુષ્યો છે તે પણ આ લોકમાં સ્વવધક્ષણે જ્યાં ત્યાં દોડતા થકા ત્રાસ પામે છે. (૩૪) અને અત્યંત ક્રૂર ઘાતકી એવા તે પુરુષો પોતાના વધ સમયે દીનપણાને પામે છે અને પછી વારંવાર હિંસાને વખોડતા થકા અહિંસાની પ્રશંસા કરે છે. (૩૫) વિદ્વાન પુરુષોને પણ થનારા પોતાના મોતની વાત સાંભળીને પણ અતિશય ભય અને હૃદયમાં કંપારી છૂટે છે. (૩૬) તો માંસભક્ષણના પ્રયોજનથી પાપીજનોએ બળપૂર્વક હણાતા રોગરહિત જીવોને ભય ઉત્પન્ન કેમ ન થાય ? થાય જ. (૩૭) જીવહિંસારૂપ કર્મ કરનારા ક્રૂર નિર્દય પાપી જનોને આ લોકમાં અને પરલોકમાં સુખ ક્યાંથી હોય ? ન જ હોય. (૩૮) માંસ ઘાસમાંથી કે કાષ્ઠમાંથી કે પાષાણમાંથી ઉત્પન્ન થતું નથી. પ્રાણીઓના વધથી જ ઉત્પન્ન થાય છે. માટે માંસભક્ષણમાં પાપ છે. (૩૯) આર્જવ પ્રિય દેવતાઓ સ્વાહા શબ્દથી અપાયેલા અમૃત શબ્દ વાચ્ય ઘૃતાદિ દ્રવ્યનું ભોજન કરનારા છે, પિતૃઓ સ્વધા શબ્દથી અપાયેલા અમૃત શબ્દવાચ્ય જળાદિ ભક્ષણ કરનારા છે. અને રાક્ષસો ક્રવ્ય કહેતાં માંસભક્ષણ કરનારા છે. આથી સજ્જન માંસનો ત્યાગ કરે. (૪૦) પ્રાણીઓને ઉદ્વેગ નહિ પમાડનારા પુરુષને આ લોક કે પરલોકમાં ક્યાંય પણ ભય છે જ નહિ અને પ્રાણીવધ કરનારને આ લોક અને પરલોકમાં ભય નિવૃત્તિ પામતો જ નથી. (૪૧) આ લોકમાં કોઈ માંસ ખાનારો ન હોય તો કોઈ પ્રાણીને મારનારો કે મરાવનારો પણ ન હોય, માંસ વેચાતું લેનારો કોઈ ન હોય તો કોઈ વેચનારો પણ ન હોય, માટે માંસ ખાવું નહિ. (૪૨) માર્કંડેયમુનિએ કહ્યું છે કે માંસને વેચનારો ધનથી પ્રાણીનો ઘાત કરે છે, ખાનારો

ઉપભોગથી ઘાત કરે છે અને ઘાતક પોતે શસ્ત્રાદિથી મારવું અને બંધન વગેરેથી મારવું એ બે પ્રકારે ઘાત કરે છે. (૪૩) પશુને લાવનાર, અનુમોદન કરનાર, ઘાત કરનાર, ખરીદ કરનાર અને વેચનાર, માંસ રાંધનાર, અને ઉપભોગ કરનાર આ બધા માંસભક્ષકો જ છે. (૪૪) માંસભક્ષણમાં દેહની પુષ્ટિ સિવાય અન્ય કોઈ ગુણ નથી. દેહ તો દુઃખરૂપ છે, કૃતઘ્ની છે; ક્ષણમાત્રમાં નાશવાન છે. (૪૫) માંસભક્ષણમાં ઘણા દોષો છે કારણ કે હિંસાના આશ્રયે જ સર્વ પાપો પ્રવર્તે છે. (૪૬) અને પ્રાણીવધ કરનારા માણસો નાના પ્રકારના જન્મ-જરા-રોગ-મૃત્યુઓની પીડાથી દુઃખ પામ્યા થકા સંસારમાં વારંવાર ભમતા રહે છે. (૪૦) જીવહિંસક જનો કુંભીપાક નામના નરકમાં રંધાય છે એટલું જ નહિ પરંતુ નરક કરતાં પણ અધિક દુઃખવાળા ગર્ભવાસમાં પણ પકાવાય છે. (૪૮) મનુષ્યોને ઝીણા કીડાઓના વધમાં પણ મહાન દોષ છે. કેમ કે સર્વ દેહધારીઓને પણ પોતાના પ્રાણો અત્યંત પ્રિય છે. (૪૯) ભારતમાં દાનધર્મમાં પ્રસિદ્ધ કથા છે. પૂર્વે ગાડાનો શબ્દ સાંભળીને ભય પામેલો ઉતાવળે ચાલતો જીવવાની ઈચ્છાવાળો કીડો 'મારા પ્રાણો અતિપ્રિય છે' એવું વ્યાસને કહેતો હતો. (૫૦) આથી દયાપરાયણ જે પુરુષ સર્વ ભૂતોને અભય આપે છે તે જ પુરુષ આ લોક અને પરલોકમાં નિર્ભય થાય છે એમાં જરા પણ સંદેહ નથી. (૫૧) સર્વભૂતોને અભય આપનારા જનને સાપો અને વાઘો મારતા નથી, પિશાચો અને રાક્ષસો પણ મારતા નથી. જે અન્ય પ્રાણીઓને ભયથી મૂકાવે છે તે પુરુષ ભયપ્રાપ્તિ સમયે મુક્ત થાય છે. (૫૨) પશુઓને પણ મૃત્યુ સમયે મોટો કંપારો થાય છે. આથી માણસ જેમ પોતાના દેહમાં તેમ અન્ય પ્રાણીઓ ઉપર પણ દયા કરે. (૫૩) આ લોકમાં હું જે પશુનું માંસ ખાઉં છું, તે પશુ પરલોકમાં મારું ભક્ષણ કરશે. પંડિતજનો આ જ માંસનું માંસપણું કહે છે. (૫૪) પશુઓ યજ્ઞ માટે સર્જેલાં છે. આ પ્રકારે શ્રુતિનું શાસન છે. આથી યજ્ઞવિધિથી બીજા સ્થાનમાં જે પુરુષો પશુઓને હણે છે તે રાક્ષસો થાય છે. (૫૫) યજ્ઞોમાં સાક્ષાત પશુવધ પણ વેદસંમત નથી પરંતુ અસાત્ત્વિક એવા રજસ્તમઃ સ્વભાવવાળા પુરુષોને રાગપ્રાપ્ત નિત્ય હિંસાની નિવૃત્તિ માટે છે. (૫૬) પ્રથમ સત્યયુગમાં સત્ત્વગુણનું આધિક્ય હોવાથી સર્વ જનો માટે હિતકારક એવો સત્ય, દાન, તપ અને જપ ચાર પગવાળો ધર્મ હતો. (૫૭) ત્યારબાદ ત્રેતાયુગના આરંભમાં યજ્ઞ પ્રવૃત્ત થયો જેમાં ધાન્યમય પશુ કલ્પેલો હતો. સ્વર્ગાદિક પુણ્યલોકની આકાંક્ષાવાળા યજ્ઞ કરનાર યજમાનો વ્રીહિમય પશુ વડે યજ્ઞ કરતા હતા. (૫૮) પછી કાળે કરીને તમોગુણથી વ્યાપ્ત રજોગુણ વૃદ્ધિ પામવાથી અધિકારવાળા મનુષ્યો અને દેવતાઓની બુદ્ધિનો ભેદ થયો એટલે કે અહિંસારૂપ સત્ત્વબુદ્ધિનો નાશ થયો. (૫૯) પછી ત્રેતાયુગમાં, સ્વાયંભુવ મન્વંતરમાં વિશ્વજિત નામવાળા ઈન્દ્રે વેદોક્ત મંત્રોને 'હિંસા છે ચિહ્ન જેમાં' એવા પ્રવર્તાવ્યા. (૬૦) પ્રથમ તે વિશ્વજિત નામના ઈન્દ્રે જ પશુવધયુક્ત વાજીમેધ નામનો મહાયજ્ઞ પોતે કરીને પ્રવર્તાવ્યો. (૬૧) હે કીચક ! યજ્ઞસંબંધી આ કથા હું તમને કહું છું, જે કથા વાયુપુરાણ, મત્સ્યપુરાણ, સ્કંધપુરાણ અને ભારતમાં કહેલી છે. (૬૨) પૂર્વે પ્રથમ સ્વાયંભુવ મન્વંતરમાં વિશ્વજિત નામનો મંત્રવિદ્યામાં વિશારદ દેવેન્દ્ર થઈ ગયો. (૬૩) પોતાની આજ્ઞામાં રહેતા દેવગણોએ સહિત યજ્ઞનાં સાધનો જેમણે એકત્રિત કર્યા છે એવા સમર્થ વિશ્વજિત ઈન્દ્રે ત્રેતાયુગના આરંભમાં અશ્વમેધ યજ્ઞ

પ્રવર્તાવ્યો. (૬૪) તે દેવો ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવોનું યજન કરતા હતા. તેવામાં વિસ્તાર પામેલા અશ્વમેધ યજ્ઞમાં બૃહદ્ વસિષ્ઠાદિ ઋષિઓ ત્યાં આવ્યા. (૬૫) દેવોએ પૂજાયેલા તે મહર્ષિઓ યજ્ઞમાં સભામાં બેઠા. ત્યારે યજ્ઞ સાધન સામગ્રીઓ તથા યજ્ઞકર્મમાં અતિ ઉત્સાહવાળા ઋષિઓ અને દેવતાઓને જોયા. (૬૬) પછી યજ્ઞમાં બાંધેલાં ગરીબડાં અને બૂમો પાડતાં બકરાં વગેરે પશુઓને જોયાં. પછી તે મહર્ષિઓ સર્વને સાંભળતાં વિશ્વજિત ઈન્દ્રને કહેવા લાગ્યા. (૬૭) 'હે દેવેન્દ્ર ! તમોએ મારવા માટે લાવેલાં પશુઓથી સનાતન અહિંસા ધર્મને હણવા માટે અધર્મ આરંભ્યો છે. આ પશુવધ ધર્મ નથી પરંતુ અધર્મ જ છે કેમકે હિંસા ધર્મ કહેવાતો જ નથી. (૬૮) તમો જે કરવા ઈચ્છો છો તે બધું વેદે પ્રમાણ કરાયેલાં અહિંસાત્મક સચ્છાસ્ત્રોની વિધિપૂર્વક યજ્ઞથી અવધ્ય મર્યાદાવાળા ધર્મપૂર્વક કરો. (૬૯) તત્ત્વદર્શી મહર્ષિઓએ આ પ્રમાણે કહેવાયેલો વિશ્વજિત ઈન્દ્ર, માન અને મોહથી યુક્ત થયેલા તેણે મહર્ષિઓનું વચન માન્યું નહિ. (૭૦) ઈન્દ્રની સાથે વિવાદ કરવાથી ખિન્ન થયેલા મહર્ષિએ, તો ઈન્દ્રની સાથે 'વસુરાજા કહે છે તે સત્ય માનવું' એવો ઠરાવ કરીને ઈશ્વરેચ્છાથી ત્યાં આવેલા ઉપરિચર વસુ રાજાને પૂછવા લાગ્યા. (૭૧) હે મહાપ્રાજ્ઞ ! હે રાજન્ ! તમોએ યજ્ઞવિધિ કયા પ્રકારથી જોયેલો છે ? આ પ્રકારે પુછાયેલા વસુરાજા વિધિ-પ્રતિષેધના બળાબળનો નિર્ધાર કર્યા વગર એકદમ એમ બોલ્યા કે : (૭૨) 'પવિત્ર પશુઓ વડે યજ્ઞ કરવો તથા ઘૃતાદિ રસ, વ્રીહિ વગેરે ઔષધિઓ અને ફળો વડે યજ્ઞ કરવો. કેમ કે વેદમાં હિંસાપ્રધાન યજ્ઞ દેખાય છે.' (૭૩) આટલું બોલવામાત્રમાં જ આ વસુરાજા પૃથ્વી ઉપર પડ્યો. અંતરિક્ષમાં ફરનારા તે વસુરાજા આવા વચનમાત્રથી પૃથ્વીમાં ફરનારા થયા. (૭૪) ધર્મસંબંધી સંશયને હરનારા આ વસુરાજા ઈન્દ્રાદિક દેવોના પક્ષપાતથી યજ્ઞમાં હિંસાને ધર્મપણે કહેતાં આકાશ થકી અધોગતિ પામીને અવની ઉપર આવ્યા. (૭૫) બુદ્ધિમાન પુરુષોએ પણ વેદતાત્પર્ય જાણવું અશક્ય છે એ નિશ્ચિત વાત છે તેથી કોઈપણ પણ પુરુષે ધર્મ કહેવા શક્તિમાન થઈ શકાયું નથી. (૭૬) જે કારણથી વેદ અધિકાર પ્રમાણે ધર્મો કહે છે માટે બહુ માર્ગવાળા ધર્મની ગતિ સૂક્ષ્મ છે અને તેથી કઠિન છે. (૭૭) આ પ્રમાણે પૂર્વે સ્વાયંભૂવ મન્વંતરમાં યજ્ઞ પ્રવૃત્તિ સમયે દેવતાઓને અને ઋષિઓને ખૂબ મોટો વિવાદ થયો હતો. (૭૮) આથી તે ઋષિઓ બલાત્કારથી ત્યાગ કરેલા ધર્મને જોઈ અને અવશ્યંભાવિ અધર્મને જોઈને સર્વ મહર્ષિઓ જેવા આવ્યા હતા તેવા પાછા ચાલ્યા ગયા. (૭૯) મુનિઓના સંઘો ગયા ત્યારે દેવો યજ્ઞ કરતા હતા. આ પ્રકારે રજોગુણ અને તમોગુણની વૃદ્ધિથી યજ્ઞમાં હિંસા પ્રવર્તે છે. (૮૦) જે સમયે જેવો યુગ હોય અને જેવા ગુણવાળા બ્રાહ્મણો હોય તે સમયે તેવું શાસ્ત્ર પ્રધાનપણે પ્રવર્તે છે. (૮૧) આથી હિંસા ન કરવી એમ ઋષિઓએ જે વચન કહેલું છે તે જ પ્રમાણવાક્ય મુમુક્ષુઓએ ગ્રહણ કરવું જોઈએ એ નિશ્ચિત વાત છે. (૮૨) અદ્રોહ (મન, વાણી અને કાયાથી પ્રાણીઓની હિંસા ન કરવી), લોભનો અભાવ, દમ (બાહ્ય ઈન્દ્રિયોનું નિયમન), ભૂતપ્રાણીમાત્ર પર દયા, અંતઃકરણના નિયમનરૂપ શમ, બ્રહ્મચર્ય, તપ, સત્ય, અનુકંપા, ક્ષમા અને ધૈર્ય - આ સનાતન ધર્મનાં મૂળ, અગિયાર પ્રકારનાં કહેલાં છે. આથી માંસ હંમેશાં ત્યાજ્ય છે. આ સર્વોત્તમ મર્યાદા છે. (૮૩-૮૪) આથી અહિંસા, પરદારાના

સંગનો ત્યાગ અને મદ્યનો ત્યાગ વગેરે શ્રેષ્ઠ પુરાતન ધર્મ છે પણ અર્વાચીન નથી. માટે હે કીચક! અસત્ મતનો ત્યાગ કરી શ્રીકૃષ્ણનો આશ્રય કરો.' (૮૫)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્! આ પ્રકારની શ્રીહરિની વાણી સાંભળી તે કીચક અત્યંત વિસ્મય પામી ગયો. કીચક પોતાના હૃદયમાં શ્રીહરિને પરમેશ્વર જાણવા લાગ્યો અને પોતાનો મત અશાસ્ત્રીય હોવાથી અસત્ માનવા લાગ્યો. (૮૬) ત્યારે કીચક શ્રુતિ સ્મૃતિ પ્રમાણ રહિત એવું મકાર પંચક વડે કાલીદેવીનું પૂજન શ્રીહરિ મહાપ્રભુ સન્મુખ પ્રતિપાદન કરવા સમર્થ થઈ શક્યો નહિ. (૮૭) પછી માન અને મદ રહિત થઈને અધર્મથી અત્યંત ભયભીત થઈને શ્રી નારાયણમુનિને પ્રણામ કરી થોડાક પોતાના માનની રક્ષા માટે (બચાવની ખાતર) વચન બોલ્યો : (૮૮) હે નારાયણમુને! તમો જે વચન કહો છો તે સત્ય છે પરંતુ હું અમારા કુલાર્ણવાદિ પ્રાચીન ગ્રંથો તમોને બતાવીશ. (૮૯) હાલમાં તો મારે દીર્ઘશંકાએ જવાનું હોવાથી હું જાઉં છું એમ કહીને તે સભામાંથી પોતાના શિષ્યોએ સહિત તત્કાળ નીકળી ચાલ્યો ગયો. (૯૦) શ્રી નારાયણમુનિના પ્રતાપથી ભય પામીને કંપતો થકો કીચક ગ્લાનિ પામેલા પોતાના મુખને વસ્ત્રથી ઢાંકીને ગરુડજીના મુખમાંથી પડી ગયેલા અને બચી ગયેલા સર્પની પેઠે પોતાને ઘેર ચાલ્યો ગયો. (૯૧) જઈ રહેલા કીચકને શ્રીહરિ કહેવા લાગ્યા કે હે શક્તિપંથિન્! તમો તમારા કુલાર્ણવ ગ્રંથ લઈને આવશો નહિ. અમારે તે ગ્રંથનું કોઈ પ્રયોજન નથી. અને ફરીથી અમોને તમારું દર્શન પણ ન હજો. (૯૨) કીચકના ગયા પછી શ્રીહરિ સમગ્ર પોતાના આશ્રિતોની સાથે શક્તિપંથના સંસર્ગથી લાગેલ પાપની નિવૃત્તિ માટે વિશાળ દેવસરોવરમાં સ્નાન કરવા પધાર્યા. (૯૩) શ્રી સ્વામિનારાયણ ભગવાન તે સરોવરમાં મુનિજનો સાથે લાંબો સમય સ્નાન અને જળક્રીડા કરીને તે લીલા વડે તે સરોવરને ગંગાજીના પ્રતિનિધિરૂપે કરી દેતા હતા. (તે સરોવરને ગંગાજી જેવા મહાત્મ્યવાળું કરી દેતા હતા). (૯૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં જયતલ્પપુરે ક્ષુદ્રશાક્તમતખંડને અહિંસાધર્મસ્થાપનવાદિપરાજયનિરૂપણ એ નામે ત્રેપનમો અધ્યાય થયો. ॥૫૩॥

●

## અધ્યાય - ૫૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્! પ્રભુ નારાયણ મુનિ ફરી સભામાં પધારી પોતાના આશ્રિતજનોને કહેવા લાગ્યા : 'હે ભક્તજનો! આ કીચક સાથેના વિવાદમાં અમે ભદ્રકાલી દેવીની પૂજાનું ખંડન કરેલું નથી. (૧) પરંતુ તે પૂજાની અંદર થતો પશુવધ આદિરૂપ અધર્મ મેં સારી રીતે ખંડન કરેલો છે. હે જનો! તે હેતુ માટે શ્રીહરિની શક્તિભૂત એવી દેવીની અવજ્ઞા ન જ કરવી.' (૨) આ પ્રકારે સભામાં વિદ્વાન વિપ્રોને સુંદર વચનો વડે રંજન કરતા થકા શ્રીહરિ દુષ્ટજનોએ ક્ષીણ કરી નાખેલા ધર્મનું જ રક્ષણ કરતા હતા. (૩) શ્રીહરિ મહાપ્રભુ પ્રબળ પ્રમાણ વચનો વડે શક્તિમાર્ગમાં રહેલ

મકારપંચક (મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન)નું મહાપાપ નાશ કરાવતા હતા. (૪) શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ ચંદન, પુષ્પ, ઘી, દૂધ વગેરે વડે ભદ્રકાલીનું સારી રીતે પૂજન તથા અડદનાં વડાં વડે બલિદાન સ્થાપિત કરતા હતા. (૫) હે રાજન્ ! શ્રીહરિ નારાયણમુનિને સદ્ધર્મ મર્યાદા સ્થાપન કરતાં કરતાં તે જેતલપુરમાં માગશર સુદ મોક્ષદા એકાદશી આવી હતી. (૬) શ્રીહરિએ મોક્ષદા એકાદશીના રોજ કૃષ્ણપૂજા મહોત્સવ કરાવ્યો હતો. આ મહોત્સવ ઉપર બહારગામના હજારો જનો આવ્યા હતા. (૭) તે મહોત્સવ ઉપર મહોત્સવ દર્શનમાં અતિ ઉત્કંઠાવાળા નથુભાઈ વગેરે પુરુષો અને ગંગા આદિક સ્ત્રીઓ અમદાવાદથી જેતલપુર આવ્યાં હતાં. (૮) હે રાજન્ ! તે સમયે શ્રીહરિ રાત્રિમાં સંતો અને હજારો હરિભક્તો સાથે કૃષ્ણકથાનું શ્રવણ અને કીર્તન આદિ વડે જાગરણ કરતા હતા. (૯) તે ઉત્સવ પ્રસંગે આકાશમાં શ્રીહરિ નારાયણમુનિ આગળ મોટું આશ્ચર્ય થયું. તે આશ્ચર્ય કહે છે કે ગોળાકાર એક મોટું તેજ ઘટિકા માત્ર રહેતું હતું. (૧૦) ત્યારબાદ તે તેજ ત્રણ ભાગમાં થઈ ગયું અને સર્વ સંતોના જોતજોતામાં જ તિરોધાન થઈ ગયું. તે જોઈને સાધુઓ શ્રીહરિ મહાપ્રભુને પૂછવા લાગ્યા. 'હે પ્રભો ! આ શું હતું તે અમોને કહો.' (૧૧) ત્યારે શ્રીહરિ સંતોને કહેવા લાગ્યા કે હે સંતો ! આ ગુહ્ય રહસ્ય છે તો પણ અતિ સ્નેહને લીધે તમોને હું કહું છું. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશરૂપ બ્રહ્માંડના ત્રણ અધિપતિઓ મારા દર્શન માટે આવ્યા હતા. (૧૨) તમોએ તે દેવોને મારી ઈચ્છા થકી તેજોરૂપ જોયેલા છે. આ સાંભળી ખૂબ આનંદ પામેલા સર્વ સંતો અતિ આદરથી શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા : (૧૩) ત્યારપછી પુરવાસી ભક્તજનો સ્તુતિ કરી વારંવાર પ્રાર્થના કરવા લાગ્યા. 'હે નારાયણ ! હે શ્રીહરે ! હે સ્વામિન્ ! અમો તમારા દ્રઢ ભક્તો છીએ. (૧૪) હે પ્રભો ! તમો તો ભક્તોના મનોરથો પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન છો. તે હેતુ માટે હે સર્વેશ્વર ! તમો અમારું થોડુંક માગેલું કૃપા કરી આપવાને યોગ્ય છો.' (૧૫) ત્યારે શ્રી નારાયણમુનિ તે ભક્તો ઉપર રાજી થઈને બોલ્યા : 'હે ભક્તજનો ! તમારી ભક્તિથી હું પ્રસન્ન થયેલો છું. માટે તમારું જે પ્રિય હશે તે હું આપીશ. તમો માંગો.' ત્યારે તે ભક્તજનો કહેવા લાગ્યા. (૧૬) 'હે સ્વામિન્ ! અમો તમારાં દર્શન વિના આ પુરમાં એક દિવસ પણ રહેવા સમર્થ નથી. અને અમારું જીવન તો તમો જ છો. (૧૭) આથી હે સર્વેશ્વર ! તમોએ નિશ્ચલ ચિત્તથી નિરંતર અહીંયાં જ રહેવું. આવશ્યક કાર્યપ્રસંગે બીજે જઈને ફરી પાછા ત્યાંથી આ જેતલપુરમાં જ આવવું.' (૧૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

શ્રી નારાયણમુનિ ભગવાનની જેતલપુરવાસી જનોએ પ્રાર્થના કરી ત્યારે ક્ષણમાત્ર વિચાર કરી પ્રભુ તે ભક્તોને કહેવા લાગ્યા કે આ તમારો મનોરથ સંપૂર્ણ સિદ્ધ થશે જ. (૧૯) હું અહીંયાં કોઈક સ્થળે પ્રત્યક્ષરૂપે, કોઈક સ્થળે પ્રતિમારૂપે અને કોઈક સ્થળે અદ્દશ્યરૂપે સર્વદા રહીશ એમાં સંશય નથી. (૨૦) અને જે પુરુષો દ્દઢ નિશ્ચયવાળા થઈને આ જેતલપુરમાં પ્રતિમારૂપે રહેલ મારું શ્રદ્ધાસહિત આરાધન કરશે તે પુરુષોની અભિલાષા સિદ્ધ થશે જ. (૨૧) અને તે પુરુષો સાક્ષાત્

પ્રત્યક્ષ મારાં દર્શન તથા અન્ય મનોવાંચ્છિત પામશે માટે આ પુરમાં તમો યથાશક્તિ મારું મંદિર બનાવો. (૨૨) શ્રીહરિએ આ પ્રકારે કહેલા તે ભક્તજનો 'જેમ તમો કહો છો એમ કરીશું'. એમ કહેતા થકા પૂર્ણ મનોરથવાળા થઈને ભગવાનના મંદિરનો આરંભ કરવામાં તત્પર બની ગયા. (૨૩) શ્રીહરિ મહાપ્રભુ પોતાને પ્રિય આનંદાનંદ નામના મુનિને તે મંદિર બંધાવવાનું કાર્ય કરવામાં યોજના કરતા હતા. તે આનંદાનંદ સ્વામી પણ સ્નેહપૂર્વક તે મંદિરનું કાર્ય કરાવવા લાગ્યા. (૨૪) ગંગા નામનાં બ્રાહ્મણી શ્રી નારાયણમુનિની આદરપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યાં : 'હે ભગવન્ ! તમારા માટે મેં બનાવેલો થાળ તમારે દરરોજ જમવો. આપ કૃપા કરી મારા પર આટલો અનુગ્રહ કરો. (૨૫) આ પ્રકારનો મારો લાંબા સમયથી મનોરથ વર્તે છે. હે મહારાજ ! તે મારા મનોરથને પૂર્ણ કરો. હું નિષ્કપટપણે કહું છું કે હું તમારી દાસી છું.' (૨૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

ગંગાબાએ આ પ્રકારે ખૂબ ભક્તિભાવથી પ્રાર્થના કરેલા શ્રીહરિ ગંગાબાને કહેવા લાગ્યા કે તમારો એ મનોરથ સફળ થશે એ નક્કી જાણો. (૨૭) કારણ કે તમોએ ભક્તિભાવથી મને પ્રતિદિન વશમાં કરેલો છે. આથી હે ભદ્રે ! આ પુરમાં દરરોજ તમોએ રાંધેલું અન્ન તમારી પ્રીતિ માટે જમીશ. (૨૮) અને મારી પ્રતિમાની પૂજા કરીને તમો જ્યારે નૈવેદ્ય અર્પણ કરશો ત્યારે તે પ્રતિમામાં રહેલો હું પ્રત્યક્ષ થઈને તે નૈવેદ્ય જમીશ.' (૨૯) આ પ્રકારે ગંગાબાને વરદાન આપીને શ્રીહરિ સંતો પાસે વાજિંત્રોએ સહિત ભગવાનનાં પદો ગવરાવવા લાગ્યા. ગંગાબા પણ ખૂબ રાજી થઈ ગયાં. (૩૦) પોતાના વાક્યનું પાલન કરતા થકા તે ગંગાબાનું પ્રિય કરવાની ઇચ્છાથી શ્રીહરિ ભગવાન પોતે જેમ કહેલ તે પ્રમાણે જ દરરોજ પ્રતિમા દ્વારા થાળ જમતા હતા. અને તે ગંગાબા તે જ પુરમાં નિવાસ કરતાં હતાં. (૩૧) મુનિ કહે છે હે રાજન્! ત્યારબાદ શ્રીહરિ દ્વાદશીના રોજ હજારો સાધુ-બ્રાહ્મણોને જમાડતા હતા અને તે મહોત્સવ પ્રસંગે દાનો પણ આપતા હતા. (૩૨) ડભાણ નગરીથી આવેલા વિષ્ણુગુપ્ત વગેરે ભક્તજનો ઉત્સવ પૂરો થયા પછી પોતાના નગર પ્રત્યે લઈ જવા માટે શ્રીહરિને વારંવાર પ્રાર્થના કરવા લાગ્યા. (૩૩) ડભાણ નગરીના ભક્તજનો ઉપર પ્રસન્ન થયેલા ભગવાન તે જ ક્ષણે વેગવાન ઘોડા ઉપર વિરાજમાન થઈ તે ભક્તજનો સાથે જેતલપુરથી ડભાણ જવા માટે નીકળ્યા. (૩૪)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! ઘોડેસવારથી વીંટાયેલા શ્રીહરિ પોતાની પાછળ આવતા જેતલપુરવાસી ભક્તસમૂહને પાછો વાળીને માર્ગમાં ભક્તિવાળા ભક્તજનોના ઘેર નિવાસ કરતા થકા ઋષિગણોએ સહિત ડભાણ નગર પહોંચ્યા. (૩૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં જયતલ્પપુરસ્થ ભક્તવરપ્રદાન સ્વાવાસ પ્રતિજ્ઞાવિધાન એ નામે ચોપનમો અધ્યાય થયો. ॥૫૪॥

●

## અધ્યાય - ૫૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ભગવાનને પોતાના પુરમાં આવતા સાંભળીને ડભાણવાસી જનો કીર્તનો અને વાજિંત્રોના નાદથી દિશાઓને ગજાવતા થકા સામા આવ્યા. (૧) ત્યારબાદ હાથમાં ચમકતા ભાલાઓ લીધેલા ઘોડેસવારોથી વીંટાયેલા અને સામે આવી રહેલા શ્રીહરિને દૂરથી જોઈને હજારો જનો હર્ષપૂર્વક સામા દોડવા લાગ્યા. (૨) પછી ભક્તજનો શ્રીહરિને સમીપ તત્કાળ પહોંચીને ખૂબ હર્ષિત થઈને નેત્રોમાંથી આનંદાશ્રુઓ વહાવતા અને રોમાંચિત ગાત્રોવાળા બની ગયા અને શ્રીહરિને રસ્તામાં જ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. (૩) ત્યારે શ્રીહરિ પણ સર્વ ભક્તજનોને યથાયોગ્ય વચન વડે સન્માનિત કરી ભક્તોએ સ્તુતિ કરાયેલી છે સત્કીર્તિ એવા થકા શ્રીહરિ પુરમાં પધાર્યા. (૪) શ્રીહરિએ પોતાના દર્શન માટે જનસમૂહની મોટી ભીડ થશે તે હેતુથી ડભાણપુરથી બહાર વટવૃક્ષ નીચે પોતાનો નિવાસ કરાવ્યો. (૫) ત્યારપછી ભગવાને મુનિઓ, પાર્ષદો, અનેક દેશથી આવેલા ભક્તો અને સ્ત્રીઓને યથાયોગ્ય સારી રીતે નિવાસ કરાવ્યો. (૬) શ્રીહરિ પોતાના ભક્તોને આનંદ પમાડતા અને ધર્મમાર્ગની પ્રવૃત્તિ કરતા થકા ડભાણપુરમાં વાસ કરતા હતા. તે ભક્તજનો શ્રીહરિનું પૂજન કરતા હતા. (૭) તેઓ કેસર, અગર, ચંદન, અને કસ્તૂરી મિશ્રિત કુમકુમ ચંદન, સુગંધીમાન પુષ્પના હારો અને સુંદર વસ્ત્રો અને ઉત્તમ અલંકારો વડે શ્રીહરિની પૂજા કરતા હતા. (૮) પુરવાસી જનો ઘણા પ્રકારની ભેટસામગ્રીઓ શ્રીહરિની આગળ ધરીને, શ્રીહરિના ગુણગાન કરતા થકા ભક્તિપૂર્વક આરતી ઉતારતા હતા. (૯) પુરવાસી ભક્તો અને સ્ત્રીઓ મુનિમંડળે સહિત શ્રીહરિનું આતિથ્ય કરતા હતા અને શ્રીહરિની સેવા કરતા હતા. (૧૦) પુરાણવેત્તા મયારામ, ગોવિંદ, કુબેરજી, નરભેરામ, ભાઈરામ, હરિકૃષ્ણ વગેરે બ્રાહ્મણો શ્રીહરિની પરિચર્યા કરતા હતા. (૧૧) બે રઘુનાથદાસ, વિષ્ણુગુપ્ત, રાયજી, પ્રયાગદાસ વગેરે વૈશ્યો શ્રીહરિની સેવા કરતા હતા. (૧૨) અબળા-શર્કરા-દત્તા-શિવા વગેરે દૃઢ ભક્તિવાળી સ્ત્રીઓ આદરપૂર્વક શ્રીહરિની સેવાપરાયણ હતી. (૧૩) ત્યારબાદ ભગવાન શ્રી સ્વામિનારાયણ ડભાણમાં આવેલા પંડિત બ્રાહ્મણો દ્વારા વિષ્ણુયાગનો મહોત્સવ કરાવતા હતા. (૧૪) તે બ્રાહ્મણો તે વિષ્ણુયાગમાં યથાવિધિ કુંડ, મંડપ અને દશાંશ હોમ કરી પછી પૂર્ણાહુતિ કરતા હતા. (૧૫) ભારે ભારે સામગ્રીઓ વડે તે વિષ્ણુયાગ અત્યુત્તમ જ થયો; જે વિષ્ણુયાગમાં સર્વ દેવતાઓ ઘી, દૂધપાક વગેરે હૂત દ્રવ્યોથી સંતુષ્ટ થયા હતા. (૧૬) હે રાજન્ ! જે યજ્ઞમાં સર્વ બ્રાહ્મણો ઘણા ઘી-સાકરવાળા લાડુ વગેરે ભોજન અને દક્ષિણાઓ વડે સંતોષ પામ્યા અને બીજા અન્નાર્થીઓ પણ સંતોષ પામ્યા. (૧૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! જે યજ્ઞમાં જલેબી આદિ પકવાન્નો તથા ઘણા ઘીવાળાં ધોળા લાડુઓના નાના પર્વતો સમાન ઢગલાઓ હતા. (૧૮) જે વિષ્ણુયાગમાં બ્રાહ્મણોનો 'આપો-આપો' અને 'જમો-જમો' એવો ઘણો મોટો ધ્વનિ ચારેબાજુ થતો હતો. (૧૯) પાત્ર અને અપાત્રના વિચારને જાણનાર

ભગવાન તે બ્રાહ્મણોને યથાયોગ્ય દક્ષિણાઓ આપતા હતા અને વિદ્વાન પંડિતોને વિશેષપણે આપતા હતા. (૨૦) ભગવાન શ્રીહરિ અનેક એવાં કન્યાદાનો કરાવતા હતા અને બ્રાહ્મણકુમારોને યથાશાસ્ત્ર યજ્ઞોપવીત અપાવતા હતા. (૨૧) સર્વજ્ઞ શ્રીહરિ ઘણા ગરીબ માણસો, પાપકર્મના ભયવાળા દુર્બળ જનો અને દરિદ્રોને ધન અપાવતા હતા. (૨૨) યાચકોની ઉપર એકદમ પ્રસન્ન થયેલા શ્રીહરિ સોનાનાં સાંકળાં વગેરે અલંકારો તથા સુવર્ણતારવાળાં વસ્ત્રો આપતા હતા. (૨૩) તે અચ્યુત ભગવાન પૃથ્વીદાન, ગોદાન, અશ્વદાન અને સર્વ પ્રકારનાં મહાદાનો કરાવતા હતા. (૨૪) ડભાણપુરમાં શ્રીહરિ મહાપ્રભુનો વિષ્ણુયાગ જેવાં મહાન યજ્ઞ થયો તેવો પૃથ્વીમાં રાજાનો કોઈપણ યજ્ઞ જોયો નથી અને સાંભળ્યો પણ નથી. (૨૫) વિક્રમ સંવત ૧૮૬૬ના પોષ સુદી પૂર્ણિમાને દિવસે પૃથ્વી ઉપર રાજાઓને વિસ્મય પમાડતા શ્રીહરિ આ વિષ્ણુયાગની સમાપ્તિ કરાવતા હતા. (૨૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પૃથ્વીપતે ! આ ડભાણપુરમાં મારા ગુરુ શતાનંદમુનિ આ પ્રસંગે સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું દર્શન પામ્યા. શ્રીહરિએ પોતાના એકાંતિક ભક્ત શતાનંદ મુનિને પોતાની પાસે અત્યંત પ્રસન્નતાપૂર્વક રાખ્યા. (૨૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં દર્ભાવતીપુરે વિષ્ણુયાગ મહોત્સવ નિરૂપણ એ નામે પંચાવનમો અધ્યાય થયો. ॥૫૫॥

●

## અધ્યાય - ૫૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે મહાવિષ્ણુયાગને સમાપ્ત કરાવી સમગ્ર બ્રાહ્મણોને સંતોષ પમાડી પોતાના ભક્તોએ પૂજેલા શ્રીહરિ નારાયણમુનિ સભામાં ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૧) ત્યારબાદ શ્રીહરિ મહાસભામાં પોતપોતાની મર્યાદાથી બેઠેલા સમગ્ર ભક્તો અને સ્ત્રીઓને જોઈ અમૃત સમાન મીઠી વાણીથી તે ભક્તોને આનંદ પમાડતા થકા બોલ્યા. (૨)

શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :

'હે ભક્તો ! તમો સાંભળો, કોઈપણ માણસને જે કંઈ પૂછવું હોય તો તે માણસ હાલમાં જ મને સુખેથી પૂછો.' (૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

પછી તે સભામાં બેઠેલા નાગડકાના રાજા સુરાખાચર શ્રીહરિને નમસ્કાર કરી ભક્તિભાવથી પૂછવા લાગ્યા. (૪)

**સુરાખાચર બોલ્યા :**

'હે ભગવન્ ! આ લોકમાં અને પરલોકમાં સુખ પમાડનારું સર્વ કાર્યોમાં શ્રેષ્ઠ શું કાર્ય કરવું તે હું સાંભળવા ઈચ્છું છું. જે શ્રેષ્ઠ હોય તે તમો કહેવાને યોગ્ય છો.' (૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે પોતાના ભક્ત સુરસિંહ રાજાએ પૂછેલા બ્રાહ્મણદેવ ભગવાન શ્રીહરિ સભાજનોને આનંદ પમાડતા બોલ્યા : (૬)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'હે સુર રાજન્ ! તમો મને જેમ પૂછો છો તેમજ ભારતમાં દાનધર્મમાં ધર્મરાજાએ (યુધિષ્ઠિરે) શિબિરાજાની કથા સાંભળી ભીષ્મને પૂછ્યું હતું : (૭) ધર્મધારણ કરવામાં શ્રેષ્ઠ, મહાપ્રતાપી, શંતનુનંદન ભીષ્મે યુધિષ્ઠિરને જે કહ્યું હતું તે હું તમોને કહું છું. (૮) અપાર સુખની ઈચ્છા કરનાર રાજાનું આ જ શ્રેષ્ઠ કર્તવ્ય છે કે તે બ્રહ્મજ્ઞ બ્રાહ્મણોનું યથાયોગ્ય સેવન કરે. (૯) રાજા હરિપ્રિય, ભગવદ્ ભક્ત, ઉપદેષ્ટા, શ્રોત્રિય, વૃદ્ધ બ્રાહ્મણોને નમસ્કાર કરે, તેમની પૂજા કરે અને તેમણે કરેલા અપરાધને સહન કરે. (૧૦) જેવી રીતે પોતાના દેહમાં અને પોતાના પુત્રમાં સ્નેહ કરાય છે તેવો જ સ્નેહ રાજાએ બ્રાહ્મણોમાં કરવો જોઈએ. બ્રાહ્મણોથી શ્રેષ્ઠ બીજું કંઈ જ નથી. (૧૧) હે નરાધિપ ! બ્રાહ્મણો પોતાના તપથી સ્વેચ્છાએ અદૈવતને પણ દૈવત કરી નાખે છે અને દૈવતને પણ દેવત્વ રહિત કરી નાખે છે. (૧૨) તે બ્રાહ્મણોના સન્માનથી સંપૂર્ણ રાષ્ટ્ર વૃદ્ધિને પામે છે. અને બ્રાહ્મણોના અપમાનથી અકસ્માત તે રાષ્ટ્ર નાશ પામી જાય છે. (૧૩) તે બ્રાહ્મણો સંતુષ્ટ થકા જે પુરુષને 'આ રાજા થાઓ' એમ ઈચ્છા કરે છે તે પુરુષ નિશ્ચિતપણે રાજા થાય અને બ્રાહ્મણો જે પુરુષને ઈચ્છા ન કરે તે રાજા હોય તો પણ દુર્દશાવાળો રંક થઈ જાય છે. (૧૪)

હે રાજન્ ! ચિત્ત વગરના મૂઢ જનો બ્રાહ્મણોની નિંદા કરે તે નાશ જ પામી જાય છે. આ પ્રકારે હું સત્ય જ કહું છું. આમાં જરાપણ સંશય નથી. (૧૫) જે સ્થળે મહાત્મા એવા બ્રાહ્મણોની નિંદા થતી હોય તે સ્થળેથી અન્ય સ્થળે ચાલ્યા જવું - પરંતુ બ્રાહ્મણોની નિંદા ક્યારેય પણ ન સાંભળવી. (૧૬) બ્રાહ્મણોનું અપમાન કરી તંદુરસ્તીપૂર્વક જીવે એવો કોઈપણ પુરુષ પૃથ્વી ઉપર થયો નથી અને થશે પણ નહિ. (૧૭) કલ્યાણની કામનાવાળો રાજા કે ગૃહસ્થ કુલીન, ધર્મજ્ઞ અને સારી રીતે સંપાદન કરેલા વ્રતવાળા બ્રાહ્મણને પોતાના ઘેર નિવાસ કરાવે. (૧૮) હે રાજન્ ! સર્વ દેવતાઓ અને સર્વ પિતૃઓ બ્રાહ્મણોને અર્પણ કરેલું હવિષ્યાન્ન તત્કાળ ગ્રહણ કરે છે, આથી બ્રાહ્મણોને અવારનવાર જમાડવા જોઈએ. (૧૯) બ્રાહ્મણના દ્વેષીએ આપેલું ઘી કે અન્ન કે જળ પિતૃઓ અને દેવતાઓ ગ્રહણ કરતા નથી, આથી બ્રાહ્મણદ્વેષીએ આપેલું ધન નિરર્થક થાય છે. (૨૦) પ્રતાપ અને બળથી તપતા ક્ષત્રિયોનાં તેજ અને બળ બ્રાહ્મણોમાં જ ઉપશમને પામી જાય છે. (૨૧) આથી હે રાજન્ ! તમે પૃથ્વીને ભોગવવાની ઈચ્છા કરતા હો તો જન્મથી જ જગતના ગુરુ બ્રાહ્મણોને દાન અને સેવા વડે નિરંતર પૂજતા રહો.' (૨૨)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'આ પ્રકારે ભીષ્મ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રાજકર્મ તો બ્રાહ્મણોનું સન્માન જ કહે છે. તે રાજા યુધિષ્ઠિર પણ ભીષ્મ પિતામહના કહ્યા પ્રમાણે જ કરતા હતા. (૨૩) હે સુરાખાચર ! શ્રીકૃષ્ણ દ્વારકામાં

કાચંડાની યોનિને પામેલા નૃગરાજાને છોડાવીને પ્રજાઓને પોતાના પુત્રની માફક શિક્ષણ આપતા હતા તે વચનો મારા થકી સાંભળો. (૨૪)

**શ્રીકૃષ્ણ બોલ્યા :**

ખેદની વાત છે કે બ્રાહ્મણનું ધન લગાર ભોગવેલું હોય તો તે અગ્નિ સમાન અતિ તેજસ્વી પુરુષે પણ પચાવવું અશક્ય છે તો ઈશ્વરના અભિમાનવાળા રાજાઓને ન પચી શકે તેમાં કહેવું જ શું ? (૨૫) હું ઝેરને ઝેર માનતો નથી. શાથી ? ઝેરના નિવારણનો ઉપાય છે. બ્રાહ્મણના ધનને ઝેર કહેલું છે. આ ઝેરને પૃથ્વીમાં નિવારણ કરવાનો ઉપાય નથી. (૨૬) ઝેર તો ખાનારનો જ નાશ કરે છે, અગ્નિ જળ વડે શાંત થઈ જાય છે. પરંતુ બ્રાહ્મણધનરૂપ અગ્નિથી ઉત્પન્ન થયેલ પાપરૂપ અગ્નિ મૂળે સહિત કુલનો નાશ કરી નાંખે છે. (૨૭) યથાર્થ નહિ જાણેલું બ્રાહ્મણોનું ધન ત્રિપુરુષ કહેતા પોતે, પુત્ર અને પૌત્રનો નાશ કરે છે. બળાત્કારથી ભોગવેલું દ્રવ્ય દસ પૂર્વના, દસ થનારા અને પોતે એમ એકવીશ પુરુષોનો નાશ કરે છે. (૨૮) રાજલક્ષ્મીના મદથી અંધ થયેલા રાજાઓ બ્રાહ્મણના ધનને ઈચ્છે છે તે નરકને જ ઈચ્છે છે; એવા તે મૂર્ખજનો આત્માના વિનાશને જોતા નથી. (૨૯) વૃત્તિ હણાયેલા માટે રડતા દીન સ્વભાવવાળા કુટુંબી બ્રાહ્મણોનાં અશ્રુબિંદુઓ જેટલા રજકણોને પલાળે છે તેટલા વર્ષ પર્યંત બ્રાહ્મણના ધનને હરનારા નિરંકુશ રાજાઓ અને રાજકુળના અન્યો કુંભીપાક નરકમાં યમદૂતો દ્વારા રંધાય છે. (૩૦-૩૧) જે રાજા પોતે આપેલી કે બીજાઓએ આપેલી બ્રાહ્મણની જીવિકાને હરે છે તે પુરુષ સાઈઠ હજાર વર્ષ સુધી વિષ્ટામાં કીડાની યોનિને પામે છે. (૩૨) આથી મને બ્રાહ્મણના ધનને ગ્રહણ કરવાની ઈચ્છા ન થાઓ. બ્રાહ્મણના ધનની ઈચ્છા કરીને મનુષ્યો અલ્પ આયુષ્યવાળા થઈને શત્રુઓથી પરાભવ પામેલા અને રાજપદવીથી પતિત થકા ઉદ્વેગયુક્ત સ્વભાવવાળા સર્પો થાય છે. (૩૩) હે મારી પ્રજાઓ ! અપરાધ કરનાર બ્રાહ્મણોનો દ્રોહ ન કરો, પોતાને મારતા અથવા ઘણા શાપ આપતા બ્રાહ્મણને હંમેશાં નમસ્કાર કરો. (૩૪) હું જેમ સમય પ્રમાણે સાવધાન થઈ બ્રાહ્મણોને નમસ્કાર કરું છું તેમ તમો પણ નમસ્કાર કરો. જે મારા કહેવાથી અન્ય પ્રકારે વર્તે છે તે મારા દંડને યોગ્ય થાય છે. (૩૫) જે અપહૃત બ્રાહ્મણધન હરનાર પુરુષોને નરક પમાડે છે; જેમ આ નૃગરાજાને બ્રાહ્મણની ગાયે કાંચડાની યોનિમાં નાખ્યો હતો તેમ.' (૩૬)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'હે સુરાખાચર રાજન્ ! આ પ્રકારે શ્રીકૃષ્ણ પરમાત્માએ શિક્ષા આપેલા દ્વારિકાવાસી જનો શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞામાં વર્તતા હતા તેથી મોટા સુખને પામ્યા હતા. (૩૭) આથી તમોએ તથા અન્ય રાજાઓએ તથા બીજા મારા આશ્રિત ક્ષત્રિયોએ તથા મારા આશ્રિતજનોએ બ્રાહ્મણોને માનવા અને વિશેષપણે પૂજવા જોઈએ. (૩૮) વેદ ભણેલા ન હોય અથવા સારી રીતે જાણતા હોય, સંસ્કૃતગ્રંથો અને પ્રાકૃતગ્રંથો જાણતા હોય અથવા ન જાણતા હોય એવા બ્રાહ્મણોનું ભસ્મથી ઢંકાયેલ અગ્નિની પેઠે અપમાન કરવું નહિ. (૩૯) જેમ સ્મશાનમાં જ્વાળાવાળો અગ્નિ દાહશક્તિથી રહિત થતો નથી એવી રીતે વિદ્વાન અથવા અવિદ્વાન બ્રાહ્મણ મહાદૈવતવાળો છે. (૪૦) ભગવાનને

પ્રિય બ્રાહ્મણોને ઘણાં ઘી સાકરયુક્ત અને બ્રાહ્મણોને પ્રિય એવા ભક્ષ્ય અને ભોજ્ય પદાર્થો વડે અને દક્ષિણાઓ વડે તૃપ્ત કરવા જોઈએ. (૪૧) બ્રાહ્મણો સંતુષ્ટ થવાથી જ કમલાપતિ ભગવાન સંતુષ્ટ થાય છે. આ પ્રકારે મેં તમોને સર્વોત્તમ કર્તવ્ય કહેલું છે. (૪૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહેલું વચન સાંભળીને સુરાખાચર તથા અન્યજનો પણ શ્રીહરિને નમસ્કાર કરી આજ્ઞા મસ્તકે ધારણ કરી. (૪૩) હે નૃપતે ! આ પ્રમાણે દરરોજ ભક્તોને આનંદ પમાડતા થકા, ગુજરાતના ભક્તજનોએ ઘણા પ્રકારે પૂજેલા, એકમાસ સુધી ડભાણપુરમાં રોકાયા. (૪૪) દેશાંતરથી ડભાણમાં આવેલા ભક્તજનો પોતપોતાના ગામે લઈ જવા માટે શ્રીહરિને ખૂબ પ્રાર્થના કરતા હતા. શ્રીહરિ પણ તે ભક્તોને 'હું તમારા ગામમાં આવીશ' એમ કહેતા હતા. (૪૫) હે રાજન્! ત્યારપછી શ્રીહરિ અનેક ગામોમાં રહેલા પોતાના આશ્રિત ભક્તજનોને સુખી કરવા માટે મુનિસંઘોની સાથે ડભાણપુરથી નીકળ્યા. પોતાની પાછળ આવતા શ્રીહરિના વિયોગના દુઃખથી આંખોમાં અશ્રુઓવાળા પુરવાસી ભક્તજનોને પાછા વાળી ચરોતર નામના દેશમાં પધાર્યા. (૪૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં દર્ભાવતીપુરે વિષ્ણુયાગ મહોત્સવે બ્રાહ્મમાહાત્મ્યનિરૂપણ એ નામે છપ્પનમો અધ્યાય થયો. ॥૫૬॥

●

## અધ્યાય - ૫૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ચરોતર દેશમાં ગામેગામ શ્રીહરિના ભક્તો સ્ત્રી-પુરુષો હતાં તે તે ગામોમાં પધારી શ્રીહરિ સર્વ ભક્તોને સુખ પમાડતા હતા. (૧) ત્યારબાદ શ્રીહરિ મહી નદી ઊતરીને કાનમ દેશમાં ભક્તોનાં ગામોમાં નિવાસ કરતા થકા ભરૂચનગરમાં પધાર્યા. (૨) ભગવાન શ્રીહરિ કોઈ ગામમાં એક કે બે દિવસ તો કોઈ ગામમાં અડધો દિવસ નિવાસ કરતા હતા. વળી કોઈ ગામમાં અડધું પખવાડિયું તો કોઈ ગામમાં એક પખવાડિયું નિવાસ કરતા હતા. (૩) તે તે ગામમાં શ્રીહરિ સચ્છાસ્ત્રોને અનુસરનારા વચનરૂપી અમૃતોથી સદ્ધર્મની સ્થાપના કરતા હતા અને ધર્મના શત્રુરૂપ અધર્મને ઉખાડી નાખતા હતા. (૪) હે રાજન્ ! કોઈ ગામમાં મહારુદ્રયાગ તો કોઈક ગામમાં વિષ્ણુયાગ કરાવતા હતા. કોઈ ગામમાં ગાયત્રીનું પુરશ્ચરણ તો કોઈ ગામમાં શ્રીસૂક્તનું પુરશ્ચરણ કરાવતા હતા. (૫) વળી કોઈ સ્થળે વિષ્ણુસહસ્ર નામનું પુરશ્ચરણ કરાવતા હતા તો કોઈ સ્થળે નારાયણકવચનું પુરશ્ચરણ કરાવતા હતા અને કોઈ સ્થળે શ્રીહરિ હરિગીતાનું પુરશ્ચરણ કરાવતા હતા. (૬) કોઈક પુરમાં વેદનું પારાયણ કરાવતા હતા તો કોઈક ગામમાં શતરુદ્રી કરાવતા હતા. પછી કોઈ ગામમાં શ્રીમદ્ ભાગવતનું પુરશ્ચરણ કરાવતા હતા. (૭) શ્રીહરિ કોઈક ગામમાં કેવળ દશમસ્કંધનું પુરશ્ચરણ કરાવતા હતા, અને કોઈક સ્થળે તો વાસુદેવમાહાત્મ્યનું પુરશ્ચરણ કરાવતા હતા. (૮) હે રાજન્ ! ધર્મની પ્રવૃત્તિ માટે પૃથ્વીમાં વિચરણ કરતા સ્વતંત્ર શ્રીહરિ નર્મદા નદી

ઊતરી તાપીનદીને સામે કાંઠે પોતાના ભક્તજનોએ સુરત શહેરમાં પધારવાની પ્રાર્થના કરાયેલા શ્રીહરિ (સં. ૧૮૬૬ના વૈશાખ સુદી બીજને દિવસે) સુરત આવ્યા. (૯) પોતાના પુરમાં શ્રીહરિને આવ્યા સાંભળી સુરતનિવાસી ભક્તો તત્કાળ જ હર્ષપૂર્વક વાજિંત્રો અને કીર્તનના ધ્વનિઓથી દિશાઓને ગજાવતા થકા વિવિધ વર્ણવાળા દર્શનીય રથાદિ વાહનોની સાથે સામા ગયા. (૧૦) સુરતના રાજાના અર્દેશર નામના મંત્રી, અન્ય કાર્યોનો ત્યાગ કરીને, શ્રીહરિની સેવાપરાયણ પીલુ નામના પોતાના ભાઈ સાથે, રાજ્યનાં વિવિધ વાજિંત્રો સહિત શ્રીહરિની સામા ગયા. (૧૧) અને બીજા શાસ્ત્રોના જાણકાર રાજાના સમાશ્રયવાળા ઉત્તમ બ્રાહ્મણો પણ સામા ગયા. સુરત શહેરના નજીક આવી ગયેલા શ્રીહરિને જોઈને તે સર્વ જનો તત્કાળ જ પ્રણામ કરવા લાગ્યા. (૧૨) ત્યારબાદ સામે આવેલા જનોનો યથાયોગ્ય સત્કાર કરી તે પુરવાસી જનો દ્વારા આશ્ચર્યપૂર્વક વંદના અને સ્તુતિ કરાતા 'અશ્વારૂઢ થયેલા શ્રીહરિ' જનોની સાથે જેમ રાજા સ્વનગરમાં પ્રવેશ કરે તેમ, સુરતમાં પ્રવેશ કરતા હતા. (૧૩) ભક્તોએ વિશાળ વાડીમાં અત્યંત શોભાયમાન મહેલમાં શ્રીહરિને નિવાસ કરાવ્યો તેમજ તેમના અનુયાયીજનોનો યથાયોગ્ય નિવાસ કરાવ્યો. (૧૪) ત્યારબાદ સર્વ ભક્તજનો શ્રીહરિનો આતિથ્યસત્કાર સ્નેહથી કરતા હતા. અંબારામ વગેરે બ્રાહ્મણો હર્ષપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. (૧૫) હે રાજન્ ! ભાલચંદ્ર, ગિરધર, ગોવિંદ, જાદવ, ભિખારીદાસ, મોતીરામ, લક્ષ્મીચંદ, નરોત્તમ અને બીજા પણ ભગવાનજી વગેરે વૈશ્ય ભકતો, પોતાના મનુષ્યજન્મને સફળ કરતા થકા, શ્રીહરિની સેવામાં તત્પર થયા. (૧૬-૧૭) મહાલક્ષ્મી, જીવીબાઈ, લાડુબાઈ અને દેવીબાઈ વગેરે પ્રતિવ્રતા એવી ભક્તિવાળી નારીઓ પ્રીતિપૂર્વક શ્રીહરિની સેવા કરતાં હતાં. (૧૮) અંબારામ આદિક ભક્તોએ ચંદન, પુષ્પમાળાઓ, ધૂપ, દીપ વગેરે વડે તથા વિવિધ સુવર્ણમય વસ્ત્રો અને સુવર્ણના અલંકારો તથા છત્ર-ચામર વડે શ્રીહરિનું પૂજન કર્યું. (૧૯) તે ભક્તો સંત-પાર્ષદો સહિત શ્રીહરિને નાના પ્રકારનાં ભક્ષ્ય-ભોજ્ય પકવાન્નો વડે તથા વિવિધ વ્યંજનો વડે તૃપ્ત કરતા હતા. (૨૦) ત્યારબાદ શ્રીહરિએ બીજે દિવસે અક્ષયતૃતીયા - અખાત્રીજના રોજ ભક્તજનો પાસે પરશુરામપૂજન-મહોત્સવ કરાવ્યો. (૨૧) તે સુરતમાં ગવર્નરે સ્થાપન કરેલ ઈન્દ્રસેન નામના રાજાએ રથ વગેરે વાહનો મોકલીને સર્વોત્તમ સન્માનપૂર્વક મુનિજનો સહિત શ્રીહરિને પોતાના દુર્ગમાં રાજભવનમાં લાવીને નવીન વસ્ત્ર ધનાદિ વડે મોટી સેવા કરી. (૨૨-૨૩) ઈન્દ્રસેન રાજાના અર્દેશર વગેરે અમાત્યો તથા પ્રત્યક્ષ ભગવાનના ભક્તો પણ આદરપૂર્વક પોતપોતાના ભવનમાં શ્રીહરિને લઈ જતા હતા. (૨૪) પોતાના બંધુવર્ગે સહિત અર્દેશર આદિ ભક્તો પણ સ્નેહથી અમૂલ્ય વસ્ત્રો-આભૂષણો, નાના પ્રકારનાં દ્રવ્યો તેમજ ચંદન-પુષ્પમાળાઓથી શ્રીહરિની મહાપૂજા કરતા હતા. (૨૫) શ્રીહરિનો દ્વેષ કરનાર સુરતવાસી વૈષ્ણવો વગેરે શ્રીહરિના મહાપ્રતાપથી કંઈપણ ઉપદ્રવ કરવા શક્તિમાન થયા નહિ. (૨૬) જ્ઞાનમાં સૂર્ય સમાન શ્રીહરિ સુરતમાં ભાગવતધર્મ સ્થાપન કરતા ભાગવતધર્મને આશ્રય કરતા વચનોરૂપી કિરણો વડે પુરવાસી જનોના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરતા હતા. (૨૭) શ્રીહરિએ અમૂલ્ય સર્વ વસ્ત્રો, આભૂષણો અને પુષ્કળ ધન અતિ પ્રસન્નતાપૂર્વક બ્રાહ્મણોને આપી દીધાં. (૨૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પૃથ્વી ઉપર જ્યાં જ્યાં નરાકૃતિ પરબ્રહ્મ શ્રીહરિનું પૂજન થતું હતું ત્યાં ત્યાં સર્વ બ્રાહ્મણોનું દરિદ્રપણું વિલિનપણાને પામી જતું હતું. (૨૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
સૂર્યપુરાગમનનિરૂપણ એ નામે સત્તાવનમો અધ્યાય થયો. ।।૫૭।।

●

## અધ્યાય - ૫૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! સમગ્ર ભક્તોના સંઘોએ બહુમૂલ્યવાળાં વસ્ત્રો, આભૂષણો અને ભેટો વડે પૂજાયેલા શ્રીહરિ મહાપ્રભુ સમગ્ર ભક્તોના સમુદાયોને આનંદ પમાડતા થકા વિશાળ સભામાં ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૧) શ્રીહરિને સન્મુખ ત્યાગીજનો યથોચિત બેઠા, ત્યાગીજનોની પાછળ ગૃહસ્થજનો યથોચિત બેઠા પછી નૈષ્ઠિક વર્ણિરાજ શ્રીહરિ આનંદ અને કરુણાસભર દૃષ્ટિ વડે ભક્તજનોને જોતા થકા બોલ્યા : (૨) ‘હે સર્વ ભક્તસમૂહો ! તમો સર્વ પોતાનું હિત કરનારું મારું વચન સાંભળો. તમો બધા પોતપોતાના અધિકારને અનુરૂપ પોતપોતાના ધર્મમાં રહ્યા થકા સર્વે સંશયે રહિત શ્રીકૃષ્ણ પરમાત્માને ભજો. (૩) કોઈ પુરુષને કોઈ સંશય થતો હોય તો હાલમાં મને પૂછો.’ - આ પ્રમાણે શ્રીહરિનું વચન સાંભળીને બુદ્ધિમાન ભાલચંદ્રે શ્રીહરિને પૂછ્યું. (૪)

**ભાલચંદ્ર બોલ્યા :**

‘હે ભગવન્ ! શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ મનુષ્યના સમગ્ર બંધનને છેદનારી છે, એમ પ્રસિદ્ધ રાજમાર્ગ છે. માટે તમોને તે ભક્તિ સંબંધમાં જ પૂછું છું : (૫) “હે નાથ ! તે ભક્તિ કેવા પ્રકારની છે ? પૃથ્વીમાં ભક્તિનો દૃઢ આશ્રય કરનારા જનો કેવા પ્રકારના હોય ? આ લોકમાં ભક્તિ કરનારા જનોની શ્રીકૃષ્ણમાં કેવી પ્રીતિ હોય છે ? અને શ્રીકૃષ્ણની પણ તે ભક્તોમાં કેવા પ્રકારની પ્રીતિ હોય છે ?” (૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારની ભક્ત ભાલચંદ્રની વાણી સાંભળી પ્રસન્ન થયેલા ભક્તપતિ જગદ્‌ગુરુ ભગવાન શ્રીહરિ ભાલચંદ્રને શાસ્ત્રનું રહસ્ય કહેવા લાગ્યા. જે રહસ્ય ભગવાનના એકાંતિક ભક્તો જ જાણે છે, બીજા જાણતા નથી. (૭)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

‘હે વૈશ્યવર ભાલચંદ્ર ! તમારા પ્રશ્નનો ઉત્તર તો પરમાત્માના અનુગ્રહ વગર શાસ્ત્રવેત્તા પુરુષે પણ નિશ્ચે કરવો અશક્ય છે. હું તમારા પ્રશ્નનો ઉત્તર કહું છું. સર્વ સભાજનો તે ઉત્તર સાંભળો. (૮) આ લોકમાં મનુષ્ય પ્રથમ ભક્તિ અને ધર્મથી યુક્ત ગુરુ થકી ભાગવતી દીક્ષા પામીને તેમના થકી ભગવાનની પ્રતિમા પ્રાપ્ત કરીને ગુરુએ બતાવેલી સેવા રીતિથી આળસરહિત થઈને શ્રીકૃષ્ણની

ભક્તિ કરે. (૯) તે ભગવાનમાં ભગવાન સંબંધી માહાત્મ્ય જ્ઞાનપૂર્વક પ્રેમસહિત શ્રીકૃષ્ણ ભગવાનમાં સમગ્ર ઇન્દ્રિયોની સ્વાભાવિપણે અખંડ વૃત્તિ રહે તે ભક્તિ કહેલી છે. તે ભક્તિ નવ પ્રકારની છે. (૧૦) શ્રીહરિની કથાનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણકમળની સેવા, પૂજન, નમસ્કાર, દાસપણું, ભગવાનની સાથે સખાપણું અને ભગવાનને પરિવારે સહિત આત્માનું નિવેદન કરવું. (૧૧) આ શ્રવણ વગેરે ભક્તિના નવ પ્રકાર કહ્યા. નવ પ્રકારની ભક્તિથી પોતાની શક્તિ અનુસાર પરમેશ્વરનું ભજન કરવાથી સકામ ભક્તો પોતાને ઇચ્છિત પદાર્થો પામે છે અને નિષ્કામ ભક્તો તો મુક્તિ પામે છે. (૧૨) અણિમાદિ સિદ્ધિગણોની પ્રાપ્તિ કરતાં અતિશય ઉત્તમ, પ્રતિદિન વૃદ્ધિ પામતી ભગવાન શ્રીહરિમાં નિષ્કામ ભક્તિ તો જીવાત્માના લિંગદેહને પણ, જેમ જઠરાગ્નિ ઉદરમાં રહેલા અન્નને ભસ્મ કરી નાંખે છે તેમ, અવશ્ય બાળી નાંખે છે. (૧૩) રમાપતિ ભગવાન શ્રી નારાયણના એકાંતિક ભક્તો કૈવલ્યમુક્તિને પણ ઇચ્છતા નથી. તેઓ ભગવાનની સેવામાં જ આસક્તિવાળા તેમજ ભગવાનને માટે જ સર્વ ક્રિયાવાળા હોય છે. અને ભગવાનથી જ કૃતાર્થ થઈને ભગવાનના સ્મરણથી જ સદા પ્રસન્ન રહે છે. (૧૪) એક ભગવાન સંબંધી જ સર્વ ક્રિયાવાળા તે ભક્તો, બધા મળીને ભગવાનનાં ચરિત્રોનું વર્ણન કરે છે. વકતા હાજર હોય તો સાંભળે છે. ક્યારેક તો એકચિત્તવાળા થઈને કીર્તનોનું ગાન કરે છે. (૧૫) સર્વકાળમાં પરમાત્મામાં જેમણે ચિત્ત મૂકેલું છે તેવા ભગવાનના ચિંતન વિના જેની એક ક્ષણ પણ જતી નથી તેવા નિષ્કામી સંતો પૃથ્વીમાં ભગવાનના અવતારની મૂર્તિઓને સાક્ષાત્ જુએ છે અને તેમની સાથે વાતો પણ કરે છે. (૧૬) ઇન્દ્ર સંબંધી વૈભવો પણ કદાપિ ભગવાનના ચરણકમળથી ક્ષણવાર પણ નિષ્કામ ભક્તના ચિત્તને ચલાયમાન કરવા સમર્થ થતા નથી. તો માનવીય વૈભવો તો ચલાયમાન ન કરી શકે એમાં કહેવું જ શું ? (૧૭) આ અંગે હું વધારે શું કહું ? નિષ્કામી ભક્ત, પ્રાપ્ત થયેલી બ્રહ્માદિ લોકની સંપત્તિ અને અણિમાદિ અષ્ટ સિદ્ધિઓના સમૂહને ઇચ્છતો નથી. તે મારાથી બલાત્કારે અપાતી સાલોક્યાદિ ચાર મુક્તિઓની પણ ક્યારેય ઇચ્છા કરતો નથી. (૧૮) જો કે પોતાના ચરણકમળમાં પ્રીતિવાળા નિષ્કામ ભક્તના ચિત્તમાં ક્યારેય પણ ભોગતૃષ્ણા નથી તોપણ ભગવાન દેવોને પણ દુર્લભ અતિશ્રેષ્ઠ પોતાના અક્ષરધામમાં રહેલા વૈભવો તે ભક્તને આપે છે. (૧૯) પતિ, પુત્ર, મિત્ર અને ઇષ્ટદેવ - આત્મા આ લોકમાં વર્તતું સમગ્ર વસ્તુમાત્ર પણ જે પુરુષને શ્રીહરિ જ હોય - એવા નિષ્કામ ભક્તને ક્યારેય પણ કાળ-માયાનો ભય નથી. તે ભક્તનું શરીર કેવળ બીજા જનોના કલ્યાણ માટે જ થાય છે. (૨૦) જે પુરુષ પોતાના પુત્રો, ધન, ધામ, લોકલજ્જા, ઇન્દ્રલોકમાં જવાની ઇચ્છા આ બધાનો ત્યાગ કરીને ભગવાનમાં ગાઢ અનુરાગને પામેલો તે નિષ્કામ ભક્તને ભગવાન પોતાના હૃદયમાં અખંડ સંભારે છે. (૨૧) ભગવાનના ભયથી સૂર્ય તપે છે, અગ્નિ બાળે છે, વાયુ વાય છે, ઇન્દ્ર જળ વરસાવે છે, મૃત્યુ દોડે છે તે ભગવાન વિષ્ણુ નિષ્કામ ભક્તનું આપત્તિઓથી સર્વ પ્રકારે હંમેશાં રક્ષણ કરે છે. (૨૨) ધ્યાનથી ધારણ કરાયેલા શ્રીકૃષ્ણ ભગવાનના બંને ચરણકમળની આંગળીઓમાં જે નખો, એ જ ચંદ્રમાના સમૂહની કાંતિની શીતળતાને ભજનારા નિષ્કામ ભક્તના મનમાં, ભગવાન સંબંધી સુખથી બીજા સુખની ઇચ્છાથી

ઉત્પન્ન થયેલો સંતાપ, જળના પ્રવાહમાં અગ્નિથી થયેલો સંતાપ જેમ તેમ, થતો નથી. (૨૩) બ્રહ્માદિક દેવગણોએ ચિંતન કરવા યોગ્ય છે ચરણકમળ જેમનાં અને સ્થાવર જંગમ સર્વ પ્રાણીમાત્રના નિયામક હોવા છતાં પણ ગાઢ પ્રેમ પ્રીતિરૂપી દોરડીથી બાંધેલાં છે ચરણકમળો જેના એવા પ્રભુ, ભક્તના હૃદયનો ત્યાગ કરવા શક્તિમાન નથી. આ આશ્ચર્ય છે. (૨૪) પૃથ્વીમાં દૃઢ ભક્તિપરાયણ નિષ્કામ ભક્ત ભગવાનને જેવો અતિપ્રિય છે તેવા લક્ષ્મી અતિશય પ્રિય નથી. રાધિકા, બ્રહ્મા, સંકર્ષણ તથા પોતાનો દેહ પણ અતિશય પ્રિય નથી. (૨૫) ભગવાન શ્રીહરિની પ્રસન્નતા માટે પૂર્વે અભ્યાસ કરેલાં સાંખ્ય, યોગ, યજ્ઞો, તપ, સંન્યાસ, વેદો, વ્રતો અને ઘણાં ઘણાં દાનો વડે કરી ભક્ત શ્રીહરિની નવધા ભક્તિ પામે છે. (૨૬) પરમાત્મામાં અતિશય ગાઢ સ્નેહ થાય એ ભક્તિનું સર્વોત્તમ ફળ જાણવું. જ્યાં સુધી ભજનારા જનોને ભગવાનમાં ગાઢ સ્નેહ થાય નહીં ત્યાં સુધી ભક્તિ-અંકુર અવસ્થામાં છે એમ વિવેકી ભક્તોએ જાણવું. (૨૭) ભક્તિવાળા ભક્તજનોને જ્યારે સુખદાયક ભગવાનમાં ગાઢ સ્નેહ થાય છે ત્યારે આ લોકમાં કે પરલોકમાં ભગવાન વિના મનમાં રુચિ પેદા કરનાર કોઈપણ વસ્તુ થાય નહિ. શ્રીહરિની સેવા અને ચિંતન વગેરેમાં રસિકપણાથી ઘણો કાળ વીતે તો પણ ક્ષણની માફક લાગે છે. ભગવાનની સેવા રહિત ક્ષણ કાળ પણ કલ્પ સમાન લાગે છે. (૨૮) ભક્ત ભગવાનનો ક્યારેક વિયોગ થાય ત્યારે ઉન્માદની માફક આખા વિશ્વને ભગવાનને આકારે જુએ છે. વૃક્ષ-થાંભલો અથવા ભીંતની સાથે વાતો કરે છે. ક્યારેક પોતાનો શ્રીકૃષ્ણાકાર ધારણ કરી ભગવાનની લીલાઓનું આચરણ કરે છે. ક્યારેક રડે છે, ક્યારેક હસે છે, ક્વચિત્ ગાંડાની માફક આનંદપૂર્વક સારી રીતે નાચે છે. (૨૯) ક્યારેક પોતાના મનમાં શ્રીકૃષ્ણને જોઈને, પ્રસરી ગયેલા પ્રેમભારથી આંસુ વડે રોકાઈ ગયેલા કંઠવાળો, જેને પોતાના દેહનું અનુસંધાન નથી એવો ભક્ત, ગાઢાનુરાગથી શ્રીહરિમાં નિમગ્ન થઈ, પછી ભગવાનની ઈચ્છાથી દેહની સ્મૃતિવાળો થાય છે. (૩૦) પૃથ્વીમાં પુરુષ ભક્તો જ કેવળ શ્રુતિ-શાસ્ત્રોના જાણનારા ભક્તો બને છે એવો નિયમ નથી. પરંતુ સ્વધર્મમાં સ્થિતિવાળી અબળાઓ પણ ભગવાનમાં અતિ સ્નેહભાવથી દેવતાઓએ પણ વંદન અને સ્તુતિ કરવા યોગ્ય થાય છે. (૩૧) આ લોકમાં જે જનો વૈશ્ય કે શૂદ્ર કોઈપણ હોય કે નીચ જાતિના ચમાર આદિ હોય તો પણ કમલાપતિ શ્રીહરિ તુલ્ય થઈ જાય છે. (૩૨) ભગવાનનું સ્વરૂપ-ગુણ-ઐશ્વર્ય વગેરે જેવું છે તેવું માહાત્મ્ય જાણીને કે નહિ જાણીને પણ આ લોકમાં જેનું મન ભગવાનમાં અચલ પ્રીતિ પામે છે તે પુરુષ હોય, સ્ત્રી હોય કે નપુંસક હોય તો પણ તે જન મુક્તભાવને પામેલો છે. (૩૩) ભગવાનમાં અખંડ પ્રીતિપરાયણ સાધુજનના સમાગમથી ભક્તિનું દૃઢપણું કરવું. નહિતર દયાદિ સ્વભાવવાળું પોતાનું મન, ઋષભદેવના પુત્ર ભરતની માફક તે ભક્તને, શ્રીકૃષ્ણની ભક્તિથી પાડી નાંખે છે. (૩૪) ભક્તિ કરવામાં પ્રેમવાળો હોય તો પણ ક્યારેક અપક્વ યોગવાળો ભક્ત કદાચિત કુસંગને લીધે ભક્તિથી પડી જાય છે. તોપણ શ્રીકૃષ્ણની ભક્તિ વ્યર્થ જતી નથી. આ ભક્તિ બીજા જન્મમાં પણ ફરી એ ભક્ત પામે છે. (૩૫) આથી સદા સાવધાન સત્પુરુષોએ પોતાના મનના વિશ્વાસનો ત્યાગ કરી, પોતાના શત્રુરૂપ દંભનો ત્યાગ કરી, હૃદયમાં વિશ્વાસ રાખી, ભગવાનની ભક્તિ કરવી.

(૩૬) ભગવાનનો ભક્ત તો ઈન્દ્રિયજીત અને ઉત્તમસ્વભાવવાળો થઈ સત્ય ભાષણ કરે. મનુષ્યોમાં મૈત્રીવાળો થાય, વરિષ્ઠજનોને પ્રણામ કરે, ગરીબજનોમાં માતાપિતાની માફક તેમને સુખ કરનારું વચન બોલે અને સમાન સાધુજનો ઉપર પ્રીતિવાળો થાય. (૩૭) ભગવાનનો ભક્ત ભગવાનના પ્રેમપાત્રભૂત જે મોટા સંતો તેમાં ભગવદીયપણાની બુદ્ધિવાળો થાય; વિદ્યા, ધન, રૂપ, કુળમાં જન્મ-તેના મદવાળો ન થાય; ઈન્દ્રિયોને નિયમમાં કરનારો થાય; અઢાર પ્રકારનાં વ્યસનોથી નિસ્પૃહ અને શાંત કામનાવાળો થાય અને આ જગતને સદા વિનાશશીલ જુએ. (૩૮) ભગવાનના ભક્તોએ આશરેલા દેશનું સેવન કરવામાં પ્રીતિવાળો થાય, ભગવાન સંબંધી જ કામ કરનારો થાય, ભગવાનના ભક્તો સાથે મળીને અથવા પોતે એકલો જ ભગવાનનાં એકાદશી આદિ પર્વના અને યાત્રાના ઉત્સવો કરે. આકાશને જેમ તેમ શ્રીકૃષ્ણ ભગવાનને પોતાના આત્મામાં તથા બહાર જુએ. પ્રાચીન તથા આધુનિક આત્મનિષ્ઠ અને સ્વધર્માદિ ગુણયુક્ત ભક્તોની રીતિ-શૈલીને અનુસરે છે. (૩૯) સ્ત્રીઓ-સ્ત્રીલંપટ -ધર્મવર્જિત-પાખંડી-દંભી-શબ્દોના અર્થાંતરો કરી ધર્મથી પાડનાર વિદ્વાન-પોતાની ઈચ્છાથી કલ્પેલા ધર્મવાળો-વ્યસની-ક્રોધી-લોભી-ખલ-કામી-પારકા ધર્મનું પાલન કરનાર અને શ્રીહરિમાં દ્વેષ કરનાર - આ ચૌદ પ્રકારના જનોમાં આસક્તિવાળો ન થાય અર્થાત્ સંગ કરે નહિ. (૪૦) જો શ્રીહરિમાં સુદૃઢ પ્રીતિ ન હોય તો ભક્તમાં ઊપજેલા અને નહિ ઊપજેલા અન્ય ગુણસમુદાયથી શું ફળ છે ? કંઈપણ નથી. (૪૧) જે માણસ શ્રીહરિની પ્રસન્નતાની ઈચ્છાથી જે કંઈ વ્રતો-તપો-નિયમો વગેરે જે કંઈ આચરણ કરે તે આચરણ જ ભક્તિની વૃદ્ધિ કરનારું થાય છે. અને જો એમ ન હોય તો અલ્પફળ આપનારું થાય છે. (૪૨) ચોરાશી લાખ યોનિઓમાં ભ્રમણ કર્યા પછી પ્રાપ્ત થયેલો, દેવતાએ પણ ઈચ્છેલો મનુષ્યદેહ પામીને વિષયોમાંથી નિવૃત્તિ થાય અને પરમાત્મામાં પ્રીતિ થાય એ જ બુદ્ધિમાન પુરુષોની બુદ્ધિનું પરમફળ છે. (૪૩) તે ભક્ત ભગવાનમાં અનુરાગવાળો થઈને આ લોકમાં જ્યારે જયનશીલ ભગવાનના મધુર ચરિત્ર પરમ હર્ષથી સાંભળે છે, ગાય છે ત્યારે પોતાના અંતઃકરણમાં અત્યંત આનંદનો પ્રવાહ નેત્રદ્વારા બહાર આવે છે અને તેની મનોવૃત્તિ ભગવાનમાં વિલીન થઈ જાય છે અને તેના શરીરનાં સમસ્ત રૂવાડાં ઊભાં થઈ જાય છે અને ભગવાનનું સ્મરણ કરી કરીને તેનાં નેત્રોમાં આનંદનાં અશ્રુઓ ભરાઈ આવે છે. (૪૪) આમ જે પુરુષો દિવ્ય મનુષ્યાકૃતિવાળા ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરે છે તેવા ભક્તોમાં પ્રીતિવાળા શ્રીકૃષ્ણ ભગવાન તેવા ભક્તોના મનોરથો સંપૂર્ણપણે પૂરા કરે છે. જે પુરુષો મનુષ્યાકૃતિ ભગવાનના ચરિત્રમાં તર્કો કરે છે અને ભગવાન સિવાય બીજામાં આસક્ત થાય છે તે મનુષ્યોમાં કામ-ક્રોધ-લોભ-માનાદિ શત્રુઓ તત્કાળ સિંહની માફક ચેષ્ટા કરે છે. અર્થાત્ તેનો નાશ કરે છે. (૪૫) નિષ્કપટ ભક્તિ સિવાય ભગવાનને પ્રસન્ન કરવા દેવપણું, મુનિપણું, મનુષ્યપણું, બ્રાહ્મણત્વ, ત્રણ જન્મ વિશેષ (અથવા-શુકલ, સાવિત્ર અને યાજ્ઞિકાત્મક ત્રિવિધ જન્મ), નિયમો, વ્રતો, દાનો, પૂર્ત કર્મો અને ઘણાં શાસ્ત્રોનું જાણપણું વગેરે શક્તિમાન થતું નથી. નિષ્કપટ ભક્તિથી જ ભગવાન પ્રસન્ન થાય છે. (૪૬) ભક્તજનોએ નિષ્કપટ ભક્તિથી અર્પણ કરેલ જળ, ફળ, પત્ર, પુષ્પ વગેરે ભગવાન અંગીકાર કરે છે. નિર્મળ ભક્તિ વિના તો ભગવાન

ઘણા સુવર્ણના ઢગલાઓ અને ભારે ભારે પકવાન્નોને દૃષ્ટિથી પણ જોતા નથી. (૪૭) અત્યારે હમણાં કે અપરિમિત યોનિના ભ્રમણ પછી હરિભક્તિ વિના ભગવાનના ધામની પ્રાપ્તિરૂપ સદ્‌ગતિ થતી નથી. આ પ્રકારે જે પુરુષ દૃઢ નિશ્ચયવાળો થઈને શ્રીહરિની ભક્તિ કરે છે તે પુરુષ જ પૃથ્વી ઉપર અતિશય કૃતાર્થ થાય છે. (૪૮) જે પુરુષ સ્ત્રીઓના કટાક્ષરૂપ બાણોથી હણાયો નથી અને અતિ ભયંકર ક્રોધરૂપી રાત્રિમાં જાગતો રહેનાર અને વિપરીત જ્ઞાનના દૃઢ પાશથી બંધાયેલ નથી તે દૃઢ ભક્તિવાળો પુરુષ નિશ્ચે શ્રીહરિની અત્યંત પ્રીતિવાળો થાય છે. (૪૯) ઉત્તમ બુદ્ધિવાળા પંડિત જનો પણ બાળક, સ્ત્રી, દર્પણ, પોતાના જન, રાગરાગિણી, ધન, માદક પદાર્થો, હોળીની રમત - આ આઠ વસ્તુમાં વિહ્‌વલ થઈ જાય છે. શ્રીહરિના ચિંતનમાં આસક્તિવાળું જે ભક્તનું ચિત્ત બાળક વગેરે આઠમાં જતું નથી; આવા શ્રીહરિની ભક્તિમાં એકરાગવાળા ભક્તોના ચરણરજને દેવતાઓ પણ ઈચ્છે છે. (૫૦) પૃથ્વીમાં આવાં લક્ષણોવાળા, સ્વધર્મનિષ્ઠ શ્રીહરિના ભક્તો મુમુક્ષુઓએ ગુરુ કરવા જે પૂજવા યોગ્ય છે, તે સાધુઓમાં જ મિત્રાદિ હિતબુદ્ધિ કરવી. (૫૧) તેવા સજ્જનો વિના બીજા જનોમાં પૂજ્યબુદ્ધિ, સુહૃદબુદ્ધિ અને ગુરુબુદ્ધિ કરે છે તે પુરુષોમાં અને પશુઓમાં જે અંતર છે તે દ્વિપાદ અને ચતુષ્પાદને છોડી બીજું કંઈપણ નથી. અર્થાત્ ભિન્નપણાનો બોધક બીજો કોઈ વિશેષ ધર્મ નથી. (૫૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે અમૃત સમાન શ્રીહરિની વાણીને કાનરૂપ પાત્ર વડે પાન કરી વૈશ્યવર્ય ભાલચંદ્રભાઈ અત્યંત હર્ષ પામ્યા. બીજા પણ સર્વ શ્રીહરિના સેવકો ખૂબ આનંદ પામ્યા. (૫૩) હે રાજન્ ! કૃષ્ણ, વિષ્ણુ અને હરિને પણ ધર્મપુત્ર શ્રીહરિને જ જાણતા શ્રી ભાલચંદ્રાદિ ભક્તજનો શ્રી નારાયણમુનિમાં ભક્તિનું દૃઢપણું પામ્યા. (૫૪) પછી ભગવાનના ભક્તોનું માહાત્મ્ય જાણતા તે ભક્તો ભગવાનની માફક સર્વ મુનિજનોની પરમ પ્રેમથી પૂજા કરતા હતા. (૫૫) ચંદન, ચોખા, પુષ્પના હારો, વસ્ત્રો અને ભોજન વડે તે મુનિજનોને વિધિપૂર્વક પૂજીને દંડવત્ પ્રણામ કરતા હતા. (૫૬) ભગવાન શ્રીહરિ પણ ભાલચંદ્ર વગેરે સુરતવાસી જનોની પોતામાં અને સંતોમાં નિશ્ચલ ભક્તિ જોઈને અતિશય સંતોષ પામ્યા. (૫૭) હે રાજન્ ! મુનિપતિ ભગવાન શ્રીહરિ આ પ્રમાણે એકાંતિક ધર્મના જ્ઞાનમય પ્રશ્નોત્તરોથી સકળ ભક્તજનોને આનંદ પમાડતા અને મૂળે સહિત પાખંડ માર્ગને ઉખાડતા સતા સુરતનગરમાં સાત દિવસ નિવાસ કરીને રહ્યા. (૫૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં સૂર્યપૂરે ભગવદ્‌ભક્તિ ભક્તલક્ષણ નિરૂપણ એ નામે અઠ્ઠાવનમો ધ્યાય થયો. ॥૫૮॥

●

## અધ્યાય - ૫૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ અરસામાં ધર્મપુર નામે રાજધાનીમાં કુશળકુંવરબા નામનાં વિધવા રાણી, સંતો થકી શ્રીહરિના ગુણો સાંભળી, અતિ દૃઢ ભક્તિ પામ્યા હતા. (૧) શ્રીહરિના દર્શનની ઉત્કંઠાવાળા

રાણી પોતાનું રાજકાજ કરતાં હતાં પરંતુ માયિક વિષયોથી પોતાનું મન ખેંચીને શ્રીહરિના ચિંતનપરાયણ હતાં. (૨) ભગવાનની પ્રાપ્તિ માટે કૃચ્છ્રચાંદ્રાયણાદિ વ્રતો વડે શુષ્ક શરીરવાળા, જિતેન્દ્રિય, સુશીલા રાણી આદરપૂર્વક શ્રીહરિની આરાધના કરતાં હતાં. (૩) હે રાજન્ ! રાણી શ્રીહરિને પોતાના પુરમાં લાવવા માટે બુદ્ધિવાળા દૂતોને વારંવાર મોકલતા હતા. શ્રીહરિએ તે દૂતોથી તેમના પુરમાં આવવા માટે 'હું તમારા પુરમાં અવશ્ય આવીશ' એવી પ્રતિજ્ઞા કરી. (૪) ત્યારબાદ સર્વજીવોના આશયને જાણનારા સત્પતિ પ્રભુ શ્રીહરિ તે રાણી ઉપર પ્રસન્ન થઈને સંતો સહિત સ્વદર્શન આપવા ઈચ્છા કરતા હતા. (૫) પછી શ્રીહરિ પોતાના સંતો અને ભક્તોની સાથે ધર્મપુર ગયા. જે ધર્મપુરમાં સુશીલત્વ વગેરે ગુણોથી માતા દેવહૂતિ સમાન કુશળકુંવરબા નામનાં રાણી છે. (૬) પોતાના પુરમાં આવતા પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને સાંભળી શ્રીહરિના દર્શનના ઉત્સાહવાળા રાણી શણગારેલા હાથીને આગળ કરી અમાત્યો અને નગરજનોની સાથે સામાં ગયાં. (૭) ત્યારબાદ નાના પ્રકારનાં વાજિંત્રોના ઊંચા સ્વરે શબ્દો કરાવતાં અને શિબિકામાં બેઠેલાં રાણીએ શ્રીહરિને નગરની સમીપમાં પ્રાપ્ત કરી શિબિકામાંથી ઊતરી હર્ષયુક્ત પ્રેમથી શ્રીહરિને નમસ્કાર કર્યા. (૮) અમાત્યો અને પુરવાસીજનોએ શ્રીહરિને પ્રણામ કર્યા. શ્રીહરિ મહાપ્રભુએ પણ રાણી તથા પુરવાસીજનોનું યથાયોગ્ય સન્માન કર્યું. રાણીની પ્રાર્થનાથી શ્રીહરિ ઉત્તમ શણગારેલા હાથી ઉપર બિરાજમાન થયા. (૯) તે સમયે હજારો ભક્તજનોએ ઉચ્ચારેલો ખૂબ મોટો જયધ્વનિ માંગલિક વાદ્યોના ધ્વનિઓની સાથે મિશ્રિત થઈને દશે દિશાઓમાં વ્યાપી વળ્યો. (૧૦) ત્યારપછી શોભાયમાન ઉત્તમ શરીરની કાંતિવાળા શ્રીહરિ પોતાના ભક્તો અને પુરવાસી જનોથી વીંટાયેલા થકા ધર્મપુરમાં પ્રવેશ્યા, જે પુર ધ્વજાપતાકા તોરણો અને કુંભોથી અલંકૃત અને સારી રીતે વાળી ચોળીને સાફ કરેલા અને ચંદનમિશ્રિત સુગંધી જળ વડે છંટકાવ કરેલા માર્ગોવાળું હતું. (૧૧) હે રાજન્ ! શ્રીહરિના દર્શન વિના અન્ય કાર્યો જેમણે ત્યાગ કર્યા છે, માર્ગમાં ટોળે મળીને રહેલા નગરની સ્ત્રીઓના સમૂહોએ અતિપ્રેમથી જોવાયેલા શ્રીહરિ પોતાની દૃષ્ટિ વડે જનસમૂહોને કૃતાર્થ કરતા, સુંદર રાજમહેલમાં આવ્યા. (૧૨) રાણીએ અનુયાયીઓ સાથે શ્રીહરિને યથાયોગ્ય સ્થાનોમાં નિવાસ કરાવ્યો અને ઉદાર મનથી અતિશ્રેષ્ઠ આતિથ્યસત્કાર કર્યો અને દાસીની પેઠે શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરી. (૧૩) પછી હે જનેશ ! ત્રીજે દિવસે એટલે વૈશાખ સુદી પૂર્ણિમાને દિવસે આનંદયુક્ત એવા જનસમૂહને વિસ્મય પમાડતાં રાણીએ વિવિધ પ્રકારના અમૂલ્ય મહોપચારોથી શ્રીહરિની અતિસ્નેહપૂર્વક પૂજા કરાવી. (૧૪) વિવિધ નવીન રાજાઓને ધારણ કરવા યોગ્ય વસ્ત્રો, સુવર્ણમય બહુવિધ આભૂષણો, ઉત્તમ રત્નો, શ્રેષ્ઠ મોતીના હારો તથા સુગંધી ચંદન-અક્ષત-પુષ્પોની માળાઓ વડે રાણીએ શ્રીહરિની પૂજા કરાવી. (૧૫) પછી રાણીએ મુનિમંડળે સહિત શ્રીહરિને વિવિધ ભક્ષ્ય-ભોજ્ય-લેહ્ય અને ચોષ્ય વગેરે ભોજનો વડે તૃપ્ત કરી, હાથી, ઘોડા, ગાય, અને દ્રવ્ય ભંડારે સહિત સમગ્ર રાજ્ય શ્રીહરિને અપર્ણ કરવા ઈચ્છા કરી. (૧૬) અતિ ભક્તિથી રાણીએ આપવા માંડેલું સર્વસ્વ મુનિપતિ ભગવાન શ્રીહરિએ ગ્રહણ ન જ કર્યું. રાણીની ભક્તિથી પ્રભુ પ્રસન્ન થયા. (૧૭) ત્યારે તે રાણી સર્વોત્તમ ભક્તિભાવપૂર્વક

શ્રીહરિની સન્મુખ ધનનો ઢગલો કરી, શ્રીહરિના સેવક એવા મુનિજનોની વસ્ત્રો અને ચંદનાદિ વડે યથાયોગ્ય પૂજા કરાવી. (૧૮) આવી રીતની રાણીની ભક્તિ જોઈને જનો વિસ્મય પામી ગયા. ભક્તવત્સલ શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. (૧૯) પછી મહાબુદ્ધિવાળાં રાણીને આત્મનિષ્ઠા સંબંધી ઉપદેશો વડે ઉપદેશ આપી ભક્તિથી અતિદૃઢ વૈરાગ્યવાળાં રાણીને શ્રીહરિ ફરીથી રાજ્ય કાર્યમાં જોડતા હતા. (૨૦) તે સમયે પૂર્ણકામ શ્રીહરિએ રાણીએ અર્પણ કરેલા દ્રવ્યનો ઢગલો અને સમગ્ર વસ્ત્રો અને સર્વ આભૂષણો બ્રાહ્મણ વગેરેને આપી દીધાં. (૨૧) પછી રાજસદનમાં સભામાં સુવર્ણના ઊંચા સિંહાસનમાં બેઠેલા શ્રીહરિ, મર્યાદાપૂર્વક બેઠેલા પોતાના સર્વ ભક્તજનોને જોતા હતા. (૨૨) સભામાં પોતાના ભક્તજનોના સમૂહો મૌન બેઠા ત્યારે રાણીએ બન્ને હાથ જોડી શ્રીહરિને પ્રણામ કરી, પ્રથમ સ્તુતિ કરી પૂછ્યું. (૨૩)

**રાણી બોલ્યાં :**

'હે નારાયણ પ્રભો ! બહુકાળથી મારા હૃદયમાં થયેલું મનોરથરૂપી વૃક્ષ, નિત્ય બ્રહ્માદિ દેવતાઓએ ઈચ્છેલું અત્યંત દુર્લભ પોતાના દર્શનના આપવાથી અતિ દયાળુ તમોએ નિશ્ચે હાલમાં ફળવાળું કર્યું છે. (૨૪) હે ભગવન્ ! આ લોકમાં જે મનુષ્યોએ નેત્રો વડે દેવો અને મનુષ્યોનું મંગળ કરનારા, સમગ્ર શ્રેય આપનારાં, શોભાયુક્ત આપના શરીરને જોયું નથી તે મનુષ્યોનાં કમળપત્ર સમાન સુંદર નેત્રો મોરપીંછના અગ્રભાગમાં રહેલા ચાંદલા જેવા અર્થાત્ દેખાવ માત્ર છે. (૨૫) અનેક પ્રકારનાં પાપોના સમુદાયોનો નાશ પમાડવાના એક સ્વભાવવાળી અને એકાંતિક ભક્તિના ઉપદેશમાં ચતુર એવી તમારી ઉદાર કીર્તિ કથા, જલેબીના આકારવાળા કાનોથી નથી સાંભળતા તે જનોના કાનો સર્પોના દર સમાન અર્થાત્ નિરર્થક છે. (૨૬) જે જીભ સંસારસાગર તરવાના પ્રયોજનવાળાઓને નૌકારૂપ તમારી સુંદર કથાઓને ગાતી નથી તે જિહ્વા ભલે ગ્રામ્ય ગાયનમાં નિપુણ હોય તોપણ મનુષ્યસંબંધી ન થાય પરંતુ દેડકાની જીભની પેઠે રાત્રિદિવસ અર્થશૂન્ય મિથ્યા શબ્દ કરનારી છે. (૨૭) જે હાથોથી ભગવાન એવા તમારી સેવા કરી નથી અથવા દર્શનમાત્રથી જ પાપોને બાળી નાંખનારા સંતોની સેવા નથી કરી તે હાથો બહુમૂલ્યવાળા અલંકારોથી અલંકૃત કરેલા હોય તોપણ મડદાના હાથોની માફક નિન્દનીય છે. (૨૮) દેહધારીઓના જે ચરણો તમારા મંદિરો પ્રત્યે જતાં નથી તેમજ સત્પુરુષોની સમીપે જતાં નથી તે ચરણો કમળની માફક સુકોમળ હોય તોપણ સ્મશાનના વૃક્ષપણાને જ પામે છે. આ લોકમાં જે મનુષ્યો તમારા જ સેવનમાં આસક્ત થાય છે તે કૃતકૃત્ય થાય છે. (૨૯) હે સર્વજ્ઞ ! હે ભગવન્ ! હે સ્વામિન્ ! અત્યારે તમારા સેવનથી અને તમારી કૃપા થકી મેં મારા જન્મની સફળતા પ્રાપ્ત કરી છે તે મારું અહોભાગ્ય છે. (૩૦) હે ભગવન્ ! સ્વતંત્ર અને પુરુષોત્તમ એવા તમો ધર્મની રક્ષા માટે અને અધર્મની નિવૃત્તિ માટે ભૂમિ ઉપર મનુષ્યાકાર ધારણ કરી વર્તો છો. (૩૧) હે જગદ્‌ગુરો ! ધર્મના વક્તા અને કર્તા તમો જ છો. આથી હું તમારા થકી સનાતન ધર્મ સાંભળવા ઈચ્છું છું. (૩૨) હે વિભો ! હે ધર્માત્મન્ ! મનુષ્યોના સાધારણ ધર્મ અને વિશેષ ધર્મ કહેવા માટે તમો યોગ્ય છો કેમ કે તમો ધર્મમાર્ગપ્રવર્તક છો.' (૩૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ભક્તિવાળાં તે રાણીએ આ પ્રકારે આદરપૂર્વક પુછાયેલા શ્રીહરિ પ્રસન્ન થકા ભક્તમંડળને સંતોષ પમાડતા થકા રાણીને ઉદ્દેશીને બોલ્યા. (૩૪)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

'હે મહામતે ! મનુષ્યોના હિતેચ્છુ તમોએ બહુ સારું પૂછયું છે; આથી નિષ્કપટ ભક્તિવાળાં તમોને મારે ન કહી શકાય એવું શાસ્ત્રરહસ્ય કાંઈપણ નથી. (૩૫) પૂર્વે નારદમુનિએ મનુષ્યોના સનાતન ધર્મો યુધિષ્ઠિર રાજાને કહેલા છે. શ્રીમદ્ ભાગવતમાં રહેલા ધર્મો હું તમોને કહું છું.' (૩૬) હે રાજન્ ! આમ કહીને શ્રીહરિએ સાતમા સ્કંધમાં રહેલા સમગ્ર ધર્મો રાણીને સંભળાવ્યા. ત્યારપછી રાણી પ્રત્યે આ પ્રકારે બોલ્યા : (૩૭) 'આ પ્રકારે પરમ કલ્યાણદાયી અને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિથી યુક્ત એવા મનુષ્યોના સનાતન ધર્મો મેં તમોને કહ્યા. (૩૮) હે રાણી ! મુમુક્ષુજનોએ આ જ ધર્મો પોતપોતાના અધિકારને અનુસરીને પ્રયાસપૂર્વક સેવન-આચરણ કરવા જોઈએ.' (૩૯) હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રમાણે કહેલાં અને અત્યંત હર્ષિત થયેલાં કુશળકુંવર રાણી પોતાના ધર્મમાં રહ્યા થકા શ્રીહરિને પરમ પ્રીતિથી સેવવા લાગ્યાં. (૪૦) શ્રી નારાયણમુનિએ આ પ્રકારે એકાંતિક ધર્મના આશ્રયવાળાં પ્રશ્નોત્તર વડે દરરોજ રાણી તથા અન્ય ભક્તોને આનંદ આપતા ધર્મપુરમાં સુખપૂર્વક નિવાસ કર્યો. (૪૧) શ્રીહરિ ત્યાં પાંચ દિવસ નિવાસ કરી ચાલવાના મનવાળા હતા તોપણ રાણીએ અત્યંત પ્રાર્થના કરાયેલા ત્યાં એક માસ રહ્યા. (૪૨) હે નૃપ ! ભગવાન શ્રીહરિએ ધર્મપુરમાં જેઠ માસની પૂર્ણિમાને દિવસે ભગવાન શ્રીકૃષ્ણનો સ્નાનયાત્રામહોત્સવ મહાસામગ્રી વડે મહારાણી પાસે કરાવ્યો. (૪૩) આ પ્રમાણે કુશળકુવરબા રાણીને સંતોષ પમાડી ભક્તાધીન જગદ્ગુરુ ભગવાન, અભય રાજાને આપેલો વર (હું જલદી ગઢપુર પાછો આવીશ) સંભારતા થકા ધર્મપુરથી નીકળ્યા. (૪૪) શ્રીહરિ પોતાની પાછળ આવતા વિરહના આંસુપૂર્ણ નેત્રવાળા પુરવાસી જનો સહિત રાણીને બળપૂર્વક પાછાં વાળીને દેવકી તીર્થમાં આવ્યા. (૪૫) શ્રીહરિ દેવકી તીર્થમાં તીર્થવિધિ કરીને મહાપ્રતાપી મંડળોને અજ્ઞાની મનુષ્યોને સદ્બોધ આપવા માટે નાના દેશો પ્રત્યે મોકલ્યા. (૪૬) ત્યારબાદ ભગવાન શ્રીહરિ પોતાની સાથે આવેલા નાના પ્રકારના દેશવાસી ભક્તજનોને પોતપોતાના દેશમાં મોકલ્યા. (૪૭) પછી અશ્વારૂઢ થયેલા શ્રીહરિ દરરોજ પોતાના સેવાપરાયણ વર્ણીઓ, સાધુઓ, પાર્ષદો અને ઘોડેસવારોની સાથે તાપી નદીને પામ્યા. (૪૮) શ્રીહરિ તાપી નદી ઊતરી મહી, નર્મદા અને સાબરમતી નદીઓ ઊતરી, ભાલદેશને વટાવી દુર્ગપુરીમાં આવ્યા. (૪૯) હે રાજન્ ! શ્રીહરિ માર્ગમાં આવતા સ્વભક્તોનાં ગામોમાં નિવાસ કરતા પોતાના સર્વ ભક્તોને આનંદ પમાડીને જ દુર્ગપુરમાં આવ્યા. (૫૦) શ્રીહરિને પોતાના પુરમાં આવતા સાંભળીને અભયરાજા અને પુરવાસી અન્ય જનો, બીજા બધાં કાર્યોનો તત્કાળ ત્યાગ કરી, દોડતાં થકા સ્નેહપૂર્વક શ્રીહરિના સામા ગયા. (૫૧) પોતાના નગરના સમીપમાં આવતા શ્રીહરિને જોઈ અભયરાજા આદિક જનો હર્ષથી આંસુયુક્ત નેત્રવાળા, ઘણાકાળે દર્શન થવાથી વિહ્વલ થકા, હર્ષભેર શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૫૨) શ્રીહરિ

અભયાદિ ભક્તોની યથોચિત્ સંભાવના કરી તે ભક્તોની સાથે દુર્ગપુરમાં પ્રવેશ કરી ત્યાં પોતાના નિવાસસ્થાનમાં આસન ઉપર બિરાજમાન થયા. (૫૩) જયા-રમા વગેરે હરિભક્ત સ્ત્રીઓ શ્રીહરિનું દર્શન કરી હર્ષથી વિહ્વળ થયેલી અને શ્રીહરિના વિયોગનો પરિતાપ જેમનો નિવૃત્ત થયો છે એવી પરમ પ્રીતિથી શ્રીહરિને પ્રણામ કરતી હતી. (૫૪) પછી પોતાના પુત્ર ઉત્તમ રાજા આદિ કુટુંબે સહિત અભયરાજા પરમ આનંદને પામ્યા. શ્રીહરિને સત્યપ્રતિજ્ઞાવાળા જાણતા થકા શ્રીહરિની સેવામાં તત્પર બની ગયા. (૫૫) શ્રીહરિએ જે જે ભક્તજનને પોતાની જે જે સેવા બતાવી તે તે ભક્તજન તે તે સેવા વડે પોતાના આત્માને કૃતાર્થ માનતા થકા તે તે સેવા હર્ષપૂર્વક કરતા હતા. (૫૬) દુર્ગપુરમાં શ્રીહરિ અષાઢ સુદી-૨ રથયાત્રાના દિવસે સંગવકાળે પધાર્યા. મધ્યાહ્ને અભયરાજા દ્વારા શ્રીકૃષ્ણને રથ ઉપર બેસાડી મહોત્સવ કરાવ્યો. (૫૭) ત્યારબાદ સ્વયં શ્રીહરિ પોતાની સેવા કરનારા ભક્તજનોએ સહિત ગઢપુરમાં નિવાસ કરતા સતા દેશોમાં ગુપ્ત રહેલા અધર્મને ચારચક્ષુ દ્વારા શોધાવતા હતા. (૫૮) શ્રીહરિ જે જે દેશમાં અધર્મનો ઉદય સાંભળતા હતા તે તે દેશમાં પોતે જઈને અધર્મનો નાશ કરતા હતા. (૫૯) કોઈ કોઈ દેશમાં મુનિજનોને મોકલીને અધર્મનો વિનાશ કરતા હતા. સર્વકાળમાં સર્વ ઉપાયો વડે ધર્મનું જ પાલન કરાવતા હતા. (૬૦)

**સુવ્રતમુનિ કહે છે :**

'હે પ્રતાપસિંહ રાજન્ ! તમોએ નારાયણ ભગવાનનું જે ચરિત્ર પૂછયું, કળિના મળને નાશ કરનારું શ્રીહરિનું ચરિત્ર તમોને મેં આ પ્રમાણે કહ્યું. (૬૧)

હે રાજન્ ! સમગ્ર મુનિજનોના પતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું આ ચરિત્ર જે માણસ ગાન કરે અને સાંભળે તે બન્ને જણ ચક્ષુ આદિક બાહ્ય શત્રુઓ અને કામક્રોધાદિક અંતઃશત્રુઓને નિશ્ચય પરાભવ કરે અને ઈચ્છિત સુખને અવશ્ય પામે. (૬૨) ધર્મધુરાને વહન કરતા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ આ પ્રકારે પૃથ્વી ઉપર સદ્ધર્મની સ્થાપના કરતા દુર્ગપુરમાં નિવાસ કરતા હતા. ભક્તજનોના કલ્પવૃક્ષ સમાન શ્રીહરિ પોતાના ભક્તજનોનાં ગામો અને નગરોમાં જઈ ઘણા ઉત્સવો કરી ગઢપુરમાં વારંવાર આવી નિવાસ કરતા હતા. (૬૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં બીજા પ્રકરણમાં
ધર્મપુરસ્થ ભક્તજનાનંદ દુર્ગપુરપ્રત્યાગમન નિરૂપણ એ નામે ઓગણસાઠમો અધ્યાય થયો. ।।૫૯।।

• • •

## ।। આમ બીજુ પ્રકરણ પૂર્ણ થયું ।।

॥ श्रीहरिः ॥

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

સદ્‌ગુરુ શ્રીશતાનંદ મુનિ વિરચિત

# સત્સંગિજીવન

## પ્રકરણ-૩

सुव्रत उवाच ।

इत्थं निजान् दुर्गपुराधिवासान् देशान्तरस्थांश्च नरांश्च नारीः ।
अत्यर्थमानन्दयतो हि तस्य तत्र व्यतीयुः शरदोऽष्ट पुर्याम् ॥१॥

### અધ્યાય-૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! પૂર્વોક્ત પ્રકારે તે ગઢપુરમાં શ્રીહરિને દુર્ગપુરવાસી જનો તથા દેશાંતરોના નરનારી ભક્તજનોને અત્યંત આનંદ આપતા થકા આઠ વર્ષ વીતી ગયાં. (૧) હે રાજન્ ! શ્રીહરિ પ્રથમ ગઢપુર પધાર્યા ત્યારથી નવમા વર્ષે જેમનો પ્રત્યક્ષ ભગવદ્ દર્શન, સેવન, પૂજન વગેરે સંપૂર્ણ સ્વમનોરથ પૂર્ણ થયો છે એવા વૃદ્ધ થયેલા દાદાખાચરના પિતા અભયરાજા કાર્તિક વદી પંચમી (સંવત ૧૮૭૦)ના દિવસે ભૌતિક શરીરનો ત્યાગ કરી દિવ્ય ભાગવતી તનુને ધારણ કરી ભગવાનના દિવ્ય ધામ ગોલોકને પામ્યા. (૨) અભયરાજાના પુત્ર દાદાખાચરે પોતાના પિતાની ઔર્ધ્વદૈહિક ક્રિયાઓ કરી, અને સર્વ સંતજનો, શ્રીકૃષ્ણના ભક્તો અનેક બ્રાહ્મણો અને અન્ય જનોને સ્વાદિષ્ઠ વિવિધ પ્રકારનાં ભોજનો જમાડીને તૃપ્ત કર્યા. (૩) હે રાજન્ ! વિનયસંપન્ન અને સુશિક્ષિત દાદાખાચર રાજગાદી ઉપર હોવા છતાં પ્રત્યક્ષ શ્રીહરિને રાજ્યભાર આધીન કરીને પ્રતિદિન ખૂબ પ્રેમથી પોતે શ્રીહરિ અને સંતોનું દાસપણું કરતા હતા. (૪) હે નૃપ ! તે ઉત્તમ રાજા સાધુની સેવા આદિ સદ્‌ગુણોથી, શ્રીહરિની ભક્તિ, બુદ્ધિ, જ્ઞાન, ધર્મ, વૈરાગ્ય અને કીર્તિથી પોતાના પિતા કરતાં પણ અધિક થયા. (૫) શ્રી નારાયણ મુનિની કૃપાથી ઉત્તમ રાજાને ત્યાં સર્વ રાજાઓ કરતાં ધનધાન્યની સમૃદ્ધિ અધિક થઈ. અને ગઢપુરમાં શ્રીહરિના નિરંતર નિવાસથી સર્વ પુરવાસી જનો પણ ધન આદિકની સમૃદ્ધિવાળા થયા. (૬) ઉત્તમ રાજાની જયા-લલિતાદિ ચાર બહેનો, સુરપ્રભા અને સોમાદેવી એ બે માતાઓ તથા કુમુદા અને જસુબા એ બે પોતાની પત્નીઓ એ સર્વે પોતાને ત્યાં અનેક દાસીઓ હોવા છતાં શ્રીહરિની સેવા સ્વયં દાસીઓની પેઠે કરતાં હતાં. (૭) તેઓ શ્રીહરિને માટે અનાજ દળવું, ખાંડવું, પાણી ભરવું, ભગવાનના મંદિરમાં વાળવું-લીંપવું તથા શ્રીહરિનાં વસ્રો ધોવાં વગેરે ક્રિયા હર્ષથી કરતી હતી. (૮) શ્રીહરિ મહાપ્રભુ દાદાખાચર તથા તેમના બંધુજનોની શ્રદ્ધા, સેવાભક્તિ, સ્વધર્મમાં દ્ઢતા, માન, ક્રોધ, ઈર્ષ્યા આદિથી રહિતતા અને ઉદારતાને જોઈને ખૂબ સંતોષ પામતા હતા. (૯) પ્રસન્ન થયેલા

શ્રીહરિએ ઉત્તમ રાજા વગેરેને પ્રતિદિન પૂજન માટે રાધાકૃષ્ણની મૂર્તિ સ્વહસ્તે દરેકને જુદી જુદી આપી, અને તે સર્વેએ શ્રીહરિને નમસ્કાર કરી, શ્રીહરિએ આપેલી મૂર્તિઓ આદરપૂર્વક ગ્રહણ કરી. (૧૦) હે રાજન્ ! તે સર્વે ભગવાનના કરકમલથી પ્રાપ્ત થયેલી મૂર્તિઓને ગ્રહણ કરીને, ભગવાનની આજ્ઞાથી તેને પૂજતા તે સર્વે ભક્તો પોતાની સર્વ ઇન્દ્રિયો અને મનથી પ્રત્યક્ષ શ્રીહરિને જ ભજતા હોવાથી તેમનાં મન કેવળ મૂર્તિઓનું પૂજન કરવાથી સંતોષ પામ્યાં નહિ. (૧૧) તે હેતુ માટે શ્રી નારાયણમુનિ પોતાના પૂર્વરૂપ શ્રીકૃષ્ણ કરતાં આ વર્ણિસ્વરૂપ પોતાનામાં તે સર્વ ભક્તોને પ્રીતિવાળાં જાણીને ફરીથી પોતાની મૂર્તિઓ બીજી જુદી પૂજવા આપી. (૧૨) પછી બહેનો સહિત આનંદ પામેલા ઉત્તમ રાજા, પ્રતિદિન શ્રીકૃષ્ણમૂર્તિ સહિત શ્રીહરિને મૂર્તિને ભક્તિભાવથી પૂજતા હતા. પણ તે બન્ને સ્વરૂપમાં ભેદભાવ પોતે મનમાં જાણતા ન હતા. (૧૩) હે રાજન્ ! તે ભક્તો પ્રત્યક્ષ ભગવાનને સેવતા, તોપણ શ્રીહરિની આજ્ઞાથી શ્રી નારાયણમુનિનાં બન્ને સ્વરૂપોનું યથાયોગ્ય પૂજન કરતા હતા. (૧૪) તે સર્વ ભક્તોમાં પણ લલિતા (લાડુબા) કપટરહિત ભક્તિ કરનારાઓ પૈકી સર્વશ્રેષ્ઠ હતાં. આથી લાડુબા ઉપર પ્રસન્ન થયેલા શ્રીહરિએ એક વાર કહ્યું : 'હે ભદ્રે ! તમે મારી પાસેથી વરદાન માગો.' (૧૫) રાધાની સખી લલિતા જે રીતે શ્રીકૃષ્ણની પૂજા કરી જમાડતાં હતાં તે રીતે લાડુબા પણ પોતે બનાવેલ રસોઈ વડે શ્રીહરિને જમાડવા સારુ ઉત્સાહવાળાં થઈને પોતાનો સંકલ્પ કહેવા લાગ્યાં. (૧૬) 'હે સ્વામિન્ ! ઘણા સમયથી મારા મનમાં એવી ઇચ્છા છે કે આપ મારું રાંધેલું જમો, પરંતુ હું આપને કહી શકતી નથી. કેમ કે દિવ્યમૂર્તિ એવા તમારા બ્રાહ્મણાદિ વર્ણ અને બ્રહ્મચર્યાદિ આશ્રમ, મને આ વાત કહેતાં, મારી વાણીને રોકે છે. (૧૭) હે રાજન્ ! તે સમયે શ્રીહરિ હસતા હસતા લાડુબાને કહેવા લાગ્યા : "મેં તમારો મનોરથ જાણ્યો. આ તમારો મનોરથ મારી આપેલી શ્રીકૃષ્ણની અને હરિકૃષ્ણની જે મૂર્તિઓ છે; તેના પૂજન સમયે હું પૂરો કરીશ." (૧૮) હે રાજન્ શ્રીહરિથી વરદાન પામેલાં આનંદિત થયેલાં લાડુબા, શ્રીહરિની મૂર્તિને જ્યારે પૂજતાં અને તે પ્રતિમાને જે જે નૈવેદ્ય ધરતાં તે સર્વ સમગ્ર મૂર્તિ દ્વારા શ્રીહરિ પ્રત્યક્ષપણે સ્વીકારતા. અહો ! આ રીતની પ્રસન્નતા ઘણી દુર્લભ કહેવાય. (૧૯) હે રાજન્ ! ત્યારબાદ હર્ષથી પ્રફુલ્લિત હૃદય અને મુખકમળવાળાં લાડુબા શ્રીહરિની પ્રતિમાઓને પૂજતાં અને પ્રતિદિન સુંદર રસોઈ બનાવીને શ્રીહરિને નિવેદન કરતાં હતાં અને શ્રીહરિ પણ લાડુબાની પ્રીતિ માટે તે થાળને જમતા હતા. (૨૦) આ પ્રમાણે શ્રીહરિ દ્વારા સુખ પામેલાં લાડુબાને કેટલાક દિવસો વીતી ગયા. લાડુબાના થાળ શ્રીહરિ પ્રત્યક્ષ જમે છે એવી જાણ લોકોને થઈ. (૨૧) આ પ્રત્યક્ષ ભોજનરૂપ આશ્ચર્ય સાંભળી જયા વગેરે સ્ત્રીઓ અતિ હર્ષથી શ્રીહરિની સેવા વખતે આવીને શ્રીહરિનાં વિસ્ફારિત નયને દર્શન કરતી થકી લાડુબાની સમીપે જ રહેતી હતી. (૨૨) પછી જયા આદિ સ્ત્રીઓ નેવૈદ્ય સમયે અર્ધું જમેલું ચાર પ્રકારનું ભોજન જમતાં આશ્ચર્યપૂર્વક જોતાં હતાં પરંતુ તે અન્ન જમનારા શ્રી નીલકંઠપ્રભુને જોતી ન હતી. (એ તો કેવળ લાડુબા જ જોતાં હતાં.) પછી જયા વગેરે લાડુબાની પ્રશંસા કરી પોતપોતાને ઘેર ગયાં. (૨૩) લાડુબા કરતાં શ્રીહરિમાં પોતાનો ભાવ અત્યંત થોડો જાણીને, શ્રીહરિમાં પોતાનો ભાવ થોડો

હોવાથી પ્રાપ્ત થયો છે પરિતાપ જેમને એવી જયાદિ સ્ત્રીભક્તોને લાડુબાની માફક શ્રીહરિમાં પ્રીતિવેધ થયો. એટલા માટે પોતાના મનને નિર્વાસનિક કરવામાં તત્પર થઈ ગયાં. (૨૪) જયા વગેરે સ્ત્રીઓ અલ્પ કાળમાં જ લલિતાની માફક શ્રીહરિમાં અનન્ય ભાવવાળી થઈ. હે રાજન્ ! ઉત્તમ રાજા પણ શ્રીહરિના દાસપણામાં તત્પર હોવાથી અનન્ય ભાવને પામ્યા. (૨૫) શ્રીહરિ ભગવાન તે ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે તેમણે અર્પણ કરેલા પૂજાના ઉપચારો પોતાની પ્રતિમારૂપે જ ક્યારેક પ્રત્યક્ષ થઈ અંગીકાર કરતા હતા. (૨૬) પછી જયા આદિ ભક્તો શ્રીહરિમાં એકાગ્ર ચિત્તવાળાં અતિ હર્ષપૂર્વક નિરંતર શ્રીહરિનું સેવન કરતા હતા. પછી ભક્તાધીન ભગવાન લાડુબા-જીવુબા-ઉત્તમ રાજા વગેરેને છોડીને અન્ય સ્થળે જવા શક્તિમાન થયા નહિ. (૨૭) આથી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ દેશાંતરથી ઘણાક રાજાઓ વગેરે સ્વભક્તજનોએ પોતપોતાનાં ગામો કે નગરોમાં તેડી જવા ભક્તિભાવથી વારંવાર પ્રાર્થના કરવા છતાં દુર્ગપુરમાં જ સુખપૂર્વક નિવાસ કરતા હતા. (૨૮) પૂર્વે કૃષ્ણાવતારમાં યશોદા, નંદજી તથા સ્વભક્ત એવા ગોપાળો અને ગોપિકાઓ વગેરેની પ્રીતિ માટે જેમ ગોકુલમાં નિવાસ કરતા હતા તેમ ઉત્તમાદિ સ્વભક્તોની પ્રીતિ માટે દુર્ગપુરમાં જ નિવાસ કરતા હતા. (૨૯) હે રાજન્ ! ભક્તિવાળા તે ઉત્તમરાજા ઉપર શ્રીહરિનો પણ ઘણો જ સ્નેહ થયો. આથી ભક્તાધીન ભગવાન ઉત્તમ રાજાના ભવનને પોતાનું જ માનતા હતા. (૩૦) જે ભક્ત દંભરહિત થકો શ્રીહરિને નિરંતર ભજે છે તે ભક્તને શ્રીહરિ ભગવાન પણ નિરંતર ભજે છે. તેવી જ રીતે શ્રીહરિ ભક્તે અર્પણ કરેલી લગારેક વસ્તુ પણ મેરુ પર્વતની પેઠે અતિ મહાન માને છે. (૩૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં ઉત્તમાદિભક્ત્યુત્કર્ષ નિરૂપણ નામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

●

## અધ્યાય-૨

**પ્રતાપસિંહ રાજા બોલ્યા :**

હે બ્રહ્મન્ ! મન અને શ્રવણને પ્રિય એવું શ્રીહરિકૃષ્ણ ભગવાનનું ચરિત્ર સાંભળતાં મને ચરિત્ર શ્રવણનો સંતોષ થતો નથી. (૧) સ્વાશ્રિતોની આપત્તિઓને હરનારા પરમાત્મા શ્રીહરિના ચરિત્ર અધિક સાંભળવા ઇચ્છું છું કેમ કે તે ચરિત્ર પદે પદે નવીન લાગે છે. (૨) શ્રીહરિ મહાપ્રભુની સેવામાં જે નરનારી જનો અહર્નિશ લાગેલાં હતાં તેમાં કોણ કોણ ભક્ત કઈ કઈ સેવા કરતાં હતાં તે તમો મને કહો. (૩) હે મુનિવર્ય ! સર્વેશ્વર શ્રીહરિ દુર્ગપુરમાં નિવાસ કરતા હતા જે જે ચરિત્ર કરતા હતા તે તે સમગ્ર ચરિત્રો મને કહેવા માટે યોગ્ય છો. (૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપ ! નિર્મળ ઇન્દ્રિયો અંતઃકરણવાળા મુકુંદાનંદ નામના વર્ણિરાજ બહુધા શ્રીહરિની સમગ્ર સેવા સમય સમય પ્રમાણે કરતા હતા. (૫) જીત્યો છે કામદેવ જેમણે એવા મુકુંદાનંદ વર્ણિ શ્રીહરિને સ્નાન કરાવવું, ચરણ દબાવવા, પથારી પાથરવી વગેરે મુખ્ય સેવા વિશેષપણે કરતા હતા. (૬) અને દાદાખાચરનાં મોટાં બેન તપસ્વિની જીવુબા સર્વથા પવિત્ર થઈ દરરોજ સ્નેહપૂર્વક

શ્રીહરિ માટે ગાળીને જળ લાવતાં હતાં. (૭) નારાયણાનંદ વર્ણિ પ્યાલા સહિત શ્રીહરિનું કમંડલ પીવા યોગ્ય જળ ભરીને શ્રીહરિની સમીપે રાખતા હતા. પોતે રક્ષણ કરેલું જળ શ્રીહરિને સમય પ્રમાણે આપતા હતા. (૮) હે રાજન્ ! ગોપાલાનંદ નામના વર્ણિ પ્રતિદિન શ્રી નારાયણમુનિનાં ભગવત્પૂજન પાત્રો માંજીને સાફ રાખવાની સેવા કરતા હતા. (૯) તથા વાસુદેવાનંદ નામના નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રીહરિને શ્રીકૃષ્ણપૂજા માટે ચંદન ઘસવાની સેવા કરતા હતા. (૧૦) વળી ઉમાભાઈ અને નાથજી બન્ને ભક્તો દરરોજ વિવિધ પ્રકારનાં સુગંધી પુષ્પો અને તુલસીપત્રો બગીચામાંથી લાવી આપતા હતા. (૧૧) અખંડાનંદ વર્ણિ સમગ્ર પૂજાના ઉપહારો, અગાઉ વર્ણવેલા ભક્તોએ લાવેલા ઉપહારો, ચીજો, વ્યવસ્થિત રાખીને શ્રીહરિને પૂજા સમયે સત્વરે લાવી આપતા હતા. (૧૨) ઉત્તમ રાજાનાં બહેન લાડુબા ઘી સહિત ઘઉંનો લોટ, તેલ, દૂધ, સાકર, શાક, ફળો વગેરે શુદ્ધ કરી પ્રતિદિન શ્રીહરિને અર્પણ કરતા હતા. (૧૩) ઉત્તમ રાજાનાં ત્રીજાં બહેન પાંચુબાઈ શ્રીહરિની રસોઈ કરવાની જગ્યા લીંપીને શુદ્ધ રાખતાં હતાં અને તેમની નાની બહેન નાનબાઈ શ્રીહરિના નિવાસસ્થાનને વાળીચોળીને શુદ્ધ રાખતાં હતાં. (૧૪) સોમાદેવી અને સુરપ્રભા એ બન્ને ઉત્તમરાજાની માતાઓ ધોળી માટીને છાણમાં ભેળવી શ્રીહરિના નિવાસસ્થાનને લીંપીને સુંદર રાખતાં હતાં. (૧૫) આનંદાનંદ અને ગોવિંદાનંદ એ બન્ને વર્ણિઓ શ્રીહરિને હોમ કરવા માટે વનમાંથી સમિધાઓ તથા શુભ દર્ભો લાવી આપતાં હતાં. (૧૬) હરજીભાઈ અને ઉકરાભાઈ શ્રીહરિ માટે વાડીમાંથી શાકભાજી લાવી આપવાની સેવા તથા મયાજી ભક્ત રસોઈ બનાવવા માટે લાકડાં લાવી આપવાની સેવા કરતા હતા. (૧૭) રતનજી ભક્ત રસોઈનાં વાસણો માંજીને સાફ કરતા અને હમીરજી ભક્ત શ્રીહરિને હાથ ધોવા માટે શુદ્ધ માટી લાવી આપતા. (૧૮) ગુમાનજી ભક્ત પ્રભુજી માટે રોજ તાજાં દાતણ લાવી આપતા હતા અને દ્વિજોત્તમ શિવરામ શ્રીહરિની પાદુકાનું રક્ષણ કરતા હતા. (૧૯) મયારામ વિપ્ર શ્રીહરિનાં વસ્ત્રોનું રક્ષણ કરતા હતા અને શુદ્ધ બુદ્ધિવાળા તે મયારામ સમય સમય પ્રમાણે શ્રીહરિને વસ્ત્રો આપતા હતા. (૨૦) તેમજ બ્રહ્મચર્યવ્રતવાળા જયાનંદ નામના નૈષ્ઠિક બ્રહ્મચારી પરમ આદરથી શ્રીહરિનાં વસ્ત્રો ધોઈ આપતા હતા. (૨૧) લાધાભાઈ અને હરજીભાઈ ઉત્તમ રાજાના શ્રેષ્ઠ બુદ્ધિવાળા કારભારીઓ શ્રીહરિને માટે પૈસાના લેવડદેવડનો વ્યવહાર કરતા હતા. (૨૨) શ્રીહરિની સેવામાં સદા તત્પર હેમન્તસિંહ રાજા સમસ્ત ગૃહસ્થ ભક્તોને સ્વધર્મમાં સ્થાપન કરવા વગેરે સેવામાં વર્તતા હતા. (૨૩) અને દાદાખાચર પોતે માનરહિત થકા શ્રીહરિની અવકાશ પ્રમાણે સમગ્ર સેવા કરતા હતા. (૨૪) શ્રીહરિના ભક્તોમાં અગ્રેસર એવા રામદાસભાઈ શ્રીહરિના સર્વ સેવકોને તે સેવામાં પ્રવર્તાવવાનું કાર્ય સમયાનુસાર કરતા હતા. (૨૫) પ્રયાગજી નામના પુરાણી ભોજનના અંતે શ્રીહરિ આગળ મહાભારત અને શ્રીમદ્ ભાગવત અને ધર્મશાસ્ત્રોની કથા કરતા હતા. (૨૬) નિત્યાનંદ સ્વામી તો દરરોજ રાત્રે શ્રીમદ્ ભાગવત-ભગવદ્ગીતા તથા વિષ્ણુસહસ્રનામસ્તોત્ર અને વાસુદેવમાહાત્મ્યની કથા વાંચતા હતા. (૨૭) શ્રીહરિની સેવામાં સદૈવ પ્રીતિવાળા શ્રીહરિના સહચર શુકાનંદમુનિ શ્રીહરિના પત્રો લખવા અને પુસ્તકોનું રક્ષણ વગેરે સેવા કરતા હતા. (૨૮) મહાબુદ્ધિશાળી

શતાનંદ મુનિ શ્રીહરિજીએ લખાવેલાં વેદ વગેરે આઠ સચ્છાસ્ત્રોનું શ્રીહરિ આગળ તત્ત્વપૂર્વક શોધન કરતા હતા. (૨૯) તે શતાનંદમુનિ શ્રીહરિની લીલાઓથી ભરેલું, રમણીય અને ભક્તજનો માટે જીવનરૂપ આ સત્સંગિજીવન નામના ધર્મશાસ્ત્રની રચના કરતા હતા. (૩૦) શ્રીહરિ મહાપ્રભુનું સદા સેવન કરનારા ગોપાળાનંદ સ્વામી સર્વ સાધુજનોનું ધર્મસંસ્થાપન અને જ્ઞાનોપદેશ વગેરેમાં શ્રીહરિની આજ્ઞાથી રહેતા હતા. (૩૧) હે રાજન્ ! અગાધ બુદ્ધિવાળા, શાસ્ત્રો ભણેલા, ગાનવિદ્યામાં કુશળ તથા કવિ એવા મુક્તાનંદ અને બ્રહ્માનંદ આ બન્ને શ્રીહરિની પ્રીતિ માટે શ્રીહરિના માહાત્મ્યને પ્રકાશ કરનારા અનેક પ્રકારના પ્રાકૃત છન્દ-પ્રબંધો-કીર્તનોની રચના કરતા હતા. (૩૨-૩૩) ગાયનકળાની યુક્તિઓમાં કુશળ, ચાર પ્રકારનાં વાદ્યમાં નિપુણ પ્રેમાનંદ મુનિ શ્રીહરિનાં ગુણચરિત્રોથી ભરેલા પ્રાકૃત પ્રબંધો અને કીર્તનો રચતા હતા. (૩૪) પ્રાકૃત ગ્રંથ રચવામાં કુશળ નિષ્કુળાનંદમુનિ પ્રાકૃત ગ્રંથો બનાવતા હતા. વળી ધ્યાનાનંદ તથા પૂર્ણાનંદમુનિ તથા ઉત્તમ બુદ્ધિવાળા સુંદરજીભાઈ પ્રાકૃત ગ્રંથો રચતા હતા. (૩૫) દિનાનાથ ભટ્ટ નામના કવિ સત્પતિ શ્રીહરિની પ્રસન્નતા માટે સંસ્કૃત છંદ, પ્રબંધો અને અષ્ટકોની રચના કરતા હતા. (૩૬) હે ભૂપતે ! બુદ્ધિમાન ગોવિંદાનંદમુનિ, અભેદાનંદ, ગુણાતીતાનંદમુનિ, શિવાનંદમુનિ અને પ્રજ્ઞાનંદમુનિ આ પાંચ સંતો શ્રીહરિની આગળ આદરપૂર્વક ભગવાન સંબંધી કીર્તનમય પદ્યોનું ગાન કરતા હતા. (૩૭-૩૮) મહાનુભાવાનંદ, દુર્બળ દેહવાળા આત્માનંદ અને સ્વયંપ્રકાશાનંદ આ ત્રણ સંતો કાર્ય કરવામાં પ્રવીણ, દેશાન્તરથી શ્રીહરિના દર્શનાર્થે આવેલા ભક્તો તથા મુનિજનોને યથાયોગ્ય આતિથ્યસત્કાર કરતા હતા. (૩૯-૪૦) નિરંજનાનંદ ઋષિ, આત્મનિષ્ઠ વ્યાપકાનંદમુનિ, સુખાનંદમુનિ, પરમ ચૈતન્યાનંદસ્વામી બીજા ગોવિંદાનંદ સ્વામી તથા આત્મદર્શી કૃપાનંદસ્વામી અને ચૈતન્યાનંદસ્વામી-આ બધા ઉત્તમ બુદ્ધિવાળા સપ્તર્ષિઓ દેશાંતરોથી આવેલા લોકોની આગળ પ્રતિદિન પરમ આદરથી ભગવાનની વાર્તાઓ કરતા હતા. (૪૧-૪૨-૪૩) મહાબુદ્ધિવાળા આનંદાનંદ સ્વામી શ્રીહરિની ભક્તિની રીત બતાવતા અને દૃઢ ભગવાનનાં મંદિરો બંધાવતા હતા. (૪૪) દેવરામ, નારાયણજી અને હીરજીભાઈ વગેરે શિલ્પીઓ આ ત્રણ ગૃહસ્થો અને આધારાનંદ સ્વામી-આ બધા શ્રીહરિની ચિત્રપ્રતિમાઓ બનાવતા હતા. (૪૫) તથા માહેશ્વર અને દામોદરદાસ દેશાંતરોથી આવેલાં સ્ત્રીઓને યથોચિત ઉતારા આપતા હતા. (૪૬) તપસ્વિની, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત બાલયોગિની રમા દેશાંતરથી આવેલી સ્ત્રીઓની આગળ ભગવાન સંબંધી વાર્તાઓ કરતાં હતાં. (૪૭) કૃષ્ણદાસ અને રાજદાસ આ બંને વાળંદભક્તો શ્રીહરિની આગળ રાત્રિમાં દીપિકા (મશાલ) ધારણ કરતા હતા. (૪૮) વૃદ્ધ કરીમભાઈ ભક્ત શ્રીહરિના દર્શનાર્થે આવેલા ભક્તજનોને વારંવાર શ્રીહરિની આગળ નિવેદન કરતા સતા શ્રીહરિનું દ્વારપાલપણું કરતા હતા. (૪૯) હે રાજન્ ! સોમલાખાચર, સુરાખાચર, માનસિંહ, કેસરીસિંહ, વેરોજી, અલૈયાખાચર, ભગુજી, લાખાજી, જાલમસિંહ, રવજી, માનજી વગેરે શસ્ત્રધારી શૂરવીર બસો ક્ષત્રિય ભક્તજનો સર્વ સ્થળે સર્વત્ર નિરંતર શ્રીહરિજીની સેવામાં સાથે જ રહેતા હતા. (૫૦-૫૧) આ મુક્તાનંદ આદિ ભક્તજનો શ્રીનારાયણમુનિની પરિચર્યાથી હૃદયમાં મનુષ્યજન્મનું સફળપણું જાણતા થકા

પૂર્વે કહેલા પ્રકારે રાત્રિદિવસ આનંદપૂર્વક શ્રીહરિનું દાસપણું કરતા હતા; જે દાસપણું મુક્તિ કરતાં પણ દુર્લભ છે જ. (૫૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં હરિસેવન વ્યવસ્થાનિરૂપણનામે બીજો અધ્યાય થયો. ॥૨॥

●

## અધ્યાય-૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યારબાદ બુદ્ધિમાન ઉત્તમ રાજા દર મહિને પોતાના પિતા એભલખાચરને ઉદ્દેશીને હજારો બ્રાહ્મણો તથા સંતોને જમાડતા હતા. (૧) પછી ઉત્તમરાજા એક વર્ષ વીત્યા બાદ પોતાના ઘરમાં નિવાસ કરાવેલા શ્રી નારાયણમુનિની પ્રીતિ માટે પોતાની પિતાની માફક જ જન્માષ્ટમી આદિક મોટા મોટા ઉત્સવો કરવાની ઈચ્છા કરી. (૨) પછી કાર્ય અને અકાર્યમાં વિચક્ષણ અને વિનયથી નમ્ર ઉત્તમરાજા જયા અને લલિતા પાસે આવી સન્માનપૂર્વક કહેવા લાગ્યા. (૩)

**ઉત્તમ રાજા બોલ્યા :**

હે જયે ! હે લલિતે ! શ્રીહરિની ભક્તિમાં તથા લોકવ્યવહારમાં નિપુણ એવી તમો બન્ને મારી બહેનો છો. આથી હું તમારી પાસે આવ્યો છું. (૪) શ્રીહરિ મહાપ્રભુ આપણા ઉપર કૃપા કરી આપણા દુર્ગપુરમાં રહેલા છે. શ્રીહરિના અનુગ્રહથી જ આપણી સમગ્ર સંપત્તિ પ્રાપ્ત થયેલી છે. (૫) આપણે આ સંપત્તિ શ્રીહરિ અર્થે જ વાપરવી, બીજા કોઈ પ્રકારે વાપરવી નહિ. આપણા પિતાએ આ પ્રમાણે જ કરેલું છે. આથી હું પણ તે પ્રકારે કરવા ઈચ્છું છું. (૬) હું જન્માષ્ટમી આદિ વાર્ષિક ઉત્સવોને પિતા અભયરાજાની પેઠે સમય સમય પ્રમાણે જુદા જુદા કરવા ઈચ્છા કરું છું. (૭) હે મહાવ્રતે ! ઉત્સવોમાં તમો બન્ને મારી સહાય કરજો. તમારે આ ધર્મકાર્યનો ભાર અવશ્ય વહન કરવાનો છે. (૮) આ બધી સંપત્તિ અને સેવકો વગેરે બધુ મેં તમારે આધીન કરેલું છે. તમારે બન્નેને ઉત્સવ-કાર્યમાં જોઈતી સામગ્રી લાવી આપીશ. (૯) તમો બન્નેએ આ સ્થળે યથોચિત રસોઈની વ્યવસ્થા કરાવવી તથા દેશાંતરોથી આવેલી સ્ત્રીઓની સંભાવના કરવી. (૧૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે પોતાના ભાઈએ કહેલા શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવામાં ઉત્સાહવાળાં, મહાબુદ્ધિશાળી જયા અને લલિતા ઉત્તમરાજાની પ્રશંસા કરી બોલ્યાં : (૧૧)

**જયા અને લલિતા બોલ્યાં :**

હે ભાઈ ! ઉત્તમ રાજન્ ! તમોએ પોતાના મનમાં આ સારો નિશ્ચય કર્યો. આથી તમો શ્રીહરિની પ્રસન્નતા અર્થે દ્રવ્યસંપત્તિ પ્રમાણે મહા ઉત્સવો કરો. (૧૨) બુદ્ધિશાળી પુત્રે પિતાએ આશરેલ સન્માર્ગમાં રહેવું જ જોઈએ. ઉત્તમ બુદ્ધિવાળા અને શ્રીહરિના કૃપાપાત્ર તમો તો બધું જાણો છો. (૧૩) તમો ઉત્સવમાં ઉપયોગી સામગ્રીઓ લાવો અને પાક વગેરે ક્રિયાઓ યથાયોગ્ય કરાવીશું; તમે કોઈ પ્રકારની ચિંતા કરશો નહિ. (૧૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! જયા અને લલિતા બન્ને બહેનોએ આ પ્રમાણે કહેવાયેલા ઉત્તમ રાજા પ્રસન્ન થઈને શ્રીહરિની સમીપમાં જઈ નમ્ર થકા પોતાની મહોત્સવો કરવાની ઇચ્છા પ્રગટ કરી. (૧૫) ત્યારે પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ ઉત્તમરાજાને કહેવા લાગ્યા. હે રાજન્ ! તમો ધન્ય છો. કેમકે તમારી બુદ્ધિ કૃષ્ણભક્તિમાં જ દૃઢ થયેલી છે. (૧૬) તપસ્વિની તમારી બન્ને બહેનો આ ઉત્સવોમાં વિચક્ષણ છે માટે તેમણે કહેલી રીતિ પ્રમાણે તમો સર્વ મહોત્સવો કરો. (૧૭) તમોએ હાલમાં તમારી બે બહેનોને ઉત્સવમાં મુખ્ય કરેલી છે તે તમોએ યોગ્ય જ કર્યું છે કારણ કે જયા અને લલિતા એ બંને ભગવાન સંબંધી ઉત્સવમાં મુખ્યપણાને યોગ્ય જ છે. (૧૮) તો પણ એક જ ઉત્સવમાં બન્નેનું મુખ્યપણું ઉચિત નથી. કેમકે એક ઉત્સવમાં તે બેમાંથી એકનું જ મુખ્યપણું ઈષ્ટફળને આપનારું થાય. (૧૯) સત્ય શ્રીહરિ આ પ્રમાણે ઉત્તમ રાજાને કહીને પાછી જયા-લલિતાને બોલાવી કહેવા લાગ્યા : હે ભદ્રે ! તમો બન્ને મારું વચન સાંભળો અને તે વચન પ્રમાણે કરો. (૨૦) હે જયે ! માસના શુકલ પક્ષમાં આવનારા શ્રીહરિજીના ઉત્સવો હોય તે ઉત્સવોમાં પાક વગેરે કરાવવામાં તમારું જ મુખ્યપણું થાઓ. (૨૧) હે લલિતે ! કૃષ્ણપક્ષના ઉત્સવોમાં તમારું મુખ્યપણું થાઓ. તમો બન્નેએ પોતપોતાના પક્ષના ઉત્સવો દેશકાલાનુસાર કરવા. (૨૨) શ્રીકૃષ્ણ સેવામાં મારો બન્નેનો અતિ ઉત્સાહ વર્તે છે. તે ઉત્સાહ મોટાં દેવીઓને પણ દુર્લભ છે. તમારો ઉત્સાહ સફળ થશે. (૨૩) હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિ ભગવાને કહેવાયેલી જયા અને લલિતા શ્રીહરિનું વચન મસ્તકે ચઢાવી તેમને પ્રણામ કરી પોતપોતાના નિવાસસ્થાને ગયાં. (૨૪) ત્યારબાદ ઉત્તમ રાજા સર્વ એકાદશીઓમાં શ્રીકૃષ્ણપૂજનનો ઉત્સવ કરતા હતા અને દરેક દ્વાદશીઓમાં સાધુઓને જમાડતા હતા. (૨૫) સુવ્રતમુનિ કહે છે : હે રાજન્ ! ત્યારબાદ સર્વના ગુરુ શ્રીહરિ મહાપ્રભુએ સંવત ૧૮૭૨માં શ્રાવણ વદી અષ્ટમીને દિવસે ઉત્તમ રાજા પાસે સર્વ રાજાઓથી દુષ્કર એવો મુખ્યવિધાનવાળો મહોત્સવ કરાવ્યો. આ જન્માષ્ટમીના ઉત્સવમાં પાકક્રિયા વગેરેમાં પ્રધાનભૂત મહોત્સવમાં સુખી થયેલા નાના પ્રકારના દેશોથી આવેલા ભક્તજનો જેની ભક્તિની પ્રશંસા કરે છે એવાં લલિતા સેવા વડે પ્રભુ શ્રીહરિને સંતોષ પમાડતાં હતાં. (૨૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં ઉત્સવોમાં જયાલલિતા દ્વારા મુખ્ય વ્યવસ્થા થઈ તે નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

●

## અધ્યાય-૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં શ્રીકૃષ્ણ સંબંધી સર્વ ઉત્સવો ઉત્તમ રાજા પાસે કરાવતા હતા. તે સર્વ ઉત્સવો પૈકી એક ઉત્સવ સંક્ષેપથી કહું છું. આ એક ઉત્સવના વર્ણન ઉપરથી અન્ય ઉત્સવો કેવી રીતે થતા તેનું અનુમાન કરી લેવું. (૧) શ્રીહરિ મહાપ્રભુ સર્વજીત નામના સંવત્સરમાં સંવત ૧૮૭૩ના આસો સુદ ૧૦ના રોજ ઉત્તમ રાજાનો

મનોરથ પૂર્ણ કરવા રમણીય મહોત્સવ કરાવતા હતા. (૨) દશેરાના ઉત્સવમાં પકવાન્ન વગેરે કરાવવામાં અને દેશોદેશથી આવેલાં સર્વ સ્ત્રીસમુદાયના સત્કારમાં મુખ્યત્વે ઉત્તમ રાજાનાં બહેન જયા હતાં. (૩) તે ઉત્સવમાં શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના દર્શન માટે ઉત્સાહવાળા અનેક ભક્તજનો, હજારો ત્યાગિ જનોના સમૂહો અને અન્ય નરનારીજનો આવતાં હતાં. (૪) મનુષ્યરૂપે વિચરતા શ્રી વાસુદેવ પરમેશ્વરની ઉદાર ભાવનાવાળા ભક્તજનો સુગંધી ચંદન, સુગંધી પુષ્પો, હારો, બહુમૂલ્ય વસ્ત્રો અને અલંકારો વડે પૂજા કરતા હતા. (૫) વિચક્ષણ એવા ઉત્તમ રાજા ભક્તિભાવથી પકવાન્નો અને વિવિધ શાકભાજી વડે ત્યાગીજનોનાં મંડળોને તૃપ્ત કરતા હતા. તથા અન્ય સર્વજનોને પણ યથાયોગ્ય તૃપ્ત કરતા હતા. (૬) શ્રીહરિ ભગવાન ભક્તજનોને પાંચ દિવસ સુધી એકાંતિક ધર્મનો ઉપદેશ આપી પોતાનું દિવ્ય સુખ આપી, તે ભક્તજનોને સંતોષ પમાડી ફરીથી પોતપોતાના દેશમાં મોકલતા હતા. (૭) તે સમયે ઋષિઓમાં શ્રેષ્ઠ ત્યાગીજનો તથા ગૃહસ્થ પુરુષો અને સ્ત્રીઓ ઉત્તમ રાજાની બુદ્ધિ અને ઉત્તમ સ્વભાવ તથા શ્રીહરિમાં તેમની ભક્તિની રસ્તામાં પ્રશંસા કરતાં કરતાં પોતાના દેશ ગયાં. (૮) જઈ રહેલાઓ પૈકી પ્રભાશંકર અને દાજીભાઈ જેમાં મુખ્ય છે એવા બ્રાહ્મણો અને ગંગાબા આદિ બ્રાહ્મણ સ્ત્રીઓને અન્નકૂટ કરવા સારુ આદરપૂર્વક રોકીને પોતાના દરબારમાં નિવાસ કરાવતા હતા. (૯) હે નરેશ ! પાકક્રિયા વગેરેમાં પારંગત બાહ્મણો તથા બ્રાહ્મણીઓ શ્રીહરિની સેવા વડે જ પોતાનો જન્મ સફળ થયો છે એવું માનીને શ્રીહરિ તથા ઉત્તમ રાજાની પ્રીતિ માટે ત્યાં નિવાસ કરતાં હતાં. (૧૦) પછી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ ઉત્સવમાં આવેલા ભક્તજનોને વળાવીને, થોડાક પાર્ષદોથી વીંટળાયેલા, ઘર આંગણામાં ઓટા ઉપર, સિંહાસનમાં વિરાજમાન થયા. (૧૧) તે દિવસે જ અભયરાજાનાં પુત્રી શ્રીહરિની ભક્તિ અને વ્યવહારકાર્યમાં નિપુણ લલિતા પોતાનાથી ઉંમરમાં મોટાં મંદ હાસ્યવાળાં જયાને આદરપૂર્વક કંઈક પૂછવા સારુ તેમની સમીપે આવ્યાં. (૧૨) ત્યાં જઈ સમીપે બેસીને કહેવા લાગ્યાં : હે ભગિનિ ! તમોએ હમણાં બહુ સેવા વડે ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરેલા છે. હું પણ હાલમાં તે જ પ્રકારે અન્નકૂટ મહોત્સવમાં તમારી સંમતિથી સેવા કરવા ઈચ્છું છું. (૧૩) આ રીતે લલિતાએ કહેતાં જયા નાની બહેન લલિતા પ્રત્યે બોલ્યાં : હે ભદ્રે ! તમોએ જન્માષ્ટમી ઉપર શ્રીહરિને ખૂબ જ પ્રસન્ન કરેલા છે. (૧૪) જન્માષ્ટમીના ઉત્સવમાં શ્રીહરિની પ્રસન્નતા માટે તમોએ ખૂબ સેવા કરી. હે શુભે ! કૃષ્ણપક્ષમાં આવતા દીપોત્સવ ઉપર ફરી તમો શ્રીહરિની સેવા કરો. (૧૫) શુકલ પક્ષમાં એકમને દિવસે અન્નકૂટ મહોત્સવમાં હું શ્રીહરિની સેવા કરીશ. આ પ્રકારે શ્રીહરિએ મર્યાદા કરેલી છે. (૧૬) આ પ્રકારે મોટાં બહેન જયાનું વચન સાંભળી યુક્તિયુક્ત વાક્યોમાં નિપુણ અને હસતાં મુખવાળાં લલિતા સુંદર વચન સત્ય જ કહ્યું. (૧૭)

**લલિતા બોલ્યાં :**

આ બાબતમાં આપણે બન્ને બહેનોએ ભગવાન શ્રીહરિએ બાંધેલી મર્યાદાનું પાલન કરવું જ જોઈએ. (૧૮) તોપણ આ અન્નકૂટ ઉત્સવ દીપોત્સવની અંદર જ આવેલો છે, તે જુદો નથી. તમોએ વ્રતખંડમાં નારદજીનું વચન સાંભળ્યું નથી શું ? (૧૯) દીપાવલીનો ઉત્સવ ત્રણ દિવસ (ચતુર્દશી,

અમાવાસ્યા, પ્રતિપદા) સાથે જ કરવો. જુદો કરે તો મોટો દોષ થાય છે એવું મેં સાંભળ્યું છે. (૨૦) માટે હે બહેન ! જે ઘટિત હોય તે તમો મને આજ્ઞા આપો. હું નાની હોવાથી મારે તમારી આજ્ઞામાં હંમેશાં વર્તવું જોઈએ. (૨૧) જો તમારી રુચિ હોય તો શ્રીહરિ મહાપ્રભુની આજ્ઞા ગ્રહણ કરો. ત્યારપછી સામગ્રીઓ એકઠી કરવા સેવકોને આજ્ઞા આપો. (૨૨) આ પ્રકારે યુક્તિથી ભરેલું લલિતાનું વચન સાંભળી સરળ બુદ્ધિવાળાં જયાએ કહ્યું : શાસ્ત્રવચન હોવાથી ભલે તમે જ અન્નકૂટોત્સવ કરો. (૨૩) પછી જયાએ પોતાના ભાઈ ઉત્તમ રાજાને બોલાવીને શુભ વચન કહ્યું : હે ભાઈ ! અન્નકૂટનો ઉત્સવ કરવા માટે તમો શ્રીહરિની આજ્ઞા માંગો. (૨૪) આ પ્રકારે જયાના કહેવાથી ઉત્તમ રાજા અતિ આનંદથી શ્રીહરિ સમીપે ગયા તથા જયા અને લલિતા શ્રીહરિનાં દર્શન કરનારી સ્ત્રીઓની સભામાં પુરુષોની સભાથી દૂર ઊભાં રહ્યાં. (૨૫) પછી ઉત્તમ રાજા શ્રીહરિજીને પ્રણામ કરી હાથ જોડી પોતાના બોલવાના અવસરની રાહ જોઈ શ્રીહરિ સમીપે ઊભા રહ્યા. (૨૬) ઉત્તમ રાજાને બોલવાની ઈચ્છાવાળા જાણી શ્રીહરિ હાસ્ય કરતા બોલ્યા : ‘હે રાજન્ ! શું કામ છે ?’ આ પ્રમાણે પુછતાં ઉત્તમ રાજા બોલવા લાગ્યા : (૨૭) હે ભગવન્ ! તમારી પ્રસન્નતા માટે મારે થોડું નિવેદન કરવું છે તે વિજ્ઞાપન આપ કૃપા કરી સાંભળો. હે ભક્તપ્રિય ! જો આપની આજ્ઞા હોય તો અમો અન્નકૂટોત્સવ માટે સામગ્રીઓ એકઠી કરીએ. (૨૮) હે પ્રતાપસિંહ રાજન્ ! આવી રીતનું ઉત્તમ રાજાનું કપટરહિત વાક્ય સાંભળી પ્રસન્ન થયેલા અને સ્વજનોનું પ્રિય કરનારા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પોતાનું વચન સાંભળવા કાન માંડીને દૂર હાથ જોડીને ઊભા રહેલાં ઉત્તમ રાજાનાં જયા અને લલિતા બે બહેનોને જોતાં બોલ્યા : (૨૯)

**શ્રીહરિ બોલ્યા :**

હે ઉત્તમ રાજન્ ! તમોએ જન્માષ્ટમી, વિજયાદશમી અને દ્વાદશીઓના ઉત્સવોમાં રાજાઓથી દુષ્કર એવો ઘણો દ્રવ્યવ્યય કરેલો છે. (૩૦) વળી કાર્તિક સુદી પ્રબોધની એકાદશીનો મહોત્સવ સમીપમાં જ આવે છે. તમારી ધનસંપત્તિ પણ મારી અજાણી નથી. (૩૧) દ્રવ્ય સંબંધી કાર્ય તો દ્રવ્યથી જ થાય; જ્ઞાનથી, ભક્તિથી કે નામસ્મરણથી તે સિદ્ધ થતું નથી. (૩૨) જે લોકો જ્યાં ત્યાંથી દ્રવ્ય લાવીને દેવું કરીને ધર્મ કરે છે તે મનુષ્યો જ્ઞાની હોવા છતાં પણ તેના થકી લેણદાર મહા કલેશને પામે છે. (૩૩) લેણદાર વ્યક્તિ અર્થમાં અનર્થના ઉપદેશથી અથવા ભક્તિ અને જ્ઞાનથી ક્યારેય ઘેરથી પાછો જતો નથી. (પોતે આપેલ દ્રવ્ય લઈને જ પાછો જાય છે.) (૩૪) પ્રાણની આપત્તિ વિના ક્યારેય પણ કોઈપણ કાર્યમાં દેવું કરવું નહિ. કારણકે દેવા સમાન અન્ય કોઈ દુઃખ નથી. (૩૫) હે રાજન્ ! પાંચમે દિવસે અથવા છઠ્ઠા દિવસે શાકના પાંદડા મળ્યાનું ભોજન શ્રેષ્ઠ છે પરંતુ ધનદાતાએ કરેલી પીડા તો રાજાઓને પણ ક્યારેય શ્રેષ્ઠ નથી. (૩૬) ભગવાન શ્રીહરિ તો અંતઃકરણની શુદ્ધિયુક્ત ભક્તિથી પ્રસન્ન થાય છે, ઘણા ધનથી પ્રસન્ન થતા નથી એમ શ્રીકૃષ્ણે અર્જુનને ગીતામાં કહ્યું છે. (૩૭) જે પુરુષ ભક્તિભાવથી મને પત્ર, પુષ્પ, ફળ અથવા જળ અર્પણ કરે છે; મારામાં મનવાળા તે ભક્તનું ભક્તિપૂર્વક અર્પણ કરેલું તે પત્રપુષ્પાદિ હું જમું છું. (૩૮) એકાંતિક ભક્તિથી રહિત જે ભક્ત ઘણા ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરે છે તોપણ ભગવાન તે

પૂજનને પ્રેમથી અંગિકાર કરતા નથી. (૩૯) આથી સત્પતિ શ્રીહરિની પૂજા માટે ઘણા દ્રવ્યની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો નહિ. સર્વ પ્રકારે શ્રીકૃષ્ણની એકાંતિકી ભક્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. (૪૦) નિર્ધન એવા એકાંતિક ભક્તોમાં શ્રીહરિનો જેવો સ્નેહ અને આદર દેખાય છે તેવો એકાંતિક ભક્તિરહિત ધનવાન ભક્તોમાં જણાતો નથી. (૪૧) જે ભક્તજનનું મન અન્ય વાસનાયુક્ત હોય તેના કરતાં નિરવાસનિક ભક્તમાં શ્રીહરિની અધિક પ્રીતિ છે. (૪૨) ધન-સંપત્તિ અને ઐશ્વર્યસંપન્ન ઈન્દ્રાદિક દેવો આળસરહિત થઈને મહા ઉપચારોથી નિરંતર ભગવાનને પૂજે છે. (૪૩) પરંતુ ઈન્દ્ર આદિ દેવોનું મન અન્ય વાસનાયુક્ત વર્તે છે માટે તે દેવોની એકાંતિક ભક્તોમાં ગણના થતી નથી. (૪૪) ઈન્દ્રાદિ કરતાં ઓછા ઐશ્વર્યવાળા પરંતુ તીવ્ર વૈરાગ્યવાળા અને હૃદયમાં કેવળ ભગવાનની વાસનાવાળા સનકાદિકો એકાંતિક ભક્તોમાં અગ્રેસર ગણાય છે. (૪૫) સનકાદિકો પત્ર, પુત્ર, જળ, ચંદન આદિ વડે ભગવત્પૂજન કરતા છતાં પણ રાધિકારમણ પ્રભુને નિરંતર પ્રસન્ન કરે છે. (૪૬) હે રાજન્ ! ગૃહસ્થાશ્રમી મારા આશ્રિત ભક્તોએ ધનના વ્યયથી સાધ્ય ધર્મ પોતાની શક્તિ અનુસારે કરવો પરંતુ ક્યારેય પણ દેવું કરીને પુણ્યકાર્ય કરવું નહિ. (૪૭) માટે હાલમાં અન્નકૂટોત્સવ સ્વધન સંપત્તિ અનુસારે જ કરો. જેથી ભગવાનના ઉત્સવની તિથિ ઉત્સવ વિનાની ન થાય. (૪૮) જે ગોલોકાધિપતિ નારાયણ વાસુદેવ વસુદેવના ઘેર પ્રગટ થયેલા છે તે શ્રીકૃષ્ણ ગોકુલમાં આવેલા છે. (૪૯) તે શ્રીકૃષ્ણે ગોવર્ધન મહોત્સવ પ્રવર્તાવેલો છે આથી શ્રીકૃષ્ણને માનનારા આપણે આ ઉત્સવ ચોક્કસ કરવો. (૫૦)

સુવ્રતમુનિ બોલ્યા :

આ પ્રકારે શ્રીહરિએ આજ્ઞા આપેલા ઉત્તમરાજા શ્રીહરિને પ્રણામ કરી તત્કાલ જયા અને લલિતાની પાસે ગયા. જયા અને લલિતાના મનમાં શ્રીહરિકૃષ્ણની સેવા રહિત એકક્ષણ પણ ક્યારેય પ્રીતિવાળો થતો નથી. (૫૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
અન્નકૂટોત્સવમાં ભગવદાજ્ઞાગ્રહણનામે ચોથો અધ્યાય થયો. ॥૪॥

●

## અધ્યાય-૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિના હૃદયના અભિપ્રાયને જાણનારા અને શ્રીહરિમાં અને તેમના વચનમાં નેત્ર અને શ્રવણને પરોવનારા જયા અને લલિતા ઉત્તમ રાજાના આગમનથી પહેલાં જ શ્રીહરિના ચેષ્ટિત અભિપ્રાયને જાણી ગયા. (૧) હંમેશાં શ્રીહરિની પરિચર્યાથી પોતાના જન્મની સફળતા જાણનારી જયા અને લલિતા બે બહેનો અતિશય હર્ષથી ગદ્ગદ્ હૃદયવાળી થઈ ગઈ. (૨) તેટલામાં અભયરાજાના કુમાર ઉત્તમ રાજા બાઈઓના મધ્યમાં રહેલી બન્ને બહેનોને 'બહુ સારું, અન્નકૂટોત્સવ કરો' એવું શ્રીહરિનું વાક્ય કહ્યું. (૩) 'ભલે કરો' એ પ્રકારની શ્રીહરિની વાણી સાંભળનારી તે સમયે નિર્મળ અંતઃકરણવાળી જયા અને લલિતાના મનમાં ઉત્પન્ન થયેલો આનંદ

આંસુ સ્વરૂપે બહાર વહી રહ્યો. (૪) પછી જયા અને લલિતા શ્રીહરિને નમસ્કાર કરી તત્કાલ પોતાના ભવનમાં જઈ ચાર પ્રકારનાં સુંદર ભોજન તત્કાલ તૈયાર કરવા માટે ખંતથી પ્રયત્નશીલ થયાં. (૫) તેમાં પ્રથમ તો શ્રીહરિની ઘણી સ્ત્રી ભક્તો પાસે ઉત્તમ ડાંગર ખંડાવવી તથા ધોળા ઘઉંને સૂક્ષ્મ દળવા વગેરે સેવા આદરપૂર્વક શીઘ્ર કરાવતાં હતાં. (૬) તે સમયે શ્રીહરિને આધીન કર્યાં છે તન, મન, ધન અને આત્મા જેમણે એવી નિરંતર કપટરહિત અંતરાત્માવાળી સેવાપરાયણ સ્ત્રીઓને અત્યંત મોટો ઉત્સવ થતો હતો. (૭) દુર્ગપુરમાં ઘેર ઘેર હરિભક્ત સ્ત્રીઓની દળવા વગેરે ક્રિયાઓમાં શ્રીહરિનાં કીર્તનોનો મંગળ ધ્વનિ દિવસે અને રાત્રે અખંડ થતો હતો. (૮) તે સમયે ચતુર પવિત્ર બ્રાહ્મણની સ્ત્રીઓ લલિતાની આજ્ઞા પ્રમાણે વડીઓ, સફેદ અને સૂક્ષ્મ સેવો અને વિશાળ પાપડો કરતી હતી. (૯) તે સમયે કોઈક ભગવદ્‌ભક્ત સ્ત્રી ઝીણી વડીઓની ગોળીઓને પોતાની જપમાળાના આકારે કરીને તેની નીચે બીજી તેવી તેટલી વડીઓને નામના ઉચ્ચારણપૂર્વક મૂકીને પોતાને નિત્યપ્રાપ્ત વિધિ (માળા ફેરવવાનો નિયમ) તે વડીઓ મૂકવા વડે જ પૂરો કરવા લાગી. (૧૦) તથા કોઈક ભક્ત સ્ત્રી શ્વેત અને શુદ્ધ કાંસાની થાળીના પૃષ્ઠ ભાગ ઉપર પાપડને વણતી સતી અચાનક સ્ફુરણાયમાન થયેલા શ્રીહરિને જોઈને ખૂબ હસતી સતી ઊંચું પકડેલ છે વેલણ જેણે એવી સ્થિર થઈ જતી હતી. (૧૧) અને કોઈક સ્ત્રીભક્ત જળમાં અને સ્થળમાં સર્વત્ર ભગવાનને જ ભાળતી થકી સેવો વણવાના સમયે સ્ફુરણાયમાન થયેલા ભગવાનને જોઈને સેવો વણવાનું ભાન ભૂલીને ભગવાનના અંગમાં સુગંધીમાન તૈલમર્દન કરતી હોય ને શું તેમ શોભતી હતી. (૧૨) અને વળી કોઈક વનિતા તો ચાળણીમાં ઘણો લોટ મૂકીને બન્ને હાથે તત્કાળ ચાળતી, પૂર્વે તેને શ્રીહરિએ હસાવેલી તેનું પોતાના હૃદયમાં સ્મરણ કરી વારંવાર હસતી હતી. (૧૩) ડાંગરોને ખાંડવા માટે ઈચ્છતી કોઈ ભક્ત સ્ત્રી ખાંડણિયાના મુખમાં એકદમ આવિર્ભાવ પામેલા શ્રીહરિને જોઈને હાથમાં સાંબેલું ધારણ કરેલી સ્થિર થઈ ગઈ. (૧૪) તે સમયે આ પ્રકારે સર્વ સ્ત્રીઓ સમગ્ર અન્નકૂટની સામગ્રી તૈયાર કરવામાં તત્પર થઈને પોતપોતાના પ્રેમને અનુસરીને પ્રત્યક્ષ શ્રીહરિને જોતી સતી યોગીઓથી પણ અધિક શ્રેષ્ઠપણાને પામી. (૧૫) આ પ્રમાણે આ કાર્ય ભગવાનને પ્રસન્ન કરનારું છે એમ જાણીને આ ભક્ત સ્ત્રીઓ આનંદપૂર્વક ઉદ્યમયુક્ત હતી. ઉત્તમ રાજા પણ ઘીથી ભરેલાં કુલ્લાં તથા સાકરથી ભરેલી સેંકડો પેટીઓ મંગાવતા હતા. (૧૬) ઉત્તમ રાજાના સેવકોએ ઘણાં વાસણો કાઢ્યાં : જેમાં ઝારા, મોટા તાંસડા, છાછરા, મોટા હાથાના કડછા, ગોળીઓ, માણો, ચયણાં, ઘડાઓ, થાળીઓ, કૂંડાં તથા લાકડાના હાથલા લાવ્યા. (૧૭) ઉત્તમ રાજાની પત્નીઓ આનંદપૂર્વક હળદર, મરચાં, જીરુ, તજ, ધાણા, કેસર, એલચી તેમજ આદુ, આંબલી, મીઠું, દહીં, છાશ, રાઈ વગેરે સાફ કરતાં હતાં. (૧૮) તે સમયે પવિત્ર વસ્ત્રોવાળી અને હાથમાં અને કાખમાં ગાગરો અને ઘડાઓવાળી સધવા અને વિધવા બ્રાહ્મણ સ્ત્રીઓ વ્રતોથી કૃશ શરીરવાળી હોવા છતાં પણ ઉન્મત્ત ગંગાનું જળ લાવતી હતી. (૧૯) તપથી નિર્બળ શરીરવાળી સ્ત્રીઓ દિવસે અને રાત્રિએ ઘણો પરિશ્રમ કરતી સ્ત્રીઓને જોઈને તેમનું અબળા એવું નામ પ્રવર્તાવનાર બ્રહ્મા લજવાઈ ગયા. (૨૦) પછી પોતાની બહેનોથી પ્રેરાયેલા ઉત્તમ રાજા કંદોઈ

બ્રાહ્મણોને તથા રસોઈ કરનાર બ્રાહ્મણોને પૂછીને યોગ્ય પાકશાળા કરાવતા હતા તથા શાકો તત્કાલ મંગાવતા હતા. (૨૧) ઉત્તમ રાજાના દરબારમાં પાક કરવા માટે એક સ્ત્રીઓનું અને બીજું પુરુષોનું એમ બે મોટાં રસોડાં હતાં. અહીં પાક કાર્યમાં પુરુષોના રસોડામાં પ્રભાશંકર મુખ્ય હતા અને સ્ત્રીઓના રસોડામાં ગંગાબા બ્રાહ્મણી મુખ્ય હતાં. (૨૨) તેમાં જે પુરુષો રાંધવાના હતા તે બ્રાહ્મણોને માનજીત, કૃષ્ણજી, અંબારામ વગેરે ભક્તો તથા બીજા હરજી આદિક ભક્તજનો શાક, અન્ન, કાષ્ઠ લાવી આપવાં વગેરે કાયા વડે પ્રતિક્ષણ સેવા આપતા હતા. (૨૩) અને રસોઈ કરનારી સ્ત્રીઓ હતી તેમને હરિબાઈ, રતન, રામા, ગંગા, રજની, નાથી, વિજયા, કલ્લુ વગેરે સ્ત્રીઓ શાક, અન્ન, લાકડા વગેરે લાવી આપવાની પળે પળે સેવા કરતી હતી. (૨૪) સર્વ પુરુષો ઉત્સાહપૂર્વક ઉત્સવની સામગ્રી તૈયાર કરવામાં તત્પર થતાં અને સ્ત્રીઓ આનંદપૂર્વક સામગ્રી સંપાદનમાં તત્પર થતાં પ્રસન્ન થયેલા શ્રીહરિએ નાના દેશોમાં રહેલા મુનિઓને જલદી બોલાવવા માટે શીઘ્રગામી દૂતોને તત્કાલ આજ્ઞા આપી. (૨૫) તે દૂતો તે તે દિશામાં જઈને મુનિજનોને કહેવા લાગ્યા : 'હે સંતો ! તમોને ધનતેરસના દિવસે દુર્ગપુરમાં દર્શન કરવા આવવાની તમારાં પ્રભુની આજ્ઞા થઈ છે.' (૨૬) આ પ્રકારે દૂતોએ કહેતાં, મુનિઓ શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળા પોતાના મનથી શ્રીહરિને નમસ્કાર કરી દુર્ગપુર જવા તત્કાળ નીકળ્યા. (૨૭) પુસ્તકો વગેરે પોતાની વસ્તુઓ જે તે સ્થળે રાખીને ગામ કે નગરના જનોને પૂછ્યા વગર જ મુનિજનો નીકળી પડ્યા. (૨૮) તે મુનિઓ કોઈ સ્થળે કંઈક ભિક્ષાન્ન તો ક્યારેક ફળ-પત્રાદિ ખાઈને અથવા તો ઉપવાસ કરીને માર્ગમાં ચાલતા હતા. (૨૯) તે તે પુર કે ગામમાં શ્રીહરિના ભક્ત સ્ત્રી-પુરુષો હતાં તે પણ દર્શનનો અવસર જાણતા હોવાથી સાધુઓની સાથે ચાલતાં થયાં. (૩૦) પશ્ચિમ પાંચાળ દેશમાં રહેલા જનો સર્વ દેશોથી મુનિનાં મંડળો અને દેશાંતરના લોકોને આશ્ચર્યપૂર્વક જોતા હતા. (૩૧) તે જનો શીઘ્ર ગતિવાળા ક્ષણે ક્ષણે ભેગા મળીને આવતા સાધુઓ અને લોકોને જોઈ ઘણા પ્રકારે તર્ક કરતા હતા. (૩૨) મુનિઓથી ભરેલી મહાનૌકા દેશાંતરથી આવેલી છે કે શું ? અથવા માનવરૂપી મહેરામણ ઊભરાયો છે કે શું ? (૩૩) આ પ્રકારે મુનિજનો માર્ગમાં અતત્ત્વવેદી જનોને આશ્ચર્ય ઉત્પન્ન કરતા કરતા દુર્ગપુર પ્રતિ ચાલતા હતા. (૩૪) મુનિજનો માર્ગમાં શ્રીહરિના નિવાસસ્થાનનું જેમ જેમ સમીપપણું પ્રાપ્ત કરતા હતા તેમ તેમ જાણે થાક રહિત થઈ ગયા હોય તેમ દર્શન માટે અતિ વેગવાળા થતા હતા. (૩૫) મુનિઓ શીઘ્રગતિવાળા અશ્વ ઉપર બેઠેલા શ્રીહરિને પોતાની આગળ ધ્યાનથી જોતા સતા પોતાના દેહસંબંધી સુખદુઃખનું સ્મરણ કરતા ન હતા. (૩૬) આ પ્રકારે આઠે દિશાઓમાંથી આવતા સાંખ્યયોગવાળા મુનિજનો અને બ્રહ્મચારીજનો દુર્ગપુરની ચારે બાજુ નિવાસ કરતા હતા. (૩૭) દૂર દેશમાં રહેલા મુનિજનો તથા ગૃહસ્થજનો દર વર્ષે પ્રબોધિની એકાદશીના ઉત્સવ ઉપર આવનારા હતા તેપણ તે સમયે અન્નકૂટોત્સવ ઉપર દુર્ગપુર આવતા હતા. (૩૮) આ સાધુઓ ગૃહસ્થોની સાથે પોતપોતાના મંડળે સહિત બારશના દિવસે માંડવધાર આદિ શાખાનગરોનો આશ્રય કરીને રહ્યા હતા. (૩૯) હે રાજન્ ! ગઢપુર તરફ દૃષ્ટિવાળા તે સર્વ ભક્તજનો શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળા હતા તોપણ ત્રયોદશીને દિવસે જ આવવું એવી આજ્ઞા

હોવાથી રોકાયેલા હતા. (૪૦) જેઓને શ્રીહરિ પ્રિય છે એવા મુનિઓ અને ગૃહસ્થોથી વ્યાપેલાં શાખાનગરો આસો વદી બારશની રાત્રિમાં મર્યાદાને ઉલ્લંઘન કરનારા સમુદ્રની માફક જણાતાં હતાં. (૪૧) હે રાજન્ ! આ સમગ્ર મુનિજનો તથા હરિજનો તે રાત્રિએ ભક્તિનંદન ભગવાનના ગુણોને વારંવાર ગાતા અને તેમના દિવ્ય સ્વરૂપને મનમાં સંભારતા થકા શ્રીહરિના સાક્ષાત્ દર્શન કરવાની ઉત્કંઠાવાળા હોવાથી સ્થિર ચિત્તવાળા થયા નહિ. (૪૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
અન્નકૂટોત્સવમાં મુનિમડલાકરણ નામે પાંચમો અધ્યાય થયો. ॥૫॥

●

## અધ્યાય-૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

ગઢપુરમાં રહેલા પોતાના ભક્તજનોનાં મનને આનંદ આપનારા દિવ્યમૂર્તિ હોવા છતાં મનુષ્યનાટ્યધારી શ્રીનારાયણમુનિ ભગવાન પણ રસોયાઓની પ્રશંસા કરતા સતા દરરોજ બમણી વૃદ્ધિ થાય તેમ યુક્તિપૂર્વક પકવાન્નનો સમુદાય કરાવતા હતા. (૧) સર્વેશ્વર શ્રીહરિ સ્ત્રીઓ અને પુરુષોની પાક કરવાની તત્પરતાને ખાનગી દૂતો દ્વારા ક્ષણે ક્ષણે જાણતા હતા અને તેમનો વિશ્રામરહિત રાત્રિ-દિવસ ઉદ્યમ જાણીને આશ્ચર્ય તથા આનંદ પામ્યા. (૨) પાક કરનારા સ્ત્રીઓ અને પુરુષોને ક્ષણે ક્ષણે શ્રીહરિની સૂચના કહેવા માટે નિષ્કામ ચાર જ પુરુષો હતા : પ્રથમ ખટ્વાંગ, ઉમાભાઈ, નાચિકેત અને મયારામ વિપ્ર - આ ચાર જણા હતા. (૩) તેઓમાં નિષ્કપટ ભાવવાળા, પવિત્ર ચિત્તવાળા, આત્મા-પરમાત્માના યથાર્થ સ્વરૂપને જાણનારા ઊંચા સ્વરથી શ્રીહરિની આજ્ઞાને જેમ હોય તેમ ઊંચા હાથથી કાર્યનું શીઘ્રપણું જણાવનારા ખટ્વાંગ નામના ક્ષત્રિયે શ્રીહરિની સમીપમાં જ નિવાસ કર્યો હતો. (૪) નિર્માન વૃત્તિથી પ્રસન્ન કરેલા છે શ્રીહરિ જેમણે તથા ભગવાનના ભક્તોને અનુકૂળ વર્તનારા, ધીરજવાળા તથા જે પ્રમાણે કરવું હોય તે પ્રમાણે જ નિવેદન કરનારા એવા ઉમાભાઈ અને નાચિકેત રસોડામાં શ્રીહરિની સાથે રહેતા હતા. (૫) વૃદ્ધપણાથી બાંધેલ કેડ ઉપર મૂકેલ છે હાથ જેમણે નમેલા ખભાવાળા, નમસ્કાર કરનારાઓને વારંવાર 'કલ્યાણમસ્તુ' કહીને તે વડે શ્રીહરિને હસાવનારા, તત્કાલ સર્વ કાર્ય કરનારા અને પાકશાળામાં તત્કાલ નિવેદન કર્યા છે કાર્યસમૂહ જેમણે એવા મયારામ ભટ્ટ નિરંતર શ્રીહરિની આગળ રહેતા હતા. (૬) પછી પકવાનની સિદ્ધિ જોવા માટે કૃષ્ણદાસ નામના નાયીએ મશાલની કાંતિ પ્રકાશમાન શરીરકાંતિ જેમની છે એવા આસો વદી બારસની રાત્રિએ થોડાક પાર્ષદોની સાથે પાકશાળામાં ગયા. (૭) જમણા હાથથી નાની નેતરની સોટી ધારણ કરતા, ડાબા હાથથી કેડને ટેકો આપતા, ઉતાવળી ચાલથી ડાબેજમણે ઝૂલતા ઉત્તમ પુષ્પોની પંક્તિવાળા, દીર્ઘ ચંચળ નયનો વડે ભક્તસમુદાયને જોતા, પોતાના ભક્તજનોએ અર્પણ કરેલા શેખર-તોરાઓની પંક્તિને વારંવાર ચલાયમાન કરતા, જલદી જલદી ચરણ ઉપાડવાથી ચટચટ શબ્દને કરતી ચાખડીને ધારણ કરેલ ચરણોવાળા, જેમની પાછળ પાર્ષદસમૂહ વેગથી ચાલી રહ્યો છે એવા શ્રી નારાયણમુનિ ભગવાન

પાકશાળામાં પધાર્યા. (૮-૯) પાકશાળામાં રહેલા ઉત્તમ રસોયા બ્રાહ્મણો અચાનક મશાલનું તેજ જોઈને ભગવાનનું આગમન જાણીને અન્ય વાતચીતનો ત્યાગ કરી શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૧૦) શ્રી પ્રભાશંકર શર્મા, પાકશાસ્ત્રના પંડિત દયારામ તથા બે દાજીભાઈ, બહેચરભાઈ, રામચંદ્ર, લાલજીભાઈ, તથા નંદુભાઈ અને નંદલાલ, ગંગાદત્ત, નરોત્તમ, લક્ષ્મીદત્ત, દયારામ, કૃપાશંકર, ઈશ્વરભાઈ, કાશીરામ, તુલજારામ, શિવયાજ્ઞિક, દેવરામ, જીવશર્મા, લીલાધર વિપ્ર, પીતાંબર અનુપરામ, રેવાશંકર, બાલશર્મા, વિજયરામ અને બે અંબારામભાઈ, નારાયણ શર્મા અને જયશંકર છે મુખ્ય જેમાં એવા સર્વ રસોઈયા બ્રાહ્મણો આદરસહિત હાથજોડી શ્રી નારાયણમુનિની આગળ ઊભા રહ્યા. (૧૧-૧૫) ત્યારબાદ શ્રીહરિ પાકશાળામાં મોટા મોટા લોખંડના કઢાયાને ખાલી જોઈને તમો સર્વે આ રસોડામાં શું કરો છો એમ કંદોઈ બ્રાહ્મણોને કહ્યું. (૧૬) ત્યારે તે કંદોઈ બ્રાહ્મણો શ્રીહરિને કહેવા લાગ્યા : હે સ્વામિન્ ! હાલમાં જ અમોએ સમગ્ર પકવાન્નો કરીને પટારાઓમાં મૂકયાં છે. (૧૭) હે સત્પતે ! અમો આ મોટાં કડાયાં ચૂલાઓ ઉપરથી પૃથ્વી ઉપર નીચે હમણાં જ ઉતારીને ઊભા છીએ. હવે બીજું કંઈ પકવાન્ન બનાવવાનું હોય તો કહો. (૧૮) હે રાજન્ ! શ્રીહરિ તેઓનું વચન સાંભળીને તેમના કારીગરીવાળા હાથોની ચપળતા જાણી વિસ્મયપૂર્વક તેઓની પ્રશંસા કરી. દાળભાત કરનારા બ્રાહ્મણોને કહેવા લાગ્યા : (૧૯) હે બ્રાહ્મણો ! પ્રાતઃકાળમાં મુનિઓના સમુદાયો સર્વ દેશોથી આવશે માટે દાળભાત વગેરે બનાવવામાં તત્પર થાઓ. (૨૦) હે રાજન્ ! આ પ્રમાણે રસોયા બ્રાહ્મણોને આજ્ઞા આપીને શ્રીહરિ પોતાના પાર્ષદોને બહાર ઊભા રાખી પોતે એકલા સ્ત્રીઓના રસોડામાં ગયા. (૨૧) પોતાના સ્વામી શ્રીહરિને પધારેલા જોઈને સર્વ સ્ત્રીઓ તે જ ક્ષણે ઊભી થઈને શ્રીહરિને બેસવા માટે સોનાનો બાજોઠ આપ્યો. (૨૨) ત્યારબાદ બધી સ્ત્રીઓ શ્રીહરિને નમસ્કાર કરી હાથ જોડી પાકશાળામાં ઊભી રહી. ગંગાબા, રેવાબા, યમુના, જતનબાઈ, લહેરીબા, મૌના, રૂપા, દુર્લભા, નાથી, રામા, અમૃતબા, અમરી, ગુલાબબાઈ, પુતળીબાઈ, લાડુ, જીવા, મીઠી, જાહ્નવી, માની, ઉદયકુમારી, કાશી, જયકુમારી, ઉમાકુમારી, કુશળબા, હેતુબાઈ, વાણી તથા સુખા વગેરે બાઈઓ તથા બીજી પણ ઘણી બ્રાહ્મણસ્ત્રીઓ રાત્રિદિવસ પાકક્રિયામાં તત્પર રહેતી હતી તે બાઈઓ પ્રત્યે શ્રીહરિ મહાપ્રભુ હસતા હસતા વચનો બોલ્યા : (૨૩-૨૬) હે મહાવ્રતવાળી બાઈઓ ! તમો હાલમાં શું પકવી રહ્યાં છો ? આ પ્રમાણે કહેતા શ્રીહરિને લલિતાએ આવી પ્રણામ કરી કહ્યું : (૨૭) હે પ્રભો ! આ સ્ત્રીઓએ ગઈકાલે ખાજાં વગેરે બનાવેલ છે. આજે સૂતરફેણી બનાવીને આવતી કાલે ભક્ષ્ય-ભોજ્ય વગેરે બનાવશે. (૨૮) તમારા દર્શન માટે આવનારા ક્ષત્રિય વગેરે માટે ક્ષત્રિય સ્ત્રીઓ અમારા ઘરમાં જુદો પાક બનાવે છે. (૨૯) હે શ્રીહરે ! જયા, રમા, પાંચાળી, નાની, ફૂલજયા, રતિ, અમરી, અમલા, ક્ષેમા, યમી, દેવી, અજવા તથા અદિતી, રેવતી, સાતિ મેના, મલ્લી, જાહ્નવી વગેરે ક્ષત્રિયાણીઓ અમારા ઘરમાં પાક બનાવી રહી છે. (૩૦-૩૧) હે રાજન્ ! આ પ્રકારે લલિતાનું વચન સાંભળી વિસ્મય પામેલા શ્રીહરિ પુરુષોથી પણ અતિશય પરિશ્રમ જાણતા અને મસ્તકને આનંદથી હલાવતા થકા તે સર્વ સ્ત્રીઓની પ્રશંસા કરવા લાગ્યા. (૩૨) પોતાને

કહેવાનું હતું તે તો તે સ્ત્રીઓએ પોતે જ કર્યું હતું માટે શ્રીહરિ મહાપ્રભુ બોલ્યા વગર જ પ્રસન્ન થઈને પોતાના નિવાસસ્થાનમાં ગયા. (૩૩) હે રાજન્ ! ત્યારબાદ શ્રીહરિ નિષ્કુળાનંદમુનિ, લાધાભાઈ તથા હરજીભાઈ નામના ઉત્તમ રાજાના કારભારીને પોતાના નિવાસસ્થાનમાં બોલાવડાવીને કહેવા લાગ્યા. (૩૪) આ દુર્ગપુરમાં સવારે હજારો મુનિજનો તથા દેશદેશના હજારો મહાવ્રતધારી સ્ત્રીઓ અને પુરુષો આવશે. (૩૫) આ નગરમાં અત્યારે જ તે સર્વેનાં ભિન્ન ભિન્ન યથાયોગ્ય નિવાસસ્થાનો હમણાં જ નક્કી કરો. (૩૬) આ પ્રકારે શ્રીહરિએ આજ્ઞા આપેલા તે ત્રણે જણ પુરમાં જઈને શ્રીહરિની આજ્ઞાનુસારે યથાયોગ્ય નિવાસસ્થાનો નક્કી કરતા હતા. (૩૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિ નારાયણમુનિ પોતાના ભક્તના હિતનો વિચાર કરતા સતા રાત્રિના દશમા મુહૂર્તમાં પોઢી ગયા તોપણ યોગનિદ્રાથી શ્રીહરિની સેવા કરવાનો અવસર પામી શકાયો નહિ. (૩૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં ભગવત્કૃતપાકશાલા-અવલોકનનામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

●

## અધ્યાય-૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! દુર્ગપુરનાં શાખાનગરોમાં રહેલા શ્રીહરિના દર્શનની ઈચ્છાથી આતુર મનવાળા મુનિઓને તે રાત્રિ કલ્પ સમાન વીતી. (૧) સર્વે મુનિઓ ભગવાનનાં કીર્તનો વગેરેથી મહા કષ્ટપૂર્વક જેમ તેમ પસાર કરી પ્રાતઃકાળમાં દુર્ગપુર પ્રત્યે પ્રયાણ કરતા હતા. (૨) ઉતાવળે ચાલતા મુનિઓને સર્વ પ્રદેશોમાં માર્ગો હતા કેમકે તેઓ કાંકરા, પથરાઓ અને વાડ્યોને ગણકારતા ન હતા. (૩) કૃપાનંદમુનિ મંડળે સહિત જલદી આવ્યા તથા તે જ પ્રકારે પોતાના મંડળ સહિત ત્યાગાનંદમુનિ આવ્યા. તથા બે નિર્લોભાનંદ મુનિઓ પોતાના મંડળોની સાથે આવ્યા. (૪) પોતાના મંડળે સહિત આત્માનંદ મુનિ આવ્યા, કૃષ્ણાનંદ અને પરમહંસાનંદ મુનિ પોતપોતાના મંડળે સહિત આવ્યા. (૫) તેવી જ રીતે પોતપોતાના મંડળે સહિત ચિન્મયાનંદ મુનિ, તથા વૈરાગ્યાનંદમુનિ તથા બે અદ્ભુતાનંદ મુનિઓ પોતાના મંડળે સહિત આવ્યા. (૬) અક્ષરાનંદમુનિ અને જિજ્ઞાસાનંદમુનિ પોતાના સંતોની સાથે આવ્યા; અને સ્વયંપ્રકાશાનંદમુનિ અને કૈવલ્યાનંદમુનિ આવ્યા. (૭) વિરક્તાનંદ અને ચિદ્રૂપાનંદ મુનિ પોતપોતાના ઋષિઓએ સહિત તેમજ નરનારાયણાનંદમુનિ સ્વમંડળે સહિત આવ્યા. (૮) તે જ પ્રકારે પોતાના મંડળે સહિત પતિતપાવનાનંદમુનિ આવ્યા. (૯) મંડળે સહિત મહાપુરુષાનંદમુનિ, ધીરાનંદમુનિ, શિવાનંદમુનિ તથા આધારાનંદમુનિ આવ્યા. (૧૦) તેમ જ સ્વમંડળે સહિત વાસુદેવાનંદમુનિ તથા પરમચૈતન્યાનંદ મુનિ સત્વરે આવ્યા. (૧૧) તેમજ વિશ્વાત્માનંદ તથા બે વૈષ્ણવાનંદમુનિ અને સૂર્યાનંદમુનિ સ્વમંડળે સહિત આવ્યા. (૧૨) બે રાઘવાનંદમુનિ અને કલ્યાણાનંદ તથા પુરુષોત્તમાનંદ મુનિ

પોતપોતાના મંડળે સહિત આવ્યા. (૧૩) તથા ભોગેશ્વરાનંદ મુનિ, અરૂપાનંદ મુનિ, અપારાનંદમુનિ અને અમૂર્તાનંદ મુનિ સત્વરે સ્વમંડળે સહિત આવ્યા. (૧૪) ગોપેશ્વરાનંદ અને પદ્મધરાનંદ મુનિ તથા લક્ષ્મીનારાયણાનંદ અને રાધેશાનંદ મુનિ સ્વમંડળ સાથે આવ્યા. (૧૫) તથા નરાનંદ મુનિ પરમ પુરુષાનંદ અને શ્વેતવૈકુંઠાનંદ મુનિ પોતપોતાના મુનિજનો સાથે આવ્યા. (૧૬) પરાનંદમુનિ, જગતપાવનાનંદ, ભક્તેશાનંદ અને દેવેશાનંદ મુનિનાં મંડળો આવ્યા. (૧૭) હરિપ્રકાશાનંદ મુનિ અને હરિપ્રસાદાનંદ મુનિ તથા સુધર્માનંદ મુનિ સ્વમંડળે સહિત ગઢપુરમાં આવ્યા. (૧૮) રાધેશ્વરાનંદ, સુખપ્રકાશાનંદ મુનિ અને નિર્વિઘ્નાનંદમુનિ પોતાના મંડળ સહિત આવ્યા. (૧૯) તથા અક્ષરનિવાસાનંદ મુનિ અને ધર્મપ્રકાશાનંદ અને નિર્દોષાનંદ મુનિ પોતપોતાના મંડળે સહિત આવ્યા. (૨૦) સુખરૂપાનંદમુનિ, વિશ્વનાથાનંદમુનિ, પરમસંતોષાનંદમુનિ, શુદ્ધજ્ઞાનાનંદમુનિ, વિજયાનંદમુનિ બદરીનાથાનંદમુનિ, પરમજ્ઞાનાનંદમુનિ, નિવૃત્યાનંદમુનિ, સદાનંદમુનિ, ત્રિવિક્રમાનંદમુનિ, નયાનંદમુનિ, ધ્યાનાનંદમુનિ, ભજનાનંદમુનિ તથા પરમાનંદમુનિ પોતાના મંડળના સાધુઓ સાથે વેગથી આવ્યા. (૨૧-૨૫) ગોવિંદાનંદમુનિ, રામાનંદમુનિ, સુખાનંદમુનિ, અદ્વૈતાનંદમુનિ, અચ્યુતાનંદમુનિ, અનંતાનંદમુનિ, અચિંત્યાનંદમુનિ, અમોઘાનંદમુનિ, અરિહંત્રાનંદમુનિ, ગવેન્દ્રાનંદમુનિ, અનુભવાનંદમુનિ, આદિત્યાનંદમુનિ, અચલાનંદમુનિ, અજન્માનંદમુનિ, અખિલાનંદમુનિ અને આકાશાનંદમુનિ પોતપોતાના મંડળ સાથે આવ્યા. (૨૬-૨૯) અખિલબ્રહ્માંડેશ્વરાનંદમુનિ, ૐકારાનંદમુનિ, વીર્યાનંદમુનિ, વિશ્વરૂપાનંદમુનિ, પ્રજ્ઞાનંદમુનિ, પરમાનંદમુનિ, વેદાંતાનંદમુનિ, વૈકુંઠાનંદમુનિ, જ્ઞાનાનંદમુનિ, ભગવદાનંદમુનિ, તત્ત્વાનંદમુનિ, નિજબોધાનંદમુનિ, સચ્ચિદાનંદમુનિ, મુકુંદાનંદમુનિ, ક્ષમાનંદમુનિ, પુંડરીકાક્ષાનંદમુનિ, વિધાત્રાનંદમુનિ, અનાદિનિધનાનંદમુનિ, ઉત્તમાનંદમુનિ, અગ્રાહ્યાનંદમુનિ, શાશ્વતાનંદમુનિ, ધ્રુવાનંદમુનિ અને પ્રમેયાનંદમુનિ પોતપોતાના મંડળ સાથે આવ્યા. (૩૦-૩૫) પવિત્રાનંદમુનિ, સ્થવિષ્ઠાનંદમુનિ, હૃષીકેશાનંદમુનિ, પ્રભુતાનંદમુનિ, નિયમાનંદમુનિ, નિર્માનાનંદમુનિ, નિષ્કામાનંદમુનિ, નિઃસ્વાદાનંદમુનિ, નિઃસ્નેહાનંદમુનિ, કૌશિકાનંદમુનિ, અષ્ટાવક્રાનંદમુનિ, મુક્તાનંદમુનિ, જગદીશાનંદમુનિ, પીતાંબરાનંદમુનિ, પૂર્ણાનંદમુનિ, પરમેશ્વરાનંદમુનિ, દયાનંદમુનિ, સર્વેશ્વરાનંદમુનિ, ઈશ્વરાનંદમુનિ મંડળ સહિત આવ્યા. (૩૬-૪૦) સુરેશ્વરાનંદમુનિ, ધર્માનંદમુનિ, મુનીશ્વરાનંદમુનિ, નૃહર્યાનંદમુનિ, બલભદ્રાનંદમુનિ, પ્રકાશાનંદમુનિ, સિદ્ધાનંદમુનિ, શંકરાનંદમુનિ, વિશ્રામાનંદમુનિ, કેશવાનંદમુનિ, કપિલેશ્વરાનંદમુનિ, સ્વવશાનંદમુનિ, દષ્ટપ્રકાશાનંદમુનિ, સજ્જનાનંદમુનિ, માધવાનંદમુનિ, સાંખ્યાનંદમુનિ, પ્રભાનંદમુનિ, ભાસ્કરાનંદમુનિ, ઋષભાનંદમુનિ તથા સગુણાનંદમુનિ પોતપોતાના મંડળ સાથે આવ્યા. (૪૧-૪૫) રમેશ્વરાનંદમુનિ, નૃસિંહાનંદમુનિ, નિર્દ્વદ્વાનંદમુનિ, વિદેહાનંદમુનિ, નિરાલંબાનંદમુનિ, વિજ્ઞાનંદમુનિ, નિઃસંદેહાનંદમુનિ, વિશ્વાસાનંદમુનિ, નિર્વિકારાનંદમુનિ, દીપ્તાનંદમુનિ, નિરપેક્ષાનંદમુનિ, દેવાનંદમુનિ, નિરન્નાનંદમુનિ, લક્ષ્મણાનંદમુનિ, સત્તાનંદમુનિ, નીલકંઠાનંદમુનિ, નિર્મોહાનંદમુનિ, ભદ્રાનંદમુનિ પોતાના મંડળ સહિત વેગથી આવ્યા. (૪૬-૫૦) અવિનાશાનંદમુનિ,

અછેદ્યાનંદમુનિ, માયાતીયાનંદમુનિ, માનદાનંદમુનિ, હંસાનંદમુનિ, પ્રદ્યુમ્નાનંદમુનિ, મંજુકેશાનંદમુનિ, પ્રતોષાનંદમુનિ, હરિભજનાનંદમુનિ, નિર્મલાનંદમુનિ, હયગ્રીવાનંદમુનિ, શાંતાનંદમુનિ, નરોત્તમાનંદમુનિ, પ્રશાંતાનંદમુનિ, નારાયણાનંદમુનિ, ધન્યાનંદમુનિ, સવિત્રાનંદમુનિ, સુજ્ઞાનંદમુનિ, ધરણીધરાનંદમુનિ તથા સત્કર્ત્રાનંદમુનિ પોતપોતાના મંડળ સાથે આવ્યા. (૫૧-૫૫) સત્યેશ્વરાનંદમુનિ, જ્યોતિષાનંદમુનિ, પ્રબોધાનંદમુનિ, પ્રભ્વાનંદમુનિ, રામચંદ્રાનંદમુનિ, સર્વજ્ઞાનાનંદમુનિ, પદ્મનાભાનંદમુનિ, તાપસાનંદમુનિ, શૂન્યાતીયાનંદમુનિ, તુરીયાનંદમુનિ, સ્વસ્વરૂપાનંદમુનિ, વામનાનંદમુનિ, જગન્નિવાસાનંદમુનિ, વિવેકાનંદમુનિ, અક્ષયરૂપાનંદમુનિ, મંગલાનંદમુનિ, શ્વેતદ્વીપાનંદમુનિ, અવ્યયાનંદમુનિ, ગોલોકેશ્વરાનંદમુનિ, સુવ્રતાનંદમુનિ પોતાપોતાના મંડળ સાથે આવ્યા. (૫૬-૬૦) વળી તુરીયાતીતાનંદમુનિ, અભેદાનંદમુનિ, દૃઢવ્રતાનંદમુનિ, વિચારાનંદમુનિ, નિર્વિશેષાનંદમુનિ, ક્ષેમાનંદમુનિ, અનિરુદ્ધાનંદમુનિ, જિષ્ણવાનંદમુનિ, મધુસૂદનાનંદમુનિ, વિષ્ણવાનંદમુનિ, અવ્યયાત્માનંદમુનિ, મુક્તિદાનંદમુનિ, સંશિતવ્રતાનંદમુનિ, વરદાનંદમુનિ, જ્ઞાનવલ્લભાનંદમુનિ, પ્રસાદાનંદમુનિ, દહરાનંદમુનિ, ઐશ્વર્યાનંદમુનિ, અવદાતાનંદમુનિ, આલિંગાનંદમુનિ, રાધાકૃષ્ણાનંદમુનિ, ધર્માત્માનંદમુનિ, હરિહયાનંદમુનિ, વ્રજેશાનંદમુનિ, બાલમુકુંદાનંદમુનિ, ઉપશમાનંદમુનિ, સંકર્ષણાનંદમુનિ, શ્રીધરાનંદમુનિ, જનાર્દનાનંદમુનિ, અમૃતાનંદમુનિ, યજ્ઞેશ્વરાનંદમુનિ, ભૂતાત્માનંદમુનિ, પૂતાત્માનંદમુનિ, પુરુષાનંદમુનિ, તથા પ્રધાનપુરુષેશ્વરાનંદમુનિ મંડળ સહિત આવ્યા. (૬૧-૭૦) તેમજ હિરણ્યગર્ભાનંદમુનિ, ભાવનાનંદમુનિ, દરાખર્ષાનંદમુનિ, પ્રભાવાનંદમુનિ, ઈશાનાનંદમુનિ, ભૂગર્ભાનંદમુનિ, પ્રાણદાનંદમુનિ, કૃતજ્ઞાનંદમુનિ, સંવત્સરાનંદમુનિ, સુરેશાનંદમુનિ, ત્રિગુણાનંદમુનિ, બુદ્ધાનંદમુનિ, વૃષાકપ્યાનંદમુનિ, વસ્વાનંદમુનિ, વૃષકર્માનંદમુનિ, સમાત્માનંદમુનિ, સહસ્રશીર્ષાનંદમુનિ, સર્વગાનંદમુનિ, સર્વવિદાનંદમુનિ, સામગાનંદમુનિ, વિષ્વક્સેનાનંદમુનિ, વેદાનંદમુનિ, ધર્માધ્યક્ષાનંદમુનિ, વેદાંગાનંદમુનિ, લોકાધ્યક્ષાનંદમુનિ, સહિષ્ણુવાનંદમુનિ, ચતુરાત્માનંદમુનિ, અનઘાનંદમુનિ, ચતુર્ભૂજાનંદમુનિ, વિજયાનંદમુનિ, ઊર્જિતાનંદમુનિ, કારણાનંદમુનિ, ઉપેન્દ્રાનંદમુનિ, ધૃતાત્માનંદમુનિ, અતીન્દ્રિયાનંદમુનિ, સત્વસ્થાનંદમુનિ તથા મહાવીર્યાનંદમુનિ પોતપોતાના મંડળ સાથે વેગથી ગઢપુર આવ્યા. (૭૧-૮૦) અયોનિજાનંદમુનિ, સાત્વતાનંદમુનિ, મહોત્સાહાનંદમુનિ, વિશ્રુતાનંદમુનિ, અનિર્દેશ્યાનંદમુનિ, નિમિષાનંદમુનિ, મહેષ્વાસાનંદમુનિ, ઉદારાનંદમુનિ, મહાશકત્યાનંદમુનિ, વિશ્વાનંદમુનિ, દુર્મર્ષણાનંદમુનિ, ધામાનંદમુનિ, ગુરુત્તમાનંદમુનિ, ભૂષણાનંદમુનિ, સહસ્રાક્ષાનંદમુનિ, અનિલાનંદમુનિ, સત્યપરાક્રમાનંદમુનિ, નિવૃત્તાત્માનંદમુનિ, સંવૃતાનંદમુનિ, સત્કૃતાનંદમુનિ, સંખ્યેયાનંદમુનિ, વિશિષ્ટાનંદમુનિ, સિદ્ધાર્થાનંદમુનિ, સિદ્ધસંકલ્પાનંદમુનિ, મહેન્દ્રાનંદમુનિ, બૃહદ્રુપાનંદમુનિ, વસુદાનંદમુનિ, જગન્નાથાનંદમુનિ, સંન્યાસાનંદમુનિ, પ્રકાશાત્માનંદમુનિ, પ્રતાપાનંદમુનિ, અવ્યક્તરૂપાનંદમુનિ, પાવનાનંદમુનિ, અનંતજિદાનંદમુનિ તથા ક્રોધહાનંદમુનિ પોતપોતાના મંડળ સાથે આવ્યા. (૮૧-૯૦)

રામાનુજાનંદમુનિ, પ્રથિતાનંદમુનિ, અશોકાનંદમુનિ, દામોદરાનંદમુનિ, અકામાનંદમુનિ, અનુકૂલકાનંદમુનિ, અતુલાનંદમુનિ, આદિદેવાનંદમુનિ, શ્રેગર્ભાનંદમુનિ, મહાભાગાનંદમુનિ, નિર્વાણાનંદમુનિ, અવસાયાનંદમુનિ, સંતોષાનંદમુનિ, નંદનંદમુનિ, સ્થિરાનંદમુનિ, વિરામાનંદમુનિ, નિર્માસનંદમુનિ, શત્રુઘ્નાનંદમુનિ, સુદર્શનાનંદમુનિ, વિશાલાનંદમુનિ, પરમેષ્ઠ્યાનંદમુનિ, રક્ષાનંદમુનિ, ધર્મરૂપાનંદમુનિ, જિતક્રોધાનંદમુનિ, બ્રહ્મણ્યાનંદમુનિ, મનોહરાનંદમુનિ, દર્પહાનંદમુનિ, ભક્તવત્સલાનંદમુનિ, શુભાંગાનંદમુનિ, ગાનગમ્યાનંદમુનિ, શાંતિદાનંદમુનિ, પુરાતનાનંદમુનિ, સત્કીર્ત્યાનંદમુનિ, સત્યસન્ધાનંદમુનિ તથા વિશોકાનંદમુનિ પોતપોતાના મંડળે સહિત આવ્યા. (૯૧-૧૦૦) પ્રમોદાનંદમુનિ, નંદનાનંદમુનિ, સત્યધર્માનંદમુનિ, સદ્‌ગત્યાનંદમુનિ, ગદાધરાનંદમુનિ, પુણ્યાનંદમુનિ, ચક્રધરાનંદમુનિ, દુર્જયાનંદમુનિ, સનાતનાનંદમુનિ, કુમુદાનંદમુનિ, છિન્નસંશયાનંદમુનિ, વિશ્દુધાત્માનંદમુનિ, અક્ષોભ્યાનંદમુનિ, ત્રિલોકેશાનંદમુનિ, સુલભાનંદમુનિ, ત્રિલોકાત્માનંદમુનિ, યોગીશાનંદમુનિ, આદિત્યવર્ણાનંદમુનિ, જ્યેષ્ઠાનંદમુનિ, ધનંજયાનંદમુનિ, શુદ્ધાનંદમુનિ, પુણ્યકીર્ત્યાનંદમુનિ, સુનેત્રાનંદમુનિ, ભૂતવાસાનંદમુનિ, સત્ભૂત્યાનંદમુનિ, વિશ્વમૂર્ત્યાનંદમુનિ, વિદ્યાનંદમુનિ, દિવ્યમૂર્ત્યાનંદમુનિ, શરણ્યાનંદમુનિ, લોકનાથાનંદમુનિ, સાક્ષ્યાનંદમુનિ, મહાકર્માનંદમુનિ, સુહૃદાનંદમુનિ, ચતુર્વેદાનંદમુનિ, સત્ત્વાનંદમુનિ તપેશ્વરાનંદમુનિ, ઉદ્‌ભવાનંદમુનિનાં મંડળો સત્વરે ગઢપુર આવ્યા. (૧૦૧-૧૧૦) મહાભૂતાનંદમુનિ, આનંદાનંદમુનિ, યજ્ઞાનંદમુનિ, પરમપ્રકાશાનંદમુનિ, યોગેશ્વરાનંદમુનિ, ધર્યાનંદમુનિ, વિશ્વચૈતન્યાનંદમુનિ, ક્ષેત્રજ્ઞાનંદમુનિ, તદ્રૂપાનંદમુનિ, સત્યાનંદમુનિ, અખંડાનંદમુનિ, ચૈતન્યાનંદમુનિ, શ્રીનિવાસાનંદમુનિ, સદ્ધર્માનંદમુનિ, ભકતેશ્વરાનંદમુનિ, ઈશાનંદમુનિ, રાસેશ્વરાનંદમુનિ, ભાવાનંદમુનિ, હિરણ્યમયાનંદમુનિ, ભૂમાનંદમુનિનાં મંડળો સત્વરે ગઢપુર આવ્યાં. (૧૧૧-૧૧૫) આ પ્રકારે સર્વે મુનિજનો પોતપોતાના મંડળે સહિત તથા બીજા પણ ઘણાં નરનારીજનો દુર્ગપુરમાં આવ્યાં. (૧૧૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતે ! મુનિ વગેરે ભક્તજનોએ માર્ગમાં થતા અતિ મંગળકારી ઘણા ઘણા શકુનોને જોઈ પોતાને શ્રીહરિના દર્શનનો અવસર તત્કાળ પ્રાપ્ત થયો એમ ખાતરીપૂર્વક માનવા લાગ્યા. (૧૧૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવે મુનિમંડલાગમન-નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

●

## અધ્યાય-૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! સર્વજ્ઞ ભગવાન શ્રીહરિ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને શૌચવિધિ કરીને, સ્નાન કરીને સંધ્યાવંદના આદિ નિત્યકર્મ કરતા હતા. (૧) સ્વભક્તોના નયનાનંદને વૃદ્ધિ પમાડનારા શ્રીહરિ ત્યારબાદ ઓટા ઉપર પાર્ષદોએ બિછાવેલ સિંહાસનમાં બિરાજમાન થયા. (૨) મુક્તાનંદાદિ

ત્યાગીઓ અને ગૃહસ્થો અને પાર્ષદો અને સ્ત્રીઓ વડે નમસ્કાર કરાયેલા ભગવાન શ્રીહરિએ જમણા હાથમાં શ્રીકૃષ્ણનામસ્મરણ કરવાની માળા ધારણ કરી. (૩) જેમણે નિત્યવિધિ કરી છે એવા ઉત્તમ રાજા શ્રીહરિની સમીપમાં આવી ચંદન, અક્ષત, પુષ્પો વગેરે ઉપચારો વડે શ્રીહરિનું પૂજન કર્યું. (૪) નજીકમાં રહેલા મુકુંદાનંદ નામના વર્ણીન્દ્રહાથમાં શ્વેત ચામર ધારણ કરી શ્રીહરિ ઉપર ચામર ઢોળવા લાગ્યા. તથા ઉત્તમ રાજા વીંઝણાથી વાયુ ઢોળવા લાગ્યા. (૫) વૃદ્ધ હરનાથ નામના માળી લક્ષ્મીવાડીમાંથી આવીને ઉત્તમ પુષ્પના હારો, ગુચ્છો અને તોરાઓ ભક્તિપૂર્વક ધારણ કરાવતા હતા. (૬) તે સમયમાં લલિતાએ મોકલેલી રતિ નામની સ્ત્રી વસ્ત્રોની પોટલીને ઓઢેલા વસ્ત્રથી ઢાંકીને બગલમાં ધારણ કરી શ્રીહરિની સમીપમાં આવી. (૭) આવીને પ્રણામ કરીને પોતાથી દૂર ઊભેલાં રતિબાઈને જોઈ તેમના હૃદયનો અભિપ્રાય જાણનારા શ્રીહરિ હસતા હસતા 'આ બગલમાં શું છે ?' એમ પૂછવા લાગ્યા : (૮) સોમલાખાચર આદિ પાર્ષદો બોલ્યા : હે પ્રભો ! આજે ધનત્રયોદશી છે માટે આ બાઈ તમારા માટે નવીન વસ્ત્રો લાવ્યાં છે તે અંગીકાર કરો. (૯) ત્યારે શ્રીહરિ સોમાદિ પાર્ષદોને કહેવા લાગ્યા : આજે શ્રીકૃષ્ણના ભૂષણનો માર્જનોત્સવ કરો. આ નવાં વસ્ત્રો હું કારતક સુદી એકમના રોજ ધારણ કરીશ. (૧૦) હે રાજન્ ! શ્રીહરિ આ પ્રમાણે બોલ્યા તેટલામાં તો ગોવાળ જોધાભક્તે અર્ધા ગાઉ દૂરથી માર્ગમાં આવતા મુનિઓને જોઈને ઉત્તમરાજાના દરબારમાં આવી દ્વારપાળને ઉતાવળથી જાણ કરી. (૧૧) તે સમયે સ્નાન કરી ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરી કમંડળુ હાથમાં લીધેલા મયારામ ભટ્ટ નામના બ્રાહ્મણભક્ત શ્રીહરિ સમીપે જતા સતા મુનિજનોનું આગમન ઉતાવળથી સાંભળતા હતા. (૧૨) પછી ઉતાવળે ચાલતા તેથી આઘાપાછા પડતા ચરણવાળા, ઉતાવળી ગતિથી હાંફતા, વસ્ત્રથી કેડ્ય બાંધેલા, મુનિઓના આગમનનું ચિંતન કરતા હસતા મુખવાળા, શ્રીહરિને મુનિઓનું આગમન કહેવા લાગ્યા. (૧૩) હે પ્રભો ! ગામની સમીપે મુનિઓનાં મંડળો આવી ગયેલાં છે, ગુજરાત વગેરેના હરિભક્તોના સમુદાયો પણ આવેલા છે. હાલમાં તમારા દર્શનથી મુનિજનો વગેરેને મહાઆનંદ થાઓ. (આપ સન્મુખ પધારો). (૧૪) પોતાના ભક્તજનોના આગમનની વાત સાંભળીને અતિ હર્ષથી જેમનાં મુખ અને નેત્રકમળ ખીલી ઊઠ્યાં છે એવા, સન્મુખ જવામાં ઉત્સાહિત મનવાળા, પોતાના ભક્તજનોનું પ્રિય કરનારા મુનિપતિ ભગવાન ઉત્તમ સિંહાસન પરથી તત્કાલ ઊભા થઈ ગયા. (૧૫) તે સમયમાં ઉત્તમ રાજાની આજ્ઞાથી ભગુજી નામના પાર્ષદ શીઘ્ર ગતિવાળો અશ્વ તત્કાળ શ્રીહરિની સમીપે લાવ્યા. પછી લાંબા શ્વેત વસ્ત્ર વડે કમર કસેલા સ્વયં શ્રીહરિ ઊછળીને તત્કાળ અશ્વ ઉપર બેસી ગયા. (૧૬) શ્રીહરિ અત્યંત ઉતાવળા હોવા છતાં પણ લગામ ખેંચવાથી રોકેલ છે વેગ જેનો એવા અશ્વથી પોતાની આગળ અને અડખેપડખે પોતાના દર્શન કરનારા સમુદાયો જેમાં છે એવા અને હસ્તથી દૂર કર્યા છે પોતાના દર્શન કરનારા એવા શ્રીહરિ ધીરે ધીરે દુર્ગનગરમાંથી બહાર નીકળ્યા. (૧૭) ઉતાવળથી ઉપબંધ બાંધવાથી શિથિલ થઈ ગયેલાં પલાણો જેમનાં એવા શીઘ્રગતિવાળા શ્રેષ્ઠ ઘોડાઓની ઉપર બેઠેલા સોમલાદિ ઘોડેસવારો હાથમાં ભાલાઓ પકડેલા શ્રીહરિની પાછળ જતા હતા. અને તેમની પાછળ હાથમાં ખડગો લીધેલા પદાતિ

પાર્ષદો ચાલતા હતા. (૧૮) તેમની પાછળ બીજા પણ હજારો નરનારી જનો અન્ય વ્યાવહારિક કાર્યો છોડીને જતાં હતાં. શ્રીહરિ દુર્ગનગરથી બહાર આવીને પગના પાછલા ભાગના સ્પર્શ વડે ઘોડાને દોડાવતા હતા. (૧૯) તે ઘોડેસવારો પણ તત્કાળ દૂર જતા શ્રીહરિને જોઈને પગના પ્રહારોથી દોડાવ્યા છે અશ્વો જેમણે એવા શ્રીહરિની પાછળ દોડતા હતા. અને સર્વ ભક્તસમુદાયો પણ પાછળ દોડતા હતા. (૨૦) આ ઘોડેસવારો પૃથ્વીના તળથી સ્વર્ગમાં ઊડે છે કે શું ? અથવા હંસો આકાશમાંથી ભૂતલમાં આવે છે કે શું ? કે આ ગરુડો છે કે શું ? અથવા આ મૂર્તિમાન વાયુ છે કે શું ? આ પ્રકારે વિસ્મયથી જોનારાં જનોએ ઉત્પ્રેક્ષા કરાતા ઘોડેસવારો કીર્તનો અને વાજિંત્રોના ધ્વનિઓથી દશ દિશાઓ ગુંજાવતા એવા મુનિજનો અને સ્ત્રીપુરુષોને આગળ જોતા હતા. (૨૧) મુનિઓ પણ મનના વેગ-અશ્વ ઉપર બેઠેલા તથા નયનાભિરામ શ્રીહરિને એકલા જોઈને ઘોડાના અતિ વેગથી ઊછળતા તોરાઓવાળા આ શ્રીહરિ મહાપ્રભુ જ છે એમ મનમાં અનુમાન કરી રોમાંચિત થયા થકા, શ્રીહરિની પાછળ દોડતા ઘોડેસવારોને જોઈને 'આ શ્રીહરિ જ છે' એવો નિશ્ચય કરી પોતાની સાથેના જનોની સાથે શ્રીહરિ સન્મુખ દોડવા લાગ્યા. (૨૨) જેમ જંગલના હાથીઓ દાવાનળથી દુઃખી થકા દૂરથી શીતલ ગંગાપ્રવાહને જોઈ તે તરફ દોડે છે તથા જેમ હંસો માનસ સરોવર પ્રત્યે દોડીને જાય છે તથા જેમ દરિદ્ર ભિક્ષુક દાતા તરફ શીઘ્ર દોડી જાય છે તેમ જ શ્રીહરિના મુખ્ય આશ્રયવાળા મુનિ વગેરે ભક્તો પોતાના અતિપ્રિય શ્રીહરિ તરફ દોડતા હતા. (૨૩) તે સમયે અતિવેગવાળા ઘોડા ઉપર વિરાજમાન શ્રીહરિના દર્શનથી પોતાનો દિવ્યભાવ પામીને મનુષ્યદેહના ભાવથી રહિત થયા. જેમ વ્યાસપુત્ર શુકદેવજી પોતાના પિતાને જોઈ શરીરના ભાને રહિત થઈ ગયા હતા તેમ, ધનુષ્યમાંથી છૂટેલાં બાણોની માફક શીઘ્રગતિવાળા મુનિઓ આદિ ભક્તજનો શ્રીહરિને તત્કાળ જ પ્રાપ્ત કરતા. (૨૪) પ્રભુ શ્રીહરિએ મુનિઓને પામીને અતિવેગવાન ઘોડાને તત્કાળ ઊભો રાખ્યો. મુનિઓ અને બીજા જનો પ્રેમથી આંખમાં આંસુ ભર્યા થકા દંડની માફક પૃથ્વી ઉપર પડીને પ્રણામ કરવા લાગ્યા. અને હરિભક્ત સ્ત્રીઓ પણ પૃથ્વી ઉપર બેસીને જમીન ઉપર પોતાના જોડેલા બે હાથો ઉપર મસ્તકો મૂકીને હર્ષપૂર્વક પંચાગ નમસ્કાર કરવા લાગી. (૨૫) તે સમયે સોમાદિ પાર્ષદો પોતપોતાના અશ્વો ઉપરથી ઊતરીને મુનિઓને સાષ્ટાંગ નમસ્કાર કરી તત્કાળ ઊછળીને પોતપોતાના અશ્વો ઉપર બેસી ગયા. મુનિજનો શ્રીહરિને નમસ્કાર કરી ઊઠીને અત્યંત આનંદથી પરવશ અને મંદહાસ્યયુક્ત મુખવાળા થકા આનંદપૂર્ણ આદર સહિત પ્રફુલ્લિત નેત્રો વડે પોતાને અતિપ્રિય શ્રીહરિ એકીટસે જોઈ રહ્યા. (૨૬) ચારેબાજુ ચલાયમાન અશ્વને સ્થિર કરવા ડાબા હાથથી લગામને ખેંચીને ધારણ કરતા. બીજા હાથમાં ચાબૂકને ધારી રહેલા તથા મસ્તક ઉપર શોભાયમાન શિખરોવાળા, મુનિઓને જોવાના વેગથી અંગરખુ પણ નહિ ધારણ કરવાથી સારી રીતે દર્શનીય વક્ષઃસ્થળમાં પુષ્પના હારોની પંક્તિ ધારણ કરતા, પીળું તિલક ધારેલા અને શ્વેતવસ્ત્રવાળા શ્રીહરિને મુનિ વગેરે ભક્તજનોએ જોયા. (૨૭) પોતાનાં નેત્રો અને મનને પ્રિય, મનોહર દૃષ્ટિથી પોતાને જોતા એવા શ્રીહરિને જોઈ બન્ને હાથ જોડીને ઊભા રહેલા મુનિઓ અને દેશોદેશાંતરથી આવેલા ભક્તજનો દર્શનની તૃપ્તિ પામ્યા નહિ.

ભગવાન શ્રીહરિ મુનિઓ વગેરેની યથાયોગ્ય સંભાવના કરી માર્ગમાં પોતાના મુનિઓ અને હરિભક્તોને આનંદ પમાડતા થકા, ઘોડેસવારો, મુનિજનો અને હરિભક્તો સાથે ધીમે ધીમે દુર્ગનગર તરફ ચાલ્યા. (૨૮) આ શ્રીહરિ શ્રીનગરના ભક્તોએ કરેલા કાંસી-જોડા તથા વાજિંત્રો તથા નાના પ્રકારનાં નગારાં, ઝાંઝ, મૃદંગના શબ્દો, બંદૂકોના અવાજોને સાંભળતા તથા સ્ત્રીઓએ પોતાનાં ભાથાં વગેરે પાત્રો, વસ્ત્રો વગેરેની પોટલીઓ મસ્તકે ધારણ કરી ઉચ્ચારણ કરતા કીર્તનોના ધ્વનિઓને સાંભળતા સતા દુર્ગપુરીમાં પ્રવેશ કરતા હતા. (૨૯) ભગવાન શ્રીહરિ દુર્ગપુરમાં ઉત્તમરાજાના દરબારના આંગણામાં આવી ઘોડા ઉપરથી નીચે ઊતરી સર્વમુનિજનો વગેરેને યથાયોગ્ય નિવાસ માટે આજ્ઞા આપી લીંબડાના વૃક્ષ નીચે ઓટા ઉપર મણિમય સિંહાસન ઉપર વિરાજમાન થયા. ભક્તજનોને ઉત્સાહિત કરતા થકા મુનિજનોના ભોજન માટે પાક શીઘ્ર તૈયાર કરાવતા હતા. (૩૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! તે સમયે સંતો અને હરિભક્તો બહુ કાળથી તૃષિત થયેલાં નેત્રોથી શ્રીહરિના મુખકમળની સુધાનું બહુ પ્રકારે પાન કરીને પણ તૃપ્તિ પામ્યા નહિ. (૩૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવે મુનિસન્મુખાગતભગવદ્દર્શનાનન્દનામે આઠમો અધ્યાય થયો. ॥૮॥

●

## અધ્યાય-૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પછી સર્વ ગૃહસ્થજનો પોતાનો ઉતારો કરવા ગયા ત્યારે ત્યાગી એવા મુનિઓ શ્રીહરિ નારાયણમુનિની આજ્ઞાથી અતિ આનંદયુક્ત થકા શ્રીહરિની આગળ બેઠા. (૧) શ્રીહરિએ સ્વાગતાદિ વચનોથી સંતોષ પમાડેલા તેથી હર્ષ પામેલા તપસ્વી સર્વ મુનિઓ પણ પત્ર, પુષ્પ, ફલ, વલ્કલ, કુંકુમ વગેરેથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. (૨) સર્વ મુનિજનોએ હર્ષ અને ભક્તિભાવપૂર્વક શ્રીહરિનું પૂજન કરતા હતા ત્યારે ઉત્તમરાજાના મામા ગાલવ શ્રીહરિની સમીપમાં આવી વાક્ય બોલ્યા : હે ભગવન્ ! રસોઈ તૈયાર થઈ ગઈ છે. (૩) હે રાજન્ ! આ ગાલવનું વચન સાંભળી શ્રીહરિએ તે જ સમયે મુનિજનોને ભોજન કરવાની આજ્ઞા આપી પછી મુનિજનો હાથપગ ધોઈને પંક્તિબદ્ધ જમવા બેઠા. (૪) મુનિપતિ ભગવાન શ્રીહરિએ સાકર અને ઘીથી યુક્ત દૂધપાક પૂરી વગેરે અનેકવિધ ઉત્તમ ભોજન પદાર્થો વડે મુનિઓને જમાડીને તૃપ્ત કર્યા પછી મુનિઓને મોટી ધર્મશાળામાં જવાની આજ્ઞા આપી. (૫) પછી શ્રીહરિ પોતાના નિવાસસ્થાનમાં જાતે રસોઈ બનાવી ભગવાનને નૈવેદ્ય ધરી પછી પોતે જમી શ્રીહરિ જ્યાં આસન ઉપર બેઠા ત્યાં દુર્ગપુરમાં અનેક દેશોથી મહાપ્રેમવાળા સત્સંગીઓ આવતા હતા. (૬) પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશા તરફના દેશોના હજારો હજાર અને મધ્યપ્રદેશના હજારોહજાર ભક્તજનો ગઢપુરમાં આવતા હતા. (૭) અગ્નિકોણ, નૈર્ઋત્યકોણ, વાયવ્યકોણ અને ઈશાનકોણના ઘણા ભક્તજનો હર્ષપૂર્વક ગઢપુરમાં

આવતા હતા. (૮) વૃદ્ધો, યુવાનો, બાળકો અને વિધવા સ્ત્રીઓ આવ્યાં હતાં. (૯) વિવિધ વાજિંત્રોના શબ્દો સાંભળી તથા ગીતોના ધ્વનિ અને તાલીઓના ધ્વનિ કરતાં દેશોદેશથી આવેલાં સત્સંગીઓ દુર્ગપુરવાસી જનોને સંભ્રમયુક્ત કરી દેતાં હતાં. (૧૦) વાજિંત્રોનો ઊંચો અવાજ સાંભળી ભક્તજનોને પ્રિય શ્રીહરિ પોતાના નિવાસસ્થાનથી બહાર આવી વેદિકા ઉપર સિંહાસનમાં બિરાજમાન થયા. (૧૧) શ્રીહરિના દર્શનમાં અતિ ઉત્કંઠાવાળા ભક્તજનો શ્રીહરિને પામીને પ્રેમાધીન ચિત્તવાળા બે હાથ જોડીને શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૧૩) કેટલાક ભક્તો ઉત્સાહના વેગથી શ્રીહરિને બન્ને હાથોથી વંદના કરતા હતા, તો કેટલાક પ્રેમવિવશ થઈ ભૂમિ ઉપર દંડની માફક પડીને નમસ્કાર કરતા હતા. (૧૩) કેટલાક નમસ્કાર કરવાના ભૂલીને શ્રીહરિના સ્વરૂપનું જ દર્શન કરતા હતા. ભક્તજનો શ્રીહરિના જે જે અંગને જોતા હતા તે તે અંગમાં ચોંટી જતા હતા. (૧૪) કેટલાક ભક્તો શ્રીહરિના ચરણની આંગળીઓ જોઈ મટકારહિત થકા શ્રીહરિની આંગળીઓમાં જ નેત્રની વૃત્તિઓ રોકાઈ જવાથી થાંભલાઓની પેઠે દેખાતા હતા. (૧૫) કેટલાક ભક્તો શ્રીહરિની ઘૂંટીઓને જોઈને તેમાં રોકાયેલી નેત્રવૃત્તિવાળા થયા, તો કેટલાક શ્રીહરિની જંઘાઓ જોવામાં સ્થિર થઈ ગયા તો કેટલાક શ્રીહરિના જાનુઓને જોઈ સ્થિર દૃષ્ટિવાળા થઈ ગયા. (૧૬) કેટલાક ભક્તો શ્રીહરિની સાથળોને જોઈ તેમાં ચિત્તવૃત્તિના નિરોધને પામી ગયા. કેટલાક પ્રભુના ઉદર તથા કેડ્ય જોઈને તેમાં ચિત્તવૃત્તિને પરોવી દેતા હતા. (૧૭) કેટલાક શ્રીહરિનું વિશાળ હૃદય અને સ્તનો તથા શ્રીવત્સનું ચિહ્ન જોઈને તેમાં મનોવૃત્તિની એકાગ્રતા પામી જતા હતા. (૧૮) કેટલાક જનો શ્રીહરિના ગોઠણ સુધી લાંબી બન્ને ભુજાઓ જોઈને તથા કેટલાક શ્રીહરિના હાથોની આંગળીઓ જોઈને તેમાં જ સ્થિરતાને પામી ગયા. (૧૯) કેટલાક શ્રીહરિનું પ્રસન્ન મુખકમળ જોઈને અને કેટલાક પ્રભુના વિશાલ નેત્રો જોઈને તેમાં લીન અંતઃકરણવાળા થયા. (૨૦) હે રાજન્ ! કેટલાક શ્રીહરિની નાસિકા, ગંડસ્થલો તથા બન્ને કાન, લલાટ અને ભ્રૂકુટિને જોઈને તે તે અંગોમાં જ એકાગ્રતાને પામી ગયા. (૨૧) અને કેટલાક તો નાના પ્રકારના શેખર તોરાઓથી સુશોભિત શ્રીહરિના મસ્તકને જોઈ તેમાં જ નેત્રવૃત્તિઓના નિરોધને પામી ગયા. (૨૨) કરુણાસાગર ભગવાન શ્રી સ્વામિનારાયણ તે સમયે પોતાના સ્વરૂપની દિવ્યતા, ઐશ્વર્ય અને સૌંદર્યનું દર્શન કરાવતા હતા. (૨૩) આથી જોનારાં સર્વ જનો શ્રીહરિનાં તે તે અંગોમાં તત્કાલ જ પ્રાણ, ઈન્દ્રિય અને મનની એકાગ્રતાને પામી જતા હતા. (૨૪) તે સમયે તે ભક્તજનો શ્રીહરિના પોતે જોયેલા અંગથી બીજા અંગને જોવા માટે અશક્ત થયેલા ચિત્રામણમાં ચીતરેલા હોય ને શું ? એમ સ્થિર થઈ જતા હતા. (૨૫) નિર્વિકલ્પ સમાધિને પામેલા કેટલાક ભક્તો પૃથ્વી ઉપર પડી જતા હતા, કેટલાક એમ ને એમ સ્થિર થઈ જતા હતા અને કેટલાક તો પૃથ્વીતળ ઉપર બેસી જતા હતા. (૨૬) આ પ્રકારે જનોના આગમન સમયે મોટું આશ્ચર્ય થતું હતું. આથી ઈન્દ્રાદિક દેવતાઓ ખૂબ વિસ્મય પામી હર્ષપૂર્વક શ્રીહરિ ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. (૨૭) પછી તે પુરુષ ભક્તો અને સ્ત્રીઓ પણ પોતપોતાના હૃદયોમાં વિકસિત અને કોટિ સૂર્યસમાન કાંતિવાળો તેજનો સમૂહ જોવા લાગ્યા. (૨૮) તે ભક્તો પોતપોતાના હૃદયમાં તેજસમુદાયમાં સ્ફુરાયમાન

શ્રીનારાયણમુનિને જોઈને ગાઢ આલિંગન કરવા લાગ્યા અને અલૌકિક સુખને પામ્યા. (૨૯) પછી હરિભક્તો શ્રીહરિની ઇચ્છાથી નિર્વિકલ્પ સમાધિમાંથી જાગ્રત થઈ બાહ્યદૃષ્ટિ પામીને લીંબડાના વૃક્ષ નીચે વેદિકા ઉપર સિંહાસનમાં બિરાજમાન શ્રીહરિને આદરપૂર્વક જોવા લાગ્યા. (૩૦) તે સર્વ નરનારી જનો શ્રીહરિના દર્શનથી અત્યંત આનંદ અનુભવવા લાગ્યા અને હર્ષથી સંપૂર્ણ મનવાળા થઈને તત્કાલ જ પ્રવાસના થાકથી રહિત થઈ ગયા. (૩૧) તેમાંના કેટલાક પાંચ મહિના પર્યંત માર્ગમાં ચાલીને આવેલા હતા. કેટલાક ચાર માસ પર્યંત ચાલનારા હતા તો કેટલાક ત્રણ માસ પર્યંત ચાલનારા હતા. (૩૨) કેટલાક બે માસ પર્યંત ચાલીને આવેલા હતા તો કેટલાક એક માસ પર્યંત ચાલેલા હતા. આ બધા જનો શ્રીહરિને પ્રાપ્ત કરી પરમ આનંદને પામી ગયા. (૩૩) ઘરના સુખનો ત્યાગ કરી, અત્યંત કષ્ટને સહન કરી પોતાના દર્શનાર્થે આવેલા તે ભક્તજનોને શ્રીહરિ આદરપૂર્વક સ્વાગત, કુશળ વગેરે શબ્દો વડે સન્માનવા લાગ્યા. (૩૪) શ્રીહરિ તેઓને કુશળ છો ? તમો સુખેથી આવ્યા ? નિવાસ કરવા માટે આજ્ઞા આપતા હતા. ત્યારે હરજી ઠક્કર વગેરે ભક્તો દેશાંતરોથી આવેલા જનોને નિવાસસ્થાનોમાં લઈ ગયા. (૩૫) ભગવાન શ્રીહરિ તે ધનતેરશને દિવસે વારંવાર આવતા ભક્તોને પોતાનું દર્શન આપવા માટે લાંબા સમય સુધી લીંબડા નીચે વેદિકા ઉપર વિરાજમાન રહેતા હતા. (૩૬) જયા, રમા વગેરે સ્ત્રીઓ તે ઉત્સવ ઉપર આવેલી સ્ત્રીઓની યથાયોગ્ય સંભાવના કરતી હતી અને લલિતાનું તે ઉત્સવમાં મુખ્યપણું હોવાથી વિશેષપણે સ્ત્રીઓનો આદરસત્કાર કરતી હતી. (૩૭) શ્રીહરિ મહાપ્રભુ ગઢપુરમાં આવેલા સર્વ બ્રાહ્મણોને અને ભિક્ષુકજનોને, માર્ગમાં દ્રવ્યનો ખર્ચ થઈ ગયો હોય એવાં ગૃહસ્થજનોને પણ અન્ન વગેરે જે કાંઈ પદાર્થો જોઈએ તે અપાવતા હતા. (૩૮) ઈશ્વરમૂર્તિ મહાપ્રભુ તે સમયે પાંચ દિવસ ચાલે તેટલું લોટ, ઘી, સાકર, ઈંધણ, લવણ અને તેલ વગેરે સમગ્ર વસ્તુઓ બ્રાહ્મણોને અપાવતા હતા. (૩૯) જે ક્ષત્રિય, વૈશ્યો, શૂદ્રો, ભાટ, ચારણો, વાજિંત્રો વગાડનારા વગેરે જનોને ઉત્તમ રાજાના ભવનમાં શ્રીહરિ જમાડતા હતા. (૪૦) ભગવાન શ્રીહરિ ત્રયોદશીની રાત્રિએ પોતાના અશ્વ ઉપર બેસીને સર્વ સત્સંગીજનોના જુદા જુદા ઉતારે જતા હતા અને તેમની પાગરણ વગેરેની સંભાવના કરતા હતા. (૪૧) તે ભક્તોને સ્વાસ્થ્ય સંબંધી કુશળ સમાચાર સારી રીતે પૂછીને જે કંઈ ન્યૂનતા હોય તેની પૂર્તિ કરાવતા હતા અને 'તમારે સાવધાન રહેવું' એમ સર્વ જનોને શિખામણ આપતા હતા. (૪૨) 'પોતપોતાના નિવાસસ્થાનમાં અપરિચિત એવા પુરુષ અથવા સ્ત્રીને પોતાના નિવાસસ્થાનથી બહાર કાઢવાં' સર્વ ભક્તજનોને આ પ્રમાણે ઉપદેશ આપીને શ્રીહરિ પોતાના નિવાસસ્થાનમાં આવ્યા. (૪૩) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુ સોમલાખાચર વગેરે પોતાના પાર્ષદોની આગળ દૂર દૂરથી આવેલા અને પોતાને અર્પણ કરેલ છે પ્રાણ જેમણે એવા જનોની મુમુક્ષુતાની પ્રશંસા કરતા હતા. (૪૪) શ્રીહરિ નારાયણમુનિએ સંઘો ભક્તજનોના સંઘો, દેશાંતરથી આવેલા મનુષ્યોની સંભાવના કરતા સતા કૂકડાઓના શબ્દ સાંભળીને રાત્રિનો ત્રીજો પ્રહર થયો એમ જાણ્યું. (૪૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
અન્નકૂટોત્સવે દેશાન્તરાગત ભક્તસન્માન-નામે નવમો અધ્યાય થયો. ॥૯॥

## અધ્યાય-૧૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિ ભગવાન રાત્રિના ચોથા પ્રહરમાં લગારેક નિદ્રા કરી તત્કાળ જ ફરીથી ઊભા થઈને સ્નાનવિધિ કરી આદરપૂર્વક નિત્યકર્મ કરવા લાગ્યા. (૧) ચતુર્દશીનો દિવસ પણ સવારથી આરંભીને આગલા દિવસની પેઠે દેશાંતરથી આવતા પોતાના ભક્તજનોની સંભાવના કરતાં વીતી ગયો. (૨) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુ દીપોત્સવના દિવસે અરુણોદય વેળામાં મંગલસ્નાન કરી નિત્યકર્મ કરવા લાગ્યા. (૩) પછી શ્રીહરિ વર્તુલાકાર ચાકળા ઉપર ક્ષણવાર બેઠા ત્યારે ઉત્તમરાજાએ શ્રીહરિનું નિત્ય કરવાનું પૂજન કર્યું. (૪) તેટલામાં તો શીઘ્રગતિવાળા મયારામ ભટ્ટ જયા લલિતાએ પ્રેર્યા થકા નવીન વસ્ત્રોની પોટલી બગલમાં છુપાવીને ઉત્સાહપૂર્વક શ્રીહરિની સમીપે આવ્યા. (૫) મયારામ ભટ્ટને આવેલા જોઈને શ્રીહરિ મંદહાસ્ય સાથે બોલ્યાઃ 'હે ભટ્ટ ! શું લાવ્યા ?' તે બ્રાહ્મણે શ્રીહરિને કહ્યું : 'હે સ્વામિન્ ! આ નવીન વસ્ત્રો છે.' (૬) શ્રીહરિએ પોતાના ભક્તોની પ્રીતિ માટે નવીન વસ્ત્રોને ધારણ કર્યાં અને મુગટની આકૃતિની માફક કસુંબો પટકો (સાફો) બાંધ્યો. (૭) પછી શ્રીહરિએ સોનેરી બુટ્ટાદાર લાલરંગનું અંગરખું ધારણ કર્યું અને કેડ ઉપર સોનાના તારયુક્ત છેડાવાળો પટકો બાંધ્યો. (૮) પછી શ્રીહરિએ ભક્તજનોને પોતાના દર્શન માટે બોલાવ્યા. જેમણે નિત્યવિધિ કરેલો છે એવા સર્વે હરિભક્તો ઉત્તમ રાજાના દરબારમાં આવ્યા. (૯) લીંબડાના વૃક્ષની નીચે રહેલી ભગવાનની વેદિકાની સમીપ આવીને મુનિજનો ચારેબાજુ ઊભા રહ્યા. મુનિઓની ચોતરફ ભક્તજનો ઊભા રહ્યા. (૧૦) ત્યારબાદ સર્વ હરિભક્ત સ્ત્રીઓ ઉત્તમ રાજાના દરબારમાં આવીને શ્રીહરિના આગમનની પ્રતીક્ષા કરતી સતી સ્ત્રીઓની સભામાં રહી. (૧૧) પુરાણીઓ, શાસ્ત્રીઓ વૈદિકો તથા તાંત્રિકો, બ્રાહ્મણો અને નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તે સભામાં આવીને રહ્યા. (૧૨) સેંકડો ગાંધર્વો, સેંકડો વાજિંત્ર વગાડનારાઓ સેંકડો નટો, મલ્લો, સૂતો અને બંદિજનો ત્યાં આવીને ઉપસ્થિત રહ્યા. (૧૩) આ પ્રમાણે બધા આવીને શ્રીહરિ નારાયણમુનિને બહાર આવવાની રાહ જોઈ રહ્યા હતા. તેટલામાં શ્રીહરિ મહાપ્રભુ સભામાં પધાર્યા. (૧૪) હે રાજન્ ! સર્વ જનો સભામાં પધારેલા શ્રીહરિને જોઈને અતિ આનંદથી પ્રફુલ્લિત મુખ અને અંતઃકરણવાળા થઈ નમસ્કાર કરી તમારો જય થાઓ એમ મહાઘોષ કરવા લાગ્યા. (૧૫) તે સમયે શ્રીહરિ મહાપ્રભુ ભક્તજનોને આનંદ આપવા માટે લીંબડા વૃક્ષ નીચે વેદિકા ઉપર ઉત્તમ સિંહાસનમાં વિરાજમાન થયા. (૧૬) તે સમયે સોમલાખાચરે શ્રીહરિજીના મસ્તક ઉપર સૂર્યસમાન કાંતિવાળું શ્વેતછત્ર ધારણ કર્યું. તે છત્ર શ્રીહરિના મુખકમળની કાંતિ વડે ખૂબ જ શોભવા લાગ્યું. (૧૭) પછી તે સભામાં ભગુજી નામના પાર્ષદ તથા અલૈયાખાચર આ બન્ને રત્નજડિત સુંદર દાંડીવાળા મનોહર ચામર લઈને શ્રીહરિ ઉપર ઢોળવા લાગ્યા. (૧૮) ત્યારે સુર અને નાંજ નામના ક્ષત્રિય પાર્ષદો ભગવાનના પડખે ઊભા રહી પંખાઓ વડે વાયુ ઢોળવા લાગ્યા. (૧૯) ઉત્તમરાજા શ્રીહરિના પડખામાં ઊભા રહીને સુવર્ણની દાંડીવાળો વીંજણો લઈને પવન નાખવા

લાગ્યા. (૨૦) ત્યારે મુક્તાનંદ નામના વર્ણિરાજ હાથમાં રૂમાલ લઈ શ્રીહરિની કોઈપણ આજ્ઞાની રાહ જોતા શ્રીહરિની સમીપે જ ઊભા રહ્યા. (૨૧) સુવર્ણની છડી ધારણ કરનાર શ્રીહરિની આજ્ઞાથી કાર્યને નિવેદન કરનારા કુબેરસિંહ દ્વારપાલ શ્રીહરિની જયકારી છડી પોકારીને પ્રભુ શ્રીહરિની આગળ ઊભા રહ્યા. (૨૨) તે સમયે ક્ષત્રિય વીરો રણમાં કીર્તિ પામેલા શ્રીહરિની આજ્ઞામાં રહેલા સોએ સો ઉત્તમ પાર્ષદો શ્રીહરિની ચોતરફ ઊભા રહ્યા. (૨૩) ત્યારબાદ ભગવાન શ્રીહરિ પોતાની ચોતરફ રહેલા અને મર્યાદા વગરના સમુદ્રની માફક પોતાના દર્શનમાં જ એક ઉત્કંઠાવાળા માનવમહેરામણને જોતા હતા. (૨૪) એકબીજાની ઉપર પડતાં અસંખ્ય માણસોનો સમૂહ શ્રીહરિએ ઉત્તમ રાજાના આંગણામાં જોયો. (૨૫) બહાર ચોકમાં, ઓસરીમાં, ઓટલાઓ ઉપર, ઓટલીઓ ઉપર, છજા ઉપર, મેડીઓ ઉપર, અગાશીઓ, ઘોડશાળમાં, ચકલાઓમાં, કિલ્લાઓમાં, દરવાજા ઉપર રહેલા માણસોને શ્રીહરિએ જોયા. (૨૬-૨૭) મોટાં વૃક્ષોના મૂળથી માંડીને શાખાઓના અગ્રભાગ સુધી રહેલા અને પોતાની આગળ, પડખે અને પાછળ રહેલ અઅસંખ્ય જનોને જોઈને શ્રીહરિ હાસ્ય કરતા હતા. (૨૮) ત્યારબાદ શ્રીહરિ હાથની તાળી વગાડીને બધાને બેસી જવાની હાથથી સંજ્ઞા કરીને બેસાડી દેતા હતા. (૨૯) ત્યારે સર્વજનો તે જ ક્ષણે બોલ્યા ચાલ્યા સિવાય મૌન થકા મર્યાદાપૂર્વક બેસી ગયા. સ્ત્રીઓ સ્ત્રીમંડળમાં અને પુરુષો પુરુષોમાં જ બેસી ગયા. (૩૦) તે સભામાં મુનિજનો મુનિમંડળોમાં તથા બ્રાહ્મણો બ્રાહ્મણોમાં એ બ્રહ્મચારીજનો બ્રહ્મચારીમંડળોમાં જ બેસી ગયા. (૩૧) ગૃહસ્થો ગૃહસ્થમંડળોમાં બેઠા, વૃદ્ધો વૃદ્ધમંડળમાં જ બેઠા, વિદ્વાનો વિદ્વત્મંડળમાં બેઠા અને શિલ્પિજનો શિલ્પિમંડળોમાં જ બેસી ગયા. (૩૨) સર્વ ભક્તજનો મૌનપણે બેસી ગયા ત્યારે શ્રીહરિએ ઘણા સમયથી તૈયાર થઈને ઊભેલા વાજિંત્ર વગાડનારાઓને વાજિંત્રો વગાડવાની આજ્ઞા આપી. (૩૩) તે સમયે વાદકો ત્રાસાં, ઢોલ, નગારાં, ભેરી વગેરે વાજિંત્રોમાં પોતાનું જે ચાતુર્ય)નિપુણતા હતી તે દેખાડવા લાગ્યા. (૩૪) ત્યારે શ્રીહરિ તેમના હાથોનું ચપળપણું જોઈ તે વાદકોની પ્રશંસા કરવા લાગ્યા. પછી સભામાં બેઠેલા અનેક દેશથી આવેલા ભક્તજનો ઉપર દૃષ્ટિ પ્રસાર કરી જોવા લાગ્યા. (૩૫) ત્યારબાદ શ્રીહરિ અનેક દેશના ભક્તોમાં જે જે જનો જે જે દેશોમાં મુખ્ય ગૃહસ્થ કે મુનિજનો હતા તેમને તે તે દેશનું વૃત્તાંત પૂછવા માટે સભામાં પોતાની પાસે બોલાવતા હતા. (૩૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ક્ષમાપતે પ્રતાપસિંહ રાજન્ ! તે જનો હર્ષપૂર્વક તત્કાલ જ ઊઠીને શ્રીહરિના સમીપમાં જઈ બન્ને હાથ જોડી, પ્રણામ કરી શ્રીહરિના મુખચંદ્રમાં ચકોર પક્ષીની પેઠે નેત્રવાળા થઈને શ્રીહરિની આગળ ઊભા રહ્યા. (૩૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
અન્નકૂટોત્સવે સભોપવેશવર્ણન-નામે દશમો અધ્યાય થયો. ॥૧૦॥

●

## અધ્યાય-૧૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ વિચક્ષણ કહેતાં નિપુણ અને વિનયથી નમ્ર એવા પોતાના ભક્તજનોનો આદર કરી સર્વ લોકો સાંભળે તેમ પૂછવા લાગ્યા. (૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! તમારા દેશમાં મારી અને મારા આ ત્યાગીજનોની તથા મારા આશ્રિત ગૃહસ્થો તથા આશ્રિત સ્ત્રીઓની લોકમાં પ્રસિદ્ધ વાર્તાઓ કેવા પ્રકારની થાય છે ? (૨) તથા જે જનો મારાથી વિમુખ છે તે જનો લોકમાં સાધુ શબ્દથી વ્યવહાર કરાતા અને પોતાના ગુરુઓની કેવી વાતો કરે છે ? (૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ પૂછેલા તે ભક્તજનો જે પ્રકારે સાંભળ્યું હતું અને જે પ્રકારે જોયું હતું તે પ્રમાણે પોતપોતાના દેશમાં થયેલું વૃત્તાંત કહેવા લાગ્યા. (૪) દેશાંતરના જનો કહેવા લાગ્યા કે હે ભગવન્ ! અમારા દેશોમાં તમારાથી વિમુખજનો જે પ્રકારે તમારું બોલે છે તે પ્રકારે અમો કહીએ છીએ. (૫) પૃથ્વીમાં હાલમાં શ્રી નારાયણમુનિને ધન્યવાદ છે, જે નારાયણમુનિ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યયુક્ત એવા સમગ્ર એકાંતિક ધર્મનું રક્ષણ કરે છે. (૬) શ્રી નારાયણમુનિ ગૃહસ્થાશ્રમથી ભિન્ન એવા આશ્રમમાં રહેલા ત્યાગી, વર્ણિ વગેરેને તથા વિધવા સ્ત્રીઓને અત્યંત ના ધારી શકાય તેવું અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય ધારણ કરાવે છે. (૭) શ્રી નારાયણમુનિ પોતાના ત્યાગીજનોના કામભોગનો ત્યાગ કરાવે છે, જે કામથી મોહાંધ વિદ્વાન પંડિતો પણ પશુઓની પેઠે સગોત્રા સ્ત્રીઓ પ્રત્યે ગમન કરે છે. (૮) શ્રી નારાયણમુનિ પોતાના આશ્રિતો દ્વારા ધનનો ત્યાગ કરાવે છે, કે જેના લોભથી વિવેકીજનો પણ પોતાના બંધુજનોને અને મિત્રોની પણ મારે છે અને બીજા પાસે મરાવે છે. (૯) વળી જે સ્વામી પોતાના સંતોને રસાસ્વાદનો ત્યાગ કરાવે છે-જે રસાસ્વાદને વશવર્તી જનો કામદેવથી ઉન્મત્ત થાય છે. (૧૦) પૃથ્વીમાં જે રસાસ્વાદથી વ્યાકુળજનો પોતાના વર્ણથી નીચ જાતિઓનું અન્નાદિક ભક્ષણ કરે છે અને તેથી વર્ણસંકર ઠરે છે. (૧૧) શ્રીહરિ પોતાના સાધુજનોને પોતાના શરીર આદિમાં પ્રીતિનો ત્યાગ કરાવે છે-જે સ્નેહને આધીન મનુષ્યો નરકાદિની યાતના અને પ્રેતભાવને પામે છે. (૧૨) આ લોકમાં જ્યાં જ્યાં સ્ત્રી-ધનાદિ પદાર્થોમાં સ્નેહ થાય તે તે પદાર્થોમાં સ્નેહ કરનાર મનુષ્ય તે પદાર્થરૂપ બની જાય છે-તેવી રીતના સ્નેહનો ત્યાગ કરે છે. (૧૩) શ્રીહરિ મહાપ્રભુ પોતાના સંતોને અતિશય અભિમાન ત્યાગ કરાવે છે જે માનને પરવશ થઈને પંડિતો પણ ગુરુજનો અને સત્પુરુષોને માનતા નથી. (૧૪) નરનારીજનો માનરૂપ દોષ થકી આત્મશુદ્ધિને માટે સત્પુરુષો આગળ નિષ્કપટ ભાવથી પોતાના પાપનું નિવેદન કરતા નથી. (૧૫) માન અભિમાન રૂપ દોષથી જ ક્રોધ ઉત્પન્ન થાય છે તે નિશ્ચિત વાત છે. ક્રોધ તો નિર્દય અને હિંસામય પ્રવૃત્તિને કરનારો, નહિ બોલવા યોગ્ય વચનોને કહેનારો તથા પરનો અને પોતાનો ઘાતક છે. (૧૬) આવી રીતના પૂર્વે કહેલા નારાયણમુનિના માનરહિત સંતો દુર્જનોએ

ધૂળ નાખવી, માર મારવો, નઠારાં વચનો કહેલાં તેને સહન કરે છે. (૧૭) માટે નારાયણમુનિને ધન્ય છે ! સાચા સદ્‌ગુરુ સહજાનંદસ્વામી જ છે. પૃથ્વી ઉપર આવા સ્વામી તુલ્ય બીજો કોઈ મહાપુરુષ નથી તે નક્કી વાત છે તેમ લોકો કહે છે. (૧૮) શ્રી નારાયણમુનિના સાધુઓ પણ ધન્ય છે જે સંતો નિયમિત થકા સ્વગુરુ શ્રીહરિએ કહેલા બ્રહ્મચર્યાદિ સદાચારોનું નિરંતર પાલન કરે છે. (૨૦) સ્વામીના આશ્રિત ગૃહસ્થજનો પણ ધન્ય છે, જે ગૃહસ્થો પરાયી સ્ત્રીને બહેન અને માતા સમાન ગણે છે. (૨૧) શ્રીહરિના આશ્રિત ગૃહસ્થો સુધ્ધાં વિધવા સ્ત્રીઓનો કયારેય સ્પર્શ પણ કરતા નથી અને આપત્કાળ વિના પોતાની માતાની સાથે પણ એકાંત સ્થળમાં રહેતા નથી. (૨૨) સ્વામીના આશ્રિત ગૃહસ્થજનો ભાંગ, ગાંજો, અફીણ, ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય, માછલાં, માંસ અને અભક્ષ્ય કોઈપણ વસ્તુઓ ખાતા નથી અને ન્યાયથી સંપાદન કરેલા ધનને જ વાપરે છે. (૨૩) જે ગૃહસ્થો નહિ આપેલું બીજાનું તૃણ, કાષ્ઠ વગેરે વસ્તુ ગ્રહણ કરતા નથી તેમજ આપત્કાળમાં પણ પોતાનો કે પારકો ઘાત કરતા નથી. (૨૩) જે ગૃહસ્થો પોતાના ગુરુ પાસેથી દૃઢ જ્ઞાન પ્રાપ્ત કરેલું હોવાથી મોક્ષ માટે પણ શાસ્ત્રમાં કહેલા ઊંચા પર્વત ઉપરથી પડતું મૂકીને પોતાના દેહનો ત્યાગ કરવા ઈચ્છતા નથી. (૨૪) આ પ્રમાણે દૃઢ બુદ્ધિવાળા અને ધીર એવા શ્રીહરિના શિષ્યો શ્રીહરિની આજ્ઞામાં વર્તતા સતા પૃથ્વીતળ ઉપર ધન્ય છે, એમ લોકો કહે છે. (૨૫) શ્રીહરિના આશ્રિતજનોની સ્ત્રીઓ પણ પોતાના એક પતિ સિવાય અન્ય પુરુષોને પોતાના પિતા અને ભાઈ સમાન જાણે છે. (૨૬) શ્રી નારાયણમુનિની આશ્રિત એવી વિધવા સ્ત્રીઓ પણ ત્યાગીજનોની પેઠે આઠ પ્રકારનું બ્રહ્મચર્યવ્રતનું પાલન કરે છે. (૨૭) અન્ય પુરુષોથી વિધવા સ્ત્રીઓ ચાર હાથ દૂર ચાલે છે અને પોતાના પિતા, ભાઈ કે પુત્ર સિવાય અન્ય પુરુષો સાથે બોલતી નથી. (૨૮) જે વિધવા સ્ત્રીઓ સત્સંગી એવા પોતાના પિતા, ભાઈ અને પુત્રાદિથી શ્રીહરિ સંબંધી કથાને સાંભળે છે; અન્ય પુરુષોથી સાંભળતી નથી. માર્ગમાં પોતાના પિતાદિની સાથે ચાલે છે; અન્ય જનો સાથે ચાલતી નથી; (૨૯) વિધવા સ્ત્રીઓ પોતાના પિતાદિની સાથે પણ એકાંત સ્થાનમાં રહેતી નથી. આ પ્રમાણે સહજાનંદસ્વામીની આશ્રિત વિધવા સ્ત્રીઓ વર્તે છે. (૩૦) સર્વે ગૃહસ્થ અને ત્યાગીઓ દૂધ, ઘી, જળ ગાળીને પીએ છે. એકાદશી, જન્માષ્ટમી વગેરે વ્રતો કરે છે. (૩૧) સ્વામીને આશરીને ગૃહસ્થો અને ત્યાગીઓ નિરંતર પોતપોતાના ધર્મમાં રહ્યા સતા પરમ આદરપૂર્વક શ્રીકૃષ્ણની અનન્યભાવથી ભક્તિ કરે છે. (૩૨) માટે આ જગતમાં શ્રી સ્વામિનારાયણનાં આશ્રિત સર્વ નર-નારી ધન્ય છે. અમારા ગુરુઓ આવા નથી. તેઓ તો સદાચારનો ત્યાગ કરી વિચરે છે. (૩૩) નારાયણસ્વામીની પેઠે પોતાના શિષ્યોને આપણા ગુરુઓ ધર્મમાર્ગમાં સ્થાપન કરતા નથી માટે અમારા ગુરુઓને ધિક્કારે છે. અને સ્વામીથી વિમુખ અમો શિષ્યોને ધિક્કાર છે. (૩૪) હે નારાયણ ! હે પ્રભો ! આ પ્રમાણે ઘણા લોકો બોલે છે. અને કેટલાક જનો તો અમે શ્રીસ્વામીનો આશ્રય કરીશું એમ બોલે છે. (૩૫) તે સમયે અમો સ્વામીનો આશ્રય કરીશું, એમ બોલનારા જનોને કેટલાક કહે છે કે જો આપણે કુળગુરુઓનો ત્યાગ કરીશું તો લોકમાં આપણી લાજ જશે. (૩૬) ત્યારે કેટલાક બુદ્ધિમાન જનો કહેવા લાગ્યા : હે ભાઈ ! લાજ તો શ્રી

સ્વામિનારાયણનો આશ્રય કરવાથી જ રહેશે. સ્વામીનો આશ્રય નહિ કરીએ તો લાજ અવશ્ય જશે એ નક્કી વાત છે. (૩૭) આપણી ઘણી વિધવા બહેનો અને કન્યાઓ નિર્લજ્જ થકી એ નામમાત્રના ગુરુઓથી ગર્ભને ધારણ કરે છે. (૩૮) આપણી બહેનો વગેરે ખાનગી રીતે મહાપાપરૂપ ભ્રૂણહત્યા કરે છે. માટે ગર્ભપાત લક્ષણ પાપથી શ્રી સ્વામિનારાયણના આશ્રય થકી વિધવાઓની રક્ષા કરવી જોઈએ. (૩૯) આ પ્રમાણે બોલતા પુરુષોને કેટલાક જનો કહે છે જે પાપ થયે સતે પણ અત્યારસુધી તો ઉપરથી લોકમાં લાજ રહી ગઈ છે. (૪૦) હાલમાં તો પૃથ્વી ઉપર અંગ્રેજ રાજાનું સાર્વત્રિક રાજ્ય થયેલું છે-આથી આપણી લાજ જશે એ નક્કી વાત છે. (૪૧) તે અંગ્રેજ રાજા ગુપ્તચરો દ્વારા વિધવાઓના ગર્ભની ઉત્પત્તિને જાણે છે. ગર્ભપાત કરતી સ્ત્રીઓને તે જ ક્ષણે કંઠપાશ વડે મારે છે. (૪૨) તે રાજા દ્રવ્ય લઈને વિધવા સ્ત્રીના સંબંધી જનોનો દંડ પણ કરે છે. તેથી હવે તો લાજનો નાશ થશે અને વિધવા વ્યભિચારપાપ પણ થશે. (૪૩) વિધવા સ્ત્રીઓની પ્રજાના રક્ષણમાં અથવા રાજાકૃત વિધવાઓના વધમાં અમારી મૃત્યુ કરતાં પણ અધિક અમારી અપકીર્તિ થશે એ નક્કી વાત છે. (૪૪) તે હેતુ માટે હાલ ભૂમંડળ ઉપર કોઈપણ સ્થળે શ્રી નારાયણમુનિ સિવાય ચારે વર્ણના જનોને બીજી ગતિ જ નથી. આથી આપણે નારાયણમુનિનો જ આશ્રય કરવો જોઈએ. (૪૫) આપણા ધૂર્ત ગુરુઓ આપણા ઘેર આવે તો આપણે તેમને ઘરમાં પેસવા દેવા નહિ અને કદાપિ કોઈ નિમિત્તે ઘેર આવે તો માર મારવો જેથી ફરી આવે નહિ. (૪૬) આમ થવાથી વિધવા સ્ત્રીઓ પણ આપણી સાથે શ્રી નારાયણમુનિ ભગવાનનું ભજન કરશે તેથી ધર્મે સહિત આપણી કીર્તિ વૃદ્ધિ પામશે. (૪૭) હે મહારાજ ! આ પ્રમાણે દેશોદેશમાં દરેક જનો નિશ્ચય બોલે છે. અમોએ જે પ્રકારે સાંભળ્યું છે અને જોયું છે તે પ્રમાણે આપની આગળ નિવેદન કર્યું. (૪૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે તે ભક્તજનોનાં વચન સાંભળી પ્રભુશ્રીહરિ ભક્તો સાથે હસવા લાગ્યા. તે ભગવાન કેવા તો દિવ્યરૂપે પોતાની પડખે રહેલા ધર્મ અને ભક્તિને જોતા અને તેમને પ્રસન્ન કરતા થકા હસ્યા. (૪૯) મુનિ કહે છે હે રાજન્ ! તે સર્વે સત્સંગિજનો આ પ્રમાણે શ્રીહરિ સંબંધી લોકવાર્તાઓ નિવેદન કરી પછી શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિનાં ચરણકમળનો હર્ષપૂર્વક સ્પર્શ કરી, પ્રણામ કરીને જ પોતપોતાના સ્થાનમાં જઈને બેઠા. (૫૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવે દેશાન્તરીય વૃત્તાન્તશ્રવણનામે અગિયારમો અધ્યાય થયો. ॥૧૧॥

●

## અધ્યાય-૧૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારબાદ ભગવાન શ્રીહરિએ પોતાની પૂજા કરવામાં ઉત્કંઠાવાળા, ચંદન પુષ્પાદિ પૂજાના સાહિત્યથી ભરેલાં પાત્રોને હાથમાં લઈને પૂજાના અવસરની ઘણા સમયથી

રાહ જોયા કરતા ભક્તજનોને જોયા. (૧) હે રાજન્ ! દૂર દેશથી આવેલા ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા માટે શ્રીહરિ ઇચ્છતા હતા તેટલામાં બે હાથ જોડીને મયારામ ભટ્ટ બોલ્યા : (૨) હે સ્વામિન્ ! આ બધા તમારી આગળ બેઠેલા નરનારી જનો ખુદ દૂર દૂર દેશથી આવેલા છે, કેમ કે હે પ્રભો ! એ બધા તમારા શિષ્યો છે. (૩) તે ભક્તજનોના હૃદયમાં તમારી પૂજા કરવાનો મનોરથ ઘણા કાળથી વર્તે છે. હે હરે ! તે મનોરથને પૂર્ણ કરવા તમે યોગ્ય છો. (૪) આ પ્રમાણે વિપ્રે કહેલા શ્રીહરિ હસતા હસતા બોલ્યા કે હે બ્રહ્મન્ ! આજે કયો દિવસ છે અને આજે શું કરવા યોગ્ય છે તે તમે કહો. (૫) આ પ્રમાણે શ્રીહરિએ પૂછેલા મયારામ ભટ્ટ પોતાની પાઘડીમાંથી લાંબુ પંચાંગપત્ર કાઢી અને તેમાં જોઈને બોલ્યા કે હે પ્રભો ! આજે તો દીપોત્સવ એટલે કે દિવાળી છે. (૬) આથી આ દિવસે ગ્રામ્ય એટલે પ્રાકૃત જનોને ગ્રામ્ય સુખથી લૌકિક આનંદ થાઓ. તમોને ભજનારા જનોને તો તમારા પૂજન વડે અલૌકિક દિવ્ય આનંદ થાઓ. (૭) આ ગૃહસ્થ ભક્તોને પણ ગ્રામ્યસુખની સ્પૃહા નથી જ. માટે ગ્રામ્યસુખ દૂરથી ત્યાગ કરીને અહીં આવેલા છે. (૮)

હે પ્રભો ! સર્વ ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા તમો સમર્થ છો. કેમ કે ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવામાં તમો કલ્પવૃક્ષ સમાન છો. (૯) આ પ્રમાણે મયારામ ભટ્ટે પ્રાર્થેલા શ્રીહરિ મહાપ્રભુ બોલ્યા : હે ભટ્ટ ! આ ભક્તો સુખેથી પૂજા કરે પરંતુ કોલાહલ કરવો નહિ, એકબીજાના ઉપર પડાપડી કરવી નહિ. (૧૦) પોતપોતાનાં ગામોના વિભિન્ન સમૂહોએ અહીં મારી પાસે આવીને પૂજન કરીને તત્કાળ જવું. હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ આજ્ઞા કરેલા ભક્તજનો આનંદયુક્ત થઈ ગયા. (૧૧) ત્યારબાદ સર્વ પુરુષો અને સ્ત્રીઓ એકત્રિત થઈ શ્રીહરિની પૂજા કરવા અનુક્રમથી શ્રીહરિની સમીપે આવ્યા. (૧૨) તે જનોમાં પ્રથમ મધ્યદેશના જનો પૂજા કરવા માટે શ્રીનારાયણમુનિની સમીપમાં આવ્યા. તથા માથુર દેશવાસી, શૂરસેન દેશવાસી, વત્સઘોષ દેશવાસી અને યમુનાના દેશવાસી જનો શ્રીહરિ સમીપે પૂજા કરવા આવ્યા. (૧૩) શાલ્વદેશના, નીપદેશના, ઉજ્જૈન દેશના, માંડવ્ય દેશના, કુરુદેશના, દક્ષિણ પાંચાલના, ભદ્ર દેશના અને કાપિસ્થલ દેશના; ગૌરગ્રીવ દેશના, અરિમેદ દેશના, હસ્તિનાપુરના, પારિયાત્ર નામના પર્વતના રહીશો, ધર્મારણ્યના, કાલકોટિ દેશના, અશ્વસ્થ દેશના, ઉપજ્યોતિદેશના, સારસ્વત દેશના, પાંડુદેશના, મત્સ્યદેશના, અયોધ્યાદેશના, કુંકણદેશવાસી જનો શ્રીહરિ સમીપે આવ્યા. (૧૪-૧૫-૧૬) આ બધા ઉપરાંત ગુજરાતદેશના, ઔદુંબર દેશવાસી એવા તે પૂજન કાર્યમાં નિપુણ એવા શ્રીહરિના ભક્તજનો સુગંધી ચંદન, મનોહર પુષ્પહારો, સુવર્ણ બુટ્ટાઓવાળાં કિંમતી વસ્ત્રો તથા બહુમૂલ્ય પાઘો તથા અમૂલ્ય રત્નોથી શ્રીહરિનું પૂજન કરી શ્રીહરિની આગળ પેંડાથી ભરેલાં ચાંદીનાં પાત્રો મૂકયાં. (૧૭-૧૮-૧૯) અને તે જનો સાકરનાં બનાવેલાં ઘણાં વિચિત્ર રમકડાં અને સોપારી સહિત પાનબીડાં શ્રીહરિને નિવેદન કરતા હતા. (૨૦) પછી તે જનોની ભક્તિવાળી સ્ત્રીઓ શ્રીહરિના કંઠમાં સત્તાવીશ સેરોનો મોતીનો હાર પૃથક્ પૃથક્ ધારણ કરીને શ્રીહરિને નમસ્કાર કરી તે સ્થાનથી પોતાના બેસવાને સ્થાને ગઈ. (૨૧) પછી મહાબળવાળા અને ભક્તિવાળા પૂર્વ દિશાએ સહિત દક્ષિણ દેશના શ્રીહરિના ભક્તજનો આવ્યા. મગધ, કર્બર, અંબષ્ઠા, ચંદ્રપતન, કાશી,

કોશલ, પૌડ, મેકલ, ઉત્કલ, ગૌડ, મિથિલાપુરી, મલયાચલ પર્વત વગેરે દેશોના પૂજા માટે આવ્યા. (૨૨-૨૩) તથા કિરાતદેશ, લોહિતદેશ, વર્ધમાનપુરનિવાસી તથા બીજા પણ ઔડ્રદેશવાસી વગેરે શ્રીહરિની આદરપૂર્વક પૂજા કરતા હતા. (૨૪) અને તે ચંદન, ચોખા, પુષ્પો તથા ચીન દેશમાં બનેલા કોમળ અને બહુમૂલ્ય વસ્ત્રો તથા મહામૂલ્યવાળા સુવર્ણના અલંકારો અને વિવિધ પ્રકારનાં મોતીઓના તોરાઓ વડે શ્રીહરિનું પૂજન કરીને પૂર્વ દિશાના ભક્તજનો સુવર્ણમુદ્રાઓ ભરેલા ચાંદીના થાળો શ્રીહરિની આગળ મૂકતા હતા. (૨૫-૨૬) તે પ્રકારે પૂર્વ દેશની સ્ત્રીઓ અનેક જાતનાં સ્વાદિષ્ટ સુંદર ફળો શ્રીહરિને અર્પણ કરીને પોતાના બેસવાના સ્થાનમાં ગઈ. (૨૭) પૂર્વ દેશના ભક્તો પોતાના સ્થાનમાં ગયા પછી અગ્નિદિશાના ભક્તો શ્રીહરિની સમીપમાં આવ્યા. તે દેશનાં નામો કહે છે : જઠરાંગ, બંગાલ, ઉપબંગાલ, શૂલિકા, ચર્મદ્વીપ, વિદર્ભ, વત્સ, આંધ્ર, ચેદી, વિંધ્યવાસીઓ, દશાર્ણ-આ બધા દેશવાસીઓ તથા કિષ્કિંધા અને સાબરદેશવાસીઓ અને બીજા પણ જનો અમૂલ્ય પીત વસ્ત્રો તથા સુવર્ણમય કડાં, સાંકળા વગેરેથી તથા મોતીઓના રમણીય તોરાઓ અને કુંડળોથી પૂજન કરીને તે ભક્તો શ્રીહરિની આગળ બહુમૂલ્ય ભેટો મૂકતા હતા. (૨૮-૨૯-૩૦-૩૧) પછી અનેક જાતનાં સ્વાદિષ્ટ, મધુર, ગુણવાળાં ફળો અને સોનાચાંદીનાં પાત્રો શ્રીહરિને અર્પણ કરતા હતા. (૩૨) તે જનો કળશાઓ, ગાગરો, પાણી પીવાના પ્યાલા, ઝારીઓ, વાટકીઓ અને દર્શનીય એવી માણો વગેરે શ્રીહરિને અર્પણ કર્યા. (૩૩) આ પ્રકારે પૂજા કરીને અગ્નિદિશાના જનો ગયા પછી દક્ષિણ દિશાના જનો આવ્યા. દેશોનાં નામ કહે છે : સૂરિકીર્ણ, તાલિકટ, મલયાચલ, નાસિક, કુલપર્વત, ભરૂચ, કુંકણ, કર્કોટક, શિબિક, વેણાનદીનો તટ, દુર્દુરદેશ, ઋષ્યમૂક પર્વત, મહેન્દ્રાચલ, કાવેરીતટ, ચિત્રકૂટ, જટાધર, કર્ણાટક, ગોનર્દ, ચોલ, કેરલ, ગણરાજ્ય, ઋષિક, કાંચીનગર, ઋષભ, તામ્રપર્ણીતટ, દંડકારણ્ય, બલદેવપત્તન, તૈલંગણ, દ્રાવીડ, વેંકટાદ્રિ, ધર્મપતન તેમજ સૌરિકીર્ણાદિ સિંહલ વગેરે દેશનાં નિવાસીજનો અને અન્ય ઘણાં જનો શ્રીહરિના પૂજન માટે આવ્યા. (૩૪-૩૫-૩૬-૩૭-૩૮-૩૯) યક્ષ કર્દમ નામના સુગંધીચંદન, અક્ષત, અનેક વર્ણવાળાં પુષ્પો અને બહુમૂલ્યવાન માંગલિક શ્વેત, પીત અને લાલરંગવાળા આશ્ચર્યકારી અને સોનાનાં બુટાવાળાં વસ્ત્રો વડે યથાવિધિ પૂજન કર્યું. (૪૦-૪૧) ખેસ, ઉપરણી, સેલાં, સુરવાળ, કેડે બાંધવાના પટકા, રેશમી વસ્ત્રો અને બહુમૂલ્ય ધૌત કૌશેય વસ્ત્રો અમૂલ્ય શિરપટકા તથા મંજીરા, ઝાંઝર, પગના તોડા, વેઢ, વીંટી, બાજુબંધો, હાથનાં કડાં અને સાંકળાં વડે પૂજન કર્યું. (૪૨-૪૩) તથા કંઠનાં આભૂષણો અને કુંડળો તથા ગુચ્છ, ગુચ્છાર્ધ, ગોસ્તન, એકાવલી, ભાસનસીલ અને દેવછંદ વગેરે વિવિધ પ્રકારના હારો વડે પૂજન કર્યું. (૪૪) તેમજ લલંતિકા, કાંચી અને માણવક હારો તથા લલાટનાં આભૂષણો વડે તે જનોએ શ્રીહરિનું પૂજન કર્યું. (૪૫) તે ભક્તોએ બરફી, સાકર, પેંડા, પતાસાં વગેરેથી ભરેલાં વિશાળ પાત્રો શ્રીહરિ આગળ મૂકયાં. (૪૬) આ પ્રકારે શ્રીહરિને અત્યંત પ્રસન્ન કરતા એવા તે જનો દ્રાક્ષ, અખરોટ, લવિંગ, એલાયચી, જાયફળ વગેરેથી ભરેલાં પાત્રો શ્રીહરિ આગળ મૂકીને પોતાપોતાના સ્થાને બેસી ગયા. (૪૭) ત્યારપછી શ્રીહરિ નારાયણમુનિમાં પરાભક્તિને પામેલાં નૈર્ઋત્ય દેશવાસી પુરુષો અને

સ્ત્રીઓ મંદહાસ્યયુક્ત મુખવાળા થકા પૂજન માટે આવ્યાં. (૪૮) નૈર્ઋત્ય દિશાના અવાંતર દેશ સિંધુ, પહ્લવ, કંબોજ, સૌવીર, વડવામુખ, નારીમુખ, આરવ, કાપિલ, યવન, ક્રવ્યાદ, કિરાત, ખંડવા, સૈંધવ, કાલક, બાદર, કેનગિરી, કર્ણપ્રવષ્ટિ, બર્બર, પારશવ, શૂદ્ર, રૈવત, સૌરાષ્ટ્ર, આભીર, ચંચૂક, કિરાત, દ્રવિડ વગેરે દેશના નિવાસીજનો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. (૪૯-૫૦-૫૧) તે ભક્તો ભક્તિભાવપૂર્વક શ્રીહરિની પૂજા કરતા હતા અને સૌરાષ્ટ્રવાસી તો અધિકપણે ભાવથી પૂજન કરતા હતા. તેઓએ શ્વેત, કસુંબી, જાંબુવર્ણ અને કેસરવર્ણનાં વસ્ત્રો વડે શ્રીહરિની પૂજા કરી. (૫૨) સોનાના બુટ્ટાઓથી અંકિત લાલ વર્ણના તથા જાંબલી વર્ણવાળા અંગરખા તથા બહુમૂલ્ય ઘાટાં અને કોમળ ઊનના શાલ-દુશાલાથી પૂજા કરી. (૫૩) શુદ્ધ સુવર્ણમાંથી બનાવેલ પદ્મરાગ મરકતમણિ વગેરે ઉત્તમ રત્નોથી જડિત અમૂલ્ય મુગટ વગેરે આભૂષણોથી પૂજન કર્યું. (૫૪) તેમજ સુગંધી ચંદન અને પુષ્પહારો વડે શ્રીહરિનું પૂજન કરી તેમની આગળ મોટાં પાત્રોમાં ભરેલી ભેટો મૂકી. (૫૫) સાકર, પતાસાં, ખારેકો ભરેલાં અને ઘણી એવી રૂપા મુદ્રાઓથી ભરેલાં પાત્રો શ્રીહરિને અર્પણ કર્યા. (૫૬) તે બધા જનો સોપારીથી ભરેલાં પાત્રો તથા શ્રીફળો શ્રીહરિ આગળ ભેટ મૂકીને જતા હતા. તે જ પ્રકારે તેમની સ્ત્રીઓ પણ પૂજન કરી ભેટ મૂકીને જતી હતી. (૫૭) તે સમયે શ્રીહરિની આગળ પર્વત ઉપરથી પડેલી મોટી શિલાઓ હોય એમ ભેટોના સમૂહો થયા તથા પર્વતની પેઠે વસ્ત્ર સમૂહો થયા. (૫૮) તે સમયે શ્રીહરિની પાસે રહેલા આનંદાનંદ નામના મુનિ શ્રીહરિને વસ્ત્રો અને અલંકારો ધારણ કરાવતા હતા. (૫૯) શ્રીહરિ મહાપ્રભુ નવીન વસ્ત્રો અને અલંકારો આવવાથી અગાઉ ધારેલાં વસ્ત્રાદિ આનંદાનંદ મુનિ પાસે કઢાવી નાખતા હતા. સર્વ પૂજકોને પુષ્પાહારો આપી દેતા હતા. (૬૦) શ્રીહરિ કેટલાક પૂજકોને પોતે ધારણ કરેલા પ્રસાદીનાં વસ્ત્રો તો કોઈકને પ્રસાદીના અલંકારો તો કોઈકને ફળો વગેરે આપતા હતા. (૬૧) તે સમયે ભગવાન શ્રીહરિ પોતાના ભક્તજનોને આનંદ પમાડતા થકા કેટલાક પૂજકોને ભેટમાંથી અડધી વસ્તુ તો કેટલાક ને ભેટની આખી વસ્તુ પ્રસન્નતાપૂર્વક આપી દેતા હતા. (૬૨) ત્યારપછી તે સભામાં શ્રીહરિની પૂજા કરવા પશ્ચિમ દિશાના ઘણા ભક્તો આવ્યા. મણિવાન પર્વતવાસી, મેઘવાન પર્વતવાસી, પારત દેશવાસી, શકદેશ, પંચનદ દેશવાસી વળી અપરાંત, હૈહય, ચોષ્કાણ અને રમઠ દેશવાસી ભક્તજનો આવ્યા. (૬૩-૬૪) આ ભક્તોએ ચંદન, ધૂપ, દીપ વડે અને વસ્ત્રો તથા સોનાચાંદીનાં આભૂષણો વડે શ્રીહરિની પૂજા કરી તેમની આગળ ભેટો મૂકી. (૬૫) તથા બદામ, નાળિયેર, ખજૂર અને સોપારી વગેરેથી ભરેલાં પાત્રો અને રૂપામુદ્રાથી ભરેલાં પાત્રો શ્રીહરિને અર્પણ કર્યાં. (૬૬) વળી દૂધના ફીણ જેવી ઉજ્જ્વળ શય્યાઓ અને ઓશિકા અને ગેંડુક તથા વિવિધ તળાઈઓ અને દીપિકાઓ અર્પણ કર્યાં. (૬૭) પશ્ચિમના ભક્તો પૂજા કરીને ગયા પછી વાયુકોણના હરિભક્તો આવ્યા. (તેના વિભાગને કહે છે.) માંડવીપુરી અને મરુકચ્છદેશવાસી ફાલ્ગુલુકાશ્મક દેશવાસી જનો આવ્યા. (૬૮) આ બધા અને બીજા મદ્ર દેશ, ખસ દેશ, સ્ત્રીરાજ્ય દેશવાસી વગેરે જનોએ પરમ ભક્તિભાવથી ચંદન, પુષ્પ, વસ્ત્રો વગેરે વડે શ્રીહરિની પૂજા કરી. (૬૯) અને તે જનોએ પદ્મરાગ અને ઈન્દ્રનીલ વગેરે મણીઓથી જડિત

સોનાના અલંકારો વડે શ્રીહરિની પૂજા કરી શ્રીહરિની આગળ વિવિધ પ્રકારની ભેટો ધરી. (૭૦) અને કેટલાક જનો વિવિધ પ્રકારનાં મણિમય પાત્રોમાં સુવર્ણ અને રૂપાની મુદ્રાઓ શ્રીહરિને અર્પણ કરી. (૭૧) તે જનો રત્નજડિત પાદુકાઓ અને ચિત્રવિચિત્ર મોજડીઓ અર્પણ કરીને જતા હતા એટલામાં તો ઉત્તર દિશાના ભક્તજનો સભામાંથી ઊઠીને પૂજા કરવા શ્રીહરિની સમીપે આવ્યા. (૭૨) યૌધેય, પૌરવ, મદ્ર, માલવ, આર્જુનાયન, કૈકય, ક્ષુદ્રમીન, ત્રૈગર્ત, કોશલ, શરધાન, વાટધાન, ભોગપ્રસ્થ, વસાતિ, આન્તદ્વિપ, અશ્વમુખ, કચ્છાર, દંડપિંગલ, કૈલાવર્ત, કંઠધાન, પુષ્કર, આવર્ત, શાતક, ગાંધાર, ખચર, હૂણ, ગવ્ય, ભૂતપુર, દાસેરક, કેશધર, ચિપિટ, નાશિક, ક્ષેમધૂર્ત, હેમતાલ, હિમાચલ, યશોવતીપુરી, માંડવ્ય, કુરુદેશવાસી તથા બીજાપણ શામકદેશવાસી જનો વગેરે ભક્તજનો શ્રીહરિની પૂજા કરતા હતા. (૭૩-૭૭) સુગંધીમાન કેસરયુક્ત ચંદન અને માંગલિક ચોખા અને ખીલેલાં કમળોની માળાઓ વડે શ્રીહરિની પૂજા કરી મહાપ્રભુ આગળ ભેટો અર્પણ કરી. (૭૮) તથા શ્વેત, પાતળાં અને ઘાટાં અમૂલ્ય રેશમી પીતાંબર વગેરે મહાવસ્ત્રો કસ્તૂરી ભરેલી સુવર્ણની ડબ્બીઓ અને ચામરો તથા મરકત મણીઓ, પદ્મરાગમ મણીઓ તથા પરવાળા અને મહાનીલ નીલમણી તથા ગોમેનમણી અને સ્ફટિકમણી તથા સૂર્યસમાન તેજસ્વી હીરાઓ- આ બધું શ્રીહરિને અર્પણ કર્યું. ત્યારપછી તેમના ગયા બાદ ઈશાન ખૂણાના શ્રીહરિના ભક્તો પૂજન કરવા આવ્યા. (૭૯-૮૦-૮૧) પશુપાલ, કાશ્મીર, દરદ, તંગણ, અભિસાર, કૌલૂત, બ્રહ્મપુર, ચીન, દામર, ઘોષ, કોલિંદ, કૌવિકલ ગંધર્વ, વસુધાન, વનરાષ્ટ્ર વગેરે દેશોના જનોએ ભક્તિ શ્રદ્ધા વડે નારાયણમુનિની પૂજા કરી. (૮૨-૮૩) મુનિ કહે છે હે રાજન્ ! પતિવ્રત ધર્મનું પાલન કરનારી તે પશુપાલ વગેરે દેશવાસીઓની સ્ત્રીઓએ પણ પરમ ભક્તિથી શ્રીહરિનું પૂજન કર્યું. (૮૪) ચંદન, અક્ષત, પુષ્પ, તુલસી વગેરેની માળાઓ તથા અતિ કોમળ લાલ, પીળાં, નીલવર્ણવાળા ચિત્રવિચિત્ર વસ્ત્રો તથા મોતી ભરેલાં આભરણો વડે શ્રીહરિની પૂજા કરી તે બધા જનો અને તેમની સ્ત્રીઓએ વિવિધ પ્રકારની ભેટો ધરી. (૮૫-૮૬) સોનાના થાળમાં વિવિધ પ્રકારનાં રત્નો તથા કંકુ અને કેસર ભરેલી ચાંદીની પેટીઓ અને નાના પ્રકારનાં અતિ કોમળ તૃણમય ઘાસનાં આસનો તેમજ કોમળ સ્પર્શવાળાં અને ચિત્રવિચિત્ર રંગવાળા મનોહર આસ કંબલો તથા અનેક જાતનાં દ્રાક્ષ વગેરે ફળો અને ખૂબ રસવાળી શ્વેત સાકરો વગેરે બધું શ્રી નારાયણમુનિ ભગવાનને અર્પણ કરી સ્ત્રીઓએ સહિત ઈશાન કોણના ભક્તજનો પોતપોતાના સ્થાનમાં જઈને બેસી ગયા. (૮૭-૮૮-૮૯) આમ અગાઉ કહ્યા પ્રમાણે બાળ, યુવાન અને વૃદ્ધ એવા સર્વ ભક્તજનો પોતાની દ્રવ્ય સંપત્તિ અને સ્વબુદ્ધિ અનુસારે પરમ ભક્તિભાવથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૯૦) જગતપ્રભુ અને ભક્તોના ભાવને જોનારા તથા ષડ્વિધ ઐશ્વર્ય સંપન્ન શ્રીહરિ ભક્તજનોએ અર્પણ કરેલ પત્ર, પુષ્પ વગેરે વડે પૂર્ણ સંતોષ પામતા હતા. (૯૧) ત્યારબાદ પ્રભુ શ્રીહરિ જનોને વિસ્મય પમાડતા થકા જનોએ અર્પણ કરેલ વસ્ત્રાભૂષણના સમૂહો તત્કાળ બ્રાહ્મણોને દાનમાં આપી દેતા હતા. (૯૨) શ્રીહરિ મહાપ્રભુ તે સમયે જ બ્રાહ્મણો, બીજા દીનજનો તથા ભિક્ષુકોને સર્વ ઉપહારો આદરપૂર્વક આપી દેતા હતા. (૯૩) શ્રીહરિ પોતે ધારણ કરેલાં

મહાવસ્ત્રો પણ રાજાઓ અને ધનિકોને પ્રસાદીરૂપે આપી દેતા હતા. શ્રીહરિનું દાનાદિરૂપ આ અદ્‌ભુત ચરિત્ર જોઈ સર્વજનો ખૂબ વિસ્મય પામ્યા. (૯૪) શ્રીહરિ નાના પ્રકારના રાજાઓએ પ્રાર્થના કરવા યોગ્ય અપરિચિત પદાર્થોને પણ તત્કાળ જ આપી દેતા હતા તેનાથી રાજાઓ અચરજ પામ્યા. (૯૫) સર્વેશ્વર શ્રીહરિ અમાનુષિક કર્મ કરીને અહંકાર રહિત અને વિસ્મય રહિત થકા પૂર્વની માફક જ શ્વેતાંબરધારી બની ગયા. (૯૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે દેશદેશાંતરના ભક્તજનોએ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મહાપૂજા કરતાં કરતાં સૂર્યનારાયણ પણ તે પૂજાના દર્શનમાં અતિ ઉત્સાહયુક્ત મનવાળા થકા આકાશના મધ્યભાગમાં જાણે સ્થિર થઈ ગયા કહેતાં મધ્યાહ્‌નકાળ થઈ ગયો. (૯૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવે દેશાન્તરીયસકલજનાનાં ભગવદર્ચનાનન્દનિરૂપણનામે બારમો અધ્યાય થયો. ॥૧૨॥

●

## અધ્યાય-૧૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપતે ! દેશાન્તરના જનોએ પૂજન કર્યા બાદ શ્રી નારાયણમુનિ ભગવાન માધ્યાહ્નિક વિધિ કરવા ઉન્મત્ત ગંગા તરફ જવાના મનવાળા થકા પોતાના પૂજનમાં ઉત્કંઠાવાળા મુક્તાનંદાદિ મુનિજનોને કહેવા લાગ્યા. (૧) શ્રીહરિ બોલ્યા : હે મુનિઓ! હાલમાં હું સ્નાન માટે ઉન્મત્તગંગા જાઉં છું. તમો કાલે સવારે યથેષ્ટ પૂજન કરજો. (૨) આજે અમાવાસ્યા નામનું મોટું પર્વ વર્તે છે આથી ગંગામાં પર્વરૂપ નિમિત્તથી સ્નાન કરવું જોઈએ. આ હેતુસર હું તે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા જાઉં છું. (૩) આ પ્રકારે સંતોને કહીને ભગવાન ઊઠ્યા અને વેગવાળા રોઝા ઘોડાને લાવો એમ અશ્વસેવક નાનને કહ્યું. તે નાન ભક્ત રોઝા ઘોડાને તત્કાળ લાવ્યા. (૪) તે સમયે સર્વ હરિભક્તો અને મુનિજનોને આગળ ચાલવાની આજ્ઞા આપી પ્રભુ શ્રીહરિ રોઝા ઘોડા ઉપર આરૂઢ થઈ ખૂબ વિશાળ જનસમુદાય વચ્ચે ધીરે ધીરે ચાલવા લાગ્યા. (૫) તે સમયે હાથમાં શસ્ત્રો ધારણ કરેલા સર્વ પાર્ષદો શ્રીહરિની પાછળ ચાલતા હતા. દેશાંતરથી આવેલા રાજાઓથી યુક્ત ઉત્તમરાજા, સોમલખાચર, સુરાખાચર, અલૈયાખાચર, મૂળજી, જીવાખાચર, ભગુજી, નાજો, રાષ્ટ્રો માતરો ધાધલ, લાઘજી, વેરીભાઈ, હાથીભાઈ, પર્વતભાઈ, મામૈયો, રામ ગાલવ વગેરે સેવકો શ્રીહરિની પાછળ ગતિ કરતા હતા. (૬-૭) આ ઉપરાંત ગોવર્ધન, માનજીત, વાસ્તુ, વેલાભાઈ, અલય, કિસરી, માનસિંહ, કુશળ, પૂંજાજી, કાળુજી, હમીરજી, ખોડાજી, ભીમભાઈ, જોખન, રતનજી, જાલમસિંહ, લાખાજી, કમાજી, મોક, વીર, દેવ અને નાથુજી હતા. (૮-૯) બીજા પણ દેશજી વગેરે પાર્ષદો શ્રીહરિની પાછળ શીઘ્ર ચાલતા હતા અને જેમાં મુકુંદાનંદ મુખ્ય છે એવા નૈષ્ઠિક બ્રહ્મચારીઓ નારાયણમુનિ પાછળ ચાલતા હતા. (૧૦) ત્યારપછી મયારામ ભટ્ટ વગેરે બ્રાહ્મણો, પર્વતભાઈ વગેરે વૈશ્યભક્તો, હરખજી વગેરે શૂદ્ર ભક્તજનો અને ગોકુળ વગેરે ચારણ ભક્તો

શ્રીહરિની પાછળ ચાલતા હતા. (૧૧) આ પ્રમાણે બધા જ જનો ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા માટે શ્રીહરિની સાથે ગયા. વાજિંત્રો વગાડનારા જનોનો સમુદાય તો સૌની મોખરે ચાલતો હતો. (૧૨) વાજિંત્રોવાળાની પાછળ ફક્ત ચાર હાથ દૂર જોનારા મુક્તાનંદાદિ સાધુઓ ચાલતા હતા. તેમની પાછળ રોઝા ઘોડા ઉપર વિરાજમાન ભગવાન શ્રીહરિ ધીમે ધીમે ચાલતા હતા. (૧૩) ભગવાન શ્રીહરિની પાછળ સર્વ પાર્ષદો અને તેમની પાછળ સમગ્ર જનો ચાલતા હતા. અને તેમની પાછળ સ્ત્રીસમુદાય ધીરે ધીરે ચાલતો હતો. (૧૪) એ રીતે મુનિજનો અને હરિજનોથી વીંટાઈને જતા ભગવાને સ્નાનાર્થે આવેલા જનોના સંઘોથી વ્યાપ્ત અને તરંગરૂપ હાથોના હલાવવા વડે હર્ષથી પોતાને બોલાવતી એવી ઉન્મત્તગંગાને જોઈ. (૧૫) જે ઉન્મત્ત ગંગા ભક્તપતિ, મનુષ્ય શરીર ધારણ કર્યું છે એવા પ્રત્યક્ષ ભગવાનની દરરોજ સ્નાન સમયે હર્ષિત વદનવાળા મુક્ત એવા શ્રેષ્ઠ મુનિવર્યો સાથે જળક્રીડા વડે સ્વર્ગગંગાનું વામનરૂપ શ્રીહરિના ચરણના એક જ વાર સ્પર્શથી ઊપજેલું મોટું અભિમાન તેનો ત્યાગ કરાવતી (કારણ કે સ્વર્ગ- ગંગાને તો એક જ વાર અને એક ચરણનો સ્પર્શ થયેલો જ્યારે ઉન્મત્ત ગંગાને તો તે મહાપ્રભુનો સર્વાંગ સ્પર્શ સર્વદા થતો હોવાથી) શિવજીએ સહિત સર્વ દેવોએ વંદના કરવા યોગ્ય અને સેવકોને મુક્તિદાત્રી થાય છે. તે ઉન્મત્તગંગા પૃથ્વી ઉપર જયકારી કહેતાં સર્વથી અધિકપણે વર્તે છે. (૧૬) વળી જે ઉન્મત્તગંગા દર્શનમાત્રથી જ પુરુષોનાં અનંત જન્મોનાં પાપોને નાશ કરતી સતી પૃથ્વી ઉપર સ્નાન કરવાથી આ જન્મના જ પાપને નાશ કરનારી જાહ્નવી ગંગાને ઊંચા ઉછાળાથી ઊપજેલ ફીણના સમૂહરૂપ બહાના વડે હસે છે. વળી જે ઉન્મત્તગંગા પ્રગટ પુરુષોત્તમ ભગવાનના અંગસંગ વિના પણ લોકમાં નર્મદા વગેરે નદીઓનું મહાનદી હોવાપણારૂપ મહત્ત્વ પ્રસિદ્ધ છે તેને ઊંચા જળઘોષો વડે નિષેધ કરતી હોય ને શું ? નહિતર ઊંચા શબ્દને કેમ કરે ? (૧૭) જે ઉન્મત્તગંગા પોતાના જળમાં સ્વાભાવિક શ્વેતવર્ણ ધારણ કરતી, સ્નાનથી ધોવાયેલાં મુનિસમૂહોએ કેસર ચંદનથી કરેલાં તિલકોથી પીળા વર્ણને ધારણ કરતી, વ્રતધારી બ્રહ્મચારીઓ, સાધુઓ અને સંન્યાસીઓનાં ભગવાં વસ્ત્રો ધોવાથી સુંદર કાષાય રંગને ધારણ કરતી, રાજરાણીઓના સ્નાન સમયે અંગોમાંથી ધોવાયેલાં ભગવાનના પ્રસાદીભૂત કુંકુમ અને કસ્તૂરીથી લાલ વર્ણ અને શ્યામવર્ણને ધારણ કરતી સતી વિચિત્ર વર્ણવાળી શોભે છે. (૧૮) જે ઉન્મત્ત ગંગાના નિર્મળ જળમાં ત્રિકાળ સ્નાન કરનારા સજ્જન સ્ત્રી-પુરુષોના મુખથી નીકળેલા અને જળઘોષ સાથે મિશ્ર થયેલા, પ્રકટ નરાકૃતિ ધારણ કરનારા શ્રી સ્વામિનારાયણ નામોચ્ચારણનો ધ્વનિ; પ્રત્યક્ષ ભગવાનથી વિમુખ જનોમાં પ્રાણ હરનારી દૃષ્ટિ જેમની છે માટે જ દરેક દેશાવરમાં ફરતા શ્રી સ્વામિનારાયણનું નામ સાંભળીને દૂર નાસતા સૂર્યના પુત્ર યમદૂતોને તે ધ્વનિ કાનમાં શૂલની પેઠે ખૂંચે છે. (૧૯) જે ઉન્મત્તગંગા પ્રાયશ્ચિત વડે પણ નાશ નહિ પામનારાં પાપોના સમૂહોને તત્કાલ નષ્ટ કરે છે, જે ઉન્મત્તગંગા યમરાજના લેખક ચંદ્રગુપ્તને પણ દરરોજ પાપીજનોના દંડવિધાનમાં વિશ્રાંતિ આપે છે. દૂર દેશમાં રહેલા જનોએ અંતકાળે પણ ઉન્મત્ત ગંગાનું જળ લગારેક પણ પાન કર્યું હોય તો તે જનો દેહત્યાગ કરે તો તત્કાલ જ ઈન્દ્રાદિની અપ્સરાઓને સેવા કરવા યોગ્ય થાય છે. (૨૦) જે ઉન્મત્તગંગાના તીરમાં નિવાસ કરનારાં

પક્ષીઓ અને જેના જળમાં નિવાસ કરનારાં માછલાં, મગર, સર્પ વગેરે જળચરોને દેહત્યાગ કરતા જોઈને સ્વર્ગમાં અપ્સરાઓ પરસ્પર કોપ કરીને આ પ્રાણી મારો પતિ છે; તારો નહિ' એમ કહી એકબીજાના વાળ ખેંચી ઝઘડે છે અને કામની ભાવનાઓથી મરણ પામેલાં પ્રાણીઓને વિમાન દ્વારા તત્કાળ સ્વર્ગમાં લઈ જાય છે. (૨૧) જે ઉન્મત્ત ગંગાને તીરે કરેલાં વ્રત સ્તોત્ર-મંત્રાદિ જપ, તપ તથા શ્રાદ્ધ, દાન અને પુરાણ પાઠ આદિ સત્કર્મોનું અક્ષય પુણ્ય થાય છે. દેવતાઓ, પિતૃઓ અને મનુષ્યોને તર્પણ કહેતાં હવ્ય કવ્ય અને અન્નાદિ વડે તૃપ્તિ કરવાથી અતિ પ્રસન્ન થાય છે અને આ ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવાથી નાના પ્રકારના અહિંસક યજ્ઞાદિનું પુણ્ય પ્રાપ્ત થાય છે. આથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની કામનાવાળા મનુષ્યોએ હંમેશાં તેમાં સ્નાનાદિ કરાય છે. (૨૨) જન્મથી પાપ પરાયણ અને દુરાચરણોથી પાપી પતિત જનોને સ્નાનમાત્રથી તેમને સ્વર્ગને યોગ્ય કરતી ઉન્મત્તગંગા ઉત્તમ કવિઓએ તેને 'ઉન્મત્તગંગા' નામથી કહેલી છે. પૃથ્વીમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને 'આ મારી છે' આ ભાવથી સ્વીકારેલી ઉન્મત્તગંગાનું માહાત્મ્ય દરરોજ વર્ણન કરતાં હજારમુખવાળા શેષનારાયણ વગેરે કોઈપણ સમગ્ર કહેવા માટે સમર્થ નથી જ. (૨૩) શ્રીહરિ તે સમયે સમગ્ર મુનિવર્યો તથા ભક્તજનોની સાથે ઉન્મત્તગંગામાં જઈને પોતાની અંજલિઓથી જળ અતિ ચપળતાથી સંતો અને હરિભક્તો ઉપર છાંટતા, મુનિ વગેરે ભક્તો પણ પરસ્પર જળ છાંટતા થકા સ્નાન કરવા લાગ્યા. (૨૪) પોતાના દર્શન કરતા જનોના સમુદાયોને આનંદ આપતા શ્રીહરિ મહાપ્રભુએ ઉન્મત્તગંગામાં અગાધ જળમાં પ્રવેશ કર્યો. પોતાના ભક્તસમુદાયથી ગવાય છે કીર્તિ જેમની એવા પોતે પ્રવાહની સન્મુખ ઊભા રહ્યા. (૨૫) પ્રવાહની સન્મુખ ઊભા રહેલા શ્રીહરિને જોનારા મુનિ વગેરે ભાતો ચારેબાજુ વીંટળાઈને ઊભા રહ્યા. ભગવાનના ચરણકમળમાં અથડાઈને વેગથી પડતા, માટે જ પવિત્ર પાણીના મહિમાને જાણતા કેટલાક ભક્તોએ મસ્તકે ચઢાવ્યું તથા પાન પણ કર્યું. (૨૬) જળક્રીડારૂપી લીલા કરતા શ્રીહરિને જોવા માટે ઉત્સાહિત દેવોના સમુદાયો વિમાન દ્વારા તત્કાલ આકાશમાં ભેગા થઈ ભગવાનના દર્શન કરી પૂર્ણ આનંદ પામી ગયા. (૨૭) શ્રીહરિ ચપળતાપૂર્વક કૂદીને તત્કાળ જ જળમાં પ્રવેશ કરીને પોતાને જળમાં શોધનારા મુનિઓને જળમાં ભમાવતા હતા. ત્યારબાદ જળમાં ગતિ કરતા થકા કોઈએ નહિ ધારેલા પ્રદેશમાં પોતાનું મસ્તક બહાર કાઢીને આશ્ચર્ય પમાડતા હતા. (૨૮) જળમાં ફરીથી તત્કાળ જ ડૂબકી મારીને શ્રી હરિકૃષ્ણ નામના પરબ્રહ્મ સ્વસ્વરૂપનું ધ્યાન કરતા થકા જળમાં બહુ સમય સુધી રહેવા છતાં પોતાના જનોના હૃદયમાં આશ્ચર્ય પમાડતા સતા જળથી બહાર નીકળ્યા. (૨૯) તે સમયે મુનિજનો સાથે જળક્રીડા કરતા એવા શ્રીહરિ નાના પ્રકારના તરવાના ભેદો વડે તરતા થકા તરવાના ભેદોને જાણનારાઓના મનમાં આશ્ચર્ય ઉત્પન્ન કરતા હતા. (૩૦) તરવાની લીલાનું આચરણ કરતાં શ્રીહરિની પાછળ ઘણા ઉત્તમ પાર્ષદો અને મુક્તાનંદાદિ ઋષિવર્યો તરવા લાગ્યા. તે સમયે તે પાર્ષદો વગેરે શ્રીહરિને નહિ પામીને ફુત્કારોથી ખૂલી ગયાં છે મુખ જેમનાં અને થાકી જવાથી નિઃશ્વાસ મૂકતા થકા શ્રીહરિને હસાવતા હતા. (૩૧) પરમેશ્વર પોતાના ચરણકમળના સ્પર્શને ઈચ્છતા માટે જ મત્સ્ય કચ્છ વગેરે જળચરરૂપે થઈ જળમાં ઘણા કાળ પર્યંત રહેલા દેવેન્દ્રોને

આનંદ પામાડતા થકા, રાત્રિમાં વિયોગવાળી ઉન્મત્તગંગા નદીને આનંદ પમાડતા થકા શ્રીહરિ જળમાં બહુ કાળપર્યંત રમ્યા. (૩૨) ત્યારબાદ સ્નાન કરી જળમાં જ રહેલા શ્રીહરિ તત્કાળ જળથી જ ઊર્ધ્વપુંડ્ર તિલક કરી શ્વેત કાંતિવાળી મધ્યાહ્ન કાળની સંધ્યાની ઉપાસના કરી ગગનમંડળમાં મધ્યવર્તી સૂર્યનારાયણને જોઈ કોમળ અને સરળ બન્ને હાથ ઊંચા કરી સૂર્યદેવનું ઉપસ્થાન કરવા લાગ્યા. (૩૩) સૂર્યમંડલમાં સ્થિર દૃષ્ટિવાળા, નિશ્ચલ શરીરવાળા મહાન સૂર્ય સંબંધી મહાસુક્તનો ઊંચા સ્વરે પાઠ કરતા, પરસેવાના જળબિંદુઓની પંક્તિઓ રૂપી મોતીઓની માળા જેમના લલાટમાં છે એવા શ્રીહરિને આકાશમાં રહેલા સર્વ દેવગણો આશ્ચર્યથી જોવા લાગ્યા. (૩૪) હે રાજન્ ! શાસ્ત્રવિધિ પ્રમાણે સ્નાન કરી શ્રીહરિની ચારેબાજુ જળમાં ઊભેલા સમગ્ર બ્રહ્મચારીઓ ને બ્રાહ્મણો સૂર્યને એક એક અર્ઘ્યાંજલિ આપીને સરલ ઊંચા હાથોવાળા પંક્તિબદ્ધ સૂર્યમાં અતિ આદરવાળા સૂર્યદેવતાનું ઉપસ્થાન કરવા લાગ્યા. (૩૫) ત્યારે ધર્મરક્ષક ભગવાન શ્રીહરિ સૂર્યોપસ્થાન કરી પ્રથમ વેદ પાઠાત્મક બ્રહ્મયજ્ઞ કરી દેવ, મનુષ્ય, પિતૃતર્પણ કરતા હતા. (૩૬) શ્રીહરિ યજ્ઞોપવીતવાળા થકા અગ્નિ આદિ દેવોને, કંઠાવલંબી યજ્ઞોપવીતવાળા થઈને સનકાદિકોને અને પ્રાચીનવીતી કહેતાં અપસવ્યવાન થઈને પિતૃઓને તૃપ્ત કરતા હતા. એક અંજલિ દેવોને બબે અંજલિ મનુષ્યોને અને ત્રણ ત્રણ અંજલિ પિતૃઓને આપતા હતા. (૩૭) આ પ્રકારે વર્ણિરાજ શ્રીહરિ બ્રાહ્મણો સાથે યથાશાસ્ત્ર માધ્યાહ્નિક કર્મ કરીને પછી રોઝા ઘોડા ઉપર વિરાજમાન થયા. મુનિજનો અને રાજાઓથી સ્તુતિ કરાતા સતા દુર્ગપુરમાં પ્રવેશ્યા. (૩૮) ત્યારપછી શ્રી નારાયણમુનિ માર્ગમાં ભક્તોથી ગવાતા યશને સાંભળતા થકા જેમાં રસોઈ તૈયાર છે એવા ઉત્તમ રાજાના ગૃહમાં જઈને યથાયોગ્ય મુનિઓને જમાડતા હતા. (૩૯) શ્રીહરિ દૂધપાક લાડુ વગેરેથી તૃપ્ત કરેલા મુનિઓને ફરીથી વિશાળ ધર્મશાળામાં જવાની આજ્ઞા આપતા હતા અને પછી સર્વ પોતાના ભક્તજનોને પણ જમવા જવાની આજ્ઞા આપતા હતા. (૪૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! રસાસ્વાદને જીતેલા અને અલ્પાહારી એવા તે શ્રીહરિ ભગવાન પોતાના નિવાસસ્થાનમાં આવી ફરીથી સ્નાન કરી પછી સંસ્કાર કરેલી પૃથ્વીમાં પાક બનાવીને તે પાક પ્રતિમાસ્વરૂપ શ્રી બાલકૃષ્ણને નેવૈદ્ય ધરી પછી વૈશ્વદેવ કરી પોતે જમ્યા. (૪૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવે ઉન્મત્તગંગામાં ભગવજ્જલક્રીડામાંધ્યાહ્નિકવિધિ નિરૂપણનામે તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

●

## અધ્યાય-૧૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપતે ! ભોજન બાદ શ્રીહરિ મહાપ્રભુ મુહૂર્ત માત્ર વિશ્રામ કરી પાર્ષદો સહિત બહાર આવી વેદિકા ઉપર પોતાના સિંહાસન ઉપર વિરાજમાન થયા. (૧) દિવસના ત્રીજા પહોરના અંતે એટલે કે ચોથા પહોરે સ્ત્રીઓ સહિત ભક્તસમુદાય તથા મુનિજનો આવીને અગાઉની પેઠે સભામાં બેસી

ગયા. (૨) ત્યારબાદ પ્રેમાનંદાદિ મુનિપ્રવરો મૃદંગ, વીણા, વેણુ, તંત્રી વગેરે વાજિંત્રોને વગાડતા થકા શ્રીહરિના ગુણગાનવાળાં પદો ગાવા લાગ્યા. (૩) તેટલામાં હે રાજન્ ! શ્રીહરિ નારાયણમુનિ પ્રતિદિન સાંજના સમયે નિયમિત શ્રવણ કરવાની ભાગવત કથાને સાંભળવા પ્રયાગજી નામના ઉત્તમ પુરાણીને પાર્ષદ દ્વારા બોલાવરાવતા હતા. (૪) પ્રૌઢ આકૃતિવાળા, સમગ્ર શાસ્ત્ર અને પુરાણના જ્ઞાતા, વેદાર્થને જાણવામાં વિચક્ષણ, સ્પષ્ટ અક્ષરો વડે પ્રવચન કરનારા, મધુર અને લાંબા સ્વરવાળા, પ્રયાગજી પુરાણી બન્ને હાથથી મુનિઓને પ્રણામ કરતા થકા સભામાં આવ્યા. (૫) બન્ને હાથ જોડી પુરાણીએ શ્રીહરિના ચરણારવિંદમાં આદરપૂર્વક પોતાનું મસ્તક મૂકીને વિનમ્રપણે નમસ્કાર કર્યા અને પાર્ષદોને નમસ્કાર કર્યા. શ્રીહરિ પણ પુરાણી બ્રાહ્મણને યથાશાસ્ત્ર વિનયથી ઊંચા વ્યાસાસનમાં બેસાડીને નમસ્કાર કરતા હતા. (૬)

આ લોકમાં વેદોક્ત ધર્મમાર્ગને રક્ષણ કરવાની ઈચ્છાવાળા બ્રહ્મણ્યદેવ શ્રીહરિ દેવોના સ્વામીઓએ પણ પૂજનીય હોવા છતાં ચંદન, પુષ્પ, કંકુ અને ઉત્તમ ફળો તથા વસ્ત્રાદિ વડે પ્રથમ શ્રીમદ્ ભાગવત પુરાણ ગ્રંથની આદરપૂર્વક પૂજા કરી પછી ઉત્તમ વિપ્ર પ્રયાગજી પુરાણીની પણ પૂજા કરી. (૭) ત્યારપછી પ્રયાગજી નિત્ય વાંચનના અનુક્રમથી આવેલી શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધમાં રહેલી કથા કરતા થકા મંગળાચરણ કરવા લાગ્યા. (૮) શુદ્ધ સુવર્ણના બુટ્ટાદાર ડગલીને ધારી રહેલા, કસુંબલ સુરવાળને ધારી રહેલા, તેમજ રાતા રંગના કાંતિવાળા વસ્ત્રને કેડ્ય ઉપર ધારી રહેલા તથા સુવર્ણના ઘણા હારો, શ્રેષ્ઠ કડાં, બાજુબંધ, નૂપુર, મુગટને ધારી રહેલા અને હાસ્યયુક્ત મુખરૂપી ચંદ્રમાવાળા શ્રીહરિ નારાયણમુનિ મારી દૃષ્ટિ આગળ સદા વિરાજમાન રહો. (૯) શ્રી નારાયણમુનિ સર્વેશ્વર હોવા છતાં પોતાના સંકલ્પથી ધારણ કર્યો છે નરદેહ જેમણે એવા, તથા આનંદોના નિવાસભૂત અને કૃપાસાગર એવા, સંસારસાગરમાં દુઃખ પામતા મનુષ્યોના બાંધવ, તથા સકામ અને નિષ્કામ એવા મનુષ્યો અને દેવોએ ઉપાસના કરાયાં છે ચરણકમળ જેમનાં એવા, સમગ્ર જીવોના અંતર્યામી એવા શ્રી નારાયણમુનિને કથાના પ્રારંભે હું પ્રેમથી નમસ્કાર કરું છું. (૧૦) વિપ્ર પ્રયાગજી પુરાણી આ પ્રમાણે મંગલાચરણ કરી પંચમ સ્કંધ સંબંધી કથા કહેવા લાગ્યા. કથાના પ્રસંગમાં આત્મા-અનાત્માદિ જ્ઞાનના વિભાગને શ્રીહરિ મહાપ્રભુ સ્પષ્ટ કરી કહેતા હતા. (૧૧) દિવાળીના દિવસે પંચમસ્કંધ સંપૂર્ણ થયો માટે શ્રીહરિએ પુરાણીનું પૂજન કરી પોતાનો બહુમૂલ્યવાન ફેંટો તેમને આપ્યો. (૧૨) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુએ બીજાં પણ ધોતી ખેસ વગેરે વસ્ત્રો આપ્યાં તથા કંકણ, વેઢ, વીંટી વગેરે અલંકારો આપીને તે વિપ્રને ઘણું ધન પણ આપ્યું. (૧૩) ત્યારપછી ભગવાને પોતાનો બહુમૂલ્યવાળો અને સુવર્ણાલંકારોથી શણગારેલો તથા રાજાઓ પણ જેની સ્પૃહા કરે તેવો રોઝો ઘોડો આપી દીધો. (૧૪) વિપ્રે વ્યાસાસન પરથી ઊઠીને પ્રભુને નમસ્કાર કર્યા અને મુનિઓના મંડળમાં જઈને બેઠા તેટલામાં સૂર્યાસ્ત થયો. (૧૫) તે સમયે શ્રીહરિના નિવાસસ્થાનમાં વાસુદેવ નારાયણના મંદિરના પ્રાંગણમાં ચતુષ્કોણ અને ચાર દરવાજાવાળ અતિવિશાળ મંગળકારી મંડપ શિલ્પીજનોએ બનાવ્યો. (૧૬) તે મંડપમાં લાંબી એકસરખી અને વાંકી તથા ઊંચી હજારો દીવાઓની સુંદર પંક્તિઓ નાપિતોએ બનાવી. (૧૭)

પછી મંડપથી બહાર વેદિકાઓ ઉપર વાંકા બાંધેલા વાંસડાઓ ઉપર લાંબી જાડી દિવેટોવાળા હજારો દીવાઓ નાપિતો કરતા હતા. (૧૮) ત્યારપછી નારાયણમુનિની આગળ સેંકડો દીપિકાઓ વિરાજતી હતી અને ચાંદીના અંકોડાવાળા દીપયંત્રોમાં સેંકડો મીણબત્તીના દીવાઓ શોભતા હતા. (૧૯) લીંબડાના વૃક્ષ ઉપર પણ ચારે દિશાઓ અને ખૂણાઓમાં કાચની હાંડીઓ-ઝૂમરો વગેરેમાં સ્થાપન કરી સેંકડો દીવાઓ ભક્તજનોએ બાંધેલા શોભતા હતા. (૨૦) સુથાર ભક્તોએ દીવાઓ ચક્રાકાર ફરે એવાં યંત્રો (માંડવીઓ) શ્રી નારાયણમુનિની આગળ નિર્માણ કર્યાં હતાં. આ યંત્રોમાં હજારો દીવાઓ ચક્રાકારે ઘૂમતા હતા. (૨૧) ઉત્તમ મણિઓની પેઠે પ્રકાશિત દીવાઓ શોભતા હતા. તે સમયે તે મંડપમાં અમાવાસ્યાની રાત્રિનો ગાઢ અંધકાર નાશ પામી ગયો. (૨૨) તે મંડપમાં વૈદિક વિપ્રોને તેડાવી નાનાવિધ ઉપચારો વડે સુવર્ણ પ્રતિમા લક્ષ્મીજીની પૂજા કરાવતા હતા. (૨૩) તે સમયે ગીત વાજિંત્રોનો ખૂબ જ ભારે શબ્દ થયો. ત્યારબાદ શ્રીહરિ તે બ્રાહ્મણોને વસ્ત્રાલંકાર અને દક્ષિણાઓ આપતા હતા. (૨૪) પછી હે રાજન્ ! જીવુબાએ મોકલેલા ઉત્તમ રાજા મહાસભામાં શ્રીહરિ સમીપે આવી ખૂબ જ શ્રદ્ધાપૂર્વક પૂજા કરવા લાગ્યા. (૨૫) ત્યારપછી ઉત્તમ રાજાએ શ્રીહરિને રાતા રંગવાળો પાદાગ્ર પર્યંત લાંબો સુરવાળ અર્પણ કર્યો ત્યારે શ્રીહરિ પણ ઉત્તમ રાજાને રાજી કરવા માટે તે સુરવાળને પહેરેલી ધોતી ઉપર જ થોડીવાર ધારણ કર્યો. (૨૬) ત્યારબાદ ઉત્તમરાજાએ શ્રીહરિને અમૂલ્ય સારો ધારણ કરાવ્યો અને પછી લાલવર્ણવાળો સોનાના બુટ્ટાવાળો જામો શ્રીહરિને પહેરાવ્યો. (૨૭) પછી સોનાના તારથી ગૂંથેલા દેદીપ્યમાન છેડાવાળું કસુંબી કટિબંધ વસ્ત્ર શ્રીહરિને અર્પણ કર્યું. ત્યારે શ્રીહરિએ તે કટિવસ્ત્ર કેડ્યે બાંધ્યું. (૨૮) પછી બહુમૂલ્યવાન શ્વેત વર્ણવાળું મંગળકારી એવું અન્ય ઉત્તરીય વસ્ત્ર શ્રીહરિજીને સમર્પિત કરી શ્રીહરિને પ્રણામ કરી તેમની આગળ ઊભા રહ્યા. (૨૯) ત્યારબાદ લલિતાએ બોલાવેલા ઉત્તમરાજા લલિતા પાસે આવ્યા. ત્યારે લલિતાએ અર્પણ કરેલા અલંકારોને લાવી શ્રીહરિજીને અર્પણ કર્યો. (૩૦) ઉત્તમ રાજાએ શ્રીહરિના ચરણોમાં નાની ઘૂઘરીઓના સમૂહવાળાં નૂપુર તેમજ કટિભાગમાં તેવી જ નાની ઘૂઘરીઓવાળો કંદોરો ધારણ કરાવ્યો. (૩૧) શ્રીહરિના બન્ને હાથમાં કડાં, સાંકળાં અને બાજુબંધ તથા દશે આંગળીઓમાં મણિરત્નોથી સુશોભિત વીંટીઓ ધારણ કરાવી. (૩૨) શ્રીહરિના બન્ને કાનોમાં કુંડળ તથા ગળામાં નાના પ્રકારના હારો ધારણ કરાવી બન્ને હાથ જોડી શ્રીહરિને પ્રણામ કર્યા. (૩૩) પછી સ્વયં શ્રીહરિ ઊઠીને ભક્ત સમુદાયને આનંદ પમાડતા થકા મંડપની વચ્ચે રહેલા સિંહાસન પાસે આવી તે પર બિરાજમાન થયા. (૩૪) તે સમયે મંડપમાં દ્રઢપણે કેડ્યને બાંધેલા શ્રીહરિ પોતે તાળી વગાડતા થકા નારાયણનું સંકીર્તન કરવા લાગ્યા. (૩૫) હે રાધાકૃષ્ણ ! હે ગોવિંદ ! હે નરનારાયણ ! હે પ્રભો ! હે વાસુદેવ ! હે હરે ! હે સ્વામિન્ ! આ પ્રકારે ઊંચા સ્વરે નામ સંકીર્તન કરવા લાગ્યા. (૩૬) ત્યારે સર્વે મુનિજનો અને બીજા સર્વજનો હર્ષપૂર્વક અને તાળીઓને વગાડતા થકા શ્રીહરિની સાથે નામ સંકીર્તન કરવા લાગ્યા. (૩૭) તે નામ સંકીર્તનનો સર્વ પ્રકારનાં પાપોના પર્વતોને નાશ કરનારો, ખૂબ મોટો ઘોષ ઉત્પન્ન થયો. તે મહાધ્વનિ સર્વ દિશા વિદિશાઓમાં વ્યાપી ગયો. (૩૮) બે ઘડી પર્યંત આ પ્રકારે

નામ સંકીર્તન કરી પ્રભુ આસન ઉપર બેસી ગયા. પછી સર્વ જનો વિવિધ સ્તોત્રો વડે સ્તુતિ કરી શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. (૩૯) સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના જૂના અને નવા પદ્યબંધ સ્તોત્રો વડે શ્રી નારાયણમુનિની પરમ હર્ષ વડે સ્તુતિ કરી પ્રણામ કરવા લાગ્યા. (૪૦) તે સમયે નૂતન કાવ્ય રચનાના વિશારદ એવા દીનાનાથ ભટ્ટ નામના વિપ્ર બે હાથ જોડી આઠ શ્લોકોના અષ્ટક વડે શ્રીહરિ મહાપ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. (૪૧) મહાતેજના સમૂહમાં સ્ફુરાયમાન ઉત્તમ સિંહાસન ઉપર વિરાજમાન અક્ષર, કાલ, માયાદિના સ્વામી, આંગળીઓના નખનાં કિરણોથી પ્રકાશિત કરેલ છે સભા જેમણે અને શ્વેત છત્રવાળા તથા બન્ને બાજુએ શુદ્ધ સુંદર ચામરો ઢોળેલાં છે એવા શ્રી નારાયણમહામુનિ ! તમોને પામીને હું અત્યંત કૃતાર્થ થયો છું. (૪૨) હે હરે ! મંદ હાસ્યયુક્ત મુખારવિંદવાળા, ચપળ નેત્રો વડે ચોપાસ જોયા છે સ્વાશ્રિતજનો જેમણે એવું શોભાયમાન મોતીઓની માળાઓવાળું, નાના પ્રકારનાં પુષ્પોના તોરાઓ અને મુગટવાળું, દેદીપ્યમાન ઉત્તરીય વસ્ત્રવાળું અને ચરણોમાં સુશોભિત નૂપુરોવાળું તમારું આ દેખાતું રૂપ મારા મનમાં નિત્ય પ્રકાશો. (૪૩) હે શ્રીહરે ! મને દ્રઢ વિશ્વાસ છે કે તમારાં ચરણકમળને આશરેલો જન તમારી કૃપા થકી સંસારરૂપી સાગરના પારને અકસ્માત જ પામી જાય છે. અને અનંતકોટિ બ્રહ્માંડોના તમે જ એક સ્વામી છો એમ જાણીને હું તમારા ચરણકમળનો અતિશય દ્રઢ આશ્રય કરું છું. (૪૪) હે ભગવન્ ! હું મીમાંસાદિ શાસ્ત્રોના વિવિધ સિદ્ધાંતોના સત્ય નિર્ણયને જાણતો નથી. વળી પુરાણ સમૂહોની બહુ કલ્પના આશ્રયવાળી કથાઓ પણ જાણતો નથી. આ લોકમાં દેવતાઓ તથા મુનિઓના વિભિન્ન મનોરંજન વિધિ જાણતો નથી. હે સ્વામિન્! હું તો કેવળ સંસાર વારંવાર ભ્રમણને નાશ કરનારું તમારું શરણ જાણું છું. (૪૫) હે પ્રભો ! મેં આ લોકમાં તમને પ્રાપ્ત કરવા માટે ઉગ્ર તપ તપ્યું નથી. એકાદશી આદિ વ્રતો અને અહિંસાદિ નિયમો, સત્પાત્રોમાં દાનો કર્યાં નથી. યજ્ઞાદિ ઈષ્ટ કર્મ અને વાવ-કૂવા આદિ પૂર્તકર્મ પણ કર્યાં નથી. શ્રવણમનના અભ્યાસની દ્રઢતા પણ કરી નથી. તોપણ તમો મને દ્રષ્ટિગોચર થયા છો તેનું કારણ તમારી અતિશય કૃપા વિના બીજું કાંઈ પણ નથી એમ હું જાણું છું. (૪૬) હે પ્રભો ! પાપસમૂહોથી અત્યંત ગ્રસ્ત તથા ધનાદિ જન્ય મદ, અભિમાન, ક્રોધ, લોભાદિથી અત્યંત ગ્રસ્ત એવા મને તમારાં ચરણકમળનું દર્શન કયા પ્રકારે થાય ? ન જ થાય. હે નાથ ! જો તમો નિરવધિક કરુણાયણા આશરેલા ન હો તો કેવી રીતે થાય ? અહો ! આશ્ચર્યની વાત છે. (૪૭) હે પ્રભો ! સંસારસાગરમાંથી મારા આત્માને મુકાવવા માટે મારી બુદ્ધિનું સામર્થ્ય નથી, અતિદ્રઢ વૈરાગ્યથી પ્રકાશતું આત્મસ્વરૂપના જ્ઞાનનું બળ પણ નથી. ઘણા ઘણા વ્રતનિયમોનું પણ બળ નથી. હે હરે ! નિરતિશય તમારા સંબંધી એક બિરૂદ, પ્રતિજ્ઞા કે મહત્તાને જોઈ તમો, તમારા એવા મને, સંસારસાગરથી ઉદ્ધારો. (૪૮) હે શ્રીહરે ! હું ધર્મોની અતિ ગહન કર્તવ્યસરણીને જાણતો નથી, મંત્રોના શાસ્ત્રોને જાણતો નથી, વિવિધ તંત્ર- આગમના અનુષ્ઠાનને જાણતો નથી, તમારા એકાંતિક ભક્તોએ કરવા યોગ્ય તમારાં ચરણકમળનો પૂજનવિધિ જાણતો નથી. આથી દીનાનાથ નામનો દીન એવો હું તમારા ચરણકમળના જોડલામાં દંડવત્ પડીને નમસ્કાર માત્ર કરું છું. (૪૯) આ પ્રમાણે કરુણાષ્ટક નામના સ્તોત્ર વડે પોતાની સ્તુતિ કરતા દીનાનાથ નામના ભટ્ટ

વિદ્વાન બ્રાહ્મણ ઉપર પ્રસન્ન થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાને તેમને અભયદાન આપ્યું. (૫૦) ત્યારબાદ સર્વ મુનિજનો સર્વેશ્વર શ્રીહરિને વચમાં કરીને પ્રદક્ષિણા કરતા કરતા આદરપૂર્વક કીર્તનો ગાતા હતા. (૫૧) શ્રીહરિને મધ્યમાં રાખી મંડળાકારે ભ્રમણ કરતા અને એકીસાથે તાળીઓ વગાડતા અને કીર્તનનું ગાયન કરતા મુનિઓ શ્રીહરિને પ્રસન્ન કરતા હતા. (૫૨) પછી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ મુનિઓ અને ભક્તજનોને પોતપોતાના સ્થાનમાં જવા માટે આજ્ઞા આપતા હતા, સર્વજનો અને મુનિઓ શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાના સ્થાનમાં ગયા. (૫૩) હે રાજન્ ! શ્રી નારાયણમુનિ આવતી કાલે પ્રભાતે પાક જલદી બનાવવાની રસોયા બ્રાહ્મણોને આજ્ઞા આપી પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૫૪) શ્રીહરિ પોતાના નિવાસસ્થળે સ્નાન કરી પોતાનું નિત્યકર્મ સંધ્યાવંદન અને હોમ કરીને રાત્રિનો પહેલો પ્રહોર વીત્યા પછી પોતાની સેવામાં ઉત્સાહવાળી યોગનિદ્રાને આંખથી લગારેક સંભાવના કરતા હતા. (૫૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
અન્નકૂટોત્સવમાં દીપાવલીમહોત્સવનામે ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥

●

## અધ્યાય-૧૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિએ પ્રેરેલા રસોયા બ્રાહ્મણો પ્રથમથી જ પકવાનો જેમણે કરેલાં છે એવા તેમણે શ્રીહરિની આજ્ઞાથી શાક, દાળ વગેરે કરવાનો આરંભ કર્યો. તેમજ બ્રાહ્મણોની સ્ત્રીઓએ જુદા રસોડામાં શાક, દાળ વગેરે કરવાનો આરંભ કર્યો. (૧) અને તે રાત્રિમાં ઉત્તમરાજાના ઘરમાં જયા, રમા વગેરે ક્ષત્રિય સ્ત્રીઓ અન્ય સ્ત્રીઓ પાસે ચાર પ્રકારનો પાક સિદ્ધ કરાવતી હતી. (૨) ઉત્તમ રાજાના ભવનમાં સર્વ ભક્ત સ્ત્રીઓ નિર્માનીપણે સર્વ કાર્ય કરતી હતી. તે ક્ષત્રિય સ્ત્રીઓનું જે પ્રકારે અધિકારપણું હતું તે હું કહું છું. (૩) હે રાજન્ ! તે ક્ષત્રિય સ્ત્રીઓમાં લલિતાની માતાઓ સોમાદેવી અને સુરપ્રભા પાકને યોગ્ય ચોખા અને દાળ વગેરેનું યથાયોગ્ય શોધન કરતી હતી. (૪) ઉત્તમ રાજાનાં મોટાં બહેન જયા પાક કરનારી સ્ત્રીઓને પ્રેરણા કરવામાં અને તેમને અપેક્ષિત વસ્તુઓ આપવામાં તત્પર રહેતા હતા. (૫) પાકક્રિયામાં વિચક્ષણપણું દર્શાવતી સ્ત્રીઓની લલિતા પ્રશંસા કરતાં હતાં અને પાકક્રિયાને નહિ જાણતી સ્ત્રીઓને પોતે શિખવાડતાં હતાં. (૬) અને રમાબેન પાકશાળામાં તૈયાર થયેલાં ખાજાં અને જલેબીને ચતુરાઈથી ભાંગે નહિ તેમ આખેઆખાં જુદાં જુદાં પાત્રોમાં સારી રીતે ગોઠવતાં હતાં. (૭) વળી અમરી, અમલા અને ક્ષેમા નામનાં બાઈઓ કઢી, વડીઓ અને રાયતાં વગેરેમાં તથા લેહ્ય એવા વિવિધ શાકોમાં પોતાની દક્ષતા બતાવતી હતી. (૮) રતિ, મે સાતિ અને દેવી આ ચાર સ્ત્રીઓ પૂરીઓ અને પોળીઓ કરતી હતી અને તે કરવામાં પોતાની નિપુણતા બતાવતી હતી. (૯) પાક કરવામાં નિપુણ સ્ત્રીઓમાં પ્રસિદ્ધ દૂધપાક, માલપૂઆ, શીરો અને દાળ બનાવતી હતી. (૧૦) અને હે રાજન્ ! ફુલ્લકાં, અદિતિ, અજવા, મલ્લી અને જાહ્નવી નામની સ્ત્રીઓ સુંદર કેસરિયો બિરંજ વગેરે બહુ પ્રકારના ભાત

બનાવતી હતી. (૧૧) યમી અને ફૂલજયા-આ બે બાઈઓ ઉત્તમ ઘૂઘરા બનાવતી હતી તથા બીજી પણ બાઈઓ માંડા વગેરે ખાદ્ય પદાર્થો બનાવતી હતી. (૧૨) તથા પાંચાળી અને તેની નાની બહેન-એ બન્ને બાળાઓ રસોઈ કરનારી સ્રીઓને જરૂરી વસ્તુઓ, મસાલા વગેરે ઘરમાંથી લાવીને વારંવાર આપતી હતી. (૧૩) ઉત્તમ રાજાની બન્ને પત્નીઓ થ૦૦કી ગયેલી રસોઈ કરનારી સ્રીઓને લલિતાના કહેવાથી, તેમની ક્રિયાઓ પોતે કરતી સતી વિશ્રામ આપતી હતી. (૧૪) જીતા તથા માન્યા વગેરે સ્રીઓ પાક કરનારી સ્રીઓને સેવામાં નિરંતર ઉદ્યમયુક્ત થકી લાકડાં, જળ, પાત્રો વગેરે આપવાનું પાત્ર માંજવાની સેવા કરતી હતી. (૧૫) તે પાકશાળામાં ઘી અને તેલથી યુક્ત એલાયચી, લવિંગ, તજ, રાઈ, જીરુ, મરચાં, મરી, ધાણા આદિ દ્રવ્યો વડે સ્રીઓથી કરાતા શાકના વઘારોના વારંવાર છમકારા થતા હતા. (૧૬-૧૭) તે જ પ્રમાણે ઘીમાં તળાતાં-પકાવાતાં વડાં, પૂરીઓ અને માલપૂઆના ઘણા સુડસુડ અવાજો થતા હતા. (૧૮) અને તે પાકશાળામાં પકાવાતા કોમળ સૂક્ષ્મ અણિયાળા શ્વેત ચોખાનો સુગંધ આખા નગરમાં વ્યાપી ગયો. (૧૯) જેમણે સ્વાદ જીત્યો છે એવા જયા, રમા વગેરે સ્રીઓ પાકશાસ્રને જાણનારી જેમ હોય તેમ શ્રીહરિને પ્રસન્ન કરવા માટે જ ચતુર્વિધ પાકોને કરતી હતી. (૨૦) પાકક્રિયામાં પ્રવીણ એવા રસોયા અને કંદોઈ પુરુષો આ સ્રીઓનું પાક ક્રિયામાં ચાતુર્ય જોઈને ગર્વ રહિત થઈ ગયા. (૨૧) પછી પ્રાતઃકાળ થયો ત્યારે પૂજનક્રિયામાં કુશળ પૂજારી બ્રાહ્મણ નવીન વસ્રો અને આભૂષણોથી શ્રીરાધાકૃષ્ણ ભગવાનનું અર્ચન કરતા હતા. (૨૨) વળી વાસુદેવના મંદિરમાં અન્નકૂટની રચના કરવા માટે વિધવિધ રંગોમાં શોભાયમાન સર્વતોભદ્ર મંડળ કરતા હતા. (૨૩) તથા શ્રી વાસુદેવ મંદિરના દ્વારમાં આસોપાલવ અને આંબા વગેરેનાં પાંદડાંઓ વડે તોરણો બંધવાતા હતા અને કેળના સ્તંભોથી મંડપ બાંધતા હતા. (૨૪) ત્યારબાદ શ્રીહરિ વાસુદેવ ભગવાન આગળ પકવાનોથી ભરેલાં પાત્રો સ્થાપન કરવા માટે ચાર ખૂણાવાળા અનુક્રમથી ગોઠવાયેલાં પાટિયાં મૂકતા હતા. (૨૫) પૂજારી બ્રાહ્મણ મધ્યાહ્ન સમયે જે પૂજામાં વિહિત ઉપહારોને સંપન્ન કરી મહાઅન્નકૂટની રચનામાં ઉત્સાહવાળા મુકુંદાનંદાદિ વર્ણીઓની સાથે શ્રી નારાયણમુનિની આજ્ઞાની પ્રતીક્ષા કરતા થકા ઊભા રહ્યા. (૨૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં પાકનિષ્પત્તિનામે પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

●

## અધ્યાય-૧૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિ રાત્રિના છેલ્લા પહોરે જલદી ઊઠીને પોતાના કેટલાક પાર્ષદો સાથે ઉન્મત્ત ગંગામાં પધાર્યા. (૧) ઉન્મત્ત ગંગામાં સ્નાનાર્થે પધારેલા શ્રીહરિને બહુધા જનો જાણતા ન હતા પરંતુ જાગરૂક મુનિજનો સ્નાન માટે ગયેલા શ્રીહરિને જાણીને તેમને અનુસર્યા. (૨) ભગવાન શ્રીહરિ ઉન્મત્ત ગંગામાં વિધિપૂર્વક નિત્યસ્નાન વિધિ કરીને જનોની ભીડના ભયથી જલદી પોતાના

નિવાસસ્થાને પાછા પધાર્યા. (૩) પોતાના મંદિરે ધોયેલાં વસ્ત્રો ધારણ કરેલા શ્રીહરિ મહાપ્રભુ ઊનના આસન ઉપર બેસીને શરીર પર પાંચ જગ્યાએ ઊર્ધ્વપુંડ્ર તિલક કરી સંધ્યાવંદન કરવા લાગ્યા. (૪) ત્યારપછી શ્રીહરિએ ગાયત્રી મંત્રનો જપ કરી અગ્નિમાં હોમ કર્યો અને પછી આદરપૂર્વક પ્રતિમારૂપ બાલકૃષ્ણનું અર્ચન કરી શ્રીકૃષ્ણ અષ્ટાક્ષરમંત્રનો જપ કરવા લાગ્યા. (૫) તેવામાં ઉત્તમ ભૂપતિએ આવી શ્રીહરિ મહાપ્રભુને પ્રણામ કરી ચંદન, ચોખા, પુષ્પો, નવીન વસ્ત્રો અને આભૂષણો વડે શ્રીહરિનું પૂજન કર્યું. (૬) ઉન્મત્ત ગંગામાં સ્નાન કરીને આવેલા શ્રીહરિને જાણી વિસ્મત મનવાળા થકા પોતાના સ્વામી શ્રીહરિની ધન્યાષ્ટક સ્તોત્ર વડે આદરપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. (૭) હે પ્રભો ! જ્યારે તમો મનોહર ગમનવાળાં તમારાં ચરણકમળને ચલાવતા થકા ગતિ કરો છો ત્યારે કમંડલુ અને કંથા ધારણ કરેલા મુનિમંડળ તમોને જોઈને ચોપાસથી તમારી પાછળ ચાલે છે. તે ધન્યભાગી મુનિજનો ચરણની સુંદર ચાલવાની શોભાને જોઈને પાછળ દોડે છે. (૮) હે હરે ! ઉન્મત્ત ગંગાના જળમાં સ્નાન કરવા માટે તમારું ગમન તો સર્વ દેહધારીઓના દર્શનજન્ય સુખ માટે છે આથી પ્રાતઃકાળે સ્નાન માટે ગમન કરો છો ત્યારે તમારું-આપનું શરીર પૃથ્વી ઉપર જોનારાં સર્વ જનોને ધન્યતા આપનારું છે. (૯) હે હરે ! દયા સહિત તમારા જોવાથી નાશ પામ્યો છે આત્મનિષ્ઠ અંધકાર જેમનો એવા આથી જ તમારા વિષયમાં થયેલા પ્રેમથી મધુધારાના નિમિત્તે અશ્રુઓવાળાં, તેમજ ગ્રહણ કરેલાં ફળ અને પુષ્પોથી નમેલાં વૃક્ષો પણ તમારી પૂજામાં તત્પર મુનિજનોની જેમ ધન્યતાને પ્રાપ્ત કરે છે. (૧૦) હે શ્રીહરે ! બહુ પક્ષીગણો પણ તમારું દર્શન કરી, નથી ઉચ્ચારણ કર્યા પોતાની જાતિના શબ્દો જેમણે એવા મૌનવ્રતવાળા અને વૃક્ષની ડાળીઓના આશ્રયે રહેલા, સ્થિર ગાત્રોવાળા, તમારી મૂર્તિના ચિંતવન થકી પરમાનંદની પ્રાપ્તિવાળાં કૃતાર્થ થયેલ છે. (૧૧) હે હરે ! તે સમયે અરણ્યમાં ઉત્પત્તિવાળા હરણાદિ પશુઓ પણ ઊંચી ડોક કરીને તમારાં દર્શનમાં એક મનવાળા થઈને દેહભાનથી રહિત થઈને સમાધિનિષ્ઠ મુનિઓની પેઠે સ્થિર નેત્રવાળા થકા તમારાથી જ આનંદ પામનાર થાય છે તેથી ધન્ય છે (૧૨) હે શ્રીહરે ! સ્નાન માર્ગમાં ભિલ્લ વનિતાઓ-વનચરીઓ તમોને જોઈ અકસ્માત ઘરસંબંધી અને દેહસંબંધી કૃત્યનો ત્યાગ કરીને દોડતી થકી પૃથ્વી ઉપર પડીને પંચાંગ પ્રણામ કરી તમોને નમસ્કાર કરતી થકી આ લોકમાં અતિશય ધન્યતાને પ્રાપ્ત કરે છે. (૧૩) હે મહાપ્રભો ! પોતાના તટ ઉપર આપને પધારેલા જોઈને પુષ્ટતાને પામેલી ઘણા ભક્તિરસથી દ્રવતા અંગવાળી માટે જ પોતાના તરંગોની હારોથી ચંચળ એવી ઉન્મત્તગંગા આનંદના અતિરેકથી અસ્વાધીન ચિત્તવાળી થાય છે માટે ધન્ય છે. (૧૪) ઉન્મત્ત ગંગાના તટમાં રહેલા હંસો પોતાના ગતિચાતુર્યનો ત્યાગ કરી તમારા ઉદાર શીઘ્રગમનના ચિંતનમાં પરમહંસોની માફક બહાર અને અંતરાત્મામાં થયેલાં તમારાં દર્શનથી ધન્ય છે. (૧૫) હે સર્વેશ્વર ! સાધુઓની સાથે જળક્રીડા સહિત સ્નાન કરીને શ્વેતવસ્ત્રો ધારણ કરી મારા ગૃહમાં રહેલા કમળપત્ર સમાન નેતોવાળા અને મંદહાસયુક્ત મુખકમળવાળા તમોને મારા હૃદયમાં ધારણ કરતો એવો હું આ લોકમાં કૃતાર્થ થયેલો ધન્ય માનું છું. (૧૬) હે રાજન્ ! આ પ્રમાણે ઉત્તમ રાજાએ સ્તુતિ કરી ત્યારે અમદાવાદનિવાસી ભક્તજનો, જે જનો

આગલા દિવાળીના દિવસે શ્રીહરિપૂજન-અવસર પામ્યા ન હતા, તેઓ શ્રીહરિના નિવાસસ્થાન બહાર આવ્યા. (૧૭) તે સમયે દ્વારપાલે શ્રી નારાયણમુનિને નિવેદન કરાયેલા શ્રીનગરવાસી ભક્તજનો શ્રીહરિની આજ્ઞાથી ભગવન્મંદિરમાં તત્કાળ આવી પ્રભુજીને પ્રણામ કરી પૂજન કરવા લાગ્યા. (૧૮) સુવર્ણના તારવાળા મહામૂલ્યવાન લાલ રંગના કોમળ જામાઓ તથા સૂક્ષ્મ અને બહુમૂલ્ય લાલ કસુંબી લાંબા સાફાઓ, ઉત્તરીય વસ્ત્રો, કટિબંધનાં વસ્ત્રો તથા કડાં, સાંકળાં વગેરે અલંકારો અને ચંદન, અક્ષત, પુષ્પો, હારો, આરતી, સ્તુતિ વગેરેથી શ્રીહરિની પૂજા કરી, શ્રીહરિ આગળ પતાસાં, સાકર, ફળો વગેરે સમર્પણ કરી, શ્રીહરિની આજ્ઞાથી તે જનો પોતાને ઉતારે ગયા. (૧૯-૨૦-૨૧) ત્યારપછી લાલ રંગવાળાં વસ્ત્રો ધારણ કરેલા પ્રભુશ્રી નારાયણમુનિ બહાર નીબતરુ નીચે રહેલી વેદિકા પાસે આવીને પોતાના સિંહાસન ઉપર વિરાજમાન થયા. (૨૨) તે સમયે સર્વ હરિભક્તો અને મુનિજનો તે સભામાં આવી અગાઉની પેઠે સંઘરૂપે આવી પોતપોતની મર્યાદા અનુસાર બેસી ગયા. (૨૩) તે સમયે પાર્ષદો શ્રીહરિની સેવામાં પૂર્વની માફક રહ્યા. વાજિંત્ર વગાડવામાં નિપુણ ભક્તો વાજિંત્રો વગાડવા લાગ્યા. ગાયકો ગાન કરવા લાગ્યા. (૨૪) તે સમયે શ્રીહરિએ સભામાં બેઠેલા દીનાનાથ ભટ્ટને જોઈને પ્રસન્ન થઈ વિપ્રને પોતાનાં વસ્ત્રો આપી દીધાં. (૨૫) શ્રીહરિએ પોતાના અંગથી જામો, કેડ્યે બાંધેલો રેંટો, બહુમૂલ્યવાળું ઉત્તરીય વસ્ત્ર, પોતાનો સાફો ઉતારીને બ્રાહ્મણે આપી દીધો. (૨૬) શ્રીહરિએ રૂપિયાની ધારથી ભટ્ટનો ખોબો ભરી દીધો તથા યોગીઓએ ઈચ્છિત મોક્ષ માટે વરદાન આપ્યું. (૨૭) તેટલામાં તો ગંગારામ વગેરે મલ્લો પોતાના ઉપર પોતાના ઈષ્ટદેવની દૃષ્ટિ પડે તેથી પોતાના બાહુઓનું તાડન કરતા હતા. (૨૮) કુસ્તી કરવામાં ઉત્સાહવાળા તે ભક્તોને જોઈને શ્રી સ્વામિનારાયણ ભગવાને તેમની પ્રસન્નતા માટે હાથની ચેષ્ટાથી રમવા માટે આજ્ઞા આપી. (૨૯) તે સમયે દૃઢ કચ્છ બાંધેલા તે મલ્લો કૂદવું, બૂમ પાડવી, બાહુ ઉપર ફડાકા બોલાવવા વગેરે ક્રિયાઓથી શ્રીહરિ સહિત સર્વજનોને હસાવતા થકા ખેલ કરતા હતા. (૩૦) બન્ને પગ અને ગોઠણને પિંડની માફક કરીને મલ્લને ઉઠાવવો, તેને ઊંચકીને લઈ જવો, કંઠાદિ અંગમાં ચોટી પડેલા મલ્લને ખસેડી નાખવો, હાથ-પગ વગેરે ચાલી શકે નહિ તેમ તેનું પિંડીકરણ કરવું, અન્ય મલ્લના હાથ-પગથી વીંટળાયેલા પોતાના શરીરને ખેંચી કાઢવું, સામા મલ્લના હાથપગને સાંકળની પેઠે બાંધી રાખવા, પોતાને રોકવા મથતા મલ્લના મસ્તક ઉપર થઈને કૂદી જવું તથા મર્મસ્થલમાં સામા મલ્લને પ્રહાર કરવો વગેરે કળાઓમાં મલ્લોનું કૌશલ્ય જોઈને પ્રસન્ન થયેલા શ્રીહરિએ મલ્લોની પ્રશંસા કરતા અને હસતા થકા તેમને ઘણાં ઘણાં વસ્ત્રો અપાવ્યાં. (૩૧-૩૨) તે સમયે યુક્તિવાક્યોમાં નિપુણ, સમયોચિત વાક્યના ઉચ્ચારણને જાણનારા મહાબુદ્ધિશાળી બ્રહ્માનંદમુનિ હસતા થકા શ્રીહરિને કહેવા લાગ્યા. (૩૩) હે પ્રભો ! તમોએ ગઈકાલે અમોને આજ્ઞા કરેલી કે તમો આવતી કાલે ઈચ્છાનુસાર પૂજન કરજો. તમારી આ આજ્ઞા અમો સાધુઓએ પાળવી કે ન પાળવી ? આ સભામાં ત્યાગીજન સિવાય સૌના પ્રભુપૂજનના મનોરથો સફળ થયા છે. (૩૪) આ પ્રમાણે બ્રહ્માનંદ મુનિએ કહેવાયેલા શ્રીહરિએ સર્વ સંતોને કહ્યું : તમો પણ આજે એક એક આવીને મારું પૂજન

જલદીથી કરો. (૩૫) હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ આજ્ઞા કરેલા સર્વે ત્યાગીઓ અને વર્ણીઓ ઘસેલા ચંદન હાથમાં જેમણે લીધા છે એવા શ્રીહરિનું પૂજન કરવા ઊઠ્યા. (૩૬) ભગવાનની સેવામાં પરાયણ પાર્ષદોમાં શ્રેષ્ઠ મુકુંદાનંદાદિ વર્ણીઓ તથા હર્ષ અને ભક્તિરસ ભરપૂર હૃદયવાળા મુક્તાનંદાદિ અને ગોપાળાનંદાદિ મુનિઓ; દયાથી અતિ ભીંજાયેલી ઉત્તમ દૃષ્ટિવાળા પ્રભુ શ્રીહરિના સમીપે આવીને પૂજન કરવા લાગ્યા. (૩૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં ઉત્તમ રાજાએ ભગવાનની સ્તુતિ કરી. ભગવતો બહિર્વેદ્યુપવેશનામે સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

●

## અધ્યાય-૧૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! મુનિજનો કેસરયુક્ત ચંદન, ચોખા, પુષ્પો અને તુલસીદલો વડે શ્રીહરિનું પૂજન કરતા થકા ભક્તિપૂર્વક પૃથક્ પૃથક્ સ્તુતિ કરવા લાગ્યા. (૧) પ્રથમ મુકુંદાનંદ વર્ણી, સ્તુતિ કરે છે : હે પ્રભો ! મત્સ્ય, કૂર્મ, વરાહ, કપિલ, હરિ, વાસુદેવ, પૃથુ, દત્તાત્રેય, હંસ, નૃસિંહ, ઋષભ, વામન, પરશુરામ, યજ્ઞ, રામ, કુમાર, હયગ્રીવ, નારદ, રાજરાજ વ્યાસ, કૃષ્ણ અને બુદ્ધ વગેરે ઘણા અવતારો ધારણ કરીને પૃથ્વીનાં ઉદ્ધારાદિ કાર્યો તથા ભક્તોનાં કાર્યો કરનારા પ્રત્યક્ષ નારાયણ એવા તમોને હું નમસ્કાર કરું છું. (૨)

**મુક્તાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રભો ! પુષ્પોના શેખરોની પંક્તિઓથી સુશોભિત લલાટમાં વિરાજમાન ઊર્ધ્વપુંડ્ર તિલકવાળા, કલિદોષથી તારનારા, સુંદર કમળપત્રો જેવાં લાંબાં નેત્રો વડે કૃપાકટાક્ષ કરી સંસારથી મુક્ત કર્યો છે જીવોનો સમુદાય જેમણે અને લાલ પટકા વડે કમર કસીને કમર ઉપર રાખેલ છે હસ્તકમળ જેમણે અને બાજુબંધોને ધારી રહેલા તથા મંદહાસ્યવાળા મુખકમળવાળા અને ઘણા સુગંધી મનોહર હારોવાળા એવા તમારામાં મારું મન રહો. (૩)

**ગોપાળાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રભો ! હે શ્રીહરે ! અનેક સૂર્યોના સમુદાયોની માફક કાંતિવાળા, બૃહદ્ બ્રહ્મધામમાં નિવાસ કરનારા, હે કરુણાસાગર ! એકાંતિક ભક્તોના સુખ માટે ધારણ કરેલ છે નરાકૃતિ જેમણે એવા, હે સ્વામિન્ ! હે નારાયણ ! તમો જયકારી વર્તો, તમારી આ મનોહર મૂર્તિ મારી દૃષ્ટિ આગળ સદૈવ નિવાસ કરો. (૪) બ્રહ્માનંદમુનિ સ્તુતિ કરે છે : હે પ્રભો ! આ આગળ દેખાતા તમારા મનોહારી સ્વરૂપને મારું મન એક ક્ષણમાત્ર પણ ત્યાગ ન કરો. લટકતા શેખરોની પંક્તિવાળા હે પ્રભો ! સર્વ જનનો અનાદર કરી મસ્તક વડે તમો જ એક સ્વીકારેલા છો તે સત્ય બીના છે. આમાં કોઈ જાતનો મારા હૃદયમાં લગીરે સંશય નથી. (૫)

**આનંદાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રભો ! સમગ્ર ભક્તોએ ચારે તરફથી પૂજેલા અને વિવિધ નૂતન વસ્રો વડે મનોહર

સેવા તથા મનોહારી રત્નમય અલંકારોથી વિભૂષિત એવા તમોને હું હૃદયકમળમાં સર્વદા ધારણ કરું છું. (૬)

**નિત્યાનંદમુનિ સ્તુતિ કરે છે :**

સ્વભક્ત જનોના હૃદયમાં રહેલા અંધકારને હટાવવાના સ્વભાવવાળા, શોભાયમાન વજ્ર, કમળ, ઊર્ધ્વરેખાવાળાં તમારાં બન્ને ચરણકમળોમાં મારાં બન્ને નેત્રો ભ્રમરપણાને પામો. (૭)

**મહાનુભાવાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રભો ! જે કોઈ મનુષ્ય માત્ર તમારી કથાને જ શ્રવણ કારે તે જન્મમરણરૂપ સંસારમાં ભમતો નથી તો પ્રત્યક્ષ તમોને જોનારને સંસાર હોય જ ક્યાંથી ? -ન જ હોય. આવા મહિમાવાળા તમોને હું સદા ભજું છું. (૮)

**શુકાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રભો ! અલૌકિક તેજવાળા, માયિક ગાઢાંધકારથી પર જે સ્વયં શ્રી વાસુદેવ દિવ્ય શરીરવાળા અતિશય તેજોમય મુક્તોએ સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા, પોતાના અક્ષરધામમાં સદા વિરાજમાન એવા તમો આ મનુષ્યલોકમાં દિવ્ય માનવશરીર જેમણે ધારણ કર્યું છે એવા નારાયણમુનિના નામથી પ્રસિદ્ધ છો. (૯) મનુષ્યલોકમાં સ્વસ્વરૂપના જ્ઞાનનું બોધન કરવા, ભક્તનયનોને આનંદ પમાડવા, ધર્મનું રક્ષણ કરવા માટે જ કૃપા કરી નરાકૃતિ ધારણ કરી છે જેમણે એવા તથા સ્વકીય ભક્તજનોના અંતઃશત્રુઓના નાશ કરનારા, સમાધિમાં પ્રગટ કર્યો છે દિવ્ય વૈભવ જેમણે એવા શ્વેત વસ્ત્રોને ધારણ કરનારા, શ્વેત પુષ્પોના હારોવાળા એવા તમારામાં મારું મન હંમેશાં લાગેલું રહો. (૧૦)

**સ્વયંપ્રકાશનંદ સ્વામીએ પ્રાર્થના કરી :**

જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાઓના સાક્ષીભૂત જીવાત્માના પણ હૃદયકમળમાં રહેતા સાક્ષાત્ દ્દષ્ટા અને પર કહેતાં સર્વથી વિલક્ષણ અને મૂળપ્રકૃતિ વગેરે સર્વ શક્તિઓના ઈશ્વર અને વૈરાજપુરુષ અને હિરણ્યગર્ભપુરુષ તેમના પણ ઈશ્વર કહેતા નિયંતા અને પોતાના અક્ષરધામમાં નિત્ય વિલાસ કરનારા અને મનુષ્યાકૃતિધારી એવા હે પ્રભુ તમારામાં મારું મન નિત્ય રહો. (૧૧)

**આત્માનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રભો ! તમારી સર્વોત્કૃષ્ટ કૃપા થકી પૃથ્વી ઉપર મૂઢ મનુષ્ય પણ પંડિતોથી જિતાતો નથી. આથી હું અખિલ આગમોના એક કારણભૂત તેથી સર્વેશ્વર નારાયણ એવા તમોને ભજું છું. (૧૨)

**ચૈતન્યાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે હૃદયેશ્વર પ્રભો ! પરમહંસ સમૂહથી વેષ્ટિત તમારું સ્વરૂપ મારા હૃદયમાં ધારણ કરું છું. હે ભાગવતધર્મના ઉપદેશક આચાર્યના પણ આચાર્ય ! મારી બુદ્ધિ તમારાથી અન્ય કોઈપણની અભિલાષા ન કરો. હે નાથ ! મારી મતિ આ લોકમાં સદા તમારામાં જ રમણ કરો. (૧૩)

**ભજનાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે હરે ! આ દુઃખમય ભવસાગરમાં પડેલા અને જન્મમરણાદિ કલેશથી પરાભવ પામેલા

જીવસમૂહને ત્રિવિધ તાપ ટાળવાપૂર્વક સ્વભક્ત જનને અત્યંત સુખ પમાડવા સર્વોત્કૃષ્ટ દયા વડે સ્વેચ્છાપૂર્વક મનુષ્યાકારે પ્રગટ થયા છો અને અનંતકોટિ બ્રહ્માંડોના ઉત્પત્તિસ્થિતિપ્રલયના કારણ અને સર્વ જીવાત્માઓના અંતર્યામી એવા તમોને હું હૃદયમાં નિરંતર ધારણ કરું છું. (૧૪)

**પરમ ચૈતન્યાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે ભગવન્ ! સમગ્ર દુઃખોના વિનાશક, સ્વભક્તોના અંતઃકરણને શુદ્ધ કરનારા અને કમળપત્ર જેવાં વિશાળ અને ખંજન પક્ષી સમાન ચંચળ નેત્રો વડે ભક્તજનોને રંજન કરનારા એવા આપને હું નમન કરું છું. (૧૫)

**પરમાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે નારાયણ ! એકાંત શ્રી ભાગવત ધર્મમાં સ્થિતિવાળા અને કાલના ભયથી રહિત એવા મહર્ષિ મુક્તોએ પૂજા કરીને સ્તુતિ કરાતા તથા સ્વતંત્રપણે ધારણ કરેલ છે નરાકૃતિ વેષ જેમણે તથા નર અક્ષરપુરુષના સખા એવા તમોને હું નિત્ય પ્રણામ કરું છું. (૧૬)

**કૃષ્ણાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રભો ! અવ્યાકૃત દેહના અભિમાની શિવજી સંકર્ષણરૂપ તમોને આદરપૂર્વક સેવે છે. વિરાટ શરીરના અભિમાની વૈશ્વાનર નામના વિષ્ણુ પ્રદ્યુમ્નરૂપ તમારી ઉપાસના કરે છે. સૂત્રાત્મા શરીરના અભિમાની હિરણ્યગર્ભ બ્રહ્મા અનિરુદ્ધરૂપ તમારી ઉપાસના કરે છે. આથી હે અખિલ ઈશ્વરોના સ્વામી ! હું સર્વ નિયામક એવા તમોને નમસ્કાર કરું છું. (૧૭)

**ભગવદાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રણતપાલ પ્રભો ! કામદેવના બાણોથી પીડાવાળા, હંમેશાં ઈન્દ્રિયોનું પોષણ કરવામાં આસક્ત નાના પ્રકારનાં તિલકમાળાઓ વગેરેને ધારણ કરવાથી જનોને વિષ્ણુના ભક્તો છે એમ જણાતા, મિથ્યા ગુરુભાવનું નાટક કરતા, અસુર ગુરુઓએ નહિ જોયેલા માર્ગમાં વારંવાર નમસ્કાર કરતા અકિંચન સાંસારિક પદાર્થમાત્રની વાસનાએ રહિત સાધુઓ સ્વામી શોધ્યા છે જેમને એવા તમોને મારા નમસ્કાર હો. (૧૮)

**શિવાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રભો નારાયણ ! તમારું ચરણાવિંદ મારું શરણ હો. આપનું ચરણ કેવું તો કહે છે, ધ્યાતાજનોના મનોરથને પૂર્ણ કરનારું અને સંસારથી તારવામાં કારણભૂત, દયારૂપી આભૂષણરૂપ તથા શરણાગતોની રક્ષા કરનારું છે. (૧૯)

**વાસુદેવાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે નાથ ! સકલમુનિ જનોના સ્વામી, એકાંતક ધર્મ અને તમારી સેવારૂપ આત્યંતિક મુક્તિરૂપી સમુદ્રને વૃદ્ધિ કરનાર ચંદ્રમા સમાન, વિષ્ણુયાગાદિ યજ્ઞો વડે દેવેન્દ્રોને સુખી કરનારા, મારા પ્રાણોના સ્વામી અને મદનો લેશમાત્ર જેનામાં નથી તથા પવિત્ર કર્યા છે અનેક દેશો જેમણે અને ઉત્તમ નટના સમાન વેશવાળા, સુંદર કેશવાળા એવા તમોને હું ભજું છું. (૨૦)

**આત્માનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રભો ! અધર્મના કારણોને ભેદનારા, આત્મજ્ઞાનના પ્રકાશક, દેવતાઓ વડે સ્તુતિ કરાતા, નાસ્તિકવાદને વખોડી કાઢનારા, અંતઃશત્રુઓનો નાશ કરનારા, માનાભિમાનનું મર્દન કરનારા, લલાટમાં કેસરયુક્ત ચંદનવાળા અને હરિપ્રસાદના પુત્ર એવા તમોને હું નમસ્કાર કરું છું. (૨૧)

**કપિલેશ્વરાનંદ મુનિ સ્તુતિ કરે છે :**

હે સ્વામિન્ ! પ્રંચડ જે અંતઃકરણમાં રહેલા કામાદિ શત્રુઓના વિનાશમાં એકવીર અને ગાઢાંધકારના સમૂહના વિનાશમાં ચતુર તથા પાપસમૂહનું વિદલન કરનારો તમારો પ્રતાપ મારા આધ્યાત્મિકાદિ તાપો તથા પાપ સમૂહોને હરો. (૨૨)

**ભૂધરાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે ભગવન્ ! પૃથ્વીને સુખ કરનારા, ક્ષમાના સાગર, શાક્તાદિ ક્ષુદ્ર માર્ગના વિધ્વંસક, પૃથ્વીના રક્ષક, લાખો રાજાઓએ જેમનાં ચરણકમળ સેવેલાં છે એવા બ્રાહ્મણોના રક્ષક, ઇન્દ્રિયોના ક્ષોભે રહિત જ અમૃતને વર્ષાવતી દૃષ્ટિથી જોયેલા પોતાના પ્રિય ભક્તો જેમણે એવા, શ્રી વાસુદેવ પુરુષોત્તમ નારાયણ એવા તમો પૃથ્વીમાં સર્વદા અમારા કલ્યાણને વિસ્તારો. (૨૩)

**યોગાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રભો ! તમારી પ્રસન્નતાથી યમ-નિયમાદિ અષ્ટાંગયોગના અભ્યાસ વગર પણ જનોને તત્કાલ જ ત્રણ અવસ્થાથી વિલક્ષણ સમાધિયોગ તથા તેના અધિપતિપણે તમારી મૂર્તિનો યોગ પ્રાપ્ત થાય છે તેવા તમોને હું ભજું છું. (૨૪)

**પૂર્ણાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે પ્રભો ! શુભ પુષ્પોની માળાવાળા, પાપો અને ત્રિવિધિ તાપોના સમૂહોને નાશ કરનારા, લલાટમાં સુમનોહર ઊર્ધ્વપુંડ્ર તિલકવાળા, સેવક સમૂહોના અનન્ય રક્ષક, પોતાના ભક્તજનોના જન્મોની જાળોને વિનાશ કરનારા, કાળ-માયાને પણ અત્યંત ભયંકર, સુખી છે પરમહંસો જેમણે એવા ધર્મપુત્ર શ્રીહરિને હું ભજું છું. (૨૫)

**ગુણાતીતાનંદમુનિ સ્તુતિ કરે છે :**

હે નારાયણ મુને ! સ્વકીય સહજ સિદ્ધ આનંદવાળા, મંદહાસ્યયુક્ત મધુર ચંદ્રની કાંતિ સમાન મુખકમળવાળા તથા કૃપાસાગર અને રાગદ્વેષાદિથી રહિત, શાંતમૂર્તિ, બહુવિધ આભૂષણો ધારણ કરેલા અને બહુમૂલ્ય વસ્ત્રોથી ઉત્તમ નરના શોભાવાળા, તમારો હું આ લોકમાં આશ્રય પામેલો છું. (૨૬)

**પ્રેમાનંદાદિમુનિઓ સ્તુતિ કરે છે :**

અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિઓના શાસન કરવારૂપ શોભાવાળા તમો જયકારી પ્રવર્તો. આદિકાળમાં પોતાના અવતારભૂત નારાયણની નાભિકમળમાંથી ઊપજેલ બ્રહ્માદિ પોતાની પ્રજાઓના સમૂહોના જન્માદિ દુઃખોને નાશ કરનાર છે પ્રાકટ્ય જેમનું એવા, અનેક ચંદ્રોને પ્રકાશ સમાન પ્રકાશવાળા તમારા નખોની કિરણો વડે નષ્ટ કરેલ છે સ્વભક્તોની હૃદયનિષ્ઠ અંધકાર

જેમણે એવા હે આદિ દેવ ! હે સર્વ કારણના કારણ ! વીજળીની પ્રભા સમાન કાંતિવાળા વસ્ત્રોવાળા હે પ્રભો ! હે સદાનંદ ! હે ગોવિંદ ! આનંદયુક્ત સ્તુતિ કરતા ભક્તજનોને કલ્પવૃક્ષ સમાન તમારું પાદારવિંદ છે, હે સ્વાશ્રિતોના સર્વોત્તમ કલ્યાણ પ્રાપ્તિના સ્થાનસ્વરૂપ, હે અક્ષરધામના અધિપતિ પ્રભો ! આ લોકમાં જેઓને મોક્ષની ઇચ્છા નથી, યજ્ઞયાગાદિથી શ્રીકૃષ્ણના પૂજનની ઇચ્છા નથી, સત્શાસ્ત્રને જોવાની ઇચ્છા નથી તથા ક્ષમા, લજ્જા આદિક ગુણો પણ નથી; પરંતુ વિષયોમાં જ ચલાયમાન ચપલ ઇન્દ્રિયોના જ પોષણમાં રચ્યાપચ્યા રહેનારા, અતિ અશ્લિલ શબ્દોથી પ્રલાપ કરવામાં નિપુણ, અતિ તુચ્છ ઉદ્ધત ક્રિયા કરનારા એવા તે બધા ગુરુ અને રાજારૂપે ઉત્પન્ન થયેલા અસુરો રૂપી શત્રુઓના ક્ષયમાં ઉદ્યમપરાયણ એવા હે પ્રભો ! રાધા, રમા તથા ભવ-બ્રહ્માદિકોએ પૂજેલા એવા કોમળ વક્ષઃસ્થળમાં ક્ષમા રાખનાર, શિવજીના કૈલાસ પર્વત સમાન ઉજ્વળ ઉત્તમ કીર્તિવાળા હે ભગવન્ ! શેષનારાયણ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને નારદાદિથી સ્તુતિ કરાતા, પૂર્ણિમાના ચંદ્રમા સમાન સુશોભિત દિવ્ય મુખકમળવાળા શોભો છો. તમો આશ્રિતજનોના દોષોને નિવારણ કરનારા છો અને હે પ્રકાશાશ્રય ! નિરવધિકાતિશય તેજના આધારભૂત એવા હે પ્રભો ! હે સમગ્ર સુખોના સાગર ! હે રાગાદિ રહિત શાંત અંતઃકરણવાળા ! હે સમગ્ર મુક્ત પુરુષોના સ્વામી ! હે પોતાના ભક્તોનું રક્ષણ કરવા માટે અનેક અવતારો ધારણ કરનારા હે અધમોદ્ધારક, હે પ્રભો ! હે દીનબંધો , હે હરે ! તમો અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૨૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે સર્વ ત્યાગીજનોએ શ્રીહરિની સ્તુતિ કર્યા બાદ બીજા ભક્તો પણ સર્વેશ્વર પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. (૨૮)

**સર્વ ભક્તજનો સ્તુતિ કરે છે :**

આ સ્વામિન્ ! અમો ખૂબ ધન્યભાગી છીએ કેમકે તમારી ઉપાસના વડે અમોએ અમારા કુળને કૃતાર્થ કર્યું છે. અમે તપ, દાન, ધ્યાન, વ્રત, હવન, મૌન વગેરેના ફળની સિદ્ધિવાળા છીએ નહિતર આ દુર્લભ ઉપાસના ક્યાંથી મળે ? પૂર્વે બ્રહ્મા કમળનાળમાં દેવતાઓના સો વર્ષ સુધી શોધતા રહ્યા પરંતુ આપને ન દીઠા. આદ્ય એવા મનુષ્યમૂર્તિ અને સત્યસ્વરૂપ એવા તમારું અમે દર્શન કરીએ છીએ. માટે અમો ધન્ય છીએ. હે નાથ ! સંસારસાગરમાં લુબ્ધ થયેલા પોતાના જનોને ઉદ્ધાર કરવા માટે જાણે અતિ શીઘ્રતાથી દ્દઢ કચ્છવાળી બાંધીને ધારણ કરેલા પીતાંબરને શોભાયમાન લાલ રેશમી વસ્ત્ર વડે બાંધીને રહેલા એવા તમારામાં અમારું ચિત્ત લીન થાઓ. (૩૦) હે નાથ ! અમારી વાણી આપના ગુણસમૂહને જ સર્વદા ગાન કરો, અમારા કાન આપના ચરિત્રને જ સદા સાંભળો, અમારાં નેત્રો લોકમાં આપની મૂર્તિનું જ નિત્ય દર્શન કરો અને અમારું મન આ આગળ દેખાતા આપના સ્વરૂપનું જ નિત્ય ધ્યાન કરો. બીજું કંઈપણ અમોને જોઈતું નથી. (૩૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં સકલમુનિસંઘકૃત ભગવત્ પૂજનસ્તવનનિરૂપણનામે સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

●

## અધ્યાય-૧૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે ભક્ત સમૂહે સ્તુતિ કરાયેલા અને પ્રસન્ન થયેલા પ્રભુ શ્રીહરિ પ્રત્યે થોડેક દૂર ઊભા રહેલાં રતિબાઈ નામનાં સ્ત્રી હાથ જોડીને બોલ્યાં કે હે પ્રભો ! પાક સિદ્ધિ થઈ ગયેલી છે. (૧) ત્યારે શ્રીનારાયણમુનિએ શ્રી રાધાકૃષ્ણની પ્રતિમા આગળ અન્નકૂટની રચના કરવા પૂજારી બ્રાહ્મણને આજ્ઞા કરી. (૨) ત્યારે શ્રી રાધાકૃષ્ણના પૂજનમાં નિત્ય તત્પર એવા દ્વિજ શ્રેષ્ઠ પૂજારીએ યશાશાસ્ત્ર અન્નકૂટની રચના કરી. (૩) તે સમયે શ્રી વાસુદેવાનંદ વગેરે બ્રહ્મચારીવર્યો અન્નકૂટ રચનામાં પકવાન્નથી ભરેલાં પાત્રો આદરપૂર્વક લાવવા લાગ્યા. (૪) હે નરાધિપ ! તે પૂજારી બ્રાહ્મણ યથાવત અન્નકૂટ રચના કરી-કરાવીને ભગવાનને નૈવેદ્ય કરતા હતા. (૫) ત્યારપછી નૈષ્ઠિકવ્રતવાળા શુદ્ધ મુકુંદાનંદ બ્રહ્મચારીએ શ્રીહરિની આજ્ઞાથી મંદિરમાં આવી ભગવાનની આરતી ઉતારી. (૬) ત્યારે શ્રી નારાયણમુનિ ઘંટાનાદ સાંભળી સ્વયં તરત જ મંદિરમાં પધારી બન્ને હાથ જોડી ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિને પ્રણામ કરવા લાગ્યા. (૭) પછી શ્રીહરિ નારાયણ પ્રભુ ઉત્તમ બ્રહ્મચારીઓએ ગોઠવેલ અન્નકૂટ જોવા લાગ્યા. અન્નકૂટ પૂરવામાં બ્રહ્મચારીઓનું બહુ ચાતુર્યની બહુધા પ્રશંસા કરવા લાગ્યા. (૮) સો એ સો છિદ્રોવાળા સુંદર ગોળાકાર શ્વેત અને ઉપરાઉપરી પંક્તિબંધ ગોઠવેલાં એવા ખાજાંને જોયાં. (૯) તે મંદિરમાં બાજોઠો ઉપર દક્ષિણ બાજુથી ગોળાકાર વળબંધ ગૂંચળા વળેલી, કોમળ અને શ્વેતવર્ણવાળી ગોળાકાર જલેબી શ્રીહરિએ જોઈ. (૧૦) પછી વિશાળ પાત્રમાં રાખેલ અને ખૂબ ઘી-સાકરવાળો સુંદર શીરો જોયો તથા ખૂબ ઘી નાખી ટેકરીની પેઠે સ્થાપન કરેલો કંસાર જોયો. (૧૧) પાટલાઓ ઉપર ઉપરાઉપરી સ્થાપન કરેલા ચોખંડા અતિ સુંદર શ્વેત વર્ણવાળા બરફીના ચોસલાઓના ગંજો શ્રીહરિએ જોયા. (૧૨) ત્યારપછી શ્રીહરિએ પેંડા, લાકડશી લાડુ, ગાંઠિયા, ચૂરમાના લાડુ, દળના લાડુ, દહીંથરા અને તળેલા લાડુ જોયા. (૧૩) ત્યારબાદ શ્રીહરિએ સુવાળિયો, શેવો, માંડા, ઘેબર, પૂરીઓ, રોટલીઓ અને દૂધપાક જોયાં. (૧૪) વળી દહીંભાત, દૂધભાત, કેસરિયો ભાત, બિરંજ, મગદાળ, વડાં, તલસાંકળી અને સાકર સહિત ગલસ કરી જોયું. (૧૫) પછી શીખંડ, સુખડી, સુતરફેણી, પતાસાં, ઘૂઘરા, ગુંદરપાક, માલપૂઆ, પુડલા તથા મોતિયા લાડુ વગેરે શ્રીહરિએ જોયા. (૧૬) તે જ પ્રકારે હલવો, સાટા, ઠોર, ઘી-સાકરયુક્ત કેળાં શ્રીહરિએ જોયાં. (૧૭) ત્યારબાદ શ્રીહરિએ મોટાં પાત્રોમાં વિવિધ પ્રકારનાં શાક જોયાં. તજ, લવીંગ વગેરે વડે સંસ્કાર કરેલાં તેમજ દહીં નાંખેલું તુરિયાનું શાક જોયું. (૧૮) તે જ રીતે તજ લવીંગ વગેરેથી છમકારેલાં ગલકાંનું શાક, ગવારફળીનું શાક, ભીંડાનું શાક, રતાળુ અને દૂધીનું શાક શ્રીહરિએ જોયું. (૧૯) અનેક પ્રકારથી બનાવેલું રીંગણાનું શાક, મોગરી અને કંકોડાનું શાક, વાલોળ, કાકડી અને ચીભડાનું શાક શ્રીહરિએ જોયું. (૨૦) પછી ચોળાફળી, કૂણાં પરવળ, ગીલોડાં અને ઉજ્જ્વલ શકરકંદનું શાક શ્રીહરિએ જોયું. (૨૧) સાકરટેટી, કારેલાં, કોળું, સૂરણ, અગથિયાની ફળી, સારી રીતે વઘારેલું પંકોળાનું શાક શ્રીહરિએ જોયું. (૨૨) તેમજ સારી રીતે વઘારેલી મેથી, તાંદળજો, મૂળા, સવા, લુણી, ડોડી તથા ફાંદની ભાજી જોઈ. (૨૩)

રાજગરાની ભાજી, કણઝારની ભાજી વગેરે ઘણાં શાકભાજી જોઈને શ્રીહરિ રાયતાં જોવા લાગ્યાં. (૨૪) દૂધીનું, ચીભડાનું, કોળું, કેળાં, કંદ, દ્રાક્ષ અને ખારેકો તથા સાંગર્યોનું રાયતું જોતા હતા. અને અગ્નિમાં શેકીને પકાવેલું તથા દહીં મેળવેલું અને કલાઈવાળા પાત્રમાં ભરેલું રીંગણાનું ભરથું(ઓળો) જોતા હતા. (૨૫-૨૬) પછી શ્રીહરિએ રાય અને દહીંથી મિશ્રિત કરેલી વડીઓ, દહીંરાઈથી મિશ્રિત વડાં અને દહીંરાઈવાળી અને ફૂલેલી એવી ગોળ ફુલવડી જોઈ. (૨૭) ત્યારપછી બટાટા, કેળાં, રીંગણા, કોળુ, રતાળુ વગેરેનાં અનેકવિધ અને યુક્તિપૂર્વક બનાવેલાં કોમળ અને સારાં ફુલાવેલાં ભજિયાં શ્રીહરિએ જોયાં. (૨૮) પકવાન્ન વગેરેના મધ્યભાગમાં કરેલા શ્વેતવર્ણવાળો, કોલમ અને સુગંધથી દશે દિશાઓમાં વ્યાપતો એવો ભાતનો કરેલો ગોવર્ધન પર્વતને જોયો. (૨૯) પછી ભાતના પર્વતની બાજુમાં રાખેલી ગોળાકાર મોટા તાંબાના પાત્રમાં ભરેલી તુવેરની દાળને શ્રીહરિએ જોઈ. (૩૦) પછી તેલ- મરચાંથી વઘારેલા ચણા, વાલ, વટાણા તથા કઢી, દહીં, મઠો, છાશ અને પાપડ વગેરે શ્રીહરિએ જોયું. (૩૧) ત્યારપછી પ્રભુ શ્રીહરિએ સાકર સહિત ઉકાળેલા દૂધથી ભરેલાં પાત્રો જોયાં. (૩૨) અન્ય પાત્રમાં ભરેલું સાકર મિશ્રિત માખણ તથા નાનાં નાનાં પાત્રોમાં ભરેલાં બહુ પ્રકારનાં અથાણાં શ્રીહરિએ જોયાં. (૩૩) રાઈતાં કેરી, રાઈ-સરસિયાવાળાં કરમદાં, બીલાં, લીંબુ અને મરચાં શ્રીહરિએ જોયાં. (૩૪) લીંબુનો રસ અને લવણયુક્ત રુચિકર એવું આદુ તથા કેરાં અને નાનીમોટી કેરીઓ તથા ધાણાની ચટણી, કોઠાંની ચટણી તથા મીઠું શ્રીહરિએ જોયાં. (૩૫) પછી શ્રીહરિએ શ્રીકૃષ્ણ પ્રતિમા સમીપે સુવર્ણનો બનેલો, તેજોમય, વિશાળ અને પૂર્ણચન્દ્ર સમાન ગોળાકાર અને શ્વેતકાંતિવાળી ચોસઠ ચાંદીની વાટકીઓથી ચોતરફ સુશોભિત, ચિત્તાકર્ષક એવો મોટો થાળ જોયો. (૩૬-૩૭) ત્યારબાદ શ્રીહરિએ તે સોનાના થાળમાં પીરસેલા એકસો આઠ પૂર્વે જોયેલા પદાર્થો જોઈને ખૂબ જ આનંદિત થયા. (૩૮) તે કૃષ્ણમંદિરમાં ભક્તજનો સાથે અન્નકૂટને જોતા એવા શ્રી નારાયણમુનિ ધાર્મિક મર્યાદાનું પાલન કરતા સતા નીચે ભૂમિ ઉપર જ બેસી ગયા. (૩૯) તે સમયે મંદિરમાં શ્રીહરિએ મુક્તાનંદાદિ કવિઓએ પ્રાકૃત ભાષાનાં પદોથી રચેલ કૃષ્ણાવતારમાં કરેલ ગોવર્ધનમહોત્સવનાં કીર્તનો મુનિજનો પાસે ગવરાવ્યાં. (૪૦) તે મુનિઓ ભગવાન મુખારવિંદ સામાં નેત્રોવાળા થકા વીણા, સતાર, કાંસીજોડાં, મૃદંગ, વાંસળી વગેરે અન્ય વાજિંત્રો સાથે ગાવા લાગ્યા. (૪૧) આ પ્રકારે અન્નકૂટ અને આરતીનાં દર્શન કરી પ્રસન્ન થઈ ગયેલા શ્રીહરિ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પૂજાવિધિ સમાપ્ત કર્યો. (૪૨) ત્યારપછી સર્વ મુનિજનો તેમજ અન્ય સર્વજનો અન્નકૂટના મહોત્સવને જોઈને પ્રેમથી જયધ્વનિ કરતા થકા અત્યંત આનંદ પામ્યા. (૪૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ગઢપુરમાં અન્નકૂટના ઉત્સવ ઉપર દર્શને આવેલા શ્રીહરિની ભક્તિ કરનારા, અતિ સુંદર અન્નકૂટ જોનારા મુનિઓ આદિ પુરુષો અને સ્ત્રીઓને અતિ અધિક આનંદ થયો. (૪૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં ભગવદ્ દૃષ્ટાન્નકૂટરચ નાનિરૂપણનામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

# અધ્યાય-૧૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

તે સમયે લલિતાએ શ્રીહરિની આજ્ઞાથી દરરોજ પોતાને પૂજવાની શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ જુદો અન્નકૂટ રચવા માટે ભૂમિપ્રદેશને શુદ્ધ કરીને સર્વતોભદ્ર મંડળ કર્યું. (૧) લલિતાએ પોતાને પૂજવા યોગ્ય ભગવાનને અત્યંત કોમળ આસન ઉપર બેસાડી પીતાંબર, ચંદન, કુંકુમ, કેસર અને પુષ્પહારો વડે જયા વગેરેની સાથે પૂજન કર્યું. (૨) પછી જયાએ દેદીપ્યમાન ભોજનનો મોટો થાળ શ્રીહરિ આગળ મૂકયો. રમાએ ભોજનપાત્રની ચારે બાજુ દૂધપાન માટે ચાંદીનાં પાત્રોની શુભ પંક્તિ કરી અને નાની નાની વાટકીઓ મૂકી. (૩) તે સમયે રતિએ ઉજ્જ્વળ અને જળ ભરેલો ચાંદીનો કળશિયો શ્રીહરિની જમણીબાજુ મૂક્યો. પાંચાલીએ આવીને સુંદર સોનાનું પવાલું ભગવાનની આગળ મૂક્યું. (૪) ત્યારપછી કુમુદાએ સહિત અતિ, ફુલ્લજયા વગેરે સ્ત્રીઓ શ્રીહરિની પ્રસન્નતા માટે પોતપોતાની પીરસવાની ચતુરાઈને પ્રગટ કરતી હોયને શું ? એમ તત્કાળ પીરસવા લાગી. (૫) ત્યારે અમરી, દેવિકા, ક્ષેમા, ફુલ્લા, રમા વગેરે સ્ત્રીઓ હર્ષયુક્ત થકી પોતે બનાવેલા પદાર્થોને શ્રીહરિના ભોજનસ્થળે લાવતી હતી. (૬) ત્યારપછી પોતે બનાવેલા પાકોમાં અતિ અધિક ચતુરાઈથી કરેલી વસ્તુઓ શ્રીહરિની પ્રીતિ માટે તે સમયે પીરસતી હતી. (૭) ભગવાનની પ્રતિમાની આગળ જેમ, તેમ તે શ્રીહરિની આગળ ભોજનથાળમાં પીરસેલા એકસો આઠ પદાર્થોને જોઈને લલિતા શ્રીહરિને અર્પણ કરતી હતી. (૮) રમાબાઈ હસતા થકા લલિતાને કહેવા લાગ્યાં : હે લલિતે ! તમારા પ્રભુને તમો જમો એમ તમે કહો. આ અમો પણ બધાં આ સમયે પ્રભુને ભોજન કરતાં જોવા ઇચ્છીએ છીએ એ નિશ્ચય વાત છે. (૯) હે રાજન્ ! આ પ્રમાણે રમાએ કહેલા લલિતા પણ ભગવાનના મુખારવિંદ સામાં નેત્રો રાખેલાં અને બન્ને હાથ જોડેલાં થકા શ્રીહરિકૃષ્ણ સામે ઊભાં રહી 'હે પ્રભો ! તમે જમો' એવો મનોભાવ જણાવ્યો. (૧૦) તે સમયે પૂજા કરવાની મૂર્તિથી પ્રત્યક્ષ ભાવને પામેલા શ્રી હરિકૃષ્ણ મહારાજ હાથમાં લીધેલ પકવાન્નના ગ્રાસવાળા અને વચ્ચે વચ્ચે સુંદર સ્વાદિષ્ટ જળપાન કરતા અત્યંત આનંદપૂર્વક જમવા લાગ્યા. શ્રીહરિની સમીપમાં રહેલા, હસ્તકમળમાં સુંદર રૂમાલવાળાં, હસતા મુખકમળવાળાં, ચપળ નેત્રોવાળાં સાક્ષાત્ રાધિકાજી શ્રીકૃષ્ણને પંખો ઢોળતાં હતાં. (૧૧) તે સમયે સર્વ સ્ત્રીઓ અને પુરુષો પણ જોનારા ભક્તોને મનોહર એવા પ્રત્યક્ષ શ્રીહરિને આશ્ચર્યપૂર્વક જોવા લાગ્યાં. (૧૨) ત્યારે ભગવાન હરિકૃષ્ણ પોતાનાં ભક્તોને આનંદ પમાડતા થકા રમા નામનાં સ્ત્રીને તે તે પદાર્થોનાં નામોને પૂછતા થકા જમતા હતા. (૧૩) તે ભગવાન આ સ્વાદિષ્ટ વસ્તુ કોણે બનાવી છે ? એમ સ્વાદિષ્ટ વસ્તુ બનાવનારના નામો વારંવાર પૂછતાં શ્રીહરિ પાક કરનાર સ્ત્રીઓની પ્રશંસા કરતા હતા. (૧૪) સર્વ મુનિઓ અને ભક્તજનો તેમજ બધી સ્ત્રીઓ પણ દૂરથી પોતાના સ્વામીને જમતા જોતા થકા અત્યંત આનંદ પામ્યા. (૧૫) પછી મિતાહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ લગાર જમીને ઊઠવાની ચેષ્ટા કરતા હતા તેવામાં લલિતા 'થોડી વાર બેસો' એમ કહીને પ્રભુને જમાડવા માટે અષ્ટપદી ગાવા લાગ્યાં. (૧૬) હે પ્રભો ! તમો ઇચ્છા પ્રમાણે ભોજન કરો. હે કાલભય રક્ષણ સમર્થ

પ્રભો ! તમો ઈચ્છા મુજબ જમો. તમો લીલા કરતા સતા કેમ જલદી ઊઠી જાઓ છો ? હે સહજ સિદ્ધ આનંદવાળા ભગવન્ ! સુંદર એવા આ મારા ઘરમાં ફરીથી લગારેક જમવા માટે બેસો. અતિ ચપલ બાળકના જેવા સ્વભાવનો ત્યાગ કરી હે પ્રભો તમો જમો. (૧૭) હે પ્રભો ! સુંદર ઘી, દૂધ વગેરે રસોને શોભાવનારી સુવર્ણમય વાટકીઓને શોભાવતા એવા, ચારે બાજુથી અતિ તેજસ્વી એવા અને ભોજ્ય વસ્તુઓમાં રુચિને ઉદ્દીપન કરનારા અને ઉદય પામેલા સૂર્ય સમાન આભાવાળા આ સોનાના થાળમાં ધરેલું જમવા યોગ્ય અન્નને આપ આરોગો. (૧૮) ભોજન કરવામાં ચતુર એવા તમો સફેદ સુગંધીયુક્ત ભાત, અત્યંત શ્વેત દૂધપાક, દાળ, દહીં તથા રાઈથી બનાવેલ ખારેકનું રાયતું અને અતિ સુંદર માલપૂંઆ તમો જમો. (૧૯) હે પ્રભો ! આ વિશાળ નિર્મળ માંડા, ઘણાં ઘી-સાકરવાળા લાડુ, ખૂબ રસવાળી દહીંની તર, ફૂલેલી ધોળી પૂરી, અતિ કોમળ રોટલી, પીસેલી અડદની દાળનાં બે વડાં-આ બધું તમો જમો. (૨૦) અને હે પ્રભો ! અતિશય ચતુર સેવિકાઓએ બનાવેલી સફેદ સેવો, બહુદેશમાં ઉત્પન્ન થયેલાં શાકો, ઘીસાકરયુક્ત કેળાં, વળી ઘીમાં પકાવેલાં અને અર્ધ ચંદ્ર સમાન કાંતિવાળા ચંદ્રકાર ઘૂઘરા તમો જમો. (૨૧) હે પ્રભો ! તમોને પ્રિય આ ચીભડું, મરિયાં નાખેલા પાપડ, જલેબીના ગૂંચળા ‘આ ઘાટું દહીં તથા રવૈયાથી વલોવેલું જીરુ મીઠું નાંખેલું દહીં તથા ગરમ કરેલું અને શ્રેષ્ઠ કાંતિવાળા કટોરામાં ભરેલું સુગંધીમાન ઘી તમો જમો. (૨૨) હે શ્રીહરે ! હે પ્રભો ! કપુર, જીરુ, લવણ અને મરીથી મથેલા દહીંમાં નાખેલ અને તમોને રુચિકર અતિ કોમળ આ ભાતને તમો ધીરે ધીરે જમો. હે હરે ! એક કોળિયો પણ તમો છોડશો નહિ. હે પ્રભો! તમો ઈચ્છાનુસાર જમો. (૨૩) હે પ્રભો ! તમારા હસ્તકમળમાં રહેલું, તમોએ નિરંતર જમવા માટે પસંદ કરેલું સાકર નાખેલું આ માખણ ચાટો. ધોયેલાં નવીન વસ્ત્રથી ગાળેલું, વીરણના વાળાની સુગંધથી વાસિત, અત્યંત શીતળ તમારી સમીપમાં મૂકેલું ઉન્મત્ત ગંગાનું જળ પીઓ. (૨૪) અને હે પ્રભો ! કરકમળને ધોઈને પછી મુખકમળને શુદ્ધ કરી સમુચિત મુખવાસ સ્વીકારો પછી મનોહર સિંહાસન ઉપર બિરાજો. પોતાના ભક્તજનોને એકાંતિક ધર્મમર્યાદામાં રાખો અને મારી દૃષ્ટિ સન્મુખ નિવાસ કરો. (૨૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પૂર્વે કહેલાં વચનો વડે ધીરે ધીરે શ્રીહરિકૃષ્ણ ભગવાનને જમાડતાં, મંદહાસયુક્ત મુખવાળા લલિતાની રમા આદિ બાઈઓ પ્રશંસા કરતી હતી. (૨૬) ભગવાન શ્રી હરિકૃષ્ણ પણ વાતો કરવામાં અને સાંભળવાના સ્વભાવવાળા હોય તેમ લલિતા વગેરે સ્ત્રીઓને રાજી કરતા થકા તે સ્ત્રીઓની પ્રસન્નતા માટે વારંવાર થોડું થોડું જમીને ચળુ કરતા હતા. (૨૭) પછી ઈશ્વરમૂર્તિ શ્રીહરિ સમીપે આવીને જયાએ આપેલ પાનસોપારી વગેરે મુખવાસને હસ્તમાં લઈ આરોગ્યા. (૨૮) એટલામાં રાધાજી પ્રભુજીની પ્રસાદિનું અન્ન લગારેક જમી લેતાં હતાં. ત્યારબાદ તે રાધા અને કૃષ્ણ બન્ને તે જ ક્ષણે પ્રતિમાકારે થઈ જતાં હતા. (૨૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યારે શ્રીહરિ નારાયણમુનિ ભગવાન તો પૂર્વોક્ત વૃત્તાંતને સાંભળી હર્ષિત થકા સ્વભક્તોની પેઠે પોતે પણ આશ્ચર્ય પામી ગયા. ત્યારબાદ મુનિન્દ્રો અને પોતાના પાર્ષદો અને અન્ય

જનોને જલદી જમાડવા માટે રસોયાઓને આજ્ઞા આપી. (૩૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં ભગવતઃ પ્રત્યક્ષ ભોજનલીલાનિરૂપણ નામે ઓગણીશમો અધ્યાય થયો. ॥૧૯॥

●

## અધ્યાય-૨૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપતે ! સર્વ સાધુ મુનિજનો શ્રીહરિની આજ્ઞાથી હાથપગ ધોઈ શુદ્ધિ વિધાન કરી જમવા માટે ઉતાવળા થકા ભોજનશાળામાં ગયા. (૧) હે રાજન્ ! શ્રીહરિએ આજ્ઞા આપેલા ત્યાં આવેલા જમનારા સંતોને મુક્તાનંદમુનિએ યથાયોગ્ય પંક્તિબંધ બેસાડ્યા. (૨) સર્વ ત્યાગીજનો પોતપોતાની મર્યાદાપૂર્વક પંક્તિબંધ બેસી ગયા પછી કછોટા ભીડેલા બ્રાહ્મણો કમંડળુઓમાં જળ ભરતા હતા. (૩) પછી શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના પાર્ષદ બ્રાહ્મણો તથા બીજા પણ સેંકડો બ્રાહ્મણોને પીરસવાની આજ્ઞા આપતા હતા. (૪) ત્યારે તે બ્રાહ્મણો પ્રથમ પત્રાવળીઓ આપીને પછી મજબૂત પડિયા આપીને અનુક્રમથી શાકો પીરસતા હતા. (૫) સ્વયં નારાયણમુનિ પણ સ્નાન કરી રેશમી વસ્ત્ર વડે પીતાંબર બાંધી પંક્તિઓમાં ફરતા થકા મુક્તાનંદ વગેરે મુનિજનો પાસે પીરસાવતા હતા. (૬) તે પીરસણીઓમાં મુક્તાનંદ મુનિ તો પીરસવાના કાર્યમાં અભ્યાસ નહોતો તોપણ બુદ્ધિમાન હોવાથી જાણકાર હોયને શું , એમ યુક્તિપૂર્વક પીરસતા હતા. (૭) ત્યારે બ્રહ્માનંદમુનિ તો જલદી જલદી શ્રીહરિને હસ્તલાઘવ બતાવતા થકા તે પ્રભુ અને ભકતજનોને હસાવતા હતા. (૮) ત્યારે મહાનુભાવાનંદ નામના મુનિ પણ બહુવિધ ભક્ષ્યભોજ્ય પદાર્થોનાં નામોને ઊંચા સ્વરથી બોલતા થકા સર્વેને હસાવતા હતા. અને શ્રીહરિને પણ હસાવતા હતા. (૯) ત્યારે શુકાનંદ અને નિત્યાનંદ મુનિઓ પોતાનું પીરસવામાં અતિ ચાતુર્ય હોવાથી શ્રીહરિ સહિત સર્વજનો તમેની પ્રશંસા કરતા હતા. (૧૦) તે સમયે આનંદાનંદમુનિ મુનિઓની સર્વ પંક્તિઓમાં સર્વ પદાર્થો સમાનપણે આપવાની શીઘ્રતાથી શ્રીહરિને આનંદ પમાડતા હતા. (૧૧) શ્યામવર્ણવાળા સ્વયંપ્રકાશાનંદમુનિ શ્રીહરિના ધ્યાનપરાયણ હોવાથી અનુક્રમ વિના જેમ તેમ પીરસતા હતા. (૧૨) તે સમયે પીરસવામાં કુશળ એવા આત્માનંદમુનિ શરીર દુર્બળ હોવા છતાં સર્વ પંક્તિઓમાં ઘડીક વારમાં બધી પંક્તિઓમાં વડાં પીરસી દેતા હતા. (૧૩) ત્યારે મુકુંદાનંદાદિ વર્ણીઓ શ્રીહરિની પ્રસન્નતા માટે સર્વ પંક્તિઓમાં જલેબી અને ખાજાં વગેરે પીરસતા હતા. (૧૪) સર્વ સંતોની પત્રાવળીઓમાં વિવિધ પકવાનો અને બહુવિધ શાકો પરસ્પર ભેગાં ન થઈ જાય તેમ ચતુરાઈથી પીરસતા હતા. (૧૫) પછી સર્વેશ્વર શ્રીહરિએ મુનિજનોના પાત્રોમાં સર્વ વસ્તુઓ પીરસાઈ ગયેલી જોઈને સ્વાશ્રિત મુનિઓને જમવાની આજ્ઞા આપી. (૧૬) હે રાજન્ ! પછી પરસ્પર આજ્ઞા ગ્રહણ કરી સર્વ સાધુજનો ભોજનના વિવિધ સ્વાદોની પ્રશંસા કરતા થકા જમવા લાગ્યા. (૧૭) અતિ સ્વાદિષ્ટ ભક્ષ્યભોજ્યાદિ પદાર્થોને જમનારાઓને અનુક્રમથી આવતી વસ્તુમાં વિશેષપણે રસાસ્વાદ આવતો હતો. (૧૮) ભોજન કરનારા સંતો વારંવાર પોતાના ભોજનપાત્રમાં જલેબી ઘેબર વગેરે પીરસતા

મુક્તાનંદાદિ સંતોને બસ, હવે નહિ એમ હાથ હલાવીને વારતા હતા. (૧૯) પીરસવાની ના પાડતા એવા જમનારા સંતો પાસેથી પાછા વળેલા સરલ બુદ્ધિવાળા પીરસનારા મુનિજનોને શ્રીહરિ હસતા થકા કહેવા લાગ્યા. (૨૦) જમનારા-જનો 'હાંહાં' 'હુંહું' એવો શબ્દ કરે તો પણ પીરસ્યા કરવું; હાથ હલાવીને નિષેધ કરે તો પણ પીરસવું, માથું ધુણાવીને ના પાડે તો પણ પીરસવું; પરંતુ જ્યારે સિંહગર્જના કહેતાં સિંહના જેવો શબ્દ કરે ત્યારે ન પીરસવું . (સમજવું કે હવે જમવાનું પૂર્ણ થયું.) (૨૧) હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ કહેલા પીરસનારા મુનિજનો જમનારા સંતોના પાત્રોમાં સિંહગર્જના પર્યંત મોતૈયાલાડુ પીરસતા હતા. (૨૨) હે રાજન્ ! પછી દૃઢ પીતાંબર બાંધેલા ઉત્કંઠાવાળા શ્રીહરિ નારાયણમુનિ સ્વભક્તોને આનંદ પામડતા થકા સંતોને પીરસવાની લીલા કરવા ઊઠ્યા. શ્રીહરિ સર્વજનોને દર્શન કરવા યોગ્ય દેખાવા લાગ્યા. (૨૩) શ્રીહરિને મુનિજનોને પીરસવાની ઈચ્છાવાળા જાણીને બ્રાહ્મણો અને સંતો પકવાનોથી ભરેલાં પાત્રો હાથમાં લઈ ઝડપથી દોડતા થકા શ્રીહરિની પાસે આવ્યા. (૨૪) તે સમયે શીઘ્રગતિ ચરણોવાળા અને સંતોએ લીધેલા પાત્રોમાંથી બન્ને હાથોથી બબ્બે મોતૈયાલાડુ ગ્રહણ કરીને પંક્તિમાં ક્રમાનુસારે દરેક પાત્રમાં બબ્બે લાડુ મૂકતા અને સ્વકીય ભક્તજનોની પોતાની પ્રસન્નતારૂપ અભિલાષાને પૂર્ણ કરતા, પૂર્ણકામ એવા તથા ઘણી જ હસ્ત લાઘવની શોભાવાળા શ્રીહરિ સર્વ પંક્તિઓમાં વારંવાર ફરવા લાગ્યા. (૨૫) તે શ્રીહરિ મોતૈયા લાડુને જલદીથી પીરસીને અવ્યાકુળ થકા જલેબી પણ પીરસતા હતા. શ્રીહરિની શીઘ્ર પીરસવાની કળા જોઈને સર્વ પીરસનારાઓ પણ આશ્ચર્ય પામી ગયા. (૨૬) આ પ્રમાણે સર્વ પંક્તિઓમાં પીરસીને પ્રસન્ન-વદન શ્રીહરિ 'ધીમે ધીમે પર્યાપ્ત જમો' આ કહીને જળ વડે હાથ ધોવા લાગ્યા. (૨૭) તે સમયે મુકુંદાનંદવર્ણી ઘીથી ભરેલું કમંડળ હાથમાં લઈ મુનિજનોને દૂધપાકનાં પાત્રોમાં મોટી ધારે રેડતા થકા શ્રીહરિને હસાવતા હતા. (૨૮) આ સમયે શ્રીહરિના હૃદગત ભાવને જાણનારા મુકુંદાનંદ વર્ણીરાજ ઊંચા હાથ કરીને પાત્રોમાં ભરેલા પકવાનોવાળા મુનિજનોને મોટેથી કહેવા લાગ્યા. (૨૯) હે મહામુક્તો ! શ્રીહરિની પ્રસાદીભૂત પકવાન કોઈએ પણ કોઈના પણ પાત્રમાં છાંડવું નહિ એવી પરમેશ્વરની આજ્ઞા છે. (૩૦) મુકુંદવર્ણીએ આમ કહ્યું ત્યારે બ્રહ્માનંદમુનિ તે વાક્યને માન આપીને હસતા થકા તે વાક્યને બેત્રણવાર દોહરાવીને સંતોને સંભળાવ્યું. (૩૧) સર્વ જમનારા સંતો પણ પરસ્પર સામું જોતા થકા શ્રી નારાયણમુનિના ભયથી જ સર્વ પદાર્થો ધીરે ધીરે જમી ગયા. (૩૨) ત્યારબાદ પ્રભુ શ્રીહરિ બ્રાહ્મણો પાસે ભાત, કઢી અને ઘણું ઘી પીરસાવી જમનારા સર્વ મુનિજનોને તૃપ્ત કરતા હતા. (૩૩) ત્યારપછી શ્રીહરિએ ભોજન કરી અતિ તૃપ્ત થયેલા અને ચળુ કરેલા સંતોને પોતપોતાના સ્થાને જવાની આજ્ઞા આપી. (૩૪) હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુએ સાધુનિવાસમાં જવા આજ્ઞા આપેલા એવા મુનિસમૂહો ભગવાનના દર્શનની ઉત્કંઠાથી જ્યાં શ્રીહરિનું બહારના ભાગમાં બેસવાનું સ્થાન હતું ત્યાં શ્રી નારાયણમુનિ સમીપે આવીને ઊભા રહ્યા. (૩૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
અન્નકૂટોત્સવમાં સાધુસન્તર્પણનામે વીશમો અધ્યાય થયો. ॥૨૦॥

# અધ્યાય-૨૧

હે રાજન્ ! સંતોને ભોજન કરાવ્યા બાદ પોતાના ક્ષત્રિયાદિ આશ્રિતોને જમાડવાની ઉત્તમ રાજાને શ્રીહરિએ આજ્ઞા કરતાં તેમણે ક્ષત્રિયાદિને જેમ બને તેમ જલદી બોલાવ્યા. (૧) તે સમયે આવેલા અને બે હાથ, બે પગ અને મુખ એમ પાંચને જળ વડે શુદ્ધ કરેલા તે ક્ષત્રિયાદિ ભક્તોને પંક્તિબંધ પોતપોતાની યોગ્યતા પ્રમાણે બેસાડીને તેમને પીરસવાની શ્રીહરિએ સાધુ અને બ્રાહ્મણોને આજ્ઞા આપી. (૨) હે રાજન્ ! તે બ્રાહ્મણોએ ક્ષત્રિયાદિ સર્વેને ચતુર્વિધ ભોજન પીરસી દીધું. તે સર્વ ભક્તો મુનિઓની માફક જ જમતા હતા. (૩) ત્યારે ભગવાન શ્રીહરિ હાસ્ય કરતા અને જમનારા ભક્તોને હસાવતા થકા સ્નેહથી વારંવાર પકવાનો અને શાક વગેરે વારંવાર અપાવતા હતા. (૪) શ્રીહરિ ઉત્તમાદિ પોતાના ભક્તોને તૃપ્ત થયેલા જાણી તેમને પોતાના હાથના પ્રસાદની ઈચ્છાવાળા જાણી પોતે તેમને પીરસવા ઊઠ્યા. (૫) તે સમયે શ્રીહરિ ઊંચા પીઠ ઉપર ઊભેલા તથા વિશાળ કટિતટ ઉપર રેશમી વસ્ત્ર બાંધેલા, નાના પ્રકારનાં પુષ્પોના તોરાઓવાળા, તથા ગુલાબયુક્ત ગૂંથેલા મલ્લિકાના સુગંધી પુષ્પોહારોવાળા બહુવિધ ભક્તોનાં નેત્રકમળોથી રચના કરાયેલા મહા તોરણોની શોભાવાળા, જમનારાઓએ કોળિયા ભરેલા મોઢાઓમાં અસ્ફુટ ઉચ્ચારણ કરેલા ‘જય જય’ એવાં વચનો વડે હસાવેલા, એવા શ્રીહરિ વિશેષપણે શોભતા હતા. (૬) શ્રીહરિએ બોલાવેલા તેથી તત્કાળ આવેલા તથા પકવાન ભરેલાં વિશાળ પાત્રો હાથમાં લીધેલા તથા પાછે પગે ચાલવામાં નિપુણ અને શ્રીહરિના હસ્તકમળ સામા નિશ્ચળ નેત્રોવાળા પીરસનારા સાધુઓ શ્રીહરિની આગળ ઊભા રહ્યા. (૭) તે સમયે મંદહાસ્યયુક્ત મધુર મુખવાળા અને ચરણોની ત્વરિત ગતિવાળા શ્રીહરિ બબ્બે મુનિઓના જોડલાએ પકડેલા પાત્રમાંથી છ અથવા સાત જલેબી પોતાના બન્ને હાથોથી તત્કાળ ગ્રહણ કરી દરેકના પાત્રમાં પીરસતા તથા જેમનાં પાત્રોમાં જમવાની વસ્તુઓ હોવા છતાં પણ ખીલેલાં કમળ સમાન કાંતિવાળા બન્ને હાથો જેમના છે એવા સ્વકીય ભક્તોએ સ્નેહથી પ્રસાદીના મહિમાથી ‘મને આપો’ એમ પ્રાર્થના કરાયેલા શ્રીહરિ સર્વ પંક્તિઓમાં ફરતા હતા. (૮) શ્રીહરિ એકવાર સર્વ પંક્તિઓમાં જલેબી પીરસીને પછી બરફી, ખાજાં અને મોતૈયા વારંવાર પીરસતા હતા. (૯) ઉતાવળથી પીરસનારા શ્રીહરિ મહાપ્રભુ પીરસવાના ચતુરપણાથી વારંવાર સર્વ સ્થળે દેખાવાથી જોનારાં જનોને તે અનેકરૂપવાળા હોયને શું ? એમ દેખાયા. (૧૦) હે સોમભક્ત ! પેંડા ગ્રહણ કરો. હે અલૈયા ! તમો જલેબી લ્યો. આગળ જતાં પંક્તિમાં જીવા ખાચરને જોઈ શ્રીહરિ બોલ્યા : હે જીવાખાચર ! તમો આ કોમળ ખાજું લ્યો. (૧૧) હે વીરવર્મા ! આ મોતૈયા લાડુ લ્યો. હે રતનજી ! તમો બરફી લ્યો. આ પ્રકારે બોલતા થકા શ્રીહરિ સર્વ ભક્તજનોને વારંવાર આપતા હતા. (૧૨) તે સમયે શ્રી નારાયણમુનિના પ્રસાદનું માહાત્મ્ય જાણનારા ભોજન કરનારાઓ પોતે પણ વિસ્મય પામતા થકા ગળા સુધી જમતા હતા. (૧૩) સુરાખાચર અતિ તૃપ્ત થવાથી ફુત્કારે સહિત કોમળ જલેબી જમતા થકા ફરીથી જલેબી આપતા શ્રીહરિને કહેવા લાગ્યા : હે ભગવાન ! હવે મારું પેટ ફાટી જશે. (૧૪) સુરાખાચર પ્રત્યે શ્રીહરિ બોલ્યા : આ જલેબી ભક્ષણમાં કાંઈ જ ચિંતા નથી. કારણ કે જે પુરુષ મોટા પેટવાળો હોય તે પુરુષ

તો વજ્રથી પણ ભેદાતો નથી. (૧૫) નીચું મુખ રાખીને, હાથ હલાવીને નિષેધ કરતા નાજા ભક્તને જોઈને શ્રીહરિએ સ્વહસ્તવડે તેના પાત્રમાં જલેબી મૂકી. (૧૬) તોપણ લગારે નહિ બોલતા એવા નાજ ભક્તને જોઈને શ્રીહરિ હસતા થકા બીજી ત્રણ જલેબી મૂકી ત્યારે નાજભક્તે ઊંચી દૃષ્ટિ કરીને સિંહગર્જના કરી. (૧૭) દૂરથી પોતાના શ્રીહરિને જોઈને માથું ધુણાવતા સોમવર્માને જોઈને શ્રીહરિ તેમની સમીપે જઈને વચન બોલ્યા : (૧૮) હે સોમવર્મા ! વૃદ્ધ એવા તમો ખાદ્ય પદાર્થ ગ્રહણ નહિ કરો તો તમારી બાજુમાં બેઠેલા યુવાન ઉત્તમરાજા લાજથી ગ્રહણ નહિ કરે. આમ કહીને શ્રીહરિએ સોમલાખાચરને સાટા આપ્યા. (૧૯) દૂરથી ખોટી ખોટી સિંહગર્જના કરતા અને દાંતવિહોણા મુખવાળા માતરાધાધલ પાસે તેની ખોટી સિંહગર્જના જાણનારા પ્રભુ પહોંચ્યા. (૨૦) તે માતરાનું પાત્ર ઘીયુક્ત દૂધપાકથી ભરી દીધું ત્યારે તેણે ઊંચા સ્વરે સાચી સિંહગર્જના કરી. (૨૧) પછી શ્રીહરિ હસતા થકા અને બે હાથમાં બબ્બે લાડુ લીધેલા બીજી પંક્તિમાં જઈને હમીરજીના પાત્રમાં ચાર લાડુ મૂકયા અને શ્રીહરિએ બીજા ચાર લાડુ ગ્રહણ કર્યા. (૨૨) પછી હાથો વડે ના પાડતા હમીરજીને શરમાતા જાણીને ફરીથી શ્રીહરિ તેને હાથમાં રાખેલા ચારે લાડુઓને આપી સિંહગર્જના કરાવી. (૨૩) પછી ધીમે ધીમે પાપડને ચાવતા વૃદ્ધ વેરીભાઈ ક્ષત્રિયને જોઈ ‘આ તમારે યોગ્ય છે’ એમ કહીને શ્રીહરિએ તેમને બરફી આપી. (૨૪) સર્વેશ્વર એવા શ્રીહરિ આ પ્રમાણે અગાઉ કહ્યું તેમ સર્વ ભક્તોને સુખ પમાડતા થકા સ્નેહથી વારંવાર ઈચ્છા મુજબ પીરસતા હતા. (૨૫) તે સમયે વિચક્ષણ મુનિજનો પકવાન્ન ભરેલાં પાત્રો લઈને શ્રીહરિની સમીપે જ રહેતા હતા. (૨૬) તે સમયે એક પાત્રમાંથી પકવાન્ન પીરસતાં ખાલી થાય તેટલામાં તો પકવાન્નથી ભરેલું બીજું પાત્ર સંતો શ્રીહરિ આગળ હાજર કરી દેતા હતા. (૨૭) શ્રી નારાયણમુનિની પાછળ ચાલતા બ્રહ્માનંદ મુનિએ ભોજન કરતા ક્ષત્રિય ભક્તોને કહ્યું : હે રાજાઓ ! તમોને આવા પ્રસાદની પ્રાપ્તિ થયેલી છે તે બહુજ દુર્લભ છે એ નિશ્ચય વાત છે. (૨૮) આથી હે રાજાઓ ! તમો એમ પણ જાણો કે આ દેહ તો અનિત્ય જ છે માટે શરીરનો અનાદર કરી નિર્ભય થઈ સંકોચ રહિત થકા જમો ખૂબ જમો. (ભગવાનની કૃપાથી દેહપાત નહિ જ થાય અને કદાપિ થશે તોપણ મુક્તિ થશે, માટે લગીરે ચિંતા કરવી નહિ. (૨૯) હે રાજન્ ! આ પ્રમાણે બ્રહ્માનંદમુનિના કહેવાથી સર્વ ભોજન કરનારા અને સ્વયં શ્રીહરિ પણ હસતા હતા. અને સર્વ પંક્તિઓમાં બધાં પાત્રો ભરાઈ જાય તેમ ખૂબ પીરસતા હતા. (૩૦) આ પ્રમાણે શ્રીહરિ સર્વ જમનારાઓને હસાવતા થકા ઈચ્છા પ્રમાણે પીરસીને હાથ ધોઈને પછી વેદી ઉપર સિંહાસનમાં બિરાજ્યા. (૩૧) આ સમયે શ્રીહરિજીનું લલાટ પરિશ્રમથી થયેલ પ્રસ્વેદનાં બિંદુઓથી મુક્તાફળોની માળા વડે પૂજારી જનોએ અલંકૃત કરેલું હોય તેમ શોભતું હતું. (૩૨) હે રાજન્ ! શ્રીહરિ પ્રસન્ન થઈને અતિ તૃપ્ત થયેલા અને ચળુ કરેલા સર્વજનોને પોતપોતાના સ્થાનમાં જવાની આજ્ઞા આપી. શ્રીહરિએ આજ્ઞા આપેલા જનો સ્વનિવાસે ગયા. (૩૩) સર્વ જનો ગયા પછી ભગવાન શ્રીહરિએ સર્વ પીરસનારા પુરુષો અને પૂર્વે કહેલી ભક્ત સ્ત્રીઓને જમવાની આજ્ઞા આપી પોતાના મંદિરમાં પધાર્યા. (૩૪) પછી ધર્મધારક શ્રીહરિ પવિત્ર થઈ શ્રીકૃષ્ણને માટે પાક કરીને શ્રીકૃષ્ણને નૈવેદ્ય કરીને તેમની પ્રસાદીનું અન્ન જમતા

હતા. (૩૫) પછી પીરસનારાઓ સારી રીતે જમીને પોતપોતાના સ્થાને ગયા. પછી લલિતા સર્વ સ્ત્રીઓને જમાડતાં હતાં. (૩૬) પછી વાળંદો, કુંભારો, અન્નાર્થીઓ અને અન્ય સર્વ દેશાંતરીય જનોને યથાયોગ્ય અન્ન લલિતાએ આપ્યું. (૩૭) આ પ્રસંગે ઉત્તમ રાજાના દરબારમાં 'આપો આપો' અને 'લ્યો લ્યો' એવા શબ્દ નિરંતર સંભળાતા હતા. (૩૮) લલિતા શ્રીહરિની પ્રસાદીનું અન્ન અન્નાર્થીઓને સાયંકાળ સુધી વહેંચતા છતાં અન્ન ખૂટયું નહિ. (૩૯) અન્ન ખૂટ્યું નહિ એ શ્રીહરિના પ્રતાપને જાણતાં છતાં અત્યંત વિસ્મયને પામેલાં લલિતા આળસે રહિત શરીર, વાણી, મનથી શ્રીહરિને ભજવા લાગ્યાં. (૩૯) આ પ્રમાણે હે નરેશ ! શ્રીહરિએ અન્નકૂટનો મહોત્સવ સારી રીતે ઉત્તમ રાજા દ્વારા કરાવ્યો. આથી દાદાખાચરની અન્ય રાજાઓને દુર્લભ એવી ઉજ્જ્વળ કીર્તિ પૃથ્વીમાં થઈ. (૪૦) હે રાજન્ ! જેમ આગલે દિવસે હરિમંદિર તથા પ્રાંગણમાં રાત્રિમાં દીવાઓની પંક્તિ થઈ હતી તેવી જ આ દિવસે પણ થઈ. ત્યાં મોટી સભા પણ થઈ અને શ્રીહરિ મહાસિંહાસનમાં બિરાજ્યા. (૪૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં નિજપાર્ષદોત્તમાદિ નૃપતિમંડલસન્તર્પણે ભગવત્પરિવેષણલીલાનિરૂપણનામે એકવીશમો અધ્યાય થયો.

॥૨૧॥

●

## અધ્યાય-૨૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

સિંહાસન પર વિરાજમાન થયા પછી સભામાં રહેલા સર્વ ભક્તજનોથી જોવાતું છે મુખકમળ જેમનું એવા શ્રીનીલકંઠ મહાપ્રભુ પોતાના સર્વ આશ્રિતો પ્રત્યે કહેવા લાગ્યા. (૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં તમો સર્વે સત્સંગી સંજ્ઞાવાળા છો તે કારણથી સત્સંગી નામ સાર્થકપણે ધારણ કરવું જોઈએ. (૨) સત્સંગ થકી જ ભગવાનના ધામમાં તેમની સેવારૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે એવો આપણા આચાર્ય રામાનંદ સ્વામીનો મત છે આથી પ્રથમ હું સત્સંગ પદના અર્થને સ્પષ્ટ કરું છું. તે તમો સર્વે સાંભળો. (૩) સત્ શબ્દથી પરબ્રહ્મ કહેલા છે અને પરબ્રહ્મના આશ્રિત સાધુઓ સત્ શબ્દથી કહેલા છે. સત્ શબ્દથી પરબ્રહ્મે ઉપદેશ આપેલો ધર્મ કહેલો છે. પરબ્રહ્મ, તેમના સાધુઓ, તેમણે ઉપદેશેલો ધર્મ-આનું પ્રતિપાદન કરનાર શાસ્ત્ર સત્ શબ્દથી કહેલું છે. (૪) આ ચાર 'સત્' પૈકી આ નરાકૃતિ સ્વધામમાં પણ પુરુષાકાર અને માનુષ જન્મમાં પણ દિવ્ય કર્મોથી યુક્ત તથા દિવ્ય થકા નૃનાટ્યધારી વિષ્ણુ આદિ બીજાં નામવાચક જે આ કૃષ્ણ તે જ પરબ્રહ્મ કહેલા છે. (૫) ભગવાને કહેલા ધર્મોમાં સ્થિતિવાળા તેમના ભક્તો હોય તે સાધુ કહેવાય છે. તેમ જ સાક્ષાત્ ભગવાને કહેલો જે ભાગવત ધર્મ તે સદ્ધર્મ કહેવાય છે. (૬) શ્રીમદ્ ભાગવત પુરાણમાં યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞની સમાપ્તિ વેળાએ યુધિષ્ઠિરને નારદજી સદ્ધર્મ કહેતા હતા તે હું તમોને કહું છું. (૭)

**શ્રી નારદજી બોલ્યા :**

હે યુધિષ્ઠિર રાજન્ ! લોકોના ધર્મરક્ષક અને સકલ ઐશ્વર્યસંપન્ન શ્રી નારાયણ ભગવાનને નમસ્કાર કરી તેમના મુખકમળમાંથી સાંભળેલો સનાતન ભાગવત ધર્મ હું તમોને કહીશ. (૮) જે નારાયણ ભગવાન દક્ષપુત્રી મૂર્તિદેવીમાં પોતાના અંશભૂત નર સહિત પ્રગટ થઈ પોતાના ભક્તજનોના મંગલ માટે બદરિકાશ્રમમાં તપ કરે છે. (૯) હે રાજન્ ! સમગ્ર વેદરૂપ ભગવાન શ્રીહરિ ધર્મનું મૂળ છે. વેદાર્થને જાણનારા મુનિજનોની સ્મૃતિઓ પણ ધર્મમૂલ છે. ધર્મથી મન પ્રસન્ન અને સંતુષ્ટ થાય છે. (૧૦) સત્ય, દયા, તપ, શૌચ, તિતિક્ષા, ઈક્ષા (આત્મા-અનાત્માનો વિવેક), શમ, દમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, આર્જવ આર્ત, (૧૧) સંતોષ, સમદૃષ્ટિવાળાઓની સેવા, ગ્રામ્યવિષયોની ઈચ્છાનો ધીરે ધીરે ત્યાગ, નિષ્ફળ ક્રિયાઓ દુઃખરૂપ છે એવું ઈક્ષણ, મૌન, આત્મવિચાર-આ છઃ (૧૨) હે પાંડવ ! ભૂતપ્રાણીમાત્રને યથાયોગ્ય અન્નાદિ પદાર્થોનો સંવિભાગ અને મનુષ્યેતર પ્રાણીઓમાં પોતાના દેવની બુદ્ધિ અને મનુષ્યોમાં અત્યંત આત્મદેવતા બુદ્ધિ આ બે : (૧૩) મહાત્માઓની ગતિરૂપ આ શ્રી પરબ્રહ્મ સંબંધી કથાશ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, અર્ચન, નમસ્કાર, દાસપણું, સખાભાવ અને આત્મસમર્પણ : આ નવ; (૧૪) હે યુધિષ્ઠિર રાજન્ ! સર્વ મનુષ્યોનો આ ત્રીસ લક્ષણવાળો સત્ય આદિ સ્વરૂપવાળો સર્વોત્તમ ભાગવતધર્મ મેં કહેલો છે. જે ભાગવત ધર્મનો આશ્રય કરવાથી સર્વાંતર્યામી શ્રી નારાયણ પ્રસન્ન થાય છે. (૧૫) હે ભક્તો ! આ પ્રમાણે શ્રીનારદજીએ યુધિષ્ઠિરને સત્ શબ્દથી કહેવાતા ધર્મો કહ્યા. હું તમોને તે સત્ય આદિનો અર્થ યથાર્થપણે સંક્ષેપથી કહું છું. (૧૬) તેમાં સત્ય તો પ્રાણીમાત્રનું હિત કરનારું વચન માનેલું છે; દયા તો પારકાના દુઃખોનું નહિ સહન કરવાપણું છે, મિથ્યા મોહરૂપ દયા બંધનકારી થાય છે. (૧૭) જે દયા વડે પોતાની તથા પોતાના અનુયાયીઓની અપકીર્તિ થાય તે દયા અમારા ઉદ્ધવ સંપ્રદાયમાં સંમત નથી. (૧૮) વ્રત, ઉપવાસ અને ચંદ્રાયણાદિ તથા પોતાના વર્ણાશ્રમને યોગ્ય સદાચાર-આ બધું તપ માનેલું છે. શૌચ તો બાહ્ય અને આંતરિક એ બે પ્રકારનું કહેલું છે. (૧૯) તેમાં બાહ્ય શૌચ તો માટી અને જળથી તથા પાપકર્મ કરનારાઓના અસ્પર્શથી થાય છે. તેમજ મદ્ય, માંસાદિના ત્યાગથી તથા વર્ણસંકરતાના હેતુભૂત કર્મોનો ત્યાગ કરવાથી દેહશુદ્ધિ થાય છે. (૨૦) સર્વ જીવોને પોતાની પેઠે શુભ ચિંતન કરવું તથા માનસિક કામાદિ વાસનારૂપ દોષોનું શાસ્ત્રીય શુભ વિચારો વડે શોધન કરવું-આ બે આંતરિક શૌચ કહેવાય છે. (૨૧) દેશ, કાળ અને પ્રારબ્ધકર્મથી જે દુઃખ પ્રાપ્ત થાય તે દુઃખને ધૈર્યપૂર્વક સહન કરવું તે તિતિક્ષા જાણવી. અને સદ્-અસદ્નું વિવેચન તેને ઈક્ષા કહેલી છે. (૨૨) શબ્દાદિ પંચવિષયોથી પણ મનનો ક્ષોભ નહિ થવો તે શમ કહેવાય છે. ક્ષેત્રાદિ બાહ્ય ઈન્દ્રિયોનો શાસ્ત્ર વિરુદ્ધ આચરણથી નિગ્રહ કરવો તે દમ કહેવાય છે. (૨૩) લીખ જેવાં જંતુ આરંભીને મનુષ્ય પર્યંત પ્રાણીમાત્રનો મન, વાણી અને કાયા વડે બુદ્ધિપૂર્વક દ્રોહ ન કરવો તે અહિંસા કહેલી છે. (૨૪) સ્વર્ગપ્રાપ્તિ માટે પણ તીર્થ આદિમાં આત્મઘાત ન કરવો તે પણ અહિંસા કહેવાય છે. બ્રહ્મચર્ય તો ત્યાગીઓને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ કરવો, (૨૫) ગૃહસ્થોને પરસ્ત્રીનો ત્યાગ કરવો તેને બ્રહ્મચર્ય કહેલું છે. તથા

વ્રતો અને શ્રાદ્ધોના દિવસોએ તથા અમાવાસ્યા, પૂર્ણમાસી, વ્યતિપાત અને સંક્રાંતિ વગેરે દિવસોમાં પોતાની સ્ત્રીનો સંગત્યાગરૂપ બ્રહ્મચર્ય કહેલું છે. (૨૬) આઠ પ્રકારે પોતાના સંબંધ વિનાના પુરુષનો ત્યાગ તે વિધવાનું બ્રહ્મચર્ય કહેલું છે અને પોતાના પતિ વિના પુરુષમાત્રના અંગસંગનો ત્યાગ એ સધવા સ્ત્રીઓનું બ્રહ્મચર્ય કહેલું છે. (૨૭) પોતાની પત્ની વિના પોતાને મનગમતી વસ્તુઓનું પોતાની શક્તિ અનુસારે સુપાત્રમાં દાન આપવું તેને ત્યાગ કહેલો છે અને પોતાને યોગ્ય સ્તોત્ર-મંત્રાદિનું પોતાના સામર્થ્ય અનુસાર જપ કરવો તે સ્વાધ્યાય કહ્યો છે. (૨૮) સંતો આગળ કુટિલતાનો ત્યાગ આર્જવ કહેવાય છે. પોતાના પ્રારબ્ધાનુસારે પ્રાપ્ત થયેલાં અન્ન-વસ્ત્રાદિમાં પરિપૂર્ણ બુદ્ધિ તે સંતોષ કહેવાય છે. ચોરીનો ત્યાગ તે પણ સંતોષ કહેવાય છે. (૨૯) બ્રહ્મચર્યવ્રત મુખ્ય જેમાં છે એવા નિર્ભય-નિર્માન એવા નિયમે યુક્ત એકાંતભાવથી શ્રીકૃષ્ણને ભજતા સાધુઓની આગળ નમ્રતાપૂર્વક અનુવર્તન કરવું તે સેવા કહેલી છે. (૩૦) જન્મમરણરૂપ સંસૃતિને આપનારા ગ્રામ્યવૈષયિક સુખથી ધીરે ધીરે નિવૃત્તિ પામવું અને ગ્રામ્યસુખના ઉપભોગ માટે પ્રયત્ન ન કરવો તે ગ્રામ્યે હોપરમ કહેવાય છે. (૩૧) માયિક વિષયસુખની પ્રાપ્તિ માટે અનેકવિધ પ્રયત્ન કરતાં મનુષ્યોના અતિશય દુઃખની પ્રાપ્તિનું દર્શન તે વિપર્યયપ્રેક્ષા કહેલી છે. (૩૨) મિથ્યા પ્રલાપથી બુદ્ધિપૂર્વક નિવૃત્તિ ને મૌન કહેલું છે. દેહથી જીવાત્માના સ્વરૂપને ભિન્નપણે જાણવું તે આત્મવિમર્શન કહેવાય છે. (૩૩) પ્રાણીઓને યથાયોગ્ય અન્ન, જળ વગેરે આપીને જ તેનો ઉપભોગ કરવો તે સંવિભાગ કહેવાય છે. (૩૪) સર્વ ભૂતોમાં અંતર્યામી સ્વરૂપે રહેલા વિષ્ણુ નારાયણને જાણીને નમસ્કાર કરવો પરંતુ દ્રોહ કરવો નહિ તથા માન, મત્સરનો ત્યાગ તેને આત્મદેવતા બુદ્ધિ કહેવાય છે. (૩૫) શ્રી વિષ્ણુ ભગવાનની કથારૂપી અમૃતનું પાન કરવું તેને શ્રવણ કહેવાય છે. અને તેમના ગુણમય ચરિત્રોનું પ્રેમપૂર્વક ગાન કરવું તેને કીર્તન કહેવાય છે. (૩૬) વિષ્ણુ ભગવાનની મૂર્તિનું સર્વદા હૃદયમાં ધ્યાન કે ચિંતન તેને સ્મરણ કહેવાય છે અને તે જ ભગવાનનું નિષ્કપટ ભાવથી સર્વદા અનુવર્તન તેને સેવા કહેવાય છે. (૩૭) પોતાની શક્તિ અનુસારે ભગવાનનું યથાશાસ્ત્ર પૂજન તેને ઈજ્યા કહેવાય છે. તે ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા તે અવનતિ કહેવાય છે. (૩૮) ભગવાનની શુશ્રૂષા કરવી તે દાસ્ય કહેવાય છે. અતિશય સ્નેહપણું તે સખાભાવ કહેલો છે; મન, વાણી અને શરીરથી ભગવાનને આધીન વર્તવું તે આત્મસમર્પણ કહેલું છે. (૩૯) આ પ્રકારે ત્રીશ લક્ષણવાળો સર્વોત્તમ આ ભાગવતધર્મ કહેલો છે. આ પ્રકારે આ અધ્યાયમાં ત્રણ પ્રકારે સત્ શબ્દનો વાચ્યાર્થ યથાર્થપણે મેં નિરૂપણ કરેલો છે. (૪૦) જે શાસ્ત્રમાં સત્ શબ્દ વાચ્ય આ ત્રણ- ભગવાન, સાધુ અને સદ્ધર્મ વર્ણન કરેલાં હોય તે શાસ્ત્ર વિસ્તૃત હોય કે સંક્ષપમાં હોય પણ સચ્છાસ્ત્ર કહેવાય છે. (૪૧) ચાર વેદ, શ્રીમદ્ ભાગવત પુરાણ, વિદુરનીતિ, વિષ્ણુસહસ્રનામ, તથા શ્રીમદ્ ભગવદ્ગીતા, (૪૨) શારીરક સૂત્રો, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ તથા શ્રી વાસુદેવ માહાત્મ્ય આ આઠ શાસ્ત્રો છે તે સચ્છાસ્ત્રો જાણવા. (૪૩) આ આઠ સચ્છાસ્ત્રોને જે સદ્ગ્રંથો અનુસરેલા હોય તે મુમુક્ષુ જનોને હિત કરનારા સદ્ગ્રંથોને પણ અમોએ સચ્છાસ્ત્ર કહેલા છે. (૪૪) આ પ્રકારે સત્ શબ્દનો અર્થ કહ્યો. સત્ શબ્દથી કહેલા પરબ્રહ્મ શ્રીકૃષ્ણનો સંગ તો નિર્વિઘ્નપણે સાક્ષાત્ ભક્તિ કહેતાં

પ્રેમસહિત સેવા કહેલી છે. (૪૫) સત્ શબ્દથી કહેલા સાધુઓનો સંગ તો તેમને પાદસંવાહન આદિ એવા પૂજા અને તેમના વચનમાં સ્થિતિરૂપ કહેલો છે. તથા સત્ શબ્દથી કહેલા ભાગવતધર્મનો સંગ તો મહાઆપત્કાળમાં પણ તેનો ત્યાગ ન કરવો તે ધર્મસંગ કહેવાય છે. (૪૬) અને સત્ શબ્દથી કહેલા શાસ્ત્રનો સંગ તો શ્રીકૃષ્ણ ભક્તિ માહાત્મ્ય જ્ઞાન વગેરેની પુષ્ટિ માટે પ્રેમપૂર્વક તે શાસ્ત્રનું શ્રવણકીર્તન, પાઠન અને શ્રાવણરૂપ કહેલો છે. (૪૭) પૃથ્વી ઉપર જે પુરુષોને સત્ શબ્દ વાચ્ય ભગવાન, સાધુ, સદ્ધર્મ અને સચ્છાસ્ત્ર-એ ચારનો આ પ્રકારનો સંગ હોય તે જનોને ઉદ્ધવ સંપ્રદાયમાં સત્સંગીઓ કહેલા છે. (૪૮) શાસ્ત્રદર્શી આચાર્યોએ આ સત્સંગીઓને એકાંતિક ભક્ત, સંત, ભાગવત, શાત્વત અને સાધુ ઈત્યાદિ શબ્દોથી કહેલા છે. (૪૯) આ સત્સંગી ભક્તો તો દેહાન્તે સર્વોત્તમ ગોલોક ધામને પામે છે જે ધામમાં શ્રી રાધાકૃષ્ણ પ્રભુ બિરાજે છે. (૫૦) જે જનો અગાઉ કહેલા સત્સંગનો ત્યાગ કરી અસત્ પુરુષોના સંગમાં આસક્ત થાય છે તે જનો અસત્ ઈશ્વર, અસત્ સાધુ, અસદ્ધર્મ અને અસચ્છાસ્ત્રોના સંગવાળા કુસંગી જાણવા. (૫૧) કાળ, માયા, સ્વભાવ, અને કર્માદિ તામસ દેવતા-આ બધા સ્વતંત્રપણાના અભાવવાળા હોવાથી અસદ્ ઈશ્વરો કહેલા છે. (૫૨) ભગવાન વિષ્ણુનો ત્યાગ કરી કાળ-માયાદિની ઉપાસના કરનારાઓ શ્રુતિ-સ્મૃતિથી વિરુદ્ધ વેશાચારવાળા સાધુ નામધારી અર્થાત્ અસત્ સાધુઓ કહેલા છે. (૫૩) દંભ, માન, કલેશ, ક્રોધ, હિંસા, લોભ અને કામ વગેરે જેમને છે એવા મત્સર રસાસ્વાદાદિ અધર્મસર્ગથી ઉત્પન્ન થયેલા પાપમાં કારણભૂત દોષો ધર્માભાસવાળા અસત્ ધર્મો કહેલા છે. (૫૪) ત્રણ શ્લોકમાં વર્ણવેલા અસત્ ઈશ્વર, અસત્ સાધુ અને અસદ્ ધર્મ આ ત્રણ સ્વેચ્છાથી જે શાસ્ત્રમાં વર્ણવેલું હોય તે શાસ્ત્ર નાનું હોય કે મોટું તે અસચ્છાસ્ત્ર કહેલું છે. (૫૫) અને અસત્ શબ્દ વાચ્ય એ ચારેમાં જે જનો આસક્ત થાય છે તે જ જનો દંભી, ધર્મત્યાગી, પાખંડી, નાસ્તિક અને અસુરાદિ સંજ્ઞાવાળા કુસંગી કહેલા છે. (૫૬)

જે જનો અસદ્ બુદ્ધિવાળા એ કુસંગીઓ પાખંડી ગુરુઓથી ધન, સ્ત્રી આદિના ગ્રહણ કરવાથી વારંવાર ઠગાયેલા પાખંડી ગુરુઓનો ત્યાગ કરે છે. (૫૭) ત્યારપછી તે કુસંગીજનો સત્પુરુષોનો આશ્રય કરે છે. સત્પુરુષોનું શીલ આચરણ ઘણું જ દુષ્કર જોઈને તે સત્પુરુષોનો પણ ત્યાગ કરીને પછી વ્યભિચારથી ઊપજેલા અસત્પુરુષોનો આશ્રય કરી વાનરજાતિની માફક ક્રીડા કરે છે (સ્ત્રીઓમાં આસક્ત થાય છે). (૫૮) પછી શિષ્ય સંજ્ઞાવાળા તે કુસંગી જનો દેહાંતે કૂડાદિ ગુરુઓની સાથે ઘોર નરકોને પામે છે-આમાં જરા પણ સંશય નથી. (૫૯) હે ભક્તો ! આ પ્રકારે સત્સંગના અર્થરૂપ દીપ મેં પ્રગટ કરેલો છે. તેનાથી સત્સંગ શબ્દાર્થને જાણીને પ્રતિદિન સતપ શબ્દ વાચ્ય ઈશ્વર, સંત, સદ્ધર્મ, સચ્છાસ્ત્ર વગેરે દરરોજ સંગ કરવા યોગ્ય છે. (૬૦) માટે જે પુરુષ કુત્સિત સંપ્રદાયરૂપ અંધકારને નાશ કરનાર આ સત્સંગ દીપકને શ્રવણ-કીર્તન વડે આશ્રય કરે છે તે પુરુષ સંસારના બંધનના કારણ રૂપ અજ્ઞાનરૂપ મહાંધકારથી મુક્ત થાય છે અને પોતાનું ઈચ્છિત અને પરમ સુખને પામે છે. (૬૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીહરિ ભગવાનના આશ્રયવાળા તે ભક્તજનો ગુરુ એવા શ્રીહરિનું તે વચન સંશયે રહિતપણે સાંભળી મસ્તકો નમાવી સ્વીકાર કરતા હતા. પછી શ્રીહરિએ આજ્ઞા આપેલા તે જનો પોતપોતાના નિવાસસ્થાને ગયા. પછી શ્રીહરિ પણ પોતાના નિવાસસ્થાને પધાર્યા. (૬૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
અન્નકૂટોત્સવમાં સત્સંગદીપકપ્રકાશનનામે બાવીશમો અધ્યાય થયો. ॥૨૨॥

●

## અધ્યાય-૨૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પછી યમદ્વિતીયા જે કારતક સુદ બીજને દિવસે ઉત્તમરાજાએ ઘણાં ઘીસાકરવાળા દૂધપાક પૂરી વગેરે ભોજન પદાર્થો વડે સંતોને જમાડીને તૃપ્ત કર્યા. (૧) તે ભાઈબીજની રાત્રિમાં સભામાં સિંહાસનમાં બિરાજમાન અને પૃથ્વી ઉપર ફરવાની મુનિજનોને આજ્ઞા આપવાની ઈચ્છાવાળા શ્રીહરિ મહાપ્રભુને ઉત્તમરાજા નમસ્કાર કરી કહેવા લાગ્યા. (૨)

**ઉત્તમરાજા બોલ્યા :**

હે ભક્તવત્સલ ભગવાન ! હમણાં અન્નકૂટોત્સવ પ્રસંગે લલિતાના સર્વ મનોરથ તમોએ સર્વ પ્રકારે પૂર્ણ કર્યા. (૩) સમીપમાં આવેલા પ્રબોધિની ઉત્સવમાં પણ જયાની સેવા સ્વીકારી, લલિતાની માફક તેના પણ મનોરથ પૂર્ણ કરવા જોઈએ. (૪) હે સ્વામિન્ ! સર્વ મુનિઓ પણ કાર્તિકી પૂનમ સુધી અહીયા જ સુખપૂર્વક રહો એવી મારી પ્રાર્થના છે. (૫) દેશાંતરથી આવેલા બ્રાહ્મણો વગેરે પણ પૂર્વની માફક મારે ઘેરથી અન્નાદિ ગ્રહણ કરો. હું તો કેવળ નિમિત્ત છું, કર્તા-કારયિતા તો તમો જ છો. (૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે ઉત્તમ રાજાનું વચન સાંભળી દૂર ઊભેલા, જયાને જોતા એવા મંદહાસ્યથી સુંદર મુખકમળવાળા શ્રીહરિ 'તમે કહો છો એમ થાઓ'-એમ બોલ્યા. (૭)

પછી ઉત્તમ રાજા જયાની પાસે જઈને શ્રીહરિનું વચન શ્રીહરિએ કહ્યું હતું તે પ્રમાણે કહેતા હતા તે જયા પણ ખૂબ પ્રસન્ન થકા લલિતાની પેઠે પ્રબોધિની ઉત્સવની સામગ્રી એકઠી કરવા લાગ્યાં. (૮) ભગવાન શ્રીહરિ સર્વ મુનિજનો તથા દેશાંતરથી આવેલા ભક્તજનોને કહેવા લાગ્યા : હે મુનિઓ ! હે ભક્તો ! તમો સર્વે પૂર્ણિમા સુધી ગઢપુરમાં જ નિવાસ કરો. (૯) અહીંયાં જે બ્રાહ્મણાદિ કાચું સીધુ વગેરે ગ્રહણ કરનારા હોય તે બધા અગાઉની પેઠે ઉત્તમરાજાના મોદી વાણિયાની ઘેરથી જ ગ્રહણ કરો. (૧૦) અને જે જનો તૈયાર રસોઈ જમનારા હોય તેમણે તો ઉત્તમ રાજાને ઘેર તેર દિવસ સુધી દરેક સમયે જમવું. (૧૧) આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહેલા

બ્રાહ્મણ વગેરે તે જનો જેમ શ્રીહરિએ કહ્યું તે પ્રમાણે કરતા હતા અને બીજા ભક્તજનો ઉત્તમ રાજાથી સત્કાર કરાયા થકા સુખપૂર્વક નિવાસ કરતા હતા. (૧૨) ત્યારબાદ ઉત્તમ રાજા દરરોજ ભક્તિભાવથી ઘણા જ ઘીસાકરવાળા પદાર્થો વડે મુનિજનો, બ્રાહ્મણ ક્ષત્રિયાદિ સર્વેને યથેષ્ટ પ્રસન્ન કરતા હતા. (૧૩) ભગવાન શ્રીહરિ પણ ઉત્તમ રાજાને સંભાવના કરતા થકા નૃપમંદિરમાં જયા દ્વારા વિવિધ પ્રકારનાં ભોજનો કરાવતા હતા. (૧૪) હે રાજન્ ! રમા અને લલિતા છે મુખ્ય જેમાં એવી સ્ત્રીઓ સર્વે માનરહિત થકી અન્નકૂટોત્સવની માફક જ પાકસિદ્ધિ વગેરે કરતી હતી. (૧૫) જયા પણ લલિતાની પેઠે શ્રીહરિમાં પરાભક્તિને પ્રાપ્ત કરી કાર્તિક સુદી ત્રીજથી આરંભીને પ્રબોધિનીના ઉત્સવકાર્યમાં તત્પર થયાં. (૧૬) પ્રભાશંકર વગેરે બ્રાહ્મણો અને ગંગાબા વગેરે બ્રાહ્મણ સ્ત્રીઓ પણ આદરયુક્ત પૂર્વ ઉત્સવની માફક જ પાક કરવા લાગી. (૧૭) શ્રીહરિ પણ દ્દઢ કમર કસીને તે રાજમંદિરમાં પાક વગેરે કરાવતા થકા લલિતાની માફક જયાને આનંદ પમાડતા હતા. (૧૮) ઉદાર બુદ્ધિવાળા દાદાખાચર શ્રીહરિની આજ્ઞાથી પોતાની બેન જયા દ્વારા મહાદાનો કરાવવા માટે દાનમાં આપવા યોગ્ય પદાર્થો મંગાવતા હતા. (૧૯) શ્રીહરિ મહાપ્રભુ દરરોજ સભામાં વિવિધ પ્રશ્નોત્તરો વડે સર્વ જનોને સંશયરહિત કરતા થકા આનંદ પમાડતા હતા. (૨૦) કાર્તિક સુદી ત્રીજના દિવસે પ્રદોષ સમયે ભગવાનની આરતી પછી શ્રીકૃષ્ણ નામસંકીર્તન કરી સભામાં રહેલા શ્રીહરિ પોતાના ભક્તજનોને કહેવા લાગ્યા : (૨૧) હે ભક્તો ! જે ભક્તજનને કંઈ પૂછવું હોય તે મને પૂછો. કારણ કે સંદેહે રહિત જેમ થાય તેમ સેવન કરેલાં ભક્તિ-ધર્મ સિદ્ધિને આપનારાં થાય છે. (૨૨) હે રાજન્ ! તે સમયે સભામાં બેઠેલા હેમંતસિંહ રાજા વંશે સહિત પોતાના હૃદયમાં સદ્ધર્મની પુષ્ટિની કામના કરતા થકા વિનયપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરી પૂછવા લાગ્યા. (૨૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં દુર્ગપુરમાં મુન્યાદ્યાવાસનનામે ત્રેવીશમો અધ્યાય થયો. ॥૨૩॥

●

## અધ્યાય-૨૪

**હેમંતસિંહ રાજા બોલ્યા :**

હે ભગવન્ ! આ ઉદ્ધવ સંપ્રદાયમાં સ્ત્રી પુરુષોને જે સાધનથી ધર્મરક્ષા થાય તેવું સાધન તમો મને કૃપા કરીને કહો. (૧) હે પ્રભો ! શ્રીકૃષ્ણ સંબંધી એકાંતિક ભાગવત ધર્મોમાં જે પ્રકારે સ્થિતિ થાય અને જે પ્રકારે નિત્ય શ્રીહરિની ઉપાસના થાય તેમ સારી રીતે તમો કૃપા કરીને કહો. (૨)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે રાજન્ ! હું સદ્ધર્મના રક્ષણનો ઉપાય તમોને કહું છું તે સાંભળો. સત્ શાસ્ત્રમાં માનેલો મુખ્ય સદ્ધર્મના રક્ષણનું સાધન સત્ શબ્દ વાચ્ય સાધુઓનો સમાગમ જ જાણવો. (૩) દૈવી સંપત્તિ યુક્ત એવા સ્ત્રી-પુરુષોના સમાગમથી (તે પણ પુરુષોને પુરુષ સંગ અને સ્ત્રીઓને સ્ત્રી સંગરૂપ મર્યાદાપૂર્વક) સદ્ધર્મ અને ઉપાસનાનું બળ વૃદ્ધિ પામે છે અને આસુરી સંપત્તિવાળાના સમાગમથી સદ્ધર્મ અને

ઉપાસનાનું બળ ક્ષીણ થઈ જાય છે. (૪) ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના નિરૂપણમાં તથા બાહ્ય વેષ ધારણમાં તો દૈવી સંપત્તિવાળા અને આસુરી સંપત્તિવાળા પુરુષો અને સ્ત્રીઓનું સરખાપણું છે. (૫) તે બન્ને પૈકી દૈવી સંપત્તિવાળા ભક્તજનો પોતાના કલ્યાણાર્થે અને શ્રીહરિ પ્રસન્નાર્થે નિષ્કપટપણે સર્વદા સ્વધર્માદિનું આચરણ કરે છે જ. (૬) આ લોકમાં આસુરી સંપત્તિવાળા દાંભિક ભક્તો તો સ્ત્રી, દ્રવ્ય, રસ અને માનાદિની પ્રાપ્તિ માટે કપટથી અને કેવળ વાણી માત્રથી જ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાર્તાને કહે છે. (૭) મુખથી ફૂંકીને છાનોમાનો કરડનારા ઉંદરની પેઠે આસુરી સંપત્તિવાળા જનો ધીમે ધીમે ધર્માદિની વાતો કરીને કહેતાં પ્રથમ લોકોને ઠગવા સારુ ધર્માદિની પ્રશંસા કરીને પછી તે ધર્માદિના મૂળનું છેદન કરે છે. (૮) માટે આ ઉદ્ધવ સંપ્રદાયમાં મનુષ્યોને જે પ્રકારે સત્-અસત્‌નું જ્ઞાન દૈવી સંપત્તિયુક્ત સાધુ અને આસુરી સંપત્તિવાળા અસુરનું વિવેકથી જ્ઞાન થાય તેનાં લક્ષણો હું કહું છું. (૯) હે રાજન્ ! સ્વતંત્ર એવા કરુણાસાગર ભગવાન શ્રીહરિ નિરવધિકાતિશય ઐશ્વર્યવાળા પોતે જીવોના આત્યંતિક કલ્યાણ માટે પૃથ્વી ઉપર પ્રગટ થાય છે. (૧૦) અને તે ભગવાનના નરનારાયણ, દત્તાત્રેય, ઋષભદેવ, કપિલ વગેરે તથા રામ, કૃષ્ણ વગેરે ઘણા અવતારો થાય છે. (૧૧) તે અવતારો ધર્મ, સાધુઓ અને દેવતાઓનો દ્રોહ કરનાર દુષ્ટ અસુરોને મારી આ ભૂતલમાં ધર્મની પ્રવૃત્તિ કરાવે છે. તે અવતારોનું મુમુક્ષુઓએ સેવન કરવું જોઈએ. (૧૨) ભગવાનના અવતારો જે પ્રકારે અસુરોને મારે છે તે અસુરો જેવા છે અને જે પ્રકારે ઉત્પન્ન થાય છે તે શ્રીમદ્ ભાગવતમાં કહેલું છે તે સર્વ હું તમોને કહું છું. (૧૩) પૂર્વે સૃષ્ટિના આરંભકાળમાં બ્રહ્મા પોતાની સૃષ્ટિની વૃદ્ધિ કરનારી પાંચ પર્વવાળી અવિદ્યાને પોતાની અબુદ્ધિરૂપ છાયાથી સ્રજતા હતા. (૧૪) તમ, મોહ, મહામોહ, તામિસ્ર, અંધતામિસ્ર આ પાંચ અવિદ્યા પર્વ કહેવાય છે. (૧૫) બ્રહ્માએ આ પાંચ પર્વાત્મક અવિદ્યા સર્જીને જે શરીર વડે અવિદ્યા સર્જી તે શરીરનો ત્યાગ કર્યો. બ્રહ્માએ ત્યાગેલું શરીર અંધકારમયી રાત્રિ થઈ જે રાત્રિઓમાં અસુરોનું બળ વિશેષ હોય છે. (૧૬) અવિદ્યાની ઉત્પત્તિના કારણભૂત શરીરમાંથી ઉત્પન્ન થયેલા અને બીજા બ્રહ્માની જાંઘમાંથી ઉત્પન્ન થયેલા યક્ષ અને રાક્ષસ નામના અસુરો બ્રહ્માંડના સર્વ જીવોના દુઃખના કારણભૂત થયા. (૧૭) તે સમયે બ્રહ્માના પશ્ચાત્ ભાગથી ઉત્પન્ન થયેલા અધર્મથી કામાદિ સર્ગ ઉત્પન્ન થયો. કામ, લોભ, મદ, ઈર્ષ્યા, ક્રોધ, હિંસા, માયા, કલિ, ભય, મોહ, મત્સર, માન વગેરે જેમાં છે એવા અસુર કુળના નાયકો સર્વે અસુરદેહોમાં અવકાશ પામીને સુખપૂર્વક નિવાસ કરી રહ્યા. (૧૮-૧૯) તે સમયે કામાદિ અધર્મસર્ગના પ્રવેશવાળા નિર્દય એવા અસુરો મૈથુન કરવા, માંસભક્ષણ કરવા અને રક્તપાન કરવા માટે બ્રહ્માની જ પાછળ દોડ્યા. તે સમયે બ્રહ્માએ અસુર દૂષિત દેહનો ત્યાગ કર્યો. (૨૦) બ્રહ્માએ ત્યાગ કરેલ દેહ સાયંતની સંધ્યા થઈ. મૂઢમતિના અસુરો સ્ત્રીરૂપિણી સંધ્યાને પામ્યા. કામાદિ દોષથી કલુષિત અસુરો ત્રણે લોકમાં ભમતા થકા ત્રણે લોકને પીડવા લાગ્યા. (૨૧) દુરાત્મા અસુર યક્ષરાક્ષસોને આ લોક પરલોકમાં ભોગ માટે અધર્મસર્ગ જ એક મુખ્ય સાધન થઈ પડ્યા. (૨૨) તે પછી બ્રહ્માએ પ્રભારૂપ તનુ વડે વિદ્યા, તપ, યોગ, સમાધિરૂપ બળે સંપન્ન થઈને દેવો, ઋષિઓ, મનુઓ અને મનુષ્યોનું આદરપૂર્વક

સર્જન કર્યું. (૨૩) ત્યારપછી તે જ બ્રહ્માના જમણા સ્તનમાંથી સાક્ષાત્ ધર્મ પ્રજાપતિ પ્રગટ થયા. આ ધર્મ પોતાના પરિવાર સહિત દેવાદિકમાં નિવાસ કરીને રહ્યા. (૨૪) શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, હ્રી અને મૂર્તિ-આ તેર ધર્મની પત્નીઓ છે. (૨૫) જેમ લક્ષ્મીજી વિષ્ણુ નારાયણને અને ભવાની શંકરને અનુસરેલાં છે તેમ આ શ્રદ્ધા આદિ શક્તિઓ બ્રહ્માપુત્ર ધર્મને અનુસરેલી છે. (૨૬) શુભ, સુખ, પ્રસાદ, ક્ષેમ, અભય વગેરે તે ધર્મના પુત્રો છે. તે આ પરિવાર સાથે ધર્મ દેવાદિમાં સુખપૂર્વક નિવાસ કરે છે. (૨૭) તે દેવાદિને તો આ સપરિવાર ધર્મ જ સર્વત્ર દેશમાં સર્વત્ર કાળમાં ઇચ્છિત સુખસાધન થયો. (૨૮) અધર્મ તથા તેના વંશભૂત કામાદિનાં શરીરો બંધન કરનારી અવિદ્યામય જાણવા તથા ધર્મ અને તેના વંશભૂત શ્રદ્ધાદિનાં શરીરો મોક્ષ કરનારી વિદ્યાશક્તિમય જાણવા. (૨૯) શ્રીહરિ કહે છે કે વંશે સહિત ધર્મ દૈવી સંપત્તિ છે અને વંશે સહિત અધર્મ આસુરી સંપત્તિ છે આ પ્રકારે હરિગીતામાં મારાં માતા પ્રત્યે મેં વિસ્તારથી કહેલું છે. (૩૦) દૈવી સંપત્તિ મોક્ષ કરનારી છે અને આસુરી સંપત્તિ બંધન કરનારી છે; દેવતાઓમાં દૈવી સંપત્તિ રહેલી છે અને અસુરોમાં આસુરી સંપત્તિ રહેલી છે. (૩૧) દૈવી સંપત્તિયુક્ત દેવોમાં પણ દેશ, કાળ, ક્રિયા, સંગના વિષમપણાથી કદાચિત વંશે સહિત અધર્મ આવી જાય છે ત્યારે દેવો પણ અસુર શબ્દથી કહેવાય છે. (૩૨) જેમ દેવોના પણ ઇન્દ્રે ઇન્દ્રાણીના પ્રસંગથી પારિજાત વૃક્ષ માટે કૃષ્ણ ભગવાન સાથે અસુરેન્દ્રની માફક ઘણું યુદ્ધ કર્યું હતું. (૩૩) કદાચિત ઉત્તમ એવા દેશાદિકના યોગથી આસુરી સંપત્તિવાળા અસુરોમાં પણ દૈવી સંપત્તિ પ્રવેશ કરે છે ત્યારે તે અસુરો પણ દેવ માનેલા છે. (૩૪) પ્રહ્‌લાદજી દૈત્યના પુત્ર હતા છતાં નારદજીના સંગથી દૈવી સંપદાને પામીને ભગવાન નારાયણના સર્વોત્તમ ભક્ત થયા. (૩૫) માટે જ પ્રહ્‌લાદના પૌત્ર બલિરાજાએ તેમના સમાગમથી અસુરી ભાવનો ત્યાગ કરીને દૈવી સંપદાએ કરીને ભગવાનને પોતાને વશ કરી લીધા. (૩૬) મનુષ્યોમાં પણ સત્ અને અસત્ એવા દેશકાળાદિના પ્રસંગથી દેવ અને આસુર નામ બનાવનાર દૈવી અને આસુરી બન્ને સંપત્તિઓ વર્તે છે. (૩૭) દૈવી સંપત્તિવાળા મનુષ્યો પણ અશુભ દેશકાળાદિકના યોગથી આસુરી સંપત્તિને પામીને અસુર નામને જ પામે છે. (૩૮) જેમ દ્રોણ, ભીષ્મ વગેરે કલિના અવતારભૂત દુર્યોધનનો સંબંધ અને પછી દુર્યોધનની પ્રાર્થના માત્રથી અધર્મમાં રુચિવાળા થયા. (૩૯) પાતાલવાસી અસુરોએ જેમાં પ્રવેશ કર્યો તેવા દ્રોણ, ભીષ્મ વગેરે પ્રથમ દૈવી સંપત્તિવાળા હતા તોપણ અસુરોની પેઠે સાક્ષાત્ નરનારાયણરૂપ કૃષ્ણ-અર્જુન સાથે યુદ્ધ કરતા હતા. (૪૦) કાર્ય કરી લીધા પછી અસુરો તેમના શરીરમાંથી નીકળી ગયા ત્યારે દ્રોણ, ભીષ્મ વગેરે ફરીથી ધર્મનો આશ્રય કરી ભગવત્ ભક્તિપરાયણ થયા. (૪૧) આ લોકમાં ક્યારેક આસુરી ક્રિયાવાળા મનુષ્યો શુભ દેશકાળાદિના યોગથી દૈવી સંપત્તિને પ્રાપ્ત કરી દેવ નામને પ્રાપ્ત કરે છે. (૪૨) કંદર્પ અને પિંગલા આદિક દત્તાત્રેય ભગવાનના સમાગમથી આસુરી ક્રિયાઓનો ત્યાગ કરી દેવતાની પેઠે પૂજવા યોગ્ય થયાં હતાં. (૪૩) શુભ આદિ વંશે સહિત ધર્મ અને દંભ આદિ વંશે સહિત અધર્મ વડે આશ્રિત આત્માવાળા તે દેવ અને અસુરોને પરસ્પર વેર સ્વાભાવિક છે. (૪૪) પરસ્પર જીતવાની ઇચ્છાવાળા દેવો અને અસુરો

આમતેમ પોતપોતાના શત્રુઓનાં છિદ્રોને જોતા થકા પોતપોતાનાં જૂથો સાથે ત્રિલોકીમાં વિચરે છે. (૪૫) દૈવી સંપદ્ યુક્ત પુરુષો શુભ એવા દેશ, કાળ, ક્રિયા, સંગનું સેવન કરે છે તો સ્વનિષ્ઠ ધર્માદિ વડે પોતાના વૈરી એવા અધર્માવિષ્ટ અસુરોને જરૂર જીતી લે છે. (૪૬) જો દૈવી પુરુષો કોઈ સ્થળે કોઈક સમયે અશુભ દેશાદિને સેવે છે તો આસુર સંપદ્‌વાળા પુરુષો પોતામાં રહેલા અધર્મો વડે દૈવી સંપત્તિવાળા પુરુષોનો પરાભવ કરે છે. (૪૭) આ પ્રકારે દેવો અને અસુરો પોતામાં રહેલી દૈવી અને આસુરી સંપત્તિને આધીનપણાથી લોકમાં બે પ્રકારે તે તે નામે એટલે કે દેવ અને અસુર શબ્દથી વ્યવહાર કરાય છે. (૪૮) તેમાં ધર્મરક્ષણ માટે ધારણ કર્યો છે અવતાર જેમણે એવા તે ભગવાન બે પ્રકારે આવા અસુરોને હણે છે, તે ભેદને હવે હું કહું છું તેને સાવધાનીપૂર્વક સાંભળો. (૪૯) જ્યારે ભગવાન પ્રવૃત્તિમાર્ગનો આશ્રય કરી રામકૃષ્ણાદિ રૂપે પ્રવર્તમાન થાય છે ત્યારે અસુરોને આયુધો વડે મારે છે. (૫૦) તે ભગવાન ક્યારેક અસુરોમાં રહેલા કામાદિરૂપ આંતર અસુરોને જ્ઞાનોપદેશરૂપ ખડગ વડે હણે છે પણ તેમનાં શરીરોને હણતા નથી. આવું ક્યારેક ક્યારેક બને છે. (૫૧) જ્યારે ભગવાન નિવૃત્તિ માર્ગનો આશ્રય કરી નારાયણાદિ સ્વરૂપથી વર્તે છે ત્યારે અંદર રહેલા કામાદિ શત્રુઓનું ઉન્મૂલન કરી નાખે છે. (૫૨) ભગવાન અસુરોમાં રહેલા સ્વાભાવિક કામાદિક દોષોને હણે છે અને દૈવીસંપદ જનોમાં સંસર્ગ વગેરેને લીધે આવેલા કામાદિ દોષોને હણે છે. (૫૩) આથી મનુષ્ય વિગ્રહધારી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારા એવા તે ભગવાન મનુષ્યમાત્રે કલ્યાણને માટે ઉપાસના કરવા યોગ્ય છે. (૫૪) તે ભગવાન પોતે સ્વતંત્ર હોવાથી ક્યારેક તો પ્રત્યક્ષપણે વર્તે છે તો ક્યારેક મનુષ્યો ન જોઈ શકે તેમ પરોક્ષપણે વર્તે છે. (૫૫) જ્યારે ભગવાન પ્રત્યક્ષ ન હોય ત્યારે તો તે ભગવાનની સર્વ પ્રકારે પ્રતિમા જ ઉપાસના કરવા યોગ્ય છે અને સાધુ પુરુષોની સેવા તથા પૂજન કરવું જોઈએ. (૫૬) નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, અપરિગ્રહી, નિઃસ્નેહી તથા દેહ અને દેહના સંબંધીમાં મમતા વિનાના તથા ઈન્દ્રિયોનું દમન કરનારા અને નિર્માની એવા સાધુઓ માનેલા છે. (૫૭) ક્ષમાશીલ, દયાશીલ, સર્વ દેહીઓના સુહૃદ, અજાતશત્રુ, શાંત તથા સદાચારવાળા ઉપરોક્ત ભૂષણવાળા સાધુઓ માનેલા છે. (૫૮) સંતો પણ પ્રશસ્ત બુદ્ધિવાળા અને મંદબુદ્ધિવાળા એમ બે પ્રકારના જાણવા. આ બે પૈકી પ્રશસ્ત બુદ્ધિવાળા છે તે તો ઉત્તમ દેશકાળાદિકનો જ આશ્રય કરે છે. (૫૯) તે ઉત્તમ બુદ્ધિવાળા સંતો ભગવાનના નિત્ય સિદ્ધપણાને જાણતા છતાં અપ્રત્યક્ષ એવા પણ ભગવાનના ભયથી, ભગવાન જેમ પ્રત્યક્ષ હોય અને વર્તે, તેમ પોતાના ધર્મમાં વર્તે છે. (૬૦) બીજા થોડી સમજણવાળા સંતો તો અંકુશ રહિત આથી નિર્ભય થકા શ્રીહરિના દર્શન આદિ માહાત્મ્યના બળનો આશ્રય કરી અશુભ દેશકાળાદિનું સેવન કરે છે. (૬૧) આથી અધર્મ પોતાના વંશમાં થયેલ દંભાદિની સાથે અલ્પબુદ્ધિ સાધુઓનો જલદી પરાભવ કરે છે તેથી પાપકર્મમાં ચિત્તવાળા તેઓ ધર્મભ્રષ્ટ થઈ જાય છે. (૬૨) પૂર્વે કહેલા બે પ્રકારના સંતો પૈકી જે નિષ્કામાદિ ધર્મવાળા સંતો હોય છે તે તો મુમુક્ષુઓ પરમ પ્રીતિથી સેવન કરવા યોગ્ય હોય છે. (૬૩) જે સાધુઓ ભગવાનના ભયથી બ્રહ્મચર્યાદિ નિયમોનો ત્યાગ કરતા નથી તેઓ ભગવદ્ ભક્તિ જ્ઞાની થાય છે કેમકે તેમના આધીન ભગવાન

છે આથી તેઓ સેવન કરવા યોગ્ય છે. (૬૪) અધર્મસર્ગથી પરાભવ પામેલા, કેવળ ભક્ત નામવાળા, અલ્પબુદ્ધિવાળા સાધુઓ તે તો મુમુક્ષુઓએ મહાપાપીની પેઠે તત્કાળ દૂરથી ત્યાગ કરવા યોગ્ય છે. (૬૫) એવા સાધુઓની સેવાથી મોક્ષ ન થાય, શ્રીપતિ ભગવાનની પ્રસન્નતા ન થાય, માત્ર ધર્મહાનિ થાય. આથી અલ્પબુદ્ધિવાળા સંતો ત્યાગ કરવા યોગ્ય માનેલા છે. (૬૬) કેમ કે સત્પુરુષોના સમાગમથી ધર્મ અને ઉપાસનાના બળથી વૃદ્ધિ થાય અને અસત્પુરુષોના સમાગમથી ધર્મ અને ઉપાસનાના બળનો નાશ થાય એ નિશ્ચય વાત છે. (૬૭) મનુષ્યોને સાધુ અને અસાધુ લક્ષણથી વિવેકજ્ઞાન બુદ્ધિ થાય. તેવા પ્રકારની બુદ્ધિ વિચક્ષણ પુરુષોમાં હોય, સ્ત્રીઓમાં તે ક્યારેય પણ ન હોય. (૬૮) માટે શ્રીહરિ આ ભૂમિ ઉપરથી અંતર્ધાન થાય ત્યારે સ્ત્રીઓએ ભગવાનની પ્રતિમા પ્રત્યક્ષ બુદ્ધિથી સ્વધર્મે સહિત ભક્તિપૂર્વક સેવવા યોગ્ય છે. બન્ને પ્રકારના સંતો સેવવા યોગ્ય નથી. (૬૯) જ્યારે પૂર્વે કહેલા સાધુલક્ષણયુક્ત સંતો હોય ત્યારે સ્ત્રીઓએ પોતાના પિતા અગર ભાઈ વગેરેની સાથે સભામાં સત્પુરુષોની પરીક્ષા કરીને પછી તે સંતોના દર્શન માટે મુમુક્ષુ એવી માતા, બહેન કે દીકરી વગેરે સ્ત્રીઓને લઈ જવી. (૭૧) કેમકે આ લોકમાં સાચા સાધુઓના વેશવાળા વાણીમાત્રથી ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનું દંભપૂર્વક નિરૂપણ કરનારા ઘણા અસાધુઓ વિચરણ કરે છે. (૭૨) સાધુ-અસાધુની પરીક્ષા કરવાનું સર્વ જનો માટે અશક્ય છે, સારી રીતે પ્રયોગ કરેલો સારો વેશ અને સારી રીતે આચરેલા દંભનો પાર પામવા શક્તિમાન થવાતું નથી. (૭૩) તોપણ શાસ્ત્રબુદ્ધિવાળા વિચક્ષણ પુરુષો સત્ અસત્ પુરુષોની પરીક્ષા કરવા શક્તિમાન થાય છે. હે ભક્તજનો ! પ્રથમ હું તમોને સત્પુરુષોનાં લક્ષણો કહું છું. (૭૪) અહિંસા, બ્રહ્મચર્ય વગેરે નિર્મળ સ્વધર્મો છે તે ધર્મો મધ્યે અલ્પ એવા ધર્મનો ભંગ થાય તો સાચા સાધુઓ ખૂબ જ પશ્ચાત્તાપ કરે છે. (૭૫) તથા જે સાધુઓ પશ્ચાત્તાપ પછી પરોક્ષ એવા ભગવાનના ભયથી પ્રત્યક્ષ ભગવાનના ભયની પેઠે ધર્મશાસ્ત્રમાં કહેલા પ્રાયશ્ચિતને તત્કાળ કરે છે. (૭૬) અને કવચિત્ આપત્તિવશાત્ પ્રાયશ્ચિત ન થઈ શક્યું હોય તો જે સાધુઓના ઈન્દ્રિયો-અંતઃકરણમાં મોટો પશ્ચાત્તાપ જણાઈ આવે છે. (૭૭) કોઈક સમયે આપત્તિકાળમાં મહાપાપ થઈ જાય અને જેમ પ્રતિષ્ઠિત પુરુષને પશ્ચાત્તાપ થાય તેમ તે સાધુઓને લગારેક ધર્મભંગ થવાથી હૃદયમાં પશ્ચાત્તાપ ઊપજે છે. (૭૮) પૃથ્વી ઉપર જે પુરુષોને સ્ત્રીઓ અને સ્ત્રૈણ પુરુષોથી વાઘ કરતાં પણ અધિક ભય હોય અને જેઓ આપવખાણ કરતા નથી-આવાં લક્ષણોથી તેમને સાધુપુરુષો જાણવા. (૭૯) આથી ગૃહસ્થોએ પરીક્ષા કરેલા એવા સત્પુરુષોના દર્શન માટે સંબંધી સ્ત્રીઓને લઈ જવી અને સ્ત્રીઓએ તે સંતોની કથા સાંભળવી. (૮૦) ત્યારબાદ જે દાંભિક અલ્પબુદ્ધિવાળા ભક્તો હોય છે તેઓ ઉત્તમ વેષ ચિહ્નોવાળા અને બોલવામાં સાધુ જેવા જ હોય છે તે પણ સજ્જનોએ દેહના આચરણ અને ઉચ્ચારણથી પરીક્ષા કરવી જોઈએ. (૮૧) સ્વયં નારાયણ ભગવાને શ્રી વાસુદેવ માહાત્મ્યમાં સાધુ ભક્તોના ધર્મો કહેલા છે. તે ધર્મો પૈકી બે-ત્રણ ધર્મોનું સ્ખલન થવા છતાં (૮૨) તેનાં પ્રાયશ્ચિત કરવામાં પોતાની શિથિલતાને ઢાંકવા માટે તે પુરુષો નારાયણ ભગવાનનું માહાત્મ્ય દર્શાવે છે. (૮૩) શ્રી નારાયણ ભગવાન શ્રીહરિ અધર્મોદ્ધારણ અને પતિતપાવન છે એ નિશ્ચિત

વાત છે તો પછી શ્રી નારાયણના નામકીર્તનથી અમારું પાપ ભસ્મ થઈ જાય છે, લેશ પણ બાકી રહેતું નથી. (૮૪) તે ભગવાનના એક નામોચ્ચારણમાં પણ જેવું પાપ-નિવારણ-સામર્થ્ય છે તેટલું પાપ કોઈપણ પાપી મનુષ્ય કરવા શક્તિમાન નથી. આ પ્રમાણે ભગવાનનું માહાત્મ્ય કહે છે. (૮૫) અને જેઓ વિષ્ણુભક્તોના અંગસંગને દુર્લભ કરે છે તથા જે જનો પોતાના સિદ્ધપણાની ખ્યાતિ માટે વારંવાર આપવખાણ કરતા હોય તે અસંત સમજવા. (૮૬) તથા દુષ્ટ બુદ્ધિવાળા જે સાધુજનો પોતાના સદ્ધર્મમાં નિષ્ઠાવાળા સાધુજનોને સાધકદશામાં રહેલા કહે છે અને વિધિનિષેધનું ઉલ્લંઘન કરીને યથેષ્ઠ પણે વર્તનારા જનોને તો સિદ્ધ અને મુક્ત કહે છે. (૮૭) તેઓ કહે છે કે અમો બ્રહ્મ છીએ, એ સમગ્ર જગત મૂર્તિમાન બ્રહ્મ જ છે એમ અમોએ નિશ્ચય કરેલો છે. આથી સ્ત્રી-પુરુષોને પરસ્પર શ્રૃંગાર નામે બ્રહ્મવિલાસ જ થાય છે. (૮૮) અને સમાધિ અવસ્થામાં ગોલોક ધામમાં રાધાકૃષ્ણની રાસક્રીડા પણ અમોએ જોઈ છે એમાં શંકા નથી અને કૃષ્ણ જ અમારામાં વર્તે છે. (૮૯) જે લોકો અમારામાં 'આ સાક્ષાત્ કૃષ્ણ જ છે' એવી બુદ્ધિને કરશે તેમને અમારી માફક નિયમથી ભગવાનના લોકની પ્રાપ્તિ થાય છે. (૯૦) આ પ્રમાણે દુષ્ટ અભિપ્રાયવાળા અસંતો મિથ્યાભૂત દંભવાર્તાઓનાં પ્રિય વચનો વડે ઠગીને; પોતાને વિષે વિશ્વાસને પામેલા જનોને ખૂબ જ ધર્મભ્રષ્ટ કરે છે. (૯૧) આથી અધર્મસર્ગ દંભાદિથી વશ થયેલા તે જનો અસાધુ છે એમ જાણો. અસાધુઓનો આશ્રય કરવાથી મનુષ્યો કુંભીપાક નામના નરકોમાં યમદૂતો દ્વારા રંધાય છે. (૯૨) અસત્ પુરુષોનો પરીક્ષાકાળ હું તમોને સંક્ષેપથી કહું છું. જે સમયે વારંવાર અસંતોના સમીપમાં રહેનારા મનુષ્યો તે અસાધુઓનો હૃદગત અભિપ્રાય જાણે છે. (૯૩) જ્યારે પોતાના જેવા સરખા સ્વભાવવાળા અસાધુઓ પરસ્પર મળે છે ત્યારે ભક્તિ, ધર્મ અને વૈરાગ્યાદિનાં મૂળોનું છેદન કરે છે. (૯૪) અને ત્યારે જ્ઞાનમાત્રને જ અતિ હર્ષથી સ્થાપન કરે છે. મોક્ષ તો 'હું બ્રહ્મ છું' આ જ્ઞાનથી થાય છે-આ સમયમાં કોઈ ધર્મનિષ્ઠ ઉપાસક આવી જાય તો તે અસાધુઓ પોતાના બ્રહ્મજ્ઞાનરૂપ સિદ્ધાંતને છુપાવીને પ્રશસ્ત એવા તે સદ્ધર્મનિષ્ઠ ઉપાસકથી પણ અધિક ધર્માદિનું પ્રતિપાદન કરવા મંડી પડે છે. (૯૫-૯૬) આવા અસજ્જનોના સમાગમ સમયે કાયમ સાથે રહેનારા પુરુષોએ ધર્મનો નાશ કરવા રૂપી લક્ષણવાળા અસત્ પુરુષોનો દુષ્ટ આશય જાણવો જોઈએ. (૯૭) મદ્યપાન, માંસભક્ષણ, પરસ્ત્રીનો સંગ, સ્વપરની હિંસા, સાંકર્યકર્મમાં ગુપ્ત પ્રવૃત્તિ વગેરે અસજ્જનોના સમાગમ સમયે જ જાણી શકાય છે. (૯૮) ધર્મસ્થાપનમાં શ્રી ભગવાનને અતિ આદર હોય છે તેવો જ તે અસાધુઓને પરિવારે સહિત ધર્મના મૂળ ઉખેડી નાખવામાં આગ્રહ છે એમ જાણવું. (૯૯) આવા પ્રકારનાં કુલક્ષણોથી દંભી અને કપટી અસાધુઓને જાણી તેમનાં દર્શન માટે પોતાના સંબંધવાળી સ્ત્રીઓને લઈ જવી નહિ. (૧૦૦) પછી તેઓનો પુરુષોએ પણ સંગ કરવો નહિ. મુમુક્ષુ એવા સ્ત્રીપુરુષોએ શ્રી ભગવાનની પ્રતિમા જ પોતાના કલ્યાણ માટે સેવા કરવા યોગ્ય છે એમ જાણવું. (૧૦૧) આ મારી બાંધેલી સત્ શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરી આ લોકમાં જે સ્ત્રીઓ કે પુરુષો વર્તશે તે પોતાના મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થશે તેમાં જરા પણ સંદેહ નથી. (૧૦૨) તે લોકો આ લોકમાં અપકીર્તિને પામશે તથા પરલોકમાં પણ જમપુરમાં આર્તનાદોને કરતા થકા તીવ્ર દુઃખોને

પામશે. (૧૦૩) જે જનો ધર્મરક્ષણ થકી જ એકાંતિકી મુક્તિને ઇચ્છે તે જનોએ અમોએ પૂર્વે કહેલું મારું વાક્ય આદરપૂર્વક વિચારવું. (૧૦૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુએ કહેલા આ સ્વધર્મરક્ષણના ઉપાયભૂત વચન સાંભળી હેમંતસિંહ રાજા પ્રસન્ન થઈ ગયા. અને સભામાં રહેલા મુનિસમુદાય અને સ્ત્રીપુરુષોના સંઘો પણ પરમ પ્રીતિને પામી શ્રીહરિને પ્રણામ કરી શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાના નિવાસસ્થાનમાં ગયા. ગુરુઓના ગુરુ ઉપદેષ્ટા એવા શ્રીહરિ પણ પોતાના ભવનમાં પધાર્યા. (૧૦૫)

**મુનિ બોલ્યા :**

હે ભૂપતે ! સ્ત્રી-પુરુષોના સદ્ધર્મના રક્ષણ માટે સચ્છાસ્ત્રરૂપ સમુદ્રમંથન કરીને શ્રીહરિ મહાપ્રભુજીએ આ સચ્છાસ્ત્રનો સાર કાઢેલો છે. જે મનુષ્યો આ સારરૂપ ગ્રંથનો દરરોજ પાઠ કરશે કે સાંભળશે તે મનુષ્યો પોતાના નિર્મળધર્મનું રક્ષણ કરી શુદ્ધ એવા ભગવાનના પરમ પદ અક્ષરધામને પામશે એમાં લગીરે સંદેહ નથી. (૧૦૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં શ્રીનારાયણ હેમંતસિંહ સંવાદમાં ધર્મરક્ષાનિરૂપણનામે ચોવીશમો અધ્યાય થયો. ॥૨૪॥

●

## અધ્યાય-૨૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! કાર્તિક સુદી ચોથને દિવસે સભામાં બિરાજમાન શ્રી નારાયણમુનિ સ્વાશ્રિત સ્ત્રી-પુરુષોને અસ્પૃશ્યના સ્પર્શથી થનાર દોષથી સ્વભક્તોની રક્ષા કરવાની ઇચ્છાવાળા પોતે જ કહેવા લાગ્યા. (૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! તમો ત્યાગી ગૃહી સર્વ જનો સાંભળો. મારા આશ્રિત સર્વે તમારું હિત કરનારું વાક્ય કહું છું. (૨) આ લોકમાં સ્ત્રીઓ બે પ્રકારની છે : એક તો ધર્મસર્ગથી ઉત્પન્ન થયેલી પતિવ્રતા, સતી, સાધ્વી એવાં નામોવાળી સ્ત્રીઓ પવિત્ર છે. (૩) બીજી અધર્મ સર્ગથી ઊપજેલી પાપોમાં ચિત્તવાળી પુંશ્ચલી અને કુલટા એવાં નામોવાળી સર્વદા મુનિઓએ અપવિત્ર કહેલી છે. (૪) બે પ્રકારની સ્ત્રીઓમાં પ્રથમ પતિવ્રતા પોતાના સમીપ સંબંધ વિનાના અન્ય પુરુષના સ્પર્શમાં આપત્તિકાળ વિના પોતાથી થયો હોય તો, દેહાભિમાની સર્પથી જેમ, એમ ભય પામે છે. (૫) જો ક્યારેક પોતાને પોતાના સંબંધથી અન્ય કોઈ માણસ સ્પર્શ કરે ત્યારે તો, જેમ વાનરીના સ્પર્શમાં અથવા તીક્ષ્ણ અગ્નિના સ્પર્શમાં તેમ પીડા પામે છે. (૬) હવે બીજા પ્રકારની કુલટા વગેરે સ્ત્રીઓ તો પોતાથી અથવા અન્ય દ્વારા પુરુષનો સ્પર્શ થઈ જાય તો તે સ્પર્શથી મનમાં લગીરે સંતાપ પામતી નથી અને માર્ગમાં ચાલવાની ક્રિયામાં પુરુષના સ્પર્શનો જરાપણ ભય રાખતી નથી. (૭) આમ

સ્ત્રીઓ બે પ્રકારની છે, તેમ પુરુષો પણ બે પ્રકારના છે. એક ધર્મવંશમાં ઉત્પન્ન થયેલા પુણ્યવાળા અને બીજા અધર્મવંશમાં ઉત્પન્ન થયેલા પાપીઓ છે. (૮) આ બે પ્રકારના પૈકી પ્રથમના પુરુષો પતિવ્રતા તુલ્ય સ્વભાવવાળા એક પત્નીવ્રતવાળા અને પાપથી ભય પામનારા છે અને બીજા પ્રકારના પુરુષો કૃત્યા અને કુલટા સ્ત્રી સમાન છે અને પરસ્ત્રી સ્પર્શની શંકા વિનાના છે. (૯) બુદ્ધિપૂર્વક અથવા અજાણે સ્ત્રી-પુરુષોને પરસ્પર સ્પર્શ થઈ ગયો હોય તો તે પાપરૂપ મહાકષ્ટ આપનારો દોષ થાય છે. (૧૦) તે હેતુ માટે આ લોક સ્ત્રી-પુરુષો માટે હિતકારી એવા સ્પર્શ વિવેક હું સારી રીતે નિરૂપણ કરું છું. (૧૧) વિધવાનો દેહ સર્વ અમંગલરૂપ અને સર્વ અપવિત્રોમાં અપવિત્ર છે એમ પુરાણોમાં બહુ પ્રકારે મુનિજનોએ કહેલું છે. (૧૨) આથી ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા ગૃહસ્થોએ પણ વિધવા સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ અને વિધવા સ્ત્રીઓએ પુરુષોનો સ્પર્શ કરવો નહિ. (૧૩) અજાણતાં વિધવા સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તો ગૃહસ્થ પુરુષ વસ્ત્રે સહિત સ્નાન કરે અને વિધવા સ્ત્રી અજાણતાં પુરુષને અડી જાય તો વિધવા સ્ત્રી વસ્ત્રે સહિત સ્નાન કરે. જો બુદ્ધિપૂર્વક પરસ્પર સ્પર્શ થાય તો ગૃહસ્થ પુરુષ અને વિધવા એક એક ઉપવાસ કરે. (૧૪) જો કોઈક સમયે વિધવા સ્ત્રી બુદ્ધિપૂર્વક કામભાવથી પુરુષનો સ્પર્શ કરે તો શાસ્ત્રમાં વિધવાને બે પ્રકારનું પ્રાયશ્ચિત કહેલું છે. (૧૫) એકાંત સ્થાનમાં કામભાવથી માત્ર સ્પર્શ જ કર્યો હોય તો વિધવાએ બે દિવસ ઉપવાસ કરવો. અને વિધવાએ કરેલો સ્પર્શમાત્ર જો લોકોના જાણવામાં આવ્યો હોય તો વિધવા ચાંદ્રાયણવ્રત કરે. (૧૬) જે વિધવા નારી આ પ્રાયશ્ચિતને અનાદરથી કે દેહપીડાના ભયથી ન કરે તો તે અત્યંત દુઃખને પામે. (૧૭) તે સ્ત્રી આ લોકમાં મહા અપકીર્તિને પામીને પછી મરીને યમયાતનાઓ ભોગવીને પછી જળ વિનાના મહાવનમાં ભૂખથી વ્યાકુળ પિશાચણી થઈને મહાકલેશને પામશે. (૧૮) જે પુરુષ જાણી જોઈને કામભાવથી વિધવા સ્ત્રીનો સ્પર્શ કરે તે પુરુષને પણ વિધવાની માફક બે પ્રકારનું પ્રાયશ્ચિત કહેલું છે. (૧૯) બુદ્ધિપૂર્વક કામભાવથી પોતે કરેલો વિધવાસ્પર્શ લોકોથી અવિદિત હોય તો પુરુષ બે દિવસ ઉપવાસ કરે અને તેવો વિધવાસ્પર્શ લોકોના જાણવામાં આવ્યો હોય તો પુરુષ યથાશાસ્ત્ર ચાંદ્રાયણવ્રત કરે. (૨૦) કુબુદ્ધિવાળો જે પુરુષ મેં કહેલા પ્રાયશ્ચિતને ન કરે તે આ લોકમાં અપકીર્તિને પામે અને મરીને યમયાતનાઓ ભોગવે છે. (૨૧) તે પછી તે પુરુષ દશ હજાર વર્ષ પર્યંત ક્ષુધાકુળ, વિષ્ટા, મૂત્ર, રુધિર અને માંસભક્ષી એવો વનમાં આમતેમ ભટકતો પિશાચ થાય છે. (૨૨) બ્રહ્મચર્યનું પાલન કરવું એ વિધવાનો મુખ્ય ધર્મ છે. પુરુષના સ્પર્શથી બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય છે. આઠ પ્રકારે પુરુષના ત્યાગરૂપ વ્રતના ત્યાગરૂપ આ મહાન્ દોષ વિધવાને થાય છે. (૨૩) વિધવા નારીના બ્રહ્મચર્યવ્રતનો પોતાના સ્પર્શથી નાશ થવાની સંભાવના હોવાથી વિધવા સ્પર્શમાં પુરુષને મહાન દોષ કહેલો છે. (૨૪) પરપુરુષના ઉપભોગમાં પતિવ્રતા નારીને જેવો દોષ કહેલો છે તેવો જ દોષ વિધવા સ્ત્રીને પણ બુદ્ધિપૂર્વકના પરપુરુષના સ્પર્શમાં કહેલો છે. (૨૫) ગૃહસ્થ પુરુષને પરસ્ત્રીગમનમાં જેવો દોષ થાય તેવો દોષ બુદ્ધિપૂર્વક કામભાવથી વિધવા સ્ત્રીના સ્પર્શમાં થાય તે નિશ્ચિત છે. (૨૬) અને ગૃહસ્થને

પરદારાગમનમાં જે પાપ થાય તેવું પાપ સ્ત્રી માત્રના સ્પર્શમાં બ્રહ્મચારી, વાનપ્રસ્થ, સંન્યાસી અને ત્યાગી ભક્તોને થાય છે. (૨૭) પોતાનો પતિ મૃત્યુ પામ્યા પછી વિધવા સ્ત્રીઓ માટે શાસ્ત્રમાં દૃઢ બ્રહ્મચર્ય માનેલું છે આથી જેમ સ્ત્રીના સ્પર્શથી બ્રહ્મચારી ભય પામે છે તેમ પુરુષ સ્પર્શથી વિધવા નારીએ ભય પામવું. (૨૮) જો વિધવા સત્શાસ્ત્રના શ્રવણમાં, દાનમાં, તીર્થમાં, બ્રાહ્મણપૂજનમાં જ અંગભૂત ચંદન પુષ્પાદિકના અર્પણ નિમિત્ત નિમિત્તે સભામાં થતો અંગસ્પર્શ દોષરૂપ થતો નથી. (૨૯) જો એકાંત સ્થાનમાં કથા-શ્રવણ વગેરેમાં બ્રાહ્મણનું પૂજન કરે અને અંગસ્પર્શ થાય તો ભગવાનના ભક્ત એવાં તે બન્ને-વિધવા અને બ્રાહ્મણ ચાંદ્રાયણવ્રતથી શુદ્ધ થાય. (૩૦) રોગમાં વૈદ્યના સ્પર્શમાં અને મુંડન સમયે વાળંદના સ્પર્શમાં વિધવાને દોષ નથી. પરંતુ તે સમયે તે સ્થાનમાં ત્રીજો સ્ત્રી કે પુરુષ હોય તો દોષ નથી. અન્યથા ઉપવાસ કરવો. (૩૧) સમીપ સંબંધવાળા બન્ને સ્ત્રીપુરુષોને અવશ્ય કારણ હોય તો પરસ્પરના સ્પર્શમાં દોષ નથી. (૩૨) આટલા સમીપ સંબંધી સમજવા-પિતા, ભાઈ, કાકા, ભાઈના પુત્રો, કાકાના પુત્રો, તેમના પણ પુત્રો વગેરે તથા માતાના પિતા, મામા, મામાના પુત્રો, અને તેમના પણ પુત્રાદિ, માશીના પતિ, તેમના પુત્રો, ફોઈના પતિ અને તેમના પુત્રો, ગુરુ અને ગુરુપુત્ર, અન્નદાતા અને તેનો પુત્ર, ભાઈઓએ સહિત સસરા, જેઠો, દિયરો અને તેમના પુત્રો, દીકરીના પુત્રો અને દીકરીઓના પતિઓ તથા પોતે વિધવાના પુત્રો, પુત્રોના પુત્રો અને તેમની દીકરીઓના પુત્રો વગેરેને સમીપ સંબંધવાળા જાણવા. આ સમીપ સંબંધવાળા જો ધાર્મક હોય તો આવશ્યક કાર્યમાં કરેલો તેમનો સ્પર્શ વિધવાને દોષરૂપ થતો નથી. (૩૩-૩૬) ક્યારેક વેચાતી ચીજો આપવા લેવામાં, જળ-અગ્નિ વગેરેના ભયમાં ખેતીના કામમાં સમીપ સંબંધી સિવાયના અન્ય પુરુષના સ્પર્શમાં દોષભાવે રહિત હોવાથી વિધવાને દોષ થતો નથી. (૩૭) આ જ રીતે ગૃહસ્થ પુરુષને પણ સમીપ સંબંધી સ્ત્રીના સ્પર્શમાં અને વેચાતી ચીજો લેવાદેવામાં અને જળ, અગ્નિના ભયમાં સંબંધી સિવાયની અન્ય વિધવા સ્ત્રીના સ્પર્શમાં વિધવા સ્ત્રીની પેઠે દોષ નથી. (૩૮) કોઈ કામકાજ નિમિત્તે પ્રયાણ કરતી વખતે સન્મુખ વિધવાનું દર્શન અતિ અમંગળ કરનારું છે. માર્ગમાં વાંકી રીતે ચાલતા કાળા સર્પ કરતાં પણ વધારે અપશુકનિયાળ માનેલું છે. (૩૯) આવાં અપશુકનનાં દર્શન થવા છતાં પ્રયાણ કરે તો માત્ર કાર્યહાનિ થાય એટલું જ નહિ પરંતુ પોતાનું અથવા પોતાના સંબંધીજનનું મૃત્યુ થાય, ધનનો નાશ થાય અથવા અગ્નિભય થાય એ નિશ્ચય વાત છે. (૪૦) માટે પ્રયાણ સમયે વિધવાના દર્શનથી થતા પાપની નિવૃત્તિ માટે શાસ્ત્રકારોએ તત્કાળ જ હરિસ્મરણરૂપ પ્રાયશ્ચિત કહ્યું છે. કેમકે તે સર્વ અમંગળને નિવારનારું મંગળનું પણ મંગળ છે. (૪૧) વિધવા સ્ત્રીઓના આશીર્વાદો પણ હળાહળ ઝેર જેવા જાણવા. માટે સર્વ પુરુષોએ વિધવા સ્ત્રીઓ થકી રાક્ષસણીઓની પેઠે ભય પામવો. (૪૨) યુવાન અવસ્થામાં રહેલી માતા-બહેન અથવા દીકરીની સાથે યુવાન અવસ્થામાં રહેલા ભક્ત પુરુષે આપત્તિકાળ વિના એકાંત સ્થળમાં રહેવું નહિ. (૪૩) અજ્ઞાનથી એકાન્ત સ્થાનમાં જો રહેવાઈ ગયું હોય તો બન્નેએ પ્રયત્નપૂર્વક એક એક ઉપવાસ કરવો. (૪૪) અને વિકારવાળાં મનથી માતા આદિની સાથે

એકાંતમાં સ્થિતિ થાય તો સ્ત્રી પુરુષ બન્ને પોતાના પાપની નિવૃત્તિ માટે ચાંદ્રાયણ વ્રત કરે. (૪૫) અને એકલા યુવાન પુરુષે કોઈપણ એકલી યુવાન સ્ત્રી સાથે અને તેમાં પણ વિધવાની સાથે તો માર્ગમાં કદાપિ ચાલવું નહિ. (૪૬) જો તે સ્ત્રી સાથે પ્રમાદથી માર્ગગમન કરે તો પોતાની શુદ્ધિ માટે એક દિવસ ઉપવાસ કરે. (૪૭) વધારે શું કહેવું ! યૌવન અવસ્થાવાળા પુરુષો અને યુવાન સ્ત્રીઓને પરસ્પર જે પ્રસંગ છે તે સર્વથા નિષેધ કરેલો છે. (૪૮)

પિતા પુત્રાદિ સંબંધી પુરુષોએ પોતાના સંબંધવાળી વિધવા સ્ત્રીઓનું સ્વતંત્રપણે જ્યાં ત્યાં વિચરણથી હંમેશાં રક્ષણ કરવું. (૪૯) જનસમાજ મેળા, ઉત્સવો, તીર્થ, વિવાહ વટેમાર્ગુજનોના સંઘો અને વેરાગી વગેરે સાધુ જેવા આભાસવાળા તથા વંઠેલા અનાશ્રમીઓથી પુરુષોએ સંબંધી વિધવાઓની રક્ષા કરવી. (૫૦) કારણ કે સમાજ વગેરેમાં અતિ કામી અને અતિ હિંસક અસુરો, રાક્ષસો અને યક્ષો સ્ત્રી અને દ્રવ્યને લૂંટવા માટે સર્વદા રહે છે. (૫૧) આથી સંબંધી પુરુષોએ પાપથી ડરીને પોતાની અબળાઓનું સમાજ વગેરેથી પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું. (૫૨) જો તે સ્ત્રી સરળ હોય તો ધર્મનિષ્ઠ બુદ્ધિમાન પુરુષોએ યુક્તિપૂર્વક પ્રેમપરાયણ ભાષાથી સ્ત્રીઓની રક્ષા કરવી. જો તે સ્ત્રી ઉદ્ધત હોય તો તેને જોઈતી વસ્તુ આપીને અથવા તેનો પક્ષ તોડીને રક્ષા કરવી. (૫૩) રક્ષક પુરુષોએ દંડ નામના ઉપાય વડે સ્ત્રીઓના નાક-કાનાદિ અંગનું છેદન કરવું નહિ, અંગભંગ કરવો નહિ, શસ્ત્રથી વધ ન કરવો તથા આપઘાતમાં કારણભૂત મર્મભેદી વચનો પણ ન કહેવાં. (૫૪) પૃથ્વી ઉપર રાજા અને ગુરુ આચાર્યને પોતાના તથા બીજાના ધર્મનું રક્ષણ કરવામાં પિતા વગેરે કરતાં સૌથી વધારે અધિક સામર્થ્ય છે એમ જાણવું. (૫૫) આથી રાજાએ પ્રજાઓને શિક્ષા આપીને અને ગુરુજનોએ શિષ્યોને શિક્ષણ આપીને પુરુષના સ્પર્શથી વિધવાઓના ધર્મનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું. (૫૬) જે રાજા અને ગુરુ વિધવા ધર્મનું રક્ષણ કરતા નથી તે રાજા પ્રજાના અને ગુરુ શિષ્યનાં પાપોને પોતે યમપુરીના નર્કોમાં ભોગવે છે. (૫૭) તે રાજા અને ગુરુઓના સ્વર્ગમાં ગયેલા પિતૃઓ પણ આ મહાપાપ વડે નરકોમાં પડે છે એમાં લગીરે શંકા નથી. (૫૮) આવી મર્યાદા પૂર્વે ઉદ્ધવાવતાર શ્રી રામાનંદમુનિએ સ્થાપન કરેલી છે. જે કોઈ જન આ મર્યાદાનું ઉલ્લંઘન કરે તે ઉદ્ધવ સંપ્રદાયથી બહિર્ભૂત જાણવો. (૫૯) જે સ્ત્રી કે પુરુષ આ મર્યાદાને ઉલ્લંઘન કરી પોતાની મનમાની રીતે વર્તશે તો તેની આ લોકમાં મોટી અપકીર્તિ થશે. (૬૦) અને આ મર્યાદાનું ઉલ્લંઘન કરનાર સ્ત્રી-પુરુષ બન્ને મિથ્યા કલંકોને પામીને મર્યા પછી નરકમાં મહાવેદના અનુભવશે એમાં શંકા નથી. હું નીલકંઠ બોલું છું. એટલે કે તમારે ઉપાસના કરવા યોગ્ય તમારો ઈષ્ટદેવ આ લોક-પરલોકમાં હિત કરનાર બોલું છું. આથી મારું આ વચન તમારે ગ્રહણ કરવું. (૬૧)

**સુવ્રતમુનિ કહે છે :**

હે નરેન્દ્ર ! તે સમયે સભામાં બેઠેલા સર્વ ભક્તોએ ભગવાનનું આ વચન સાંભળીને તે મહાપ્રભુને પ્રણામ કરીને બે હાથ જોડીને 'બહુ સારું જેમ તમે કહો છો એમ જ અમે વર્તીશું' આવું કહીને શ્રીહરિનું વચન અંગીકાર કર્યું. (૬૨) જે સ્ત્રી અથવા પુરુષ ભગવાને કહેલા આ સ્પર્શવિવેકનો

પાઠ કરે અથવા સાંભળે તે બન્ને આ લોકમાં મોટી કીર્તિ અને ધનધાન્યની સમૃદ્ધિને પામે અને દેહના અંતે શ્રીહરિ પ્રભુના અક્ષરધામને પામે છે. (૬૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં સ્પર્શવિવેકનિરૂપણનામે પચીસમો અધ્યાય થયો. ॥૨૫॥

●

## અધ્યાય-૨૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપતે ! ત્યારબાદ ઉદાર બુદ્ધિવાળા શુકાનંદ મુનિ કાર્તિક સુદી પંચમીના રોજ પ્રદોષકાળ સમયે મહાસભામાં વિરાજમાન શ્રીહરિને ધર્મસિદ્ધિનું કારણ પૂછવા લાગ્યા. (૧) હે ભગવન્ ! કયા હેતુથી મનુષ્યોને શુભ આદિ વંશે સહિત ધર્મ સત્વરે સિદ્ધ થાય ? તે સાધન યથાર્થપણે મને કહેવા માટે તમો યોગ્ય છો. (૨)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! દેશકાળાદિ આઠ જો શુભ હોય તો વંશે સહિત ધર્મ વર્તે છે આથી ઉત્તમ દેશકાળાદિને સેવન કરનારાઓને ધર્મ સિદ્ધ થાય અને ધર્મનું ફળ એવા ઐશ્વર્ય અને સુખ પણ પ્રાપ્ત થાય. (૩) દેશકાળાદિ જો અશુભ વર્તતા હોય તો પરિવારે સહિત અધર્મ વર્તે છે અને તેનું સેવન કરનારાને અધર્મ સિદ્ધ થાય અને તેનું ફળ ઐશ્વર્યથી પતન તથા દુઃખ થાય. (૪) દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને સંગ આઠ ધર્મ અને અધર્મ બન્નેનાં કારણ છે. શુભ દેશાદિ ધર્મનાં કારણ છે; અશુભ દેશાદિ અધર્મનાં કારણ છે. (૫) આથી શુભ અને અશુભ દેશાદિનાં લક્ષણો સ્ત્રીપુરુષોના હિતને માટે જ હું સંક્ષેપથી કહું છું. (૬) જે દેશમાં ચારે વર્ણ અને ચારે આશ્રમોના જનોનો ધર્મ ભિન્ન ભિન્ન હોય અને જે દેશમાં શ્રીહરિ ભગવાનના એકાંતિક ભક્તો હોય તે દેશ શુભ માનેલો છે. (૭) જે દેશમાં તપ, વિદ્યા અને દયાએ યુક્ત બ્રાહ્મણકુળ હોય અને જે દેશમાં શ્રીહરિ ભગવાનની અર્ચા થતી હોય તે દેશ કલ્યાણના સાધનભૂત શુભ જાણવો. (૮) જે દેશમાં પુરાણપ્રસિદ્ધ ગંગા વગેરે નદીઓ હોય, પુષ્કરાદિ તીર્થો હોય અને પૂજનીય મહર્ષિઓએ આશ્રય કરેલાં ક્ષેત્રો હોય તે દેશ કલ્યાણનું સ્થાન છે. (જળપ્રધાન તીર્થો અને આશ્રમપ્રધાન ક્ષેત્રો કહેવાય છે.) (૯) કુરુક્ષેત્ર, ગયા, પ્રયાગ, પુલહાશ્રમ, નૈમિષારણ્ય, ફાલ્ગુન, સેતુબંધ, પ્રભાસ, દ્વારકા, કાશી, મથુરા, પંપાસર, બિંદુસર, બદરિકાશ્રમ, અયોધ્યા, સીતારામાશ્રમ (ચિત્રકૂટ, પંચવટી, કપિલાશ્રમ) વગેરે; મહેન્દ્રાચલ, મલયાચલ, વગેરે સાત કુળપર્વતો-આ બધા પવિત્ર ઉત્તમ શુભ દેશો કહેલા છે. (૧૦-૧૧-૧૨) આ અતિશય પવિત્ર દેશો મુમુક્ષુઓએ સેવન કરવા જોઈએ. આ દેશમાં કરેલો ધર્મ મનુષ્યોને હજારગણા ફળથી પણ અધિક ફળ આપનારો થાય છે. (૧૩) હવે ધર્મમાં બુદ્ધિવાળા જનોએ ત્યાગ કરવા યોગ્ય અશુભ દેશો હું કહું છું. અંગ, બંગાળ, કલિંગ, જ્યાં યવનો રહેતા હોય તેવા સિંધ વગેરે અને કીકટ દેશો. (૧૪) તથા જે દેશ સંસ્કાર વિહોણાને પરિણામે જીવજંતુની અધિકતાવાળા હોય, જે ખારયુક્ત હોય, જે ભગવાનની અર્ચાપ્રતિમાથી

રહિત હોય, જે દેશનું પાણી ઉદરવ્યાધિ કરનારું હોય,-આ બધા અશુભ દેશો માનેલા છે. (૧૫) જે દેશમાં સ્ત્રીઓ અને પુરુષો પોતપાતાના ધર્મ રહિત હોય, અને જે દેશમાં ભગવાનના એકાંતિક ભક્તો ન હોય, જે દેશમાં રાજા કે રાજાના સેવકો બળપૂર્વક પારકી સ્ત્રીઓ અને પરધનને હરી લે અને દુર્બળ જનોને પીડા પમાડે તે દેશો અશુભ માનેલા છે. (૧૬-૧૭) જે દેશમાં વ્યભિચારિણી સ્ત્રીઓ ઘણું કરીને રહેતી હોય, જે દેશમાં મદ્યમાંસ જેમાં મળ, મૂત્રાદિના સંસર્ગો હોય, જેમાં ચોરી કરનારા જનો રહેતા હોય તે દેશો અશુભ માનેલા છે. (૧૮) શુભ દેશ હોવા છતાં પણ જેમાં મરકીના રોગો જેવા અસાધ્ય રોગોનો ઉપદ્રવ હોય, જ્યાં રાજના સૈન્યનું વારંવાર જવા-આવવાનું થતું હોય અને તેનાથી પ્રજાજનોને ઉપદ્રવ થતો હોય અને અતિવૃષ્ટિ આદિ સાત ઈતિઓ (અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, ઉંદર, પોપટ, પોતાના રાજ્યનું ચક્ર અને અન્ય રાજ્યનું ચક્ર) થાય તે દેશ અશુભ થાય છે. (૧૯) વળી હે મુને ! અને જે દેશમાં અન્નવસ્ત્રાદિની પ્રાપ્તિ નહી થવાથી પીડાતા પુરુષો પોતાની સ્ત્રી, પુત્ર, પુત્રી વગેરે સંબંધીઓનું વિક્રય કરતા હોય તે દેશો નિશ્ચે અશુભ જાણવા. (૨૦) બ્રાહ્મમુહૂર્ત વગેરે દિવસનો પૂર્વભાગ (મધ્યાહ્‌ન પહેલાંનો સમય) શ્રી વિષ્ણુ વગેરે દેવપૂજનમાં શુભ કહેલો છે. જ્યારે બપોર પછીનો સમય પિતૃ સંબંધી શ્રાદ્ધ કરવામાં શુભ માનેલો છે. (૨૧) દક્ષિણાયન અને ઉત્તરાયણ, કર્ક સંક્રાંતિ અને મકરસંક્રાંતિ, વ્યતિપાત, દિનક્ષય, ચંદ્રસૂર્યના ગ્રહણનો કાળ, દરેક દ્વાદશીઓ, શ્રવણનક્ષત્ર; (૨૨) અખાત્રીજ, કાર્તિક સુદ નવમી, માગશર-પોષ-મહા-ફાગણ આ ચાર માસની અષ્ટમી, મહા સુદી સાતમ, માસના નામ નક્ષત્રે સહિત પૂર્ણિમાઓ, સર્વ એકાદશીઓ, પોતાની પત્નીનો પુંસવનાદિ સંસ્કારકાળ, પુત્રનો જાતકર્માદિ કાળ, પોતાનો દીક્ષા ગ્રહણ સંસ્કારકાળ, રવિવારવાળી સાતમ, સોમવતી અમાસ, બુધવાર સહિત આઠમ, મંગળવાર સહિત ચતુર્થી અને કપિલા છઠ્ઠ (ભાદરવા વદી છઠ્ઠ) આ બધા શુભકાળ કહેલા છે. (૨૩-૨૪-૨૫) અને જે દિવસે રાત્રિના પાછલા ભાગમાં દેવતાઓ અને બ્રાહ્મણોના દર્શનવાળાં શુભ સ્વપ્નો આવે અને મંગલધ્વનિ શ્રવણાદિ શુભ શુકન થાય તે કાળ ઉત્તમ કહેલો છે. (૨૬) પોતાના પિતાની ઊર્ધ્વદૈહિક ક્રિયાનો સમય, પોતાનાં માબાપ વગેરેની પુણ્યતિથિઓ, ચાંદ્રાયણાદિ વ્રતના દિવસો અને ભગવાનના જન્મોત્સવના દિવસો આ બધા કાળો શુભ કહ્યા છે. (૨૮) આ પુણ્યકાળમાં સ્નાન, જપ, વ્રત, હોમ, દેવ-બ્રાહ્મણનું પૂજન, તથા પિતૃઓ, દેવો, મનુષ્યો અને પ્રાણીઓને જે આપેલું હોય તે અવિનાશી ફળને નિપજાવનારું થાય. (૨૯) પ્રદોષ, મધ્યરાત્રિ વગેરે જન્મ-મરણનું સૂતક, દુર્દિન (સમય વિના વાદળથી ઢંકાયેલો દિવસ), વીજળીનું પડવું, ધરતીકંપ વગેરે ઉત્પાતોનો કારણભૂત સમય, સર્વેને ઉદ્વેગ કરનારો સમય તથા પોતાનાં પશુ, ધન, સ્ત્રી, ઘર આદિને સર્વ પ્રકારે હાનિ કરનારો કાળ-આ બધા કાળ સુજ્ઞ પુરુષોએ અશુભ જાણવા. (૨૯-૩૦) પાછલી રાત્રિએ કાળા સર્પોનાં દર્શન તથા પ્રેતદર્શદનાદિનાં ખરાબ સ્વપ્નો આવે અને બીજા પણ અપશુકનો થાય તે કાળ પણ અશુભ કહેલો છે. (૩૧) હે મુને ! શ્રવણાદિ ભગવાનની નવધા ભક્તિ, હિંસારહિત યજ્ઞો, સત્પાત્રને ગાય, પૃથ્વી, સુવર્ણાદિનાં દાનો, એકાદશીના ઉપવાસાદિ વ્રતો, શૌચાદિ નિયમો, અહિંસાદિ યમો, પોતપોતાના વર્ણાશ્રમધર્મનું આચરણ, સત્પુરુષોની સેવા,

બ્રાહ્મણોનું આરાધન, તીર્થયાત્રા વગેરે ક્રિયાઓ બુદ્ધિમાન પુરુષે શુભ જાણવી. (૩૨-૩૩) જીવહિંસા, અસત્ય ભાષણ, મદ્યપાન, માંસભક્ષણ, ચોરી, દંભ, નીતિભ્રષ્ટ કરનારું કર્મ-આ સર્વ અસત્કર્મ જાણવું. (૩૪) જુગાર, પરસ્ત્રીનો સંગ, તેની સાથે રમણ, તેમની સાથે પરિહાસ અને સાધુ પુરુષોનું અપમાન-આ બધી અશુભ ક્રિયાઓ જાણવી. (૩૫) શાંતમૂર્તિ અને છ ઐશ્વર્ય સંપન્ન અને સત્પુરુષોના સ્વામી, લક્ષ્મીપતિ વાસુદેવ સર્વાંતર્યામી શ્રીહરિ નારાયણ ભગવાનનું જે ચિંતન તે શુભ ધ્યાન કહેવાય છે. (૩૬) તેમજ ભગવાનના સંબંધને પામેલા સ્થાન, આસન, આભૂષણ, વસ્ત્ર, વેણુ, માળા, આયુધ વગેરેનું ધ્યાન પણ શુભ કહેલું છે. (૩૭) મદ્ય-માંસભક્ષી કાલી, ભૈરવ અને યક્ષ વગેરે તમોગુણી દેવતાઓનું જે ધ્યાન તે અસત્ ધ્યાન કહેલું છે. (૩૮) જે શાસ્ત્રમાં શ્રી નારાયણ ભગવાનના અવતારો શ્રી રામકૃષ્ણાદિની મૂર્તિઓ સત્યપણાથી પ્રતિપાદન કરેલી હોય તે સચ્છાસ્ત્ર માનેલું છે. (૩૯) અને જે શાસ્ત્ર ભગવાનની મૂર્તિઓ તથા નારદજી, ઉદ્ધવજી વગેરે ભગવાનના એકાંતિક ભક્તોનું પ્રતિપાદન કરનારું હોય તે સચ્છાસ્ત્ર જાણવું. (૪૦) જે શાસ્ત્રમાં ધારણ કરેલી છે મનુષ્યાકૃતિ જેમણે એવા પ્રત્યક્ષ ભગવાનના તથા તેમના સાધુઓનાં વચનો પ્રતિપાદન કરેલાં હોય તે સચ્છાસ્ત્ર માનેલું છે. (૪૧) આ સચ્છાસ્ત્રોનું લક્ષણ કહ્યું. હવે હું તમોને અસત્છાસ્ત્રનું લક્ષણ કહું છું. જે શાસ્ત્ર પૂર્વે કહેલા સચ્છાસ્ત્રથી વિરુદ્ધ હોય તે અસચ્છાસ્ત્રો જાણવાં. (૪૨) જે શાસ્ત્રમાં ભગવાન અને તેમના સાધુઓના આકારનું ખંડન થાય અને જે શાસ્ત્રમાં આત્મનિષ્ઠા અને ભક્તિ અહિંસાદિ યમોનું નિરૂપણ ન હોય; (૪૩) વળી જેમાં ભગવાનના અવતાર-ચરિત્રોમાં દોષારોપણ કરી નિંદા કરેલી હોય તે પણ અસચ્છાસ્ત્ર કહેવાય છે. (૪૪) જે શાસ્ત્રમાં અપવિત્ર એવા મદ્ય, માંસ અને ચિતા ભસ્મ વગેરે દ્રવ્યો વડે તામસ દેવતાઓનો પૂજનવિધિ હોય તે સર્વ શાસ્ત્રો અસચ્છાસ્ત્રો કહેવાય છે. (૪૫) જે દીક્ષામાં ગળામાં ધારવાની બેવડી કંઠી, જપમાલા, તિલક, વસ્ત્રો વગેરે તથા દેહ સંબંધી પ્રકૃતિ સૌમ્ય હોય તે દીક્ષા શુભ દીક્ષા માનેલી છે. (૪૬) અને જે દીક્ષામાં પગથી આરંભીને શિખા પર્યંત ભયંકર વેશ હોય અને જે દીક્ષામાં ક્રોધ અને અપશબ્દોનું ઉચ્ચારણ હોય તે દીક્ષા અશુભ દીક્ષા જાણવી. (૪૭) જે દીક્ષાવાળા માણસના દર્શનમાત્રથી લોકો એમ વાઘ અને સાપના દેખાવથી જેમ ભય પામે અને જે દીક્ષામાં મદ્યમાંસાદિ અભક્ષ્ય વસ્તુઓનું ભક્ષણ થતું હોય તે દીક્ષા અશુભ માનેલી છે. (૪૮) જે દીક્ષામાં ગાંજો ભાગ્ય વગેરેના સેવનથી દીક્ષિત જન લાલચોળ આંખોવાળો કાયમ રહેતો હોય અને જે દીક્ષામાં પરદારાસંગ થતો હોય તે અશુભ જાણવી. (૪૯) જે મંત્રમાં કૃષ્ણ, નારાયણ, નર, વાસુદેવ આદિ શ્રીહરિ ભગવાનનાં નામો હોય તે સર્વોત્તમ શુભ મંત્ર જાણવો. (૫૦) જે મંત્ર મારણ, ઉચ્ચાટન વગેરેને કરનારો હોય, તામસ દેવતાના નામવાળો હોય અને ચિત્તને વિભ્રાંત કરનારો હોય તે અશુભ મંત્ર જાણવો. (૫૧) જે ભગવદ્ ભક્ત એવા સત્પુરુષોનો સમાગમ સત્સંગ કહેવાય છે અને તે સત્પુરુષો વેદાદિ સચ્છાસ્ત્રોમાં વર્ણન કરેલાં લક્ષણોથી જાણવા. (૫૨) જેઓ અષ્ટાંગ બ્રહ્મચર્યના પાલનમાં દૃઢ વ્રતવાળા, ધનપરિગ્રહ રહિત, નિઃસ્વાદી અને નિઃસ્નેહી હોય; (૫૩) તથા માનરહિત, સ્પૃહા વિનાના, નિર્મળ અંતઃકરણવાળા, ક્રોધ-ઈર્ષ્યા-દ્રોહથી રહિત, નિમત્સર,

નિર્લોભી, આત્મનિષ્ઠ અને જિતેન્દ્રિય હોય; (૫૪) શ્રીહરિના અવતારોની માહાત્મ્ય-જ્ઞાનપૂર્વકની ભક્તિવાળા એકાંતિક ભક્તોનો સંગ આચાર્યોએ શુભ માનેલો છે. (૫૫) પૃથ્વી ઉપર જેમણે અવતાર ધારણ કરેલો છે એવા પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનો સંગ સત્સંગ કહેવાય છે તથા ભગવાન સંબંધી શાસ્ત્રોનો સંગ પણ સત્સંગ કહેવાય છે. (૫૬) સત્ શબ્દથી કહેલા દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા અને મંત્ર-આ સાતેનો જે સંગ થાય તે સર્વ સંગ મુનિવર્યોએ સત્સંગ માનેલો છે. (૫૭) અસાધુઓનો સંગ અસત્ કહેલો છે તે અસંતો લક્ષણથી જાણવાં જોઈએ. જે અસંતો ભગવાન અને ભગવદ્ ભક્તોમાં ભક્તિરહિત હોય છે. (૫૮) સત્ શાસ્ત્રોમાં વિશ્વાસ વગરના, નાસ્તિક, ધનમાં લોલુપતાવાળા, પરદારામાં આસક્તિવાળા, ચોરી કરવાવાળા, મદ્યમાંસાદિકના સેવનપરાયણ; (૫૯) અભિમાની, અન્યનો ઉત્કર્ષ નહિ સહન કરવારૂપ દોષવાળા, દંભી, જુગાર રમનારા, અભક્ષ્યના ભક્ષણમાં પ્રીતિવાળા, મદ-ક્રોધથી ઉદ્ધત, પરહિંસાપરાયણ આ સર્વે અસંત સમજવા. (૬૦) અને જે જનો બ્રહ્મચર્ય આદિ ઉત્તમ ગુણોનો ત્યાગ કરી એક જરા જેટલા પણ સત્પુરુષોના અપરાધમાં મહા દોષારોપણ કરનારા હોય છે તેને પણ અસંત જાણવા. (૬૧) વળી જે લોકો આપવખાણ કરનારા, ભગવાન અને ભક્તોની નિંદા કરનારા, બીજાઓને ત્રાસ આપીને પોતાના સ્વાર્થ માટે અન્ન વગેરે ગ્રહણ કરનારાઓને પણ અસંત જાણવા. (૬૨) વળી જે જનો ભગવાન શ્રીહરિએ કૃપા કરીને આપેલ, ભક્તિધર્મના સાધનભૂત મનુષ્યદેહને પ્રાપ્ત કરી પુરુષપ્રયત્ન કરતા નથી તેઓ અસંત જાણવા. (૬૩) વળી જે પ્રમાદી જનો સત્યયુગાદિ કાળ, દૈવ, સંસ્કાર અને ભગવત્કૃપા ઉપર ભાર દઈને કલ્યાણપ્રાપ્તિ માટે પુરુષપ્રયત્ન કરતા નથી તેઓને અસંત જાણવા. (૬૪) અને જે પુરુષો અશાંતિ, અક્ષમા વગેરે દુર્લક્ષણાવાળા હોય તેને અસંત માન્યા છે. તેમનો સંગ અશુભ કહ્યો છે. (૬૫) અસત્ શબ્દથી જે જે દેશાદિક અશુભ કહ્યા છે તેનો સંગ પણ સ્ત્રીપુરુષોએ યથાર્થપણે અસત્ સંગ જાણવો. (૬૬) આ પ્રકારે સત્-અસત્ એવા દેશકાળાદિનાં લક્ષણો મુમુક્ષુઓના બોધ માટે મેં સંક્ષેપથી કહ્યાં. (૬૭) હે ભક્તજનો ! શુભ દેશાદિનું સેવન કરવાથી મનુષ્યોની બુદ્ધિ શુભ થાય અને અશુભ દેશાદિનું સેવન કરવાથી અશુભ થાય એમાં લગીરે સંદેહ નથી. (૬૮) જે પુરુષને જેવી બુદ્ધિ થાય તે પુરુષ તેવા કર્મને કરે આથી હે શુકમુને ! તે પુરુષ કર્મને અનુરૂપ ફળસિદ્ધિને પામે. (૬૯) આથી હિતાર્થી પુરુષ અસત્ દેશાદિનું સેવન ન કરે. હિતાર્થી પુરુષ અશુભ દેશાદિનો તત્કાળ ત્યાગ કરી શુભ દેશાદિનો જ આશ્રય કરે. (૭૦) જેમ અજાણપણે પીધેલું અમૃત પણ પીનાર મૂર્ખ હોય કે પંડિત દરેકને અમરતા પમાડે જ છે. (૭૧) તેવી રીતે અજાણથી પણ સેવેલા શુભ દેશકાળાદિ મૂર્ખ હોય કે વિદ્વાન દરેક દેહીને જન્મમરણાત્મક સંસારથી જરૂર મુકાવે છે. (૭૨) જેમ દારૂ-ભાંગ્ય વગેરે માદક પદાર્થ પીવાથી પંડિત નર કે મૂર્ખ નરને મદોન્મત્ત બનાવી તત્કાળ ઉન્મત્તતુલ્યપણાને પમાડે છે. (૭૩) તેવી રીતે અશુભ દેશકાળાદિકનું સેવન વિદ્વાન અને સાત્ત્વિક જનને પણ કુમાર્ગે જ દોરી જાય છે એમાં સંદેહ નથી. (૭૪) હે મુને ! પોતાની પાસે રહેલાને પોતાના સ્વભાવને અનુરૂપ ભાવવાળો કરવો-એવો તે શુભાશુભ દેશકાળાદિનો સ્વભાવ છે. આ દેશાદિ પોતાનો સ્વભાવ મેલી શકતા નથી. (૭૫) જે પુરુષ શુભ દેશાદિને નિત્ય

આદરપૂર્વક સેવે છે તે પુરુષને જ સકળ ઇચ્છિત ફળને આપનારો ધર્મ સિદ્ધ થાય છે. (૭૬) અને તે જ પુરુષ આ ધરાતલ ઉપર જીવનપર્યંત સુખને ભોગવે છે અને દેહાવસાને ભગવાનના પરમ ધામને પામે છે. (૭૭) અને તે ભક્તજન ભગવાનના ધામમાં ચૈતન્યમય દિવ્ય દેહવાળો થઈને અનંત અક્ષય ઇચ્છિત દિવ્ય દેવદુર્લભ ભોગોને પામે છે. (૭૮) આ લોકમાં અશુભ દેશાદિનું સેવન કરે તે પુરુષ જીવન પર્યંત દુઃખને પામે છે અને ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે. (૭૯) અને અંતે યમપુરમાં દારુણ નરકોને ભોગવીને પછી ચોરાશી લાખ યોનિઓમાં ભમ્યા કરે છે. (૮૦) આથી અશુભ દેશકાળાદિના સંબંધ થકી બહુ ભય પામેલો પુરુષ ધર્મની સિદ્ધિ માટે નિત્ય શુભ એવા દેશાદિનું સેવન કરે. (૮૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શુકાનંદ મુનિ તથા સભામાં બેઠેલા બીજા સર્વ ભક્તો શ્રી નારાયણમુનિની આવી વાણી સાંભળી મોટા આનંદને પામ્યા અને ભગવાનને પ્રણામ કરીને તેમનું વચન સ્વ-પર હિતકારી જાણીને મસ્તકે ધારણ કર્યું. (૮૨) ભૂમિમાં વર્ણિરાજ ભગવાને ત્યાગી-ગૃહી સર્વ કોઈના ધર્મની રક્ષા માટે સમગ્ર વેદના સ્વરરૂપ એવી ધર્મસિદ્ધિ વર્ણન કરેલી છે. જે પુરુષો દરરોજ આ ધર્મસિદ્ધિને સાંભળશે કે કીર્તન કરશે તે પુરુષોને આ લોકમાં ધર્મમાં સ્થિરતા અને નાના પ્રકારનું સુખ થશે તથા પરલોકમાં વિવિધ પ્રકારનું સુખ પ્રાપ્ત થશે. (૮૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં શ્રીનારાયણ-શુકાનંદ સંવાદમાં ધર્મસિદ્ધિનિરૂપણ નામે છવીશમો અધ્યાય થયો. ॥૨૬॥

●

## અધ્યાય-૨૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! કાર્તિક સુદી છઠના દિવસે સંધ્યાસમયે સભામાં ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન ભગવાન શ્રીહરિને પ્રણામ કરી બ્રહ્માનંદમુનિ પૂછવા લાગ્યા : (૧) હે ભગવન્ ! આ ઉદ્ધવ સંપ્રદાયમાં આપના આશ્રિત અનેક ત્યાગીઓ કામવાસના રહિત એવા બૃહદ્ નૈષ્ઠિક વ્રતનો આશ્રય કરીને રહેલા છે. (૨) હે સ્વામિન્ ! એ ત્યાગીઓને ક્યારેક સ્ત્રીના સંબંધથી નિષ્કામવ્રતનો ભંગ થાય તો શાથી તેની શુદ્ધિ થાય તે અમોને કહેવાને આપ યોગ્ય છો. (૩)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! જાણી જોઈને તો નિષ્કામવ્રતનો ભંગ ક્યારેય પણ ન જ કરવો. જો અજાણતાં ભંગ થઈ જાય તો તેની શુદ્ધિ (પ્રાયશ્ચિત) તત્કાળ કરવી. (૪) તત્કાળ કરેલી શુદ્ધિથી અષ્ટાંગ બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ થાય અને ત્યાગીભક્તોને એકાંતિકપણું થાય છે. આથી શુદ્ધિ કહેતાં પ્રાયશ્ચિત હું તમોને કહું છું. (૫) નિષ્કામવ્રત રાખનાર પુરુષ છે તે કોઈપણ કાળે અન્ય દ્વારા કહેવાતી સ્ત્રીઓની વાર્તાને

પ્રેમથી કાન દઈને સાંભળે તો તે વ્રતી પુરુષ એક ઉપવાસ કરે. (૬) તે નિષ્કામ વ્રતવાળો પુરુષ સચ્છાસ્ત્રના પ્રસંગ વિના સ્ત્રીઓના ગુણ કે અવગુણનું વર્ણન કરે તો એક ઉપવાસ કરે. (૭) રસમંજરી રસિક પ્રિયાદિ અસત્કાવ્યોમાં વર્ણવેલા મુગ્ધા, મધ્યા વગેરે સ્ત્રીઓના ભેદોને જો સાંભળે કે કીર્તન કરે તો નિષ્કામીવ્રતી એક ઉપવાસ કરે. (૯) જો વ્રતી પુરુષ સ્ત્રીની દૃષ્ટિની સાથે પોતાની દૃષ્ટિ બાંધીને ક્ષણમાત્ર પણ સ્ત્રીને જુએ તો તે એક ઉપવાસ કરે. (૧૦) સ્ત્રીઓના કરચરણાદિક અંગનો, સ્ત્રીએ અંગમાં ધારેલા વસ્ત્રનો કે સ્ત્રીએ ધારણ કરીને ઉતારી મૂકેલા પણ વસ્ત્રનો સ્પર્શ થઈ જાય તો નિષ્કામવ્રતધારી પુરુષ એક ઉપવાસ કરે. (૧૧) સભામાં પુરુષો સન્મુખ ભગવાનની વાર્તા કહેતાં સ્ત્રીઓને ઉદ્દેશીને જો વાર્તા કરે તો નિષ્કામી નર એક ઉપવાસ કરે. (૧૨) હૃદયમાં સ્ત્રી સંબંધી દુષ્ટ સંકલ્પ ઉત્પન્ન થાય અથવા સ્ત્રીની સાથે બોલાય તો નિષ્કામવ્રતધારી પુરુષ એક-એક ઉપવાસ કરે. (૧૩) વ્રતી પુરુષ ગુપ્ત રીતે પુરુષ મારફત સ્ત્રીને કોઈપણ બાબત જણાવે અથવા નારીએ ગુપ્ત રીતે પુરુષ દ્વારા મોકલેલા સંદેશાને સાંભળે તો એક-એક ઉપવાસ કરે. (૧૪) ભગવાનના પ્રસાદીભૂત ચંદન પુષ્પાદિક પણ સ્ત્રીને ખાનગી રાહે મોકલે તો વ્રતી પુરુષ એક ઉપવાસ કરે. (૧૫) સ્ત્રીએ મોકલાવેલ ભગવાનના પ્રસાદીભૂત ચંદન, પુષ્પ, અન્ન, વસ્ત્રાદિને જો ગુપ્તપણે ગ્રહણ કરે તો વ્રતી પુરુષ એક ઉપવાસ કરે. (૧૬) વ્રતી પુરુષ છાની રીતે ગ્રહણ કરે તો એક ઉપવાસ કરે. (૧૭) અથવા કોઈપણ વસ્તુ વ્રતી પુરુષ છાની રીતે સ્ત્રીને મોકલે અથવા સ્ત્રીએ છાની રીતે મોકલેલી કોઈપણ વસ્તુને ગ્રહણ કરે તો એક ઉપવાસ કરે. (૧૮) સ્ત્રીના ચિત્રને ધ્યાનપૂર્વક જુએ, પોતે સ્ત્રીચિત્રને કરે અથવા સ્ત્રીવેશધારી પુરુષનો સ્પર્શ કરે તો નિષ્કામવ્રતધારી પુરુષ એક-એક ઉપવાસ કરે. (૧૯) જે સ્થળે સ્ત્રીઓની સ્નાન, આસન વગેરે ક્રિયા થતી હોય તે સ્થળે જો નિષ્કામવ્રતી પુરુષ તે તે ક્રિયાઓને કરે તો એક ઉપવાસ કરે. (૨૦) જે સ્થળમાં સ્ત્રીઓની અવરજવર વિશેષ થતી હોય તે સ્થાનમાં નિષ્કામી નર મળમૂત્રનું વિસર્જન કરે તો એક ઉપવાસ કરે. (૨૧) સ્ત્રીઓના મુખ થકી ભગવત્કથાને પણ સાંભળવા ઊભો રહે કે સ્ત્રીઓને સન્મુખ બેસે તો વ્રતી પુરુષ એક ઉપવાસ કરે. (૨૨) જે નિષ્કામી પુરુષ વિશાળ માર્ગમાં પણ આપત્કાળ સિવાય સ્ત્રીથકી ચાર હાથના અંતરની અંદર જો ચાલે તો એક ઉપવાસ કરે. (૨૩) સ્ત્રીને સાથે એક જ ગાડામાં બેસે અથવા સ્ત્રીના ચિત્રનો સ્પર્શ કરે તો વ્રતી પુરુષ એક ઉપવાસ કરે. (૨૪) પાષાણ અથવા કાષ્ઠની સ્ત્રીની પૂતળીનો સ્પર્શ થઈ જાય અથવા સ્ત્રીનું ગુહ્ય અંગ જોવાઈ જાય તો પણ વ્રતધારી પુરુષ એક ઉપવાસ કરે. (૨૫) કોઈ સમયે મનના સંકલ્પને આધીન થઈ પશુ કે પક્ષીઓનું મૈથુન કર્મ જોવાઈ જાય તોપણ વ્રતી પુરુષ એક ઉપવાસ કરે. (૨૬) બંધનવાળા પોતાના નિવાસસ્થાનમાં કોઈપણ સ્ત્રી કોઈ પ્રયોજનથી કે અજાણતાં આવી ચઢે અને તે સ્થળે પોતે એકલો જ હોય તો વ્રતી પુરુષ એક ઉપવાસ કરે. (૨૭) નિષ્કામવ્રતધારી પુરુષ એકલો કોઈ પ્રયોજન માટે કે સહજ કે આપત્કાળથી પણ જે ઘરમાં સ્ત્રી હોય તે ઘરમાં પ્રવેશ કરીને તત્કાળ પાછો બહાર નીકળી આવે તોપણ એક ઉપવાસ કરે. (૨૮) સ્ત્રીના દર્શનાદિ સંબંધથી મલિન સ્વપ્ન આવે અથવા સ્ત્રીના દર્શનથી વીર્યપાત થાય તો વ્રતીપુરુષ એક ઉપવાસ કરે. (૨૯) ભોજન નિમિત્ત બેઠેલ નિષ્કામવ્રતધારી

પુરુષને જો નારી ભોજન પીરસે તો વ્રતી પુરુષ પોતાની શુદ્ધિ માટે એક ઉપવાસ કરે. (૩૦) જો નિષ્કામી ત્યાગી પુરુષ પહેરવાના વસ્ત્રથી ઢાંક્યા વગરની માત્ર કૌપીનભેર દૂર રહેલી સ્ત્રીજન સહિતની સભામાં આવે તો એક ઉપવાસ કરે. (૩૧) આ પ્રકારે સ્ત્રીના સંસર્ગમાં સામાન્યપણે મેં એક ઉપવાસ કહ્યો. બીજા પણ આવી રીતના જ કોઈ સ્થાનમાં સ્ત્રી સંસર્ગ થઈ જાય તો વ્રતી પુરુષ એક ઉપવાસ કરે. (૩૨) એકલી સ્ત્રીની સાથે એકાકી પુરુષ પોતાના એકાંત સ્થાનમાં ક્ષણમાત્ર રહ્યો હોય તોપણ વ્રતી પુરુષ ત્રણ દિવસ ઉપવાસ કરે, વળી એકલી સ્ત્રીની સાથે એકલો પોતે ચાલતાં ક્ષણમાત્ર ચાલેલો હોય તોપણ ત્રણ ઉપવાસ કરે. (૩૩) વ્રતી પુરુષ કામને પરવશ થકો પોતાના હાથથી અથવા બીજાના હાથથી વીર્યપાત કરે તો વ્રતધારી પુરુષ ચાર દિવસ ઉપવાસ કરે. (૩૪) વ્રતી પુરુષ સાક્ષાત્ સ્ત્રીસંગ કરે તો એક વર્ષ સુધી મીઠા વગરના સાથવાને પાન કરતો થકો ધારણાપારણા નામનું વ્રત કરે. (૩૫) આ ધારણાપારણા વ્રત કરવામાં અસમર્થ પુરુષ ધર્મશાસ્ત્રમાં કહેલા બીજા વિધિને જાણીને યથાશક્તિ તે વિધિને કરે. (૩૬) નિષ્કામવ્રતી પુરુષ સોળ વર્ષની અંદરનો બાળક હોય કે રોગી હોય કે એંશી વર્ષથી અધિક ઉંમરનો વૃદ્ધ હોય તોપણ શુદ્ધિ અંગેના ઉપવાસના દિવસો એ કેવળ જળપાન જ કરે પરંતુ અન્ય કશું ભક્ષણ કરે જ નહિ. (૩૭) નિષ્કામ વ્રતધારી પુરુષોએ અગાઉ કહેલા ઉપવાસો તો અવશ્ય કરવા. આ અમારી આજ્ઞા છે એમ તમો જાણો. (૩૮) જે નિષ્કામવ્રતવાળા પુરુષો નિષ્કામવ્રતનો ભંગ થયે મેં કહેલાં વ્રતશુદ્ધિનાં વ્રતો કરશે નહિ તથા જે પુરુષો શુદ્ધિ નિમિત્તે ઉપવાસ કરતા પુરુષોને નિષેધ કરશે તે પુરુષો અવશ્ય કામથી વ્યાકુળ થઈને ત્યાગીના માર્ગથી ભ્રષ્ટ થશે. (૩૯) બાલ, રોગી અને વૃદ્ધ આ ત્રણ પ્રકારના પુરુષોને જે દયાળુ ત્યાગી શુદ્ધિના ઉપવાસ કરવાનો નિષેધ કરનારા પોતે જ તેમના શુદ્ધિ માટે પોતે ઉપવાસ કરે. (૪૦) આત્મશુદ્ધિ માટે મેં કહેલી મર્યાદાને જે પુરુષો પાલન કરે તે પુરુષો ઉદ્ધવ સંપ્રદાયના જાણવા; બીજા મર્યાદાનું પાલન નહિ કરનારા ઉદ્ધવ સંપ્રદાયના નથી. (૪૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે શ્રી નારાયણમુનિનું વચન સાંભળી બ્રહ્માનંદમુનિ રાજી થઈ ગયા. બીજા પણ ત્યાગીજનો પ્રસન્ન થયા. ત્યારબાદ બધા ભક્તજનોના હિતમાં સંલગ્ન એવા શ્રીહરિને પ્રણામ કરી તે બધા તે પ્રમાણે આચરણ કરવા માટે પ્રતિજ્ઞા કરતા હતા. (૪૨) મુનિ કહે છે : હે રાજન્! આ પ્રકારે પરમ પવિત્ર એવા આ નિષ્કામશુદ્ધિ ગ્રંથને દરરોજ પ્રભાતે પ્રેમથી જે જનો પાઠ કરે તે પુરુષ ત્રિભોવનના જયથી ગર્વિષ્ઠ થયેલા અને ભગવદ્ ધ્યાનાદિ સર્વ ગુણોમાં કલંક પમાડનાર, કામદેવને અનાયાસથી જ ઉન્મૂલન કરી નાખે તે નક્કી વાત છે. (૪૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધિન્યુત્સવમાં શ્રી નારાયણ-બ્રહ્માનંદ સંવાદમાં નિષ્કામશુદ્ધિનિરૂપણનામે સત્યાવીશમો અધ્યાય થયો. ॥૨૭॥

●

## અધ્યાય-૨૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! કાર્તિક સુદી સાતમની રાત્રિસભામાં બિરાજમાન શ્રી નારાયણમુનિને ગોપાળાનંદમુનિ હાથ જોડીને પૂછવા લાગ્યા : (૧) હે મહાપ્રભો ! આ લોકમાં તમોને પામેલા સર્વ ત્યાગીજનોને અનુષ્ઠાન કરવા યોગ્ય નિત્યવિધિને હું જાણવા ઈચ્છું છું. માટે કૃપા કરી કહો. (૨)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

મારા આશ્રિત ત્યાગીજનોએ અવશ્ય અનુષ્ઠેય એવો નિત્યવિધિ હું સંક્ષેપથી તમોને કહું છું. (૩) ત્યાગી ભક્ત રાત્રિના છેલ્લા પ્રહોરે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને દ્વારિકાધીશ શ્રીહરિ ભગવાનનું ચિંતન કરે. (૪) ત્યારપછી મુનિ એવો ત્યાગીભક્ત શ્રીકૃષ્ણનામ-સંકીર્તન કરે, પછી ભગવાનના ભક્તોને પ્રણામ કરી જળપાત્ર ગ્રહણ કરી નગરથી બહારના ભાગમાં ગમન કરે. (૫) નિર્જન સ્થાનમાં મલોત્સર્ગવિધિને કરી પછી નદી વગેરે જળાશય પર જઈ જળ અને માટીથી હાથપગ વગેરેને શુદ્ધ કરે. (૬) ઊભો ઊભો મળમૂત્રનો ત્યાગ ન કરે, જળમાં ન કરે, ગો-બ્રાહ્મણ-અગ્નિ-સૂરજ-ચંદ્રની સન્મુખ ન કરે. હળથી ખેડેલા ખેતરમાં, માર્ગમાં, નદીના તટમાં, ગાયોના મધ્યમાં, વાવેલા ખેતરમાં, જીર્ણ દેવાલયમાં ન કરે. તથા સ્ત્રીઓને સન્મુખ મળમૂત્ર ન કરે એટલું જ નહિ પરંતુ થૂંકે કે નાસિકામળનો ત્યાગ પણ ન કરે. (૭-૮) શૌચવિધિમાં જંતુઓવાળી, અપવિત્ર સ્થાનમાં રહેલી, બીજાએ હાથપગ ધોતાં બાકી રહેલી અગર રાફડામાં રહેલી મૃતિકા (માટી) ગ્રહણ ન કરતાં શુદ્ધ મૃતિકા ગ્રહણ કરવી. (૯) મૃતિકા સહિત જળ વડે લિંગને એકવાર ધુએ, ગુંદાને ત્રણવાર, ડાબા હાથને દશવાર, ડાબા જમણા બન્ને હાથને ભેગા કરી સાતવાર અને બન્ને ડાબા જમણા પગને ત્રણવાર ધુએ. (૧૦) ત્યાગી ભક્ત જેવું પોતાને મળી આવે એવા કાષ્ઠથી દંત ધાવન કરે અને પોતે વૃક્ષ ઉપરથી લીલા કાષ્ઠને ક્યારેય પણ છેદન ન કરે. (૧૧) એકાદશી વગેરે વ્રતોપવાસના દિવસે ત્યાગી દંતધાવન ન કરતાં જળના બાર કોગળા વડે મુખશુદ્ધિ કરે. (૧૨) ત્યારપછી નદી, તળાવ કે કૂવા ઉપર ઠંડા જળ વડે સ્નાનવિધિ કરે. આપત્કાળમાં ગરમ પાણીથી સ્નાન કરે અથવા બીમારી સમયે માનસ સ્નાન કરે. (૧૩) પોતાના હૃદયમાં શ્રીહરિપ્રભુનું ધ્યાન કરી શ્રીહરિના નામોચ્ચારણપૂર્વક મનથી કલ્પેલા જળ વડે જે સ્નાન થાય તે માનસ સ્નાન કહેલું છે. (૧૪) ત્યાગી ભક્ત સ્નાન સમયે શ્રીવિષ્ણુના ચરણમાંથી નીકળેલી, મંગળ કરનારી, ભગીરથ રાજાના તપની સિદ્ધિરૂપ, મહાપાપનો નાશ કરનારી એવી ભાગીરથી ગંગાનું સ્મરણ કરે. (૧૫) સ્નાન પછી ધોયેલું કૌપીન વસ્ત્ર ધારણ કરે અને તેવું જ બીજું ધોયેલું ઉપરનું વસ્ત્ર ધારણ કરે, ધોયેલા વસ્ત્રના અભાવમાં ભીના વસ્ત્રવાળો થકો નિત્યવિધિ કર્મ કરે. (૧૬) પછી મુનિ ઉત્તરાભિમુખે કે પૂર્વાભિમુખે દર્ભથી કે કામળી વગેરેથી બનાવેલા હરકોઈ એક પવિત્ર, પોતે એક જ બેસી શકે એવા આસન ઉપર બેસે. (૧૭) ત્યારપછી ત્યાગી ભક્ત ૐ નારાયણાય નમઃ, ૐ વાસુદેવાય નમઃ અને ૐ વિષ્ણવે નમઃ' એમ અનુક્રમથી સ્મરણ ઉચ્ચારણ કરતો થકો ગાળેલા પવિત્ર જળ વડે આચમન કરે. (૧૮) પછી તે ત્યાગી ભક્ત ભગવાનની પૂજા કરતાં બાકી રહેલા ચંદનથી અથવા

ગોપીચંદનથી વચ્ચે ગોળ ચાંદલાએ સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરે. (૧૯) તે તિલક લલાટ, હૃદય અને બે હાથ આટલી જગ્યાએ નિત્ય કરે અને ઊર્ધ્વપુંડ્રના મધ્યમાં રાધાલક્ષ્મીના પ્રસાદીભૂત કુંકુમથી ચાંદલો કરે. (૨૦) લલાટમાં તિલક કરતી વખતે 'ૐ વાસુદેવાય નમઃ', હૃદયમાં 'ૐ સંકર્ષણાય નમઃ', જમણા બાહુમાં 'ૐ પ્રદ્યુમ્નાય નમઃ' અને ડાબા બાહુમાં 'ૐ અનિરુદ્ધાય નમઃ' એમ બોલીને બોલે. (૨૧) ત્યારબાદ ત્રૈવર્ણિક એવો ત્યાગી વિષ્ણુ સંબંધી ત્રણ મંત્રો-'ૐ વાસુદેવાય નમઃ', 'ૐ નારાયણાય નમઃ', 'ૐ વિષ્ણવે નમઃ' વડે ત્રણવાર આચમન કરી ભક્તિભાવ પૂર્વક વિષ્ણુગાયત્રીમંત્રનો જપ કરે. (૨૨) વિષ્ણુગાયત્રી મંત્રના દેવતા વિષ્ણુ છે. મંત્રના ઋષિ નારદ છે અને તેનો છંદ ગાયત્રી નામે છે. (૨૩) આ ગાયત્રી મંત્રનું બીજ જ્ઞાન, ધ્યાન શક્તિ, કીલક આજ્ઞા માનેલી છે અને શ્રી વિષ્ણુ દેવતાની પ્રીતિ છે અર્થ જેનો એવા જપમાં વિનિયોગ કહેતાં સંકલ્પ માનેલો છે. (૨૪) પછી મસ્તક, મુખ, વક્ષઃસ્થળ, નાભિ અંઘ્રી, અને સર્વાંગ આ બધામાં નારદ ઋષિ છે પ્રધાન જેમાં એવા દેવોને અનુક્રમથી ન્યાસ કરવો. (જેમકે 'નારદઋષયે નમઃ શિરસિ' એમ ઉચ્ચારણ કરીને મસ્તકને હાથથી સ્પર્શ કરવો; 'ૐ ગાયત્રી છંદસે નમઃ મુખે'; 'શ્રી વિષ્ણુ પરમાત્મ દેવતાયે નમઃ હૃદયે'; 'ૐ જ્ઞાનબીજાય નમો નાભૌ'; 'ૐ ધ્યાનશક્તયે નમઃ પાદયો'; 'ૐ આજ્ઞા કીલકાય નમઃ સર્વાંગે.') (૨૫) હવે કરન્યાસ બતાવે છે : હે મુને ! વિભક્તિના અંતવાળા મંત્રનાં પદોથી કરન્યાસો કરે. મંત્ર, પદમાં, 'તન્નો વિષ્ણુઃ' આ એક પદ જાણવું; જેમકે 'ૐ નારાયણાયેતિ અંગુષ્ઠાભ્યામ્ નમઃ' 'ૐ વિદ્‌મહો ઈતિ તર્જનીભ્યામ્ નમઃ' 'ૐ વાસુદેવાય ઈતિ મધ્યમાભ્યામ્ નમઃ', 'ૐ ધીમહિ ઈતિ અનામિકાભ્યામ્ નમઃ', 'ૐ તન્નો વિષ્ણુઃ ઈતિ કનિષ્ઠાભ્યામ્ નમઃ', 'ૐ પ્રચોદયાત્ ઈતિ કરતલકર પૃષ્ઠાભ્યામ્ નમઃ' આ રીતે વિષ્ણુગાયત્રીનાં નારાયણાય ઈત્યાદિ પદો વડે કરન્યાસ કરવો. (૨૬) હવે હૃદયાદિ છ અંગનો ન્યાસ કહે છે : મુનિ આ પ્રકારે વિભક્તિના અંતવાળા મંત્રોપદોથી હૃદયાદિનો ન્યાસ કરે; જેમ કે 'ૐ નારાયણાયેતિ હૃદયાય નમઃ', 'ૐ વિદ્‌મહે ઈતિ શિરસે નમઃ', 'ૐ વાસુદેવાય ઈતિ શિખાયૈ નમઃ', 'ૐ ધીમહિ ઈતિ કવચાય નમઃ', 'ૐ તન્નો વિષ્ણુઃ ઈતિ નેત્રાભ્યામ્ નમઃ', 'ૐ પ્રચોદયાત્ ઈતિ અસ્ત્રાય નમઃ' આ પ્રમાણે છ અંગે ન્યાસ કરવા. પછી લક્ષ્મીરૂપા વૈષ્ણવી ગાયત્રીનું હૃદયમાં ધ્યાન ધરવું (૨૭) શ્રી વિષ્ણુના ડાબા પડખામાં સદૈવ રહેલા, વિષ્ણુની ઈચ્છાને અનુસરનારા, અપરિમિત શરદપૂર્ણિમાના ચંદ્રની કાંતિ સમાન એક એક અંગથી સુંદર, કસુંબી વસ્ત્રોવાળા, ગૌર વર્ણવાળા, વિવિધ અલંકારોથી શોભાયમાન, શાંત આકારવાળાં, મંદહાસયુક્ત મુખવાળા, મહાપુરુષના લક્ષણવાળા,જમણા હાથમાં કમળ અને ડાબા હાથમાં અમૃતકુંભને ધારી રહેલા, દેવ-દેવીઓએ વારંવાર નમસ્કાર કરાયેલા, કુંકુમ વગેરેથી પૂજાયેલા, પોતાના ભક્તજનોને તત્કાળ એકાંતિક મુક્તિને આપનારા એવા લક્ષ્મીરૂપી ગાયત્રીનું હૃદયમાં નિત્ય ધ્યાન કરું છું. (૨૮-૨૯) આ પ્રમાણે ત્યાગી ભક્ત ગાયત્રીનું ધ્યાન કરી ચોવીસ અક્ષરવાળી વિષ્ણુગાયત્રીનો યથાશક્તિ જાપ કરે; ત્યારબાદ સંખ્યાપૂર્વક કરેલા તે જપને ભગવાન શ્રીહરિને અર્પણ કરે. યથાશક્તિ કરેલા ગાયત્રીના જપથી ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ પ્રસન્ન થાઓ. (૩૨) હજાર સંખ્યાવાળો જપ ઉત્તમ

છે, સો સંખ્યાવાળો જપ મધ્યમ છે અને દશ સંખ્યાવાળો જપ કનિષ્ઠ કહેલો છે-આ પ્રમાણે મુનિ ગાયત્રીજપને પોતાના અવકાશ અનુસાર નિત્ય જપ કરે. (૩૩) ત્યારપછી તે ભક્તજન તાળી વગાડીને મંત્રવડે કરી પ્રતિમારૂપ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને પ્રેમપૂર્વક જગાડે. (૩૪) જગાડવાનો મંત્ર : હે ગોવિંદ ! હે ગરુડધ્વજ ! તમો ઊઠો ઊઠો હે કમલાકાંત ! તમે ઊઠો જાગો અને ત્રિલોકીમાં મંગળ કરો. (૩૫) ભગવાનની મૂર્તિને શુભ આસન ઉપર બેસાડી શુદ્ધ વસ્ત્રના કકડા વડે માર્જન કરી મનમાં શ્રીકૃષ્ણનું ધ્યાન કરે. (૩૬) મુનિજન પોતાના ગુરુએ બતાવેલા ક્રમથી માનસીપૂજા કરી પોતાની આગળ મૂકેલી મૂર્તિમાં ધ્યાન કરેલા ઈષ્ટદેવનું ભક્તિભાવથી આવાહન કરે. (૩૭) પાષાણમાંથી બનાવેલી, કાષ્ટમયી, સુવર્ણાદિ ધાતુમયી, ચંદનાદિમયી, ચિત્રમયી, રેતીની બનાવેલી, મનોમયી અને મણિમયી-આ આઠ પ્રકારની પ્રતિમા કહેલી છે. (૩૮) પૂર્વામુભિમુખ કે ઉત્તરાભિમુખ થકો અથવા પ્રતિમા સન્મુખ થકો યથાપ્રાપ્ત ચંદનપુષ્પાદિ દ્રવ્ય ઉપચારો વડે પ્રેમપૂર્વક યથાવિધિ ભગવાનનું પૂજન કરે. (૩૯) અન્યની સાથે નહિ બોલતો થકો સાધુ આવાહન આદિ સોળ ઉપચારો વડે અને પુષ્પાદિ ઉપચારના અભાવમાં કેવળ મંત્રો વડે જ ભગવાનનું સમ્યક્ પૂજન કરે. (૪૦) અને તે સાધુ પૌરાણિક મંત્રો વડે જ અથવા ભગવાનના નામમંત્ર વડે પ્રતિદિન પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણનું પૂજન કરે. (૪૧) આળસ અને અનાદરનો ત્યાગ કરી, સ્થિર મનવાળો થઈ તે ભગવાનનું પૂજન કરે ત્યારબાદ નિયમિત યથાશક્તિ સદા શ્રીકૃષ્ણમંત્રનો માળાથી જપ કરે. (૪૨) તુલસીના કાષ્ઠની માળા સર્વોત્તમ છે અથવા કમળના બીજની માળા શ્રેષ્ઠ છે અથવા સુખડના કાષ્ઠની માળા મંગળકારી છે. (૪૩) આસનમાં બેસીને જપ કરે. પૃથ્વી ઉપરનો મંત્રજપ વ્યર્થ થાય છે. આસન ઊનનું, તૃણનું, પાંદડાનું, અથવા શુદ્ધ વસ્ત્રના કટકાનું આસન, મૃગચર્મ કે વાઘચર્મ વગેરે આસન મુનિઓએ યોગ્ય કહેલું છે. (૪૪) સ્વસ્તિકાસને બેસીને સરલ શરીરવાળો થઈ એકાગ્ર દૃષ્ટિ રાખીને જપમાળાને વસ્ત્રથી ઢાંકીને મૌનવ્રતવાળો અને સ્થિર થકો ભગવન્મંત્રને જપે. (૪૫) પછી મુનિ યથાશક્તિ ભગવાનના સ્તોત્રનો પાઠ કરે. આપત્કાળમાં તો કેવળ ભગવન્નામકીર્તન કરે. (૪૬) આ પ્રમાણે પૂજાપાઠ કર્યા પછી ભગવાનની પ્રતિમાને યોગ્ય સ્થાને સ્થાપન કરી પછી ગુરુને પ્રણામ કરીને મુનિ ભિક્ષા માટે પવિત્ર ગૃહસ્થના ઘર પ્રત્યે જાય. (૪૭) ત્યારબાદ કાચું અન્ન માગીને પવિત્ર થઈ એકાગ્ર મનવાળો થઈ ફરી વિષ્ણુ ગાયત્રી અને કૃષ્ણમંત્રને યથાશક્તિ જપે. (૪૮) એ રીતે પ્રાતઃકાળ અને મધ્યાહ્નકાળ એ બે કાળમાં કરવાના ગાયત્રીજપ અને કૃષ્ણમંત્ર જપને આપત્તિપ્રસંગ પ્રાપ્ત થાય તો એક કાળમાં જ કરી લે. પ્રાતઃકાળમાં કરવાના જપ પણ મધ્યાહ્નકાળે કરે અથવા મધ્યાહ્નકાળના જપ પ્રાતઃકાળમાં કરી લે. (૪૯) ત્યારબાદ ભગવાન શ્રીહરિના નૈવેદ્ય માટે પવિત્ર સ્થાને પાક કરે. પછી ભગવાનને મહાનૈવેદ્ય સમર્પણ કરી પ્રતિમારૂપ પ્રભુને પોઢાડી દે. (૫૦) ત્યારબાદ મુનિ ભગવાનની પ્રસાદીનું અન્ન પ્રસાદીના જળ વડે સંપ્રોક્ષણ કરીને જ જમે. પ્રતિદિન આપત્કાળ વિના એક જ વાર જમે. આપત્કાળમાં બીજી વાર જમવામાં દોષ નથી. (૫૧) ત્યાગીજન ભગવાનને નિવેદન કર્યા વિનાનું કંઈ પણ ન જમે. પાસે પ્રતિમા ન હોય તો મનથી કલ્પેલી પ્રતિમાને તે નિવેદન કરે. (૫૨) ભોજન વખતે કોઈ ભિક્ષુક આવીને

અન્નની યાચના કરે તો વ્યાકુળતા રહિત થકો આત્મબુદ્ધિથી ભિક્ષુકને અન્ન આપે. (૫૩) મુનિજન સર્વ એકાદશીઓ, જન્માષ્ટમી આદિ ઉત્સવ દિવસો અને પ્રાયશ્ચિતના અંગભૂત ઉપવાસના દિવસે અન્ન ભક્ષણ ન કરે. (૫૪) ત્યાગીએ દરરોજ સચ્છાસ્ત્રનું પઠન-પાઠન કરવું. આપત્કાળ વિના દિવસે સૂવું નહિ. (૫૫) ત્યાગી પુરુષે ભગવાનની કથાનું શ્રવણ-કીર્તન, ધ્યાન, વંદન, અર્ચન સિવાય ક્યારેય પણ વૃથા કાળ નિર્ગમન કરવો નહિ. (સર્વકાળમાં યથાશક્તિ ભક્તિ જ કરવી.) (૫૬) ત્યાગીપુરુષે મળત્યાગમાં કટિસ્નાન કરવું અને તે સમયે પહેરેલું વસ્ત્ર ધોઈ નાખવું. મૂત્રત્યાગમાં જળથી લિંગ અને બન્ને હથેળી જળથી શુદ્ધ કરી કોગળા કરવા. (૫૭) પછી સાયંકાળે પવિત્ર થકો ભગવાનને જગાડીને સંધ્યા આરતી કરે. પછી ભગવન્નામ સંકીર્તન અને સ્તુતિપાઠ કરે. (૫૮) પછી ભગવાનને નમસ્કાર કરી હૃદયકમળમાં શયન કરાવે અને પ્રતિમાને સિંહાસન આદિમાં સુવાડી દે. પછી પોતાના ગુરુને પ્રણામ કરે. (૫૯) પછી સાધુ શુદ્ધ થઈ બેસીને અગાઉની પેઠે સ્થિર આસનવાળો થઈ યથાશક્તિ વિષ્ણુગાયત્રી તથા કૃષ્ણમંત્રને જપે. (૬૦) પછી ત્યાગીજન સચ્છાસ્ત્ર પઠનપાઠન-ધ્યાન-કીર્તન વગેરે ભગવાન સંબંધી કાર્યો વડે એક પહોર જાગરણ કરે. (૬૧) ત્યારબાદ ત્યાગી હૃદયમાં શ્રીકૃષ્ણનું ચિંતન કરતો થકો ભૂમિ ઉપર જ સૂઈ જાય. આપત્કાળમાં ખાટલા ઉપર સૂવે. (૬૨) ત્યાગી પુરુષે આ પ્રકારના ક્રમથી પોતાનું આહ્નિક કર્મ દરરોજ યથાવિધિ કરવું. આમ કરવાથી ભગવાન શ્રીહરિ અત્યંત પ્રસન્ન થાય છે. (૬૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે નારાયણમુનિએ ઉપદેશ કરેલા આહ્નિક નિત્યકર્મને સાંભળીને ગોપાળાનંદ મુનીન્દ્ર પરમ હર્ષને પામીને ભગવાને ઉપદેશેલા પ્રકારે પોતે આચરણ કરતા થકા સર્વ મુનિજનોમાં પણ પ્રવર્તાવતા હતા. (૬૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં શ્રીનારાયણ ગોપાલાનંદસંવાદમાં ત્યાગિનાં સંક્ષિપ્તાહ્નિકવિધિનિરૂપણનામે અઠ્યાવીશમો અધ્યાય થયો. ॥૨૮॥

●

## અધ્યાય-૨૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! હવે ત્યારપછી કાર્તિક સુદી આઠમના દિવસે રાત્રિના આરંભમાં સંધ્યાવિધિ કરી રહેલા શ્રીહરિ ભગવાન શ્રીકૃષ્ણની આરતી થયા પછી ભક્તજનોની સભામાં બિરાજમાન થયા. (૧) તે સમયે મુનિઓમાં શ્રેષ્ઠ મહામતિ મુક્તાનંદ મુનિ શ્રીહરિને પ્રણામ કરી સર્વ ભગવદ્‌ભક્તોને નિઃસંશય કરતા થકા પૂછવા લાગ્યા. (૨) હે સ્વામિન્ ! હું અમારા ઈષ્ટદેવ અને શાસ્ત્રોથી પ્રતિપાદ્ય સ્વરૂપ શ્રીકૃષ્ણ નારાયણના સ્વરૂપને તત્ત્વપૂર્વક જાણવાની ઇચ્છા કરું છું. (૩) બ્રહ્માંડોના ઈશ્વર એવા તે શ્રીહરિને સગુણ અને નિર્ગુણ કયા પ્રકારે જાણવા ? તથા શ્રીકૃષ્ણને સાકાર અને નિરાકાર તથા કર્તા અને અકર્તા કયા પ્રકારે જાણવા ? (૪) બ્રહ્મપુર ધામમાં રહેલા દિવ્ય સ્વરૂપથી મનુષ્યાકૃતિ સ્વરૂપ ભિન્ન છે કે અભિન્ન છે ? હે દયાનિધે ! એ બધું તમે મને કૃપા

કરીને કહો. (૫) આ બધા વૈષ્ણવો આ બધું જાણવાની ઇચ્છા રાખે છે. આથી શાસ્ત્ર અને અનુભવજન્ય જ્ઞાન બન્નેનો સિદ્ધાંત કહેવા તમો યોગ્ય છો. (૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! જિજ્ઞાસુ એવા મુક્તાનંદમુનિએ પૂછેલા ભગવાન શ્રીહરિ મધુર વાણીથી પોતાના આશ્રિત ભક્તજનોને આનંદ પમાડતા થકા કહેવા લાગ્યા. (૭)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુક્ત મુને ! તમો વૈષ્ણવોના સિદ્ધાંતને સાંભળો; કેમ કે તે ઉપાસકોએ અવશ્ય સાંભળવા યોગ્ય અને હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે આથી હું તમોને યથાર્થપણે કહું છું. (૮) જે શ્રીકૃષ્ણ તે અક્ષરાદિથી પણ સ્વરૂપ સ્વભાવથી પર છે, સ્વયંજ્યોતિ છે, સર્વથી પર અક્ષરબ્રહ્મ તેથી પણ પર છે; એ જ નારાયણ-વિષ્ણુભગવાન્-પુરુષોત્તમ વગેરે શબ્દોથી શાસ્ત્રમાં પ્રતિપાદન કરાય છે (૯) શ્રુતિઓ એ તત્ત્વને મહેશ્વર, વાસુદેવ, ભૂમા, પરમેશ્વર, આત્માઓના આત્મા, ચેતનોના ચેતન કહે છે. (૧૦) તથા જે ભગવાન કાળનિયંતા, પ્રકૃતિનિયંતા અને કાળ-માયા-પુરુષ સર્વના પ્રકાશક છે અને જે સ્વતંત્ર અને દિવ્યવિગ્રહ છે તે શ્રીકૃષ્ણ તમોએ જાણવા. (૧૧) શ્રીકૃષ્ણ ભગવાનનું જે અક્ષરધામ તે બ્રહ્મપુર સંજ્ઞાથી કહેવાય છે તે ધામનો એક સૂક્ષ્મ પ્રદેશ પણ કોટાનકોટિ સૂર્યના સમાન પ્રકાશવાળો છે. (૧૨) જે અક્ષરધામને ચિદાકાશ કહે છે, આકાશની પેઠે સર્વદા નિર્લેપ છે; તે આદિ અને અંતે રહિત છે, માટે અખંડ છે અને સચ્ચિદાનંદ ગુણવાળું છે. (૧૩) અલૌકિક પોતાના ધામમાં નવીન મેઘના જેવી શ્યામસુંદર મૂર્તિ, સૂર્ય, ચંદ્ર, અગ્નિના તેજ કરતાં પણ અતિ શ્વેત કાંતિવાળા શ્રીકૃષ્ણ શોભે છે. (૧૪) શ્રીકૃષ્ણના એક રોમનું તેજ પણ સમગ્ર અક્ષરના તેજથી અધિક હોવાથી બ્રહ્મપુરધામમાં રહેલા અક્ષરમુક્તો શ્રીહરિના એક રોમના તેજને અક્ષરતેજની ઉપમા આપી શક્યા નહિ. (૧૫) દિવ્ય વસ્ત્રો અને દિવ્ય આભૂષણોથી સુશોભિત મનોહર સમર્થ શ્રીકૃષ્ણ રાધા રમા વગેરે સ્વશક્તિઓ દ્વારા સેવન કરાય છે. (૧૬) દિવ્યદેહવાળા શ્રીદામા, વિશ્વકસેન વગેરે પાર્ષદોએ શોભાયમાન ચામર, છત્ર અને વિંઝણા વગેરેથી સેવ્યમાન છે. (૧૭) મૂર્તિમાન સુદર્શનાદિ પોતાનાં આયુધો અને છ સંખ્યાવાળા ઐશ્વર્ય (ઐશ્વર્ય, જ્ઞાન, યશ, શ્રી, વૈરાગ્ય અને ધર્મ) અને અણિમાદિ સિદ્ધિઓ વડે ઉપાસના કરાય છે. (૧૮) દિવ્ય સુંદર વિગ્રહવાળા અસંખય મહામુક્તોએ અનેક દિવ્ય ઉપચારોથી પૂજાયાં છે ચરણકમળ જેમના એવા સદા બે ભુજાવાળા શ્રીહરિકૃષ્ણ ક્વચિત્ ભક્તજનોને પોતાના ભક્તોની ઇચ્છાથી ચતુર્ભુજરૂપે, અષ્ટભુજરૂપે અને સહસ્રભુજરૂપે પોતાનાં દર્શન આપે છે. (૨૦) તે શ્રીકૃષ્ણમાં પ્રકૃતિજન્ય ગુણો નહિ હોવાથી તેને નિર્ગુણ કહેલા છે; પ્રકૃતિજન્ય આકારથી રહિત હોવાથી શ્રીકૃષ્ણ નિરાકાર કહેવાય છે. (૨૧) જે પુરુષો સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત અનન્ય ભક્તિથી શ્રીકૃષ્ણને ભજે તે પુરુષો જ તેવા પ્રકારના નિર્ગુણ અને નિરાકાર જુએ છે અને કહે છે. (૨૨) જ્ઞાનાદિથી સંપન્ન પરંતુ એકાંતિક ભક્તિથી રહિત પુરુષો તો માત્ર નિરાકાર, અક્ષરબ્રહ્મના પ્રકાશને જુએ છે, પરમેશ્વરને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણને જોતા નથી. (૨૩) જેમકે લોકો તેજોમય મંડળમાં રહેલા દ્વિભુજ, દિવ્ય વિગ્રહ

એવા સૂર્યનારાયણને જોતા નથી. કેવળ મંડળમાં રહેલા તેજને જુએ છે તે પ્રમાણે ભક્તિહીન જનો તેજોમંડળના મધ્યમાં રહેલા સાકાર દિવ્યાકૃતિવાળા શ્રીકૃષ્ણને જોતા નથી. કેવલ અક્ષરબ્રહ્મના તેજને જુએ છે. (૨૪) આથી ભક્તિહીન જનો બ્રહ્મ નિરાકાર છે એમ માને છે તેથી કંઈ શ્રીકૃષ્ણ નામના પરબ્રહ્મ નિરાકાર થઈ જતા નથી પરંતુ સાકાર જ છે. (૨૫) બ્રહ્મપુર નામના એક સ્થાનમાં રહેલા છે તોપણ શ્રીકૃષ્ણ પોતાની અનન્ય તેજોમય અંતર્યામી શક્તિથી સર્વ ક્ષેત્રોમાં વ્યાપક છે. જેવી રીતે સૂર્ય એક દેશમાં રહેલો છે તોપણ પોતાના તેજથી સર્વ દિગંતમાં વ્યાપ્ત છે. (૨૬) નંદગોપના વ્રજમાં રહેનારા જનોના મહાભાગ્યનાં શાં વખાણ કરીએ ? તેમનાં અહોભાગ્ય છે, કેમ કે પરમાનંદ સ્વરૂપ અનાદિ સિદ્ધ પૂર્ણ વ્યાપક શ્રીકૃષ્ણ જેના મિત્રભાવે વર્તે છે. (૨૭) પ્રાકૃત ગુણોથી રહિત શ્રીકૃષ્ણ જ્યારે અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય માટે માયાના ગુણો-સત્ત્વ, રજ, તમને ગ્રહણ કરે છે ત્યારે સગુણ કહેવાય છે (૨૮) શ્રીકૃષ્ણ અનિરુદ્ધરૂપે માયાનો રજોગુણ ગ્રહણ કરી બ્રહ્માના નામવાળા થઈને બ્રહ્માંડને સર્જે છે. (૨૯) ત્યારપછી બ્રહ્મસંજ્ઞાવાળા શ્રીકૃષ્ણ નૈમિત્તિક પ્રલયમાં ત્રિલોકીને પોતાના ઉદરમાં લીન કરી પ્રલયના સમુદ્રના જળમાં પોઢી જાય છે અને દિવસે તે ત્રિલોકીને ફરી સર્જે છે. (૩૦) ત્યારપછી વાસુદેવ શ્રીકૃષ્ણ પ્રદ્યુમ્ન સ્વરૂપે માયાના સત્ત્વગુણને ધારણ કરી પ્રજાપાલક વિષ્ણુરૂપ થકા સમગ્ર જગતનું રક્ષણ કરે છે. (૩૧) તે વિષ્ણુ લોકપાલક વૈરાજ પુરુષ કહેવાય છે. દેવશત્રુઓનો વિનાશ કરનારા તે વૈરાજ પુરુષ પોતાના ભક્તોને ચતુર્ધા મુક્તિ આપે છે. (૩૨) ત્યારપછી તે વાસુદેવ ભગવાન સંકર્ષણ સ્વરૂપે માયાના તમોગુણને ગ્રહણ કરી શિવ સ્વરૂપ થકા આ ત્રિલોકીનો સંહાર કરે છે. (૩૩) તે સંકર્ષણ શેષનાગરૂપે કરી બ્રહ્માંડને મસ્તક ઉપર ધારણ કરે છે. શ્રી વાસુદેવ ભગવાનની આ છ મૂર્તિઓ સગુણ માનેલી છે. (૩૪) ઉત્પતિ વગેરે કાર્ય કરવા માટે આ છ મૂર્તિઓના સંબંધવાળી બીજી પણ હજારો મૂર્તિઓ છે તે પણ સગુણ જાણવી. આ સર્વ મૂર્તિઓ ગ્રહણ કરેલ માયાના ગુણ ત્યાગીને નિર્ગુણ કહેવાય છે. (૩૫) નિત્ય સિદ્ધ દિવ્યમૂર્તિ એવા આ શ્રીકૃષ્ણ ભૂતલમાં વસુદેવથી દેવકીમાં શ્રીકૃષ્ણ નામવાળા મનુષ્યાકૃતિવાળા પ્રગટ થયા હતા. (૩૬) ભગવાનના ધામમાં રહેલી તે મૂર્તિ અને આ નરાકૃતિ આ બન્નેમાં લગારેય ભેદ નથી. એકરૂપતા જ છે. હે સદ્‌બુદ્ધે ! આ પ્રકારે વૈષ્ણવાચાર્યોનો નિર્ણય છે એમ તમો જાણો. (૩૭) તે પ્રભુ દિવ્ય મૂર્તિ જ નરનાટ્યને ધારણ કરે છે અને તે ભગવાન નરાકાર સ્વરૂપથી જ વારંવાર દિવ્યાકૃતિ થતા હતા. (૩૮) આ કથા પુરાણોમાં ભારતાદિ ઇતિહાસોમાં વિસ્તારથી છે તેના સાર માત્ર લઈને હું સંક્ષેપથી કહું છું. (૩૯) તે દિવ્યમૂર્તિ વાસુદેવ ભગવાન પ્રથમ સત્પુરુષો અને ધર્મની રક્ષા માટે અને પૃથ્વીનો ભાર હરવા માટે મથુરામાં વસુદેવના મનમાં પ્રવેશ કરતા હતા. (૪૦) વસુદેવ દ્વારા દેવકીના ગર્ભ થકી મનુષ્ય આકારે થઈને દશમે મહિને પ્રગટ થયા. માતાપિતાને પોતાના પૂર્વજન્મની સ્મૃતિ માટે મનુષાકૃતિ ભગવાન વષ્ણુરૂપ દિવ્યમૂર્તિ થયા હતા. (દિવ્યભાવ દેખાડ્યાના પ્રસંગો હવે વર્ણવે છે.) (૪૧) પછી કંસથી ભય પામેલા વસુદેવ દેવકીએ પ્રાર્થના કરાયા થકા બાળકરૂપે થયા. પછી વાસુદેવ તેને ગોકુળમાં નંદઘેર લઈ ગયા. નરાકૃતિ શ્રીકૃષ્ણ પોતાના બગાસાથી વિકસિત થયેલા મુખમાં

યશોદાને વિશ્વરૂપદર્શન કરાવ્યું. (૪૨) પોતે મનુષ્યાકૃતિ હોવા છતાં મૃતિકા ભક્ષણ લીલામાં પોતે ઉઘાડેલા મુખમાં યશોદાને ફરીથી બ્રહ્માંડનું દર્શન કરાવ્યું. (૪૩) મનુષ્યાકૃતિ ભગવાન શ્રીકૃષ્ણે ગાયને બાંધવાની દોરડીથી, ખાંડણિયા સાથે બાંધવામાં પોતાનું અમાપપણું સર્વ ગોપીઓને બતાવતા હતા. (૪૪) પછી વૃંદાવનમાં બ્રહ્માજીએ ગોપબાળકો અને વાછરડાનું અપહરણ કર્યું ત્યારે મનુષ્યાકૃતિવાળા ભગવાન શ્રીકૃષ્ણ ગોપબાળકો અને વાછરડારૂપે થઈને એક વર્ષ પર્યંત ક્રીડા કરી હતી. (૪૫) પછી ગોપબાળો અને વાછરડારૂપે સમગ્ર પોતપોતાનાં રૂપોને વિષ્ણુરૂપવાળા સમગ્ર ઐશ્વર્ય સંપન્ન બ્રહ્માને દેખાતા અને ફરીથી એક સ્વરૂપે બાળ આકૃતિ સમાન થયા. (૪૬) પછી તે જ શ્રીકૃષ્ણ કાલીયનાગનું દમન કરી વિષમય જળનું પાન કરવાથી મરી ગયેલા ગોપો તથા ગાયોને અમૃતમય દૃષ્ટિથી સજીવન કરતા હતા. (૪૭) મનુષ્યાકાર શ્રીકૃષ્ણે રાત્રિમાં દાવાગ્નિનું પાન કરીને કાલીંદીના તટમાં સર્વ વ્રજવાસીઓને દાવાનળથી મુકાવતા હતા. (૪૮) નૃનાટ્યધારી શ્રીકૃષ્ણે ફરીથી દાવાનળનું પાન કરી ગોવાળો અને ગાયોનું રક્ષણ કર્યું હતું તથા પોતાના એક હાથથી ગોવર્ધન પર્વતને સાત દિવસ સુધી ધારણ કર્યો હતો. (૪૯) વળી શ્રીકૃષ્ણે ઉત્તમ વરુણલોકમાં વરુણ આદિ લોકપાલો દ્વારા પૂજા કરાતી પોતાની મૂર્તિનું સ્વપિતા નંદજીને દર્શન કરાવ્યું. (૫૦) વળી તે શ્રીકૃષ્ણે વૈકુંઠધામમાં મૂર્તિમાન વેદોએ સ્તુતિ કરાતા પોતાના અદ્‌ભુત સ્વરૂપનું નંદાદિ સર્વને દર્શન કરાવ્યું. (૫૧) ત્યારબાદ તે શ્રીકૃષ્ણ સર્વ ગોપીઓને સંપૂર્ણાનંદની પ્રાપ્તિ કરાવવા માટે જેટલી ગોપીઓ તેટલા રૂપે પોતે થઈ રાસમંડળમાં તેમની સાથે રમણ કર્યું. (૫૨) કંસ શ્રીકૃષ્ણને મારશે એવી શંકાવાળા અક્રૂરજીને શ્રીકૃષ્ણે યમુનાના ધરામાં અને બહાર રથમાં સ્વ-સ્વરૂપનું દર્શન કરાવ્યું. ફરીથી જળમાં શેષશાયી સ્વરૂપ દેખાડ્યું. (૫૩) પછી કંસે કરાવેલ રણભૂમિની સભામાં સર્વ મલ્લ તથા સ્ત્રી વગેરેને પૃથક્ પૃથક્ યથાયોગ્ય તે તે સમયે રૌદ્ર, અદ્‌ભુત, શૃંગાર આદિ રસમય પોતાનાં દર્શન-શ્રીકૃષ્ણે આપ્યાં. (૫૪) શ્રીકૃષ્ણ જ મથુરાથી પલાયન થતા કાલયવને ચતુર્ભુજરૂપે જોયા અને મુચુકુંદે પણ તેવા જ ચતુર્ભુજ વિષ્ણુસ્વરૂપે જોયા. (૫૫) ઘણા સમયથી મૃત્યુ પામેલ ગુરુપુત્રને યમપુરીમાંથી લાવી આપ્યો અને પોતાની માતા દેવકીની પ્રસન્નતા માટે કંસે મારી નાંખેલા પોતાના ભાઈઓને રસાતળમાંથી લાવી આપ્યા. (૫૬) દુશાસને દ્રૌપદીનાં વસ્ત્રો હરણ કર્યાં અને દ્રૌપદીએ શ્રીકૃષ્ણને સ્મરણ કર્યા ત્યારે તત્ક્ષણ રુકમણીજીની શૈય્યામાંથી દ્વારકાથી દુર્યોધનસભામાં આવીને અનંત ચીર પૂર્યાં. (૫૭) વળી વનમાં દુર્વાસા મુનિના શાપરૂપ સંકટ સમયે પાંચાલીએ શ્રીકૃષ્ણને સ્મરણ કરતાં જ દ્વારિકામાંથી તત્કાળ વનમાં આવી શાકનું એક પાંદડું જમીને આખી ત્રિલોકીને તૃપ્ત કરી. (૫૮) મનુષ્યાકૃતિ અને અર્જુનના સારથિરૂપે રહેલા શ્રીકૃષ્ણે પોતાના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવ્યું. ને ગરુડ ઉપર બેસીને પારિજાતનું વૃક્ષને હરવાની ઈચ્છાથી સ્વર્ગમાં ગયા. (૫૯) વળી દ્વારિકામાં સોળ હજાર એકસો ને આઠ પોતાની પત્નીઓની પ્રસન્નતા માટે તેટલા જ રૂપે થઈ દરેકના મહેલમાં વાસ કરી પ્રત્યેક ગૃહે નારદજીને પોતાનાં દર્શન આપ્યાં. (૬૦) વળી તે જ શ્રીકૃષ્ણ દ્વારિકામાં મરેલા બ્રાહ્મણ-પુત્રોને લાવવા માટે અર્જુને સહિત રથ ઉપર બેસી પ્રાકૃત ગાઢ અંધકારથી પર પોતાના બ્રહ્મધામમાં ગયા

હતા. (૬૧) શ્રીકૃષ્ણ પુત્રપ્રાપ્તિ માટે હિમાલયમાં તપ કરતા થકા પોતાના મુખથી ઉત્પન્ન થયેલા વૈષ્ણવાગ્નિ વડે સ્થાવર જંગમ પશુપક્ષી વગેરેને બાળી દઈને ફરીથી સર્વને અમૃતદૃષ્ટિથી સજીવન કરતા હતા. (૬૨) પછી તે શ્રીકૃષ્ણે શુકાદિ ઋષિજનો સાથે બે પ્રકારે કહેતાં બે રૂપે મિથિલાનગરીમાં બહુલાશ્વ રાજાના ઘેર અને શ્રુતદેવ બ્રાહ્મણના ઘેર નિવાસ કર્યો. (૬૩) તે બન્ને જગ્યાએ શ્રીકૃષ્ણે બ્રહ્મવાદ કરી રાજર્ષિ (બહુલાશ્વ) અને બ્રહ્મર્ષિ (શ્રુતદેવ) બન્ને ભક્તોને આનંદ પમાડી એક માસ સુધી બન્ને સ્થળે એકીસાથે નિવાસ કર્યો હતો. (૬૪) અને અમાનુષિક ક્રિયાવાળા તે ભગવાન શ્રીકૃષ્ણે દેવો તથા મનુષ્યોને દુઃખ આપનાર તથા દેવોથી પણ અવધ્ય અસુરોને હણ્યા. (૬૫) પૂતના, તૃણાવર્ત, શકટાસુર, વત્સાસુર, બકાસુર, અઘાસુર, અરિષ્ટાસુર, કેશી દૈત્ય, કુવલયાપીડ હાથી, ચાણુર આદિ મલ્લો, ઉગ્રસેનથી ઉત્પન્ન થયેલા કંસ, કંક ન્યગ્રોધ; તથા બીજા પણ ભગવાનના ભક્ત સાધુઓનો દ્રોહ કરનારા, નિર્દય રાજાનાં રૂપોને ધારણ કરનાર, અનાદિ ધર્મમર્યાદાઓને તોડનારા બીજા અનેક દૈત્યો, જરાસંધ, કાલયવન, શિશુપાલ, દંતવક્ર, સાલ્વ, પૌન્ડ્રીક વગેરે અસુરોનો નાશ કરી પૃથ્વીમાં શ્રીકૃષ્ણે ભાગવતધર્મનું સ્થાપન કર્યું. (૬૬-૬૭) શ્રીકૃષ્ણ ભગવાનનાં આવી રીતનાં અનેક ચરિત્રો છે-તે ચરિત્રો મનુષ્યપણામાં પણ દિવ્ય કહેતાં અલૌકિક છે એમ ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા ભક્તો કહે છે. (૬૮) આથી દિવ્યાકૃતિ અને નરાકૃતિ શ્રીકૃષ્ણ એક જ છે પણ જુદા નથી. જે પુરુષો બન્ને સ્વરૂપોમાં ભેદ જાણે છે તેમને તત્ત્વવેત્તાઓએ અજ્ઞાનીઓ કહેલા છે. (૬૯) જે જનો વારાહાદિ અનેક રૂપધારી એવા આ શ્રીકૃષ્ણની એકરૂપતાને જાણે છે અને આ શ્રીકૃષ્ણના મનુષ્યાવતારમાં પણ દિવ્યપણું જાણે છે તે નરો પ્રશસ્ત જ્ઞાનવાળા જાણવા. (૭૦) જેમ બલિરાજાએ પ્રથમ વામનસ્વરૂપ ભગવાન જોયા તે વામનને જ વૈરાજરૂપ જોયા અને ફરી પાછા તે વૈરાજરૂપને વામનરૂપે જોયા. (૭૧) જેમ એક જ અજિત નામના વિષ્ણુ ભગવાન અમૃતમંથન સમયે ચતુમૂર્તિધારી થકા પૃથક્ પૃથક્ દિવ્ય ક્રિયાઓને કરતા હતા, (૭૨) તે ચાર મૂર્તિઓની મધ્યે અજિત નામે તે ભગવાન ક્ષીરસાગર મથતા હતા. કૂર્મરૂપે મંદરાચલ ધારણ કર્યો તથા ધન્વંતરિરૂપ થકા અમૃત લાવ્યા અને મોહિનીરૂપ થકા દેવોને અમૃતની વહેંચણી કરતા હતા. (૭૩) જેમ વિપ્ર સમાન આકૃતિવાળો અને અજીર્ણ વ્યાધિ હોવાથી પેટમાં પીડાવાળો અને પીળી દાઢીવાળો અગ્નિ ખાંડવ નામના ઈન્દ્રવનને બાળવાની ઈચ્છાથી શ્રીકૃષ્ણ અને અર્જુનની પ્રાર્થના કરતો હતો. (૭૪) પછી તે જ વિપ્રરૂપ અગ્નિ શ્રીકૃષ્ણની આજ્ઞાથી જ્વાળાવાળો થયો તેથી પશુ પક્ષી આદિ સહિત ખાંડવવનને બાળીને ફરી પાછો પૂર્વને પેઠે વિપ્રરૂપે થઈ ગયો. (૭૫) વામન વગેરે ત્રણ દષ્ટાંતથી નરાકૃતિ કૃષ્ણને દિવ્ય વિગ્રહવાળા જાણવા. અને દિવ્ય વિગ્રહ જ નરનાટ્યધારી જાણવા એ નિશ્ચય વાત છે. (૭૬) આ શ્રીકૃષ્ણનાં જન્મ અને કર્મ દિવ્ય જાણવાં અને આ શ્રીકૃષ્ણના દિવ્યરૂપ અને માનુષ રૂપમાં સદા અભેદ જ જાણવા. (૭૭) આ ભગવાન વાસુદેવ શ્રીકૃષ્ણ જ જગતના સ્વામી છે. માટે આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય સ્વતંત્રપણે કરે છે. (૭૮) આ શ્રીકૃષ્ણ કાળ, કર્મ, સ્વભાવ અને માયાનો સર્ગના આરંભમાં આવિર્ભાવ કરનારા છે. આથી ભગવાન અનાદિ, આદિ કર્તા અને ઈશ્વરેશ્વર કહેવાય છે. (૭૯)

પોતાની કાલશક્તિથી અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ વગેરે કરાવતા થકા તે ભગવાન શ્રીકૃષ્ણ ચક્રવર્તી રાજાની માફક અકર્તા અને નિષ્ક્રિય આ પ્રમાણે સચ્છાસ્ત્રોમાં કહેલા છે. (૮૦) આથી જગતની ઉત્પત્તિ વગેરેમાં કાલાદિનું ભગવાનની પ્રેરણારહિત સ્વતંત્ર કારણપણું કોઈપણ સ્થળે ક્યારેય પણ માનવું જ નહિ. (૮૧) સ્વતંત્ર એવા ભગવાન કાળ માયા વગેરે વિના પણ પોતે જ અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ વગેરેમાં સમર્થ છે કેમ કે આ તો પ્રભુ છે. (૮૨) સ્વતંત્ર ભગવાન શ્રીકૃષ્ણ સમાન આકારમાં પણ આવા પ્રકારનાં સામર્થ્યવાળા છે આથી ભગવાનનું દિવ્યપણું અને મનુષ્યપણું એકરૂપપણે વર્ણન કરેલું છે. (૮૩) આવા પ્રકારના ભગવાન શ્રીકૃષ્ણના જન્મ અને ચરિત્ર અને શરીર જે પુરુષો લૌકિક મનુષ્યની માફક માયિક કહે છે તથા દિવ્યરૂપ અને મનુષ્યરૂપને જે લોકો ભિન્ન કહે છે તેઓને અસુર જાણવા. (૮૪) અને તે અસુરો સાધુ ધર્મ અને દેવતા તેમનો દ્રોહ કરનારા દુષ્ટ દૈત્યોનો વધ વગેરે જે કૃષ્ણલીલાઓ તેમાં દોષને જ જુએ છે એ નિશ્ચય વાત છે. (૮૫) મૂઢ અસુરો ભગવાનના યથાર્થ ગુણોને પણ વર્ણન કરનારા શ્રીકૃષ્ણના ઉપાસકોને ગુણોમાં દોષોનો આરોપ કરે છે અને સત્પુરુષોનો દ્રોહ કરનારા અસુરોની પ્રશંસા કરે છે. (૮૬) ભગવાન અને તેમના ભક્તોના ગુણોમાં દોષ જોવા, તેમની સાથે વિનાકારણ વિરોધ કરવો; ભગવાન અને ભગવાનના ભક્તોનો દ્રોહ કરનારા પુરુષોના દોષોમાં ગુણ જોવા, તેમની સાથે મૈત્રી રાખવી આવા વર્તણૂકવાળા અસુરોની સ્વભાવગત આવી સ્થિતિ હોય છે. (૮૭) આ અર્થમાં પુરાણ વગેરેમાં પ્રસિદ્ધ આખ્યાન છે તે કથા; હું તમોને અસુરોના સ્વભાવની જાણકારી માટે સંક્ષેપથી કહું છું. (૮૮) ધર્મરાજાના રાજસૂયયજ્ઞની ધર્મસભામાં ભીષ્મે કહેલ કૃષ્ણના સમગ્ર ગુણોમાં શિશુપાલ દોષોને કહેતો હતો. (૮૯) બાળકોનો નાશ કરનારી રાક્ષસી પૂતનાના વધમાં શિશુપાલ તો સ્ત્રીહત્યા નામનો દોષ કહેતો હતો. સમસ્ત બાળકોના રક્ષણરૂપી ગુણ કહેતો ન હતો. (૯૦) અસુરાંશભૂત શિશુપાલ શકટાસુરનાશરૂપ શ્રીકૃષ્ણ ચરિત્રમાં જીવરહિત ગાડાનું ભાંગી નાખવારૂપ ચાપલ્યદોષને કહેતો હતો. (૯૧) તથા અઘાસુર અને બકાસુર નાશમાં પક્ષીહત્યા તથા વત્સાસુર અને અરિષ્ટાસુરના નાશમાં ગૌહત્યારૂપ દોષને કહેતો હતો. (૯૨) તેમજ ગોવર્ધન ધારણ લીલામાં રાફડાને ઉખાડવાનો દોષ કહ્યો તેમજ કાલીયનાગ દમન અને દાવાનળ પાનરૂપ શ્રીકૃષ્ણચરિત્રમાં ઈન્દ્રજાલિકની માફક બધું દેખાવમાત્ર ખોટું જ કહેતો હતો તેમ જ વિશ્વરૂપદર્શન અને ચતુર્ભુજદર્શન આદિને મલિનમંત્ર સાધનરૂપ દોષ કહ્યો. (૯૩) અને અનંત રૂપવાળા અને ઊર્ધ્વરેતા બ્રહ્મચારી શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે કામદેવના ગર્વને હરનારો રાસોત્સવ કર્યો તેમાં પરદારાસંગરૂપ દોષને કહેતો હતો. (૯૪) ખળ એવો શિશુપાળ દુષ્ટ કંસના વિનાશમાં અન્નદાતા ગુરુની હત્યાને રાજહત્યા અને બ્રહ્મહત્યા કરતાં પણ અધિક કહેતો હતો. (૯૫) ત્રેવીસ અક્ષૌહિણી સેનાએ સહિત સત્તર વખત પોતાને મારવા આવનાર યદુકુળવંશનો દ્રોહ કરનાર જરાસંધનો શ્રીકૃષ્ણે વધ કરાવ્યો તે કૃષ્ણચરિત્રમાં કપટથી ધર્મી રાજાનો ઘાત કરાવ્યો એમ કહેતો હતો. (૯૬) સ્મરણમાત્રથી જગતનું કલ્યાણ કરનારી ધર્મના સ્થાપનમાં કારણભૂત શ્રીકૃષ્ણની લીલાઓનો શિશુપાલ ગુણોમાં દોષોનું આરોપણ કરનારાં વચનો બોલતો હતો. (૯૭) શ્રીકૃષ્ણના

ગુણોની પ્રશંસા કરતા અને નૈષ્ઠિક બ્રહ્મચારી ભીષ્મ પિતામહને શિશુપાલ નપુંસક બંદીજનની માફક પ્રશંસા ધર્મવાળા અને પુત્રવિહોણા પાપી કહેતો હતો. (૯૮) શ્રીકૃષ્ણના પૂજક ધર્મનિષ્ઠ યુધિષ્ઠિર રાજાને પણ શિશુપાલ ધર્મભ્રષ્ટ અને પશુધર્મવાળા કહેતો હતો. (૯૯) કામ, ક્રોધ, લોભ જેમાં છે એવા અધર્મ વંશને આશરેલા પૃથ્વીના ભારભૂત તેમજ શ્રીકૃષ્ણ અને તેમના ભક્તોનો દ્રોહ કરનારા પાપ બુદ્ધિવાળા, દૈત્યના અંશથી ઉત્પન્ન થયેલા રુકમી, સાલ્વ, નિષાદરાજ વગેરે રાજાઓને શિશુપાલ તે રાજસૂય મહાયજ્ઞમાં પ્રથમ પૂજા કરવા યોગ્ય કહેતો હતો. (૧૦૦-૧૦૧) દયા, ક્ષમા, સત્ય, શૌચ, જ્ઞાન વગેરે ધર્મવંશમાં ઉત્પન્ન થયેલા શમ, દમ, તપ, ધૈર્ય આદિ અનેક કલ્યાણકારી ગુણોથી યુક્ત માનુષમૂર્તિ ભગવાન પરબ્રહ્મ શ્રીકૃષ્ણને દુષ્ટ બુદ્ધિવાળો શિશુપાલ કાગડા, કૂતરા સમાન અપૂજ્ય કહેતો હતો. (૧૦૨-૧૦૩) આ પ્રમાણે ચેદી દેશાધિપતિ શિશુપાલ કૃષ્ણ અને તેમના ભક્તોના ગુણોમાં દોષોને જ ગ્રહણ કરતો હતો પરંતુ એક પણ ગુણ ગ્રહણ કરતો ન હતો. (૧૦૪) શિશુપાલની સમાન બુદ્ધિવાળા, બીજા રુકમી વગેરે સો એ સો રાજાઓ પણ શિશુપાલે કહેલાં વચનને સત્ય માનતા હતા. આથી હમણાં પણ આ અવતારમાં શિશુપાલની પેઠે ગુણોમાં દોષ જોનારા જે જનો છે તે સર્વે અસુરો જાણવા. (૧૦૫) જે આવા દુષ્ટ ચિત્તવાળા પુરુષો કે સ્ત્રીઓ હોય તે બધાં જ પૃથ્વી ઉપર કૃષ્ણલીલાઓમાં મોહ પામે છે પરંતુ ભક્તજનો તો મોહ પામતા નથી. (૧૦૬) અજ્ઞાનીની પેઠે, જ્ઞાનેરહિત પરવશભાવથી વર્તવાપણું તથા શાસ્ત્રોમાં કહેલા વિધિ અનુસાર વર્તવું અને કદાચિત્ ઉલ્લંઘન કરીને વર્તવું, તથા પ્રાકૃત માણસની પેઠે બાલ, યુવાન, વૃદ્ધાદિ ધર્મયુક્ત દેહધારીપણું તથા દેહત્યાગ કરવાપણું-આ બધું ભગવાનમાં જોવા મળે છે તે અસુરોના મોહ માટે છે. ક્યારેય પણ દોષો નથી પરંતુ ગુણો જ છે. આ પ્રમાણે બ્રહ્મપુરાણમાં અસુરોના મોહ માટે છે એમ સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે. (૧૦૭-૧૦૮) આસુરી સંપત્તિવાળા દુષ્ટબુદ્ધિથી ભગવાનથી વિમુખોને મોહ થાય, ભક્તજનોને શુદ્ધબુદ્ધિ હોવાથી મોહ થાય નહિ- આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં અર્જુન પ્રત્યે કહે છે. (૧૦૯) હે અર્જુન ! કર્મમૂલક અને માયિક જન્મરહિત એવા મારાં જન્મ (અવતાર) અને કર્મને જે પુરુષ યથાર્થપણે દિવ્ય જાણે છે તે વર્તમાન શરીરનો ત્યાગ કરી ફરી સંસાર પામતો નથી, પરંતુ મને જ પામે છે. (૧૧૦) સર્વ ભૂતોના મહેશ્વર મારા પરમ ભાવને નહિ જાણનારા અસુરજનો મનુષ્યપણે જણાતી મૂર્તિને આશરેલા મને બીજા માણસના જેવો જાણીને મારો અનાદર કરે છે. (૧૧૧) મોહકારિણી રાક્ષસી પ્રકૃતિને આશરેલા મૂઢ પુરુષો નિષ્ફળ આશાવાળા, નિષ્ફળ કર્મારંભવાળા તથા નિષ્ફળ જ્ઞાનવાળા અને વિપરીત વ્યાવહારિક જ્ઞાનવાળા થાય છે. (૧૧૨) મારો દ્વેષ કરનાર ઉગ્ર સ્વભાવવાળા નરાધમ, અમંગળકારી એ અસુરોને નિરંતર સંસારમાં આસુરી યોનિઓમાં જ પ્રયોજું છું. (૧૧૩) પછી મારાથી વિમુખ એવા તે નીચ મૂઢ જનો હે કૌંતેય ! જન્મજન્માંતરમાં આસુરી યોનિને પ્રાપ્ત થઈને મને નહિ પામીને તેનાથી પણ અતિ નીચયોનિને પામે છે. (૧૧૪) હે પાર્થ ! દૈવી પ્રકૃતિને આશરેલા મહાત્માઓ તો સર્વ ભૂતોના આદિ કારણ અને અવિનાશી એવા મને જાણીને મારાથી અતિરિક્ત કોઈપણ સાંસારિક પદાર્થમાં મન નહિ રાખીને મારું ભજન કરે છે. (૧૧૫) હે મુને !

ઈત્યાદિ ઘણાં ઘણાં વાક્યો વડે શ્રીકૃષ્ણે આ પ્રમાણે જ કહેલું છે. આથી શ્રીકૃષ્ણમાં પ્રાકૃતબુદ્ધિનો ત્યાગ કરે તેમનું સર્વથા સેવન કરવું જોઈએ. (૧૧૬) જેમ લોકમાં ચિંતામણિ કે કલ્પવૃક્ષનું સેવન કરવાથી તે ઈચ્છિત મનોરથને પૂર્ણ કરે છે તેમ શ્રીકૃષ્ણ પણ સેવન કરવાથી સર્વ પ્રકારનાં અભિષ્ટ ફળને આપે છે. (૧૧૭) શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર જે કોઈ સ્થળે વાસ કરે ત્યાં વિના પ્રાર્થના કરે પણ સ્વપ્રતાપથી ધર્મ, ધન, યશ, આનંદ સંપાદન કરે છે. (૧૧૮) તે શ્રીકૃષ્ણ હાલ દ્વારિકાપુરીમાં સર્વદા રહેલા છે માટે એકાંતિક ભક્તોને જ ક્યારેક કોઈ સમયે દર્શન આપે છે. (૧૧૯) આ શ્રીકૃષ્ણની જે દેહત્યાગ લીલા છે તે અસુરોને મોહ પમાડનારી છે પરંતુ તેમાં ભક્તજનોને મોહ થતો જ નથી. આ અર્થમાં દૃષ્ટાંત કહીએ છીએ. (૧૨૦) ઈન્દ્રજાલવિદ્યાને જાણનારો કોઈ નટ પોતાની પત્નીને રક્ષણ માટે રાજાને સોંપી પોતે આકાશમાં ચઢી જાય છે અને ત્યાં અસુરો સાથે યુદ્ધ કરે છે. (૧૨૧) છેદાઈ ગયેલા સર્વ અવયવવાળો નટ પૃથ્વી ઉપર પડે છે અને મૃત્યુ પામે છે ત્યારે નટની સ્ત્રી રડતી રડતી નટનાં કપાઈ ગયલાં અંગોને સાથે લઈને અગ્નિમાં બળી મરે છે. (૧૨૨) ત્યારબાદ પૂર્વની માફક શસ્ત્રો ધારણ કરેલો નટ આવીને લોકોને આશ્ચર્ય પમાડતો થકો રાજા પાસે પોતાની સ્ત્રીની ઠપકાપૂર્વક માગણી કરે છે. (પછી રાજા કહે છે : તારી સ્ત્રી તો તારા અવયવોની સાથે બળી મરી છે. ત્યારે ઈનામ મેળવવાની ઈચ્છાવાળા નટે ‘હે સ્ત્રી, અહીં આવ’ એમ કહેતાંની સાથે રાજાના સિંહાસનની નીચેથી બહાર આવીને રાજાને નમસ્કાર કરે છે.) (૧૨૩) જે લોકો નટવિદ્યાને જાણનારા હોય તે તો આ નટના ચરિત્રમાં મોહ પામતા નથી. રાજા વગેરે નટવિદ્યા નહિ જાણનારા સર્વે જનો તો મોહ પામે છે. (૧૨૪) તેમજ આ શ્રીકૃષ્ણલીલામાં શ્રીકૃષ્ણનો દેહત્યાગ, પછી શરીરને લઈને રુકમણી આદિ સ્ત્રીઓનો અગ્નિપ્રવેશ પણ ઈન્દ્રજાલિકની માફક યોગમાયાથી થયેલો છે. (૧૨૫) આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ પોતાની ઈચ્છાથી અંતર્ધાન થયા તેમાં ભગવાનની યોગમાયાને નહિ જાણનારા અભક્તો મોહ પામે છે. તેમની માયા જાણનારા ભક્તો મોહ પામતા નથી. (૧૨૬) અસુરોના મોહને માટે ભગવાને દેહત્યાગ આદિ કરેલી લીલાને જાણનારા એકાંતિક ભક્તજનો શ્રીકૃષ્ણને દ્વારિકામાં પૂર્વની પેઠે સદા દેખે છે. (૧૨૭) પ્રાકૃતગુણે રહિત ભગવાન શ્રીકૃષ્ણ, બ્રહ્મચર્યાદિ નિયમોને પાલન કરનારા સ્ત્રીપુરુષ જનોએ પોતાના કલ્યાણ માટે ઉપાસના કરવા યોગ્ય છે. (૧૨૮) હે મુને ! શ્રીકૃષ્ણના ઉપાસક ભક્તોને પણ શ્રીકૃષ્ણ સંબંધી જ્ઞાનાદિનું પણ શ્રીકૃષ્ણના સંબંધથી સર્વ પ્રકારે નિર્ગુણપણું જ થાય છે. (૧૨૯) શ્રીમદ્ ભાગવતપુરાણમાં શ્રીકૃષ્ણે સ્વમુખે પોતાના એકાંતિક ભક્ત ઉદ્ધવજીને ભગવાનના સંબંધથી ભક્ત અને તેમના જ્ઞાનાદિનું નિર્ગુણપણું કહ્યું છે તે સાંભળો. (૧૩૦) દેહાદિથી ભિન્ન શુદ્ધ આત્મવિષયક જ્ઞાનને સાત્ત્વિક કહેલું છે; દેવ-મનુષ્યાદિ માયિક ભોગાદિવિષયક જ્ઞાનને રાજસ કહ્યું છે; પ્રાકૃત-પશુની પેઠે ગ્રામ્ય ભોગમાં આસક્તિવાળું જ્ઞાન તામસ કહ્યું છે અને પરમેશ્વર વિષયક જ્ઞાનને નિર્ગુણ કહ્યું છે. (૧૩૧) વનમાં નિવાસને સાત્ત્વિક કહ્યો છે, ગામમાં નિવાસ રાજસ કહ્યો છે; જુગારખાનાના નિવાસને તામસ કહ્યો છે અને ભગવાનના મંદિરના નિવાસને નિર્ગુણ કહ્યો છે. (૧૩૨) કર્મફળોની આસક્તિથી રહિતપણે કર્મ કરનારો કર્તા સાત્ત્વિક કહ્યો છે; કર્મફળની અભિલાષાવાળો

કર્તા રાજસ કહેલો છે; સ્મૃતિભ્રષ્ટ કહેતાં અનુસંધાન શૂન્યકર્તા તામસ કહ્યો છે અને મારા જ એક શરણવાળો કર્તા નિર્ગુણ કહ્યો છે (૧૩૩) કેવળ આત્મજ્ઞાનના વિષયવાળી શ્રદ્ધા સાત્ત્વિક કહી છે; કેવળ વર્ણાશ્રમના ધર્મના આચરણની શ્રદ્ધા રાજસી કહેલી છે; અધર્મમાં ધર્મ આ પ્રકારની શ્રદ્ધા તામસી કહેલી છે અને મારી સેવામાં જે શ્રદ્ધા તે નિર્ગુણ કહેલી છે. (૧૩૪) પથ્ય, પવિત્ર અને અનાયાસે પ્રાપ્ત થયેલું ભોજનયોગ્ય અન્નાદિ સાત્ત્વિક કહ્યું છે; ઇન્દ્રિયોને સુખ આપનારું ભોજન રાજસી કહેલું છે, દુઃખ આપનાર, અશુદ્ધ, શાસ્ત્રથી નિષેધ કરાયેલું અન્ન તામસ કહેલું છે અને મને નિવેદન કરેલું અન્ન નિર્ગુણ કહેલું છે. (૧૩૫) આત્માના અનુભવજન્ય સુખ સાત્ત્વિક, માત્રિક વિષયોના ઉપભોગથી ઉદ્‌ભવેલું સુખ રાજસી, માદક વસ્તુના ભોજનથી ઊપજેલું સુખ અને દીનપણાથી ઊપજેલું સુખ તામસ અને પરમાત્માના આશ્રયજન્ય શ્રવણ, કીર્તન, ધ્યાન, દર્શનાદિનું સુખ નિર્ગુણ કહેલું છે. (૧૩૬) હે મુને ! આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણનાં વાક્યોનું પ્રમાણ હોવાથી મારા આશ્રિતોએ આ પ્રકારે સગુણપણું અને નિર્ગુણપણું જાણવું. બીજા પ્રકારે જાણવું નહિ. (૧૩૭) હે સન્મતે ! આ પ્રકારે વાસુદેવ ભગવાનનું સ્વરૂપ સુનિશ્ચિત જેમ થાય તેમ મેં તમોને કહ્યું. ભગવાનના દિવ્ય આકાર અને મનુષ્ય આકારનું એકપણું જાણવું. (૧૩૮) દેશકાળને અનુસરી કરેલી શ્રીકૃષ્ણલીલાઓમાં સંસૃતિદાયક જે કુતર્કો થાય છે તે બધા આના શ્રવણથી નિવૃત્તિ પામે છે. (૧૩૯) નિરીશ્વર શાસ્ત્રોના શ્રવણથી ઉત્પન્ન વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, લયાદિમાં કાલ, કર્મ, સ્વભાવ વગેરેનું સ્વતંત્રપણે કારણપણાનું જ્ઞાન નિવૃત્તિ પામે છે. (૧૪૦) આથી મોક્ષની ઇચ્છાવાળો પુરુષ સત્પતિ શ્રીકૃષ્ણની ભક્તિની વૃદ્ધિ માટે અને યથાર્થ સ્વરૂપના જ્ઞાન માટે આ મેં કહેલા (સ્વરૂપાદ્વૈત જ્ઞાન) જ્ઞાનનો જ નિરંતર અભ્યાસ કરે. (૧૪૧) જે પુરુષો આ જ્ઞાન આદરપૂર્વક એકવાર પણ ભણે છે કે પાઠ કરે છે તે પુરુષોના ભગવાન સંબંધી સર્વ સંશયો નાશ પામી જાય છે. (૧૪૨) પૃથ્વીમાં સ્વેચ્છાએ પ્રાદુર્ભાવ થયેલા મનુષ્યાકાર શ્રીકૃષ્ણની આકૃતિ નિરંતર દિવ્ય છે. શ્રીકૃષ્ણનો લોપ પણ દિવ્ય છે અને તેમનાં સુખો પણ દિવ્ય છે. ભગવાન સંબંધી ભોગો અને ભોગ્ય વસ્તુઓ પણ દિવ્ય છે. ભગવાનના પાર્ષદો અને અક્ષરપુરુષ વગેરે શક્તિઓ પણ દિવ્ય છે. ભગવાનના સ્ત્રીપુરુષ ભક્તજનો તથા ભગવાનની સર્વ ક્રિયાઓ પણ દિવ્ય જ છે. (૧૪૩) હે મુક્તાનંદાદિ મારા ભક્તો ! આ પ્રકારે નિર્દોષ સ્વરૂપવાળા અને અત્યશૌચાદિ ગુણ સમુદાયથી અલંકૃત એવા શ્રીકૃષ્ણ ભગવાનને દિવ્ય મૂર્તિ જાણીને મોક્ષને માટે સદા પૃથ્વી ઉપર પ્રેમથી નવ પ્રકારે આરાધન કરો. એક અદ્વિતીય એવા ભગવાન પરબ્રહ્મના દિવ્ય અને મનુષ્ય આકારમાં દ્વૈતભાવ કરવો નહિ અને એક લેશમાત્ર પણ દોષ બુદ્ધિ કરવી નહિ. (૧૪૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહેલું રમાપતિનું દિવ્યાકાર અને મનુષ્યાકારનું અદ્વૈતપણું સાંભળીને મુનીન્દ્ર મુક્તાનંદમુનિ સભામાં બેઠેલા સર્વ ભક્તો સહિત આનંદિત થઈ ગયા. પોતાની ઇચ્છાથી મનુષ્યાકારને ધારણ કરનાર ભગવાન પરોક્ષપણે પોતાના જ્ઞાનનો ઉપદેશ આપનાર ભગવાન શ્રીહરિમાં દૃઢ, શુદ્ધ, દિવ્ય ભક્તિ ભાવને તત્કાળ પામ્યા. (૧૪૫)

**મુનિ કહે છે :**

હે રાજન્ ! આ લોકમાં જે પુરુષ શ્રી સ્વામિનારાયણ ભગવાનના મુખકમળથી નીકળેલ નિર્મળ અને સર્વોત્તમ જ્ઞાનશાસ્ત્રનો પાઠ કરે છે કે સાંભળે છે તે પુરુષ પરમાનંદમૂર્તિ ભગવાન રમાકાંતમાં એકાંતિક ભક્તિ અને ભુક્તિએ સહિત મુક્તિ તથા ઇચ્છિત સમગ્ર સુખને પામે છે. (૧૪૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં શ્રી નારાયણ મુક્તાનંદ સંવાદમાં શ્રીકૃષ્ણ-સ્વરૂપાદ્વૈતજ્ઞાનનિરૂપણનામે ઓગણત્રીશમો અધ્યાય થયો.

॥૨૯॥

●

## અધ્યાય-૩૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! કાર્તિક સુદી નવમીના દિવસે સાયંકાળે સભામાં સિંહાસને વિરાજમાન શ્રી નારાયણમુનિને શ્રી વાસુદેવાનંદ નામના બ્રહ્મચારીરાજે પૂછ્યું. (૧) હે શ્રીહરે ! પ્રતિદિન જપવા યોગ્ય કૃષ્ણમંત્ર જપવિધિને હું સાંભળવા ઇચ્છું છું. કે જે વિધિપૂર્વક કરેલો તે મંત્રજપ સિદ્ધ થાય. (૨)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મચારીવર્ય ! વેદાદિ સચ્છાસ્ત્રોએ પ્રતિપાદન કરેલો મંત્રરાજ જપનો વિધિ હું સંક્ષેપથી તમોને કહું છું. (૩) સ્નાન કરેલો, અન્યને નહિ સ્પર્શેલો પવિત્ર, સ્વસ્થ ચિત્તવાળો, ક્રોધ-ચિંતાથી રહિત, સદ્ગુરુ થકી મંત્રને પામેલો એવો પુરુષ જપકર્તા માનેલો છે. (૪) તે જપમાં યતિઓને બેસવા માટે યોગ્ય આસન કાચબાના આકારનું ગોળ શ્રેષ્ઠ કહ્યું છે; અન્ય આશ્રમીઓ માટે ચાર પાયાવાળું અને ચાર ખૂણાવાળું આસન શ્રેષ્ઠ માનેલું છે. (૫) મૃગચર્મ, વ્યાઘ્રચર્મ, ઊનના ધાબળામાંથી બનાવેલું, રેશમીવસ્ત્રના કટકારૂપ, નેતરથી બનાવેલું, દર્ભથી બનાવેલું-આ બધા આસન જપસિદ્ધિને આપનારાં છે. (૬) ત્યાગ કરવા યોગ્ય આસનો આ છે : ગોમય, મૃત્તિકામય, ખાખરાના કાષ્ઠનું, પીપળાના કાષ્ઠનું બનાવેલું તથા પથ્થરમાંથી બનાવેલું અને ભાંગી ગયેલું આ બધાં આસનો વર્જ્ય છે. (૭) તેમજ ઘડ્યા વગરના લાકડાનું, યજ્ઞને અયોગ્ય લાકડાનું, લોખંડના ખીલાવાળું-આ આસનો વર્જ્ય માનેલાં છે છતાં આપત્તિકાળમાં તો અપવિત્ર દ્રવ્યના લેપન સિવાયનાં કોઈપણ આસન શુભ કહેલાં છે. (૮) જપમાળા તુલસીકાષ્ઠથી કરેલી શ્રેષ્ઠ માની છે. અથવા આંબળાના કાષ્ઠની, કમળબીજમાંથી બનાવેલી જપમાળા મંગળકારી માની છે. (૯) સ્ફટિકમાળા, રુદ્રાક્ષમાળા, દર્ભમાંથી બનાવેલી તેમજ ચંદનકાષ્ઠથી બનાવેલી માળા જપમાં ગ્રહણ કરવા યોગ્ય માનેલી છે. (૧૦) તુલસી આદિ સર્વ પ્રકારની પણ માળા ભગવાનના ચરણકમળના સ્પર્શથી જ શુદ્ધ અને જપયોગ્ય થાય છે માટે જાપક જન તેવી સંસ્કૃત માળાને જ જપમાં રાખે. (૧૧) જે માળા ફરી ન શકે તેવી કડક હોય અને તૂટેલી હોય, ફેરવતાં બહુ ખખડતી હોય, બહુ જૂની હોય, જીર્ણ સૂતરથી ગૂંથેલી હોય - આવી માળાઓ જપમાં મુનિઓએ નિંદિત કહેલી છે.

(૧૨) જે માળા પાપી પાખંડી દુરાચારીઓએ હાથ કે કંઠમાં ધારેલી હોય, તથા જે માળા ભગવાનના ચરણસ્પર્શરૂપ સંસ્કાર વિનાની હોય તેવી બધી માળાઓ ખરાબ સ્વપ્નો આપનારી હોવાથી વર્જ્ય ગણી છે. (૧૩) એકસો ને આઠ મણકાવાળી માળા ઉત્તમ કહેલી છે, ચોપન મણકાવાળી માળા મધ્યમ અને સત્યાવીશ મણકાવાળી માળા કનિષ્ઠ કહેલી છે. (૧૪) 'અ'કાર જેમાં આરંભે છે અને 'ક્ષ'કાર જેમાં અંત્યે છે એવા ચોપન અક્ષરોને અનુક્રમે પંક્તિબંધ લખીને પોતાની આગળ મણકાને બદલે સ્થાપન કરે. (૧૫) પછી અનુલોમ અને પ્રતિલોમ એટલે કે પહેલેથી છેલ્લે અને છેલ્લેથી પહેલે એમ અનુક્રમથી એક-એક અક્ષરને જોતો સતો જપ કરે.-આ માળાને મુનિજનો અક્ષમાળા કહે છે. (૧૬) અનામિકા આંગળીના મધ્ય પર્વથી આરંભીને પ્રદક્ષિણારૂપે જમણી બાજુથી અનુક્રમે તર્જની આંગળીના મૂળ પર્યંત જાપક જપ કરે તેને કરમાળા કહેલી છે. (૧૭) સ્વસ્તિકાસને કે પદ્માસને બેસીને સરલ શરીરવાળો એકાગ્ર દૃષ્ટિવાળો થઈને હૃદયમાં મંત્રપ્રતિપાદ્ય ભગવાનને સંભારતો થકો, વસ્ત્રથી માળાને ઢાંકીને એક-એક મંત્રોચ્ચારણમાં એક-એક મણકાને મૂકતો થકો, 'દરરોજ આટલો જપ કરવો' એવા સંખ્યાનિયમથી જપ કરે. (૧૮-૧૯) હાથના અંગૂઠાની પાસેની તર્જની આંગળી વડે માળાના દોરાને સ્પર્શ ન કરે. મધ્યમા આંગળીના મધ્યપર્વમાં અંગૂઠાના પર્વના આગલા ભાગ વડે માળાના એક-એક મણકાને ફેરવે. (૨૦) જાપક પુરુષ ક્યારેય પણ જપમાળાનો ડાબા હાથથી સ્પર્શ ન કરે અને જપના અંત સુધી હાથમાંથી માળાને નીચી પડવા ન દે. (૨૧) પ્રમાદને લીધે માળા પોતાના હાથમાંથી પડી જાય તો તે દોષની શાંતિ માટે એકસોઆઠ સંખ્યાવાળી અધિક જપ કરે. (એક માળા વધારે ફેરવે.) (૨૨) જપ સમયે ઝાલેલી માળાને ભૂમિનો સ્પર્શ થવા ન દે તથા પોતાના પગના તળિયાનો સ્પર્શ થવા ન દે તેમજ જપ કરતી વખતે માથું અને હાથ વારંવાર હલાવે નહિ. (૨૩) માથે પાઘડી મૂકીને, અંગરખું પહેરીને, નીચું મુખ રાખીને, શિખા બાંધ્યા વિના છૂટા કેશવાળો, મળથી આવૃત્ત શરીરવાળો, અપવિત્ર હાથવાળો, અશુદ્ધ, તેમજ બીજા સાથે બોલતો થકો ક્યારેય જપ ન કરે. (૨૪) હાથ ઢાંક્યા વિનાનો, મસ્તક ઉપર વસ્ત્ર વીંટેલો, ચિંતા-શોકથી વ્યાકુળ, ક્રોધ, ભ્રાંત અને ક્ષુધાકુળ થકો, આસન વગરનો, સૂતો કે ચાલતો થકો, ઊભો ઊભો, પગમાં પગરખાં પહેરીને, ચાખડીઓ પહેરેલો, વાહન ઉપર કે પથારીમાં રહેલો વૈષ્ણવભક્ત ભગવન્મંત્ર ન જપે. (૨૫-૨૬) તેમજ સાથળ કે ઢીંચણ ઉપર બીજો પગ ચઢાવીને કે પગને લાંબા કરીને કે કાકાસનથી બેસીને જપ ન જ કરે. (૨૭) તથા હસતો થકો, ઉતાવળ કરતો થકો કે આજુબાજુ જોતો થકો તથા હસ્તસંજ્ઞા કે નેત્રસંજ્ઞાને કરતો થકો જપ ન કરે. (૨૮) બજારમાં, સ્મશાનાદિકમાં, ગાઢ અંધકારવાળા સ્થળમાં, કે દુર્ગંધવાળો વાયુ આવતો હોય એવા સ્થાનમાં કે પાપી માણસની સમીપમાં વગેરે દુષ્ટસ્થાનોમાં જપ ન કરે. (૨૯) ભગવાનના મંત્રના જપ સમયે આળસુ પુરુષોથી દુર્જેય એવો નિદ્રા નામનો મહાન અંતરાય છે આથી જપકર્તા પુરુષ જપને નિષ્ફળ બનાવનાર નિદ્રાને સાવધાન થકો જીતે. (૩૦) આંગળીઓના ટેરવા ઉપર જપેલું તથા મેરુને ઉલ્લંઘીને જપેલું અને સંખ્યારહિત જપેલું તે બધું નિષ્ફળ થાય છે. (૩૧) બુદ્ધિમાન પુરુષ આપત્તિકાળ સિવાય અગાઉ કહેલા

નિષેધોનું ઉલ્લંઘન ન કરે અને સર્વપ્રકારે મનને વશમાં કરી જપ કરે. (૩૨) મનનો સંયમ, આંતર-બાહ્ય શુદ્ધિ, મૌન, મંત્રાર્થ ચિંતન, વ્યગ્રતા અને ઉદાસીનતાનો ત્યાગ-આ બધાં જપસિદ્ધિમાં કારણભૂત કહેલાં છે. (૩૩) બાહ્ય કે માનસ અર્ઘ્ય આદિ ઉપચારો વડે ભગવાનનું પૂજન કરી સ્થિર અંતઃકરણ અને નિયમ તત્પર થકો ભક્તિભાવથી ત્રણે કાલ ભગવન્મંત્ર જપે. (૩૪) જપ કરતી વખતે ઉંદર-બિલાડીનો સ્પર્શ થાય કે ક્રોધ ચઢી આવે કે વાછૂટ થઈ જાય તો જપમાળાને વસ્ત્ર ઉપર મૂકીને આચમન કરી પ્રાણાયામ કરી સૂર્યદર્શન કરીને અથવા હરિસ્મરણ કરીને પછીથી બાકી રહેલા જપને કરે. અસ્પૃશ્ય નીચ જાતિ કે મદ્ય-માંસ-વિષ્ટા-મૂત્રાદિનો સ્પર્શ થઈ જાય તો સ્નાન કરીને બાકીનો જપ કરે. (૩૫-૩૬) વાચિક, ઉપાંશુ અને માનસ - આ ત્રણ જપના ભેદ કહેલા છે. તેમાં વાચિક કનિષ્ઠ, ઉપાંશુ મધ્યમ અને માનસ ઉત્તમ ભેદ છે એમ જાણીને ઉત્તમ એવા માનસ જપનો આશ્રય કરે. (૩૭) ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિતથી સ્પષ્ટ પદાક્ષરોવાળા શબ્દો વડે જે જપમાં મંત્રનું ઉચ્ચારણ થાય તે જપ વાચિક માનેલો છે (૩૮) જે જપમાં થોડુંક શ્રવણને યોગ્ય ધીમેથી મંત્રનું ઉચ્ચારણ થાય અને થોડા થોડા હોઠ હાલે તે જપ ઉપાંશુ માન્યો છે. (૩૯) જે જપમાં બુદ્ધિથી સ્મરણ કરી સ્વર, વર્ણ અને પદનું કેવળ મનમાં ઉચ્ચારણ થાય તે માનસ જપ માનેલો છે. (૪૦) વાચિક જપની અપેક્ષાએ ઉપાંશુ જપ દશ ગણો અધિક છે. ઉપાંશુ જપ કરતાં જિહ્વા જપ સો ગણો અધિક અને જિહ્વા જપ કરતાં માનસ જપ હજારગણો અધિક કહેલો છે. (૪૧) પોતાના ઘરમાં કરેલો જપ સરખું ફળ આપનારો છે; ગાયોના સ્થાનમાં કરેલો જપ દશ ગણો અધિક કહેલો છે; ઘર પાસે બનાવેલા બગીચામાં કરેલો જપ સોગણો અધિક છે; વનમાં કરેલો જપ હજાર ગણો અધિક છે; પુણ્યપર્વતમાં કરેલો જપ દશહજાર ગણો અધિક છે; પુણ્યનદીતટે કરેલો જપ લાખગણો અધિક છે; દેવાલયમાં કરેલો જપ કરોડગણો અધિક છે અને ભગવાનની મૂર્તિ સમીપે જપેલો જપ તો અનંતગણું ફળ આપનારો કહ્યો છે. (૪૨-૪૩) હે નિષ્પાપ મુને ! ભગવાનની ભક્ત એવી સધવા કે વિધવા નારી પણ આ પ્રમાણે જ કેવળ ભગવાનના નામમંત્રનો જ જપ કરે. (૪૪) સ્નાન કર્યા સિવાયનો પુરુષ ક્યારેય પણ માળાથી જપ ન કરે. આપત્તિમાં આવેલો પુરુષ માનસસ્નાન કરીને જપ કરે. (૪૫)

પુરુષોને માનસજપમાં અને માળા વિના ભગવાનનાં નામોના કીર્તનમાં તો સ્નાન આદિ નિયમ નથી. (૪૬) જપમાળાને અપવિત્ર હાથથી સ્પર્શ ન કરે, ભૂમિ ઉપર ક્યારેય ફેંકે નહિ, તેમ નારીને સ્પર્શ ન કરાવે. જપના અંતે માળાને દીવાલની ખીલી ઉપર મૂકી દે. (૪૭) આ પ્રમાણે દરરોજ ભક્તિપૂર્વક ભગવાનના નામમંત્રને સંખ્યાના નિયમથી જેઓ ઉદ્ધવસંપ્રદાયમાં રહીને જપે છે તે મનુષ્યો કમળાપતિ પરમાત્મા શ્રીનારાયણ ભગવાનના સર્વોત્તમ શુદ્ધ ગોલોક નામના ધામને પામે છે. (૪૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે પુરાતન ભગવાન નારાયણ મહામુનિએ કહેલો શ્રીકૃષ્ણમંત્ર જપવિધિ સાંભળીને સભામાં બેઠેલા બીજા બધા મુનિજનો અને હરિજનોની સાથે વાસુદેવાનંદવર્ણી

ઘણા રાજી થયા. પ્રસન્ન થયેલા તેમણે સકળ પદાર્થની સિદ્ધિને આપનારા ભગવાન શ્રીહરિને પ્રણામ કર્યા. (૪૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં શ્રી નારાયણવાસુદેવાનન્દસંવાદમાં શ્રીકૃષ્ણમન્ત્રજપવિધિ નિરૂપણનામે ત્રીશમો અધ્યાય થયો. ॥૩૦॥

●

## અધ્યાય-૩૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! હવે કાર્તિક સુદી દશમના રોજ સૂર્યનારાયણ અસ્ત થયા પછી વિધિને જાણનારા ભગવાન શ્રીહરિ સંધ્યા આરતી કરીને મહાસભામાં ઊંચા સિંહાસન ઉપર બેઠેલા અને પ્રસન્ન મુખમુદ્રાવાળા થકા ભક્તજનોને કહેવા લાગ્યા. (૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

સમગ્ર મુનિજનો, સર્વ ગૃહસ્થજનો તથા સમગ્ર બાઈઓ સાંભળો. હું ગુરુપણાને લીધે સર્વ જનોનું હિત આદરપૂર્વક કહું છું તે સાંભળો. (૨) હે જનો ! આવતી કાલે પ્રબોધની નામની એકાદશી તિથિ છે તેનું વ્રત મારા આશ્રિત સર્વ જનોએ અવશ્ય કરવું. (૩) પુરુષોત્તમ શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે અને તેમનું આ એકાદશીવ્રત છે માટે મારા સર્વ આશ્રિતોએ આ વ્રત પ્રયત્નપૂર્વક કરવું જોઈએ. (૪) જે મૂઢ નર એકાદશીનો ઉપવાસ નથી કરતો તે જન ગાઢાંધકારથી વ્યાપ્ત રૌરવ નરક પામે છે તે નિશ્ચિત વાત છે. (૫) બ્રહ્મહત્યા સમાન આ લોકમાં જેટલાં કોઈ પાપો છે તે હરિવાસર દિન પ્રાપ્ત થાય ત્યારે તે બધાં પાપો અન્નનો આશ્રય કરીને વાસ કરે છે. (૬) આથી જે પુરુષ હરિવાસર કહેતાં એકાદશીને દિવસે અન્ન જમે છે તે પુરુષ પાપોને પામે છે અને મુનિજનો તેને માતૃઘાતી, પિતૃઘાતી અને ગુરુઘાતી કહે છે. (૭) જે પુરુષ બન્ને પક્ષની એકાદશીના દિવસે અન્ન ખાય છે તે પુરુષ ગ્રાસે ગ્રાસે સર્વ પૃથ્વી ઉપર ઊપજેલા મળને ખાય છે. (૮) બ્રહ્મહત્યાદિ પાપોનું પ્રાયશ્ચિત કહેલું છે પરંતુ એકાદશીના દિવસે અન્ન ખાનારને તે પાપ નિવારણ માટેનું પ્રાયશ્ચિત કોઈ શાસ્ત્રમાં કહેલું નથી. (૯) આ લોકમાં મદિરાનું પાન કરનાર જ નરકને પામે પણ એકાદશીના દિવસે અન્ન જમનાર તો પિતૃઓ સહિત નરકમાં ડૂબે છે. (૧૦) આથી વૈષ્ણવ એવા સ્ત્રી અને પુરુષ એકાદશીના વ્રતને કરે. જેવી શુકલ પક્ષની તેવી જ કૃષ્ણપક્ષની એકાદશી જાણવી. એ બન્નેમાં જરાપણ ભેદ જાણવો નહિ. (૧૧) આઠ વર્ષથી ઉપરનો અને એંશી વર્ષની અંદરનો મનુષ્ય બન્ને પક્ષની એકાદશીના ઉપવાસને કરે. (૧૨) બ્રહ્મચારી, ગૃહસ્થ વાનપ્રસ્થ અને સંન્યાસી આ સર્વ આશ્રમીજનોએ અને સર્વ સ્ત્રીઓએ એકાદશીનું વ્રત કરવું. (૧૩) અને જે વિધવા નારી એકાદશીના દિવસે ભોજન કરે તેનું તો પુણ્યમાત્ર નાશ પામી જાય અને દિવસે દિવસે બ્રહ્મહત્યાનું પાપ લાગે. (૧૪) એકાદશીનો ઉપવાસ તો સર્વ પ્રકારનાં પાપોનો નાશ કરનાર થાય છે. આ બાબતમાં નારદીય પુરાણમાં કહેલ ઈતિહાસ હું તમોને કહું છું. (૧૫) સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા માંધાતા નામના ઉત્તમરાજા બન્ને હાથ જોડીને વસિષ્ઠ મુનિ પ્રત્યે વાક્ય બોલ્યા.

(૧૬) માંધાતા બોલ્યા : હે ગુરુવર્ય ! ઘોર એવા અને સૂકા અને લીલા એવા ભારે પાપરૂપ કાષ્ઠને બાળવામાં કયો અગ્નિ સમર્થ થાય છે ? તે કહેવાને માટે તમે યોગ્ય છો. (૧૭) અજાણથી થયેલું પાપ મુનિજનોએ શુષ્ક કહેલું છે અને જાણીને કરેલું પાપ લીલું કહેલું છે. તે બન્ને પ્રકારનું પાપ કયા અનુષ્ઠાનથી ભસ્મ થાય તે તમો મને કૃપા કરીને કહો. (૧૮)

**વસિષ્ઠમુનિ બોલ્યા :**

હે નરશાર્દૂલ ! જે વિધિથી સૂકું અને લીલું બન્ને પ્રકારનું ભીષણ પાપ ભસ્મ થઈ જાય તે વિધિ હું તમોને કહું છું. (૧૯) પુરુષ એકાદશી દિવસને પ્રાપ્ત કરી ઇન્દ્રિયોને નિયમમાં રાખી ઉપવાસ પરાયણ થઈ મધુસૂદન ભગવાનનું પૂજન કરે. (૨૦) કથાશ્રવણકીર્તન વગેરે પૂર્વક જાગરણ કરે તે પુરુષ, જેમ શરદઋતુ જળના મળનો નાશ કરે છે તેમ, બ્રહ્મહત્યાદિ પાપોને નાશ કરે છે. (૨૧) એકાદશીના ઉપવાસ થયેલ તપરૂપ અગ્નિથી સેંકડો જન્મોથી કરેલ પાપરૂપ ઈંધણકાષ્ઠ ભસ્મીભૂત થઈ જાય છે. (૨૨) મનુષ્યોને પાવન કરનારું આવું બીજું કંઈ આ લોકમાં વિદ્યમાન નથી, જેવું કે પદ્મનાભ ભગવાન સંબંધી એકાદશીવ્રત પાપનો નાશ કરનારું થાય છે. (૨૩) આ દેહમાં બ્રહ્મહત્યાદિ પાપો ત્યાં સુધી જ વાસ કરે છે જ્યાં સુધી મનુષ્યોએ મંગળકારી હરિવાસર દિને ઉપવાસ નથી કરાતો. (૨૪) કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ સમયે ગોદાનથી જ પુણ્ય થાય છે તે પુણ્ય એકાદશીનો ઉપવાસ કરવાથી થાય છે. (૨૫) જે પુરુષના ઘેર એકલાખ તપસ્વીઓ દરરોજ જમે અને જે પુણ્ય થાય છે તે જ પુણ્ય મનુષ્ય એકાદશીના વ્રતનો ઉપવાસ કરવાથી પામે. (૨૬) હજાર અશ્વમેધયજ્ઞ, અને સો રાજસૂયયજ્ઞ એકાદશી ઉપવાસની સોળમી કળાને પણ યોગ્ય નથી. (૨૭) પૂર્વ જન્મોમાં એકાદશ ઇન્દ્રિયો વડે જે પાપ કરેલું હોય તે સમગ્ર પાપ એકાદશીનો ઉપવાસ કરવાથી નાશ પામી જાય છે. (૨૮) એકાદશી સમાન પાપથી બચાવનારું બીજું કંઈ પણ આ લોકમાં જણાતું નથી. જે એકાદશીવ્રત કોઈપણ બહાને કર્યું હોય તોપણ યમરાજના ભયથી બચાવનારું થાય છે. (૨૯) આ એકાદશી સ્વર્ગ અને મોક્ષને આપનારી અને શરીરના આરોગ્યને આપનારી તથા ઉત્તમ પત્ની, અત્યંત ધન તથા રાજ્ય અને પુત્ર આપનારી થાય છે. (૩૦) રાત્રિમાં જાગરણ સહિત એકાદશીનો ઉપવાસ કરીને મનુષ્ય સર્વ પ્રકારનાં પાપોથી મુક્ત થઈને વિષ્ણુલોકને પામે છે. (૩૧) અને હે રાજેન્દ્ર ! જાગરણ સહિત ઉપવાસ કરનાર પુરુષ માતૃપક્ષના દશ પુરુષોનો, પિતૃપક્ષના દશ પુરુષોનો, નારીપક્ષના દશપુરુષોનો અને પોતાનો પણ નરકાદિથી ઉદ્ધાર કરે છે. (૩૨) આ એકાદશી કલ્પવૃક્ષ ચિંતામણિ વગેરેની પેઠે પોતાનું વ્રત કરનારા જનોને સમગ્ર મનવાંછિતને પૂર્ણ કરનારી છે આથી તેના વ્રતાચરણથી પૂર્ણકામના થાય. (૩૩) જે નરો એકાદશીવ્રતને ભગવદ્‌ભક્તિપૂર્વક કરે છે તે જનો ઉત્તમોત્તમ થઈને, ચતુર્ભુજરૂપે થઈ, ગરુડ ઉપર બેસીને, વનમાળા ધારીને, પીતાંબરધારી થઈને ભગવાનના ધામને પામે છે. તે નરો ફરીથી માતાના ઉદરમાં પ્રવેશતા નથી પરંતુ મુક્ત થઈ જાય છે. (૩૪-૩૫) પૃથ્વી ઉપર સર્વ પાપરૂપ કાષ્ઠને બાળનારો પાવક નામનો આ એકાદશીનો પ્રભાવ મેં તમોને કહી સંભળાવ્યો. (૩૬)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! વેદને જાણનારાઓમાં શ્રેષ્ઠ એવા વસિષ્ઠમુનિ માંધાતા રાજાને આ પ્રમાણે પાપનાશ કરનારું એકાદશીવ્રતનું માહાત્મ્ય કહેતા હતા તે કથા મે તમોને કહી. (૩૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં એકાદશીવ્રતમાહાત્મ્યનિરૂપણનામે એકત્રીશમો અધ્યાય થયો. ॥૩૧॥

●

## અધ્યાય-૩૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહેલું એકાદશીનું માહાત્મ્ય સાંભળી સર્વજનો આનંદ પામ્યા. તેમાં વળી જે ધર્મનિષ્ઠ જનો હતા તે વિશેષ આનંદ પામ્યા. (૧) ત્યારપછી તે જનો પૈકી જેઓ પ્રશ્ન પૂછવામાં નિપુણ હતા તેઓ મહાપ્રભુની ભક્તિભાવથી પ્રણામ કરીને બે હાથ જોડીને પૂછવા લાગ્યા. (૨)

**જનો બોલ્યા :**

હે સ્વામિન્ ! તમોએ એકાદશી તિથિને સર્વ વ્રતો કરતાં અધિક ઉત્તમ કહેલી છે. તે મહાફળ આપનારી હોવાનું જ કારણ હોય તે અમોને કહેવા માટે તમો યોગ્ય છો. (૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રમાણે પોતાના ભક્તજનોએ પૂછેલ ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ એકાદશી માહાત્મ્યના અધિકપણાનું યે કારણ તેને કહેવાનો આરંભ કર્યો. (૪)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ઉત્તમ વ્રતવાળા ભક્તજનો ! સર્વ કોઈ મનુષ્યોને માહાત્મ્યનું અધિકપણું તો ભગવાનના સંબંધથી જ થાય છે એમ તમો નક્કી જાણો. (૫) શ્રી વાસુદેવ ભગવાનના દિવ્ય દેહ થકી ઉત્પન્ન થઈ છે અને તેને ભગવાન થકી વર મળ્યો છે આથી એકાદશીનો આવો મહિમા થયો છે, તે તમોને હું સંક્ષેપમાં કહું છું. (૬) પૂર્વે સત્યયુગમાં નાડીજંઘ નામનો દૈત્ય હતો તે અસુરનો મુરદાનવ નામનો પુત્ર હતો તે પોતાના શરીરના બળથી ઉદ્ધત બન્યો હતો. (૭) સમગ્ર દૈત્યોનો રાજા મુરદાનવ દુષ્કર તપથી બ્રહ્માની આરાધના કરી સર્વ દેવોથી અવધ્યપણારૂપ ઇચ્છિત વરદાન પામ્યો હતો. (૮) વરદાન મેળવીને મદોન્મત્ત બની ગયેલ મુરદાનવ શીઘ્ર સર્વ દિગ્પાળોને જીતીને, સ્વયં એકાધિપતિ થઈને પોતાના સામર્થ્યથી ઇન્દ્રાદિક દિગ્પાળોની જગ્યાએ અન્ય દિગ્પાળોની રચના કરતો હતો. (૯) ત્યારે સ્થાનભ્રષ્ટ થયેલા નિસ્તેજ સર્વ દેવગણો દૈત્યપતિ મુરદાનવથી ભય પામીને ઇચ્છિત સ્વરૂપો ધારણ કરી પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. (૧૦) તે પછી દુઃખી થયેલા તે દેવતાઓ થોડા સમયમાં બ્રહ્માના શરણે જઈ પોતાનું દુઃખ નિવેદન કર્યું. (૧૧) તેમના દુઃખનિવારણમાં અસમર્થ બ્રહ્મા પણ તે દેવોની સાથે અને શિવજીએ સહિત

ક્ષીરસાગરમાં ગયા જેમાં શ્વેતદ્વીપ રહેલો છે. (૧૨) તે પયોનિધિ ક્ષીરસાગરના તીરે દેવતાઓ સાવધાન થઈને, નિરાહાર જિતેન્દ્રિય થઈ, લક્ષ્મીપતિ ભગવાનની આરાધના કરવા લાગ્યા. (૧૩) ભગવાનની પ્રસન્નતાની આકાંક્ષાથી એક પગે ઊભા રહી ઊંચા લોચન અને ઊંચા બાહુઓ રાખીને ભવબ્રહ્માદિ સર્વ દેવો અવ્યગ્રપણે તીવ્ર તપ કરવા લાગ્યા. (૧૪) તેમના અતિ ઉગ્ર તપથી પ્રસન્ન થયેલા કમળાપતિ ભગવાન બહુ પ્રકાશયુક્ત થઈને વૈકુંઠ લોક થકી તેમની આગળ પ્રગટ થયા. (૧૫) તપ કરતા તે સર્વ દેવોએ તે સમયે અતર્કિત આવિર્ભાવ પામેલા, એકસાથે ઉદય પામેલા દશ હજાર સૂર્યના સરખો કોઈ મહા તેજપુંજ જોયો. (૧૬) અને તે તેજપુંજમાં લક્ષ્મીજી સહિત સુનંદાદિ પાર્ષદોએ સેવન કરાયેલા જગત્પતિ સાક્ષાત્ વિષ્ણુ શ્રી વાસુદેવ ભગવાનને જોયા. (૧૭) ચતુર્ભુજ અને શંખ, ચક્ર, ગદા અને પદ્મથી અલંકૃત, ઈન્દ્રનીલમણિ સરખા શ્યામ, કમળદળ સરખાં સુંદર લોચનવાળા તથા મંદહાસે સહિત મુખકમળવાળા તે શ્રીહરિ હતા. (૧૮) તે પછી શ્રી વાસુદેવ ભગવાનને નમસ્કાર કરી સ્તુતિ કરી પ્રસન્ન કરીને, દૈત્યપતિ મુરદાનવનું તે સર્વ કર્મ પ્રભુ આગળ દેવતાઓએ નિવેદન કર્યું. (૧૯) ખૂબ જ કલેશ પામેલા દેવસમૂહને જોઈ કરુણાસાગર ભગવાને તે દેવોને અભયદાન આપી મુરદૈત્યને મારવાની ઈચ્છા કરી. (૨૦) ત્યારપછી ભગવાન દેવોની સાથે જ ચંદ્રાવતી નામની તે અસુરની પુરીને પામીને પાંચજન્ય નામનો મહાશંખ વગાડ્યો. આથી સર્વ દાનવો ત્રાસ પામી ગયા. (૨૧) મુરદાનવ તે શંખનાદને નહિ સહન કરીને, પુર થકી બહાર આવીને, દેવો સાથે લડવા લાગ્યો. ત્યારે દેવતાઓ મુરદાનવના તાડનપ્રહારને સહન કરવા અસમર્થ થકા ચારે બાજુ નાસવા લાગ્યા. (૨૨) તે સમયે ભગવાન પણ સુદર્શન ચક્ર વડે દારુણ સંગ્રામ કરતા થકા મુરદૈત્યને મારવા શક્તિમાન ન થયા. આવી રીતે હજારો વર્ષ વીતી ગયાં. (૨૩) ત્યારપછી શ્રમને પામેલા ભગવાન વાસુદેવ શ્રમ ટાળવા પોતાના બદરીવનમાં ગયા. ત્યાં સિંહવતી ગુફાને પામી જાણે અસુરથી ભય પામ્યા હોય તેમ સૂઈ ગયા. (૨૪) સૂઈ ગયેલા ભગવાન વાસુદેવે દશ ઈન્દ્રિયો અને મન એમ એકાદશ ગણને પોતાના સ્વરૂપને સન્મુખ કરીને જલદી ક્ષણકાળ યોગનિદ્રા ધારણ કરી. (૨૫) ત્યારે પાછળ પડેલો મુરદાનવ પણ બાર યોજન વિસ્તારવાળી અને એકજ નીકળવાના માર્ગવાળી તે સિંહવતી ગુફામાં એકદમ પ્રવેશ પામ્યો. (૨૬) તે સમયે યોગનિદ્રામાં રહેલા શ્રીવાસુદેવ તે આવેલા દૈત્યને અતિ ઉદ્ધત દેખીને અને બ્રહ્માના વરદાનથી દૈત્યની અવધ્યતાને જાણીને તેની ઉપર મહાકોપને પામ્યા. (૨૭) તે સમયે ભગવાનના એકાદશ ઈન્દ્રિયોમાંથી ઉત્પન્ન થયેલા તેજમાંથી દિવ્ય આયુધો ધારી રહેલી કોઈ એક અતિતપસ્વિની સ્ત્રી (કન્યા) પ્રકટ થઈ આવી. (૨૮) ત્યારે રૂપ અને સૌભાગ્યસંપન્ન એવી તે કન્યાને જોઈ તે મુરદાનવ હે મુગ્ધે ! તું મને વર્ય - આ પ્રમાણે આદરપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યો. (૨૯) ત્યારે તે દેવી કામથી વિહ્‌વલ થયેલા દૈત્યને કહેવા લાગી : હે દૈત્ય ! સંગ્રામમાં મને જીતીને તું ગ્રહણ કર. કેમકે મને જે યુદ્ધમાં જીતે તે મારો પતિ થાય એવું મારે વ્રત છે. (૩૦) પછી તે દાનવ તે દેવી સાથે વિવિધ અસ્ત્ર-શસ્ત્ર વડે યુદ્ધ કરવા લાગ્યો. મહાક્રોધને પામેલી તે દેવીએ દુષ્ટબુદ્ધિ તે દૈત્યનું મસ્તક ખડગ વડે કાપી નાખ્યું.

(૩૧) તે પછી દેવો અત્યંત હર્ષ પામીને દેવીની પૂજા કરતા થકા પ્રશંસા કરવા લાગ્યા. અને ભગવાન પણ રાજી થયા. ભગવાન તથા દેવો તેને 'તમે કોણ છો ?' એમ પૂછવા લાગ્યા. (૩૨)

**ત્યારે દેવી બોલ્યાં :**

હે સ્વામિન્ ! હે પ્રભો ! હું જે તે તમારી એકાદશ ઇન્દ્રિયોના તેજમાંથી ઉત્પન્ન થયેલી એકાદશી નામની તમારી શક્તિ છું. અને આપના તપરૂપ તેજથકી ઉત્પન્ન થયેલી હોવાથી તપસ્વિની છું. (૩૩) બ્રહ્માંડમાં જે નાનાંમોટાં પાપો છે અને તેના સર્વ જે દૈત્યો છે તે સર્વનો હું સંહાર કરનારી છું. (૩૪) ત્યારે તેના ઉપર પ્રસન્ન થયેલા ભગવાન શ્રી વાસુદેવ એકાદશીને કહેવા લાગ્યા : હે પાપરહિત દેવી ! આ તારે દિવસે ત્રિલોકીમાં આનંદ થઈ ગયો છે આથી તું મારા થકી વરદાન માગ. (૩૫)

**એકાદશી બોલી :**

હે દેવ ! જો તમે મારી ઉપર પ્રસન્ન થયા હો અને મને વર આપવા યોગ્ય હો તો મારું વ્રત કરનારાઓના સર્વ મનોરથો સિદ્ધ થાઓ. (૩૬) અને આ મારા વ્રતને દિવસે જે જન ઉપવાસ કરે તે સર્વ પાપોથી રહિત થઈને આ લોકમાં સુખને પામે અને મુક્તિને પ્રાપ્ત કરે. (૩૭) અને ઉપવાસ કરવામાં અશક્ત જન એકજ વાર ભોજનથી તેમજ એકજવાર રાત્રિભોજનથી અથવા યાચના વિના મળેલા અન્ન વડે વ્રત કરે તે પણ ઇચ્છિત ફળને પામે. (૩૮) વળી હે ભગવાન ! ત્રણેય લોકમાં, ચારેય યુગમાં, બારેય માસમાં મારું વ્રત પ્રવર્તે. (૩૯) હે ઈશ્વર ! ચોવીશ રૂપવાળી હું તે મારા આપ જ સ્વામિ થઈને મને નિત્ય આનંદ આપો. આ પણ મારી યાચના છે. (૪૦)

**શ્રી ભગવાન બોલ્યા :**

હે ભદ્રે ! ભવબ્રહ્માદિ દેવોને પણ દુર્લભ એવો આ વર તમોએ મારાથી માગ્યો છે, તોપણ તમારી ઉપર પ્રસન્ન થયેલો હું તમોને આ વર આપું છું. (૪૧) આજથી આરંભીને જે કોઈ સ્ત્રી-પુરુષો મારાં પૂજન અને ઉત્સવયુક્ત આ તમારું વ્રત કરશે તે જનો ઇચ્છિત વરને નિશ્ચય પામશે જ. (૪૨) વ્રત કરનારી વ્યક્તિ જો મોક્ષાર્થી હોય તો સંસારથી મોક્ષને પામશે અને સંસારના સુખની કામનાવાળો હોય તો સાંસારિક મનોરથોને પામશે એ નિશ્ચિત વાત છે. (૪૩) જે હેતુ માટે તમારા વ્રતપરાયણ જનો સર્વ કામનાઓને પામશે આથી તમો લોકમાં 'ભુક્તિદા' અને 'મુક્તિદા'ના નામથી પ્રસિદ્ધ થશો. (૪૪) વળી હું કેશવ વગેરે ચોવીશ રૂપથી ચોવીશ રૂપવાળાં તમારો પતિ થઈને તમોને આનંદ આપીશ. (૪૫)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! આ રીતે ભગવાન વાસુદેવ થકી વરદાનને પામેલી એકાદશી દેવી પ્રસન્ન થઈને અંતર્ધાન થયાં. ત્યારથી આરંભીને ભગવાન શ્રી વાસુદેવ પોતાના ભક્તો પાસે તે એકાદશીનું વ્રત કરાવવા લાગ્યા. (૪૬) ત્યારે બદ્રિકાશ્રમવાસી સર્વ મુનિજનો એકાદશી-વ્રત કરવા લાગ્યા અને ત્યારથી આરંભીને આ એકાદશી-વ્રત લોકમાં પ્રવર્ત્યું. (૪૭) ભગવાન વાસુદેવ આ પ્રમાણે એકાદશીને વર આપીને, તેનું વ્રત લોકોમાં પ્રવર્તાવીને પોતાના સર્વોત્તમ ધામ પ્રત્યે ગયા. (૪૮)

એકાદશીએ વિષ્ણુભગવાન થકી વરદાન પ્રાપ્ત કરી પછી વળી લક્ષ્મીજીની પેઠે ભગવાનના દિવ્ય દેહમાં જ પોતાનો અવિચળ નિવાસ કરવાની ઈચ્છા કરી. (૪૯) તેની પ્રાપ્તિ માટે ભગવાનને ફરીથી પ્રસન્ન કરવા માટે જેને તપ પ્રિય છે એવી એકાદશીએ અમૃતસ્થળ શ્વેતદ્વીપમાં સો વર્ષ પર્યંત ઘોર તપ કર્યું. (૫૦) તેની ભક્તિ અને તપથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ ફરીથી તેની સમીપે આવી આવીને બોલ્યા : પ્રિયે ! તું મારી પાસે વર માગ્ય. (૫૧) આ પ્રમાણે ભગવાને કહેતાં એકાદશી બોલી : હે પ્રભો ! જો તમે મારી ઉપર પ્રસન્ન થયા હો તો લક્ષ્મીજીની પેઠે મને પણ આપના એક અંગમાં નિવાસ આપો. (૫૨)

**શ્રી ભગવાન બોલ્યા :**

હે પ્રિયે ! કેડથી નીચેના ભાગનું મારું અંગ તો ગરુડજીએ સ્વાધીન કરી લીધું છે, અને લક્ષ્મીજીએ મારું વક્ષઃસ્થળ સ્વાધીન કરેલું છે. મારા બાહુઓ પણ ચક્રાદિ આયુધોએ સ્વાધીન કરી લીધા છે. (૫૩) મારા બન્ને કાન કુંડળોએ સ્વાધીન કર્યા છે અને સરસ્વતીએ મારું મુખ સ્વાધીન કર્યું છે અને મારું મસ્તક મુગટે રોકેલું છે. મારું નેત્ર અંગ બાકી રહેલું છે તે હું તમોને આપું છું. (૫૪) લોકમાં બુદ્ધિશાળીઓને જે અતિપ્રિય હોય તેનું સ્થાન નેત્ર કહે છે, તમે લક્ષ્મી થકી પણ અતિ પ્રિય છો આથી હું તમોને હું મારા નેત્રમાં નિવાસ આપું છું. (૫૫) આજે આષાઢ માસના શુક્લપક્ષની એકાદશી તિથિ છે, તો આ તિથિથી આરંભીને ચાર માસ સુધી મારા નેત્રસ્થાનમાં તમો વસો. (૫૬) અને હે તપસ્વિની ! દર વર્ષે વર્ષાઋતુના ચારે માસ પોતાના નેત્રમાં તમોને ધારણ કરીને હું ક્ષીરસાગરમાં શયન કરીશ. (૫૭) અને હે સુન્દરિ ! મુર નામના દૈત્યને મારવા સારુ એકાદશ ઈન્દ્રિયોમાંથી ઉત્પન્ન થયેલ તપરૂપ મારા તેજમાંથી ઉત્પન્ન થયેલ યોગનિદ્રારૂપ તમે છો. (૫૮) આથી ક્ષીરસમુદ્રમાં શેષનાગરૂપ પલંગમાં શયન કરતાં મેં તમોને નેત્રમાં ધારણ કરેલ સતે મારા ત્યાગીગૃહી ભક્તજનો પણ તપ જ કરશે. (૫૯) જે જનો મારી પ્રસન્નતા માટે ચાતુર્માસમાં મારી પૂજા, તપ, યોગને કરશે તેમને ઈચ્છિત સિદ્ધિ જલદી થશે. (૬૦) હે ભક્તો ! આ પ્રમાણે એકાદશીને વરદાન આપીને ભગવાન વાસુદેવ યોગનિદ્રારૂપ તે એકાદશીને નેત્રમાં ધારણ કરીને ક્ષીરસાગરમાં શેષનાગરૂપ શય્યા ઉપર પોઢી ગયા. (૬૧) અને તે પછી યોગનિદ્રામાં પ્રવર્તેલા ભગવાને ઈન્દ્રિયોના તે તે વિષયરૂપ આહારને ત્યાગ કરીને, તેમની બધી વૃત્તિઓને સ્વસ્વરૂપને સન્મુખ કરી દીધી. (૬૨) ભગવાન વાસુદેવ જ્યારે નિરાહાર રહ્યા અને યોગનિદ્રાનો સ્વીકાર કર્યો ત્યારે લક્ષ્મીજી પણ નિરાહાર થઈને તેમના ચરણકમળ ચાંપવા લાગ્યાં. (૬૩) તે સમયે ભગવાનના નંદ-સુનંદાદિ સર્વ પાર્ષદો ક્ષીરસાગરના ઉત્તરતટમાં નિરાહાર થઈ તપ કરવા લાગ્યા. (૬૪) તથા શ્વેતદ્વીપવાસી મુનિઓ નિરાહાર જિતેન્દ્રિય હોઈને વાસુદેવ ભગવાનની મૂર્તિમાં જ અંતર્દષ્ટિ અર્પણ કરીને આંખનું મટકું માર્યા વગર તપ કરવા લાગ્યા. (૬૫) શ્રીહરિ કહે છે : હે ભક્તજનો ! આથી ચાતુર્માસમાં સર્વજનોએ યથાશક્તિ તપ તથા લક્ષ્મીએ સહિત વાસુદેવનું પૂજન કરવું. (૬૬) આ પ્રકારે વાસુદેવ ભગવાને તપોરૂપા યોગનિદ્રા ધારણ કરેલ સતે ક્ષીરસાગર ઉત્તર તટવાસી તે સુનંદાદિ ભક્તજનો હૃદયમાં ખેદ પામે છે. (૬૭) તીવ્ર તપથી ભક્તજનોને ખેદ થતો

ન હતો પરંતુ પોતાના સ્વામી શ્રીહરિનું યોગનિદ્રા ધારણરૂપ કષ્ટ જોઈ ભક્તભાવવાળા ભક્તજનો ખિન્ન થાય છે. (૬૮) આથી બુદ્ધિમાન વિવેકી ગૃહસ્થો પૃથ્વી ઉપર ચાતુર્માસમાં તપ જ કરે છે, પરંતુ તેમાં વિવાહ વગેરે મંગલ કાર્યો કરતા નથી. (૬૯) કાર્તિક સુદી એકાદશી પર્યંત ચાતુર્માસ વીત્યા બાદ ભગવાન યોગનિદ્રા થકી જાગે છે ત્યારે તે નિમિત્તે મહોત્સવ થાય છે. (૭૦) તે સમયે તે વાસુદેવના સર્વ પાર્ષદો, મુનિઓ તથા ગણોએ સહિત બ્રહ્માદિ દેવો સર્વોત્તમ આનંદ પામીને તે પ્રભુ વાસુદેવની ભક્તિભાવપૂર્વક પૂજા કરે છે. (૭૧) તે સમયે સર્વ કોઈ દેવો વિવિધ ઉપચારો વડે દુંદુભિ વાજિંત્રોને વગાડતા થકા પરમ હર્ષથી લક્ષ્મીજી સહિત યોગેશ્વર શ્રી વિષ્ણુ ભગવાનની આરાધના કરે છે. (૭૨) હે જનો ! આથી કાર્તિક સુદ એકાદશી દિવસે બ્રહ્માંડમાં સર્વત્ર મહાન આનંદોત્સવ થાય છે. આથી આ એકાદશી સર્વથી અધિક માની છે. (૭૩) વળી આ પ્રબોધની એકાદશી દુર્વાસા મુનિના શાપને પામેલા મારા પિતા સાક્ષાત્ ધર્મદેવની જન્મતિથિ પણ છે આથી આ તિથિ અમોને અતિ પ્રિય છે એમ અવશ્ય જાણો. (૭૪) તો આ તિથિએ પ્રાતઃકાળે મારા આશ્રિતોએ લક્ષ્મીએ સહિત યોગેશ્વર વાસુદેવની અને ભક્તિએ સહિત ધર્મદેવનું પૂજન કરવું. (૭૫) ત્યારપછી હે ભક્તજનો ! સાયંકાળે પ્રબોધની એકાદશીના સ્વામી દામોદર નામના ભગવાનનું રાધા સાથે પ્રીતિપૂર્વક પૂજન કરવું. (૭૬) આ દિવસે બ્રહ્મચર્યાદિ યમોએ સહિત ઉપવાસ અને જાગરણ કરવું જોઈએ અને દ્વાદશીએ ફરી ઉત્તર પૂજન કરવું જોઈએ. (૭૭) ત્યારપછી ભગવદ્ભક્ત વૈષ્ણવ બ્રાહ્મણોને ઈષ્ટભોજન-દાનો વડે તૃપ્ત કરી પછી પોતાના કુટુંબીજનો સાથે પ્રબોધની વ્રત કરનાર જનોએ પારણાં કરવાં જોઈએ. (૭૮) હે ભક્તજનો ! પ્રબોધની એકાદશીથી આરંભીને પાંચ દિવસ દેવતાઓ મુનિજનો સાથે ક્ષીરસાગર ઉપર મોટો ઉત્સવ કરે છે. (૭૯) આ પાંચ દિવસોમાં ગ્રહવિગુણતાનો પણ દોષ નથી જ માટે બ્રાહ્મણોએ પણ વિવાહાદિ માંગલિક કાર્ય થાય જ. (૮૦) તેવી જ રીતે સર્વ વ્રતોના ફળને આપનારો આ પ્રબોધની એકાદશી ઉત્સવ મારા આશ્રિતોએ દર વર્ષે અવશ્ય કરવો જોઈએ. (૮૧) ઉદ્ધવ સંપ્રદાયનાં સર્વ નરનારી જનોએ આત્મશુદ્ધિ માટે બારમાસની ચોવીસ એકાદશીના રોજ ઉપવાસ કરવા. (૮૨) કેમ કે ભગવાન વાસુદેવે એકાદશી તિથિને પોતાની જ કરી માની છે, માટે શુક્લ કે કૃષ્ણ સર્વ કોઈ એકાદશીનો ઉપવાસ અમારા આશ્રિતોએ કરવો. (૮૩) ત્યાગી સંન્યાસીઓ અને વિધવા સ્ત્રીઓએ આ ઉપવાસવ્રત વિશેષપણે કરવું; ન કરે તો દિને દિને બ્રહ્મહત્યા સમાન પાપ લાગે છે. (૮૪) જે જનો એકાદશીનો ઉપવાસ કરવા અશક્ત હોય તે જનો ફલાહાર કે એકવાર રાત્રિભોજન આદિ ગૌણ પક્ષો વડે પણ ઉપવાસરૂપ વ્રત કરે. (૮૫) તેવા પણ અશક્ત નરનારીઓએ ચાતુર્માસની એકાદશીનો ઉપવાસ પ્રયત્નપૂર્વક અવશ્ય કરવો. (૮૬) હે જનો ! ચાતુર્માસની એકાદશીના ઉપવાસ કરવામાં અશક્ત હોય એવા પુરુષોએ ઉપવાસના પ્રતિનિધિરૂપે ફળ-મૂળ વગેરેના ભક્ષણથી એકાદશીવ્રત દાન-પૂજાએ સહિત કરવું. (૮૭) તેવા અસમર્થ પુરુષોએ પણ શયની (અષાડ સુદી), બોધની (કાર્તિકી સુદી) અને પરિવર્તિની (ભાદરવા સુદી)-આ ત્રણ એકાદશીના અવશ્ય ઉપવાસ કરવા. (૮૮) આ ત્રણમાં પણ આ પ્રબોધની અતિ અધિક છે કેમકે

વ્રતપાલનથી આનંદ દેનારી છે તો સર્વએ એક કે બે વાર જળપાન કરીને અવશ્ય વ્રત કરવું. (૯૦) જે પુરુષોને વ્યાવહારિક વિક્ષેપ ન થતો હોય અને ધનિક હોય તેમણે સમસ્ત એકાદશીએ ભગવાનની મહાપૂજા કરાવવી. (૯૧) મહાપૂજાનો ક્રમ આ છે :-માયિક ગુણે રહિત અને સર્વ કારણના કારણ એવા શ્રીકૃષ્ણ ભગવાન છે તેમની તો સર્વતોભદ્ર મંડળના મધ્યમાં રહેલા કળશમાં સ્થાપન કરી પૂજા કરવી. (૯૨) પંચરાત્રમાં પ્રસિદ્ધ શક્તિઓએ સહિત શ્રીકૃષ્ણની જે કેશવાદિ મૂર્તિઓ છે તેમની વાસુદેવ ભગવાનની ચારે બાજુ મંડળાહાર પ્રદેશમાં સ્થાપન કરી પૂજા કરવી. (૯૩) પંચામૃત સ્નાન, મહાભિષેક, મહાનૈવેદ્ય, મહાનીરાજન વગેરે સર્વ શાસ્ત્રોક્ત વિધિથી એકાદશી દિવસે પૂજન કરવું. સર્વ એકાદશીઓમાં મહાપૂજા કરવા અસમર્થ હોય તો ચાતુર્માસની એકાદશીઓમાં કરે. (૯૪-૯૫) તેમાં પણ અશક્ત પુરુષ પ્રબોધની એકાદશીએ મહાપૂજોત્સવ અવશ્ય કરે. ધનાઢ્ય મારા આશ્રિતોએ મહાપૂજોત્સવમાં દ્રવ્યનો લોભ ન કરવો. (૯૬) હે ઉત્તમ બુદ્ધિવાળા ભક્તજનો! એકાદશી તિથિ વાસુદેવ ભગવાનને અતિ પ્રિય હોવાથી તે દિવસે મારા ભક્તોએ વિશેષપણે ઉત્સવ કરવો. (૯૭) હે જનો ! જે પુરુષ આ એકાદશીની અવજ્ઞા કરી ઉપવાસ આદિ ન કરે તે પુરુષ ઉદ્ધવ સંપ્રદાયથી બહાર છે. (૯૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! મુનિરાજ ભગવાન શ્રીહરિજીનું આ બધું વચન સાંભળી અતિ આનંદને પામેલા સર્વજનો વિશેષપણે આ વ્રતનો વિધિ જાણવાની ઇચ્છાથી ફરીથી શ્રીહરિને પૂછવા લાગ્યા. (૯૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં એકાદશ્યુત્પત્તિતદ્વરદાનાનિનિરૂપણનામે બત્રીશમો અધ્યાય થયો. ॥૩૨॥

●

## અધ્યાય-૩૩

**ભક્તજનો બોલ્યા :**

હે સત્પતે શ્રીહરે ! આ એકાદશીવ્રત અમારે કેવી વિધિથી કરવું તે વિધિ અમને કહેવાને આપ યોગ્ય છો. (૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તો ! મારા પ્રીતિપાત્ર એવા મારા આશ્રયવાળા તમોને સ્મૃતિવાક્યોએ કરીને ગ્રાહ્ય તિથિના નિર્ણયે સહિત એકાદશીવ્રત વિધિને સ્પષ્ટપણે તમારી આગળ આદરપૂર્વક નિરૂપણ કરું છું. (૨) તેમાં એકાદશી દશમીના વેધવાળી વ્રતમાં ન લેવી. અરુણોદય સમયે પળમાત્ર પણ દશમીનો જો સંબંધ હોય તો તે એકાદશી વેધવાળી ગણાય, સૂર્યોદયથી પહેલાં ચાર ઘડી અરુણોદય કહેવાય છે. તે અરુણોદય સમયે દશમી તિથિનો એક પળ માત્ર સંબંધ પણ સર્વથા ત્યાજ્ય છે. (૩) નંદા એકાદશી બે પ્રકારની છે : શુદ્ધા અને વિદ્ધા. આ પ્રત્યેક, ન્યૂન, સમ અને અધિક એવા ભેદથી ત્રણ પ્રકારની છે. શુદ્ધન્યૂના, શુદ્ધસમા, શુદ્ધાધિકા તથા વિદ્ધન્યૂના, વિદ્ધસમા, વિદ્ધાધિકા એમ છ ભેદ જાણવા. આ છ પ્રકારની એકાદશીઓ પ્રત્યેક દ્વાદશીના ન્યૂન, સમ અને અધિક એવા ભેદથી એટલે

ન્યૂનદ્વાદશિકા, સમદ્વાદશિકા અને અધિકદ્વાદશિકા એવા ભેદથી ફરી ત્રણ પ્રકારે થાય છે. એક એક ભેદ ત્રણ પ્રકારે કરતાં કુલ અઢાર ભેદ થાય છે. તે આ પ્રમાણે સમજવા : ૧. શુદ્ધન્યૂન-ન્યૂનદ્વાદશિકા, ૨. શુદ્ધન્યૂન-સમદ્વાદશિકા, ૩. શુદ્ધન્યૂન-અધિકદ્વાદશિકા, ૪. શુદ્ધસમ-ન્યૂનદ્વાદશિકા, ૫. શુદ્ધસમ-સમદ્વાદશિકા, ૬. શુદ્ધસમ-અધિકદ્વાદશિકા, ૭. શુદ્ધાધિક-ન્યૂનદ્વાદશિકા, ૮. શુદ્ધાધિક-સમદ્વાદશિકા, ૯. શુદ્ધાધિક- અધિકદ્વાદશિકા, ૧૦. વિદ્ધન્યૂન-ન્યૂનદ્વાદશિકા, ૧૧. વિદ્ધન્યૂન-સમદ્વાદશિકા, ૧૨. વિદ્ધન્યૂન-અધિકદ્વાદશિકા, ૧૩. વિદ્ધસમ-ન્યૂનદ્વાદશિકા, ૧૪. વિદ્ધસમ-સમદ્વાદશિકા, ૧૫. વિદ્ધસમ-અધિકદ્વાદશિકા, ૧૬. વિદ્ધાધિક-ન્યૂનદ્વાદશિકા, ૧૭. વિદ્ધાધિક-સમદ્વાદશિકા, ૧૮. વિદ્ધાધિક-અધિકદ્વાદશિકા. આ પ્રમાણે પૂર્વના મહર્ષિઓએ અઢાર એકાદશી કહી છે. તેમાં દશમી વેધવાળી નવ પ્રકારની વિદ્ધા એકાદશી તો વૈષ્ણવો માટે ત્યાજ્ય હોવાથી તેમાં કંઈ કહેવાનું નથી પરંતુ નવ પ્રકારની શુદ્ધા એકાદશી અંગે હું કાંઈ કહેવાનું છે તે હવે કહું છું. (૪-૫) સૂર્યોદય સમયથી પૂર્વે મુહૂર્ત દ્વય કહેતાં ચાર ઘડી યુક્ત એકાદશી સંપૂર્ણ અને શુદ્ધા કહેલી છે. (કારણ કે ઉક્ત કાળમાં દશમીનો વેધ આવતો નથી.) (૬) એકાદશી જો અધિક-વૃદ્ધિને પામેલી હોય એટલે પ્રથમ દિવસે એકાદશી સૂર્યોદયને આરંભીને સાઠ ઘડી પર્યંત વ્યાપતી હોય અને બીજે દિવસે વળી એક ઘડી પરિમિત હોય ત્યારે તો પ્રથમ દિવસ સાઠ ઘડીરૂપ છે તેનો ત્યાગ કરવો અને ઉત્તરદિવસ છે તે ગ્રહણ કરવો. અર્થાત્ વૈષ્ણવોએ દ્વાદશીના દિવસે એકાદશીનો ઉપવાસ કરવો. (૭) જે દિવસે એકાદશી લુપ્ત કહેતાં ક્ષયને પામેલી હોય અને આગળ દ્વાદશી હોય તેવા સમયે વૈષ્ણવોએ દ્વાદશીનો ઉપવાસ કરવો જો પરમ ગતિ કહેતાં ભગવદ્ ધામ પ્રાપ્તિની ઇચ્છા હોય તો. (૮) હવે જો એકાદશી વિદ્ધા હોય અને દ્વાદશીનો ક્ષય હોય તો દ્વાદશી તિથિ ક્ષય પામે ત્યારે તો દ્વાદશીના દિવસે જ ઉપવાસ કરવો અને અન્ય કોઈ ગતિ નહિ હોવાથી પારણાં તો તેરસના રોજ કરવાં. (૯) પૂર્વ દિવસે એકાદશી જો કે સંપૂર્ણ હોય અને બીજે દિવસે દ્વાદશી તિથિ વૃદ્ધિ પામેલી હોય તો સંપૂર્ણ એકાદશીએ ઉપવાસ ન કરવો. પરંતુ પ્રથમ દ્વાદશી એ ઉપવાસ કરવો અને બીજી દ્વાદશીએ પારણાં કરવાં. (૧૦) જો નવમી તિથિ સૂર્યોદય પછી એક પલ પરિમિત હોય અને પછી દશમી તિથિ આવતી હોય અને તે દશમી બીજે દિવસે સૂર્યોદય પૂર્વે નિવૃત્ત થઈ જતી હોય ત્યારે દશમીનો ક્ષય પામેલ જાણીને બીજે દિવસે આવતી દશમીથી દૂષિત એકાદશીનો ઉપવાસ ન કરવો પરંતુ શુદ્ધા એવી દ્વાદશીનો ઉપવાસ કરવો અને ત્રયોદશીનાં પારણાં કરવાં. (૧૧)

અવિદ્ધાજ એકાદશી પળમાત્ર પણ બીજે દિવસે પહોંચતી હોય, તેના ઉપર પ્રાપ્ત થતી દ્વાદશી બીજે દિવસે સૂર્યોદય પછી પળમાત્ર કે ઘડીમાત્ર પહોંચતી હોય ત્યારે શ્રીકૃષ્ણ ભક્તજનોએ વિશેષપણે બે દિવસ (શુદ્ધા એકાદશી અને પ્રથમ દ્વાદશી) ઉપવાસ કરી બીજી દ્વાદશીમાં પારણાં કરવાં. (૧૨-૧૩) એકાદશીનો ઉપવાસ કરીને પછી પારણાં કર્યા સિવાય દ્વાદશીનો ઉપવાસ કરે તેમાં પારણા અતિક્રમણરૂપ દોષ નથી કારણ કે એકાદશી અને દ્વાદશી બંનેનું દૈવત (ફળપ્રદાતા) શ્રીહરિ જ છે. (૧૪) અને બન્ને ઉપવાસ કરવામાં અસમર્થ પુરુષ તો અનુકલ્પ કહેતાં દૂધ-ફળ

વગેરે ગૌણ પક્ષ વડે એકાદશીવ્રત કરે અને જાગરણ આદિ યમો સહિત ઉપવાસ તો દ્વાદશીના રોજ જ કરે. (૧૫) નિબંધકારો બહુ હોવાથી તેમનાં અનેક સ્મૃતિ વચનોનો વિચાર કરતાં પરસ્પર વિરોધ આવવાથી સંદેહ થાય અથવા તિથિ નિર્ણયને જાણનારા જ્યોતિષકારોની ગણતરીમાં વિરોધ આવતાં વેધમાં સંશય થાય ત્યારે તો શુદ્ધ દ્વાદશીનો જ ઉપવાસ કરવો અને ત્રયોદશીનાં પારણાં કરવાં. (૧૬) દશમીનો વેધ સ્પષ્ટપણે પ્રતિપાદન કરે છે કે જ્યાંસુધી દશમી પંચાવન ઘડી વ્યાપેલ હોય ત્યાંસુધી દશમીવેધ કહ્યો નથી; જો પંચાવન ઘડી ઉપર એક પળમાત્ર પણ દશમી હોય તો દશમી વેધ જાણવો. ગોસ્વામી વિઠ્ઠલેશનો પણ આ જ મત છે. (૧૭)

**જો ક્યારેક ઉપવાસ કરવાની તિથિ એકાદશી પ્રમાદથી ભુલાઈ જાય ત્યારે બીજા દિવસે દ્વાદશીનો ઉપવાસ કરી વ્રતનું આચરણ કરવું :** આ એકાદશી વ્રતમાં નિરાહારનો અર્થ કેવળ અન્નત્યાગ ન સમજવો. શ્રોત્રાદિ એકાદશ ઈન્દ્રિયોના આહારરૂપ જે શબ્દાદિ વિષયો તેના ત્યાગરૂપ મુખ્ય ઉપવાસ જાણવો. ઈન્દ્રિયોના આહારનો ત્યાગ કરવાપૂર્વક વાસુદેવનું અખંડ સન્મુખપણું છે એ જ એકાદશીનું નિરાહાર ઉપવાસવ્રત શાણા જનોએ મુખ્ય માન્યું છે. (૧૮-૧૯) ઉપવાસ શબ્દની નિરુક્તિ આ છે : પાપકર્મોથી ઉપ-ઉપનિવૃત્ત થયેલા જનને આગળ કહેશે એવા જપાદિ ગુણો સાથે જે વાસ-સ્થિતિ તે આ સર્વ વિષયભોગ રહિત ઉપવાસ સમજવો. (૨૦) વ્રતના ઈષ્ટદેવના મંત્રનો જપ, તે ઈષ્ટદેવનું ધ્યાન, તે વ્રતના ઈષ્ટદેવની કથાનું શ્રવણ, અર્ચન, નામસ્મરણ વગેરે આ બધા ગુણો પંડિત જનોએ ઉપવાસ કરનારા જનોના કહેલા છે. (૨૧) ક્ષમા, સત્ય, દયા, શૌચ, દાન, ઈન્દ્રિયનિગ્રહ, દેવપૂજા, અગ્નિહોત્ર, સંતોષ, ચોરીનો ત્યાગ, અગિયારમું બ્રહ્મચર્ય, અહિંસા અને રસાસ્વાદત્યાગ-આ તેર ધર્મો સર્વ વ્રતોમાં સામાન્ય ધર્મો જાણવા. (૨૨-૨૩) અન્નનું સ્મરણ, પ્રેક્ષણ, ગંધગ્રહણ, આસ્વાદન અને તેની પ્રશંસા આ બધું ઉપવાસ કરનાર જને સર્વથા ત્યાગવું જોઈએ. (૨૪) અને વ્રતી પુરુષ પતિત, નાસ્તિક, હિંસક, અત્યંજ અને વેદનિંદક આ બધા સાથે ભાષણ ન કરે તથા તેમને જુએ કે સ્પર્શે નહિ. (૨૫) વ્રતી પુરુષ અનાતુર (નીરોગી) હોય તો ક્યારેય વારંવાર જળપાન ન કરે અને ઈન્દ્રિયોને ક્ષોભ કરનારી વસ્તુ ભક્ષણ ન કરે. (૨૬) વ્રતવાળો જન શરીરે તેલમર્દન, મસ્તક પર તેલમર્દન, તાંબુલ ભક્ષણ, ચંદનનો અંગરાગ તથા ખાટલામાં શયન - આ બધાનો ત્યાગ કરે. (૨૭)

**હવે વ્રતનો નાશ કરનારા વિઘ્નો કહે છે :** પરસ્ત્રીઓના અવલોકન અને સ્પર્શથી તથા તેમની સાથે ભાષણથી તેમજ પોતાની પત્નીનો અંગસંગ કરવાથી બ્રહ્મચર્યનો નાશ થાય છે. (૨૮) આવશ્યક પ્રયોજન આવી પડે ત્યારે પરસ્ત્રી સાથે ભાષણ કરવામાં તથા જ્વર આદિ આપત્તિકાળમાં સ્પર્શ કરવો પડે તો ગૃહસ્થાશ્રમી જનો માટે મુનિજનોએ દોષ કહ્યો નથી. (૨૯) વારંવાર પાણી પીવાથી, એકવાર પાનબીડું ખાવાથી, દિવસે શયન કરવાથી અને રાત્રિમાં સ્ત્રીસંગ કરવાથી ઉપવાસ નાશ પામી જાય અર્થાત્ નિષ્ફળ થાય. (૩૦) આંસુ પાડવાં અર્થાત્ રુદન કરવું, ક્રોધ કરવો, કલહ કરવો આ ત્રણ દોષ સ્ત્રી યા પુરુષને તત્કાળ વ્રતથી ભ્રષ્ટ કરી નાખે છે એ નિશ્ચિત વાત છે. (૩૧) દાન, વ્રત, નિયમ, જ્ઞાન, ધ્યાન, હવન, જપ આ બધું પ્રયત્નપૂર્વક કરેલું હોય તોપણ

ક્રોધિત પુરુષનું સર્વ મિથ્યા થઈ જાય છે. (૩૨)

**હવે વ્રત નિયમમાંથી ચલિત થવાય તો તેનું પ્રાયશ્ચિત કહે છે :** શરીરની અસ્વસ્થતા કે પ્રમાદને લીધે વ્રતના દિવસે શયન કરે, બહુવાર જળપાન કરે કે અસત્ય ભાષણ કરે તો તેના નિવારણાર્થે એકસો આઠવાર અષ્ટાક્ષરમંત્રનો જપ કરે. (૩૩) વ્રતી પુરુષ ચોર-નાસ્તિક-હિંસક-પતીત-અત્યંજ વગેરેની સાથે સંભાષણાદિક થઈ જાય તો સ્નાન કરી ઉત્તરમુખે બેસીને ત્રણસો વખત અષ્ટાક્ષરમંત્ર જપ કરવાથી શુદ્ધિ પામે છે. (૩૪)

**હવે પ્રાયશ્ચિતથી પણ અપરિહાર્ય એવા વ્રતઘ્નોને કહે છે :** તાંબુળ-મદ્ય-માંસાદિકનું પ્રમાદથી પણ ભક્ષણ, તથા ગ્રામ્યવાર્તાનું કથન-ગાલીદાન-તાડન વગેરે તથા તમાકુનું ભક્ષણ, માદક વસ્તુનું ભક્ષણ, દ્યૂતક્રીડા અને સ્ત્રીસંગ આમાંથી એક પણ દોષ અજ્ઞાનથી જો થઈ જાય તો વ્રતલોપ થાય છે એ નિશ્ચિત વાત છે. (૩૫-૩૬) જો પુરુષને જ્ઞાનપૂર્વક વિધવા સ્ત્રીનો સ્પર્શ થાય અને વિધવા સ્ત્રીને જ્ઞાનપૂર્વક પુરુષનો સ્પર્શ થાય તો વ્રતનો લોપ થાય. (૩૭) જો પુરુષને બુદ્ધિપૂર્વક વીર્યપાત થાય અને સ્વપ્નમાં પણ વીર્યસ્ખલન થાય ત્યારે પણ વ્રતલોપ થાય માટે પુરુષે સ્ત્રી થકી સદૈવ ડરતા રહેવું જોઈએ. (૩૮)

**હવે વ્રતનાં અનાશક આઠ કહે છે :** જળ, મૂળ, ફળ, દૂધ, ઘી, બ્રાહ્મણકામ્યા (એકાદશીએ શ્રદ્ધામાં કોઈ બ્રાહ્મણે મિત્રાદિકને સ્થાને નિમંત્રણ કરેલાને તે બ્રાહ્મણની કામ્યાથી અન્નનો સ્વીકાર વ્રતલોપ માટે ન થયો); ગુરુવચન અને ઔષધ આ આઠ જ વ્રતભંગ કરનારાં થતાં નથી. (૩૯) સર્વ ભૂતો થકી ભયથી જ્વર આદિ ઉપદ્રવથી કે અજાણથી જો વ્રતભંગ થાય તો કંઈ દોષ નથી. (૪૦)

**લીધેલા વ્રતના ત્યાગમાં પ્રાયશ્ચિત કહે છે :** જે પુરુષ પ્રથમ વ્રત ગ્રહણ કરીને કહેતાં હું આ વ્રત કરીશ એમ સંકલ્પ કરીને પછી વિષય ભોગેચ્છાથી મોહિત થકો તે વ્રતનું આચરણ ન કરે તો તે પુરુષ જીવતો થકો ચાંડાળ જેવો જાણવો અને મર્યા પછી કૂતરાની યોનિને પામે છે (૪૧) જો ક્યારેક ક્રોધ, પ્રમાદ કે લોભથી પ્રારંભેલા વ્રતનો ભંગ થાય તો ત્રણ દિવસ ઉપવાસ કરવારૂપ અથવા મસ્તકનું મુંડન કરાવવારૂપ પ્રાયશ્ચિત જાણવું. (૪૨)

**હવે વ્રતવિઘ્નમાં નિર્ણય કહે છે :** વ્રતનો આરંભ કરતાં પહેલાં જ જન્મ કે મરણ સંબંધી સૂતક આવી પડે તો સૂતકી નર નિત્યપ્રાપ્ત એવા વ્રતને તો કરે જ પરંતુ દાન, અર્ચન વગેરેથી રહિત વ્રત કરે. (૪૩) સૂતકી નર વ્રતમાં ઉપયોગી અહિંસા, બ્રહ્મચર્ય આદિક નિયમોને સ્વયં પાળે અને વ્રતના અંગભૂત દેવપૂજા વગેરે બ્રાહ્મણ દ્વારા કરવી. (૪૪) વ્રતનો પ્રારંભ કર્યા પછી સૂતક પ્રાપ્ત થાય તો વ્રતી પુરુષ પોતે જ સ્નાન કરી વ્રતના અંગભૂત દેવનું શ્રદ્ધાપૂર્વક પૂજન કરે. (૪૫) નારી તો વ્રતોપવાસમાં રજસ્વળાપણું થઈ જાય તો સ્વયં ઉપવાસ કરીને, પોતે આદરેલા વ્રતનિયમાદિકમાં તત્પર થઈને દેવપૂજાદિક સ્વયં ન કરતાં, અન્ય પાસે કરાવે. (૪૬) વ્રતોપવાસ દિવસે મિત્રાદિક શ્રાદ્ધનો પ્રસંગ આવે તો શ્રાદ્ધ કરીને પિતૃઓના નિવેદન કરેલા અન્નને સૂંઘીને આદરપૂર્વક વ્રતોપવાસ કરે. (૪૭) વૈષ્ણવોએ તો એકાદશીના ઉપવાસ દિવસે શ્રાદ્ધ ન કરતાં દ્વાદશીએ જ કરવું. કારણ કે પિતૃઓ પણ વૈષ્ણવો હોવાથી એકાદશીના દિવસે જમતા નથી. (૪૮) ગર્ભવતી,

રોગિણી, પ્રસવ થયેલી સૂતિકા અને આપત્તિગ્રસ્ત સ્ત્રી પોતાનું ઉપવાસાદિવ્રત અન્ય પાસે કરાવે પરંતુ ત્યાગ ન કરે. (૪૯)

**હવે પોતાથી વ્રત ન થઈ શકે તો તેમાં પ્રતિનિધિઓને કહે છે :**

પતિનું વ્રત પત્ની કરે અને પત્નીનું વ્રત પતિ કરે. તેના અભાવમાં બીજા પ્રતિનિધિ પાસે કરાવે. (૫૦) જે પોતાના ઉપવાસ આદિક વ્રતમાં વિનીત પુત્ર, કે વિનીત શિષ્ય અથવા બહેન કે ભાઈને પ્રતિનિધિપણે નિયોગ કરે. આ સૌના અભાવમાં ધર્મનિષ્ઠ બ્રાહ્મણને પ્રેરે. (૫૧) પિતા, માતા, પતિ, ભાઈ અને ગુરુ વગેરેના નિમિત્તે જે જન વિશેષ ઉપવાસ કરે તે સોગણા પુણ્યને પામે. (૫૨) ઉપવાસમાં અસમર્થ પુરુષ પ્રતિનિધિનું નિયોજન ન કરી શકે તો દ્વાદશીના રોજ એક બ્રાહ્મણને મિષ્ટાન્નથી રૂડી રીતે જમાડે, જમાડવાની અનુકૂળતા ન હોય તો એક બ્રાહ્મણ મિષ્ટાન્ન જમે તેટલા પર્યાપ્ત ધનથી બમણું ધન આપે; તેટલું કરવામાં અસમર્થ હોય તો એક બ્રાહ્મણભોજન પર્યાપ્ત ધન આપે. (૫૩) તેટલું દ્રવ્ય આપવામાં પણ અસમર્થ એવો રોગાતુર નર એકહજાર વિષ્ણુગાયત્રીનો જપ કરે. તેમાં પણ અસમર્થ હોય તો બાર પ્રાણાયામ કરે તોપણ વ્રતોપવાસ ફળને પામે. (૫૪) આ વ્રતોપવાસમાં કર્તા (પ્રતિનિધિ) અને કારયિતા (અશક્ત મુખ્ય કર્તા) શરીર સંબંધી શૌચાદિ સર્વ નિયમોને આદરથી પાળે નહિ તો બન્નેનો પરિશ્રમ વ્યર્થ થાય, વ્રતફળ ન મળે. (૫૫) હવે એકાદશીવ્રતના અંગભૂત, **દશમીએ પાળવાના વિશેષ નિયમોને કહે છે :** વૈષ્ણવજન દશમીના દિવસે કાંસાના પાત્રમાં ભોજન, અડદ, મસૂર, ચણા, કોદરા, દશ પ્રકારનું શાક, મધ, પારકાનું અન્ન, બીજીવાર ભોજન, મૈથુનકર્મ, જૂગટું, અતિ જળપાન, મિથ્યા ભાષણ, કલહ, સુગંધ, તાંબુલ, પુષ્પમાળા, તૈલમર્દન અને અતિપરિશ્રમ વગેરેનો ત્યાગ કરે. (૫૬-૫૭) વળી વ્રતી વૈષ્ણવજન અતિ આહાર, અસત્સંગ, અસત્ય ભાષણ, અને દિવસે શયનનો દશમીના રોજ ત્યાગ કરે તેમજ રાત્રિમાં શબ્દાદિ પંચ વિષયોથી રહિત થકો ભૂમિ ઉપર શયન કરે. (૫૮)

**હવે ઉપવાસનિયમ કરવાનો વિધિ કરે છે :**

દશમીના દિવસે મિતાહારી થઈ, સંધ્યા સમયે સ્નાન કરી, ઉત્તરાભિમુખ થકો શ્રીહરિનું પૂજન કરી એકાદશી ઉપવાસના વ્રતના નિયમોને ગ્રહણ કરે. (૫૯) અથવા એકાદશીએ પ્રાતઃકાળમાં દંતધાવનપૂર્વક સ્નાન કરી, ભગવાનની મૂર્તિ સન્મુખ ઉપવાસ નિયમને ગ્રહણ કરે. (૬૦)

**હવે નિયમગ્રહણ મંત્ર કહે છે :**

હે પુંડરીકાક્ષ પ્રભો ! હું એકાદશીના રોજ નિરાહાર રહીને બીજા દિવસ દ્વાદશીએ ભોજન કરીશ. હે અચ્યુત ! તમો મારા આશ્રય થાઓ. (આ મંત્ર વડે ભગવત્સમીપે નિયમ ગ્રહણ કરવો.) (૬૧)

**હવે એકાદશીએ જે કર્તવ્ય છે તે કહે છે :**

વ્રતીપુરુષ રાત્રિના છેલ્લા પહોરમાં ઊઠીને હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરી એકાંતિક ભક્તજનોને પ્રણામ કરી શૌચવિધિને કરે. (૬૨) એકાદશીના દિવસે કાષ્ઠ વડે દંતધાવન ન કરવું પરંતુ જળના બાર કોગળા કરી પાંદડાની ઉલ બનાવી મુખશુદ્ધિ કરવી. (૬૩) વ્રતી પુરુષ સ્નાન કરી પોતાનું નિત્યકર્મ કરી એકાગ્ર ચિત્ત થકો યથાશક્તિ એકત્રીત કરી છે પૂજા સામગ્રી જેમણે એવો થકો ભગવાનની મહાપૂજા કરે. (૬૪) વ્રતી પુરુષ પોતાની શક્તિઓ કહેતાં પત્નીઓ સહિત એવા એકાદશીના કેશવાદિ અધિપતિઓ સહિત રુક્મિણીસહિત શ્રીકૃષ્ણનું આદરપૂર્વક પૂજન કરે. (૬૫) તેમ કરવામાં અશક્ત પુરુષ

એકાદશીઓના સ્વામીના નામ વડે એક શ્રીકૃષ્ણનું તથા તે તે શક્તિઓના સ્થાને એક લક્ષ્મીજીનું યથાશક્તિ પૂજન કરે. (૬૬)

**હવે સર્વ એકાદશીઓનાં નામ, અધિદેવ દેવોની શક્તિઓ અને તે દેવોની પૂજાના ઉપકરણો કહે છે :**

માગશર માસમાં શુક્લ પક્ષમાં મોક્ષદા એકાદશી માનેલી છે. આ દિવસે શ્રી નામનાં પત્નીએ સહિત કેશવ નામે ભગવાનની માલતી પુષ્પોથી પૂજા કરવી. (૬૭) અર્ધ્યમાં નારંગી ફળ કહ્યું છે. નૈવેદ્યમાં લાડુ કહ્યા છે. આ એકાદશીએ જવ વગેરે (જવ, ડાંગર, કાંગ, તલ, ઘઉં, સામો અને મગ) સાત ધાન્યનું દાન મુખ્ય માન્યું છે. (૬૮) માગશર વદી એકાદશી સફલા નામની કહેલી છે. તેના અધિષ્ઠાતા દેવ સંકર્ષણ પ્રભુ માન્યા છે. તેમની સુનંદા નામની શક્તિ સાથે પૂજા કરવી. (૬૯) આ એકાદશીએ પૂજામાં મુનિપુષ્પો (અગથીયો) વડે પૂજા કરવી. નૈવેદ્યમાં લાકડશી લાડુ માનેલા છે. અર્ધ્ય આપવામાં જામફળ કહ્યું છે. દાનમાં તો સુવર્ણ મુખ્ય માન્યું છે. (૭૦) પોષ માસની શુકલ પક્ષની એકાદશી સુનંદા નામથી વિખ્યાત છે તેના અધિષ્ઠાતા નારાયણ નામે છે, તેમની પદ્મા નામની પત્નીએ સહિત ભક્તિભાવથી પૂજન કરવું. (૭૧) પુષ્પોમાં કુંભીપુષ્પો કહેલાં છે; નૈવેદ્યમાં ચૂરમુ, અર્ધ્ય આપવામાં દાડમ ફળ કહેલું છે અને દાનમાં ઘી ભરેલું પાત્ર કહેલું છે. (૭૨) હવે પોષ વદી એકાદશીને તિલદા નામથી કહેલી છે. તેના અધિષ્ઠાતા વાસુદેવ નામે છે. તેમની શ્રીપ્રિયા નામની પત્ની સાથે આ એકાદશીએ કલ્લાર પુષ્પો(એક પ્રકારનું કમળ)થી પૂજા કરવી. અર્ધ્યમાં દ્રાક્ષ અને તથા વસ્ત્રનું દાન ઉત્તમ માનેલું છે. (૭૩-૭૪) મહામાસના શુકલ પક્ષની એકાદશી જયા કહેલી છે તેના અધિષ્ઠાતા માધવ નામે જાણવા. તેની પત્ની નિત્યા નામે જાણવી. આ એકાદશીએ માધવ ભગવાનની તેમની પત્ની સહિત બકુલ (બોરસડી) પુષ્પો વડે પૂજા કરવી. અર્ધ્યમાં બીજોરું કહ્યું છે. નૈવેદ્યમાં માંડા માનેલા છે. દાનમાં બત્રીશ શેર તલથી ભરેલું તાંબાનું પાત્ર કહ્યું છે. (૭૫-૭૬) મહા વદી એકાદશી વિજયા નામથી કહેવાય છે. તેના અધિષ્ઠાતા પ્રદ્યુમ્ન ભગવાન જાણવા. તે દિવસે ધી નામનાં પત્નીએ સહિત પ્રદ્યુમ્ન ભગવાનની પૂજા તુલસીપત્રથી મુખ્ય માનેલી છે. અર્ધ્યમાં લીંબુ માન્યું છે. નૈવેદ્યમાં સુંવાળીઓ અને દાનમાં પગરખાં આપવાનાં કહ્યાં છે. (૭૭-૭૮) ફાગણ માસના શુકલ પક્ષની એકાદશી ધાત્રી નામે કહેવાય છે. તેના અધિષ્ઠાતા ગોવિંદ ભગવાન જાણવા. તેમની દેવી ચંદ્રવતી નામે છે. તેની સાથે તે ભગવાનની તે એકાદશીએ ગુલદાવદીનાં પુષ્પો વડે પૂજન કરવું. અર્ધ્યમાં અખરોટ, નૈવેદ્યમાં કંસાર અને દાનમાં તલ ભરેલું તાંબાનું પાત્ર માનેલું છે. (૭૯-૮૦) ફાગણ માસના કૃષ્ણપક્ષની પાપમોચની નામે એકાદશી કહેલી છે. તેના અધિષ્ઠાતા અનિરુદ્ધ નામે છે. તેની દેવી સુશીલા નામે છે તેની સાથે તે ભગવાનની તે એકાદશીએ મોગરાનાં પુષ્પો વડે પૂજા કરવી. અર્ધ્યમાં કાકડી ફળ માનેલું છે. નૈવેદ્યમાં સેવો માનેલી છે અને દાનમાં તિલધેનુ માની છે. (૮૧-૮૨) ચૈત્ર માસમાં શુકલપક્ષની એકાદશી વિમલા નામે કહેલી છે, અને તેનું બીજું નામ કામદા પણ જાણવું. આ એકાદશી સર્વ વાંછિત ફળને આપનારી છે. (૮૩) તેના અધિષ્ઠાતા વિષ્ણુ નામે છે. તેની દેવી રમા નામે છે. તેની સાથે તે

ભગવાનની તે એકાદશીએ આમ્રપુષ્પો (મોર) વડે આવાહન આદિ ષોડશ ઉપચારો વડે ધનસંપત્તિ પ્રમાણે યથાવિધિ પૂજા કરવી. અર્ઘ્યમાં ચીભડાનું ફળ માનેલું છે. નૈવેદ્યમાં દળના લાડુ માન્યા છે. દાનમાં પકવાન્ન કહ્યું છે. (૮૪-૮૫) ચૈત્રમાસના કૃષ્ણપક્ષની એકાદશી વરુથિની નામે કહી છે. તેના અધિષ્ઠાતા પુરુષોત્તમ ભગવાન જાણવા. તે દિવસે નંદા નામનાં શક્તિએ સહિત પુરુષોત્તમ ભગવાનનું ચંપાનાં પુષ્પો વડે પૂજન કરવું. અર્ઘ્યમાં જાયફળ જાણવું. નૈવેદ્યમાં વડાં જાણવાં અને દાનમાં પૃથ્વીનું દાન મુનિઓએ કહેલું છે. (૮૬-૮૭) વૈશાખ માસના શુકલપક્ષની એકાદશી મોહિની નામે કહેલી છે. તેના અધિષ્ઠાતા મધુસૂદન કહેલા છે. તે દિવસે માધવી નામના શક્તિએ સહિત મધુસૂદન ભગવાનનું મોટા મોગરાનાં પુષ્પો વડે પૂજન કરવું. અર્ઘ્યમાં ફણસફળ કહ્યું છે. નૈવેદ્યમાં દૂધપાક કહ્યો છે. દાન તો શય્યાનું માનેલું છે. (૮૮-૮૯) વૈશાખ માસના કૃષ્ણપક્ષની એકાદશી અપરા નામે કહેલી છે. તેના અધિષ્ઠાતા અધોક્ષજ નામે છે. તેની શક્તિ ત્રયી નામે છે. તેની સાથે તે ભગવાનની આ એકાદશીએ કેતકીનાં પુષ્પોથી પૂજા કરવી. અર્ઘ્યમાં બહુફલી માની છે. નૈવેદ્યમાં દૂધભાત માન્યો છે અને દાનમાં બ્રાહ્મણને વત્સ સહિત ગાયનું દાન આપવાનું કહ્યું છે. (૯૦-૯૧) જેઠ માસના શુકલપક્ષની એકાદશી નિર્જળા નામથી વિખ્યાત છે. તેના અધિષ્ઠાતા ત્રિવિક્રમ નામે છે તેમની દેવી પદ્માક્ષી નામે છે. તેની સાથે તે ભગવાનની તે એકાદશીએ જુઈનાં પુષ્પોથી પૂજા કરવી. અર્ઘ્યમાં આમ્રફળ (કેરી) માન્યું છે. નૈવેદ્યમાં દહીંભાત માન્યો છે. દાન તો છત્રનું માન્યું છે. (૯૨-૯૩) જેઠ માસના કૃષ્ણપક્ષની એકાદશી યોગિની નામથી જાણવી. તેના અધિષ્ઠાતા નૃસિંહ નામે છે. તેમની અધિષ્ઠાત્રી દેવી ક્ષેમંકરી જાણવી. તેની સાથે તે ભગવાનનું તે એકાદશીએ ભાંગરાનાં પુષ્પો વડે પૂજન કરવું. અર્ઘ્યમાં જાંબુફળ કહ્યું છે. નૈવેદ્યમાં પેંડા કહ્યા છે. દાનમાં જળધેનુ કહી છે. (૯૪-૯૫) અષાડ માસના શુકલપક્ષની એકાદશી શયની (દેવશયની) નામે માની છે. તે દિવસે કમલા નામનાં પત્નીએ સહિત વામન ભગવાનની શ્રદ્ધાપૂર્વક પૂજા કરવી જોઈએ. (૯૬) આ એકાદશીએ પૂજા કરવામાં અંધેડાનાં પુષ્પો માનેલાં છે, અર્ઘ્યમાં નાળિયેર માન્યું છે. નૈવેદ્યમાં પૂરીઓ માનેલી છે. તથા દાનમાં તો સુવર્ણધેનુ માનેલી છે. (૯૭) અષાડ માસના કૃષ્ણપક્ષની એકાદશી કામિકા નામે કહી છે. તેના અધિષ્ઠાતા અચ્યુત નામે કહ્યા છે. તેમની શક્તિ વિજયા નામે કહી છે. તેની સાથે તે ભગવાનની તે એકાદશીએ પારિજાતનાં પુષ્પો વડે પ્રેમથી પૂજા કરવી. અર્ઘ્યમાં બીલીફળ જાણવું. નૈવેદ્યમાં ખાજાં જાણવાં. દાન તો સ્ત્રીપુરુષોએ ધારણ કરવા યોગ્ય વસ્ત્રો જાણવાં. (૯૮-૯૯) શ્રાવણ માસના શુક્લપક્ષની એકાદશી પુત્રદા નામે કહેલી છે. તેના અધિષ્ઠાતા શ્રીધર નામે સમજવા. તે દિવસે તેમનાં કાંતિમતી નામના પત્નીએ સહિત શ્રીધર ભગવાનનું પૂજન સો પાંખડીવાળા કમળ વડે કરવું. માલપુવાનું નૈવેદ્ય, સીતાફળનું અર્ઘ્ય અને દાનમાં પાદુકાદાન કહેલું છે. (૧૦૦-૧૦૧) શ્રાવણ માસના કૃષ્ણપક્ષમાં આવનારી એકાદશી અજા નામે કહેલી છે. તેના અધિષ્ઠાતા દેવ જનાર્દન જાણવા. તે દિવસે સુંદરી નામના પત્નીએ સહિત સુંદર શેણનાં પષ્પો વડે પૂજા કરવી. સોપારીનું અર્ઘ્યદાન, ગોળના લાડુનું નૈવેદ્ય અને દાનમાં ભેંસ આપવાની કહેલી છે. (૧૦૨-૧૦૩) ભાદરવા સુદ એકાદશી પદ્મા(પરિવર્તિની)

નામે કહેલી છે. તેના અધિષ્ઠાતા હૃષીકેશ ભગવાન જાણવા. તે દિવસે અપરાજિતા નામનાં પત્નીએ સહિત હૃષીકેશ ભગવાનનું કાશપુષ્પો વડે પૂજન કરવું. નૈવેદ્યમાં તલસાંકળી આપવી. કોળાનું અર્ઘ્ય, તથા દાનમાં બ્રહ્મપુરી કહી છે. (૧૦૪-૧૦૫) ભાદરવા વદી એકાદશી ઇન્દિરા કહેલી છે. તેના અધિષ્ઠાતા ઉપેન્દ્ર જાણવા. તેમની પત્ની સુભગાદેવીએ સહિત તે ભગવાનની દૂર્વાંકુરો વડે પૂજા કરવી. (૧૦૬) તે દિવસે અર્ઘ્યમાં આંબલીફળ કહેલું છે, નૈવેદ્યમાં જલેબી કહેલી છે અને અંગે સહિત વ્રતફળની પ્રાપ્તિ માટે કન્યાદાન કહેલું છે. (૧૦૭) આસો માસના શુકલપક્ષની એકાદશી પાશાંકુશા નામે જાણવી. તેના અધિષ્ઠાતા દેવ પદ્મનાભ છે. તેમની શક્તિ પદ્માવતીએ સહિત તે ભગવાનનું અતિ ભક્તિભાવથી પૂજન કરવું. (૧૦૮) પૂજામાં શમડીનાં પત્રો આપવાં તથા મદનફળનું અર્ઘ્ય આપવું. નૈવેદ્યમાં હરિસો આપવો અને દાનમાં લાડુ આપવા. (૧૦૯) આસો માસના કૃષ્ણપક્ષની એકાદશી રમા નામે જાણવી. તેના અધિષ્ઠાતા દેવ હરિ નામે જાણવા. તે દિવસે હિરણ્યા નામનાં પત્નીએ સહિત તે હરિ ભગવાનનું પૂજન કરવું. (૧૧૦) પૂજામાં સાતપડા મોગરાનાં પુષ્પો આપવાં. નૈવેદ્યમાં કેળાં ઘીસાકર સહિત કેળાં કહ્યાં છે. અર્ઘ્યમાં કેળાં કહ્યાં છે. દાન તો ઘી ભરેલો કુંભ કહ્યો છે. (૧૧૧) કાર્તિક માસના શુકલપક્ષની એકાદશી પ્રબોધની નામે જાણવી. તેના અધિષ્ઠાતા દેવ દામોદર ભગવાન જાણવા. તે દિવસે તે ભગવાનનાં પત્ની રાધાએ સહિત તેમનું પૂજન કરવું. (૧૧૨) તે દિવસે કમળો વડે પૂજા કરવી જોઈએ. નૈવેદ્યમાં મગદળ અને પદ્મફળનું અર્ઘ્ય આપવું અને દાનમાં પલંગ આપવો. (૧૧૩) કાર્તિક માસની વદી એકાદશી અભયા નામે જાણવી. તેના અધિષ્ઠાતા કૃષ્ણ ભગવાન જાણવા. તે દિવસે સુલક્ષણા નામનાં પત્નીએ સહિત તે પ્રભુનું પૂજન કરવું. (૧૧૪) પૂજન તિલપુષ્પો વડે કરવું. નૈવેદ્યમાં બીરંજ ગ્રહણ કરવો, અર્ઘ્યમાં શ્રીફળ (સદાફળ) આપવું અને દાનમાં વૃષભ આપવાનો કહેલો છે. (૧૧૫) અધિક માસમાં એકાદશી કમલા નામે કહેલી છે. તે એકાદશીના પતિ પુરુષોત્તમ કહેલા છે. અને તે અધિક માસ સંબંધી વિધિ તો જુદો જ થાય છે. (૧૧૬) શ્રીહરિ કહે છે હે ભક્તજનો ! આ પ્રમાણે એકાદશીના અધીશ્વરો તેમની પત્નીઓ સહિત મેં તમોને કહ્યા તથા પૂજકોના ઇચ્છિતને પૂર્ણ કરનારો તે તે પૂજાનો ભેદ પણ કહ્યો. (૧૧૭) પ્રત્યેક એકાદશીના રોજ કહેલી ફળ-પુષ્પ આદિ વસ્તુઓના અભાવમાં યથાશક્તિ મળી આવેલા ઉપચારો વડે પૂજા કરવી. (૧૧૮) કોઈ પણ ફળના અભાવમાં સોપારી આપવી. પુષ્પોના અભાવમાં તુલસીપત્ર આપવું. નૈવેદ્યના અભાવમાં સાકરનો ગાંગડો આપવો અને કહેલા દાનના અભાવમાં યથાશક્તિ અન્ન આપવું. (૧૧૯) વ્રતી પુરુષ મુખ્યપક્ષથી કરવાની અનુકૂળતા હોય તો દ્રવ્યલોભને લીધે કે અનાદરથી કે પ્રમાદથી ગૌણપક્ષને ક્યારેય પણ ગ્રહણ ન જ કરે. (૧૨૦) યથાશક્તિ મળેલા સુવર્ણ આદિ દ્રવ્ય વડે શ્રી સહિત શ્રીકૃષ્ણની સુવર્ણ કે ચાંદીની પ્રતિમાનું સર્વતોભદ્ર મંડળમાં ભક્તિભાવથી પૂજન કરે. (૧૨૧) તે વ્રતકર્તા પુરુષ પૂર્વે કહેલી કેશવાદિ ચોવીસ મૂર્તિઓ સહિત, નંદાદિ પાર્ષદો સહિત અને શ્રીસહિત શ્રીકૃષ્ણનું પૂજન કરે. (૧૨૨) અસમર્થ જન તો ચોખાથી બનાવેલ અષ્ટદલ કમળમાં શ્રીસહિત એવા શ્રીકૃષ્ણનું યથાપ્રાપ્ત ઉપચારો વડે ભક્તિભાવથી પૂજન કરે. (૧૨૩) જે

એકાદશીના અધિપતિ હોય તેના નામ વડે પૂજન સમયે શ્રીકૃષ્ણનું પૂજન કરે તે એકાદશી અધિષ્ઠાતાની જે પત્ની હોય તેના નામ વડે લક્ષ્મીજીનું પૂજન કરે. (૧૨૪) એક કૃષ્ણના પૂજનથી સર્વ એકાદશીઓના અધિપતિઓ પૂજાઈ જાય છે અને એક લક્ષ્મીજીના પૂજનથી તે સર્વ કેશવાદિ મૂર્તિઓની પત્નીઓ પૂજાયેલી મનાય છે. (૧૨૫) અંદર પંચરત્નો તથા સુવર્ણ નાખેલા અને છિદ્ર રહિત એવા કુંભને સ્થાપન કરી વસ્ત્રથી વીંટેલા તે કુંભ ઉપર શ્રેષ્ઠ પાત્રને સ્થાપન કરે. (૧૨૬) પછી તે પાત્રના મધ્યે સુશોભન દ્વાદશદલ કમળ બનાવી તેની ઉપર લક્ષ્મીએ સહિત શ્રીકૃષ્ણ સ્થાપન કરી યથાવિધિ ષોડશ ઉપચારો વડે વ્રતી પુરુષ તેમની મહાપૂજા કરે. અશક્ત પુરુષ તો ભક્તિપૂર્વક લઘુ પૂજા કરે. (૧૨૭-૧૨૮) તેમાં દ્વિજ-ત્રૈવર્ણિક નર 'અમુક દેશમાં અમુક તિથિએ આ કર્મ હું કરીશ' એમ દેશકાળાદિકનો સંકલ્પ કરીને, વૈદિક મંત્રો સાથે આગળ કહીશ એવા મંત્રોને ઉચ્ચારતો થકો પૂજન કરે. (૧૨૯)

**હવે એકાદશી પૂજાવિધિને કહે છે. તેમાં પ્રથમ ધ્યાન કહે છે :**

તેજોમંડળ મધ્યમાં વિરાજમાન, કોટિ કામદેવ સમાન સુંદર, નવીન મેઘ સરીખા શ્યામ, પીતાંબરધારી પ્રભુ, જમણા હાથે ચક્ર ધારી રહેલા, ડાબા હાથે શંખ ધારી રહેલા, તથા ડાબા પડખે, હાથમાં દિવ્યકમળ ધારેલા લક્ષ્મીજીએ સેવન કરેલા, અનેકવિધ દિવ્ય અલંકારોવાળા, વનમાલાથી વિભૂષિત તથા નિયમ તત્પર ગરુડાદિ પાર્ષદો વડે ઉપાસના કરાતા તથા સનકાદિક મુનિગણો અને દેવગંધર્વ કિન્નરોથી સ્તુતિ કરાતા એવા રૂપવાળા કૃષ્ણપ્રભુનું ધ્યાન કરી પછી મહાપૂજાને કરે. (૧૩૦-૧૩૩)

**હવે અવાહન મંત્ર કહે છે :** બ્રહ્માદિક દેવોએ પણ આવાહન કરવા યોગ્ય, ભક્તોને અભય આપનારા, અતિશય સ્નેહવાળા, વર આપનારા, શાંત એવા તમો શ્રીકૃષ્ણનું મન વડે આવાહન કરું છું. (૧૩૪)

**હવે આસનમંત્ર કહે છે :** હે સુરાધિપતિ પ્રભો ! દિવ્ય એવા સુવર્ણયુક્ત રત્નોથી જડેલા અને દેવનિર્મિત એવા ખૂબ કોમળ દિવ્ય સિંહાસનમાં આપ બિરાજમાન થાઓ. (૧૩૫)

**હવે પાદ્યમંત્રને કહે છે :** હે સુરશ્રેષ્ઠ ! સોનાના કળશમાં ભરેલું, ગંધ, પુષ્પ અને અક્ષતથી યુક્ત ગંગોદકને તમો પાદ્ય માટે રમા સાથે ગ્રહણ કરો. (૧૩૬)

**હવે અર્ઘ્યમંત્રને કહે છે :** હે ભક્તોને અભય આપનારા દેવ ! સોનાના પાત્રમાં રહેલ ગંધપુષ્પાદિથી મિશ્રિત એવું જળરૂપ અર્ઘ્ય તમો ગ્રહણ કરો. (૧૩૭)

**હવે આચમનમંત્ર કહે છે :** હે દેવાધિદેવ ! હે અનાદિસિદ્ધ ! હે પુરુષોત્તમ ! તમોને નમસ્કાર હો. મેં અર્પણ કરેલ આ જળનું આચમન આપ અંગિકાર કરો. (૧૩૮)

**હવે પંચામૃત સ્નાનમંત્ર કહે છે :** દૂધ, દહીં, ઘી, મધ અને સાકર આ પંચામૃત વડે સ્નાન પ્રીતિથી ગ્રહણ કરો. (૧૩૯)

(હવે અલગ અલગ પંચામૃત મંત્રો વડે સ્નાન કહેતાં પ્રથમ) પયઃસ્નાનમંત્ર કહે છે : હે પ્રભો ! કામધેનુથી ઉદ્‌ભવેલું, દેવમનુષ્યાદિ સર્પનું પરમ જીવન હેતુ તથા પવિત્ર કરનારું અને યજ્ઞસાધન

એવું આ દૂધ તમોને સ્નાનાર્થે સમર્પું છું. (૧૪૦)

**હવે દધિસ્નાનમંત્ર કહે છે** : ગાયના દૂધ થકી ખાટા વસ્તુના યોગથી બનેલું આ દહીં સ્નાન માટે મેં સમર્પ્યું છે તેને હે દેવ ! આપ સ્વીકાર કરો. (૧૪૧) હવે ઘૃતસ્નાનમંત્ર કહે છે : માખણમાંથી બનેલું, સર્વને સંતોષકારક, યજ્ઞના અંગભૂત, દેવતાઓના આહારભૂત આ ઘી તમોને સ્નાનાર્થે અર્પણ કરું છું તે આપ અંગિકાર કરો. (૧૪૨)

**હવે મધુસ્નાનમંત્ર કહે છે** : હે દેવ ! વૃક્ષોના સારાંશમાંથી ઉત્પન્ન થયેલું, સર્વના તેજની વૃદ્ધિ કરનારું, સર્વની પુષ્ટિ કરનારું એવું મધ, સ્નાન માટે અર્પણ કરું છું તેને સ્વીકાર કરો. (૧૪૩)

**હવે શર્કરાસ્નાનમંત્ર કહે છે** : શેરડીના સારાંશમાંથી ઉત્પન્ન થયેલી, સુંદર ઘૃતાદિની ચીકાશને હરનારી, મેં અર્પણ કરેલી આ સાકરને તમો સ્નાન માટે સ્વીકાર કરો. (૧૪૪)

**હવે શુદ્ધોદકસ્નાનમંત્ર કહે છે** : હે પ્રભો ! ગંગાદિ નદીઓ અને નારાયણસર આદિ સરોવરનું મંગળકારી જળ હું લાવ્યો છું. હે પ્રભો ! સ્નાનમંત્રથી અર્પણ કરેલું સ્નાન માટેના જળનો સ્વીકાર કરો. (૧૪૫)

**હવે વસ્ત્રાર્પણમંત્ર કહે છે** : કપાસના તંતુઓના પટ્ટસૂતરથી બનાવેલું સૂક્ષ્મ અને સુવર્ણતારોથી સુશોભિત એવું વસ્ત્રનું જોડલું (પહેરવા અને ઓઢવા) તમો સ્વીકાર કરો. (૧૪૬)

**હવે યજ્ઞોપવીત અર્પણમંત્ર કહે છે** : હે નારાયણ ! તમોને નમસ્કાર હો. સંસારસમુદ્રથી તમો મને બચાવો હે પુરુષોત્તમ ! ઉત્તરીય વસ્ત્ર સહિત જનોઈનો તમો સ્વીકાર કરો. (૧૪૭)

**હવે આભરણાર્પણ મંત્ર કહે છે** : હે વિભો ! બાજુબંધ, મુગટ, કડાં, ઝાંઝર, વીંટીઓ વગેરે અનેક રત્નમય આભરણો વડે પ્રયત્નથી શણગાર કરીને આપને પૂજું છું. (૧૪૮)

**હવે ગંધાર્પણમંત્ર કહે છે** : હે પ્રભો ! મલયાચલમાં ઉત્પન્ન થયેલું તથા કસ્તૂરી અને અગરુ ચંદનથી મિશ્રિત તથા કપૂરયુક્ત એવું શીતલ ચંદનરૂપ અનુલેપન ગંધદ્રવ્ય તમો સ્વીકાર કરો. (૧૪૯)

**હવે પુષ્પાર્પણમંત્ર કહે છે** : હે સુરેશ્વર ! શતપત્ર કમલો અને કર્ણિકાર (ગરમાળો) ચંપો, મોગરો વગેરે પુષ્પો વડે તથા બીજા પણ અનેકવિધ પુષ્પો વડે હું તમારી પૂજા કરું છું. (૧૫૦)

**હવે ધૂપ નિવેદનમંત્ર કહે છે** : હે દેવદેવેશ ! દશાંગ સંજ્ઞા જેની છે એવો સુગંધી અને સુમનોહર ધૂપ આપને ભક્તિથી અર્પણ કરું છું તેને આપ ગ્રહણ કરો. (૧૫૧)

**હવે દીપનિવેદનમંત્ર કહે છે** : હે સુરશ્રેષ્ઠ ! હે સુરપૂજિત ! હે કૃષ્ણા ગાયના ઘીમાં પલાળેલી વાટોવાળી પ્રકટાવેલી મંગળ અગ્નિશિખા વડે સંયુક્ત એવા દીપને તમો ગ્રહણ કરો. (૧૫૨)

**હવે નૈવેદ્યનિવેદનમંત્ર કહે છે** : હે સુરવલ્લભ ! સાકર અને ઘીયુક્ત દૂધપાક, ઘી-સાકરયુક્ત લાડુ, દહીં, દૂધ ઘીથી યુક્ત ભાત આદિ તમો ગ્રહણ કરો. (૧૫૩)

**હવે તાંબૂલાર્પણમંત્ર કહે છે** : નાગરવેલીના પાનાથી બનાવેલું સોપારી નાંખેલું, કપૂર અને કાથાથી યુક્ત તાંબુલ કહેતાં પાનબીડું તમો ગ્રહણ કરો. (૧૫૪)

**હવે ફલાર્પણમંત્ર કહે છે** : હે ભગવન્ ! આ બીજોરાં, આંબાફળ, ફણસ, ખજૂર અને કેળાં

તથા આ સુંદર નાળિયેર તમો સ્વીકાર કરો. (૧૫૫) હવે દક્ષિણાર્પણ મંત્ર કહે છે : ન્યૂનાધિક પૂજાની સંપૂર્ણ ફળપ્રાપ્તિ સુવર્ણમયી દક્ષિણા આપની આગળ હું સ્થાપન કરું છું. (૧૫૬)

**હવે નીરાંજનમંત્ર કહે છે** : હે લોકોને આનંદદાતા પ્રભો ! મેં અર્પેલું આ પાંચ દિવેટોવાળું નીરાજન (આરતી) આપ સ્વીકાર કરો. (૧૫૭)

**હવે નીરાજન સમયે ગાવાના પદ્યોને કહે છે** : હે દેવ ! તમો જય કહેતાં ઉત્કર્ષને આવિષ્કાર કરો. હે દેવ ! તમો જયકારી પ્રવર્તો. હે શ્રીપતે ! હે રાધાપતે : શરણાગતોનું રક્ષણ કરનારા અને મંગળકારી દાતા એવા તમો જય જય. (આ ધ્રુવપદ હોવાથી પદે પદે આવર્તનીય સમજવું.) પૃથ્વીનો ભાર હરવા પૃથ્વી ઉપર વિષ્ણુમૂર્તિ એવા તમો અર્જુન સહતિ પ્રગટ થકા અનેક દૈત્યોના સૈન્યને મારનારા છો કે મારો છો. ભીષ્મક પુત્રી રુક્મિણીનું વિવાહ નિમિત્ત થયે સતે બ્રહ્મા, ઈન્દ્રાદિ દેવગણો તથા રાજસમૂહમાં મુખ્ય વીરોએ સર્વ લોકોના અધિપતિપણામાં તમારો અભિષેક કર્યો હતો. એવા તમોને જય જય. (૧૫૮) અને હે પ્રભો ! તમો યુધિષ્ઠિર વગેરે પાંડવોના પ્રેમને આધીન થકા તે પાંડવોના હસ્તિનાપુરમાં બહુધા વસ્યા હતા. તમો તેમના જીવનરૂપ પણ થયા હતા. શસ્ત્રરહિત એવા તમો અર્જુનનું સારથિપણું કરતા થકા અર્જુનને સામા યોદ્ધા રાજાઓના સમૂહો અને દેવગણોથી પણ દુર્જય કરતા હતા. એવા તમો જયકારી પ્રવર્તો. (૧૫૯) વળી પાંડવપત્ની દ્રૌપદીએ તેના મનોરથ પૂરનારા આપને વિષે પરમપ્રેમરૂપ કોઈ વશીકરણ વિદ્યાનો પ્રયોગ કર્યો હોય એમ હું જાણું છું. કારણ કે દ્રૌપદીએ સ્મરણ કરવા માત્રમાં જ નિસ્પૃહ એવા મુક્તોના સ્વામી તમો પરતંત્ર થકા કમલા અને વાહન આદિનો ત્યાગ કરી વન કે સભામાં પહોંચી જતા હતા. એવા તમો જયકારી પ્રવર્તો. (૧૬૦) કામશાસ્ત્રના કર્તા વાત્સ્યાયન મુનિએ કહેલ પ્રથમ શૃંગારરસને સંપૂર્ણપણે ગોપીજનોમાં અને સત્યભામામાં સફળ કર્યો હતો અને દેવાંગનાઓ તથા રુક્મિણી આદિ સ્વસ્ત્રીઓ અને યાદવો, દેવો અને મુનિગણો સહિત સમુદ્રના જળમાં આપે વિહાર કર્યો હતો. એવા તમો જયકારી પ્રવર્તો. (૧૬૧) પ્રકાશમાન રત્નમય મુગટથી અલંકૃત, નવીન મેઘ સરખા શ્યામ, મકરાકાર કુંડળોવાળા, મંદહાસ્યથી ભક્તજનોને આનંદ આપનારા, સુવર્ણમય નવીન પીતાંબરને ધારી રહેલા, હારિલ પક્ષી સમાન કંઠવાળા, કૃપામૃતને વરસાવનારા નેત્રકટાક્ષવડે દીનવર્ગને આનંદ આપનારા આપ શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છું. તે તમો જય પામો. (૧૬૨)

**હવે પુષ્પાંજલિ નિવેદનમંત્ર કહે છે** : હે વિશ્વરક્ષક ! હે જગદાનંદદાયક ! અંજલિમાં ગ્રહણ કરેલાં પુષ્પો હું તમોને અર્પણ કરું છું. તમો મારા સન્મુખ થઈ તે પુષ્પાંજલિ સ્વીકાર કરો. (૧૬૩)

**હવે નમસ્કારમંત્ર કહે છે** : હે દેવદેવેશ ! હે ગરુડધ્વજ ! તમોને નમસ્કાર હો. અને સર્વાંતર્યામી હોવાથી હે વ્રતના ફળદાતા વિષ્ણુ એવા તમોને નમસ્કાર હો. (૧૬૪)

**હવે અષ્ટાંગપ્રણામ અને પંચાંગપ્રણામ કહે છે** : બે પગ, બે હાથ, બે જાનુ, છાતી મસ્તક, નેત્ર, વચન અને મન આ આઠ અંગોથી જે પ્રણામ તે અષ્ટાંગ પ્રણામ ઋષિજનોએ કહેલો છે. (૧૬૫) તેમજ બાહુ, જાનુ, મસ્તક, વચન અને દૃષ્ટિ આ પાંચ અંગોથી સાધ્ય પંચાંગ પ્રણામ કહેલો છે. આ બન્ને પ્રકારના પ્રણામ ભગવાનની પૂજાદિમાં શ્રેષ્ઠ માનેલા છે. (૧૬૬) આ બન્ને પ્રકારના

પ્રણામોમાં અષ્ટાંગ પ્રણામ પુરુષો માટે જ હિતકારી માનેલો છે અને બીજો પંચાંગ પ્રણામ પુરુષો અને સ્ત્રીઓ બન્ને માટે હિતકારી માનેલો છે. (૧૬૭) ભગવાનના જમણા ભાગમાં રહીને પોતાના જમણા ડાબા હાથ વડે અનુક્રમે ભગવાનના જમણા-ડાબા ચરણને પકડીને થોડા દૂર રહીને દંડની પેઠે પડીને સાષ્ટાંગ પ્રણામ કરે. (મનથી ચરણસ્પર્શની ભાવના કરવી.) (૧૬૮)

**હવે નવ શ્લોકથી પ્રાર્થનાને કહે છે :** હે ગોવિંદ ! હે માધવ ! હે દયાલય ! હે દીનબંધો ! હે શ્રીમન્ ! હે મનોનયન નંદન ! હે દિવ્યમૂર્તે ! દિવ્ય જે ઈન્દ્ર નીલમણિ તેની કાંતિ સમાન મનોહર અંગવાળા હે પ્રભો ! હે રુક્મિણી રમણ ! હે વાસુદેવ ! તમો મારું રક્ષણ કરો. (૧૬૯)

હે કંસાદિ દુષ્ટદમન ! હે પ્રણત જનના એક બંધો ! હે કામાંતક રુદ્રાદિથી સ્તુતિ કરાયેલા પ્રભો ! હે શંખચક્રપાણે ! હે દ્વારિકાપુર પુરંદર ! હે પૂર્ણકામ ! હે શ્રીલક્ષ્મીપતે વાસુદેવ ! તમો મારું રક્ષણ કરો. (૧૭૦) હે આનંદમૂર્તે ! હે યદુનંદન ! હે શરદઋતુ સંબંધી સંપૂર્ણ ચંદ્રમંડળ સમાન પ્રફુલ્લિત મુખકમળવાળા શ્રીહરે ! હે મંદહાસ ! પૃથ્વીના ભારભૂત રાજાઓના સૈન્યનો નાશ કરનારા હે પ્રભો ! હે બલરામના બાંધવ ! હે લક્ષ્મીપતે વાસુદેવ તમો મારું રક્ષણ કરો. (૧૭૧) સત્યભામાના આનંદને માટે આહરણ કરેલ છે પારિજાત જેમણે એવા હે પ્રભો ! હે પ્રદ્યુમ્નના પિતા ! હે ઈન્દ્રની સુધર્મા સભાના સદસ્ય ! હે અષ્ટ પટ્ટાંગનાઓએ સહિત સોળહજાર રાણીઓના સ્વામી ! હે શ્રી લક્ષ્મીપતે વાસુદેવ ! તમો મારું રક્ષણ કરો. (૧૭૨) હે આત્મીય પાંડવોના હિતમાં તત્પર પ્રભો ! હે અર્જુન સારથે ! હે દેવેન્દ્રવંદ્ય પ્રભો ! હે ગરુડધ્વજ ! હે સારંગપાણે ! હે લક્ષ્મીરમણ વાસુદેવ ! તમો મારું રક્ષણ કરો. (૧૭૩) હે ધર્મમાર્ગ મર્યાદાની રચનામાં સદા ઉદ્યમી ! નિત્યદાનો વડે સંતૃપ્ત કર્યાં છે બ્રાહ્મણમંડળો જેમણે એવા હે પ્રભો ! હે હરે ! હે મુરારે ! હી નારદાદિ મુનિ ગીત પવિત્ર કીર્તે ! હે લક્ષ્મીપતિ વાસુદેવ ! તમો મારું રક્ષણ કરો. (૧૭૪) હે કરુણાસાગર ! હે સંસારસમુદ્ર તારક ! હે કલ્યાણકૃત ! હે પતિતપાવન નામધેય ! હે બ્રહ્મણ્યદેવ ! હે નરદેવતા શિરોમણિ પ્રભો ! હે લક્ષ્મીરમણ વાસુદેવ ! તમો મારું રક્ષણ કરો. (૧૭૫) હે સંસારથી ખેદ પામેલા શરણાગત થયેલા જીવોની રક્ષામાં નિત્ય ઉદ્યમેયુક્ત પ્રભો ! અને ઉદ્ધવજીને અર્પણ કરેલ છે ઉત્તમ સ્વકીય જ્ઞાન જેમણે તથા નાના પ્રકારના અવતારો વડે પરિપાલન કરેલ છે સાધુલોક જેમણે એવા હે પ્રભો ! હે લક્ષ્મીપતિ શ્રી વાસુદેવ ! તમો મારું રક્ષણ કરો. (૧૭૬) હે લક્ષ્મીપતે ! મારે તમારા થકી બીજું કોઈ શરણ નથી. મારે તો એક તમારું જ શરણ છે. આથી દયાભાવથી પણ મારી ઉપર કૃપા કરીને મારી રક્ષા કરો, રક્ષા કરો. (૧૭૭)

**(હવે અંગે સહિત પૂજાની સિદ્ધિ અર્થે વાયન પ્રદાનમંત્ર કહે છે :)** કરેલી પૂજાની સદ્‌ગુણતા માટે સુવર્ણસહિત, કાંસાના પાત્રમાં રહેલું સુંદર આ પરમાન્ન (શ્રેષ્ઠ અન્ન) જે વાયન નામથી કહેવાય છે તે ઉત્તમ બ્રાહ્મણને હું આપું છુ. (૧૭૮) આ પ્રકારે પૂજા કરી શ્રીહરિની પ્રાર્થના કરી પછી બાકી રહેલો દિવસનો ભાગ શ્રીમન્નારાયણની કથા કીર્તન, શ્રવણઆદિ વડે નિર્ગમન કરે. (૧૭૯) અમારા ઉદ્ધવ સંપદાયને આશ્રિત સ્ત્રીપુરુષોએ આપત્તિકાળ વિના એકાદશીના દિવસે થોડું પણ વ્યવહાર સંબંધી કામકાજ ન કરવું. (૧૮૦) ખેડૂતોએ ખેતી ન

કરવી. વણિકોએ નાણાંની લેવડદેવડ ન કરવી. કોઈપણ વસ્તુનો લે-વેચનો વ્યાપાર ન કરવો. (૧૮૧) સ્ત્રીઓએ શોક કે તે નિમિત્તે રુદન ન કરવું, સૂતર કાંતવું નહિ તથા ગ્રામ્યવાર્તા, અસ્પૃશ્યતાનો સ્પર્શ અને અભાષ્ય સાથે ભાષણ કરવું નહિ. (૧૮૨) મારા આશ્રિત કૃષ્ણભક્ત સ્ત્રીપુરુષોએ આ એકાદશી દિવસ સર્વ પ્રકારે શ્રીહરિ નિમિત્તે જ નિર્ગમન કરવો. (૧૮૩) જે પુરુષ પરતંત્ર હોય અથવા દરિદ્ર કે દુર્બળ હોય તે પુરુષ આવશ્યક વ્યાવહારિક કર્મ કરે પણ તેથી અધિક ન કરે. (૧૮૪) તે દિવસે શ્રીહરિની પ્રસન્નાર્થે બ્રાહ્મણને યથાશક્તિ દાન આપવું તથા રાત્રિમાં ભગવાનના કીર્તનાદિ વડે જાગરણ કરવું. (૧૮૫) જાગરણ કરવા માટે ભગવન્ મંદિર કે સતમંડળ પાસે જનાર પુરુષને ડગલે ડગલે અશ્વમેઘ યજ્ઞ કર્યાનું ફળ થાય છે. (૧૮૬) તે જાગરણ સ્ત્રીઓએ સ્ત્રીઓમાં જ કરવું તથા પુરુષોએ પુરુષોમાં જ કરવું. તે જાગરણ શ્રીહરિ સંબંધી કથા-કીર્તનાદિ વડે કરવું પણ જુગાર વગેરે વડે ન કરવું. (૧૮૭)

**હવે એકાદશીવ્રત નહિ કરવામાં પ્રાયશ્ચિત કહે છે :** જે પુરુષ કુસંગના યોગથી એકાદશીના દિવસે અન્ન જમે છે તે પુરુષની ચાંદ્રાયણવ્રત વડે શુદ્ધિ થાય અન્ય કોઈ પ્રકારે શુદ્ધિ ન થાય. (૧૮૮)

**હવે ઉપવાસના અસામર્થ્યમાં નિર્ણય કહે છે :** મધ્યાહ્નના અંત્યભાગમાં એકવાર ભોજનથી અથવા રાત્રિભોજન, કે યાચના વિના જ પ્રાપ્ત થયેલા અન્ન ભોજનથી તથા ઉપવાસથી (સ્વસામર્થ્યના અભાવમાં પ્રતિનિધિએ કરેલા ઉપવાસથી) અને પારણાંના દિવસે અન્નદ્રવ્ય અર્પણ કરી બ્રાહ્મણ દ્વારા કરાવેલ ઉપવાસથી પુરુષ દ્વાદશી રહિત થતો નથી કિંતુ એકાદશી વ્રતવાન થાય છે. (૧૮૯)

**હવે ઉપવાસમાં ગૌણપક્ષ કહે છે :** એકાદશીનો નિરાહાર કરવાના અસામર્થ્યમાં પૂર્વોક્ત પ્રકારે નક્તભોજન, વ્રતહવિષ્યાને ભોજન, ભાતરહિત હવિષ્યાન્ન ભક્ષણ, ફળભક્ષણ, તલભક્ષણ, યથોચિત દૂધપાન, જળપાન, થોડુંક ઘીપાન, પંચગવ્ય ભક્ષણ, વાયુભક્ષણ આ દશ ગૌણપક્ષોમાં ઉત્તરોત્તર ઉત્તમપણું જાણવું. (૧૯૦)

**હવે દ્વાદશીનો વિધિ કહે છે :** દ્વાદશીના પ્રાતઃકાળમાં સ્નાન કરી ફરીથી નિત્યપૂજ્ય પ્રતિમા અને એકાદશીપૂજ્ય પ્રતિમાની પૂજા કરે અને તે દ્વાદશી પૂજનમાં યથાપ્રાપ્ત શ્રેષ્ઠ અન્નથી બન્ને પ્રતિમાનું નૈવેદ્ય કરે. (૧૯૧) અને તે વ્રતી પુરુષ નિત્ય નૈમિત્તિક બન્ને પ્રતિમાઓનું એકીસાથે પ્રાતઃપૂજન સમાપ્ત કરી શ્રદ્ધાપૂર્વક પોતે કરેલ વ્રત શ્રીહરિને સમર્પણ કરે. (૧૯૨)

**હવે વ્રતનિવેદનમંત્ર કહે છે :** હે શ્રીહરે ! એકાદશી ઉપવાસરૂપ આ વ્રત વડે અજ્ઞાનરૂપ ગાઢ અંધકારથી અંધદૃષ્ટિવાળા મારા સન્મુખ તમો થઈને મને જ્ઞાનદૃષ્ટિ આપનારા આપ થાઓ. (૧૯૩) ત્યારબાદ દક્ષિણાએ યુક્ત શ્રીકૃષ્ણની પ્રતિમા બ્રાહ્મણને આપે તથા વ્રતી પુરુષ બીજાં પણ યથાશક્તિ દાન અથવા અન્ન આપે. (૧૯૪) ત્યારબાદ તે વ્રતી પુરુષ બ્રાહ્મણો, સંતો અને વૈષ્ણવોને પોતાની શક્તિ અનુસાર જમાડીને સાવધાન થકો હવિષ્યાન્ન વડે પારણા કરે. (૧૯૫)

**હવે દ્વાદશીના દિવસે વર્જવાનું કહે છે :** વ્રતી પુરુષ દ્વાદશીના દિવસે દિવસની નિદ્રા, પારકું અન્ન, ફરી ભોજન, મૈથુન, તેલ અને કાંસાના પાત્રમાં ભોજન આટલાનો ત્યાગ કરે. (૧૯૬)

**હવે પારણાંનિર્ણય કહે છે :** જો પારણાના દિવસે ઘટિકામાત્ર જેટલી પણ દ્વાદશી મળે તો તેમાં જ પારણાં કરે, તે દ્વાદશીને ઉલ્લંઘીને પારણાં ન કરે. (૧૯૭) પારણાના દિવસે દ્વાદશી તિથિ કલાનું અર્ધી કળા માત્ર જોઈને એકાદશીથી મધ્યરાત્રિથી આગળ કહેતાં પાછલી રાત્રિમાં મધ્યાહ્ન કાળની સર્વ ક્રિયાઓને કરે. એવું શંભુ શાસન છે. માટે તે સમયે નિત્યક્રિયા પછી પારણાં કરવામાં દોષ નથી. (૧૯૮) જો પારણાના દિવસે દ્વાદશી અતીવ અલ્પ હોય તો ઉષઃકાળ જે સાક્ષાત્ સૂર્યોદય પહેલાં પાંચ ઘટિકારૂપ છે તેમાં જ પ્રાતઃકાળ અને મધ્યાહ્ન કાળમાં કરવાનું સંધ્યાદિકર્મ કરવું. (૧૯૯) અને દ્વાદશીના રોજ પારણાં કરવામાં અતિથિ આદિકનો સમુરોધરૂપ સંકટ કે ત્રયોદશી શ્રદ્ધાદિરૂપ સંકટ દૈવયોગથી કદાચ પ્રાપ્ત થાય તો કેવળ જળ વડે પારણાં સમયે પારણાં કરે અને પછી યથાવસર ભોજન કરે. તેમાં બીજીવાર ભોજનરૂપ દોષ નથી. (૨૦૦) બીજે દિવસે દ્વાદશી જો અધિકકાળ વર્તતી હોય તો દ્વાદશીનો જે પંદર ઘડી રૂપ પ્રથમ પાદ છે તે હરિવાસર નામે કહેવાય છે તે કાળને ઉલ્લંઘીને વૈષ્ણવભક્ત પારણાં કરે. (૨૦૧) અષાડ, ભાદરવો અને કાર્તિક માસની દ્વાદશીમાં અનુક્રમે અનુરાધા શ્રવણ અને રેવતી નક્ષત્રનો સંગમ હોય તો જ્યાંસુધી સંગમ હોય ત્યાંસુધી પારણાં ન જ કરે અને જો પારણાં કરે તો બાર એકાદશીના વ્રતનું ફળ નષ્ટ થાય. (૨૦૨) અષાડ માસમાં અનુરાધાના આદિપાદમાં ભગવાન શ્રીવિષ્ણુ શયન કરે છે, ભાદરવા માસમાં શ્રવણના મધ્યભાગમાં પડખું ફેરવે છે અને કાર્તિક માસમાં રેવતીના અંતિમ પાદમાં જાગે છે. માટે તે તે નક્ષત્રોના તે તે પાદો પારણામાં ત્યાજ્ય છે. (૨૦૩) શ્રીહરિ પરમાત્મા કહે છે હે ભક્તજનો ! આ પ્રમાણે એકાદશી વ્રતનો વિધિ મેં યથાર્થપણે સ્મૃતિવચન યુક્ત માર્ગથી કહ્યો આથી આ વિધિ તમો સર્વેએ આદરપૂર્વક કરવો. હવે આ વ્રતનો ઉદ્યાપનવિધિ વિધિપૂર્વક સારી રીતે કહું છું. (૨૦૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં એકાદશીવ્રતવિધિનિરૂપણનામે તેત્રીસમો અધ્યાય થયો. ॥૩૩॥

●

## અધ્યાય-૩૪

**શ્રીનારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! એકાદશી આદિ વ્રત ઉદ્યાપનના અનુષ્ઠાન વિના ફળ આપનારું ન જ થાય આથી એકાદશીવ્રતનું ઉદ્યાપન પ્રયત્નપૂર્વક કરવું. (૧) બૃહસ્પતિ અને શુક્રનો અસ્તમય સમય, બન્નેનો બાળ, વૃદ્ધ ભાવસમય, મળમાસ (અધિકમાસ), બૃહસ્પતિનો સિંહરાશિમાં સ્થિતિસમય-આ બધામાં ઉદ્યાપન ન કરવું તે થકી અન્ય (કાર્તિક, માગશર, મહા, વૈશાખમાંથી કોઈપણ એકમાં) યથાશક્તિ ઉદ્યાપન કરવું. (૨) મહાપૂજા ખાસ કરવી, બ્રહ્મભોજન કરાવવું, યથાશક્તિ સુવર્ણદાન આપવું અને ગોદાન આપવું-આ બધું સામાન્ય ઉદ્યાપન કહેવાય છે. (૩) એકાદશીવ્રતનું ઉદ્યાપન

કરનાર જન દશમીના રોજ નિયમ તત્પર અને બ્રહ્મચર્યવ્રતપરાયણ થઈ એક જ વાર હવિષ્યાન્ ભક્ષણ કરી શ્રીહરિનું સ્મરણ કરતો થકો રાત્રિમાં ભૂમિ ઉપર શયન કરે. (૪) પછી રાત્રિના છેલ્લા પહોરમાં ઊઠીને આળસનો ત્યાગ કરી યથાવિધિ શૌચસ્નાનાદિ નિત્યકર્મ કરે. (૫) ત્યારપછી પૂજાની સામગ્રીઓ એકઠી કરી વિશેષવિધિને જાણનારા વિપ્રને બોલાવી સ્થિર ચિત્તવાળો થકો ભક્તિભાવથી શ્રી પુરુષોત્તમ ભગવાનનું પૂજન કરે. (૬) (પોતાના ઘરમાં શુદ્ધ સ્થળે અથવા પવિત્ર તીર્થસ્થળમાં કે ભગવાનના મંદિરમાં) કેળાના સ્તંભથી સુશોભિત એવા રચના કરેલા સુંદર મંડપમાં સર્વતોભદ્ર મંડળ કરીને તેના મધ્યે મહાકુંભને સ્થાપન કરે. (૭) (આસોપાલવ, ઉંબરો, પીપળો, આંબો અને વડ આ)પાંચ વૃક્ષના પાંચ પલ્લવોથી યુક્ત અને સૂક્ષ્મ વસ્ત્રથી વીંટાળેલા તે ઘટ ઉપર મનોહારી સુશોભિત પાત્રને સ્થાપન કરે. (૮) પછી તે મધ્યમાં બાર બાહ્યપત્રો અને તેથી સૂક્ષ્મરૂપ બીજા બાર અભ્યંતર પત્રોએ યુક્ત અને નાનાવિધ વર્ણોથી ઉપશોભિત એવું દ્વાદશદલ કમલ કરે. (૯) તે કમળના મધ્યમાં લક્ષ્મીસહિત વાસુદેવની પ્રતિમા યથાશાસ્ત્ર સુવર્ણની કરાવીને સ્થાપન કરે. (૧૦) પછી શ્રી આદિ શક્તિઓએ સહિત કેશવાદિ અંગદેવતાઓની પૂર્વ દિશા વગેરેના અનુક્રમથી સમગ્ર કમળપત્રો ઉપર સ્થાપન કરે. (૧૧) તેમાં પ્રથમ કમલદલ ઉપર તો શ્રીએ સહિત કેશવ ભગવાનની સ્થાપના કરવી તથા દ્વિતીય કમલપત્ર ઉપર પદ્માએ સહિત પ્રદક્ષિણાના ક્રમથી સ્થાપના કરવી. (૧૨) તૃતીય દલ ઉપર નિત્યા દેવી સાથે માધવ ભગવાનની, તેથી આગળ ચંદ્રાએ સહિત ગોવિંદ દેવની, તે પછી રમાદેવી એ સહિત વિષ્ણુ ભગવાનની, તેથી આગળ માધવીએ સહિત મધુસૂદન દેવની, (૧૩) તેથી આગળ પદ્માક્ષીએ સહિત ત્રિવિક્રમ ભગવાનની, તેથી આગળ કમલા સહિત વામન ભગવાનની, તેથી આગળ કાંતિમતીએ સહિત શ્રીધર ભગવાનની અને તેથી આગળ અપરાજિતા સાથે હૃષીકેશ ભગવાનની, (૧૪) તેથી આગળ પદ્માવતીએ સહિત પદ્મનાભ ભગવાનની, તેથી આગળ રાધાએ સહિત દામોદર ભગવાનની-આ પ્રમાણે અનુક્રમથી બાર દેવતાઓની સ્થાપના કરવી. (૧૫) તે જ પ્રમાણે કમળના આભ્યંતર દ્વાદશ પત્રો ઉપર બાકીના બાર દેવતાઓ પૂર્વોક્ત ક્રમથી સ્થાપના કરે. પૂર્વ દિશામાં રહેલા દલ ઉપર સુનંદા સાથે સંકર્ષણ ભગવાનની સ્થાપના કરે. (૧૬) ત્યારપછી પ્રદક્ષિણાક્રમથી હરિણી સહિત વાસુદેવ ભગવાનની, તેની આગળ ધી નામનાં દેવીએ સહિત પ્રદ્યુમ્નની,તેની આગળ સુશીલાએ સહિત અનિરુદ્ધની; (૧૭) તેથી આગળ દક્ષિણ ક્રમ પ્રમાણે જ નંદા સહિત પુરુષોત્તમ ભગવાનની સ્થાપના, તેથી આગળ ત્રયી દેવી સાથે અધોક્ષજ ભગવાનની, તેથી આગળ ક્ષેમંકરી સહિત નૃસિંહ ભગવાનની સ્થાપના કરે. (૧૮) તેથી આગળ સુભગા સહિત ઉપેન્દ્ર દેવની, તેથી આગળ હિરણ્યા સહિત હરિ નામે ભગવાનની; (૧૯) ત્યારપછી છેલ્લા આભ્યંતર દલ ઉપર સુલક્ષણાએ સહિત કૃષ્ણની સ્થાપના કરવી જોઈએ. ત્યારપછી સ્થાપેલા દેવોની યથાશક્તિ યથાવિધિ પૂજા કરે. (૨૦) તૈલમર્દન પૂર્વક પંચામૃત વડે સ્નાન કરાવે. પ્રથમ લઘુ પૂજન કરીને પછી ષોડશોપચાર મહાભિષેક કરવો. (૨૧) પછી નવીન વસ્ત્ર અને આભૂષણ વગેરે સમર્પિત કરી પછી ચતુઃસમ કે સર્વગંધ નામના ચંદન વિશેષને સમર્પણ કરી પછી ઉત્તમ પુષ્પો વડે પૂજન કરે. (૨૨)

(કસ્તૂરીના બે ભાગ, ચંદનના ચાર ભાગ, કુંકુમના ત્રણ ભાગ, અને કપૂરનો એક ભાગ, આ 'ચતુઃસમ' કહ્યું છે. કપૂરના બે ભાગ, કુંકુમનો સમાંશ ભાગ, કસ્તૂરીના બે ભાગ અને ચંદનના ચાર ભાગ, આ 'સર્વગંધ' કહ્યું છે.) પછી એક હજાર તુલસીપત્ર વડે પૂજા કરી અમૃત નામનો ધૂપ સમર્પી અને દીપ સમર્પીને પછી નૈવેદ્ય નિવેદન કરે. (૨૩) તળેલા લાડુ, લાકડશી લાડુ, દળના લાડુ, ઘેબર, સુંવાળિયો, કંસાર, ઢેબર બનાવી શેકીને બનાવેલા લાડુ, સેવો, માંડા, વડા, દૂધપાક, દૂધભાત, દહીંભાત, પેંડા, પૂરીઓ, ખાજાં કે માલપુવા, ગોળના લાડુ, તલસાંકળી, જલેબી, હરિસો, ઘીસાકરયુક્ત કેળાં, મગદળ અને બીરંજ ઈત્યાદિ નૈવેદ્ય સમર્પણ કરી તાંબૂલ અને ફળ સમર્પણ કરી, આરતી ઉતારી પછી એકાદશી વ્રતનું ઉદ્યાપન કરનાર પુરુષ પુષ્પાંજલી આપે. (૨૪-૨૭)પછી તે દૃઢ વ્રતવાળો પુરુષ પૂજા સંપૂર્ણ કરી પોતાના સામર્થ્ય અનુસારે ગાયો, પૃથ્વી, તલ, સોનું, અશ્વ, હાથી વગેરે દાનો આપે. (૨૮)

ત્યારબાદ શ્રીકૃષ્ણ આગળ અથવા ગાયોના નિવાસસ્થાને ।થક્કિલમ્ઢઁ વગેરે મંત્રો વડે સમિધો, ઘી, તલ અને ભાત વડે હોમ કરે. (૨૯) પછી હોમ દ્રવ્યો વડે કેશવાદિ નામો લઈને વિષ્ણુનું પૂજન કરે. પછી ચોવીશ ગાયો અથવા દશ ગાય કે એક ગાય આપે. પછી વ્રતી પુરુષ સુવર્ણ આપે. (૩૦) શ્વેતવર્ણવાળી કે કપિલ વર્ણવાળી ગાયો યથાવિધિ આપવી. રાત્રિમાં જાગરણ કરી પ્રભાતે ફરીથી વ્રતીજન શ્રીહરિનું પૂજન કરે. (૩૧) પછી સુવર્ણમાંથી બનાવેલી શ્રીહરિની મૂર્તિ પોતાના ગુરુને અર્પણ કરે તથા અલંકાર અને વસ્ત્રો આપીને બ્રાહ્મણોને ભોજન કરાવે. (૩૨) પછી તલ, અન્ન, ફળ અને જળ સહિત ચોવીશ કુંભો બ્રાહ્મણોને આપીને પછી તે વ્રતી દક્ષિણા આપે. (૩૩) પછી વ્રતી પુરુષ બાંધવોએ સહિત પારણાં કરે. આ પ્રકારે કરવાથી આ એકાદશી નામનું વ્રત યથોક્ત ફળ આપનારું થાય. (૩૪) આ પ્રકારે એકાદશીવ્રતનું ઉદ્યાપન જાણવું. હે ભક્તજનો ! આ પ્રકારે મેં સચ્છાસ્ત્રનું મંથન કરી એકાદશીવ્રતનો મહિમા દહીંમાંથી માખણની માફક ઉદ્યત કરેલો છે. તથા અંગોએ સહિત વ્રતવિધિ ભગવાનના સર્વજનોના પ્રિય હિત માટે આદરપૂર્વક સંક્ષેપથી મેં કહ્યો છે. જે નર આને આદરથી સાંભળશે કે પાઠ કરશે તે તો જરૂર અભિષ્ટ ફળને પામશે. (૩૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં તૃતીય પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં એકાદશીવ્રતોદ્યાપન વિધિનિરૂપણનામે ચોત્રીસમો અધ્યાય થયો. ॥૩૪॥

●

## અધ્યાય-૩૫

**સર્વ ભક્તજનો બોલ્યા :**

હે ભગવન્ ! એકાદશી તિથિએ જે કેશવાદિ રૂપો પૂજ્યપણે કહ્યાં તેમનાં અલગ અલગ લક્ષણો આપ સ્પષ્ટપણે અમોને કહો. (૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે જનો ! કેશવ આદિક જે ચોવીશ શ્રી વાસુદેવની મૂર્તિઓ છે તેમનાં લક્ષણ જુદાં જુદાં યથાશાસ્ત્ર હું તમોને કહું છું. (૨) શ્રી વાસુદેવ ભગવાન સ્વરૂપથી એક જ છે તોપણ ચોવીશરૂપ

ધારી રહેલી એકાદશીને પ્રસન્ન કરવા પોતે પણ ચોવીશ મૂર્તિઓને ધારણ કરે છે. (૩) તેમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ - આ ચાર આયુધોના ધારણ કરવાના સ્થાનભેદથી કેશવાદિ ચોવીશ સંજ્ઞાભેદ થાય છે. (૪) શંખાદિકના સ્થાનભેદથી ધારણ પ્રકાર અને તેને લીધે થતો કેશવાદિક નામ ભેદ તમોને કહું છું. હું કહીશ એવો ધારણક્રમ ભેદ તો જમણા નીચેના હાથના ક્રમથી જાણવો. એટલે કે પ્રથમ નીચેનો જમણો હાથ, તે પછી ઉપરનો જમણો હાથ, તે પછી ઉપરનો ડાબો હાથ અને તે પછી નીચેનો ડાબો હાથ-આવા અનુક્રમથી જાણવો. (૫) કેશવ ભગવાન પદ્મ, શંખ, ચક્ર અને ગદાને વહન કરે છે; શંખ, પદ્મ, ગદા ચક્રને નારાયણ ધારણ કરે છે. (૬) ગદા, ચક્ર, શંખ અને પદ્મને માધવ વહન કરે છે; ચક્ર, ગદા, પદ્મ અને શંખને ગોવિંદ હાથમાં ધારણ કરે છે. (૭) ગદા, પદ્મ, શંખ અને ચક્રને વિષ્ણુ ધારણ કરે છે તથા મધુસૂદન ભગવાન ચક્ર, શંખ, પદ્મ અને ગદાને ધારણ કરે છે. (૮) ત્રિવિક્રમ પદ્મ, કૌમોદકી ગદા, ચક્ર અને શંખને ધારણ કરે છે તથા વામન ભગવાન શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારણ કરે છે. (૯) પદ્મ, ચક્ર, ગદા અને શંખ શ્રીધર ભગવાન હાથો વડે ધારણ કરે છે. (૧૦) પદ્મનાભ ભુજો વડે શંખ, પદ્મ, ચક્ર અને ગદાને ધારણ કરે છે તથા દામોદર સદા પદ્મ, શંખ, ગદા અને ચક્રને ધારણ કરે છે. (૧૧) સંકર્ષણ ગદા, શંખ, પદ્મ અને ચક્ર ધારણ કરનારા કહેલા છે; વાસુદેવ ગદા, શંખ, ચક્ર અને પદ્મને ધારણ કરનારા માનેલા છે. (૧૨) પ્રદ્યુમ્ન ચક્ર, શંખ, ગદા અને પદ્મ ધારનારા કહેવાય છે અને અનિરુદ્ધ ચક્ર, ગદા, શંખ અને પદ્મ ધારણ કરનારા કહેવાય છે. (૧૩) પુરુષોત્તમ ભગવાન ચક્ર, પદ્મ, શંખ અને ગદાને ધારણ કરે છે તથા અધોક્ષજ ભગવાન તે જ અનુક્રમથી પદ્મ, ગદા, શંખ અને ચક્રને ધારણ કરે છે. (૧૪) નરસિંહ ભગવાન ચક્ર, પદ્મ, ગદા અને શંખ ધારણ કરે છે તથા અચ્યુત ભગવાન ગદા, પદ્મ, ચક્ર અને શંખને સર્વદા ધારણ કરે છે. (૧૫) જનાર્દન ભગવાન પદ્મ, સુદર્શનચક્ર, શંખ અને ગદાને ધારણ કરે છે તથા ઉપેન્દ્ર ભગવાન શંખ, ગદા, ચક્ર અને પદ્મને ધારણ કરે છે. (૧૬) હરિ ભગવાન શંખ, ચક્ર, કમળ અને ગદાનું વહન કરે છે તથા કૃષ્ણ ભગવાન શંખ, કૌમોદકી ગદા, પદ્મ અને ચક્રને ધારણ કરે છે. (૧૭) હે ભક્તજનો ! આ પ્રકારે મેં કેશવ આદિ ભગવાનની મૂર્તિઓ શંખાદિ આયુધ ધારણ ભેદરૂપ ચિહ્નો વડે નિરૂપણ કરી તે મૂર્તિઓની એકાદશી દિવસે પૂજા કરવી. (૧૮) શુકલપક્ષની એકાદશીઓના કેશવાદિક બાર ઈશ્વરો કહ્યા છે અને કૃષ્ણપક્ષની એકાદશીઓના સંકર્ષણાદિ બાર ઈશ્વરો કહ્યા છે. (૧૯) માગશર માસના શુકલપક્ષની એકાદશીએ કેશવ નામે ભગવાનની પૂજકોએ પૂજા કરવી અને કૃષ્ણપક્ષની એકાદશીએ સંકર્ષણ ભગવાનની પૂજા કરવી. (૨૦) આ પ્રકારે પોષ આદિ માસોમાં શુકલ કૃષ્ણ પક્ષમાં નારાયણાદિ ભગવાન પૂજાય છે અને મળમાસ (અધિકમાસ)માં તો બન્ને પક્ષમાં પુરુષોત્તમ ભગવાન પૂજ્ય છે. (૨૧) આ કેશવ આદિ ચોવીશ મૂર્તિઓમાં જે સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને વાસુદેવ આ ચાર મૂર્તિઓ જે મેં કહી તે તો વાસુદેવ વગેરે ચતુર્વ્યૂહ સ્વરૂપોથી ભિન્ન સમજવી. (૨૨) હે ભક્તજનો ! એકાદશી સંબંધી ઉત્સવોમાં દ્રવ્યનું શઠપણું ન કરવું કારણ કે આ એકાદશી ઉત્સવમાં વિત્તશાઠ્ય નહિ કરવાથી સર્વ સંપત્તિઓના દાતા લક્ષ્મીકાંત ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય છે એથી અધિક સંપત્તિ આપે છે.

(૨૩) જે સ્ત્રી કે પુરુષ પ્રાતઃકાળમાં ઊઠીને વૈકુંઠપતિ શ્રીકૃષ્ણ નારાયણનાં પાપનાશક શ્રી કેશવાદિ રૂપોને સંભારે છે તે સ્ત્રી કે પુરુષ મનોવાંછિત મંગલને પામે છે. (૨૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં કેશવાદિમૂર્તિલક્ષણનિરૂપણનામે પાંત્રીસમો અધ્યાય થયો. ॥૩૫॥

## અધ્યાય-૩૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહેલું એકાદશીનું માહાત્મ્ય આદિકને સાંભળીને સર્વે જનો પરમ સંતોષને પામ્યા. (૧) તે જનો ધર્મનંદન શ્રીહરિને જ શ્રીકૃષ્ણ સ્વરૂપે હૃદયમાં જાણતા થકા શ્રીહરિની સમીપમાં જ આવતી કાલે કરવાના પ્રબોધની એકાદશી વ્રતના નિયમોની પ્રતિજ્ઞા (સંકલ્પ) ગ્રહણ કરતા હતા. (૨) ત્યારપછી શ્રીહરિ સભામાં રહેલા પોતાના સર્વઆશ્રિત ભક્તજનોને પોતપોતાના સ્થાનમાં જવાની આજ્ઞા આપીને જનસમૂહોએ વંદના કરાયેલા પ્રભુ પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. (૩) હે નૃપ ! એકાદશીવ્રતનો વિધિ આચરણ કરશે એવા ભગવાન શ્રીહરિએ સ્નાન કરી નિત્ય સેવા કરવાની શ્રીકૃષ્ણની પ્રતિમાનું પૂજન કરી તેમની આગળ એકાદશીવ્રતનો નિયમથી સંકલ્પ યથાવિધિ કર્યો. (૪) શ્રીહરિ મહાનૈવેદ્યની સામગ્રી રસોયા બ્રાહ્મણોની પાસે કરાવી. કેળના સ્તંભો વગેરેથી પૂજાનો અતિ શોભાયમાન મંડપ પણ કરાવ્યો. (૫) આ પ્રકારે પૂજાની સામગ્રીઓ સંપાદન કરીને રાત્રિએ થોડું ભૂમિ ઉપર સૂઈ ગયા. તેટલામાં તો રાત્રિનો ત્રીજો પહોર વીતી ગયો. (૬) ત્યારે તે શ્રીહરિ પ્રાપ્ત કરેલ નથી નિદ્રા જેમણે એવા થકા જ તત્કાળ ઊઠ્યા અને સ્વસ્વરૂપનું હૃદયમાં ધ્યાન કરી સ્વસમીપમાં રહેલા સેવકો સાથે ઉન્મત્તગંગા નદી પ્રત્યે પધાર્યા. (૭) શ્રીહરિ પ્રથમ શૌચવિધિ કરી, બાર કોગળા કરી પછી ઉન્મત્તગંગામાં વિધિપૂર્વક સ્નાન કર્યું. (૮) ત્યારપછી સ્નાનના અંગભૂત તર્પણ કરી શ્રી વિષ્ણુ ભગવાનની પૂજા માટે અતિ ઉજ્જ્વલ કળશમાં જળ ભરી શ્રીહરિ ભીના વસ્ત્રે જ સ્વમંદિરે પધાર્યા. (૯) શ્રીહરિ સ્વયં ઈશ્વર અને બહુ શિષ્યોવાળા હોવા છતાં પણ હરિસેવી ભક્તજનોને સેવકધર્મનો આદર્શ બતાવતા થકા પોતે જ તે જળકળશ સ્વઆશ્રમમાં લાવ્યા. (૧૦) પછી શ્રીહરિ પોતાના નિવાસસ્થાનની વાડીમાંથી પુષ્પો અને તુલસી લાવીને હાથપગ ધોઈ પછી ધોયેલાં શુદ્ધ ધોળાં વસ્ત્રો ધારણ કર્યાં. (૧૧) પછી દર્ભાસન ઉપર બેસીને ગોપીચંદનની મૃતિકાથી પાંચ ઊર્ધ્વપુંડ્ર તિલકો કરી પ્રાતઃ સંધ્યાવંદન વિધિ કરીને, યથાવિધિ નિત્ય હોમ કરીને અતિ ઉત્તમ વેદ જાણનાર પૂજાવિધિ જાણનારા બ્રાહ્મણોને બોલાવીને કૃષ્ણપૂજાનો આરંભ કર્યો. (૧૨-૧૩) તે બ્રાહ્મણો શ્રી નારાયણમુનિને શ્રીકૃષ્ણ મહાપૂજા યથાવિધિ કરાવવા લાગ્યા. તેમાં પ્રથમ સર્વતોભદ્ર મંગળકારી મંડળ બનાવ્યું (૧૪) પૂજાવિધિમાં નિપુણ બ્રાહ્મણો વિચિત્ર રંગોથી શોભાયમાન તે મંડલમાં સુવર્ણથી નિર્માણ કરેલો કળશ સ્થાપન કરતા હતા. (૧૫) તે કળશ ઉપર સ્થાપન કરેલા અને પંચ પલ્લવથી મુક્ત અને સૂક્ષ્મ વસ્ત્રથી ચારેબાજુ વીંટાળેલા અને સુંદર પીળા રેશમી અસ્તરણથી શોભિત એવા શુભ પાત્રમાં અંદર બહાર બાર પત્રોથી યુક્ત અને નાનાવિધ રંગોથી ઉપશોભીત

એવું મનોહર દ્વાદશ દલવાળું કમળ બનાવ્યું. (૧૬-૧૭) પછી તે બ્રાહ્મણો તે કમળના મધ્યે સુવર્ણમયી લક્ષ્મી સહિત યોગેશ્વર ભગવાનની મૂર્તિને પ્રાણપ્રતિષ્ઠા કરીને આદરપૂર્વક સ્થાપન કરી. (૧૮) પછી તે બ્રાહ્મણો શાંત ચિત્તથી બીજા તેમના અંગદેવતા પાર્ષદોને શ્રી નારદ પંચરાત્રમાં કહેલા વિધિ પ્રમાણે જેની જે દિશા તે પ્રમાણે જ સ્થાપના કરી. (૧૯) પત્નીઓ સહિત કેશવાદિ અંગદેવતાઓ પૂર્વાદિ દિશાઓના અનુક્રમથી બાહ્ય અને આભ્યંતર કમલદળો ઉપર તે બ્રાહ્મણોએ સ્થાપન કર્યા. (૨૦) બ્રાહ્મણોએ પૂર્વ દિશાના પ્રથમ દલ ઉપર શ્રી શક્તિએ સહિત કેશવ ભગવાનની સ્થાપના કરી તે થકી આગળ પ્રદક્ષિણ ક્રમથી પદ્મા સહિત નારાયણની સ્થાપના કરી. (૨૧) નિત્યાની સાથે માધવની, ચંદ્રાની સાથે ગોવિંદની, રમાની સાથે વિષ્ણુની અને માધવીની સાથે મધુસૂદનની સ્થાપના કરી. (૨૨) પદ્માક્ષી સાથે વિક્રમની, કમલા સાથે વામનની, કાંતિમતી સાથે શ્રીધરની અને તેની આગળ અપરાજિતાની સાથે હૃષીકેશની સ્થાપના કરી. (૨૩) પદ્માવતીની સાથે પદ્મનાભની અને પછી રાધાની સાથે દામોદરની સ્થાપના કરી. આ બાર દેવતાઓની બહારના દલો ઉપર સ્થાપના કરી. (૨૪) માર્ગશીર્ષ વગેરે બારેય માસોમાં અનુક્રમથી શુકલપક્ષની એકાદશીઓના પૂર્વોક્ત કેશવાદિ બાર અધિપતિ દેવો છે જ. (૨૫) તે જ પ્રકારે બાર આભ્યંતર પત્રોમાં પણ કૃષ્ણપક્ષની એકાદશીના અધિષ્ઠાતા દેવોની દેવીઓ સાથે ક્રમશઃ સ્થાપના કરી. (૨૬) બ્રાહ્મણોએ આભ્યંતર પ્રથમ દલ ઉપર સુનંદા સહિત સંકર્ષણની સ્થાપના કરી તેથી આગળ હરિણીએ સહિત વાસુદેવની, (૨૭) પ્રદક્ષિણાના અનુક્રમથી ધી સહિત પ્રદ્યુમ્નની, સુશીલા સહિત અનિરુદ્ધની, નંદા સહિત પુરુષોત્તમની સ્થાપના કરી. (૨૮) પછી ત્રયી સહિત અધોક્ષજની, ક્ષેમંકરી સહિત નરસિંહની, વિજયા સહિત અચ્યુતની અને સુંદરી સહિત જનાર્દનની, (૨૯) સુભગા સહિત ઉપેન્દ્રની, હિરણ્યા સહિત હરિની અને સુલક્ષણા સહિત કૃષ્ણની સ્થાપના કરી. આ પ્રકારે બાર દેવતાઓ સ્થાપન કર્યા. (૩૦) પછી તે બ્રાહ્મણો નંદાદિ પાર્ષદોને આઠે દિશામાં સ્થાપન કરી વેદોક્ત અને તંત્રોક્ત મંત્રો વડે પૂજા કરાવવા લાગ્યા. (૩૧) તેમાં પ્રથમ શ્રીહરિ સહજાનંદ સ્વામી ડાબા પડખે રહેલાં અને હાથમાં કમળ લીધેલાં લક્ષ્મીજીએ સહિત યોગેશ્વર ભગવાનનું ધ્યાન કરતા હતા. (૩૨) પદ્માસનમાં બેઠેલા, લગારેક ઉઘાડેલાં છે નેત્રો જેમનાં એવા, નાસિકાના અગ્રભાગમાં મૂકી છે દૃષ્ટિ જેમણે એવા, શ્વેત કમળ ઉપર વિરાજમાન; (૩૩) નવીન મેઘની સમાન નીલવર્ણવાળા, ચતુર્ભુજ કૌસ્તુભમણિથી શોભાયમાન, વિવિધ પ્રકારના અલંકારોથી વિભૂષિત મુગટથી પ્રકાશિત મુખવાળા; (૩૪) ડાબો અને જમણો બન્ને હાથ પોતાના ખોળામાં ચત્તા કરી એકબીજા ઉપર મૂકીને ધ્યાનમુદ્રાથી બેઠેલા બન્ને પડખામાં પદ્મ અને ગદારૂપ દિવ્ય આયુધોને અને ઉપલા બન્ને હાથોમાં શંખ અને ચક્રને ધારણ કરતા વાસુદેવ યોગેશ્વરનું ધ્યાન કરીને શ્રીહરિએ પોતાનું મન સ્થિર કર્યું. (૩૫-૩૬) ત્યારબાદ શ્રીહરિએ એકાગ્ર થકા આવાહન આદિ ષોડશોપચારોથી પોતાના ઈષ્ટ શ્રી યોગેશ્વરનું પૂજન કરતા હતા. (૩૭) શ્રીહરિ પંચામૃતથી સ્નાન કરાવી લઘુપૂજા કરી ફરીથી મહાભિષેકવિધિથી લક્ષ્મીનારાયણને સ્નાન કરાવ્યું. (૩૮) પછી સુગંધીમાન કેસરમિશ્રિત ચંદન વડે અને શ્વેત ચોખા વડે તથા બહુવિધ સુગંધી પુષ્પો વડે તે દેવની

શ્રીહરિએ પૂજા કરી. (૩૯) પછી લક્ષ્મીયોગેશ્વરને દશાંગધૂપ સમર્પણ કરી તથા દીપો નિવેદન કરી રસોઈ બનાવવામાં કુશળ વિપ્રો પાસે બનાવેલ નૈવેદ્ય સમર્પણ કર્યું. (૪૦) મોદક, લાકડશી લાડુ, ચૂરમુ, ઘેબર, સુંવાળિયો, કંસાર, દળના લાડુ, સેવો અને માંડા, તથા વડાં, દૂધપાક, દૂધભાત, દહીંભાત, પેંડા, પૂરીઓ, ખાજાં કે માલપૂઆ, લાડુ, તલસાંકળી, જલેબી, હરિસો, ઘીસાકરયુક્ત કેળાં, મગદળ અને બીરંજ આ બધું અર્પણ કર્યું. (૪૧-૪૩) બીજાં પણ ભક્ષ્ય ભોજ્ય વગેરે પદાર્થો અર્પણ કરી, પવિત્ર જળ અર્પણ કરી તાંબૂલ અને સોપારી આદિ વિવિધ ફળો આપ્યાં. (૪૪) પછી શ્રીહરિએ કપૂર વડે મહાનીરાજન (આરતી) ઉતારી તે સમયે જય જય એવા શબ્દની સાથે મોટો ગીતવાજિંત્રોનો શબ્દ થયો. (૪૫) તે સમયે સર્વ દેવગણો પોતાનાં દુંદુભિ વગાડતા થકા પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. તથા ગાંધર્વો અને કિન્નરો ગાન કરવા લાગ્યા. (૪૬) આરતી કર્યા પછી શ્રીહરિએ તે દેવને પુષ્પાંજલિ અર્પી ત્યારપછી વિષ્ણુ નમસ્કાર અને સંપ્રાર્થના કરી પૂજાવિધિને પૂર્ણ કરી. (૪૭) પછી શ્રીહરિએ ચોખાથી બનાવેલા આઠ દલકમલ ઉપર પોતાના પરિવાર સહિત ધર્મદેવનું યથાવિધિ પૂજન કર્યું. (૪૮) દાનો વ્રતના અંગભૂત હોવાથી બ્રાહ્મણોને ગાય, પૃથ્વી, તલ વગેરે દશ દાનો આપ્યાં. પછી માધ્યાહ્નિક કર્મ કરીને ભક્તજનોને દર્શન આપ્યા. (૪૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂમિપતે ! ધર્મમાં સ્થિતિવાળા ભગવાન શ્રીહરિ આ પૃથ્વી ઉપર ધર્માનુષ્ઠાનને પ્રવર્તાવવા તે ધર્મને યથાશાસ્ત્ર પોતે આચરણ કરતા થકા સ્વધર્મમાં વર્તતા ભક્તસમૂહને આનંદ પમાડતા હતા. (૫૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં નારાયણમુનિકૃતેએકાદશીવ્રતવિધિનિરૂપણનામે છત્રીસમો અધ્યાય થયો. ॥૩૬॥

●

## અધ્યાય-૩૭

સુવ્રતમુનિ બોલ્યા :

હે રાજન્ ! ત્યારપછી જયા(જીવુબા)એ એકાદશીના દિવસ પ્રભાતે યથાવિધિ પ્રાતઃસ્નાનાદિ કરીને ભગવાનની પ્રતિમાનું પૂજન કર્યું. (૧) પછી સર્વતોભદ્રમંડળમાં સુવર્ણમય શ્રીલક્ષ્મીનારાયણનું પૂજન તથા ભક્તિએ સહિત ધર્મદેવનું પૂજન કર્યું. (૨) પંચામૃત, ચંદન, સુગંધી પુષ્પો, ધૂપ, દીપ અને નાના પ્રકારનાં ફળો યથાવિધિ પૂજન કરીને, પ્રેમથી મહા આરતી કરીને, પુષ્પાંજલિ સમર્પીને બે હાથ જોડીને પૂજાને અંતે ભક્તિથી પ્રણામ કર્યા. (૩-૪) ત્યારપછી જયાએ ભગવાન શ્રીહરિની પ્રસન્નતા માટે દશ પ્રકારની ગાયો અને દશ પ્રકારના મેરુઓનું આગળ વર્ણવાશે તે મુજબ મહાદાન દીધું. (૫) પ્રથમ દશવિધ ગૌદાનને કહે છે : તે જયા પૂજામંડપમાં ગાયના છાણથી લીંપેલી પૃથ્વી ઉપર દર્ભને પાથરીને ઉત્તર દિશામાં પગવાળી અને પૂર્વ દિશા તરફ મુખવાળી દશ ગાયોની પરિકલ્પના કરી. (૬) જયા સો શેર ગોળથી ગુડધેનુ કરાવી અને પચ્ચીશ શેર ગોળ વડે સુંદર વાછરડો કરાવ્યો. (૭) તે બન્ને ગાય અને વાછરડાને બહુમૂલ્ય સૂક્ષ્મ વસ્ત્રો વડે શણગારી વિવિધ

રત્નો અને મણિઓ વડે શણગાર્યા. (૮) ગાય અને વાછરડાના કાનને છીંપોથી, ચરણોને શેરડીના દંડથી, નેત્રોને શુદ્ધ મોતીથી, પૃષ્ઠ ભાગને તાંબાથી, પૂંછડાને રેશમી કે શણના વસ્ત્રથી, ગળાની ગોદડીને શ્વેત કામળાથી, શીંગડાને સુવર્ણથી, ખરીઓને ચાંદીથી અને ભ્રૂકુટીને પ્રવાળાંથી બનાવીને અનેકવિધ અલંકારોથી અલંકૃત કર્યા. અને કાંસાનું પાત્ર ધોવા માટે જયાએ કરાવ્યું. (૯-૧૦) આવી રીતે ગાય અને વાછરડો બનાવીને તેની આદરપૂર્વક યથાવિધિ પૂજા કરી તેવી જ રીતે પૂર્વોક્ત પ્રકારે બીજી પણ ઘૃતધેનુ વગેરે ગાયો કરાવી. (૧૧) ઘૃતધેનુ, ક્ષીરધેનુ, શર્કરાધેનુ, ઉત્તમ એવી તિલધેનુ, મધુધેનુ, રસધેનુ, દધિધેનુ, અંબુધેનુ અને દશમી સુવર્ણધેનુ આ દશવિધ ગાયોની જયા શાસ્ત્રોક્ત વિધિથી કલ્પના કરાવતાં હતાં. (૧૨-૧૩) ઘૃતધેનુ વિધિમાં જયા ચારભાર પરિમિત ઘી વડે ભરેલાં કુંભોની સ્થાપના કરી અને એકભાર પરિમિત ઘૃતના કુંભ વડે વત્સ કર્યો. ઉત્તમ બુદ્ધિવાળાં તે જયા પૂર્વોક્ત પ્રકારે વસ્ત્રવેષ્ટન વિધિ વગેરે કર્યો. આ બધું રાજાઓથી બનવું પણ મુશ્કેલ છે. (૧૪-૧૫) સર્વ ધેનુઓમાં ઘૃતાદિ દ્રવિત પદાર્થો ભરેલા ઘડા સ્થાપન કર્યો, તિલ, ગોળ, સાકરના ઢગલા સ્થાપ્યા અને ચોથા અંશથી વત્સો સ્થાપ્યા. (૧૬) જયાએ ચાર પલ સુવર્ણથી સુવર્ણધેનુ અને એક પલ સુવર્ણથી વત્સ કર્યો. (ચોસઠ માસાનો એક પલ થાય) પછી તે સર્વ ગાયોને વસ્ત્રાલંકારો વડે શણગારી. (૧૭) હે નૃપતે ! ત્યારપછી જયાએ તે દશેય ગાયોની પૂજા કરીને, પછી પૂજન કરેલા બ્રાહ્મણોને ભગવાનની પ્રસન્નતા માટે ભક્તિભાવથી અર્પણ કરી. (૧૮) પછી જયાએ વૃક્ષો અને સરોવરોએ યુક્ત અને વિવિધ વસ્ત્રોથી અત્યંત શોભતા મેરુ સંજ્ઞાવાળા દસ પ્રકારના પર્વતો રચ્યા હતા. (૧૯) પ્રથમ ડાંગરનો પર્વત, બીજો મીઠાનો પર્વત, ત્રીજો ગોળનો પર્વત, ચોથો સુવર્ણનો પર્વત, પાંચમો તલનો પર્વત છઠ્ઠો કપાસનો પર્વત, સાતમો ઘીનો પર્વત, આઠમો રત્નનો પર્વત, નવમો રૂપાનો પર્વત, દસમો સાકરનો પર્વત આ દસ પર્વતો જયાએ યથાવિધિ સ્થાપન કર્યા. (૨૦-૨૧-૨૨) શ્રી વાસુદેવ ભગવાનના મંદિરના આંગણામાં શોભાયમાન મંડપ કરાવ્યો. તે મંડપમાં ગાયના છાણથી લીંપેલી ભૂમિ ઉપર કોમળ દર્ભો પાથર્યા. (૨૩) દર્ભ પાથરેલી પૃથ્વીના મધ્યે એક હજાર દ્રોણના માપવાળો ડાંગરનો મેરુ પર્વત કરાવ્યો. (બત્રીશ શેરનો એક દ્રોણ કહેવાય છે) તે મેરુના પૂર્વભાગમાં મુક્તાફળ અને હીરાઓની સ્થાપના કરી. (૨૪) મેરુના દક્ષિણભાગમાં ગોમેદ પીળા રંગના મણિઓની સ્થાપના કરી. તથા મેરુના પશ્ચિમ ભાગમાં નીલમણિ અને શ્યામવર્ણના મણિઓ સ્થાપ્યા. મેરુના ઉત્તરભાગમાં વૈદૂર્ય અને લાલમણિઓની સ્થાપના કરી. તે મેરુની ચારે બાજુએ વિદ્રુમ નામના મણિઓની વેલીઓ બંધાવી. (૨૫-૨૬) પછી જયાએ શેરડીના સાંઠા અને વાંસના દંડા વડે તે મેરુ ગિરિની ગુફાઓ બનાવી તથા છીપો વડે શિલાઓ કરી તથા ઘી વડે અનેક ઝરણાં કરાવરાવ્યાં. (૨૭) વળી આ મેરુ પર્વતના પૂર્વ ભાગમાં શ્વેત વસ્ત્રો વડે; દક્ષિણ પીળાં વસ્ત્રોથી મેઘની પંક્તિ કરતા હતા. અને પશ્ચિમ દિશામાં કાબરચિત્રાં વસ્ત્રોથી મેઘપંક્તિ કરતાં હતાં. (૨૮) જયા ઉત્તરદિશા બાજુ લાલ વસ્ત્રોથી મેઘાપંક્તિ કરતાં હતાં- ચાર શિખરો ચાંદીનાં કરતાં હતાં અને મેરુની તળેટીની ભૂમિ ચાંદીની બનાવરાવી. (૨૯) તથા તે જયા તે મેરુના મસ્તક ઉપર સુવર્ણમય એવા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા સૂર્ય આ ચાર દેવો તથા

સુવર્ણમય અન્ય દેવમુનિઓની સ્વશક્તિ અનુસારે રચના કરાવતા હતા. (૩૦) જયા ઈન્દ્રાદિ શુભ દિગ્પાલોને રજતમય કરીને ફળ, પુષ્પો અને ચંદનોથી મેરુ પર્વતને શોભાવતાં હતાં. (૩૧) મેરુના ઉપરના ભાગમાં સુવર્ણમય મંદાર, પારિજાત અને કલ્પદ્રુમ આ ત્રણ વૃક્ષોની પણ સ્થાપના કરાવતા હતા. (૩૨) અભયરાજાના પુત્રી જયા પૂર્વોક્ત લક્ષણવાળા મેરુ ઉપર શ્વેત, નીલ, પીત, રક્ત અને કર્બુર આ પાંચ રંગવાળો, મોતીઓ અને હારોથી શોભાયમાન ઉલેચ બંધાવ્યો. (૩૩) આ પ્રકારે મેરુ બનાવીને તેની ચારે દિશાઓમાં તે પર્વતના ચતુર્થાંશ માપવાળા ચાર ટેકાના પર્વતોને પણ કરાવતાં હતાં. (૩૪) મેરુના પૂર્વ ભાગમાં જવથી મંદરાચલ કરી નાના પ્રકારનાં વસ્ત્રો, પુષ્પો, ચંદન, ફળ વગેરેથી મંદરાદ્રિને સુશોભિત કર્યો. (૩૫) તે પર્વત ઉપર મંગલસ્વરૂપ બે કદંબનાં વૃક્ષો સુવર્ણમય કર્યાં અને ચૈત્રરથ નામનું વન રજતમય કર્યું. (૩૬) જયાએ તે વનમાં કાંચનમય કામદેવની સ્થાપના કરી અને દૂધ જેવા પાણીવાળાં અરુણોદ નામના રૌપ્યમય સરોવરની સ્થાપના કરી. (૩૭) પછી મેરુ પર્વતની દક્ષિણ દિશામાં જયાએ ઘઉં વડે ગંધમાદન નામનો પર્વત બનાવ્યો અને તેને બહુવિધ વસ્ત્રો અને પુષ્પ ચંદનથી અલંકૃત કર્યો. (૩૮) ગંધમાદન પર્વતના મસ્તક ઉપર સુવર્ણમય જાંબુનું વૃક્ષ ધારણ કરાવ્યું તથા રજતમય ગાંધર્વવનની સ્થાપના કરીને તેમાં રજતમય યક્ષપતિ કુબેરની સ્થાપના કરી. (૩૯) તથા ઘી જેવા જળવાળા રજતમય માનસ નામના સરોવરને બનાવીને તે ગંધમાદન પર્વતને વિવિધ વસ્ત્રો અને પુષ્પો વડે શણગાર્યો. (૪૦) પછી જયાએ મેરુપર્વતના પશ્ચિમ ભાગમાં તલ વડે વિપુલ તિલાચળ નામે પર્વત બનાવીને તેને નાના પ્રકારનાં વસ્ત્રો અને પુષ્પો વડે સુશોભિત કર્યો. (૪૧) તે વિપુલ પર્વતની ઉપર હંસ પક્ષી અને પીપળાનું સુવર્ણમય વૃક્ષ કર્યું. વિભ્રાજ નામનું વન રજતમય કર્યું તથા દધિ સરોવર અને શુદ્ધ જળનું સરોવર રજતમય કર્યું. (૪૨) પછી મેરુની ઉત્તર ભાગમાં અડદના સમુદાયથી સુપાર્શ્વ નામનો પર્વત કરી તેની ઉપર સોનાનો વડ અને સોનાની કામદૂધા ગાયની સ્થાપના કરી. (૪૩) અને સાવિત્ર નામનું વન અને મધુભદ્ર નામનું રજતમય સરોવર કરી તે પર્વતને વિવિધ પ્રકારનાં વસ્ત્રોથી સારી રીતે શોભાયમાન કર્યો. (૪૪) જયાએ આ પ્રકારના મેરુ પર્વત રચાવીને પછી બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી ગ્રહશાંતિ કરાવી પર્વત અને દેવોનું આવાહન કરી તેમની યથાવિધિ પૂજા કરી ચંદન, વસ્ત્ર અને આભૂષણો વડે ભક્તિથી પોતાના ગુરુની પૂજા કરી. (૪૫-૪૬) પછી મેરુ નામનો મધ્ય પર્વત ગુરુને આપ્યો તથા દાનની અંગે સહિત સિદ્ધિ માટે ચોવીસ ગાયો આપી. (૪૭) ગોદાન પછી બીજા ચાર મંદરાચળ વગેરે ટેકા પર્વતોને ભગવાનની પ્રસન્નતા માટે ઉત્તર પૂજન વેળાએ ચાર ઋત્વિજોને આપી દીધા. (૪૮) જયાએ ધાન્યરચિત પર્વતને પૂર્વાક્ત વિધિથી આપીને પછી લવણાદિ વગેરે બીજા નવ પર્વતોની રચના કરાવી. (૪૯) તે સમયે સોળ દ્રોણના માપથી ઉત્તમ લવણાચલ પર્વત રચ્યો. પછી તે પર્વતના ચતુર્થાંશ કહેતાં ચાર દ્રોણના અન્ય ચાર ટેકા પર્વતો બનાવ્યા. (૫૦) જ્યારે જયાએ વૃક્ષો, સરોવરો, દેવોની રચના અગાઉ ધાન્યાચલમાં જે પ્રમાણે કરેલ તે રીતે કરાવી અને પછી વિવિધ વસ્ત્ર, પુષ્પ, ફળ વગેરે વડે લવણ પર્વતને અલંકૃત કર્યો. (૫૧) પછી જયાએ દસ ભાર પરિમિત ગોળથી શુભ ગુડાદ્રિ બનાવ્યો અને પછી દશ દ્રોણ પરિમિત તિલપર્વતની યથાવિધિ

પૂર્વની પેઠે જ રચના કરાવી. (૫૨) પછી વીસ ભારના પ્રમાણથી કપાસના પર્વતની રચના કરાવી, પછી વીશ સંખ્યાવાળા ઘડાઓ વડે ઘૃત પર્વતની રચના કરાવી. (૫૩) ત્યારબાદ એક હજાર મુક્તાફળ વડે રત્નાચળ કરાવ્યો અને રત્નાચળના પૂર્વ ભાગમાં ગોમેદ નામનાં રત્નો અને હીરાઓ વડે મંદરાચળ બનાવ્યો. (૫૪) અને રત્નાચળના દક્ષિણ ભાગમાં ઈન્દ્રનીલમણિ અને પુષ્પરાગમણિઓ વડે ગંધમાદન પર્વત બનાવ્યો અને પશ્ચિમ ભાગમાં વૈદૂર્ય અને વિદ્રુમમણિઓ વડે વિપુલાચળ પર્વત બનાવ્યો. (૫૫) મહાબુદ્ધિશાળી જયાએ ઉત્તરભાગમાં સુવર્ણમણિ સહિત પદ્મરાગમણિઓ વડે સુપાર્શ્વ નામનો પર્વત બનાવ્યો. બાકીનો વસ્ત્રાદિ વડે અલંકરણ વિધિ તો પૂર્વ ધાન્યાચળની પેઠે કર્યો. (૫૬) ત્યારબાદ જયાએ દશ હજાર પલ ચાંદી વડે રૂપ્યાચલ પર્વત રચ્યો અને પૂર્વે સુવર્ણાચળ પ્રસંગે જે જે રજતમય કહ્યું તે સર્વ અહીં રૂપ્યાચળમાં સુવર્ણમય કરાવ્યું. (૫૭) ત્યારપછી આઠભાર સાકર વડે શર્કરાચળને યથાશાસ્ત્ર બનાવીને જ વસ્ત્રાદિ વડે સુશોભિત કરતા હતા. (૫૮) સર્વ પર્વતદાનોમાં મધ્યમાદ્રિના ચતુર્થાંશ પરિમિત ચાર ટેકા પર્વતોને કરાવતા હતા અને અન્ય વિધિ તો ધાન્ય પર્વતોની પેઠે જ કરતાં હતાં. (૫૯) પછી જયાએ વસ્ત્રાદિથી અલંકૃત એવા તે સર્વ પર્વતોને શ્રીહરિની પ્રસન્નતા માટે યથાવિધિ બ્રાહ્મણોને આપી દીધા. (૬૦) ઉત્તમરાજા દાદાખાચર ભગવાન શ્રીહરિની પ્રસન્નતા માટે શ્રીહરિની આજ્ઞા થકી જયા દ્વારા મહાદાનોને અપાવ્યા. (૬૧)

દેશાંતરના સર્વ રાજાઓ અને લોકો ઉત્તમરાજાનું ઉદારપણું જોઈને વિસ્મય પામી ગયા. (૬૨) શુદ્ધ-પવિત્ર મનવાળાં તે જયા રાત્રિમાં સર્વ એકાદશીઓના સ્વામી રાધા દામોદર પ્રભુની ભક્તિભાવથી પૂજા કરતાં હતાં. (૬૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે એકાદશીના દિવસે વૃદ્ધો, યુવાનો, બાળકો, પુરુષો અને સ્ત્રીઓ સૌએ શ્રીહરિની પ્રસન્નતા અર્થે કેવળ ઉપવાસરૂપ નિરાહારવ્રત અને રાત્રિમાં જાગરણ યથાશાસ્ત્ર કર્યાં. (૬૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં તૃતીયપ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં જયાકૃતગુડધેન્વાદિ મહાદાનવિધિનિરૂપણનામે સાડત્રીશમો અધ્યાય થયો. ॥૩૭॥

## અધ્યાય-૩૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરેશ ! પોતાના ભાગવતધર્મનું રક્ષણ કરવા આ લોકમાં અવતરેલા એવા શ્રીનારાયણમુનિ ભગવાને મનુષ્યલીલાને અનુકરણ કરતા થકા તે દિવસે નિરાહાર જ એકાદશીવ્રત કર્યું. (૧) પછી શ્રીહરિ મહાપ્રભુ રાત્રિમાં સભામાં ઊંચા સિંહાસન ઉપર બિરાજીને નારાયણધૂન્ય કરીને પુરાણમાં વસિષ્ઠ મુનિએ કહેલું એકાદશીનું માહાત્મ્ય પોતાના પુરાણીના મુખથી સાંભળ્યું. (૨) તે પછી જાગરણને કરતા ભગવાને સર્વ મુનિજનો અને હરિજનોને ભગવાનના ગુણો ગાવાની આજ્ઞા આપી. ભક્તોએ ભક્તિપૂર્વક ગાન કરેલા ભક્તમનોભિરામ તે ભગવદ્‌ગુણોને સાંભળ્યા. (૩) પછી રાતના ત્રીજા પહોરે તાળીઓ વગાડવાપૂર્વક ભક્તજનો ગાતા હતા ત્યારે ભગવાન શ્રીહરિ

સિંહાસન ઉપરથી ઊતરીને જયાની પાકશાળા જોવા પધાર્યા. (૪) પકવાન્નના સમૂહોને કરાવીને ક્ષણવાર માટે વિસામો ખાવા બેઠેલી રમા આદિક સ્ત્રીઓએ આવી રહેલા અતિપ્રિય શ્રીહરિને દૂરથી જોઈને એકદમ ઊઠીને પ્રણામ કરી તેમને આસન આપ્યું. (૫) ભગવાન શ્રીહરિએ આસન ઉપર બિરાજીને પોતાની આગળ ઉત્તમ જલેબીનો મોટો પર્વતરાજ જોયો. અને તેના બન્ને પડખાના ભાગે નિપુણ નારીજને યુક્તિપૂર્વક ગોઠવેલા ગંડશૈલ સમાન ઢગલાઓ જોયા. (૬) લલિતા પૂછે છે કે આ ઉત્સવમાં આટલા પકવાન્નથી પરિપૂર્તિ થશે કે બીજાં જલેબી વગેરે પકવાન્ન કરીએ ? ભગવાનનું અન્નકૂટોત્સવમાં કરાવેલો બમણો પાક કરાવારૂપ ઉદાર કાર્યને હૃદયમાં સારી રીતે જાણતાં તે લલિતા ભગવાનનો આશય જાણવાની ઈચ્છાથી તેમના પ્રત્યે ઉપર પ્રમાણે બોલ્યાં. (૭) તે સમયે શ્રીહરિએ લલિતાને કહ્યું : 'હે નરેશકન્યે ! હું જો મુનિઓને પીરસું નહિ તો તમો તપસ્વિનીઓના પુણ્યપ્રતાપથી પ્રથમ પંક્તિમાં બેઠેલા મુનિઓને આટલો પાક માંડમાંડ પૂર્ણ થાય.' (૮) હે રાજન ! ત્યારે વચન બોલવામાં ચતુર એવાં અને મંદહાસ્યવાળા નિર્મળ લલિતા ભગવાનને કહેવા લાગ્યાં : 'હે પ્રભો ! આ જલેબી વગેરે શું દ્વાદશી દિને જ મુનિ આદિ સર્વને ભોજન માટે છે એમ ન જાણવું. આ તો પાંચ દિવસ સુધીનું છે એમ જાણો. (૯) હે પ્રભો ! જ્યાંસુધી તપોનિષ્ઠ એવા તમારો સ્પર્શ નથી થયો ત્યાંસુધી આ પકવાન્ન સમૂહની અપૂર્ણતાની શંકા થાય છે તે નક્કી વાત છે. તમારા હસ્તકમળના સ્પર્શ પછી અપૂર્ણતાની શંકાનો અવકાશ જ નથી.' (૧૦) આ પ્રમાણે લલિતાએ કહ્યું ત્યારે લગારેક નીચે નમાવેલા મુખકમળવાળા ચિંતાએ સહિત પોતાનું મસ્તક લગારેક ધુણાવતા શ્રીહરિની ચિંતાતુરતાને નહિ સહન કરતા રમાબાએ શ્રીહરિજીને બીજા ઘરમાં બનતો પાક બતાવ્યો. (૧૧) શ્રીહરિએ બીજા ઘરમાં જઈને ગંગા, રામા, યમુના, રેવા અને બીજી સ્ત્રીઓને જોઈ તથા તે સ્ત્રીઓએ કરેલો અને કરાવાતો પાક ચોમેર જોયો. (૧૨) મોતીયા લાડુના ઊંચા સમૂહમાં અને સારી ફૂલેલી ગોળાકાર પૂરીઓના સમૂહમાં ગોળાકારના સરખાપણાને લીધે આ બન્નેય ઢગલાઓ લાડુના છે એવો ભ્રમ થતો હતો પરંતુ લાડુનો પીળો રંગ અને પૂરીઓનો શ્વેતરંગ આ ભ્રમનું નિવારણ કરનારો થયો. (૧૩) પછી શ્રીહરિએ ચારે બાજુએથી ગોળાકાર અને ઉપરનીચે ઘી થીજી ગયેલા તેથી શ્વેતકર્ણવાળા ચૂરમાના લાડુ જોયા તથા તે જ સ્થળે બબ્બેવાર ચાસણી પાયેલા તેથી શુભ્રવર્ણવાળા દશ પ્રકારના ઠોર જોયા. (૧૪) પછી મોટી કડાઈ મોટી ચૂલ ઉપર મૂકીને હાથમાં ધારણ કરેલા લાકડાના તવેથાઓ વડે એકીસાથે શીરો હલાવતી યમુના અને રામાને શ્રીહરિએ જોઈ. (૧૫) પછી સારી ફુલેલી ફુલવડીઓને વિશાળ પાત્રમાં ભરીને પુડલા કરવામાં તત્પર બનેલી નાથી અને ભજિયાં બનાવીને સુતરફેણી બનાવવા લાગેલી એવી મૌના નામની સ્ત્રીને ભગવાને જોઈ. (૧૬) મુનિપતિ શ્રીહરિએ બીજા ગૃહમાં અમરીએ કરેલાં અનેકવિધ શાકો જોયાં તથા ગુલાલાએ કરેલા શ્રેષ્ઠ માંડાનો ગંજ અને તેણીએ ઉતાવળે કરવા માંડેલા શ્રેષ્ઠ વડાં શ્રીહરિએ જોયાં. (૧૭) તે પછી ભગવાને દહીંથરા, ગાંઠિયા, ઘૂઘરા વગેરે ભક્ષ્યચીજોનો ઢગલો જોયો એટલામાં તો ઝડપથી નજીક આવીને ઊભી રહેલી મંદહાસવાળી અમૃતા નામની સ્ત્રીને જોઈને 'આમણે જ આ બધું કર્યું છે' એમ જાણ્યું. (૧૮) તે જ રીતે પોતાની દાસીઓ પાસે અનેક

દૂધના ઘડાઓ વારંવાર જલદી જલદી મંગાવતી અને શીઘ્રતાથી દૂધપાક બનાવતી ઉત્તમરાજાની બન્ને પત્નીઓને શ્રીહરિએ પાકશાળામાં જોઈ. (૧૯) ઉત્તમ કંદોઈઓ પાસે બનાવરાવેલ પેંડા અને બરફી રમાબા પાસે લાવતી ઉત્તમ રાજાની નાની બેન પાંચાલી તથા તેથી નાની નામની બહેન પણ શ્રીહરિએ જોઈ. (૨૦) આ પ્રકારે પાકકાર્યમાં આસક્તિવાળી અને પ્રભુને પ્રસન્ન કરવાની ઈચ્છાવાળી એવી લાડુ, યતિની, જીવા, ઉમા, કુમારી, કુશલા, સુષ્મા વગેરે સ્ત્રીઓ અને અન્ય નારીઓને પણ શ્રીહરિએ જોઈ. (૨૧) પછી ધર્માત્મજ શ્રીહરિ પોતાની પ્રસન્નતા માટે પાકક્રિયામાં તત્પર એવી ક્ષેમા, અમલા, અમરી, અદિતિ, ફુલ્લા, રત્નમાલા, રતિ અને દેવિકા વગેરે ક્ષત્રિયાણીઓને બીજા ગૃહમાં જોયાં. (૨૨) આ ક્ષત્રિય જાતિની સ્ત્રીઓએ પોતાની પ્રસન્નતા માટે બહુ પ્રયત્નથી આરંભેલો પ્રથમ પોતે જોયેલો બ્રાહ્મણોએ કરેલો પાક તેના સમાન પાકને ઉદાર કાર્યવાળા શ્રીહરિ વિસ્મયપૂર્વક જોયો. (૨૩) શ્રીહરિ પાકકળામાં ચતુર, ઉદાર બુદ્ધિવાળી તપસ્વિની જયા વગેરે બાઈઓએ આ પ્રકારે કરાતો પાક જોઈ જયાની આજ્ઞામાં વર્તનારી સર્વ સ્ત્રીઓ તથા મુખ્યત્વે જયાની પ્રશંસા કરવા લાગ્યા. (૨૪) હે રાજન્ ! પ્રથમ અન્નકૂટોત્સવમાં લલિતાને ઘેર જેટલા પ્રમાણમાં પાક થયો હતો તેના કરતાં આ બેત્રણ ગણો છે એમ નક્કી જાણો. આ પકવાન્ન આદિ પાકમાં પદાર્થસંખ્યા તો એકસો એક જ છે એમ જાણી નિરવધિકાતિશય મહિમાવાળા શ્રીહરિ પોતાના મનમાં હર્ષ પામ્યા. (૨૫) ત્યારપછી શ્રીહરિ પાક કરનારી સ્ત્રીઓને સુંદર ભાત, કઢી, દાળ વગેરે પ્રભાતે બનાવવાની આજ્ઞા આપી પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા તેટલામાં કૂકડાઓ બોલવા લાગ્યા. (૨૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતે ! આ પ્રમાણે પોતાના ભક્તજનો સાથે જાગરણ કરી વિધિને જાણનારા શ્રીહરિ પ્રભાત સમયે નદીમાં સ્નાનવિધિ અને નિત્યપ્રાતઃ કર્મ કરવા લાગ્યા. (૨૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં ભગવત્કૃતપાકપાચિકાદર્શનનિરૂપણનામે આડત્રીશમો અધ્યાય થયો. ॥૩૮॥

●

## અધ્યાય-૩૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ બારશના દિવસે પ્રાતઃકાળનું નિત્યકર્મ ઉતાવળથી કરી પરવારીને લીંબડાના વૃક્ષ નીચે વેદિકા ઉપર સ્થાપન કરેલા ઉત્તમ સિંહાસન ઉપર વિરાજમાન થયા. (૧) તે સમયે દેશાંતરના હરિજનો પણ પ્રાતઃનિત્યવિધિ કરીને મુનિજનો સાથે જલદી આવીને સભામાં યથાયોગ્ય બેસી ગયા. (૨) વળી જયાએ પણ યોગેશ્વરનું ઉત્તરપૂજન કરીને, તેમની મૂર્તિ આચાર્યને આદરથી આપીને તેના અંગભૂત ગાયોનું દાન દીધું. (૩) તેટલાકમાં લાંબી પીળી જટાને ધારી રહેલા વર્ણિરાજ મુકુન્દાનંદ બ્રહ્મચારી આવીને ''હે સ્વામિન્ ! રસોઈ તૈયાર થઈ ગઈ છે' એમ શ્રીહરિ મહાપ્રભુ પ્રતિ બોલ્યા : (૪) હે નૃપતે ! તે સમયે શ્રીહરિએ આજ્ઞા આપેલા સર્વ

મુનિજનો પણ અતિ હર્ષવાળા થઈ જમવા માટે તત્કાલ સમુદાયરૂપે આવ્યા. (૫) હાથ, પગ, મુખ ધોઈને પવિત્ર થયા સતા તથા જલપાત્રોએ સહિત એવા તે સર્વે શ્રીહરિના મુખકમળ સામી જ એક દૃષ્ટિવાળા થકા પંક્તિઓમાં મર્યાદાપૂર્વક બેસી ગયા. (૬) કેડ્યોમાં વસ્ત્રથી બાંધેલા કચ્છવાળા અને પીરસવામાં ચતુર બ્રાહ્મણો પતરાળાં અને જળ આપવા લાગ્યા. (૭) પછી બ્રાહ્મણો મોદક આદિ ભક્ષ્ય પદાર્થો, બિરંજ વગેરે ભોજ્ય પદાર્થો, દૂધપાક વગેરે લેહ્ય પદાર્થો અને અથાણાં વગેરે ચોષ્ય વસ્તુઓ ભોજન કરનારા મુનિઓની રુચિ પ્રમાણે પંક્તિના અનુક્રમથી પીરસી દીધું. (૮) સર્વ વસ્તુઓ સર્વનાં પાત્રોમાં પીરસાઈ ગઈ છે એમ જોઈ શ્રીહરિ ભગવાને હાથ ઊંચો કરી મુનિઓને જમવાની આજ્ઞા આપી. (૯) તે દિવસે શ્રીહરિ મહાપ્રભુ મુક્તાનંદાદિ સર્વ સાધુઓને જમવા બેસાડીને પોતે જ પીરસતા હતા. (૧૦) હે રાજન્ ! પીરસવાની ક્રિયાને ઝડપથી કરનારા બ્રાહ્મણોની સાથે શ્રીહરિ મહાપ્રભુ સર્વ પંક્તિઓમાં ફરતાં ફરતાં જમનારા સર્વ મુનિઓને જલદી પીરસવા લાગ્યા. (૧૧) શ્રીહરિની આગળ પાછે પગે ચાલવામાં ચતુર પીરસણીયા બ્રાહ્મણોએ પોતાના બન્ને હાથોથી ધારી રાખેલા પકવાન્નનાં પાત્રોમાંથી સ્વયં ભગવાન જલેબી ગાંઠિયા આદિ ભક્ષ્ય પદાર્થોને લઈને વારંવાર પીરસવા લાગ્યા. (૧૨) પકવાન્ન આદિ ભોજ્ય પદાર્થો હાથમાં લઈને જ્યારે જ્યારે જે જે પંક્તિમાં શ્રીહરિ પધારે ત્યારે ત્યારે તે પંક્તિમાં 'મને આપો, મને આપો' એમ માગ્યા કરતા જમનારા મુનિઓને જોઈને હે રાજન્ ! શ્રીહરિ હસતા હસતા પાત્રો ભરાઈ જાય તે રીતે ભોજ્ય પદાર્થ પીરસીને જમનારા મુનિઓને પરિતૃપ્ત કર્યા. (૧૩-૧૪) પ્રેક્ષકજનોને આશ્ચર્ય પમાડતા પોતાના બન્ને હાથોથી મુનિઓએ માંગેલા પદાર્થો આપતા શ્રીહરિ દિવ્યદેહથી આવેલા અને અન્યજનોથી અદૃશ્ય એવા અક્ષરધામના મુક્તોને પણ જમાડતા હતા. (૧૫) તે સમયે શ્રીહરિની કૃપાથી દિવ્ય દૃષ્ટિને પામેલા કેટલાક નરનારી જનોએ ત્યાં આવેલા મુક્તોને અને દેવોને પણ જોયા હતા. (૧૬) પકવાન્નોના મનોહર ઘણા કરેલા ઢગલાઓ, ઘીની નદીઓ, દૂધની નદીઓ, દૂધપાક-શીખંડ વગેરેની નદીઓ પણ જનોએ દેખી હતી. (૧૭) દિવ્ય દૃષ્ટિવાળા જનોએ તે સમયે અસંખ્ય મુક્તોદેવો, અને સાધુઓની પંક્તિઓમાં પોતે જ પીરસતા, તે તે સર્વ પંક્તિઓમાં વિહરતા ભગવાનને જ ભાળ્યા. (૧૮) તે દિવ્ય દૃષ્ટિવાળા જનોએ શ્રીહરિના હસ્તતળથી અર્પણ કરાતા પકવાન્નને સ્વીકારવામાં મુનિઓની સમાન આદરવાળા મુક્તો તથા દેવોને જોયા. (૧૯) પકવન્નોથી તૃપ્ત થયેલા માટે જ મુખેથી હાંફતા મુનિઓને જોઈને 'ભાત લાવો' એમ શ્રીહરિએ બ્રાહ્મણોને કહ્યું. (૨૦) પીરસનારા વિપ્રો લેવા ગયા ત્યારે શ્રીહરિ ડાબા હાથમાં લાડુ અને જમણા હાથમાં દૂધપાકનું પાત્ર લઈને સર્વ પંક્તિઓમાં ફરતા હતા. (૨૧) જ્યારે કોઈપણ જમનાર સંતે લાડુ વગેરેની યાચના ન કરી ત્યારે શ્રીહરિ પાછા પધાર્યા તે સમયે પ્રસાદનું દુર્લભપણું જાણનારા બ્રહ્માનંદમુનિ શ્રીહરિને બોલાવવા લાગ્યા. (૨૨) હે ભગવન્ ! અહીંયાં આવો. અમારા આ ખાલી પાત્રને તમે ભૂલી ગયા કે શું ? આ નિત્યાનંદમુનિ ખાલી પાત્રવાળા છતાં વારંવાર માગવામાં શરમાય છે. (૨૩) તે સમયે બ્રહ્માનંદ મુનિએ બોલાવેલા શ્રીહરિ તેમની પાસે આવીને તેમના પાત્રમાં દૂધપાક રેડ્યો તે સમયે બ્રહ્માનંદમુનિ શ્રીહરિના હાથમાં લાડુ જોઈને

બોલ્યા. (૨૪) 'હે સ્વામિન્ ! કેવળ દૂધપાકનો આસ્વાદ લઈશ તો આ નિત્યાનંદમુનિ મને દાંત વગરના બોખા પુષા દેતા કહેશે માટે મને પેલું ગોળાકાર (લાડુ) પણ પીરસી દ્યો. (૨૫) હે રાજન્ ! ત્યારપછી ભગવાને સ્વયં હસતા થકા અને જમતા મુનિઓને હસાવતા થકા બ્રહ્માનંદમુનિના પાત્રમાં લાડુ નાંખીને તેમને સિંહગર્જના કરાવી. (૨૬) તેટલામાં તો લાડુ ભરેલું પાત્ર હાથમાં લઈને મુકુન્દવર્ણી શ્રીહરિ આગળ આવી ઊભા રહ્યા. શ્રીહરિએ તે પાત્રમાંથી બે લાડુ એકદમ ઉપાડ્યા. (૨૭) તે સમયે અતિ તૃપ્ત થઈ ગયેલા મુક્તાનંદમુનિ, પીરસવા માટે પોતાની પાસે આવેલા શ્રીહરિને જોઈ જમતાં જમતાં પોતાના ભોજનપાત્રમાં રહેલો લાડુ શ્રીહરિને બતાવવા લાગ્યા. (૨૮) ત્યારે મુક્તાનંદમુનિને આટલો લાડુ અપેક્ષિત છે એમ જાણી શ્રીહરિ જેટલામાં લાડુ મુકતમુનિના પાત્રમાં નાંખે છે તેટલાકમાં તો મુક્તાનંદમુનિએ સિંહગર્જના કરી. (૨૯) ભોજનપાત્ર ઉપર હાથ રાખી મસ્તક ધુણાવતા ચૈતન્યાનંદ નામના મુનિને જોઈને શ્રીહરિ મુનિના પાત્રમાં લાડુ નાખતા હતા. (૩૦) ઊંચું મસ્તક ધુણાવતા અને હસતા મુખવાળા નિત્યાનંદમુનિને તૃપ્ત જાણી ઈશ્વરમૂર્તિ શ્રીહરિએ તેના પાત્રમાં અર્ધો લાડુ નાખ્યો. (૩૧) નિત્યાનંદમુનિએ સિંહગર્જના કર્યા બાદ આનંદાનંદમુનિ પાસે આવ્યા. તેને શિથિલ દાંતવાળા જાણી શ્રીહરિએ તેમને દૂધપાક પીરસ્યો. (૩૨) શ્રીહરિ ગોપાળાનંદમુનિને અલ્પ આહારવાળા જાણીને હસતા હસતા સિંહગર્જના કરાવતા થકા તેમને પા લાડુ આપી દેતા હતા. (૩૩) પીરસ્યા પહેલાં જ અપેક્ષા હોવા છતાં ખોટી ખોટી સિંહગર્જના કરતા નિર્વિકારાનંદ મુનિને પામી તેમનું ખાલી પાત્ર જોઈ તેમાં શ્રીહરિએ બે લાડુ નાખ્યા. (૩૪) પછી શ્રીહરિ હર્યાનંદમુનિને જોઈ અભિલાષાપૂર્વક રાહ જોઈ રહેલા તેમને જાણી હાથમાં લાડુ લઈ શ્રીહરિ તેમને સમીપે આવ્યા. (૩૫) તેમને તૃપ્ત થયેલા જાણી અર્ધો લાડુ ભાંગવાની ઇચ્છા કરતા શ્રીહરિને જોઈ હર્યાનંદમુનિ શ્રીહરિને વિનોદ કરતા કહેવા લાગ્યા, 'લાડુ ભાંગવામાં આપની આંગળીઓને તકલીફ પડશે માટે આખો લાડુ મૂકી દો.' (૩૬) ત્યારે શ્રીહરિ તે લાડુ તે મુનિના પાત્રમાં નાંખીને જેટલામાં બીજો લાડુ નાખવા જાય છે તેટલામાં તો તે મુનિએ ઊંચા સ્વરે સિંહગર્જના કરી. ત્યારે ત્યાંથી શ્રીહરિ શુકાનંદમુનિ પાસે આવ્યા. (૩૭) ભોજનપાત્રમાં બાકી રહેલું પકવાન્ન ધીમે ધીમે ચાવી રહેલા શુકાનંદમુનિને તૃપ્ત જાણી શ્રીહરિ શરામાતા એવા આત્માનંદમુનિને જોતા હતા. (૩૮) "લાજશરમ તો મારી કૂટીને બ્રહ્માનંદમુનિએ આ પંક્તિમાંથી કાઢી મૂકી છે આથી તમોને જે પ્રિય હોય તે ગ્રહણ કરો જમો" આ પ્રમાણે કહીને શ્રીહરિએ આત્માનંદમુનિને બે લાડુ આપી દીધા. (૩૯) મોંમાં જલેબી ભરેલી હોવાથી અસ્ફુટ વાણીને બોલતા મહાનુભાવાનંદમુનિને શ્રીહરિ પોતાના હાથમાં રહેલો દોઢ લાડુ આપી દેતા હતા. (૪૦) આ જ પ્રકારે શ્રીહરિએ અન્ય જમનારાઓને પીરસી પછી ભાત, કઢી, દાળ અપાવી હાથ ધોયા. (૪૧) સર્વ જમનારાઓ ખૂબ જમીને હાથ અને મુખ ધોઈ ફૂલેલા પેટવાળા અને મુખમાં ફુત્કારવાળા થકા પોતપોતાને સ્થાને ગયા. (૪૨) તે પછી ભગવાને પોતાના ક્ષત્રિય પાષદો તથા પોતાના ભક્તજનો અને બીજા પણ અન્નાર્થી જનોને પૂર્વ અન્નકૂટોત્સવની માફક જમાડ્યા. (૪૩) પછી સર્વેશ્વર શ્રીહરિએ સર્વ ભક્ત સ્ત્રીઓને પારણાં કરવાની આજ્ઞા આપીને, ત્યાંથી પોતે પણ

પારણાં કરવા પોતાના નિવાસસ્થાને પધાર્યા. (૪૪) જેમને પોતાનો ધર્મ પ્રિય છે એવા આ સ્વામીએ સ્વહસ્તે પાક બનાવી શ્રીકૃષ્ણ નૈવેદ્ય કરી, અને વૈશ્વદેવ કરીને જ પારણાં કર્યાં. (૪૫) પારણાં કર્યા પછી તે દિવસે નિદ્રાને નહિ કરતા શ્રીહરિ પોતાના પાષદોની આગળ જીવુબાના સૌજન્ય આદિ ગુણોનું વર્ણન કરતા થકા પોતાના મંદિરમાં એક પહોર વિરાજમાન રહ્યા. (૪૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપતે ! તે આ જગત્પતિ ભગવાન શ્રીહરિ આ પ્રમાણે પોતાના એકાંતિક ભક્તો ઉપર પ્રીતિવાળા છે; તે શ્રીહરિને પોતાના નિષ્કપટ સેવાપરાયણ ભક્તજનોથી અધિક બીજું કંઈ પણ વહાલું નથી. નિર્દંભ ભક્તો જ સર્વથા વહાલા છે. (૪૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં ભોજનમાં હરિપરિવેષણલીલા વર્ણનનામે ઓગણચાલીસમો અધ્યાય થયો. ॥૩૯॥

●

## અધ્યાય-૪૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યારબાદ ઉદારકીર્તિ ભગવાન શ્રીહરિ પ્રદોષ સમયે ફરીથી બહાર વેદિકા ઉપર સભામાં પધાર્યા તેટલામાં તો જનસમૂહો, સર્વ મુનિજનો અને સ્ત્રીજનો તે સભામાં હર્ષપૂર્વક આવીને બેસી ગયા. (૧) તે પ્રભુ શ્રીહરિ સભામાં પોતાના સિંહાસન ઉપર વિરાજી વિનયથી નમ્ર એવા પોતાના ભક્તોને ચોતરફ જોતા હતા. સુશિક્ષિત પોતાના ભક્તોને ફરીથી પણ સન્માર્ગ કહેવા ઈચ્છતા થકા વચન બોલ્યા. (૨)

**નારાયણમુનિ બોલ્યા :**

હે જનો ! પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના ઉપાસકો, અહિંસાદિ ધર્મેયુક્ત, વર્ણાશ્રમ ધર્મેયુક્ત વર્ણીઓ, ગૃહસ્થો તથા ત્યાગીઓ સર્વે તમો આ સભામાં ભેગા મળ્યા છો. (૩) હે પ્રજાજનો ! સર્વે જનોમાં જે જનોને કંઈ પૂછવું હોય તે નિર્ભય થઈને મને પૂછો. તમોને કંઈ પણ સંદેહ રહેવો જોઈએ નહિ. (૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આમ ભગવાન શ્રીહરિના કહેવાથી સભામાં રહેલા પુંજાજી, વસ્તાખાચર, સુરાખાચર વગેરે હેમંતસિંહ વગેરે ભક્ત રાજાઓ પૂછવા લાગ્યા. (૫) હે રાજન્ ! તે રાજાઓ પરસ્પર સારી રીતે મંત્રણા કરીને શ્રીહરિ પ્રભુને નમસ્કાર કરી બન્ને હાથ જોડી સમગ્ર લોકોનું હિત કરનારી વાણી બોલ્યા. (૬)

**રાજાઓ બોલ્યા :**

હે સ્વામિન્ ! હે જગદ્ગુરો ! અમો બધા રાજાઓ અને પ્રવૃત્તિધર્મમાં સ્થિતિવાળી આ પ્રજાઓ બધાં તમારાં આશ્રિત છીએ. (૭) તમારા અમો આશ્રિત એવા અમારે સર્વ પ્રકારે જે કર્તવ્ય અને અકર્તવ્ય જે હોય તે કાર્યાકાર્ય પૃથક્ પૃથક્ સ્પષ્ટ કરી તમો બોધ કરવાને આપ યોગ્ય છો. (૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપતે ! આ પ્રકારે પુંજાદિ રાજાઓએ આદરપૂર્વક પૂછેલા અને પ્રસન્ન થયેલા મુનીશ્વર શ્રીહરિ પોતાના ભક્ત વિદુરનું સ્મરણ કરતા થકા રાજાઓને કહેવા લાગ્યા. (૯)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે રાજાઓ ! સચ્છાસ્ત્રોમાં જેમને પંડિત અને સાધુ કહ્યા છે તેઓનું જે વચન એ જ કરવાયોગ્ય છે એવો નિશ્ચય કરેલો છે. (૧૦) અને સચ્છાસ્ત્રોમાં જેમને મૂર્ખ અસંત કુબુદ્ધિ કહ્યા છે તેમનું જે વચન તે તો ન જ કરવા યોગ્ય છે એવો અમારો સિદ્ધાંત છે. (૧૧) પંડિતો અને મૂર્ખોનું લક્ષણ કાર્ય અને અકાર્ય પૂર્વે વિદુરજીએ ધૃતરાષ્ટ્ર પ્રત્યે વિસ્તારપૂર્વક કહ્યું છે. (૧૨) તે આ વિદુરનીતિ ગૃહીજનો અને ત્યાગીજનોના પરમ હિતને દર્શાવે છે. આથી વિદુરનીતિનો અભ્યાસ કરીને તેનાથી કાર્ય અને અકાર્યનો નિર્ણય જાણવો. (૧૩) સમગ્ર નીતિશાસ્ત્રોમાં વિદુરે કહેલો નીતિગ્રંથ મેં શ્રેષ્ઠ માનેલો છે. આથી તેમાં કહેવા પ્રમાણે વર્તનારા તમોને સર્વપ્રકારે સુખ જ થાય. (૧૪) વ્યવહારમાર્ગમાં રહેલા અને વિદુરનીતિના અભ્યાસવાળા જનો તેમાં કહેલા માર્ગને અનુસરે તો તેઓ ક્યારેય પણ ત્રિવિધ તાપને પામતા નથી. (૧૫) શ્રીકૃષ્ણને ભજતા તમો વિદુરનીતિમાં કહ્યા પ્રમાણે વ્યવહારકાર્યમાં વર્તતા હોવ તો તમો આ લોક અને પરલોકમાં પરમ સુખી થશો. (૧૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે ભગવાન શ્રીહરિએ ઉપદેશ કરેલા પુંજાદિ રાજાઓ સમગ્ર મુનિઓ તથા બીજા બધા જનો પ્રસન્ન થઈને શ્રીહરિને પ્રણામ કરી 'જેમ તમો કહો છો તેમ અમે કરીશું' એમ બોલ્યા. (૧૭) તે પછી શ્રીહરિએ તે બધાને પોતપોતાના સ્થાને જવાની શ્રીહરિની આજ્ઞા થવાથી સૌ ગયા. તે પછી ભગવાન પણ પોતાના મંદિરે પધાર્યા. (૧૮) ત્યારબાદ શ્રીહરિ તેરસથી આરંભીને ત્રણ દિવસ પર્યંત રાત્રિની સભામાં પુરાણી પાસે શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધની કથા કરાવી. (૧૯) પોતપોતાની મર્યાદા કોઈએ ઉલ્લંઘન કરવી જોઈએ નહિ, પુત્રાદિમાં આસક્તિરૂપ સંગદોષ અનર્થ કરનારો છે, કર્મફળ અવશ્ય ભોગવવું પડે છે-આટલો પંચમ સ્કંધનો સારાંશ ભગવાને સ્પષ્ટપણે સમજાવ્યો. (૨૦) સર્વ ભક્તજનો આ પ્રકારે અઢાર દિવસ પર્યંત જગત્પતિ શ્રીહરિની કૃપાથી પરમાનંદ પામ્યા. (૨૧) કાર્તિક પૂર્ણિમાના દિવસે સાધુજનપાલક ભગવાન શ્રીહરિએ જયા પાસે મોટી સાધનસામગ્રીઓ વડે ભક્તિજન્મ-મહોત્સવ કરાવ્યો. (૨૨) ઉત્સવને અંતે રાત્રિએ થયેલી સભામાં બિરાજમાન શ્રીહરિએ સર્વ ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા આપી. (૨૩)

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે ભક્તજનો ! તમો સર્વે આવતી કાલે સવારે અહીંથી નીકળીને માર્ગમાં સાવધાન થઈ સ્ત્રીઓનું રક્ષણ કરતા થકા પોતપોતાના દેશ પ્રત્યે જાઓ. (૨૪) દેહથી અતિરિક્ત આત્માને બ્રહ્મરૂપે નિશ્ચય કરી અચ્યુત ભગવાન શ્રીહરિનું ભજન કરતા અને સ્વધર્મમાં રહ્યા થકા દેહાંતે બ્રહ્મપુર નામના ધામને પામશો તે નિશ્ચય જાણો. (૨૫) સર્વ ધામો કરતાં ઉત્તમોત્તમ તે ધામને પામી તે બ્રહ્મપુરમાં ભગવાન પાસેથી ઈચ્છિત અલૌકિક દિવ્ય ભોગોને પામશો. (૨૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

તે જનો મુનિજનો સાથે આ પ્રમાણે શ્રીહરિપ્રભુનું વાક્ય સાંભળી પ્રસન્ન મનવાળા થકા પ્રભુને પ્રણામ કરી આદરપૂર્વક આગળ કહેવાશે તે પૂછવા લાગ્યા. (૨૭)

**જનો બોલ્યા :**

હે ભગવન્ ! જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા પોતાના વર્ણાશ્રમના સદાચારોથી સંપન્ન માટે જ એકાંતિક ભક્તો શ્રીકૃષ્ણ એવા તમારા ધામને પામે છે. (૨૮) હે હરે ! જે બ્રહ્મપુર નામના ધામને તમો સર્વોત્તમધામ કહો છો તે બ્રહ્મપુર નામના ઉત્તમ ધામનું સ્વરૂપ જાણવા અમો ઈચ્છા કરીએ છીએ. (૨૯) હે સ્વામિન્ ! તે હેતુ માટે તમો કૃપા કરી તે બ્રહ્મપુરધામનું લક્ષ્ય તત્ત્વપૂર્વક અમોને કહેવાને યોગ્ય છો. તે બ્રહ્મપુરધામનું સ્વરૂપ આપના સિવાય અન્ય કોઈ જાણતું નથી. (૩૦) હે રાજન્ ! મુરારિ શ્રીહરિ ભગવાનનું પરમ ધામ જાણવાની ઈચ્છાવાળા પોતાના ભક્તસમૂહોએ આ પ્રકારે પૂછેલા દયાળુ શ્રીહરિ પોતાના ભક્તજનોને આનંદ પમાડતા થકા કહેવા લાગ્યા. (૩૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
પ્રબોધન્યુત્સવમાં વિદુરનીત્યુપદેશ કથનનામે ચાલીસમો અધ્યાય થયો. ॥૪૦॥

●

## અધ્યાય-૪૧

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે ભક્તજનો ! એકાંતિક ભક્તજનોએ જ પ્રાપ્ત કરવા યોગ્ય તથા અત્યંત આનંદસ્વરૂપ બ્રહ્મપુરધામનું સ્વરૂપ હું તમોને કહીશ તે તમો સાંભળો. (૧) આ ધામ ગુહ્ય હોવાને લીધે પુરાણોમાં વ્યાસાદિ મહર્ષિઓએ સંકોચે રહિત સવિસ્તર કહેલું નથી અને ગોલોક આદિ અન્ય નામોથી કહેલું છે. (૨) આ ધામ છાંદોગ્ય ઉપનિષદમાં, ભારતના મોક્ષધર્મમાં સ્કંદાદિ પુરાણોમાં સંક્ષેપથી વર્ણવેલું છે. (૩) હે ભક્તજનો ! ઉત્તમ ભક્તિ વડે શુદ્ધ ચિત્તવાળા તમોને અધિકારી હોવાથી બ્રહ્મપુરના આશ્રયવાળી આ કથાને હું વિસ્તારથી કહું છું. (૪) આ બ્રહ્માંડ ગોલકમાં ભૂર વગેરે સાત લોક ઉપર ઉપર રહેલા છે અને અતળ વગેરે સાત લોક નીચે નીચે રહેલા છે-એમ આ ચૌદ ભુવનાત્મક વિરાટ થાય છે. (૫) હે જનો ! આ ચૌદ લોકોને ચારે બાજુ વ્યાપીને એક કોટિ યોજન વિસ્તારવાળું (વિશાળ) પૃથ્વીનું આવરણ રહેલું છે. (૬) પૃથ્વીના આવરણની પણ ઉપર ઉપર જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર અને મહતત્ત્વ : આ છ આવરણો રહેલાં છે. એક એક આવરણથી ઉત્તરોત્તર આવરણ દશ દશ ગણું અધિક જાણવું અને વળી એક એક આવરણથી ઉત્તરોત્તર આવરણ સૂક્ષ્મતા ગુણથી પણ અધિક અધિક સમજવું. (૭-૮) હે જનો ! આ સાતેય મહદાદિ આવરણોનું કારણ જે ત્રણગુણની સમતારૂપ પ્રકૃતિ નામનું સમસ્ત કહેલાં આવરણોને ચોતરફ વ્યાપેલું આ આઠમું આવરણ સૌથી મોટું છે. (૯) તે પ્રકૃતિ આવરણથી પર ચિદાકાશ નામનું (ભગવાનનું નિવાસસ્થાન) ધામ છે. તે ધામ તેજોમય, વિશાલ અપાર, અમાપ, અનાદિ, અનંત અને પરમ વ્યોમ એવા અન્ય નામવાળું છે. (૧૦) આ ધામના એક દેશના તેજની સમીપમાં

એક સાથે ઉદય પામેલા કરોડ પરિમિત સૂર્ય, ચંદ્ર અને અગ્નિનું એક સ્થાને રહેલું મહાતેજ પણ ખદ્યોત (આગિયો)પણાને પામી જાય છે આવું તેજોમય ધામ છે. (૧૧) તે ચિદાકાશમાં વિરજા નામ વિખ્યાત મહાનદી આનંદપ્રચુર, સુધાપુરમયી, અનંતા, ગંભીર અને નિત્યસિદ્ધ વહે છે. (૧૨) તે સુધાસિંધુ સ્વરૂપ વિરજા નદીના મધ્યમાં સત્યસ્વરૂપ, તેજપ્રચુર, દિવ્ય, અતિરમણીય, આનંદપૂર્ણ સનાતન મહાન દ્વીપ રહેલો છે. (૧૩) આ સત્યદ્વીપ અપ્રાકૃત કામધેનુઓના સમૂહોથી સુંદર શરીરવાળાં વૃષભોથી અને બીજાં અનેક પ્રકારનાં મૃગ-પક્ષીઓથી સેવાયેલો; (૧૪) પારિજાત, કલ્પવૃક્ષ, મંદાર આદિ વૃક્ષો, મોગરો, જૂઈ વગેરે લતાઓથી ચારેબાજુ વીંટાયેલો, (૧૫) ફળો અને પુષ્પોની સંપત્તિઓ જેમાં છે એવા વૃન્દાવન વગેરે ઘણા પ્રકાશવાળા બગીચાઓ અને નદીઓ, સરોવરો, વાવો તથા દિવ્ય મણિમય પર્વતોથી વીંટાયેલો છે. (૧૬) વળી બીજાં અલૌકિક, તેજોમય સર્વસુખરૂપ, અમાયિક અને નિત્ય શોભાવાળા આ સર્વે ભોગોપકરણોથી વીંટાયેલો સત્યદ્વીપ અતિશય શોભે છે. (૧૭) તે સત્યદ્વીપમાં લોકાલોક પર્વત તુલ્ય કમળની પેઠે ગોળાકાર નિત્ય અપ્રાકૃત શતશૃંગપર્વત નામનો કિલ્લો વર્તે છે. (૧૮) તે આ મહાદુર્ગ સુબળ પ્રબળ વગેરે દ્વારપાળ પાર્ષદોએ અધિષ્ઠાન કરેલા ચાર ઊંચા દરવાજાઓ વડે સુશોભિત ચાર દિશાવાળું સદા મૂર્તિમાન સુદર્શન વગેરે દિવ્ય આયુધોએ રક્ષાયેલો અને મૂર્તિમાન અણિમા વગેરે મહાસિદ્ધિઓએ આશ્રય કરાયેલો વર્તે છે. (૧૯-૨૦) તેવા કિલ્લાની અંદર દિવ્ય અતિ તેજોમય શુભ ભૂમિ વર્તે છે. તે ભૂમિની ઉપમા આ બ્રહ્માંડમાં કોઈ પણ સ્થાનમાં મળતી નથી. (૨૧) આથી હે જનો ! તે ભૂમિકાને હું અભૂતપૂર્વ ઉપમાથી વર્ણન કરું છું. જો આ પ્રકારે કદાચિત્ થાય તો તે દષ્ટાંતથી ભૂમિની ઉપમા આપી શકાય. (૨૨) પર્વતોએ સહિત આ સમગ્ર પૃથ્વી સ્વચ્છ કાચની હોય અને સ્થાવર જંગમ સર્વ આકૃતિઓ પણ તેવી જ સ્વચ્છ કાચમય હોય. (૨૩) અને અંતરિક્ષમાં જેટલા ગ્રહ નક્ષત્ર તારાઓ છે તેટલા જ ચારેબાજુ અત્યંત પ્રકાશ કરનારા સૂર્યો હોય. (૨૪) તે અનંત સૂર્યોથી પ્રકાશિત અતિ મનોહર આશ્ચર્યરૂપ એવી કાચમયી પૃથ્વીની સાથે તે શતશૃંગાચલની અંતઃસ્થ ભૂમિની ઉપમા કદાચ ઘટી શકે છે (લોકમાં તેવી ભૂમિકા જ નથી કે જેની ઉપમા આપી શકાય એટલા માટે આ નિરૂપમ સ્થાન છે.) (૨૫) આ પરમ ઉત્કૃષ્ટ એવું શ્રીકૃષ્ણનું ધામ છે. તે ધામ ગોપગોપીના ગણો આવૃત્ત અને સનાતન છે અને જે ધામને ગોલોક એવી સંજ્ઞાવાળું કહે છે. (૨૬) તે ધામ અતિ દર્શનીય અને ચોતરફથી મનોહર છે. તે ધામમાં જે રત્ન મુક્તાફળ કે સુવર્ણ છે તે સર્વે વસ્તુ અલૌકિક જ છે. (૨૭) ધામમાં પ્રકૃતિથી મુક્ત ભાવને પામેલાં પુરુષો અને સ્રીઓનાં કોટિ મંદિરો છે તે મંદિરો દિવ્ય અને અતિ પ્રકાશમાન છે. (૨૮) તે તેજોમય ભૂમિકાને મધ્યે મહાન તેજ છે તે કેવું છે તો કોટાનકોટિ સૂર્ય સમાન પ્રદીપ્ત, મનોહર, અતિ શ્વેત અને ઘાટું તથા સચ્ચિદાનંદરૂપ છે. (૨૯) તે તેજને અક્ષરબ્રહ્મ, સર્વાધાર અને અમૃત નામથી કહે છે. જે અનાદિ, અનંત, વ્યાપક, સ્વયંપ્રકાશ અને માયાથી પર છે. (૩૦) અષ્ટાંગયોગની સિદ્ધિને પામેલા યોગીઓ પોતાના દેહની અંદર મૂલાધાર આદિ છ ચક્રોને ઉલ્લંઘન કરી મસ્તકમાં રહેલ સહસ્રદળ કમળમાં પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના અનુગ્રહથી જ તે તેજ જુએ છે. (૩૧) અને તે ધામ સર્વ

ધામોથી અતિ ઉત્તમ, કાલ માયાના ભયથી રહિત પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનું બ્રહ્મપુર ધામ જાણવું. (૩૨) હે ભક્તો ! તે બ્રહ્મપુરમાં ચોતરફ વિસ્મય પમાડનારું શ્રીકૃષ્ણનું દિવ્ય અતિ સુંદર મંદિર (ભવન) વર્તે છે. તે મંદિરના સૌંદર્યનું વર્ણન કરવા હું સમર્થ નથી જ. (૩૩) તે મંદિર કોટિ સૂર્ય સમાન રત્નસ્તંભો વડે અતિ તેજસ્વી અને સમગ્ર સંપત્તિઓ અને અણિમાદિ સમગ્ર સિદ્ધિઓથી સેવાયેલું; (૩૪) એકાંતિક અસંખ્ય મુક્ત પુરુષોએ આશરેલું અને શ્રીકૃષ્ણની એકાંતિકી ભક્તિવાળી મુક્તભાવને પામેલી અસંખ્ય સ્ત્રીઓએ આશ્રય કરાયેલું; (૩૫) અને તે મંદિરમાં મનોહર રત્ન સિંહાસનમાં રહેલા અને રાધા-લક્ષ્મી આદિ સ્વશક્તિઓ વડે સેવ્યમાન શ્રીકૃષ્ણ બિરાજે છે. (૩૬) કોઈપણ લોકમાં તેવું ભવન નથી જે ભવનની સાથે શ્રીકૃષ્ણના ભવનની ઉપમા અપાય. આથી તો પુરાણજ્ઞોએ તેને નિરૂપમ કહ્યું છે. (૩૭) હે શ્રેષ્ઠ વ્રતવાળા ભક્તો ! તે બ્રહ્મપુરધામમાં અનંત કોટિ મુક્ત સ્ત્રી-પુરુષોનાં દિવ્ય ભોગસ્થાનો છે જ. (૩૮) તે ધામમાં સર્વ ભોગ તથા ભોગોપકરણો દિવ્ય વર્તે છે અને તે નિત્ય તથા આનંદમય છે. (૩૯) જેમ આ લોકમાં પૃથ્વી આદિ પંચભૂતાત્મક દેહવાળા મનુષ્યોના ભોગો પંચ ભૂતાત્મક છે તેમ તે બ્રહ્મપુરમાં ચૈતન્યમય દેહોવાળા તે મુક્ત સ્ત્રી-પુરુષોના ભોગો ચૈતન્યરૂપવાળા છે. (૪૦) આ ભોગો અને તેના ભોક્તા સર્વે ગુણાતીત, તેજોમય, અક્ષય, સત્, ચિત્ અને આનંદસ્વરૂપ, દિવ્ય તથા ઉપમાએ રહિત કહેલા છે. (૪૧) બ્રહ્મપુરધામના તે પુરુષો અને સ્ત્રીઓ દિવ્ય મૂર્તિવાળા, માયિક ઇન્દ્રિયો અને માયિક પ્રાણોથી રહિત તથા દિવ્ય વસ્ત્રાલંકારવાળા છે. (૪૨) તે ધામમાં સ્ત્રીપુરુષોને સાક્ષાત્ શ્રીકૃષ્ણ પરમાત્મા થકી જ સુખની ઇચ્છા છે, અન્ય કોઈ વસ્તુથી સુખની ઇચ્છા નથી. તે શ્રીકૃષ્ણ પોતાના સર્વ ભક્તજનોને સર્વ કાળે સરખું જ સુખ આપે છે. (૪૩) સચ્ચિદાનંદ રૂપવાળા સૌનું શરીર સૌંદર્ય, સંપત્તિ, ઐશ્વર્ય, નિવાસસ્થાન, ભોગ્ય વસ્તુઓ, સુખો અને આનંદો સમાન છે. (૪૪) તે ધામમાં ભોગાદિની અધિકતા અને ન્યૂનતામાં કારણ તો ત્યાં રહેલા ભોગોને ભોગવનારાં મુક્તજનોની એક કેવળ ઇચ્છા જ સર્વ પ્રકારે છે; અન્ય કોઈ પણ હેતુ કદાપિ નથી. (૪૫) જેમ કોઈ સમૃદ્ધિવાળો રાજા પોતાની ઇચ્છાથી જ ભોગોને ભોગવે છે અથવા નથી ભોગવતો તેમ તે મુક્તજનો પણ સ્વેચ્છાથી જ ભોગોને ભોગવે છે કે નથી ભોગવતા. (૪૬) બ્રહ્મધામમાં રહેલા સ્ત્રીપુરુષોને પરસ્પર કામવાસના નથી. બ્રહ્મપુરના મુક્તોના એક એક રોમનું તેજ પણ કરોડો સૂર્યસમાન છે. (૪૭) તેવા પ્રકારનું સકલ મુક્તોના અંગના તેજથી પણ બ્રહ્મપુર ધામના એક અલ્પ પ્રદેશમાં રહેલું મહાતેજ અધિક છે એમ તમો જાણો. (૪૮) તેવા પ્રકારના મહાતેજ યુક્ત બ્રહ્મપુર ધામનું પણ સમગ્ર મહાતેજ છે તેવું તેજ તો શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળની એક આંગળીના નખનું વર્તે છે. (૪૯) તે બ્રહ્મપુર ધામમાં શ્યામસુંદર ઘનશ્યામ દ્વિભુજ પ્રભુ શ્રીકૃષ્ણ શોભે છે છતાં પણ પોતાના શરીરનું અત્યંત તેજ તેના સમૂહથી વ્યાપ્ત હોવાથી તે પ્રભુ શ્વેતદર્શનવાળા વર્તે છે. (૫૦) દિવ્ય વિગ્રહવાળા શ્રીદામા-નંદ વગેરે પાષદોએ શ્વેત છત્ર અને ચામર વડે આદરપૂર્વક સેવન કરાતા; (૫૧) અનેક બ્રહ્માંડોના અધિપતિ શિવ, બ્રહ્મા વગેરે તથા બીજા મુક્તોએ ચંદન, પુષ્પ, વસ્ત્રાદિથી પૂજાયેલા; (૫૨) ભક્તિએ સહિત ધર્મ તથા ઐશ્વર્યો અને વેદોથી સ્તુતિ કરાતા અનેક કોટિ બ્રહ્માંડોના

રાજાધિરાજ કહેતાં ચક્રવર્તીની શોભાવાળા ભગવાન પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સદા વિરાજમાન છે. (૫૩) તે ભગવાન પોતાના ભક્તોમાં જે ભક્તો જેવા પ્રકારની પોતાની મૂર્તિને જોવાની ઈચ્છા હોય તે ભક્તોને તેવા પ્રકારનું પોતાનું દર્શન આપ છે. (૫૪) તે બૃહદ બ્રહ્મધામમાં કેટલાક ભક્તો શ્રીકૃષ્ણને ચતુર્ભુજ જુએ છે, કેટલાક આઠ ભુજાવાળા જુએ છે તથા કેટલાક હજાર બાહુવાળા જુએ છે. (૫૫) હે જનો ! શ્રીકૃષ્ણનું આ પરમ ધામ મનવાણીથી પર છે અને (પાપી જનો માટે) અગમ્ય છે અને નિરંતર આનંદ રસરૂપ અને સત્યાનંદ રસરૂપ વર્તે છે. (૫૬) તે ભગવાનના રામકૃષ્ણાદિક અવતારોની ઉપાસના વડે શ્રીકૃષ્ણના અનુગ્રહથી ભાગવત ધર્મમાં રહેલા ભક્તજનોએ તે ધામ પ્રાપ્ત કરાય છે. (૫૭) હે જનો ! આ પ્રકારે આ બ્રહ્મપુર પરમ ગુહ્ય હોવા છતાં પણ તમારી પ્રીતિને વશ થઈને અત્યારે તમારી આગળ સંક્ષેપથી વર્ણન કર્યું. (૫૮) હે ભક્તો ! આ રહસ્ય ભગવદ્ વિમુખ, અવૈષ્ણવ, ધૂર્ત, નાસ્તિક જનને તમોએ ક્યારેય પણ ન કહેવું. (૫૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે પરમ દયાળુ શ્રીહરિએ સભામાં પોતાના ભક્તોને કહ્યું, આ બ્રહ્મપુરનું મહાત્મ્ય સાંભળીને મુનિઓની સાથે સમગ્ર ભક્તજનો અત્યંત આનંદ પામીને શ્રીહરિની વંદના કરવા લાગ્યા. (૬૦) હે રાજન્ ! આનંદયુક્ત ચિત્તવાળા તે સર્વજનો નારાયણમુનિને જ ભગવાન શ્રીકૃષ્ણ જાણતા થકા, તે બ્રહ્મપુર આ નારાયણમુનિનું ધામ છે એમ નિશ્ચય કરી દેહના અંતે બ્રહ્મપુરધામ જ પોતાને પ્રાપ્ય છે એમ જાણતા હતા. (૬૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં બ્રહ્મપુરધામ વર્ણનનામે એકતાલીસમો અધ્યાય થયો. ॥૪૧॥

●

## અધ્યાય-૪૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યારપછી ભગવાને આજ્ઞા આપેલા સમગ્ર ભક્તજનો પ્રભુને પ્રણામ કરીને પોતપોતાને ઉતારે ગયા. ભગવાન પણ નિજમંદિરે પધાર્યા. (૧) તે સર્વજનો સ્વદેશો પ્રત્યે જવા ઉત્સાહવાળા નથી છતાં પણ ભગવાન શ્રીહરિની આજ્ઞાપરાયણ થકા રાત્રિમાં ભાતુ વગેરે તૈયાર કરાવવા લાગ્યા. (૨) અને તે ભક્તજનો શ્રીહરિની પ્રસાદભૂત સાકર વગેરે વસ્તુઓને નાની કોથળીઓમાં ભરીને દૂર દેશ લઈ જવા માટે તેનાં મુખોને સીવી લેતા હતા. (૩) વસ્ત્રો, પાત્રો, માર્ગમાં ખાવાનું ભાતું વગેરે કોથળાઓમાં ભરીને, વાહનોને જોડાવી પ્રભાતે પ્રયાણ માટે તૈયાર થઈ ગયા. (૪) અને મુનિજનો પણ સ્નાનાદિ પ્રાતઃકર્મ આટોપીને, તુંબડીઓને દોરીઓ બાંધીને ખભાઓ ઉપર પુસ્તકો લબડાવેલા એવા તત્પર થઈ ગયા. (૫) પ્રયાણ સમયે ભગવાનના દર્શનની ઉત્કંઠાથી દાદાખાચરના ભવનના આંગણામાં આવીને ઊભા રહ્યા. અન્ય બ્રહ્મણાદિ હરિભક્તો પણ પોતાના ખભા ઉપર વાંસની લાકડીઓ મૂકીને ત્યાં આવીને ઊભા રહ્યા. (૬) જેમને ભક્તો પ્રિય છે એવા ભગવાન નારાયણમુનિ પણ ભક્તાદિ સર્વને દર્શન આપવાની ઈચ્છાથી ઘોડા પર

બિરાજમાન થઈ દુર્ગપુરથી બહાર નીકળ્યા. (૭) 'જનોની ભારે ભીડ થઈ જશે' એવા ભય થકી બહાર નીકળેલા તે આ ભગવાનની પાછળ સર્વે હરિજનો, મુનિજનો તથા પાર્ષદો ચાલી નીકળ્યા. (૮) નગરથી બહાર નીકળેલા પ્રભુ શ્રીહરિ ગઢપુરથી અર્ધો કોશ દૂર રહેલી ઉત્તમ રાજાની વાવ (રાધાવાવ)ને પામીને સમગ્ર ભક્તોને આનંદ આપવા ઘોડા ઉપર બેસીને જ રસ્તાની બાજુમાં ઊભા રહ્યા. (૯) પછી તે વાવ પાસે આવીને મુનિસમૂહો, ઘણા જનસંઘો અને સ્ત્રીસમૂહો ત્યાં તત્કાળ આવીને શ્રીહરિને વંદના કરવા લાગ્યા. (૧૦) હે ભગવન્ ! તમો અમારા નગરમાં મુનિજનોને મોકલો અને અમોને ફરી તમારું દર્શન જલદી થાઓ.'-આ પ્રમાણે જનોએ શ્રીહરિને પ્રાર્થના કરી. (૧૧) ત્યારબાદ શ્રીહરિની આજ્ઞાથી નાના દેશો પ્રત્યે જશે એવા મુનિજનો બે હાથ જોડીને પ્રીતિપૂર્વક શ્રીહરિને પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા. (૧૨)

**મુનિઓ સ્તુતિ કરે છે :**

હે સ્વામિન્ ! તમો વેદમાં કહેલા પરમેશ્વર છો. વેદમાં કહેલા પરબ્રહ્મ આપ જ છો. સર્ગારંભમાં પુરુષાવતાર ધારણ કરી બ્રહ્મા, મરીચિ આદિ ક્રમથી સ્થાવર જંગમાત્મક આ અખિલ વિશ્વને સ્વસામર્થ્યથી તમો જ સરજો છો. તે વિશ્વનું રક્ષણ કરવા માટે સ્વતંત્રપણે મત્સ્ય, કચ્છ, વારાહ વગેરે અવતારોને ધારણ કરો છો. (૧૩) હે વિભો ! ધર્મવત્સલ તમો યુગે યુગે અવતાર ધારણ કરીને દેવો, સાધુજનો અને ધર્મનું ચારે બાજુથી રક્ષણ કરવા માટે ધર્માદિનો દ્રોહ કરનારા દૈત્યોનો નાશ કરો છો. તે અવતારરૂપ સમસ્ત દિવ્ય મૂર્તિઓ તમારા દિવ્ય ઐશ્વર્યે સંપન્ન છે; અને સુદર્શનાદિ આયુધોથી બતાવ્યું છે અતિશય તેજ જેમણે એવી તથા પોતાના પ્રતાપથી પ્રસિદ્ધ એવી છે. (૧૪) હે ભગવન્ ! હે કમલનયન ! તમારી આ અમારા નેત્રના વિષયવાળી મૂર્તિ તો આ લોકમાં વર્તતા મનુષ્યોના માયાના સ્વરૂપવાળા અજ્ઞાનની નિવૃત્તિ માટે પ્રાદુર્ભાવ પામી છે; જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાઓથી રહિત દિવ્ય છે. પરમહંસ સંબંધી ભાગવતધર્મને ધારણ કરનારી, જેના ધ્યાનથી સ્વાશ્રિત જનો નિરંતર બ્રહ્મસ્વરૂપની સ્થિતિ પામે છે તેવો, માયાના કાર્યરૂપ નિદ્રાથી રહિત, સંસારના પાશ મુકાવનારી તમારી મૂર્તિ સર્વ અવતારો થકી અતિશય સર્વોપરી વર્તે છે. (૧૫) હે ભગવન્ ! શ્રદ્ધા, શાંતિ, અતિક્ષમા, નિપુણતા, લજ્જા, તિતિક્ષા, દયા, તુષ્ટિ (સંતોષ), મૈત્રી, અભય, શમ, દમ, તપ, વિદ્યા, નીતિ, સદાચાર, વૈરાગ્ય, ઉપરતિ, વિવેક, વિનય, અષ્ટાંગયોગ અને સ્મૃતિ આ બધાં ઐશ્વર્યો આ મૂર્તિમાં રહેલા હોવાથી સર્વોપરી વર્તે છે. (૧૬) હે ભગવન્ ! તમારા વિના બીજા કોઈથી પણ સાધ્ય કરવા માટે અશક્ય એવું નિષ્કામપણું, નિઃસ્વાદીપણું, નિર્લોભપણું, નિર્માનપણું, નિસ્નેહપણું, મદરહિતપણું, વિજ્ઞાને સહિત ગાન-ઈત્યાદિ શક્તિઓ આ તમારી પ્રત્યક્ષ મૂર્તિ વડે પ્રગટ કરેલી છે; કોઈ બીજા અવતારે પ્રગટ કરેલી નથી માટે આ મૂર્તિ તો દેવોત્તમ જે અક્ષરમુક્તાદિ અથવા બ્રહ્માદિ તેમણે પણ સેવન કરવા યોગ્ય છે. (૧૭) હે ભગવન્ ! આ પૃથ્વીમાં પોતાના પાપકર્મના ફળસ્વરૂપે ઉત્પન્ન થયેલા અધર્મસર્ગથી થયેલા લોભ, કામાદિરૂપથી અત્યન્ત વશપણાને પમાડેલા જે મનુષ્યો છે તે દૈત્યોના અવતારો જે વેદવિરુદ્ધ આચારવાળા ગુરુઓના સંબંધીઓએ પોતાની બુદ્ધિથી રચેલા વિતંડાવાદના સમૂહોવાળા

શાસ્ત્રોના શ્રવણથી પૃથ્વીમાં વારંવાર વિભ્રાંત બુદ્ધિવાળા તે પુરુષોને દુઃખથી પણ અનિવાર્ય એવા અધર્મસર્ગથી તે નરોને છોડાવવા તમારા વિના બીજો કોણ સમર્થ છે ? કોઈપણ નહિ. (૧૮) હે ભગવન્ ! દંભ, માયા, કલિ, હિંસા, ક્રોધ, દુષ્ટવચન, મૃત્યુ, શઠતા વ્યામોહ વગેરે મુખ્ય જેમાં છે એવા અધર્મવંશથી પોતાના ભક્તજનોનું તમો નિરંતર રક્ષણ કરો છો. અવિદ્યાનાં કાર્યોથી અને તામિસ્ર મુખ્ય એવા પંચકથી (તામિસ્ર) અંધતામિસ્ર, તમ, મોહ અને મહામોહ) પોતાનાં જનોનું પાલન કરતાં તમોએ કાલબળથી નષ્ટપ્રાયઃ થયેલો પારમહંસ્યધર્મને પોતાના પ્રતાપથી પૃથ્વી ઉપર વિસ્તાર કર્યો છે. (૧૯) પૃથુરાજાના યજ્ઞોનો દ્વેષ કરનારા ઈન્દ્રે પ્રથમ ગ્રહણ કરેલા પાખંડવેષો લોકોને ઠગવા માટે ધારણ કરેલા, ધનના લોભવાળા શૌચાદિ નિયમથી રહિત રસના અને શિશ્ન સંબંધી ભોગોમાં આસક્ત, અને કુતર્કની યુક્તિઓથી ખંડન કરાયેલ શાસ્ત્રના અર્થો પોતાના શિષ્યોને ઉપદેશ કરતા આ લોકમાં જે અસુર ગુરુઓ છે તે, જેમ સૂર્યપ્રભાથી અંધકાર નાશ પામે તેમ, નાશ પામે છે. (૨૦) અને હે પ્રભો ! આ લોકમાં સર્વે પુરુષો અને સ્ત્રીઓ કલિયુગ અને કામથી પીડા પામેલા માટે જ વાનરોની સમાનતાને પામ્યા થકા શરમ વગરના છે. બ્રહ્માને પણ ભક્ષણ કરવા માટે દોડતા યક્ષો જેમ તેમ હાલમાં ઘણું કરી પુરુષો છે. બલ નામના દૈત્યના મુખથી ઉત્પન્ન થયેલ ત્રણ પ્રકારની સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી જેવી હાલની સ્ત્રીઓ છે. (૨૧) હે દયાના સાગર ! માટે આ પ્રકારનાં પૂર્વે કહેલા નરનારીજનો પ્રથમ કહેલા પોતાના સમાન સ્વભાવ અને આચરણવાળા પાપબુદ્ધિવાળા ગુરુઓને સેવે છે અને તે ગુરુઓ પ્રાયઃ શિષ્યપરંપરાને અનુસરે છે. આ ગુરુઓ તો બ્રહ્માના જંઘનમાંથી ઉત્પન્ન થયેલા અસુરો બ્રહ્માની પાછળ મૈથુન કરવા દોડ્યા હતા તે પ્રકારે આ ગુરુઓ મૈથુન માટે પોતાના શિષ્યો પ્રત્યે દોડાદોડી કરે છે. આવા ગુરુશિષ્યની શુભગતિ કેમ થાય ? - ન જ થાય. આવા અતિ દુષ્ટ સ્ત્રીઓ અને પુરુષોને તમો જ કૃપા કરી દુરાચારની પ્રવૃત્તિમાં કારણભૂત કલિકામાદિક થકી રક્ષણ કરવા સમર્થ છો. (૨૨) આ પ્રમાણે દુર્ગતિને પામેલા, નષ્ટપ્રાયઃ બુદ્ધિવાળા, આસુરી સંપત્તિવાળા તે જનોને સંસારકષ્ટથી તમો રક્ષણ કરવા માટે તમો પોતાના પ્રતાપને અતિશય પ્રગટ કરો. "તમો પણ સમર્થ છો તો તેમનું રક્ષણ તમે કરો" એવું જો આપ અમને કહેતા હો તો હે પ્રભો ! પૃથ્વીમાં દૈવી સંપત્તિવાળા જનોને તમારી ભક્તિના આચરણના ઉપદેશપરાયણ સાધુઓ તમારા પરમ ધામને તત્કાળ પમાડીએ છીએ પરંતુ દુર્ગતિને પામેલાઓના રક્ષણ કરવામાં અમો શક્તિમાન નથી માટે તેમ જ તેઓનું રક્ષણ કરો. (૨૩) હે વિભો ! તમો યુક્તિએ સહિત વેદાદિ સચ્છાસ્ત્રોનાં વાક્યો થકી તે જનોને સન્માર્ગમાં ઉપદેશ આપતા થકા તે જનોના મનમાં ઈચ્છેલા દેવોને અંતર્યામીપણે જાણીને તે તે દેવની મૂર્તિ ધારણ કરી પોતાના ઐશ્વર્ય વડે પોતાની મૂર્તિમાં તેમનાં મનોને આકર્ષણ કરતા અને સમાધિમાં તેમના હૃદયમાં આવિર્ભૂત થાઓ : આ પ્રમાણે આપ તેમના હૃદયગામી થઈને તેમનો ઉદ્ધાર કરો. (૨૪) હે સ્વામિન્ ! તમારી મૂર્તિમાં દુર્ગતિવાળા જનોને પણ મનનું નિયમન તત્કાલ થાય એ તમારું અતિશય અને અસાધારણ ઐશ્વર્ય કહેલું છે. તમારાં આશ્રિત દુષ્ટ જનોનાં અંતઃકરણોથી નાશ પમાડ્યા છે કામ, ક્રોધાદિ અંતઃશત્રુ મુખ્ય જેમાં છે એવા દૈત્યોએ તમારું યશ

દિતિના હિરણ્યકશ્યપુ વગેરે પુત્રોના નાશ કરવાથી પણ અત્યન્ત પ્રસિદ્ધિ પામશે. (૨૫) હે ભગવન્ ! દિશાઓના ઈશ્વરો ચંદ્ર અને સૂર્ય મુખ્ય જેમાં છે એવા લોકપાળાદિના રૂપોથી યજ્ઞોમાં હવિષ્યાન્ન ભાગને અપહરણ કરનારા હિરણ્યકશ્યુપ્રમુખ મહાબલવાન અસુરો અને દૈત્યો તેમણે કામ ક્રોધાદિ અંતઃશત્રુઓથી અત્યન્ત પીડા પામ્યા સતા પોતાના મનને વશ કરવા સમર્થ થયા નહિ તે અંતઃશત્રુઓ કામાદિને નાશ કરતા તમો ઈશ્વરોના પણ ઈશ્વર પરમેશ્વર છો. (૨૬) અતિશય બલવાન એવા કામાદિ શત્રુઓ કંઈપણ તમારો પરાભવ કરવા સમર્થ થતા નથી. તમારાં ચરણના ઉપાસક જનોને પણ પરાભવ પમાડવા માટે તે સમર્થ થતા નથી તો પછી સાક્ષાત્ પ્રત્યક્ષ પરાત્પર (અક્ષરથી પર) ભગવાન એવા તમારી આગળ તો કામાદિક અતિ તુચ્છ છે. (૨૭) તમોએ પૂર્વે નૃસિંહાદિ રૂપ અવતારોથી જે હિરણ્યકશ્યપુ વગેરે દૈત્યોનો નાશ કર્યો હતો તે દૈત્યો વેદ અને સર્વ લોકમાં દેવના શત્રુ તરીકે ખ્યાતિને પામેલા છે અને આ કામ ક્રોધાદિરૂપ દૈત્યો તો અપરિમિત બ્રહ્માંડોની કોટિઓમાં ભમતા જીવો અને ઈશ્વરોના શત્રુરૂપે ખ્યાતિને પામેલા છે આવાં કામાદિનો નાશ કરનારા તમો સર્વ અવતારોના અવતારી હોવાથી આપ સર્વોપરી વિરાજો છો. (૨૮) હે પ્રભો ! જે જનો આ લોકમાં સંસાર બંધનથી મુક્તિ માટે તમારું ધ્યાન ધરવા પ્રયત્ન કરે છે તે જનોને પણ આ કામાદિરૂપ દૈત્યો મુક્તિમાં બાધા કરનારા છે એ નિશ્ચત વાત છે. આથી કામાદિરૂપ શત્રુઓ થકી તમારા આશ્રિતોનું રક્ષણ કરો. પૂર્વે હિરણ્યકશ્યપુ વગેરેનું હનન તમોએ કર્યું હતું તેના કરતાં પણ અંતઃશત્રુ કામાદિના નાશરૂપ તમારું ઐશ્વર્ય પૃથ્વીમાં જે લોકો મહાન સમજે છે તે જનો જ સૂક્ષ્મ બુદ્ધિવાળા છે. સ્થૂળ બુદ્ધિવાળા આ અધિક ઐશ્વર્યને જાણતા નથી. (૨૯) જે જે દેવો, દૈત્યો કે મનુષ્યો અને તેમાં પણ ઋષિઓ અને દેવાદિની સ્ત્રીઓ પણ પૂર્વે અતિ મોટી પદવીને પ્રાપ્ત કરીને કામ, મત્સર, ક્રોધ, માન અને લોભ વડે તે તે મોટા સ્થાનથી ભ્રષ્ટ થઈ ગયેલાં છે, આથી કામાદિ રૂપ શત્રુઓ થકી જનસમુદાયનું રક્ષણ કરવા તમો જ યોગ્ય છો. (૩૦) કોશલ દેશમાં ઉત્પન્ન થયેલા દેવશર્મા (શ્રીહરિના પિતા) વિપ્ર પોતાના સંબંધીજનો સહિત ધન્ય છે તથા માતા પ્રેમવતી પણ ધન્ય છે કે જેના થકી સ્વયં નારાયણ તમો પ્રગટ થયા છો અને આપના ચરણકમળના દર્શનને લીધે કળિયુગમાં ઉત્પન્ન થયેલા અમો મુનિઓ (તથા હરિજનો) ધન્યભાગી થયા છીએ. મહાવર્ણી એવા ભગવાન શ્રીહરિ નામવાળા શ્રી નારાયણમુનિને અમો મુનિઓ નમસ્કાર કરીએ છીએ. (૩૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પૃથ્વીપતે ! આ પ્રકારે મુનિગણોએ શ્રીહરિની સ્તુતિ કરી તે પ્રભુની વંદના કરતા હતા. શ્રીહરિએ પણ તત્કાળ જ મુનિગણોની પ્રશંસા કરી જનકલ્યાણાર્થે પૃથ્વી ઉપર વિચરણ કરવા મુનિજનોને આજ્ઞા આપી. (૩૨) પછી ઈશ્વરમૂર્તિ શ્રીહરિ સર્વ ભક્તજનોને યથાર્થ માન-આદર કરીને આંખમાં આંસુ ભરેલા સર્વ ભક્તજનોને તમો જાઓ એમ આજ્ઞા આપી ત્યાંથી પોતે પાછા વળ્યા. (૩૩) પછી ભગવાન નારાયણમુનિ વેગનું વિશેષ સામર્થ્ય ભણવા માટે જ શું ? એમ શિષ્યભાવ સ્વીકારીને ઘોડાની ખરીથી ઊડેલી ધૂળના નિમિત્તે આવેલા અણુ પરિમાણથી મનુષ્યોનાં

મનો વડે કરી સારી રીતે ઉપાસના કરાતા છે ચરણો જેમના (જેમ શિષ્યો ગુરુચરણોને સેવે છે તેમ રજ:કણો અશ્વચરણોને સેવે છે) એવા સોનેરી વર્ણવાળા અશ્વને પોતાના ચરણસ્પર્શ વડે દોડાવતા થકા પોતાના ભક્તોએ કીર્તન કરાતી છે કીર્તિ જેમની એવા તત્ક્ષણ જ દુર્ગપુરને પામી ગયા. (૩૪) પોતાના ભક્તોના મનને હરનારા શ્રીહરિ પોતાના અશ્વની આસ્કંદિત, ધૌરિત, રેચિત, વલ્ગિત અને પ્લુત આ પાંચ પ્રકારની ચાલોમાં રહેલું પ્રવીણપણું જોતા અને બીજા જનોને બતાવતા, અને પોતાના આશ્રિત જનોને આનંદ ઉપજાવતા થકા ફરીથી તત્કાલ જ રાધાવાવથી આગળ જતા મુનિઓને પોતાના દર્શન આપી રાજી કરતા પોતાના જનોના ચિત્તો પોતાની મૂર્તિમાં આકર્ષિત કરતા થકા ફરી પાછા દુર્ગપુર પધાર્યા. (૩૫) ત્યારબાદ સર્વ ભક્તજનો તો માર્ગમાં જેવા જોયા તેવા શ્રીહરિને ચિંતવનથી જોતા થકા પોતપોતાના દેશમાં ગયા. (૩૬) શ્રીહરિ દુર્ગપુરમાં ઉત્તમરાજાના ભવનને પામીને પોતાને બેસવાની વેદિકાની ચારે બાજુ હસતા સતા પોતાનો અશ્વ થોડો સમય ફેરવતા હતા. (૩૭) શ્રીહરિ મહાપ્રભુ જયા આદિક બાઈઓને આનંદ પમાડતા થકા પોતાના અશ્વ પાસે 'અર્ધપુલાયિત' નામની ગતિ કરાવતા હતા. (૩૮) હે રાજન્ ! ત્યારબાદ શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરે નિજમંદિરે પધારી આસન ઉપર સુખપૂર્વક બિરાજમાન થયા. (૩૯) પછી સ્થિર મન અને પ્રસન્ન મુખકમળવાળા સ્વામી શ્રીહરિ જયા અને લલિતાની પ્રશંસા કરતા સતા સોમાદિ પાર્ષદોને કહેવા લાગ્યા. (૪૦) મારા મનમાં જેવો ઉત્સવ કરવાનો વિચાર હતો તેવો જ આ ઉત્સવ થયો આથી મારા હૃદયમાં ખૂબ જ હર્ષ વર્તે છે. (૪૧) આ ઉત્સવમાં જરા પણ ખામી ન હતી, તે નિશ્ચય વાત છે. આવો મહોત્સવ તો મોટા રાજાઓથી પણ બની શકે નહિ. (૪૨) આ પૃથ્વી ઉપર જયાદિ સમાન મનુષ્યો નથી. જયા લલિતાના જેવાં એક જ છે અને લલિતા જયાનાં જેવાં એક જ છે. (૪૩) સ્વધર્માદિગુણોમાં ઉત્તમરાજા પોતાના પિતાથી પણ અતિ શ્રેષ્ઠ આત્મનિવેદી ભક્ત છે. ઉત્તમ રાજા સર્વોત્તમ હોવાથી ઉપમા રહિત છે. (૪૪)

**સુવ્રતમુનિ કહે છે :**

હે ભૂમિપાલ ! ઉદાર કર્મવાળા મહામુનિશ્વર શ્રીહરિ નારાયણમુનિએ આ પ્રમાણે પોતાના ભક્તજનોની પ્રશંસા કરે છે એટલામાં જ એકાંતિક ભક્ત અબળાઓ શ્રીહરિનું પૂજન કરવા આવી. (૪૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
પ્રબોધન્યુત્સવમાં દેશાન્તરગતભક્તસદ્ઘપ્રત્યેષણમાં મુનિસદ્ઘકૃતનારાયણસ્તુનિ
નિરૂપણનામે બેતાલીસમો અધ્યાય થયો. ॥૪૨॥

●

## અધ્યાય-૪૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! બ્રહ્મચર્યવ્રત પરાયણ જયા, લલિતા અને રમા હાથમાં પૂજનદ્રવ્યો ધારણ કરીને શ્રીહરિ નારાયણમુનિની સમીપે આવ્યાં. (૧) તે સમયે મુખ્ય એવી જયા આદિ ત્રણ સ્ત્રીઓની

પાછળ અમરીબાઈ વગેરે અન્ય સ્ત્રીઓ પણ પૂજનમાં ઉત્સાહવાળી થકી નારાયણ સમીપે આવી. (૨) સાંગોપાગ ઉત્સવ પૂર્ણ થવાથી જ સ્વસ્થ ચિત્તવાળી નિત્યવિધિ કરેલી જયા આદિ પવિત્ર બાઈઓ નારાયણમુનિની વંદના કરવા લાગી. (૩) ત્યારે મંદહાસ્યયુક્ત મુખારવિંદવાળા, સ્થિર મનવાળા, આસન ઉપર સમ્યક્પણે બિરાજમાન શ્રીહરિને જોઈને પૂજનના અવસરને જાણનારી તે સ્ત્રીઓ ભક્તિભાવથી પૂજન કરવા લાગી. (૪) કુંકુમ, અગરુચંદન, કેસર અને કસ્તૂરી આદિથી મિશ્રિત સુગંધીમાન ચંદન વડે અને ચોખા વડે તથા વિવિધ પુષ્પહારો, તોરાઓ, નાનાવિધ મૂલ્યવાન સૂક્ષ્મ વસ્ત્રો, રત્નજડિત અલંકારો તથા ધૂપ-દીપ, સાકરાદિ, ઉપહારો, કપૂરની આરતી તથા પુષ્પાંજલિ વડે પૂજા કરી જયા વગેરે સ્ત્રીઓ પ્રભુને નમસ્કાર કરી પોતપોતાનો ભાવ પ્રગટ કરતી સતી અલગ અલગ શ્રીહરિની સ્તુતિ કરવા લાગી. (૫-૭)

**જયા (જીવુબા) સ્તુતિ કરતાં બોલ્યા :**

હે શ્રીહરે ! કૃષ્ણ નામવાળા, સમગ્ર વિશ્વના જીવોના અંતર્યામી, અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણ, સમગ્ર અક્ષય સુખોની સ્થાનભૂત મૂર્તિ જેમની છે એવા શ્રી પુરુષોત્તમ ભગવાન તમોને હું નમસ્કાર કરું છું. (૮) અધોક્ષજ અને અક્ષરધામવાસી, પોતાના ભક્ત હૃદયમાં જેવી મૂર્તિનું દર્શન ઇચ્છે તેવી મૂર્તિ ધરનારા, અનેક માયા પુરુષોના ઈશ્વર, અને અખિલ દેહધારીઓના નિયામક એવા તમોને હું નમસ્કાર કરું છું. (૯) મન વગેરેથી ચિંતવન કરવા અશક્ય તેથી અચિન્ત્ય, આનંદપૂર્ણ, માયિકગુણે રહિત, અવિનાશી, સર્વોપરી પરમાત્મા શબ્દથી કહેલું જે પરબ્રહ્મ વેદાંતને જાણનારાઓ કહે છે તે જ પરબ્રહ્મ ભગવાન અમારા નેત્રના વિષયભૂત પ્રત્યક્ષ તમો જ છો. (૧૦) હે ભગવન્ ! તે તમો પોતાના આશ્રિત એવા અમોને સુખ આપવા અત્યારે આ લોકમાં અનન્યાશ્રિત એકાંતિક ભક્તોએ તપ, ધર્મ, વૈરાગ્ય અને જ્ઞાન વડે સર્વદા સેવન કરાતા એવા આપ મનુષ્યદેહનો આશ્રય કરીને રહેલા છો. (૧૧) હે વિભો ! તમોએ સ્વેચ્છાએ સ્વીકારેલી, દેવસમુદાયે વંદના કરાયેલી, આ મનુષ્ય મૂર્તિ વડે, અમોએ અર્પણ કરેલા પૂજાના ઉપહારો કૃપાથી સ્વીકાર કરનારા તમો મંગળકારી આવા એકાદશી ઉદ્યાપન આદિ મહોત્સવો વડે અમોને આનંદ પમાડો છો. (૧૨) હે પ્રભો ! તમારાં ચરિત્રોનું શ્રવણ, તમારા નામનું કીર્તન, તમારું સ્મરણ કહેતાં મૂર્તિનું ચિંતન, નમસ્કાર, તમારું પૂજન, તમારા ચરણોની સેવા, તમારી સાથે સખાપણું, તમારું દાસપણું તથા તમોને આત્માનું નિવેદન-આ પ્રકારે નવધા ભક્તિ કરનારાઓને સુખરૂપ બ્રહ્મધામ પમાડો છો. (૧૩) હે પ્રભો ! આ લોકમાં જે મનુષ્ય શ્રવણાદિ નવ પ્રકારની ભક્તિ પૈકી એક પણ ભક્તિનું લક્ષણ આ મૂર્તિમાં જો દૃઢ થાય તો તે મનુષ્ય કાર્યકારણાત્મક-પ્રકૃતિ પ્રાકૃતાત્મક તમરૂપી માયાસાગરને તત્કાળ તરી જાય છે. (૧૪) હે પ્રભો ! અમો અમારા હૃદયમાં જાણીએ છીએ કે જેને એક પણ ભક્તિનું લક્ષણ દૃઢ થયેલું છે તે મનુષ્ય આ ભૂતલ ઉપર કૃતાર્થ જ થયેલો છે-તેનો પાપસમૂહ ભસ્મીભૂત થયેલ છે, તે જીવતાં જ મુક્ત થયેલો છે તે નિશ્ચય વાત છે. (૧૫) હે ભગવન્ ! સ્વભક્તોના સંરક્ષણમાં તત્પર એવા તમારા અવતારો તથા કર્મો-ચરિત્રો અપરંપાર છે. સમગ્ર દુઃખોના નિવારણમાં એક મુખ્ય કારણ એવા પરમેશ્વર

એવા તમોને મારા નમસ્કાર હો. (૧૬) હે પ્રભો ! ભક્તોને સદૈવ સુખદાયક એવા તમો અમારી સંપત્તિઓનો જેટલો બને તેટલો સદ્વ્યય કરતા અને જ્યાંસુધી અમારા શરીરની સ્થિતિ રહે ત્યાંસુધી આ પુરમાં નિવાસ કરવા તમો યોગ્ય છો. (૧૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે ભક્તિભાવથી શ્રીહરિની સ્તુતિ કરી જયા વિરામ પામ્યાં. ત્યારબાદ રમા બન્ને હાથ જોડી શ્રીહરિને પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યાં. (૧૮)

**રમા સ્તુતિ કરતાં બોલ્યાં :**

હે સ્વામિન્ ! સંસારરૂપી વનમાં અગ્નિ સંતાપવાળા આત્માઓને સુખ આપનારાં, સાધુજનોએ નમસ્કાર કરાયેલાં તમારાં ચરણકમળોને હું શરીર, અંતઃકરણો, ઈન્દ્રિયો અને પ્રાણોથી નમસ્કાર કરું છું. અતિ વિશાળ આ સંસારમાં પોતે કરેલા કર્મોરૂપી પાશોથી દૃઢ બંધાયેલા મનુષ્યોને તેનાથી મુકાવવા માટે માયાના નિયંતા તમો સમર્થ છો. (૧૯) તમો માયા થકી પર અક્ષરથકી પણ પર છો. તમો ષડ્વિધ ઐશ્વર્યસંપન્ન અને અક્ષરમુક્તાદિ સર્વના ઈશ્વર અર્થાત્ નિયંતા શ્રીહરિ તમો જ પ્રકૃતિ પુરુષમાં પ્રવેશ કરી અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ વગેરે કરો છો. હે પરમેશ્વર ! હંમેશાં સ્વતંત્ર, અતિસમર્થ પ્રાણાદિ રૂપે સર્વ શારીરીઓમાં અંદર રહેલા સમગ્ર ઈન્દ્રિયો આદિના વ્યાપારો કરાવતા સતા પણ વાયુની પેઠે, તેમાં રહેલા દોષથી રહિત તમો માયાથી બંધાતા નથી. (૨૦) પોતાના આત્મીય સુખથી સદા સુખી એવા એક તમો જ છો. બીજા દેવો, દાનવો, મનુષ્યો તો સ્ત્રી, ધન, ઘર, પુત્ર, પશુ આદિ તુચ્છ પદાર્થો વડે જ સુખી છે. તમારાભક્તો તો સદા તમારાં દર્શન-ધ્યાનાદિ થકી સુખીયા છે અને શબ્દાદિ વિષયોને દુઃખરૂપ જાણે છે જે શબ્દાદિ વિષયો શ્રોત્રાદિ વડે આસ્વાદન કરાયા સતા જન્મ-મરણરૂપ સંસારને આપે છે. (૨૧) હે પ્રભો ! આ જગતમાં બ્રહ્માદિ જે શરીરધારીઓ તમારી કાલશક્તિથી જ નિયંત્રિત થકા સૃષ્ટિ સમયે તમોએ રચેલ પોતપોતાની આજીવિકાને આશ્રય કરીને જ વર્તે છે. નાથેલા બળદિયાઓ ખેડૂતને વશ વર્તે છે તેમ બ્રહ્માદિ શરીરધારીઓ જ્યાંસુધી પોતાના આયુષ્યનો ક્ષય થાય ત્યાંસુધી તમારે આધીનપણે રહે છે. (૨૨) હે ભગવન્ ! કાળ પણ તમોએ કરેલી મર્યાદાને ભયપૂર્વક પાલન કરતાં સતા પૃથ્વીમાં તથા સ્વર્ગમાં નાના પ્રકારની ઋતુઓના ગુણોને પ્રગટ કરે છે, વાયુ સર્વત્ર વાય છે, સૂર્ય આકાશમાં ભ્રમણ કરે છે, ઈન્દ્ર વર્ષા સમયે જલ વરસાવે છે, મૃત્યુ સર્વત્ર દોડધામ કરે છે અને અગ્નિ બાળે છે. આ પ્રમાણે તમોએ બાંધેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવા કોઈ પણ સમર્થ નથી. (૨૩) હે શ્રીહરે ! તમારી માયાએ રચેલાં સ્ત્રીઓ સુવર્ણાભૂષણ, વસ્ત્ર, ઘર, ગામ, નગર વગેરેનો પ્રસંગ પામતા સતા આપ ક્યારેય પણ આસક્ત થતા નથી; જેમ સમુદ્રમાં રહેલો વડવાનલ સમુદ્રના જળથી પરાભવ નહિ પામતો થકો જળોને પી-પીને વૃદ્ધિ પામે છે તેની પેઠે તમો આ સ્ત્રી આદિમાં તમો પણ પરાભવ પામતા નથી પરંતુ પ્રથમના કરતાં મહાપ્રતાપે મુક્ત વર્તો છો. (૨૪) હે ભગવન્ ! મેં તથા અન્ય મુક્તોએ શબ્દાદિ વિષયો ત્યાગ કરેલો છે. તમારામાં જ એક પ્રેમવૃદ્ધિની ઈચ્છાવાળા અમો ત્યાગેલા વિષયોથી બહુ પ્રકારે ભય પામીએ છીએ અને હે ઈશ્વર ! તમો તો વિષયોમાં રહેતા થકા પણ

સ્થાવર-જંગમમાં વ્યાપ્ત આકાશની માફક તેમાં બંધાતા કે લેપાતા નથી. હે પાપ હરનારા પ્રભો ! માયાના ગુણો વડે તમો સ્પર્શાતા પણ નથી. (૨૫) હે ભક્તપ્રિય શ્રીહરે ! માયાના ગુણોથી નિર્લેપપણું એ જ માનુષ્યમૂર્તિ એવા તમારું ઈશ્વરપણું છે. આ લોકમાં પ્રશસ્ત બુદ્ધિવાળા સત્પુરુષો તમારું આ નિયંત્તાપણું જાણે છે. હે શ્રીહરે ! મારું મન નિરંતર તમારામાં જ રહો : આ પ્રમાણે હું તમારી પ્રાર્થના કરું છું. તમો તમારી માયાના સત્ત્વાદિ ગુણોથી અમારું રક્ષણ કરવા સદા તમો જ યોગ્ય છો. (૨૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે રમા નારાયણમુનિની સ્નેહથી સ્તુતિ કરી મૌન રહ્યા. ત્યારપછી લલિતા બન્ને હાથ જોડી નારાયણમુનિ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યાં. (૨૭)

**લલિતા બોલ્યાં :**

હે વાસુદેવ ! હે પુરુષોત્તમ ! સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા અનેક જીવોને તારવા માટે નૌકારૂપ, વેદોના સમુદાયોએ વંદના કરવા યોગ્ય તમારાં ચરણારવિન્દમાં હું શરીર, વાણી અને મનથી ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૨૮) હે ભૂમન્ ! મૂળ પ્રકૃતિથી ભિન્ન હોવા છતાં તમો અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપી લીલા માટે ગ્રહણ કર્યાં છે બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપો જેમણે એવા વળી અપ્રાકૃત સત્ય શૌચાદિ ગુણસમુદાયોએ સેવેલાં છે ચરણકમળ જેમનાં એવા તમો સર્વોત્તમ અક્ષરધામમાં સદા બિરાજમાન છો જ. (૨૯) હે હરે ! તમો પ્રાકૃત નામના અંધકારથી પર રહેલા અક્ષરધામમાં મોટી સમૃદ્ધિઓથી ઉપાસના કરાયેલા છો અને નમ્ર એવી રાધા રમા આદિ શક્તિઓ વડે સમયે સમયે ભક્તિભાવથી સેવન કરાયેલ છે ચરણકમળ જેમનાં એવા તમો છો. (૩૦) હે ઈશ્વર ! પૂર્વે આ ભરતખંડમાં ધર્મદેવ થકી મૂર્તિ નામના ભાર્યામાં મનુષ્યોના કલ્યાણ માટે તમો નરનારાયણ રૂપ થયા હતા અને અત્યારે કોશલદેશમાં દુર્વાસાના શાપથી મનુષ્યપણાને પામેલાં તે મૂર્તિ અને ધર્મમાં શ્રી નીલકંઠ એવા નામવાળા પુત્રરૂપે પ્રગટ થયેલા છો. (૩૧) હે સર્વેશ્વર ! મનુષ્યભાવમાં પણ દિવ્યદેહવાળા તમો માયિક સત્ત્વાદિ ત્રણ ગુણોથી રહિત છો માટે નિર્ગુણ નામવાળા છો. પોતાના માતાપિતા, ભક્તિ અને ધર્મનું પોષણ કરતા થકા આ લોકમાં પોતાના આશ્રિત જીવોના આત્યંતિક મોક્ષને વિસ્તારો છો. (૩૨) હે ઈશ ! હે ભૂમન્ ! કલિકાળના બળથી નાશ પામેલો સનાતન ધર્મ સમગ્ર વર્ણાશ્રમવાળાં જનોમાં પ્રવર્તાવવા માટે ઉત્પન્ન થયેલા તમોને કેટલાક આ લોકમાં પાખંડી જનોએ ઉખેડી નાખેલો સનાતન પારમહંસ્ય ધર્મ તેને પ્રવર્તાવવા માટે પ્રગટ થયેલા તમોને કહે છે. (૩૩) હે પ્રભો ! પૃથુરાજાના યજ્ઞમાં ઈન્દ્રે યજ્ઞના ભંગ માટે ગ્રહણ કરીને ત્યાગ કરેલાં પાખંડોના ચિહ્નોવાળા અસુર ગુરુઓએ દુર્બળતાને પમાડેલો અને નિષ્પાપ ઉદ્ધવજીએ પ્રવર્તાવેલો ભાગવતધર્મને આ લોકમાં વૃદ્ધિ પમાડવા માટે તમો પ્રાદુર્ભાવ પામ્યા છો. આવી રીતે કેટલાક કહે છે. (૩૪) હે ભગવન્ ! ધર્મના શત્રુ અધર્મી ગુરુઓના આશ્રિત અસુર સમૂહોએ દુર્બળતાને પમાડેલી ધર્મે સહિત સ્વભક્તિને આ લોકમાં પોષણ આપવા પ્રગટ કરેલ છે બ્રાહ્મણોત્તમ સ્વરૂપ જેમણે આ પ્રકારે સ્વાશ્રિતજનોને સમગ્ર

પુરુષાર્થના આપનારા તમોને હું જાણું છું. (૩૫) હે નાથ ! જે જનો આ લોકમાં તમારા ગુણોને સાધુઓ થકી સાંભળે છે અને સાંભળેલા તમારા ગુણોનું ગાન કરે છે અને તે ગુણોને પોતાના હૃદયમાં સ્મરણ કરે છે અને તમારા ગુણોની પ્રશંસા કરે છે તે સર્વે જનો સંસારના બંધનથી મુક્ત થઈને તમારા ધામને પામે છે. (૩૬) આ લોકમાં જે જનો તમારી ભક્તિ અથવા તમારા આશ્રિત સાધુઓના સમાગમનો ત્યાગ કરી આત્મજ્ઞાન તત્ત્વથી પામવા માટે ઘણા શમદમાદિ નિયમોનાં આચરણોથી કલેશ પામે છે તે પુરુષો આ લોકમાં કુશકા ખાંડનારા પુરુષો જેમ તેમ એ નિયમોથી કલેશરૂપી ફળને પામે છે. (૩૭) અને જે પુરુષો વૈરાગ્ય, ધર્મ અને આત્મજ્ઞાનથી યુક્ત છે તે જ મુખ્ય તમારી ભક્તિમાં અધિકારી થાય છે એવું મેં તમારા સંતો દ્વારા સાંભળેલું છે. આવું તમારું માહાત્મ્ય હોવાથી શરીર, વાણી અને મનથી પોતાની શક્તિને અનુસારે તમારી જ સેવા કરું છું. (૩૮) હે સર્વેશ્વર ! હે પ્રભો ! આ લોકમાં અને પરલોકમાં જ્યાં જ્યાં મારો જન્મ થાય ત્યાં ત્યાં મને નિરંતર અનન્ય ભાવથી નિષ્કામ તમારી સેવા-ભક્તિ જ પ્રાપ્ત થાય એવું હું અતિ સ્નેહથી તમારી પાસે યાચના કરું છું. (૩૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રકારે લલિતા સુંદર પદોથી નિજપ્રભુ શ્રીહરિની સ્તુતિ કરી મૌન રહ્યાં પછી બીજી ભક્ત સ્ત્રીઓ શ્રીહરિની સ્તુતિ કરવા લાગી. (૪૦)

**અમરીબાઈ બોલ્યાં :**

હે ભગવન્ ! નમસ્કાર કરતી દેવાંગનાઓના લલાટનાં આભૂષણોમાં રહેલી હીરાઓની પંકિતઓની કાંતિઓથી શોભાયમાન નખરૂપી ચંદ્રમાઓનો પ્રકાશ જેમાં છે એવા દેવો અને સિદ્ધોના સમૂહોથી સેવવા યોગ્ય તથા વેદો અને સરસ્વતીએ સ્તુતિ કરાતા એવા તમારા ચરણકમળોને હું ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૪૧) હે ભગવન્ ! મારું ચિત્ત તમારા ચરણયુગલમાં નિત્ય સદા આસક્ત રહો. આ સંસારમાં સ્વજન અને ધન વગેરેમાં ક્યારેય પણ મારું ચિત્ત આસક્ત ન થાઓ. અને આ જન્મમાં તમારા ચરણસરોજમાં આસક્ત હૃદયવાળી સ્ત્રીઓ સાથે જ સદા સમાગમ રહો. (૪૨)

**અમલા બોલ્યાં :**

હે ભગવન્ ! તમો અલ્પ એવી પણ મારી સેવાને અતિ દયાળુ હોવાથી અધિક માનીને અતિશય અનુગ્રહ કરો છો જ. ભક્તોના ઇચ્છિત પુરુષાર્થોને આપવામાં ચતુર એવા તમોને હું મારા હૃદયમાં સદા ધારણ કરું છું. (૪૩) મારું ચિત્ત દેહને સુખ આપનારાં સ્વજનો અને ધનાદિ પદાર્થોના સંબંધનો ત્યાગ કરી સત્ય શૌચાદિ ગુણોથી સુશોભિત પ્રત્યક્ષ દેખાતા દયારૂપી ગુણવાળા અપાર મહિમાયુક્ત આપનામાં જ આસક્ત થાઓ અને તે ચિત્ત તમારામાં જ પૃથ્વીની માફક સ્થિર રહો. (૪૪)

**મેના બોલ્યાં :**

હે દયાળો ! તમારાં ચરણકમળના સ્પર્શથી ભાગીરથી ગંગા પોતાના મંદાકિની, ગંગા અને

ભોગવતી નામનાં રૂપો વડે સમગ્ર વિશ્વ તથા બ્રહ્મા, શિવાદિ દેવેશ્વરોને પણ પવિત્ર કરે છે. નમસ્કાર કરનારા જનોની પીડાને નાશ કરવાના સ્વભાવવાળાં તમારાં ચરણકમળને હું ભક્તિભાવથી નમસ્કાર કરું છું. (૪૫) હું ધન-ધામ વગેરેથી ચિત્તને ખેંચી અતિદૃઢ ભાવથી તમારા ચરણકમળને જ સેવું છું. તમારાથી અન્ય દેવાદિ ભોગસમુદાયને તમારાથી ઈચ્છતી નથી જ. આથી મને આ લોકમાં તમારાં ચરણકમળની સેવામાં જ નિરંતર રાખો. (૪૬)

**હવે સર્વ સ્ત્રીઓ સ્તુતિ કરે છે :**

હે સ્વામિનાથ ! સર્વ દેવોથી નમસ્કાર કરતું, અતિ મનોહર, સર્વ અવતાર સ્વરૂપોથી સુંદર, નાસિકા સમીપે રહેલ સુંદર તિલના ચિહ્નવાળું લલાટના ભૂષણભૂત તિલકના ચિહ્નવાળું, ચંચળ નેત્રોવાળું એવું આ તમારું સ્વરૂપ (મૂર્તિ) આ નગરમાં અમોને નિત્ય દર્શન આપવામાં જ રહો. (૪૭) કામને પણ પોતાના સ્વરૂપથી મોહ પમાડનારા, દર્શન કરનારાં જનોને સ્નેહથી પૂર્ણ કરનારા, અતિ કરુણાથી સર્વજનોનાં પ્રત્યક્ષ નયનગોચર ભક્તોમાં જ એક સંચારવાળું તથા પૃથ્વીમાં તમારી કરુણા વિના દુષ્પ્રાપ્ય એવું તમારું સ્વરૂપ અહીંયાં અમોને નિત્યદર્શન આપવામાં જ રહો. (૪૮) હે સ્વામિનાથ ! પોતાના ભક્તજનોએ પોતાના મનથી હંમેશાં દર્શનાદિ સુખપ્રાપ્તિ માટે ઈચ્છાયેલા, સર્વોપરી સુખ પમાડનારા, હૃદયમાં રહેલા અજ્ઞાનના અનાદિ અંધકારને નાશ કરનારા, અતિ ઉત્કૃષ્ટ મંગલસ્વરૂપ તમો સર્વદા અમારી દૃષ્ટિ સન્મુખ રહો. (૪૯) ભક્તજનોના હૃદયમાં રુચિ જગાડનારા, માયાના પાશ બંધાયેલા જીવોને છોડાવનારા, જેનાથી શોક નાશ પામ્યો છે એવા કર્ણ પર્યંત વિશાળ નેત્રોવાળા, જેમનાં કોમલ ઉજ્જ્વલ વસ્ત્રો છે એવા; મધુર વાણીવાળા, વિવિધ પુષ્પોના હારો, બાજુબંધ વગેરે આભૂષણોવાળા, જીત્યાં છે દૂષણો જેમણે એવા સ્વ-ભક્તજનોના શોકને હરનારા, મંદહાસ્યયુક્ત મુખારવિંદવાળા, હે સ્વામિનાથ ! નિત્ય અમારા દર્શન માટે રહો. (૫૦-૫૧) મોળિયા ઉપરનાં પુષ્પોના તોરાઓવાળા, કોમળ અંતઃકરણવાળા, દયાસહિત અવલોકનવાળા ભક્તોનાં દુઃખોને નાશ કરનારા, બ્રહ્માદિ દેવોએ પૂજેલા તમારાં શરીરના હે સ્વામિનાથ ! મને નિત્ય દર્શન આપો. (૫૨) દર્શક જનોને પરમ પાવન કરનારા, સકલ લોકનું રક્ષણ કરવાના સ્વભાવવાળા, ભવભયનું અપહરણ કરનારા, વાંકડિયા કેશ અને પુષ્પોના કુંડળ વડે શોભાયમાન, અષ્ટસિદ્ધ અને સમગ્ર સમૃદ્ધિએ સૂન્ન, યોગીઓને હર્ષપૂર્વક સદા સેવેલા ચરણકમળ જેમને છે એવા હે સ્વામિનાથ ! અમોને નિરંતર દર્શન આપો. (૫૩-૫૪) હે હરે ! આ દુર્ગપુર આપના નિવાસથી આ પૃથ્વી ઉપર સમગ્ર તીર્થાદિકથી અધિકપણે સર્વોત્કર્ષપણે વર્તે છે માટે તમારા આશ્રયવાળી મુક્તિ આ દુર્ગપુરમાં સર્વદા વસે છે, બીજે તો દુર્લભ છે. (૫૫) હે ભગવન્ ! નિરાકાર પ્રતિપાદક માયાવાદ અને નાસ્તિકાદિ કુત્સિત માર્ગરૂપ ભયંકર જંગલ થકી, ભયંકર યૌવનાવસ્થાથી, રસાસ્વાદરૂપ વૃશ્ચિકોથી, લોભરૂપ પારાધીથી અને રાજાઓ તથા શત્રુઓથી આવેલી અનેકવિધ આપત્તિઓથી તથા અત્યંત સમૃદ્ધિઓથી આપે અમારી સર્વદા રક્ષા કરેલી છે. (૫૬) હે મુનિપતે ! સમાધાન ન થાય એવા પ્રબળ સંશયો થકી, ધર્મભ્રષ્ટ દુર્જનોના આશ્રય થકી, મદરૂપી કાળાનાગથી, દુષ્ટ વિષયવાસના કામરૂપી અજગર થકી, અને માનરૂપી રાક્ષસ થકી

વારંવાર તમોએ સદુપદેશ આપીને મુકાવેલાં છે. (૫૭) હે યતિપતે ! તમે અમારું અશુભ વાસનાથી, ક્રોધરૂપ દાવાનળ અને જન્મમરણના ભયથી અને પાપરૂપ અનીતિથી અને સુરા-મદ્યરૂપ હલાહલ ઝેરથી અને માંસથી સર્વ પ્રકારે રક્ષણ કરેલું છે. કેમ કે તમારા આશ્રય પછી સર્વ પ્રકારનાં અધર્મથી મુક્તિ પામેલાં છીએ. (૫૮) હે ભગવન્ ! તમોએ કૃપા કરી શબ્દાદિ વિષયોરૂપ સાગરથી જે પ્રકારે બૂડવામાંથી તાર્યો છે તથા તમારા ચરણકમળમાં પ્રીતિ કરવામાં જે અંતરાયો હોય તેનાથી પણ અમારું નિરંતર રક્ષણ કરવા માટે આપ યોગ્ય છો. (૫૯) હે નાથ ! અમારું માનસ તમારા ચરણાવિંદ સિવાય અન્ય કોઈપણ વસ્તુમાં ગતિ ન કરી આ પ્રકારે અમો પોતાના જનો જેમને પ્રિય છે એવા સમગ્ર ઈશ્વરોના ઈશ્વર તમારી પાસે સદા પ્રાર્થના કરીએ છીએ. (૬૦) હે રાજન્ ! પોતાની ભક્તા સર્વ સ્ત્રીઓએ સ્તુતિ કરાયેલા ભક્તપતિ શ્રીહરિએ અતિ પ્રસન્ન થઈને જયાદિ સ્ત્રીઓને અભયદાન આપતા થકા બોલ્યા. (૬૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્ત બાઈઓ ! તમારાં સર્વના હૃદયમાં જે જે ઈચ્છા વર્તે છે તે તે સર્વ મનોરથ સંપૂર્ણ સફળ થશે. આમાં જરાપણ સંદેહ નથી. (૬૨) કારણ કે હે અબળાઓ ! યોગીઓએ પણ ત્યાગ કરવો અશક્ય એવો દેહ અને દેહના સંબંધીઓનો સ્નેહાનુબંધ મારા પ્રત્યેના પ્રેમથી તૃણની માફક ત્યાગ કરીને તમો મને ભજો છો. (આથી તમારા મનોરથો પૂર્ણ થવામાં સંશય નથી.) (૬૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરેશ ! ઉપર કહ્યાં ઈત્યાદિ સુમધુર પોતાના નાના પ્રકારનાં વચનોથી પોતાના જનોને પ્રસન્ન કરતા મુનિપતિ શ્રીહરિને નમસ્કાર કરીને નિષ્પાપ અને શ્રીહરિના સ્વરૂપમાં એકચિત્તવાળી તે વનિતાઓ તે સમયે પ્રશ્ન પૂછવા લાગી. (૬૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં દુર્ગપુરસ્થજયાદિયોષિન્મણ્ડલકૃત ભગવત્સ્તુતિ નિરૂપણનામે તેતાલીસમો અધ્યાય થયો. ॥૪૩॥

●

## અધ્યાય-૪૪

**જયા આદિ સ્ત્રીઓ પૂછે છે :**

હે નારાયણમુને ! હે સ્વામિન્ ! હે ભક્તવત્સલ ! હે સત્પતે ! અમો તમોને થોડુંક પૂછીએ છીએ. હે પ્રભો ! તમો કૃપા કરી સાંભળો. (૧) તમોને પ્રસન્ન કરવા શાસ્ત્રોમાં દાન, યજ્ઞ, તપ, યોગ, જપ, વેદાધ્યયન અને વ્રતો વગેરે બહુ બહુ ઉપાયો કહેલાં છે. (૨) હે સ્વામિન્ ! તે અનેકવિધ ગુણોમાં ક્યો ગુણ મુખ્ય છે ? જે મુખ્ય ગુણના સેવનથી વરપ્રદાતા તમો પોતાના ભક્તોને અત્યંત પ્રસન્ન થાઓ. (૩) સંપાદન કરેલા કોઈ એક ગુણથી અન્ય સર્વે ગુણો આવી જાય અને જે ગુણ સંપાદન નહિ કરવાથી અન્ય સર્વ ગુણો ચાલ્યા જાય કહેતાં નિરુપયોગી બને. (૪) હે વાસુદેવ! તમારા ઉપાસક અમો સર્વે તમોને અતિ પ્રસન્ન કરનારો ગુણ જાણવા ઈચ્છીએ છીએ આથી તમો સુનિશ્ચિતપણે કહેવાને યોગ્ય છો. (૫)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

જેવો હું ભક્તિ (સ્નેહપૂર્વક સેવન)થી પ્રસન્ન થાઉં છું તેવો અન્ય સાધનોથી સંતુષ્ટ થતો નથી આમ તમો નિશ્ચય જાણો. (૬) સારી રીતે કરેલાં દાન, યજ્ઞ, તપ, યોગ, જપ, છંદ, વ્રત વગેરે વડે હું પ્રસન્ન થાઉં છું પરંતુ જેવો ભક્તિ વડે પ્રસન્ન થાઉં છું તેવો અન્ય સાધનો વડે પ્રસન્ન થતો નથી. (૭) બ્રાહ્મણત્વ કે દેવત્વ મારી પ્રીતિનું કારણ નથી, ઉત્કૃષ્ટ જન્મ કે બીજું કંઈ પણ મારી પ્રીતિનું કારણ નથી પરંતુ એક ભકિત જ સર્વથા મારી પ્રસન્નતાનું કારણ છે. (૮) હે મહાવ્રતવાળી સ્ત્રીઓ ! માહાત્મ્યજ્ઞાનપૂર્વક પ્રીતિથી શ્રીહરિનું સેવન એ જ ઉદ્ધવસંપ્રદાયમાં ભક્તિ કહેલી છે. (૯) શ્રીહરિ મનુષ્યાકૃતિ થકા પણ સકલ ઐશ્વર્યસંપન્ન અને દિવ્ય મૂર્તિ જ છે તથા અક્ષર થકી પણ પર છે આ પ્રમાણે શ્રીહરિનું માહાત્મ્ય જાણવું. (૧૦) આ પ્રકારે માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભક્તિ રૂપ ગુણ પ્રાપ્ત થવાથી અન્ય સર્વ ગુણો પ્રાપ્ત થાય છે અને તેવો ભક્તિ ગુણ પ્રાપ્ત નહિ થવાથી અન્યગુણો હોય તે પણ નષ્ટ થાય છે. (૧૧) અને કરવામાં આવતી ભક્તિ પણ પૂર્વોક્ત માહાત્મ્યજ્ઞાન વિના વૃદ્ધિ પામતી નથી અને શમ, દમાદિ ગુણો પણ તે પુરુષમાં આવતા નથી. (૧૨) જેવી રીતે જન્મથી ક્ષયરોગવાળી નારી તરુણાવસ્થામાં જ નાશ પામે છે તેવી રીતે માહાત્મ્ય જ્ઞાન વિનાની ભક્તિ આરંભકાળમાં વૃદ્ધિ પામતી દેખાવી હોવા છતાં છેવટે નિર્બળ થકી નાશ પામે છે. (૧૩) અને ભક્તિ ક્ષીણ થવાની પૂર્વે સંપાદન કરેલા શમદમાદિ ગુણો પણ બલપૂર્વક રક્ષા કરાયા સતા પણ નાશ પામી જાય છે તેમાં સંશય નથી. (૧૪) અને તે ભક્તિ જો માહાત્મ્ય જ્ઞાન પૂર્વક કરાય તો અત્યંત બળવાળી થકી પ્રતિક્ષણ દાવાનળની જ્વાલાઓની પેઠે વૃદ્ધિ પામે છે. (૧૫) તપ જેમાં મુખ્ય છે એવા નિયમો, બ્રહ્મચર્યાદિ યમો અને શમ,દમ વગેરે-આ બધાને પંડિતજનોએ ગુણો કહેલા છે. (૧૬) આ બધા ગુણો પૈકી એક પણ ગુણ માહાત્મ્યજ્ઞાન રહિત જો હોય તો તે માણસમાં રહેતો નથી તો સર્વ ગુણના આધારભૂત ભક્તિ તો ક્યાંથી રહે ? ન જ રહે. (૧૭) જે પુરુષે જેટલા પ્રમાણમાં ભગવાનનું માહાત્મ્ય જાણ્યું હોય તે પુરુષને તેટલા પ્રમાણવાળી ભગવાનમાં શ્રદ્ધા થાય અને શ્રદ્ધાનુસારે ભક્તિ થાય. (૧૮) ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે જાણીને શ્રદ્ધાથી દ્દઢ કરેલી જે ભક્તિ તે જ એક મારે પ્રસન્નતાનું કારણ થાય છે. (૧૯) મારા ભક્ત એવી તમારે સૌને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન તો છે પરંતુ તેની દ્દઢતાની સિદ્ધિ માટે ભગવાનના માહાત્મ્યનો ઉપદેશ આપનારી કથાઓ નિરંતર સાંભળવી. (૨૦) ચારે વેદોમાં ભગવાનનું માહાત્મ્ય ખૂબ વર્ણવેલું છે પરંતુ વેદનો અર્થ મહાપંડિતોએ પણ સર્વ પ્રકારે જાણવા માટે અશક્ય છે જ. (૨૧) હે ઉત્તમ બુદ્ધિવાળા સ્ત્રીઓ ! તે વેદનો અર્થ ભગવાને જ વ્યાસરૂપે બ્રહ્માદિ પુરાણોમાં અને ભારતાદિ ઈતિહાસોમાં સુખેથી બોધ થાય તેમ નિરૂપણ કર્યો છે. (૨૨) હે સ્ત્રીઓ ! સર્વ પુરાણાદિનો સાર શ્રીમદ્ ભાગવત છે. અને શ્રીમદ્ ભાગવતનો સાર તેનો દશમ સ્કંધ છે એવો અમારો અભિપ્રાય છે. (૨૩) દશમ સ્કંધમાં ભક્તિધર્મના આશ્રયભૂત દિવ્ય અને મનુષ્યભાવથી જણાતા શ્રીકૃષ્ણની ગુણ વિભૂતિનું પ્રતિપાદન છે આથી મેં દશમસ્કંધ સર્વથી અધિક માનેલો છે. (૨૪) આથી દશમસ્કંધ હંમેશાં અવશ્ય વાંચવો અને સાંભળવો તેનાથી માહાત્મ્યજ્ઞાનની દ્દઢતા થાય છે અને ભક્તિ વૃદ્ધિ પામે છે. (૨૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિનું વાક્ય સાંભળીને જયા વગેરે સ્ત્રીઓ પરમાનંદ પામીને જ શ્રીહરિની આદરપૂર્વક વંદના કરવા લાગી. (૨૬) પછી ભગવાને આજ્ઞા આપેલી જયા વગેરે સ્ત્રીઓ પોતપોતાને ઘેર ગઈ અને ભગવાન શ્રીહરિના ગુણચરિત્રોનું ગાન કરતી થકી જ નિત્યકર્મ સેવાદિક કરવા લાગી. (૨૭) અને કલ્યાણમૂર્તિ એવા સત્પતિ શ્રી નારાયણ મહાપ્રભુ પોતાના સમગ્ર ભક્તોને આનંદ પમાડતા થકા પોતાના મંદિરમાં નિવાસ કરતા હતા. (૨૮) હે નરેશ ! ભગવાન શ્રીહરિની કૃપાથી પ્રાપ્ત કરેલ છે પ્રબોધની ઉત્સવરૂપ મનોરથ જેમણે એવા ઉત્તમરાજા ગર્વે રહિત થઈને અચલ ભક્તિથી પ્રતિદિન શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૨૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
પબોધન્યુત્સવમાં ભગવતિતોષકગુણનિરૂપણનામે ચુમાલીસમો અધ્યાય થયો. ॥૪૪॥

●

## અધ્યાય-૪૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપતે ! ત્યારપછી ભગવદ્ ભક્તા એવી જયા વગેરે સમગ્ર બાઈઓ સંધ્યાકાળે લલિતાના મંદિરમાં એકત્રિત થઈ. (૧) પછી લલિતાના વિશાળ ભવનમાં બધી હાથની તાળીઓ વગાડીને મુહૂર્ત પર્યંત હરિનામધૂન હર્ષપૂર્વક કરતી હતી. (૨) ત્યારપછી જયા વગેરે સર્વ સ્ત્રીઓ હાથ-પગ ધોઈને જમણા હાથમાં માળા ગ્રહણ કરી શ્રીહરિનો અષ્ટાક્ષર મંત્ર જપવા માટે પોતપોતાના આસન ઉપર બેઠી. (૩) ધોયેલાં વસ્ત્રો પહેરેલી, સ્વસ્તિકાસને બેઠેલી, ઋજુ કાયાવાળી, જેવા જોવાયેલા હતા તેવા શ્રીહરિને પોતાના હૃદયમાં ચિંતવન કરતી, સ્થિર નેત્રોવાળી તે સ્ત્રીઓ વિશુદ્ધ હૃદયમાં આવિર્ભાવ પામેલા ભગવાનના સ્વરૂપમાં પોતાનું ચિત્ત જોડીને અષ્ટાક્ષર મંત્ર જપતી હતી. (૪-૫) તે સમયે ધ્યાનમાં રહેલી રમા, જયા, લલિતા, અમરી, અમલા, કમલા વગેરે સ્ત્રીઓ ચિત્રમાં ચીતરેલી સ્ત્રીઓની માફક સ્થિર દેહવાળી થઈ ગઈ. (૬) હે નૃપતે ! ભગવાનનું મૂર્તિમાં સંલગ્ન મનવાળી તે સર્વ સ્ત્રીઓ ચિત્રામણની પેઠે સ્થિર થયે સતે તે સ્થળે એક આશ્ચર્ય થયું. (૭) તપમાં રહેલી તે સ્ત્રીઓના મધ્યે એકાએક તેજનો સમૂહ પ્રગટ થયો અને તે તેજઃપુંજ તે ઘરમાં તત્કાળ વ્યાપી ગયો. (૮) એકી સાથે ઉદય પામેલા દશ હજાર ચંદ્ર સમાન ઘનીભૂત એવું તેજ પીંજેલા રૂના સમૂહની માફક શ્વેત મનોહર શોભતું હતું. (૯) પછી આકાશમાં આકસ્મિક મેઘસમૂહની માફક ઉત્પન્ન થઈ દિશાઓને પ્રકાશિત કરતું સતુ તે ઘરમાં સ્થિરતાને પામ્યું. (૧૦) તે તેજમાં ષડજાદિ સાત સ્વરો, સ્વરોના સારરૂપ ત્રણ ગ્રામો અને સ્વરોના આરોહ-અવરોહરૂપ એકવીસ મૂર્છનાઓ પ્રગટ થઈ અને પછી નાના પ્રકારના રાગવાળાં ગાયનો યુક્ત શ્રવણેદ્રિયને હરનારો મનોહર નાદ થયો. (૧૧) તે નાદ પોતાની માધુર્યતાથી ભગવાનની મૂર્તિના ધ્યાનમાં રહેલી સ્ત્રીઓના મનને ભગવાનની મૂર્તિમાંથી બહાર ખેંચતો હતો. આ પ્રકારે મોટું આશ્ચર્ય થયું. (૧૨) હે રાજન્ ! પછી તે સ્ત્રીઓ મોટા તેજને વ્યગ્ર ચિત્તપૂર્વક જોવા લાગી અને તે તેજમાં મધુર

નાદોને આશ્ચર્યપૂર્વક સાંભળવા લાગી. (૧૩) રમા આદિ સ્ત્રીઓએ આદરપૂર્વક આ પ્રમાણે જોયે સતે તે ઘાટા તેજમાં તે સ્ત્રીઓએ દિવ્ય સ્વરૂપવાળી અને મનને આનંદ આપનારી એક સ્ત્રી જોઈ. (૧૪) દિવ્ય કસુંબી વસ્ત્રવાળી, દિવ્ય આભૂષણોથી શણગારેલી, રૂપને અનુરૂપ અવયવોવાળી, પ્રસન્ન મુખારવિંદવાળી; (૧૫) સુવર્ણ સમાન ગૌર વર્ણવાળી, કૌમલાંગી, સર્વ અવયવોથી સુંદર, સમાન કર્ણનાં આભૂષણોવાળી, સુંદર કપોળ, ઉત્તમ નાસિકા અને ઉત્તમ મુખવાળી; (૧૬) નવયૌવનથી વૃદ્ધિ પામેલાં સ્તનોના ભારથી કુશ ઉદરવાળી, મુખના સુગંધમાં અનુરાગવાળા ભમરાઓના ઝંકાર શબ્દથી સંભ્રમે સહિત નેત્રકમળોવાળી; (૧૭) પ્રફુલ્લિત મોગરાનાં પુષ્પોની માલા પોતાના કેશકલાપમાં ધારણ કરેલી, લજ્જાએ સહિત મંદ હાસ્યથી યુક્ત કંપાયમાન ભ્રૂકુટિઓના વિલાસપૂર્વક જોનારી; (૧૮) શુદ્ધ વસ્ત્રથી આચ્છાદિત છે નિતંબોરૂપી દ્વીપોની શોભા જેમને છે એવી, કંદોરા વડે અતિ શોભાયમાન તથા સુંદર ચરણોમાં સુવર્ણના નૂપુરોવાળી; (૧૯)રત્નેન્દ્ર કંઠાભરણવાળી, હાથોમાં કંકણોથી અલંકૃતા, તથા પોતાના સૌંદર્યના લાવણ્યથી સ્ત્રીઓનાં મનોને મોહ પમાડતી; (૨૦) પોતાની વીણાને વગાડતી તથા પોતાની સખીઓ દ્વારા પાછળ સ્વર પુરાતી તથા ગાન વડે ગંધર્વ અને અપ્સરાઓના પણ માનને હરનારી; (૨૧) નારાયણમુનિના પૂર્વના શ્રીકૃષ્ણ નામના અવતારો સંબંધી ચરિત્રોને ગાન કરતી દિવ્ય સ્ત્રીને જોઈને સર્વ સ્ત્રીઓ મોહ પામી ગઈ. (૨૨) પછી તે સ્ત્રીઓ તે દિવ્ય પ્રમદાને જોઈને તર્કવિતર્ક કરવા લાગી : આ સ્ત્રી લક્ષ્મી છે કે શું ? અથવા સ્વયં રાધા હશે કે શું ? અથવા સરસ્વતી હશે કે શું ? (૨૩) આ સ્ત્રી સાવિત્રી અહીંયાં આવેલાં છે કે શું ? અથવા સ્વર્ગનાં અધિષ્ઠાત્રી લક્ષ્મી અહીં આવ્યાં કે શું ? અથવા તો અન્ય કોઈ દેવતા આ સ્થળે આવેલા છે કે શું ? ૨૪) અથવા તો આ સાક્ષાત્ નારાયણમુનિના પાદસેવનમાં નિરંતર આસક્ત એવી પ્રત્યક્ષ મૂર્તિમંત મુક્તિ જ કૃપા વડે અમોને સ્વદર્શન આપે છે કે શું ? (૨૫) અથવા પ્રથમ ભગવાન વિષ્ણુએ શિવજીને મોહ પમાડવા માટે મોહિની સ્વરૂપ ધારણ કરેલું તે મોહિનીરૂપ જ ભગવાને જ બતાવ્યું છે કે શું ? (૨૬) આમ બહુ પ્રકારે તર્કોને કરતી સતી સ્ત્રીઓ તેણીના રૂપગાનના માધુર્યથી મોહિત થકી તત્ત્વપૂર્વક નિશ્ચયને ન પામી. (૨૭) તે સ્ત્રીને પૂછવા માટે ઉત્સાહવાળી હોવા છતાં આ સ્ત્રીના તેજથી પરાભવ પામી સતી રમાદિ સ્ત્રીઓ કંઈ પણ બોલવા માટે શક્તિમાન ન થઈ શકી. (૨૮) વિરક્ત સાંખ્યયોગી બાઈઓમાં અગ્રગણ્ય રમા શ્રીહરિને છોડી પોતાનું મન તે સ્ત્રીમાં આસક્ત થયેલું જાણી પોતાના મનમાં ચિંતા કરવા લાગ્યાં. (૨૯) અહો ! શ્રીહરિને છોડી મારું મન અન્યત્ર ગયું તે અતિ આશ્ચર્ય કહેવાય કારણ કે સુદ્ઢ એવું મારું મન દર્શનમાત્રથી જ આ સ્ત્રીમાં તત્કાળ લુબ્ધ થઈ ગયું. (૩૦) એક શ્રીહરિ નારાયણમુનિ સિવાય બ્રહ્માંડમાં કોઈપણ સ્થળે તથા આ લોકમાં કોઈપણ પુરુષાકારમાં મોહ નહિ પામેલું મારું મન આ સ્ત્રીમાં કેમ મોહ પામ્યું ? (૩૧) ઐહિક કે પારલૌકિક કોઈપણ સુખમાં વૈરાગ્યને પામેલું મારું મન આ સ્ત્રીમાં કેમ મોહ પામે છે ? (૩૨) સમાધિમાં જોયેલાં દિવ્યપુરુષો કે દિવ્ય સ્ત્રીઓ કે અલૌકિક ઘણાં ધામોમાં ક્યાંય પણ મારું મન આસક્ત થયું ન હતું. (૩૩) તે મારું મન શ્રીહરિનું ચિંતવન ત્યાગ કરીને આ સ્ત્રીમાં તત્કાળ જ

લોભ કેમ પામ્યું ? આ મોટું આશ્ચર્ય કંઈ સમજાતું નથી. (૩૪) મારું ચિત્ત, જયાલલિતાનું ચિત્ત તથા અમરીબાઈ વગેરેનું ચિત્ત શ્રીહરિ સિવાય કોઈપણ વસ્તુમાં આસક્ત ન થાય એ નિશ્ચિત વાત છે. (૩૫) આ બધું શ્રીહરિ નારાયણમુનિનું જ કંઈ કર્તવ્ય છે અન્યથા અમારા મનને મોહ પમાડવા કોઈપણ સમર્થ છે જ નહિ. (૩૬) પાર્વતીની સાથે સર્વદા સમીપમાં હોવા છતાં પોતાના ચિત્તને ક્ષોભ પામવાનું અસંભવ છે એવા શિવના ગર્વને શ્રીહરિ મોહિનીરૂપ ધારણ કરીને જેમ હરતા હતા; (૩૭) તે જ પ્રકારે અમારી પરીક્ષા લેવા માટે શ્રીહરિ ફરીથી મોહિનીરૂપ ધારણ કરીને નક્કી અમારા મનને મોહ પમાડે છે. (૩૮) પોતાની ભક્ત સ્ત્રીઓ એવી અમોને સ્ત્રીરૂપ રૂપાંતરથી છેતરતા શ્રીહરિને 'કોની પુત્રી છો ? અને કોની પત્ની છો ?' આ પ્રકારે પરિહાસ વચનથી હું તેમને પૂછું. (૩૯) આ પ્રમાણે મનમાં નિશ્ચય કરી અતિ દૃઢ વ્રતવાળા રમાબા શ્રીહરિના ગુણોને ગાતી તે સ્ત્રીને નમસ્કાર કરી વિનયપૂર્વક પૂછવા લાગ્યાં. (૪૦)

**રમા બોલ્યાં :**

હે નારાયણી ! તમોને નમસ્કાર હો. હે મનોનયન નંદિની ! હે સુંદરી ! તમો કોણ છો ? કોનાં પુત્રી છો ? અને કોનાં પત્ની છો ? (૪૧) હે માતા ! ભક્ત એવા અમારાં મનને સ્વસ્વરૂપમાં ખેંચતાં એવાં તમો નિશ્ચય કોઈ દેવતા છો ? આપને જે ઈચ્છિત હોય તે કહો. (૪૨) હે માતા ! અમારે ભગવાનના ધ્યાનમાં વિક્ષેપ થાય છે માટે તમારું કર્તવ્ય કહીને જેમ આવ્યાં છો તેમ જાઓ. (૪૩) આ પ્રમાણે મહાબુદ્ધિવાળાં અને તીવ્ર વૈરાગ્યશીલ રમાબાએ પુછાયેલા ધર્મના પટરાણી (ધર્મની દશ પત્નીઓમાં આ મુખ્ય હોવાથી પટરાણી કહ્યાં છે) ભક્તિ મધુર વાણીથી બોલ્યાં : (૪૪)

**ભક્તિ બોલ્યાં :**

હે રમાદિ ભક્ત સ્ત્રીઓ ! તમે મારું વચન સાંભળો : પ્રત્યક્ષ શ્રી ધર્મદેવની પત્ની ભક્તિ મને જાણો. (૪૫) હું મારા સ્વામી ધર્મે સહિત શ્રીહરિનારાયણમુનિની સમીપે સદાવાસ કરું છું. હું મારા દિવ્ય દેહથી વાસ કરું છું તેથી માનવો મને જોતા નથી. (૪૬) અન્નકૂટ અને પ્રબોધનીના મોટા ઉત્સવ વડે જયા અને લલિતાએ મને વિશેષપણે પ્રસન્ન કરેલી છે. (૪૭) અને તમો સર્વેએ પણ પોતાના શરીરોનો અનાદર કરી બન્ને ઉત્સવોમાં મહાન પરિશ્રમ કરેલો છે. (૪૮) માટે પ્રસન્ન થયેલી મેં શ્રી નારાયણમુનિની આજ્ઞાથી જયા લલિતા અને તમો સર્વેને મારાં દર્શન કરાવ્યાં-આ પ્રમાણે તમો જાણો. (૪૯) એમ ન હોય તો મોટા યોગીઓને પણ મારું પ્રત્યક્ષ દર્શન ન થાય. તમો તમારી ભક્તિથી અતિ પ્રસન્ન થયેલી મારાથી સ્વેચ્છિત વર તમો માગો. (૫૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે ભક્તિનું વચન સાંભળી અત્યંત પ્રસન્નતા પામેલી અને સંદેહ રહિત થયેલી રમાદિ સ્ત્રીઓ આશ્ચર્ય સહિત અને રોમાંચે સહિત જેમ થાય તેમ ભક્તિને પ્રણામ કરવા લાગી. (૫૧) ત્યારબાદ સર્વ સ્ત્રીઓ હાથ જોડી પ્રસન્ન મુખકમળવાળી થકી નારાયણભગવાનના મનને પ્રિય ભક્તિને કહેવા લાગ્યાં. (૫૨)

**રમા આદિ બોલ્યાં :**

હે સર્વ કલ્યાણી ! હે નિત્યે ! હે ભક્તે ! તમોને નમસ્કાર હો. તમારાં દર્શનથી અમારાં હૃદયમાં મહા આનંદનો ઉદય થયેલો છે. (૫૩) હે સર્વમંગલે ! જો તમે પ્રસન્ન થયાં હો તો અમારા સર્વેના હૃદયમાં સર્વદા સ્થિતિ કરો. (૫૪) હે મહારાજ્ઞિ ! તમો અત્યારે અમોને આ વર આપો. હે ઈશ્વરી ! તમારી પાસેથી અમારે આ સિવાય બીજું કંઈપણ પ્રાર્થનીય નથી. (૫૫) હે માતા ! અમારું ચિત્ત તમારા ગાનમાં અત્યંત લુબ્ધ થયેલું છે માટે હે માતા ! અધિ મધુર તે તમો કહો. (૫૬) આ પ્રકારે રમાદિ નારીઓએ પ્રાર્થના કરાયેલાં, અતિ પ્રસન્ન થયેલાં ભક્તિ સ્ત્રીઓ પ્રત્યે બોલ્યાં : હે કલ્યાણીઓ ! મારું યથાર્થ નિશ્ચયવાળું વચન સાંભળો. (૫૭) જેઓમાં મારા પતિ ધર્મ નિવાસ કરે તેમાં મારે નિવાસ નિશ્ચે થાય છે. ધર્મ જેનાથી દૂર જાય તેનાથી હું પણ તત્કાળ દૂર જાઉં છું. (૫૮) હે સ્ત્રીઓ ! પતિવ્રતા એવી મારી આ પૂર્વોક્ત પ્રતિજ્ઞા છે કે પ્રીતિવાળા ધર્મદેવનો હું ત્યાગ કરતી નથી અને પ્રીતિવાળી મને તે ધર્મ ત્યાગ કરતા નથી. (૫૯) નિયમમાં મનવાળી તમોએ અહિંસાદિ યમો અને શૌચાદિ નિયમો વડે ધર્મ તો વશ કરેલા છે માટે હું પણ વશ થયેલી છું. (૬૦) માટે તમારામાં વાસ ઈચ્છતા પતિ ધર્મદેવની સાથે જ હું પણ તમારા હૃદયમાં સદા વાસ કરીશ આમાં લગીરે સંદેહ નથી. (૬૧) 'તમો શું ગાઓ છો ? એવું તમોએ પૂછયું તો તેનો ઉત્તર સાંભળો. જે પોતાને સુખી કરે તે સુખકારકનું યશોગાન કરવું એવી લૌકિક અને વૈદિકી મર્યાદા છે. (૬૨) આ ઉત્તમરાજાના ભવનમાં પ્રત્યક્ષ સ્વયં બ્રહ્મપુરાધિપતિ શ્રીકૃષ્ણ જ નારાયણમુનિ છે. તે કૃષ્ણે પૂર્વે વાસુદેવાવતારમાં અસુરોથી અમારી રક્ષા કરી હતી અને હાલમાં પણ અસુરોથી રક્ષા કરે છે. (૬૩) તે શ્રીહરિ ભગવાનના શ્રીકૃષ્ણરૂપે કરેલાં ચરિત્રો વ્યાસજીએ શ્રીમદ્ ભાગવત આદિમાં ગૂંથેલા છે. હું મનને આનંદપ્રદ તે ચરિત્રોનું નિત્ય ગાન કરું છું. (૬૪) અને હે સ્ત્રીઓ ! આગળ તો અત્યારે થતાં આ નારાયણમુનિ સંબંધી ચરિત્રોને શતાનંદ નામના મહામુનિ રચશે તેનું પણ હું ગાન કરીશ. (૬૫) હે ભૂપતે ! આ પ્રમાણે રમાદિ સ્ત્રીઓને વરદાન આપી અને તેમના પ્રશ્નનો ઉત્તર આપીને ભક્તિદેવી વીજળીના લિસોટાને પેઠે તત્કાળ તિરોધાન થઈ ગયાં. (૬૬) આશ્ચર્યપૂર્વક અત્યંત આનંદ પામેલી તે અબળાઓ ભક્તિના દર્શનમાં કારણ તો શ્રીહરિની પ્રસન્નતા જ માનતી હતી. (૬૭) હે રાજન્ ! આવી રીતે ભગવાન શ્રીહરિ દ્વારા પોતાના ભક્તજનોના સઘળા મનોરથો પૂર્ણ કરે છે અને સ્વભક્તોની સર્વ વિઘ્નોથી રક્ષા કરે છે. (૬૮) હે નૃપ ! ભક્તોના મનોને સર્વદા આહ્‌લાદ આપનારા અને સ્વભક્તોથી સેવન કરાતા શ્રીહરિ ભગવાન પોતાના યશને વિસ્તારતા થકા અન્નકૂટ અને પ્રબોધનીના ઉત્સવ સમાન ઘણા જ મહોત્સવો ગઢપુરમાં કરાવતા હતા. (૬૯) જે પુરુષ પવિત્ર એવું આ ભગવદ્‌ચરિત્ર ભક્તિપૂર્વક સંભળાવે કે ભક્તિભાવથી સાંભળે તે બન્ને શ્રોતા અને વક્તા સંસારપાશથી આત્માને મુકાવી શરીરનો ત્યાગ કરી બ્રહ્મપુરધામમાં બ્રહ્મગતિ પામે તે નિશ્ચે જાણો. (૭૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં પ્રબોધન્યુત્સવમાં રમાદિનાં ભક્તિનાં : પ્રત્યક્ષદર્શનાદિનિરૂપણનામે પિસ્તાલીસમો અધ્યાય થયો. ॥૪૫॥

# અધ્યાય-૪૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ભગવાન શ્રી નારાયણમુનિએ દુર્ગપુરમાં જેવા ઉત્સવો કર્યા તેવા જ બીજા પણ ઘણા ઉત્સવો શ્રીહરિ બીજાં સ્થળોએ પણ કરતા હતા. (૧) ભગવાન શ્રીહરિ પોતાના આશ્રિતોને સુખ પમાડતા થકા વડતાલ, અમદાવાદ, જૂનાગઢ વગેરે ગામોમાં મોટા ઉત્સવો કરતા હતા. (૨) પોતાના જનો દ્વારા પ્રાર્થના કરાયા થકા શ્રીહરિ જૂનાગઢમાં બીજે અને ત્રીજે વર્ષે ઉત્સવ કરતા હતા તથા અમદાવાદમાં દર વર્ષે મહોત્સવ કરતા હતા. (૩) ભક્તિ ધર્મનું પોષણ કરતા થકા શ્રીહરિ મહાપ્રભુ વડતાલમાં તો વર્ષમાં બબ્બે વખત, કોઈ વર્ષમાં ત્રણવાર કે કોઈ વર્ષમાં તો ચાર ચાર વાર પણ ત્યાં જઈને ઉત્સવો કરતા હતા. (૪) આ શ્રીહરિ કોઈ વર્ષે તો માગશર સુદ ૧૧-મોક્ષદા એકાદશીના રોજ, ક્યારેક માગશર વદી ૧૧-સફલા એકાદશીના રોજ તો કોઈ વર્ષ પોષ માસની સાનંદા એકાદશી તો ક્યારેક તિલદા એકાદશીના રોજ ઉત્સવ કરતા હતા. (૫) વડતાલમાં ક્યારેક મહામાસની જયા અને વિજયા એકાદશી તથા ફાગણ માસની ધાત્રી કહેતાં આમલકી અને પાપમોચની એકાદશીના રોજ મહોત્સવ કરતા હતા. (૬) તો વળી ક્યારેક ચૈત્ર માસની વિમલા તથા વરુથિની એકાદશી તથા વૈશાખ માસની મોહિની અને અપરા એકાદશી તથા જેઠ માસની નિર્જલા અને યોગિની એકાદશીના રોજ શ્રીહરિ મહોત્સવ કરતા હતા. (૭) તે પ્રભુ ક્યારેક તો આષાઢ માસની દેવશયની અને કામિકા એકાદશી તથા ક્યારેક શ્રાવણ માસની પુત્રદા અને અજા એકાદશી તો ક્યારેક ભાદરવા માસની પદ્મા અને ઈંદિરા એકાદશીના રોજ મહોત્સવ કરતા હતા. (૮) ક્યારેક આસો માસની પાશાંકુશા તથા રમા એકાદશી તો ક્યારેક કાર્તિક માસની પ્રબોધની અને ક્યારેક અભયા એકાદશીના રોજ મહોત્સવ કરતા હતા. (૯) તે વડતાલ પુરમાં શ્રીહરિ કોઈ વર્ષે તો જન્માષ્ટમી વગેરે શ્રીકૃષ્ણ જન્મતિથિઓના ઉત્સવ તથા કોઈક વર્ષમાં તો શ્રીહરિ શિવરાત્રિનો મહોત્સવ કરતા હતા. (૧૦) તે જ પ્રકારે શ્રીહરિ મહાપ્રભુ દીપાવલિ વસંતપંચમી આદિમાં ઉત્સવ કરતા થકા પોતાના નરનારી ભક્તજનોને સુખ પમાડતા હતા. (૧૧) ભગવાનના ભક્ત એવા દેશાંતરના સર્વ લોકો પણ દરવર્ષે ભાવી ઉત્સવોને જાણતા હતા. (૧૨) સમીપ દેશવાસી ભગવાનના ભક્તો શ્રીહરિ જે જે સ્થળે નિવાસ કરતા હતા તે સ્થળે દર વરસે દરેક ઉત્સવ ઉપર હર્ષપૂર્વક આવતા હતા. (૧૩) મધ્યદેશના (બહુ નજીક નહિ અને બહુ દૂર નહિ) ભક્તજનો વર્ષમાં બેત્રણ વાર આવતા તો દૂર દેશના વાસીઓ એકાદ ઉત્સવમાં આવતા. (૧૪) શ્રી સહજાનંદ સ્વામી વડતાલમાં ક્યારેક વિષ્ણુયાગ યજ્ઞ કરતા, ક્યારેક બ્રાહ્મણો પાસે વિષ્ણુ ગાયત્રીમંત્ર જપ કરાવતા હતા. (૧૫) ક્યારેક બ્રાહ્મણો પાસે વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું પુરશ્ચરણ કરાવતા હતા, ક્યારેક લક્ષહોમ તો ક્યારેક કોટિહોમ કરાવતા હતા. (૧૬) વડતાલમાં શ્રીહરિ હજારો બ્રાહ્મણોને જમાડતા હતા તો કોઈ વર્ષે સુપાત્ર બ્રાહ્મણોને પૃથ્વી આદિ મહાદાનો આપતા હતા. (૧૭) કોઈ વર્ષે બ્રાહ્મણકુમારોને ઉપનયનસંસ્કાર (જનોઈ) અપાવતા હતા તો ક્યારેક ભગવાનની મૂર્તિપ્રતિષ્ઠાનો મહોત્સવ કરાવતા હતા. (૧૮) વડતાલમાં શ્રીહરિ 'ઇષ્ટકર્મ' (અગ્નિહોત્ર, તપ,

સત્ય, વેદોનું ધારણ, આતિથ્ય, વૈશ્વદેવ) તથા 'પૂર્તકર્મ' (દેવમંદિર, બગીચા, કૂવો, વાવ્ય)ના મહોત્સવો કરાવતા હતા. તેથી ભાગવતધર્મ પરમ પુષ્ટિને પામતો હતો. (૧૯) ભગવાન સ્વામિનારાયણ જે જે પુર, ગામ કે વનમાં વાસ કરતા હતા ત્યાં ત્યાં સેંકડો અને હજારો ભક્તજનો આવતા હતા. (૨૦) હે ભૂપતે ! શ્રીહરિ તે સર્વજનોને અધર્મ વંશના પાશ બંધનથી મુકાવીને પોતાના પ્રભાવ વડે સન્માર્ગમાં વર્તાવતા હતા. (૨૧) પૃથ્વીમાં શ્રીહરિ ભગવાને નિવાસ કર્યો ત્યારે અધર્મ અદૃશ્ય થયો, કલિ નિર્બળતાને પામ્યો અને ધર્મ પ્રતિષ્ઠાને પામ્યો. (૨૨)

**મુનિ કહે છે :**

હે રાજન્ ! મેં તમારા પ્રશ્નને અનુસરીને શ્રી નારાયણમુનિ ભગવાનની કથા કહી. હવે તમો ફરી શું સાંભળવા ઈચ્છો છો ? (૨૩) આ પ્રમાણે સુવ્રતમુનિએ કહેલી શ્રીહરિની કથા સાંભળીને મુમુક્ષુ રાજા પ્રતાપસિંહ ફરીથી સુવ્રતમુનિને શ્રીહરિની જ કથા પૂછવા લાગ્યા. (૨૪)

**રાજા બોલ્યા :**

હે મુનિશ્રેષ્ઠ ! હરિકથામૃતનું પાન કરીને હું તૃપ્તિ પામતો નથી માટે ફરી તે હરિકથામૃત જ પાન કરવા ઈચ્છું છું. (૨૫) બે બ્રહ્મન્ ! વડતાલમાં ભગવાન શ્રીહરિએ ઘણા ઉત્સવો કર્યા એ વાત તમોએ કરી. હું તે ઉત્સવોને સાંભળવા ઈચ્છું છું. (૨૬) હે મુને ! મનુષ્યદેહ ધારી એવા શ્રીહરિએ બીજાં જે જે ચરિત્રો કર્યાં હોય તે મને કહેવા માટે તમો યોગ્ય છો. (૨૭) આ પ્રમાણે કથારસને જાણનારા રાજા પ્રતાપસિંહ પ્રત્યે, શ્રીહરિના સંસ્મરણથી આનંદ પામેલા સુવ્રતમુનિ તે રાજાને કહેવા લાગ્યા. (૨૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તમો બહુ સારું પૂછો છો. તમારી બુદ્ધિ ખરેખર નિર્મળ છે કારણ કે તમે ફરીથી પણ શ્રી નારાયણ ભગવાનની જ કથા સાંભળવા ઈચ્છો છો. (૨૯) નરનાટ્યધારી શ્રીહરિ મહાપ્રભુનાં સર્વ ચરિત્રો વિસ્તારપૂર્વક કહેવા હું શક્તિમાન નથી માટે હું સંક્ષેપથી કહું છું. (૩૦) હે રાજન્ ! એકાંતિક ધર્મના સ્થાપન માટે ઉદ્યમયુક્ત શ્રીહરિ દરેક વર્ષે દુર્ગપુરથી વડતાલ વારંવાર આવતા હતા. (૩૧) સમગ્ર ભક્તજનોને સુખ આપનારા શ્રીહરિએ વડતાલમાં અનેક મોટા ઉત્સવો કરેલા જ છે. તે ઘણા ઉત્સવો પૈકી એક ઉત્સવનું વર્ણન હું સંક્ષેપમાં કરું છું. તેને આધારે અન્ય ઉત્સવો કેવા થયા હશે તેનું અનુમાન કરી લેવું. (૩૨)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
વૃત્તાલયપુરોત્સવમાં પ્રશ્નનિરૂપણનામે છેતાલીસમો અધ્યાય થયો. ॥૪૬॥

●

## અધ્યાય-૪૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ગુજરાત દેશમાં વડતાલ નામનું મોટું નગર છે. વડતાલનાં રહેવાસીઓ, ચારેય વર્ણના લોકો, હર્ષપૂર્વક શ્રી નારાયણમુનિને હર્ષપૂર્વક ભજતા હતા. (૧) હે રાજન્ ! તે સર્વેજનો

શ્રીહરિને ગઢપુરથી પોતાના વડતાલ નગરમાં લાવીને ફાગણ વદી પ્રતિપદાનો ફૂલડોલનો ઉત્સવ કરવા ઈચ્છતા હતા. (૨) કુબેરજી અને જોબનપગી આ બન્ને વડતાલના સત્સંગીઓમાં મુખ્ય હતા. બન્ને જણા બધા ભક્તજનો સાથે નિર્ણય કરી ઉત્સવની ઘણી સામગ્રીઓ મેળવવા લાગ્યા. (૩) પછી જોબનપગી પોતાના સગા ભાઈ સુંદરજીને નારાયણમુનિની પાસે ગઢપુર મોકલ્યા. સુંદર પગી માઘમાસની પૂર્ણિમાના રોજ ગઢપુર પહોંચ્યા. (૪) સુંદર પગીએ ભક્તજનમંડળના મધ્યમાં બિરાજમાન શ્રીહરિ મહાપ્રભુને પામીને નમસ્કાર કરી 'અમારા વડતાલ નગરને તમો પધારીને પાવન કરો' આમ બહુ પ્રકારે પ્રાર્થના કરી. (૫) પછી ભક્તવત્સલ શ્રી નારાયણમુનિ ભગવાન, વડતાલના લોકોને પોતાના એકાંતિક ભક્તો જાણીને પ્રસન્ન થયા અને વડતાલ જવાની ઈચ્છા કરી. (૬) પછી ઉદાર બુદ્ધિવાળા શ્રીહરિ સંદેશો લાવનાર સુંદરજીને કહેવા લાગ્યા : હે સુંદરજી ! તમો હાલમાં તમારે ગામ જાઓ. હું ફાગણ માસમાં તમારા ગામમાં જરૂર આવીશ. (૭) આ પ્રમાણે શ્રીહરિએ સુંદરજીને વાત કરી, તેથી આનંદિત થઈ, તત્કાલ વડતાલ આવી સર્વ નગરજનોને શ્રીહરિના આગમનનો સંદેશો આપ્યો. કુબેરાદિ નગરજનો પ્રસન્ન થઈને શ્રીહરિના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા. (૮) સ્વામિનારાયણ ભગવાન વડતાલ નગરમાં પધારશે એવો પૃથ્વી ઉપર દિશાઓ વિદિશાઓમાં મહાન્ ઉદ્‌ઘોષ ફેલાઈ ગયો. (૯) સર્વેશ્વર શ્રીહરિ પણ નાના દેશોમાં રહેલા મુનિ આદિ પોતાના ભક્તો ઉપર વડતાલમાં ફૂલડોલનો ઉત્સવ કરવારૂપ વૃતાંત પત્રો અને દૂતો દ્વારા જણાવતા હતા. (૧૦) સૌરાષ્ટ્રના ગૃહસ્થ ભક્તો અને મુનિજનો સર્વ-શ્રી હરિકૃષ્ણ ભગવાનની સાથે જ વડતાલ જવા માટે, દુર્ગપુર આવી ગયા. (૧૧) પછી વિક્રમ સંવત ૧૮૭૫ના ફાગણ સુદી ૬ને દિવસે શ્રીહરિ વડતાલ જવા માટે ગઢપુરથી નીકળ્યા. (૧૨) તે દેશમાં (સૌરાષ્ટ્રમાં) ધર્મરક્ષા માટે ઉત્તમ રાજાને રાખીને 'અમે જલદી પાછા આવીશું.' આ પ્રમાણે કહી ગઢપુરથી પ્રયાણ કર્યું. (૧૩) જયા અને લલિતા સહિત હજારો સ્ત્રીઓ પણ રથ જેવાં વાહનોમાં બેસીને શ્રીહરિની પાછળ આવતાં હતાં. (૧૪) હજારો સાધુઓ, હજારો બ્રહ્મચારીઓ અને હજારો ગૃહસ્થજનોની સાથે જ શ્રીહરિ જઈ રહ્યા હતા. (૧૫) સૌરાષ્ટ્ર દેશના હજારો ભક્તોની સાથે-હજારો અસવારો અને હજારો પદાતિઓથી અનુગમન કરતાં વીંટળાયેલા હતા. (૧૬) માણેક જેવા વર્ણવાળી શીઘ્રગતિવાળી માણકી ઘોડી ઉપર બિરાજમાન, સૂર્ય સમાન કાંતિવાળા, વિશાળ લલાટમાં કેસરયુક્ત પીળું ઊર્ધ્વપુંડ્ર તિલક ધારી રહેલા, મંદહાસ્યયુક્ત-મુખારવિંદવાળા, ચળકતા ભાલાઓ હાથમાં લીધેલા અને પોતાના ચરણકમળમાં આસક્ત એવા અસવારોથી વીંટાયેલા, લગામને પોતાના હસ્તકમળમાં ધારી રહેલા, શ્વેત વસ્ત્રધારી શ્રીહરિ પોતાનાં ભક્તજનોને હર્ષ પમાડતાં પમાડતાં માર્ગમાં ચાલતા હતા. (૧૭) પ્રયાણ સમયે મંગળ માટે ઉત્તમ બ્રાહ્મણોએ કરેલો અને મુનિહૃદયહારી એવો ચોખાએ સહિત કુંકુમનો લાલ ચાંદલો પોતાના લલાટમાં ધારી રહેલા, સુંદર નેત્રોવાળા, સ્વગુણોની રચનાવાળી અને વિવિધ વાજિંત્રોના ઘોષપૂર્વક અનેક બંદીજનોએ ગાન કરેલી પોતાના ગુણચરિત્રના વર્ણનવાળી મધુર વાણીને શ્રવણ કરતા, ઊંચા હાથો કરી કરીને જય જય એવાં વાક્યોને બોલતા ભક્તસંઘોથી સ્તુતિ કરાતી છે શોભા જેમની

એવા માર્ગમાં ચાલતા હતા. (૧૮) માર્ગમાં વિવિધ ગામો થકી પગપાળા આવીને ચારેબાજુએથી ભેગા થઈ ગયેલા સર્વ ભક્તજનોએ નાનાવિધ ઉપહારો વડે પૂજા કરાયેલા, પ્રેમપ્રવાહગર્ભિત આનંદધારામયી દૃષ્ટિ વડે માર્ગમાં આવેલા ભક્તજનોને સુખ આપતા, વિમાનમાં બેસી આકાશમાં એકત્રિત થયેલા દેવસમૂહોએ શ્વેતપુષ્પો વડે વધાવેલા પૂર્ણકામ શ્રીહરિ માર્ગમાં ગમન કરતા હતા. પછી મંદસ્મિતવાળા શ્રીહરિએ ઘણા સમયથી ઉતાવળી ચાલનો અભ્યાસ જેને સહેજે થઈ ગયો છે એવી પોતાની માણકી ઘોડીને પગની પાનીથી સહેજ સ્પર્શ કર્યો. (૧૯) સ્પર્શમાત્રે પણ સહન નહિ કરનારી, અતિ વેગીલી, અને પોતાની ગતિથી વાયુને પરાભવ પમાડ્યો છે એવી, માણકી ઘોડી ગરુડજીની ગતિથી દોડી. (૨૦) પોતે પશુજાતિની છે તોપણ શ્રીહરિના સ્પર્શથી ભાવી પ્રાપ્ત થનારા બ્રહ્મરૂપ પ્રાપ્તિરૂપ ઊર્ધ્વગમનને દેખાડતી હોય ને શું ? એમ વેગથી ઊંચી ઊછળતી હતી. (૨૧) તે સમયે સર્વજનો અતિ વેગથી દોડતી તે ઘોડીના પગ પૃથ્વી ઉપર પડતા ન હતા તે જોતાં જોતાં આશ્ચર્ય પામતા હતા. (૨૨) પછી હોઠોને દાંતોથી પીસતાં, પગો વડે અશ્વોના ઉદર ઉપર તાડન કરતા, અત્યંત વેગવાળા ઘોડાઓને ચાબુકથી તાડન કરતા, શ્રીહરિની પાછળ બાંધેલી દૃષ્ટિઓવાળા હજારો ઘોડેસ્વારો શ્રીહરિની પાછળ દોડતા હતા. (૨૩) શ્રીહરિની ઘોડી પાછળ દોડતા, ઘોડાઓથી ઊછળતા દેહોવાળા ઘોડેસવાર તો, મસ્તક ઉપર રહેલા મોટા ફેંટાઓના ચલાયમાન છોગાઓથી અદૃશ્ય દેહવાળા દેવો જાણે કે ચમરોથી વાયરો ઢોળતા હોય તેમ શોભતા હતા. (૨૪) ઘોડાઓના દોડવાના પરિશ્રમથી પરસેવાવાળા ઘોડેસવારો, ગતિના પરિશ્રમથી મુખમાં ફીણવાળા ઘોડાઓને ચાબુક ફટકારતા હતા તોપણ માણકી ઘોડી ઉપર બેઠેલા શ્રીહરિને આંબી શકયા નહિ. (૨૫) પછી શ્રીહરિ અશ્વોની સાથે અતિ પરિશ્રમિત ઘોડેસવારોને આરામ આપવા માટે, પોતાની માણકીને પરાણે રોકીને માર્ગમાં પ્રતીક્ષા કરવા લાગ્યા. (૨૬) ચંચલ ઘોડીની કેશવાળી હાથમાં પકડેલા તથા બીજા હાથથી ઊંચી પુષ્પોવાળી આંબાની ડાળને ધારણ કરતા, પોતાના સાથીઓને જોઈ હસતા, દૃઢ બાંધેલી કેડવાળા, સુંદર નેત્રોવાળા, તથા માર્ગમાં ઊડતી ધૂળરજથી ભૂખરાં થઈ ગયેલાં વસ્ત્રોવાળા શ્રીહરિને થાકથી પરસેવાયુક્ત થઈ ગયેલાં અંગોવાળા ઘોડેસવારોએ દૂરથી જોયા. (૨૭) ભક્તો અને સર્વ અસવારો, માણકી ઘોડીએ સહિત શ્રીહરિને જોઈને હર્ષ પામ્યા અને દર્શનમાત્રથી માર્ગનો થાક નષ્ટ થઈ ગયો. (૨૮) પછી ભગવાન શ્રીહરિ અસવારોને આશ્વાસન આપીને મધુર વચનોથી તેમને હસાવતા અને પોતે હસતા હસતા, ઘોડેસવારોની સાથે ધીમે ધીમે માર્ગમાં ચાલતા હતા. (૨૯) તે સમયે 'શ્રી સ્વામિનારાયણ ભગવાન આવે છે' એવો મહાન ઉદ્‌ઘોષ ગામેગામ અને નગરેનગરમાં વ્યાપી ગયો. (૩૦) ભગવાનના દર્શન માટે ઉત્સાહી સમુદાયની આગળ બાળકો અને વૃદ્ધો હતાં, વિવિધ દેશોમાંથી વડતાલ આવવા લાગ્યા. (૩૧) કોશલ દેશ, કાશી દેશ, મિથિલ દેશ, ગૌડ દેશ, કિલકિલદેશ એ બધા દેશના રહેવાસીઓ હજારો લોકો આવવા લાગ્યા. (૩૨) પુરુષોત્તમપુરી, બંગલાદેશ, ગયા, પ્રયાગ વગેરે દેશના, શોણભદ્રા નદીને તીરે વસનારા, વૃંદાવનવાસી, મથુરાવાસી, શૂરસેન દેશવાસી, અવન્તીનગરી નિવાસી વગેરે હજારો લોકો વડતાલમાં આવવા લાગ્યાં. (૩૩-૩૪) આ પ્રમાણે બીજા પણ ઘણા લોકો પૂર્વ

દેશમાંથી આવતા હતા તથા કાશ્મીર દેશ, હરિદ્વાર નિવાસી, કુરુક્ષેત્ર નિવાસી, પુષ્કર પ્રાન્તવાસી, મરુધન્વ દેશનાં, અર્બુદાચલ, સિદ્ધપદ વગેરે દેશોમાં વસનારાં સેંકડો અને હજારો લોકો પ્રેમપૂર્વક વડતાલ આવતા હતા. (૩૫-૩૬-૩૭) પશ્ચિમ દિશામાંથી સિંધુદેશ, કચ્છદેશ, સૌરાષ્ટ્ર, પાંચાલ, સૌવિર દેશનાં હજારો લોકો વડતાલ આવતા હતા. (૩૮) દક્ષિણ દિશામાંથી હજારો લોકો વડતાલ આવવા લાગ્યા. સેતુબંધના કિનારેથી, વેંકટાદ્રિમાં રહેનારા, શ્રીરંગક્ષેત્ર સમીપે રહેનારા, કાંચીપુરના, દંડકારણ્યના, મલયપર્વત, વિન્ધ્યાચલની તળેટીમાં વસનારા, તાપી-નર્મદાને કાંઠે રહેનારાં, ગુજરાતના હજારો ભક્તજનો આનંદપૂર્વક વડતાલમાં આવતા હતા. (૩૯-૪૦-૪૧) તે બધા જેના ગાડાંઓમાં સાધનસામગ્રી અને પાથેય વગેરે ભરીને ભગવદ્ દર્શનમાં ઉત્કંઠાવાળા એવાં સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધજનોની સાથે વડતાલ આવતા હતા. (૪૨) 'જો માર્ગે ચાલવાની શક્તિ હોય તો ચાલો' આ પ્રમાણે ઘરમાં પ્રથમથી જ પુત્રોએ જે જનોને કહ્યું તે જીર્ણદેહવાળા વૃદ્ધ જનો પણ શ્રીહરિના યુગલચરણનું દર્શન કરવાની ઉત્કંઠાયુક્ત ચિત્તવાળા હાથમાં લાકડી પકડીને તરુણજનો સાથે ચાલતા અને શ્વાસથી ફૂલી ગયેલાં દાંત પર્યંત મુખો વડે ઊંચા સ્વરે શ્રીકૃષ્ણ નામોને બોલતા બોલતા વડતાલમાં જલદી જલદી આવતા હતા. (૪૩) તે જ પ્રમાણે સ્ત્રીઓ પણ ભગવાન શ્રીહરિએ કરેલી મર્યાદાને પાલન કરતી સતી માર્ગમાં પણ પુરુષોનો સ્પર્શ ન થાય તેમ અને ત્વરાથી યુક્ત થકી ત્યાં આવવા લાગી. (૪૪) બાળકો પણ શ્રીહરિને હું પહેલો જોઈશ, હું પહેલો જોઈશ એવા ભાવથી આગળ ચાલતા અને દોડતા દોડતા જલદી આવતા હતા. (૪૫) મહી, સાબરમતી અને વાત્રક નદીઓનો મધ્યભાગ ઘણા દેશોથી આવેલા જનોથી અત્યંત સંકીર્ણ થઈ ગયો. (૪૬) હે રાજન્ ! પૃથ્વી ઉપર આ મહી, સાબરમતી અને વાત્રકનો મધ્યભાગનો દેશ અનુપમ વર્તે છે. આ દેશની જે સકળ ભૂમિ રસાળ અને હેમંતાદિ સર્વ ઋતુઓમાં સુખદાયિની તથા ખેડૂતોના મનને અતિ પ્રીતિ આપનારી છે. (૪૭-૪૮) જે દેશમાં ગામે ગામ, વને વને અને પદે પદે નિર્વિકાર અને મિષ્ટ જળવાળી વાવો, કૂવાઓ અને સરોવરો આવેલાં છે. (૪૯) જે દેશમાં આંબા અને રાયણો અગણિત વૃક્ષો તથા ફળ વગેરે વડે સુખદાયક એવાં અનેક વૃક્ષો આવેલાં છે. (૫૦) ઉંબરા, કોઠાં, વડ, પીપર, પીલુવૃક્ષ, આંબલીઓ, પીપળા, ગુંદા, નાળિયેરી, તાડખજૂરી, બીજોરાં, નારંગી, લીંબુ, આમ્રાતક, નાગકેસર પુન્નાગ, બોરસલી, આસોપાલવ, પાટલ, સુવર્ણ કેતકી, ચમેલી, શતપત્રી (આંમળી), મલ્લિકા, ચંપા, કરેણ, શમીવૃક્ષ, બીલીવૃક્ષ, કમળ, બોરડી, ખાખરા, સોપારી, કદમ્બ, કુરંબક, ફણસ, કેળો, બંધુજીવક (બપોરીયા), જૂઈ તથા લીંબડા, જાંબુડા, મહુડા આદિ અનેક વૃક્ષો તથા લતાઓ; પત્ર-પુષ્પ-ઉળ, છાયાથી સર્વજનોને સુખી કરતા થકા જે દેશમાં ચોતરફના પ્રદેશમાં આવેલાં છે. (૫૧ થી ૫૫) જે દેશમાં ગૃહના આકારવાળાં વૃક્ષોયુક્ત વનમાં ચાલનારાને માર્ગમાં છાયા, ફળ, જળની પ્રાપ્તિથી ગ્રામનું કાર્ય બાકી રહેતું નથી. (૫૬) આ પ્રદેશ શ્રીહરિના વિચરણથી વૃંદાવનની માફક પુણ્યભૂમિ જેવો ઉત્તમ થયો છે. જે દેશમાં બહુધા ભગવદ્ભક્તો તથા સાધુજનો વિચરે છે. (૫૭) આવી રીતના તે દેશમાં પૂર્વે કહેલાં પ્રસન્ન મનવાળા જનો વડતાલને ચારે બાજુથી વીંટળાઈને પોતપોતાના નિવાસો કરતા હતા. (૫૮)

કેટલાક જનોએ સરોવરના કિનારે નિવાસ કર્યો હતો. કેટલાકે નદીના તટો ઉપર નિવાસ કર્યો અને કેટલાક જનો કૂવાઓના સમીપના સ્થળે નિવાસ કરતા હતા. (૫૯) કેટલાક જનો ઘર જેવાં આકારવાળાં વૃક્ષોનો આશ્રય કરી નિવાસ કરતા હતા, કેટલાંક આળસ-રહિત થકા ગામોમાં સુખપૂર્વક રહેતા હતા. (૬૦) પૂર્વોક્ત પ્રકારે જેમણે નિવાસો કરેલા છે એવા સર્વે જનો ભોજન કરી, પાણી પીને સુખેથી બેઠાં બેઠાં, ફાગણ સુદી દશમીના રોજ વડતાલમાં એકત્રિત થઈ, શ્રીહરિ નારાયણમુનિના આગમનની રાહ જોવા લાગ્યાં. (૬૧) ગઢપુરથી નીકળેલા શ્રીહરિ પંચાલદેશને ઉલ્લંઘીને, ભદ્રા નદી ઊતરીને, ભાલદેશને ઓળંગીને ત્યાંથી સાબરમતી નદી ઊતરીને ચોથા દિવસે ચરોતર દેશમાં પધાર્યા. (૬૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં ભગવત્પ્રયાણ દેશાન્તરીયજનસદ્માગમન નિરૂપણનામે સુડતાલીસમો અધ્યાય થયો. ॥૪૭॥

●

## અધ્યાય-૪૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! તે ચરોતર દેશ અને આંબા આદિક વૃક્ષોને વિશેષપણે વખાણતા થકા પાંચમા દિવસે મધ્યાહ્‌ન સમયે પિંપલાવ્ય ગામે આવી પહોંચ્યા. (૧) હે નૃપ ! માર્ગમાં આવતાં તે તે નગર કે ગામમાં ત્યાંના જનોએ બહુવિધ ફળ પુષ્પાદિ ભેટ આપવા વડે આદરથી પૂજેલા શ્રીહરિ તે જનો ઉપર અનુગ્રહ કરતા અને મધુર વાક્યો વડે આનંદ પમાડતા થકા દશમીના રોજ સાયંકાળ સમયે વડતાલના સમીપે આવી પહોંચ્યા. (૨-૩) ભગવાન પધારવાની રાહ જોઈને પશ્ચિમ દિશા તરફ દૃષ્ટિ રાખી રહેલા દેશાંતરીય સર્વ લોકો શ્રીહરિનું આગમન સાંભળી હર્ષ પામીને આદરપૂર્વક સામે જવા માટે ઊઠ્યા. (૪) પ્રાણના આગમનથી શબો જેમ ચલાયમાન થાય તેમ શ્રીહરિના આગમન શ્રવણ ક્ષણે જ ઊઠેલા તે લાખો જનો હર્ષપૂર્વક શ્રીહરિના સન્મુખ ગયા. (૫) વડતાલ નિવાસી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જાતિના સેંકડો કોળી ભક્તજનો તથા સ્ત્રીઓ શ્રીહરિને સમીપ પ્રદેશમાં આવેલા સાંભળીને તેમના દર્શન મહોત્સવમાં મહાન ઉત્સાહવાળા થકા શ્રીહરિના સામા જવા માટે તત્કાળ ઊઠ્યા. (૬-૭) તે સમયે સર્વ નગર-સ્ત્રીઓ શ્રીહરિનું આગમન સાંભળી પ્રેમથી વિહ્‌વલ ચિત્તવાળી અને પ્રસન્નતા યુક્ત થઈ શ્રીહરિના સામા જવા તૈયાર થતી હતી. (૮) તે સમયે હર્ષાશ્રુથી વ્યાપ્ત નેત્રોવાળી તે સ્ત્રીઓને અતિ ઉત્સાહને કારણે પોતાના અંગ ઉપર ધારવાનાં વસ્ત્રો અને આભૂષણોના સ્થાનમાં ફેરફાર થઈ ગયો. (૯) હર્ષાવેશમાં આવીને અસ્થાને વસ્ત્રાલંકાર ધારણ કરેલી સ્ત્રીઓ શ્રીહરિના દર્શન માટે એકદમ ઉત્કંઠાવાળી થકી ઘરોમાંથી બહાર નીકળતી હતી. (૧૦) કોઈ સ્ત્રી ઘરને વાળતી હતી, કોઈ લીંપણ કરતી હતી, કોઈ સ્નાન કરતી હતી તે સર્વ સ્ત્રીઓ પોતપોતાના કામ પડતાં મૂકીને તરત જ ચાલવા માંડી. (૧૧) કોઈ સ્ત્રી રસોઈ બનાવતી હતી, કોઈ સ્ત્રી ગાય દોતી હતી, કોઈ પોતાના બાળકને સ્તનપાન કરાવતી હતી-તે સર્વ સ્ત્રીઓ કામને ત્યાગ કરીને શ્રીહરિ તરફ જવા લાગી. (૧૨) અને કેટલીક સ્ત્રીઓ શ્રીહરિનું ધ્યાન

તથા શ્રીહરિચરણ પૂજન કરતી હતી તે સર્વ ક્રિયાનો ત્યાગ કરી પ્રત્યક્ષ શ્રીહરિના દર્શને સન્મુખ જતી હતી. (૧૩) કેટલીક સ્ત્રીઓ સમાધિમાં તત્કાળ જ અંતર્ધાન થઈ ગયેલા શ્રીહરિને જોતી સતી ઉતાવળથી ઊઠીને ઉન્મત્તની પેઠે ચાલતી થઈ. (૧૪) તે સમયે સ્ત્રીઓ સહિત પુરવાસી જનો 'જય જય' નાદ કરતાં પ્રીતિપૂર્વક વાજિંત્ર સહિત ગીત ગાતાં શ્રીહરિ સામા જતા હતા. (૧૫) પુરવાસી જનો ઉતાવળે ચાલતા થકા પણ શ્રીહરિ આગળ થતો વાદ્યઘોષ દૂરથી સાંભળી દર્શનમાં ઉત્સાહવાળા થઈ દોડવા લાગ્યા. (૧૬) આ દોડતા પુરજનો, પ્રથમ શ્રીહરિની આગળ ચાલનારા સેંકડો અને હજારો મુનિજનોને જોઈ પ્રણામ કરી, પછી પ્રત્યક્ષ શ્રીહરિના દર્શન કરતા હતા. (૧૭) માણકી ઘોડી ઉપર બેઠેલા, ડાબા હાથમાં લગામ ગ્રહણ કરી છે એવા, સ્વાભાવિક મંદહાસ્યયુક્ત મુખારવિંદવાળા, કમળ સમાન નેત્રોવાળા, માર્ગમાં લોકોએ ચંદન પુષ્પહારોથી પૂજેલા, ભક્તોના મનને આનંદ આપનારા, ચળકતા ચંચળ પાલવયુક્ત શ્વેત વસ્ત્ર વડે દ્દઢ કમર કસેલા, પોતાને લક્ષ કરીને વેગથી આવતા એવા ભક્તોને જોઈ આશ્ચર્યવશની માફક ઊંચેથી હસતા તથા સામા આવતા ભક્તસંઘોને એક હાથ વડે અભયદાન આપતા ઘોડેસ્વારોથી વીંટાયેલા એવા ભગવાનને ભાળીને જે જે દોડીને આગળ આવ્યા હતા તેઓ પ્રથમ જલદી વંદના કરવા લાગ્યા. (૧૭-૨૦) પછી કુબેરજી આદિ સર્વ વૃત્તાલયવાસી જનો શ્રીહરિ સમીપે જલદી આવી હર્ષાશ્રુ સારતા થકા પ્રીતિથી પ્રભુને દંડવતપ્રણામ કરવા લાગ્યા. (૨૧) તે સમયે શ્રીહરિના દર્શન કરવામાં ઉત્સાહિત મનવાળી સ્ત્રીઓના હજારો સમુદાયો શ્રીહરિના દર્શન કરી હર્ષથી તત્કાલ મસ્તક ભૂમિ ઉપર મૂકી પંચાંગ પ્રણામ કરવા લાગી. (૨૨) તે નારીજનો પોતાના પ્રિય કમલનયન શ્રીહરિને જોઈ અનુપમ આનંદ પ્રાપ્ત કરી જલદી જલદી નેત્રોવડે હૃદયમાં ધારણ કરી, મન વડે આલિંગન કરી રોમાંચક ગાત્રોવાળી થઈ ગઈ. (૨૩) દેશાંતરથી શ્રીહરિ સન્મુખ આવેલાં સર્વ જનો તે સમયે 'જય શ્રીકૃષ્ણ' શબ્દ ઊંચા સ્વરે બોલીને અતિ હર્ષપૂર્વક શ્રીહરિ સાથે આવેલા ભક્તજનોને ભેટવા લાગ્યા. (૨૪) અને દેશાંતરથી આવેલી સર્વ સ્ત્રીઓ, શ્રીહરિની સાથે આવેલી પશ્ચિમ દેશની સ્ત્રીઓને જોઈને તેમને બાથમાં ઘાલીને મળવા સારુ દોડતી હતી. (૨૫) દેશાંતરની આ સ્ત્રીઓ અતિ હર્ષયુક્ત થઈ 'જયશ્રીકૃષ્ણ' શબ્દ ઉચ્ચારતી, ઉત્સાહથી બન્ને સ્તનો પીડા પામે તેમ આલિંગન કરવા લાગી. (૨૬) શ્રીહરિની આજ્ઞાથી દેશાંતરમાં જઈને, જ્યાં ત્યાં લતાદિ કુંજોમાં રહેલા હજારો ત્યાગી સાધુઓ પણ શ્રીહરિ સન્મુખ જવા લાગ્યા. (૨૭) જેમ અંતરિક્ષમાં ગતિ કરનારા હંસો માનસ સરોવરને લક્ષ્ય કરીને ઊતરે છે તેમ તે પરમહંસો શ્રીહરિને જ લક્ષ્ય કરીને તત્કાલ દોડવા લાગ્યા. (૨૮) પછી ત્યાગીઓ શ્રીહરિની નજીકમાં આવી શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ઊભા રહ્યા. ત્યાગીઓને જોઈને શ્રીહરિની સાથે આવેલા સર્વ લોકો તેમની સમીપમાં જઈ પ્રમાણ કરવા લાગ્યા. (૨૯) 'જયશ્રી સ્વામિનારાયણ' એવા ધ્વનિને કરતા એવા તે પરમહંસો તે ભક્તજનોને શ્રીહરિને અતિ પ્રિય જાણતા થકા હર્ષપૂર્વક મળતા હતા. (૩૦) હે રાજન્ ! પોતાની સામે આવેલા અને પ્રણામ કરતા એવા તે સર્વ પોતાના ભક્તોને સંતોષ પમાડતા થકા શ્રીહરિ તેમનો યથોચિત આદર કરતા હતા. (૩૧) શ્રીહરિ કેટલાક ભક્તોને હાથના સ્પર્શથી, કેટલાકને સંભાષણથી,

કેટલાકને અભયદાન મુદ્રાપ્રદર્શનથી તો કેટલાકને હાસ્યપૂર્વક અવલોકન વડે સંભાવના કરતા હતા. (૩૨) એ રીતે ભગવાન્, સ્ત્રી-પુરુષ સર્વ ભક્તજનોની યથોચિત સંભાવના કરીને, પછી તે જનોએ 'જય જય' એવા શબ્દો વડે સ્તુતિ કરાયા સતા તે ભક્તજનો સાથે જ વૃત્તાલયપુર પાસે પધાર્યા. (૩૩) તે સમયે શ્રીહરિના અનુચર કુબેરજી તથા જોબનપગી બન્ને ભક્તો ચામર લઈ શ્રીહરિ ઉપર ઢોળવા લાગ્યા. (૩૪) તે સમયે હજારો દીપિકાઓના મોટા પ્રકાશ વડે અને ચંદ્રની કાંતિ વડે સર્વ દિશાઓમાં રહેલો અંધકાર નાશ પામી ગયો. (૩૫) તે સમયે હજારો શંખ, ભેરી, મૃદંગ, ઝાંઝ, મંજીરા અને ડીંડીમનો મહાધ્વનિ થવા લાગ્યો. (૩૬) અતિશય ધ્વનિ થવા લાગ્યો ત્યારે કોઈ માણસે ઉચ્ચારેલું વાક્ય કોઈ પણ માણસ કંઈ સાંભળતો ન હતો. તે સમયે હાથોની ચેષ્ટાઓ વડે જ કાર્યોનો બોધ થતો હતો. (૩૭) શ્રીહરિએ સ્થાવર જાતિનાં જંતુઓનું પરમ શ્રેય સંપાદન કરવા, પુરથી બહાર આંબાના વનમાં પોતાનો ઉતારો કરાવ્યો. (૩૮) જનસમુદાયથી વીંટાયેલા શ્રીહરિ, નગરની ઉત્તર દિશામાં રહેલા, સર્વ લોકને આનંદ આપનારા અતિ ઉત્તમ સ્થાનમાં ધીમે ધીમે પધાર્યા. (૩૯) નારાયણમુનિ પોતાના નિવાસસ્થાને માણકી ઉપરથી ઊતરતી વખતે પાસે ઉભેલો પુરુષ હાથ પકડે એટલામાં તો શ્રીહરિ ભૂતલ ઉપર કૂદીને ઊભા રહ્યા. (૪૦) સર્વ જનોને પોતાનું દર્શન થાય તે હેતુથી ચાર પગવાળા સુંદર ઊંચા પીઠ ઉપર ચઢીને શ્રીહરિ ઊભા રહ્યા. (૪૧) પછી ભગવાને પોતાની સાથે આવેલા સર્વ જનોને યથાયોગ્ય ઉતારા અપાવ્યા પછી પોતે આસન ઉપર બેઠા. (૪૨) આસન ઉપર જરાક વિશ્રામ કરી પછી જલપાન કરી પછી નાના દેશોથી આવેલા જનોને ચારે બાજુ જોવા લાગ્યા. (૪૩) તે જનોમાં ઘણું કરીને પોતાના ભક્તજનો હતાં, કેટલાક જનો આશ્ચર્ય જોનારાં હતાં. અને કેટલાક વરતાલમાં સ્થિતિના ભયથી ભગવદ્ ભક્તોને ઘેર લઈ જવા માટે આવેલાં હતાં. (૪૪) શ્રીહરિ જ્યાં જ્યાં અને જે જે દિશામાં દૃષ્ટિ નાખતા હતા ત્યાં ત્યાં માણસોની અત્યંત ભીડ જોવામાં આવતી હતી. તે બધાં પોતાની મૂર્તિનાં દર્શન સ્થિર દૃષ્ટિથી કરતાં હતાં. (૪૫) જેટલા જનો આગળ હતા તેટલા જ પડખે પણ હતા અને તેટલા જ પોતાની પાછળ રહેલા જનોને શ્રીહરિએ જોયા. (૪૬) પુરના ચોતરફ દુર્ગ ઉપર સર્વ ખેતરોમાં, સરોવરોના તટો ઉપર, કૂવાઓના સમીપે અને ગાડાં રથ વગેરે ઉપર રહેલા જનોને શ્રીહરિએ જોયાં. (૪૭) તેવી જ રીતે દરેક વૃક્ષો અને તેની ડાળીઓ ઉપરાઉપરી રહેલા તેમજ પુરનાં ઘરોમાં પડાળીઓ ઉપર રહેલા લોકોને જોયાં. (૪૮) આ પ્રકારે જોતા તે પ્રભુ ઊઠીને ચારે દિશાઓ અને ચારે ખૂણાઓમાં સર્વત્ર જનોને જ જોઈને હસતા અને વિસ્મય પામતા હતા. (૪૯) હે રાજન્ ! તે શ્રીહરિ વિસ્મયપૂર્વક પોતાના મસ્તકને હલાવતા થકા અહોહો ! આ પ્રકારે બોલતા અને હસતા થકા ફરી પાછા સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૫૦) ત્યારપછી શ્રીહરિ પોતાના હાથ ઊંચા કરી બેસાડી દેવાની મુદ્રા વડે ઊભેલા સર્વજનોને બેસાડી દેતા હતા. (૫૧) ભગવાનની આજ્ઞામાં વર્તનારા તે સર્વજનો ભગવાનના હાથની નિશાની સમજી જઈને લાખોની સંખ્યામાં હતા તોપણ તત્કાળ એકચિત્તવાળા થઈ બધા બેસી ગયા. (૫૨) ભગવાન બેઠેલા તે જનોને ફરીથી પાછા તાળી વગાડીને મૌન કરવાની મુદ્રા વડે મૌન કરી દેતા હતા. (૫૩) તે સર્વ જનો મૌન થઈ

બેસી ગયા ત્યારે ભક્તવત્સલ ભગવાન તે સર્વ જનોનું સ્વાગત અને સુખ સમાચાર પૂછવા લાગ્યા. (૫૪) ત્યારપછી એક એક દેશના મુખ્ય મુખ્ય બબ્બે કે ત્રણ ત્રણ જણાને પોતાની પાસે બોલાવી તે તે દેશનું વૃત્તાંત પૂછવા લાગ્યા. (૫૫) ત્યારપછી પ્રભુ 'પોતાનાં નિવાસસ્થાનોમાંથી અજાણ્યા પુરુષને કાઢી મૂકવો' આ પ્રમાણે ચોર વગેરે જનો પ્રવેશ ન કરે તેટલા માટે તે જનોને શિખામણ આપતા હતા. (૫૬) ત્યારબાદ તે જનો શ્રીહરિની આજ્ઞા થવાથી શ્રીહરિને પ્રણામ કરી પોતાનું મહત્ ભાગ્ય માનતા થકા પોતપોતાના નિવાસસ્થાનોએ ગયા. (૫૭) હે રાજન્ ! ત્યારપછી તે સર્વે જનો પોતપોતાના નિવાસસ્થાનમાં એક એક માણસને સ્થાપન કરી ફરીથી પાછા આવી બધા પ્રભુના દર્શન માટે ઉત્કંઠાવાળા થકા જ્યાંસુધી શ્રીહરિનું દર્શન થતું હતું. ત્યાંસુધી પ્રભુની આગળ બધા ઊભા રહેતા હતા. (૫૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં ભક્તાનાં સપરિવારભગવદ્ દર્શનાનંદનિરૂપણનામે અડતાલીસમો અધ્યાય થયો. ॥૪૮॥

●

## અધ્યાય-૪૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિ વડતાલમાં ફૂલદોલોત્સવ કરવા પધાર્યા છે તેવા સમયમાં મનુષ્યાકૃતિ ધારી રહેલા શ્રીહરિના નિષ્પાપ એવા બન્ને સગાભાઈ સ્વદેશથી ત્યાં વડતાલમાં આવ્યા. (૧) નીલકંઠ નામધારી શ્રીહરિ જે દિવસે ઘર અને સ્વ-બંધુઓનો ત્યાગ કરી વનમાં ગયા તે દિવસથી આરંભીને તેમના વિયોગના શોકથી વ્યાકુલ મનવાળા રામપ્રતાપ અને ઇચ્છારામ - આ બન્ને ભાઈઓ, બુદ્ધિમાનોમાં ઉત્તમ, પોતાના ભાઈ શ્રીહરિના વિયોગથી કૃશ શરીરવાળા, દરરોજ નારાયણમુનિના ચિંતવનમાં જ આસક્ત, વિવિધ દેશોમાં વિચરતા એવા પોતાને ઘેર આવેલા સાધુઓના મુખથી નીલકંઠવર્ણીની વારતા સાંભળી શ્રીહરિના દર્શનમાં ઉત્સાહી મનવાળા, શ્રીહરિમાં પ્રીતિવાળા પોતાના સગાઓ સંબંધીઓ સહિત અને લાંબા કાળ પછી સમાચાર સાંભળવાથી અને ઐશ્વર્ય સાંભળવાથી આશ્ચર્ય પામેલા, શ્રીહરિની સમીપે જવાનો જેમણે નિશ્ચય કર્યો છે, પ્રવાસમાં વિઘ્નનિવારણ માટે કર્યું છે શાસ્ત્રોક્ત પ્રસ્થાનોચિત મંગલ જેમનું એવા ભાઈઓ જ્યારે પોતાના ઘેરથી ભગવાનનાં દર્શન કરવા ચાલી નીકળ્યા ત્યારે તેમનો પરિવાર પણ તેમની સાથે ચાલી નીકળ્યો. (૨-૬) પતિભક્તિપરાયણ અને શ્રીહરિના દર્શન માટે ઉત્સાહવાળા સુવાસિની નામવાળાં રામપ્રતાપનાં પત્ની તથા નંદરામ, ઠાકુરપ્રસાદ અને અયોધ્યાપ્રસાદ નામના ત્રણ પુત્રો તથા તેમની સિદ્ધિ નામની પ્રસિદ્ધ પુત્રી તથા નંદરામના દિનમાના નામનાં પત્ની; (૭-૯) તથા નંદરામના મોટા પુત્ર રામશરણ, બીજા પુત્ર નારાયણ અને ત્રીજા પુત્ર હરિસહાય તથા મેધા નામની નંદરામની એક કન્યા; (૧૦) ઠાકુરપ્રસાદનાં શિવકુમારી નામનાં પત્ની તથા ઠાકુરપ્રસાદના રામસુખ, બીજા મોહન તથા ત્રીજા નારાયણદીન આ ત્રણ પુત્રો; (૧૧) તેમજ અયોધ્યાપ્રસાદજીનાં સુનંદા નામનાં પત્ની તથા મોટાં યમુના અને નાનાં ગંગા આ બે પુત્રીઓ; (૧૨) તથા કેશવપ્રસાદ અને બીજા પરશુરામ

આ બન્ને અયોધ્યાપ્રસાદજીના પુત્રો; (૧૩) ઈચ્છારામભાઈનાં વરીયસી (વરિયાળીબા) નામનાં પત્ની અને ઉત્તમ પાંચ પુત્રો અને બે કન્યાઓ; (૧૪) ગોપાળ, રઘુવીર, વૃંદાવન, સીતારામ અને બદરીનાથ આ પાંચ પ્રસિદ્ધ એવા પુત્રો; (૧૫) તેમજ ફુલસરી અને ફુલઝરી નામથી બે પ્રસિદ્ધ કન્યાઓ હતી. તથા ગોપાલની મંદા નામની પત્ની, અને રઘુવીરના વીરજા નામની પત્ની પણ સાથે હતાં. (૧૬) તથા સુફળ નામના એક ઈચ્છારામના સાળા હતા અને ઈચ્છારામના મામાના પુત્ર બુદ્ધિમાન મંછારામ પણ સાથે હતા. (૧૭) એ બધાં અને બીજા બંધુઓની સાથે રામપ્રતાપ અને ઈચ્છારામ બન્ને ભાઈઓ ભગવાનના દર્શન માટે જતા યાત્રાળુઓ સાથે તે વડતાલમાં આવ્યા. (૧૮) માર્ગમાં ગામોગામ રહેલા સત્સંગીઓ આ બધાંને શ્રીહરિના સંબંધીઓ જાણીને વિનયથી અન્ન-જળ અને ઉતારો આપી સત્કાર કરતાં (૧૯) તે તે ગામોમાં પોતાના ભાઈ શ્રી નારાયણમુનિનું ઐશ્વર્ય સાંભળી વિસ્મય પામેલા મનવાળા બન્ને ભાઈઓ વડતાલ આવી શ્રીહરિને સભામાં બેઠેલા દૂરથી જોયા. (૨૦) ત્યારે તે બન્ને જણા પોતે અગાઉ અનુભવ કરેલાં લક્ષણો અને સ્વર આદિ વડે શ્રીહરિને પોતાના બંધુ જ છે એમ જાણી હર્ષ ભરેલા બન્ને પોતાના ભાઈને ભેટવા માટે દોડ્યા. (૨૧) અતિ દૂર અયોધ્યાથી પોતાના ઘરનો ત્યાગ કરી, પોતાને દર્શને આવેલા અને અતિ સ્નેહથી આંખમાં પ્રેમાશ્રુવાળા અતિશય આનંદિત પોતાના બન્ને ભાઈઓને જોઈને બંધુભાવને જાણનારા તે શ્રીહરિ ભ્રાતૃવર્ગમાં સ્નેહરહિત બુદ્ધિવાળા હોવા છતાં ભક્તપ્રિયપણું હોવાથી હાસ્ય વડે પ્રફુલ્લિત મુખકમળવાળા શ્રીહરિ તેમને મળવા સારુ સિંહાસન ઉપરથી તત્કાળ નીચે ઊતર્યા. (૨૨) પોતાને અતિપ્રિય શ્રીહરિને બન્ને ભાઈઓ અનુક્રમે તત્કાળ આવી બન્ને ભુજાથી આલિંગન કરી, ઘણા સમય સુધી મહાઆનંદમાં નિમગ્ન થઈ ગયા. ભગવાન પણ બન્ને ભાઈઓની તથા સાથે આવેલા બીજા બંધુજનોની યથાયોગ્ય સંભાવના કરી પોતાના મિત્રાદિને મળીને આંસુ ભરેલા નેત્રોવાળા તે ભાઈ વગેરેને આનંદ પમાડતા હતા. (૨૩) તે સમયે નારાયણમુનિએ પોતાના મોટાભાઈ રામપ્રતાપજીને પોતે નાના હોવાથી પ્રણામ કર્યા અને ઈચ્છારામ ભાઈએ શ્રીહરિને આદરપૂર્વક પ્રણામ કર્યા. (૨૪) આ પ્રકારે શ્રીહરિ પોતાના બીજા બંધુજનોને પણ યથાયોગ્ય નમસ્કાર કરતા હતા, કેટલાક ઉત્સાહે સહિત શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૨૫) તે બધા પ્રાણથી પણ અતિપ્રિય શ્રીહરિને બહુ કાળે જોઈ વિયોગનું દુઃખ ત્યાગ કરતા હતા અને પરમાનંદ પ્રાપ્ત કરતા હતા. (૨૬) પોતાના બંધુજનોને યોગ્ય આસને બેસાડીને શ્રીહરિ પોતાના સિંહાસનમાં બેઠા. પછી તે ભાઈ આદિકનું સ્વાગત, વૃત્તાંત અને કુશળ પૂછવા લાગ્યા. (૨૭) ત્યારપછી ભક્તજનો, પાર્ષદો અને સ્ત્રીઓ આ બધાં રામપ્રતાપ અને ઈચ્છારામને શ્રીહરિના ભાઈ જાણી શ્રીહરિની માફક જ આદરપૂર્વક પ્રણામ કરતા હતા. (૨૮) પછી શ્રીહરિએ પોતાનાં બંધુજનોને સારો મહેલ ઉતારો કરાવવા અપાવ્યો અને તેમની સેવા માટે જોબનપગી તથા મુકુન્દાનંદ બ્રહ્મચારીને રાખ્યા. (૨૯) તે બધા પણ શ્રીહરિનું ઐશ્વર્ય જોઈ સાંભળીને વિસ્મય પામતા થકા પોતાના બંધુ શ્રીહરિને નરાકૃતિ ધારેલા વાસુદેવ માનવા લાગ્યા. (૩૦) તે બધા ખાનપાન ઉપહાર આદિ સાધનો વડે શ્રીહરિના પ્રિય જોબનપગી વગેરેએ સેવન કરાયા સતા તે મહેલમાં સુખપૂર્વક નિવાસ કરતા હતા. (૩૧) રામપ્રતાપ વગેરે

શ્રીહરિના ભાઈઓ ઉતારે ગયા ત્યારે આનંદાનંદમુનિ શ્રીહરિ પ્રભુને કહેવા લાગ્યા. (૩૨) હે ભગવન્ ! અયોધ્યાથી આવેલા તમારા સગા મોટાભાઈને જોઈને હમણાં ઊપજેલો એક સંશય તમોને હું પૂછું છું. (૩૩) તમારા મોટાભાઈને તમોએ પ્રથમ પ્રણામ નહિ કરવા દેવામાં શું તમારામાં તેમની ભક્તિની ન્યૂનતા વર્તે છે અથવા તમો ઈશ્વર છો એમ તેઓ જાણતા નથી? (૩૪) અથવા હે સત્પતે ! અથવા શિષ્ટાચારની મર્યાદાનું રક્ષણ કરવા માટે તમે તેમને નમસ્કાર કરવા દીધા નહિ ? આમાં જે રહસ્ય હોય તે કહેવા તમો યોગ્ય છો. (૩૫) એ સમયે સભામાં બેઠેલા સર્વ ભક્તજનો સાંભળે તેમ શ્રીહરિએ તે મુનિને કહેવા લાગ્યા : હે મુને ! જેમ અક્રૂરજી શ્રીકૃષ્ણને વિશે ભક્તિવાળા હતા, તેમ રામપ્રતાપ મારા વિશે ભક્તિવાળા છે. (૩૬) અક્રૂરજી મથુરાથી નીકળી ગોકુળ આવતાં રસ્તામાં શ્રીકૃષ્ણ જેવા ભક્તિભાવને પામેલા હતા તેવા જ ભક્તિભાવને આ મારા મોટાભાઈ મારા વિષે પામેલા છે તે નિશ્ચિત વાત છે. (૩૭) હે મુનિશ્રેષ્ઠ ! માટે રામપ્રતાપને મારા વિશે ઓછી ભક્તિ છે એવી શંકા રાખતા નહિ અને મેં પ્રણામ કર્યા અને તેમને પ્રણામ કરવા દીધા નહિ તે તો સદાચારની મર્યાદાના સ્થાપન માટે જ છે. (૩૮)

આ પ્રકારે નારાયણમુનિનું વાક્ય સાંભળી મહર્ષિ આનંદાનંદ તથા સભામાં રહેલા અન્ય જનો ખૂબ હર્ષ પામ્યા અને આશ્ચર્ય પણ પામ્યા. (૩૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરેશ ! વૃત્તાલયમાં દેશાંતરથી આવેલા મનુષ્યોને દશમી તિથિએ શ્રીહરિના દર્શનથી થયેલા આનંદના અતિરેકથી માર્ગના પરિશ્રમનો થાક ભુલાઈ ગયો. (૪૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં રામપ્રતાપાદિ ભગવદ્બન્ધુજનાગમનનિરૂપણનામે ઓગણપચાસમો અધ્યાય થયો. ॥૪૯॥

●

## અધ્યાય-૫૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપ ! તે વૃત્તાલયપુરમાં પુરવાસી દયારામ વગેરે ભક્ત બ્રાહ્મણો મુનિજનોએ સહિત શ્રીહરિની સેવામાં લાગી ગયા હતા. (૧) તેમજ જોબન, સુંદર, જૂખો, બાદર, તખો પગી અને ખોડાજી આદિ ક્ષત્રિય વીરો નારાયણમુનિની ભક્તિભાવથી સેવા કરવા લાગ્યા. (૨) તેમજ કુબેરજી, રણછોડ, મૂળજી, ભઈજી વગેરે વૈશ્યભક્તજનો તથા નારાયણગિરિ નામના ગોસ્વામી પણ શ્રીહરિની સેવા કરતા હતા. (૩) તથા રળિયાત, બે જીતા નામની, માન્યા, રામા વગેરે સ્ત્રીઓ ભક્તિથી શ્રી નારાયણમુનિની સેવામાં આસક્ત થતી હતી. (૪) ત્યારપછી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ બીજે દિવસે એકાદશીનો ઉપવાસ છે આથી સોમલા, સુરા વગેરે પાર્ષદોને ભોજન કરાવશે એવા થકા તેમને કહેવા લાગ્યા. (૫) હે સોમલા ખાચર ! હે સુરા ખાચર ! હે ખટવાંગ! હે માતરા ધાધલ ! હે અલૈયા ખાચર ! હે મૂળજી ! સાયંકાળનું ભોજન કરવાની ઇચ્છા હોય તો તમો જલદી બોલો. (૬) કેમકે આવતી કાલે પ્રાતઃકાળે આમલકી નામની મોટી એકાદશી છે. તે દિવસે

નારાયણના આશ્રિતોએ અન્નાદિ ભોજન કરાય નહિ. (૭) આ પ્રકારે શ્રી નારાયણમુનિનું વચન સાંભળી એકબીજાના મુખ સામું જોતા થકા સોમસુરાદિ પાર્ષદો ઉપવાસ અવશ્ય જ કર્તવ્ય છે એમ જાણતા થકા બોલ્યા. (૮)

**પાર્ષદો બોલ્યા :**

માર્ગમાં પિપલાવ્ય ગામમાં અમે લાડુ વગેરે સારી રીતે જમ્યા છીએ આથી હમણાં તો ઉદરમાં ભૂખ જણાતી નથી. (૯) તોપણ સેવકોએ સ્વામીની આજ્ઞા પાળવી જ જોઈએ માટે હે ભગવન્ ! હમણાં થોડુંક ભક્ષ્ય જમીશું. (૧૦) હે પ્રભો ! તમારા પ્રસાદનું માહાત્મ્ય તો અમો એકાદશીથી અધિક જાણીએ છીએ. તોપણ તમારી પ્રસન્નતા માટે આવતી કાલે એકાદશીના રોજ જમીશું નહિ. (૧૧) આ પ્રમાણે સોમલા ખાચર વગેરેનું વચન સાંભળીને તેમના હૃદગત અભિપ્રાયને, જાણનાર, સર્વેશ્વર શ્રીહરિ હસતા થકા 'અહીંયાં કોણ પુરવાસીજન છે ?' એમ બોલ્યા. (૧૨) તે સમયે કુબેરજી ઊભા થઈ બે હાથ જોડી વચન બોલ્યા કે હે ભગવન્ ! આ આપનો દાસ હાજર છે તો યથારુચિ આજ્ઞા આપો. (૧૩) તે પછી ભગવાને કુબેરજીને પૂછયું કે અહીંયાં રસોઈ કરાવી છે કે નહિ ? કુબેરજીએ કહ્યું હે ભગવન્ ! રાયણતળે પાકશાળામાં રસોઈ તૈયાર થઈ ગઈ છે. (૧૪) જલદી જલદી રસોઈ કરનારા ગણેશ, જયરામ વગેરે બ્રાહ્મણોએ ઘણું ઘી અને સાકર નાંખીને લાડુઓ બનાવી રાખ્યા છે. (૧૫) તેમજ ભાત, તુવેરની દાળ વડીઓએ યુક્ત કઢી તથા નાના પ્રકારનાં ઘણાં શાકો કરેલાં છે. (૧૬) હે ભૂપતે ! કુબેરજીનું વાક્ય સાંભળીને શ્રીહરિ જલદીથી પાકશાળામાં આવી તૈયાર રસોઈ જોઈને વિચાર કરવા લાગ્યા. (૧૭) પ્રસાદના મહિમાને જાણનારા પદાતિ પાર્ષદો તથા મુનિજનો એવા આ બધા માટે આટલી રસોઈ પર્યાપ્ત જણાતી નથી. (૧૮) આવું વિચારી શ્રીહરિએ જોબનપગીના કાનમાં કહ્યું કે-આ ઉપરાંત બીજું પેંડા આદિક ભક્ષ્ય અને ઘણું ઘી વગેરે જલદી ગામમાંથી મંગાવો. (૧૯) તે પછી આજ્ઞાનુસારે જોબનપગીએ પ્રેરેલા અનુચરો જલદી ગામમાં જઈને પાત્રોમાં પેંડા વગેરે ભરી તે પાત્રો લઈ પાછા ત્યાં આવ્યા. (૨૦) તેટલામાં તો સુરત નગરથી આવેલા ભક્તજનો શ્રીહરિને પ્રસન્ન કરવા બરફીપેંડાથી ભરેલાં પાત્રો પોતાના ખભા ઉપર મૂકીને ભગવાન પાસે આવ્યા. (૨૧) સુરતપુરવાસી હરિભક્તોની સમયોચિત સેવાને જોઈ હસતા થકા શ્રીહરિ ભાલચંદ્ર આદિ ભક્તજનોની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. (૨૨) તેટલામાં તો મથુરાપુરના હરિભક્તોએ સદા પરિચયવાળા નહિ હોવાથી ભય પામ્યા હોય તેમ ધીમે ધીમે ભગવાનના ચરણો આગળ તત્કાળ પેંડાનો પર્વત ખડકી દીધો. (૨૩) પછી ભગવાન શ્રીહરિ અતિ હર્ષ પામીને પોતાના સર્વ પાર્ષદોને બોલાવી 'તમો સર્વે યથાયોગ્ય પંક્તિબંધ અહીં જમવા માટે જલદી બેસી જાવ' એમ બોલ્યા. (૨૪) ત્યારે તે પાર્ષદો હાથપગ ધોઈ પવિત્ર થઈ શ્રીહરિની આજ્ઞાથી પંક્તિબંધ બેસી ગયા તેટલામાં તો શ્રીહરિએ સાધુજનો અને સ્વકીય સેવકોને જમવા માટે બોલાવ્યા. (૨૫) શ્રીહરિએ કરેલા આવાહનથી અતિ રાજી થયેલા, એકી સાથે પોતાના આસન-સ્થાન-કથાનો ત્યાગ કરી દીધેલા, પ્રફુલ્લિત કમળની પેઠે પ્રફુલ્લિત મુખવાળા એકદમ ઝડપથી ચાલવાથી હાથમાં ધારણ કરેલા કમંડલોને હલાવતા, બે હાથ, બે પગ અને મુખ

આ પાંચ અંગ શુદ્ધ કરેલા તથા શ્રીહરિના મુખારવિંદ સામે દૃષ્ટિવાળા અને હસતા સાધુસમૂહો પવિત્ર ભિક્ષાપાત્રો ધારણ કરે અને પ્રસાદીનો લાભ થવાના આનંદથી ત્વરિત પગની ગતિ કરતા તે સંતો જમવાના સ્થાને આવ્યા. (૨૬) ત્યાં આવેલા અને નમસ્કાર કરતા તે સંતોને ગર્વ રહિત મુકુંદાનંદવર્ણી શ્રીહરિની આજ્ઞાથી-યથોચિત અને યથાસ્થાને બેસાડતા હતા. (૨૭) તે પછી સૂતો, માગધો, ગાયકો, વાજિંત્રવાદકો અને બંદિજનો શ્રીહરિની આજ્ઞાથી આવીને જમવા માટે બેસી ગયા. (૨૮) પાકશાળામાં હજારો દીવાઓની પંક્તિઓ થઈ ગઈ અને ભોજન કરનારાઓની ચોતરફ પ્રેક્ષકજનોના કિલ્લા બની ગયા. (૨૯) બધા પંક્તિબંધ મર્યાદાપૂર્વક બેસી ગયા ત્યારે પ્રભુજીએ બ્રાહ્મણ રસોઈયાઓને પીરસવાની આજ્ઞા આપી. (૩૦) પીરસવામાં કુશળ સેંકડો બ્રાહ્મણો હતા તે કચ્છ ભીડીને સદ્‌ગુરુ પ્રભુના રાજીપા માટે એક ક્ષણવારમાં પીરસી દેતા હતા. (૩૧) તે બ્રાહ્મણો શરૂઆતમાં પત્રાવળીઓ આપીને પછી જળની ગાગરો લઈ જલદી જળપાત્રો ભરી દેતા હતા. (૩૨) ત્યારબાદ સંભ્રમ રહિત થકા પંક્તિઓના ક્રમ અનુસાર યથાયોગ્ય અન્યોન્ય શાકાદિનો સ્પર્શ ન થાય તેમ તે પીરસણિયાઓ પીરસવા લાગ્યા. (૩૩) ત્યારે પશ્ચિમદેશના ભક્તો પીરસવાની ચાતુરી રૂપ ગુજરાત દેશની રીત જોઈને હસવા લાગ્યા. અને કેટલાક દાક્ષિણાત્ય જનો વખાણવા લાગ્યા. (૩૪) દરેકનાં પાત્રોમાં નાના પ્રકારનાં શાકો વગેરે તથા બરફી, પેંડા અને લાડુઓ એકબીજામાં મિશ્રિત થઈ જતા ન હતા. (૩૫) પીરસણિયાઓએ સર્વ પાત્રોમાં બધું પીરસી દીધેલું જોઈ શ્રીહરિએ પોતાના આશ્રિતોને જમવાની આજ્ઞા આપી. (૩૬) પ્રીતિથી ખૂબ સ્વાદિષ્ટ ભોજન કરતા સર્વ આશ્રિતોને ઈશ્વરમૂર્તિ શ્રીહરિ લાડુ અને પેંડા વારંવાર અપાવતા હતા. (૩૭) સ્વાદિષ્ટ ભોજનથી તૃપ્તિ પામેલા સર્વ પણ ભગવાનના હાથની પ્રસાદીની ઈચ્છા કરતા મુનિજનોને શ્રીહરિ પોતાના હાથ ધોઈ, પોતાના સ્વહસ્તે પીરસવા લાગ્યા. (૩૮) તૃપ્ત થયેલા તે મુનિ આદિ સર્વને ભગવાનના હાથથી વારંવાર મળતા લાડુ વગેરે કંઈપણ અરુચિકર ન થતાં પ્રસાદીભૂત હોવાથી રુચિકર થયું. (૩૯) પછી ભાત જમવાનો આરંભ કર્યો ત્યારે શ્રીહરિએ છૂટી ધારે ઘી પીરસવા માંડ્યું અને ભોજન કરનારાઓની રુચિ પૂર્ણ થઈ. (૪૦) 'ભોજન અંતે છાશ ઉત્તમ' એમ બોલનારા પાર્ષદોને જોઈને, તેમની ઈચ્છાને જાણનારા શ્રીહરિ સાકર સહિત દૂધ પિવડાવતા હતા. (૪૧) શ્રીહરિએ ધારથી પાત્રોમાં રેડેલું દૂધ પાત્રોમાંથી ઊભરાઈને ત્યાંથી ભૂમિ ઉપર રેલાતું હતું. (૪૨) પોતાની સન્મુખ બેઠેલા સોમ વર્માનું મુખ દૂધ પીવાથી ધોળું થઈ જવાથી અલૈયા ખાચર પોતે ફરીથી દૂધ પીતા પીતા ખૂબ હસતા હતા. (૪૩) અટ્ટહાસ્ય કરતા અલૈયા ખાચરનું દૂધપાત્ર હાથમાંથી નીચે પડી ગયું. તેથી શ્રીહરિ પોતે હસતા થકા જમનારા સર્વ જનોને હસાવવા લાગ્યા. (૪૪) હે નિષ્પાપ રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિ ભક્તોને આનંદ પમાડતા જમાડતા હતા. તે ભક્તોને તૃપ્ત થયેલા જાણી પોતે હસ્તશુદ્ધિ કરી લીધી. (૪૫) પછી શ્રીહરિ લોકો પોતાના ચરણસ્પર્શની કામનાથી પરસ્પર ઉપરાઉપરી પડશે આથી પોતે પાકશાળામાંથી પ્રથમથી જ નીકળી જવાની ઈચ્છા કરી. (૪૬) પછી શ્રીહરિ ભક્તોને ઊંચે સ્વરે કહેવા લાગ્યા : 'હે ભોજન કરી રહેલા મારા દર્શનાર્થીઓ ! અત્યારે તમો પોતપોતાના સ્થાને જાઓ,

સવારે તત્કાલ આવજો. (૪૭) તમો રસોયાઓ તથા પીરસનારાઓ સારી રીતે યથેષ્ટ જમો' એમ રસોયા વગેરેને શ્રીહરિએ જમવાની આજ્ઞા આપી. (૪૮) ભક્તજનોના મનોરથો પૂર્ણ કરવામાં કલ્પતરુ સમાન પ્રભુ શ્રીહરિએ સર્વ ભક્તજનોને આજ્ઞા આપી અને પોતે 'જય સચ્ચિદાનંદ' કહીને પોતાની પીઠ ઉપર પધાર્યા. (૪૯) એકાંતિક ભાવથી પોતાના ચરણકમળનાં આશ્રિતો મુનિજનો વગેરેએ સારી રીતે ભોજન કર્યું, માટે પ્રભુ રાજી થયા. શ્રીહરિના દર્શનાર્થે બે હાથ જોડીને ઊભા રહેલાં સ્ત્રી-પુરુષોને અતિ અમૃતભરી દૃષ્ટિથી નીરખતાં, પોતાની કેડ્ય ઉપર ડાબો હાથ મૂકીને ઉતાવળે ચાલતા શ્રીહરિની પાછળ અનુયાયીઓ દોડતા હતા, જમણા હાથમાં છડી ધારી રહેલા, સર્વ ગુરુઓના ગુરુ શ્રીહરિ પીઠ પર પધાર્યા. (૫૦) સર્વ પાર્ષદો જમીને હાથમુખ શુદ્ધ કરી હર્ષથી ફરી ફરીને શ્રીહરિને દૂરથી નીરખતા થકા પોતપોતાના સ્થાનકે ગયા. (૫૧) હે રાજન્ ! યોગેશ્વર એવા પ્રભુ સિંહાસન ઉપર બિરાજમાન થયા ત્યારે ભરૂચ નગરથી ભક્તજનસમૂહ જલદીથી આવી પહોંચ્યો. (૫૨) જનસંઘ ભક્તિભાવથી શ્રીહરિને પ્રણામ કરી શ્રીહરિથી આદરપૂર્વક સત્કાર કરાયો સતો તે જ ક્ષણે લાવેલી શેરડી અને કેળાંની ભેટોને અર્પણ કરતો હતો. (૫૩) જનસંઘને શ્રીહરિએ માર્ગમાં વિલંબ થવાનું કારણ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું જે મહીનદી ઊતરતાં ગાડું ભાંગી ગયું તેથી વિલંબ થયાનું દર્શાવીને બધા નિવાસસ્થાનમાં ગયા. (૫૪) તેમણે અર્પણ કરેલા શેરડીના સાંઠા, સોનેરી કેળાં, જામફળો વગેરે જોઈને પોતાની આગળ બેઠેલા આપવા લાયક વ્યક્તિ સામે જોયું. (૫૫) તે સમયે પોતાની આગળ રહેલા અને દૃઢ કેડ બાંધેલા પોતાના પુરાણી પ્રયાગજી વિપ્ર, નમી ગયેલા ખભાવાળા મયારામ વિપ્ર તથા નાચિકેતાને જોયા. (૫૬) ત્યારે ભગવાન હસતા હસતા પ્રયાગજી પ્રત્યે બોલ્યા : હે દ્વિજ ! અત્યારે તમારે ભોજનની ઈચ્છા વર્તે છે કે નહિ ? (૫૭) પ્રયાગજીએ કહ્યું : પેટમાં ભૂખ તો લાગી છે, તોપણ માર્ગના પરિશ્રમની પીડાથી હાલમાં રસોઈ બનાવશું નહિ. કેવળ પાણી પીને સૂઈ જઈશું. (૫૮) પછી શ્રીહરિએ પ્રયાગજીને હસતા થકા આ પ્રમાણે કહ્યું : આવતી કાલે એકાદશી વ્રતનો ઉપવાસ કરવાનો છે માટે તમો ત્રણેય જણ, ઘી-સાકર અને કેળાં સારી રીતે જમો. (૫૯) આ પ્રમાણે કહેતા નારાયણમુનિને બ્રાહ્મણોત્તમ પ્રયાગજી હસીને કહેવા લાગ્યા : હે કૃપાનાથ ! આ તમારી ઈચ્છા હાલ સફળ થાઓ. (ભલે અપાવો.) (૬૦) આવું વચન સાંભળ્યા પછી ભગવાને તે ત્રણેય વિપ્રોને પાકાં બહુ કેળાં અને શુદ્ધ સાકર અપાવી. (૬૧) એટલું બસ એટલું બસ એમ હાથો વડે નિષેધ કરતા ત્રણે જણાને ભગવાને ફરી ફરી કેળાં બરફી આદિક આપ્યું. (૬૨) પછી બ્રાહ્મણપ્રિય આ ભગવાને છ શેર ઘી અને દૂધ ભરેલો ઘડો અપાવ્યો. (૬૩) પછી આ ત્રણેય વિપ્રો ભગવાને આપેલું બધું ગ્રહણ કરી ભારથી નમતી કંધરાવાળા થકા ધીમે ધીમે પોતાને ઉતારે ગયા. (૬૪) તે બ્રાહ્મણો ઉતારે જઈને શ્રીહરિએ આપેલાં ફળોની મધુરતાને વારંવાર વખાણતા થકા ફળાહાર કરવા લાગ્યા. (૬૫) ફળાહારથી અત્યંત તૃપ્ત થયેલા તેઓ પેટ ઉપર હાથ ફેરવતા થકા બોલ્યા : 'આવો ફળાહાર જ અમને સદૈવ મળો, રસોઈ કરવાનો પરિશ્રમ તો ન જ રહો' એમ પરસ્પર બોલ્યા. (૬૬) વડતાલમાં આવેલા સર્વ નિજાશ્રિતોને આ પ્રકારે સંતોષ પમાડી શ્રીહરિ મહાપ્રભુ પણ સ્વકીય સાયંકાળનું નિત્યકર્મ

કરવા ઈચ્છા કરી. (૬૭) ત્યારબાદ જનપતિ શ્રી નારાયણમુનિ સિંહાસન ઉપરથી ઊતરીને જનસમૂહને હાથના સંકેત વડે દૂર કરતા થકા તે સમયે પોતાના પાંચ-છ પાર્ષદો સાથે પોતાના નિવાસસ્થાને પધાર્યા. (૬૮) હે રાજન્ ! ત્યારપછી શ્રીહરિ પોતાને ઉતારે સ્નાન કરી બે-બે વસ્ત્રો ધારણ કરી પોતે સર્વ નિયામક હોવા છતાં પણ પોતાના આશ્રિતોને વેદોક્ત ધર્મ ગ્રહણ કરાવવા પ્રવાસ સમયે શાસ્ત્રમાં કહેલા ધર્મને અનુસરી સંક્ષેપથી યથાર્થ સંધ્યાદિ કર્મ કર્યું. (૬૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં ભગવત્પાર્ષદાદિભોજનાનન્દનિરૂપણનામે પચાસમો અધ્યાય થયો. ॥૫૦॥

●

## અધ્યાય-૫૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પુરમાં પણ ભક્ત એવાં સ્ત્રી-પુરુષોએ શ્રીહરિ માટે પ્રભુને ભોજન યોગ્ય ફલાહારની સામગ્રી એકઠી કરી હતી. (૧) સ્વધર્મમાં રહેલા, ભક્તિવાળાં ગંગાબા નામનાં બ્રાહ્મણી જળ પ્રક્ષાલન વડે શુદ્ધ કરેલું સૂરણ વગેરે બધું ઘીમાં જ પકવતાં હતાં. (૨) ગંગાબાએ ખારેકની ખીર, શીંગોડાના લોટની પૂરીઓ, ઊજળાં પેંડા અને મનોહર બરફી બનાવી. (૩) ગંગાબા સૂરણ વગેરે સર્વ બનાવીને ઉજ્જ્વળ પાત્રમાં ભરી વડતાલવાસીઓમાં મુખ્ય જોબનપગી વગેરેને કહેવા લાગ્યા : તમો અહીયાં મારા નિવાસસ્થાને શ્રીહરિને બોલાવો. (૪) ત્યારપછી જોબનપગી વગેરેએ નગરથી બહાર શ્રીહરિના નિવાસસ્થાને આવી ભોજન માટે વડતાલપુરમાં પધારવા પ્રાર્થના કરાયેલા શ્રીહરિ તેમના પ્રત્યે બોલ્યા. (૫) માણસોની આટલી બધી ભીડમાં મારે પુર વચ્ચે આવવાનું ક્યાંથી બની શકે ? - ન બને. આથી જે કંઈ ફળાહાર ભક્ષરૂપ હોય તે અહીં મારા નિવાસસ્થળે લાવો. (૬) ત્યારે જોબનપગી વગેરેએ મોકલેલો દૂત પુરમાં જઈ સ્ત્રીઓ પ્રત્યે બોલ્યો : 'અહીં શ્રીહરિ આવતા નથી આથી ફળાહાર ત્યાં શ્રીહરિને ઉતારે પહોંચાડો.' (૭) ત્યારે ગંગાબાની આજ્ઞામાં રહેનારી ભક્ત એવી માન્યા આદિ સ્ત્રીઓ દૂતનું વચન સાંભળી તે પ્રકારે ગંગાબાને કહેવા લાગી. (૮) શ્રીહરિ અહીં આવતા નથી માટે ખાદ્ય ફલાહારને પાત્રમાં ભરી તે પાત્ર લઈને તમો ચાલો. આપણે શ્રીહરિ સમીપે જઈએ. (૯) વર્ણાશ્રમને જાણનારાં ગંગાબા માર્ગમાં અસ્પૃશ્યના સ્પર્શની શંકાથી ઘીમાં પકાવેલ સર્વ ખાદ્ય પદાર્થો પાત્રમાં ભર્યા. (૧૦) તે પાત્ર ઉપર બીજા પાત્રને ઢાંકીને ધાબળીમાં બાંધી એક હાથે પકડી બીજા હાથ વડે જલઝારી લીધી. (૧૧) ત્યારબાદ ખાદ્યપાત્ર હાથમાં લીધેલાં ગંગાબા તથા અન્ય સ્ત્રીઓ મુખ્ય માર્ગને છોડીને અન્ય માર્ગે કરી જલદી જતી હતી. (૧૨) શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળી ભક્ત નારીઓ જેટલામાં વડતાલથી બહાર નીકળ્યા તેટલામાં તો પુરના બહારના ભાગમાં જનસમુદાયનો મોટો મેળો થઈ ગયો. (૧૩) માણસોની ભીડના ધસારાને લીધે આગળ જવા માટે અસમર્થ ગંગાબા વગેરે અબળાઓ ગિરદીવાળા તે સ્થળની ગામમાં પાછું વળવાનું કરે છે તેટલામાં તો

કુબેર ભક્તે માર્ગમાં જનસંઘને દૂર કરવા મોકલેલા શૂરવીરો હાથમાં સોટીઓ લઈને 'દૂર ખસો, દૂર હટો' એમ બોલતા વેગપૂર્વક સ્ત્રીઓની આગળ આવી પહોંચ્યા. (૧૪-૧૫) આગળ ચાલતા અને ઊંચા હાથોવાળા પદાતિઓએ લોકોને હટાવી માર્ગ કર્યો ત્યારે સેંકડો સ્ત્રીઓ ચાલવા લાગી અને શ્રીહરિને દૂરથી જોતી હતી. (૧૬) શ્રી નારાયણમુનિ પણ દક્ષિણ દિશામાં સ્ત્રીસમૂહને તથા હાથમાં સોટીઓવાળા રાજભટોને જોઈ શ્રીહરિ 'મારા માટે ખાવાનું લાવે છે' એમ જાણીને હસતા હતા. (૧૭) હે નૃપ ! તે ભક્તિવાળી સ્ત્રીઓ શ્રીહરિને પામી નમન કરી દૂર જ ઊભી રહી. ત્યારે ગંગાબા પણ તે ભોજનનું પાત્ર શ્રીહરિ આગળ ભૂમિ ઉપર મૂકીને નમન કરતાં હતાં. (૧૮) શ્રી નારાયણમુનિ પણ સાયંસંધ્યાદિ સર્વ વિધિ સમાપ્ત કરી. સૂરણ આદિ શાકમાં મીઠું નાખીને બધું ભગવાનની પ્રતિમાને નિવેદન કરી પછી પોતે ઉત્તરાભિમુખે સ્વભક્તજન સંતોષાર્થે જમવા બેઠા. (૧૯) હે ભૂપતે ! પીતાંબર ધારણ કરેલા, શ્વેત ઊર્ધ્વપુંડ્ર તિલક કરેલા, ખભા ઉપર ઉત્તરીય વસ્ત્ર ધારણ કરેલા તથા પોતાની આંગળી વડે સૂરણાદિકને જરાક અડી અડીને ગંગાબાને તે વસ્તુઓના નામને પૂછીને, મંદહાસ્યયુક્ત મુખવાળા સ્વભક્ત એવા સ્ત્રી-પુરુષોએ દૂરથી જોવાતા તથા ગ્રાસે ગ્રાસે જળપાન કરતા અને અખિલ ભક્તોને જોતા એવા અતિશય મહાન શ્રી નારાયણમુનિ પ્રભુ જમવા લાગ્યા. (૨૦) સત્પતિ શ્રીહરિ મધુર પદાર્થોને પોતાની આંગળી વડે સ્પર્શમાત્રથી સ્વીકારીને, બીજું જે પૂરીઓ-સૂરણ આદિક હતું. તેને સર્વ ભક્તોની પ્રીતિ માટે થોડું થોડું જમ્યા. (૨૧) ત્યારપછી 'હું તૃપ્ત થયો છું' એમ કહી બાકીનું વધેલું ભોજન જોબનપગી વગેરે સેવકોને અપાવીને ચળુ કરવા જળ ગ્રહણ કર્યું. (૨૨) પછી હાથ અને મુખ શુદ્ધિ કરી શયન સ્થળે પધાર્યા તે સમયે શ્રીહરિના દર્શન કરનારા ભક્તો પોતપોતાના સ્થાને ગયા. (૨૩) ક્ષણમાત્ર શયન કરીને, એકદમ ઊઠીને શ્રીહરિ પાર્ષદ પ્રત્યે બોલ્યા કે તમો જલદી ઘોડો લાવો ત્યારે પાર્ષદ જલદી ઘોડો લાવ્યા. (૨૪) ઘોડા પર બેસીને થોડાક પાર્ષદોથી વીંટાયેલા, ભક્તોના સકળ ફળપ્રદાતા, ભગવાન સર્વ ભક્તોના ઉતારા જોવા માટે નીકળ્યા. (૨૫) આ બધા જનો મારા દર્શન માટે દૂર દૂર દેશથી આવેલા છે માટે તે બધાને પોતાના નિવાસસ્થાને કોઈ જાતની તકલીફ ન હોય એમ વિચારી શ્રી નારાયણમુનિ તેમના નિવાસસ્થાને પોતે ગયા. (૨૬) તે પછી ભગવાને સર્વ જનોના જુદા જુદા ઉતારે જઈને તેમનું સ્વાસ્થ્ય પૂછીને, જે જે પદાર્થની ન્યૂનતા હતી તે તે અપાવ્યું. (૨૭) હે ભૂપતે! શ્રી નારાયણમુનિ ભગવાન સર્વ જનોથી વિસ્મયપૂર્વક નમસ્કાર અને સ્તુતિ કરાયા સતા પોતાના નિવાસસ્થાને પાછા આવીને સુખેથી પોઢી ગયા. (૨૮) હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુએ પોતાની પાસે બેઠેલા નૈષ્ઠિક વ્રતવાળા સાધુ વર્ણિ આદિની આગળ વડતાલવાસી જનોની તથા દેશાંતરથી આવેલા જનોની અનુપમ સર્વોત્તમ ભક્તિની વારંવાર પ્રશંસા કરતાં થકા નેત્રોમાં થોડીક યોગનિદ્રાને અંગિકાર કરી. (૨૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં ભગવતઃ ફલાહાર લીલાવર્ણનનામે એકાવનમો અધ્યાય થયો. ॥૫૧॥

# અધ્યાય-૫૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતે ! શ્રીહરિ મહાપ્રભુ રાત્રિનો છેલ્લો પહોર થયો ત્યારે નિપુણ બંદીજનોએ સારી રીતે ગવાયેલ મધુર મંગળ ગીતને સાંભળી તત્કાળ જાગ્રત થયા. (૧) દ્ધાસન વાળીને બેઠેલા પ્રભુ શ્રીહરિ મનથી સ્વચિત્તમાં અલૌકિક અને અક્ષરથી પણ પર, પુરુષોત્તમ નામવાળું, અદ્વિતીય, પરિપૂર્ણ એવા પોતાના સ્વરૂપનું ચિંતવન કરતા હતા. (૨) ત્યારપછી જેમણે શૌચવિધિ કરેલો છે એવા ભગવાને જલદીથી ભક્તજનોએ લાવેલા અતિપવિત્ર જળ વડે સ્નાન કર્યું અને પછી બે શ્વેત વસ્ત્રો ધારણ કર્યા. (૩) ત્યારપછી સર્વ જગતના ગુરુ સર્વેશ્વર શ્રીહરિએ ઉત્તમ દર્ભાસન ઉપર બેસી ઊર્ધ્વપુંડ્ર તિલક કરતા હતા અને નિત્યકર્મ સંધ્યાદિ વિધિ પ્રથમ જ કરતા હતા. (૪) પછી તે ફાગણ સુદ આમળકી એકાદશીના દિવસે શ્રીકૃષ્ણની મહાપૂજા કરતા હતા. જે મહાપૂજન શ્રીહરિ સદા પ્રત્યેક એકાદશીએ કરે છે. (૫) શ્રીહરિએ અન્ય પુરોમાંથી બોલાવેલા શાસ્ત્રોમાં કહેલા શમદમાદિ લક્ષણોથી યુક્ત, પૂજાવિધિમાં વિશારદ વેદપાઠી બ્રાહ્મણો શ્રીહરિના નિવાસસ્થાને આવ્યા. (૬) તે બ્રાહ્મણો શ્રીહરિની પ્રતિમા પૂજન વગેરે ક્રિયા ધર્મમર્યાદા સ્થાપનાર્થે જ છે એમ જાણતા થકા શ્રીહરિ પાસે યથાવિધિ પૂજા કરાવતા હતા. (૭) શ્વેત પીત એવા સારા રંગોથી સુશોભિત સર્વતોભદ્ર મંડળ બનાવી તેના મધ્યમાં સુવર્ણ કળશની સ્થાપના કરી. (૮) કળશની ઉપર રમ્ય આસ્તરણથી શોભિત, પીપળા વગેરે પાંચ પલ્લવોથી યુક્ત અને સૂક્ષ્મ વસ્ત્રથી વેષ્ટિત શુભ પાત્રમાં મનોહર સુવર્ણની શ્રી લક્ષ્મીનારાયણ રૂપા શ્રીકૃષ્ણ પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરી આદરપૂર્વક તે બ્રાહ્મણોએ સ્થાપના કરી. (૯-૧૦) બ્રાહ્મણો અવ્યાકુળ થકા તે શ્રીકૃષ્ણની અંગદેવતારૂપ કેશવાદિક ચોવીસ મૂર્તિઓ તથા પાર્ષદોને તે તે દિશા પ્રમાણે શ્રીનારદ પંચરાત્ર તંત્રોક્ત વિધિથી સ્થાપના કરી. (૧૧) તે બ્રાહ્મણો પોતાની પાસે સમગ્ર પૂજા સામગ્રી લાવીને વેદોક્ત અને તંત્રોક્ત મંત્રો વડે પૂજા કરાવવા લાગ્યા. (૧૨) ભાગવતધર્મની પુષ્ટિ કરનારા શ્રી નારાયણમુનિએ પૂજા કરવાથી પૃથ્વી ઉપર સર્વત્ર આનંદ વ્યાપી ગયો. (૧૩) તે પૂજા સમયે વીણા-વેણુ મૃદંગ, શંખ, અને દુંદુભિ આદિ નાના પ્રકારનાં વાજિંત્રો વારંવાર વાગવા લાગ્યાં. (૧૪) તેટલામાં શ્રીકૃષ્ણપૂજા મહોત્સવમાં શ્રીહરિ સમીપમાં નિવાસ કરેલા શ્રીહરિના ભક્ત એવા હજારો સ્ત્રી-પુરુષો તથા પુરવાસીજનો આવી જતા હતા. (૧૫) તે સમયે બધાં મંગળકારી ભગવાનના ગીતો હર્ષથી ગાવા લાગ્યાં અને બ્રાહ્મણો ઉત્સાહપૂર્વક ઊંચા સ્વરથી વેદઘોષ કરવા લાગ્યા. (૧૬) શ્રીહરિ બ્રાહ્મણોએ દર્શાવેલા ક્રમ અનુસાર આવાહન વગેરે સોળ ઉપચારો વડે પ્રભુ શ્રીકૃષ્ણની પૂજા કરવા લાગ્યા. (૧૭) દૂધ વગેરે પંચામૃત વડે શ્રીકૃષ્ણને સ્નાન કરાવી પછી પુરુષસુક્ત વિધિથી શુદ્ધ જળ વડે અભિષેક કરાવતા હતા. (૧૮) ત્યારબાદ શ્રીહરિ અમૂલ્ય વસ્ત્ર, આભૂષણો, સુગંધી ચંદન અને મનોહર પુષ્પહારો વડે પૂજા કરતા હતા. (૧૯) પછી દશાંગ ધૂપ અને સેંકડો દીપ અર્પણ કરી સુમનોહર સાકર વગેરે વિવિધ નૈવેદ્ય અર્પણ કરતા હતા. (૨૦) ત્યારપછી મધ્યે પાનીય અને ઉત્તરાપોશન તથા તાંબૂલ, સોપારી વગેરે આપીને પછી પ્રભુ શ્રીકૃષ્ણની આરતી ઉતારતા હતા. (૨૧) ત્યારબાદ

શ્રીહરિ પુષ્પાંજલિ અર્પણ કરી, ભક્તિપૂર્વક સાષ્ટાંગ નમસ્કાર કરી શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી પૂજા સમાપ્ત કરાવતા હતા. (૨૨) પૂજા સમાપ્ત કરી વિધિપૂર્વક નિત્યદાન આપી તે પૂજા મહોત્સવમાં આવેલા સર્વ બ્રાહ્મણોની પૂજા કરી. (૨૩) પછી શ્રીહરિએ એકસો ગાય, સોનું, તલ અને સેંકડો રૂપામુદ્રાઓ બ્રાહ્મણોને આપી. (૨૪) હે રાજન્ ! ત્યારપછી ઉદાર યશવાળા સ્વામિનારાયણ મહાપ્રભુ વિવિધ પ્રકારનાં વસ્ત્રો અને અલંકારો બ્રાહ્મણોને આપીને પછી પોતાના ભક્તોને દર્શન આપવા ફરી પોતાની શિબિરમાંથી બહાર આવીને ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૨૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં ભગવત્કૃતશ્રીકૃષ્ણ મહાપૂજોત્સવનિરૂપણનામે બાવનમો અધ્યાય થયો. ॥૫૨॥

●

## અધ્યાય-૫૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ભગવાન ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયા ત્યારે સર્વત્ર 'જય જય' એવો એક મહાન્ ધ્વનિ થયો હતો. ત્યારપછી જનો પ્રથમ સાષ્ટાંગ નમસ્કાર કરી શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા. (૧) શ્રીહરિએ એક મુહૂર્ત પર્યંત સર્વજનોને પોતાનું દર્શન આપી તે જનોને બેસી જવાની નિશાની વડે બેસાડી દેતા હતા. (૨) તે સર્વ સ્ત્રીઓ, પુરુષો અને મુનિજનો પ્રભુના મુખનું દર્શન કરતા થકા સભામાં યથાયોગ્ય બેસી ગયા. (૩) તે સભામાં જ્ઞાનવૃદ્ધ અને તપોવૃદ્ધ મુનિજનો બેઠા. (૪) હે રાજન્ ! લાખો ગૃહસ્થજનો તે મુનિજનોને વીંટાઈને શ્રીહરિ સન્મુખ મુખ રાખીને અર્ધચંદ્રાકારે શ્રીહરિની જમણી બાજુના ભાગમાં બેઠા. (૫) ગૃહસ્થોમાં પણ વૃદ્ધો આગળ બેઠા, યુવાનો મધ્યભાગમાં અને તેમની પાછળ કિશોરો મર્યાદાપૂર્વક બેસી ગયા. (૬) એકત્રિત થયેલા સ્ત્રીઓના સંઘો પુરુષોનો સ્પર્શ ન થાય તે શ્રીહરિ આગળ ડાબી બાજુ અર્ધચંદ્રાકારે બેસી ગયા. (૭) સર્વ સ્ત્રીઓ પણ સભામાં મર્યાદાપૂર્વક બેસી જતી હતી. સોમલાખાચર આદિ પાર્ષદો ભગવાન શ્રીહરિની પડખે ઊભા રહ્યા હતા. (૮) સ્ત્રી-પુરુષોના મધ્યભાગમાં શ્રીહરિના પૂજન માટે આવનારા જનો માટે ચાર હાથ પહોળો અને લાંબો દંડાકાર માર્ગ શ્રીહરિએ કરાવ્યો. (૯) પછી મુનિજનો અને સર્વ જનોએ આદર કરેલા શ્રીહરિના ભાઈઓ રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ શ્રીહરિની આગળ બેઠા. (૧૦) આ પ્રકારે બધા આનંદપૂર્વક બેસી ગયા ત્યારે ગાન કરનારા મુનિજનો વીણા, આદિક વાજિંત્રોને તૈયાર કરવા લાગ્યા. (૧૧) વીણા, મૃદંગ, ઝાંઝ સહિત કાસ્યતાલોને તૈયાર કરી સ્વરાલાપ કરી મુનિજનો ગાયનનો આરંભ કરતા હતા. (૧૨) મુનિજનો આવી રીતે બે ઘડી પર્યંત ગાતા હતા ત્યારે સર્વદર્શી ભગવાન તૈયાર કરેલા વાજિંત્રોવાળા દેશાંતરીય ગાયકોને જોતા હતા. (૧૩) શ્રીહરિ પ્રભુએ ગવૈયા મુનિજનોને એક મુહૂર્ત વિશ્રામ કરવાની આજ્ઞા આપી તે દેશાંતરના ગવૈયાઓને ગાવા માટે પ્રેરણા આપી. તે ગાયકોનું ગાયનચાતુર્ય જાણીને તેમનું બહુ સન્માન કરતા હતા.

(૧૪) ત્યારપછી ત્રાંસા વગેરે વાદ્યો તૈયાર કરીને બહુ દૂર નહિ રહેલી વાદ્યવાદક મંડળીને ભાળીને ભગવાને ગાયક જનોને વિરામ પમાડીને, હાથની સંજ્ઞા વડે વાદકમંડળીને વગાડવાની પ્રેરણા આપી. (૧૫) વાદ્યવાદનમાં અતિ ઉત્સાહવાળા તે સર્વ વાદકો પોતપોતાના વાજિંત્રોને વગાડવા લાગ્યા. વાદકોનું વાદ્યવાદનમાં હસ્તલાઘવ જોઈને સ્વયં શ્રીહરિ તેમની પ્રશંસા કરવા લાગ્યા. (૧૬) તે સમયે સંતુષ્ટ થયેલા ભગવાને તેમને પોતાનાં મહાવસ્ત્રો આપ્યાં. પછી સિંહાસનથી સહેજ ઊઠીને ચારેબાજુ બધી ભૂમિકાને જનમય જ દેખી. (૧૭) તેમાં શ્રીહરિએ પૂજાના ઉપહારનાં પાત્રો લઈને પોતાની પૂજા કરવા માટે ઊભેલા અને અતિ ઉત્સાહવાળા જનોને જોયાં. (૧૮) તેઓનો મનોરથ પૂરો કરવા ભક્તપ્રિય દયાનિધિ શ્રીહરિ મેઘગંભીર વાણીથી તેમને કહેલાં લાગ્યા. (૧૯) હે જનો ! જે એક એક ગામના જનો હોય તે બધા પરસ્પર મળીને અલગ અલગ સમૂહમાં મળીને શીઘ્ર અહીં (મારી પૂજા કરવા) આવો. (૨૦) કોઈપણ ભક્તે પૂજનમાં બહુ વાર લગાડવી નહિ અને એક જૂથ ગયા પછી બીજા જૂથે આવવું. (૨૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! સર્વે જનો 'હે પ્રભો ! તમારા કહેવા પ્રમાણે જ અમો કરીશું.' આ પ્રમાણે શ્રીહરિની આજ્ઞા મસ્તકે ચઢાવીને અનુક્રમે ભગવાનનું પૂજન કરવા લાગ્યા. (૨૨) તે જનોના મધ્યે પ્રથમ સ્વલ્પ શરીર સામર્થ્યવાળા ગુજરાત દેશના લોકો આનંદના વેગથી કોલાહલને કરતા થકા પૃથક્ પૃથક્ ગામની મંડળીઓ રૂપે સભામાં પૂજા કરવા આવવા લાગ્યા. (૧૩) તે ગુજરાતી લોકોએ આદરપૂર્વક ચંદન પુષ્પાદિ વડે ભગવાનની પૂજા કરીને ઉત્તમ વસ્ત્રો અને અમૂલ્ય મણિજડિત સુવર્ણમય વિવિધ આભૂષણો અર્પણ કરીને શ્રીહરિની આગળ વિવિધ ભેટો સમર્પણ કરી. (૨૪-૨૫) પૂજન સમયે સ્વભાવથી જ અધિક કોલાહલ કરતા ગુજરાતી જનોને શ્રીહરિએ નાસિકા ઉપર જમણા હાથની તર્જની આંગળી રાખીને કોલાહલ કરતા બંધ કર્યા અને પૂજા સમાપ્ત થયે તેમના ઉપર અનુગ્રહ કરીને ત્યાંથી દૂર જવા કહ્યું. (૨૬) ગુજરાતી સત્સંગિજનોએ ધરાવેલાં પતાસાં-પેંડા અને વિવિધ ફળોના સમૂહો પર્વતોનાં શિખરોની માફક શોભતા હતા. (૨૭) પછી શ્રીહરિમાં અધિક સ્નેહવાળી અને ફળ, પુષ્પાદિ પૂજાસામગ્રી હાથમાં લીધેલી ગુજરાત દેશની સ્ત્રીઓ શ્રીહરિની પૂજા કરીને જલદી ત્યાંથી જતી રહી. (૨૮) સત્પુરુષોના પ્રિય એવા ભગવાન પોતે નિરપેક્ષ હોવા છતાં પણ ભક્તોની પ્રીતિ માટે જ કૃપા કરી ભૂષણાદિ સર્વનો સ્વીકાર કર્યો. (૨૯) આ શ્રીહરિ નારાયણમુનિની જ સેવામાં તત્પર એવા નીહારચંદ નામનો દરજીભક્ત અન્ય ભક્તોએ લાવેલા અંગરખાં આદિને તે જ ક્ષણે શ્રીહરિને ધારણ કરવા યોગ્ય એવાં બનાવીને તે મહાપ્રભુને ધારણ કરાવતો હતો. (૩૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં ગુર્જરદેશસ્થ ભક્તકૃત ભગવત્પૂજનનિરૂપણનામે ત્રેપનમો અધ્યાય થયો. ॥૫૩॥

●

## અધ્યાય-૫૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપ ! (ગુજરાત દેશના જનોએ પૂજા કર્યા બાદ) મહાબળવાળા, પ્રૌઢ દેહવાળા, મોટી ભૂજાઓવાળા અને દીર્ઘ નેત્રોવાળા પૂર્વદિશા અને ઉત્તરદિશાના ભક્તલોકો શ્રીહરિ સમીપે પૂજા કરવા આવ્યા. (૧) તે જનો અમૂલ્ય વસ્ત્રો મનોહર પુષ્પહારો અને હજારો મોતીઓની માળાઓ અર્પણ કરતા હતા. (૨) તેવી જ મહાબળવાળી તે જનોની સ્ત્રીઓ સાકર, પતાસાં વગેરેથી ભરેલાં પાત્રો હાથમાં લઈ ત્યાં આવી શ્રીહરિ આગળ મૂકી શ્રીહરિની પૂજા કરતી હતી. (૩) ત્યારે શ્રીહરિ ભેટો અર્પણ કરીને જતા જનોને પોતાના કંઠમાંથી પુષ્પહારો ઉતારીને હરખથી આપતા હતા. (૪) પ્રભુ શ્રીહરિની આગળ અનેક પ્રકારનાં ફળો અને સાકરોના મોટા સમૂહો જાણે કે ઊંચા પર્વત ઉપરથી પડેલી મોટી શીલાઓ હોય તેમ શોભતા હતા. (૫) ત્યારપછી ગોળ ચક્રાકાર પાઘડીઓથી શોભતા દક્ષિણી જનો ભગવાનની પૂજા કરવા આવ્યા. કચ્છ ભીડેલી તથા વીજળીની પેઠે ચપળ શીઘ્રગામી દક્ષિણીઓની સ્ત્રીઓ પણ આવી. (૬) દક્ષિણીજનો ષોડશ ઉપચારો વડે યથાવિધિ પૂજન કરતા હતા. તેમનું પૂજનમાં ચાતુર્ય જોઈ શ્રીહરિ નારાયણ પ્રસન્ન થયા. (૭) દક્ષિણીજનોએ લાલ, પીળાં, સફેદ વસ્ત્રો ધારણ કરાવી બહુમૂલ્ય આભૂષણો પણ યથાસ્થાને ધારણ કરાવ્યાં. (૮) દક્ષિણીજનોએ હાથોમાં કડાં અને સાંકળાં ધારણ કરાવ્યાં તથા આંગળીઓમાં સદ્‌રત્નજડિત ઉમદા વીંટીઓ ધારણ કરાવી. (૯) પ્રભુના બાહુઓમાં બાજુબંધો, કંઠમાં સુંદર મોતીની માળાઓ અને મસ્તકે સૂર્યસમાન કાંતિવાળો દિવ્ય સુંદર મુગટ ધારણ કરાવ્યો. (૧૦) શ્રીહરિના કાનોમાં હીરાઓની પંક્તિથી શોભાયમાન કુંડળ ધારણ કરાવી તે જનો લલાટમાં મુક્તાફળોની દામણી બાંધતા હતા. (૧૧) તે જનો ભગવાનની કમરે રત્નજડિત સોનાનો કંદોરો અને ચરણોમાં નૂપુર વગેરે ધારણ કરાવી પ્રભુજીની સન્મુખ ઉપહારો મૂકતા હતા. (૧૨) વિવિધ પ્રકારનાં વિચિત્ર ખાદ્યપદાર્થો, હજારો કદલીફળો, લીલી દ્રાક્ષ તથા શેરડીના સાંઠાઓ પ્રભુને પ્રેમથી નિવેદન કર્યા. (૧૩) ત્યારપછી ગીતવાજિંત્ર પૂર્વક શ્રીહરિની આરતી કરી, પુષ્પાંજલિ અર્પણ કરી પ્રણામ કરી પછી તે જનો ગયા. (૧૪) શ્રીહરિએ તે જનોને પ્રસન્નતાપૂર્વક પ્રસાદીનાં ફળો આપ્યાં. અને પુષ્પહારોના મોટા સમૂહ થયેલા તે મુનિ આદિકને વહેંચી આપ્યા. (૧૫) ત્યારપછી શ્રીહરિ તત્કાળ ઊઠી ઊભા થયા ત્યારે ત્રિલોકીમાં જય જય એવો ધ્વનિ થયો. (૧૬) સૂર્યસમાન દેદીપ્યમાન દિવ્ય શોભાયમાન મુખચંદ્રવાળા, નાના પ્રકારના દિવ્ય આભૂષણો વગેરે વડે અલંકૃત દિવ્ય અંગવાળા, કમર ઉપર મૂકેલા બે હાથવાળા, કંઠથી લઈને છેક ચરણ પર્યંત અનુક્રમથી પ્રાપ્ત થયેલા પુષ્પમય અને મોતીમય હારો વડે ભક્તજનોને ચોપાસ જોવા લાગ્યા. (૧૭) તેટલામાં મસ્તકે ફેંટા બાંધેલા તથા કામ અને સ્વાદને જીતેલા અને ભગવાન છે પ્રિય જેમને એવા બ્રાહ્મણો પશ્ચિમદેશના પુરુષો પૂજા કરવા આવ્યા. (૧૮) સાથે તે જ દેશના શસ્ત્ર અસ્ત્ર વિદ્યામાં પાવરધા, ભગવાનમાં દ્દઢ નિશ્ચયવાળા એવા ક્ષત્રિયો આવ્યા. તે સમયે શ્રીહરિએ પીઠ ઉપર બેસીને તે પાશ્ચાત્યજનોની પૂજાને અંગીકાર કરી. (૧૯) પૂજાવિધિને નહિ જાણનારા છતાં દક્ષિણી લોકોની

પેઠે શક્ય તેટલી વિધિપૂર્વક પૂજા કરતા તે પાશ્ચાત્ય જનોને જોઈ ભગવાન મુનિમંડળને હસાવતા થકા પોતે પણ ખૂબ હસવા લાગ્યા. (૨૦) પાશ્ચાત્યજનો પ્રભુની પૂજા કરીને તેમને અમૂલ્ય વસ્ત્રો, અલંકારો અને બહુવિધ ઉપહારો અર્પણ કરીને, પ્રભુને નમન કરી ત્યાંથી ગયા. (૨૧) પછી તે દેશની હજારો સ્ત્રીઓ; ભગવાનમાં ગાઢ સ્નેહવાળી, ઈન્દ્રિયોને જીતેલી, તપ-વ્રતમાં તત્પર, આથી કૃશ શરીરવાળા હરિભક્તોનું આતિથ્ય કરવામાં ખૂબ કુશળ એવી તે સ્ત્રીઓ મનઃપ્રિય વાક્યો વડે ભગવાનને સંતોષ પમાડતી થકી પૂજા કરવા માટે પાસે આવી. (૨૨-૨૩) પાશ્ચાત્ય સ્ત્રીઓએ ખજૂર, ખારેક, સોપારી, નાળિયેરથી ભરેલાં સુંદર પાત્રોને લઈને ત્યાં આવીને પ્રેમપૂર્વક પ્રભુની પૂજા કરી. (૨૪) કેટલીક સ્ત્રીઓ સફેદ પતાસાં તથા મનોહર પેંડા અને રૂપા મુદ્રાઓને વિશાળ થાળોમાં ધારીને, કેટલીક સ્ત્રીઓ સાકરનાં પાત્રો લઈને, કેટલીક બરફી ભરેલાં પાત્રો લઈને પ્રભુની સમીપે ભેટો ધરાવતી થકી હર્ષપૂર્વક પૂજા કરતી હતી. (૨૫-૨૬) આ પ્રમાણે સર્વજનો પરમ ભક્તિપૂર્વક પોતપોતાની શક્તિ અનુસારે ભગવાન શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. (૨૭) ભાવગમ્ય એવા સર્વેશ્વર શ્રીહરિ નિર્ધન ભક્તપુરુષો પત્ર, પુષ્પ, ફળ, જે કંઈ અર્પણ કરતા હતા તે પ્રેમથી અંગીકાર કરતા હતા. (૨૮) રાજા હોય કે રંક, ધનવાન હોય કે ગરીબ, આ બધાય પણ ભક્તો છે પ્રિય જેમને એવા શ્રીહરિને સમાન જ છે તેમાં સમ વિષમ ભાવ છે જ નહિ. (૨૯) આથી ભક્તજને પત્ર, પુષ્પ, ફળ, જળ, સ્તુતિ કે દુર્વા જે કંઈપણ પ્રેમથી સમર્પણ કરેલું હોય તે વસ્તુ શ્રીહરિ પ્રેમથી ગ્રહણ કરે છે. (૩૦) આ પછી મુનિઓને પણ પોતાના પૂજનમાં ઉત્સાહવાળા જાણીને તેમનો મનોરથ પૂરો કરવા ભગવાને તેમને પણ પૂજન કરવાની આજ્ઞા આપી. (૩૧) તપોધન એવા મુનિજનો પ્રણામ કરી પત્ર, પુષ્પ, ફળ વગેરે પદાર્થો વડે ભગવાનની પૂજા કરવા લાગ્યા. (૩૨) આ પ્રમાણે વડતાલમાં ભક્ત કલ્પદ્રુમ ભગવાન શ્રીહરિએ સર્વ સત્સંગિજનોના મનોરથો પૂર્ણ કર્યા. (૩૩) ભગવાન શ્રીહરિની ચોમેર અલંકારો, સુંદર વસ્ત્રો, પુષ્પો, બહુવિધ ભેટો વગેરેના વિવિધ પર્વતોની પેઠે સમૂહો થઈ ગયા હતા. (૩૪) તે ભેટોના સમુદાયની મધ્યે ઊંચા સિંહાસન ઉપર બેઠેલા ભગવાન કુરર આદિ વીશ કેસરાચળોના મધ્યમાં રહેલા મેરુપર્વત ઉપર રહેલા પૂર્ણચંદ્રની પેઠે શોભતા હતા. (૩૫) ત્યારબાદ તે સમયે જ જગત્પતિ ભગવાને બહુમૂલ્ય અલંકારો અને વસ્ત્રો તત્કાળ જ બ્રાહ્મણોને આપી દીધા. (૩૬) વળી બ્રાહ્મણો ઉપરાંત અન્ય દરિદ્ર નિર્ધન એવા યાચકો અને અયાચકોને તથા ધનરહિત એવા બહુ પુત્રપુત્રાદિ કુટુંબવાળા જનોને વિશેષપણે ઘણું ધન આપ્યું. (૩૭) પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ માગવામાં સંકોચશીલ ગૃહસ્થ કુટુંબીજનો તેમજ ક્ષત્રિય જનોને ઘણું ધન આપ્યું. કેમકે ક્ષત્રિયોનું નિર્ધનપણું પોતે જાણતા હતા. (૩૮) જે ક્ષણે સર્વ ભક્તોએ પૂજા સમર્પણ કરી તેજ ક્ષણે સર્વસ્વ આપીને મનુષ્ય માટે અશક્ય કર્મને કરતા થકા પોતે વિસ્મય રહિત એવા શ્રીહરિ સર્વ જનોને વિસ્મય પમાડતા હતા. (૩૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતે ! તે સમયે દાના આપવામાં ઉદ્યમી થયેલા, અતિ ઉદાર બુદ્ધિવાળા, અને તેજસ્વી લક્ષ્મીવાળા તે શ્રીહરિને પોતે ધારેલા બે વસ્ત્રો વિના કાંઈપણ વસ્તુ ન આપવા યોગ્ય ન રહ્યું પરંતુ

બધું જ આપવા યોગ્ય જ હતું. (૪૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં સકલભક્તસઙ્ઘકૃતપૂજનવિધિનિરૂપણનામે ચોપનમો અધ્યાય થયો. ॥૫૪॥

●

## અધ્યાય-૫૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! જે દિવસે ભક્તજનોએ પૂજા કરી તે દિવસે સર્વ જનોએ એકાદશીનો ઉપવાસ કર્યો અને સ્વયં ભગવાને પણ ધર્મમર્યાદાની રક્ષા માટે ઉપવાસ કર્યો. (૧) હે ભૂપતે ! તે એકાદશીના દિવસે બીજા મુહૂર્તથી આરંભીને ચૌદમા મુહૂર્ત પર્યંત શ્રીહરિનો પૂજન મહોત્સવ ચાલ્યો હતો. (૨) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુએ પંદરમા મુહૂર્તમાં સભામાં રહેલા બ્રાહ્મણોને તમો સાયં સંધ્યાવંદન માટે જાઓ એમ આજ્ઞા આપી. (૩) શ્રીહરિને સ્વધર્મપાલન અતિપ્રિય છે એમ નિશ્ચય કરી સર્વ બ્રાહ્મણો શ્રીહરિની આજ્ઞાથી ગોમતી સરોવરના તટ ઉપર ગયા. (૪) ભક્તજનોને પણ મુહૂર્ત પર્યંત વિશ્રામ થાય એમ જાણી પોતે શ્રીહરિ ઊંચા સિંહાસન પરથી નીચે ઊતરી પોતાના નિવાસસ્થાનમાં પ્રવેશ્યા. (૫) પછી સર્વજનો, મુનિજનો પોતપોતાના નિવાસસ્થાનમાં આવી થોડો આરામ કરી જળપાન કરીફરી પાછા તરત સભાસ્થાનમાં આવી ગયા. (૬) બ્રાહ્મણો પણ સંધ્યાવિધિ કરી ફરી પાછા આવી સભામાં યથાસ્થાને યથોચિત બેસી ગયા. (૭) તેટલામાં પોતાના જનનું દુઃખ નાશ કરનારા શ્રીહરિ ભગવાન થોડોક વિરામ કરી, સંધ્યાવિધિ કરી, પોતાની સ્વાભાવિક ઉતાવળી ચાલથી પાર્ષદ સમૂહને પાછળ દોડાવતા થકા, ચલાયમાન સુંદર ઉત્તરીય વસ્ત્રવાળા થકા ફરી ઊંચા પીઠ ઉપર આરોહણ કરતા હતા. (૮) તે સભામાં ઊંચા આસને ઊભા રહેલા શ્રીહરિ ચોમેર પોતાના ભક્તસમૂહોને જોતા અને પોતાને કેડ બાંધવાના કટિપટને દૃઢ કરી શ્રીનારાયણનાં નામો ઊંચા સ્વરે બોલતા થકા હાથો વડે તાળીઓ વગાડતા હતા. (૯) ત્યારે સર્વ જનો, સર્વ સ્ત્રીઓ અને મુનિજનો પણ શ્રીહરિ નારાયણનાં નામોનું કીર્તન કરતા થકા તાળીઓ વગાડવા લાગ્યા. (૧૦) તે સમયે લાખો તાળીઓના શબ્દો સાથે મિશ્રિત એવો ભગવન્નામનો ધ્વનિ ત્રિલોકીમાં વ્યાપી ગયો. (૧૧) તે સમયે ઊંચા અને તાળીઓ પાડવા માટે અહીં તહીં હાલતા જનોના કરપલ્લવોથી પૃથ્વી વાયુવેગથી હાલતા પ્રફુલ્લિત સ્થળ કમળો વડે શણગારી હોય એમ શોભતી હતી. (૧૨) હસ્ત લાઘવના ચતુરપણાને લીધે ભગવાનની હથેળીઓનું મિલન અને પૃથક્કરણ અલગ પાડીને જાણવા માટે કોઈપણ પુરુષ સમર્થ થઈ શક્યો નહિ. (૧૩) સભામાં ચારેબાજુ હજારો દીપકો પ્રગટાવ્યા. દીપકોના પ્રકાશથી અને ચંદ્રકાંતિથી રાત્રિ દિવસની પેઠે શોભતી હતી. (૧૪) કૃષ્ણદાસ અને પુરુષોત્તમદાસ નામના બન્ને વાળંદો ઊંચા કરેલા હાથોમાં મશાલ લઈને ભગવાનના ડાબા અને જમણા ભાગમાં ઊભા રહ્યા હતા. (૧૫) નામસંકીર્તનને અંતે સભામાં રહેલા મુનિઓ તથા હરિજનો જેટલાકમાં પોતાને નમસ્કાર કરવા પ્રવર્તે છે તેટલાકમાં જ ઝટ સિંહાસનમાં બેસીને શ્રીહરિએ સકળ જનોના હૃદયમાં નિવાસ કરી રહેલા

સ્વાત્માને લોક- શિક્ષણાર્થે નમસ્કાર કર્યા. (૧૬) શ્રીહરિનું જલદી બેસવાનું લાઘવ જોઈને વિસ્મય પામેલા મુનિઓ વિસ્મિત થકા નિજપ્રભુને નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યા. (૧૭) હે ગોવિંદ ! હે નારાયણ ! હે વાસુદેવ ! હે શ્રીકૃષ્ણ ! હે સંકર્ષણ ! હે પદ્મનાભ! હે નર ! હે અનિરુદ્ધ ! હે ઈશ્વર ! હે લોકનાથ ! હે હરે ! હે મુકુંદ ! હે આદ્ય ! તમોને અમારા વારંવાર નમસ્કાર હો. (૧૮) હે સ્વતંત્ર ! હે માયાધિપ ! હે સર્વશક્તે ! તમો સર્વદા પ્રસન્ન થાઓ અને અમારું રક્ષણ કરો. અને તમો જ સર્વાશ્રણીય છો. હે ભગવન્ ! તમોને અમારા વારંવાર નમસ્કાર હો. (૧૯) ત્યારપછી સર્વ ભક્તજનો હાથ જોડી શ્રીહરિના મુખારવિંદ સામી દૃષ્ટિ રાખી ભક્તિપૂર્વક પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. (૨૦) હે ભક્તપ્રિયે ! શ્રીહરે ! ઠોકર વાગે ત્યારે, છીંક આવે ત્યારે, પડી જવાય ત્યારે, જ્વરાદિ રોગમાં, બગાસું કે મૂર્છામાં અને મરણ સમયે પણ પરવશતાને પામીશું એવા અમારી વાણીમાં સમગ્ર પાપસમૂહ અને સમગ્ર દુઃખસમૂહના ધ્વંસમાં અતિ શૂરાતનવાળાં એવાં તમારાં સહજાનંદ સ્વામિનારાયણ એવાં નામામૃતો નિત્ય નિશ્ચલ નિવાસ કરો. (૨૧) આ પ્રમાણે પ્રાર્થના કરી ભક્તજનો શ્રીહરિનારાયણ મુનિમાં જ મનોવૃત્તિવાળા થકા તે પ્રભુને પ્રણામ કરી પોતપોતાને સ્થાનકે બેસી ગયા. (૨૨) સૌ ભક્તજનો બેસી ગયા બાદ સર્વનું પ્રિય કરનારા પ્રભુ કંઈક કહેવાની ઈચ્છાવાળા થકા તે ભક્તજનોને હાથના સંકેતથી મૌન કર્યા. (૨૩) બધા ભક્તજનો મૌન થઈ બેઠાં, ત્યારે પોતાના મુખારવિંદમાં એકાગ્ર દૃષ્ટિવાળા થયા, પછી ભગવાન શ્રીહરિ મેઘની પેઠે ગંભીર વાણીથી બોલ્યા. (૨૪)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તો ! મારા મુનિઓ, પુરુષો, સ્ત્રીઓ તમે સર્વે એકાગ્ર ચિત્ત થઈ મારું વચન સાંભળો. (૨૫) એકાદશી આદિક જે કંઈ વ્રત જાગરણથી જ સંપૂર્ણ ફળ આપનારું થાય. આથી એકાદશીના વ્રતમાં શ્રીકૃષ્ણના ગુણકીર્તન કરી જાગરણ કરવું. (૨૬) આ પ્રકારે કહીને મહાપ્રભુ મુક્તાનંદાદિ સાધુઓ દ્વારા સંસ્કૃત અને પ્રાકૃત એવાં ઘણાં પદો-કીર્તનો ગવડાવવા લાગ્યાં. (૨૭) ભક્તસમૂહના મનને હરનાર, સ્વયં શ્રીહરિ ઊંચેથી તાલીઓ વગાડતા, સાધુઓ પાસે ગવડાવતા અને સાધુઓ સાથે ગાતા હતા. (૨૮) હે નરેશ ! પુરાણપુરુષ એવા શ્રી નારાયણમુનિ આ પ્રકારે ભક્તજનોને આનંદ પમાડતા થકા અને ભક્તજનો પાસે જાગરણ કરાવતા થકા રાત્રિના છેલ્લા પહોરમાં ઊંચા સ્વરે કૂકડાનો શબ્દ સાંભળતા હતા. (૨૯) ત્યારબાદ શ્રીહરિ ભગવાને સ્નાનાદિ નિત્ય કર્મ કરવા મુનિજનોએ સહિત સર્વજનોને આજ્ઞા આપી તે મુનિઓ અને ભક્તોએ નમસ્કાર કરાયેલા શ્રીહરિ પોતાના નિવાસસ્થળ શિબિકામાં પધારી પોતાનું સ્નાન-સંધ્યા જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ અને દેવપૂજન આ ષટ્કર્મ કરવા લાગ્યા. (૩૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં સાયંતનવિધિનિરૂપણનામે પંચાવનમો અધ્યાય થયો. ।।૫૫।।

●

## અધ્યાય-૫૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પૃથ્વીપતે ! (હવે બારશના દિવસે પ્રાતઃકાળે) ષટ્કર્મ કર્યા પછી શ્રીહરિએ યથાશાસ્ત્ર શ્રીકૃષ્ણનું ઉત્તરપૂજન કરી ઉત્તમ બ્રાહ્મણ આચાર્યને લક્ષ્મીનારાયણની સુવર્ણમૂર્તિ અર્પણ કરી. (૧) પછી બ્રાહ્મણોને રાજી કરવા તેમને પ્રિય યથેષ્ઠ ઘી-ખાંડથી યુક્ત લાડુ દૂધપાક વગેરે સેંકડો અને હજારો બ્રાહ્મણોને પ્રભુએ જમાડ્યા. (૨) પછી શ્રીહરિને મુનિજનો, પાર્ષદો તથા અન્ય ગૃહસ્થજનોને દશમની પેઠે સારી રીતે જમાડીને પછી પોતે સ્વનિવાસે પાક બનાવવાનો આરંભ કર્યો.(૩) હે રાજન્ ! તે સમયે પત્નીએ સહિત રામપ્રતાપભાઈ અને ઇચ્છારામભાઈ આવીને વિનયથી નમ્ર થકા શ્રીહરિની બહુધા પ્રાર્થના કરવા લાગ્યા. (૪) હે શ્રીહરે ! તમોએ અત્યાર સુધી તો પોતે જ સ્વહસ્તે પાક બનાવીને નૈવેદ્ય કર્યું કારણ કે પોતાની જ્ઞાતિના બ્રાહ્મણનો અભાવ હોવાથી જાતે રસોઈ બનાવવાનું ધર્મનિષ્ઠ એવા તમારા માટે યોગ્ય જ હતું. (૫) પરંતુ હાલમાં તો અમે સર્વે તમારા જ શરણમાં આવેલા છીએ અને જીવનપર્યંત તમારી સમીપે જ રહીશું. (૬) આથી હે શ્રીહરે ! અમોએ બનાવેલી રસોઈ તમો ઉપયોગમાં લેવા યોગ્ય છો. આટલી સેવાથી અમે કૃતાર્થ થઈ જઈશું. (૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રમાણે પોતાના બન્ને ભાઈઓનું વચન સાંભળી કૃપાસાગર શ્રીહરિ તે બન્ને ભાઈઓનો પોતા પ્રત્યેનો નિષ્કપટભાવ જાણતા થકા બન્નેને કહેવા લાગ્યા. (૮) હે ભાઈઓ ! હવે તમે કહો છો તેમ જ હું કરીશ. કારણ કે તમો બન્ને સત્કાર કરવા યોગ્ય છો. વળી પરિવારે સહિત તમારા બન્નેનો મારે વિષે નિષ્કપટભાવ યથાર્થપણે જાણું છું. (૯) તમારા બન્નેના ઘેર એક એક દિવસ વારાફરતી હું જમીશ માટે દરરોજ શ્રીકૃષ્ણને થાળ નિવેદિત કરીને મને બોલાવજો. (૧૦) મારા માટે ભક્તજનો કાચું સીધું વગેરે આપે તે તમો બન્નેએ ગ્રહણ કરવું અને તેને શુદ્ધ કરી, રસોઈ કરવી. (૧૧) હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહેતાં, બન્ને ભાઈઓ અને તેમની પત્નીઓ અત્યંત પ્રસન્ન મનવાળાં થયાં. તે સમયે સર્વે ભક્તો પણ રાજી થયા. (૧૨) પછી તે જ દિવસે રામપ્રતાપભાઈના નિવાસમાં સુવાસિની બાઈએ રસોઈ કરી. શ્રીહરિએ તેમના ઘેર બારશનાં પારણાં કર્યાં. (૧૩) ત્યારબાદ સર્વ મનુષ્યોને પોતાનાં દર્શન આપવા માટે પોતાના ઊંચા સિંહાસનમાં તત્કાલ આવી બે ઘડી સુધી બેઠા. (૧૪) પછી નિત્ય કર્મ પતાવીને કેટલાક માનવસમુદાયો શ્રીહરિના દર્શનાર્થે આવવા લાગ્યા અને કેટલાક સમૂહો દર્શન કરીને જવા લાગ્યા. (૧૫) ત્યારબાદ શ્રીહરિ પોતે બ્રહ્મચર્યવ્રતમાં રહેલ હોવાથી દિવસની નિદ્રાને (બીજાની સૌની શિક્ષા માટે) નહિ કરતા હોવા છતાં પણ જનવિશ્રાંતિ આપવા માટે પોતાના તંબુમાં ગયા. (૧૬) શ્રીહરિ પોતાના તંબુમાં સોમ-સુરાદિ પાર્ષદો અને મુકુન્દાદિ વર્ણિજનોએ સેવાયેલાં છે ચરણકમળ જેમનાં એવા શ્રીહરિ સુંદર પલંગ ઉપર બેઠા. (૧૭) પછી શ્રીહરિ સાંજના સમયે પોતાના પાર્ષદોથી વીંટાયા થકા પોતાના ઊંચા સિંહાસનમાં બિરાજમાન થયા. (૧૮) તેટલામાં મુનિઓ, સર્વજનો અને સર્વ સ્ત્રીઓ, ગાયકો અને પૌરાણિકો વગેરે જલદી આવી સભામાં યથાયોગ્ય બેસી

ગયા. (૧૯) સભાની સર્વ બાજુએ પોતાની કૃપાદૃષ્ટિ વડે સભામાં બેઠેલા ભક્તોને સંતોષ પમાડીને રહેલા શ્રીહરિને કુબેર વગેરે પુરના નિવાસીઓ પ્રણામ કરી પૂછવા લાગ્યા. (૨૦) હે પ્રભો ! નરનારાયણપ્રભુનો દોલોત્સવ આ પુરમાં કઈ તિથિએ કરવાનો છે તે તમો કહો. જેથી તેને યોગ્ય સામગ્રીઓ તૈયાર કરાવીએ. (૨૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તો ! વૈવસ્વત મન્વંતરમાં ફાગણ માસમાં પૂર્ણિમાના રોજ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં નરનારાયણ ભગવાનનો પ્રાદુર્ભાવ થયેલો છે. (૨૨) તે સમયે જ બ્રહ્માદિ દેવોએ શ્રી નરનારાયણને દિવ્ય દોલામાં બેસાડીને ઝુલાવ્યા હતા. તે દિવસને આરંભીને આ ઉત્સવ પ્રસિદ્ધ છે. (૨૩) જે દિવસે ભગવાનનો બાળભાવાદિ અનુક્રમથી જન્મ હોય તે સમયે તો તિથિનું પ્રાધાન્ય થાય છે પણ અન્યત્ર અર્થાત્ કિશોરભાવથી પ્રાદુર્ભાવમાં તો નક્ષત્રનું પ્રાધાન્ય થાય છે એ નિશ્ચિત વાત છે. (૨૪) આપણા ઈષ્ટદેવ નરનારાયણ પ્રભુ તો ધર્મ થકી મૂર્તિમાં સોળ વર્ષની વયથી પ્રગટ થયા હતા માટે નક્ષત્ર પ્રાધાન્ય છે. (૨૫) માટે આ ઉત્સવ, નક્ષત્ર વ્રતાત્મક હોવાથી સૂર્યોદય સમયના સ્પર્શવાળા ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં જ અમારા ઉદ્ધવમતમાં રહેલા સર્વ કોઈ જનોએ કરવો. (૨૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

સર્વ ભક્તજનોને આ પ્રમાણે કહીને પ્રભુએ આગળ બેઠેલા અને જ્યોતિષશાસ્ત્રના જાણકાર મયારામ ભટ્ટ નામના વિપ્રને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર કયા દિવસે સૂર્યોદય સ્પર્શવાળું થાય છે તે જોવા કહ્યું. (૨૭) ત્યારે મયારામ ભટ્ટે પાઘડીમાંથી સત્વરે પંચાંગ કાઢીને તેમાં જોઈ વિચારીને, તે નક્ષત્ર ફાગણ વદી પડવાને દિવસે છે આ પ્રમાણે શ્રીહરિને કહ્યું. (૨૮) પછી ભગવાન નારાયણમુનિએ નરનારાયણનો ઉત્સવ ફાગણ વદ પડવાને દિવસે કરવાનો છે એમ કહ્યું. આ પ્રમાણે કહેવાયેલા પુરના ભક્તો ઉત્સવ માટે સામગ્રી એકત્રિત કરવા પુરમાં ગયા. (૨૯) તેટલામાં તો અન્યદેશીય હજારો સત્સંગિજનો આવીને પ્રભુને નમન કરી સંતવર્ણિ આદિ સૌને રસોઈ આપવા પૃથક્ પૃથક્ પ્રાર્થના કરવા લાગ્યા. (૩૦) હે ભગવન્ ! તમો સર્વ મુનિજનો, પાર્ષદો અને બ્રાહ્મણો સહિત અમારા નિવાસસ્થાને કાલે અથવા પરમ દિવસે જમવા પધારવું. (૩૧) આ પ્રકારે અલગ અલગ પ્રાર્થના કરતા જનોને જોઈ શ્રીહરિ હસતા થકા બોલ્યા. હે ભક્તજનો મારું વચન સાંભળો. (૩૨) તમારી ભક્તિ વડે હું સંતુષ્ટ થયો છું એ નિશ્ચિત વાત છે તે હેતુ માટે મુનિ આદિ સહિત મને પૃથક્ પૃથક્ ભોજન કરવા આગ્રહ કરવો નહિ. (૩૩) હે ભક્તો ! એક એક દિવસે એક ગૃહસ્થના ઘેર પૃથક્ પૃથક્ ભોજનનો તો સો વર્ષે પણ પાર ન આવે. (૩૪) આથી હે જનો ! એ એ દેશના જનોએ ભેગા મળીને જ એક એક દિવસ મુનિજનો આદિને જમાડીને તૃપ્ત કરવા. (૩૫) હે જનો ! વિવિધ એવાં ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એવાં ભોજનો વડે તથા સુંદર મધુર, અમ્લ, લવણ વગેરે રસો વડે મુનિજનો તૃપ્ત થતાં હું તૃપ્ત થાઉં છું એમ નિશ્ચયથી જાણો. (૩૬) જો તમારે મને સાક્ષાત્ જમાડવાની અતિ ઉત્કંઠા હોય તો આ પુરમાં રહેલા મારા ભાઈઓના ઉતારામાં શુદ્ધ કરેલું કાચું સીધું પહોંચાડવું. (૩૭) એમ કરવાથી તમારા સર્વેના મનોરથો સંપૂર્ણ થશે. હે રાજન્ ! આ પ્રમાણે

ભગવાને કહેલા સર્વ સત્સંગિજનો પોતપોતાને ઉતારે જઈ તેઓએ શ્રીહરિજીના કહેવા પ્રમાણે સીધું પહોંચાડ્યું. (૩૮) ત્યારબાદ ભગવાન શ્રીહરિ સાયંકાળે ભગવન્ નામસંકીર્તન કરવા લાગ્યા અને મુનિઓ પાસે ભગવાનનાં કીર્તનો ગવરાવ્યાં. (૩૯) ત્યારપછી આગલે દિવસે જાગરણ કરેલા પોતાના ભક્તજનોને પોતપોતાને ઉતારે જવાની આજ્ઞા આપી શ્રીહરિ મહાપ્રભુ પોતે પોતાને ઉતારે પધાર્યા. (૪૦) ઉતારામાં હાથપગ ધોઈને, નિત્યવિધિ કરીને, સાધુજનોના હિતનું ચિંતન કરતા કરતા સુખપૂર્વક પોઢી ગયા. (૪૧) હે રાજન્ ! શ્રીહરિ પ્રાતઃકાળે ઊઠી ફરી સ્નાન સંધ્યાદિ નિત્યકર્મ કર્યું. આ પ્રકારે પ્રતિદિન કરતા થકા ભક્તજનોને સુખીયા કરતા હતા. (૪૨) શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ પૂર્ણિમાના દિવસે પ્રદોષ સમયે પુરજનોએ પ્રગટાવેલી હોળિકાને પોતાના આશ્રિતજનોની સાથે વંદના કરતા હતા. (૪૩) હે ભક્તો ! મારા આશ્રિત પુરુષોએ લોકમાં કુસંગીજનોની પેઠે હોળીના દિવસે સ્ત્રીપુરુષોના ગુહ્યાંગના શબ્દો (અપશબ્દો-ગાળો)નું ઉચ્ચારણ કરવું નહિ અને ગધેડા ઉપર ક્યારેય બેસવું નહિ. આ પ્રકારે શ્રીહરિએ તે સમયે પોતાના આશ્રિતજનોને ઉપદેશ આપતા હતા. (૪૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં દોલોત્સવનિર્ણયનિરૂપણનામે છપ્પનમો અધ્યાય થયો.

●

## અધ્યાય-૫૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પૂર્ણિમાના બીજે દિવસે નિત્યકર્મ કરીને શ્રીહરિ મહાપ્રભુ વિનયથી નમ્ર એવા સમગ્ર ભક્તસંઘોથી અતિશય સ્તુતિ કરાયા સતા પોતાના ઊંચા પીઠ ઉપર બિરાજમાન થયા. (૧) તેટલામાં તો ઉદાર ભાવવાળી, ઉત્તમ ચંદન તથા પુષ્પનાં પાત્રો હાથમાં ધારણ કરીને, પુરુષોનો સ્પર્શ નહિ કરતી સતી અને નમતી છે શરીરના અવયવોરૂપ લતાઓ જેમની એવી હજારો વૃત્તાલય- પુરવાસી સ્ત્રીઓ શ્રીહરિની પૂજા કરવા આવી. (૨) તે પૌરાંગનાઓની દૃઢ ભક્તિ જાણીને પ્રભુએ પોતાના પૂજન માટે આજ્ઞા આપી. ત્યારે હર્ષથી ભરાઈ ગયેલા હૈયાવાળી તે નારીઓ આત્માધિપતિ શ્રીહરિની પ્રેમથી પૂજા કરવા લાગી. (૩) કુંકુમ મિશ્રિત સુંદર કેસર ચંદન અને અક્ષત તથા વિધવિધ વણરવાળાં ઉત્તમ પુષ્પોના હારો વડે અને વસ્ત્રો તેમજ તેજસ્વી આભૂષણો વડે પૂજા કરતી હતી. (૪) પછી તે પુરાંગનાઓ પ્રેમાશ્રુથી રૂંધાઈ ગયેલી નેત્રોની વૃત્તિઓવાળી થકી સુસ્વાદિષ્ટ ફળોથી ભરેલાં પાત્રો શ્રીહરિ સમીપે મૂકી, પ્રભુને પ્રણામ કરી ત્યાંથી ધીરે ધીરે દૂર ખસતી હતી. (૫) હે રાજન્ ! પડવાનો દિવસ તો નારીજનોની ઉત્તમ પૂજાના સ્વીકારવામાં સમાપ્ત થઈ ગયો. રાત્રિમાં થોડીક નિદ્રા લઈને જાગરૂક એવા શ્રીહરિ દોઢ પહોર બાકી રહ્યો ત્યારે પોતે જાગ્યા. (૬) જેવા પોતે ઊઠ્યા તેવા જ મુકુન્દવર્ણી વગેરે પોતાના સેવકોને ઉઠાડી નરનારાયણ ભગવાનની મહાપૂજા કરવા મોટા મોટા ઉપચારો એકઠા કરાવતા હતા. (૭) ત્યારબાદ પ્રભુ સ્નાન કરી સત્વરે નિત્યવિધિ કરી મહાપૂજાવિધિમાં પ્રવીણ બ્રાહ્મણોને બોલાવી

નારાયણ અને નરની સોનાની મૂર્તિની અગાઉની પેઠે પૂજા કરતા હતા. (૮) ષોડશોપચાર વડે પ્રેમથી શ્રીનરનારાયણની પૂજા કરી પ્રણામ કર્યા. (૯) ત્યારબાદ તે જ ક્ષણે પ્રથમથી બનાવેલા અલૌકિક અને નાના સ્તંભોથી શોભાયમાન સુમનોહર મંડપમાં સુવર્ણમય હિંડોળો બંધાવ્યો. (૧૦) મણિઓની પંક્તિઓ વડે શોભાયમાન તે હિંડોળામાં નરનારાયણને પધરાવીને પ્રણામ કરીને ફરીથી પણ પ્રભુ પૂજન કરવા લાગ્યા. (૧૧) શ્રીહરિ કસ્તૂરી- કેસરથી યુક્ત કપૂરથી મિશ્રિત ચંદન, નાનાવિધ પુષ્પહારો અને બહુવિધ નૈવેદ્ય સમર્પિત કરી, એક ઘટિકા પર્યંત શ્રી નરનારાયણને ઝુલાવીને શ્રીહરિએ આરતી ઉતારી. (૧૨-૧૩) અત્યંત દેદીપ્યમાન મોતીઓથી રચેલું, કમળવાળું, કમળના મધ્યમાં કપૂરના દીવાઓવાળું સુવર્ણમય પાત્ર બન્ને હાથથી ધારણ કરીને શ્રી નરનારાયણની સન્મુખ ઊભા રહીને અને શ્રી નરનારાયણનું ધ્યાન કરતાં અને ધીમે ધીમે ગોળ મંડળાકાર સુવર્ણપાત્રને ઊંચું ભમાવતા શ્રીહરિ પોતાના હાથોના વિલાસથી પોતાનાં ભક્તજનોના હૃદયોને પોતાની મૂર્તિમાં ખેંચતા હતા. (૧૪) આ પ્રકારે શ્રીહરિ મહાપ્રભુ આરતી ઉતારતા હતા ત્યારે સર્વ પૃથ્વી અને સ્વર્ગમાં વાજિંત્રો વાગવા લાગ્યાં. (૧૫) તે સમયે દેશાંતરના સર્વ જનોએ નિત્યકર્મને પતાવીને વાદ્યોનો ધ્વનિ સાંભળીને હરિદર્શનની ઉત્કંઠાથી તત્કાલ તે સભામંડપમાં આવવા લાગ્યા. (૧૬) ત્યારે સુગંધી ચંદનો અને વિવિધ પ્રકારનાં પુષ્પો તથા અનેક પ્રકારની પૂજાની સામગ્રીઓ પાત્રોમાં મૂકીને, ઘણી ભેટો પાત્રોમાં મૂકીને, જુદાં જુદાં ગ્રહણ કરી પોતપોતાના ગામના લોકો પરસ્પર મળીને નાના પ્રકારનાં વાજિંત્રો વગાડતા થકા, અતિ હર્ષિત થયેલા, શ્રીહરિનાં મંગલકારી ગીતો ગાતા ગાતા આવ્યા. (૧૭-૧૮-૧૯) શ્રીહરિએ કરેલી શ્રી નરનારાયણની આરતીના સમયે મંડપમાં આવેલા સર્વ લોકો હર્ષ પામીને, વાદ્ય ધ્વનિ તથા મુખેથી જયનાદનો શબ્દોચ્ચાર કરવા લાગ્યા. (૨૦) તે સમયે તે વાજિંત્રોનો શબ્દ તથા જયઘોષ લાખો માણસોની તાલીઓના ધ્વનિથી મિશ્રિત થકો અત્યંત તીવ્ર થયો અને દશે દિશામાં વ્યાપી ગયો. (૨૧) તે સમયે હિંડોળાની બાજુમાં રહેલા મુકુંદાનંદાદિ તથા પાર્ષદો ચાંદીનાં પાત્રોમાંથી ગુલાલને ખોબે ખોબે અત્યંત ઉછાળવા લાગ્યા. (૨૨) આકાશમાં રહેલા અને વિસ્મય પામેલા બ્રહ્માદિ સર્વ દેવો તે સમયે પુષ્પવૃષ્ટિ કરતા થકા દુંદુભિ વગાડવા લાગ્યા. (૨૩) ત્યારે સર્વમુનિજનો સ્તુતિ કરવા લાગ્યા. ગાંધર્વો ગાન કરવા લાગ્યા. અપ્સરાઓ નાચ કરવા લાગી અને બીજા દેવો જયધ્વનિ કરવા લાગ્યા. (૨૪) આવી રીતે સમગ્ર બ્રહ્માંડમાં મહોત્સવ થતો હતો, ત્યારે સત્પુરુષોના સ્વામી શ્રીહરિ શ્રી નરનારાયણની આરતી કરતાં કરતાં આરતીનું પદ બોલતા હતા. (૨૫) હે દેવ ! તમો જય પામો તમો જય પામો. ભારતવાસી પોતાના એકાંતિક ભક્તજનોના ધર્મની વૃદ્ધિ માટે, પોતાનો ઉત્કર્ષ પ્રગટ કરો. હે મંગલોના આશ્રય ! હે નારાયણ ! હે પુરુષોત્તમ ! હે નરના સખા ! હે સર્વાન્તર્યામી ! તમો જય પામો, જય પામો. સૂર્યસમાન મનોહર કાંતિવાળા, માટે જ કિરણો પ્રસારિત કરનારા, અનેક પ્રકારનાં રત્નોથી મિશ્રિત થયેલા, મણિસમૂહરૂપ આભરણોવાળા, સુરનરો પરિવારની પેઠે ચારે તરફ જેમની રક્ષા કરે છે એવા અને મંડપના મધ્યમાં સુશોભિત હિંડોળામાં વિરાજમાન પરમેશ્વર, તમોને હુંનમસ્કાર કરું છું. (૨૬) જડેલાં રત્નો વડે ચોપાસ મનોહર અને અતિ ઉજ્જવલ તથા

મીનાકૃતિ ઉત્તમ કુંડળોનું જોડલું ધારણ કરેલા, રત્નજડિત ઉજ્જ્વળ મુગટને મસ્તક ઉપર ધારણ કરેલા તથા ચંચલ નેત્રો વડે જોવાથી ભક્તજનોને બહુ સુખ આપનારા તમોને હું વંદન કરું છું. તમો જય પામો, જય પામો. (૨૭) હારની પેઠે બન્ને બાજુ કંઠમાં લાંબા ધારેલા અને કોર પાલવવાળા ચળકતા વસ્ત્રથી શોભાયમાન અને વીજળી જેવી કાંતિવાળા કંકણ કડા તથા બાજુબંધોને હાથ ઉપર ધારી રહેલા, નાના પ્રકારના પુષ્પહારો તથા મુક્તાહારોથી વિરાજિત વક્ષઃસ્થળવાળા અને સર્વદા ભક્તજન સુખદાતા એવા તમારામાં તમારું ચિંતવન એ જ છે ધન જેનું એવું મારું ચિત્ત સર્વદા રમણ કરો. હે દેવ ! તમો જય પામો. જય પામો. (૨૮) નૂપુરોથી શોભિત ચરણોવાળા અને હસ્તકમળમાં ઉત્તમ કમળને ધારી રહેલા તેમજ મંદમધુર હાસ્ય વડે ફેલાતી દંતકાંતિના સમૂહવાળા એક અદ્વિતીય પ્રભુ એવા તમોને હું નિરંતર મારા હૃદયમાં ચિંતવન કરું છું માટે ઘરનો ત્યાગ કરેલ અને નિજજન એવા મારું તમો રક્ષણ કરો. તમો જય પામો, જય પામો. (૨૯) તમો સર્વના ધાતા, અદ્વિતીય સ્વામી, સકળ સુરનરોના સંરક્ષક સર્વ મુનિમંડળને પોષણ આપનારા, સર્વના અંતરાત્મા અને સર્વેશ્વરેશ્વર છો. હે દયાસિંધો ! હે નારાયણ ! હે કરુણામય ! હે દેવ ! તે તમો શરણાગત મારી આ ભવસાગરથી રક્ષા કરો. તમો જયકારી પ્રવર્તો. (૩૦) હે રાજન્ ! શ્રીહરિ આ પ્રમાણે ઉચ્ચારણ કરતા થકા આરતી ઉતારી પછી મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરી શ્રી નરનારાયણની પ્રદક્ષિણા કરતા હતા. (૩૧) શ્રદ્ધાયુક્ત શ્રીહરિ ફરી પ્રણામ કરી હાથ જોડી શ્રી નરનારાયણ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. (૩૨) હે ગોવિંદ ! હે નારાયણ ! હે વાસુદેવ ! હે શ્રીકૃષ્ણ ! હે સંકર્ષણ ! હે પદ્મનાભ ! હે નર ! હે અનિરુદ્ધ ! હે ઈશ્વર ! હે લોકનાથ ! હે હરે ! હે મુકુન્દ ! હે આદ્ય ! તમોને મારો વારંવાર નમસ્કાર હો. (૩૩) હે આનંદકંદ હે અચ્યુત ! હે સુંદરાંગ ! હે દયાનિધે ! હે માધવ ! હે મંગલમૂર્તે ! હે વિષ્ણો ! હે હૃષીકેશ ! હે પરાવરેશ ! હે પ્રદ્યુમ્ન ! હે કમલનયન ! તમોને મારો વારંવાર નમસ્કાર હો. (૩૪) હે માંગલ્યમૂર્તે ! હે મધુસૂદન ! હે દામોદર ! હે શ્રીધર ! હે સર્વવંદ્ય ! હે બ્રહ્મણ્યદેવ ! હે અક્ષર ! હે પૂર્ણકામ ! હે પ્રભો ! હે વિભો ! હી નાથ ! તમોને મારો વારંવાર નમસ્કાર હો. (૩૫) હે વૈકુંઠ ! હે સત્યરૂપ ઉત્તમ સત્ત્વવાળા હે ભૂમન ! હે હિરણ્યગર્ભ ! હે ત્રણે લોકોમાં શ્રેષ્ઠ અને મત્સ્યાદિ અવતારોના ઈશ ! હે વિશ્વ ! હે ઉત્તમશ્લોક ! હે વિધે ! હે મહર્ષે ! હે પ્રાણેશ ! હે વિશ્વેશ્વર ! તમોને મારો વારંવાર નમસ્કાર હો. (૩૬) હે વૃષાકપે ! હે કેશવ ! હે ધર્મ ! હે ધીર ! હે શુચિશ્રવ ! હે ભૂતપતે ! હે પરાત્મન્ ! હે પુણ્યાંગ ! હે યજ્ઞ ! હે ઈષ્ટદ્ ! હે પુણ્યકીર્તિ ! હે સુધી પુરુષોત્તમ એવા તમોને મારો વારંવાર નમસ્કાર હો. (૩૭) હે અધોક્ષજ ! હે લક્ષ્મીપ્રદ ! હે કંજનેત્ર ! હે વેદૈકવિદ ! હે વેદકૃત ! હે અવ્યયાવત્મન્ ! હે અવ્યક્ત ! હે સત્ ચિત્ અને આનંદના હેતુભૂત ! હે આનંદ ! હે વિદ્યાધિપતે ! તમોને નમસ્કાર હો. (૩૮) હે જ્ઞેય ! હે આદિદેવ ! હે પ્રિયભક્ત ! હે પૂજ્ય ! હે શ્રેષ્ઠ ! હે પ્રજેશ ! હે અમરવર્ય ! હે સર્વ ! હે બ્રહ્મ ! હે પ્રાકૃતગુણરહિત ! હે અગમ્ય ! હે સદર્ચનીય ! હે પ્રમાણહીન એવા અમાપ રાજાધિરાજ ! તમોને નમસ્કાર હો. (૩૯) હે સ્વામિન્ ! હે મહેશ ! હે અમલધામ દેવ ! હે જ્ઞાનપ્રદ ! હે મનવાણીથી અગોચર ! હે સદ્‌ગુણસંપન્ન ! હે આપ્ત ! હે સહસ્રમૂર્તે ! હે પુરુષ ! હે આપ્તકામ હે સૂર્યચંદ્રાદિના પ્રકાશક ! હે આકાશની પેઠે નિર્લેપ સ્વરૂપ !

તમોને નમસ્કાર હો. (૪૦) હે સ્વતંત્ર ! હે માયાધીપ ! હે સર્વશક્તે ! હે દીનબંધો ! તમો સદા પ્રસન્ન થાઓ અને તમો જ એક સર્વ ભક્તોના આશ્રયણીય છો. હે ભગવન્ ! તમોને નમસ્કાર હો. (૪૧) હે પ્રભો ! અમારી બુદ્ધિ તમારા ચરણાર્વિંદ યુગલનો ત્યાગ કરી દેહ, ઘર અને દ્રવ્ય પદાર્થોમાં ક્યારેય પણ પ્રવેશ ન કરો. હે હરે ! તમો આ જ અમારી પ્રાર્થના સંપૂર્ણ કરો. અને અધીશ્વર તમો પ્રસન્ન થાઓ. (૪૨) હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ ઉત્સાહપૂર્વક શ્રી નરનારાયણની પ્રાર્થના અને પ્રણામ કરીને પછી સર્વ દ્વિજોની ચંદનાદિ વડે પ્રીતિપૂર્વક પૂજા કરી. (૪૩) વસ્ત્રો, આભૂષણો, રત્નો, ગાયો, ભૂમિ, સુવર્ણ, હાથી વગેરે દાનો વડે બ્રાહ્મણોને પ્રસન્ન કરી ભગવાન શ્રીહરિએ પૂજા સમાપ્ત કરાવી. (૪૪) આ લોકમાં શ્રીહરિને બ્રાહ્મણોથી વધારે બીજું કંઈ પ્રિય નથી. વળી તે પ્રભુને બ્રાહ્મણોને ન આપવા યોગ્ય કોઈ વસ્તુ નથી. પરંતુ સર્વ વસ્તુ દાન કરવા યોગ્ય છે. બ્રાહ્મણોને અતિપ્રિય વસ્તુઓના દાને કરી તે બ્રાહ્મણોને સર્વકાળમાં પ્રસન્ન કરતા શ્રીહરિ મહાપ્રભુ બ્રહ્મણ્યદેવના નામથી પ્રખ્યાતિ પામ્યા. (૪૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં દોલારૂઢનરનારાયણાર્ચનવિધિનિરૂપણનામે સત્તાવનમો અધ્યાય થયો. ॥૫૭॥

●

## અધ્યાય-૫૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

શ્રી નરનારાયણ પૂજન બાદ ભગવાન શ્રીહરિ શ્વેતવસ્ત્રો ધારીને પોતાના સોમવર્મા, મુકુન્દાનંદ વર્ણી આદિ પોતાના સેવકોથી વીંટાઈને, ભક્તસંઘોના નેત્રોની વૃત્તિઓને હરતા થકા જલદીથી આવીને પોતાના સિંહાસનમાં બિરાજમાન થયા. (૧) તે સમયે જય જય એવો મહાન ધ્વનિ થયો અને વાજિંત્રોનો મોટો ઘોષ થયો. ત્યારે શ્રીહરિ મહાસભામાં એકત્રિત થયેલા સર્વ ભક્તજનોને સ્નેહમય દૃષ્ટિથી અત્યંત તૃપ્ત કર્યા. (૨) તે સમયે કુબેરભાઈ અને જોબન પગી સહિત તખો પગી વગેરે ભક્તજનોએ શ્રીહરિ પાસે આવીને મૂલ્યવાન વસ્ત્રો અને આભૂષણો તથા ચંદન અને પુષ્પહારો વડે પ્રભુની પૂજા કરી. (૩) બીજા પણ દેશાંતરના ભક્તજનોએ અનેકવિધ અમૂલ્ય આભૂષણો, વસ્ત્રો વગેરે રાજોપચારો વડે અને સ્તુતિ નમસ્કાર વડે અગાઉના જેવી જ ભગવાનની પૂજા કરી. (૪) તેટલાકમાં તો પુરવાસીજનો કેસરી રંગથી ભરેલાં મોટાં મોટાં કડાયાં લાવ્યા અને લાલ રંગોથી છલોછલ ભરેલી ગાગરો વગેરે જલદી ઉપાડી લાવ્યા. (૫) પછી પુરવાસી જનોએ ઘડે ઘડે રંગજળ લાવીને મોટા જળાશયો ભરી દીધા અને દેશાંતરીય જનોએ તો ગુલાલ ભરેલા મોટા કોથળાઓ ત્યાં ઉપાડી આણ્યા. (૬) પુરવાસીજનો પોતાના સ્વામી શ્રીહરિ સાથે રંગક્રીડા રમવાની ઈચ્છાથી બધા ભેગા મળી પિચકારીઓ સહિત રંગ ફેંકવાનાં હજારો યંત્રો હર્ષપૂર્વક સભામાં લાવ્યા. (૭) મુનિ કહે છે : હે નરેશ ! રંગ રમવાની ઈચ્છાથી દૃઢ કેડ્ય બાંધીને પાસે આવેલા પોતાના ભક્તસંઘોને જોઈને; શ્રીહરિ પોતાના ભક્તજનોનો તેમની સાથે રંગ રમવારૂપ મનોરથ પૂર્ણ કરવા તત્કાળ ઈચ્છા કરી. (૮) ત્યારબાદ પોતે ધારણ કરેલા અલંકાર વસ્ત્રાદિ

બ્રાહ્મણોને આપીને ઝટ કેસરિયા વસ્ત્રથી કમરને દૃઢ બાંધીને, સ્વયં હસતા હસતા અને ભક્તજનોને હસાવતા થકા શ્રીહરિએ સુવર્ણની પિચકારી પોતાના હાથમાં લીધી. (૯) તે પછી ભગવાને તરત જ હાથની નિશાની વડે સ્ત્રીઓના સમૂહને દૂર કરીને, સ્વયં પોતાની નજીકમાં રંગપાત્રને લઈને સર્વ ભક્તોને પોતાની સાથે યથેચ્છ રમવાની આજ્ઞા આપી. (૧૦) શ્રી નારાયણમુનિએ પિચકારીથી ફેંકેલી રંગધારાની, મોટા ખોબામાં.ભરેલા ગુલાલની સાથે નજીકમાં રહેલા ભક્તો અને દૂર પ્રદેશમાં રહેલા ભક્તો ઉપર સમાનપણે વરસાવવા લાગ્યા. (૧૧) શ્રીહરિ મહાપ્રભુ ઉપર પિચકારીઓ વડે રંગને છાંટતા અને દૂરથી ગુલાલની મુઠ્ઠીઓને ફેંકતા તથા શ્રીહરિના ગુણોનું ગાન કરતા અને હસતા મુનિજનોએ ચારે બાજુથી અભિષેક કર્યો. (૧૨) આ પ્રમાણે ઉત્સાહવેગથી મુનિજનો, હરિજનો, વૃદ્ધો કે કુમારો બધા મંડળીઓ રૂપે થઈને ભગવાનની સમીપે એકબીજાની ઉપર રંગ અને ગુલાલને ખૂબ ફેંકતા થકા બહુકાળ રમ્યા. (૧૩) ત્યારપછી જૂથ ક્રીડાને પડતી મૂકીને ભગવાનની પ્રસન્નતા માટે સર્વ મુનિઓ અને પાર્ષદો બબ્બે જણ થઈને એકબીજા સાથે રમવા લાગ્યા. (૧૪) રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ બન્ને જણ પોતાના દેશમાં રમવાના રિવાજ મુજબ પિચકારીઓ વડે રંગક્રીડા કરતા થકા શ્રીહરિને હસાવતા હતા. (૧૫) હે રાજન્ ! તે સમયે મુક્તાનંદ મહામુનિની સાથે ગોપાળાનંદ મહામુનિ અને મુનિરાજ બ્રહ્માનંદ નિત્યાનંદમુનિની સાથે રમવા લાગ્યા. (૧૬) સચ્ચિદાનંદમુનિની સાથે મારા ગુરુ શતાનંદમુનિ તથા ભૂધરાનંદમુનિ શુકાનંદમુનિ સાથે રંગક્રીડા કરવા લાગ્યા. (૧૭) ગુણાતીતાનંદ અને આનંદાનંદ આ બન્ને મુનિજનો તથા દયાનંદ અને નિષ્કુળાનંદ આ બન્ને મુનિજનો રંગલીલા રમતા હતા. (૧૮) મહાનુભાવાનંદમુનિની સાથે પ્રેમાનંદમુનિ, ચૈતન્યાનંદમુનિની સાથે પૂર્ણાનંદમુનિ રંગે રમવા લાગ્યા. (૧૯) ભજનાનંદ અને પરમાનંદ આ બન્ને મુનિજનો તથા સ્વયંપ્રકાશાનંદ અને વૃદ્ધાત્માનંદ આ બબ્બે મુનિજનો રંગ રમતા હતા. (૨૦) પ્રેમાનંદમુનિ નિર્વિકારાનંદમુનિ સાથે રમતા હતા અને અદ્‌ભુતાનંદ અને સર્વજ્ઞાનંદમુનિ રમતા હતા. (૨૧) આત્માનંદ ભગવાનંદ મુનિની સાથે તથા યોગાનંદ શિવાનંદમુનિ સાથે રમવા લાગ્યા તથા બીજા પણ સંતો બબ્બે જણા મળી રંગ રમવા લાગ્યા. (૨૨) મુકુન્દાનંદ વર્ણી જયાનંદ વર્ણીની સાથે, સુરોખાચર સોમલાખાચર સાથે અને અલૈયાખાચર ભગુજીની સાથે રંગે રમતા હતા. (૨૩) અને વસ્તાખાચર હેમંતસિંહની સાથે રમતા હતા અને પ્રયાગજી પુરાણી મયારામ ભટ્ટ સાથે રમતા હતા. (૨૪) જોબનપગી કુબેર ભક્ત સાથે રમતા હતા. આ પ્રકારે બીજા જનો પરસ્પર જોડ રચીને પરસ્પર રંગે રમવા લાગ્યા. (૨૫) પિચકારી વડે રંગ ફેંકવાની લીલાથી અજાણ સોમલાખાચરે તત્કાળ રંગ ભરેલો ઘડો લઈને હસતા હસતા સુરાખાચરની ઉપર રેડી દીધો. (૨૬) તે સમયે સુરાખાચર ખૂબ બળવાન હોવાથી સોમલા ભક્તને નીચે પછાડી દઈને હસતા હસતા ગુલાલના ખોબા ભરીને સોમલાખાચરનું મુખ અને આંખો ભરી દેતા હતા. (૨૭) સુરાખાચરે નીચે પાડી દીધેલા સોમલાખાચરને જોઈને બ્રહ્માનંદમુનિએ પોતાની સાથે રમતા નિત્યાનંદમુનિને છોડી દઈને તે જ ક્ષણે સોમલાખાચરને પકડ્યા. (૨૮) રંગ વડે ભીંજાયેલા સુરાખાચરના મુખને ગુલાલ વડે બ્રહ્માનંદમુનિએ લીંપી દીધું. તેટલામાં સુરાખાચરે

પણ પોતાના હાથો વડે તે બ્રહ્માનંદમુનિની ચોટલી પકડી. (૨૯) હે રાજન્ ! સુરાખાચરે બ્રહ્માનંદમુનિની આંખોમાં પુષ્ટ મૂઠી વડે ગુલાલ ખૂબ ફેંકીને મુનિને વિહ્વળ કરી દીધા. (૩૦) આંખોમાં ગુલાલ પડવાથી વ્યાકુળ બનેલા બ્રહ્માનંદમુનિ સુરાખાચરનું ટાલિયાપણું ભૂલી જઈને તેમની ચોટલી પકડવાની ઈચ્છાથી વારંવાર તેમના માથા ઉપર હાથ ફેરવવા લાગ્યા. (૩૧) તે જોઈ ભગવાન શ્રીહરિ હસતા સતા સત્વરે પોતાના સિંહાસન પરથી નીચે કૂદી પડીને, રંગ ભરેલી ગાગર લઈને સુરાખાચરને પકડીને તેના માથા ઉપર રેડી દીધી. (૩૨) તથા ખોબા ભરી ભરીને વારંવાર ગુલાલ તેમના અંગ ઉપર નાંખીને લોકોને જાણે પદ્મરાગમય પર્વતનો ભ્રમ કરાવ્યો. (૩૩) મયારામ ભટ્ટે એકાએક પ્રયાગજી પુરાણીની આંખોમાં ગુલાલ નાંખ્યો એટલે ગુલાલથી રોકાઈ ગયેલી દષ્ટિવાળા પ્રયાગજીએ રંગ ભરેલો ઘડો મયારામને માથે રેડવા માટે ઉપાડ્યો. (૩૪) એટલે મયારામ ભટ્ટ તો પ્રયાગજીએ લીધેલા રંગઘડાને જોઈને જ ‘મારા મુખ ઉપર રંગબિંદુઓ પડશે’ એવા ભયથી શરીરને ખૂબ નીચું નમાવી ભગવાન અને બીજા જનોને હસાવતા થકા ત્યાંથી પલાયન થઈ ગયા. (૩૫) એ રીતે બબ્બે જોડકાંની રંગલીલા થયે સતે સર્વેશ્વર ભગવાન શ્રીહરિ રંગથી ભીંજાયેલું પોતાનું સ્વરૂપ સર્વ ભક્તોને દેખાડવા ઈચ્છા કરી. (૩૬) ત્યારે વેગવાન અશ્વ ઉપર બેસી, ભક્તજનોએ ગાન કરાતા છે દિવ્ય ગુણો જેમના એવા થકા પ્રભુ સર્વ જનસંઘોમાં સત્વરે ફરી વળ્યા. (૩૭) મુનિજનો અને સર્વ જનો ડગલે ને પગલે રંગ અને ગુલાલને ફેંકતા થકા શ્રીહરિની પાછળ દોડ્યા. (૩૮) આ બાજુ ચોપાસ ભ્રમણ કરતા થકા સર્વજનોને પોતાનાં દર્શન આપી, મહાનૈવેદ્યનો સમય થયેલો જાણીને શ્રીહરિએ સરોવર તરફ પ્રયાણ કર્યું. (૩૯) સરોવરમાં જળક્રીડા કરીને સર્વ ભક્તો સાથે સ્નાન કરી જનોને પોતપોતાના ઉતારે જવાની આજ્ઞા આપી પછી પ્રભુ પણ સ્વસ્થાનમાં પધાર્યા. (૪૦) શ્રીહરિએ પોતાના ઉતારામાં ફરીથી સ્નાન કરી નરનારાયણ ભગવાનને છપ્પન પ્રકારનું નૈવેદ્ય અર્પણ કર્યું. (૪૧) ત્યારબાદ આરતી ઉતારી નરનારાયણને હિંડોળામાંથી ઉતારી ફરી પૂજા કરી તે મૂર્તિ આચાર્ય વિપ્રને આપી પછી સર્વ મુનિ-પાર્ષદોને સારી રીતે જમાડ્યા. (૪૨) પ્રભુ રાતા રેશમી વસ્ત્ર વડે કમર ઉપર રહેલા પીતાંબરને દઢ બાંધી મુનિ વગેરેને પીરસવા લાગ્યા. ઝટઝટ ચરણાવિંદ મૂકવા વડે મુનિ પંક્તિઓમાં વારંવાર ફરતા થકા મુનિ વગેરે સ્વજનોને મહાઆનંદ આપ્યો. (૪૩) પુષ્કળ ઘી-સાકરવાળા ભક્ષ્ય, ભોજ્ય-લેહ્ય વગેરે વિવિધ પકવાનો વડે શ્રીહરિએ મુનિ વગેરેને પરિતૃપ્ત કર્યા. (૪૪) હે નરેશ ! ત્યારબાદ સ્વયં સ્વામી પોતાના નાનાભાઈ ઈચ્છારામભાઈના નિવાસસ્થાને પધાર્યા અને જમીને પોતાના નિવાસે પધારી ચાર ઘડી પર્યંત વિશ્રામ કર્યો. (૪૫) સત્પતિ શ્રીહરિ પાછા ઊંચા સિંહાસન ઉપર પધાર્યા. સૂર્યનારાયણ અસ્તાચળને પામ્યા પછી વાળંદે પ્રગટાવેલી દીપિકાઓ ચોગરદમ બહુ દીપવા લાગી. (૪૬) તે સમયે આવેલા ભક્તજનો સાથે ભગવન્ નામસંકીર્તન કરી શ્રીહરિ પોતાના હાથની સંજ્ઞાથી ભક્તોને બેસાડી દીધા. (૪૭) હે રાજન્ ! ત્યારપછી અનંતગુણ સંપન્ન અને ભક્તહિતમાં ઉત્સાહી એવા શ્રીનારાયણમુનિ સભામાં બેસી ગયેલા, મૌન ધારી રહેલા, પોતાના મુખ સન્મુખ દષ્ટિ રાખી રહેલા એવા ભક્તસમૂહોને જોતા થકા તેમને હવે કહેવાશે

તેવા સદુપદેશથી શિક્ષણ આપવા લાગ્યા. (૪૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં રંગક્રીડાનિરૂપણનામે અઠ્ઠાવનમો અધ્યાય થયો. ॥૫૮॥

●

## અધ્યાય-૫૯

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તો ! તમો મારું વચન સાંભળો. હું તમારા સર્વનું પ્રિય થાય તેમ કહું છું : મારાં આશ્રિતોએ ક્યારેય પણ વેદાદિ સચ્છાસ્ત્રોમાં કહેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. (૧) મારા આશ્રિત સ્ત્રી, પુરુષો અને સંતવર્ણી પાર્ષદોએ પોતપોતાના ધર્મમાં રહી નિત્ય સંતસમાગમ કરવો જોઈએ. (૨) આ લોકમાં આ ઘોર કળિયુગમાં પ્રાણીઓને સંસારબંધનથી તત્કાળ મુકાવવા નિર્મળ અંતઃકરણવાળા સત્પુરુષો જ સમર્થ છે. (૩) સાધુ પુરુષોમાં રહેલ લક્ષણો વડે સાધુપણું અને અસાધુપણું પોતાની બુદ્ધિથી જાણવું જોઈએ, તે જાણ્યા પછી પ્રશસ્ત સંતોનું સેવન કરવું જોઈએ. (૪) સંતો જેવા ઉપરથી દંભમય ડોળ રાખનારા ઘણા જનો પૃથ્વી ઉપર લોકોને ઠગે છે. આથી અસાધુઓની પરીક્ષા કરીને મુમુક્ષુઓએ તેમનો દૂરથી ત્યાગ કરવો જોઈએ. (૫) જે જનો સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદમાં આસક્ત અને ત્રણને માટે લોકોને છેતરનારા અને ઉપરથી કેવળ ત્યાગી જેવા વેશધારી હોય છે તે કળિયુગ સ્વરૂપ અસાધુ જાણવા. (૬) સ્ત્રીઓ વિષે અત્યંત લંપટ, સ્ત્રીઓના ક્રીડામૃગ થઈ રહેલા, દેહાત્મબુદ્ધિવાળા અને મૂઢ એવા અસાધુઓનો સંગ ક્યારેય પણ મુમુક્ષુઓએ કરવો નહિ. (૭) સ્ત્રીલંપટ આવા અસાધુઓનો સંગ પુરુષને જેવો મોહ ઉપજાવે છે અને બંધન કરે છે તેવો અન્ય કોઈ પ્રસંગ નથી એમ તમો નક્કી જાણો. (૮) કેવળ નામમાત્ર સાધુઓ આ કળિયુગમાં ઘણા જ્યાં ત્યાં રહેલા હોય છે. જેમના સંગથી મુમુક્ષોનો અંકુર પણ નાશ પામે છે તેમાં જરાય સંદેહ નથી. (૯) તે નામમાત્ર સાધુઓના સંગથી જીવાત્માઓની નરકના દ્વારભૂત સ્ત્રી, દ્રવ્ય અને હિંસા આ ત્રણમાં પ્રવૃત્તિ થાય છે એમાં સંશય નથી. (૧૦) પુરુષો પ્રથમથી પ્રકૃતિથી જ સ્ત્રીઓ દ્રવ્ય અને હિંસારૂપ નરકદ્વારોમાં આસક્ત હોય છે. તેમાં વળી આવા દુર્જન પુરુષોના ઉપદેશથી આ ત્રણેયમાં વિશેષપણે આસક્ત થાય છે. (૧૧) તેવા અસાધુજનો અને તેમના સમસ્ત શિષ્યજનો મર્યા પછી સૂર્યચંદ્ર તપે ત્યાંસુધી કુંભીપાક નામના નરકમાં રંધાય છે. (૧૨) આ બધું શ્રીમદ્ ભાગવતમાં કપિલદેવ-દેવહૂતિ સંવાદમાં સારી રીતે કહેલું છે તથા શ્રીકૃષ્ણ ભગવાને પણ ચૈલગીતથી એકાદશ સ્કંધમાં સવિસ્તર સ્પષ્ટ કહેલું છે. (૧૩) આથી અસત્પુરુષનો સમાગમ કોઈ પુરુષે ક્યારેય પણ કરવો નહિ. હવે સેવન કરવા યોગ્ય સત્પુરુષનાં લક્ષણો હું તમોને કહું છું : (૧૪) જે પુરુષો અષ્ટ પ્રકારે સ્ત્રી પ્રસંગનો ત્યાગ કરી બ્રહ્મચર્યને આશરેલા છે અને તે જ પ્રકારે ધનમાત્રનો સંસર્ગ ત્યાગ કરેલો છે તે સાધુજનો સેવવા યોગ્ય છે. (૧૫) જે સાધુઓ કોઈપણ માદક દ્રવ્યો ક્યારેય પણ ખાતા નથી; જે સાધુઓ વિવિધ પ્રકારના રસાસ્વાદનો ત્યાગ કરીને રસના ઇન્દ્રિયને જીતે છે. (૧૬) જે સાધુઓ મન-વાણી અને શરીરથી પોતાનો અને પારકો દ્રોહ કરતા

નથી, જેઓ જિતેન્દ્રિય હોય, ક્રોધરહિત હોય તથા વાસનારહિત ચિત્તવાળા હોય; (૧૭) શરીર અને તેના સંબંધી પદાર્થોમાં આસક્તિ રહિત હોય, અને પ્રત્યક્ષ ભગવાનના એક આશ્રયવાળા હોય, જુગાર વગેરે વ્યસનોથી રહિત હોય. આવા લક્ષણવાળાને મેં સાચા સંતો માનેલા છે. (૧૮) સ્ત્રીઓ થકી જેઓ ચાર હાથ છેટે ચાલે છે અને જેઓ ઋષભદેવના પુત્ર જડભરતની પેઠે નિત્ય નિર્માનીપણે વર્તે છે તે સાચા સાધુ છે. (૧૯) જે સાધુઓ પોતાના ધર્મના નિયમોમાં અજ્ઞાનથી પણ ભંગ થાય તોપણ શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત કરે છે તે સાચા સાધુઓ છે. (૨૦) જે જનો સત્પુરુષોના સાહચર્ય સિવાય એકલા પોતે કોઈપણ ગામ કે નગરમાં સદા જતા નથી, પૃથ્વીમાં તે સાચા સાધુઓ જાણવા. (૨૧) જે સાધુઓને શ્રીકૃષ્ણની શ્રવણાદિ ભક્તિ વિના એક ક્ષણ પણ નિરર્થક જતી નથી તેમને મેં સાચા સાધુઓ માનેલા છે. (૨૨) સંસારબંધનની મુક્ત થવાની ઈચ્છાવાળા મુમુક્ષુ જનોએ ઉપર કહેલા લક્ષણોવાળા શ્રીહરિના આશ્રિત સાધુઓનો સમાગમ હંમેશાં કરવો. (૨૩) આ લોકમાં જે જન ઉપર કહેલા લક્ષણોથી રહિત હોય, સ્વેચ્છાચારી હોય અને ઉપરથી સાધુના જેવો વેશ રાખતા હોય તોપણ તેનો શ્વપચની પેઠે દૂરથી જ ત્યાગ કરવો. (૨૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિનું વચન સાંભળી સત્સંગી સ્ત્રીઓએ નિઃસાસો નાંખ્યો. (કેમકે હવે સંતોની વાણી સાંભળવા નહિ મળે.) બોલવામાં ચતુર એવા પોતાના પિતા-પુત્ર વગેરેને પોતાનું હિત શ્રીહરિને પૂછવા માટે પ્રેરણા આપી. (૨૫) હે રાજન્ ! તે સ્ત્રીઓની દૃષ્ટિ અને હાથની ચેષ્ટાઓ વડે જાણેલ છે અભિપ્રાય જેમણે એવા વિચક્ષણ પુરુષો શ્રી નારાયણમુનિને પૂછવા લાગ્યા. (૨૬) જનો બોલ્યા : હે સર્વારાધ્ય ! હે પ્રભો ! હે સ્વામિન્ ! જે સત્પુરુષ અને અસત્પુરુષની સ્પષ્ટતા મુમુક્ષુઓએ જાણવા યોગ છે તે તમોઓ અમોને સારી રીતે કહી. (૨૭) હે સત્પતે ! મુક્ત અને મુમુક્ષુ એવા સત્પુરુષોને સ્ત્રી દ્રવ્યના સંબંધનો ત્યાગ સાધારણપણે તમે કહ્યો. (૨૮) તમોએ કહેલા સાધારણ ત્યાગ બાબતમાં સ્ત્રીઓની અનુમતિથી અમો એમ પૂછીએ છીએ કે હે ભગવન્ ! અમારું પૂછેલું સાંભળી અને અત્યારે અમારા પ્રશ્નનો આપ યોગ્ય ઉત્તર આપો. (૨૯) આ લોકમાં સંત બે પ્રકારના છે : મુક્ત અને મુમુક્ષુ. તેમાં મુક્ત સિદ્ધાવસ્થાને પામેલા છે અને મુમુક્ષુ સંતો સાધનદશાવાળા છે. (૩૦) હે સ્વામિન્ ! બન્ને સત્પુરુષોમાં પરસ્પર અતિશય ભેદ છે. માટે સ્ત્રી-દ્રવ્યાદિકના ત્યાગરૂપ નિયમમાં તે બન્નેની સમાનતા કેવી રીતે થાય ?-ન જ થાય. (૩૧) સ્ત્રી પ્રસંગ તો મુમુક્ષુઓને જ બંધનકર્તા થાય. આથી હે પ્રભો ! મુમુક્ષુઓને અંદર રહેલા વાસના આદિ દોષોનું અદગ્ધપણું હોવાથી સર્વથા સ્ત્રીપ્રસંગનો ત્યાગ યોગ્ય જ છે. (૩૨) પરંતુ જે સંતો આ લોકમાં જીતેલ છે પ્રાણ, મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો જેમણે તથા જેઓ મુકત હોવાથી સ્વદેહમાં સ્વતંત્રપણે વર્તનારા છે અને મન-ઈન્દ્રિયાદિકને આધીન નથી; (૩૩) વળી જે સંતો બ્રહ્મભાવને પામેલા પોતાના આત્મામાં સમાધિ દ્વારા પરબ્રહ્મ નારાયણ એવા તમારી પ્રત્યક્ષ ઉપાસના કરે છે. (૩૪) અને જે સંતો પોતાના નેત્રના ઉઘાડ-બંધમાં સર્વદા તમોને જુએ છે તે જ

સંતો સંસારસાગરથી તારનાર મુક્ત સંતો કહેલા છે. (૩૫) આવા મુક્ત સાધુઓને સ્ત્રીઓની આગળ ભગવાનના ગુણગાન વાર્તા આદિ કરવામાં શો દોષ છે ? કોઈપણ નથી. કેમકે મુક્ત સાધુઓને સ્ત્રી અને પુરુષ બધા જ સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ હોવાથી તુલ્ય જ છે. (૩૬) હે પ્રભો ! નિત્ય બ્રહ્મમાં સ્થિતિવાળા મુક્ત પુરુષોને યથેષ્ટ આચારણ દોષ માટે થતું નથી. આ પ્રમાણે કેટલાક વિદ્વાનો પણ બોલે છે. (૩૭) પોતાના આત્મા સાથે બ્રહ્મરૂપે રહેલા એ મુક્ત સાધુઓને સ્ત્રીઓનો અંગસ્પર્શ પણ દોષ કરનારો ન જ થાય તો પછી સ્ત્રીઓ સાભે સંભાષણમાં તો બ્રહ્મનિષ્ઠ સંતોને શો દોષ થાય ?-કંઈપણ નહિ. (૩૮) બ્રહ્મનિષ્ઠ સંતો તો બળતા અગ્નિની સમાન તેજસ્વી હોય છે અને આ લોકમાં જે જનો તેમનો સમાગમ કરનારા છે તેઓ પણ સાધુના સમાન બ્રહ્મભાવને પામે છે. (૩૯) હે પ્રભુ ! આ લોકમાં ચાર હાથ દૂર બેસીને સ્ત્રીઓની આગળ શ્રીકૃષ્ણનાં ગુણચરિત્રો કહેવામાં મુક્ત સંતોને કયો દોષ છે ? અમને કોઈ દોષ જણાતો નથી. (૪૦) જો તેવા પ્રકારના મુક્ત સંતો સ્ત્રીઓની આગળ ભગવાન સંબંધી વાર્તા અને અધર્મ થકી સ્ત્રીઓની રક્ષા ન કરે ત્યારે સ્ત્રીઓની શી ગતિ થાય ? (૪૧) હે સત્પતે ! સાધનાવસ્થા સંપન્ન મુમુક્ષુ સાધુજનો તો સ્ત્રીઓ આગળ ભગવાનની કથાવાર્તા ન જ કરે કેમકે તેમાં પોતાના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય. (૪૨) જે સ્ત્રીલંપટ સાધુવેષવાળા, પૃથ્વીમાં એકલા ફરે છે તેઓ તો સ્ત્રીઓની આગળ પોતાની ઈચ્છાથી વાર્તાઓ કરે છે. (૪૩) હે પ્રભો ! તમારા આશ્રયવાળી સ્ત્રીઓ એકલા ફરતા સાધુઓને સ્ત્રીલંપટ અને ધુતારા જાણીને તેમના થકી ભગવાનની કથા ક્યારેય પણ સાંભળતી નથી. (૪૪) હે પ્રભો ! સ્ત્રીઓ ઉપર કૃપા કરી ભગવાનમાં ભક્તિની વૃદ્ધિ માટે તે સ્ત્રીઓ આગળ ભગવાન સંબંધી કથાવાર્તા કરવા તમારા આશ્રિત મુક્ત સાધુઓને આજ્ઞા આપો. (૪૫) હે શ્રીહરે ! તમોએ સાધુનાં લક્ષણ કહેવામાં જે આઠ પ્રકારનું બ્રહ્મચર્ય કહ્યું છે તે બ્રહ્મચર્ય તેવી રીતના મુક્ત સત્પુરુષો માટે સાત પ્રકારનું રાખવા કૃપા કરો. (૪૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે ભક્તજનોએ સ્ત્રીઓના કલ્યાણ માટે પ્રાર્થના કરી એ સાંભળીને સર્વ ધર્મ રહસ્યને જાણનારા ભગવાન શ્રીહરિ હસતા હસતા આ પ્રમાણે બોલ્યા : (૪૭)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે નરો ! તમો સર્વે સ્ત્રીઓ તથા મુનિજનો બધાય સાંભળો. જે પ્રકારે સ્ત્રીઓનું કલ્યાણ થાય, તે હું તમોને કહું છું. (૪૮) શ્રીકૃષ્ણની આશ્રિત સ્ત્રીઓએ હિતકારી શ્રીકૃષ્ણકથા જે પ્રકારે નઠારા યોગવાળા એકલા ફરતા પુરુષના મુખથી ક્યારેય પણ સાંભળવી નહિ. (૪૯) તેમજ એ જ રીતે મુક્ત પુરુષના મુખથી પણ ભગવાનની કથા મારા આશ્રિત સ્ત્રીઓએ સ્વતંત્ર રીતે ક્યારેય પણ ન સાંભળવી; પરપુરુષોની હાજરીમાં મર્યાદાપૂર્વક સાંભળવી. (૫૦) મુક્ત પુરુષ કેવળ સ્ત્રીઓની જ આગળ ભગવાન સંબંધી કથાને પણ જો કહે તો તે તત્કાળ ત્યાગીના ધર્મથી પતિત થઈ જાય તેમાં લગીરે સંદેહ નથી. (૫૧) ત્યાગીના ધર્મથી પડેલો, માટે જ સ્ત્રીઓનો પ્રસંગ રાખનાર મુક્ત

સાધુના મુખથી જે સ્ત્રી કૃષ્ણકથા સાંભળે, તે સ્ત્રી પોતાના ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે અને દેહાંતે અધમ ગતિને પામે છે. (૫૨) મહાપાતકી એવાં તે બન્ને- શ્રોતા અને વક્તા મહા અનર્થને પામે છે. આ પ્રકારે ઉદ્ધવાવતાર શ્રી રામાનંદમુનિ અગાઉ મને કહેતા હતા. (૫૩) આ વાર્તા મેં કહેલા પ્રકારે જ છે તેમાં કોઈપણ સંશય નથી. પુરુષનું સ્ત્રી અને સ્ત્રીનું પુરુષ બુદ્ધિભ્રંશનું કારણ બને છે એ નિશ્ચય જાણો. (૫૪) અગાઉ ઘણા ઘણા મુક્ત પુરુષો અને મુક્ત સ્ત્રીઓ પણ અન્યોન્યના પ્રસંગ થકી પોતપોતાના ધર્મથી પડેલા છે અને અધોગતિને પામેલા છે. (૫૫) આથી મુક્ત એવા પણ સાધુપુરુષે ક્યારેય પણ સ્ત્રીપ્રસંગ ન કરવો જોઈએ. આ અર્થમાં શ્રીમદ્ ભાગવતમાં કહેલા શ્લોકો હું તમોને કહું છું. (૫૬) ભક્તિયોગ આદિની સિદ્ધ દશાને પામવા ઈચ્છતો મુમુક્ષુ અને મારી સેવાથી બ્રહ્મભાવને પામેલો મુક્ત પુરુષ ક્યારેય પણ સ્ત્રીઓમાં સંભાષણાદિ પ્રસંગ કરે નહિ કેમકે સ્ત્રીઓ મુમુક્ષુ અને મુક્તને પણ નરકનું દ્વાર છે એમ યોગપુરુષો કહે છે. (૫૭) માયાએ સર્જેલા નારી, સોનાના અલંકારો, વસ્ત્રો અને પુષ્પોની માળા ચંદન વગેરે પદાર્થોમાં ઉપભોગ બુદ્ધિથી લુબ્ધ મનવાળા મૂઢ તેથી જ નાશ પામેલ વિવેકબુદ્ધિવાળો મુક્ત પુરુષ, જેમ પતંગિયું દીવાને જોઈને તેના રૂપમાં ઉપભોગ બુદ્ધિથી તેમાં પડીને નાશ પામે છે, તેની પેઠે નાશ પામે છે. (૫૮) પોતાની માતા, બહેન અને દીકરી સાથે એકાંતમાં આસત કરવું નહિ કેમકે ઈન્દ્રિયોનો સમૂહ અતિ બળવાન છે. તે જ્ઞાનનિષ્ઠ મુક્ત પુરુષોને પણ મુક્તભાવથી પાડે છે. (૫૯) માટે મુક્ત સાધુએ પણ વશ કરેલ મનનો વિશ્વાસ કરીને નારીનો પ્રસંગ કરવો નહિ. તે જ રીતે મુક્તભાવને પામેલી સ્ત્રીએ પણ પોતે જીતેલા મનના વિશ્વાસથી પુરુષનો સંગ ક્યારેય પણ કરવો નહિ. (૬૦) શ્રીહરિ કહે છે કે મુક્ત પુરુષોએ જે આજ્ઞાથી સ્ત્રીપ્રસંગ થાય તેવી મારી આજ્ઞા પણ માનવી નહિ તથા સ્ત્રીઓએ પણ જે આજ્ઞાથી પુરુષપ્રસંગ થાય તેવી મારી આજ્ઞા પણ ન માનવી. (૬૧) હે ભક્તો ! મુક્તો બળતા અગ્નિ સમાન છે આથી સ્ત્રીઓને મુક્તોનો પ્રસંગ કલ્યાણ માટે થાય છે એમ તમોએ કહેલું વચન તો સદાચાર પ્રમાણથી વિરુદ્ધ છે. શાસ્ત્રમાં અને લોકવ્યવહારમાં એ વાત નિંદિત છે. તમોએ કહેલા વચનને મહાપુરુષોએ માન્ય કરેલું નથી. (૬૨-૬૩) મુક્તનો પ્રસંગ સ્ત્રીઓ માટે મુક્તિનું કારણ થાય છે એવું વચન તો અનાદિ નિત્ય મુક્ત એવા એક શ્રીકૃષ્ણમાં જ સંભવે, બીજા કોઈમાં પણ નહિ. (૬૪) એક શ્રીકૃષ્ણ સિવાય જે જે જીવ કે ઈશ્વરે વૈદિક મર્યાદા ઉલ્લંઘન કરી છે તે તે જીવ અને ઈશ્વર અદ્યાપિપર્યંત લોકમાં અને શાસ્ત્રમાં નિંદાય છે. (૬૫) બ્રહ્મા, શંકર, ઈન્દ્ર, ચંદ્ર, બૃહસ્પતિ વગેરે બધા કામવાસનાથી વૈદિક મર્યાદાનું ઉલ્લંઘન કરી નિંદ્યપણાને પામ્યા છે. (૬૬) આ અંગસંગ તો બાજુમાં મૂકો પરંતુ સ્ત્રીનું દર્શનમાત્ર પણ સિદ્ધ એવા મુક્તોને પણ પતનને માટે જ થાય છે. અર્થાત્ તેને ભ્રષ્ટ કરી નાખે છે. (૬૭) જે જનો મુક્ત જનોનું ઈચ્છા મુજબનું આચરણ દોષરૂપ થતું નથી આવું બોલે છે તે જનો મહાપાપી જાણવા. (૬૮) માટે મુક્તોમાં યથેષ્ટાચરણની શંકા પણ કોઈ પુરુષે ક્યારેય પણ કરવી નહિ. કારણ કે તેવી રીતના મુક્તપુરુષો જ સદાચરણનું રક્ષણ કરનારા છે. (૬૯) હે ભક્તનો ! ભક્તિ અને દૃઢ આત્મનિષ્ઠાને પામેલો મુક્ત પણ નારીના

પ્રસંગથી ભ્રષ્ટ થાય જ અને તેવા પ્રકારની ભક્તિ અને દૃઢ આત્મનિષ્ઠાને પામેલી મુક્ત સ્ત્રી પણ પુરુષના પ્રસંગથી જરૂર ભ્રષ્ટ થઈ જ જાય. (૭૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં જનશિક્ષામાં સદસલ્લક્ષણોમાં મુક્તોનાં યથેષ્ટાચરણનિષેધનિરૂપણનામે ઓગણસાઠમો અધ્યાય થયો. ॥૫૯॥

●

## અધ્યાય-૬૦

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! જે પુરુષ સિદ્ધદશાને પામેલો મુક્ત હોય તોપણ તેણે સ્ત્રી થકી જરૂર ભય પામવો જોઈએ, નહિતર તે સ્ત્રીના પ્રસંગથી સ્વધર્મથી ભ્રષ્ટ થઈ જાય. (૧) આ સ્ત્રી છે કે આ પુરુષ છે એવી ભેદ દૃષ્ટિ જેમને ન હતી તેવા મુક્તપુરુષ ઋષ્યશૃંગ મુનિ જેમ સ્ત્રીના પ્રસંગથી ભ્રષ્ટપણાને પામ્યા હતા તેમ ભ્રષ્ટ થાય છે. (૨) હે જનો ! ઋષ્યશૃંગ ઋષિની કથા તમો સર્વેએ સાંભળેલી છે. માટે મુક્તો અને મુમુક્ષુઓએ પણ સાવધાનપણે વર્તવું જોઈએ. (૩) પંડિત એવા મુક્ત પુરુષે પણ મારી આજ્ઞાથી ધર્મની રક્ષા માટે પણ ક્યારેય સ્ત્રીપ્રસંગ તો ન જ કરવો. (૪) સ્ત્રીના અંગાવયવનું દર્શન આત્મનિષ્ઠ મુક્તોને પણ પોતાની સ્થિતિથી પાડનાર છે એમ જાણીને મારા આશ્રિત મુક્ત સાધુઓએ સ્ત્રીના અવયવોનું દર્શન સર્વ પ્રકારે ત્યાગવું. (૫) આ સંદર્ભમાં પ્રાચીન ઇતિહાસને તમો આદરપૂર્વક સાંભળો. પૂર્વે મુક્તદશાને પામેલા નારદ અને પર્વત નામના મુનિઓ મહાકલેશને પામ્યા હતા. (૬) પૂર્વે બ્રહ્મનિષ્ઠ અને સિદ્ધાવસ્થાને પામેલા ભાણેજ અને મામા, પર્વત અને નારદ પુણ્યક્ષેત્રોમાં ફરતા હતા. (૭) એક સમયે નારદ અને પર્વત વિષ્ણુભક્ત અંબરીષ રાજાના વિવિધ મૂલ્યવાન રત્નોથી શોભાયમાન ગૃહમાં આવ્યા. (૮) અંબરીષ રાજાએ વિવિધ ઉપચારો વડે પૂજેલા અને દૂધપાક વગેરે શ્રેષ્ઠ ભોજનથી તૃપ્ત કરેલા નારદ અને પર્વત મુનિ સુખપૂર્વક ત્યાં રહ્યા. (૯) તે રાજાને ઉત્તમ લોચનવાળી અને પૃથ્વી ઉપર રૂપમાં અનુપમ અને ઉત્તમ સ્વભાવવાળી જયંતિ નામની કન્યા હતી. (૧૦) અંબરીષ રાજા 'જયંતિ' કન્યાને યોગ્ય વર અંગે પૂછવા માટે, બન્ને ઋષિઓને પ્રણામ કરી, પોતાની કન્યા પાસે નમસ્કાર કરાવીને તે કન્યાની સાથે, ઋષિઓની બાજુમાં બેસીને બન્ને પ્રત્યે બોલ્યા. (૧૧)

**રાજા બોલ્યા :**

હે ઋષિઓ ! તમો બન્ને જ્ઞાનવાન, બ્રહ્મનિષ્ઠ અને તપરૂપી ધનવાળા છો અને આખી ત્રિલોકીમાં વિચરણ કરવાના સ્વભાવવાળા તમારા બન્નેને કોઈપણ અજાણ્યું નથી. (૧૨) પ્રશ્ન જાણનારાઓમાં શ્રેષ્ઠ તમો બન્નેને એક પ્રશ્ન પૂછું છું. તે સાંભળી, વિચાર કરી, યથાયોગ્ય ઉત્તર હોય તે કહો. (૧૩) આ જયંતિ નામવાળી, ઉત્તમ લક્ષણોવાળી મારી દીકરી છે. પણ હું આ કન્યા માટે યોગ્ય વર નક્કી કરવા માટે શક્તિમાન નથી. (૧૪) આથી સર્વજ્ઞ અને સર્વને સુખ આપનારા તમો બન્ને મારા પર કૃપા કરી ચિંતાથી વ્યાકુળ એવા મને આ કન્યાને યોગ્ય વર હોય તે કહો. (૧૫) આ પ્રકારે રાજાએ

પૂછેલા નારદ અને પર્વત બન્ને મુનિઓ સુલક્ષણા, રૂપાનુરૂપ અવયવવાળી તે કન્યાને જોઈને મોહ પામ્યા થકા પોતે જ અભિલાષા કરવા લાગ્યા. (૧૬) કામવાસનાથી મોહિત થયેલા માટે જ નિર્લજ્જ થકા અંબરીષ રાજાની પ્રાર્થના કરવા લાગ્યા : 'હે રાજન્ ! તમો અમોને તમારી કન્યા આપો તમારું કલ્યાણ થશે.' (૧૭) અંબરીષ રાજા તો બન્નેનું આવું વચન સાંભળી આશ્ચર્ય પામી ગયા અને તે બન્નેનું નૈષ્ઠિક બ્રહ્મચારીપણું જાણતા હતા તેથી થોડો વિચાર કરી તેમને કહેવા લાગ્યા : (૧૮)

**અંબરીષ રાજા બોલ્યા :**

હે મુનિવરો ! તમો બન્ને જણાતો બ્રહ્મનિષ્ઠ અને નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે પ્રસિદ્ધ છો અને કન્યાને પરણવાનું કહો છો તે મજાક કરો છો કે ખરેખર કહો છે ? (૧૯)

**નારદ અને પર્વત મુનિઓ બોલ્યા :**

હે રાજન્ ! બ્રહ્મચર્યાશ્રમ કે સંન્યાસાશ્રમ તે એક દૃઢ ભક્તિ વિના ભગવાનની પ્રસન્નતા માટે નથી. (એક ભક્તિ જ ભગવાનને પ્રસન્ન કરવા માટે પર્યાપ્ત છે.) (૨૦) મોક્ષની ઇચ્છાવાળા પુરુષોએ ગમે તે આશ્રમમાં રહી ભગવાનના યશ ગાવા જોઈએ. તેથી જ ભગવાન સંતોષ પામે છે. (૨૧) આટલા સમય પર્યંત અમોએ બ્રહ્મચર્યાશ્રમમાં રહીને ભગવાનનો યશ ગાવો અને હવે હે ભૂપતે ! ગૃહસ્થાશ્રમમાં રહી ભગવાનના ગુણોનું કીર્તન કરીશું. (૨૨) હે રાજન્ ! કન્યાગ્રહણમાં અમારો બન્નેનો સંશયરહિત નિર્ણયને તમો જાણો. આથી અમોને કન્યા આપો અને તમો સુખી થાઓ. (૨૩) હે ભક્તો ! આવી રીતે કામથી મૂઢ બુદ્ધિ બન્ને ઋષિઓનું વચન સાંભળી પછી શાપથી ભય પામેલા ચિંતાતુર મનવાળા રાજા અંબરીષ ઋષિઓને કહેવા લાગ્યા. (૨૪)

**રાજા બોલ્યા :**

હે મુનિવરો ! આ મારી કન્યા એક છે; તમો બન્ને કન્યાની ઇચ્છા કરો છો તે લોક અને શાસ્ત્રવિરુદ્ધ છે. હું કન્યાદાન કેવી રીતે કરું ? (૨૫) એક પુરુષને બે સ્ત્રીઓ જોયેલી છે પરંતુ બે પુરુષને એક ભાર્યા ક્યાંય જોઈ નથી. આથી હું સ્વયંવર રચીશ તેમાં કન્યા પોતે જ ઇચ્છિત વરને વરશે. (૨૬) સવારમાં હું કન્યાનો સ્વયંવર ચોક્કસ કરાવીશ. હે નારદ-પર્વત મુનિવરો ! તે સ્વયંવરમાં તમો બન્નેએ અવશ્ય પધારવું. (૨૭) હે ભક્તો ! આ પ્રમાણે રાજાએ કહેલા નારદ અને પર્વત પોતાના મનમાં કન્યાનું ચિંતવન કરતા કરતા તે સ્થાનથી ગયા. પછી રાજા પણ સ્વયંવરની સભા કરાવતા હતા. (૨૮) કન્યા રૂપને ઇચ્છે છે પણ દ્રવ્યાદિક નહિ એવું પોતાના મનમાં નક્કી કરીને તપના પ્રભાવ વડે પોતાના વિકૃતરૂપને રમણીય કરવા ઇચ્છા કરતા હતા. (૨૯) હે ભક્તો ! આ કન્યા એકને જ વરશે એ હેતુ માટે સકામ એવા નારદ અને પર્વતને પરસ્પર મોટી ઈર્ષ્યા ઉત્પન્ન થઈ. (૩૦) બીજાનું રૂપ વિકૃત થાય અને પોતાનું રૂપ મનોહર થાય એવા પોતપોતાના ગૂઢ અભિપ્રાયને બન્ને મુનિજનો એકબીજાથી ખાનગી રાખતા હતા. (૩૧) બન્ને ઋષિઓ પરસ્પરને ઠગીને પોતાના રમણીય રૂપ માટે વૈકુંઠલોકમાં ભક્તોને ઇચ્છિત ફળ આપનારા પોતાના સ્વામી વિષ્ણુ ભગવાનને શરણે ગયા. (૩૨) તે બે પૈકી નારદ તત્કાલ પ્રથમ જ જઈને ભગવાન વિષ્ણુને નમસ્કાર કરી, પોતાની સ્ત્રી પરણવાની ઇચ્છાને ગુપ્ત રાખતા થકા ભગવાનને કહેવા લાગ્યા. (૩૩)

હે ભગવન્ ! અંબરીષ રાજાની કન્યાનો સ્વયંવર કાલે સવારે થશે. તે સ્વયંવરમાં રમૂજ ખાતર કંઈક યાચના કરવા હું તમારી પાસે આવેલો છું. (૩૪) હે ભગવન્ ! અત્યારે મારું રૂપ સ્ત્રીઓ માટે મનોહર થાય અને તપથી કૃશ થઈ ગયેલું આ મારું શરીર પુષ્ટ અને બલિષ્ઠ થાય. (૩૫) વળી હે શ્રીહરે ! સ્વયંવરથી આરંભીને મારી સાથે ફરનાર પર્વતમુનિનું વાનરના જેવું વિપરીત રૂપ થાય આવી હું માગણી કરું છું. (૩૬) હે ભક્તો ! નારદે આ પ્રમાણે પ્રાર્થના કરતાં વિષ્ણુએ 'તથાસ્તુ' કહ્યું ત્યારે નારદમુનિ કામદેવને પણ મોહ પમાડે તેવા રૂપને પામીને પૃથ્વી ઉપર ગયા. (૩૭) જેટલામાં નારદ મુનિ ગયા તેટલામાં પર્વતમુનિ આવીને નારદમુનિના જેવી જ યાચના કરીને પોતાનું સુરૂપપણું અને નારદનું વાનરમુખપણું માંગ્યું. (૩૮) તે સમયે દયાનિધિ અચ્યુત શ્રીહરિ ભગવાન **ભક્તજનને સ્ત્રીપાશબંધન ન થાઓ** એમ વિચારીને હસતા થકા પર્વતમુનિને પણ 'તથાસ્તુ' (તે પ્રમાણે થાઓ) એમ કહ્યું. (૩૯) પછી પર્વતમુનિ, કામદેવને મોહ પમાડે તેવું રૂપ પામીને પૃથ્વીમાં 'જયંતિ' કન્યાના ચિંતનમાં આસક્ત નારદજીને મળ્યા. (૪૦) ગુપ્ત અભિપ્રાયવાળા, સુંદર રૂપવાળા નારદ અને પર્વત પરસ્પર કહેવા લાગ્યા : "તમો ખૂબ મનોહર રૂપવાળા છો માટે જયંતિ વધૂ તમોને જ વરશે." (૪૧) આ પ્રમાણે પરસ્પર બોલતા બન્નેએ તે રાત્રિ દુઃખપૂર્વક વિતાવી. વૈશાખમાસની ટૂંકી રાત પણ બન્ને જણને બ્રહ્માની રાત્રિ સમાન થઈ પડી. (૪૨) બન્ને મુનિઓ રાતમાં રાજકન્યા જયંતિના પરસ્પર ગુણકીર્તન કરતા હતા. તે કન્યાનું મનોહર શરીર અહો ! આશ્ચર્ય કરનારું છે તે કન્યાનું યુવાન વય અહો, આશ્ચર્ય પમાડે છે. (૪૩) જયંતિની ભૂજલતાઓ આશ્ચર્યકારી છે. તેનું મંદહાસ્ય અદ્‌ભુત છે. તેના મધુર કર્ણપ્રિય ઉચ્ચારણ કરેલા શબ્દો શુદ્ધ મોતીઓની પેઠે આશ્ચર્યકારી છે. (૪૪) પર્વતમુનિ નારદમુનિને પૂછે છે : હે નારદ મુને ! તમોએ જયંતિનું મુખકમળ પૂર્ણ ચંદ્રમાની સમાન જોયું ? (૪૫) નારદ જવાબ આપે છે હે પર્વત ! જયંતિનું મુખ કલંકે રહિત પ્રત્યક્ષ પૂર્ણચંદ્ર જ છે. તેની પાસે કલંકવાળો ચંદ્રમા શી વિસાતમાં છે ? જડ એવું વિકસિત કમળ કયાં અને બોલતુંચાલતું જયંતિનું મુખ ક્યાં ? (૪૬) હે ભક્તો ! સ્ત્રીના અવયવોના દર્શનથી નારદ અને પર્વત ઉપરોક્ત દશાને પામ્યા. પ્રાતઃકાળમાં જ તેઓ બન્ને અંબરીષના પુરમાં આવીને ઊભા રહ્યા. (૪૭) નારદ અને પર્વતના રૂપને જોવાથી નગરની સ્ત્રીઓ મોહ પામી ગઈ. સર્વ પુરવાસીજનો આશ્ચર્ય પામીને ટોળેટોળાં મળીને બન્ને મુનિઓને જોવા લાગ્યાં. (૪૮) હવે નારદ અને પર્વત સ્વયંવર સમયે રાજસભામાં આવ્યા. અંબરીષ રાજાએ તેડાવેલા અન્ય રાજાઓ પણ ત્યાં આવ્યા. (૪૯) કામવ્યાકુળ નારદ અને પર્વત મુનિઓ શીઘ્ર કન્યાલાભ માટે કન્યાના પ્રવેશ કરવાના દ્વાર સમીપે જ બેઠા. (૫૦) અંબરીષ રાજાએ સભામાં આવેલા રાજાઓનું સન્માન કરી પ્રણામ કરી યોગ્ય આસને બેસાડ્યા. નારદ અને પર્વતને જોઈને તે આશ્ચર્ય પામ્યા. (૫૧) તે સમયે સભામાં બેઠેલા સર્વ રાજાઓ બન્ને મુનિઓનું રૂપ જોઈને જયંતિ કન્યાની પ્રાપ્તિના મનોરથનો ત્યાગ કરીને બે મુનિઓને જ આશ્ચર્યથી જોવા લાગ્યા. (૫૨) નારદ અને પર્વત બન્ને સમાન રૂપવાળા અને કામદેવને પણ મોહ પમાડે તેવા રૂપવાળા છે. કન્યા આ બેમાંથી કયા વરને વરશે એમ સર્વજનો સંશયયુક્ત થઈ ગયા. (૫૩) પછી વરમાળા હાથમાં લઈને

રાજકન્યા જયંતિ મનુષ્યોના મનને હરતી, સભામાં પ્રવેશ પામી. (૫૪) હે ભક્તો ! તે સમયે નારદ અને પર્વત બન્ને ઋષિઓ વાનરાના જેવા મુખવાળા થઈ ગયા અને પરસ્પરને જોઈને ખૂબ રાજી થવા લાગ્યા. (૫૫) કન્યા પર્વતને નહિ વરે એમ નારદ પોતાના મનમાં જાણતા હતા. અને નારદને નહિ વરે એમ પર્વત પોતાના મનમાં જાણતા હતા. (૫૬) આ બન્નેને જોઈને ભયભીત થયેલી જયંતિ કન્યા શીઘ્ર પલાયન કરી ગઈ. તે કન્યાને રાજાએ ખૂબ સમજાવી પરંતુ તે ફરી સ્વયંવરમાં આવી જ નહિ. (૫૭) પછી અંબરીષ રાજા તે બન્ને મુનિઓ પાસે આવીને બોલ્યા : 'હે મુનિવરો ! મારી કન્યા તમારા બન્નેથી ભય પામી થકી આવતી નથી. આથી તમો બન્ને અહીંથી જાઓ.' (૫૮) પોતપોતાના મુખનું વિકૃતપણું નહિ જાણનારા તે બન્ને, આ બધું રાજાનું કપટ છે એમ માની લઈને, છેવટે નિરાશ થઈને રાજાને કહેવા લાગ્યા : (૫૯) 'હે રાજન્ ! રાજ્ય અને ઐશ્વર્યના મદથી ઉદ્ધત થઈ ગયેલો તું અમને તાપસ જાણીને કન્યા આપતો નથી.-અમો તારું આ વર્તન જાણીએ છીએ. (૬૦) હે મૂઢ ! હું આત્મજ્ઞાની છું એવું તને અભિમાન છે તેથી અમો મુનિઓની પણ અવમાનના કરતો તું દેહાત્મબુદ્ધિવાળો થઈશ એમાં સંશય નથી.' (૬૧) આ પ્રકારે નિરપરાધી અને ભગવત્પ્રિય રાજાને આવો શાપ આપી ક્રોધાયમાન નારદ અને પર્વત રાજભવન થકી બહાર નીકળ્યા. (૬૨) ભક્તની રક્ષા માટે અંબરીષના ભવનમાં ભગવાને સ્થાપન કરેલું સુદર્શન ચક્ર તે શાપથી રક્ષા કરતું હતું. (૬૩) તે શાપને અંબરીષના ભવનથી પાછો હઠાવીને સુદર્શન ચક્ર મુનિઓને પકડવા માટે શાપને તેમની પાછળ દોડાવીને પોતે પણ કામક્રોધરૂપ દાવાનળથી દાઝતા એવા તે મુનિઓની પાછળ પડ્યું. (૬૪) તે બન્ને મુનિઓ પોતાની પાછળ ધૂમરાશિની માફક કાળા વર્ણવાળા પોતાના જ શાપને એકદમ દેખતાં વિસ્મય પામ્યા. (૬૫) તેટલામાં તો શાપની પાછળ પ્રલયકાળના અગ્નિની પેઠે જ્વાળાઓની પંક્તિઓ ભયંકર સુદર્શન ચક્ર જોઈ તે બન્ને જણા ભાગવા લાગ્યા. (૬૬) માર્ગમાં માંકડા જેવા મુખવાળા બન્ને મુનિઓ આગળ હતા તેઓ બન્નેની પાછળ વળગેલો તમોમય શાપ મધ્યભાગમાં હતો અને તે શાપની પાછળ સુદર્શન હતું. (૬૭) તેજ વગરના કરમાઈ ગયેલા મુખવાળા, દોડવાના પરિશ્રમથી પરસેવે રેબઝેબ થઈ ગયેલા બન્ને વિષ્ણુભક્ત અંબરીષ રાજાનો દ્રોહ કરવાથી નાશ પામેલા જ્ઞાનવાળા બન્ને મુનિઓ અહીં તહીં દોડતા હતા. (૬૮) ભૂમિમાં દેશોદેશમાં ગામોગામ અને ઘરોઘર ભાગતા ફરતા મારું રક્ષણ કરો એમ બોલતા હતા. (૬૯) માન અને મદરહિત થયેલા તથા નિર્લજ્જ એવા તે મુનિઓ જ્યાં જ્યાં ભાગીને જાય તે તે સ્થળે સુદર્શન શીઘ્ર પાછળ પડતું હતું. (૭૦) ચક્રથી બળતા અંગવાળા નારદ પર્વત દ્વિજોને માંકડાના મુખવાળા જોઈને તેમના નાસવાના કારણને નહિ જાણનારા લોકો કંઈ પણ બોલ્યા ન હતા. (૭૧) પૂર્વે નહિ જોયેલી અને નહિ સાંભળેલી અપાર વેદનાને પામ્યા થકા મુનિજનો અતલ-વિતલ આદિ સર્વ નીચેના લોકોમાં સર્વત્ર ભમતા હતા. (૭૨) અધોલોકમાં કોઈ રક્ષણ કરનારું મળ્યું નહિ ત્યારે ઊંચા સ્વરથી રક્ષા કરો એમ બોલતા બન્ને મુનિઓ દેવલોકમાં ગયા. (૭૩) બન્ને જણા ઈન્દ્રલોક, અગ્નિલોક, યમલોક, નૈર્ઋતલોક, વરુણલોક, વાયુલોક, કુબેરલોક અને શિવલોકમાં ગયા. (૭૪) તે તે લોકના દેવતાઓ પણ સુદર્શન ચક્રના ભયથી નારદ-

પર્વતની આવી અવસ્થાને આશ્ચર્યપૂર્વક જોઈ રહ્યા પણ કંઈ બોલ્યા નહિ. (૭૫) બન્ને ઋષિઓ સકલ દેવો, બ્રહ્મ તથા શિવજીને નમસ્કાર કરતા હતા છતાં કોઈ રક્ષણ કરનાર મળ્યા નહિ. (૭૬) છેવટે નારદ અને પર્વત વૈકુંઠલોકમાં ગયા અને ‘હે હરે ! બચાવો બચાવો’ એમ બૂમો પાડતા, અવિનાશી વિષ્ણુને દૂરથી નમસ્કાર કરવા લાગ્યા. (૭૭) દયાળુ શ્રીહરિએ તે બન્નેનું સુદર્શનચક્રથી રક્ષણ કરીને અંબરીષ રાજા સંબંધી પૂર્વે કહેલો શાપ, પોતે અંગીકાર કર્યો. (૭૮) શ્રીહરિ કહે છે : હે ભક્તો ! આ પ્રકારે નારદ અને પર્વત મુનિએ અંબરીષ રાજાની કન્યાના અવયવના દર્શનમાત્રથી અતિશય દુઃખ પ્રાપ્ત કર્યું. (૭૯) આથી મારો ભક્ત મુમુક્ષુ હોય કે મુક્ત હોય પરંતુ સ્વહિત માટે કોઈપણ સમયે સ્ત્રીઓનો પ્રસંગ ન જ કરે. (૮૦) તે જ પ્રકારે મૈથુનાસક્ત પશુપક્ષી આદિક પ્રાણીઓનાં દર્શન મુક્તોએ પણ કરવાં નહિ; મુમુક્ષુએ તો ન જ કરવું એમાં કહેવાનું શું હોય ? (૮૧) પૂર્વે બ્રહ્મનિષ્ઠ, જિતેન્દ્રિય અને મુક્ત એવા સૌભરી મુનિ મીનમૈથુનના દર્શનથી નૈષ્ઠિક બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયા હતા. (૮૨) જે નર જ્ઞાન અને ભક્તોના બળથી મારાં વચનનું ઉલ્લંઘન કરી સ્વેચ્છાચારી થશે તે નર કામદેવથી પીડાયેલો થઈને ધર્મમાર્ગથી ભ્રષ્ટ થઈને ઘણા કષ્ટને પામશે તે નિશ્ચય જાણો. (૮૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં જનશિક્ષાયામાં સ્ત્રીપ્રસંગથી નારદપર્વતનીદુર્દશાપ્રાપ્તિનિરૂપણનામે સાઠમો અધ્યાય થયો. ॥૬૦॥

●

## અધ્યાય-૬૧

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! બ્રહ્મનિષ્ઠ નારીઓને પણ પુરુષનું દર્શનાદિક સ્વધર્મથી ભ્રષ્ટ કરનારું થાય છે એ નિશ્ચય વાત છે આથી સ્ત્રીઓએ પુરુષનું નિરીક્ષણાદિક ત્યાગ કરવું જોઈએ. (૧) હે ભક્તો ! પુરુષના પ્રસંગથી નારી ભ્રષ્ટ થઈ જાય છે તે સંદર્ભમાં પૂર્વની સિદ્ધકથા હું તમોને કહીશ. નૈષ્ઠિક બ્રહ્મચર્યવાળી દેવયાની પણ પૂર્વે પોતાના વ્રતથી ભ્રષ્ટ થઈ હતી. (૨) પૂર્વે દેવયાની નામની રૂપગુણ વડે શોભાયમાન એવી શુક્રાચાર્યની પુત્રી હતી. તે કન્યા પિતાના પ્રસાદથી બાલ્યવયમાં જ બ્રહ્મનિષ્ઠપણાને પામેલી હતી. (૩) યોગકળામાં નિપુણ, ધર્મશાસ્ત્રને જાણનારી, ઉદાર હૃદયવાળી, નૂતન કાવ્ય રચવામાં સ્વયં સમર્થ, તથા પોતાના શિષ્યત્વને પામેલી અસુરોની હજારો કન્યાઓને શુક્રાચાર્યની પેઠે બહુ યુક્તિઓ વડે જ્ઞાનોપદેશ આપવામાં દક્ષ હતી. (૪-૫) શુક્રાચાર્યને પ્રાણ થકી પણ અતિપ્રિય, સકળ ગુણસંપન્ન પોતાની પુત્રીને પ્રેમપૂર્વક લાલનપાલન કરતા હતા. (૬) એક સમયે શુક્રાચાર્ય પોતાની દીકરીને દશ વર્ષની થયેલી જોઈને યોગ્ય વરને યથાવિધિ આપવાની ઈચ્છા કરી. (૭) પછી તે ભાર્ગવ અતિ સ્નેહથી દીકરી દેવયાની પ્રત્યે બોલ્યા : ‘હે કન્યે ! તું બહુ બુદ્ધિમતી છે અને મને પરમ પ્રિય છે તો તું મારું પરમ વચન સાંભળ. (૮) કન્યાદાનને યોગ્ય દશમું વર્ષ તને હવે ચાલે છે, માટે તને ઈચ્છિત વર જે હોય તે મને કહે. (૯) હે કન્યે ! હું તને કોઈ મહર્ષિને, કે કોઈ દેવને કે મનુષ્યો મધ્યે કોઈ બ્રાહ્મણને આપું ! તારા મનમાં રહેલું જે સત્ય હોય

તે તું મને કહે. (૧૦) જે બ્રાહ્મણ પૃથ્વી ઉપર દાનયોગ્ય વયમાં વર્તતી કન્યાને યોગ્ય વરને આપતો નથી તે પિતા બ્રહ્મહત્યા સમાન પાપને પામે છે. (૧૧) આથી જે વરને વરવા માટે તારું મન રુચિવાળું થતું હોય તે વર મને કહે. અથવા હું સ્વેચ્છાથી જ તને કોઈ મહર્ષિ વરને આપું.' (૧૨) આ પ્રમાણે કહેવાયેલી દેવયાની પિતા પ્રત્યે મંદહાસ્યપૂર્વક બોલી : 'હે પિતા ! કોઈપણ પુરુષમાં મારી પ્રીતિ છે જ નહિ. (૧૩) વારંવાર સંસારભ્રમણને નાશ કરનારું તપ જ મને અત્યંત રૂચે છે તેથી જીવિતપર્યંત તપ કરવાનો જ મેં નિશ્ચય કરેલો છે. (૧૪) આથી હે પિતા ! આપના મનમાંથી મારા દાન સંબંધી સંકલ્પનો ત્યાગ કરી તમો સ્થિર મનવાળા થાઓ. હે મહાપ્રાજ્ઞ પિતાજી ! મારા માટે ખોટી ચિંતા ન કરો. (૧૫) જે કન્યાને પુરુષમાં અભિલાષા હોય, તેનું દાન ન કરે તો મહર્ષિઓએ શાસ્ત્રમાં દોષ કહેલો છે. વૈરાગ્યવાન કન્યાનું કન્યાદાન ન કરવામાં કોઈ શાસ્ત્રમાં દોષ કહ્યો નથી.' (૧૬) હે ભક્તો ! પોતાની દીકરીનું આવું વચન સાંભળી મહાબુદ્ધિશાળી શુક્રાચાર્ય નૈષ્ઠિક વ્રતનું માહાત્મ્ય જાણતા હોવાથી કંઈ પણ બોલ્યા નહિ. (૧૭) બાલ્યાવસ્થામાં જ દેવયાનીનો વૈરાગ્ય અને યોગમાં સ્થિતિ જોઈ શુક્રાચાર્ય ખૂબ પ્રસન્ન થયા અને કન્યાને જેમ પ્રિય લાગે તેમ કરવા લાગ્યા. (૧૮) કેટલોક કાળ વ્યતીત થયા પછી શુક્રાચાર્યને ઘેર બૃહસ્પતિનો પુત્ર કચ વિદ્યાભ્યાસ માટે આવ્યો. (૧૯) કચ શુક્રાચાર્યની આજ્ઞાથી તેમના ઘરમાં રહીને વિદ્યા ભણવા લાગ્યો. કચનું રૂપસૌંદર્ય જોઈને દેવયાની મોહ પામી ગઈ. (૨૦) દિવસે દિવસે પોતાનો ધર્મ યોગાભ્યાસ અને આત્મચિંતનને છોડીને સર્વ કાળમાં કચની શુશ્રૂષા કરવામાં તત્પર થઈ ગઈ. (૨૧) પછી કામદેવથી પીડા પામેલી દેવયાની, પોતાનાં અંગો બતાવવા વગેરેથી કચના મનને લોભાવતી થકી લાજનો ત્યાગ કરીને પ્રાર્થના કકરવા લાગી : (૨૨) 'હે વીર ! તું મારો પતિ થા. હું સર્વ પ્રકારે તારે લાયક છું, મારું ચિત્ત તારે વિષે રમણ કરે છે આથી તું મારો ત્યાગ કરવા યોગ્ય નથી.' (૨૩) આ પ્રકારે કામવિહ્વળ, વિવેકવિહીન, ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરનારી ગુરુપુત્રીએ પ્રાર્થના કરેલો મહાધીર કચ વિવેકશૂન્ય દેવયાનીને કહેવા લાગ્યો : (૨૪) 'હે ભદ્રે ! આવું નિંદિત વચન તમો મને કેમ કહો છો ? આવું વાક્ય તો લોક અને શાસ્ત્રથી નિંદિત કહેવાય. કેમકે તમો ગુરુપુત્રી હોવાથી મારાં બહેન સમાન છો.' (૨૫) તે સમયે ધર્મને જાણનારા કચે દેવયાનીને આવી રીતે ખૂબ નિષેધ કરી, છતાં કુત્સિત બુદ્ધિવાળી તે વારંવાર આ પ્રમાણે જ એકાંતમાં પ્રાર્થના કરવા લાગી. (૨૬) કામદેવથી મોહિત થયેલી મૂઢ દેવયાની ક્રોધાયમાન થકી વારંવાર નિષેધ કરતા કચને શાપ આપ્યો કે 'તારી વિદ્યા નિષ્ફળ થઈ જાઓ.' (૨૭) કચે પણ દેવયાનીને સામો શાપ આપ્યો કે 'તારો પતિ બ્રાહ્મણ ન જ થાઓ.' પછી વિદ્યાભ્યાસ નિષ્ફળ થવાથી કચ મનમાં બહુ ઉદ્વેગ પામીને સ્વર્ગમાં ચાલ્યો ગયો. (૨૮) પછી તે દેવયાની પોતાનું એક હજાર અને આઠ વર્ષનું વય વ્યતીત થયું હતું તોપણ સ્વૈરિણીની પેઠે ક્ષત્રિય જાતિના યયાતિ રાજાને વરી. (૨૯) આ પ્રકારે દેવયાની આત્મનિષ્ઠ હતી તોપણ પુરુષના નિરીક્ષણ, સંભાષણ વગેરેથી પોતાના નૈષ્ઠિક વ્રતથી પતીત થઈ ગઈ અને કુલટાની માફક અત્યંત લજ્જાહીન બની ગઈ. (૩૦) તેમજ પોતાના ભાઈ સમાન અને પિતા શુક્રાચાર્યના શિષ્ય કચને મૈથુન માટે પ્રાર્થના કરતી હતી અને ધર્મજ્ઞ તથા ધીર

બ્રાહ્મણ કચને કારણ વિના શાપ આપતી હતી. (૩૧) વળી પોતે બ્રાહ્મણોત્તમ શુક્રાચાર્યની પુત્રી હોવા છતાં પોતાની જાતિથી નીચ જાતિના ક્ષત્રિયની પત્ની થઈ. આમ, શ્રેષ્ઠ બ્રાહ્મણપણાનો ત્યાગ કરી ક્ષત્રિયપણાને પામી. (૩૨) તેમજ અબળા દેવયાનીએ સર્વોત્તમ ભૃગુકુળને લાંછન લગાડ્યું અને પોતાનું કૃચ્છ ચાંદ્રાયણાદિ તપ પણ વ્યર્થ પરિશ્રમવાળું થયું. (૩૩) તે જ પ્રકારે જમદગ્નિ મુનિનાં પત્ની રેણુકા જળ ભરવા માટે ગંગામાં ગઈ હતી. ત્યાં ગંધર્વરાજ ચિત્રરથને જોતી હતી. (૩૪) રેણુકા પણ તેના રૂપદર્શનથી પોતાના મનમાં તેના ઉપભોગની ઈચ્છાવાળી થઈ. માટે રેણુકા જમદગ્નિના ક્રોધથી અપમૃત્યુ વ્યથા પામી. (૩૫) આથી બ્રહ્મનિષ્ઠ સ્ત્રીઓએ પણ પોતાનો વિનાશ કરનાર પુરુષનું દર્શન, વાણીવ્યવહાર વગેરે ક્યારેય પણ કરવાં નહિ. (૩૬) જે સ્ત્રીઓ મુમુક્ષુ હોય તેમણે સત્સંગી એવા (સંતોના મુખ થકી ભગવાનની કથાવાર્તા સાંભળીને ઘેર આવેલા) પોતાના ભાઈ, પિતા કે પતિના મુખથી ભગવાન સંબંધી કથાને સાંભળવી. (૩૭) અથવા માતાના પિતા, મામા, પુત્ર કે પિતાના પિતા વગેરેના મુખ થકી તેઓએ સંતોના મુખ થકી સાંભળેલી ભગવત્કથા વાર્તા પણ સ્ત્રીઓએ ભક્તિપૂર્વક સાંભળવી. (૩૮) સાંભળેલી તે ભગવત્કથાઓ સ્ત્રીઓએ એકબીજીને કહેવી. તેમાં કોઈ સંશય થાય તો સંબંધી પુરુષ દ્વારા સંતોને જ પુછાવવું. (૩૯) તથા વિધવા સ્ત્રીઓએ સ્વસંબંધી પુરુષોની હાજરીમાં બ્રાહ્મણ દ્વારા વંચાતી પૌરાણિક હરિકથા દૂર પ્રદેશમાં રહીને જ સાંભળવી. (૪૦) શ્રીકૃષ્ણ ભગવાન સંબંધી ગુણોથી રચેલાં ગીત-કીર્તનોનો અભ્યાસ સમીપ સંબંધવાળા પિતા, ભાઈ કે પુત્ર વગેરે થકી જ કરવો. (૪૧) પોતાના ગામમાં કે પરગામમાં ધર્મ, વૈરાગ્ય અને ભક્તિયુક્ત વૃદ્ધ સ્ત્રીઓ હોય તેમને રાધા રમા વગેરેની પેઠે માનવી. (૪૨) આ લોકમાં મુમુક્ષુ સ્ત્રીઓએ બહુધા ધર્મ-જ્ઞાન- વૈરાગ્યયુક્ત વૃદ્ધ સ્ત્રીઓનો જ સમાગમ કરવો અને પોતાના કલ્યાણ માટે તેમણે કહેલ માર્ગમાં રહેવું અને વર્તવું. (૪૩) હે જનો ! શ્રીહરિના જન્માષ્ટમી આદિ ઉત્સવોમાં સત્પુરુષોનો સમાગમ થતાં, સ્ત્રીઓએ જે કરવાનું છે તે સાંભળો. (૪૪) જો સાધુજનોનું નિવાસસ્થાન કોટ કે કાંટાની વાડ વગેરેથી આવરણ રહિત હોય તો સ્ત્રીઓએ પિતા વગેરેની સાથે તે સ્થાનમાં કથા સાંભળવા જવું. (૪૫) પછી તે સ્થાનમાં, બહુ જનોના સમુદાયમાં સ્ત્રીઓએ સ્ત્રીઓની સભામાં અને પુરુષોએ પુરુષોની સભામાં યથાયોગ્ય બેસવું. અન્ય પ્રકારે બેસવું નહિ. (૪૬) તે નિવાસ સ્થળે પુરુષો પ્રત્યે ભગવાનની કથાને કહેતા સત્પુરુષોના મુખ થકી દૂર રહેલી સ્ત્રીઓએ આદરપૂર્વક કથા સાંભળવી. (૪૭) આવી રીતે ઉત્સવોમાં અને ઉત્સવ વિના પણ પોતાના ગામમાં જ્યારે ધર્મવૃદ્ધ સંતો આવે ત્યારે પણ, પૂર્વની પેઠે મુમુક્ષુ સ્ત્રીઓએ પોતાના સંબંધીજનોની સાથે જ જવું અને પોતપોતાની મર્યાદામાં યથાયોગ્ય બેસવું. (૪૯) વાડ કે કોટથી આવરણવાળા સાધુઓના સ્થાનમાં સ્ત્રીઓએ ક્યારેય પણ પ્રવેશ કરવો નહિ. આ પ્રમાણે સ્ત્રીઓને અમારી આજ્ઞા છે. (૫૦) જે સ્ત્રી, આ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી, ભયરહિત થઈ, વડ-વંડાવાળી જગ્યામાં પ્રવેશ કરશે તે સ્ત્રી, પૃથ્વીમાં પાપરૂપ પિશાચણી જાણવી. (૫૧) હે જનો ! સ્ત્રીઓએ પોતાના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણના ઉત્સવમાં દર્શન માટે પણ બે ઉત્સવો સિવાય રાત્રિમાં ક્યારેય પણ જવું નહિ. (૫૨) જ્યારે જન્માષ્મીનો ઉત્સવ હોય તથા મારો

જન્મોત્સવ (ચૈત્ર સુદી નવમી) હોય તે સમયે પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરવા માટે પોતાના સંબંધીની સાથે રાત્રિમાં જવું. (૫૩) ધર્મભ્રંશ કરનારા અને સ્વેચ્છારૂપધારી રાક્ષસો રાત્રિમાં ફરે છે માટે રાત્રિમાં સ્ત્રીઓએ ખૂબ સાવધાનીપણે જવું. (૫૪) આ પ્રમાણે સ્ત્રીઓના કલ્યાણ માટે સત્પુરુષોનો સમાગમ આ પ્રમાણે પરંપરા અને સાક્ષાત્ કર્તવ્યપણે મેં તમારી પાસે વર્ણવ્યો છે. (૫૫) શ્રીહરિ કહે છે : 'ભક્તજનો ! જે યુવતીઓ-સ્ત્રીઓ મારા કહ્યા પ્રમાણે આચરણ કરશે તેઓને શ્રીહરિમાં પ્રેમવૃદ્ધિ થશે અને પોતાના ધર્મમાં સ્થિતિ થશે. આ પ્રકારે તમો સર્વે તમારા દ્વારા પ્રશ્ન પૂછનારી, તમારી સંબંધી સ્ત્રીઓને મેં કહેલા ઉત્તરો કહો.' (૫૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં જનશિક્ષારૂપ પુરુષાના પ્રસંગાથી દેવયાનીદુર્દશાનિરૂપણનામે એકસઠમો અધ્યાય થયો. ॥૬૧॥

●

## અધ્યાય-૬૨

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! આ લોક અને પરલોકમાં સુખની ઈચ્છાવાળા પુરુષો હોય તે ગૃહસ્થાશ્રમી પુરુષોએ પરદારાસંગને ત્યાગ કરવો. (૧) ગૃહસ્થાશ્રમી પુરુષોની સધવા સ્ત્રીઓએ પરપુરુષનો પ્રસંગ ત્યાગવો અને પરણવા યોગ્ય કન્યાઓએ વિશેષપણે પરપુરુષનો પ્રસંગ ત્યાગ કરવો. વિધવાઓએ પણ પુરુષોનો પ્રસંગ સર્વથા ત્યાગવો. (૨) અને ગૃહસ્થોએ મદ્ય, માંસ, ડુંગળી, લસણ વગેરે તથા માદક પદાર્થના સંસર્ગનો ત્યાગ કરવો. (૩) હે ભક્તો ! ચાર વર્ણના લોકોએ પોતાની જ્ઞાતિના સ્વસંબંધીનું પણ ઉચ્છિષ્ટ, કેવળ અગ્નિથી પકાવેલા ધાણી વગેરે તથા ઘીમાં પકાવેલ તથા ફળાદિ સિવાય ક્યારેય ભક્ષણ કરવું નહિ. (૪) મારો આશ્રિત ગૃહસ્થ પુરુષ ભાંગ-ગાંજો, અફીણ તથા ત્રણ પ્રકારની તમાકુ-ખાવાની, પીવાની અને સૂંઘવાની-નું સેવન ન કરે. તથા જુગાર રમવો, ચોરીનું કર્મ અને અસત્ય ભાષણ વગેરેનું સેવન ન કરે. (૫) દૂધ, ઘી અને જળ વસ્ત્રથી ગાળ્યા વગર ન જ પીવું. ગૃહસ્થોએ પણ ક્રોધ, ઈર્ષ્યા, માન, હિંસા વગેરેનો ત્યાગ કરવો. (૬) દેવતાઓ અને પિતૃઓને ઉદ્દેશીને પશુહિંસા ન જ કરવી. સ્વર્ગની પ્રાપ્તિને માટે પણ પ્રયાગાદિ તીર્થક્ષેત્રમાં પણ આત્મઘાત ક્યારેય ન કરવો. (૭) છ માસ સુધી માછીમારને જે પાપ લાગે તેટલું પાપ ગાળ્યા વગરનું જળ પીનાર પુરુષને એક દિવસમાં લાગે છે એમ જાણવું. (૮) ગાળ્યા વગરનું પાણી પીવામાં માંસભક્ષણનો સંભવ હોવાથી પુરાણમાં આટલો દોષ કહેલો છે. માટે પાણી ગાળીને પીવું. (૯) મારો આશ્રિત ગૃહસ્થાશ્રમી સ્ત્રી, ઘર, દ્રવ્યાદિક પદાર્થોમાં મૂઢની પેઠે આસક્ત ન થાય અને સત્પુરુષોમાં વિશેષપણે પ્રીતિ કરે. (૧૦) કારણ કે શસ્ત્રાદિક વડે પણ છેદી ન શકાય એવા સાંસારિક ઘર, પુત્ર વગેરે રૂપી સ્નેહદોરીના બંધનથી દ્રઢપણે બંધાયેલા માણસને આ લોકમાં સંતો જ નિશ્ચય મુકાવે છે. (૧૧) મુમુક્ષુ ગૃહસ્થોએ તો ભગવાન સંબંધી વાર્તાનું શ્રવણ સ્વધર્મનિષ્ઠ પુરુષો અને સ્વધર્મનિષ્ઠ ત્યાગીજનો પાસેથી કરવું જોઈએ. (૧૨) જે ત્યાગી ધનને ગ્રહણ કરે અને જે ત્યાગી સ્ત્રીઓની સાથે વાતો કરે તે ત્યાગથકી શ્રીહરિની કથાવાર્તા સાંભળીને મારો આશ્રિત

ગૃહસ્થ ભક્ત ચાન્દ્રાયણ વ્રત કરે. (અર્થાત્ તેવા ત્યાગી થકી કથાવાર્તા ન સાંભળે.) (૧૩) પોતાના ગામમાં જો મંદિર ન હોય તો ધર્મવૃદ્ધ એવા સાયંકાળે ભેગા મળી ભગવાનના નામનું કીર્તન તથા તેમની કથાનું શ્રવણ કરવું. (૧૪) મારા આશ્રિત સર્વ ગૃહસ્થોએ શ્રીહરિનું નામ જપવાની જપમાળાનો યથાશક્તિ પ્રતિદિન અમુક સંખ્યામાં માળા ફેરવવાનો નિયમ ધારણ કરવો જોઈએ. (૧૫) અને દરરોજ એકાંતમાં બેસીને શ્રીહરિનું ધ્યાન કરી મનના પાપરૂપ મેલને શુદ્ધ કરનારી શ્રીહરિ સંબંધી માનસી પૂજા કરવી. (૧૬) વર્ણાશ્રમોચિત વેદે કહેલાં સ્નાનાદિ ષટ્કર્મ ત્રણ વર્ણના ગૃહસ્થોએ ભક્તિપૂર્વક કરવાં. (૧૭) ક્યારેય પોતાના ધર્મના નિયમનો ભંગ થાય ત્યારે અથવા પાપકર્મ થાય ત્યારે મારા આશ્રિત સર્વજનોએ પોતાના ધર્મભંગનું અને પાપકર્મનું પ્રાયશ્ચિત કરવું. (૧૮) હે ભક્તજનો ! અજ્ઞાનથી એક વાર પાપરૂપ કર્મ થાય ત્યારે પ્રાચીન મનુ વગેરે સ્મૃતિકારોએ મનુષ્યોને પ્રાયશ્ચિત વિધિ કહેલો છેં (૧૯) ધર્મભંગ અથવા કોઈપણ પાપનું પ્રાયશ્ચિત કરવા ઈચ્છનાર પુરુષ હોય, તે પુરુષ સ્નાન કરીને બન્ને હાથ જોડીને સભાને શરણે જાય. (૨૦) સ્વધર્મમાં નિષ્ઠાવાળા અને સાધુસ્વભાવવાળા દશ બ્રાહ્મણો અથવા સાત કે પાંચ કે ત્રણ અધ્યાત્મ તત્ત્વને જાણનારા, અથવા ધર્મશાસ્ત્રને જાણનાર એકની પણ સભા કહેવાય. (૨૧) જેઓ મૂર્ખો હોય, જેઓ અધર્મવાદીઓ હોય, જેઓ લોભીયા હોય, જેઓ પક્ષપાતીઓ હોય, તેવા લાખ જણ ભેગા થાય તોપણ તે સભા કહેવાય નહિ. (જનસંખ્યાની અધિકતામાત્રથી સભા ન થાય.) (૨૨) વૃદ્ધવય માત્રથી, કેવળ તરુણોથી, કેવળ રૂપવાળા કે કેવળ ધનસંપન્ન બહુ જનોથી સભા થતી નથી. ધર્મરહસ્યને જાણનારા ત્રણ પંડિતો અથવા અધ્યાત્મજ્ઞાનવાળા એક પંડિતથી પણ સભા થાય. (૨૩) જે પુરુષ શાસ્ત્રાધ્યયન સંપન્ન, સત્યવાદી, જિતેન્દ્રિય અને સર્વદા ધર્મતત્પર તથા જે હોય તે સભાને યોગ્ય થાય છે. (૨૪) જે ધર્મજ્ઞ બ્રાહ્મણો ઉંમરમાં નાના હોય તોપણ તે વૃદ્ધ છે એમ જાણવું. ઉંમર માત્રથી માથે વાળ ધોળા હોય પણ ધર્મ-અધર્મને જાણતા ન હોય તે સભાને યોગ્ય નથી. (૨૫) જે સભામાં સત્ય છે ત્યાં ધર્મ છે. સત્યવિહોણી સભામાં અધર્મ છે. ધર્મ જય પામે છે. અધર્મ જય પામતો નથી. (૨૬) પ્રાયશ્ચિતના ઉપદેશમાં, વ્યવહારમાં અને વ્રતના નિર્ણય પ્રસંગે સભાસદ બ્રાહ્મણ 'આ ધર્મ છે અને આ અધર્મ છે' એમ જે ધર્મ અધર્મ કહે તે પ્રમાણ ગણાય છે. (૨૭) માટે સભાએ પણ નિર્ણય કરીને બોલવું જોઈએ. જ્યોતિષશાસ્ત્રમાં કહેલા મુહૂર્તાદિ, વ્યવહારમાં ઋણનું લેવું પાપનિવારક પ્રાયશ્ચિત તથા રોગચિકિત્સા આ બધાને નહિ જાણનારો પુરુષ વિપરીતપણે બોલે તે પુરુષ મહાપાતકી થાય. (૨૮) પાપનો કરનારો તો સભાએ કહ્યા પ્રમાણે પ્રાયશ્ચિત કરવાથી શુદ્ધ થાય છે. પરંતુ સભાએ પ્રાયશ્ચિતના ઉપદેશમાં ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ નિર્ણય આપ્યો હોય તો સભા દૂષિત થાય છે. (૨૯) આથી સત્યનો આશ્રય કરી ધર્મપરાયણ અને પાપભીરુ સભાના વિદ્વાનોએ યથાર્થ પ્રાયશ્ચિતરૂપ ધર્મ જ કહેવો પરંતુ અધર્મ ક્યારેય ન કહેવો. (૩૦) સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, દુર્બલો, રોગીજનો અને ઉપવાસાદિ વડે અશક્ત થઈ ગયેલા જનો ઉપર સભાસદ બ્રાહ્મણોએ અનુગ્રહ કરવો (તેમનાથી થઈ શકે તેવું પ્રાયશ્ચિત આપવું.) (૩૧) દેશ, કાલ, ઉંમર, શરીર સામર્થ્ય વગેરેનો વિચાર કરીને ધર્મજ્ઞ અને સદ્ધર્મનિષ્ઠ બ્રાહ્મણોએ અનુગ્રહ કરવો. (બધાંને

એકસરખું પ્રાયશ્ચિત અપાય નહિ.) (૩૨) જે સભાના વિદ્વાનો લોભ, મોહ, ભય કે મિત્રભાવથી અનુગ્રહ કરે તો અનુગ્રહ કરનારા મૂઢ જનો રૌરવ નરકને પામે એમાં લગીરે સંશય નથી. (૩૩) ધર્મનિષ્ઠ ધર્મશાસ્ત્રના અર્થને યથાર્થ જાણનારા, પૂર્વ થયેલા મનુ વગેરે સ્મૃતિકારોએ ધર્મ કહેલો છે. બીજા અધર્મીઓએ કહેલો નથી. આથી પંડિત જનોએ વિચાર કરીને જ ધર્મ બીજા જનોને કહેવો જોઈએ. (૩૪) દેશાચાર, કુલાચાર અને ગ્રામાચારને વિશેષપણે જાણીને શાસ્ત્રગત આચાર કહેવો. ક્યારેય પણ દેશાચાર વગેરે જાણ્યા વિના એકદમ શાસ્ત્રાચાર કહેવો નહિ. (૩૫) પાપકર્તા માણસ, સભાએ કહેલા વ્રતના આચરણથી જ શુદ્ધ થાય અન્યથા નરકમાં પડે. (૩૬) જેનું પાપ પ્રસિદ્ધ નથી થયું તેવો પુરુષ પોતે ધર્મશાસ્ત્રમાં કુશળ હોય ત્યારે ધર્મશાસ્ત્રમાં જોઈને પોતે કરેલા પાપનું યથાયોગ્ય પ્રાયશ્ચિત કરે. બીજા તો પોતાને અનુકૂળ સત્પુરુષને પૂછીને તેમણે કહ્યા મુજબ પ્રાયશ્ચિત કરે. (૩૭) પાંચ વર્ષના બાળકને પાપ લાગતું નથી તેથી પાંચ વર્ષના બાળક માટે રાજદંડ નથી તેથી તેવા બાળકને પ્રાયશ્ચિત છે જ નહિ. (૩૮) પાંચમા વર્ષથી ઉપરની અને દશમા વર્ષના અંત સુધીની વયમાં વર્તતા બાળકને પાપનો પ્રસંગ પ્રાપ્ત થતાં તે પાપનું પ્રાયશ્ચિત તે બાળકનો પિતા, ભાઈ કે ગુરુ બાળકને બદલે કરે. (૩૯) અગિયાર વર્ષથી આરંભીને પંદર વર્ષના અંત સુધી બાળક પોતે અર્ધું પ્રાયશ્ચિત કરે. (૪૦) પાપનું પ્રાયશ્ચિત કરનાર પુરુષ અને પ્રાયશ્ચિત કરનાર સ્ત્રી સદ્‌ગતિને પામે છે. પાપનું પ્રાયશ્ચિત નહિ કરનાર પુરુષ અને સ્ત્રીઓ પણ નરક અને નીચ યોનિને પામે છે. (૪૧) જે પુરુષ પાપ કરીને પ્રાયશ્ચિત કરતો નથી તે પુરુષના સંગથી પણ પાપ થાય છે માટે પાપ કરનાર પુરુષનો સંગ ન કરવો. (૪૨) પોતપોતાના પાપનું પ્રાયશ્ચિત કરીને ગૃહસ્થો, ત્યાગીઓ અને સ્ત્રીઓએ યથાયોગ્ય પોતાના બ્રહ્મચર્યાદિ નિયમો દ્દઢપણે પાળવા. (૪૩) સાંસારિક તુચ્છ સુખમાં આસક્તિનો ત્યાગ કરી મારા આશ્રિત એવા સર્વ જનોએ નિરંતર ભગવાનમાં જ પ્રીતિ કરવી. (૪૪) તે પ્રીતિ તો નિત્ય શ્રદ્ધાપૂર્વક પોતાના ધર્મના આચરણથી અને વાસુદેવ ભગવાનનો મહિમા જાણવાની જિજ્ઞાસાથી અને આત્મા-અનાત્માના અભ્યાસથી થાય. (૪૫) ભગવાનના ભક્તોના સેવનથી, ભગવાન સંબંધી કથા શ્રવણથી અને સ્ત્રીદ્રવ્ય રસાસ્વાદમાં આસક્તજનોના પુરુષોનો સંગ ત્યાગવાથી મનુષ્યોને ભગવાનમાં પ્રીતિ થાય. (૪૬) ભગવાનના ગુણો થકી અન્ય પદાર્થોમાં અનાસક્તિ, અહિંસા, ભગવન્નામ-કીર્તન, યમ, નિયમ અને અનિંદા વડે શ્રીકૃષ્ણમાં પ્રીતિ થાય છે. (૪૭) શીત-ઉષ્ણ વગેરે દ્વંદ્વો સહન કરવાથી, ભગવાનના નામસ્મરણથી મનુષ્યોને ભગવાનમાં પ્રીતિ થાય અને ભગવાનની ભક્તિ વડે તો વિશેષપણે પ્રીતિ થાય. (૪૮) શ્રીહરિમાં શ્રદ્ધાથી સોળ સાધનોથી ઉત્પન્ન થયેલી પ્રીતિથી જ સંસારનો સર્વ પ્રકારે નાશ થાય માટે ભગવાનનો ભક્ત દ્દઢ વૈરાગ્ય અને આત્મા-પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન ભક્તિથી જ યથાર્થ પામે છે. (૪૯) ભગવાન ભક્તિથી જ અત્યંત પ્રસન્ન થાય છે. અન્ય કોઈપણ બીજા ઉપાયથી પ્રસન્ન થતા નથી. આથી હે ભક્તો ! તમે દંભે રહિત થઈને સર્વ પ્રકારે ભક્તિ કરો. (૫૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ભક્તિપુત્ર ભગવાન શ્રીહરિ આ પ્રમાણે પોતાના ભક્તજનોને ધર્મ અને ભક્તિનો

ઉપદેશ કરી પ્રસન્ન થઈને ભગવાનના ગુણગાન માટે મુક્તાનંદાદિ મુનિઓને પ્રેરણા કરતા હતા. શ્રીહરિએ ઉપદેશેલાં શ્રીહરિનાં વચનોને ભક્તજનો મસ્તક નમાવી અંગીકાર કરતા હતા. (૫૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં જનશિક્ષામાં પ્રાયશ્ચિતવિધિનિરૂપણનામે બાસઠમો અધ્યાય થયો. ॥૬૨॥

●

## અધ્યાય-૬૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે સમયે ભગવાનના ગુણગાન ગાવા માટે શ્રીહરિએ પ્રેરેલા મુક્તાનંદમુનિ વીણાને વજાવતા થકા ગુર્જરી નામનો રાગ કે જેમાં એકતાળી નામનો તાલ દેવાય છે તેનાથી ષટ્પદી ગાવા લાગ્યા. (૧) હે સખે ! શ્રીહરે ! નિરંતર યજ્ઞો કે પૂજા ઉત્સવો કરનારા તમારામાં હંમેશાં મારું મન રમણ કરો. અશરણના શરણ, ભવભયને હરનારા, નિરવધિકાતિશય કરુણાના સ્થાનભૂત, સુખકારી ચરિત્રોવાળા, મુનવિરોએ પરબ્રહ્મપણે જાણેલા, સત્ય શૌચાદિ ગુણ ગણોના સાગર એવા તમારામાં મારું મન સદા રમણ કરો. (૨) શ્વેતવસ્ત્રો ધારણ કરનાર, સદા મંદહાસ્ય મુખવાળા, મસ્તકના કેશોથી શોભાયમાન, ચંદ્રતુલ્ય મુખારવિંદવાળા, શરીરની કાંતિ વડે જીતેલ છે કામદેવ જેમણે એવા, બ્રહ્માદિ સમસ્ત દેવોએ અતિ પ્રીતિથી સેવાયેલા એવા તમારામાં મારું મન સદા રમણ કરો. (૩) વિશાળ નેત્રોવાળા, ક્ષણમાત્રમાં જીતેલા છે કામ ક્રોધાદિ શત્રુઓ જેમણે તથા ભક્તજનોએ સમર્પિત કરેલા છે વિવિધ પુષ્પોના હારો જેમને તથા વિશાળ અને ઉન્નત છે ભાલ જેમનું તથા કરેલું છે શ્રેષ્ઠ સુંદર ઊર્ધ્વપુંડ્ર તિલક જેમણે અને પોતાનાં જનોને સુખ આપનારા એવા તમારામાં મારું મન સદા રમણ કરો. (૪) પરમાનંદના આશ્રયભૂત, પોતાના આશ્રિતોના સંસારભયને નાશ કરનારા, મનુષ્યચરિત્રોથી અસુરોની બુદ્ધિને મોહ પમાડનારા, ભક્તોના પાપસમૂહને હરનારા, આનંદસમૂહોને કરનારા, વેદોમાં રહેલા સારનું દોહન કરનારા એવા તમારામાં મારું મન સદા રમણ કરો. (૫) પોતાના ભક્તજનોનાં દૈવસંબંધી દુ:ખોનું નિવારણ કરનારા, લીલા માટે હાથમાં કમળ ધારી રહેલા, ધારણ કરેલાં છે ઘણાં આભૂષણો જેમણે, કલિબળને નાશ કરનારા, શુભમતિના સ્થાનભૂત, પોતાના ભક્તજનોના દોષો નાશ કરનારા, એવા શ્રીહરિ, તમારામાં મારું મન સદા રમણ કરો. (૬) સ્વાશ્રિત જનોના મનમાંથી ક્રોધનું શમન કરાવનારા, અસુર ગુરુઓને ગર્વને હરનારા, મુનિવરોના સમૂહને આનંદ પમાડનારા, અતિ કોમળ હૃદયવાળા, પોતાના આશ્રિતોમાં દયાવાળા, બ્રહ્માદિ દેવો, મનુષ્યો અને મુનિઓથી નમસ્કાર કરાયેલા એવા તમારામાં મારું મન સદા રમણ કરો. (૭) હે ભૂપતે ! આ પ્રકારે મુક્તાનંદમુનિ પ્રથમ સંસ્કૃત ષટ્પદીનું ગાન કરીને પછી પ્રાકૃત ભાષામાં રચેલાં પદો વડે શ્રીહરિના ગુણોને ભક્તિપૂર્વક ગાવા લાગ્યા. (૮) ગાનવિદ્યામાં નિપુણ બ્રહ્માનંદાદિ મુનિઓ મુક્તાનંદમુનિની સાથે સુર પુરાવતા થકા ગાવા લાગ્યા. (૯) મુક્તાનંદમુનિએ ગાયનનો આરંભ કર્યો ત્યારે, શ્રીહરિ પોતાના હાથથી તાલ આપતા થકા દયામય દૃષ્ટિ વડે પોતાનાં ભક્તોને સભામાં ચોપાસ જોતા હતા. (૧૦) તે સમયે હજારો સ્ત્રી-પુરુષો

શ્રીહરિની કૃપાથી જ સમાધિ પામી ગયા. સમાધિ પામેલાં જનોએ અલૌકિક અક્ષરધામમાં કોટિ સૂર્ય સમાન તેજસ્વી શ્રીહરિને જોતા હતા. (૧૧) કેટલાક માણસો નારાયણમુનિને વૈકુંઠ, શ્વેતદ્વીપ, ગોલોક આદિ મહાધામોમાં રહેલી શક્તિઓ, સમૃદ્ધિઓ અને સેવકોથી સેવન કરાતા ચતુર્ભુજરૂપે દેખતા હતા. તો કેટલાક અષ્ટભુજ અને કેટલાક દ્વિભુજરૂપે દેખતા હતા. (૧૨) ત્યારબાદ તે જનો સમાધિમાંથી ઊઠીને પોતપોતાના હૃદયાકાશમાં જે દિવ્ય પદાર્થ જોયું તે તે પૂછતા એવા સ્વબંધુઓને પોતે જોયેલ ભગવાનનું ઐશ્વર્ય સભામાં યથાવત કહેવા લાગ્યા. (૧૩) કેટલાક જનો શ્રીહરિના પરમેશ્વરપણામાં સંશય ચિત્તવાળા હતા, તે જનો આ આશ્ચર્ય જોઈ સાંભળીને શ્રીહરિને ઈશ્વરોના ઈશ્વર, પરમેશ્વર યથાર્થપણે જાણવા લાગ્યા. (૧૪) જે જનો ભગવાનના દર્શનાર્થે આવેલા પોતાના સંબંધીજનોને પોતાને ઘેર લઈ જવા માટે વડતાલમાં આવેલા દુર્જનો પણ શ્રીહરિનો મહાપ્રભુનો પ્રતાપ-મહિમા જોઈને તત્કાલ શ્રીહરિના આશ્રિત બન્યા. (૧૫) જનોના ઈશ અને ધર્મદેવના પુત્ર એવા શ્રીહરિ આ પ્રમાણે જનોને આનંદ પમાડીને, પોતપોતાના સ્થાને જવાની આજ્ઞા આપીને પછી પોતે પોતાના (તંબુમાં) પટમંડપમાં પધારી ત્યાં બિરાજમાન થયા. (૧૬) સમગ્ર જનોને સુખ કરનારા શ્રીહરિ આ પ્રમાણે જ દરરોજ પુષ્પદોલોત્સવમાં એકત્રિત થયેલા પોતાના ભક્તજનોને પ્રતિદિન આનંદ પમાડતા અને પૃથ્વીમાં પોતાનો યશ વિસ્તારતા થકા વડતાલમાં નિવાસ કરતા હતા. (૧૭) વડતાલમાં શ્રીહરિ જેટલા દિવસ નિવાસ કરતા હતા તેટલા દિવસોમાં દરરોજ ભગવાનના દર્શનાદિક પ્રેમ ભક્તજનોને અધિક અધિક વૃદ્ધિ પામતો હતો. (૧૮) અને વડતાલમાં તે તે દેશના ભક્તજનોની રસોઈઓ પણ પ્રતિદિન ઉત્તરોત્તર અધિક અધિક ઉત્તમ રસવાળી નવીને નવી જ થતી હતી. (૧૯) શ્રીહરિ કોઈક દિવસ સભામાં વર્ણાશ્રમને ઉચિત અને વેદવિહિત અને કૃષ્ણભક્તિ સહિત એવા ધર્મોનો ઉપદેશ કરતા હતા. (૨૦) તો કોઈક દિવસે સભામાં આત્મા-પરમાત્મા અને માયાનાં લક્ષણો સહિત જ્ઞાનનું નિરૂપણ કરતા હતા તો કોઈક દિવસે વૈરાગ્યનું સ્વરૂપ તો ક્યારેક ભક્તિના સ્વરૂપનું નિરૂપણ કરતા હતા. (૨૧) શ્રીહરિ કોઈક દિવસે સભામાં રાજનીતિ કહેતા હતા કોઈ દિવસે દાનધર્મો કહેતા હતા. કોઈ દિવસે મોક્ષધર્મો કહેતા હતા. તો વળી કોઈ દિવસે સ્રીધર્મોનું નિરૂપણ કરતા હતા. (૨૨) શ્રીહરિ મહાપ્રભુ સભામાં કોઈક દિવસે સાંખ્યશાસ્ત્ર સંબંધી જ્ઞાન, કોઈ દિવસે યોગશાસ્ત્ર સંબંધી જ્ઞાન, ક્યારેક પંચરાત્રમાં કહેલું જ્ઞાન અને કોઈ દિવસે પરમહંસોના ધર્મો કહેતા હતા. (૨૩) શ્રીહરિ કોઈક દિવસે પાપના નાશ માટે શાસ્રોમાં કહેલી પ્રાયશ્ચિતવિધિ કહેતા હતા તો વળી ક્યારેક સર્વજનોના આપદ્‌ધર્મોને કહેતા હતા. (૨૪) ભગવાન શ્રીહરિ પોતે પૂર્ણકામ હોવા છતાં મનુષ્યનાટ્યનું અનુકરણ કરતા થકા વર્ણાશ્રમધર્મનું પોતે પાલન કરતા હતા. (૨૫) તેમ જ ઈશ્વરમૂર્તિ શ્રીહરિ લોકશિક્ષણ માટે એકાદશી આદિ વ્રતો તથા ઉપવાસો અને નિયમોનું યથાયોગ્ય આચરણ કરતા હતા. (૨૬) વર્ષના આરંભે, ચૈત્ર સુદી પ્રતિપદાને દિવસે જગતના આદિ સ્રષ્ટા બ્રહ્મસ્વરૂપ વાસુદેવનું પૂજન કરાવતા હતા. (૨૭) તેમજ મનુ આદિની તિથિઓમાં મુખ્ય ચૈત્ર સુદી ત્રીજના દિવસે ગોદાન, સુવર્ણદાન અને બ્રહ્મભોજન શ્રીહરિ કરાવતા હતા. (૨૮) હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ તૃતીયાને દિવસે

મત્સ્યમૂર્તિ ભગવાનનું શાસ્ત્ર સૂચિત વિધિથી ષોડશોપચારાદિ મહાપૂજામહોત્સવ સારી રીતે કરાવીને ત્યારબાદ ભોજન કરીને ગઢપુર જવા માટે તત્પર થયા. (૨૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં
વૃત્તલયદોલોત્સવમાં નાનાતિથિકૃત ચરિત્ર નિરૂપણનામે ત્રેસઠમો અધ્યાય થયો. ॥૬૩॥

●

## અધ્યાય-૬૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! જેટલામાં શ્રીહરિ ગઢપુર જવા માટે તત્પર થયા તેટલામાં સ્વામિનારાયણ ભગવાનમાં ભક્તિવાળા નારાયણગિરિ નામના ગોસ્વામી વડતાલ નગરમાંથી શિબિર સ્થાને એકદમ આવીને પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા. (૧) હે સ્વામિન્ ! હું આવતી કાલે સવારે મુનિજનોએ સહિત તમારું આતિથ્ય કરવાની ઇચ્છા કરું છું. હે પ્રભો ! તમો મારા આ મનોરથને પરિપૂર્ણ કરો. (૨) આ પ્રમાણે નારાયણગિરિએ પ્રાર્થના કરેલા ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ તથાસ્તુ કહી તેની પ્રાર્થના સ્વીકારી. તેટલામાં તો બીજા પણ પુરવાસી જનો શ્રીહરિની પાસે આવ્યા. (૩) કુબેરજી, જોબન પગી, જૂખો પગી, મૂળજી વગેરે ભક્તજનોએ ભક્તિપૂર્વક પ્રભુને નમસ્કાર કર્યા. તે પૈકી કુબેર ભક્ત શ્રીહરિને કહેવા લાગ્યા : (૪) હે સ્વામિન્ ! આ વડતાલમાં આવ્યા આપને ત્રેવીશ દિવસ વ્યતીત થઈ ગયા. તેમાં જોબન પગીનો મનોરથ પ્રથમ દિવસે જ તેની રસોઈ સ્વીકારીને તમોએ પૂરો કરેલો છે. (૫) ત્યારપછી તો હે પ્રભો ! તમો એ દેશાંતરના ભક્તજનોને જ રસોઈઓ સ્વીકારીને સંતોષ પમાડેલા છે. (૬) હે સ્વામિન્ ! ભક્તો એવા અમો પણ તમારા સેવકો છીએ તો અમારા ઉપર અનુગ્રહ કર્યા સિવાય આપ સિધાવો તે યોગ્ય નથી. (૭) તો તમો ચૈત્રશુક્લ વિમળા એકાદશીના મહોત્સવ સુધી અહીં રહેવાને યોગ્ય છો. હે રાજન્ ! આ પ્રમાણે કુબેરાદિ ભક્તોએ પ્રાર્થના કરેલા ભગવાન શ્રીહરિ હસતા થકા 'તથાસ્તુ' એમ બોલ્યા. (૮)

ત્યારબાદ પોતાના ભક્તજનોને સંતોષ પમાડતા થકા વૃત્તાલયપુરમાં રહ્યા. રામનવમીના રોજ ઉપવાસ કરી મધ્યાહ્ને શ્રીરામની પૂજા કરાવી. (૯) ત્યારપછી દશમીના રોજ ઘણા બ્રાહ્મણોને જમાડીને પછી પારણાં કર્યાં. તેપછી એકાદશીના દિવસે શ્રીહરિએ મોટો ઉત્સવ કર્યો. (૧૦) શ્રીહરિ સર્વતોભદ્ર મંડળમાં લક્ષ્મીજીએ સહિત સુવર્ણના શ્રી વાસુદેવ નારાયણની મહારાજોચિત વિવિધ ષોડશ ઉપચારો વડે યથાવિધિ પૂજા કરી. (૧૧) ત્યારબાદ શ્રીહરિ શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિને પારણામાં પધરાવી ફરી પૂજન કરી આરતી ઉતારીને મૂર્તિને ઝુલાવવા લાગ્યા. (૧૨) પછી શ્રીહરિ બે ઘડી બાદ પૂજાની સમાપ્તિ કરી, બ્રાહ્મણોનું પૂજન કરી, જાગરણે સહિત નિરાહારવ્રતનું પાલન કર્યું. (૧૩) ત્યારબાદ શ્રીહરિએ બારશના દિવસે પ્રાતઃકાળે જ વિધિવત્ પારણા કરી દુર્ગપુર તરફ પ્રયાણ કરવા પોતાના અશ્વારો તથા પદાતિઓને શીઘ્ર આજ્ઞા કરી. (૧૪) તે સમયે પ્રભુએ મુનિજનોનાં કેટલાંક મંડળોને દેશાંતરો પ્રત્યે જવા તથા કેટલાંક મંડળોને પોતાની સાથે આવવાનો આદેશ આપ્યો. (૧૫) ભક્તપ્રિય ભગવાન શ્રીહરિ પોતાના સહયાત્રી સેવકોને આજ્ઞા

આપી પોતે સુવર્ણમય ઊંચા પીઠ ઉપર વિદાય સમયે બિરાજમાન થઈ સમગ્ર ભક્તસમૂહોથી પૂજા કરાયા થકા તે સર્વ ભક્તોને આદેશ આપવા લાગ્યા. (૧૬) હે ભક્તજનો ! સર્વ પુરુષો અને સર્વ સ્ત્રીઓ તમે સાંભળો. તમો સર્વે હૃદયમાં શ્રીકૃષ્ણ મહાપ્રભુને ધારણ કરતા થકા પોતપોતાના દેશ પ્રત્યે જાઓ અને માર્ગમાં ખૂબ સાવધાન થકા ચાલજો. (૧૭) આ પ્રમાણે કરુણાસાગર શ્રીહરિ સર્વ ભક્તોને આજ્ઞા આપીને 'જયશ્રી સચ્ચિદાનંદ' એમ બોલીને પ્રયાણ માટે અશ્વ ઉપર બિરાજમાન થયા. (૧૮) અતિ ચપળ ઘોડાવાળા, પશ્ચિમ દેશમાં ઉત્પન્ન થયેલા ઘોડેસવારોથી વીંટાયેલા, મસ્તક પરના મોળિયામાં નાના પ્રકારના વર્ણવાળા પુષ્પના તોરાઓ ધારેલા, કેસરયુક્ત ઊર્ધ્વપુંડ્ર શ્રેષ્ઠ તિલકમાં કુંકુમનો ચાંદલો ધારી રહેલા, ગળામાં અનેક હારો ધારેલા તથા વિયોગથી આંખોમાં આંસુ ભરેલાં નેત્રોવાળા સમગ્ર જનસમૂહો જેમને જોઈ રહેલા છે તેમજ વાદ્યો સહિત ભક્તોએ કરેલું પોતાનું યશોગાન સાંભળતા, શરદઋતુના પૂર્ણ ચંદ્રમા સમાન મુખારવિન્દવાળા શ્રીહરિ, ભક્તોના સમૂહથી નીકળ્યા. (૧૯) પોતાની પાછળ આવતા સ્ત્રી-પુરુષોને જોઈ શ્રીહરિ નારાયણમુનિ કરચેષ્ટા વડે ઘણા જનોને પાછા વાળવા સમર્થ ન થયા. (૨૦) ત્યારે પ્રભુ પોતે એકલા જ પાનીના સ્પર્શ વડે દોડાવેલા ઘોડા વડે ભક્તજનોની દૃષ્ટિથી એકદમ અતિ દૂર થઈ ગયા. (૨૧) જ્યાંસુધી દૃષ્ટિ પહોંચી ત્યાંસુધી જનો જોઈ રહ્યા. પછી પાછા વળ્યા અને પ્રભુનું સ્મરણ કરતા વિયોગના દુઃખથી આંખોમાં આંસુ ભરેલા થકા પોતપોતાના દેશ પ્રત્યે પ્રયાણ કરવા લાગ્યા. (૨૨) તે સમયે જેમાં રામપ્રસાદજી મુખ્ય છે એવા અયોધ્યાવાસીઓ શ્રીહરિની આજ્ઞાથી રથઘોડા ઇત્યાદિ વાહનો દ્વારા થોડાક આગળ જતા હતા. (૨૩) ત્યારબાદ શ્રીહરિ પાશ્ચાત્ય ઘોડેસવારો અને પદાતિઓને મળીને દુર્ગપુર પ્રત્યે ચલાતા થકા ભાલપ્રદેશમાં આવ્યા. (૨૪) ભાલપ્રદેશમાં બન્ને હાથ જોડીને, માર્ગ રોકીને રહેલા પોતાના હજારો ભક્તજનોને શ્રીહરિએ મંદહાસ્યપૂર્વક જોયા. (૨૫) તે જનો પ્રભુ શ્રીહરિને નમસ્કાર કરી, પ્રભુના ઘોડાની લગામ પકડી, પોતપોતાના પુરમાં શ્રીહરિને લઈ જવા અત્યંત આગ્રહપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. (૨૬) ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ ભક્તોને તરછોડીને જવા શક્તિમાન ન થયા. આથી સર્વ ભક્તોનું પ્રિય કરવા તે તે ભક્તોના પૂરમાં પધાર્યા. (૨૭) તે સમયે ભગવાન ભક્તોનું પ્રિય કરવાની ઇચ્છાથી કોઈ ગામમાં અર્ધો દિવસ, કોઈ ગામમાં એક દિવસ, કોઈ ગામમાં બે દિવસ તો કોઈ ગામમાં ત્રણ દિવસ પર્યંત નિવાસ કરતા હતા. (૨૮) આ પ્રકારે દરેક ગામમાં તે તે પ્રકારે નિવાસ કરતા અને પોતાના ભક્તોને સંતોષ પમાડતા શ્રીહરિને એક મહિનો તો ક્ષણની પેઠે શીઘ્ર વીતી ગયો. (૨૯) પછી ગઢપુરમાં નિવાસ કરતા, ઉત્તમ રાજાનો શ્રીહરિની વાટ જોતા જોતા મહાદુઃખપૂર્વક એક માસ વ્યતીત થયો. (૩૦) શ્રીહરિ આજે અથવા કાલે, કે પરમ દિવસે, સાયંકાળ કે સવારે જ આવશે આવી ચિંતા વડે બીજો મહિનો પણ પસાર થઈ ગયો. (૩૧) જ્યારે ત્રીજો મહિનો આવ્યો ત્યારે તો ઉત્તમ રાજા ક્ષણમાત્ર પણ વિરહ સહન કરવા માટે શક્તિમાન થયા નહિ. (૩૨) અન્ન-ભોજન-પાનથી રહિત, ચિંતાથી સંતાપવાળા શરીરવાળા, ઘણા ઉજાગરાવાળા ઉત્તમ રાજા એકાગ્ર મનવાળા થઈને ધીરે ધીરે પત્ર લખવા લાગ્યા. (૩૩) પ્રથમ પ્રણામ આદિ સર્વ લખીને પોતે પ્રાર્થના લખવા લાગ્યા : હે ભગવન્ !

તમોએ મારી આગળ કરેલી એક મહિને પાછા આવવાની શરતની મર્યાદા વીતી ચૂકી છે જ. (૩૪) આટલા સમય સુધી મારા શરીરમાં પ્રાણો મહાદુઃખથી રહ્યા છે પરંતુ મને જણાય છે કે હવે પ્રાણો મારા શરીરમાં રહેશે નહિ. (૩૫) હે પ્રભો ! તમારા વિયોગને સહન કરવા માટે હું શક્તિમાન નથી જ. માટે દુર્ગપુરમાં આપ તત્કાલ પધારો. અથવા મને આપની પાસે ત્યાં બોલાવી લ્યો. (૩૬) હે નૃપ ! વિસ્તારપૂર્વક અગાઉ વર્ણવેલા અર્થવાળી પોતાની પત્રિકાને ઉત્તમ રાજા લખીને તત્કાળ ચાલનારા દૂત દ્વારા તત્કાળ રવાના કરી. (૩૭) દૂત જે દિવસે ગઢપુરથી નીકળ્યો તે જ દિવસે ગાંફ ગામમાં આવી પહોંચ્યો. ત્યાં પધારેલા શ્રીહરિને મળીને ઉત્તમ રાજાએ આપેલ પત્રિકા પ્રણામપૂર્વક આપી. શ્રીહરિએ તેને વંચાવી. (૩૮) કરુણાનિધાન ભગવાન શ્રીહરિએ સમગ્ર પત્રિકા વંચાવીને ઉત્તમરાજાને પોતાના વિરહનું અસહ્ય દુઃખ છે એમ જાણ્યું. (૩૯) પછી સર્વજનોને આજ્ઞા આપીને તે જ દિવસે રાત્રે થોડા ઘોડેશ્વારો સાથે શ્રીહરિ દુર્ગપુર જવા રવાના થયા. (૪૦) શ્રીહરિ અરુણોદય સમે ગઢપુરમાં પધાર્યા. ત્યારે બહાર વેદિકા ઉપર બેઠેલા ઉત્તમરાજાએ ભગવાનનું આગમન સાંભળ્યું. (૪૧) સાંભળતાં વેત પગમાં પગરખાં પણ પહેર્યા વગર ઉત્તમ રાજા એકદમ દોડીને શ્રીહરિના સામા ગયા. શરીરમાં જેમ પ્રાણ આવી ગયા હોય તેમ શ્રીહરિને પામીને આનંદ આનંદ પામી ગયા. (૪૨) શ્રી નારાયણમુનિ ભગવાન અશ્વથી ઊતરીને પોતાના ચરણકમળમાં પ્રણામ કરતા ઉત્તમ રાજાને ભેટ્યા. પોતાના વિરહથી સુકાઈ ગયેલું શરીર જોઈને શ્રીહરિ આશ્ચર્ય પામ્યા. (૪૩) ત્યારબાદ કૃપાસાગર શ્રીહરિ પોતાના પાર્ષદોથી વીંટાયા થકા ઉત્તમરાજાની સાથે પોતાના નિવાસસ્થાને પધારી સારી રીતે નિવાસ કર્યો. (૪૪) તે ઉત્તમરાજાએ ભગવાન શ્રીહરિના બંધુઓ જે રામપ્રતાપ, ઇચ્છારામને શ્રીહરિની માફક સત્કાર કરીને પોતાના મહેલમાં આદરપૂર્વક નિવાસ કરાવ્યો. (૪૫) હે રાજન્ ! આવી રીતે ભગવાન શ્રીહરિ વડતાલમાં પુષ્પદોલોત્સવ કરતા હતા. શ્રીહરિએ આ પ્રકારે કહેલા વિધિથી જ વડતાલમાં બીજા ઘણા ઉત્સવો કર્યા. (૪૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! જે પુરુષ શ્રીહરિનો આ સર્વોત્તમ, પવિત્ર, શ્રોતા-વક્તાને પવિત્ર કરનારો મહોત્સવ સાંભળે અને પાઠ કરે તે બન્ને શ્રીહરિની પ્રસન્નતાથી પોતાને ઇચ્છિત પુરુષાર્થની સિદ્ધિ અને શ્રી હરિનું ધામ જરૂર પામે. (૪૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ત્રીજા પ્રકરણમાં વૃત્તાલયદોલોત્સવમાં ભગવતો દુર્ગપત્તન પ્રત્યાગમનનામે ચોસઠમો અધ્યાય થયો. ॥૬૪॥

●

## સત્સંગિજીવનનું ત્રીજું પ્રકરણ સમાપ્ત થયું.

॥ શ્રીહરિઃ ॥

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સદ્‌ગુરુ શ્રીશતાનંદ મુનિ વિરચિત

# સત્સંગિજીવન

## પ્રકરણ-૪

सुव्रत उवाच ।

स्वगृहे निवसंतं तंनिर्दंभोऽभयनंदनः । सिषेवेपरया भक्त्या सकुटुंबोऽन्वहं नृप ॥१॥

तत्प्रीतये चकृतवानन्नकूटमहोत्सवम् । प्रबोधन्युत्सवं चापिपूर्ववद्विस्मयावहम् ॥२॥

## અધ્યાય-૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! દંભરહિત અને કુટુંબે સહિત અભયનંદન ઉત્તમરાજા દાદાખાચર પોતાના દરબારમાં નિવાસ કરતા શ્રીહરિ મહાપ્રભુને પ્રતિદિન સર્વોત્તમ ભક્તિભાવપૂર્વક સેવવા લાગ્યા. (૧) તે શ્રીહરિના રાજીપા માટે આશ્ચર્યકારી અન્નકૂટ મહોત્સવ તથા પ્રબોધિની ઉત્સવ પણ ઉત્તમરાજાએ અગાઉની પેઠે ફરીથી કરાવ્યો. (૨) ભગવાન શ્રીહરિએ પણ ભક્તિવાળા અને પરિવારે સહિત ઉત્તમરાજાને સુખ આપવા દેશાંતરોમાંથી સ્વભક્તોને બોલાવરાવીને તે અન્નકૂટ અને પ્રબોધની ઉત્સવો કરાવ્યા. (૩) પ્રબોધિનીનો ઉત્સવ વીત્યા પછી, દેશાંતરોના ભક્તો સ્વદેશમાં ગયા પછી, લોકભાવન ભગવાન શ્રીહરિ વેદમર્યાદાને પોતાના આશ્રિતજનોમાં સ્થાપન કરવા માટે પોતે સર્વજ્ઞ હોવા છતાં પણ પુરાણ શ્રવણના આરંભની ઇચ્છા કરી. (૪-૫) શ્રીહરિએ સંવત ૧૮૭૬ના કારતક વદી બીજના દિવસે પ્રાતઃકાળે ઊઠીને સ્નાનસંધ્યાદિ પ્રાતઃકર્મ કરીને સર્વ પુરાણોને જાણનાર પુરાણના વક્તા પ્રયાગજી વિપ્રને બોલાવરાવ્યા. (૬) શ્રીહરિ પોતાના મંદિરની બહાર ઓટા ઉપર સિંહાસનમાં બેઠા. તે સ્થળમાં પોતે બોલાવેલા પુરાણી પ્રયાગજી અને બીજા પાર્ષદાદિ આવ્યા. (૭) તેઓ ત્યાં થયેલી મહાસભામાં યથાયોગ્ય વ્યવસ્થાપૂર્વક બેસી ગયા પછી ભગવાન શ્રીહરિ મયારામ વિપ્રને કહેવા લાગ્યા. (૮)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! હે જ્યોતિઃશાસ્ત્ર વિશારદ ! તમો સાંભળો. આ જે આવનારો માગશર તે સર્વ માસોમાં ઉત્તમ છે. (૯) આ માસને મહર્ષિઓએ ભગવાન વાસુદેવની વિભૂતિરૂપ કહેલો છે. હે દ્વિજ ! આથી આ માગશર માસમાં મારે પુરાણશ્રવણની ઇચ્છા છે. (૧૦) માટે હે જ્યોતિર્વિદ તમો પુરાણશ્રવણનું યથાશાસ્ત્ર મુહૂર્ત હમણાં જ કહો. શુભ મુહૂર્તમાં આરંભાયેલું કર્મ

નિર્વિઘ્ને પરિસમાપ્ત થાય છે. (૧૧) ત્યારે મયારામ વિપ્રે પોતાની મોટી પાઘડીમાંથી પંચાંગ કાઢીને તેમાં જોઈને શ્રીહરિને કહ્યું : હે સ્વામિન્ ! તેવું મુહૂર્ત તો આવતી કાલે છે. (૧૨) અને કાર્યસિદ્ધિને કરનારો અમૃતસિદ્ધિ યોગ વર્તે છે, માટે હે પ્રભો ! તે મુહૂર્તમાં તમોએ પુરાણશ્રવણનો આરંભ કરવો. (૧૩) હે રાજન્ ! મયારામ વિપ્રે આ પ્રમાણે કહ્યું ત્યારે શ્રીહરિએ પ્રયાગજી પુરાણીને વચન કહ્યું : હે પુરાણી ! આવતીકાલે મારે ભાગવતપુરાણનો પ્રારંભ કરવો છે. (૧૪) માટે હે વિપ્રવર્ય ! પ્રતિદિન પ્રાતઃકાળે ઊઠીને તમોએ તથા અમોએ દિવસના પહેલા પહોરમાં કરવાનું સ્નાનસંધ્યાદિ નિત્યકર્મ કરી લેવું જોઈએ. (૧૫) ત્યારબાદ કથાનો પ્રારંભ કરીને કથા બપોરે સમાપ્ત કરવી, પછી મધ્યાહ્ન કાળની વિધિ કરવી. (૧૬) હે વિપ્ર ! ફરી પાછો ત્રીજા પહોરને અંતે કથાનો પ્રારંભ કરી સાયં-સંધ્યાનો અવધિ થાય ત્યારે કથા સમાપ્ત કરવી - જો તમારે આ પ્રકારે રુચિ હોય તો કહો. (૧૭)

**પ્રયાગજી પુરાણી બોલ્યા :**

હે કૃપાનાથ ! હું દરરોજ એ પ્રકારે જ કરીશ. સુસ્થિર આસનથી તમારી સમીપમાં સમય સમય પ્રમાણે કથા વાંચીશ. (૧૮) હે સ્વામિન્ ! તમોએ કથાના મધ્યમાં જે વિશ્રાંતિ કહી તેથી મારું મન પ્રસન્ન થયું છે, અન્યથા શરીરને કષ્ટ પડે. (૧૯) પછી ભગવાન શ્રીહરિએ પુરાણીને આવતીકાલે જ તમો આવો. આ પ્રમાણે કહીને પુરાણ શ્રવણ કરનાર પોતાના ભક્તજનોને આનંદ પમાડતા થકા કહેવા લાગ્યા. (૨૦)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! તમો મારું વચન સાંભળો, તમારું કલ્યાણ થાઓ. સર્વેનું હિતકારી વચન કહું છું. મારા સર્વ આશ્રિતોએ પુરાણનું શ્રવણ કરવું જ જોઈએ. (૨૧) બ્રાહ્મણાદિ ચારે વર્ણોને અને બ્રહ્મચર્યાદિ ચાર આશ્રમીઓને પણ પુરાણશ્રવણમાં સર્વદા અધિકાર છે જ. (૨૨) આ પુરાણશ્રવણરૂપ ધર્મ સર્વ માટે સામાન્ય છે. મહામુનિજનોએ આ ધર્મ પ્રત્યક્ષ સમગ્ર પુરુષાર્થને આપનારો કહ્યો છે. દેવોએ પણ તેને માન્ય કરેલો છે. (૨૩) શ્રીહરિ સંબંધી કથાના શ્રવણ વિના મનુષ્યોને શ્રીહરિના મહાત્મ્યે સહિત સ્વરૂપનું જ્ઞાન થાય નહિ. શ્રીહરિના સ્વરૂપના જ્ઞાન વિના જન્મમરણરૂપ સંસૃતિ ટળતી નથી. (૨૪) આથી વ્યાસમુનિએ રચેલાં પુરાણો, શ્રીમદ્ભાગવત, મહાભારત, રામાયણનું પણ શ્રવણ નિરંતર કરવું. (૨૫) ભગવાન સંબંધી પુરાણશ્રવણ અજ્ઞાનરૂપી અંધકારયુક્ત જનોને જીવ, માયા અને ઈશ્વર સ્વરૂપ જ્ઞાનરૂપ સિદ્ધિને આપનારા સાક્ષાત્ દીપરૂપ છે અને ભવરોગથી પીડાતા જનો માટે પુરાણશ્રવણ ઔષધરૂપ થાય છે. (૨૬) જે શરીરધારીઓ સર્વ પ્રકારે આત્માનું શ્રેય ઈચ્છે છે તે જનો શુભ પુરાણની કથા ભક્તિભાવથી સદા સાંભળો. (૨૭) જે માણસ ભગવાનની કથા સર્વદા સાંભળવામાં અશક્ત હોય તેમણે એકાગ્ર મનથી દરરોજ બે ઘડી કે ઘડીવાર પણ કથા સાંભળે. (૨૮) જે મનુષ્ય દરરોજ ભગવાનની કથા સાંભળવા અશક્ત હોય તે મનુષ્ય પણ પવિત્ર માસોમાં, પવિત્ર તિથિઓમાં કે પુણ્યયોગોમાં પણ કથાશ્રવણ કરે. (૨૯) એક ઘડી, અરધી ઘડી કે એક ક્ષણ પણ અંતઃકરણને પાવન કરનારી ભગવાનની કથાને જે

નરો સાંભળે છે તેમની દુર્ગતિ થતી નથી. (૩૦) સર્વ યજ્ઞોમાં જે ફળ કહ્યું છે, સર્વ દાનોમાં જે ફળ કહ્યું છે તે ફળ શ્રદ્ધાપૂર્વક પુરાણશ્રવણ કરવાથી મનુષ્ય પામે છે. (૩૧) કળિયુગમાં પુરાણશ્રવણ વિના વિશેષપણે પુરુષોને બીજો ધર્મ જ નથી અને બીજો મોક્ષમાર્ગ પણ નથી. (૩૨) કળિયુગમાં મનુષ્યો અલ્પ આયુષ્યવાળા, દુર્બળ, શ્રમપીડિત, દુબુર્દ્ધિ, સંસારનાં દુઃખોથી વ્યાકુળ તેમજ ધર્મ અને સ્નાનાદિ આચાર રહિત હોય છે. (૩૩) આ પ્રકારનો વિચાર કરીને ભગવાન વેદવ્યાસે મનુષ્યોના હિતને માટે પુરાણ નામે રસાયણરૂપી ઔષધ કર્યું. (૩૪) પ્રયત્નપૂર્વક અમૃતપાન કરનારો જન તો એકલો જ અમર થાય છે, જ્યારે પુરાણરૂપ અમૃત પાન કરનાર તો સમગ્ર કુળને અજરઅમર કરે છે. (૩૫) પુરાણશ્રવણ વિનાના જનને મહર્ષિઓએ પશુ સમાન માનેલો છે, આથી સ્વહિતાર્થી જનોએ પુરાણશ્રવણ વિધિપૂર્વક અવશ્ય કરવું જોઈએ. (૩૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ । આ પ્રકારે કહેતા શ્રીહરિને પ્રણામ કરીને પુરાણશ્રવણમાં ઉત્સુક ઉત્તમરાજા હાથ જોડીને ભક્તિભાવથી પૂછવા લાગ્યા. (૩૭)

**ઉત્તમરાજા બોલ્યા :**

હે ભગવન્ । પુરાણશ્રવણની વિધિ જાણવાની હું ઈચ્છા રાખું છું. તે પુરાણશ્રવણ કયા સમયમાં કરવું અને કયા દેશમાં કરવું (૩૮) હે વિભો ! હે હરે ! પુરાણનો વક્તા કેવો કહેલો છે ? પુરાણના શ્રોતાઓ કેવા હોય અને પુરાણના શ્રોતાઓએ પુરાણની સમાપ્તિમાં પુરાણના વક્તાને શું આપવું ? (૩૯) હે ભગવન્ ! આ બધું કૃપા કરી મને કહો. આ પ્રમાણે ઉત્તમરાજાએ પૂછતાં, શ્રીહરિ, ઉત્તમરાજાની ઈચ્છા જાણી સર્વના સાંભળતાં કહેવા લાગ્યા. (૪૦)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ઉત્તમ રાજા ! જેનું મન સર્વ પાપોના વિનાશ કરવામાં હોય, તે માણસે હંમેશાં આદરપૂર્વક પુરાણ સાંભળવું. (૪૧) હે રાજન્ ! જો પ્રતિદિન પુરાણશ્રવણની અનુકૂળતા ન હોય તો પુરુષે ચાતુર્માસમાં અને પૂર્ણિમા-અમાવાસ્યાદિ પર્વોના દિવસે પુરાણશ્રવણ અવશ્ય કરવું. (૪૨) હે રાજન્ ! તે પુરાણશ્રવણનો યથોક્ત ફળદાયક વિધિ સ્કંદ આદિ પુરાણોમાં છે તે વિધિ સંક્ષેપથી હું કહું છું. (૪૩) જેણે નિત્યવિધિ કરી છે એવો શ્રોતા સર્વ શાસ્ત્રોને જાણનાર પુરાણ વાંચનારને બોલાવીને આસન આપીને સન્માનપૂર્વક વક્તાને નમસ્કાર કરે. (૪૪) ગ્રંથને ઊંચા આસન બાજોઠ ઉપર સારી રીતે સ્થાપન કરીને પછી ગ્રંથના આસનથી નીચા વ્યાસાસન પર વક્તાને બેસાડે. (૪૫) પ્રથમ ગ્રંથની પૂજા કરે, પછી વક્તાનું પૂજન કરે. તે પૂજન ચંદન, અક્ષત, પુષ્પ અને પુષ્પના હારો તેમજ ધૂપ-દીપ વગેરે વડે આદરથી કરે. (૪૬) તેમજ નૈવેદ્યફળ, તાંબુલ અને દક્ષિણા વડે ભક્તિપૂર્વક પૂજન કરી આરતી ઉતારી આદરપૂર્વક નમસ્કાર કરે. (૪૭) હે ભગવન્ ! હે વ્યાસ, હે વેદશાસ્ત્રના અર્થમાં પ્રવીણ, હે બ્રહ્મા-વિષ્ણુ-મહેશની મૂર્તિ, હે સત્યવતી પુત્ર આપને નમસ્કાર છે. (૪૮) હે નૃપ ! આ મંત્રથી વક્તાને નમસ્કાર કરી મુખ્ય શ્રોતા, શ્રોતા બ્રાહ્મણો અને સંતોનું યથાયોગ્ય પૂજન કરે. (૪૯) પછી વક્તાના આસનથી નીચા આસનમાં બેસીને સર્વ શ્રોતાઓ એકાગ્ર ચિત્તવાળા થઈને વક્તાને નમસ્કાર કરી પુરાણનું શ્રવણ કરે. (૫૦) તે સભામાં

ક્ષત્રિયોએ બ્રાહ્મણની પાછળ બેસવું અને ક્ષત્રિયોની પાછળ વૈશ્યોએ બેસવું તથા વૈશ્યજનોની પાછળ શૂદ્રોએ બેસવું. (૫૧) અને જે સૂત, વૈદેહિક આદિક સંકર જાતિના હોય તેમણે શૂદ્રોની પાછળ મર્યાદાપૂર્વક બેસીને ભગવાનની કથા સાંભળવી. (૫૨) તે બધા પૈકી જ્ઞાનવૃદ્ધો, તપોવૃદ્ધો, બ્રહ્મનિષ્ઠો તથા દ્વિજો હોય તેમને શ્રોતાજનોએ સૌથી આગળ બેસાડવા જોઈએ. (૫૩) હે મહીપતે ! તે સભામાં સ્ત્રીઓએ શ્રીહરિ સંબંધી કથા સાંભળવા પુરુષોથી ચાર હાથ છેટેના સ્થળે પોતાની મર્યાદાથી બેસવું જોઈએ. (૫૪) શ્રોતા કથા વાંચનાર વક્તાને તુલસીપત્ર, પુષ્પ, ફળ, રૂપામુદ્રા કે તાંબાનો ઢબ્બુ અથવા મૂઠી અનાજ સમર્પિત કરીને કથા સાંભળે. (૫૫) પુરાણનો વક્તા બાળ હોય કે યુવાન હોય કે વૃદ્ધ હોય, અથવા નિર્ધન કે દુર્બળ હોય તો પણ પુણ્યાર્થી જનોએ સદા વંદન અને પૂજન કરવા યોગ્ય છે. (૫૬) પુરાણાર્થને જાણનારમાં ક્યારેય પણ આ બાળક છે એવી બુદ્ધિ ન કરવી કેમ કે પુરાણ જાણનારના મુખમાંથી નીકળેલી વાણી દેહધારી પ્રાણીઓને સર્વાર્થને આપનારી કામદૂધા ગાય સમાન થાય છે. (૫૭) જન્મ આપવાથી અને ઉપનયન આદિ સંસ્કાર આપવાથી પિતારૂપ અને પાઠકરૂપ જે લોકમાં ગુરુઓ છે તે સર્વ કરતાં પણ પુરાણનો જ્ઞાતા ઉત્તમ ગુરુ છે. (૫૮) અનંત ભવોમાં વારંવાર ઉત્પન્ન થઈ થઈને દુઃખને પામતા પુરુષ માટે ભગવાન સંબંધી જ્ઞાન આપનાર પુરાણી થકી બીજો ઉત્તમ ગુરુ કોણ છે ? -કોઈ નથી. (૫૯) પુરાણનો જ્ઞાતા, પવિત્ર, રાગદ્વેષ રહિત, આંતરબાહ્ય ઇન્દ્રિયોને દમન કરનાર, મત્સર જીતેલો, સદાચારી, દયાળુ, પ્રશસ્ત વાણીવાળો અને જાતિથી બ્રાહ્મણ આટલાં લક્ષણોથી યુક્ત પુરુષ કથા કરે. (૬૦) તેમજ બ્રાહ્મણ સિવાયના જે ક્ષત્રિય વૈશ્ય હોય અને તેઓ ભાગવતી દીક્ષાને પામેલા હોય અને અષ્ટાંગ બ્રહ્મચર્યવાળા હોય અને નિર્લોભી હોય તો તે પણ ભગવાનની કથા કરે. (૬૧) હે રાજન્ ! પુરાણી વ્યાસાસને આરૂઢ હોય ત્યારે કથાની સમાપ્તિ પર્યંત કોઈ પુરુષને નમસ્કાર ન કરે. (૬૨) પરંતુ એકાંતિક ભગવદ્‌ભક્તો અને માનુષમૂર્તિ ભગવાન તે સભામાં પધારે તો પુરાણી તેમને નમસ્કાર કરે. (૬૩) જે જનો ધૂર્ત-ઠગારા હોય, જે દુરાચારી હોય, જે બીજાને જીતવાની ઈચ્છાવાળા હોય, જે જનો કપટથી મલિન વૃત્તિવાળા હોય તેમની આગળ પુરાણી શ્રીહરિ સંબંધી કથા ન કરે. (૬૪) દુર્જન પુરુષોવાળા દેશમાં બુદ્ધિમાન પુરુષ પવિત્ર કથા ન કરે તથા શૂદ્રો અને નીચ જાતિના જનોવાળી ભૂમિમાં પણ પુણ્યકથા ન કરે. તેમજ જ્યાં જુગાર રમાતો હોય તેવા ઘરે પવિત્ર કથા ન કહે. (૬૫) પંડિતો અને સંતો વસતા હોય તેવા ઉત્તમ ભક્તિવાળા ગામમાં, ઉત્તમ તીર્થક્ષેત્રોમાં, દેવમંદિરમાં, નદી તટે, પવિત્ર ઘરમાં અને ભોજનશાળામાં ભગવાનની કથા વાંચવી. (૬૬) શ્રદ્ધા અને ભક્તિવાળા, કથા સિવાયનાં અન્ય કાર્યોમાં લાલસાથી રહિત, વાણીના નિયમનવાળા, પવિત્ર તથા આકુળતા રહિત એવા શ્રોતાજનો કથાશ્રવણના પુણ્યભાગી થાય છે. (૬૭) જે જનો ગંધ પુષ્પો કે અક્ષત આદિ વડે, નમસ્કાર વડે ભક્તિભાવથી પુરાણની પૂજા કર્યા સિવાય કથાને સાંભળે છે તે દરિદ્ર થાય છે પરંતુ પાપી ન થતાં થોડા પુણ્યભાગી થાય છે. (૬૮) કથા વંચાતી હોય ત્યારે જે જનો આમતેમ આંટા મારે છે તે પુરુષોની સ્ત્રીઓ અને સંપત્તિઓ ઉપભોગ સમયે નાશ પામે છે. (૬૯) શ્રોતાજનો મસ્તક ઉપર પાઘડી વગેરે રાખીને કથા ન સાંભળે, કથામાં વીરાસનથી ન બેસે. વસ્ત્ર વડે ઢીંચણ બાંધીને કથા ન સાંભળે, સોપારી કે પાનબીડું

કે તમાલપત્ર વગેરે ખાતાં ખાતાં કથા ન સાંભળે. (૭૦) જે દંભીજનો ઊંચા આસને બેસીને કથા સાંભળે છે તે જનો સમગ્ર નરકોને ભોગવીને પછી કાગડા થાય છે. (૭૧) જે જનો સ્ત્રીઓનાં મુખો જોતાં જોતાં કથા સાંભળે છે તે નરો દારુણ નરકોને ભોગવીને ગામમાં રઝળનારા કૂતરા કે ભૂંડ થાય છે. (૭૨) અને જે માની જનો પોતાના સાથળ ઉપર પગ ચઢાવીને અહંકારપૂર્વક ભાગવત કથા સાંભળે છે અથવા સૂતાં સૂતાં કથા સાંભળે છે તે જનો મોટા અજગરો થાય છે. (૭૩) અને જે જનો વક્તાના તુલ્ય આસનવાળા થઈ કથા સાંભળે છે તે જનો ગુરુસ્ત્રીસંગ તુલ્ય મહાપાપને પામી દેહાંતે રૌરવ નરકોને પામે છે. (૭૪) ચાલુ કથામાં જે જનો પરસ્પર વ્યાવહારિક વાતો કરે છે તે દેહાંતે ગર્દભ યોનિને પામે છે અને ત્યારપછીના જન્મે કાચંડા થાય છે. (૭૫) કથા સાંભળતા છતાં વચ્ચે જે શઠ લોકો અંતરાય કરે છે તે નરો કોટિ વર્ષો સુધી નરક ભોગવીને પછી વાનરો થાય છે. (૭૬) જે જનો પુરાણોને જાણનાર પંડિતોને નિંદે છે અથવા મહાપાપાદિનો નાશ કરનારી ભગવાનની કથાની નિંદા કરે છે તે જનો સો જન્મ સુધી કૂતરા થાય છે. (૭૭) હે રાજન્ ! આ હેતુ માટે ભગવાનની કથા કહેનાર પુરાણીને જે પ્રકારે સુખ થાય તે પ્રકારે વિનયપૂર્વક (પ્રતિદિન વાંચવાના અધ્યાયસંખ્યાના નિયમથી) આદરપૂર્વક કથા સાંભળવી. (૭૮) તથા દરરોજ તેલ ચોળીને પુરાણીને સ્નાન કરાવવું તથા સુંદર, મધુર, ઘૃતાદિથી રસવાળાં અન્નો વડે ભોજન કરાવવું. (૭૯) વળી પુરાણીને સ્વરશુદ્ધિ માટે દરરોજ સવારે વસ્ત્રથી ગાળેલું અને સાકરયુક્ત ઉકાળેલું ગાયનું દૂધ શ્રોતાઓએ આપવું. (૮૦) વળી ખંડ, પર્વ, સ્કંધ અને કડી આદિની સમાપ્તિ સમયે તથા એકાદશી આદિક વ્રતના દિવસે તથા પૂર્ણિમા આદિ પર્વના દિવસોએ શ્રોતાજનોએ પોતાની શક્તિ અનુસાર વિશિષ્ટ પૂજા કરી દક્ષિણા આપવી. (૮૧) અને પુરાણની સમાપ્તિ થાય ત્યારે મહાપૂજા કરવી અને સર્વ શ્રોતાઓએ સુવર્ણ દક્ષિણા આપવી. (૮૨) રૂપાનાણું, તાંબાનાણું, વસ્ત્ર, અન્ન, અશ્વ, વાહન આ સર્વ પોતાની શક્તિ અનુસારે શ્રોતાએ પુરાણીને આપવું. જો શ્રોતા નિર્ધન હોય તો પણ કાષ્ઠ, હાથ ધોવા માટે માટી વગેરે તે પુરાણીને આપે. (૮૩) વસ્ત્રાલંકારોથી પૂજિત પુરાણીને શિબિકાદિ સુંદર વાહનમાં બેસાડી શ્રોતાઓ પુરાણીને કથાસ્થાનથી તેમના ઘેર પહોંચાડે. (૮૪) હે રાજન્ ! આ પ્રકારે પુરાણ ઉપપુરાણ ભારતાદિ ઈતિહાસ સર્વનો શ્રવણવિધિ મેં સામાન્યપણે કહ્યો. (૮૫) હે રાજન્ ! શ્રીમદ્ ભાગવત નામે પ્રસિદ્ધ જે મહાપુરાણ છે તેનો તો સૌથી અધિક ભેદ છે. કેમકે તે પુરાણ ઉપનિષદાદિ સર્વશાસ્ત્રોનું રહસ્ય હોવાથી સર્વોપરી વર્તે છે. (૮૬) શ્રી ભાગવત પુરાણનું શ્રવણ તથા તેનું પુરશ્ચરણ અથવા તેનું દાન આ લોકમાં જે જનો પોતાની શક્તિ અનુસારે વિધિપૂર્વક કરે છે તેમને અક્ષય પુણ્ય થાય છે. (૮૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! પવિત્ર બુદ્ધિવાળા તે ઉત્તમ રાજાએ આ પ્રમાણે શ્રીહરિ મહાપ્રભુજીની વાણી સાંભળી પ્રભુને નમસ્કાર કરી ફરી પોતાને જાણવાની ઈચ્છા હતી તે વિનયપૂર્વક પૂછવા લાગ્યા. (૮૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચતુર્થ પ્રકરણમાં પુરાણશ્રવણમુહૂર્ત તથા સામાન્યપણે સર્વ પુરાણ-ઉપપુરાણ શ્રવણવિધિનિરૂપણ નામનો પહેલો અધ્યાય થયો. ॥૧॥

## અધ્યાય-૨

**ઉત્તમરાજા બોલ્યા :**

હે પ્રભો ! શ્રીમદ્ ભાગવતનો પણ શ્રવણવિધિ, પુરશ્ચરણ પ્રકાર અને દાનવિધિ મને કૃપા કરી કહો. (૧) હે ભગવન્ ! આ બધું સમગ્રપણે તમે યથાર્થ જાણો છો તે નિશ્ચિત વાત છે. આથી તે સાંભળવાની ઈચ્છાવાળા મને તમો યથાર્થપણે કહેવા યોગ્ય છો. (૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રકારે ઉત્તમરાજાએ પૂછેલા પુરાતન મુનિ શ્રીહરિ મહાપ્રભુ તે જ સમયે શ્રીમદ્ ભાગવતનો શ્રવણવિધિ વગેરે ઉત્તમ રાજાને કહેવા લાગ્યા. (૩)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ઉત્તમ રાજન્ ! પોતાના મનોવાંછિત ફળને આપનાર શ્રીમદ્ ભાગવત શ્રવણ-પુરશ્ચરણાદિ વિધિ હું સારી રીતે કહીશ તે તમો સાંભળો. (૪) અલ્પ વિસ્તારવાળા અને મહત્ વિસ્તારવાળા એમ પુરાણો બે પ્રકારનાં છે તેમાં લઘુ ઉપપુરાણો જાણવાં અને મહત્ મહાપુરાણો જાણવાં. (૫) તેમાં વ્યાસ ભગવાને પોતે અઢાર મહાપુરાણો રચેલાં છે અને અન્ય ઋષિઓએ તેટલાં જ અઢાર ઉપપુરાણ રચેલાં છે. (૬) બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, શિવપુરાણ, શ્રીમદ્ ભાગવતપુરાણ, માર્કન્ડેયપુરાણ, નારદીયપુરાણ, અગ્નિપુરાણ, ભવિષ્યપુરાણ, લિંગપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, વારાહપુરાણ, સ્કંદપુરાણ, વામનપુરાણ, કૂર્મપુરાણ, મત્સ્યપુરાણ, ગરુડપુરાણ અને બ્રહ્માંડપુરાણ– આમ આટલાં અઢાર જ મહાપુરાણો કહેલાં છે. (૭-૮) હે નિષ્પાપ રાજન્ ! હવે હું તમોને ઉપપુરાણોનાં નામો કહું છું. સનત્કુમારપુરાણ, નંદીપુરાણ, નૃસિંહપુરાણ, કાપિલપુરાણ, દુર્વાસાપુરાણ, નારદીયપુરાણ, શૈવધર્મ અને માનવપુરાણ તથા બ્રહ્માંડ અને ઔશનસ તથા વારુણ અને કાલિકાપુરાણ તેમજ વાસિષ્ઠ્યાલિંગ અને વાસિષ્ઠ્યપુરાણ, માહેશ્વર અને પારાશરપુરાણ તેમજ સાંબપુરાણ અને સૌરનામક પુરાણ – આ પ્રમાણે અઢાર ઉપપુરાણ કહેલાં છે. હે રાજન્ ! બીજાં પણ મારીચ, ભાર્ગવ અને કાશ્યપ આદિ ઉપપુરાણો છે. (૯-૧૨) અને મહાભારતને મહર્ષિઓએ ઈતિહાસ કહેલો છે અને રામાયણ તો વાલ્મીક નામના મુનિએ કાવ્ય કહેલું છે. (૧૩) વેદો સહિત આ બધાં પુરાણો અને ઉપપુરાણો મધ્યે સારભૂત અને ભવરોગ માટે રસાયનરૂપ એવું શ્રીમદ્ ભાગવત નામનું પુરાણ કહેલું છે. (૧૪) નદીઓ મધ્યે જેમ ગંગા છે, દેવોના મધ્યે જેમ વિષ્ણુ છે, વૈષ્ણવોના મધ્યે જેમ શંભુ છે તેમ પુરાણોના મધ્યે આ શ્રીમદ્ ભાગવત છે. (૧૫) હે રાજન્ ! સર્વ વેદપુરાણો કરતાં શ્રીમદ્ ભાગવતનું શ્રેષ્ઠપણાનું કારણ હું તમોને કહું છું. કેમકે તે જાણવામાં તમારી રુચિ વર્તે છે. (૧૬) લોકપિતામહ બ્રહ્મા જ્યારે આ જગતનું સર્જન કરતા હતા ત્યારે બ્રહ્માજી મનુષ્યોના કલ્યાણ માટે વેદને પ્રવર્તાવતા હતા. (૧૭) પૂર્વે સત્ય આદિ યુગમાં વેદ એકરૂપ જ હતો તે સમયે કુશાગ્ર બુદ્ધિવાળા દ્વિજો અર્થ સહિત અનેક મંત્રસમૂહવાળા તે સમગ્ર વેદને ભણતા હતા. (૧૮) દ્વાપરયુગના દ્વિજો કાળના વેગથી મંદમતિવાળા થયા તેથી તેઓ સમગ્ર વેદને જાણવા અને તેનો વાચ્યાર્થ જાણવા શક્તિમાન થયા નહિ. (૧૯) ત્યારે નારાયણના અંશથી

પ્રગટ થયેલા દ્વૈપાયન શ્રી વ્યાસમુનિ વેદાર્થના જ્ઞાપનથી જ જીવાત્માઓના મોક્ષ માટે પ્રયત્ન કરતા હતા. (૨૦) મહામુનિ ભગવાન વ્યાસે એકરૂપ વેદના ઋગ્, યજુ, સામ અને અથર્વ એવા ચાર વિભાગ કર્યા અને વેદના વાચ્યાર્થને જાણવા માટે સત્તર પુરાણો સહિત મહાભારત-ઈતિહાસની રચના કરી. (૨૧) તે વ્યાસમુનિ પુરાણો અને મહાભારતમાં ચાર વર્ણ અને ચાર આશ્રમોના પાળવાના ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચાર પુરુષાર્થોને સ્પષ્ટપણે વર્ણવતા હતા. (૨૨) વળી વ્યાસમુનિ વર્ણાશ્રમીઓના આત્યંતિક કલ્યાણ માટે એકાંતિકોના ધર્મોને પણ પ્રસંગવશાત્ ક્યાંક ક્યાંક વર્ણવતા હતા. (૨૩) પછી વ્યાસમુનિએ પૈલ નામના મુનિને ઋગ્વેદના આચાર્ય કર્યા, વૈશપાયનમુનિને યજુર્વેદના આચાર્ય, જૈમિનીમુનિને સામવેદના આચાર્ય અને સુમંતુમુનિને અથર્વ વેદના આચાર્ય કરતા હતા. (૨૪-૨૫) મનુષ્યોના હિતને માટે બાદરાયણ વ્યાસમુનિએ રામહર્ષણમુનિને ઈતિહાસ અને પુરાણોના આચાર્ય કર્યા. (૨૬) સરસ્વતી નદીના તીરે શમ્યાપ્રાસ નામના આશ્રમમાં આ પ્રમાણે વેદવિભાગ કરીને પણ વ્યાસમુનિ પોતાના અંતઃકરણમાં સંતોષ પામ્યા નહિ. (૨૭) વ્યાસમુનિના અસંતોષનું કારણ હું તમોને કહું છું. હે રાજન્ ! તમો સાંભળો. લોકોના કલ્યાણને માટે પૃથ્વી ઉપર વ્યાસજીનો અવતાર છે. (૨૮) અને કલ્યાણનું કારણ તો સદ્ધર્મ કહેતાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને શ્રીહરિના માહાત્મ્ય જ્ઞાનયુક્ત ભક્તિ આ ચાર છે. (૨૯) વ્યાસજીએ આત્યંતિક કલ્યાણનું કારણ વર્ણન કર્યું તો પણ બહુ થોડા પ્રમાણમાં જ વર્ણન કરેલું છે અને તે પણ અતિ વિસ્તૃત એવા ધર્મ, અર્થ અને કામરૂપ પુરુષાર્થોથી મિશ્રિત હોવાથી ધર્મને યથાર્થપણે જાણવા માટે શક્તિમાન થવાતું નથી. (૩૦) આથી મનુષ્યો બહુ પ્રકારનાં ધર્મ, અર્થ, કામને પ્રતિપાદન કરનારાં વચનો વડે સ્વર્ગાદિ ફળદાયક કર્મોમાં જ આસક્ત હતા. (૩૧) તે સમયે વ્યાસજીએ જનકલ્યાણને માટે પુરાણાદિની રચના કરી છતાં જનકલ્યાણરૂપ ફળની ઉત્પત્તિ થઈ નહિ માટે નહિ રચેલા સમાન જ થયું. (૩૨) પુરાણાદિ રચના પણ નહિ કર્યા બરાબર થઈ ગઈ ત્યારે અંતર્યામી સાક્ષાત્ વાસુદેવ ભગવાને વ્યાસમુનિના અંતરમાં અકૃતાર્થતાની પ્રેરણા કરી તેથી મહા સંતાપ થયો. (૩૩) તે સંતાપરૂપી શોકથી વ્યાસજીનું જ્ઞાન સંકુચિત થયું. તેથી તેઓ શાંતિ પામ્યા નહિ અને અન્ય કોઈ ગ્રંથ રચવા શક્તિમાન થયા નહિ. (૩૪) પછી દયાળુ ઋષિઓના સ્વામી બદરીપતિ નારાયણે અન્યને ઉપદેશ આપવામાં નિપુણ નારદજીને વ્યાસને બોધ આપવા માટે પ્રેરણા કરી. (૩૫) વિચાર કરવા છતાં અસંતોષનું કારણ ઉપલબ્ધ નહિ થવાથી શોકાયમાન વ્યાસજીને સકલ પીડાનિવર્તક નારદજી મળ્યા. (૩૬) વ્યાસજીએ નારદજીનું પૂજન કરીને તેમને પોતાના અસંતોષનું કારણ પૂછ્યું ત્યારે સર્વજ્ઞ અને ભગવાનને પ્રિય નારદજીએ વ્યાસજીને કહ્યું. (૩૭)

**નારદજી બોલ્યા :**

હે મહામુને ! તમારો જેને માટે અવતાર છે તે કાર્ય તમે સારી રીતે સંપાદન કર્યું નથી, આથી તમારા અંતરમાં પૂર્ણકામપણું પ્રવર્તતું નથી. (૩૮) હે નિષ્પાપ મુને ! તમો જનોના આત્યંતિક કલ્યાણ માટે તમોએ રચેલા સર્વ ગ્રંથોના સારભૂત કેવળ રસરૂપ પુરાણની રચના કરો. (૩૯) અને

તે પુરાણમાં શ્રી વાસુદેવ ભગવાન તથા તેમને ભક્તોનું યશ યથાર્થપણે વર્ણવતાં તમારા અંતરમાં શાંતિ થઈ જશે. (૪૦) હાલમાં જ તમો શ્રીમદ્ ભાગવત પુરાણની રચના કરો. તેનાથી જનોને આત્યંતિક કલ્યાણ અને તમોને સંતોષની સિદ્ધિ થશે. (૪૧) આ પ્રમાણે નારાયણ શ્રીબદરીપતિની આજ્ઞા છે. હે રાજન્ ! આ પ્રમાણે વ્યાસજીને ઉપદેશ આપી નારદજી ગયા પછી વ્યાસમુનિએ સમાધિ વડે ભાગવતપુરાણને રચવા ઈચ્છા કરી. (૪૨) ઋગાદિ ચાર વેદો, મનુ આદિ સ્મૃતિઓ, ભારતાદિ ઈતિહાસો, બ્રાહ્મ આદિ સર્વ પુરાણો, શારીરિક સૂત્રો, રામાયણાદિ સર્વ કાવ્યોને મંથન કરી પોતાની બુદ્ધિથી વેદાદિના સારરૂપ અર્થને ગ્રહણ કર્યો. (૪૩) મહાયોગી વ્યાસજીએ પોતાના અનુભવની સહાયતાવાળા વેદાદિના સારે સહિત મુક્તોએ ઈચ્છેલું શ્રીમદ્ ભાગવત નામનું પુરાણ રચ્યું. (૪૪) જેમ વિષ્ણુ ભગવાને ક્ષીરસાગરમાં સર્વ ઔષધિઓને મંદરાચળ રૂપ મંથનદંડ વડે મંથન કરી અમૃતને સંપાદન કર્યું તે પ્રકારે વ્યાસજીએ શ્રીમદ્ ભાગવત પુરાણ સંપાદન કર્યું. (૪૫) હે રાજન્ ! પૃથ્વી તળ ઉપરથી શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા ત્યારે લોકોમાં પોતાના વંશે સહિત નિરાધાર ધર્મના પણ સાશ્રયભૂત આ પુરાણ જ હતું. (૪૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં પુરાણશ્રવણોત્સવે સહેતુક ભાગવતોત્પત્તિનિરૂપણ નામનો બીજો અધ્યાય થયો. ॥૨॥

●

## અધ્યાય-૩

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે રાજન્ ! સર્વ શાસ્ત્રોના સારભૂત શ્રીમદ્ ભાગવત નામના પુરાણમાં સાંખ્યશાસ્ત્રમાં કહેલા અર્થ અને યોગશાસ્ત્રમાં કહેલા અર્થ તથા બ્રહ્મસૂત્રમાં કહેલો અર્થ અને વેદાંતનો અર્થ ભગવાનની ભક્તિની વૃદ્ધિ માટે વિસ્તારથી વર્ણન કરેલ છે. (૧-૨) વાસુદેવાદિ ચતુર્વ્યૂહરૂપ પુરુષાદિ અવતાર ધારણ કરનાર શ્રીકૃષ્ણ ભગવાન નારદોક્ત પંચરાત્રતંત્રથી વર્ણવેલાં છે તે ભગવાનનું આ પુરાણમાં વર્ણન છે. (૩) તે શ્રીકૃષ્ણ સંબંધી સ્વરૂપ વિજ્ઞાન તથા ભગવાનમાં એકાંતિકી ભક્તિ તથા તે ભગવાનની પ્રસન્નતા માટે ભગવદ્ આરાધનરૂપ નૈષ્કર્મ્ય કર્મ અને ભગવાનના સંબંધ રહિત પદાર્થોમાં વૈરાગ્ય; (૪) તથા તે ભગવાનના અવતારોનાં જન્મ કર્મો તેમાં દિવ્યપણાનું જ્ઞાન અને ભગવદ્ ભક્તોમાં સુહૃદપણું; (૫) તથા આત્મસ્વરૂપ વિજ્ઞાન આ બધું મનુષ્યોને યથાર્થપણે થાય આથી તે ભગવદ્સ્વરૂપ જ્ઞાન વગેરે આ શ્રીમદ્ ભાગવત પુરાણમાં શ્રી વ્યાસમુનિએ બહુ વિસ્તારપૂર્વક વર્ણન કરેલું છે. (૬) શ્રીમદ્ ભાગવતમાં રહેલો અતિશય ગુહ્ય આ સાંખ્યસૂત્રાર્થ આદિ અર્થને સર્વ જનો જાણતા નથી. પરંતુ કેટલાક વિરલા પંડિતજનો જ જાણે છે. (૭) જે શ્રોતા અને વક્તા પોતપોતાના ધર્મમાં રહી પંચવિષયોમાં વૈરાગ્યને પામેલા છે તથા આત્મનિષ્ઠાવાળા હોય છે. (૮) તથા જે જનો નરાકૃતિ વાસુદેવ ભગવાનને જ અનંત ઐશ્વર્યથી અલંકૃત જાણીને શ્રીકૃષ્ણમાં જ નૈષ્ઠિક ભક્તિ કરે છે. (૯) હે નૃપ ! જે શ્રોતા અને વક્તા જનો શ્રીકૃષ્ણના એકાંતિક ભક્તોમાં નિષ્કપટપણે મૈત્રી કરે છે તે જનો જ આ ભાગવત-રહસ્યને જાણે છે. બીજા જનો જાણતા

નથી. (૧૦) ધર્મનિષ્ઠા આદિ લક્ષણોવાળા જનો જ ભલે લોકવ્યવહારમાં અદક્ષ હોય તથા ભલે શાસ્ત્રો ભણેલા ન હોય તો પણ ભાગવતના શ્રવણ માત્રથી જ તેના રહસ્યને જાણે છે. (૧૧) ભલે અનેક શાસ્ત્રો ભણેલા હોય, લોકવ્યવહારમાં ખૂબ દક્ષ હોય અને ગુરુપણું પણ કરતા હોય તથા જીવનપર્યંત અભ્યાસ કરતા હોય અને દરરોજ શ્રીમદ્ ભાગવતને સાંભળતા હોય તો પણ જે જનો પૂર્વે કહેલાં સ્વધર્મ નિષ્ઠાથી રહિત હોય તે જનો આ ભાગવતના રહસ્યને જાણતા નથી તથા ભગવાન શ્રીકૃષ્ણમાં એકાંતિક ભક્તિને પામતા નથી. (૧૨-૧૩) જે પુરુષો આ રહસ્યને સત્પુરુષોના મુખથી જાણીને અથવા સાંભળીને ભાગવતમાં રહેલા રહસ્ય પ્રમાણે વર્તતા નથી તે પણ અજ્ઞાનીના સમાન જ છે. આથી શ્રીમદ્ ભાગવતનું ભક્તિપૂર્વક શ્રવણ-પઠનથી સેવન કરવું. (૧૪) જે માનવો જાણે-અજાણે પણ શ્રીમદ્ ભાગવતપુરાણનું શ્રવણ કે પઠન કરે છે તે માનવો શ્રવણમાત્રથી તત્કાળ પાપથી મુક્ત થઈ જાય છે અને ફરીથી પાપ ન કરે તો ભવબંધન થકી પણ છૂટી જાય છે. (૧૫-૧૬) અત્યંત વૃદ્ધા અને બ્રહ્મહત્યાદિ મહાપાપરૂપ મહારોગવાળી તેથી જ પ્રાયશ્ચિત્તરૂપી વૈદ્યોએ ત્યાગ કરેલી, પ્રાયશ્ચિત્ત કરવામાં અશક્ત એવી સ્ત્રી માટે આ ભાગવત શ્રવણરૂપ અમૃત જ હિતકારી ઔષધ છે. (૧૭) વ્યાસજીએ સર્વોત્તમ, સર્વના સારરૂપ આ પુરાણ કરીને મનુષ્યોના કલ્યાણ માટે પોતાના પુત્ર શુકદેવજીને ભણાવ્યું. (૧૮) દયાળુ શુકદેવજીએ ગંગાતટે મહર્ષિઓની સભામાં અનશનવ્રત ગ્રહણ કરેલા રાજા પરિક્ષિતને કથા વાંચી સંભાળવવાનો આરંભ કર્યો. (૧૯) હે નરાધિપ ! ત્યારથી આરંભીને શ્રીમદ્ ભાગવતનો પૃથ્વી ઉપર આ પ્રમાણે મહિમા હોવાથી શ્રીમદ્ ભાગવતપુરાણ શ્રેષ્ઠ કહેલું છે. (૨૦) શ્રીકૃષ્ણના અંતર્ધાન થયા પછી ત્રીસ વર્ષ કળિયુગનાં ગયાં ત્યારે ભાદરવા માસમાં નવમી તિથિથી આરંભીને શુકદેવજીએ પરીક્ષિતની આગળ કથા વાંચવાનો આરંભ કર્યો. (૨૧) શુકદેવજીએ સાત દિવસોએ અર્થ-સહિત સર્વ ભાગવત પુરાણ સંપૂર્ણ કહ્યું. પૂર્વભાદ્રપદ નક્ષત્રવાળી પૂર્ણિમાના દિવસે સમાપ્ત કર્યું. (૨૨) આથી શ્રીમદ્ ભાગવત સંબંધી કથા વેદપુરાણ ઈતિહાસાદિના સારરૂપ હોવાથી અતિ ઉત્તમ છે. માટે સર્વથા સેવન કરવા યોગ્ય છે. (૨૩) જેમ દૂધમાં રહેલું ઘી જુદું પ્રાપ્ત થાય ત્યારે જ દેવોને પણ આસ્વાદ વૃદ્ધિ કરનારું થાય છે. તો પછી મનુષ્યોને થાય તેમાં કહેવું જ શું ? (૨૪) અથવા શેરડીના સાંઠામાં આદિ, મધ્ય અને અંતમાં સાકર વ્યાપીને રહેલી છે તે સાકર શેરડીથી અલગ પ્રાપ્ત થાય ત્યારે જ ઉત્તમ મિષ્ટપણાને પામે છે તેવી રીતે ભાગવતની કથા વેદાદિના સારરૂપ છે. (૨૫) કાળરૂપ મહાસર્પના મુખના ગ્રાસભૂત જગત છે. આ ગ્રાસના નાશના હેતુ માટે કળિયુગમાં શુકદેવજીએ શ્રીમદ્ ભાગવત કહેલું છે. (૨૬) મનની શુદ્ધિ માટે આ ભાગવત સિવાય અન્ય કંઈ જણાતું નથી. આવા ભાગવતના શ્રવણની ઈચ્છા તો જન્મજન્માંતરનાં પુણ્યોના ઉદયથી જ થાય; અન્યથા નહિ. (૨૭) શુકદેવજી જ્યારે પરીક્ષિત રાજાને કથા કહેવા સભામાં બિરાજમાન થયા ત્યારે ઈંદ્રાદિક દેવો અમૃતનો કુંભ લઈને તે સભામાં આવ્યા. (૨૮) સ્વકાર્યમાં કુશળ સર્વે દેવો શુકદેવજીને આદરપૂર્વક પ્રણામ કરી કહેવા લાગ્યા : હે મુને ! આ અમૃતરૂપ સુધાને ગ્રહણ કરીને જ તમો આ કથારૂપ સુધા અમને આપો. (૨૯) આ પ્રમાણે અદલાબદલી કરીને રાજા પરીક્ષિતને

અમૃત પાઓ એટલે તે અમર થશે અને અમો સર્વે કથારૂપી અમૃતનું પાન કરવા ઇચ્છીએ છીએ. (૩૦) હે રાજન્ ! દેવોએ આમ કહ્યા પછી "લોકમાં શ્રીમદ્ ભાગવતની કથા ક્યાં અને અમૃત ક્યાં - એ બેનું સમાનપણું નથી. કારણ કે ક્યાં કાચ અને ક્યાં ચિંતામણિ ?" આમ વિચારીને બ્રહ્મજ્ઞાન આપનાર શુકદેવજી દેવતાઓની સામે જોઈને હસ્યા. (૩૧) અને તે દેવતાઓને વિષયાસક્ત ચિત્તવાળા અભક્તો જાણીને શુકદેવજીએ તેમને કથામૃત આપ્યું નહિ. આમ, ભાગવતની કથા દેવોને પણ દુર્લભ છે. (૩૨) પછી રાજા પરીક્ષિતની મુક્તિ જોઈને આશ્ચર્ય પામેલા બ્રહ્મા સ્વયં સત્યલોકમાં તુલા બાંધીને પુરાણાદિ શાસ્ત્ર સમૂહને તોળવા લાગ્યા. (૩૩) અન્ય સર્વ શાસ્ત્રો હલકાં (લઘુ) થયાં અને શ્રીમદ્ ભાગવત એક જ ઘણા વજનવાળું (ગુરુ) થયું. ત્યારે સર્વ ઋષિગણો પણ આશ્ચર્ય પામી ગયા. (૩૪) તે ઋષિગણો પૃથ્વી ઉપર શ્રીમદ્ ભાગવતને શ્રીહરિની સાક્ષાત્ મૂર્તિસ્વરૂપ માનવા લાગ્યા. જે ભાગવત શાસ્ત્ર પઠન અને શ્રવણ તત્કાળે ભગવાનના ધામની પ્રાપ્તિરૂપ ફળ આપનારું છે. (૩૫) સત્યલોકમાં બ્રહ્માજીએ સર્વ શાસ્ત્રોની તુલના કરી તેમાં શ્રીમદ્ ભાગવત ગુરુ થયું અને અન્ય સર્વ શાસ્ત્રો લઘુ થયાં. આ વાત સાંભળીને સર્વ મુમુક્ષુઓ ત્રિલોકીમાં રહેનારા એક શ્રીમદ્ ભાગવતનો જ આદર કરવા લાગ્યા. બીજાનો આદર કરતા ન હતા. (૩૬) નિવૃત્તિમાર્ગના આચાર્યો કપિલ, સનક, નારદ શુકાદિ સર્વે આ જ પુરાણનો ખૂબ જ પ્રેમથી આદર કરવા લાગ્યા. (૩૭) પ્રવૃત્તિમાર્ગના આચાર્યો મરીચિ, કશ્યપ અને કર્દમ વગેરે સર્વે શ્રીમદ્ ભાગવતને સર્વ મંગલકાર્યોમાં નિત્ય આદરપૂર્વક ગ્રહણ કરતા હતા. (૩૮) શ્વેતદ્વીપના નિરન્નમુક્તો અને બદરિકાશ્રમના ઋષિજનો આ બધા પણ શ્રીમદ્ ભાગવતપુરાણને જ મુખ્યતઃ સેવવા લાગ્યા. (૩૯) તે સમયે શ્રુતિ-સ્મૃતિ-પુરાણો વગેરે આધાર રહિત થયાં અને શોકથી ક્ષીણ શરીરવાળાં થઈને બ્રહ્માજીને શરણે આવી તેમને કહેવા લાગ્યાં : (૪૦) હે દેવાધિદેવ ! હે જગત્પિતા ! તમો અમારા અધીશ્વર છો આથી અમારું મોટું દુઃખ સાંભળવા યોગ્ય છો. (૪૧) સર્વ શાસ્ત્રો કરતાં શ્રીમદ્ ભાગવતનું જ અધિકપણું હોવાથી ત્રિલોકીમાં સર્વત્ર શુભ કાર્યોમાં તેની પ્રવૃત્તિ થયેલી છે. (૪૨) હે પ્રભો ! અમોને તો કોઈપણ આદરયુક્ત દૃષ્ટિથી જોતું નથી. અને લોકમાં અમારાં નામો પણ રહેશે નહિ એવું અમને ભાસે છે. (૪૩) હે બ્રહ્માજી ! માટે જીવવાની આશાનો ત્યાગ કરીને જ તમારે શરણે આવેલાં અમારું રક્ષણ કરવા માટે તમો યોગ્ય છો. કેમકે તમો લોકોનું પાલન કરનારા છો. (૪૪) હે રાજન્ પછી શાસ્ત્રોને આશ્વાસન આપીને બ્રહ્માજી શ્રીમદ્ ભાગવતને કહેવા લાગ્યાં. હે નિષ્પાપ ! તમારે પોતાની જ્ઞાતિઓનું ઉલ્લંઘન કરવું નહિ. (૪૫) હે તાત ! પોતાનાં આ પુરાણોનો ત્યાગ કરીને તમો એકલાએ જ કોઈ સ્થળે જવું નહિ. મારું આ વાક્ય તમો પાલન કરવા યોગ્ય છો. (૪૬) ત્યારે ભાગવતે બ્રહ્માજીને પ્રણામ કરીને કહ્યું : આજ દિવસથી આરંભીને પુરાણોના મંડળમાં હું નિવાસ કરીશ. (૪૭) હે બ્રહ્મન્ ! મને પોતાને જ સર્વ શાસ્ત્રોથી અધિકપણું પ્રિય નથી. એમ તમો જાણો. પરંતુ સર્વ શાસ્ત્રોથી અધિકપણું તમોએ તોલવાથી કરેલું છે અને વ્યાસજીને અપૂર્ણકામપણાથી થયેલો સંતાપ શ્રીમદ્ ભાગવતથી શાંત થયો, અન્ય શાસ્ત્રોથી થયો નહિ. એમ સર્વ સ્થળે

વ્યાસજીએ કહેલું છે. (૪૮) હે વિભો ! હાલમાં આપની જેમ આજ્ઞા છે તે પ્રમાણે કરીશ. હે રાજન્! આ પ્રમાણે ભાગવતનું વચન સાંભળીને બ્રહ્માજી પ્રસન્ન થયા. (૪૯) બ્રહ્માએ શ્રીમદ્ ભાગવત પુરાણને પુરાણોના અનુક્રમથી શ્રવણ, દાન, પૂજન વગેરે જેમાં છે એવા પુરશ્ચરણાદિમાં પુરાણોમાં પાંચમી સંખ્યામાં તેની સ્થાપના કરી. (૫૦) તે દિવસથી આરંભીને શ્રીમદ્ ભાગવતનો સમગ્ર અર્થ જાણવાની ઈચ્છાવાળાએ વેદ-ઈતિહાસ-પુરાણો જોવાં. (૫૧) આવી રીતના પ્રતાપવાળા શ્રીમદ્ ભાગવતના આશ્રયથી સમગ્ર ભૂતલમાં પાંચમી સંખ્યા પ્રસિદ્ધ થઈ. સો, હજાર કે લાખની સંખ્યાથી પણ શ્રેષ્ઠ થઈ. કહેવાય છે ને કે - 'જ્યાં પંચ ત્યાં પરમેશ્વર' (૫૨) હે રાજન્ ! શ્રીકૃષ્ણ જેમાં સારી રીતે વિષય છે એવું આ બ્રહ્મસંમિત શ્રીમદ્ ભાગવત આ પૃથ્વી ઉપર પુણ્યશાળી પુરુષો વડે સેવન કરાય છે. (૫૩) પ્રેતની પીડા નાશ કરનારી શ્રમદ્ ભાગવતની કથા ધન્ય છે. તથા શ્રીકૃષ્ણના લોકને પમાડનારું સાત દિવસનું પારાયણ પણ ધન્ય છે. (૫૪) સપ્તાહ શ્રવણ ક્ષણે જ સર્વ પાપો, આ કથા અમારો તત્કાળ પ્રલય કરશે, અમારો મોટો ખેદ છે એમ કહીને અતિશય રુદન કરવા લાગ્યા. (૫૫) શ્રીમદ્ ભાગવતનું શ્રવણ મન વાણી કાયાથી ઉત્પન્ન થયેલું નાનું કે મોટું, જાણે-અજાણે કરેલું પાપ, જેમ અગ્નિ નાના-મોટા-વાંકા-ચૂંકા પ્રત્યેક લાકડાની પેઠે, બાળી નાખે છે. (૫૬) આ ભારતવર્ષમાં શ્રીમદ્ ભાગવતની કથાનું શ્રવણ નહિ કરનારા જનોનો જન્મ દેવસભામાં પંડિતોએ નિષ્ફળ કહ્યો છે. (૫૭) શુકદેવજીએ કહેલી શ્રીમદ્ ભાગવતની કથા વિના સુપુષ્ટ કરેલા માટે જ બલવાન, ક્ષણવિનાશી અજ્ઞાનથી પાલન કરેલા શરીરથી શું ? - કોઈપણ અર્થ નથી. (૫૮) હાડકારૂપી થાંભલાવાળું, સ્નાયુઓના બંધવાળું, માંસ અને લોહીથી લેપન કરેલું, ચામડાથી મઢેલું, દુર્ગંધીવાળું, મૂત્ર અને વિષ્ટાનું પાત્ર, જરા, શોક અને પરિણામ વડે દુઃખી તેમજ રોગોનું મોટું ઘર તેમજ અન્નજળાદિથી નિરંતર પૂરવા છતાં પણ નહિ પુરાતું, કૃતઘ્ન, વાત-પિત્ત-કફના દોષવાળું, ક્ષણવિનાશી, કૃમિ, વિષ્ટા અને ભસ્મની અંતે સંજ્ઞાવાળું એવું આ શરીર છે. આ પ્રમાણે મુનિજનોએ વર્ણવેલું છે. એવા શરીર વડે જે પુરુષ પોતાનું આત્યંતિક મોક્ષરૂપી કાર્ય સિદ્ધ કરે તે પુરુષ મહાબુદ્ધિમાન પંડિત છે. (૫૯-૬૦-૬૧) જે અન્ન પ્રાતઃકાળમાં રાંધેલું હોય તે સાયંકાળે દુર્ગંધીપણાને પામીને ભોજનયોગ્ય રહેતું નથી. તે અન્નના રસથી પોષણ પામેલા શરીરમાં નિત્યપણું ક્યાંથી હોય ? - ન જ હોય. (૬૨) કથા શ્રવણ નહિ કરનારા પુરુષ પાણીમાં પરપોટાની પેઠે અને જંતુઓમાં મચ્છરોની પેઠે કેવળ મરણ માટે જ ઉત્પન્ન થાય છે. (૬૩) જે શ્રીમદ્ ભાગવત પુરાણ નિર્મળ છે અને જે વૈષ્ણવ ભાગવત ભક્તોને પ્રીતિ કરનારું થાય છે. તથા જેમાં પરમહંસોએ પ્રાપ્ત કરવા યોગ્ય અદ્વિતીય શુદ્ધ ઉત્તમ જ્ઞાન ગવાય છે તથા જેમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સહિત નૈકર્મ્યનો આવિષ્કાર કરેલો છે તે શ્રીમદ્ ભાગવતને ભક્તિથી સાંભળનારો અને પાઠ કરનારો વિચારપરાયણ મનુષ્ય સંસારથી મુક્ત થઈ જાય છે એમાં જરાપણ સંદેહ નથી. (૬૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં પુરાણશ્રવણોત્સવમાં વિશેષપણે શ્રીમદ્ ભાગવતનું નિરૂપણ કર્યું એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

# અધ્યાય-૪

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે નૃપશ્રેષ્ઠ ! ઉત્તમ રાજા ! શ્રીમદ્ ભાગવતનું શ્રવણમાહાત્મ્ય કહ્યા પછી હવે શ્રોતાઓ માટે હિતકારી એવો શ્રવણવિધિ હું તમોને કહું છું. (૧) ધનવાન પુરુષોએ તો પોતાના ગૃહમાં જ કથાનો આરંભ કરાવવો અને નિર્ધન પુરુષોએ બધા ભેગા મળીને દેવમંદિર, નદીકિનારો કે બગીચાદિ સ્થળે કથાનો આરંભ કરાવવો. (૨) હે રાજન્ ! પોતાના દીકરાના લગ્નમાં મનુષ્યોનું ચિત્ત જેવું ઉત્સાહયુક્ત હોય તેવું જ ઉત્સાહિત ચિત્ત શ્રીમદ્ ભાગવતની કથાના પ્રારંભમાં કરવું જોઈએ. (૩) કથાની નિર્વિઘ્ન સમાપ્તિ માટે પ્રથમ સિંદૂર, દુર્વા અને ઉત્તમ ગોળના લાડુ વડે શ્રી ગણપતિનું પૂજન કરે. (૪) શ્રોતાજન જો દરરોજ અર્થ વિના કેવળ સંહિતાપાઠ સાંભળે તો ભોજનથી પહેલાં સાંભળે અને અર્થે સહિત જો સાંભળે તો ભોજન કર્યા પછી સાંભળે. (૫) હે રાજન્ ! દરરોજ જો સાંભળવાની અનુકૂળતા ન હોય તો ચાતુર્માસમાં તો અવશ્ય સાંભળે જ. (૬) શ્રીમદ્ ભાગવતના આરંભ માટે એક પોષ માસ વિના સર્વ માસો પુણ્ય આપનારા છે. અને અધિક માસ પણ પુણ્ય આપનારો છે. (૭) આ માસો પૈકી જે માસમાં પોતાના મનનું સ્વસ્થપણું હોય, તે માસમાં પાપસમૂહનો નાશ કરનાર શ્રીમદ્ ભાગવત પુરાણ સાંભળવું. (૮) અથવા કહેલા મહિનાઓ પૈકી બે માસ પર્યંત કથાને સાંભળે અથવા ભાદરવા શુદી નવમીથી આરંભીને કાર્તિકી પૂર્ણિમા પર્યંત ભાગવત કથા સાંભળે. (૯) અથવા કાર્તિક સુદી નવમીથી આરંભીને માઘ સુદી પૂર્ણિમામાં સમાપ્તિ કરે અથવા, માઘ સુદી નવમી તિથિમાં આરંભ કરી ચૈત્ર માસની પૂર્ણિમા સુધી સાંભળે. (૧૦) જ્યારે સપ્તાહ શ્રવણ કરે ત્યારે કહેલા માસોમાંથી કોઈપણ માસની નવમીથી આરંભીને પૂર્ણિમા પર્યંત સાંભળે. (૧૧) દેશાંતરોથી પોતાના જ્ઞાતિજનો કે મિત્રો વગેરે જેમને તે ભાગવત શ્રવણમાં શ્રદ્ધા હોય તેમને આરંભ દિવસથી અગાઉ તેડાવે. (૧૨) નાના દેશોમાં રહેલા વૈરાગ્યશીલ, દંભરહિત ભગવત્ ભક્ત સાધુઓ બોલાવવા માટે પત્ર લખવો. આવેલા વૈષ્ણવોને અન્નજળાદિકથી સત્કાર કરવો. (૧૩) અને પાંચ દિવસ અગાઉથી આસન, પીઠ, બિછાનાં વગેરે પ્રયત્નપૂર્વક સંપાદન કરે અને જ્યાં વિશાળ જગ્યા હોય ત્યાં કથાનું સ્થાન રાખવું. (૧૪) અતિ પવિત્ર વિશાળ સ્થાનમાં કેળના સ્તંભો, સુંદર વસ્ત્રો, ફળો અને પુષ્પોથી શોભાયમાન મનોહારી મંડપ રચવો. (૧૫) અને ચતુરપુરુષ તે મંડપમાં સ્ત્રીઓ અને પુરુષોને બેસવાનાં સ્થાનોની યથાયોગ્ય રચના કરે તથા સુંદર વ્યાસાસનની રચના કરે. (૧૬) અને તે મંડપમાં વિશાળ ઊંચા કોમળ વ્યાસાસનમાં પુરાણીને બેસાડે અને વ્યાસાસન કરતાં ઊંચા આસન-બાજોઠમાં પુસ્તક પધરાવે. (૧૭) પછી નિત્યવિધિ કરીને મુખ્ય શ્રોતા પુરાણના અધિદેવ શ્રીમદ્ ભાગવતના આકારવાળા શ્રીકૃષ્ણનું આ મંત્રોથી પૂજન કરે. (૧૮) જે પ્રથમથી લઈને દ્વાદશ પર્યંત સ્કંધો જેને જે શ્રીકૃષ્ણના હસ્તપાદાદિ દિવ્ય અવયવો કહેલા છે તે શ્રીકૃષ્ણનું હું ચિંતવન કરું છું. (૧૯) નવીન મેઘની સમાન સ્નિગ્ધ અને શ્યામસુંદર શરીર જેમનું છે એવા અનુપમ, શરદઋતુના શાંત ચંદ્રકિરણથી ઉત્તમ કાંતિ છે એવા, (૨૦) સૂર્યથી વિકાસ જેમનો છે એવા શરદઋતુના કમળોની

પ્રભાને તિરસ્કૃત કરનારાં લોચન જેમનાં છે તથા પોતાના શરીરની સૌંદર્યની શોભાઓ વડે રત્નમય અલંકારોના પણ આભૂષણરૂપ એવા (૨૧) પ્રેમથી પરિપૂર્ણ હોવાથી અતિ નિર્મલ અતિ તીરછાં એવાં ગોપીઓનાં નયનોના ખૂણાઓથી વારંવાર જોવાયેલા તથા જાણે કે ગોપીઓના પ્રાણો વડે જ નિર્મિત હોયને શું ! એવા, (૨૨) પોતાની પૂજા પરાયણ જે રાધા અને રમા તેમના નયનની જ્યોત્સ્ના છે પ્રિય જેમને એવા, ચકોર જેમ ચંદ્રને જુએ તેમ રાધા અને રમાએ જોવાયેલા, સુંદર શ્રેષ્ઠ રત્નોથી જડિત મુગટમાં ઉજ્જ્વળ તોરાઓવાળા, વિનોદાર્થે હાથમાં મોરલી ધારણ કરેલા, દેવો અને અસુરોએ સેવા કરાયેલા અને કૌસ્તુભમણિ વડે શોભાયમાન વક્ષઃસ્થળવાળા એવા તે પ્રસિદ્ધ સર્વેશ્વર અને ભાગવત સ્વરૂપ એવા શ્રીકૃષ્ણને હું ભજું છું. (૨૩-૨૪) (આ છ શ્લોકોથી શ્રીકૃષ્ણનું ધ્યાન કરી પછી ભાગવતાકૃતિ ભગવાનને નમસ્કાર કરી ધ્યાન કરું છું.) જે કલિયુગની પાપને નાશ કરવા માટે પ્રાદુર્ભાવ પામેલા શ્રીમદ્ ભાગવતાકાર શ્રીકૃષ્ણનું હું આવાહ્ન કરું છું. (૨૫) હે પ્રભો ! હે કૃષ્ણ ! સુવર્ણ અને રત્નોથી નિર્માણ કરેલું. તમારી પ્રીતિ કરનારું, મેં અર્પણ કરેલું આ સિંહાસન કૃપા કરીને ગ્રહણ કરો. (૨૬) અનન્ય ભાવથી આશ્રય કરનારા જનોને સંસારરૂપી સમુદ્રથી તારનાર એવા હે દેવેશ ! હે કૃષ્ણ ! મારા ઉપર કૃપા કરી પગ ધોવા માટે જળ (પાદ્ય) ગ્રહણ કરો. (૨૭) વિવિધ અવતારોના ચરિત્રોથી હે સાધુઓના સંકટ નાશ કરનાર ! હે શ્રીકૃષ્ણ ! ચંદન વગેરે આઠ અંગ સહિત પૂજાયોગ્ય જળ (અર્ઘ્ય) ગ્રહણ કરો. (૨૮) પોતાની ક્રીડાથી હે ગોકુળને આનંદ પમાડનાર ! હે ઈન્દ્રાદિના ગર્વને તોડનાર ! હે શ્રી વૃંદાવનના પૂર્ણ ચંદ્રમા ! હે પ્રભો શ્રીકૃષ્ણ ! તમો આચમન કરવા યોગ્ય જળને ગ્રહણ કરો. (૨૯) હે યમુના જળમાં સંચરણ કરનાર કાલીય નાગની ફણાઓને મર્દન કરનાર ! હે જળક્રીડામાં પ્રીતિવાળા ! હે કૃષ્ણ ! સ્નાન કરવા માટે જળ ગ્રહણ કરો. (૩૦) હે કૃષ્ણ ! હે નન્દનન્દન ! સુવર્ણ સમાન પીળા રંગવાળું અને તમોએ જ ધારણ કરવા યોગ્ય એવું નવું પીતાંબર આપ ધારણ કરો. (૩૧) હે દેવોના પણ નિયન્તા! ગાયત્રી મંત્રના જપ વડે ત્રણ ગ્રંથિઓથી યુક્ત સુવર્ણના તારોથી રચેલું શોભાયમાન યજ્ઞોપવીત તમો ગ્રહણ કરો. (૩૨) હે સત્પતે ! હે શ્રીકૃષ્ણ ! ભક્તિભાવથી મેં આપેલાં દિવ્ય કુંડળ, કટક અને બાજુબંધ વગેરે આ આભૂષણો આપ કૃપા કરી ગ્રહણ કરો. (૩૩) હે પ્રભો ! હે દેવકીનંદન ! કપૂરરસથી યુક્ત અને કેસર-કુંકુમથી સુશોભિત એવું સુંદર ચંદન તમો ગ્રહણ કરો. (૩૪) પ્રભો હે શ્રીકૃષ્ણ ! વિવિધ પ્રકારનાં સુગંધી પુષ્પો તથા હારો અને તોરાઓ કડાં-બાજુબંધ તથા તુલસીમાળાઓ આપ ગ્રહણ કરો. (૩૫) હે ભગવન્ ! સુગંધી દ્રવ્યો, આમલા અને નાળિયેરના તેલથી મિશ્રિત એટલા માટે જ મનોહર અને સર્વ લોકોને વાંછિત એવું વિષ્ણુતેલ (અત્તર) તમો અંગીકાર કરો. (૩૬) હે બાળક્રીડાવિનોદથી પૂતનાપ્રાણહારક ! હે કંસાદિ દુષ્ટોનું શમન કરનારા પ્રભો ! તમો ધૂપનો સ્વીકાર કરો. (૩૭) તેમજ હે ઈશ ! હે સ્વયંપ્રકાશમાન ! હે અનેક સૂર્યોને પ્રકાશિત કરનારા ! અંધકારનું નિવારણ કરનારા ! તમો દીપને કૃપાપૂર્વક ગ્રહણ કરો. (૩૮) હે વિશ્વંભરા ! મધુર, આમ્લ, લવણ, કટુ, કષાય, તિક્તરૂપ છ રસોથી મનોહર એવા વિવિધ પકવાનો નૈવેદ્ય તમો પ્રીતિપૂર્વક ગ્રહણ કરો અને મને વરદાન આપો. (૩૯) હે શ્રીહરિ ! પવિત્ર

જળ, સુગંધીવાળો અને એલાયચી તથા ગુલાબ વગેરેથી સુગંધીમાન તેમજ સર્વ જીવોના જીવનરૂપ એવું નિર્મળ જળ પીવા માટે ગ્રહણ કરો. (૪૦) હે મધુસૂદન ! નિર્મળ, સુપવિત્ર એને સુવાસિત એવું યમુના જળ ફરીથી આચમન માટે ગ્રહણ કરો. (૪૧) હે શ્રીકૃષ્ણ ! સોપારીના ચૂરાવાળું, લવિંગ-એલાયચીથી મિશ્રિત, જાયફળ-તજ આદિથી યુક્ત એવું પાનબીડું આપ સ્વીકાર કરો. (૪૨) હે મથુરાપતે ! સર્વ ફળોમાં ઉત્તમ-સુંદર અને સર્વ દેવોને પ્રિયકર એવું આ નાળિયેર ગ્રહણ કરો. (૪૩) હે દ્વારિકાધીશ ! મારાથી યથાશક્તિ અર્પણ કરાતી સુવર્ણમુદ્રા અને રૌપ્યમુદ્રા આદિ દક્ષિણાઓ આપ અંગીકાર કરો. (૪૪) હે તેજોનિધે ! હે દેવેશ ! હે કમલાપતે ! હું તમારી આરતી કરું છું. તમોને મારો નમસ્કાર હો ! હું આપને પાંચ આરાર્તિકાઓ અર્પણ કરું છું તે તમો ગ્રહણ કરો. મંત્રપુષ્પાંજલિ ગ્રહણ કરો. (૪૫) હે દેવદેવેશ ! હે શંખચક્ર ગદાધર ! તમોને મારો નમસ્કાર હો. હે કૃષ્ણ ! તમારી પ્રદક્ષિણા કરવાથી બ્રહ્માંડની પ્રદક્ષિણા થાય છે. (૪૬) સર્વજનોના ઉદ્ધાર માટે પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ પામેલા, ભાગવત્સ્વરૂપ એવા શ્રીકૃષ્ણ તમોને હું પ્રણામ કરું છું. (૪૭) હું સ્વકર્મોના પરિણામથી ભવસાગરમાં પડેલો છું. હે દેવેશ ! હે કરુણાનિધે ! તમો કૃપા કરી મારો ઉદ્ધાર કરો. (૪૮) હે જગત્પતે ! આપ શ્રીમદ્ ભાગવત નામે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જ છો. તમારા શરણે આવેલ મારા ઉપર તમો કૃપા કરો. (૪૯) હે રાજન્ ! આ પ્રમાણે ભાગવતરૂપ શ્રીકૃષ્ણનું વિધિવત્ પૂજન કરી પછી શ્રદ્ધાપૂર્વક ચંદન, પુષ્પ, હારો અને ધૂપ-દીપાદિ વડે વક્તા વ્યાસની પૂજા કરે. (૫૦) તેમજ નવીન વસ્ત્રો, અલંકારો, પુષ્પહારો અને અવતંસો વડે પૂજન કરે. પછી નમસ્કાર મંત્રથી નમસ્કાર કરીને મુખ્ય શ્રોતાપુરુષ તેમની પ્રાર્થના કરે. (૫૧) હે વ્યાસરૂપ ! હે પ્રબોધજ્ઞ ! હે સર્વ શાસ્ત્રવિશારદ ! આ કથાના પ્રકાશ વડે તમો મારા અજ્ઞાનનો નાશ કરો. (૫૨) હે ભૂપાળ ! આ પ્રમાણે વ્યાસપુરાણીની પ્રાર્થના કરીને તે શ્રોતા અન્ય બ્રાહ્મણો અને શ્રોતાઓનું યથાયોગ્ય પૂજન કરી પોતાના નિયમોથી યુક્ત થઈને શ્રીમદ્ ભાગવત પુરાણનું શ્રવણ કરે. (૫૩)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં પુરાણ-શ્રવણોત્સવમાં શ્રીમદ્ ભાગવત શ્રવણપૂજાવિધિ નિરૂપણ નામનો ચોથો અધ્યાય થયો ॥૪॥

●

## અધ્યાય-૫

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ઉત્તમ રાજન્ ! શ્રોતા અને વક્તાના હિતને કરનારા જે નિયમો પુરાણોમાં પ્રસિદ્ધ છે તે નિયમોને હું યથાર્થપણે કહું છું. (૧) સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણોના ભેદથી વક્તા અને શ્રોતાઓ ત્રણ પ્રકારના માનેલા છે. સાત્ત્વિક એવા વક્તાઓ અને શ્રોતાઓ ઉત્તમ કહેલા છે તેઓ યથોક્ત ફળભાગી થાય છે. (૨) વકતાના ગુણો કહે છે : જે વકતા પૂર્વાપર સંગતિ રહિત, સ્પષ્ટાર્થથી રહિત, અતિવિસ્તૃત, વીર-કરુણાદિ રસે રહિત, પદચ્છેદથી રહિત, શ્લોકમાં આવેલા ભાવને કહેવા વગર, ઉત્સાહથી રહિત, ગ્રંથને વાંચે તથા જે યથાર્થ બોધ નહીં હોવાથી, પોતાના મનમાં આવે તેમ કહેવાથી ગ્રંથને દૂષિત કરનાર, ક્રોધ કરનાર, અપ્રિયવાદી, લોભી, સ્ત્રીઓને

જોનાર, જે વકતા ગ્રંથના વાચ્યાર્થને સારી રીતે નહિ જાણનાર, અને ભગવાનની ભક્તિથી રહિત કથા વાંચનાર તમો ગુણપ્રધાન જાણવો-તેને અધમ કહેલો છે. (૩-૪-૫) જે વકતા સ્પષ્ટ અક્ષર અને પદોવાળું, શાંત અને ક્યારેક અતિ લાંબું, કાલ અને સ્વરોથી યુક્ત, રસ અને ભાવથી રહિત અસંગ જેમ હોય તેમ, જે વાંચનાર વાંચે અને ક્યારેક લોભી, ક્યારેક ક્રોધી, રસાસ્વાદમાં અને વસ્ત્રાલંકાર ધારવામાં રુચિવાળો જે વાચક ભગવદ્ ભક્ત હોય તો પણ ગ્રંથના અર્થને બરાબર નહિ જાણનારો તે વાચક રજોગુણ- પ્રધાન જાણવો. આને મધ્યમ કહેલો છે. (૬-૭-૮) જે વકતા વર્ણન કરવામાં જ્યાં જે હાસ્ય-અદ્‌ભુતાદિ રસ હોય તે રસનું વર્ણન કરવાપૂર્વક અને સુંદર સ્વરાલાપયુક્ત તથા ધીરજતા સહિત અને ભાવથી સમન્વિત, તથા સ્પષ્ટ અક્ષરાભેદે સહિત, ઉત્સાહપૂર્વક, અતિ વિસ્તારે રહિત, શાંતપણે જેમ હોય તેમ ગ્રંથવાંચન કરે તથા જે શ્રદ્ધાવાળો, દ્દઢ નિશ્ચયવાળો, સંપ્રદાયના અધ્યયનવાળો, ગ્રંથના સંપૂર્ણ અર્થનો જાણકાર અને જે જિતેન્દ્રિય, સારા સ્વભાવવાળો, સારી વર્તણૂંકવાળો, દુરાગ્રહથી રહિત, સત્યાર્થ કહેનાર, શાસ્ત્રાનુસારે પ્રત્યુત્તર આપનાર, શ્રોતાઓને ઉપદેશ આપવામાં કુશળ અને જે દૈવઈચ્છાથી પ્રાપ્ત થયેલાથી સંતોષી, દયાળુ, અલંકારે રહિત, કોમળ સ્વભાવવાળો, શાંત, ભગવાનની ભક્તિવાળો અને લોકાપવાદથી રહિત, પ્રતિગ્રહ નહિ લેનારો, કામ-ક્રોધ-લોભને જીતનારો, સ્પૃહારહિત, મિત્રભાવવાળો, મહાધીરજવાળો, સારા આચારવાળો, નિષ્કપટ, અકિંચન, ભગવાન સિવાય અન્યને અધિક નહિ માનનારો તથા પરોપકારી વક્તા સત્ત્વગુણ પ્રધાન અને ઉત્તમ માનેલો છે. (૯ થી ૧૪) સાત્ત્વિક લક્ષણવાળો શ્રીમદ્ ભાગવતનો બુદ્ધિમાન વક્તા પ્રતિદિન પ્રાતઃકાળમાં ઊઠીને પોતાના સ્નાન-સંધ્યાદિક નિયમોને કરે. (૧૫) ત્યારપછી વકતા શ્રોતાઓ દ્વારા બોલાવ્યો થકો કથામંડપમાં જાય અને હાથ-પગ-મુખનું પ્રક્ષાલન કરી ત્રણ વાર આચમન કરે. (૧૬) પછી ધોયેલ શ્વેતાંબર ધારણ કરેલો વક્તા, હૃદયમાં સદ્‌ગુરુ શ્રીહરિનું સ્મરણ કરતો થકો વિપ્રો અને સંતોને નમસ્કાર કરી શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરે. (૧૭) પછી વિનયપૂર્વક પોતાના પૂજ્ય ગુરુની આજ્ઞાથી ઉત્તરાભિમુખે અથવા પૂર્વાભિમુખે વ્યાસાસન ઉપર વિરાજમાન થાય. (૧૮) તે સમયે શ્રોતાઓએ પૂજા કરાયેલ વકતા પ્રથમ મંગળાચરણને કરે. 'य प्र वजन्तं' 'यः स्वानु भवं', 'नारायणं नमस्कृ त्य' આ ત્રણ શ્લોક બોલે. (૧૯) ત્યારપછી 'ષ્ક્રિપ્ભ્ મ્ધ' આ શ્લોક બોલીને પછી પોતાના ઈષ્ટદેવના ગુણચરિત્રોના શ્લોકો બોલીને શ્રીમદ્ ભાગવત પુસ્તકને નમસ્કાર કરી પછી આ શ્લોક બોલે. (૨૦) હે દેવદેવ ! હે ઈશ ! હે નારાયણ ! હે જગત્પતે ! તમારું ચિંતવન કરી હું મંગળકારી એવી કથા કહીશ. (૨૧) આ પ્રમાણે શ્લોક બોલીને બુદ્ધિમાન વકતા કથા વાંચે. સાધુઓ અને વિપ્રોને જોઈને શ્લોકનો અર્થ કરે, શ્રવણ માટે આવેલી સ્ત્રીઓની સામે જોઈને અર્થ કરે નહિ. (૨૨) હે રાજન્ ! જે અધ્યાયના અંતે સમાપ્તિ સંમત ન હોય તે તે અધ્યાયે વિરામ ન કરે. સમાપ્તિ માટે નિષિદ્ધ અધ્યાયોને પણ હું તમોને કહું છું. (૨૩) પ્રથમ સ્કંધમાં પહેલો, આઠમો, દસમો, ચૌદમો અને સોળમો અધ્યાય વિરામ માટે નિષેધ કરેલા છે. (૨૪) બીજા સ્કંધમાં ત્રીજો અને આઠમો આ બે અધ્યાયો વિરામમાં નિષેધ કરેલા છે. (૨૫) હે રાજન્ ! ત્રીજા સ્કંધમાં પહેલો, સાતમો, દસમો, અઢારમો અને

ત્રેવીશમો આટલા અધ્યાયો બુદ્ધિમાનોને વિરામમાં સંમત નથી. (૨૬) ચોથા સ્કંધમાં પહેલો, ત્રીજો, દસમો, સત્તરમો અને અઠ્ઠાવીશમો આટલા અધ્યાયો મનુષ્યોને વિરામમાં મંગળકારી નથી. (૨૭) પાંચમા સ્કંધમાં પાંચમો અને તેરમો અધ્યાય સમાપ્તિમાં નિષેધ કરેલા છે તથા છઠ્ઠા સ્કંધમાં પહેલો, પાંચમો, છઠ્ઠો ને દશમો આટલા અધ્યાયના અંતમાં વિશ્રાંતિ કરવી નહિ. (૨૮) સાતમા સ્કંધમાં પહેલો, ચોથો અને છઠ્ઠો અધ્યાય તથા આઠમા સ્કંધમાં પહેલો, બીજો, આઠમો, દશમો અને એકવીશમો અધ્યાય વિરતિમાં નિષિદ્ધ છે. (૨૯) હે રાજન્ ! ત્યારબાદ નવમા સ્કંધમાં પહેલો, ચોથો, દશમો અને પંદરમો આટલા અધ્યાયો મુનિજનોએ વિરામમાં નિષેધ કરેલા છે. (૩૦) હે રાજન્ ! દશમ સ્કંધમાં પહેલો, નવમો, દસમો, બાવીશમો, ઓગણત્રીસમો, ત્રીસમો, એકત્રીશમો, બાસઠમો, અડસઠમો, સત્યોતેરમો આ અધ્યાયો છ પુરાણીઓ(ત્રય્યાત્રૃણ, કશ્યપ, સાવર્ણિ, વિશંપાયન અને હારિત)એ વિશ્રામમાં નિષેધ માનેલા છે. (૩૧-૩૨) એકાદશ સ્કંધમાં દશમો, બાવીશમો અને ત્રીશમો આ અધ્યાયો નિષેધ કરેલા છે. બારમા સ્કંધમાં કેવળ નવમો અધ્યાય નિષેધ માનેલો છે. આ પ્રકારે વિશ્રામમાં નિષેધ કરેલા અધ્યાયો મેં તમને કહ્યા. (૩૩) આ નિષેધ કરેલા અધ્યાયોના અંતે પુરાણીએ વિશ્રામ ક્યારેય કરવો નહિ. પ્રતિદિન એક અધ્યાયના પાઠવાળા નિયમધારી જનોએ પણ આ વિધિ કરવાનો છે. માટે તે તે અધ્યાયે કથાની સમાપ્તિ કરવી નહિ. (૩૪) માસ અને પક્ષ આદિમાં નિશ્ચિત જે દિનસંખ્યા તેના અનુરૂપ જ નિત્યે અધ્યાયોને વાંચે ત્યારબાદ સમાપ્તિ કરે. (૩૫) અને કથાના અંતે એક મુહૂર્ત અથવા એક ઘડી પર્યંત ભગવન્નામસંકીર્તન કર્યા પછી પુરાણી વ્યાસાસનથી ઊતરે. (૩૬) અને ફરીથી પોતાના ગુરુ વગેરેને નમસ્કાર કરી પછી તે વિદ્વાન વકતા પોતાને ઘેર જાય. કથાની સમાપ્તિ પર્યંત દરરોજ આ પ્રમાણે આચરણ કરે. (૩૭) પાપથી ડરનાર પુરાણી કથાના આરંભ દિવસથી માંડીને સમાપ્તિદિન પર્યંત કથાના શ્રોતાઓ સિવાય અન્ય માણસનું અન્ન તથા ગોદાનાદિ દાન ગ્રહણ ન કરે. (૩૮) અને શ્રોતાજનો પોતાને માટે પર્યાપ્ત અન્ન જો દરરોજ ન આપે ત્યારે તો બીજાએ આપેલું અન્ન સ્વીકારવામાં દોષ નથી. (૩૯) સપ્તાહ પારાયણમાં કે દશાહ, પક્ષ અને માસ પારાયણમાં પણ આ દ્વિજ વકતાપુરુષ - હવિષ્યાન્નને જમનારો થાય. (૪૦) અને વાયુજનક વાલ, વટાણા, તુવેરદાળ, વગેરે ન જમે તથા અતિભોજન પણ ન કરે તથા રોગકારી શાકાદિ ન જમે તેમજ તેલ-મરચાં વગેરે સ્વર-પ્રતિરોધકનો પુરાણી ત્યાગ કરે. (૪૧) બ્રહ્મચર્ય અને અહિંસા, સત્ય, ચોરી ન કરવી—આ બધાનું પાલન કરે અને કથામાં વિઘ્ન કરનારું કર્મ પુરાણી ક્યારેય ન કરે. (૪૨) હે ઉત્તમ રાજન્ ! આ પ્રમાણે પુરાણવકતાનાં લક્ષણો મેં તમોને કહ્યા તથા સર્વ યમ-નિયમો પણ કહ્યા. હાલમાં શ્રીમદ્ ભાગવતના શ્રોતાજનોનાં લક્ષણો અને તેમણે પાલન કરવા યોગ્ય નિયમો હું તમોને કહીશ. (૪૩)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં પુરાણશ્રવણોત્સવમાં ભાગવતશ્રવણમાં વકતાનાં લક્ષણ અને નિયમો કહ્યા એ નામે પાંચમો અધ્યાય થયો. ॥૫॥

●

## અધ્યાય-૬

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે ઉત્તમ રાજન્ ! જે શ્રોતા શ્રદ્ધા અને ભક્તિથી રહિત હોય, અતિશય લોભી અને દોષદૃષ્ટિવાળો હોય, તર્કવાદ પરાયણ હોય, ગુણોમાં દોષોનું આરોપણ કરતો હોય, પર્વાદિ પુણ્ય દિવસોમાં કે સમાપ્તિના દિવસે પણ પુરાણીને દક્ષિણા ન આપે, જે ઉત્તરને અયોગ્ય એવા અશાસ્ત્રીય પ્રશ્નો કરે- આવો શ્રોતા તામસ ગુણપ્રધાન અધમ કહેલો છે. (૧-૨) જે શ્રોતા અશ્રદ્ધાળુ હોવા છતાં પણ કથાશ્રવણમાં શ્રદ્ધાવાળા જનોના પ્રસંગથી કથા સાંભળે, સો મુદ્રાદાનની જગ્યાએ દશ મુદ્રાઓ આપે, પોતાની પંડિતાઈ જણાવે, જે દાંભિક, અન્યના ઉત્કર્ષને સહન નહિ કરનારો, માની, અસ્થિર આસનવાળો, ક્ષણમાં રાજી થાય અને ક્ષણમાં કુરાજી થાય તે શ્રોતા રજોગુણ પ્રધાન મધ્યમ કહેલો છે. (૩-૪) જે શ્રોતા બધા કાર્યોનો ત્યાગ કરીને ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક વિનયયુક્ત થઈને નિત્ય પુરાણને સાંભળે, જે શ્રોતા દરરોજ વક્તાનું પૂજન કરે તથા યથાસમયે દક્ષિણા આપે, સર્વ શ્રોતાજનો પ્રત્યે આદર રાખે, જે નિર્મત્સર હોય, વળી જે ભગવાનમાં પ્રેમવૃદ્ધિની ઈચ્છાવાળો હોય કથાશ્રવણમાં આદરવાળો, જે એકચિત્તે કથાને સાંભળે તે શ્રોતા સાત્ત્વિક અને સર્વોત્તમ કહેલો છે. (૫-૬-૭) સાત્ત્વિક લક્ષણે યુક્ત શ્રોતા પુસ્તક અને પુરાણી બન્નેનું વિધિપૂર્વક પૂજન કરી કથાને સાંભળે. (૮) શ્રોતા ઉઘાડે માથે અને લાંબા પગ કરીને કથા ન સાંભળે, કથાના સ્થાનથી બીજે જાય નહિ, સોપારી વગેરે ચાવે નહિ, પવિત્રતાયુક્ત, મૌનવ્રત રાખીને કથા સાંભળે. (૯) શ્રોતા વીરાસનમાં ન બેસે. જ્યાં ત્યાં આજુબાજુ ચકળવકળ જુએ નહિ, પરસ્પર ગ્રામ્યવાર્તા ન કરે અને કથામાં એકાગ્ર મનવાળો થાય. (૧૦) અને શ્રોતાને જો શંકા ઉદ્ભવે તો નમન કરી ધીરે રહીને વક્તાને પૂછે અને સભામાં હાથ-પગ-નેત્ર વગેરેનું ચપળપણું ન કરે. (૧૧) અને ઈન્દ્રિયો જીતવા પૂર્વક બ્રહ્મચર્ય, સત્ય, અહિંસા, શૌચ વગેરે નિયમોનું પાલન કરે અને સ્કંધની સમાપ્તિ સમયે તથા ઉત્સવાદિ દિવસોએ વક્તાને યથાશક્તિ દક્ષિણા આપે. (૧૨) હે નરાધિપ ! સ્કંધ-સ્કંધની સમાપ્તિમાં સો સો બ્રાહ્મણોને જમાડે અને તેમને યથાશક્તિ દક્ષિણા આપે. (૧૩) સ્કંધની સમાપ્તિમાં સો બ્રાહ્મણોને જમાડવામાં અશક્ત પુરુષ પુરાણની સમાપ્તિ સમયે એકસો બ્રાહ્મણોને તેમને પ્રિય ભોજનો વડે જમાડે અને દક્ષિણાઓ વડે પ્રસન્ન કરે. (૧૪) કથાના આરંભના દિવસે પ્રથમ ગણપતિનું પૂજન કરી ગાયત્રીજપ માટે એક બ્રાહ્મણનું વરણ કરે. (૧૫) આ બ્રાહ્મણ કથાની સમાપ્તિ પર્યંત દરરોજ ત્રણહજાર ગાયત્રીમંત્રનો જપ કરે તથા અન્ય પાંચ વૈષ્ણવ બ્રાહ્મણો પણ વરણ કરવા જોઈએ. (૧૬) દ્રઢ વ્રતવાળા તે પાંચ બ્રાહ્મણોએ ભગવાન વાસુદેવને સારી રીતે પ્રસન્ન કરવા માટે દરરોજ દ્વાદશાક્ષરમંત્રના પાંચ પાંચ હજાર જપ કરવા જોઈએ. (૧૭) જપીયા બ્રાહ્મણોને પણ શ્રોતા અન્નવસ્ત્ર આપે, કથાને અંતે દક્ષિણા આપે તથા અન્ય શ્રોતા એવા બ્રાહ્મણોને પણ મુખ્ય શ્રોતા યથાશક્તિ દક્ષિણા આપે. (૧૮) હે નૃપ ! વારંવાર મળમૂત્ર કરવા જવું ન પડે એટલા માટે અલ્પાહાર સુખકારી થાય છે. આથી શ્રોતાજન એક જ વાર હવિષ્યાન ભોજન કરે. (૧૯) સપ્તાહ પારાયણમાં સાત દિવસ પર્યંત ઉપવાસ કરવા જોઈએ. અશક્ત પુરુષ ફૂલાહાર કરે

અથવા દૂધપાન કરે. (૨૦) અથવા મીઠા વગરનું અન્ન જમે અથવા શ્રોતા એકવાર જમે. વધારે શું કહેવું ? પણ જે સૂખપૂર્વક થઈ શકે તેવું હોય તે શ્રોતાએ કરવું. (૨૧) જો ઉપવાસ કથામાં વિઘ્ન કરનારો થાય તો તે શ્રેષ્ઠ માનેલો નથી. જો કથાશ્રવણમાં અન્નભોજન કથા સાંભળવામાં અનુકૂળ હોય તો ભોજન શ્રેષ્ઠ છે એમ હું માનું છું. (૨૨) જો ભગવાનની અચળ પ્રતિમા ન હોય તો કથાના આરંભ સમયે શ્રોતા વક્તાની આગળ દરરોજ ચલ પ્રતિમા સ્થાપન કરે. (૨૩) સપ્તાહ પારાયણમાં શ્રીહરિની સુવર્ણ પ્રતિમા કરાવીને સાત દિવસ વક્તાની આગળ સ્થાપન કરી નિત્ય પૂજન કરે. (૨૪) કથાની સમાપ્તિ પછી દક્ષિણાઓ સહિત તે મૂર્તિ પાત્ર બ્રાહ્મણને આપે અને આ પ્રમાણે કરવા અસમર્થ પુરુષ તો એકાગ્ર થકો યથાશક્તિ વિધિને કરે. (૨૫) સાત દિવસની પારાયણમાં પ્રાતઃકાળે કથાનો આરંભ કરવો અને સાડા ત્રણ પહોર પર્યંત કથા વાંચવી અને મધ્યાહ્ને બેઘટિકા વિશ્રાંતિ કરવી. (૨૬) મધ્યાહ્ને પુરાણી જ્યારે આરામ કરે ત્યારે શ્રોતાજનોએ બેઘડી સુધી શ્રીકૃષ્ણ ભગવાનનું નામસંકીર્તન કરવું. (૨૭) ભાગવતની સમાપ્તિ થાય ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહેલી ગીતા અર્થે સહિત અથવા મૂળમાત્ર પણ સાંભળવી. ગીતા ચારે પુરુષાર્થને પૂરનારી છે. (૨૮) સમાપ્તિના દિવસે પોતાની સંપત્તિ અનુસાર શ્રોતાએ મહાપૂજા કરવી અને સર્વ શ્રોતાજનોએ પણ વક્તાનુ યથોચિત પૂજન કરવું. (૨૯) મુખ્ય શ્રોતા નવીન રેશમી વસ્ત્રો, કુંડળ, કડાં, મુદ્રિકા, બાજુબંધ વગેરે તથા સોળ માસાનો એક સુવર્ણ એવા સહસ્ર સુવર્ણરૂપ દક્ષિણા વક્તાને આપે. (૩૦) અને આ પ્રમાણે કરવામાં અસમર્થ શ્રોતા એક્સોને આઠ સુવર્ણ આપે અને તેમાં પણ અસમર્થ હોય તો તેથી પણ અડધું આપે. (૩૧) અન્ય શ્રોતાજનો પણ વસ્ત્ર-અલંકાર અને દક્ષિણાઓ આપે અથવા ગૃહસ્થધર્મને ઉપયોગી વાસણ વગેરે વસ્તુઓ આપે. (૩૨) અલ્પધનવાળા શ્રોતાઓ વક્તાને જુદી જુદી દક્ષિણાઓ આપે. એક માસા સુવર્ણ કે એક રૂપિયો આપે એમ મહર્ષિઓએ કહેલું છે. (૩૩) પછી મુખ્ય શ્રોતા મંત્ર બોલીને એક પલ સુવર્ણથી તુલિત સોનાના સિંહને પૂજીને વક્તાને આપે. (૩૪) **સિંહદાનનો મંત્ર** : મહા વનો અને સાધારણ વનોથી અને દુર્ગમ માર્ગમાં ચોર અને સર્પોવાળા માર્ગમાં સિંહદાનના પ્રભાવથી હિંસક જંતુઓ મને મારે નહિ. (૩૫) હે રાજન્ ! પૂર્વે પરીક્ષિત રાજાએ સર્પદંશથી થનાર અપમૃત્યુથી થનારી ભૂતપ્રેતાદિ અસદ્‌ગતિની નિવૃત્તિ માટે સુવર્ણસિંહને આપ્યો. (૩૬) શીંગડાવાળા અને દાઢોવાળા વગેરે હિંસક પ્રાણીઓના સ્વામી સિંહ જ છે. આથી સિંહદાન કરનારને અપમૃત્યુના સંભવવાળી અસદ્‌ગતિ થાય નહિ. (૩૭) પછી પુરાણીને વધુ દૂધવાળી ગાય પ્રયત્નપૂર્વક આપવી, પછી ગાયત્રીમંત્ર તથા દ્વાદશાક્ષર મંત્રથી જપના દશાંશથી જ હોમ કરવો. (૩૮) દૂધપાકયુક્ત ઘૃત દ્રવ્યથી હોમ કરે પછી પુરુષ ભૂરાદિ વ્યાહુતિથી તલ ડાંગર એ દ્રવ્યોથી વિધિ પ્રમાણે હોમ કરે. (૩૯) જો હોમ કરવાની અનુકૂળતા ન હોય તો હોમમાં વાપરવા જેટલું ધન બ્રાહ્મણને આપે. આમ, કરવાથી સંપૂર્ણ ફળ મળે. તેમાં સંદેહ નથી. (૪૦) હે નૃપ ! શ્રીમદ્ ભાગવતના શ્રવણમાં વિશેષ વિધિ તમોને કહ્યો. પૂર્વે સામાન્યપણે પુરાણ શ્રવણ પ્રકરણમાં કહેલો અન્ય વિધિ પણ આ સપ્તાહ પારાયણ પ્રકરણમાં તમોએ જાણવો. (૪૧) હે ભૂમિપતે ! આ વિધિપૂર્વક જે મનુષ્યો આ શ્રીમદ્

ભાગવતને સાંભળે છે તે મનુષ્યો અગાઉ કહેલા સર્વ પોતાના ઈચ્છિત ફળને આ લોકમાં અને પરલોકમાં અવશ્ય પામે છે. (૪૨)

ઈતિશ્રી સંત્સગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં પુરાણશ્રવણોત્સવે ભાગવત શ્રવણવિધૌ શ્રૌતૃધર્મનિરૂપણ નામનો છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

●

## અધ્યાય-૭

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભૂપતે ! શ્રીમદ્ ભાગવતના દાનનો વિધિ તમોને કહું છું. જે દાનવિધિ કરવાથી પૃથ્વી ઉપર શ્રીમદ્ ભાગવતના દાન કરનારાઓને સંપૂર્ણ ફળસિદ્ધિ થાય. (૧) ભાગવતના દાનમાં ભાદરવા માસની પૂર્ણિમા મુખ્ય સમય કહેલો છે. અથવા દરેક પૂર્ણિમાઓ અને વ્રતોત્સવના દિવસો પણ તેના દાન માટેના સમયો કહેલા છે. (૨) પ્રથમથી મજબૂત કાગળ, સ્પષ્ટ અક્ષરવાળું, તથા પરસ્પર લખાણની પંક્તિઓ એકબીજા ઉપર મળી ગયેલી ન હોય તેવું નવીન ભાગવત લખાવે. (૩) નવીન લખાયેલું ભાગવત પુસ્તક શોધાવીને નવીન પાટિયાવાળું, રેશમી ચોરસ વસ્ત્ર વડે બાંધેલું સુવર્ણસિંહાસન ઉપર સ્થાપન કરવું. આ શ્રીમદ્ ભાગવતનું લક્ષણ તમોને હું કહું છું. (૪) શ્રીકૃષ્ણ પરમાત્માના સ્વરૂપને પ્રતિપાદક છઠ્ઠભક્ષપ્મમણઅ વેદાંતસૂત્રોથી અને તેવી જ રીતે ગાયત્રીએ કરીને જેનો આરંભ હોય તે ભાગવત સમજવું. (૫) જેમાં વૃત્રાસુરનો વધ સવિસ્તર વર્ણવ્યો હોય અને જે શુકદેવે કહેલું હોય તે ભાગવત જાણવું. (૬) જેના અઢાર હજાર શ્લોકો કહેલા છે અને જેમાં બ્રાહ્મકલ્પ, વારાહકલ્પ અને પાદ્મકલ્પની ઉત્તમ કથાઓ છે. (૭) અને હયગ્રીવસ્વરૂપ વાસુદેવ ભગવાને જે કહેલી છે તે નારદ પંચરાત્ર-અર્થરૂપા બ્રહ્મવિદ્યા જેમાં રહેલી છે. (૮) જે આદિ મધ્ય અને અંતમાં વૈરાગ્યના આખ્યાનેયુક્ત શ્રીકૃષ્ણનાં લીલાચરિત્રો જેમાં છે એવી કથાઓના સમૂહરૂપી અમૃતથી આનંદિત કરેલા છે સાધુઓ દેવો જેમણે એવું શ્રીમદ્ ભાગવત છે. (૯) હે નૃપ ! વાસુદેવ પરાયણ શ્રીમદ્ ભાગવતને તેના દાનના દિવસે સુંદર સુવર્ણમય સિંહાસન ઉપર સ્થાપન કરે. (૧૦) પૂર્વે પરીક્ષિત રાજાએ તો પુસ્તક માટે વિવિધ રત્નો જડેલું સુવર્ણનું સિંહાસન કરાવ્યું હતું. (૧૧) તે સિંહાસન ઉપર શ્રીમદ્ ભાગવતને સ્થાપન કરી ભગવાન શુકદેવે સાત દિવસ સુધી તેનું વ્યાખ્યાન કરીને સાતમે દિવસે શ્વેતદ્વીપ સિધાવ્યા હતા. (૧૨) નિર્લોભી અને સ્પૃહારહિત શુકદેવજી ત્યાંથી ગયા પછી પરીક્ષિત રાજાએ સોનાના સિંહાસનમાં સ્થાપેલા ભાગવતનું પૂજન કરીને તે શ્રીમદ્ ભાગવત કૃપાચાર્યને આપ્યું અને દક્ષિણામાં એક લાખ સુવર્ણો આપીને રાજા વૈકુંઠધામને પામ્યા (૧૩-૧૪) પરીક્ષિતે કર્યું તેમ કરવામાં અસમર્થ પુરુષ શઠતાથી રહિત થઈને પોતાની શક્તિ અનુસારે સુંદર સોનાનું સિંહાસન કરાવે. (૧૫) તેમાં પણ અશક્ત માનવ તો ત્રણ પળ સુવર્ણનું એક પત્ર બનાવે અને તેના ઉપર શ્રીમદ્ ભાગવતના પુસ્તકની સ્થાપના કરે. (૧૬) તેથી પણ અલ્પ ધનવાળો પુરુષ અર્ધપળ સુવર્ણનું એક પત્ર બતાવે અને પત્ર ઉપર સિંહનું ચિત્ર દોરી તેની ઉપર પુસ્તક સ્થાપન કરે. (૧૭) પછી ઉદારબુદ્ધિ પુરુષ યથાપ્રાપ્ત વસ્ત્ર પુષ્પાદિ

ઉપચારો અને અગાઉ કહેલા મંત્રો વડે ગીતવાજિંત્ર વગાડવાપૂર્વક શ્રીમદ્ ભાગવતની પૂજા કરે. (૧૮) પછી મુખ્ય શ્રોતાજન શ્રીમદ્ ભાગવતમાં સ્નેહવાળો અને ભગવદ્ ભક્ત, જિતેન્દ્રિય, પ્રતિગ્રહિતા બ્રાહ્મણની પૂજા કરે. (૧૯) નવીન રેશમી વસ્ત્રો, સુવર્ણમય, મણિમય અને મુક્તામય આભૂષણો; ગંધ, પુષ્પો અને ઉપહારો વડે તે બ્રાહ્મણની પૂજા કરી પ્રણામ કરે. (૨૦) દાતા પૂર્વાભિમુખ બેસે અને ગૃહીતા ઉત્તરાભિમુખ બેસે. ત્યારબાદ સંકલ્પ કરી (નિમ્ન લિખિત) મંત્રોનું ઉચ્ચારણ કરતો થકો શ્રીમદ્ ભાગવતનું દાન કરે. (૨૧) (હવે ત્રણ શ્લોકથી મંત્રો કહે છે.) આ દાન વડે કરીને અનેક કોટિ જન્મોથી ઉત્પન્ન થયેલું અને કૃષ્ણભક્તિમાં અંતરાયરૂપ એવું મારું સઘળું પાપ નાશ પામો. (૨૨) વેદતુલ્ય એવા દિવ્ય ભાગવતને હું ઉત્તમ બ્રાહ્મણ માટે આપું છું આથી વાસુદેવ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. (૨૩) આ દાનના પ્રતાપથી મને કદાપિ કૃષ્ણવિયોગ ન થાઓ તથા તે ભગવાનના સંતોનો પણ વિયોગ ન થાઓ અને શ્રીહરિ મહાપ્રભુ પ્રસન્ન થઈ મારું ઇચ્છિત પૂર્ણ કરો. (૨૪) તે દાતા આ મંત્રોનું ઉચ્ચારણ કરી શ્રીમદ્ ભાગવત બ્રાહ્મણને અર્પણ કરી પછી એક હજાર સુવર્ણ (સોળ માસા=એક સુવર્ણ)નું દાન આપે. અથવા એકસો સુવર્ણ અથવા એક હજાર રૂપામુદ્રા કે સો રૂપામુદ્રાઓની દક્ષિણા આપે. (૨૫) દાનદક્ષિણામાં અતિ આગ્રહ નથી પરંતુ શક્તિ મુજબ અવશ્ય દક્ષિણા આપે. ત્યાર પછી દક્ષિણાને અનુરૂપ મુખ્ય શ્રોતા બ્રહ્મભોજન કરાવે. (૨૬) જે મનુષ્ય આ પ્રમાણે વિધિપૂર્વક શ્રીમદ્ ભાગવતનું દાન કરે છે તે પ્રકાશમાન વિમાનમાં બેસીને વૈકુંઠને પામે છે. (૨૭) અને વૈકુંઠમાં સર્વ મનોવાંછિત ભોગો ભોગવે છે. ભાગવતદાન કરનાર મનુષ્યને પ્રભુપ્રસન્નતાથી કંઈ પણ દુર્લભ નથી. (૨૮) શ્રીમદ્ ભાગવતના દાનથી પુત્રરહિત પુરુષ પુત્રને પામે છે, અને નિર્ધન પુરુષ ધન પ્રાપ્ત કરે છે, અને વિદ્યાની કામનાવાળો વિદ્યા મેળવે છે. (૨૯) હે ઉત્તમ નૃપતે ! આ પ્રકારે શાસ્ત્રમાં દર્શાવેલો ભાગવત દાનનો વિધિ મેં તમોને કહ્યો. આ લોકમાં ભાગવતદાનવિધિ આચરનાર પુરુષને આ લોકમાં કે પરલોકમાં કોઈપણ મનોકામના અધૂરી રહેતી નથી. (૩૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચતુર્થ પ્રકરણમાં પુરાણશ્રવણોત્સવમાં શ્રીમદ્‌ભાગવતદાનવિધિ નિરૂપણ નામનો સાતમો અધ્યાય થયો. ॥૭॥

●

## અધ્યાય-૮

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે રાજર્ષે ! હવે શ્રીમદ્ ભાગવતનો પુરશ્ચરણ વિધિ કહું છું, જેના વડે ચાર પુરુષાર્થોની સિદ્ધિ થાય છે. (૧) જે પુરુષ શ્રીમદ્ ભાગવતનો અડધો શ્લોક કે પા શ્લોક પણ દરરોજ પાઠ કરે તે સંસારના બંધનથી મુક્ત થઈ જાય છે. સમગ્ર ભાગવતનો પાઠ કરનાર સંસારથી મુક્ત થાય તેમાં કહેવું જ શું ? (૨) જે વ્યક્તિ યથાશક્તિ પ્રતિદિન આદરપૂર્વક પાઠ કરે તે જ બુદ્ધિમાન પુરુષોની ખરી બુદ્ધિ છે જે નિત્યપાઠથી સંસૃતિનો ક્ષય થાય છે. (૩) દરરોજ પાઠ કરવામાં અશક્તિમાન પુરુષ માસમાં અથવા વર્ષમાં એકવાર પણ નિયમોનું પાલન કરતો થકો ભક્તિભાવથી અવશ્ય પાઠ

કરે. (૪) શક્તિમાન પુરુષ તો એક દિવસમાં અથવા બે દિવસે કે ત્રણ દિવસે કે પાંચ કે સાત દિવસમાં શ્રીમદ્ ભાગવતનો પાઠ કરે. (૫) વળી દશ દિવસે, પંદર દિવસે, મહિને કે બે મહિને પણ ભાગવતનો પાઠ કરે તે ભુક્તિ અને મુક્તિને પામે છે. (૬) આ પક્ષોમાં સાત દિવસોથી પારાયણરૂપ પક્ષ ઘણાં જનોએ માનલો ઉત્તમ પક્ષ છે; આ સપ્તાહ પક્ષ સકામ અને નિષ્કામ જનોએ આશ્રય કરવા યોગ્ય છે. (૭) સપ્તાહમાં દરરોજ વાંચવાના અધ્યાયોની જમદગ્નિ મુનિએ પ્રવર્તાવેલી અને સુખદાયિની સંખ્યા તમોને હું કહું છું. (૮) પ્રથમ દિને અડતાલીશ અધ્યાયો વાંચવા માટે કહેલા છે. બીજે દિવસે એકાવન અધ્યાય કહેલા છે, ત્રીજે દિવસે ઓગણપચાસ અધ્યાયો કહેલા છે. (૯) ચોથે દિવસે ત્રેપન અધ્યાયો કહેલા છે. પાંચમે દિવસે ઓગણપચાસ અધ્યાયો કહેલા છે. (૧૦) છટ્ઠે દિવસે એકતાલીશ અધ્યાયો કહ્યા છે. સાતમે દિવસે ચુંમાલીશ અધ્યાયો કહ્યા છે. આ પ્રમાણે અનુક્રમથી અધ્યાયો વાંચવા. (૧૧) પુરશ્ચરણમાં પોષ માસ સિવાયના બીજા સર્વ મહિના માન્ય છે તથા શનિ અને મંગળ સિવાય સર્વ વારો શુભ માનેલા છે. (૧૨) શ્રીમદ્ ભાગવતના આરંભમાં પડવો, ચતુર્થી, અષ્ટમી અને ચૌદશને છોડીને સર્વ તિથિઓ શુભ માનેલી છે. (૧૩) 'હે ભૂપતે ! અશ્વિની, રેવતી, હસ્ત, પુષ્ય, મૃગ, પુનર્વસુ, અનુરાધા, અભિજિત, સ્વાતિ, રોહિણી, શ્રવણ, ધનિષ્ઠા અને શતતારકા આટલાં પવિત્ર નક્ષત્રો શ્રીમદ્ ભાગવત પુરશ્ચરણના આરંભમાં ગ્રહણ કરવા યોગ્ય કહેલાં છે. હે રાજન્ ! આ અશ્વિની આદિ નક્ષત્રોમાં પુરશ્ચરણનો આરંભ કરવો. (૧૪-૧૫) શુભ મુહૂર્તમાં પૂર્વે કહેલા વક્તાના લક્ષણયુક્ત સાત્ત્વિક વાચકના લક્ષણવાળા બ્રાહ્મણોને મુખ્ય શ્રોતા ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ માટે વરણ કરે. (૧૬) પછી વરણ કરેલા બ્રાહ્મણોને નિત્ય ધારવાનાં શ્વેત વસ્ત્રો, સુવર્ણની મુદ્રિકાઓ, આસનો, જળપાત્રો અને કંબલો આપે. (૧૭) પછી વરણ કરેલા બ્રાહ્મણોની સેવામાં અન્ય બ્રાહ્મણોને રાખે. સેવામાં રાખેલા બ્રાહ્મણો સ્નાન માટે ગરમ પાણી, પગ ચાંપવા, રસોઈ કરવી, વસ્ત્રો ધોવા, વાસણ માંજવા વગેરે સેવા કરે. (૧૮) પ્રસિદ્ધ દેવમંદિર તથા પુરાતન પુણ્યક્ષેત્ર કે હરિમંદિરમાં પુરશ્ચરણનો પ્રારંભ કરવો. (૧૯) હરિમંદિરના અભાવમાં પોતાને ઘેર જ પવિત્ર સ્થાનમાં સોનાની શ્રીકૃષ્ણની પ્રતિમા સ્થાપીને વરણ કરેલા બ્રાહ્મણો પ્રતિદિન નિયમપૂર્વક વાંચવાના અધ્યાયોનું ઉલ્લંઘન કર્યા વગર પારાયણ કરે. (૨૦) હે રાજન્ ! શ્રીમદ્ ભાગવતની પારાયણોનું એકસો આઠથી જ પુરશ્ચરણ કહેલું છે. (૨૧) વક્તાઓએ અગાઉ નિષેધ કરેલા અધ્યાયોની સમાપ્તિમાં વિરામ ન કરવો, સ્પષ્ટ ઉચ્ચારથી વાંચન કરવું, કોઈની સાથે ભાષણ કરવું નહિ. (૨૨) વરણ કરેલા બ્રાહ્મણોએ પુરશ્ચરણ કરાવનાર શ્રોતા સિવાય કોઈ માણસની દક્ષિણા ન લેવી તથા કોઈનું અન્ન-વસ્ત્રાદિ પણ ક્યારેય લેવું નહિ. (૨૩) એક એક સપ્તાહ સમાપ્ત થાય ત્યારે એક એક બ્રાહ્મણને પૃથક્ પૃથક્ સાત સુવર્ણની દક્ષિણા આપે. (૨૪) અથવા એકસો આઠ શ્રીમદ્ ભાગવતપારાયણની સમાપ્તિમાં સર્વ દક્ષિણાઓ એકઠી કરીને જ મુખ્ય શ્રોતા અલગ અલગ આપે. (૨૫) સાત સુવર્ણ આપવા માટે અશક્ત પુરુષ વરણ કરેલા બ્રાહ્મણોને સાડાત્રણ સુવર્ણ આપે. અલ્પ ધનવાળો પુરુષ પોણાબે સુવર્ણ આપે. (૨૬) જો પુરશ્ચરણ કરાવનાર પુરુષ કનિષ્ઠ દક્ષિણા આપવામાં પણ અશક્ત હોય તે બ્રાહ્મણને શ્રમ આપે નહિ અને

પોતાના સામર્થ્ય પ્રમાણે પુરશ્ચરણ સિવાયનું અન્ય સત્કાર્ય કરે. (૨૭) સકામ યજમાન વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું જાતે જ પુરશ્ચરણ કરે તેથી આપત્તિની શાંતિ થાય. (૨૮) પછી પુરશ્ચરણકર્તા જે દિવસે પુરશ્ચરણવિધિમાં બ્રાહ્મણોની વરણી કરે તે દિવસે પુરશ્ચરણકર્તા ગાયત્રીમંત્ર (દ્વાદશાક્ષર, અષ્ટાક્ષર, ષડક્ષર) વગેરેના જપ માટે બ્રાહ્મણોની વરણી કરે અને જપનો દશાંશ હોમ કરે. તેનાથી દશાંશ બ્રાહ્મણોને જમાડે. સમર્થ તો મુખ્ય કલ્પથી હોમ કરે. અશક્ત તો જપ સંખ્યાના દશાંશથી હોમ, તેના દશાંશથી તર્પણ, તેના દશાંશથી માર્જન, તેના દશાંશથી બ્રહ્મ ભોજન શાસ્ત્રાન્તરથી જાણવું. (૨૯-૩૦) શ્રીમદ્ ભાગવતના મંત્રોનો વિભાગ તો જપ હોમ વગેરેની સિદ્ધિ માટે કશ્યપ સંહિતામાં કશ્યપ મુનિએ કહેલો છે. (૩૧) હે રાજન્ ! જો પુરશ્ચરણ કરનારની સામર્થી હોય તો ભાગવતના મંત્રોથી જ હોમ કરવો. અથવા કશ્યપ મુનિએ વિભાગ કરેલો દશમ સ્કંધના મંત્રોથી હોમ કરવો. (૩૨) કેટલાક ઋષિઓ ગાયત્રીના મંત્રથી જ હોમને કહે છે અને કેટલાક ઋષિઓ તો વાસુદેવ ભગવાનના 'ૐ નમો ભગવતે વાસુદેવાય'થી હોમ કરવાનું કહે છે. (૩૩) હે નિષ્પાપ ! શ્રીમદ્ ભાગવતના પુરશ્ચરણના હોમમાં દૂધપાક અને ઘી હોમદ્રવ્ય જાણવું અને હોમની અનુકૂળતા ન હોય તો 'જેટલો હોમ એટલો મંત્ર જપ' શ્રેષ્ઠ માનેલો છે. (૩૪) વરણ કરેલા બ્રાહ્મણો હોય તે જ હોમ નિમિત્તે શ્રીમદ્ ભાગવતના બાર પરાયણો કરે. (૩૫) પુરશ્ચરણના આરંભના દિવસથી સમાપ્તિના દિવસ પર્યંત યજમાને સહિત વરણી પામેલા બ્રાહ્મણો બ્રહ્મચર્યનું પાલન કરે. (૩૬) બ્રહ્મચર્યનું પાલન ન કરે તો શાસ્ત્રોક્ત ફળની પ્રાપ્તિ થાય નહિ, આવો સિદ્ધાંત છે. બ્રહ્મચર્યના પાલનથી સર્વ મનોરથો સિદ્ધ થાય છે. (૩૭) હે રાજન્ ! આ પ્રમાણે સ્કંદપુરાણમાં કહેલા ભુક્તિ અને મુક્તિ આપનારા પુરશ્ચરણનો વિધિ સંક્ષેપથી મેં તમોને કહ્યો. (૩૮) હે ભૂમિપતે ! આ પ્રકારે ભાગવતનું સંપૂર્ણ પુરશ્ચરણ મેં તમોને કહ્યું, તેના શ્રવણની જ્યારે અનુકૂળતા હોય ત્યારે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ વગેરે વિધિપૂર્વક તમો પણ કરો. (૩૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
પુરાણશ્રવણોત્સવે શ્રીમદ્‌ભાગવતપુરશ્ચરણવિધિનિરૂપણ નામનો આઠમો અધ્યાય થયો. ॥૮॥

●

## અધ્યાય-૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે શ્રીહરિ મહાપ્રભુનું વાક્ય સાંભળી ઉત્તમ રાજાએ પ્રસન્ન ચિત્તવાળા થઈને શ્રીહરિને પ્રણામ કર્યા. (૧) વળી સ્વયં ઉત્તમરાજા દેશકાળની અનુકૂળતા આવતાં શ્રીમદ્ ભાગવતનું પુરશ્ચરણ ઉત્તમ બ્રાહ્મણો દ્વારા કરાવવાની ઇચ્છા કરી. (૨) આ પ્રકારે ઉત્તમરાજાએ કહ્યા પછી ભગવાને ઉત્તમ રાજાના દરબારમાં વિવિધ રંગીન વસ્ત્રો અને કેળના સ્તંભો વડે સુશોભિત મંડપ કરાવ્યો. (૩) તે પછીના દિવસે પ્રાતઃકાળે આહ્‌નિક વિધિ કરી શ્રીહરિએ મંડપમાં સુંદર વ્યાસાસન કરાવ્યું. (૪) ત્યારપછી પ્રયાગજીત પુરાણીને બોલાવરાવી તેમને વ્યાસાસન પર બેસાડી પૂર્વોક્ત વિધિ અનુસાર ગ્રંથપૂજનપૂર્વક શ્રીહરિએ વ્યાસપૂજા કરી.

(૫) પ્રભુ શ્રીહરિએ તે પુરાણીને પૂજામાં બહુમૂલ્યવાન સૂક્ષ્મ રેશમી વસ્ત્રો, સોનાનાં ઉત્તમ કડાં કુંડળ વીંટીઓ વગેરે આભૂષણો આપ્યાં. આમ, કથાના પ્રારંભમાં પુરાણીની પૂજા કરીને કથાનો આરંભ કરાવ્યો. (૬-૭) હે રાજન્ ! તે સમયે ભગવાનના રામપ્રતાપ અને ઇચ્છારામ બંને ભાઈઓ કથાશ્રવણમાં અંગભૂત ધર્મમાં નિષ્ઠાવાળા થઈ શ્રીહરિની સમીપે પોતાને યોગ્ય આસનમાં બેઠા. (૮) ત્યારબાદ પાર્ષદો અને ઉત્તમરાજા આદિ રાજાઓ તેમજ મુકુન્દાનંદ આદિ વર્ણિઓ તે સભામાં યથાયોગ્ય સ્થાને બેઠા. (૯) ત્યારપછી મુક્તાનંદાદિ સંતો તે સભામાં બેઠા. જયા, રમા આદિક બધી બાઈઓ સભાના એક ભાગમાં યથોચિત બેઠી. (૧૦) તે સભામાં સર્વ શ્રોતાગણ સત્ત્વગુણાત્મક લક્ષણથી યુક્ત વર્તતા હતા. કેમ કે શ્રીહરિ મહાપ્રભુએ શ્રોતાગણોને પ્રથમથી જ સારી રીતે શિક્ષિત કર્યા હતા તે નિશ્ચય વાત છે. (૧૧) પોતે સર્વજ્ઞ હોવા છતાં પણ નૃનાટયનો અનુકરણ કરતા થકા, ધર્મપ્રવર્તક સ્વયં સાક્ષાત્ શ્રીહરિ પણ અન્ય પ્રાકૃતજનની પેઠે તે સભામાં કથા સાંભળવા લાગ્યા. (૧૨) તે શ્રીહરિ કથામાં ક્વચિત્ આવતા કઠિન અધ્યાત્મ ભાગને શ્રોતાજનો યથાર્થપણે સરળ રીતે સમજી શકે તેમ સ્ફુટપણે વિવેચન કરતા થકા શ્રોતાઓ અને વક્તાને આનંદ ઉપજાવતા હતા. (૧૩) કથાની સમાપ્તિમાં શ્રીહરિએ શ્રીકૃષ્ણનાં નામોનું સંકીર્તન શ્રોતાઓની સાથે કરીને પછી સાત્ત્વિક લક્ષણેયુક્ત વક્તા પ્રયાગજી પુરાણીને કહેવા લાગ્યા : (૧૪) હે દ્વિજશ્રેષ્ઠ ! તમોએ અમારા મોદીને ત્યાંથી પોતાને ઇચ્છિત એવું કાચુ સીધું તથા ઘી-સાકર વગેરે લેવું. (૧૫) દરરોજ લાડુ, શીરો, દૂધપાક, પૂરી વગેરે ભોજન તમારે કરવું. કેમકે પ્રતિદિન તમારે કથા વાંચવાનો પરિશ્રમ કરવાનો છે. (૧૬) તેમજ પ્રાતઃકાળે દૂધપાન કરવા તમો બે ગાયોનો સ્વીકાર કરો એમ કહીને શ્રીહરિએ સારા દૂધવાળી બે ગાયો પુરાણીને આપી. (૧૭) પછી પુરાણી બોલ્યા : હે સ્વામિન્ ! હે કૃપાનાથ ! જેવી તમારી આજ્ઞા, દરરોજ તમારા કહેવા પ્રમાણે પાલન કરીશ એમાં સંશય નથી. (૧૮) હે પ્રભો ! જો શાકની સામગ્રીની અનુકૂળતા થાય ત્યારે તો આજ્ઞાનું સારી રીતે પાલન થાય. (૧૯) ત્યારે શ્રીહરિ હસતા હસતા સમીપે બેઠેલા વૃદ્ધ માળીને કહેવા લાગ્યા : આ પુરાણીને તમો દરરોજ ઇચ્છિત શાક વગેરે આપજો. (૨૦) ત્યારે તે બ્રાહ્મણ પ્રસન્ન થઈને 'હે પ્રભો ! હવે બધું સિદ્ધ થઈ ગયું' એમ બોલીને શ્રીહરિ મહાપ્રભુને નમસ્કાર કરી ત્યાંથી પોતાના નિવાસસ્થાને ગયા. (૨૧) દરરોજ કથા સાંભળતા અને ભક્તોને આનંદ આપતા શ્રીહરિ શ્રીમદ્ ભાગવતની સમાપ્તિ સમયે અગાઉ કહેલ સર્વ વિધિ કરતા હતા. (૨૨) વાચક વિપ્રને અમૂલ્ય વસ્ત્રો અને સુવર્ણમુદ્રાઓ સહસ્ર સુવર્ણ થકી પણ અધિક આપી. વિધિથી પણ અધિક દાન આપવાથી પોતે શ્રીહરિ નિરૂપમ શોભવા લાગ્યા. (૨૩) છ ઐશ્વર્ય સંપન્ન શ્રી નારાયણમુનિએ કરેલ વક્તા પુરાણીનું સન્માન સાંભળી પૃથ્વી ઉપરના સર્વ રાજાઓ વગેરે અત્યંત આશ્ચર્ય પામી ગયા. (૨૪) મેઘની પેઠે સર્વના મનોરથો પૂર્ણ કરનાર સર્વેશ્વર શ્રીહરિએ તે સભામાં આવેલા કથામાં વરણ કરેલાથી અન્ય બ્રાહ્મણોને પણ દક્ષિણાઓ વડે સંતોષ પમાડ્યા. (૨૫) શ્રીહરિ એક મહિના સુધી શ્રીમદ્ ભાગવત સાંભળીને પંચમ અને દશમ સ્કંધને વિશેષપણે સાંભળતા હતા. (૨૬) શ્રીહરિ બે માસ સુધી પંચમ અને દશમ સ્કંધ સાંભળીને ફાગણ માસમાં મહાસામગ્રીઓથી

ફૂલડોળનો મહોત્સવ કરતા હતા. (૨૭) હે રાજન્ ! ત્યારપછી શ્રીહરિ શ્રી રામાનુજાચાર્યે કરેલા ભાષ્યે સહિત શ્રીમદ્ ભગવદ્‌ગીતા સાંભળતા હતા તેટલામાં તો અતી પવિત્રકારી ચૈત્ર સુદી નવમી તિથિ (રામનવમી) આવી. (૨૮) શ્રી રામનવમી શ્રીહરિજયંતીના ઉત્સવ ઉપર દુર્ગપુરમાં સ્ત્રીઓએ સહિત ઘણા પુરુષો અને હજારો મુનિજનો દેશદેશાંતરથી આવ્યા. (૨૯) નિષ્કપટ અંતઃકરણવાળા ઉત્તમરાજાએ શ્રીહરિની પ્રસન્નતા માટે મોટા મોટા સંભારો વડે મહોત્સવ કરાવ્યો. (૩૦) તે ઉત્સવ સમાપ્ત થયો ત્યારે ભક્તોને પોતપોતાના દેશ તરફ જવા વિદાય આપી પછી ફરી પાછા શ્રીહરિ કથાનો આરંભ કરાવતા હતા. (૩૧) ભાષ્યે સહિત વિષ્ણુસહસ્રનામ સ્તોત્રને સાંભળ્યું. પછી તે સ્તોત્રની ચૈત્ર સુદી ત્રયોદશીના દિવસે મહાસમાપ્તિ કરાવી. (૩૨) શ્રીહરિ વૈશાખ સુદી પ્રતિપદાને દિવસે કૂર્મજન્મોત્સવ કરીને ફરીથી બીજને દિવસે કથાનો આરંભ કરાવતા હતા. (૩૩) પ્રભુ શ્રીહરિએ એક માસ સુધી સ્કંધપુરાણના વિષ્ણુખંડમાં રહેલું શ્રી વાસુદેવમાહાત્મ્ય સમગ્રપણે અતિ આનંદપૂર્વક સાંભળ્યું. (૩૪) ત્યારપછી શ્રીહરિએ જેઠ સુદી દશમી (ગંગાદશહરા)ના રોજ મધ્યાહ્‌ને ગંગાપૂજનનો ઉત્સવ કરી અપરાહ્‌ન સમયે શ્રીવાસુદેવમાહાત્મ્યની સમાપ્તિ કરાવી. (૩૫) ત્યારપછી જેઠ સુદ નિર્જલા એકાદશીના રોજ યાજ્ઞવલ્ક્યસ્મૃતિની જે મિતાક્ષરા નામની ટીકા તેનો પ્રારંભ કરાવ્યો. ટીકાને સાંભળતા શ્રીહરિએ શ્રાવણ સુદ ત્રીજના દિવસે સમાપ્તિ કરાવી. (૩૬) અને શ્રાવણ સુદી ચતુર્થીના દિવસે શ્રી વરાહ-પ્રાદુર્ભાવ મહોત્સવ કરીને મધ્યાહ્‌ન સમયે સાધુ અને બ્રાહ્મણોને જમાડ્યા. (૩૭) પછી હે રાજન્ ! શ્રીહરિ પોતાના ભક્તજનોને આનંદ પમાડતા સતા શ્રાવણ સુદી પંચમી (નાગપંચમી) તિથિમાં વિદુરનીતિ સાંભળવાનો આરંભ કર્યો. (૩૮) શ્રીહરિ મહાપ્રભુએ શ્રાવણ માસની પૂર્ણિમાને દિવસે રક્ષાબંધનનો વિધિ કર્યો પછી વિદુરનીતિ સમાપ્ત કરી વસ્ત્રાભૂષણો વડે પુરાણીને સંતુષ્ટ કર્યા. (૩૯) આ પ્રમાણે પોતાના ભક્તજનોને નયનોને આનંદ આપતા સતા પૂર્ણિમાના ચંદ્રની સમાન મુખારવિંદવાળા શ્રીહરિ પોતાના મનુષ્યભાવને પ્રગટ કરતા, સમગ્ર સંપૂર્ણ અંગવાળા ધર્મની સ્થાપના કરતા, પોતાના જનોના હૃદયગુહામાંથી કલિના સૈન્ય સહિત અને દુર્જેય એવા અધર્મને મૂળમાંથી વિનાશ કરતાં, મુનિઓના ગુરુ એવા મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ એવા સર્વોપરી નામે પૃથ્વીમાં પ્રસિદ્ધ થયા. (૪૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં પુરાણશ્રવણોત્સવમાં શ્રીમદ્‌ભાગવતાદિસચ્છાસ્ત્ર શ્રવણવાચક સન્માનનિરૂપણ નામનો નવમો અધ્યાય થયો. ॥૯॥

●

## અધ્યાય-૧૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ ગીતવાજિંત્ર પુરઃસર પુરાણીને તેમના ઘેર પહોંચાડીને પછી લીમડાના વૃક્ષ નીચે વેદિકા ઉપર સિંહાસનમાં વિરાજમાન થયા. (૧) તેટલી વારમાં સારંગપુરના રાજવી જીવાખાચર અને દૃઢવ્રતવાળી દેવિકા નામની તેમની પુત્રી શ્રીહરિ સમીપે

આવ્યાં. (૨) તથા ક્ષત્રિયવીર રાઠોડ પોતાની માલતી નામની પુત્રી સાથે આવ્યા તથા શ્રી ભગવાનના મહાન ભક્ત પુંજોભાઈ પણ ત્યાં આવ્યા. (૩) જીવાખાચર આદિ ભક્તો શ્રીહરિને પ્રણામ કરી શ્રીહરિએ આદરપૂર્વક સત્કાર કરાયેલા, શ્રીહરિના દર્શનથી મહાઆનંદવાળા થઈને શ્રીહરિની સમીપમાં બેઠા. (૪) પ્રભુ શ્રીહરિ સુખેથી આવ્યા એમ પુછાયેલા વિનયથી અતિ નમ્ર જીવાખાચર વગેરે ભક્તો બન્ને હાથ જોડી શ્રીહરિ નમસ્કાર કરીને બોલ્યા : (૫) હે ભગવન્ ! હે ભવબંધનનો નાશ કરનાર પ્રભો ! તમારા ભક્તો અમે તમોને સારંગપુર લઈ જવા માટે અહીં આપની પાસે આવ્યા છીએ. (૬) સમદર્શી અને સર્વેશ્વર એવા તમારે ધનવાન અને નિર્ધનમાં કંઈપણ ભેદ નથી. તે હેતુ માટે અમારા ઉપર આપની કૃપા છે. (૭) હે નાથ ! અમારા પુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા આપ યોગ્ય છો. અમારી પાસે જે કંઈ ધન છે તે આપનું છે એ નિશ્ચય વાત છે. (૮) હે સ્વામિન્ ! ભક્તવત્સલ તમો આટલી અમારી પ્રાર્થના પૂરી કરવા યોગ્ય છો. હે નાથ ! અમો તમારા જ એક પરમ આશ્રયવાળા છીએ માટે દયા કરો. (૯) આ પ્રમાણે ભક્તોએ પ્રાર્થના કરાયેલા શ્રીહરિ મહાપ્રભુ તે ભક્તોને કપટે રહિત જાણીને બોલ્યા : હે ભક્તો હું તમારા સારંગપુરમાં અવશ્ય આવીશ. (૧૦) હે નિષ્પાપ ભક્તો ! તમો આગળ જઈ ઉત્સવની સામગ્રી સંપાદન કરો. હું તમારા પુરમાં શ્રાવણ વદી પાંચમને દિવસે જરૂર આવીશ, આ વાક્યમાં સંદેહ નથી. (૧૧) આ પ્રમાણે શ્રીહરિનું વાક્ય સાંભળી અતિ આનંદિત થયેલા તે ભક્તો શ્રીહરિ પ્રત્યે બોલ્યા : હે ભગવન્ ! આપ સર્વ ભક્તજનોને સાથે લઈને જ પધારજો. (૧૨) શ્રીહરિએ 'જેમ તમો કહો છો તેમ કરીશું' આ પ્રમાણે કહેવાયેલા જીવાખાચર ઉત્તમ રાજા અને બીજા ભક્તોને પોતાના પુરમાં આવવા માટે આમંત્રણ આપતા હતા. (૧૩) તે પછી પોતાના પુરમાં જવાની ઈચ્છાવાળા જીવાખાચર વગેરે ભક્તોને ઉત્તમ રાજાએ જમાડ્યા. (૧૪) જીવાખાચર વગેરે ભક્તો જમીને સારંગપુર જઈને ચોખા, દાળ, ઘઉં વગેરે અનાજ અને જળપાત્રો, પાગરણ, કાષ્ઠ, શાક, ઘી, સાકર, ગોળ વગેરે સામગ્રીઓ એકત્રિત કરવા લાગ્યા. (૧૫) પછી ભગવાન શ્રીહરિ પણ ઉત્તમ રાજા, સોમાદિ પાર્ષદો અને બીજા ભક્તોથી વીંટાયેલા સંવત ૧૮૭૭ના શ્રાવણ વદી પંચમીના રોજ જીવાખાચરના પુર પ્રત્યે ગયા. (૧૬) અતિ વેગવાળા, લાલ રંગવાળા, સુંદર ગતિવાળા એવા ઘોડા ઉપર બેઠેલા, અત્યંત કોમળ ડાબા કરકરમળમાં લગામ ધારણ કરતા, જમણા કરમાં ચાબુક ધારણ કરતા, સમગ્ર સફેદ વસ્ત્રોવાળાં અને પોતપોતાના ઘોડા ઉપર બેઠેલા સોમલાખાચર આદિ નિજભક્તોથી વીંટાયેલા, સર્વના નિયંતા એવા શ્રીહરિ પધાર્યા. (૧૭) રામપ્રતાપભાઈ કેસર વર્ણવાળી ઘોડી ઉપર બેસીને ઉતાવળે શ્રીહરિ પાછળ ચાલ્યા તેમજ ઈચ્છારામભાઈ રોહિત ઘોડા ઉપર બેસીને પ્રભુની પાછળ ચાલ્યા. (૧૮) જયા-રમા વગેરે બાઈઓ પોતાને પૂછ્યા વગર જ જતા શ્રીહરિને જોઈને બહુકાળ પર્યંત ત્યાં રોકાશે એવી શંકાવાળી થકી અંતર્યામી એવા શ્રીહરિની પાછળ જતી હતી. (૧૯) હે રાજન્ ! શ્રીહરિને પધારતા સાંભળી સારંગપુરવાસી સર્વેજનો ગીતવાજિંત્રોના શબ્દોની સાથે શ્રીહરિની સન્મુખ ગયા. (૨૦) સારંગપુરવાસી ભક્તો દૂરથી

શ્રીહરિને જોઈને જ સ્નેહથી આનંદાશ્રુઓવાળા ભક્તિપૂર્વક પ્રણામ કરવા લાગ્યા, પછી સન્મુખ દોડવા લાગ્યા. (૨૧) સારંગપુરવાસી તે જનોની યથાયોગ્ય સંભાવના કરાવી પ્રભુ શ્રીહરિ તે જનો સાથે સારંગપુર ગામમાં પ્રવેશી જીવાખાચરના દરબારમાં નિવાસ કર્યો. (૨૨) અને જયા-રમા આદિ બાઈઓને રાઠોડ ક્ષત્રિયના મકાનમાં નિવાસ કરવાની આજ્ઞા આપી અને સંતો વગેરે બીજાઓને યથાયોગ્ય નિવાસસ્થાનો અપાવ્યાં. (૨૩) જીવાખાચર અને પુરવાસીજનો ઉત્સાહવાળા થઈને શ્રીહરિને તથા તેમની સાથે આવેલા ભક્તોને યથાયોગ્ય આતિથ્યથી પ્રસન્ન કરતા હતા. (૨૪) તે સમયે આ સારંગપુરમાં ગૃહસ્થ અને ત્યાગીઓના ઘણા સમૂહો દેશદેશાંતરથી આવવા લાગ્યા. પુરના ભક્તો દેશાંતરથી આવેલા સર્વને ઉત્સાહપૂર્વક નિવાસ કરાવતા હતા. (૨૫) દેશાંતરથી આવેલા સર્વ જનો ભગવાન શ્રી નારાયણમુનિનું દર્શન કરી અતિશય આનંદ પામ્યા. શ્રીહરિ પણ તે સર્વેનું યથોચિત સન્માન કરાવતા હતા. (૨૬) ભગવદ્ભક્તો એવા સ્ત્રી-પુરુષોના સમૂહો તેમજ તપસ્વી સાધુજનોના સમૂહોથી સારંગપુર નગર અત્યંત સાંકડું થઈ ગયું. (૨૭) ત્યારપછી શ્રીહરિ ફલ્ગુ નદીના કિનારાથી આરંભીને ધવલા નદીના તટ પર્યંત અતિ વિશાળ પૃથ્વીના તળ ઉપર સભા કરાવતા હતા. (૨૮) શ્રીહરિ મહાપ્રભુ તે સભામાં શ્રાવણ વદી સાતમની રાત્રે ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયા, પછી ભક્તજનો શ્રીહરિના સિંહાસનના આગળના ભાગમાં બેસી ગયા. (૨૯) સભામાં જ્ઞાન અને તપથી વૃદ્ધ મુનિઓ શ્રીહરિની આગળ બેઠા, તેમની પાછળ વયોવૃદ્ધ તપસ્વીઓ બેઠા. (૩૦) તેમની પાછળ યુવાન મુનિઓ બેઠા, તેમની પાછળ કિશોર અવસ્થાવાળા મુનિઓ બેઠા. (૩૧) પ્રભુ શ્રી નારાયણમુનિની આગળ સિંહાસનથી નજીક ઉત્તમ પીઠ ઉપર ઇચ્છારામભાઈ સહિત રામપ્રતાપભાઈ બેઠા. (૩૨) શ્રીહરિની જમણી બાજુએ અધ્યયન, જન્મ, જ્ઞાન અને તપથી શ્રેષ્ઠ બ્રાહ્મણો બેઠા. તેમની પાછળ વયોવૃદ્ધ બ્રાહ્મણો બેઠા. (૩૩) શ્રીહરિના ડાબે પડખે સોમવર્માદિ મુખ્ય પાર્ષદો બેઠા. સારંગપુરના જીવાખાચર વગેરે રાજાઓ સોમાદિ પાર્ષદોની પાછળ બેઠા. (૩૪) શ્રીહરિની સેવામાં સદા તત્પર મુકુન્દાનંદાદિ બ્રહ્મચારીઓ સિંહાસનની સમીપમાં જ ઊભા રહ્યા. (૩૫) જેમના હાથમાં તલવાર વગેરે હથિયારો છે એવા ભગુજી, નાજો ભક્તો, ભીમો, રત્નજી વગેરે ક્ષત્રિયો ચોતરફ દૃષ્ટિ ફેલાવતા થકા શ્રીહરિની પાછળ ઊભા રહ્યા. (૩૬) મુનિજનો અને પાર્ષદોની મધ્યમાં નૈષ્ઠિક વ્રતધારી વાસુદેવાનંદ, અખંડાનંદ, વગેરે બ્રહ્મચારીઓ બેઠા. (૩૭) આ મુનિ વગેરે સર્વ ભક્તો સ્વસ્તિક આસનને આશરીને પોતાનાં અંગોની ચપળતાનો ત્યાગ કરી સભામાં બેઠા. (૩૮) મુનિ વગેરે સર્વે પાછળ શ્રીહરિના ક્ષત્રિય જાતિવાળા ભક્તો બેઠા અને તેમની પાછળ ભગવાનના વૈશ્ય ભક્તો બેઠા. (૩૯) તેમની પાછળ શૂદ્ર ભક્તજનો બેઠા અને તેમની પાછળ બીજા જનો પોતપોતાની મર્યાદા અનુસાર બેસી ગયા. તે બધા પણ શ્રી નારાયણમુનિમાં જ એક અર્પણ કરેલી દૃષ્ટિઓવાળા થકા બેસી ગયા. (૪૦) સ્ત્રી સમૂહો સિંહાસન ઉપર વિરાજમાન શ્રીહરિ મહાપ્રભુજીનું દર્શન કરતા થકા પોતપોતાની મર્યાદા પ્રમાણે જ દૂર બેસી ગયાં. (૪૧) આ પ્રમાણે પોતાના સર્વ આશ્રિતો સભામાં

જ્યારે બેસી ગયા ત્યારે પુરાતનમુનિ એવા શ્રીહરિ મહાપ્રભુ સમગ્ર જનોને આનંદ આપતા થકા અમૃત સમાન (આગળના અધ્યાયમાં કહેવાશે એવું) વચન બોલ્યા. (૪૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં સારંગપુરમાં જન્માષ્ટમીના ઉત્સવમાં ભગવાન સભોપવેશન નિરૂપણ નામનો દશમો અધ્યાય થયો. ॥૧૦॥

●

## અધ્યાય-૧૧

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તજનો ! તમો સર્વેનું હિત કરનારું મારું વચન સાંભળો. આવતી કાલે શ્રી વાસુદેવ ભગવાન શ્રીકૃષ્ણની જન્મતિથિ છે. મારા સર્વ આશ્રિતોએ કૃષ્ણ જન્માષ્ટમીનું વ્રત અવશ્ય કરવું. કારણ કે જેવા અમોને શ્રીકૃષ્ણ પ્રિય છે તેવી આ શ્રીકૃષ્ણની જન્મતિથિ પણ પ્રિય છે. (૧-૨) હે જનો ! આ જન્માષ્ટમીનું સંપૂર્ણ વિધાન તમોને હું યથાશાસ્ત્ર કહું છું. તે વિધિ સાંભળીને તે વ્રત તે પ્રમાણે જ કરવું. (૩) સપ્તમીના વેધે રહિત રોહિણી નક્ષત્ર અને બુધવારથી યુક્ત મધ્યરાત્રિ સુધી અષ્ટમી હોય તે અષ્ટમી કૃષ્ણ જન્માષ્ટમી માનેલી છે. (૪) જે મધ્યરાત્રિમાં રોહિણીયુક્ત અષ્ટમી હોય એ મુખ્ય સમય જાણવો. કેમકે તે સમયે જ શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયેલો છે. (૫) આ જન્માષ્ટમી વ્રતના નિર્ણયમાં ઘણા પંડિતો પોતાના મતનું સ્થાપન કરવા માટે વિવાદ કરે છે. (૬) કેટલાક વિદ્વાનો જન્માષ્ટમી અને જયંતી એમ બે વ્રત કહે છે. જ્યારે કેટલાક વિદ્વાનો જન્માષ્ટમી અને જયંતીનું એક જ વ્રત કહે છે. (૭) કેટલાક વિદ્વાનો કૃષ્ણજન્મ રાત્રિને જ જયંતી કહે છે અને કેટલાક અષ્ટમી અને રોહિણીના સંગમને જયંતી કહે છે. (૮) उदये किंचित् આ સ્કંદ પુરાણના વાક્યમાં કેટલાક વિદ્વાનો ઉદય શબ્દથી ચંદ્રોદય કહે છે. જ્યારે કેટલાક ઉદય શબ્દથી સૂર્યોદય એવો અર્થ કરે છે. (૯) વળી, કેટલાક વિદ્વાનો તો તિથિના અંતે પારણાં કરવાં જોઈએ એ પક્ષને ગ્રહણ કરી ઉપવાસમાં સપ્તમીના વેધવાળી કૃષ્ણાષ્ટમીની પ્રશંસા કરે છે. (૧૦) કેટલાક વાદીઓ પૂજા-જાગરણ આદિ ઉત્સવના અંતે પારણાં કરવાં જોઈએ તે પક્ષને ગ્રહણ કરી સપ્તમીના વેધશાળી અષ્ટમીને આદરપૂર્વક ગ્રહણ કરતા નથી. (૧૧) કેટલાક વિચક્ષણ પુરુષો ઉપવાસ તિથિને સૂર્યોદયનો સંબંધ મુખ્ય કહે છે, જ્યારે કેટલાક પૂજનનો ઉત્સવાદિ સમય મુખ્ય કહે છે. (૧૨) કેટલાક વિદ્વાનો તો સપ્તમીના વેધવાળી કે વેધરહિત શુદ્ધા અષ્ટમીને ગ્રહણ કરતા નથી. પરંતુ રોહિણી નક્ષત્રનો જ આશ્રય કરી વ્રતોપવાસ કરવાનું કહે છે. (૧૩) આમ, અષ્ટમી વ્રતના ઉપવાસમાં ઘણા ઘણા વિવાદો છે. આ વિવાદો વિદ્વાનોએ ઋષિઓના વચનનું અવલંબન કરીને ગૂંથેલા છે. (૧૪) તે સર્વ વાદો ઋષિવાક્યોના અવલંબનથી સપ્રમાણ છે. આ સર્વ પક્ષોમાં બુદ્ધિશાળી પુરુષોએ સારો નિર્ણય કરેલો પક્ષ, સર્વજનોના સંશયનિવારણાર્થે, હાલમાં હું કહું છું. (૧૫) જ્યારે અષ્ટમી સપ્તમીના દિવસે જ રોહિણી બુધવારે યુક્ત મધ્યરાત્રિગામિની હોય અને બીજા દિવસે અષ્ટમી મધ્યરાત્રિગામિની ન હોય ત્યારે તો સપ્તમીના વેધવાળી પણ અષ્ટમી વ્રતના આચરણમાં ગ્રહણ કરવી અને બીજા દિવસે અષ્ટમી તિથિના અંતે પારણાં કરવાં. (૧૬-૧૭) આ

પ્રમાણે યોગવિશેષથી સપ્તમીના વેધે સહિત અષ્ટમી ગ્રહણ કરવી એમ અગ્નિપુરાણાદિમાં કહેલ છે. યોગવિશેષના અભાવમાં તો કેવળ સપ્તમી વિદ્ધા અષ્ટમી ગ્રહણ કરવી નહિ. (૧૮) જો પૂર્વે કહેલો સમગ્ર યોગ સપ્તમીના દિવસે હોય અને બીજે દિવસે તો મધરાતે રોહિણી અને બુધવારના યોગે રહિત અષ્ટમી હોય તો શક્તિમાન પુરુષ બે ઉપવાસ કરે અને અશક્ત પુરુષ અષ્ટમીના દિવસે એક ઉપવાસ કરે. (૧૯-૨૦) મધ્યરાત્રિએ બુધવાર, અષ્ટમી અને રોહિણીના યોગ વિના વિદ્વાનોએ સપ્તમીના વેધવાળી જન્માષ્ટમી ગ્રહણ ન કરવી. એટલે કે આ બધા યોગના અભાવમાં તો વેધ રહિત જ અષ્ટમી વ્રત કરવું. (૨૧) જો બુધવાર ન હોય તો રોહિણી સહિત મધ્યરાત્રિ સપ્તમી વેધયુક્ત અષ્ટમીનો ત્યાગ કરી સપ્તમીના વેધે રહિત અષ્ટમી ગ્રહણ કરવી. (૨૨) રોહિણી નક્ષત્ર વિના પણ નવમીએ યુક્ત અષ્ટમી કરવી. રોહિણી સહિત સપ્તમી સહિત અષ્ટમી ન કરવી. (૨૩) નવમીના પ્રાતઃકાળે જન્માષ્ટમી તિથિ બે ઘડી, એક ઘડી અથવા પળમાત્ર હોય તો નવમીએ યુક્ત અષ્ટમી જ વ્રતમાં ગ્રહણ કરવી. પરંતુ પળમાત્ર પણ સપ્તમીએ સહિત અષ્ટમી વ્રતમાં ગ્રહણ કરવી નહિ. (૨૪) પળમાત્ર પણ બીજે દિવસે અષ્ટમી ન હોય અને પહેલે દિવસે સપ્તમીના વેધવાળી અષ્ટમી ક્ષય પામી જતી હોય ત્યારે તો પ્રભુની જન્મતિથિ વ્રતમાં કેવળ નવમી જ ગ્રહણ ન કરવી. (૨૫) આ પ્રકારે સંક્ષેપમાં સર્વ વિધિવચનનો આ સારાંશ હમણાં મેં નિરૂપણ કર્યો. જન્માષ્ટમીનો નિર્ણય તો મારા આ અભિપ્રાયને અનુસારે મારા આશ્રિતોએ જાણવો. (૨૬) વ્રતને કરશે એવો પુરુષ સપ્તમીના રોજ લઘુ આહાર કરે, જિતેન્દ્રિય થાય, અને શ્રીકૃષ્ણનું ચિંતન કરતો થકો રાત્રિમાં શયન કરે. (૨૭) બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને નિત્યવિધિ કરીને પછી મધ્યાહ્ને નદી ઉપર જઈ વિધિપૂર્વક સ્નાન કરે. (૨૮) પ્રથમ અંઘેડાનું દાતણ કરીને તીર્થાદિની મૃત્તિકાથી પ્રથમ સ્નાન કરીને પછી તલ-આમળાના ચૂર્ણ વડે સ્નાન કરે. (૨૯) પછી માધ્યાહ્નિક કર્મ કરી પવિત્ર થયેલ વ્રતકર્તા પુરુષ ઘેર આવી મનોહર કેળના સ્તંભોથી સુશોભિત મંડપ કરાવે. (૩૦) વિવિધ પ્રકારે રંગેલાં વસ્ત્રો અને નાના પ્રકારનાં પુષ્પોથી અને આંબાનાં પાંદડાંઓથી શોભાયમાન તથા વિવિધ પ્રકારનાં રંગો વડે તે સ્થળે સુંદર ચિત્રો દોરેલો મંડપ કરાવે. (૩૧) તે મંડપને શ્વેત-પીળા-લાલ-લીલાં તથા કાબરચીતરાં વસ્ત્રોથી અને નવીન કળશોથી ચોતરફ સુશોભિત કરે. (૩૨) વળી, અનેક આસોપાલવનાં પાન અને લીંબુ વગેરે ફળો અને દીવાની પંક્તિઓ વડે ચોતરફ શોભાયમાન, નાનાં પ્રકારના પુષ્પના હારોથી વિચિત્ર અને અગરુ ચંદનના ધૂપથી યુક્ત કરે. (૩૩) તે મંડપની મધ્યમાં દેવકીજીનું સૂતિકાગૃહ બનાવે અને તેમાં નાલછેદન કરનારી એક ધાત્રી (ઉપમાતા)ને બનાવે. (૩૪) પછી સૂતિકાગૃહના મધ્યભાગમાં રમણીય પલંગમાં દેવકીજીની સ્થાપના કરે. પછી દેવકીજીના ખોળામાં સ્તનપાન કરતા બાલકૃષ્ણની સ્થાપના કરે. (૩૫) મંડપના એક પ્રદેશમાં ગોકુળમાં સૂતિકાગૃહમાં ઉત્તમ કન્યાને જન્મ આપનારાં યશોદાજીની દેવકીજીની માફક સ્થાપના કરે. (૩૬) તે મંડપમાં નંદ, વસુદેવ, ગોપો, રાધિકાદિ ગોપીઓ અને ગાયો શ્રીકૃષ્ણની બાળલીલાઓની મંડપમાં યથાયોગ્ય કલ્પના કરવી. (૩૭) તેમજ વ્રતીએ રોહિણી, બલદેવજી, ષષ્ઠીદેવી, વસુંધરા, બ્રહ્મા, રોહિણી નક્ષત્ર તથા કૃષ્ણજન્માષ્ટમી તિથિ-આ બધાની પણ કલ્પના

કરવી. (૩૮) અશ્વત્થામા, બલિ, વ્યાસ, હનુમાનજી, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ-આ સાત ચિરંજીવીઓ જાણવા. તેમની પણ રચના કરવી. (૩૯) વળી, અપ્સરાઓના સમૂહો સહિત અને ગાયનમાં આસક્ત તેમજ નૃત્ય કરતા ગંધર્વો પણ તે મંડપમાં ચિતરાવવા. વળી, તે મંડપમાં યમુનાજીના ધરામાં કાલીય નાગ પણ બનાવવો. (૪૦) આ પ્રમાણે કૃષ્ણ પ્રતિમા વગેરે જે પણ કાંઈ શક્તિ પ્રમાણે બુદ્ધિ અનુસાર ચીતરીને ભક્તિપરાયણ થઈને પ્રયત્નપૂર્વક પૂજન કરે. (૪૧) કૃષ્ણ અને દેવકીજી વગેરે મૂર્તિઓ યથાશક્તિ સુવર્ણની બનાવવી અને મધરાતે તેમની પૂજા ભક્તિભાવથી શ્રદ્ધાપૂર્વક કરવી. (૪૨) પ્રાપ્ત થયેલા પવિત્ર ફળફૂલ વગેરે ઉપચારો વડે વ્રતગ્રંથોમાં કહેલા મંત્રો બોલવાપૂર્વક અંગદેવતાઓએ સહિત શ્રીકૃષ્ણનું પૂજન કરે. (૪૩) દેવકી આદિકે સહિત શ્રીકૃષ્ણનું ગીતવાજિંત્ર સહિત વિધિપૂર્વક પૂજન કરીને તેમના પાર્ષદોનું પૂજન કરે. (૪૪) પછી બ્રહ્માદિ સર્વ સેવોનું પૂજન કરી પૃથ્વી ઉપર દંડવત્ પ્રણામ કરી પછી બ્રાહ્મણોનું પૂજન કરી તેમને યથાશક્તિ દક્ષિણા આપે. (૪૫) પછી પારણામાં પધરાવેલા બાલકૃષ્ણનું પૂજન કરી આરતી ઉતારી વ્રતકર્તા બે ઘડી સુધી ધીમે ધીમે આદરપૂર્વક ઝુલાવે. (૪૬) જન્માષ્ટમી વ્રતવાળો પુરુષ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં રહેલો જે જન્માધ્યાય તેમાં કહેલી શ્રીકૃષ્ણની કથાને ભક્તિભાવથી સાંભળે, પછી દર્ભાસન ઉપર બેસીને જાગરણ કરે. (૪૭) પછી પ્રભાત સમયે સ્થાપિત દેવોનું ઉત્તમ પૂજન કરીને આચાર્યને તે મૂર્તિનું દાન કરે. પછી બ્રહ્મભોજન કરાવીને પોતે પારણાં કરે. (૪૮) સર્વ કોઈ ઉપવાસોમાં પારણાં બીજે દિવસે જ ઈષ્ટ છે માટે રાત્રિમાં પારણાં ન કરે, સિવાય કે રોહિણી વ્રત. (૪૯) રોહિણી વ્રતમાં મહાનિશાને વરજીને રાત્રિમાં પારણું કરવું જોઈએ. રાત્રિના જે બે મધ્યમ પ્રહોર તેનું મધ્ય કહેતાં મધ્યવર્તી બે ઘડી તે મહાનિશા જાણવી. (૫૦) મધ્યરાત્રિમાં જ્યારે અષ્ટમી, રોહિણી અને બુધવાર રૂપ યોગ વિશેષથી અષ્ટમી સપ્તમીના વેધવાળી કહેલી હોય ત્યારે તો બીજા દિવસે અષ્ટમી તિથિના અંતે પારણાં કરવાનું કહેલું છે. (૫૧) પારણાં કરવામાં તિથિનો જો ફેરફાર થાય તો આઠગણા પુણ્યનો નાશ થાય છે અને નક્ષત્રનો ફેરફાર થાય તો ચારગણા પુણ્યનો નાશ થાય છે માટે સાવધાનીપૂર્વક તિથિ નક્ષત્રના અંતે જ પારણાં કરવાં જોઈએ. (૫૨) અશક્ત પુરુષ તો તિથિ અને નક્ષત્ર બે પૈકી એકના અંતે પારણાં કરે અને સમર્થ વ્યક્તિ તિથિ નક્ષત્ર બન્નેની સમાપ્તિ થયા પછી જ પારણાં કરે. (૫૩) જે પુરુષ આ પ્રકારના વિધાનથી પ્રત્યેક મહિને કૃષ્ણ-જન્માષ્ટમીના વ્રતને કરે તે પોતાના મનોવાંછિત ફળને પામે તે નિશ્ચય વાત છે. (૫૪) વ્રતી પુરુષ આ પ્રમાણે જિતેન્દ્રિય થઈને પૂરું એક વર્ષ વ્રત કરીને સંવત્સરના અંતે મહાપૂજા કરીને શૈયા અને ગૌદાન આપી વ્રતનું ઉદ્યાપન કરે. (૫૫) જે વ્રતી પુરુષ વ્રતના આરંભમાં, વ્રતને મધ્ય અથવા અંતે ઉદ્યાપનને કરે તે ઉદ્યાપનથી અંગ સહિત વ્રત અને સર્વ મનોરથોને પૂર્ણ કરે છે તે નિશ્ચય વાત છે. (૫૬) આ વાર્ષિક જન્માષ્ટમી વ્રત દર વરસે વિધિ સહિત પુરુષ કરે. તેણે કરીને તેમના ઉપર ભગવાન અવશ્ય પ્રસન્ન થાય છે. (૫૭) હવે આ વ્રતનો ઉદ્યાપનપ્રકાર સંક્ષેપમાં કહું છું તેને સાંભળો. પૂર્વોક્ત મંડપમાં સર્વતોભદ્ર નામનું મંડલ બનાવવું. (૫૮) તે સર્વતોભદ્ર મંડલ

ઉપર મધ્યમાં સ્વચ્છ જળ ભરેલો, નવ સંખ્યામાં રત્નોએ સહિત આંબા વગેરેનાં પાંચ પાંદડાંઓથી શણગારેલો, પૂર્ણપાત્રે સહિત એવો તાંબાનો કળશ પ્રતિષ્ઠાપન કરીને તેને શ્વેત વસ્ત્રથી વીંટી તથા એક સુવર્ણ (સોળ માસાનો એક સુવર્ણ કહેવાય) વડે દેવકી સહિત શ્રીકૃષ્ણની પ્રતિમા બનાવવી. (૫૯-૬૦) વ્રતી અશક્ત હોય તો અર્ધા સુવર્ણ (આઠ માસા) વડે સોનાની પ્રતિમા બનાવે અને રોહિણી નક્ષત્રે સહિત ચંદ્રમા રજતથી બનાવે. પછી પુરુષ પૂજા કરે. (૬૧) દૂધપાક ભરેલી ચોવીસ તપેલીઓ ભગવાનને નિવેદન કરીને તે દૂધપાક ભરેલી તપેલીઓ બ્રાહ્મણોને આપે. (૬૨) પછી શ્રીહરિના મંદિરમાં ઘી વડે દીપમાળા કરે. પછી પુરુષસૂક્તથી તથા નામમંત્ર-મૂળમંત્રથી યથાધિકાર હોમ કરવો. (૬૩) પછી ચોવીસ બ્રાહ્મણોને જમાડે અને તે બ્રાહ્મણોનું ચંદન વસ્ત્ર અલંકારો વડે યથાશક્તિ પૂજન કરે. (૬૪) વ્રતી પુરુષ વસ્ત્રે સહિત તાંબાનો કળશ, સુવર્ણ અને ગાય યથાવિધિ યથાશક્તિ બ્રાહ્મણોને શ્રીકૃષ્ણની પ્રસન્નતા માટે આપે. (૬૫) તથા ઘી ભરેલું કાંસાનું પાત્ર, તલ ભરેલું તાંબાનું પાત્ર, વીંટી, કમંડળ, પગરખાં, વસ્ત્રો અને શય્યા વગેરે વિશેષપણે બ્રાહ્મણોને આપે. (૬૬) જો ધન હોય તો શ્રાદ્ધ, દાન હોમ, તીર્થયાત્રા અને વ્રતાદિકમાં વિત્તસાઠ્ય (ધનસંકોચ) ન જ કરે. અન્યથા ધર્મસમૃદ્ધિની પ્રાપ્તિરૂપે ફળ મળે નહિ. (૬૭) જે પુરુષ ઉત્તમ સુપાત્રોમાં અને ધર્મકાર્યોમાં વિત્તશાઠ્ય કરે છે તે પુરુષ ધર્મથી બહિર્ભૂત થઈને નરકમાં પડે છે. (૬૮) સર્વ વ્રતોમાં બ્રહ્મચર્યાદિક સામાન્ય નિયમો સર્વ પુરુષો અને સ્ત્રીઓએ પ્રયત્નપૂર્વક પાલન કરવા. (૬૯) મથુરામાં પાદુર્ભાવ પામેલા દ્વારિકાધીશ રુક્મિણી પતિ ભગવાન શ્રીહરિનું આ જન્માષ્ટમીરૂપ વ્રત મેં કહેલું છે. (૭૦) જે પુરુષ શ્રીકૃષ્ણ જન્મ દિવસે વ્રતનો અનાદર કરીને અન્ન જમે છે તે નરાધમ હોઈને માતૃગમન અને બ્રહ્મહત્યારૂપ મહાપાતક સમાન પાપને પામે છે. (૭૧) જો ઉપવાસમાં અસમર્થ હોય તો ફલાહાર વગેરેથી વ્રત કરે, પરંતુ આ વ્રતનો ક્યારેય પણ ત્યાગ કરવો નહિ. (૭૨) હે ભક્તો ! જન્માષ્ટમી વ્રતનો વિધિ મારા આશ્રિતોએ કરવા યોગ્ય છે તે સંક્ષેપથી મેં તમોને કહ્યો. (૭૩) જે પુરુષ એકાગ્રચિત્તે ભક્તિભાવપૂર્વક આ જન્માષ્ટમી વ્રત વિધિને સાંભળે કે પાઠ કરે તે પણ વ્રતનું ફળ પામે તેમાં સંશય નથી. (૭૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! એ રીતે ભગવાન શ્રીહરિ પોતાના ભક્તોને ઉપદેશ કરીને તેમણે ભક્તિથી વંદન કર્યા થકી ફરી પોતાના નિવાસસ્થાને પધાર્યા અને હરિજનો શ્રીહરિના ઉપદેશથી રાજી થઈને પોતપોતાના સ્થાને ગયા. (૭૫) હે નરેન્દ્ર ! શ્રી નારાયણમુનિ પોતાના નિવાસસ્થાનમાં સમગ્ર સંધ્યાવિધિ કરી એક પહોર સુધી મુખથી શ્રીકૃષ્ણનાં નામોને ઉચ્ચારણ કરતા થકા સાતમની રાત્રિના વચલા બે યામમાં પૃથ્વી ઉપર સાદડી પાથરીને સૂઈ રહ્યા. (૭૬)

ઈતિશ્રી સત્સંગીજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં સારંગપુરમાં જન્માષ્ટમી ઉત્સવમાં વ્રતવિધિનિરૂપણ નામનો અગિયારમો અધ્યાય થયો. ॥૧૧॥

●

## અધ્યાય-૧૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુજીએ જન્માષ્ટમીના દિવસે પ્રાતઃકાળે ઊઠીને નિત્યકર્મ કરીને શ્રી રામાનંદસ્વામીની મહાપૂજા કરી. (રામાનંદસ્વામીનો આ તિથિમાં જન્મ છે.) (૧) ઉદ્ધાવતાર શ્રી રામાનંદ મુનિની પૂજા સમાપ્ત કરી, બ્રહ્મચારીઓને પૂજીને પછી પાર્ષદો પાસે રમણીય મંડપ બંધાવ્યો. (૨) રંગબેરંગી વસ્ત્રોથી શોભાયમાન, કેળના સ્તંભોથી શણગારેલા મંડપમાં અતિ સુંદર શ્રીકૃષ્ણ પરમાત્માનું સિંહાસન કરાવ્યું. (૩) શ્રી નારાયણમુનિ સર્વ ભક્તસમુદાય સાથે નિરાહાર રહી રાત્રે પૂજન કરવા સુવર્ણમયી મૂર્તિઓ બનાવી. (૪) શ્રીહરિએ આખો દિવસ શ્રીકૃષ્ણનાં કીર્તનો ગાવામાં પસાર કર્યો અને રાત્રે સ્નાન કરી પૂર્વોક્ત વિધિથી મહાપૂજા કરી. (૫) શ્રીહરિએ શ્રીકૃષ્ણ, દેવકીજી, નંદ, યશોદા વગેરે દેવતાઓને પંચામૃત સ્નાન કરાવી શુદ્ધ જળથી અભિષેક કર્યો. (૬) મહાભિષેક કરીને નવીન વસ્ત્રાલંકારો, કુંકુમયુક્ત સુગંધી ચંદન, શુભ ચોખા, વિવિધ સુગંધીમાન પુષ્પો, તુલસીપત્રો, દુર્વા, બીલીપત્રો અને કેવડાથી પૂજન કર્યું. (૭-૮) શ્રીહરિએ દરેક પત્રે શ્રીહરિ વિષ્ણુસંબંધી નામ મંત્રે સહિત સુંદર એક હજાર તુલસી-દલ વડે પૂજન કર્યું. (૯) પછી ધૂપ, દીપ, આરતી, ચતુર્વિધ નૈવેદ્ય સમર્પણ કરી ફળ, તાંબુલ અને દક્ષિણાઓ અર્પણ કરી. (૧૦) પછી મહાપ્રભુજીએ આરતી ઉતારી પુષ્પાંજલી સમર્પિત કરી, નમસ્કાર કરી, બ્રાહ્મણોની પૂજા કરીને મહાપૂજા સમાપ્ત કરી. (૧૧) હિંડોળામાં બાળમુકુન્દને ઝુલાવતા સતા શ્રીહરિએ ભાગવતમાં કહેલી શ્રીકૃષ્ણ જન્મોત્સવની કથા સાંભળતાં તે રાત્રિ જાગરણપૂર્વક પસાર કરી. (૧૨) નવમીના પ્રાતઃકાળમાં નિત્યકર્મ કરીને ફરી પાછું ઉત્તમ પૂજન કરીને પુરોહિત બ્રાહ્મણને શ્રીકૃષ્ણાદિક પ્રતિમાઓ આપી દઈને બ્રહ્મભોજન કરાવ્યું. (૧૩) શ્રીહરિએ પોતાનું દર્શન કરી પારણાં કરવાની ઇચ્છાવાળા સ્વભક્તોને દર્શન આપી પછી પોતે પારણાં કર્યાં. (૧૪) સાંજના પહોરે અતિસુંદર ફાલ્ગુ નદીના તટમાં સભામાં બિરાજમાન અને ભક્તોથી વીંટાયેલા શ્રીહરિએ પોતાના ભક્તોને ભાગવત ધર્મોનો ઉપદેશ આપ્યો. (૧૫) પોતાનો નિર્મળ યશ વિસ્તારતા થકા શ્રીહરિ અનેકવિધ પ્રશ્નોના ઉત્તર આપવા વડે વિદ્વાનોના પણ સંશયોને છેદી નાખતા હતા. (૧૬) સર્વ ભક્તજનો પણ શ્રીહરિનું આદરપૂર્વક પૂજન કરવા લાગ્યા. શ્વેત-પીળા-લાલ વસ્ત્રોથી તથા સુવર્ણના આભૂષણ, ચન્દન, પુષ્પો, મોતીના તોરાઓની પંક્તિઓ, બહુવિધ ઉપહારો અને નૈવેદ્યો વડે શ્રીહરિને પૂજીને નમસ્કાર કરવા લાગ્યા. (૧૭-૧૮) સ્ત્રીઓએ સહિત સર્વ પુરવાસીજનો નિષ્કપટપણે નારાયણમુનિ તથા સંતજનોની ભાવપૂર્વક સેવા કરીને શ્રીહરિને સંતોષ પમાડ્યા. (૧૯) દેશાંતરોના સેંકડો ભક્તજનો વર્ણિ, સંત-પાર્ષદોએ સહિત ભક્તવત્સલ શ્રીહરિને જમાડવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. (૨૦) હે રાજન્ ! પછી ભગવાન શ્રીહરિએ દેશાન્તરથી આવેલા પોતાના ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા માટે ઇચ્છા કરીને તે સમયે જ ભક્તજનોની પ્રાર્થનાને અનુમોદન આપ્યું. (૨૧) ત્યારે ધનવાન ભક્તજનો સંતવર્ણિ પાર્ષદો અને હરિભક્તોએ સહિત શ્રીહરિ મહાપ્રભુજીને દરરોજ

અનુક્રમથી ભક્તિભાવથી જમાડવા લાગ્યા. (૨૨) ભક્તજનોના આનંદનિધિ શ્રીહરિને આ પ્રમાણે સારંગપુરમાં નિવાસ કરતા કરતા શ્રાવણ માસ પસાર થઈ ગયો અને ભાદરવા સુદી પાંચમ (ઋષિપંચમી) આવી ગઈ. (૨૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ ઋષિપંચમીના દિવસે સપ્તર્ષિપૂજન કરી ભક્તજનો સાથે ખેડ કર્યા સિવાય પાકેલા સામાનું ભક્ષણ કરતા હતા. પરંતુ દૂધ-ઘી આદિ ગાયનું પાન કરતા ન હતા. પછી સર્વ સ્ત્રીઓ પાસે ઋષિપંચમીનું વ્રત કરાવ્યું. (૨૪)

ઈતિશ્રી સત્સંગીજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં સારંગપુરમાં જન્માષ્ટમી ઉત્સવમાં વ્રતાચરણનિરૂપણ નામનો બારમો અધ્યાય થયો. ॥૧૨॥

●

## અધ્યાય-૧૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! એટલામાં ભાદરવા સુદી અષ્ટમી (રાધાષ્ટમી) આવી ગઈ. તે દિવસે શ્રીહરિએ શ્રીકૃષ્ણ અને રાધાજીનું મધ્યાહ્‌ને પૂજન કરીને ઉત્સવ કરાવ્યો. (૧) ત્યાર પછી શ્રીહરિ હજારો બ્રાહ્મણોને જમાડીને પોતે જમીને ઉત્તમ સિંહાસનમાં બિરાજમાન થયા. (૨) સારંગપુર ગામમાં ભગવાન શ્રીહરિના દર્શને કારિયાણી ગામના નિવાસી શ્રીહરિના ભક્તજનો દરરોજ આવતા અને જતા હતા. (૩) તે સમયે કારિયાણીવાસી જનો પોતાના ગામમાં લઈ જવા માટે શ્રીહરિ મહાપ્રભુજીની દરરોજ પ્રાર્થના કરતા હતા. પ્રભુ શ્રીહરિએ - અમે તમારા ગામમાં જરૂર આવીશું. આ પ્રમાણે અગાઉ તેમને કહ્યું હતું. (૪) શ્રીહરિમાં એક ચિત્તવાળા, દૃઢ નિશ્ચયવાળા કારિયાણી ગામના મુખ્ય ભક્તજનો શ્રીહરિને પોતાના ગામમાં લઈ જવા માટે રાધાષ્ટમીને દિવસે સારંગપુરમાં આવ્યા. (૫) ક્ષત્રિયોમાં મહા શૂરવીર વસ્તાખાચર, તેમનાં સીતા નામનાં પત્ની, બીજાં સામરી નામનાં પત્ની, માનસુર નામે પુત્ર, બીજા વેલાભાઈ નામના ક્ષત્રિય, તથા વીરાભાઈ, કાળાભાઈ અને રાઘવ નામે વૈશ્ય ભક્તજનો અને તેમની દેવિકા નામે બહેન, કર્ણ અને દેવાભાઈ આ સર્વ સારંગપુર આવીને 'હે ભગવાન્ ! આપ અમારા ગામ પધારો.' એમ પ્રાર્થના કરવા લાગ્યા. (૬-૭-૮) વસ્તાખાચર વગેરે ભક્તોનો નિષ્કપટ ભાવ જોઈને શ્રીહરિએ તે ભક્તજનોને કહ્યું : 'હે ભક્તો ! તમો મારા જ છો અને તમારું ગામ મારું જ છે.' (૯) 'હું તમારી પ્રીતિ માટે સંત-વર્ણિ-પાર્ષદો વગેરે સહિત આવતી કાલે સવારે કારિયાણી જરૂર આવીશ. તમો આજે જ આગળ જાઓ.' (૧૦) આ પ્રમાણે શ્રીહરિએ કહેલા, અતિ આનંદિત થયેલા ભક્તો ઉત્સાહથી પોતાના ગામે ગયા. શ્રીહરિના આગમન સમયે ઉપયોગી રસોઈનાં પાત્રો, જળપાત્રો, પાથરણાં વગેરે વસ્તુઓ શ્રીહરિના આગમન પૂર્વે સંપાદન કરી દીધી. (૧૧) પછી ભાદરવા સુદી નવમીના રોજ સમગ્ર મુનિમંડળોથી વીંટાયેલા, અશ્રુધારાઓથી આક્રાંત થયેલાં ચક્ષુઓવાળા સારંગપુર નિવાસી ભક્તોએ વારંવાર અતિશય વંદન કરાયેલા શ્રીહરિ પણ સારંગપુરથી નીકળી તત્કાળ કારિયાણી પધાર્યા.

(૧૨) સ્ત્રીપુત્રોએ સહિત વસ્તાખાચર વગેરે ભક્તો વાજિંત્રોના ધ્વનિઓ વડે દિશાઓને ગજાવતા થકા શ્રીહરિની સન્મુખ જઈ પ્રણામ કરી પોતાના પ્રાણપતિ શ્રીહરિને ગામમાં લઈ આવ્યા. (૧૩) સોમ-સુરાદિ પાર્ષદોએ સહિત શ્રીહરિએ વસ્તાખાચરના દરબારમાં નિવાસ કર્યો. પોતાના અન્ય ભક્તજનોને યથાયોગ્ય ઉતારા કરાવ્યા. (૧૪) કારિયાણીમાં સાધુ આદિ ભક્તજનોનું સેવન કરતા નિષ્કપટ મનવાળા કારિયાણી નિવાસી ભક્તોના ઘેર ઘેર સારો ઉત્સવ થયો. (૧૫) જે જે ભક્તોએ જ્યાં જ્યાં ઉતારો કર્યો હતો ત્યાં ત્યાં તે તે ભક્તો ઘરના માલિક હોયને શું ? એમ જાણતા હતા અને ઘરના માલિકો આગંતુક મહેમાનોની પેઠે શોભતા હતા. (૧૬) સીતા-સામરી બન્ને પત્નીઓની સાથે વસ્તાખાચર ઉપકરણોએ સહિત પોતાનો દરબાર શ્રીહરિને સમર્પણ કરીને પોતે આવેલા મહેમાનની પેઠે રહ્યા. (૧૭) શ્રીહરિની આજ્ઞાથી પરદેશથી આવેલા ભક્તજનો મુનિમંડળે સહિત સૌને પાક સામગ્રી આપવા લાગ્યા. આથી કારિયાણીવાસી જનોને પાક સામગ્રી આપવાનો અવકાશ રહ્યો નહિ. (૧૮) સર્વ મુનિજનો સહિત ભગવાન શ્રીહરિએ ભાદરવા સુદી નોમથી આરંભીને પ્રબોધની એકાદશીના ઉત્સવ પર્યંત કારિયાણીમાં નિવાસ કર્યો. (૧૯) કારિયાણીમાં નિવાસ કરતા શ્રીહરિ પોતાના ભક્તજનોની સભામાં સુંદર સિંહાસન ઉપર વિરાજમાન થઈ દરરોજ અતિ સુંદર કથાઓ કહેતા હતા. (૨૦) શ્રીહરિ સાધુઓના ધર્મો, યમાદિ અષ્ટાંગ સહિત યોગ, ગૃહસ્થધર્મો અને આત્મા-પરમાત્માઓનું સમગ્ર જ્ઞાન ઉપદેશતા હતા. (૨૧)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! શ્રીહરિ કારિયાણીમાં દરરોજ સાંજના પહોરે રામાનુજાચાર્યે કરેલા ભાષ્યે સહિત વ્યાસસૂત્રો હર્ષથી સાંભળતા હતા. (૨૨) શ્રીહરિએ રામાનુજાચાર્યની કૃતિની પ્રશંસા કરતા થકા આસો વદી તેરસ (ધનતેરસ)ના રોજ શ્રી ભાષ્ય કથાને સમાપ્ત કરી વક્તાની પૂજા કરી. (૨૩) પછી શ્રીહરિએ જેમ દુર્ગપુરમાં કર્યો હતો તેમ કારિયાણીમાં દીપોત્સવ, અન્નકૂટોત્સવ અને પ્રબોધિની ઉત્સવો કર્યા. (૨૪) મુનિ કહે છે : હે રાજન્ ! સર્વ ભક્તજનોએ અમૂલ્ય ચિત્રવિચિત્ર વસ્ત્રો, સુવર્ણનાં આભૂષણો, ચંદન પુષ્પના હારો, ઉત્તમ તોરાઓ અને શ્રેષ્ઠ મહા ઉપહારો વડે તે તે ઉત્સવ ઉપર શ્રીહરિનું પૂજન કર્યું.(૨૫)

ઇતિશ્રી સત્સંગીજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
ભગવતઃ કાર્યાયનગ્રામે સંસ્થિત્યુત્સવનિરૂપણ નામનો તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

●

## અધ્યાય-૧૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીહરિએ પ્રબોધિનીની રાત્રિએ ભક્તજનોથી ભરપૂર સભામાં જાગરણ કરતાં કરતાં પ્રબોધિની એકાદશીની કથા સાંભળી. (૧) કથાશ્રવણને અંતે શ્રીહરિએ પોતાના ભક્તોના શિક્ષણને માટે સત્કર્મની અતિ પ્રશંસા અને અસત્કર્મની નિંદા બહુ પ્રકારે કરી. (૨) તે સમયે પ્રશ્નના અવસરને જાણનારા અને વિનયયુક્ત ઉત્તમ રાજા બે હાથ જોડી પ્રણામ કરીને

શ્રીહરિને પૂછવા લાગ્યા. (૩)

**ઉત્તમરાજા પૂછે છે :**

હે ભગવન્ ! આ લોકમાં વ્યાવહારિક ક્રિયામાં મનવાળા સર્વ મનુષ્યોની તે તે કાર્યમાં પ્રવૃત્તિ જોવા મળે છે તે નિશ્ચય વાત છે. (૪) તે તે કર્મોમાં પ્રવૃત્ત થયેલા મનુષ્યો પૈકી કર્મ કરનારા જનોને કયા કર્મોથી સ્વર્ગપ્રાપ્તિ થાય અને કયા કર્મોથી નરકની પ્રાપ્તિ થાય તે બધું કહેવાને આપ યોગ્ય છો. (૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ આ પ્રકારે બુદ્ધિમાન એવા ઉત્તમ રાજાએ પૂછેલા શ્રીહરિ ફળ સહિત બે પ્રકારનાં કર્મોને કહેવા લાગ્યા. (૬)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ઉત્તમ રાજન્ ! જેમ તમે મને પૂછો છો તેમજ પૂર્વે પાપભીરુ રાજા યુધિષ્ઠિર ભીષ્મપિતામહને પૂછતા હતા. હે નરાધિપ ! મહા બુદ્ધિમાન એવા દેવવ્રત ભીષ્મપિતામહે યુધિષ્ઠિરને જે ઉત્તર આપ્યો હતો તે હું તમોને કહું છું તે તમો સાંભળો. (૭-૮)

**ભીષ્મ બોલ્યા :**

હે યુધિષ્ઠિર રાજન્ ! જે પરદારાનું અપહરણ કરે છે, જે પરદારાને બળાત્કારથી પામે છે અને જે પરદારાને લલચાવીને અન્ય સાથે જોડી આપે છે - આ ત્રણેય નરો નરકને પામે છે. (૯) જે પુરુષો પરદ્રવ્યનું અપહરણ કરે છે, પરદ્રવ્યનો નાશ કરે છે અને જે અન્યના દોષોને સૂચવે છે (ચાડિયા) તે આ ત્રણેય નિશ્ચય નરકને પામે છે. (૧૦) હે ભારત ! પરબોને ભેદનારા, સભાસ્થાનોને ભેદનારા અને સેતુઓ તથા ગૃહોને ભાંગી નાખનારા છે તે નરકગામી થાય છે. (૧૧) જે નરો અનાથ સ્ત્રી, બાળા, વૃદ્ધા, ભય પામેલી સ્ત્રી અને તપસ્વિની સ્ત્રીને ઠગીને ઉપભોગ કરે છે તે નરો નરકગામી થાય છે. (૧૨) હે ભારત ! જે પુરુષો અન્યની જીવિકાનો છેદ, અન્યના ઘરોના છેદ, અન્યની સ્ત્રીનો છેદ, મિત્રોમાં ભેદ અને આશાનો છેદ કરે છે તે પુરુષો નરકમાં પડે છે. (૧૩) જે પુરુષો ચાડીચુગલી કરે છે, કોઈ સાથે કરેલ સંધિને તોડે છે, જે લાંચવૃત્તિ પર જીવનારા છે, તથા જે મિત્રોએ કરેલાં કાર્યને નહિ જાણનારા કૃતઘ્ની છે તે પુરુષો નિશ્ચય નરક પામે છે. (૧૪) જે વેદ વિરોધી છે, સત્પુરુષોની નિંદા કરે છે, અને ધર્મના સંકેતોને દૂષણ આપે છે અને પારકાને ઠગનારા છે - આ પુરુષો નરકગામી થાય છે. (૧૫) વળી, જે પુરુષો લોકવિરુદ્ધ વ્યવહારવાળા અને બમણો વ્યાજવટો કરનારા અને સો રૂપિયાથી અન્નાદિ વેચાતું લઈને બસોથી વેચનારા (વધારે નફો કરનારા)- આ નરકમાં જનારા હોય છે. (૧૬) જે માણસો જુગાર વડે જ વ્યવહાર ચલાવનારા છે તથા જેઓ ગુણદોષની પરીક્ષા કર્યા વગર માનાપમાન કરનારા છે અને પ્રાણીપીડામાં જ પ્રવૃત્તિવાળા છે, આ સર્વે નરકગામી થાય છે. (૧૭) આશાવાળો, - હું તેને આટલું આપીશ, એવી પ્રતિજ્ઞાવાળો, મૂલ્ય ગ્રહણ કરીને બતાવેલા કાર્યને કરનાર, કોઈ આશાથી વેતન લઈને કામ કરનાર આ ચાર જણાને ભેદના ઉપાયો વડે તેના માલિક પાસેથી અલગ પાડે છે, તે

જનો અવશ્ય નરકને જ પામે છે. (૧૮) જે પુરુષો પત્નીનો ત્યાગ કરીને જમે છે, અગ્નિ, નોકર અતિથિને અતિલંઘન કરીને જમે છે અને જે દેવ પિત્રીઓનું તર્પણ કર્યા વગર જમે છે, તે નરો નરકને પામનારા માન્યા છે. (૧૯) જે પુરુષો વેદોનું પારાયણ કરી તેનું ફળ આપી દઈ ધન ગ્રહણ કરે છે અથવા વેદને વેચે છે અને જે પુરુષો વેદોને દૂષિત કરે છે, એટલે કે વેદ વિરુદ્ધ આચરણ કરી વેદનિંદાપરાયણ થાય છે અને જે અશુદ્ધ વેદગ્રંથો લખનારા છે તે બધા અવશ્ય નરકને પામે છે. (૨૦) જે પુરુષો કેશ, ચામર, કંબલ વગેરે વેચનારા છે, જેઓ વછનાગાદિ ઝેર વેચનારા છે તથા જે પુરુષો પોતાને નિષિદ્ધ હોય એવાં કર્મો વડે જીવન ચલાવનારા છે તે અવશ્ય નરકને પામે છે. (૨૧) હે યુધિષ્ઠિર ! જે પુરુષો બ્રાહ્મણો, ગાયો અને કન્યાઓના કાર્યમાં અંતરાય કરનારા છે તે પુરુષો નરકને પામે છે. (૨૨) હે યુધિષ્ઠિર ! જે પુરુષો શસ્ત્ર વેચનારા છે અને જેઓ બાણો અને ધનુષ્યને બનાવનારા છે તે પણ નિશ્ચય નરકને પામનારા છે. (૨૩) હે ભરતર્ષભ ! જે પુરુષો શિલાઓ વડે કે ખીલાઓ વડે કે રસ્તામાં ખાડા ખોદી માર્ગને અવરોધે છે તેઓ નરકગામી થાય છે. (૨૪) હે ભરતર્ષભ ! જે પુરુષો વિકાર રહિત ઉપાધ્યાયો, સેવકો, ભગવદ્‌ભક્તો અને વિકારવિહીન સ્ત્રીઓનો ત્યાગ કરે છે તે પુરુષો અવશ્ય નરકને પામે છે. (૨૫) જે પુરુષો દમન નહિ કરવા યોગ્ય વાછરડાના વૃષણનો ઉચ્છેદ વડે દમન કરે છે તથા નાસિકાના વેધથી દમન કરે છે અને પશુઓને અસ્થાનમાં - અસમયે બાંધી રાખે છે તેઓ નરકગામી માનેલા છે. (૨૬) જે રાજાઓ પ્રજાનું ચોરાદિથી રક્ષણ કર્યા વગર છઠ્ઠો ભાગ લે છે અને પોતે ધનાઢ્ય હોવા છતાં ગરીબોને આપતા નથી તે પણ નરકગામી માનેલા છે. (૨૭) જે પુરુષો ક્ષમાયુક્ત, ઇન્દ્રિયોને જીતનારા, બુદ્ધિશાળી અને બહુ સમય સુધી સાથે રહીને જેમણે ઘણાં કામો કરેલાં છે એવા પુરુષોનો જે ત્યાગ કરે છે તે નરકગામી માનેલા છે. (૨૮) અને જે મનુષ્યો બાળકો, વૃદ્ધો, દાસો વગેરેને આપ્યા પહેલાં પોતે ભક્ષણ કરનારા છે તે નિશ્ચય નરકને પામનારા છે. (૨૯) હે ભરતર્ષભ ! આ પ્રમાણે પૂર્વે દર્શાવેલા સર્વ નરકગામી કહેલા છે. હવે સ્વર્ગલોકને પામનારા જનો તેને હું તમોને કહીશ. (૩૦) હે ભારત ! જેમાં દૈવ છે પ્રથમ એવાં સર્વ કાર્યોમાં જેઓ બ્રાહ્મણપરાધરૂપ સમગ્ર પુત્રો અને પશુઓને હણવાનું બ્રાહ્મણાતિક્રમ કરતા નથી તે નરો સ્વર્ગગામી જાણવા. (૩૧) હે યુધિષ્ઠિર રાજન્ ! જે નરો દાન, તપ, અને સત્ય વડે સદાચારનું અનુવર્તન કરે છે તે જનો સ્વર્ગગામી માનેલા છે. (૩૨) હે ભારત ! ગુરુની સેવા કરીને, ઉચિત તપશ્ચર્યા કરીને, ગુરુને રાજી કરીને તેમના થકી વિદ્યા મેળવીને જે જનો પ્રતિગ્રહ લેતા નથી તે સ્વર્ગગામી થાય છે. (૩૩) જે જનો ભય, લોભ, ક્રોધ, દરિદ્રતા તથા રોગના પરાભવથી ધર્મકાર્યનો ત્યાગ કરતા નથી તે મનુષ્યો સ્વર્ગમાં જાય છે. (૩૪) તથા જે નરો ક્ષમાપરાયણ થાય છે, ધૈર્યપરાયણ થાય છે, ધર્મકાર્યોમાં જાગૃત રહે છે અને જે મંગલ આચારવિચારથી સંપન્ન થાય છે તે નરો સ્વર્ગને પામનારા છે. (૩૫) જે મનુષ્યો સર્વ પ્રકારે માંસભક્ષણ અને મદિરાપાનથી નિવૃત્ત થયેલા છે, જે જનો પરદારાઓથી નિવૃત્ત થાય છે તથા જે જનો અગિયાર પ્રકારનાં મદ્ય અને ત્રણ પ્રકારની સુરાથી નિવૃત્ત થાય છે તે જનો નિશ્ચય સ્વર્ગને પામનારા થાય છે. (૩૬) હે ભારત ! જે મનુષ્યો બ્રહ્મચર્યાદિ આશ્રમોનું પાલન કરનારા,

કુળપરંપરાગત સદાચારોનું રક્ષણ કરનારા, પોતાના દેશના જનોનું રક્ષણ કરનારા, પોતાના નગરના જનોનું રક્ષણ કરનારા છે તે સ્વર્ગગામી માનેલા છે. (૩૭) જે જનો વસ્ત્રો અને આભૂષણોના દાતા છે, જે પગાર અને અન્નદાતા છે તથા જેઓ કુટુંબોના દાતા અર્થાત્ પરવિવાહ કરનારા છે તે બધા સ્વર્ગગામી થાય છે. (૩૮) જો મનુષ્યો પ્રાણીવધથી રહિત, પોતાના ધર્મની વૃદ્ધિ માટે ક્લેશને સહન કરનારા, સર્વનાં દુઃખોને નિવારણ કરનારા આ સર્વ સ્વર્ગગામી થાય છે. (૩૯) જે જનો માબાપની સેવા કરે છે, જેઓએ ઇન્દ્રિયોને વશ કરેલી છે તથા સ્નેહયુક્ત થઈને બંધુજનોની સેવા કરે છે તે સ્વર્ગને પામનારા છે. હે ભારત ! જે પુરુષો ધનાઢ્ય, બળવાન અને યૌવન અવસ્થાવાળા હોવા છતાં જિતેન્દ્રિય છે, ધૈર્યવાન છે તેઓ અવશ્ય સ્વર્ગને પામનારા છે. (૪૧) જે જનો મહા અપરાધીઓ ઉપર પણ સ્નેહશીલ થાય છે, જેઓ કોમળ સ્વભાવવાળા છે, મૃદુ સ્વભાવવાળા ઉપર પ્રીતિવાળા છે અને જેઓ બીજાને નિષ્કારણ સુખ આપનારા થાય છે તે પુરુષો સ્વર્ગને પામનારા છે. (૪૨) જે જનો પંગતમાં બેઠેલા હજારો જનોને પીરસીને જમાડે છે, હજારો રૂપિયાનું દાન આપે છે અને હજારો જનોનું રક્ષણ કરનારા છે તે નરો સ્વર્ગગામી થાય છે. (૪૩) હે ભરતર્ષભ ! જે જનો સુવર્ણનું દાન કરનારા છે, ગાયોના દાતા છે તથા જેઓ અન્ન, જળ અને વાહનોના દાતા તે નરો સ્વર્ગને પામનારા જાણવા. (૪૪) જે પુરુષો વિવાહ સંબંધી ઉપયોગી ધન, અન્ન, વસ્ત્રો, અલંકારાદિ દાસદાસીઓને આપનારા છે તે જનો સ્વર્ગગામી જાણવા. (૪૫) અગ્નિહોત્રની શાળા, ગૃહ, ઉદ્યાન, વાવ, કૂવો, ઉપવન, સભા, પરબ વગેરે બનાવનારા તથા નગર કિલ્લાઓને કરનારા જનો સ્વર્ગને પામનારા છે. (૪૬) હે ભારત ! ધર્મશાળાઓ, ક્ષેત્રો, નિવાસગૃહો તથા માંગનારાઓને ઇચ્છિત વસ્તુઓ આપનારાઓ સ્વર્ગમાં જનારાઓ છે. (૪૭) હે યુધિષ્ઠિર ! ગોળ વગેરે રસો, બીજો અને ધાન્યો પોતે ઉત્પન્ન કરીને આપનારા જે પુરુષો હોય છે તે સ્વર્ગગામી થાય છે. (૪૮) જે નરો સર્વ ભૂતો ઉપર દયાવાળા, હિંસાવાળો ધર્મ જેમણે છોડી દીધો છે અને સર્વ જનોએ વિશ્વાસ કરવા યોગ્ય થાય તેઓ સ્વર્ગગામી થાય છે. (૪૯) જે જનો પરધનમાં મમતા રહિત છે, જેઓ સર્વદા પરસ્ત્રી સંગ રહિત થાય છે અને જેઓ ધર્મથી પ્રાપ્ત થયેલ અન્નનો જ ઉપભોગ કરનારા છે તે જનો સ્વર્ગને પામનારા છે. (૫૦) જે જનો પરસ્ત્રીઓમાં માતા, બહેન અને પુત્રીની માફક નિરંતર વર્તે છે તે સ્વર્ગગામી જાણવા. (૫૧) જે જનો નિરંતર ચોરી કર્મથી નિવૃત્તિ પામેલા છે, અને જેઓ પોતાના ભાગ્ય અનુસાર મળેલા ધનથી સંતોષ પામનારા છે તેઓ સ્વર્ગગામી થાય છે. (૫૨) જે જનો જિતેન્દ્રિય, બ્રહ્મચર્યપરાયણ અને પરસ્ત્રીઓમાં હંમેશાં ચક્ષુની વૃત્તિને પાછી વાળનારા છે તે જનો સ્વર્ગમાં જનારા માનેલા છે. (૫૩) જે જનો સ્વપત્નીમાં જ પ્રીતિવાળા, ઋતુકાળે જ અભિગમન કરનારા તથા જેઓ વૈરાગ્યશીલ છે તે નરો સ્વર્ગને પામનારા જાણવા. (૫૪) હે રાજન્ ! જે સ્નેહપૂર્ણ, અન્યને પીડા નહિ કરનારી, મધુર, દોષરહિત, સ્વાગતવાણી ઉચ્ચારે છે તે પુરુષો સ્વર્ગગામી થાય છે. (૫૫) જે જનો ચાડિયાપણાથી રહિત થઈને, કર્ણને કઠોર તથા અતિવાદ યુક્ત વચન બોલતા નથી તે સ્વર્ગમાં જાય છે. (૫૬) પરગુહ્ય પ્રકાશક અને મિત્રભેદ કરનારી વાણીને જે જનો બોલતા નથી પરંતુ સત્ય જ અને મિત્રતા કરનાર

વચનો બોલે છે તે જનો સ્વર્ગગામી જાણવા. (૫૭) જે મનુષ્યો કઠોર વચન અને પરદ્રોહનો ત્યાગ કરે છે તથા જેઓ સર્વ ભૂતોમાં સમાન દૃષ્ટિવાળા થાય છે તેમજ ઇન્દ્રિયોનું દમન કરે છે તે સ્વર્ગને પામનારા છે. (૫૮) જેઓ અસત્પ્રલાપથી નિવૃત્ત થયેલા છે અને જેઓ લોકશાસ્ત્ર વિરુદ્ધ આચારથી રહિત છે અને સૌમ્યવાણી બોલનારા છે તે જનો સ્વર્ગગામી બને છે. (૫૯) હે રાજન્ ! જે માણસો ક્રોધથી પણ બીજાના અંતઃકરણને દુઃખ કરનારી વાણી બોલતા નથી. ક્રોધ પામેલા હોય તો પણ પ્રેમભર્યું વાક્ય બોલે છે તે નરો સ્વર્ગને પામે છે. (૬૦) અને જે પુરુષો ગામમાં, ઘરમાં કે એકાંત સ્થળમાં રહેલા પારકા ધનની ક્યારેય પણ લઈ લેવાની ઇચ્છા કરતા નથી તે જનો સ્વર્ગને પામનારા છે. (૬૧) જે નરો એકાંતમાં રહેલી અને કામભોગની ઇચ્છાપરાયણ એવી પરદારાને મનથી પણ ઇચ્છતા નથી તે જનો સ્વર્ગગામી જાણવા. (૬૨) જે જનો પરસ્પર મળીને મિત્રભાવયુક્ત થકા શત્રુ અને મિત્રને હંમેશાં સમાન ભાવવાળા મનથી સેવે છે તે જનો સ્વર્ગગામી જાણવા. (૬૩) જે પુરુષો વિદ્વાન, દયાવાન, પવિત્ર, સત્ય પ્રતિજ્ઞાવાળા અને પોતાના ધનથી સંતુષ્ટ રહેનારા હોય છે તેઓ સ્વર્ગમાં નિવાસ કરનારા માન્યા છે. (૬૪) જે જનો આસ્તિક્ય બુદ્ધિવાળા, સુકૃતવાળા, શુદ્ધ માણસો જેમને પ્રિય છે એવા તથા જેઓ ધર્મ-અધર્મને જાણનારા છે તે નરો સ્વર્ગગામી થાય છે ! (૬૫) દેવ, બ્રાહ્મણો તથા બીજાઓ પ્રત્યે જે ન્યાય અને ગુણબુદ્ધિપૂર્વક વર્તે છે તે જનો ઉચ્ચ ગતિ પામી, સ્વર્ગ મેળવે છે. (૬૬)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે નરપતે ઉત્તમ રાજન્ ! આ પ્રમાણે પૂર્વે ભીષ્મ પિતામહે બુદ્ધિશાળી યુધિષ્ઠિર રાજાને સુકૃત-દુષ્કૃતરૂપ બે પ્રકારનાં કર્મો કહેલાં તે જ કર્મો મેં તમોને કહ્યાં. (૬૭) જે માણસો હજારો ઉપાયોથી પણ દુર્લભ મનુષ્ય શરીરને પામીને દુષ્કર્મોનો ત્યાગ સત્કર્મોને જ કરે છે તે નરો ભૂતલમાં ધન્ય કહેતાં કૃતકૃત્ય થાય છે. (૬૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિનું વચન સાંભળીને હર્ષ પામેલા ઉત્તમ રાજા અને અન્ય સર્વ ભક્તજનો શ્રીહરિને સ્તુતિપૂર્વક નમસ્કાર કરતા હતા. (૬૯) પછી શ્રીહરિ મહાપ્રભુ બીજા દિવસે બ્રાહ્મણોને પ્રિય લાડુ વગેરે ભોજન વડે હજારો બ્રાહ્મણોને જમાડતા હતા. (૭૦) પછી શ્રીહરિએ બહુ દૂર દેશાવરથી આવેલા ભક્તજનોને પોતપોતાના દેશ મોકલ્યા. સો ગાઉ પર્યંત દૂર દેશથી આવેલા ભક્તો પ્રાયઃ કારિયાણી ગામથી ન જતાં ત્યાં જ રોકાયા. (૭૧) હે રાજન્ શ્રીહરિ મહાપ્રભુજીના ચરિત્ર, કીર્તન, ગુણગાન, સ્મરણ, ચિંતન તથા અર્ચન, વંદન હંમેશાં કરનારાં જનોના દિવસો શ્રીહરિની સમીપમાં ક્ષણવત્ વીતી ગયા. (૭૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
કારિયાણી ગામમાં સ્વર્ગનર્કગામી પુરુષલક્ષણ નિરૂપણ નામનો ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥

●

# અધ્યાય-૧૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! પ્રબોધિની ઉત્સવ વીતી ગયો ત્યારે દેશાંતરના લોકો શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાના દેશમાં ગયા બાદ તે ઉત્સવ ઉપર જૂનાગઢના હેમંતસિંહ (ઝીણાભાઈ) નામના રાજા શ્રીહરિની ભક્તવત્સલતા જોઈને પોતાને ઘેર પણ તેવો જ ઉત્સવ કરવાની ઇચ્છા કરતા હતા. (૧-૨) હેમંતસિંહ રાજા શ્રીહરિ મહાપ્રભુને જૂનાગઢ લઈ જવાની ઇચ્છાવાળા થકા પોતાના દેશવાસીજનો તથા પરિવાર જનો સાથે કારિયાણીમાં જ રોકાયા. (૩) કારિયાણીના રાજા વસ્તાખાચરે અતિ આદર કરાયેલા અને પોતાના તે મિત્રના ગૃહમાં નિવાસ કરતા થકા, પ્રાર્થનાનો અવસર જોતા થકા ત્યાં ત્રણ દિવસ રોકાયા. (૪) હેમંતસિંહ રાજાનાં ગંગા નામનાં માતા, ઝવેરબા નામે પત્ની, અનુપસિંહ નામે ભાઈ, ભાઈની પત્ની પ્રાણબાઈ, હેમંતસિંહનાં અદિતિ નામે બહેન, અને મોહિની નામની દીકરી વગેરે સ્વજનો તથા મયારામ વગેરે પોતાના દેશના પુરુષો અને લાડકીબાઈ વગેરે દેશવાસી સ્ત્રીઓએ સહિત હેમંતસિંહ રાજા ચોથા દિવસે પ્રાતઃકાળે સભામાં બિરાજેલા શ્રીહરિને પ્રણામ કરી તે પ્રભુજીને પ્રસન્નતાયુક્ત જોઈ પ્રાર્થના કરવા લાગ્યા. (૫-૮)

**હેમંતસિંહ બોલ્યા :**

હે ભગવન્ ! હે સર્વ લોકના સ્વામી ! હે ભક્તવત્સલ ! હે સત્પતે ! તમારા જ ચરણકમળના જ એક આશ્રયવાળા સેવક એવા મારી ઉપર આપ કૃપા કરવા યોગ્ય છો. (૯) હે સ્વામિન્ ! હે ભૂમન્ ! હે સદ્ધર્મમાર્ગપ્રવર્તક ! આ કારિયાણી ગામમાં તમોએ જેવો ઉત્સવ કર્યો તેવો જ મારા ભવનમાં પણ કરવો જોઈએ. (૧૦) હે નાથ ! ભક્તિપ્રિય એવા તમારે નિર્ધન અને ધનિક ભક્તો ઉપર સમાન દયા છે તેમાં જરાપણ વૈશમ્ય નથી. (૧૧) હે ભગવન્ ! અમારા દેશવાસી આપના સૌ આશ્રિતજનો જૂનાગઢમાં આપનું આગમન થાય તેવી અતિ ઇચ્છા કરે છે અને આ મારાં વૃદ્ધ માતા વિશેષપણે ઇચ્છે છે. (૧૨) હે રાજન્ ! તે સમયે મયારામ ભટ્ટ બે હાથ જોડીને બોલ્યા : હે ભગવન્ ! તમો સર્વ પ્રકારે હેમંતસિંહના કહેવા પ્રમાણે કરવા સર્વથા યોગ્ય છો. (૧૩) અમારા દેશમાં સર્વ જનો આપના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા છે. ભક્તના કલ્પવૃક્ષ સમા તમો મારા ભક્તજનોના મનોરથ પૂર્ણ કરો. (૧૪) હે પ્રભો ! આ હેમંતસિંહ રાજાએ તમારા માટે સર્વ સામગ્રીઓ સંપાદન કરી રાખી છે. માટે હે પ્રભો ! તેમનો મનોરથ શીઘ્ર પૂર્ણ કરો. (૧૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે હેમંતસિંહ રાજા તથા મયારામ ભટ્ટે પ્રાર્થના કરાયેલા, તે બન્નેનો નિષ્કપટભાવ જાણનારા, નારાયણમુનિ પ્રસન્ન થઈને બોલ્યા : (૧૬) હે રાજન્ ! મુનિજનોએ સહિત હું તમારા જૂનાગઢ નગરમાં આવીશ, કેમકે તમારા નિષ્કપટ પ્રેમભાવને હું જાણું છું. (૧૭) હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુજી આ પ્રમાણે બોલ્યા તે સમયે નાગડકાપુરના અધિપતિ સૂરસિંહ (સુરાખાચર) રાજા બન્ને હાથ જોડી ઉતાવળા થઈને શ્રીહરિની સમીપમાં આવ્યા. (૧૮) તે રાજાની પાછળ તેમનાં પત્ની સાતિ તથા ધન્યા અને પલ્લુ નામની બે પુત્રીઓ

તથા નાથ નામે તેમનો પુત્ર આ સર્વે તત્કાળ આવી પહોંચ્યાં. (૧૯) અને તેજસ્વતી નામની પત્ની સહિત નાગડકાપુરના મુખી સિંહ નામના ભક્ત પણ આવ્યા. પછી સુરસિંહ રાજા બધા સ્વજનો સહિત શ્રીહરિને નમસ્કાર કરીને કહેવા લાગ્યા. (૨૦) સૂરસિંહ બોલ્યા : "હે ભગવન્ ! હું તમોને મારા પુરમાં લઈ જવા માટે આવ્યો છું. પોતાના સંબંધીઓએ સહિત આપની સમીપમાં રહેલા મને ઘણા દિવસો વીતી ગયા. (૨૧) પોતાના એક જ આશ્રયવાળા મારી ઉપર તમો કૃપા કરવા યોગ્ય છો." હે રાજન્ ! આ પ્રકારે પ્રાર્થના કરતા સૂરસિંહ રાજાને જોઈને શ્રીહરિ મહાપ્રભુ પોતાના હૃદયમાં વિચારવા લાગ્યા : (૨૨) આ સૂરસિંહ અને હેમંતસિંહ બન્ને મારા નિષ્કપટ ભક્તો છે, બન્ને મને પ્રિય છે. બન્ને પણ એક જ સમયે મને પોતાના પુરમાં લઈ જવા યાચના કરે છે. (૨૩) મારે બન્નેનું પણ પ્રિય અવશ્ય કરવું. બન્ને પૈકી પ્રથમ હું કોના પુરમાં જાઉં કે જેથી બેમાંથી કોઈને મારે વિષે વિષમબુદ્ધિ ઉત્પન્ન ન થાય. (૨૪) સુવ્રતમુનિ બોલ્યા : હે નિષ્પાપ રાજન્ ! આ પ્રમાણે વિચાર કરતા થકા, પોતે સર્વજ્ઞ હોવા છતાં નૃનાટ્ય ધારી થકા પોતે ચિંતવેલું પૂછવા માટે બ્રહ્માનંદમુનિ અને નિત્યાનંદમુનિને બોલાવ્યા. (૨૫) પછી સર્વેશ્વર શ્રીહરિ તે બન્ને મુનિઓની સાથે એકાંત સ્થાનમાં બેસી શ્રેષ્ઠ અગાધ બુદ્ધિવાળા સ્વભક્ત એવા તે બન્ને મુનિઓને પૂછવા લાગ્યા. (૨૬) હે સદ્‌બુદ્ધિવાળા તેમજ સર્વ કાર્ય અને અકાર્યના જ્ઞાનમાં અતિશય નિપુણ તમો બન્ને અતિ પ્રિય નેત્રોની પેઠે અર્થને બતાવનારા જ છો. (૨૭) આથી અત્યારે ઊપજેલો મારો સંદેહ હું તમને કહું છું. સૂરસિંહ અને હેમંતસિંહ આ બન્ને પૈકી કોના પુરમાં અમારે પ્રથમ જવું તે કહો. (૨૮) બેમાંથી એકના પુરમાં જઈએ એટલે બીજાની અપ્રસન્નતા થાય. મારે બન્નેના પુરમાં અવશ્ય જવું છે. આથી આ સંકટમાં તમો યોગ્ય કહો. (૨૯) આ પ્રમાણે ત્રિલોકીના ગુરુ અને સર્વજ્ઞ શ્રીહરિએ મનુષ્યાનુકરણથી અજ્ઞાનીની પેઠે પૂછાયેલા બન્ને મુનિજનો પોતપોતાના મનમાં વિચારવા લાગ્યા. (૩૦) આ શ્રીહરિ પ્રત્યક્ષ ભગવાન છે તોપણ મનુષ્યભાવનું અનુકરણ કરીને પૂછવાના નિમિત્તથી આપણા બન્ને ઉપર અનુગ્રહ જ કરે છે. (૩૧) બ્રહ્માદિ દેવો પણ આ લોકમાં શ્રીહરિના દર્શન ક્યારેક દૂરથી જ પામે છે અને ક્યારેક પામતા નથી. તે મહાપ્રભુ એકાંતમાં આપણી સાથે બેસીને પૂછે છે, આ આશ્ચર્ય છે ! (૩૨) શ્રીહરિ મહાપ્રભુના ગમનનો નિષેધ અત્યારે આપણે કરવો શક્ય નથી. કેમકે પ્રભુ પોતે જ ત્યાં જવા ઉત્કંઠા ધરાવે છે એ નિશ્ચિત વાત છે. (૩૩) શ્રી નારાયણમુનિ આપણા બન્નેની નિષેધની યુક્તિઓનો હાલમાં સ્વીકાર નહિ જ કરે. માટે ગમનને અનુમોદન આપીને જ પ્રશ્નનો ઉકેલ આપવો જોઈએ. (૩૪) આ પ્રમાણે તે બન્ને મનમાં નક્કી કરીને પ્રભુને કહેવા લાગ્યા : "હે સ્વામિન્ ! તમોએ જે પૂછ્યું તે તમારા પ્રશ્નમાં અમો બન્નેને એમ ભાસે છે કે (૩૫) સુરસિંહ અને હેમંતસિંહ બન્ને ભક્તો તમારે તો સમાન જ છે માટે તે બન્નેનું તમોએ પ્રિય કરવું જોઈએ. તો પણ તમારે સુરસિંહના નાગડકાપુરમાં પ્રથમ જઈને સૂરસિંહને સંભાવિત કરી પછી જૂનાગઢ જવું.(૩૬) કેમ કે હે પ્રભો ! સૂરસિંહ રાજાનું નાગડકાપુર જૂનાગઢ જતાં માર્ગમાં જ છે. સૂરસિંહના પુરનું ઉલ્લંઘન કરીને જૂનાગઢ ક્યાંથી જઈ શકાય ? (૩૭) આથી

હે પ્રભો ! આપે પ્રથમ નાગડકા પધારવું. આવી અમારી બન્નેની મતિ પહોંચે છે. પછી તો આપની જેમ ઈચ્છા હોય તેમ કરો. (૩૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે બ્રહ્માનંદમુનિ અને નિત્યાનંદમુનિનાં વચનો સાંભળી શ્રીહરિ મહાપ્રભુ બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ એવા તે બન્ને મુનિજનોનું માનતા થકા પ્રસન્ન મનવાળા થઈ મહાસભામાં પધારી પોતાના સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૩૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં કારિયાણી ગામમાં હેમંતસિંહ અને સૂરસિંહના આમંત્રણમાં જવા માટે મંત્રણાનિરૂપણ નામનો પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

●

## અધ્યાય-૧૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રી નારાયણમુનિએ હેમંતસિંહને કહ્યું કે તમો પોતાના દેશજનો સાથે જૂનાગઢ જાઓ અને ત્યાં હું તમારી પાછળ આવું છું. (૧) હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું ત્યારે હેમંતસિંહ ખૂબ રાજી થઈ સ્વપુર-(જૂનાગઢ) જવા તત્પર થયા. પછી શ્રીહરિએ સૂરસિંહને 'તમો પણ તમારા ગામ નાગડકા જાઓ' એમ કહ્યું. (૨) 'હું તમારા ગામમાં પ્રાતઃકાળે આવીશ. આ મારા વાક્યમાં જરા પણ સંદેહ નથી. હે સૂરસિંહ ! બ્રાહ્મણો પાસે રસોઈ કરાવી અમારા આગમનની પ્રતીક્ષા કરો.' (૩) આમ શ્રીહરિએ કહેલા સૂરસિંહ રાજા અતિ પ્રસન્ન થઈને પોતાના સ્વજનો સાથે નાગડકા ગયા. શ્રીહરિના નાગડકા જૂનાગઢ જવાની સઘળી વાત રતિબાઈએ જયા(જીવુબા)ને કહી. (૪) ત્યારે ઉતાવળથી જયા લલિતાની સાથે પોતાના આસનથી ઊઠીને સ્નાન કરી નિત્યકર્મ કરતા ઉત્તમરાજાને શીઘ્ર કહેવા લાગી : (૫) હે ભાઈ ! દિવસનો પહેલો પહોર વીતી ગયો છતાં દીર્ઘ સૂત્રી એવા તમો હજી ઘંટડી વગાડો છો, પણ આપણું તો સર્વસ્વ લૂંટાઈ ગયું.' (૬) 'શું ? શું ?' એમ બોલતા ઉત્તમ રાજાને જયા કહેવા લાગ્યાં : 'હે ભાઈ ! મુનિઓએ સહિત શ્રીહરિ જૂનાગઢ પધારે છે. (૭) હે ભાઈ ! જૂનાગઢમાં શ્રી નારાયણમુનિ પધારશે. ત્યાંના સ્નેહીભક્તો દ્વારા અતિ પ્રેમથી ક્ષણે ક્ષણે સેવા કરાયેલા શ્રીહરિ અમારા પુરમાં ફરીથી શા માટે આવે ? (૮) 'સમદર્શી શ્રીહરિને પોતાના સર્વ ભક્તો સમાન જ છે માટે શ્રીહરિને પ્રાર્થના અને નમસ્કાર કરી તેમને રોકો. તમો જલદી જાઓ.' (૯) હે રાજન્ ! આ પ્રમાણે જયાએ કહેતાં ઉત્તમરાજા ઉઘાડા મસ્તકે જલદી જલદી શ્રીહરિની પાસે જતા હતા ત્યારે માર્ગમાં જ સામે આવતા હેમંતસિંહને જોયા. (૧૦)

**હેમંતસિંહ બોલ્યા :**

''હે મિત્ર ! માથે પાઘડી પહેર્યા વગર તમો ઉતાવળથી દોડતા ક્યાં જાઓ છો ? હું તો તમોને આમંત્રણ આપવા તમારી પાસે આવું છું. (૧૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન મુનિજનોએ

સહિત જૂનાગઢ પધારે છે. તેમની સાથે તમો સંબંધીજનો સહિત જૂનાગઢ પધારો.'' (૧૨) આવું હેમંતસિંહનું વચન સાંભળી બુદ્ધિથી ઉદ્ધવ સમાન ઉત્તમ રાજા શ્રીહરિના જૂનાગઢ જવાના નિષેધની યુક્તિપૂર્વક હેમંતસિંહને કહેવા લાગ્યા : (૧૩) ''હે ભાઈ! તમો બુદ્ધિમાન છો. માટે સુજ્ઞ છો. લોકસંમત છો. મનુષ્ય તમારી બુદ્ધિનું અવલંબન કરીને જ સ્વધર્મમાં રહે છે. (૧૪) શ્રીહરિને પોતાના પુરમાં લઈ જવા માટે તમોએ જે આમંત્રણ આપ્યું છે તે વગર વિચારે આપ્યું છે એમ જ મને ભાસે છે. (૧૫) દેહધારીઓની ચામડીને ફાડી નાખે તેવો શીતકાલ હાલમાં ચાલે છે. રૂવાળી ડગલી પહેરી હોય તોપણ ઘરની અંદર પણ ઠંડી સહન કરવી અશક્ય છે. (૧૬) અને ઘણા પવનવાળા માર્ગમાં સવારના પહોરમાં ઠંડી શ્રીહરિથી દુઃસહ નથી શું ? દુઃસહ જ છે. અને એમ કરવાથી તો તમારી પ્રેમભક્તિ ઉપહાસને પાત્ર બનશે. (૧૭) પોતાની ગોદડીનો પણ અનાદર કરનારા અને અષ્ટાંગયોગાભ્યાસથી કોમળ અંગોવાળા મુનિજનો હેમંત ઋતુમાં માર્ગમાં ઠંડીથી પીડિત થશે. (૧૮) અલ્પ આહારવાળી અને નવધા ભક્તિરૂપ યોગમાર્ગનો આશ્રય કરેલી, પગરખાં પણ નહિ પહેરતી એવી વિધવા સ્ત્રીઓ માર્ગમાં આ ઋતુમાં કેવી રીતે ચાલી શકશે ? (૧૯) પ્રાતઃકાળમાં ઠંડા જળથી સ્નાન કરી માર્ગમાં ચાલતા અને ઠંડીથી ધ્રૂજતા હરિભક્તોને જોઈને અલ્પ બુદ્ધિવાળા ગ્રામજનો પણ તમોને શાપ આપશે; આ માટે આ અયોગ્ય છે. (૨૦) હે ભાઈ ! આ ન સહન થઈ શકે તેવા સમયમાં શ્રીહરિને લઈ જવા રૂપી કર્મથી હેમંતસિંહ (હેમપીડનથી જે હણે તે હેમંત કહેવાય અને તેમાં જે બલિષ્ઠ હોય તે સિંહ સમાન ગણાય) સંજ્ઞા સાર્થક ના હો. માટે ગ્રીષ્મઋતુ આવે ત્યારે શ્રીહરિને સુખેથી તમારા પુરમાં લઈ જજો. (૨૧) હે બંધુ ! તેટલો સમય તમો અહીં રોકાઈને પોતાના દેશજનોની સાથે શ્રીહરિનાં નિત્ય દર્શન કરો. (૨૨) વળી ગઢપુરમાં તમો શ્રીહરિની સાથે મુનિજનોને પકવાન્નો વડે જમાડો અને મુનિજનો સાથે શ્રીહરિનું પૂજન કરો. (૨૩) શ્રીહરિ મહાપ્રભુજીને પોતાના નગર પ્રત્યે લઈ જઈને પણ દર્શન, ભોજન, પૂજનથી બીજુ શું વિશેષ છે ? કંઈ વિશેષ નથી. હે ભાઈ ! ગૃહને ગૃહ કહેવાતું નથી. મુનિજનો ગૃહિણીને ગૃહ કહે છે. (૨૪) જો સાત માળની હવેલીમાં પણ પત્ની ના હોય તો તે હવેલી પણ અરણ્ય સમાન છે. પત્ની જે સ્થળમાં હોય ત્યાં ગૃહસ્થાશ્રમ કહ્યો છે. (૨૫) અમારાં ભાભી તો અહીંયાં તમારી સાથે જ છે. માટે તેમની સાથે જ શ્રીહરિ મહાપ્રભુની બહુ પ્રકારે પૂજા કરી ગૃહસ્થાશ્રમનું ફળ પામો. (૨૬) શાસ્ત્રો કહે છે કે મિત્રનું ઘર પોતાના ઘરથી જુદું નથી. માટે મારા ઘરમાં વસતા તમો આદરપૂર્વક શ્રીહરિને પ્રસન્ન કરો. (૨૭) હે ભાઈ ! મેં આ બધું તમોને પ્રેમથી કહ્યું. હવે ઉદારબુદ્ધિ તમો હિતાહિતનો વિચાર કરીને જે હિતકારી હોય તે કરવાને યોગ્ય છો.'' (૨૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે ઉત્તમ રાજાનું વચન સાંભળીને યુક્તિવાક્યવિશારદ અને વિદુરજી જેવા બુદ્ધિવાળા માટે જ ઉત્તમરાજાનો અભિપ્રાય જાણનારા હેમંતસિંહ રાજા કહેવા લાગ્યા. (૨૯)

**હેમંતસિંહ રાજા બોલ્યા :**

"હે ભાઈ ! પોતાના કાર્યને સારી રીતે રક્ષણ કરતાં તમોએ બહુ જ સારું કહ્યું. નાના હોવા છતાં પણ તમારી બુદ્ધિ વૃદ્ધોની બુદ્ધિથી અતિ અધિક છે. (૩૦) પરોપકારના સ્વભાવવાળા, સત્પુરુષોનો હંમેશાં સમાગમ કરવા છતાં તમો આવી સ્વગૃહ રક્ષણરૂપ સ્વાર્થી બુદ્ધિ ક્યાંથી પામ્યા ? (૩૧) હે ભદ્ર ! ઠંડીના કારણથી જ શ્રીહરિ મહાપ્રભુનું જૂનાગઢ આવવાનું તમો નિષેધ કરો છો તેમાં હું ઉત્તર આપું છુ. (૩૨) હે મિત્ર ! હું વાયુ રહિત ગૃહ સમાન શિબિકામાં બેસાડીને શ્રીહરિને લઈ જઈશ એટલે શ્રીહરિને ઠંડી નહિ લાગે. (૩૩) તપસ્વિની સર્વ સ્ત્રીઓને વસ્ત્રનાં ગૃહોમાં જેમ તેમ રથોમાં અને ગાડાંઓમાં બેસાડીને માર્ગમાં સુખપૂર્વક લઈ જઈશ. (૩૪) સર્વે મુનિઓ દિવસના પ્રથમ પહોરનો અર્ધો ભાગ પસાર થાય ત્યારે તડકો ચડ્યેથી માર્ગમાં સુખેથી ચાલશે માટે (ગ્રીષ્મકાળની પેઠે) તડકાનો ભય નથી. (૩૫) ઉનાળામાં લૂવાળા વાયુથી માર્ગમાં ચાલનારા જનોના પ્રાણને હરનારા ગ્રીષ્મકાળને તમો હિમના સમયથી શ્રેષ્ઠ શું વિચારીને કહો છો ? (૩૬) ગૃહસ્થ ધર્મનું સાફલ્ય તમોએ યુક્તિપૂર્વક મને કહ્યું. તેવી જ રીતે તમારે જૂનાગઢ આવીને કરવું. (૩૭) શ્રીહરિને પ્રાર્થના કરતાં કરતાં મારે ઘણાં વર્ષો વીતી ગયાં ત્યારે હાલમાં જ શ્રીહરિએ કહ્યું કે હું તમારા જૂનાગઢ નગરમાં જરૂર આવીશ. (૩૮) હાલમાં સમીપમાં જ ફળવાળા મારા મનોરથરૂપી કલ્પવૃક્ષને મૂળમાંથી ઉખેડી નાખનાર તમોએ મિત્રનું અપૂર્વ લક્ષણ હાલમાં પ્રગટ કર્યું છે. (૩૯) ભગવાન જૂનાગઢ પધારશે ત્યારે માર્ગમાં કરોડો જનો શ્રીહરિ નારાયણ મુનિને જોઈ, દર્શન કરી મનુષ્યદેહની સાર્થકતા પ્રાપ્ત કરશે. (૪૦) વળી દર્શનમાત્રથી પાપસમૂહનો નાશ કરનારા હજારો સાધુઓને જોઈને પણ ઘણાં અલ્પજ્ઞ ગ્રામજનો સંસારબંધનથી મુક્ત થશે. (૪૧) આ પ્રકારના પુણ્યના ઉત્પત્તિકાળમાં શ્રીહરિના મારા પુરમાં આગમનનો નિષેધ કરી લોકોમાં તમો પણ ઉત્ = ઉત્કૃષ્ટ અને તમ = અજ્ઞાનવાળા (ઉત્કૃષ્ટ અજ્ઞાનવાળા) એવા સાર્થક નામવાળા ન થાઓ. (૪૨) આ લોકમાં ભાઈઓએ પિતા સંબંધી સુખ સમાનપણે ઉપભોગ કરવા યોગ્ય છે. તમો તો એકલા જ બહુ કાળ પર્યંત ભગવત્સ્વરૂપ સંબંધી સુખનું સેવન કરતા થકા આ શું બોલો છો ? (૪૩) કેટલા વિવેકી બંધુજનો પિતાની પ્રેરણા વગર જ પિતા સંબંધી સુખ વિભાગ કરીને ભોગવે છે, તમો તો ભગવાને મને આપવા માંડેલા સુખને નિષેધ કરતા થકા શરમાતા નથી ? (૪૪) મારી પ્રેરણા વિના પણ તમોએ શ્રીહરિને લઈને મારા પુરમાં આવવું જોઈએ. આ મિત્રનું લક્ષણ છે. (૪૫) શરીરનું હિત જેમ હાથ કરે, આંખોનું હિત જેમ પાંપણો કરે છે, તેની પેઠે વિના પ્રેરે જે હિત કરે તે જ સાચો મિત્ર કહેવાય એમ પંડિતો કહે છે. (૪૬) માટે હે સુખે ! તમારે વિષે મિત્ર શબ્દ હંમેશાં નપુંસક લિંગમાં રહો પણ ક્યારેય પુલિંગમાં ના રહો. (સુહૃદયવાચક મિત્ર શબ્દ નપુંસકલિંગમાં વર્તે છે, અને પુલિંગ વર્તતો મિત્ર શબ્દનો અર્થ સૂર્ય થાય છે જે તાપથી દઝાડે છે.) તમો મારી સહાયતા કરો." (૪૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે હેમંતસિંહ રાજાએ કહેલા ઉત્તમરાજા હસતા હસતા કહેવા લાગ્યા કે

જેવી ભગવાન શ્રીહરિની ઈચ્છા હશે તેમ જ બધું થશે. (૪૮) આ પ્રમાણે કહીને ઉત્તમરાજા શ્રીહરિ સમીપે ગયા અને હેમંતસિંહ રાજા પોતાના નિવાસસ્થાનમાં જઈને પોતાના મનમાં વિચારવા લાગ્યા. (૪૯) 'સારા કામમાં સો વિઘન' આવી પંડિતજનોની વાણી સત્ય જ છે. તોપણ બુદ્ધિ પ્રમાણે પ્રયત્ન કરવો. પ્રભુ તેનું ફળ આપશે. (૫૦) આવો વિચાર કરી હેમંતસિંહ રાજા શ્રી ગણપતિસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનને પોતાના કાર્યમાં વિઘ્નની શાંતિ માટે આદરપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. (ગણપતિ શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે એમ બ્રહ્મવૈવર્ત પુરાણમાં ગણપતિખંડમાં કહેલું છે.) (૫૧) હે ગણેશ ! આગામી ભાદરવા સુદ ચોથના દિવસે દુર્વા, સિંદૂર અને ગોળના લાડુ ઈત્યાદિ વડે હું તમારી પૂજા કરીશ. તમો ભગવાનને લઈ જવા રૂપ મારા કાર્યમાં અચાનક આવી પડેલા આ વિઘ્નનો નાશ કરનારા થાઓ. (૫૨) હે રાજન્ ! આ પ્રમાણે ગણપતિને પ્રાર્થના કરી પોતાના દેશના સર્વ નિવાસી જનો તથા પોતાના સંબંધી જનોને સ્વપુર-જૂનાગઢ મોકલી દીધા પરંતુ પોતે ન ગયા. (૫૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપ ! પછી શ્રીહરિ નારાયણમુનિની સત્યપ્રતિજ્ઞા અને ભક્તાધીનપણાને જાણતા હોવા છતાં પણ હેમંતસિંહ રાજા તત્કાળ ભગવાનની સમીપે તત્કાળ ગયેલા ઉત્તમ રાજા થકી નિવારણની શંકા પામીને ફરીથી પણ ભગવાનની પાસે જઈને અગાઉની જેમ બેઠા. (૫૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં કારિયાણી ગામમાં પ્રયાણ સમયે હેમંતસિંહોત્તમયોઃ પરસ્પરરોક્તિપ્રયુક્તિનિરૂપણ નામનો સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

●

## અધ્યાય-૧૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! પછી પ્રયાણની તૈયારી કરતાં પુસ્તકોને બાંધણા વડે મજબૂત બંધાવીને શુકાનંદમુનિ પાસે ગોઠવીને ભરાવતા શ્રીહરિ પાસે ઉત્તમરાજા ઉતાવળે આવી પહોંચ્યા. (૧) પ્રવાસની બધી તૈયારી જોઈને અને પ્રવાસનો પૂરો નિશ્ચય જાણીને એકાંતિક ભક્ત ઉત્તમરાજા હસતા હસતા ધીમે રહીને પ્રભુને કહેવા લાગ્યા. (૨)

**ઉત્તમરાજા બોલ્યા :**

હે સ્વામિન્ ! જયા લલિતા વગેરે બાઈઓ તમારા પ્રવાસનો નિર્ણય સાંભળીને રસ્તામાં આપને ઠંડી લાગવાના ભયથી બહુ ખેદ કરે છે. (૩)

**નારાયણમુનિ બોલ્યા :**

હે રાજન્ ! મારું જન્મસ્થાન હિમાલયની નજીકના પ્રદેશમાં છે. આથી મારા શરીરમાં ઠંડી સહન કરવાનો સ્વાભાવિક ગુણ છે. (૪) માટે હે નરાધિપ ! તમોએ ચિંતા ન કરવી. આમ તમો જયા વગેરેને કહો.

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આવું શ્રીહરિએ કહેતાં ઉત્તમરાજા શ્રીહરિની સ્વતંત્રતાને જાણતા હોવાથી મૌન રહ્યા. (૫) ત્યારપછી તે રાજા પોતાના પુરમાં શ્રીહરિને પાછા લાવવા માટે શ્રીહરિની સાથે જ જવાનો જયા-લલિતા સાથે નિર્ણય કરતા હતા. (૬) પછી ઉત્તમ બ્રાહ્મણો દ્વારા મંગલ આશીર્વાદ મેળવેલા શ્રીહરિ મહાપ્રભુ તાજણ ઘોડી ઉપર વિરાજમાન થઈ મુનિજનો અને નિજ પાર્ષદો સહિત નાગડકા તરફ પ્રયાણ કરતા હતા. (૭) હાથમાં ચમકતા ભાલાઓવાળા વસ્તાખાચર વગેરે ઘોડેસવારો તથા હેમંતસિંહ અને ઉત્તમરાજા તથા ગાડામાં બેઠેલી જયા-લલિતા આદિ બાઈઓ શ્રીહરિની પાછળ જતાં હતાં. (૮) પછી શ્રીહરિ પુસ્તકો ભરેલી પેટીઓવાળા મજબૂત ગાડાઓ સાથે સૌથી આગળ ચાલતા શુકાનંદમુનિથી આગળ નીકળીને ઘોડેસવારોની સાથે ઉતાવળે જવા લાગ્યા. (૯) વેગાતિશયથી સમસ્ત ઘોડેસવારને પાછળ કરીને, તીવ્ર વેગથી સર્વની આગળ ચાલતી, મનના જેવા વેગવાળી પોતાની શ્રેષ્ઠ ઘોડી કરતાં પણ આગળ ચાલતા મુનિમંડળને જોઈને શ્રીહરિ આશ્ચર્યપૂર્વક થોડુંક હસવા લાગ્યા. (૧૦) તે સમયે મહામુનિઓના ઘણા ઘણા સમૂહો શ્રીહરિની આગળ અને પાછળ તથા બંને બાજુએ ખૂબ લાંબા વિશાળ માર્ગમાં ચોતરફ દેખાવા લાગ્યા. (૧૧) શ્રીહરિ મધ્યાહ્ન કાળના આરંભમાં સુરાખાચરના લોયા ગામ પહોંચ્યા. જે ગામમાં સુરાખાચર અગાઉથી આવીને પુરજનોની સાથે શ્રીહરિની પ્રતીક્ષા કરે છે. (૧૨) સુરાખાચર, લોયાનાં પુરવાસી જનો અને શ્રીહરિના દર્શન માટે આવેલા નાગડકાના જનો, શ્રીહરિને આવેલા સાંભળીને હર્ષપૂર્વક સન્મુખ જઈને સાષ્ટાંગ નમસ્કાર કરવા લાગ્યા. પછી સુરાખાચર સહિત લોયાના પ્રીતિવાળાં ભક્તો વાજિંત્રોના નાદ સાથે શ્રીહરિને લોયા ગામમાં લઈ ગયા. (૧૩) લોયા ગામના મુખી-સિંહ નામના પટેલ બીજા વૈશ્ય જાતિના ભક્તો સર્વે સુરાખાચરની સાથે બધા મુનિજનો સહિત શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૧૪) શ્રીહરિ તે ગામના ભક્તજનોને આનંદ પમાડતા થકા ગામના જનોએ વસ્ત્રાલંકાર અને ભોજનથી પૂજાયેલા સતા લોયામાં કેટલાક દિવસો સુધી નિવાસ કર્યો. (૧૫) લોયા ગામમાં દરરોજ સભામાં શ્રીહરિ ભક્તિ-જ્ઞાનથી પુષ્ટિ પામેલા વર્ણાશ્રમને ઉચિત ધર્મો ભક્તજનોને કહેતા હતા. (૧૬) લોયા ગામમાં સભામાં સુરાખાચર વગેરે ભક્તજનોએ પોતાને અર્પણ કરેલાં બહુમૂલ્યવાળાં વસ્ત્રો શ્રીહરિએ રામપ્રતાપભાઈ અને ઇચ્છારામભાઈને આપી દીધાં. (૧૭) તે લોયા ગામમાં ગ્રામવાસીઓ વાડીઓમાંથી વૃંતાક વગેરે ઘણાં શાકો લાવીને શ્રીહરિને સમર્પણ કરતા હતા. (૧૮) શ્રીહરિ પોતે પણ શાકોનો વઘાર કરવાની પોતાની ચતુરાઈ રસોયાઓને બતાવતા થકા પુષ્કળ ઘીથી તેને વધારીને પકવતા હતા. (૧૯) ચૂલામાં અગ્નિ પેટાવીને તેના ઉપર મૂકેલા મોટા કડાયામાં પુષ્કળ ઘી નાખીને પ્રખર તાપથી અત્યન્ત કડકડ અવાજવાળા ઘીમાં સુંદર વૃતાંકરૂપ શાકને નાખીને છમકાર શબ્દ કરાવવાપૂર્વક પકવવા તેને વારે વારે ફેરવવા-હલાવવા માટે હસ્તકમળમાં સુંદર કાષ્ઠનો તવેથો ધારી રહેલા અને હળદર વગેરે વડે બધાં કપડાં જેમનાં પીળાં થઈ ગયાં છે અને ખૂબ હસતા મુખવાળા,

સ્વભક્તોને જોતાં અને મંદહાસ્ય મુખકમળવાળા સ્વયં શ્રીહરિ અતિશય શોભતા હતા. (૨૦) શ્રીહરિ રીંગણાના શાકને ઘીથી વઘાર કરી, પકવીને સાધુ વગેરે ભક્તજનોને અનુક્રમે કરેલી મોટી પંગતમાં બેસાડીને પ્રેમથી ભક્તોના પાત્રોમાં અતિ પ્રસન્નતાપૂર્વક મોટા ચમચાથી ત્વરિત ગતિથી શાક પીરસતા, અને અતિ સ્વાદિષ્ટ હોવાથી ઘણું શાક જમતા મુક્તાનંદાદિ મુનિ જનોને શાકનો સ્વાદ પૂછતા અને સ્વાદના વખાણ સાંભળતા તેમજ પંગતોની વચ્ચે ફરતા થકા શ્રીહરિ અત્યંત આનંદ પામતા હતા. (૨૧) આ પ્રમાણે મનુષ્યલીલાઓ વડે ભક્તજનોને આનંદ પમાડતા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ સ્વજનોથી વીંટાયા થકા લોયા ગામથી નાગડકા ગામ પધાર્યા. (૨૨) શ્રીહરિએ નાગડકામાં સૂરસિંહના ઘેર નિવાસ કર્યો. તથા ભક્તજનોને પુરમાં યથાયોગ્ય ઉતારા અપાવ્યા. (૨૩) ઉદાર બુદ્ધિવાળા સુરાખાચર, પત્ની અને પુત્ર સહિત પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક ભગવાન અને ભક્તજનોની આતિથ્ય સેવા યથાયોગ્ય કરવા લાગ્યા. (૨૪) રાજા સુરાખાચરે પોતાના પરમેશ્વરની ભક્તિભાવપૂર્વક વસ્ત્રો અને અલંકારો વડે મહાપૂજા કરીને રૂપામુદ્રાઓ અર્પણ કરી. (૨૫) સુરાખાચરે ચંદન, પુષ્પ-હારો, ઉત્તમ વસ્ત્રો તથા વિવિધ ભોજનપદાર્થો વડે સર્વ સંતોની પૂજા કરી. (૨૬) સુરાખાચરે અત્યંત ભક્તિભાવથી સન્માનિત કરેલા શ્રીહરિ મહાપ્રભુ ભક્તજનોને આનંદ પમાડતા થકા અને ભાગવતધર્મની સ્થાપના કરતા થકા નાગડકામાં પાંચ દિવસ રોકાયા. (૨૭) આ પાંચ દિવસ પૈકી બીજા દિવસે સભામાં બિરાજમાન થઈ શ્રીહરિ સર્વ ત્યાગીજનો તથા ગૃહસ્થ ભક્તજનોને કહેવા લાગ્યા. (૨૮)

**ભગવાન બોલ્યા :**

હે ભક્તજનો ! તમો સર્વે સાંભળો, આવતી કાલે મકરસંક્રાંતિનું ઉત્તરાયણ પર્વ છે. તેમાં શક્તિ પ્રમાણે સ્નાન-દાનાદિ કરવું. (૨૯) મકર રાશિમાં સૂર્યના સંક્રમણથી આરંભીને ચાલીશ ઘડી સુધી સ્નાનાદિ કર્મમાં પુણ્યકાળ જાણવો. (૩૦) પરમ દિવસથી સર્વજનોએ માઘસ્નાનનો આરંભ કરવો. માઘ સ્નાનમાં તલનું દાન મુખ્ય કહેલું છે. (૩૧) હે ભક્તજનો ! આ માઘ માસમાં સર્વ પાતક નાશ કરનાર ચાન્દ્રાયણવ્રત વિશેષપણે કરવાનું કહેલું છે. (૩૨) આ ચાંદ્રાયણવ્રત સમગ્ર કૃચ્છ વ્રતોમાં પુરુષો અને સ્ત્રીઓએ સુખપૂર્વક કરવા યોગ્ય અને મહાફળને આપનારું કહ્યું છે. આથી પોતાના શરીરની શુદ્ધિ માટે અને જેને તપ પ્રિય છે એવા રમાપતિ ભગવાનની પ્રસન્નતા માટે ચાંદ્રાયણ વ્રતનું અનુષ્ઠાન કરવું. (૩૩)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં ભગવતો લોહગ્રામનાગટંકપુરાગમનનિરૂપણ નામનો સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

●

## અધ્યાય-૧૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન નારાયણમુનિનું વચન સાંભળીને શુકાનંદ મુનિ શ્રીહરિને નમસ્કાર કરીને વિનયપૂર્વક પૂછવા લાગ્યા. (૧)

**શુકાનંદમુનિ બોલ્યા :**

હે પ્રભો ! હું માઘસ્નાનનો વિધિ તથા ચાંદ્રાયણવ્રતનો વિધિ સાંભળવા ઈચ્છું છું માટે મને તે કહેવા માટે આપ યોગ્ય છો. (૨)

**સુવ્રતમુનિ કહે છે :**

હે રાજન્ ! આવી રીતે તપમાં સ્થિતિવાળા શુકાનંદમુનિએ આદરથી પૂછેલા સર્વજ્ઞ ભગવાન શ્રીહરિ તે મુનિને તથા અન્ય ભક્તોને આનંદ ઉપજાવતા થકા કહેવા લાગ્યા. (૩)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે શુકમુને ! તમો સાંભળો. હું તમોને માઘસ્નાનવિધિ કહું છું. જે વિધિ શ્રીકૃષ્ણે ભવિષ્યપુરાણમાં રાજા યુધિષ્ઠિરને કહેલો છે. (૪) કળિયુગમાં મનુષ્યો શાસ્ત્રોક્ત સમયે સ્નાન કરતાં નથી આથી માઘ માસમાં પ્રાતઃકાળે સ્નાન કરવાથી યથાસમયે સ્નાન નહિ કરવાનો અપરાધ નાશ પામે છે તે નક્કી વાત છે. (૫) માઘ માસમાં મનુષ્યોએ વિશેષપણે ત્રિવેણી સંગમ (ગંગા-જમુના-સરસ્વતી)માં સ્નાન કરવું જોઈએ અને તેમ ન બને તો અન્ય તીર્થમાં યથાશક્તિ યથાવિધિ સ્નાન કરવું જોઈએ. (૬) જે પુરુષોના હાથ, પગ, વાણી અને મન નિયમમાં હોય તેમજ જેની વિદ્યા, તપ અને કીર્તિ સંયમિત કહેતાં દૃઢ હોય તે પુરુષ તીર્થફળને પામે છે. (૭) શ્રદ્ધા રહિત, પાપકર્મોમાં મનવાળા, નાસ્તિક, પાખંડી, સદા સંશયયુક્ત, સદા તર્કનિષ્ઠ અને નિંદક : આટલા જનો ક્યારેય તીર્થફળ પામતા નથી. (૮) તીર્થરાજ પ્રયાગ, પુષ્કર અથવા કુરુક્ષેત્ર જઈને દરરોજ સ્નાન કરે અથવા હરકોઈ તીર્થમાં જઈ પ્રતિદિન સ્નાન કરે, આવી શાસ્ત્રમર્યાદા છે. (૯) સમુદ્રમાં નહિ મળનારી નદીઓ માઘમાસમાં એક દિવસના સ્નાનથી ત્રણ દિવસના સ્નાનનું ફળ આપે છે. સમુદ્રને મળનારી નદીઓમાં એક દિવસ સ્નાન કરે તો તે પંદર દિવસના સ્નાનનું ફળ આપે છે. અને સમુદ્ર તો એક દિવસના સ્નાનથી એક માસના ફળને આપનારો છે. (૧૦) જળ સમીપે જઈ પ્રાતઃસંધ્યા ટાણે જો સૂર્યનારાયણ ઉદય પામે અને જે સ્નાન થાય છે તે સ્નાન મહાપાપ નાશ કરનારું છે અને તેને મહર્ષિઓ પ્રાજાપત્ય વ્રત સમાન કહે છે. (૧૧) અરુણોદય સમયથી આરંભીને પ્રાતઃકાળ સુધી માઘસ્નાનનો સમય મુનિઓએ અતિશય પુણ્ય આપનારો કહ્યો છે એમ સમજવું. (૧૨) આકાશમાં નક્ષત્ર વિદ્યમાન હોય અને જે સ્નાન થાય તે ઉત્તમ સ્નાન કહેલું છે. તારા અદૃશ્ય થયા પછીનું સ્નાન મધ્યમ કહેલું છે. સૂર્યનારાયણના ઉદય સમયનું સ્નાન તે મધ્યમસ્નાનથી કનિષ્ઠ કહેલું છે. (૧૩) માઘમાસમાં ગરમ જળથી કરેલું સ્નાન વૃથા કહેલું છે. જેમ વેદોક્ત મંત્રો રહિત જપ વૃથા છે, વેદાધ્યયન રહિત બ્રાહ્મણમાં દાન વૃથા છે, બ્રાહ્મણ કે અતિથિને જમાડ્યા વગર કરેલું ભોજન વૃથા છે. (૧૪) બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસી - આ ચારે આશ્રમીઓ માટે મુનિજનો માઘ સ્નાનની પ્રશંસા કરે છે. (૧૫) નર, નારી અને નપુંસકો તેમાં પણ બાળકો, યુવાનો અને વૃદ્ધ માઘમાસમાં શુભ તીર્થમાં સ્નાન કરી ઈચ્છિત ફળને પામે છે. (૧૬) બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યોએ મંત્રના ઉચ્ચારણ સહિત સ્નાન કરવું ઈષ્ટ છે અને શૂદ્રો, સ્ત્રીઓ અને અવર જન્મવાળા (વેદાધિકાર રહિત) જનોએ મંત્રરહિત કેવળ મૌન રહીને સ્નાન કરવું. (૧૭) સૂર્યનારાયણ મકરરાશિમાં

રહેલા હોય ત્યારે પોષ માસની પૂર્ણિમાથી આરંભીને પવિત્ર ત્રીશ દિવસ પર્યંત માઘસ્નાન કરવું. (૧૮) માઘમાસમાં અમુક આ દિવસે દુઃખ અને દારિદ્રયના નાશને માટે તથા શ્રી વિષ્ણુ ભગવાનની પ્રસન્નતા માટે હું પાપોને નાશ કરનારું પ્રાતઃસ્નાન કરું છે. (૧૯) હે ગોવિંદ ! હે અચ્યુત ! હે માધવ ! હે દેવ ! માઘમાસમાં સૂર્યનારાયણ મકર રાશિમાં ગયે સતે આ સ્નાન વડે મને શાસ્ત્રોક્ત ફળ આપનારા તમો થાઓ. (૨૦) આ પ્રમાણે મંત્રનું ઉચ્ચારણ કરી જે મનુષ્ય મૌન પાલન કરી ફરી સ્નાન કરે તે ડગલે ડગલે અશ્વમેઘ યજ્ઞના ફળને પામે છે. (૨૧) તીર્થમાં સ્નાન કરી વેદોક્ત વિધિથી સૂર્યને અર્ઘ્ય પ્રદાન કરે, જળમાં રહીને જ પિતૃઓનું તર્પણ કરે, પછી જળથી બહાર આવી શંખચંદ્ર ગદાપદ્મધારી લક્ષ્મીપતિ ભગવાનનું પૂજન કરે, પછી વિધિપૂર્વક હોમ કરી દરરોજ એકવાર જમે. (૨૨-૨૩) શક્તિમાન પુરુષ બ્રહ્મચર્યાદિ નિયમોનું પાલન કરતો સતો સ્નાનાચરણ કરે અને નિયમોનું પાલન કરવામાં અસમર્થ પુરુષ કેવળ સ્નાનાચરણ કરે. (૨૪) કોઈપણ પ્રકારે માઘસ્નાન કરવું આવી સ્મૃતિ છે. અત્યંત રોગી અને ખૂબ વૃદ્ધ હોય તે ગરમ જળથી સ્નાન કરે. (૨૫) શરીરે તલ ચોપડીને સ્નાન કરનાર, તલના ચૂર્ણથી અંગમર્દન કરનાર, તલનો હોમ કરનાર, જળમાં તલ નાખીને સ્નાન કરનાર, તલ ખાનાર અને તલનું દાન કરનાર : આમ, માઘમાસમાં આ છ પ્રકારના તલો પાપ નાશ કરનારા થાય છે. (૨૬) તીર્થમાં તલનું તેલ અને આમળાનું ચૂર્ણ સ્નાન કરનારાઓને આદરપૂર્વક આપે, સ્નાન કરનારા માટે અગ્નિ પ્રગટાવે અને પવન રહિત કુટિયા બનાવરાવે; અતિશય પુણ્યની પ્રાપ્તિ માટે પવિત્ર જનોએ આ કરવું. (૨૭) તીર્થ જળાશય ઉપર અન્ય જને પ્રગટાવેલા અગ્નિ પાસે પુરુષે સ્નાન કર્યા પહેલાં કે પછી ઠંડી ઉડાડવા તાપવું નહિ જોઈએ, કેમકે તે પુણ્ય વિનાશક છે. અને હોમ કરવા માટે અગ્નિનું સેવન કરે તેમાં બાધ નથી. (૨૮) નદીના જળના અભાવે નવા ઘડામાં રહેલું જળ રાત્રિમાં વાયુથી ઠંડું થયેલું જળ ઋષિઓએ ગંગાજળ સમાન કહેલું છે. (૨૯) જગતમાં માઘસ્નાનથી નાશ ન પામે તેવું કોઈ પાપ જ નથી. માઘસ્નાનથી સર્વ પાપ નાશ પામી જાય છે. એક મહિનાના ઉપવાસ કરતાં પણ માઘસ્નાન અધિક માનેલું છે. (૩૦) ઠંડા જળના સ્નાનથી થનારું દુઃખ જીવતાં ભોગવી લેવાય છે તેને માટે મરી ગયા પછી દુઃખનું દર્શન સુધ્ધાં નથી. આથી ઋષિઓએ માઘસ્નાનની વારંવાર પ્રશંસા કરી છે. (૩૧) માઘસ્નાન કરનારે દરરોજ સાકરયુક્ત તલ આપવા જોઈએ. તલોના ત્રણ ભાગ અને ચોથો ભાગ સાકરનો માનેલો છે. (૩૨) માઘસ્નાનની સમાપ્તિમાં તલના બનાવેલા સુંદર ત્રીસ લાડુ આપવા. સાત ધાન્ય (જવ, તલ, ડાંગર, તલ, કાંગ, સામો, ચીણો) અને શુદ્ધ વસ્ત્રો સ્ત્રીપુરુષોને આપવાં. (૩૩) ઉત્તમ બ્રાહ્મણના ત્રીશ સ્ત્રી-પુરુષના જોડલાને વસ્ત્રાલંકારથી શણગારી યથાવિધિ યથાશક્તિ દાનો માઘસ્નાન કરનાર આપે. (૩૪) કામળીઓ, મૃગચર્મો અને વસ્ત્રો, નાના પ્રકારનાં રત્નોસુવર્ણ તથા રૂ ભરેલી સુંદર ડગલી-અંગરખાં તથા ઓઢવાનાં વસ્ત્રો, પગરખાં, પાદુકા અને મોજાં તથા બીજું પણ પોતાને જે પ્રિય હોય તે બધું માઘ સ્નાન કરનારા વિપ્રોને ઐશ્વર્યની ઇચ્છાવાળા પુરુષે આપવું જોઈએ. 'થોડા દાનમાં પણ ભગવાન શ્રીહરિ પ્રસન્ન થાઓ' આ પ્રમાણે બોલવું. (૩૫-૩૭) માધવ ભગવાનને ચિત્તમાં ધારણ કરી પુરુષ કે સ્ત્રી માઘમાસમાં

પ્રાતઃકાળમાં સ્નાન કરે છે તે વિષ્ણુલોકમાં પૂજાય છે. (૩૮) હે મુને ! આ પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણે ધર્મરાજ યુધિષ્ઠિરને માઘસ્નાનવિધિ કહેલો તે જ સંપૂર્ણ વિધિ મેં તમોને કહ્યો. (૩૯) હે બ્રહ્મર્ષે ! મારા આશ્રિત જનોએ માઘમાસમાં પ્રતિદિન નદી, તળાવ, કૂવો, વાવ, તળાવ, ધરો વગેરેમાં અથવા ઘરમાં પણ સૂર્યોદયથી પહેલાં ઠંડા જળ વડે સ્નાન કરવું. (૪૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં નાગડકાગામમાં માઘસ્નાનવિધિનિરૂપણ નામનો અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

●

## અધ્યાય-૧૯

શ્રી નારાયણમુનિ બોલ્યા :

હે શુકાનંદ મુને ! હવે હું તમોને ચાંદ્રાયણવ્રતની વિધિ કહું છું. જે ચાંદ્રાયણવ્રત પાપની શુદ્ધિ માટે વિષ્ણુપુરાણાદિમાં કહેલું છે. (૧) પોષ માસના શુક્લ પક્ષની ચતુર્દશીના દિવસે સાવધાન થકો પુરુષ એક માસ પર્યંત સર્વ પાપનો નાશ કરનારા ચાંદ્રાયણવ્રતને ગ્રહણ કરે. (૨) વ્રત કરનારે પ્રતિદિન ભૂમિ ઉપર શયન કરવું, બ્રહ્મચર્યનું પાલન કરવું, દરરોજ ત્રિકાલ સ્નાન કરવું, શ્રીકૃષ્ણની પૂજા કરવી, અખંડ ઘીનો દીવો રાખવો. (૩) પૂર્ણમાસીના પૂર્ણ ચંદ્રને नवोनव, आप्यायस्व ँઅને संतेपयांसि આ ત્રણ મંત્રો વડે જળમાં પ્રતિદિન પૂજન કરે. (૪) અને તે ત્રણ મંત્રો વડે તે જ ચંદ્રને તર્પણ કરે તેમજ આઠ અન્નની આહુતિઓ વડે પણ તર્પણ કરે. (૫) नवोनव ઇત્યાદિ ત્રણ મંત્રો અને यद्देवावेव એ ચોથો મંત્ર આ ઉત્તમ ચાર મંત્રો વડે સર્વ પાપના નિવારણાર્થે ચાંદ્રાયણ વ્રતી પુરુષ ઘી વડે અગ્નિમાં હોમ કરે. (૬) તથા देवकृतस्य ઇત્યાદિ છ મંત્રો વડે સમિધાઓથી દરરોજ અગ્નિનું તર્પણ કરે તથા ભાત, ભિક્ષાથી પ્રાપ્ત થયેલ અન્ન, સાથવો, ચોખાની કણકી, જવનું ચૂર્ણ, શાક, દૂધ, દહીં, ઘી, ફળ, મૂળ અને જળ આ બધું હોમ કરતાં બાકી રહેલું અન્નાદિ બધું યથાક્રમે વ્રતી પુરુષ જમે. (૭-૮) પૂર્ણમાસીના દિવસે લીલા આમળા જેવડા પંદર કોળિયા જમે. પછી દિવસે દિવસે એક એક કોળિયો ઓછો કરે. પોષ સુદ ચૌદસના દિવસે ઉપવાસ, પૂનમના દિવસે પંદર, પડવાને દિવસે ચૌદ, બીજને દિવસે તેર એ રીતે અમાસના દિવસે ઉપવાસ કરે. આમ, કૃષ્ણપક્ષમાં કુલ એકસો વીશ કોળિયા જમવામાં આવે. તે પછી માઘમાસના શુક્લ પક્ષમાં પડવાને દિવસે એક, બીજને દિવસે બે એમ દરરોજ એક કોળિયાનો વધારો કરી ચંદ્રકળાની વૃદ્ધિને અનુસારે ફરીથી એકસોવીશ કોળિયા જમે. આમ, એક માસમાં બસોચાલીશ કોળિયા જમે; એવો નિયમ જાણવો. (૯ થી ૧૨) શ્રીહરિ કહે છે જે તે ગ્રાસોના મંત્રોને હું પૃથક્ પૃથક્ કહું છું. ૐ ભૂઃ, ભુવઃ સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, સત્યં, ઉર્જે, ઈડા, ઓજ, તેજ, પુરુષ, ધર્મ અને શિવ આ પ્રકારે અનુક્રમથી શુક્લ અને કૃષ્ણ બંને પક્ષમાં આ મંત્રો જાણવા. (૧૩-૧૪) સ્વાહા અને નમસ્કારથી યુક્ત મંત્રો વડે જેમકે 'ૐ નમઃ સ્વાહા', એમ પૃથક્ પૃથક્ અભિમંત્રણ કરી વ્રતી પુરુષ દિનોની સંખ્યાના ક્રમ અનુસાર કોળિયા ભક્ષણ કરે. (૧૫) ચાંદ્રાયણ વ્રતની સમાપ્તિમાં બ્રાહ્મણને વત્સ સહિત ગાય આપે. એક ચાંદ્રાયણના વ્રતથી નિશ્ચે સર્વ પાપનો નાશ થાય. (૧૬) ઉદ્યાપન વિના વ્રત

નિષ્ફળ હોવાથી ઉદ્યાપને સહિત વ્રત કરીને વ્રતી પુરુષ આ લોકમાં ધન, આરોગ્ય, સુખ, સૌભાગ્યની સંપત્તિ પામે છે. (૧૭) ચાંદ્રાયણ વ્રત કરનાર સકામ હોય તો પરલોકમાં ઈન્દ્રના ભુવનમાં સ્થિતિ પામે અને જે વ્રત પ્રભુપ્રસન્નતાર્થે કર્યું હોય તો ભગવાનના ધામને પામે છે. (૧૮) હે મુને ! આ પ્રકારે ચાંદ્રાયણવ્રત મેં તમોને કહ્યું. પ્રાયશ્ચિત્ત માટેનાં વ્રતોમાં ઘણું કરીને આ વ્રત પ્રધાનપણે માનેલું છે. (૧૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે મહાપ્રભુ શ્રીહરિનું વાક્ય સાંભળી શુકાનંદમુનિ તથા અન્ય મુનિઓ પ્રસન્ન થઈ ગયા અને પ્રભુને પ્રણામ કરવા લાગ્યા. (૨૦) ત્યારબાદ શ્રીહરિએ પ્રભાતે તલમિશ્રિત ઠંડા જળ વડે સ્નાન કરી બ્રાહ્મણોને તલ ભરેલાં પાત્રો અને સુવર્ણ આપ્યાં. (૨૧) તેમજ હજારો કામળીઓ, હજારો રજાઈઓ, હજારો રૂ ભરેલા ડગલાઓ હજારો બ્રાહ્મણોને આપ્યાં. (૨૨) ધર્મરક્ષક ભગવાન શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને તેમનાં ઈચ્છિત ભોજનો વડે જમાડ્યા અને તેમને દક્ષિણાઓ આપી. (૨૩) નારાયણમુનિ મહાપ્રભુ મુનિજનોને ઉત્તમ ભોજનો વડે તૃપ્ત કરી પછી પોતે પણ પોતાના ભાઈના નિવાસસ્થાને જમ્યા. પછી રાત્રિમાં સભામાં બિરાજી પોતાને સંમત એવી ઋષભદેવે ભાગવતમાં ઉપદેશેલી શિક્ષાનાં વચનો પોતાના ભક્તજનોને ઉપદેશ કરવા લાગ્યા. (૨૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
નાગડકાગામમાં ચાંદ્રાયણવ્રતવિધિનિરૂપણ નામનો ઓગણીશમો અધ્યાય થયો. ॥૧૯॥

●

## અધ્યાય-૨૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આમ, શ્રીહરિએ નાગડકાપુરમાં પાંચ દિવસ રહીને સૂરસિંહ તથા પોતાના સમગ્ર ભક્તજનોથી વીંટાયા થકા હેમંતસિંહ રાજાના નગર પ્રત્યે પ્રયાણ કર્યું. (૧) સાધુ પુરુષોના સ્વામી શ્રીહરિએ હેમંતસિંહને કહ્યું : 'પ્રથમ અમને તમારા પંચાળા ગામમાં લઈ જાઓ. ત્યારપછી આપણે સૌ તમારા જૂનાગઢ નગરે જઈશું.' આ પ્રમાણે શ્રીહરિનું વચન હેમંતસિંહે 'એમ થાઓ' એમ કહીને મસ્તકે અંગીકાર કર્યું. (૨) શ્રીહરિ મહાપ્રભુ છઠ્ઠા દિવસે બહુવિધ વૃક્ષોની પંક્તિઓથી રમણીય પંચાળા પહોંચ્યા. પ્રભુને પધારતા સાંભળી અનુપસિંહ (હિંમતસિંહના નાનાભાઈ) ગ્રામજનો સાથે સન્મુખ ચાલ્યા. (૩) તે સર્વ ભક્તજનોએ આદરપૂર્વક પરમેશ્વર શ્રીહરિને પ્રણામ કરી હેમંતસિંહની સાથે મળી વાજિંત્રોના શબ્દો સાથે મહાકીર્તિવાળા ભગવાન શ્રીહરિને ભક્તજનોએ સહિત પંચાળા ગામમાં પધરાવ્યા. (૪) હે રાજન્ ! પછી હેમંતસિંહે પાર્ષદોએ સહિત શ્રીહરિને પોતાના ભવનમાં ઉતારો કરાવ્યો અને અન્ય સર્વ ભક્તજનોને અન્ય સ્થળોમાં યથાયોગ્ય ઉતારો કરાવ્યો. (૫) તે રાજા શ્રીહરિ મહાપ્રભુ તેમજ નરનારી ભગવાનના ભક્તોનું આતિથ્ય યથાયોગ્ય અને પોતાના દ્રવ્યને અનુસારે

આદરપૂર્વક કરતા હતા. (૬) હેમંતસિંહ રાજા સર્વ સંપત્તિયુક્ત ઉપકરણોએ સહિત પોતાનું ભવન શ્રીહરિને સોંપી દઈને પોતે અતિથિની પેઠે રહેવા લાગ્યા. (૭) નિવૃત્તિ ધર્મપરાયણ સત્પુરુષોના નિવાસને યોગ્ય પંચાળા ગામને જોઈ, ભગવાન શ્રીહરિ, અપવિત્રપણું વગેરે નગરદોષોને જાણતા થકા હેમંતસિંહ રાજાને કહેવા લાગ્યા. (૮)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

આ પંચાળા ગામ બહુ સુંદર છે અને સંતોના નિવાસ માટે પણ યોગ્ય છે. સંતોને જૂનાગઢમાં સાધુઓને નિવાસ રુચિકર નથી તે નિશ્ચય વાત છે. (૯) આ ગામ તમારું જૂનું છે. આ ગામ અને જૂનાગઢ બંને તમારાં જ છે માટે આ ગામ કરતાં જૂનાગઢમાં હું કંઈ અધિક જોતો નથી. (૧૦) હે રાજર્ષે ! તમો અમને જો જૂનાગઢ લઈ જશો તો બે-ત્રણ દિવસ વાસ કરીશું અને આ ગામમાં તો બે-ત્રણ મહિના રહીશું જ. (૧૧) આ પ્રમાણે શ્રીહરિના કહેવાથી પ્રસન્ન થયેલા હેમંતસિંહ રાજા પ્રભુને કહેવા લાગ્યા : "હે પ્રભો ! જે સ્થળે આપની ઇચ્છા હોય તે સ્થળે તમો સંતો સહિત સુખપૂર્વક નિવાસ કરો. (૧૨) મારે પણ આ ગામ કરતાં જૂનાગઢમાં કોઈ વિશેષ નથી અને જૂનાગઢવાસી સર્વ જનો આપનું દર્શન કરવા પંચાળા આવશે." (૧૩) પછી હર્ષયુક્ત શ્રીહરિ સર્વ ભક્તજનો તથા પરિવારસહિત હેમંતસિંહ રાજાને આનંદ પમાડતા થકા ભક્તસમુદાય સાથે પંચાળા ગામમાં રહ્યા. (૧૪) જેમ ગઢપુર ઉત્તમરાજાનું ઘર શ્રીહરિએ પોતાનું જ માનેલું છે તેમજ હેમંતસિંહ રાજાનું ઘર પણ પોતાનું જ માનવા લાગ્યા. (૧૫) પરિવારે સહિત હેમંતસિંહ રાજાની ભક્તિથી વશ થયેલા ધર્મરક્ષક શ્રીહરિએ દોઢ માસ સુધી સુખપૂર્વક ત્યાં નિવાસ કર્યો. (૧૬) અત્યંત પ્રીતિયુક્ત મનવાળા જૂનાગઢવાસી પુરુષો અને સ્ત્રીઓ શ્રીહરિના શિષ્યો મહાપ્રભુના દર્શન કરવા માટે પંચાળા આવવા લાગ્યા. (૧૭) બીજા ગામોમાંથી પણ હજારો ભક્તજનો પંચાળા આવવા લાગ્યા. શ્રીહરિએ સત્કાર કરાયેલા તે જનોએ દર્શનમાં ઉત્સાહવાળા થઈ પંચાળામાં નિવાસ કર્યો. (૧૮) પંચાળામાં શિવરાત્રીનો મોટો ઉત્સવ કર્યો. તે સમયે ભક્તજનોની સાથે શ્રીહરિએ ઉપવાસ કર્યો. (૧૯) પછી શ્રીહરિએ બ્રાહ્મણો પાસે શંકર ઉપર મહારુદ્રાભિષેક કરાવીને તે બ્રાહ્મણોને શ્રીહરિએ ભારે દક્ષિણાઓ આપી. (૨૦) ધર્મમાર્ગનું રક્ષણ કરનારા શ્રીહરિએ બીજા દિવસે હજારો બ્રાહ્મણોને જમાડીને પછી પોતે પારણાં કર્યાં. (૨૧) સર્વનિયામક ભગવાન શ્રીહરિએ દરરોજ સભામાં બિરાજમાન થઈને પોતાના ભક્તજનોને વેદોમાં કહેલી બ્રહ્મવિદ્યાઓનો ઉપદેશ આપ્યો. (૨૨) ત્યારપછી શ્રી નારાયણમુનિએ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ભગવાન નરનારાયણનો મોટો જન્મોત્સવ કર્યો. (૨૩) ભગવાન શ્રીહરિએ પોતાના ભક્તજનોને આનંદ પમાડતા સતા પૂર્વે વડતાલમાં જેવો નરનારાયણનો જન્મમહોત્સવ કર્યો હતો તેવો જ આ પંચાળા ગામમાં પણ કર્યો. (૨૪) વિવિધ દેશોથી આવેલાં લોકોએ શ્રીહરિ મહાપ્રભુની બહુવિધ ચંદનાદિક ઉપચારો અને અનેક પ્રકારની ભેટો વડે ભક્તિભાવપૂર્વક પૂજા કરી. (૨૫) હેમંતસિંહ રાજા તો દરરોજ શ્રીહરિનું પૂજન કરતા હતા. પુષ્પદોલોત્સવના દિવસે તો પોતાના કુટુંબીજનોની સાથે શ્રીહરિનું વિશેષપણે પૂજન કર્યું. (૨૬) હેમંતસિંહ રાજાએ શ્વેત, પીળા, લાલ એવાં

અનેકવિધ વસ્ત્રો અને બહુવિધ સુવર્ણનાં આભૂષણો શ્રીહરિ મહાપ્રભુને ભક્તિભાવપૂર્વક અર્પણ કર્યાં. (૨૭) સુગંધીમાન કેશરયુક્ત ચંદન, સફેદ અક્ષત, અનેકવિધ પુષ્પમાળાઓ અને તોરાઓ અને અબીલ-ગુલાલ, મહાઆરતી અને પુષ્પાંજલિથી હેમંતસિંહ રાજા પૂજન કરીને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૨૮-૨૯) પછી ઇચ્છારામભાઈ સહિત રામપ્રતાપભાઈની બહુમૂલ્ય વસ્ત્રો, આભૂષણો, ગંધ, માલ્ય અને અક્ષતાદિ વડે રાજાએ પૂજા કરી. (૩૦) પછી ગંગા, અદિતિ અને અમૃતા આદિ સ્ત્રીજનોએ સત્પુરુષોના સ્વામી શ્રીહરિનું પૂજન કર્યું. તથા અન્ય પુરવાસી અને ગામવાસી જનોએ ભક્તિભાવથી આદરપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. (૩૧) પછી પોતાના ભાઈ સહિત તે રાજાએ સર્વ મુનિજનોની ચંદન, અક્ષત, પુષ્પો અને સુંદર વસ્ત્રો વડે શ્રદ્ધાપૂર્વક પૂજા કરી. (૩૨) ઉદારબુદ્ધિવાળા તે રાજાએ સંતોને ઘીસાકરયુક્ત પકવાનો જલેબી, લાડુ અને દૂધપાક ઇત્યાદિ વડે ખૂબ જ તૃપ્ત કર્યા. (૩૩) તે મહોત્સવમાં રાત્રે થયેલી ભક્તોની સભામાં ઉત્તમ સિંહાસન ઉપર બિરાજમાન શ્રીહરિ નક્ષત્રગણ મધ્યે ચંદ્રમાની પેઠે શોભતા હતા. (૩૪) તે સભામાં સર્વ મુનિજનો, ગૃહસ્થો અને સધવા-વિધવા સ્ત્રીઓ પણ એક શ્રીહરિને જ જોતાં સતા બેઠાં હતાં. (૩૫) હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ ભક્તોને કહેવા લાગ્યા. હે ભક્તો ! જો કોઈના મનમાં કોઈ સંશય રહેતો હોય તો પ્રશ્ન કરો. (૩૬) એ સમયે શ્રીહરિની આગળ બેઠેલા અખંડાનંદ નામના બ્રહ્મચારીવર્ય સંતોની પ્રેરણા થવાથી બંને હાથ જોડીને વિનમ્ર થઈને સર્વજ્ઞ શ્રીહરિને પ્રણામ કરીને પૂછવા લાગ્યા. (૩૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
પંચાળા ગામે દોલોત્સવનિરૂપણ નામનો વીશમો અધ્યાય થયો. ॥૨૦॥

●

## અધ્યાય-૨૧

**અખંડાનંદમુનિ બોલ્યા :**

હે ભગવન્ ! આત્મા અને પરમાત્મા સંબંધી બ્રહ્મવિદ્યાને યથાર્થપણે જાણનારા અને પ્રવર્તાવનારા તમો એક જ છો. તે બ્રહ્મવિદ્યામાં મોટા મુનિવરો પણ મોહ પામે છે. (૧) આથી હે પ્રભો ! આ મુક્તાનંદાદિ મુનિઓએ પૂછવા ઇચ્છા કરેલ અને હિતકારી એવો એક પ્રશ્ન હું પૂછું છું, તે પ્રશ્ન સાંભળીને ઉત્તર કરો. (૨) અદ્વિતીય એવું બ્રહ્મ એક જ છે એમ શ્રુતિ કહે છે તથા આ દૃશ્યમાન પદાર્થમાત્ર બ્રહ્મ જ નિશ્ચે છે; આ પ્રમાણે શ્રુતિનું શાસન છે. (૩) આ બંને શ્રુતિઓના સિદ્ધાંતને આશરીને કેટલાક પંડિતો જીવો, ઈશ્વરો અને જગતો, માયામય હોવાથી મિથ્યા છે એમ કહે છે. (૪) 'નિત્યોના મધ્યે નિત્ય' વગેરે શ્રુતિઓનો આધાર લઈને કેટલાંક આ લોકમાં જીવ ઈશ્વરનું નિત્યપણું કહેતાં અનાદિસિદ્ધ ભેદપણું કહે છે. (૫) હે સ્વામિન્ ! આ દ્વૈત અને અદ્વૈત રૂપ સિદ્ધાંતોમાં ખરા નિર્ણયને કહેવામાં તમો જ યોગ્ય છો. તે બંને મત સત્ય છે કે તે બંનેમાંથી એક મત સત્ય છે ? તે કહો. (૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે અખંડાનંદ વર્ણીનું વાક્ય સાંભળી જગદ્‌ગુરુ શ્રીહરિ પોતાના વચનરૂપી અમૃતોથી સભામાં રહેલા મુનિજનો અને ગૃહસ્થજનોને આનંદ પમાડતા થકા અખંડાનંદ વર્ણીને કહેવા લાગ્યા. (૭)

**શ્રીનારાયણમુનિ બોલ્યા :**

હે મુનિજનો ! હે મહામતે અખંડાનંદ મુને ! તમો સર્વે સાંભળો. દ્વૈત અને અદ્વૈતને કહેનારી વેદશ્રુતિઓનો અભિપ્રાય હું કહું છું. (૮) હે વિદ્વન્ ! બ્રહ્મ શબ્દ પ્રધાનપણે કૃષ્ણ અર્થમાં પરમાત્મામાં જ પ્રવર્તે છે. આ પ્રમાણે નિશ્ચય જ જાણો. ભગવાન શબ્દની પેઠે પરમાત્મામાં જ પ્રવર્તે છે. (૯) સ્વરૂપ સ્વભાવ કે વિભૂતિ અને જ્ઞાનાદિ ગુણો વગેરે નિરવધિકાતિશય બ્રહ્મ શબ્દ વાચ્ય શ્રીકૃષ્ણનો જ છે. આથી સાર્થક એવી બ્રહ્મ સંજ્ઞાને શ્રુતિઓ કહે છે. (૧૦) શ્રીકૃષ્ણથી બીજા અક્ષરપુરુષાદિમાં બ્રહ્મ સંજ્ઞા તો શ્રીકૃષ્ણનું ધ્યાન અને ઉપાસનાના બળથી તે શ્રીહરિના સાધર્મ્ય અને તાદાત્મ્યભાવથી અભેદપણાના હેતુથી જ જાણવી પરંતુ મુખ્યપણે ન જાણવી. (૧૧) સત્ય, જ્ઞાન આદિ શક્તિઓ અને સર્વજ્ઞત્વ, સત્યસંકલ્પત્વ, આદિ ગુણો વગેરે શ્રીહરિમાં નિત્ય સિદ્ધ છે અને બીજા બ્રહ્મરૂપ એકાંતિક મુક્તોમાં તો આગંતુક છે, પણ નિત્યસિદ્ધ નથી. (૧૨) આથી 'સત્યંજ્ઞાનમનંતં બ્રહ્મ' ઈત્યાદિ શ્રુતિઓ તે શ્રીહરિની તાદૃશ શક્તિ અને ગુણ વિશિષ્ટનું વર્ણન કરે છે. (૧૩) આવી રીતના શક્તિ અને ગુણવિશિષ્ટ સંજ્ઞાવાળા શ્રીકૃષ્ણ આત્યંતિક પ્રલયકાળે અક્ષરબ્રહ્મ નામના પોતાના ધામમાં સુપ્ત છે વિરાજાદિ શક્તિઓ જેમની એવા થકા અદ્વિતીય કેવળ એક જ બાકી રહે છે. (૧૪) હે દ્વિજ ! એટલા માટે તે શ્રીકૃષ્ણને એક અને અદ્વિતીય શ્રુતિઓ કહે છે તેમજ પ્રકૃતિજન્ય ગુણોનો અભાવ હોવાથી નિર્ગુણ કહે છે. (૧૫) અને જે યોગી, ઉપર કહેલા મહિમાવાળા શ્રીકૃષ્ણની ઉપાસનાના બળથી આત્યંતિક લયને પ્રાપ્ત થયો છે તે યોગી નિર્વિકલ્પ સમાધિ અવસ્થામાં ભેદભાવથી કેવળ એક શ્રીકૃષ્ણને જ જુએ છે. (૧૬) હે દ્વિજોત્તમ ! શ્રીકૃષ્ણના સ્વરૂપને જાણનારો બ્રહ્મ જ થાય છે. આ પ્રકારે શ્રુતિએ વર્ણવેલ યોગીરાજને તત્ત્વજ્ઞજનોએ આથી વિદેહમુક્ત કહ્યો છે. (૧૭) બ્રહ્મવેત્તા તે યોગી આ સમગ્ર વિશ્વને પૂર્ણ, ઔરસ, શુદ્ધ, અખંડ અને ભેદરહિત એવા બ્રહ્મરૂપે જ જુએ છે. (૧૮) તે યોગી બ્રહ્મસ્વરૂપ સિવાય ઉપર, નીચે કે મધ્યમાં કાંઈ જોતો નથી. વિશ્વ, ઈશ્વરો કે જીવોને પણ દેખતો નથી. વિશેષ શું કહેવું ?-કંઈ પણ દેખતો નથી. (૧૯) આવી નિર્વિકલ્પરૂપ સમાધિ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે તીવ્ર વૈરાગ્યને પામેલા, આત્મા-પરમાત્માના યથાર્થ જ્ઞાનવાળા શિષ્યને ગુરુ 'એક જ અદ્વિતીય' - આ શ્રુતિથી બોધ આપે છે. (૨૦) હે વર્ણિન્ ! આવા પ્રકારની શ્રુતિઓથી 'એક અદ્વિતીય બ્રહ્મ છે' એમ કહેવાય છે. હવે 'નિત્યોના મધ્યે નિત્ય' આ પ્રકારે શ્રુતિઓથી જેવું જીવ-ઈશ્વરાદિનું નિત્યપણું કહેલું છે તે હું તમોને કહું છું. (૨૧) પ્રાકૃત પ્રલયમાં તથા આત્યંતિક પ્રલયમાં પણ વૈરાજ પુરુષાદિ ઈશ્વર સહિત જીવોના સ્વરૂપનો વિનાશ થતો નથી જ. (૨૨) હે વર્ણીવર્ય ! પ્રાકૃતિક પ્રલયમાં વૈરાજ આદિ ઈશ્વરના વિરાટ અને સૂત્રાત્મા નામના બે દેહ જ લય પામે છે. (૨૩) તે સમયે ઈશ્વર સંજ્ઞાવાળા વૈરાજ

પુરુષ અવ્યાકૃત નામના દેહથી પ્રકૃતિમાં લીન થાય છે તેમજ જીવોના પણ સ્થૂળ અને સૂક્ષ્મ દેહો પણ નાશ પામે છે. (૨૪) કારણ શરીરવાળા જીવો પ્રકૃતિમાં લીન થાય છે. હે વર્ણીન્દ્ર ! જીવ-ઈશ્વરોના લીન અવસ્થાના આધારભૂત પ્રકૃતિ તો પ્રધાન સંજ્ઞાવાળી કહેવાય છે. (૨૫) પુરુષે સહિત પ્રધાનપ્રકૃતિ મૂળ માયામાં લીન થાય છે. જીવ-ઈશ્વર-પ્રધાન પુરુષોનો સ્વરૂપથી વિનાશ તો ક્યારેય થતો નથી. (૨૬) જેમાં જીવ-ઈશ્વર પ્રધાનપુરુષો લીન થયેલા છે એવી મહામાયા (મૂળ માયા) પણ આત્યંતિક પ્રલયમાં સૂર્યના પ્રકાશમાં રાત્રિની પેઠે (મૂળ પુરુષ) મહાપુરુષમાં લીન થાય છે. (૨૭) તે મહાપુરુષ મહામાયા સાથે અક્ષરબ્રહ્મ નામના શ્રીકૃષ્ણના ધામમાં શયન કરે છે. તે સમયે તે અક્ષરના પ્રકાશમાં એક શ્રીકૃષ્ણ જ રહે છે, અન્ય કશું દેખાતું નથી. (૨૮) પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના ધ્યાનના બળથી જેમના કારણદેહ નાશ પામ્યા છે, એવા જે મુક્તો દિવ્ય દેહો વડે અક્ષર બ્રહ્મમાં જ સ્થિતિ કરે છે. (૨૯) હે મહામતે ! પ્રાકૃતિક અને આત્યંતિક પ્રલયમાં પણ જીવ, ઈશ્વર, પ્રધાન અને પુરુષનો સ્વરૂપથી વિનાશ થતો નથી, માટે નિત્યામાં નિત્યે એ શ્રુતિ સર્વે નિત્ય છે એમ કહે છે. (૩૦) હે વર્ણિન્ ! ફરીથી શ્રીકૃષ્ણ ભગવાનની ઈચ્છા માત્રથી બ્રહ્માંડોની ઉત્પત્તિ સમયે પુરુષ, પ્રકૃતિ, જીવ, ઈશ્વર વગેરે સર્વે પૂર્વે હતા તેમ આવિર્ભાવ પામે છે. (૩૧) અપ્રાકૃત (બ્રહ્મમય) દેહવાળા મુક્તપુરુષો સ્વેચ્છાથી બ્રહ્માંડમાં આવિર્ભાવ પામે છે અથવા તો અવતાર ધારણ કરતા પ્રભુની સાથે જ અવતરે છે. (૩૨) પ્રત્યક્ષ શ્રીકૃષ્ણની ઉપાસનાના બળથી જીવન્મુક્તો નિત્યોમાં પણ નિત્ય એમ શ્રુતિમાં કહેલા નિત્ય એવા જીવ-ઈશ્વરાદિ સર્વને યથાર્થપણે જાણે છે અને જુએ છે. (૩૩) ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યેયુક્ત તે જ્ઞાની મુક્તો સવિકલ્પ નામની સમાધિને પામેલા છે, આ પ્રમાણે જાણો. (૩૪) જેમ મેરુ પર્વત ઉપર રહેલા પુરુષો તે મેરુથી બીજા સર્વ પર્વતો અને સર્વ વૃક્ષો તથા તેના આધારભૂત પૃથ્વીના તળને પૃથક્ પૃથક્ જુએ છે. (૩૫) તેમ સવિકલ્પ સમાધિમાં રહેલા જીવન્મુક્તો પણ ઈશ્વર, માયા, જીવો અને સર્વનું આધારભૂત બ્રહ્મ તે સર્વને ભિન્ન ભિન્ન રૂપથી જુએ છે. (૩૬) હે દ્વિજ ! જેમ લોકાલોક પર્વત ઉપર રહેલા પુરુષો સર્વ પર્વત અને વૃક્ષોને પણ પૃથ્વીતળ સાથે એકપણાથી જુએ છે તેમ નિર્વિકલ્પ સમાધિવાળા જીવનમુક્તો પણ જીવ, ઈશ્વર, પ્રધાન પુરુષ વગેરેને બ્રહ્મસાથે એકપણે જુએ છે પણ ભિન્ન રૂપે જોતા નથી. (૩૭-૩૮) નિર્વિકલ્પ સમાધિવાળા, આ મહામુક્તો શ્રીકૃષ્ણની ઉપાસનાના બળના અલ્પ અને અધિક ભાવથી નિર્વિકલ્પ સમાધિને ત્રણ પ્રકારની કહે છે. (૩૯) હે બ્રહ્મચારી વર્ય ! આ લોકમાં જીવને સુષુપ્તિ અવસ્થામાં બુદ્ધિ, ઈન્દ્રિયો અને મનનો લય થવાથી જેવું સુખ અને શાંતિ વર્તે છે તેવું જ સુખ અને શાંતિ જે પુરુષને જાગૃત અવસ્થામાં સાક્ષાત્ ભગવાનમાં બુદ્ધિ, ઈન્દ્રિયો અને મનનો લય થવાથી વર્તે તે પ્રથમ કહેતાં કનિષ્ઠ નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે. (૪૦-૪૧) સમષ્ટિ અભિમાની ઈશ્વરને પ્રલયનામે સુષુપ્તિમાં બુદ્ધિ, ઈન્દ્રિય અને મનના લયથી જેવું સુખ અને શાંતિ વર્તે છે તેવું જ સુખ અને શાંતિ જે પુરુષને જાગૃત અવસ્થામાં સાક્ષાત્ શ્રીકૃષ્ણમાં બુદ્ધિ, ઈન્દ્રિયો અને મનનો લય થવાથી વર્તે તે મધ્યમ નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે. (૪૨-૪૩) પ્રાકૃતપ્રલયમાં પ્રકૃતિરૂપ મહામાયામાં વિરાટ અને કારણભૂત મહત્તત્ત્વાદિની સાથે પ્રધાન પ્રકૃતિના લયથી

પ્રધાનના અધિષ્ઠાતા પુરુષને જેવું સુખ અને શાંતિ વર્તે છે તે જ પ્રકારે જે પુરુષને જાગૃત અવસ્થામાં પ્રત્યક્ષ ભગવાનમાં બુદ્ધિ, ઇન્દ્રિયો અને મનનો લય થવાથી તેવું જ સુખ અને શાંતિ વર્તે છે તે ઉત્તમ નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે. (૪૪-૪૫) હે વર્ણિન્ ! આ સુષુપ્તિ આદિનું સુખ તો દૃષ્ટાંતમાત્ર કહ્યું પણ સાક્ષાત્ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ સંબંધથી પ્રાપ્ત થયેલ જે સુખ છે તે તો સર્વ સુખોથી અધિક છે. (૪૬) હે દ્વિજ! આ પ્રકારે વિદેહમુક્તો પણ ત્રણ પ્રકારના છે. તે સમાધિસ્થિતિને જાણનારા મહામુક્તોએ ઉત્તરોત્તરપણે શ્રેષ્ઠ કહેલા છે. (૪૭) બ્રહ્મદૃષ્ટિવાળા મહામુક્તો નિર્વિકલ્પ સ્થિતિના બળથી ઉન્મત્તની સમાનતાને પામ્યા સતા જીવ-ઈશ્વર-માયાને સ્વરૂપથી સત્ય હોવા છતાં પણ કલ્પિત સ્વરૂપથી મિથ્યા કહે છે એમ જાણો. (૪૮) હે વિપ્ર ! આ પ્રકારે બ્રહ્મમાં એકપણું અને નાના સ્વરૂપપણું તમો જાણો. હે વર્ણિન્ ! શ્રુતિના પ્રામાણ્યથી બંને મત સત્ય જ છે. (૪૯) જે પુરુષો પૂર્વોક્ત સ્થિતિને નથી પામેલા અને કેવળ શાસ્ત્રના શબ્દછળ માત્રથી જ જીવ બ્રહ્મનું ઐક્ય જાણીને ઈચ્છા અનુસાર આચરણ કરે છે તે પુરુષો નરકમાં પડે છે. (૫૦) તેવા (યથેષ્ટાચરણ કરનારા) પુરુષો પોતે કરેલા પાપોને અને પોતાના શિષ્યોએ કરેલાં પાપોને (બચાવો, બચાવો)ના આર્તનાદને કરતા થકા યમપુરીમાં વારંવાર ખૂબ ભોગવે છે. (૫૧) હે દ્વિજ ! જે શ્રુતિમાં બ્રહ્મ શબ્દ બે કહેલા હોય, તેમાં પ્રથમ બ્રહ્મ શબ્દ તો અક્ષરબ્રહ્મ નામવાળું ભગવાનનું ધામ જાણવો. (૫૨) બીજો બ્રહ્મ શબ્દ તો 'અક્ષરાત્પરતઃ પરઃ' આ શ્રુતિથી કહેલા પર એવા અક્ષરથી પર સ્વતઃસિદ્ધ દિવ્ય આકારવાળા પોતે અક્ષરધામવાસી પુરુષોત્તમ શ્રીકૃષ્ણ શબ્દ વાચી છે એમ જાણો. (૫૩) જીવો, ઈશ્વરો, બ્રહ્મ અને શ્રીહરિ તેમનો વાસ્તવિક અનાદિસિદ્ધ ભેદ તો 'નિત્યો નિત્યાનાં' વગેરે શ્રુતિઓએ પ્રતિપાદન કરેલો છે તે નિશ્ચય જાણો. (૫૪) હે સન્મતે ! 'ब्रह्मविदाप्नोति पर' અર્થાત્ 'બ્રહ્મને જાણનારો પરંબ્રહ્મને પામે છે' આ શ્રુતિ પણ બ્રહ્મજ્ઞાનીઓએ સેવન કરવા યોગ્ય પરબ્રહ્મ છે એમ સ્ફુટપણે કહી સંભળાવે છે. (૫૫) જીવાત્મા પરમાત્માનું શરીર છે, જીવાત્મા પરમાત્માને જાણતો નથી અને જે પરમાત્મા અંદર રહ્યા થકા આત્માનું નિયમન કરે છે તે પરમાત્મા અમૃત કહેતાં મોક્ષ આપનારા પ્રભુ છે. (૫૬) અક્ષર પરમાત્માનું શરીર છે. અક્ષર પરમાત્માના મહિમાના પારને પામી શકતું નથી. જે પરમાત્મા અંદર રહ્યા થકા અક્ષરનું નિયમન કરે છે તે પરમાત્મા મોક્ષપ્રદ પ્રભુ છે. (૫૭) એ આદિ મુખ્ય અર્થવાળા શ્રુતિસમૂહો અક્ષરબ્રહ્મને પણ શ્રીકૃષ્ણનું શરીર કહે છે તથા તેનાથી ભિન્ન સ્પષ્ટ કહે છે. (૫૮) જો અક્ષરબ્રહ્મનું પણ શ્રીકૃષ્ણની સાથે સમાનપણું નથી તો વૈરાજ પુરુષાદિ ઈશ્વરોનું સાદૃશ્ય ક્યાંથી હોય ? તો જીવનું તો કૃષ્ણરૂપપણું હોય જ ક્યાંથી ? (૫૯) આથી જે મુમુક્ષુ સંશયરહિત થઈને શ્રીહરિને ભજે તે સંસારથી મુક્ત થાય અને અન્ય તો (સંશયયુક્ત) તો સંસૃતિને જ પામે. (૬૦) આ અધ્યાયમાં નિરૂપણ કરેલો અર્થ શ્રીમાન્ રામાનુજાચાર્યે શ્રીભાષ્ય નામે મહાભાષ્યમાં વિસ્તારે સહિત નિર્ણય કરેલો છે તે જ અર્થ મેં અહીં સંક્ષેપથી કહ્યો છે. (૬૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહેલો શ્રુતિસિદ્ધાંત સાંભળીને અખંડાનંદ વર્ણી અને

મુક્તાનંદાદિ સાધુઓ સંશયરહિત થઈને શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા. (૬૨) પછી દયાનિધિ શ્રીહરિ સમગ્ર પોતાના ભક્તજનોને પોતપોતાના સ્થાને જવાની આજ્ઞા આપીને પોતે સ્વનિવાસ સ્થાને પધાર્યા. (૬૩) આ પ્રમાણે તે પંચાળા ગામમાં શ્રીહરિ મહાપ્રભુ વાણીની લીલાઓથી દરરોજ આનંદ આપતા અને હેમંતસિંહ રાજાના મનોરથને પૂર્ણ કરતાં થકા જ ત્યાં ભક્તગણો સાથે નિવાસ કરતા હતા. (૬૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
પંચાળાગામમાં દ્વૈતાદ્વૈતપ્રતિપાદકશ્રુત્યર્થનિર્ણયનિરૂપણ નામનો એકવીશમો અધ્યાય થયો. ॥૨૧॥

●

## અધ્યાય-૨૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! પંચાળા ગામથી પશ્ચિમ દિશામાં પલાશતરુના વનમાં હેમંતસિંહ રાજાએ મુનિજનો માટે સુંદર પર્ણશાળાઓ કરાવેલી હતી. (૧) એકવાર ફાગણ સુદી પાપમોચની એકાદશીની રાતે શ્રીહરિ પોતાના પાર્ષદોએ સહિત ત્યાં પધાર્યા. (૨) ઉત્તમરાજા, સોમલો ખાચર, બંધુજનોએ સહિત હેમંતસિંહ, મુકુન્દાનંદ વર્ણી, રતનજી અને સુરાખાચર વગેરેને સાથે લઈને ત્યાં પધાર્યા. (૩) વનમાં ભેગા મળી ગોળ મંડળાકાર પરિભ્રમણ (ગરબી) સહિત તથા તાલિકાવાદન સહિત એવા ગાન વડે એકાદશીવ્રતના જાગરણને કરતા મુનિજનોને શ્રીહરિએ જોયા. (૪) તે સંતો પણ પોતાના આંગણામાં આવેલા શ્રીહરિને જોઈને આનંદિત થકા નમસ્કાર કરી જલદી જલદી વટવૃક્ષ સમીપે શ્રીહરિને શ્રેષ્ઠ સિંહાસન આપ્યું. પ્રભુ શ્રીહરિ પણ તે સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૫) પછી સંતો શ્રીહરિની આજ્ઞાથી તે સિંહાસનની ચોતરફ ભમતા અને શ્રીહરિના મુખકમળ સામા દૃષ્ટિવાળા થઈને ફરીથી ગોળ મંડળાકાર ભ્રમણ કરવા લાગ્યા. (૬) મંદહાસ્યયુક્ત મુખારવિંદવાળા શ્રીહરિને તરહતરહનાં ગીતો વડે હસાવતા થકા મુનિઓ શ્રીહરિના ગુણોનું કીર્તન કરવા લાગ્યા, તેટલામાં રાત્રિનો મધ્યકાળ થયો. (૭) તે સમયે થાકી ગયેલા મુનિઓ પ્રસન્નતાયુક્ત શ્રીહરિના મુખકમળને પ્રેમથી જોતા અને સ્થિર આસનવાળા થકા શ્રીહરિની આગળ બેસી ગયા. (૮) પછી મુનિઓ શ્રીહરિની ઈચ્છાથી એકીસાથે ઉદય પામેલા કરોડો સૂર્ય અને ચંદ્ર સમાન ઉજ્જ્વળ મહાતેજ એકદમ જોતા હતા. (૯) તે તેજથી સર્વમુનિઓ, પૃથ્વી, આકાશ અને આઠ દિશાઓ શ્વેતપણાને પામી ગયા. અને તે મુનિઓ તેજના સમૂહમાં કૃષ્ણરૂપી પોતાના ઈષ્ટદેવ નારાયણમુનિનું દર્શન કરતા હતા. (૧૦) દિવ્ય સિંહાસનમાં બિરાજમાન, નવીન મેઘના સમાન શ્યામસુંદર, કોટિ ચંદ્રમાના સમાન શીતળતાવાળા, સુંદર આભૂષણોથી અલંકૃત, દિવ્ય પીતાંબરને ધારી રહેલા, દિવ્ય ચંદનના લેપવાળા, દિવ્ય સુગંધીમાન પુષ્પના હાર-તોરાઓથી સુશોભિત, સુંદર ભ્રૂકુટીરૂપી લતાઓવાળા, સુંદર નાસિકાવાળા, કમળપત્ર સમાન નેત્રોવાળા, પાકેલા લાલ બિંબફળ સમાન ઓષ્ઠોવાળા, મંદહાસ્યયુક્ત મુખકમળવાળા, અમૂલ્ય મોતીઓ સમાન દંતપક્તિ વડે શોભાયમાન, બંને હાથોથી મોરલી ધારણ કરી મનોહર વાદન કરતા, કંઠમાં કૌસ્તુભમણિ અને

શોભાયમાન વૈજયંતીમાલાને ધારી રહેલા, વિશાળ વક્ષઃસ્થળમાં પ્રકાશમાન શ્રીવત્સના ચિહ્નવાળા, સુશોભિત મુકુટવાળા, બંને કાનોમાં શોભાયમાન દિવ્ય મત્સ્યાકાર કુંડળોવાળા, કલંક રહિત ચંદ્રમાની કાંતિ જેની છે એવી નખમણિની પંક્તિઓથી શોભાયમાન, શ્રીદામા અને વિશ્વકસેન આદિ ઉત્તમ પોતાના પાર્ષદોથી સેવન કરાતા તથા છત્ર, વીંજણો, ચામરરૂપ રાજચિહ્નો વડે સેવન કરાતા એવા શ્રીહરિને સર્વ સંતોએ જોયા. (૧૧-૧૭) મુનિઓએ શ્રીહરિ નારાયણમુનિના ડાબા પડખે લક્ષ્મીજીને જોયા. કરકમળમાં પદ્મ ધારી રહેલાં, કસુંબલ વસ્ત્રોવાળાં, ગૌર વર્ણવાળાં, સર્વ આભૂષણોથી સુશોભિત, મંદાર પુષ્પોથી ગૂંથેલી વેણીવાળાં, દિવ્ય કેશાલંકારવાળાં, શરદઋતુના પૂર્ણ ચંદ્રમા સમાન મુખવાળાં, સ્થૂળ ઉન્નત સ્તનોવાળાં, સુંદર નાસિકાવાળાં, સુંદર દંતપક્તિવાળાં, સુંદર ભ્રૂકુટિવાળાં, સુંદર વિશાળ નેત્રોવાળાં, બંને ચરણોમાં શોભાયમાન કડાંથી યુક્ત રત્નજડિત ઝાંઝરના શબ્દો જેમને છે એવાં, વિશાળ લલાટમાં શોભાયમાન દિવ્ય કુંકુમથી શૃંગાર કરેલો છે જેમનો એવાં, સુંદર કપોળવાળાં, કંઠમાં સુવર્ણની કંઠીવાળા, પોતાના પતિ શ્રીહરિના મુખકમળમાં જેમનાં નેત્રની વૃત્તિ છે એવાં, રત્નજડિત દંડવાળા, નાના ચામર વડે અત્યંત ભાવપૂર્વક નિજપતિ નારાયણને ચામર ઢોળતાં એવાં લક્ષ્મીજીના સંતોએ દર્શન કર્યા તેમજ પૂર્વે કહેલાં ચિહ્નોથી લક્ષિત એવાં રાધિકાજીનું પણ દર્શન થયું. (૧૮-૨૨) પછી મુનિઓએ અત્યંત તેજસ્વી તથા શ્વેત અંગવાળા, શ્વેત વસ્ત્રોવાળા અને દિવ્ય અલંકારોથી સુશોભિત એવા ધર્મદેવનું શ્રીહરિના જમણા ભાગમાં દર્શન થયું. (૨૩) તે ધર્મદેવના ડાબા પડખે સુવર્ણ સમાન અંગોવાળાં અને દિવ્ય વસ્ત્રાભૂષણવાળા એવાં મૂર્તિમાન ભક્તિદેવીને સંતોએ જોયાં. (૨૪) તેમજ દિવ્ય શરીરો અને દિવ્ય અલંકારો અને વસ્ત્રોવાળી ધર્મદેવની અન્ય શ્રદ્ધા વગેરે પત્નીઓને પણ જોયાં તથા દિવ્ય અંગોવાળા ભક્તિદેવીના જ્ઞાન વગેરે પુત્રોને પણ જોયા. (૨૫) પછી તે મુનિજનો પ્રસન્ન મનવાળા અને રોમાંચિત શરીરોવાળા થઈને લક્ષ્મી વગેરે સૌને પ્રણામ કરીને પોતાના ઈશ્વર શ્રીહરિ નારાયણમુનિને કહેવા લાગ્યા. (૨૬) હે પ્રભો ! શ્રી હરે ! તમો નારાયણમુનિને વારંવાર નમસ્કાર હો, કૃષ્ણ એવા તમોને નમસ્કાર હો, વાસુદેવ તમોને નમસ્કાર હો, ધર્મપુત્ર તમોને નમસ્કાર હો. (૨૭) હે ભગવન્ ! તમોને અમે પૂર્વે જોયેલા છે તેથી તો તમોને જાણીએ છીએ. જે તમો અમારા ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રીહરિ તે જ રાધા-રમાદિ યુક્ત કૃષ્ણ છો. (૨૮) હે સ્વામિન્ ! તમારા પડખામાં મન અને નેત્રોને આનંદ આપનારા આ દેવ-દેવીઓ છે, તેને અમો જાણતા નથી. (૨૯) હે રાજન્ ! આવું મુનિઓનું વચન સાંભળીને ભગવાન શ્રીહરિ મુનિઓને કહેવા લાગ્યા. હે મુનિઓ ! આ સાક્ષાત્ ધર્મદેવ છે અને આ ધર્મદેવનાં પ્રિય ભાર્યા ભક્તિ છે. (૩૦) હે નિષ્પાપ સંતો ! આ શ્રદ્ધા, મૈત્રી, દયા વગેરે ધર્મની બીજી પત્નીઓ છે. આ શુભ, પ્રસાદ વગેરે ધર્મપત્નીઓના પુત્રો છે. (૩૧) આ ધર્માદિ દિવ્ય દેહવાળા થકા અમારા સમીપમાં હંમેશાં વર્તે છે. મારું દર્શન જેમ દુર્લભ છે તેમ આ સર્વનું દર્શન પણ દુર્લભ જ છે. (૩૨) હે મુનિઓ ! જે એકાંતિક ભક્તો હોય છે તે તો કોઈક સમયે મારી ઇચ્છાથી જ આ ધર્માદિકને જુએ છે પરંતુ બધા સ્વેચ્છાથી તો જોઈ શકતા જ નથી. (૩૩) તમોએ જાગરણ સહિત એકાદશીનું વ્રત કર્યું છે, અને એકાંતિક ભક્તોના ધર્મોનું

પાલન કરો છો આથી હું આ ધર્માદિક સાથે પ્રસન્ન થયેલો છું તે નિશ્ચય જાણો. તેથી મેં તમોને આવું દર્શન આપ્યું છે. તમો મારાથી અને ધર્માદિથી ઈચ્છિત વર માગો. (૩૪-૩૫) હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ વરયાચના માટે પ્રેરણા કરેલા મુનિઓ શ્રીહરિને પ્રણામ કરી પોતાને અભિષ્ટ વરો માગવા લાગ્યા. (૩૬) હે ભગવન્ ! જો તમો પ્રસન્ન થયેલા હો તો મનુષ્યભાવને પામેલા તમારા નાના પ્રકારનાં ચરિત્રોમાં અમોને ક્યારેય મોહ ના થાઓ. (૩૭) હે સર્વેશ્વર પ્રભો ! હાલમાં અમોને તમારામાં જેવો ભાવ છે તેવો જ મનુષ્યાકૃતિ ધરનારા તમારામાં નિરંતર રહો. (૩૮) અમારે તમારે વિષે લક્ષ્મીજીની પેઠે એકાંતિક ભક્તિ થાઓ. આ વરો અમોને આપો. આ પ્રમાણે ભક્તોએ પ્રાર્થના કરાયેલા શ્રીહરિએ 'તથાસ્તુ' કહીને વરો આપ્યા. (૩૯) પછી મુનિઓ વિનયનમ્ર થઈને ધર્માદિને કહેવા લાગ્યા. હે ધર્માદિ ! તમો જો પ્રસન્ન થયા હો તો અમારામાં સદા નિવાસ કરો. (૪૦) હે ઉત્તમ દેવો ! કામ-ક્રોધ-લોભ-મોહ-મદ વગેરે મુખ્ય જેમાં છે એવા અધર્મસર્ગ થકી અમારું નિરંતર રક્ષણ કરો. આ પ્રકારના વરો આપો. (૪૧) હે રાજન્ ! આ પ્રકારે મુનિઓએ પ્રાર્થના કરાયેલા તે ધર્માદિક પણ અતિ પ્રસન્ન થઈને મુનિઓને 'તથાસ્તુ' કહીને વરો આપતા હતા. પછી શ્રીહરિ મહાપ્રભુ મુનિઓની સાથે પૂર્વવત્ (મનુષ્યાકારે) થઈ ગયા. (૪૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પછી સર્વ મુનિજનો વિસ્મય પામીને મનુષ્યાકૃતિ શ્રી નારાયણમુનિને પ્રણામ કરવા લાગ્યા. પ્રભુ શ્રીહરિ મુનિજનોને સુખ પમાડી પોતાના નિવાસસ્થાને પધાર્યા. (૪૩) ત્યાં એકાદશીનું જાગરણ કરતા શ્રીહરિ પોતાના ઉત્તમ પાર્ષદોથી વીંટાયા થકા ચાર પાયાવાળા બાજોઠ ઉપર બેઠા હતા. (૪૪) હેમંતસિંહ, ઉત્તમરાજા, સોમલા ખાચર, ભગુજી, રતનજી વગેરે પાર્ષદો શ્રીહરિના દિવ્યરૂપનાં દર્શનથી આશ્ચર્ય પામતા સતા મંદહાસ્યયુક્ત મુખકમળવાળા નારાયણમુનિને નમસ્કાર કરી કહેવા લાગ્યા. (૪૫) હે સ્વામિન્ ! કોટિ સૂર્ય-ચંદ્ર સમાન પ્રકાશવાળા અને રાધાલક્ષ્મીએ સહિત દિવ્યભાવયુક્ત તમારાં દર્શન અને ભક્તિ-ધર્મ વગેરેનું દર્શન મનુષ્યોને અત્યંત દુર્લભ છે. (૪૬) અહો આશ્ચર્યની વાત છે કે અમોને તે દુર્લભ એવું દર્શન થયું, આથી અમો ભાગ્યશાળી અને ધન્ય છીએ. આ પ્રમાણે શ્રીહરિને કહીને પાર્ષદો પ્રેમથી ગદ્‌ગદ્ વાણીઓ અને આનંદના અશ્રુઓવાળા થયા. (૪૭) તે સમયે શ્રીહરિ પ્રસન્ન થઈને પોતાના પાર્ષદોને કહેવા લાગ્યા. હે શ્રેષ્ઠ ભક્તો ! તમો સર્વે મારું વચન સાંભળો. (૪૮) જે મનુષ્યોને નરાકૃતિ ભગવાનમાં અનન્ય ભક્તિ થાય તેમને આવાં દર્શન કંઈ દુર્લભ નથી તે નિશ્ચય વાત છે. (૪૯) મહાભારતમાં ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે વિશ્વરૂપનું દર્શન કરાવીને અર્જુનના પ્રત્યે ભક્તિથી જ દિવ્યરૂપનું દર્શન થાય એમ નિરૂપણ કરેલું છે. (૫૦) શ્રીકૃષ્ણ કહે છે : હે અર્જુન ! આ જે મારું રૂપ તું જોઈ રહેલો છે તે દર્શન બહુ જ કઠિન છે. આ રૂપ માટે ઈન્દ્રાદિક દેવો પણ હંમેશાં દર્શનની ઈચ્છાવાળા છે પરંતુ તે રૂપ જોઈ શક્યા નથી. (૫૧) વિશ્વરૂપને જે રીતે તું જોઈ રહ્યો છે તેવો હું વેદોથી જોવા માટે શક્ય નથી. તપ, દાન કે યજ્ઞ-યાગાદિ દ્વારા પણ જોઈ શકાતો નથી. (૫૨) હે અર્જુન ! હે પરંતપ ! એકાંતિક ભક્તિ વડે કરીને જ તત્ત્વથી સાક્ષાત્કાર કરવા માટે, તત્ત્વથી જાણવા માટે અને પ્રવેશ

કરવા માટે શક્ય છું. (૫૩) હે પાર્ષદો ! તે જ પ્રકારે ભારતમાં સનત્સુજાત આખ્યાનમાં પણ ભક્તિયોગવાળા જનોને જ ભગવાનનું દર્શન થાય એમ વારંવાર કહેલું છે. (૫૪) ભગવાનના એકાંતિક સાધુઓની નિષ્કપટ સેવાથી થયેલી એકાંતિક ભક્તિથી જીવ કાળ, કર્મ, યમભય તથા માયાના બંધનથી મુક્ત થાય છે. (૫૫) વર્ણ, આશ્રમો અને (અનુલોમ-પ્રતિલોમાદિ) બીજાઓના ધર્મો, ત્યાગીઓના જે ધર્મો છે. યથાવિધિ આચરણ કરાતા આ ધર્મોનું ફળ આ અનન્યભક્તિ જ છે. આ ભક્તિ જ અક્ષય ફળને આપનારી થાય છે. (૫૬) યજ્ઞ, દાન, વ્રત, તપ, સ્વાધ્યાય તેમજ તપ તીર્થ દેવોની ઉપાસનાનું તથા વાવ-કૂવા-બગીચા વગેરે પૂર્ત કર્મોનું અને પ્રકૃતિ પુરુષના વિવેકરૂપ સાંખ્ય-યોગનું તથા અહિંસાદિ નિયમોનું પણ અક્ષય ફળ ભક્તિ જ મુનિઓએ માનેલું છે. અન્યથા અનન્ય ભક્તિના અભાવમાં તો તે તે ક્રિયાનું ફળ નાશવંત જ જાણવું. (૫૭-૫૮) મહાભારતાદિ ઇતિહાસે સહિત પુરાણોનું તાત્પર્ય પણ ભગવાનની અનન્ય ભક્તિમાં જ છે. ઇતિહાસપુરાણોનો સાર શ્રીમદ્ ભાગવતનું પણ સર્વ પ્રકારે અનન્ય ભક્તિમાં જ તાત્પર્ય છે. (૫૯) હે પાર્ષદો ! તમારી તે અનન્ય ભક્તિ હોવાથી જ ધર્માદિ સહિત મારું દિવ્ય દર્શન થયેલું છે આમ તમો જાણો. (૬૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રમાણે ભગવાન શ્રી નારાયણમુનિના કહેવાથી શ્રીહરિના ચરણકમળના દૃઢ આશ્રયવાળા પાર્ષદો હર્ષયુક્ત થઈને શ્રીહરિને પ્રણામ કરીને પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. (૬૧) શ્રીહરિએ ફાગણ સુદી બારશને દિવસે નિત્યકર્મ કરીને અનંત બ્રાહ્મણોને જમાડીને પોતાના પાર્ષદોની સાથે પારણાં કર્યાં. (૬૨) ત્યારબાદ જીવુબા અને લાડુબા સહિત ઉત્તમ રાજાએ પોતાના પુરમાં લઈ જવા માટે ખૂબ જ પ્રાર્થના કરેલા ભગવાન શ્રીહરિએ દુર્ગપુર જવા માટે ઇચ્છા કરી. (૬૩) હે રાજન્ ! તે સમયે હેમંતસિંહ રાજા શ્રીહરિની જવાની ઇચ્છા જાણી શ્રીહરિને મળીને નમસ્કાર કરી, અત્યંત સ્નેહથી બંને આંખોમાં અશ્રુઓવાળા અને રોમાંચિત શરીરવાળા થઈને બંને હાથ જોડીને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૬૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
પંચાળા ગામમાં ધર્માદિસહિત નિજદિવ્યદર્શનાદિનિરૂપણ નામનો બાવીશમો અધ્યાય થયો. ॥૨૨॥

●

## અધ્યાય-૨૩

**હેમંતસિંહ રાજા બોલ્યા :**

હે દેવાધિદેવ ! હે દયાસાગર ! તમ કહેતાં મહામાયાથી પર, સર્વ કારણના કારણ, જેમને ભક્તો પ્રિય છે, આશ્ચર્યકારી ચિહ્નોવાળા એવા હે નારાયણમુનિ ! તમોને નમસ્કાર છે. (૧) પ્રસન્ન મુખારવિંદવાળા, શ્વેતાંબરધારી, સુગંધીમાન પુષ્પોના હાર ધારણ કરનારા, સુરૂપ અને સદ્ગુણાદિ વડે પોતાની મૂર્તિમાં આકર્ષણ કરનારા, લંબાયમાન સુંદર સુગંધીમાન પુષ્પોના તોરાઓવાળા હે નારાયણમુનિ તમોને મારા નમસ્કાર હો. (૨) બ્રહ્મપુર નામના અક્ષરધામમાં

નિવાસસ્થાનવાળા, બ્રહ્મભાવને પામેલા પોતાના ભક્તો વડે સેવા કરાયેલા, અત્યંત શ્વેત તેજસમૂહના મધ્યમાં સ્થિતિવાળા, નિયમિત અંતઃકરણવાળા, નિયમિત બાહ્યેન્દ્રિયોવાળા, તપ છે પ્રિય જેમને એવા, શુદ્ધ-સિદ્ધ, માયાના ગુણોથી પર, એકાન્તિકધર્મનું નિરૂપણ કરનારા, એવા નારાયણસ્વરૂપ હે પ્રભો ! તમોને નમસ્કાર હો. (૩-૪) નિષ્કામ નામના વ્રતનું પાલન કરનારા, નિષ્કામવ્રતને પ્રવર્તાવનારા, તથા નિષ્કામ વ્રતથી જ પ્રાપ્ત કરવા યોગ્ય નારાયણ એવા હે ઈશ્વર ! તમોને નમસ્કાર હો. (૫) હે ઈશ ! સમગ્ર સ્વાશ્રિતોના દુઃખસમૂહોને નાશ કરનારા, અત્યંત સુખ આપનારા, 'સ્વામિનારાયણ' એવા નામોચ્ચારણ માત્રથી સર્વ પાપોના વિનાશક એવા તમોને નમસ્કાર હો. (૬) સર્વ પુરુષોમાં ઉત્તમ, સમગ્ર બ્રહ્માંડોને ધારણ કરનારા, શરણાગત જીવોની પીડાને હરનારા, બ્રાહ્મણોના સમૂહોને દેવની પેઠે પૂજનારા, ઈશ્વરોના નિયંતા એવા નારાયણમુનિ તમોને નમસ્કાર હો. (૭) મુક્તાનંદાદિ મહામુનિજનોના સમૂહોથી સેવન કરાતા, શ્રદ્ધા-દયા-શાંતિના એક આશ્રયસ્વરૂપ, નિત્યસિદ્ધ, દિવ્ય આકૃતિવાળા, સ્થાવર જંગમ પ્રાણીઓનો ઉદ્ધાર કરવામાં ઉદ્યમશીલ એવા નારાયણમુનિ તમોને નમસ્કાર હો. (૮) હે ભગવન્ ! હૃદયમાં રહેલા ઘણા કાળના મારા મનોરથને તમોએ કૃપા કરી અહીં મારા ગામમાં પધારીને સર્વ પ્રકારે આજે પૂર્ણ કર્યો છે. (૯) અને હે પ્રભો ! અહીંથી તદ્દન નજીક મારું જૂનાગઢ નામનું નગર છે ત્યાં પધારી તે નગરને પવિત્ર કરો. હે પ્રભો ! આ મારી પ્રાર્થના છે. (૧૦) તમારાં ઉત્તમ દર્શન પૂજનાદિ વડે પુરવાસી હજારો જનો જન્મનું સાફલ્ય પ્રાપ્ત કરશે. હે રાજન્ ! આ પ્રકારે કહેવાયેલા શ્રી નારાયણમુનિ તેમના પ્રત્યે બોલ્યા : (૧૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે હેમંતસિંહ રાજન્ ! જો એવી જ તમારી ઇચ્છા હોય તો અત્યારે જ તમારા જૂનાગઢ જઈએ. ત્યાં જવાથી તમારી ઇચ્છા પૂર્ણ થાય અને અમને તીર્થયાત્રા થાય. (૧૨) આ પ્રમાણે શ્રીહરિના કહેવાથી અત્યંત હર્ષ પામેલા અને શીઘ્ર ક્રિયાવાળા હેમંતસિંહ રાજા તત્કાળ પોતાના વાહનોને તૈયાર કરાવી પોતાના બંધુજનોની સાથે તૈયાર થયા. (૧૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે પછી શ્રીહરિ હેમંતસિંહ રાજા, અન્ય ભક્તજનો, જૂનાગઢથી આવેલા ભક્તજનો વગેરેથી વીંટાયા થકા પોતે ઘોડા ઉપર બિરાજમાન થઈ જૂનાગઢ પ્રતિ ચાલ્યા. (૧૪) માર્ગમાં આવતા દરેક ગામમાં ભક્તજનો શ્રીહરિને રોકવા ઇચ્છતા હતા પરંતુ શ્રીહરિ નિવાસ નહિ કરતાં દૃષ્ટિમાત્રથી તેમને સુખ પમાડી ચાલતા હતા. (૧૫) હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ જે દિવસે પંચાળાથી નીકળ્યા તે જ દિવસે સાંજે જૂનાગઢ પહોંચીને હેમંતસિંહ રાજાના શુભ નિવાસસ્થાને પોતાનો નિવાસ કર્યો. (૧૬) અનુપસિંહ નામના પોતાના ભાઈ સહિત હેમંતસિંહ રાજા અશ્વ દોડાવીને તત્કાળ આગળ જઈને બંધુજનોએ સહિત તે રાજા શ્રીહરિની સેવાપરાયણ બની ગયા. (૧૭) રામજી, અંબાશંકર, રૂપશંકર વગેરે બ્રાહ્મણો, ગોકુળ ઉદ્ધવ વગેરે અન્ય ભક્તો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૧૮) હેમંતસિંહ રાજા સેવા વડે પોતાનું કૃતાર્થપણું માનતા થકા પુરવાસી

જનોની સાથે શ્રીહરિનું યથાયોગ્ય આતિથ્ય કરતા હતા. (૧૯) પછી શ્રીહરિએ 'આ દેવભૂમિ છે' એમ રેવતાચળ (ગિરનાર)ની પ્રશંસા કરતા થકા અમાવાસ્યાને દિવસે તીર્થયાત્રા કરી. (૨૦) હે રાજન્ ! શ્રીહરિએ ગૌમુખી ગંગામાં સ્નાન કરી અને દામોદર કુંડમાં પણ યથાવિધિ સ્નાન કરીને મહાદાનો આપ્યાં. (૨૧) પછી શ્રીહરિ મહાપ્રભુએ દામોદર ભગવાનની મૂર્તિનાં દર્શન અને પૂજન કર્યાં. ત્યારપછી ભવેશ્વર (ભવનાથ) મહાદેવનું દર્શન અને પૂજન ભક્તિપુરઃસર કર્યું. (૨૨) પછી શ્રીહરિએ સો-સોને ક્રમે હજારો બ્રાહ્મણોને જમાડ્યા અને તેમને દક્ષિણા આપી. ભોજન-દક્ષિણાના લાભથી સર્વ બ્રાહ્મણો બહુ સંતોષ પામ્યા. (૨૩) ઘણાંક એવા નાગર જાતિના બ્રાહ્મણો શ્રીહરિનો સમાશ્રય કરતા હતા. પ્રભુ શ્રીહરિને તે નાગર બ્રાહ્મણોએ પોતાના નગરમાં રહેવા માટે પ્રાર્થના કરતાં શ્રીહરિએ ચૈત્રીપૂર્ણિમા પર્યંત જૂનાગઢમાં નિવાસ કર્યો. (૨૪) પુરવાસી ભક્તોએ ચૈત્રી વરસના આરંભમાં પ્રતિપદાને દિવસે ચંદન-પુષ્પો, નવીન વસ્ત્રો, ધન વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું. (૨૫) હે રાજન્ ! શ્રીહરિની જન્મતિથિને જાણનારા ભક્તશ્રેષ્ઠ હેમંતસિંહ રાજાએ પરમ સ્નેહથી ચૈત્ર સુદી નવમી તિથિમાં શ્રીહરિનું પૂજન કર્યું. (૨૬) શ્વેત બહુમૂલ્ય વસ્ત્રો, સુવર્ણમય સુંદર અલંકારો, ઉત્તમ ચંદનનો અંગરાગ, કુંકુમ યુક્ત ચોખા, સુંદર મોગરાનાં પુષ્પોની માળાઓ તથા અનેકવિધ ફૂલના તોરાઓ વડે તથા ધૂપ, દીપ અને બહુવિધ સાકર વગેરે નૈવેદ્ય તથા કેળાં વગેરે ફળો વડે શ્રીહરિનું પૂજન કર્યું. (૨૭-૨૮) હેમંતસિંહ શ્રીહરિની સન્મુખ રૂપિયાથી ભરેલો થાળ મૂકીને આ છ પદવાળી આરતી બોલતાસતા હર્ષપૂર્વક આરતી ઉતારતા હતા. (૨૯) હે દેવ ! તમો એકાંતિક ધર્મની પ્રવૃત્તિ માટે ઉત્કર્ષનો આવિષ્કાર કરો. હે દેવ ! તમો જય પામો. સર્વ મંગળોના કર્તા, મુક્તાનંદાદિ સાધુજનોના સ્વામી, જીવાત્માઓના પોષણ કર્તા, કળિયુગના મળના ભયને નાશ કરનારા, તમો નારાયણ જય પામો. હે તેજના સમૂહમાં દીપ્યમાન અતિ શ્વેત શરીરની કાંતિવાળા ! હે અનેક મુક્તોએ પૂજેલા ! હે સર્વ સુખોને કરનારા ! અતિશય શાંતિવાળા ! હે પર એવા અક્ષરથી પણ પર, હે માયિક ગુણે રહિત, તમો દેવગણોથી વંદન કરાયા છે ચરણો જેમના એવા કરુણાસાગર, અક્ષરાદિના અંતર્યામી પરબ્રહ્મ સર્વેશ્વર પરમાત્મા તમો જય પામો. (૩૦) હે ધર્માત્મજ ! હે પોતાના આશ્રિતોને આનંદ પમાડનારા, પૃથ્વીમાં દેવોના શત્રુ અસુરોએ સૂક્ષ્મ કરી નાખેલ છે શરીરરૂપ ઘર જેનું એવા ભાગવત્ ધર્મની રક્ષા કરવા સ્વીકાર કરેલ છે નરદેહ જેમણે તથા આનંદિત કરેલ છે ધર્મવંશ જેમણે અને જેમના શરણમાં મુનિસમૂહ આવેલ છે તથા નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ એવા તમોને હું નમસ્કાર કરું છું. તમો જય પામો. (૩૧) હે કામદેવના મદને તોડનાર પ્રભો ! સૂર્યનારાયણ પોતાના તેજથી જેમ અંધકારનો નાશ કરે તેમ પોતાના પ્રતાપથી મદ્ય, માંસ અને પરદારાઓમાં આસક્ત અસુર સમૂહનો નાશ કરનારા, વેદવિરુદ્ધ પાખંડ માર્ગથી સારી રીતે રક્ષણ કરેલા પોતાના ભક્તજનોના સંસારને હરનારા તથા કૌલ-કુંડાદિ કુમાર્ગોનો નાશ કરનારા તમો જય પામો. (૩૨) હે હરે ! જમણા હાથથી વરદાન અને ડાબા હાથથી અભયદાન આપનારા, શ્વેતવસ્ત્રધારી અને ઘનશ્યામ મૂર્તિ તથા શ્વેત યજ્ઞોપવીત ધારેલા, મંદહાસ્યયુક્ત અને શરદપૂર્ણિમાના ચંદ્રના બિંબ સમાન કાંતિયુક્ત મુખારવિંદવાળા તથા શુભગુણોના નિવાસભૂત

તમોને હું હૃદયમાં ધ્યાન કરું છું. હે પ્રભો ! તમો જય પામો. (૩૩) દર્શન કરનારા જનોને લોભાવનાર, ચોખા સહિત કુંકુમના ચાંદલાથી અતિ મનોહર બહુ શોભાયુક્ત, સુગંધી કેસરથી કરેલા ઊર્ધ્વપુંડ્ર તિલકને ભાલમાં ધારી રહેલા, પોતાના ભક્તજન પરિવારોએ ચંદન અને પુષ્પના હારો-તોરાઓથી વિધિપૂર્વક પૂજાયેલા તમારી હું સ્તુતિ કરું છું. તમો જય પામો. (૩૪) હે પ્રભો ! કમળપત્ર સમાન દીર્ઘ નેત્રો વાળા અને પોતાના ભક્તજનોને પોતાના બ્રહ્મપુર ધામને પમાડનારા, હે પ્રેમવતીપુત્ર ! તમારામાં મારી બુદ્ધિ સદા રમણ કરો. હે પુરુષોત્તમ ! હે ધર્મધુરંધરોમાં શ્રેષ્ઠ ! હે વિષ્ણો ! હે કૃષ્ણ ! હે હરે ! હે જય પામવાના સ્વભાવવાળા. તમારે શરણે આવેલા મારું સદા રક્ષણ કરો. હે દેવ ! તમો જય પામો જય પામો. (૩૫) આ પ્રમાણે છ પદો બોલવાપૂર્વક આરતી ઉતારીને હેમંતસિંહ રાજા શ્રીહરિની પ્રદક્ષિણા કરી દંડવત્ પ્રણામ કરી બંને હાથ જોડીને શ્રીહરિની આગળ ઊભા રહ્યા. (૩૬) તે સમયે શ્રીહરિએ પ્રસન્ન થઈ પોતાના ગળામાંથી હારો ઉતારી હેમંતસિંહ રાજાને આપ્યા. તે રાજા પણ 'આ તો મહાપ્રસાદ છે' એમ કહી હારો ગ્રહણ કરી ખૂબ જ રાજી થયા. (૩૭) તે સમયે ઉદારબુદ્ધિ ભગવાન શ્રીહરિએ જૂનાગઢવાસી જનોને અચરજ પમાડતા સતા વસ્ત્રો-અલંકારો અને ધન બ્રાહ્મણોને આપતા હતા. (૩૮) આ પ્રમાણે શ્રીહરિ દરરોજ સભામાં બ્રાહ્મણોને આનંદ પમાડતા થકા ભગવાનની ભક્તિને વૃદ્ધિ પમાડનારી ધર્મશાસ્ત્રની વાર્તાઓ કરતા હતા. (૩૯) સત્પુરુષોના સ્વામી નારાયણ મુનિએ ચૈત્ર સુદી બારશ અને ચૈત્ર સુદી પૂનમને દિવસે હજારો બ્રાહ્મણોને તેમના ઈષ્ટ એવા ભક્ષ્ય ભોજ્ય ભોજનોથી તૃપ્ત કર્યા. (૪૦) તે બારસના દિવસે સાંજના પહોરે સભામાં બેસીને પોતાના સર્વ ભક્તજનો આગળ દ્વારિકા માહાત્મ્ય કહેતા હતા. (૪૧) ત્યારે રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ બંને જણા દ્વારિકા માહાત્મ્ય સાંભળીને શ્રીહરિને કહેવા લાગ્યા. હે ભગવન્ ! જો આપની આજ્ઞા હોય તો હમણાં અમો દ્વારિકાની યાત્રા કરીએ. (૪૨) હે રાજન્ ! આવું તેમનું વચન સાંભળીને શ્રીહરિએ પોતાના બંને બંધુઓની ધર્મનિષ્ઠા જાણીને તેમના વચનને અનુમોદન આપ્યું. તત્કાળ માર્ગમાં જમવા ભાથું બનાવરાવ્યું. (૪૩) પછી તેરસના દિવસે પુષ્કળ ધન, બે અશ્વો, બે ગાડાં આપી તે બંને ભાઈઓને દ્વારિકા પ્રત્યે મોકલ્યા. (૪૪) શ્રીહરિએ તે દેશના માર્ગ અને ભાષા જાણનાર બ્રાહ્મણશ્રેષ્ઠ મયારામ અને આયુધ ધારણ કરનારા પાર્ષદોને તેમની સાથે મોકલ્યા. (૪૫) દેશકાળને જાણનાર શ્રીહરિએ તે સમયે પોતાના ભાઈઓની સાથે જવા માટે ઉત્સાહયુક્ત થયેલા કોશલદેશવાસી જનોને બહુ ગરમી પડતી હોવાથી નિષેધ કર્યો. (૪૬) પછી શ્રીહરિ ચૈત્ર વદી એકમના દિવસે પોતાના અનુયાયીઓની સાથે ભોજન કરીને તત્કાળ જ જૂનાગઢથી નીકળ્યા. પોતાની પાછળ આવતા પોતાના વિયોગથી ખેદ પામેલા હેમંતસિંહ, અનુપસિંહ સર્વ ભક્તજનોને સુખ પમાડતા થકા ઉત્તમરાજાના પુર(ગઢપુર)માં પધાર્યા. (૪૭)

**સુવ્રતમુનિ બોલ્યા** : હે રાજન્ ! ભજનીય મૂર્તિ શ્રીહરિની આ (ગઢપુરથી નીકળ્યા ત્યારથી આરંભીને ફરી ગઢપુર પધાર્યા ત્યાં સુધીની) કથા જે પુરુષ સાવધાન ચિત્તવાળો થઈને

ભક્તિભાવપૂર્વક સાંભળે કે પાઠ કરે તે તો પ્રત્યક્ષ શ્રીહરિમાં એકાંતિક ભક્તિ પામે છે અને સમગ્ર સંસારનાં બંધનોથી મુક્ત થાય છે. (૪૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં જીર્ણદુર્ગ(જૂનાગઢ)ગમન-દુર્ગપુર(ગઢપુર)પ્રત્યાગમનનિરૂપણ નામનો ત્રેવીશમો અધ્યાય થયો. ॥૨૩॥

●

## અધ્યાય-૨૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ગઢપુરમાં નિવાસ કરતા ભગવાન શ્રીહરિએ એક સમયે જનરહિત એકાંત સ્થળમાં બેસીને મનથી પોતાના અવતારના પ્રયોજનનો વિચાર કર્યો : (૧) કળિયુગમાં બળ પામીને પૃથ્વી ઉપર અસુરોએ વંશે સહિત અધર્મ અતિ વૃદ્ધિ પમાડેલો હતો તેનાથી ધર્મ અતિ દુર્બળતાને પામી ગયો હતો. (૨) સાધુપુરુષો, દેવતાઓ અને ઋષિમુનિઓ અત્યંત દુઃખ પામી ગયા હતા. પૃથ્વી પણ પાપીજનોનો ભાર સહન કરવા સમર્થ થઈ નહિ. (૩) આથી વિપ્રર્ષિ દુર્વાસામુનિના નરનારાયણાદિના શાપના નિમિત્તથી પૃથ્વી ઉપર પ્રગટ થઈ મેં પોતાના પ્રતાપથી સર્વ અસુરોનો નાશ કરેલો છે. (૪) હાલમાં ભક્તિએ સહિત ધર્મને મેં ખૂબ પુષ્ટિ પમાડેલો છે. સાધુઓ દેવો અને મુનિઓને સર્વોપરી સુખ આપ્યું છે. (૫) તેમજ હાલમાં પરિવારે સહિત અધર્મ કોઈપણ સ્થળે દેખાતો નથી. ચાતુર્વર્ણના સર્વ જનો પોતપોતાના ધર્મમાં રહીને મારું ભજનસ્મરણ કરે છે. (૬) અવતાર ધારણ કરી જે કરવાનું કાર્ય તે મેં સર્વે સંપાદન કરેલું છે તેમ છતાં ભવિષ્યમાં થનાર મનુષ્યોનું મારે કંઈક હિત કરવું જોઈએ. (૭) હું જ્યારે પૃથ્વી પરથી અંતર્ધાન થઈશ ત્યારે મારા આ આશ્રિતો આધાર વિનાના થશે. આથી તેમના અવલંબન માટે કંઈક કરવું જોઈએ. (૮) આ પ્રમાણે વિચાર કરી શ્રીહરિ મહાપ્રભુ મંદિરો બનાવરાવી પૃથ્વી ઉપર પોતાની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવા ઈચ્છા કરતા હતા. (૯) મંદિરો બનાવરાવી તેમાં મારી મૂર્તિઓની સ્થાપના કરાવું તેથી મારી મૂર્તિઓનું મનુષ્યો સેવન કરશે. (૧૦) મૂર્તિઓના સેવનથી સ્વધર્મમાં રહેલા સર્વજનો ચતુર્વિધ પુરુષાર્થની સિદ્ધિને પામશે. (૧૧) ભક્તિમાર્ગની પુષ્ટિને માટે મંત્રદીક્ષાની પણ અપેક્ષા છે માટે સર્વ પ્રકારે દોષ રહિત ધર્મવંશમાં ગુરુ(આચાર્ય)પણું સ્થાપન કરું. (૧૨) ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યના બોધ માટે શ્રી શતાનંદ નામના મુનિ મારાં ચરિત્રોનો મહાન ગ્રંથ (સત્સંગિજીવન) કરશે. (૧૩) મારાં આશ્રિતો તે ગ્રંથ થકી સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત જાણશે. માટે આ પ્રમાણે બધું કરીને જ પછી પૃથ્વી ઉપરથી મારા બ્રહ્મપુર ધામ પ્રત્યે હું જાઉં. (૧૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે ગુપ્ત વિચાર કરી શ્રીહરિ મહાપ્રભુ ગઢપુરમાં નિવાસ કરતા થકા શુદ્ધ અક્ષરો લખનારા લેખકો પાસે (શ્રીમદ્ ભાગવતાદિ) સર્વ શાસ્ત્રો લખાવવા લાગ્યા. (૧૫) હે

ભૂમિપતે ! શ્રીહરિ ચૈત્ર શુદી એકાદશીને દિવસે મોટો ઉત્સવ કરાવતા હતા અને બારશને દિવસે હજારો બ્રાહ્મણો અને મુનિજનોને ભોજનો વડે તૃપ્ત કરતા હતા. (૧૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
ભગવદ્‌ગૂઢસંકલ્પનિરૂપણ નામનો ચોવીશમો અધ્યાય થયો. ॥૨૪॥

●

## અધ્યાય-૨૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ નવ મહિને દેશાંતરથી ગઢપુર પધારેલા છે એવું સાંભળીને અન્ય દેશોમાં રહેલા હજારો હરિભક્તો શ્રીહરિના દર્શને ગઢપુરમાં આવ્યા. તે ભક્તો બારસને દિવસે શ્રીહરિના દર્શન કરીને આનંદ પામ્યા. (૧-૨) શ્રીહરિ દ્વારા સન્માન પામેલા તે ભક્તજનો ગઢપુરમાં એક અઠવાડિયું રોકાયા. શ્રીહરિએ અખાત્રીજના દિવસે ચંદનયાત્રાનો મહોત્સવ કર્યો. (૩) હે રાજન્ ! ઉત્સવના અંતે બિરાજમાન શ્રીહરિને શ્રીનગર (અમદાવાદ) નિવાસી ભક્તજનો આદરપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા : (૪) હે ભગવન્ ! કૃપા કરી અમારા નગરમાં પધારવા માટે આપ યોગ્ય છો. ત્યાં મંદિર બનાવવાનો સર્વ ભક્તજનોનો સંકલ્પ છે. (૫) ગવર્નર જનરલે આપેલા અધિકારવાળા અમારા નગરના અધિપતિ (કલેક્ટર સર ડનલોપ) આ મંદિર માટે અનુમોદન આપે છે તે નિશ્ચય વાત છે. તે રાજા તમારા ઉપર ખૂબ પ્રીતિવાળા છે. (૬) આથી અમારો આ મનોરથ પૂર્ણ કરો. હે પ્રભો ! મુનિઓ સહિત આપની અમે સેવા કરીશું. (૭) હે રાજન્ ! આ પ્રમાણે ભક્તોએ પ્રાર્થના કરાયેલા, ભક્તિએ સહિત ધર્મનું પોષણ કરનારા શ્રીહરિએ 'તમોએ કહ્યું તેમ થાઓ' એમ કહ્યું. આથી તે ભક્તો ખૂબ આનંદ પામ્યા. (૮) પછી શ્રીહરિએ આનંદાનંદ નામના મુનિને કહ્યું : હે મુને ! તમો હાલમાં નગરવાસી ભક્તજનોની સાથે શ્રીનગર જાઓ. (૯) શ્રીનગરના રાજા આપણને મંદિર કરવા માટે ભૂમિ આપશે. તેમાં શિલ્પશાસ્ત્રને અનુસરીને મંદિર કરાવો. (૧૦) અને તે સ્થળે મંદિર તૈયાર થઈ જાય ત્યારે મારી પાસે દૂત મોકલશો એટલે શ્રીનગરમાં આવીને હું શ્રી નરનારાયણદેવની સ્થાપના કરીશ. (૧૧) આ પ્રકારે શ્રીહરિએ કહેતાં, આનંદાનંદ મુનિ 'બહુ સારું' એમ બોલ્યા. ત્યારે શ્રીનગરના ભક્તજનો શ્રીહરિને પ્રણામ કરી 'હે ભગવાન્ ! તમો અવશ્ય પધારજો' એમ કહીને આનંદાનંદમુનિએ સહિત ગઢપુરથી વિદાય થયા. (૧૨) આનંદાનંદ મુનિએ શ્રીનગરમાં જઈને ત્યાં પોતાના નિવાસને યોગ્ય ગૃહમાં પોતાના મંડળે સહિત નિવાસ કર્યો. (૧૩) શ્રીનગરવાસી ભક્તજનો મંડળે સહિત આનંદાનંદ મુનિની યથાયોગ્ય સેવા કરવા લાગ્યા. ત્યાંના રાજા સર ડનલૉપ આનંદાનંદ મુનિના દર્શન કરવા આવ્યા. (૧૪) રાજાએ આનંદાનંદ મુનિને કહ્યું કે મંદિર માટે તમારે જેટલી જમીન જોઈએ તેટલી ભૂમિકા તમો ગ્રહણ કરો. હાલમાં તમોને કોઈ રોકનારો નથી. (૧૫) પછી આનંદાનંદ મુનિ તે રાજાએ આપેલી સ્વેચ્છિત ભૂમિકામાં રમણીય દૃઢ વિશાળ મંદિર બંધાવવા લાગ્યા. (૧૬) તે મંદિર ઉત્તમ ચતુર શિલ્પીઓ પાસે અતિશય શોભાયમાન કરાવતા હતા.

પુરવાસી ભક્તજનો મંદિર કરવામાં જે જે વસ્તુની જરૂર હોય તે સર્વ આદરપૂર્વક લાવતા હતા. (૧૭) તે મંદિર શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠાને યોગ્ય તૈયાર થઈ ગયું ત્યારે જ્યોતિષીઓને પૂછીને આનંદાનંદ મુનિએ પ્રતિષ્ઠાનો સમય નિશ્ચિત કર્યો. (૧૮) પછી મુનિશ્રેષ્ઠ આનંદાનંદ મુનિએ મંદિરની રચના અંગેનું વૃત્તાંત નિવેદન કરવા અને શ્રીહરિને તેડવા માટે બે સંતોને દુર્ગપુર મોકલ્યા. (૧૯) હે નૃપ ! શ્રી નારાયણમુનિ મહાપ્રભુ દુર્ગપુરમાં નિવાસ કરતા થકા પોતાના બંને ભાઈઓની સાથે વાલ્મિકી રામાયણ સાંભળવાની ઈચ્છા કરતા થકા તે બંનેની દ્વારિકાની યાત્રામાંથી આવવાની રાહ જોતા હતા. (૨૦) શ્રીહરિએ જેઠ સુદી ૧૦-ગંગાદશહરાને દિવસે ગગનના મધ્યભાગમાં સૂર્ય આવ્યા ત્યારે ગંગાપૂજનનો મહાઉત્સવ કરી બ્રાહ્મણોને જમાડ્યા. (૨૧) જેટલામાં શ્રીહરિ પોતાના નિવાસથી સુવાસિનીબાઈના સમીપે ભોજન કરવા પધારે છે તેટલામાં રામપ્રતાપ અને ઈચ્છારામ, પોતાના બંને ભાઈઓ દ્વારિકાપુરથી દુર્ગપુરમાં પાછા આવી પહોંચ્યા. (૨૨) જે પુરુષ તીર્થયાત્રા કરી પાછા આવે તેમની સન્મુખ જવામાં મોટું પુણ્ય થાય છે તેમ જાણનારા શ્રીહરિ બંને ભાઈઓની સન્મુખ જઈને મળ્યા. (૨૩) સ્વયં શ્રીહરિએ વડીલબંધુ રામપ્રતાપભાઈને નમસ્કાર કર્યા અને ઈચ્છારામભાઈએ શ્રીહરિને નમસ્કાર કર્યા. પછી શ્રીહરિએ તે ભાઈઓને સ્વાગત કુશળ વગેરે પૂછીને થોડીવાર બંનેને વિશ્રાંતિ કરાવી. (૨૪) પછી શ્રીહરિ સ્નાન કરીને તે બંને ભાઈઓને આનંદ પમાડતા થકા તેમની સાથે જ ભોજન કરતા હતા. બીજે દિવસે (એકાદશીના દિવસે) રામચરિત સાંભળવાનો આરંભ કર્યો. (૨૫) શ્રીહરિ સંવત્ ૧૮૮૭ના જેઠ સુદી નિર્જલા એકાદશીથી આરંભીને દરરોજ ભાઈઓ સાથે વિધિપૂર્વક વાલ્મિકી રામાયણ સાંભળતા હતા. (૨૬) અને પોષ સુદી એકાદશીના રોજ રામાયણ કથાની સમાપ્તિ કરાવતા હતા. વસ્ત્ર, આભૂષણ, ધન વગેરેથી વાંચનાર પુરાણીને સંતુષ્ટ કરતા હતા. (૨૭) પછી પોષ માસની પૂર્ણિમાથી આરંભીને માઘ સુદી પૂર્ણિમા પર્યંત ચાંદ્રાયણ વ્રત કરતા થકા ભક્તજનોની સાથે પ્રાતઃકાળમાં ઉન્મત્ત ગંગામાં માઘસ્નાન કરતા હતા. (૨૮) વ્રતની સમાપ્તિમાં હજારો બ્રાહ્મણો અને સંતોને જમાડી તૃપ્ત કરી પોતે પારણાં કરીને - આસન ઉપર સુખપૂર્વક બિરાજમાન થયા. (૨૯) તેટલામાં તો શ્રીનગરથી (આનંદમુનિએ મોકલેલા) બંને સંતો શ્રીહરિની સમીપમાં આવી નમસ્કાર કરી આગળ ઊભા રહ્યા. તે સમયે હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુએ તે બંને સંતોને સત્કાર્યા. (૩૦) પ્રથમ તે સંતોને જમાડી શ્રીહરિ શ્રીનગરનું વૃત્તાંત પૂછવા લાગ્યા. બંને સંતોએ યથાર્થ વૃત્તાંત નિવેદન કર્યું. તે વૃત્તાંત સાંભળીને શ્રીહરિએ અનુમોદન આપ્યું. (૩૧) શ્રીહરિએ ફાગણ સુદી ૩ ના રોજ શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠાનું મુહૂર્ત જાણીને શ્રીનગર જવા માટે તૈયાર થવા પોતાના અનુયાયી-સેવકોને આજ્ઞા આપી. (૩૨) શ્રીહરિએ શ્રીનગરમાં આવવા માટે ઉદ્યમવાળી થયેલી અને બ્રહ્મચર્યવ્રતવાળી જીવુબા વગેરે સ્ત્રીઓને શ્રીનગરમાં બહુ જનસમૂહ એકત્રિત થવાનો હોવાથી આવવાની ના પાડી. (૩૩) 'હે બાઈઓ ! હું આ પુરમાં જલદી પાછો આવીશ.' આ પ્રકારે આશ્વાસન આપીને શ્રીહરિએ ત્યાંથી જ્યોતિષીઓએ બતાવેલા મુહૂર્તમાં માઘ વદી સાતમના રોજ દુર્ગપુરથી પ્રયાણ કર્યું. (૩૪) હે રાજન્ ! ઉત્તમરાજાએ સહિત ભગુજી વગેરે

પાર્ષદોથી વીંટાયેલા અને ક્ષત્રિયોમાં વીર સોમલો ખાચર સુરાખાચર વગેરે હજારો ઘોડેસવારોથી વીંટાયા થકા વેગવાળા અશ્વ ઉપર બેઠેલા શ્રી સ્વામિનારાયણ ભગવાને બંને ભાઈઓ અને મુનિઓની સાથે જ ગઢપુરથી શ્રીનગર પ્રતિ પ્રયાણ કર્યું. (૩૫-૩૬) માર્ગમાં તે તે ગામોમાં પોતાના ભક્તસમૂહો થકી પૂજાયેલા શ્રીહરિ પાંચમા દિવસે પોતાના અનુયાયીઓ સહિત શ્રીનગર પહોંચ્યા. (૩૭) શ્રીહરિએ શ્રીનગરના સમીપે કાંકરિયા સરોવરની ચોતરફ પોતાનો મુકામ કર્યો. પુરવાસી ભક્તો શ્રીહરિની સમીપમાં આવીને શ્રીહરિની સેવા કરતા હતા. (૩૮) નથ્થુરામ, હેમંતરામ ગણપતરામ વગેરે બ્રાહ્મણભક્તો શ્રીહરિ મહાપ્રભુની હર્ષપૂર્વક સેવા કરતા હતા. (૩૯) હીરાચંદ, બેચરદાસ, લાલગુપ્ત, માણેકલાલ, દામોદર આદિ વૈશ્ય ભક્તજનો શ્રીહરિની પરિચર્યા કરતા હતા. (૪૦) તેમજ ગંગાબા, રેવાબા દિવાળીબા, લક્ષ્મીબાઈ, શ્યામાબાઈ અને શિવાબાઈ વગેરે ભક્તિવાળી સ્ત્રીઓ શ્રીહરિની યથાયોગ્ય સેવા કરતાં હતાં. (૪૧) બીજા હજારોહજાર પુરવાસીજનો ભગવાનના દર્શનમાં ઉત્સાહયુક્ત થકા નગરથી બહાર આવીને શ્રીહરિનું દર્શન કરીને પરમ આનંદને પામ્યા. (૪૨) પુરવાસી સર્વ કોઈ હરિભક્તો અનુયાયીઓએ સહિત શ્રીહરિનું યથોચિત આતિથ્ય કરતા હતા. આનંદાનંદ મુનિએ શ્રીહરિ સમીપે જઈ નમસ્કાર કરી પોતાનું સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. (૪૩) મહા વદી બારશના દિવસે પારણાં કરી શ્રીનગરમાં પ્રવેશ કરી શ્રીહરિ નૂતન મંદિરનું નિરીક્ષણ કરવા લાગ્યા અને મંદિર કરનારા શિલ્પીઓની પ્રશંસા કરવા લાગ્યા. (૪૪) પ્રતિષ્ઠાવિધિમાં નિષ્ણાત એવા બ્રાહ્મણોને પૂછીને શ્રીહરિએ શ્રીનગર નિવાસી પોતાના ભક્તો પાસે પુષ્પ, ફળ, ઈત્યાદિ સર્વ શુભ ઉપહારો એકત્રિત કરાવ્યા. (૪૫) પછી સ્વનિવાસસ્થાને પધારી શ્રીહરિ ઊંચા આસને બિરાજ્યા. સાયંકાળે નગરવાસી જનો શ્રીહરિના દર્શને આવવા લાગ્યા. (૪૬) નગરના અધિપતિ સર ડનલોપ દરરોજ શ્રીહરિના દર્શન માટે આવતા હતા. બંને હાથ જોડીને તેઓ શ્રીહરિ સન્મુખ સેવકની પેઠે ઊભા રહેતા હતા. (૪૭) શ્રીહરિ સર ડનલોપનું સન્માન કરતા હતા. સર ડનલોપ પણ શ્રીહરિનો આદર કરતા હતા. મંદિર માટે કરેલા ભૂમિદાનરૂપે તેમના ગુણની શ્રીહરિ પ્રશંસા કરતા હતા. (૪૮) 'હે પ્રભો ! હું તમારો દાસ છું, મારે લાયક કામસેવા ફરમાવશો.' આમ કહી શ્રીહરિને નમસ્કાર કરી નગરાધિપતિ સ્વનિવાસ(ભદ્ર)માં ગયા. (૪૯) ત્યારપછી સત્પુરુષોના સ્વામી શ્રીહરિએ શ્રીકૃષ્ણના નામનું સંકીર્તન કરી પુરવાસીજનોનું વિસર્જન કરી સ્વનિવાસે સંધ્યાવિધિ કરી. (૫૦) હે નૃપસત્તમ ! શ્રીનગરમાં મહાપ્રભુ શ્રીહરિને દરરોજ સભામાં મંદિરાદિ પૂર્તકર્મના માહાત્મ્યનું નિરૂપણ કરતાં કરતાં છ દિવસો વીતી ગયા. (૫૧) શ્રીહરિ પ્રતિદિન પોતાના ભક્તસમુદાય સહિત સાબરમતીમાં સ્નાન કરવા માટે નારાયણઘાટ જતા હતા. (૫૨) ધર્મદેવના પુત્ર શ્રીહરિએ પોતે જ સાબરમતી નામના તીર્થનો મહિમા અગાઉ પોતે જ પ્રવર્તાવેલો હોવાથી તે બ્રહ્મહત્યાદિ મહાપાપોનો નાશ કરનારું છે. (૫૩) શ્રીહરિ તીર્થની પ્રશંસા કરવાપૂર્વક સ્નાન કરી પોતાનું આહ્નિક કર્મ કરી કાંકરિયા પોતાના નિવાસસ્થાન (તંબુ)માં આવી જાતે રસોઈ બનાવીને જમતા હતા. (૫૪) પુરનાં ભક્તજનો શ્રીહરિને વાજિંત્રોના ઘોષો વડે હર્ષપૂર્વક પોતપોતાનાં ગૃહોમાં પધરામણી કરી શ્રીહરિના

આગમનથી સંપૂર્ણ મનોરથવાળા અનેકવિધ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. (૫૫) શ્રીહરિ સર્વજનોને સંતોષ પમાડતા થકા તેમણે અર્પણ કરેલ પત્ર-પુત્ર વગેરે સ્વહસ્તે ગ્રહણ કરતા થકા પોતાના આશ્રિતજનોને ધર્મમાર્ગમાં સ્થાપન કરતા હતા. (૫૬) શ્રી નારાયણમુનિના દર્શન કરવા માટે અનેક ગામો અને નગરોથી પુરુષો અને સ્ત્રીઓના સમુદાયો દરરોજ શ્રીનગરમાં આવવા લાગ્યા. (૫૭) શ્રીહરિએ બીજના દિને પ્રતિષ્ઠાવિધિની સિદ્ધિ માટે નગરમાં પોતે અગાઉ કરેલા નિવાસમાં (નવાવાસમાં) પોતાનો નિવાસ કર્યો. (૫૮) પ્રતિષ્ઠાવિધિમાં વિધિ જાણનારા બ્રાહ્મણો સ્વસ્તિવાચન પૂર્વક ગૃહશાંતિ કરીને પ્રથમ દિવસે જ પ્રતિષ્ઠાના અંગભૂત અધિવાસન કરતા હતા. (૫૯) સંવત ૧૮૭૮ના ફાગણ સુદી ત્રીજને દિવસે વૈદિક પંડિતોએ રમણીય મંડળોમાં અંગદેવતાઓ અને પ્રધાન દેવતાઓનું પૂજન શ્રીહરિ પાસે યથાવિધિ કરાવ્યું. (૬૦) પછી બ્રાહ્મણોએ શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા યથાશાસ્ત્ર કરાવીને પછી તેમની મહાપૂજા વૈદિક મંત્રો વડે શ્રીહરિ પાસે કરાવી. (૬૧) તે સમયે હાથની તાલીઓના ધ્વનિઓ સાથે વૈદિક બ્રાહ્મણોના વેદમંત્રોના ઉચ્ચારણના ધ્વનિઓ સાથે વૈદિક બ્રાહ્મણોના વેદમંત્રોના ઉચ્ચારણના ધ્વનિઓ સહિત ગીતવાજિંત્રોનો મહાઘોષ સમગ્ર દિશાઓમાં વ્યાપી ગયો. (૬૨) શ્રીહરિ મહાપ્રભુ શ્રી નરનારાયણદેવની મહાઆરતી ઉતારીને બે ઘડી સુધી શ્રીનરનારાયણદેવને નિર્નિમેષ દૃષ્ટિથી જોતા થકા સ્થિર થઈને તેમની આગળ ઊભા રહ્યા. (૬૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! (જ્યારે શ્રીહરિ જોઈ રહ્યા હતા) ત્યારે જનો પણ શ્રીનરનારાયણદેવની બે મૂર્તિઓને અત્યંત તેજોમય જોઈને ખૂબ જ વિસ્મય પામી ગયા. (૬૪) ત્યારપછી શ્રી નરનારાયણદેવની જમણી બાજુએ ઉત્તમ મંદિરમાં રાધિકાજીએ સહિત ગોલોકવિહારી શ્રીકૃષ્ણની શ્રીહરિએ સ્થાપના કરી. (૬૫) પછી શ્રીહરિએ નરનારાયણદેવની ડાબી બાજુના સુંદર મંદિરમાં ભક્તિધર્મ સહિત પોતાની (હરિકૃષ્ણ મહારાજ) મૂર્તિ પોતાના ભક્તોના પૂર્ણ સંતોષ માટે સ્થાપી. (૬૬) કળિયુગમાં તે મૂર્તિઓનું સેવન કરનારા મનુષ્યોના સુખની પ્રાપ્તિ માટે તે સર્વ મૂર્તિઓમાં પોતાના અલૌકિક તેજને ધારણ કર્યું. (૬૭) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુ તે મૂર્તિઓને નમસ્કાર કરી મંદિરમાંથી બહાર આવી ઉત્તમ વૈદિક બ્રાહ્મણો પાસે ઘી વગેરે હુતદ્રવ્યોથી સર્વ દેવતાઓને તૃપ્ત કરી પૂર્ણાહુતિ કરાવતા હતા. (૬૮) પછી શ્રીહરિ મહાપ્રભુએ પ્રતિષ્ઠાકર્મના આચાર્ય તથા અન્ય ઋત્વિજ બ્રાહ્મણોને મનોવાંછિત દક્ષિણાઓ આપી. અન્ય બ્રાહ્મણોને પણ ઘણી ઘણી દક્ષિણાઓ આપી. (૬૯) પછી ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થઈ અનેક જનસમુદાય પ્રત્યે કંઈક કહેવા ઇચ્છતા શ્રીહરિએ તે જનસમૂહોને હાથની ચેષ્ટા વડે મૌન કર્યા. (૭૦) તે સમયે મૌન ધારણ કરીને પોતાના મુખારવિંદ સામે જેમણે નેત્રો અર્પણ કર્યાં એવા સર્વ જનસમૂહો સ્થિર થયા ત્યારે શ્રીહરિ એક હાથ ઊંચો કરીને કહેવા લાગ્યા. (૭૧)

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે જનો ! તમો બધા મારું વાક્ય સાંભળો. હું તમારું હિત કહું છું. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે. (૭૨) જે ભગવાન ગોલોકમાં તેજોમંડળના મધ્યમાં રહેલા છે તે જ ભગવાન પ્રાણીમાત્રના આત્યંતિક કલ્યાણ માટે પૃથ્વીમાં પ્રાદુર્ભાવ પામેલા છે. (૭૩) ધર્મદેવ અને મૂર્તિ દેવીએ અતિ દૃઢ ભક્તિથી ધ્યાન કરાયેલા શ્રીકૃષ્ણ ભક્તિ ધર્મના અંગથી બે રૂપવાળા વર્ણિવેશને ધારણ કરતા સતા બે રૂપ(નારાયણ અને નર)થી પ્રાદુર્ભાવ પામ્યા. (૭૪) નરનારાયણ નામવાળા શ્રીકૃષ્ણ, મૂર્તિ અને ધર્મને ઈચ્છિત વરદાનથી સંતોષ પમાડીને પછી મનુષ્યોના કલ્યાણ માટે બદરિકાશ્રમમાં આવ્યા. (૭૫) કર્મભૂમિ રૂપ આ ભરતખંડમાં પોતાને શરણે આવેલા મનુષ્યોની ભુક્તિ અને મુક્તિ માટે તપ કરતા થકા તે ભગવાન બદરીવનમાં બિરાજે છે. (૭૬) હે જનો ! પૃથ્વીનો ભાર હલકો કરવા માટે બ્રહ્માદિ દેવોએ પ્રાર્થના કર્યા થકા આ પૃથ્વી ઉપર યદુ અને કુરુના વંશમાં કૃષ્ણ અને અર્જુન પ્રાદુર્ભૂત થયેલા હતા. (૭૭) તે આ નરનારાયણને મેં આ શ્રીનગરમાં સ્થાપન કરેલા છે. આ શ્રી નરનારાયણદેવની પ્રેમપૂર્વક સેવા કરવાથી મનુષ્યોનું સર્વ કરતાં અધિક કલ્યાણ થશે. (૭૮) જે જનો દરરોજ નિયમપૂર્વક દર્શન કરશે તે જનો ઈચ્છિત ભક્તિ અને મુક્તિ પામશે તેમાં સંશય નથી. (૭૯) શ્રી નરનારાયણદેવની શ્રદ્ધાપૂર્વક સેવા કરવાથી પુત્રાર્થી પુત્ર, ધનાર્થી ધન, વિદ્યાર્થી વિદ્યા અને કામુક પુરુષો કામને પામશે તે નિશ્ચિત વાત છે. (૮૦) આ શ્રી નરનારાયણના આરાધનથી સર્વ ઈચ્છાઓ પૂર્ણ થશે અને નિષ્કામ પુરુષો શ્રીનરનારાયણની સેવાથી ભવસાગરને તરી બ્રહ્મપુર ધામને પામશે. (૮૧) જે પંડિત જનો શ્રી નરનારાયણના મંદિરમાં શ્રીમદ્ ભાગવત્, શ્રીમદ્ ભગવદ્ ગીતા આદિ સચ્છાસ્ત્રોનું પુરશ્ચરણ અથવા ગાયત્રીનું પુરશ્ચરણ કરશે તે જનોના સર્વ મનોરથો સિદ્ધ થશે તે નિશ્ચિત વાત છે. તે જનોને આ લોકમાં કે પરલોકમાં કશું ન્યૂન નહિ રહે. (૮૨-૮૩) ફાગણ માસમાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં કરવા યોગ્ય પુષ્પદોલોત્સવમાં અન્ય દેશોના જનોએ પણ આવીને સમગ્ર પુરુષાર્થને આપનારાં શ્રીનરનારાયણનાં દર્શન કરવાં. (૮૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિ મહાપ્રભુનું વાક્ય સાંભળી સર્વ જનોએ બંને હાથ જોડીને ''જેમ તમે કહો છો તે પ્રમાણે જ કરીશું'' એમ શ્રીહરિનું વચન સ્વીકાર્યું; પછી શ્રી નરનારાયણાદિનાં દર્શન કર્યાં. (૮૫) ત્યારબાદ સિંહાસન ઉપર બિરાજમાન અને પ્રસન્ન મુખમુદ્રાવાળા શ્રી સહજાનંદ મહાપ્રભુને નમસ્કાર કરી બંને હાથ જોડી આગળ ઊભા રહેલા આનંદાનંદ નામે મહામુનિ શ્રીહરિને પૂછવા લાગ્યા. (૮૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
શ્રીનગરે શ્રીનરનારાયણાદિપ્રતિષ્ઠાનિરૂપણ નામનો પચીશમો અધ્યાય થયો. ॥૨૫॥

●

## અધ્યાય-૨૬

**આનંદાનંદમુનિ બોલ્યા :**

હે ભગવન્ ! આ શ્રીનગરમાં તમોએ ભગવાન પરમેશ્વર સાક્ષાત્ નરનારાયણદેવ સ્થાપન કર્યા તેથી મનુષ્યોનું અત્યંત હિત થયેલું છે. (૧) ભગવાનશ્રી નરનારાયણનો જેવી રીતે ધર્મ થકી ભૂમિ ઉપર પ્રાદુર્ભાવ થયેલો તેવી રીતે હે સ્વામિન્ ! અમો આદરપૂર્વક સાંભળવાની ઈચ્છાવાળા છીએ. (૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે આનંદાનંદ મુનિએ પૂછેલા અને તેથી પ્રસન્ન થયેલા પ્રભુ શ્રીહરિ પોતાના આવિર્ભાવની કથા વિસ્તારથી કહેવા લાગ્યા. (૩)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે સર્વ જનો ! તમો આદરપૂર્વક સાંભળો. બ્રહ્માના પુત્ર નારદમુનિએ પૂછેલી, ધર્મદેવે કહેલી, આ શ્રીનરનારાયણની પ્રાદુર્ભાવ કથા હું તમોને કહું છું. (૪) સર્વોત્કૃષ્ઠ સમાધિની સ્થિતિને પામેલા સનતકુમાર એક સમયે વાસુદેવ ભગવાનના દર્શનની ઈચ્છાથી શ્વેતદ્વીપ ગયા. (૫) એકસો અઠ્યાવીશ ગાઉ ઊંચું અને અત્યંત વિશાળ, ક્ષીરસાગરમાં રહેલું, શ્વેતકાંતિથી શોભાયમાન, સ્વચ્છ જળવાળાં હજારો સરોવરોથી સુશોભિત, હજારો નદીઓવાળું, બહુવિધ વૃક્ષોની શોભાવાળું અને અકૃત્રિમ ભૂમિઓથી શોભિત એવું તે શ્વેતદ્વીપ છે. (૬-૭) તે શ્વેતદ્વીપને પામીને સનકમુનિ શ્વેતદ્વીપમાં મંગલકારી અને અદ્ભુત એવા ધર્મદેવના આશ્રમને જોઈને આકાશમાંથી તે ધર્માશ્રમમાં ઊતર્યા. (૮) ધર્માશ્રમની ચોતરફ નિર્મળ જળવાળી વિરજા નદીના તટને જોઈને સનકમુનિ અચરજ પામ્યા. (૯) શુદ્ધ સ્ફટિક મણિ સમાન ઉત્તમ રત્નોની ખાણોવાળો અને આશ્ચર્યકારી તથા સર્વ સ્થળે પ્રસરતાં કિરણો વડે ઉજ્જ્વલ તથા શ્વેત, શ્યામ, લીલા અને રક્ત વર્ણવાળા મણિઓની પંક્તિઓથી સુશોભિત અને બ્રહ્માદિ દેવો પણ જેનું દર્શન ઈચ્છે છે તેવો તે તટ છે. (૧૦-૧૧) વળી તેમાં પદ્મરાગ મણિઓની ખાણો છે, કોઈ સ્થળે મરકત મણિની, ક્યાંક મહાનીલ મણિની તથા ક્યાંક ક્યાંય રૂચકોની ખાણો છે. વળી કોઈ સ્થળે સ્યમંતક મણિઓ તથા કૌસ્તુભ મણિઓની ખાણો છે. તો કોઈ સ્થળે દેવોને પણ દુર્લભ એવા અમૂલ્ય હીરાઓથી સુશોભિત છે. (૧૨-૧૩) આ પ્રકારે અદ્ભુત રૂપવાળા વિરજા તટને જોતા તે સનક મુનિએ તટ ઉપર ચોતરફ હજારો પુષ્પવાટિકાઓને જોઈ. (૧૪) ત્યારબાદ સાધુજનોના મનની પેઠે નિર્મળ એવું તથા વટવૃક્ષોની છાયાઓ વડે ચિત્રવિચિત્ર વર્ણવાળું અને સુગંધીયુક્ત વિરજાનું જળ મુનિએ જોયું. (૧૫) ભગવાનના ભક્તજનો વિરજા નદીમાં સ્નાન કરવાથી લિંગદેહથી મુક્ત થઈને શુદ્ધ સત્ત્વમય ભાગવતી તનુને પ્રાપ્ત કરે છે. (૧૬) વળી જે વિરજા નદીનું જળ નીલ, રક્ત, શ્વેત, શ્યામ તથા અનેકવિધ રંગવાળા કમળોથી દીપ્યમાન અને બીજા પણ કલ્હાર તથા કુમુદ નામનાં કમળો તથા સુવર્ણવર્ણ કમળોથી સુશોભિત છે. (૧૭) વળી તે જળ કલહંસો, રાજહંસો, ધાર્તરાષ્ટ્ર હંસો, મલ્લિક હંસો, સારસપક્ષીઓ અને ચક્રવાકોના કૂજનથી સુંદર શબ્દાયમાન છે. (૧૮) આ પ્રકારના

બહુવિધ હંસો અને જળચર પક્ષીઓથી સુશોભિત વિરજાનું જળ જોઈ પછી મુનિએ આગળ રહેલા ઉપવનને જોયું. (૧૯) પારિજાત અને મંદાર નામના દેવવૃક્ષો, તમાલ અને પદ્મકાષ્ઠ વૃક્ષો તથા શાલ, તાલ અને બીલીવૃક્ષો તથા આંબાઓ અને પીછુદ્રુમોથી તે વન શોભાયમાન છે. (૨૦) તથા નાગકેસર, પુન્નાગ, ચંપા, આસોપાલવ, કેસરવૃક્ષો, લીંબુ, ફણસ અને વટવૃક્ષોથી મંડિત તથા પીપળા, પાટલાશોક, કેળો, સોપારી, જાંબુ વૃક્ષો, રાજપુગ અને ખજૂરી વૃક્ષો, લીમડા અને પિયાલવૃક્ષો તથા ક્ષિરિકા વૃક્ષો, ભૂર્જ, રંભા અને ઉમરાનાં વૃક્ષો તથા નાળિયેર, પલાશ વૃક્ષો તેમજ બોરડીના વૃક્ષોથી શોભાયમાન એવું તે ઉપવન છે. (૨૧-૨૩) મલ્લિકા, માધવી, કુંદ, શુભ કુરૂબ અને કુરંટક, જાતિ લતાઓ જૂઈ તથા સુવર્ણચંપા વગેરે પુષ્પોનાં વૃક્ષોથી તે ઉપવન શોભે છે. (૨૪) વળી નિત્યપુષ્પ અને ફળાઉ વૃક્ષો તથા અન્ય અનેકવિધ વૃક્ષોથી તે વન છવાયેલું છે. વળી કોકિલ, મયૂર, શુક્ર સારિકાઓ વગેરેના ટહુકાઓથી તે ઉપવન શબ્દાયમાન છે. (૨૫) યોગિરાજ સનક મુનિએ રમ્ય ઉપવનને જોઈ તે ઉપવનની આગળ અતિ ઉજ્જ્વલ અને મનોહર સોનાના કિલ્લાને જોયો. (૨૬) કિલ્લાથી અભિવેષ્ટિત તે નગરમાં સનકમુનિએ પ્રવેશ કર્યો. તે નગર દિવ્ય અને જેનું વિષ્ણુપુર એવું નામ છે, જે દ્વારપાલોથી સુરક્ષિત છે, જેના ચાર મોટા પ્રવેશદ્વારો છે, જેમાં મહાસિદ્ધ ધર્મસેવકો છે એવા તે નગરમાં કોઈપણ સ્થળે નહિ રોકેલા તે મહાયોગી પુરને ચોતરફથી નિરીક્ષણ કરવા લાગ્યા. (૨૭-૨૮) અત્યંત કાંતિવાળા અને સુવર્ણમય તથા ચોમેર મણિ અને રત્નોથી સુશોભિત એવાં વિમાનોની કોટિઓથી સંકીર્ણ એવું તે નગર છે. (૨૯) વળી તે નગર હેમયુક્ત રત્નેન્દ્રોથી નિર્મિત અને સર્વ સંપત્તિઓથી ભરેલાં એવાં ધર્મભક્તોના મંદિરોથી સુશોભિત અને મનને હરી લે તેવું છે. (૩૦) આવી રીતના સમગ્ર અદ્‌ભુત દર્શનવાળા તે નગરને જોતા થકા યોગી સનક મુનિએ નગરના મધ્યમાં રહેલા મહા આશ્ચર્ય પમાડે તેવા ધર્મમંદિરમાં પ્રવેશ કર્યો. (૩૧) આકાશમાં એક સાથે ઉદય પામેલા અનેક સૂર્યો સમાન તેજસ્વી, ચોતરફ રમણીય તથા રત્નેન્દ્રસારોથી નિર્મિત મંડપો વડે અતિ મનોહર એવું તથા ધર્મદેવની આજ્ઞાના પરિપાલક અને પીતાંબરધારી તથા નાનાવિધ અલંકારોથી વિભૂષિત એવા ચતુર્ભુજ પુરુષો (ધર્મના ચાકરો)વાળું એવું તે મંદિર છે. (૩૨-૩૩) વળી અહિંસા નામની ધર્મપત્નીની સખીઓના રત્નનિર્મિત ભવનોથી વિરાજિત તથા શોભાયમાન એવા અનેકવિધ વિચિત્ર મણિમય થાંભલાઓથી સુશોભિત તથા દ્વારે દ્વારે નવ પલ્લવો અને દુર્વાઓ તથા લાજા (શેકેલી ડાંગરની ધાણી), ચોખા, ફળો અને જળથી ભરેલા કળશો વડે સુશોભિત તથા પ્રત્યેક આંગણામાં ચોમેર કેળોના સ્તંભોના સમૂહો, સોપારીવૃક્ષો, તથા ધૂપો અને દીપો વડે મહામંગળકારી એવું તે મંદિર છે. (૩૪-૩૬) વળી ચંદન, અગરુ, કસ્તૂરી, કુંકુમ વડે અલંકૃત અને મનોહર એવા માંગલિક શબ્દોથી શબ્દાયમાન એવું તથા વચ્ચે વચ્ચે સુગંધીમાન પુષ્પવૃક્ષો વડે સુશોભિત તથા ખીલેલાં સોનેરી કમળો જેમાં છે એવાં નિર્મળ જળયુક્ત સરોવરોથી શોભાયમાન તથા અનેકવિધ રંગવાળી પતાકાઓ(ધજાઓ)થી સુશોભિત અને સ્ફટિકમણિથી બનાવેલાં કમાડો(દરવાજાઓ)વાળું તથા સુવર્ણમય પ્રાસાદોથી સુશોભિત એવું તે ધર્મમંદિર છે. (૩૭-૩૯) તે ધર્મમંદિરમાં રૂપલાવણ્ય સંપન્ન, પૂર્ણચંદ્ર સમાન

મુખવાળી હજારો અપ્સરાઓ નૃત્ય કરે છે. (૪૦) જે ધર્મમંદિરમાં વીણા, મૃદંગ, મુરજ આદિ વાજિંત્રો વગાડવામાં કુશળ તથા ગાનકુશળ એવા ગંધર્વો ષડ્જાદિ મધુર સ્વરો વડે ધર્મદેવના નિર્મળ ગુણોનું ગાન કરે છે. (૪૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આવા પ્રકારના ધર્મમંદિરને જોતા અને પૂર્ણકામ એવા યોગેશ્વર સનકમુનિ તે મંદિરનાં દર્શન કર્યા પછી તેમણે દિવ્ય સુંદર સભામંડપને જોયો કે જે સભામંડપમાં સ્વયં ધર્મદેવ બિરાજમાન છે. (૪૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
શ્રીનગરમાહાત્મ્ય પ્રસંગે વિષ્ણુપુરવર્ણન નામનો છવ્વીશમો અધ્યાય થયો. ॥૨૬॥

●

## અધ્યાય-૨૭

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે આનંદ મુનિ ! ત્યારબાદ તે સનક યાત્રીએ હજારો રત્નસ્તંભોની પંક્તિઓથી સુશોભિત મંડપમાં ધર્મદેવના પાર્ષદોને જોયા. (૧) ચાર ભુજાવાળા, શ્વેતવર્ણવાળા, બાલસૂર્ય સમાન તેજવાળા, શ્રીવત્સ અને કૌસ્તુભ આ બે વસ્તુઓને બાદ કરતાં તે પાર્ષદો ધર્મદેવ સમાન હતા. (૨) અતિશય સુંદરતાવાળી, રત્ન અને કુંડલોથી શોભાયમાન કપોળોવાળી, રત્નજડિત હાથનાં કંકણોવાળી, રત્નજડિત વીંટીઓથી શોભિત આંગળીઓવાળી, કસુંબી સાડીઓવાળી અને ચોળીઓની વિલસિત કાંતિવાળી ગજેન્દ્રના કુંભોમાંથી ઉત્પન્ન થયેલ મોતીઓના હારોવાળી, પૂર્ણચંદ્ર સમાન મુખોવાળી, સુંદર ચંપા સમાન વર્ણવાળી, રાતાં બિંબફળ સમાન અધરોષ્ઠવાળી, મજબૂત ઉન્નત સ્તનોવાળી, વિશાળ નિતંબવાળી, પાતળા ઉદરપ્રદેશવાળી, રત્નજડિત ઝાંઝર પહેરેલાં ચરણોવાળી, ફૂલના હારોથી શોભાયમાન, દાડમના બીજની સમાન દંતપંક્તિ વડે મનોહર, તથા અહિંસા નામના ધર્મપત્નીની સેવા કરવામાં સદા ઉત્સાહયુક્ત મનવાળી એવી સખીઓને જોઈ. (૩-૭) ત્યારપછી તેમણે દિવ્ય સિંહાસન ઉપર તેજઃપુંજના મધ્યે રહેલા તથા બ્રહ્માંડના ધારક એવા ભગવાન ધર્મદેવને જોયા. (૮) અત્યંત શ્વેતવર્ણવાળા, સૂર્યોની કોટિઓ સમાન મનોહર, ચતુર્ભુજ, કામદેવ સમાન મનોહારી શરીરવાળા, શ્વેતવસ્ત્ર ધારી રહેલા, કમળો સમાન નેત્રોવાળા, મંદહાસ્ય સહિત મુખકમળવાળા, સુંદર જટારૂપી મુકુટવાળા; એવા ધર્મદેવને જોયા. (૯) કર્ણોમાં ઉલ્લસિત કુંડળો વડે શોભાયમાન કપોલોવાળા, કંઠમાં વિલસિત ઉત્તમ રત્ન કૌસ્તુભ મણિવાળા, શ્રીવત્સ અને મુક્તાફળ તથા સ્ફટિક વગેરેની માળા વડે મનોહારી વક્ષઃસ્થળવાળા, કોમળ ચરણોવાળા તથા ચાર ભુજાઓ વડે વરદાન, અભયદાન, કમળ અને જંતુમાર્જનીને ધારી રહેલા અને કૃપાનિધિ તથા શેષનાગની અનંત(સહસ્ર) ફણાઓની પંક્તિઓના મંડળરૂપ શ્વેત છત્ર વડે શોભાયમાન છે આસન જેમનું એવા ધર્મદેવને સનક મુનિએ જોયા. (૧૦-૧૧) ત્યારપછી ધર્મદેવના ડાબા પડખે સુંદર અંગવાળાં, સુંદર ચંચળ નેત્રોવાળાં અહિંસા દેવીને

યોગીન્દ્રે જોયાં. (૧૨) શરદ પૂર્ણિમાના ચંદ્રની કાંતિ સમાન કાંતિવાળા મુખવાળાં, પીળાં વસ્ત્રોવાળાં, અનેકવિધ અલંકારોથી શોભાસંપન્ન તથા એક હસ્ત વડે લીલા કમળ અને બીજા હસ્ત વડે અભયદાન મુદ્રાને ધારી રહેલા, રત્નજડિત કંકણો વડે શોભિત બે હસ્તવાળાં, મધુર ભાષણવાળાં, ધર્મદેવની સેવામાં તત્પરતાવાળાં, ચરણોમાં રણકતાં ઝાંઝરવાળાં, લાલ કરપલ્લવવાળાં, શોભાવિષ્ટ વિશાળ ગોળ કપાળમાં તિલક વડે અતિ ઉજ્જ્વલ એવા ઉત્તમ રત્નોના હાર, બાજુબંધ, કટિમેખલા અને કંઠભૂષા વડે શોભતાં, મણીન્દ્ર સારથી રચેલાં કુંડળો વડે સુશોભિત, મંદહાસ્યથી પ્રસન્ન મુખમુદ્રાવાળાં, અનેક પુષ્પહારોને ધારી રહેલાં તથા કાળા કેશકલાપમાં સુંદર વેણી ધારી રહેલાં એવાં તે અહિંસાદેવી હતાં. (૧૩-૧૭) ત્યારબાદ યોગીરાજ સનક મુનિએ ધર્મદેવની સન્મુખ હાથ જોડીને ઊભા રહેલા મૂર્તિમાન મોક્ષરૂપી પુરુષાર્થનું દર્શન કર્યું. (૧૮) ધર્મના જમણે પડખે મૃણાલ સમાન શ્વેતવર્ણવાળા, તપ, સત્ય, દયા અને દાન નામના ચાર ચરણો વડે સંપૂર્ણ તથા ચોમેર પુષ્ટ શરીર અને અવયવોવાળા, ખૂબ જ પ્રસન્ન અને આકુળતા રહિત બળદિયાના રૂપવાળા એવા ધર્મ નામના પ્રજાપતિને જોયા. (૧૯-૨૦) ત્યારબાદ સનક મુનિએ પૂર્ણચંદ્રસમાન કાંતિવાળી, લાલ કમળો સમાન નેત્રોવાળી, ગાયસ્વરૂપા પૃથ્વીને ધર્મદેવની સમીપમાં જોઈ. (૨૧) ત્યારબાદ તે મુનિએ રમણીય મૂર્તિધારી અને પાપીજનો માટે ભયંકર એવા ધર્મરાજને પૃથ્વીના સમીપમાં બેઠેલા જોયા. (૨૨) ધર્મના પાછળના ભાગમાં રહેલા અર્થ અને કામ નામના પુરુષાર્થોને જોઈ બ્રહ્માના પુત્ર સનક મુનિ અતિ આશ્ચર્ય પામી ગયા. (૨૩) ત્યારબાદ મહામતિ સનકમુનિ પોતાની બુદ્ધિ વડે નિશ્ચય કરતા હતા કે આ ધર્મ બ્રહ્માંડોના આધારભૂત સાક્ષાત્ ભગવાન છે. (૨૪) અહો ! આ ધર્મને મેં સાક્ષાત્ જોયા તથા તેમના થકી હું શ્રીહરિ નારાયણ ભગવાન સંબંધી કથાઓને સાંભળીશ, આ પરમ લાભ મને અત્યારે ઈશ્વર ઈચ્છાથી જ થયેલો છે. (૨૫) આ ધર્મ સર્વ જનો અને સર્વ ભુવનોના સાક્ષાત્ દ્દષ્ટા છે, સર્વ પ્રાણીઓના કર્મોના પણ સાક્ષાત્ દ્દષ્ટા છે. જે ધર્મનું ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ચાર પુરુષાર્થો મૂર્તિમાન થકા ઉપાસના-સેવન કરે છે. (૨૬) મારા પિતાના મુખે મેં પૂર્વે સાંભળેલું કે સર્વ કર્મફળોને આપનારા અને બ્રહ્માદિ દેવોએ પણ સેવવા યોગ્ય ધર્મ છે એવા ધર્મને મારાં નેત્રો વડે મેં અત્યારે પ્રત્યક્ષ જોયા. (૨૭) આ પ્રમાણે મનમાં વિચાર કરી સમગ્ર તત્ત્વના જાણનારા સનકમુનિ 'જય જય' એમ ઉચ્ચારતા થકા ધર્મદેવની સન્મુખ આવ્યા. (૨૮) નિર્મળ હૃદયવાળા અને પરમ એકાંતિક ભક્ત એવા તે યોગી ભૂમિ ઉપર પડી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. (૨૯) ત્યારબાદ ભગવાનને પ્રિય અને જેમને ભગવાન પ્રિય છે એવા મુનિને જોઈ ધર્મદેવ તત્ક્ષણે મુનિ પાસે આવી નમસ્કાર કરતા મુનિને બે હાથે ઉપાડી બાથમાં ઘાલી ભેટવા લાગ્યા. (૩૦) પછી પોતાના હાથ વડે સનકમુનિનો હાથ પકડી સ્નેહપૂર્વક તેજોમય સોનાના સિંહાસન ઉપર બેસાડી તે મુનિની યથાયોગ્ય પૂજા કરવા લાગ્યા. (૩૧) આ પ્રમાણે ધર્મદેવે પૂજેલા, સ્વાગત કુશળ આદિ વડે સન્માનિત કરાયેલા અને હર્ષથી પુલકિત ગાત્રોવાળા બની ગયેલા સનકમુનિ હાથ જોડીને ધર્મદેવને કહેવા લાગ્યા. (૩૨)

**સનકમુનિ બોલ્યા :**

હે ભગવન્ ! હાલમાં આપના દર્શનથી હું કૃતાર્થ થયો છું. કેમકે આપનું સાક્ષાત્ દર્શન દેવોને પણ દુર્લભ છે એમ હું માનું છું. (૩૩) અગાઉ શાસ્ત્રો દ્વારા તથા ગુરુ બ્રહ્માના મુખ દ્વારા આપના વિષે કેવળ સાંભળેલું જ હતું. પરંતુ હે વિભો ! અત્યારે તમારું સાક્ષાત્ દર્શન તો આપની કૃપાથી જ થયું છે. (૩૪) સદા સુખપ્રાપ્તિની ઈચ્છાવાળા ઈશ્વરો સહિત ઈન્દ્રાદિ દેવો અને મનુષ્યોએ આશ્રય કરવા યોગ્ય ધર્મ એવા તમોને હું જાણું છું. (૩૫) હે પ્રભો ! આપના દર્શનથી હું અત્યારે પરમ આનંદને પામેલો છું. તે આનંદનું વર્ણન કરવા માટે હું સમર્થ નથી. (૩૬)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે આનંદ મુને ! યોગેન્દ્ર સનક મુનિએ આ પ્રમાણે કહ્યું ત્યારે ભગવાન ધર્મ, પ્રસન્ન મનવાળા થઈને કોમળ વાણીથી તે મુનિને કહેવા લાગ્યા. (૩૭)

**શ્રી ધર્મદેવ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! ભગવદ્ ભક્તોમાં શ્રેષ્ઠ એવા તમારા દર્શનથી મને પણ મહાન પરમાનંદ થયો છે. (૩૮) હે મુને ! સંસારમાં વિવિધ તાપથી તપતા સર્વજનોને પરમ શાંતિ પમાડનારું આપ સમાન પુરુષોનું વિચરણ સર્વદા પાવનકારી જ છે. (૩૯) હે સુવ્રત ! હાલમાં આપ ક્યા સ્થળેથી આવો છો અને ક્યાં જવાના છો તે તમો મને કહો. (૪૦)

**સનકમુનિ બોલ્યા :**

હે ભગવન્ ! હું સનક નામનો બ્રહ્માજીનો માનસપુત્ર છું. શ્વેતદ્વીપવાસી ભગવાન વાસુદેવનું દર્શન કરવા જતાં બદરીવનથી અહીંયાં આપની પાસે આવેલો છે. (૪૧) આકાશમાર્ગે જતાં આ અદ્ભુત ધામ જોઈને વિસ્મયપૂર્વક અહીં આવ્યો અને આપના દર્શનને પામ્યો. (૪૨) તે યોગીન્દ્રે આ પ્રમાણે કહ્યું ત્યારે ઈશ્વર એવા તે ધર્મ તત્કાળ સર્વ વૃત્તિના નિરોધ(સમાધિ)ને પામી ગયા અને આનંદના પુરમાં મગ્ન થઈ ગયા. (૪૩) ધર્મ બે ઘડી પર્યંત સમાધિમાં રહીને પછી, હરિઈચ્છાથી ધીરે ધીરે સમાધિમાંથી જાગૃત થઈને સભામાં સનકમુનિને જોતા હતા. (૪૪) સનકમુનિ પણ ધર્મદેવને સમાધિસ્થ થયેલા જોઈને મનમાં અચરજ પામીને તે ધર્મનું સ્થિતપ્રજ્ઞપણું બુદ્ધિપૂર્વક શમાદિ લક્ષણો વડે નક્કી કરતા હતા. (૪૫) પછી સનકમુનિ ધર્મદેવ પ્રત્યે બોલ્યા : હે ભગવન્ ! બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વગેરે સૌ આપનો આશ્રય કરીને જ વર્તે છે. વધારે શું કહેવું ? અધીશ્વર એવા વાસુદેવ સુદ્ધાં પણ તમારો આશ્રય કરીને જ વર્તે છે. (૪૬) આવી રીતનાં તમારે પણ આશ્રય અને ધ્યાન કરવા યોગ્ય કોણ છે ? કે જેમાં તમારે હમણાં સર્વવૃત્તિનો નિરોધ થયો. હે દયાનિધે ! તે તમો મને કહો. (૪૭)

**ધર્મ બોલ્યા :**

હે મુને ! હું અને વાસુદેવ તથા આ દ્વીપમાં રહેલા મુક્તો નારાયણ નામના પરબ્રહ્મનું નિત્ય ચિંતવન કરીએ છીએ કેમ કે તે જ અક્ષરાધીશ પુરુષોત્તમ સર્વેશ્વર છે. (૪૮) જે પુરુષોત્તમ કહેલા છે, જે અક્ષરથી પણ પર છે તે સુપ્રસિદ્ધ નારાયણ ભગવાન સર્વ કોઈ માટે તથા અમારા માટે ધ્યેય

કહેલા છે. (૪૯) તે ભગવાન હાલમાં ઋષિરૂપ ધારણ કરીને કલાપ ગામની સમીપમાં આવેલા બદરીવનમાં પ્રત્યક્ષ રહેલા છે. (૫૦) અનેક બ્રહ્માંડોના સ્વામી, જગદીશ્વર એવા તે નારાયણ સર્વે લોકોના કલ્યાણ માટે કૃપા કરીને મારા થકી ચાર સ્વરૂપે પ્રગટ થયા હતા. (૫૧) અને તમોએ કહ્યું જે હું બદરીવનથી આવું છું, એવા તમારા મુખથી ઉચ્ચારાયેલા બદરીવન નામના શ્રવણ માત્રથી મને ભગવાન શ્રી નરનારાયણના જન્મનું સ્મરણ થયું. (૫૨) આથી હે મહામતે ! હૃદયકમળમાં સ્ફુરાયમાન તે નારાયણ પ્રભુમાં સ્નેહવશ મારું મન વિલીન થઈ ગયું. (૫૩) સાક્ષાત્ નારાયણ સ્વરૂપ વાસુદેવનું હૃદયમાં ધ્યાન કરતા એવા તમો પણ, ધ્યાન વડે જે પરાધીનપણું છે તેને જાણો જ છો. (૫૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ધર્મદેવે કહેલું સમગ્ર અર્થયુક્ત વચન સાંભળીને વિસ્મિત થયેલા તે મુનિવર ભગવાન નારાયણની કથા સાંભળવામાં ઉત્સુક થઈને તે સમયે ધર્મને પૂછવા લાગ્યા. (૫૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
શ્રીનગર-માહાત્મ્યમાં સનકમુનિધર્મસમાગમનિરૂપણ નામનો સત્યાવીશમો અધ્યાય થયો. ॥૨૭॥

●

## અધ્યાય-૨૮

**સનકમુનિ બોલ્યા :**

હે વિભો ! અહો સાશ્ચર્યની વાત છે કે અત્યારે મેં તમારા થકી અદ્ભુત એવું ઋષિરૂપધારી શ્રી નારાયણ ભગવાનના માહાત્મ્ય અંગે સાંભળ્યું. (૧) જો કે પૂર્વે સત્યલોકમાં મહાપ્રભુ શ્રી નારાયણનું માહાત્મ્ય વિશ્વસ્રષ્ટા પિતા બ્રહ્મદેવના ચતુર્મુખથી વારંવાર સાંભળતો હતો. (૨) તોપણ નારાયણના નરનાટ્યથી અને સદા ઉપશમ અવસ્થા ન હોવાથી તથા સ્નાનાદિ આચારરૂપ ઋષિધર્મોમાં અત્યંત આસક્તિના દર્શનથી સાંભળેલું તે માહાત્મ્ય ન સાંભળ્યા જેવું થઈ ગયું. આને લીધે નારાયણ ભગવાનમાં અતિ આદર ન થયો અને તે ભગવાનમાં મારે સ્થિર ભક્તિ પણ ન થઈ. (૩-૪) અહો આશ્ચર્ય છે કે ભગવાન નારાયણની માયા સર્વ લોકોને મોહ પમાડનારી છે, જે ભગવાનની માયાથી મોહિત એવો હું પૃથ્વી ઉપર રહેલા પ્રભુને જાણી શક્યો નહિ. (૫) પૃથ્વી ઉપર નારાયણ મહાન ઋષિવર છે તથા નારદાદિ સમાન છે; આ પ્રકારે બદરીવનમાં રહેલા પ્રભુને હું જાણતો હતો. (૬) તે શ્રી નારાયણનું આવી રીતનું સર્વોત્કૃષ્ટત્વાદિ માહાત્મ્યને તો હું ભૂલી જ ગયો છું. માટે કૃપા કરી તે માહાત્મ્ય મને કહેવા માટે આપ યોગ્ય છો. (૭) હે ભગવન્ ! જે કથાઓના શ્રવણમાત્રથી પાતકી તત્કાળ શુદ્ધ થઈ જાય છે એવી શ્રી નરનારાયણ ભગવાનની શુભ કથાઓ સાંભળવાની હું ઇચ્છા કરું છું. (૮) હે ધર્મ ! તમો સમગ્ર જગતોના ધારક અને અધીશ્વર છો. માટે હે સત્પતે ! આપ સર્વ તત્ત્વપૂર્વક જાણો છો. (૯) ભગવાન સંબંધી કથાઓ દેહધારીઓ માટે દુર્લભ છે. કથા તો ભવસાગરને તારનારી નૌકારૂપ છે અને કલેશોને છેદવામાં કાતર જેવી છે. (૧૦)

પાપરૂપી લાકડાંને બાળવામાં દીપ્યમાન અગ્નિની જ્વાળાઓ જેવી આ કથા ભગવાનના સ્વરૂપના તત્કાળ જ્ઞાનનું કારણ છે. (૧૧) વળી દાન, વ્રત, તપ અને સ્વાધ્યાય વગેરેનાં ફળો પણ જ્ઞાનદાનરૂપી ફળ આપનારી કથાના સોળમા ભાગ જેટલા પણ થતા નથી. (૧૨) આથી હે ભગવન્ ! આપ મને નારાયણની પ્રાદુર્ભાવ કથા કહો. તે શ્રીહરિનારાયણ સ્વયં પુત્રપણે તમોએ કેવી રીતે પ્રાપ્ત કર્યા ? (૧૩) હે ધર્મ ! તમો આ લોકમાં ધન્ય છો અને સર્વેએ વંદન કરવા યોગ્ય છો કેમકે આનંદકારી સ્વયં શ્રીહરિ ભગવાન હરિ, કૃષ્ણ, નર અને નારાયણ આ ચાર મૂર્તિરૂપે તમારા થકી પ્રગટ થયા હતા. તે શ્રીહરિનો જન્મોત્સવ તમો મને ખૂબ પ્રેમપૂર્વક કહો. (૧૪)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે આનંદમુનિ ! સનક મુનિન્દ્ર વડે આ પ્રકારે પુછાયેલા જગતપતિ સાક્ષાત્ ધર્મ તે સનકમુનિને શ્રીહરિના નિર્ગુણભક્ત જાણતા થકા કહેવા લાગ્યા. (૧૫)

**ધર્મદેવ બોલ્યા :**

હે સિદ્ધમુને ! તમોને મેં અત્યંત નિર્મળ અંતઃકરણવાળા જાણ્યા છે કેમકે વાણીના વિશદપણાથી બુદ્ધિનું વિશદપણું અનુમાન કરાય છે. પંડિતજન પુરુષના વાક્યથી તેનું હૃદય જાણી શકે છે તે નિશ્ચય વાત છે. (૧૬) હે મુને ! તમો મૂર્તિમાન પુણ્યોના સમૂહરૂપ છો, નારદાદિ ભગવદ્-ભક્તોમાં શ્રેષ્ઠ છો તથા પ્રકૃતિજન્ય ગુણથી રહિત (નિર્ગુણ) અને નિસ્પૃહ છો. તેમ છતાં જીવોના કલ્યાણ માટે પૃથ્વી ઉપર વિચરણ કરો છો. (૧૭) આ પૃથ્વી ઉપર મંગળ દેહવાળા પુરુષો રહેલા છે તેઓ પોતાના દર્શનમાત્રથી જ મનુષ્યોને પાપસમૂહોથી અને ભવસાગરથી મૂકાવે છે. (૧૮) હે ઈશ્વરપ્રિય મુને ! પ્રતિદિન ભગવાન સંબંધી કથાનું શ્રવણ, ધ્યાન, પૂજન, વગેરે વિના ક્ષણમાત્ર સુધ્ધાં નિષ્ફળ સમય પસાર નહિ કરવાનો વૈષ્ણવજનોનો સ્વભાવ હોય છે. (૧૯) આથી જ હે મુને ! તમો પણ શ્રીહરિકથા સાંભળવાના મનવાળા છો કેમ કે શ્રીહરિકથા જ હરિભક્તો માટે નિરંતર જીવનરૂપ છે તે સિવાય એક ક્ષણ પણ જીવન નથી. (૨૦) જે ઘરમાં શ્રોતાજનોને સુખદાયક, નિર્મળ, અને અન્ય કોઈને પ્રાધાન્ય સિવાયની શ્રીહરિ સંબંધી કથાઓ થાય છે તે ઘરમાં ગંગાદિ નદીઓ, સર્વ તીર્થો અને સર્વ ઋષિજનો વાસ કરે છે. (૨૧) હે મુને ! આ લોકમાં પૃથ્વીના જે ખંડોમાં ભગવત્પ્રિય ઋષિજનોએ સત્પતિ નારાયણની કથા કહેલી હોય છે તેમણે જ ભૂમિ ઉપર પાપવિનાશક તીર્થોને પ્રકાશેલાં છે. (૨૨) જે પુરુષ પરમ પ્રીતિપૂર્વક શ્રીહરિકથાને સાંભળે તે પુરુષ સો કુળોને પવિત્ર કરે છે; જે પુરુષ સ્વાભાવિક કોઈના પ્રસંગથી કથાને સાંભળે તે પણ પોતાના કુળને પવિત્ર કરે છે. (૨૩) જે મનુષ્ય સેંકડો જન્મોથી કરેલા પુણ્યના સમૂહોથી શુદ્ધ થાય છે તે પુરુષને જ શ્રીહરિના યશની કથા સાંભળવામાં રુચિ થાય છે, અન્યને થાય જ નહિ. (૨૪) શ્રીહરિના યશનું શ્રવણ, કીર્તન, સ્મરણ, વંદન, પૂજન અને અંતરમાં ચિંતન જે પુરુષ કરે છે તેને જ આ લોકમાં વૈષ્ણવ કહેલો છે. (૨૫) આવા લક્ષણવાળો વૈષ્ણવ દેવતાઓ માટે પણ વંદનીય છે, તે વૈષ્ણવજનનો પૃથ્વી ઉપર જન્મ સાર્થક છે અને શ્રીહરિ ભગવાન પૃથ્વી ઉપર તેવા વૈષ્ણવજનનું સર્વથા રક્ષણ કરતા થકા તેનો ક્યારેય પણ ત્યાગ કરતા નથી. (૨૬) તે વૈષ્ણવજન સમીપે

અણિમાદિ સર્વ સિદ્ધિઓ પણ દાસી થઈને વાસ કરે છે પરંતુ નારાયણમાં દાસતાપણાને પામેલો વૈષ્ણવ સિદ્ધિઓને તૃણ સમાન ગણે છે એ નિશ્ચય વાત છે. (૨૭) સર્વ બ્રહ્માંડોમાં રહેનારા જનોને ભય પમાડનારો કાળ પણ, જેમ ગરુડથી સર્પ ભય પામે તેમ, વૈષ્ણવ ભક્ત થકી ભય પામે છે. તો પછી બીજા યમદૂત વગેરે ભક્તથી ભય પામે તેમાં કહેવાનું જ શું હોય ? (૨૮) અને આ લોકમાં પાપી, પતીત અને નીચ પુરુષો જો પ્રસંગવશાત્ અજાણે પણ વૈષ્ણવજનને અન્નવસ્ત્રાદિ આપે છે તે પુરુષો તેટલા દાનથી પાપરહિત થઈ જાય છે. (૨૯) જ્યારે આમ છે ત્યારે જે પુરુષો જ્ઞાનપૂર્વક વૈષ્ણવજનોનું પૂજન કરે કરાવે છે તેમના ફળને કહેવા માટે તો કોઈ સમર્થ નથી. (૩૦) ગંગાદિ તીર્થો પણ પોતામાં સ્નાન કરનારા પાપીજનોએ અર્પણ કરેલાં પાપોના નિવારણ માટે, શ્રીહરિની સ્થિતિવાળા ભગવદ્ જનોનો સ્પર્શ પોતાના હૃદયમાં નિત્ય ઇચ્છે છે. (૩૧) સર્વ લોકમાં ઉપર વર્ણવેલા ભગવદ્ ભક્તો અતિશય દુર્લભ છે, આથી તો તે પ્રકારના મહા ભાગવત એવા તમોને જોઈને અત્યારે હું અત્યંત પ્રસન્ન છું. (૩૨) સમગ્ર ત્રિવિધ તાપના નિવારક ભગવાન નારાયણનું સમગ્ર ચરિત્ર તમોને હું કહું છું. જે હેતુ માટે તેઓ મારા થકી પ્રાદુર્ભાવ પામ્યા અને પછી જે અદ્ભુત ચરિત્ર કર્યું તે સઘળું તમોને હું કહું છું. (૩૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગર માહાત્મ્યમાં ધર્મ-સનક સંવાદમાં ભગવદ્‌ભક્તપ્રશંસાનિરૂપણ નામનો અઠ્યાવીશમો અધ્યાય થયો. ॥૨૮॥

●

## અધ્યાય-૨૯

**શ્રી ધર્મદેવ બોલ્યા :**

હે સનકમુને ! પૂર્વે પ્રલયકાળે આ દશ્યમાન વિશ્વ કંઈપણ જ્યારે ન રહ્યું ત્યારે પુરુષોતમ પ્રભુ એકલા જ રહ્યા; તે પ્રભુ કેવા તો એકાંતિક શ્રેષ્ઠ ભક્તોથી સુસેવિત અને શ્રીકૃષ્ણ, નારાયણ, વિષ્ણુ છે નામો જેમનાં એવા હતા. (૧) તે પુરુષોત્તમ ભગવાને પોતાની ઇચ્છાથી દૃષ્ટિ વડે કરીને આત્યંતિક પ્રલયકાળે અક્ષરબ્રહ્મના તેજમાં લીન થઈ ગયેલા પ્રકૃતિપુરુષને જગાડ્યા. (૨) હવે પુરુષોત્તમે જોયેલ પુરુષ વડે જોવાયેલી પ્રકૃતિમાયા થકી આત્માઓએ સહિત અનેક બ્રહ્માંડ કોટિઓ થઈ. (૩) તે બ્રહ્માંડોમાં નીચે પાતાલાદિમાં ઊંચે સ્વર્ગાદિમાં અને મધ્યે ભૂઆદિમાં યથાબુદ્ધિ ક્રિયાપરાયણ એવા જીવો પોતપોતાનાં કર્મો અનુસારે વ્યવસ્થિત થાય છે. (૪) આ પ્રમાણે સૃષ્ટિ થયા પછી સર્વ દેહધારી પ્રાણીઓના હિતને માટે જ પોતાના સમીક્ષાબળથી અને પોતાની દૃષ્ટિના સામર્થ્યથી પ્રભુ વિચારવા લાગ્યા (૫) કે મારી ઇચ્છાથી ઉત્પન્ન થયેલાં અનેક બ્રહ્માંડોની સ્થિતિ કેવી રીતે થાય ? અને સારી રીતે આશ્રય કરવા યોગ્ય કોણ થાય ? (૬) બ્રહ્માદિ ઈશ્વરો અને ઇન્દ્રાદિ દેવો તેમ જ મન્વાદિ નરો ને અન્ય દેહધારીઓને સારી રીતે ઐશ્વર્યપ્રાપ્તિ અને (યથાકર્મ) સુખપ્રાપ્તિ કેવી રીતે થાય ? (૭) તથા એ સર્વ પ્રાણીઓનાં સંચિત પાપસમૂહોની નિવૃત્તિ કેવી રીતે થાય ? તથા મન આદિ અંતઃકરણોની શુદ્ધિ સદા કેવી રીતે થાય ? (૮) જેના આશ્રય વડે

કરીને સર્વ પ્રાણીઓનું સમગ્ર અભિલષિત સિદ્ધ થાય તે માટે સર્વને આશ્રય કરવા યોગ્ય ધર્મનું જ હું સર્જન કરું. (૯) આ પ્રમાણે વિચારીને ભગવાન શ્રી પુરુષોત્તમ નારાયણે માયાથી પર એવા પુરુષના અંગ સામે જોયું. (૧૦) તે જ સમયે સર્વના સ્વામી પરમાત્મા પુરુષોત્તમ નારાયણની ઈચ્છાથી પુરુષના હૃદયમાંથી મારો પ્રાદુર્ભાવ થયો. (૧૧) ત્યારબાદ મારી સહાય માટે પુરુષોત્તમ ભગવાને પોતાની ઈચ્છાથી દૃષ્ટિ માત્રથી પુરુષના અંગમાંથી તે જ ક્ષણે ચિત્રશક્તિ કહેતાં જ્ઞાનપ્રધાન શક્તિનો આવિર્ભાવ કર્યો. (૧૨) અક્ષર થકી પર એવા શ્રી નારાયણ ભગવાને બ્રહ્મવિદ્યા સ્વરૂપા તે આદ્યશક્તિને મારી સહધર્મિણી-પત્ની બનાવી. (૧૩) ત્યારબાદ ભગવાન પુરુષોત્તમ મારા પ્રત્યે બોલ્યા : હે ધર્મ ! તમો સર્વના ધારક અને સર્વ વડે આશ્રય કરવા યોગ્ય છો. તમો દરેક બ્રહ્માંડમાં વાસ કરો. (૧૪) હે નિષ્પાપ ! તમો ધર્માચરણ પરાયણ સ્વાશ્રિત સર્વ લોકોને સદા સુખ પમાડતા થકા બ્રહ્માંડોમાં પોતાનાં મનને પ્રીતિ આપનારા સ્થાનમાં પત્નીએ સહિત સર્વદા નિવાસ કરો. (૧૫) જીવ કોટિનો કે ઈશ્વર કોટિનો કોઈપણ જન ક્યારેય પણ તમારું ઉલ્લંઘન (અપરાધ) કરશે, સદાચારનું આચરણ નહિ કરે તે જ ટૂંકા કાળમાં નિશ્ચય નાશ પામશે. (૧૬) હે મુને ! ભગવાન પુરુષોત્તમે મને આ પ્રમાણે કહ્યું ત્યારે હું તો ખૂબ ઉદ્વિગ્ન થઈ ગયો અને તેમને ભક્તિભાવથી પ્રણામ કરી બહુ બહુ પ્રાર્થના કરવા લાગ્યો. (૧૭) હે ભગવન્ ! અક્ષરધામમાં આપની સમીપથી અન્ય સ્થળે જવા માટે પત્નીએ સહિત મને લગીરે ગમતું નથી. (૧૮)

**શ્રી ભગવાન બોલ્યા :**

હે ધર્મ ! તમારે લગીરે ચિંતા કરવી નહિ કારણ કે તમારા બન્નેનું રક્ષણ કરવા માટે પૃથ્વી ઉપર થોડા જ સમયમાં હું આવીશ. (૧૯) અને ત્યાં અતિ પવિત્ર એવા તમારા બન્નેના પુત્રપણાને પ્રાપ્ત કરી સર્વજનોનો મોક્ષ કરવા આત્મ-પરમાત્માના સ્વરૂપવિષયક જ્ઞાન પ્રવર્તાવીશ. (૨૦) હે ધર્મ ! જ્યારે જ્યારે બ્રહ્માંડોની ફરી સૃષ્ટિ થાય છે ત્યારે ત્યારે હું તમારા પુત્રપણાને પામું છું. (૨૧) મારી માયામાં બંધાયેલા જીવોના સમૂહોને મારા સ્વરૂપ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે તથા તમારા બંનેના રક્ષણ માટે હું પૃથ્વી ઉપર તમારા થકી અવતાર ધારણ કરીશ. (૨૨) આ પ્રમાણે ભગવાન પુરુષોત્તમે કહેલો હું તેમને પ્રણામ કરી તેમની આજ્ઞાથી અને તેમની ઈચ્છાથી નિર્માણ કરેલા આ વિષ્ણુપુરમાં આવીને વસ્યો. (૨૩) હે નિષ્પાપ ! આ પ્રકારે દરેક બ્રહ્માંડમાં મારી મૂર્તિઓ છે પરંતુ તમારા જેવા પુરુષોત્તમ નારાયણના એકાંતિક ભક્તો જ મારી મૂર્તિને જુએ છે. (૨૪) હે સત્તમ ! ઈન્દ્રિયદમનરૂપ તપ, નિત્યનૈમિત્તિકાદિરૂપ ક્રિયા અને દાનાદિ રૂપ વડે હું અખિલ બ્રહ્માંડમાં રહેલો છું અને અધિદેવ સ્વરૂપે આ સ્થાનમાં પણ રહ્યો છું. (૨૫) 'धारयति इति धर्मः' સર્વ લોક અને સર્વ દેહધારીઓને હું ધારણ કરું છું આથી ધર્મ નામે પ્રસિદ્ધ છું. વળી મનસા, વાચા અને કર્મણા એવી સમગ્ર હિંસાને નિવૃત્ત કરનારી મારી પત્ની અહિંસા નામથી પ્રસિદ્ધ છે. (૨૬) હવે (મારા આગમનથી) તપ, સત્ય, દયા, દાન, અહિંસાદિ અમારો સમાશ્રય કરી બ્રહ્માંડવાસી સર્વ લોકો ઉત્કૃષ્ટ સુખને પામતા હતા. (૨૭) બ્રહ્માદિ ઈશ્વરો સહિત દેવો, દૈત્યો, મનુષ્યો આદિ લોકો અવ્યગ્રપણે મેં સ્થાપિત કરેલી મર્યાદાઓનું પાલન કરતા હતા. (૨૮) વળી સ્વર્ગલોક, મૃત્યુલોક,

પાતાળલોક, વગેરેમાં જ્યાં ક્યાંઈ, જે કંઈ દુઃખ હતું તે મારા આશ્રયના ત્યાગનું ફળ છે એમ જાણી સુજ્ઞ પુરુષો મારો ત્યાગ ન કરતાં મારું (ધર્મનું) સેવન જ કરે છે. (૨૯)

ઇતીશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગર માહાત્મ્યમાં ધર્મ-સનક સંવાદમાં ધર્માવિર્ભાવનિરૂપણ નામનો ઓગણત્રીશમો અધ્યાય થયો. ॥૨૯॥

●

## અધ્યાય-૩૦

**ધર્મદેવ બોલ્યા :**

હે સનકમુને ! હું પુરુષોત્તમ પ્રભુને હૃદયમાં ચિંતવન કરતો તકો સર્વેને સર્વદા આશ્રય કરવા યોગ્ય થયો. બ્રહ્માંડના સર્વ જનોને મોહ પમાડનારી માયા મને બાધક થતી નથી. આ પ્રમાણે પુરુષોત્તમ ભગવાનનો અનુગ્રહ થાય છે. (૧) અતિશય રમણીય અને સંપત્તિથી સમૃદ્ધ અને અતિશય પ્રકાશમાન આ પુરમાં રહેલા મારે ભગવાનના વિયોગથી શાંતિ ન થઈ ત્યારે હું આત્માથી આ પ્રમાણે વિચારવા લાગ્યો. (૨) મારે ભગવાનના દર્શન વિના હૃદયમાં શાંતિ ક્યાંથી થાય ? હૃદયકમળમાં ભગવાન નારાયણના દર્શનવાળા ભક્તજનના નિત્ય સમાગમ વગર હૃદયમાં શાંતિ કેમ થાય ? (૩) આ સકલ બ્રહ્માંડમાં હું દિવ્ય દૃષ્ટિ વડે જોઉં છું પરંતુ જેને પ્રત્યક્ષ ભગવત્સ્વરૂપનું જ્ઞાન હોય એવો પુરુષ જોવામાં આવતો નથી. (૪) ભગવાન સંબંધી સાક્ષાત્ વિશુદ્ધ જ્ઞાન વિના હું લોકોને શૂન્યવત્ જોઉં છું અને મારે ધર્મને પણ તે જ્ઞાન વિના કાંઈપણ શોભા નથી. (૫) નારાયણ નામના એક ભગવાન વિના, વિચિત્ર પ્રકારનાં પોતાનાં કર્મો વડે જન્મમરણને પામતા, પૃથ્વી ઉપર ભક્તિવાળા નરોને પણ પોતાની મેળે જ ભગવાન સંબંધી જ્ઞાન ક્યાંથી થાય ? ન જ થાય. (૬) ભગવાનની મૂર્તિના દર્શન વિના ભવબંધનને છેદનારી ભક્તિ કયા અધિકરણમાં થાય ? અને તે ભક્તિ વગર નરોને સંસાર સંબંધી તુચ્છ સુખમાં વૈરાગ્ય કેમ થાય ? (૭) કારણ કે પૃથ્વી આદિ આવરણોએ સહિત સમગ્ર બ્રહ્માંડ માયાથી આવૃત્ત છે તેથી આ બ્રહ્માંડમાં રહેલા સમગ્ર જનો માયાથી વશ કરાયેલા હોવાથી બદ્ધ છે એવું અમો જાણીએ છીએ. (૮) માયાધીન નરોને માયાથી પર રૂપનું જ્ઞાન કેમ કરી થાય ? આ હેતુ માટે પ્રભુ પુરુષોત્તમ નારાયણ ભક્તિપ્રિય એવા મારો આ મનોરથ સફળ કરો. (૯) આવો વિચાર કરી તત્કાળ ઋષિરૂપને ધારણ કરી, પુરુષોત્તમની આરાધના કરવા માટે પૃથ્વી ઉપર તપ કરવાયોગ્ય સમ્યક્ સ્થાનને જોતો થકો, ભાર્યાએ સહિત હું આ સ્થાનથી ભરતખંડ પહોંચ્યો. (૧૦) પછી દેવનદીના કિનારે પવિત્ર સ્થાનમાં નાની કુટિર બનાવી નિવાસ કર્યો. ત્યાં હું યથાશાસ્ત્ર પરમ તપ કરવા લાગ્યો. મારી પત્ની અહિંસા પણ ઉત્કૃષ્ટ તપ કરવા લાગી. (૧૧) ભગવાન નારાયણની મનોહર મૂર્તિમાં પ્રાણો અને મનને સુપેરે નિયમમાં કરીને વૃષ્ટિ, વાયુ, તાપ વગેરે સહન કરી શોભન વ્રતને આચરતાં થકાં અમે બન્ને તપ કરતાં હતાં. (૧૨) હે આત્મનિષ્ઠ સનક ! વૃક્ષ પરથી આપમેળે ખરેલાં પત્રોનું ભક્ષણ કરી, વાયુ ભક્ષણ કરી, ક્વચિત્ જળ ભક્ષણ કરી શ્રી નારાયણનું આરાધન કરતાં અમોને પુરુષ પ્રમાણથી દશ વર્ષો વીતી ગયા. (૧૩) ત્યારબાદ હે મહર્ષે ! મેં અને અહિંસાએ આહારમાત્રનો સંપૂર્ણ ત્યાગ કરી નિષ્કપટ

ભાવથી હૃદયકમલના ધ્યાન કરાયેલા ભગવાન પ્રસન્ન થયા. (૧૪) ત્યારબાદ શ્રીહરિ નારાયણ ભગવાન ભાર્યાએ સહિત રક્ષણ કરવા, તત્કાળ સ્વસ્વરૂપનું જ્ઞાન આપવા તથા તેમનામાં ભક્તિ જાગૃત કરવા તથા કુમાર્ગમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવા અમારા આશ્રમે પધાર્યા. (૧૫) ધર્મદેવ કહે છે જે હું તો તે નારાયણને સ્વહૃદયકમળમાં ધ્યાન કરતો હતો ત્યાં અચાનક તેમને અંતર્હિત થયેલા જોઈ સંભ્રાંતની પેઠે ઊઠતો થકો જેટલામાં હૃદયકમળની બહાર જોતો હતો તેટલામાં આ પ્રકારે મેં જોયું. (૧૬) અચાનક અમારા બન્નેનાં અંગોમાંથી તેજ પ્રગટ્યું. તે તેજ તર્કથી અગોચર તથા ખૂબ ઘટ્ટ પ્રકાશવાળું ગાઢ, અતિ શ્વેત વિશાળ તે તેજ અંડકટાહની મધ્યે વૃદ્ધિ પામવા લાગ્યું. (૧૭) તે સમયે કરોડો અગ્નિ-સૂર્ય-ચંદ્રોના સમુદાયથી પણ અધિક એવું તેથી અતિઅધિક પ્રકાશવાળું તે તેજ એ તરફ વધતું થકું પૃથ્વીથી આરંભીને માયા પર્યંત બ્રહ્માંડનાં આઠ આવરણોમાં વ્યાપી વળ્યું. (૧૮) સચ્ચિદાનંદ ઘન તે તેજ સર્વ જનો ચોતરફ જોવા લાગ્યા પરંતુ ઉપર કે નીચે અન્ય કશું દેખાતું ન હતું તેમ જ અંતરિક્ષ, સ્વર્ગ, પૃથ્વી, દિશાઓ, કંઈપણ દેખાતું ન હતું. (૧૯) તે સમયે બ્રહ્મા, શિવ વગેરે દેવતાઓ પ્રથમથી જ શ્રીહરિના ધ્યાનબળથી શ્રી પુરુષોત્તમના પ્રાગટ્યને જાણીને મારા આશ્રમમાં આવ્યા થકા તે તેજને જોઈને મહા આશ્ચર્યને પામી ગયા. (૨૦) ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના કારણભૂત બ્રહ્મા, શિવાદિ દેવો, સમસ્ત દેવીઓ અને મારા સહિત સર્વે, તેજસમૂહ વડે રૂંધાયેલાં નેત્રોવાળા થઈને, પ્રભુને આવેલા જાણીને સ્તુતિ કરવા લાગ્યા. (૨૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
શ્રીનગર માહાત્મ્યમાં ધર્મ-સનક સંવાદમાં ધર્મદેવતપનિરૂપણ નામનો
ત્રીશમો અધ્યાય થયો. ॥૩૦॥

●

## અધ્યાય-૩૧

**દેવતાઓ સ્તુતિ કરે છે :**

તેજોના મધ્યે તેજ અને તેના મધ્યે પરમતેજ કહેતા નિરતિશય તેજસ્વી એવા કે જેમને અજ્ઞાનરૂપી તમનો સ્પર્શમાત્ર નથી એવા તમોને હે પ્રભો ! નમસ્કાર હો. વળી માયા અને માયાથી પર જે પુરુષ તે બન્નેએ ચિંતન કરવા યોગ્ય પણ દર્શન કરવા યોગ્ય નહિ એવી છે મૂર્તિ જેમની એવા તમોને નમસ્કાર હો. વળી ભૂતપ્રાણીમાત્રના નિયમન વિધિમાં અંતર્યામીપણે રહેલા એવા તમોને નમસ્કાર હો. હે પરમ પુરુષ ! અનંત કલ્યાણકારી ગુણોવાળા હે પ્રભો ! તમોને અમારા વારંવાર નમસ્કાર હો. (૧) હે ભગવન્ ! અહીં જેવું તમારા એક રૂંવાડાનું તેજ છે તેવું જો તમો બીજાં રૂવાડાંનું તેજ પ્રગટ કરો તો પરમ પુરુષો થકી પણ તે તેજ કંઈપણ જોઈ શકાય નહિ તો પછી અહીંયાં તે પુરુષના અંશ જે બ્રહ્માદિ તેના અંશ જે મરિચ્યાદિ તથા ઉત્પન્ન થયેલા ત્રિગુણાત્મિકા મતિવાળા દેવો તો તમોને નિશ્ચય કરવા કેવી રીતે સમર્થ થાય ? ન જ થાય. (૨) અને અમો તો આ દૃશ્યમાન તેજોરૂપ સમુદ્રમાં ડૂબતા બ્રહ્માંડમાં પડેલા આ સ્થળે કંઈ દૂર કે નજીક જોતા નથી. પોતાનું કે પારકું જોતા નથી, પોતાના દેહ કે ગૃહને જોતા નથી, તો પછી તે બધાથી બીજું ભુવન કે લોકને

ક્યાંથી જોઈ શકીએ ? દૃષ્ટિપથમાં આવેલું અતિ ઘાટું આ એક પરમ તેજ જોવામાં આવે છે. (૩) હે શ્રીહરે ! અમો તો આ સન્મુખ દેખાતું તમારું મોટું તેજ જોવા સમર્થ નથી. બન્ને આંખોને બીડી દેવા છતાં પણ નેત્રોની અંદર પણ ખૂબ ઘાટું તેજ જ જોઈએ છીએ. અમો મોહ પામી ગયેલા દેવતાઓ માટે તમો જ એક શરણ છો. (૪) અને હે વિભો ! તમારા સંબંધી આ પરમ તેજથી ભ્રાંત મનવાળા થકા અમો સ્તુતિ કરવા માટે અમો તમોને જાણી શકતા નથી તેથી હે વિશાળ દયાળુ પ્રભો ! કૃપા કરી તમો સકળ તેજનો ઉપસંહાર કરી પોતાની મૂર્તિનું તમો અમોને દર્શન કરાવો. (૫)

**ધર્મદેવ બોલ્યા :**

હે સનકમુને ! આ પ્રકારે અમોએ સ્તુતિ કરેલા તે શ્રીહરિ દર્શન કરવા યોગ્ય બની ગયા. અતિશય તેજમાં પણ ભક્તહિતકારી પ્રભુએ આપેલી દૃષ્ટિ વડે પોતે ચાર મૂર્તિ સ્વરૂપે દર્શન કરવા યોગ્ય થયા. (૬) ઈશ્વરમૂર્તિ શ્રીહરિ અગાઉ વર્ણવેલ પોતાના તેજનો પોતાના સ્વરૂપમાં ખેંચી લેતા થકા ઈન્દ્રાદેવગણો, બ્રહ્મા, દેવાંગનાઓ, મુનિજનો અને મારા(ધર્મ)થી પણ સુખપૂર્વક દર્શન થઈ શકે તેવા થયા. (૭) વરાહકલ્પના સ્વયંભુ નામના પ્રથમ મનુના પ્રથમ યુગમાં દેવતાઓના માપથી પ્રભવ નામના સંવત્સરમાં, ઉત્તરાયણમાં ચૈત્રમાસ અને વસંતઋતુમાં શુક્લ પક્ષમાં એકાદશી તિથિએ બ્રાહ્મમુહૂર્ત સમયે રવિવારે પુષ્યનક્ષત્રમાં, ધ્રુવસિદ્ધિયોગમાં તે નારાયણ ભગવાન ચાર મૂર્તિસ્વરૂપે પ્રગટ થયા. (૮-૯) ભગવાનના પ્રાદુર્ભાવ સમયે સત્પુરુષોનાં મન પ્રસન્ન થઈ ગયાં, સર્વ દિશાઓ પ્રફુલ્લિત થઈ ગઈ, વિકસિત કમળોવાળાં નદી અને સરોવરો નિર્મળ જળવાળાં થઈ ગયાં. (૧૦) તે સમયે ધરતી સર્વત્ર મંગલકારી થઈ ગઈ તથા આકાશ પ્રસન્ન નક્ષત્રોવાળું થઈ ગયું, સુખદાયક સ્પર્શવાળા વાયુઓ વાવા લાગ્યા, કુંડોમાં રહેલા અગ્નિઓ સ્વયં પ્રજ્વલિત થઈને ધુમાડા રહિત થઈ ગયા. (૧૧) સ્વર્ગમાં આપમેળે વાજિંત્રો વાગવા લાગ્યાં. દેવતાઓ નંદનવનનાં પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ગંધર્વસમૂહો ગાન કરવા લાગ્યા. તેમજ અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. (૧૨) આ પ્રકારે વાજિંત્રોના મહાઘોષો સાંભળીને બ્રહ્માંડમાં રહેલા સર્વજનો આશ્ચર્યચકિત થઈ ગયા. ધર્મના ઘેર શ્રીહરિ નારાયણનો પ્રાદુર્ભાવ થયાનું સાંભળીને અત્યંત આનંદ પામી ગયા. (૧૩) ત્યારપછી શ્રી નારાયણના દર્શન વડે અત્યાધિક હર્ષને પામેલા અને પ્રભુની સન્મુખ રહેલા બ્રહ્માદિ દેવોએ અને મેં આદરપૂર્વક તે ચારે ઈશ્વરમૂર્તિ સ્વરૂપોનાં દર્શન કર્યાં. (૧૪) ચારે બાજુ નવ પલ્લવોની તુલ્ય આંગળીઓની પંક્તિઓ વડે શોભાયમાન સુંદર સ્નિગ્ધ કોમળ મનોહર ચરણકમળવાળા અને થોડી ઊપડતી સારી ગોળ ઘૂંટી, સુંદર જંઘાઓ, સુંદર જાનુ તથા કરભ સમાન બન્ને સાથળો તેમની અતિશય શોભાવાળા, શોભાયમાન વિશાળ કટિતટ ભાગો ઉપર મુંજમય મેખલાઓ વડે બાંધેલાં વલ્કલવસ્ત્રોને પૂર્ણપણે ધારણ કરી રહેલા એવા તે ચતુર્મૂર્તિ શ્રીહરિ હતા. (૧૫-૧૬) ઊંડી ગોળ ગંભીર સુશોભિત નાભિ વડે શોભાયમાન એવું પીપળાના પાન જેવું ઉદર, તેમાં પડતી ત્રિવળીનાં ચિહ્નોવાળા તથા દાંતોની શ્વેત પંક્તિઓમાં જોડાયેલી અધરોષ્ઠોની લાલિમાની શોભાવાળા તથા શ્રીવત્સ નામના ચિહ્ન વડે શોભિત વિશાળ ઊપડતી છાતીવાળા,

ગોઠણ પર્યંત લાંબા દૃઢ મજબૂત દંડ સમાન બાહુઓવાળા તથા ઊપડતી લાલ અને નિર્મળ તેજવાળી હાથની હથેલીઓની શોભાવાળા, લાંબી કોમળ આંગળીઓ વડે સુશોભિત, લાલકમળ સમાન દીપ સમાન અને સ્વભાવતઃ કઠિન અને ઉત્તમ એવા હસ્તકમળના જોડલાવાળા, સુંદર સુશોભિત હડપચીની કાંતિ યુક્ત શંખ સમાન કંઠવાળા, જેનો અગ્ર ભાગ નમ્ર છે એવી અને ઊંચી તથા તલના પુષ્પ સમાન નાસિકાવાળા તથા સૂક્ષ્મ શ્વેત કાંતિવાળા એકસરખા દાંતોની પંક્તિવાળું અને પૂર્ણિમાના ચંદ્રસમાન મંદહાસ્યયુક્ત મુખકમળવાળા તથા લાલ વર્ણવાળો છે અંતિમ ભાગ જેનો એવાં રમણીય અને નવું શરદઋતુ સંબંધી લાલ કમળના પત્રો સમાન લાંબાં વિશાળ નેત્રો વડે જોઈ રહેલા તથા ઊંચું ઊપડતું વિશાળ ઉત્તમ લાંબા લલાટની શોભાવાળા, તેમ જ શોભાયમાન એવો કપોળ અને વાંકી ભ્રૂકુટિ તે બન્નેની શોભાવાળા એવા તે શ્રીહરિ હતા. (૧૭-૨૦) હાસ વડે શોભાયમાન કોમળ ગંડસ્થળો અને સમાન કર્ણોવાળા તથા સુંદર સ્નિગ્ધ સૂક્ષ્મ અને વાંકડિયા કાળા મંજુલ કેશોવાળા તથા શોભાવિશિષ્ટ જે લલાટ, કંઠપ્રદેશ અને બે ભુજાઓ ઉપર શોભાયમાન છિદ્રે સહિત દંડ સમાન શ્વેત કોમળ ઊર્ધ્વપુંડ્ર તિલકોવાળા તેમજ ઊંચા ખભાઓ ઉપર મૃગચર્મ ધારેલા, કંઠમાં શોભાયમાન બ્રહ્મસૂત્ર તેમજ કમળબીજો વડે બનાવેલી માળાઓવાળા તથા શ્રીવત્સ, ચક્ર, વજ્ર, મત્સ્ય અને ધનુષ્ય વગેરે મુખ્ય ચિહ્નોવાળા હસ્તકમળોમાં કમંડલો અને દંડોને ધારી રહેલા; તેમજ સ્વસ્તિક, અષ્ટકોણ, જવ, જાંબુફળ, ઊર્ધ્વરેખા, વજ્ર, કમળ, ધ્વજ, અંકુશ આ બધાં ચિહ્નો લક્ષિત છે જમણાં ચરણો જેમના; તેમજ મત્સ્યાકાર રેખાચિહ્ન, અર્ધચંદ્રાકાર રેખાચિહ્ન, ગોપદ, દિવ્ય ધનુષ્ય, આકાશ, ત્રિકોણ, કળશ આ બધાં ચિહ્નો વડે અંકિત છે જેમના ડાબા ચરણો એવા; ધીર ગંભીર કોમળ મનોહર વાણીવાળા, તેમજ સૂર્યસમાન કાંતિ વડે પ્રકાશિત છે સમગ્ર અવયવો જેમનાં એવા તથા બન્ને હાથ જોડી રહેલા દેવતાઓને નીરખી રહેલા તથા સંપૂર્ણ મનોહર બ્રહ્મચારીવેશને ધારી રહેલા તથા સર્વેશ્વર હોવાથી સ્વતંત્ર એવા તે ચતુમૂર્તિ શ્રીહરિ હતા. (૨૧-૨૪) આ પ્રકારે કૃપા વડે પ્રગટ કરેલી છે મનોહર મૂર્તિઓ જેમણે એવા તે ચાર સ્વરૂપે ઈશ્વરોને જોઈને સર્વ અત્યંત પ્રસન્ન થઈ, નમસ્કાર કરી, બન્ને હાથ જોડી, ખભાઓને નમાવી, સન્મુખ ઊભા રહીને સ્વામી એવા ધર્મપુત્રોની સ્તુતિ કરવા લાગ્યા. (૨૫)

**દેવતાઓ બોલ્યા :**

હે પ્રભો ! માયાથી વ્યાપ્ત એવા જીવાત્માઓએ અનહદ દુઃખથી પામવા યોગ્ય એવું અનંત બ્રહ્માંડોમાં વસનારા પોતાના ભક્તજનોને જે બોધકરણ તે વડે તે ભક્તોનું જ અનાદિ કાળથી વ્યાપ્ત અજ્ઞાન તેને હટાવવા માટે તમો દયાથી આર્દ્ર થઈને ધર્મદેવના મંદિરે પ્રગટ થયેલા છો તે ભગવાન તમોને અમો નમસ્કાર કરીએ છીએ. (૨૬) પોતે એક અદ્વિતીય હોવા છતાં પણ આ લોકમાં દુર્જન સમૂહોથી સત્પુરુષો અને ભાગવત ધર્મનું રક્ષણ કરવા ચાર સ્વરૂપે થયા છો. પાપસમૂહોનો નાશ કરવામાં પટુ છે સ્મરણ કરેલું નામ જેમનું એવા આ શ્રીહરિ સત્ત્વ-રજ-તમ વગેરે ગુણોના સંગથી અમારું સદા રક્ષણ કરો. (૨૭)

**ધર્મદેવ બોલ્યા :**

હે સનકમુને ! આ પ્રમાણે દેવતાઓ સ્તુતિ કરતા હતા તે જ સમયે ચાર લોકાધિપતિઓ, પોતાનું સર્વજ્ઞપણું હોવાથી પોતે જ તે સ્થળે, શ્રી પુરુષોત્તમનો આવિર્ભાવ જાણીને, આવ્યા. (૨૮) તે ચારેયમાં પ્રથમ વાસુદેવ, બીજા સંકર્ષણ, ત્રીજા પ્રદ્યુમ્ન નામે કહેલા છે અને ચોથા આ લોકમાં અનિરુદ્ધ કહેલા છે. (૨૯) એકી સાથે આકાશમાં ઉદય પામેલા હજારો સૂર્યો સમાન કાંતિવાળા વાસુદેવાદિ ચારેય જગદીશ્વરો ધર્મસદનમાં પ્રગટેલા ચતુર્મૂર્તિ ઈશ્વરોને નમસ્કાર કરી અન્ય દેવતાઓની જેમ જ ઊભા રહ્યા. અન્ય સર્વે તો આવેલા વાસુદેવાદિ અધીશ્વરોને જોઈને અહો ! આ પણ આમની ઉપાસના કરે છે એવું આશ્ચર્ય પામી ગયા. (૩૦) હે મુને ! ત્યારપછી બ્રહ્માજીએ મનથી ચિંતવન કરી મારા (ધર્મદેવ) અંગથી પ્રગટેલા જગતના પ્રભુઓના આવિર્ભાવ અનુસારે નામો પાડ્યાં અને તે નામો મને કહ્યાં. (૩૧) પોતે કરેલ પ્રાચીન કર્માનુસારે સંસૃતિને પામતા જનસમૂહોની ગતિ કહેતાં મુક્તિ જે હેતુ માટે આમના થકી જ થશે, માટે કલ્યાણમૂર્તિ ઉદાર આ ભગવાન નારાયણ નામથી પ્રસિદ્ધ થશે. નાર અર્થાત્ નરસમૂહ તેનો અયન અર્થાત્ ગતિ એટલે કે મોક્ષ જેના થકી થાય તે નારાયણ કહેવાય. (૩૨) વળી જે હેતુ માટે ભરતખંડવાસી જનોના કલ્યાણ માટે તપ કરવા નર સાથે બદરિકાશ્રમમાં જશે તે હેતુથી પણ નારાયણ નામે થશે.. બીજા શબ્દોમાં કહીએ તો નર સંગાથે બદરિકાશ્રમમાં તપ કરવા માટે જેનું ગમન છે તે નારાયણ કહેવાય. (૩૩) વળી જે હેતુ માટે કલ્પના અંતે નર કહેતાં પુરુષના અંગથી માયાવિહાર દ્વારા ઉત્પત્તિ છે જેમની એવા જળસમૂહમાં શેષનારાયણના શરીર ઉપરથી સ્વેચ્છાએ અંગીકાર કરેલ છે યોગનિદ્રા જેમણે એવા થકા શયન કરશે તે કારણથી પણ નારાયણ નામે થશે. નારા કહેતાં જળ છે અયન કહેતાં આશ્રય જેમનો તે નારાયણ કહેવાય. (૩૪) જે હેતુ માટે વિશ્વના નિયામક એવા કાલ માયા વગેરેના નેતા આ જ પ્રભુ છે, ત્રિલોકીમાં આમનો નિયામક બીજો કોઈ નથી તેથી આ બીજા નર નામના થશે. (૩૫) વળી પુરુષપણામાં દૂષણ આપનાર જે કંઈ સ્તન-કેશ આદિ સ્ત્રી સંબંધી ચિહ્ન હોય તે આપને નથી આથી મનુષ્યોના આ નાયક નર એવા નામથી પ્રખ્યાત થશે. (૩૬) વળી પૃથુ જીષ્ણુ વગેરે રૂપો વડે રાજાઓને સદ્ધર્મ માર્ગમાં તેમના સુખને માટે પોતાની શક્તિ વડે પમાડવાથી આ લોકમાં નર સંજ્ઞાને પામશે. (૩૭) હવે આ ત્રીજા ઈશ્વર સર્વ દેવતાઓના કલેશને હરનારા હોવાથી હરિ નામે પ્રખ્યાત થશે. વળી પોતાના આશ્રિતજનોનાં પાપો હરવાથી પણ હરિ નામે થશે. (૩૮) આ ચોથા ઈશ્વર જે તે સંભ્રામિત કર્યા છે સમગ્ર દેવો અને અસુરો જેમણે એવા તે બ્રહ્માંડ અંતર્વર્તી ભૂમદેવ અને તે ભૂમ નામક દેવના તેજને પોતાના સ્વરૂપમાં આકર્ષણ કરનાર હોવાથી કૃષ્ણ નામવાળા થશે. (૩૯)

**ધર્મદેવ બોલ્યા :**

હે સનક મુને ! આ પ્રમાણે હર્ષિત થયેલા બ્રહ્માજીએ ચારે ઈશ્વરોનાં નામોને કહ્યા ત્યારપછી દેવો અને બ્રાહ્મણોની પ્રસન્નતા માટે સર્વ દેવો સહિત તેમનું મહાપૂજન કરવા તત્પર થયા અને હું પણ મહાપૂજન કરવા તત્પર થયો. (૪૦) ત્યારબાદ દેવો વગેરે જનો બ્રહ્માની આજ્ઞાથી હર્ષપૂર્વક

કછોટા ભીડીને મહોત્સવ કરવા માટેના મહામંડપનો વિસ્તાર કરતા હતા તેટલામાં તો તે સ્થળે એક આશ્ચર્ય થયું. (૪૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગર માહાત્મ્યમાં ભગવત્પ્રાદુર્ભાવતન્નાકરણનિરૂપણ નામનો એકત્રીશમો અધ્યાય થયો. ॥૩૧॥

●

## અધ્યાય-૩૨

**ધર્મદેવ બોલ્યા :**

હે સનકમુને ! તે સ્થળે ભગવાન શ્રીહરિની ઇચ્છાથી અચાનક જ અગણિત સૂર્ય સમાન કાંતિવાળો તથા વૈડૂર્ય, વજ્ર, રૂચક, પ્રવર, ઈન્દ્રિકાંત છે મુખ્ય જેમાં એવા ઉત્તમ મણિસમૂહોથી ચારેબાજુ બાંધેલી ભૂમિકા જેની એવો ઉત્તમ મંડપ પ્રગટ થયો. (૧) વળી ભ્રમિત કર્યા છે દેવો જેણે એવા કૃત્રિમ હંસના જોડલા વડે શોભાયમાન છે ઉપરનો ભાગ જેનો, તથા નિર્મળ કાંતિવાળો, વિચિત્ર મણિઓના મધ્યમાં રહેલાં રત્નો વડે રમણીય અને હારબંધ અગણિત સુવર્ણમય સ્તંભો વડે આનંદકારી છે મધ્યભાગ જેનો એવો તે મંડપ હતો. (૨) ઉત્તેજિત ઉજ્જ્વળ મહામણિઓ તથા ઉત્તમ હીરાઓ વડે સુંદર જેમ દેખાય તેમ જડેલા તથા રમણીય ઈન્દ્રનીલ મણિઓ અને મનોહર ઉત્તમ સ્ફટિક મણિઓ વડે જડેલા, તેમ જ પદ્મરાગો વડે સુંદર જડેલા તથા વિશાળ એવા મધ્યભાગમાં સ્થાપન કરેલા સુવર્ણમય સિંહાસન વડે દેદીપ્યમાન એવો તથા સભા મધ્યે હારબંધ રહેલાં દર્પણોની કાંતિ વડે શોભાયમાન, સુવર્ણમય દીવાલો અને ફેલાતાં કિરણોવાળા તથા દિવ્ય એવા સ્વમંતક, હરિત, કૌસ્તુભ, મરકત આદિ મણિઓ વડે તથા અભિનવ વેદિકાઓ વડે અત્યંત સુંદર તે મંડપ દેખાતો હતો. (૩-૪) ઉત્તમ રત્નમય તોરણો તથા સુંદર મોતીમાળાની હારો વડે શોભાયમાન, સેંકડો ઉલેચો તેના ઉપર લગાવેલાં ચિત્રો વડે આશ્ચર્ય કરનારો, પૂર્વ દ્વારમાં તોરણમાં લગાવેલા બીજા આસોપાલવ અને આંબા વગેરેના નવાંકુરો આદિ વડે મંગળમય શોભા ધારણ કરેલા, સોપારીનાં વૃક્ષો સહિત નાના પ્રકારનાં કેળોનાં વૃક્ષો વડે તથા પુષ્પો અને ચોખાઓ વડે પૂજેલા અને જળ ભરેલા સુવર્ણકુંભો વડે તથા કસ્તૂરી અને સુરભિ ચંદન યુક્ત જળોના સેચનો વડે તેમજ ચિત્રવિચિત્ર ધજાઓ વડે તથા આંગણાંઓમાં કરેલા મંગળકારી હળદર આદિ દ્રવ્યોનાં ચિહ્નો વડે તે મંડપ સુંદર દેખાતો હતો. (૫-૬) ઉદયને પ્રાપ્ત થતાં અને સુંગધવાળાં સુવર્ણકમળોના સમૂહથી યુક્ત એવા તથા કિનારે રહેલાં અનેક વૃક્ષોની હારોથી શોભાયમાન એવાં તેમજ હંસ, સારસ, કારંડવ આદિ પક્ષીઓ વડે સેવન કરાતાં છે જળ જેમનાં તથા સમીપે જ રહેલાં એવાં સરોવરો વડે તે મંડપ સર્વને સુખ કરનારો હતો. (૭) તે દિવ્ય મંડપની બહાર દેવ વિભૂતિઓ કરતાં પણ અતિ ઉત્તમ વિભૂતિવાળી એવી અત્યંત વિસ્તૃત દેવમુનિઓને ભોજન યોગ્ય ભોજનશાળાઓ રહેલી છે તે ભોજનશાળાઓમાં સ્વર્ગપતિને પણ અત્યંત દુર્લભ એવી લાડુ વગેરે ભોજનસામગ્રી તત્કાળ તૈયાર થઈ જતી હતી. (૮) તે શાળાઓમાં ઘીની હજારો નદીઓ તથા દૂધદહીંની પણ હજારો નદીઓ વહેતી હતી. તેમ જ ગોળની તથા ઉત્તમ છાશની પણ હજારો નદીઓ વહેતી હતી.

(૯) વળી તે મંડપમાં અમૃતથી ભરેલા સેંકડો કળશો હતા અને સફેદ સાકરના સેંકડો પર્વતો હતા તથા ઘઉંના લોટના દશ હજાર ઢગલાઓ હતા તથા ઉત્તમ અડદનાં વડાંના સેંકડો સમૂહો હતા. (૧૦) ગોળ મિશ્રિત શેકેલી ડાંગરની ધાણીના સેંકડો સમૂહો હતા. તેમજ પેંડા અને બરફીના સેંકડો પર્વતો હતા. તથા ઉત્તમ તંદુલોના હજારો પર્વતો હતા અને મગદળ વગેરેનાં સેંકડો પર્વતો હતા. (૧૧) તથા માલપૂઆ, માંડા અને જલેબીના સેંકડો પર્વતો હતા. તેમજ સુંવાળીઓ, કોમલ ઘૂઘરા અને ઉત્તમ સુતરફેણીના હજારો પર્વતો હતા. (૧૨) તે મંડપમાં શ્રી નારાયણ ભગવાનની ઈચ્છાથી વિવિધ પ્રકારનાં એલચી, બદામ, કિસમિસ આદિ દ્રવ્યો વડે મનોહર દેખાતા અને ખૂબ ઘી-સાકરથી ઉજ્જ્વલ દેખાતા લાડુઓ તથા ગોળ-ઘી મિશ્રિત મોદકોના સેંકડો પર્વતો ત્યાં થઈ ગયા. (૧૩) તેમાં રસાલાઓ (દહીં, મધ, સાકર, મરી, આદુ, ઘી અને સૂંઠ વડે બનાવેલ ચાટણ)થી ભરેલી સેંકડો નદીઓ હતી તથા મઠ્ઠો વગેરેની પણ સેંકડો નદીઓ હતી. ઉત્તમ કેસર ઘી અને સારી સાકર અને ઈલાયચી આદિ વડે મિશ્રિત કેસરિયા બીરંજ ભાતના પણ હજારો સમૂહો હતા. (૧૪) તેમજ સર્વોત્તમ દૂધપાકોની હજારો નદીઓ તથા પાપડોના સેંકડો પર્વતો હતા તથા ઘીથી વઘારેલાં ઉત્તમ શાકોના અગણિત વિશાળ સમૂહો હતા. (૧૫) વળી તેમાં પૂર્ણચંદ્રના બિંબ સમાન આકૃતિવાળી ગોળાકાર પૂરીઓના સેંકડો પર્વતો હતા. તેમજ ઘીની પકાવેલ મૃદુપોલિકા કહેતાં જલેબી વગેરે પકવાન્નોના હજારો પર્વતો હતા. (૧૬) વળી તેમાં નાગરવેલનાં પાનબીડાના સેંકડો પર્વતો હતા તેમજ તે સ્થાનમાં રહેલા સોનું, ઉત્તમ રત્નો અને મણિસમૂહોની વગેરે પણ ગણતરી કરવા માટે કોઈ શક્તિમાન થઈ શકે તેમ ન હતું. (૧૭) તે સ્થાનમાં જેને જેને જે જે પ્રિય હતું તે તે સર્વે પર્વતતુલ્ય થતું હતું તેમાં કોઈપણ વસ્તુને આ આટલી જ છે એમ માપ કરવા કોઈ શક્તિમાન થતું ન હતું કેમકે બધી જ વસ્તુઓ અપાર જ હતી. (૧૮) ત્યારબાદ દેવો તો તે મંડપ અને આકસ્મિક વૈભવને જોઈને અત્યંત આશ્ચર્ય પામી ગયા. તેમણે સૌએ નક્કી કર્યું કે આ બધો શ્રીહરિ નારાયણનો જ પ્રતાપ છે, અન્ય કોઈનો નહિ. (૧૯)

**ધર્મદેવ બોલ્યા** : હે મુને ! ત્યારબાદ પ્રભુના પૂજનાર્થે બ્રહ્મા, શિવ, વગેરે અમો સૌ સપ્તર્ષિઓ સહિત વિવિધ પ્રકારના ઉપહારોને ગ્રહણ કરી ભગવાનના સમીપે ગયા (૨૦) તેટલામાં તે મંડપની મધ્યમાં રહેલા, રત્નેન્દ્ર વડે ઉજ્જ્વલ અને દિવ્ય સુવર્ણમય શોભાયુક્ત સિંહાસન ઉપર પ્રથમ આવિર્ભૂત સ્વરૂપ શ્રી નારાયણને અમે દીઠા. (૨૧) પછી કોટિ ચંદ્રોની ક્રાંતિ સમાન પ્રસરતાં કિરણોવાળા અને ઉત્તમ રત્નજડિત દંડવાળા શ્વેત છત્રને હાથમાં ધારણ કરી શ્રી નારાયણની પાછળ ઊભેલા તથા હસતા એવા નરભગવાનને દીઠા. (૨૨) ઉત્તમ ચામરો હાથમાં ધારણ કરેલા તથા પોતાના હસ્તોનું એકસાથે સંચાલન વડે જંગમપણાને જ જેમ અમે ઉત્તમ રત્નોજડિત દંડોની કાંતિને નારાયણને અર્પણ કરતા એવા નારાયણની બાજુમાં ઊભેલા હસતા એવા હરિ અને કૃષ્ણને દીઠા. (૨૩) ત્યારપછી સિંહાસનના અગ્નિ, નૈર્ઋત્ય, વાયવ્ય અને ઈશાન એ ચારે ખૂણામાં હાથમાં ધારણ કરેલા છે મોટા પંખા જેમણે એવા પ્રદ્યુમ્ન, સંકર્ષણ, વાસુદેવ અને અનિરુદ્ધ નામના દેવોને દીઠા. (૨૪)

**ધર્મદેવ બોલ્યા :** હે સનક મુને ! ત્યારબાદ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણે દેવો પ્રસન્નતાપૂર્વક નારાયણ ભગવાનને નમસ્કાર કરી તે ભગવાનની આજ્ઞા વડે તેમની આગળ બેસી ગયા અને મને પણ નમસ્કાર કરી પછી નારાયણ ભગવાનના પૂજનનો પ્રારંભ કર્યો. (૨૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગર માહાત્મ્યમાં નારાયણ આવિર્ભાવમાં મહાસંભારપ્રદર્શન નિરૂપણ નામનો બત્રીશમો અધ્યાય થયો. ॥૩૨॥

●

## અધ્યાય-૩૩

**ધર્મદેવ બોલ્યા :**

હે સનક મુને ! શ્રીહરિનારાયણના જન્મ સમયે જેમણે વાજિંત્રોનો ઘોષ સાંભળેલ છે એવા જનો અત્યંત હર્ષને પામેલા, હૃદયમાં બિરાજમાન નારાયણ પ્રભુની પ્રેરણાથી, તે પૂજોત્સવ સમયે ધર્મદેવના સદને આવવા લાગ્યા. (૧) પૂજાદિ ઉપહારોના ભારાને ખભા ઉપર ઊંચકીને સુરો, અસુરો, માનવો, સર્પો વગેરે અનેક જનો, જલદી જલદી પહોંચવાની ઉતાવળને લીધે પરસ્પર એકબીજાને અંગો ઘસતા થકા દશે દિશાઓમાંથી આવતા હતા. (૨) અતિ ત્વરાથી ત્યાગ કરેલ છે વિમાનરૂપ વાહનો જેમણે તથા મોટા મોટા નિતંબો અને સ્તનોના વજનની નિંદા કરતી થકી, અને પ્રથમવાર છે પગો વડે કરી ગમન જેમનું એવી દેવાંગનાઓના સમૂહો આવી રહ્યા હતા. (૩) ઉતાવળે ચાલવાથી ચલાયમાન છે ઊંચાં સ્તનો જેમનાં એવી તે દેવાંગનાઓના ચલાયમાન કટિબંધમાં રહેલી ઘૂઘરીઓ તથા સ્ખલાયમાન મોટા હંસકો અને પગનાં ઝાંઝરો વડે તેમના માર્ગમાં ચિત્રવિચિત્ર અવાજ-શબ્દો આવતા હતા. (૪) સર્પોની સ્ત્રીઓ ઉત્સવને સાંભળી ત્વરિત ગતિથી ચાલવા માટે માર્ગમાં સર્પના દેહવાળી, પછી મંડપ સમીપે ધારણ કરેલ છે દિવ્ય રૂપ જેમણે અને હાથમાં ધારણ કરેલા રત્નવાળી થઈને ઉત્સવમાં આવી પહોંચી. (૫) વળી ધર્મદેવને ત્યાં ઘણાં ઘણાં દાનો સહિત મિષ્ટાન્ન ભોજન હોવાનું સાંભળીને બ્રાહ્મણો પુત્રકલત્રાદિને પૂછયા વગર જ 'સ્વસ્તિ જય' એવા શબ્દોને ઉચ્ચારતા થકા તે ઉત્સવમાં ત્વરાપૂર્વક આવવા લાગ્યા. (૬) વળી કેવળ વલ્કલવસ્ત્રવાળા ઋષિજનો હાથમાં ધારણ કરેલા તુંબડાઓને હલાવતા થકા ઉતાવળે આવતા હતા. તેમજ તપોધન એવા વનવાસીજનો શ્રી નારાયણના દર્શનમાં ઉત્સાહવાળા થઈને ઉઘાડા પગે ઉતાવળે આવતા હતા. (૭) ઉપવાસાદિ તપ વડે દૂબળા પડી ગયેલા, વલ્કલવસ્ત્રો પહેરેલા અને ઉત્તમ દ્ઢ બ્રહ્મચર્યવાળાં તાપસી સ્ત્રીઓનાં સમૂહો પણ શ્રીહરિના દર્શનાર્થે ઉતાવળે આવવા લાગ્યા. (૮) ઊંચા ઊભા કરીને ધારણ કરેલા ત્રિદંડોવાળા, તપથી દૂબળા શરીરવાળા, ઊર્ધ્વપુંડ્ર તિલક ધારી રહેલા, અલ્પ વસ્ત્રોવાળા, તથા નારાયણ નારાયણ એવો જપ કરતા એવા સંન્યાસીજનો પણ તે ઉત્સવ ઉપર આવતા હતા. (૯) જે કલ્પદ્રુમ, મંદાર, પારિજાત આદિ વૃક્ષો હતાં તે તથા સુમેરુ, હિમાચલ, ગંધમાદન વગેરે પર્વતો તથા ગંગા-યમુના વગેરે નદીઓ તથા સુરભિ, કામધેનુ વગેરે ગાયો; આ બધાં મૂર્તિમાન થઈને તે ઉત્સવ ઉપર ઝડપથી આવતાં હતાં. (૧૦) ત્યાં આવેલા દેવો અને માનવોના સમૂહો વડે તે મંડપ પણ સાંકડો પડ્યો નહિ પરંતુ સકળ પ્રજાઓને

પખતાણપૂર્વક યથોચિત નિવાસને યોગ્ય થયો. (૧૧) ઉતાવળે વેગપૂર્વક આવનારા તે સર્વે મંડપમાં પ્રવેશી, શ્રી નારાયણપ્રભુનું દર્શન કરી, રોમાંચિત અંગવાળા થઈને શ્રીહરિને નમસ્કાર કરીને પોતપોતાને યોગ્ય જગ્યાએ બેસી ગયા. (૧૨) દેવતાઓ દેવતાઓમાં, નરો નરોમાં, વૃદ્ધો વૃદ્ધોમાં, બાળકો બાળકોમાં, સ્ત્રીઓ સ્ત્રીઓમાં, સંન્યાસીજનો સંન્યાસીઓમાં અને વાનપ્રસ્થો વાનપ્રસ્થોની સાથે રહીને બેસી ગયા. (૧૩) ઉંમરમાં મોટાઓ વિદ્યાવાન જનોની પાછળ અને વિદ્યાવાન જનો જ્ઞાનવૃદ્ધોની પાછળ બેસતા હતા. તે સૌ ચપળતા રહિત થઈને શ્રી નારાયણ ભગવાનનું દર્શન કરી રહ્યા હતા. (૧૪) જેમ તારાગણોને ચંદ્રમાં સર્વદા સન્મુખ જ વર્તે છે તેમ તે મંડપમાં આવેલા અને સિંહાસનની ચોતરફ રહેલા જનોના સન્મુખ ભગવાન હતા. (૧૫) તે સમયે ઉત્સવમાં વાજિંત્રો વગાડનારાઓ વાજિંત્રો તૈયાર કરતા હતા. વીણાવાદકો વીણાઓ તૈયાર કરતા હતા. મૃદંગ વાદક મૃદંગો મેળવતા હતા અને તંત્રીવાદકો તાર તૈયાર કરતા હતા. (૧૬) અને સ્વર્ગની અપ્સરાઓ નૃત્ય કરવા ભાતભાતનાં સુંદર આભૂષણો, બહુમૂલ્ય નવીન વસ્ત્રો તથા ઝાંઝર-ઘૂઘરા વગેરે પગનાં આભૂષણો પહેરીને તૈયાર થઈ ગઈ. (૧૭) તથા ત્યાં ઝાંઝ, પખવાજ, મંજીરા અને મૃદંગ વગેરેને વગાડનારાઓ પૂરી તૈયારીઓ કરીને પોતપોતાની વિદ્યા સફળ કરવા મારા (ધર્મદેવના) આગમનની રાહ જોવા લાગ્યા. (૧૮) ત્યારબાદ શ્રીહરિના પૂજન માટે વરુણદેવ ઉતાવળે જળ લાવ્યા, વાયુદેવ સુગંધીમાન કોમળ ચંદન લાવ્યા તથા દેવાધિદેવ ઈન્દ્ર અનેક પુષ્પો લાવ્યા. (૧૯) તથા ધનપતિ કુબેર સૂક્ષ્મ વસ્ત્રો, શેષનારાયણ બહુવિધ આભૂષણો, રત્નાકર સમુદ્ર રત્નોનાં આભૂષણો તથા સૂર્યદેવ ઘીવાળા દીપો તથા મણિઓ લાવ્યા. (૨૦) દક્ષ વગેરે પ્રજાપતિઓ ભોજનપાત્રો, દેવીઓ અનેકવિધ ભોજન યોગ્ય પકવાનો, કામધેનુ ઘી, દૂધ, દહીં, અને વૃક્ષો સ્વાદિષ્ટ ઈષ્ટફળો લાવ્યા. (૨૧) ઋષિજનો તુલસીદળની માળાઓ, પર્વત સુંદર આસનો લાવ્યા અને બીજા પણ પૂજાને યોગ્ય પત્ર, પુષ્પ, ફળ વગેરે લાવ્યા. (૨૨) આ પ્રકારે પૂજાની સમગ્ર સામગ્રી સંપાદન થયે સતે પરસ્પર પૂજન અને મંત્રચિંતન જેટલામાં અમો કરીએ તેટલામાં અમારી સન્મુખ થયેલા ભગવાન વાસુદેવ અમને કહેવા લાગ્યા. (૨૩)

**વાસુદેવ બોલ્યા :**

હે દેવો ! આપણા સર્વના એક આ નારાયણ જ સ્વામી છે માટે ભક્તજનોએ સુખને માટે તે નારાયણ ભગવાનનો અષ્ટાક્ષર મૂળમંત્ર સર્વદા જપવો જોઈએ. (૨૪) અને પૂજાની ઉપહાર સામગ્રી અર્પણ કરવાનો અન્ય મંત્ર હું કહું છું તે મંત્ર વડે પૂજન કરવું જોઈએ. હે દેવો ! સકામ અને નિષ્કામ જનોએ પણ જે મંત્ર સદા જપ કરવાથી ઈચ્છિત ફળને આપે છે. (૨૫) હે દેવો ! 'ૐ' કાર જેના આદિમાં છે, 'નર'છે આદિમાં જેને એવો 'નારાયણ' શબ્દ હોય, અંતમાં 'કૃષ્ણ' શબ્દ હોય, તે શબ્દના આદિમાં 'હરિ' પદ હોય અને તેનાથી પર 'માં' એવો શબ્દ છે અને તેના પછી 'પાહિ' શબ્દ હોય અને તે પછી 'નમઃ' શબ્દ હોય. આ બધાનું સંયોજન થતાં 'ॐ नारायण हरिकृष्ण । मां पाहि ते नमः' એવો મંત્ર જાણવો અને પૂજનકાર્યમાં તે જ મંત્ર જપ કરવો. (૨૬) આ સત્તર વર્ણોવાળો મંત્ર દ્વિજાતિ (ત્રણ વર્ણો) જનોએ જપવો અને શૂદ્ર વગેરેએ આદિવર્ણ જે ૐ તેને છોડીને

જપવો જોઈએ. આ મંત્રના એક એક વર્ણનું સંપૂર્ણ માહાત્મ્ય જણાવવા કોઈ સમર્થ નથી. (૨૭) પ્રારંભમાં અષ્ટાક્ષર મંત્ર વડે ષડંગ ન્યાસ કરીને પછી આ સત્તર અક્ષરવાળા મંત્ર વડે સત્તર તત્ત્વોમાં ન્યાસ કરવો. આ પ્રમાણે ન્યાસ કરવાથી તત્ત્વમાં રહેલ મલિનતા નાશ પામી જાય છે. (૨૮) આ મંત્ર વડે નારાયણરૂપ સ્વામીનુ પૂજન કરો. તે કેવા તો પોતાના ઈષ્ટદેવ તથા જીવાત્માઓના અંતર્યામી તથા નર હરિ કૃષ્ણ વગેરે પરિવાર સહિત એવા નારાયણનું વેદોક્ત નાનાવિધ ઉપચારો વડે પૂજન કરો. (૨૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગર માહાત્મ્યમાં ભગવત્પૂજોપક્રમનિરૂપણ નામનો તેત્રીશમો અધ્યાય થયો. ॥૩૩॥

●

## અધ્યાય-૩૪

**ધર્મ દેવ બોલ્યા :**

હે સનકમુને ! આ પ્રકારનો મંત્ર સાંભળી પૂર્ણ મનોરથવાળા થયેલા અમો, સારી રીતે રહેલા ઈશ્વરનું ધ્યાન કરી, સપ્તર્ષિઓના મુખથી નીકળેલા તેજમંત્ર વડે શ્રી નારાયણનું પૂજન કરવા લાગ્યા. (૧) તેમાં વિષ્ણુએ શ્રી નારાયણનાં ચરણકમળોને સુંદર સુવર્ણપાત્રમાં પધરાવ્યા. શિવજીએ ઝીણી ધારાવાળી ગળતી ધારણ કરી. બ્રહ્માજી ચરણ પ્રક્ષાલન કરવા લાગ્યા અને ત્યાં હું ધર્મ, પંચામૃત વગેરે આપવા લાગ્યો. (૨) દૂધ, દહીં, ઘી, મધ, સાકર અને સુંગધયુક્ત જળ વડે સ્નાન કરાવી દેવતાઓ દ્વારા વેદોદિત પુરુષસૂક્ત વગેરે વડે અભિષેક કરાતો હતો. (૩) તે સમયે તો બ્રાહ્મણો દેવોની સાથે વેદઘોષ કરતા હતા. ત્યારપછી દેવોએ વસ્ત્ર વડે શ્રીહરિના ચરણોનું સંમાર્જન કરી શ્રી નારાયણને સુંદર વસ્ત્રો અર્પણ કર્યાં. (૪) તે સમયે નારાયણ પ્રભુએ દેવોની પ્રીતિ માટે પીતાંબર આદિ વસ્ત્રો ધારણ કર્યા પછી ઈન્દ્ર, વરુણ, કુબેર વગેરેએ અવકાશ જોઈ વસ્ત્રો અર્પણ કર્યાં તેને શ્રી નારાયણે ધારણ કર્યાં. (૫) વિષ્ણુ ભગવાને ઊઠીને બહુ પ્રકાશવાળો અને રત્નજડિત સુંદર મુગટ શ્રી નારાયણના મસ્તકે ધારણ કર્યો. તે સમયે ખૂબ ઘાટો એવો જય જય શબ્દ થયો. (૬) ત્યારપછી સમીપે રહેલા શિવજીએ દેવગણોએ અર્પણ કરેલાં કડાં વગેરે હાથના અલંકારો તથા ઉત્તમ કુંડલો, સુંદર વીંટીઓ તે પ્રભુને ધારણ કરાવ્યા અને ભગવાનના બાહુઓ ઉપર બાજુબંધ બાંધ્યા. (૭) શિવજીએ ધારણ કરાવેલા સુવર્ણના આભૂષણોમાં જે કંઈ વિપરીત હતું તે શ્રી વિષ્ણુ બરાબર સરખું કરતા હતા અને નારાયણને સુવર્ણના નૂપુર ધારણ કરાવ્યા. (૮) શ્રીહરિ નારાયણની પાસે આભૂષણો અને વસ્ત્રોના મોટા ઢગલાઓ થઈ ગયા. વિષ્ણુપ્રમુખ સર્વ દેવો નર, હરિ અને કૃષ્ણની પૂજા કરવા લાગ્યા અને તેમની સાથોસાથ વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્નની પણ પૂજા કરી. (૯) વિષ્ણુ વગેરે દેવો પૂર્વોક્ત સત્તર અક્ષરવાળા મંત્ર વડે નર વગેરે ત્રણેય ઈશ્વરનું સમ્યક્ પૂજન કરતા હતા. અને દ્વાદશાક્ષર મંત્ર વડે વાસુદેવાદિ ચારેય દેવોનું પૂજન કરતા હતા. (૧૦) બ્રહ્માજી શ્રી નારાયણને શુભ ચંદન વડે અંગરાગ તથા ધીરે રહીને તિલક કરતા હતા તેટલામાં ઈન્દ્ર ઊંચા કરેલા હાથમાં રહેલા પાત્રમાં નંદનવનના પુષ્પસમૂહને જોઈ અતિ

હર્ષપૂર્વક તે પુષ્પસમૂહ આપતા હતા. (૧૧) બ્રહ્માજી મંદાર, કુંદ, મોગરો, ચંપો, મલ્લિકા, પુષ્પ, કેતક અને પાટલપુષ્પ, માલિતી અને કરણપુષ્પો વગેરે ઉત્તમ પુષ્પો તથા બંધુજીવ સહિત જુઈ પુષ્પો જોતા હતા તથા કુરંટ, જાતિ, આમ્ર અને કદંબપુષ્પો, ઉત્તમ કર્ણિકારો, બકુલ પુષ્પો અને નાગકેસર સહિત પુન્નાગ પુષ્પો વગેરે વિવિધ પ્રકારનાં પુષ્પો બ્રહ્મા જોતા હતા. (૧૨-૧૩) વળી બ્રહ્માજી ઉત્તમ શ્વેત કમળો, લાલ કમળો, સૌગંધિક કલ્હારકમળો (સંધ્યા સમયે વિકસતાં શ્વેતકમળ) તથા મહોત્પલો અને નીલકમલો તેમજ કુમુદપુષ્પો તથા ગુલાબનાં ફૂલોને જોતા હતા. (૧૪) પછીથી તેઓ મંદાર આદિ પુષ્પોની મનોહર વિવિધ પ્રકારની માળાઓ ગ્રહણ કરી શ્રીહરિના કંઠમાં પહેરાવતા હતા. વિષ્ણુ ઉત્તમ તોરાઓની હારો કરતા હતા. (૧૫) આ પ્રમાણે દેવવર્ય વિષ્ણુ વગેરેએ ચંદન-પુષ્પ-હાર વગેરે વડે નર વગેરેની પૂજા કરી. ત્યાર પછી તે જ સમયે સભામાં ઉપસ્થિત સર્વ પુરુષો પત્ર-પુષ્પ-ફળ વગેરે વડે શ્રીહરિનું પૂજન કરતા હતા. (૧૬) તે સમયે ત્યાં જનસમૂહ એટલો એકત્રિત થયો હતો તેથી સૌ એકબીજા સાથે ઘસાતા હતા-ટૂંકમાં હૈયેહૈયું દબાતું હતું. પ્રભુએ જનોએ અર્પણ કરેલ પત્ર પુષ્પ ફળ વગેરે ગ્રહણ કરી સર્વને સંતોષ પમાડ્યા. (૧૭) પછી દેવતાઓએ દશાંગધૂપ તથા દીપ કર્યા પછી જેટલામાં પકવાન્નનું નૈવેદ્ય સમીપે લાવે છે તેટલામાં સ્વયં શ્રીહરિ કહેવા લાગ્યા : (૧૮)

**શ્રીહરિ બોલ્યા :**

"હે દેવો ! આ ભોજન સમય નથી કેમકે રાત્રિ ઘટિકા માત્ર વીતી ગઈ છે. સ્નાન, જપ, હોમ અને ધ્યાન કરવા માટે આ સમય અત્યંત યોગ્ય છે. ગૌણ સમયમાં પણ સ્નાન સંધ્યાદિ કર્મ કરવું જોઈએ. (૧૯) આ સમયે જે જનો શયન કરે છે, ઘાસ-પાન વગેરે તોડે છે, અન્ન ભક્ષણ કરે છે કે ગ્રામ્ય કથાઓને કહે છે તે મૂઢ જનો ઘોર નરકોને પામે છે. (૨૦) આથી સૌ પ્રથમ સ્નાનાદિ ષટ્ કર્મ કરો. પછી આપણે સૌ ભોજન કરીશું. અત્યારે હું પણ સુરગંગામાં સ્નાન કરવા જાઉં છું. તમો સર્વે સત્વરે પૂજાની સમાપ્તિ કરો. (૨૧)

**ધર્મદેવ બોલ્યા :**

હે સનકમુને ! આ પ્રમાણે ભગવાને કહેલ વચનને સાંભળીને, પ્રભુજીની સન્મુખ શ્રીફળ વગેરે ફળોને તત્કાળ મૂકીને દેવો આરતી કરવા તત્પર થઈ ગયા અને બ્રહ્માજીએ કપૂરનો દીવો ધારણ કર્યો. (૨૨) તે સમયે મારી આજ્ઞાથી વાદકોનો સંઘ તાત્કાલિક વાજિંત્રો વગાડવા લાગ્યો. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. મધુર કંઠવાળા ગાંધર્વો અચરજ પમાડે તેવું ગાન કરવા લાગ્યા. (૨૩) અને અન્ય સૌ જનો 'હે નાથ ! જય જય' એમ બોલતા થકા તાળીઓ વગાડવા લાગ્યા. તે સમયે કરતાલ વગેરે વાદ્યોથી ઉત્પન્ન થયેલા શબ્દ વડે કરીને આકાશ પોતાના શબ્દગુણવાળું યથાર્થ થઈ ગયું. 'વથ્થ ખઁઢષ્ઢિભૃ ઙ્ઞંષ્ઢિંવભૃ' એ આકાશનું લક્ષણ સાર્થક થઈ ગયું. (૨૪) પ્રથમ બ્રહ્માજી, પછી વિષ્ણુ, પછી શિવજી અને ત્યારપછી અન્ય મુખ્ય દેવો 'હે ધર્મનંદન શ્રી નારાયણ પ્રભો ! તમો જય પામો' એમ ઉચ્ચ સ્વરે બોલતા થકા ચંદ્રમંડળ તુલ્ય ગોળાકાર આરતી ઉતારવા લાગ્યા. (૨૫)

**ધર્મદેવ બોલ્યા :**

હે બ્રહ્મનંદન સનક મુને ! ઉપર કહ્યા મુજબ દેવતાઓ આરતી ઉતારી પુષ્પાંજલિ અર્પવા માટે હાથમાં પુષ્પો ધારણ કરેલા તે સર્વે ઊભા રહેતા હતા. (૨૬) વાજિંત્રોના શબ્દોની સમાપ્તિની રાહ જોઈને ઊભેલા તે સર્વે કોણ હતા તે કહે છે. વાસુદેવ વગેરે ચાર, આનંદથી ભરપૂર એવો હું ધર્મ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, એકાદશ રુદ્રો, આઠ વસુઓ, બે અશ્વિનીકુમારો, મૂર્તિમાન પૃથ્વી આદિ તત્ત્વો, સૂર્ય, ચંદ્ર, આહવનીય અગ્નિ. ઈન્દ્ર, યમ, વરુણ વગેરે દિગ્પાળો, મરુદગણો, અગ્નિશ્વાતા વગેરે પિતૃઓ, સપ્તર્ષિઓ, નારદ સનકાદિકો, અપાંતરત્તમ, વોઢુ, ઋભુ તથા હંસ અને આરુણિ તેમજ મરીચિ અને કપિલ, દ્વિત, ત્રિત, જરત્કારુ આદિ મુનિજનો તથા અન્ય હજારો મુનિજનો સમીપે ઊભેલા હતા. (૨૭-૩૦) તે સમયે સર્વ વાજિંત્ર વગાડનારાઓ તો ભગવાનની પ્રસન્નતાની કામનાવાળા થઈને પોતપોતાનું ભિન્ન ભિન્ન ચાતુર્ય દર્શાવતા હતા. (૩૧) તેમનું વાજિંત્રવાદનનું ચાતુર્ય જાણીને દયાનિધિ ભગવાન નારાયણ દૃષ્ટિ વડે વાદકો પ્રત્યે જોઈ રહ્યા હતા તે સમયે તે વાદકો પોતાનું કાર્ય અત્યંત હસ્તલાઘવ શ્રી નારાયણ ભગવાનને દેખાડવા લાગ્યા. (૩૨) તે સમયે ગાયકો કંઠ પરની નાડીઓ ખૂબ ફૂલી જાય તેટલા ઊંચા સ્વરથી તાલસંધાન સહિત શ્રી નારાયણહરિને સ્વરકૌશલ્ય દેખાડતા હતા. (૩૩) કમરના ભાગને અત્યંત લચકાવવાપૂર્વક અપ્સરાઓ અત્યંત નૃત્ય કરવા લાગી અને ફૂલના દડાઓને ઉછાળવવામાં અને તાળી વગાડવામાં ચાતુર્ય દેખાડવા લાગી. (૩૪) પછી નારાયણપ્રભુએ કર સંજ્ઞા વડે સૌને રોક્યા, પછી પ્રભુજીએ ગાયકોને વસ્ત્રાભૂષણના દાન કરવા માટે કુબેર ભંડારીને આજ્ઞા આપી. (૩૫) તે સર્વ વાદ્યવાદકો પ્રભુ શ્રી નારાયણના દર્શન માત્રથી જ પોતાની ક્રિયાઓની સફળતા માની મૌન રહ્યા થકા પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. (૩૬) ત્યારબાદ અમે સૌએ, બ્રાહ્મણોએ ઊંચા સ્વરે કરેલા વંદમંત્રો વડે, પુષ્પાંજલિ વિધિ કરી પ્રદક્ષિણા કરી. (૩૭) સાષ્ટાંગ નમસ્કાર કરી હાથ જોડી પ્રભુ શ્રી નારાયણની પ્રાર્થના કરી અમોએ પૂજનવિધિની સમાપ્તિ કરી. (૩૮)

**ધર્મદેવ બોલ્યા :**

હે મુને ! અમો બધા નારાયણથી અતિરિક્ત અન્ય કોઈમાં ભાવરહિત થઈને એક શ્રીનારાયણને જ આંખનું મટકું માર્યા વગર પ્રીતિપૂર્વક જોઈ રહ્યા. તે સમયે નારાયણ ભગવાન દિવ્ય વસ્ત્રો, અનેકવિધ આભૂષણો, પુષ્પોના હારતોરાઓ વગેરેથી વિભૂષિત તથા સ્વાશ્રિતોના સ્વામી અને ઉન્નત સિંહાસન ઉપર બિરાજમાન હતા. (૩૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગર માહાત્મ્યમાં શ્રીનારાયણમહાપૂજાનિરૂપણ નામનો ચોત્રીશમો અધ્યાય થયો. ॥૩૪॥

●

## અધ્યાય-૩૫

**ધર્મદેવ બોલ્યા :**

હે સનક મુને ! સર્વ દેવોના પૂજન પછી તે નારાયણ ભગવાનનું પૂજન કરવાની ઉત્કંઠાવાળી લક્ષ્મી વગેરે દેવીઓ શ્રીહરિના સમીપમાં રહેલી હતી. તે દેવીઓમાં લક્ષ્મી, સરસ્વતી, દુર્ગા, સાવિત્રી, ઇન્દ્રાણીશચી, કામપત્ની રતિ, અગ્નિપત્ની સ્વાહા, પિતૃપત્ની સ્વધા, પ્રભા, સંજ્ઞા (સૂર્યપત્ની) અને બીજી પણ હજારો દેવીઓ હાથ જોડીને પૂજન માટે શ્રીનારાયણની અનુજ્ઞા માગતી હતી. (૧-૨) પૂજા માટે ઉત્સુક એવી લક્ષ્મી આદિ દેવીઓને જોઈ શ્રી નારાયણપ્રભુ તે દેવીઓને કહેવા લાગ્યા : કલ્પપર્યંત મેં બ્રહ્મચર્યવ્રત ધારણ કરેલું છે. (૩) શ્રવણ, કીર્તન કેલિ આદિ આઠ પ્રકારે સ્ત્રીઓના સંગનો ત્યાગ કરીને પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરવી તેને બ્રહ્મચર્ય કહેવાય છે, તે વ્રત મેં ધારણ કરેલું છે. (૪) અપ્રીતિથી પણ સ્ત્રીવાર્તા શ્રવણ વગેરે સાત પૈકી એકાદ દોષ થાય તોપણ બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય છે એ નિશ્ચય વાત છે. (૫) હે દેવો ! તે બ્રહ્મચર્યવ્રતના ભંગરૂપ દોષ કૃચ્છ્રવ્રતથી જ નાશ પામે, અન્ય કોઈપણ પ્રકારથી નાશ પામે નહિ અને મેં તો ધર્મસ્થાપનને માટે જ આ વ્રતનો આશ્રય કરેલો છે. (૬) જો હું પોતે બ્રહ્મચર્યવ્રતનું આચરણ ન કરું તો સદ્ધર્મનો આશ્રય કરી રહેલા અલ્પ વૈરાગ્યવાળા જીવો ભ્રષ્ટ થાય તેમાં લગીરે શંકા નથી. (૭) આમ થતાં હું જ તેમને નરકપ્રાપ્તિમાં કારણભૂત થાઉં. આથી બ્રહ્મચર્યવ્રતનો ભંગ કરનારો સ્ત્રીસ્પર્શ મારે ન જ કરવો જોઈએ. (૮) બ્રાહ્મણાદિ વર્ણો અને બ્રહ્મચર્યાદિ આશ્રમોને માટે યથાયોગ્ય બ્રહ્મચર્ય જ ચિંતામણિ સમાન ઇચ્છિત ફળને આપનારું જાણવું. (૯) વાસુદેવ માહાત્મ્યમાં કહેલું છે કે બ્રહ્મચર્ય રહિત એવો ગુરુ શિષ્યને ઉપદેશ કરે તે ઉપદેશ વડે શિષ્યને અજ્ઞાનનો નાશ કરનારું જ્ઞાન થાય જ નહિ. (૧૦) તે ગુરુ અને શિષ્ય બંને મરણ પછી યમદૂતોને આધીન થઈ રૌરવ કુંભીપાક નરકોમાં જ તે દૂતો દ્વારા નિશ્ચય પકાવાય છે. (૧૧) પરમ કલ્યાણરૂપ મહાફળને આપનાર યોગ(સમાધિરૂપ)નું આઠ પ્રકારે સ્ત્રીસંગના ત્યાગરૂપ બ્રહ્મચર્ય જ કારણ છે. હવે ફલરહિત એવા તે યોગને સંક્ષેપથી હું તમોને કહું છું. (૧૨) સદ્-અસદ્ વિવેકબુદ્ધિવાળો પુરુષ પ્રથમ આઠ પ્રકારે સ્ત્રીસંગ તથા સ્ત્રૈણ પુરુષના સંગનો ત્યાગ કરી પ્રથમ ધ્યાન ઇત્યાદિ લક્ષણવાળા અષ્ટાંગયોગના બાર સહાયકોને સુપેરે સંપાદન કરે. (૧૩) તે બાર સહાયકો પૈકી પ્રથમ સહાયક તો રાજા ચોર અસુર દુર્જન વગેરેએ કરેલા ઉપદ્રવે રહિત પવિત્ર એવો દેશ કહેલો છે તથા યોગ્ય જ આહારવિહાર સ્વપ્ન અવબોધ વગેરેનું કરવું તે બીજો સહાયક કહેલો છે. (૧૪) પોતાને અનુવર્તી, પોતાના હૃદગત અભિપ્રાયને જાણનારો એવો જે ઉત્તમ શિષ્ય તે ત્રીજો સહાયક જાણવો. અને યોગસાધનને ઉપયોગી ભક્ષ્યાદિ પદાર્થનો સંગ્રહ-રક્ષણ તે ચોથો સહાયક કહેલો છે. (૧૫) સ્વસ્તિકાસન વગેરે આસનક્રિયામાં દક્ષપણું તે પાંચમો સહાયક માનેલો છે. તથા રાગ દ્વેષ મદ મોહ અને મત્સરાદિનો નાશ તે છઠ્ઠો સહાયક જાણવો. અષ્ટાંગયોગનો અથવા સવિકલ્પ-નિર્વિકલ્પરૂપ યોગનો યથાર્થ નિશ્ચય તે સાતમો સહાયક છે. (૧૬) નાસિકાના અગ્રભાગ સામે નેત્રોનું નિત્ય સ્થિરીકરણ તે આઠમો સહાયક જાણવો. સર્વ ઇન્દ્રિયોના આહાર-શુદ્ધિ તે નવમો સહાયક જાણવો

અને કામ ક્રોધ લોભ વગેરેથી રહિતપણારૂપ મનની શુદ્ધિ તે દશમો સહાયક જાણવો. (૧૭) શબ્દાદિ પંચ વિષયો થકી જ્ઞાનેન્દ્રિયોનું પરાવર્તન તે અગિયારમો સહાયક જાણવો અને પ્રાણીઓના જન્મ મૃત્યુ જરા અને દુઃખરૂપ દોષોનું અવલોકન તે છેલ્લો બારમો સહાયક કહેલો છે. (૧૮) આ બાર સહાયકથી યુક્ત સાધક પુરુષ મન વડે દશ ઇન્દ્રિયોને વશ કરે અને વિવેકબુદ્ધિ વડે મનને કાબૂમાં રાખે. (૧૯) પછી જીવસ્વરૂપ જ્ઞાન વડે બુદ્ધિને સ્વાધીન કરે. જે યોગી આ પ્રકારનો થાય તે સર્વ જાતનાં પ્રાચીન પાપો થકી મુક્ત થઈ જાય છે. (૨૦) વેદને જાણનારો હોય કે મૂર્ખ હોય, વિધિપૂર્વક યજ્ઞ કરનારો હોય કે પાપી હોય પણ પૂર્વોક્ત યોગ વડે કરીને જન્મ-મૃત્યુરૂપી દુર્ગને ઉલ્લંઘન કરે તેમાં અન્ય કોઈ ઉપાય નથી. (૨૧) આ યોગનો જિજ્ઞાસુ પુરુષ યોગભ્રષ્ટ પુરુષની પેઠે બીજા જન્મમાં ફરીને યોગને પ્રાપ્ત કરીને જ મુક્ત થાય છે. (અક્ષરધામને પામે છે.) (૨૨)

**નારાયણ ભગવાન બોલ્યા :**

હે સુરો ! આશ્ચર્યની પ્રાપ્તિ માટે બહુવિધ ધારણાઓ છે તે પૈકી યોગીજનોને સમીપે પ્રાપ્ત કરવા યોગ્ય એવી સાત જ ધારણાઓ હું તમોને કહું છું. (૨૩) જીતેલ છે ઇન્દ્રિયો અને પ્રાણ જેણે એવો યોગી પુરુષ આત્મામાં દેહાદિરૂપથી સ્થૂલ ભાવનાનો ત્યાગ કરી - બ્રહ્મસ્વરૂપમાં જ વિરાટરૂપની સ્થૂલ ભાવનાને કરે. (૨૪) પૃથ્વીત્વપણાથી કલ્પિત એવા પાદથી જાનુ પર્યંત દેશમાં મનને ધારણ કરે. મન સ્થિર થયેથી તે પૃથ્વી સ્થાન લય પામી જાય છે. (૨૫) હિમના ધૂમમાત્ર તે ભૂસ્થાન ભાસે છે, અન્ય કશું ભાસતું નથી. આ પ્રમાણે ધારણા જાણનાર યોગીનો આ ભૂમિવિજય કહેવાય છે. (૨૬) પછી જાનુ છે આદિ જેમાં અને પાયુ છે અંતમાં જેના એવા જળત્વપણે કલ્પેલ જાનુ આદિ પાયુપર્યંત દેશમાં મનને ધારણ કરતો સતો તે જળસ્થાને પ્રલય કાળના સમુદ્રની પેઠે જળને જુએ છે. (૨૭) જ્યારે જળને જ જુએ છે ત્યારે પૃથ્વીને જોતો નથી ત્યારે આ યોગીને જળનો જય સિદ્ધ થયો જાણવો અને ભૂમિનો સંહાર કહેતાં લય જ જાણવો. (૨૮) આ જ પ્રમાણે અન્ય સ્થળે પણ જય અને સંહાર કહેતાં લયનું લક્ષણ જાણવું. જે સ્થાનમાં સ્થિતિ થાય તેનો જય જાણવો અને જે સ્થાનનો ત્યાગ તેનો લય થાય છે. (૨૯) પછી આકાશમાં રહેલા જળનો ત્યાગ કરી પાયુ છે આદિ જેમાં અને હૃદય છે અવધિ જેનો એવા લાલ તેજોમય અગ્નિસ્થાનમાં અર્થાત્ અગ્નિપણે કલ્પિત પાયુથી હૃદય પર્યંત દેશમાં મનની ધારણા કરે. (૩૦) તેજનો જય થયા પછી તે યોગવિદ્ વાયુસ્થાનપણે કલ્પિત હૃદય પ્રદેશમાં હૃદય મધ્યમાં ચિત્તને ધારણ કરે. ત્યાંથી પછી પીતવર્ણવાળા ભ્રૂકુટિ મધ્યાંત ભાગમાં ચિત્તને ધારણ કરે. (૩૧) પછી બુદ્ધિમાન યોગી ઉર્ણા તંતુ સમાન સૂક્ષ્મ સ્વરૂપવાળા તે પ્રસિદ્ધ સ્થાનનો ત્યાગ કરી ભ્રૂકુટિના મધ્યથી આરંભીને મસ્તક પર્યંત આકાશ સ્થાનપણે કલ્પિત ભ્રૂમધ્યને આરંભી મૂર્ધા પર્યંત દેશનો આશ્રય કરે. (૩૨) પછી સ્વચ્છ અને સૂક્ષ્મ આકાશમાં નિશ્ચળ ચિત્તને ધારણ કરે. આકાશનો જય સિદ્ધ થયા પછી યોગીપુરુષ 'હું ભૂતાત્મા અહંકાર છું' એવી ધારણા કરે. અહંકારનો જય થયા પછી બુદ્ધિમાં મનને સ્થિર કરે. (૩૩-૩૪) બુદ્ધિમાં રહેલા મનને ભૂતોના અહંકરણના આત્મભૂત એવા મહત્તત્ત્વમાં યોગીપુરુષે ધારણ કરવું. તેથી બુદ્ધિનો જય થાય, અન્યથા ન થાય. (૩૫) આ ભૂસ્થાન આદિ સાતેય ધારણાઓનાં ફળો હું

તમોને કહું છું. ભૂમિજય સિદ્ધ થવાથી તે યોગી બ્રહ્માની પેઠે પોતાના અંગોમાંથી પ્રજાજનોની સૃષ્ટિ કરી શકે છે. (૩૬) જળનો જય સિદ્ધ થવાથી તે પુરુષને કોઈપણ પુરુષો સૂર્યચંદ્રાદિના પ્રકાશથી પણ જોઈ શકતા નથી. (૩૭) વાયુનો જય સિદ્ધ થવાથી યોગી પુરુષ સ્વેચ્છા વડે પગના અંગૂઠાની ઠોકર મારવા માત્રથી આવરણો સહિત સંપૂર્ણ પૃથ્વીને પણ ચલાયમાન કરી શકે છે. (૩૮) અને આકાશ ઉપર વિજય મેળવવાથી યોગી પુરુષ સર્વવ્યાપીપણું અને નિર્લેપપણું વગેરે આકાશરૂપતાને પામે છે તથા સ્વેચ્છાપૂર્વક અંતર્ધાન શક્તિને પ્રાપ્ત કરે છે. (૩૯) આ પાંચ ધારણાઓનું ફળ કહ્યું છે તે યોગ એક અહંકારના જય વડે તે પાંચેય ધારણાઓના ફળને પામે છે. (૪૦) બુદ્ધિનો જય મેળવવાથી સર્વજ્ઞપણાને પામે છે. હે દેવો ! આ પ્રકારે મેં સાત વિભૂતિ કહેતાં ઐશ્વર્યો અને તેમનાં ફળો પણ સંક્ષેપપૂર્વક તમોને કહ્યાં. (૪૧) યોગનાં ઐશ્વર્યોને પ્રાપ્ત કરી બ્રહ્મચર્યરૂપ દૃઢ વ્રતવાળો યોગીપુરુષ 'આ ઐશ્વર્યો તુચ્છ છે' એમ માનીને તે ઐશ્વર્યોમાં આસક્ત થાય નહિ. (૪૨) તે ઐશ્વર્યોમાં આસક્તિવાળા યોગીજનોને કાળનું આધીનપણું છે એવું આ યોગી, બ્રહ્મચર્યના પ્રતાપથી સારી રીતે જાણે છે. (૪૩) આ રીતના પ્રકારવાળો અને સૂર્યસમાન તેજસ્વી તેમજ બ્રહ્મસુખથી નિરંતર સંતુષ્ટ એવો તે યોગી સૃષ્ટિના આરંભકાળે જન્મને પામતો નથી અને પ્રલયકાળે મૃત્યુને પામતો નથી, કેમકે તે સ્વતંત્ર અર્થાત્ સ્વાધીન છે. (૪૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગર- માહાત્મ્યમાં બ્રહ્મચર્યહેતુકયોગનિરૂપણ નામનો પાંત્રીશમો અધ્યાય થયો. ॥૩૫॥

●

## અધ્યાય-૩૬

**નારાયણભગવાન બોલ્યા :**

હે દેવો ! આ કારણથી બ્રહ્મચર્ય અમૂલ્ય રત્ન છે. આથી અપાર સુખકારી એવા તે બ્રહ્મચર્યનું સર્વજનોએ સર્વ ઉપાયો વડે રક્ષણ કરવું જોઈએ. (૧) બ્રહ્મચર્યના રક્ષણના હજારો ઉપાયો પૈકી બાહ્યેન્દ્રિયોના નિગ્રહરૂપી દમ સર્વથી અધિકપણે વર્તે છે, માટે બ્રહ્મચર્યની રક્ષા કાજે દમનો આશ્રય કરવો જોઈએ (૨) આંખ, કાન વગેરે ઈન્દ્રિય વર્ગો સાથે શબ્દાદિ પંચ વિષયોમાં જનારા પ્રસિદ્ધ મનને નિયમમાં કરવા માટે એક દમ જ સમર્થ છે; અન્ય કોઈ ઉપાય જ નથી. (૩) બાહ્યેન્દ્રિયોને વશમાં કર્યા વગર અશ્વમેધાદિ યજ્ઞો કર્યા હોય કે બાહ્યેન્દ્રિયોને વશમાં કર્યા વગર તપ, દાન ઈત્યાદિ યથાવિધિ કર્યાં હોય તો પણ ફલસિદ્ધિને આપતાં નથી. (૪) દમનો આશ્રય કરેલા પુરુષનું જ બ્રહ્મતેજ વૃદ્ધિ પામે છે, બ્રહ્મહત્યાદિ પાપો નષ્ટ થઈ જાય છે, કાળભય નિવૃત્તિ પામી જાય છે. (૫) દાંત (સંયમી) પુરુષ જ સુખપૂર્વક સુએ છે અને સુખપૂર્વક જાગે છે, સુખપૂર્વક લોકમાં ચારેબાજુ ગમન કરે છે અને સદા આનંદને પામે છે એવું મોક્ષ ધર્મમાં કહ્યું છે. (૬) આથી તો જેમ રાક્ષસોથી જેમ એમ અદાંત (અસંયમી) પુરુષોથી પ્રાણીઓને ભય છે. આથી જ તો મેં અદમિત બાહ્યેન્દ્રિયવાળા પુરુષોની શિક્ષા માટે રાજાઓનું સર્જન કર્યું છે. (૭) દાંત પુરુષોને વર્ણ અને આશ્રમોના ધર્મો ફળ આપનારા છે. આથી તો પવિત્રોને પણ પવિત્ર કરનારો દમ જ સેવવા યોગ્ય છે. (૮) દાંત

(સંયમી) પુરુષને લક્ષણથી જાણવો જોઈએ. હે દેવો ! તે લક્ષણો તમો સાંભળો. અદીનપણું, સંતોષ, શ્રદ્ધા (ગુરુ વગેરેના વાક્યોમાં વિશ્વાસ), અહંકારનો ત્યાગ, અવક્રતા (સરળતા), નિર્માનીપણું, કામ ક્રોધ રહિતપણું, અન્યના ગુણોમાં દોષ અનાવિષ્કરણરૂપ અનસૂયા, દયા, ક્ષાંતિ, અવૈરપણું (ભૂતપ્રાણી ઉપર વેરનો અભાવ), મૃદુપણું, રાજા વગેરેની વાર્તાઓનો ત્યાગ, મિથ્યા લોકકથાનું વર્જન, ગુરુપૂજા, મોક્ષેચ્છા, રસાસ્વાદનો ત્યાગ, સ્તુતિનિંદામાં સમપણું, પ્રસન્નતા, સુશીલપણું, ધૈર્ય, નિર્વિકારીપણું, હર્ષ-શોક-રાગનું વર્જન, અભય, મધુરભાષીપણું તથા સર્વ પ્રાણીઓનું પ્રિયકારીપણું : આ બધાં દમનાં લક્ષણો કહેલાં છે. (૯-૧૨) હે દેવો ! જે પુરુષમાં આ લક્ષણો હોય તે પુરુષ દમયુક્ત જાણવો. મોક્ષધર્મમાં પણ દમનાં આ જ લક્ષણો કહેલાં છે. (૧૩) આથી તો મેં નારાયણે દમ વડે જ બ્રહ્મચર્ય સુરક્ષિત રાખેલું છે. આવું જાણીને લક્ષ્મી વગેરે દેવીઓએ નર આદિ દેવોની પૂજા કરવી જોઈએ. (૧૪)

**ધર્મ બોલ્યા :**

હે મુને ! આ પ્રકારે જ્યારે નારાયણ ભગવાને કહ્યું ત્યારે અહિંસા નામની પત્નીએ સહિત હું જાણે મૂર્છા પામી ગયો હોઉં તેમ જડવત્ પૃથ્વી ઉપર પડી ગયો. (૧૫) એકાદ ક્ષણ પછી ચેતના પ્રાપ્ત કરીને અમો બંને તે નારાયણ પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યાં. હે નારાયણ ! હે દયાસિંધો ! હે સર્વને આનંદદાતા પ્રભો ! તમો અમોને આનંદ પમાડવા પ્રાદુર્ભાવ થયેલા છો તો પછી તમોએ સર્વભાવથી નૈષ્ઠિકવ્રત કેમ ધારેલું છે ? (૧૬-૧૭) હાલમાં તમો અમારો ત્યાગ કરીને જવાના મનવાળા હોય ને શું એવા જણાઓ છો. આમ, અમોને છોડીને જવું યોગ્ય નથી. શરણાગત એવા અમારું તમો રક્ષણ કરો. (૧૮) નૈષ્ઠિક બ્રહ્મચર્યથી આપને શું પ્રયોજન છે ? - કશું જ પ્રયોજન નથી. જન્મથી આરંભીને અત્યારથી તમે સર્વ પ્રકારે ત્યાગ કેમ યોગ્ય માનેલો છે ? (૧૯) પરમહંસોમાં અને નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં હું લગીરે ભેદ જોતો નથી. જે હેતુ માટે તમો ત્યાગી થવાની ઈચ્છા કરો છો. (૨૦) આટલા સારું અમારા સંતોષ વિના અત્યારે જ અમારો ત્યાગ કરવો તમોને યોગ્ય નથી. દેવ મનુષ્ય અને પિતૃઋણનું નિવારણ કરવાનું વેદમાં કહેલું છે. (૨૧) બ્રાહ્મણાદિ વર્ણો અને બ્રહ્મચર્યાદિ આશ્રમોનું પોષણ કરતો હોવાથી ગૃહસ્થાશ્રમ સર્વ આશ્રમો કરતાં શ્રેષ્ઠ છે. આથી તે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવા તમો કેમ યોગ્ય છો ? (૨૨) જે પુરુષ અનુક્રમથી ચાર આશ્રમોનો આશ્રય કરે છે તે પુરુષ સુખપૂર્વક સિદ્ધિને પામે છે, અન્યથા ક્રમનું ઉલ્લંઘન કરીને આચરણ કરતો થકો અવશ્ય કષ્ટને પામે છે. (૨૩) આ પ્રમાણે પ્રેમપૂર્વક સારી રીતે પ્રાર્થના કરાયેલા ભગવાન નારાયણ મેઘ સમાન ગંભીર વાણીથી ત્યાગીજનોને પ્રોત્સાહિત કરતા થકા મને (ધર્મદેવને) કહેવા લાગ્યા. (૨૪)

**ભગવાન નારાયણ બોલ્યા :**

હે ધર્મતાત ! અને હે અહિંસામાત ! તમો એકાગ્ર મનથી સાંભળો. હું વેદસમંત નિશ્ચિત, ન્યાય્ય અને ધર્મથી યુક્ત વચન કહું છું. (૨૫) ત્યાગાશ્રમ અને ગૃહસ્થાશ્રમ આ બંને વેદોમાં યથાર્થપણે વર્ણવેલા છે અહીંયાં બંને આશ્રમોમાં અધિકાર ભેદથી તમો વ્યવસ્થા જાણો. (૨૬) જે પુરુષને

વિષયોમાં ત્યાગ અને વિજ્ઞાનરૂપી જ્ઞાન નથી જ તે પુરુષને ત્યાગનો અધિકાર નહિ હોવાથી ગૃહસ્થાશ્રમ કરવો યોગ્ય છે. (૨૭) જે પુરુષે ત્યાગ વૈરાગ્યથી થયેલું સામર્થ્ય પ્રાપ્ત કર્યું નથી તે પુરુષને દુર્બળપણું હોવાથી ત્યાગનો નિષેધ કરેલો છે એમાં જરાપણ સંશય નથી. (૨૮) જે નરાધમ પુરુષ વિષયોમાં પ્રીતિના અભાવરૂપ વૈરાગ વિના ત્યાગ કરે છે તે પુરુષ તો પતીત જ થાય છે અને તે ત્યાગથી થનારા સુખને પામતો નથી. (૨૯) સૌ પ્રથમ શબ્દાદિ વિષયોનો ત્યાગ કરીને પણ જો ફરી તે વિષયોનું સેવન કરે છે, વમન થઈ ગયેલું અન્ન ભક્ષણ કરવાના સ્વભાવવાળા તે પુરુષને ત્યાગજન્ય સુખ ક્યાંથી પ્રાપ્ત થાય ? ન જ થાય. (૩૦) આથી તો વેદ ગૃહસ્થાશ્રમની પ્રશંસા કરીને ત્યાગનો નિષેધ કરે છે. અવિરક્ત એવા ગૃહસ્થ પુરુષને દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ - આ ઋણત્રયનું નિવારણ હિતકારી થાય છે. (૩૧) જે પુરુષને અનિવર્ત્ય વૈરાગ્ય અને યથાર્થ જ્ઞાન છે તે પુરુષને ત્યાગ જ શ્રેષ્ઠ કહેલો છે અને એવા ત્યાગ વડે જ તે તત્કાળ સિદ્ધ થાય છે. (૩૨) વૈરાગ્યની ઉત્પત્તિ સમયે પુરુષ ત્રણેય પ્રકારના ઋણથી મુક્ત થાય છે અને તે વૈરાગ્યના ઉદય સમયે જ તે પુરુષ ત્યાગનો અધિકારી થાય છે. (૩૩) હે તાત ! આમ, મારે દૃઢ વૈરાગ્ય હોવાથી મને ગૃહસ્થાશ્રમનો અધિકાર નથી. તમો મારા થકી અનુભવસિદ્ધ વૈરાગ્યનું કારણ સાંભળો. હું તમોને કહું છું. (૩૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરમાહાત્મ્યમાં નારાયણ-ધર્મસંવાદમાં ત્યાગાધિકારનિરૂપણ નામનો છત્રીશમો અધ્યાય થયો. ॥૩૬॥

●

## અધ્યાય-૩૭

**શ્રી નારાયણ ભગવાન બોલ્યા :**

હે ધર્મદેવ ! હું તો ગૃહસ્થાશ્રમના સુખને અત્યંત તુચ્છ જોઉં છું તે નિશ્ચિત વાત છે. વિષયસુખની અભિલાષાવાળા સર્વ ગૃહસ્થજનોને કામક્રોધાદિના અગ્નિ વડે દાઝતા અને કાળે નાશ કરેલો છે મનોરથ જેમનો એવાને હું ખૂબ જ દુઃખી જોઉં છું. આથી વિષયોમાં અને ગૃહસ્થાશ્રમમાં હું વૈરાગ્યને પામું છું. (૧-૨) અગ્નિષ્વાત્તાદિક પિતૃલોકમાં પણ જે ભોગો છે તે નાશવાન છે. (હવે નાશવંતપણાનું માપ વર્ણવે છે.) મનુષ્યોના ત્રીશ દિવસો વડે પિતૃસંબંધી એક રાત્રિદિવસ થાય. (૩) એવા ત્રીશ અહોરાત્ર વડે એક માસ થાય અને એવા બાર માસોથી એક વરસ થાય. એવા સો વર્ષને અંતે તો પિતૃલોકના સર્વ ભોગો લોકોએ સહિત નાશ પામી જાય છે. (૪) આ પ્રકારે હું જાણું છું તેથી તો પિતૃલોકમાં મારે વૈરાગ્ય વર્તે છે. સ્વર્ગલોકમાં વસનારાઓના ભોગો છે તે પણ ક્ષય પામવાના સ્વભાવવાળા છે. (૫) મનુષ્યોનું એક વરસ બરાબર ઈન્દ્રાદિ દેવોનું એક અહોરાત્ર થાય છે એવા ત્રીશ અહોરાત્ર વડે એક માસ થાય અને એવા બાર માસનું એક વર્ષ થાય. એવા દેવતાઓના સો વરસને અંતે દેવલોક સંબંધી સર્વ ભોગો અને લોકો કાળના વેગથી નાશ પામે છે આથી તે ભોગો અને લોકોમાં હું વૈરાગ્ય પામેલો છું. (૬-૭) હે પિતા ! વૈરાજ પુરુષના પણ જે ભોગો અને લોકો છે તે પણ સર્વે મેં કાળના કોળિયારૂપે મેં જાણેલા છે, આમાં

લગીરે સંશય નથી. (૮) જે દિવ્યમાપથી યુક્ત બે કરોડ અને ચાલીશ લાખ વરસ થાય ત્યારે વૈરાજ પુરુષનો એક અહોરાત્ર થાય એમ જાણવું. (૯) એવા ત્રીશ અહોરાત્ર વડે એક માસ થાય. એવા બાર માસ વડે એક સંવત્સર થાય. એવા સો વરસોના અંતે તે સર્વ ભોગો અને લોકો કાળવેગથી નાશ પામે છે. આથી તો હું વૈરાજપુરુષના ભોગો અને લોકોમાં વૈરાગ્ય પામેલો છું અને તે વૈરાજ પુરુષને આશ્રિત એવા મોક્ષમાં પણ મારે વૈરાગ્ય વર્તે છે તે નક્કી જાણો. (૧૦-૧૧) અને હે પિતા ! જેટલા સમયે વૈરાજ પુરુષોની ઉત્પત્તિ અને વિનાશ થાય છે તેટલા સમયથી હિરણ્યગર્ભનો એક અહોરાત્ર થાય છે. એવા ત્રીશ અહોરાત્ર વડે એક માસ અને એવા બાર માસ વડે એક વર્ષ થાય છે અને તેવા સો વરસના અંતે હિરણ્યગર્ભને આશ્રિત ભોગો અને લોકો અને મુક્તિઓ સુધ્ધાં કાળે કરીને નાશ પામે છે. આથી તો મને હિરણ્યગર્ભના ભોગો વગેરેમાં વૈરાગ્ય વર્તે છે તે ભોગો કે લોકોમાં મને જરાપણ રુચિ નથી. (૧૨-૧૪) હે મહામતે ! એવી રીતના હિરણ્યગર્ભના એક સો વખત આવિર્ભાવ અને તિરોભાવ (ઉત્પત્તિ અને વિનાશ) થાય છે ત્યારે અવ્યાકૃત પુરુષનો એક અહોરાત્ર થાય છે. એવા ત્રીશ અહોરાત્રોનો એક માસ અને બાર માસનું એક વરસ થાય. (૧૫-૧૬) એવા અવ્યાકૃત પુરુષના સો વર્ષને અંતે તેમને આશ્રિત ભોગો, લોકો અને મુક્તિઓ સર્વે નાશ પામી જાય છે, આથી તે અવ્યાકૃત પુરુષના ભોગાદિમાં મને વૈરાગ્ય વર્તે છે. (૧૭) અહીં દિન આદિના ભેદમાં કાલરૂપ સૂર્ય વડે માનવ-પિતૃ-દેવોના દિવસો સૂર્ય ગતિના સંચાર વિશેષથી અલગ અલગ યથાર્થ વિભાગ કરાય છે. (૧૮) તે જ પ્રકારે બ્રહ્માંડની બહાર પણ વૈરાજ, હિરણ્યગર્ભ અને અવ્યાકૃત વગેરેના દિવસો પણ સૂર્ય વડે પોતાની ગતિના ભેદથી અલગ અલગ વિભાગ કરાય છે. (૧૯) એ પ્રકૃતિથી થનારા ભોગો છે તેને પણ હું તત્ત્વપૂર્વક જાણું છું જે જ્યારે એવા એક સો અવ્યાકૃત આત્માઓનો આવિર્ભાવ તિરોભાવ થાય છે ત્યારે પ્રકૃતિ(માયા)નો એક દિવસ કહેવાય છે. એવા ત્રીશ દિવસે તેમનો એક માસ થાય અને બાર માસ વડે તેમનું એક વરસ થાય. (૨૦-૨૧) એવાં સો વરસને અંતે તે મલિન પ્રકૃતિને આશ્રિત ભોગો, લોકો અને મુક્તિઓ સર્વનો લય થઈ જાય છે, આથી તે ભોગાદિમાં મારે રુચિ વર્તતી નથી. (૨૨) તે મલિન પ્રકૃતિ શુદ્ધ માયા(મૂળ પ્રકૃતિ)માં લીન થાય છે અને તે મૂળ પ્રકૃતિ પુરુષમાં લીન થાય છે. આથી તે સર્વ ભોગોમાં મારે વૈરાગ્ય વર્તે છે. (૨૩) આથી મારો ત્યાગ યોગ્ય જ છે એમ જાણો. નૈષ્ઠિક બ્રહ્મચર્ય વડે જ મારી સ્થિતિ સર્વદા મારા અક્ષરધામમાં પણ છે. (૨૪) વળી આ વ્રત મેં કંઈ હમણાં જ સ્વીકાર્યું નથી. પરંતુ મારું આ વ્રત તો સનાતન છે. હું પુરાતન ઋષિ છું. પણ કંઈ હમણાં થયો નથી. (૨૫) બ્રહ્માંડમાં જન્મ ધારણ કરીને મેં આ નૈષ્ઠિક બ્રહ્મચર્ય દરેક કલ્પમાં ધારણ કરેલું છે અને અત્યારે પણ લોકશિક્ષાર્થે ધારણ કરું છું. (૨૬) વળી મારા સર્વ જન્મોને હું જાણું છું. તે જન્મોને તમો નથી જાણતા. આથી હે તાત ! મને તમે ના પાડો છો અને ફરી મોહ પામો છો. (૨૭) ઋષિ સંબંધી આ દેહ વડે મેં અગાઉ ક્યારેય પણ બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ કર્યો નથી અને અત્યારે પણ તે ત્યાગવા યોગ્ય નથી જ. (૨૮) તે હેતુ માટે આ દૃશ્યમાન જગતને કાળના કોળિયારૂપે જાણી ઉત્તમ બ્રહ્મચર્યવાળો થઈને જે પુરુષ મને ભજે છે તેને જ સર્વોત્તમ અક્ષરધામ પ્રાપ્ત થાય છે. (૨૯)

મોક્ષની ઈચ્છાવાળા પુરુષને બ્રહ્મચર્ય સમાન અન્ય કોઈ સાધન નથી. બ્રહ્મચર્યના આશ્રયથી જ સદા સર્વાનંદની પ્રાપ્તિ થાય છે. (૩૦) તે હેતુ માટે તમો પ્રસન્ન મનવાળા થઈને દ્વિજો તથા દેવોને ભોજન જમાડી લોકોના કલ્યાણ માટે અમોને તપ કરવાની આજ્ઞા આપો. (૩૧)

**ધર્મદેવ બોલ્યા :**

હે સનકમુને ! આ પ્રમાણે ભગવાન શ્રી નારાયણના કહેવાથી અમારો મોહ નષ્ટ થયો અને તે નારાયણ પ્રભુ દેવીઓની પૂજા ગ્રહણ કરવા માટે નર હરિ અને કૃષ્ણને આજ્ઞા આપવા લાગ્યા. (૩૨) હે નર ! હે હરે ! હે કૃષ્ણ ! દેવીઓ તમારું જે પૂજન કરે તે તમો અમારી આજ્ઞાથી ગ્રહણ કરો. (૩૩) આટલું કહે છે તેટલામાં તો નર જે તે નારાયણને કહેવા લાગ્યા. નારાયણનું જે આચરણ છે તે જ નરનું છે, જ્યાં નારાયણ છે ત્યાં નર છે. નર નારાયણ વગર રહી શકતા નથી. આ જોડલું ક્યારેય વિખૂટું પડતું નથી. (૩૪) આ પ્રકારે નરના કહેવાથી જેટલામાં હરિ અને કૃષ્ણ પણ નિષેધ કરવા જાય છે તેટલામાં પ્રભુ નારાયણે ઉદ્‌બોધન કરીને તેમને રોક્યા. (૩૫) ત્યારપછી તે બંને(હરિ અને કૃષ્ણ)એ ભગવાનનું હાર્દ અને પ્રસન્નતા જાણીને તે સમયે દેવીઓ પાસે પોતાનું પૂજન કરાવ્યું. (૩૬) ત્યારે તે દેવીઓએ પણ આ પ્રકારે જ ભગવાનની પ્રીતિ છે એમ જાણીને હરિ અને કૃષ્ણની પરમ ભક્તિપૂર્વક પૂજા કરી. (૩૭) પીતાંબર અને ઉત્તરીય વગેરે વસ્ત્રો વડે, કુંડલો મુદ્રિકાઓ વગેરે આભૂષણો વડે, કસ્તૂરી-કુંકુમ ચંદનાદિ વડે, અનેકવિધ પુષ્પોના હારો વડે હરિ અને કૃષ્ણની પૂજા કરી. (૩૮) ઉદાર ભક્તિભાવવાળી દેવીઓએ હરિ અને કૃષ્ણની પૂજાની માફક વાસુદેવ સંકર્ષણાદિની પણ પૂજા કરી. ઉત્તમ રત્નપાત્રમાં રાખેલ દીપ છે જેમના હાથમાં તેવી તેઓ અતિ પ્રસન્નતાપૂર્વક આરતી ઉતારતી હતી. (૩૯) શુદ્ધ અંતઃકરણવાળી તે દેવીઓ નરાદિ સર્વના મધ્યે નારાયણને જ સારી રીતે જોઈ હર્ષિત અને અનન્ય ભાવવાળી થઈને નારાયણ અને નરાદિને પ્રણામ કરી પછી પૂજાવિધિને સમાપ્ત કરતી હતી. (૪૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગર માહાત્મ્યમાં શ્રીનારાયણધર્મ-સંવાદમાં ત્યાગહેતુવૈરાગ્યદેવ્યર્ચાનિરૂપણ નામનો સાડત્રીશમો અધ્યાય થયો. ॥૩૭॥

●

## અધ્યાય-૩૮

**ધર્મદેવ બોલ્યા :**

હે સનકમુને ! ત્યારપછી ભગવાન નારાયણે તત્કાળ પોતાનાં વસ્ત્રો અને આભૂષણો બ્રાહ્મણોને આપી દીધાં અને પુષ્પમાળાઓ દેવતાઓને આપી દીધી. (૧) ઈન્દ્રને પોતાનો મુગટ આપી દઈને પ્રભુ જેવા પ્રથમ બ્રહ્મચારીવેષવાળા હતા તેવા બની ગયા. તેમજ નર પણ તત્કાળ શ્રીનારાયણની પેઠે જ કરતા હતા. તે સમયે પ્રભુ અતિ પ્રસન્ન થઈ ગયા. (૨) વસ્ત્રાભૂષણ ઈત્યાદિનો ત્યાગ કરવા તત્પર થયેલા હરિ અને કૃષ્ણને જોઈને ભગવાન નારાયણે, તે બંને દ્વારા જ દેવકાર્યો કરાવવાની ઈચ્છાથી તેમને રોક્યા. (૩) ત્યારબાદ જલદી રસોઈ કરાવવા માટે ધર્મ(મને)ને આજ્ઞા આપીને નારાયણ ભગવાન પોતે ઈન્દ્રાદિ દેવો અને ઋષિજનો સાથે દેવનદી ઉપર સ્નાન કરવા પધાર્યા.

(૪) તે સમયે મેં આજ્ઞા કરેલી લક્ષ્મી વગેરે દેવીઓ તે જ ક્ષણે સંકલ્પમાત્રથી શ્રીનારાયણની પ્રસન્નતા માટે સંપૂર્ણ રસોઈ તૈયાર કરી દેતી હતી. (૫) ત્યારથી આરંભીને નારદમુનિ તો ભગવાનને અનુસરતા થકા ભગવાનની પાસે જ સદા રહેતા હતા અને શ્રીહરિના પ્રીતિપાત્ર બનતા હતા. (૬) પ્રભુ નારાયણ જ્યારે દેવનદીમાં સ્નાન કરવા પધાર્યા ત્યારે ગંગાજી નિરાશ થઈને દેવનદીના ભાગ્યનાં વખાણ કરતા થકા વાદળામાં જઈને રહ્યા. (૭) ત્યારે સર્વ નદીઓ પણ ગંગાજીને અનુસરી. ગંગાજીની સાથે તે નદીઓ વાદળાંઓ સાથે રહીને આદરપૂર્વક શ્રી નારાયણનાં દર્શન કરતી હતી. (૮) પછી પ્રભુ નારાયણ પણ સ્નાન કરવા તત્પર થયા ત્યારે પોતાને અતિપ્રિય ગંગાજીનું મનમાં સ્મરણ કરવા લાગ્યા. ગંગા ક્યાં છે ? એમ બોલતા થકા જોવા લાગ્યા ત્યારે આકાશમાં વાદળામાં તેમને જોયાં. (૯) અને 'હે અભ્રમતિ ! તમો જલદી આવો' ભગવાને આમ કહેતાં શ્રી ગંગાજી અન્ય નદીઓએ સહિત ત્યાં આવીને દેવનદીમાં જળરૂપે મિશ્રિત થઈ ગયાં. (૧૦) તે સમયે તે દેવ નદી અભ્રમતિ ગંગાથી યુક્ત થઈને સાભ્રમતી (સાબરમતી) એવા નામથી પ્રસિદ્ધ થઈ અને તે બ્રહ્મહત્યાદિ મહાપાતકોનો નાશ કરનારી હતી. (૧૧) હે બ્રહ્મન્ ! ગંગાજી તેમાં આવેલા શ્રી નારાયણ ભગવાનને જોઈને બાહુ વડે કરીને જ જેમ મોટા તરંગો વડે ચરણયુગલ ગ્રહણ કરી અત્યંત આનંદ પામી ગયાં. અન્ય નદીઓ પણ અત્યંત પ્રસન્ન થઈને પૂર્ણાનંદને પામી. (૧૨) એકબીજા ઉપર હાથ વડે જળને ઉડાડતા થકા દેવો અને મુનિઓ સ્નાન કરતા હતા તથા નરહરિકૃષ્ણાદિ પણ નારાયણ ભગવાનની આગળ બહુ પ્રકારે જળ ક્રીડા કરી પ્રભુને હસાવતા થકા સ્નાન કરતા હતા. (૧૩) શ્રી નારાયણ ભગવાન વગેરે સૌ યથાવિધિ સ્નાન કરી જળદેવતાદિને તર્પણ કરી જળથી બહાર આવી ઊર્ધ્વપુંડ્ર તિલકો કરી, સંધ્યાવિધિ અને ઉચિત જપ કરી મારા (ધર્મદેવ) આશ્રમમાં આવી હોમકર્મ કરવા લાગ્યા. (૧૪) ત્યારબાદ વાસુદેવે જે તે સ્નાન કરેલા નર વગેરે સૌને નારાયણની આજ્ઞાથી યથોચિત હારબંધ ભોજન કરાવવા બેસાડ્યા. (૧૫) પછી દેવગણો અને દેવપત્નીઓ કછોટા ભીડીને ભગવાનની પ્રસન્નતા મેળવવા માટે આદરપૂર્વક પીરસવામાં તત્પર થઈ ગયાં. (૧૬) અતિ મનોહર એવો તે મંડપ બહુવિધ મણીન્દ્રોથી જડિત અને હારબંધ સ્થાપન કરેલા મનોહર અને કરોડોની સંખ્યામાં રહેલા બાજોઠો વડે શોભતો હતો. (૧૭) હે મુને ! ઈન્દ્રાદિક દેવો અને મુનિજનો તેમજ જે બ્રાહ્મણાદિ સર્વે આવેલા હતા તે બધા વાસુદેવની આજ્ઞાથી સ્નાન કરી તે મંડપમાં આવી ગયા. (૧૮) તે સર્વના મધ્યે ભગવાન શ્રી નારાયણનું પીઠ હતું અને તેની ચારે બાજુ મુખ્ય દેવો અને બ્રાહ્મણોનાં આસનો હતાં. (૧૯) તે મુખ્ય દેવો અને બ્રાહ્મણોની ચોતરફ બીજાઓનાં યથાચિત પીઠો હતા. પછી બધાં યથોક્ત પીઠો ઉપર હારબંધ બેસી ગયા. (૨૦) ભગવાન શ્રી નારાયણે જીર્ણ કંબલોરૂપ વસ્ત્રોવાળા ઋષિજનો અને ભિક્ષાશીલ બ્રાહ્મણોને પીતાંબરો અપાવ્યાં. (૨૧) જ્યારે ઋષિજનોએ પોતાના વ્રતનો ભંગ થવાની બીકથી પીતાંબરો ગ્રહણ ન કર્યાં ત્યારે પ્રસન્ન થયેલા વિભુ નારાયણે અન્ય બ્રાહ્મણોને પીતાંબર અપાવ્યાં. (૨૨) તે સમયે સુંદર પીતાંબરો ધારણ કરી પીઠ ઉપર બેઠેલા સર્વ વિપ્રોની ગંધાક્ષત અને પુષ્પહારો અને ધૂપદીપાદિ વડે પૂજા કરી. મુનિજનોની સાથે આ બ્રાહ્મણો વેદો અને પુરુષ સૂક્તોના

મંત્રો બોલતા હતા. (૨૩) તે મંડપ અને તેની કિરણોના સમૂહ વડે દેદીપ્યમાન છે શરીર-કાંતિ જેમની અને ઉત્તમ વસ્ત્રોવાળા અને અપલક નજરે નારાયણને નીરખી રહેલા તે સર્વ દેવો, મુનિજનો, નરો અને બ્રાહ્મણોને જોઈ રહેલા જનો આ દેવો છે, આ મુનિજનો છે, આ નરો છે, આ બ્રાહ્મણો છે એવો પૃથક્ પૃથક્ નિર્ણય કરી શકતા ન હતા. પરંતુ સર્વને દેવરૂપે જ જોતા હતા. (૨૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરમાહાત્મ્યમાં ભગવતઃસાભ્રમતીસ્નાનમંડપોપવેશનિરૂપણ નામનો આડત્રીશમો અધ્યાય થયો. ॥૩૮॥

●

## અધ્યાય-૩૯

**ધર્મદેવ બોલ્યા :**

હે સનક મુને ! વિષ્ણુ નારાયણની આજ્ઞાથી સર્વ જનો પોતપોતાનાં આસનો ઉપર બેસી ગયા ત્યારે પીરસનારાઓ પ્રભુની આજ્ઞાથી સુવર્ણપાત્રોને લઈને પાકશાળાના દ્વારમાંથી તત્કાળ નીકળ્યા. (૧) 'હું મહાન છું, મારાથી આવું કેમ થાય ?' આ પ્રકારે તર્ક કરનાર તે મંડપમાં દેવો પૈકી કોઈપણ ન હતું. જે વ્યક્તિ મારી (ધર્મદેવની) અને નારાયણની આજ્ઞા પામતી હતી તે વ્યક્તિ થોડું કરવામાં પણ પોતાને કૃતકૃત્ય માનતી હતી. (૨) આ સમયે ભગવાન નારાયણે કહેલા કર્મ વડે જ તેમની પ્રીતિ થાય છે એમ વિચારીને નારાયણને અતિ પ્રસન્ન કરવાની કામનાવાળા દેવો અને દેવીઓ પરમ આદરથી કામ કરવા લાગ્યા. (૩) ત્યારપછી દેવોએ અનેકવિધ રંગોલીઓનાં ચિત્રો વડે વિભક્ત કરેલી મણિમય ભૂમિ ઉપર ચારે બાજુ અનુક્રમથી હાથની ચપળતા વડે ક્ષણ માત્રમાં દેવતાઓ અને બ્રાહ્મણો આગળ સુવર્ણપાત્રો વ્યવસ્થિત રીતે મૂકી દીધાં. (૪) કેટલાક બ્રાહ્મણો તો અચાનક સૂર્યકિરણોની કાંતિવાળાં તે પાત્રોને આગળ જોઈને ચકિત થઈ ગયા અને કેટલાક તો આકાશમાંથી પડેલા ચંદ્રમંડળની શંકા પ્રાપ્ત કરી, ધીમેથી તે પાત્રોને જોઈને અત્યંત રાજી થઈ ગયા. (૫) ત્યારપછી વિષ્ણુએ ભગવાન નારાયણની સન્મુખ બહુવિધ રંગોલી વડે શોભાયુક્ત મણિજડિત ભૂમિકા ઉપર અતિ દેદીપ્યમાન સુવર્ણપાત્ર ધારણ કર્યું અને તે પાત્રને ચારે બાજુ હારબંધ ચોસઠ એવાં સુંદર દૂધ વગેરેના પાનપાત્રો ગોઠવ્યાં. (૬) ત્યારપછી ઝડપથી ચાલનારા હજારો પાક સ્થાનાધિકારીઓ અનુક્રમથી એકીસાથે પીરસવા લાગ્યા. ત્યારે વિપ્રો તો રસોડામાંથી આવતી લાડુની સુગંધને પ્રાપ્ત કરીને ચલાયમાન થઈ જતા હતા. (૭) બ્રાહ્મણો પોતે બૂમો પાડી હાથ ઊંચા કરી તથા ચલાયમાન દૃષ્ટિ વડે કરી પાકસ્થાનના અધ્યક્ષોને બોલાવવા લાગ્યા. તેટલામાં નજીક આવી પહોંચેલા અન્ય પાક અધ્યક્ષો શીરો દૂધપાક વગેરે ભોજનપદાર્થો વડે ભરેલાં પાત્રો જોઈને હર્ષ પામવા પૂર્વક શરમાઈ ગયા. (૮) સુંદર રત્નમયી રચનાવાળી, શ્વેત લાંબી સાડીઓવાળી, ઉત્તરીય વસ્ત્ર વડે સ્તન ઉપરની ચોળીઓને ઢાંકેલી છે જેમણે એવી, અત્યંત ગતિવાળી, ચંચલ નેત્રો વડે કેવળ પાત્રોને જ જોનારી એવી દેવપત્નીઓ વિદ્યુત્લતાની પેઠે ત્વરાથી પીરસતી હતી. (૯) પીરસનારાઓએ ક્ષણમાત્રમાં બધું પીરસી દીધું છતાં પણ કોઈપણ પુરુષના પાત્રમાં ભક્ષ્ય અને ભોજ્ય એવા વિવિધ પદાર્થો પરસ્પર ભળી જતા ન હતા; બધું પૃથક્ પૃથક્ જ રહ્યું હતું. (૧૦) તેમાં

મધ્યભાગમાં પ્રથમ જમવા યોગ્ય અપોષણના ભાત તથા અગ્રભાગમાં ચટણી વગેરે, ડાબે પડખે વટાણા વગેરે કઠોળ ઈત્યાદિ, જમણી બાજુએ વિવિધ પ્રકારનાં શાકો; આ બધું દશ્ય સર્વજનો જોતા હતા. (૧૧) સર્વે દેવો, નરો, નાગો પોતપોતાના પાત્રમાં ત્રીશ જાતના મોદક વગેરે ભક્ષ્યો તથા ત્રીશ પ્રકારનાં શીરા વગેરે ભોજ્ય પદાર્થોને જોતા હતા. (૧૨) પાંચસો જાતનાં શાક, ચાર પ્રકારનો દૂધપાક, ચોસઠ જાતનાં પેય વસ્તુભેદોને વાટકાઓમાં પૃથક્ પૃથક્ જોતા હતા. (૧૩) વળી બહુ જાતનાં દેવકંદ અને ફળોને જોતા હતા. આ બધું સર્વપાત્રોમાં જ્યારે જોયું ત્યારે મારી (ધર્મદેવ) આજ્ઞાથી નારાયણ પ્રમુખ દેવો હાથ પહોળા કરવા વડે પરસ્પરની આજ્ઞા ગ્રહણ કરી જમવા લાગ્યા. (૧૪-૧૫) દેવો પરસ્પર વિનોદથી હસતા હસતા જમતા હતા. વિભુ નારાયણ તો પ્રિય વાક્યો વડે બીજાને હસાવતા અને પોતે હસતા થકા જમતા હતા. (૧૬) ભગવાન નારાયણ નજીકમાં રહેલા દેવો અને સપ્તર્ષિઓને પૂછવા લાગ્યા. આ ભક્ષ્ય શી વસ્તુ છે ? અને આ શું છે ? ત્યારે દેવો વગેરે બોલ્યા કે બ્રહ્માને પૂછો. (૧૭) ત્યારે બ્રહ્મા તે ભક્ષ્યપદાર્થને સારી રીતે ઓળખી શક્યા નહિ. જ્યારે તેઓ એક નામની જગ્યાએ બીજું નામ બોલ્યા ત્યારે ભગવાન શ્રી નારાયણ અને દેવો હસવા લાગ્યા. (૧૮) ભગવાન શ્રીહરિ બ્રહ્મા અને સપ્તર્ષિઓને દૂધપાક અને ઘી સારા પ્રમાણમાં પિરસાવતા હતા અને તેમને કહેતા હતા કે બ્રાહ્મણોને તો ઘી અતિ પ્રિય હોય છે. (૧૯) દેવતાઓ અગાઉ ક્યારેય પ્રાપ્ત નહિ કરેલા એવા રસોનો આસ્વાદ કરીને અચરજ પામી ગયા અને ભક્ષ્ય ભોજ્ય પદાર્થો પૈકી માત્ર ચોથા ભાગનાં નામો જાણતા હતા. અન્ય વસ્તુઓનાં નામ પણ જાણતા ન હતા. (૨૦) અને ઋષિજનો પણ સર્વ રસો જુદા જુદા વિભક્ત છે એમ જાણતા ન હતા. અને કહેતા હતા કે ભક્ષ્યાદિ બધું મધુર અને બધું સ્વાદિષ્ટ જણાય છે. (૨૧) ગોળ આકારના લાડુઓ જોઈને કેટલાક જનો બાજુમાં બેઠેલાને પૂછવા લાગ્યા કે તમો જાણતા હો તો બોલો કે આ બધાં કયાં ફળ છે ? (૨૨) બીલીનાં ફળ છે કે કોઠાનાં ફળ છે ? ત્યારે કોઈ પુરુષ પ્રશ્નકર્તાને કહેવા લાગ્યો. શું તમે આ જોતા નથી ? આ તો પીળા રંગવાળાં લીંબું ફળ છે એમ નક્કી જાણો. (૨૩) કેટલાક તો વળી સૂતરફેણી જોઈને સૂતરના ગૂંચળાની શંકાથી તેને જમતા ન હતા. અને ચતુર એવા કેટલાક જનો તો અન્ય ઋષિઓને હસાવતા સતા જમતા ન હતા. (૨૪) બ્રાહ્મણો તો સારી રીતે ઘીથી પ્રચુર અને સફેદ સાકરયુક્ત ભક્ષ્ય મોદકોને 'અત્યંત સ્વાદિષ્ટ છે' એમ વખાણતા વખાણતા જમતા હતા. (૨૫) કોઈક પુરુષ તો મોટા મોટા કોળિયા જમવાની ટેવને લીધે રાઈમાંથી બનાવેલા પદાર્થને અતિ વેગથી મોટા પ્રમાણમાં જમવાથી તેની જીભ બળવા લાગી. (૨૬) માથું અને કાનને ખંજોળતા થકા તેને સીસકારા કરતા જોઈને બધા બ્રાહ્મણો હસવા લાગ્યા, ત્યારે તે પુરુષ ઘી પીવા લાગ્યો. (૨૭) હું ધર્મ. પંગતોની વચ્ચે જઈને, હાથ જોડીને સર્વને કહેવા લાગ્યો : હે દ્વિજો ! તમો સારી રીતે ધીમે રહીને નિરાંતે જમજો, લગીરે ઉતાવળ કરશો નહિ. (૨૮) આમ, સૌ જમતા હતા ત્યારે મુનિવર્ય નારદ શ્રીહરિને પ્રસન્ન કરતા થકા મધુર વાણીથી ગાવા લાગ્યા. (૨૯) કે દેવસભામાં પ્રકાશમાન રત્નોના પ્રકાશવાળા મણિ જડિત પીઠ ઉપર બિરાજમાન, મંદ મંદ હસતા મુખકમળવાળા, કોમળ અને મધુર વચનો વડે દેવોને હસાવનારા, તેમજ દેવો અને નરો સાથે સારી

રીતે ભોજન કરતા શ્રી નારાયણ ભગવાનને જોઈને હું ધન્ય થયો છું. અહો ! મારું મોટું ભાગ્ય છે. (૩૦) ત્યારપછી હસ્તપ્રક્ષાલન કરીને સર્વ દેવો પોતપોતાનાં વસ્ત્રો પહેરવા લાગ્યા. અને હજારો બ્રાહ્મણો (અતિ આહાર કરેલો હોવાથી) આસન ઉપરથી ઊઠવા માટે સમર્થ થયા નહિ. (૩૧) વાસુદેવની આજ્ઞાથી દેવતાઓએ હાથ પકડીને ઉઠાડેલા બ્રાહ્મણો હસ્તપ્રક્ષાલન કરી વસ્ત્રો પહેરવા લાગ્યા. (૩૨) વાસુદેવ ભગવાન બ્રાહ્મણો પ્રત્યે બોલ્યા : હે દ્વિજો ! અત્યારે અહીંયાં તમો શયન કરો. અને યથેષ્ઠ સુવર્ણવસ્ત્રાદિ ગ્રહણ કરી તમો કાલે સવારે જજો. (૩૩) આ સુવર્ણ અને વસ્ત્રોના અહીંયાં પર્વતો છે. તેમાંથી પોતે પોતાની શક્તિ અનુસારે ગ્રહણ કર્યા પછી જ જવું એમ ધર્મદેવનું વચન છે. (૩૪)

**ધર્મદેવ બોલ્યા :**

હે સનક મુને ! વાસુદેવનું વાક્ય સાંભળીને સંતુષ્ટ થઈ ગયેલા બ્રાહ્મણોએ કહ્યા મુજબ કર્યું. અને અન્ય પણ સર્વ યાચકોને વાસુદેવ એ જ પ્રકારે આજ્ઞા આપતા હતા. (૩૫) ભોજન કરી લીધા પછી અને પાન ગ્રહણ કરેલા સર્વ દેવતાઓ, ઋષિઓ અને અમો બધા સભામાં શ્રી નારાયણ ભગવાનની સમીપે રહ્યા હતા. (૩૬) પોતાના પેટ ઉપર હાથ રાખેલા અને (અતિ ભોજનથી) શ્વાસના ફૂંફાડા મારતા એવા, નારાયણના ભક્તા-બ્રાહ્મણો સોનાના સિંહાસન ઉપર બિરાજમાન, શોભાવિશિષ્ટ શ્રી નારાયણ ભગવાનને અપલક નજરે દૂરથી જોઈ રહ્યા. (૩૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગર માહાત્મ્યમાં ભગવાને કરેલી ભોજનલીલાનિરૂપણ નામનો ઓગણચાલીશમો અધ્યાય થયો. ॥૩૯॥

●

## અધ્યાય-૪૦

**ધર્મદેવ બોલ્યા :**

હે સનકમુને ! સિંહાસન ઉપર બિરાજમાન શ્રી નારાયણ ભગવાનનું દર્શન કરતા થકા સર્વ દેવતાઓ હાથ જોડીને તે સભામાં રહ્યા હતા. (૧) આનંદથી વ્યાપ્ત થયેલા સર્વ ઋષિજનો ભગવાનના સન્મુખ મુખ રાખીને શ્રી નારાયણ ભગવાનની આજ્ઞાની રાહ જોતા સતા ત્યાં રહ્યા હતા. (૨) ત્યારબાદ ભગવાન શ્રી નારાયણ સ્વયં લોકહિત કરતા થકા હું ધર્મદેવ તથા મારી સાથે રહેલાં અહિંસાના પ્રત્યે મેઘસમાન ગંભીર વાણીથી કહેવા લાગ્યા. (૩)

**શ્રી ભગવાન બોલ્યા :**

હે તાત ! શુદ્ધમનથી તમોએ આ સ્થળે સ્વસ્થતાપૂર્વક રહેવું અને અમો તો લોકહિત માટે બદરિકાશ્રમમાં જઈએ છીએ. (૪) અહિંસા પ્રત્યે બોલ્યા : હે માત ! તમો આત્માને ત્રણ શરીરથી વિલક્ષણ અને બ્રહ્મરૂપ જાણીને નિરંતર મારું ચિંતવન કરતા થકા સુખપૂર્વક રહો. (૫) પુરુષ હોય કે સ્ત્રી તે જ્યારે દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ આ બધાથી વિલક્ષણ સ્વરૂપને સમજે છે ત્યારે જ સુખને પામે છે. (૬) આથી તમો પ્રકૃતિ-પુરુષ વિવેકરૂપ સાંખ્ય વિચારે કરી ધીરે ધીરે બધાંનો ત્યાગ કરતાં કરતાં સ્વસ્થરૂપ અને પરમાત્મામાં મનને સ્થિર કરી બ્રહ્માનંદને પ્રાપ્ત કરો. (૭) જડ

દેહમાં આત્મપણું અને દેહાશ્રિત વસ્તુમાં મમતાનો જ્યાં સુધી ત્યાગ નહિ થાય ત્યાં સુધી મોટો શાસ્ત્રજ્ઞ પંડિત સુદ્ધાં અતિશય દુઃખી જ થાય છે. (૮) માતાને આમ કહ્યા પછી હવે પિતાને કહે છે હે પિતા ! હે તાત ! તે હેતુ માટે ત્યાગ સર્વોત્તમ છે. આથી જ હું તેને હિતાવહ માનું છું. દેહાદિમાં આસક્તિના ત્યાગ વગર ક્લેશનાશ અને શાંતિ થાય જ નહિ. (૯) જે જનો દેહ સ્ત્રી પુત્ર વગેરે સર્વમાં આસક્તિનો ત્યાગ કર્યા સિવાય શાંતિપરાયણ થાય છે તે કેવળ દુઃખકારી ક્લેશોને જ પામે છે આમાં લગીરે સંશય નથી. (૧૦) ઋગ્વેદાદિ વેદો અને મીમાંસાદિ શાસ્ત્રો એ સર્વનું તાત્પર્ય સર્વ દેહધારીઓને આસક્તિ ત્યાગમાં અને સ્વસ્વરૂપ સુખની પ્રાપ્તિમાં નક્કી છે. (૧૧) વેદ જે તે યજ્ઞાદિક અનેક કર્મોને યથોચિત કરાવતો સતો હિતાવહ દ્રવ્ય ત્યાગને જ કરાવે છે. (૧૨) તે જ પ્રમાણે ચાંદ્રાયણ વગેરે બહુવિધ વ્રતોને કરાવતો સતો તાંબુલ, ચંદન, અભ્યંગ સ્નાન, પુષ્પો, પલંગ અને સ્ત્રીયાદિકના ભોગોને ત્યાગ કરાવે છે તે નિશ્ચિત વાત છે. (૧૩) તે જ રીતે વેદ, પંચાગ્નિ આદિ તપોને કરાવતો અને શીત-ઉષ્ણ-વાત-વર્ષા આદિની સહનશીલતાને કરાવતો થકો, દેહ સંબંધી સુખનો નિશ્ચય ત્યાગ કરાવે છે. (૧૪) તે જ રીતે વેદ, ચિત્તવૃત્તિનો નિરોધ (યોગ)ને કરતો અને બ્રહ્મરૂપપણે સ્થિતિને કરાવતો થકો, દેહાદિ બુદ્ધિ પર્યંત સર્વનો સ્વતઃ ત્યાગ કરાવે છે. (૧૫) જે કારણને લીધે દેહ અને દેહ સંબંધી પદાર્થોમાં આસક્તિનો ત્યાગ જ ઉત્તમ છે તેમ વેદાદિ શાસ્ત્રોને ઈષ્ટ છે તે જ કારણથી વિવેકબુદ્ધિવાળો પુરુષ તેવી રીતના ત્યાગનો જ આશ્રય કરે. (૧૬) પ્રકૃતિપુરુષ વિવેકરૂપ સાંખ્યજ્ઞાને કરી પ્રકૃતિતત્ત્વથી પૃથક્ રહેલું અને તે તત્ત્વોના આશ્રયભૂત એવું જે સ્વરૂપ છે તેને પ્રાપ્ત કરી તે બ્રહ્મસ્વરૂપ વડે બુદ્ધિમાન પુરુષ મારું ભજન કરે. (૧૭) પ્રકૃતિ આદિ તત્ત્વોના ગણના ભેદો, આત્મા-પરમાત્મા રૂપ જ તત્ત્વના અવબોધન માટે તત્ત્વદર્શી કપિલાદિ ઋષિમુનિઓએ યુક્તિઓ વડે પૃથક્ પૃથક્ કહેલા છે. (૧૮) તે ભેદો પૈકી કોઈપણ એકનો આશ્રય કરી ત્રણ દેહથી પૃથક્ રહેલા આત્માને ધીર પુરુષ પ્રાપ્ત કરે. હે તાત ! તે ભેદો હું તમોને કહું છું. (૧૯) અઠ્યાવીશ તત્ત્વો છે એવો એક મત છે. પુરુષ, પ્રકૃતિ, માયા, મહત્તત્ત્વ, અહંકાર, સત્ત્વ, રજ, તમ, પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ; શ્રોત્ર, ત્વક્, નેત્ર, રસના અને ઘ્રાણ, વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ : આ પ્રમાણે અઠ્યાવીશ તત્ત્વોરૂપ એક ભેદ કહેલો છે. (૨૦-૨૧-૨૨) હવે છવ્વીશ તત્ત્વો છે એવો બીજો ભેદ કહે છે. પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર અને શબ્દાદિ પાંચ વિષયો તથા મન અને પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો તથા પૃથ્વી આદિ પાંચ મહાભૂતો એમ ચોવીશ સંખ્યા થઈ, પછી પચીશમો જીવાત્મા માનેલો છે અને તે જીવાત્માને સ્વતઃ જ્ઞાન થતું નથી તેથી તે જીવાત્માને જ્ઞાન આપનારા ઈશ્વર છવ્વીશમા માનેલા છે. (૨૩-૨૪-૨૫) આ પ્રકારે છવીસ ભેદ પક્ષને કહ્યા પછી હવે પચીશ તત્ત્વભેદ પક્ષને તમો સાંભળો. ચૈતન્યરૂપપણાના સામ્યથી જીવ અને ઈશ્વર (જીવાત્મા અને પરમાત્મા) રૂપ તત્ત્વ એક જ થાય છે. (૨૬) અન્ય તત્ત્વો તો પૂર્વ કહેલાં જાણવાં. આમ, પચીશ તત્ત્વોનો ભેદ જાણવો. હવે ચોવીશ તત્ત્વો છે એવો અન્ય ભેદ છે તથા સત્તર તત્ત્વો છે એમ અન્ય ભેદ તમો જાણો. (૨૭) શબ્દાદિ પાંચ, પૃથ્વી આદિ પાંચ, શ્રોત્રાદિ પાંચ, મન અને આત્મા

આમ સત્તર તત્ત્વોનો ભેદ કહેવાય છે. (૨૮) સંકલ્પને કરતો એવો જીવાત્મા જ મનઃ શબ્દથી કહેવાય છે ત્યારે તે સોળ તત્ત્વોવાળો ભેદ કહેવાય છે. (૨૯) હવે પૃથ્વી આદિ પાંચ મહાભૂત શ્રોત્રત્વક્ આદિ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન, જીવ અને ઈશ્વર આમ, તેર ભેદવાળો પણ પક્ષ જાણવો. (૩૦) અગિયાર તત્ત્વ ભેદને કહે છે : પૃથ્વી આદિ પાંચ, શ્રોત્ર આદિ પાંચ અને જીવાત્મા એમ અગિયાર તત્ત્વો છે એમ અન્ય પણ ભેદો છે. (૩૧) મહત્તત્ત્વ, અહંકાર, પ્રકૃતિ, પુરુષ અને શબ્દાદિ પાંચ વિષય એમ નવ તત્ત્વો છે આ પ્રકારે બીજો ભેદ પણ છે. (૩૨) હવે સાત તત્ત્વ પક્ષને કહે છે. પૃથ્વી આદિ પાંચ મહાભૂતો, જીવ અને ઈશ્વર આમ સાત તત્ત્વો આ પ્રમાણે બીજો ભેદ પણ છે. તથા શરીર-શરીરીભાવથી જીવ-ઈશ્વરને એકપણે અવલંબન કરવાથી છ તત્ત્વોવાળો ભેદ થાય છે. (૩૩) જે પુરુષો પૂર્વોક્ત તત્ત્વભેદોમાં પોતપોતાની રુચિ અનુસારે કોઈપણ એક પક્ષનો આશ્રય કરી સ્વસ્વરૂપ અને નારાયણને જાણે તે પુરુષને મહાપુરુષ માનેલો છે. (૩૪) સાંખ્યજ્ઞાનનું તાત્પર્ય એક જ નિશ્ચિત છે : સ્થૂલ, સૂક્ષ્મ અને કારણરૂપ ત્રણ શરીરથી પૃથગ્ભૂત જે પોતાનું સ્વરૂપ તેનું જ્ઞાન એ સાંખ્યનું તાત્પર્ય છે. (૩૫) અને તે ત્રણ દેહથી અને ત્રણ દેહનાં સુખથી, ઈન્દ્રિયોથી પૃથક્ એવા જીવાત્માને બ્રહ્મરૂપે નિશ્ચય કરી પોતે તે બ્રહ્મભૂત રૂપ વડે ભજન કરતા થકા તમો સુખને પામો. (૩૬) તમોએ જ્યાં તપ કરેલું છે તે આ ક્ષેત્ર મહાપવિત્ર છે; તથા આ ક્ષેત્રમાં કરેલું સ્નાન-દાન કોટિગણું ફળ આપનારું થાય છે. (૩૭) હે નિષ્પાપ ! આ સાભ્રમતી નદીમાં દેવાદિની સાથે મેં પણ સ્નાન કરેલું હોવાથી સ્નાન માત્રથી જ જનોના કરોડો જન્મના પાપસમૂહનો નાશ થશે. (૩૮) અને આ તીર્થ આ લોકમાં અને પુરાણોમાં નારાયણઘાટ એવા મારા નામથી જ પ્રસિદ્ધ થશે તે નિશ્ચિત વાત છે. (૩૯) આ સ્થાનમાં કરેલું શ્રાદ્ધ ગયાજીના શ્રાદ્ધ તુલ્ય થશે. અહીંયાં આરાધના કરનારા મનુષ્યોને હું અલ્પ કાળમાં જ દર્શન આપનારો થઈશ. (૪૦) વળી કોઈક સમયે આ સ્થળે તમો બંનેની સાથે મળીને આપણે વાસ કરીશું આવું તમો જાણો અને અત્યારે તો તમો ક્ષીર સાગરના ઉત્તર તીરે રહેલા શ્વેતદ્વીપમાં તમારા આશ્રમે જાઓ. (૪૧) હે તાત ! રમણીય એવા તે વિષ્ણુપુરમાં સર્વદા મારું જ ધ્યાન કરતા થકા સુખપૂર્વક નિવાસ કરો. હું સર્વદા તમારી રક્ષા કરીશ. (૪૨)

**ધર્મદેવ બોલ્યા :**

આ પ્રમાણે મને ઉપદેશ આપી, સાંત્વના પમાડી, નમસ્કાર કરીને પ્રભુ પોતે ઊઠ્યા પોતાનું ત્યારે દેવતાઓએ શ્રી નારાયણ ભગવાનને પ્રણામ કર્યા. (૪૩) તે સમયે શ્રી નારાયણ ભગવાને બ્રહ્મા વિષ્ણુ મહેશાદિ દેવોને તથા અન્ય સર્વ મુનિજનોને પોતપોતાના સ્થાને જવા આજ્ઞા આપી. (૪૪) સાથે જવા માટે તત્પર થયેલા કૃષ્ણ, હરિ, વાસુદેવાદિને જોઈને પ્રભુ નારાયણે તે સમયે કૃષ્ણાદિને યથાકાર્ય કરવા પ્રેરણા આપી. (૪૫) સૌ પ્રથમ હરિને સંબોધીને કહ્યું : હે હરે ! લક્ષ્મીજીની પ્રીતિ માટે તમોએ રચેલા વૈકુંઠમાં તમો જાઓ. કૃષ્ણને કહ્યું : હે કૃષ્ણ ! તમો સ્વેચ્છાથી પ્રગટ કરેલા ગોલોકમાં જાઓ. (૪૬) અને હે વાસુદેવ ! તમો તેજસ્વી એવા શ્વેતદ્વીપમાં જઈને વસો. હે સંકર્ષણ ! તમો ભૂગોળને ધારણ કરવા પૃથ્વીની નીચે જાઓ. (૪૭) પ્રદ્યુમ્નને કહ્યું : હે

પ્રદ્યુમ્ન ! તમો લોકાલોક પર્વતમાં જઈ ત્યાં સદા રહ્યા થકા ચારે દિશામાં આ બ્રહ્માંડની રક્ષા કરો. (૪૮) અનિરુદ્ધને કહ્યું : હે અનિરુદ્ધ ! તમો આ લોકમાં સર્વ પ્રાણીઓના ઉત્પત્તિ નિમિત્તપણાને ધારણ કરતા થકા વિરાટ પુરુષના આત્માપણે સદા સ્થિતિ કરો. (૪૯) આ પ્રમાણે દેવ મુનીન્દ્ર મુખ્ય એવા કૃષ્ણાદિને સુપેરે આજ્ઞાઓ આપી વિશ્વનું પ્રિય કરનારા ઈશ્વરમૂર્તિ નારાયણ નર સહિત તે સ્થાન થકી બદરિકાશ્રમમાં જવાની ઇચ્છા કરતા હતા. તે કેવા તો તપોને તપશે અને ધારણ કરેલ છે તેવી રીતનો વર્ણિવેશ જેમણે એવા થકા, ઈચ્છા કરતા હતા. (૫૦) અશ્રુપૂર્ણ દૃષ્ટિએ જોઈ રહેલા એવા મારી આજ્ઞા પામીને, સ્તુતિ કરતા ઇન્દ્રાદિ દેવોએ જેમના માર્ગમાં પુષ્પવૃષ્ટિ કરી છે એવા, ચરણકમળમાં ચક્રના ચિહ્નવાળા અને છત્રાયમાણ સુંદર જટાવાળા એવા તે નરનારાયણ ભગવાન ચાલવા લાગ્યા. (૫૧) ગોઠણ પર્યંત લાંબી ભુજાઓવાળા, સુંદર મુખકમળવાળા, સુંદર નવીન કમલદળ સમાન દીર્ઘ અને રમણીય નેત્રોવાળા તથા પંક્તિબંધ મોગરાની કળીઓ સમાન સુંદર દંતપંક્તિવાળા તથા ગંભીર કોમળ શબ્દ વડે શોભાયમાન આઠ દાઢોવાળા એવા તે નરનારાયણ હતા. (૫૨) સુંદર ભ્રૂકુટી, સુંદર કર્ણો, વિશાળ લલાટની શોભાવાળા, શ્રીવત્સના ચિહ્નથી શોભાયમાન વિશાળ વક્ષઃસ્થળવાળા, અગ્નિ-ચંદ્ર-સૂર્ય સમાન શરીર કાંતિનાં પ્રસારણો વડે પ્રત્યેક પગલે આકાશમાં માર્ગ શોભાને ધારણ કરતા તથા આકાશમાર્ગમાં હારબંધ ઊભા રહેલા દેવો, સિદ્ધો અને મહર્ષિઓને પોતાના દર્શનરૂપી સુધા વડે કૃપાપૂર્વક કૃતાર્થ કરતા, તથા હંસ ચિહ્નથી અંકિત ભુજાઓ વડે દંડ-કમંડલુ ધારણ કરેલા અને હાસ્યયુક્ત મુખારવિંદવાળા તે નર-નારાયણ ભગવાન માર્ગમાં સાથે જ ચાલતા હતા. (૫૩-૫૪) ત્યારબાદ તેમની પાછળ જઈ રહેલા અમોને પાછા વાળીને ચાલવા લાગ્યા ત્યારે પ્રથમ નારદમુનિ પાછળ ચાલવા લાગ્યા અને તે મુનિને અન્ય મુનિજનો અનુસરવા લાગ્યા. (૫૫) તે મુનિજનોને દેવતાઓ અનુસરતા હતા અને તે દેવોને ગાંધર્વો અનુસરતા હતા. ત્યારે શ્રી નારાયણ મુનિએ સર્વેને પોતપોતાને સ્થાને જવા માટે જ આજ્ઞા આપતા હતા. (૫૬) પછી તે સમયે આજ્ઞા પામેલા મુનિજનો આદિ સર્વે પોતપોતાના સ્થાને ગયા અને નર સહિત શ્રી નારાયણ પ્રભુ પોતે પોતાને પ્રિય એવી વિશાળા નામની બદરી પ્રત્યે ચાલ્યા. (૫૭) સ્વેચ્છાથી રચેલા સ્થાનને પ્રાપ્ત કરી તે બદરિકાશ્રમમાં આવેલા કલાપ ગામમાં સ્વાશ્રિતોને સુખ આપનારા અને નર વડે નિત્ય ભક્તિપૂર્વક સેવન કરતા એવા શ્રી નારાયણે નિવાસ કર્યો. (૫૮)

**ધર્મદેવ બોલ્યા :**

હે મુનિ સત્તમ ! જ્યારે સર્વ નારાયણની આજ્ઞા વડે પોતપોતાના સ્થાને ગયા ત્યારે હું આ સ્થળે આવીને નિવાસ કરવા લાગ્યો. (૫૯) હે સનક મુને ! આ પ્રકારે શ્રોતાઓ અને વક્તાઓના સર્વ પાપોને નાશ કરનારો ભગવાન શ્રી નારાયણનો જન્મ જેવી રીતે મારા થકી થયો તે મેં તમોને કહ્યો. (૬૦)

**શ્રી સ્વામિનારાયણ ભગવાન બોલ્યા :**

હે મુને ! ત્યારબાદ મહાયોગી એવા તે સનક મુનિ હર્ષપૂર્વક ધર્મદેવને પ્રણામ કરી હૃદયમાં શ્રી

નારાયણનું સ્મરણ કરતા થકા શ્વેતદ્વીપમાં આવેલા વાસુદેવાલયે ગયા. (૬૧) હે મુને ! આ પ્રકારે પૂર્વે સ્વાયંભૂ મન્વંતરમાં આ પૃથ્વી ઉપર શ્રી નારાયણનો પ્રાદુર્ભાવ જેમ થયો તેમ મેં તમોને કહ્યો. (૬૨) હે મુનિવર ! બીજી વાર આ પૃથ્વી ઉપર શ્રી નારાયણનો જેવી રીતે પ્રાદુર્ભાવ થયો તેવી રીતે પોતાના આશ્રિતજનોના સુખને માટે હું તમોને કહીશ. સર્વ મુનિજનો અને આ સભામાં બેઠેલા અન્ય ગૃહસ્થ ભક્તો બધા પણ ધ્યાનપૂર્વક સાંભળો. (૬૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરમાહાત્મ્યમાં શ્રી નરનારાયણયોર્બદરિકાશ્રમગમનનિરૂપણ નામનો ચાલીશમો અધ્યાય થયો. ॥૪૦॥

●

## અધ્યાય-૪૧

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે મુને ! ત્યારપછી ચાક્ષુષ નામના મન્વંતરમાં દુર્વાસામુનિના શાપ નિમિત્તે સમગ્ર ત્રિલોકીનો ચારે બાજુથી આકસ્મિક પ્રલય થયો. (૧) ત્યારે ભૂમિ ઉપર રક્ષણાદિ કાર્ય કરવાનું રહ્યું નહિ આથી ભગવાન નારાયણ પણ ભૂમિ ઉપરથી અંતર્ધાન થઈ પોતાના બ્રહ્મપુર નામના ધામમાં ગયા. (૨) ફરી ક્રમશઃ દેવ દૈત્ય નર પશુ વગેરેની સૃષ્ટિ ઉત્પન્ન થઈ ત્યારે બ્રહ્માપુત્ર ધર્મ પોતે જ્યાં અગાઉ તપ કર્યું હતું તે શ્વેતદ્વીપમાં રહીને શ્રીકૃષ્ણની આરાધના કરવા લાગ્યા. (૩) અહિંસા છે બીજું નામ જેમનું એવાં મૂર્તિ નામના તેમનાં સહધર્મિણી પત્ની હતાં. તેમની સાથે સર્વજનોના હિત માટે તપશ્ચર્યા કરવા લાગ્યા. (૪) કઠિન તપશ્ચર્યા કરી રહેલા ધર્મદેવની ઉપર બાર વરસના અંતે મુમુક્ષુઓના હિત માટે જ દયાનિધિ શ્રી નારાયણ ભગવાન પ્રસન્ન થયા. (૫) પ્રત્યક્ષ થયેલા ભગવાન ધર્મદેવ પ્રત્યે બોલ્યા : હે ધર્મદેવ ! તપોસિદ્ધ તમો નિર્મળ છો. આથી તમારા પુત્રપણાને પામી સાધુપુરુષો સહિત તમારું હું રક્ષણ કરનારો છું. (૬) આમ કહીને શ્રી નારાયણ અંતર્ધાન થઈ ગયા ત્યારે વિસ્મિત થયેલા ધર્મદેવ તે નારાયણનું જ નિત્ય સ્મરણ કરતા થકા તે આશ્રમમાં નિવાસ કરતા હતા. (૭) તે પછી થોડા કાળમાં મોટી કાંતિવાળા અને વર્ણીન્દ્ર વેશવાળા થઈને ભગવાન શ્રી નારાયણ દક્ષપ્રજાપતિના પુત્રી મૂર્તિના અંગ થકી અચાનક પ્રાદુર્ભાવ પામ્યા. (૮) તે સમયે દેવતાઓનાં દુંદુભિ વાજિંત્રો વાગવા લાગ્યાં, અપ્સરાઓ નાચવા લાગી, ગાંધર્વો ગાન કરવા લાગ્યા અને દેવતાઓ ધર્મદેવના આશ્રમ ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. (૯) વૈવસ્વત નામના મન્વંતરમાં સત્યયુગમાં પ્રભવ નામનું સંવત્સર હતું ત્યારે અને સૂર્યનારાયણ ઉત્તરાયણમાં ગયે સતે ફાગણ માસની પૂર્ણિમાને દિવસે અર્યમા દેવતા, ઉત્તર ફાલ્ગુની નક્ષત્રમાં રાતના ચોથા પ્રહારને અંતે શ્રી નારાયણ ભગવાનનો પ્રાદુર્ભાવ થયો. (૧૦-૧૧) પછી શ્રી નારાયણ ભગવાનના દર્શનમાં ઉત્સાહવાળા સર્વ દેવો, દેવીઓ, મહર્ષિઓ, ગંધર્વો, અપ્સરાઓ અને સિદ્ધો આ સૌ ધર્મદેવના આશ્રમમાં આવવા લાગ્યા. (૧૨) હે સાધુ પુરુષોમાં ઉત્તમ મુને ! સોળ વરસની આયુવાળા વર્ણિવેશવાળા તે નરનારાયણ ભગવાનને જોઈને દેવાદિ સર્વે પરમ હર્ષ પામી ગયા. (૧૩) પછી ઈન્દ્રાદિ દેવો ધર્મદેવની આજ્ઞાથી મનોહર હિંડોળો બાંધતા હતા. અત્યંત સુગંધીમાન પુષ્પોથી

ગૂંથેલો, બહુવિધ આસોપાલવ વગેરેનાં પલ્લવોથી સુશોભિત તેમજ ચારેબાજુ લાંબા પાંદડાવાળા કેળોના સ્તંભો વડે મનોહર દેખાતો એવો તે દોલો હતો. ત્યારપછી મૂર્તિ નામનાં પત્નીએ સહિત શ્રી ધર્મદેવે શ્રી નરનારાયણને તે દોલામાં પ્રેમપૂર્વક બેસાડ્યા. (૧૪-૧૫) તે સમયે દેવાદિની પ્રીતિને માટે ભગવાન શ્રી નારાયણ તે દોલામાં બિરાજમાન થયા. તે પ્રસંગે મહર્ષિઓ ભક્તિભાવપૂર્વક શ્રી નરનારાયણની તત્કાળ પૂજા કરતા હતા. (૧૬) તે મહર્ષિઓ ઉત્તમ સુગંધી ચંદન, મનોહર પુષ્પમાળાઓ અને પુષ્પ તોરાઓ વડે તથા ધૂપદીપ આરતી પુષ્પાંજલિ અને પ્રાર્થનાદિ વડે શ્રી નરનારાયણની પૂજા કરતા હતા. (૧૭) ધર્મ અને મૂર્તિ પણ તે નરનારાયણને આદરપૂર્વક ઝુલાવવા લાગ્યા અને દેવતાઓ વાજિંત્રોના ધ્વનિ તથા ખૂબ પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. (૧૮) અને હજારો જનો તાળીઓ પાડવા લાગ્યા અને સર્વ ભૂદેવો 'જય જય' એવો શબ્દ તથા વેદઘોષ કરવા લાગ્યા. (૧૯) તે સમયે દેવતાઓ શ્રી નરનારાયણ ઉપર ખોબા ભરીભરીને ગુલાલ છાંટવા લાગ્યા. શ્રી હરિનારાયણ પણ પ્રસન્ન થકા દેવતાઓ ઉપર ખૂબ ગુલાલ ફેંકતા હતા. (૨૦) તે સમયે સર્વ દેહધારીઓને ખૂબ આનંદ થયો પછી દેવો સુધ્ધાં આદરપૂર્વક શ્રી નરનારાયણનું પૂજન કરવા લાગ્યા. (૨૧) બહુમૂલ્ય વસ્ત્રો તથા દિવ્ય સુવર્ણમય રત્નજડિત અલંકારો, તથા કલ્પવૃક્ષનાં પુષ્પો વડે તથા અદ્ભુત એવાં ફળો વડે દેવતાઓ શ્રી નરનારાયણની પૂજા કરવા લાગ્યા. (૨૨) દેવતાઓ પૂજા કરીને બેઠા ત્યારે નરો પણ ભૂમિ ઉપર ઉત્પન્ન થયેલાં ચંદન-પુષ્પ-વસ્ત્રાદિ વડે શ્રી નરનારાયણની યથાશક્તિ પૂજા કરવા લાગ્યા. (૨૩) હે મુને ! નરો પૂજા કરીને બેસી ગયા પછી દેવીઓ પણ તે શ્રી નરનારાયણના બ્રહ્મચર્ય વ્રતને જાણતી હતી આથી દૂરથી તેમનો સ્પર્શ કર્યા સિવાય દેવતાઓની પેઠે પૂજા કરવા લાગી. (૨૪) આમ, ચતુર્વિધ પૂજાને અંગીકાર કરી શ્રી નરનારાયણે વસ્ત્રાલંકાર હાર વગેરે સર્વ તત્કાળ બ્રાહ્મણોને આપી દીધા. (૨૫) ત્યારપછી ભગવાન નારાયણ બદરીવન પ્રત્યે પ્રયાણ કરશે એવા થકા ધર્મદેવને કહેવા લાગ્યા : સર્વ પ્રકારે સર્વદા તમારી રક્ષા કરવા માટે હું પ્રાદુર્ભૂત થયો છું. (૨૬) મારા હૃદયમાં બદરીવનમાં વાસ કરવાનું અત્યંત રુચે છે આથી હું જાઉં છું. અને તમો અહીંયાં નિવાસ કરતા થકા નચિંત થઈને મારું ભજન કરો. (૨૭) આ પ્રકારે શ્રીનારાયણે કહેલા ધર્મદેવ શ્રીનારાયણ પ્રત્યે કહેવા લાગ્યા : હે ભગવન્ ! તમારી પાસે જ રહેવા માટે મારું મન દૃઢ વર્તે છે. (૨૮) આથી હું પણ આપની સાથે જ બદરીવન આવું છું. આમ કહેતા પિતા ધર્મ પ્રત્યે શ્રી નારાયણ ફરી બોલ્યા : (૨૯) હે તાત ! કલિયુગમાં તમોને ખૂબ ઉપદ્રવ થશે ત્યારે હું પણ અહીં આવીને રહીશ એમ તમો નક્કી જાણો. (૩૦) આમ હોવા છતાં પણ બદરીવનમાં જ નિવાસ કરવામાં જો તમારે રુચિ હોય તો હમણાં મૂર્તિ નામનાં ભાર્યાએ સહિત આપ મારી સાથે ચાલો. (૩૧) આ કળિયુગમાં ફરીથી અમો અને તમો અહીં આવીને અધર્મ થકી સ્વાશ્રિત જનોની રક્ષા કરવાની ઈચ્છાથી આપણે સ્થિતિ કરીશું તે નક્કી વાત છે. (૩૨) આ પ્રમાણે નારાયણના કહેવાથી ધર્મદેવ આનંદપ્રચુર થઈને જવા માટે તત્પર થઈ ગયા. શ્રી નારાયણે દેવો વગેરેને પોતપોતાના સ્થાને મોકલી આપ્યા. (૩૩) આ પછી પ્રભુ

નારાયણ, માતાપિતા મૂર્તિ અને ધર્મ સહિત અને જેમની પાછળ નર ગતિ કરે છે એવા થકા બદરીવનમાં આવીને પોતાના સ્થાનમાં સુખપૂર્વક રહેવા લાગ્યા. (૩૪) ભગવાન નારાયણની આજ્ઞાથી ધર્મદેવ અતિ પવિત્ર દેવપ્રયાગ નામના સ્થાનમાં અલગ આશ્રમ કરી રહેવા લાગ્યા. (૩૫) હે મુનિ સત્તમ ! જે સ્થાનમાં અલકનંદાની સાથે ભાગીરથી ગંગાનો સંગમ થાય છે ત્યાં શ્રી ધર્મદેવનો મનોહર આશ્રમ આવેલો છે. (૩૬) હવે કલિયુગ આવ્યો અને ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપરથી અંતર્ધાન થઈ ગયા ત્યારે કામક્રોધાદિ વડે વૃદ્ધિ પામતો અધર્મ પોતાના કામક્રોધાદિ સંતાનો સહિત પૃથ્વી ઉપર ફેલાવા લાગ્યો. (૩૭) ભૂમિ ઉપર અધર્મનો પ્રચાર થયો ત્યારે સાધુપુરુષોને પીડા પમાડવામાં ઉદ્યમયુક્ત ધર્મદ્વેષી અસુરોના સૈન્યને જાણીને શ્રીહરિ નારાયણ પોતાને અતિ પ્રિય સાભ્રમતી નદીના કિનારે જવાની ઈચ્છા કરી. (૩૮) ત્યારપછી તે શ્રીનારાયણની સેવામાં તત્પર શ્રી લક્ષ્મીજીએ પ્રભુની ઈચ્છા જાણી. નારાયણના દર્શનાર્થે આવેલાં ભદ્રકાલીને તત્કાળ આજ્ઞા આપી. હે દેવી ! સાભ્રમતીના તટ ઉપર શુભ ધર્માશ્રમમાં જઈ ત્યાં ચારે વર્ણના જનોને વસવા યોગ્ય ખૂબ વિશાળ રમણીય નગરનું શીઘ્ર નિર્માણ કરાવી તમો તે નગરની અધિષ્ઠાત્રી દેવી થઈને નિવાસ કરો. ભગવાન નારાયણ પણ ધર્મદેવની સાથે ત્યાં આવશે. (૩૯-૪૧) સત્પતિ ભગવાન નારાયણના વિવિધ પ્રકારનાં કાર્યોની વિધાત્રી હોવાથી તમો અતિ પ્રિય છો અને તમો વ્રત વડે પ્રસન્ન થઈને ગોપીઓને પતિરૂપે આ નારાયણની પ્રાપ્તિ કરાવી હતી. (૪૨) ભદ્રકાલી આ પ્રમાણે લક્ષ્મીજીએ કહેવાથી ખૂબ રાજી થયાં અને ત્યાં ધર્માશ્રમે આવી વિશાળ અને અતિ સુંદર શ્રીનગરનું નિર્માણ કરાવી ત્યાં જ પોતે નિવાસ કર્યો. (૪૩) જે હેતુ માટે શ્રી કહેતાં લક્ષ્મીજીએ નિર્માણ કરાવેલું છે તે હેતુ માટે સર્વ લોકમાં આ નગર શ્રીનગર એવા નામથી પ્રસિદ્ધિને પામ્યું. (૪૪) પછી શ્રી નારાયણ પણ ધર્માદિની સાથે શ્રીનગર આવ્યા અને કલિથી સ્પર્શ કરાયેલા જનોએ અદૃશ્ય થકા સાભ્રમતી તટે વાસ કરતા હતા. (૪૫) તે શ્રી નારાયણે હૃદયમાં પ્રેરણા કરેલા ભક્તજનોએ આ મંદિર નિર્માણ કર્યું છે તે બધું દુર્ગપુરમાં રહેલા મેં સમાધિમાં જાણ્યું. (૪૬) અને તે નારાયણે જ પ્રેરણા કરાયેલો હું અને તેમનાથી તદ્દન અભિન્ન એવો હું શ્રીનગરમાં આવીને પ્રતિમા સ્પર્શ શ્રીનરનારાયણને સ્થાપન કરતો હતો એ પ્રકારે નક્કી જાણો. (૪૭) આથી આ પ્રતિમારૂપ શ્રી નરનારાયણમાં ક્યારેય પણ પ્રતિમાબુદ્ધિ કરવી જ નહિ કેમકે આવી આકૃતિવાળા પોતે જ સ્વેચ્છાથી સાક્ષાત્ રહેલા છે. (૪૮) શ્રી નારાયણમુનિ બોલ્યા : હે નિષ્પાપ આનંદ મુને ! આ પ્રકારે ધર્મદેવ થકી ભગવાન શ્રીનરનારાયણનો જન્મ જેવી રીતે થયો તેવી રીતે મેં સમાધિ વડે સ્વાનુભૂત તમોને કહ્યું. (૪૯) જે પુરુષ આ કમલાપુર(શ્રીનગર)નું માહાત્મ્ય પાઠ કરશે કે સાંભળશે અથવા અન્ય શ્રોતાઓને સંભળાવશે તે પુરુષના પાપનો નાથ થઈ તેને પૃથ્વી ઉપર ધર્મપુત્ર શ્રી નરનારાયણમાં ભક્તિ શીઘ્ર થશે તેમાં લગીરે સંદેહ નથી. (૫૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણે કહેલી શ્રી નારાયણ જન્મ-

વાતોને સાંભળીને આનંદાનંદ મુનિ હર્ષને પામ્યા તથા સભામાં રહેલા અન્ય મુનિઓ અને ગૃહસ્થો પણ અત્યંત સંતોષને પામી ગયા. (૫૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરમાહાત્મ્યમાં પુનર્નારાયણપ્રાદુર્ભાવાદિનિરૂપણ નામનો એકતાલીશમો અધ્યાય થયો. ॥૪૧॥

●

## અધ્યાય-૪૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! તે નરનારાયણાદિની પ્રતિષ્ઠા પ્રસંગે બ્રહ્મણ્યદેવ ઉદાર ભગવાન શ્રી નારાયણ મુનિએ મોદકાદિ ભોજન વડે અને બહુ પ્રકારનાં દાનદક્ષિણા વડે બ્રાહ્મણાદિને સંતોષ પમાડ્યા. (૧) તે પ્રસંગે બહુવિધ દેશાંતરોથી આવેલા નરનારીઓનાં વાજિંત્રો અને ગીતધ્વનિ વડે ગુંજાયેલી દિશાઓવાળું તે શ્રીનગર જનસમૂહોથી અત્યંત સાંકડુ થઈ ગયું. (૨) પછી મહાત્મા શ્રી સહજાનંદસ્વામીએ રાત્રે નગરની બાજુમાં પોતાને ઉતારે કાંકરિયા આવી સ્નાન કરી વડીલ બંધુ રામપ્રતાપભાઈના ઉતારે રાત્રિભોજન કરીને પછી બ્રાહ્મણોની ચોરાશી જાતોને જમાડવા માટે ઇચ્છા કરી. (૩) જે દિવસે મનોરથ થયો તે જ દિવસે ચોરાશી કરતાં વધારે સાધનસામગ્રી એકત્રિત કરવામાં નિપુણતાવાળા શ્રીહરિએ બીજા દિવસે શ્રીનગરના તથા બહારગામથી આવેલા સમગ્ર બ્રાહ્મણસમૂહોને નગર બહાર કાંકરિયાના ચોતરફ કિનારે ભોજન કરાવ્યું. (૪) તે સમયે હે રાજન્ ! ત્યાં ઇચ્છિત માત્રામાં ઘી ગ્રહણ કરવાની પ્રેરણા કરાયેલા અને ઘૃતપ્રિય, હર્ષપૂર્વક ખૂબ જમતા અને સ્ત્રીઓએ સહિત ગુજરાતના બ્રાહ્મણોને મહા ઉત્સવ થયો. (૫) સર્વ ભૂદેવોને જમાડી, દક્ષિણાઓ વડે સંતોષ પમાડી, સૌ સૌને ઘેર જવા વિદાય કરી પછી શ્રીહરિ મહાપ્રભુ આંબલીઓની પંક્તિઓની મધ્યમાં બિછાવેલ ઊંચા પીઠ ઉપર સુખપૂર્વક બિરાજમાન થયા. (૬) એક જ દિવસમાં નગરવાસી અને આગંતુક એવા હજારો બ્રાહ્મણોને શ્રીહરિએ જમાડ્યા, આ પ્રકારનું મનુષ્યોને મહાન અચરજ થયું. (૭) તે સમયે ચારે વર્ણવાળા સર્વ લોકોને પણ મહા આનંદ થયો. નાના બાળકથી આરંભીને વૃદ્ધ પર્યંત સર્વ જનો શ્રીહરિ નારાયણમુનિના યશને ગાવા લાગ્યા. (૮) શ્રીહરિ મહાપ્રભુજીએ પંચમીના દિવસે સ્વકીય ઉદ્ધવ સંપ્રદાય અનુસારે શ્રીનરનારાયણના પૂજા ઉત્સવની તૈયારી કરાવી. (૯) શ્રી સહજાનંદ સ્વામીએ પંચમીના દિવસે જ નરનારાયણ નામથી અંકિત અને શ્રી નરનારાયણના શંખ, ચક્ર, ગદા અને પદ્મ આયુધોથી વિભૂષિત એવી તાંબાની મુદ્રાઓ (છાપો) ભક્તજનોને ચિહ્નિત કરવા માટે બનાવરાવી. (૧૦) પછી ભક્તોનું હિત કરનારા શ્રીહરિ મહાપ્રભુ સભામાં ઉપસ્થિત સર્વ ભક્તજનો પ્રત્યે બોલ્યા કે તમો સર્વે મારું વચન સાંભળો. (૧૧) જે મનુષ્યો અતિ પવિત્ર આ ક્ષેત્રમાં અગ્નિમાં તપાવેલી, ભગવન્નામથી અંકિત, શંખાદિ આયુધોવાળી છાપો વડે જમણા અને ડાબા બંને હાથો ઉપર ચિહ્ન કરાવશે તે પુરુષો અને સ્ત્રીઓને ક્યારેય પણ નરકપાત નહિ થાય અને ભગવાન શ્રીહરિ તે ભક્તો ઉપર પ્રસન્ન થઈ પોતાના ધામમાં લઈ જશે. (૧૨-૧૩) આથી સર્વ મારા આશ્રિત ત્યાગી, ગૃહી, સ્ત્રીઓએ બંને બાહુઓ

ઉપર તપ્તમુદ્રા ઉપરનાં ચિહ્નો આદરપૂર્વક ધારણ કરવાં જોઈએ. (૧૪) આ પ્રમાણે શ્રીહરિએ કહેલા ભક્તજનો પ્રસન્ન મનવાળા થઈને પ્રાતઃકાળે સ્નાન કરી નિત્યકર્મ કરી તપ્તમુદ્રાઓથી અંકિત થયા. (૧૫) સપ્તમીના દિને મહાસભામાં ઉત્તમ સિંહાસન ઉપર વિરાજમાન શ્રી નારાયણમુનિ ભગવાનના ચોતરફ સર્વ ભક્તજનો બેસી ગયા. (૧૬) શ્રીનગરમાં શ્રી હરિના દર્શનાર્થે આવેલા મૂળીપુરના રાજા રામાભાઈ, શ્રીહરિ મહાપ્રભુનું દર્શન કરી, ધીમે રહીને વિનંતી કરવા લાગ્યા. (૧૭) રામાભાઈ રાજા સભામાં મૂળીના મંત્રી તથા મૂળીવાસી જનોની સાથે ઊભા થઈ, નમસ્કાર કરી, બંને હાથ જોડી શ્રીહરિ પ્રત્યે વિનયપૂર્વક બોલ્યા. (૧૮) હે ભગવન્ ! હે સત્પતે ! આપ અમારી એક પ્રાર્થના સાંભળો. આપ ભક્તોના મનોરથો પૂર્ણ કરવા માટે જ આ પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ પામેલા છો. (૧૯) મારા મનમાં તથા અમારા મંત્રીઓ અને સર્વ પુરવાસી જનોના હૃદયમાં અમારા નગરમાં ભગવાનનું મંદિર થાય એવો મનોરથ વર્તે છે. (૨૦) હે સર્વેશ ! તમો અમારા મનોરથને પૂરો કરો. કેમકે તમો તો કલ્પદ્રુમની પેઠે ભક્તોના મનોરથો પૂર્ણ કરનારા છો. આપની કૃપાથી કૃષ્ણમંદિર શીઘ્ર થઈ જશે તેમાં લગીરે સંશય નથી. (૨૧) મૂળીપુરવાસી જનોની સાથે હાથ જોડીને ઊભેલા રામાભાઈ રાજાએ આ પ્રમાણે ખૂબ પ્રાર્થના કરી ત્યારે શ્રી નારાયણમુનિએ પ્રસન્ન થઈને 'બહુ સારું, ભગવાનનું મંદિર બનાવો.' આ પ્રમાણે રામાભાઈ રાજાને કહ્યું. (૨૨) ત્યારબાદ શ્રીહરિએ શમદમાદિ સર્વગુણ સંપન્ન, મંદિર બનાવવામાં નિપુણ અને આગળ જ બેઠેલા, સંતવર્ય બ્રહ્માનંદમુનિને કહ્યું. (૨૩) હે સાધો ! બ્રહ્માનંદ ! મૂળીપુર જઈને તમો વાસ્તુશાસ્ત્ર અનુસારે કૃષ્ણમંદિર બનાવરાવો. મૂળીપુરમાં મારે ઘણી પ્રીતિ છે. (૨૪) આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું ત્યારે મહામુનિ બ્રહ્માનંદ શ્રીહરિને નમસ્કાર કરી 'બહુ સારું, જેવી આપની આજ્ઞા' આમ બોલ્યા. ત્યારબાદ રામાભાઈ રાજા તથા મૂળીપુરવાસીજનો અત્યંત આનંદમાં આવીને પ્રભુ તથા મુનિને પ્રણામ કરવા લાગ્યા. (૨૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપોત્તમ ! ત્યારે રામાભાઈ વગેરે સર્વજનો ભગવાન શ્રીહરિની આજ્ઞા વડે બ્રહ્માનંદ મુનિ સહિત મૂળીપુર જવા રવાના થયા. (૨૬) ઝાલાવાડ પ્રદેશના સર્વજનો પણ મૂળીપુરમાં મંદિર કરવાનું સાંભળી રાજી થઈને મંદિર બનાવવા માટે ધન વગેરે આપવા લાગ્યા. (૨૭) પછી હે રાજન્! રામાભાઈ રાજા અને પુરવાસી જનો વગેરે સૌએ બ્રહ્માનંદમુનિને અનુસરી અતિ ઉત્સાહપૂર્વક ઉત્તમ મુહૂર્તમાં મંદિરનો પ્રારંભ કરાવ્યો. (૨૮) ઉદારચિત્ત રાજા રામાભાઈ હર્ષપૂર્વક શિલ્પશાસ્ત્રમાં પારંગત શિલ્પીઓ દ્વારા પથ્થરનું મંદિર કરાવતા હતા. (૨૯) આ બાજુ ફાગણ સુદી આઠમના દિવસે સાંજના સમયે ભક્તોના ઇચ્છિત ફળને આપનારા સત્પુરુષોના સ્વામી શ્રી સહજાનંદ મહાપ્રભુ નરનારાયણદેવને નમસ્કાર કરીને શ્રીનગરથી રવાના થયા. (૩૦)

**મુનિ બોલ્યા :**

હે નરેશ ! પોતે આનંદિત કરેલા પુરવાસીજનો હર્ષપૂર્વક પાછળ આવતા હતા તેમને આગ્રહથી પાછા વાળીને શ્રીહરિ પોતાના સેવકો સાથે દુર્ગપુર પધાર્યા. (૩૧) પ્રભુ દુર્ગપુર પધારી પુષ્પદોલ

સંબંધી મોટા ઉત્સવના દર્શનાર્થે એકત્રિત થયેલા હજારો પોતાના આશ્રિત જનોને દર્શન વડે આનંદ પમાડતા થકા પોતાના નિવાસસ્થાન મંદિરમાં પ્રવેશ્યા. (૩૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે સમયે જયાલલિતા વગેરે સ્વભક્ત સ્ત્રીઓ આદરપૂર્વક શ્રી નારાયણ ભગવાનને જોઈ, વિરહવેદના શમી જતાં, શ્રીહરિની સમીપે આવીને વંદના કરવા લાગી અને અત્યંત આનંદને પામી ગઈ. (૩૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચતુર્થ પ્રકરણમાં
શ્રીનગરે શ્રીનરનારાયણપ્રતિષ્ઠાયાં વિપ્રસંતતર્પણાદિનિરૂપણ નામનો બેતાલીશમો અધ્યાય થયો.
॥૪૨॥

●

## અધ્યાય-૪૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ ગઢપુર પધાર્યા તે પહેલાં જ પ્રભુ દર્શનાર્થી ગંગારામભાઈ સુંદરજીભાઈ વગેરે ભક્તજનો ભુજનગરથી દુર્ગપુર આવેલા હતા. (૧) ગંગારામાદિ હરિભક્તો શ્રીહરિનું દર્શન કરી અત્યંત રાજી થયા. ઉત્તમ રાજાએ ભોજન-પાન-નિવાસ વગેરે વડે સત્કારાયેલા અને શ્રીહરિએ ખૂબ આદર કરાયા સતા તેઓ દુર્ગપુરમાં રોકાયા હતા. (૨) ત્યારબાદ શ્રીહરિએ ગઢપુરમાં ફૂલડોલનો મહોત્સવ કર્યો. ઉત્સવ પૂરો થતાં સ્વસ્થપણે બિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર કરી ગંગારામ નામના ભક્ત બોલ્યા : હે ભગવન્ ! તમો અમારા ભુજનગરમાં શ્રી નરનારાયણદેવનું મંદિર કરાવો; અમે અન્નધનાદિ વડે સેવા કરીશું. (૩-૪) હે પ્રભો ! સર્વ પુરવાસીજનોનો આ મનોરથ છે તેને આપ પૂરો કરો. તમો મંદિર કરાવવામાં સમર્થ છો અને અમો તમારા ભક્તો છીએ. (૫) આ પ્રમાણે ગંગારામ સુંદરજીભાઈ વગેરે પોતાના ભક્તોએ પ્રાર્થના કરાયેલા પ્રભુ જેતે ત્યાં મંદિર કરાવવું પોતાને ઈષ્ટ જ છે તેથી તથાસ્તુ કહીને અનુમોદન આપ્યું. (૬) ત્યારપછી શ્રીહરિ મહાપ્રભુ વૈષ્ણવાનંદમુનિ પ્રત્યે બોલ્યા : હે મુને ! તમો મંડળ સહિત આ ગંગારામ આદિ ભક્તજનો સાથે ભુજનગર જાઓ. (૭) ત્યાં જઈને ઉત્તમ શિલ્પીજનો પાસે રમણીય દેવમંદિર બનાવરાવો. તે દેવાલય તૈયાર થાય ત્યારે તેમાં શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા હું જરૂર ત્યાં આવીશ. (૮) આ રીતે શ્રીહરિની આજ્ઞા પામેલા વૈષ્ણવાનંદમુનિ હાથ જોડીને શ્રીહરિને બહુ સારું એમ કહ્યું. ત્યારે ભુજનગરવાસી જનો અત્યંત હર્ષ પામ્યા. (૯) ત્યારપછી મંડળે સહિત વૈષ્ણવાનંદમુનિની સાથે તે ભક્તજનો શ્રીહરિજીને પ્રણામ કરી પ્રભુનું ચિંતવન કરતા ભુજનગર જવા તૈયાર થયા. (૧૦)

**મુનિ બોલ્યા :**

હે રાજન્ ! વૈષ્ણવાનંદ મુનિએ શિલ્પશાસ્ત્ર અનુસાર એક વર્ષમાં સુંદર મંદિર તૈયાર કરાવ્યું. (૧૧) ત્યારપછી દુર્ગપુરમાં રહ્યા થકા શ્રીહરિ મહાપ્રભુએ આદિપર્વથી આરંભીને શ્રી મહાભારત

સાંભળવાનો આરંભ કર્યો. (૧૨) શ્રીહરિએ ચૈત્ર શુદી બીજના દિવસે મહાભારતની કથાનો આરંભ કરાવ્યો અને બીજા(અપર) ચૈત્રમાસની સુદી નવમી(રામનવમી)ના દિવસે કથાની પૂર્ણાહુતિ કરાવી. (૧૩) શ્રીહરિજીએ મહાભારત ગ્રંથનું યથાવિધિ શ્રવણ કરી વક્તા પુરાણીને ઘણી દક્ષિણાઓ, વસ્ત્રો, આભૂષણો વગેરે યથેષ્ટ અર્પણ કર્યાં. (૧૪) ચૈત્ર સુદી દશમીના દિવસે ભગવાન શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને જમાડ્યા. તે થકી બીજે દિવસે શ્રીહરિએ વિમલા એકાદશીનો મહોત્સવ કર્યો. (૧૫) તે જ માસ (ચૈત્ર)ની પૂર્ણિમા દિવસે ભુજનગરથી મોકલેલો દૂત આવીને શ્રીહરિ પ્રત્યે બોલ્યો : હે પ્રભો ! મંદિર સુંદર તૈયાર થઈ ગયું છે. (૧૬) હે હરે ! આપ ત્યાં પધારીને નરનારાયણની પ્રતિષ્ઠા કરવાને યોગ્ય છો; આવી ભુજનગરવાસી સર્વ હરિભક્તોની પ્રાર્થના છે. (૧૭) હે રાજન્ ! આવી દૂતની વાણી સાંભળીને શ્રેષ્ઠ જ્યોતિષીને બોલાવીને પ્રથમ શ્રીનરનારાયણની પ્રતિષ્ઠાના મુહૂર્તનો નિશ્ચય કર્યો. (૧૮) સ્વયં, શ્રીહરિ વૈશાખ સુદી પાંચમને દિવસે તેના મુહૂર્તનો નિશ્ચય કરીને ગઢપુરમાં ઉત્તમ રાજાને તમોએ અહીંયાં જ રહેવું એમ આજ્ઞા કરીને ચૈત્ર સુદી બીજને દિવસે ગઢપુરથી ભુજનગર જવા માટે નીકળ્યા. (૧૯) પોતાના અશ્વ ઉપર બિરાજમાન, અનુગામીઓએ સહિત, શ્રીહરિ માર્ગમાં ભક્તોના ગામોમાં નિવાસ કરતા ચૈત્ર વદી તેરશને દિવસે ભુજનગરમાં પધાર્યા. (૨૦) પ્રેમયુક્ત આંસુયુક્ત નેત્રોવાળા ભુજનગર નિવાસી હરિભક્તો સામે આવ્યા; શ્રીહરિએ ભુજનગરમાં પ્રવેશ કરીને મંદિરની નજીકમાં જ ઉતારો કર્યો. (૨૧) સર્વ પુરવાસી જનો શ્રીહરિની અતિ આદરપૂર્વક યથાયોગ્ય સેવાસુશ્રૂષા કરતા હતા. ભગવાને દેવપ્રતિષ્ઠામાં ઉપયોગી સર્વ સામગ્રી એકત્રિત કરાવી. (૨૨) પછી શ્રીહરિ મહાપ્રભુએ જેવી રીતે શ્રીનગરમાં તેવી જ રીતે ભુજનગરમાં તે મંદિરમાં મુહૂર્તને અનુસરીને સંવત ૧૮૭૯ના વૈશાખ સુદી પંચમીના દિવસે નરનારાયણની સ્થાપના કરી. (૨૩)

**મુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રી નારાયણમુનિએ મોટા રાજાઓથી પણ ન થઈ શકે એવો શ્રી નરનારાયણદેવનો પ્રતિષ્ઠા મહોત્સવ મહાસામગ્રીઓથી શાસ્ત્રવિધિ અનુસાર કરાવ્યો. (૨૪) શ્રીહરિએ નગરવાસી સર્વ બ્રાહ્મણો અને બહારગામથી આવેલા સમગ્ર બ્રાહ્મણોને તેમને ઈચ્છિત ભોજનો વડે જમાડીને તેમને દક્ષિણાઓ આપી. (૨૫) ભગવાન શ્રીહરિએ વૈશાખ સુદી સાતમને દિવસે તે શ્રી નરનારાયણના પૂજોત્સવાદિકની વ્યવસ્થા પોતાના સંપ્રદાયને અનુસરીને યથાયોગ્ય કરાવી. (૨૬) શ્રીહરિ મહાપ્રભુ પોતાના ભક્તજનોને સંતોષ પમાડતા અને તે ભક્તજનોને ઘેર પધારી તેમની ભક્તિયુક્ત મોટી પૂજાઓને અંગીકાર કરી તેમને આનંદ પમાડી ફરી પોતાના નિવાસસ્થાને નિત્ય પધારતા હતા. (૨૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
ભુજનગરમાં શ્રીનરનારાયણ પ્રતિષ્ઠાનિરૂપણ નામનો તેતાલીશમો અધ્યાય થયો. ॥૪૩॥

●

## અધ્યાય-૪૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભુજનગરમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠાનો મહોત્સવ કરી ભુજનગરથી ગઢપુર જવા શ્રીહરિ ઈચ્છા કરતા હતા તેટલામાં તો ભુજનગરમાં મૂળીપુરથી દૂતો તાત્કાલિક આવી પહોંચ્યા. (૧) શ્રીહરિજીને દૂતોએ નમસ્કાર કરીને રાજા રામાભાઈનો પત્ર અર્પણ કર્યો. ભક્તસભામાં બિરાજમાન શ્રીહરિએ શુકમુનિ પાસે તે પત્ર વંચાવ્યો. (૨) શ્રીહરિ મહાપ્રભુએ તે પત્રનો અર્થ મુક્તાનંદ વગેરે મુનિજનોને આદરપૂર્વક કહ્યો : હે મુનિજનો ! મૂળીપુરમાં ભગવાનનું મંદિર કરવાનું કાર્ય પૂરું થઈ ગયું છે. (૩) મૂળીપુરમાં કૃષ્ણપ્રતિષ્ઠા માટે રાજા રામાભાઈએ મને સત્વરે તેડાવ્યો છે. આ મહિનામાં મુહૂર્ત આવે ત્યારે મૂળીપુરમાં કૃષ્ણ મંદિરમાં પ્રતિષ્ઠા કરવા હું ઈચ્છું છું. (૪) શ્રીહરિએ મયારામ ભટ્ટને કહ્યું : હે વિપ્રવર્ય ! તમો જ્યોતિશાસ્ત્રમાં વિશારદ છો. માટે પંચાંગપત્રમાં જુઓ અને પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરીને કહો. (૫) મયારામ વિપ્ર પંચાંગ કાઢી તેમાં જોઈ સર્વ પ્રકારના ઈચ્છિતની સત્વરે સિદ્ધિ કરનારું ઉત્તમ મુહૂર્ત વિચારીને બોલ્યા : હે પ્રભો ! મહા સુદ-૫ (સં. ૧૮૭૯) નું શુભ મુહૂર્ત આવે છે. (૬) હે પ્રભો ! આ ભુજનગરથી નીકળવાનો પણ આવતી કાલે જ શુભ સમય છે. આવું ભટ્ટનું વચન સાંભળી ભગવાન શ્રીહરિ રાજી થયા. (૭) પછી સંતો, પાર્ષદો, ગૃહસ્થો, વર્ણીઓ, ભક્તજનો વગેરે સૌને શ્રીહરિએ મૂળીપુર જવાની આજ્ઞા આપી. (૮) શ્રીહરિની આજ્ઞાથી સંતો આદિ સર્વ ભક્તજનો આનંદિત થયા અને સૌ મૂળીપુર જવાની તૈયારી કરવા લાગ્યા. (૯) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુજીએ મૂળીપુરથી આવેલા દૂતોને જમાડીને કહ્યું : પાંચમને દિવસે મૂળીપુરમાં રહેલા મંદિરમાં કૃષ્ણાદિ પ્રતિમાઓને સ્થાપવા માટે હું, સંતો તથા જનસમુદાયની સાથે ત્યાં મહા સુદી એકમના રોજ અવશ્ય આવીશ. આમ કહી દૂતોને રવાના કર્યા. પછી દૂતોએ જલદી મૂળીપુર આવીને મૂળીપુરના રાજા રામાભાઈને સઘળો વૃત્તાંત કહ્યો ત્યારે તે રાજાએ હર્ષ પામીને સઘળી સામગ્રી એકત્રિત કરાવી. (૧૦-૧૧) ત્યારે બ્રહ્માનંદમુનિ પણ અગાઉ લાવી રાખેલી ભગવાનની મૂર્તિઓને મંદિરના મધ્ય લાવી શ્રીહરિના આગમનની રાહ જોવા લાગ્યા. (૧૨) ત્યારપછી ભગવાન શ્રીહરિ મહા સુદી એકમના રોજ પ્રભાતમાં સર્વ નરનારી ભક્તજનોથી વીંટાયા થકા ભુજનગરથી મૂળીપુર જવા માટે નીકળ્યા. (૧૩) મુનિ વર્ણિ પાર્ષદો સહિત નીકળેલા શ્રીહરિ માર્ગમાં આવતા ગામોમાં પોતાના અનુયાયીઓ દ્વારા તે તે ગામોમાં પૂજાતા થકા અને ભક્તિ-ધર્મનું પોષણ કરતા સતા શ્રીહરિ એકાદશીના સાયંકાળે મૂળીપુર પધાર્યા. (૧૪) નગરવાસી જનો સાથે રાજા રામાભાઈએ અનેક વાજિંત્રોના શબ્દો અને વેદઘોષો સાથે શ્રીહરિનું સામૈયું કરી નગરમાં પ્રવેશ કરાવ્યો. ત્યાં પોતાને ઉતારે પધારી ભગવાન શ્રીહરિ સુંદર સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૧૫) રાજા રામાભાઈએ મૂળીપુરમાં પધારેલા સંતો-હરિભક્તો અને સ્ત્રીઓને યથોચિત ઉતારાઓ અપાવ્યા. (૧૬) પછી ફળાહારથી સર્વજનોનો આતિથ્યસત્કાર કરવામાં આવ્યો અને શ્રી નારાયણમુનિ ભગવાનની પરિચર્યા દાસત્વભાવથી કરવા લાગ્યા. (૧૭) શ્રીહરિની સમીપે આવી પ્રણામ કરી

પાસે બેઠેલા બ્રહ્માનંદમુનિને ભગવાન શ્રીહરિએ કહ્યું : આવતી કાલે સવારે કૃષ્ણપ્રતિમાની પ્રતિષ્ઠા કરવાનું શુભ મુહૂર્ત છે. (૧૮) હે મુને! સર્વ ઉપહારો તમે અત્યારે જ સંપાદન કરો. આવું કહેવાયેલ બુદ્ધિમાન મુનિવર્ય બ્રહ્માનંદ સ્વામી બોલ્યા. (૧૯) હે સ્વામિન્ ! આ સમગ્ર મંદિર આપની આજ્ઞા પ્રમાણે શિલ્પશાસ્ત્ર અનુસાર નિર્માણ કર્યું છે અને તેમાં પધરાવવા માટે શ્રીકૃષ્ણાદિની મૂર્તિઓ આપના કહેવા મુજબ લાવી રાખી છે. (૨૦) તેમજ પ્રતિષ્ઠાકર્મમાં નિપુણ એવા હેમંતરામ વગેરે વૈદિક બ્રાહ્મણો પણ બોલાવેલા આવી પહોંચ્યા છે. (૨૧) તેમના કહેવા પ્રમાણે સર્વ પૂજાસામગ્રી યથાશાસ્ત્ર સંપાદન કરેલી છે. વળી અનાજ, વાસણો, વસ્ત્રો, ગોળ વગેરે સર્વ સામગ્રી એકત્રિત કરી રાખી છે. (૨૨) એ બધી સામગ્રીઓ જોઈને હવે તેમાં શું અપેક્ષિત છે તે હું કહીશ આમ બોલીને શ્રી નારાયણમુનિ સિંહાસન ઉપરથી ઊઠ્યા. (૨૩) પછી શ્રી નારાયણ-મુનિ બ્રહ્માનંદમુનિનો હાથ ઝાલીને મંદિરમાં જઈને બધી સામગ્રી જોઈને શ્રીહરિ બુદ્ધિમંત બ્રહ્માનંદમુનિ તથા રાજા રામાભાઈની પ્રશંસા કરવા લાગ્યા. (૨૪) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુ કૃષ્ણ વગેરે પ્રતિમાઓ તથા ચંદન પુષ્પ અક્ષત વગેરે પૂજાસામગ્રી અને મંડપમાં લાવેલા સર્વ ઉપહારોને જોઈને સંતુષ્ટ થઈ ગયા. (૨૫) વેદશાસ્ત્રી બ્રાહ્મણોએ અભિવંદન કરી શ્રીહરિને વંદન કર્યા : ત્યાં ગરમ મૂઠિયાં ખાંડવાના મોટા અવાજો આવતા હતા. (૨૬) મોટી પાકશાળામાં બ્રાહ્મણો મૂઠિયાં સાંતળતા હતા, આમાં શ્રીહરિએ આદરપૂર્વક લાડુના ચૂર્ણ કરવાનાં સાધનાદિ જોયાં. (૨૭) શ્રી નારાયણમુનિ ભગવાન લાડુ બનાવવા માટેનો મોટાથી મોટો પાક જોઈને હસતા હસતા બ્રહ્માનંદ મુનિ પ્રત્યે બોલ્યા : હે બ્રહ્મમુને ! લાડુઓમાં ગોળ નાખવાનો છે કે સાકર નાખવાની છે તે કહો. (૨૮) આ પ્રકારે રમૂજમાં પુછાયેલા બ્રહ્મમુનિ રમૂજને અનુકૂળ જ ઉત્તર કહેવા લાગ્યા : હે પ્રભો ! આ પ્રતિષ્ઠા મહોત્સવમાં આપનું આગમન સાંભળી સાકર અને ઘી ખૂબ વિકાસ પામ્યા અને તેથી તેલ સહિત ગોળ પલાયન થઈ ગયાં છે. (૨૯) મુનિ બોલ્યા : આવા પ્રકારે બ્રહ્માનંદમુનિનું સુંદર વાક્ય સાંભળી 'બહુ સારું બહુ સારું' એમ બ્રહ્માનંદમુનિનું સન્માન કરી ભગવાન પ્રસન્ન થઈને ત્યાંથી પોતાના નિવાસસ્થાને પધાર્યા. (૩૦) ત્યારબાદ શ્રીહરિએ સંધ્યા સંબંધી વિધિને કરી, રાજા રામાભાઈ અને અન્ય ભક્તજનોને રાજી કરવા થોડુંક ફલાહાર કરી, પોતે બે ઘડી નિદ્રારહિત હોવા છતાં શયનલીલા કરી. (૩૧) રાત્રિના ત્રીજા પહોરને અંતે ઊઠીને સંક્ષેપથી શીઘ્રપણે આહ્નિક કર્મ કરી પ્રતિષ્ઠા યજ્ઞ ભૂમિકા ઉપર પધાર્યા. (૩૨) તેટલામાં તો સર્વ બ્રાહ્મણો સ્નાન કરી જલદી આહ્નિક વિધિ કરીને તે મંડપમાં આવી બેઠેલા હતા તે બ્રાહ્મણોને નમસ્કાર કરી શ્રીહરિ સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૩૩) હે રાજન્ ! સર્વ સંતો પણ શ્રીહરિને મંડપમાં પધારેલા સાંભળી ત્વરાપૂર્વક આહ્નિક કર્મ કરી મંડપમાં આવીને બેસી ગયા. (૩૪) અન્ય સર્વ ભક્તજનો તથા રાજાભાઈ તેમજ પુરવાસી જનો, સ્ત્રીઓ, ગાયકો અને વાજિંત્ર વગાડનારાઓ આ બધા પોતપોતાની મર્યાદા અનુસાર બેસી ગયા. (૩૫) ત્યારબાદ વૈદિક બ્રાહ્મણો ગણપતિપૂજન પૂર્વક દેવપ્રતિષ્ઠા વિધિ યથાવિધિ શ્રીહરિ મહાપ્રભુ દ્વારા કરાવતા હતા. (૩૬) ધર્મનંદન શ્રીહરિ પણ અંગપ્રધાન ભૂત દેવોની પ્રીતિ માટે સમગ્ર વિધિ મુખ્યવિધિથી જ કરતા હતા. (૩૭) સર્વેશ્વર શ્રીહરિ મંદિરના

મધ્યભાગમાં શ્રીકૃષ્ણની સ્થાપના તથા શ્રીકૃષ્ણના ડાબા પડખે રાધિકાજીની સ્થાપના કરતા હતા અને જમણીબાજુ હરિકૃષ્ણ નામની પોતાની પ્રતિમાની સ્થાપના કરતા હતા. (૩૮) પ્રભુ શ્રીહરિએ મધ્યમંદિરથી ડાબી બાજુએ રણછોડરાય અને ત્રિકમરાયની સ્થાપના કરી તથા જમણી બાજુએ ધર્મદેવ અને ભક્તિ માતાની મૂર્તિઓની સ્થાપના કરી. (૩૯) હે રાજન્ ! તે સમયે મંદિરમાં વાજિંત્રોના મહાશબ્દ બ્રહ્મઘોષોની સાથે નીકળતો થકો સર્વ દિશાઓ અને આકાશમાં વ્યાપી વળ્યો. (૪૦) ત્યારપછી શ્રીહરિ મહાપ્રભુએ પ્રાણપ્રતિષ્ઠા કરી તે મૂર્તિઓનું વૈદિક મંત્રો અને પંચરાત્રોક્ત મંત્રો વડે આદરપૂર્વક પૂજન કર્યું. (૪૧) નવીન અમૂલ્ય વસ્ત્રો, સુવર્ણમય રત્નજડિત અલંકારો વડે પૂજન કર્યું. પછી સુશોભિત એવી તે મૂર્તિઓની આરતી ઉતારી. (૪૨) ત્યારબાદ પુષ્પાંજલિ અર્પણ કરી શ્રીહરિ મહાપ્રભુ તે મૂર્તિઓ સામું જોઈ રહ્યા હતા ત્યારે તે મૂર્તિઓમાં અત્યંત ઘાટું તેજ ઉત્પન્ન થયું. (૪૩) તે પછી સમગ્ર જનો તે મૂર્તિઓનું દર્શન કરતાં અત્યંત આશ્ચર્યને પામી ગયા. અને આ પ્રતિષ્ઠાવિધિથી પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યા. (૪૪) શ્રીહરિ મહાપ્રભુએ સકળ વિધિને સમાપ્ત કરી બહાર આવી સર્વ બ્રાહ્મણોને યથાયોગ્ય બહુ દક્ષિણાઓ આપી. (૪૫) ત્યારપછી હજારો બ્રાહ્મણો, સર્વ સાધુજનો, સર્વ ભક્તોને પ્રીતિપૂર્વક રસસભર ભક્ષ્ય અને ભોજ્ય એવાં ભોજનો વડે પરિતૃપ્ત કર્યા. (૪૬) બ્રાહ્મણો તૃપ્ત થવાથી સર્વેશ્વર શ્રીહરિ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવને પરિપૂર્ણ માનતા હતા. પછી પોતે સ્વનિવાસે પધારી મધ્યાહ્નિક વિધિ કરી રસોઈ બનાવી. (૪૭) રસોઈ બનાવ્યા પછી શ્રી રાધાકૃષ્ણદેવનો પ્રસાદ જમીને ચાર ઘડી સુધી પોતાના નિવાસે આરામ કરીને પછી પોતે ઊંચા ઉત્તમ સિંહાસન ઉપર બિરાજમાન થયા. શ્રીહરિની આગળ સભામાં સર્વ ભક્તજનો પણ બેસી ગયા. (૪૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં મૂળીપુર ઉત્સવમાં શ્રી રાધાકૃષ્ણહરિકૃષ્ણાદિસ્થાપનાનિરૂપણ નામનો ચુમાલીશમો અધ્યાય થયો. ॥૪૪॥

●

## અધ્યાય-૪૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રી નારાયણમુનિ સભામાં રહેલ સમગ્ર ભક્તજનો પ્રત્યે દયાપૂર્ણ દૃષ્ટિ વડે જોતાં થકા બોલ્યા કે તમો સર્વ મારું વચન સાંભળો. (૧) આ મૂળીપુરી શ્રીકૃષ્ણ ભગવાનને સર્વ પ્રકારે અતિશય પ્રિય છે. શ્રીકૃષ્ણ ભગવાને મથુરાપુરીથી આ પુરીમાં આવીને ત્રણ વર્ષ પર્યંત નિવાસ કર્યો હતો. (૨) પરંતુ આ પુરીમાં શત્રુસંબંધી ઉપદ્રવ થવાથી ભગવાને સમુદ્રમાં વિશ્વકર્મા દ્વારા દ્વારિકાપુરીનું નિર્માણ કરાવ્યું. (૩) ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણ સ્વજન યાદવોની રક્ષા કરવાની ઇચ્છાથી દ્વારિકામાં વસવા લાગ્યા. આ મૂળીપુરમાં વાવ છે તેમાં માધવ ભગવાને પોતાના ભક્તજનો સહિત જળક્રીડા કરેલી. (૪) માટે આ વાવ અતિ પવિત્ર છે, સ્નાનમાત્રથી પાપોને હરનારી છે, એમ જાણી સર્વભક્તોએ એમાં પ્રયત્નપૂર્વક સ્નાન કરવું. (૫) આ મૂળીપુરીમાં સ્થાપન કરેલ રાધાકૃષ્ણનું જે જનો દર્શન કરશે તેમના સર્વ મનોરથો નિશ્ચય સિદ્ધ થશે. (૬)

એકાદશી અથવા દર માસની પૂનમને દિવસે રાધાકૃષ્ણનું જે નિયમપૂર્વક દર્શન કરશે તે જીવતા થકા અક્ષરમુક્ત સમાન થશે. (૭) આ પુરીમાં મારા આશ્રિતોએ દર વર્ષે મહા સુદી પાંચમ અથવા કાર્તિકી પૂર્ણિમાએ આ રાધાકૃષ્ણદેવનું પ્રયત્નપૂર્વક દર્શન કરવું. (૮) માઘમાસની સુદી પંચમી(વસંતપંચમી)ના દિવસે આ શ્રીરાધાકૃષ્ણનું દર્શન વિશેષપણે કરવું અને યથાશક્તિ સાધુ બ્રાહ્મણોને ભોજન કરાવવું. (૯) આ શ્રી રાધાકૃષ્ણના દર્શનથી અહીં દ્વારિકાની યાત્રા સિદ્ધ થશે કેમ કે શ્રીકૃષ્ણના નિવાસથી મૂળીપુરી પણ દ્વારિકા સમાન થયેલી છે. (૧૦) આમ કહીને પછી શ્રીહરિ મહાપ્રભુએ શ્રીકૃષ્ણ મંદિરમાં સાધુઓમાં ઉત્તમ બ્રહ્માનંદમુનિને મહંતપદે સ્થાપન કર્યા. (૧૧) ત્યારપછી નારાયણમુનિએ દર વર્ષે કરવાના ઉત્સવોની વ્યવસ્થા તથા યથા ધનસંપત્તિ તે બ્રહ્માનંદમુનિને ઉપદેશી. (૧૨) શ્રીહરિને આ પ્રકારે કરતે સતે મધ્યરાત્રિનો સમય થઈ ગયો. પછી બ્રહ્માનંદાદિ સર્વને આજ્ઞા આપી પોતે સ્વનિવાસસ્થાને પધાર્યા. (૧૩) બીજે દિવસે રાજા રામાભાઈ અને પુરવાસીજનો સભામાં બિરાજમાન શ્રીહરિનું પ્રાતઃકાળ પછી સંગવકાળથી આરંભી મધ્યાહ્‌ન કાળ પર્યંત પરમ ભક્તિ અને હર્ષપૂર્વન પૂજન કર્યું. (૧૪) અનેકવિધ બહુમૂલ્ય વસ્ત્રો, સુવર્ણમય રત્નજડિત અલંકારો, ઉત્તમ સુગંધી ચંદન, સુગંધી પુષ્પમાળાઓ વગેરે વડે તથા દ્રવ્ય અર્પણ વડે તે પ્રભુની પૂજા કરી. (૧૫) ભગવાન શ્રીહરિ તે ભક્તોને રાજી કરવા માટે તેમની પૂજા સ્વીકારતા હતા અને તેમને પુષ્પ, ફળ, વસ્ત્ર વગેરે પ્રસાદી આપતા હતા. (૧૬) પછી સર્વ ભક્તજનોને ભોજન માટે આજ્ઞા આપી પોતાના નિવાસસ્થાને પધારી શ્રીહરિએ એકાગ્ર થઈને બાકીનું આહ્‌નિક કર્મ સમાપ્ત કર્યું. (૧૭) લોકોના મોટા મોટા સંઘો દરરોજ અન્ય ગામોથી મૂળીપુરીમાં આવી શ્રીહરિ મહાપ્રભુનું દર્શન-પૂજન-વંદન વગેરે કરી સૌ પાછા જતા હતા. (૧૮) સંતવર્ણિ પાર્ષદો સહિત શ્રીહરિજીને પોતાનાં ગામોમાં પધરાવવા માટે ભક્તિભાવથી પ્રાર્થના કરતા હતા ત્યારે શ્રીહરિ તેઓના સંતોષ માટે તેમને અનુમોદન આપતા હતા. (૧૯) મહાપ્રભુ શ્રીહરિ સભામાં દરરોજ વિવિધ પ્રકારની વાતો કરતા હતા. આ વાતોથી મુમુક્ષુ એવા સ્વભક્તજનોના ધર્મ અને ભક્તિની વૃદ્ધિ થતી હતી. (૨૦) હે રાજન્ ! કોઈક સમયે શ્રીહરિ ભક્તોને પ્રકૃતિ-પુરુષ-વિવેકરૂપ સાંખ્યજ્ઞાનનો, ક્વચિત્ અષ્ટાંગયોગરૂપ યોગજ્ઞાનનો, ક્યારેક ધર્મનો, ક્વચિત્ ભક્તિનો અને ક્યારેક વૈરાગ્યનો ઉપદેશ આપતા હતા. (૨૧) અને ક્યારેક પરસ્પર પ્રશ્નોત્તરો કરાવીને શ્રીહરિ નારાયણમુનિ ભક્તજનોની સંશયજાળોને દૂર કરતા હતા. (૨૨) રામાભાઈ રાજા અને તેમના મંત્રીઓ પ્રતિદિન ઉત્તમ બ્રાહ્મણો દ્વારા પાક બનાવરાવી સંતવર્ણિ જનોને તૃપ્ત કરતા હતા. (૨૩) સાધુઓ અને બ્રહ્મચારીઓને જમાડવા માટે પુરવાસીજનોનો તો વારો જ આવતો ન હતો. ઉપરાઉપરી રાજાના મંત્રીઓના નિમંત્રણને લીધે આમ થતું હતું. (૨૪) પછી પુરવાસી જનોને સંતોષ પમાડવા સારુ ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ પોતાના પાર્ષદોએ સહિત તે તે ભક્તજનોને ત્યાં પધારતા હતા. (૨૫) સ્ત્રીઓએ સહિત ભક્તજનો પોતાનું મોટું ભાગ્ય માનતા થકા પોતપોતાને ઘેર પધારેલા શ્રીહરિ મહાપ્રભુનું ભક્તિપૂર્વક પૂજન કરતા હતા. (૨૬) શ્રીહરિ એક ભક્તને ઘેર પધારી, તે ભક્તે અતિ માન્યા થકા તેનું પૂજન સ્વીકારી પછી બીજા ભક્તના ઘેર પ્રવેશ

કરતા હતા. (૨૭) હે ભૂપતે ! ભક્તભાવન ભગવાન શ્રીહરિ સંગવકાળથી આરંભીને મધ્યાહ્નકાળ પર્યંત પુરવાસી પોતાના ભક્તજનોને ઘેર જઈ તેમની પૂજા અંગીકાર કરી સંતોષ પમાડ્યા. (૨૮) જે પુરુષ મહાપાક કરાવે તે પુરુષનું શ્રીહરિ પોતે કાચું સીધું ગ્રહણ કરતા હતા અને તેને લઈને દરરોજ ભગવાન માટે રસોઈ બનાવતા હતા. (૨૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ નરેશ ! તે મૂળીપુરીમાં પ્રભુ ભક્તસંઘો સહિત જેટલા દિવસ રોકાયા તેટલા દિવસો તે પુરવાસીજનોને ક્ષણની પેઠે વીતી ગયા. (૩૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
મૂળીપુરમાહાત્મ્યાદિનિરૂપણ નામનો પિસ્તાલીશમો અધ્યાય થયો. ॥૪૫॥

●

## અધ્યાય-૪૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! પૂર્ણિમાના દિવસે મૂળીપુરીમાં શ્રીહરિના દર્શનાર્થે ભગવાનના દર્શનમાં ઉત્સાહવાળા થઈને ઘણા લોકોના સમૂહના સમૂહ આવવા લાગ્યા. (૧) કૃષ્ણ, હરિકૃષ્ણ, ધર્મ આદિ સ્વરૂપોને જોઈ તે જનો અત્યંત આશ્ચર્ય પામી જતા હતા અને પોતાને ઘેર પાછા જવા માટે અસમર્થ થકા તે દિવસે ત્યાં જ રોકાઈ જતા હતા. (૨) મૂળીમાં મંદિરમાં રાત્રે ભગવાનમાં મનવાળા મનુષ્યોની મોટી સભા થઈ. જગદ્‌ગુરુ ભગવાન શ્રીહરિ સભામાં ઉત્તમ સિંહાસન ઉપર બિરાજ્યા. (૩) તે સભામાં જેમને શ્રીહરિ પ્રિય છે એવા સંતો, મૃદંગ અને ઝાંઝને વગાડતા થકા, હર્ષપૂર્વક ઊંચા સ્વરથી કૃષ્ણનાં પદો ગાવા લાગ્યા. (૪) રાત્રિનો પહેલો પહોર પૂરો થયો અને હરિસંકીર્તન સમાપ્ત થયું ત્યારે શ્રીહરિએ સંતોને આજ્ઞા આપી કે તમો બધા પ્રશ્ન-ઉત્તર કરો. (૫) તે સમયે વાસુદેવાનંદ બ્રહ્મચારી શ્રીહરિને નમસ્કાર કરીને પૂછવા લાગ્યા કે સર્વજનો જીવાત્માઓનું પરતંત્રપણું જાણે છે. (૬) પરમેશ્વર જ સ્વતંત્ર છે અને તે પરમેશ્વરના આશ્રયથી પ્રાણીમાત્રને સુખ થાય પરંતુ પોતાની ઇચ્છાથી સુખ ન થાય એમ પણ જાણે છે. (૭) તોપણ ધર્મશાસ્ત્રમાં કહેલી પુરાતની ભગવાનની મર્યાદાનું ઉલ્લંઘન કરીને આ લોકમાં સ્વેચ્છાચારમાં આસક્ત થકા વર્તે છે. (૮) હે પ્રભો ! નરનાટ્યધારી પ્રત્યક્ષ ભગવાનનો મોહને લીધે નિશ્ચય સર્વ પ્રાણીઓને ન થાય તે બનવાજોગ છે. પરંતુ તે જનો સ્વધર્મનો ત્યાગ કરી કુમાર્ગોમાં કેમ વર્તે છે ? એવા મારા મનમાં સંશય થયા છે. (૯-૧૦) આવો પ્રશ્ન કરનાર વાસુદેવાનંદ બ્રહ્મચારીને શ્રીહરિ મહાપ્રભુ કહેવા લાગ્યા : હે વર્ણીંદ્ર ! કાળ બળવાનોમાં પણ બળવાન છે. કાળબળને લીધે સત્ય, શૌચ, દયા અને તપરૂપ ધર્મના પાદો નાશ પામે છે અને અધર્મના પાદો વૃદ્ધિ પામે છે. (૧૧) પ્રથમ સત્યયુગમાં ધર્મ જે તે સત્ય, શૌચ, દયા અને તપરૂપ ચાર પગવાળો વર્તે છે. બીજા ત્રેતા યુગમાં ધર્મ ત્રણ પાદવાળો કહેતાં ત્રણ અંશવાળો વર્તે છે. ત્રીજા દ્વાપરયુગમાં બે પાદવાળો અને ચોથા કળિયુગના ધર્મ એક પાદપાળો વર્તે છે. (કલિયુગમાં પ્રત્યેકનો ચતુર્થાંશ બાકી રહે છે અને તે પણ અંતે નાશ પામશે.)

(૧૨) કાળવડે મનુષ્યોનું આયુષ્ય, ઐશ્વર્ય, બળ અને બુદ્ધિ અનુક્રમે હ્રાસ પામે છે. આ કાળકૃત આયુષ્યાદિ હ્રાસ પ્રકરણમાં પ્રસંગવશ કાળાનુસારી સૃષ્ટિક્રમ હું તમોને કહું છું તે સાંભળો. (૧૩) પ્રથમ જનો બ્રહ્માના મનથી (માનસસૃષ્ટિરૂપે) ઉત્પન્ન થયેલા તે પણ મનથી જ પ્રજાઓને સૃજતા હતા. તે લોકો મૈથુનધર્મથી રહિત હતા. તે સર્વ કાર્ય મનથી જ કરતા. માનસસૃષ્ટિથી ઉત્પન્ન થયેલા હોવાથી સંકલ્પથી જ ભોગ ભોગવતા અને સંકલ્પસૃષ્ટિ કરતા હતા. (૧૪) માનસસૃષ્ટિમાં તે જનો શબ્દાદિ પંચ વિષયોને સંકલ્પ માત્રથી જ પ્રાપ્ત કરતા હતા. નદી સરોવર સમુદ્ર અને પર્વતો છે આશ્રય જેમનાં એવા તે જનો પોતાની મેળે જ તૃપ્ત અને પ્રતિઘાતથી રહિત હતા. (૧૫) માનસસૃષ્ટિમાં શીત ઉષ્ણ આદિ પીડાને નહિ પામનારા તથા મદ અને માનથી રહિત તથા નિષ્કામ કર્મવાળા એવા સર્વ જનો તથા સ્ત્રીઓ પણ ધર્મમાં વર્તનારી હતી. (૧૬) અને તે માનવસૃષ્ટિમાં તે જનોને કામ વડે વિષયાભિલાષા થકી અર્વાચીન ધર્મમાં સ્થિતિ પ્રથમથી જ થયેલી હતી. તેમ જ તે જનોને સવારે કરેલો સંકલ્પ બપોરે સિદ્ધ થતો હતો પરંતુ સંકલ્પ કરતી વખતે જ તત્કાલ સિદ્ધ થતો ન હતો. આ કાળનું વિપરીતપણું જાણવું. (૧૭) માનસસૃષ્ટિથી ઉત્પન્ન થયેલા જનોનું સ્વભાવસિદ્ધ સ્થિર યૌવનપણું હતું. અને સ્ત્રીસંગથી મૈથુન પ્રસૂતિ હતી તે મૈથુન પ્રસૂતિ પણ આયુષ્યના અંતે હતી. ત્યારપછી તેમને વિના પ્રયાસે સમૃદ્ધિઓ થતી હતી. (૧૮) તે સર્વ જનો સાથે જન્મવાળા અને સાથે મૃત્યુવાળા તથા ઊંચ-નીચ ભાવથી રહિત હતા. પછી કાળે કરી તેઓ અલ્પબુદ્ધિવાળા અને મહાસમૃદ્ધિથી રહિત તથા દ્રવ્યની લાલસાવાળા થયા. (૧૯) ત્યારબાદ પ્રતિમાસ ઋતુધર્મને પ્રાપ્ત થયેલી સ્ત્રીઓમાં અનુરાગી ચિત્તવાળા તથા બહુ પ્રજાવાળા તે જનો પોતપોતાને ઘેર રહેલા ઉત્તમ વૃષ્ટિથી ઉદ્‌ભવેલાં કલ્પવૃક્ષો વડે પોતાનું ઇચ્છિત મેળવતાં હતાં. (૨૦) ત્યારબાદ સ્ત્રી આદિમાં વાસનાને લીધે તે જનોનાં કલ્પવૃક્ષો નાશ પામ્યાં. ત્યાર પછી ચાર ડાળીઓવાળાં તથા પર્ણપુટો વડે સુગંધી તેમજ મધુરરસને સ્રવનારાં અન્ય વૃક્ષો હતાં. (૨૧) વૃક્ષો દ્વારા પ્રાપ્ત કર્યાં છે વસ્ત્રો અને અલંકારો જેમણે એવા તે જનોએ તે વૃક્ષોના મૂળમાં જ નિવાસ કર્યો અને લોભ થકી તે વૃક્ષોને જ જ્યારે ગ્રહણ કરવા ઇચ્છ્યા ત્યારે શાખાવાળાં વૃક્ષો નાશ પામી ગયાં. (૨૨) ત્યારબાદ શીત ઉષ્ણ વગેરે દ્વંદ્વોથી તપતા થકા, તે દ્વંદ્વોની નિવૃત્તિ માટે પુરો, દુર્ગો, નગરો, ગામો, ખેડૂતોનાં ગામો તથા પર્વતની તળેટીના ગામોનો આશ્રય કરવા લાગ્યા. (૨૩) આમ, શીત ઉષ્ણ વગેરે દ્વંદ્વોનો વિનાશ કરી તે જનો ભૂખ અને તરસથી પીડિત થકા પોતાની જીવિકા માટે અત્યંત ખેદને પામ્યા. ત્યારે સૃષ્ટિકર્તા બ્રહ્માએ અનાદિસિદ્ધ વૃષ્ટિને પ્રેરણા કરી. (૨૪) તે વરસાદના જળના સંયોગ વડે ધરતીમાંથી ખેડ્યા વગર પાકનારી ઔષધિઓ (ડાંગર વગેરે) પ્રગટ થઈ. તે સમયે વૃક્ષો, લતાઓ, ઋતુ પ્રમાણે પુષ્પો અને ફળોવાળા થયા. (૨૫) આ પ્રમાણે જીવિકા વૃત્તિવાળા તે જનો જ્યારે રાગના લોભથી સર્વ ઔષધીઓને ગ્રહણ કરવા લાગ્યા ત્યારે લોભ. કામ, ક્રોધ વગેરે દોષોથી તે ઔષધિઓ કાળે કરી નષ્ટ થઈ પૃથ્વીમાં લીન થઈ ગઈ. (૨૬) ત્યારપછી પોતાના દોષને લીધે ભૂખપીડિત થયેલા તે જનો આજીવિકા માટે બ્રહ્માની પ્રાર્થના કરવા લાગ્યા. બ્રહ્માએ સુમેરુને વત્સ બનાવી ગાયના રૂપને ધરી રહેલી પૃથ્વીમાંથી સકલ ઔષધિઓનું દોહન કર્યું. (૨૭) બ્રહ્મા સકલ

ઔષધિઓનું દોહન કરી તે જનોને આપતા હતા ત્યારે તે જનો જવ ડાંગર જેમાં મુખ્ય છે તેવી ઔષધિઓને પ્રાપ્ત કરી વણખેડેલી જમીનમાં વાવીને તેમાંથી ઉત્પન્ન થયેલાં ધાન્યો વડે નાશ પામેલાં છે ક્ષુધા જેમની એવા થકા વૃત્તિને ચલાવતા હતા. (૨૮) પછી વૃદ્ધિને પામેલા કામ અને લોભને ભજનારા તે જનોનાં વાવેલા બીજો કાળની ગતિને લીધે અંકુર રહિત થયા અને પૃથ્વીમાં લીન થયા ત્યારે જનો અત્યંત દુઃખી થઈ ગયા. ત્યારે સ્વયંભૂ બ્રહ્માએ તે જનોને કૃષિકર્મથી થનારી હસ્તસિદ્ધિ આપી. ત્યારે પૃથ્વી આ લોકમાં ખેડીને પકાવવા યોગ્ય થઈ. અને તે કૃષ્ટપચ્યા પૃથ્વી વડે જનો આનંદિત થઈ ગયા. આ રીતે આ પ્રકારે કાળે કરીને જનોની ઉત્તમ બુદ્ધિ નાશ પામે છે. અને દુષ્ટબુદ્ધિ વૃદ્ધિ પામે છે તે હેતુ માટે પોતાના ધર્મને ઉલ્લંઘન કરી બધા અધર્મપરાયણ થાય છે. (૨૯-૩૧) જ્યારે જ્યારે ધર્મનો હ્રાસ થાય છે અને ધર્મનો પ્રતિપક્ષી એવો અધર્મ તથા તેના લોભાદિ વંશ વૃદ્ધિ પામે છે ત્યારે ત્યારે સ્વભક્તજનો ઉપર દયાવાળા અને સ્વતંત્ર એવા શ્રીકૃષ્ણ મહાપ્રભુ ભૂતળ ઉપર પ્રાદુર્ભાવ પામે છે. (૩૨) આ લોકમાં જે જનો તે ભગવાનનો આશ્રય કરેલા સત્પુરુષોના અનુશાસનથી તેમનો આશ્રય કરે છે ઉત્તમ બુદ્ધિવાળા જનો અપાર સંસારરૂપી સાગરને પોતાના વંશજો સહિત તરી જાય છે. (૩૩) કાળવેગ પ્રભુ આશ્રિત ભગવદ્ ભક્તોમાં પ્રવેશ કરવા કદાપિ સમક્ષ થતો નથી કેમ કે ભગવાન કાળના પણ કાળ છે અને જીવો-ઈશ્વરોના નિયંતા છે એ નક્કી વાત છે; આ પ્રમાણે વેદવાણી છે. (૩૪) આ પ્રકારે પ્રશ્નોત્તર સાંભળી વર્ણિરાજ શ્રીવાસુદેવાનંદમુનિ સંતુષ્ટ થઈ ગયા અને સભામાં રહેલા સર્વ ગૃહસ્થો અને મુનિજનો હર્ષને પ્રાપ્ત કરી ભક્તિપૂર્વક શ્રીહરિ મહાપ્રભુને નમન કરવા લાગ્યા. (૩૫) હે રાજન્ ! આ પ્રમાણે દરરોજ પોતાના ભક્તોને સંતુષ્ટ કરતા થકા શ્રી હરિ મહાપ્રભુ મૂળીપુરીમાં બાર દિવસ સુધી રોકાયા હતા. ત્યારબાદ રાજા રામાભાઈ અને અન્ય પુરવાસીજનોને આજ્ઞા આપી અનુમતિ લઈ પોતાની સાથે રહેનારા ભક્તજનોની સાથે ગઢપુર પધાર્યા. (૩૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં મૂળીપુર ઉત્સવ પ્રસંગે કાળબળનિરૂપણ નામનો છેંતાલીશમો અધ્યાય થયો. ॥૪૬॥

●

## અધ્યાય-૪૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! જેઠ સુદી નિર્જલા એકાદશીના દિવસે વૃત્તાલયપુરવાસી કુબેરભાઈ જેમાં મુખ્ય છે એવા ભક્તજનો શ્રીહરિજીના દર્શનની ઈચ્છાથી ગઢપુરમાં આવ્યા. (૧) શ્રી નારાયણમુનિના દર્શન કરીને તે ભક્તો પરમસુખને પામ્યા. તે સમયે ઉત્તમરાજાએ તે ભક્તજનોની અન્ન-પાન-નિવાસ વગેરે વડે ખૂબ ઉત્તમ સરભરા કરી. (૨) એકાદશીનો ઉત્સવ પૂર્ણ થયા પછી બારશના દિવસે પારણા કરી સુખપૂર્વક બિરાજેલા શ્રીહરિને નમસ્કાર કરી હાથ જોડી કુબેરભાઈ વગેરે ભક્તજનો બોલ્યા : (૩) હે સ્વામિન્ ! તમો ભક્તવત્સલ છો. અમો બધા અહી દુર્ગપુર આપને જે વિનંતી કરવા માટે આવ્યા છીએ તે વિજ્ઞપ્તિ આપ સાંભળો. (૪) હે પ્રભો ! અમારા

વડતાલપુરમાં શ્રીકૃષ્ણનું સુંદર મંદિર આપ કરાવો. સર્વ પુરવાસીજનોનો પણ આજ મનોરથ છે. (૫) તે ભગવાનનું મંદિર કરવા માટે જેટલી જમીન જોઈતી હોય તેટલી જમીન અત્યારે જ અમો અર્પણ કરીએ છીએ એમ જાણો. આમાં લગીરે સંદેહ નથી. (૬) હે શ્રીહરે ! અમો ધન ધાન્ય કાષ્ઠ વગેરે વડે સેવા કરીશું. હે પ્રભો ! અમારા આ મનોરથને પૂર્ણ કરવા માટે આપ યોગ્ય છો. (૭) હે રાજન્ ! આ પ્રકારે ભક્તજનોએ પ્રાર્થના કરેલા શ્રીહરિ પ્રસન્ન થઈને કહેવા લાગ્યા : હે ભક્તજનો ! હું એમ જ કરીશ કારણ કે તમો બધા મારા ભક્તો છો. (૮) આ પ્રમાણે ભક્તોને કહીને પછી શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામી તથા અક્ષરાનંદમુનિને કહેવા લાગ્યા. હે મુને ! તમો પોતાના મંડળ સહિત આ ભક્તજનોની સાથે વૃત્તાલયપુર જાઓ. (૯) હે નિષ્પાપ ! તે ચરોતર દેશ વૃંદાવનની માફક મને અતિ પ્રિય છે આથી ત્યાં વૃત્તાલયપુરમાં તમો ભગવાનનું ઉત્તમ મંદિર બંધાવો. (૧૦) તે મંદિર તૈયાર થયેથી હું ત્યાં આવી શુભ મુહૂર્તમાં લક્ષ્મીજીએ સહિત નારાયણની અવશ્યપણે સ્થાપના કરીશ. (૧૧) હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ આજ્ઞા કરેલા, મંદિર કરાવવામાં નિપુણ, બ્રહ્માનંદ મુનિ બહુ સારુ જેવી આપની આજ્ઞા એમ બોલ્યા. તે સમયે વૃત્તાલયપુરવાસી ભક્તજનો તથા અન્ય સર્વે ખૂબ રાજી થઈ ગયા. (૧૨) તે ભક્તો સ્નાનયાત્રા (જેઠ સુદી પૂર્ણિમા) સુધી ગઢપુરમાં રહ્યા. પછી જવા માટે શ્રીહરિની આજ્ઞા થતા બ્રહ્માનંદ સ્વામી તથા અક્ષરાનંદ મુનિ સહિત વૃત્તાલયપુર ગયા. (૧૩) તે ભક્તજનો પાંચમા દિવસ વૃત્તાલય પહોંચ્યા. પછી બ્રહ્માનંદ સ્વામી તથા પોતાના સંતોને તથા અક્ષરાનંદ મુનિને ઉત્તમ સ્થળે નિવાસ કરાવ્યો. તે ભક્તજનો મુનિની પરિચર્યા કરતા હતા. (૧૪) શ્રીહરિને સંતૃપ્ત કરવામાં ઉત્સાહવાળા સર્વ ભક્તજનોએ મંદિર માટે અપેક્ષિત વિશાળ ભૂમિ બ્રહ્માનંદ સ્વામીને હર્ષપૂર્વક અર્પણ કરી. (૧૫) મંદિર બનાવવામાં કુશળ શિલ્પીઓને વડોદરાથી બોલાવરાવી અક્ષરાનંદ મુનિએ વિશાળ મનોહર મંદિર બનાવરાવવા લાગ્યા. (૧૬) શ્રીહરિની આજ્ઞાને અનુસરનારા વડતાલવાસી જનો મંદિરના કાર્યમાં તત્પરતા પૂર્વક લાગી ગયા. મંદિર સવા વર્ષે સંપૂર્ણપણે તૈયાર થયું. (૧૭) પછી દેવની પ્રતિષ્ઠા કરવા ગઢપુરથી શ્રીહરિને લાવવા માટે વડતાલવાસી જનોએ જૂખા પગી નામના ઉત્તમ ભક્તને મોકલ્યા. (૧૮) હે રાજન્ ! બ્રહ્માનંદ સ્વામી તથા અક્ષરાનંદ મુનિને વૃતાલય મોકલ્યા પછી ગઢપુરમાં રહેલા ભગવાન શ્રીહરિ ભાષ્યોએ સહિત ઉપનિષદોને સાંભળવા સારુ તત્પર થયા. (૧૯) અષાડ સુધી બીજને દિવસે રથયાત્રાનો ઉત્સવ સમાપ્ત થતાં, ઉપનિષદોનું પુસ્તક મંગાવરાવી પોતાના નિવાસમાં પોતે ઉપનિષદ સાંભળવાનો પ્રારંભ કર્યો. (૨૦) મન્મથ નામના સંવત્સરમાં આશ્વિન પૂર્ણિમા જે કોજાગર વ્રતને દિવસે ઉપનિષદ-શ્રવણને સમાપ્ત કરી વક્તા-વ્યાસને શ્રીહરિએ ઘણા દ્રવ્ય વડે સંતોષ પમાડ્યા. (૨૧) તે દિવસે શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને જમાડીને તેમને હર્ષપૂર્વક દક્ષિણાઓ આપી. (૨૨) ત્યારબાદ આસો વદી પ્રતિપદાના દિવસે શ્રીહરિએ સેવકો સહિત કાર્તિક સ્નાનનો આરંભ કર્યો. તથા દુર્ગપુરમાં મોટો અન્નકૂટોત્સવ કર્યો. (૨૩) તે અન્નકૂટના દિવસે જૂખા પગી નામના ભક્ત ત્યાં આવી શ્રીહરિને પ્રણામ કરી હાથ જોડીને બોલ્યા : હે સ્વામિન્ ! વડતાલમાં ઉત્તમ મંદિર તૈયાર થઈ ગયું છે. (૨૪) હે પ્રભો ! આપશ્રી ત્યાં પધારી શ્રીકૃષ્ણની પ્રતિષ્ઠા કરો; સર્વે પુરવાસીજનો આપના

આગમનની પ્રતીક્ષા કરે છે. (૨૫) આવું તેનું વચન સાંભળી શ્રીહરિએ વડતાલ જવાની ઈચ્છા કરી પછી જ્યોતિષીને શ્રીકૃષ્ણ પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત પૂછયું. (૨૬) જ્યોતિષીએ કારતક સુધી દ્વાદશીએ પ્રતિષ્ઠાનું મુહૂર્ત આપ્યું. પછી શ્રીહરિએ આવતી કાલે જ અહીંથી નીકળવાનું છે તો તમો સર્વે તૈયાર થઈ જાવ એમ પોતાના અનુચરોને આજ્ઞા આપી. (૨૭) પછી ઉત્તમ રાજાને બોલાવી શ્રીહરિએ કહ્યું : હે રાજન્ ! તમો પણ સહકુટુંબ વડતાલ ચાલો. આવતીકાલે સવારે જ નીકળવાનું છે. (૨૮) પ્રાતઃકાળે ભાઈબીજ છે. ભાઈબીજ (યમદ્વિતીયા)ને દિવસે ગૃહસ્થજનોએ પોતાની બહેનના ઘેર જમવું જોઈએ અને ભાઈએ બહેનને યથાશક્તિ ધન- વસ્ત્ર આપવું જોઈએ એવી ગૃહસ્થજનોની મર્યાદા છે. (૨૯) કેમકે આ તિથિએ પૂર્વે યમરાજને તેમનાં બહેન યમુનાજીએ જમાડ્યા હતા. યમરાજે બહેન યમુનાજીને અન્નવસ્ત્રાદિકે કરીને સન્માન્યાં હતાં. આથી આ યમદ્વિતીયા પૃથ્વી ઉપર પ્રવર્તેલી છે. (૩૦) તમો પણ કાલે સવારે સંગવ કાળમાં તમારી બહેન પાંચાળીના ઘેર જમીને ચારે બહેનોને પૃથક્ પૃથક્ વસ્ત્ર-ધન વગેરે આપો. (૩૧) પછી તમો ભાર્યાએ સહિત ચારે બહેનોને સાથે લઈને તૈયાર થઈ જાઓ. આમ શ્રીહરિના કહેવાથી ઉત્તમરાજા 'બહુ સારું' એમ કહીને આદરપૂર્વક શ્રીહરિનું વચન ગ્રહણ કરી તે મુજબ પાલન કર્યું. (૩૨) ત્યારબાદ શ્રીહરિ નારાયણમુનિએ ભાઈબીજના દિવસે મધ્યાહ્ન સુધીમાં પોતાને કરવાની સ્નાનસંધ્યાદિ સર્વ ક્રિયાઓને પૂર્વાહ્નમાં કરી પછી ભોજન કરી મધ્યાહ્ના સમયે દુર્ગપુરથી પ્રયાણ કર્યું. (૩૩) અશ્વારૂઢ થયેલા અને પોતાના બંને ભાઈઓએ સહિત શ્રીહરિ મહાપ્રભુ માર્ગમાં ભક્તજનોનાં ગામોમાં નિવાસ કરતા કરતા પંચમીના દિવસે પ્રાતઃકાળમાં વડતાલ પહોંચ્યા. (૩૪) બહુ ઉત્સાહવાળા વડતાલનિવાસી પોતાના ભક્તજનોએ સન્મુખ આવીને વિવિધ વાજિંત્રો વગાડતા ધામધૂમપૂર્વક શ્રીહરિને વડતાલમાં પધરાવ્યા. ત્યાં શ્રીહરિએ સુથારભક્તના ઘેર નિવાસ કર્યો. (૩૫) શ્રીહરિએ પોતાના સ્ત્રીપુત્રાદિ વંશે સહિત પોતાના બંને ભાઈઓને, સહકુટુંબ ઉત્તમ નૃપતિને, મુનિજનો, પદાતિઓ અને સર્વ પાર્ષદોને યથાયોગ્ય ઉતારો કરાવ્યો. (૩૬) વડતાલવાસી ભક્તજનો હર્ષપૂર્વક અનુયાયીઓએ સહિત શ્રીહરિજીની સેવા શુશ્રૂષા આનંદપૂર્વક કરવા લાગ્યા. શ્રીહરિએ મંદિરમાં પધારી ચારે તરફ ફરી મંદિરનું નિરીક્ષણ કર્યું. (૩૭) તેમાં પૂર્વાભિમુખ દ્વારવાળા પરસ્પર મળેલાં ત્રણ મંદિર, આગળનો મંડપ અને ધર્મશાળા જોઈને શ્રીહરિ બહુ પ્રસન્ન થઈ ગયા. (૩૮) શ્રીહરિએ તે જ સમયે મુખ્ય શિલ્પીને બહુમૂલ્ય વસ્ત્રો આપ્યાં અને તે કાર્ય કરાવનાર બ્રહ્માનંદ સ્વામીની પ્રશંસા કરી તથા મંદિર માટે જમીન તથા સેવા આપનાર વડતાલવાસી ભક્તજનોની પણ પ્રશંસા કરી. (૩૯) હે રાજન્ ! પછી શ્રીહરિએ ઉમરેઠથી હરિશર્મા પ્રમુખ વૈદિક વૈષ્ણવ વિપ્રોને તે જ ક્ષણે દૂત મોકલીને બોલાવરાવ્યા. (૪૦) તે સમયે ભગવાનના પ્રતિષ્ઠોત્સવના દર્શન કરવાની ઈચ્છાવાળા નરનારીઓ તથા મુનિજનોનાં મંડળો સમૂહે સમૂહમાં દેશાંતરોથી વડતાલમાં આવવા લાગ્યાં. (૪૧) શ્રીહરિ મહાપ્રભુએ વિધિને જાણનારા બ્રાહ્મણોના કહ્યા મુજબ વિષ્ણુપ્રતિષ્ઠાને યોગ્ય ઉપહાર તથા ઘી, સાકર, લોટ, ચોખા, શાક વગેરે ભોજનસામગ્રીઓ ભક્તજનો દ્વારા સંપાદન કરાવી. (૪૨) પ્રતિષ્ઠાવિધિમાં પારંગત બ્રાહ્મણોએ કુંડ, મંડપ, દેવતાપીઠ વગેરે યથાશાસ્ત્ર કરાવ્યું. (૪૩)

વિપ્રોએ કૃષ્ણ પ્રતિષ્ઠાવિધિ સ્વસ્તિવાચનપૂર્વક બે દિવસે કરીને શ્રીહરિ મહાપ્રભુ પાસે કરાવ્યો. (૪૪) સંવત ૧૮૮૧ની સાલમાં મન્મથ સંવત્સરમાં કાર્તિક સુદી દ્વાદશીના દિવસે મધ્યમંદિરમાં લક્ષ્મીજીએ સહિત કૃષ્ણ (નારાયણ) ભગવાનની પ્રતિષ્ઠા કરી અને તે પ્રતિમાઓ(લક્ષ્મીનારાયણ)નું મહાપૂજન કર્યું. (૪૫) મધ્યમંદિરથી ઉત્તર મંદિરમાં ભક્તિ ધર્મ સહિત પોતાની હરિકૃષ્ણ મૂર્તિની ભક્તજનોની પ્રીતિ માટે શ્રીહરિએ પ્રતિષ્ઠા કરી. (૪૬) તે પ્રતિમાનું સમ્યક્ પૂજન કરી પછી દક્ષિણ બાજુના મંદિરમાં શ્રીરાધાકૃષ્ણની પ્રતિષ્ઠા કરી તેનું સારી રીતે પૂજન કર્યું. (૪૭) શ્રીહરિ મહાપ્રભુએ શ્રી રાધાકૃષ્ણની બાજુમાં પોતાની મૂર્તિ (હરિકૃષ્ણ મહારાજ)ની પ્રતિષ્ઠા કરી. પછી સત્પુરુષોના સ્વામી ભગવાન શ્રીહરિએ સ્વમૂર્તિનું પૂજન કરાવ્યું. (૪૮) મહાપૂજન સમયે વૈદિક વિપ્રોનો વેદઘોષ, વાગતાં વિવિધ વાજિંત્રોના મહાઘોષની સાથે અને ભક્તજનોનાં મંગળ કીર્તનોના મહાધ્વનિ સાથે ભળીને દશે દિશાઓમાં વ્યાપી વળ્યો. (૪૯) પછી ભગવાન શ્રીહરિ પોતે મહાનીરાજન (આરતી) કરીને તે તે મૂર્તિઓને મેષોન્મેષ રહિત સ્થિર દૃષ્ટિ વડે પૃથક્ પૃથક્ નિરીક્ષણ કરતા થકા ઊભા રહ્યા. (૫૦) હે રાજન્ ! શ્રીહરિના અવલોકન સમયે તે મૂર્તિઓ નિરતિશય તેજવાળી થકી શોભતી હતી. તે મૂર્તિઓનું દર્શન કરનારા સર્વજનો મૂર્તિઓને જોઈ આશ્ચર્ય પામી ગયા. (૫૧) ત્યારપછી ધર્મજ્ઞ શ્રીહરિએ પૂર્ણાહુતિ કરીને પુરોહિતોને દક્ષિણાઓ આપી અને અન્ય બ્રાહ્મણોને પણ ઘણી દક્ષિણાઓ આપી. (૫૨) તે પછી ભગવાન શ્રીહરિ ઊંચા આસનમાં મંચ ઉપર બેસીને એક હાથ ઊંચો કરીને સર્વ ભક્તજનોને સંબોધીને કહેવા લાગ્યા. હે સર્વજનો ! આદરપૂર્વક મારું વચન સાંભળો. (૫૩) મધ્યમંદિરમાં જે લક્ષ્મીનારાયણદેવ મેં સ્થાપન કરેલા છે તે સ્વયં દ્વારકાના અધીશ્વર જ છે એમ તમો નક્કી જાણો. (૫૪) દક્ષિણ મંદિરમાં રાધાએ સહિત શ્રીકૃષ્ણ સ્થાપન કરેલા છે તે વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણ જ જાણવા. (૫૫) અને રાધાકૃષ્ણના સમીપે તે તેમનું સેવન કરનારી મારી મૂર્તિ છે અને ઉત્તર દિશામાં રહેલા મંદિરમાં ધર્મ અને ભક્તિની મૂર્તિઓથી યુક્ત મારી મૂર્તિ છે. (૫૬) જે પુરુષો લક્ષ્મીનારાયણ વગેરે સ્વરૂપોનું દરરોજ દર્શન કરશે તે પુરુષો સંસારસાગરથી મુક્તિ પામી જશે એમાં શંકા નથી. (૫૭) અને જે મનુષ્યો બીજા ગામોથી પૂર્ણિમાના રોજ અહીં આવી આ લક્ષ્મીનારાયણાદિ દેવોનું શ્રદ્ધાપૂર્વક દર્શન કરશે તે મનુષ્યોના સર્વ મનોરથો અવશ્ય સિદ્ધ થશે તથા તે મૂર્તિઓની પ્રસન્નતાથી ઈચ્છિત ભક્તિ તથા મુક્તિને અવશ્ય પામશે. (૫૮-૫૯) અને જે જનો આ શ્રીકૃષ્ણની આગળ જપ, હોમ કે પુરશ્ચરણ કરશે તે જનો પણ ઈપ્સિત ફળોને પામશે. (૬૦) જે દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ છે તે જ આ શ્રી લક્ષ્મીનારાયણ છે. આમાં ભેદ ન જ જાણવો. આ પ્રકારનું મારું વચન સત્ય જ છે. (૬૧) અને આ બન્ને મૂર્તિઓના આ ભેદમાં પણ જેમના ચિત્તમાં સંશય થાય, તેમના સંશયને પણ ભગવાન જ પોતે ટૂંકા સમયમાં ટાળી નાખશે. (૬૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! જનોને આ પ્રમાણે કહીને ધર્મનંદન શ્રીહરિ મૌન થયા અને તે સર્વજનોએ તે મહાપ્રભુનું વચન હર્ષપૂર્વક શિરોમાન્ય કર્યું. (૬૩) પ્રતિષ્ઠાના દિવસથી આરંભીને

શ્રીહરિએ પૂર્ણિમા પર્યંત બ્રાહ્મણોને જમાડ્યા અને તેમને દક્ષિણા આપી. વિદ્વાન બ્રાહ્મણોને તો વિશેષપણે દક્ષિણા આપી. (૬૪) અને સાધુઓને પણ નાના પ્રકારનાં ભોજનો વડે પોતે જ વારંવાર પીરસીને તેમને દરરોજ સંતૃપ્ત કર્યા હતા. (૬૫) પછી શ્રીહરિ મહાપ્રભુએ મંદિરમાં ભગવાનની સેવા અને ઉત્સવ વગેરેની યથોચિત વ્યવસ્થા કરીને કાર્તિક વદી એકમના રોજ વડતાલથી જવાની ઈચ્છા કરી. (૬૬) તે અવસરમાં વડોદરાનગરવાસી નાથ ભક્ત વગેરે ભક્તજનો આવી નમસ્કાર કરી હાથ જોડી શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા. (૬૭) હે ભગવન્ ! અમારા વડોદરાનગરમાં વિવિધ મતવાળા બહુજનો રાજસભામાં અમારી સાથે શાસ્ત્રોમાં રહેલા વિવિધ વાદો વડે વિવાદ કરે છે. (૬૮) 'પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિએ કરીને આત્યંતિક મોક્ષ થાય' એવા અમારા સિદ્ધાંતને તેઓ ઋષિઓએ કહેલાં વચનો વડે દૂષિત કરે છે. (૬૯) આથી વેદોક્ત વાક્યો વડે જ તે મતવાદીજનોના પક્ષનું ખંડન કરવામાં ચતુર એવા કોઈ મુનિને તમો અમારા નગરમાં મોકલવા યોગ્ય છો. (૭૦) તે મતવાદીજનોનાં વાક્યોથી અમારા હૃદયમાં લગીરે સંશય થતો નથી પરંતુ અમારો સર્વનો મનોરથ છે કે તે મતવાદીજનોને ચઢી ગયેલો ગર્વ જલદી ઊતરી જાય. (૭૧) આ પ્રમાણે વડોદરાવાસી ભક્તજનોએ પ્રાર્થના કરેલા અને સર્વદા ભક્તજનોનાં આત્યંતિક કલ્યાણરૂપ એક કાર્યમાં તત્પર એવા શ્રી સહજાનંદસ્વામી પોતાની આગળ બેઠેલા વિદ્વાન મુક્તાનંદમુનિને કહેવા લાગ્યા. (૭૨) હે મુક્તાનંદ મુનિવર્ય ! તમો આ ભક્તજનો સાથે વડોદરા જાઓ. ત્યાં ધાર્મિક અને નીતિશાસ્ત્રને જાણનારા સયાજી નામના રાજા છે. (૭૩) તે રાજા ન્યાયયુક્ત પક્ષને ગ્રહણ કરશે, અન્યાયયુક્ત પક્ષને ગ્રહણ કરશે નહિ માટે ન્યાયયુક્ત એવાં શાસ્ત્રોનાં વચનો વડે તમો મતવાદીઓને ઉત્તર આપજો. (૭૪) ધર્મનો જય થાય છે, અધર્મનો નહિ. આ પ્રમાણે મોટા પુરુષોનો નિર્ણય છે. આથી ધર્મજ્ઞ એવા તમો જાઓ અને ત્યાં સદ્ધર્મનું સ્થાપન કરો. (૭૫) આ પ્રમાણે શ્રીહરિના આદેશથી ખૂબ રાજી થયેલા મુક્તાનંદમુનિ મહાપ્રભુને પ્રણામ કરીને બોલ્યા : હે પ્રભો ! હમણાં જ હું વડોદરા જઈ આપની કૃપાથી સદ્ધર્મનું સ્થાપન કરીશ. (૭૬) એમ કહીને પ્રભુને પ્રણામ કરી મુક્તાનંદમુનિ વડોદરાવાસી ભક્તજનો સાથે જવા નીકળ્યા. બીજે દિવસે વડોદરા પહોંચીને ત્યાં સુખેથી રહ્યા. (૭૭) હે નૃપ ! શ્રીહરિ મહાપ્રભુએ દર્શન માટે વડતાલ આવેલા પોતાના ભક્તજનોને પોતપોતાના દેશ જવાની રજા આપીને પોતાના અનુગામી સેવકો સાથે પ્રતિપદાના દિવસે ગઢપુર જવાની ઈચ્છા કરી. (૭૮) તે અવસરમાં રેવાશંકર નામના બ્રાહ્મણભક્ત, ધવલપુર (ધોળકા)થી વડતાલમાં જલદી આવી પ્રભુને નમસ્કાર કરી પ્રાર્થના કરવા લાગ્યા. (૭૯) હે ભગવન્ ! તમારી આજ્ઞાથી અમારા નગરમાં મંદિર તૈયાર થઈ ગયું છે. તેથી ધવલપુર પધારી કૃષ્ણપ્રતિષ્ઠા કરવા આપ યોગ્ય છો. (૮૦) હે પ્રભો ! ધવલપુરવાસી જ્યોતિષી પંડિતોને પૂછીને વદી પાંચમનું મુહૂર્ત નક્કી કર્યું છે. આથી આપ અમારું આ અભિવાંછિત સફળ કરો. (૮૧) આ પ્રમાણે સાંભળી ભક્તવત્સલ શ્રીહરિ મહાપ્રભુ રેવાશંકરભાઈના વાક્યને સન્માનતા થકા 'તમો કહો છો તેમ હું ધોળકા આવી પ્રતિષ્ઠા કરીશ.' આમ કહી પ્રસન્ન મનવાળા થઈ ધવલપુર જવા ઈચ્છા કરી. (૮૨) તે જ દિવસે રથમાં બિરાજમાન થઈ સર્વ સંત હરિભક્તોની સાથે શ્રીહરિ

વૃત્તાલયપુરથી રવાના થયા. (૮૩) શ્રીહરિ મહાપ્રભુ માર્ગમાં ભક્તોને, પૂજાદિ ગ્રહણ કરી, સંતોષ પમાડતા થકા ત્રીજના દિવસે ધોળકા પહોંચી રેવાશંકરભાઈ વિપ્રને ત્યાં પોતાનો ઉતારો કર્યો. (૮૪) પછી ધોળકાના સર્વ નગરવાસી જનો શ્રીહરિ અને સંતવર્ણી પાર્ષદ વગેરે અનુચરોને સર્વોત્તમ સેવા વડે સાદર સંતોષ પમાડતા હતા. (૮૫) શ્રીહરિ મહાપ્રભુજીએ ધોળકાનગરવાસી ભક્તિજનોએ સંપાદન કરેલી મોટી મોટી પૂજાસામગ્રીઓ વડે રાધિકાપતિ શ્રીકૃષ્ણની યથાવિધિ પ્રતિષ્ઠા કરી. (૮૬) શ્રીહરિએ વૈશાખ વદી પંચમીના (સં. ૧૮૮૩) દિવસે બૃહસ્પતિ વગેરે શુભ ગ્રહોથી અવલોકિત સ્થિર લગ્નમાં સુંદર મંદિરમાં શ્રીકૃષ્ણની સ્થાપના કરી. (૮૭) શ્રીહરિ મહાપ્રભુ જેવી રીતે વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણનો પ્રતિષ્ઠા મહોત્સવ કરેલો તેવી જ રીતે ભક્તોના સંતોષ માટે ધોળકા નગરમાં પણ મહોત્સવ કર્યો. (૮૮) તે મધ્યમંદિરમાં મોરલીમનોહરદેવની સ્થાપના કરી. તેમના ડાબે પડખે રાધિકાજી અને જમણે પડખે શ્રીહરિકૃષ્ણ નામે પોતાની મૂર્તિની સ્થાપના કરી. (૮૯) શ્રીહરિ મહાપ્રભુએ ધોળકાનગરમાં પાંચ દિવસ સુધી બ્રાહ્મણોને જમાડ્યા અને મોટા ચક્રવર્તી રાજા આપે તેવી મોટી દક્ષિણાઓ આપી. (૯૦) અને સર્વજ્ઞ એવા શ્રીહરિ મહાપ્રભુએ વદી સાતમને દિવસે ઉદ્ધવ સંપ્રદાય અનુસાર ભગવન્પ્રતિમાઓની યથાયોગ્ય પૂજન વ્યવસ્થા કરાવી. (૯૧) શ્રીહરિ મહાપ્રભુ આ પ્રમાણે આનંદ પમાડતા થકા ધવલપુરવાસી સૌ ભક્તજનોને અનુજ્ઞા કરી પાશ્ચાત્ય દેશોના જનો સહિત દુર્ગપુર પધાર્યા. (૯૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણાદિદેવપ્રતિષ્ઠા તથા ધવલપુર(ધોળકા)માં મુરલીમનોહરાદિપ્રતિષ્ઠાનિરૂપણ નામનો સુડતાલીશમો અધ્યાય થયો. ॥૪૭॥

●

## અધ્યાય-૪૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારપછી નારાયણમુનિએ ગઢપુરમાં રહીને સર્વ દેશોમાં કૃષ્ણસેવા(પૂજા)ની પ્રવૃત્તિ કરવાની ઇચ્છા કરી. (૧) શ્રીહરિએ વિચાર્યું કે જો દરેક માનવ પાસે શ્રીકૃષ્ણની ચિત્રપ્રતિમા હોય તો ભગવાનના દર્શન, પૂજન, વંદન આદિની પ્રવૃત્તિ થાય માટે ચિત્રપ્રતિમાઓનો પ્રચાર કરાવવો. (૨) આમ વિચારી શ્રીહરિએ નારાયણજી નામના પોતાના સુતાર ભક્તને જૂનાગઢથી માનપૂર્વક બોલાવરાવી તેમના પ્રત્યે બોલ્યા : (૩) હે નિષ્પાપ ! તમે ભગવાનની મૂર્તિનું ચિત્ર કરવામાં બહુ ચતુર છે એમ જાણી મેં તમને અહીં બોલાવ્યા છે. તમો શ્રીરાધાકૃષ્ણ અને મારી હરિકૃષ્ણની ચાંદીની પ્રતિમા મુદ્રા (છાપ) તમો બનાવો. (૪) આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું એટલે મુદ્રામૂર્તિ બનાવવામાં નિપુણ નારાયણજી ભાઈએ એમ કરીશ એમ કહીને દર્શનીય મનોહર બે મુદ્રામૂર્તિઓ (છાપો) તૈયાર કરી. (૫) નારાયણજીભાઈએ તેમાં એક વૃંદાવનવિહારી કૃષ્ણની મુદ્રામૂર્તિ રાધા સહિત અને નારાયણમુનિ સહિત ઉત્તમ કરી. (૬) બીજી ભક્તિધર્મે સહિત નારાયણમુનિની મુદ્રામૂર્તિ કરી. આ બન્ને મુદ્રાઓને જોઈને શ્રીહરિ મહાપ્રભુ

ખૂબ પ્રસન્ન થયા. (૭) હે નૃપ ! ત્યાર પછી ભગવાને નરનારાયણની મુદ્રામૂર્તિ કરાવી. આ ત્રણેય મુદ્રામૂર્તિઓ નારાયણજીભાઈએ બે માસમાં તૈયાર કરી હતી. (૮) હે નૃપ ! ત્યારપછી સહજાનંદસ્વામીએ પ્રસન્ન થઈ નારાયણજીભાઈને બહુ દ્રવ્ય, અમૂલ્ય વસ્ત્રો તથા સુવર્ણમય કડાં આપ્યાં. (૯) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુએ તે મુદ્રા (છાપો) વડે આધારાનંદમુનિ પાસે કાગળોમાં હજારો પ્રતિમાઓ છપાવી (અને દરેક ભક્તને આપી.) (૧૦) વળી શ્રીહરિના જે સહોદર ભાઈઓ રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ હતા તેમણે જીવનભર ભગવાનની પાસે જ રહેવાનો સંકલ્પ કર્યો. (૧૧) આથી તેઓએ નંદરામ અને ગોપાલરામ આ બન્ને માટા દીકરાઓને શ્રીહરિની આજ્ઞાથી પોતાના છપૈયાપુર જવાની આજ્ઞા આપી. (૧૨) હે ભૂપતે ! ત્યારે તે બન્ને પુત્રોએ 'અમો વસંતોત્સવનાં દર્શન કરીને જઈશું' એમ પોતપોતાના પિતા પ્રત્યે કહ્યું. (૧૩) ત્યારબાદ આવી પહોંચેલી માઘ માસની શુક્લ પક્ષની પંચમીએ શ્રીહરિએ વસંતોત્સવના અંગભૂત શ્રીકૃષ્ણપૂજન યથાવિધિ (શ્વેત વસ્ત્રધારણ આદિ) પૂજન કર્યું. (૧૪) આ વસંતઋતુ સંબંધી ઉત્સવના દર્શને શ્રીહરિના શિષ્યો, ત્યાગીજનો અને ગૃહસ્થ નરનારીઓ તથા અન્ય જનો દેશાંતરથી આવ્યા હતા. (૧૫) ભગવાન શ્રીહરિએ ઉત્સવમાં ચંદન, પુષ્પ, આમ્રપુષ્પ (મોર), અબીલ, ગુલાલ, આદિક ઉપચારો તથા કેસરિયાં સૂક્ષ્મ વસ્ત્રો વડે રમારાધા સહિત શ્રીકૃષ્ણની યથાવિધિ પૂજા કરી. (૧૬) ત્યારબાદ મહાનૈવેદ્ય કરી અને આરતી ઉતારીને પછીથી નાના પ્રકારના વિચિત્ર રંગો વડે અને ગુલાલો વડે પોતાના આશ્રિત સંતો અને ભક્તો સાથે રંગક્રીડા કરી. (૧૭) ત્યારબાદ સર્વ મુનિઓ, બ્રાહ્મણો અને પાર્ષદો વગેરેને ખૂબ ઘી-સાકરવાળા ભોજન વડે જમાડી તૃપ્ત કરી પછી સ્વયં શ્રીહરિ જમ્યા. (૧૮) પછી અપરાહ્ન સમયે દુર્ગપુરમાં વસંતોત્સવ ખેલવા માટે કરાવેલા વિશાળ મંડપમાં સભા થઈ. તે સભામાં સહજાનંદસ્વામી ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા. (૧૯) તે પ્રભુજીની આગળ નિર્મળ અંતઃકરણવાળા સાધુ વર્ણી આદિ ત્યાગીજનો અને ન્યાયમીમાંસાદિક શાસ્ત્રોને જાણનારા શાસ્ત્રીઓ તેમજ પૌરાણિક એવા ઘણા બ્રાહ્મણો બેઠા. (૨૦) નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતવાળા ત્યાગી વર્ણીજનો તથા હજારો ગૃહસ્થજનો શ્રીહરિ મહાપ્રભુના મુખકમળના દર્શન કરતા થકા બેઠા. (૨૧) શ્રીહરિ મહાપ્રભુજીના ભાઈઓ, ભત્રીજાઓ, વગેરે અયોધ્યાવાસી સંબંધીજનો શ્રીહરિના સિંહાસનની નજીકમાં બેઠા હતા. (૨૨) ઈશ્વરમૂર્તિ શ્રીહરિ પોતાના શિષ્યોથી ચોમેર વીંટાયા થકા સંતોની તે સભામાં તારાગણોથી વીંટાયેલા ચંદ્રમાની પેઠે શોભતા હતા. (૨૩) પછી સર્વ શાસ્ત્રોના રહસ્યને જાણનારા શ્રીહરિ મહાપ્રભુ કરુણારૂપ અમૃતથી ભીંજાયેલી દૃષ્ટિ વડે સભામાં બેઠેલા સર્વ ભક્તજનોને નિહાળીને આનંદ આપતા થકા તેમના પ્રત્યે બોલ્યા : (૨૪)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ભક્તો ! અમારા ચરણના સમાશ્રયવાળા જનો આ ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા છે તેમણે સર્વેએ પૃથ્વી ઉપર રહેલાં તીર્થોનું સેવન કરવું. (૨૫) ભગવાનના ભક્તજનોનો સમાગમ તે તીર્થોમાં જ મળે છે અને રામકૃષ્ણાદિક ભગવાનના અવતારોની મૂર્તિઓનાં દર્શન તીર્થોમાં જ થાય છે. (૨૬)

માર્કંડેય, ધૌમ્ય, લોમશ પ્રમુખ બ્રહ્મર્ષિઓએ પણ પરમ આદરપૂર્વક તે તે તીર્થોને સેવેલાં છે. (૨૭) ધર્મમાં નિષ્ઠાવાળા યુધિષ્ઠિર વગેરે રાજર્ષિઓએ પણ ભૂતલ ઉપર શ્રીહરિની પ્રસન્નતા માટે ઘણાં તીર્થોનું સેવન કરેલું છે. (૨૮) માટે મારા શિષ્ય ભગવદ્ભક્ત સર્વજનોએ ભૂમિમાં ગંગાદિ તીર્થો યથાશક્તિ ભક્તિ-આદરથી સેવવાં. (તીર્થયાત્રા કરવી) (૨૯) જે પુરુષો તીર્થમાં શક્તિપૂર્વક સ્નાન, દાન, શ્રીહરિનું પૂજન, બ્રાહ્મણો અને વૈષ્ણવજનોનું ભોજન આદિ તર્પણ કરે છે તે જનો સર્વ પ્રકારના પાપથી મુકત થાય છે. (૩૦) તીર્થોમાં સર્વ થકી અધિક શ્રીદ્વારિકાપુરી નામનું તીર્થ આ દેશમાં રહેલું છે કેમકે તે તીર્થ વાંછિત કામનાઓને પૂર્ણ કરનારું છે. (૩૧) વિશ્વકર્માએ પોતે રચેલા રમણીય ઉત્તમ સુવર્ણનાં ભવનમાં શ્રી રુકમણીકાંત શ્રીકૃષ્ણ સર્વદા બિરાજે છે. (૩૨) જ્યારે યાદવકુળોનો સંહાર કરાવી અચ્યુત શ્રીકૃષ્ણ પ્રભાસતીર્થમાં અંતર્ધાન થયા ત્યારે સમુદ્રે તે દ્વારકાપુરી શ્રીકૃષ્ણના મંદિરને છોડીને બધી ડુબાવી દીધી. (૩૩) પ્રભાસમાં યાદવકુળોનો સંહાર કરાવી જનોથી અંતર્ધાન બની ગયેલા તે ઈશ્વર શ્રીકૃષ્ણ તત્ક્ષણે જ સમુદ્રે નહિ ડુબાડેલા પોતાના મંદિરને પામીને આપણા સર્વેના હિતાર્થે સદાને માટે ત્યાં રહ્યા છે. (૩૪) માટે જ આ દ્વારાવતીપુરી મુક્તિપુરી ગણાય છે. આ કલિયુગમાં આવું કલ્યાણકારક બીજુ કોઈ તીર્થ છે જ નહિ. (૩૫) માટે મારા આશ્રિત ત્યાગીઓએ અને ગૃહીઓએ અવશ્ય દ્વારિકા તીર્થયાત્રા કરવી તથા તે તીર્થોમાં કરવા યોગ્ય વિધિ-અનુષ્ઠાન પણ પોતપોતાના અધિકારને અનુસારે કરવો. (૩૬) હે ભક્તજનો ! ગૃહસ્થોએ તો વિશેષપણે તીર્થોમાં સદ્વ્યય, બ્રાહ્મણ ભોજનાદિ, કરવાનો કહેલો છે તથા સત્પુરુષોનું સેવન કરવાનું કહેલું છે. (૩૭) આ પ્રમાણે સર્વ ભક્તજનોને કહીને સદ્ગુરુ શ્રીહરિ મહાપ્રભુએ કૌશલદેશ જવા માટે તત્પર થયેલા પોતાના સંબંધીજનોને જોયા. (૩૮) જોઈને શ્રીહરિ પોતાના ભાઈઓના મોટા બે પુત્રો નંદરામને અને ગોપાલને તથા મામાના દીકરા(મનસારામ)ને કહેવા લાગ્યા કે તમો દ્વારિકાની યાત્રા કરીને જ પોતાના પુરે જાઓ. (૩૯) ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિતજનોએ આ યાત્રા જરૂર કરવી જોઈએ; તે દ્વારિકામાં શ્રીમાન્ દ્વારિકાપતિ શ્રીકૃષ્ણનું દર્શન કરવું જોઈએ. (૪૦) અને ગોમતીના જળમાં સ્નાન કરવું જોઈએ અને ભગવાનના ચક્ર આદિ આયુધો વડે પોતાના બે બાહુઓમાં અંકન કરાવવું (છાપો લેવી) જોઈએ. (૪૧) અને તે દ્વારિકામાં રહેલા બ્રાહ્મણો અને સંતપુરુષોને યથાશક્તિ ભોજન કરાવવાં જોઈએ. આ પ્રમાણે શ્રીહરિનું વાક્ય સાંભળીને નંદરામ વગેરે શ્રીહરિ પ્રત્યે બોલ્યા : (૪૨) હે સ્વામિન્! અમો જરૂર દ્વારિકાપુરી જઈશું અને ત્યાં તીર્થસંબંધી વિધિ સ્વશક્તિ અનુસાર જરૂર કરીશું. (૪૩) પરંતુ હે શ્રીહરે ! દૂર દેશથી આવેલા અમો દ્વારિકાપુરીનો માર્ગ જાણતા નથી તથા માર્ગમાં નિવાસ કરવા યોગ્ય ગામો કે નગરજનોને અમો જાણતા નથી. (૪૪) આ બધું જાણનાર કોઈ ભોમિયો પુરુષ હોય તો તે જાણકારની સાથે તમારી આજ્ઞાથી અમો દ્વારિકાની યાત્રા કરવા હમણાં જ જઈએ. (૪૫) આવું તેમનું વચન સાંભળીને, તે સમયે સર્વજ્ઞ સર્વસ્વામી શ્રીહરિ સભામાં રહેલા ભક્તો પૈકી 'આ કાર્યમાં કોણ સમર્થ છે ' એમ વિચારવા લાગ્યા. (૪૬) ત્યારે શ્રીહરિએ સચ્ચિદાનંદ નામના સંતને આ માટે નક્કી કર્યા. સમાધિનિષ્ઠાએ કરીને ઋષભદેવના પુત્ર જડભરત જેવા નિર્ભય જોઈને તેમને

ભગવાને કહ્યું : (૪૭) હે સાધો ! તમો કૃષ્ણભક્ત છો અને આ લોકમાં સંતોમાં પણ પૂજનીય છો, અને દ્વારિકા આદિ માર્ગના જાણકાર છો માટે મારા સંબંધીજનોને તમે દ્વારિકા લઈ જાઓ અને યાત્રા કરાવો. (૪૮) અહીં બીજા પણ અનેક સાધુ પુરુષો યાત્રા કરવાની ઈચ્છાવાળા છે. તે સાધુઓ શીતકાળ વીત્યા પછી દ્વારિકાપુરીમાં નક્કી આવશે. (૪૯) આ હેતુ માટે હે સાધો ! અત્યારે તમો આ અયોધ્યાવાસીઓની સાથે જવાને યોગ્ય છો; કેમકે આ વર્ષમાં અયોધ્યાવાસીજનોને પોતપોતાને ઘેર મોકલી દેવાના છે. (૫૦) આથી હે મહાબુદ્ધે ! તમો માર્ગમાં તેમને સુખ પમાડતા થકા શ્રી દ્વારિકાયાત્રા કરીને તથા કરાવીને જલદી અહીંયા પાછા આવી જાઓ. (૫૧) હે મુને ! જ્યારે વાસુદેવ ભગવાનની ઈચ્છા થશે ત્યારે હું પણ સાધુજનોની સાથે ત્યાં જરૂર આવીશ. (૫૨) એ રીતે શ્રીહરિએ કહેલા મહાયોગી સચ્ચિદાનંદમુનિ બન્ને હાથ જોડી મહાપ્રભુજીને નમસ્કાર કરી વિનયપૂર્વક કહેવા લાગ્યા. (૫૩) હે પ્રભો ! આ પ્રકારે કરેલી તમારી આજ્ઞા તમારી પ્રસન્નતા માટે પાલન કરીશ. નંદરામાદિક ભાથુ વગેરે લઈને દ્વારિકાપુર જવા માટે તૈયાર થઈ જાય. (૫૪) આ પ્રમાણે મુનિના કહેવાથી ભગવાન શ્રીહરિએ પોતાની આગળ બેઠેલા મયારામ ભટ્ટને કહ્યું : અયોધ્યાવાસી માટે તમો યાત્રાનું મુહૂર્ત જુઓ. (૫૫) ભગવાને આજ્ઞા કરેલા વૃદ્ધ વિપ્રે માથે રહેલી મોટી પાઘડીમાંથી પંચાગપત્ર તત્કાળ કાઢ્યું. (૫૬) તે જોઈને યાત્રાયોગ્ય નક્ષત્ર અને ચંદ્રબળ જોઈ મયારામ વિપ્ર પ્રભુ પ્રત્યે બોલ્યા : હે સ્વામિન્ ! નવમીના રોજ શુભ મુહૂર્ત છે. (૫૭) પછી ભગવાન શ્રીહરિએ આજ્ઞા આપેલા અયોધ્યાવાસીઓ પ્રભુને નમસ્કાર કરી મહા સુદી નવમીના રોજ દ્વારિકાપતિ શ્રીકૃષ્ણનું સ્મરણ કરતા થકા તૈયાર થઈ ગયા. (૫૮) હે ભૂમિપતે ! મુનિપતિ ભગવાન શ્રીહરિએ અયોધ્યાવાસીજનને ધન, ઘોડા, ગાડાં અને આયુધો સહિત પદાતિઓ આપીને શુભ મુહૂર્તમાં દ્વારિકા પ્રતિ વિદાય કર્યા. (૫૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વૃત્તાલય માહાત્મ્યમાં ચિત્રપ્રતિમાવિધાપન-નંદરામાદિ- દ્વારિકાપ્રેષણનિરૂપણ નામનો અડતાલીશમો અધ્યાય થયો. ॥૪૮॥

●

## અધ્યાય-૪૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! કૃષ્ણદર્શન કરવાની અત્યંત ઉત્કંઠાને લીધે માર્ગમાં ઝડપથી ચાલતા થકા અયોધ્યાવાસીજનો માઘ માસમાં કૃષ્ણપક્ષની પડવાતિથિએ જૂની દ્વારિકાને પામીને ત્યાં રહેલા ગોમતી તીર્થને પામ્યા. (૧) ત્યાં જે તીર્થવાસી ગૂગળી નામના બ્રાહ્મણો કેવળ પૈસામાં જ પ્રીતિવાળા હતા તેમણે ધન આપ્યા વગર ગોમતીમાં સ્નાન કરતા તેમને અટકાવ્યા. (૨) ત્યારે નંદરામાદિ ગૃહસ્થે ગૂગળી બ્રાહ્મણોને તેમની ઈચ્છા અનુસારે દ્રવ્ય આપીને આદરપૂર્વક ગોમતીમાં સ્નાન કર્યું. (૩) નિષ્કિંચન સાધુપુરુષને કોઈપણ તીર્થોમાં પ્રતિબંધ ન હોય એમ વિચાર કરીને સચ્ચિદાનંદમુનિને પૂછયા વગર જ સ્વયં તે સર્વેએ સ્નાન કરી લીધું. (૪) તે આ મુનિ ગોમતીતીરને પામીને કૃષ્ણક્રીડા સ્થાનના દર્શનથી સ્મરણ થયેલી કૃષ્ણમૂર્તિમાં લીન થયું છે હૃદય જેમનું એવા

થકા ધીરે ધીરે કિનારે ફરતા હતા. (૫) હે ભૂમિપતે ! ત્યાગીરાજ, અપરિગ્રહી, આત્મનિષ્ઠ-વિસ્મૃત દેહભાવવાળા અને ગજેન્દ્રની પેઠે ગતિ કરતા, નિષ્કિંચન એવા સચ્ચિદાનંદમુનિને જોઈને ધન માગવાના જ એક સ્વભાવવાળા બ્રાહ્મણાદિ ભિક્ષુક જનો, પૃથ્વી પર નાંખેલા પિંડની ઉપર ફરી વળતા તીર્થના કાગડાઓની પેઠે, મુનિની ચોમેર વીંટાઈ વળ્યા. (૬) બાળકો, યુવાન અને વૃદ્ધોએ ખેંચેલાં છે વસ્ત્રો જેમનાં એવા તે મુનિ જ્યારે લગીરે ક્ષોભ પામ્યા નહિ ત્યારે ધનાર્થીજનો મુનિને કપટથી પાખંડવેશને ધારણ કરનારા જાણતા હતા કેટલાક ગાંડા ગણતા હતા અને કેટલાક મદ્ય વગેરેનું પાન કરવાથી ઉન્મત્ત થયેલા માનતા હતા. (૭) પછી મુનિનો ત્યાગ કરી દક્ષિણાર્થી તીર્થવાસીઓ સ્નાન કરતા અયોધ્યાવાસી નંદરામાદિને દૂરથી જોઈને તેમની નજીકમાં જઈને વીંટળાઈ વળ્યા. (૮) પછી સચ્ચિદાનંદ મુનિ ચાલવામાં અશક્ત થયા ત્યારે ગોમતી જવાના માર્ગમાં બેસી ગયા. જાગ્રતાદિ ત્રણે અવસ્થાઓને ઉલ્લંઘન કરી પરમાત્મામાં સમાધિને પામ્યા. (૯) કોશલવાસી નંદરામાદિ સ્નાન કરી બ્રાહ્મણોને દક્ષિણાદિ આપીને સચ્ચિદાનંદ મુનિની પાસે જલદી આવીને તેમને સમાધિ પામેલા જોતા હતા. (૧૦) મુનિને સમાધિવાળા જોઈને તેમના સ્વરૂપને જાણનારા નંદરામાદિએ ક્ષણવાર વિચાર કરીને માર્ગમાંથી તેમને ઉપાડી બીજા સ્થળે મૂક્યા. (૧૧) ત્યારબાદ ગોપાલજી નંદરામ નામના ભાઈને પૂછવા લાગ્યા. હવે પછી તીર્થયાત્રામાં ફરતા એવા આપણે શું કરવું જોઈએ ? (૧૨) ત્યારે મનસારામ બોલ્યા : માર્ગમાં આ સાધુને આપણે સાથે કેવી રીતે લઈ જઈશું ? અથવા છોડીને પણ કેવી રીતે જઈએ ? (૧૩) આથી આપણે અહીંયાં જ રહેવું જોઈએ, એવું મને ભાસે છે. ત્યારે ગોપાલભાઈ મનસારામને કહેવા લાગ્યા કે આ સાધુને હું જાણું છું. (૧૪) આ સાધુ મહાન સમાધિનિષ્ઠ છે, આ સાધુની સમાધિસ્થિતિ ઘણી છે. આ સંત ક્યારેક તો ત્રણ દિવસ પર્યંત, ક્યારેક પાંચ દિવસ, ક્યારેક દસ દિવસ સમાધિમાં રહે છે. (૧૫) ક્યારેક પંદર દિવસ સુધી સમાધિમાં રહે છે. આ મુનિનો સમાધિમાં રહેવાનો સમય નિયમ કંઈ નથી આ પ્રમાણે હું જાણું છું. (૧૬) ત્યારે નંદરામ બોલ્યા : આપણે યાત્રા કરીને આઠ નવ દિવસે ફરીથી અહીં જલદી આવીશું. (૧૭) પૃથ્વી ઉપર કોઈપણ જગ્યાએ તીર્થોમાં સાધુઓને ચિંતા નથી. કારણ કે પહેલાંના વિદ્વાનો કહેતા હતા કે તીર્થ જ સાધુઓનું ઘર છે. (૧૮) આવું નંદરામનું વચન સાંભળીને ગોપાલ અને મનસારામ 'એમ જ કરીશું' એમ કહીને તે દિવસે ગોમતીતટે નિવાસ કરીને બીજે દિવસે ત્યાંથી ત્રણેય જણા ચાલી નીકળ્યા. (૧૯) તેઓ આરાવણ ગામને પામીને, ત્યાં ધન આપીને, તપ્ત મુદ્રા લઈને ભગવાનને પ્રિય શંખોદ્ધાર (સમુદ્રની ખાડી ઊતરીને) ગયા. (૨૦) ત્યાં તીર્થવાસી બ્રાહ્મણોને તેઓએ ધન આપીને શ્રી દ્વારિકાપતિનું ભક્તિપૂર્વક દર્શન કર્યું અને તેમની યથાશક્તિ મહાપૂજા કરી. (૨૧) નંદરામાદિ શંખોદ્ધારમાં પોતાના ધનને અનુસારે તીર્થસંબંધી સર્વ વિધિને કરતા થકા પાંચ દિવસ સુધી ત્યાં રોકાયા. (૨૨) તે પછી મુનિનું જ હૃદયમાં દિનરાત સ્મરણ કરતા થકા તે અયોધ્યાવાસી જનો તીર્થવિધિ સમાપ્ત થતાં જલદી ત્યાંથી નીકળીને ગોમતી પ્રતિ આવ્યા. (૨૩) હવે આ બાજુ નંદરામાદિ કોશલદેશવાસી શંખોદ્ધાર ગયા ત્યારે તે જ દિવસે સચ્ચિદાનંદમુનિ સમાધિમાંથી જાગૃત થયા હતા. (૨૪) સર્વ કૌશલવાસીઓને

ગયેલા જાણીને તેઓ ગોમતીમાં સ્નાન કરવા ગયા ત્યારે સ્નાન કરવા આવેલા મુનિ પાસે ધનનો અભાવ હોવાથી ત્યાંના અધિકારી બ્રાહ્મણાદિએ તેમને સ્નાન કરવા દીધું નહિ. (૨૫) ધન વિનાના અને સ્ત્રીઓનો સ્પર્શ નહિ કરનારા સચ્ચિદાનંદમુનિને સહજાનંદસ્વામીના શિષ્ય જાણીને તીર્થવાસી કોઈપણ પુરુષે ઈર્ષ્યાપૂર્વક અન્ન પણ આપ્યું નહિ. (૨૬) જેમણે શરીરનો આદર કરેલો નથી એવા અંતર્હિત વૃત્તિવાળા મુનિએ આહાર માટે દ્વારિકામાં કોઈની પાસે યાચના કરી નહિ. (૨૭) ત્યારપછી તે મુનિ ત્રણ દિવસ પર્યંત ઉપવાસી થકા ગોમતી તટે રહ્યા તોપણ નિર્દયાત્મા એવા તીર્થવાસી વિપ્રોએ મુનિને સ્નાન કરવા દીધું નહિ. (૨૮) હે નૃપ ! જેવી શ્રીહરિ નારાયણની ઈચ્છા એવું જાણતા થકા તે મુનિ જીતેલ છે ક્રોધ જેમણે અને જીતેલ છે આહાર જેમણે એવા થકા આરાવણ ગામે ગયા. (૨૯) આરાવણ ગામમાં તપ્તમુદ્રાની પ્રાપ્તિ માટે નિર્ધન અને ક્ષુધાપીડિત તથા રુદન કરતા જનોને ચોતરફ જોઈને આરાવણ નામની સંજ્ઞા પણ (ચોતરફ રાવણ (રડતાં) જનોની બૂમરાણ જેમાં છે તે આરાવણ કહેવાય) સાર્થક છે એમ મુનિએ જાણ્યું. (૩૦) તે મુનિએ આરાવણ ગામમાં કેટલાક જનોને બે દિવસના ઉપવાસી જોયા. તો કેટલાકને ત્રણ દિવસ તો કેટલાક જનોને પાંચ દિવસના ઉપવાસી જોયા. તથા કેટલાકને તો વળી છ-છ દિવસના ઉપવાસી જોયા. (૩૧) ભૂખથી કૃશ થઈ ગયેલા પેટવાળા, ભૂખના દુઃખથી શ્યામ મુખવાળા માટે જ રાંકડા અને ઊંચેથી રડતા વૃદ્ધો અને બાળકોને જોયા. ભૂખથી પૃષ્ઠભાગમાં ચોંટી ગયાં છે પેટ જેમનાં એવી અને માત્ર શ્વાસ જેમનો બાકી રહ્યો છે એવી પૃથ્વીમાં પડેલી ચેષ્ટાએ રહિત એવી સ્ત્રીઓને જોઈ. (૩૨) માર્ગમાં અને વનમાં ચોરોએ બળપૂર્વક લૂંટી લીધાં છે ધન જેમનાં એવા ક્ષીણ દેહવાળા કેટલાક બ્રાહ્મણો અને સાધુઓને તપ્તમુદ્રાના અધિકારીઓએ ધનપ્રાપ્તિ માટે પીડા કરાયેલાઓને મુનિએ જોયા. (૩૩) ઉપવાસને લીધે અસ્પષ્ટ અને વિલંબથી બોલાય તેવી વાણીવાળા અને વારંવાર સોગંદોને ખાતા ધનરહિત જનોને બીજા તે ગામના જનોએ અતિશય ગાળો આપી તિરસ્કાર કરાયેલા જનોને મુનિએ જોયા. (૩૪) મરવા પડેલા શરીરોવાળા, ભૂખરૂપી અગ્નિથી બળતા અંગોવાળા, કેટલાક વૈરાગી સાધુઓને સારી રીતે ચકાસણી કરીને તેમને ધન વગરના જાણીને દ્રવ્યની ઈચ્છાના ભંગથી થયેલા ક્રોધથી તપ્તમુદ્રાના અધિકારીઓએ ખૂબ તપાવેલી તપ્તમુદ્રા વડે નિર્દયપણે બહુ ભારદેવાપૂર્વક દઝાડાતા જોઈને સચ્ચિદાનંદ મુનિ દયા આવવાથી કંપી ગયા. (૩૫) ત્યારબાદ સચ્ચિદાનંદમુનિ ગામમાં વિચરતા થકા તપ્તમુદ્રા આપનારા જનો સમીપમાં જઈને બોલ્યા : હે કૃષ્ણ ભક્તો ! આજે મને તપ્તમુદ્રાથી ચિહ્નિત કરો. (૩૬) ત્યારે કોઈક અધિકારી હસતો હસતો બોલ્યો કે આ મોટા બળદને આંકો; ત્યારે બીજા બોલ્યો કે આધા ખળ ધુતારાઓ ક્યા દેશમાંથી આવે છે ? (૩૭) કેટલાકે 'ધન આપીને તપ્તમુદ્રાથી ચિહ્નિત થાઓ.' આ પ્રમાણે કહ્યું ત્યારે મુનિ બોલ્યા : અમે ધન અને નારીનો સ્પર્શ કરતા નથી. (૩૮) ત્યારે એક અધિકારી બોલ્યો કે તમારી ગોદડીમાં જરૂર રૂપિયા રહેલા છે. ત્યારે મુનિએ તે ગોદડી આપી. પછી તપ્તમુદ્રા આપનારાઓ ગોદડીમાં રૂપિયા ખોળવા લાગ્યા. (૩૯) મુદ્રા આપનારાઓ, ગોદડીમાંથી રૂપિયા નહિ મળતાં, ગોદડીને દૂર ફેંકી દીધી તે સમયે ચારણજ્ઞાતિનો અધિકારી બોલ્યો : મુનિની

કૌપીનમાં ધન હોય છે. (૪૦) વૈરાગીઓ કૌપીનમાં અને જટામાં પણ ઘણું કરીને ધન રાખે છે. ગઈકાલે મેં કોઈ વૈરાગીની કૌપીનમાં સીવીને સંતાડેલું ધન કાઢ્યું હતું. (૪૧) તપ્તમુદ્રા આપનારાએ સચ્ચિદાનંદમુનિની કૌપીન ખેંચી ત્યારે મુનિએ તેમને કહ્યું : સ્વામિનારાયણના સાધુઓની કૌપીનમાં ધનનો સંભવ નથી. (૪૨) ત્યારે મુનિના મુખથી સ્વામિનારાયણનું નામ સાંભળીને તે લોકો અતિ ક્રોધથી બોલ્યા કે તમારા ગુરુ સ્વામિનારાયણ પાસે તો લાખો રૂપિયા છે એ નક્કી વાત છે. (૪૩) જો તમારે તપ્તમુદ્રા લેવી હોય તો તમો તમારા ગુરુ પાસે જઈને ખૂબ ધન લાવો. ઈચ્છિત ધન લીધા સિવાય અમો તમોને અંકિત કરશું નહિ. (૪૪) તમો જલદી અહીંથી દૂર હટો. આ પ્રમાણે તેમના કહેવાથી યોગીરાજ સચ્ચિદાનંદમુનિ તે સમયે અતિ વિસ્તારવાળા લાંઘણચોરે જઈને ત્યાં બેઠા. (૪૫) આ છાપો આપનારા અધિકારીઓ મને આજે કે કાલ સવારે કે પરમ દિવસે છાપો જરૂર આપશે એમ નિશ્ચય કરીને ત્યાં નિવાસ કર્યો. (૪૬) દીન નિર્ધન એટલા માટે જ ઉપવાસ કરતા અને તેથી આર્તનાદો કરતા એવા જનોને જોતા મુનિ તે આરાવણ ગામમાં જનોનું નિર્દયપણું જોતા થકા તે ગામને જમપુરીથી પણ અધિક જાણતા હતા. (૪૭) આરાવણ ગામમાં જે ધન આપે છે તે જ તપ્તમુદ્રા પામે છે - આ પ્રમાણે જોતા સચ્ચિદાનંદ મુનિએ આગળ કહેવાશે તેવું આશ્ચર્ય જોયું. (૪૮) લાંબી અને જરાક પીળા રંગથી ચોંટેલા કેશોથી ગૂંથેલી જટાવાળો અને ખૂબ મોટા લાલચોળ બે નેત્રોથી જણાતો છે ભાંગનો મદ જેને એવો, મેશના પર્વતની પેઠે પ્રૌઢ શરીરવાળો, ધોળી ભસ્મને શરીરે લેપન કરેલો, ઉન્નત છાતીવાળો, ભયંકર આકારવાળો, હાથમાં લોખંડનો ચીપિયો ધારી રહેલો એક ખાખી નામનો વેરાગી સાધુ તપ્તમુદ્રા લેવા આવ્યો. (૪૯) ભક્તિના અતિશયને જણાવતો હોય તેમ ખૂબ મોટા અવાજે વારે વારે ‘જય દ્વારકાધીશ’ એવા નામને ઉચ્ચારતો, કમરનાં ત્રણ સેરવાળી મુંજની મેખળા અને લોખંડની સાંકળને ધારી રહેલો, લિંગ ઢંકાય એટલા પૂરતી મુંજની કૌપીન પટીને ધારી રહેલો, તીરછી નજર વડે બાળકોને બિવરાવતો, સત્વર ગતિવાળો, ખૂબ મોટી દાઢી-મૂછોવાળો આવો તે ખાખી બાવો છાપો આપવાના સ્થળે આવીને ‘હમણાં જ મને તપ્તમુદ્રા આપો’ એમ નિર્ભયપણે અધિકારી પ્રત્યે બોલ્યો. (૫૦) તે સમયે નિર્ભયપણે બોલતા તે ખાખીને ‘તુ દૂર હટ, દૂર હટ’ એમ બોલતા રાજસેવકો(અધિકારીઓ)એ ખૂબ તિરસ્કાર કર્યો છતાં ખાખી ત્યાંથી ખસ્યો જ નહિ. (૫૧) પોતાની અવગણના કરીને તપ્તમુદ્રા આપવા બેસાડેલા જનોના મધ્યમાં પેસીને બેસી ગયેલા તે ખાખીને ક્રોધથી લાલચોળ નેત્રોવાળા અને બળવાન રાજપુરુષોએ ભેગા થઈ તેને પકડ્યો. (૫૨) બહુ બળવાન હોવાથી બીજાઓએ પકડી ન શકાય તેવા ખાખીને બળપૂર્વક પકડીને રાજપુરુષોએ મુક્કા અને કોણીઓ મારીને એકદમ દૂર ફગાવી દીધો. (૫૩) તે ખાખી પોતે બળવાન હોવા છતાં ઘણા રાજપુરુષોને, પરાભવ કરવા અસમર્થ થકો બોલ્યો : ‘હું ત્યાગી છું માટે ધનાદિના પરિગ્રહથી રહિત સાધુ છું. (૫૪) તપ્તમુદ્રા લેવા આવેલા મને તમો કેમ આવી રીતે કાઢી મૂકો છો ?’ ત્યારે રાજસેવકો બોલ્યા : ‘તમે ધન આપીને તપ્તમુદ્રાઓ લ્યો.’ (૫૫) ત્યારે ખાખી બોલ્યો : ‘હે રાજપુરુષો ! મારી પાસે કંઈ પણ ધન છે જ નહિ. કમરમાં લાંબી એક લોઢાની સાંકળ છે.’ (૫૬)

તે સમયે એક ચારણ જ્ઞાતિના અધિકારીએ ખાખીની જટાના સમુદાયને ધીમે ધીમે હલાવીને ખેંચ્યો, એટલામાં જટામાંથી એક સુવર્ણમુદ્રા જમીન પર પડી. (૫૭) એટલામાં તો ચારણ વગેરે રાજસેવકો આમતેમ ચોમેરથી તે ખાખીને વળગી પડી તેને ભૂમિ ઉપર પછાડી દઈને ધનાદિના મદથી ઉન્મત્ત એવા રાજસેવકોએ તે ખાખીની જટાને વિખેરી નાંખી. (૫૮) ફરીથી બીજી ચાર સોનામહોરો જટાથી કાઢી તે સોનામહોરો રાજસેવકોએ લઈ લીધી અને પછી તે ખાખીને મૂકી દીધો. (૫૯) મૃતઃપ્રાય થયેલો ખાખી તે રાજસેવકોને વારંવારે શાપ અને ગાળો આપતો આપતો મુદ્રાઓ લીધા સિવાય જ ધીમે ધીમે ત્યાંથી પોતાના સ્થાને ગયો. (૬૦) મુનિ સચ્ચિદાનંદ સાધુ તો ક્યાંઈ પણ નહિ જોયેલું એવું આ સર્વ આશ્ચર્ય જોઈને ભગવાનના આયુધોનું ચિહ્ન કેવળ દ્રવ્યસાધ્ય છે એમ માનવા લાગ્યા. (૬૧) પછી ધનપ્રાપ્તિની ઈચ્છાવાળા કેટલાક ચારણો ઉપહાસ કરતા સતા સચ્ચિદાનંદમુનિ પ્રત્યે બોલ્યા : 'હે સાધો ! સાધુ પાસે ધન હોય જ એમાં લગીરે સંશય નથી. (૬૨) આ રાજસેવકોએ હમણાં જ ખાખી સાધુ પાસેથી ધન કાઢ્યું તે તમોએ પ્રત્યક્ષ જોયું. અમો પણ તમોને ખાખીની જેમ જ કરશું.' (૬૩) ત્યારે તે સાધુ બોલ્યા : મારા મસ્તક ઉપર જટા નથી. જૂનાં ચીથરાંના કકડાવાળી ફાટેલી ગોદડી છે તે તો કોઈ ચોર પણ લેતો નથી. (૬૪) બાર આંગળ પહોળી એક આ મારી કૌપીન નવી છે. તે કૌપીન લઈ લઈને પણ જો તમો છાપો આપતા હો તો અત્યારે જ આ તમે લ્યો. (૬૫) આ પ્રમાણે મુનિએ કહેલા તે ચારણો હસતા હસતા ત્યાંથી અન્ય સ્થળે ચાલ્યા ગયા. અને સચ્ચિદનંદમુનિ શ્રીહરિનું સ્મરણ કરતા અને નિરાહાર તેમજ નિર્ભય થકા રહ્યા. (૬૬) તે મુનિ પોતાના દુઃખને ગણકાર્યા વગર ત્રણ દિવસ ઉપવાસ કરીને પરદુઃખ જોવામાં અસમર્થ થકા આરાવણા ગામથી શંખોદ્ધાર તીર્થ ગયા. (૬૭) હે નરેશ ! આ લોકમાં સાધુ પુરુષો પારકાની પીડાને જોવા ક્યારેય પણ સમર્થ થતા નથી. કેમકે સાધુપુરુષનુ હૃદય વ્યાસમુનિએ પુરાણમાં દયાથી ભરેલું માખણ જેવું કોમળ કહેલું છે. (૬૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વડતાલ માહાત્મ્યમાં આરાવણ ગામમાં તપ્તમુદ્રાપ્રદનિર્દયત્વ નિરૂપણ નામનો ઓગણપચાસમો અધ્યાય થયો. ।।૪૯।।

●

## અધ્યાય-૫૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ સચ્ચિદાનંદમુનિ જ્યારે દ્વારિકાધીશનાં દર્શન કરવા માટે મંદિરે પહોંચ્યા તે જ ક્ષણે કૌશલવાસીઓ શંખોદ્ધારથી નીકળીને ગોમતીજી આવી પહોંચ્યા. (૧) હે નૃપ ! સચ્ચિદાનંદમુનિ શ્રીકૃષ્ણ દર્શનમાં ઉત્કંઠાવાળા થઈને જેવા મંદિરના દ્વારમાં પેસવા જાય છે તે જ ક્ષણે મંદિરના દ્વારપાળોએ 'તુ કોણ છે ? કોણ છે ? ધન આપ્યા વગર જ અને અમારી આજ્ઞા પામ્યા વિનાનો તેમ જ તપ્તમુદ્રાઓની છાપો લીધા વગરનો તું એકદમ દોડીને કેમ અંદર પેસે છે ? તું અહીંથી જલદી દૂર ચાલ્યો જા'-એમ કહીને દૂર કાઢી મૂક્યા (૨-૩) એ રીતે લાલ લાલ આંખોના ડોળા કાઢી ડરાવી રહેલા દ્વારપાળોએ કાઢી મૂકેલા આ મુનિવર એકલા દ્વારિકાધીશના મંદિરના

દ્વારની સામે માર્ગમાં બેસી ગયા. (૪) ત્યારબાદ મુનિ આજુબાજુ ફરી રહેલા ગૂગળી બ્રાહ્મણોને કહેવા લાગ્યા : 'હે દ્વિજો ! તમો મને આજે દ્વારિકાધીશમાં દર્શન કરાવો. (૫) શાસ્ત્રોમાં બ્રાહ્મણોનું હૃદય કોમળ કહેલું છે. તેથી હે ઉત્તમ વિપ્રો ! તમો મારી ઉપર કૃપા કરવાને યોગ્ય છો.' (૬) ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે તમો અમોને સાચુ કહો કે તમારી પાસે ગોદડીમાં કૌપીનમાં સંતાડેલું સોનાનું કે રૂપાનું ધન કેટલું છે ? (૭) ત્યારે મુનિ બોલ્યા : મારી પાસે લગીરે ધન નથી એ તમે નક્કી વાત જાણો. હું તો સ્ત્રીધનનો ત્યાગી વિતરાગી સાધુ છું. આથી અમારી પાસે ધન ક્યાંથી હોય ? (૮) હે દ્વિજો ! તેમાં પણ હું તો શ્રીસહજાનંદસ્વામીનો શિષ્ય છું. એટલા માટે દૂરથી જ સ્ત્રીધનના ત્યાગી એવા મારી પાસે ધન ક્યાંથી હોય ?' (૯) ત્યારે બ્રાહ્મણો બોલ્યા : 'તું સહજાનંદનો શિષ્ય છો ત્યારે તો તું અહીં ઉપવાસ કરીને મરી જઈશ તથાપિ તને દ્વારિકાધીશનું દર્શન થશે નહિ. (૧૦) અને અમે તો સહજાનંદના શિષ્યોના નાશક છીએ. તે નિશ્ચય વાત છે કે તને પુરમાં પ્રવેશ પણ ન આપીએ તો કૃષ્ણદર્શનની તો વાત જ ક્યાં રહી ? (૧૧) તમારા ગુરુ સહજાનંદ તો કૃષ્ણ કહેવાય છે. તો પૃથ્વી ઉપર અહીં યાત્રાર્થે કેમ ભટકો છો ? જ્યાં સુધી તમારા સહજાનંદને અમે (ગૂગળીઓ) મળ્યા નથી ત્યાં સુધી સહજાનંદ (હું કૃષ્ણ છું એવી) ભલે ગર્જના કર્યા કરે.' (૧૨) આવું બોલીને તે બ્રાહ્મણો ચાલ્યા ગયા. તેટલામાં તો અન્ય બ્રાહ્મણો મુનિને કહેવા લાગ્યા : ''દ્રવ્ય આપીને શ્રીહરિ દ્વારિકાધીશનું દર્શન કરો. તમે શા માટે લાંઘો છો ?'' (૧૩) કેટલાક જનો બાણ જેવાં કઠોર વચનો વડે મુનિનો તિરસ્કાર કરવા લાગ્યા. અને કેટલાંક જનો તો 'આ શઠ છે, ધુતારો છે' એમ કહેતા હતા. (૧૪) તે પુરમાં મુનિવરમાં 'આ સાધુપુરુષ છે' એમ કહીને મુનિનો સત્કાર કરવો તો દૂર રહ્યો પરંતુ તે મુનિને સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની ઈર્ષ્યાને લીધે કોઈએ તેમને શુભવાણી વડે બોલાવ્યા જ નહિ. (૧૫) નિરાહાર સચ્ચિદાનંદમુનિ દ્વારિકાધીશના મંદિરના દરવાજા પાસે આવીને તે દ્વારમાં બનતું બધું જોતા થકા દૃઢ આસન વાળીને બેઠા. (૧૬) ત્યાં દ્રવ્ય આપી આપીને 'હું પહેલો, હું પહેલો જાઉં'' એવા તીવ્ર વેગથી દર્શન માટે દરવાજામાં પ્રવેશતા યાત્રિક સ્ત્રીપુરુષોનો પરસ્પર મોટો સંઘર્ષ જોઈ (સ્ત્રી પુરુષોના પરસ્પર ઉપમર્દનરૂપ અનાચાર જોવાથી) ત્રાસ પામી ગયા. (૧૭) તે મુનિવર આરાવણ ગામ કરતાં પણ આ શંખોદ્વાર બેટના જનોનું અધિક નિર્દયપણું જોઈને લક્ષ્મીમદના આધિક્યનો પણ નિશ્ચય કરતા હતા. (૧૮) ઊંડા વિચારોમાં પડી ગયેલા તે મુનિને ત્યાં જ રહેતાં સૂર્ય પણ અસ્તાચળને પામી ગયો. રાત પડતાં મુનિ મનમાં વિચારવા લાગ્યા. (૧૯) અહો ! આશ્ચર્યની વાત છે કે હું ઈશ્વરેચ્છાથી અતિનિર્દય સ્થાનમાં આવી ગયો છું પણ હવે શું કરવું ? કૃષ્ણદર્શન કેવી રીતે થાય ? (૨૦) પ્રભુ શ્રીહરિની આજ્ઞાથી મારા ગુરુભાઈઓ (મુક્તાનંદાદિ સંતો) આ તીર્થમાં આવશે તો તો તે મહાત્મા ત્યાગીઓની શી વલે થશે ? (૨૧) 'દ્વારિકાધીશનું દર્શન કરીને તમો આવો' આવી મને શ્રીહરિ મહાપ્રભુએ આજ્ઞા કરેલી છે. તે આજ્ઞા સંપાદન કર્યા સિવાય હું શી રીતે શ્રીહરિ પાસે જાઉં ? (૨૨) પ્રભુ શ્રી દ્વારિકાધીશ મને અવશ્ય પોતાનું દર્શન આપશે કેમકે પ્રભુ ભક્તપ્રિય અને ભક્તોના સર્વ અભિપ્રાયો જાણે છે. (૨૩) મુનિવર મનમાં આ પ્રકારે નિશ્ચય કરી પોતાના ગુરુને પ્રણામ કરી હૃદયમાં શ્રીકૃષ્ણનું ધ્યાન કરતાં

કરતાં દર્શનના અભાવમાં મનમાં અનશનવ્રત (અન્નોદકનો ત્યાગ) ધારીને ત્યાં જ રહ્યા. (૨૪) એ રીતે અનશનવ્રત લઈને બેઠેલા, જેમણે જળનો પણ ત્યાગ કર્યો છે અને દૃઢ નિશ્ચયવાળા તે મુનિને ત્યાં ચાર દિવસો વીતી ગયા. (૨૫) હે રાજન્ ! સમાધિમાં શ્રીકૃષ્ણને સાક્ષાત્ દર્શન કરતા એવા તે મુનિ, પ્રત્યક્ષ દર્શન કરવાની લાલસાથી મહાધૈર્યયુક્ત થઈને પાંચમે દિવસે (આગળ કહેવાશે) સ્તોત્ર વડે શ્રી દ્વારિકાધીશની સ્તુતિ કરવા લાગ્યા. (૨૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વૃત્તલાય-મહિમામાં દ્વારિકાનાથદર્શનપ્રતિબંધ નિરૂપણ નામનો પચાસમો અધ્યાય થયો. ॥૫૦॥

●

## અધ્યાય-૫૧

**સચ્ચિદાનંદમુનિ સ્તુતિ કરતાં બોલ્યા :**

"હે શ્રીકૃષ્ણ ! હે લક્ષ્મીજીની સાથે ક્રીડા કરનારા ! હે રમણીય મુખારવિંદવાળા ! હે શિવજી ! બ્રહ્મા, ઈન્દ્ર વગેરે દેવતાઓએ વંદના કરાયેલા, હે ધર્મે સહિત ભક્તિના પર આશ્રયરૂપ, હે પવિત્ર કરનારી કીર્તિવાળા. હે દ્વારિકેશ પ્રભો ! તમો પ્રસન્ન થઈ મને વરદાન આપનારા થાઓ. (૧) હે સમગ્ર શક્તિઓના સ્વામી ! તમો પોતાના ભક્તોના સમુદાયોને અસુરોથી રક્ષણ કરવા માટે ચાર હાથોમાં શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરતા થકા આ દ્વારિકાપુરીમાં નિત્ય બિરાજો છો. હે દ્વારિકેશ પ્રભો ! તમો પ્રસન્ન થઈ મને વરદાન આપનારા થાઓ. (૨) કૌરવની સભામાં દુષ્ટ દુઃશાસને દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચ્યાં હતાં ત્યારે દ્રૌપદીએ આર્તભાવથી સ્મરણ કર્યા થકા તમો તત્કાળ રુક્મિણી સહિત પલંગનો ત્યાગ કરીને દ્રૌપદી પાસે જઈને બહુધા વસ્ત્રો કહેતાં ચીર પૂરી દ્રૌપદીની લાજ રાખી હતી એવા હે દ્વારિકેશ પ્રભો ! તમો પ્રસન્ન થઈ મને વરદાન આપનારા થાઓ. (૩) એકાંતિક ભાવથી પોતાને ભજતી દ્રૌપદીનું સભામાં કૌરવોની અનુમતિથી દુઃશાસને કરેલા કેશપાશ(ચોટલા)ના આકર્ષણને નહિ સહન કરતા તમોએ કૌરવોનો સંહાર કરાવીને, તેમની સ્ત્રીઓને મસ્તક મુંડાવેલી વિધવાઓ કરી દીધી હતી એવા હે દ્વારિકેશ પ્રભો ! તમો પ્રસન્ન થઈ મને વરદાન આપનારા થાઓ. (૪) હે દ્વારિકેશ ! દુર્વાસામુનિના કારણથી વિપત્તિમાં ડૂબેલા યુધિષ્ઠિર વગેરે પાંડવોને ઉદ્ધાર કરવા માટે દ્રૌપદીએ સંભારેલા તમો તત્કાળ પગરખાં પહેર્યા સિવાય ઉઘાડા પગે વનમાં ગયા હતા. ભક્તપ્રિય એવા તમારો હે પ્રભો ! હું દાસ છું. તમો પ્રસન્ન થઈ મને વરદાન આપનારા થાઓ. (૫) સત્યભામાના મનોરથને પૂર્ણ કરવા દેવોએ સહિત ઈન્દ્રને જીતીને સ્વર્ગલોકમાંથી સત્યભામાએ માગેલા પારિજાતવૃક્ષને આ દ્વારિકાપુરીમાં લાવ્યા. હે દ્વારિકેશ પ્રભો ! તમો પ્રસન્ન થઈ મને વરદાન આપનારા થાઓ. (૬) વળી હે દયાળો દ્વારિકેશ ! વૈરથી ઉત્પન્ન થયેલી વાંકી ભ્રૂકુટિના ભંગથી જોતા, શસ્ત્રો વડે પ્રહાર કરતા અને ઘણા પ્રકારે ગાળો ભાંડતા એવા અતિદુષ્ટ દૈત્યોને પણ પોતાના ધામને પમાડો છો. હે પ્રભો ! મારા ઉપર પ્રસન્ન થઈ મને વરદાન આપનારા થાઓ. (૭) આપની મૂર્તિના દર્શનરૂપી અમૃત 'ધનવાનોને જ થાય અને નિર્ધનોને ન થાય' એમ નિષ્કિંચનજનપ્રિય એવા આપને વિષે કહેવું લગીરે યોગ્ય નથી. કેમકે તમો

તો નિષ્કિંચનપ્રિય છો. હે દ્વારિકેશ ! મારા ઉપર પ્રસન્ન થઈ મને વરદાન આપનારા થાઓ. (૮) હે દ્વારિકાનાથ ! તમો ભૂમિ ઉપર જનોના ઉપકાર માટે પોતાના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ વગેરે રત્નસમૂહને ઉદ્ધવજીમાં ધારણ કરતા હતા તે નિશ્ચય વાત છે. આ ભૂમિ પર ઉદ્ધવ પ્રણીત માર્ગને નિરંતર અનુસરતા એવા મારા ઉપર તમો પ્રસન્ન થઈ મને વરદાન આપનાર થાઓ. (૯) અંતઃકરણમાં સ્ફુરણાયમાન છે કલિમલ જેમને એવા દેવો, દાનવો અને માનવો થકી તમો દૂર (અગમ્ય) રહો છો. આ કારણથી તમો ત્રિયુગ એવા નામથી ખ્યાતિ પામ્યા છો. સંસારરૂપી દાવાનળથી દગ્ધ થયેલા એવા જનોના તમે જ એક શરણ છો. એવા હે દ્વારિકેશ પ્રભો ! તમો મારા ઉપર પ્રસન્ન થઈ મને વરદાન આપનારા થાઓ.'' (૧૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે અતિ પ્રેમથી સ્તુતિ કરતા અને શ્રીકૃષ્ણમાં લીન થયું છે મન જેમનું એવા સચ્ચિદાનંદ મુનિ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણ અવસ્થાઓને ઉલ્લંઘન કરીને તુરીયપદ(સમાધિ અવસ્થા)ને પામી ગયા. (૧૧) પછી સર્વેશ્વર ભક્તવત્સલ ભગવાન શ્રી દ્વારિકાનાથે ખૂબ પ્રસન્ન થઈને તે મુનિને સ્વસ્વરૂપનું દર્શન આપ્યું. (૧૨) ભગવાન શ્રીકૃષ્ણ વિજયા એકાદશીની રાત્રિમાં ચોથા પહોરે હસતા થકા તે મુનિ પાસે આવિર્ભાવ પામ્યા. (૧૩) તેમાં પ્રથમ તો યોગીરાજના હૃદયકમળમાં રુક્મિણી, સત્યભામા અને અર્જુનયુક્ત તથા સાત્યકી અને ઉદ્ધવજીએ સહિત શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ પામ્યા. (૧૪) એકાએક સ્ફુરેલા અને કરોડો સૂર્યથી પણ અધિક પ્રભાવાળા તથા આશ્ચર્યકારી દર્શનવાળા શ્રીકૃષ્ણને જોઈને તે મુનિ પ્રેમ વૃદ્ધિ પામતાં પરવશ થઈ ગયા. (૧૫) ભગવાન શ્રીકૃષ્ણ સમાધિમાં અચાનક અંતર્ધાન થઈ ગયા તેથી આ મુનિ તેમને હૃદયકમળમાં નહિ જોતાં સંભ્રમ સહિત સમાધિમાંથી બહાર આવતાં પોતાની દૃષ્ટિ આગળ તેવા જ પ્રાદુર્ભાવ પામેલા પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન પામ્યા. (૧૬) નવીન મેઘ સમાન શ્યામ સુંદર શરીરવાળા, વીજળીની કાંતિ સમાન પીળા પીતાંબરને ધારી રહેલા, અનેક આભૂષણોવાળા, ઉત્તમ મુગટવાળા, ઉત્તમ કમળ સમાન નેત્રોવાળા, નાના પ્રકારના મોતીઓ અને પુષ્પોના હારોથી શોભાયમાન કંઠવાળા, સર્વદા પ્રસન્ન મુખવાળા, ચાર ભુજાઓમાં શંખ-ગદા સુદર્શનને ધારી રહેલા; (૧૭) દિવ્ય આભૂષણો વસ્ત્રોને ધારણ કરતા અને કમળ તથા સુંદર વીંઝણો બન્ને હાથ વડે ધારણ કરેલા સુંદર કાંતિવાળાં લક્ષ્મીજીએ પ્રેમથી જોવાતા તથા સત્યભામાએ કટાક્ષો વડે જોવાતું છે મુખ જેમનું એવા, સત્યભામા કેવાં તે લાવણ્યના અતિશયથી અતિરૂપાળું છે શરીર જેમનું તથા હાથમાં સોનાની ઝારીને ધારીને ભગવાનના સમીપમાં રહેલાં એવાં. (૧૮) જમણા ભાગમાં ઉદ્ધવજીએ હાથમાં ચામર ગ્રહણ કરીને વિનયપૂર્વક ચામર ઢોળાતા અને ડાબી બાજુએ ચામરધારી સાત્યકી ચામર વીંઝતા અને સાર્વભૌમ લક્ષ્મીથી સંપન્ન અર્જુને પાછલા ભાગમાં રહીને જેમના મસ્તક પર સોનાના છત્રને ધારણ કરેલું છે એવા લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણને જોઈને મુનિએ તત્કાળ દંડવત્ કર્યા. (૧૯) પ્રેમના અશ્રુબિંદુઓથી વ્યાપ્ત થઈ ગયાં છે નયનો જેમનાં, રોમાંચિત ગાત્રવાળા, અગિયાર દિવસ પર્યંત જળપાનનો ત્યાગ કરી, હૃદયથી પોતાનું (શ્રીકૃષ્ણનું) સ્મરણ

કરતાં તેમજ અતિ નિર્દય ગૂગળી બ્રાહ્મણો વગેરેએ રોકી દીધેલો છે સ્વતીર્થક્ષેત્ર સંબંધી યાત્રાવિધિ જેમનો એવા તે સચ્ચિદાનંદ મુનિને શ્રીકૃષ્ણે શંખ ચક્રનો ત્યાગ કરીને અત્યંત હર્ષપૂર્વક ઊંચા કરીને તત્કાળ આલિંગન કર્યું (૨૦) ભગવાન શ્રીકૃષ્ણ મુનિના મસ્તક અને ખભા ઉપર અને વક્ષઃસ્થળમાં હાથને ફેરવતા પોતાને વિષે અતિ સ્નેહ પામેલા સચ્ચિદાનંદમુનિને કહેવા લાગ્યા : ''હે ભક્તોત્તમ મુને ! તમો ધન્ય છો. અત્યારે તમારા ઉપર હું પ્રસન્ન થયેલો છું માટે મનને ઈચ્છિત વર મારાથી માગો. સર્વ લોકના પૂજ્ય તમોને ત્રિલોકીમાં મારે કંઈપણ નહિ આપવા યોગ્ય નથી.'' (૨૧) આ પ્રમાણે લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણે પરમ પ્રીતિપૂર્વક વર માગવા માટે પ્રેરેલા, શ્રીકૃષ્ણના કરતલના સ્પર્શ માત્રથી નિવૃત્ત થયું છે ભૂખનું દુઃખ જેને એવા તથા શ્રીકૃષ્ણની દયાળુતા અને શરણ્યતા આદિ ગુણસમૂહના દર્શનથી અંતઃકરણમાં ઉત્પન્ન થયેલા પ્રેમના અધિકપણાથી બન્ને આંખોમાં આંસુઓ જેને છે તેથી ગદ્‌ગદ્‌ કંઠવાળા થઈ ગયેલા એવા, બે હાથો જોડી નમસ્કાર કરતા ભક્તમુનિ નમ્રતાપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. (૨૨)

**સચ્ચિદાનંદમુનિ બોલ્યા :**

''હે દ્વારિકાધીશ પ્રભો ! મંગળમૂર્તિ એવા તમોને નમસ્કાર હો. યદુવંશના ભૂષણ તમોને નમસ્કાર હો. હે અપાર કરુણારૂપ સુધાના સમુદ્ર પ્રભો ! તમોને નમસ્કાર હો. (૨૩) હે નારાયણ દેવ ! તમોને નિત્ય નમસ્કાર હો. હે દિવ્યમૂર્તે ! સમગ્ર સ્વાશ્રિત જનોના પાપસમૂહોને નાશ કરનારા ભક્તપ્રિય તમોને સર્વદા નમસ્કાર હો.(૨૪) અર્જુનનું પ્રિય કરાવનારા, યાદવોમાં શ્રેષ્ઠ, નાના પ્રકારની રાજકન્યાઓ કે જે પોતાના હાથને ગ્રહણ કરનારીઓના (સ્વપ્રાપ્તિરૂપ) મનોરથોને પૂર્ણ કરનારા. સર્વાન્તર્યામી એવા શ્રીકૃષ્ણસ્વરૂપ તમોને નમસ્કાર હો. (૨૫) પૃથ્વીના ભારભૂત ક્ષત્રિયોનો, વનમાં અગ્નિની માફક, નાશ કરનારા, સદ્ધર્મ અને સાધુપુરુષોના પ્રતિપાલક, સુદામાજીના દારિદ્ર્યનો નાશ કરનારા અને ઉદ્ધવજીના અત્યંત પ્રેમાસ્પદ એવા શ્રીકૃષ્ણ તમોને નમસ્કાર હો. (૨૬) હે શ્રીમન્ ! હે મહારાજ ! હે વૈકુંઠનાથ ! હે દેવકીનંદન ! હે ચક્રપાણે ! હે દ્વારાવતીનાયક ! હે વાસુદેવ ! હે રુક્મિણી સ્વામિન્ ! તમો સર્વદા પ્રસન્ન થાઓ. (૨૭) હે દયાનિધે ! હે મહારાજ ! ભક્તો ઉપરની આવી દયા તો તમારામાં જ નિત્ય શોભે છે, અન્ય કોઈનામાં પણ નથી. (૨૮) હે પ્રભો ! અત્યારે તમોએ મારો મનોરથ સફળ કર્યો છે. હાલમાં હું આપના દર્શનથી પૂર્ણકામ થયેલો છું એ નિશ્ચય વાત છે. (૨૯) હે ઈશ્વર ! સમગ્ર આનંદના આશ્રય સ્વરૂપ પ્રત્યક્ષ તમારા ચરણકમળને પામીને આથી અધિક બીજું કંઈપણ હું આપના થકી યાચતો નથી. (૩૦) હે પ્રભો ! આવું છે તોપણ એક માગવા યોગ્ય યાચના છે તે સાંભળીને મને આપો. સર્વદા ભક્તિપ્રિય એવા તમારે કંઈપણ અશક્ય નથી. (૩૧) હે સ્વામિન્ ! હે અચ્યુત ! દ્વારિકાની યાત્રા કરવી એવી હમણાં ત્યાગી તથા ગૃહસ્થજનોને અમારા ગુરુ સહજાનંદ સ્વામીની આજ્ઞા છે. (૩૨) હે પ્રભો ! તે ત્યાગીગૃહી પૈકી જે ધનવાળા છે તેમને દ્વારિકાયાત્રા કઠિન નથી પણ નિર્ધન જનોને તો તે સર્વ પ્રકારે અશક્ય જ છે. (૩૩) હે સત્પતે ! પૃથ્વી ઉપર ઉદ્ધવ સંપ્રદાયના અનુયાયી સાધુજનો છે, સ્ત્રીધનના તે ત્યાગીઓ માટે આ યાત્રા અતિ દુષ્કર છે. (૩૪) મારે ગોમતીમાં સ્નાન ન થયું. તપ્તમુદ્રાઓ

(છાપો) ન મળી. અતિ દુઃખ આપનારા અગિયાર દિવસના ઉપવાસોથી મને હાલમાં તમારું દર્શન તો થયું. (૩૫) હે ભક્તવત્સલ ! આવા દયારહિત દેશમાં ઉદ્ધવ સંપ્રદાયના ત્યાગી સાધુઓને યાત્રા તે કેવી રીતે થાય ? અને ગુરુ-આજ્ઞાનો લોપ પણ કેમ થાય ? (૩૬) હે પ્રભો ! તમારા ચરણકમળમાં ચિત્તવાળા ઉદ્ધવ સંપ્રદાયના સાધુજનોને જે પ્રકારે તમારાં દર્શન થાય તેવી રીતે તમો કૃપા કરીને કરો. આ જ અમારી યાચના છે. (૩૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! સચ્ચિદાનંદમુનિ વડે સ્તુતિ કરાયેલા ભક્તવત્સલ શ્રીકૃષ્ણ મુનિને પ્રસન્ન કરતા થકા વચન બોલ્યા : (૩૮) "હે ભદ્ર ! તમોએ જે યાચના કરી તે હું કરીશ. અહીંયાં દ્વારિકામાં તે સંતોને મારું દર્શન ન થાય તે નિશ્ચિત વાત છે. (૩૯) આ દ્વારિકામાં તીર્થવાસી અત્યંત નિર્દય અને ધનલોલુપ છે. તેઓ ઉદ્ધવ સંપ્રદાયના મારા ભક્તોને પીડા પમાડે છે તે નિશ્ચય વાત છે તે હું જાણું છું. (૪૦) માટે વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણદેવની જે મૂર્તિ છે તેમાં આવીને હું મારાં દર્શન આપીશ. (૪૧) અહીંયાં દ્વારિકામાં જેવું હું મારું દર્શન આપું છું તેવી જ રીતે વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણના નામથી તેમને મારાં દર્શન આપીશ. (૪૨) માટે સાધુઓને દ્વારિકાની યાત્રા વડતાલમાં જ સિદ્ધ થશે. આ મારા વચનોમાં તમો જરા પણ સંદેહ ન પામશો કેમકે હું જે સ્થળે વાસ કરું છું ત્યાં જ મારી મૂર્તિ વસે છે. (૪૩) આ ઉદ્ધવજી મારો આત્મા જ છે કહેતાં ઉદ્ધવજી મને મારા આત્મા જેટલા પ્રિય છે આ વાક્યમાં સંશય નથી આથી આ ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા ત્યાગીગૃહી સર્વે મને અતિ પ્રિય છે. (૪૪) હે મુને ! તમો આજે જ જાઓ. હું તમારી સાથે આવું છું. આમ કહીને દ્વારિકાધીશ્વર પ્રભુ અંતર્ધાન થઈ ગયા. હે રાજન્ ! તે મુનિ પણ આ અદ્ભુત આશ્ચર્ય જોઈને ક્ષણમાત્ર આશ્ચર્ય પામેલા ઊભા રહ્યા. (૪૫) પોતાના ગુરુ શ્રીહરિની કરુણાનું જ આ શ્રીકૃષ્ણદર્શનરૂપ ફળ છે એમ પોતાના મનમાં નક્કી કરીને તે વૃત્તાંત કોઈને કહ્યા સિવાય ત્યાં દ્વારિકાથી ચાલી નીકળ્યા. (૪૬) બહુ ધીરજવાળા, એકાંતિક ભક્તિવાળા, સાક્ષાત્ યદુપતિ શ્રીકૃષ્ણના દર્શનથી પ્રાપ્ત કરેલ છે અતિ અધિક હર્ષ જેમણે એવા, ઉત્તમ હાથીની જેવી ચાલવાળા, શ્રીકૃષ્ણને મનથી સ્મરણ કરતા એવા સચ્ચિદાનંદમુનિ તત્કાળ ગોમતીના પ્રત્યે ગયા. (૪૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
વૃત્તાલયમાહાત્મ્યમાં દ્વારિકાનાથદર્શનતદ્વરપ્રાપ્તિનિરૂપણ નામનો એકાવનમો અધ્યાય થયો. ॥૫૧॥

●

## અધ્યાય-૫૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ બાજુ કોશલદેશવાસી નંદરામાદિ શંખોદ્ધારથી ગોમતી આવ્યા ત્યારે ગોમતીને કિનારે ચોતરફ મુનિને શોધવા લાગ્યા. (૧) આ બધા ગોમતીતટે મુનિને નહિ જોઈ ચિંતાતુર, અશ્રુપૂર્ણ નેત્રવાળા, મ્લાન મુખવાળા અને નિસાસા નાખતા થકા, બહુધા તર્ક કરવા લાગ્યા. (૨) અહો ! દૈવયોગથી આ શું બની ગયું ? અરે ! મુનિનો અનાદર કરી આ શુ પાપ થઈ

ગયું ? શ્રીહરિ મહાપ્રભુના અતિપ્રિય દયાળુ અને મહાન સાધુ ક્યાં ગયા હશે ? (૩) હવે મુનિ વગરના આપણે દુર્ગપુર કેમ કરી જઈશું ? પ્રભુ આગળ આપણે પોતાનું મુખ કેવી રીતે બતાવીશું ? (૪) ત્યાં શ્રીહરિ સમીપે આપણે શું બોલીશું ? નક્કી વાત છે કે આપણે દૈવથી હણાઈ ગયા છીએ. વળી ઉત્તમ રાજાના ઠપકાનાં મર્મભેદક વચનો શી રીતે સહન કરીશું ? (૫) ત્યારે મનસારામ બોલ્યા : 'મેં તો પહેલાંથી જ કહ્યું હતું કે મુનિને છોડીને જવું જોઈએ નહિ. પરંતુ કોઈએ મારી વાત સાંભળી જ નહિ. (૬) ત્યારે ગોપાળરામ તેમના પ્રતિ બોલ્યા કે હું શું કરું ? મોટાભાઈ નંદરામનું વચન મારાથી કેમ ઉલ્લંઘન થાય ? કેમ કે મોટાભાઈ તો પિતાતુલ્ય કહેવાય છે. (૭) ત્યારે નંદરામ બોલ્યા કે આ મુનિની સમાધિનું દીર્ઘપણું તો તમોએ પ્રથમ જ કહ્યું હતું. હવે મને ખોટો ઠપકો કેમ આપો છો ? (૮) પછી મનસારામ બોલ્યા : જે ભાવિ હોય તે રોકવા છતાં પણ નિશ્ચે થાય જ. તેમાં ચિંતા કરવી વૃથા છે. તો હવે સર્વ દુઃખને હરનારા હરિનું જ સ્મરણ કરવું જોઈએ. (૯) આપણે શ્રી સ્વામિનારાયણ પ્રભુની આજ્ઞાથી જેનાં દર્શન કરવા અહીં આદરથી આવ્યા છીએ તે જ દ્વારિકાધીશ આપણને સુખશાંતિ કરશે તે નિશ્ચય વાત છે. (૧૦) આ મુનિવર તો ભગવાનના મહાન ભક્ત દયાનિધિ છે તે આપણને છોડીને સર્વથા ગઢપુર ન જ જાય. (૧૧) મને તો ભાસે છે કે મુનિ શંખોદ્ધાર ગયેલા છે અને અહીંયાં જ પાછા આવશે. આથી આપણે હવે અહીંયાં જ રહેવું જોઈએ. (૧૨) હે રાજન્ ! આવું મનસારામનું વચન સાંભળીને બન્ને જણા (ગોપાળરામ અને નંદરામ) 'બહુ સારું' એમ બોલ્યા. ત્રણેય જણા દ્વારિકાધીશનું સ્મરણ કરતા થકા ત્યાં જ રહ્યા. (૧૩) પછી તેઓ દરરોજ પ્રાતઃકાળે ગોમતીમાં સ્નાન કરી, નિત્યવિધિ કરી, ત્યાં રહેલા દ્વારિકેશ પ્રભુનું પ્રતિદિન દર્શન કરતા હતા. (૧૪) ચિંતાયુક્ત એવા મનસારામ વગેરે ચોથા દિવસે એકાદશીનો ઉપવાસ કરી બારશના રોજ રસોઈ બનાવી સાધુ સચ્ચિદાનંદ મુનિનું ચિંતવન કરવા લાગ્યા. (૧૫) વિતર્ક કરે છે કે અહો ! કુત્સિત બુદ્ધિવાળા એવા આપણું ભાગ્ય એવું ક્યાંથી હોય કે મહાયોગી સચ્ચિદાનંદમુનિ આજે અહીંયાં આવીને પારણાં કરે. (૧૬) ત્યારે નંદરામ બોલ્યા કે અહો ! આજ મારો જમણો હાથ ફરકે છે. ત્યારબાદ મનસારામ બોલ્યા કે મારું જમણું અંગ ફરકે છે. ત્યારે ગોપાળરામ બોલ્યા કે આજે પ્રાતઃકાળે મેં સ્વપ્નમાં મુનિવરને દ્વારિકાધીશને હૃદયમાં ધારણ કરીને, અહીં આવતા સાક્ષાત્ જોયા છે. (૧૭-૧૮) આ પ્રકારે તેઓ પરસ્પર પોતે અનુભવેલા શુભ શકુનોની વાત કરે છે એટલામાં તો ગજેન્દ્રની પેઠે આવતા મુનિવરને દૂરથી જોયા. (૧૯) અહો અહો હે સ્વામિન્ ! આવો પધારો પધારો એમ ઉચ્ચ સ્વરથી બોલતા થકા નંદરામાદિ ત્રણે વિપ્રો, જેમ ઈન્દ્રિયો મુખ્ય પ્રાણવાયુ તરફ દોડે તેમ, મુનિની સામે દોડ્યા. (૨૦) પછી તે વિપ્રો મુનિને તથા પરસ્પરને બહુકાળ સુધી બાથમાં ઘાલીને આલંગીને હસતા હસતા પોતાને ઉતારે આવી પરસ્પર કુશળ પૂછવા લાગ્યા. (૨૧) પછી તે વિપ્રોએ મુનિને સ્નાન કરાવી ભોજન કરાવીને અને પોતે જમીને પોતાનું વૃત્તાંત મુનિને કહેતા થકા તે દિવસ પસાર કર્યો. (૨૨) તે બ્રાહ્મણો, દ્વાદશીની રાત્રિ દ્વારિકામાં રહીને, ત્યાંથી પ્રાતઃકાળે નીકળીને, ફાગણ માસના શુક્લપક્ષની છઠના દિવસે દુર્ગપુર પહોંચ્યા. (૨૩) તેઓએ માર્ગમાં જ્યાં જ્યાં રાત્રિનિવાસ કર્યો ત્યાં ત્યાં રાત્રે સ્વપ્નમાં દ્વારિકાથી પોતાની સાથે આવતા લક્ષ્મીએ સહિત સાક્ષાત્ દ્વારિકાધીશ શ્રીકૃષ્ણને તેઓ

દેખતા હતા. (૨૪) તેઓ દુર્ગપુર પહોંચીને સભામાં દિવ્ય સિંહાસનમાં બિરાજમાન પ્રભુ શ્રીહરિના દર્શન કરીને ભક્તિપૂર્વક દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિએ પણ યાત્રા કરીને આવેલા તેઓને સ્વાગતાદિ વડે યથાયોગ્ય સન્માન આપ્યું. (૨૫) પછી સચ્ચિદાનંદ મુનિએ દ્વારિકામાં બનેલું સ્નાન, છાપો, દ્વારિકાધીશ દર્શન-આ બધાનું વિપ્રો દ્વારા પ્રતિબંધ વગેરે સર્વ વૃત્તાંત કહ્યું. પોતાને થયેલા શ્રીકૃષ્ણદર્શનનું હજી વૃત્તાંત કહ્યું ન હતું. (૨૬) આ વૃત્તાંત સાંભળીને સર્વ સાધુઓ 'અમને ત્યાગીઓને દ્વારિકાયાત્રા નહિ જ થાય' એવો નિશ્ચય થવાથી અતિ ખિન્ન મનવાળા થઈ ગયા. (૨૭) આ પ્રકારે ખિન્ન મનવાળા સંતોને જોઈને તે મુનિએ પછીથી પોતાને થયેલું સાક્ષાત્ શ્રીકૃષ્ણદર્શન અને તેમના થકી પ્રાપ્ત થયેલું વડતાલ આવવા રૂપ વરદાન યથાર્થપણે કહી સંભળાવ્યું. (૨૮) તેને સાંભળીને સર્વ સાધુઓ અત્યંત હર્ષ પામીને, મુનિને નમસ્કાર કરીને, તેમની બહુ પ્રકારે પ્રશંસા કરીને, પરમ સુખને પામ્યા. (૨૯) મુનિરાજ એવા સ્વયં શ્રીહરિ મહાપ્રભુ જે તે મુનિની પ્રશંસા કરતા થકા અને પોતાના ભક્તોને આનંદ પમાડતા થકા તે વૃત્તાંત મુનિ પાસે વારેવારે સભામાં બોલાવરાવ્યું. (૩૦) તે મુનિ પણ દ્વારિકામાં બનેલું સર્વ વૃત્તાંત કહીને પછી બોલ્યા કે આ બધો પ્રસાદ નિશ્ચય આપની અનુકંપાનો જ છે. (૩૧) ત્યારપછી ભગવાન શ્રીહરિએ ફાગણ માસમાં આવી રહેલો દ્વારિકેશ શ્રીકૃષ્ણનો ફૂલડોલનો ઉત્સવ વડતાલમાં કરવાની ઈચ્છા કરી. (૩૨) તે પછી સદ્ગુરુ એવા ભગવાન શ્રીહરિએ ત્યાગી ગૃહી નરનારી ભક્તજનો સાથે જ વડતાલ જવાની ઈચ્છાથી સૌને વડતાલ જવાની આજ્ઞા આપી. (૩૩) વળી પત્રિકાઓ લખાવીને સર્વત્ર દૂતોને મોકલીને દેશાંતરથી પોતાના ભક્તજનો સત્વરે તેડાવ્યા. (૩૪) તે રાત્રિએ નિદ્રાને પામેલા સર્વ કોઈ સંતોએ પણ વડતાલ જઈ રહેલા લક્ષ્મીજીએ સહિત દ્વારિકેશ્વર શ્રીકૃષ્ણને સ્વપ્નમાં જોયા. (૩૫) સંતો પ્રાતઃકાળે ઊઠીને સ્વપ્નમાં જોયેલું વૃત્તાંત શ્રીહરિને કહેવા લાગ્યા. ત્યારે શ્રીહરિ બોલ્યા : કે એ વાત સત્ય જ છે એમાં લગીરે સંશય નથી. (૩૬) ત્યારપછી શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ હજારો ભક્તજનો સાથે દુર્ગપુરથી ફાગણ સુદી સાતમને દિવસે નીકળ્યા. (૩૭) તે સમયે સકળ જનોના મનને હરનારી ગતિવાળા અને વેગવંતા ઘોડા ઉપર બિરાજમાન, અત્યંત કોમળ ડાબા કરકમળમાં લગામ ધારણ કરતા, જમણા હાથમાં ચાબુક ધારણ કરતા, સમગ્ર શ્વેત વસ્ત્રવાળા અને પોતપોતાના અશ્વો ઉપર બેઠેલા સોમ વગેરે પોતાના ભક્તજનોએ વીંટાયા થકા સર્વના નિયંતા શ્રીહરિ માર્ગમાં જતા હતા. (૩૮) શ્રીહરિ મહાપ્રભુ એકાદશીના દિવસે સાયંકાળે વડતાલ પહોંચ્યા. વૃત્તાલયમાં નાના ગ્રામપુરોથી જનસમૂહો આવવા લાગ્યા. (૩૯) હે નૃપ ! તે વડતાલમાં મુનિરાજ મુક્તાનંદ પણ વડોદરામાં સર્વમતવાદી જનોને જીતીને વડોદરાના ભક્તજનો સાથે ત્યાં આવ્યા. (૪૦) લક્ષ્મીનારાયણ નામથી રહેલા દ્વારિકાધીશ્વર (સચ્ચિદાનંદ મુનિના વરદાનથી આવેલા) તે શ્રીકૃષ્ણને જોઈને સર્વ ભક્તો અત્યંત મહાઆનંદને પામ્યા. (૪૧) વડતાલમાં આવેલા સર્વ ગૃહસ્થ ભક્તોએ પણ ત્યાગીજનોની માફક સ્વપ્નમાં દ્વારિકાધીશને ત્યાં આવેલા ઘણું કરીને જોયા. (૪૨) ત્યારબાદ અત્યંત વિસ્મય પામેલા સર્વ જનો દૃઢ નિશ્ચયવાળા થઈને પોતપોતાના અધિકાર પ્રમાણે પરમ ભક્તિભાવથી લક્ષ્મીનારયણ નામના દ્વારિકાધીશ્વર શ્રીકૃષ્ણની પૂજા કરતા હતા. (૪૩) શ્રી સહજાનંદસ્વામી મહાપ્રભુએ ભગવાન

દ્વારિકેશનો પુષ્પદોલામહોત્સવ સમગ્ર શિષ્યજનો પાસે મહાસંભારોથી કરાવ્યો. (૪૪) હે નરેશ ! શ્રીહરિ મહાપ્રભુએ પંક્તિઓમાં ભોજન માટે બેઠેલા મુનિજનોની પંક્તિઓમાં પીરસવા માટે બહુવાર ફરીને બહુપ્રકારે ભક્ષ્યભોજ્યાદિ ભોજનો વડે જમાડીને પોતાના સમગ્ર સંતોને પરિતૃપ્ત કર્યા. (૪૫)

ઇતિશ્રી સંત્સગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં વડતાલ માહાત્મ્યમાં દ્વારિકાપુરથી શ્રીકૃષ્ણાગમનોત્સવનિરૂપણ નામનો બાવનમો અધ્યાય થયો. ॥૫૨॥

●

## અધ્યાય-૫૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! જ્યારે દયાનિધિ ભગવાન દ્વારિકાધીશ ત્યાં વડતાલમાં પધાર્યા ત્યારે તે દ્વારિકાધીશનો સમગ્ર પરિવાર પણ સાથે જ આવ્યો. (૧) આવેલા પરિવારમાં વડતાલપુર રૂપે દ્વારિકા સાક્ષાત્ ત્યાં આવીને રહી. ગોમતીજી સરોવરરૂપે આવીને રહ્યા. ગંગાદિ તીર્થમંડળ પણ ચોતરફથી આવીને તળાવરૂપવાળી ગોમતીમાં રહ્યાં. (૨) શ્રી સહજાનંદસ્વામી મહાપ્રભુએ પણ દોલોત્સવના દિવસે જ રાત્રે સ્વપ્નમાં જોયું કે શ્રી દ્વારિકાનાથ સ્વપ્નમાં શ્રીનારાયણમુનિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૩) હું આ વૃત્તાલયપુરમાં આવી ગયો છું એ હેતુ માટે અહીંયાં વડતાલમાં તમો તપાવેલા મારા શંખ ચંક્રાદિ આયુધો વડે સર્વ ભક્તોને શીઘ્ર અંકિત કરો. (૪) આ પ્રમાણે ભગવાન શ્રીદ્વારિકાધીશે સ્વપ્નમાં પ્રેરેલા શ્રી સહજાનંદસ્વામી પ્રભાતે ઊઠીને પોતાના ભક્તજનોને તપ્તમુદ્રાઓ વડે ચિહ્નિત કરાવતા હતા. (૫) ત્યારબાદ સર્વ ત્યાગીજનો તે દ્વારિકાનાથ(શ્રી લક્ષ્મીનારાયણ દેવ)નું દર્શન કરી યથાયોગ્ય પૂજન કરી પ્રાપ્ત કરેલ છે મનોરથ જેમણે એવા થઈ ગયા. (૬) ગોમતી સરોવરમાં સ્નાન કરી, તપ્તમુદ્રા પામીને શ્રીહરિની કૃપાથી તેમણે દ્વારિકાયાત્રા સંપૂર્ણ થઈ માની. (૭) વડતાલમાં કૃષ્ણમંદિરમાં રાત્રે વિશાળ સભા થઈ. તે સભામાં સર્વ ભક્ત પુરુષો અને સ્ત્રીઓ મર્યાદાપૂર્વક બેસી ગયાં. (૮) તે સભામાં ઊંચા આસને બિરાજમાન શ્રીહરિ મહાપ્રભુ તે ભક્તો પ્રત્યે વચન બોલ્યા કે હે જનો ! તમો સર્વે મારું આ હિતકારી વચન સાંભળો :(૯) આ વડતાલપુરમાં શ્રી દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ સ્વયં પધારેલા છે એ તો અત્યારે પ્રત્યક્ષ દર્શનથી સર્વ જનોએ જાણ્યું જ છે. (૧૦) જે સ્થળે શ્રીકૃષ્ણ વાસ કરે તે સ્થળે એમનો બધોય પરિવાર પણ, રાજા વસે ત્યાં રાજાના સેવકો પણ વસે એ ન્યાયે, વાસ કરે જ છે એમ જાણો. (૧૧) આથી આ વડતાલને ભગવાન શ્રીકૃષ્ણની દ્વારિકાપુરી જ જાણો. આ સરોવરને ગોમતી જાણો અને આ ગોમતીમાં સર્વ તીર્થો છે એમ જાણો. (૧૨) જે જનો આ ગોમતીસરમાં સ્નાન કરશે તે જનો પાપસમૂહથી મુક્ત થશે જ. અને જે જનો અહીં પિતૃઓનું તર્પણ કરશે તે પિત્રીઓને અતિશય તૃપ્તિ થશે. (૧૩) મુંડન, ઉપવાસ, શ્રાદ્ધ, બ્રાહ્મણભોજન, બ્રહ્મચર્ય અને અહિંસા આટલો વિધિ સર્વ તીર્થોમાં કહેલો છે. (૧૪) આ ગોમતી તીર્થમાં પુરુષોએ પિંડદાનથી યુક્ત શ્રાદ્ધ કરવું. પિંડદાનયુક્ત શ્રાદ્ધથી તેમના પિતૃઓને અક્ષયતૃપ્તિ થશે એ નિશ્ચય વાત છે. (૧૫) ચાતુર્માસમાં કે કાર્તિક માસમાં

કે માર્ગશીર્ષ કે માઘમાસમાં જે જનો નિયમપૂર્વક પ્રાતઃકાળમાં ગોમતી સ્નાન કરશે તે જનો ઇચ્છિત ફળને પામશે. (૧૬) અને જનો આ વડતાલના ભગવાનના મંદિરમાં જપ કરશે તે જનોની ફળસિદ્ધિ તત્કાળ થશે. (૧૭) જે દ્વિજો આ કૃષ્ણમંદિરમાં શ્રીમદ્ ભાગવત, ભગવદ્ગીતા કે કૃષ્ણમંત્રનું પુરશ્ચરણ કરશે તે જનો અભિલષિત ભક્તિ અને મુક્તિને પામશે. (૧૮) જે દ્વિજ આ વડતાલ તીર્થમાં ઉપવાસ કરીને શ્રીમદ્ ભાગવતનો પાઠ કરશે તે દ્વિજ માત્ર એક જ પાઠથી ઇષ્ટફળને અવશ્ય પામશે. (૧૯) જે જનો આ વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણની મહાપૂજા કરશે તે જનો ગોલોકમાં પરમ સુખને પામશે. (૨૦) અને દુર્બળ જે જનો આ મૂર્તિઓની લઘુપૂજા કરશે તેમને પણ અક્ષય સુખ પ્રાપ્તિ થશે અને તેઓ ભગવાનના ધામને પામશે. (૨૧) જે જનો આ તીર્થમાં, સાધુઓ અને બ્રાહ્મણોને યથાશક્તિ જમાડશે તે જનો આ લોકમાં અને પરલોકમાં પરમસુખને પામશે. (૨૨) જે મનુષ્યો વૃત્તાલયપુરીના ગોમતી સરોવરમાં સ્નાન કરી તપ્તમુદ્રાઓ ગ્રહણ કરશે તેમને યમરાજથી ભય નહિ રહે. (૨૩) વળી જે મનુષ્યો આ વડતાલમાં આવીને મેં કહેલો તીર્થયાત્રા વિધિ આદરથી યથાશક્તિ કરશે તેમને દ્વારિકાયાત્રા સંપૂર્ણપણે સિદ્ધ થશે તેમાં સંશય નથી. (૨૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતે ! એ પ્રમાણે શ્રીહરિએ ઉપદેશેલા સર્વ ભક્તજનો પ્રસન્ન મનવાળા થઈને તેમને પ્રણામ કરવા લાગ્યા. (૨૫) ત્યારબાદ પ્રાતઃકાળમાં ગોમતી સરોવરમાં સ્નાન કરી તપાવેલી મુદ્રાઓ ગ્રહણ કરીને જનસમુદાયો શ્રીહરિનાં દર્શન માટે આવનજાવન કરતા હતા. (૨૬) તે જનોની ભક્તિ જોઈને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થઈ ગયા અને તે વડતાલમાં ભક્તજનો સાથે એક મહિનો રોકાયા. (૨૭) શ્રીહરિ મહાપ્રભુએ રામનવમીના દિવસે શ્રીકૃષ્ણપૂજનનો મહોત્સવ કરીને સર્વ ભક્તજનોને પોતપોતાના દેશ ગામ પ્રત્યે જવાની આજ્ઞા આપી. (૨૮) ત્યારબાદ કૌશળ દેશથી આવેલા નંદરામાદિ અને અન્ય ભક્તો શ્રીહરિ ભગવાનના નિર્મળ યશનું ગાન કરતા થકા પોતપોતાને દેશ ગયા. (૨૯) ભગવાન શ્રીહરિ પોતે પણ ચૈત્ર સુદી બારશના રોજ પારણાં કરી દ્વારિકાનાથને પ્રણામ કરી પશ્ચિમ દેશથી આવેલા પોતાના ભક્તજનોની સાથે નીકળી દુર્ગપુર પધાર્યા. (૩૦) આ પ્રમાણે ભગવાન શ્રી દ્વારિકાધીશ પોતાના ભક્તજનોની પ્રસન્નતા માટે ધાત્રી એકાદશી (સં. ૧૮૮૧ના ફાગણ સુદી ૧૧)ને દિવસે વડતાલનગરમાં પધાર્યા. (૩૧) હે નૃપ ! તે દિવસથી આરંભીને દ્વારિકા જેવું જ સર્વ મંગળ આપનારું વડતાલનું અતિશય માહાત્મ્ય પૃથ્વીમાં પ્રખ્યાત થયું. (૩૨) જે જન પરમ પુરુષ ભગવાન શ્રીહરિનું આ ચરિત્ર પાઠ કરશે કે સાંભળશે તે જન આ લોકમાં સુખ અને યશ પ્રાપ્ત કરી દેહાંતે સકળદેવોએ વંદનીય ભગવાનના ધામને પામશે એમાં લગીરે શંકા નથી. (૩૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વૃત્તાલય માહાત્મ્યમાં તત્તીર્થકર્તવ્યવિધિનિરૂપણ નામનો ત્રેપનમો અધ્યાય થયો. ॥૫૩॥

●

## અધ્યાય-૫૪

**પ્રતાપસિંહ રાજા પૂછે છે :**

હે સુવ્રતમુને ! ભગવાન શ્રીહરિએ મુક્તાનંદમુનિને વડોદરાનગર મોકલેલા તે મુનિ વડોદરાનગરમાં શું કરીને વડતાલ આવ્યા ? (૧) શ્રીહરિના પ્રતાપથી અવશ્ય વિજય જ થાય તે હેતુ માટે સર્વજ્ઞ એવા તમો શ્રીહરિનું તે ચરિત્ર કહેવા માટે યોગ્ય છો. (૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! વડોદરામાં રામચંદ્ર નામે વિપ્ર અને તેમના ભ્રાતા હરિશ્ચંદ્ર નામે હતા. આ બન્ને અગાધ બુદ્ધિવાળા હતા. (૩) ઘણાં શાસ્ત્રોના અધ્યયન કરનારા, વિશેષપણે વૈદકશાસ્ત્રના વિશારદ, રાજ્યના માનીતા, ધર્મનિષ્ઠ, આસ્તિક અને વિવેકસંપન્ન હતા. (૪) તે વડોદરામાં પોતાના આચારથી શુદ્ધ, વેદ અને શાસ્ત્રોના અર્થમાં નિપુણ, આસ્તિક અને રાજમાનિત શોભારામ નામના એક બીજા બ્રાહ્મણ હતા. (૫) વળી બીજા એક નારુપંત નામના રાજકારભારી હતા તે પણ બહુશ્રુત હતા તથા નારૂપંતના સમાન ચિમનરાવ નામના ક્ષત્રિયવીર હતા. (૬) આ રામચંદ્રાદિ પાંચ મુમુક્ષુઓ પરસ્પર પ્રીતિવાળા હતા; બહુશાસ્ત્રોના શ્રવણથી પોતાને ઉપાસના કરવા યોગ્ય એક ઈશ્વરનો નિશ્ચય પામ્યા નહિ. (૭) સુવ્રતમુનિ બોલ્યા : હે રાજન્ ! રામચંદ્રાદિ પાંચ જણા વડતાલમાં રહેલા દક્ષિણ દેશના બહુશાસ્ત્રના જ્ઞાતા હરિહરાચાર્ય નામના બ્રાહ્મણને એક સમયે પૂછતા હતા. (૮) હે આચાર્યવર્ય ! અમો બહુશ્રુત મહાપંડિત એવા તમોને પૂછીએ છીએ. અમારું વચન સાંભળીને તેનો યથાર્થ ઉત્તર આપવા માટે આપ યોગ્ય છો. (૯) ભગવાન ગોલોકમાં વૈકુંઠમાં બ્રહ્મપુરધામમાં અને ક્ષીરસાગરમાં રહે છે એમ અમોએ લોકમાં સાંભળ્યું છે. (૧૦) તે ભગવાન અચ્યુત ચાર ભુજાવાળા, આઠ ભુજાવાળા, બે ભુજાવાળા પણ સાંભળવામાં આવે છે. માટે મુમુક્ષુઓએ કેવા પ્રકારના ભગવાનનું ધ્યાન કરવું તે તમો કહો. (૧૧) કેટલાક ભક્તો રામને, કેટલાક કૃષ્ણને, કેટલાક નૃસિંહને ઉપાસે છે. માટે ભગવાનના ભક્ત એવા તમોએ પોતાના મનમાં કરેલો નિશ્ચય અમોને કહો. (૧૨) આ પ્રકારે રામચંદ્રાદિએ પૂછેલા, અત્યંત દંભાચરણમાં પ્રવીણ, રાજપુરુષોથી સેવાયેલા, તર્કબુદ્ધિમાં નિપુણ વિપ્ર હરિહરાચાર્ય તે ચાર જણને કહેવા લાગ્યા. (૧૩) હે દ્વિજો ! તમો મારું વાક્ય સાંભળો. તમો મુમુક્ષુઓ છો માટે બદરીપતિ શ્રી નરનારાયણને ભજો. (૧૪) આ ભરતખંડના તે નરનારાયણ જ સ્વામી કહેલા છે માટે ભરતખંડમાં લોકોએ નરનારાયણ નામના ઈશ્વરની ઉપાસના કરવી જોઈએ. (૧૫) નરનારાયણ દેવનો ત્યાગ કરી જે મનુષ્ય આ ભારતભૂમિમાં અન્ય દેવને ભજે છે તે વ્યભિચારી જાણવો અને તેનું ફળ સંસૃતિ-ભ્રમણ જ છે. (૧૬) સર્વ અવતારોનું કારણ સાક્ષાત્ બદરિકાશ્રમવલ્લભ શ્રી નરનારાયણ એક જ પરબ્રહ્મ પરમેશ્વર છે તેમાં કોઈ પ્રકારે સંશય નથી. (૧૭) તે શ્રી નરનારાયણ ભક્તોને દર્શન આપવા અને ભાગવતધર્મનું રક્ષણ કરવા મચ્છ, કચ્છ, વરાહાદિ અવતારોને ધારણ કરે છે. (૧૮) તે શ્રીનરનારાયણ થકી જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે અને તે જ સર્વના અંતર્યામી

અને અનંત બ્રહ્માંડના નાયક છે. (૧૯) અને દ્વિભુજ એવા નરનારાયણ ભગવાન જ ભક્તોને ચતુર્ભુજરૂપે અને અષ્ટભુજરૂપે દર્શન આપે છે. (૨૦) હે દ્વિજો ! આ માટે તમો તે શ્રી નરનારાયણનું જ નિરંતર નામસંકીર્તન કરો. એના વડે જ તમો નિત્ય ભુક્તિ અને મુક્તિને પામશો. (૨૧) સત્યયુગમાં વિષ્ણુનું ધ્યાન કરનાર પુરુષને જે પુણ્ય થાય છે, ત્રેતાયુગમાં યજ્ઞોથી વિષ્ણુનું આરાધન કરવાથી જે ફળ થાય છે તથા દ્વાપરયુગમાં ભગવાનની સેવા-પરિચર્યાથી જે ફળ થાય છે તે ફળ કળિયુગમાં હરિનામ કીર્તનથી થાય છે. (૨૨) ભાગવતના વચનથી નામસંકીર્તનથી બીજી આવી ભક્તિ કળિયુગમાં નથી. તપ યોગ શૌચાદિ નિયમો અને અહિંસાદિ યમો કળિયુગમાં મનુષ્યોએ સિદ્ધ કરવા યોગ્ય નથી જ. (૨૩) વિષ્ણુનો સત્યયુગ, દ્વાપર અને ત્રેતામાં જન્મ હોવાથી તે ત્રિયુગ કહેવાય છે. આથી વિષ્ણુનો અવતાર કળિયુગમાં ન જ હોય માટે ભગવાનના સાક્ષાત્ અનુભવનો પ્રસંગ જ ક્યાં છે ? તેનો જે ક્વચિત્ વાદ છે તે તો કથામાત્ર છે, વસ્તુતાએ નથી. (૨૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! એ રીતે હરિહરાચાર્યે કહેલા રામચંદ્રાદિ દ્વિજો તેના વચનમાં વિશ્વાસ આવતાં પોતાનું આત્યંતિક મુક્તિરૂપ શ્રેય કળિમાં કેવળ હરિનામસંકીર્તનથી જ થાય એવા નિર્ણય પર આવી ગયા. (૨૫) પછી તે રામચંદ્રાદિ દ્વિજો જ્યાં જ્યાં સભા થાય ત્યાં ત્યાં શાસ્ત્રીઓ સાથે વિવાદ કરતા હતા અને ઘણી યુક્તિઓથી પોતાના મતનું સ્થાપન કરતા હતા. (૨૬) હે નૃપ ! પંડિતો, યુક્તિઓમાં નિપુણ, રાજાના માનીતા રામચંદ્રાદિને સભામાં જીતવા માટે કોઈપણ પંડિત ક્યારેય પણ શક્તિમાન થયો નહિ. (૨૭) તે વિપ્રો પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ વડે કલ્યાણ થાય એમ બોલનારા શ્રીહરિજીના ભક્તોનો ઉપહાસ કરતા હતા. (૨૮) પછી કોઈ સમયે આ દ્વિજો પ્રથમથી સત્સંગિજનોના મુખથી સાંભળ્યા છે સદ્‌ગુણો જેમના એવા, શ્રીહરિના ભક્તોમાં મુખ્ય મુક્તાનંદ નામના મુનિને નાથજી ભક્તને ઘેર પધારેલા સાંભળીને તે પાંચેય જણા ભેગા મળીને તેમના દર્શન કરવાને બહાને જનસભામાં રહેલા મુક્તાનંદ મુનિના સમીપે આવ્યા. (૨૯-૩૦) મુક્તાનંદમુનિએ સન્માન કરાયેલા, હાસ્યયુક્ત મુખવાળા, શિક્ષિત સાધુઓ હોય ને શું ? ઉપરથી વિનયવાળા રામચંદ્રાદિ મુક્તાનંદમુનિને પ્રણામ કરી તેમની આગળ બેઠા. (૩૧) વળી તે સભામાં બહુ એવા પુરાણીઓ તથા મીમાંસાદિ શાસ્ત્રમાં જાણકાર શાસ્ત્રીઓ તથા વૈષ્ણવો, શિવભક્તો અને બીજા પ્રેક્ષકજનો પણ આવ્યા. (૩૨) હે ક્ષિતિપાલ ! પછી પોતાના ચિત્તમાં ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા થકા મુક્તાનંદમુનિ જનસમૂહથી ખીચોખીચ ભરેલી સભામાં પ્રશ્નો કરવા માટે ઉત્સાહિત મનવાળા અને ચલાયમાન બન્ને હોઠ જેમના છે એવા રામચંદ્રાદિ પાંચ પ્રત્યે પ્રથમ બોલ્યા. (૩૩)

ઇતિશ્રી સંત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
ત્રિયુગશબ્દાર્થનિર્ણયેવાદિપ્રતિવાદિસમાગમનિરૂપણ નામનો ચોપનમો અધ્યાય થયો. ॥૫૪॥

●

## અધ્યાય-૫૫

**મુક્તાનંદમુનિ બોલ્યા :**

હે દ્વિજો ! તમારા હૃદયમાં જે કંઈ પૂછવાનો વિચાર કરી રાખ્યો હોય તે અત્યારે તમે શાસ્ત્રાનુસારે પૂછો. (૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપ ! આ પ્રમાણે મુક્તાનંદમુનિએ કહેલા તે દ્વિજો ગુપ્ત અભિપ્રાયવાળા મુમુક્ષુજનોની માફક સર્વ જનોને સાંભળતા સતા મુક્તમુનિને પૂછવા લાગ્યા. (૨)

**વાદી વિપ્રો બોલ્યા :**

હે મુને ! કળિયુગમાં મનુષ્યોનું કલ્યાણ કયા સાધનથી થાય ? તે સાધન નિશ્ચિત જેમ હોય તેમ યથાશાસ્ત્ર અમોને હમણાં કહો. (૩) આ પ્રમાણે રામચંદ્રાદિએ પ્રશ્ન પૂછેલા, સર્વ સંશયને નાશ કરનારા અને તેમના આશયને જાણવાની ઈચ્છાવાળા મુનિશ્રેષ્ઠ મુક્તાનંદમુનિએ તે દ્વિજોને પૂછયું. (૪)

**મુક્તાનંદમુનિ બોલ્યા :**

હે ઉત્તમ વ્રતવાળા દ્વિજો ! તમોએ અત્યાર સુધીમાં કલ્યાણનું સાધન શું માનેલું છે ? મને સત્ય જ કહો (૫)

**વાદીઓ બોલ્યા :**

હે મુને ! બદરિકાશ્રમવાસી વિષ્ણુ શ્રી નરનારાયણનું નામસંકીર્તન જ આત્યંતિક કલ્યાણકારી છે એવા નિશ્ચયરૂપે અમે નિર્ણય કરેલું છે. (૬)

**મુક્તાનંદમુનિ બોલ્યા :**

જે પુરુષ જેવું જોયું હોય તેવું ભગવાન શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ સ્વરૂપ પોતાના મનમાં ચિંતવન કરતો થકો નામોનું કીર્તન કરે છે તે પુરુષ નામસંકીર્તન ફળને પામે છે. (૭) જે પુરુષનું મન વેગપૂર્વક સાંસારિક પદાર્થોમાં ચોતરફ દોડે છે તે પુરુષને ભગવાનના નામોચ્ચારણથી કંઈપણ ફળ થાય નહિ. (૮) ધ્યાન કરવા યોગ્ય નારાયણના પ્રત્યક્ષ દર્શન વગર નામના સંકીર્તન વખતે નારાયણનું દર્શન ક્યાંથી થાય ? (૯) જાગ્રત અવસ્થામાં જોયેલા માયિક પંચવિષય સંબંધી પદાર્થોને હૃદયમાં નિરંતર ચિંતવન કરનાર મનુષ્યને માત્ર નામસંકીર્તનથી મોક્ષ દુર્લભ છે. (૧૦) જો નામ માત્રથી મોક્ષ થાય તો કર્મ, જ્ઞાન અને ઉપાસનાના વિષયભૂત વેદો વ્યર્થ થાય અને સર્વ અન્ય સાધનો પણ વ્યર્થ થાય. (૧૧) વેદો અને સાધનો વ્યર્થ થવાથી તમારો સંપ્રદાય વેદબાહ્ય થાય. અમારો સિદ્ધાંત વેદપ્રતિપાદિત છે. ભગવાનના સ્વરૂપના પ્રત્યક્ષ જ્ઞાનથી જ મોક્ષ થાય છે એવો શ્રુતિનો સિદ્ધાંત છે. (૧૨) હરિના નામનાં સંકીર્તનોથી પુણ્ય થાય અને પાપનો નાશ થાય. પરંતુ તે જ ક્ષણે સંસૃતિ થકી મોક્ષ તો શ્રી નારાયણના પ્રત્યક્ષ દર્શનથી જ થાય. (૧૩) માટે તમોએ (શ્રી નરનારાયણનું) પ્રત્યક્ષ દર્શન કરેલું છે કે નથી કરેલું ? જો તમોએ તેમને ન જ જોયા હોય તો તેમના દર્શન માટે ઉદ્યમ કરો. (૧૪)

**વાદીઓ બોલ્યા :**

હે મુને ! કર્મ ભક્તિ અને જ્ઞાન છે નામ જેનું એવું જે વેદોક્ત સાધન તે ક્ષણભંગુર દેહવાળા મનુષ્યોથી કળિયુગમાં દુષ્કર છે એ નક્કી વાત છે. (૧૫) આથી અમોએ હરિના નામમાત્રથી કલ્યાણ માનેલું છે અને ઘોર કળિયુગમાં તે નરનારાયણનું પ્રત્યક્ષ દર્શન ક્યાંથી થાય ? - ન જ થાય. (૧૬) મહાપાપી અજામિલ નારાયણના નામોચ્ચારણ માત્રથી મુક્તિ પામ્યો હતો તે કથા તમો પણ જાણો છો. (૧૭)

**મુક્તાનંદમુનિ બોલ્યા :**

હે દ્વિજો ! નામમાત્રથી જે મુક્તિ થાય તે તો પાપસમૂહોથી મુક્તિ જાણવી અથવા યમના પાશથી મુક્તિ જાણવી. આ પ્રકારે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે : (૧૮) હે દૂતો ! ભગવાનના નામોચ્ચારણનું માહાત્મ્ય જુઓ. જે નારાયણ નામના ઉચ્ચારણથી અજામિલ પણ મૃત્યુના પાશમાંથી મુકાયો... આ પોતાના દૂતો પ્રત્યે યમરાજાનું વચન છે. (૧૯) શુકદેવમુનિ કહે છે ! હે પરીક્ષિત રાજન્ ! માટે જગતમાં વિષ્ણુનું સંકીર્તન મોટાં પાપોનું એક જ પ્રાયશ્ચિત્ત છે એમ જાણો. (૨૦) હે બ્રાહ્મણો ! જો અજામિલ કેવળ નારાયણ નામના ઉચ્ચારમાત્રથી મુક્તિને પામ્યો એવો તમારો સિદ્ધાંત છે તો અજામિલે ગંગાદ્વારમાં યોગાભ્યાસ શા માટે કર્યો ? (૨૧) માટે અજામિલ હરિના નામોચ્ચારથી તો પાપ અને યમના પાશથી મુક્ત થયો. પરંતુ મુક્તિને તો શ્રી નારાયણના ધ્યાનયોગથી જ પામ્યો હતો એમ મારું કહેવાનું છે. (૨૨) 'કળિયુગમાં શ્રીહરિ પ્રત્યક્ષ પ્રાદુર્ભાવ પામેલા ન હોય' - આવું વચન વેદ જાણનારા કોઈ પુરુષે કહ્યું નથી. (૨૩) આ કળિયુગમાં નારાયણના અવતાર અમારા ગુરુ શ્રીહરિ પ્રત્યક્ષ નારાયણનો પ્રાદુર્ભાવ છે. એમનું ઐશ્વર્ય, પરમેશ્વરપણાને અસાધારણ જણાવનાર પ્રભાવ, હજારો જનોએ અને મેં પણ જોયેલો છે. (૨૪) શ્રીહરિ હાલમાં સહજાનંદ નામથી પ્રસિદ્ધ બિરાજે છે. માટે કળિયુગમાં ભગવાનનો અવતાર ન જ હોય એવો જે સિદ્ધાંત કહ્યો તે મિથ્યા છે. (૨૫) અનુમાનાદિ સર્વ પ્રમાણો કરતાં પ્રત્યક્ષ પ્રમાણ અતિશય બળવાન છે, આથી અનુમાન, ઉપમાન અને શબ્દ પ્રમાણે વડે પ્રત્યક્ષ પ્રમાણનું ખંડન થઈ શકતું નથી. (૨૬) તમો બીજું પણ સાંભળો, હું શાસ્ત્રસંમત રહસ્ય કહીશ. પંડિતોએ શ્રીહરિના પ્રાદુર્ભાવનું કારણ વેદાદિ સચ્છાસ્ત્રો દ્વારા જાણવું જોઈએ. (૨૭) જ્યારે પૃથ્વી ઉપર દુર્જનો વડે ધર્મગ્લાનિ થાય છે ત્યારે શ્રીહરિ નારાયણ અવતાર ગ્રહણ કરે છે એમ શાસ્ત્રોમાં કહેવાય છે. (૨૮) જ્યારે આ લોકમાં ભયંકર અને હિંસાના અનુરાગવાળા, ઈન્દ્રાદિ વડે પણ અવધ્ય દૈત્યો અને રાક્ષસો ઉત્પન્ન થાય છે, ત્યારે હું શુભ કર્મ કરનારાઓના ઘરોમાં પ્રગટ થાઉં છું. હું મનુષ્યદેહમાં પ્રવેશ પામીને દૈત્યાદિક સર્વનું પ્રશમન કરું છું. (૨૯-૩૦) આ પ્રમાણે ભારતમાં ભગવાન જનાર્દને માર્કંડેયમુનિને કહેલું છે. હે પવિત્ર વ્રતવાળા વિપ્રો ! ત્યારબાદ તમોને હું ભગવદ્ ગીતાનું વાક્ય પણ કહું છું. (૩૧) હે ભારત ! (હે અર્જુન !) જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મની અભિવૃદ્ધિ થાય છે ત્યારે હું મારા આત્માને સર્જું છું. (સ્વસંકલ્પથી પ્રગટ થાઉં છું. મારી ઉત્પત્તિનો કોઈ કાળ નિયમ નથી.) (૩૨) સાધુઓના રક્ષણ માટે અને દુષ્કર્મિઓના વિનાશ માટે અને ધર્મના સંસ્થાપન માટે

યુગયુગમાં પ્રાદુર્ભવું છું. (૩૩) હે સુવ્રતો ! આવું શ્રીમદ્ ભગવદ્ગીતાનું વાક્ય જાણો. સ્વયં ભગવાન નારાયણે કહેલી ગીતા અનુમાનાદિ પ્રમાણોના મધ્યે પ્રમાણભૂત માનેલી છે. (૩૪) વળી શ્રીમદ્ ભાગવત પુરાણ પણ પ્રબળ પ્રમાણ છે કેમકે તે સર્વ વેદશાસ્ત્ર પુરાણોના સારભૂત છે. (૩૫) જે સમયે તમોગુણથી આવૃત્ત બુદ્ધિવાળા રાજાઓ અધર્મપરાયણ થઈ જીવન જીવે છે તે સમયે શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યેક યુગમાં શુદ્ધ સત્ત્વગુણ વડે અવતારને ધારણ કરતા થકા ઐશ્વર્ય, સત્યપ્રતિજ્ઞપણું, યથાર્થ ઉપદેશકપણું, દયા અને અદ્ભુત કર્મપણું તેને ધારણ કરે છે. (પ્ર. સ્કં.અ.૧૦-લોક ૨૫) (૩૬) જે શ્રીકૃષ્ણ ભગવાન નિત્યસિદ્ધ દિવ્યાકૃતિ સતા જ પોતાના સંકલ્પથી યુગે યુગે દેવ, ઋષિ, પશુ અને મનુષ્યોમાં વિવિધ મૂર્તિઓથી અવતાર ધારણ કરીને અમારા શત્રુ દૈત્યોથી અતિશય પીડા પમાડેલા અમોને પોતાના કરીને રક્ષણ કરે છે. (૩૭) આ વગેરે સેંકડો વાક્યો શ્રીમદ્ ભાગવતપુરાણમાં છે તે નિત્ય ચિંતન કરવા યોગ્ય છે. (૩૮) શું તમારા મતે આ કલિયુગમાં અધર્મની વૃદ્ધિ જ નથી ? શું ધર્મ જ વૃદ્ધિ પામેલો છે ? જેથી તમો શ્રીહરિનો અવતાર જ નથી એમ કહો છો. (૩૯) હે ભક્તો ! બીજું પણ તમારા માટે હિતકારી મારું વાક્ય સાંભળો : કલિયુગમાં વિષ્ણુનો અવતાર ના જ થાય-આ પ્રમાણે જે બોલે છે તે પુરુષોને જ પૂછો. (૪૦) ભારત પાંચમો વેદ છે. તે ભારતમાં અને ભાગવતમાં કૃષ્ણ અને અર્જુનની આકૃતિવાળા નરનારાયણની કથા છે. (૪૧) કૃષ્ણ અને અર્જુનનો જન્મ તથા બુદ્ધ અને કલ્કિ અવતારને પુરાણાદિમાં કળિયુગમાં જ કહ્યો છે. તો આ જન્મકથા શું સત્ય છે ? અથવા શું તે અસત્ય છે ? (૪૨) વળી કળિયુગમાં પૃથ્વી ઉપર ધર્મપ્રવર્તક રામાનુજ આદિ બીજા આચાર્યો પણ શ્રીહરિના જ અવતારો છે એમ ભગવાનના શ્રેષ્ઠ ઉપાસકો કહે છે તે મિથ્યા છે શું ? (૪૩) એ હેતુ માટે જે જનો કલિયુગમાં શ્રીહરિનો અવતાર નથી માનતા તે જનોને શાસ્ત્રોના રહસ્યની ખબર જ નથી એ નિશ્ચય વાત છે. (૪૪) જે જનો મંદમતિવાળા તથા ધનપ્રાપ્તિ માટે લોકોને ઠગનારા છે તે જનોને પોતાનાં વાક્યોમાં પૂર્વાપર વિરોધ આવે છે તેને જાણતા નથી. (૪૫) અને જે જનો કલિયુગમાં શ્રીકૃષ્ણનો નિષેધ કરે છે, તેઓ દર વર્ષે શ્રીકૃષ્ણની કથા કરે છે તોપણ શ્રીકૃષ્ણ ક્યારે ઉત્પન્ન થયા એ પ્રકારે શ્રીકૃષ્ણને જાણતા નથી. (૪૬) સંસારીજનોનો માર્ગ બીજો છે અને મુમુક્ષુઓનો માર્ગ જુદો છે. બન્નેમાં મોટું અંતર છે. પૃથ્વી ઉપર જે મુમુક્ષુઓ હતા તે સત્સમાગમથી પરમ સિદ્ધિ (ભગવદ્ધામ)ને પામ્યા છે અને કુસંગ થકી ભ્રષ્ટ થયેલા છે. (૪૭) પૃથ્વીમાં કળિયુગમાં જો શ્રીહરિ ક્યાંય પણ પ્રત્યક્ષ ન હોય તો આ પૃથ્વી ઉપર મુમુક્ષુઓને આશ્રય કરવા યોગ્ય સંતો ક્યાંથી હોય ? - ન જ હોય. (૪૮) પ્રત્યક્ષ પરબ્રહ્મ પરમાત્માનો જે સાક્ષાત્કાર એ જ સંતોનું મુખ્યપણે લક્ષણ કહ્યું છે. આવું સાધુઓનું લક્ષણ ભગવાનના અવતાર વિના ક્યાંથી હોય ? (૪૯) પૂર્વે પણ જે જે પુરુષને સંસારના બંધનથી મુક્તિ મળેલી છે તે મુક્તિ શ્રીહરિ કે હરિજનોના સંગથી જ કહેલી છે. (૫૦) અને આ કળિયુગમાં તો ભગવાન નથી અને તે ભગવાનના અનુભવવાળા સાધુઓ નથી; ત્યારે તો આ કળિયુગમાં મોક્ષની આશા પણ શા માટે કરવી જોઈએ ? (૫૧) વળી શાસ્ત્રોમાં મનુષ્યદેહ મોક્ષનું સાધન કહેવાય છે. જે મનુષ્ય નરદેહ પામીને પણ મુક્તિ પામ્યો નથી તે મનુષ્ય આત્મઘાતી

કહેવાય છે. (૫૨) નરદેહ શ્રેયનાં સાધનોમાં પ્રથમ છે. નરદેહ સંસારસાગર તરવાનું સાધન હોવાથી તેને પ્લવ એટલે કે નૌકા કહ્યો છે. સર્વ ફળોના મૂળભૂત, કરોડો ઉદ્યમથી પણ પ્રાપ્ત કરવા માટે અશક્ય છતાં ભગવદ્ ઈચ્છાથી પ્રાપ્ત થયેલ છે માટે સુલભ, અતિસમર્થ, સદ્‌ગુરુરૂપી સુકાની જેનો છે અને અનુકૂલ પવનરૂપ મેં પ્રેરેલી આ દેહનૌકા પામીને પણ જે મનુષ્ય આત્માનું કલ્યાણ ન સાધે તે આત્મઘાતી કહેવાય છે. (૫૩-૫૪) વળી નરદેહ સિવાય અન્ય કોઈ દેહથી આત્મા-પરમાત્માના જ્ઞાનનો સંભવ જ નથી. અને આવા જ્ઞાન વિના મુક્તિ થતી નથી એવી શ્રુતિ છે. (૫૫) વળી 'માનવદેહ દુર્લભ છે' એમ સર્વજનો કહે છે. આવો આ મનુષ્યદેહ અનેક જન્મોના અંતે અતિ પુણ્યો વડે પ્રાપ્ત થાય છે એમ શ્રી ભાગવતમાં કહ્યું છે. (૫૬) આવો માનવદેહ હાલમાં આપણને પ્રાપ્ત થયેલો છે તે સમયે મહાબળવાન કળિયુગ છે, જે કળિયુગમાં સાંસારિક જનોએ શ્રીહરિના પ્રાદુર્ભાવનો અભાવ કહ્યો છે. (૫૭) જ્યારે આ લોકમાં સત્યાદિ યુગ હોય ત્યારે આપણને જો પશુ-પક્ષી વગેરેનો દેહ હોય તો ભગવાનના અવતારે સહિત સત્યયુગાદિ આપણને કયો અર્થ સિદ્ધ કરે ? (૫૮) આપણને ઘણા સત્યાદિ યુગો વ્યતીત થઈ ગયા છે પરંતુ તેમાં આપણે ક્યારેય હરિનો આશ્રય કર્યો નથી આ પ્રકારે હું જાણું છું. (૫૯) જો શ્રીહરિ નારાયણનો આપણે ક્યારેય પણ આશ્રય કર્યો હોય તો ફરી આ મળમાંસમય દેહમાં આગમન ક્યાંથી હોય ? (૬૦) માટે જ્યારે આપણને પૃથ્વી ઉપર મનુષ્યપણું પ્રાપ્ત થાય ત્યારે આ લોકમાં શ્રીહરિનો અવતાર પણ હોય જ એમ નિશ્ચય જાણો. (૬૧) જો એમ ન હોય તો જીવને સજ્જનો આત્મહત્યારો કહે નહિ. માટે કળિયુગમાં પણ પૃથ્વી પર શ્રીહરિ અવતરે જ એમ નિશ્ચય જાણો. (૬૨) જો કળિયુગમાં શ્રીહરિનો સમાગમ ન થતો હોય તો અન્ય યુગોમાં જનો કળિયુગમાં જન્મ શા માટે ઈચ્છે ? (૬૩) હે રાજન્ ! સત્ય, ત્રેતા, અને દ્વાપર યુગોમાં વર્તમાન પ્રજાઓ કળિયુગમાં જન્મવાની ઈચ્છા કરે છે કેમકે કળિયુગમાં જનો નારાયણપરાયણ થશે એ નક્કી વાત છે. (૬૪) આ પ્રમાણે પૂર્વે યોગેશ્વરો જનકરાજાને કહેતા હતા. જ્યારે કળિયુગમાં નારાયણનો પ્રાદુર્ભાવ ન હોય તો નારાયણપરાયણ જનો ક્યાંથી હોય ? (૬૫) માટે પૃથ્વીમાં નારાયણ અવતાર સર્વદા (ચારેય યુગમાં) હોય જ. આથી તે પ્રત્યક્ષ નારાયણને પામીને તેનો આશ્રય કરી નવ પ્રકારની ભક્તિ કરવી. (૬૬) હે ભક્તજનો ! આ પ્રકારે શાસ્ત્ર અને અનુભવસંમત મેં તમોને કહ્યું. આમાં જો કોઈ સંશય થાય તો ફરીથી પણ પ્રશ્ન કરો. (૬૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પૃથ્વીપતે ! સચ્છાસ્ત્રોના અર્થાથી ગૂંથાયેલી મુક્તાનંદમુનિની વાણી સાંભળીને રામચંદ્રાદિ વાદિ જનો મુક્તાનંદમુનિને જીતવાની આશાને ઘણુંખરું નાશ પામેલી માનવા લાગ્યા. અને બીજા જે પ્રેક્ષકજનો હતા તે તેમના જયની આશાને સમગ્રપણે નષ્ટ જ માનતા થયા. (૬૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં ત્રિયુગશબ્દાર્થ-નિર્ણય કલિયુગેડપિ ભગવદવતાર સત્ત્વ નિરૂપણ નામનો પંચાવનમો અધ્યાય થયો. ॥૫૫॥

●

## અધ્યાય-૫૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! રામચંદ્રાદિ વાદીઓ પૈકી કોમળ અંતઃકરણવાળા હરિશ્ચંદ્રે પૃથ્વીમાં કળિયુગમાં પણ શ્રીહરિના અવતારનો નિશ્ચય કર્યો. (૧) નારુપંત પણ મુક્તાનંદ મુનિનું વચન શ્રદ્ધાપૂર્વક ઘણું સત્ય માનતા હતા. પછી યુક્તિપ્રયુક્તિમાં નિપુણ રામચંદ્રે મુક્તાનંદમુનિને કહ્યું :(૨)

**રામચંદ્ર બોલ્યા :**

હે મહર્ષે ! તમે જે વચન કહ્યું તે અમે સત્ય માનીએ છીએ કારણ કે તમો ગુરુભક્ત, સત્યભાષી અને અમારું હિત કરનારા છો. (૩) પોતાના ગુરુ બ્રહ્મભાવથી પૂજ્ય છે, ગુરુ વિષ્ણુભાવથી પૂજ્ય છે, ગુરુ મહાદેવભાવથી પૂજ્ય છે, ગુરુ જ પરબ્રહ્મભાવથી પણ પૂજનીય છે. આવું સ્કંદપુરાણનું વચન પ્રમાણ છે. (૪) જો ચારેય યુગમાં ભગવાનનો સાક્ષાત્ અવતાર હો તો પુરાણાદિકમાં ભગવાન 'ત્રિયુગ' નામે કેમ કહેવાય છે ?- ત્રણ જ યુગમાં પ્રાદુર્ભાવ છે માટે તે ત્રિયુગ કહેવાય છે. (૫) માટે હે વિદ્વન્ ! મારા આ સંશયને છેદવા આપ જ યોગ્ય છો. આ લોકમાં આપના સરખા સંશય છેદનારા અન્ય કોઈને જોયા નથી. (૬) હે રાજન્ ! આ પ્રમાણે યુક્તિ જાણનારા રામચંદ્રે પૂછેલા અગાધ બુદ્ધિવાળા અને સર્વ શાસ્ત્રોના રહસ્યને જાણનારા મુક્તાનંદમુનિ તેમને કહેવા લાગ્યા. (૭)

**મુક્તમુનિ બોલ્યા :**

હે દ્વિજ ! ગુરુમાં જે ઈશ્વરબુદ્ધિ તે, પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિમાં જેમ તેમ, શિષ્યોએ આરોપણ કરાયેલી છે તે ઈશ્વરબુદ્ધિ વાસ્તવિક સત્ય નથી. (૮) હું તો સ્વાશ્રિત જનોના કલ્યાણ માટે પૃથ્વી ઉપર કળિયુગમાં પણ થયેલો શ્રીવિષ્ણુનો સાક્ષાત્ અવતાર તમોને કહું છું. (૯) વળી વિષ્ણુનું ત્રિયુગ નામ હોવાથી કળિયુગમાં વિષ્ણુનો પ્રાદુર્ભાવ નથી એવા પ્રકારનો જે સિદ્ધાંત છે તે અંગે હું તમોને કહું છું તે તમો આદરપૂર્વક સાંભળો. (૧૦) યુગ શબ્દ જોડલા વાચક છે. યુગ્મ તો ભગવાચ્ય ઐશ્વર્યનું જાણવું. તે ત્રણ યુગ્મો (ઐશ્વર્ય-ધર્મ, યશ-શ્રી, જ્ઞાન-વૈરાગ્ય) જેનાં છે તે ત્રિયુગ કહેવાય. તેથી આ પરમેશ્વર ત્રિયુગ નામે ભગવાન માનેલા છે. (આ પ્રમાણે ભગ શબ્દ વાચક છ ઐશ્વર્યોના સંબંધથી ભગવાનનું ત્રિયુગપણું છે પણ ત્રણ યુગમાં ઉત્પન્ન થવાપણાથી નથી- આ તાત્પર્ય સમજવું.) (૧૧) બીજાં પણ ત્રણ યુગ્મના જ્ઞાનથી પણ ભગવાન ત્રિયુગ કહેવાય છે. ભૂતપ્રાણિમાત્રની ઉત્પત્તિ અને પ્રલય જાણે છે, જીવોનું સંસારમાં આગમન અને તેની મુક્તિનો પ્રકાર જાણે છે, તથા મોક્ષ કરનારી વિદ્યાશક્તિ અને બંધન કરનારી અવિદ્યા શક્તિને જાણે છે. આ છ ઐશ્વર્યને જાણે તે ભગવાન કહેવાય. (આમ, ત્રિયુગ શબ્દનો અને ભગવત્ શબ્દનો એક જ અર્થ થયો.) (૧૨) અથવા પ્રથમ સત્યયુગમાં સર્વ કોઈ જનો ધ્યાનપરાયણ હતા ત્યારે યજ્ઞ પ્રવૃત્તિ હતી નહિ. યજ્ઞરૂપી નારાયણના સત્યયુગમાં અભાવને લીધે અને બાકીના ત્રણ યુગમાં તેમના વિદ્યમાનપણાને લીધે ભગવાન ત્રિયુગ માનેલા છે એમ જાણવું. (૧૩) અથવા યુગ શબ્દનો અર્થ

સત્ય-ત્રેતા-દ્વાપરાદિ યુગભેદ જ ભલે રહો. પરંતુ તેમાં પણ પોતાના અંતઃકરણમાં હંમેશાં વર્તતા સત્યયુગાદિ ગ્રહણ કરવા. (૧૪) બાહ્ય અને આભ્યંતર આ બે પ્રકારના યુગો છે. તેમાં બાહ્યયુગો પ્રસિદ્ધ છે. જેણે કરીને લોકમાં વ્યવહાર ચાલે છે. (૧૫) અંતરના ચાર યુગો પણ તમોને કહું છું. પોતપોતાના અંતરમાં થનારા ચારે યુગો પૂર્વે શુકદેવજીએ રાજા પરીક્ષિતને કહેલા છે. (૧૬) સત્ત્વ, રજ અને તમ-આ ત્રણ ગુણો વાસનામય જીવમાં દેખાય છે. તે સત્ત્વાદિ ગુણો કાલથી પ્રેરાયા થકા આત્મામાં પરિવર્તન પામે છે. (૧૭) જ્યારે મન બુદ્ધિ અને ઈન્દ્રિયો સત્ત્વગુણમાં અતિશય વર્તે ત્યારે સત્યયુગ (આભ્યંતર) સમજવો. કેમકે સત્યયુગની પ્રવૃત્તિથી જ્ઞાન અને તપમાં રુચિ થાય છે. (૧૮) હે બુદ્ધિમાન્ ! જ્યારે જનોને ફળાનુસંધાનપૂર્વક યજ્ઞાદિ કર્મોમાં પ્રીતિ થાય છે ત્યારે રજોગુણપ્રધાન ત્રેતાયુગ તમો જાણો. (૧૯) જ્યારે લોભ, અસંતોષ, માન, દંભ અને મત્સર વગેરે તથા કામ્યકર્મોમાં પણ પ્રીતિ થાય છે ત્યારે રજોગુણ તમોગુણ પ્રધાન દ્વાપરયુગ જાણવો. (૨૦) જ્યારે માયા, અનૃત, આળસ, નિદ્રા, હિંસા, વિષાદ, શોક, મોહ, ભય અને દીનતા-આ થાય છે ત્યારે તમોગુણપ્રધાન કલિયુગ કહેલો છે. (૨૧) આ પ્રમાણે શુકદેવે કહેલાં અત્યંત સ્પષ્ટ એવાં યુગોને લક્ષણો વડે પોતાના હૃદયમાં વર્તતા યુગને બુદ્ધિમાન પુરુષ પરીક્ષા કરે. (૨૨) જ્યારે પોતાના હૃદયમાં વર્તમાન કલિયુગ થાય ત્યારે બહાર ભલે સત્યયુગ વર્તતો હોય તોપણ શ્રીહરિ તેમાં વાસ ન કરે. (૨૩) અને જ્યારે પોતાના હૃદયમાં સત્યયુગ વર્તતો હોય ત્યારે બહાર વર્તમાન કલિયુગ હોય તોપણ ભગવદ્દર્શનની ઈચ્છાવાળા પુરુષને ભગવાનનું દર્શન થાય; આમાં કંઈપણ વિચાર કરવા જેવું નથી. (૨૪) બહાર વર્તમાન કલિયુગ શ્રીહરિને લગીરે પીડા પમાડવા શક્તિમાન નથી. કેમકે શ્રીહરિ જ સર્વ યુગોનું કારણ માનેલા છે. (૨૫) બહાર કલિયુગ વર્તતો હોય તોપણ પ્રભુ શ્રીહરિ જ્ઞાન તપ વગેરે સત્યયુગના ધર્મો પ્રવર્તાવવા સમર્થ છે કેમકે તે સર્વેશ્વરેશ્વર છે. (૨૬) હે સન્મતે ! વેદ શ્રીહરિને કાળના પણ કાળ કહે છે. એટલા માટે શ્રીહરિમાં કોઈએ કલિભયની શંકા કરવી નહિ. (૨૭) ભીષ્મ પિતામહે ભારતમાં રાજા યુધિષ્ઠિર પ્રત્યે કહેલું છે કે કાળનું કારણ રાજા જ છે. રાજાનું કારણ કાલ નથી જ. (૨૮) જો મનુષ્યરૂપ રાજામાં પણ કાળપ્રવર્તનનું સામર્થ્ય હોય તો પછી જગદીશ્વરમાં કાળને ચલાવવાની શક્તિ અંગે જનો શંકા શાથી કરે છે ? શંકા યોગ્ય નથી. (૨૯) માટે એક નારાયણ જ સર્વના સ્વામી છે. તેથી તમોએ ત્રિયુગ શબ્દથી કળિયુગમાં તેમના અવતાર અંગે શંકા કરવી યોગ્ય નથી. (૩૦) મારા કહ્યા પ્રમાણે મુમુક્ષુજને આ લોકમાં ત્રિયુગ શબ્દનો અર્થ જાણવો, પરંતુ નાસ્તિકોની પેઠે શ્રીહરિ કલિયુગમાં અવતરતા નથી એમ ન જાણવું. (૩૧) માટે ભગવાનનું કળિયુગમાં અસ્તિત્વ છે જ. પ્રહલાદજી શ્રીહરિનું ત્રિયુગપણું કહેતાં કળિમાં છાના (ઢંકાયેલા) રહે છે એમ જ કહ્યું પણ ભગવાન વિદ્યમાન નથી એમ કહ્યું નહિ. (૩૨) હે નૃસિંહ ભગવન્ ! હે મહાપુરુષ ! આમ પૂર્વે કહેલા પ્રકારે નર, પશુ, ઋષિ અને મત્સ્ય આદિ અવતાર વડે સ્વાનુકૂલ લોકોનું તમો પાલન કરો છો અને જગતને પ્રતિકૂલ લોકોનો સંહાર કરો છો. સત્યાદિ યુગોને અનુસરેલા ધર્મનું રક્ષણ કરો. તોપણ તમો કલિયુગમાં મનુષ્યનાટયના અનુકરણથી ઐશ્વર્ય ઢાંકીને ધર્મને રક્ષો છો. (૩૩) આ પ્રહ્લાદજીના વચનમાં

કલિયુગમાં હરિનું જે ઢંકાયેલાપણું કહ્યું છે તેનો અર્થ તમોને હું જે સ્ફુટ થાય તેમ નિર્ણયાત્મક કહું છું. (૩૪) સર્વોત્કૃષ્ટ પોતાના ઐશ્વર્યને પ્રગટ કરીને પણ બીજી જ ક્ષણે મનુષ્યભાવનું અનુકરણ કરીને પોતાના ઐશ્વર્યને ઢાંકી દે છે. આ પ્રકારે શ્રીહરિની છન્નતા (ઢંકાયેલાપણું) જાણવી. (૩૫) જેમ શ્રીહરિ કૃષ્ણાવતારમાં દેવકી-વસુદેવને (ચતુર્ભુજરૂપે દર્શનથી) પોતાને થયેલો પરમેશ્વર ભાવ નૃનાટ્ય (બાલભાવ દર્શાવીને) વડે સંતાડી દીધો. (૩૬) યશોદામાતાને વિશ્વરૂપનું દર્શન કરાવી બીજી જ ક્ષણે મનુષ્યનાટય વડે ફરીથી પુત્રભાવને પ્રભુએ દ્દઢ કરાવ્યો. (૩૭) શ્રીકૃષ્ણે નંદાદિ ગોપોને પોતાનું વૈકુંઠધામ બતાવીને ફરી મનુષ્યાનાટ્યથી તે ઐશ્વર્ય આચ્છાદિત કર્યું. (૩૮) ઈન્દ્રાદિ દેવોથી પણ અવધ્ય દૈત્યોને મારીને શ્રીકૃષ્ણે પોતાની સ્તુતિ કરતા બ્રહ્માદિ દેવોને પણ મનુષ્યાનુકરણથી મોહ પમાડ્યા. (૩૯) યમુનાના ધરામાં શ્રીકૃષ્ણે અક્રૂરને પોતાનું ઐશ્વર્ય બતાવીને ફરીથી તે ઐશ્વર્ય મનુષ્યલીલાથી ઢાંકી દીધું. (૪૦) આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ હજારો વાર ઐશ્વર્ય બતાવતા સતા પણ નરલીલાથી પૃથ્વી ઉપર ઢંકાયેલા જ હતા. (૪૧) એટલા માટે જ કુરુક્ષેત્રયાત્રામાં શ્રીકૃષ્ણના સ્વરૂપને જાણનારા મહર્ષિઓએ કહેલા આ બે શ્લોક તમો સાંભળો. (૪૨) કોઈપણ સ્થળમાં જેમની બુદ્ધિ હણાઈ નથી. પોતાની યોગમાયાથી અત્યંત ગુપ્ત રાખ્યું છે ઐશ્વર્ય જેમણે એવા પરમાત્મા તમો શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર. (૪૩) આ રાજાઓ અને એક જ સ્થાનમાં આરામ જેમનો છે એવા યાદવો, માયારૂપી પડદાથી ઢંકાયેલું છે જેમનું સૃષ્ટિનું સર્વકારણપણું અને સૃષ્ટિનું નિયંતાપણું એવા, શ્રીકૃષ્ણને જાણતા જ નથી. (૪૪) હે બ્રહ્મન્ ! જગતના નિયંતા શ્રીહરિનું આ જે ગુપ્તપણું છે તે પણ પોતાની ઈચ્છા થકી જ છે પરંતુ કળિયુગના ભયથી નથી એમ તમો નિશ્ચય જાણો. (૪૫) ગુપ્ત રહેવામાં પણ કપટપરાયણ, ધર્મદ્રોહી અને કળિયુગમાં બળને પામેલા દૈત્યોને વિશેષપણે મોહ ઉત્પન્ન કરવો તે કારણ છે. (૪૬) કળિયુગમાં મનુષ્યાદિ નાના પ્રકારના આકારોથી ઢંકાયેલી છે આસુરી આકૃતિઓ જેમની એવા અસુરો લોકોને મોહ પમાડવા માટે પૃથ્વીમાં ફરે છે. (૪૭) તેવા આચ્છાદિત આકૃતિવાળા અસુરોને પણ મહામોહ પમાડનારા સ્વયં શ્રીહરિ ઢાંકેલી આકૃતિવાળા અસુરોને વિશેષ મોહ પમાડવા માટે મનુષ્યાકૃતિ ધારીને કળિયુગમાં પોતાનું ઐશ્વર્ય ઢાંકીને વિચરે છે. (૪૮) વળી વાયુપુરાણમાં શ્રીકૃષ્ણનું ગુપ્તપણું કહેલું છે. મનુષ્ય જાતિમાં અવતીર્ણ શ્રીહરિ આચ્છાદિત ઐશ્વર્યવાળા થઈને પૃથ્વી ઉપર વિચરણ કરે છે. (૪૯) હે દ્વિજોત્તમ ! મનુષ્યોમાં વિહાર માટે સાંદીપનિ છે અગ્રેસર જેમના એવા શ્રીહરિ મનુષ્યદેહમાં રહેલા દૈત્યોને હણે છે. આ વાયુપુરાણનું વાક્ય છે. (૫૦) મનુષ્યભાવમાં દેહમાત્રથી ગુપ્ત છે આસુરભાવ જેમનો એવા દૈત્યો, આસુરી સંપત્તિને ઢાંકી રાખવામાં અસમર્થ હોવાથી સંર્વદા પ્રગટ થઈ જાય છે, કળાઈ આવે છે. (૫૧) પરમેશ્વર તો સ્વતંત્ર હોવાથી અને દિવ્ય ચરિત્રોવાળા હોવાથી તેમને ક્યારેય પણ જાણવા માટે અસુરો સમર્થ થઈ શકતા નથી. (૫૨) પ્રભુ શ્રીહરિનાં સર્વ ચરિત્રો દિવ્ય હોવાથી તેમાં અસુરો જ મોહ પામે છે પરંતુ ભક્તજનો ક્યારેય મોહ પામતા જ નથી. (૫૩) આથી બ્રહ્મપુરાણમાં આ ભગવાનનું દૈત્યોને મોહ પમાડવાપણું અને

પોતાનું નિર્દોષપણું કહેલું છે. તેથી બ્રહ્મપુરાણનું આ વાક્ય હું તમોને કહું છું. (૫૪) અજ્ઞાનીપણું, પરવશપણું તથા વિધિભેદાદિક તથા પ્રાકૃત દેહપણું તથા દેહનો ત્યાગ કરવાપણું - આ બધું પરમાત્મામાં વસ્તુતાએ નહિ હોવા છતાં જોવા મળે છે તે અસુરોને મોહ પમાડવા માટે છે. પરંતુ આ દોષો પરમાત્મામાં ક્યારેય પણ નથી જ. બ્રહ્માંડ નામના પુરાણમાં પણ દૈત્યોની મોહકતા કહેલી છે. (૫૫-૫૬) હે દ્વિજોત્તમ ! નારાયણ ચરિત્રમાં ભક્તોને મોહ નહિ પમાડવાપણું અને નિર્દોષપણે જોવાપણું તમો જાણો. (૫૭) માટે જ પૃથ્વીમાં કંસાદિ અને જરાસંધાદિ ગર્વિષ્ઠ રાજાઓના જેવા આકારવાળા દૈત્યો શ્રીકૃષ્ણને 'આ જ પ્રત્યક્ષ ઈશ્વર છે' એમ જાણતા ન હતા. (૫૮) સાક્ષાત્ નારાયણ સ્વરૂપના જ્ઞાન વગર કંસાદિની મુક્તિ કેવી રીતે થઈ ? એમ શંકા થતી હોય તો સાંભળો. શ્રીહરિનું કલ્યાણકારી મૂર્તિપણું હોવાથી તેમના ચિંતન આદિ બળથી મુક્તિ થયેલી છે એમ જાણો. (૫૯) જેમ દુર્જન પુરુષ પોતાના દુર્જનપણાનો ત્યાગ કરતો નથી, તેમ શ્રીહરિ પણ પોતાના પાપહંતૃપણાનો ત્યાગ કરતા નથી. (૬૦) જેવી રીતે પુરુષ જાણે કે અજાણે પણ અગ્નિના સંબંધને પામીને બળે છે તેવી રીતે ભગવાનના સંબંધવાળો મુક્ત થઈ જાય છે. (૬૧) જે પુરુષ ગમે તે ભાવથી પણ શ્રીહરિના સાક્ષાત્ સંબંધને પામે છે તે પુરુષ જન્મમરણની સંસૃતિથી અવશ્ય મુક્ત થાય છે. (૬૨) મનુષ્યના આકારવાળા જે અસુરો છે તે તો શ્રીહરિને આ પ્રકારના મહાત્મ્યવાળા (સાક્ષાત્ વિષ્ણુ છે એમ) નથી જાણતા અને ઊલટાના 'શ્રીહરિની અવગણના કરે છે.' (૬૩) 'મૂઢ એવા અવિવેકીજનો મનુષ્યશરીરમાં અવતરેલા મારા સર્વભૂતોના મહેશ્વરરૂપ સર્વોત્કૃષ્ટભાવને જાણતા નથી તેથી મારો અનાદર કરે છે. (૬૪) રાક્ષસી, આસુરી અને મોહપ્રધાન પ્રકૃતિને આશરેલા, નિષ્ફળ આશાવાળા, નિષ્ફલ કર્મારંભવાળા તથા સર્વત્ર નાશ પામેલ છે યથાર્થ જ્ઞાન જેમનું એવા તે છે. (૬૫) વળી મૂઢ, વિપરીત જ્ઞાનવાળા, નરાધમ, માયા વડે હરાયુ છે જ્ઞાન જેમનું તેમજ આસુરભાવને આશરેલા પાપકર્મવાળા તેઓ મારી પ્રપત્તિ કરતા નથી. (૬૬) હે કૌંતેય ! આ પ્રકારે આસુરી ભાવને પામેલા, મૂઢ, જન્મોજન્મમાં મને નહિ પામીને તે જન્મથી ઉત્તરોત્તર અધમ ગતિને પામે છે'' (૬૭) વગેરે બહુ પ્રકારે શ્રીકૃષ્ણે ગીતામાં કહેલું છે. આ રીતે અસુરના મતે પૃથ્વી ઉપર શ્રીહરિ નથી. અને સત્પુરુષોના મતે શ્રીહરિ ચારે યુગોમાં છે. (૬૮) આ પ્રમાણે ત્રિયુગ શબ્દનો વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ મેં તમોને યથાર્થપણે કહ્યો. હે સન્મતે ! બીજો કંઈ જો સંશય હોય તો તમો મને પૂછો. (૬૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂમિપાલ ! મુક્તાનંદમુનિએ કહેલું તે વાક્ય સાંભળીને રામચંદ્ર તો શાંત થઈ ગયા. ત્યાર પછી શાસ્ત્રોના જાણકાર શોભારામ શાસ્ત્રી મુક્તાનંદમુનિ પ્રત્યે સંશયને પૂછવા લાગ્યા. (૭૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં ત્રિયુગશબ્દાર્થનિર્ણયે આસુરીજીવાનાભગવદવતારાનભિજ્ઞત્વનિરૂપણ નામનો છપ્પનમો અધ્યાય થયો. ॥૫૬॥

## અધ્યાય-૫૭

**શોભારામ શાસ્ત્રી બોલ્યા :**

હે ભક્તરાજ મુક્તાનંદમુને ! તમોએ સારું કહ્યું તેનાથી અમારો ત્રિયુગ શબ્દથી ઉત્પન્ન થયેલો ઘણા કાળનો મોટો સંશય નાશ પામી ગયો. (૧) હે નિષ્પાપ ! હવે બીજો તમોને સંશય પૂછું છું. કારણ કે સંશય મનવાળો પુરુષ નાશ પામે છે. આથી સંશય અંગે પૂછવું જોઈએ. (૨) ભગવાન નારાયણના દશ જ અવતારો છે-આ પ્રકારે આ લોકમાં સમગ્ર પંડિતો પણ કહે છે, કેવળ મૂર્ખાઓ જ નથી કહેતા. (૩) તમારા ગુરુ સહજાનંદ સ્વામીને હાલ પૃથ્વી ઉપર તમો વિષ્ણુના અવતાર કહો છો. આ અવતાર દશ અવતારો પૈકી ક્યા નામનો જાણવો ? (૪) મુક્તાનંદમુને ! આટલો જ અમારો પ્રશ્ન છે. તમે તે પ્રભુને અતિ પ્રિય છો આથી તે અવતારનું યથાર્થપણું તમે તત્ત્વથી જાણો છો તો આનો યથાર્થ ઉત્તર આપવા તમો યોગ્ય છો. (૫) હે રાજન્ ! આ પ્રમાણે શાસ્ત્રજ્ઞ શોભારામ શાસ્ત્રીએ પૂછેલા શ્રીહરિના પરમભક્ત મુક્તાનંદમુનિ તેમને શાંતવાદવેગવાળા અને જિજ્ઞાસુ જાણીને થોડું હસતા થકા શાસ્ત્રસંમત વચન ફરીથી બોલ્યા : (૬) હે માનદ ! અવતારો દશ જ છે એવો કોઈ નિયમ નથી. કારણ કે તે જગત્પ્રભુ સર્વનિયંતા અને સ્વતંત્ર છે. (૭) ભગવાનના દસ જ અવતારો છે એમ કહેનારા જનોના મતમાં ઘણાં વાક્યોનો પરસ્પર વિરોધ આવે છે. કોઈપણ સદ્‌ગ્રંથમાં ભગવાનના અવતારોની ગણના નથી. (૮) હરિવંશ ગ્રંથમાં જન્મેજય રાજા શ્રીહરિ નારાયણના અવતારો કેટલા છે એમ વૈશંપાયન પ્રતિ પૂછતા હતા ત્યારે વૈશંપાયને જન્મેજય રાજાને કહ્યું : (૯) વેદને જાણનારા વિપ્રો યજ્ઞની સભામાં વિષ્ણુને અનાદિસિદ્ધ સમગ્ર જીવો અને ઈશ્વરોમાં અંતર્યામીપણે વ્યાપક કહે છે. તે દેવાધિપતિ, શ્રીવત્સના ચિહ્નવાળા, નિરતિશય બુદ્ધિવાળા, ભગવાન વિષ્ણુના હજારો અવતારો વ્યતીત થઈ ગયા તેમાં લગીરે સંશય નથી અને ફરીથી પણ અવતારો થશે જ-આ પ્રમાણે બ્રહ્મા કહેતા હતા. (૧૦-૧૧) કે દેવમનુષ્યોના હિત માટે અને સર્વજનોના ઉદય માટે સર્વાંતર્યામી ભગવાન પ્રયોજન પ્રમાણે બહુવાર અવતાર ધારણ કરે છે. (૧૨) હે ભારત (જન્મેજય) ! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે ધર્મ સ્થાપવા માટે શ્રી નારાયણ પ્રાદુર્ભાવ પામે છે. (૧૩) શ્રીમદ્ ભાગવતમાં પણ પ્રથમ શ્રીહરિના ચોવીશ અવતારો કહેલા છે. પરંતુ પછીથી શ્રીહરિના અવતારો અસંખ્યાત છે એમ કહેલું છે, એ નિશ્ચય વાત છે. (૧૪) હે દ્વિજો ! જેમ ક્યારેય પણ ન ખૂટે એવા મહાસરોવરમાંથી નાની નાની અસંખ્યાત નહેરો નીકળે છે તેમ સત્યમૂર્તિ શ્રીહરિના અસંખ્યાત અવતારો છે, આવું સુતપુરાણીનું વચન છે. (૧૫) આ પ્રમાણે ભાગવતના પ્રથમ સ્કંધમાં કહ્યું છે, અને બીજા સ્કંધમાં બ્રહ્માએ પણ બાવીશ અવતારો કહીને પછી આ પ્રમાણે વચન કહ્યું છે : (૧૬) અનેક અવતારો ધારણ કરનારા સદા પુરુષાકૃતિવાળા શ્રી નારાયણના અવતારોના અવધિને હું બ્રહ્મા પણ જાણતો નથી. તમારાથી પ્રથમ જન્મેલા મુનિઓ પણ નથી જાણતા. તો પછી બીજા જે મુનિઓ છે તે તો ક્યાંથી જ જાણે ? સહસ્રમુખવાળા આદિદેવ શ્રીશેષનારાયણ પણ આપના ગુણોને ગાતા થકા પણ હજી સુધી પણ પારને પામતા નથી. (૧૭) દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણની સ્તુતિ કરતા બ્રહ્માએ ભગવાન શ્રીકૃષ્ણના અવતારોનું દુર્જન-નિગ્રહ અને

સજ્જન-અનુગ્રહ વગેરે હેતુ કહીને ફરીથી કહેલું છે કે (૧૮) હે ભૂમન્ ! હે અપાર ઐશ્વર્યાદિ સંપન્ન ! હે પરાત્પર ! હે યોગેશ્વર ! તમો અવતાર ધારણ કરવામાં ઉપાયભૂત માયાને વિસ્તારતા સતા કયા સ્થાને, કઈ જાતિમાં, કયા પ્રકારે, કેટલી વાર અને કયા સમયે ક્રીડા કરો છો ?... આ પ્રકારે તમારી લીલાઓને ત્રિલોકીમાં કયો પુરુષ જાણી શકે છે ? કોઈ પણ નહિ. (૧૯) સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પણ મુચુકુંદ રાજા પ્રત્યે પોતાના અવતારોનું અનંતપણું કહેલું છે. હવે તે ત્રણ શ્લોકો કહીએ છીએ. (૨૦) હે રાજન્ ! મારા જન્મ, કર્મ અને નામો હજારોહજાર છે. અનંત હોવાથી હું પણ તેની ગણના કરવા સમર્થ થતો નથી. (૨૧) કદાચિત્ કોઈ પુરુષ ઘણા જન્મે કરીને પૃથ્વીના રજકણોની ગણના કરી શકે છે, પણ મારાં ગુણ કર્મ નામો અને જન્મોને ગણવા ક્યારેય સમર્થ ન જ થાય. (૨૨) હે નિષ્પાપ રાજન્ ! સનકાદિક મહામુનિઓ ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળમાં ઉત્પન્ન થનારાં મારાં જન્મ-કર્મોને અનુક્રમથી ગણતા સતા સંખ્યાના અંતને પામતા નથી જ. (૨૩) હે દ્વિજ ! ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં પણ અર્જુનને કહ્યું છે : હે અર્જુન ! મારા ઘણા જન્મો વ્યતીત થઈ ચૂક્યા છે અને તારા પણ ઘણા જન્મો પસાર થઈ ગયા છે. (૨૪) હું ક્યારેય પણ ન હતો એમ નહિ, પણ હતો જ. અને તું પણ ક્યારેય ન હતો એમ નહિ, પણ હતો જ; અને રાજાઓ ન હતા એમ નહિ, પણ હતા જ; અને પછી પણ આપણે બધા નહિ હોઈએ એમ નહિ, પરંતુ હોઈશું જ. (આમ ભગવાને પોતાના અવતારોની અનંતતા કહી છે.) (૨૫) હે નિષ્પાપ ! ઈત્યાદિ સેંકડો પ્રબળ પ્રમાણો વડે શ્રીહરિના અવતારોની દશાદિ ગણનાનો આક્રોશપૂર્વક નિષેધ કરાય છે. (૨૬) આથી દશ સંખ્યાના ભ્રમનો ત્યાગ કરીને મુમુક્ષુઓએ સ્વસ્થ ચિત્તથી હાલમાં સ્વતંત્રપણે ધરેલા અવતારવાળા ભગવાન આશ્રય કરવા યોગ્ય છે. (૨૭) પ્રત્યક્ષ સિદ્ધ શ્રીહરિ વિના અનેક જન્મોથી થયેલો મહામોહ નાશ ન જ પામે. તે હેતુ માટે શ્રીહરિ મહાપ્રભુ સેવન કરવા યોગ્ય છે. (૨૮) પ્રત્યક્ષ શ્રીહરિના જ્ઞાન વિના પરોક્ષરૂપ પરબ્રહ્મજ્ઞાન મુક્તિ માટે સમર્થ થતું નથી. માટે જ શ્રી વલ્લભાચાર્યજીએ સ્વરચિત સુબોધિની નામની ભાગવતની ટીકામાં કહ્યું છે કે (૨૯) પ્રત્યક્ષ વર્તમાન ભગવાન શ્રીકૃષ્ણે જન્મમરણરૂપ સંસારનો વિનાશ સ્વસ્વરૂપના જ્ઞાનવાળા પોતાના આશ્રિતજનોનો જ કરેલો છે. માટે સંસારનો વિનાશ તો ભક્તોને જ થાય. પરંતુ પરોક્ષ જ્ઞાનવાળાને ન થાય એ નિશ્ચય વાત છે. (૩૦) જ્યાં સુધી બહાર રહેલો પ્રગટ અગ્નિ કાષ્ઠની અંદર પ્રવેશ કરે નહિ ત્યાં સુધી કાષ્ઠની અંદર રહેલો અગ્નિ પણ કાષ્ઠને બાળવા સમર્થ થતો નથી. (૩૧) એ જ પ્રકારે ચેતન-અચેતન સર્વમાં રહેલા વિષ્ણુ જો પ્રત્યક્ષ પ્રાદુર્ભાવ પામીને પોતાના ભક્તોના અંતઃકરણમાં પ્રવેશ કરે નહિ ત્યાં સુધી ભક્તોનું સમગ્ર અજ્ઞાન લય પામે નહિ માટે જ શ્રીકૃષ્ણનો અવતરણનો ઉદ્યોગ છે. (૩૨) હે રાજન્ ! આ પ્રકારે મુક્તાનંદમુનિએ કહેલા ન્યાયશાસ્ત્રના જ્ઞાતા શોભારામ શાસ્ત્રી તત્કાળ જ નાશ પામેલ છે સંશય જેમનો એવા થઈ ગયા. બીજા રામચંદ્રાદિ ત્રણ જણા પણ કળિયુગમાં પણ શ્રી નારાયણનો અવતાર થાય એમ નિશ્ચય કરતા હતા. (૩૩) ત્યારે ચિમનરાવે કલિયુગમાં પણ પૃથ્વી ઉપર પ્રત્યક્ષ શ્રીહરિ હોય એમ પ્રબળ પ્રમાણોના શ્રવણથી જાણ્યું. (૩૪) પરંતુ મુક્તાનંદમુનિના ગુરુ શ્રીહરિના પ્રત્યક્ષ ભગવાનના અવતારપણામાં સંશય

પામેલા બુદ્ધિમાન ચિમનરાવ બુદ્ધિમાન મુક્તાનંદમુનિને પૂછવા લાગ્યા : (૩૫) 'હે મુને ! કલિયુગમાં પણ પૃથ્વી ઉપર ભગવાનના અવતારો થાય એમ તમોએ જે કહ્યું તે અમો સત્ય માનીએ છીએ. (૩૬) હે મહામતે ! માનુષમૂર્તિ પૃથ્વીમાં ફરતા તમારા ગુરુ શ્રીહરિને કયા અસાધારણ લક્ષણોથી આ પ્રત્યક્ષ ભગવાન જાણવા તે તમો અમોને કહો. (૩૭) જેમણે ગોવર્ધન વગેરે પર્વત ધારણ કર્યો નથી તેમજ અસુરો હણ્યા નથી તેવા તમારા ગુરુ 'આ પરમેશ્વર છે' એમ ક્યા પ્રકારે જાણવા તે તમો કહો. (૩૮)

**મુક્તાનંદમુનિ બોલ્યા :**

નરાકૃતિ એવા સહજાનંદસ્વામી, દિવ્ય ચરિત્રો અને તેમનાં ભક્તોનાં લક્ષણો વડે 'આ પ્રત્યક્ષ નારાયણ છે' એમ મુમુક્ષુઓ વડે જાણી શકાય છે. (૩૯) પૂર્વે ગાયરૂપે રહેલી પૃથ્વીએ વૃષરૂપે રહેલા ધર્મપ્રજાપતિ પ્રત્યે ભૂમિ ઉપર મનુષ્યાકૃતિથી પ્રગટ થયેલાં શ્રીહરિનાં અસાધારણ લક્ષણો કહ્યાં છે તે હું તમોને કહું છું. (૪૦) સત્ય, શૌચ, દયા, ક્રોધ નિમિત્ત હોવા છતાં ચિત્તને નિયમમાં રાખવું, ત્યાગ, સંતોષ અકુટિલપણું, શમ, દમ, તપ, શત્રુમિત્રાદિનો અભાવ, તિતિક્ષા, ઉપરતિ, શાસ્ત્રવિચાર, જ્ઞાન, વિરક્તિ, ઐશ્વર્ય, શૌર્ય, પ્રભાવ, બળ, સ્મૃતિ, સ્વાતંત્ર્ય, ક્રિયાનિપુણતા, સૌંદર્ય, ધૈર્ય, કોમળતા, પ્રાગલ્ભ્ય, વિનય, સુસ્વભાવ, મનની પ્રવીણતા, જ્ઞાનેન્દ્રિયોની ચતુરતા, કર્મેન્દ્રિયોની પ્રવીણતા, ભગ, ગાંભીર્ય, સ્થૈર્ય, આસ્તિક્ય, કીર્તિ, માન અને ગર્વે રહિતપણું; આમ ઓગણચાલીશ અને બીજા પણ બ્રહ્મણ્યત્વ, શરણ્યત્વ વગેરે અને બીજા પણ બ્રહ્માદિએ પ્રાર્થના કરવા યોગ્ય અનંત ગુણો ભગવાન શ્રી સ્વામિનારાયણમાં નિત્ય સ્વાભાવિક રહેલા છે એમ જાણો.. (૪૧-૪૪) વળી જેમની કૃપાથી શાસ્ત્રને નહિ જાણનારો અને અષ્ટાંગયોગના અભ્યાસે રહિત એવો પામર જન પણ એકદમ જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ આ ત્રણ અવસ્થાથી પર તુરીય અવસ્થાને પામી જાય છે. (૪૫) સાવધાન એવા બ્રહ્માદિ દેવતાઓએ પણ જે મન વશ કરવા માટે અશક્ય છે તે મન જે પોતાના આશ્રિતજનોના વશમાં કરે તે પરમેશ્વર જાણવા. (૪૬) અષ્ટાંગયોગના અભ્યાસ વિના પણ જેમની કૃપા થકી મનુષ્યોને તત્કાળ જ પોતાની મૂર્તિમાં અચલ સમાધિ સ્થિતિ થાય; (૪૭) જેમની કૃપાથી ગોલોકાદિ ધામોમાં રહેલી મૂર્તિઓનાં દર્શન થાય તે મનુષ્યાકૃતિ ભગવાન જાણવા. (૪૮) જે શ્રીહરિના ભક્તો ક્રોધ જીતનારા, કામ જીતનારા, નિસ્પૃહી, સ્વાદે રહિત, નિર્લોભી અને નિર્માની થાય તે શ્રીહરિ જાણવા. (૪૯) નારાયણનું સર્વ અવતારોમાં સામાન્ય એવું આ અસાધારણ લક્ષણ મેં તમોને સંક્ષેપમાં કહ્યું. (૫૦) બીજું જે શ્રીહરિનું (કાલીયદમનાદિ) ચરિત્ર તે તો કાર્યવશ થાય છે અથવા પોતાના ભક્તજનોને ગાન કરવા માટે જ છે, તે ચરિત્ર પરમેશ્વરભાવનું સૂચક નથી જ. (૫૧) શ્રીકૃષ્ણ ભગવાનનું ગોવર્ધન ધારણ કરવો વગેરે ચરિત્ર છે તે ઈન્દ્રાદિ લોકપાલોનો ગર્વ હરવા માટે છે પણ તે પરમેશ્વરપણાનું સૂચક નથી. (૫૨) હિરણ્યાક્ષ વગેરે મોટા મોટા દૈત્યો પર્વતો સહિત સમગ્ર પૃથ્વીને ધારણ કરતા હતા. તેટલા માત્રથી તે દૈત્યો શું પરમેશ્વરના અવતારો છે ? - નથી જ. (૫૩) તે હેતુ માટે પરમેશ્વરપણાનું લક્ષણ તો અજ્ઞાનથી જીવોને મુક્ત કરવા અને

સદ્ધર્મ દ્રોહી દૈત્યોનો વધ કરવો એ જ નિશ્ચિત જાણવું.(૫૪) અસુરો બે પ્રકારના જાણવા. એક તો હાથમાં આયુધો ધારેલા અને ભયંકર આકૃતિવાળા હોય છે. અને બીજા તો સાધુઓનો વેશ ધારણ કરનારા અને દુષ્ટ ક્રિયાઓવાળા હોય છે. (૫૫) તે બે પ્રકારના અસુરોનો વધ પણ શસ્ત્રથી અને શસ્ત્ર વગર એમ બે પ્રકારનો છે. તેમાં શસ્ત્રથી વધ છે તે અસુરોના મસ્તક છેદવારૂપ છે, શસ્ત્ર વિનાનો વધ તે અસુરોની જીવિકા હરણરૂપ જાણવો. (૫૬) પંડિતજનોએ દેવતાઓની જીવિકા દૈવી સંપત્તિ કહેલી છે અને અસુરોની જીવિકા આસુરી સંપત્તિ કહેલી છે; તે બન્ને પ્રકારની સંપત્તિઓ શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહેલી છે. (૫૭) (તેમાં પ્રથમ દૈવી સંપત્તિ વર્ણવે છે.) હે ભારત ! અભય, જીવનશુદ્ધિ, અધ્યાત્મજ્ઞાનનો વિકાસ, દાન, આત્મસંયમ, યજ્ઞક્રિયા, વેદાભ્યાસ, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, દોષદૃષ્ટિનો અભાવ, જીવદયા, અલોભ, મૃદુતા, વિનમ્રતા, અડગ નિશ્ચય, જોમ, ક્ષમા, ધૈર્ય , શરીર અને મનની પવિત્રતા, ઈર્ષાનો અને અભિમાનની લતનો અભાવ-જે મનુષ્ય દૈવી સંપત્તિ લઈને જન્મ્યો હોય છે તેનામાં આ ગુણો હોય છે. (૫૮-૫૯-૬૦) દંભ, ઘમંડ, અહંકાર, ક્રોધ, કઠોરતા અને અજ્ઞાન આ ગુણો આસુરી સંપત્તિ લઈને જન્મેલામાં હોય છે. (૬૧) દૈવી સંપત્તિ મોક્ષ આપનારી છે જ્યારે આસુર સંપત્તિ બંધનમાં નાખનારી છે. હે પાંડવ ! તું શોક ન કર. તું દૈવી સંપત્તિને લઈ જન્મ્યો છે. (૬૨) હે પાર્થ ! આ લોકમાં બે પ્રકારની પ્રાણી સૃષ્ટિ છેઃ દૈવી અને આસુરી. તેમાં દૈવી મેં તને વિસ્તારથી કહી. હવે તું મારી પાસેથી આસુરીને સાંભળ : (૬૩) આસુરી જનો શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ જાણતા નથી. તેઓમાં શૌચ, સદાચાર અને સત્ય હોતાં નથી. (૬૪) અને તેઓ કહે છે : જગત, અસત્ય, આધાર વિનાનું અને નિયંતા ઈશ્વર વિનાનું છે. તે માત્ર સ્ત્રીપુરુષના સંબંધથી ઉત્પન્ન થયેલું છે અને કામતૃપ્તિ સિવાય એનો અન્ય કોઈ હેતુ નથી. (૬૫) આવો મત સ્વીકારીને જાત (આત્મા) ભૂલેલા અને અલ્પબુદ્ધિવાળા આસુરી જનો જગતનો નાશ કરવા ભયાનક અને હાનિકારક કાર્યો કરવામાં પ્રવૃત્ત થાય છે. (૬૬) કદી તૃપ્ત ન થાય એવી કામવાસનાઓનો આશ્રય લઈ દંભ, ઘમંડ અને ગુમાનથી ભરેલા અને તેના પરિણામે મૂઢત્વને પામેલા આસુરીજનો અસ્થાયી વસ્તુઓના આકર્ષણથી સર્વદા પાપાચારમાં પ્રવૃત્ત રહે છે. (૬૭) આસુરીજનો માને છે કે મરણની છેલ્લી ઘડી પર્યંત ઈન્દ્રિયોને સંતોષવી એ જ માનવસંસ્કૃતિની મુખ્ય જરૂરિયાત છે. આ પ્રમાણે તેમની ચિંતાઓને કોઈ છેડો નથી. સેંકડો અને હજારો ઈચ્છાઓનો તથા કામ ક્રોધનાં બંધનોમાં ફસાયેલા તેઓ ઈન્દ્રિયતૃપ્તિ માટે અન્યાયથી ધન પ્રાપ્ત કરે છે. (૬૮-૬૯) (આસુરી પ્રકૃતિના જનો આ પ્રમાણે વિચારતા રહે છે.) આજે મેં આ પ્રાપ્ત કર્યું અને હવે મારી ઈચ્છા અને યોજના મુજબ વધુ પ્રાપ્ત કરીશ; મારી પાસે અત્યારે આટલું ધન છે અને ભવિષ્યમાં તે ઘણું વધી જશે. મેં આ શત્રુને માર્યો છે અને બીજા શત્રુઓને પણ પૂરા કરીશ; હું સર્વાધીશ છું, ભોક્તા છું, પરિપૂર્ણ છું, શક્તિશાળી છું અને સુખી છું. હું ધનાઢ્ય છું, હું કુળવાન છું અને મારે કુળવાન સગાઓનો વગવસીલો છે; મારા જેવો બીજો કોણ છે ? - કોઈ નથી. હું યજ્ઞ કરીશ, દાન આપીશ અને લહેર

કરીશ - આ પ્રમાણે તેઓ અજ્ઞાનવશ મોહમાં પડેલા હોય છે. (૭૦-૭૧-૭૨) આમ અનેક પ્રકારની ચિંતાઓથી ભ્રમી ગયેલા અને મોહજાળમાં ફસાયેલા તથા કામોપભોગમાં અત્યંત આસક્ત બનેલા આ આસુરી જનો મરીને અપવિત્ર નરકમાં પડે છે. (૭૩) પોતાને જ શ્રેષ્ઠ માનનારા, ઉદ્ધત, ધન અને માનના મદથી ભ્રમિત થયેલા આસુરીજનો શાસ્ત્રવિધિ છોડીને દંભપૂર્વક ક્યારેક માત્ર નામના જ યજ્ઞો કરે છે. (૭૪) અહંકાર, શક્તિ, ગર્વ, કામ અને ક્રોધથી ભરેલા તેઓ પોતાના અને અન્યના શરીરમાં વસતા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન એવા મારો દ્વેષ કરે છે અને કૂટ યુક્તિઓ વડે મારી સ્થિતિમાં દોષોનો આવિષ્કાર કરે છે. (૭૫) આ પ્રકારે શ્રીકૃષ્ણે અર્જુનના પ્રત્યે દૈવી આસુરી સંપત્તિનો વિભાગ અને તેનું રૂપ વિવેચન કરીને વિસ્તારથી કહ્યું છે. (૭૬) જ્યારે પૃથ્વી ઉપર દુર્મદ અને શાસ્ત્રોથી વધ કરવા યોગ્ય દૈત્યો ઉત્પન્ન થાય છે ત્યારે ભગવાન આવિર્ભાવ પામીને હાથમાં શસ્ત્રો ધારણ કરીને દૈત્યોને હણે છે. (૭૭) જ્યારે તે દૈત્યો સાધુ જેવા વેશવાળા અને દુરાચારી હોય છે ત્યારે શ્રીહરિ શસ્ત્રો ધારણ કર્યા વગર તેમની કામ, ક્રોધાદિ જીવિકાને હણે છે. (તેમના અસુરભાવનો નાશ કરાવી તેમને બ્રહ્મભાવ પમાડે છે પરંતુ તેમના દેહનો નાશ કરતા નથી.) (૭૮) અસુરોની આસુરી સંપત્તિનો નાશ થવાથી શ્રીહરિના સામર્થ્યથી અસુરપણું નાશ પામે છે અને દેવપણું ઉદય થાય છે તે નિશ્ચય વાત છે. (૭૯) તે સમયે બીજા લોકો તેમને સન્માર્ગમાં પ્રવર્તેલા જોઈને આશ્ચર્યથી કહે છે કે આ જનો તો તદ્દન બદલાઈ ગયા છે તેઓ અગાઉની પેઠે હવે આસુરી સ્વભાવવાળા નથી પરંતુ નવીન છે. (૮૦) કૃપાથી આવિર્ભાવ પામેલા ભગવાન શ્રીહરિ જે તે ઉપાયથી પૃથ્વીમાં ભાગવત ધર્મનું સ્થાપન કરતા સતા પોતાના આશ્રિતજનોને સંસૃતિના બંધન થકી તત્કાળ મૂકાવે છે. (૮૧) તે ભગવાનનો આશ્રય કરવાથી મહાપાતકી જીવોનું પણ કલ્યાણ થાય, માટે પ્રગટ ભગવાનનો મનુષ્યોએ પ્રેમપૂર્વક આશ્રય કરવો જોઈએ. (૮૨) અમારા ભગવાન સ્વામિનારાયણ આ લોકમાં સમગ્ર પરમેશ્વરપણાનાં સૂચક લક્ષણોથી પરિપૂર્ણ છે. તેથી હું તેમને પ્રત્યક્ષ પરમેશ્વર કહું છું પરંતુ કેવળ ગુરુપણાના ગૌરવથી કહેતો નથી. (૮૩) હજારોહજાર દુરાચારી પુરુષો અમારા ગુરુના આશ્રય કરવાથી ત્યાગ કરી છે આસુરી ક્રિયા જેમણે એવા છે, તેવા પુરુષો પૃથ્વી પર પ્રસિદ્ધ છે. (૮૪) આ લોકમાં યોગાભ્યાસ વગર જ સેંકડો અને હજારો જનો સમાધિને પામે છે. આ બધું (ઐશ્વર્ય) સર્વજનોએ પ્રત્યક્ષ જોવાય છે. (૮૫) અંતકાળે ભક્તોને પોતાના ધામમાં લઈ જવા માટે પ્રભુના પાર્ષદો આવે છે. આ ઐશ્વર્ય ક્યારેક ક્યારેક ભક્તો અને અભક્તોએ પ્રત્યક્ષ જોવાય છે. (૮૬) આને લીધે વિવેકી જનો દ્વારા અમારા ગુરુ પરમેશ્વર જ છે એમ નિશ્ચયપૂર્વક કહેવાય છે. હવે જો અમારા ગુરુના ઈશ્વરપણામાં તમોને કોઈપણ સંશય હોય તો પૂછો, હું ઉત્તર આપવા તૈયાર છું. (૮૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આવા પ્રકારની મુક્તાનંદમુનિની વાણી સાંભળીને નષ્ટ થયા છે પોતપોતાના અંતઃકરણના સર્વ સંશયો જેમના એવા રામચંદ્રાદિ પંડિતો પોતાના મતનો ત્યાગ કરીને મુક્તાનંદ

મુનિને પ્રણામ કરતા હતા અને પૂર્વે સાંભળેલો છે મહિમા જેમનો એવા શ્રીહરિને સાક્ષાત્ વિષ્ણુરૂપે માનવા લાગ્યા. (૮૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં ત્રિયુગશબ્દાર્થનિર્ણયે ભગવદવતારા સાધારણલક્ષણનિરૂપણ નામનો સત્તાવનમો અધ્યાય થયો. ||૫૭||

●

## અધ્યાય-૫૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારપછી રામચંદ્રાદિ દ્વિજો હાથ જોડીને મુક્તાનંદમુનિને કહેવા લાગ્યા : હે મુનિવર્ય ! અમારા સર્વ સંશયો નાશ પામી ચૂક્યા છે. (૧) આ પૃથ્વી ઉપર અમોએ શાસ્ત્રના યથાર્થ સિદ્ધાંતને સમજાવનારા અને પોતાના અનુભવસિદ્ધ આપના જેવા સાધુઓ જોયા જ નથી. (૨) અહીં જે સાધુઓ જોવા મળે છે તે તો ધર્મપણાને પ્રસિદ્ધ કરવા માટે જનોને ઠગનારા તથા સ્ત્રી દ્રવ્ય અને રસાસ્વાદમાં આસક્તિવાળા, તેથી જ વિદ્વાનો હોવા છતાં પણ અબુધની પેઠે વર્તે છે. (૩) અમે સ્વામિનારાયણ અને તેમના આશ્રિત સંતોનું વૃત્તાંત લોકો દ્વારા સાંભળ્યું હતું ખરું પરંતુ કોઈએ પણ તેમનું માહાત્મ્ય તમારા જેવું સ્પષ્ટ કહ્યું ન હતું. (૪) અહીં વસનારા સંતો તો પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણના ગુણોમાં દોષોનું આરોપણ કરી તેને અનાદિ માયાના પાશથી બંધાયેલા અન્ય જનો જેવા કહે છે પરંતુ માયાના પાશને છોડાવનારા છે એમ તો કોઈ કહેતું નથી. (૫) અને અમો મોટા ધૂર્તો છીએ, પંડિતને પણ સભામાં ક્ષણમાત્રમાં પરાજિત કરી દઈએ છીએ અને આ લોકમાં કોઈપણ વિદ્વાનને પ્રણામ કરતા નથી. (૬) પરંતુ તમોએ ગુરુ શ્રી સ્વામિનારાયણના અનુગ્રહથી અમોને અત્યારે નિરુત્તર કરી દીધા છે. આથી અમોએ શ્રી સ્વામિનારાયણને સારી રીતે પરમેશ્વર જાણ્યા છે. અન્યથા અમારો પરાભવ કોણ પુરુષ કરી શકે તેમ છે ? (૭) આજથી આરંભીને અમો શ્રી સ્વામિનારાયણના જ છીએ આ પ્રમાણે નિશ્ચય જાણો. હે મુને ! માટે મુમુક્ષુ એવા અમોને શ્રી સ્વામિનારાયણ સમીપે લઈ જવાને તમો યોગ્ય છો. (૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે રામચંદ્રાદિનું વચન સાંભળીને હર્ષિત મનવાળા મુક્તાનંદમુનિ, દંભનો જેમણે ત્યાગ કર્યો છે એવા તેઓને, મુમુક્ષુ જામીને તેમના પ્રત્યે ફરી કહેવા લાગ્યા : (૯) હે દ્વિજો ! તમારી મતિ ઘણી ઉત્તમ છે અને તમો ખરેખર મુમુક્ષુઓ છો. અન્યથા તમારા મનમાં શ્રી સ્વામિનારાયણના પરમેશ્વરપણાનું વૃત્તાંત ક્યાંથી પ્રવેશ કરે ? (૧૦) હે દ્વિજો ! તમોએ પ્રતિદિન અમારી પાસે આવીને શ્રીહરિના ગુણો સાંભળવા. તેના શ્રવણથી દુષ્ટ સંગથી થયેલા સમગ્ર તર્કો નાશ પામશે. (૧૧) જે પુરુષો પ્રથમ સત્સંગ વડે જ ભગવાન શ્રી સ્વામિનારાયણનું માહાત્મ્ય જાણીને શ્રીહરિનું દર્શન કરે છે તે પુરુષોને દર્શન અત્યંત સુખકારી થાય છે. (૧૨) તમારા હૃદયમાં શ્રીહરિના પરમેશ્વરપણાનો સારી રીતે નિશ્ચય થયા પછી આપણે સાથે મળીને શ્રીહરિની પાસે જઈશું એમાં સંશય કરવો નહિ. (૧૩) આ પ્રમાણે મુક્તાનંદમુનિનું વચન સાંભળીને તેઓ પ્રસન્ન

મનવાળા અને આશ્ચર્યયુક્ત ચિત્તવાળા થઈને મુનિને પ્રણામ કરી પોતપોતાના સ્થાને ગયા. (૧૪) તે સભામાં બીજા જે તેમની સાથે આવેલા હતા તે સર્વે તેમનો પરાજય જોઈને ત્રાસ પામીને અને મુનિના વક્તવ્યથી વિસ્મય પામીને કંઈ પણ બોલ્યા વગર પોતપોતાને ઘેર ગયા. (૧૫) પછી વડોદરાના દરેક ઘરમાં દરરોજ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે એવી વાત થવા લાગી. તેને સાંભળીને મુમુક્ષુઓ મુક્તાનંદમુનિને શરણ આવવા લાગ્યા. (૧૬) મુક્તાનંદમુનિ રામચંદ્રાદિને જીતવાથી લગીરે આશ્ચર્ય પામ્યા નહિ કેમકે પોતાના હૃદયકમળમાં બિરાજમાન ભગવાન શ્રીહરિનો આ પ્રતાપ છે એમ તેઓ જાણતા હતા. (૧૭) હે ભૂમિપતે ! જે જનો પોતાની પાસે આવ્યા તેને મુનિ ઉપદેશ આપીને શ્રીહરિનો આશ્રય જ સારી રીતે કરાવતા હતા (૧૮) રામચંદ્રાદિ પણ મુનિની પાસે આવીને દરરોજ ભગવાન સંબંધી વાર્તાઓને આદરપૂર્વક સાંભળતા હતા. (૧૯) શ્રીહરિનું માહાત્મ્ય સાંભળવાથી તેમની શ્રીહરિમાં પ્રીતિ પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગી. તેથી શ્રીહરિના દર્શનની તીવ્ર તાલાવેલી લાગી. (૨૦) પછી મુનિ રામચંદ્રાદિની ભગવાનમાં પરમ શ્રદ્ધા જોઈને તેમને કહેવા લાગ્યા કે તમો શ્રીહરિનું ધ્યાન કરો. શ્રીહરિ આ પુરમાં જ અવશ્ય દર્શન આપશે. (૨૧) શ્વેતવસ્ત્ર ધારણ કરનારા, નવીન મેઘ સમાન અંગના વર્ણવાળા, વર્ણિવેશવાળા, મનોહર ભગવાન સ્વામિનારાયણનું ધ્યાન કરો. આમ મુક્તાનંદમુનિએ કહેલા રામચંદ્રાદિ પણ મુનિના સમીપે જ મુનિના કહેવા પ્રમાણે ધ્યાન કરવા લાગ્યા. (૨૨) સ્વસ્તિક આસનમાં બેઠેલા અને મુક્તાનંદમુનિના વાક્યમાં વિશ્વાસવાળા રામચંદ્રાદિ શ્રીહરિનું ધ્યાન કરતાં તત્કાળ જ પોતપોતાના અંતઃકરણમાં પ્રત્યક્ષ શ્રીહરિનું દર્શન કરવા લાગ્યા. (૨૩) શ્વેતપ્રકાશના મધ્યમાં રહેલા અતિ મનોહર શ્રીહરિને જોઈ પરમ આનંદને પામી ગયા અને પછી સમાધિમાંથી જાગ્રત થયા. (૨૪) પછી નાશ પામ્યા છે સંશયસમૂહ જેમના એવા, પ્રત્યક્ષ શ્રીહરિના દર્શનથી અત્યંત આનંદવાળા, રામચંદ્રાદિ મુક્તાનંદમુનિની આજ્ઞા પ્રમાણે દરરોજ શ્રીહરિની ભક્તિ કરવા લાગ્યા. (૨૫) પછી રામચંદ્રાદિ, પોતાનો આશ્રય કરનારા અને પોતાનામાં વિશ્વાસ રાખનારા જનોને, કહેવા લાગ્યા કે જેમને કલ્યાણની ઈચ્છા હોય તે મુક્તાનંદમુનિને શરણે જાઓ. (૨૬) રામચંદ્રાદિનો પૂર્વોક્ત નિશ્ચય જોઈને પુરવાસી હજારો જનો તથા રામચંદ્રાદિને આશરેલા લોકો શ્રીહરિ મહાપ્રભુનો સમાશ્રય કરતા હતા. (૨૭) નારૂપંત નામના રાજાના કારભારીએ સયાજીરાવ રાજાને અગાઉ બનેલું સર્વ વૃત્તાંત કહ્યું. સયાજીરાવ રાજા તે વૃત્તાંત સાંભળીને અચરજ પામી ગયા. (૨૮) ત્યારપછી વસંતપંચમીના દિવસે મહાસેનાથી વીંટાયેલા મહાબુદ્ધિશાળી રાજા સયાજીરાવે મુક્તમુનિની પાસે આવીને પ્રણામ કર્યા. (૨૯) પછી મુનિએ સન્માન કરાયેલા અને કુશળ સમાચાર પુછાયેલા રાજા મુનિની પાસે બેસીને મુનિની પ્રાર્થના કરવા લાગ્યા. (૩૦) આપ સરખા સાધુપુરુષોની કૃપાથી જ હું સુખી છું અને હાલમાં તો આપના દર્શનથી સવિશેષ સુખી થયો છું. (૩૧) જેમ તમોએ કૃપા કરી આ નગરમાં આવીને દર્શન આપ્યાં તેવી રીતે તમારા ગુરુએ પણ કૃપા કરી દર્શન આપવાં એવી તમો શ્રીહરિને પ્રાર્થના કરો. (૩૨) હે નિષ્પાપ ! મારા અંતઃકરણમાં

આપના ગુરુના દર્શનની તીવ્ર ઉત્કંઠા વર્તે છે માટે આ તમારા ગુરુનું અહીં આગમન તમોએ કરાવવું એવી હું આપને પ્રાર્થના કરું છું. (૩૩)

**મુક્તાનંદમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તમોએ હૃદયમાં આ ઘણું સારું વિચાર્યું છે પરંતુ તે પ્રભુ તો સ્વતંત્ર છે, છતાં પણ હું પ્રાર્થના અવશ્ય કરીશ. (૩૪) હે ભૂપાલ ! તમો સુજ્ઞ અને સદ્-અસદ્‌ના વિવેકને જાણનારા ઉત્તમ બુદ્ધિવાળા છો. તમારે વ્યાવહારિક રાજકાર્યો ઘણાં હોય છે. (૩૫) છતાં પણ તેમાંથી અવકાશ મેળવીને શ્રીહરિનું ચિંતવન કરવું. શ્રીહરિસ્મરણ જ પરલોકમાં સુખ આપનારું થાય. અન્ય કશું સુખદાયી નથી તે નિશ્ચયપણે જાણો. (૩૬) હે નરેન્દ્ર ! નિપુણ મતિવાળા જનોના શમ, દમ, શીલ, દયા, ક્ષમા વગેરે ગુણો હોય તે ગુણોનું ફળ ભગવાનના ચરણકમળમાં પ્રીતિ એ જ શાસ્ત્રમાં કહેલું છે. (૩૭) જો ભક્તિ વડે પોતાનું ચિત્ત શ્રીહરિના ચરણકમળમાં દૃઢ સ્થિતિને ન પામે તો પછી ભવસાગર ભ્રમણમાં કારણભૂત એવા અન્ય ગુણસમુદાયથી શું ફળ થાય ? - કંઈ પણ થતું નથી. (૩૮) સંસારરૂપી દાવાનળથી બળેલા અંતઃકરણવાળા અને નિરવધિ ઉત્તમ સુખને ખોળનારા પુરુષોને એક શ્રીહરિના ચરણકમળ જ સમગ્ર સુખનું મૂળ છે એમ શ્રુતિઓએ કહ્યું છે. (૩૯) સાક્ષાત્ ભગવાનના ચરણકમળના દર્શનથી સુખ થાય છે એ નિશ્ચય વાત છે તેમાં લગીરે આશ્ચર્ય નથી. સાંસારિક દાવાનળથી તપેલો જીવ પણ શ્રીહરિના ગુણના શ્રવણમાત્રથી શાંતિ પામે છે. (૪૦) આ લોકમાં ભક્તજનોના પાપાતિશયોને હરણ કરવામાં શ્રીહરિનું નામ સમર્થ થાય છે. તેમાં લગીરે આશ્ચય નથી. કેમકે જે શ્રીહરિનું નામ પરવશ જનોએ અનિચ્છાથી પણ ઉચ્ચારણ કરતાં પાપસમૂહોનો તત્કાળ નાશ કરે છે. (૪૧) પ્રત્યક્ષ ભગવાન વિના બીજા કોઈપણ ઉપાયોથી નિવારણ કરવા અશક્ય એવા (કામ-ક્રોધાદિ) આંતરશત્રુ અને બાહ્ય શત્રુઓના સમૂહથી પોતાના ભક્તજનોને સર્વ બાજુથી સર્વ પ્રકારે સારી રીતે રક્ષણ કરે છે અને તે ભક્તજનોને ક્ષણવાર પણ વિસારતા નથી માટે વિશ્વમાં ભગવાનનું પ્રભુ નામ સાર્થક છે. (૪૨) અંતર્યામી એવા તે પ્રભુ શરીર, પ્રાણો, બુદ્ધિ અને ઇન્દ્રિયોરૂપી પાશો વડે વીંટાયેલા સ્થાવર-જંગમ દેહવાળા પ્રાણીઓના હૃદયકમળમાં અંતર્યામી થઈને વર્તે છે તે દિવ્યમૂર્તિ શ્રીહરિ પૃથ્વીમાં સત્પુરુષોના અનુગ્રહથી પ્રાપ્ત કરાય છે. (૪૩) આ લોકમાં જે બુદ્ધિશાળી પુરુષો ભગવાનના ચરણકમળરૂપી નૌકાનો જ આશ્રય કરે છે તે તત્કાળ જ વિશાળ સંસારસાગરને તરી જાય છે તે નક્કી વાત છે અને જે આશ્રય નથી કરતા તેમને મગરમચ્છાદિરૂપી કામક્રોધાદિ તત્કાળ જ ખાઈ જાય છે. (૪૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે મુક્તાનંદમુનિએ ઉપદેશેલા અને તેથી પ્રસન્ન થયેલા રાજા સયાજીરાવ, મુનિ સમીપે બે ઘડી બેસીને, મુનિને પ્રણામ કરી પોતાને મહેલ ગયા. (૪૫) હે રાજન્ ! મુક્તમુનિ દરરોજ ઘણા જનોને શ્રીહરિનો સમાશ્રય કરાવતા થકા સાડા ત્રણ મહિના સુધી વડોદરા નગરમાં રોકાયા. (૪૬) પછી મુનિએ વડોદરાથી શ્રીહરિના દર્શન કરવા જવાની ઇચ્છા કરી. તે સમયમાં દૂતે આવીને મુનિને વડતાલ પધારવાનું કહ્યું. (૪૭) પછી મુનિ, નાથજી વગેરે

ભક્તો અને રામચંદ્રાદિની સાથે, ફાગણ સુદી એકાદશીના દિવસે વડતાલ પધાર્યા. (૪૮) તે સમયે રામચંદ્રાદિએ ભગવાન શ્રીહરિનાં દર્શન કર્યાં. વડોદરામાં સમાધિમાં જોયેલા જ આ પ્રભુને જોઈને પરમ આનંદ પામ્યા. (૪૯) મુક્તમુનિએ વડોદરામાં થયેલું સમગ્ર વૃત્તાંત શ્રીહરિને કહ્યું, તે વૃત્તાંત સાંભળીને પ્રસન્ન થયેલ શ્રીહરિએ મુક્તાનંદમુનિની સત્કારપૂર્વક પ્રશંસા કરી. (૫૦) હે નિષ્પાપ રાજન્ ! શ્રી મુક્તાનંદમુનિ વડોદરામાં ત્યાંના રહીશ રામચંદ્રાદિને કેવી રીતે જીત્યા એ વૃત્તાંત જેવું તમોએ પૂછેલું તે મેં તમોને સંક્ષેપથી કહ્યું. (૫૧) આ પ્રકારે ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનો પ્રતાપ છે, જે પ્રતાપથી દેશાંતરમાં પણ જેણે યોગસાધના કરી નથી એવાં જનોને પણ તત્કાળ સમાધિસિદ્ધિ થાય છે. આ સમાધિસિદ્ધિ અષ્ટાંગયોગનું સેવન કરાનારા જનોને પણ દુર્લભ છે. (૫૨)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં ત્રિયુગશબ્દાર્થનિર્ણયેવાદિપરાજયતત્કૃતહરિસમાશ્રય નિરૂપણ નામનો અઠ્ઠાવનમો અધ્યાય થયો. ॥૫૮॥

●

## અધ્યાય-૫૯

**પ્રતાપસિંહ રાજા બોલ્યા :**

હે સુવ્રતમુને ! શ્રીહરિની કથારૂપી અમૃતનું પાન કરતાં મને તૃપ્ત થતી નથી. માટે મને કથામૃતનું પાન ફરી કરાવો કારણ કે તમો કરુણાપૂર્ણ છો. (૧) હે મુનિવર્ય ! સ્વામિનારાયણ મહાપ્રભુ વડતાલથી ગઢપુર પધારી શું શું ચરિત્ર કરતા હતા તે બધું સાંભળવાની ઈચ્છાવાળા મને તમો કહો. (૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજશાર્દૂલ ! તમો સાંભળો. તમો કથારસને જાણનારા છો અને પવિત્ર બુદ્ધિવાળા છો. માટે ધર્મનંદન શ્રીહરિનું એક બીજું ચરિત્ર પણ હું તમોને કહું છું. (૩) ભગવાન શ્રીહરિ વડતાલથી પ્રસ્થાન કરી માર્ગમાં ભક્તજનોનાં ગામોમાં રહેતા રહેતા વૈશાખ સુદ પ્રતિપદાની તિથિએ સવારે ગઢપુર પહોંચ્યા. (૪) ત્યાં સ્નાનવિધિ તથા નિત્યકર્મ કરીને તે દિવસે કરવાનો કચ્છાવતાર ભગવાનનો મહોત્સવ કરીને ભગવાને સાધુ, વર્ણિ, બ્રાહ્મણોને આદરપૂર્વક જમાડ્યા. (૫) તે જ દિવસે જૂનાગઢથી હેમંતસિંહ રાજા અને ધોલેરાથી પૂંજાજી નામના રાજા ગઢપુરમાં આવ્યા. (૬) એકી સમયે જ પુરના દરવાજામાં પરસ્પરને મળી ગયેલા બન્ને રાજાઓ એકબીજાને ખબરઅંતર પૂછી, સાથે મળીને શ્રીહરિની સમીપે આવ્યા. (૭) ત્યાં પોતાના આસનમાં સુખપૂર્વક બેઠેલા શ્રીહરિને પ્રણામ કરી તેમની આજ્ઞાથી બન્ને જણા શ્રીહરિની આગળ નમ્રતાપૂર્વક બેઠા ત્યારે શ્રીહરિએ બન્નેનું સન્માન કર્યું અને કુશળ પૂછયા. (૮) ત્યારે શ્રીહરિએ આદરપૂર્વક સન્માનિત કરેલા ને ભગવાનના દર્શનથી પરમાનંદ પામેલા તે બન્નેએ ઉત્તમ રાજાના ભવનમાં પોતાનો નિવાસ કર્યો. (૯) ત્યારબાદ ચંદનયાત્રા (જેઠ સુદ પૂર્ણિમા)ના ઉત્સવના અંતે હેમંતસિંહ અને

પૂંજાજી બન્ને સ્વનિવાસમાં સિંહાસન ઉપર બિરાજમાન શ્રીહરિને નમસ્કાર કરી તેમની આગળ બેઠા. (૧૦) પોતાને કંઈક રજૂઆત કરવી છે તેના માટે અવકાશ પામતાં બે હાથ જોડીને હેમંતસિંહ રાજા શ્રીહરિ પ્રત્યે બોલ્યા : હે ભગવન્ ! તમો મારું વચન સાંભળો. (૧૧) હે ભગવન્ ! તમો જૂનાગઢમાં શ્રી રાધાકૃષ્ણનું મંદિર કરાવો. જૂનાગઢમાં મંદિર કરવાની મારી અને પુરવાસી અન્ય ભક્તજનોની અભિલાષા છે. (૧૨) અમારા દેશના અધિપતિ બાદરખાં નામના મુસ્લિમ રાજા છે. તેઓ પણ મંદિર કરવા અનુમોદન આપે છે. (૧૩) હે સ્વામિન્ ! અમારા મનોરથને આપ પૂર્ણ કરો; કેમકે હમણાં તમો આવા મનોરથો ભક્તકલ્યાણ માટે પરિપૂરણ કરો જ છો. (૧૪) હે નૃપ ! આટલું કહીને હેમંતસિંહ રાજા વિરામ પામતાં પુંજાજી રાજા પણ બે હાથ જોડીને હેમંતસિંહની માફક શ્રીહરિ પ્રત્યે બોલ્યા : (૧૫) હે ભગવન્ ! મારો પણ એ જ મનોરથ છે જે ધોલેરામાં આપ મંદિર કરાવો. મારા સંબંધીજનો અને સેવકોનો પણ એ જ મનોરથ છે. (૧૬) આ પ્રમાણે તે બન્ને ભક્તોએ પ્રાર્થના કરેલા અને ભક્તોની ઈચ્છા પરિપૂર્ણ કરનારા ભગવાન શ્રીહરિ તેઓ બન્નેનું સન્માન કરતા થકા બોલ્યા : (૧૭) નિષ્કપટ બુદ્ધિવાળા ! તમો બન્નેએ આ પ્રકારે ભગવાનનું મંદિર બનાવવાનું વિચાર્યું છે તે સારું જ છે. હે ઉત્તમ વ્રતવાળા ! મારી પણ એવી જ ઈચ્છા છે એમ તમો નક્કી જાણો. (૧૮) તમારા બંનેના નગરમાં હું મંદિરો બનાવરાવીશ અને હું ત્યાં આવીને તે મંદિરોમાં શ્રીકૃષ્ણની સ્થાપના અવશ્ય કરીશ. (૧૯) આ પ્રમાણે બન્ને ભક્તજનોને કહીને પછી શ્રીહરિ ભગવાન બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે બોલ્યા : "હે નિષ્પાપ મુને ! તમો હેમંતસિંહ રાજા સાથે જૂનાગઢ જાઓ. (૨૦) ત્યાં સુશોભિત મજબૂત પાષાણનું મંદિર બનાવરાવો. હે મુને ! શ્રીકૃષ્ણ પ્રતિષ્ઠા સમયે હું ત્યાં આવીશ." (૨૧) આ પ્રમાણે આજ્ઞા પામેલા બ્રહ્માનંદમુનિએ હાથ જોડીને 'બહુ સારુ' એમ કહ્યું. પછી શ્રી નારાયણમુનિ પોતાની આગળ રહેલા અદ્ભુતાનંદમુનિ પ્રત્યે બોલ્યા : (૨૨) "હે મુને ! તમો પુંજાભાઈ સાથે ધોલેરા જાઓ. ત્યાં તમો ભગવાનનું સુંદર મંદિર બનાવરાવો." (૨૩) આ પ્રમાણે શ્રીહરિએ આજ્ઞા કરેલ અદ્ભુતાનંદ મુનિ પણ 'હે પ્રભો ! આપ જેમ આજ્ઞા કરો છો તેમ હું કરીશ' એમ બોલ્યા પછી તે સૌ નૃસિંહચૌદશ સુધી ગઢપુરમાં રોકાયા. (૨૪) તે ઉત્સવની સમાપ્તિ થતાં, ભગવાને જવાની આજ્ઞા આપેલા તે બન્ને રાજાઓ આનંદપૂર્ણ અંતઃકરણવાળા થઈને તે મુનિઓને સાથે લઈને પોતપોતાના નગરે ગયા. (૨૫) બ્રહ્માનંદમુનિ અતિ ચતુર રતનો-જેઠો વગેરે શિલ્પીઓ દ્વારા ઊંચું અને વિશાળ મંદિર કરાવતા હતા. પુરવાસી ભક્તો બ્રહ્માનંદમુનિના કહ્યા પ્રમાણે પદાર્થો તત્કાળ લાવી આપતા હતા. (૨૬) તે જ પ્રકારે ધોલેરામાં અદ્ભુતાનંદમુનિએ શિલ્પીઓ પાસે શુભ મંદિર કરાવ્યું. અને પુરવાસી જનો તે મુનિ કહે તેમ કરતા હતા. (૨૭) હેમંતસિંહ અને પુંજાજી રાજા વગેરે ગયા પછી શ્રીહરિએ રામપ્રતાપ અને ઈચ્છારામે સહિત વૈશાખ વદી પાચંમને દિવસે બ્રહ્મવૈવર્તપુરાણ સાંભળવાનો આરંભ કર્યો. (૨૮) શ્રીહરિ મહાપ્રભુએ ગણપતિની જન્મતિથિ ભાદરવા સુદી ચોથને દિવસે પુરાણશ્રવણની સમાપ્તિ કરાવી. (૨૯) શ્રીહરિએ ભાદરવા સુદી ચોથને દિવસે મૃત્તિકાની મૂર્તિવાળા ગણપતિનું ધામધૂમપૂર્વક પૂજન કર્યું. ગણપતિની પ્રસન્નતા માટે પ્રભુએ ઘણા ઘીથી ભરેલા ગોળના લાડુઓ વડે

બ્રાહ્મણોને જમાડ્યા. (૩૦) પછી શ્રીહરિ પ્રતિદિન પંચમ સ્કંધની કથા પ્રીતિપૂર્વક સાંભળતા હતા. પંચમસ્કંધનું શ્રવણ ધનતેરશને દિવસે સમાપ્ત કરાવ્યું. એ વક્તા પુરાણીને વસ્ત્રધનાદિનાં દાન વડે સંતુષ્ટ કર્યા. (૩૧) પછી ધનતેરશના બીજા દિવસે (અનંતચતુર્દશીના રોજ) શ્રીહરિએ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર મોટા ઉત્સવપૂર્વક હનુમાનજીનું પૂજન કર્યું. પછી હનુમાનજીની પ્રસન્નતા માટે પોતાના નૈષ્ઠિક બ્રહ્મચારીઓનું પૂજન કર્યું. (૩૨) પછી શ્રીહરિએ દીપોત્સવ તથા અન્નકૂટનો મહોત્સવ કરીને પોતાનાં માતાપિતા ધર્મ અને ભક્તિનો જન્મોત્સવ કરવા માટે કાર્તિક સુદી ચોથને દિવસે વડતાલ જવા માટે ગઢપુરથી પ્રસ્થાન કર્યું. (૩૩) તે સમયે પોતાની પત્નીઓએ સહિત શ્રીહરિના બંધુજનો, સ્ત્રીઓએ સહિત ગઢપુરવાસી જનો અને પોતાના પરિવારજનો સહિત ઉત્તમ રાજા શ્રીહરિની પાછળ ચાલ્યા. (૩૪) અશ્વ ઉપર આરૂઢ થયેલા અને જેમની પાછળ હજારો ઘોડેસવારો ગતિ કરી રહ્યા છે તથા માર્ગમાં ભક્તસમૂહોથી પૂજન કરાતા ભગવાન શ્રીહરિ કાર્તિક સુદી ગોપાષ્ટમી તિથિએ દિવસના ચોથા મુહૂર્તમાં વડતાલ પહોંચ્યા. (૩૫) ત્યારે પુરવાસી અને યાત્રા માટે આવેલા ભક્તસમૂહોએ મંગલકારી વાજિંત્રોના નાદોપૂર્વક સન્મુખ જવાયેલા શ્રીહરિએ વડતાલમાં પ્રવેશ કરી અતિશય પ્રેમપૂર્વક તત્કાળ શ્રી લક્ષ્મીનારાયણનાં દર્શન કર્યાં. (૩૬) પછી શ્રીહરિ પોતાના નિવાસસ્થાને ઉતારો કરી પોતાના ભક્તોને યથાયોગ્ય ઘરોમાં અલગ અલગ ઉતારાઓ કરાવીને દૂતોને બીજાં નગરોમાં મોકલીને ત્યાંથી જન્મોત્સવ કરવા માટેની સામગ્રીઓ મંગાવી. (૩૭) ત્યારબાદ બીજા દિવસે કૃતયુગની આદિ તિથિ નવમીના રોજ બ્રાહ્મણોને ગાયો, વસ્ત્રાલંકાર વગેરે દાનો આપ્યા પછી દશમીને દિવસે પોતાની માતા ભક્તિના વાર્ષિક શ્રાદ્ધમાં હજારો બ્રાહ્મણોને ઇચ્છિત ભોજન કરાવ્યા. (૩૮) હે રાજન્ ! ઉદાર મનવાળા શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ સંવત ૧૮૮૨ના કાર્તિક સુદ એકાદશીના દિવસે વાજિંત્રોના નાદો સાથે મહાપૂજાવિધિથી ચક્રવર્તી રાજાની માફક શ્રી ધર્મજન્મોત્સવ કર્યો અને ઉત્તમ વસ્ત્રો અને દાનદક્ષિણાથી બ્રાહ્મણોનું પૂજન કર્યું. (૩૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં પુનર્વૃત્તાલયાગમન શ્રીધર્મદેવજન્મોત્સવનિરૂપણ નામનો ઓગણસાઠમો અધ્યાય થયો. ॥૫૯॥

●

## અધ્યાય-૬૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારપછી સાંજના સમયે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરના પ્રાંગણમાં, સ્વર્ગમાં સુધર્મા નામની દેવસભાની પેઠે, મોટી સભા થઈ. (૧) હે રાજન્ ! સભામાં સર્વે ભક્તો-સ્ત્રીઓ અને પુરુષો આવીને યથાયોગ્ય બેસી ગયા. શ્રીહરિ સિંહાસન ઉપર વિરાજમાન થયા. (૨) પુત્રોએ સહિત રામપ્રતાપભાઈ તથા પુત્રોએ સહિત ઇચ્છારામભાઈ આ બંનેય, સભામાં આવીને શ્રીહરિની આગળ બેઠા. (૩) મુખ્ય વર્ણિરાજ મુકુન્દાનંદ તથા જયાનંદ અને વાસુદેવાનંદ છે મુખ્ય જેમાં એવા બીજા વર્ણિઓ સભામાં બેઠા. (૪) સાધુઓમાં શ્રેષ્ઠ મુક્તાનંદ, બ્રહ્માનંદ, ગોપાળાનંદ,

નિત્યાનંદ વગેરે સમગ્ર સાધુઓ સભામાં બેઠા. (૫) હે નરાધિપ ! શિવરામ, મયારામ, દીનાનાથ વગેરે વિદ્વાનો અને બ્રાહ્મણો તથા અન્ય સાધુપુરુષો સભામાં બેઠા. (૬) દાદાખાચર, સુરાખાચર, વસ્તાખાચર, કાકાભાઈ, પુંજાજી, સોમલાખાચર અને હેમંતસિંહ વગેરે રાજાઓ તે સભામાં બેઠા. (૭) ભગુજી, રતનજી, વીરાજી, અલૈયાખાચર વગેરે ક્ષત્રિય શ્રેષ્ઠો અને રણછોડ, નાથજી વગેરે વૈશ્ય ભક્તજનો સભામાં બેઠા. (૮) જમા, રમા, લલિતા, અમરી, પુંજી, ગંગા,રેવા, તથા બીજી રેવાબહેન અને મોંઘીબાઈ વગેરે જેમાં મુખ્ય છે એવી બાઈઓ સભામાં બેઠી. (૯) સભામાં સર્વે બેસી ગયા ત્યારે પોતાની ધર્મધુરા ધર્મવંશમાં ધારણ કરવાની ઈચ્છાવાળા શ્રી નારાયણમુનિ રામપ્રતાપ તથા ઈચ્છારામ પ્રત્યે બોલ્યા : (૧૦) હે ભાઈઓ ! તમો બન્ને સર્વજનોના હિતને કરનારી મારી વાણી સાંભળો. હું મારા મનમાં અતિ નિશ્ચય કરેલું પ્રયોજન સત્ય કહું છું. (૧૧) આ લોકમાં જનોના ગુરુપણામાં જે મારો અધિકાર છે તે અધિકાર શ્રી રામાનંદસ્વામી મહામુનિએ મને બળપૂર્વક આપેલો છે. (૧૨) ગુરુ આજ્ઞા અવશ્ય પાલન કરવી જોઈએ એવી બુદ્ધિથી મેં અદ્યાપિ પર્યંત, ધર્મે સહિત ભક્તિનું પોષણ કરવા ઈચ્છતાં, ધર્મધુરા વહન કરી. (૧૩) હાલમાં હું પંચમ સ્કંધનું વારંવાર શ્રવણ કરવાથી, પૂર્વે ભરતજી જડવિપ્ર થકા વર્તતા હતા તેમ, નિવૃત્તિ માર્ગમાં રહેવા માટે ઉત્સાહવાળો થયો છું. (૧૪) ત્યાગ કરેલ છે પ્રવૃત્તિમાર્ગ જેમણે એવો હું, દરરોજ દશમ સ્કંધનો પાઠ અને શ્રવણ કરતો થકો, શ્રીકૃષ્ણની ભક્તિ કરીશ, બીજું કંઈ પણ નહિ કરું. (૧૫) માટે તે ધર્મધુરા આપણા પિતા ધર્મના વંશમાં ધારણ કરાવુ આવી મારી ઈચ્છા છે, માટે મારે ઈચ્છિત એવા તમારા બન્નેના એક એક પુત્રની માગણી કરું છું. (૧૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે સહજાનંદ મહાપ્રભુજીની વાણી સાંભળીને પ્રથમ શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપજી બોલ્યા : હે હરે ! મારે ત્રણ પુત્રો છે તેમાંથી જે પુત્ર તમારે ઈચ્છિત હોય તે ગ્રહણ કરો. (૧૭) પછી નાનાભાઈ ઈચ્છારામજી બોલ્યા : હે હરે ! મારા પાંચ પુત્રોમાંથી તમારે જેને ગ્રહણ કરવાની ઈચ્છા હોય તે હમણાં જ ગ્રહણ કરો. (૧૮) બન્ને ભાઈઓનું આવું વચન સાંભળી પ્રસન્ન થયેલા શ્રીહરિ બોલ્યા : હે મોટાભાઈ ! તમો અયોધ્યાપ્રસાદ નામના તમારા પુત્રને આપો. (૧૯) હે ઈચ્છારામ ! તમો રઘુવીર નામના પુત્ર મને આપો. આ પ્રમાણે શ્રીહરિએ કહેલા બન્ને ભાઈઓ, શ્રીહરિએ કહેલા નામવાળા પોતપોતાના પુત્ર, શ્રીહરિને આપવા માટે તત્પર થઈ ગયા. (૨૦) પછી શ્રીહરિએ વૈદિક વિપ્રવર્યો પાસે ધર્મશાસ્ત્રમાં કહેલ દત્તવિધિ કરાવી, ગીતાવાજિંત્રોના મંગલ ધ્વનિપૂર્વક, જેમને વિષે સર્વજનોને અનુરાગ છે એવા, અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને દત્તપુત્ર તરીકે અંગીકાર કર્યા. (૨૧) પછી તે બન્નેને પોતાના જ આસનમાં બેસારીને મહામૂલ્ય વસ્ત્રાભૂષણ વડે સન્માન કરીને, પોતાના સર્વ ભક્તજનો પાસે આનંદપૂર્વક તેમનું પૂજન કરાવ્યું. (૨૨) ત્યારબાદ ભગવાન શ્રીહરિ પુત્રો પ્રત્યે બોલ્યા : હે પુત્રો ! તમો મારું વચન સાંભળો. આપણા ઈષ્ટદેવ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ છે. (૨૩) હે પુત્રો ! પૃથ્વી ઉપર અનેક શ્રીકૃષ્ણનાં મંદિરો મેં કરાવ્યાં છે. અને તે મંદિરોની આજીવિકાઓ પણ દશાંશ-વીશાંશ દ્વારા બાંધેલી છે. (૨૪) તે

મંદિરોમાં બે મંદિરો મુખ્ય છે. એક શ્રીનગરમાં (અમદાવાદ) નરનારાયણનું મંદિર છે અને બીજું આ વડતાલમાં લક્ષ્મીનારાયણનું મંદિર છે. (૨૫) બન્ને મંદિરોના મધ્યવિભાગ વડે આ ભારત નામનો ખંડ બે પ્રકારે વિભાગ કર્યો છે. તે નામથી નરનારાયણ દેશ વિભાગ અને આ લક્ષ્મીનારાયણ દેશ વિભાગ એવા નામથી કહેવાશે. (૨૬) આ દક્ષિણ ખંડમાં જે જે ધન, ધાન્ય, વસ્ત્રાદિ વસ્તુઓ ધર્માદારૂપે આપે તે તે લક્ષ્મીનારાયણનું જ છે. (૨૭) આ પ્રમાણે ઉત્તરખંડમાં પણ જનો ધર્મ નિમિત્તે જે જે આપે તે નરનારાયણનું જ છે. આ પ્રકારે મેં વ્યવસ્થા નક્કી કરી છે. (૨૮) એક એક ખંડમાં મારા આશ્રિત જનોના ગુરુપદ, ધર્મમર્યાદાની રક્ષા માટે, તમોને બન્નેને જુદું જુદું આપ્યું છે. (૨૯) આવી રીતે પોતાના પુત્રોને કહીને ભગવાન શ્રીહરિ મહાપ્રભુ શુકાનંદમુનિ પાસે પોતાના કહેલા અર્થનો વિસ્તાર જેમાં છે એવી બે પત્રિકાઓ (દેશવિભાગના લેખરૂપે) લખાવી. (૩૦) હે રાજન્ ! તે પત્રિકાઓ પોતાના કરકમળમાં ગ્રહણ કરીને ઉદાર મનવાળા શ્રી સ્વામિનારાયણ ભગવાને 'આમાંથી એક એક પત્રિકાને ગ્રહણ કરો' એમ બન્ને પુત્રોને કહ્યું. (૩૧) ત્યારે તે બન્ને પુત્રોએ ભગવાનની આજ્ઞા મુજબ એક એક પત્રિકા ગ્રહણ કરીને વિના વ્યાકુળતાએ તેની અંદર લખેલું શ્રીકૃષ્ણનું નરનારાયણ અને લક્ષ્મીનારાયણ-એવું નામ પૃથક્ પૃથક્ જોયું. (૩૨) તેમાં લક્ષ્મીનારાયણ સંબંધી દેશની પત્રિકા રઘુવીરજીએ પ્રાપ્ત કરી અને નરનારાયણ સંબંધી દેશની પત્રિકા અયોધ્યાપ્રસાદજીએ પ્રાપ્ત કરી. (૩૩) તે પત્રિકાપ્રાપ્તિ જોઈને શ્રીહરિએ સર્વ આશ્રિતજનોને કહ્યું : હે જનો ! આજથી આરંભીને અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તમારા આચાર્યરૂપે સ્થાપન કરેલા છે એમ નિશ્ચય જાણો. (૩૪) નરનારાયણદેવ દેશમાં જે મારા આશ્રિતો રહેતા હોય તેઓ તો અયોધ્યાપ્રસાદજીના શિષ્યો છે એમ નક્કી જાણો. (૩૫) લક્ષ્મીનારાયણ દેવના દેશમાં રહેલા મારા શિષ્યો હોય તે બધા રઘુવીરજીના શિષ્યો છે એમ જાણો. (૩૬) દક્ષિણ વિભાગ અને ઉત્તરવિભાગરૂપ બે ખંડોમાં રહેલી સ્ત્રીઓ માટે બન્ને આચાર્યોની પત્નીઓ ગુરુપદે ઉપદેશક જાણવી. આ પ્રમાણે મેં સ્થાપન કરેલી મર્યાદા સર્વથા યોગ્ય અને શાસ્ત્રસિદ્ધ છે. (૩૭) ધર્મવંશમાં જન્મેલા આ આયોધ્યાપ્રસાદ અને રઘુવીર બન્નેને તમોએ ધર્મદેવની પેઠે માનવા અને પૂજવા. પોતાની શક્તિ પ્રમાણે અન્ન, વસ્ત્ર, ભૂષણ, ધનાદિ વડે સેવવા યોગ્ય છે. (૩૮) જે જનો આ મારા બન્ને પુત્રો તથા આ વંશમાં થનારા ગુરુપદમાં રહેલાઓનો આશ્રય કરશે તેમને ભગવાન શ્રીકૃષ્ણ દેહાંતે પોતાના ધામમાં લઈ જશે. (૩૯) હે રાજન્ ! આ પ્રમાણે પોતાના આશ્રિતોને કહીને પછી શ્રીહરિ ફરીથી પોતાના પુત્રોને કહેવા લાગ્યા : હે પુત્રો ! તમારે બન્ને જણાએ પોતપોતાના દેશમાં રહેલા જનોને જ પોતાના શિષ્ય કરવા, પરંતુ બીજાના દેશમાં રહેલા શિષ્ય ન કરવા. (૪૦) અને પોતપોતાના દેશમાં રહેલા જનોએ આપેલાં અન્નવસ્ત્રાદિ ગ્રહણ કરવા, પણ કોઈ સ્થળે કે સમયે બીજાના દેશના જનનું અન્નવસ્ત્રાદિ ગ્રહણ કરવું નહિ. અને સાધુઓ, બ્રહ્મચારીઓ અને પાર્ષદો છે તેમને બન્ને આચાર્યોએ સમાન જાણવા. પરંતુ તેમનો વિભાગ સમજવો નહિ. (૪૧) તે બધા તો પક્ષપાત રહિત તમારી સેવા કરશે-કરાવશે. તેમાં જે પક્ષપાત કરશે તે ધર્મથી ભ્રષ્ટ થશે અને અધોગતિને પામશે. (૪૨) વળી તમારા બન્નેના શિષ્ય અને દ્રવ્ય સંબંધી વિવાદના નિર્ણયમાં

ધર્મનિષ્ઠ બે ગૃહસ્થ રાખવા અને તેમને નિર્ણય સોંપવો. સાધુ વગેરેને ક્યારેય પણ વિવાદના અર્થનિર્ણયમાં જોડવા નહિ. (૪૩) અને તમારા બન્નેની સ્ત્રીઓ તેમણે સ્વાશ્રિત સ્ત્રીઓના ધનવિવાદના નિર્ણય માટે બે-બે સધવા સ્ત્રીઓ રાખવી, પરંતુ વિધવા સ્ત્રીઓ ન રાખવી. (૪૪) જ્યાં ગૃહસ્થજનના કાર્યના નિર્ણયમાં ગૃહસ્થજનોથી બીજા સાધુઓ અને વિધવાઓ હોય તે ગૃહસ્થનું કાર્ય સિદ્ધ થાય નહિ પરંતુ કર્તવ્યાર્થનો ઊલટાનો વિનાશ થાય. (૪૫) તમો બન્નેએ મેં માનેલાં આઠ સચ્છાસ્ત્રોને અવલંબીને જ સદા વર્તવું અને સંપ્રદાય અનુસાર શિષ્યોને વર્તાવવા. (૪૬) મેં તમો બન્નેને આ મંદિરાદિ અર્પણ કર્યાં છે તે પોતાના બાહુબળથી સંપાદન કરેલું છે. માટે એમાં પિતા ધર્મ કે બંધુઓ રામપ્રતાપ કે ઇચ્છારામ વગેરે કોઈનો પણ હક નથી તે નિશ્ચય જાણો. (૪૭) મને બદરીપતિ ઋષિનારાયણની માફક તપ-પ્રિય નૈષ્ઠિક બ્રહ્મચારી જાણો. પોતાના ધામથી આ લોકમાં પોતાની ઇચ્છાથી આવેલો છું અને ફરીથી સ્વધામ જઈશ એમ જ જાણો. (૪૮) જેને મારે આપવાની ઇચ્છા હતી તેને મેં સ્વતંત્રપણે મારું આ પૂર્વે કહેલું આપ્યું છે માટે મારા આ આપેલામાં કોઈનો પણ (તમારા ભાઈઓ વગેરેનો) ભાગ નથી જ. (૪૯) તમારે વધારે પુત્રો હોય તોપણ ગુરુપણાના સ્થાનમાં ગુણવાન એક પુત્ર સ્થાપવો. આમાં મોટા પુત્રને જ આચાર્યપદે સ્થાપવો એવો નિયમ નથી. (૫૦) જે પુત્રમાં ધર્મનિષ્ઠ જનોની પ્રીતિ હોય, જે આશ્રિતજનોના ધર્મનું રક્ષણ કરવા સક્ષમ હોય, પોતાના ઉદ્ધવ સંપ્રદાયમાં કહેલા ધર્મમાં નિષ્ઠાવાન હોય તે પુત્ર આચાર્યપદ ઉપર અધિષ્ઠાન કરે. (૫૧) જો પોતાનો પુત્ર તેવા લક્ષણવાળો ન હોય તો મારી માફક દત્તવિધિથી પોતાના પુત્રથી બીજો ધર્મવંશનો પુત્ર દત્તક તરીકે સ્વીકારીને ગુરુપદમાં સ્થાપન કરવો. ગુણરહિત સ્વપુત્રને સ્થાપન કરવો નહિ. (૫૨) આ પ્રકારે મારી આજ્ઞા મારા આશ્રિત તમોએ-આચાર્યોએ અને સર્વ આશ્રિત સત્સંગીઓએ યથાયોગ્ય પાલન કરવી. જે મારા કહેવાથી વિરુદ્ધ વર્તશે તે મારા શિષ્યોથી બહિષ્કૃત(વિમુખ) છે એમ જાણવું. (૫૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે સર્વ ભક્તજનોએ શ્રીહરિનું વચન સાંભળીને પ્રણામ કરવા પૂર્વક હર્ષપૂર્વક શ્રીહરિનું વચન મસ્તકે ચઢાવ્યું. આચાર્યપદને પામેલા અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી બંને જણ ઉદાર મનવાળા ભગવાન શ્રીહરિને પ્રણામ કરી આ પ્રમાણે કહેવા લાગ્યા : (૫૪) હે ભગવન્ ! તમો પૃથ્વી ઉપર પ્રગટ કરેલ છે મહિમા જેમણે એવા સાક્ષાત્ પરમેશ્વર છો. સ્વેચ્છાથી અહીં મનુષ્યરૂપે પ્રગટ થયા છો, સર્વ મનુષ્યોને પરમ પ્રીતિથી આરાધના કરવા યોગ્ય છો. તમો નારાયણ ઋષિની પેઠે નૈષ્ઠિક ધર્મમાં રહેલા છો એ નિશ્ચય વાત છે - આ પ્રકારે અમારા ચિત્તમાં નિશ્ચય થયેલો છે. હે પ્રભો ! તમારી આજ્ઞામાં રહેલા અમોને ક્યારેય પણ ધર્મહાનિ ન થાય, દેહમાં અહંબુદ્ધિ ન થાય અને દેહના સંબંધીઓમાં અતિ મમતા ક્યારેય ન થાય, પરંતુ અમારી મમતા તમારા ચરણકમળમાં જ થાઓ. (૫૫) આ પ્રમાણે બન્ને આચાર્યોનું વચન સાંભળીને ભગવાન શ્રીહરિએ પોતાના ચરણોમાં નમસ્કાર કરતા પોતાના બન્ને પુત્રોને શુભાશિષથી પ્રસન્ન કરી, પોતાના ભક્તજનો સાથે ભગવાનના ગુણકીર્તનોથી જાગરણ કર્યું. (૫૬) શ્રીહરિએ બારશના

દિવસે બહુવિધ ભક્ષ્યભોજ્ય-લેહ્યાદિ પદાર્થો વડે બ્રાહ્મણો અને સંતમંડળોને જમાડી તૃપ્ત કરીને, અન્નાર્થીઓ અને બીજા જનોને માનપૂર્વક તૃપ્ત કરીએ પછી ભાઈઓ વગેરે સાથે પારણાં કર્યાં. (૫૭) પછી શ્રીહરિ મહાપ્રભુએ બે દિવસમાં જ સામગ્રીઓ એકઠી કરાવીને કાર્તિક સુદ પૂર્ણિમાની રાત્રિએ ભક્તિમાતાનો જન્મમહોત્સવ ઊજવ્યો. પૃથ્વીના શ્રેષ્ઠ રાજાઓ પણ જે મહોત્સવ સાંભળીને વિસ્મય અને આદરપૂર્વક પોતાની સભામાં પ્રશંસા કરવા લાગ્યા. (૫૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
આચાર્યસ્થાપનતચ્છિક્ષાશ્રીભક્તિદેવી જન્મોત્સવ નિરૂપણ નામનો સાઈઠમો અધ્યાય થયો. ॥૬૦॥

●

## અધ્યાય-૬૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારબાદ ભક્તિજન્મોત્સવના અંતે વડતાલમાં સુખપૂર્વક બિરાજમાન ભગવાનની સમીપે નારૂપંત (સયાજીરાવ રાજાના મંત્રી) ઘોડેસવારો સહિત વડોદરાથી આવ્યા. (૧) આવીને ભગવાનને ભાવપૂર્વક પ્રણામ કરવા લાગ્યા. પ્રણામ કરતા તે પોતાના ભક્ત અને રાજાના અમાત્ય નારૂપંતનું શ્રીહરિએ યથાયોગ્ય સ્વાગતાદિ વડે સન્માન કર્યું. (૨) ભગવાનની નિશ્રામાં બેઠેલા નારૂપંત બે હાથ જોડીને બોલ્યા : "હે સ્વામિન્ ! સયાજીરાવ રાજાએ આપને ખૂબ ખૂબ નમસ્કાર કહ્યા છે તે આપ સ્વીકાર કરો. (૩) તે રાજાએ આપને વડોદરા પધારવા માટે આમંત્રણ આપી આપને ત્યાં લઈ જવા સારુ મને મોકલ્યો છે; તેમના મનમાં આપના દર્શન કરવાની તીવ્ર ઇચ્છા વર્તે છે તે નિશ્ચય વાત છે. (૪) હે પ્રભો ! જે દિવસે તેમણે મુક્તાનંદમુનિનું દર્શન કર્યું ત્યારથી આરંભીને તેઓ સર્વદા હૃદયમાં આપનું ચિંતવન કર્યા કરે છે. (૫) આથી આપે તે સયાજીરાવ રાજાનો મનોરથ હાલમાં પૂરો કરવો જોઈએ." તે સમયે મુક્તાનંદમુનિ પણ બોલ્યા : "હે હરે ! આ કાર્ય તો અવશ્ય કરવા યોગ્ય છે." (૬) પછી ભગવાન નારૂપંતને આનંદ પમાડતા થકા વચન બોલ્યા : "તે સયાજીરાવ રાજાનો મારે વિષે નિષ્કપટ ભક્તિભાવ છે તે હું જાણું છું. (૭) હે નિષ્પાપ ! આ વૃત્તાંત તો મુક્તાનંદમુનિએ તમારા આગમન પહેલાં જ તેવી રીતે મને કહ્યું હતું. વળી તમારું વચન અધિકારપણે અને ભક્તપણે માનનીય હોવાથી હું અવશ્ય વડોદરા આવીશ. "(૮) હે નૃપ ! આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું એટલે પ્રસન્ન થયેલ નારૂપંતે શ્રીહરિને પ્રણામ કરી સયાજીરાવ મહારાજાએ મોકલેલી ભેટો શ્રીહરિને અર્પણ કરી. (૯) બહુમૂલ્ય વસ્ત્રો તેમજ વિવિધ પ્રકારનાં ફળો વગેરે શ્રીહરિને અર્પણ કરી શ્રીહરિએ આજ્ઞા કરેલા નારૂપંત પોતાને ઉતારે ગયા. (૧૦) તે સમયે શ્રીહરિએ ઓઢવાલાયક મહાવસ્ત્ર મુક્તાનંદમુનિને આપી અને ફળો સર્વ સાધુઓને આપી પોતે સ્વનિવાસસ્થાને પધાર્યા. (૧૧) પછી પ્રભાતે શ્રીહરિ નારૂપંતને બોલાવીને કહ્યું કે આજ જમીને તમો આગળ જાઓ અને અમારા આગમનની વાત રાજાને નિવેદન કરો. (૧૨) હું અનુયાયી જનોએ સહિત (કાર્તિક સુદ) પંચમીના રોજ વડોદરા આવીશ એમાં જરાપણ સંશય નથી. આ પ્રમાણે કહેલા નારૂપંત શ્રીહરિને પ્રણામ કરી ભોજન કરી વડોદરા ગયા. (૧૩)

ત્યાં પહોંચી સર્વ વૃત્તાંત મહારાજાને કહ્યો. તેને સાંભળીને હર્ષિત થયેલા મહારાજાએ મસ્તુબાગમાં શ્રીહરિનો ઉતારો તૈયાર કરાવ્યો. (૧૪) હે રાજન્ ! ચતુર્થી તિથિએ ભોજન કરીને મુનિઓએ સહિત ભગવાન શ્રીહરિએ ઉત્તમ ઘોડેસવારો સાથે અશ્વારોહણ કરી, જેમની પાછળ પોતાના પદાતિ પાર્ષદગણો ચાલે છે એવા થકા વડોદરા જવા માટે પ્રસ્થાન કર્યું. (૧૫) માર્ગમાં ભક્તગણોથી પૂજન કરાયેલા અને અન્યજનો દ્વારા આશ્ચર્યપૂર્વક જોવાયેલા શ્રીહરિ મહાપ્રભુ સેવકો સાથે મહી નદીને ઊતરીને સાંકરદા ગામ પહોંચીને ત્યા રોકાયા. (૧૬) ગણેશભાઈ વગેરે ભક્તજનોએ આદરપૂર્વક જેમનું આતિથ્ય કર્યું છે એવા શ્રીહરિ ત્યાં રાત્રિ રહીને પ્રાતઃકાળે નિત્યવિધિ કરીને પોતાના અનુયાયીઓથી વીંટાયા થકા ઘોડેસવાર થઈ સાંકરદાથી નીકળ્યા. (૧૭) તે મસયે વડોદરામાં તો શ્રીહરિના આગમનનો ઉદ્‌ઘોષ ઘેરઘેર ફેલાઈ ગયો. ત્યાં જે જનો શ્રીહરિના દ્વેષી હતા તેઓ આ જાણીને મનમાં સંતાપ પામીને રાત્રે ઊંઘી શક્યા નહિ. (૧૮) કેટલાક દ્વેષીઓ તો શ્રીહરિની સાથે વિવાદ કરવા માટે વાદના અર્થોને વારંવાર ગોખીને પૂર્વપક્ષો તૈયાર કરતા હતા. કેટલાક દ્વેષીઓ શ્રીહરિ સાથે યુદ્ધ કરવા માટે પોતાના સમૂહોની સાથે પોતાનાં શસ્ત્રોને સજાવીને તૈયાર થતા હતા. (૧૯) વડોદરામાં જે જનો દૈવી સંપદાવાળા હતા તે તો અગાઉ સાંભળ્યા છે સદ્‌ગુણો જેમના એવા શ્રીહરિના દર્શન કરવા ઉત્સુક થઈ ગયા, બીજા તો કૌતુક નિહાળવાના પ્રયોજનવાળા થયા. કેટલાક જનો તો ‘આ અમને ઈન્દ્રજાળ વિદ્યાથી મોહિત કરી દેશે’ એવા ભયથી સંતાઈ ગયા. (૨૦) પછી શ્રીહરિના દર્શનની તીવ્ર ઉત્કંઠાવાળા રાજા સયાજીરાવે સવારમાં પોતાની ચતુરંગી (પગપાળા-ઘોડેસવારો, રથ ઉપર બેસનારી અને હાથીના સમૂહોએ યુક્ત) સેના આપીને નારૂપંત અમાત્યને શ્રીહરિને લાવવા માટે તેમની સન્મુખ મોકલ્યા. (૨૧) ચતુરંગી સેના સહિત નારૂપંત નાના વડોદરાથી ચાર ગાઉ દૂર છાણી ગામ આવેલા શ્રી પરમેશ્વરને જોઈને તત્કાળ જ ઘોડા પરથી ઊતરીને નમસ્કાર કર્યા. શ્રીહરિએ પણ નારૂપંતને મળીને યથાયોગ્ય સત્કાર કર્યો. (૨૨) પછી સયાજીરાવ રાજાએ પ્રભુજીને બેસવા માટે મોકલેલા સુંદર જરિયાની ઝૂલ જેના ઉપર નાખેલું છે અને સુંદર અંબાડીથી સુશોભિત ગજરાજ ઉપર શ્રીહરિ મહાપ્રભુજીને બેસાડ્યા અને અન્ય મુનિજનોને વિવિધ પ્રકારનાં વાહનોમાં બેસાડ્યા. (૨૩) કેટલાક મુનિઓને હાથી ઉપર, કેટલાકને ઉત્તમ ઘોડાઓ ઉપર, કોઈને રથ ઉપર, કોઈને મેનાઓમાં, કોઈને પાલખીઓમાં, કેટલાકને માફામાં, કોઈ મુનિઓને પુષ્પરથ ઉપર એમ બહુવિધ પ્રકારનાં વાહનોમાં બેસાડ્યા. (૨૪) હે રાજન્ ! પછી નારૂપંત પોતે શ્રીહરિ મહાપ્રભુજીની પાછળ બેસી ચામર ઢોળવા લાગ્યા. ત્યારે સર્વ વાજિંત્રો વાગવા લાગ્યાં અને અતિ મોટો જયધ્વનિ ચોમેર ગાજી રહ્યો. (૨૫) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુ વગેરે સૌ સંમીલિત થઈને વડોદરા નગર પ્રત્યે પ્રયાણ કરતા હતા તેટલામાં તો પુરવાસીજનો સન્મુખ આવી ગયા. હાથી પર બિરાજમાન શ્રીહરિએ વડોદરાના માર્ગને જનસમુદાયથી ઉભરાતો જોયો. (૨૬) (પુરમાં પ્રવેશતા શ્રીહરિની દિવ્ય શોભાનું વર્ણન કરે છે.) સ્વાભાવિક દેદીપ્યમાન છે દિવ્ય અવયવોની કાંતિ જેમની એવા, મન્દહાસ્યયુક્ત મુખારવિંદવાળા, સૂક્ષ્મ શ્વેતાંબરોથી સુશોભિત મૂર્તિવાળા, પ્લુત નામની ગતિવિશેષથી અસ્વારોએ

ચલાવેલા અશ્વો જેમની પાછળ ચાલે છે એવાં પોતાની ચાલથી ચાલતા ગજસમૂહોની મધ્યમાં ચાલતા, મહા ગજરાજ ઉપર બિરાજમાન થયેલા ચક્રવર્તી રાજાની માફક શોભાયમાન એવા શ્રીહરિએ વિવિધ વાજિંત્રોના બહુનાદની સાથે મળેલી જયધ્વનિઓથી ગુંજી ઊઠેલી દસેય દિશાઓ જેની એવા અને અસંખ્ય પ્રેક્ષકજનોથી ભારે ભીડવાળા વડોદરા નગરમાં પ્રવેશ કર્યો. (૨૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! પછી પુરવાસીજનોએ ટોળેટોળાં મળીને નગરના મુખ્ય રાજમાર્ગો ઉપર આશ્ચર્યપૂર્વક દર્શન કરાતા ભગવાનને પધારેલા સાંભળીને, સયાજીરાવ મહારાજા તત્કાળ હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ આવીને દર્શન કરી, નમસ્કાર કરી, ભગવાને અધિક સત્કાર કર્યા થકા, શ્રીહરિ મહાપ્રભુ સાથે પોતાના મોટા મહેલ પહોંચીને ગજેન્દ્ર ઉપરથી પોતાનો હાથ આપવાપૂર્વક પ્રભુજીને ઉતારી બહુ વિનયપૂર્વક અને અતિ સ્નેહથી ભેટ્યા. (૨૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
(વડોદરા)વટપત્તનાગમનનિરૂપણ નામનો એકસઠમો અધ્યાય થયો. ॥૬૧॥

## અધ્યાય-૬૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! સયાજીરાવ મહારાજાએ શ્રીહરિને બાથમાં ઘાલીને મળ્યા પછી, શ્રીહરિને પ્રણામ કરીને, શ્રીહરિના હાથને પોતાના હાથ વડે ગ્રહણ કરીને, રાજાઓ માટે પણ દર્શનીય એવા પોતાના મહેલમાં પ્રવેશ કરાવ્યો. (૧) તે રાજાએ શ્રીહરિને સુંદર સિંહાસન ઉપર બેસાડીને તેમની સન્મુખ સેવકની પેઠે ઊભા રહી બન્ને હાથ જોડી બોલ્યા : (૨) "હે સ્વામિન્ આજે આપના દર્શનથી મારો મનોરથ સફળ થઈ ગયો છે. સમગ્ર જનોના હિતકારી તમોએ આજે કૃપા કરી મને પાવન કર્યો છે. (૩) હે પ્રભો ! આપના ચરણકમળના સંસ્પર્શથી મારી આ પૃથ્વી પવિત્ર થઈ છે. હું આજથી આરંભીને આપની આજ્ઞામાં વર્તનારો થાઉં છું." (૪) આ પ્રમાણે કહીને પછી સૈન્યે સહિત વાહન ઉપર બેસીને અનુયાયીજનો સહિત શ્રીહરિની સાથે મસ્તુબાગમાં આવ્યા. (૫) રાજાએ શ્રીહરિના આગમન પૂર્વે જ મસ્તુબાગમાં કરાવેલા પટમંડપો-ડેરા-તંબુઓમાં સેવકો સહિત શ્રીહરિને ઉતારો કરાવ્યો. (૬) રાજાએ પોતાને અનુરૂપ શ્રીહરિજીનો આતિથ્યસત્કાર કર્યો અને નાથ ભક્ત, રામચંદ્ર વગેરે ભક્તજનો શ્રીહરિની પરિચર્યા કરવા લાગ્યા. (૭) પછી બીજે દિવસે પુરવાસી સર્વ ભક્તજનોએ વિવિધ પ્રકારનાં સુંદર વસ્ત્રો, ચંદન, પુષ્પના હારો, ધન વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું. (૮) ત્રીજે દિવસે મહારાજા પણ કરેલ છે સેવા જેમની અને જેમ પહેલે દિવસે તેમ જ હાથી ઉપર બિરાજેલા શ્રીહરિને પોતાના રાજમહેલમાં ફરીથી લઈ ગયા. (૯) સયાજીરાવ મહારાજા શ્રીહરિને મહાસિંહાસનમાં બેસાડીને પોતે તેમની આગળ બેઠા. શ્રીહરિના સંબંધીજનો તેમ જ બીજા સર્વને યથાયોગ્ય બેસાડ્યા. (૧૦) ત્યારપછી સર્વ દુઃખના હરનારા ભગવાન શ્રીહરિ વિનયનમ્ર અને હાથ જોડી રહેલા તે રાજાને પ્રસન્ન કરતા થકા બોલ્યા : (૧૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

"હે રાજન્ ! તમો એકાગ્ર મનથી સાંભળો, હું તમારા માટે હિતકારી કહું છું, મારું વચન સર્વથા પોતાના હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે. (૧૨) હે રાજન્ ! મનુષ્યદેહ ઈન્દ્રાદિ દેવોને પણ દુર્લભ છે. તે નરદેહની પ્રાપ્તિનું ફળ તો પુનર્ભવની નિવૃત્તિ કહેતા મોક્ષને મેળવી આપનારું જાણવું. (૧૩) સાંસારિક સુખ તો પશુ પક્ષી આદિ સર્વ યોનિઓમાં છે. જેને માટે લોકો મહાન પ્રયત્ન કરે છે તે સુખ દેહધારીઓને દુર્લભ નથી. (૧૪) સાંસારિક સુખ સ્વભાવથી જ દુઃખમિશ્રિત જ હોય છે. દુઃખ વગરનું સુખ જણાતું નથી. પ્રાણીને જેટલું સુખ હોય છે તેટલું જ દુઃખ પણ હોય છે. (૧૫) હે નૃપતે ! સર્વજનો રાજાને સુખી જાણે છે પણ હું તો આ લોકમાં રાજાને સર્વ પ્રકારે ખૂબ દુઃખી જાણું છું. (૧૬) રાજા હંમેશાં ચોરો, શત્રુઓ અને પિતાના ધનના ભાગીદારોથી ક્ષણે ક્ષણે શંકિત હોય છે. ઘણી રાજલક્ષ્મીના લોભથી પરાભવ પામેલા રાજાને સુખ ક્યાંથી હોય ? - ન જ હોય. (૧૭) હે રાજન્ ! સર્વથા દુઃખરહિત સુખ તો ભગવાનમાં જ વર્તે છે તે ભગવાન સર્વદા સચ્ચિદાનંદરૂપ અને સ્વતંત્ર છે. (૧૮) આવા અલૌકિક મહિમાવાળા ભગવાનની ઉપાસના વડે ભગવદ્ ભક્તો સુખી હોય છે. ભગવાન સંબંધી સુખનો એક અલ્પભાગ ત્રિલોકાધિપતિ ઈન્દ્રને પણ નથી તો અન્ય રાજાને ક્યાંથી હોય ? (૧૯) પૃથ્વીમાં કામ, ક્રોધ રૂપી દાવાનળથી સર્વજનો બળતા સતા ભગવાનના એકાંતિક ભક્તો,જેમ ગંગાજળમાં બેઠેલા હાથીઓની જેમ, તપતા નથી. (૨૦) હે ભૂપાલ ! તમો બુદ્ધિમાન છો માટે પોતાના હિત માટે કૃષ્ણાશ્રય કરો તેનાથી ભુક્તિ અને મુક્તિની પ્રાપ્તિ થશે." (૨૧)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રમાણે શ્રીહરિએ કહેલા રાજા શ્રીહરિને પ્રણામ કરીને બોલ્યા : "હે ભગવન્ ! આપને હું કૃષ્ણ જ જાણું છું. આમાં લગીરે સંશય નથી. (૨૨) હું તમારા શરણમાં આવેલો છું માટે તમારો જ છું. હે સ્વામિન્ ! તમો મારા ઉપર સર્વદા કૃપા કરો અને કેટલોક સમય મારા નગરમાં વાસ કરો." (૨૩)

**શ્રીહરિ બોલ્યા :**

"હે રાજન્ ! હાલમાં મારા મનમાં પુરાણ-શ્રવણની અતિશય ઈચ્છા વર્તે છે માટે આ પુરમાં હું એકપણ દિવસ રહેવા માટે શક્તિમાન નથી જ. (૨૪) તમારી મારે વિષે નિષ્કપટ પ્રીતિ જાણીને હું અહીં આવ્યો છું. એમ ના હોત તો સાંસારિક પદાર્થોમાં નિસ્પૃહ એવો હું મોટા ચક્રવર્તીના મહેલમાં પણ (પુરાણ-શ્રવણનો ત્યાગ કરીને) આવું નહિ.' (૨૫) આવી રીતે કહીને શ્રીહરિએ સયાજીરાવ રાજાને ભગવાનની ભક્તિનો ઉપદેશ આપ્યો. તે રાજાએ પણ સર્વ શ્રીહરિનાં વચનને પોતાના હૃદયમાં ધારણ કર્યાં. (૨૬) પછી રાજાએ અમૂલ્ય નવીન વસ્ત્રો અને રત્નોજડિત સુવર્ણનાં આભૂષણો વડે શ્રીહરિની પરમ સ્નેહથી મહાપૂજા કરી. (૨૭) ચંદન, પુષ્પ, અક્ષત વગેરે ઉપસંહારો વડે સર્વેશ્વર શ્રીહરિની મહાપૂજા કરી રાજાએ દંડવત્ પ્રમાણ કર્યાં. (૨૮) ત્યારપછી રાજાએ શ્રીહરિના સંબધીજનો અને મુનિજનોની વસ્ત્ર, ધન, ચંદન, પુષ્પહાર વગેરે વડે

યથાયોગ્ય અત્યંત ભાવપૂર્વક પૂજા કરી. (૨૯) ત્યારે તે રાજાને ભાગવત ધર્મમાં રહેવાની આજ્ઞા આપી શ્રીહરિ તત્કાળ ઊઠ્યા. શ્રીહરિને જવાની ઈચ્છાવાળા જાણીને રાજાએ પોતાના સૈન્યને સાબદુ કર્યું. (૩૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારબાદ સયાજીરાવ મહારાજા શ્રીહરિની પાછળ પગપાળા વળાવવા ચાલ્યા. શ્રીહરિ તે રાજાને પરાણે પાછા વાળી પુરવાસીજનોએ વંદના કરાયા સતા ગજેન્દ્ર ઉપર આરૂઢ થયા. (૩૧) વડોદરા નગરમાં શ્રીહરિનો અતિશય પ્રતાપ જોઈને દ્વેષીજનો કંઈપણ કરવા સમર્થ થયા નહિ, પરંતુ બળતાં અંતઃકરણવાળા સતા રહી ગયા. (૩૨) રાજલક્ષ્મીની શોભાપૂર્વક શ્રીહરિ જેવી રીતે નગરમાં પધાર્યા હતા તેવી જ રીતે નગરમાંથી બહાર નીકળ્યા પછી પોતાની પાછળ આવતા પુરવાસી ભક્તજનો તથા રાજાના સૈન્યને પાછું વાળ્યું. (૩૩) પોષણ કરેલ છે ધર્મમાર્ગ જેમણે અને ખૂબ યશથી ઉજ્જ્વળ એવા શ્રીહરિ મહાપ્રભુ પોતાના અતિ વેગવાન અશ્વ ઉપર બેસીને પોતાની સાથે આવેલા ભક્તજનો સહિત વડતાલ પધાર્યા. (૩૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં સિંહજિત્નૃપકૃત શ્રીહરિસન્માનનિરૂપણ નામનો બાસઠમો અધ્યાય થયો. ॥૬૨॥

●

## અધ્યાય-૬૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! સ્વાશ્રિતોના દુઃખોને હરનારા હોવાથી જેનું નામ દુઃખહર છે એવા શ્રીહરિ વડતાલમાં નિવાસ કરતા સતા સભામાં રાજા સયાજીરાવની પ્રશંસા કરતા હતા. (૧) હે ભૂપતે ! વડોદરામાં શ્રીહરિ મહાપ્રભુને જે જે વસ્ત્ર-અલંકાર-ધન-ધાન્ય વગેરે પ્રાપ્ત થયું તે સર્વ તેમણે રઘુવીરજી મહારાજને અર્પણ કરી દીધું. (૨) પછી શ્રીહરિ સ્વસ્થ ચિત્તથી દશમસ્કંધને સાંભળવાને ઈચ્છતા સતા ઉત્તમનૃપ વગેરેને દુર્ગપુર મોકલવાની ઈચ્છાથી ઉત્તમાદિ પ્રત્યે બોલ્યા : (૩) "હે ઉત્તમ રાજન્ ! તમો હાલમાં પોતાના સંબંધીઓની સાથે ગઢપુર જાઓ. અને હે રામપ્રતાપાદિ ભાઈઓ ! તમો સર્વ પણ આ ઉત્તમરાજાની સાથે ગઢપુર જાઓ. (૪) હું વડતાલમાં દશમસ્કંધ સાંભળીને ત્યાં ગઢપુર આવીશ તે નિશ્ચય વાત છે. આ પ્રમાણે મને રુચે છે માટે તમો સર્વે જાઓ." (૫) આ પ્રકારે એકાંતમાં રહેવાની ઈચ્છાવાળા શ્રીહરિએ કહેલા ઉત્તમરાજા વગેરે તથા રામપ્રતાપ વગેરેને જવાની ઈચ્છા ન હોવા છતાં શ્રીહરિનાં વચન માન્ય હોવાથી પોતાના પરિવારે સહિત ઉત્તમરાજા અને રામપ્રતાપ વગેરે શ્રીહરિના સમગ્ર સંબંધીઓ પણ ગઢપુર ગયા. (૬-૭) પશ્ચિમ દેશના તથા ભાલદેશના બીજા પણ જે જનો વડતાલ ઉત્સવ ઉપર આવેલા હતા તે સર્વે પણ શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાના ગામે ગયા. (૮) નાના પ્રકારના દેશોમાં રહેલા જનોને ઉપદેશ આપવા માટે સર્વ મુનિજનોને પણ શ્રીહરિએ આજ્ઞા કરી. તે મુનિજનો શ્રીહરિની આજ્ઞા અનુસાર જુદા જુદા દેશો પ્રત્યે ગયા. (૯) ત્યારબાદ શ્રીહરિએ કારતક સુદી એકાદશીથી

આરંભીને દોઢ માસ સુધી એકાંત સ્થળે દશમસ્કંધને આદરપૂર્વક સાંભળ્યો. (૧૦) હે ભૂપાલ ! ભગવાન શ્રીહરિને દશમસ્કંધ અત્યંત રુચિકર થયો. શ્રીહરિએ આદરપૂર્વક દશમસ્કંધની ખૂબ પ્રશંસા કરી. (૧૧) ત્યારપછી શ્રીહરિ મહાપ્રભુએ મહાસુદ પંચમી (વસંતપંચમી) સુધી આદરપૂર્વક પંચમસ્કંધ સાંભળ્યો અને સભામાં પંચમસ્કંધની પ્રશંસા કરી. (૧૨) શ્રીમદ્ ભાગવતના આ બે, પંચમ અને દશમ, સ્કંધો ભગવાન શ્રીહરિને અતિ પ્રિય થયા. (૧૩) પછી વસ્ત્રાભૂષણ ધનાદિ વડે વક્તા પુરાણીને સારી રીતે સતોષ પમાડીને પછી શ્રીહરિએ મધ્યાહ્ને વસંતોત્સવ કર્યો. (૧૪) પછી શ્રીહરિએ ઉત્તમ બ્રહ્મચારીઓ પાસે ગીત-વાજિંત્રોના મહાધ્વનિથી યુક્ત શ્રીલક્ષ્મીનારાયણની મહાપૂજા કરાવી. (૧૫) વસંતોત્સવના દિવસે શ્રીહરિ મહાપ્રભુએ એક હજાર બ્રાહ્મણોને જમાડી તેમને દક્ષિણાઓ આપી અને તેમને સુંવાળી કામળીઓ પણ આપી. (૧૬) તે સમયે નજીકનાં ગામોના નિવાસી ઘણા ભક્તો ભગવાન શ્રીહરિના દર્શન કરવા માટે આવ્યા હતા તે ભક્તો પછી પાછા ગયા. (૧૭) પછી સાંજ સમયે શ્રીહરિએ એકાંત સ્થળે બેસીને મનુષ્યોનું હિત ચિંતવન કરતા થકા તેમના માટે પત્રિકા લખવાનો નિશ્ચય કર્યો. (૧૮) સમગ્ર દેશોમાં ધર્મની શિક્ષા માટે આશ્રિત જનોને ધર્મોપદેશ કરવાના પ્રયોજનવાળી પત્રિકા લખીને મોકલવી, મારી લખેલી પત્રિકાને વાંચવાથી મારા ભક્તો તે પ્રમાણે વર્તશે. (૧૯) સમગ્ર મારા ભક્તો મારો જેવો અભિપ્રાય છે તેવો અભિપ્રાય શિક્ષાપત્રી થકી જાણશે અને સંશય વગરના થશે. (૨૦) ભૂમંડળ ઉપરથી હું જ્યારે અંતર્ધાન થઈશ ત્યારે સર્વ મારા જનોને સ્પષ્ટ મારા વચનરૂપી શિક્ષાપત્રી અવલંબનરૂપ થશે. (૨૧) ધર્માત્મા શ્રીહરિએ આ પ્રમાણે વિચાર કરી કાગળ, ખડિયો અને કલમ પોતાના સેવક પાસે મંગાવ્યાં. (૨૨) શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ પૃથ્વી ઉપર સદ્ધર્મનું સ્થાપન કરવા માટે સર્વે શાસ્ત્રોનો સારાંશ, અતિ શ્રેષ્ઠ સદ્‌બુદ્ધિથી, ખેંચીને પત્રિકા લખવા લાગ્યા. (૨૩) હે રાજન્ ! શ્રી સહજાનંદસ્વામી જમણા સાથળ પર પાટીએ સહિત કાગળ મૂકીને તેને ડાબા કરકમળથી પકડીને, કલમ લીધેલી હોવાથી સંકુચિત અગ્રભાગવાળી આંગળીઓવાળા જમણા હસ્તમાં કલમ પકડીને, સહેજ નમાવેલું મુખ રાખીને, આગળ કહેવાશે એ પ્રકારે શિક્ષાપત્રી લખવા લાગ્યા. (૨૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
ભગવતોવૃત્તાલયાવાસ નિરૂપણ નામે ત્રેસઠમો અધ્યાય થયો ॥૬૩॥

●

## અધ્યાય-૬૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ શિક્ષાપત્રી લખવાનો આરંભ કરતાં પોતાના ઈષ્ટદેવના સ્મરણરૂપ મંગળાચરણ કરે છે : હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણભગવાનનું ધ્યાન કરું છું. તે શ્રીકૃષ્ણ કેવા છે તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યાં છે અને જેના વક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યાં છે અને વૃંદાવનને વિષે વિહારના કરનારા છે. (૧) અને વૃત્તાલય ગામને વિષે

રહ્યા એવા સહજાનંદસ્વામી જે અમે જે તે નાનાપ્રકારના જે સર્વે દેશ તેમને વિષે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ. (૨) શ્રીધર્મદેવથકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામ-પ્રતાપજી તથા ઈચ્છારામજી તથા તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે (જેને અમે અમારા દત્તપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે); (૩) તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી, (૪) તથા અમારે આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈઓ તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ; (૫) એ સર્વે તેમણે પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ અને શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ તે વાંચવા. (૬) અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે તે સર્વેના જીવને હિતની કરનારી છે. (૭) અને શ્રીમદ્ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જેતે આ લોક ને પરલોકને વિષે મહાસુખિયા થાય છે. (૮) અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે તો કુબુદ્ધિવાળા છે અને આ લોક ને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. (૯) તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીનેજ નિરંતર સાવધાનપણે વર્તવું પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. (૧૦) હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે-અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ પ્રાણિમાત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જૂ-માંકડ-ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. (૧૧) અને દેવતા અને પિતૃ તેના યજ્ઞને અર્થે પણ બકરા-મૃગલા-સસલા-માછલા આદિક કોઈ જીવની હિંસા ન કરવી, કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે એમ સર્વ શાસ્ત્રમાં કહ્યો છે. (૧૨) અને સ્ત્રી ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. (૧૩) અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો ને ક્રોધે કરીને ન કરવો અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તેથકી મુંઝાઈને પણ આત્મઘાત ન કરવો અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઇત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. (૧૪) અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તોપણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તોપણ ન પીવું. (૧૫) અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું. (૧૬) અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું અને ધણિયાતું જે કાષ્ઠ પુષ્પ આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. (૧૭) અને અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જૂગટું આદિક

જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ્ય મફર માજમ ગાંજો એ આદિક જે કેફ કરનારાં વસ્તુ તે ખાવાં નહિ અને પીવાં પણ નહિ. (૧૮) અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ તે શ્રીકૃષ્ણભગવાનની પ્રસાદી ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ. (૧૯) અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ-આરોપણ ન કરવો અને કોઈને ગાળ તો કયારેય ન દેવી. (૨૦) અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. (૨૧) અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. (૨૨) અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવો અને આદરથકી તે દેવનું દર્શન કરવું. (૨૩) અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો અને પરધર્મનું આચરણ ન કરવું તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું. (૨૪) અને જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણભગવાનની ભક્તિ ને પોતાનો ધર્મ એ બે થકી પડી જવાય તેના મુખથકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી. (૨૫) અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે કયારેય ન બોલવું અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો અને વ્યવહારકાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. (૨૬) અને ચોર પાપી વ્યસની પાખંડી કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનના ઠગનારા એ છ પ્રકારનાં જે મનુષ્ય તેમનો સંગ ન કરવો. (૨૭) અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો. (૨૮) અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય એવાં જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવાં અને ન સાંભળવાં. (૨૯) અને ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ તે ન પીવું અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી. (૩૦) અને જે ઔષધ દારૂ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ ક્યારેય ન ખાવું અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું. (૩૧) અને લોક અને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વરજ્યાં એવાં સ્થાનક જે જીર્ણ દેવાલય તથા નદી તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર તથા વૃક્ષની છાયા તથા ફૂલવાડી બગીચા એ આદિક જે સ્થાનક તેમને વિષે કયારેય પણ મળમૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. (૩૨) અને ચોરમાર્ગે કરીને પેસવું નહિ અને નીસરવું નહિ અને જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો. (૩૩) અને અમારા સત્સંગી જે પુરુષમાત્ર તેમણે બાઈ માણસના મુખથકી જ્ઞાનવાર્તા ન સાંભળવી અને સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો. (૩૪) અને ગુરુનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને

વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું. (૩૫) અને વિચાર્યા વિના તત્કાળ કાંઈ કાર્ય ન કરવું અને ધર્મસંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. (૩૬) અને ગુરુ, દેવ અને રાજા એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો અને પોતાને મુખે કરીને પોતાનાં વખાણ ન કરવાં. (૩૭) અને જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાનાં અંગ દેખાય તેવું જે ભૂંડું વસ્ત્ર તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું. (૩૮) અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી અને અજ્ઞાની એવાં જે મનુષ્ય તેમની નિંદાના ભયથકી શ્રીકૃષ્ણભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. (૩૯) અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્ય પ્રત્યે શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરુષ તેમણે તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો તથા સ્ત્રીઓ તેમણે પુરુષનો સ્પર્શ ન કરવો અને મંદિરમાંથી નીસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું. (૪૦) અને ધર્મવંશી ગુરુથકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી તેમણે કંઠને વિષે તુળસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. (૪૧) અને તે તિલક જેતે ગોપીચંદને કરીને કરવું અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેશરકુંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદી ચંદન તેણે કરીને તિલક કરવું. (૪૨) અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો તે જેતે ગોપીચન્દને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદી એવું જે કુંકુમ તેણે કરીને તે ચાંદલો કરવો. (૪૩) અને પોતાના ધર્મ વિષે રહ્યા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા સચ્છૂદ્ર તેમણે તો તુળસીની માળા અને ઊર્ધ્વપુંડ્ર તિલક તે બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યની પેઠે ધારવાં. (૪૪) અને તે સચ્છૂદ્રથકી બીજા જે જાતિએ કરીને ઊતરતા એવા ભક્તજન તેમણે તો ચંદનાદિક કાષ્ઠની બેવડી માળા તે ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું. (૪૫) અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી એ બે વાનાં પોતાની કુળપરંપરાએ કરીને ચાલ્યાં આવતાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય તોપણ તેમણે તે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો કયારેય ત્યાગ ન કરવો. (૪૬) અને નારાયણ અને શિવજીએ બેનું એકાત્મપણું જ જાણવું, કેમજે વેદને વિષે એ બેનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. (૪૭) અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો. (૪૮) અને અમારા સત્સંગી તેમણે નિત્યે સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું અને શ્રીકૃષ્ણભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. (૪૯) અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું. (૫૦) અને તે વાર પછી પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય એવું આસન તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. (૫૧) અને પછી સત્સંગી

પુરુષમાત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું અને સુવાસિની જે સ્ત્રીઓ તેમણે તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો. (૫૨) અને તે વિધવા સ્ત્રીઓ માત્રને પોતાના ભાલને વિષે તિલક ન કરવું ને ચાંદલો પણ ન કરવો. ત્યાર પછી તે સર્વે જે અમારા સત્સંગી તેમણે મને કરીને કલ્પ્યાં જે ચંદન-પુષ્પાદિક ઉપચાર તેમણે કરીને શ્રીકૃષ્ણભગવાનની માનસી પૂજા કરવી. (૫૩) અને તે પછી શ્રીરાધાકૃષ્ણની જે ચિત્રપ્રતિમા તેનું આદરથકી દર્શન કરીને નમસ્કાર કરીને પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરીને તે પછી પોતાનું વ્યાવહારિક કામકાજ કરવું. (૫૪) અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનસી પૂજાપર્યન્ત સર્વે ક્રિયા કરવી. (૫૫) અને તે જે આત્મનિવેદી ભક્ત તેમણે પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણભગવાનની પ્રતિમા અથવા શાલિગ્રામ તેની જે પૂજા તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન-પુષ્પ-ફળાદિક વસ્તુ તેણે કરીને કરવી અને પછી શ્રીકૃષ્ણભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવો. (૫૬) અને તે પછી શ્રીકૃષ્ણભગવાનના જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો અને જે સંસ્કૃત ન ભણ્યા હોય તેમણે શ્રીકૃષ્ણભગવાનનું નામકીર્તન કરવું. (૫૭) અને પછી શ્રીકૃષ્ણભગવાનને નૈવેદ્ય કરીને પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ તેમણે સર્વ કાળને વિષે પ્રીતિયે કરીને શ્રીકૃષ્ણ-ભગવાનની સેવાપરાયણ થવું. (૫૮) અને નિર્ગુણ કહેતાં માયાના જે સત્ત્વાદિક ત્રણ ગુણ તેણે રહિત એવા જે શ્રીકૃષ્ણભગવાન તેના સંબંધ થકી તે આત્મનિવેદી ભક્તની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ થાય છે તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત જેતે નિર્ગુણ કહ્યા છે. (૫૯) અને એ જ આત્મનિવેદી ભક્ત તેમણે શ્રીકૃષ્ણભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ કયારેય ન પીવું અને પત્ર-કંદ ફળાદિક જે વસ્તુ તે પણ શ્રીકૃષ્ણભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું. (૬૦) અને વળી સર્વે જે અમારા સત્સંગી તેમણે વૃદ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થપણું થઈ ગયે સતે પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે બીજા ભક્તને આપીને પોતપોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું. (૬૧) અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી. (૬૨) અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું અને તે મંદિરને વિષે શ્રીરાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણભગવાન તેના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું. (૬૩) અને તે શ્રીકૃષ્ણની જે કથાવાર્તા તે પરમ આદરથકી કરવી ને સાંભળવી અને ઉત્સવને દિવસે વાજિંત્રે સહિત શ્રીકૃષ્ણનાં કીર્તન કરવાં. (૬૪) અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે જે પ્રકારે પૂર્વે કહ્યું એ પ્રકારે કરીનેજ નિત્ય પ્રત્યે કરવું અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્‌ગ્રંથ તેમનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિને અનુસારે કરવો. (૬૫) અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન

હોય તે કાર્યને વિષે તેને કયારેય ન પ્રેરવો. (૬૬) અને પોતાના જે સેવક હોય તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન-વસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી. (૬૭) અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો. (૬૮) અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી તેમણે ગુરુ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન્ અને તપસ્વી એ છ જણા આવે ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુરે વચને બોલાવવું ઈત્યાદિક ક્રિયાયે કરીને એમનું સન્માન કરવું. (૬૯) અને ગુરુ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું તથા વસ્ત્રે કરી ઢીંચણને બાંધીને ન બેસવું. (૭૦) અને અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન-ધન-વસ્ત્રાદિકે કરીને પોતાના આચાર્યને પૂજવા. (૭૧) અમારા જે આશ્રિત જન તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને આદરથકી તત્કાળ સન્મુખ જવું અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. (૭૨) અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ તે જો ધર્મે રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું, કેમજે ધર્મ છે તે જ સર્વ પુરુષાર્થનો આપનારો છે માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો. (૭૩) અને પૂર્વે થયા જે મોટા પુરુષ તેમણે પણ જો કયારેક અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તેનું ગ્રહણ કરવું. (૭૪) અને કોઈની પણ જે ગુહ્યવાર્તા તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવી જ નહિ અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી રીતેજ સન્માન કરવું પણ સમદૃષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. (૭૫) અને અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો. (૭૬) અને તે વિશેષ નિયમ તે ક્રિયા તો ભગવાનની કથાનું શ્રવણ કરવું તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જપ કરવો તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી. (૭૭) તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા-એ જે આઠ પ્રકારના નિયમ તે અમે ઉત્તમ માન્યા છે તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ જેતે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો. (૭૮) અને સર્વ જે એકાદશીઓ તેમનું વ્રત જેતે આદરથકી કરવું; તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ, તેમનું વ્રત જે તે આદર થકી કરવું, તથા શિવરાત્રિનું વ્રત જેતે આદર થકી કરવું અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. (૭૯) અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે અતિશય યત્ને કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, કેમ જે જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે તેમજ દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. (૮૦) અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રીવલ્લભાચાર્ય તેમના પુત્ર જે શ્રીવિઠ્ઠલનાથજી તે જેતે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હતા. (૮૧) અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય તેનેજ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવા

અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવારીતિ તેનું જ ગ્રહણ કરવું. (૮૨) અને સર્વે જે અમારા આશ્રિત તેમણે દ્વારિકા આદિક જે તીર્થ તેમની યાત્રા જેતે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીન જનને વિષે દયાવાન થવું. (૮૩) અને અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ પૂજ્યપણે કરીને માનવા. (૮૪) અને જો કયારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણકવચનો જપ કરવો અથવા હનુમાનજીના મંત્રનો જપ કરવો પણ એ વિના બીજા કોઈ ક્ષુદ્ર દેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. (૮૫) અને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થયે છતે અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરી પવિત્ર થઈને શ્રીકૃષ્ણભગવાનના મંત્રનો જપ કરવો. (૮૬) અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી વસ્ત્રસહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી. (૮૭) અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય તેમણે જન્મનું સૂતક તથા મરણનું સૂતક તે પોતપોતાના સંબન્ધને અનુસારે કરીને યથાશાસ્ત્ર પાળવું. (૮૮) અને જે બ્રાહ્મણ વર્ણ હોય તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું અને જે ક્ષત્રિય વર્ણ હોય તેમણે શૂરવીરપણું અને ધીરજ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું. (૮૯) અને વૈશ્ય વર્ણ હોય તેમણે કૃષિકર્મ તથા વણજવ્યાપાર તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું અને જે શૂદ્ર વર્ણ હોય તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું. (૯૦) અને જે દ્વિજ હોય તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાદ્ધ એ ત્રણ જેતે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને જેવો જેનો અવસર હોય અને જેવી ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવાં. (૯૧) અને કયારેક જાણે અથવા અજાણે જો નાનું મોટું પાપ થઈ જાય તો પોતાની શક્તિ પ્રમાણે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું. (૯૨) અને ચાર વેદ તથા વ્યાસસૂત્ર તથા શ્રીમદ્‌ભાગવત નામે પુરાણ તથા મહાભારતને વિષે રહેલું શ્રીવિષ્ણુસહસ્રનામ, (૯૩) તથા શ્રીભગવદ્‌ગીતા તથા વિદુરજીએ કહેલી જે નીતિ તથા સ્કંદપુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રીવાસુદેવમાહાત્મ્ય. (૯૪) અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્કય ઋષિની સ્મૃતિ એ જે આઠ સચ્છાસ્ત્ર તે અમને ઈષ્ટ છે. (૯૫) અને પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે એ આઠ સચ્છાસ્ત્ર જેતે સાંભળવાં અને અમારા આશ્રિત જે દ્વિજ તેમણે એ સચ્છાસ્ત્ર જેતે ભણવાં તથા ભણાવવાં તથા એમની કથા કરવી. (૯૬) અને તે આઠ સચ્છાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્કય ઋષિની સ્મૃતિ તેનું ગ્રહણ કરવું. (૯૭) અને વળી એ આઠ સચ્છાસ્ત્રને વિષે જે શ્રીમદ્‌ભાગવત પુરાણ તેના દશમ ને પંચમ નામે જે બે સ્કંધ તે જેતે શ્રીકૃષ્ણ ભગવાનના માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. (૯૮) અને દશમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્કયની સ્મૃતિ એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે કહેતાં દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે અને યાજ્ઞવલ્કયની સ્મૃતિ તે

ધર્મશાસ્ત્ર છે એમ જાણવું. (૯૯) અને શ્રીરામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્‌ગીતાનું ભાષ્ય એ જે બે તે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું. (૧૦૦) અને એ સર્વે સચ્છાસ્ત્રને વિષે જે વચન તે જેતે શ્રીકૃષ્ણભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિઉત્કર્ષપણાને કહેતાં હોય. (૧૦૧) તે વચન જેતે બીજાં વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણભગવાનની ભક્તિ તે જેતે ધર્મે સહિત જ કરવી એવી રીતે તે સર્વે સચ્છાસ્ત્રનું રહસ્ય છે. (૧૦૨) અને શ્રુતિ સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો અને શ્રીકૃષ્ણભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. (૧૦૩) અને શ્રીકૃષ્ણભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો અને જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. (૧૦૪) અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણુ સરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઈત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવો. (૧૦૫) અને જે માયા છે તે ત્રિગુણાત્મિકા છે ને અંધકારરૂપ છે ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે એમ માયાને જાણવી. (૧૦૬) અને જે ઈશ્વર છે તે જેતે જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે ને સર્વ જીવને કર્મફળના આપનારા છે એમ ઈશ્વરને જાણવા. (૧૦૭) અને તે ઈશ્વર તે કયા તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે. (૧૦૮) અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જેતે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે રાધાકૃષ્ણ એવે નામે જાણવા અને રુકિમણીરૂપ જે લક્ષ્મી તેમણે યુક્ત હોય ત્યારે લક્ષ્મીનારાયણ એવે નામે જાણવા. (૧૦૯) અને એ શ્રીકૃષ્ણ જેતે અર્જુને યુક્ત હોય ત્યારે નરનારાયણ એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જેતે બળભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે એમ જાણવું. (૧૧૦) અને એ જે રાધિકાદિ ભક્ત તે જેતે કયારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે અને કયારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણભગવાનના અંગને વિષે રહે છે ત્યારે તો તે શ્રીકૃષ્ણભગવાન એકલાં જ જાણવા. (૧૧૧) એ હેતુ માટે એ શ્રીકૃષ્ણભગવાનનાં જે સ્વરૂપ તેમને વિષે સર્વે પ્રકારે કરીને ભેદ ન જાણવો અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું ઈત્યાદિક જે ભેદ જણાય છે તે તો દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ તેમની ઈચ્છાએ કરીને છે એમ જાણવું. (૧૧૨) અને એવા જે શ્રીકૃષ્ણભગવાન તેની જે ભક્તિ તે જે તે પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી અને તે ભક્તિથકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી એમ જાણવું. (૧૧૩) અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેમના ગુણવાનપણાનું એજ પરમ ફળ જાણવું, કયું તો જે શ્રીકૃષ્ણભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો અને એમ ભક્તિ ને સત્સંગ એ બે વિના તો વિદ્વાન્ હોય તે પણ અધોગતિને પામે છે. (૧૧૪) અને શ્રીકૃષ્ણભગવાન તથા શ્રીકૃષ્ણભગવાનના જે અવતાર તે જેતે ધ્યાન કરવા યોગ્ય છે તથા

શ્રીકૃષ્ણભગવાનની જે પ્રતિમા તે પણ ધ્યાન કરવા યોગ્ય છે માટે એમનું ધ્યાન કરવું અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તેતો શ્રીકૃષ્ણભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તોપણ ધ્યાન કરવા યોગ્ય નથી માટે એમનું ધ્યાન ન કરવું. (૧૧૫) અને સ્થૂળ સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણભગવાનની ભક્તિ જેતે સર્વ કાળને વિષે કરવી. (૧૧૬) અને શ્રીમદ્‌ભાગવત પુરાણનો જે દશમસ્કંધ તે જે તે નિત્ય પ્રત્યે આદરથકી સાંભળવો અથવા વર્ષોવર્ષ એકવાર સાંભળવો અને જે પંડિત હોય તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષોવર્ષ એકવાર વાંચવો. (૧૧૭) અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ પુણ્ય સ્થાનકને વિષે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું અને વળી વિષ્ણુસહસ્રનામ આદિક જે સચ્છાસ્ત્ર, તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું; તે પુરશ્ચરણ કેવું છે તો પોતાના મનવાંછિત ફળને આપે એવું છે. (૧૧૮) અને કષ્ટની દેનારી એવી કોઈ દેવસંબંધી આપદા આવી પડે તથા મનુષ્યસંબંધી આપદા આવી પડે તથા રોગાદિક આપદા આવી પડે તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવું પણ બીજી રીતે ન વર્તવું. (૧૧૯) અને આચાર-વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ જે ત્રણ વાનાં તે જેતે દેશ કાળ અવસ્થા દ્રવ્ય જાતિ અને સામર્થ્ય એટલાને અનુસારે કરીને જાણવાં. (૧૨૦) અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે એમ જાણવું અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું. (૧૨૧) અને આ જે પૂર્વે સર્વે ધર્મ કહ્યા તે જેતે અમારા આશ્રિત જે ત્યાગી ગૃહસ્થ બાઈ ભાઈ સર્વે સત્સંગી તેમના સામાન્ય ધર્મ કહ્યા છે કહેતાં સર્વ સંત્સગીમાત્રને સરખા પાળવાના છે અને હવે એ સર્વેના જે વિશેષ ધર્મ છે તેમને પૃથક્ પૃથક્ પણે કરીને કહીએ છીએ. (૧૨૨) હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ : અમારા મોટા ભાઈ અને નાના ભાઈ, તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. (૧૨૩) અને તે સ્ત્રીઓને કયારેય પણ અડવું નહિ અને તે સાથે બોલવું નહિ અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું અને કોઈની થાપણ ન રાખવી. (૧૨૪) અને વ્યવહારકાર્યને વિષે કોઈનું પણ જમાનગરું ન કરવું અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું. (૧૨૫) અને પોતાના જે શિષ્ય તેમણે ધર્મનિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ અને તે અન્ન જૂનું થાય તો તે જૂનું કોઈકને દઈને નવું લેવું અને એવી રીતે જે જૂનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય. (૧૨૬) અને ભાદરવા સુદી ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી તથા આસો વદી ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી. (૧૨૭) અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે મુમુક્ષુ જનને દીક્ષા આપવી. (૧૨૮) અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા અને સાધુને

આદરથકી માનવા તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદરથકી કરવો. (૧૨૯) અને મોટાં જે મંદિર તેમનેવિષે અમે સ્થાપન કર્યાં એવાં જે શ્રીલક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણનાં સ્વરૂપ તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. (૧૩૦) અને ભગવાનના મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદરથકી સંભાવના કરવી. (૧૩૧) અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી, કેમજે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. (૧૩૨) અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો પણ પુરુષને ન કરવો. (૧૩૩) અને વળી તે બે જણાની જે પત્નીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ કયારેય ન કરવો અને તેમની સાથે બોલવું નહિ ને તેમને પોતાનું મુખપણ ન દેખાડવું. એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહ્યા. (૧૩૪) હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ. અમારે આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબન્ધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. (૧૩૫) અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવા અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બહેન અને દીકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું. (૧૩૬) અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ હોય તેવી સ્ત્રીનો જે પ્રસંગ તે કોઈ પ્રકારે પણ ન કરવો. (૧૩૭) અને તે ગૃહસ્થાશ્રમી તેમણે પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાદ્ધાદિક જે પિતૃકર્મ તે જેતે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું. (૧૩૮) અને અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. (૧૩૯) અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. (૧૪૦) અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય તેટલા અન્ન-દ્રવ્યનો સંગ્રહ જેતે કરવો અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્યપૂરાનો સંગ્રહ કરવો. (૧૪૧) અને ગાય, બળદ, ભેંશ, ઘોડા આદિક જે પશુ તેમની તૃણ- જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં. (૧૪૨) અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર જેતે કયારેય ન કરવો. (૧૪૩) અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબન્ધી કાર્ય તેને વિષે આપવા યોગ્ય જે ધન તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી. (૧૪૪) અને પોતાની ઊપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખરચ કરવો પણ તે ઉપરાંત ન કરવો અને જે ઊપજ કરતાં વધારે ખરચ કરે છે તેને મોટું દુઃખ થાય છે એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું.

(૧૪૫) અને પોતાના વ્યવહાર કાર્યને વિષે જેટલા ધનની ઊપજ હોય તથા જેટલો ખરચ હોય તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. (૧૪૬) અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધનધાન્યાદિક તેથકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ-ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીશમો ભાગ અર્પણ કરવો. (૧૪૭) અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે જેતે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું, તે ઉદ્યાપન કેવું છે તો મનવાંછિત ફળનું આપનારું છે. (૧૪૮) અને શ્રાવણ માસને વિષે શ્રીમહાદેવનું પૂજન જેતે બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું. (૧૪૯) અને પોતાના જે આચાર્ય તેથકી તથા શ્રીકૃષ્ણભગવાનનાં જે મંદિર તેથકી કરજ ન કાઢવું અને વળી તે પોતાના આચાર્યથકી અને શ્રીકૃષ્ણનાં મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવાં નહિ. (૧૫૦) અને શ્રીકૃષ્ણભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ એમનાં દર્શન કરવાને અર્થે ગયે છતે માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ તથા શ્રીકૃષ્ણભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ તેમનાં જે સ્થાનક તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ, કેમજે તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું છે માટે પોતાની ગાંઠનું અન્ન ખાવું. (૧૫૧) અને પોતાનું કામકાજ કરવા તેડ્યા જે મજૂર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું અને પોતાપાસે કોઈ કરજ માગતો હોય અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ તે વાતને છાની ન રાખવી તથા પોતાનો વંશ તથા કન્યાદાન તે પણ છાનું ન રાખવું અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો. (૧૫૨) અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ તે ઠેકાણે કોઈક કઠણ-ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય. (૧૫૩) અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય તોપણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો અને જ્યાં ઉપદ્રવ ન હોય તેવો જે બીજો દેશ તે પ્રત્યે જઈને સુખેથી રહેવું. (૧૫૪) અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુસંબન્ધી યજ્ઞ તે કરવા તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા. (૧૫૫) તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારનાં દાન દેવાં. (૧૫૬) અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું. (૧૫૭) અને તે રાજા તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ તે જેતે લક્ષણે કરીને યથાર્થપણે જાણવાં અને તીર્થ જે ચાર મોકલ્યાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા જે સભાસદ તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવા યોગ્ય નહિ એવા જે માણસ એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા. (૧૫૮) હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ-અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ તેમણે પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક

હોય તોપણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું. (૧૫૯) અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે રૂપ ને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો. (૧૬૦) અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભિ, સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું અને ભાંડભવાઈ જોવા ન જવું અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ તેમનો સંગ ન કરવો. (૧૬૧) અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાનો પતિ પરદેશ ગયે છતે આભૂષણ ન ધારવાં, રૂડાં વસ્ત્ર ન પહેરવાં, પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્યવિનોદાદિકનો ત્યાગ કરવો. (૧૬૨) હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએ-અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ તેમણે તો પતિબુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણભગવાનને સેવવા અને પોતાના પિતા-પુત્રાદિક જે સંબંધી તેમની આજ્ઞાને વિષે વર્તવું પણ સ્વતંત્રપણે ન વર્તવું. (૧૬૩) તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબન્ધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના સમીપ સંબન્ધ વિનાના જે યુવાન પુરુષ તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ. (૧૬૪) અને ધાવણો જે બાળક તેના સ્પર્શને વિષે તો જેમ પશુને અડી જવાય અને દોષ નથી તેમ કોઈ અવશ્યનું કામકાજ પડે તેને વિષે કોઈક વૃદ્ધ પુરુષને અડી જવાય તથા તે વૃદ્ધ સાથે બોલાય તેને વિષે દોષ નથી. (૧૬૫) અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબન્ધ વિનાના જે પુરુષ તેથકી કોઈપણ વિદ્યા ન ભણવી અને વ્રતઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું. (૧૬૬) અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના ઘરમાં પોતાના જીવતપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન જેતે ધર્મકાર્યને વિષે પણ ન આપવું અને જો તેથી અધિક હોય તો આપવું. (૧૬૭) અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો અને પૃથ્વીને વિષે સૂવું અને મૈથુનાસક્ત એવાં જે પશુ-પક્ષી આદિક જીવ પ્રાણીમાત્ર તેમને કયારેય જાણીને જોવાં નહિ. (૧૬૮) અને તે વિધવા સ્ત્રીઓ તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો તથા સંન્યાસણી તથા વેરાગણી તેના જેવો વેષ ન ધારવો અને પોતાનો દેશ કુળ અને આચાર તેને વિરુદ્ધ એવો જે વેષ તે પણ કયારેય ન ધારવો. (૧૬૯) અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો અને તેનો સ્પર્શ પણ ન કરવો અને પુરુષના શૃંગાર રસસંબંધી જે વાર્તા તે કયારેય ન કરવી અને ન સાંભળવી. (૧૭૦) અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ તેમણે યુવા અવસ્થાવાળા જે પોતાના સંબન્ધી પુરુષ તેમની સંગાથે પણ એકાંત સ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું. (૧૭૧) અને હોળીની રમત ન કરવી ને આભૂષણાદિકનું ધારણ ન કરવું અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવાં જે ઝીણાં વસ્ત્ર તેનુ ધારણ પણ કયારેય ન કરવું. (૧૭૨) અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ તેમણે વસ્ત્ર પહેર્યા વિના ન્હાવું નહિ અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું. (૧૭૩) અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ અને ચોથે દિવસે નાહીને અડવું. (એવી રીતે ગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ

કહ્યા. તે સર્વે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમણે પણ પાળવા, કેમકે એ ગૃહસ્થ છે.) (૧૭૪) હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ-અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું પણ નહિ. (૧૭૫) અને તે સ્ત્રીઓની વાર્તા કયારેય ન કરવી અને ન સાંભળવી અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. (૧૭૬) અને દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીની પ્રતિમા ચિત્રની અથવા કાષ્ઠાદિકની હોય તેનો સ્પર્શ ન કરવો અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ. (૧૭૭) અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ અને મૈથુનાસક્ત એવા જે પશુપક્ષાદિક પ્રાણીમાત્ર તેમને જાણીને જોવાં નહિ. (૧૭૮) અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ અને તેની સામું જોવું નહિ અને તે સાથે બોલવું નહિ અને સ્ત્રીનો ઉદ્દેશ કરીને ભગવાનની કથા-વાર્તા-કીર્તન પણ ન કરવાં. (૧૭૯) અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય એવું જે વચન તે તો પોતાના ગુરુનું પણ ન માનવું ને સદાકાળ ધીરજવાન રહેવું અને સંતોષે યુક્ત રહેવું ને માને રહિત રહેવું. (૧૮૦) અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી તેની સાથે બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી પણ સમીપે આવવા દેવી નહિ. (૧૮૧) અને જો કયારેય સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણનાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી. (૧૮૨) અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાને શરીરે તૈલમર્દન ન કરવું ને આયુધ ન ધારવું ને ભયંકર એવો જે વેષ તે ન ધારવો અને રસના ઈંદ્રિયને જીતવી. (૧૮૩) અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું. (૧૮૪) અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો ને ગુરુની સેવા કરવી ને સ્ત્રીઓની પેઠેજ સ્ત્રૈણ પુરુષનો સંગ જેતે સર્વકાળે વર્જવો. (૧૮૫) અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તે કોઈએ પણ ચર્મવારી ન પીવું ને ડુંગળી ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણ જાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવી. (૧૮૬) અને જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ, શ્રીવિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ એટલાં વાનાં કર્યા વિના ભોજન કરવું જ નહિ. (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા). (૧૮૭) હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ-અમારે આશ્રિત જે સર્વે સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓનાં દર્શન-ભાષણાદિકનો ત્યાગ કરવો તથા સ્ત્રૈણ પુરુષના પ્રસંગાદિકનો ત્યાગ કરવો અને અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવા. (૧૮૮) અને સર્વે જે ઈંદ્રિયો તે જીતવી ને રસના ઈંદ્રિયને તો વિશેષ કરીને જીતવી અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. (૧૮૯) અને કોઈની થાપણ ન રાખવી અને કયારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો અને પોતાના ઉતારાની જાયગા બંધિની હોય તો તેને વિષે કયારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ. (૧૯૦) અને તે સાધુ તેમણે

આપત્કાળ પડ્યા વિના રાત્રિને વિષે સંઘસોબત વિનાનું ચાલવું નહિ તથા આપત્કાળ પડ્યા વિના કયારેય પણ એકલા ચાલવું નહિ. (૧૯૧) અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય તથા ચિત્રવિચિત્ર ભાત્યનું હોય તથા કસુંબાદિક જે રંગ તેણે કરીને રંગેલું હોય તથા શાલ દુશાલા હોય ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તોપણ તે વસ્ત્ર પોતાને પહેરવું- ઓઢવું નહિ. (૧૯૨) અને ભિક્ષા તથા સભાપ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થ કાળ નિર્ગમવો નહિ, નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો. (૧૯૩) અને જે ગૃહસ્થના ઘરને વિષે રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય. (૧૯૪) તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું અને એ કહ્યું તેવું ન હોય તો કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરવી ને ભગવાનને નૈવેદ્ય કરીને જમવું. (૧૯૫) અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી તે જેતે પૃથ્વીને વિષે જડ બ્રાહ્મણથકા જેમ વર્તતા હવા તેમજ પરમહંસ એવા એ અમારા સાધુ તેમણે વર્તવું. (૧૯૬) અને નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે તાંબૂલ તથા અફીણ તથા તમાકુ ઈત્યાદિકનું જે ભક્ષણ તે જતને કરીને વર્જવું. (૧૯૭) અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે ગર્ભાધાન આદિક જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ તથા એકાદશાહ પર્યંત જે પ્રેતશ્રાદ્ધ તેમને વિષે જમવું નહિ તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિષે જમવું નહિ. (૧૯૮) અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ અને ગ્રામ્યવાર્તા કરવી નહિ ને જાણીને સાંભળવી નહિ. (૧૯૯) અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું. (૨૦૦) અને તે સાધુ ને બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટ જન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહનજ કરવું પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. (૨૦૧) અને કોઈનું દૂતપણું ન કરવું તથા ચાડિયાપણું ન કરવું ને કોઈના ચારચક્ષુ ન થવું અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી ને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી. (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા.) (૨૦૨) અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઈ ભાઈ સર્વે તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ તે જે તે સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે, અને આ ધર્મનો જે વિસ્તાર તેતો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો. (૨૦૩) અને સર્વે જે સચ્છાસ્ત્ર તેનો જે સાર તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે, તે કેવી છે તો સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે. (૨૦૪) એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું. (૨૦૫) અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ અર્થ કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે. (૨૦૬) અને જે બાઈ ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો આ મારા સંપ્રદાયથકી બાહેર છે એમ અમારા સંપ્રદાયવાળાં સ્ત્રી પુરુષ તેમણે જાણવું.

(૨૦૭) અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો અને જેને ભણતાં આવડતું ન હોય તેમણે તો આદરથકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. (૨૦૮) અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે એ રીતે પરમ આદરથકી માનવી. (૨૦૯) અને આ જે અમારી શિક્ષાપત્રી તે જેતે દૈવી સંપદાએ કરીને યુક્ત એવો જે જન હોય તેને આપવી અને જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય તેને તો ક્યારેય ન આપવી. (૨૧૦) સંવત્ ૧૮૮૨-અઢારસો બ્યાસીના મહા સુદી પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે તે પરમ કલ્યાણકારી છે. (૨૧૧) અને પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા તેના નાશ કરનારા એવા ને ધર્મે સહિત જે ભક્તિ તેની રક્ષાના કરનારા ને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રીકૃષ્ણભગવાન તે જે તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો. (૨૧૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
શિક્ષાપત્રીલેખન નિરૂપણ નામનો ચોસઠમો અધ્યાય થયો. ॥૬૪॥

●

## અધ્યાય-૬૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે શ્રીહરિ મહાપ્રભુએ શિક્ષાપત્રી લખીને લહિયા સંતો પાસે તેની આઠ નકલ કરાવીને દૂતો દ્વારા આઠેય દિશાઓમાં મોકલી આપી. (૧) તે તે દિશાના સ્થળે રહેલા ભક્તજનો શિક્ષાપત્રીને પ્રાપ્ત કરી પરમ આનંદને પામ્યા. સર્વ ભક્તો તેની જુદી જુદી પુસ્તિકાઓ લખાવીને પોતાની પાસે રાખતા હતા. (૨) અને સર્વે પોતપોતાના અધિકાર પ્રમાણે તે પત્રિકામાં કહેલી રીતિ અનુસાર વર્તવા લાગ્યાં અને ભગવાન શ્રીહરિને સાક્ષાત્ શ્રીકૃષ્ણ જાણીને ભજવા લાગ્યા. (૩) અને તે શ્રીહરિએ પત્રિકાને મોકલાવી પછી સર્વ ભક્તોથી વીંટાયા થકા અને પોતાના ભક્તજનોને આનંદ પમાડતા થકા ફરી શ્રીનગર પધાર્યા. (૪) ભગવાન શ્રીહરિના આકસ્મિક આગમનથી હર્ષઘેલા થઈ ગયેલા નગરવાસી ભક્તજનોએ શ્રીહરિની સન્મુખ જઈ (સામૈયું કરી) નમસ્કાર કરી હર્ષભેર નગરમાં પધરાવ્યા. (૫) હે રાજન્ ! શ્રી નરનારાયણનાં દર્શન કરી શ્રીહરિએ શ્રીનરનારાયણમાં મંદિરમાં પોતાનો નિવાસ કર્યો. તે સમયે નગરવાસી ભક્તજનો શ્રીહરિની પરિચર્યા કરવા લાગ્યા. (૬) શ્રીહરિ નગરના ભક્તોને દરેક રાત્રિમાં સુંદર ધર્મનો બોધ આપનારી વાર્તાઓથી સુખ પમાડતા થકા શ્રીનગરમાં ફરીથી એક માસ પર્યંત શ્રીવાસુદેવમાહાત્મ્ય સાંભળાવતા હતા. (૭) ભક્તજનોની સભામાં વાસુદેવમાહાત્મ્યની બહુ પ્રકારે પ્રશંસા કરતા હતા અને સર્વ પ્રકારે આ વાસુદેવમાહાત્મ્ય અમારા સંપ્રદાયનું મૂળ છે એમ કહેતા હતા. (૮) તે શ્રીનગરમાં ભગવાન શ્રીહરિએ વડતાલની પેઠે ખૂબ મોટી સામગ્રીઓ વડે મોટો ફૂલદોલનો ઉત્સવ કર્યો. (૯) તે ફૂલદોલના ઉત્સવ ઉપર દેશાંતરથી હજારો ભક્તજનો આવવા લાગ્યા તથા દુર્ગપુરથી ઉત્તમરાજા વગેરે તથા રામપ્રતાપભાઈ વગેરે શ્રીહરિના સંબંધી

જનો પણ આવ્યા. (૧૦) દેશાંતરથી આવેલા પોતાના ભક્તોને સુખ આપતા શ્રીહરિ મહાપ્રભુ શ્રીનગરમાં બીજા પંદર દિવસ રોકાયા અને ભક્તજનોએ ભક્તિપૂર્વક શ્રીહરિનું મહાપૂજન કર્યું. (૧૧) નાના પ્રકારનાં નવીન વસ્ત્રો, સુંદર આભૂષણો તથા ચંદન, પુષ્પ, પુષ્પહારો અને તોરાએ વડે તેમજ ધન વડે પૂજન કર્યું. (૧૨) હે જનાધિપ ! શ્રીહરિ મહાપ્રભુએ પૂજામાં પ્રાપ્ત થયેલ જે વસ્ત્રાલંકાર, ધન વગેરે બધું જ અયોધ્યાપ્રસાદજીને આપી દીધું. (૧૩)

**પ્રતાપસિંહ રાજા બોલ્યા :**

હે બ્રહ્મન્ ! હે સુવ્રત મુને ! શ્રીહરિ મહાપ્રભુએ જેવી રીતે શ્રીનગરમાં ફૂલદોળ મહોત્સવ કર્યો તેવી રીતે મને તમો વિસ્તારપૂર્વક કહો. (૧૪) કેમકે તમારા મુખથી શ્રીકૃષ્ણના મધુર યશોને સાંભળતાં મારા મનમાં તૃપ્તિ થતી નથી પરંતુ ફરી ફરી તૃષ્ણા જ વધતી જાય છે. (૧૫) અતિ શ્રદ્ધાવાન તે રાજાએ આ પ્રમાણે પૂછેલા સુવ્રતમુનિ પોતાના ગુરુ શતાનંદમુનિના મુખથી સાંભળેલું શ્રીહરિનું મનહારી વૃત્તાંત પ્રીતિપૂર્વક કહેવા લાગ્યા. (૧૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! મનુષ્યોના હિતને માટે પૃથ્વી ઉપર નૃનાટ્યને કરતા એવા અને મંગલમય કર્મોવાળા ભગવાન શ્રીહરિની લીલાને તમો સાંભળો. (૧૭) એકદા વાસુદેવ ભગવાનની કથા સાંભળીને સુખપૂર્વક બેઠેલા શ્રીહરિજી પ્રત્યે આનંદમુનિએ સહિત શ્રી અયોધ્યાપ્રસાદજી બોલ્યા : (૧૮) હે સ્વામિન્ શ્રીહરે ! પુષ્પદોલોત્સવ સમીપ આવી ગયો છે તે હેતુ માટે સામગ્રીઓ સંપાદન કરવા પોતાના જનોને આજ્ઞા આપવા આપ યોગ્ય છે. (૧૯) આ પ્રકારે પુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજીનું વચન સાંભળી પ્રસન્ન થયેલા શ્રીહરિ બોલ્યા : હે પુત્ર ! તમોએ બહુ સારું કહ્યું. આ મહોત્સવ કરવો જ જોઈએ. (૨૦) આ લોકમાં મનુષ્યોના કલ્યાણ કરવા માટે જ શ્રીનરનારાયણનો પ્રાદુર્ભાવ છે માટે આ તો અવશ્ય કરવા યોગ્ય છે. (૨૧) પુરાણશ્રવણમાં ઓતપ્રોત મને સામગ્રીઓ મંગાવવાનું અનુસંધાન ન રહ્યું આથી તમો શ્રીનગરમાંથી અનેકવિધ સામગ્રીઓ તત્કાળ મંગાવો. (૨૨) હમણાં જ સેવકોને મોકલી માટીનાં પાત્રો, ઘડા, કૂંડીઓ, ચપણિયાં વગરે તથા પુષ્પો અને પત્રો વગેરે પદાર્થોને આજુબાજુનાં ગામોથી મંગાવો. બળતણ માટે કાષ્ઠ વગેરે પણ બહાર ગામથી મંગાવો. (૨૩) અને દેશાંતરોમાં ભક્તો ઉપર કુંકુમ પત્રિકાઓ મોકલવી તથા તેમના માટે યથોચિત ઉતારા પણ તમારે તૈયાર કરાવવા. (૨૪) તેમ જ ઘઉં, ડાંગર અને મગ નગરવાસી ભક્તો દ્વારા નગરમાંથી તમારે મગાવવું તેમજ સાકર, ઘી, ગોળ, બદામ, એલચી આદિ તથા તાંબું, પિત્તળ, લોખંડ વગેરે ધાતુનાં પાત્રો પણ તમારે વહેલાસર સંપાદન કરવાં. (૨૫) વળી રસોઈ બનાવવામાં પાવરધા એવા કંદોઈઓ, હલવાઈઓ પાસે પકવાનો સમૂહો કરાવવા તેમ જ રંગ, પુષ્પ અને ગુલાલનાં ગાડાં ભરીને તમારે મંગાવવાં. (૨૬)

**અયોધ્યાપ્રસાદ બોલ્યા :**

હે પ્રભો ! દર વર્ષે આ શ્રીનગરમાં ઉત્સવ ઉપર દેશાંતરોથી સ્ત્રી પુત્ર માતા પિતા વગેરે સહિત ભક્તજનો આપની આજ્ઞાથી આવે છે. (૨૭) આથી તે લોકોને દર વર્ષે લેખિત પત્રિકા મોકલવાની

હોતી નથી. ફાગણ સુદી આમલકી એકાદશીના રોજ સર્વ લોકો આ શ્રીનગરમાં આવશે. (૨૮) અને હે પ્રભો ! વળી આપે કહેલી બીજી સર્વ સામગ્રીઓ પણ બહુધા આનંદમુનિએ એકત્રિત કરેલી છે આથી તે અંગે વિશેષ પ્રયાસ કરવાનો રહેતો નથી. (૨૯) હે રાજન્ ! આ પ્રકારે કહેલા શ્રીહરિ મહાપ્રભુ પ્રસન્ન થઈને અયોધ્યાપ્રસાદજી પ્રત્યે બોલ્યા કે જ્યાં આનંદમુનિ હોય ત્યાં આનંદ જ થશે. (૩૦) ભગવાનના ઉત્સવોમાં સામગ્રીઓ સંપાદન કરવામાં જેવી મારે રુચિ છે તે પ્રકારે જ આ આનંદમુનિ કરે છે આથી તેઓ મને અતિ પ્રિય છે. (૩૧) અને હે પુત્ર ! તમો બાળક છતાં પણ વૃદ્ધ જેવા અને મતિમાન છો, એટલા માટે જ મેં વિચાર કરીને જ આ શ્રીનગરમાં તમોને સ્થાપન કર્યા છે. (૩૨) તમે બંને જણાએ બધું સંપાદન કરવું એમ કહીને શ્રીહરિ મહાપ્રભુ નરનારાયણના દર્શને પધાર્યા અને અયોધ્યાપ્રસાદજી અને આનંદમુનિ એ બન્ને સંભારો કરવા લાગ્યા. (૩૩) હે રાજન્ ! તે શ્રીનગરમાં પ્રત્યક્ષ ભગવાનના દર્શનાર્થે આદરપૂર્વક જેમ થાય તેમ ત્યાગ કરેલ છે પોતાનાં ગૃહો જેમણે એવા અનેક દેશાંતરના લોકો આવવા લાગ્યા અને તે લોકો સાક્ષાત્ કૃષ્ણ કહેતાં પ્રત્યક્ષ શ્રીહરિ મહાપ્રભુ અને મંદિરમાં બિરાજમાન શ્રીનરનારાયણના દેવનાં દર્શન કરીને પરમ આનંદ પામતા હતા. (૩૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગર-દોલોત્સવે સભારસંપાદનાજ્ઞાયાં વચનનિરૂપણ નામનો પાંસઠમો અધ્યાય થયો. ॥૬૫॥

●

## અધ્યાય-૬૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીનગરમાં રહેલા શ્રી નરનારાયણ મંદિરમાં ફૂલદોલોત્સવ પ્રસંગે ઘઉંના લોટનો શ્વેત મોટો પર્વત થયો તેમ જ મગ તુવેરની દાળ તથા ચોખાના પર્વત જેવડા મોટા ગંજ થયા. (૧) તથા તે ઉત્સવ ઉપર હજારો ઘી ભરેલાં કુંડલાં તથા હજારો ગોળનાં ભીલાં લાવ્યા હતા તથા સાકરનો તો જાણે પર્વત ખડક્યો હતો તથા શાકોના અનેક ઢગલા કર્યા હતા. (૨) તે સ્થળે મોટા વિશાળ કડાયાં તથા ઘણા ઘણા તાંબાના થાળ તેમ જ વિશાળ એવાં પિત્તળનાં તપેલા લાવ્યા હતા અને મોટા મોટા ઝારાઓ તથા લાંબા તાવેથા લાવ્યા હતા. (૩) તથા કડાંવાળા અનેક મોટા મોટા તાંબાના ચરુ તથા બસો મોટાં મોટાં રંગાડાં હતાં. (૪) અને હે રાજન્ ! તે ઉત્સવમાં હજારો પવિત્ર એવી ગાગર્યો તથા હજારો ઘડાઓ, હજારો કૂંડીઓ અને હજારો મંથનીઓ આનંદમુનિએ મંગાવી હતી. (૫) તેમજ ગંગા અને રેવા વગેરે હજારો બ્રાહ્મણ સ્ત્રીઓ પણ પાપડ અને વડીઓ બનાવતી હતી તથા સૂતર જેવી ઝીણી સેવો પણ બનાવતી હતી. (૬) શ્રીહરિના મોટાભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજીની આજ્ઞાથી દશમના દિવસથી જ બ્રાહ્મણ જાતિના કુશળ કંદોઈઓ પકવાનો બનાવવાની શરૂઆત કરી દેતા હતા. (૭) તે સમયે મહાનુભાવાનંદ મુનિ દેશાંતરોથી આવેલા જનોને શ્રીનગરમાં તથા આજુબાજુના શાખા નગરોમાં યથાયોગ્ય ઉતારાઓ આપતા હતા. (૮) અને શ્રીનગરમાં સાધુઓનાં હજારો મંડળો આવવા લાગ્યાં ત્યારે સર્વજ્ઞાનંદમુનિ તેમને યથાયોગ્ય

ઉતારો કરાવતા હતા. (૯) હે નૃપતે ! દશમ અને એકાદશીના દિવસે તે શ્રીનગર આગંતુક એવા ભક્તોના સમૂહોથી અત્યંત સાંકડું થઈ ગયું હતું. (૧૦) તે સમયે સર્વ ભક્તજનોએ ભગવાન શ્રીહરિનાં દર્શન કરીને શ્રીનગરમાં તથા તે નગરની વાડીઓમાં સુખપૂર્વક નિવાસ કર્યો. (૧૧) શ્રીહરિ મહાપ્રભુ એકાદશીની રાત્રિએ પોતાના વર્ણિજનોથી વીંટાયા થકા તૈયાર પકવાનોનું નિરીક્ષણ કરવાની ઈચ્છાથી પાકશાળામાં પધાર્યા. (૧૨) દેશાંતરોથી અનેક ઉત્તમ બ્રાહ્મણો, ઘણા ભિક્ષુકો તથા બીજા પણ ઘણા મનુષ્યો આવેલા હોવાથી પુષ્કળ પાક બનાવવો જોઈએ એમ કહેતા થકા શ્રીહરિ પાકશાળામાં પધાર્યા. (૧૩) જ્યારે શ્રીહરિ પાકશાળામાં પ્રવેશીને નજીક આવી ગયા ત્યારે કુબેર લક્ષ્મણ વગેરે બ્રાહ્મણો પાક બનાવતા હતા. (૧૪) ત્યારે શ્રીહરિએ શ્વેતવર્ણવાળી જલેબી તથા ખાજાં અને એક જગ્યાએ ઢગલા કરેલી બરફી તેમજ ગુંદરપાક વગેરે જોયાં. (૧૫) વળી શ્રીહરિએ પાત્રોમાં ભરી રાખેલા ભાત ભાતના બનાવેલા પેંડાના સમૂહો તથા માંડા અને શ્વેત સાકર ચડાવેલ તેથી ઊજળા દેખાતા ઠોરના સમૂહો જોયા. (૧૬) શ્રીહરિ મહાપ્રભુ આ બધું જોઈને અત્યંત આનંદિત થયા હોય તે રીતે પોતાના મસ્તકને હલાવતા થકા જેટલામાં પાકશાળામાંથી પોતે બહાર પધારે છે તેટલામાં તો પ્રભુજી પાસે આવી ગયેલા જ્યેષ્ઠ પુત્ર અયોધ્યાપ્રસાદજી શ્રીહરિને બીજી પાકશાળા બતાવવા લઈ ગયા. (૧૭-૧૮) શ્રીહરિ મહાપ્રભુએ તે પાકશાળામાં આગળ ખડકેલા ચૂરમાના લાડુનો પર્વત જેવો મોટો ગંજ જોયો. આ ગંજ ગણેશ, સોમનાથ અને કુબેર વગેરે બ્રાહ્મણોએ બનાવેલો હતો અને સાકરથી ઊજળો દેખાતો હતો. (૧૯) પછી બીજી પાકશાળામાં શ્રીહરિએ ચણાના લોટથી બનાવેલા હોવાથી પીળા અને પર્વત પરથી પડેલી મોટી શિલાઓની માફક ખડકેલા મોતીયા લાડુ જોયા. (૨૦) તે સમયે રાજી થઈને ભગવાન શ્રીહરિ પુત્ર અયોધ્યાપ્રસાદજીની પ્રશંસા કરતા થકા તે પાકશાળામાંથી નીકળી સ્વસ્થાને જવા નીકળ્યા તેટલામાં શ્રીહરિએ ગંગા નામના બ્રાહ્મણ બાઈને જોયાં. (૨૧) જેમની પાછળ યશસ્વતી નામના બાઈ રહેલાં છે અને હાથ જોડીને રહેલાં ગંગાબાઈ પ્રત્યે શ્રીહરિ બોલ્યા કે તમારો સ્ત્રીઓનો પાક એક જ છે કે જુદો છે ? (૨૨) ત્યારે ગંગાબાઈ બોલ્યાં : હે સત્પતે ! આપ આ પાકશાળા જોવાને યોગ્ય છે. એમ વિનયપૂર્વક કહેલા શ્રીહરિ મહાપ્રભુ પ્રસન્ન મુખવાળા થકા વિશાળ એવી તે પાકશાળા જોવા લાગ્યા. (૨૩) તે સમયે સર્વ સ્ત્રીઓ શ્રીહરિને પ્રણામ કરીને હાથ જોડી દૂર ઊભી રહી. ત્યારે લજ્જિત સ્વભાવનાં સુનંદા તો શ્રીહરિને નમસ્કાર કરીને જેમ બને તેમ જલદી સંતાઈ ગયાં. (પોતાના કાકાજી સસરાની શરમ લાગવાથી) (૨૪) તે સમયે સુવાસિની બાઈ તથા ગંગાબા ભગવાન શ્રીહરિને શુદ્ધ વૃત્તિવાળી બ્રાહ્મણ બાઈઓએ બનાવેલા વિશાળ પાકનું દર્શન કરાવ્યું. (૨૫) ત્યાં શ્રીહરિએ સારી રીતે ફૂલેલી પૂરીઓના ઢગલા તથા દહીંવડા, ઘૂઘરા તથા ફુલવડી અને ભજિયાંના સમૂહો જોયા. (૨૬) ત્યારપછી શ્રીહરિ વડાંના મોટા મોટા ઢગલાઓ જોઈને હસવા લાગ્યા. ત્યારે રેવાબાઈ હાથ જોડી મંદહાસ યુક્ત થઈને બોલ્યા : (૨૭) હે પ્રભો ! આ કૃતિ તો અયોધ્યાવાસી બાઈઓની છે. ત્યારે ભગવાન શ્રીહરિ 'બહુ સારું બહુ સારું' એમ કહીને ત્યાંથી નીકળી ગયા. (૨૮) તે સમયે ભગવાન શ્રીહરિએ કમર કસેલા, શીઘ્ર ગતિવાળા અને જેમની

પાછળ માથા ઉપર ચોખાનાં પાત્રો ઉપાડેલા માણસો ચાલે છે એવા આનંદાનંદ મુનિને જોયા. શ્રીહરિ બોલ્યા : હે આનંદમુને ! તમો આટલા ઉતાવળા ક્યાં જાઓ છો ? - આ પ્રમાણે શ્રીહરિએ પૂછતાં તે આનંદમુનિ પ્રભુને નમન કરીને બોલ્યા : હે પ્રભો ! આવતી કાલે પ્રભાતે બનાવવાના ભાત અને દાળ ઈત્યાદિ પદાર્થોને હું પાકશાળામાં પહોંચાડું છું. (૨૯-૩૦)

સુવ્રતમુનિ બોલ્યા :

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારે આનંદમુનિની પ્રશંસા કરતા શ્રીહરિ પોતાના નિવાસસ્થાને પધારી ત્યાં બિરાજી પ્રસન્નતાપૂર્વક મુકુંદવર્ણી વગેરે સ્વજનોને કહેવા લાગ્યા કે મારે પાક સંબંધી સર્વ ચિંતા ટળી ગઈ. (૩૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
શ્રીનગરદોલોત્સવ ભગવતકૃતપાકશાલાવલોકનનિરૂપણ નામનો છાસઠમો અધ્યાય થયો. ॥૬૬॥

●

## અધ્યાય-૬૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! પ્રભાતે કરેલ છે નિત્યકર્મ જેમણે તથા મંગલકારી છે દર્શન જેમનું એવા ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ પ્રભુ પોતાના આશ્રમથી બહાર આવી ઉત્તમ પીઠ ઉપર ચડી બિરાજમાન થયા. (૧) ભગવાન શ્રીહરિના દર્શનથી મહાન ઉત્સાહવાળા સેંકડો અને હજારો જનો, સાધુઓ, બ્રહ્મચારીઓ અને પાર્ષદો તેમને વીંટાઈ વળ્યા. (૨) રસોડામાં ક્યારેય ભોજન નહિ કરનારાં બ્રાહ્મણોને શ્રીહરિએ પોતાના પુત્ર અયોધ્યાપ્રસાદજી દ્વારા કાચાં સીધાં અપાવ્યાં. (૩) પછી હે રાજન્ ! ઉપવાસ કરેલા ભક્તોને પારણાં કરવાની આજ્ઞા આપી તેટલામાં તો શ્રીનરનારાયણ દેવની રાજભોગની આરતી થઈ. (૪) ત્યારે તે નરનારાયણ ભગવાનનાં દર્શન કરી જેટલામાં શ્રીહરિ પીઠ ઉપર બિરાજમાન થાય છે તેટલામાં મુકુંદાનંદવર્ણી શ્રીહરિને કહેવા લાગ્યા : હે પ્રભો ! સંતોને ભોજનનો સમય થયો. (૫) ત્યારે ભગવાન શ્રીહરિએ સંતો, સર્વ બ્રાહ્મણો, સર્વ બ્રહ્મચારીઓ, સર્વ ભિક્ષુઓ તેમ જ સંન્યાસીઓ તેમજ સર્વ પાર્ષદોને જમવાની આજ્ઞા આપી. (૬) તે સર્વે તે જ ક્ષણે પવિત્ર થઈ જળપાત્રો સાથે આવીને પોતપોતાની જાતિઓમાં યથોચિત સંકરતા ન થાય તેમ બેસી ગયા. (૭) શ્રીહરિ તે ઉત્સવમાં સર્વ સંતોને પ્રસન્ન કરવા માટે ગુણોની ખાણરૂપ સંતવર્ય બ્રહ્માનંદમુનિને મુખ્ય કરતા હતા. (૮) તેમજ બ્રાહ્મણોને રાજી કરવા નથ્થુભટને મુખ્ય કર્યા તથા ક્ષત્રિયો અને રાજાઓને પ્રસન્ન કરવા ભગુજીને મુખ્ય કર્યા હતા. (૯) તેમજ પદાતિઓને પ્રસન્ન કરવા ભગુજીને મુખ્ય કરતા હતા તથા વર્ણિજનોને રાજી કરવા વર્ણિવર્ય વાસુદેવાનંદ મુનિને શ્રીહરિએ મુખ્ય કર્યા હતા. (૧૦) ભગવાન શ્રીહરિએ વૈશ્યભક્તોને રાજી કરવા માટે બહેચરભાઈને મુખ્ય કર્યા હતા તથા શૂદ્ર વગેરે જનોને તૃપ્ત કરવા માટે કુબેરસિંહને મુખ્ય કર્યા હતા. (૧૧) તેમ જ દૂતો, કર્મચારીઓ અને સારથિજનો એ સર્વને પ્રસન્ન કરવામાં વીરાજી અને દોરાજી નામના પાર્ષદોને અગ્રેસર કર્યા હતા. (૧૨) એ જ રીતે ગાયકો, ભિક્ષુઓ, સુથાર વગેરે શિલ્પીઓ તેમજ

વાદ્યકારો વગેરેને તૃપ્ત કરવા માટે પોતાના ભક્ત ગંગારામને મુખ્ય કર્યા હતા. (૧૩) હે રાજન્ ! જે સ્થાન ઉપર જે મુખ્ય હોય તેની આજ્ઞાનું અન્ય સર્વજનો પાલન કરતા હતા અને શ્રીહરિ ભગવાન તો પ્રેમાર્દ્ર થઈને સર્વ મુખ્યજનોને પ્રેરણા કરતા હતા. (૧૪) અને મુખ્યજનો પાકાધિકારીઓએ આપેલું ચતુર્વિધ અન્ન સ્વગણો પાસે સાધુઓ વગેરે પોતપોતાનાં મંડળોમાં યથાવત પિરસાવતા હતા. (૧૫) ત્યારબાદ સુખપૂર્વક બેસેલા સર્વ ભક્તજનો શ્રીહરિજીની આજ્ઞાથી જયનાદ સાથે જમવા લાગ્યા. અને ભગવાન શ્રીહરિજીનું દર્શન કરતા થકા પકવાન્નાદિ ભોજ્ય પદાર્થોનાં વખાણ કરતા હતા. (૧૬) મુક્તાનંદ, ગોપાળાનંદ, શુકમુનિ, નિત્યાનંદ તથા આનંદાનંદ છે મુખ્ય જેમાં એવા બીજા સંતો પક્તિઓમાં ચારે બાજુ ફરતા થકા પોતાના જમણા હાથો ઊંચા કરીને કહેવા લાગ્યા. તમો સૌ ધીરે ધીરે જમજો. આ પ્રમાણે ભગવાન શ્રીહરિજીની આજ્ઞા છે. (૧૭-૧૮) મહાનુભાવાનંદ મુનિ તો સારી રીતે ભોજન કરાવતા થકા મધુર વચનો વડે વારંવાર શ્રીહરિ તથા હરિજનોને પણ હસાવતા હતા. (૧૯) ત્યારપછી સંતો વગેરે સૌ લગભગ જમી રહેવા આવ્યા ત્યારે શ્રીહરિ મહાપ્રભુ પોતાના ઉત્તરીય વસ્ત્ર વડે પોતાનું પીતાંબર બાંધીને પોતાના આસનેથી ઊતર્યા. કેવા થકા તો પોતે પીરસેલા પકવાનાદિ વડે સંતો વગેરેને રાજી કરવા, સંતોને જમાડવામાં પરમ રુચિવાળા, દયાથી પરિપૂર્ણ દૃષ્ટિ વડે પોતાના જનોને આનંદ પમાડતા તથા કોમળ આનંદમયી વાણીવાળા, અને પોતાને જોઈ રહેતા સંતો સામે દૃષ્ટિ કરતા તથા મંદહાસ્યથી યુક્ત સુંદર મુખવાળા થકા ઊઠ્યા. (૨૦) તેટલામાં તો સત્વર ક્રિયાવાળા સંતો બ્રહ્માનંદ સ્વામીની આજ્ઞાથી પકવાન્નો ભરેલાં પાત્રો લઈને શ્રીહરિની સમીપે આવી ગયા. (૨૧) ઈશ્વરમૂર્તિ ધર્મપુત્ર શ્રીહરિ બન્ને હાથો વડે બે બે મોતીયા લાડુ લઈને દરેક પાત્રોમાં ક્ષણવારમાં પીરસી દેતા હતા. (૨૨) તે સંતો પણ ભગવત્પ્રસાદનું માહાત્મ્ય જાણતા થકા જમેલા છતાં નહિ જમ્યા હોય તેમ આદરથી સત્વરે જમવા લાગ્યા. (૨૩) શ્રીહરિ મહાપ્રભુ એકવાર પીરસીને પાછા ફરીવાર પીરસવા આવે છે તેટલામાં તો સંતોનાં પાત્રો લગભગ ખાલી થઈ જતાં હતાં. (૨૪) ત્યારબાદ શ્રીનારાયણમુનિ તો જેટલું ગ્રહણ કરી શકાય તેટલાં બેય હાથો વડે જલેબીનાં ગૂંચળાં ગ્રહણ કરીને એક-એક હાથ વડે જુદા જુદા પાત્રમાં સત્વરે પીરસી દેતા હતા. (૨૫) અને ભગવાન શ્રીહરિ દાંત વગરના જનોને તો ખૂબ દૂધપાક પિરસાવતા હતા. ત્યારબાદ શ્રીહરિએ તૃપ્ત થયેલા સર્વને ભાત પીરસવાની આજ્ઞા આપી. (૨૬) તે સંતો વગેરે શ્રીહરિના હસ્તકમળમાં પકવાન્ન જોઈને જ જ્યારે સિંહગર્જના કરતા હતા ત્યારે જ શ્રીહરિ બીજી પંક્તિમાં જઈ પીરસવા લાગ્યા. (૨૭) શ્રીહરિ મહાપ્રભુ ઉત્તમાદિ રાજાઓને તથા સોમલાખાચર, સુરાખાચર વગેરે પાર્ષદો અને વૈશ્ય વગેરે બીજા ભક્તજનોને સારી પેઠે પીરસવા લાગ્યા. (૨૮) ભગવાન શ્રીહરિ સર્વને તૃપ્ત થયેલા જાણી, પોતે હસ્તપ્રક્ષાલન કરી તે સાધુ વગેરે સર્વને અનુજ્ઞા આપીને પોતે શ્રીરામપ્રતાપભાઈના ઘેર પધાર્યા. (૨૯) સંતો વગેરે સૌ જમીને ઓડકાર ખાતા ખાતા પોતપોતાના નિવાસસ્થાને ગયા તથા બ્રહ્માનંદ મુનિ વગેરે અગ્રેસરો પણ પોતાના ગણોએ સહિત ભોજન કરીને પોતપોતાના સ્થાને ગયા. (૩૦) વડીલબંધુ રામપ્રતાપભાઈને ત્યાં સ્નાન કરી શ્રીહરિ સંધ્યાવંદનાદિક માધ્યાહ્નિક કર્મ

કરી, રામપ્રતાપભાઈને રાજી કરવા તેમને ત્યાં જ જમીને પોતાના સ્થાને પધાર્યા. (૩૧) શ્રીહરિ મહાપ્રભુ આ પ્રકારે દરરોજ સાધુ વિપ્રાદિને જમાડી તૃપ્ત કરવાનો ઉત્સવ કરતા હતા. જે ભોજનોત્સવ સાંભળીને પૃથ્વી પરના રાજાઓ સુધ્ધાં વિસ્મય પામી ગયા. (૩૨) તેમજ ભક્તોથી અન્ય એવા જમનારા, બીજા ગામોથી અને બીજા નગરોથી આવનારા અને જનારાની ગણતરી કરવા કોઈપણ અથવા બ્રહ્મા પણ શક્તિમાન થતા ન હતા. (૩૩) શ્રીહરિના જ્યેષ્ઠ પુત્રની જ અનુજ્ઞાથી કોઈપણ વ્યક્તિ તે ભોજન કરનારાઓને રોકતું ન હતું. બધા જ ભરપેટ જમીને પેટે પર હાથ ફેરવતા થકા અને ભગવાન શ્રીહરિની પ્રશંસા કરતા થકા પોતપોતાનાં ઘરો તરફ પ્રયાણ કરતા હતા. (૩૪)

**મુનિ બોલ્યા :** હે રાજન્ ! હજારો એવા ભક્તો અને અભક્તો પણ શ્રેષ્ઠ પાક જમીને પોતપોતાને ઘેર સુખપૂર્વક ગયે સતે પણ, શ્રીહરિ ભગવાનના પ્રતાપથી પાક ખૂટતો ન હતો. (૩૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરદોલોત્સવે સાધુબ્રાહ્મણસંતર્પણનિરૂપણ નામનો સડસઠમો અધ્યાય થયો. ॥૬૭॥

●

## અધ્યાય-૬૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારબાદ ભગવાન શ્રીહરિ અપરાહ્ન સમયે મનુષ્યોને પોતાનું દર્શન આપવા સ્વસ્થાનેથી બહાર પધારી ઊંચા પીઠ ઉપર બિરાજમાન થયા. (૧) શ્વેત ધોતી પહેરેલા, શ્વેત પાઘ ધારેલા, શ્વેત ખેસ ઓઢેલા તેમજ શ્વેત પુષ્પોની માળા તથા તોરાવાળા, તથા પીળા ચંદનથી ચર્ચિત એવા ભગવાન ઊંચા પીઠ ઉપર બિરાજમાન થયા. (૨) તે સભામાં સેંકડો ને હજારો નરનારી ભક્તજનો સત્વરે આવીને મર્યાદાપૂર્વક સમૂહ સમૂહરૂપે બેસી ગયા. (૩) તે પ્રભુજીની આગળ પાછળ અને પડખામાં પુરુષો હતા તથા સેંકડો નરો વૃક્ષો ઉપર હતા તેમજ હજારો નરો છાપરાઓ ઉપર હતા. (૪) સેંકડો મનુષ્યો કિલ્લા ઉપર અને સેંકડો પુરદ્વાર ઉપર અને સેંકડો જનો વલભીઓ ઉપર તેમજ સેંકડો અગાશી ઉપર તો સેંકડો મંદિરના મંડપમાં હતા. (૫) શ્રીહરિ મહાપ્રભુ ચોતરફ બધું મનુષ્યમય જોઈને આશ્ચર્યપૂર્વક હસવા લાગ્યા. સમગ્ર સ્ત્રીઓ પુરુષોનો સ્પર્શ ન થાય તેમ સભાના એક ભાગમાં બેઠી હતી. (૬) પાર્ષદોના અગ્રેસર ભગુજીએ શ્રીહરિ ઉપર છત્ર ધારણ કર્યું હતું. વીરાજી અને દેવાજી બે ભક્તો શ્રીહરિને ચામર ઢોળતા હતા અને રતનજી પંખો હલાવતા હતા. (૭) તેમજ મુકુંદાનંદ બ્રહ્મચારી શ્રીહરિને હાથમાં ધારણ કરવાનું વસ્ત્ર-રૂમાલ ધરી રહ્યા હતા. વાસુદેવાનંદ વર્ણી શ્રીહરિનું કમંડલુ ધારણ કરતા હતા અને ઉત્તમરાજા શ્રીહરિની બન્ને પાદુકા ધારણ કરતા હતા. (૮) શ્રીહરિ મહાપ્રભુના બન્ને પડખે સોમલાખાચર અને સુરાખાચર વગેરે સર્વ રાજાઓ ઊભા રહ્યા હતા અને સોનાની છડી હાથમાં લઈ કુબેરસિંહ પ્રભુજીની આગળ ઊભા હતા. (૯) અને રામપ્રતાપભાઈ જેમાં અગ્રેસર છે એવા શ્રીહરિના સંબંધીજનો પ્રભુની સમીપે જ મર્યાદાપૂર્વક બેઠા હતા અને તેમના પુત્ર અયોધ્યાપ્રસાદ

અને રઘુવીર પણ તેમના સમીપે જ બેઠા હતા. (૧૦) જ્ઞાનવૃદ્ધ સંતો, વિદ્વાન અને ઉત્તમ બ્રાહ્મણો ભગવાન શ્રીહરિની આગળ બેઠા હતા અને તેમની પાછળ અન્ય સંતો બેઠા હતા. (૧૧) અને તે સંતોની પાછળ સર્વ ગૃહસ્થજનો બેઠા હતા. તે સભામાં કોઈપણ વ્યક્તિ પોતપોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતી ન હતી. (૧૨) ત્યારબાદ શ્રીહરિએ તૈયાર કરેલાં છે વાજિંત્રો જેમણે એવા વાજિંત્ર વગાડનારાઓને જોઈને તેમને હાથના અગ્રભાગ વડે આજ્ઞા આપી ત્યારે વાદકો વાજિંત્રો વગાડવા લાગ્યા. (૧૩) તે સમયે સર્વ વાદકો બહુકાળ પર્યંત અભ્યાસ કરીને પ્રાપ્ત કરેલી પોતાની વાદ્યવાદન ચાતુરી પૂર્ણપણે શ્રીહરિને બતાવતા હતા. (૧૪) ભગવાન શ્રીહરિ વાદકોની વાદન કુશળતા જોઈને ખૂબ પ્રશંસા કરવા લાગ્યા અને તેમને જ્યેષ્ઠ પુત્ર અયોધ્યાપ્રસાદજી પાસે વસ્ત્રોની પહેરામણી કરાવી. (૧૫) ત્યારબાદ શ્રીહરિએ વાદ્યવાદકોને હાથની ચેષ્ટા વડે વિરામ પમાડી પછી પોતાની આગળ રહેલા અને તૈયાર છે વાજિંત્રો જેમનાં એવા ગાન કળામાં વિશારદ મુક્તાનંદ, પ્રેમાનંદ, યોગાનંદ, દેવાનંદ વગેરે સંતોને ગાવાની આજ્ઞા આપી. (૧૬) ત્યારે મુક્તાનંદાદિ સંતો વાજિંત્રોના ધ્વનિએ સહિત, સુંદર સ્વર આલાપપૂર્વક, ભગવાનનાં કીર્તનો સારી રીતે ગાવા લાગ્યા. ગાનથી પ્રસન્ન થયેલા શ્રીહરિ મહાપ્રભુ મુક્તાનંદાદિ સંતોની સ્ફુટપણે પ્રશંસા કરવા લાગ્યા. (૧૭) નગરવાસી દામોદર ભક્ત શ્રીહરિનું પૂજન કરવાની ઈચ્છાથી સભામાં આવીને આનંદમુનિને કહેવા લાગ્યા : 'હે મુને ! દામોદર પૂજા કરવા આવ્યા છે, એમ શ્રીહરિને વિજ્ઞાપન કરો.' (૧૮) પછી આનંદમુનિએ શ્રીહરિની આજ્ઞાથી દામોદર ભક્તને શ્રીહરિની સમીપે પહોંચાડ્યા ત્યારે દામોદર ભક્ત શ્રી નારાયણમુનિને પ્રણામ કરી વિનય વડે ભક્તિભાવપૂર્વક પૂજા કરવા લાગ્યા. (૧૯) પુષ્પમય હારો, તોરાઓ અને સુંગધી ચંદનાદિ વડે શ્રીહરિની પૂજા કરી પછી ઉત્તમ પાયજામો સુરવાળ શ્રીહરિ મહાપ્રભુને ધારણ કરાવ્યો. (૨૦) શ્રીહરિ જ્યારે સુવર્ણના બુટ્ટાદાર અને લાલ રંગવાળો તે સુરવાળ ધારણ કરીને આસન ઉપર ઊભા રહ્યા ત્યારે સર્વે જનો જયનાદ કરવા લાગ્યા. (૨૧) ત્યારે નગરનિવાસી અન્ય ભક્તજનો પણ શ્રીહરિની આજ્ઞા લઈ આદરપૂર્વક યથાશક્તિ શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. (૨૨) નથ્થુભટ્ટ, હેમંતરામ વગેરે બ્રાહ્મણો; હીરાચંદ, બહેચર, લાલાગુપ્ત વગેરે વૈશ્ય ભક્તો શ્રીહરિની પૂજા કરતા હતા. (૨૩) આ સર્વ ભક્તજનો વિનયથી યુક્ત થઈને પરમ ભક્તિભાવથી સૂક્ષ્મ અને અતિ મૂલ્યવાન રમણીય અનેકવિધ વસ્ત્રો વડે શ્રીહરિની પૂજા કરતા હતા. (૨૪) તેમજ અનેક પ્રકારના ઉપહારો, રત્નજડિત સુવર્ણના અલંકારો, પુષ્પના હારો, શેખરો, સુગંધીમાન પદાર્થો તથા ધન આપવાપૂર્વક શ્રીહરિની પૂજા કરતા હતા. (૨૫) હે નરાધિપ ! આ પ્રકારે અન્ય પણ પુરવાસી બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને સચ્છૂદ્રો પોતપોતાની ધનસંપત્તિ અનુસાર શ્રીહરિની પૂજા કરતા હતા. (૨૬) શ્રીહરિ સર્વેજનોને રાજી કરવા માટે તેમણે કરેલી પૂજા સ્વીકારતા હતા. તે ભક્તોએ અર્પણ કરેલું પુષ્પ, પત્ર કે ફળ પણ પ્રેમપૂર્વક સ્વીકારતા હતા. (૨૭) ત્યારબાદ ત્યાં દેશાંતરોથી આવેલા ભક્તજનો શ્રીહરિની પૂજા કરવા તત્પર થઈ ગયા ત્યારે શ્રીહરિ દેશાંતરના જનોને અટકાવીને બોલ્યા : (૨૮) 'હે ભક્તજનો ! તમો બધા આવતી કાલે સવારે મારી પૂજા કરજો.' આ પ્રમાણે શ્રીહરિએ કહેલા તે ભક્તજનો 'બહુ

સારું' એમ કહીને વિશાળ જનસભામાં બેસી ગયા. (૨૯) પછી સાયંકાળ સમયે ભગવાનની આરતીનો મહા ઉત્સવ થયો ત્યારે ભગવાન શ્રીહરિ ઊભા થઈને તાળી વગાડવા લાગ્યા. (૩૦) ત્યારે પ્રભુના લાખો ભક્તજનો પણ તાળીઓ વગાડવા લાગ્યા. જે તાળીઓનો ધ્વનિ પાપોનો નાશ કરતો થકો શ્રીનગરમાં ઘેર ઘેર વિશેષપણે વ્યાપી ગયો. (૩૧) ત્યારબાદ સર્વ ભક્તજનો ભગવાનને નમસ્કાર કરી, પરસ્પરને નમસ્કાર કરી બેસી ગયા અને શ્રીહરિ પણ બિરાજમાન થયા. (૩૨) તે સભામાં વાળંદોએ સેંકડો મશાલો પ્રગટાવી હતી. ત્યારબાદ સર્વ જનો શ્રીહરિ મહાપ્રભુના મુખકમળનાં દર્શન કરતા થકા મૌન થઈ ગયા. (૩૩) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુ પોતાની આગળ બેઠેલા પોતાના મોટા સંતો તેમજ સભામાં રહેલા સર્વ જનો સન્મુખ જોઈને બોલ્યા કે આ સભામાં કોઈને પણ જે કંઈ પૂછવું હોય તો તે ત્યાગી કે ગૃહસ્થ જેને પણ પૂછવું હોય તે મને ખુશીથી પૂછો. (૩૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
શ્રીનગરદોલોત્સવે મહાસનોપવેશન નિરૂપણ નામનો અડસઠમો અધ્યાય થયો. ॥૬૮॥

●

## અધ્યાય-૬૯

**બ્રહ્માનંદ મુનિ બોલ્યા :**

હે પ્રભો ! શ્રીહરે ! બદ્ધ જીવનું લક્ષણ શું ? સંસાર બંધનથી મુક્તિનું સાધન શું ? અને તે મુક્તિનું ફળ શું ? આ બધું કૃપા કરી મને કહેવા માટે આપ યોગ્ય છો. (૧)

**શ્રી ભગવાન બોલ્યા :**

પ્રથમ બદ્ધ જીવોનાં લક્ષણો હું તમોને કહું છું. જીવ પાંચ કોશોમાં તાદાત્મ્યભાવથી કહેતાં સદા એકાત્મભાવથી બંધાયેલો છે. (૨) એક અન્નમયકોશ, બીજો પ્રાણમયકોશ, ત્રીજો મનોમયકોશ, ચોથો વિજ્ઞાનમયકોશ અને પાંચમો આનંદમયકોશ : આ પાંચ કોશો કહેલા છે. (૩) અનુક્રમથી પ્રત્યેકના મધ્યે પ્રાણમયાદિ કોશો રહેલા છે. જીવ પાંચ કોશોથી આવૃત્ત થકો જન્મમરણરૂપી સંસારને પામે છે. (૪) દેહનો પ્રથમ અન્નમયકોશ કહેવાય છે. તે દેહે પંચીકરણ થયેલાં પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશરૂપ પંચભૂતો વડે ઊપજ્યો થકો અન્ન વડે જીવે છે. (૫) પ્રાણો જે તે કર્મેન્દ્રિયો સાથે વર્તે તે પ્રાણમયકોશ કહેવાય અને મન જે તે જ્ઞાનેન્દ્રિયો સહિત હોય તે મનોમયકોશ કહેવાય. (૬) તે બુદ્ધિન્દ્રિયોની સાથે જે નિશ્ચયાત્મિકા બુદ્ધિ કહેતાં વિજ્ઞાન તે વિજ્ઞાનમય કોશ કહેવાય છે અને સુષુપ્તિ વગેરેમાં જે આનંદ તે આનંદમયકોશ કહેવાય છે. (૭) પ્રથમ અન્નમયકોશ તો સ્થૂળદેહમાં માનેલો છે અને પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય આ ત્રણ કોશ લિંગદેહમાં માનેલા છે તથા છેલ્લો આનંદમય કોશ કારણદેહમાં માનેલો છે. આ અન્નમયાદિ પાંચે કોશમાં તદાત્મકપણું હોવાને લીધે જીવ પણ તે તે કોશરૂપે કહેવાય છે. (૮) આ જીવ અણુથી પણ અતિ અણુ છે અને તે અતિ સૂક્ષ્મ ધમનીઓ પામીને નખના અગ્રભાગથી શિખા પર્યંત વ્યાપીને તદ્રૂપ થકો દેહમાં રહેલો છે. (૯) મૂઢ બુદ્ધિવાળો જીવાત્મા પ્રાણો, ઇન્દ્રિયો અને મનના ધર્મોને

પોતામાં અધ્યાસ કરી વિષયલેશોનું ધ્યાન કરતો દીન થઈને 'હું અને મારું' એમ માની કર્મ કરનારો થાય છે. (૧૦) દેહાત્મ બુદ્ધિવાળો પુરુષ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપ અવસ્થાઓમાં તન્મય કહેતા તે તે અવસ્થારૂપ થઈને સુખદુઃખરૂપી પૂર્વ કર્મનાં ફળોને ભોગવે છે અને મૂઢ થકો ફરીને કર્મો કરે છે. (૧૧) તે કર્મો વડે વારંવાર જન્મ અને મૃત્યુ ને અનેક પ્રકારે પ્રાપ્ત થકો પશુ-કીટ-પતંગાદિ યોનિઓમાં ભમે છે તે નક્કી વાત છે. (૧૨) અને તે તે પશુ આદિ યોનિઓમાં મહાદુઃખને પામ્યો થકો પણ ઈન્દ્રિય સુખ વડે તૃપ્તિ પામતો નથી અને કુસંગના બળને લીધે વૈરાગ્યને પણ પામતો નથી. (૧૩) તેમજ વેદ અને સચ્છાસ્ત્રોરૂપ લક્ષણોવાળી ઈશ્વર-આજ્ઞાને ઉલ્લંઘન કરી સ્વેચ્છાથી વિષયોમાં આસક્ત થકો જાળમાં ફસાયેલા પક્ષીની પેઠે ખેદ પામે છે. (૧૪) આ જીવ બહુ કલ્પો વીત્યા પછી ઈશ્વરની કૃપાથી મનુષ્યદેહને પામે છે. તે મનુષ્યદેહ કોટિ ઉદ્યમ વડે પણ અપ્રાપ્ય અને નગરીની ઉપમાવાળો અને બ્રહ્માદિની પદવીને પ્રાપ્ત થનારો એવો છે. (૧૫) માનવ શરીરરૂપી નગરીમાં નવ દ્વારો છે. પૂર્વ દિશામાં બે આંખ, બે નાક અને એક મુખ એ પાંચ દ્વારો છે. અને એક જમણી બાજુનો કાન અને બીજો ઉત્તર બાજુનો કાન આમ બે દ્વાર જાણવાં તથા પશ્ચિમ દિશામાં રહેલા ગુદા અને શિશ્નરૂપ બે દ્વાર મળીને કુલ નવ દ્વારો જાણવા. (૧૬) તેમજ બે હાથ અને બે પગ રૂપ અંધ દ્વય વડે સારી રીતે ધારણા કરેલી સ્ત્રીને તે જીવ નૃતનુરૂપ નગરીમાં જુએ છે. તે સ્ત્રી કેવી તો બુદ્ધિરૂપા અને રૂપવંતી તથા પાંચ વૃત્તિઓ જેની છે એવા પ્રાણરૂપ સર્પ વડે ગુપ્ત એવી અને સ્વામીની ઈચ્છા કરતી એવી જાણવી. (૧૭) તે જીવાત્મા આ બુદ્ધિરૂપી સ્ત્રીના દશ ઈન્દ્રિયોની વૃત્તિરૂપ સખીઓને પણ જુએ છે અને દરેક ઈન્દ્રિયમાં સેંકડો એવી ઈન્દ્રિયો જ વૃત્તિરૂપ સખીઓને પણ જુએ છે તથા તે ઈન્દ્રિયોના નાયક કહેતાં નેતા એવા મનને પણ જુએ છે. (૧૮) તે જીવ આવા આ દેહરૂપી નગરને જોઈને પ્રસન્ન અને બુદ્ધિરૂપ સ્ત્રીને જોઈ વિહ્વલ થકો અભિલાષા સહિત આ પ્રકારે પૂછે છે કે હે દેવી ! તું કોણ છે અને આ બધા કોણ છે તે તું મને કહે. (૧૯) ત્યારે કામાતુર એવા પોતાના કાંતને જોઈ હસતી એવી કામિની કહેવા લાગી : હું તારા અને મારા કરનારને જાણતી નથી. આત્મા અને પરમેશ્વરને જાણતી નથી. (૨૦) પતિની કામનાવાળી હું નરતનુ રૂપી નગરીના નિર્માતાને પણ જાણતી નથી. આ બધા નરો મારા સખાઓ છે અને આ નારીઓ મારી સખી છે અને પંચવૃત્તિપ્રાણરૂપ નાગ મારી નગરીનો પાલક છે. હું જ્યારે સૂઈ જાઉં છું ત્યારે આ નાગ નગરીનું પાલન કરતો થકો જાગે છે. (૨૧) હે પ્રભો ! આ નગરીમાં આવો અને નિવાસ કરો અને આ સખાસખી વગેરે મારા બંધુઓ સાથે સેંકડો વર્ષ પર્યંત કામભોગોને હું પમાડીશ. સ્વચ્છંદગામી અને કર્મ રહિત તમારાથી અન્ય ક્યા પુરુષને હું પ્રાપ્ત કરું ? (૨૨) નાથ રહિત એવી મને તમો પતિવાળી કરો. આમ કહેવાયેલો તેથી મોહિત થયેલો અને ઘણા મનોરથોવાળો તે જીવ તે સ્ત્રીની સાથે નગરીમાં પ્રવેશ કરી રમણ કરે છે. (૨૩) હવે નવ દ્વાર પ્રદર્શનપૂર્વક જાગ્રત અવસ્થાને વિસ્તાર કરી બતાવે છે જે, આ જીવ ઘ્રાણેન્દ્રિય, શ્રોતેન્દ્રિય અને દગિન્દ્રિયથી યુક્ત થકો નાસિકા, કર્ણ અને ચક્ષુરૂપ બબ્બે દ્વારો વડે શુભ અથવા અશુભ એવા ગંધરૂપ વિષય, શબ્દરૂપવિષય અને રૂપરૂપ વિષયને પામે છે, અને રસના ઈન્દ્રિયથી યુક્ત થકો મુખ દ્વાર વડે રસરૂપ વિષયને પામે

છે. તેમજ પાયુ ઈન્દ્રિય અને ઉપસ્થ ઈન્દ્રિય યુક્ત થકો શિશ્નરૂપ અને ગુદારૂપ દ્વાર વડે સંભોગ અને મળત્યાગ રૂપ વિષયને પામે છે. આવીરીતે દ્વારો દ્વારા વિષયોને પામી અંધ એવા બે હાથ અને અંધ એવા બે પગ વડે વ્યવહાર કરે છે અને ચલન કરે છે. અહીંયાં હાથ અને પગનું અંધપણું તો તેમને છિદ્રો નહિ હોવાથી અને સ્વતઃ ક્રિયાશક્તિનો અભાવ હોવાથી જાણવું. (૨૪) હવે તે સ્ત્રીના વશવર્તીપણાને કહે છે, કે કુમતિરૂપ વનિતાએ ક્રીડામૃગપણાને પમાડેલા તે જીવ પોતે પરવશપણે હર્ષ, શોક અને ભયને પામ્યો થકો સ્ત્રીની સાથે જ ભક્ષણ કરે છે અર્થાત્ તે સ્ત્રીને ખાતે સતે પોતે ખાય છે. અને ક્યાંક તો તે સ્ત્રીની સાથે પોતે મદિરાપાન કરે છે અને ક્યાંક તો તે સ્ત્રીની સાથે પોતે હસે છે અને ક્યારેક તો તેની સાથે ગાન કરે છે અને તે સ્ત્રીને ગમન કરે સતે પોતે ગમન કરે છે, ક્યારેક પોતે સ્ત્રીની સાથે રુદન કરે છે અને ક્યારેક તો તેની સાથે બેસે છે અને ક્યારેક તો તેની સાથે શયન કરે છે અને તે સ્ત્રી બોલે સતે પોતે બોલે છે. ક્યારેક તેની સાથે ક્રીડા કરે છે અને ક્યારેક તો સ્ત્રીને આપે સતે પોતે આપે છે : આ પ્રકારે જાગ્રત અવસ્થામાં પોતે વર્તે છે. (૨૫) અને કર્મોના ફળપ્રદાતા પરમાત્મા તો કર્મફળના અભોક્તા સતા પણ આ દેહરૂપ નગરીમાં અંતર્યામીપણે રહ્યા થકા સ્વતંત્રપણે જ વર્તે છે. (૨૬) આ પ્રમાણે આત્માને ઉપાધિ કરનારી પ્રથમ જાગ્રત અવસ્થા કહીને હવે સ્વપ્નાવસ્થા કહે છે. જીવ સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મદેહને પામે છે. રથની માફક અર્થાત્ સ્વપ્નદેહરૂપ રથને પામે છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો રૂપી ઘોડાવાળો, બુદ્ધિરૂપ સારથિવાળો, મનરૂપ રાશોવાળો, પુણ્ય અને પાપ રૂપ બે ચક્રોવાળો, હૃદયરૂપ બેસવાનું સ્થાન જેમાં છે, પાંચ પ્રાણો જેનાં બંધન છે તેમજ શબ્દાદિક પંચ વિષયોનું જેમાં પ્રક્ષેપણ કરાય છે, શોક અને મોહ આ દ્વંદ્વ જેનું યુગબંધન સ્થાન છે, પ્રકૃતિ છે અક્ષો જેનું, સાત ધાતુઓ જેની ગુપ્તિઓ છે, ચર્મ આદિ આવરણવાળો તેમજ ધ્વજાના સ્થાને રહેલા સત્ત્વાદિ ગુણો અને કર્મેન્દ્રિયો રૂપ ગતિપ્રકારો વડે રમણીય દેખાતો તથા ક્રિયામાં અહંકારરૂપ ધનુષવાળો અને શીઘ્ર ગતિવાળો એવો તે સ્વપ્નદેહરૂપ રથ જાણવો. (૨૭) તે જીવ રથરૂપ સ્વપ્નદેહ ઉપર સમારોહણ કરી રાગરૂપ બાણો વડે વિષયરૂપ મૃગો આત્મ-આધીન કરે છે. તે જ રીતે સુષુપ્તિ અવસ્થામાં પણ હૃદયરૂપ ગુહામાં અવર્તમાન હોય ને શું એમ ઈન્દ્રિયાદિ રૂપ સ્વકીય ગણ સાથે શયન કરે છે. પછી જાગ્રત અવસ્થામાં બુદ્ધિરૂપ સ્ત્રીથી યુક્ત થકો મૂઢ એવો તે પૂર્વની માફક ફરીથી કર્મો કરે છે અને તે જીવને ઈન્દ્રિયોના પરિણામ રૂપ કહેતાં સંકલ્પોરૂપી સેંકડો અને હજારો પુત્રો થાય છે. (૨૮-૨૯) અને તે બુદ્ધિની વૃત્તિઓરૂપ સેંકડો અને હજારો કન્યાઓ ઉત્પન્ન થાય છે. ત્યારબાદ ઈન્દ્રિયોના પરિણામરૂપ પુત્રોને હિતો અને અહિતોની ચિંતારૂપ પ્રિયાઓ સાથે આયોજન કરી તે જીવ બુદ્ધિવૃત્તિ રૂપ કન્યાઓને વિષયભોગ રૂપ વરો સાથે યોજે છે અર્થાત્ સંગમ કરાવે છે. (૩૦) ત્યારે તે જીવાત્મા અનેક સંકલ્પો એ જ છે રૂપો જેનાં એવી રીતે તે પુત્રોની પ્રજાઓ વડે આમતેમ ખેંચાયો થકો અને દુઃખી થકો જીવન વિતાવે છે. (૩૧) આ પૂર્વે કહેલા પ્રકારે કુટુંબમાં આસક્ત અને વિષયભોગની ચિંતાથી આત્મહિત કર્મોમાં પ્રમત્ત એવા તેના મિથ્યા વિષયભોગને પમાડનારા આયુષ્યને પ્રચંડ વેગવાળો મહાકાળ જરા અવસ્થારૂપ સમય ભક્ષણ કરી જાય છે. (૩૨) આ પ્રકારે જીવાત્મા સ્વકર્મરૂપ પાશ બંધન વડે દૃઢ બંધાયો થકો

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપ ત્રણે અવસ્થામાં પણ વિષયના સંબંધથી ઉત્પન્ન થયેલાં દુઃખ કે સુખને ભોગવે છે તો પણ મુક્તિમાર્ગને જોતો નથી. (૩૩) જો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહેલી રીતિ પ્રમાણે કામ, લોભ, રસાસ્વાદ, ક્રોધ, માન વગેરે શત્રુઓને નિયમમાં કરી ધીર એવો પુરુષ સચ્છાસ્ત્રોનાં વાક્યો અને વિદ્વાન સત્પુરુષ એવા ગુરુનું સેવન કરે તો સંસારથી મુકાય છે. (૩૪) મન બળવાન છે તથા ઈન્દ્રિયો પણ અતિ બળવાન છે તે બધાનું દમન બળાત્કાર વિના અનાયાસે થાય નહિ; એટલા માટે સદ્ગુરુ થકી પ્રાપ્ત થયેલી જે લક્ષ્મીપતિ નારાયણની ભક્તિ વડે જ હઠયોગનો અભ્યાસ કરે કહેતાં વારંવાર આવર્તન કરે. (૩૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
શ્રીનગરદોલોત્સવે બદ્ધજીવસ્વરૂપનિરૂપણ નામનો ઓગણોસિત્તેરમો અધ્યાય થયો. ॥૬૯॥

●

## અધ્યાય-૭૦

**શ્રીનારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે મુને ! વીર્ય બિન્દુનો જય કહેતાં પતનના ભયથી બિંદુનું ઊર્ધ્વ આકર્ષણ કરી લેવું તથા શરીરનું કૃશપણું, નેત્રોનું નિર્મળપણું, મુખ ઉપર પ્રસન્નતા તેમજ નાદની સ્ફુટતા અને શરીરની આરોગ્યતા ઈત્યાદિ બધું હઠસિદ્ધિનું લક્ષણ જાણવું. (૧) તે હેતુ માટે નાદશ્રવણનો અભ્યાસ કરે કહેતાં અંતર્જાયમાન ઓંકારનાદના શ્રવણમાં વારંવાર ચિત્તને ધારણ કરે. તેમાં નાના પ્રકારના નાદનું શ્રવણ કરતો થકો જ્યાં ત્યાં પણ નાદમાં જ મનનું સંયોજન કરે પણ બીજામાં મનને જોડે નહિ. (૨) યોગી પ્રથમ સમુદ્ર, મેઘ, દુંદુભિ કે ભેરી અને ઝાંઝ વગેરેના નાદો જેવો ધ્વનિ સાંભળે છે અને મધ્યમાં મૃદંગ, શંખ, કોલાહલ અને મહાઘંટ તેમના શબ્દોના તુલ્ય નાદને સાંભળે છે અને અંતે ઝીણી ઝીણી ઘંટડીઓ, સુંદર વાંસળી, અને ભમરાના શબ્દોના તુલ્ય નાદ સાંભળે છે તે નાદો પૈકી પહેલા નાદમાં અથવા સૂક્ષ્મનાદમાં અર્પણ કરેલું મન દૂધમાં જળની પેઠે લીન થઈ જાય છે. (૩) આ પ્રકારે સારી રીતે અભ્યાસમાં આસક્ત પુરુષની કોમળ કુંડલિની નામની શક્તિ જાગ્રત થાય તે સમયે અપાનવાયુ પ્રાણવાયુને મળી તે પ્રાણની સાથે ગતિ કરે છે. (૪) અને તે જ સમયે અધોમુખવાળાં તે પુરુષના ષટ્ચક્ર કમળો સારી પેઠે ઊંચા મુખવાળા વિકસિત થાય છે ત્યાર પછી અજપા નામક ગાયત્રી દેવી સમેત પ્રણવના નાદો શીઘ્ર ઉદ્ભવે છે. (૫) અને તે પુરુષનો ઈન્દ્રિયગણ તે નાદના શ્રવણથી શીઘ્ર બહિર્વૃત્તિપણાને ત્યાગ કરતો થકો અંતઃકરણમાં જાય છે. પછી પ્રતિલોમ વૃત્તિવાળો તે ઈન્દ્રિયગણ ષટ્ચક્રોની સાથે અજપા નામની ગાયત્રીને પામે છે. જે ચક્રમાં જેટલા સમયે અજપાનો આહુતિ ગણ કહેતાં આહુતિની માફક ગાયત્રી જપ પૂર્ણ થાય તેટલો કાળ તે ચક્રમાં સ્થિતિ કરી પછી તે જીવ બીજા ચક્રને પામે છે. (૬) હે મુને ! ભ્રૂકુટી પર્યંત છ ચક્રો રહેલાં છે : ૧. મૂલાધાર, ૨. સ્વાધિષ્ઠાન, ૩. મણિપુર, ૪. અનાહત, ૫. વિશુદ્ધિ અને ૬. આજ્ઞા - આમ આ છ ચક્રો જાણવાં. (૭) આ છ ચક્રોથી વિલક્ષણ સાતમું બ્રહ્મરંધ્ર કહેલું છે. આ સાતેય સ્થાનોમાં એકવીશ હજાર છસો ઓંકારો (પ્રણવો) ઊઠે છે. (૮) તેના મધ્યે પ્રથમ મૂલાધાર ચક્રમાં

છસો ૐકારો ઊઠે છે અને સ્વાધિષ્ઠાન, મણિપુર તથા અનાહત - આ ત્રણ ચક્રોમાં છ છ હજાર ૐકારો ઊઠે છે. ત્યારબાદ વિશુદ્ધિ, આજ્ઞા અને બ્રહ્મરંધ્રમાં એક એક હજાર ૐકારો ઉદ્‌ભવે છે. (૯) આ સંખ્યાના ક્રમથી જ હૃદયમાં જીવને જપવા યોગ્ય મંત્ર ચક્ર કમળના વર્ણ સમાન વર્ણવાળા તે તે ચક્રકમળના દેવોને તે યોગી અર્પણ કરે છે. (૧૦) ત્યારપછી ચક્રકમળો અને તે ચક્રકમળોના દેવોનાં લક્ષણ સ્વરૂપો અને તે ચક્રોમાં યોગીની સ્થિતિનું કાળમાન પણ હું તમોને કહું છું. (૧૧) તે આ યોગી પ્રથમ પ્રાપ્ત થયેલ મૂલાધાર નામના ચક્રમાં બંધૂકપુષ્પ સમાન ચાર પાંખડી (પત્ર)વાળા કમળમાં હાથો વડે કરી પાશ, અંકુશ, પરશુ અને વર તેને ગ્રહણ કરતા અને જેમના ડાબા પડખે શક્તિદેવી રહેલાં છે અને ઉંદરના વાહનવાળા તથા શ્રેષ્ઠ હાથી સમાન મુખવાળા એવા ગણપતિના સ્થાને 'વ' છે આદિમાં જેના અને 'સ' છે અંતમાં જેના એવા વર્ણોથી યુક્ત સ્થાનમાં વીશ પળોથી યુક્ત એક ઘટિકા પર્યંત સ્થિતિ કરે છે. (૧૨) હે ભૂપ ! ત્યારપછી તે યોગી પુરુષ લિંગ સ્થાને રહેલ સ્વાધિષ્ઠાન ચક્રમાં ગતિ કરે છે અને ત્યાં બ છે આદિમાં જેના અને લ છે અંતમાં જેના એવા વર્ણોથી યુક્ત રસમિત (છ) પત્રોવાળા અને સુવર્ણ જેવા વર્ણવાળા કમળમાં હસ્તકમળોમાં સુશોભિત પુસ્તક અને અક્ષની માળાવાળા તથા વામ અંગના શક્તિવાળા અને ચાર મુખોવાળા તથા હંસરૂપ વાહનવાળા એવા બ્રહ્માના સ્થાનમાં વીશ પળોથી યુક્ત નાડી પર્યંત સ્થિતિ કરે છે અને પછી અન્ય ચક્રમાં પ્રયાણ કરે છે. (૧૩) પછી તે યોગી ઇન્દ્રનીલમણિ સમાન કાંતિવાળા મણિપુર નામે ત્રીજા ચક્રમાં જાય છે. આ ચક્ર નાભિપ્રદેશમાં રહેલું છે. તે નાભિપ્રદેશમાં ડ છે આદિ જેમાં અને ફ છે અંતમાં જેના એવા વર્ણોને ધારણ કરેલા દશદળવાળા કમળમાં શ્યામવર્ણવાળા અને ગરુડ વાહનવાળા અને વામ અંગમાં શક્તિવાળા તથા શંખ, કમળ, ગદા અને ચક્ર છે હાથોમાં જેના એવા મુરારી ભગવાનના સ્થાનમાં રહીને પૂર્વે કહેલા કાળ સુધી ગતિ કરે છે. પછી અનાહત નામના ચોથા ચક્રમાં ગતિ કરે છે. (૧૪) હૃદયસ્થાનમાં રહેલ અનાહત ચક્રમાં શંખના સમાન વર્ણવાળા અને ક છે આદિ જેમાં અને ઠ છે અંતમાં જેના એવા વર્ણોથી યુક્ત દ્વાદશદલવાળા કમળમાં શંભુ નામના દેવસ્થાનમાં તે યોગી પૂર્વે કહેલા કાળ પર્યંત સ્થિતિ કરે છે. તે શંભુ કેવા તો તેને કહે છે જે શુદ્ધ સ્ફટિમણિ સમાન કાંતિવાળા અને વૃષભરૂપ વાહનવાળા તથા વામ અંગે શક્તિવાળા અને વર, પરશુ, ધનુષ અને ત્રિશૂળ છે હાથોમાં જેમના અને ત્રણ નેત્રોવાળા એવા શંભુના સ્થાનકે રહીને પછી પાંચમા વિશુદ્ધિ નામના ચક્રમાં પ્રયાણ કરે છે. (૧૫) ત્યાર પછી કંઠસ્થાનમાં રહેલા વિશુદ્ધિ ચક્રમાં વિચિત્ર અને સ્ફટિક સમાન વર્ણવાળા અને સોળ શક્તિઓ અને સોળ સ્વરોથી યુક્ત એવા નૃપદળ કમળમાં બ્રહ્માંડના કારણ અને વિદ્યાશક્તિએ સહિત એવા વૈરાજના અતિશય માયામય સિદ્ધિ નામના સ્થાનમાં તે યોગી ચાલીશ વિપળો સહિત બે નાડી અને છેતાલીશ પળ પર્યંત સ્થિતિ કરે છે. (૧૬) ત્યારપછી તે યોગી આ સ્થાનથી નીકળી ભ્રૂકુટિમાં રહેલાં આજ્ઞાચક્રમાં હ અને ક્ષ છે વર્ણો જેમાં તથા શ્યામ વર્ણવાળા અને પ્રલયકાળના અગ્નિ સમાન કાંતિવાળા એવા બે દળવાળા કમળમાં કાલીનામક શક્તિથી યુક્ત અને જગતનો સંહાર કરનાર તથા નાદનો જેણે અભ્યાસ કર્યો છે એવા કાળરુદ્રના પ્રાપ્ત થયેલા સ્થાનમાં કંઠસ્થાનમાં કહેલા કાળ પર્યંત કહેતાં ચાલીશ પળો સહિત

બે નાડી અને છેંતાલીશ પળ પર્યંત નિવાસ કરે છે. આ પ્રકારે તે યોગી ફળપ્રાપ્તિહેતુપણે છ સ્થાનોમાં ગતિ કરે છે. (૧૭) હે મુને ! ત્યારબાદ ભગવાન સંબંધી ઉપાસનાના બળવાળો તે યોગી પોતાના સ્થૂળ શરીરને વિરાટની સાથે ઐક્યની ભાવના કરતો થકો તે વિરાટરૂપ પોતાના સ્થૂળ દેહમાં સમગ્ર લોકોએ સહિત સંપૂર્ણ વિશ્વને પોતે તત્ત્વથી કહેતાં અનાયાસથી દેખે છે. (૧૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરદોલોત્સવે ષટ્ચક્રધારણા નિરૂપણ નામનો સિત્તેરમો અધ્યાય થયો. ॥૭૦॥

## અધ્યાય-૭૧

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે મુને ! વિરાટરૂપ થયેલો તે યોગી પગોના નીચે પાતાળને જુએ છે. ત્યારપછી ગુલ્ફો નીચેના પ્રદેશમાં રસાતળને જુએ છે અને બે ઘૂંટીઓમાં તલાતલને જુએ છે. પછી જંઘાઓમાં મહાતલને જુએ છે અને પોતાના જાનુઓમાં સુતલને જુએ છે અને તે યોગી પુરુષ બંને સાથળમાં વિતલને જુએ છે અને ગૃહ્યસ્થલમાં અતલલોકને જુએ છે. (૧) હવે તે યોગી કટિસ્થલમાં રહેલા ભૂર્લોકને જુએ છે અને નાભિપ્રદેશમાં રહેલા ભુવર્લોકને જુએ છે અને હૃદયસ્થલમાં સ્વર્લોકને જુએ છે અને પોતાના કંઠદેશમાં મહર્લોક તેમજ મુખમાં જનલોક અને લલાટમાં તપલોકને જુએ છે અને મસ્તક ઉપર છેલ્લા સત્યલોકને જુએ છે. આ પ્રમાણે સાત ભુવન જુએ છે. પંચીકરણ થયેલા તે વિરાટરૂપ દેહમાં સ્થાવર-જંગમાત્મક આ જગતને જોઈ તે વિરાટરૂપ તનુના હૃદયને પામે છે. (૨) તે યોગી તે હૃદયસ્થાનમાં મહાપ્રાણે સહિત અપંચીકૃત પૃથ્વી આદિ ધાતુઓથી યુક્ત સૂક્ષ્મ શરીરને પામે છે તેમાં ધરણી તત્ત્વમાં તો ધરણીને ધારણ કરનારા શેષ (સંકર્ષણ)ને જોઈ જળરૂપ તત્ત્વને પામે છે. ત્યારબાદ વિવિધ પ્રકારનાં દિવ્ય વિમાનોની કોટિઓથી વ્યાપ્ત અને કોટિ અગ્નિ સમાન કાંતિવાળા વૈકુંઠલોકને જુએ છે. (૩) ત્યારબાદ તે યોગી તે વૈકુંઠલોકમાં વેદવતી નામની નગરીને જુએ છે. સોનાના કિલ્લાથી વીંટાયેલી અને ચંદ્ર વગેરે દ્વારપાલોએ રક્ષણ કરેલાં છે ચાર દ્વારો જેનાં અને હજાર યોજન પર્યંત ઊંચા કોટિ દેવમંદિરોથી ચોમેર વીંટાયેલી અને સર્વ બાજુ પાંચ પદ્મ યોજનોથી પરિમિત તે નગરી છે. (૪) અને જે નગરીમાં કુમુદ, કુમુદાક્ષ, પુંડરિક, વામન, શંકુકર્ણ, સુમુખ, સુપ્રસ્થિત અને સર્વજીત આ આઠ દિગ્પાલો અનુક્રમથી આઠ દિશાઓમાં નિયમથી વ્યવસ્થિત રહેલા છે તથા ચક્ર આદિ દિવ્ય આયુધોવાળા છે. અને જે નગરીમાં દિવ્ય પ્રભાવાળા ચતુર્ભુજ પુરુષ તથા દિવ્ય પ્રભાવાળી નારીઓ રહેલી છે. (૫) હે મુને ! તે યોગી પૂર્વ દિશામાં વાસુદેવ અને લક્ષ્મીજીના ભુવનનું દર્શન કરે છે તથા અગ્નિ ખૂણામાં વૈકુંઠ ભવન દેખે છે. દક્ષિણ અને નૈઋર્ત્ય દિશામાં સંકર્ષણના લોકને તથા રેવતીના લોકને દેખે છે તથા પશ્ચિમ દિશામાં પ્રદ્યુમ્ન લોક અને વાયવ્ય દિશામાં રતિ લોકને દેખે છે તેમજ ઉત્તર દિશામાં અનિરુદ્ધ લોક તથા ઈશાન ખૂણામાં શાંતિ લોકને જુએ છે. (૬) અને તે અનિરુદ્ધ લોક અને શાંતિ લોકના મધ્યે મણિમય એવા હજારો સ્તંભથી યુક્ત શ્રીહરિ મંદિર છે, તે મંદિરના આધાર મુખા સ્વશક્તિઓએ રચેલા પીઠ ઉપર બિરાજમાન, તેજોમય તથા શ્રી અને ભૂ નામની બે શક્તિઓથી સમન્વિત અને કમળ છે નાભિમાં

જેમને એવા શ્રી નારાયણને નમસ્કાર કરી તેજોમય અમલ તત્ત્વને પામે છે જે બ્રહ્મરંધ્ર તરીકે કહેવાય છે. (૭) યોગી જે તે કરોડો સૂર્યોની કાંતિ સમાન કાંતિવાળા હજારો પત્રોવાળા કમળમાં કોટિ વિષ્વકસેન, જય વગેરે પાર્ષદોથી યુક્ત વિમાનોથી યુક્ત દિવ્ય અને જગતના રક્ષિતા એવા મહારમા (મહાલક્ષ્મી) સહિત મહાવિષ્ણુના તે ધામમાં બે ઘડી કે છેતાલીશ પળ પર્યંત અથવા ચાલીશ વિપળ પર્યંત સ્થિતિ કરે છે. (૮) પછી તે યોગી ક્રમથી પ્રાપ્ત થયેલા પવન તત્ત્વને પામે છે, તે પવન તત્ત્વમાં મહેશ ભગવાનનાં દર્શન કરે છે. તે કેવા તો અષ્ટ ભુજાવાળા, અપ્રતિમ અને કોટિ સૂર્ય સમાન ભાસુર એવા સહસ્રદળવાળા કમળમાં રહેલા તથા કોટિ ચંદ્ર સમાન કાંતિવાળા અને ત્રણ ચક્ષુવાળા તથા ઉત્તમ જટાના કલાપવાળા એવા મહેશ ભગવાનનાં દર્શન કરે છે. (૯) અનેક શક્તિઓ વડે સેવન કરાતા તે મહેશ ભગવાનને નમસ્કાર કરી તેમણે અનુમોદન આપેલ તે યોગી ત્યાંથી તત્કાળ આકાશ તત્ત્વને પામે છે. તે યોગી તે આકાશતત્ત્વ મધ્યવર્તી નદાંતરમાં પાંચ મુખવાળા અને પ્રત્યેક મુખમાં ત્રણ ત્રણ નેત્રોવાળા ઈશ અર્થાત્ શિવનું દર્શન કરે છે. (૧૦) અનંત સૂર્યોની કાંતિવાળા અને શક્તિગણથી યુક્ત તથા કપૂર સમાન ગૌર અને દશ બાહુવાળા કાપર્દીને નમસ્કાર કરીને પ્રયાણ કરે છે ત્યારપછી તે યોગી આગળ આવેલું બિંદુ નામનું ધામ તેને ભેદી રોધિની નામક શક્તિને પામે છે. (૧૧) દિવ્ય વસ્ત્રો, આભૂષણો, ચંદન અને પુષ્પો વડે શોભાયમાન તથા રત્નજડિત મુગટ અને કુંડલો વડે સુશોભિત એવી તથા વ્યવધાન ભૂત હોય તે શું ? એમ આગળ સામે આવેલી તે રોધિની શક્તિને નમસ્કાર કરી તે યોગી રોધિની શક્તિની આજ્ઞા થકી અંતઃકરણને આહ્‌લાદકારી એવા વિચિત્ર નાદો જ્યાંથી ઊઠે છે એવા સ્થાનને તે યોગી પામે છે. (૧૨) યોગી જે તે નાદમંડળમાં પાંચ કલા શક્તિઓને દેખે છે : (અ) રાધિકા, (બ) દીપિકા, (ક) રોચિકા, (ડ) મોચિકા અને (ઇ) ઊર્ધ્વગામિની આ પાંચ કલાઓને દેખે છે. (૧૩) અને તે કલાઓના મધ્યે કોટિ ચંદ્રો સમાન આભાવાળા અને દશ કોટિ યોજન પરિમિત કમળને જોઈ તે કમળના મધ્યે જ્યોતિર્લિંગને જોઈ એક ક્ષણવાર વિસ્મય પામે છે. (૧૪) તેટલામાં તો તે જ્યાતિર્લિંગમાંથી આવિર્ભાવ પામેલા શંભુના દર્શન કરે છે. તે શંભુ કેવા તો પાંચ મુખવાળા, ત્રણ નેત્રોવાળા, ત્રિશૂળ ધારણ કરેલા, જટાધારી તથા કોટિ કંદર્પ સમાન લાવણ્યવાળા અને કોટિ ચંદ્ર સમાન પ્રભાવાળા છે. તે શંભુનાં ખોળામાં દિવ્યરૂપવાળી ઊર્ધ્વગામિની નામની શક્તિનું દર્શન કરે છે. (૧૫-૧૬) તે યોગી શક્તિથી યુક્ત પરમ શિવને નમસ્કાર કરી તે શિવની આજ્ઞાથી ગમન કરે છે ત્યારે તે પ્રજાયમાન નાદના અંતે બ્રહ્મશિવ નામના શંભુનું દર્શન કરે છે. (૧૭) ત્રણ નયનોવાળા, પાંચ મુખોવાળા, કોટાનકોટિ ચન્દ્રો સમાન સુંદર, દશ બાહુઓવાળા, અને ચંદ્ર છે મૌલિમાં જેમને તથા કોટિ રુદ્રોના સમૂહોથી સેવન કરાતા એવા તે બ્રહ્મશિવ નામના શંભુ છે. (૧૮) આ પ્રકારે તે યોગી પોતાના સ્થૂળ શરીરની સાથે ચિંતવન કરેલ છે એકત્વ જેનું એવા વિરાટ સ્વરૂપ થકો હૃદયમાં સૂત્રાત્મામાં પ્રવેશ કરી અનુક્રમે ધ્યાન દ્વારા દર્શન કરે છે. (૧૯) હે મુને ! ત્યારપછી તે યોગીની જ્ઞાતૃ, જ્ઞાન અને જ્ઞેય આદિક વૃત્તિઓ શેષ આદિથી લઈને બ્રહ્મશિવ પર્યંત ધ્યેયરૂપતાને પામે છે

અર્થાત્ બ્રહ્મશિવ પર્યંતનું ધ્યાન કરે છે. (૨૦) શેષાદિ ધ્યેય વસ્તુમાં જ્ઞાતૃ જ્ઞાન અને જ્ઞેય આદિ વૃત્તિઓ કહેતાં વ્યાપારોનો નિરોધ થયે સતે સાક્ષાત્ ભગવાન સ્ફુરાયમાન થાય છે ત્યારબાદ તે વિરાટ રૂપ યોગીને આ સમગ્ર વિશ્વની અત્યંત વિસ્મૃતિ થઈ જાય છે. (૨૧) તે ધ્યાનની પકવતાને યોગીજનો ધારણા કહે છે. શ્રીકૃષ્ણની ઉપાસનાના સામર્થ્યથી તે પરિપકવ ધારણા વિશિષ્ટ થકો યોગી તેથી આગળ ગતિ કરે છે. (૨૨) પ્રથમ બ્રહ્મના નિવાસસ્થાનમાં પ્રવેશ કરી સુમના શક્તિને પામી તે યોગી અચિંત્ય સ્વરૂપવાળી ઉન્મની શક્તિને પામે છે. (૨૩) તે જ સમયે ધારણા શક્તિ ઉન્મની ભાવને પામી જાય છે તે જ કહે છે જે આ યોગીનો સૂક્ષ્મ દેહની સાથે અવ્યાકૃતમાં લય થાય છે. (૨૪) હે મુને ! ત્યારપછી શૂન્યરૂપ એવા તે યોગીને શૂન્યપણે ભાસમાન શૂન્યરૂપ સાગર તરવા માટે તો પૂર્વથી અભ્યાસ કરેલ શ્રીહરિના જ્ઞાન સહિત ભક્તિરૂપ નૌકા થાય છે. (૨૫) તે ભક્તિરૂપ નૌકા વડે પ્રાપ્ત કરેલ છે શૂન્ય સાગરનો પાર જેમણે એવા ધારણાને જાણનાર યોગીને અક્ષરમાં જ એકાગ્રતા થાય તેથી પણ આ યોગી બ્રહ્મરૂપ થાય. (૨૬) જેનાથી આ વિશ્વ ઉત્પન્ન થાય છે અને જેમાં તે ફરી લીન થાય છે અને જે અદ્વિતીય જ્ઞાન છે તે બ્રહ્મ છે. આ પ્રકારે તે બ્રહ્મજ્ઞાની મહર્ષિઓ કહે છે. (૨૭) આવી રીતની બ્રહ્મસ્થિતિને પ્રાપ્ત થયેલો યોગી જ્યાં સુધી પોતાના દેહના પ્રારબ્ધ કર્મનો અંત થાય ત્યાં સુધી જ દેહમાં જીવની માફક વર્તે છે. (૨૮) તે યોગી જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ સર્વ ક્રિયાઓમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ સ્વદેહોનું વિરાટ સૂત્રાત્મા અને અવ્યાકૃત રૂપ ઈશ્વરના દેહો સાથે એકત્વપણે વર્તે છે. (૨૯) પ્રારબ્ધના અંતે સ્વેચ્છા વડે સ્થૂલ દેહનો ત્યાગ કરતો થકો તે યોગી આગળ કહેવાશે તેવા વૈહંગમ માર્ગથી અથવા પૈપીલિક માર્ગથી ગમન કરે છે. (૩૦) જે પુરુષ શ્રીહરિના ભક્ત બની વૈહંગમ કે પૈપીલિક માર્ગે ગમન કરે અથવા બે પૈકી કોઈપણ એક માર્ગે ગમન કરે તે પુરુષ પુરુષોત્તમ એવા શ્રીહરિને જ પામે છે પણ અન્ય દેવને ક્યારેય પણ પામતો નથી તે નક્કી વાત છે. (૩૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
શ્રીનગરદોલોત્સવે રાજયોગનિરૂપણ નામનો ઈકોતેરમો અધ્યાય થયો. ॥૭૧॥

●

## અધ્યાય-૭૨

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે ભગવાન શ્રીહરિએ કહેલી યોગીજનોની ગતિ સાંભળી પ્રસન્ન થયેલા બ્રહ્માનંદમુનિ મુક્તાનંદાદિ મુનિઓની સંમતિથી શ્રીહરિ મહાપ્રભુને પૂછવા લાગ્યા : (૧)

**શ્રી બ્રહ્માનંદમુનિ બોલ્યા :**

હે ભગવન્ ! દેહનો ત્યાગ કરી અક્ષરધામને પામનારા યોગીની બે પ્રકારની ગતિ કહી. હવે તે બંને ગતિનાં સ્વરૂપો આપ કૃપા કરીને કહો. (૨)

**શ્રી ભગવાન બોલ્યા :**

હે મુને ! પ્રથમ વૈહંગમ માર્ગ હું તમોને કહું છું તે તમો સાંભળો. જે વૈહંગમ માર્ગે યોગીપુરુષ દેહાવસાને સદ્યોમુક્તિને પામે છે. (૩) યોગી દેહ ત્યાગ કરવાની ઈચ્છાવાળો થકો સુસ્થિર આસન બાંધી બીજી વસ્તુમાં અનાસક્ત થકો પ્રાણાયામને કરે. (૪) મન વડે પ્રાણોને નિયમમાં કરી, બુદ્ધિ વડે મન નિયમમાં કરી, તે બુદ્ધિને ક્ષેત્રજ્ઞમાં વિલીન કરી અને આ ક્ષેત્રજ્ઞને સમષ્ટિ ક્ષેત્ર વેત્તા વિરાટમાં પ્રલીન કરી તે વિરાટને બ્રહ્મ(અક્ષર)માં એકતા કરી સ્વયં બ્રહ્મપણે સ્થિતિ કરે. બંને પાર્ષ્ણિ પ્રદેશ વડે ગુદાને આપીડન કરી પછી વાયુનું સમુન્નયન કરે. (૫-૬) મૂલાધાર આદિક છ ચક્ર સ્થાનોમાં ક્રમે કરી ધીરે ધીરે વાયુને લઈ જઈ પછી શ્રીહરિનું ધ્યાન કરતો થકો ભ્રૂકુટિના મધ્ય ભાગમાંથી મસ્તકમાં ગમન કરે. (૭) પછી બ્રહ્મરંધ્રને ભેદી દેહ, પ્રાણ અને ઈન્દ્રિયોનો ત્યાગ કરી તે યોગી સદ્ય અર્થાત્ તત્કાળ જ અક્ષરાદિના આધારભૂત એવા પરમાત્માને પામે છે. (૮) હે અનઘ! અર્થાત્ હે નિષ્પાપ મુને ! આ વૈહંગમ માર્ગ મેં તમોને કહ્યો. હવે પૈપીલિક માર્ગ તમો સાંભળો, જેનાથી ક્રમશઃ મુક્તિ થાય છે. (૯) તે યોગી જ્યારે દેવો, સિદ્ધો, ઋષિઓ અને બ્રહ્માનાં સ્થાનોને જોવાની ઈચ્છાવાળો થાય ત્યારે આઠ ઐશ્વર્યો અને ઈન્દ્રિયો સહિત મન તેનો ત્યાગ ન કરે અને સ્થૂલ દેહમાત્રનો પૂર્વની માફક ત્યાગ કરે. (૧૦) અને બ્રહ્માંડમાં કે બહાર યોગીજનોની ગતિ તો અપ્રતિહત છે તેથી આ યોગી દેહથી બહાર સુષુમ્ણા નાડીના માર્ગે કરી ગતિ કરે છે. (૧૧) ગતિ કરતો યોગી પ્રથમ વૈશ્વાનર દેવતાને પામી પછી ઊર્ધ્વગતિ કરતો થકો શિશુમારાશ્રય જ્યોતિશ્ચક્ર અને તેમાં રહેલા દેવોને દેખે છે. (૧૨) અને તે યોગી ઈન્દ્રાદિક દેવોનાં નાના પ્રકારનાં ક્રીડાસ્થાનોને પણ જોતો અને તેમાં સર્વત્ર અનાસક્ત થકો સ્વર્ગથી ઊર્ધ્વ ગતિ કરે છે. (૧૩) એક કલ્પ પર્યંત આયુષવાળા ભૃગુ આદિનું સ્થાન મહર્લોકનો ત્યાગ કરી તે સ્થાનથી પણ ઊર્ધ્વગતિ કરે છે. તે કલ્પાયુષોનું સ્થાન કેવું છે તો જે પ્રલય સમયે શેષનારાયણના મુખાગ્નિ વડે બળતું તથા દહનીય ત્રિલોકીની જ્વાળાથી વ્યાપ્ત એવું છે. (૧૪) તેથી ઊર્ધ્વ જનલોક અને તપોલોકને પણ દહ્યમાન જોઈ બ્રહ્માના પારમેષ્ઠ્ય પદને પામે છે જે સ્થાન દ્વિપરાર્ધ પર્યંત સ્થિર રહે છે. (૧૫) તે યોગી તે પારમેષ્ઠ્ય પદનો પણ મહાકલ્પની સમાપ્તિમાં વિનાશને જાણતો થકો તે સત્યલોકનો ત્યાગ કરી આગળ વર્તમાન પૃથ્વી નામના આવરણને પામે છે. (૧૬) તે પૃથ્વીરૂપ થઈ અર્થાત્ લિંગદેહ વડે પૃથ્વીપણાને પામી ભય શૂન્ય થકો ધીમે ધીમે તે પૃથ્વીરૂપ આવરણને ઉલ્લંઘન કરી જળરૂપ થઈ તે જળોને ભેદી તે જળોનું અતિક્રમણ કરે છે. પછી તેજોમય થકો તે તેજનું અતિક્રમણ કરે છે. (૧૭) પછી વાયુરૂપ થકો વાયુનું ઉલ્લંઘન કરે છે. પછી આકાશરૂપ થઈ આકાશનું અતિક્રમણ કરે છે પછી અધિષ્ઠિત ઘ્રાણ વડે ગંધ, જિહ્વા વડે રસ, ચક્ષુ વડે રૂપ, ત્વચા વડે સ્પર્શને અનુક્રમે પ્રાપ્ત કરી યોગી પુરુષ શ્રોત્ર વડે શબ્દને પ્રાપ્ત કરે છે. પછી કર્મેન્દ્રિયો વડે ક્રિયાવ્યાપારોને પ્રાપ્ત કરી પછી અહંકારને પામે છે. (૧૮-૧૯) પછી તે યોગી તે અહંકાર સાથે મહત્તત્ત્વને પામે છે, ત્યારપછી પ્રધાનને પામે છે કે જે પ્રધાનમાં શુદ્ધ સત્ત્વાદિ ગુણો રહેલા છે. (૨૦) હે મુને ! શુદ્ધ સત્ત્વમય એવા

વૈકુંઠ ગોલોક વગેરે નામના હજારો વિષ્ણુ લોકો તથા હજારો શિવલોકો છે. (૨૧) અને જેટલા તે લોકો છે તેટલા વિષ્ણુઓ અને શિવો છે; તે હરિ અને શિવો અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનાં કારણો છે. (૨૨) આ લોકોમાં મુક્ત સ્ત્રી-પુરુષો વાસ કરે છે. તે મુક્તો શુભ અને શુદ્ધ સત્ત્વમય તથા કોટિ સૂર્યો સમાન કાંતિવાળા છે. (૨૩) વળી તે મુક્તો સુવર્ણ જેવા વર્ણવાળા તથા નિર્વિકાર અને જ્ઞાન વૈરાગ્ય તથા ભક્તિથી યુક્ત તથા માયાની પેઠે નિત્ય છે અને બ્રહ્મના આનંદે સુખીયા છે તે નક્કી વાત છે. (૨૪) તે લોકોમાં વૈષ્ણવો વિષ્ણુની ઉપાસના કરે છે તથા શૈવો શિવની ઉપાસના કરે છે અને તેમના આવિર્ભાવ અને તિરોભાવ અર્થાત્ ઉદય અને લય શ્રીહરિની ઇચ્છાથી થાય છે. (૨૫) તેમજ આ લોકો અને ચિદાકાશના મધ્યે અંતરાયને કરનારી તમોમયી ગાઢ અંધકારરૂપ માયા છે જેમ કે બે સમુદ્રો વચ્ચે દ્વીપ અંતરાયરૂપ હોય છે તેમ. (૨૬) યોગીપુરુષ કૃષ્ણની ભક્તિ વડે આવી રીતના પ્રધાનને અતિક્રમણ કરી તે પ્રધાનથી આગળ માયાના અધિષ્ઠાતા પુરુષને પામે છે. (૨૭) આનંદાંશ અને ચિદંશ નામના બે માર્ગ છે તેમાં પ્રથમ જે આનંદાંશ માર્ગ તે દ્વારા યોગી પુરુષ કૃષ્ણ ભક્તિ વડે આનંદના બહુપણાવાળી શક્તિને પામે છે. (૨૮) તથા બીજા ચિદંશ માર્ગે કરી ગતિ કરતો તે યોગી ભક્ત પુરુષોત્તમ ભગવાન થકી પોતામાં પ્રકાશબાહુલ્યવાળી શક્તિને પામે છે. (૨૯) બેમાંથી કોઈપણ માર્ગ વડે પણ તે જ પુરુષોત્તમ ભગવાનને યોગી પામે છે. પછી તે ભગવાનના સાધર્મ્યને પામે છે એમાં સંશય નથી. (૩૦) જે સાધર્મ્ય વડે ઉત્પત્તિ, સ્થિતિ અને લય કાળને જાણે છે. ત્યારબાદ માયામય સર્ગમાં પોતાથી કે બીજાથી પણ જે જ્ઞાન નાશ ન પામે તેવા જ્ઞાનને પામે છે. (૩૧) આ પ્રમાણે વેદ પ્રમાણિત જ્ઞાન, જીવોના ક્રિયાવિધિ માટે કરવું, જે જોવું, સાંભળવું, સૂંઘવું, સ્પર્શવું સ્વાદ લેવો વગેરે ક્રિયાઓ કરી શકાય. (૩૨) અને જે સર્વોત્તમ બૃહદ્ધામ કહેતાં અક્ષરધામ છે તેને પામેલાઓને જે સુખ છે તે સુખ તો કહેવા શક્તિમાન થઈ શકાતું નથી. તે બૃહદ્ધામમાં રહેલા જ તે સુખને જાણે છે, બીજા કોઈ જાણતા નથી. (૩૩) આ પ્રકારે તમોને બદ્ધ અર્થાત્ માયા વ્યાપ્ત જીવોનાં લક્ષણ કહ્યાં તેમજ માયાના બંધનથી મુક્તિનું સાધન તથા મુક્તિનું ફળ પણ સુપેરે કહ્યું. (૩૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે ભગવાન શ્રીહરિનું વાક્ય સાંભળી મુનિશ્રેષ્ઠ બ્રહ્માનંદમુનિ પ્રસન્ન થઈ ગયા. તેમજ મુક્તાનંદાદિ સંતો પણ રાજી થઈ ગયા. શ્રીહરિ મહાપ્રભુ સર્વને આજ્ઞા આપી સ્વનિવાસસ્થાને પધાર્યા અને તેમના સંતો વગેરે પણ પોતપોતાના નિવાસસ્થાને ગયા. (૩૫) આ પ્રકારે શ્રી ધર્મનંદન શ્રીહરિ મહાપ્રભુ તે મંદિરમાં દરરોજ સાધુઓ, અભ્યાગતો, બ્રાહ્મણો અને ભૂખ્યાઓને ભોજનનો ઉત્સવ થતો હતો તેમજ શ્રીહરિ દરરોજ સભામાં પધારતા હતા અને ભગવાન શ્રીહરિએ કહેલી અનેક વાર્તાઓ થતી હતી. (૩૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરદોલોત્સવે મુક્તિમાર્ગદ્વયનિરૂપણ નામનો બોંતેરમો અધ્યાય થયો. ॥૭૨॥

●

# અધ્યાય-૭૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! ત્યારબાદ તેરશના દિવસે સંગવ સમયે પોતાના આહ્નિક કર્મ કરીને સભામધ્યે બિરાજમાન શ્રીહરિ મહાપ્રભુની દેશાંતરથી આવેલા ભક્તજનો પરમ આદરપૂર્વક પૂજા કરવા લાગ્યા. (૧) તેમાં પ્રથમ પૂર્વના દેશોમાંથી આવેલા ભક્તજનોએ શ્વેત સૂક્ષ્મ વસ્ત્રો, મણિ, રત્નજડિત સુવર્ણનાં આભૂષણો તેમજ ચંદન પુષ્પાહારો વગેરે વડે શ્રીહરિની મહાપૂજા કરી. (૨) તેમજ શ્રીહરિની આગળ તે ભક્તોએ પાત્રો વગેરે ઘણી ઘણી ભેટો મૂકી તથા અતિ મનોહર પેંડા, પતાસાં અને બરફી અર્પણ કર્યાં. (૩) તે પૂજન બાદ પ્રણામ કરી તે ભક્તોએ ત્યાંથી ગમન કર્યા બાદ ઉત્તર દેશના ભક્તજનો પૂજા કરવા આવ્યા. તે ભક્તો શ્રીહરિની ચંદન, પુષ્પ અને લાલ કસુંબી વસ્ત્રો વડે ભક્તિભાવથી પૂજા કરવા લાગ્યા. (૪) તે સમયે આ ભક્તોએ શ્રીહરિની સન્મુખ ચીનદેશનાં વાસણો તથા સાકર ભરેલાં પાત્રો અને નાના પ્રકારનાં ફળો અર્પણ કર્યાં. (૫) ત્યારબાદ પૂજા કરવામાં નિપુણ દક્ષિણ દેશોના ભક્તજનો શ્રીહરિ મહાપ્રભુની મહાપૂજા કરવા લાગ્યા. અને શ્રીહરિની સન્મુખ સોના-ચાંદીની મુદ્રિકાઓ મૂકી. (૬) તથા ધનાઢ્ય સદ્‌ગૃહસ્થ બ્રહ્મવાદી બ્રાહ્મણો પ્રસિદ્ધ વેદમંત્રોનો પાઠ કરતા કરતા શ્રીહરિજીની સારી રીતે મહાપૂજા કરતા હતા. (૭) ત્યારપછી શ્રીહરિને અમૃત ફળો તેમજ શ્વેત શેરડીના સાંઠા, કેળાં, લીલી દ્રાક્ષ અને બદામો નિવેદન કરી, પ્રભુને વંદીને ત્યાંથી ગયા. (૮) ત્યારપછી ભક્તિવાળા અને મોટી પાઘોવાળા પાશ્ચાત્ય ભક્તજનો સુંગધી ચંદન પુષ્પના હારતોરાઓ વડે પ્રભુની મહાપૂજા કરતા હતા. (૯) તેમણે શ્રીહરિની સન્મુખ સુવર્ણમુદ્રાઓ, રજતમુદ્રાઓ, નાળિયેર, ખજૂર, ખારેકો, તલના લાડુ વગેરે મૂક્યા. (૧૦) ત્યારબાદ પતાસાં નિવેદન કરી પ્રભુને નમસ્કાર કરીને જતા હતા. આ પ્રકારે બધા હર્ષસમેત શ્રીહરિનું પરમ આદરથી પૂજન કરતા હતા. (૧૧) ત્યારે ભગવાન શ્રીહરિ પૂજન કરનારાઓને મુકુંદ બ્રહ્મચારી દ્વારા પ્રસાદરૂપે ઉત્તમ પુષ્પહારો તથા બરફી પેંડા આદિ ભેટસામગ્રીઓમાંથી અડધું અડધું અપાવતા હતા. (૧૨) તે પ્રભુની આગળ તે સમયે વસ્ત્રો અને બરફી-પેંડા આદિ ઉપહારોના મોટા પર્વતો ખડકાઈ ગયા. તે જ પ્રમાણે ઘણા ઘણા પુષ્પહારો અને તોરાઓના મોટા સમૂહો હતા. (૧૩) તે સમયે ઉદાર બુદ્ધિવાળા આનંદમુનિ શ્રીહરિની આજ્ઞા થવાથી હજારો બ્રાહ્મણોને વસ્ત્રો અને ઘણી રૂપામુદ્રાઓ આપતા હતા. (૧૪) ત્યારબાદ ભગવાન શ્રીહરિ પ્રસન્ન થઈને દાન આપતાં બાકી રહેલ વસ્ત્ર, આભૂષણ, પાત્ર, ફળ વગેરે તથા ધન શ્રીનગર મંદિરના અધિષ્ઠાતા અને જ્યેષ્ઠ પુત્ર અયોધ્યાપ્રસાદજી મહારાજને અપાવતા હતા. (૧૫) તેટલામાં તો અતિ મોટા નગારાના શબ્દથી ઉપલક્ષિત એવા શ્રી નારાયણ ભગવાનની રાજભોગ આરતીનો સમય થઈ ગયો. (૧૬) તે સમયે શ્રી નારાયણમુનિ ભગવાન સર્વ જનસમૂહને આજ્ઞા આપી પોતે શ્રી નારાયણ ભગવાનનાં દર્શન કરવા પધાર્યા અને તે સર્વ જનો પ્રભુજીની પાછળ પાછળ ગયા અને શ્રી નરનારાયણદેવનાં દર્શન કરવા લાગ્યા. (૧૭) ત્યારબાદ સત્પુરુષોના સ્વામી ભગવાન શ્રીહરિ સંતો અને બ્રાહ્મણોને પૂર્વની પેઠે જમાડી પછી પોતે સ્નાન કરી મોટાભાઈ

રામપ્રતાપભાઈના ઘેર ભોજન કરતા હતા. (૧૮) ત્યારબાદ અપરાહ્ન સમયે મધ્યદેશના, કહેતાં ગંગા અને જમનાના મધ્યપ્રદેશમાં જન્મેલા, સર્વ ભક્તજનો પોતપોતાની ધર્મસંપત્તિ અનુસાર પરમ શ્રદ્ધાથી શ્રીહરિ મહાપ્રભુની પૂજા કરવા લાગ્યા. (૧૯) શ્રીહરિ મહાપ્રભુ ભક્તોએ ભાવથી અર્પણ કરેલ તુલસીપત્ર આદિ તથા પુષ્પ, ફળ, જળ, વસ્ત્ર, આભૂષણ આદિ પણ ભક્તજનો પાસેથી પ્રીતિપૂર્વક ગ્રહણ કરતા હતા. તેથી તે ભક્તો પણ અતિ હર્ષને પામ્યા. (૨૦) અને ભક્તજનો તે રાત્રિ સમયે પ્રસન્ન એવા શ્રીહરિને પોતપોતાના સંશયો પૂછતા હતા. ત્યારે શ્રીહરિ મહાપ્રભુ પ્રમાણ સહિત વચનો વડે સર્વના સંશયોને હરતા હતા. (૨૧) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુ સભામાં સર્વ ભક્તજનોને ઊંચા સ્વરે કહેવા લાગ્યા કે કાલે પ્રાતઃકાલે શ્રી નરનારાયણ દેવનો ફૂલદોલોત્સવ છે. (૨૨) ચૌદશ તિથિનો ક્ષય હોવાથી કાલે સવારે પૂર્ણિમા તિથિ છે. જેના દેવતા અર્યમા છે એવું ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર આવતી કાલે સવારે સૂર્યોદય સમયે થાય છે. (૨૩) તેથી આ નરનારાયણદેવનો ઉત્સવ નિર્ણયશાસ્ત્રને જાણનારા વિદ્વાનોએ ઉત્તરા ફાલ્ગુની સહિત પૂર્ણિમાના દિવસે જ નિર્ધારિત કરેલો છે. હું જે તે શ્રી નરનારાયણની પૂજાવિધિમાં તત્પર થઈશ. (૨૪) ગૃહસ્થ પુરુષોએ પરસ્પર રંગ વડે રમવું પરંતુ ત્યાગીજનો કે સ્ત્રીઓ પર રંગ ક્યારેય પણ ફેંકવો નહિ. (૨૫) આ પ્રમાણે કહીને તે ભક્તોને પોત-પોતાને સ્થાને જવાની આજ્ઞા આપીને ભગવાન શ્રીહરિ ત્યાંથી પોતાના નિવાસસ્થાને જઈ ત્યાંથી ભગવાનના મંદિરમાં પધાર્યા. (૨૬) પ્રાતઃકાળે શ્રી નરનારાયણ ભગવાનની પૂજા માટે ખૂબ જલદી કરજો એમ વર્ણિઓને કહેવાની ઈચ્છાવાળા થકા શ્રીહરિ અદ્ભુત સભામંડપમાં આવીને જોવા લાગ્યા. (૨૭) ભગવાન શ્રીહરિએ તે સભામંડપમાં હિંડોળો ગૂંથવામાં લાગેલા બ્રહ્મચારીઓને જોયા. તેમાં પ્રથમ શ્રીનરનારાયણની સેવામાં મુખ્ય એવા નારાયણ બ્રહ્મચારીને જોયા. (૨૮) તે પછી વર્ણિરાજ વાસુદેવાનંદ, હરિકૃષ્ણ અને મુકુંદાનંદને જોયા તેમજ કેશવાનંદ અને વૈકુઠાનંદ નામના વર્ણીઓને જોયા. (૨૯) તે જ પ્રમાણે સુવ્રતાનંદ ને જયાનંદ છે મુખ્ય જેમાં એવા સેંકડો વર્ણીજનોને પૂજાસામગ્રી લાવવામાં તત્પર જોઈ ભગવાન શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા. (૩૦) શ્રીહરિએ કેટલાક વર્ણીઓને કેળના સ્તંભ લાવતા જોયા અને કેટલાકને નવીન આંબાનાં પલ્લવો લાવતા જોયા તથા કેટલાકને આસોપાલવનાં પાન તથા કેટલાકને પુષ્પના ગુચ્છ લાવતા જોયા. (૩૧) કેટલાક વર્ણીઓને લાલ પીળાં શ્વેત એવા વિવિધ પ્રકારનાં પુષ્પો લાવતા તથા કેટલાકને ફળો લાવતા જોયા. વળી કેટલાકને શેરડીના સાંઠા લાવતા જોયા. (૩૨) અને કેટલાક વર્ણીઓને મંદિર મધ્યે ગુલાલની પોટલીઓ લાવતા જોયા અને કેટલાકને કેસરિયો રંગ બનાવતા જોઈ ભગવાન શ્રીહરિ સંતોષ પામ્યા. (૩૩) ત્યારે તે બ્રહ્મચારીઓની પ્રશંસા કરી તે સભામંડપમાંથી નીકળતા મોટાભાઈના પુત્ર શ્રીઅયોધ્યાપ્રસાદજીને જોયા. તેઓ કચ્છ ભીડી વિચક્ષણ પુરુષો પાસે રંગ બનાવરાવતા હતા. (૩૪) ત્યારે તે અયોધ્યાપ્રસાદજીની પાસે જઈ રંગ બનાવતા રંગકારોને જોયા તથા રંગ ઊકળતાં સેંકડો તાંબાનાં કડાયાંને જોયા. (૩૫) અને ત્યાં પોતાની પ્રીતિ માટે રંગ વગેરે સાધનમાં વ્યસ્ત અને વસ્ત્રો વડે કમરો કસેલા એવા ઘણા બધા સાધુજનોને ત્યાં જોયાં. (૩૬) પરમેશ્વર શ્રીહરિએ મુખ્ય એવા

મહાનુભાવાનંદ સ્વામી તથા સર્વજ્ઞાનંદ, તદ્રૂપાનંદ અને બદરીનાથાનંદ સાધુને જોયા તેમજ જ્ઞાનાનંદ, ઉત્તમાનંદ, અવિનાશાનંદ સ્વામીને તથા પરમ દયાનંદ, હાથ જોડેલા કૃષ્ણાનંદ તેમજ ભૂધરાનંદ અને અભેદાનંદ સાધુઓને જોયા. (૩૭-૩૮) તથા ઘણી પિચકારીઓ ભરીને રંગ ઉડાડતા શોભતા જ્ઞાનસ્વરૂપાનંદ અને સર્વનિવાસાનંદ મુનિને જોઈ શ્રીહરિ મહાપ્રભુ સાધુજનોની પ્રશંસા કરવા લાગ્યા. (૩૯) ત્યારપછી ભકતપ્રિય શ્રીહરિ મહાપ્રભુ પ્રસન્ન મનવાળા થકા સ્વનિવાસસ્થાને પધારી સુખપૂર્વક શ્રીહરિ નામોચ્ચારણ કરતા થકા રાત્રિમાં જાગવાના જ સ્વભાવવાળા હોવા છતાં થોડીવાર પોઢી ગયા. (૪૦)

ઈતિશ્રી સત્સંગજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરદોલોત્સવે હર્યર્ચનાદિ નિરૂપણ નામનો તોંત્તરમો અધ્યાય થયો. ॥૭૩॥

●

## અધ્યાય-૭૪

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રી નરનારાયણ ભગવાનના પૂજારી બ્રહ્મચારીજનો રાત્રિના પાછલા પહોરમાં ઊઠી સ્નાન કરી શ્રીનરનારાયણનું પૂજન કરવા લાગ્યા. (૧) છત્રની માફક મોટા પાંદડાંઓવાળી, કેળોના સ્તંભો વડે અતિ સુંદર તથા આંબા અને આસોપાલવ વગેરેનાં પાંદડાંઓથી બાંધેલી તે દોલાને વર્ણિઓ પુષ્પોથી સુશોભિત કરવા લાગ્યા. (૨) તે સમયે વામનાનંદ નામના વર્ણિરાજ બાલકૃષ્ણ(ચલપ્રતિમા)નું પૂજન કરવા સારુ ભગવાન શ્રીહરિને બોલાવવા જવા માટે જેટલામાં મંદિરમાંથી બહાર નીકળ્યા; (૩) તેટલામાં તો તેમણે ભગવાન શ્રીહરિને પીતાંબર ધારેલા, ચાખડીઓના ચટાક ચટાક અવાજ કરતા થકા ઉતાવળી ગતિવાળા, પાછળ દોડતા છે સેવકસમૂહ જેમના એવા, વળી છડી વડે સેવકે દૂર કરેલા છે દર્શકોના સમૂહ જેમના થકી એવા, શ્રીહરિને નજીક આવી ગયેલા જોઈ શીઘ્ર નમન કરી વામનાનંદ બ્રહ્મચારી તત્કાળ મંદિરની મધ્યમાં કંબલાસન પાથરી હાથ જોડી નમ્રતાપૂર્વક ઊભા રહ્યા. (૪-૫) ભગવાન શ્રીહરિ મંદિરની બહાર ચાખડીઓ રાખી, પોતાના સેવકોથી છૂટા પડી, વિસર્જન કરી, મંદિરમાં પ્રવેશ કરી, ભક્તિભાવપૂર્વક શ્રીનરનારાયણદેવની વંદના કરવા લાગ્યા. (૬) ત્યારબાદ શ્રીહરિ તે શ્રીનારાયણની આગળ સુંદર બિછાવેલા કંબલાસન ઉપર બિરાજી જળ, ચંદન, પુષ્પાદિ ઉપચારો વડે બાલમુકુંદની યથાવિધિ પૂજા કરવા લાગ્યા. (૭) ત્યારપછી ગીતવાજિંત્રોના શબ્દોની સાથે વૈદિક મંત્રોચ્ચારણ પૂર્વક શ્રી બાલમુકુંદને સુંદર આસ્તરણવાળા દોલામાં પધરાવ્યા. (૮) ત્યારે ભગવાન શ્રીહરિએ પીતાંબરધારી તે શ્રીકૃષ્ણની સુંગંધીપુષ્પો, ગુલાબપુષ્પો, તેમજ પકવાન્ન નૈવેદ્ય ઈત્યાદિ ઉપચારો વડે વિધિપૂર્વક અર્ચના કરી. (૯) પછી જ્યારે શ્રીહરિજીએ આરતી ઉતારી તે સમયે મહા વાજિંત્રોના અદ્‌ભુત શબ્દો સાંભળી તત્કાળ જ લાખો ભક્તજનો ત્યાં આવીને ઊંચા સ્વરે તાળીઓ પાડવા લાગ્યા. (૧૦) તે સમયે પાપી જનોને ભય પમાડનારા બંદૂકોના ઘણા ધડાકાઓ થયા ત્યારે તે મુહૂર્ત તો સર્વ

લોકોના ચિત્તને એકતાન આપનારું જ થઈ ગયું. (૧૧) ત્યારબાદ પુષ્પાંજલિ અર્પીને બાલમુકુંદને પ્રણામ કરી શ્રીહરિ મહાપ્રભુ બિરાજમાન થયા ત્યારે સંતો મૃદંગ અને ઝાંઝના તાલપૂર્વક પ્રભુપદ ગાવા લાગ્યા. (૧૨) પછી વિવિધ મંડળો રચીને હજારો ભક્તજનો ઝાંઝ-પખવાજના ધ્વનિપૂર્વક શ્રીહરિજીના યશ સંબંધી કીર્તનો ગાવા લાગ્યા. (૧૩) પછી સર્વ ભક્તજનો પરસ્પર રંગ છાંટવા લાગ્યા અને સંતો પણ શ્રીહરિની આજ્ઞાથી પરસ્પર રંગક્રીડા કરવા લાગ્યા. (૧૪) તે સમયે મંદિરમાં રહી શ્રીહરિ મહાપ્રભુ હાથમાં સુવર્ણની પિચકારી ધારણ કરી ભક્તજનો ઉપર વારંવાર કેસરિયો રંગ છાંટવા લાગ્યા. (૧૫) પછી શ્રીહરિ ગુલાલની મૂઠી ભરી ભરીને ભક્તજનો ઉપર ફેંકવા લાગ્યા. તે ભક્તજનો પણ પોતપોતાનું અહોભાગ્ય સમજીને ત્યાંથી ખસતા હતા અને ત્યાં બીજા ભક્તો આવતા હતા. (૧૬) ત્યારપછી શ્રીહરિની આજ્ઞાથી ભક્તજનો પરસ્પર બબ્બે જણા રંગ ક્રિડા કરવા લાગ્યા ત્યારે મુક્તાનંદમુનિ સાથે ગોપાલાનંદમુનિ રંગ ક્રિડા કરતા હતા. (૧૭) હે ભૂપતે ! મહાનુભાનંદમુનિ બ્રહ્માનંદમુનિની સાથે અને આનંદાનંદમુનિ નિત્યાનંદ મુનિ સાથે રમવા લાગ્યા. (૧૮) તેમજ મુકુન્દાનંદ મુનિ વાસુદેવાનંદ મુનિ સાથે રમવા લાગ્યા તથા વામનાનંદ રામચંદ્રાનંદની સાથે તથા નારાયણાનંદ બ્રહ્મચારી આનંદાનંદ બ્રહ્મચારી સાથે રમતા હતા. (૧૯) તેમજ રઘુવીરજી શ્રીહરિને પ્રસન્ન કરવા માટે પોતાના દેશની રમત અનુસારે અયોધ્યાપ્રસાદજીની સાથે રમવા લાગ્યા. (૨૦) વળી ઉત્તમરાજા હેમંતસિંહની સાથે, સુરાખાચર સોમલાખાચરની સાથે અને વીર ભગુજી વીરાજી સાથે રંગે રમવા લાગ્યા. (૨૧) આ જ પ્રમાણે બીજા પણ ગૃહસ્થો અને ત્યાગી પરસ્પર રંગક્રીડા કરતા થકા રમી રહેલા ભગવાન શ્રીહરિને હસાવતા હતા. (૨૨) શ્રીહરિ મહાપ્રભુએ શ્રીકૃષ્ણની ચતુર્વિધ પૂજા કરી એ મંદિરથી બહાર આવી, બે ઘડી પર્યંત રંગક્રીડા કરી. (૨૩) હે રાજન્ ! તે પછી ભગવાન શ્રીહરિ ઘોડા ઉપર અસ્વાર થઈ પોતાના ભક્તજનો સાથે નારાયણઘાટ પધાર્યા, ત્યાં સાબરમતી ગંગામાં જળક્રીડા કરતા થકા અને હસતા થકા મુહૂર્ત પર્યંત સ્નાન કરતા હતા. (૨૪) પછી શ્રીહરિ શ્રીનરનારાયણદેવના મંદિર(નારાયણધામ)માં પધારી બ્રાહ્મણો, સાધુજન અને ભિક્ષુકોને સુંદર ભોજન કરાવી, ભક્તજનોને આજ્ઞા આપી પોતે રામપ્રતાપભાઈને ઘેર ભોજન કરી સ્વનિવાસસ્થાને પધાર્યા. (૨૫) ત્યારપછી અપરાહ્ન સમયે વિશાળ સભા થઈ તેમાં ઉત્તમ પીઠ ઉપર બિરાજમાન થઈ સત્પુરુષોના સ્વામી ભગવાન શ્રીહરિ, જેમ આકાશમાં તારામંડળની મધ્યે ચંદ્રમા શોભે તેમ, અપાર શોભતા હતા. (૨૬) પછી સુખપૂર્વક બિરાજેલા અને સંશયરૂપી શલ્યોને હણનારા અને ખીલેલા કમળ સમાન મુખારવિંદવાળા ભગવાન શ્રીહરિ મહાપ્રભુને દ્વિજશ્રેષ્ઠ હેમંતરામ વિપ્ર નમ્રતાપૂર્વક પૂછવા લાગ્યા. (૨૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
શ્રીનગરદોલોત્સવે રંગક્રીડાદિવર્ણન નામનો ચુમોતેરમો અધ્યાય થયો. ॥૭૪॥

●

## અધ્યાય-૭૫

**હેમંતરામ બ્રાહ્મણ બોલ્યા :**

હે સ્વામિન્ ! વ્યવહારમાં આસક્ત ગૃહસ્થાશ્રમી ભક્તજનોનું કલ્યાણ જેમ થાય તે સાધન મને તમો કૃપા કરીને કહેવા યોગ્ય છો. (૧) હે પ્રભો ! ત્યાગીજનોને કોઈ વિક્ષેપ ન હોવાથી તેઓ સર્વ કાળે ભક્તિ કરે છે તેથી તેમનું કલ્યાણ પણ દુર્લભ નથી. (૨) આવા સત્સંગને પામીને પણ જેઓ અનેકવિધ કર્મોમાં આસક્ત થઈને જે ગૃહસ્થાશ્રમ છોડતા નથી તેમની શી ગતિ થશે ? (૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે મોક્ષની ઈચ્છાવાળા હેમંતરામ વિપ્રે પૂછેલા અને જીવપ્રાણીમાત્રનું કલ્યાણ કરનારા ભક્તિનંદન શ્રીહરિ તે બ્રાહ્મણને કહેવા લાગ્યા. (૪)

**શ્રીહરિ મહાપ્રભુ બોલ્યા :**

હે વિપ્ર ! ગૃહસ્થોનું કલ્યાણ પ્રગટ ભગવાનના દ્દઢ આશ્રયથી થાય તથા તે સાક્ષાત્ શ્રીકૃષ્ણના ભક્તોની નિષ્કપટ ભાવે યથાશક્તિ સેવા કરવાથી થાય. (૫) ગૃહસ્થાશ્રમ કે તેનો ત્યાગ એ બેમાંથી એકેય કલ્યાણનું કારણ નથી પણ બન્નેમાં ભગવાનની ભક્તિ જ કલ્યાણકારી માનેલી છે. (૬) રુચિ અનુસાર કોઈપણ આશ્રમમાં રહીને મુમુક્ષુજનોએ ભગવદ્ ભક્તિ સાધ્ય કરી શકાય છે. હે દ્વિજ ! તે ભક્તિ વડે ત્યાગી કે ગૃહસ્થ બધાનું કલ્યાણ થાય તે નિશ્ચય જાણો. (૭) આ પ્રશ્ન પરત્વે ભારતમાં વર્ણવેલી કથા હું તમોને કહીશ, જે કથાના શ્રવણથી તમોએ પૂર્વે કરેલો સંશય નાશ પામશે. (૮) વેદવ્યાસને પરમ પવિત્ર શુકદેવ નામના પુત્ર હતા. તે શુકદેવ પ્રવૃત્તિધર્મ, નિવૃત્તિધર્મ સર્વ પ્રકારના ધર્મોને સંપૂર્ણપણે જાણનારા, નિવૃત્તિમાર્ગમાં જ રુચિવાળા, વેદો અને શાસ્ત્રોના અર્થઘટનમાં વિચક્ષણ, આત્મનિષ્ઠ, પરમાત્મસ્વરૂપમાં નિષ્ઠાવાળા, મહાયોગી, સ્વધર્મમાં રહેલા અને અત્યંત વૈરાગ્યશીલ હતા. (૯-૧૦) પિતા વ્યાસમુનિનો ત્યાગ કરી વનમાં જવાની ઈચ્છાથી શુકમુનિએ પિતા પ્રત્યે કહ્યું : "હે તાત ! તમો મને આજ્ઞા આપો. હું ભૂતળ ઉપર વિચરણ કરીશ. (૧૧) અહીં રહેવું મને બિલકુલ રુચતું નથી તે નક્કી વાત છે." આ પ્રમાણે શુકદેવજીના કહેવાથી વ્યાસમુનિ તેમને કહેવા લાગ્યા. (૧૨)

**વ્યાસમુનિ બોલ્યા :**

"હે સુત ! જીવોનું કલ્યાણ સત્પુરુષોના સમાગમ થકી જ થાય અન્યથા નહિ; માટે મુક્તો અને મહર્ષિઓનો સમાગમ કરતા થકા તમો પૃથ્વી ઉપર વિચરણ કરો. (૧૩) વળી ધર્મધ્વજ નામના વૈદેહ રાજા હાલ પૃથ્વી ઉપર વર્તે છે. તે રાજા ગૃહસ્થાશ્રમમાં રહ્યા થકા પણ મુક્ત હોવાથી તમારે દર્શન કરવા યોગ્ય છે. (૧૪) ત્યારબાદ તમો પોતાના કરતાં જે અધિક હોય તેમને ગુરુભાવથી પૂજનારા તથા સ્વસમાનને બંધુભાવથી માનનારા તથા પોતાનાથી નાનાઓને બોધ આપનારા એવા થકા તમો વિચરણ કરો." (૧૫)

**શ્રીહરિ બોલ્યા :**

ત્યારબાદ મહાયોગી શુકદેવજી પિતાની આજ્ઞા પામી, પોતાનું ઐશ્વર્ય ગુપ્ત રાખીને, અન્ય

મુનિજનોની પેઠે વન-ગામ-પુર વગેરેમાં વિચરવા લાગ્યા. (૧૬) એક સમયે તે શુકમુનિ મુક્તોનો સમાગમ કરતા થકા જ જનક રાજાથી રક્ષણ કરાતી મિથિલાપુરીમાં ગયા. (૧૭) જો કે તે શુકમુનિ માર્ગમાં આવતાં નેત્રોને સુખકારી વિવિધ પ્રકારનાં વૃક્ષો, લતાઓ, સરોવરો, પર્વતો, નગરો, પત્તનો, તળેટીનાં ગામો, નેહડા વગેરેને જોતા થકા પણ મનથી તેમાં ક્યાંય આસક્ત થયા નહિ. (૧૮) દરરોજ રાત્રિએ મુક્તજનો આશ્રમોમાં નિવાસ કરતા તેમજ સત્પુરુષોએ આદર કરાયેલા અને ઉદાર મતિવાળા તેમજ સુવર્ણ, લોખંડ અને પથ્થર સર્વમાં સમાન દૃષ્ટિવાળા એવા તે શુકમુનિ પૃથ્વી ઉપર યથેષ્ટ વિચરણ કરવા લાગ્યા. (૧૯) આ રીતે પોતાના પિતા વ્યાસમુનિની આજ્ઞા પ્રમાણે વિચરણ કરતા કરતા શુકમુનિ એક સમયે ગજ, રથ, હાથી, ઘોડા અને પદાતિઓથી વ્યાપ્ત અને અમરાવતીપુરી સમાન જનકરાજાની મિથિલાપુરીમાં પહોંચ્યા. (૨૦) ત્યારબાદ દરવાજામાં પ્રવેશ કરતાં જ દ્વારપાલે વાણી વડે તત્કાળ રોક્યા થકા પુરની બહાર જ ઊભા રહ્યા. પ્રતિહારી દ્વારા અપમાન કર્યા છતાં, સૂર્યના તડકાથી પણ વિકાર નહિ પામેલા, તથા તડકા અને છાયામાં સમમતિવાળા હોવાથી જનોને આશ્ચર્ય પમાડતા થકા શુકમુનિ ઊભા રહ્યા. (૨૧) પછી રાજાએ પોતાના યોગબળથી અર્થાત્ સમાધિના સામર્થ્ય વડે શુકજીનું આગમન મનથી જાણીને તત્કાળ મંત્રીને બોલાવ્યા. રાજાના હૃદગત અભિપ્રાયને જાણનારા તે મંત્રી એકલા જ મુનિ પાસે જઈ તેમને નગરમાં લઈ આવ્યા. (૨૨) શ્રી શુકદેવમુનિ પુરમાં પણ અદ્‌ભુત વસ્ત્ર, પાત્ર, ભક્ષ્યાદિ વડે સુશોભિત બજારોની હારો તથા વિચિત્ર અને ઉજ્જ્વળ એવી રાજમહેલોની પંક્તિઓ દેખાવા છતાં તેને જોતા ન હતા. (૨૩) ત્યારબાદ કોઈક રાજમંત્રી જેવી વ્યક્તિએ શુકમુનિને તત્કાળ મળી હાથ પકડી તેમને કુબેરના બગીચા સમાન પ્રમદાવનમાં પ્રવેશ કરાવ્યો. (૨૪) તે મંત્રી પ્રમદાવનમાં શુકમુનિને આસન આપી પોતે રાજા પાસે ગયો. ત્યારબાદ અપ્સરાઓ સમાન અને મંદહાસ્યપૂર્વક છે ભાષણ જેમનું એવી સ્ત્રીઓ શુકદેવજીનું સેવન કરવા લાગી. (૨૫) અત્યંત ઝીણાં લાલ વસ્ત્રો વડે સુંદર વેશવાળી, ચંદ્રસમાન મુખવાળી, સુવર્ણનાં આભૂષણોવાળી, શૃંગારશાસ્ત્રમાં નિપુણ, રમણીય, ખૂબ વિશાળ નિતંબો અને સ્તનવાળી અને તરુણ અવસ્થાવાળી તે સ્ત્રીઓ હતી. (૨૬) તે સ્ત્રીઓ શુકમુનિને પ્રણામપૂર્વક કહેવા લાગી : ''અહો મહર્ષે ! અમો બધી આપની સેવિકાઓ છીએ, આથી ઉદાર પરાક્રમવાળા તમો અહીંયાં યથેચ્છ આજ્ઞા કરવા માટે અવશ્ય યોગ્ય છો. (૨૭) આ પ્રમાણે મહર્ષિ શુકદેવજીને કહી પાંચસો સ્ત્રીઓ વિનય સમેત મુનિની પૂજા કરવા લાગી. પગ પખાળવા માટે જળ, મધુપર્ક યુક્ત અર્ઘ્ય તથા સ્નાન કરવા માટે ઉષ્ણ જળ લાવી. (૨૮) પછી દિવ્ય અંગરાગ લેપન, ઉત્તમ પુષ્પહારો, મનોહર ભક્ષ્ય ભોજ્યાદિ પદાર્થો આ બધું લાવીને ઉદાર ભાવનાવાળી થકી સ્થાપન કરતી હતી. (૨૯) હે દ્વિજ ! આ પ્રમાણે પરીક્ષા કરવામાં નિપુણ એવી તે સ્ત્રીઓ આ પ્રકારે બધું હાજર કરીને આમતેમ સંભ્રમપૂર્વક આદરથી આંટાફેરા કરવા લાગી. (૩૦) વળી પરસ્પર આ પ્રમાણે બોલવા લાગી : હે સુશીલે ! કર્પુર ક્યાં છે ? હે ચંચલે ! ચંદન ક્યાં ગયું ? હે ગીતજ્ઞે ! મોતીઓના હારો કયાં છે ? હે ચંચલ નેત્રોવાળી ! મધુ ક્યાં છે ? (૩૧) તથા હે ચપલે ! સૂક્ષ્મ વસ્ત્રો અને અલંકારો લાવો અને પાનબીડાં ક્યાં છે ? અને હે રક્તકંઠે ! દૂધ ક્યાં

ગયું ? (૩૨) હે ધીરે ! જાયફળ, લવિંગ અને એલચી તત્કાળ તું લાવ. આ પ્રમાણે પરસ્પર બોલતી તે સ્ત્રીઓ પરસ્પર ક્રીડા કરવા લાગી. (૩૩) વિશુદ્ધ મનવાળા અને વશ કરેલ છે ઇન્દ્રિયો જેમણે એવા તે યોગી તે સ્ત્રીઓના હાવભાવ જોઈને પણ લગીરે હર્ષ કે શોકને પામ્યા નહિ. (૩૪) દૃઢ નૈષ્ઠિક સદ્વ્રતવાળા એટલા માટે જ સર્વ વસ્તુઓમાં નિસ્પૃહ એવા તે યોગી, તે સ્ત્રીઓ જાણે રાક્ષસ હોયને શું એમ જાણતા થકા પ્રીતિથી બોલતા ન હતા કે જોતા ન હતા. (૩૫) પછી સાયંકાળે સંધ્યોપાસનાનો સમય થયેલો જાણી નાસિકાના અગ્રભાગ સામે કરેલી છે દૃષ્ટિ જેમણે એવા તે શુકમુનિ મુહૂર્ત પર્યંત મૌન રહ્યા. (૩૬) શુકમુનિને નાસિકાગ્ર દૃષ્ટિવાળા જોઈને પોતાને તક મળી જાણીને સુંદર કંઠવાળી કેટલીક સ્ત્રીઓ ગાવા લાગી, કેટલીક મનહર નૃત્ય કરવા લાગી. (૩૭) કેટલીકે તો આદરે યુક્ત થકી સુવર્ણ અને રત્નોથી મઢેલો અને બહુમૂલ્ય બિછાનાવાળા પલંગને લાવીને મુનિની આગળ સ્થાપન કરી દીધો. (૩૮) ત્યારબાદ નારીઓ પૃથક્ પૃથક્ કામદેવના ઉપકરણ પુષ્પોથી યુક્ત અને અત્યંત સમૃદ્ધિવાળાં પોતપોતાનાં મંદિરો શુકદેવજીને દેખાડતી હતી... (૩૯) ઇત્યાદિ ચરિત્રોવાળી તે નારીઓએ ક્ષોભ પમાડ્યા છતાં પણ ધૈર્યવાન શ્રી શુકદેવજી જ્યારે લગીરે ક્ષોભ પામ્યા નહિ ત્યારે તે સ્ત્રીઓ તેમને સિદ્ધ પુરુષ તરીકે માનવા લાગી. (૪૦) તોપણ રાજાની આજ્ઞાના વશપણાથી તે રાત્રિમાં તે મુનિની આગળ સેવાના વિધાનમાં જ સર્વ સ્ત્રીઓ લાગેલી રહી. (૪૧) ત્યારબાદ અરણીપુત્ર શુકદેવજી સ્વયં તે સ્ત્રીઓએ આપેલા જળ વડે હાથપગને ધોઈ શુદ્ધ કરીને સંધ્યોપાસના કરવા લાગ્યા. (૪૨) ત્યારપછી શુકદેવજી રાત્રિના પૂર્વ ભાગમાં ધ્યાનનિષ્ઠ અને મુનિવ્રતવાળા રહ્યા અને મધ્યરાત્રિના મુહૂર્તમાં આસન ઉપર જ નિદ્રા લીધી. (૪૩) ફરીથી ઊઠી ત્યાં જ આચમન કરી મુનિ એવા તે યોગી સ્ત્રીઓથી વીંટાયા થકા મનમાં પરમાત્માનું ધ્યાન કરવા લાગ્યા. (૪૪) રાજા જનક શુકદેવજીનું મન જાણવા માટે પ્રહરે પ્રહરે ગુપ્તચર મોકલીને તેમના દ્વારા મુનિની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણતા હતા. (૪૫) ત્યારપછી સૂર્યોદય સમયે રાજાએ મોકલેલા મંત્રી શુકદેવજીને પ્રણામ કરી પોતે આગળ થઈ તેમને રાજમંદિર પ્રત્યે લઈ ગયા. (૪૬) ત્યારપછી રાજા મંત્રીજનો સાથે પુરોહિતને આગળ કરી, મસ્તક ઉપર અર્ઘ્ય ગ્રહણ કરી, મુનિના સન્મુખ આવ્યા. (૪૭) ત્યારે મુનિવરને જોઈને રાજાએ અતિ પ્રસન્નતાપૂર્વક તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં; ત્યારે શુકદેવજી રાજાને ઊભા કરી બન્ને હાથ વડે બાથમાં ઘાલી આલિંગન કરી પ્રસન્ન થકા રાજાના મુખ સામે જોઈ હસવા લાગ્યા. (૪૮) ત્યારે ધર્મને જાણનારાઓમાં શ્રેષ્ઠ જનકરાજા આનંદિત થકા ઋષિનો હાથ પકડી માર્ગમાં સુખાગમન પૂછતા થકા પોતાના મહેલમાં લઈ જઈ અત્યંત તેજસ્વી સુવર્ણના સિંહાસન ઉપર મુનિને બેસાડ્યા. (૪૯) ત્યારબાદ રાજાએ પૂજ્ય મુનિપ્રવરની પુરોહિતે કરેલા મંત્રોચ્ચારપૂર્વક યથાવિધિ પૂજા કરી. ત્યારપછી સ્નાન અને ભોજન કરી સુખપૂર્વક આસન ઉપર બિરાજમાન શુકમુનિને વારંવાર પ્રણામ કરી હાથ જોડી રાજા પૂછવા લાગ્યા. (૫૦)

ઇતિશ્રી સત્સંગીજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરપુષ્પદોલોત્સવે શુકનિર્વિકારિત્વ નિરૂપણ નામનો પંચોતેરમો અધ્યાય થયો. ॥૭૫॥

## અધ્યાય-૭૬

**જનકરાજા બોલ્યા :**

"હે મહર્ષે ! હાલમાં આપનું આગમન ભલે થયું. આપનું સર્વ પ્રકારે કુશળ તો છે ને ? આપના પિતા વ્યાસમુનિ સુખી છે ને ? અને આપનું તપ નિર્મળ છે ને ? (૧) હે બ્રહ્મન્ ! સદૈવ તપમાં રુચિવાળા અને બ્રહ્મનિષ્ઠ એવા આપનું અહીં મારી પાસે આવવાનું કારણ આપ મને કહેવા યોગ્ય છો." (૨)

**શુકમુનિ બોલ્યા :**

"હે રાજન્ ! મારું અને મારા પિતાનું સર્વ પ્રકારે કુશળ વર્તે છે. મારું તપ પણ નિર્મળ છે. હવે મારા આગમનનું કારણ તમો સાંભળો. (૩) મેરુ પર્વત ઉપર રહીને તપ કરનારા મારા પિતાએ આજ્ઞા આપી કે પૃથ્વી ઉપર જે જે મુક્તજનો હોય તેમનું મારે દર્શન કરવું. (૪) અને છતે દેહે મુક્તપણે કહેવાતા જનકરાજાનું પણ તમારે દર્શન કરવું યોગ્ય છે એમ મારા પિતા વ્યાસમુનિએ મને આજ્ઞા કરેલી છે. આથી હે રાજન્ ! હું અહીં આપની પાસે આવ્યો છું. (૫) હે રાજન્ ! શાસ્ત્રોમાં કહેલાં લક્ષણોવાળા અને દર્શનમાત્રથી પાપ હરનારા એવા ઘણા મુક્તજનો મેં પૃથ્વી ઉપર જોયા. (૬) હે રાજન્ ! જાણકાર વિદ્વાનો મુક્તિનાં બાહ્ય લક્ષણો વડે તેની આંતર સ્થિતિનાં લક્ષણો અંગે અનુમાન કરે છે તે નિઃસંદેહ વાત છે." (૭) રાજ્યમાં સતત વ્યગ્ર એવા તમારામાં હું રાત્રિદિવસ ચિંતવન કરતો થકો તમારામાં મુક્ત પુરુષનું એક પણ લક્ષણ જોતો નથી. (૮) ગૃહાસક્તિ બંધનકારિણી છે તેમાં રાજ્ય તો અતિ બંધનકારી છે. તે રાજ્યમાં રહેલા પુરુષનું મુક્તપણું નામમાત્ર હોય છે, પરંતુ તે મુક્તપણું સાર્થક હોતું નથી. (૯) આથી હે રાજસત્તમ ! તમો જ તમારી સ્થિતિ કહો કે તમો કયા વૃત્તથી વર્તો છો ? અને તમારું મુક્તપણું કેવી રીતે છે ?" (૧૦) આ પ્રમાણે બ્રહ્મજ્ઞ એવા તે શુકદેવે પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં રાજા મૈથિલ હસતા થકા વ્યાસપુત્ર શુકદેવને કહેવા લાગ્યા. (૧૧)

**મૈથિલનૃપ (જનક) બોલ્યા :**

હે મહર્ષે ! તમોએ પૂછેલું યોગ્ય છે. મુક્ત લક્ષણ મારામાં નથી. પરંતુ તે મુક્ત લક્ષણ જ્ઞાનચક્ષુ વડે જાણવું જોઈએ. (૧૨) દેહથી ભિન્ન અને બુદ્ધિ તથા ઇન્દ્રિયોના પ્રકાશક એવા સ્વસ્વરૂપમાં જે પુરુષની સ્થિતિ હોય તે મુક્ત કહેવાય તેમ નક્કી જાણવું. (૧૩) હે સુવ્રત ! આ પ્રકારે સ્થિતપ્રજ્ઞ પુરુષને સ્વભાવથી જે દેહસંબંધી ક્રિયાઓ તે પુરુષને બંધનકારી થતી નથી. (૧૪) જેમ ભરડેલાં કે શેકેલાં ડાંગર વગેરે બીજો ફરીથી ક્યારેય અંકુરિત થતાં નથી અર્થાત્ પુનર્જન્મમાં ઉદ્ગમ માટે કારણભૂત થતાં નથી. (૧૫) જ્ઞાનજન્ય વૈરાગ્ય જ ખરો વૈરાગ્ય કહેવાય છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય નિષ્ફળ થાય છે. જેમ વૃક્ષાદિકને પુષ્પોનો ઉદ્ગમ ન થાય તો ફળોનો ઉદ્ગમ થતો નથી એ નક્કી વાત છે. (૧૬) હે શુકદેવ ! નિર્ગુણપણું પણ જ્ઞાનથી જ થાય. તે જ્ઞાન મારે વર્તે છે અને સર્વ સાધનો

તો જ્ઞાનનાં શેષભૂત જાણવાં. (૧૭) મેં નિરંતર જ્ઞાન વડે જ વૈરાગ્ય પ્રાપ્ત કર્યો છે. બીજાઓ માટે દુર્લભ એવા આ રાજ્યમાં પણ મને આસક્તિ નથી. (૧૮) મારા એક હાથને શસ્ત્ર વડે છેદન કરે અને અન્ય કોઈ મારા બીજા હાથને ચંદનાદિ વડે લેપન કરે તે બન્ને મારે સમાન છે. (૧૯) જ્ઞાન, કર્મ અને ઉપાસના વડે જે મોક્ષ અહીંયાં કહેવાય છે તે ત્રિવિધ મોક્ષને હું મહર્ષિઓની કૃપાથી જાણું છું. (૨૦) હે શુકદેવ ! પૂર્વે આપના સમાન ગોત્રવાળા પંચશિખમુનિએ કૃપા કરી સમગ્ર સાંખ્યજ્ઞાન મને સુપેરે કહેલું છે. (૨૧) અને તે પંચશિખમુનિએ ત્રિવિધ મોક્ષ પણ યથાર્થપણે કહેલો છે. નિશ્ચયની વાત છે કે સમ્યક્ તત્ત્વને જાણનારા તે મુનિએ મને રાજ્યથી વિચલિત કરેલો નથી. (૨૨) અને હે મુને ! અહીં શબ્દાદિક વિષયોમાં ઇન્દ્રિયોની જે પ્રીતિ જણાય છે તે મનને જ આધીન છે પરંતુ સ્વતઃ નથી તે નિશ્ચય જાણો. (૨૩) તે મનને જે પુરુષોએ જ્ઞાનયોગાભ્યાસ વડે સ્વસ્વરૂપમાં ધારણ કરેલું છે તેમના હૃદયમાં ઇન્દ્રિયો વડે લગીરે વિકાર થતો નથી. (૨૪) આથી પંચશિખમુનિના ઉપદેશથી રાજ્યમાં સર્વદા રહ્યો થકો સ્વતંત્ર છું અને તેમાં અનાસકત છું. આથી હું સર્વ પ્રકારે મુક્ત છુ. (૨૫) જ્યાંસુધી દેહનું અનુસંધાન હોય ત્યાંસુધી સર્વથા ત્યાગ તો તમારા સરખા મુક્ત પુરુષો પણ કરી શકતા નથી તે નિશ્ચય વાત છે. (૨૬) આથી આ લોકમાં જે મહાત્માઓએ માનસ ત્યાગ કરેલો છે તે જ ખરા ત્યાગી જાણવા. બાહ્ય ત્યાગથી કશું ફળ નથી. (૨૭) તો પણ હે મુને ! આ લોકમાં દંડ કમંડલુ કાષાય વસ્ત્ર ધારણાદિ બાહ્ય ત્યાગની જ કેટલાક મહર્ષિઓ પ્રશંસા કરે છે. (૨૮) દંડ, કમંડલુ, કાષાય વસ્ત્રાદિ ધારણ કરે સતે પણ આ ત્યાગ ઉપચાર માત્ર જ છે. આથી પંડિતજનો આ ત્યાગને સાર્થક ગણતા નથી. (૨૯) જો કે દંડાદિ હોવા છતાં પણ જ્ઞાનથી મોક્ષ થાય તો તો રાજાને પણ છત્રચામરાદિ વિદ્યમાન છતાં પણ તેનો મોક્ષ કેમ ન થાય ? - થાય જ. (૩૦) જે પુરુષને જે વડે જેટલું પ્રયોજન સિદ્ધ થાય તે પુરુષ તેટલો પરિગ્રહ કરે છે. આ પ્રકારે કયા હેતુથી ગૃહસ્થાશ્રમ નિંદિત છે ? (૩૧) જે પુરુષ ગૃહસ્થાશ્રમમાં પણ દોષ જોતો થકો અન્ય આશ્રમમાં ગતિ કરે છે; એક આશ્રમનો ત્યાગ કરી અન્ય આશ્રમને ગ્રહણ કરતો એવો તે પુરુષ સંગથી મુક્ત કયા પ્રકારે થાય ? (૩૨) જે આગલા શ્લોકમાં કહ્યા તેવા ભિક્ષુઓ હોય તે બીજા રાજાઓને તુલ્ય જ છે. તેમનામાં ત્યાગાભિમાન માત્ર તો વધારામાં જણાય છે. (૩૩) તે હેતુ માટે જ્ઞાનથી જ મોક્ષ છે. ચિહ્નમાત્ર તો નિરર્થક છે. આ પ્રમાણે જાણી હે શુક ! તમોએ મારા રાજ્ય બાબતે શંકા કરવી નહિ. (૩૪) રાજ્ય-ઐશ્વર્ય-રૂપ પાશ તો મેં જ્ઞાનરૂપી ખડગ વડે મુક્ત છેદી નાખેલ છે. આથી હું સાર્થક એવા મુક્ત નામ વડે પૃથ્વી ઉપર પ્રસિદ્ધિને પામ્યો છું. (૩૫) શ્રીહરિ કહે છે : હે દ્વિજ ! રાજા જનકે કહેલી સ્વરૂપસ્થિતિ તથા ત્યાગી અને રાજાઓનું સામ્ય સાંભળી સકળ અર્થોના જાણનારા શ્રી શુકદેવજી તે ભેદને, પ્રમાણે સહિત, રાજા જનકને કહેવા લાગ્યા. (૩૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરપુષ્પ-દોલોત્સવે સ્વરૂપનિષ્ઠસ્ય રાજ્યાદિનિબંધકત્વનિરૂપણ નામનો છોંતેરમો અધ્યાય થયો. ॥૭૬॥

●

# અધ્યાય-૭૭

**શ્રી શુકદેવમુનિ બોલ્યા :**

"હે નૃપતે ! તમોએ જે કહ્યું તે બધું મેં સાંભળ્યું. પરંતુ તે બધું લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ હોઈ મને રુચતું નથી. (૧) રાજ્ય કરનાર એવા તમોએ રાજ્યમાં અનાસક્તિ કહી તે તો રાજન્ ! તમો અંતઃકરણમાં વિચાર કર્યા વગર જ કહો છો. (૨) પોતે તદ્રૂપ થયા વગર નાની સરખી ક્રિયા પણ સિદ્ધ ન થાય તો હે નૃપ ! વિરક્ત પુરુષને રાજ્ય સિદ્ધ કેમ કરીને થાય ? (૩) 'ઇન્દ્રિયો વિષયોમાં વર્તે છે તેથી મારે શું ?' આ પ્રકારે જાણવાથી માનસત્યાગ છે એમ જો હોય તો તમો સાંભળો. (૪) શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ - આ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે તથા વાક્, હસ્ત, પાદ, પાયુ અને ઉપસ્થ - આ પાંચ કર્મેન્દ્રિયો છે તે બધી મન સાથે મળીને જ પોતપોતાના વિષયોને ગ્રહણ કરે છે. (૫) એટલા માટે તે ઇન્દ્રિયોની પ્રવૃત્તિ સ્વતઃ નથી એમ વેદ ગાય છે. સર્વે જનો મનથી સાંભળે છે અને મનથી જુએ છે. (૬) હે નરાધિપ ! મન પણ જીવ વિના કંઈ પણ કરવા સમર્થ થઈ શકતું નથી એ હેતુ માટે મુખ્ય કર્તૃત્વ તો જીવાત્મામાં જ વર્તે છે. (૭) હે રાજન્ ! આમ જ્યારે મનનું પણ એક અણુમાત્ર પણ સાક્ષાત્ કર્તૃત્વ છે જ નહિ તો પછી ઇન્દ્રિયોનું સાક્ષાત્ કર્તાપણું ક્યાંથી કહી શકાય ? - ન જ કહેવાય. (૮) આ રીતે મન (અંતઃકરણ) અને બાહ્ય ઇન્દ્રિયો આ બધાં કરણ છે અને જીવાત્મા કર્તા છે એમ અનુભવ કરાય છે. (૯) તે જ પ્રમાણે જ્ઞાતા જ્ઞાન અને જ્ઞેય તથા કર્તા કર્મ અને ક્રિયા આ પ્રકારે બન્ને ત્રિપુટીઓ સર્વ વ્યવહારની સિદ્ધિમાં વર્તે છે. (૧૦) વેદો અને પુરાણોમાં વિરાટની ઉત્પત્તિનું વર્ણન યથાર્થ કરેલું છે. હે રાજન્ ! તે વિરાટની ઉત્પત્તિનું વર્ણન નથી સાંભળ્યું શું ? (૧૧) હે પરંતપ ! ભગવાન નારાયણની શક્તિથી યુક્ત ચોવીશ, સંખ્યાવાળાં તત્ત્વો વડે વિરાટ દેહ સુપેરે ઉત્પન્ન થયેલો છે. (૧૨) તે વિરાટના દેહમાં બ્રહ્માદિ સ્વ-સ્વ અધિદેવોએ સહિત અધ્યાત્મ સંજ્ઞાવાળા સર્વ બાહ્ય અંતઃકરણો તો અધિભૂત-સંજ્ઞાવાળા પોતપોતાના વિષયને પ્રાપ્ત કરવા સમર્થ થયાં નહિ તેથી વિરાટને ઉઠાડવામાં તે તત્ત્વો સ્વતઃ શક્તિમાન થયાં નહિ. (૧૩-૧૪) અને જ્યારે સ્વયં વૈરાજ નારાયણે તે વિરાટમાં પ્રવેશ કર્યો ત્યારે તે વિરાટ અધ્યાત્મ નામના ઇન્દ્રિયાદિને વિસ્મય પમાડતું હોય ને શું ! તેમ ઊઠતું હતું. (૧૫) ત્યારપછી તે ઈશ્વર ઇન્દ્રિયો વડે સર્વ વિષયોને ગ્રહણ કરતા હતા. તે ઇન્દ્રિયો દ્વારા સ્વતંત્રપણે વિષય ગ્રહણ થયું નહિ. (૧૬) ઈશ્વર પણ આ રીતે જ્યારે ઇન્દ્રિયો વડે વિષયોને ગ્રહણ કરે છે ત્યારે તમો તો સર્વ ક્રિયાઓને કરતા થકા પણ કેવી રીતે વિરક્ત છો ? (૧૭) 'હું આ લોકમાં અનાસક્ત થકો રાજ્ય કરું છું' આ પ્રમાણે જે વ્યક્તિ વચન બોલે છે તે જ કર્તા છે, બીજો કર્તા નથી. આ પ્રમાણે તમો નક્કી જાણો. (૧૮) કર્મ કરનાર વ્યક્તિને કાળ અને નરકથી નિરંતર ભય વર્તે છે. આ પ્રમાણે તમો અહર્નિશ કર્મોને કરતા થકા પણ કેમ જાણતા નથી ? (૧૯) હે રાજન્ ! તમોએ જે કહ્યું કે 'હું સ્વતંત્ર છું' તો તે સ્વતંત્રપણું વારંવાર કાર્યમાં વ્યગ્ર એવા તમારામાંથી એક ઘડી માત્ર પણ હું જોતો નથી. (૨૦) હે રાજન્ ! તમો ક્રીડા કરવામાં સ્ત્રીઓને આધીન છો અને રાજ્યવ્યવહાર કરવામાં મંત્રીઓને આધીન છો. તથા

પ્રયાણ કરવામાં અશ્વાદિ વાહનોને આધીન છો. તો પછી તમો સ્વતંત્ર કેવી રીતે છો ? તમે જ કહો. (૨૧) એક પુરુષ ગયો અને બીજો પુરુષ આવ્યો. બીજો ગયો અને ત્યારબાદ ત્રીજો પુરુષ આવ્યો. આમ તે તે પુરુષને તમો ક્ષણે ક્ષણે પ્રશ્નના ઉત્તરો આપો છો. (૨૨) તમને નિદ્રા આવતી હોય તો પણ કાર્યાર્થી જનો દ્વારા નિદ્રા પામી શકતા નથી. ત્યારબાદ નિદ્રાધીન થઈને સૂતા થકા પણ અન્ય જનો તમને ફરીથી ઉઠાડે છે. (૨૩) હે રાજન્ ! તમો જુઓ છો, રક્ષણ કરો છો, પીઓ છો, સાંભળો છો, કહો છો, ઈત્યાદિક બીજાઓથી બોધિત થકા તમો દર્શનાદિ સર્વ ક્રિયા કરો છો. (૨૪) આધિ કહેતાં માનસિક વ્યથાઓ, વ્યાધિ કહેતાં રોગો તથા કલેશો અને અધ્યાત્મ, અધિભૂત અને અધિદેવરૂપ ત્રિવિધ તાપો વડે બહુધા પીડાને પામતા એવા તમારું સ્વતંત્રપણું ક્યાં જાય છે ? (૨૫) સંધિ, વિગ્રહ, યાન, દ્વૈધિભાવ વગેરેમાં હૃદયમાં વ્યગ્ર ચિત્તપણું હોવાથી ચિંતાતુર એવા તમારે પોતાના આત્મધ્યાનનો અવસર પણ ન જ હોય. (૨૬) આ મિત્ર છે, આ શત્રુ છે, આ ઉદાસીન છે આવી રીતનો મોટો ભેદ હે રાજન્ ! આત્મરૂપ તમારામાં કેવી રીતે રહેલો છે ? (૨૭) આ દુષ્ટ છે તેને તમો તત્કાળ મારો, આને તમો બાંધો, આને તાડન કરો ઈત્યાદિ ઘોર ક્રિયાઓમાં આસક્ત થકા તમો પોતાને મુક્ત કેવી રીતે માનો છો ? (૨૮) આ ગયેલો દેશ ફરી જીતી લેવો જોઈએ; આ નગર બળી ગયું છે, ફરી તેને નવું બનાવી વસાવવું જોઈએ : આ પ્રમાણે ઉદ્વેગયુક્ત તમારામાં હું સ્વસ્થપણું જોતો નથી. (૨૯) મહાદુઃખરૂપ રાજ્યને કરી રહેલા એવા પણ તમારા અંતરમાં લગીરે ખેદ થતો નથી. એ જ મોટું આશ્ચર્ય કહેવાય. (૩૦) ગૃહસ્થ પુરુષ એક ઘરની ક્રિયામાં આસક્તિ વડે સર્વ પ્રકારે બંધનને પામે છે તો પછી સકળ પૃથ્વીના રાજ્યમાં આસક્ત રાજા બંધનને પામે તેમાં કહેવાનું જ શું હોય ? (૩૧) આવી રીતના તમો પોતાને વ્યક્ત પરિગ્રહવાળા મુક્તોના તુલ્ય કહેતા થકા હે રાજન્ ! તમો હૃદયમાં લજ્જા કેમ પામતા નથી ? (૩૨) અથવા ગામમાં વસનાર પુરુષને ગામમાં જે પ્રીતિ વર્તે છે એ મૃત્યુનું જ મુખ છે અને જે અરણ્ય છે તે દેવોનું નિવાસસ્થાન છે એમ શ્રુતિ કહે છે. (૩૩) મનુષ્યોને ગામમાં જે અભિરુચિ વર્તે છે તે બંધન કરનારી દોરડી છે. પુણ્યશાળી લોકોને પ્રીતિને છેદે છે અને પાપકારી પુરુષો તે પ્રીતિને છેદતા નથી. (૩૪) અનેકવિધ કાર્યોમાં આસક્ત અને નથી પ્રાપ્ત કરેલ મનોરથ જેણે એવા ગામવાસી નરને, જેમ નાર બકરાને પકડીને તત્કાળ લઈ જાય છે તેમ, મૃત્યુ પકડીને શીઘ્ર ચાલ્યું જાય છે. (૩૫) દુઃખમય એવું રાજ્ય ક્યાં ? અને સુખમય એવો ત્યાગ ક્યાં ? રાજ્ય અને ત્યાગ આ બન્નેનું સરખાપણું કેમ કરીને થાય ? - ન જ થાય. જેમ પ્રકાશ અને અંધકાર વચ્ચે સામ્ય અસંભવ છે. (૩૬) અને મહર્ષિજનોએ જ્ઞાની માટે ત્યાગ કહેલો છે પરંતુ અજ્ઞાનીજનો માટે શાસ્ત્રોમાં ક્યાંય ત્યાગ કહેલો નથી. સર્વ સંગોને છોડનારો સંન્યાસી પુરુષ બંધનથી મુક્ત થાય છે. (૩૭) હે રાજન્ ! વેદની મર્યાદાઓનું પાલન કરવા માટે ત્યાગીજનો કૌપીન, જટા, દંડ અને કાષાય વસ્ત્રાદિ ધારણ કરે છે તે નિશ્ચય વાત છે. (૩૮) કૌપીન વગેરે ધારણ કરવાથી તે મહાત્મા પુરુષોને કંઈ પણ દોષ લાગતો નથી. પરંતુ રાજ્યથી તે જ્ઞાનનો નાશ અને નરકપ્રાપ્તિ થાય તે નિશ્ચિત વાત છે. (૩૯)

શુકદેવજી કહે છે : હે ક્ષિતિપાલ રાજન્ ! તે હેતુ માટે 'હું બ્રહ્મને જાણનારો છું, હું મુક્ત છું, મારે કંઈ પણ કરવું હવે બાકી નથી' આવું તમોએ તમારા ચિત્તમાં કદાપિ માનવું જોઈએ નહિ.'' (૪૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરપુષ્પદોલોત્સવે શુકજનકસંવાદે જીવસ્ય કર્તૃત્વ નિરૂપણ નામનો સિત્તોતેરમો અધ્યાય થયો. ॥૭૭॥

●

## અધ્યાય-૭૮

**શ્રી શુકદેવજી બોલ્યા :**

''હે જનક રાજન્ ! જેણે આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો છે એવા પુરુષને પણ જરાક જેટલી પણ પદાર્થોમાં આસક્તિ હોય તો તે બંધનકારી થાય એવું કલ્પી શકાય છે. (૧) પૂર્વે સત્યયુગમાં ભગવાન ઋષભદેવના મહાન પુત્ર ભરત નામના રાજા ત્રણે ભુવનમાં પ્રસિદ્ધિવાળા હતા. (૨) તે રાજા પિતા ઋષભદેવના અનુગ્રહથી પ્રાપ્ત થયેલ જે આત્મસાક્ષાત્કાર તેના જ્ઞાન વડે વિશેષપણે ધોઈ નાખેલ છે અનાદિ કાળના અજ્ઞાનરૂપ મળ જેમણે અને સર્વદા જ્ઞાન વૈરાગ્યથી યુક્ત હતા. (૩) તે ભક્તરાજા દેવાદિએ પણ પ્રાર્થના કરવા યોગ્ય, વિરોધીશૂન્ય એવા પોતાના રાજ્યને જ્ઞાનમાર્ગમાં વિરોધી જાણી તત્કાળ ત્યાગ કરી વનમાં પુલહાશ્રમમાં ગયા. (૪) તે ભરતજી નિર્જન વનમાં એકલા જ લાંબા સમય સુધી તપશ્ચર્યા કરતા થકા અનાથ એવા મૃગબાળમાં દયાથી આસક્ત થયા. (૫) સમર્થ એવા તે રાજર્ષિ ભરત મૃગમાં આસક્તિ થવાથી પશુયોનિને પામ્યા; તો પછી હે રાજન્ ! સમગ્રપણે રાજવહીવટ કરનારા તમારી અંતે શી ગતિ થાશે ? (૬) આત્મજ્ઞાનવાળા પુરુષને જો રાજ્ય બંધનકારી ન હોય તો પ્રિયવ્રત નામે મહાન રાજાએ રાજ્યનો શા કારણે ત્યાગ કર્યો હશે ? (૭) જો કે તે ભરત ત્રણ અવસ્થાથી પર સ્વસ્વરૂપમાં સ્થિતિ પામેલા અને અણિમા, મહિમાદિ આઠ સિદ્ધિઓ જેમનું સેવન કરતી હતી એવા હતા. (૮) તેમ છતાં રાજ્યને જ્ઞાનવિરોધી જાણીને તે ભરત તત્કાળ જ પોતાના સાર્વભૌમ રાજ્યનો ત્યાગ કરીને વનમાં ગયા. (૯) તે જ પ્રમાણે સૂર્યવંશી બળવાન ઇક્ષ્વાકુ નામના મહાન રાજા હતા તથા ચક્રવર્તી માંધાતા નામના મહાન રાજા હતા અને માંધાતાના પુત્ર મુચકુંદ નામે મહાન રાજા હતા. (૧૦) અને બીજા પણ યયાતિ વગેરે મહાકીર્તિવાળા રાજાઓ હતા. તે બધા જ સદ્ગુરુઓની કૃપાથી પ્રાપ્ત કરેલ છે વિજ્ઞાન જેમણે એવા હતા. (૧૧) વળી તે બધા રાજાઓ વેદશાસ્ત્રો ભણેલા, સર્વ તત્ત્વોમાં વિચક્ષણ, શત્રુરહિત મહારાજ્યવાળા અને દેવતાઓની પણ સહાય કરનારા એવા હતા. (૧૨) આવા હોવા છતાં પણ તે રાજાઓ, રાજ્ય જ્ઞાનવિરોધી છે એમ બુદ્ધિપૂર્વક વિશેષપણે નિશ્ચય કરી, રાજ્યનો અંતે ત્યાગ કરીને જ વનમાં ગયા હતા. (૧૩) હે રાજન્ ! જો આત્મજ્ઞાનવાળાઓને જ્ઞાનમાં રાજ્ય બાધક ન હોય તો જ્ઞાની એવા અને નરેશ્વર એવા તે રાજાઓ શા માટે ત્યાગ કરે ? - ન જ કરવો જોઈએ. (૧૪) હે રાજન્ ! તમારા પૂર્વજ નિમિ રાજા પણ દેવતાઓથી પ્રાર્થના કરાયા છતાં પણ રાજ્યની ઇચ્છા કરતા ન હતા. (૧૫) આ પ્રકારે સજ્જનોએ ત્યાગ કરવા યોગ્ય રાજ્યનું તમોએ ત્યાગની સાથે જે સામ્ય કહ્યું તે તો રાજ્યના સંગના બળથી કહેલું છે તે નિશ્ચય વાત છે. (૧૬) આ

પ્રમાણે ત્યાગનું શ્રેષ્ઠપણું સદાચારથી દેખાય છે. હે રાજન્ ! વેદનું પણ અહીંયાં ત્યાગમાં જ તાત્પર્ય સંભળાય છે. (૧૭) વેદમાં પ્રથમ દ્વિજ(ત્રિવર્ણો)નું બ્રહ્મચર્ય કહેલું છે. પછી વૈરાગ્ય થયે સતે બ્રહ્મચર્યાશ્રમમાં જ સ્થિતિ અથવા તો સંન્યાસાશ્રમ જ કહેલો છે. (૧૮) હે રાજન્ ! વૈરાગને નહિ પામેલાને ત્યાગનું અધિકારીપણું નહિ હોવાથી વૈરાગ્યની પ્રાપ્તિ માટે જ ગૃહસ્થાશ્રમ કહેલો છે. (૧૯) તે ગૃહસ્થાશ્રમ પોતાની અરધી આયુષ્ય સુધી કહેલો છે અને પછી તો વૈરાગ્યની દ્ઢતા માટે તપ કરવા સારુ વાનપ્રસ્થાશ્રમ જ વર્ણન કરેલો છે. (૨૦) હે નૃપ ! ત્યારબાદ યુક્તપણું હોવાથી સંન્યાસ કહેલો છે. આ પ્રમાણે વેદનું પણ તાત્પર્ય ત્યાગમાં જ જણાય છે. (૨૧) માટે હે રાજન્ ! વેદના તાત્પર્યને જાણનારા સપ્તર્ષિઓ નિત્ય ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં પણ પ્રાધાન્યપણે ત્યાગનો જ આશ્રય કરે છે. (૨૨) વિશ્વના રચયિતા બ્રહ્મા પણ વેદમાર્ગના પ્રવર્તક અને દેવ, અસુર, મનુષ્ય, ગંધર્વો, યક્ષો વગેરેથી પૂજનીય ચરણકમળવાળા હોવા છતાં પણ જ્ઞાનમાર્ગમાં અંતરાય કરનારું સત્યલોકનું આધિપત્ય ત્યાગીને વૈજયંત પર્વત ઉપર રહીને એકાંતમાં ઈશ્વરમૂર્તિ નારાયણનું ધ્યાન કરે છે. (૨૩-૨૪) જે ભગવાન શિવ પ્રસન્ન થઈને પોતાના ભક્તોને બ્રહ્માનું ઐશ્વર્ય પરમેષ્ઠિપદ આપે છે તથા પોતાના ભક્તોને વિષ્ણુ ભગવાનનું ઐશ્વર્ય પ્રદાન કરે છે તે શિવ સુધ્ધાં મેરુપર્વત ઉપર રહેલી સુવર્ણનગરીનો ત્યાગ કરી, જટા ભસ્મ રુદ્રાક્ષ ધારણ કરી, બાહ્ય સુખને ત્યાગીને કૈલાસ પર્વત ઉપર નિત્ય તપશ્ચર્યા કરે છે. (૨૫-૨૬) સ્ત્રીમાં આસક્તિમાં કારણભૂત કામદેવને જ્ઞાનવિરોધી જાણીને નૈષ્ઠિકવ્રતનું પાલન કરતા થકા તત્કાળ તેને ભસ્મીભૂત કરતા હતા. (૨૭) આ પ્રમાણે શાસ્ત્રદૃષ્ટિ અને સત્પુરુષોના આચરણ વડે હે રાજન્ ! હું જાણું છું કે ગૃહ, સ્ત્રી, પુત્ર વગેરેનો સંગ જ્ઞાનવિરોધી છે. (૨૮) હે રાજન્ ! તમોએ કહ્યું કે પંચશિખ ગુરુએ મને રાજ્યથી વિચલિત કર્યો નથી પરંતુ ત્યાં જ રક્ષણ કરેલો છે. તમારા આ કથનનો તમો ઉત્તર સાંભળો. (૨૯) જેમ ઉત્તમ વૈદ્ય રોગની પરીક્ષા કરીને રોગીના અંગની પ્રકૃતિ જોઈને તેને યથાયોગ્ય ઔષધ જ તેને આપે છે. (૩૦) તે જ રીતે જ્ઞાની ગુરુ પણ શિષ્યની સુપેરે પરીક્ષા કરી વિચક્ષણ એવા ગુરુ તે શિષ્યના અધિકાર મુજબ કર્તવ્યાર્થને કહે છે. (૩૧) ગૃહસ્થાશ્રમમાં તમારી આસક્તિ સારી રીતે જોઈને તે પંચશિખ મુનિશ્વરે ‘વૈરાગ્યની પ્રાપ્તિ માટે તમો રાજ્ય કરો’ એમ કહ્યું હશે. (૩૨) એ મુનિને તો ગૃહસ્થાશ્રમ પ્રિય નથી એમ તો તમો નિશ્ચય જાણો. કેમકે તેઓ પોતે તો મહાજ્ઞાની અને નિષ્પરિગ્રહી થકા વર્તે છે. (૩૩) હે રાજન્ ! તે પંચશિખ મુનિના ગુરુ સાક્ષાત્ કપિલ ભગવાન છે અને તે કપિલ ભગવાન યોગ ઐશ્વર્યોના ભંડાર એવા કર્દમ પ્રજાપતિના પુત્ર છે. (૩૪) તે કપિલમુનિ પણ કર્દમ પ્રજાપતિ સંબંધી પોતાના ઐશ્વર્યને મેરુ પર્વત ઉપર ત્યાગ કરી નિઃસંગ થકા ઈશાન દિશા તરફ ગંગાસાગરના સંગમ સ્થાને તપશ્ચર્યા કરે છે. (૩૫) તથા સનતકુમાર વગેરે સનકાદિકો બ્રહ્માના માનસપુત્રો પણ પ્રવૃત્તિમાર્ગને જ્ઞાનવિરોધી જાણીને પિતા બ્રહ્માએ આજ્ઞા આપેલી સૃષ્ટિક્રિયાનો તત્કાળ ત્યાગ કરી તે સર્વે નગ્ન સંગરહિત અને લોકોથી નિસ્પૃહ થકા વિચરે છે. (૩૬-૩૭) હે રાજન્ ! તે બધા પણ જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય વગેરેથી તમારા કરતાં અધિક છે છતાં પણ ત્યાગ કરેલ છે સર્વ અર્થ જેમણે એટલા માટે જ નિઃસંગ થઈને વિચરણ કરે છે તે નક્કી

જાણો. (૩૮) મને સહિત ઇન્દ્રિયો વડે પ્રવૃત્તિમાર્ગનું પ્રવર્તન જો જ્ઞાનવિરોધી ન હોય તો તે પ્રવૃત્તિમાર્ગનું પ્રવર્તન તે સનકાદિકો કેમ ત્યાગ કરતા હતા ? (૩૯) વેદાર્થના વિચારે કરી તથા સદાચારના અવલોકન વડે રાજ્યક્રિયાને સંન્યાસના સામ્ય વડે જાણવા યોગ્ય છે જ નહિ. (૪૦)''

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે મહર્ષિ શુકદેવજીએ કહેલા તે વિદેહી જનકરાજા ધૈર્યવાન અને મંદહાસ્ય વડે સુંદર મુખવાળા, તથા વિનીત થકા સર્વજ્ઞ અને વ્યાસપુત્ર એવા તે વિપ્ર શુકદેવજીને પૂછવા લાગ્યા. (૪૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
શ્રીનગરપુષ્પ-દોલોત્સવે પ્રવૃત્તિકર્મત્યાગપ્રાધાન્યનિરૂપણ નામનો અઠ્યોત્તેરમો અધ્યાય થયો. ॥૭૮॥

●

## અધ્યાય-૭૯

**જનકરાજા બોલ્યા :**

''હે મહર્ષે ! જે તમોએ કહ્યું તે સારું અને શાસ્ત્રસંમત છે. આ વિષય પરત્વે સર્વજ્ઞ એવા તમોને હું સાદર કંઈક પૂછું છું. (૧) આ લોકમાં દેહધારીઓને જ્ઞાન વિના ક્યારેય મુક્તિ નથી અને જ્ઞાન તો ત્યાગનો આશ્રય કરીને જ વર્તે છે. પરંતુ ગૃહસ્થાશ્રમનો આશ્રય કરીને વર્તતું નથી અર્થાત્ પ્રવૃત્તિ ધર્મનિષ્ઠ ગૃહસ્થાશ્રમીઓને જ્ઞાન અવલંબતું નથી. (૨) આ પ્રમાણે જ જો હોય તો ગૃહસ્થાશ્રમીઓની ક્યારેય પણ મુક્તિ ન જ થાય. તો પછી પૂર્વે ઘણા ગૃહસ્થો મુક્ત કેવી રીતે થયેલા છે ? (૩) સ્વાયંભુવ નામના મનુ પણ પૂર્વે ચક્રવર્તી રાજા હતા અને તેઓ રાજ્યને કરતા થકા જ મુક્ત સંજ્ઞાને પામેલા છે. (૪) સર્વ ક્રિયાઓને કરતા એવા તે રાજાને ગૃહસ્થપણું કે સમગ્ર રાજ્ય કેમ બંધનકારી ન થયું ? (૫) વળી હે શુકદેવ ! અસુરેશ્વર પ્રહ્લાદ અને તેમના પૌત્ર બલિરાજા આ બન્ને રાજ્ય ક્રિયાપરાયણ ગૃહસ્થ હોવા છતાં કેમ મુક્ત થયેલા છે ? (૬) તેવી જ રીતના પ્રહ્લાદ અને બલિરાજા જેવા બીજા ઘણાક રાજાઓ પણ ગૃહસ્થાશ્રમમાં જ મુક્ત થયેલા છે. તેમને રાજ્ય કે ગૃહસ્થાશ્રમ બંધનકારી કેમ ન થયાં ? (૭)''

**સુતમુનિ બોલ્યા :**

આ પ્રકારે તત્ત્વ જાણવાની ઇચ્છાવાળા તે જનક રાજાએ પૂછેલા વ્યાસપુત્ર શુકદેવજી ગૃહસ્થોને મુક્તપણામાં કારણ કહેવા લાગ્યા. (૮)

**શુકદેવ બોલ્યા :**

''તમો સાંભળો. પૂર્વે કહેલા ગૃહસ્થોનું તત્ત્વવેત્તા પુરુષોએ નિશ્ચય કરેલ મુક્તપણાનું કારણ હું તમોને યથાર્થપણે કહીશ. (૯) પૂર્વે જે જે સ્વાયંભુવ મનુ વગેરે ગૃહસ્થાશ્રમી મુક્ત થયા તેમને ગુરુકૃપાથી સમ્યક્ જ્ઞાન હતું જ. (૧૦) તેથી તેઓ આત્માને બ્રહ્મસ્વરૂપ નિશ્ચય કરી સર્વદા ભગવાનની ઉપાસના કરતા હતા. (૧૧) પુત્રમાં કે ઉત્તમ પ્રધાનમાં રાજ્ય અને ગૃહકર્મનું આરોપણ કરી તે રાજ્યમાં કે ગૃહકર્મમાં કેવળ સાક્ષીની માફક રહીને શ્રીહરિની ઉપાસના કરતા

હતા. (૧૨) તે સ્વાયંભુવાદિ રાજાઓને શ્રીહરિનું શ્રવણ, કીર્તન, પૂજન, સ્મરણ કે ધ્યાન કરતાં કરતાં જ સર્વ આયુષ્ય પસાર થયું હતું. (૧૩) હે રાજન્ ! તે રાજાઓ અખંડ એવી ભક્તિના પ્રતાપથી જ ગૃહસ્થ હોવા છતાં મુક્ત થયેલા છે એમ પુરાણોમાં જણાઈ આવે છે. (૧૪) હે રાજન્ ! તેવી રીતના રાજાઓને પણ ગૃહસ્થાશ્રમમાં રહેવાનું કારણ તો ભાગવત જનોનું યથાવિધિ આતિથ્ય કરવાનો લાભ મેળવવાનું હતું. (૧૫) વળી તે ગૃહસ્થોને પ્રતિદિન યથાશાસ્ત્ર ભગવાનની પૂજારૂપ બીજો લાભ થાય છે. હે રાજન્ ! આ માટે જ તેઓ ગૃહસ્થાશ્રમમાં પણ મહેમાનની માફક જ રહેતા હતા. (૧૬) જેમ ગૃહસ્થાશ્રમી જનો શ્રીહરિ અને તેમના ભક્તજનોનું વિધિપૂર્વક પૂજન કરવા શક્તિમાન થઈ શકે છે તેવી રીતે અન્ય આશ્રમધારીથી બની શકતું નથી. (૧૭) આથી તો બીજા આશ્રમીઓનું પોષકપણું હોવાથી ગૃહસ્થાશ્રમ વખણાય છે. અન્ય આશ્રમીઓના પોષકપણા વગરનો ગૃહસ્થાશ્રમ ક્યારેય વખાણવાલાયક નથી. (૧૮) "હે રાજન્ ! હાલમાં પણ તેવો પૂર્વોક્ત જે પુરુષ ગૃહસ્થાશ્રમમાં રહેલો છે તેને આ લોકમાં ગૃહસ્થાશ્રમ બંધનકારી થતો નથી. (૧૯) કેવળ જ્ઞાનના અભિમાનથી સર્વ ક્રિયાઓને કરતો થકો જે પુરુષ પોતાને મુક્ત માને છે તે પુરુષને હું બદ્ધ કહું છું. (૨૦) હે નરાધિપ ! અખિલ બ્રહ્માંડના કારણ ભગવાન શ્રીહરિની નિત્ય કથા-શ્રવણ-કીર્તનમાં આસક્તિયુક્ત બુદ્ધિવાળા ભક્તને, મને સહિત ઈન્દ્રિયો, સાંસારિકમાર્ગમાં રોકવા શક્તિમાન થઈ શકતી નથી. (૨૧) હે ભૂમિપતે ! જો મુમુક્ષુનું ચપળ મન ક્યારેક ગતિ કરે તો મોટા પુરુષના મુખથી સુપેરે સાંભળેલી શ્રીહરિ કથા જ તે મનને તત્કાળ પકડીને તે જ સમયે ભગવાનના ચરણારવિંદમાં શીઘ્ર નિવેશ કરાવે છે. (૨૨) પુરુષની ઈન્દ્રિયો પૂર્વે કુસંગ વશથી પુષ્ટ અને પરવશ થયેલી છે તે ઈન્દ્રિયો ભગવાનના ગુણકર્મ અને નામોના સંકીર્તનથી, જેમ મલિન વસ્ત્રો શુદ્ધ જળથી નિર્મળ થાય છે તેમ, વિમળ થાય છે. (૨૩) પ્રપંચથી થનારા અને અનેકવિધ દુઃખમય એવા આધ્યાત્મિકાદિ તાપો વડે તપેલું મન શ્રીહરિની મૂર્તિનું સુપેરે અવલંબન કરી સારી રીતે શાંતિને પામે છે તેથી તો મુમુક્ષુજન નિરંતર ભગવાનમાં અચળા ભક્તિને કરે છે. (૨૪) જેમ કિલ્લાનો આશ્રય કરેલો રાજા શત્રુસમૂહોને જીતી લે છે તેમ જે ભક્ત ભગવાનના ચરણમુકુલનો આશ્રય કરી રહે છે તે અંતઃશત્રુઓને જીતી લે છે. પછી તે ભક્ત નિર્ભય થકો સામ્રાજ્યને પામે છે. (૨૫)" "હે રાજન્ ! આ પ્રકારે તમોએ જે પૂછેલું તે સર્વ કહેતાં ગૃહસ્થને પણ મુક્તપણું તથા સહેતુક બદ્ધપણું આદિ બધું જ મેં કહ્યું. (૨૬) ત્યારબાદ તમો આત્માથી સત્યમેવ આત્માને બદ્ધ અથવા મુક્ત યથાર્થ જેમ થાય તેમ હૃદયમાં નિશ્ચય કરી જે યોગ્ય હોય તે આચરણ કરો. (૨૭)

**જનકરાજા બોલ્યા :**

હે બ્રહ્મર્ષિઓમાં સર્વોત્તમ મુને ! તમોએ અત્યારે મારો સંશય છેદી નાખ્યો છે. આ પ્રમાણે જ નારદમુનિએ પણ મને અગાઉ કહ્યું હતું. (૨૮) હે મુને ! આપ જેવાના અનુગ્રહથી અને શ્રીહરિની પરમ કૃપા થકી હૃદયમાં એ પ્રમાણે જ હું સંશય રહિતપણે જાણું છું. (૨૯) અને હે મુનિશ્વર ! મારું આ રાજ્ય તો પ્રધાન જ ચલાવે છે. હું તો સર્વદા શ્રીહરિનું ધ્યાન કરતો થકો મહેમાનની પેઠે જ રહું છુ. (૩૦) અને હે બ્રહ્મન્ ! તમારા સિદ્ધાંતરૂપ પ્રમાણથી પોતાના મત દ્દઢ કરવાના આશયથી જ

'જ્ઞાનીને ગાર્હસ્થ્ય બાધક નથી' એવો પૂર્વપક્ષ કરેલો છે એમ જાણો. (૩૧) હે બ્રહ્મન્ ! હું આ પ્રમાણે નિત્ય ગૃહસ્થાશ્રમમાં રહ્યો થકો પણ આજથી આરંભીને તમોએ કહેલા પ્રમાણે જ વિશેષપણે વર્તીશ એ નિશ્ચય વાત છે. (૩૨) જ્ઞાન, ઐશ્વર્ય અને વિરક્તિ વડે મારા કરતાં તેમજ અન્ય મુનિજનો કરતાં પણ અધિક એવા નિર્વિકારી મહામુનિ આપને હું જાણું છું. (૩૩) તમોને ક્યારેય પણ સુખદુઃખોમાં કંઈપણ વિશેષ નથી; નૃત્ય, ગીત, ઉત્સવાદિમાં ઉત્સુકતા નથી તેમ જ બંધુજનોમાં અનુરાગ નથી. (૩૪) "હે બ્રહ્મન્ ! ભય હેતુ હોવા છતાં પણ તમોને ભય નથી. સુવર્ણ, પાષાણ અને મૃતપિંડ આ બધું તમારે મન એકસરખું છે તેમજ શત્રુમિત્ર સ્ત્રીપુરુષ સર્વમાં તમો તુલ્ય દૃષ્ટિવાળા છો. (૩૫) હે મહામુને ! તમારા ગુરુ અને પિતા વ્યાસમુનિની કૃપાથી તથા અન્ય મહાત્માઓની કૃપાથી તેમજ તમારા ઉપદેશથી હે મુને ! હું કૃતાર્થ થયો છું. (૩૬) આપે ચરણકમળના રજકણ વડે મારો ગૃહાશ્રમ પવિત્ર કરેલો છે. આ આશ્રમ હલકો હોવા છતાં આપની ચરણરજથી મોટા જનોએ પણ વર્ણનીય થશે. (૩૭)"

**શુકમુનિ બોલ્યા :**

"હે રાજન્ ! મેં પણ પિતા વ્યાસના મુખથી સાંભળેલું કે તમો યોગ્ય છો એ સાચું છે. તમારો ભાવ જાણવાની ખાતર જ મેં બહુ સંભાષણ કર્યું છે. (૩૮) તમારા દર્શન કરવા સિવાય અહીં આવવાનું મારે બીજું કંઈ કારણ નથી. હે નૃપશાર્દૂલ ! તમો ધન્ય છો; તમારું કલ્યાણ થાઓ. હું હવે જાઉં છું." (૩૯) સુવ્રતમુનિ બોલ્યા : આમ કહીને મહાયોગી શુકદેવ પ્રેમથી પાછળ આવતા જનકરાજાને નગરના દરવાજેથી પાછા વાળીને પોતે મિથિલાપુરીથી ચાલી નીકળ્યા. (૪૦) શ્રીહરિ કહે છે : હે દ્વિજ ! મિથિલાધિપતિએ જેમના ચરણકમળ પૂજેલા છે, અને જેમનું અંતઃકરણ હર્ષિત છે એવા તે મહામુનિ તપ કરનારા મહાત્મા યોગીજનોના આશ્રમોમાં નિસ્પૃહપણે વિચરણ કરવા લાગ્યા. (૪૧) તે હેતુ માટે ત્યાગી કે ગૃહસ્થ જે પુરુષ સંસાર થકી પોતાને મુક્ત કરવાની ઈચ્છાવાળો થાય તે પુરુષ શ્રીહરિના દૃઢ આશ્રયથી કલ્યાણને પામે છે. અન્યથા શ્રીકૃષ્ણના આશ્રય વિના કલ્યાણને પામતો નથી. (૪૨)"

**સુવ્રતમુનિ બોલ્યા :**

ભગવાન શ્રીહરિનું આવું વાક્ય સાંભળી તે હેમંતરામ વિપ્ર નિઃસંશય થઈ ગયા અને બીજા ગૃહસ્થો પણ પ્રસન્નતાપૂર્વક શ્રીહરિ મહાપ્રભુજીની વંદના કરવા લાગ્યા. (૪૩) હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ આ પ્રમાણે ભક્તજનોને આનંદ આપનારી વાર્તાઓ કરતા થકા શ્રીનગરમાં પોતાના આશ્રિતોએ સહિત ફાગણ વદી પાંચમ સુધી રોકાયા. (૪૪) હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે ફૂલદોલનો મહોત્સવ મેં તમોને મારી બુદ્ધિ અનુસાર કહ્યો છે. આ મહોત્સવને જે જન સંભળાવે અને જે જન સાંભળે તે બન્ને મોક્ષભાગી થાય છે તે નિશ્ચિત વાત છે. (૪૫)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં શ્રીનગરપુષ્પદોલોત્સવે ગૃહસ્થાશ્રમસ્યનિર્બંધકત્વનિરૂપણ નામનો ઓગણએંશીમો અધ્યાય થયો. ॥૭૯॥

●

## અધ્યાય-૮૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! ફાગણ વદી પાંચમના રોજ ભોજન પછી આનંદમુનિ શ્રીહરિ મહાપ્રભુને કહેવા લાગ્યા : "હે પ્રભો ! જેતલપુરમાં કૃષ્ણમંદિર તૈયાર થઈ ગયું છે તે નિશ્ચય વાત છે." (૧) હે રાજન્ ! આ પ્રમાણે શ્રી આનંદમુનિએ કહેલા શ્રીહરિ પ્રસન્ન થઈ ગયા અને છઠ્ઠના દિવસે પ્રાતઃકાળે સંગવકાળમાં જ જેતલપુર પહોંચ્યા ત્યારે પુરવાસીજનો શ્રીહરિનું સ્વાગત કરવા વાજિંત્રો સહિત સન્મુખ ગયા, પ્રભુ પધાર્યા અને મંદિરમાં ઉતારો કર્યો. (૩) બીજાં બધાં મંદિરો કરતાં ઘણી શોભાવાળું વિલક્ષણ મંદિર જોઈ શ્રીહરિ સંતુષ્ટ થયા અને આનંદમુનિનાં ખૂબ વખાણ કરવા લાગ્યા. (૪) પછી શ્રીહરિ મહાપ્રભુએ તે મંદિરમાં સંવત ૧૮૮૨ ફાગણ આઠમના દિવસે બ્રાહ્મણોએ કહેલા મુહૂર્તમાં રેવતી સહિત બળરામ અને હરિકૃષ્ણની પોતે જ પ્રતિષ્ઠા કરી. (૫) જેમ અગાઉ શ્રીનગરમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા સમયે શ્રીહરિએ જેવો ઉત્સવ કર્યો હતો તેવો જ ઉત્સવ જેતલપુરમાં પણ કર્યો. (૬) શ્રીહરિ મહાપ્રભુજીએ ખૂબ ઘી-સાકરવાળા લાડુ વગેરે ભોજનો વડે હજારો બ્રાહ્મણો, સાધુઓ, અન્ય સર્વ ભિક્ષુકોને જમાડ્યા. સર્વેશ્વર શ્રીહરિ પોતાના ભક્તજનોને ખૂબ આનંદ પમાડતા થકા વિશાળ દેવસરોવરમાં ભક્તજનો સાથે દરરોજ સ્નાન કરતા હતા. (૭-૮) વળી તે જેતલપુરમાં મહાસભામાં શ્રીહરિ સર્વ સંશયોને હણનારી તથા સંસારબંધનને મુકાવનારી વાર્તાઓ કરતા હતા. (૯) શ્રી નારાયણમુનિ જેતલપુર નિવાસી આશજીભાઈ વગેરે ભક્તજનો તથા ગંગાબા વગેરે સ્ત્રીઓને સંતોષ પમાડતા થકા ત્યાં રોકાયા હતા. (૧૦) એક સમયે શ્રીહરિ મહાપ્રભુ જેતલપુરમાં સરોવરના સમીપે વાડીમાં આસોપાલવની છાયામાં સંધ્યા સમયે સુખપૂર્વક બિરાજમાન થકા બોલ્યા. (૧૧) મહાસન ઉપર ગાદલાના અગ્રભાગ ઉપર એક હાથ મૂકી બીજા હાથ વડે તુલસીની જપમાળાને ધારી રહેલા, દેશાંતરોથી આવેલા હજારો ભક્તજનોથી વીંટાયા થકા, મુક્તાનંદમુનિ સહિત બ્રહ્માનંદ, નિત્યાનંદ, આનંદાનંદ, મહાનુભાવાનંદ વગેરે સાધુઓથી વીંટાયેલા, સર્વના નાડીપ્રાણ એક જ સમયે આકર્ષી લેવામાં અતિ સમર્થ, પુરવાસી બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્ય ભક્તજનોથી સુપેરે પૂજન કરાયેલા, ભગુજી વગેરે પાર્ષદોથી સેવન કરાયેલા, ચોમેરથી મધુર દૃષ્ટિ વડે સર્વ ભક્તજનોને આનંદ પમાડતા થકા, સર્વનું પ્રિય કરવામાં સર્વદા તત્પર એવા તે શ્રીહરિ મહાપ્રભુ પોતે જ પ્રીતિથી કહેવા લાગ્યા. (૧૨-૧૫)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

"હે ભક્તજનો ! જો કોઈના હૃદયમાં કોઈપણ સંશય હોય તો ગૃહસ્થો કે ત્યાગીજનો કોઈપણ અત્યારે મને પૂછો." (૧૬) આ પ્રમાણે ભગવાન શ્રીહરિનું વચન સાંભળી પ્રભુના પાર્ષદોમાં મુખ્ય ભગુજી તથા વેરાભાઈ, હમીરજી, ગુમાનજી, ગોવિંદ, જાલમસિંહ, કરિમભાઈ બંધુ, દેવ, રતનજી આદિ પાર્ષદો શ્રી નારાયણમુનિને પ્રણામ કરી આ પ્રમાણે પૂછવા લાગ્યા : (૧૭)

**પાર્ષદો બોલ્યા :**

"હે ભગવન્ ! અમો દોષદૃષ્ટિથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી તમારી અને સંતોની સેવા માટે આ

લોકમાં આપનો દૃઢ આશ્રય કરી રહ્યા છીએ. (૧૮) અમારા વર્તનનો પ્રકાર અમોને સારી રીતે કહેવા માટે તમો યોગ્ય છો. હે પ્રભો ! જે આચરણ વડે તમારે વિષે અમારે દૃઢ પ્રીતિ થાય, (૧૯) હે જગદ્ગુરો ! જે હેતુથી અમારા ઉપર તમારી પ્રસન્નતા થાય તે તમો કહો.'' આ પ્રમાણે પુછાયેલા શ્રીહરિ પ્રસન્ન થઈને પોતાના ભગુજી વગેરે પાર્ષદોને કહેવા લાગ્યા. (૨૦) શ્રીહરિ બોલ્યા : હે પાર્ષદો ! તમારા વર્તનનો પ્રકાર હું કહું છું, તમો આદરપૂર્વક સાંભળો. આ પ્રકારના આચરણથી આપણે પરસ્પર પ્રીતિ થાય. (૨૧) સ્ત્રીઓનું અવલોકન, તેમનો સ્પર્શ, ક્રીડા, ગુહ્ય ભાષણ તથા સ્ત્રીઓ સંબંધી ગુણ-અવગુણનું શ્રવણ તથા ભોગનો સંકલ્પ આ બધું સર્વથા સાધુજનોની પેઠે જીવન પર્યંત ત્યાગવું તથા દ્રવ્ય તો પોતાને અર્થે પોતા પાસે ક્યારેય પણ ન જ રાખવું. (૨૨-૨૩) અને દ્રવ્ય બીજાના પાસે પોતાના માટે ક્યારેય પણ રખાવવું નહિ કેમકે તે દ્રવ્ય પંદર પ્રકારના અનર્થોથી ભરેલું કહ્યું છે. ચોરી, હિંસા, જૂઠ, દંભ વગેરે પંદર અનર્થો શ્રીમદ્ ભાગવતમાં અર્થમૂલક કહેલા છે. (૨૪) અને જે ધન પોતાની પાસે હોય તે તો ભગવાનના પૂજનમાં, ગુરુના પૂજનમાં, બ્રહ્મચારીઓ અને સંતોને જમાડવામાં વાપરી નાખવું જોઈએ. (૨૫) પોતાના ગામનો ત્યાગ કર્યા પછી પોતે કોઈ વ્યક્તિને ગુપ્તપણે કે સાક્ષીએ સહિત ધન આપેલું કે અપાવેલું હોય તો તે ધન લેવા માટે પણ પોતે ક્યારેય જવું નહિ પરંતુ તે ધનનો ઊલટી કરેલા અન્નની પેઠે ત્યાગ કરવો. જો આમ ન કરે તો પોતે ઊલટી કરેલા અન્નને ખાનાર સમાન કહેવાય. (૨૬-૨૭) ગુરુ માટે પ્રયોજનવાળા ધનનું પોતાની પાસે રક્ષણ કરવામાં દોષ નથી. કેમકે ગુરુ માટેના દ્રવ્યની રક્ષા તો ગુરુની સેવા જ છે. (૨૮) હવે તમોએ ધારવાનાં વસ્ત્રોનો નિયમ હું તમોને કહું છું અને તે જ નિયમ અમારા આશ્રિત પાર્ષદોએ નિરંતન પાલન કરવો. (૨૯) બે રૂપિયાની અંદરના મૂલ્યવાળું જે જાડું વસ્ત્ર (સાફો) હોય તે મસ્તકે ધારણ કરવો. પરંતુ ઝીણું અને બહુમૂલ્યવાન વસ્ત્ર મસ્તકે ધારણ કરવું નહિ. (૩૦) અને દોઢ રૂપિયાની કિંમતવાળાં બે અંગરખાં પોતાની પાસે રાખવાં તથા તેટલી જ કિંમતવાળાં બે ધોતયાં પાસે રાખવાં. (૩૧) તથા અડધા રૂપિયાની કિંમતવાળું એક ભેટ બાંધવાનું વસ્ત્ર રાખવું અને ઓઢવાનો એક ખેસ રાખવો અને બે કોપીન રાખવી. (૩૨) અને દોઢ રૂપિયાની કિંમતવાળો એક ચોફાળ રાખવો તેમજ ઠંડીને રોકનારી સવા રૂપિયાની કિંમતવાળી એક ધાબળી ધારણ કરવી. (૩૩) અને મારા આશ્રિત એવા તમોએ ઠંડીના નિવારણ માટે આપત્કાળ સિવાય પણ જૂનાં વસ્ત્રોમાંથી બનાવેલી (રૂની નહિ) એવી એક ગોદડી રાખવી. (૩૪) મારા આશ્રિત પાર્ષદોએ આટલો વસ્ત્રસંગ્રહ જાણવો પણ તેથી વિશેષ નહિ. આથી જો વધારે વસ્ત્રો રાખે તો તત્કાળ પ્રાયશ્ચિત્ત કરવું. (૩૫) જે પાર્ષદ જેટલા દિવસ સુધી કહ્યા કરતાં વધારે વસ્ત્રો રાખે તો તે પાર્ષદ તેટલા દિવસ ઉપવાસ કરે. (૩૬) અને ધર્મવંશી આચાર્ય પોતાને જ્યાં શ્રીહરિના મંદિરમાં સેવામાં વાડીમાં કે પોતાની પાસે રાખે ત્યાં પ્રેમપૂર્વક નિત્ય સ્થિતિ કરે. (૩૭) આચાર્યની જો આજ્ઞા હોય તો દરરોજ હથિયારો બાંધે અને જો આજ્ઞા ન હોય તો શસ્ત્રરહિત એવા તમોએ આદરપૂર્વક સેવા કરવી. (૩૮) વળી તે આચાર્યની આજ્ઞાથી ગાયોની સેવા કરવી અને પોતાના આચાર્યની સાથે બીજા ગામ, પુર કે દેશાંતરમાં પણ જવું, તેમાં આચાર્યનો અનાદર કરવો નહિ.

(૩૯) તથા પૂજાના ઉપહારનું દ્રવ્ય, ભગવાનના કોઠારનું દ્રવ્ય તેમ જ ધર્માંશથી આવેલ દ્રવ્યાદિનું રક્ષણ કરવું. તેનું રક્ષણ કરવામાં તમોને કોઈ દોષ નથી. (૪૦) કદાપિ ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ. આવી મારી આજ્ઞાનું પાલન જ કરવું. પરંતુ સ્વચ્છંદતાપૂર્વક સ્વતંત્ર વર્તન ન કરવું. (૪૧) પોતાના માટે અથવા પોતાના કુટુંબ માટે ઘરનું રક્ષણ કરનારો કે રક્ષણ કરાવનારો પાર્ષદ ચંડાળ જેવો અને ઉદ્ધવસંપ્રદાયથી બહિષ્કૃત જાણવો. (૪૨) અજ્ઞાનથી પોતાના માટે કે પોતાના કુટુંબના માટે ધન રક્ષણ કરે સતે તો ચાંદ્રાયણ વ્રત વડે શુદ્ધ થાય તે નક્કી વાત છે. પરંતુ ફરીથી તેવી રીતે કરવું નહિ. આવી મારી આજ્ઞાનું પાલન કરો. (૪૩) પાંચ સાધુ અથવા ગુરુ વૃદ્ધાવસ્થાવાળા પાર્ષદને કોઈક સમયે આપત્કાળમાં સ્ત્રીની સાથે બોલવાની આજ્ઞા કરે તો તે સ્ત્રી સાથેના ભાષણમાં દોષ નથી. નહિતર પાંચ સંતો અને ગુરુ આજ્ઞાના અભાવમાં તો અવશ્ય દોષ લાગે. આ ઉદ્ધવ સંપ્રદાયમાં સ્ત્રીપ્રસંગ સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. આવી મર્યાદા બાંધેલી છે. (૪૪-૪૫) તેમજ જ્ઞાતિજનો અને બંધુજનોના સ્નેહ પણ સર્વથા ત્યાજ્ય છે અને પોતાના બંધુજનોના ગામમાં પણ ક્યારેય પોતાની ઈચ્છાથી જવું યોગ્ય નથી. (૪૬) પ્રસંગોપાત કદાચ તે ગામમાં જવાનું થાય ત્યારે બંધુજનોના ઘેર જવું નહિ તેમજ તે બંધુજનના ઘરનું અન્ન જમવું નહિ. (૪૭) કોઈક સમયે બંધુજનના ઘરનું અન્ન જમાય તો મારા પાર્ષદોએ એક ઉપવાસ કરવો.'' આ પ્રમાણે તમારા વર્તનની સમગ્ર રીતિ મેં તમોને કહી. (૪૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

ત્યારબાદ સંવત્સર પ્રતિપદા (ચૈત્ર સુદી-૧)ના દિવસે શ્રીહરિએ જેતલપુરથી જવાની ઈચ્છા કરી. આ પ્રમાણે દેશાંતરોથી આવેલા સર્વ ભક્તજનોને નારાયણમુનિ ભગવાન વાર્તાઓ વડે સંતોષ પમાડતા હતા. (૪૯) ચૈત્ર સુદી બીજના રોજ દેશાંતરોના સર્વ ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા આપી; શ્રી નારાયણમુનિ પશ્ચિમ દિશાના ભક્તજનો સાથે પશ્ચિમ દેશ જવા નીકળ્યા. (૫૦) સહજાનંદ સ્વામી મહાપ્રભુ પોતાના સાધુજનોથી વીંટાયા થકા અને માર્ગમાં પોતાના ભક્તજનોને સુખ પમાડતા થકા આઠમના રોજ ભાલ પ્રદેશના કમિયાલા નામના ગામે પધાર્યા. (૫૧) હે રાજન્ ! સત્પુરુષની સેવામાં ઉત્સુક મનવાળા કમિયાલા ગામના ભક્તોએ પ્રાર્થના કરેલા અને તે ભક્તો ઉપર પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ તે ગામમાં સુખપૂર્વક રોકાયા. (૫૨) તે ગામના ભક્તજનોએ સર્વેને યથાયોગ્ય નિવાસ કરાવ્યો અને સેવકો સહિત શ્રીહરિજીનુ આસન, ભોજન વગેરે વડે કરી યથોચિત આતિથ્યસત્કાર કરવા લાગ્યા. (૫૩) શશિવર્ણ, હઠીસિંહ, વાહભાઈ, ખેમરાજ, અવરભાઈ વગેરે પુરુષો અને જીજીબા વગેરે બાઈઓ શ્રીનારાયણમુનિની પ્રેમપૂર્વક પરિચર્યા કરતી હતી. (૫૪) શ્રીહરિ મહાપ્રભુએ બીજે દિવસે રામનવમી હોવાથી કમિયાલા ગામમાં રામજન્મ-મહોત્સવ કર્યો. તે મહોત્સવના દર્શને પશ્ચિમ દેશના હજારો ભક્તજનો આવ્યા હતા. (૫૫) ત્યારે તે પાશ્ચાત્ય ભક્તજનો બહુવિધ ઉપચારો વડે હરખઘેલાં થઈને શ્રીહરિની પૂજા કરતા હતા. તે ગામમાં પોતાના ભક્તજનોની પ્રાર્થનાથી શ્રીહરિ પૂનમ સુધી ત્યાં રોકાયા. (૫૬) ચૈત્ર વદી એકમના રોજ ગમન કરનારા શ્રીહરિની પુંજાજી નામના રાજા પ્રાર્થના કરવા લાગ્યા : ''હે સ્વામિન્

! ધોલેરા નગરમાં ભગવાનનું મંદિર લગભગ તૈયાર થઈ ગયું છે. (૫૭) આપ ધોલેરા નગરમાં પધારી તે મંદિરમાં કૃષ્ણપ્રતિષ્ઠા કરો, પછી બાકી રહેલું મંદિરનું કામ અમે પૂરું કરીશું.'' (૫૮) આ પ્રમાણે પુંજાજી રાજાએ પ્રાર્થના કરેલા ભગવાન શ્રીહરિ 'બહુ સારું' એમ કહીને પુંજાજીના ગામ ધોલેરા જવા નીકળ્યા અને સંગવ કાળે સંતો વગેરે સેવકો સહિત પ્રભુ ધોલેરા પહોંચી ગયા. (૫૯) પુંજાજી રાજાએ સંસ્કારપૂર્વક શુદ્ધ કરેલા પોતાના ઘરમાં શ્રીહરિનો નિવાસ કરાવ્યો. સંતો વગેરે સૌને અન્ય અન્ય સ્થળે યોગ્ય ઉતારા કરાવી પછી સૌનું આતિથ્ય કરવા લાગ્યા. (૬૦) સહજાનંદ સ્વામી ભગવાન થોડું જ બાકી રહેલું મંદિર જોઈ પછી જ્યોતિષશાસ્ત્રના જાણકાર બ્રાહ્મણોને બોલાવીને મુહૂર્ત પૂછવા લાગ્યા. (૬૧) ત્યારે તે બ્રાહ્મણો બોલ્યા : ''વૈશાખ માસમાં શુકલ પક્ષમાં જયા નામની ત્રયોદશી (સં. ૧૮૮૨) અને રવિવારના રોજ મૂર્તિપ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત છે.'' (૬૨) મુહૂર્તને હજી વાર હોવાથી જવાની ઇચ્છાવાળા ભગવાન શ્રીહરિને પ્રણામ કરી પ્રાર્થના કરી પુંજાજી રાજા ધોલેરાપુરમાં શ્રીહરિને નિવાસ કરાવતા હતા. (૬૩) હે રાજન્ ! ભક્તાધીન ભગવાન શ્રીહરિ પ્રતિદિન ભગવાન સંબંધી શ્રીહરિ ઉત્તમ વાર્તાઓ વડે પોતાના ભક્તજનોને સુખ પમાડતા થકા ધોલેરાપુરમાં સુખપૂર્વક રોકાયા. (૬૪) ત્યારે ભાલદેશના ભક્તજનોને મોટો ઉત્સવ થતો હતો અને તે ધોલેરાપુરમાં ભક્તજનો દરરોજ ભેગા મળીને આવવા જવા લાગ્યા. (૬૫) ત્યારબાદ ભગવાન શ્રીહરિએ સંવત અઢારસો બ્યાશીના વૈશાખ સુદી તેરસના દિવસે શાસ્ત્રાનુસાર અને વિધિપૂર્વક તે ધોલેરાના મંદિરમાં રાધિકાજીએ સહિત મદનમોહનજી મહારાજની સ્થાપના કરી. (૬૬) તે સમયે વાજિંત્રોના ઘોષ વડે ઉપલક્ષિત એવો મહાન પૂજોત્સવ થયો. ભગવાન શ્રીહરિએ તે મહોત્સવ પ્રસંગે હજારો બ્રાહ્મણોને જમાડી પરિતૃપ્ત કર્યા. (૬૭) ઉદારચિત્તવાળા શ્રીહરિ મહાપ્રભુજીએ બ્રાહ્મણોને દક્ષિણા અને વસ્ત્રો પ્રદાન કર્યા. બીજે દિવસે તે ધોલેરાપુરમાં નૃસિંહચૌદશ હોવાથી નૃસિંહજન્મ મહોત્સવ કર્યો. (૬૮) પછી પૂનમના દિવસે ભોજન કરી સેવકો સહિત ભગવાન શ્રીહરિ ધોલેરાપુરથી નીકળ્યા અને પ્રતિપદાના દિવસે અપરાહ્‌ન સમયે ગઢપુર પહોંચ્યા. (૬૯) હે ભૂપતે ! તે સમયે ભગવાન શ્રીહરિનાં દર્શન કરતા એવા ગઢપુરવાસી જનોને મોટો આનંદ થયો. આનંદમયી મૂર્તિવાળા શ્રીહરિ મહાપ્રભુ પોતાના નિવાસસ્થાને પધારી ત્યાં સુખપૂર્વક નિવાસ કરતા હતા. (૭૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં જેતલપુરમાં
શ્રી રેવતીબળદેવહરિકૃષ્ણ તથા ધોલેરામાં શ્રી રાધામદનમોહનસ્થાપના નિરૂપણ નામનો
એંસીમો અધ્યાય થયો. ॥૮૦॥

●

## અધ્યાય-૮૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! હવે વૈશાખ વદી પાંચમને દિવસે ભોજન કર્યા પછી સુખપૂર્વક બેઠેલા શ્રીહરિ મહાપ્રભુ સમીપે જઈ નમસ્કાર કરી અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી બન્ને પુત્રો શ્રીહરિ

પાસે બેઠા. (૧) હે નૃપ ! ત્યારપછી શ્રીહરિ તે બન્ને પુત્રોને આશીર્વાદનાં વચનોથી સંભાવના કરીને બોલ્યા : ''હે પુત્રો ! જો તમારા બન્નેને કંઈ પૂછવું હોય તો અત્યારે મને ખુશીથી પૂછો.'' (૨) આ પ્રકારે શ્રીહરિએ કહેવાથી અત્યંત રાજી થયેલા તે બન્ને પુત્રો શ્રીહરિને પૂછવા લાગ્યા : ''હે પ્રભો ! 'મુમુક્ષુજનોને શિષ્ય કરવા' આવી અમો બન્નેને તમારી આજ્ઞા છે. (૩) માટે તમારાથી દીક્ષાવિધિ સાંભળવા ઈચ્છીએ છીએ. તમો અમોને તે દીક્ષાવિધિ યથાર્થ કહો તેથી અમે તે દીક્ષાવિધિમાં કહેલા પ્રકારે શિષ્યોને દીક્ષિત કરીશું.'' (૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતે ! આ પ્રકારે વિનમ્ર પુત્રોએ આદરથી પૂછેલા શ્રીહરિ, શ્રીકૃષ્ણ અને ગુરુ શ્રી રામાનંદમુનિનું સ્મરણ કરી, બન્ને પુત્રોને કહેવા લાગ્યા. (૫)

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

(પ્રથમ પોતાના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણનું પોતે સ્મરણ કરે છે.) ભગવાન શ્રીકૃષ્ણ પોતે પોતાના અક્ષરધામમાં વિલાસ કરે છે. જે ભગવાન સત્ય, જ્ઞાન આદિ શક્તિઓ વડે અક્ષરધામમાં, પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષમાં તથા પ્રકૃતિમાં અને પ્રકૃતિ-પુરુષથી ઊપજેલ સમગ્ર વિશ્વમાં વ્યાપીને રહેલા છે. જેમ અગ્નિ પ્રકાશરૂપ શક્તિઓથી અંતર્યામીપણે જગતમાં વ્યાપીને પોતાના રૂપથી અગ્નિલોકમાં પૃથક્ રહેલા છે અને જેમ વરુણ જળરૂપા પોતાની શક્તિઓ વડે જગતમાં વ્યાપીને પણ પોતાના રૂપથી વરુણલોકમાં રહે છે એમ જ ભગવાન પૃથ્વીમાં મનુષ્યોના શ્રેયને માટે મનુષ્યદેહ ધારીને રહે છે. તે શ્રીકૃષ્ણ મહાપ્રભુ સર્વેના શ્રેય માટે થાઓ. (૬) (હવે ગુરુનું સ્મરણ કરે છે) અતિશય શોભાયુક્ત શરદઋતુના પૂર્ણ ચંદ્રમાના સમાન મુખારવિંદવાળા, કમળપત્રની આભા સમાન નેત્રોવાળા, પ્રકાશમાન ગૌર શરીરવાળા, વિશાળ હૃદયવાળા, જાનુપર્યંત લાંબા બન્ને હાથવાળા, કરુણાથી વ્યાપ્ત શરીરવાળા, સર્વદા શ્વેત વસ્ત્રોને ધારણ કરનારા, જમણા હાથ વડે કમળને ધારી રહેલા, પૃથ્વીમાં પોતે ઉદ્ધવના અવતાર સદ્ગુરુ રામાનંદ મુનિ મંગળને વિસ્તારો. (૭) હે પુત્રો ! ભક્તિએ સહિત ધર્મનું રક્ષણ કરવામાં તત્પર એવા તથા સ્વાશ્રિત જનોને સુખ કરનારાં ચરિત્રોવાળા શ્રી રામાનંદમુનિએ જ મને પોતાના પદ ઉપર સ્થાપન કર્યા પછી કહેલો ભગવાન સંબંધી વૈષ્ણવ દીક્ષાવિધિ તે તમોને હું કહું છું. (૮) ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા આચાર્યોએ સામાન્ય અને વિશેષે સહિત ભાગવતી દીક્ષાવિધિ પુરુષોને જે પ્રકારે આપવી યોગ્ય છે તે પ્રમાણે કહું છું. (૯) અતિશય પ્રકાશમાન આત્મા-પરમાત્માનું જ્ઞાન યથાર્થપણે ઉત્પન્ન કરે તથા પાપોનો મૂળે સહિત નાશ કરે માટે મંત્રોને જાણનારા આચાર્યોએ દીક્ષા કહેલી છે. (૧૦) અક્ષરધામાધિપતિ પ્રભુ સ્વયં શ્રીકૃષ્ણ વાસુદેવ આ દીક્ષામાં ઉપાસ્ય દેવ છે. અહીં શ્રીકૃષ્ણપદ દીક્ષાનું સર્વોત્તમપણું સૂચવે છે. (૧૧) પોતાના ઉપાસ્ય દેવના સંબંધથી જ દીક્ષાનું નામ કહેવાય છે. માટે ઉદ્ધવ સંપ્રદાયમાં તે દીક્ષા વાસુદેવી અને ભાગવતી આ સંજ્ઞાથી કહેવાય છે. (૧૨) મુમુક્ષુ જનોના હિતની કરનારી અને સંસારના બંધનને છેદનારી દીક્ષા બે પ્રકારની જાણવી. એક સામાન્ય દીક્ષા અને બીજી મહાદીક્ષા. (૧૩) તે બન્ને દીક્ષાઓ પૈકી જે જનો પહેલી દીક્ષાને પામેલા હોય તે જનો સત્સંગી સંજ્ઞાવાળા

કહેલા છે અને બીજી મહાદીક્ષાવાળા આત્મનિવેદી નામથી કહેલા છે. તે બે પ્રકારની દીક્ષા પૈકી પ્રથમ સામાન્ય દીક્ષાનું નિરૂપણ કરીએ છીએ. (૧૪) પોતાના દેહનું ક્ષણિકપણું હોવાથી અને દેશકાળનું વિષમપણું હોવાથી તથા અધિકારના ભેદથી સામાન્ય દીક્ષા કહેલી છે. (૧૫) સામાન્ય દીક્ષામાં પ્રાતઃકાળ કે વસંત આદિ કાળનો નિયમ નથી તથા સદ્-અસદ્રૂપ દેશનો નિયમ નથી તેમજ બ્રાહ્મણાદિ જાતિનો પણ નિયમ નથી. (૧૬) સચ્છાસ્ત્રના શ્રવણથી કે સત્પુરુષના સંગથી જે માનવના ચિત્તમાં મુક્તિની ઈચ્છાનો ઉદય થાય તે મનુષ્ય સામાન્ય દીક્ષાનો અધિકારી છે. (૧૭) દુર્લભમાં દુર્લભ એવો સદ્ગુરુનો સંગ એકવાર ઉપસ્થિત થાય ત્યારે દીક્ષાગ્રહણમાં તિથિમાં શુભાશુભ વિચાર કરવો નહિ. વ્રત નિયમ કે પૂજાની પણ જરૂર નથી. દેહશુદ્ધિ માટે પ્રાયશ્ચિત્તરૂપ ઉપવાસ વગેરે ક્રિયા કરવાની પણ જરૂર નથી. જ્યારે સદ્ગુરુની પ્રાપ્તિ થાય તે જ સામાન્ય દીક્ષા ગ્રહણ કરવાનો સમય છે. (૧૮) સત્ અને અસત્ વ્યક્તિને જાણનારો, નિયમાદિ આચરણમાં શ્રદ્ધાવાળો, પોતાના શ્રેયના સાધનમાં ઉદ્યમવાળો, સચ્છાસ્ત્રો તથા સદ્વ્રતોમાં નિષ્ઠાવાળો, સંતોમાં પ્રીતિવાળો, સુબુદ્ધિમાન, આસ્તિક, સ્વધર્મમાં નિષ્ઠાવાળો, યમરાજ અને જન્મ-મરણાત્મક સંસારથી ભય પામેલો એવો શિષ્ય ધર્મવંશમાં ઉત્પન્ન થયેલા ગુરુનો ભક્તિપૂર્વક આશ્રય કરે. (૧૯-૨૦) (ધર્મવંશી ગુરુનું લક્ષણ કહે છે.) ધર્મવંશમાં પ્રાદુર્ભાવ પામેલા, સ્વસમીપ સંબંધ વિનાની સ્ત્રીઓ સાથે સંભાષણ તથા સ્પર્શથી રહિત, પોતાની પત્નીથી અન્ય સર્વ સ્ત્રીઓમાં માતા-પુત્રી-બહેનની બુદ્ધિવાળા, પોતાના ધર્મનિયમોથી યુક્ત, ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા, ભગવાનના ભક્ત, આહ્નિક વિધિ જેમણે કરેલો છે અને શ્રીહરિની આગળ સમીપે બેઠેલા એવા આચાર્ય ગુરુ જાણવા. (૨૧-૨૨) જે ગુરુ ઉપર કહેલા સર્વ ગુણોથી સંપન્ન હોય પણ જો ધર્મવંશી ન હોય તો મુમુક્ષુએ આશ્રયણીય ગુરુપદને લાયક નથી. (૨૩) (સામાન્ય દીક્ષા ગ્રહણ અને આપવાનો પ્રકાર કહે છે :) શુદ્ધ જળમાં સ્નાન કરેલો, ધોયેલાં વસ્ત્રો ધારણ કરેલો, કરી છે પૂર્વ આહ્નિક ક્રિયા જેમણે એવો શિષ્ય, હાથમાં શ્રીફળ આદિ ફળને ગ્રહણ કરીને જ ધર્મવંશના ગુરુને શરણે જાય. (૨૪) તે ગુરુની આગળ ફળ મૂકી પ્રણામ કરી બન્ને હાથ જોડીને બોલે : હે ભગવન્ ! સંસારથી ભય પામેલો અને આપના ચરણમાં આવેલો છું. મારી રક્ષા કરો. (૨૫) આ પ્રકારે પોતાને શરણે આવેલા શિષ્યને પ્રથમથી જ 'તું ભય પામીશ નહિ, શ્રીહરિ તારી સર્વ પ્રકારે રક્ષા કરશે' એવું અભયદાન આપીને પછી તત્કાળ જ સામાન્ય દીક્ષા આપે. (૨૬) (સામાન્ય દીક્ષાના સંકલ્પને કહે છે.) કાળ, માયા, પાપકર્મ અને યમદૂત આ બધાના ભયથી હું શ્રીકૃષ્ણદેવના શરણે આવેલો છું તે પરમાત્મા મારું રક્ષણ કરો. (૨૭) આ પ્રકારે (હાથમાં જળ આપી) સંકલ્પ કરાવીને ગુરુ શ્રીકૃષ્ણની પ્રસાદીભૂત કેસર કપૂરાદિથી યુક્ત ચંદન વડે અથવા ગોપીચંદન વડે સંપ્રદાય અનુસાર ઊર્ધ્વપુંડ્ર તિલક કરાવીને શિષ્યને ભગવાનના ચરણારવિંદના સ્પર્શવાળી તુલસીકાષ્ઠની બેવડી કંઠી આપે. (૨૮-૨૯) પછી શિષ્ય ગુરુએ આપેલી કંઠીને પોતાના કંઠમાં બાંધે પછી ગુરુ શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર શિષ્યના જમણા કાનમાં ત્રણ વખત ઉપદેશે. (૩૦) પછી જે કોઈ સ્થાનમાં અને સર્વ કાળમાં જપવા માટે પાપસમુદાય જેનાથી નાશ પામે છે તે છ અક્ષરોનો 'સ્વામિનારાયણ' મહામંત્ર ગુરુ શિષ્યને

આપે. (૩૧) તેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ દ્વિજાતિઓને જમણા કાનમાં અને ચોથી શૂદ્ર જાતિવાળાઓને કાનનો સ્પર્શ ન થાય તે રીતે દૂરથી ડાબા કાનમાં મંત્રનો ઉપદેશ કરે. (૩૨) વળી આચાર્ય ગુરુ તે શિષ્ય પ્રત્યે શ્રીકૃષ્ણ માહાત્મ્ય કહે : હે શિષ્ય ! તું હવે વાસુદેવનો ભક્ત થયેલો છે. (૩૩) સર્વના નિયંતા તે નારાયણ પ્રભુ સર્વથી પર સર્વોત્કૃષ્ટ એવા પોતાના અક્ષર નામના ધામમાંથી મનુષ્યોના કલ્યાણ માટે નરતનુ ધારી ભૂલોક ઉપર પ્રગટ થયા હતા. (૩૪) પોતાનાં આશ્રિતોના ભક્તિ ધર્મની રક્ષા અને પ્રવૃત્તિ માટે પ્રગટ થયેલા નારાયણ ભગવાનના દયાળુપણાનું વર્ણન કરવા કોણ સમર્થ થઈ શકે તેમ છે ? (૩૫) કેવળ વૈરભાવથી પોતાનું ચિંતવન કરનારા અને દારૂ માંસનું સેવન કરનારા એવા આતતાયી શત્રુઓને પણ દયા વડે પોતાના ધામને જ પમાડતા હતા. (૩૬) આ રીતે કેવળ ગુણગ્રાહી એવા તે ભગવાન શત્રુ ભાવથી પોતાનું સ્મરણ કરતા એવા દ્વેષી શત્રુઓના દોષોને ગ્રહણ કરતા ન હતા. (૩૭) જ્યારે આ રીતે દ્વેષ કરનારાઓનો પણ જે પ્રભુ ઉદ્ધાર કરે છે તો પછી જે જનો અનન્ય ભક્તિ વડે તેમનું ભજન કરે તેના ઉપર તે પ્રભુ પ્રસન્ન થાય એમાં તો કહેવાનું જ શું હોય ? (૩૮) દ્વેષી અને ભક્તો સર્વનું પ્રિય કરનારા સર્વના સ્વામી એવા તે ભગવાનના શરણને તું પામેલો છે. આથી તું સંસારબંધનથી મુક્ત થયેલો છે. (૩૯) જે પુરુષ શ્રીકૃષ્ણના જ શરણને પામે તે પુરુષ માયાના બંધનથી મુક્ત થાય છે તે નિશ્ચય વાત છે. આ અંગેનું ભગવાન શ્રીકૃષ્ણનું ગીતાવાક્ય સાંભળો. (૪૦) દેવ એવા મેં જગતના સર્ગાદિમાં જોડેલી મારી શક્તિરૂપા ત્રિગુણાત્મિકા આ મારી માયા, મારી શરણાગતિ વિના, બીજાં સાધનોથી દુ:ખથી પણ તરી ન શકાય તેવી છે. માટે જે જનો મારા શરણને પામે છે તે જનો આ માયાને તરી જાય છે. (૪૧) માટે તમો પોતાને પાળવા યોગ્ય ધર્મોનું આચરણ કરતા સતા ધર્મે સહિત ભક્તિનું રક્ષણ કરવા માટે આવિર્ભાવને પામેલા ભગવાન શ્રી વાસુદેવને સર્વ ભાવથી ભજો.'' (૪૨) આ પ્રકારે શાસ્ત્રસંમત એવું શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય કહેનારા ગુરુને પ્રણામ કરીને શિષ્ય પ્રસન્નતાપૂર્વક ગુરુને કહે : (૪૩) ''હે ગુરો ! અતિશય કઠોર કાળમાયાના ભયથી અને સંસારના બંધનથી હાલમાં હું મુક્ત થઈને શ્રીકૃષ્ણનો નિર્ભય ભક્ત થયેલો છું.'' (૪૪) આ પ્રમાણે બોલતા તે શિષ્યને ગુરુ શિષ્યે ઇચ્છેલી શ્રીકૃષ્ણની પ્રતિમા દરરોજ પૂજા કરવા માટે આપે. (૪૫) ત્યારબાદ ગુરુ શિષ્યને ધર્મનો ઉપદેશ આપે : ''હે શિષ્ય ! તમે ધર્મનું હંમેશાં પાલન કરો. કારણ કે ધર્મથી બ્રહ્માદિ ઈશ્વરો સહિત સકળ બ્રહ્માંડનું ધારણ કરાય છે. (૪૬) હે શિષ્ય ! દરરોજ પ્રાત:સ્નાન, ઊર્ધ્વપુંડ્ર તથા પોતાનું સંધ્યાદિ નિત્યકર્મ કરો અને હૃદયમાં માનસીપૂજા અને બહાર શ્રીકૃષ્ણનું પૂજન કરો. (૪૭) પવિત્ર એવા તમોએ શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો જપ નિયમપૂર્વક સંખ્યાથી અને પોતાની શક્તિ અનુસારે દિવસે રાત્રિમાં પ્રતિદિન કરવો. (૪૮) સર્વ એકાદશીઓનો ઉપવાસ કરવો અને (જન્માષ્ટમી, રામનવમી વગેરે) શ્રીહરિના જન્મદિવસોમાં ઉપવાસ કરવો અને તે દિવસોમાં શક્તિને અનુસારે ઉત્સવો કરવા. (૪૯) મદ્યપાન, માંસભક્ષણ, પરદારાનો સંગ, પારકા દ્રવ્યનું અપહરણ, પોતાની અને પારકાની હિંસા, વર્ણસંકર કર્મ આ બધાનો સર્વથા ત્યાગ કરવો. (૫૦) તેમજ ભાંગ્ય, ગાંજો, અફીણ, તમાકુ જે મદને પેદા કરનારાં હોય તે બધું ભક્ષણ ન કરવું તથા

લોકમાં જે નિંદિત હોય તે પણ ક્યારેય ખાવું નહિ. (૫૧) વસ્ત્રે કરીને ગાળ્યા વિનાનું દૂધ કે જળ પણ ક્યારેય ન પીવું તથા કદાપિ અપશબ્દો બોલવા નહિ તથા પોતાને અને પારકાને પીડા થાય એવું સત્ય વચન ક્યારેય બોલવું નહિ. (૫૨) અને પોતાના સમીપ સંબંધ વિનાની અન્ય સ્ત્રીઓ તથા વિધવા સ્ત્રીઓનો ક્યારેય બુદ્ધિપૂર્વક સ્પર્શ કરવો નહિ. (૫૩) અને અજાણતાં તે સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તો સ્નાન કરવું અને જાણી જોઈને વિધવા સ્ત્રીનો સ્પર્શ થાય તો એક ઉપવાસ કરવો. (૫૪) અને કામભાવથી બુદ્ધિપૂર્વક વિધવાનો સ્પર્શ કરે તો બે ઉપવાસ કરે અને કામભાવથી જાણી જોઈને કરેલો વિધવા સ્ત્રીનો સ્પર્શ અન્ય કોઈ જોઈ જાય તો ચાંદ્રાયણ વ્રત કરવું જોઈએ. (૫૫) આવશ્યક કાર્ય, વેચાતું આપવામાં કે લેવામાં સ્પર્શ થયો હોય, ક્યારેક જળમાં ડૂબવા, અગ્નિદાહરૂપી આપત્કાળમાં બુદ્ધિપૂર્વક સ્પર્શ થાય તેનો દોષ નથી. (૫૬) સ્ત્રીલંપટો, અતિ લોભિયાઓ, વામમાર્ગીઓ, નાસ્તિકો, બ્રહ્મહત્યાદિ મહાપાપો કરનારા અને શુષ્કવેદાંતીઓનો સંગ ક્યારેય પણ ન કરવો. (૫૭) હે શિષ્ય ! તમો પ્રતિદિન સચ્છાસ્ત્રોનો અને ઉદ્ધવ સંપ્રદાયના સાધુઓનો સંગ અને શ્રીહરિમાં નવધા ભક્તિ કરો. કોઈના ઉપર અપવાદ મૂકવો નહિ. (૫૮) શ્રીહરિની કથાવાર્તા કુસંગી થકી સાંભળવી નહિ. તથા વાણીમાત્રથી પણ કોઈ દેવનું પૂજન વૃત્તિ આદિનું નિષેધાચરણ ન કરવું. (૫૯) તમો આજથી ઉત્તમ ભાગવત ધર્મોને પ્રાપ્ત થયેલા છો, માટે પૃથ્વીમાં સત્સંગી નામથી પ્રસિદ્ધ થશો.'' (૬૦) 'હું આમ જ કરીશ' એમ કહીને ગુરુની આજ્ઞાને મસ્તકે ચઢાવી શિષ્ય હર્ષપૂર્વક ગુરુનું પૂજન કરે. (૬૧) નવીન વસ્ત્રો, સુગંધી દ્રવ્યો, પુષ્પહારો, પુષ્પના તોરાઓ, આભૂષણ, નૈવેદ્ય તેમજ સુવર્ણમુદ્રા, રૂપામુદ્રા, તામ્રમુદ્રા અને પકવાન્ન વગેરે વડે પોતાની શક્તિ અનુસાર ગુરુનું પૂજન કરે. (૬૨) ગુરુનું યથાશક્તિ પૂજન કરી પછી સાધુ અને બ્રાહ્મણોનું પૂજન કરે. પછી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ગુરુની આજ્ઞા લઈને શિષ્ય પોતાને ઘેર જાય. (૬૩) પછી દીક્ષાને પામેલો તે પુરુષ ગુરુએ કહેલા વર્ણાશ્રમને યોગ્ય ધર્મનું નિત્ય પાલન કરતો થકો ઉત્સાહપૂર્વક પ્રભુનું ભજન કરે. (૬૪) ભગવાનની પ્રસાદીભૂત કેસર ચંદન કુંકુમ ગોપીચંદન વડે ચાંદલાએ સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરે. (૬૫) ગૃહસ્થ અને વર્ણી તથા સાધુજન રાધા અને લક્ષ્મીના પ્રસાદીભૂત કુંકુમ વડે (તિલક મધ્યે) ગોળ ચાંદલો કરે. (૬૬) સંન્યાસીઓ, વાનપ્રસ્થો અને અગ્નિહોત્રી બ્રાહ્મણો ગોપીચંદન અથવા ચંદન વડે મધ્યમાં ચાંદલા સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરે. (૬૭) તેમાં જે ગૃહસ્થ ભક્તો છે અને જે સાધુજનો છે તેમણે દર્પણમાં પોતાનું મુખ જોઈને ઊર્ધ્વપુંડ્ર કરવું અને તે ચાર (એક લલાટ, એક હૃદય અને બે બાહુ ઉપર) કરવાં. (૬૮) સંન્યાસીઓ ચાર પ્રકારના છે. તેમાં પ્રથમ કુટીચક્ર તથા બીજા બહૂદક, ત્રીજા હંસ અને ચોથા પરમહંસ છે. (૬૯) તેમાં કુટીચક્રાદિ ત્રણ મસ્તક, લલાટ અને હૃદયમાં અનુક્રમે ત્રણ ઊર્ધ્વપુંડ્ર કરે અને ચોથો પરમહંસ ભાલમાં જ એક ઊર્ધ્વપુંડ્ર કરે. (૭૦) વાનપ્રસ્થો અને બ્રહ્મચારીઓ ભાલ, કંઠ, હૃદય અને બન્ને બાહુ : આમ પંચ પાંચ સ્થાનોમાં ઊર્ધ્વપુંડ્રો સર્વદા ધારણ કરે. (૭૧) ઉદ્ધવ સંપ્રદાયની દીક્ષાવાળા સચ્છૂદ્રો (ગોપ, નાપિત, કુંભકાર વગેરે)ને (ભાલ, હૃદય અને બે બાહુઓ) આમ ચાર ઊર્ધ્વપુંડ્ર કહેલા છે અને દીક્ષિત અસચ્છૂદ્રો વગેરેને તો કપાળમાં કેવળ ચાંદલો જ કહેલો

છે. (સંકર જાતિના જનોએ પણ કેવળ ચાંદલો જ કરવો.) (૭૨) ચાર ઊર્ધ્વપુંડ્રમાં ભક્ત પુરુષોએ શ્રીકૃષ્ણના વાસુદેવાદિ ચાર નામો બોલવાં. વાસુદેવાય નમઃ લલાટે, સંકર્ષણાય નમઃ હૃદયે, પ્રદ્યુમ્નાય નમઃ જમણા બાહુએ અને અનિરુદ્ધાય નમઃ ડાબા બાહુએ - એમ આ ચારનો અનુક્રમ જાણવો. (૭૩) અને પાંચ પુંડ્રોમાં તો કૃષ્ણ કેશવ છે મુખ્ય જેમાં એવાં પાંચ નામો (કૃષ્ણ, કેશવ, નારાયણ, માધવ અને ગોવિંદ)નો પાઠ કરવો અથવા વૈષ્ણવ ગાયત્રી બોલવી. પાંચેય સ્થાનોમાં બોલીને ઊર્ધ્વપુંડ્ર તિલક કરવાં. (૭૪) અને ત્રણ પુંડ્રમાં ત્રણ માત્રાવાળા ઓંકારનો પાઠ કરવો. એક પુંડ્રમાં તો 'ૐ નારાયણાય નમઃ' આવી રીતે ઉચ્ચારણ કરવું. (૭૫) ઊર્ધ્વપુંડ્રનું તિલક સરખું, સૌમ્ય, કનિષ્ઠ આંગળીની માફક સમાન મધ્યભાગ સમાન મધ્ય ભાગમાં પહોળાઈવાળું નાસિકાના મૂળથી આરંભીને કેશપર્યંત દેખાતી નાની રેખાવાળું સરલ માટે જ દંડના સમાન આવૃત્તિવાળું શોભાયુક્ત કહેલું છે. તે ઊધ્વપુંડ્ર તર્જની આંગળીથી કરવું. (૭૬) જે ભક્તને તર્જની આંગળી વડે તિલક કરવાની દક્ષતા ન હોય તે તિલક જેમ સારી શોભાયુક્ત થાય તેમ સળી વગેરેથી કરે. (૭૭) ગોળાકાર, વાંકું, છિદ્ર વિનાનું, સંકુચિત, વધારે પડતું લાંબું, અતિ વિશાળ, ખૂબ નાનું, વિરૂપ, આગળથી વાંકું, મૂળમાંથી છેદાયેલું, તિલકના સ્થાનથી જ્યાં ત્યાં કરેલું, અશુભ્ર, જળ વિનાનું કોરું, થોડુંક લાલ, જળમાં જોઈને કરેલું, સુગંધ રહિત, ડાબા હાથે કરેલું-આવાં લક્ષણોવાળું તિલક વૃથાભૂત હોવાથી ન જ કરે. (૭૮-૭૯) ભક્ત સાવધાન થઈને ભગવાનની પ્રસાદીભૂત તુલસીની બેવડી કંઠી ગળામાં નિરંતર ધારણ કરે તથા ભગવાનની પ્રસાદીભૂત જપમાળાને તુલસી કાષ્ઠથી બનાવીને રાખે. (૮૦) દીક્ષિતજન તુલસીની માળાના અભાવમાં ચંદન વગેરે કાષ્ઠની બનાવેલી અને શ્રીહરિની પ્રસાદીભૂત એવી માળાને ધારણ કરે. (૮૧) તે દીક્ષિતજન નિત્ય સ્થાન કરી પવિત્ર થકો નિત્યકર્મ કરીને શ્રીહરિની પ્રતિમાની પૂજા કરે અને પછી યથાશક્તિ પોતાના ગુરુએ ઉપદેશેલા શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રનો જપ કરે. (૮૨) સ્થિર આસનવાળો, મૌની ઉદ્વેગે રહિત, માળા ફેરવતી વખતે અને મંત્રોચ્ચારણ વખતે ઉતાવળ રહિત, સરલ શરીરવાળો, વસ્ત્રાદિ તથા ગૌમુખીથી આચ્છાદન કરીને માળા ફેરવે. પોતાના મનમાં વાસુદેવ ભગવાનનું સ્મરણ કરતો ભક્ત અષ્ટાક્ષર મંત્રનો જપ કરે. (૮૩) દીક્ષિત પુરુષ દ્વારિકાની યાત્રા અવશ્ય કરે. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણની તપાવેલી છાપો (આયુધો) વડે બન્ને બાહુઓને અંકિત કરાવે. (૮૪) દીક્ષિત પુરુષ જન્માષ્ટમી વગેરે ઉત્સવોમાં પોતાના ગુરુ (આચાર્ય) સમીપે દર્શન કરવા જાય. પોતાના આચાર્યને જોઈને દંડની પેઠે પ્રણામ કરે. (૮૫) સારો શિષ્ય ગુરુની જમણી બાજુએ લગારેક દૂર રહીને આદરપૂર્વક આચાર્યને પ્રણામ કરે. ગુરુની આજ્ઞા વિના ગુરુના ચરણાદિ અવયવનો ક્યારેય સ્પર્શ ન કરે. (૮૬) નિત્ય ગુરુસેવાપરાયણ થાય અને ગુરુ સમીપે સત્યભાષી થાય અને સમયે સમયે સભામાં બેસવા વગેરે અનેક અવસરમાં યથાયોગ્ય પોતાના ગુરુનાં દર્શન કરે. (૮૭) ગુરુના શય્યાઆસન પર ન ચડે અને ગુરુની પાદુકા ઉપર પણ ચડે નહિ. અને આચાર્યના જળપાત્ર વડે પોતે કદી પાણી પીવે નહિ. (૮૮) સદ્‌ગુરુની આજ્ઞાથી ગૃહસ્થાશ્રમમાં રહેલો છે તોપણ તે ભક્તને અન્ય જીવની પેઠે ફરીથી જન્મમરણરૂપી સંસારનો ભય નથી. (૮૯) અધિકારભેદથી તથા શ્રીકૃષ્ણના મંત્રભેદથી

આ સામાન્ય દીક્ષાના દાનમાં પણ બે પ્રકારનો વિધિ કહેલો છે. (૯૦) તેમાં ચારે વર્ણમાં જન્મેલા જનને દીક્ષા આપવામાં આ સર્વ વિધિ કહેલો છે, તેમ જ ચારે આશ્રમવાસીઓ માટે પણ તે પ્રમાણે જ વિધિ જાણવો. (૯૧) જે વર્ણાશ્રમથી બીજા જનો છે તેમના સામાન્ય દીક્ષાનો વિધિ હાલમાં હું કહું છું. વર્ણાશ્રમથી બીજા લોકો બન્ને હાથ જોડીને ગુરુના ઘરની બહાર ઊભા રહે. (૯૨) ત્યારે ગુરુ તે વર્ણાશ્રમથી ઈતર જનોને પોતાના આશ્રિત ત્રણ વર્ણના માણસ પાસે શ્રીકૃષ્ણ એવા ત્રણ અક્ષરવાળા મંત્રનો ઉપદેશ અપાવે અને મદ્યમાંસાદિના ત્યાગ વગેરે નિયમોનો યથાયોગ્ય ઉપદેશ કરાવે. (૯૩) પછી તે જનોએ આળસે રહિત થઈને તે ધર્મોનું નિત્ય પાલન કરવું. અને સાધુજનોનું દર્શન કરવું પરંતુ સ્પર્શ તો તેમની આજ્ઞા સિવાય કદાપિ કરવો નહિ. (૯૪) અને પોતાના ગામમાં ઉદ્ધવ સંપ્રદાયના વૈષ્ણવ ભક્તના ઘરમાં રાધાકૃષ્ણની મૂર્તિ હોય તે મૂર્તિનું તે જનોએ દરરોજ દર્શન કરવું. (૯૫) તે વર્ણાશ્રમથી ઈતર જનોએ બાહ્યપૂજા ન કરવી, કેવળ માનસી પૂજા જ નિત્ય કરવી અને બહાર તો મૂર્તિના દર્શનથી જ પૂજાના ફળને પામે છે. (૯૬) અને નામમંત્રનો જપ તો નિત્ય પ્રત્યે નિયમપૂર્વક કરવો જ જોઈએ અને ચંદનથી કે મૃત્તિકા વડે લલાટમાં કેવળ ચાંદલો કરવો. (૯૭) પોતાના ગામમાં શ્રીકૃષ્ણની પ્રતિમા ન હોય તો શ્રીહરિની પ્રસાદી પુષ્પની માળા, વસ્ત્રનો કટકો કે પાદુકા વગેરે પોતાની પાસે રાખવું. (૯૮) અને તે પ્રસાદીના વસ્તુનું દર્શન અને સ્પર્શ દરરોજ કરવો પણ ભગવાનની પ્રતિમાનો સ્પર્શ ક્યારેય પણ ન કરવો. (૯૯) આ મેં સામાન્ય દીક્ષાનો બીજો વિધિ નિરૂપણ કરેલો છે. તે પ્રકારે ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા ગુરુ અને શિષ્યોએ પાલન કરવો. (૧૦૦) હે પુત્રો ! આ પ્રમાણે શાસ્ત્રદૃષ્ટિથી સામાન્ય દીક્ષાનો વિધિ મેં તમોને બે પ્રકારે કહ્યો. હવે વિશેષ દીક્ષાનો સમગ્ર વિધિ હું લોકહિત માટે કહું છું. (૧૦૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
દીક્ષાવિધૌસામાન્યદીક્ષાવિધિનિરૂપણ નામનો એકાશીમો અધ્યાય થયો. ॥૮૧॥

●

## અધ્યાય-૮૨

**નારાયણમુનિ બોલ્યા :**

બૃહસ્પતિનો અને શુક્રનો અસ્ત થયે સતે તથા વૃદ્ધિ થયે સતે (અસ્ત પછી દશ દિવસ પર્યંત વૃદ્ધિ કાળ કહેવાય છે) તથા ઉદય બાદ સાત દિવસ બાલ્ય કાળ કહેવાય છે તે સમયે પણ (મહા) દીક્ષા ન આપવી. ગુરુ નીચ રાશિમાં રહે સતે તથા સિંહરાશિને પ્રાપ્ત થયે સતે તથા ગુરુ વક્રગતિમાં વર્તતા હોય ત્યારે દીક્ષા દેવી નહિ. (૧) પ્રબોધની એકાદશી, જન્માષ્ટમી અને રામનવમીના દિવસે દીક્ષા આપવામાં ગુરુ શુક્રના અસ્ત, બાલ્ય અને વાર્ધક્ય આદિ કાળનો દોષ નથી. માટે આ તિથિઓમાં મહાદીક્ષા આપવામાં કોઈ જાતનો બાધ આવતો નથી. (૨) અધિકમાસ અને વર્ષાઋતુમાં શ્રીકૃષ્ણનો મહાદીક્ષાના અંગભૂત મંત્ર ક્યારેય પણ ગુરુએ ઉપદેશ કરવો નહિ તથા શિષ્યે લેવો નહિ. આ નિષેધ સૂર્યચંદ્રના ગ્રહણ થકી અન્યત્ર જાણવો. (૩)

સૂર્યચંદ્ર ગ્રહણરૂપ પર્વમાં માસ, તિથિ, વાર કે અસ્ત વગેરે વિચારવું નહિ. કેમકે સૂર્યચંદ્રના ગ્રહણ સમય તુલ્ય બીજો કોઈ શુભ કાળ નથી માટે તે સમયે દીક્ષા આપવી. (૪) વળી અસ્ત, બાલ્ય, વાર્ધક્ય આદિ દોષ વગેરેની સર્વ એકાદશીઓ તથા સર્વ દ્વાદશીઓના દિવસે પણ સંગવ સમયે દીક્ષા આપવી અને ગ્રહણ કરવી. (૫) પુરાણમાં પ્રસિદ્ધ પવિત્ર દેશમાં દીક્ષાવિધિ માનેલો છે. વળી ધર્મવંશના ગુરુ શિષ્યની પરીક્ષા કરીને દીક્ષા આપે. (૬) ગુરુ શિષ્યના ધર્મપાલનના સ્વભાવની એક વર્ષ પર્યંત પરીક્ષા કરીને તે પછીજ શિષ્યને દીક્ષા આપે, તે વગર નહિ. (૭) જે ગુરુ શિષ્યના ધર્મપાલનનું સામર્થ્ય જોયા વગર દીક્ષા આપે છે તે ગુરુ શિષ્યના પાપભાગી થાય છે. (૮) જેમ કારભારીઓએ કરેલાં પાપ રાજાને લાગે છે, જેમ પત્નીનું પાપ પતિને લાગે છે, તેમ જ ગુરુ પણ શિષ્યના પાપથી લેપાય છે. (૯) આથી આચાર્ય સાવધાનીપૂર્વક શિષ્યની પરીક્ષા કરે. હવે તે શિષ્યોનાં સચ્છાસ્ત્રોમાં કહેલાં લક્ષણો હું સંક્ષેપથી કહું છું. (૧૦) શાંત, સુશીલ, શુદ્ધાત્મા, શ્રદ્ધાદિ ધર્મમાં દ્દઢ સ્થિતિવાળો, અચપળ, અસૂયારહિત, મુમુક્ષુ, સત્યભાષી, તથા પોતાની શક્તિ અનુસાર સચ્છાસ્ત્રોને ભણેલો, પોતાના નિર્વાહ પૂરતાં દ્રવ્યોવાળો, અને નિર્મત્સર એવો શિષ્ય દીક્ષાગ્રહણમાં અધિકારી કહેલો છે. (૧૧-૧૨) વળી જે વિધવા સ્ત્રીઓના સ્પર્શમાં મહાદોષને જાણનારો, પાપભીરુ, તપમાં ઉત્સાહશક્તિવાળો અધિકારી જાણવો તથા જે પુરુષે પૂર્વે બ્રહ્મહત્યાદિ કોઈ મહાપાપ કર્યું ન હોય તથા જેણે કદી ગોહત્યા કરી ન હોય, જે કૃતઘ્ની ન હોય, તથા જે ભોજનમાં પંક્તિભેદ ન કરે તથા આપત્કાળ વિના સ્વધર્મ પાલનમાં ક્યારેય શિથિલ ન થાય તે જ શિષ્ય મહાદીક્ષામાં અધિકારી જાણવો. (૧૩-૧૫) અને જે પોતાના ભાઈનું પણ અલ્પ એવું પદાર્થ પણ પૂછ્યા વગર ગ્રહણ ન કરે, જે વિશ્વાસઘાતી ન હોય, અને પોતે કામ કરનારને 'તું આ કામ કર, હું તને આટલું આપીશ.' એમ પ્રતિજ્ઞા કરી હોય તે પ્રમાણે જ આપે પણ એક કોડી જેટલું પણ ઓછું ન આપે અને જે અતિ લોભી ન હોય, તેમ જ કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા રહિત હોય. જે કોમળ હોય, દયાળુ અને સહનશીલ હોય, તથા ધીરજવાન અને પવિત્ર હોય તથા જે ઉપવાસાદિ વ્રતના આચરણમાં વ્યાકુળ ન થાય, સાધુસેવામાં પ્રીતિવાળો, નિષ્કપટ અને જિતેન્દ્રિય એવો શિષ્ય અધિકારી જાણવો. (૧૬-૧૯) અને જે સ્ત્રીના શિષ્યપણાને પામેલો ન હોય, કૌલમાર્ગનો આશ્રિત ન હોય તથા દિવસે નિદ્રાશીલ ન હોય, પ્રમાદ રહિત અને પ્રવૃત્તિમાર્ગમાં ઉદાસીન તેમજ નિવૃત્તિ માર્ગનું આદરપૂર્વક સેવન કરનારો દીક્ષાવિધિમાં અધિકારી જાણવો. આ પ્રકારનાં લક્ષણોથી રહિત શિષ્યને ગુરુ દીક્ષા ન આપે અને આ કહેલા લક્ષણવાળો હોય પરંતુ વિકલાંગ હોય તેને પણ ગુરુ ક્યારેય દીક્ષા ન આપે. (૨૦-૨૨) આંધળો, કાણો, ત્રાંસુ જોનારો, લંગડો, કૂબડો, ઠીંગણો, હોઠ નાક કે કાન છેદાયેલો, મૂંગો, બહેરો, ઠુંઠો, ખોડો, ભૂતાદિના પ્રવેશથી વિકળ ચિત્તવાળો, કોઢના રોગવાળો, ક્ષયના રોગવાળો, જડ, મૂર્ખ, જે ઉચ્ચ હોઈને પણ નીચ કર્મ કરનારો હોય, જે અતિવૃદ્ધ હોય-આટલા ક્યારેય પણ દીક્ષા આપવાને યોગ્ય નથી. (૨૩-૨૪) હે પુત્રો ! જે કોઈ પણ ગુરુ શિષ્ય-લક્ષણને વિચાર્યા વિના બળાત્કારથી

જે પુરુષને મહાદીક્ષા આપે છે તે પોતાના પગમાં પડેલી મોટી શિલાની જેમ મહાઅનર્થનું અને અપયશનું પાત્ર થાય છે. (૨૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં દીક્ષાવિધૌમકાદીક્ષા ગ્રહણકાળાધિકાર નિરૂપણ નામનો બ્યાસીમો અધ્યાય થયો. ॥૮૨॥

●

## અધ્યાય-૮૩

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે પુત્રો ! જે ત્રૈવર્ણિક અધિકારી ગૃહસ્થાશ્રમમાં રહી મહાદીક્ષા પ્રાપ્ત કરવા ઈચ્છે તેનો વિધિ પ્રથમ કહું છું. (૧) જે પુરુષ સામાન્ય દીક્ષા ધર્મોમાં દૃઢ સ્થિતિવાળો હોય તે હાથ જોડીને પોતાના આચાર્ય ગુરુનું શરણ પ્રાપ્ત કરે. (૨) તે ગુરુ પ્રથમથી જ યોગ્ય અધિકાર જોઈને શરણે આવેલા તે નમ્ર શિષ્યને પ્રાયશ્ચિત્તનો ઉપદેશ કરે. (૩) તે આચાર્ય બ્રહ્મચર્યાદિ આશ્રમમાં રહેલા પુરુષ પાસે એક ઉપવાસ કરાવે અને અનાશ્રમી શિષ્ય પાસે બે ઉપવાસ કરાવે. (૪) પછી શિષ્ય ગુરુની આજ્ઞા અનુસાર પ્રથમ મુંડન કરાવી ઉપવાસ કરે. પછી મહાદીક્ષાના અધિકાર માટે અષ્ટાક્ષર મંત્રનો જપ કરે. (૫) તે દિવસે નવમા મુહૂર્ત પહેલાં જ સામાન્ય દીક્ષામાં મળેલા મંત્રનો જપ ભગવાનની પ્રતિમા સમીપે ભક્તિપૂર્વક અઢાર હજાર વાર કરે. (૬) અને આચાર્ય પોતે પણ પવિત્ર થઈને ભગવાનની પૂજા કરી આપવા યોગ્ય મંત્રની શુદ્ધિ માટે આપવાના મંત્રનો એક હજારવાર જપ આગલે દિવસે કરે. (૭) પછી ઉદ્ધવ સંપ્રદાયને આશ્રિત અને વિધિને જાણનારા બ્રાહ્મણને બોલાવીને ઉદ્ધવ સંપ્રદાયના આચાર્યપદે રહેલા ગુરુ શિષ્ય પાસે વિષ્ણુપૂજા કરાવે. (૮) અને તે બ્રાહ્મણ બે દિવસે અથવા એક દિવસે દેશકાળ અનુસાર યથાશાસ્ત્ર સમગ્ર વિધિ કરાવે. (૯) તે બ્રાહ્મણ દીક્ષાદાન દિવસથી પૂર્વ દિવસે અથવા તે જ દિવસે પ્રથમ નાન્દીમુખશ્રાદ્ધ અને સ્વસ્તિવાચનાદિક સર્વ કર્મ કરાવે. (૧૦) પ્રથમ મનોહર સર્વતોભદ્ર મંડળ બનાવે. તે મંડળના મધ્યમાં સુવર્ણનો કે તાંબાનો કુંભ સ્થાપન કરાવે. (૧૧) પછી આઠ દિશાઓમાં તાંબાના કે માટીના પોતાની શક્તિ અનુસારે સુશોભિત આઠ કળશોને સ્થાપન કરાવે. (૧૨) જળ ભરેલા અને અંદર પંચરત્ન નાખેલા તથા પલ્લવ અને ફળો સહિત તેમજ વસ્ત્ર અને ઉપર પૂર્ણ પાત્રોએ સહિત કરીને તે કુંભોમાં વિપ્ર દેવતાઓની સ્થાપના કરે. (૧૩) મધ્યકુંભમાં રાધાકૃષ્ણ, પૂર્વ દિશામાં રહેલ કુંભમાં દુર્ગા તથા દક્ષિણ દિશાના કુંભમાં સૂર્યનારાયણની સ્થાપના કરે. (૧૪) પશ્ચિમ દિશાના કુંભમાં ગણપતિ, ઉત્તર દિશામાં રહેલ કુંભમાં શિવ અને અગ્નિકોણના કુંભમાં વિષ્વકસેન તેમજ નૈર્ઋત્યમાં ગરુડજી, વાયુકોણના કુંભમાં હનુમાનજી તથા ઈશાન ખૂણામાં શ્રીદામાની સ્થાપના કરે. આ રીતે અનુક્રમથી યથાવિધિ દેવતાઓનું સ્થાપન કરે. (૧૫-૧૬) પછી સ્નાન કરેલ શિષ્ય પાસે સ્વસ્તિવાચન પૂર્વક નાન્દી શ્રાદ્ધ કરાવી શ્રીહરિની પૂજા કરાવે. (૧૭) પછી તે બ્રાહ્મણ ભૂતશુદ્ધિ તથા તંત્રોક્ત પ્રાણપ્રતિષ્ઠા કરાવી સોળ માતૃકાઓની સ્થાપના કરી ભગવાન શ્રીહરિનું આવાહન કરાવે. (૧૮) 'श्रीकृष्णाय नमस्तुभ्य श्रीराधापतये नमः । नमस्ते धर्मधुर्याय नरनारायणाय च' આ મંત્ર

બોલી પૂજન કરાવે. (૧૯) આ મંત્રથી અથવા વૈદિક મંત્રોથી આવાહનાદિપૂર્વક અંગદેવતા સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું શિષ્યને પૂજન કરાવે. (૨૦) વેદોક્ત મંત્રોથી ષોડશોપચારથી શ્રીકૃષ્ણનું પૂજન કરાવીને શ્રીહરિના જમણા પડખામાં અગ્નિની સ્થાપના કરે. (૨૧) સ્થાપન મંત્રોથી વેદીમાં મૂકેલા સંસ્કાર મંત્રોથી શુદ્ધ કરેલા અગ્નિમાં વિષ્ણુદેવતા ચરુ પકાવે પછી પ્રજ્વલિત અગ્નિમાં શ્રીહરિનું ધ્યાન કરી પૂજન કરે. (૨૨) ત્યાર પછી તે બ્રાહ્મણ 'ૐ નારાયણાય નમઃ' આ અષ્ટાક્ષર મંત્ર વડે સમિધાઓ, ઘી અને ચરુ(ભાત)ની પ્રત્યેકને અઠ્ઠાવીશ આહુતિનો હોમ કરે. (૨૩) પછી વિપ્ર દુર્ગા વગેરે અંગ દેવતાઓને એક એક ઘીની આહુતિ હોમીને પૂર્ણાહુતિને હોમી હોમકર્મ સમાપ્ત કરે. (૨૪) પછી તે શિષ્ય આરતી કરી પુષ્પાંજલિ અર્પણ કરી. દંડવત્ પ્રણામ કરે તથા આદરપૂર્વક ભગવાનની પ્રાર્થના કરે. (૨૫) હે શ્રીકૃષ્ણ ! અમારી વાણી આપના ગુણ ગાવામાં રહો. બન્ને કાન આપની કથામાં રહો. બન્ને હાથ આપની સેવામાં રહો. અમારું મન આપના ચરણારવિંદની સ્મૃતિમાં રહો. મસ્તક આપના નિવાસભૂત જગતના પ્રણામમાં રહો. અમારાં નેત્રો આપની મૂર્તિરૂપ સાધુઓના દર્શન કરવામાં સદા નિમગ્ન રહો. (૨૬) પછી બન્ને હાથ જોડીને શિષ્ય ઊભો રહ્યો થકો જ આગળ કહેવાશે તે સ્તોત્રનો પાઠ કરતો સતો એકાગ્ર મનથી આનંદપૂર્વક શ્રીહરિની સ્તુતિ કરે. : (૨૭) "નવીન મેઘની સમાન વર્ણવાળા, રત્નોથી સુશોભિત કુંડલો વડે શોભાયમાન કાનોવાળા, મોટા મુગટના અગ્રભાગમાં મયૂરપિચ્છવાળા એવા શ્રીરાધાકૃષ્ણ પ્રભુને હું નમસ્કાર કરું છું. (૨૮) બન્ને હસ્તો વડે પોતાના અધરોષ્ઠ ઉપર વેણુ ધારણ કરી વગાડતા અને તોરાઓ ઉપર ગાયોની ખરીઓથી ઊડેલી રજ જેમને પડેલી છે એવા તથા હાથી સમાન ચાલવાની ચાતુર્યવાળા શ્રીરાધાકૃષ્ણને હું નમન કરું છું. (૨૯) વિશુદ્ધ સુવર્ણ સમાન ઉજ્જ્વળ પીળું પીતાંબર ધારેલા તથા આયુધ વિના પણ ભક્તોના કામક્રોધાદિ અંતઃશત્રુઓના સમૂહોને હણનારા તથા વ્યર્થ કરી નાખેલ છે અનેક દૈત્યોનાં અસ્ત્રો જેમણે તેમજ અધર્મ અને કલિ વડે પીડા પમાડેલા સાધુપુરુષોનું પાલન કરનારા અને સદ્ધર્મમાં વૈર બુદ્ધિવાળા અસુર સમૂહોને કાળની પેઠે વિનાશ કરનારા તથા પુષ્પાદિની માળા ધારેલા અને નંદજીના બાળક એવા શ્રીરાધાકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરું છું. (૩૦-૩૧) ગોપીઓના હિતને માટે આરંભેલી છે રાસલીલા જેમણે અને રાસેશ્વરી જે રાધા તેને પ્રસન્ન કરનારી છે શૃંગારચેષ્ટા જેમની અને ખભા ઉપર છે શોભાયમાન કંકુનાં ચિહ્નોવાળું વસ્ત્ર જેમને તેમજ વૃંદાવનમાં પ્રસન્નપણે વાસ કરનારા, પોતાના આશ્રિત ભક્તજનોનો આપત્તિમાંથી ઉદ્ધાર કરનારા તથા ગાયો, ગોપ અને ગોપીઓને આનંદ આપનારા એવા શ્રી રાધાકૃષ્ણ પ્રભુને હું નમન કરું છું. (૩૨-૩૩) સમગ્ર વિશ્વના શત્રુ કામદેવના ગર્વનો નાશ કરનારા તથા સંસારી જનોએ આશ્રય કરવા યોગ્ય છે બળ જેમનું અને સર્વદા સત્પુરુષોને સુખ આપનારા એવા શ્રી રાધાકૃષ્ણને હું નમન કરું છું. (૩૪) (પોતાના ખેલથી અને દિવ્ય ઐશ્વર્યો બતાવીને) આનંદિત કર્યાં છે. વ્રજવાસી બાળકો જેમણે, તથા નંદાદિને બતાવ્યો છે દિવ્યલોક (ગોલોકધામ) જેમણે તથા વિનાશ કર્યો છે પોતાના આશ્રિતજનોનો શોક જેમણે એવા શ્રીરાધાકૃષ્ણ પ્રભુને હું નમસ્કાર કરું છું." (૩૫) હે પુત્રો ! ત્યારપછી ગુરુ અને શિષ્ય સાવધાન થઈને સુશોભિત

દેવપીઠ અને અગ્નિવેદીના મધ્યભાગમાં બેસે. (૩૬) સારી રીતે સ્નાન કરી પવિત્ર થયેલા અને નિત્યવિધિ કરેલા ગુરુ (આચાર્ય) દર્ભાસન, મૃગચર્મ કે કંબલાસન પૈકી એક આસન ઉપર બેસે. (૩૭) તેમજ શિષ્ય પણ શ્વેત વસ્ત્ર ધારણ કરી ચંદનપુષ્પાદિથી અલંકૃત થઈ અગાઉ કહેલાં આસનો પૈકી કોઈ એક આસન પર બેસી સદ્‌ગુરુને નમસ્કાર કરે. (૩૮) પછી ગુરુ શિષ્યને ધોયેલાં શ્વેત વસ્ત્રો ધારણ કરાવે અને પછી શિષ્યના ગળામાં તુલસીની બેવડી કંઠી બાંધે. (૩૯) આ ગુરુ કૃષ્ણની પૂજાથી બાકી રહેલા કેસરયુક્ત સુગંધીમાન ચંદનથી શિષ્યને ચાર ઊર્ધ્વપુંડ્ર તિલક કરાવે. (૪૦) ત્યારપછી ગુરુ ગોપીચંદનથી શિષ્યના ડાબા અને જમણા બાહુ ઉપર ભગવાનનાં શંખચક્રાદિ આયુધોનાં ચિહ્ન કરે. (૪૧) ત્યારપછી ગુરુ ઉત્તરાભિમુખ થઈને પૂર્વાભિમુખ શિષ્યના જમણા કાનમાં મંત્રોપદેશ કરે. (૪૨) ગુરુ નિશ્ચલ ચિત્તવાળા હૃદયમાં શ્રીકૃષ્ણનું ધ્યાન કરતા સતા શિષ્યને છંદ આદિ સહિત અષ્ટાક્ષર મહામંત્ર આપે. (૪૩) આ શ્રીકૃષ્ણના મંત્રનો અનુષ્ટુપ છંદ છે, નારદ ઋષિ છે, કૃષ્ણ દેવતા છે, અને ભગવાનની પ્રસન્નતા માટે વિનિયોજન સંકલ્પ છે. (૪૪) તે ગુરુ ત્રણ વાર મંત્રોપદેશ કરી પૂર્વની પેઠે બેસી જાય. પછી તે શિષ્યે પાલન કરવા યોગ્ય સર્વ ધર્મોનો ઉપદેશ કરે. (૪૫) હે તાત ! તમો નિત્યે ઊર્ધ્વપુંડ્રો, તુલસીની બેવડી કંઠી ધારણ કરી ત્રણ વખત વિષ્ણુની પૂજા કરો અથવા એકવાર કરો. (૪૬) હે વત્સ ! તેમાં સંધ્યા, પૂજા, તર્પણ વગેરે કર્મમાં ગોપીચંદન નામની શ્વેત મૃત્તિકા વડે જ ઊર્ધ્વપુંડ્ર કરવું જોઈએ. (૪૭) તે ઊર્ધ્વપુંડ્ર તિલક તર્જની આંગળીથી જ કરવું અને દંડાકાર કરવું. વળી સુંદર શોભાયમાન વચ્ચે જગ્યા મૂકીને કરવું અને લલાટમાં તો નાસિકાના મૂળથી આરંભીને ઉપર કેશ પર્યંત કરવું. (૪૮) આ પ્રમાણે છાતી અને બન્ને બાહુઓ ઉપર ઊર્ધ્વપુંડ્ર કરવું. આ પ્રમાણે અહીં દ્વિજાતિના જનો માટે ચાર ઊર્ધ્વપુંડ્ર કહેલ છે. (૪૯) ભગવાનની પૂજા કરી કેસર કુંકુમાદિ મિશ્રિત પ્રસાદીભૂત ચંદન વડે તિલક દર્પણમાં જોઈને કરવું. વચ્ચે ગોળ ચાંદલો કરવો. (૫૦) અથવા પ્રસાદી કુંકુમ વડે સુશોભિત ચાંદલો કરવો તથા હૃદયમાં અને બાહુ ઉપર પણ ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર કરવું. (૫૧) હે શિષ્ય ! લલાટમાં વાસુદેવનું ધ્યાન કરતો થકો અને હૃદયમાં સંકર્ષણનું ધ્યાન તથા જમણા બાહુ ઉપર પ્રદ્યુમ્ન અને ડાબા બાહુ ઉપર અનિરુદ્ધનું સ્મરણ કરી ઊર્ધ્વપુંડ્ર કરવું. (૫૨) હે પુત્ર ! તમોએ તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી બેવડી સૂક્ષ્મ માળા સર્વદા યજ્ઞોપવીતની પેઠે ધારણ કરવી. (૫૩) અને જ્યારે તમો શ્રીહરિની પ્રસાદીની નવી બેવડી કંઠી ધારણ કરો ત્યારે આ પ્રકારના મંત્રનો પાઠ કરવો : (૫૪) 'હે તુલસી કાષ્ઠથી બનેલી માળા ! હે કૃષ્ણજન પ્રિયા ! તને હું કંઠમાં ધારણ કરું છું માટે તું મને કૃષ્ણનો વહાલો બનાવ.' (૫૫) યથાપ્રાપ્ત પુષ્પાદિ ઉપહારો વડે વિષ્ણુપૂજન કરવું. પુષ્પાદિ દ્રવ્યના અભાવમાં તો મંત્ર વડે કપટ રહિત પૂજન કરવું. (૫૬) બ્રાહ્મણવર્ણે શાલિગ્રામ ભગવાનની શિલાની પૂજા કરવી અને દીક્ષિત એવા ક્ષત્રિયાદિ ઈતર જને શ્રીકૃષ્ણ ભગવાનની ધાતુમૂર્તિની જ પૂજા કરવી. (૫૭) અને હમણાં તમોએ જે મહામંત્ર પ્રાપ્ત કર્યો છે તે ઈચ્છિત મનોરથને આપનારો મહામંત્ર ભગવાનની પૂજાના અંતે યથાશક્તિ જપવો. (૫૮) અને દરરોજ જપના અંતે પોતાના અવકાશ અનુસાર યથાબુદ્ધિ દશમ સ્કંધના અધ્યાયનો પાઠ શરીર સ્વસ્થ હોય

ત્યાં સુધી તમોએ કરવો. (૫૯) ક્વચિત્ દૈવવશાત્ કાલી-ભૈરવ ભૂત કે ગ્રહપીડાદિનો ભય પ્રાપ્ત થાય ત્યારે સાવધાન અને પવિત્ર થઈને શ્રીનારાયણ કવચ સ્તોત્રનો જપ કરવો. (૬૦) અને હે શિષ્ય ! તમોએ સાયંકાળે શક્તિ અનુસાર મંત્ર જપ કરવો તેમજ દશમ-સ્કંધનો પાઠ પણ કરવો. ભગવાનના સંબંધ વગરનો વૃથા સમય પસાર કરવો નહિ. (૬૧) અને ભગવાનની કથાનું શ્રવણ, કીર્તન, ધ્યાન અને પૂજન નિત્ય કરો. (ધર્મ-અર્થ અને કામને લગતી) પ્રવૃત્તિની સમગ્ર ક્રિયાઓમાં ઉદાસીન થાઓ. (૬૨) આપત્કાળ પડ્યા વિના સધવા પારકી સ્ત્રીને અડવું નહિ. વિષ્ણુની પ્રસાદી વિના પાંદડું પણ ખાવું નહિ. (૬૩) અને ભગવાનને નિવેદન કરેલા અન્નાદિ વડે અન્ય દેવો અને પિતૃઓનું યથાસમય યજન કરવું. (૬૪) ચાતુર્માસ તથા કાર્તિક અને માઘ માસમાં તમોએ વિશેષ નિયમો પાળવા તથા ભોજનમાં પ્રત્યક્ષ લવણ ગ્રહણ કરવું નહિ. (૬૫) મળોત્સર્ગમાં કટિસ્નાન આપત્કાળ વિના અવશ્ય કરવું. આપત્કાળ વિના મૂત્રોત્સર્ગ પણ જળ વિના ન કરવો. (૬૬) અને બ્રાહ્મમુહૂર્તમાં નિદ્રાનો ત્યાગ કરવો અને રાત્રિમાં પહેલો પ્રહર છોડી પછી શયન કરવું. (૬૭) સર્વ દશમીઓ, પારણાના દિવસો, એકાદશી-જન્માષ્ટમી વગેરે વ્રતના દિવસો અને ઉત્સવના દિવસે દિવાનિદ્રાનો ત્યાગ કરવો. (૬૮) દિવસે એકવાર અને રાત્રિએ એકવાર જમવું પણ દિવસે બે વખત કે રાત્રિએ બે વખત જમવું નહિ, પરાધીન અવસ્થામાં કે રોગાદિ અવસ્થામાં બબ્બે વખત જમવામાં દોષ નથી. (૬૯) પ્રેતાન્ન (એકાદશાહ શ્રાદ્ધ) જમવું નહિ તથા ગર્ભાધાનસંસ્કાર (સીમંત) નિમિત્તનું અન્ન જમવું નહિ. સમીપ સંબંધીઓને ઘેર આ બન્ને અન્ન જમવામાં દોષ નથી. (૭૦) ધર્મશાસ્ત્રમાં કહેલા અન્ય ધર્મોનું પણ પાલન કરતાં કરતાં સર્વકાળમાં ભગવાનની નવધા ભક્તિ કર્યા કરવી. (૭૧) અને પોતાના જીવાત્માને ચૈતન્ય સ્વરૂપ જાણવો અને ત્રણે અવસ્થાઓમાં સાક્ષી જાણવો તથા દેહ, ઈન્દ્રિયો, મન, પ્રાણ અને બુદ્ધિ વગેરેનો પ્રકાશક છે એમ જાણવો. (૭૨) આ આત્મા ક્યારેય ઉત્પન્ન થતો નથી, ક્યારેય મરતો નથી. એ પૂર્વે જન્મ પામી પુનઃ મૃત્યુ પામશે- એમ છે જ નહિ. એ અજન્મા, નિત્ય, શાશ્વત અને અનાદિ છે; શરીરનો વધ થવા છતાં એનો નાશ થતો નથી. (૭૩) એ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી તેથી તે અછેદ્ય કહેવાય છે. અગ્નિ આત્માને બાળી શકતો નથી તેથી તે અદાહ્ય કહેવાય છે, અને જળ પણ આત્માને ભીંજવી શકતું નથી આથી તે અકલેદ્ય કહેવાય છે અને વાયુ આત્માને સૂકવી શકતો નથી આથી તે અશોષ્ય કહેવાય છે. આથી આ આત્મા અવિનાશી, સર્વવ્યાપી, સ્થિર, અચલ અને શાશ્વત છે એમ જાણવો. (૭૪-૭૫) એ આત્માને આકાર નથી, જેથી ચિત્ત દ્વારા આત્માને અવ્યક્તપણે ચિંતવી શકાતો નથી, વળી તે વિકારરહિત કહેવાય છે. આથી આ આત્માને બ્રહ્મરૂપ અને સચ્ચિદાનંદ વગેરે લક્ષણવાળો જાણવો. (૭૬) બ્રહ્મરૂપ, વિશુદ્ધ અને અક્ષર એવા આત્મા વડે હૃદયકમલમાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું જ સર્વદા ચિંતવન કરવું. (૭૭) હે શિષ્ય ! તમોએ હંમેશાં સાધુપુરુષોનું જ સેવન કરવું અને તે સંતોએ આપેલા બ્રહ્મચર્યાદિક નિયમોનું પ્રત્યનપૂર્વક પાલન કરવું. (૭૮) હે શિષ્ય ! તમો સર્વ પ્રકારે અંબરીષ રાજાની પેઠે શ્રીકૃષ્ણને આશરેલા છો માટે તમો પૃથ્વી ઉપર આત્મનિવેદી તરીકે વિખ્યાત થશો. (૭૯) આ પ્રકારની ગુરુની આજ્ઞાને મસ્તક નમાવી ગ્રહણ કરીને શિષ્ય વસ્ત્ર,

ચંદન, પુષ્પ યથાશક્તિ ધન વગેરે વડે આચાર્યનું પૂજન કરે. (૮૦) ગાયો, પૃથ્વી, સુવર્ણ, ગોચરવન, ખેતર, વાડી, ઘર-આ બધું કલેશ વિના પોતાની શક્તિ પ્રમાણે ગુરુને અર્પણ કરે. (૮૧) પછી તે શિષ્ય વસ્ત્ર, ચંદન, પુષ્પાદિ વડે સાધુપુરુષોનું પૂજન કરે અને દક્ષિણા વડે અન્ય વિપ્રોનું પૂજન કરી નમસ્કાર કરે. (૮૨) પછી દીક્ષાવિધિનો જાણકાર દીક્ષાવિધિમાં વરેલો ઉત્તમ બ્રાહ્મણ આચાર્યથી મહાદીક્ષા પામેલા શિષ્યને કહે : હે મહાભાગ ! તમારું કલ્યાણ થાઓ. તમો કૃતાર્થ થયા છો. તમારું કુળ પવિત્ર થયેલું છે. (૮૩) આચાર્યના અનુગ્રહ થકી, તમારો મનોરથ (એકાંતિકપણાની પ્રાપ્તિ) રૂપ વૃક્ષ ફળદાયી થશે જ, સર્વોત્તમ સુખ પામશો. (૮૪) સર્વ સુખનું મૂળ (પોતાના ઈષ્ટદેવના સ્વરૂપ સંબંધી) જ્ઞાન છે. તે વિજ્ઞાન તો સદ્‌ગુરુ થકી પમાય માટે મુમુક્ષુ સર્વ ઇન્દ્રિયોને વશમાં કરી તે સદ્‌ગુરુ આચાર્યનું સેવન કરે. (૮૫) મુમુક્ષુ સ્ત્રી-વિષય સંકલ્પોનો ત્યાગ કરી કામને જીતે, પંચ વિષયની અભિલાષાઓનો ત્યાગ કરી ક્રોધને જીતે, પદાર્થોમાં દોષના દર્શન વડે લોભને જીતે અને તત્ત્વદર્શન વડે મરણાદિ ભયને જીતે. (૮૬) આત્મા અને અનાત્માના વિવેક વડે શોકમોહનો ત્યાગ કરે, મોટા પુરુષોના સેવન વડે દંભનો ત્યાગ કરે, મૌન વડે યોગમાં અંતરાયરૂપ લોકવાર્તાદિનો ત્યાગ કરે અને શરીર-અવયવાદિની અચેષ્ટા વડે હિંસાનો ત્યાગ કરે. (૮૭) કૃપા વડે ભૂતોથી થનાર દુઃખનો ત્યાગ કરે સમાધિ વડે દૈવી દુઃખનો ત્યાગ કરે, પ્રાણાયામાદિ યોગબળ વડે દૈહિક દુઃખનો ત્યાગ કરે, સાત્ત્વિક આહાર વડે નિદ્રા ઉપર કાબૂ મેળવે. (૮૮) શુદ્ધ સત્ત્વગુણ વડે રજોગુણ તમોગુણ જીતે, ઉપશમ વડે સત્ત્વગુણ જીતે. મુમુક્ષુ શિષ્ય ગુરુમાં ઈશ્વરબુદ્ધિપૂર્વક સેવા-ભક્તિથી આ બધું તત્કાળ અનાયાસે જીતે. (૮૯) જે શિષ્યને પરમેશ્વરમાં સર્વોત્તમ ભક્તિ હોય અને દેવમાં છે તેવી જ આચાર્યમાં ભક્તિ હોય તેવા ઉદાર મનના શિષ્યને પૂર્વે કહેલા અર્થો (કામાદિ જયરૂપી ગુણો) પ્રકાશે છે. (૯૦) માટે તમે ઉત્કૃષ્ટ ભક્તિ વડે ઈશ્વર અને ઈશ્વરમૂર્તિ ગુરુ આચાર્યનું ભજન કરો : "આ પ્રમાણે કહીને બ્રાહ્મણ સ્થાપિત શ્રીકૃષ્ણાદિ મૂતિઓનું વિસર્જન કરે. (૯૧) ત્યારપછી તે શિષ્ય વસ્ત્રાલંકાર વગેરે ઉપસ્કારો સહિત સુવર્ણની મૂર્તિ, અન્ન, વસ્ત્ર, પાત્ર, કુંભ વગેરે તથા દક્ષિણા આ બધું કર્મ કરાવનાર વિપ્રને આપે. (૯૨) દીક્ષાદાનના દિવસે ગુરુ અને શિષ્ય નિરાહાર ઉપવાસ ના કરે. એકાદશી આદિક વ્રતના દિવસે દીક્ષા આપી હોય ત્યારે તો ફલાહાર કરે. (૯૩) જે શિષ્ય સામાન્ય દીક્ષા અથવા ઉદ્ધવસંપ્રદાયમાં મહાદીક્ષા ગુરુ થકી ગ્રહણ કરે તે શિષ્ય પોતાની શક્તિ અનુસાર સાધુબ્રાહ્મણોને ભોજન કરાવે. (૯૪) ગૃહસ્થ આ પ્રકારે દીક્ષા પ્રાપ્ત કરી પોતાના આશ્રમમાં રહીને તીર્થ સેવાપરાયણ થકો પ્રતિદિન એકાંતિક ભક્તોના ધર્મોનો અભ્યાસ કરે. (૯૫) સ્થાવર અને જંગમ એમ તીર્થો બે પ્રકારનાં છે. ગંગા, દ્વારિકા અને પ્રતિષ્ઠા કરેલ ભગવાનની મૂર્તિઓ વગેરે સ્થાવર તીર્થો છે. અને સંતોને જંગમ તીર્થ જાણવા. (૯૬) ગંગા દ્વારિકા વગેરે તીર્થોનું સ્નાન, દર્શન, વંદન વગેરે વડે સેવન કરવું અને સાધુ આદિ જંગમ તીર્થોનું તેમણે કરેલો ભગવતકથાનું શ્રવણ દર્શન, અર્ચન અને ભોજન વડે સેવન કરે. (૯૭) આ પ્રમાણે મેં ત્રણ વર્ણના ગૃહસ્થની મહાદીક્ષાનો વિધિ કહ્યો. હવે ચતુર્થ વર્ણ- શૂદ્રની દીક્ષાનો થોડોક વિશેષ ભેદ કહીએ છીએ. (૯૮) આચાર્ય મહાદીક્ષા ગ્રહણ કરવા ઈચ્છતા સચ્છૂદ્રને (મહાદીક્ષામાં

અસચ્છૂદ્રને અધિકાર નથી માટે સત્ વિશેષણ મૂક્યું છે.) મહાદીક્ષા આપવાના આગલા દિવસે ઉપવાસ કરાવીને દીક્ષાના દિવસે કૃષ્ણપૂજન કરાવે. (૯૯) શ્રીકૃષ્ણના પૂજનના મંત્રો પુરાણમાં કહેલાં બોલવા, ક્યારેય વૈદિકમંત્રો ન બોલવા. હોમમાં 'શ્રી કૃષ્ણાય નમઃ' આ છ અક્ષરનો મંત્ર બોલવો. (૧૦૦) વળી શૂદ્રને અધિકાર નહિ હોવાથી સ્વાહાકાર ન બોલવો પછી આચાર્ય શૂદ્રને ભગવાનનાં ચક્રાદિ આયુધો વડે ચિહ્નિત કરી (ડાબા કાનમાં) અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કરે. (૧૦૧) પછી ગૃહસ્થોના કહેલા ધર્મોનો તે સચ્છૂદ્રને ઉપદેશ કરે.'' આ પ્રકારનો શૂદ્રોનો મહાદીક્ષા વિધિ કહ્યો. હવે અનાશ્રમી-આશ્રમ રહિતનો દીક્ષાવિધિ હું તમોને કહું છું. (૧૦૨) જે ગૃહસ્થો કહ્યા પ્રમાણે મહાદીક્ષા ગ્રહણ કરી પોતાના ધર્મમાં રહીને શ્રીહરિ મહાપ્રભુનું ભજન કરે છે તે જનો ત્યાગીજનો સમાન જાણવા. તેઓ આ લોકમાં અને પરલોકમાં અત્યંત સુખી થાય છે. (૧૦૩)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
દીક્ષાવિધિગૃહસ્થાનામહાદીક્ષાવિધિનિરૂપણ નામનો ત્ર્યાશીમો અધ્યાય થયો. ॥૮૩॥

●

## અધ્યાય-૮૪

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

જે ત્રૈવર્ણિક પુરુષ બ્રહ્મચર્યાદિ આશ્રમ રહિત હોય (સમાવર્તન સંસ્કાર કર્યા પછી પત્નીએ રહિત હોય) અને જેની પત્ની મૃત્યુ પામી હોય એવો અનાશ્રમી પુરુષ બે ઉપવાસ રૂપ પૂર્વોક્ત પ્રાયશ્ચિત્તને કરીને જ મહાદીક્ષાને ગ્રહણ કરે. (૧) અનાશ્રમી માટે દીક્ષાગ્રહણ વિધિ તો આ પૂર્વે કહેલો જ માનેલો છે. પરંતુ દેહ અને દેહના સંબંધવાળો વિશેષ ભેદ છે તે કહું છું. (૨) મહાદીક્ષા પામેલો અનાશ્રમી દાઢીમૂછ રાખે નહિ, ચોરણો, પાયજામો, સુરવાળ, અંગરખું ધારણ કરે નહિ. શ્વેત વસ્ત્રો પહેરે, રંગીન વસ્ત્રો પહેરે નહિ તથા લોકશાસ્ત્રમાં નિંદિત વિકૃત વસ્ત્ર પહેરે નહિ. (૩) અનાશ્રમી બ્રહ્મચારીની પેઠે સ્ત્રીનો ત્યાગ કરે. અન્ય દ્વારા દ્રવ્યનું રક્ષણ કરાવે અને ગૃહસ્થોમાં અગ્રેસર થઈને સાધુપુરુષોની સેવા કરે. (૪) મહાદીક્ષા ગ્રહણ કરેલા અનાશ્રમીએ તથા બ્રહ્મચારી અને ત્યાગીજને જીવનપર્યંત આપત્કાળ વિના એક વખત ભોજનનું વ્રત રાખવું. (૫) દીક્ષિત એવો તે પુરુષ દિવસમાં અથવા રાત્રિમાં એક વખત ભોજન કરે. જો રાત્રિમાં ભોજન કરે તો પહેલા પહોરે જમે અને જો દિવસમાં ભોજન કરે તો મધ્યાહ્ન સમય પછી કરે. (૬) અનુકૂળતા હોય ત્યાં સુધી તો પ્રાયઃ સદા દીક્ષિતજન રાત્રીભોજી બને કેમકે રાત્રિભોજનથી દિવસે થયેલાં સર્વ પાપો નાશ પામી જાય છે. (૭) જે પુરુષ એકવાર રાત્રિભોજન કરનારો હોય તે દિવસે પ્રાપ્ત થયેલ શ્રીહરિની પ્રસાદીરૂપ અન્ન ફળ વગેરે પવિત્ર સ્થળે સારી રીતે રક્ષણ કરે (અને રાત્રિ ભોજન સમયે જમે.) (૮) શ્રીકૃષ્ણની પ્રસાદીભૂત કંઈપણ વસ્તુ દિવસે ન જમે, તે રાત્રિમાં ભોજન સમયે જ જમે અન્યથા એકવાર ભોજનવ્રતનો ભંગ થાય. (૯) એકવાર ભોજનવ્રતવાળાએ અન્ય સમયમાં કોઈકે આપેલ પ્રસાદીભૂત અન્ન, શાક, ફળ વગેરેનો અનાદર ન કરે પરંતુ નમસ્કાર કરીને તેનો ત્યાગ કરે અથવા લઈને બીજાને આપે. (૧૦) જે પુરુષ દિવસે એકવાર ભોજન કરનારો વ્રતી હોય

તેને દિવસે ભોજનના સમયથી અન્ય સમયે જો ભગવત્પ્રસાદ પ્રાપ્ત થાય તો પવિત્ર સ્થાનમાં તેનું રક્ષણ કરે. (૧૧) વૈષ્ણવભક્ત ફળ વગેરે પ્રસાદીનું પણ સન્માન આદરપૂર્વક નમસ્કાર કરીને રાખે પણ અવગણના ક્યારેય ન કરે. (૧૨) ઉપવાસના દિવસે પ્રાપ્ત થયેલ શ્રીહરિના પ્રસાદને નમસ્કાર કરી ત્યાગ કરે અને ઉપવાસના દિવસે અન્ન ભક્ષણ તો સર્વથા ન જ કરે. (૧૩) જમતી વખતે પણ પ્રસાદીની વસ્તુ જો પ્રાપ્ત થાય અને તે પોતાને જમવાયોગ્ય ન હોય તો તે ન જમે. (૧૪) વળી જે વસ્તુને પોતે નહિ જમવાનું નિયમ રાખેલું હોય અથવા જે વસ્તુ શરીરને કષ્ટ આપનારી હોય તે વસ્તુ ભગવાનની પ્રસાદી હોય તોપણ ભક્તોએ ન ખાવી. (૧૫) વ્યવહાર સંબંધી વાર્તાઓની નિવૃત્તિ માટે દિનરાત ભગવાનનાં નામોનું કીર્તન કરવું અને ભક્તજનનાં ચિત્તને આકર્ષિત કરનારા ભગવાનના ગુણોનું ગાન કરવું. (૧૬) સામાન્ય દીક્ષા અથવા ઉદ્ધવ સંપ્રદાયની મહાદીક્ષા જે પામ્યો નથી તેવા પોતાના ભાઈએ પણ રાંધેલું અન્ન હોય તોપણ દીક્ષિત જન કયારેય જમે નહિ. (૧૭) જે માણસની સાથે ભોજન વ્યવહાર ન હોય તેવા દીક્ષિત પુરુષે રાંધેલું અન્ન હોય તો પણ સર્વ પ્રકારે ન જમવું. (૧૮) અને બ્રાહ્મણે રાંધેલું અન્ન ક્ષત્રિય વૈશ્યાદિ જમે પરંતુ દીક્ષિત બ્રાહ્મણ અદીક્ષિત બ્રાહ્મણે રાંધેલું અન્ન જમે નહિ. (૧૯) અને તે અનાશ્રમી પુરુષ જેટલા અન્ન દ્રવ્યાદિ વડે પોતાના શરીરનો નિર્વાહ થાય તેટલો જ ઉદ્યમ કરે પણ અધિક ન કરે. (૨૦) અનાશ્રમી પુરુષ નિવૃત્ત ધર્મોમાં સ્થિતિ કરે અને પોતાના અનર્થમાં કારણભૂત પ્રવૃત્તિ (પ્રવર્તેલાં સમગ્ર કર્મો)માં નિત્ય ઉદાસીન રહે; (૨૧) અને પહેરેલ વસ્ત્રની અંદર બ્રહ્મચારીની પેઠે કૌપીન રાખે અને અનાશ્રમી ભક્ત દીક્ષિત ગૃહસ્થાશ્રમી કરતાં પણ સવિશેષ ભક્તિ કરે. (૨૨) અને જો પોતે બ્રાહ્મણ હોય તો દરરોજ શાલિગ્રામની પૂજા કરે, આચાર્ય દ્વારા વિષ્ણુસૂક્તનો અર્થ શીખે અને તેનું ચિંતવન કરે. (૨૩) અનાશ્રમી પાદુકા પહેરે, જળ ભરેલું પાત્ર ધારણ કરે અને જિતેન્દ્રિય થકો પોતાના સમગ્ર વર્ણધર્મનું પાલન કરે. (૨૪) જેની સ્ત્રી મૃત્યુ પામી છે એવા અને મહાદીક્ષા પામેલા અનાશ્રમી ભક્તનો આટલો ભેદ મેં કહ્યો. (૨૫) ગૃહસ્થાશ્રમમાં રહેલો અને સત્પુરુષ તથા સચ્છાસ્ત્રોના અભ્યાસથી તીવ્ર વૈરાગ્યને પામેલો જે પુરુષ અન્ય આશ્રમમાં જવા ઈચ્છા કરે તે પુરુષ પણ, અનાશ્રમી માટે કહેલી, આ મહાદીક્ષાનો આશ્રય કરે પરંતુ કળિયુગમાં જેનો નિષેધ કરેલો છે એવા વાનપ્રસ્થ કે સંન્યાસનો આશ્રય ન કરે (૨૬-૨૭) એટલા માટે તે પુરુષ વાસુદેવ ભગવાન સંબંધી મહાદીક્ષાનો આશ્રય કરી નિર્ભય થઈને ભક્તિ વડે જ આદરપૂર્વક શ્રીહરિનું ભજન કરે. (૨૮) અને તે ગૃહસ્થાશ્રમી જો પ્રથમથી જ મહાદીક્ષા પામેલો હોય ત્યારે તે પુરુષ પણ અનાશ્રમી માટે કહેલ શ્વેતાંબર ધારણ આદિ તથા નિવૃત્ત-ધર્મમાં સ્થિતિરૂપ દેહ સંબંધી વિશેષ વિધાનનો આશ્રય કરે. (૨૯) હે પુત્રો ! જે પુરુષે ગૃહાસ્થાશ્રમપ્રાપ્તિની ઈચ્છાથી બ્રહ્મચારીધર્મનો ત્યાગ કર્યો છે પણ જેને ભાર્યા મળી નથી એવો, તથા જેની ભાર્યા મૃત્યુ પામેલી છે એવો, તથા જે વૈરાગ્યથી સ્ત્રીસુખના પરિત્યાગવાળો છે : આવા ત્રણ પુરુષોનો આ પ્રકારે મહાદીક્ષાવિધિ મેં કહ્યો તે પ્રકારે જાણવો. (૩૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં દીક્ષાવિધૌ અનાશ્રમિણાંમહાદીક્ષાવિશેષનિરૂપણ નામનો ચોર્યાસીમો અધ્યાય થયો. ॥૮૪॥

●

# અધ્યાય-૮૫

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે પુત્રો ! ઉપનયન સંસ્કાર પામેલો વેદના અધ્યયનપરાયણ, અને જેને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયેલો છે એવો થકો નૈષ્ઠિક વ્રતવાળો થવા ઇચ્છે તેવો બ્રાહ્મણ ઉદ્ધવ સંપ્રદાયના આચાર્યને તત્કાળ શરણે જાય ત્યારે તે આચાર્ય શરણે આવેલા શિષ્યને પ્રથમ અભયદાન આપે. (૧-૨) પછી ઉદ્ધવ સંપ્રદાયના ગુરુ વિધિ જાણનાર બ્રાહ્મણને બોલાવીને પોતાના આશ્રિત બ્રહ્મચારી દ્વારા જ તે શરણાગતને નૈષ્ઠિક વ્રત અપાવે. (૩) પછી સર્વતોભદ્ર મંડળમાં શ્રીરાધાકૃષ્ણનું પૂજન કરાવી તે પુરુષને મુંજની મેખલા આપે. (૪) બે કૌપીન, કૌપીન ઉપર પહેરવાનાં બે વસ્ત્રો, મૃગચર્મ, પલાશનો દંડ અથવા વાંસનો દંડ અને તાંબાનું કમંડલુ આપે. (૫) તે પછી આચાર્ય તે શિષ્યને વિષ્ણુગાયત્રીમંત્રનો ઉપદેશ કરે. આ વિષ્ણુ ગાયત્રીના ઋષિ નારદ છે, ગાયત્રી નામનો છંદ છે અને શ્રીહરિ દેવતા છે. (૬) આ વિષ્ણુ ગાયત્રી નામના મંત્રનો જમણા કાનમાં ત્રણ વાર ઉપદેશ આપીને તે ગુરુ શિષ્યનું આનંદ શબ્દ છે અંતમાં જેનું એવું (કૃષ્ણાનંદ-વાસુદેવાનંદ વગેરે) નામકરણ કરે. (૭) ત્યારબાદ તે શિષ્યને ધર્મશાસ્ત્રમાં કહેલા નૈષ્ઠિક બ્રહ્મચારીઓને હિત કરનારા ધર્મો તથા આઠ પ્રકારના બ્રહ્મચર્યનો શિષ્યને ઉપદેશ કરે. (૮) ત્યારબાદ તે બ્રહ્મચારી શિષ્ય ચંદનપુષ્પાદિ વડે આચાર્યની પૂજા કરી દંડવત કરે અને ગુરુએ કહેલા પોતાના ધર્મોમાં જ હંમેશાં વર્તે. (૯) આ શિષ્ય જ્યારે ધર્મશાસ્ત્રમાં કહેલા નૈષ્ઠિક ધર્મોમાં પરિપક્વ થાય ત્યારે આચાર્ય તેને મહાદીક્ષા આપે. (૧૦) ગુરુ પ્રથમથી બ્રહ્મચારીની પરીક્ષા કરે. વળી અષ્ટધા સ્ત્રીત્યાગરૂપ બ્રહ્મચારી ધર્મોમાં તેની સ્થિરતા જોઈને, સદ્‌ગ્રંથોનું અધ્યયન જોઈને, સેવકની અનુકૂળતા, સંબંધીજનોની સંમતિ અને તેના અંગની અવિકળતા વગેરે જોઈને પછી તે શિષ્યને દીક્ષા આપે. (૧૧-૧૨) પ્રથમ દિવસે દેહની શુદ્ધિ માટે ઉપવાસ કરાવીને એકાદશી કે દ્વાદશીના દિવસે વિધિપૂર્વક આચાર્ય દીક્ષા આપે. (૧૩) પૂર્વની પેઠે ગુરુ પ્રથમ બ્રાહ્મણની પાસે મંડળ કરાવીને શ્રી રાધાકૃષ્ણનું પૂજન અને હોમ વિધિ અનુસાર કરાવે. (૧૪) પછી ગુરુ બે શ્વેત વસ્ત્રો અને બેવડી તુલસીની કંઠી બ્રહ્મચારીને આપે ત્યારબાદ બાહુઓ ઉપર શંખ-ચક્રાદિની મુદ્રાઓ આપે. (૧૫) પછી નમસ્કાર કરી પૂર્વાભિમુખે બેઠેલા બ્રહ્મચારીને ઉત્તરાભિમુખે બેસીને આચાર્ય અષ્ટાક્ષર મહામંત્રનો ઉપદેશ આપે. (૧૬) ગુરુ જમણા કાનમાં અષ્ટાક્ષર મહામંત્ર ત્રણ વાર ઉપદેશ આપીને ધર્મોનો ઉપદેશ આપે : 'હે શિષ્ય ! તમે પોતાની માતા અથવા ગુરુપત્નીની સાથે ક્યારેય પણ બોલશો નહિ. (૧૭) હે બ્રહ્મચારિન્ ! તમો મનુષ્યજાતિની સ્ત્રીનો આકાર જોશો નહિ. અજ્ઞાનથી પણ સ્ત્રીમુખમાં રૂપ, અને ઉંમરની વિક્તિ થઈ જાય તો એક ઉપવાસ કરશો. (૧૮) જે પ્રકારે પોતાનું નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત ભ્રષ્ટતાને પામે નહિ તે પ્રમાણે તમારે વર્તવું. તમારે સ્ત્રીની માફક ક્યારેક ધનનો પણ સ્પર્શ કરવો નહિ. (૧૯) બ્રહ્મચર્યવ્રતવાળા તમોએ દરરોજ નિયમપૂર્વક પોતાના સામર્થ્ય અનુસાર આદરપૂર્વક સચ્છાસ્ત્રનો પાઠ કરવો.' (૨૦) આ પ્રમાણે ગુરુએ ઉપદેશેલો બ્રહ્મચારી 'જેમ તમોએ કહ્યું તેમ જ હું કરીશ'

આ પ્રકારે કહી ગુરુને નમસ્કાર કરે, ભગવાનના એકાંતિક સંતોને નમસ્કાર કરીને તેમના વચનમાં દૃઢ સ્થિતિવાળો થાય. (૨૧) હે પુત્રો ! બ્રહ્મચારીને મહાદીક્ષા આપવામાં આટલો વિશેષ છે. બ્રહ્મચારીને પણ મહાદીક્ષાગ્રહણમાં બીજો સમગ્ર વિધિ અગાઉ કહ્યા મુજબ જાણવો. (૨૨) બ્રાહ્મણનું બ્રહ્મચર્ય મહાદીક્ષા વડે અતિશય વૃદ્ધિને પામે છે માટે વર્ણિ, ઉદ્ધવસંપ્રદાયના ગુરુ થકી, મહાદીક્ષા ગ્રહણ કરીને આ લોકમાં નૈષ્ઠિક બ્રહ્મચારી માટે કહેલા નિયમોનું પાલન કરે જ. (૨૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં દીક્ષાવિધૌબ્રહ્મચારિણાં મહાદીક્ષાવિધિનિરૂપણ નામનો પંચ્યાશીમો અધ્યાય થયો. ॥૮૫॥

●

## અધ્યાય-૮૬

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે પુત્રો ! હવે હું તમોને ત્યાગીજનો માટેના દીક્ષાવિધિનો ક્રમ કહીશ. તે અનુક્રમ પ્રમાણે જ મહાદીક્ષા ગુરુએ આપવી, અન્ય રીતે ન આપવી. (૧) વિવેકમાં કુશળ, ધૈર્યવાળો, મુમુક્ષુ, શ્રદ્ધાવાળો જે ત્રૈવેર્ણિક પુરુષ તીવ્ર વૈરાગ્યના વેગથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવા ઇચ્છે તે પુરુષ, પોતાનું ઔર્ધ્વદૈહિક ક્રિયા યથાવિધિ કરી, પોતાના જ્ઞાતિકુટુંબીજનોની આજ્ઞા ગ્રહણ કરી, આચાર્યને શરણે જાય. (૨-૩) પછી તે આચાર્ય તે શિષ્યને અમુક સમય પોતાની સમીપે રાખીને ત્યાગીદીક્ષાના અધિકારીપણાની પરીક્ષા કરે. (૪) આચાર્ય તે શિષ્યના પૂર્વે કહેલાં શાંત-સુશીલત્વ વગેરે લક્ષણોથી સંપન્નપણું તેમ જ અંધત્વ, કાણત્વ, જડત્વ, રોગાદિ દોષોથી રહિતપણું જોઈ તે શિષ્યના વૈરાગ્યની તીવ્રતાની પરીક્ષા કરે અને સંતોના મંડળમાં મળતા સ્વભાવથી પણ યથાર્થપણે પરીક્ષા કરે. (૫-૬) પછી તેના સંબંધીજનો ફરીથી સાધુધર્મમાં વિક્ષેપ કરનારા છે અથવા નથી તે અંગે ગુરુ સ્વયં તપાસ કરાવે. (૭) જો સંબંધીઓ વિક્ષેપ કરનારા હોય તો તે શિષ્યને પાછો ઘેર મોકલે અને એમ ન હોય તોપણ શિષ્યને વૈરાગ્યની મંદતા હોય તેને ઘેર પાછો મોકલે. (૮) વૈરાગ્યની તીવ્રતા હોય અને ધર્મપાલનમાં તે શિષ્યની રુચિ હોય તેનો નિશ્ચય કરીને ગુરુ પોતાના આશ્રિત ત્યાગી દ્વારા દીક્ષા અપાવે. (૯) તે દીક્ષા એકાદશીને દિવસે અથવા બારસને દિવસે આપવાની શાસ્ત્રમાં કહેલી છે. દીક્ષાગ્રહણને પ્રથમ દિવસે નિરાહાર ઉપવાસ કરવાનો છે. (૧૦) શિષ્યને બગલ, ઉપસ્થ અને શિખાએ રહિત મુંડન માનેલું છે. આચાર્ય સર્વતો ભદ્ર મંડળ વગેરે બધું પૂર્વની માફક કરાવે. (૧૧) પછી સ્નાન કરી શ્વેત વસ્ત્ર ધારણ કરેલા શિષ્ય પાસે ઉત્તમ બ્રાહ્મણ શ્રી રાધાકૃષ્ણની પૂજા કરાવે. (૧૨) આચાર્યને આશ્રિત સાધુ પોતાના આચાર્યને શરણે આવેલા શિષ્યને પ્રથમથી કૌપીન અને પહેરવાનું વસ્ત્ર તથા લાલ મૃતિકાથી રંગેલી ગોદડી આપે. (૧૩) પછી સાધુ તે શિષ્યને ભિક્ષાપાત્ર, જળપાત્ર આપી લલાટ, હૃદય અને બન્ને બાહુ ઉપર ઊર્ધ્વપુંડ્ર તિલક કરાવી પછી શિષ્યને ગળામાં તુલસીની બેવડી કંઠી બાંધે. (૧૪) પછી તે સાધુ શિષ્યને રૂમાંથી કાંતેલા સૂતરની બનાવેલ, આચાર્યના ત્રણ પ્રવરની ત્રણ ગ્રંથિઓવાળી, એક જ નવીન

યજ્ઞોપવીત આપે. (૧૫) ત્યારપછી તે આચાર્ય પૂર્વાભિમુખ એવા શિષ્યને ઋષિ, દેવતા, છંદવાળી વિષ્ણુ ગાયત્રીનો ઉપદેશ કરે. (૧૬) આનંદ, મુનિ અથવા દાસ આ ત્રણ પૈકી એક શબ્દ જેના અંતમાં હોય તેવું નામ પાડે. પછી ત્યાગધર્મને અનુસરનારા ધર્મશાસ્ત્રમાં કહેલા ધર્મોનો શિષ્યને ઉપદેશ આપે. (૧૭) પ્રતિદિન યથાશક્તિ શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પાઠ કરવાનો ઉપદેશ કરે અને અન્ય વિધિ તો પહેલાં કહેલા પ્રમાણે જાણવો. (૧૮) આવી રીતે ત્યાગીદીક્ષા પામેલો સાધુ આચાર્યને દંડવત્ પ્રણામ કરે અને બીજા સાધુ બ્રહ્મચારીઓને પણ નમન કરે. (૧૯) તે શિષ્ય ગુરુના મંડળ (પોતાના આચાર્યે દીક્ષા આપવાના પ્રસંગે જેને કાષાયાદિ અપાવવારૂપ સાધુદીક્ષાના એક અંશરૂપમાં ગુરુ કર્યા છે તેના મંડળ)માં રહીને ગુરુની સેવા કરતો થકો એકાંતિક ભગવદ્ ભક્તોના ધર્મોનું સેવન કરે અને બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરે. (૨૦) તે દીક્ષિતજન આળસ રહિત થઈને ગુરુ પાસેથી નિત્ય કર્મવિધિનો અભ્યાસ કરે અને તે જ પ્રકારે નિત્ય અનુવર્તન કરે. (૨૧) પછી ત્યાગી સાધુ, મન, વાણી અને કાયાથી ગુરુના હિતનું આચરણ કરતો સતો, ખેડૂતને આધીન જેમ બળદ રહે છે તેમ, ગુરુને વશ વર્તનારો થાય. (૨૨) અને તે બુદ્ધિમાન પોતે બ્રહ્મરૂપ થાય તોપણ પરબ્રહ્મ શ્રીકૃષ્ણના દૃઢ દાસ્યપણાનો ક્યારેય ત્યાગ ન કરે અને ભગવાનના એકાંતિક સાધુઓની સેવાનો પણ ત્યાગ ન કરે. (૨૩) માનાદિ દોષ રહિત શુદ્ધ મનવાળો સાધુ યથાયોગ્ય સાધુનું દાસત્વ કરતો સતો સાધુઓના ભયજનક તિરસ્કાર, અપમાન, કટુવચન વગેરે સહન કરે. (૨૪) તિરસ્કાર કરનારા સાધુજનોને નારાયણબુદ્ધિથી પ્રેમપૂર્વક પ્રસન્ન કરે. આળસે રહિત થઈને સાધુઓની સેવાપરાયણ થાય. (૨૫) જેમ ગૃહસ્થાશ્રમી સ્ત્રી-પુત્રાદિનાં કઠોર વચનો સહન કરે છે, તેવી જ રીતે સાધુઓએ કહેલી હિતકારી કઠોર વાણીને પણ સહન કરે. (૨૬) જે સાધુ પુરુષ પોતાની ઈચ્છા અનુસાર વર્તવાનો ત્યાગ કરીને શ્રીહરિનો એકાંતિક ભક્ત થઈ સાધુજનોને આધીન થાય તે ભગવાનના અક્ષરધામને પામે. (૨૭) આ લોકમાં આવા લક્ષણવાળા જે ત્યાગી ભક્તો હોય તેમાં પણ જે ત્યાગી ભક્તો મહાદીક્ષાને પ્રાપ્ત કરવા ઈચ્છે તેમનો વિધિ હું કહું છું. (૨૮) તેમાં જે સાધુઓ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મની પક્વતાને થોડા કે બહુ સમયથી પ્રાપ્ત થયેલા હોય. (૨૯) તેમાં પણ જ્ઞાનાદિ પરિપક્વતાવાળા સાધુઓમાં પણ જે સાધુઓમાં બ્રહ્મચર્ય, અલ્પાહાર, નિઃસ્વાદપણું તેમજ અહિંસા અને ગુરુભક્તિ વગેરે ધર્મ જ્ઞાનાદિ કરતાં પણ અધિક હોય, તથા જેમને સેવકો સેવામાં અનુકૂળ હોય તથા જેઓ યથાશક્તિ સચ્છાસ્ત્રોને ભણેલા હોય-આવાં લક્ષણવાળા સાધુઓ આ મહાદીક્ષામાં અધિકારી કહેલા છે. (૩૦-૩૧) તથા જે ભાગવતાદિક સચ્છાસ્ત્રો ભણેલા ન હોય તોપણ જે અનાયાસે સમગ્ર યમનિયમાદિ અષ્ટાંગને સાધનાર હોય તે સાધુઓ પણ મહાદીક્ષામાં અધિકારી જાણવા. (૩૨) મહાદીક્ષા લેવાની ઈચ્છાવાળો હોય તે સાધુ આચાર્યને શરણે જાય અને તે આચાર્ય પણ તે સાધુની અધિકારપણાની પરીક્ષા કરીને જ તેને મહાદીક્ષા આપે. (૩૩) જેવો નૈષ્ઠિક બ્રહ્મચારીને મહાદીક્ષા એકાદશી આદિ સમય, સર્વતોભદ્ર મંડળમાં મૂર્તિપૂજન, હોમ વગેરે વિધિ કહેલો છે તેવી જ રીતે આ ત્યાગીમહાદીક્ષામાં પણ જાણવો. (૩૪) પછી આચાર્ય તે શિષ્યને શ્વેત કૌપીન, શ્વેત આચ્છાદન વસ્ત્ર અને એક ઓઢવાનું શ્વેત વસ્ત્ર

આપે. (૩૫) પછી તેને કંઠમાં ધારણ કરવા તુલસીની બેવડી કંઠી આપે અને અગાઉ કહ્યા પ્રમાણે બન્ને ભૂજાને શંખચક્રથી ચિહ્નિત કરે. (૩૬) પછી આચાર્ય પોતાના હૃદયમાં શ્રીકૃષ્ણને ધારીને બન્ને હાથ જોડેલા સાધુ શિષ્યને મહામંત્રનો ઉપદેશ કરે. (૩૭) પછી આચાર્ય પ્રણત એવા તે શિષ્યને ધર્મોનો ઉપદેશ કરે : 'હે શિષ્ય! તારે સદા પોતાનું અષ્ટધા બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. (૩૮) મનુષ્યજાતિની સ્ત્રીમાત્રની આકૃતિ જોઈશ નહિ અને અજાણતા રૂપ અને અવસ્થાના વિવેકપૂર્વક સ્ત્રીમુખ જોવાઈ જાય તો તારે એક ઉપવાસ કરવો. (૩૯) અને હે શિષ્ય ! સારા લક્ષણવાળા એક શાલિગ્રામની દરરોજ યથાપ્રાપ્ત ઉપચારોથી ભક્તિપૂર્વક તારે પૂજા કરવી. (૪૦) શ્રીમદ્ ભાગવતના પંચમસ્કંધનો યથાશક્તિ પ્રતિદિન ભોજન પહેલાં જ તમારે નિયમ તત્પર થઈ ધીમેથી પાઠ કરવો. (૪૧) અને અલ્પાહાર કરવો તથા અલ્પનિદ્રા અને ભક્તિનિષ્ઠાનો આશ્રય કરવો તથા વિરક્ત, આત્મનિષ્ઠ એવા તમારે બ્રહ્મચર્યવ્રતમાં દૃઢ રહેવું. (૪૨) અને અન્ય જે ત્યાગીના ધર્મો કહેલા છે તે બધા દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી મારી આજ્ઞાથી પાળવા.'' (૪૩) આચાર્ય આ રીતે આત્મનિવેદી સાધુને ઉપદેશ કરે. આ ત્યાગી દીક્ષામાં આટલો વિશેષ છે. બીજો વિધિ તો પૂર્વે કહેલા પ્રમાણે જાણવો. (૪૪) હે પુત્રો ! શ્રી રામાનંદ સ્વામીએ કહેલ અને શાસ્ત્રસંમત એવો ત્યાગીદીક્ષાનો વિધિ મેં તમોને કહ્યો. અને તે દીક્ષા પામેલા ત્યાગીસાધુ અને બ્રહ્મચારીઓએ શ્રી દ્વારિકાધીશની યાત્રા કરવી. (૪૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
દીક્ષાવિધૌત્યાગિનાંમહાદીક્ષાવિધિનિરૂપણ નામનો છયાશીમો અધ્યાય થયો. ॥૮૬॥

●

## અધ્યાય-૮૭

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે પુત્રો ! ઉદ્ધવસંપ્રદાયમાં સામાન્ય અને વિશેષ દીક્ષાને પામેલા સર્વ જનોએ પ્રતિદિન શ્રીકૃષ્ણનું પૂજન કરવું. (૧) દીક્ષા પામેલા સમગ્રજનોએ દરરોજની પૂજા માટે શ્રીકૃષ્ણની પ્રતિમા આચાર્ય પાસેથી ગ્રહણ કરવી. (૨) સામાન્ય અને વિશેષ દીક્ષા પામેલા ત્રણ વર્ણના અને સત્શૂદ્રોએ તથા બ્રહ્મચારી અને ત્યાગીજનોએ શ્રીકૃષ્ણની મૂર્તિ પૂજવી. બીજા અસત્શૂદ્રોએ પૂજવી નહિ. (૩) ચિત્રેલી અથવા ધાતુની જે મૂર્તિ આચાર્યે પ્રતિષ્ઠા કરીને આપેલી હોય તે પ્રતિમા જ પૂજવી. તે જ પૂજવા યોગ્ય છે. બીજી પૂજવા યોગ્ય નથી. (વંદના કરવામાં દોષ નથી.) (૪) ભગવાનની પૂજાના અંતે ભગવાનનું ચરણામૃત પોતાના જમણા હાથમાં ગ્રહણ કરીને દરરોજ આ મંત્રથી પાન કરવું. (૫) અકાળમૃત્યુનું નિવારણ કરનાર અને સમગ્ર વ્યાધિને નાશ કરનાર સકળ તીર્થમય વિષ્ણુનું પાદોદક હું મારા ઉદરમાં ધારણ કરું છું. (૬) ભગવાનના ચરણોદકના પાનથી કોટિ જન્મોનાં પાપોનો નાશ થાય છે. પૃથ્વીમાં ચરણોદકનું નીચે ટીપું પડે તો તેના પાનથી થનારા સુકૃત કરતાં આઠગણું પાપ થાય છે. (૭) દીક્ષિતજનોએ સર્વ પ્રકારે પ્રમાદને છોડી નિત્ય શ્રીહરિ મહાપ્રભુની શ્રવણાદિક નવધા ભક્તિ દૃઢપણે કરવી. (૮) આ ઉદ્ધવ સંપ્રદાયમાં ભગવાનની

ભક્તિ કરતાં સર્વ પુરુષોએ પણ જે પ્રકારે શ્રીહરિનો અપરાધ ન થાય તે રીતે સર્વદા વર્તવું. (૯) (આ અપરાધો દર્શાવે છે :) ભગવાનના મંદિરે વાહન ઉપર બેસીને જવું, પાદુકાઓ પહેરીને જવું, જન્માષ્ટમી વગેરે ઉત્સવોમાં સેવા ન કરવી, ભગવાનની આગળ પ્રણામ ન કરવા. (૧૦) ભગવાનના મંદિરમાં ઊંચા આસન ઉપર બેસવું, તથા ભગવાનના મંદિરમાં એકલી સ્ત્રી સાથે એકલા પોતાની ક્ષણવાર સ્થિતિ તે અપરાધ છે. (૧૧) મળમૂત્રાદિ ત્યાગ કર્યા પછી પવિત્ર થયા વિના ભગવત્સ્પર્શાદિ, એક હાથથી ભગવાનને નમસ્કાર કરવો. મંદિરમાં અપશબ્દ બોલવા. (૧૨) શ્રીહરિની આગળ પગ લંબાવીને બેસવું, શ્રીહરિની સન્મુખ ઢીંચણ બાંધીને બેસવું, શ્રીહરિની આગળ શયન કરવું, શ્રીહરિની આગળ નાગરવેલીનાં પાન વગેરેનું ભક્ષણ કરવું તથા અસત્ય બોલવું. (૧૩) ઊંચા સ્વરે બૂમો પાડી બોલવું, (મૃતકોને સંભારીને) રુદન કરવું, કોઈના ઉપર હુકમ ચલાવવો કે તાડન કરવું, કોઈની સાથે કલહ કરવો, તથા સ્ત્રીઓને બુદ્ધિપૂર્વક નીરખવી, તેના અંગનો સ્પર્શ કરવો, તેમની સાથે કઠોર વાણી વ્યવહાર કરવો. (૧૪) શક્તિ હોવા છતાં ફળાહારાદિથી ભગવાનના વ્રતનો ઉપવાસ કરવો, ભગવાનને નિવેદન કર્યા વગરનું કંઈપણ ખાવું, શ્રીહરિની આગળ અપાનવાયુ છોડવો તે અપરાધ છે તથા ભગવાનની આગળ પગ ઉપર પગ ચઢાવીને બેસવું, (૧૫) ભગવાનની સમીપે લૌકિક વાર્તા કરવી, પોતાને મોઢે પોતાનાં વખાણ કરવાં, શ્રીહરિની સામે પૂંઠ કરીને બેસવું - આ બધા શ્રીહરિની નવધા ભક્તિમાં અપરાધો માનેલા છે. (૧૬) માટે ભગવાનની પ્રસન્નતાને ઈચ્છતો પુરુષ આપત્તિકાળ વિના આ અપરાધોને સાવધાન થકો ન કરે. શ્રીકૃષ્ણનો પૂજારી-ભક્ત તો વિશેષપણે આ અપરાધો ન કરે. (૧૭) આ કહેલા સર્વ અપરાધો પૈકી પ્રમાદવશ કોઈ એકાદ અપરાધ થઈ જાય તો ભક્તજન એકાદ દિવસ ઉપવાસ કરે. (૧૮) દંડવત્ પ્રણામ કરીને, સ્તુતિ વિનય અને આ મંત્રથી, આદર સહિત ભગવાનની ક્ષમા માગવી. (૧૯) હે પુરુષોત્તમ ! મારાથી રાત્રિ દિવસ આપના હજારો અપરાધો થાય છે તેથી ‘આ મારો દાસ છે’ એમ મને જાણીને મને ક્ષમા કરો. (૨૦) સમગ્ર દીક્ષિત જનોએ ચરણોદક અને પ્રસાદી અન્ન કેવળ એક પોતાના આચાર્યનું જ ગ્રહણ કરવું. પરંતુ તેમના વિના બીજાનું ક્યારેય પણ ગ્રહણ કરવું નહિ. (૨૧) વર્ણાશ્રમધર્મની સંકરતા જે પ્રકારે ન થાય અને જ્ઞાતિજનોથી કરાતી નિંદા ન થાય તે પ્રકારે જ ચરણામૃત અને પ્રસાદી અન્ન લેવું. (૨૨) આચાર્યે જે ફળાદિક દાંતોથી ચાવીને (શેરડી વગેરે) આપેલું હોય તે પણ ન ખાવું. આ ઉદ્ધવ સંપ્રદાયની બાંધેલી મર્યાદા છે. (૨૩) આ પ્રમાણે પોતપોતાના ધર્મોમાં રહેલા જે દીક્ષિત ભક્તો છે તે જ્ઞાનવૈરાગ્યથી સંપન્ન સતા એકાંતિક ભક્તો કહેલા છે. (૨૪) તે ભક્તો દેહના અંત સમયે દિવ્ય દેહવાળા થઈ, સૂર્ય સમાન તેજસ્વી વિમાનો દ્વારા, શ્રીકૃષ્ણના ગોલોક નામના પરમ ધામને પામે છે. (૨૫) તે ભક્તો તે ધામમાં શ્રીદામ-નંદાદિ પાર્ષદોએ સેવન કરતા શ્રી રાધાકૃષ્ણને પામીને ઈચ્છિત સુખને પ્રાપ્ત કરે છે. (૨૬) બે પ્રકારની આ દીક્ષા આચાર્ય પુરુષ પુરુષોને જ આપે, ક્યારેય પણ સ્ત્રીઓને આપે નહિ. સ્ત્રીઓને (આચાર્યશ્રી) સ્વપત્ની દ્વારા દીક્ષા અપાવે. (૨૭) આચાર્ય સ્ત્રીઓને દીક્ષા આપવા જતાં, સ્ત્રીઓના અતિ પ્રસંગથી, ધર્મભ્રષ્ટ થાય અને નષ્ટ થયું છે પાપયુક્ત આચાર્યપણું જેનું એવા થાય. (૨૮)

ધર્મભ્રષ્ટ આચાર્ય પોતાના નામથી સંપ્રદાયને પ્રવર્તાવનારા પોતાના આચાર્ય ઉદ્ધવને દોષયુક્ત કરતો સતો ગુરુદ્રોહી થાય. આથી સ્ત્રીઓને ઉપદેશ આપવાનું આચરણ ન કરે. (૨૯) હે પુત્રો ! આ પ્રમાણે મેં સંક્ષેપથી તમને દીક્ષાવિધિ કહ્યો. આ દીક્ષાવિધિનું સેવન કરવાથી સર્વ પ્રકારના મનોરથો અવશ્ય સિદ્ધ થાય છે. (૩૦) પ્રત્યક્ષ ઉદ્ધવાવતાર રામાનંદગુરુએ દયા કરીને આ દીક્ષાવિધિ મને ઉપદેશ કર્યો હતો તે વિધિ મેં તમોને બન્નેને કહ્યો. (૩૧) હે સુતો ! દીક્ષાવિધિ જાણવા માટે તમોને મેં કહ્યો તે વિધિ તમો બન્નેએ સારી રીતે ચિત્તમાં ધારણ કરવો અને પોતાના સમાશ્રિતોને અધિકાર અનુસાર દીક્ષા આપવી. (૩૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
દીક્ષાવિધૌદીક્ષિતપુરુષસાધારણધર્મનિરૂપણ નામનો સત્યાશીમો અધ્યાય થયો. ॥૮૭॥

●

## અધ્યાય-૮૮

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે પુત્રો ! હવે સ્ત્રીઓને દીક્ષા આપવાનો વિધિ હું તમોને કહું છું. તે વિધિ સાંભળીને જે અલગ અલગ પોતાની પત્નીઓને ઉપદેશ કરો. (૧) પોતે કરેલાં કર્મોનાં પરિણામે કૂતરાં ભૂંડ વગેરે યોનિઓમાં વારંવાર ભ્રમણ કરનારીઓ અને અનેક પતિઓથી કલેશ પામેલી સ્ત્રીઓને શ્રીકૃષ્ણ જ સંસારચક્રથી રક્ષણ માટે વરવાયોગ્ય છે. (૨) રાધા અને લક્ષ્મીની પેઠે ગોપીઓ એકાંતિકી ભક્તિથી કૃષ્ણને વરીને સંસારથી મુકાઈને પોતાને ઇચ્છિત સુખને પામી છે. (૩) આથી અતિ બુદ્ધિશાળી સ્ત્રીઓ ધર્મવંશના ગુરુપત્ની(ગાદીવાળા)નો સમાશ્રય કરીને તેમની પાસે દીક્ષા પામીને આદરપૂર્વક શ્રીહરિનું ભજન કરે. (૪) જે સ્ત્રી પતિવ્રતાધર્મના ભંગથી ભય પામનારી થાય તે સ્ત્રી તો ક્યારેય પણ ધર્મવંશના પુરુષ થકી પણ દીક્ષા ગ્રહણ ના જ કરે. (૫) પુરુષને સ્ત્રીની આકૃતિનું દર્શન અને સ્ત્રીને પુરુષની આકૃતિનું દર્શન પરસ્પર અવશ્ય જ મનના વિકારમાં હેતુ થાય છે. (૬) આ કળિયુગમાં પુરુષ પાસેથી દીક્ષા ગ્રહણ કરી હજારો સ્ત્રીઓ પોતાના પતિવ્રતાના ધર્મથી ભ્રષ્ટપણાને પામીને પશુઓની સમાન દેખાય છે. (૭) માટે આ કલિયુગમાં સ્ત્રીઓ પુરુષોથી દીક્ષા ગ્રહણ કરે નહિ. મે શ્રી રામાનંદમુનિના મુખથી જેવો સ્ત્રીનો દીક્ષાવિધિ સંભાળ્યો છે તેવો કહું છું. (૮) જે સ્ત્રી જન્મમરણરૂપ સંસારથી અને યમદંડથી ભય પામેલી પોતાનું કલ્યાણ ઇચ્છતી, પોતાના પતિવ્રતા ધર્મનું રક્ષણ કરવા ઇચ્છતી, શ્રદ્ધાવાળી, સત્-અસત્‌ના વિવેકવાળી, મુક્તિની ઇચ્છાવાળી સ્ત્રી તત્કાળ જ ઉદ્ધવ સંપ્રદાયોમાં વર્તમાન પોતાના ધર્મમાં દ્દઢ સ્થિતિવાળાં આચાર્ય-પત્નીને શરણે જાય. (૯-૧૦) વાસુદેવ ભગવાન સંબંધી એકાંતિકી ભક્તિવાળા, પતિવ્રતા, પોતાના સમીપ સંબંધી સિવાયના અન્ય પુરુષો સાથે ભાષણ કે સ્પર્શ નહિ કરનારાં અને એકાદશી વગેરે સર્વ વ્રતોને કરનારાં તથા શ્રીહરિ સંબધી ઉત્સવો કરનારાં અને આચાર્યની આજ્ઞાપરાયણ એવાં તે ગુરુપત્ની શરણે આવેલી નારીને ઉપદેશ આપે. (૧૧-૧૨) તે આચાર્યપત્ની સ્નાન કરેલાં, ધોયેલાં વસ્ત્રો ધારેલાં, કરેલું છે શ્રીકૃષ્ણ પૂજન જેમણે એવાં થકાં ભોજનથી પહેલાં જ અર્થાત્

જેણીએ અન્નાદિ આહાર કર્યો નથી એવી સ્ત્રીને દીક્ષા આપે. (૧૩) આચાર્યપત્નીએ પોતાના સ્વામીની અનુજ્ઞા મેળવીને જ સ્ત્રીને મંત્રોપદેશ આપવો પણ ક્યારેય સ્વતંત્રપણે મંત્રોપદેશ ન આપવો. (૧૪) આ સામાન્ય દીક્ષામાં તિથિ-વાર વગેરેનો નિયમ નથી. જ્યારે જે સ્ત્રીને મોક્ષેચ્છા થાય ત્યારે તે સ્ત્રીને દીક્ષા આપવી. (૧૫) પ્રથમ સ્નાન કરીને ધોયેલાં વસ્ત્ર પહેરેલી શિષ્યા સ્ત્રી જમણા હાથમાં ફળ ગ્રહણ કરીને જ આચાર્યપત્નીને પામીને તેની સમીપમાં ફળ મૂકે. (૧૬) પછી હાથ જોડીને પ્રણામ કરે પછી બન્ને હાથ જોડીને આચાર્યપત્ની પ્રત્યે બોલે : "હે સ્વામિની ! પાખંડી ગુરુઓ અને પાપો થકી મારી રક્ષા કરો." (૧૭) પછી આચાર્યપત્ની શિષ્યાને આશ્વાસન આપી અભય આપવા માટે બોલે : "હે શિષ્યે ! તું ભય પામીશ નહિ.. વાસુદેવ ભગવાન તમારું સમગ્ર ભય થકી રક્ષણ કરશે જ." (૧૮) આ પ્રમાણે કહી શિષ્યાને પાસે બેસાડી જમણા હાથમાં જળ આપીને આ ગુરુપત્ની આ મંત્રનો ઉચ્ચાર કરતી સતી સંકલ્પ કરાવે : (૧૯) "કાળ, માયા, પાપકર્મ અને યમદૂતોના ભયથી હું શ્રીકૃષ્ણદેવના શરણમાં આપેલી છું. તે ભગવાન મારું રક્ષણ કરો." (૨૦) પછી તે શિષ્યાને કંઠમાં ધારણ કરવા યોગ્ય ઝીણા પારાની તુલસીની બેવડી કંઠી તેના કંઠમાં પહેરાવે અને ભાલમાં કુંકુમનો ચાંલ્લો કરે. (૨૧) જો શિષ્યા વિધવા હોય તો ગળામાં ચંદનનો ચાંલ્લો કરી ડાબા કાનમાં અષ્ટાક્ષર મંત્રનો ત્રણવાર ઉપદેશ કરે. (૨૨) પછી ગુરુપત્ની સર્વ સમયે જપવા માટે 'શ્રીકૃષ્ણ' એવા ત્રણ અક્ષરરૂપ મંત્રનો ઉપદેશ આપે. તે શિષ્યા સર્વ કાળમાં તે મંત્રનો જપ કરે. (૨૩) ત્રણ વર્ણની અને સચ્છૂદ્રા સર્વે સ્ત્રીઓનો આ વિધિ દીક્ષા આપવામાં કહ્યો. હવે તેનાથી બીજી બાકીની સ્ત્રીઓ માટે હવે વિધિ કહું છું. (૨૪) તે ગુરુપત્ની સ્નાન કરી પવિત્ર થઈને શરણમાં આવેલી અન્ય અસચ્છૂદ્ર સ્ત્રીઓને ત્રણ અક્ષરનો 'શ્રીકૃષ્ણ' નામમંત્ર પોતાને આશ્રિત અન્ય સ્ત્રી પાસે અપાવે. આ પ્રમાણે તેનો દીક્ષાવિધિ જાણવો. (૨૫) પછી ગુરુપત્ની મંત્ર ગ્રહણ કરેલી ચારે વર્ણની શિષ્યાને નિયમો કહે. તે શિષ્યા પણ એકાગ્ર મનથી તે ધર્મોને સાંભળીને પોતાના મનમાં ધારણ કરે : (૨૬) "હે શિષ્યે ! તમે માંસ ભક્ષણ ન કરો. ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્યપાન ન કરો. પર-પ્રાણીની હિંસા ન જ કરો. અને પોતાના દેહનો ઘાત ના કરો. (૨૭) 'હે શુભે ! તમે જાતિ ભ્રષ્ટ કરનારું કાર્ય ન કરો. તેમજ ચોરીનું કર્મ ન કરો. ક્યારેય પણ પરપુરુષનો સંગ ન કરો. (૨૮) શ્રીહરિની કથાવાર્તા કુસંગીઓથી ના સાંભળો. કોઈપણ દેવનું અપમાન વાણીથી પણ કરો નહિ. (૨૯) તમારે મદ કરનારી માજમ વગેરે વસ્તુઓ ખાવી નહિ. તમાકુ ન ખાવી. અપવિત્ર અન્ન ન ખાઓ. ગાળ્યા વિનાનું જળ અને દૂધ ન પીવું. (૩૦) ક્યારેય અપશબ્દ (ગાળો) ન બોલવા. કોઈપણ માણસને અપવાદ (આક્ષેપ) આપો નહિ. નિત્ય આળસે રહિત થઈ શ્રીકૃષ્ણની માનસી પૂજા કરવી. (૩૧) દરરોજ પ્રીતિપૂર્વક શ્રી રાધાકૃષ્ણની પ્રતિમાની પૂજા કરવી અને શ્રીહરિના મંત્રનો જપ શક્તિ અનુસારે નિયમપૂર્વક કરો. (૩૨) માળા વસ્ત્રથી ઢાંકીને પવિત્ર થઈને, સ્થિર આસનવાળી અને નિયમિત વાણી તથા દૃષ્ટિવાળી થઈ, અને ઉતાવળ નહિ કરનારી થઈને દરરોજ મંત્ર જપ કરવો. (૩૩) એકાદશી જન્માષ્ટમી આદિ વ્રતો કરવા અને પોતાના ધર્મથી ભ્રષ્ટ થયેલી સ્ત્રીઓ અને પુરુષોનો સંગ ન કરો. (૩૪) તમો શ્રીહરિની

નવધા ભક્તિ કરો તેનો ક્યારેય ત્યાગ ન કરો, વિધવા પણ અષ્ટ પ્રકારે પુરુષનો ત્યાગ કરીને હરિને ભજે. (૩૫) તમો આજે ભાગવત સદ્ધર્મોને પામેલા છો માટે આ લોકમાં 'સત્સંગિની' નામથી વિખ્યાત થશો. (૩૬) તમો હાલમાં નિર્ભય થયેલાં છે એ નિશ્ચય વાત છે માટે પોતાના ધર્મમાં રહીને શ્રીહરિનું ભજન કરો. આ પ્રમાણે વર્તતી સતી દેહાંતે સર્વોત્તમ ગોલોક નામના ધામને પામશો. (૩૭) કૃપાસાગર વાસુદેવ તમારા પતિ થઈને ઈચ્છિત સુખ આપશે જ - આમાં સંશય નથી.'' (૩૮) આ પ્રમાણે કહી આચાર્યપત્ની ચાતુર્વણ્યની સ્ત્રીને શ્રીરાધાકૃષ્ણની મૂર્તિ આપે. અસત્ શૂદ્રાદિ પોતાની શિષ્યાને આવો ઉપદેશ આપે. (૩૯) તમોએ ક્યારેય પણ વાસુદેવની પ્રતિમાનો સ્પર્શ ન કરવો. પોતાના ગામમાં ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા ચાતુર્વણ્ય ભક્તના ઘેર રહેલી (અથવા મંદિરમાં રહેલી) ભગવાનની પ્રતિમાનાં તમારે દરરોજ દર્શન કરવાં. (૪૦) જો પોતાના ગામમાં વાસુદેવ ભગવાનની પ્રતિમા ના હોય તો તમારે ભગવાનની પ્રસાદીભૂત પુષ્પવસ્ત્રાદિ પોતાની પાસે રાખી તેનું દરરોજ દર્શન કરવું. (૪૧) વળી તમારે દરરોજ ભક્તિભાવથી શ્રીહરિની માનસીપૂજા કરવી. તે માનસીપૂજાથી જ બાહ્યપૂજાના સર્વ ફળને પામશો. (૪૨) પછી શિષ્યભાવને પામેલી ચાર વર્ણની સ્ત્રી કુંકુમ, ચોખા, ફૂલ વગેરે વડે પોતાની શક્તિ પ્રમાણે પ્રાપ્ત થયેલાં વસ્ત્રો અને ધનથી ગુરુપત્નીની પૂજા કરે. (૪૩) ત્યારપછી ગુરુપત્નીને નમસ્કાર કરી તેની આજ્ઞા લઈ પોતાને ઘેર જાય. પોતાના ઘરમાં ગુરુપત્નીના વચન પ્રમાણે જ વર્તનારી થાય. (૪૪) આ પ્રમાણે મેં સામાન્ય દીક્ષાનો વિધિ કહ્યો, હવે વિશેષ દીક્ષાનો વિધિ પણ સમગ્રપણે કહું છું. (૪૫) વિશેષ દીક્ષામાં ત્રણ વર્ણની સ્ત્રી અધિકારીવાળી જાણવી. સામાન્ય દીક્ષાને પામેલી અને સામાન્ય દીક્ષાધર્મમાં દૃઢ સ્થિતિવાળી સચ્છૂદ્રા સ્ત્રી પણ અધિકારિણી જાણવી. (૪૬) જે સ્ત્રી ન્યૂન અથવા અધિક અંગવાળી ન હોય, જે સ્ત્રી અસત્ય બોલનારી ન હોય, બહુ હસનારી ન હોય, બહુ ભોજન કરનારી ન હોય, જે વ્યાવહારિક કાર્યોમાં પ્રમાદવાળી ન હોય, જે વિકૃત અંગવાળી અને મહારોગાદિથી પીડિત ન હોય, ઘોઘરા અવાજવાળી ન હોય, દાઢી-મૂછવાળી ન હોય, જ્યાં ત્યાં ભટકવાના સ્વભાવવાળી ન હોય, જે તોડછાઈથી બોલનારી ન હોય, રાજાદિની વાર્તાને ગુપ્તપણે કહેવા પૂછવાની પ્રકૃતિવાળી ન હોય, જે દરરોજ પોષ્યવર્ગ માતા-પિતા વગેરેને જમાડ્યા પછી જ જમનારી હોય, જે લજ્જાશીલ હોય, જે અતિ ચંચળ સ્વભાવવાળી ન હોય, જે દયાળુ અને પતિવ્રતા હોય, વસ્તુ ખરીદીને વેચવા માટે બજાર માર્ગો ઉપર ફરનારી ન હોય, જે અધાર્મિક સ્ત્રીઓના સંગમાં રુચિવાળી ન હોય, અને પોતાના પતિની આજ્ઞામાં રહીને સદ્ધર્મ પાલનમાં ઉત્સાહવાળી સધવા સ્ત્રી તથા પિતા-પુત્ર વગેરેની આજ્ઞામાં રહેલી વિધવા સ્ત્રી વિશેષ દીક્ષામાં અધિકારિણી જાણવી. (૪૭-૫૨) આ પ્રમાણે ગુરુપત્ની શિષ્યાની પરીક્ષા કરીને પ્રથમ દિવસે નિરાહાર ઉપવાસ કરેલી શિષ્યાને એકાદશી અથવા બારશના દિવસે મહાદીક્ષા આપે. (૫૩) કેળના થાંભલાઓથી સુશોભિત, રંગબેરંગી વસ્ત્રોથી શોભાયમાન, સુંદર રેશમી વસ્ત્રો પલ્લવોથી શણગારેલો મંડપ પ્રથમ દિવસે ગુરુપત્ની કરાવે. (૫૪) અને તેના મધ્ય ગુલાલાદિ રંગોથી અથવા રંગીન ચોખાથી સર્વતોભદ્ર મંડળ કરાવે અને સ્ત્રીઓ પાસે ખૂબ કૃષ્ણનાં કીર્તનો ગવડાવે. (૫૫) દીક્ષાના દિને

આચાર્યપત્ની પ્રાતઃકાળે સ્નાન કરી ધોયેલાં વસ્ત્રો ધારણ કરી પવિત્ર થકી પૂજાના ઉપહાર સંપાદન કરી પોતે સર્વતોભદ્ર મંડળ આગળ પોતે બેસે. (૫૬) સર્વતોભદ્ર મંડળના મધ્યે બાજોઠ સ્થાપન કરી તેને શ્વેત વસ્ત્રથી આચ્છાદન કરી તેના ઉપર સુશોભન અષ્ટદલ કમળ બનાવે (૫૭) વિચિત્ર રંગો અથવા ચોખાઓ વડે કર્ણિકા સહિત કમળ કરી તેના પર શ્રી વાસુદેવની રાધાલક્ષ્મીયુક્ત પ્રતિમાની સ્થાપના કરે. (૫૮) આચાર્યપત્ની પૂજાના ઉત્સવો પ્રસગે સ્ત્રીઓ પાસે ભગવાનનાં કીર્તનો ગવરાવે અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગડાવે. (૫૯) ત્યારબાદ શિષ્યા સ્ત્રી સ્નાન કરી રેશમી વસ્ત્રો ધારણ કરી અથવા ધોયેલાં પવિત્ર વસ્ત્રો પહેરી ગુરુપત્નીની બાજુમાં બેસે. (૬૦) પૂજાનો મંત્ર તો 'શ્રી રાધાકૃષ્ણાય નમઃ' એમ જાણવો. આચાર્યપત્ની પૂર્વાભિમુખ એવી શિષ્યા સ્ત્રીને શ્રીહરિની પૂજા કરાવે. (૬૧) પૂર્વાભિમુખા ગુરુપત્ની શિષ્યાને ઉત્તરાભિમુખ બેસાડી કંઠમાં ધારવાયોગ્ય સૂક્ષ્મ તુલસીની બેવડી કંઠી પહેરાવે. (૬૨) આચાર્યપત્ની સધવા નારીને લલાટમાં કુંકુમનો ચાંદલો કરાવે અને વિધવા સ્ત્રીને ગળામાં શ્રીકૃષ્ણના પ્રસાદભૂત ચંદન વડે ચાંદલો કરાવે. (૬૩) અથવા તો ગોપીચંદન વડે વિધવાના ગળામાં ચાંદલો કરાવે. પછી શિષ્યા ઊભી થઈને હાથ જોડી ભગવાનની સ્તુતિ કરે : (૬૪) "હે કૃષ્ણ ! હે નારાયણ ! હે વેણુપાણે ! હે લક્ષ્મી અને રાધિકાનાં નેત્રોરૂપી ચકોરના ચંદ્ર અને વૃંદાવનમાં આનંદિત કરેલા છે ગોપ, ગોપીઓ તથા ગાયોના સમૂહ જેમણે એવા હે અધીશ્વર ! હે હરે ! તમો મારા ઉપર પ્રસન્ન થાઓ. (૬૫) હે દેવકીનંદન ! હે દેવદેવ ! હે દ્વારિકાધીશ્વર ! હે અર્જુન સારથે ! - હે લક્ષ્મીજીના મનને પ્રસન્ન કરનારું છે હાસ્ય જેમનું એવા પ્રભો ! પરમેશ્વર એવા તમોને મારા નમસ્કાર હો." (૬૬) "હે વ્યાપક પ્રભો ! હું તમારી મહાદીક્ષા ધારણ કરું છું માટે ક્રોધ-મોહ-રસાસ્વાદ-કામ અને અધર્મી જનોથી તમારી દીક્ષા સંબંધી રક્ષા તમોએ જ કરવી. (૬૭) અને હે શ્રીહરે ! જે પ્રકારે તમારા ચરણારવિંદમાં મારો સ્નેહ પર્વતની પેઠે અચલ થાય તેવો અનુગ્રહ તમો કરવા યોગ્ય છો માટે હું તમારા જ એક આશરાવાળી છું. (૬૮) હે પ્રભો ! જેમ આ લોકમાં મારો પતિવ્રતાધર્મ અણુમાત્ર પણ ભગ્ન ન થાય તે પ્રકારે હે દયાલો ! નિરતિશય દયા કરો. હે વાસુદેવ ! તમારી દાસી એવી મારા ઉપર કૃપા કરો" (૬૯) ત્યાર પછી આચાર્યપત્નીની આજ્ઞાથી વાસુદેવ ભગવાન અને ગુરુપત્નીને નમસ્કાર કરી શિષ્યા સ્ત્રી ઉત્તરાભિમુખ અને ગુરુપત્ની પૂર્વાભિમુખ બેસે. (૭૦) પછી તે ગુરુપત્ની પોતાના હૃદયમાં પોતાના સ્વામી વાસુદેવ ભગવાનનું ધ્યાન કરી શિષ્યાના ડાબા કાનમાં ધીમે રહીને કૃષ્ણમંત્રનો ઉપદેશ કરે. (૭૧) ત્રણ વખત મંત્રોપદેશ કરી પછી શિષ્યાને ધર્મોપદેશ કરે તે, "હે ભદ્રે ! તું સાંભળ : અત્યારે તું મારી પુત્રીસમાન થયેલી છો. (૭૨) સત્યસ્વરૂપ ભગવાન-રૂપ પતિ સાથે મેં તને જોડેલી છે તે નિશ્ચય વાત છે. માટે સાવધાન થઈને દરરોજ એકાગ્ર ચિત્તથી તું ભગવાનનું ભજન કર. (૭૩) અનેકવિધ પતિઓના સંબંધથી સંસારમાં થનારા ભ્રમણથી પણ તારું રક્ષણ કરી તે ભગવાન તારા પતિવ્રતાપણાની રક્ષા કરશે. (૭૪) અને તારે દરરોજ ત્રણે કાળમાં ભગવાનની સેવા કરવી અને દિવસે તથા રાત્રે શ્રીહરિની પ્રસાદીનું અન્ન જમવું. (૭૫) દિવસમાં બે વાર ન જમવું તથા રાત્રિમાં પણ બે વખત ન જમવું. તાવ વગેરે આપત્કાળ સિવાય દિવસમાં

બેવાર જમવું નહિ અને વિધવા તો દિવસે અથવા રાત્રે એક જ વાર ભોજન કરે. (૭૬) જ્વરાદિ રોગ હોય, પ્રસવ સમય હોય, જ્ઞાતિમાં આવશ્યક ભોજનની પ્રાપ્તિ હોય અને પ્રવાસ સમય વગેરેમાં હે શિષ્યે ! સધવા એવી તારે ત્રણવાર ભોજનનો પણ દોષ નથી. (૭૭) રોગાદિ આપત્કાળમાં શ્રીહરિનું નૈવેદ્ય તો મનથી કરવું. હૃદયમાં રહેલા શ્રીકૃષ્ણને મનથી સંકલ્પિત અન્નથી ભગવાનને જમાડવા. (૭૮) સદા બ્રાહ્મમુહૂર્તમાં નિદ્રાનો ત્યાગ કરીને તારે કૃષ્ણનું સ્મરણ કરવું અને રાત્રિનો પહેલો પ્રહર વીત્યા પછી તારે દરરોજ શયન કરવું. (૭૯) સર્વ દશમી તિથિઓ, સર્વ બારશો અને એકાદશીઓ વગેરે વ્રતના દિવસોએ તારે દિવસે શયન કરવું નહિ. (૮૦) વિધવા સ્ત્રી તો ક્યારેય પણ દિવસે નિદ્રા કરે નહિ, જેમ સંન્યાસી દિવસે ન સૂવે તેમ. આપત્કાળમાં દિવસે સૂવાનો અને ફરીથી ભોજન કરવામાં વિધવાને દોષ થતો નથી. (૮૧) મહાદીક્ષા પામેલી સધવા અને વિધવા સ્ત્રીઓએ રમાપતિ ભગવાનની નવધા ભક્તિ કરવી અને ભગવાનની ભક્તા સ્ત્રી સાથે માન-ઈર્ષ્યા-ક્રોધ ને વિવાદ કરવો નહિ. (૮૨) દીક્ષિત સ્ત્રીઓ દરરોજ શ્રીકૃષ્ણના સ્તોત્રનો પાઠ કરે. જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી મેં કહેલા ધર્મો પાળવા એવી ઉદ્ધવ સંપ્રદાયની મર્યાદા છે. (૮૩) તું આજે સર્વાત્મભાવથી શ્રીહરિકૃષ્ણને જ આશરેલી છે તે નિશ્ચય જાણ. આથી તું આ લોકમાં 'આત્મનિવેદિની' તરીકે પ્રસિદ્ધ થઈશ. (૮૪) અને હે સન્મતે ! નિત્ય પોતાના ધર્મમાં કહેતાં પતિવ્રતા અને વૈષ્ણવ ધર્મમાં રહી થકી દેહાંતે ગોલોકધામમાં રાધિકાજીની પેઠે શ્રીકૃષ્ણ સેવારૂપ ઇચ્છિત સુખને અવશ્ય પામીશ. (૮૫) અને તારા પુણ્યના પ્રભાવથી તારા પતિ પણ ભગવાનના પાર્ષદ થશે. તારાં માતા-પિતાનાં બન્ને કુળો પણ સર્વોત્તમ ગતિને પામશે.'' (૮૬) આ પ્રમાણે ગુરુપત્નીએ ઉપદેશેલી તે સ્ત્રી ગુરુપત્નીનું વચન મસ્તકે ચઢાવી તેને પ્રણામ કરે. ગુરુપત્ની તે શિષ્યાને શુભ આશીર્વાદ આપે. (૮૭) ''હે શુભે ! તું સર્વદા પતિવ્રતાધર્મમાં સ્થિતિવાળી થા અને લક્ષ્મીજીની પેઠે તારે વાસુદેવ ભગવાનમાં દાસીપણું હો. (૮૮)'' ત્યારપછી શિષ્યા શક્તિ પ્રમાણે ગુરુપત્નીની પૂજા કરીને પૂર્વની માફક ગુરુપત્ની તથા બીજી ભક્તા સ્ત્રીઓને પણ વંદના કરી ગુરુપત્નીની આજ્ઞામાં વર્તનારી થાય. (૮૯) જે સ્ત્રી ઉદ્ધવ સંપ્રદાયની સામાન્ય કે વિશેષ (મહાદીક્ષા) દીક્ષા ગ્રહણ કરે તે સ્ત્રી ભગવાનના ભક્તોને સારી રીતે જમાડે. (૯૦) હે પુત્રો ! ઉદ્ધવ સંપ્રદાયમાં રહીને જ કૃષ્ણભક્તિ કરવાની ઇચ્છાવાળી સ્ત્રીઓનો દીક્ષાવિધિ આવી રીતે બે પ્રકારે તમોને કહ્યો. (૯૧) તમો બન્ને આ દીક્ષાવિધિ પોતપોતાની પત્નીઓને પૃથક્ પૃથક્ કહો ત્યારે તે બન્ને પણ મારા કહ્યા પ્રમાણે કરશે. (૯૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તે બન્ને પુત્રો આ પ્રમાણે શ્રીહરિના કહેવાથી પ્રસન્ન થઈ ગયા. તે પછી ઈશ્વરમૂર્તિ શ્રીહરિ મહાપ્રભુને પ્રણામ કરીને પોતાના પિતા નારાયણમુનિએ કહેલા અર્થને જ પોતાના હૃદયમાં ચિંતવન કરતા સતા પોતપોતાના નિવાસસ્થાને ગયા. (૯૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
દીક્ષાવિધૌસ્ત્રીણાંદ્વિવિધદીક્ષાવિધિનિરૂપણ નામનો અઠ્યાશીમો અધ્યાય થયો ॥૮૮॥

## અધ્યાય-૮૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! નારાયણમુનિએ પોતે જ સંવત ૧૮૮૨ના જેઠ સુદી નિર્જલા એકાદશીના દિવસે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર આ બન્ને પુત્રોને (સામાન્ય અને મહા) આ બન્ને દીક્ષાઓ આપી. (૧) તે પછી શ્રીહરિએ દીક્ષા પામેલા તે બન્ને પાસે તેમની પત્નીઓને પણ પોતાની દ્વિવિધ દીક્ષાઓ અપાવરાવી. (૨) તે સમયે શ્રીકૃષ્ણના પૂજનનો મહોત્સવ કર્યો અને સમગ્ર સાધુઓ અને બ્રાહ્મણોને દ્વાદશીને દિવસે યથેષ્ટ ભોજન કરાવી તૃપ્ત કર્યા. (૩) તે ઉત્સવ ઉપર દેશાંતરોમાંથી હજારો ભક્ત પુરુષો અને સ્ત્રીઓ; વર્ણીઓ અને સાધુઓ ગઢપુરમાં આવ્યા હતા. (૪) સ્નાનયાત્રોત્સવ (જેઠ માસમાં જેષ્ઠા નક્ષત્રમાં કરવાનો ભગવાનનો સ્નાનવિશેષોત્સવ)ના અંતે ત્યાં મોટી સભા થઈ હતી તે સભામાં સર્વ ભક્તજનો મર્યાદાપૂર્વક બેસી ગયા. (૫) ધર્મનંદન શ્રીહરિ તે સભામાં ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા હતા અને ભક્તજનો શ્રીહરિના મુખારવિંદનાં દર્શન કરતા થકા બેઠા હતા. (૬) ત્યારબાદ ભગવાન શ્રીહરિ હરિભક્તોને કહેવા લાગ્યા : હે ભક્તો ! તમો સર્વે મારી વાત સાંભળો. દીક્ષિત મનુષ્યોને ભક્તિનું ફળ તત્કાળ થાય છે. (૭) આથી ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા સ્ત્રીપુરુષોએ સામાન્ય અને મહાદીક્ષા અધિકાર અનુસાર ગ્રહણ કરવી. (૮) અને લક્ષ્મીનારાયણના ખંડમાં જે પુરુષો હોય તે તો રઘુવીર આચાર્ય થકી બન્ને પ્રકારની દીક્ષા ગ્રહણ કરો. (૯) અને તે ખંડમાં રહેલા પુરુષોની સ્ત્રીઓ રઘુવીરજીનાં પત્ની પાસેથી દ્વિવિધ દીક્ષા ગ્રહણ કરો, પરંતુ પુરુષ થકી ક્યારેય પણ દીક્ષા ગ્રહણ ન કરો. (૧૦) અને આ નરનારાયણના ખંડમાં જે પુરુષો રહેલા હોય તેમણે બન્ને પ્રકારની દીક્ષા અયોધ્યાપ્રસાદજી થકી ગ્રહણ કરવી. (૧૧) અને તે ખંડના પુરુષોની સ્ત્રીઓએ તે આચાર્યની જ પત્ની પાસેથી બે પ્રકારની દીક્ષા ગ્રહણ કરવી પણ બીજા થકી ક્યારેય ગ્રહણ ન કરવી. (૧૨) હે જનો ! પૂર્વોક્ત વાસુદેવ ભગવાન સંબંધી દીક્ષા ગ્રહણ કર્યા પછી પ્રતિદિન પૂજા માટે પોતાના ગુરુ પાસેથી શ્રીકૃષ્ણની પ્રતિમા ગ્રહણ કરવી. (૧૩) મારા સર્વ આશ્રિતોએ પોતપોતાના ધર્મમાં રહીને અધિકાર અનુસાર યથાયોગ્ય તે ભગવત્પ્રતિમાનું પૂજન કરવું પણ બીજી રીતે તો ન જ કરવું. (૧૪) જો કોઈ પુરુષના મનમાં ધર્મોમાં કોઈ સંશય હોય તે પુરુષને અવકાશને અનુસારે મને સંશય સુખેથી પૂછો. (૧૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીનારાયણમુનિએ કહ્યું ત્યારે તે જનો 'એ પ્રકારે અમે વર્તશું' એમ બોલ્યા. પછી શ્રીહરિ પોતાના નિવાસસ્થાને પધાર્યા અને જનો પોતપોતાના નિવાસે ગયા. (૧૬) પછી શ્રીહરિ મહાપ્રભુ શ્રીનરનારાયણ અને શ્રીલક્ષ્મીનારાયણ દેશના વિભાગ પ્રમાણે જેવો જેનો અધિકાર અને જેવો સમય તે પ્રમાણે પોતાના સર્વજનોને તે તે આચાર્ય પાસે દીક્ષા અપાવી. (૧૭) હે રાજન્ ! પછી શ્રીહરિએ રઘુવીરજી પાસે રાધાકૃષ્ણની અને પોતાની (સહજાનંદ સ્વામી) ચિત્રપ્રતિમા લક્ષ્મીનારાયણના દેશમાં રહેલા રઘુવીરના શિષ્યોને અપાવી. (૧૮) તે જ પ્રમાણે શ્રીહરિએ અયોધ્યાપ્રસાદજી પાસે તેમના શિષ્યોને શ્રીનરનારાયણ તથા પોતાની ચિત્રપ્રતિમાઓ

અપાવી. (૧૯) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુએ અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીની ભાર્યાઓ પાસે સર્વે સ્ત્રીઓને પણ યથાયોગ્ય બે પ્રકારની દીક્ષાઓ અપાવી. (૨૦) પછી વિભાગ પ્રમાણે તે બન્ને પત્નીઓ પાસે શ્રીહરિએ સ્ત્રીઓને પણ પ્રતિદિન પૂજા કરવા માટે યોગ્ય બે પ્રતિમાઓ પૃથક્ પૃથક્ અપાવી. (૨૧) હે રાજન્ ! આ પ્રકારે ભગવાન શ્રી સ્વામિનારાયણ કળિયુગમાં મનુષ્યના કલ્યાણને માટે ઉદ્ધવીય સંપ્રદાયની પ્રવૃત્તિ કરતા હતા. (૨૨) પછી બન્ને ભાઈઓ અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી શ્રીહરિની સમીપમાં આવીને અને નમસ્કાર કરીને તેમની આગળ બેઠા. (૨૩) હે રાજન્ ! શ્રીહરિ તે બન્ને પુત્રો પ્રત્યે બોલ્યા કે તમારે જે પૂછવું હોય તે તમો મનો પૂછો. આ પ્રમાણે શ્રીહરિએ કહેલા તે બન્ને મહાપ્રભુને પૂછવા લાગ્યા. (૨૪)

**બન્ને ભાઈઓ બોલ્યા :**

"હે સ્વામિન્ ! આપણા આ સંપ્રદાયમાં અમારે જન્માષ્ટમી આદિક વાર્ષિક ઉત્સવો કરવાના હોય તે ઉત્સવોનું વિધાન અમો બન્નેને કહેવા યોગ્ય છો. (૨૫) હે પ્રભો ! અમારા બન્નેના દેશના ભગવાનનાં મંદિરોમાં તે મહોત્સવો તમોએ કહેલી રીતિ અનુસાર સમય સમય પ્રમાણે અમો કરીશું." (૨૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપતે ! આ પ્રકારે બન્ને પુત્રોએ પૂછેલા ભગવાન શ્રીહરિ પ્રસન્ન થઈને પોતાના ઉદ્ધવ સંપ્રદાયની રીતિ અનુસાર વાર્ષિક વ્રતોત્સવોના સર્વ વિધિ તેમને કહેવા લાગ્યા. (૨૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
ઉદ્ધવસંપ્રદાયદીક્ષાવિધિપ્રવર્તનનિરૂપણ નામનો નેવાશીમો અધ્યાય થયો. ॥૮૯॥

●

## અધ્યાય-૯૦

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે પુત્રો ! સર્વે વ્રતોત્સવોને, ગ્રહણ કરવા યોગ્ય વિધિ તો શ્રી વિઠ્ઠલનાથજીએ કહેલો ઉત્તમ જાણવો. સવિશેષ કહેતાં અવાંતર ભેદે સહિત તે સર્વ વિધિ હું તમોને કહું છું. (૧) તેમાં શ્રીકૃષ્ણની પ્રાદુર્ભાવતિથિ શ્રાવણ વદી આઠમની તિથિનો વિધિ પ્રથમ નિરૂપણ કરીએ છીએ. કેમકે શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે. (૨) મધ્યરાત્રિએ પહોંચતી અષ્ટમી વ્રતમાં લેવાની કહી છે તો પણ જો સપ્તમીના વેધવાળી હોય તો મધ્યરાત્રિએ નહિ પહોંચતી એવી પણ વેધ વગરની બીજી જ આઠમ વ્રતોત્સવમાં લેવી. ભલે સાતમના વેધવાળી હોય પણ જો રોહિણી નક્ષત્ર અને બુધવાર આ બેના યોગવાળી હોય ને મધ્યરાત્રિએ વ્યાપતી હોય તો તે ગ્રહણ કરવી. વ્રતકર્તાએ પારણાં તો બીજે દિવસે આઠમ ઊતરી ગયા પછી જ કરવાં. (૩-૪) આવા રોહિણી બુધવારરૂપ યોગવિશેષને લીધે જ સાતમના સંબંધવાળી આઠમ વ્રતમાં ગ્રહણ કરવાની અગ્નિપુરાણાદિકમાં કહી છે. એમ ન હોય તો કેવળ અષ્ટમી વ્રતમાં લેવી નહિ. (૫) જો પૂર્વોક્ત સમગ્ર યોગ સાતમને દિવસે જ હોય અને અષ્ટમીના દિવસે અર્ધરાત્રિએ નક્ષત્ર વાર રહિતા અષ્ટમી હોય ત્યારે

શક્તિમાન પુરુષે બે ઉપવાસ કરવા. અશક્ત તો બીજે દિવસે અષ્ટમીએ એક ઉપવાસ કરે. (૬-૭) મધ્યરાત્રિએ બુધ અષ્ટમી અને રોહિણીના યોગ વિના ક્યારેય પણ પંડિતજનોએ સપ્તમીના વેધવાળી જન્માષ્ટમી ન જ કરવી. (૮) જો બુધવાર ન હોય તો રોહિણી સહિત એવી પણ સાતમના વેધવાળી અષ્ટમીનો ત્યાગ કરીને જ વેધ વિનાની અષ્ટમી જ ગ્રાહ્ય માની છે. (૯) રોહિણી નક્ષત્ર ન હોય તો નવમીના સંબંધવાળી અષ્ટમી કરવી. રોહિણી સહિત એવી પણ સાતમ યુક્ત અષ્ટમી ન કરવી. (૧૦) જ્યારે નવમીના રોજ પ્રાતઃકાળે જન્માષ્ટમીતિથિ મુહૂર્તમાત્ર કે ઘટિકામાત્ર કે પળમાત્ર વર્તતી હોય તો તેને ભલે નવમીનો યોગ હોય તો પણ તે જ વ્રતમાં લેવી. પણ અર્ધરાત્રીએ યોગ માત્રથી પળમાત્ર પણ સાતમના વેધવાળી વ્રતમાં લેવી નહિ. (૧૧) જો સપ્તમીના વેધવાળી જન્માષ્ટમીનો ક્ષય હોય તો ઉપવાસમાં જન્માષ્ટમી તિથિ પૂર્વે અર્થાત્ સપ્તમીના વેધવાળી જ ગ્રહણ કરવી. (૧૨) તે ગ્રહણ કરેલી પહેલી જન્માષ્ટમીના રોજ ઉપવાસ કરવો અને ભગવાન શ્રીકૃષ્ણ તથા લક્ષ્મીજીની ચલ કે અચલ પ્રતિમાની યથાશક્તિ યથાવિધિ પૂજા કરવી. (૧૩) જે મંદિરમાં રાધિકાજીની મૂર્તિ હોય ત્યાં રાધિકાજીના વસ્ત્રાલંકારાદિ વેષધારણ અને પૂજનવિધિ લક્ષ્મીજીની મૂર્તિની માફક જાણવું. (૧૪) જે મંદિરમાં લક્ષ્મીજી અને રાધિકાજી બન્ને મૂર્તિઓ ન હોય ત્યાં તો બન્ને પણ શ્રીકૃષ્ણના અંગમાં સાયુજ્યપણે રહેલાં જાણવાં. (૧૫) આ વિધિ તો સર્વ મંદિરોમાં સમગ્ર ઉત્સવોમાં પણ જાણવો. વિશેષ તો અહીંયાં વ્રતોત્સવના વિધિ કહેવાના સમયે હું કહીશ. (૧૬) (જન્માષ્ટમીના તિથિના) પ્રાતઃ સમયે પૂજારી દરરોજ પૂજવાયોગ્ય ભગવાનની મૂર્તિનું પૂજન કરીને વાળવા, ધોવા, લીંપવા વડે મંદિરને સારી રીતે શુદ્ધ કરે. (૧૭) અને તે સેવક તે મંદિરને નાના પ્રકારના લાલ, પીળા વગેરે રંગો અને નાના પ્રકારનાં ચિત્રો વડે સુશોભિત કરે તથા તેમાં નવીન ઉલેચ, હાંડી અને તોરણો વગેરે બાંધે. (૧૮) ભગવાનનું સિંહાસન અને પૂજાનાં પાત્રો વગેરેનું સંમાર્જન કરે અને દીવીઓ માંજીને સરસ બનાવે તથા નવીન આસન પાથરે. (૧૯) ત્યારપછી પૂજારી ભક્ત મહાનૈવેદ્ય બનાવવાની સામગ્રી સંપાદન કરે તેમજ પૂજામાં ઉપયોગી વસ્ત્ર, ફૂલ, ચંદન, તુલસી, ધૂપ, અબીલ, ગુલાલ, ઈત્યાદિ સંપાદન કરે. (૨૦) અને પૂજારી ભગવાનને પહેરવાનાં વસ્ત્રો પોતે સીવે અથવા દરજી પાસે સીવડાવે. તે વસ્ત્રો ભગવાનની મૂર્તિઓને ધારણ કરાવવાથી શોભે એવાં અને સોનેરી જરિયાની વગેરેથી શોભાયમાન હોવાં જોઈએ. (૨૧) પછી મંદિરના સભામંડપમાં અથવા મંદિરના આંગણામાં કેળના થાંભલા વડે શોભાયમાન, શુભ પુષ્પો અને આંબા-આસોપાલવના પલ્લવો વડે વિરાજિત, સુંદર વસ્ત્રો વડે શણગારેલા તથા માંગલિક એવા અનેકવિધ રંગો વડે તે તે સ્થળે ચિત્રિત કરેલો, તથા શ્વેત, પીળા, લાલ, લીલાં વસ્ત્રો વડે ચારેબાજુ સુશોભિત અને ચોગરદમ નવીન કળશો વડે સમલંકૃત, અનેક પત્રફળોથી સંપન્ન, પુષ્પની માળાઓ વડે જ્યાં ત્યાં અલંકૃત એવો રમણીય મંડપ બનાવે અને તે મંડપને ચંદન અગરુના ધૂપવાળો તથા દીપમાળાઓ વડે શોભાયમાન કરે. (૨૨-૨૫) તે મંડપની વચ્ચે દેવકીજીના પ્રસૂતિગૃહની રચના કરે અને તેમાં નાલછેદન કરનારી એક ધાત્રી બનાવે. (૨૬) પછી તે પ્રસુતિગ્રહમાં રમણીય પલંગમાં

દેવકીજીની સ્થાપના કરે અને દેવકીજીના ખોળામાં સ્તનપાન કરતા બાલકૃષ્ણની સ્થાપના કરે. (૨૭) તે પ્રસૂતિગૃહમાં એક બાજુ ગોકુળની કલ્પના કરીને તેમાં દેવકીજીની પેઠે યશોદાજીની તથા તેણીએ પ્રસવેલી કન્યાની સ્થાપના કરે. (૨૮) તેમાં નંદજી, વસુદેવ, ગોપો, ગોપીઓ, ગાયો, વૃષભો, વાછડાઓ, વાછરડીઓ આ સર્વેની યથાયોગ્ય કલ્પના કરવી. (૨૯) તેમજ શ્રીકૃષ્ણ, દેવકી, વસુદેવ, નંદ, યશોદા વગેરેની મૂર્તિઓ સોના-ચાંદી વગેરેની યથાશક્તિ કરાવવી અને તે મૂર્તિઓની રાત્રિમાં ભક્તિપૂર્વક પૂજા કરવી. (૩૦) અષ્ટમી અને નવમીએ સમય સમય પ્રમાણે દુંદુભિ વાજિંત્રો વગડાવવાં તથા બીજા પણ મંગળકારી તુરી આદિ વાજિંત્રો વગડાવવાં. (૩૧) ભગવાનના નૈવેદ્ય માટે ઘીમાં પકવેલાં જલેબી, ખાજાં, મોતૈયા લાડુ વગેરે ભોજન પદાર્થોને તો દિવસે જ બનાવરાવે. તથા શાક, દાળ, ભાત વગેરેને રાત્રિએ પવિત્રસ્થાનમાં બનાવરાવે. (૩૨) રાત્રિનો પહેલો પ્રહર વીત્યા પછી પડદાની અંદર ભગવાનના પૂજનનો આરંભ કરે અને અચલ પ્રતિમાનું પૂજન તો પ્રથમથી જ કરી લે. (૩૩) જો લક્ષ્મીએ સહિત કૃષ્ણમૂર્તિનું સ્નાન કરાવવું શક્ય હોય તો તે અચલ મૂર્તિને પંચામૃત વડે તથા ઉષ્ણોદક વડે સ્નાન કરાવે. (૩૪) જો આ રીતે સ્નાન કરાવવાનું શક્ય ન હોય તો મંત્રોચ્ચારણપૂર્વક ભીના વસ્ત્ર વડે મૂર્તિને માર્જન કરીને જ સુંદર નવીન વસ્ત્રો ધારણ કરાવે. (૩૫) પંચામૃત વડે સ્નાન તો શ્રીહરિની નાની બાલકૃષ્ણની મૂર્તિનું જ કરવું. સર્વ ઉત્સવોમાં પણ આજ રીતિ વિશેષપણે જાણવી. (૩૬) જો શ્રીહરિની મૂર્તિ શ્યામવર્ણની હોય તો વસ્ત્રો સફેદ, પીળા, લાલ યથાયોગ્ય જેવાં શોભે તેવાં ધારણ કરાવવાં. (૩૭) જો મૂર્તિ શ્વેતવર્ણની હોય તો લીલાં, લાલ કે શ્યામ વર્ણવાળાં વસ્ત્રો ધારણ કરાવે. આ પ્રકારે લક્ષ્મીજીને પણ વસ્ત્રો શોભા પ્રમાણે ધારણ કરાવે. (૩૮) અને સુંદર સોનાના આભૂષણો, મોતીની માળાઓ, મોતીના તોરાઓ તથા રમણીય અનેક રત્નજડિત મુકુટ ધારણ કરાવે. (૩૯) ધનિકો જ પોતાના વૈભવ પ્રમાણે આભૂષણો ધારણ કરાવે અને ધનહીન ભક્તો તો ફૂલના અલંકારો વડે બાલકૃષ્ણની પૂજા કરે. (૪૦) ત્યારબાદ મધરાતે દેવકીજીના પ્રસૂતિગૃહમાં જઈ તેમણે જન્મેલા કૃષ્ણને વસુદેવની પેઠે ટોપલામાં પધરાવી ગોકુળમાં લઈ જાય. (૪૧) તે ગોકુળમાં યશોદાજીના શયનમાં બાલકૃષ્ણને ક્ષણવાર પધરાવી, સ્નાન કરાવી પછી તે બાલકૃષ્ણને પૂજનયોગ્ય પ્રતિમા પાસે લાવે. (૪૨) તે લાવવાના સમયે બહુવિધ વાજિંત્રો વગડાવે અને શ્રીકૃષ્ણજન્મનાં મંગળકારી કીર્તનો ગવરાવે. (૪૩) ત્યારબાદ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પંચામૃત વગેરે વડે વસુદેવ વગેરેની સાથે બાલકૃષ્ણનું પૂજન કરે. (૪૪) પછી તે બાલકૃષ્ણને પારણામાં પધરાવીને વસ્ત્રાભૂષણ વડે શણગારીને પછી નિત્યપૂજાની લઘુમૂર્તિ અને મોટી અચલ મૂર્તિનું સાથે પૂજન કરે. (૪૫) પછી તે બાલકૃષ્ણને લાંબી અંગરખી, કચ્છની સૂંથણી અને ઊંચા અગ્રભાગવાળી, સોનાના તારથી ગૂંથેલી, માથાની ટોપી પહેરાવે. (૪૬) જે જે અંગમાં જે જે વસ્ત્ર કે આભૂષણ યોગ્ય લાગે અને જે પ્રકારે શોભે તે તે અંગમાં તે તે વસ્ત્રાભૂષણ ધારણ કરાવે. (૪૭) કેસર કુંકુમે સહિત મલયાગીરી ચંદન અને સુગંધીમાન માલતી, જૂઈ અને મોગરો વગેરે પુષ્પો અર્પણ કરે. (૪૮) પછી ભગવાનનાં વસ્ત્રો તથા મંદિરને

ચોગરદમ પ્રસરતી સુંદર સુગંધી જેની છે એવા પુષ્પવાસિત અત્તરથી તથા ગુલાબજળથી સુવાસિત કરે. (૪૯) પુષ્પમય હારો, તોરાઓ, ગુચ્છાઓ, તુલસીની માળાઓ, દશાંગધૂપ તથા દશ દીપો ભક્તિથી અર્પણ કરે. (૫૦) પછી ધોયેલા બાજોઠ ઉપર દૂધપાક, પૂરીઓ, શીરો, જલેબી વગેરે સમગ્ર મહાનૈવેદ્ય અર્પણ કરે. (૫૧) અજમો, સૂંઠ, ધાણા, ગોળ, ઘી વગેરેથી બનાવેલી પંજરી (પંચાજીરી) પાત્રમાં ભરી દેવકીજી અને યશોદાજીની આગળ સ્થાપન કરે. (૫૨) પછી ઘંટડી વગાડી, ભોજન સમયે ગાવાનો થાળ ગવરાવતો થકો મધ્યે જળ અર્પણ કરી લે તે નૈવેદ્ય શ્રીકૃષ્ણને સમર્પણ કરે. (૫૩) નૈવેદ્યને નિવેદન કર્યા પછી તે સર્વ નૈવેદ્ય પાકશાળામાં મૂકીને તે ભોજનસ્થાનને જળ વડે જલદી સારી રીતે શુદ્ધ કરે. (૫૪) પછી પાનબીડાં અર્પણ કરીને તે ઋતુએ થતાં ફળો અને નાળિયેર સમર્પીને શક્તિ અનુસાર દક્ષિણા અર્પણ કરે. (૫૫) પછી બાલકૃષ્ણનો પડદો ખોલી ઊભો રહી, વાદ્ય, તાળીઓ અને ગીતોના ઘોષ સાથે નિરાજન મંત્રોને બોલતો થકો મહાનિરાજન (આરતી) કરે. (૫૬) પછી તે પૂજારી સ્તુતિ અને પ્રાર્થના તેમજ નમસ્કાર કરી લોકોએ સારી રીતે દર્શન કરેલ તે બાલકૃષ્ણને પોઢાડી દઈ મંગળકારી શ્રીકૃષ્ણકથાઓ સાંભળે. (૫૭) લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણના શયન સમયે મોટાં મોટાં અલંકારો અને વસ્ત્રો ઉતારી તેને પાત્રમાં મૂકે અને સૂક્ષ્મ અને નાનાં વસ્ત્રો પહેરાવે. (૫૮) તે ભક્ત રાત્રિમાં તો કેવળ ચરણામૃતનું જ પાન કરે, બીજું નહિ. તે શ્રીકૃષ્ણનાં ગુણોનું શ્રવણ-કીર્તન વડે જાગરણ કરે તેથી વ્રતના સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે. (૫૯) પ્રાતઃકાળે સ્નાન કરી અંગદેવે સહિત શ્રીકૃષ્ણની ફરી પૂજા કરી વિશેષપણે દૂધભાત અને સાકરનું નૈવેદ્ય કરે. (૬૦) પછી તે ભક્ત આરતી કરી પોતાના સ્વામી શ્રીકૃષ્ણને શયન કરાવે પછી તે ભક્ત અને ભક્તજનોની સાથે ક્રીડાનું આચરણ કરે. (૬૧) પુરુષો દહીં, દૂધ, ઘી, જળ વડે ઉપલેપન-નાખવું, છાંટવું વગેરેથી ભગવાનના મંદિરમાં પરસ્પર ક્રીડા કરે. (૬૨) અને ભગવાનની ભક્તા સ્ત્રીઓ હળદર, તેલ, દહીં, કુંકુમ અને માખણથી લેપન-છાંટવું-નાખવું વગેરેથી પરસ્પર ક્રીડા કરે. (૬૩) વિધવાઓને અમંગળરૂપ હોવાથી વિધવા સ્ત્રીઓ ક્રીડા કરે નહિ. તેમજ સંન્યાસી, વાનપ્રસ્થ તેમજ નૈષ્ઠિક વ્રતધારી બ્રહ્મચારીઓ પણ ક્રીડા ન જ કરે. (૬૪) જ્યારે ક્રીડા કરતા જનના હાથથી દહીં, તેલ વગેરે કોઈપણ વસ્તુ ક્યારેક પણ વિધવા, સાધુ, બ્રહ્મચારી ઉપર પડી જાય તો તેઓ સ્નાન કરી સોવાર અષ્ટાક્ષર મંત્રનો જપ કરે. (૬૫) જો વિધવા કે સંન્યાસી વગેરે પોતે આવી ક્રીડા કરે તો લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણનું ભજન કરતા થકા અહોરાત્ર ઉપવાસ કરે. (૬૬) પૂજક ક્રીડાની સમાપ્તિમાં સ્નાન કરીને પારણાં કરે. આ પ્રમાણે દર વરસે કરવાયોગ્ય જન્માષ્ટમીના ઉત્સવનો વિધિ મેં કહ્યો. (૬૭) પ્રાતઃકાળે કે સંધ્યાકાળે પૂજાના અંતે પ્રતિદિન બાલકૃષ્ણ ભગવાનને પારણામાં ઝુલાવવા. જ્યાં સુધી અર્જુન જન્મોત્સવ થાય ત્યાં સુધી (ભાદરવા સુદ બીજ સુધી) પારણામાં પધરાવીને ઝુલાવવા. (૬૮) શ્રેષ્ઠ આચાર્યોએ ઉદ્ધવ સંપ્રદાયમાં ઈષ્ટદેવ શ્રીકૃષ્ણનાં પાંચ પ્રકારે મંદિરો કહેલાં છે. (૬૯) એક જ શ્રીકૃષ્ણની મૂર્તિઓના સ્થાનાદિ ભેદથી પાંચ પ્રકાર કહેલા છે તે નિશ્ચય જાણો. પરંતુ પરમાર્થપણે તો મૂર્તિઓનું પંચક નથી કહેલું કારણ કે એક ભગવાનનાં ભિન્ન ભિન્ન

સ્વરૂપ હોવાથી વાસ્તવિક એક જ સ્વરૂપ છે. (૭૦) ભગવાન પ્રથમ ગોલોક નામના પોતાના ધામમાંથી મથુરાપુરીમાં આવી વસુદેવ થકી દેવકીજીમાં પ્રગટ થયા હતા. (૭૧) અદ્‌ભુત આકૃતિવાળા બાલસ્વરૂપ તે ભગવાન કૃષ્ણ વાસુદેવ એ પ્રકારે કહેવાય છે તથા બાલમુકુંદ અને માખણધારી કહેવાય છે. (૭૨) તે જ શ્રીકૃષ્ણ ગોકુલને પામીને નંદજીના ઘેર મોટા થયા, ત્યાં યશોદાજીએ લાલનપાલન કરાયા થકા મૃત્તિકાભક્ષણ, મુખમાં વિશ્વરૂપદર્શન વગેરે દિવ્ય લીલાઓ કરતા હતા. (૭૩) તે જ શ્રીકૃષ્ણને રાધાકૃષ્ણ, ગોપીનાથ, રાધાપતિ, વૃંદાવનવિહારી અને મદનમોહન કહેલા છે તે આ પાંચ નામોથી કહેલા છે. (૭૪) આ ધરાતલ ઉપર મંદિરોમાં તે શ્રીકૃષ્ણની મૂર્તિઓ રાધિકાએ સહિત, અને બંસી વડે સુશોભિત હસ્તકમળવાળી જ વર્તે છે. (૭૫) શ્રીકૃષ્ણે બલરામની સાથે વ્રજથી મથુરામાં જઈને યાદવોનું પ્રિય (કંસવધ વગેરે) કર્યું ત્યારે શ્રીકૃષ્ણ રામકૃષ્ણ નામથી કહેવાયા. (૭૬) એ શ્રીકૃષ્ણ મથુરાનાથ અને યાદવભૂષણ નામથી કહેવાયા. તે મથુરાનાથની મૂર્તિઓ મંદિરોમાં બલરામે સહિત છે. (૭૭) તે જ શ્રીકૃષ્ણ દ્વારિકામાં આવીને લક્ષ્મીના અવતારભૂત રુકિમણી સાથે પરણ્યા. રાજાધિરાજની માફક લીલા જેની છે એવા શ્રીકૃષ્ણ લક્ષ્મીનારાયણ નામે કહેવાયા. (૭૮) ત્યારબાદ તેમને શ્રી દ્વારિકાનાથ તથા યદુપતિ કહેલા છે. અહીંયાં મંદિરોમાં દ્વારિકાનાથની મૂર્તિઓ લક્ષ્મીજીની સાથે રહેલી છે. (૭૯) તે દ્વારિકાનાથ યુધિષ્ઠિરાદિ પાંડવોનું પ્રિય કરતા થકા અર્જુનના સખા અને દ્રૌપદીનું માન વધારતા સતા પાંડવોના હસ્તિનાપુરમાં ઘણું કરીને રહેતા હતા. (૮૦) અર્જુનના સખા શ્રીકૃષ્ણ નરનારાયણ નામથી તથા પાંડવપ્રિય નામથી કહેલા છે. આ લોકમાં મંદિરોમાં શ્રીકૃષ્ણની મૂર્તિઓ અર્જુને સહિત (નરનારાયણ નામે) વર્તે છે. (૮૧) પાંચ પ્રકારની આ મૂર્તિઓ કોઈ મંદિરોમાં ચતુર્ભુજ હોય છે. કેટલાંક મંદિરોમાં બે ભુજાવાળી હોય છે. (૮૨) કેટલાંક મંદિરોમાં પાર્ષદોએ સહિત હોય છે. કોઈ ઠેકાણે પાર્ષદ રહિત પણ હોય છે. ક્યારેક આયુધે સહિત હોય છે. કોઈ મંદિરોમાં આયુધોએ રહિત હોય છે. (૮૩) પાંચે પ્રકારનાં મંદિરોમાં સર્વ ઉત્સવોનો પૂજા દ્રવ્ય નિવેદનમાં એક જ સામાન્ય વિધિ જાણવો. (૮૪) જે જે ઉત્સવમાં વિશેષ હશે તે હું કહીશ. મારો કહેલો વિશેષ, પૂજાવિધિમાં પ્રવીણ પૂજકોએ તે તે મૂર્તિના પૂજનમાં જાણવો. (૮૫) હે પુત્રો ! આ પ્રકારે આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં મુખ્ય શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવનો સર્વ વિધિ મેં તમોને કહ્યો. દરેક મંદિરોમાં આ પ્રકારે જ તમારે વિધિ કરવો. (૮૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વાર્ષિક વ્રતોત્સવવિધૌ જન્માષ્ટમુત્સવવિધિનિરૂપણ નામનો નેવુંમો અધ્યાય થયો. ॥૯૦॥

●

## અધ્યાય-૯૧

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે પુત્રો ! હવે ભાદરવા માસમાં ભગવાનના જે ઉત્સવો થાય છે તેનો સમગ્ર વિધિ હું તમોને કહું છું. (૧) તેમાં અર્જુનના પ્રાદુર્ભાવના ઉત્સવનો વિધિ પ્રથમ કહું છું. ભાદરવા સુદ બીજને

ગુરુવારે બપોરના સમયે અર્યમા છે દેવતા જેના એવા ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં અભિજિત નામના મુહૂર્તમાં સાક્ષાત્ પ્રભુ નર મહર્ષિ કુંતાજીને વિષે ઈન્દ્ર થકી અર્જુન નામે હિમાચળના ઉપરી ભાગમાં પ્રાર્દુભાવ પામ્યા ત્યારે ઈન્દ્રાદિ દેવોએ ઉત્સવ કર્યો હતો. (૨-૩) તેમના મહોત્સવવિધિમાં સામાન્યપણે મધ્યાહ્‌ન વ્યાપિની દ્વિતીયા તિથિ લેવી અને તે પૂર્વ વિદ્ધા જ લેવી અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ હોય તો બીજી તિથિ લેવી અર્થાત્ ભાદરવા સુદ બીજના રોજ અર્જુન જન્મોત્સવ કરવો. પણ જો પૂર્વ દિવસે મધ્યાહ્‌ન વ્યાપિની અને પરદિને મધ્યાહ્‌ન અવ્યાપિની હોય તો પૂર્વ દિવસે જ ઉત્સવ કરવો અને જો પરદિને મધ્યાહ્ન અવ્યાપિની હોય પરંતુ જો ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો યોગ મધ્યાહ્‌ને હોય ત્યારે તો બીજે દિવસે જ ઉત્સવ કરવો. પૂર્વ દિવસે જ ઉત્તરાફાલ્ગુનીનો યોગ હોય તો પૂર્વ દિવસે જ ઉત્સવ કરવો. (૪) અર્જુન જન્મોત્સવ પ્રસંગે પૂજારી રત્ન, મોતી અને સુવર્ણ વડે અતિદીપ્યમાન મુગટ ભગવાન શ્રીકૃષ્ણને ધારણ કરાવે. તથા ધનુષબાણ, સોનાની ઢાલ અને તલવાર ધારણ કરાવે. (૫) રાજામહારાજાની શૈલી અનુસાર વસ્ત્રો અને અલંકારો ધરાવે. તેમજ પૂરીઓ તથા ઘૃતસાકર સહિત દૂધપાક ભગવાનને નિવેદન કરે. (૬) આ અર્જુન જન્મોત્સવમાં આટલો જ વિશેષ છે. બાકી બીજો વિધિ તો જન્માષ્ટમીની પેઠે જ જાણવો. પૂજારી આ પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણની સ્થાપન કરેલી મોટી અચળ મૂર્તિની પૂજા કરે. (૭) ત્યારબાદ અર્જુન નામક નર પ્રતિમાની પૂજા કરે. જો નર પ્રતિમા ન હોય તો શ્રીકૃષ્ણની મૂર્તિમાં જ અર્જુનની ભાવના કરી પૂજા કરે. (૮) જો શ્રીકૃષ્ણની પણ પ્રતિમા ન હોય તો ધનુષ્યબાણને ધારી રહેલી સુવર્ણની અર્જુનની મૂર્તિ કરીને મધ્યાહ્‌ને પૂજા કરે. (૯) મંદિરની આગળ મંડપ ધરાવીને જ સર્વતોભદ્ર નામના મંડળમાં મહાપૂજા ક્રમથી પૂજા કરે. (૧૦) તે પૂજામાં પૂજ્ય પ્રધાનદેવ અને અંગદેવતાઓ પાંડુ, કુંતી, માદ્રી, યુધિષ્ઠિર, ભીમ વગેરે તથા શતશૃંગાચળ નિવાસી મુનિઓની પૂજા કરવી. (૧૧) તે નરઋષિ (અર્જુન)ને શીરો, દૂધ-પૂરીનું નૈવેદ્ય ધરે. પછી કપૂર અને ઘીની વાટ્યો વડે આરતી ઉતારે. (૧૨) પછી હિમાચળના પૃષ્ઠ ભાગમાં ઉત્પન્ન થયેલા અર્જુનની જન્મકથાને ગવરાવે અને બાલકૃષ્ણની સાથે પારણામાં અર્જુનની પ્રતિમાને પધરાવીને ઝુલાવે. (૧૩) બે ઘડી પછી કૃષ્ણ અને અર્જુનની આરતી ઉતારી પૂજારી તેમને પારણામાંથી નીચે ઉતારે. અર્જુન જન્મોત્સવના દિવસે પૂજક જન પૂજનના અંતે મધ્યાહ્‌ને એકવાર હવિષ્યાન્ન જમે. (૧૪) ભાદરવા માસની સુદી ચતુર્થીએ હસ્ત નક્ષત્રમાં સૂર્ય-ચંદ્ર કન્યારાશિને પામતાં, રવિવારે સિદ્ધિયોગમાં અભિજિત મુહૂર્તમાં શંકરના મંદિરમાં સાક્ષાત્ ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણ શંકરના પુત્રરૂપે ગણપતિ નામથી પ્રગટ થયા હતા. તે સમયે સમગ્ર દેવગણોએ તે તિથિએ તે નિમિત્તનો મહોત્સવ કર્યો હતો. (૧૫-૧૬) એ હેતુ માટે ભાદરવા સુદી ચતુર્થીના રોજ શ્રી ગણપતિ પૂજા મહોત્સવ કરવો જોઈએ. ગણપતિ ચોથ તૃતીયાના વેધવાળી ઉત્તમ ગણાય છે. આથી તૃતીયાવાળી જ લેવી. (૧૭) બન્ને દિવસોમાં મધ્યાહ્‌ને ચતુર્થી સકલપણે વ્યાપ્ત હોય અથવા સકલપણે અવ્યાપ્ત હોય, સામ્યથી કે વૈશમ્યથી એક દેશ વ્યાપી હોય ત્યારે તૃતીયાયુક્ત જ ચતુર્થી ગ્રહણ કરવી. પરંતુ બીજા દિવસે જ ચતુર્થી મધ્યાહ્‌ન વ્યાપિની હોય તો ચતુર્થી બીજી જ ગ્રહણ કરવી. પૂર્વ દિવસે સર્વથા મધ્યાહ્‌ન સ્પર્શ ન હોય અને

પરદિને જ મધ્યાહ્‌ન સ્પર્શિની હોય ત્યારે પરા ગ્રહણ કરવી. (૧૮) આ ગણપતિ ઉત્સવમાં શ્રીકૃષ્ણને લાલ વસ્ત્રો ધારણ કરાવે અને નૈવેદ્યમાં લાડુ ધરાવવા. અન્ય વિધિ તો નિત્ય થનારો કરવો. (૧૯) આ ઉત્સવમાં મૃત્તિકાની ગણપતિની ચતુર્ભુજા અને હાથીની સૂંઢ જેવા મુખવાળી એક દાંતવાળી મૂર્તિની મધ્યાહ્‌ન સમયે પૂજક યથાશાસ્ત્ર પૂજા કરે. (૨૦) સિંદૂર, દુર્વા, શમીપત્ર, કરણપુષ્પ, શિરીષપુષ્પ, તુલસીદલ, બીલીપત્ર વગેરેથી ગણેશની પૂજા કરે અને તેમને વીશ લાડુનું નૈવેદ્ય ધરાવે. (૨૧) આ દિવસે જ ગણપતિની પૂજામાં તુલસી ઈષ્ટ માનેલ છે પણ વર્ષમાં અન્ય કોઈ દિવસે ઈષ્ટ માનેલ નથી. આ બધું પુરાણમાંથી જાણી લેવું. (૨૨) ગણપતિ ચોથના દિવસે રાત્રિમાં કોઈપણ પુરુષે ચંદ્ર દર્શન કરવું નહિ. જો દર્શન થઈ જાય તો મિથ્યાવાદની પ્રાપ્તિ થાય તેમાં સંશય નથી. (૨૩) જો અજાણતાં તે દિવસે રાત્રિમાં ચંદ્ર દર્શન થઈ જાય તો શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં કહેલી ભગવાન શ્રીકૃષ્ણની સ્યમંતક મણિહરણ લીલાની કથા સાંભળવાથી દોષ નિવારણ થઈ જાય. (૨૪) અથવા કથા શ્રવણયોગ ન હોય તો તે કથાના-અધ્યાયનો પાઠ કરવો. શ્રવણ અને પાઠ બન્નેનો અસંભવ હોય વિષ્ણુપુરાણોક્ત (આગળ કહેવાશે તે) મંત્રનો આદરપૂર્વક પાઠ કરવો. (૨૫) 'सिंहः प्रसेनमवधीन्सिंहोजाववता हतः । सुकुमारक मरोदीस्तवह्येष स्यमंतकः ॥ સિંહે પ્રસેન રાજાને માર્યો, જાંબુવાને સિંહને માર્યો. હે સુકુમારક ! તું રુદન કરીશ નહિ. આ સ્યમંતકમણિ તારો જ છે.' (૨૬) જે પુરુષ પવિત્ર થઈ દશ વખત આ મંત્રનો પાઠ કરે તે પુરુષ ચોથના ચંદ્રના દર્શનથી થયેલ મિથ્યાપવાદરૂપ દોષથી તત્કાળ જ મુક્ત થાય છે. (૨૭) ભાદરવા સુદી આઠમના દિવસે અનુરાધા નક્ષત્રમાં રવિવારે વૃષભાનુ નામના ગોપને ઘેર સાક્ષાત્ રાધિકાજી પ્રાદુર્ભાવ પામ્યાં હતાં. (આ રાધાષ્ટમી કહેવાય છે.) (૨૮) રાધાષ્ટમી વ્રત કરનાર જનોએ રાધાષ્ટમી મધ્યાહ્‌ન વ્યાપિની લેવી. બન્ને દિવસોમાં મધ્યાહ્‌ન અષ્ટમીની વ્યાપ્તિ હોય કે અવ્યાપ્તિ હોય તો પણ પૂર્વ વિદ્ધા ગ્રહણ કરવી. સપ્તમીના વેધવાળી અષ્ટમી રાધા જન્મોત્સવમાં ક્યારેય શ્રેષ્ઠ માની નથી અને જો બીજા દિવસે અષ્ટમીનો ક્ષય થઈ જતો હોય ત્યારે તો સપ્તમીના વેધવાળી પણ અષ્ટમી ગ્રહણ કરવી. (૨૯) રાધાષ્ટમીના દિવસે શ્રીકૃષ્ણને લાલ સુરવાળ ધારણ કરાવે અને મસ્તકે ફેંટો પણ બાંધે. ફેંટાને તોરાઓની પંક્તિઓથી સુશોભિત કરવો. કેસરથી રંગેલ અને વિચિત્ર રચનાવાળું અને સૂક્ષ્મ અંગરખું ધારણ કરાવવું. અન્ય વસ્ત્રાલંકારાદિક બધું તો કૃષ્ણ જન્માષ્ટમીના ઉત્સવની પેઠે જ પૂજારી ધારણ કરાવે. (૩૦-૩૧) ત્યારબાદ મધ્યાહ્‌ને કૃષ્ણની બાજુમાં રહેલાં રાધિકાજીની પૂજા કરે. જો મંદિરમાં રાધિકાજીની પ્રતિમા ન હોય ત્યારે તો પૂજારી લક્ષ્મીજીની પ્રતિમાને રાધિકાજી માનીને ખૂબ પૂજન કરે. કેસરી રંગની પીળી સૂક્ષ્મ અને લાંબી સાડી મૂર્તિને ધારણ કરાવે. (૩૨-૩૩) કંચુકી અને ચણિયો - આ બન્ને વસ્ત્ર લાલ રંગનાં ધરાવે અને બીજાં આભૂષણો તો પૂર્વની માફક જ ધારણ કરાવવાં. (૩૪) અને નૈવેદ્યમાં તો ખાસ કરીને મોતૈયા લાડુ અર્પણ કરવા. આ રાધાષ્ટમી ઉત્સવમાં અન્ય વિધિ તો કૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવની માફક જ જાણવો. (૩૫) જો મંદિરમાં લક્ષ્મીજીની મૂર્તિ પણ ના હોય તો સુવર્ણની બે ભુજાવાળી રાધિકાજીની પ્રતિમા કરી ગોપીઓ સાથે પૂજારી પૂજન કરે. (૩૬) તે રાધિકાજીના પૂજનમાં

રાધિકા જન્મનાં પદો ગવરાવવાં અને પૂજનના અંતે પૂજકે શ્રીહરિની પ્રસાદીનું અન્ન જમવું. (૩૭) ભાદરવા સુદી એકાદશી (પરિવર્તિની)ના રોજ શ્રીકૃષ્ણનો દાણલીલા ઉત્સવ કહે છે. આ ઉત્સવ સદાચાર પ્રાપ્ત છે તેમાં પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને ગોકુળમાં દાણલીલા કરી હતી. (૩૮) શ્રીકૃષ્ણ ગોપ વેષ વડે સમલકૃંત થઈ યમુનાજીમાં ચાલતી નૌકામાં સ્વયં બેસીને દહીં લઈને મથુરા વેચવા જતી ગોપીઓ પાસે રાજાની આજ્ઞાથી ઘાટ આદિકમાં લેવાતું દાણ માંગ્યું હતું. ભગવાને આ પ્રકારે દાણલીલા કરી હતી. (૩૯) આ દિવસે પૂજારી બાલકૃષ્ણને ગોપવેષ ધારણ કરાવે પછી કૃષ્ણને પાલખીમાં બેસારીને ગીતવાજિંત્રોના ધ્વનિએ સહિત નદીએ લઈ જાય. (૪૦) ત્યાં નૌકામાં નંદનંદનને પધરાવી પૂજન કરી બે ઘડી જળક્રીડા કરી સ્વસ્થાને પાછા લાવે. (૪૧) શ્રીકૃષ્ણે રાધિકાજી સાથે કરેલી દાણલીલા ભક્તજન ગાય કે ગવડાવે અને તે દિવસે ઉપવાસ કરે. (૪૨) આ દિવસે નૈવેદ્યમાં મુખ્યત્વે દહીં અને ભાત અર્પણ કરે. આ એકાદશીનો આટલો જ વિશેષ પ્રકાર જાણવો. બાકી વસ્ત્રાલંકારાદિ ધારણ કરાવવાનો વિધિ તો દરેક એકાદશીની માફક જ જાણવો. (૪૩) હવે વામનજીનો ઉત્સવ કહે છે. ભાદરવા સુદ બારશના રોજ શ્રવણ નક્ષત્રમાં બુધવારે મધ્યાહ્ન સમયે માતા અદિતિ થકી વામન ભગવાન અવતર્યા હતા. (૪૪) વામન જન્મોત્સવમાં ભાદરવા સુદી બારશે મધ્યાહ્ન સમયે પ્રાદુર્ભાવ હોવાથી, મધ્યાહ્ન વ્યાપિની ગ્રહણ કરવી. જો મધ્યાહ્ન સમયે બારશ, શ્રવણ નક્ષત્રવાળી હોય તો તે બારશ, જન્મોત્સવમાં અતિ પ્રશંસાને યોગ્ય છે. (૪૬) એકાદશીના દિવસે જો મધ્યાહ્ન સમયે બારશ હોય તે સમયે જ વિષ્ણુદેવાતક શ્રવણ નક્ષત્ર હોય તો વિષ્ણુ શ્રંખલ નામે યોગ કહેવાય છે અને તે યોગ વિષ્ણુ ભગવાનની સાયુજ્યમુક્તિ કરાવનારો છે. તે એકાદશીના રોજ ઉત્સવ, અને તેના અંગભૂત વ્રત પણ કરવું. (૪૭) જ્યારે શ્રવણ નક્ષત્રથી યુક્ત બારશ હોય ત્યારે શક્તિમાન પુરુષ એકાદશી અને દ્વાદશી બન્ને ઉપવાસ નિરાહાર કરે. (૪૮) અને અશક્તિમાન પુરુષ એકાદશીના રોજ ફળાહાર કરી દ્વાદશીના રોજ ઉપવાસ કરે અથવા રાત્રિભોજન કરે. (૪૯) અને જો શ્રવણ નક્ષત્ર તેરશના દિવસે જ હોય તો પૂજક દ્વાદશીના દિવસે જ સર્વથા વામનોત્સવ કરે. (૫૦) હવે ઉત્સવવિધિ કહે છે. જે સુંદર પીતાંબર હોય તે શ્રીકૃષ્ણને ધારણ કરાવે અને અન્ય વસ્ત્રાભૂષણ આયુધાદિ પૂર્વની પેઠે જ ધારણ કરાવે. (૫૧) જો વાસુદેવ ભગવાનની ચલ પ્રતિમા પોતાની પાસે હોય તો તે મૂર્તિમાં વામન ભગવાનની પૂજા કરે અને જો પોતાની પાસે ચલ પ્રતિમા ન હોય તો બાળસ્વરૂપ દ્વિભુજ છત્ર કમંડળુ દંડધારી વામન ભગવાનની સુવર્ણ પ્રતિમા કરાવે. (૫૨) અને મંડપમાં કરેલા સર્વતોભદ્ર ઉપચારો વડે ભક્તિભાવથી ચંદન પુષ્પ ધૂપ દીપ વગેરે ઉપચારો વડે ભક્તિભાવથી વામન ભગવાનની સુવર્ણ પ્રતિમાની પૂજા કરે. (૫૩) અને વામન ભગવાનના અદિતિ, કશ્યપ, સ્ત્રીઓ અને ગણોએ સહિત ઈન્દ્રાદિ વગેરે અંગદેવોની પણ પૂજા કરે. (૫૪) ખૂબ ઘી-સાકરવાળા ચૂરમાના લાડુઓનું નૈવેદ્ય ધરાવે અને વામન ભગવાનનાં અવતારચરિત્રોનું ગાન કરાવે. (૫૫) વામનોત્સવ પ્રસંગે શ્રીહરિનારાયણના પૂજનમાં આટલો વિશેષ જાણવો. સામાન્ય વિધિ તો સર્વ ઉત્સવોમાં સમાન જ

જાણવો. (૫૬) હે પુત્રો ! આ પ્રકારે ભાદરવા માસના ઉત્સવો મેં તમોને કહ્યા. હવે આસો માસમાં કરવાના કહેલા અને ઉદ્ધવ સંપ્રદાય સંમત એવા ઉત્સવો હું તમોને કહું છું. (૫૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વાર્ષિક વ્રતોત્સવવિધિમાં ભાદ્રપદોત્સવવિધિનિરૂપણ નામનો એકાણુંમો અધ્યાય થયો. ॥૯૧॥

●

## અધ્યાય-૯૨

**શ્રી નારાયણમુનિ મહાપ્રભુ બોલ્યા :**

હે પુત્રો ! આસો માસના ઉત્સવોમાં પ્રથમ વિજયાદશમીના ઉત્સવનો વિધિ કહું છું. સંધ્યાકાળને લગારેક ઉલ્લંઘન કરીને અને થોડા થોડા ઉદય થયા છે તારાઓ જેમાં એવો જે સમય છે તે આ સર્વ કાર્યના અર્થને સિદ્ધ કરનારો તે સમય વિજય નામે પ્રસિદ્ધ છે. (૧) તે સમયે બે દિવસે (નવમી-દશમી) દશમીનો સંબંધ હોય તો નવમીના વેધવાળી પૂર્વા દશમી જ કૃષ્ણસેવકોએ લેવી. એ બન્ને દિવસે પણ વિજય સમયે દશમીની વ્યાપ્તિ ન હોય પરંતુ પૂર્વ દિવસે જ હોય તો પણ પૂર્વવિદ્ધા જ (નવમીના વેધવાળી) ઉત્સવમાં ગ્રહણ કરવી. (૨) જે હેતુ માટે આસો સુદ દશમ શ્રવણ નક્ષત્રમાં શ્રી રામચંદ્ર ભગવાને રાવણ ઉપર વિજય પ્રાપ્ત કરવા પ્રયાણ કરેલું તે હેતુ માટે સર્વ નરોએ તે દિવસે શ્રવણ નક્ષત્રમાં ગામના સીમાડાને ઉલ્લંઘન કરે. (૩) હવે ઉત્સવ વિધિ કહે છે : ઉત્સવ સમયે વસ્ત્રો તો ભગવાનને રાજાની માફક (મૂલ્યવાન અને નવાં) ધારણ કરાવવાં. સુગંધીમાન પુષ્પોના હારો, પુષ્પોના તોરાઓ અને સુંદર અગરુ ચંદન ધારણ કરાવે. (૪) દૂધપાક-ઠોર વગેરે પકવાનો વિશેષપણે નિવેદન કરે. સાયંકાળે શુદ્ધ અને અન્ય દેવોને નહિ ધરેલા યવાંકુરો (જવારા) શેખરોની પેઠે ધારણ કરાવે. (૫) ગીત-વાજિંત્રોના ઉદ્‌ઘોષની સાથે ભક્તિભાવથી મોટો ઉત્સવ કરાવે અને આ ઉત્સવમાં શ્રી રામચંદ્ર ભગવાનના દિગ્‌વિજયનાં પદો ગવરાવે. (૬) વિજયોત્સવ કહીને હવે આસો સુદ ૧૫નો રાસોત્સવ કહે છે : આસો માસની પૂર્ણિમા તિથિ ચતુર્દશીના વેધ રહિત ગ્રહણ કરવી એમ મૂળમાં પાઠ છે પણ તે ઠીક લાગતો નથી. આથી, ચતુર્દશી સમાયુક્તા, એવો પાઠ સારો છે. વિવેચન આ પ્રકારે જાણવું. આસો સુદી પૂર્ણમાસીના રોજ રાસોત્સવ કરવો. તે રાકા પૂર્ણમામાં જ કરવો પણ અનુમતિમાં ન કરવો. જે પૂર્ણિમા રાત્રિએ ચંદ્ર સોળ કળાએ પરિપૂર્ણ હોય તે રાકા નામથી કહી છે. જે પૂર્ણિમાની રાત્રિએ પ્રતિપદાના યોગને લીધે ઉદય પામતો જ ચંદ્ર એક કળાએ હીન થાય છે તે અનુમતિ નામથી કહી છે. તેથી રાસોત્સવમાં ચંદ્રોદય વ્યાપિની પૂર્ણિમા ગ્રહણ કરવી. ચંદ્રોદયથી આરંભીને ભગવાન શ્રીકૃષ્ણે રાસલીલા કરી હતી તે નક્કી જાણો. (૭) માટે હે પુત્રો ! ચંદ્રના સોળ કળાયુક્ત પ્રકાશવાળી પૂર્ણિમાની રાત્રિમાં કૃષ્ણભક્તોએ સર્વ પ્રકારે ઉત્સવ કરવો. (૮) આ રાસોત્સવમાં રાધાજીની મૂર્તિને ગોપીઓની સાથે (વસ્ત્રાભૂષણ વગેરે વડે) અત્યંત શોભાયુક્ત કરે. શ્રીકૃષ્ણ પ્રતિમાની સમીપે રાધિકા પ્રતિમા ન હોય ત્યારે રાધિકા અને ગોપીઓનું લક્ષ્મીજીની મૂર્તિમાં આવાહન કરી તે લક્ષ્મીજીની મૂર્તિને મહાશૃંગાર ધારણ કરાવે. (૯-૧૦) અંદરનું વસ્ત્ર ચણિયો અને બાહ્ય ઓઢવાનું વસ્ત્ર કસુંબલ ધારણ કરાવે અને કંચુકી

પીળા રંગની ધરાવે અને ભાલમાં કુંકુમપત્રિકા ધરાવે. (૧૧) અને તે પૂજારી ભક્ત શ્રીકૃષ્ણને મોંઘામૂલી પીતાંબર ધારણ કરાવે તથા અનેકવિધ રત્નોથી જડિત મુગટ અને કુંડલ ધારણ કરાવે. (૧૨) જમણા હાથમાં રત્નોથી સુશોભિત સુવર્ણમયી મોરલી ધારણ કરાવે તથા નૈવેદ્યમાં વિશેષપણે બરફી અને પેંડા ધરાવવા. (૧૩) સુગંધી પુષ્પથી વાસિત તૈલ (અત્તર) અને ગુલાબજળ વડે ભગવાનના મંદિર અને વસ્ત્રોને સુવાસિત કરે. (૧૪) પછી રાત્રિએ અગાશીમાં કરેલા અતિ સુશોભિત સુંદર સિંહાસનમાં બાલકૃષ્ણને સ્થાપન કરીને પૂજક જન ગીતવાદ્યપૂર્વક પૂજન કરે. (૧૫) નવી ડાંગરના પૌંઆ સાકર અને દૂધ બાલકૃષ્ણને નિવેદન કરે. બીજો વિધિ તો પૂર્વ ઉત્સવોની પેઠે જ જાણવો. (શરદ પૂનમ, માણેકઠારી પૂનમ, કોજાગરીવ્રત વગેરે પણ આ ઉત્સવને જ કહેવાય છે.) (૧૬) ભગવાન શ્રીકૃષ્ણે વૃંદાવનમાં ત્રણ યામવાળી લાંબી રાત્રિઓમાં ગોપીઓ સાથે કરેલી જે રાસલીલા તેનાં પદોને ગવડાવે. (૧૭) હવે ધનત્રયોદશી ઉત્સવ કહે છે. જે ઉદય વ્યાપિની આસો વદી તેરશ(ધનતેરશ)ના રોજ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણના અલંકારોને ધોઈ શુદ્ધ કરે તથા પૂજાનાં ઉપકરણો, કળશ, પાત્ર, આચમની આદિને પણ યથાયોગ્ય માર્જન કરે. (૧૮) ભગવાનના આખા મંદિરને યથાયોગ્ય ધોવા વડે, લીંપવા વડે, જળ છાંટવા વડે શુદ્ધ કરે અને પછી ભગવાનને કુંકુમ વડે સુંદર તિલક કરે. (૧૯) અને સુવર્ણના તારવાળો ફેંટો ભગવાનના મસ્તકમાં ધારણ કરે અને લક્ષ્મીજીને લીલી સાડી, તથા કસુંબી સુંદર કંચુકી ધારણ કરાવે. (૨૦) અને જલેબી તથા ખાજાં ભગવાનને નૈવેદ્ય માટે સમર્પણ કરે. આ ઉત્સવમાં આટલો વિશેષ છે. બાકીનો વિધિ તો પૂર્વઉત્સવોની માફક જ જાણવો. (૨૧) ધનતેરશથી આરંભીને ભગવાનના ભક્તોએ દીપોત્સવનાં કીર્તનો ગાવાં અને દિવાળી સુધી (ત્રણ દિવસ) દીવાઓની પંક્તિઓ કરવી. (૨૨) ધનત્રયોદશીના ઉત્સવ પછી હવે આસો વદી ચૌદશ અભ્યંગસ્નાનોત્સવ કહે છે : આસો માસમાં જે વદી ચતુર્દશી ચંદ્રોદય સમયે હોય તે જ લક્ષ્મીસહિત ભગવાન શ્રીકૃષ્ણને પરમ જળ વડે અભ્યંગસ્નાનમાં ગ્રહણ કરવી. (૨૩) ચૌદશના રોજ ચંદ્રોદય સમયે સુગંધી પુષ્પવાસિત તેલ-અત્તર વડે પૂજારી શરીરે મર્દન સહિત લેપન કરી પછી શ્રીકૃષ્ણ અને લક્ષ્મીજીને ગરમ જળ વડે સ્નાન કરાવે. (૨૪) અને લાલ વર્ણવાળાં વસ્ત્રો ધારણ કરાવે તથા ફુલવડી, ભજિયાં, વડાં અને માલપૂવાનું નૈવેદ્ય ધરે. (૨૫) આ ઉત્સવમાં પૂજારી આરતી કરવાના પાત્રમાં બહુ વાટો મૂકીને વિશેષપણે આરતી કરે. આ ઉત્સવમાં આટલો વિશેષ કહ્યો છે. અન્ય સર્વ વિધિ તો પૂર્વની માફક જ જાણવો. (૨૬) આ આસો વદી ચૌદશના દિવસે તેલ, સિંદૂર, આકડાના ફૂલના હાર અને અડદનાં વડાં વગેરેથી મહાવીર શ્રી હનુમાનજીનું મહાપૂજન કરવું. (૨૭) આ ચતુર્દશી હનુમાનજીના પૂજનમાં સંગવકાળ વ્યાપિની ગ્રહણ કરવી. બંને દિવસે સંગવવ્યાપિની જો હોય તો ત્રયોદશીના વેધવાળી પૂર્વની જ લેવી પણ ઉત્તરની ના જ લેવી. જો બન્ને દિવસે સંગવવ્યાપિની ના હોય તોપણ પૂર્વની જ બહુકાળ વ્યાપનારી હોવાથી ગ્રહણ કરવી પરંતુ અમાવાસાવિદ્ધા ના જ લેવી. (૨૮) અભ્યંગસ્નાનોત્સવ પછી હવે દીપોત્સવ અને લક્ષ્મીપૂજોત્સવ કહે છે : આસો વદી અમાવાસ્યાને દિવસે દીપોત્સવ અને લક્ષ્મીપૂજનનો મહોત્સવ કરવો, તેમ આસો માસની અમાવાસ્યા દીપદાનમાં

અને લક્ષ્મીપૂજનમાં પણ પ્રદોષ વ્યાપિની ગ્રહણ કરવી. તે પૂર્વવિદ્ધા કહેતાં ચતુર્દશીયુક્તા શુભ કહેલી છે. (૨૯) આ દીપોત્સવ(દિવાળી)ની વિધિ આ પ્રમાણે છે : તે દિવસે ભક્ત ભગવાનને અતિ મૂલ્યવાન આભૂષણો અને સૂક્ષ્મ સુંદર વસ્ત્રો ધારણ કરાવે. (૩૦) પૂજારી પ્રદોષકાળે રુકિમણી નામના લક્ષ્મીજીનું પૂજન કરે. જો લક્ષ્મીજીની પ્રતિમા ન હોય તો રાધિકાજીની પ્રતિમામાં લક્ષ્મીજીનું ધ્યાન કરી યથાશાસ્ત્ર સુશોભન ચંદન-પુષ્પાદિ ઉપચારો વડે પૂજન કરે અને જો રાધાજીની પ્રતિમા પણ ન હોય તો લક્ષ્મીજીની સુવર્ણમૂતિ બનાવે. (૩૧-૩૨) તે મૂર્તિ ચર્તુર્ભુજા અને પદ્મના સિંહાસનમાં રહેલી બનાવવી અને તેની જમણી બાજુના ઉપરના હાથમાં બૃહન્નાલ કમળ બનાવવું તથા ડાબી બાજુના ઉપરના હાથમાં અમૃત ભરેલો કળશ બનાવવો. તથા નીચે રહેલા ડાબા અને જમણા હાથમાં અતિ સુંદર બીલુ અને શંખ બનાવવો. (૩૩-૩૪) અને તે લક્ષ્મીજીના બન્ને પડખામાં સૂંઢમાં કુંભ ધારણ કરેલા બે હાથી બનાવવા તથા લક્ષ્મીજીના મસ્તક ઉપર ખૂબ મનોહર કમળ બનાવવું. (૩૫) કેળના સ્તંભો વડે બનાવેલા મંડપમાં સર્વતોભદ્ર મંડળમાં તે લક્ષ્મીજીની લક્ષ્મીસૂક્ત વડે ષોડશોપચાર પૂજા કરે. (૩૬) તથા મંડપની ચોમેર શક્તિ અનુસાર દીવડાઓની હારો કરાવવી અને લક્ષ્મીજીને અલંકારો અને અમૂલ્ય વસ્ત્રો અર્પણ કરે. (૩૭) શ્રીહરિની સમીપે રહેલાં લક્ષ્મીજીને લાલ રંગનાં વસ્ત્રો ધારણ કરાવવાં અને શ્રીહરિને શુદ્ધ ને પવિત્ર વસ્ત્રો ધારણ કરવાં. (૩૮) અને લક્ષ્મીજીના લલાટમાં અતિ શોભાયમાન ચાંદલો કરે અને તે ચાંદલા ઉપર ધોળા ઝીણા અણિયાળા ચોખા ચોટાડે. (૩૯) ત્યારપછી સુગંધી પુષ્પના હારો, પુષ્પના બાજુબંધો, કમળો, ધૂપ અને ઘીના દીપો વડે લક્ષ્મીજીનું પૂજન કરે. (૪૦) લક્ષ્મીજીને નૈવેદ્યમાં જલેબી, ખાજાં, સૂતરફેણી, ઘેબર, રેવડી, પતાસાં, બરફી, પેંડા, સાકરના રસ પાયેલા એલચીદાણા, સાકરિયા ચણા અને ભાત વગેરે ભોજનો ભક્તિપૂર્વક નિવેદન કરે. (૪૧-૪૨) ત્યારપછી પાનબીડાં અર્પણ કરી મોટી આરતી કરે અને પૂજન સમયે લક્ષ્મીપૂજનનાં પદો ગવરાવે. (૪૩) આ પ્રકારે આસોમાસમાં કરવાના ભગવાનના ઉત્સવો મેં તમોને કહ્યા. હવે કાર્તિકમાસમાં કરવા યોગ્ય ઉત્સવ હું તમોને કહું છું; હે પુત્રો ! તેને એકાગ્રમનથી સાંભળો. (૪૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વાર્ષિક-વ્રતોત્સવના વિધિમાં અધિનોત્સવ વિધિનિરૂપણ નામનો બાણુંમો અધ્યાય થયો. ॥૯૨॥

●

## અધ્યાય-૯૩

**હવે શ્રીહરિ કાર્તિક સુદ એકમનો ગોવર્ધનોત્સવ કહે છે :**

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે પુત્રો ! કાર્તિક માસમાં શુકલ પક્ષમાં રહેલી પ્રતિપદા તિથિ સાયંકાળવ્યાપિની ગ્રહણ કરવી. ગોવર્ધન ઉત્સવમાં પૂર્વ વિદ્ધા જ આનંદદાયિની કહેલી છે. (૧) ગાયોની ક્રીડાના દિવસે રાત્રિમાં જ્યારે ચંદ્રમા દેખાય ત્યારે સોમરાજા (ચંદ્રમા) નવાદિ પશુઓને તથા ગાયોની પૂજા કરનારને હણે છે. (૨) તેથી દીપાવલીના ત્રણે દિવસો ચતુર્દશી, અમાવાસ્યા અને પ્રતિપદા એકીસાથે જ કરવા

પરંતુ સાંતરાય ન કરવા એ નિશ્ચય વાત છે. (૩) ગોવર્ધનોત્સવમાં ભગવાન કૃષ્ણને લાલ પાલવવાળું પીતાંબર ધારણ કરાવે. મયૂરનાં પીછાંનો મુકુટ અને કર્ણિકારના પુષ્પના તોરાઓ ધારણ કરાવે. (૪) પાંચ વર્ણવાળાં પુષ્પોથી બનાવેલી શુભ્રા વૈજયંતિમાલા, તોરાઓ અને મોરલી ધારણ કરાવે. (૫) નાના પ્રકારના અલંકારો, તુલસીની માળા તથા ખભા ઉપર લંબાયમાન ઉત્તરીય વસ્ત્ર ધારણ કરાવે. (૬) પોતાના દ્રવ્યાનુસારે અન્નકૂટની રચના કરે. નાના પ્રકારનાં શાકો તથા નાના પ્રકારનાં ભજિયાં બનાવે. (૭) નાના પ્રકારના ઘીમાં પકવેલાં જલેબી-ખાજાં વગેરે પકવાનો તથા ભાતદાળ કંસાર અને લાડુ વગેરે ભોજન પદાર્થો શ્રીકૃષ્ણને અર્પણ કરે. (૮) પછી પાનબીડાં અર્પણ કરી શ્રીહરિની આરતી ઉતારી વૈષ્ણવો, વિપ્રો અને સાધુઓને પ્રીતિપૂર્વક ભોજન કરાવે. (૯) અને આ અન્નકૂટોત્સવના દિવસે જ પ્રાતઃકાળે હળદર, કુંકુમ, અબીલ, ગુલાલ વગેરે વડે ગાયો, બળદો, વાછરડા, વાછરડીઓની પૂજા કરે. (૧૦) સુંગધી પુષ્પમય હારોથી અને તેમનાં શીંગડાંને રંગાવી અલંકૃત કરે. નવીન ઘાસથી તે સર્વને તૃપ્ત કરીને ભગવાનનાં મંદિરના આગળના ભાગમાં તેમને ખેલાવે. (૧૧) તે પછી ગાયના છાણ વડે ગોવર્ધન બનાવી તેની પૂજા કરે. પછી મધ્યાહ્ન સમયે ભગવાન આગળ અન્નકૂટ બનાવે. (૧૨) આ ઉત્સવમાં ગોવર્ધનોત્સવ કથાનાં સુંદર કીર્તનો ગવરાવે અને ગાય; તથા વાજિંત્રોનો ઘોષ કરાવે. (૧૩) અને વૈષ્ણવોને જમાડ્યા પછી તે સેવક પોતે જમે. આ ઉત્સવમાં આટલો વિશેષ જાણવો. અન્ય વિધિ તો નિત્ય પ્રમાણે જાણવો. (૧૪) હવે ગોપાષ્ટમી ઉત્સવ કહે છે : કારતક સુદી અષ્ટમીના દિવસે પ્રાતઃકાળમાં પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને પ્રથમ સખા બાળ ગોપો સાથે વૃંદાવનમાં ગાયો ચારી હતી. (૧૫) જે ગોપાષ્ટમીની તિથિ સૂર્યોદયમાં હોય તે ગ્રહણ કરવી. અષ્ટમી તિથિ વૃદ્ધિ પામેલી હોય તો પૂર્વની બહુકાળ વ્યાપિની હોવાથી ગ્રહણ કરવી. અષ્ટમી તિથિનો ક્ષય હોય તો સપ્તમીના વેધવાથી ગ્રહણ કરવી; વિપરીતપણે ગ્રહણ ન કરવી. (૧૬) ગોપાષ્ટમીના દિવસે શ્રીકૃષ્ણને ઉત્તમ ગોપવેષ ધારણ કરાવવો. સુંથણી, મયૂરનાં પીછાં જેના અગ્રભાગમાં છે એવો મુકુટ અને પીતાંબર ધારણ કરાવવું. (૧૭) કેસરયુક્ત ચંદન વડે ભગવાનના શરીરમાં અર્ચા કરવી, ફૂલના ખૂબ અલંકારો ધારણ કરાવવા અને હાથમાં છડી તથા મનોહર મોરલી ધારણ કરાવવી. (૧૮) અને દહીં, ભાત અને દળેલી સાકરનું નૈવેદ્ય અર્પણ કરવું. આ ઉત્સવમાં કૃષ્ણે ગાયો ચારી તે લીલાનાં પદો ગવરાવવાં અને પૂજાને અંતે પૂજકે ભોજન કરવું. (૧૯) હવે **'પ્રબોધની એકાદશીનો'** ઉત્સવ કહે છે : કાર્તિક સુદ એકાદશીના રોજ જગત્પ્રભુ શેષશાયી યોગેશ્વર ભગવાને યોગનિદ્રાનો ત્યાગ કર્યો હતો તેથી આ એકાદશી પ્રબોધિની કહેવાય છે. તેમાં પ્રથમ સામાન્યપણે વૈષ્ણવોએ કરવાની એકાદશીના નિર્ણયને કહે છે. (૨૦) તે એકાદશી બે પ્રકારની છે : શુદ્ધા અને દશમ વિદ્ધા. સૂર્યોદયથી પહેલાં ચાર ઘટિકાનો કાળ અરુણોદય કહેવાય છે. તેમાં દશમી તિથિની એક પળ માત્ર પણ સર્વ પ્રકારે ત્યાજ્ય છે. પંચાવન ઘડી દશમી જો હોય તો દશમીવિદ્ધા એકાદશી થાય છે તેથી ઉપવાસમાં ન લેવી. (શુદ્ધા અને વિદ્ધા આદિ વિશેષ તો તૃતીય પ્રકરણના બત્રીસમાં અધ્યાયમાંથી જાણવી.) (૨૧) જો એકાદશી વૃદ્ધિને પામી હોય તો પૂર્વદિને સાઠ ઘડી વ્યાપિની પણ તેનો ત્યાગ કરવો પરંતુ

બીજા દિને પળમાત્ર સંબંધવાળી એ જ એકાદશી વ્રતોત્સવમાં લેવી. દશમીના વેધના અભાવમાં પણ દ્વાદશી કે એકાદશીની વૃદ્ધિ હોય તો પરા જ ગ્રહણ કરવી, પણ પૂર્વા નહિ. આ પ્રકારે વૈષ્ણવોનો નિર્ણય જાણવો. (૨૨) જ્યારે એકાદશી દશમી વેધ રહિત શુદ્ધા હોય અને દ્વાદશીની વૃદ્ધિ હોય ત્યારે શક્તિવાળા ભગવદ્- ભક્તોએ બન્ને દિવસ ઉપવાસ કરવો. (૨૩) અસમર્થ ભક્તોએ દ્વાદશીના દિવસે જ ભક્તિભાવથી ઉત્સવ સહિત ઉપવાસ કરવો અને પારણાં તો બન્નેએ દ્વાદશીએ જ કરવાં. (૨૪) એકાદશીનો ઉપવાસ કર્યા પછી દ્વાદશીનો પણ ઉપવાસ કરે. તેમાં પારણાં નહિ કરવારૂપ અપરાધ થતો નથી. કેમ કે બન્નેના અધિનાયક દેવ શ્રીહરિ જ છે. (૨૫) જ્યાં સુધી પંચાવન ઘટિકા દશમી હોય ત્યાં સુધી દશમી વેધ કહેલો નથી. પંચાવન ઘટિકાથી ઉપર દશમી વેધ કહેલો છે. (૨૬) હવે જો બહુવાક્યોનો વિરોધ આવતો હોય તથા જ્યોતિર્વિદો પણ સંદેહમાં પડી જાય તેમ હોય ત્યારે તો શુદ્ધા દ્વાદશી ઉપવાસમાં લેવી અને પારણાં ત્રયોદશીમાં કરવાં. (૨૭) જો એક પળ પર્યંત નવમી હોય અને પછી દશમી આવતી હોય ત્યારે ઉપવાસો અને ઉત્સવોમાં પણ દ્વાદશી જ લેવી. (૨૮) તિથિનિર્ણય કહ્યા પછી હવે ઉત્સવવિધિ કહે છે : આ એકાદશીના દિવસે વૈષ્ણવજન બ્રાહ્મમુહૂર્તમાં તત્કાળ ઊઠી સ્નાન કરી સંધ્યાવિધિ કરી પૂજાનાં દ્રવ્યોને સંપાદન કરે. (૨૯) પૂજારી પુરુષ યોગેશ્વર નામથી શ્રીકૃષ્ણની પૂજા કરે અથવા સુવર્ણની યોગેશ્વરની પ્રતિમા પોતાની શક્તિ પ્રમાણે કરાવે. (૩૦) પદ્માસન ઉપર બેઠેલી, થોડાંક મીંચેલાં નેત્રોવાળી, નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિવાળી, શ્વેત કમળ ઉપર રહેલી એવી પ્રતિમા બનાવે. (૩૧) ડાબો અને જમણો બન્ને નીચેના હાથ ખોળામાં રહેલા અને તે બન્ને હાથોમાં કમળ અને મહાગદા બનાવરાવે. (૩૨) તે પ્રતિમાના ઉપરના બન્ને હાથોમાં શંખ અને ચક્ર બનાવરાવે તથા તે યોગેશ્વર ભગવાનના ડાબા ભાગમાં બેઠેલાં લક્ષ્મીજી બનાવે. (૩૩) આ પ્રમાણે યોગેશ્વર નામવાળી ભગવાનની પ્રતિમા કરીને મહાપૂજા વડે ગીતવાજિંત્ર સહિત ષોડશોપચાર વડે પૂજા કરાવે. (૩૪) અને તે યોગેશ્વરના નૈવેદ્યમાં સાકર સહિત દૂધ-ખૂબ કોમળ ભાત તથા દ્રાક્ષ, બદામ અને અખરોટ વગેરે ફળો અર્પણ કરે. (૩૫) અને આ જ પ્રબોધિનીના દિવસે મધ્યાહ્ન સમયે ધર્મદેવનો જન્મ હોવાથી તે સમયે ધર્મપૂજનોત્સવ પણ કરવો. જો ધર્મદેવની પ્રતિમા ન હોય તો સુવર્ણની ધર્મની મૂર્તિ કરાવરાવે. (૩૬) ભગવાનનાં મંદિર આગળ પૂર્વની પેઠે શુભ મંડપ બનાવી સર્વતોભદ્ર મંડળમાં યથાશાસ્ત્ર ધર્મદેવની પૂજા કરે. (૩૭) ચાર મુખ, ચાર હાથ, ચાર પગવાળી અને શ્વેતાંબરાવાળી તથા સર્વ આભરણોવાળી સુંદર ચિહ્નોવાળી શ્વેત સુંદર ધર્મની મૂર્તિ કરાવે. (૩૮) તે ધર્મના જમણા હાથમાં અક્ષમાલા અને ડાબા હાથમાં પુસ્તક ધારણ કરાવવું અને જમણા હાથમાં રહેલો મૂર્તિમાન ઉદ્યોગ(વ્યવસાય) કરાવવો. (૩૯) અને ડાબા ભાગમાં રહેલો પરમરૂપવાન સુખ(આનંદ) બનાવવો અને તે વ્યવસાય અને સુખના હસ્તકમળો મસ્તક ઉપર આરોપેલાં બનાવવાં. (૪૦) અથવા બીજા પક્ષમાં ધર્મ પણ એક મુખવાળા, બે હાથ, બે પગ, સુશોભિત વસ્ત્રોવાળા આ પ્રકારે મનુષ્યાકૃતિ બનાવવાં. (૪૧) ધર્મના ડાબા પડખે અત્યંત સ્વરૂપવાન ભક્તિદેવી બનાવવાં. તે કેવાં તો બે ભુજાવાળાં, ખૂબ અલંકારવાળાં, કસુંબી રંગના નિર્મળ વસ્ત્રોવાળાં અને ડાબા હાથમાં

સુવર્ણમય કમંડલુ ધારી રહેલા તથા જમણા હાથમાં મોતીની માળાઓ ચંદન, સુગંધી પુષ્પો, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરેથી ભરેલું પૂજાપાત્ર ધારી રહેલાં એવાં બનાવવાં. (૪૨-૪૩) આ પ્રકારે ધર્મ અને ભક્તિની સુવર્ણમયી મૂર્તિઓ બનાવી પોતાની શક્તિ અનુસાર કશ્યપાદિ સપ્તર્ષિઓ અને અરુંધતીએ સહિત તે ભક્તિધર્મનું પૂજન કરવું. (૪૪) સપર્ષિઓ અને અરુંધતી દર્ભની પૂળીઓ વડે બનાવવાં અથવા તો તે બધાં ચંદન-ચોખા વગેરે વડે બનાવવાં. (૪૫) તે સમયે શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ વગેરે બીજી પણ ધર્મની બાર પત્નીઓની પૂજા કરવી. (૪૬) તે આખો પ્રબોધિનીનો દિવસ દુંદુભિનો ધ્વનિ કરાવે, શ્રીકૃષ્ણનાં નામસંકીર્તન અને ગુણાનુવાદનું ગાન કરાવે. (૪૭) ત્યારે પ્રતિદિન પૂજવાની ભગવાનની મૂર્તિને શણગાર ધારણ કરાવે. મહામુગટ અને ઉત્તમ પીતાંબર ધારણ કરાવે. (૪૮) વળી પૂજારી લક્ષ્મીજીને ભારે મૂલ્યવાળાં લાલ વસ્ત્રો અને નાના પ્રકારના રત્નમય અલંકારો ધારણ કરાવે. (૪૯) અને તે યોગેશ્વર તેમજ ધર્મદેવને નૈવેદ્યમાં વિશેષપણે ઘી ભરેલાં ઘેબર અને જલેબી અર્પણ કરે, અને કપૂર વડે આરતી ઉતારે. અન્ય વિધિ તો રોજની માફક જ કરવો. (૫૦) સાયંકાળે તે યોગેશ્વર ભગવાન આગળ હાટડીની રચના કરવી. તેમાં ચાંદી વગેરેનાં પાત્રોમાં પૃથક્ પૃથક્ નવું અન્ન સ્થાપન કરવું. (૫૧) તથા અનેકવિધ શાકો, પત્રપુષ્પાદિ તથા બહુવિધ ફળો, શેરડીના સાંઠા અને પેંડા, બરફી વગેરે ગોઠવણથી મૂકવું. (૫૨) આ પ્રબોધિની એકાદશીના દિવસે ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત એકાદશીવ્રતનિષ્ઠ જનોએ જળ વિના અન્ય કશું પણ ક્યારેય ભક્ષણ ન કરવું. (૫૩) આ એકાદશીમાં એકાદશીના અધિપતિ રાધા સહિત દામોદર ભગવાનની કુંભીપુષ્પો કે કમળો વડે પૂજા કરવી. (૫૪) દામોદર ભગવાનને નૈવેદ્યમાં મગદળ લાડુ અર્પણ કરવા. આ પ્રમાણે એકાદશીનો વિધિ મેં સંક્ષેપથી કહ્યો. (૫૫) દરેક એકાદશીએ શ્રીકૃષ્ણનું મહાપૂજન કરવું. વ્રતગ્રંથોમાં કહેલી રીતિ પ્રમાણે જ પૂજનનો સમગ્ર વિધિ જાણવો. (૫૬) સર્વ એકાદશીઓમાં તે એકાદશીને આશ્રિત જે જે કથાઓ હોય તે કથાઓને ભક્ત પુરુષ પ્રીતિપૂર્વક ગવડાવે, સાંભળે અને ગાયન કરે. (૫૭) પ્રબોધની ઉત્સવ કહીને હવે તુલસી વિવાહના ઉત્સવને કહે છે : કારતક સુદી બારસ સાયંવ્યાપિની હોય તે તુલસીવિવાહની ક્રિયામાં ગ્રહણ કરવી. (૫૮) તે બારસના દિવસે કૃષ્ણને કસુંબી રંગની પાઘ અને મનોહર એવાં અનેક મોતીઓ-પુષ્પોના તોરાઓ ધારણ કરાવવા. (૫૯) અને સોનાના તારવાળું લાલ અંગરખુ ધારણ કરાવવું અને લક્ષ્મીજીને તો હેમવર્ણ(પીળી)ની સાડી ધારણ કરાવવી. (૬૦) નૈવેદ્યમાં વિશેષપણે ગોળ અને ભાત અર્પણ કરે. સાયંકાળે સુંદર મંડપમાં વિષ્ણુ અને તુલસીની પૂજા કરે. (૬૧) સાયંકાળે ગોધૂલિ સમયે શાલગ્રામ અથવા કૃષ્ણપ્રતિમા અને તુલસીની ષોડશ ઉપચાર વડે પૂજા કરે. (૬૨) પીતાંબર, કંઠસૂત્ર, કંકણો, નથની, હળદર, કુંકુમ, અબીલ, ગુલાલ વગેરે વૃંદાદેવીને સમર્પણ કરે. (૬૩) તે સમયે ઉત્પન્ન થયેલાં ફળો અને શેરડીના સાંઠા અર્પણ કરે. નૈવેદ્યમાં પતાસાં અને ખાજાં વિશેષપણે અર્પણ કરે. (૬૪) પછી આરતી ઉતારીને વૃંદા અને કૃષ્ણના મધ્યે વસ્ત્રનો પડદો રાખીને મંગળ શ્લોક બોલીને સંકલ્પ કરીને તુલસી દામોદર ભગવાનને અર્પણ કરે. (૬૫) અને તે તુલસીવિવાહમાં બ્રાહ્મણોને ભોજન કરાવે. શક્તિ અનુસાર દાનો આપે અને તુલસીવિવાહનાં

પદો ગવડાવે. (૬૬) તુલસીવિવાહ કહીને હવે કાર્તિક સુદી પૂર્ણિમાનો-દેવદિવાળી ઉત્સવ કહે છે : કાર્તિક માસમાં શુકલ પક્ષમાં સૂર્યોદયને પામેલી પૂર્ણિમા તિથિના રોજ રમાપતિ શ્રીકૃષ્ણને અતિસુશોભિત મુગટ ધારણ કરાવે. (૬૭) શીરો, પૂરી, ભાત, કઢી, દાળ, સૂરણ અને વૃત્તાંકનું શાક નૈવેદ્યમાં વિશેષપણે અર્પણ કરવું. (૬૮) રાત્રિએ મંદિરની ચોતરફ દીવાઓની હારમાળા કરવી અને રાત્રિમાં ભગવાન શ્રીહરિની આગળ શક્તિ પ્રમાણે ઘીના દીપ પ્રગટાવવા. (૬૯) આ ઉત્સવમાં ચંદ્રોદય સમયે ધર્મે સહિત ભક્તિદેવીનું પૂજન ગીતવાજિંત્રના ધ્વનિએ સહિત કરવું. (૭૦) જે મંદિરમાં ભક્તિની મૂર્તિ ના હોય ત્યાં સેવક યથાશક્તિ સુવર્ણની મૂર્તિ બનાવીને પૂજન કરે. (૭૧) વળી આ ઉત્સવમાં રાત્રિએ બલરામે સહિત કૃષ્ણ ભગવાને ગોપીજનો સાથે કરેલી ક્રીડા તેના અવલંબનવાળાં પદો ભક્તજન સ્વયં ગાય અને ગવરાવે. (૭૨) આજથી આરંભીને દરરોજ ભગવાનને પીંજેલા રૂથી ભરેલી ડગલી ભક્તિથી ધારણ કરાવે અને લક્ષ્મીજીને પણ પ્રેમથી સૂક્ષ્મ ડગલી પહેરાવે. (૭૩) રાત્રિમાં કૃષ્ણની શય્યામાં પ્રતિદિન શીતનિવૃત્તિ માટે રજાઈ મૂકે. ફાગણ માસની પૂર્ણિમા સુધી ભગવાનને રજાઈ ઓઢાડવી. (૭૪) આ દિવસથી આરંભીને સર્વ વૈષ્ણવ જનોએ પણ ઠંડીના નિવારણ માટે ગોદડી કે રજાઈ ઓઢવી. (૭૫) (ભગવાનને રજાઈ ઓઢાડ્યા વિના પોતે ગોદડી વગેરેનો ઉપયોગ કરે નહિ એવો અહીં અભિપ્રાય જાણવો.) હે પુત્રો ! કાર્તિક માસમાં કરવાના કૃષ્ણ મહોત્સવો મેં તમોને કહ્યા. હવે માગશર આદિ (ત્રણ) માસોમાં જે ઉત્સવો કરવાના છે તે પણ વિધિએ સહિત તમોને હું કહું છું. (૭૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વાર્ષિક-વ્રતોત્સવવિધિમાં કાર્તિકોત્સવવિધિનિરૂપણ નામનો ત્રાણુંમો અધ્યાય થયો. ॥૯૩॥

●

## અધ્યાય-૯૪

**શ્રીનારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે પુત્રો ! હવે માગશર વગેરે માસોમાં કરવાના મહોત્સવોનો વિધિ કહેતાં, પ્રથમ ધનુર્માસનો ઉત્સવવિધિ નિરૂપણ કરું છું. સૂર્યનો ધનરાશિમાં પ્રવેશ થતાં, પ્રાતઃધનુર્લગ્નમાં અભ્યંગ પૂર્વક ગરમ જળ વડે રમાપતિ ભગવાનને સ્નાન કરાવે. એક માસ પર્યંત એમ જાણવું. (૧) વસ્ત્રો ધારણ કરાવી ભગવાનની પ્રતિમા આગળ (ઠંડીના નિવારણ માટે) પ્રદીપ્ત સગડી મૂકીને લક્ષ્મીએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનને નિત્યપ્રાપ્ત શણગાર કરે. (૨) નૈવેદ્યમાં તલમિશ્રિત ભાત, માખણ, દહીં, ઘી, વૃંત્તાકનું ભડથું તથા મૂળા અર્પણ કરે. (૩) ઉપર અને નીચે શ્વેત તલવાળો સુંદર નવીન બાજરાનો રોટલો નિવેદન કરે. શ્રીકૃષ્ણના ગુણોયુક્ત કીર્તનો ગવરાવે. (૪) ધનુર્માસોત્સવ કહીને હવે મકરસંક્રાંતિ ઉત્સવ કહે છે. પોષ માસમાં મકર- સંક્રાંતિમાં સૂર્યનારાયણનું સંક્રમણ થવાથી ચાલીશ ઘડી સ્નાન, પૂજા અને પુણ્યકર્મ વગેરેમાં મહર્ષિઓએ ગ્રહણ કરવા યોગ્ય પુણ્યકાળ માન્યો છે. (૫) જ્યારે સૂર્ય અસ્તને પામે, એટલે સૂર્યાસ્ત સમયે સૂર્ય મકર રાશિને પામે અથવા પ્રદોષ સમયે કે મધ્યરાત્રે સૂર્ય મકરરાશિને પામે ત્યારે તો બીજો દિવસ પુણ્યકાર્યમાં લેવો. (૬) સૂર્ય મૃગરાશિને કહેતાં મકર

સંક્રાંતિને પામે ત્યારે ભગવાનને નૈવેદ્યમાં વિશેષપણે તલના લાડુઓ અને ખીચડી નિવેદન કરવા. બીજો વિધિ નિત્ય ચાલુ જાણવો. (૭) સંક્રાંતિ ઉત્સવ કહીને હવે વસંતોત્સવ વિધિ કહું છું. માઘ માસમાં શુકલ પક્ષમાં (વસંત) પંચમીના દિવસે પૂર્વે દ્વારિકેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ, રુક્ષ્મણી, સત્યભામા વગેરે પટરાણીઓ સહિત યુયુધાન ઉદ્ધવ વગેરે પોતાના પાર્ષદો સાથે બલરામ સહિત, નારદાદિ મુનિઓ અને સખા અર્જુન સાથે, તથા બીજા યાદવો સાથે, પ્રભાત સમયે રથમાં બેસીને રૈવતાચલ(ગિરનાર)ને પામ્યા. ત્યાં તે સર્વની સાથે અબીલ, ગુલાલ, લાલ અને પીળા રંગો અને પિચકારી વડે બહુ રમ્યા હતા અને જળક્રીડા કરી હતી. (૮-૧૧) ક્રીડા કરતા શ્રીકૃષ્ણાદિ સર્વેના બન્ને હાથોથી ફેંકાયેલો ગુલાલ ખૂબ ઊંચે વ્યાપ્યો હતો તેથી વૃક્ષોએ સહિત રેવતાચલ લાલિમાને પામી ગયો હતો. (૧૨) વ્રતોત્સવમાં મહા સુદી પાંચમ સૂર્યોદયવ્યાપિની લેવી. જો તે વૃદ્ધિને પામી હોય (બે હોય) તો પૂર્વની જ લેવી (કેમકે બહુકાળ વ્યાપનારી છે) પણ પછીની ન લેવી. જો ક્ષય પામી ગઈ હોય તો (અન્ય ગતિ નહિ હોવાથી) ચતુર્થીના વેધવાળી પણ ગ્રહણ કરવી. (૧૩) તે દિવસે ભગવાનને શ્વેતવસ્ત્રો ધારણ કરાવવાં અને ઉલેચ તેમજ આસ્તરણ પણ શ્વેત જ કરાવવાં. (૧૪) પછી રુક્ષ્મણીજી અને શ્રીકૃષ્ણનાં વસ્ત્રોમાં રંગ નાંખે તથા ગુલાલ નાખે અને ગુલાબજળ વારંવાર નાખે. (૧૫) આંબાના પુષ્પ(મોર)નો તોરો ભગવાનને ધારણ કરાવે અને વિશેષપણે જલેબી પ્રમુખ પકવાન્નોનું નૈવેદ્ય અર્પણ કરે. (૧૬) તે વસંતપંચમીના દિવસથી આરંભીને હોલિકોત્સવ સુધી દરરોજ રંગગુલાલ નાખવો તથા કેસરિયાં વસ્ત્રો ધરાવવાં. (૧૭) વસંત સંબંધી ભગવાનનાં લીલાપદો માઘમાસની પૂર્ણિમા પર્યંત ગાવાં અને પછી એક માસ પર્યંત દરરોજ ફાગણમાસ સંબંધી ભગવાનની લીલાનાં પદો ગાવાં. (૧૮) વસંતપંચમીના દિવસે ઘઉં કે ડાંગરનો રેવતાચળ પર્વત યથાશક્તિ બનાવવો અને પીળા વસ્ત્ર વડે આચ્છાદિત કરવો. (૧૯) તે પર્વતની ચોમેર આંબા-આસોપાલવના નવાંકુરો વડે વૃક્ષો બનાવે. તે રેવતાચળમાં દૂધ કે ઘી વડે ગોમુખ ગંગાનદી બનાવે. (૨૦) પછી રેવતાચળના મધ્ય શિખરમાં સુવર્ણમયી રુક્ષ્મણી-શ્રીકૃષ્ણની મૂર્તિ સ્થાપન કરે અને તે મૂર્તિની ચારેબાજુ સત્યભામાદિ અંગદેવોનું સ્થાપન કરે. (૨૧) તેમાં શંખચક્રધારી દ્વિભુજ શ્રીકૃષ્ણ બનાવવા અને લક્ષ્મીજી પણ કમળ અને કમંડળુ ધારી બે ભુજાવાળાં બનાવવાં. (૨૨) સત્યભામા છે પ્રથમ જેમાં એવી સ્ત્રીઓ, બલરામ, અર્જુન, સાત્યકી અને ઉદ્ધવ વગેરે પાર્ષદો તથા નારદાદિ મહર્ષિઓ અને સ્ત્રીઓ સહિત અન્ય યાદવો પણ સોપારી કે ચોખા આદિમાં સ્થાપન કરવા. પછી અંગદેવ સહિત શ્રીકૃષ્ણનું આવાહન કરી પૂજારી યથાવિધિ સ્થાપન કરે. (૨૩-૨૪) આ ઉત્સવમાં નૈવેદ્યમાં ખજૂર અને ખારેકો આપવી. તથા નાળિયેર, સાકર, શેકેલા ચણા, શેકેલી ડાંગરની ધાણી, જુવારની ધાણી, દ્રાક્ષ, પતાસાં અને પેંડા વગેરે અર્પણ કરે. પછી આરતી ઉતારી ભગવાન ઉપર ગુલાલ નાંખે. (૨૫-૨૬) પછી પુરુષ ભક્તજનો પરસ્પર રંગ અને ગુલાલ વડે રમે અને સ્ત્રીઓ પણ પરસ્પર રમે. (૨૭) અને સંન્યાસીઓ, બ્રહ્મચારી તથા વિધવા સ્ત્રીઓએ આ રંગ રમવાની ક્રીડા ક્યારેય પણ ન કરવી. (૨૮) જો વિધવા આદિ કોઈના ઉપર કોઈ વ્યક્તિ ગુલાલ કે રંગ નાખે તો તેમણે વસ્ત્રો સહિત સ્નાન કરી ભગવાનના નામનો

સોવાર જપ કરવો. (૨૯) જો તે વિધવા વગેરે પ્રમાદવશ રંગક્રીડા કરે તો તે વિધવા આદિ તે દિવસે સ્નાન કરી હૃદયમાં શ્રીહરિનું સ્મરણ કરવાપૂર્વક ઉપવાસ કરે. (૩૦) સર્વે ભગવાનના ભક્તો ક્રીડા કર્યા પછી સ્નાન કરી મધ્યાહ્ન પછી ભોજન કરે. બીજો વિધિ તો નિત્યની પેઠે જાણવો. (૩૧) વસંતોત્સવ કહ્યા પછી હવે **માઘ વદી ચૌદશનો શિવરાત્રિ ઉત્સવ** કહે છે. માઘ માસના કૃષ્ણપક્ષની ચતુર્દશી મધ્યરાત્રિ-વ્યાપિની ઉત્સવમાં લેવી. બન્નેય દિવસે (તેરશ-ચૌદશ) અર્ધરાત્ર-વ્યાપિની જો હોય તો પૂર્વયુક્તા કહેતાં ત્રયોદશીના વેધવાળી જ લેવી. (૩૨) તે દિવસે વાસુદેવને વિચિત્ર વર્ણનાં વસ્ત્રો ધરાવવાં, લક્ષ્મીજીને કાબરચીતરી સાડી અને સુવર્ણાલંકારો ધારણ કરાવે. (૩૩) મધ્યરાત્રિમાં પ્રથમ આદિગણોએ સહિત શંકરનું રુદ્રસૂક્ત વડે મહાભિષેક વિધિથી બીલીપત્રો વડે પ્રેમપૂર્વક પૂજન કરે. (૩૪) તેમજ મોટો મોગરો, નાનો મોગરો, ધંતૂરો અને કરેણ એ સર્વ પુષ્પો વડે શંકરની પૂજા કરે. નૈવેદ્યમાં ખીર અને અડદનાં વડાં અર્પણ કરે અને પૂજક પોતે ઉપવાસ કરે. (૩૫) અને તે ઉત્સવસમયે હરિહરનું પરબ્રહ્મ પરમાત્મા સાથે એકાત્મપણું બોધ કરનારાં પદો ગવરાવે. આ ઉત્સવમાં આટલો વિશેષ છે. અન્ય સર્વ વિધિ નિત્યની માફક જાણવો. (૩૬) હે પુત્રો ! મેં માગશર, પોષ અને મહા માસમાં કરવાના ઉત્સવોનો વિધિ આ પ્રકારે તમને કહી સંભળાવ્યો. હવે ફાગણ, ચૈત્ર અને વૈશાખ માસમાં કરવાના ઉત્સવોનો વિધિ કહી સંભળાવું છું. (૩૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વાર્ષિકવ્રતોસ્તવવિધિમાં માર્ગશીષપૌષમાઘમાસોત્સવવિધિનિરૂપણ નામનો ચોરાણુંમો અધ્યાય થયો ॥૯૪॥

●

## અધ્યાય-૯૫

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે પુત્રો ! હવે ફાગણ વદી પ્રતિપદાનો દોલોત્સવવિધિ કહું છું. ફાગણ માસમાં ઉત્તરા ફાલ્ગુની નામના અર્જુનના જન્મનક્ષત્રના દિવસે રેવતાચળ પર્વતમાં શ્રીકૃષ્ણે અર્જુન અને યાદવો સાથે પૂર્વે ક્રીડા કરી હતી. (૧) તે સમયે ત્યાં યાદવોએ અંતરમાં આનંદ પામીને હિંડોળામાં બિરાજમાન અર્જુન સહિત શ્રીકૃષ્ણની પૂજા કરીને ઝુલાવ્યા હતા અને તેમની આગળ ક્રીડા કરી હતી. (૨) વળી હે પુત્રો ! આજ ઉત્તરાફાલ્ગુની યોગમાં પૂર્વે એ જ કૃષ્ણ અને અર્જુનનો નરનારાયણરૂપે ધર્મપ્રજાપતિથકી પ્રાદુર્ભાવ થયો હતો. (૩) તે સમયે દેવોએ ધર્મના આશ્રમમાં બાંધેલાં હિંડોળામાં તે નરનારાયણને પધરાવી પૂજા કરીને ઝુલાવ્યા હતા. આ બે હેતુથી આ દિને આ ઉત્સવ કરવો. (૪) જે દિવસે સૂર્યોદય સમયે અર્યમા દેવતાવાળું ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હોય તે દિવસે દોલોત્સવ કરવો અને જો પૂર્વ દિવસે તે નક્ષત્ર સૂર્યોદયમાં હોય તો બન્ને દિવસે દોલોત્સવ કરવો. (૫) આ ઉત્સવમાં ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન વસંતોત્સવની માફક જ કરવું. નરનારાયણની પ્રતિમાની પૂજામાં વિશેષ કહું છું. (૬) પ્રાતઃકાળમાં ષોડશોપચારથી અને મહાનીરાજન (આરતી)થી નરનારાયણનું પૂજન કરે. (૭) સૂક્ષ્મ અને શ્વેત વસ્ત્રો, શ્વેતસુગંધી ચંદન, ધોળા સુગંધીમાન

પુષ્પના હારો અને તુલસીના પત્રોથી નરનારાયણનું પૂજન કરે. (૮) નૈવેદ્યમાં દૂધપાક અર્પણ કરે અને બોરડીનાં ફળો અર્પણ કરે. પછી હિંડોળામાં દક્ષિણમુખે શ્રી નરનારાયણને સ્થાપન કરીને ભક્તજન હીંચોળે. (૯) જો મૂર્તિ અચળ પ્રતિમા હોય તો પૂજારી હિંડોળામાં ગીતવાજિંત્રપૂર્વક બાલકૃષ્ણને પધરાવે. (૧૦) વસંતઋતુમાં થયેલાં પુષ્પ-ફળાદિ વડે પૂજન કરે. પછી ભગવાનના ભક્તો રંગ અને ગુલાલ વડે ક્રીડા કરે. (૧૧) આ ઉત્સવમાં પણ વસંતોત્સવની માફક મર્યાદાથી ક્રીડા કરવી. (પુરુષો પુરુષો સાથે અને સ્ત્રીઓ સ્ત્રીઓ સાથે ક્રીડા કરે. વિધવા, સાધુ અને બ્રહ્મચારીઓ ક્રીડા કરે નહિ.) અને ધર્મપુત્ર શ્રી નરનારાયણનાં પદો ગવરાવે. (૧૨) પ્રભુની આરતી કરીને હિંડોળાથી ઉતારીને પોઢાડી દે. મુખ્ય પૂજક જન હરિભક્તોને ભોજન કરાવ્યા પછી ભોજન કરે. (૧૩) પછી બીજા દિવસે મંદિરને જળથી ધોઈ નાખે. રંગ કે ગુલાલ આદિનો લેશ પણ કોઈ જગ્યાએ ન રહે તેવી રીતે સાફ કરી નાખે. (૧૪) વસ્ત્રો અને આસ્તરણ વગેરે સર્વેને રંગ-ગુલાલ આદિનો લેશ પણ ન રહે તેમ ધોવડાવી નાખે અને બીજાં વસ્ત્રો ધારણ કરાવે - આટલો વિશેષ છે. બાકીનો બધો વિધિ પૂર્વની માફક જાણવો. (૧૫) દોલોત્સવ કહ્યા પછી હવે મત્સ્યજયંતિ ઉત્સવ કહે છે. પૂર્વે ચૈત્ર સુદી ત્રીજના દિવસે કૃતમાલા નદીના જળમાં સત્યવ્રત રાજાની આગળ મત્સ્ય નામે ભગવાન પ્રગટ થયા હતા. (૧૬) તે તૃતીયા સૂર્યોદય વ્યાપિની મત્સ્યપૂજામાં ગ્રહણ કરવી. બન્ને દિવસે વ્યાપ્તિ હોય તો પૂર્વની દ્વિતીયા યુક્ત શુભ માનેલી છે. (૧૭) તે તૃતીયાના દિવસે મત્સ્યરૂપ શ્રી વાસુદેવ ભગવાનની પૂજા કરે અને શક્તિ પ્રમાણે મત્સ્યભગવાનની સુવર્ણમયી મૂર્તિ બનાવે. (૧૮) આ મત્સ્યજન્મોત્સવ સંબંધી પૂજનમાં ડાબા હાથમાં શંખ અને જમણા હાથમાં ગદા ધારે. અર્ધા મનુષ્ય જેવી આકૃતિવાળા અને નીચેના અર્ધાભાગમાં મત્સ્યના જેવી આકૃતિવાળા મત્સ્યભગવાન બનાવવા. (૧૯) નૈવેદ્યમાં દહીં મિશ્રિત ભાત અને દહીંવડાં અર્પણ કરે. આ આ જન્મોત્સવમાં ભક્તજન મત્સ્યજન્મ કથા કહેવડાવે. (૨૦) આ મત્સ્યજન્મોત્સવમાં આટલો વિશેષ જાણવો બાકીનો વિધિ તો નિત્ય પ્રમાણે કરવો. અને આ જન્મોત્સવમાં આરતીના અંતે ભોજન કહેલું છે. (૨૧) હવે શ્રી રામજન્મોત્સવ કહે છે : ચૈત્રમાસના શુકલ પક્ષમાં નવમીના રોજ પુનર્વસુ નામના નક્ષત્રમાં ઉદયલગ્નમાં બૃહસ્પતિ અને ચંદ્રમા આ બંનેનો યોગ હોય તેમ જ ગ્રહપંચક પોતાના ઉચ્ચ સ્થાનમાં રહ્યે સતે, સૂર્ય મેષ રાશિમાં પ્રાપ્ત થયે સતે કર્કટ નામનું લગ્ન હતું ત્યારે દશરથ થકી કૌશલ્યાદેવીમાં પરમ પુરુષ શ્રી રામચંદ્ર આવિર્ભાવ પામ્યા હતા. (૨૨-૨૩) આ ચૈત્ર સુદ નવમી તિથિ શ્રી રામચંદ્રપૂજનમાં તથા ઉપવાસ કરવામાં અષ્ટમીના વેધ રહિત અર્થાત્ સૂર્યોદય સમયે અષ્ટમીના અભાવવાળી મધ્યાહ્નકાળ વ્યાપિની ગ્રહણ કરવી. (૨૪) જો નવમી બન્ને દિવસે મધ્યાહ્ન વ્યાપિની હોય અથવા બન્ને દિવસે મધ્યાહ્ન અવ્યાપિની હોય તો તે નવમી બીજી જ (દશમી યુક્ત) ગ્રહણ કરવી. (૨૫) અષ્ટમી વિદ્ધા નવમી તિથિ પુનર્વસુ નક્ષત્રવાળી હોય તોપણ ત્યાગ કરવી. બીજી જ ઉપવાસમાં ગ્રહણ કરવી. કેમ કે જન્મસમયે નવમી શબ્દનું જ સંગ્રહણ કરેલું છે. (૨૬) વિદ્ધા નવમીનો ક્ષય હોય તો અષ્ટમીના વેધવાળી, બીજી કોઈ ગતિ ન હોવાથી, ગ્રહણ કરવી. અહીં વિદ્ધા નવમીમાં જ ઉપવાસ અને રામચંદ્રજીનું પૂજન કરવું.

(૨૭) આ ઉત્સવમાં રમાપતિ ભગવાનને મુગટ, પીતાંબર, ધનુષબાણ, તથા સોનાના તારવાળું કેડ્યે બાંધવાનું વસ્ત્ર ધારણ કરાવે. (૨૮) નૈવેદ્યમાં કેસરિયો બિરંજ, મોતિયા લાડુ, સાકર, દહીં અને દૂધ અર્પણ કરવું. બીજો વિધિ તો નિત્ય પ્રમાણે જાણવો. (૨૯) આ દિવસે મધ્યાહ્‌ને કૃષ્ણને રામનામથી પૂજન કરે. અથવા રાજલક્ષણોવાળી શ્રીરામની સુવર્ણમૂર્તિ બનાવરાવે. (૩૦) યુવાન પ્રસન્ન મુખવાળા, સિંહના સમાન ગરદનવાળા, મહાબળવાન અને લાંબા બન્ને હાથવાળા, બાણે સહિત ધનુષ્યને ધારણ કરનારા રામચંદ્રજી કરાવવા. (૩૧) શ્રી રામચંદ્રજીની મહાપૂજા ગીતવાજિંત્રપૂર્વક કરતો સતો ભક્ત રામજન્મનાં પદો પોતે ગાય અને ગવરાવે. (૩૨) નિરાહાર રામનવમીનો ઉપવાસ કરનાર ભક્ત બીજા દિવસે શ્રીરામની પૂજા કરી સાધુ અને બ્રાહ્મણોને સારી રીતે જમાડીને પારણાં કરે. (૩૩) રામનવમીનો ઉત્સવ કહીને હવે ચૈત્ર સુદી એકાદશીનો દોલોત્સવ કહે છે. ચૈત્ર માસમાં શુકલ પક્ષની એકાદશી વિમલા નામે કહેલી છે. આ દિવસે મહાપૂજા કરી પ્રભુ બાલકૃષ્ણને હિંડોળામાં પધરાવે. (૩૪) સુંગધીમાન પુષ્પોથી રચેલા તે હિંડોળામાં પ્રભુને બે ઘડી ઝુલાવીને આરતી કરીને ભક્ત હિંડોળામાંથી ઉતારે. (૩૫) આ વિમલા એકાદશી ઉત્સવમાં આટલો વિશેષ છે, બીજો એકાદશી વિધિ તો વ્રતગ્રંથમાં બતાવેલો સામાન્ય જાણવો. (૩૬) હવે કૂર્મ પ્રાદુર્ભવોત્સવ કહે છે : વૈશાખ માસના શુકલ પક્ષમાં પ્રતિપદાને દિવસે દેવ અને દૈત્યોએ સમૂદ્રમંથન કર્યું ત્યારે પ્રાતઃકાળમાં શ્રીહરિના કૂર્મ અવતારનો પ્રાદુર્ભાવ થયો હતો. (૩૭) કૂર્મપૂજનમાં સૂર્યોદયવ્યાપિની પ્રતિપદાતિથિ ગ્રહણ કરવી. બે દિવસ વ્યાપ્તિ હોય તો બીજા દિવસની દ્વિતીયા યુક્ત જ ગ્રહણ કરવી.(૩૮) આ કૂર્મ જન્મોત્સવમાં કૂર્મસ્વરૂપે વાસુદેવનું પૂજન કરવું. અથવા પૂજનાર ભક્તે પોતાની શક્તિ પ્રમાણે સુવર્ણના કૂર્મ ભગવાન કરવા. (૩૯) આ કૂર્મ ભગવાનનું ઉપરનું અંગ મનુષ્યાકાર અને નીચેનું અંગ કૂર્મ (કાચબા) જેવું કરવું. બે ભુજ બનાવી તેમાં શંખ તથા ગદા ધારણ કરાવે. (૪૦) સર્વતોભદ્ર મંડલમાં યથોલબ્ધ ઉપચારો વડે કૂર્મરૂપ શ્રીહરિનું પૂજન કરે. નૈવેદ્યમાં લાડુ અર્પણ કરે. બીજો વિધિ તો નિત્યની માફક જાણવો. (૪૧) આ દિવસથી આરંભીને જેઠ સુદ ૧૦ (ગંગાદશહરા) સુધી ભગવાનને દરરોજ સાકર સહિત ગાળેલું આંબલીનું જળ (શરબત) ઠંડક માટે અર્પણ કરે. (૪૨) વળી નૈવેદ્યમાં સાકર અને ઉત્તમ દહીં આપે. આ કૂર્મોત્સવમાં કૂર્મજન્મકથા ગાવી અને ભોજન પૂજનના અંતે કહેલું છે. (૪૩) કૂર્મોત્સવ કહીને હવે પરશુરામ જન્મોત્સવ તથા ચંદનાયાત્રોત્સવ કહે છે. વૈશાખ સુદ ત્રીજના દિવસે પુનર્વસુ નક્ષત્રમાં દિવસના આઠમા મુહૂર્તમાં રાહુ મિથુન રાશિમાં ગયે સતે અને છગ્રહ પોતાની ઉચ્ચ રાશિઓમાં રહેસતે અને જમદાગ્નિની ભાર્યા રેણુકામાં ધરાતલ ઉપર ભગવાન વાસુદેવનો પરશુરામ અવતાર થયો હતો. (૪૪-૪૫) આ વૈશાખ સુદ તૃતીયા વિદ્વાનોએ મધ્યાહ્‌ન વ્યાપિની લેવી. બન્ને દિવસોમાં તૃતીયાની વ્યાપ્તિ વગેરે હોય ત્યારે પરશુરામપૂજનમાં ચતુર્થીયુક્ત તૃતીયા અભિમત જાણવી. (૪૬) આ ઉત્સવમાં મધ્યાહ્‌ન સમયે વાસુદેવ ભગવાનની મહાપૂજા પરશુરામરૂપથી કરાવે. તે પછી ભોજન કરે. (૪૭) અથવા પૂજારી પોતાની શક્તિ અનુસારે ક્રોધથી પહોળા નેત્રોવાળા પરશુરામની સુવર્ણની મૂર્તિ કરાવે. (૪૮) બે ભુજાવાળા,

હાથમાં ફરસીવાળા, જટામંડળથી શોભિત એવા પરશુરામની મંડપમાં કૂર્મની માફક પૂજા કરે તથા તેમની કથાનું ગાન કરાવે. (૪૯) આ દિવસ (અખાત્રીજ)થી આરંભીને જેઠ સુદી પૂર્ણિમા સુધી પ્રભુ શ્રીકૃષ્ણને દરરોજ ચંદનના વાઘા અને શ્વેત વસ્ત્રો ધારણ કરાવે. (૫૦) પૂજારી રમણીય દર્શનવાળાં નવીન વસ્ત્રો અને વીરણના વાળા યુક્ત વીંઝણાથી દરરોજ સમય સમય પ્રમાણે પોતાના ઈષ્ટદેવ ભગવાનને વાયરો નાખે. (૫૧) અને દરરોજ નૈવેદ્યમાં કેરીનો રસ અને સાકર અર્પણ કરે. આટલો વિશેષ જાણવો. બાકીનો વિધિ તો નિત્ય પ્રમાણે કરવો. (૫૨) પરશુરામ ઉત્સવ કહીને હવે નૃસિંહોત્સવ કહે છે. વૈશાખ સુદી ચૌદશના દિવસે સોમવારે સ્વાતિ નક્ષત્રમાં પ્રદોષ સમયે નૃસિંહ અવતાર થયો હતો. (૫૩) ત્રયોદશીના વેધ વગરની જે શુદ્ધ ચૌદશ હોય તે જ વ્રતોપવાસમાં વ્રત કરનારા વૈષ્ણવોએ ગ્રહણ કરવી. (૫૪) બન્ને દિવસોમાં ચતુર્દશીની વ્યાપ્તિ કે અવ્યાપ્તિ હોય ત્યારે તે ચતુર્દશી નૃસિંહપૂજનમાં વિષ્ણુભક્તોએ પૂર્ણિમા યુક્ત જ લેવી. (૫૫) આ નૃસિંહજન્મોત્સવમાં નૃસિંહ નામ વડે શ્રીકૃષ્ણ પ્રતિમાનું મહાપૂજા વડે પૂજન કરે અને પૂજાના અંત રાત્રિમાં પારણાં કરે. (વિઠ્ઠલેશે કરેલ વ્રતોત્સવ નિર્ણયમાં ઉપવાસ કરવાનું કહ્યું છે.) (૫૬) અથવા પૂજારી પોતાની શક્તિ પ્રમાણે સુવર્ણમય ભયંકર નરસિંહદેવની મૂર્તિ કરાવે (૫૭) મજબૂત કંધાઓ કટી અને ગ્રીવાવાળા તથા જેમના શરીરનો મધ્યભાગ પાતળો છે, કૃશ ઉદરવાળા અને સર્વ આભરણોથી ભૂષિત, જ્વાલા માલાઓ વડે આકુળ મુખવાળા, ચલાયમાન જીભ અને ઉગ્રદાઢોવાળા તથા કઠોર નખો વડે હિરણ્યકશિપુના વક્ષઃસ્થળને ચીરતા એવા તે નૃસિંહ ભગવાનને ઉત્તમ મંડપમાં પધરાવી પૂજન કરે. ખૂબ ખાજાં અને વડાંનું નૈવેદ્ય ધરે. (૫૮-૬૦) પૂજન ઉત્સવમાં નૃસિંહજન્મનાં પદો ગવરાવે. આ ઉત્સવમાં આટલો વિશેષ જાણવો, બાકી વિધિ તો પૂર્વની માફક જ જાણવો. (૬૧) હે પુત્રો ! આ પ્રકારે તમોને મેં ફાગણ, ચૈત્ર અને વૈશાખ માસના ઉત્સવો કહ્યા. હવે પછી જેઠ, અષાઢ અને શ્રાવણ માસમાં જે ઉત્સવો છે તેનો વિધિ હવે હું તમોને કહું છું. (૬૨)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વાર્ષિકવ્રતોત્સવવિધિમાં ફાલ્ગુન ચૈત્રવૈશાખોત્સવવિધિ નિરૂપણ નામનો પંચાણુમો અધ્યાય થયો. ॥૯૫॥

●

## અધ્યાય-૯૬

**હવે જેઠ સુદ દશમનો ગંગા દશહરા ઉત્સવ કહે છે :**

**શ્રીનારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે પુત્રો ! જેઠ માસમાં શુકલ પક્ષમાં દશમના દિવસે મંગળવારે હસ્ત નક્ષત્રમાં સર્વ નદીઓમાં શ્રેષ્ઠ ગંગા સ્વર્ગથી પૃથ્વીમાં અવતર્યાં હતાં. (૧) જેથી આ તિથિ દશ પાપોને હરે છે તેથી દશહરા કહેલી છે. આ ગંગાવતરણોત્સવમાં આ દશમી પૂર્વા કે પરા પરંતુ કહેલા યોગવાળી લેવી. જો બે દિવસે સંબંધ ધરાવનારી હોય તો નક્ષત્રયોગને અનુસારે પહેલી કે બીજી લેવી. (૨) મળમાસમાં આ તિથિ પહેલા અધિક જેઠમાસમાં જ કરવી. બીજા જેઠમાં ના કરવી. આ દશમીમાં ગંગાને લક્ષ્મીમાં મહાઉપચારોથી પૂજા કરવી. (૩) ચંદન, પુષ્પ, નૈવેદ્ય, દશ સંખ્યામાં ફળો તથા દીપો

અને તાંબુલો વડે પૂજારી શ્રદ્ધાપૂર્વક પૂજા કરે. (૪) જો લક્ષ્મીજીની પ્રતિમા ન હોય તો સુવર્ણમયી ગંગાજીની મૂર્તિ બનાવીને જ ગંગાજીનું મધ્યાહ્ન સમયે પૂજન કરે. ગંગાજીની મૂર્તિ ચાર ભુજાવાળી તથા ચંદ્રસમાન શ્વેત અને કુંભ તથા કમળને ધારી રહેલી, વરદાન અને અભયદાનને આપતી તથા શ્વેત વસ્ત્રોવાળી, શ્વેત અલંકારોવાળી અને પ્રસન્ન મુખમુદ્રાવાળી બનાવરાવે. (૫-૬) આ ઉત્સવમાં ગંગાના અવતરણનાં કીર્તનો ગવરાવે અને પૂજારી પૂજનના અંતે ભોજન કરે. બાકી વિધિ તો નિત્યની માફક જાણવો. (૭) હવે સ્નાનયાત્રોત્સવ કહે છે. જેઠ માસમાં જે દિવસે સૂર્યનારાયણના ઉદય સમયે જ્યેષ્ઠા નક્ષત્ર હોય તે દિવસે રમાપતિ શ્રીકૃષ્ણને અભિષેક વિધિથી સ્નાન કરાવવું. (૮) ઉજ્જ્વલ પાત્રમાં રહેલા નિર્મલ અને ચંદને સહિત જળ વડે વૈદિક અને પૌરાણિક મંત્રો વડે શંખમાં ભરેલા જળથી ભગવાનને અભિષેક કરે. (૯) પછી રમાપતિ ભગવાનને પીળાં હળદર જેવાં વસ્ત્રો ધારણ કરાવે. લાલ પાઘડી ધરાવે તેમજ અનેકવિધ અલંકારો ધારણ કરાવે. (૧૦) દાળ, ભાત, પૂરીઓ, વડાં, કઢી તથા સમય અનુસાર પ્રાપ્ત થયેલાં શાકો નૈવેદ્યમાં સમર્પિત કરે. (૧૧) આ સ્નાનયાત્રોત્સવમાં ભગવાનના જળક્રીડાનાં પદો ગવરાવે અને પૂજારી પૂજન અંતે ભોજન કરે, બાકી વિધિ તો નિત્યની માફક જાણવો. (૧૨) (સ્નાનયાત્રોત્સવ કહીને હવે અષાઢ સુદી બીજનો રથયાત્રોત્સવ કહે છે) અષાઢ માસના શુક્લ પક્ષની બીજના દિવસે જ્યારે સૂર્યોદય સમયે પુષ્પનક્ષત્ર હોય તે દિવસે ભગવાન શ્રીકૃષ્ણની આગળ અશ્વસહિત સુઅલંકૃત રથ ઉત્તરાભિમુખ સ્થાપન કરવો. (૧૩) લક્ષ્મીપતિ ભગવાનને પીળાં અને રાતાં વસ્ત્રો ધારણ કરાવે અને માપસર કેટલાક અલંકારો ધરાવે તથા સુવર્ણરચિત આયુધો ધારણ કરાવે. (૧૪) નૈવેદ્યમાં દહીં, ભાત, સાકર અને ગોળના લાડુ અર્પણ કરે. ત્યારપછી આરતી ઉતારી બાલકૃષ્ણને રથમાં સ્થાપન કરે. (૧૫) અને રાજભોગ સમયે આરતી કરી તે બાલકૃષ્ણને રથમાંથી ઉતારે. ભગવાનની રથયાત્રાનાં પદો ગવરાવે. અન્ય વિધિ તો નિત્યની માફક જાણવો. પૂજનના અંતે ભોજન કરવું. (૧૬) રથોયાત્રોત્સવ કહીને હવે અષાઢ વદ બીજથી આરંભીને શ્રાવણ વદી ત્રીજ પર્યંત સાયંકાળે કરવાનો **હિંડોળોત્સવવિધિ** કહું છું : અષાઢ માસમાં પ્રતિપદા અથવા બીજના રોજ વૃષભરાશિવાળા બાલમુકુંદ ભગવાનનું ચંદ્ર બલ જે દિવસ હોય તે દિવસે શણગારેલો હિંડોળો સ્થાપીને સાયંકાળે તેમાં બાલકૃષ્ણને પધરાવીને તેમાં તેમની આરતી કરે. પૂજારી પ્રતિદિન આ પ્રકારે સંસ્થાપીને બે ઘડી પર્યંત ઝુલાવીને પછી ઉતારે. (૧૭-૧૮) શ્રાવણ વદી ત્રીજના દિવસે આ પ્રકારે ઝુલાવીને અન્તે આરતી ઉતારીને ઉત્સવના અંતે સમાપ્તિ કરે. દરરોજ હિંડોળામાં ઝુલાવવાનાં પદો ગાવાં. અન્ય વિધિ તો નિત્યપ્રાપ્ત સમજવો. (૧૯) આ પ્રમાણે એક મહિનાનો દોલોત્સવ કહ્યો. હવે શ્રાવણ સુદી ચોથનો વરાહોત્સવ કહે છે : શ્રાવણ માસના શુક્લ પક્ષની ચતુર્થીને મંગળવારે મધ્યાહ્ન સમયે બ્રહ્માની નાસિકામાંથી વરાહ નામના ભગવાન પ્રગટ થયા હતા. (૨૦) બન્ને દિવસમાં ચતુર્થી વ્યાપ્તિ હોય ત્યારે આ ચતુર્થી મધ્યાહ્ન વ્યાપિની બીજી ગ્રહણ કરવી. તે ચતુર્થીમાં પૂજારી વરાહ નામના વાસુદેવ ભગવાનની પૂજા કરે (૨૧) આ વરાહોત્સવમાં રમાપતિ ભગવાન શ્રીકૃષ્ણને કસુંબી વસ્ત્રો ધારણ કરાવે. નૈવેદ્યમાં દૂધપાક, વડાં વિશેષપણે અર્પણ

કરવાં. (૨૨) આ ઉત્સવમાં વરાહ જન્મમાં પદો ગવરાવે અને મહાપૂજા કરે તથા પૂજનને અંતે ભોજન કરે. (૨૩) અથવા તો પૂજારી શક્તિ પ્રમાણે સુવર્ણમય વરાહની પ્રતિમા કરાવે. મનુષ્ય શરીરવાળા, વરાહના સમાન મુખવાળા, થોડાક પુષ્ટ શરીરવાળા, અત્યંત ભયાનક ચાર ભુજાવાળા, ગદા, ચક્ર, શંખ, પદ્મ વડે સુશોભિત હસ્તવાળા, બન્ને હાથ જોડીને મુનિગણોએ સ્તુતિ કરાયેલા, આવા વરાહાવતારની પ્રતિમાનું સ્વરૂપ કરાવે. (૨૪-૨૫) આ વરાહના ડાબા મણિબંધમાં રહેલાં લક્ષ્મીજી બનાવવાં અને પૃથ્વી અને સંકર્ષણ ચરણમાં રહેલા કરવા. પછી મધ્યાહ્‌ને પૂજારી વરાહ ભગવાનની પૂજા કરે. (૨૬) વરાહપાદુર્ભવોત્સવ કહીને હવે શ્રાવણ સુદી બારશનો પવિત્રાંધારણોત્સવ કહે છે. શ્રાવણ માસના શુકલપક્ષમાં પોતાના વ્રતની એકાદશી અથવા દ્વાદશીના રોજ પ્રતિમારૂપે રહેલા ભગવાનને પવિત્રાં સમર્પણ કરે. (૨૭) તે પવિત્રું સુવર્ણના તારથી કરેલું અથવા ચાંદીના તારથી કરેલું અથવા અતસાસૂત્રથી બનેલું હોય કે રેશમના તારથી બનાવેલ હોય અથવા બ્રાહ્મણની સ્ત્રીએ કાંતેલ રૂના સૂતર વડે બનાવેલાં હોય તે શુભ કહેલાં છે. (૨૮) જો પવિત્રાં મધ્ય ત્રણસો સાઠ તંતુઓ વડે બનાવેલું પવિત્રું ઉત્તમ માનેલું છે. બસોસિત્તેર તંતુઓ વડે બનાવેલું મધ્યમ માન્યું છે. (૨૯) અને એકસોને એંશી તારથી બનાવેલું પવિત્રું કનિષ્ઠ કહેલું છે અને સાધારણ પવિત્રાં ત્રણ ત્રણ સૂત્રો વડે પૂજારી બનાવે. (૩૦) એકસો ગાંઠવાળું મનોહર પવિત્રું ઉત્તમ માનેલું છે. પચાસ ગાંઠોવાળું પવિત્રું મધ્યમ કહેવાય તથા છત્રીશ ગાંઠવાળું પવિત્રું તો કનિષ્ઠ જાણવું. (૩૧) પ્રતિમાની નાભિ સુધી લાંબુ પવિત્રું કનિષ્ઠ જાણવું અને સાથળ પર્યંત લાંબુ મધ્યમ જાણવું તથા ગોઠણપર્યંત લાંબુ પવિત્રું શ્રેષ્ઠ કહેવાય છે. આ ઉત્સવમાં આટલો જ વિશેષવિધિ છે, બીજું તો કમલાપતિ અને રાધિકાપતિનું પૂજન વગેરે નિત્યની માફક જ કરે. (૩૨-૩૩) પવિત્રાધારણોત્સવ કહીને હવે રામાનંદસ્વામીનો પ્રાદુર્ભવોત્સવ કહે છે : શ્રાવણ માસની કૃષ્ણપક્ષની અષ્ટમીના રોજ પ્રભાત સમયે અજય નામના બ્રાહ્મણ થકી સુમતિ દેવીમાં સાક્ષાત્ ઉદ્ધવાવતાર શ્રી રામાનંદસ્વામીનો પૃથ્વી પર પ્રાદુર્ભાવ થયો હતો. (૩૪) આ શ્રી રામાનંદમુનિના જન્મોત્સવમાં યથાશક્તિ બનાવેલી સુવર્ણમયી મૂર્તિને સર્વતોભદ્ર મંડળમાં સ્થાપત કરી મહાપૂજા વિધિ વડે પૂજા કરે. (૩૫) તે મૂર્તિ પુષ્ટ કરવી. બે ભુજાવાળી, ધારણ કરેલાં ઉજ્જ્વળ શ્વેત વસ્ત્રોવાળી, પ્રસન્ન મુખમુદ્રાવાળી, ભક્તજનો પર અનુગ્રહ કરનારી, શાંત, હાથમાં જપમાળા ધારણ કરેલી, ભક્તજનોએ ચંદન પુષ્પથી પૂજેલી, અતિશય મનોહર રામાનંદમુનિની મૂર્તિ બનાવવી. (૩૬-૩૭) પૂજન સમયે રામાનંદમુનિનાં જન્મ-કર્મયુક્ત કીર્તનો ગાય અને ગવરાવે. પછી શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ ભક્ત કરે. તે જન્માષ્ટમી ઉત્સવ મેં પ્રથમ કહી દીધો છે. (૩૮) હે પુત્રો ! આ પ્રમાણે દર વરસે થનારા ભગવાનના ઉત્સવો મેં તમોને કહ્યા. આ ઉત્સવો ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા મનુષ્યોએ અવશ્ય કરવા. (૩૯) આ ઉત્સવોમાં તે તે સમયે અલંકારો, વસ્ત્રો અને નૈવેદ્ય વગેરેનો જુદો જુદો ભેદ કહ્યો તે તો સંપત્તિ અનુસાર જાણવો. (૪૦) જેને દેશ-કાળ વગેરેની અનુકૂળતા ના હોય, તે પુરુષ તો પોતાની શક્તિ અનુસારે અલંકારાદિ અર્પણ કરે. (૪૧) વિત્તની સંપત્તિ હોય તો પૂજક શ્રીવિષ્ણુની પ્રસન્નતા માટે આ કહેલા વિષ્ણુના ઉત્સવોમાં વ્યયની બીકથી ધન ન વાપરવું

એમ ક્યારેય ન કરે. (૪૨) અને ભગવાન સંબંધી ઉત્સવ માટે પણ દેવું તો ક્યારેય પણ ન કરે; કેમકે ભક્તિભાવપૂર્વક અર્પણ કરેલા તુલસીપત્રથી પણ ભગવાન પ્રસન્ન થાય છે. (૪૩) જે પુરુષની પાસે અચળ કે ચળ ભગવાનની મૂર્તિ હોય તે પુરુષ કહેલા ધર્મોનું સમાચરણ કરતો થકો પોતાની શક્તિ અનુસારે તેની પૂજા કરે. (૪૪) આ પ્રકરણમાં આ વિષ્ણુના ઉત્સવોમાં જે પૂજા કહેલી છે તે પૂજામાં મંત્રો તો પોતાના અધિકારને અનુસાર જાણવા. (૪૫) ત્રણ વર્ણના દ્વિજાતિ જનોએ શ્રી લક્ષ્મીપતિની પૂજા વૈદિક અને પૌરાણિક મંત્રો વડે કરવી. શૂદ્ર વર્ણોએ અને સ્ત્રીઓએ ભગવાન્નામ રૂપ મંત્રો વડે પૂજા કરવી. (૪૬) અહિંસા બ્રહ્મચર્યાદિક વ્રતના અંગભૂત નિયમો સર્વ વ્રતોમાં અને ઉત્સવોમાં પ્રયત્નપૂર્વક પાલન કરવા. (૪૭) પૃથ્વીમાં જે વૈષ્ણવજનો છે, તે આ પ્રમાણે વ્રતો અને ઉત્સવો કરશે તે રમાપતિ ભગવાન શ્રીહરિને અતિ પ્રિય થશે અને તેના પરમ ધામને પામશે. (૪૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે ભગવાન શ્રી નારાયણમુનિએ કહેલો વાર્ષિકોત્સવના વિધિને યથાવત્ સાંભળીને જાણેલ છે સમગ્ર અર્થ જેમણે એવા તે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી બન્ને ભાઈઓ અત્યંત પ્રસન્ન થયા અને શ્રીહરિએ કહેલા પ્રકારે તે વિધિ કરવા લાગ્યા અને તે જ પ્રકારે પોતપોતાના શિષ્યોને પણ કહેતા હતા. (૪૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં વાર્ષિકવ્રતોત્સવવિધિમાં જ્યેષ્ઠાષાઢશ્રાવણોત્સવવિધિનિરૂપણ નામનો છન્નુંમો અધ્યાય થયો. ॥૯૬॥

●

## અધ્યાય-૯૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! પછી એક દિવસે નિત્યવિધિ કરી પરવારીને પોતાના આસનમાં સુખેથી બિરાજેલા ભગવાન શ્રીહરિને મહાબુદ્ધિશાળી ગોપાળાનંદમુનિએ પ્રણામ કરીને પૂછ્યું. (૧)

**ગોપાળાનંદમુનિ બોલ્યા :**

હે સ્વામિન્ ! આ લોકમાં તમારા આશ્રિત એવા સર્વ ત્યાગી સાધુઓના ધર્મો વિસ્તારપૂર્વક સાંભળવા હું ઇચ્છું છું. (૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે ધર્મોને જાણવાની ઇચ્છાવાળા ગોપાળાનંદમુનિએ પૂછેલા, સાધુજનોના એક સ્વામી, નારાયણમુનિ પ્રસન્ન થઈને સમગ્રપણે ત્યાગીઓના ધર્મોને કહેવા લાગ્યા. (૩)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! મારા આશ્રિત એવા ત્યાગીજનોના ધર્મોને સંપ્રદાય અનુસારે યથાશાસ્ત્ર તમારા હિતને માટે હું કહું છું, તમો સાંભળો. (૪) સર્વના કારણ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણને વિષે તેમના માહાત્મ્યજ્ઞાને સહિત નિત્ય એકાંતિકી ભક્તિ એ જ ત્યાગીજનોનો પરમ ધર્મ છે એમ જાણવું. (૫)

ત્યાગીના પરમ ધર્મમાં અધર્મવંશના કામ, ક્રોધ, લોભ, હિંસા, દંભાદિ દોષો વિઘ્નરૂપ છે તેને, ધર્મવંશમાં ઉત્પન્ન થયેલાં અહિંસા, સત્ય, દયા આદિ ગુણોથી જીતીને સાધુઓએ આ લોકમાં ભક્તિ કરવી. (૬) અધર્મવંશના દોષોમાં પાંચ જ દોષ અવશ્ય જીવતા યોગ્ય છે જ - પાંચ દોષનો પરાભવ કરવાથી બીજા તમામ દોષો જિતાઈ જાય તેમાં લગીરે સંશય નથી. (૭) લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માન - આ પાંચ દોષો વિદ્વાનોને પણ જીતવા અશક્ય છે. આ અંતઃશત્રુઓ છે એમ નિશ્ચય જાણો. (૮) આ લોભાદિ પાંચ દોષો જ અન્ય સર્વ દોષોનું ઉત્પત્તિ સ્થાન છે માટે મુમુક્ષુ ત્યાગીજનોએ તેને સાવધાન થકા વિશેષપણે જીતવા. (૯) લોભાદિકના મધ્યે એક-એકનો આશ્રય કરીને જે જે દોષો રહેલા છે અને તેમને જીતવામાં જે સુખસાધ્ય ઉપાયો છે તે તો પૃથક્ પૃથક્ હવે કહી બતાવું છું. (૧૦) તે લોભાદિ પાંચ દોષોના મધ્યે અધર્મના વંશમાં રહેલા દોષો લોભનો આશ્રય કરીને રહેલા છે. તે દોષો પ્રથમથી કહીએ છીએ; તે સર્વ દોષો ત્યાગ કરવા યોગ્ય છે. (૧૧) લોભમાં રહેલા અને નરકને પમાડનારા અનંત દોષો છે. લોભ પાપનું ભવન છે. પાપમાં પ્રવૃત્તિ કરાવનાર લોભ જ છે. (૧૨) લોભમાંથી ક્રોધ ઊપજે છે લોભથી જ કામ પ્રવર્તે છે લોભથી મોહ, કપટ, માન અને પરાધીનપણું ઉત્પન્ન થાય છે. (૧૩) વિત્ત વગેરેના લોભથી જ મનુષ્યો પોતાના કન્યાદિનો વિક્રય કરી નીચના ઘેર પરણાવે છે. વળી ધનાદિના લોભથી પુત્રાદિનો વિક્રય થાય છે. (૧૪) અક્ષમા, લજ્જાત્યાગ, શોભાનો ત્યાગ, સદાચારનાશ, ચિંતા, અપકીર્તિ, દંભ, મોહ, નિંદા અને મત્સર - આ બધા દોષો લોભમાંથી જ પ્રવર્તે છે. (૧૫) વૈરાગ્યનો અભાવ, દાનનો અભાવ, અતિતૃષ્ણા, આત્મશ્લાઘા, અયોગ્યાચરણ, ગુરુવેદાદિ વાક્યોમાં વિશ્વાસાભાવ, પ્રત્યક્ષ અથવા પરોક્ષ ચોરી, પરાદારાભિગમન, દીનતા અને સાહસનો વેગ, અતિકઠણ મૃત્યુનો વેગ, બલવાન ઈર્ષ્યાનો વેગ, દુર્જય એવો-અનૃત (અસત્ય) ભાષણનો પ્રવાહ, અનિવાર્ય રસાસ્વાદનો વેગ - આ સર્વ દોષ સમુદાય લોભ થકી પ્રવર્તે છે. આથી લોભ સર્વ પાપોનું મૂળ છે એમ નિશ્ચય થાય છે. (૧૬-૧૮) લોભમાં રહેલા દોષો, પોતાના મોક્ષમૂલક પરમાર્થને નાશ કરનારા છે. આ પ્રકારે હૃદયથી નિશ્ચય કરીને વિવેકી સાધુ સત્પુરુષોના સમાગમથી, લોભનો ત્યાગ કરે. (૧૯) જનકરાજા, યુવનાશ્વરાજા, વૃષાદર્ભિ રાજા વગેરે મોટા રાજાઓ લોભનો ત્યાગ કરવાથી જ પરમ સુખને પામ્યા હતા, માટે એનો ત્યાગ કરવો. (૨૦) વિદ્વાન પુરુષોના શાસ્ત્રજ્ઞપણું આદિ તમામ ગુણો એક લોભથી દોષરૂપ થઈ જાય છે. તે મહાદોષરૂપ લોભને બુદ્ધિમાન સાધુ કેમ આશ્રય કરે ? - ન જ કરે. (૨૧) આવો બળવાન મહાદોષરૂપ આ લોભ જે ઉપાયોના સંસેવનથી ત્યાગીઓએ જીતી શકાય તે ઉપાયો હવે તમોને કહું છું તે ઉપાયો શિષ્ટ પુરુષોએ માન્ય કરેલા છે. (૨૨) જે દ્રવ્યાદિ પદાર્થનો લોભ કરાય છે તે વસ્તુઓ નાશવંત છે. જે શરીરના સુખ માટે લોભ કરાય છે તે શરીર ક્ષણભંગુર છે. (૨૩) દેહ દ્રવ્ય આદિનું અસત્પણું હોવા છતાં પણ લોભથી જે જે પાપક્રિયાઓ દેહધારી આચરણ કરે છે. તે કર્મો સત્યરૂપે થઈ કર્તા જીવમાં પરિણમે છે, તે નિશ્ચય વાત છે. (૨૪) તે જીવમાં પાપકર્મોનો પરિણામ થયા પછી તે પરિણામ પામેલાં કર્મોથી નાના પ્રકારના નરકોને દેહી પામે છે અને વારંવાર શ્વાન-સુકરાદિ યોનિઓને પામે છે. (૨૫) આથી

ત્યાગી કાનોને પ્રિય એવી ગ્રામ્યવાર્તાના શ્રવણમાં અભિલાષાવાળા ન થાય. તેમજ સ્ત્રી બાળક અને સૂક્ષ્મવસ્ત્ર વગેરેના સ્પર્શમાં લુબ્ધ ક્યારેય ન થાય. (૨૬) સ્ત્રી, સુવર્ણના અલંકારો, ઉત્તમ વસ્ત્રો, મહેલ, સુંદર પુષ્પવાટિકાઓ અને ઉત્તમ ગાયો વગેરે નેત્રને પ્રિય પદાર્થોમાં ક્યારેય લુબ્ધ ન બને. (૨૭) મોક્ષમાર્ગમાં નિપુણ ત્યાગીજન નાના પ્રકારના રસયુક્ત ભક્ષણ કરવા યોગ્ય એવાં જિહ્‌વાને પ્રિય પદાર્થોમાં દોષોના દર્શનથી ક્યારેય લબ્ધ થાય નહિ. (૨૮) સુગંધી તેલ, પુષ્પ અને ચંદન વગેરે ઘ્રાણેન્દ્રિયને પ્રિય પદાર્થોમાં બુદ્ધિમાન ત્યાગી ક્યારેય લુબ્ધ ન થાય. (૨૯) આ પ્રકારે શ્રોત્ર, ત્વક, ચક્ષુ, રસના અને ઘ્રાણ આ પાંચે ઇન્દ્રિયોને ક્ષોભ કરનારા રમણીય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચે વિષયોમાં લોભાવું નહિ તે નિશ્ચય જાણો. (૩૦) જે સાધુ પુરુષ વિષયોમાં દોષદૃષ્ટિથી વિષયોથી ઇન્દ્રિયોની વૃત્તિઓને પાછી ખેંચે છે. તે સાધુપુરુષને વિવેકીજનો જિતેન્દ્રિય કહે છે. (૩૧) મન પણ સર્વદા પાંચે ઇન્દ્રિયોને અનુવર્તીને રહે છે તેથી છઠ્ઠા મન સહિત પાંચે ઇન્દ્રિયોનો આશ્રય કરીને લોભાદિ શત્રુઓ જીવાત્માને સદૈવ પીડે છે. (૩૨) ત્યાગીજનોને પોતાના મને સહિત શ્રોત્રાદિ ઇન્દ્રિયો જ નિશ્ચયપૂર્વક શત્રુઓ થાય છે માટે મુમુક્ષુ યોગીજનોએ મને સહિત ઈન્દ્રિયોને જ પ્રયત્નપૂર્વક વિશેષપણે જીતવી. (૩૩) જેણે ઇન્દ્રિયો વશ કરી છે એવા સાધુઓના સમાગમથી શ્રીકૃષ્ણની માહાત્મ્ય જ્ઞાનપૂર્વક ભક્તિથી તથા દરરોજ સદ્વિચારથી ઇન્દ્રિયોરૂપી શત્રુઓ જિતાય છે. (૩૪) પ્રાપ્ત થવા યોગ્ય વસ્તુ પ્રારબ્ધ અનુસાર સર્વ દેહધારીઓને અવશ્ય પ્રાપ્ત થાય છે. આથી દેહપુષ્ટિ માટે નકામો ક્લેશ કરવો નહિ. (૩૫) જેટલાં અન્ન વસ્ત્રાદિથી પોતાનો નિર્વાહ થાય તેટલાં અન્નવસ્ત્રાદિની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે, કારણ કે શરીર ધર્માચરણનું સાધન છે. (૩૬) ત્યાગીએ પોતાના દેહના નિર્વાહનો પ્રયાસ મેં કહેલા માર્ગથી કરવો. પોતાની ઇચ્છાથી પોતાના દેહનો નિર્વાહ કરનારો ત્યાગી નિઃસંશય નરકને પામે છે. (૩૭) ગૃહસ્થે છ માસ સુધી વાપરેલા માટે જૂના વસ્ત્રના ટુકડાઓ ગૃહસ્થ પાસેથી માગીને તે વડે બનાવેલી ઠંડી હરનારી એક ગોદડી, બે કોપીનો, બે પહેરવાનાં વસ્ત્રો, એક ઓઢવાનું વસ્ત્ર, એક જળ ગાળવાનું વસ્ત્ર, એક કાન સુધી પહોંચતી ટોપી, એક ચોરસ માથે બાંધવાનો રૂમાલ-આ કોપીનથી લઈને રૂમાલ સુધીનાં વસ્ત્રો યાચના કર્યા વિના જ પ્રાપ્ત થયેલાં નવીન વસ્ત્રોથી બનાવેલાં જાણવા. (૩૮-૩૯-૪૦) રસોઈ કરવા માટે પહેરવા એક ઊનની કામળી તથા એક ટાઢ હરનારી જૂની અથવા નવી કામળી રાખવી. (૪૧) આટલો વસ્ત્રનો સંગ્રહ ત્યાગીને હિતકારી છે. તે વસ્ત્રોમાં ઊનની કામળીઓ સિવાયનાં વસ્ત્રો સુતરાઉ જ જાણવાં. (રેશમી વગેરે નહિ.) (૪૨) પહેરવા વગેરેનાં વસ્ત્રો પણ ઓછી કિંમતનાં, જાડાં, શ્વેત, ધાતુના તાર વગરનાં અને અવશ્ય જોઈતાં હોય તે જ રાખવાં. (૪૩) સૂક્ષ્મ, સુવર્ણાદિ તારયુક્ત, લાલ-પીળાં, બહુ મૂલ્યવાળાં વસ્ત્રો ગૃહસ્થ પોતાને આપવા માટે તૈયાર થયા હોય, તોપણ ત્યાગી સાધુ ક્યારેય તે ગ્રહણ ના કરે. (૪૪) માગ્યા વિના ગૃહસ્થજનોની ઇચ્છાથી નવીન વસ્ત્રની પ્રાપ્તિ ન થાય ત્યારે જેટલું પ્રયોજન હોય, તેટલું છ માસ પહેરેલું વસ્ત્ર ગૃહસ્થની પાસે માગે તે યાચનાથી ત્યાગી દોષભાગી થતો નથી. (૪૫) અને તે વસ્ત્રો ત્યાગીજનોએ લાલ સુંદર માટી વડે રંગેલાં જ ધારણ કરવાં પણ શ્વેત વસ્ત્રો ક્યારેય ધારણ કરવાં

નહિ. (૪૬) અને ભગવાનની પૂજાનાં ઉપકરણો-સ્નાનપાત્ર, ચંદનપાત્ર, આચમનપાત્ર વગેરે આવશ્યક હોય તે ધાતુથી ભિન્ન કાષ્ઠાદિથી બનાવેલાં ત્યાગી રાખે. (૪૭) ઉપયોગી સચ્છાસ્ત્ર, પુસ્તક લખવામાં ઉપયોગી લેખણી, શાહી, પાટિયું, કાતર, છરી વગેરે ઉપયોગ પૂરતી જ વસ્તુઓ ત્યાગી રાખે પણ અધિક ન રાખે. (૪૮) ત્યાગીજને પાણી પીવાનું પાત્ર કાષ્ઠમાંથી બનેલું કે તુંબડું રાખવું. જમવાનું પાત્ર પણ કાષ્ઠનું તે તુંબડાથી કરેલું રાખવું. આ બન્ને પાત્રો ત્યાગીએ રંગ્યા વગરનાં ગ્રહણ કરવાં. (૪૯) ત્યાગીજન સર્વ પ્રકારે દ્રવ્યનો સંગ્રહ ન જ કરે. તે દ્રવ્ય પોતાનું કરીને બીજા દ્વારા રખાવે નહિ. (૫૦) વસ્ત્ર, પાત્ર, ગાયો વગેરે જે જે પદાર્થથી ધન ઉત્પન્ન થાય તે તે પદાર્થને ક્યારેય પણ સંગ્રહ ન કરે. (૫૧) ત્યાગીજન ક્યારેય પણ ચોરીનું કર્મ પોતે ન કરે, અન્ય દ્વારા ન કરાવે. ચોરોની સાથે બેસે નહિ. ચોરોને પોતાના નિવાસમાં રાખે નહિ. (૫૨) ફળ, પુષ્પ, ધાન્ય વગેરે જે જે વસ્તુ ધણિયાતી હોય, પાપથી ડરનારા ત્યાગીએ તે તે વસ્તુ તેના ધણીની આજ્ઞા વિના, માગ્યા વગર ગ્રહણ કરવી નહિ. (૫૩) ત્યાગી ખેતર કે વાડી ન કરે કે અન્ય પાસે કરાવે નહિ. અન્યની થાપણરૂપ ધન ક્યારેય પણ સર્વ પ્રકારે રાખે નહિ. (૫૪) મેં કહેલા આ નિયમો પૈકી કોઈપણ નિયમનો ભંગ થાય ત્યારે ત્યાગીએ તે દોષનું પ્રાયશ્ચિત્ત તત્કાળ જ કરવું. (૫૫) પોતાથી કોઈ નાનું કે મોટું પાપ થઈ જાય તે પાપ ત્રણ ચાર ધર્માદિ ગુણથી શ્રેષ્ઠ સત્પુરુષોની આગળ કહેવું. (૫૬) પછી તે સંતો પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત જે પ્રકારે કહે તે પ્રકારે જ ત્યાગી નિયમ તત્પર થઈને દેશકાળાનુસાર આચરણ કરે. (૫૭) મેં કહેલાં વસ્ત્રોથી અધિક વસ્ત્રનો સંગ્રહ કરે, નવીન વસ્ત્રોની યાચના કરે, સુવર્ણના તારવાળાં અને સૂક્ષ્મ વસ્ત્ર તથા લાલપીળાં વિચિત્ર રૂપવાળું બહુમૂલ્ય વસ્ત્ર સંગ્રહ કર્યે સતે, સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કરે, કહ્યા કરતાં અધિક વસ્ત્રનો સંગ્રહ કરે-આ દોષો પૈકી એક દોષ થયો હોય તો પાદકૃચ્છ વ્રત કરે. (૫૮-૫૯) જ્યારે પોતાનું કે પારકું સુવર્ણાદિ દ્રવ્ય રાખે કે રખાવે, ત્યારે જેટલા દિવસ તેને રાખે-રખાવે તેટલા દિવસ ઉપવાસ કરે તો તે શુદ્ધ થાય. (૬૦) તથા તે મુનિ અશ્વાદિ વાહન, અથવા ગાય-ભેંસાદિ પશુઓ જેટલા દિવસ પોતાના કરી રાખે તેટલા દિવસ તે ઉપવાસ કરે. (૬૧) અને જો ફળ, મૂળ કે પત્ર વગેરેની ત્યાગીજને ચોરી કરી હોય તો તે કર્મ સત્પુરુષો આગળ કહીને તે સંતોને સાષ્ટાંગ નમસ્કાર કરીને એક દિવસ ઉપવાસ કરે. (૬૨) જે ત્યાગી પોતાના નિયમથી ભ્રષ્ટ થયો હોય તે ત્યાગીને, સર્વ પ્રકારે તેનું હિત ઇચ્છતા, બીજા ત્યાગીઓએ તત્કાળ જ પોતાની પંક્તિથી બહાર કરવો. (૬૩) જ્યારે તે ત્યાગી પ્રાયશ્ચિત કરી શુદ્ધ થાય, ત્યારે તો ધર્મમાર્ગમાં રહેલા સંતોએ તે ત્યાગીને સાધુમંડળની પંક્તિમાં ગ્રહણ કરવો. (૬૪) સત્સંગ અને કૃષ્ણ પરમાત્માની માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિ વડે આચરેલા પૂર્વે કહેલા નિયમોથી ત્યાગીઓએ ન જીતી શકાય તેવો લોભ પણ અનાયાસ જિતાઈ જાય છે. (૬૫) હે મુનિવર્ય ! મેં લોભને જીતવા માટે આ ઉપાયો કહેલા છે અને તે લોભમાં જે દોષો રહેલા છે તે પણ કહ્યા છે. હવે તમોને હું કામ સંબંધી દોષો અને તે કામને જીતવાના ઉપાયો કહુ છુ. (૬૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
ત્યાગીધર્મેષુલોભદોષતજ્જયોપાયનિરૂપણ નામે સત્તાણુંમો અધ્યાય થયો. ॥૯૭॥

# અધ્યાય-૯૮

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે મુને ! જેમ સમસ્ત જળનો આધાર સમુદ્ર માનેલો છે તેમ જ સર્વ દોષોનો આશ્રય કામ જ કહેવાય છે. (૧) જ્ઞાનશાસ્ત્રમાં ગહન બોધવાળા બ્રહ્મસ્થિતિવાળા પણ કામનો ઉદય થવાથી સ્ત્રીસુખને બ્રહ્મસુખથી પણ અધિક સુખ માને છે. (૨) પંડિત પુરુષો પણ કામના વશપણાથી સ્ત્રી સંબંધી સુખ પ્રાપ્ત કરવા માટે સ્ત્રીઓની સભામાં દંભપૂર્વક શ્રવણકીર્તનાદિ ભક્તિનો આડંબર કરી જ્ઞાનગોષ્ઠિ કરે છે. (૩) સ્ત્રીઓ પણ કામના વશપણાથી પુરુષના અંગસુખની પ્રાપ્તિ માટે 'ભક્તો અને ભગવાનમાં ભેદ નથી' એમ જાણીને ભગવાનના ભક્તની સેવા પ્રીતિપૂર્વક કરે છે. (૪) ગુરુ પણ કામવશ થઈ સ્ત્રીસુખની પ્રાપ્તિ માટે શિષ્યને ઠગે છે અને શિષ્ય પણ કામભાવથી સ્ત્રીસુખની પ્રાપ્તિ માટે ગુરુને ઠગે છે. (૫) કામના વશપણાથી સગોત્રાગમન તથા ગુરુસ્ત્રીગમન થાય છે તથા કામથી જ માતૃગમન અને પુત્રી આદિ ગમન પણ થાય છે. (૬) પુરુષોને કામના વશપણાથી વિધવા સ્ત્રીઓમાં ગમન થાય છે તથા સત્‌કુલમાં ઉત્પન્ન થયેલા ઉત્તમ બ્રાહ્મણાદિનું પણ કામભાવથી વેશ્યા અને ચાંડાલી વગેરેમાં ગમન થાય છે. (૭) કામવશ પુરુષોની મૈથુન માટે પુરુષોમાં પણ પ્રવૃત્તિ થાય છે તથા કોઈ સમયે ગધેડી કે ભેંસ વગેરે પશુજાતિમાં પણ મૈથુન માટે પ્રવૃત્તિ થાય છે. (૮) મોટા ત્યાગીને પણ કામના વશપણાથી વાંદરાની પેઠે ધર્મથી રહિત થકો હસ્તમૈથુન વડે વીર્યપાત થાય છે તે નક્કી વાત છે. (૯) કામના વશપણાથી જ સર્વ પ્રકારે પૃથ્વી ઉપર સાંકર્યપણું અને જાતિભ્રંશકર્મ થાય છે. કામથી જ ચાર આશ્રમો અને ચાર વર્ણોનો ધર્મ નાશ થાય છે. (૧૦) કામના વશપણા થકી સ્ત્રીઓ દ્વારા પતિ પિતા વગેરેના ઘાતમાં પ્રવૃત્તિ થાય છે. તે જ પ્રકારે પુરુષોને કામથી અવધ્ય સ્ત્રીઓના વધમાં પ્રવૃત્તિ થાય છે. (૧૧) કામથી બ્રાહ્મણાદિ ઉત્તમ વર્ણોની અભક્ષ્ય મત્સ્યમાંસાદિ સુરાપાનમાં તથા અનૃત ભાષણમાં પ્રવૃત્તિ થાય છે. (૧૨) કામનો આશ્રય કરીને જ ક્રોધ, મદ, મત્સર, માન, ઈર્ષ્યા, ગર્વ, દંભ, નિર્લજ્જતા અને ચાડિયાપણું તથા અપકીર્તિ, સંમોહ, સ્મૃતિભ્રંશ અને મતિક્ષય વગેરે પ્રવર્તે છે. તથા અપમૃત્યુ, મહારોગ વગેરે કામને જ આશરેલા છે. (૧૩-૧૪) વળી કામના જ વશપણાથી કૂતરા, ભૂંડ, ગધેડા વગેરે નીચ દેહની પ્રાપ્તિ તથા અનેકવિધ નરક ભોગની વેદનાઓ થાય છે તેમજ કામથી જ અસદ્‌બુદ્ધિ અને જન્મ-મરણાદિ સંસૃતિની વારંવાર પ્રાપ્તિ થાય છે. (૧૫) ઇત્યાદિ બહુ પ્રકારના દોષો કામથી થાય છે તે નિશ્ચિત જાણો. હવે તે દોષો સહિત કામને જીતવાના ગુણરૂપ ઉપાયો કહીએ છીએ. (૧૬) અતિ બળવાન કામરૂપ શત્રુ યુવાવસ્થામાં પુરુષો અને સ્ત્રીઓને અતિશય પીડે છે આથી આ કામરૂપ દોષ ધારણાપારણા, સદ્‌વિચાર અને સત્સમાગમ વગેરે ઉત્તમ વ્રતો વડે જીતવો. (૧૭) ચાતુર્માસમાં ધારણા પારણા નામનું શુભ વ્રત દરવર્ષે યથોક્ત વિધિ અનુસાર જ કરવું. (૧૮) કામને મૂળમાંથી ઉખાડી નાખનારા ચાંદ્રાયણવ્રત અથવા પરાકવ્રત દેશકાલને અનુસરીને ચાર માસ પર્યંત યુવાન ત્યાગી કરે. (૧૯) તેમ જ કૃચ્છ-અતિકૃચ્છ નામનું વ્રત સાન્તમનવ્રત, ઉદ્દાલકવ્રત, યાવકવ્રત તથા સૌમ્ય કૃચ્છાભિ નામનું વ્રત - આ બધા વ્રતને ત્યાગી પુરુષ કરે. (૨૦) તેમ જ કૃચ્છવ્રત, પર્ણકૃચ્છ,

જળકૃચ્છ, ગોવ્રત, માસોપમાસ વ્રત - આ બધા વ્રતને હે મુને ! ત્યાગીજન કરે. (૨૧) મનની કામનાઓ વ્રતોથી જ નાશ પામે છે એટલા માટે જ્યાં સુધી કામનાઓનો નાશ ન થાય ત્યાં સુધી તે વ્રતોને દર વરસે કર્યા કરે. (૨૨) તે જ પ્રકારે સ્ત્રી આદિના તુચ્છ દેહાદિ પદાર્થોના વિચારોથી તથા મહાપુરુષોના સમાગમથી ત્યાગીઓએ દુર્જેય પણ આ કામ જિતાય છે. (૨૩) પુરુષ જે તે કામવિલાસની પ્રાપ્તિ માટે જે સ્ત્રીની અભિલાષા કરે છે તે સ્ત્રી તો માંસ, હાડકાં, સ્નાયુ,મજ્જા, રુધિર, કફ અને વિષ્ટામયી છે તે નિશ્ચય જાણે. (૨૪) કામથી પરવશ પુરુષ આચારદુષ્ટા અથવા વિનાશિની એવી સ્ત્રીને ઉદ્દેશીને પણ નામથી સ્વરૂપકીર્તન કરીને જે જે કર્મો કરે છે તે બધાં પાપાત્મક કર્મો સત્ય થાય છે. અર્થાત્ જીવમાં વળગીને નરકાદિ દુઃખોને આપે છે. (૨૫) પછી પુરુષ પાપાત્મક કર્મો વડે નાના પ્રકારનાં અંધતામિસ્રાદિ નરકોને પામે છે અને કૂતરાં, ગધેડાં, વાંદરાં આદિ યોનિઓને ફરી ફરીને પામે છે. (૨૬) આ પ્રકારે વિચાર કરીને સ્ત્રીના સંગનો દૂરથી જ ત્યાગ કરી આ કહેલા નિયમોમાં જ મુમુક્ષુએ વર્તવું. (૨૭) તે નિયમો કહે છે : ત્યાગી પુરુષોએ સ્ત્રીઓની શૃંગારરસ સંબંધી કથા અને વાર્તાઓ કોઈ સમયે ન જ સાંભળવી અને તે સ્ત્રીઓની કથાવાર્તા અને કીર્તન ન કરવું. (૨૮) સ્ત્રીઓની સાથે હાસ્યવિનોદાદિ ક્રીડા ક્યારેય ન કરવી. તેઓને દૃષ્ટિથી ક્ષણમાત્ર પણ જુએ નહિ. સ્ત્રીઓની સાથે ક્યારેય પણ છાની વાર્તા કરે નહિ. (૨૯) સ્ત્રીની પ્રાપ્તિ માટે સંકલ્પ ન કરવો, તેની પ્રાપ્તિનો નિશ્ચય ન કરવો, સ્પર્શ તો લાકડાની પૂતળીનો પણ ન કરવો. આથી પ્રત્યક્ષ સ્ત્રીનો સ્પર્શ તો થાય જ કેમ ? (૩૦) પ્રજ્વલિત અગ્નિમાં પડવું શ્રેષ્ઠ છે, અથવા વિષભક્ષણ શ્રેષ્ઠ છે અથવા કૂવામાં પડવું ઉત્તમ છે. ક્યારેય પણ સ્ત્રીગમન શ્રેષ્ઠ નથી. (૩૧) અને ત્યાગીજનોએ સ્ત્રીજાતિમાત્રનું ગુહ્ય અંગ જોવું નહિ તેમજ સ્ત્રીઓએ પહેરવાના વસ્ત્રનો સ્પર્શ પણ ન કરવો. (૩૨) તેમાં ધોયેલું ભીનું હોય, અથવા સૂકવેલું હોય અથવા જે નવીન હોય તેવા સ્ત્રીના વસ્ત્રનો અકામથી કરેલો સ્પર્શ દોષ માટે નથી, તે થકી બીજા સ્ત્રીવસ્ત્રનો સ્પર્શ તો દોષ માટે થાય છે. (૩૩) ત્યાગીજનોએ ક્યારેય સ્ત્રીસન્મુખ બેસવું નહિ. સ્ત્રીનું ચિત્ર દોરવું નહિ અને સ્ત્રીનાં ચિત્રો જોવાં નહિ. (૩૪) ત્યાગીઓએ માર્ગમાં ચાલતાં સ્ત્રીઓથી પાંચ હાથ છેટે ચાલવું- શ્રીકૃષ્ણના જન્માષ્ટમી વગેરે વ્રતોના ઉત્સવોમાં ઘણા મનુષ્યોનો સમૂહ હોય, ત્યારે દેવમંદિરમાં અજ્ઞાની બાળાના સમીપમાં, તથા સાંકડા માર્ગમાં અને ભિક્ષા માટે જવામાં સ્ત્રીસ્પર્શથી પોતાના અંગની રક્ષા થાય તેમ જ વર્તવું, ત્યાં પાંચ હાથ છેટે રહેવાનો નિયમ ન રહે. (૩૫-૩૬) જે સ્થાનમાં સ્ત્રીઓની સ્નાનાદિ ક્રિયા થતી હોય તે સ્થળે તે તે સ્નાનાદિ ક્રિયાઓ ન કરવી તથા સ્ત્રીના વેષને ધારી રહેલા પુરુષને ક્યારેય જોવો નહિ અને તેનો સ્પર્શ પણ કરવો નહિ. (૩૭) સ્ત્રીઓની સાથે ક્યારેય પણ સંભાષણ કરવું નહિ તથા સ્ત્રીઓના ગુણોનું વર્ણન કરવું નહિ તથા તેના દોષોનું પણ વર્ણન કરવું નહિ. (૩૮) સ્ત્રીઓ સાંભળે તેવા ઉદ્દેશ્યથી વિષ્ણુનું ગુણકીર્તન પુરુષ આગળ પણ ન કરવું તથા સ્ત્રીના મુખ થકી ભગવાનની કથા પણ ન જ સાંભળવી. (૩૯) જે શાલિગ્રામની પૂજા કરનારી પોતે કેવલ સ્ત્રી જ હોય, તે શાલિગ્રામના દર્શન માટે ત્યાગીઓએ ક્યારેય પણ જવું નહિ. (૪૦) ત્યાગી પુરુષો ભિક્ષા વિના તથા સભાપ્રસંગ વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જાય નહિ. કોઈ

સ્થાનમાં ક્યારેય એકલા જવું નહિ. (૪૧) પ્રાણાંતે પણ પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ કરવાનારું પોતાના ગુરુનું વચન પણ માનવું નહિ. (૪૨) ત્યાગીઓએ પોતાના નિવાસસ્થાને સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ, અન્નજળાદિ કોઈપણ વસ્તુ પુરુષ દ્વારા જ મંગાવવી પરંતુ સ્ત્રી પાસે ક્યારેય ન મંગાવવી. (૪૩) ત્યાગીજને પોતાની જગ્યામાં વાળવું, લીપવું, પાત્રો માંજવાં વગેરે પોતે જ કરવું અથવા પુરુષ પાસે કરાવવું પણ સ્ત્રી પાસે ક્યારેય કરાવવું નહિ. (૪૪) જે સ્થળે અગાઉ સ્ત્રીઓનો પગફેર થયો હોય તે સ્થળને પુરુષ પાસે લીંપાવી અને જળ વડે પ્રોક્ષણ કરવી પછી ત્યાં વાસ કરાવો. (૪૫) મુમુક્ષુ ત્યાગીજનોએ શિશ્ન અને ઉદરની આસક્તિવાળા અસત્પુરુષોનો સંગ ના જ કરવો. સ્ત્રીસંગની પેઠે જ સ્ત્રૈણ પુરુષનો સંગ પણ દૂરથી જ ત્યાગ કરવો. (૪૬) આ લોકમાં સ્ત્રીઓ અને તેમના પ્રસંગવાળા સ્ત્રૈણ પુરુષોના સંગથી પુરુષોને દ્દઢ બંધન થાય છે, તેવું બંધન બીજાના પ્રસંગથી થતું નથી જ. (૪૭) સ્ત્રીસંગ અને સ્ત્રૈણ પુરુષના સંગથી બ્રહ્માત્મભાવથી ભગવાનને ભજનારા મુક્તો અને મુમુક્ષુઓની સાધુતાનાં સમગ્ર ઐશ્વર્યો તત્કાલ જ નાશ પામી જાય છે. (૪૮) બ્રહ્મચર્ય, અહિંસા, ઈર્ષ્યાએ રહિતપણું, શૌચ, ક્ષમા, દયા, સત્ય, મૌન, યશ, બુદ્ધિ, લજ્જા, અસ્તેય, શમ, દમ ઈત્યાદિ સર્વ ગુણો સ્ત્રૈણ પુરુષોના સંગથી નાશ પામી જાય છે માટે સ્ત્રી અને સ્ત્રૈણ પુરુષના સંગનો સર્વદા સર્વ પ્રકારે ત્યાગ કરવો. (૪૯-૫૦) આ પૂર્વે કહેલા નિયમો સહિત ભગવાન શ્રી નારાયણને વિષે ભક્તિભાવ અને સત્પુરુષોના સમાગમથી ત્યાગી સાધુઓ દુર્જેય કામને જીતીને પરમ સુખ પામશે. (૫૧) પૂર્વે યયાતિ, ઐલ(પુરૂરવા) વગેરે રાજાઓ પણ કામનો ત્યાગ કરવાથી જ ઉત્કૃષ્ટ સ્વાભિલષિત પરમ સુખને પામ્યા હતા. (૫૨) એ પૂર્વે કહેલા નિયમો પૈકી કોઈ નિયમનો ક્યારેય પણ ભંગ થાય, તો તે નિયમના ભંગનું પ્રાયશ્ચિત્ત પોતાનું હિત ઈચ્છનારા ત્યાગીએ તત્કાલ જ કરવું. (૫૩) અજ્ઞાનથી સ્ત્રી-કથાનું શ્રવણ-કીર્તન કરે, વિહાર કરતી સ્ત્રીઓના વિહારસ્થાનમાં જો ક્ષણમાત્ર સ્થિતિ કરે, સ્ત્રીની દૃષ્ટિ સાથે પોતાની દૃષ્ટિ બાંધીને સ્ત્રીને જુએ, પુરષ તરફ દૃષ્ટિ રાખીને સ્ત્રીને ઉપદેશ અજ્ઞાનથી પણ કરે, પુરુષ દ્વારા સ્ત્રીને ગુપ્ત સંદેશો મોકલે, ક્યારેય કામબુદ્ધિથી મનમાં સ્ત્રીસંગમનો સંકલ્પ ઉત્પન્ન થાય, કોઈક સમયે પોતાને અજ્ઞાનથી સ્ત્રી સંબંધી અંગના સંકલ્પનું પરવશપણું ક્ષણમાત્ર પણ થઈ જાય, સ્ત્રીના અંગ ઉપર રહેલા વસ્ત્રનો અજાણે પણ સ્પર્શ થાય, આપત્તિકાળ સિવાય માર્ગમાં સ્ત્રી થકી પાંચ હાથ દૂર ચાલવાના નિયમનો ભંગ થાય, સ્ત્રીની સાથે સંભાષણ થાય, નારીના ગુહ્ય અંગનું નિરીક્ષણ થઈ જાય, આવા બીજા સ્ત્રીપ્રતિમા-સ્પર્શ-વર્જનાદિ નિયમોનો જો કદાચિત્ પ્રમાદવશ પણ ભંગ કરે તો ત્યાગીએ પ્રત્યેક નિયમભંગમાં શ્રીકૃષ્ણ નામમંત્રના જપ સહિત એક એક ઉપવાસ કરવો. (૫૪-૫૯) અને ક્યારેક પશુ પક્ષી આદિકનું મૈથુન બુદ્ધિપૂર્વક જોવાઈ જાય તો ત્યાગીજને એક દિવસ ઉપવાસ કરવો. (૬૦) જ્ઞાન-વૈરાગ્યથી જો કોઈ જન ત્યાગી દીક્ષા લેવા આવે તો તેના સંબંધી પત્ની, પુત્રી, માતા વગેરે સ્ત્રીજનોનું તે દીક્ષામાં અનુકૂળતા-પ્રતિકૂળતા જાણવા માટે શીલ-સ્વભાવાદિ જરૂર જાણવાં પડે, તેને અર્થે સ્ત્રીઓના શીલસ્વભાવાદિનો પ્રશ્ન પૂછવા માત્રથી ત્યાગીને દોષ નથી તથા ભિક્ષા નિમિત્તે પોતાને નિમંત્રણ આપવા આવેલી સ્ત્રીએ મોકલેલા પુરુષ પ્રત્યે તેણીનાં જાતિ-નામ, તેણીના ઘરમાં

રહેલા મનુષ્યો, તેણીની જીવિકા વગેરેનું પૂછવું, સાંભળવું વગેરે કાર્યમાં ત્યાગીને દોષ નથી તથા પુસ્તક લખાવવા માટે સ્ત્રી કાગળ વગેરે આપીને કોઈ પુરુષને મોકલે તો તેના પ્રત્યે તે સ્ત્રીનું નામાદિ પૂછવું તેમાં ત્યાગીને દોષ નથી તથા ભગવાનના દર્શનાર્થે ગામાતન્તરથી કે દેશાંતરથી આવેલી અબળાઓને યોગ્ય ઉતારો આપવામાં તથા આવું બીજું કઈ ધાર્મિક કાર્ય આવશ્યક પ્રાપ્ત થતાં પુરુષ દ્વારા સ્ત્રીસંબંધી વચન, કથન, શ્રવણમાં ત્યાગીને દોષ નથી. પરંતુ સર્વ કોઈ ત્યાગીઓએ આ વિષયમાં વ્યવહાર કરવો નહિ પરંતુ પોતાના મંડળમાં જે મુખ્ય સાધુ હોય તેણે જ તે વિષયમાં સાંભળવું અને કહેવું-આમાં આટલો વિશેષ જાણવો. (૬૧-૬૩) જો મંડળના મુખ્ય થકી અન્ય ત્યાગી તે વચન (પુરુષે કરેલું સ્ત્રી સંબંધી વાક્ય) સાંભળે કે તેનો ઉત્તર આપે, તો તે ત્યાગી તત્કાળ સ્નાન કરી અષ્ટાક્ષર મંત્રનો ત્રણવાર જપ કરીને પછી ભગવાન નરનારાયણના નિવાસભૂત ઉત્તર દિશાને પ્રણામ કરે. આમ કરવાથી તે ત્યાગી નિશ્ચે શુદ્ધ થાય છે. (૬૪-૬૫) મંડળના મુખ્ય ત્યાગી પણ સ્ત્રીવચનનો પ્રત્યુત્તર સાક્ષી વિના સાંભળે, તો પૂર્વે કહેલું પ્રાયશ્ચિત્ત કરે. (૬૬) મંડળના મુખ્ય ત્યાગી પણ વાતના પ્રસંગથી જો જરૂર કરતાં વધારે કહે, તો સ્નાન કરી શ્રીહરિનું સ્મરણ કરતા સતા એક દિવસ ઉપવાસ કરે. (૬૭) ત્યાગી પુરુષ હસ્તમૈથુન વડે વીર્યપાત કરે તો ચાર દિવસ સળંગ ઉપવાસો કરે. (૬૮) જ્યારે સ્વપ્નાવસ્થામાં વિવશતાથી વીર્યપાત થાય તો પ્રાતઃકાળે સ્નાન કરીને ત્યાગી એક દિવસનો ઉપવાસ કરે. (૬૯) ભિક્ષા માટે ગામમાં જવામાં, માર્ગમાં જવામાં, સ્નાન કરવા માટે ગમન કરવામાં, જળ ભરવા જતાં અથવા આવાં કાર્યોમાં એકબીજાથી વિખૂટા પડેલા બે ત્યાગીઓ એકબીજાને જુએ નહિ તો તે બન્ને ત્યાગીઓએ એક ઉપવાસ કરવો. મળત્યાગ ને મૂત્રત્યાગ કરવા જતાં તથા આપત્કાળમાં પરસ્પર ના જોઈ શકે તો ઉપવાસ ન કરવો. (૭૦-૭૧) ત્યાગી સાધુએ એકાંત સ્થાનમાં એકાકી સ્ત્રીની સાથે સ્થિતિ કર્યે સતે તથા માર્ગમાં એકલી સ્ત્રીની સાથે ગમન કર્યે સતે ત્રણ ઉપવાસ કરે. (૭૨) ત્યાગી પુરુષને કામના વિવશપણાથી તેનું જે આઠમું બ્રહ્મચર્ય કહેતાં સ્ત્રીના સાક્ષાત્ સંગના અભાવરૂપ બ્રહ્મચર્યનો ભંગ થાય ત્યારે જે પ્રાયશ્ચિત્ત કરવાનું છે તે હું કહું છું. (૭૩) ધર્મશાસ્ત્રોમાં આ આઠમા બ્રહ્મચર્યવ્રતના ભંગમાં મરણાંત પ્રાયશ્ચિત કહેલું છે. આ કળિયુગમાં તે કરવું અશક્ય હોવાથી ત્યાગી પુરુષ એક વર્ષ પર્યંત સાધ્ય વ્રત કરે. (૭૪) એક દિવસે ઉપવાસ કરે અને બીજે દિવસે મીઠા સહિત સાથવો દિવસે જ પીવે, રાત્રિમાં નહિ. રાત્રિમાં પારણાનો નિષેધ છે. મૌનથી જ એક વાર પીએ. (આવી રીતે એક વર્ષ સુધી કરે.) (૭૫) લવણ વિનાનો સાથવો પીવામાં અક્ષમ ત્યાગી મીઠાવાળું રાંધેલું એક જ અન્ન ભક્ષણ કરે અને જો તે એક અન્ન ભક્ષણમાં પણ અક્ષમ હોય તો તે પુરુષ મીઠાવાળાં બે અન્ન ભક્ષણ કરે. (ભોજનના દિવસે જ જમે એમ જાણવું.) (૭૬) કદાચિત્ રોગથી પીડા પામેલો ત્યાગી અથવા અન્ય કોઈ આકસ્મિક આપદામાં આવી પડેલો ત્યાગી ઉપવાસ રહિત ધારણાપારણા વ્રત કરે. જ્યાં સુધી રોગનો ઉપદ્રવ કે આપદા હોય ત્યાં સુધી એકાંતરે ઉપવાસ ન કરે અને જ્યારે રોગ કે આપદાનો નાશ થાય ત્યારે એક હજાર અષ્ટાક્ષરમંત્રનો જપ કરી પૂર્વવત્ પોતાના બાકીના વ્રતને પૂર્ણ કરે. (૭૭-૭૮) એક વર્ષ પર્યંત આ વ્રત કરવામાં અશક્ત ત્યાગી તો ન્યૂન (નવમાસિક) વ્રત કરે. તેમાં

પણ અશક્ત ત્યાગી અર્ધ (છમાસિક) વ્રત કરે. તેમાં પણ અશક્ત તો તે થકી પાદમાત્ર (ત્રિમાસિક) વ્રત કરે. પછી તે શુદ્ધ થાય. (૭૯) આ એકાંતરા ભોજનરૂપ (ધારણાપારણા) વ્રત, મન અને શરીરની શુદ્ધિ કરનારું પરમ પવિત્ર છે; તે વ્રતના અંગભૂત અહિંસા-બ્રહ્મચર્યાદિ નિયમોએ સહિત કરવું. (૮૦) જે પુરુષ આ વ્રત કરવામાં અશક્ત હોય તે પુરુષ તો બદરિકાશ્રમમાં રહેલા શ્રીનરનારાયણ ભગવાનની યાત્રા કરે ત્યારે તે ત્યાગી શુદ્ધ થાય છે, તે નિશ્ચય વાત છે. (૮૧) અથવા આ ત્યાગી સાવધાન થઈને એક માસ પર્યંત ચાંદ્રાયણ વ્રત વિધિ પ્રમાણે કરે. તે વ્રતથી સમસ્ત પાતકનો વિનાશ થાય છે. (૮૨) આ સાક્ષાત્ સ્ત્રીસંગરૂપ પાપ જો લોકોએ જાણેલું ન હોય તો એક વરસ પર્યંત 'નારાયણ' એવા ચાર અક્ષરના મંત્રનો દરરોજ પચાસહજારવાર જપ કરે. અર્થાત્ દરરોજ પાંચસો માળા ફેરવે. (૮૩) મૌન વ્રતધારીને શુદ્ધ થઈને સ્થિર આસને બેસીને પોતાની શક્તિ અનુસાર પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયં ત્રણે સમયે ભક્તિપૂર્વક મંત્રજપ કરે ત્યારપછી તે શુદ્ધ થાય. (૮૪) આ પ્રમાણે પૂર્વોક્ત વ્રતના આચરણથી શુદ્ધ થયેલા ત્યાગી પુરુષને સાધુઓએ સંતમંડળમાં ગ્રહણ કરવો અને પછી તે સાધુઓએ કોઈ સમયે સ્ત્રીસંગરૂપ તેના દોષને કહેવો નહિ. (૮૫) પુરુષમાં અથવા પશુજાતિમાં મૈથુન માટે પ્રવૃત્તિ થઈ જાય તો પોતાની શુદ્ધિ માટે ત્યાગી પુરુષે તપ્તકૃચ્છ્રવ્રત કરવું. (૮૬) જે પુરુષ પાપ કરીને તેનું પ્રાયશ્ચિત્ત ન કરે તે ત્યાગીને તો અંત્યજાદિની માફક તત્કાળ સંતોના મંડળમાંથી કાઢી મૂકવો. (૮૭) હે મુને ! આ પ્રમાણે કામના દોષો તથા તેને જીતવાના ઉપાયરૂપી નિયમો તમોને મેં કહ્યા. હવે રસના પણ દોષો અને તેને જીતવાના ઉપાયરૂપ નિયમો તમોને કહું છું. (૮૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં ત્યાગિધર્મેષુ કામદોષતજ્જયોપાય નિરૂપણ નામનો અઠ્ઠાણુંમો અધ્યાય થયો. ॥૯૮॥

●

## અધ્યાય-૯૯

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે મુને ! સર્વ ઇન્દ્રિયોના ક્ષોભમાં કારણ રસાસ્વાદ માન્યો છે. પાપમાં કારણભૂત સર્વ દોષો રસાસ્વાદના મૂળમાંથી જ પ્રવર્તે છે. (૧) અંગે સહિત કામ રસથી ઉત્પન્ન થાય છે. આવી રીતે જનોમાં પ્રસિદ્ધિ છે. કારણ કે ભૂખથી શુષ્ક શરીરમાં કામની ઉત્પત્તિ દેખાતી નથી. (૨) ધર્મવાળા એવા મોટા રાજાઓ તથા બ્રાહ્મણોની પણ કોઈક સમયે રસાસ્વાદથી જ માંસભક્ષણમાં પ્રવૃત્તિ થતી હતી.(૩) 'સર્વ વેદ હિંસાયજ્ઞનું પ્રતિપાદન કરનારો છે : આ પ્રકારે દેવો તથા રાજાઓ વગેરેનું અપભાષણ રસાસ્વાદથી પ્રવર્તે છે. (૪) બ્રાહ્મણોનું અહિંસામય યજ્ઞ, તપ, સ્વધર્મ, સનાતનધર્મ તથા શીલોંચ્છાદિવૃત્તિ થકી જે પતન તે પણ રસાસ્વાદથી થયેલું છે. (૫) હમણાં પણ પૃથ્વી ઉપર બ્રાહ્મણાદિ ઉત્તમ વર્ણની રસાસ્વાદથી, દેવી આદિ પૂજનના બહાનાથી, મદ્યમાંસના ભક્ષણમાં પ્રવૃત્તિ છે. (૬) મનુષ્યોને ચાર વર્ણમાં અને ચાર આશ્રમોમાં વેદે પ્રતિપાદન કરેલા સદાચારનું વિપરીતપણું રસાસ્વાદથી જ થાય છે. (૭) ઉત્તમ મનુષ્યોને પણ રાક્ષસોના સરખી પશુપક્ષ્યાદિ

હિંસામાં પ્રવૃત્તિ રસથી થાય છે. રસયુક્ત અન્ય વસ્તુઓની ચોરી કરવાના કર્મમાં પ્રવૃત્તિ થાય છે. (૮) વિદ્વાનોને પણ રસાસ્વાદથી પંક્તિભેદ થાય છે. પોતાનાથી અતિરિક્ત પુત્રાદિને છોડીને પણ એકાકી પુરુષને સ્વાદુ ભોજનમાં પ્રીતિ રસથી જ થાય છે. (૯) ઉત્તમ જનોને રસથી ગધેડીનું દૂધ, ઊંટડીનું દૂધ, દસ દિવસ વિયાયે થયા નથી એવી ગાયનું દૂધ-આ અપેય પદાર્થોમાં, અભક્ષ્ય (લસણ-ડુંગળી)ના ભક્ષણમાં, માજમ આદિ માદક વસ્તુના ભક્ષણમાં પ્રવૃત્તિ થાય છે જ. (૧૦) ભવસાગરને છેદનારાં હરિકીર્તન, વેદાદિ સચ્છાસ્ત્રોની કથા, નારાયણની પ્રતિમાનું પૂજન આ બધાનું જીવિકા માટે સંપાદન કરવાપણું રસથી થાય છે. (૧૧) રસાસ્વાદથી શત્રુને વશ થવાય છે અને તેથી જ મરણ પણ થાય છે અને રસાસ્વાદથી વધારે આહાર કરવાથી મૃત્યુ થાય છે અને તેથી નાના પ્રકારના રોગો થાય છે. (૧૨) મનુષ્યોને પાપના કારણભૂત ક્રોધ, લોભ, મદ, ઈર્ષ્યા વગેરે ઘણા મોટા દોષો પણ રસાસ્વાદથી જ ઉત્પન્ન થાય છે. (૧૩) રસાસ્વાદનો આશ્રય કરીને રહેલા આ દોષો મેં તમોને કહ્યા. હવે તેને જીતવાના, ત્યાગીજનોને ઉપકારી ઉપાયો હું તમને કહું છું. (૧૪) ત્યાગીજનો એ અતિ સ્વાદવાળા ભોજનમાં આસક્તિ ન કરવી. સુસ્વાદુ ભોજનની આસક્તિથી અષ્ટાંગયોગની સાધના વડે સિદ્ધ દશાને પામેલા ત્યાગીઓ કૂતરાના તુલ્યપણાને પામી જાય છે. (૧૫) વિષ્ણુ ભક્ત આત્મનિષ્ઠ ત્યાગી પુરુષ રસાસ્વાદમાં આસક્તિ રહિત થઈને પોતાના દેહના નિર્વાહ માટે ભિક્ષાવૃત્તિ(માધુકરી)નો આશ્રય કરે. (૧૬) જેમ ભમરો કમળ વગેરેને પીડા કર્યા વગર દરેક કમળમાંથી થોડો થોડો રસ ગ્રહણ કરે છે તે રીતે ત્યાગી પુરુષ શાપિત-પતિત વગેરેનો ત્યાગ કરીને પવિત્ર ગૃહસ્થોને પીડા કર્યા વગર થોડું થોડું અન્ન માગે. (૧૭) ભિક્ષા માટે ફરતા ત્યાગીએ ચાર વર્ણોના ગૃહસ્થો પાસેથી શુદ્ધ અને કાચું અન્ન માગવું. આપત્તિકાળ સિવાય ચૌદે વર્ણો પાસે ભિક્ષા ન માંગવી. (૧૮) ત્યાગીજને જે ગૃહસ્થના ઘેરથી લોટ, ચોખા વગેરે વધારે પ્રાપ્ત થતું હોય તેને ઘેર રસાસ્વાદના લોભથી દરરોજ ભિક્ષા માંગવા ન જવું. (૧૯) અને ભિક્ષા માગનાર ત્યાગીજન ભિક્ષાને માંગતો થકો ગૃહસ્થના ઘરના આંગણામાં ઊભો રહીને હે નારાયણ ! હરે ! સચ્ચિદાનંદ પ્રભો ! વગેરે વાક્યો ઊંચા સ્વરથી બોલે. (૨૦) ભિક્ષા દ્વારા જે કાંઈ લોટ, દાળ, ચોખા આદિ અન્ન તથા ફળ વગેરે પ્રાપ્ત થયેલ હોય તે પોતે પવિત્ર થકો પકાવીને શ્રીહરિને નૈવેદ્ય ધરે. (૨૧) નૈવેદ્યની અંદર તુલસીપત્ર સહિત ભગવાનને નિવેદન કરેલા અન્નને વિષ્ણુના ચરણામૃત જળથી અથવા પ્રસાદીના જળથી પોતાના ભોજન સમયે મિશ્રિત કરે. (૨૨) જો ભોજન સમય કોઈ ભિક્ષુક અન્નની યાચના કરે તો પ્રસન્ન ચિત્તથી ભિક્ષુકને આત્મબુદ્ધિપૂર્વક અવિહ્‌લથકો અન્ન આપે. (૨૩) વિષ્ણુની દીક્ષાયુક્ત, સ્વધર્મમાં નિષ્ઠાવાન, લોકનિંદિત પાપકર્મ અને સૂતકવાળા ગર્ભાધાનાદિ સંસ્કારોથી રહિત એવો ગૃહસ્થ બ્રાહ્મણ પોતાને ઘેર ત્યાગીઓને ભોજન કરાવવા માટે આમંત્રણ આપે તો ત્યાં પૂર્વની માફક ભગવાનને નૈવેદ્ય કરીને જળપ્રોક્ષણ કરીને જમે. (૨૪-૨૫) જે પવિત્ર બ્રાહ્મણના ઘેર જમવા જવાનું હોય તેને ત્યાં ક્યારેક ભગવાનની પ્રતિમા ના હોય તો પોતાને પૂજવાની ભગવાનની પ્રતિમા (હરિકૃષ્ણ મહારાજ) ત્યાં લઈ જઈને તેને નૈવેદ્ય ધરાવવું. (૨૬) જો તે બ્રાહ્મણના ઘેર વિષ્ણુની મૂર્તિ હોય તો પોતાના આશ્રમમાં જમાડનારા પાસે બશેર

અન્ન મંગાવી સ્વયં રસોઈ બનાવીને પોતાને પૂજવાની વિષ્ણુપ્રતિમાને નિવેદન કરીને પછી ત્યાગીઓનું મંડળ ગૃહસ્થના ઘેર જમવા જાય. પોતાના આશ્રમમાં પોતાને પૂજવાના ભગવાનને નૈવેદ્ય ન કરે તો સેવાધર્મની હાનિ થાય. (૨૭-૨૮) જો વૈષ્ણવ બ્રાહ્મણ પોતે રસોઈ કરવામાં અશક્ત હોય અને ત્યાગીઓને જમવા નિમંત્રણ આપે અથવા અન્ય કોઈ ક્ષત્રિયાદિ ત્યાગીઓને જમવાનું નિમંત્રણ આપે તો પોતાના આશ્રમમાં અથવા અશક્ત બ્રાહ્મણ કે ક્ષત્રિયાદિના ઘેર કાચું સીધુ મંગાવીને ત્યાગી પુરુષો રસોઈ બનાવે અથવા કોઈ વૈષ્ણવ બ્રાહ્મણ પાસે રસોઈ બનાવરાવે. (૨૯-૩૦) ગૃહસ્થના ઘેર રસોઈ બનાવવા માટે પાંચથી ઓછા ત્યાગીઓએ ક્યારેય જવું નહિ તેમજ ભોજન કરવા માટે કોઈ સમયે પાંચથી ઓછા સાધુઓએ જવું નહિ. આ પ્રમાણે ઉદ્ધવ સંપ્રદાયમાં મર્યાદા છે. (૩૧) ગૃહસ્થોની સંપત્તિ જોઈને જમવા માટે તેમના સ્થાનમાં જવું. અલ્પ ધનવાળા ગૃહસ્થને ક્યારેય કલેશ પમાડવો નહિ. (૩૨) આ લોકમાં ગૃહીજન દરરોજ દેશકાળને અનુસરીને ચોખા, ઘઉંનો લોટ વગેરે અથવા કોદરા, કાંગ વગેરે જે અન્ન જમતા હોય, તેને ઘેર નિમંત્રેલા ત્યાગીઓએ તે જ અન્ન જમવું પરંતુ એનાથી જુદું ગ્રહણ કરવું નહિ. પરંતુ જો કોઈ ત્યાગી રોગાતુર હોય કે અતિવૃદ્ધ હોય તો તેણે પોતાના આરોગ્યને અનુકૂળ કરાવીને જમવું. એમાં એમને દોષ નથી. (૩૩-૩૪) પર્વ અને ઉત્સવના દિવસે ગૃહસ્થો નિત્ય ભોજનના અન્નથી ઘી-સાકરયુક્ત વિશેષ ઉત્તમ અન્ન પોતે જમે અને ત્યાગીઓને પણ આપે ત્યારે ત્યાગીએ તે અન્ન ગ્રહણ કરવું. (૩૫) જે ગૃહસ્થના ઘરમાં પુરુષ પીરસનારો હોય તે ગૃહસ્થના ઘરમાં જ ત્યાગીઓએ જમવા જવું - બીજે ક્યારેય જવું નહિ. (૩૬) બ્રહ્મચર્ય વ્રતને ધારી રહેલો ત્યાગી ભગવાનની પ્રસાદી વિના ચંદન કે પુષ્પોની માળા ક્યારેય ધારણ ન કરે. (૩૭) ત્યાગી સાધુ રોગાદિ આપત્કાળ વિના અત્તર, તાંબુલ, સોપારીનું ચૂર્ણ, એલાયચી, જાયફળ કે જાવંત્રી વગેરે ભગવાનની પ્રસાદી હોય તો પણ ન સ્વીકારે. (૩૮) હે મુને ! ત્યાગી પુરુષોએ એકાદશી વગેરે વ્રતોના દિવસે પ્રાપ્ત થયેલ અન્ન, ફળ વગેરે ભગવાનને નિવેદન કરીને પોતે ઉપવાસ કરવો. તેમજ પ્રાયશ્ચિતના ઉપવાસમાં પણ પોતે રાંધેલ અન્ન ભગવાનને નિવેદન કરી પોતે ઉપવાસ કરવો. (૩૯-૪૦) ઉત્સવાદિમાં ઘણા ત્યાગીઓના મંડળ એકત્રિત થયા હોય ત્યારે ત્યારે તો નૈવેદ્યનો વિધિ દેશકાળાનુસારે કરવો. (૪૧) જેમ પોતાના એકાંતિક ધર્મની રક્ષા થાય તે પ્રમાણે વિવેકી સાધુઓએ એક રસોઈ, બે ભેગી રસોઈ, અથવા ઘણાંની રસોઈથી નૈવેદ્ય કરવું. જેમ ગૃહસ્થને અને પોતાને કલેશ ન થાય તેમ વર્તવું. (૪૨) શુદ્ધ અને વિશાળ સ્થાન હોય તો સાધુજનોએ ચતુર્વિધ કહેતાં ભક્ષ્ય ભોજ્ય લેહ્ય ચોષ્યરૂપ સર્વ અન્ન અન્નકૂટની માફક જ ભગવાનને નૈવેદ્ય કરવું. (૪૩) સ્થાન અને પાત્ર વગેરેનું અલ્પપણું હોય તો તે અલ્પ સ્થાનપાત્રાદિને અનુસારે ભગવાનને નૈવેદ્ય કરી તે પ્રસાદીભૂત અન્નને રાંધેલા અન્નસમૂહમાં મિશ્રણ કરે (બધી વસ્તુ પ્રસાદીની કરે.) (૪૪) ત્યાગી પુરુષ ભગવાનના પ્રસાદનું માહાત્મ્ય વર્ણન કરતો સતો, જેનું અન્ન અગ્રાહ્ય હોય એવા પુરુષે આપેલું અન્ન, રસાસ્વાદની લોલુપતાથી ભક્ષણ કરે નહિ. (૪૫) સાધુ ભક્ત ભગવાનની પ્રસાદી અન્ન અને હરિનું ચરણામૃત પણ પોતાની જ્ઞાતિથી ઉત્તમ પુરુષને આપે નહિ તથા પોતે અયોગ્ય વ્યક્તિથી ગ્રહણ ન કરે. (૪૬)

કેમકે આહારશુદ્ધિ અંતઃકરણની શુદ્ધિનું કારણ છે. આથી પવિત્ર ઘેરથી પ્રાપ્ત થયેલું અને વિષ્ણુને નિવેદિત કરેલું અન્ન જ ભક્ષણ કરવું. (૪૭) ત્યાગીપુરુષ રોગાદિક આપત્કાળ સિવાય દરરોજ એકવાર ભોજન કરે અને રાત્રિ-દિવસ ભગવાનની નવધા ભક્તિમાં જ મંડ્યો રહે. (૪૮) જો જેનું ગ્રહણ કરવા યોગ્ય આપેલું પ્રસાદી રાંધેલું અન્ન હોય, તે પણ સાધુઓએ ભોજન પ્રકારે સર્વ પ્રકારે ન જમવું. (૪૯) રાંધેલા પ્રસાદી અન્નનું ભોજન પછી ફરીથી ભક્ષણ કરવાથી એકવાર ભોજનરૂપ વ્રતનો ભંગ થાય છે તે નિશ્ચય વાત છે અને સાધુપુરુષોમાં પુનઃ ભક્ષણરૂપ દુરાચારની પ્રવૃત્તિ થાય આ વિચારમાં જરા પણ સંશય નથી. (૫૦) ઉપવાસના દિવસ પ્રાપ્ત થયેલ ભગવાનની પ્રસાદીના અન્નને નમસ્કાર કરી તે અન્ન કોઈને આપી દે પરંતુ અન્ન તો સર્વ પ્રકારે ન જ ભક્ષણ કરે. (૫૧) ભોજન સમયે પણ પ્રાપ્ત થયેલ પ્રસાદી અન્નમાં જે પોતાને ભક્ષણ કરવા યોગ્ય ન હોય, તો તે સર્વ પ્રકારે ભક્ષણ ન કરે. (૫૨) અને જે અન્ન પોતે નિયમ ગ્રહણ કરીને ત્યાગ કરેલ હોય અને જે અન્ન શરીરને માટે દુઃખદાયક હોય તેવું અન્ન શ્રીહરિની પ્રસાદીનું હોય તો પણ ત્યાગી તેનું ભક્ષણ ન કરે. (૫૩) બુદ્ધિમાન ત્યાગી પોતાના ભોજનપાત્રથી નૈવેદ્ય કરે નહિ અને ભગવાનની પૂજાના જળપાત્ર વડે શૌચવિધિ ન કરે. (૫૪) ગાળ્યા વિનાનું જળ કે દૂધ ભગવાનને નિવેદન ન કરે. જો ગાળ્યા વિનાનું દૂધ અને જળ અજ્ઞાની પુરુષે પ્રસાદી કરીને આપ્યું હોય તો પણ પીવું નહિ પરંતુ ગાળીને પીવું. (૫૫) ત્યાગી પુરુષ બહુધા ધાતુપ્રકોપ કરનાર અન્નાદિ ન ભક્ષણ કરે અને અપવિત્ર એવા મદ્ય-માંસ-સુરા વગેરેના સંસર્ગનો પણ ત્યાગ કરે. (૫૬) ત્યાગી પુરુષ ભાંગ, ગાંજો અને અફીણ, જે વસ્તુ મદ ઉત્પન્ન કરનારાં હોય તે પણ સૂંઘવું, ખાવું કે પીવું એ ત્રણ પ્રકારે દૂરથી જ ત્યાગ કરે. (૫૭) રોગી ત્યાગીએ મદ્ય આદિના સ્પર્શે રહિત ઔષધ ખાવું, ખાટલા ઉપર સૂઈ જવું અને ગોદડું ઓઢવા-પાથરવામાં દોષ નથી. (૫૮) રોગી અથવા વૃદ્ધ ત્યાગીને એકવાર ભોજનનો નિયમ નથી. તે રોગી અથવા વૃદ્ધ હૃદયમાં શ્રીહરિનું સ્મરણ કરતા થકા રુચિ અનુસાર (એકથી વધારે વખત) ભોજન કરે. (૫૯) સાધુઓના સમાગમથી અને ભગવાનની ભક્તિની સાથે શુભ આ નિયમો અને શ્રીહરિને અર્પણ કર્યા વગર બીજી વસ્તુઓના ત્યાગથી દુર્જય રસ જિતાય છે. (૬૦) પડેલા કણોને વીણીને જીવિકા ચલાવનાર મુદ્‌ગલ નામના મુનિ અને રંતિદેવ અને શિબિ વગેરે મોટા રાજાઓ પણ રસાસ્વાદનો ત્યાગ કરવાથી જ સર્વોત્તમ સુખને પામ્યા હતા. (૬૧) જો આ કહેલા નિયમો પૈકી કોઈપણ નિયમનો ભંગ થાય તો ત્યાગીજનોએ એ નિયમભંગનું પ્રાયશ્ચિત તત્કાલ કરવું. (૬૨) અગ્નિથી રાંધેલું અન્ન ભગવાનને નિવેદન કર્યા વગર ભોજન કર્યું હોય, તો એક દિવસ ઉપવાસ કરવો. (૬૩) ભગવાનની પ્રસાદી સિવાયનું ચંદન, પુષ્પ, માળા વગેરે ધારણ કરે તો એક દિવસ ઉપવાસ માનેલો છે અને પ્રસાદીભૂત અત્તર કે તાંબુલ વગેરેનો સ્વીકાર કરવામાં પણ એક ઉપવાસ માનેલો છે. (૬૪) વિષ્ણુનું પ્રસાદી અન્ન તથા ચરણામૃત અયોગ્ય પુરુષને આપે અથવા તો તેનાથી ગ્રહણ કરે તે ત્યાગીપુરુષ ચાંદ્રાયણવ્રત કરે. (૬૫) જો પાંચથી ઓછા સંતો ગૃહસ્થને ઘેર જમવા જાય કે રસોઈ કરવા જાય તો એક ઉપવાસ કરે. (૬૬) અજાણતાં જો મદ્યપાન કે માંસભક્ષણ થઈ જાય તો એક માસ સુધી ઊના જળમાં મિલાવેલો સાથવો પીએ. (૬૭) ભાંગ વગર અપેય

ગાંજો, અફીણ, તમાકુ વગેરે ક્યારેક અજાણતાં પાન કર્યું હોય તો ત્યાગી એક દિવસ ભોજન ના કરે. (૬૮) આ મેં કહેલા ઉપાય અને બીજા ભગવાનના એકાંતિક સંતોએ કહેલા ઉપાયો વડે ત્યાગીએ દુર્જય રસના ઇન્દ્રિયને સર્વ પ્રકારે જીતવી. (૬૯) જ્યાં સુધી ત્યાગીપુરુષે રસાસ્વાદ જીત્યો નથી ત્યાં સુધી કોઈ ત્યાગી પુરુષ જિતેન્દ્રિય નથી એ નક્કી વાત છે. જેણે રસના જીતી તેણે બધુ ય જીત્યું. (૭૦) આહારના નિયમો વડે જ પૂર્વના મહર્ષિઓએ રસાસ્વાદ જીત્યો છે. આથી ત્યાગીએ આહારના નિયમથી જ રસને જીતવો. (૭૧) રસ સહિત થોડું અન્ન એકવાર જમવાથી પણ રસ જિતાતો નથી. (ભોજન કરવાની તૃષ્ણાની નિવૃત્તિ થતી નથી.) વળી રસ રહિત અન્ન વારંવાર જમવાથી કે એકવાર બહુ જમવાથી પણ રસ જિતાતો નથી. (૭૨) માટે દેહનું રક્ષણ કરનાર આહારયુક્ત (માપસર, વધારે નહિ તેમ જ અતિ અલ્પ પણ નહિ) જ કરવો, જેથી યોગ્ય આહારવિહાર થાય. આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને પોતે કહ્યું છે. (૭૩) હે મુને ! આ રીતે રસમાં રહેલા દોષો અને તેને જીતવાના ઉપાય મેં તમોને કહ્યા. હવે ત્યાગીજનોના હિતને માટે સ્નેહના દોષો અને તેને જીતવાના ઉપાયો તમોને હું કહું છું. (૭૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં ત્યાગિ-ધર્મેષુ રસાસ્વાદદોષતજ્જયોપાયનિરૂપણ નામનો નવાણુંમો અધ્યાય થયો. ॥૯૯॥

●

## અધ્યાય-૧૦૦

**શ્રીનારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે મુને ! વાસુદેવ ભગવાન તથા તે ભગવાનના આશ્રિત ભક્તજનો વિના અન્ય પદાર્થ માત્રમાં જે સ્નેહ થાય તે અનેક દોષોની એક ખાણરૂપ મહાશત્રુ છે જ. (૧) જેણે ગૃહસ્થાશ્રમ ત્યાગ કર્યો છે એવા ત્યાગીઓને પણ જન્મ- મરણરૂપ સંસારને વારંવાર કરનારી પુત્રકલત્રાદિની સ્મૃતિ સ્નેહથી જ થાય છે. (૨) તથા મનુષ્યોને મરણ સમયે સ્ત્રી, પુત્ર, ધન, ધામોને વિષે અથવા પશુ, પક્ષી, વૃક્ષાદિમાં સ્નેહથી ભૂતયોનિ પ્રાપ્ત થાય છે. (૩) લિંગને છેદી નાંખ્યું હોય એવા પુરુષને સ્નેહથી સ્ત્રીની પ્રીતિ માટે મૈથુનથી રહિત સ્પર્શાદિને વિષે પ્રવૃત્તિ થાય છે. (૪) મૃત્યુપર્યંત દેહ સંબંધી દુઃખોની અવગણના કરીને પુરુષને સ્નેહને લીધે કુટુંબના પોષણમાં પ્રવૃત્તિ થાય છે. (૫) પોતાની જ્ઞાતિથી ભિન્ન એવા પણ મનુષ્યમાં સ્નેહથી પોતાના માતપિતાનો ત્યાગ કરીને સ્ત્રીની સાથે દેશાંતરમાં ગમન થાય છે. સ્ત્રીને પુરુષની સાથે દેશાંતરમાં ગમન થાય છે. (૬) પોતાના સંબંધીજનોએ અવારનવાર તિરસ્કૃત કરેલા પણ પુરુષને સ્નેહથી તેઓમાં વૈરાગ થતો નથી તથા તેઓનો ત્યાગ થતો નથી જ. (૭) સ્નેહને લીધે જ મરેલા પતિ અને પુત્રની પાછળ સ્ત્રીનું મરણ થાય છે. પુરુષોને સ્નેહથી પ્રાણીઓની હિંસા વડે કુટુંબીજનોનું પોષણ થાય છે. (૮)

અને સ્નેહથી જ મનુષ્યો તથા પશુ-પક્ષીઓને પોતે ભૂખ વેઠીને પણ જ્યાં ત્યાંથી અન્ન લાવીને પોતાનાં બાળકોના પોષણની પ્રવૃત્તિ થાય છે. (૯) અને સ્નેહથી જ કુટુંબના પોષણ માટે મરણમાં કારણભૂત ચોરી, સમુદ્રપારગમન, હિમાલયગમન વગેરેમાં મનુષ્યોની પ્રવૃત્તિ થાય છે એ નક્કી

વાત છે. (૧૦) સ્નેહથી જ અસત્ય ભાષણ, અતિ કષ્ટ અને નીચની સેવા વગેરે વડે જ્યાંત્યાંથી ધન લાવીને પ્રાણીઓને પોતાના સ્ત્રી-પુત્રાદિનું પોષણ થાય છે. (૧૧) વળી સ્નેહથી પોતાની મનુષ્ય જાતિથી અન્ય એવા પણ પશુ, પક્ષી, વૃક્ષાદિમાં પોતાના પુત્રાદિની પેઠે દુઃખદાયી આસક્તિ થાય છે. (૧૨) અને સ્નેહથી જ જર્જરિત થઈ ગયેલા પોતાના શરીરમાં જીવનની આશા રહે છે તથા સ્નેહથી પોતાના અધર્મી જનોમાં પણ પક્ષપાત થાય છે. (૧૩) સ્નેહથી જ મનુષ્યોને અન્યાયમાં ન્યાયબુદ્ધિ, પાપમાં પુણ્યબુદ્ધિ, દેહાદિમાં આત્મબુદ્ધિ અને દેહગેહાદિ અસદ્ વસ્તુઓમાં સદ્‌બુદ્ધિ થાય છે. (૧૪) અને સ્નેહરૂપ દોષથી જ મનુષ્યને ગુણવાન પુરુષોના ગુણમાં દોષબુદ્ધિ થાય છે અને દોષિતજનોના દોષોમાં પણ ગુણબુદ્ધિ થાય છે. (૧૫) કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા વગેરે ઘણા દોષો સ્નેહથી જ થાય છે. તે સ્નેહ ત્યાગીઓ માટે શત્રુરૂપ જાણવો. (૧૬) હવે ત્યાગીઓને હિત કરનારા સ્નેહને જીતવાના ઉપાયો હું તમોને કહું છું. જે ઉપાયોથી ત્યાગી મુમુક્ષુ પુરુષોએ દુર્જય એવો સ્નેહ અવશ્ય જિતાય છે. (૧૭) ત્યાગી પુરુષ દેહમાં અને દેહના સુખમાં કારણભૂત પદાર્થ માત્રમાં સર્વદા સ્નેહરહિત થાય. સ્નેહના ત્યાગથી પરમ સુખ થાય અને પરમાત્માની પ્રાપ્તિ થાય. (૧૮) પ્રિયવ્રત, ભરત વગેરે રાજાઓ અને દધીચિ વગેરે મહર્ષિઓ દેહ, ગેહ, દારા અને પુત્ર વગેરેમાં સ્નેહનો ત્યાગ કરી સર્વોત્તમ સુખને પામ્યા હતા. (૧૯) જે ગામમાં પોતાનો જન્મ થયો હોય તે ગામમાં ત્યાગી ફરી જાય નહિ. જો આવશ્યક કાર્યવશાત્ જવાનું થાય તો પોતાના સંબંધીને ઘેર જાય નહિ. (૨૦) વસ્ત્ર, પુસ્તક, ભોજન, પાત્ર વગેરે વસ્તુ પિતા કે ભાઈ વગેરે સ્વજન પાસેથી ગ્રહણ કરે નહિ. (ભિક્ષા માગવામાં દોષ નથી.) આપત્કાલમાં પણ બીજા માણસ પાસે પોતાના સંબંધીને કોઈ વસ્તુ અપાવે નહિ. (૨૧) પોતાના જનને ધન, પુત્રાદિ લાભ થાય ત્યારે ત્યાગીજન પોતાના સગાંથી ભિન્ન ને ધનાદિના લાભમાં અથવા વિનાશમાં જેમ તુલ્યબુદ્ધિવાળો થઈને હર્ષ-શોક ન કરે. (૨૨) જો પોતાના સંબંધીજનોમાં દેહની ઉત્પત્તિના નિમિત્તવાળો સ્નેહ થાય ત્યારે તો પૂર્વ જન્મના સંબંધીઓમાં પણ સંબંધીઓની પેઠે સ્નેહ કરવો જોઈએ પણ થતો નથી. (૨૩) પૂર્વે પોતાના ઘણા દેહો થઈ ગયા. મનુષ્ય જેવા જરાયુજ, પક્ષી જેવા અંડજ, વૃક્ષ આદિ ઉદ્‌ભિજ અને જુચાંચડાદિ સ્વેદજના જન્મોમાં તે તે દેહોના પિતા ભાઈ વગેરે સ્વજનો પણ અનેક થઈ ગયા. (૨૪) હાલમાં આ દેહથી પૂર્વના દેહના સંબંધીઓમાં જેવી પ્રીતિ વર્તે છે અને જેવું કુળાભિમાન વર્તે છે (નથી વર્તતું) તેમ, આ વર્તમાન સ્વજનોમાં પણ એવી પ્રીતિ અને દયા કરવી અને તેવું કુળાભિમાન કરવું. (ના જ કરવું.) (૨૫) જે ત્યાગી પ્રથમથી જ ત્યાગ કરેલા સ્વજનોમાં ફરીથી આસક્ત થાય તે ત્યાગી શાસ્ત્રથી નિષિદ્ધ કર્મો પણ કરે જ. (તેનો વિશ્વાસ ન કરવો.) (૨૬) આ પ્રમાણે ત્યાગી થઈને જે વૈષ્ણવ જન સ્વચ્છંદી થાય તે સાધુ નિત્ય થનારાં પંચ મહાપાપોથી યુક્ત જાણવો. (૨૭) માટે આત્મસ્વરૂપ ત્રણ દેહથી જુદું રહેલું છે એમ નિશ્ચય કરી અને તે અક્ષરરૂપ જ છે એમ નિશ્ચય કરી ત્યાગી સર્વ માયિક પદાર્થોથી સ્નેહરહિત થાય. (૨૮) અને દરરોજ ભૂમિ ઉપર શયન કરે, આપત્તિકાળ વિના ખાટલા ઉપર સૂવે નહિ અને સ્ત્રીજનોએ બિછાવેલી ગોદડીનો ત્યાગી ઉપયોગ ન કરે. (૨૯) પ્રત્યેક મહિને મુંડન કરાવે અને તે પણ શિખા, બગલ અને ઉપસ્થને વર્જીને. એક

મહિના પહેલાં કદાપિ મુંડન ન કરાવે. (૩૦) ત્યાગી ધર્મને આશ્રિત પુરુષ વ્રતોપવાસના દિવસે ક્ષૌરકર્મ ન કરાવે તેમજ બીજા દિવસોમાં પણ ભોજન કર્યા પછી મુંડન ન કરાવે. (૩૧) ત્યાગી પુરુષ પાપી, નાસ્તિક તેના સ્પર્શમાં, દુઃસ્વપ્નમાં તથા સ્ત્રી દર્શનાદિથી વીર્યપાત થયો હોય ત્યારે, મુંડનમાં, મ્લેચ્છ, યવન, ધોબી વગેરેના સ્પર્શમાં ત્યાગી સ્નાન કરે. (૩૨) પોતાનાં માતાપિતા તથા ગુરુનું મરણ સાંભળે ત્યારે ત્યાગી વસ્ત્રો સહિત સ્નાન કરે. અન્ય કોઈના મરણ-શ્રવણમાં સ્નાન ન જ કરે. (૩૩) ભગવાન શ્રીહરિની શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવન વગેરે નવધા ભક્તિ વિના ત્યાગી પળ માત્ર પણ સમય નિરર્થક નિર્ગમન ન કરે અને અસત્યકથાઓને તો દૂરથી જ ત્યાગે. (૩૪) કોઈ પુરુષની જીવિકાવૃત્તિ, ગામ, ખેતર તે સંબંધી મંત્રણા ન કરે તથા પૈસાની લેણદેણમાં કોઈનું મધ્યસ્થીપણું ન કરે. (૩૫) રાજ્યકાર્ય સંબંધી વાર્તાઓ તથા કોઈની જયવિજયની વાર્તાઓ અને વસ્ત્રો, અલંકારો, નગરો તેમની શોભાનું વર્ણન, તથા ભક્ષ્ય-ભોજ્યાદિ રસાસ્વાદને લગતી કથા, તથા ખેતી, વેપાર, શિલ્પ વગેરે જેને છે એવા ગૃહસ્થ જનોના વ્યવહારનું વર્ણન, હાથી-ઘોડા-રથ વગેરેનું વર્ણન; ગાયો, ભેંસો, બકરા, ઘેટા, વૃક્ષો, બગીચાઓનું વર્ણન વગેરે અને તલવાર વગેરે આયુધોનું વર્ણન વગેરે ગ્રામ્યવાર્તા ત્યાગીજન કરે નહિ અને સાંભળે પણ નહિ. તે પ્રમાણે કરે અને સાંભળે તો શ્રીકૃષ્ણાય નમઃ અથવા સ્વામિનારાયણ છ અક્ષરવાળા પાંચ હજાર મંત્રનો જપ કરે. (૩૬-૩૮) આ કહેલા નિયમો પૈકી કોઈપણ નિયમનો ભંગ થઈ જાય તો ત્યાગી યથોચિત પ્રાયશ્ચિત કહ્યા પ્રમાણે કરે. (૩૯) વળી તે ત્યાગી અજાણતાં પોતાના સંબંધીજનને ત્યાં જેટલા દિવસ વાસ કરે તેટલા દિવસના ઉપવાસ કરે. (૪૦) સંબંધીને ત્યાં ભોજન કરવું, સંબંધીને અન્નાદિ અપાવવું, તેમણે આપેલા અન્નવસ્ત્રાદિનું ગ્રહણ કરવું, આપત્કાળ વિના પલંગ પર સૂવું, સ્ત્રીએ પાથરેલ ગોદડામાં સૂવું. આ બધું થઈ જાય તો એક એક પૃથક્ ઉપવાસરૂપ પ્રાયશ્ચિત કહેલું છે. (૪૧-૪૨) પૂર્વે કહેલા સ્નેહને જીતવાના ઉપાયો મુમુક્ષુએ ધારણ કરવા જોઈએ. આ ઉપાયો સત્સંગ અને ભગવદ્‌ભક્તિએ સહિત કરવાથી ફળદાયી માનેલા છે. (૪૩) હે સુબુદ્ધે ! આ પ્રમાણે સ્નેહના દોષો અને તેને જીતવાના ઉપાયો મેં તમોને કહ્યા. હવે માન(અભિમાન)ના દોષો અને તે દોષોનો પરાભવ કરવામાં સમર્થ ઉપાયો હું તમોને કહું છું. (૪૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
ત્યાગિધર્મેષુસ્નેહદોષતજ્જયોપાયનિરૂપણ નામનો એકસોમો અધ્યાય થયો. ॥૧૦૦॥

●

## અધ્યાય-૧૦૧

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! આ લોકમાં માન છે મૂળ જેનું એવો ક્રોધ નામનો મહાન દોષ પ્રવર્તે છે જે ક્રોધ દાન, વ્રત, તપ અને અહિંસાદિ યમોને તત્કાળ ભસ્મ કરી નાખે છે. (૧) ક્રોધથી બોલવા યોગ્ય અને ન બોલવા યોગ્યનો વિવેક નાશ પામે છે, મર્યાદાનું ઉલ્લંઘન થાય છે, અવધ્યનો વધ થાય છે તથા પોતાના શરીરનો પણ ઘાત થાય છે જ આમાં સંશય નથી. (૨) જે ક્રોધથી પોતાનાં સંબંધીજનો-

ગુરુ-પિતા અને સત્પુરુષોનો ઘાત થાય છે; ક્રોધથી નિષિદ્ધ ક્રિયાઓનું આચરણ થાય છે અને દુર્વચનભાષણ થાય છે. (૩) તથા માનથી ક્રોધની સહાયિકા ઈર્ષ્યા પણ ઉત્પન્ન થાય છે. જે ઈર્ષ્યાથી અલ્પગુણવાળા જનોને મહાગુણવાળા જનોના સાથે સમાનતા પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય છે. (૪) આત્માને જાણનારાઓને પણ માનથી દેહમાં અહંબુદ્ધિ થાય છે. માનથી કઠોર ભાષણ, નિર્દયતા, દંભ, કપટ અને મત્સર (કોઈનો ઉત્કર્ષ સહન ના કરી શકે) ઉત્પન્ન થાય છે. (૫) મનુષ્યોને માનથી ન્યાયમાં અન્યાયબુદ્ધિ અને અન્યાયમાં ન્યાયબુદ્ધિ તથા સાધુમાં અસાધુબુદ્ધિ અને અસાધુમાં સાધુબુદ્ધિ થાય છે. (૬) દોષોને જાણનારા પુરુષોને પણ માનથી વયોવૃદ્ધ, તપોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ પુરુષો અને આત્મા-પરમાત્માના સ્વરૂપને જાણનારા પુરુષોનું અપમાન થાય છે. (૭)

અને માનરૂપ દોષથી અપૂજ્ય અને ઈશ્વરત્વહીન એવા પોતામાં ‘હું પૂજ્ય છું, હું ઈશ્વર છું’ એવી બુદ્ધિ થાય છે. મનુષ્યોને માનથી સત્પુરુષો સાથે વિવાદ, સમતા અને અનમ્રતા પણ થાય છે. (૮) મોટા પુરુષ આગળ અવિવેકથી બેસવું, દેવોને વંદન ન કરવું, મોટાઓનો પક્ષ ન રાખવો. - આ બધું પણ માન દોષથકી થાય છે. (૯) માનથી પોતાના ઉપર સત્પુરુષોની અપ્રસન્નતા થાય છે તેમાં સંશય નથી. પૂર્વોક્ત મહાદોષો માનને આશરીને રહેલા છે. (૧૦) આથી ભગવાનની પ્રસન્નતાની અભિલાષાવાળો ત્યાગી માનનો ત્યાગ કરે. માનનો ત્યાગ કરવાથી મુક્તો અને મુમુક્ષુઓને સર્વોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે. (૧૧) હરિશ્ચંદ્ર, કુશિક, યુધિષ્ઠિર વગેરે રાજાઓ માનથી વિકાર નહિ પામીને અન્ય રાજાઓને અતિ દુર્લભ ગતિને પામ્યા. (૧૨) હવે માનને જીતવાના ઉપાયોરૂપી ઉત્તમ ગુણો કહીએ છીએ, જે ગુણોથી ત્યાગીજનો થોડા સમયમાં માનરૂપ શત્રુનો પરાભવ કરે છે. (૧૩) સાંખ્ય વિચારથી તત્ત્વો સાથે પ્રકૃતિપુરુષના સ્વરૂપના વિવેકથી દેહ અને જીવાત્માના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરીને ‘દેહથી ભિન્ન હું ક્ષેત્રજ્ઞ છું’ આ પ્રકારની બુદ્ધિથી માનનો ત્યાગ કરવો. (૧૪) ત્યાગીઓએ અથવા ગૃહસ્થોએ કહેલાં મર્મભેદી વાક્યો ત્યાગીજન સહન કરે તથા તિરસ્કારો પણ સહન જ કરે. (૧૫) વય, જ્ઞાન, તપ અને યોગાભ્યાસ વડે પોતાની સમાન મનુષ્યનું અન્ય મનુષ્યો મોટું સન્માન કરે તો પણ ત્યાગી ઈર્ષ્યાથી ક્ષોભ પામે નહિ. (૧૬) ભોજન પંક્તિમાં કોઈ પુરુષ પોતાનાથી નાની વ્યક્તિને સારું ભોજન આપે અને પોતાને નીરસ ભોજન પદાર્થ આપે તે વિષમતા નિમિત્તે ક્રોધ ન પામે. (૧૭) જો ગુરુ(આચાર્ય) પોતાના સમાન વિદ્યાધર્માદિ ગુણવાળા ત્યાગીને પોતાના પૂજ્યપણાના અધિકારપણું આપે અને પોતાને કનિષ્ઠ પદવી આપે તો પણ અંતરમાં ખેદ પામે નહિ. (૧૮) સર્વ પ્રકારે માન અને ઈર્ષ્યાનો ત્યાગ કરી જે ત્યાગી, સાધુપુરુષોનું સેવન કરે તે જ ભગવાનનો ભક્ત ખરો ત્યાગી સાધુ કહેલો છે. (૧૯) પૂર્વે જે જે સાધુજનો મહાન પદવીને પામ્યા છે તે માનના ત્યાગથી અને સંતોની વિનયપૂર્વક સેવાથી જ પામ્યા છે. (૨૦) આ પાપરૂપ માન ગૃહસ્થોને પણ ઉચિત નથી જ. જે માનથી દુર્યોધન, રાવણ, શિશુપાળ વગેરે બાંધવોએ સહિત નાશ પામ્યા છે. (૨૧) ત્યાગીજનોએ પૂર્વોક્ત વિચારથી સર્વ પ્રકારે માનનો ત્યાગ કરવો. બ્રહ્મચર્યાદિ પોતાના ધર્મના પાલનમાં તો માનનો ક્યારેય ત્યાગ કરવો નહિ. (૨૨) નિયમના પાલન વિના બીજે તો માન ત્યજીને ત્યાગીએ અજ્ઞાનીજનો ધૂળ-કાંકરા

વગેરેથી પીડા પમાડે તોપણ મનમાં ક્ષોભ પામવો નહિ. (૨૩) અન્ય દુર્જનો દ્વારા તિરસ્કાર અને તાડન કરાયા છતાં ત્યાગી તેનો સામો તિરસ્કાર કે તાડન ન કરે, ગાળો વગેરે દુર્વચન બોલવું નહિ. કોઈની સાથે વાણીનો કલેશ કરવો નહિ. (૨૪) ક્યારેય પણ અસત્ય ભાષણ બોલવું નહિ. દેહ-મન અને વાણીથી કોઈનો દ્રોહ કરવો નહિ. પારકાને દુઃખ થાય તેવું સત્ય વચન બોલવું નહિ.(૨૫) ત્યાગી પુરુષ પોતાના ઉપયોગ માટે પણ લીલું ઘાસ કદી તોડે નહિ, સાધુ, ગૃહસ્થ કે અન્ય કોઈ પ્રાણીને તૃણ વડે પણ ડરાવે નહિ. (૨૬) કોઈ પુરુષ કે કોઈ સ્ત્રીમાં મિથ્યાપવાદનું આરોપણ ન કરે. તથા વિકલાંગ વ્યક્તિને વ્યંગ શબ્દ (લૂલો, લંગડો, બાડો, બોબડો વગેરે)થી બોલાવે નહિ. (૨૭) હે મુને ! જેમ પૂર્વે ઋષભદેવના પુત્ર ભરતજી જડભરતપણે વર્તતા હતા તે જ પ્રકારે ત્યાગીજને વર્તવું. (૨૮) ત્યાગી પુરુષે ધરતીની પેઠે ક્ષમાશીલ થવું તેમજ દેવ, ગુરુ અને સચ્છાસ્ત્રની ક્યારેય નિંદા ન કરવી. (૨૯) કેટલાક ત્યાગીજનો(શુષ્ક વેદાંતીઓ) કેવળ આત્મનિષ્ઠાના અભિમાનથી સ્વધર્મની ક્રિયાઓનો ત્યાગ કરે છે. તે હેતુ માટે મારો આશ્રિત આમ ન કરે. (૩૦) હે મુને ! ત્યાગી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પોતાનો નિત્યવિધિ કરે. તે નિત્યવિધિ તો પૂછતા એવા તમોને મેં પહેલેથી જ (ગઢપુરના અન્નકૂટોત્સવમાં) કહી દીધેલો છે. (૩૧) રોગાદિ આપત્કાળ વિના દિવસે સૂવે નહિ. તેમજ સૂર્યોદય સમયે તથા સૂર્યાસ્ત સમયે સૂવે નહિ. (૩૨) વિષ્ણુની કથા, શ્રવણ તથા કીર્તન, ધ્યાન, વંદન, પૂજન, દાસ્ય, સખાભાવ અને આત્મનિવેદન-આ નવ પ્રકારની ભક્તિ વિના ત્યાગીએ ક્યારેય પણ વ્યર્થ કાળ ગાળવો નહિ. (૩૩) ત્યાગીએ શ્રીકૃષ્ણ ભગવાનનાં વ્રતો અને ઉત્સવો યથાશક્તિ કરવાં અને દરરોજ આદરપૂર્વક સચ્છાસ્ત્રનો અભ્યાસ કરવો.(૩૪) આ કહેલા નિયમો પૈકી કોઈપણ નિયમનો ભંગ થાય તો ત્યાગી તેનું પ્રાયશ્ચિત આળસે રહિત થકો કરે. (૩૫) પોતાના હાથ-પગ વગેરે અંગ વડે અથવા લાકડી વડે કોઈ મનુષ્યને એકવાર તાડન કર્યું હોય તો ત્યાગી સામાન્યપણે એક ઉપવાસ કરે. (૩૬) તાડન કરાયેલા પુરુષને જો સોજો આવે કે લોહી નીસરે તો તાડન કરનાર ત્યાગી ચાર દિવસ ઉપવાસ કરે. (૩૭) અને તાડન કરેલા પુરુષનો જો અંગભંગ થઈ જાય તો વ્રતોમાં શ્રેષ્ઠ પારક વ્રત (બાર દિવસના ઉપવાસ) કરે અને જેટલી સંખ્યાની ગાળો આપી હોય તેટલા દિવસ ઉપવાસ કરે. (૩૮) અને ત્યાગી પુરુષ ક્રોધમાં આવીને જ્યારે સામી વ્યક્તિના મર્મને ભેદનારાં વાક્ય બોલે, તો એક દિવસ ઉપવાસ કરે. (૩૯) પ્રાણીની હત્યા અંગેના પ્રાયશ્ચિતમાં તો વિશેષ વિસ્તાર કહેલો છે તે યાજ્ઞવલ્ક્યસ્મૃતિ વગેરે ધર્મશાસ્ત્રોથી જાણવો, અહીં તો લેશમાત્ર અમો કહીએ છીએ. (૪૦) માંકડ, માંખી, જૂ, પતંગિયું કે તેને સમાન અન્ય જંતુને ત્યાગીજન બુદ્ધિપૂર્વક હણે તો અષ્ટાક્ષરમંત્રનો એકસો આઠ વખત જપ કરે. આ સિવાય અન્ય અતિઅલ્પ કોઈ જંતુની હત્યા કરે તો હરિના નામોચ્ચારથી શુદ્ધ થાય છે. (૪૧-૪૨) જો અજાણતાં ચકલું, ઉંદર,ભમરો વગેરે સ્થૂળ જંતુની હત્યા થઈ જાય તો ત્યાગીએ એક દિવસ ઉપવાસ કરવો. (૪૩) આ પ્રમાણે પ્રાણીઓમાં ન્યૂનાધિક ભાવનો નિશ્ચય કરી ત્યાગી પુરુષ યથોચિત પ્રાણીવધના પ્રાયશ્ચિત્તના ઉપવાસને વધારતો જાય. (૪૪) સૂર્યોદય વખતે, દિવસે અને સૂર્યાસ્ત વખતે ત્યાગી જો પ્રમાદથી નિદ્રાને કરે તો એક ઉપવાસ કરે. રોગાદિ આપદામાં દોષ નથી.

(૪૫) હે મુને ! આ બધા ત્યાગીઓ પૈકી જેઓ આત્મનિવેદી-મહાદીક્ષાને પામેલા સાધુઓ હોય તેમના વિશેષ ધર્મને હું તમોને કહું છું. (૪૬) સૌંદર્યની અને યૌવનાદિ વયની જાણ સહિત સ્ત્રીનું મુખ અજ્ઞાનથી જોવાયું હોય તો આત્મનિવેદી ત્યાગીઓએ ઉપવાસ કરવો. (૪૭) માર્ગમાં પ્રયાણસમયે, મલોત્સર્ગ કરવા જતાં, સ્નાન સમયે અને ભિક્ષા માગતી વતે અજાણતાં સ્ત્રીમુખદર્શન થઈ જાય તો ઉપવાસ કરવાનો હોતો નથી. (૪૮) આત્મનિવેદીઓએ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વગરનું ફળ, પત્ર કે જળ વગેરે કંઈપણ ખાવું કે પીવું નહિ. આટલું જ આત્મનિવેદીઓ માટે અધિક માનેલું છે. (૪૯) બાળકો, વૃદ્ધો, રોગીઓ, પથિકો અને ભગવાનનાં મંદિરો બંધાવનારા- આવી રીતના બન્ને પ્રકારના ત્યાગીજનો માટે એકવાર ભોજન અને દિવસે શયનનિષેધનો નિયમ નથી. (૫૦) આ પ્રકારે માનને જીતવાના ઉપાયો યથાર્થપણે કહ્યા છે. આ ઉપાયો નિર્માની સંતોના સમાગમ અને ભગવદ્ ભક્તિએ સહિત હોય તો જ ફળ આપનારા થાય છે. (૫૧) આ પ્રકારે લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માનના જે દોષો અને તેને જીતવાના ઉપાયો કહેલા છે તે શિષ્ટજન સંમત છે. (૫૨) જે નિયમભંગનું પ્રાયશ્ચિત કહેલું ન હોય તે પ્રાયશ્ચિત્ત શ્રીકૃષ્ણના એકાંતિક સાધુઓને પૂછીને યથાયોગ્ય કરવું. (૫૩) પ્રાયશ્ચિત્ત નિમિત્તના ઉપવાસમાં જળ સિવાય બીજું ફળાદિક ભક્ષણ કરવું નહિ. નીરોગી પુરુષ વારંવાર જળપાન પણ ન કરે. (૫૪) જો પ્રાયશ્ચિત્ત નિમિત્તનો ઉપવાસ એકાદશી આદિક ઉપવાસને દિવસે પ્રાપ્ત થયો હોય, તો શુદ્ધિનો ઉપવાસ પારણાના દિવસ પછી જુદો કરવો. (૫૫) એ જ પ્રકારે પ્રાયશ્ચિત્ત નિમિત્તના બેત્રણ ઉપવાસોમાં વ્રતનો ઉપવાસ ગણાતો નથી તેથી ત્યાગીએ તે જુદો જ કરવો. (૫૬) પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરવાનો શરૂ કર્યો હોય, અને ફરી બીજો શુદ્ધિ નિમિત્તનો ઉપવાસ આવી પડે તો તે બીજા ઉપવાસને આરંભેલા ઉપવાસની સાથે જ થઈ ગયો એમ જાણે. પરંતુ તેને બીજે દિવસે જુદો ન કરે. (૫૭) ભોજન કર્યા બાદ જો સ્ત્રીદર્શન કે સ્ત્રી ભાષણ વગેરે થઈ જાય તો ભગવાનના મંત્રનો એકસો આઠ વાર જપ કરે અને જો સ્પર્શ થઈ જાય તો સ્નાન કરે અને બીજી વાર ભોજન ન કરે. પરંતુ તે નિમિત્તે બીજે દિવસ ઉપવાસ ન કરે. (૫૮) પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થયેલા પુરુષને જો કોઈ પાપયુક્ત કહે તો આવું કહેનાર એક દિવસ ઉપવાસ કરે. (૫૯) વૈષ્ણવ સાધુઓએ આ નિયમો જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી પાળવા પણ આળસથી તેનો ત્યાગ કરવો નહિ. (૬૦) જે ત્યાગીજનો પૂર્વોક્ત નિયમો વડે કામાદિ પાંચ શત્રુઓને નિયમમાં નથી કરતા તે ત્યાગીજનો મરીને નરકોમાં પડે છે તે નિશ્ચય વાત છે. (૬૧) નરકમાં પડેલાએ આર્તનાદોને કરતા કરતા સમગ્ર નરકયાતનાને ભોગવીને પૃથ્વીમાં શ્વાન, ગધેડા, વાંદરા વગેરે યોનિઓમાં ઉત્પન્ન થાય છે. (૬૨) જ્ઞાન વૈરાગ્યે સહિત પૂર્વોક્ત સત્કર્મોને આશરીને જે ત્યાગીઓ વાસુદેવ ભગવાનનું ભજન કરે છે તે ત્યાગીઓ ભગવાનના એકાંતિક ભક્તો કહેલા છે જ. (૬૩) અને તેવા જ ત્યાગીજનોને પરમહંસ, જીવનમુક્ત, સાત્ત્વત, મહાભાગવત, સંત, સાધુ, બ્રહ્મવેદી આવી સંજ્ઞાથી કહેલા છે. (૬૪) એવા પરમહંસોનું મરણ થાય ત્યારે તેમનું શરીર તો ચંદન-પુષ્પાદિથી અલંકૃત કરીને પર્વતની ગુફામાં અથવા મહાવનમાં મૂકી આવવું અથવા મહાનદીના જળપ્રવાહમાં વહેતું મૂકી દેવું, અથવા

અગ્નિથી, કાષ્ઠોથી બાળી દેવું. દેશકાળને અનુસારે યથાઘટિત કરવું અને જનોએ તેમની પાછળ પ્રાકૃત જીવની જેમ રુદન કરવું નહિ. (૬૫-૬૬) ત્યાગીઓએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યથી યુક્ત શ્રીકૃષ્ણ ભગવાનની એકાંતિક ભક્તિ આદરપૂર્વક નિરંતર કરવી. (૬૭) હે મુનિવર્ય ! એકાંતિક ભક્તિવાળા ત્યાગીજનોના હિતકારી જે ધર્મો તે તમોને કહ્યા. હવે શ્રી રામાનંદમુનિથી સાંભળેલાં જ્ઞાન, વૈરાગ્યાદિનાં લક્ષણો પણ વિભાગ કરીને હું તમોને કહું છું. (૬૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં ત્યાગિધર્મેષુ માનદોષતજ્જયોપાયનિરૂપણ નામે એકસોને એકમો અધ્યાય થયો. ॥૧૦૧॥

●

## અધ્યાય-૧૦૨

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

નાના પ્રકારનાં દુઃખો અને બાલત્વાદિ વિકારોથી સંપન્ન જે આ મનુષ્યોનો દેહ છે તે દેહ થકી સ્વરૂપભાવાદિથી અત્યંત વિલક્ષણ એવો તેનો જીવાત્મા વિકારોથી રહિત અને સુખસ્વરૂપ છે. (૧) આ આત્મા અછેદ્ય, અભેદ્ય, નિત્ય, અજ (અજન્મા), શાશ્વત, અક્ષર (ક્ષરભાવથી રહિત) છે અને દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ પ્રાણ સર્વનો પ્રકાશક છે. (૨) આ આત્મા જળથી ભીંજાતો નથી, અગ્નિથી બળતો નથી, વાયુથી સુકાતો નથી તેમજ નિર્લેપ અને અચળ છે. (૩) જે ગુણો આત્મામાં છે તે ગુણો દેહાદિમાં નથી. જે વિકારાદિ દોષો દેહાદિમાં છે તે દોષો આત્મામાં ક્યારેય પણ નથી જ. (૪) પોતાના આત્માને આ પ્રમાણે જાણીને સચ્ચિદાનંદરૂપ અક્ષર- બ્રહ્મની સાથે પોતાના આત્માની એકરૂપતાની વિભાવના કરે. (૫) અતિ દૃઢ આ આત્મનિષ્ઠારૂપી જ્ઞાનનું આ પ્રકારે વર્ણન કર્યું. આવી આત્મનિષ્ઠા જ શાસ્ત્રમાં જ્ઞાન સંજ્ઞાથી કહેલી છે. હવે સાધુજનોએ માન્ય કરેલું વૈરાગ્યનું લક્ષણ હું તમોને કહું છું. (૬) પ્રથમ પોતાના દેહ અને અન્યના દેહનું તત્ત્વથી સ્વરૂપ 'મળ-વસાદિ બાર મળોથી ભરેલી, ચોમેર આળા ચામડાથી મઢી દીધેલી, કોથળી રૂપ આ પિંડ વિશેષ છે' એમ વિચારવું. (૭) ચામડું, માંસ, રુધિર, સ્નાયુ, મેદ, મજ્જા, હાડકાંના ટુકડા તેમજ મળ, મૂત્ર, જરા અને રોગોથી યુક્ત આ દેહમાં કઈ વસ્તુ સારી છે ?-એકેય નહિ. (૮)

રાજા નામથી પ્રસિદ્ધ દેહનું કૃમિ, વિષ્ટા અને ભસ્મ એવી સંજ્ઞા છે. તે દેહમાં આસક્તિ પામેલા જનો ફરી ફરીને જરાયુ આદિ ચાર પ્રકારના દેહોને પામે છે. (૯) આ લોકમાં મનુષ્યો દેહો વડે પાપ અને પુણ્યરૂપ કર્મો કરીને સ્વર્ગલોકમાં અથવા નીચેના લોકોમાં કે મૃત્યુલોકમાં વારંવાર જન્મ-મૃત્યુને પામે છે. (૧૦) અને પરવશથકા અશુભ કર્મના ફળ રૂપ નરક સંબંધી તીવ્ર યાતનાઓ પામે છે અને પશુ તથા અલ્પકીટ વગેરે નિંદિત જન્મોને પામે છે. (૧૧) શુભ કર્મથી કોઈક સમયે નરાધિપપણું પામે છે, ક્યારેક પાતાળના સુખોને પામે છે તો ક્યારેક સ્વર્ગનાં સુખોને પામે છે. (૧૨) આ સર્વ સુખો નાશવંત છે અને કામ, લોભ, અક્ષમા, ક્રોધ, સ્પર્ધા વગેરેના દોષોથી પરિપૂર્ણ વર્તે છે. (૧૩) વૈરાજ પુરુષ નામના બ્રહ્માના એક દિવસમાં ચૌદ ઇન્દ્રો નાશ પામે છે. ચતુર્મુખ બ્રહ્મા પણ પ્રાકૃત પ્રલયમાં વિરાટ દેહે સહિત નાશ પામે છે. (૧૪) સ્થાવર જંગમ જે કંઈ

પ્રકૃતિ પુરુષથી ઉત્પન્ન થયેલું છે તે સર્વ કાળનું ભક્ષ્ય જણાય છે. (૧૫) આ પ્રકારે સર્વનું નાશશીલપણું અને દુઃખયુક્તપણું જાણીને પોતાના દેહાદિમાં જે અનાસક્તિ તે વૈરાગ્ય કહેવાય છે. (૧૬) હવે ભક્તિનું લક્ષણ કહે છે : વાસુદેવ ભગવાનના અવતારોમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહથી સેવાવૃત્તિ તે ભક્તિ કહેવાય છે. (૧૭) શ્વેતદ્વીપ, અક્ષરધામ, ગોલોક, વૈકુંઠાદિ ધામોને વિષે જે ઐશ્વર્ય છે તે દિવ્ય છે તથા પાર્ષદો પણ અપાકૃત (દિવ્ય) છે. (૧૮) મનુષ્યાકૃતિ શ્રીહરિ નારાયણને વિષે સર્વ ઐશ્વર્ય સ્વેચ્છાથી વર્તે છે, આવી રીતના દિવ્યભાવથી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન, માહાત્મ્યજ્ઞાન કહેવાય છે. (૧૯) આ પ્રકારે જ દિવ્યભાવથી ભગવાનના સ્વરૂપને જાણીને જ શ્રવણકીર્તનાદિ નવ પ્રકારે તે પ્રત્યક્ષ શ્રીહરિનું પ્રેમપૂર્વક જે સેવન તે ભક્તિનું લક્ષણ જાણવું. (૨૦) જે પુરુષો સ્વધર્મમાં રહીને શ્રીહરિને વિષે જ્ઞાનવૈરાગ્યથી યુક્ત એવી પૂર્વોક્ત નવધા ભક્તિને કરે છે તે પુરુષો ભક્તોના મધ્યે ઉત્તમ માનેલા છે. (૨૧) અને જે આવી રીતના સંતો છે તેમને આ લોકમાં સદ્‌ગુરુઓ જાણવા. જેમના દર્શન માત્રથી બ્રહ્મહત્યાદિ સર્વ પાપો નષ્ટ થઈ જાય છે. (૨૨) કર્મો વડે સંસૃતિમાં ભમતા પુરુષનું કલ્યાણ ધર્મપરાયણ, ભક્તિવાળા જનોના આશ્રયથી થાય છે તેમાં સંશય નથી. (૨૩) આથી મુમુક્ષુએ પૂર્વોક્ત લક્ષણોવાળા સાધુ પુરુષોનું જ સેવન કરવું અને મહાત્મા એવા તે પુરુષોની પૂજા કરવી. (૨૪) પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બે પ્રકારનો ધર્મ માનેલો છે. આ બન્ને પ્રકારનો ધર્મ ભગવાનના સંબંધથી એકાંત સંજ્ઞાવાળો થાય છે. (૨૫) સનકાદિ નિવૃત્તિ ધર્મનું એકાંતિકપણું પામેલા છે તથા મરિચ્યાદિ ઋષિઓ ભગવાનના સંબંધયુક્ત પ્રવૃત્તિધર્મથી એકાંતિક ભાવને પામેલા વિખ્યાત છે. (૨૬) એકાંતિક ધર્મથી જ આત્યંતિક મુક્તિ માનેલી છે. કેવળ નિવૃત્તિધર્મથી જ આત્યંતિક મુક્તિ માનેલી નથી. (૨૭) એકાંતિક ધર્મનું સ્વરૂપ સ્પષ્ટ જેમ હોય તેમ હવે કહું છું; તે સ્વરૂપ શ્રીહરિના સમાશ્રય વિના મોટા વિદ્વાનોથી પણ દુર્જ્ઞેય છે. (૨૮) અંતઃકરણો અને બાહ્ય ઈન્દ્રિયોની સર્વ વૃત્તિઓ નિરંતરપણે ભગવાનમાં આસક્ત વર્તે, પછી પુરુષ હિંસારહિત અને કામનારહિત અને જ્ઞાનવૈરાગ્યે યુકત એવું જે વૈદિક નિવૃત્તિવાળું કે પ્રવૃત્તિવાળું કર્મ કરે તે એકાંત ધર્મ જ કલ્યાણને આપનારો કહેલો છે. જે પુરુષો એકાંતિક ધર્મયુક્ત હોય તેમને જ પંડિતોએ એકાંતિક શબ્દથી કહેલા છે. (૨૯-૩૦-૩૧) સ્વધર્મ જ્ઞાન અને વૈરાગ્યથી યુક્ત એવી એકાંતિક ભગવાનની ભક્તિ એ જ જેનું લક્ષણ છે, આ એકાંતિક ધર્મ છે. આથી તે ધર્મ અલ્પબુદ્ધયાદિ સામર્થ્યવાળા જનોથી ધારણ કરવો બહુ જ અશક્ય છે. (૩૨) જ્યારે આ ધર્મના ધારણ કરનારા પુરુષો હોય ત્યારે તો આ ધર્મ પ્રાદુર્ભાવ પામે છે અને જ્યારે તે ધારણ કરનારા ન હોય ત્યારે તે ધર્મ ધીરે ધીરે સંકોચ પામે છે. (૩૩) પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિના સંબંધથી અથવા પૂર્વાક્ત લક્ષણોવાળા ભક્તોના સમાગમથી જ આ ઉત્કૃષ્ઠ ધર્મ પુરુષોથી પ્રાપ્ત કરાય છે. તેમના સંગના અભાવમાં ક્યારેય પ્રાપ્ત કરાતો નથી. (૩૪) આ એકાંતિક ધર્મ જે સમયે જે દેશમાં પુરુષ અથવા સ્ત્રીમાં હોય તે સમયે તે દેશમાં સત્યયુગ જ હોય; દ્વાપર, ત્રેતા કે કળિયુગ હોય નહિ. (૩૫) એકાંતિક ધર્મને આશરીને જ પ્રવૃત્તિધર્મમાં નિષ્ઠાવાળા ગૃહસ્થ ભક્તોએ હિંસાએ રહિત ન્યાયોપાર્જિત દ્રવ્યથી સાધ્ય યજ્ઞોથી વિધિ પ્રમાણે શ્રીહરિનું પૂજન કરવું. (૩૬) એકાંતિક ધર્મનો આશ્રય કરીને

ત્યાગીજનોએ બ્રહ્મયજ્ઞો, કૃચ્છ્રચાંદ્રાયણાદિ તપોયજ્ઞો અને યોગયજ્ઞો વડે પૃથ્વી ઉપર શ્રીહરિનું યજન કરવું. (૩૭) દ્રવ્યમય યજ્ઞોમાં પૂજ્યપણે કહેલા ઈન્દ્રાદિ દેવો હોય તે યજ્ઞ સંબંધી ભાવના કરીને પૂજવા પરંતુ તે દેવોનું યજ્ઞથી સ્વતંત્રપણે પૂજન કરવું નહિ. (૩૮) આ લોકમાં જે એકાંતિક વૈષ્ણવો હોય તે ભૌતિક દેહોનો ત્યાગ કરીને બ્રહ્મમય શરીરો પામીને તેજોમય અક્ષરધામને પામે છે. (૩૯) આ પ્રમાણે એકાંતિક ધર્મનું લક્ષણ જેમ સ્પષ્ટ થાય તેમ તમોને કહ્યું. પૂર્વે મોટા મોટા મહર્ષિઓએ એકાંતિક ધર્મને મેળવવા માટે ઉગ્ર તપશ્ચર્યાઓ કરી હતી. (૪૦) માટે જે મુમુક્ષુ આત્યંતિક પરમ કલ્યાણને ઈચ્છે તે મુમુક્ષુ એકાંતિક ધર્મનું અવશ્ય સેવન કરે. તેના સેવનથી જન્મમરણાત્મક સંસારથી અવશ્ય મુક્ત થઈ જાય છે. (૪૧) પૂર્વે પણ જે જે જનો આત્યંતિક મુક્તિને પામ્યા છે તે પણ આ પૂર્વોક્ત ધર્મ થકી જ પામેલા છે, પણ અન્ય સાધનથી નહિ. (૪૨) હે મુને ! તમો આ એકાંતિક ધર્મનું પાલન કરતા થકા મારા આશ્રિત ત્યાગીઓ તથા અન્ય સર્વને તે જ પ્રમાણે વર્તાવો. કારણ કે તમો એકાંતિક ધર્મનું પાલન કરવા-કરાવવામાં સમર્થ છો. (૪૩) આ લોકમાં જે સજ્જનો કલ્યાણની વૃદ્ધિ કરનારા આ એકાંતિક ધર્મની શિક્ષારૂપી અમૃત(ધર્મામૃત)ને સેવે છે; તે સજ્જનો કાલરૂપી મહાસર્પના ભય અને જન્મમરણરૂપી સંસૃતિ ક્યારેય પણ પામતા નથી. (૪૪) આ પ્રકારે પરમ પવિત્ર અને નિપુણ બુદ્ધિવાળા મોટા પુરુષોએ સર્વદા સેવવાયોગ્ય અને સર્વ સંતાપને હરનારું તથા રસયુક્ત ત્યાગિધર્મામૃત તેને આ લોકમાં જે જનો પાન કરે છે તે જનો જન્મમરણાત્મક ભયથી મુક્ત થઈને ભગવાનના અક્ષરધામને અવશ્ય પામે છે. (૪૫)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નિષ્પાપ રાજન્ ! આ પ્રકારે સત્પુરુષોના સ્વામી ભગવાન શ્રીહરિએ કહેલા સાધુધર્મના સમુદાયને સાંભળીને અત્યંત પ્રસન્નતા પામેલા ગોપાલાનંદમુનિ પોતે પોતાના ઈષ્ટદેવ શ્રીહરિએ કહ્યા પ્રમાણે જ વર્તતા હતા અને સર્વ ત્યાગીજનોને તે પ્રમાણે વર્તાવતા હતા. (૪૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં ત્યાગિધર્મેષુ જ્ઞાનાદિલક્ષણનિરૂપણ નામનો એકસોને બેમો અધ્યાય થયો. ॥૧૦૨॥

●

## અધ્યાય-૧૦૩

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! એક વાર નિત્યાનંદ નામના મહામુનિ શ્રીહરિની આગળ બેઠા થકા શ્રીહરિ મહાપ્રભુને બે હાથ જોડી નમસ્કાર કરીને પૂછવા લાગ્યા. (૧)

**નિત્યાનંદમુનિ બોલ્યા :**

હે ભગવન્ ! જ્ઞાન વિના મુક્તિ થતી નથી એવી સ્મૃતિ છે. તે જ્ઞાન નિશ્ચય જેમ હોય તેમ કૃપા કરીને મને કહેવા માટે આપ યોગ્ય છો. (૨) હે ભૂપતે ! આ રીતે મુનિએ પૂછેલા ભગવાન શ્રીહરિ તે નિત્યાનંદ મુનિને સાંખ્યશાસ્ત્રમાં નિશ્ચય કરેલા તે જ્ઞાનને કહેવા લાગ્યા. (૩)

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે મુનિસત્તમ ! તમોને બ્રહ્માંડની સૃષ્ટિ દ્વારા તત્ત્વપૂર્વક જ્ઞાન કહું છું. જે જ્ઞાનથી મનુષ્યોની મુક્તિ થાય તે તમો સાંભળો. (૪) પૂર્વે આત્યંતિક પ્રલય થયો ત્યારે પોતાના અક્ષરધામમાં વાસુદેવ ભગવાન શ્રીહરિ સ્વયં એક જ હતા. (૫) તે સમયે વાસુદેવ ભગવાનના અક્ષરધામના પ્રકાશમાં અનંત કોટિ પ્રધાન પુરુષો સહિત મહાપુરુષ અને મહામાયા (મૂળ પ્રકૃતિ) સૂઈ ગયાં હતાં. (૬) દિવ્યમૂર્તિ વાસુદેવ ભગવાન શ્રીકૃષ્ણ અને પુરુષોત્તમ નામે કહેવાય છે. તે જ પ્રભુ પરમાત્મા, પરબ્રહ્મ, વિષ્ણુ, નારાયણ એવે નામે કહેવાય છે. (૭) તે વાસુદેવ જ જ્યોતિરૂપ, અક્ષરાતીત, શ્રીહરિ, પરમપુરુષ, ઋગ્વેદાદિ ચાર વેદમાં, પુરાણોમાં અને મહાભારતમાં કહ્યા છે. (૮) જે સમયે તે ભગવાનને બ્રહ્માંડોનું સર્જન કરવાની ઇચ્છા થઈ ત્યારે તે ભગવાને પોતાની દૃષ્ટિમાત્રથી મહાકાળ નામના પુરુષને જગાડ્યા. (૯) હે મુને ! જે મહાકાલ નામના પુરુષને જીવ સંજ્ઞાવાળો, અક્ષર સંજ્ઞાવાળો, બ્રહ્મ સંજ્ઞાવાળો અને નર સંજ્ઞાવાળો તથા અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણ કહે છે. (૧૦) તે જ વાસુદેવ ભગવાને બ્રહ્માંડો સર્જવાની ઇચ્છાથી દૃષ્ટિમાત્ર વડે આત્મભૂત પુરુષ (મહાકાલ) દ્વારા મહામાયાને જગાડી. (૧૧) તે મહાકાલ પુરુષે નિગ્રહાનુગ્રહ કરનારા સ્વસ્વામી ભગવાનની ઇચ્છાથી જાગેલી મહામાયાની સાથે બહુકાળ પર્યંત રમણ કર્યું. (૧૨) તે મહાકાલ પુરુષે પોતાની પત્ની મહામાયામાં ગર્ભ ધારણ કર્યો. તે મહામાયાએ તે ગર્ભને બહુકાળ ધારી રાખીને કાળે કરીને અનંતકોટિ પ્રધાન પુરુષોને જન્મ આપ્યો. (૧૩) વાસુદેવ ભગવાનની ઇચ્છાથી પ્રધાનો(પ્રકૃતિઓ) અને પુરુષોના સંયોગથી જ અનેક એવી બ્રહ્માંડની કોટિઓ ઉત્પન્ન થઈ. (૧૪) મહામાયાની સાથે ક્રીડાના શ્રમથી મહાકાલ પુરુષના શરીરથી પરસેવાનું જળ 'નાર' નામનું ઉત્પન્ન થયું; જે જળને અપરિમિત બ્રહ્માંડોના એક આધારભૂત મહર્ષિઓ કહે છે. (૧૫) તે નાર નામનું પરસેવાનું જળ પ્રાકૃત નથી પરંતુ પ્રકાશરૂપ આનંદરૂપ છે, જેના એકાદ પણ બિંદુથી અનેક બ્રહ્માંડવાસી જીવ ઈશ્વરો સુખીયા છે. (૧૬) તે સમયે નર નામના તે મહાપુરુષે પોતાના અંગથી ઉત્પન્ન થયેલા તે જળમાં શયન કર્યું. આથી જ નાર નામના જળમાં શયન કરવાને લીધે વેદવાક્ય વડે 'નારાયણ' એવી સંજ્ઞાની પ્રવૃત્તિ થઈ. (૧૭) આ નારાયણ કૂટસ્થ, અક્ષરાત્મા, અવ્યક્ત, મૂલમાયાથી પર અને અપ્રમેય એવા મહાપુરુષ શબ્દથી વિબુધ જનોએ કહેવાય છે. (૧૮) તે સમયે મહામાયા પોતે દિવ્યમૂર્તિ થઈને આ મહાપુરુષને પ્રસન્ન કરતી થકી જળમાં શયન કરી રહેલા સમર્થ મહાપુરુષના ચરણ ચાંપીને સેવા કરે છે. (૧૯) જેમની દૃષ્ટિમાત્રથી મહાપુરુષ જાગૃત થયા તે વાસુદેવ ભગવાન પોતાની સત્યજ્ઞાનાદિ શક્તિઓ વડે તે મહાપુરુષાદિ સર્વમાં અન્વયપણે રહેલા છે અને વ્યતિરેક થકા પોતાના ધામમાં રહેલા છે. (૨૦) હે મુને ! આ પ્રકારે શ્રીહરિની ઇચ્છા વડે બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે તે બ્રહ્માંડોમાં એક બ્રહ્માંડની ઉત્પત્તિની રીત પ્રથમથી આરંભીને તમોને કહું છું. (૨૧) પહેલાં મૂળ પ્રકૃતિના અધિષ્ઠાતા(સ્વામી) જે મહાકાલ નામના પુરુષ કહ્યા છે તે અનાદિ નિધન કહેતાં ઉત્પત્તિ મરણ રહિત એવા દેવ અને બ્રહ્માદિ ઈશ્વરોના પણ સ્વામી કહેવાય છે. (૨૨) જે પ્રધાન અધિષ્ઠાતા પુરુષ

અવ્યાકૃત, સૂત્રાત્મા અને વિરાટ નામના દેહોમાં અન્વય વ્યતિરેકપણે ઈશ્વર, બ્રહ્મ અને વિષ્ણુ નામોને ધારણ કરે છે અને તેમનાથી ભિન્ન પણ રહે છે. (૨૩) તે આ પ્રધાનપતિ સત્ત્વ-રજ-તમાદિ ગુણોને ક્ષોભ પમાડનારો હોવાથી સગુણ બ્રહ્મ સંજ્ઞાથી કહ્યા છે. તે પુરુષ જગત સૃષ્ટિની ઈચ્છાવાળા થકા શ્રીહરિની ઈચ્છાથી કાલ (ક્ષોભક), કર્મ(અદષ્ટ) અને સ્વભાવ તેને પ્રથમ પામે છે. (૨૪) તે આ પ્રધાનપતિ પુરુષ કાલ-કર્મ-સ્વભાવરૂપ ઉપકરણોએ યુક્ત થઈને મહાપુરુષે જોતા સતા તેની શક્તિ પોતાને વિષે પામીને પ્રધાન નામની પ્રકૃતિમાં ઈક્ષણરૂપ વીર્યને ધારણ કરે છે. (૨૫) ત્યારબાદ પુરુષ અધિષ્ઠિત કાળ વડે કરીને જ ત્રિગુણાત્મક પ્રધાનમાં પ્રથમથી જ સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણો ક્ષોભને પામે છે. (૨૬) ત્યારબાદ સ્વભાવથી તે ગુણોનું પરિણામ કહેતાં રૂપાંતર થાય છે. તે પ્રધાનાધિષ્ઠિત કર્મ વડે મહત્તત્ત્વની ઉત્પત્તિ થાય છે. (૨૭) ક્ષોભે રહિત આ ત્રણ ગુણો અકાર્ય અવસ્થામાં રહેલું, નથી ઉત્પન્ન થઈ કરચરણાદિ આકૃતિ જેની એવું અવ્યાકૃત નામનું ઈશ્વરનું પ્રથમ શરીર કહેવાય છે. (૨૮) તે અવ્યાકૃત નામના શરીરના અભિમાની જે પુરુષ છે તે ઈશ્વર સંજ્ઞાથી કહ્યો છે. આ ઈશ્વર સંજ્ઞાવાળા પુરુષને શ્રીમદ્ ભાગવતમાં માયામય જીવ કહેલો છે. (૨૯) જાગ્રત થયેલા છે શુદ્ધ સત્ત્વાદિ ત્રણ ગુણો જેના એવી પ્રકૃતિ સત્ત્વગુણ દ્વારા મહાત્તત્ત્વનું સર્જન કરે છે. (૩૦) આ મહત્તત્ત્વ (સત્ત્વપ્રાધાન્ય હોવાથી) પ્રકાશરૂપ, શાંત, કૂટસ્થ અને ભાવિ જગતના અંકુરરૂપે કહ્યું છે. આ મહત્તત્ત્વ જ્ઞાન અને ક્રિયારૂપ શક્તિઓ વડે ચિત્ત અને સૂત્ર નામે કહેવાય છે. (૩૧) જે આ ચિત્ત સંજ્ઞિત છે સત્ત્વૈક અને પ્રધાન માટે જ સ્વચ્છ, ભગવાન વાસુદેવના સાક્ષાત્કારના આશ્રયસ્થાન, રાગદ્વેષાદિરહિત અને અવિકારી : આ પ્રકારે વૃત્તિઓ વડે ચિત્તલક્ષણ કહેલું છે. (૩૨) સર્વ પ્રાણીમાં પ્રાણચેષ્ટા કરતા એવા જે જીવને અનુલક્ષીને ઈન્દ્રિયો કે પ્રાણો ચેષ્ટા કરે છે તે મહાપ્રાણ છે. અહીં સૂત્ર કહ્યું, તે પણ 'મહાપ્રાણ' એમ કહે છે. સર્વ પ્રાણીઓના પ્રાણમાં કારણ હોવાથી સૂત્ર નામથી કહ્યું છે. (૩૩) ત્યારપછી માયા, કાળ, કર્મ અને સ્વભાવ વગેરે વડે વિકારિત થતા એવા મહત્તત્ત્વ થકી રુદ્રે સહિત અહંકાર ઉત્પન્ન થાય છે. (૩૪) તે અહંકાર જ્ઞાનશક્તિ કહેતાં જ્ઞાનહેતુ દેવતાઓમાં શક્તિવાળો તથા ક્રિયાશક્તિ અને દ્રવ્યશક્તિ કહેતાં વૈકારિક અહંકાર જ્ઞાનશક્તિ અને તૈજસ તથા રાજસ અહંકાર ક્રિયાશક્તિ અને તૈજસ તથા રાજસ અહંકાર ક્રિયાશક્તિ તથા તામસ અહંકાર દ્રવ્યશક્તિ એમ ત્રણ પ્રકારનો કહેવાય છે. (૩૫) આ ત્રણ પ્રકારનો અહંકાર અને મહત્તત્ત્વ આ બન્ને ઈશ્વરનું સૂત્ર નામનું બીજું શરીર કહેવાય છે. (૩૬) અવ્યાકૃત છે આત્મા જેનો એવો ઈશ્વર તેના સૂત્રાત્મક શરીરના સંબંધથી 'હિરણ્યગર્ભ' એવી બીજી સંજ્ઞાને ફરી પામે છે. (૩૭) આ જ સૂત્રાખ્ય ઈશ્વર શરીરમાં, સમગ્ર જીવોનાં જે સૂક્ષ્મ શરીરો અને કારણ શરીરો પ્રલય સમયે લયને પામીને વર્તે છે. (૩૮) ત્યારે આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી તે સૂત્રાત્મામાં લીન થયેલાં રહે છે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ - આ પાંચેય વિષયો પણ સૂત્રાત્મામાં લીન રહે છે. (૩૯) જ્યારે કાલ, કર્મ અને સ્વભાવ વગેરે શક્તિઓ વડે સૂત્રાત્મકરૂપ શરીર ક્ષોભને પામે છે ત્યારે હિરણ્યગર્ભના સૂત્રાત્મ શરીરમાં રહેલા જીવો સંચિત અનાદિ પરિપકવ દશાને પામી પોતપોતાનાં કર્મોને અનુસારે સૂત્રાત્મામાં અંકુરિત જેવા થઈ રહે

છે. હવે વિરાટદેહની ઉત્પત્તિ તમોને કહું છું. (૪૦-૪૧) અવ્યાકૃતાત્મા પુરુષ વિરાટ દેહના સંબંધથી ત્રણ પ્રકારે થાય છે; જેમ આકાશ જેતે મેઘ, મઠ અને કુંભના સંબંધથી મેઘાકાશ-મઠાકાશ-ઘટાકાશ વગેરે ત્રણ સંજ્ઞાવાળો થાય છે; તેવી જ રીતે આ પુરુષ અવ્યાકૃત, સૂત્ર અને વિરાટના યોગથી ઈશ્વર, હિરણ્યગર્ભ અને વૈશ્વાનર નામે કહેવાય છે. (૪૨-૪૩) હે મુનિવર્ય ! તે ત્રિગુણાત્મક અહંકાર થકી ત્રિગુણાત્મક આ બ્રહ્માંડની જે પ્રકારે ઉત્પત્તિ થઈ તે પ્રકાર તત્ત્વલક્ષણકથનપૂર્વક તેના જ્ઞાન માટે તમોને કહું છું. (૪૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં જ્ઞાનોપદેશમાં પૌરુષસર્ગનિરૂપણ નામનો એકસોને ત્રણમો અધ્યાય થયો. ॥૧૦૩॥

●

## અધ્યાય-૧૦૪

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે નિત્યાનંદ મુને ! વૈકારિક (સાત્ત્વિક) અહંકારથી પોતાના દેવત્વ ચંદ્રસહિત મન ઉત્પન્ન થાય છે. જે મનના સંકલ્પ (કોઈપણ પદાર્થના ચિંતન)થી અને વિશેષ ચિંતન (વિકલ્પન)થી કામના ભોગની ઈચ્છાની ઉત્પત્તિ થાય છે. (૧) ધૈર્ય, ઉપપત્તિ-ઊહાપોહની કુશળતા, વ્યક્તિ, ભ્રાંતિ, કલ્પના, ક્ષમા, સત્ત્વ, અસત્ત્વ અને શીઘ્રતા - આ બધા મનના ગુણો જાણવા. (૨) સર્વ કાર્યોની ઉત્પત્તિમાં માયા, કાળ, કર્મ, સ્વભાવ તથા પુરુષનું ઈક્ષણ અને શ્રીહરિની ઈચ્છા આટલાં કારણો છે. (૩) શ્રોત્રાદિ દશ ઈન્દ્રિયોના દેવતા સાત્ત્વિક અહંકારથી ઉત્પન્ન થયેલા છે. દિગ્-વાયુ-સૂર્ય-વરુણ-અશ્વિનીકુમાર-અગ્નિ-ઈન્દ્ર-વિષ્ણુ-મિત્રદેવ-પ્રજાપતિ આ દશ દેવતાઓ છે. (૪) તે દિગાદિ દેવતાઓ શ્રોતાદિ ઈન્દ્રિયોના જે શબ્દાદિ વિષયો તેને યથાવિભાગ તે તે ઈન્દ્રિયોને અધિષ્ઠાન કરીને પૃથક્ પૃથક્ પ્રકાશ કરે છે. (૫) કાળ કર્મ સ્વાભાવાદિ વડે વિકારને પામતા તૈજસ (રાજસ અહંકાર) થકી દશ ઈન્દ્રિયો, બુદ્ધિ, બ્રહ્મા અને પ્રાણ ઉત્પન્ન થાય છે. (૬) શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ - આ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને વાક્, પાણિ, પાદ, વાયુ અને ઉપસ્થ આ પાંચ કર્મેન્દ્રિયો, (૭) શ્રોત્રાદિ ઈન્દ્રિયોની શ્રવણ, સ્પર્શન, દર્શનાદિ ક્રિયાસિદ્ધિમાં અસાધારણ કારણરૂપ લક્ષણ પૃથક્ પૃથક્ જાણવું. (૮) ઈન્દ્રિયોનું તે તે વિષયપ્રવર્તન, શયન, સંશય, નિશ્ચય, સ્મૃતિ, મિથ્યાજ્ઞાન, ધ્યાનથી ચિંતન અને ધારણા આટલા બુદ્ધિના ગુણો જાણવા. (૯) કેટલાક કપિલમતના અનુયાયીઓ રાજસાહંકારનું કાર્યાન્તરમાં આરંભકપણું ઈચ્છતા નથી. (એનું પૃથક્ કાર્ય નથી) પોતપોતાના કાર્યનો આરંભ કરતા સાત્ત્વિક અને તામસ અહંકારના કાર્યારંભમાં રાજસાહંકાર બંનેને ઉપકારક થાય છે એવો મત ધરાવે છે. (૧૦) કાળકર્મ સ્વભાવાદિ વડે વિકારને પામતા તામસાહંકારથી શબ્દ નામ વિષય ઉત્પન્ન થાય છે અને તે શબ્દ થકી શબ્દ ગુણક આકાશ ઉત્પન્ન થાય છે. (૧૧) પૂર્વોક્ત કાળાદિ નિમિત્તથી વિકાર પામતા આકાશથકી સ્પર્શ ઉત્પન્ન થાય છે અને તે સ્પર્શ થકી સ્પર્શ ગુણવાળો વાયુ ઉત્પન્ન થાય છે અને શબ્દગુણવાળા આકાશના સંબંધથી શબ્દગુણવાળો વાયુ ઉત્પન્ન થાય છે. એટલે વાયુના સ્પર્શ અને શબ્દ બે ગુણ જાણવા. (૧૨) અને કાળકર્માદિ વડે વિકાર

પામતા વાયુ થકી રૂપ ઉત્પન્ન થાય છે અને તે રૂપ થકી તેજ ઉત્પન્ન થાય છે. તે તેજ સ્વતઃ રૂપ નામના ગુણવાળું છે અને શબ્દ-સ્પર્શના સંબંધથી શબ્દ અને સ્પર્શ ગુણવાળું પણ જાણવું. (૧૩) ત્યારપછી વિકાર પામતા તેજ થકી રસ ઉત્પન્ન થાય છે અને તે રસ થકી જળ ઉત્પન્ન થાય છે. જળ સ્વતઃ રસ ગુણવાળું છે અને આકાશ, વાયુ તથા તેજના ગુણોના સંબંધથી શબ્દ સ્પર્શ, અને રૂપ ગુણવાળું પણ જાણવું. (૧૪) અને વિકાર પામતા જળ થકી ગંધ ઉત્પન્ન થાય છે અને તે ગંધ થકી ગંધ ગુણવાળી પૃથ્વી ઉત્પન્ન થાય છે અને તે પૃથ્વી આકાશાદિ ગુણોના સંબંધથી શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ ગુણોથી યુક્ત જાણવી. (પૃથ્વીમાં શબ્દ-સ્પર્શ-રૂપ-રસ અને ગંધ આ પાંચ ગુણો જાણવા.) (૧૫) ઉપરના શ્લોકોમાં જે શબ્દાદિ પાંચ ગુણો કહ્યા તે તન્માત્રામય જ જાણવા. તે તન્માત્રાઓ આકાશાદિ પાંચ મહાભૂતોનાં સૂક્ષ્મ રૂપો જાણવાં. (૧૬) એ રીતે આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી - આ પાંચ મહાભૂતોના અનુક્રમે એક-બે-ત્રણ-ચાર અને પાંચ ગુણો અનુક્રમથી સર્વસંમત સમજવા. (૧૭) અહીં શબ્દાદિ પાંચ વિષયોનું શ્રોત્રાદિ તે તે ઈન્દ્રિયોએ જે ગ્રાહ્યપણું તે અનુક્રમથી લક્ષણ જાણવું જેમ કે શ્રોત્રેન્દ્રિય ગ્રાહ્યપણુ શબ્દનું લક્ષણ, ત્વગિન્દ્રિયગ્રાહ્યપણું સ્પર્શનું લક્ષણ, ચક્ષુરિન્દ્રિય ગ્રાહ્યપણું રૂપનું લક્ષણ, રસનેન્દ્રિય ગ્રાહ્યપણું રસનું લક્ષણ અને ઘ્રાણેન્દ્રિય ગ્રાહ્યપણું ગંધનું લક્ષણ - આ પ્રમાણે જાણવું. (૧૮) આ પંચતન્માત્રાઓ અને પંચમહાભૂતોના બીજા પણ ગુણો વ્યાસાદિ આચાર્યોએ નાના પ્રકારની યુક્તિઓનો આશ્રય કરીને ભારતાદિકમાં કહ્યા છે તે પણ હું તમોને કહું છું. (૧૯) પ્રાણ, ઈન્દ્રિયો અને મન તેમનું આશ્રયપણું છિદ્રતા, બહાર અને અંદર વ્યવહારનું સ્થાનપણું, બીજાના આશ્રયે રહિત, અને અવ્યક્ત-અવિકારીપણું, સમગ્ર પોતાના કાર્યમાં વ્યાપવાપણું અને ભૂતપણું આ પ્રકારે આકાશના ગુણો મુનિઓ કહે છે. હવે વાયુના ગુણો કહું છું. (૨૦-૨૧) સ્વરોત્પત્તિના આધારપણું, અપ્રતિરુદ્ધ ગતિપણું, નેતાપણું, ગંધવાળા અને સ્પર્શવાળા સૂક્ષ્મ દ્રવ્ય અને શબ્દનું ઈન્દ્રિયદેશ પ્રતિ પમાડવાપણું વૃક્ષ ડાળીઓને હલાવવાપણું, તૃણાદિકને એકત્ર કરવાપણું, કોઈનો કોઈની સાથે સંયોગ કરી આપવાપણું, મોક્ષ-મૂળ મૂત્રાદિકના ઉત્સર્ગમાં ઉપકાર કરવાપણું, શૂરત્વ સંપાદકપણું, બળ આપવાપણું, જન્મમરણરૂપ ભવમાં હેતુપણું, ઈન્દ્રિયોનું આત્માપણું. આ વાયુના ગુણો કહ્યા છે. હવે તેજના ગુણો કહું છું. દુર્ધર્ષતા (પરાભવ ન પામવાપણું), તેજન-સુવર્ણાદિકમાં રહેલો મળ ટાળી નાંખીને વિશુદ્ધ કરવારૂપ સમુત્તેજકપણું, સંતાપ કરવાપણું, અન્નાદિકને પકાવવાપણું, ઘટપટાદિ પદાર્થનું યથાસ્થિત પ્રકારે જણાવવાપણું, સ્વતઃ રક્તવર્ણપણું, લઘુપણું, તીક્ષ્ણપણું, ઊર્ધ્વગમન એક સ્વભાવપણું, હિમને હરવાપણું, ભૂખ તરસનો ઉદ્‌બોધ કરવાપણું અને શોક : આ બધા તેજના ગુણો કહ્યા છે. (૨૨-૨૩-૨૪) હવે જળના ગુણો કહું છું : શીતપણું, ભીનું કરવાપણું, દ્રવીકરણપણું, કોમળ કરવાપણું, તૃપ્ત કરવાપણું, પૃથ્વીના વિકારરૂપ તાંદુલ વગેરેને પકવવાપણું, તાપને નાશ કરવાપણું, સૌમ્યતા, સ્નિગ્ધપણું, સ્નાનાદિ કરનારાઓને સુંદર કરવાપણું, તરસને છિપાવવાપણું, સર્વ જીવને જીવનપણું, બહુપણું (કૂવામાં ન ખૂટી પડવાપણું) : આ બધા જળના ગુણો માનેલા છે. હવે પૃથ્વીના ગુણો કહું છું : સ્થિરપણુ, ગુરુપણું, કઠિનપણું, સુશ્લિષ્ટ અવયવોથી ગોઠવાઈ રહેવાપણું, અનેક ઔષધિઓનો

પ્રસાદ આપવાના સ્વભાવપણું, જળાદિકનું પોતાનામાં લય કરવાપણું, ધારણ કરવાનું સામર્થ્ય, ધૈર્ય, આકાશ-વાયુ વગેરેનું ભિન્ન કરવાપણું, ભૂતાંતરના પ્રવેશનું સ્થાન હોવા છતાં પણ તેનાથી કંપાયમાન નહિ થવાનો સ્વભાવ, પરબ્રહ્મની મૂર્તિરૂપે થઈને તેમની ભાવનાના સ્થાન થવાપણું : આ બધા પૃથ્વીના ગુણો છે. (૨૫-૨૬-૨૭) હવે શબ્દના ગુણો કહે છે, શબ્દ અર્થની સાથે જોડાયેલો છે અને અર્થનું જ્ઞાન કરાવી આપે છે. દષ્ટ અર્થમાં જ શબ્દનો પ્રયોગ થાય છે, પણ અદષ્ટ અર્થમાં થતો નથી. શબ્દ અનેક પ્રકારનો છે તેમાં ષડજ્, નિષાદ, રૂષભ, ગાંધાર, મધ્યમ, ધૈવત અને પંચમ આ સ્વરરૂપે રહેલો છે એમ માનવામાં આવે છે. (૨૮) ભેરી આદિક વાજિંત્રોના, હાથી-ઘોડા વગેરે પ્રાણીઓના, વૃક્ષ લતાદિના ધ્વનિઓ જુદા જુદા છે એમ જાણવું. તે જ પ્રકારે સ્પર્શ પણ અનેક પ્રકારનો જાણવો. (૨૯) જેમકે ગરમ, ઠંડો, સુખદ, દુઃખદ, પુત્રાદિનો સ્નિગ્ધ સ્પર્શ, ઉત્તમ વસ્ત્રાદિનો નિર્મળ સ્પર્શ, કઠોર, કોમળ, રમ્ય, લઘુ અને ગુરુ આ પ્રકારે કહેલો છે. (૩૦) હવે રૂપનાં લક્ષણ કહે છે : ઋષિજનો રૂપને સોળ પ્રકારનું કહે છે. શ્વેત, કૃષ્ણ, લાલ, નીલવર્ણ, પીળું, કાબરચીતરું, જાડું, સૂક્ષ્મ, ગોળાકાર, ટૂંકું, લાંબું, દારુણ, મૃદુ, મનોહર, ચિક્કણ, ચતુષ્કોણ આવી રીતે સોળ પ્રકારનું રૂપ જાણવું. (૩૧-૩૨) રસ છ પ્રકારનો કહેલો છે : ગળ્યો, ખારો, તીખો, કડવો, ખોટો અને તૂરો. વાસ્તવિક રસ એક હોવા છતાં પૃથ્વી વગેરે દ્રવ્યોના સંસર્ગથી બહુ પ્રકારનો માનેલો છે. (૩૩) ગંધ પૃથ્વીનો ગુણ હોવા છતાં પણ પૃથ્વી વગેરે દ્રવ્યના યોગથી બહુ પ્રકારનો કહેલો છે. જેમકે સુરભિ, દુર્ગંધ, મધુર, કટુ, અતિ, સુગંધીવાળા દ્રવ્યથી થયેલો નિર્હારી, સંહત અર્થાત્ શાક વગેરેના હિંગના વઘારથી ઉત્પન્ન થયેલો, મિશ્રગંધ, અને સ્નેહવાળા (સ્નિગ્ધ) દ્રવ્યથી ઉત્પન્ન થયેલો, હોમાદિ જન્ય, રૂક્ષ, દ્રવ્યથી ઊપજેલો અને વિશદ-ઘી વગેરેનો, શાન્ત-કમળ વગેરેનો, ઉગ્ર-લસણ વગેરેનો, અમ્લ-ખાટાં દ્રવ્યથી થયેલો, વાસી-પડતર રાંધેલા અન્ન વગેરેનો : આ પ્રમાણે કપિલાદિ મુનિજનો અનેક પ્રકારની યુક્તિઓ વડે એમનાં લક્ષણો કહે છે. (૩૪-૩૫) હવે ચોવીશ તત્ત્વોને કહે છે. પૃથ્વી વગેરે પાંચ મહાભૂત, શ્રોત્રાદિ પાંચ જ્ઞાનેન્દ્રિયો, વાગાદિ પાંચ કર્મેન્દ્રિયો, શબ્દતન્માત્રાદિ પાંચ તન્માત્રાઓ; મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ પ્રકૃતિ સંબંધી ચોવીશ તત્ત્વોનો સમુદાય છે. (૩૬) હે મુને ! આ ચોવીસ તત્ત્વો આપમેળે સૃષ્ટિની ઉત્પત્તિ કરવા અસમર્થ છે. તેથી નારાયણ ભગવાનની શક્તિથી જ કહેતાં અનુપ્રવેશ સામર્થ્યથી જ ભેગાં મળીને પોતપોતાના અંશો વડે બ્રહ્માંડને સર્જે છે. (૩૭) વિશેષ સંજ્ઞાવાળું આ બ્રહ્માંડ ઉત્તરોત્તર આવરણભૂત ઉત્તરોત્તર દશ દશ ગણાં અધિક જળ-તેજ-વાયુ-આકાશ-અહંકાર-મહતત્ત્વ પ્રધાન આ આવરણોથી આવરિત છે. (૩૮) સુવર્ણ પિંડ જેવુ આ બ્રહ્માંડ અનેક બ્રહ્માંડોના આશ્રયભૂત એવા મહાપુરુષના દેહમાંથી ઊપજેલા જળ (પ્રસ્વેદ)ને વિષે બહુકાળ સુધી સૂઈ રહે છે. (૩૯) તે અંડમાં કાળે કરીને શ્રીહરિની ઈચ્છાથી માયા સંબંધી વિક્ષેપશક્તિ યુક્ત થઈને વિશ્વાત્મા એવો વૈરાજપુરુષ પ્રાદુર્ભવે છે. (૪૦) આ લોકમાં પંડિત જનો વિશ્વાત્માના કટિ જાનુ વગેરે અવયવો વડે નીચેના અતલ વિતલ આદિ સાત લોકો અને જઘન ઉદર હૃદય વગેરે અવયવો વડે ઉપરના ભુરાદિ સાત લોકોની કલ્પના કરે છે. (૪૧) આ પુરુષ પગથી

મસ્તક પર્યંત પોતાના અવયવો વડે પાતાળ વગેરે લોકોને સ્વયં ધારી રહ્યા છે. તોપણ તે ધારણ કરેલા લોકો થકી પૃથક્‌પણે પોતાના અસાધારણ સત્યલોકમાં રહે છે. (૪૨) સહસ્રશીર્ષા તે પુરુષ પોતાના નિવાસ માટે ગર્ભોદક સંજ્ઞાવાળા જળને સરજીને વ્યષ્ટિરૂપ જીવોની સાથે સૂઈ જાય છે. (૪૩) ગર્ભોદક સંજ્ઞાવાળા જળમાં હજાર વર્ષ પર્યંત સૂતેલા સર્વ જીવોના હિત ઇચ્છનારા વૈરાજ પુરુષનો વિરાટ દેહ સંપૂર્ણ અવયવવાળો થાય છે. (૪૪) પછી આ વૈરાજ પુરુષના સ્પષ્ટ થયેલા ઇન્દ્રિયોનાં સ્થાનોમાં સૂર્યાદિ દેવતાઓ અને ચક્ષુરાદિ ઇન્દ્રિયોની સાથે મળીને પ્રત્યક્ષ જેમ હોય, તેમ રહે છે. (૪૫) આ વૈરાજ પુરુષ પણ આધ્યાત્મિક આધિદૈવ અને આધિભૌતિક એમ ત્રણ પ્રકારે રહે છે. (૪૬) આધ્યાત્મિક સંજ્ઞાવાળી ઇન્દ્રિયોમાં વર્તતા ઇન્દ્રિયોના અધિષ્ઠાતા જે પુરુષ તે આધ્યાત્મિક કહ્યો છે. આધિદૈવ સંજ્ઞાવાળા દેવતાઓમાં રહેલા દેવતાઓના અધિષ્ઠાતા જે પુરુષ તે આધિદૈવિક કહ્યો છે. (૪૭) અધિભૂત સંજ્ઞાવાળા ગોલોકોમાં વર્તમાન ગોલોકોના અધિષ્ઠાતા જે પુરુષ તે આધિભૌતિક કહ્યો છે એ આધ્યાત્મિક આદિ ત્રણ પૈકી કોઈપણ એકના અભાવમાં પુરુષ ક્રિયા કરવા સમર્થ થતો નથી. (૪૮) તથા ક્ષેત્રજ્ઞ રૂપથી વિશેષપણે પોતે રહે છે તે ક્ષેત્રજ્ઞ તો આત્મા, અક્ષર, અરૂપ, અભેદ્ય અને ઇન્દ્રિયોથી અગ્રાહ્ય છે. (૪૯) મહાપ્રાણ વાયુ સૂત્રાત્માએ સહિત આધ્યાત્મિકાદિ ત્રણેને ધારણ કરીને રહેલા સર્વજ્ઞ, સર્વ નિયામક અને સમષ્ટિ ક્ષેત્રને જાણનારા માનેલા છે. (૫૦) આ વૈરાજ પુરુષનો એક હજારવાર ગુણેલા ચાર યુગોનો એક દિવસ થાય છે. તેમ જ તેટલી જ એક રાત્રિ થાય છે. તે રાત્રિ-દિવસ મળીને (અહોરાત્ર) કલ્પ કહેવાય છે. (૫૧) કાલ, કર્મ, સ્વભાવ, માયા અને શ્રીહરિની ઇચ્છા વડે પ્રધાન અધિષ્ઠાતા પુરુષ પ્રેરિત આ વૈરાજ બ્રહ્મા થકી મહાન વિસર્ગ ઉત્પન્ન થાય છે. (૫૨) વૈરાજપુરુષ થકી વાગાદિ ઇન્દ્રિયો, શબ્દાદિ વિષયો, વરુણાદિ દેવો સહિત વ્યષ્ટિ અભિમાની એવા અનંત જીવો આવિર્ભાવ પામે છે. (૫૩) વૈરાજ પુરુષના નાભિકમળમાંથી રજોગુણપ્રધાન અને મરિચ્યાદિ પ્રજાપતિઓના સ્વામી જગતસ્રષ્ટા ચતુર્મુખ બ્રહ્મા પ્રત્યેક કલ્પે પ્રગટ થાય છે. (૫૪) તે પ્રજાપતિ પ્રજાસમૂહોને સર્જવાની ઇચ્છાવાળા થઈને ચિતનું એકાગ્રપણું ધારણ કરીને તે જ પ્રજાપતિના અંગોમાં દેવાદિ જીવો અને ભુવનોને સરજે છે. (૫૫) તે આ બ્રહ્મા પોતા થકી જે જે પ્રકારે પ્રજોત્પતિ ચિંતવે છે તે તે પ્રકારે બ્રહ્મા થકી પ્રજોત્પત્તિ થાય છે. આથી બ્રહ્મા જગતસૃષ્ટાના નામે વિખ્યાત છે. (૫૬) સર્વ કોઈ દેવ મુનિ નાગ અસુર મનુષ્યાદિ દેહીઓના જે પાતાળ વગેરે સત્ય પર્યંત લોકો છે, તે સર્વે વૈરાજપુરુષના ચરણાદિ અવયવોની શક્તિથી જ રૂડી રીતે રહ્યા છે. (૫૭) કોઈ કલ્પમાં સમગ્ર લોકોના આશ્રયભૂત અને સ્વયંભૂ બ્રહ્માનું જન્મસ્થાન એક કમળ નારાયણના ઉદરમાં રહેલી નાભિ થકી પ્રાદુર્ભાવ પામે છે. (૫૮) હે સાધુવર્ય ! તે પાદ્મસૃષ્ટિ સમયે પદ્મથી પ્રાદુર્ભાવ પામેલા બ્રહ્માએ સર્જેલા સર્વ લોકો અને તે લોકનિવાસી સર્વે જીવો તે અતિ વિશાળ પદ્મ ઉપર જ યથાયોગ્ય રહે છે તે આ કલ્પ પાદ્મકલ્પ કહ્યો છે. એ રીતે બે પ્રકારનો સર્ગક્રમ પુરાણોમાં કહ્યો છે. (૫૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં જ્ઞાનોપદેશમાં આહંકારિક સર્ગલક્ષણ નિરૂપણ નામનો એકસોને ચારમો અધ્યાય થયો. ॥૧૦૪॥

# અધ્યાય-૧૦૫

(અહીં ૧૦૫મા અધ્યાયમાં શ્રીહરિના તત્ત્વરૂપ પ્રાણેન્દ્રિયોના ગુણલક્ષણ નિરૂપણ કર્યું છે.)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! સૃષ્ટિ સમયે વૈરાજ પુરુષ સાથે એકત્વ પામેલા બ્રહ્મા થકી વૃક્ષાદિ સ્થાવર જીવો, ગતિશીલ મનુષ્ય-પશુઓ વગેરે પ્રાણીઓ, તેમનાં સ્થાનો (આધારભૂત લોકો) અને જીવિકાઓ પ્રાદુર્ભાવ પામે છે. (૧) જે જીવો પૂર્વકલ્પની થયેલી સૃષ્ટિમાં જે અધિકારને અનુસરેલી ક્રિયાઓ પામેલા હતા તે જીવો ફરીથી બ્રહ્માએ સર્જાતા થકા વારંવાર પૂર્વકર્મોના અધિકારને અનુસારે ક્રિયાઓને પામે છે. (૨) જે સુકૃત અથવા દુષ્કૃત ભોગવતા સમયે પ્રલય થયો તેથી ભોગવતાં બાકી રહેલા ત્રિગુણાત્મક પુણ્યરૂપ, પાપરૂપ અથવા મિશ્ર જે કર્મ હતું તે કર્મને જ જીવ પ્રથમ પામે છે. (૩) તે તે કર્મને અનુસારે દેહ, બુદ્ધિ, જીવિકા અને સ્થાનને પામે છે તેને તે રુચે છે એમાં સંશય નથી. (જેમ હજારો ગાયોમાં વાછરડું પોતાની માતાને શોધી કાઢે છે એ જ પ્રમાણે પૂર્વે કરેલા કર્મ તેના કર્તાને પામે છે-આમ મોટા ધર્મમાં કહ્યું છે.) (૪) આ પ્રકારે કર્માધીન જીવાત્માઓ ફરીથી કર્મો કરે છે તે જીવોના સ્થૂળ દેહો પૃથ્વી આદિક પંચ મહાભૂતોથી ઊપજેલા જાણવા. (૫) પૃથ્વી, જળ વગેરે પાંચ ભૂતો શ્રીહરિ નારાયણની ઈચ્છાથી પરસ્પર મળેલા છે. તે મળેલા પાંચ ભૂતોમાંથી જે દેહો થાય તે બધા પંચભૌતિક જાણવા. (૬) સર્વ પ્રાણીઓના દેહોમાં એક મહાભૂત પ્રધાન હોય છે અને બાકીના ચાર ભૂતો ગૌણપણે હોય છે. (૭) જે શરીરોમાં પૃથ્વી તત્ત્વ પ્રધાન હોય તેમાં બીજા ચાર જળ, તેજ, વાયુ અને આકાશ તે અવ્યક્ત (ગૌણ) રહેલાં છે. (૮) અને જે શરીરોમાં જળ, તત્ત્વ પ્રધાન છે, તેમાં પૃથ્વી, તેજ, વાયુ અને આકાશ આ બીજાં ચાર તત્ત્વો અવ્યક્ત (ગૌણ) છે. (૯) જે શરીરમાં તેજ તત્ત્વ મુખ્ય હોય છે તેમાં પૃથ્વી, તેજ, વાયુ અને આકાશ આ બીજાં ચાર તત્ત્વો અવ્યક્ત છે. (૧૦) જે દેહમાં વાયુ તત્ત્વ પ્રધાન હોય છે તેમાં બીજા ચાર પૃથ્વી, જળ, તેજ અને આકાશ અસ્પષ્ટ ગૌણ જાણવાં. (૧૧) જે શરીરોમાં આકાશ તત્ત્વ પ્રધાન હોય તેમાં બીજા પૃથ્વી, જળ, તેજ અને વાયુ ગૌણપણે અસ્પષ્ટ રહેલાં છે એમ જાણવું. (૧૨) અને જીવાત્માઓને જેવા સ્વરૂપવાળા દેહો હોય તે જીવોને ભોગસ્થાનરૂપ લોકો દેહને અનુસારે હોય છે અને સર્વ ભોગો પણ તેવા જ હોય છે. (૧૩) પ્રધાન પૃથ્વી જેમાં હોય છે તે સ્થાવર-જંગમ જીવોના દેહો આ પૃથ્વીમાં વર્તે છે. જેમાં જલ મુખ્ય તત્ત્વ છે એવા જીવોના દેહ વરુણ લોકમાં વર્તે છે. (૧૪) અને દેવલોકમાં જે દેહો છે તે પંચીકરણ કરાયેલા તેજતત્ત્વના દેહવાળા છે તથા વાયુલોકમાં જે દેહો છે તે પણ પંચીકરણ કરાયેલા વાયુના દેહવાળા છે. (૧૫) પંચીકરણ કરાયેલા આકાશના દેહવાળા જીવો, આકાશમાં જ ભ્રમણ કરે છે. જે જીવનું જેવું કર્મ હોય તે જીવ તેવા શરીરને પામે છે. (૧૬) એ રીતે ભગવાનની ઈચ્છાથી દેહમાં પરસ્પર મળેલાં પૃથ્વી વગેરે પાંચ ભૂતોના પ્રત્યેક પાંચ પ્રકારના વિકારો સર્વત્ર પાંચ ભૌતિક દેહોમાં વર્તે છે તે યુક્તિથી જાણવા. (૧૭) ચામડી, માંસ, મજ્જા, અસ્થિ અને સ્નાયુ આ પાંચ પાર્થિવાંશનો વિકાર દેહમાં વર્તે છે. શ્લેષ્મ, વસા, સ્વેદ અને રક્ત આ પાંચ જળાંશનો વિકાર વર્તે છે. (૧૮) ચક્ષુ, ક્રોધ, જઠરાગ્નિ, વીર્ય અને ઉષ્મા આ તેજ

અંશનો વિકાર વર્તે છે તથા પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન આ પંચક વાયુનો અંશ વર્તે છે. (૧૯) શ્રોત્રછિદ્ર, ઘ્રાણછિદ્ર, મુખછિદ્ર, કોષ્ઠ અને હૃદય આ પંચક આકાશના અંશનો વિકાર વર્તે છે. આ રીતે પચીશ ભૌતિક વિકારો શરીરમાં છે. (૨૦) આ દેહ સ્થૂળ સંજ્ઞાવાળો છે તે ઘણા મળમૂત્રથી ભરેલો છે માટે અપવિત્ર છે. જીવની ચૈતન્યરૂપિણી સત્તાના સંબંધથી તેવા દેહમાં પ્રાણીઓને અતિ સ્નેહ થાય છે. (૨૧) સ્થૂળ દેહના મધ્યમાં પ્રાણ, ઈન્દ્રિય, મન અને બુદ્ધિના સમૂહરૂપ સૂક્ષ્મ સંજ્ઞાવાળું જીવનું બીજું શરીર છે. (૨૨) એક પ્રાણ, વૃત્તિની ક્રિયા ભેદથી પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એવાં નામો વડે કરી પાંચ પ્રકારનો કહેલો છે. (૨૩) નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય આ પ્રમાણે તે પ્રાણના ભેદો તો પ્રાણાદિ પાંચમા મળેલા છે એમ જાણવું. (૨૪) પ્રાણ હૃદયમાં રહેલો છે, અપાન ગુદામાં રહેલો છે, સમાન નાભિમંડલમાં રહેલો છે, ઉદાન કંઠમાં રહેલો છે અને વ્યાન સર્વ શરીરમાં ગતિ કરનારો છે. (૨૫) પ્રાણ ઊર્ધ્વગતિવાળો જાણવો. અપાન, અધોગતિ મળ-મૂત્રના ત્યાગ કરવામાં કારણ કહેવાય છે. સમાન ભોજન અને પાન કરેલા અન્નજળને પોતપોતાના માર્ગમાં પમાડનારો કહેલો છે. (૨૬) ઉદાન, દેહથી દેહાન્તરમાં ગમન માટે ઉત્ક્રાંતિ કરનાર કહેલો છે. વ્યાન, નખથી શિખા પર્યંત સર્વ અંગમાં વ્યાપીને ચેષ્ટાને કરાવનારો માન્યો છે. નાગ, ઉદ્ગાર કાઢનાર કહેલો છે. કૂર્મ-નેત્રોનું ઉદ્ઘાટન કરાવનારો કહ્યો છે. (૨૭) કૃકલ, ભૂખને ઉઘાડનાર કહ્યો છે. દેવદત્ત, બગાસુ લાવનારો છે અને ધનંજય શરીરને પોષણ કરનારો કહ્યો છે. આ રીતે એમનું સ્વરૂપ સાંખ્ય વિશારદોએ કહ્યું છે. (૨૮) દેવદત્ત પ્રાણમાં અંતર્ભૂત જાણવો. કૃકલ અપાનમાં કહેલો છે. ધનંજય સમાનમાં રહેલો છે અને કૂર્મ વ્યાન અંતર્હિત જાણવો. (૨૯) તથા નાગ, ઉદાનમાં અંતર્હિત છે માટે પ્રાણ પાંચ પ્રકારના છે એમ જાણવું. ઈન્દ્રિયો દશ સંખ્યાવાળી કહેલી છે તેનાં લક્ષણો હું તમોને કહું છું. (૩૦) જે કરણભૂત ઈન્દ્રિય વડે શ્રવણ કરાય તે શ્રોત્ર કહેવાય છે, જે કરણથી સ્પર્શ કરાય છે તે ત્વક્ ઈન્દ્રિય છે, જેના વડે જીવ નીલ-પીત વગેરે રૂપ જુએ છે તે ચક્ષુ ઈન્દ્રિય છે. જેનાથી જીવ રસનો આસ્વાદ ગ્રહણ કરે તે રસના (જિવ્હા) ઈન્દ્રિય છે. (૩૧) તેના વડે જીવ ગંધ ગ્રહણ કરે છે તે ઘ્રાણેન્દ્રિય છે. જે કરણથી જીવ વચન બોલે છે તે વાક્ ઈન્દ્રિય છે. જે કરણ વડે લેવા આપવાનો વ્યવહાર થાય તે ઈન્દ્રિય પાદ કહેવાય છે. (૩૨) જે કરણથી જીવ મળનો ત્યાગ કરે તે ગુદા(પાયુ) કહેવાય છે. અને જેના વડે મૂત્રાદિ કરાય છે તે ઉપસ્થ ઈન્દ્રિય કહેવાય છે. આ દશ ઈન્દ્રિયો બાહ્યકરણો જાણવા. (૩૩) મન અતઃકરણ કહેલું છે અને બુદ્ધિ પણ અંતઃકરણરૂપા કહી છે તેમજ અહંકાર અને ચિત્ત પણ અંતઃકરણ જ કહેવાય છે. (૩૪) કેટલાક વિદ્વાનો મન અને બુદ્ધિનો અભેદ ઈચ્છે છે; જીવાત્મા મન વડે સંશયને પામે છે અને બુદ્ધિ વડે નિશ્ચય પામે છે. (૩૫) અહંકાર અને ચિત્ત મન અને બુદ્ધિના અંતર્ગત જાણવા. તેમાં જીવાત્મા અહંકાર વડે અહંતા અને ચિત્ત વડે ચેતનાને પામે છે. (૩૬) આ પ્રકારે (પ્રાણ, ઈન્દ્રિયો, મન, બુદ્ધિના, સંઘાતરૂપ) અંતઃકરણમય સૂક્ષ્મ શરીર કહ્યુ. આ સ્થૂલ અને સૂક્ષ્મ શરીરને પરસ્પર આશ્રયાશ્રયિભાવ વર્તે છે, પરસ્પરને આશરીને ક્રિયા કરે છે. આ સૂક્ષ્મ શરીરના મધ્યે કારણ નામનું શરીર રહેલું છે. (૩૭) તે કારણ શરીર અવિદ્યાપ્રધાન અને

અનાદિકાલાવસ્થાયિ તથા જીવોનું નિવાસસ્થાન કહેવાય છે. જેમ બીજ અંકુરયુક્ત છે તેમ આ કારણ શરીર પણ સંચિતકર્મથી યુક્ત હોય છે. (૩૮) જેમ પૃથ્વીથી ગંધની પૃથક્પણે સત્તા નથી તેમ કારણ દેહ અને જીવની ભિન્ન સ્થિતિ નથી. (૩૯) જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ અવસ્થાઓ મિશ્ર ગુણાત્મિકા છે, ગુણોના સાંકર્યથી પરસ્પર મિશ્રિત છે. (૪૦) વૈરાજ નારાયણની પાલનરૂપા અવસ્થા તેના કાર્યભૂત સત્ત્વગુણાત્મિકા તથા નેત્રમાં કર્યો છે નિવાસ જેણે એવી જે અવસ્થા તેને જાગ્રત નામ વડે કહેલી છે. (૪૧) જે જાગ્રત અવસ્થામાં વિશ્વ સંજ્ઞાવાળા જીવની સ્થૂળ દેહના અભિમાનથી શ્રોત્રાદિ બાહ્યકરણો અને મન આદિ અંતઃકરણો વિવેકે સહિત જેમ થાય તેમ યથાર્થભાવથી જીવે કરેલાં પૂર્વનાં કર્મોને અનુસારે શબ્દાદિ બાહ્ય વિષયોના ભોગોનો અનુભવ થાય તે સત્ત્વપ્રધાન જાગ્રત કહેવાય છે. (૪૨-૪૩) આ જાગ્રતાવસ્થામાં જીવ જો ભ્રાંતિથી અયથાર્થભાવથી શબ્દાદિ વિષયોના ભોગો ભોગવે છે તે રજોગુણ પ્રધાન સત્ત્વના કાર્યભૂત જાગ્રત અવસ્થામાં સ્વપ્નવસ્થા કહેવાય છે. (૪૪) જાગૃત અવસ્થામાં શબ્દાદિક ભોગોને ભોગવતો થકો જીવ શોક અને શ્રમ વગેરેથી સત્-અસત્ના વિવેકેરહિત જે જાણે નહિ ત્યારે તો તમોગુણ પ્રધાન જેમાં છે તે સત્ત્વગુણપ્રધાન જાગ્રત અવસ્થામાં સુષુપ્તિ અવસ્થા કહેવાય છે. હે મુને ! જાગ્રત અવસ્થામાં જીવોનું કર્મનું ફળ આપનારા તો વૈશ્વાનર-વૈરાજપુરુષાત્મા વાસુદેવ જ છે એમ જાણવું. (૪૫-૪૬) સત્પુરુષ અને સચ્છાસ્ત્રના પ્રસંગ વડે તથા બ્રહ્મવિદ્યાના ચિંતન થકી આ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપ ત્રણ ભેદોનું જ્ઞાન થાય. જે ભેદત્રયના જ્ઞાનથી તૂર્ય કહેતાં ચતુર્થ પરબ્રહ્મ પદ (પ્રાપ્ત) થાય તે નિશ્ચય વાત છે. (૪૭) ત્રણ ત્રણ ભેદોવાળી જાગ્રતાદિ અવસ્થાઓમાં જે સત્ત્વ-રજ-તમ ગુણોની પ્રધાનતા કહેલી છે અને આગળ કહેવાશે તે પ્રધાનતા તો તેવા પ્રકારના કર્મને અનુસારે જાણવી. જીવ પ્રધાનપણે વર્તતા ગુણમાં રહીને તેવા પ્રકારનું કર્મ કરે છે. (૪૮) હિરણ્યગર્ભની ઉત્પત્તિ અવસ્થાનું કાર્ય અને કંઠમાં છે સ્થિતિ જેની એવી રજોગુણાત્મિકા અવસ્થાને સ્વપ્ન સંજ્ઞા વડે મુનિજનો કહે છે. (૪૯) સૂક્ષ્મ દેહના અભિમાન વડે રાજસ સંજ્ઞાવાળા જીવને પૂર્વ કર્માનુસારે વાસનામય ભોગોની પ્રાપ્તિ થાય છે. (૫૦) જ્યાં ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ વડે પ્રિય અને અપ્રિય, ક્ષણમાં વિનાશી માટે અસ્થિર, જે શબ્દાદિ ભોગોની પ્રાપ્તિ થાય તે રજોગુણપ્રધાન સ્વપ્નાવસ્થાવાળું સ્થાન કહેવાય છે. (૫૧) જ્યારે જીવ જાગ્રત અવસ્થામાં જ જેમ વિવેકને જાણતો સતો સ્વપ્નમાં પણ શબ્દાદિ વિષયોને ભોગવે ત્યારે તે સ્વપ્નાવસ્થામાં જાગ્રત અવસ્થા કહેવાય છે. (૫૨) સત્ત્વપ્રધાન અને રજોગુણ છે આત્મા જેનો એવા સ્વપ્ન અને જાગ્રત અવસ્થાવાળો તે જીવ સ્વપ્નભોગોને ભોગવતો થકો પણ જડપણાથી તે ભોગોને જાણતો નથી. તમોગુણ છે પ્રધાન જેમાં અને રજોગુણ છે સ્વરૂપ જેનું એવી સ્વપ્ને સહિત સુષુપ્તિ અવસ્થા હોય છે. સ્વપ્નમાં હિરણ્યગર્ભ કર્મોના ફળ આપનારા હોય છે. (૫૩-૫૪) પ્રબુદ્ધને એ ત્રણે ભેદોનું જ્ઞાન જેના થકી થાય તે તુરીયપદ કહેલુ છે. આ પદ સદા પ્રકાશાત્મક છે. (૫૫) ઈશ્વરની પ્રલયાવસ્થાનું કાર્ય અને તમોરૂપા તથા હૃદયસ્થાનમાં રહેનારી અવસ્થાને મુનિજનો સુષુપ્તિ અવસ્થા કહે છે. (૫૬) જે અવસ્થામાં બાહ્યકરણો અને અંતઃકરણની વૃત્તિઓ ભોગવવા યોગ્ય પંચવિષયોની વાસના તથા

જીવનો જ્ઞાતાપણાનો અને કર્તાપણાનો ભાવ - આ બધું કારણદેહમાં લીન થાય, તે કારણદેહના અભિમાની પ્રાજ્ઞ સંજ્ઞાવાળો જીવાત્મા સગુણ બ્રહ્મસંજ્ઞાવાળા પ્રધાનપુરુષના સુખલેશમાં જે અતિશય લીનપણું છે તે તમોમયી સુષુપ્તિ અવસ્થા જાણવી. (૫૭-૫૮) આ સુષુપ્તિમાં પ્રાચીન કર્મસંસ્કારથી કર્તૃત્વવૃત્તિનું ઉત્થાન રજોગુણ છે મુખ્ય જેમાં એવી તમોમયી સુષુપ્તિ અવસ્થામાં સ્વપ્ન અવસ્થા જાણવી. (૫૯) જાગ્રત અને સ્વપ્નની પીડાના તાપથી પૂર્વાનુભૂત સુખમાં ફરી પ્રવેશ કરતી કર્તૃત્વવૃત્તિનું જે પ્રતિલોમ વર્તન છે તે પ્રતિલોમપણાનું જ્ઞાન તો સુષુપ્તિમાં છે. સત્ત્વગુણ છે મુખ્ય જેમાં એવી તમોમયી સુષુપ્તિમાં જાગ્રત અવસ્થા કહેવાય છે. આ સુષુપ્તિમાં કરેલાં કર્મોના ફળપ્રદાતા ઈશ્વર માનેલા છે. (૬૦-૬૧) પ્રબુદ્ધને એ ત્રણ ભેદોનું જ્ઞાન જેના થકી થાય તે તુરીય કહેતા ચતુર્થ પદ કહેલું છે. તે સૂક્ષ્મ દૃષ્ટિથી જાણવા યોગ્ય છે. (૬૨) જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ અવસ્થાનું પણ કારણરૂપ સત્ત્વ, રજ, તમ - આ ત્રણ ગુણો કહ્યા છે તે ગુણો પણ લક્ષણોથી જાણવા. (૬૩) પ્રથમ સત્ત્વગુણ લક્ષણ કહે છે : અહીં ગુણો એટલે લક્ષણો સમજવાનાં છે. આનંદ-સ્વાભાવથી સુખરૂપતા, ઉત્કૃષ્ટતા, પ્રસન્નતા, વસ્તુનું યથાર્થ જ્ઞાન, સુખસંગીપણું, અરાગપણું, સંતોષ, આસ્તિકતા, લોભરહિતપણું, ક્રોધરહિતપણું, ક્ષમા, પોતાના કલ્યાણના ઉપાયમાં પ્રવર્તન, અહિંસા, સમતા, સત્ય, ઋણે રહિતપણું, કોમળપણુ, અયોગ્ય કર્મમાં લજ્જા, અચપળપણું, શૌચ, સરલપણું, સદાચારના આચરણમાં રુચિયુક્તપણું, તૃષ્ણાએ રહિતપણું, હૃદયમાં સંભ્રમે રહિતપણું, ઈષ્ટ-અનિષ્ટ વિમિશ્ર કર્મોનું નહિ શ્લાઘા કરવાપણું, વસ્ત્ર-ધનાદિના દાન વડે અન્ય ઉપર અનુગ્રહ કરવાપણું, સ્પૃહાએ રહિતપણું, યથાશક્તિ પદાર્થની સિદ્ધિ કરવી, સર્વભૂત ઉપર દયા રાખવી - આ બધા સત્ત્વગુણના ગુણવિશેષો કહેલા છે. (૬૪-૬૭) નાનાવિધ રસોમાં અભિલાષ, અસ્થિરતા, રૂપનિરૂપણ (રૂપમાં આસક્તિ), ઐશ્વર્યનો આવિષ્કાર, વિગ્રહ કરવો, પાત્રની ઉપલબ્ધિમાં પણ બદ્ધહસ્તપણું, દયાએ રહિતપણું, દુઃખમિશ્ર સુખનું ઉપસેવન, પરાપવાદમાં પ્રીતિ, દુરાગ્રહ વાદોના સેવનમાં રુચિ, અહંકાર, અસત્કાર, ચિંતા, વેરનું ઉપસેવન, પરિપાત, પરધનનું અપહરણ, લજ્જાનો નાશ, અસરલપણુ, ભેદ-પક્ષપાતબુદ્ધિ અથવા અહંમમતાનું અધિકપણું, કઠોરતા, પરદ્રોહનું આચરણ, કામ, ક્રોધ, કુળજન્માદિકનો મદ, અક્ષમા, અન્યનો ઉપહાસ કરવો, અસંતોષ, હર્ષ-આ બધા રજોગુણના કાર્યભૂત ગુણો છે. હવે તમોગુણના કાર્યભૂત ગુણો કહું છું. (૬૮-૭૧) ક્રોધ, દુર્મરણ, અજ્ઞાન, મોહ, ગ્રામ્ય ભોગસુખની એષણા, કાર્યાકાર્યનો અવિવેક, વ્યથા, ભય, અસમૃદ્ધિ, દીનતા, શોક, આળસ, દુઃખ, ગંધાનુલેપનમાં વિવિધ વસ્ત્રધારણમાં-વિહારમાં અભિરુચિ, પુષ્પહાર પહેરવામાં અને નાનાવિધ શય્યારોહણમાં અભિરુચિ, દિવાનિદ્રા, અતિનિદ્રા, પરનિંદામાં પ્રીતિ, નૃત્યવાદિત્ર ગાન વગેરેનું જ્ઞાન નહિ હોવા છતાં તેમાં અતિ શ્રદ્ધા, અધિક ધર્મવાળાઓનો દ્વેષ કરવો-આ બધા તમોગુણના કાર્યભૂત ગુણવિશેષો છે. આ રીતે કાર્યભૂત લક્ષણો વડે પૃથક્ પૃથક્ સત્ત્વાદિ ત્રણ ગુણો જાણવા. (૭૨-૭૫) અધ્યાત્મ અને અધિદૈવતે સહિત સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ દેહ તથા સત્ત્વ-રજ-તમ આ ત્રણ ગુણો તથા જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ આ ત્રણ અવસ્થા. આ બધુ મળીને ક્ષેત્ર કહેલું છે. (૭૬) જે આ પૂર્વોક્ત ક્ષેત્રને જાણે છે તે આત્મા ક્ષેત્રજ્ઞ કહેવાય છે અને

તે ક્ષેત્રજ્ઞ સામાન્ય સત્તા વડે સમગ્ર દેહમાં વ્યાપીને વર્તે છે. (૭૭) અને તે ક્ષેત્રજ્ઞ વિશેષ સત્તા વડે તો હૃદયકમળમાં રહેલો છે. તે ક્ષેત્રજ્ઞ રત્નદીપતુલ્ય, જ્ઞાતા અને અણુ સરખો સૂક્ષ્મ છે. (૭૮) હે મુને ! આ પ્રકારે મેં તમોને ક્ષેત્રજ્ઞપણે આત્મા કહ્યો. તેનું જ સ્વરૂપ રૂડી રીતે જાણવા માટે મોક્ષધર્મમાં કહેલો આધ્યાત્માદિ ભેદ તમોને કહું છું. હે શુદ્ધ બુદ્ધિવાળા નિત્યાનંદ મુને ! તે તમો સાંભળો. (૭૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં જ્ઞાનોપદેશે પ્રાણઈન્દ્રિયાવસ્થાગુણનિરૂપણ નામનો એકસોને પાંચમો અધ્યાય થયો. ॥૧૦૫॥

●

## અધ્યાય-૧૦૬

**શ્રીનારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! સાંખ્યશાસ્ત્રને જાણનારાઓએ શ્રોત્ર(ગોલક ઈન્દ્રિય)ને અધ્યાત્મ કહેલું છે. શ્રોત્રમાં દિશાઓ આધિદૈવત કહેલું છે. શ્રોતવ્ય શબ્દાદિ અધિભૂત કહેલું છે તે શ્રોતવ્યને પુરુષ અધ્યાત્મ અને અધિદૈવ વડે પામે છે. (૧) ત્વગિન્દ્રિય અધ્યાત્મ કહેલું છે. તેમાં વાયુ અધિદૈવત કહ્યો છે અને સ્પર્શ અધિભૂત કહેલો છે. તે અધિભૂતને પુરુષ અધ્યાત્મ અને અધિદૈવત વડે પામે છે. (૨) ચક્ષુ ગોલક ઈન્દ્રિય અધ્યાત્મ જાણવું. ચક્ષુઈન્દ્રિયમાં સૂર્ય અધિદૈવત કહ્યું છે. જોવા યોગ્ય રૂપ અધિભૂત કહ્યું છે. તે અધિભૂતને પુરુષ અધ્યાત્મ અને અધિદૈવત વડે પામે છે. (૩) જિહ્‌વાને અધ્યાત્મ અને વરૂણને અધિદૈવત કહેલું છે. રસ જે તે અધિભૂત જાણવો તે અધિભૂતને પુરુષ અધ્યાત્મ અને અધિદૈવત વડે પામે છે. (૪) ઘ્રાણેન્દ્રિય અધ્યાત્મ કહ્યું છે તેમાં અશ્વિનીકુમારો અધિદૈવત કહ્યા છે. સૂંઘવા યોગ્ય ગંધ અધિભૂત કહ્યો છે. તેને પુરુષ અધ્યાત્મ અને અધિદૈવત વડે પામે છે. (૫) વાક્ ઈન્દ્રિય અધ્યાત્મ તેમાં અગ્નિ અધિદૈવત કહ્યો છે. બોલવા યોગ્ય વક્તવ્ય અધિભૂત કહ્યો છે. અધ્યાત્મ અને અધિદૈવત વડે પુરુષ અધિભૂત વિષયને પામે છે. (૬) હસ્તેન્દ્રિય (પાણિ) અધ્યાત્મ કહેલું છે તેમાં ઈન્દ્ર અધિદૈવત છે. ગ્રહણ કે કર્તવ્ય અધિભૂત છે કે જેને પુરુષ અધ્યાત્મ અને અધિદૈવત વડે પામે છે. (૭) પાદ (ચરણેન્દ્રિય) અધ્યાત્મ કહ્યું છે. તેમાં વિષ્ણુ અધિદૈવત કહ્યા છે. ગમનને યોગ્ય પગનો વ્યાપાર અધિભૂત કહ્યું છે. જીવ અધિભૂતને અધ્યાત્મ અને અધિદૈવત વડે પામે છે. (૮) પાયુ (ગુદા ઈન્દ્રિય) અધ્યાત્મ કહેવાય છે અને તેમાં મિત્રદેવ અધિદૈવત છે તથા વિસર્ગ-મળત્યાગ અધિભૂત છે. તેને જીવ અધ્યાત્મ અને અધિદૈવત વડે પામે છે. (૯) શિશ્નેન્દ્રિય અધ્યાત્મ કહેલું છે તેમાં પ્રજાપતિ અધિદૈવત છે અને આનંદ (મૈથુનસુખ) અધિભૂત કહ્યું છે. તેને પુરુષ અધ્યાત્મ અને અધિદૈવત વડે પામે છે. (૧૦) મન ઈન્દ્રિયને અધ્યાત્મ કહેલી છે અને તેમાં ચંદ્રમા અધિદેવતા છે. તેમાં મંતવ્ય અધિભૂત કહ્યું છે. પુરુષ તેને અધ્યાત્મ અને અધિભૂત વડે પામે છે. (૧૧) બુદ્ધિ (અંતઃઈન્દ્રિય) અધ્યાત્મ કહેલી છે તેમાં બ્રહ્મા અધિદૈવત કહેલા છે. જાણવા યોગ્ય (નિશ્ચય) અધિભૂત કહ્યો છે. તેને પુરુષ અધ્યાત્મ અને અધિદૈવતથી પામે છે. (૧૨) અહંકાર અધ્યાત્મ કહેલ છે તેમાં રુદ્ર અધિદૈવત કહેલ છે. તેમાં અભિમાન અધિભૂત છે તે પુરુષ અધ્યાત્મ

અને અધિદૈવ વડે પામે છે. (૧૩) ચિત્ત અધ્યાત્મ કહેલું છે. તેમાં ક્ષેત્રજ્ઞ અધિદૈવત છે. ચિંતનરૂપ વિષય અધિભૂત છે તેને પુરુષ અધ્યાત્મ અને અધિદૈવત વડે પામે છે. (૧૪) આ અધ્યાત્માદિ વિભાગ જેમ છે તેમ સ્પષ્ટપણે ત્રણ પ્રકારે નિરૂપણ કર્યો છે તેમાં અધ્યાત્મ અને અધિદૈવ બે કરણ જાણવાં અને એક અધિભૂત રૂપ ત્રીજું કર્મ જાણવું. (૧૫) અધ્યાત્માદિ ત્રણ પૈકી કોઈપણ એકનો અભાવ હોય તો પુરુષ શ્રવણ, દર્શન વગેરે કર્મ કરવા માટે શક્તિમાન થતો નથી. તોપણ તે જીવ પોતે જ્ઞાનસ્વરૂપે કરીને એના થકી જુદો (જ્ઞાતારૂપે) રહેલો છે. (૧૬) જીવરૂપ ક્ષેત્રજ્ઞ વિશેષ સત્તારૂપે હૃદયાકાશમાં પ્રકાશવાન રહેલો છે અને સામાન્ય સત્તાથી આખા શરીરમાં વ્યાપીને રહેલો છે. (૧૭) શ્રોત્રાદિ ઈન્દ્રિયો થકી વિષયો પર (સૂક્ષ્મ) છે. વિષયો થકી મન સૂક્ષ્મ છે. મન થકી બુદ્ધિ સૂક્ષ્મ છે અને તે થકી પણ જે સૂક્ષ્મ છે તે ક્ષેત્રજ્ઞ છે. (૧૮) અધિષ્ઠાતા દેવોએ પ્રકાશિત કરેલા વિષયો મેં પોતાની ઈન્દ્રિયો વડે ભોગવ્યા છે. આ પ્રમાણે હું મારા અંતઃકરણમાં જાણું છું. આ પ્રમાણે જે કહે છે (જાણે છે) તે પોતે ક્ષેત્રજ્ઞ (જીવાત્મા) છે. (૧૯) આ પ્રમાણે સાંખ્યજ્ઞાન મેં તમોને કહ્યું જે સાંખ્યજ્ઞાનથી દેહ (ક્ષેત્ર), દેહી (ક્ષેત્રજ્ઞ)નો સત્ અને અસત્ સ્વરૂપ તેમાં દેહીનું સત્યસ્વરૂપ અને દેહનું અસત્ય સ્વરૂપ જે પ્રકારે છે તેમ યથાર્થપણે જનો જાણી શકે છે. (૨૦) હે સાધો ! જે પુરુષ આ મેં કહેલા સાંખ્યજ્ઞાનથી પોતાના ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ સ્થૂલાદિ ત્રણ દેહથી ભિન્ન જ્યાં સુધી ન જાણે ત્યાં સુધી માયાથી બંધાયેલો સતો વારંવાર દુઃખરૂપ સંસૃતિને પામે છે. (૨૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં
જ્ઞાનોપદેશમાં અધ્યાત્માદિવિભાગનિરૂપણ નામનો એકસોને છઠ્ઠો અધ્યાય થયો. ॥૧૦૬॥

●

## અધ્યાય-૧૦૭

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે મુને ! આ પૂર્વોક્ત સાંખ્યજ્ઞાન વડે કારણાદિ ત્રણ દેહથી પોતાનો જીવાત્મા વિલક્ષણ જાણવો અને ઈશ્વર (વૈરાજ પુરુષ) અવ્યાકૃતાદિ દેહોથી જુદો જાણવો. (૧) પછી તદાત્મભાવપણે પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકત્વની ભાવના કરે ત્યારે પુરુષ બ્રહ્મરૂપ થકો ભક્તિથી વાસુદેવ ભગવાન શ્રીહરિનું ભજન કરે. (૨) પોતાના અધિકારને અનુસરનારા વર્ણાશ્રમોચિત ધર્મને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી પાલન કરતો થકો સદા વાસુદેવનું સેવન કરે. (૩) બ્રહ્મચર્યાદિ આશ્રમો, બ્રાહ્મણાદિ વર્ણો, તેનાથી બાહ્ય સંકર જાતિઓ અને સ્ત્રી-પુરુષોના સમગ્ર ધર્મો ધર્મશાસ્ત્રમાં કહેલા છે તે ધર્મો શાસ્ત્રો થકી જાણવા. (૪) સર્વના અંતર્યામી નારાયણ માટે જ સાક્ષાત્ વાસુદેવ ભગવાન મુમુક્ષુઓને ઉપાસના કરવા યોગ્ય છે. બીજા કોઈ દેવ ઉપાસના કરવા યોગ્ય નથી એવો સમગ્ર શાસ્ત્રોનો સિદ્ધાંત છે. (૫) તે ભગવાન વાસુદેવ બ્રહ્માદિ દેવો અને અક્ષરમુક્તાદિ સર્વેના અધિપતિ છે. સુવર્ણ વર્ણવાળા અર્થાત્ તેજોમય મૂર્તિ છે. સૌભાગ્યાદિ સમગ્ર સૌંદર્યના વાસરૂપ છે મૂર્તિ જેમની, જેમના એક એક અવયવમાં કરોડો ચંદ્રમાની કોટિઓના પ્રકાશ તુલ્ય ઉજ્જ્વલ કાંતિઓની પંક્તિવાળા, સર્વદા કિશોરાવસ્થાવાળા અત્યંત રમણીય, પીતાંબર ધારણ કરનારા, દશે

દિશાઓમાં પ્રસરતો છે દેહસુગંધ જેમનો એવા, બન્ને હસ્તો વડે મુરલી પોતાના ઓષ્ઠના અગ્રભાગમાં ધારણ કરીને વગાડતા, નૂપુરોથી સુશોભિત ચરણોવાળાં, વળી મુકુટ, કંદોરો, કંકણ, બાજુબંધ વગેરે અલંકારો વડે ભૂષિત એવા, ચંદ્રમા સમાન આનંદ આપનારા મુખારવિંદવાળા, શ્રીવત્સના ચિહ્નથી વિશાળ વક્ષઃસ્થળવાળા, કમળપત્રના સમાન દીર્ઘ સુંદર નેત્રોવાળાં, રાધિકા અને લક્ષ્મીએ મહામૂલ્યોવાળાં વસ્ત્રો અને અલંકારો, પુષ્પમય હારો તથા કેસર, ચંદન, ધૂપ, દીપ આદિ વડે પૂજેલા, કરુણાસભર દૃષ્ટિ વડે પોતાના ભક્તોને જોતા, આવા મંદહાસ્યયુક્ત મુખારવિંદવાળા તથા પોતાના હૃદયકમળમાં મુમુક્ષુ પુરુષે ચિંતન કરવા યોગ્ય એવા, તે વાસુદેવ ભગવાન છે. (૯-૧૦) પુરાણોમાં પ્રસિદ્ધ બહુ પ્રકારના મનઃકલ્પિત શુભ ઉપહારોથી જ વાસુદેવ ભગવાનનું પૂજન હૃદયમાં કરવું. (૧૧) હૃદયમાં ધ્યાન કરેલા તે પ્રભુને ભક્તજન પોતાને પૂજવા યોગ્ય ભગવાનની પ્રતિમામાં આવાહન કરીને પ્રસિદ્ધ એવા ચંદન-પુષ્પાદિ યથાપ્રાપ્ત ઉપચારો વડે પ્રભુનું પૂજન કરે. (૧૨) પૂજનના અંતે સ્વસ્થચિત્તવાળો તે પૂજક હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરતો થકો અષ્ટાક્ષર શ્રીકૃષ્ણના મંત્રનો શક્તિ અનુસાર જપ કરે. (૧૩) શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન આ નવ પ્રકારો વડે જે આદરપૂર્વક સેવન કરે તે ભક્તજનને વ્યાપક નારાયણમાં દૃઢ પ્રેમ થાય. (૧૪-૧૫) તે પુરુષને ભગવાન શ્રીહરિમાં પ્રાણ, ઇન્દ્રિય, મન અને બુદ્ધિનો નિરોધ થાય છે. પછી તે ભક્ત સર્વ સ્થળમાં સર્વ પદાર્થમાં ભગવાનને જુએ છે. (૧૬) ત્યારપછી અવિનાશી, શુદ્ધ, અક્ષર, બ્રહ્મરૂપ, પોતાના આત્માને જુએ છે. પછી બ્રહ્મરૂપ એવા પોતાના આત્મામાં જ પ્રકાશમાન પ્રભુ શ્રીહરિને દેખે છે. (૧૭) જેમ પૃથ્વી વગેરે તત્ત્વોનો આધાર આકાશ છે તે પ્રમાણે નિત્ય એવા જીવ, ઈશ્વર, પ્રકૃતિ અને પુરુષોના આધારભૂત અક્ષરબ્રહ્મ છે. (૧૮) જેમ આકાશમાં શબ્દ છે તેમ અક્ષરબ્રહ્મમાં દિવ્યમૂર્તિ તે પુરુષોત્તમ ભગવાન રહે છે. (૧૯) અને તે પુરુષ પોતાના સ્વરૂપને તેજોમય યથાવત દેખે છે અને તે ભક્ત બ્રહ્મરૂપ થકો ભગવાનને ભજે છે અને તેમનું દર્શન કરે. (૨૦) સાંખ્યશાસ્ત્રમાં પ્રવીણ મુનિઓ આને પરા નામની ભક્તિ કહે છે. આ વાચ્યાર્થ કે પ્રયોજનને ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુન પ્રત્યે કહેલું છે. (૨૧) બ્રહ્મરૂપ થયેલો માટે પ્રસન્ન મનવાળો તે શોક કે અભિલાષા કરતો નથી. સર્વભૂતોમાં સમદૃષ્ટિવાળો તે પરા (ઉત્કૃષ્ટા) એવી મારી પ્રેમલક્ષણા ભક્તિને પામે છે. (૨૨) અને આ પરા પ્રેમલક્ષણા ભક્તિ વડે જ ગુણાતીત સ્થિતિ થાય તથા પુરુષને સર્વથા શાંતિ થાય-આથી બુદ્ધિમાન પુરુષ આવી ભક્તિનો આશ્રય કરે. (૨૩) મેં આ સાંખ્યશાસ્ત્રનો ગૂઢ અર્થ (રહસ્યાર્થ) સર્વને જેમ બોધ થાય તે પ્રમાણે પ્રત્યક્ષ કરીને બતાવ્યો છે. બીજાઓ તો આવી રીતે નહિ જાણનારા જનો બીજી રીતે કહે છે. (૨૪) તે સિદ્ધાંતને નહિ જાણનારા જનો જીવ અને પરબ્રહ્મને અભેદ (એકરૂપ) કહે છે. તેથી સ્વયં વાસુદેવ થઈને પોતાની ઇચ્છાનુસારે ગમે તેવી ક્રિયાઓ કરે છે. (૨૫) વળી 'એકમેવાદ્વિતીય' વગેરે શ્રુતિવાક્યને પોતે માનેલા અર્થમાં પ્રમાણપણે કહે છે. તેઓ તે વાક્યનું તાત્પર્ય જાણતા નથી અથવા જાણવા છતાં પણ લોકોને છેતરે છે. (૨૬)

સંસારથી મુક્તિની ઈચ્છાવાળા મુમુક્ષુજને તે અભેદવાદીનો મત ગ્રહણ કરવો નહિ. પરંતુ આ મેં કહેલો ઉદ્ધવાવતાર શ્રી રામાનંદસ્વામીનો સિદ્ધાંત જ સેવન કરવો. (૨૭) સુર-નરાદિ જીવો, વૈરાજાદિ ઈશ્વરો, બ્રહ્મ-અક્ષરબ્રહ્મ, મુક્તાત્મસ્વરૂપ અને આ સર્વ થકી પર પરબ્રહ્મ શબ્દ વાચ્ય ભગવાન પુરુષોત્તમ, તે આ સર્વેનો પરસ્પર ભેદ પરમાર્થભૂત જ છે પણ કલ્પિત નથી. વેદાંતવાક્યોએ આ પારમાર્થિક ભેદ પ્રતિપાદન કર્યો છે. (૨૮) 'બ્રહ્મવિત્ પરમાપ્નૌતિ' અર્થાત્ પોતાના અક્ષરરૂપ બ્રહ્મસ્વરૂપને જાણનારો બ્રહ્મવેત્તા પુરુષ પરમાત્માને પામે છે અને શ્રુતિ પણ સ્પષ્ટ જેમ થાય તેમ બ્રહ્મવેદિજનોને ઉપાસના કરવા યોગ્ય પરબ્રહ્મને કહે છે. (૨૯) જે ભગવાનનું શરીર આત્મા છે, જે પરમાત્માને જીવાત્મા જાણતો નથી, જે પરમાત્મા અંદર રહીને આત્માનું નિયમન કરે છે તે પરમાત્મા અમૃત (મોક્ષ)રૂપ પ્રભુ સમર્થ છે. (૩૦) જે પરમાત્માનું શરીર અક્ષર છે, અક્ષર જેને જાણતું નથી. (જેના મહિમાનો પારને પામતું નથી.) તે પ્રભુ અંતર્યામી થકા અક્ષરનું નિયમન કરે છે. તે પ્રભુ અક્ષરબ્રહ્મને પણ આનંદ આપનારી મૂર્તિ છે. (૩૧) આ પ્રમાણે મુખ્ય અર્થોને જણાવનારી શ્રુતિઓના સમુદાયો અક્ષરબ્રહ્મને પણ પરબ્રહ્મનું શરીર કહે છે. પણ તે બન્નેનું એકપણુ કહેતાં નથી. (૩૨) આ અક્ષરનું સ્વરૂપ મૈત્રેય મુનિએ વિદુરના પ્રતિ શ્રીમદ્ ભાગવતમાં ભગવાનના વાસસ્થાનપણે સ્પષ્ટ કહ્યું છે. (૩૩) આઠ પ્રકૃતિયુક્ત એવા વિકારો કહેતાં દશ ઈન્દ્રિયો પાંચ મહાભૂત અને મન રૂપ સોળ વિકારોએ સહિત અને પચાસ કરોડ યોજન વિશાળ તથા બહારથી અંડકોશના પ્રમાણથી દશ દશ ઉત્તરોત્તર અધિક એવા સાત વિશેષાદિ પૃથ્વીજળાદિ આવરણોથી આવૃત એવો આ બ્રહ્માંડકોશ જે અક્ષરમાં પ્રવેશ્યો થકો પણ પરમાણુ તુલ્ય ભાસે છે. કેવળ આ એક જ અંડકોશ અક્ષરમાં પરમાણુ જેવો છે એમ નહિ પણ બીજા કરોડો અંડસમૂહો અંદર રહેલા દેખાય છે. તે સર્વ કારણના કારણ અક્ષરબ્રહ્મને પરબ્રહ્મ મહાત્મા સાક્ષાત્ વિષ્ણુ પરમાત્મા પુરુષોત્તમના ધામપણે કહે છે. (૩૪-૩૫-૩૬) જ્યારે આવા મહિમાવાન અક્ષરબ્રહ્મની પણ પરબ્રહ્મરૂપતા નથી ત્યારે વૈરાજાદિ ઈશ્વરો અને જીવોની તો વાત જ શી કરવી ? કોઈ પણની પરબ્રહ્મ સાથે એકરૂપતા કદી સંભવે જ નહિ. (૩૭) અને વેદમાં અક્ષરબ્રહ્મનું એકત્વ નિરૂપણ છે તે તો નિર્વિકલ્પ સમાધિમાં રહેલાઓની દૃષ્ટિથી જ છે. પરંતુ વસ્તુતઃ એકત્વ કહેલું નથી. (૩૮) જે લોકાલોક પર્વત ઉપર બેઠેલા પુરુષો નીચે રહેલા પર્વતો, વૃક્ષો આદિ સર્વને ભૂત સાથે એકત્વપણે દેખે છે તેમજ વિદેહ મુક્તો પણ નિર્વિકલ્પ સમાધિમાં રહ્યા થકા જીવઈશ્વરાદિને બ્રહ્મૈક્યપણે જ દેખે છે પણ ભિન્ન ભિન્ન પણે જોતા નથી. (૩૯-૪૦) જે પુરુષો તે કહેલા પ્રકારે નિર્વિકલ્પ સમાધિને તો પામ્યા વગર કેવળ તેવી રીતના શાસ્ત્રના શ્રવણ-પઠનથી બ્રહ્મનું એકત્વ જાણીને યથેષ્ટાચરણ કરે છે તે પુરુષો તો નરકોમાં પડે છે. (૪૧) આ હેતુ માટે અનંતકોટિ બ્રહ્માંડોના નિયંતા પરમાત્મા શ્રી વાસુદેવ અને જીવોનું તથા ઈશ્વરોનું સરખાપણું નથી એ પ્રકારે નિશ્ચય જાણવો. (૪૨) જીવો અને બ્રહ્માદિ ઈશ્વરો સર્વેને ભક્તિથી ઉપાસના કરવા યોગ્ય એક શ્રી વાસુદેવ જ છે. બીજો કોઈ ઉપાસ્ય નથી. (૪૩) હે મુને ! માટે આ લોકમાં મુમુક્ષુ બ્રહ્મરૂપ પોતાના આત્માથી

શ્રી વાસુદેવને જ ભજે. તે ભજન વડે જ તે પરમ સમાધિને પામે અને પછી સર્વથી પર પરમાત્માના અક્ષર નામના ધામને પામે. (૪૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં જ્ઞાનોપદેશમાં સાંખ્યજ્ઞાનફલનિરૂપણ નામનો એકસોને સાતમો અધ્યાય થયો. ॥૧૦૭॥

●

## અધ્યાય-૧૦૮

**શ્રીહરિ મહાપ્રભુ બોલ્યા :**

હે નિત્યાનંદમુને ! જે મુમુક્ષુ યોગીને ભગવાન શ્રીહરિમાં ભક્તિનું દ્ઢપણું થાય તેના પ્રાણ-ઈન્દ્રિયો તો પિંડીભાવને પામીને એક પરબ્રહ્મમાં જ રોકાયેલા સજ્જડ થઈ જાય છે. દેહ પણ કાષ્ઠની પેઠે ચેષ્ટારહિત થાય. (૧) ભક્તિ પરવશ યોગી અંતઃકરણમાં સ્ફૂરાયમાન ભગવાનના દર્શનથી થયેલા આનંદ પરિપૂર્ણ અતઃકરણવાળો થઈને ઉન્મત્તની પેઠે ઇન્દ્રિયો થકી પોતપોતાના વિષયોને ગ્રહણ કરવા માટે સમર્થ થઈ શકતો નથી. (૨) તે યોગીનો પ્રારબ્ધકર્મવશવર્તી દેહ ભૂતલ ઉપર ભ્રમણ કરે છે. તે યોગીનો સર્વ સ્થાવરજંગમ ભૂતોમાં શ્રીહરિને જ દેખે છે; જગતને તો દેખતો જ નથી. (૩) તે યોગી પ્રારબ્ધકર્મના અંતે દેહનો ત્યાગ કરી જેવી રીતે પરમપદ અક્ષરધામને આત્યંતિક લય વડે પામે છે, તેનો પ્રકાર હાલમાં હું કહું છું. (૪) દેહપાતથી પહેલા ધ્યાનનિષ્ઠ તે યોગી સ્વહૃદયકમલમાં મૂલાધારચક્રથી આરંભીને બ્રહ્મરંધ્ર પર્યંત અખંડિત પ્રકાશનું દર્શન કરે છે. (૫) પછી સ્વયં યોગી વૃદ્ધિ પામતું તેજ ઇન્દ્રિયોનાં છિદ્રો અને શરીરનાં રોમછિદ્રોમાંથી પ્રસરતું સતુ પોતાના દેહથી બહાર નીકળતું દેખે છે. (૬) રાત્રિમાં અસંખ્ય દીપિકાઓથી યુક્ત કાચના મંદિરમાંથી જેમ તેજનાં કિરણો નીકળે છે તેમ તે તેજ પોતાના દેહમાંથી નીકળે છે. (૭) તે તેજ એકીભૂત થાય છે પછી તે રાશિભૂત તેજમાં મહાઘંટા, ઘટીયંત્ર અને દુંદુભીઓના ધ્વનિઓ જેવા શબ્દો ઉત્પન્ન થાય છે. (૮) તે નાદોના શ્રવણથી યોગીની બાહ્ય અને અંતર ભાવના (વાસના કે ચિંતા) નાશ પામે છે. પછી બહાર રહેલું અને અંદર રહેલું તેજ પરસ્પર મિશ્રિત થાય છે. (૯) પછી જાગ્રત-સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાનો વિલય થાય છે.પછી તે પ્રકાશે સહિત વર્તમાન એવો તુરીય આત્મા પોતાના દેહને તેજોરૂપ દેખે છે. (૧૦) તથા અંડજ, સ્વેદજ, ઉદ્‌ભિજ્જ અને જરાયુ આ ચાર પ્રકારના દેહોને સ્ત્રીલિંગ પુલ્લિંગ ભાવરહિત જ્યોતિરૂપ જુએ છે. પછી તે જ્યોતિ પૃથક્‌પણે સમગ્ર તેજ પણ એકપણાને પામેલું જુએ છે. (૧૧) તે તેજ વૃદ્ધિ પામતું થકું પૃથ્વી વગેરેની પેઠે વિશાળભાવને પામતું બ્રહ્માંડના ગોલકના અંત સુધી વ્યાપીને પૃથ્વી આદિ આઠ આવરણોને ભેદીને અતિક્રમણ કરતું જુએ છે. (૧૨) તે સમયે શ્રીહરિની કાલશક્તિથી યોગીના સ્થૂલ શરીરમાં પ્રલયકાળમાં થનારા જે સૂર્ય, કાલાગ્નિ, વાયુઓ, મેઘો, વીજળીના, ચમકારાઓ સહિત મેઘની ગર્જનાઓ પ્રકાશે છે. (૧૩) ત્યારપછી સત્તારૂપ એવો તે યોગીનો દેહ જે વિરાટ દેહની સાથે લય પામી ગયો એમ જાણે છે. (૧૪) ત્યારપછી તુર્ય શબ્દવાચ્ય વાસુદેવના પ્રકાશેયુક્ત તે યોગી દિવ્યસ્વરૂપ ભાગવતી તનુની સંજ્ઞાવાળા ભગવાનની પરિચર્યામાં ઉપયોગી

શરીરને પામીને સર્વોત્કૃષ્ણ ભગવાન વાસુદેવના અક્ષરધામમાં મહાનંદ પામે છે. (૧૫) યોગીનો આ દેહ કર્મથી ઉત્પન્ન થયેલો નથી પરંતુ ચૈતન્યરૂપ છે. આ દેહ પ્રલય સમયે પીડાને પામતો નથી. યોગી સૃષ્ટિ સમયે ઉત્પન્ન પણ થતો નથી. (૧૬) મુક્તાવસ્થાને પામેલો, સત્યસંકલ્પ, અપહતપાપ્મત્વાદિ જરાએ રહિત, નિરવધિકાતિશયાનંદ વગેરે ગુણોથી યુક્ત એવો તે યોગી શ્રીહરિના અક્ષરધામમાં શ્રીહરિનું હર્ષપૂર્વક સેવન કરતો થકો રહે છે. (૧૭) હે મુને ! આ પ્રકારે સર્વ ઉપનિષદોનો સાર કાઢી અજ્ઞાનનો નાશ કરનારું અને મોક્ષના સાધનભૂત જ્ઞાન મેં તમોને કહ્યું. (૧૮) આ જ્ઞાન ભગવાનના ઉત્તમ ભક્ત, મુમુક્ષુ, જિતેન્દ્રિય, રાગદ્વેષથી રહિત, પવિત્ર અને પોતાનું હિત ઈચ્છનારા જનને જ આપવું. (૧૯) અહિંસક, દોષવર્જિત, નિષ્કામ, ગ્રામ્યસુખમાં વિરક્ત અને ઉત્તમ બુદ્ધિવાળા જનને આ જ્ઞાન વિશેષપણે આપવું. (૨૦) કામી, ક્રોધી, લોભી, નિર્દય અને દેહાભિમાનવાળા જનને આ જ્ઞાન ક્યારેય ન આપવું. (૨૧) તથા ભગવાનની ભક્તિ વગરના, ગ્રામ્યસુખોમાં પ્રીતિવાળા, હિંસક અને મત્સરવાળા જનને આ જ્ઞાન ન આપવું. (૨૨) જે પુરુષ નિયમ તત્પર થઈને અતિ આદરપૂર્વક આ જ્ઞાનને સાંભળે કે પાઠ કરે તે પુરુષ આત્માનું શ્રેય કરનારી બુદ્ધિને આવશ્ય પામે. (૨૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ કહેલું શ્રેષ્ઠ જ્ઞાન સાંભળી તે નિત્યાનંદમુનિ અતિ પ્રસન્ન થઈને અને નિઃસંશય થકા નારકૃતિ નારાયણ ભગવાનને બ્રહ્મસ્વરૂપ એવા પોતાના આત્માની ભાવનાપૂર્વક નિત્ય ભજતા હતા. (૨૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં ચોથા પ્રકરણમાં જ્ઞાનોપદેશમાં જ્ઞાનફલનિરૂપણ નામનો એકસોને આઠમો અધ્યાય થયો. ॥૧૦૮॥ અહીં ચોથું પ્રકરણ સમાપ્ત થયું.

●

## સત્સંગિજીવનનું ચોથું પ્રકરણ સમાપ્ત થયું.

॥ શ્રીહરિઃ ॥

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સદ્‌ગુરુ શ્રીશતાનંદ મુનિ વિરચિત

# સત્સંગિજીવન

## પ્રકરણ-૫

**सुव्रत उवाच ।**

एकदा शिवरामस्तं विप्रवर्यो नराधिपः ! । पप्रच्छ प्राञ्जलिर्नत्वा नारायणमृषीश्वरम् ॥१॥

**ब्राह्मणोवाच ।**

भगवञ्छ्रोतुमिच्छामि नृणां धर्मं सनातनम् । त्वमेव सर्वधर्मज्ञो धर्ता धर्मस्य च प्रभो ! ॥२॥

बुधैरपि सुदुर्ज्ञेयो धर्मोऽयं सामवेदवत् । केवलं त्वां समाश्रित्य वर्तते सर्वथा हि सः ॥३॥

यदा यदा तु भवति ग्लानिस्तस्यात्र भूतले । तदा तदावतीर्य त्वं सम्यक् पासि तमच्युत ! ॥४॥

### અધ્યાય-૧

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરાધિપતિ રાજન્ ! એક સમયે બ્રાહ્મણશ્રેષ્ઠ શિવરામ યાજ્ઞિકે બંને હાથ જોડી, નમસ્કાર કરી મુનિપતિ નારાયણ મુનિને એમ પૂછ્યું. (૧)

**બ્રાહ્મણ બોલ્યા :**

હે ભગવન્ ! હું મનુષ્યોનો સનાતન ધર્મ સાંભળવાની ઈચ્છાવાળો છું. હે પ્રભો ! તમો જ સર્વ ધર્મના જ્ઞાતા છો અને ધર્મને ધારણ પણ તમો જ કરો છો. (૨) આ ધર્મ મોટા પંડિતોથી પણ અતિ દુર્જ્ઞેય છે તે આ દુર્બોધ ધર્મ સામવેદની પેઠે કેવળ તમારો જ આશ્રય કરીને વર્તે છે તે નિશ્ચિત વાત છે. (૩) હે અચ્યુત ! જ્યારે જ્યારે આ પૃથ્વી ઉપર ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે તમો જ અવતાર ધારણ કરી તે ધર્મનું રક્ષણ કરો છો. (૪) માટે આ ધર્મનો વક્તા, આચરિતા અને રક્ષક તમારા થકી અન્ય કોઈ આ પૃથ્વી ઉપર નથી, સ્વર્ગ અને પાતાળમાં નથી તેમજ બ્રહ્માની સભામાં પણ જણાતો નથી. (૫) તે હેતુ માટે શ્રી પ્રભો ! બ્રહ્મચર્યાદિ આશ્રમોએ સહિત બ્રાહ્મણાદિ ચારે વર્ણોના તેમજ બીજા મનુષ્યોના પૃથક્ પૃથક્ સદ્ધર્મો મને કહેવાને માટે તમો યોગ્ય છો. (૬)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા શિવરામ ભટ્ટનો સર્વ જીવ-હિતાવહ પ્રશ્ન સાંભળીને ધર્મરક્ષક એવા ભગવાન પ્રસન્ન થકા બોલ્યા. (૭)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! મનુષ્યો માટે કલ્યાણકારી પ્રશ્ન તમોએ કરેલો છે આથી ઋષિઓએ કહેલ વચનો વડે સનાતન ધર્મો હું તમોને કહું છું. (૮) જે ધર્મ વેદના પ્રમાણવાળો હોય તે જ ધર્મ જાણવો અને તેથી વિપરીત જે હોય તે અધર્મ જાણવો. વેદ સાક્ષાત્ નારાયણ જ છે કારણ કે વેદો નારાયણના

મુખમાંથી પ્રગટ થયેલા છે માટે સ્વયંભૂ એ પ્રકારે ગવાય છે. (૯) વેદે જે ધર્મો કહેલા છે તે જ ધર્મો તત્ત્વદર્શી ઋષિમુનિઓએ સ્મૃતિઓમાં ગૂંથેલા છે. આથી સ્મૃતિઓ પ્રમાણભૂત ગણાય છે. (૧૦) પુરાણો, ન્યાય, મીમાંસા, મનુ આદિ ધર્મશાસ્ત્ર, વ્યાકરણાદિ છ વેદાંગો, ઋગાદિ ચાર વેદો - આ મળીને ચૌદ વિદ્યાનાં અને ધર્મનાં સ્થાનો છે. (૧૧) મનુ, અત્રિ, વિષ્ણુ, હારીત, યાજ્ઞવલ્ક્ય, અંગિરા, યમ, વ્યાસ, આપસ્તંબ, સંવર્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, ઉશનસ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શાતાતપ, વસિષ્ઠ - આ બધા ધર્મશાસ્ત્રના પ્રવર્તક જાણવા. (૧૨-૧૩) આ ધર્મશાસ્ત્રોને અનુસરનારા બીજા પણ મુનિઓ છે. તેમણે કહેલાં શાસ્ત્રો પણ પ્રમાણપણે જાણવાં. (૧૪) હે દ્વિજ ! આ મનુ વગેરેનાં વચન માત્ર પ્રમાણપણે હોવા છતાં પણ સર્વદા યુગને અનુરૂપ ભેદ જાણવો તે નિશ્ચિત વાત છે. (૧૫) સત્‌યુગમાં તો મનુએ કહેલા ધર્મો હિતાવહ છે અને ત્રેતાયુગમાં ગૌતમ મુનિએ કહેલા ધર્મો હિતકર છે તથા દ્વાપર યુગમાં શંખ અને લિખિત મુનિએ કહેલા ધર્મો હિતાવહ જાણવા અને કળિયુગમાં પરાશર મુનિએ કહેલા ધર્મો હિતકર કહેલા છે. (૧૬) પરાશરમુનિએ કહેલા ધર્મો કરતાં પણ કળિયુગમાં તો શ્રી મહાભારતમાં મોક્ષ ધર્મમાં કહેલા તથા શ્રીમદ્‌ ભાગવતમાં કહેલા તથા ભગવદ્‌ ગીતા વડે કહેલા ધર્મો કલ્યાણકારી કહેલા છે. (૧૭) શ્રુતિ અને સ્મૃતિ વડે કહેલ ધર્મને અનુસરતો થકો માનવ આ લોકમાં કીર્તિને પામે છે અને મર્યા પછી સર્વોત્તમ સુખને પામે છે. (૧૮) તે ધર્મ છ પ્રકારનો છે : વર્ણ ધર્મ, આશ્રમ ધર્મ, વર્ણાશ્રમ ધર્મ, ગુણ ધર્મ, નૈમિત્તિક ધર્મ અને સાધારણ ધર્મ. આ પ્રમાણે ધર્મના પ્રકારો જાણનારાઓએ છ પ્રકારનો ધર્મ કહ્યો છે. આ છ પ્રકારના ધર્મનાં લક્ષણો પણ સંક્ષેપથી હું તમોને કહું છું. (૧૯-૨૦) જે ધર્મ કેવળ બ્રાહ્મણાદિ વર્ણભાવને આશ્રયે રહીને પ્રવર્તે છે તે ધર્મ વર્ણ ધર્મ કહ્યો છે. જેમ કે - 'ઉપનયન આદિ સંસ્કાર આઠ વર્ષના બ્રાહ્મણને કરવા.' એવા સિદ્ધાંતો આપ્યા છે તે ધર્મ. (૨૧) જે ધર્મ બ્રહ્મચર્યાદિ આશ્રમનો આશ્રય કરી પ્રવર્તે છે તે આશ્રમ ધર્મ કહેવાય છે. જેમ કે ભિક્ષા, દંડધારણ આદિ નિયમો યુક્ત ધર્મ. (૨૨) વર્ણત્વ અને આશ્રમત્વ બંનેનો અધિકાર કરીને જે ધર્મ પ્રવર્તે છે તે વર્ણાશ્રમ ધર્મ કહેવાય છે. જેમ કે - મુંજની મેખલા ધારણ કરવી - તેવા નિયમો યુક્ત ધર્મ. (૨૩) જે ધર્મ અભિષેક આદિ ગુણથી પ્રવર્તે છે તે ગુણ ધર્મ કહેવાય છે. જેમ કે રાજ્યાભિષેક પામેલા ક્ષત્રિયે પ્રજાઓનું પરિપાલન કરવું - તેવા નિયમો યુક્ત ધર્મ. (૨૪) જે ધર્મ કેવળ નિમિત્તનો આશ્રય કરી પ્રવર્તે તે નૈમિત્તિક ધર્મ જાણવો. જેમ કે પ્રાયશ્ચિતવિધિ. (૨૫) સર્વ વર્ણો અને સર્વ આશ્રમોનો જ સમાન ધર્મ તે સાધારણ ધર્મ કહેવાય છે, જેમ કે ક્ષમા, સત્ય, અહિંસા વગેરે સર્વ વર્ણો અને આશ્રમોનો કહેવાય છે. (૨૬) પવિત્ર દેશમાં આચરણ કરેલો ધર્મ ઈચ્છિત ફળને આપનારો થાય છે તે જ ધર્મ અપવિત્ર દેશમાં આચરેલો હોય તો વ્યર્થ થઈ જાય છે. (૨૭) જે દેશમાં કાળિયાર મૃગ સ્વભાવથી જ વિચરણ કરે તે પવિત્ર દેશ કહ્યો છે. આર્યાવર્ત પવિત્ર ભૂમિ છે. (૨૮) જે જે દેશમાં વિશુદ્ધ અંતઃકરણવાળા ભગવાનના ભક્તો રહેતા હોય તે તે દેશ ધર્મક્રિયામાં યોગ્ય એવો પવિત્ર દેશ જાણવો. (૨૯) આ ધર્મ બહુ પ્રકારની શરીરને પીડા આપવાથી કે બહુ ધનના ઢગલાઓથી પ્રાપ્ત કરાતો જ નથી તેમજ શ્રદ્ધા રહિત દેવોથી પણ પ્રાપ્ત કરાતો નથી. તો શ્રદ્ધા રહિત મનુષ્યોની તો વાત જ શી કહેવી ? (૩૦) માટે શ્રદ્ધાવાળા પુરુષોએ નિયમથી પવિત્ર દેશમાં ધર્મ વૃદ્ધિ પમાડવો જોઈએ. પવિત્ર દેશમાં ધર્મ વૃદ્ધિ પમાડવો જોઈએ. તે ધર્મ પરલોકમાં

સહાય કરનારો થાય; બીજાં જ્ઞાતિ કે ધન વગેરે સહાય કરનારાં થતાં નથી તે નિશ્ચય જાણો. (૩૧)

ઇતિ શ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં છ પ્રકારના ધર્મલક્ષણ નિરૂપણ નામનો પહેલો અધ્યાય થયો. ॥૧॥

●

## અધ્યાય-૨

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે દ્વિજ ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચાર પ્રકારના વર્ણો કહેલા છે. વૈરાજ નારાયણના મુખ, બાહુ, સાથળ અને પાદથી અનુક્રમે ઉત્પન્ન થયા હતા. (૧) આ ચાર વર્ણોના અહિંસાદિ સાધારણ ધર્મો કહ્યા છે તેનું હવે નિરૂપણ કરું છું. અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, અસ્તેય (ચોરીનો અભાવ), ક્ષમા, આર્જવ (અકુટિલપણું) સંતોષ, ભગવાનના એકાંતિક ભક્તોની સેવા, સાંસારિક વિષય ભોગેચ્છાનો ત્યાગ, શૌચ, તપ, દયા, સત્ય, તિતિક્ષા, શમ, દમ, યોગ્યાયોગ્યનો વિવેક, જન્મમૃત્યુના દુઃખના દર્શન, સર્વદા પાપકર્મથી ભય પામવાનો સ્વભાવ, કુસંગનો ત્યાગ, ભૂત પ્રાણીઓને અન્નાદિનો યથાયોગ્ય સંવિભાગ, ભૂતોમાં આત્મદેવતા બુદ્ધિ તેમજ મનુષ્યોમાં સવિશેષપણે આત્મદેવતા બુદ્ધિ, શ્રીહરિની કથાનું નિત્ય શ્રવણ, કીર્તન, હૃદયમાં મૂર્તિનું ધ્યાન,નિત્ય શ્રીહરિસેવા પૂજા, સ્પષ્ટાંગ નમસ્કાર, દાસપણું, સખાપણું અને આત્મસમર્પણ; આ પ્રમાણે સર્વનો સુખદાયક આ સાધારણ ધર્મ કહ્યો. હવે તે વર્ણોના વિશેષ ધર્મો હું તમોને કહું છું. (૨ થી ૭) શમ, દમ, તપ, શૌચ, સંતોષ, ક્ષાંતિ, આર્જવ, અહિંસયજ્ઞ, અમાત્સર્ય, સર્વત્ર મિત્રતા, સત્ય, ધૈર્ય, દયા, સંધ્યા-વંદનાદિ આચાર, અનસૂયા, દાન, હરિપૂજા, માર્દવ, અકાર્યમાં લજ્જા, આત્મા-પરમાત્માનું યથાર્થ જ્ઞાન, વિજ્ઞાન કહેતાં પરમ તત્ત્વ અંગેનું વિશેષ જ્ઞાન, આસ્તિકપણું, સ્વાધ્યાય, અને સમદૃષ્ટિપણું. બ્રાહ્મણના આ ચોવીસ સંખ્યાવાળા ગુણો કહેતાં ધર્મો મેં કહેલા છે. એ ગુણો સ્વાભાવિક અને ઇચ્છિત ફળને આપનારા જાણવા. (૮-૧૦) ક્ષત્રિયોના ધર્મો કહે છે : શૌર્ય, ધૈર્ય, પ્રભાવ, તિતિક્ષા, તેજ, ઉદ્યમ, ઔદાર્ય, સ્થિરતા, ઉત્સાહ, માન, આત્મજય, બ્રહ્મણ્યપણું, ઐશ્વર્ય કહેતાં પોતાનું અને પારકાનું રક્ષણ કરવાનું સામર્થ્ય, પ્રજાઓનું પરિપાલન, શત્રુનિગ્રહ, દક્ષત્વ (સર્વક્રિયા સંપાદન સામર્થ્ય), પ્રસન્નતા, સંગ્રામોમાં અપલાયન, શસ્ત્રો અને વાહનોમાં પ્રીતિ, દાન, દ્રવ્યયજ્ઞમાં રુચિ, નિત્ય પ્રત્યે બ્રાહ્મણોનું અને વાસુદેવનું પૂજન, પ્રજાનું પુત્રની પેઠે પાલન તથા શરણાગત પાલન - આ બધા ક્ષત્રિયના સ્વાભાવિક ગુણો મેં કહેલા છે (૧૧-૧૪) હવે વૈશ્યના ગુણોને કહે છે : પરલોકાદિમાં સત્યતાનો વિશ્વાસ, દરરોજ અર્થના ઉપાર્જનનો ઉદ્યોગ, અદંભ, બ્રાહ્મણોની સેવા, ત્રિવર્ગનું પોષણ, ગુરુદેવમાં ભક્તિ, કૃષિકર્મ અને ગોરક્ષણમાં પ્રીતિ, દાનનિષ્ઠા અને દક્ષતા - આ બધા વૈશ્યના સ્વાભાવિક ગુણો કહેલા છે. (૧૫-૧૬) હવે શૂદ્રના ધર્મો કહે છે : દ્વિજો, (બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય) ગાયો અને દેવોની નિષ્કપટ ભાવે સેવા અને તે સેવાથી પ્રાપ્ત થયેલ દ્રવ્યાદિ વડે સંતોષ - આ બધી શૂદ્રની પ્રકૃતિઓ કહેલી છે. (૧૭) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય દ્વિજાતિ સંજ્ઞાથી કહેલા છે. દ્વિજત્વને પમાડનારા ઉપનયન સંસ્કારનો અભાવ હોવાથી શૂદ્ર

એકજાતિ માનવામાં આવે છે. (૧૮) દ્વિજાતિનું લક્ષણ કહે છે : બ્રાહ્મણાદિ ત્રણનો સત્કુલમાં જન્મ તે પ્રથમ જન્મ કહ્યો છે. ત્યારપછી વેદમાં કહેલા સંસ્કારો વડે બીજો જન્મ કહ્યો છે. તેથી બે વાર જન્મના કારણથી દ્વિજ કહેલા છે. (૧૯) ગર્ભાધાન, પુંસવન, સીમંત, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૌલકર્મ, કર્ણવેધન, વ્રતાદેશ, ઉપનયન, વેદારંભ ક્રિયાવિધિ, કે શાંત સ્નાન, પરિણયન, વિવાહાગ્નિ પરિગ્રહ, અને ત્રેત્રાગ્નિ સંગ્રહ (અગ્નિહોત્ર) આ સંસ્કારો, બાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોના વેદમંત્રો વડે કહેલા છે. આ સંસ્કારક્રમ વ્યાસસ્મૃતિ અનુસાર જાણવો. (૨૦-૨૨) કર્ણવેધ પર્યંત આ નવ સંસ્કાર સ્ત્રીઓ માટે વેદમંત્ર ઉચ્ચારણે રહિત જેમ થાય તેમ કહેલા છે અને સ્ત્રીઓ માટે વિવાહ સંસ્કાર વેદમંત્રોથી કહેલો છે અને શૂદ્રોને વેદમંત્ર રહિત કર્ણવેધ પર્યંત નવ તથા દશમો વિવાહ કહેલો છે. (૨૩) હે મુનિ ! સચ્છૂદ્ર માટે વેદમંત્ર રહિત (પૌરાણિક મંત્રો) આ દશ સંસ્કારો કહેલા છે. અસચ્છૂદ્રોને તો એક વિવાહ સંસ્કાર જ કહેલો છે. (વિશુદ્ધ વંશમાં ઉત્પન્ન થયેલો, મદ્ય-માંસથી નિવૃત્તિ પામેલો, દ્વિજભક્ત અને વણિકવૃત્તિવાળો સચ્છૂદ્ર કહ્યો છે, તેનાથી વિપરીત અસચ્છૂદ્ર છે.) (૨૪) જો કે શૂદ્ર ચોથો વર્ણ પણ, વર્ણપણું હોવાથી વેદમંત્રો, સ્વધા, સ્વાહા, વષટ્કાર તથા પ્રણવ આદિ વિના યજ્ઞાદિ કર્મ કરવા યોગ્ય છે. (૨૫) અને તે શૂદ્ર જન બ્રાહ્મણોએ કહેલા પુરાણોક્ત મંત્રો વડે યજ્ઞ, દાન આદિ કરે અને બ્રાહ્મણના મુખથી પુરાણો સહિત મહાભારતનું શ્રવણ કરે. (૨૬) સત્યાદિ યુગમાં તો સ્ત્રીઓને ઉપનયન સંસ્કાર, વેદાધ્યયન તથા ગાયત્રીપાઠ હતો. (૨૭) હે સુવ્રત ! તે યુગમાં ત્રણ વર્ણવાળાઓની અતિ સૂક્ષ્મ બુદ્ધિવાળી સ્ત્રીઓ હતી. અને તે બ્રહ્મવાદિની અને સદ્યોવધૂ એમ બે પ્રકારની હતી. (૨૮) તે બે પૈકી સદા વ્રતમાં રહેલી આદિ બ્રહ્મવાદિની સ્ત્રીઓને અગ્નિહોત્ર હતું અને સ્વગૃહમાં ભૈક્ષચર્યા હતી, અષ્ટધા બ્રહ્મચર્ય હતું. (૨૯) બીજી જે સદ્યોવધૂ સ્ત્રીઓ હતી તેમને તો ઉપનયન પછી તત્કાળ વિવાહ હતો. તે ઉપનયન આદિ કલિયુગમાં સ્ત્રીઓની બુદ્ધિનું જાડ્યપણું હોવાથી નિષેધ કરેલું છે. (૩૦) અધ્યાપન કરાવવું, યજ્ઞો કરાવવા અને સ્વધર્મ નિષ્ઠાવાળાથી દાનનું ગ્રહણ કરવું. આ ત્રણ બ્રાહ્મણની જીવિકાઓ કહેલી છે. (૩૧) દાનગ્રહણ તપ, તેજ અને યશનો હણનાર છે એમ માનનાર બ્રાહ્મણ અધ્યાપન અને યાજન આ બંને વડે જીવિકા ચલાવે; તે બંનેમાં પણ દોષ જોનાર બ્રાહ્મણ શીલવૃત્તિઓ વડે જીવિકા ચલાવે. (૩૨) દેહનિર્વાહાદિ નિમિત્ત ગૌણ અને મુખ્ય ભેદોથી બ્રાહ્મણને બીજી ચાર પ્રકારની વૃત્તિ કહું છું. (૩૩) નિષેધ નહિ કરેલી ખેતી, વાણિજ્ય-વેપાર વગેરે, માગ્યા વિના જ પ્રાપ્ત થયેલું, દરરોજ ધાન્યની યાચના, શીલવૃત્તિ (ખેતરમાં પડેલાં કણસલાં વીણવાં તે), ઉછહાટ - બજારમાં પડેલા દાણા ગ્રહણ કરવા તે - આ બંને મળીને એક વૃત્તિ છે. આથી શીલોંચ્છવૃત્તિ કહેવાય છે. આ વાર્તાદિરૂપ ચાર પ્રકારની બ્રાહ્મણવૃત્તિ ઉત્તરોત્તર શ્રેયસ્કર કહેતાં ઉત્તમ માની છે. (૩૪) હવે ક્ષત્રિયવૃત્તિ કહે છે. શસ્ત્રાસ્ત્રના ધારણ કરવાથી જીવિકા, પૃથ્વીનું ચોરોથી રક્ષણ કરવું, શત્રુના સૈન્યને જીતવું, નીતિયુક્ત રાજ્ય કરવું - આ ક્ષત્રિયની જીવિકા કહેલી છે. (૩૫) હવે વૈશ્યવૃત્તિ કહે છે : ખેતી કરવી, વ્યાપાર કરવો, ગાયો અને પશુઓનું પાલન કરવું, અને વ્યાજવટાવ - આ ચાર પ્રકારે વૈશ્યની જીવિકા કહેલી છે. (૩૬) હવે શૂદ્રની વૃત્તિ કહે છે : હે

દ્વિજોત્તમ ! બ્રાહ્મણ વગેરેની નિષ્કપટ સેવા, વેચાતું લેવું અને વેચાતું આપવું તે રૂપ વેપાર, આ પ્રમાણે યાજ્ઞવલ્કયાદિ સ્મૃતિઓમાં કહેલી શૂદ્રોની જીવિકા છે. (૩૭) શૂદ્ર જાતિ લવણ, મધ, તેલ, દહીં, છાશ, ઘી, દૂધને વેચે તેમાં શૂદ્રને દોષ નથી. (૩૮) મદ્ય-માંસ સુરાદિનો વિક્રય, માંસાદિ અભક્ષ્યનું ભક્ષણ, અગમ્ય પરસ્ત્રીનો પ્રસંગ તથા પરદ્રવ્યની ચોરી - આટલાં શૂદ્રો માટે પતનનાં કારણો બને છે. (૩૯)

**શ્રીહરિ બોલ્યા :**

"હે દ્વિજવર ! મેં તમોને ચારે વર્ણોના વેદમાન્ય ધર્મો કહ્યા. હવે વેદોએ કહેલા અનુક્રમને અનુસરીને બ્રહ્મચર્યાદિ આશ્રમોના પરમ હિતકારી એવા સર્વ ધર્મો હું તમોને કહીશ. (૪૦)

ઇતિ શ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં ચાતુર્વણ્ય ધર્મનિરૂપણ નામનો બીજો અધ્યાય થયો ॥૨॥

●

## અધ્યાય-૩

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે ઉત્તમ બુદ્ધિ શિવરામ વિપ્ર ! બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ આ પ્રકારે ચાર આશ્રમો કહેલા છે. (૧) ત્રણ વર્ણને ચાર આશ્રમો કહેલા છે. કેટલાક મુનિઓ ક્ષત્રિય અને વૈશ્યને ચોથો (સંન્યાસ) આશ્રમ ઇચ્છતા નથી. (૨) હે દ્વિજ ! તેમાં પ્રથમ બ્રહ્મચર્યાશ્રમમાં રહેલા દ્વિજાતિઓના મારા વડે યથાયોગ્ય કહેવાતા ધર્મો તમો સાંભળો. (૩) ત્રણ વર્ણનો બાળક પ્રથમ જાતકર્માદિ સંસ્કારોથી સંસ્કાર પામેલો હોવા છતાં પણ ઉપનયન સંસ્કારની પ્રાપ્તિ થકી જ દ્વિજત્વને પામે છે. (૪) ગર્ભધારણના દિવસથી આઠમે વર્ષે અથવા જન્મના દિવસથી આઠમે વર્ષે બ્રાહ્મણને ઉપનયન સંસ્કાર કહ્યો છે. ગર્ભવર્ષ કે જન્મવર્ષથી અગિયારમા વર્ષે ક્ષત્રિયને ઉપનયન સંસ્કાર કહ્યો છે અને વૈશ્યને ગર્ભથી અથવા જન્મથી બારમે વર્ષે ઉપનયન સંસ્કાર કહેલો છે. (૫) કુશાગ્ર બુદ્ધિવાળા બ્રાહ્મણ બાળકને પાંચમા વર્ષે પણ ઉપનયન થાય એમ કેટલાક મુનિજનો માને છે. તેમ જ તીક્ષ્ણ બુદ્ધિવાળા ક્ષત્રિયને જન્મથી કે ગર્ભથી આઠમે વર્ષે ઉપનયન સંસ્કાર થાય તથા તીક્ષ્ણ બુદ્ધિવાળા વૈશ્યને નવમા વર્ષે પણ ઉપનયન સંસ્કાર થાય એમ કેટલાક માને છે. (૬) અથવા બ્રહ્મવર્ચસ્ કહેતાં તપ-સ્વાધ્યાય વગેરે તેજની ઇચ્છાવાળો અને તીવ્ર બુદ્ધિવાળો બ્રાહ્મણ પાંચમે વર્ષે ઉપવિત સંસ્કારની પ્રાપ્તિને યોગ્ય છે. બલપ્રાપ્તિની ઇચ્છાવાળો ક્ષત્રિય છઠ્ઠા વર્ષે ઉપવીત સંસ્કારને યોગ્ય બને છે. ધનપ્રાપ્તિની ઇચ્છાવાળો વૈશ્ય આઠમે વર્ષે ઉપનયન સંસ્કારને યોગ્ય છે; એવો મનુસ્મૃતિનો અભિપ્રાય છે. (૭) આ સર્વ સંસ્કારોમાં ઉપનયન સંસ્કાર, ત્રણેય વર્ણને દ્વિજત્વને સંપાદન કરનારો હોવાથી આ મૌંજી બંધન (યજ્ઞોપવીત) સંસ્કાર શાસ્ત્રવિધિ પ્રમાણે કરવો. (૮) બ્રાહ્મણને વસંત ઋતુમાં યજ્ઞોપવીત સંસ્કાર પિતા વગેરે કુટુંબીઓ કરે, ક્ષત્રિયને ગ્રીષ્મ ઋતુમાં ઉપવીત સંસ્કાર કરે. વૈશ્યને શરદ ઋતુમાં ઉપવીત સંસ્કાર કરે. અથવા માઘ માસથી લઈને જેઠ માસ પર્યંત પાંચ માસ સકળ દ્વિજો માટે ઉપવીત સંસ્કાર માટે

સાધારણ માનેલા છે. (આ ગજ મુનિના મતથી કહ્યું છે.) (૯) પુત્રના જન્મ માસમાં ઉપનયનાદિ મંગલ કાર્યો ન કરે. જન્મ નક્ષત્રમાં ન કરે. જન્મકાલના દિવસે ન કરે. મોટા પુત્ર તથા મોટી પુત્રીનું પણ જેઠ માસમાં મંગલકાર્ય ન કરવું. (આ વ્રત શતગ્રંથને અનુસરીને કહ્યું છે.) (૧૦) જન્મ માસમાં, જન્મ નક્ષત્રમાં અને જન્મતિથિમાં, તેનાથી વિપરીત દલમાં મંગલકાર્ય કરવું. જેઠ માસના શુક્લ પક્ષમાં જન્મ હોય તો કૃષ્ણ પક્ષમાં અને કૃષ્ણ પક્ષમાં જન્મ હોય તો શુક્લ પક્ષમાં મંગલ કાર્ય કરવું. એ જ પ્રમાણે જન્મતિથિ અને જન્મનક્ષત્રમાં પણ જાણવું. આ પ્રમાણે ગર્ગ, ભાર્ગવ અને શૌનક મુનિઓ કહે છે. (૧૧) બૃહસ્પતિ કહેતાં ગુરુનું બળ જોઈને ઉપનયન કરવું જોઈએ. બૃહસ્પતિ નિર્બલ હોય ત્યારે ચૈત્ર માસમાં સૂર્ય મીન રાશિને પ્રાપ્ત થયો હોય ત્યારે ઉપવીત સંસ્કાર કરવો. (૧૨) પોતાની શાખાના અધિપતિનું સામર્થ્ય જોઈને તથા લગ્નશુદ્ધિ જોઈને પોતપોતાની શાખાને અનુસારે દિવસના પૂર્વ ભાગમાં ઉપનયન સંસ્કાર આપે. (૧૩) પિતા જ પુત્રને ઉપનયન કરે. પિતાના અભાવમાં પિતામહ કરે, તેના અભાવમાં કાકા ઉપનયન કરે. તેના અભાવમાં મોટો ભાઈ ઉપનયન સંસ્કાર કરે. (૧૪) પવિત્ર સ્થાનમાં બેસીને, સર્વ પ્રકારે સરખી, તૂટેલી નહિ, શુદ્ધ કપાસના તંતુઓથી ભેગી કરેલી, આંગળીઓના મૂળમાં છન્નુવાર વીંટેલું અને સૂત્રની ત્રણ સરો કરીને જમણા હાથને ઊંચો કરીને વણેલું બનાવવું અને તંતુત્રય નીચો હાથ કરીને વણેલું કરવું. આ રીતે બનાવેલા ઉપવીતની એક ગાંઠ ઈષ્ટ છે. આ પ્રમાણે ઉપવીત નવ તંતુઓવાળું થાય છે. (૧૫-૧૬) શ્રૌત કર્મ અને સ્માર્ત કર્મમાં બે યજ્ઞોપવીત ધારવાં અને ઓઢવાના વસ્ત્રની સિદ્ધિ માટે વસ્ત્રના અભાવમાં ત્રીજું યજ્ઞોપવીત ધારવું. (૧૭) બ્રહ્મચારી માટે એક યજ્ઞોપવીત કહેલું છે તથા બીજા ગૃહસ્થ અને વાનપ્રસ્થ માટે બે યજ્ઞોપવીત કહેલાં છે તથા યતિજનો માટે એક જ એમ પણ કેટલાક કહે છે. (૧૮) બ્રાહ્મણને કપાસનું યજ્ઞોપવીત, ક્ષત્રિયને શણનું અને વૈશ્યને બકરાના રૂંવાડાથી તૈયાર કરેલું ઉપવીત થાય અથવા સર્વ દ્વિજાતિઓ માટે કપાસના રૂમાંથી બનાવેલ ઉપવીત પ્રશંસાપાત્ર કહેવાય છે. (૧૯) જે ઉપવીત પીઠનો ભાગ અને નાભિમાં ધારણ કરેલું કટિના પાછળના ભાગે પહોંચે તે ઉપવીત ધારણ કરવા યોગ્ય છે. અતિ લાંબું કે અતિ ટૂંકું ધારણ કરવા યોગ્ય થતું નથી. (૨૦) બ્રાહ્મણને કેડ્યે બાંધવાની મેખલા મુંજના તંતુની થાય, ક્ષત્રિયને કાશના તંતુની થાય, વૈશ્યને શણ તંતુમયી મેખલા માનેલી છે. તે મેખલા પોતપોતાના પ્રવરોને અનુસારે ગ્રંથિ યુક્ત, ત્રેવડી અને એકસરખી હોવી જોઈએ. (૨૧) બ્રાહ્મણને પલાશ-દંડ કે બીલીનો દંડ, મસ્તક પર્યંતની લંબાઈવાળો માનેલો છે, ક્ષત્રિયને કાષ્ઠનો કે ખેરનો દંડ, લલાટ સુધીની લંબાઈવાળો માનેલો છે. (૨૨) વૈશ્યને પીલુ, પીપળા કે ઉંબરાનો દંડ, નાસિકા પર્યંતની લંબાઈવાળો માનેલો છે. ક્ષત્રિયને રૂરૂ મૃગનું અને વૈશ્યને બકરીના ચર્મનું ઉત્તરીય માનેલું છે. (૨૩) ઉત્તમ બુદ્ધિવાળા આચાર્ય, અગ્નિની ઉત્તર દિશામાં બેસીને, પશ્ચિમ દિશા તરફ મુખવાળા બટુને ગાયત્રી મંત્રનો ઉપદેશ કરે. (૨૪) બટુ અગ્નિને પ્રદક્ષિણા કરીને સૂર્યને ઉપસ્થાન કરી, દંડ, મૃગચર્મ અને ઉપવીત અને મેખલાયુક્ત થઈને ભિક્ષા માંગે. (૨૫) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના અનુક્રમથી આદિ, મધ્ય અને અંત અવસ્થામાં 'ભવતિ' શબ્દનો પ્રયોગ કરે. જેમ કે બ્રાહ્મણ બટુ 'ભવતિ ભિક્ષામ્ દેહી';

ક્ષત્રિય બટુ 'ભિક્ષા ભવતિ દેહી' અને વૈશ્યબટુ 'ભિક્ષામ્ દેહી ભવતિ' એમ બોલે. (૨૬) શ્રીહરિ કહે છે : હે સુવ્રતમુનિ ! જ્યાં સુધી બ્રાહ્મણાદિ ત્રણે દ્વિજન્માને પિતાદિ ઉપનયન ન કરે ત્યાં સુધી તો તે સ્વેચ્છા પ્રમાણે ચેષ્ટા, ભાષણ અને ભોજન કરનારો થાય છે. (૨૭) યથાશાસ્ત્ર ઉપનયન પામેલો તે દ્વિજ બ્રહ્મચારી કહેવાય છે. પછી તે બ્રહ્મચારી નિયમ પરાયણ બ્રહ્મચર્યવાળો થકો ગુરુના ગૃહે નિવાસ કરે. (૨૮) હાથમાં દર્ભ ધારેલ તે બ્રહ્મચારી યથાવિધિ મેખલા, મૃગચર્મ અને વસ્ત્રો તથા જટા, દંડ અને કમંડલુ તેમજ ઉપવીતને ધારણ કરે. (૨૯) આવી રીતનો શૌચાચાર યુક્ત બ્રહ્મચારી, ગુરુએ બોલાવેલો ગુરુના મુખને જોતો જોતો વેદનો પાઠ કરે. (૩૦) અધ્યયનના આરંભમાં અને અંતમાં ગુરુચરણોમાં મસ્તક નમાવી પ્રણામ કરે તથા ધર્મશાસ્ત્રમાં કહેલાં અનધ્યાયના દિવસો (પડવો અને ચૌદશ) છોડીને વેદોનું પઠન કરે. (૩૧) ગુરુ, શિષ્યને તાડન કરીને પણ વિદ્યા ભણાવે. વિદ્યામાં વિઘ્ન કરનાર ઉદ્ધતાઈ કરનાર શિષ્યને તાડન કરવામાં દોષ નથી. (૩૨) શરીરના નીચેના ભાગમાં ધીરેથી તાડન કરવું. મસ્તકમાં અને હૃદયમાં તાડન કરવું નહિ. કહેલાથી અન્ય અંગમાં તાડન કરવાથી ગુરુ દોષભાગી થાય છે. (૩૩) પુત્રને પાંચ વર્ષ સુધી લાલન-પાલન કરવું, પછી દશ વર્ષ પર્યંત તાડન કરે, અને સોળમું વર્ષ પ્રાપ્ત થાય ત્યારે પુત્ર (અને શિષ્ય)ને મિત્ર માનીને તેની સાથે આચરણ કરવું. (૩૪) વિદ્યાની ઇચ્છાવાળો બ્રહ્મચારી જિતેન્દ્રિય થઈને દરરોજ ગુરુની સેવા કરે. બ્રહ્મચર્યના ચાર પાદ આ પ્રમાણે કહેલા છે. (૩૫) પોતાના ગુરુને જે માતા-પિતા જાણી દ્રોહનિંદાદિથી રહિત થકો શિષ્યવૃત્તિથી વિદ્યાને પ્રાપ્ત કરે આ બ્રહ્મચર્યનો પ્રથમ પાદ કહેલો છે. (૩૬) ગુરુપત્ની અને ગુરુપુત્રને વિનયપૂર્વક માનતો થકો તેમજ આંતર-બાહ્ય શુદ્ધિવાળો અને જિતેન્દ્રિય થઈ વિદ્યાનો અભ્યાસ કરવો, આ બીજો પાદ છે. (૩૭) ગુરુએ કરેલ ઉપકાર પોતાના જડત્વને નાશ કરનાર છે એમ જાણતો થકો ગુરુનું પ્રીતિપૂર્વક સેવન કરે. આ ત્રીજો પાદ કહેલો છે. (૩૮) સાવધાન થઈને વાણી, મન, કાયા, કર્મ, પ્રાણ અને ધનથી આચાર્યનું પ્રિય કાર્ય કરે; આ બ્રહ્મચર્યનો ચોથો પાદ છે. (૩૯) જ્ઞાન, સત્ય, ક્ષમા, અકાર્યમાં લજ્જા, અમાત્સર્ય, ધૈર્ય, તપ, શમ, દમ, અનસૂયા, દાન, યજ્ઞ; આ બધા ગુણો જાણવા. (૪૦) કામ, ક્રોધ, શોક, મોહ, તૃષ્ણા, ઈર્ષ્યા, અકૃપા, સ્પૃહા, લોભ, અસૂયા, જુગુપ્સા, માન - આ બધા દોષો માનેલા છે. (૪૧) આ બાર દોષોનો ત્યાગ કરીને, જ્ઞાનાદિ બાર ગુણોએ યુક્ત થકો બ્રહ્મચારી વેદાભ્યાસ કરે અને વેદોના અર્થોનું સદા ચિંતવન કરે. (૪૨) બ્રહ્મચારી સાવધાન થકો સાયંકાળ અને પ્રાતઃકાળ અગ્નિ અને સૂર્યની ઉપાસના કરે. અને પ્રાતઃ સંધ્યામાં ગાયત્રીનો જપ કરીને ગુરુ વગેરેને પ્રમાણ કરે. (૪૩) નમસ્કાર કરવાના સ્વભાવવાળા અને વૃદ્ધની સેવામાં પ્રીતિવાળા બ્રહ્મચારીના આયુષ્ય, યશ, બળ અને બુદ્ધિ દરરોજ અધિક અને અધિક વૃદ્ધિ પામે છે. (૪૪) સાયંકાળે અને પ્રાતઃકાળે પવિત્ર દ્વિજોના ઘરમાં ભિક્ષાટન કરે અને ભિક્ષાનું અન્ન ગુરુને અર્પણ કરી, ગુરુની આજ્ઞાથી ભોજન કરે. (૪૫) અતિ ભોજન આરોગ્યકર થતું નથી. તેમજ આયુષ્ય વધારનારું નથી, સ્વર્ગ પમાડનારું નથી, પુણ્ય વધારનારું પણ નથી. લોકમાં નિંદિત છે. માટે અતિભોજનનો ત્યાગ કરે. (૪૬) બ્રહ્મચારી, આપત્તિકાળ સિવાય એક જ ગૃહસ્થના ઘરનું અન્ન પ્રતિદિન ભોજન કરે

નહિ. બ્રાહ્મણો પોતાના નિયમો-વ્રતોનું પાલન કરીને પ્રાર્થના સહ શ્રાદ્ધનું ભોજન જમે. (૪૭) તે બ્રહ્મચારી બંને હાથ જોડી ભક્તિભાવથી ગુરુ સન્મુખ ઊભો રહે. તું આ સ્થાનમાં બેસ એમ ગુરુએ આજ્ઞા કર્યો થકો ગુરુની પાસે બેસે. (૪૮) ગુરુની દૃષ્ટિ આગળ જેમ તેમ ન બેસે તથા તે ગુરુનું ગમન, ભાષણ તથા ચેષ્ટાની નકલ ન જ કરે. (૪૯) જે સ્થાનમાં ગુરુની નિંદા થાય, તે સ્થાનથી તત્કાલ જ ઊઠીને બંને કાન બંધ કરી ચાલી નીકળે, અથવા સમર્થ હોય તો ગુરુનિંદકને શિક્ષા કરે. (૫૦) ગુરુથી દૂર ઊભા રહીને ગુરુપૂજન ન કરે, ક્રોધિત થઈને ગુરુપૂજન ન કરે, ગુરુપત્ની સમીપે ગુરુપૂજન ન કરે. અને ક્યારેય પણ ઊંચા સ્વરથી ગુરુની સામે બોલે નહિ. (૫૧) ગુરુ માટે જળ ભરેલો ઘડો, દર્ભ, પુષ્પ, સમિધાઓ વગેરે હંમેશાં લાવે, ગુરુનાં અંગોને તેલથી મર્દન કરી, સ્નાન કરાવે. અને ચંદન વડે અર્ચા કરે. (૫૨) ગુરુનાં અંગથી ઉતારેલી પુષ્પમાલા, શય્યા, પાદુકા, પગરખાં, આસન, પડછાયો અને પલંગનું ક્યારેય ઉલ્લંઘન ન કરે. (૫૩) ગુરુનું પ્રિય કરનાર તે બ્રહ્મચારી દાતણ વગેરે ગુરુ સંબંધી ઉપયોગી પદાર્થો તે તે સમયે આપવા માટે રાખે અને ગુરુ આગળ પોતાનું કૃત્ય નિવેદન કરે તથા ગુરુને પૂછ્યા વગર કોઈપણ સ્થળે જાય નહિ. (૫૪) ગુરુની આગળ પગ લાંબા કરીને ક્યારેય બેસે નહિ, મલ્લની પેઠે બાહુતાડન કરે નહિ, અટ્ટહાસ્ય કરે નહિ, તેમજ સૂવે નહિ. (૫૫) ઉતાવળે ચાલતા ગુરુની પાછળ ઝડપથી ચાલે. ધીરે ચાલતા ગુરુની પાછળ ધીરે ચાલે. તથા ગુરુનું નામ ન ઉચ્ચારે તથા ગુરુએ પૂછ્યા વગર ઉત્તર ન આપે. (૫૬) ઈન્દ્રિયોને નિયમમાં રાખનારો, નિયમિત અંતઃકરણવાળો, ક્રોધથી રહિત, બાહ્ય અને આંતર શુદ્ધિવાળો થાય અને ગુરુની સમીપે સર્વદા મધુર વાણીનો જ પ્રયોગ કરે. (૫૭) સ્ત્રીઓની કથાનું શ્રવણ, કીર્તન, દર્શન, સંકલ્પ, સ્ત્રીઓ સાથે ક્રીડા, ગુપ્ત ભાષણ, સ્ત્રી પ્રાપ્તિનો નિર્ણય - આટલાનો સાવધાન થકો નિત્ય ત્યાગ કરે. નિયમ તત્પર થઈને હંમેશાં સ્ત્રીકથાત્યાગ કરે તેના અંગસ્પર્શનો વિશેષપણે ત્યાગ કરે. બ્રહ્મચર્ય વ્રતવાળો બટુ સ્ત્રીલંપટ જનોનો પ્રસંગ ક્યારેય પણ ન કરે. (૫૮-૫૯) વળી ગુરુપત્ની અને ગુરુપુત્ર પણ ગુરુની પેઠે પૂજનીય છે. બ્રહ્મચારી તે બંનેનું ક્યારેય અપમાન ન જ કરે. (૬૦) બ્રહ્મચારી ગુરુપત્નીનું તૈલમર્દન, સ્નાન, શ્રમનાશ માટે ચરણસેવા તથા વાળ ઓળવા વગેરે ક્રિયાઓ ન કરે. (૬૧) ગુરુપત્ની યુવતી છે માટે તેમના ચરણોમાં અભિવંદના ન કરવી. પણ 'હું અમુક ગોત્ર-શાખા નામવાળો હું તમોને નમસ્કાર કરું છું'. આમ બોલતાં બોલતાં ભૂમિ ઉપર વંદન કરે. (૬૨) બ્રહ્મચારીએ ગુરુપત્નીનો અંગસ્પર્શ ક્યારેય પણ ન કરવો જોઈએ કેમ કે તેનાથી બ્રહ્મચારીનો વ્રતભંગ થાય છે. (૬૩) પિતાની બહેન, માતાની બહેન, પોતાના ભાઈની પત્ની, પોતાના મામાની સ્ત્રી અને પરમાતા તથા પોતાની બહેન વગેરેને ગુરુપત્ની જેવાં માનવાં. (૬૪) અને બ્રહ્મચારીએ ક્યારેય પણ ગુરુનો ત્યાગ ન કરવો. કામનાથી, લોભથી કે અજ્ઞાનથી તે ગુરુનો ત્યાગ કરી પતિત થાય છે. (૬૫) ગુણાદિના ગર્વથી પરાભવ પામેલા, શાસ્ત્રીય કાર્યને નહિ જાણનારા, સ્વધર્મનું ઉલ્લંઘન કરી કુમાર્ગને પામેલા ગુરુનો પણ ત્યાગ કરવો એમ સ્વાયંભૂ મનુ કહે છે. (૬૬) જે ગુરુ થકી શિષ્ય લૌકિક, વૈદિક અને આધ્યાત્મિક જ્ઞાનને ગ્રહણ કરે તે ગુરુનું ક્યારેય કોઈપણ સ્થળે અપમાન ન કરે. (૬૭) જે બ્રહ્મચારી જનસમુદાય થકી સર્પ સમાન ભય

પામે, મિષ્ટાન્ન ભોજનની તૃપ્તિથી મરણ જેવો ભય રાખે, અને રાક્ષસણીઓની પેઠે સ્ત્રીઓથી ડરતો રહે તે વિદ્યા પ્રાપ્ત કરી શકે છે. (૬૮) જુગાર, પુસ્તકની શુશ્રૂષા, બગીચામાં ફરવા જવાની આસક્તિ, સ્ત્રીઓ સાથે વાર્તાલાપ, આળસ અને નિદ્રા - આ છ બાબતો વિદ્યામાં વિઘ્નકારી છે. (૬૯) આ પ્રમાણે વિદ્યાભ્યાસ કરતો, ગુરુગૃહે નિવાસ કરતો, ત્રિકાલ સ્નાન કરનારો બ્રહ્મચારી ધર્મપતીત જનોનો પ્રસંગ ન કરે. (૭૦) પુષ્પમાળા, ચંદન, રસાસક્તિ, કુંકુમ, સુગંધી દ્રવ્યનો સંપર્ક તથા દાંતોને અતિ ઘસવાપૂર્વક શુદ્ધિવિધાન વગેરેનો ત્યાગ કરવો. (૭૧) વ્રતવાળો બ્રહ્મચારી અભ્યંગ કહેતાં તેલમર્દન સહિત સ્નાન, નેત્રાંજન, છત્રધારણ, દર્પણ-દર્શન, જુગાર, ગીત, વાજિંત્ર અને નૃત્યનો ત્યાગ કરે. (૭૨) પ્રાણીહિંસા, ચાડિયાપણું, કામ, લોભ, ભય, મદ્ય, માંસ તથા લસણ વગેરે અભક્ષ્યનો ત્યાગ કરે. (૭૩) પ્રાતઃકાળ અને સાયંકાળની સંધ્યા સમયે, દિવસે તથા રાત્રિના પહેલા અને છેલ્લા પહોરે નિદ્રાનો પ્રયાસપૂર્વક ત્યાગ કરે. પરનિંદા ન કરે. પગરખાં ન પહેરે. (૭૪) ધીરજવાન વ્રતી બ્રહ્મચારી નૃત્ય દર્શન ન કરે, મૈથુનાદિ વાર્તાને સર્વથા ન સાંભળે તથા અસત્ય વચન ન બોલે. (૭૫) પલંગ ઉપર શયન ન કરે, તમાકુનું ભક્ષણ ન કરે, સમયોચિત સ્નાન, સંધ્યા, આહ્નિક વગેરે વેદોક્ત વિધિનું આચરણ કરે. (૭૬) વેદોનો આરંભ પોતપોતાના ગૃહ્યમાં કહેલા વિધિથી બ્રહ્મચારી કરે. ઋગ્વેદી બ્રહ્મચારી શ્રાવણ માસમાં શ્રવણ દિવસના પૂર્વ ભાગમાં કરે. (૭૭) યજુર્વેદી બ્રહ્મચારી શ્રાવણ માસની પૂર્ણિમાના દિવસે મધ્યાહ્ન સમયે ગૃહ્યસૂત્રોક્ત વિધાનથી ઉપાકર્મ કરે, સામવેદી બ્રહ્મચારી હસ્ત નક્ષત્ર હોય તે દિવસે ઉપાક્રમ કરે. (૭૮) જો શ્રાવણ માસમાં પૂર્ણિમાને દિવસે સૂર્યનું બીજી રાશિમાં સંક્રમણ અથવા ચંદ્રગ્રહણ થાય ત્યારે શ્રાવણ માસમાં હસ્ત નક્ષત્રવાળી કોઈપણ તિથિમાં અથવા પંચમીના દિવસે ઉપાકર્મ ઇચ્છેલું છે. (૭૯) જો અર્ધરાત્રિથી પૂર્વે સંક્રાંતિ પ્રવેશ કે ગ્રહણ હોય તો ઉપાકર્મ ન કરે. જો અર્ધરાત્રિથી પછી હોય તો દોષજનક નથી. (૮૦) ત્રૈવર્ણિક દ્વિજ પુરુષ પોષ માસમાં રોહિણી નક્ષત્ર દિવસે અથવા અષ્ટકામાં ગામથી બહાર જળ સમીપે વેદોનું ઉત્સર્ગ કહેતાં પઠન ત્યાગ કરે. (૮૧) કેટલાક મુનિઓ ઉપાકર્મને દિવસે પણ વેદોત્સર્ગ (વેદપાઠના ત્યાગ) ને કહે છે. આ બંને કર્મમાં ઋષિઓનું પૂજન કહેલું છે. (૮૨) આ પ્રકારે આચારસંપન્ન, ધીરજવાન, દંભરહિત બ્રહ્મચારીને ગુરુ વેદશાસ્ત્ર-પુરાણો ભણાવે. (૮૩) ગુરુ બહુ કાળ પર્યંત બ્રહ્મચારીની પરીક્ષા કરી કપટ રહિત થઈ સમસ્ત જ્ઞાનનો ઉપદેશ કરે. (૮૪) દ્વિજ બ્રહ્મચારી રુચિ અનુસાર એક વેદ, બે, ત્રણ કે ચાર વેદને ભણીને, ગુરુને દક્ષિણા આપીને ગુરુની આજ્ઞાથી સમાવર્તન (વેદ-વ્રતની સમાપ્તિ) કરે. (૮૫) સમાવર્તન બાદ તે દ્વિજ પોતાના વૈરાગ્યનું મંદપણું, મધ્યમપણું કે તીવ્રપણું જાણીને ગૃહ પ્રત્યે અથવા વનમાં પ્રવેશ કરે. અથવા સંન્યાસી બને. મંદ વૈરાગ્ય હોય તો ગૃહસ્થાશ્રમી, મધ્યમવૈરાગ્ય હોય તો વાનપ્રસ્થી અને તીવ્ર વૈરાગ્ય હોય તો સંન્યાસ ગ્રહણ કરે. (૮૬) હે દ્વિજોત્તમ ! સાવિત્ર, પ્રાજાપત્ય, બ્રાહ્મ અને નૈષ્ઠિક આ પ્રકારે બ્રહ્મચારી ચાર પ્રકારનો કહેવાય છે. (૮૭) જે વર્ણી ઉપવીતને પ્રાપ્ત કરી સારી રીતે ગાયત્રીપાઠ કરતો થકો ત્રણ દિવસ પર્યંત બ્રહ્મચર્યવ્રત ધારણ કરે તે પ્રથમ 'સાવિત્ર' નામનો બ્રહ્મચારી કહેલો છે (૮૮) જે વેદાભ્યાસ કરતાં

કરતાં એક વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રતવાળો થાય તે તો બીજો 'પ્રાજાપત્ય' સંજ્ઞાવાળો કહેલો છે. જે વેદાધ્યયન પર્યંત અથવા બાર વર્ષ સુધી બ્રહ્મચર્ય રાખે તેને 'બ્રાહ્મ' સંજ્ઞાવાળો કહેલો છે. (૮૯) અને ચોથો નૈષ્ઠિક બ્રહ્મચારી તો જીવન પર્યંત ગુરુગૃહે નિવાસ કરે. આ ચાર પ્રકારના બ્રહ્મચારીઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે એ નિશ્ચિત વાત છે. (૯૦) અને ત્રૈવર્ણિક એવા દ્વિજો અજ્ઞાનથી માંસમિશ્રિત અન્ન અથવા સુરામિશ્રિત અન્ન, જળ કે ઔષધ જમીને ફરીથી ઉપનયન સંસ્કારને યોગ્ય થાય છે. (૯૧) ગુરુને સેવનાર બ્રહ્મચારી પણ પોતાના નિયમોનું દ્ઢપણે પાલન કરે. જાણે કે અજાણે પોતાના વ્રતનો ભંગ થાય તો યથાયોગ્ય પ્રાયશ્ચિત કરે. (૯૨) રોગાદિ આપત્કાલથી રહિત બ્રહ્મચારી સાત અહોરાત્ર સુધી ભિક્ષાચરણ ન કરીને, અગ્નિને હોમ ન કરીને અવકીર્ણિવ્રત કરે. (૯૩) દુર્જનોનું ભિક્ષાન્ન ખાઈ જવાય, કે વમન થઈ જાય, નગ્ન સ્ત્રીનું દર્શન થઈ જાય, પોતે નગ્ન થઈને સૂઈ રહેવાય, સૂર્ય ઊગતી વખતે સૂઈ રહેવાય, સૂર્ય આથમતી વખતે સૂઈ રહેવાય, દિવાસ્વપ્ન જોઈ જવાય; તથા સ્મશાનમાં ગમન થઈ જાય, ઘોડા વગેરે વાહનમાં બેસાય, પૂજ્ય જનોની પૂજાનું ઉલ્લંઘન થાય, જનોઈ ધારણ કર્યા વગર ભોજનાદિ ક્રિયા થાય તેમજ મણિ-રત્નાદિ પદાર્થોનો પ્રતિગ્રહ કરવો કે વૃક્ષો, સર્પ-વીંછી આદિનું હનન કરવો વગેરે પૈકી કોઈ એક દોષ થયો હોય તો, વર્ણિ તે દોષની શુદ્ધિ માટે સ્નાન કરી, આચમન કરી, પવિત્ર સ્થાનમાં બેસીને ત્રણ પ્રાણાયામો કરીને, ગાયત્રીમંત્રના એક હજાર આઠ જપ કરે. (૯૪ થી ૯૭) સર્વ વ્રતોના ભંગમાં પ્રાયશ્ચિત કહેલું છે. સર્વ પ્રાણીઓ માટે હિતકારી એવું તે પ્રાયશ્ચિત હું આગળ કરીશ. (૯૮) હે સન્મતે ! નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, વાનપ્રસ્થાશ્રમીઓ અને સંન્યાસીઓને કુળમાં જન્મમરણ થાય તેનું સૂતક મુનિઓએ કહ્યું નથી. (૯૯) પોતાના આચાર્ય, ઉપાધ્યાય, માતા, પિતા અને ગુરુના મરણમાં તેમને અગ્નિસંસ્કાર કરીને બ્રહ્મચારી તત્કાલ જ સ્નાન કરવાથી પવિત્ર થાય છે. (૧૦૦) બ્રહ્મચારી સૂતકમાં પણ ક્યારેય પોતાની સંધ્યાવંદનાદિ ક્રિયાનો ત્યાગ ન કરે. પોતાના વ્રત સહિત જ આચાર્યાદિની પિંડોદક ક્રિયા કરે. (૧૦૧)

**શ્રીહરિ બોલ્યા :**

હે દ્વિજવર્ય ! મેં આદ્ય આશ્રમ કહેતાં બ્રહ્મચર્યાશ્રમના ધર્મો સંક્ષેપથી તમોને શાસ્ત્ર પ્રમાણે કહ્યા. હવે દ્વિજજનોને કરવા યોગ્ય શુદ્ધ સર્વ આહ્નિક કર્મ હુ તમોને કહું છું. (૧૦૨)

ઈતિ શ્રી સત્સંગિજીવનમાં, નારાયણચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, પાંચમા પ્રકરણમાં, ધર્મોપદેશમાં, બ્રહ્મચર્યાશ્રમગત ધર્મનિરૂપણ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

●

## અધ્યાય-૪

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્ર ! સ્નાન, સંધ્યોપાસના, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ અને શાલિગ્રામાદિ દેવપૂજા આ પ્રમાણે છ કર્મો દ્વિજજનોએ દરરોજ કરવાનાં હોય છે. (૧) દ્વિજ જાતિ પ્રાતઃસ્નાન વિના, સંધ્યા વગેરે પોતાના કર્મમાં યોગ્ય થાય નહિ માટે તે પ્રાતઃસ્નાન પ્રથમ જ કરે. (૨) નદી, તળાવ, કૂવો

કે ઘરમાં સ્નાન કરે. જળાશયમાંથી પાંચ મૃતિકાના પિંડો કાઢીને પારકા જળાશયમાં સ્નાન કરે. (૩) ખૂબ શુદ્ધ એવી મૃત્તિકા, દર્ભ, તલ અને ગોમયને ગ્રહણ કરી, પવિત્ર સ્થાનમાં મૂકીને વિધિ પ્રમાણે સ્નાન કરે. (૪) ડાબા હાથમાં ત્રણ કૂશો લઈ, શિખાબંધન કરી, જળમાં પ્રવેશ કરે. મૃત્તિકા વગેરેનું જે તે મંત્રોચ્ચાર સાથે પોતાના શરીરે લેપન કરી સ્નાન કરે. (૫) હૃદયમાં શ્રીહરિનું સ્મરણ કરતા તે દ્વિજે જળાશયમાં સ્નાન કરતી વખતે વરુણ દેવતાવાળા મંત્રો ગ્રહણ કરવા, માર્જનમાં પાવનકારી ઋચાઓ ગ્રહણ કરવી. (ઘેર જળ લાવી સ્નાન કરવામાં કોઈ મંત્રવિધિ નથી) (૬) દ્વિજ સ્નાનના અંગભૂત તર્પણ કરી, ધોયેલાં વસ્ત્ર ધારણ કરી જળાશયથી પોતાના સ્થાને આવી પછી આચમન કરી સંધ્યોપાસન કરે. (૭) પ્રાતઃકાળમાં ક્યારેય પણ તલથી તર્પણ ન કરવું. જળમાં રહીને કુશાઓ સહિત જળ વડે તર્પણ કરે. (૮) ગરમ જળ વડે સ્નાન કરે તે વૃથા કહેવાય છે. ઠંડા જળથી સ્નાન કરવા માટે અસમર્થને ઊના જળથી સ્નાન પ્રશસ્ત કહેલું છે. (૯) સૂર્ય સંક્રાંતિ વારોમાં, રવિવારે, સૂર્ય-ચંદ્રના ગ્રહણ દિને, અમાવાસ્યા તથા સર્વ વ્રતના દિવસોએ અને છઠના દિવસે ગરમ જળથી સ્નાન ન કરવું જોઈએ. (૧૦) દ્વિજજનો અશક્ત હોય તો મસ્તક પલાળવું નહિ અને સ્નાન કરવું અથવા ભીના વસ્ત્રે માર્જન કરવું. - જે રોગીને પવિત્ર કરનારું માનેલું છે. (૧૧) પુરાતન મુનિઓ દેશકાળને જોઈને રોગાદિ આપત્કાળ પામેલા દ્વિજોને મુખ્ય સ્નાનના વિકલ્પે બીજાં સ્નાનો કહે છે. (૧૨) આપોહિષ્ટાદિ મંત્રોથી, દર્ભ સહિત જલોથી અંગોનું પ્રોક્ષણ બ્રાહ્મ નામે સ્નાન કહેવાય છે. પગનાં તળાંથી આરંભીને મસ્તક પર્યંત ભસ્મલેપન કરે તે આગ્નેય સ્નાન કહેલું છે. (૧૩) ગાયોની ખરીઓથી ઉડેલી રજ વડે વાયવ્ય સ્નાન કહેવાય છે. તડકા સહિત મેઘ વરસતો હોય તે જળ વડે સ્નાન 'દિવ્ય' નામે ઓળખાય છે. (૧૪) પંડિત જનો શ્રીહરિના ધ્યાનને 'માનસ' સ્નાન કહે છે. આ છ સ્નાન અશક્ત માટે જાણવા સસક્તે તો જળમાં પ્રવેશીને સ્નાન કરવું. (૧૫) જેવી રીતે સંધ્યાનું કાલાતિક્રમણ ન થાય તેવી રીતે પ્રાતઃસ્નાન વિધિ કરવો જોઈએ. મધ્યાહ્નને સમગ્ર સ્નાનવિધિનું આચરણ કરવું. (૧૬) ગોપીચંદનાદિ મૃત્તિકા વડે ઊર્ધ્વપુંડ્ર તિલક કરી અથવા ભસ્મ વડે ત્રિપુંડ્ર કરી દ્વિજો પોતપોતાની શાખા અનુસાર સંધ્યાવિધિ કરે. (૧૭) રાત્રિના છેલ્લા પહોરની બે ઘડી સંધ્યાકાળ કહેવાય છે. તથા સૂર્યરેખાનું દર્શન થાય ત્યારે સંધ્યાકાળ પૂરો થાય એમ મુનિજનોએ કહેલું છે. (૧૮) જમણો હાથ ગાયના કર્ણની આકૃતિની માફક પોતાના પૂર્વ પ્રદેશમાં લાંબો કરીને પરસ્પર ભેગી આંગળીયોથી દ્વિજ જળને ગ્રહણ કરે. (૧૯) મુક્ત છે અંગૂઠો અને કનિષ્ઠ આંગળી જેની એવો દ્વિજ આચમન કરે. બ્રાહ્મતીર્થથી જ બ્રાહ્મણ હંમેશાં આચમન કરે. (૨૦) આ સંધ્યાદિ કર્મ વિધિમાં અંગૂઠાના મૂળની રેખામાં બ્રાહ્મતીર્થ કહેવાય છે. અને તર્જનીના મૂળમાં પિતૃતીર્થ કહેલું છે. (૨૧) કનિષ્ઠિકા આંગળીના મૂળ થકી પાછળ પ્રાજાપત્ય તીર્થ કહ્યું છે. આંગળીઓના અગ્રભાગમાં દૈવતીર્થ કહેલું છે અને જમણા હાથના મધ્યમાં અગ્નિતીર્થ તથા ચંદ્રતીર્થ કહેલું છે. (૨૨) દ્વિજાતિ જને તે તે પિતૃદેવાદિના કાર્યમાં તે તે તીર્થ ગ્રહણ કરવાનું જાણવું. આ રીતે બ્રાહ્મતીર્થથી ત્રણ વખત આચમન કરી પછી ત્રણ પ્રાણાયામ કરે. (૨૩) દ્વિજ પ્રાણાયામમાં શિરોમંત્રે સહિત ગાયત્રી જપે. તે કેવી તો સાત વ્યાહૃતિ

છે પૂર્વમાં જેના તથા દશ પ્રણવ કહેતાં ઓંકારે સહિત જાણવી. (૨૪) જમણા હાથથી, પાંચ આંગળીઓથી, નાસિકાના અગ્ર ભાગને દબાવી પ્રાણવાયુને રોકવો - આ 'પ્રણવ' નામની મુદ્રા વાનપ્રસ્થ અને ગૃહસ્થને સર્વ પાપોને નાશ કરનારી માનેલી છે. (૨૫) કનિષ્ઠિકા, અનામિકા અને અંગૂઠા વડે નાસિકાના અગ્રભાગને દબાવી પ્રાણવાયુને રોકવો. - આ 'ૐકાર' નામની મુદ્રા સંન્યાસી અને બ્રહ્મચારીની કહેલી છે. (૨૬) પ્રાતઃસંધ્યા અને બ્રહ્માણી (બ્રહ્માની પત્ની), હંસના વાહનવાળી ગાયત્રી દેવીને સૂર્યોદય પહેલાં ધ્યાનધરી અર્ઘ્યદાનનું સમાચરણ કરે. તે કેવી છે તો ઋગ્વેદ છે ખોળામાં જેના તથા આઠ વર્ષવાળી અને રક્તવર્ણવાળી તથા બ્રહ્મા છે અધિપતિ જેના તથા કમંડલુ અને અક્ષમાલા ધારી રહેલી તેમજ લાલ વસ્ત્રોવાળી તથા લાલ રંગનાં પુષ્પો ધારી રહેલી તથા રક્તવર્ણવાળા ચંદન છે ભૂષણ જેનાં એવી - વ્યાસઋષિથી સ્તુતિ કરાતી અને અનુષ્ટુપ છંદથી યુક્ત એવી જાણવી. (૨૭-૨૮-૨૯) અન્ય દેવો થકી દુર્નિવાર્ય એવા મંદેહ નામના રાક્ષસો ઊગતા સૂર્યનારાયણને રોજ પીડા કરે છે. તે રાક્ષસો અર્ઘ્યોદકોથી હણાય છે. (૩૦) તે રાક્ષસો બ્રહ્માના વરદાનથી બીજા દિવસે ફરી સજીવન થાય છે. માટે શ્રેષ્ઠ દ્વિજ જન રોજ સંધ્યાની ઉપાસના કરે. (૩૧) જે દ્વિજ સૂર્યની સહાયતા માટે મંદેહ રાક્ષસોના નાશ માટે ત્રણ અંજલી ન આપે તે દ્વિજ પણ મંદેહ નામના રાક્ષસભાવને પામે. (૩૨) દ્વિજ લગારેક નમ્ર થઈને પૃથ્વી ઉપર અર્ધ્યને નાખે; મધ્યાહ્ને કોમળપણે રહ્યો થકો અર્ધ્યદાન કરે અને સાયંકાળે તો બેઠો થકો પૃથ્વી ઉપર અર્ઘ્યદાન કરે. (૩૩) પ્રાતઃકાલે બંને હાથોથી સ્વસ્તિક કરીને સૂર્યનું ઉપસ્થાન કરે. મધ્યાહ્ને બંને હાથ સરલ કરીને અને સાયંકાળે બને હાથ કમલકોશના સમાન કરીને સૂર્યનું ઉપસ્થાન કરે. (૩૪) મધ્યાહ્ન સમયે થનારી સંધ્યા શુદ્ધ સ્ફટિક જેવી નિર્મળા તથા રુદ્રપત્ની અને રુદ્ર છે દેવતા જેના તથા તરુણ અવસ્થાવાળા અને નંદિકેશ્વરના વાહનવાળી જાણવી. (૩૫) વળી તે ત્રિશૂળ આયુધ ધારણ કરનારી, શ્વેત વસ્ત્રોવાળી અને શ્વેત આભરણોથી શોભાયમાન તથા શ્વેત ચંદન-પુષ્પોથી યુક્ત અને યજુર્વેદ છે જેના ખોળામાં એવી તથા મહાકાંતિવાળી છે. (૩૬) વળી કશ્યપથી સ્તુતિ કરાતી અને ત્રિષ્ટુભ નામના છંદયુક્ત એવી તે મધ્યાહ્ન સંધ્યા હે નિષ્પાપ ! દિવસના આઠમા મુહૂર્તમાં દરરોજ દ્વિજોએ ધ્યાન કરવા યોગ્ય છે. (૩૭) સાયંકાળે તો સરસ્વતી નામની દેવીનું ધ્યાન કરે. તે કેવી છે તો વિષ્ણુ છે દેવતા જેના તથા કૃષ્ણ અંગવાળી, પીળાં વસ્ત્રોવાળી તથા વૃદ્ધાવસ્થાવાળી તથા વિઘ્નને હરનારી તેમજ ચતુર્ભુજા અને ગરુડના વાહનવાળી તથા સામવેદ છે ખોળામાં જેને અને અત્યંત તેજોમયી, વસિષ્ઠ મુનિથી સ્તુતિ કરાતી તથા જગતી નામે છંદયુક્ત જાણવી. (૩૮-૩૯) પ્રાતઃસંધ્યા તારાગણોએ સહિત ઉત્તમ છે, લોપ થયા છે તારાઓ જેમાં એવી સંધ્યા મધ્યમાં કહેલી છે અને સૂર્યોદય પછી કરેલી સંધ્યા કનિષ્ઠ માનેલી છે. આમ પ્રાતઃસંધ્યા ત્રણ પ્રકારની જાણવી. (૪૦) મધ્યાહ્ન સંધ્યા સંગવકાળ બાદ ઉત્તમ કહેલી છે. દિવસના આઠ મુહૂર્ત પછીની મધ્યમ જાણવી અને બાર વાગ્યા પછીની સંધ્યા અધમા જાણવી. (૪૧) તેવી જ રીતે સૂર્ય સહિત સાયં સંધ્યા ઉત્તમ માનેલી છે. લુપ્તતારાવાળી મધ્યમ અને તારાઓ સહિત કનિષ્ઠ માનેલી છે. આ ત્રણ પ્રકારે કહી છે. (૪૨) આ પૃથ્વીમાં જે દ્વિજ પુરુષ લૌકિક વ્યાવહારિક કર્મમાં આસક્ત થકો સમયસર સંધ્યોપાસના

કરતો નથી તે જીવતાં છતાં મરેલો અને શૂદ્ર સમાન જાણવો. તે મનુષ્ય શરીરનો ત્યાગ કરીને અવશ્ય કૂતરાની યોનિને પામશે. (૪૩)

ઇતિ શ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં, ધર્મશાસ્ત્રમાં, પાંચમા પ્રકરણમાં, ધર્મોપદેશમાં સ્નાનાસંધ્યાવિધિનિરૂપણ નામનો ચોથો અધ્યાય થયો. ॥૪॥

●

## અધ્યાય-૫

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્રવર્ય ! આ પ્રકારે ત્રણે કાળમાં સંધ્યાની ઉપાસના કરતો દ્વિજ ભક્તિપૂર્વક પ્રણવે સહિત ગાયત્રી જપ કરે. (૧) વેદોનું આદિ કારણ ગાયત્રી માનેલી છે. ગાયત્રીનું બીજ ૐકાર છે. પ્રણવથી ઉત્તમ કંઈ પણ નથી તે પ્રણવ એકાક્ષર બ્રહ્મ છે. (૨) જે પ્રણવ અકારાદિ ત્રણ અક્ષરો, ભૂર્ભૂવઃ સ્વઃ આદિ ત્રણ લોકો, સત્ત્વાદિ ત્રણ ગુણો, પ્રાતઃ આદિ ત્રણ કાલ, દાક્ષિણાત્ય આદિ ત્રણ અગ્નિઓ, ઋગાદિ ત્રણ વેદોમાં વ્યાપીને રહે છે માટે ઉપર કહેલા ત્રણ ત્રણ સમુદાયોનો અધિપતિ છે. (૩) વેદોનું કારણ પ્રણવ છે. વેદો પ્રણવમાં સુવ્યવસ્થિત રહેલા છે. (બીજમાં રહેલા વૃક્ષની પેઠે) સર્વ શબ્દસમૂહ પ્રણવમાં રહેલો છે માટે ગાયત્રીમંત્ર અને તેની આગળ ૐકાર જપે. (૪) મંત્રકર્તા મુનિ, મંત્રનો છંદ, મંત્રમાં ઉપાસ્ય દેવતા, પોતાને ઇચ્છિત ફલપ્રાપ્તિ માટે વિનિયોગ અને નિરુક્તાદિ બ્રાહ્મણ - આ પ્રમાણે મંત્રના પાંચ અંગો સર્વ મંત્રોમાં વૈદિક શાસ્ત્રથી જાણે. (૫) ગાયત્રી સર્વ મંત્રોના સારરૂપ, સર્વ વેદસ્વરૂપ, ત્રિપદ યુક્ત અને સર્વ ઉપાસકોને સર્વ પ્રકારની સિદ્ધિઓ આપનારી મુનિજનો કહે છે. (૬) એકબાજુ સર્વ વેદો અને એકબાજુ ગાયત્રી આ બંને તુલ્ય છે. જે પુરુષ ગાયત્રીને જાણતો નથી તે પુરુષનો પઠન-પાઠન આદિ પરિશ્રમ વ્યર્થ છે. (૭) બ્રહ્મા ગાયત્રી અને વેદોને તુલા વડે તોલતા હતા. વ્યાકરણાદિ અંગો સહિત વેદો કરતાં પણ ગાયત્રી જ અધિક થઈ. (૮) ગાયત્રી સર્વોત્કૃષ્ઠ તત્ત્વ છે. ગાયત્રી પરમાગતિ કહેતાં સર્વોચ્ચ શરણ છે. ગાયત્રી સર્વ દેવોએ ચિંતન કરેલી છે. ગાયત્રીથી સર્વ જગત વ્યાપ્ત છે. (૯) ગાયત્રી સર્વોત્કૃષ્ઠ દેવી છે. સર્વ પાપોનો નાશ કરનારી છે. પ્રતિદિન આરાધના કરવાથી પુરુષોને ભુક્તિ અને મુક્તિ આપનારી થાય છે. (૧૦) આ ગાયત્રી વેદોની જનની છે, વિશ્વની અનાદિ સિદ્ધ માતા છે. આ ત્રણે લોકમાં ગાયત્રી કરતાં અધિક શ્રેષ્ઠ બીજું કંઈ નથી. (૧૧) આ ગાયત્રીનો અભ્યાસ કરી વસિષ્ઠાદિ મુનિજનો પરબ્રહ્મને પામી ગયા અને ગાયત્રીના અભ્યાસથી દેવતાઓ ત્રિલોકીનું રક્ષણ કરવામાં સમર્થ થયા છે. (૧૨) વૈરાગ્ય કરતાં અધિક બીજું ભાગ્ય નથી. કેશવ કરતાં અધિક અન્ય દેવ નથી તેમજ ગાયત્રી કરતાં અધિક જપ કરવા યોગ્ય ત્રિલોકીમાં દેખાતું નથી. (૧૩) દ્વિજ જાતિના જનોએ યથાશક્તિ ગાયત્રીજપ કરવો જોઈએ. જે હેતુ માટે 'ગાયં તં ત્રાયતે રક્ષતિ' ગાનાર - જપ કરનારને રક્ષણ કરે તે કારણથી તેને 'ગાયત્રી' કહેલી છે. (૧૪) વેદોના પારદષ્ટા મુનિઓએ ગય શબ્દ વાચ્ય પ્રાણો કહેલા છે. તે ગાયત્રી જપ કરનાર પુરુષના પ્રાણોનું રક્ષણ કરે છે તેથી તે ગાયત્રી કહેવાય છે. (૧૫) (ગાયત્રીનું વિરાટ સ્વરૂપ કહે છે) ગાયત્રીનું મુખ અગ્નિ છે, શિર બ્રહ્મા છે, શ્રીહરિ હૃદય છે,

રુદ્ર કવચ છે અને ચંદ્ર-સૂર્ય નેત્રો કહેલાં છે. (૧૬) પૃથ્વી ગાયત્રીની નાભિ છે, દિશાઓ કુક્ષિ છે, પાતાળ ચરણ છે, સરસ્વતી જિહ્વા છે, સાંખ્યાયન નામનું ગોત્ર છે. (૧૭) ગાયત્રી નામક મંત્રના વર્ણો ચોવીશ કહેલા છે અને તે વર્ણો ભિન્ન ભિન્ન ઋષિ, છંદ, દેવતા. અને શક્તિથી યુક્ત છે. (૧૮) તે ચોવીશ વર્ણોના સ્થાનો, વર્ણો, મુદ્રાઓ, પાપહારીપણું પૃથક્ પૃથક્ ઐશ્વર્ય ફલરૂપ જાણવા. (૧૯) આ ઋષિ છંદ વગેરે સર્વ ગુરુ થકી જાણી વસિષ્ઠ વિશ્વામિત્રના શાપોથી વિમોચન કરી, સ્વાંગોમાં વર્ણોનો વિન્યાસ કરી દ્વિજ ગાયત્રી મંત્રોનો જપ કરે. (૨૦) ગાયત્રીને પ્રકૃતિ જાણવી તથા પ્રણવ પુરુષ જાણવો. પ્રકૃતિ પુરુષ ગાયત્રી પ્રણવનો યોગ થવાથી જપનાર જનોનું વાંછિત ફળ સિદ્ધ થાય. (૨૧) કુશના આસન ઉપર બેઠેલો, કુશો છે હાથમાં જેને અને જિતેન્દ્રિય એવો તે સૂર્યમંડળમાં શ્રીહરિનું ધ્યાન કરતો થકો સાવધાન થઈને ગાયત્રી જપ કરે. (૨૨) પ્રથમ ૐકારનું ઉચ્ચારણ કરી પછી 'ભૂર્ભુવઃ સ્વઃ' નું ઉચ્ચારણ કરી પછી ગાયત્રીનું ઉચ્ચારણ કરી અને ગાયત્રીમંત્રના અંતે પ્રણવ ઉચ્ચારવો - આ પ્રકારે જપ કરવાનો કહેલો છે. (૨૩) વાચિક, ઉપાંશુ અને માનસ એમ ગાયત્રીનો ત્રણ પ્રકારનો જપ જાણવો. ત્રણે પ્રકારના જપયજ્ઞોના મધ્યે ઉત્તરોત્તર શ્રેયસ્કર થાય. (૨૪) ઊંચા, નીચા અને સમવૃત્તિ એવા અને સ્પષ્ટ પદાક્ષરવાળા શબ્દો વડે જે મંત્રનું વાણીથી ઉચ્ચારણ થાય તે વાચિક જપયજ્ઞ જાણવો. (૨૫) જેમાં મંત્રોચ્ચાર ધીમે ધીમે થાય, બંને હોઠ થોડા થોડા હાલે અને સ્વયં જપ કરનાર જ સાંભળે, તે જપ ઉપાંશુ કહેલો છે. (૨૬) અને જે જપમાં જીભ, દાંત, હોઠ વગેરે કંઈ પણ ચલાયમાન ન થાય તે જપ વિદ્વાનોએ 'માનસ' જપ કહેલો છે. (૨૭) જપ કરનાર પોતાના મનથી મંત્રનું ધ્યાન કરે, હોઠોને ન ચલાવે, તેમજ માથું અને ગરદનને કંપાવે નહિ તેમજ દાંતોને પ્રકાશિત કરે નહિ; (૨૮) જેથી યજ્ઞો, રાક્ષસો, ભૂતો, સિદ્ધો, વિદ્યાધરો, પ્રમથાદિ ગણો, બળજબરીથી જપ ફળનું હરણ કરે નહિ - આમ, મંત્ર ગુપ્ત રીતે જપે. (૨૯) મંત્રોચ્ચારમાં ઉતાવળ ન કરવી; જપમાં વિઘ્ન કરનારી નિદ્રાને વશ કરવી, ધીરતા રાખવી, મન અન્યત્ર આસક્ત ન રાખવું તથા જ્યાં ત્યાં જોતા જોતા જપ ન કરવા. (૩૦) જપ ચાલતાં ચાલતાં ન કરવા. હસતાં હસતાં જપ ના કરે. પોતાની પડખે જોતો જપ ના કરે. ઉઘાડા શરીરે જપ ન કરે. વાતો કરતાં કરતાં જપ ન કરે. મસ્તક ઢાંક્યા વગર જપ ના કરે. (૩૧) પગ ઉપર પગ ચડાવીને જપ ન કરે. હાથોને હલાવતો હલાવતો જપ ન કરે. એકાગ્રતા રહિત થકો જપ ન કરે. વળી પોતે ઉચ્ચારેલો ગાયત્રીમંત્ર બીજો સાંભળે તે પ્રકારે જપ ન કરે. (૩૨) પ્રાતઃકાળમાં સૂર્યોદય સુધી પૂર્વ દિશા તરફ મુખ રાખી. ઊભો રહીને જપ કરે. સાયંકાળે તારાઓનો ઉદય થાય ત્યાં સુધી પશ્ચિમ દિશા તરફ મુખ રાખી બેસીને જપ કરે. (૩૩) દ્વિજ મધ્યાહ્ન સમયે ઊભો કે બેઠો થકો જ જપ કરે. ઊભો ઊભો જપ કરે તો સૂર્યાભિમુખ થાય અને બેઠો બેઠો જપ કરે તો પૂર્વાભિમુખ થાય (૩૪) પ્રાતઃકાળે નાભિ ઉપર હાથ રાખી ગાયત્રી જપે, મધ્યાહ્ને હૃદય ઉપર હાથ રાખી જપે અને સાયંકાળે હાથને નાસિકાના અગ્રભાગે રાખીને જપ કરે. આમ જપ ત્રણ પ્રકારે જાણવો. (૩૫) મહાપાતકનો નાશ કરનારી દેવી ગાયત્રીના હજાર જપ કરે તે ઉત્તમ છે. સો જપ મધ્યમ અને દશ જપ સંખ્યા કનિષ્ઠ ગણાય. ગાયત્રીનો નિત્ય પાઠ કરવો. (૩૬) ગાયત્રીના દશ સંખ્યાવાળા જપ

આ જન્મનાં પાપોનો નાશ કરે છે. સો સંખ્યાવાળા જપથી પૂર્વ જન્મમાં કરેલાં પાપ નાશ પામે છે અને ગાયત્રીના એક હજાર જપ કરનારના ત્રણ જન્મનાં પાપનો નાશ થાય છે. (૩૭) દ્વિજ પ્રણવ-વ્યાહૃતિ અને ગાયત્રીરૂપ ત્રણને જળમાંથી બહાર નીકળી, અથવા ઘરની બહારના પ્રદેશમાં, દેવમંદિરમાં કે અરણ્ય આદિમાં એક હજાર વાર પાઠ કરીને પુરુષ સાપ જેમ કાંચળીથી મુક્ત થાય છે તેમ - પાપરૂપી કાદવમાંથી તે જ ક્ષણે મુક્ત થાય છે. (૩૮) બ્રહ્મચર્યવાન, અલ્પાહારી અને સર્વ ભૂતો ઉપર અનુકંપાવાળો જન ગાયત્રીના એક લાખ જપ વડે સર્વ પ્રકારના પાપોથી મુક્ત થાય છે. (૩૯) ઘી મિશ્રિત તલ વડે હોમ કરાઈ સતી ગાયત્રી દેવી વરદાત્રી અને સર્વકામફળપ્રદા થાય છે, હોમ સર્વ પાપોનો નાશ કરનારો છે. (૪૦) શાંતિની કામનાવાળો નર યવો વડે હોમ કરે. આયુષ્યની કામનાવાળો ઘીથી હોમ કરે. કર્મ સમાપ્તિસિદ્ધિ કામનાવાળો નર સરસવ વડે હોમ કરે. (૪૧) બ્રહ્મતેજ પ્રાપ્તિની ઈચ્છાવાળો દૂધથી હોમ કરે, ધનની કામનાવાળો સદા દહીંથી હોમ કરે. અને ધાન્યોની કામનાવાળો ડાંગર વડે હોમ કરે. (૪૨) ગ્રહપીડાની શાંતિ માટે ક્ષીરવૃક્ષ (જે વૃક્ષની ડાળી કાપતાં દૂધ નીકળે)ની સમિધાઓ વડે હોમ કરે, ધનપ્રાપ્તિની કામનાવાળો બીલાના ફળ વડે હોમ કરે અને લક્ષ્મીની કામનાવાળો કમળો વડે હોમ કરે. (૪૩) આરોગ્યની કામનાવાળો પુરુષ દૂધ મિશ્રિત દુર્વાંકુરોથી હોમ કરે. વળી દેશમાં ઉત્પાત થાય ત્યારે પણ દૂધમિશ્રિત દુર્વાંકુરોથી જ હોમ કરાય છે. (૪૪) આળસ રહિત થઈને ગુગ્ગલની ગુટિકાઓ વડે હોમ કરી મોટા સૌભાગ્યને પામે છે. આમાં વિચારણા કરવાની જરૂર જ નથી. (૪૫) ઘી અને ખીરના હોમથી મનુષ્ય પુત્રને પામે છે તથા દૂધપાકના હોમથી વિદ્યાને પામે છે. (૪૬) જે જે કામના વડે એક લાખ હોમ કરે તે તે કામનાને પામે છે એમાં વિચારણા કરવી નહિ. (૪૭) ચોવીશ લાખ ગાયત્રી વડે એક પુરશ્ચરણ કહેલું છે તે પુરશ્ચરણ જે પુરુષ કરે તેને સર્વ કામનાઓ સિદ્ધ થાય છે. (૪૮)

**શ્રીહરિ કહે છે :**

હે દ્વિજ ! ગાયત્રીનો જપ વિધિ આ પ્રકારે મેં તમોને કહ્યો. ઉપનયન નામના દશમ સંસ્કારને પામેલા દ્વિજોએ સ્વપુણ્યનો નાશ કરનારા આળસનો તત્કાળ ત્યાગ કરી તે વિધિ પ્રતિદિન સ્વશક્તિ અનુસાર કરવો જોઈએ. (૪૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
ધર્મોપદેશમાં ગાયત્રીજપવિધિનિરૂપણ નામનો પાંચમો અધ્યાય થયો. ॥૫॥

●

## અધ્યાય-૬

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે વિપ્રવર્ય ! જે દ્વિજ પ્રમાદથી સંધ્યાનો સમય વીતી ગયા પછી સંધ્યા કરે છે તે પુરુષ પ્રાયશ્ચિત કરીને જ શુદ્ધ થાય છે. (૧) સંધ્યા સમય વીતી ગયો હોય તો યથાવિધિ સ્નાન કરી, આચમન કરી, દેવી ગાયત્રીના એકસો આઠ જપ કરી પછી સંધ્યા કરે. (૨) દ્વિજન્મા પુરુષે જો ખાસ આવશ્યક કાર્ય હોય તો માધ્યાહ્નિક સંધ્યા પણ પ્રાતઃકાળમાં જ કરવી. પરંતુ દરરોજ આમ ન કરવું. (૩)

મૂઢાત્મા એવો જે પુરુષ પ્રાતઃસંધ્યા અને સાયંસંધ્યાની ઉપાસના કરતો નથી તે શૂદ્રતુલ્ય જાણવો. સર્વ કર્મથી તેનો બહિષ્કાર કરવો. (૪) જન્મ અને મરણના સૂતક દરમિયાન દ્વિજ કુશ અને જળરહિત અર્ઘ્યદાન પર્યંત માનસી સંધ્યાને કરે પણ સંપૂર્ણ સંધ્યા ન કરે. (૫) પોતાનું નિવાસસ્થાન, ગૌશાળા, નદીતટે સંધ્યાવિધિ અનુક્રમથી દશ ગણા અધિક ફળને આપનારી થાય. બે નદીઓના સંગમમાં સંધ્યા સોગણા ફળવાળી થાય અને ઈશ્વર સંનિધિમાં સંધ્યા અનેકગણા ફળને આપનારી થાય. (૬) સંધ્યાની સમાપ્તિમાં પોતે જ હોમ કરે. પોતે હોમ કરે તો જે ફળ થાય, તે ફળ અન્ય દ્વારા પોતાના નિમિત્તે હોમ કરાવે તો ન થાય. (૭) વરણીમાં વરેલો ઋત્વિક (પુરોહિત), પોતાનો પુત્ર, ગુરુ, ભાઈ, ભાણેજ અને રાજા આટલાએ કરેલો હોમ પોતે જ કરેલા હોમ બરાબર જાણવો. (૮) જાતે હોમ કરનારા દ્વિજ માટે જે ફળ કહ્યું છે, તે અન્ય દ્વારા કરાવે તો અર્ધું ફળ પામે. (૯) ક્યારેક આવશ્યક કાર્ય હોય ત્યારે અથવા આપત્તિકાળમાં પાક્ષિક હોમ કરે. અન્યથા પાક્ષિક હોમ ના કરે. (૧૦) પવિત્ર હાથવાળો, શુદ્ધ અંતઃકરણવાળો, શ્વેત વસ્રધારી દ્વિજ ચક્ષુરાદિ ઇન્દ્રિયોને સંયમિત રાખી, એકાગ્ર ચિત્તથી નિત્ય હોમ કરે. (૧૧) દર્ભની બનાવેલી, તાંબાની, ચાંદીની, સુવર્ણની પવિત્રી વીંટી જમણા હાથે ધારણ કરવી. આ ઉત્તરોત્તર અતિ શુદ્ધ છે. (૧૨) સારા વર્ણવાળી, નારાયણ વગેરે ભગવાનના નામયુક્ત સોનાની વીંટીને 'પવિત્રી' જાણવી. તે સર્વ કર્મમાં સુશોભન જાણવું. (૧૩) અનામિકામાં ધારણ કરેલી સુવર્ણની પવિત્રી, તર્જનીમાં ધારણ કરેલી ચાંદીની પવિત્રી, અને કનિષ્ઠિકામાં ધારણ કરેલી ઘાસની પવિત્રી ધારણ કરવાથી નર પવિત્ર થાય છે. (૧૪) યજ્ઞ નારાયણાદિ દેવતાઓને નમસ્કાર કરે, સાકર વગેરે ઉપહારો નિવેદન કરે. પુષ્પાદિ અર્પણ કરે પછી ગુરુ વગેરે વૃદ્ધ જનોને અભિવંદન કરે. (૧૫) પછી પવિત્ર દેશમાં બિછાવેલા દર્ભાસન ઉપર બેસીને દ્વિજ અવ્યગ્રચિત્ત થઈને યથાશક્તિ વેદપાઠ કરે. (૧૬) શિક્ષાદિ અંગે સહિત ચાર વેદ, પુરાણો, મહાભારત અથવા સ્તોત્રો, રામાયણ વગેરેનું તે દ્વિજ સ્વાધ્યાયની સિદ્ધિ માટે નિત્ય પઠન કરે. સ્વાધ્યાયના આરંભ અને અંતમાં ૐકારનું ઉચ્ચારણ કરે. (૧૭-૧૮) પોતપોતાના ગૃહ્ય સૂત્રોમાં કહેલી વિધિ પ્રમાણે ભક્તિપૂર્વક અક્ષતજવ સહિત જળ વડે દેવો-મહર્ષિઓને તૃપ્ત કરે. તલ મિશ્રિત જળથી તે દ્વિજ પિતૃઓનું તર્પણ કરે. (૧૯) પૂર્વાભિમુખે દેવોનું તર્પણ કરે. ઉત્તરાભિમુખે ઋષિઓનું તર્પણ કરે. દક્ષિણાભિમુખે પિતૃઓનું તર્પણ કરે. આ રીતે તર્પણનો વિધિ કહેલો છે. (૨૦) બુદ્ધિમાન દક્ષિણાભિમુખ થઈને પિત્રિઓને માટે અપસવ્ય પિતૃતીર્થથી તલ વડે પિતૃઓને સંતર્પણ કરે. યમાદિને દેવ હોવાથી દેવતીર્થથી સંતર્પણ કરે. (૨૧) તે દ્વિજ સંક્ષેપથી તર્પણ કરતો થકો બ્રહ્માથી લઈને સ્તંબપર્યંત વિશ્વતૃપ્ત થાઓ એમ બોલતો થકો તલમિશ્રિત જલ ભૂમિ ઉપર મૂકે. (૨૨) (પિતૃતર્પણને અંતે વસ્રને નિચોવીને જળ અર્પણ કરવાનો વિધિ છે. તેમાં અપવાદ દર્શાવે છે.) દ્વાદશી, ચતુર્દશી, સંસ્ક્રાંતિદિન, અને શ્રાદ્ધદિન-આ દિવસોએ વસ્રને ભૂમિ ઉપર નિચોવે નહિ. આ દિવસોએ વસ્રને ક્ષાર કે સાબુ લગાવે નહિ. (૨૩) દેવ સંબંધી તર્પણમાં યથાવસ્થિત યજ્ઞોપવીતવાળો થાય, ઋષિતર્પણમાં નિવીતી કહેતાં કંઠમાં ઉપવીતવાળો થાય. પિતૃતર્પણમાં જમણા ખભા ઉપર ઉપવીત રાખે. તે તે મંત્રોનું ઉચ્ચારણ કરતો થકો તર્પણ કરે.

(૨૪) દેવતીર્થ વડે દેવોને તૃપ્ત કરે તથા બ્રાહ્મતીર્થ વડે મુનિજનોને અને પિતૃતીર્થ વડે પોતાના પિતૃઓને અને આઠ દિવ્ય પિતૃઓને પણ તૃપ્ત કરે. (૨૫) દ્વિજ મૂળ અને અણીએ સહિત દર્ભનો જમણા હાથે ધારણ કરીને તેની પાછળ ડાબો હાથ લગાડીને, જમણા હાથથી દેવાદિને તર્પણ કરે. (૨૬) દર્ભના અગ્રભાગોથી દેવોને તર્પણ કરે, કુશોના મધ્યભાગથી ઋષિ આદિ મનુષ્યોને તર્પણ કરે. કુશોના મૂલોના અગ્રભાગથી પિત્રિઓને તર્પણ કરે. આ પ્રમાણે યથાક્રમે તર્પણ કરે. (૨૭) કુશ, કાશ, જવ, દુર્વા, કુંદર, ઉશીર, ગોધૂમ, વ્રીહિ અને મુંજ - આ દશ દર્ભો કહેલા છે. (૨૮) જે દર્ભો શ્રાવણ માસની અમાસને દિવસે લાવેલા હોય તેને 'અયાતયામા' - (જેને યામો ગયેલા નથી, એવા) કહેવાય છે. માટે તેને તાજાં શુદ્ધ જ જાણવા, તે દર્ભો સર્વ કર્મમાં વારંવાર પ્રયોગ કરવા. (૨૯) એક વેંત જેટલો હોય તે કુશ કહેવાય અને તેથી બમણો હોય તે દર્ભ કહેવાય, હસ્તમાત્ર હોય તે વજ કહેવા અને ગાયના પુચ્છ માપનો હોય તે તૃણ કહેવાય છે. (૩૦) શ્રાદ્ધ સમયમાં કુશ શ્રેષ્ઠ કહેવાય છે. દાનોમાં દર્ભ શ્રેષ્ઠ કહેવાય છે. અગ્નિહોત્રાદિમાં વજ શ્રેષ્ઠ કહેવાય છે અને પ્રેત-કર્મમાં ગોપુચ્છ શ્રેષ્ઠ ગણાય છે. (૩૧) હાથથી પિતૃતર્પણ એકગણું કહેલું છે. દર્ભોથી પિતૃતર્પણ સોગણું કહેલું છે, અને ખડગપાત્ર(ઘાસ) થી કરાતું પિતૃતર્પણ અક્ષમ્ય ફળને આપે છે. (૩૨) દેવો એક એક અંજલિને ઈચ્છે છે. સનકાદિક ઋષિઓ બે બે અંજલિઓ ઈચ્છે છે, પિતૃઓ ત્રણ ત્રણ અંજલિઓ ઈચ્છે છે અને સ્ત્રીઓ એક એક અંજલિથી તૃપ્ત થાય છે. (૩૩) તેમાં માતા, પિતામહી અને પ્રપિતામહી આ ત્રણ સ્ત્રીઓને ત્રણ ત્રણ જળની અંજલિઓ અર્પે. તે સિવાયની સ્ત્રીઓને એક એક અંજલિ અર્પણ કરે. (૩૪) રવિવારે, શુક્રવારે, ત્રયોદશીઓ અને, સપ્તમીઓમાં, રાત્રિના તર્પણમાં, બંને સંધ્યાકાલમાં, સર્વ મઘા નક્ષત્રમાં, મંગળવારે પડવો અને છઠ અને એકાદશીઓના દિવસે તલ-તર્પણ ન કરે. (૩૫) જ્યાં તિલ-તર્પણ અવશ્ય કહેલું છે તેવા તીર્થવિશેષમાં, ગંગામાં અને પ્રેતપક્ષમાં નિષેધ કરેલા દિવસે પણ તિલ મિશ્રિત તર્પણ કરે. (૩૬) તલના અભાવમાં તથા નિષેધ કરેલા દિવસે સુવર્ણ અને રજત યુક્ત જળથી તર્પણ કરે. તેના પણ અભાવમાં કેવળ દર્ભો વડે અથવા મંત્ર વડે જળ સિંચન કરે. (૩૭) હે દ્વિજવર ! બ્રાહ્મણોને કહેલું સમગ્ર પ્રાતઃહોમ વગેરે ક્રિયા મેં સ્મૃતિમાં કહેલા વચનોથી તમોને કહ્યું. હવે અત્યારે પ્રતિદિન કરવા યોગ્ય આવશ્યક એવો સર્વ દેવના પૂજનનો વિધિ હું તમોને કહું છું. (૩૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં પ્રાતર્હોમબ્રહ્મયજ્ઞ દેવપિતૃતર્પણવિધિનિરૂપણ નામનો છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

●

## અધ્યાય-૭

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે વિપ્ર ! સંધ્યા હોમ કરી પરવારેલો દ્વિજ વિષ્ણુની પૂજાનો આરંભ કરતાં પહેલાં ચંદન-પુષ્પ-તુલસી વગેરે પૂજાપદાર્થોને એક સ્થળે લાવીને પછી પૂજા કરે. (૧) સમિધ, પુષ્પ, દર્ભ વગેરે વસ્તુઓ બ્રાહ્મણ પોતે લાવે. શૂદ્ર પાસે મંગાવેલ કે દ્રવ્ય આપીને ગ્રહણ કરેલાં સમિધાદિ વડે

રમાપતિ ભગવાનનું પૂજન ન કરે. (૨) દેવ સંબંધી કે પિતૃસંબંધી કર્મ તથા સંધ્યોપાસનાદિ નિત્યકર્મ શૂદ્રે લાવેલા જળ વડે ન જ કરે. (૩) ઉત્તરાભિમુખ કે પૂર્વાભિમુખ અથવા દેવને સન્મુખ બેસીને હસ્તપાદાદિ અંગે સહિત પોતાના ઇષ્ટદેવ સર્વેશ્વરની ભક્તિભાવથી પૂજા કરે. (૪) પ્રતિમાપૂજામાં પ્રતિમા આઠ પ્રકારની કહેલી છે : શિલામયી, કાષ્ઠમયી, ધાતુમયી, લેપ્યા એટલે ચંદનમયી, ચિત્રમયી, વેળુમયી, મણિમયી અને મનોમયી. (૫) આઠ પ્રકારની પ્રતિમા પૈકી જે પ્રતિમામાં જેને શ્રદ્ધા હોય તે નર તે પ્રતિમાનું યથાપ્રાપ્ત ઉપચારો વડે ભક્તિભાવથી નિષ્કપટ પૂજન કરે. (૬) કેશવ ભગવાન ભક્તિભાવથી અર્પણ કરેલ તુલસીદલ, પુષ્પ કે જળ પણ અંગિકાર કરે છે. હે વિપ્ર ! ભક્તિ વિના તો શ્રીહરિ ધનસમૂહોના સામે પણ જોતા નથી એ નિશ્ચિત વાત છે. (૭) બ્રાહ્મણાદિ ચારે વર્ણો તથા સ્ત્રીઓને પણ ભક્તિભાવથી વિષ્ણુ આદિ દેવોનું પ્રતિમાપૂજન પ્રશસ્ત માનેલું છે. (૮) શાલિગ્રામ શિલાના પૂજનમાં બ્રાહ્મણને જ અધિકાર છે. ક્ષત્રિયાદિ ત્રણ વર્ણને તો શાલિગ્રામશિલાની પૂજા વૈષ્ણવી દીક્ષાયુક્ત હોય તો તે યોગ્ય છે. અહીં શૂદ્ર તો સત્શૂદ્ર સમજવો. (૯) વિષ્ણુ, શિવ, ગણપતિ, સૂર્ય અને પાંચમી પાર્વતી દેવી - આ પાંચ દેવોને ભક્તિવાળા જને પૂજવા અથવા એક વિષ્ણુ જ પૂજવા. (૧૦) શાલિગ્રામો બે, ચાર, છ એમ સમ સંખ્યામાં પૂજે. ત્રણ-પાંચ સંખ્યામાં ન પૂજે. વિષમસંખ્યામાં તો એક જ શાલિગ્રામ પૂજ્ય છે. શાલિગ્રામની શિલા ખંડિત હોય અથવા ફુટેલી હોય તો પણ શુભફળને આપનારી છે. (૧૧) બે શિવલિંગ, બે શાલિગ્રામ, બે દ્વારિકા ગોમતીમાં ઉત્પન્ન થયેલા ચક્રો તથા બે સૂર્યનારાયણ ઘરમાં પૂજવા નહિ. (૧૨) તથા ઘરમાં અંબિકાની ત્રણ મૂર્તિઓ પૂજવી નહિ. ત્રણ ગણપતિ પૂજવા નહિ, બે શંખો પૂજવા નહિ તથા ખંડિત થયેલી ભગવત્ પ્રતિમા પૂજવી નહિ. (૧૩) પંચાયતન પૂજામાં તે તે દેવતાઓના સ્થાપનનો અનુક્રમે તેના તેના વિધાનને અનુસારે કરીને પછી પૂજન કરવું. (૧૪) મધ્યપ્રદેશમાં વિષ્ણુની સ્થાપના કરવી તથા ઈશાન કોણમાં શિવનું સ્થાપન કરવું. અગ્નિખૂણામાં ગણપતિ અને નૈર્ઋત્ય ખૂણામાં સૂર્ય તથા વાયવ્ય ખૂણામાં પાર્વતી એમ ક્રમે કરી સર્વ દેવો સ્થાપન કરવા. (૧૫) આ પંચાયતનનું સહસ્રશીર્ષા આદિ પુરુષસૂક્તના મંત્રો વડે ષોડષોપચારથી પૂજન કરે. વેદમાં કહેલા તે તે દેવોના મંત્રો વડે સદા પૂજવા. (૧૬) પુરુષ સૂક્તના ઋષિ નારાયણ કહેલા છે. ત્રિષ્ટુપ છંદ જાણવો. જગત બીજ છે. સ્વયં પુરુષ દેવતા કહેલા છે. (૧૭) અમુક દેશે અમુક કાલે એમ કહી શ્રી ગણેશમાં સ્મરણપૂર્વક દ્વિજ પુરુષસૂક્તથી સમ્યક્ ન્યાસવિધિ કરે. (૧૮) બે હાથ, બે પગ, બે જાનુ, ડાબી અને જમણી કમર, નાભિ, હૃદય, કંઠ, બંને ભુજાઓ, મુખ, બંને નેત્ર, તથા મસ્તકમાં, વામ અંગના અનુક્રમથી ન્યાસ કરે. (૧૯) ચંદન પુષ્પાદિ દ્રવ્યોને સારી રીતે શુદ્ધ કરીને શંખ અને ઘંટાની પૂજા કરે. પછી જેવું જોયું - સાંભળ્યું હોય તેવું વિષ્ણુનું ધ્યાન કરી તે દ્વિજ પૂજન કરે. (૨૦) પૂજકના તપ યોગથી, પ્રતિદિન કરાતા પૂજન-અર્ચનના ઉત્કર્ષને લીધે તથા પ્રતિમાના રમણીયતાના ભાવથી પોતાના ઇષ્ટદેવ પ્રતિમામાં સન્નિધિભાવ (આવિર્ભાવ)ને પામે છે. (૨૧) હે દ્વિજ ! સહસ્રશીર્ષા આદિ સોળ સંખ્યામાં સૂક્ત મંત્રો વડે સોળ ઉપચારો ભક્તિવાળા દ્વિજે દરરોજ ભગવાનને અર્પણ કરવા. (૨૨) આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર,

ઉપવીત, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબૂલ તથા દક્ષિણા અને પુષ્પાંજલિ આપીને દ્વિજ સાદર નમસ્કાર કરે. (૨૩-૨૪) અચળ પ્રતિમા, શાલગ્રામ, બાણલિંગ - આટલામાં આવાહન અને વિસર્જન દરરોજ કરવાં નહિ. (૨૫) જ્યાં આવાહન નથી ત્યાં પુરુષ સૂક્ત આદિ મંત્ર વડે ધ્યાન જ કરાય છે. અને પૂજા વિધિમાં ક્યારેય પણ દ્રવ્યશઠપણું કરવું નહિ. (૨૬) ચોખા વડે વિષ્ણુપૂજન ન કરવું, તુલસીપત્ર વડે ગણપતિપૂજન ન કરવું, ધરો વડે દેવીપૂજન ન કરવું અને બિલિપત્ર વડે સૂર્યપૂજન ન કરવું. (૨૭) ચંપો અને કેતકીથી શિવપૂજન ન કરવું. ધતૂરાના અને આકડાનાં ફૂલ વિષ્ણુની પૂજામાં પંડિતોએ સદા ત્યાગ કરવાં જોઈએ. (૨૮) મલ્લિકા, માલતી, જૂઈ, કેવડો, અશોક, ચંપો, બોરસલ્લી, નાગચંપો, બકુલ, ગુલાબ અને કમળ, મોગરો, કરવીર તથા બીજા પણ સુગંધીવાળાં પુષ્પો વડે વિષ્ણુ ભગવાનનું પૂજન ઉત્તમ માનેલું છે. અહીં વનકેતકી વર્જ્ય માનેલી છે. (૨૯-૩૦) ભગવાનની પૂજામાં વાસી પત્ર, વાસી જળ અને વાસી પુષ્પ વર્જ્ય માનેલાં છે. માળીના ઘેર રહેલું તો વાસી હોય તો પણ પૂજામાં વાપરી શકાય છે. (૩૧) હે સુવ્રત ! બીલીપત્ર, મોગરાનું પુષ્પ, તમાલપત્ર, આમલકીપત્ર, કલ્હાર, તુલસીપત્ર અને મંજરી, કમલ, મુનિપુષ્પ, સુવર્ણના અલંકારો, દર્ભ, પુષ્પની કળીઓ, ગંગાદિ તીર્થનું જળ - આ બધું વાસી થતું નથી. (૩૨-૩૩) વૈધૃતિ યોગ, વ્યતિપાત, મંગળવાર, શુક્રવાર અને રવિવારના દિવસે, પૂર્ણિમા, અમાવાસ્યા, સંક્રાંતિ, દ્વાદશી, એકાદશી, જન્મ-મરણના સૂતકમાં, પ્રાતઃસંધ્યા સમયે, તથા સાયં સંધ્યા સમયે તથા રાત્રિમાં તુલસીપત્ર તોડવાં નહિ. આ નિષિદ્ધ કરેલાથી અન્ય દિવસે તુલસીને તોડતો થકો આગળ કહેવાશે તે મંત્રનું ઉચ્ચારણ કરે. (૩૪-૩૫) હે તુલસી ! હે કેશવપ્રિયે ! તું સદા અમૃત જન્મા છે. કેશવ ભગવાન માટે હું તને તોડું છું. હે શોભને ! તું વર આપનારી થા. (૩૬) શ્રીકૃષ્ણના મસ્તક ઉપર અર્પણ કરેલી તુલસીના પત્રસહિત મંજરી સોનાનાં કરોડો પુષ્પોનું જે ફળ છે તેના કરતાં પણ અધિક ફળને આપે છે. (૩૭) પંચાયતન વિના કેવળ શિવપૂજનમાં શિવને નિવેદન કરેલું અન્નાદિક ગ્રહણ ન કરવું. આ શિવના નિર્માલ્યના ઉલ્લંઘનથી મનુષ્યોને મહાન દોષ થાય છે. (૩૮) આટલા માટે શિવને અર્પણ કરેલ નૈવેદ્ય, પત્ર, પુષ્પ, ફળ કે જળ તે ગ્રહણ ન કરવું. શિવજીની સાથે પૂજામાં શાલગ્રામ હોય તો તે બધું પવિત્ર ગણાય છે આથી ગ્રહણ થાય. (૩૯) સ્વયં પ્રગટ થયેલા બાણલિંગ (જ્યોતિર્લિંગ)માં, શિવપ્રતિમામાં, સ્વયંસિદ્ધ લિંગમાં અને અષ્ટધાતુથી બનેલા લિંગમાં નૈવેદ્યાદિ ગ્રહણ કરવામાં દોષ નથી. (૪૦) હવે બ્રાહ્મણોએ નવરાત્રિમાં દેવીની જુદી પૂજા દેવોને યોગ્ય ઉપહારોથી કરવી. પરંતુ અસુરોને યોગ્ય મદ્ય-માંસાદિ ઉપહારોથી ન કરવી. (૪૧) દ્વિજાતિએ અસુર રચિત ગ્રંથને જોઈને તત્કાળ જ પતનમાં કારણભૂત એવા મદ્ય-માંસનો સંસર્ગ પણ ન કરવો. (૪૨) જે દેવી સન્મુખ અગાઉ ક્યારેય પણ મદ્ય-માંસાદિનું નૈવેદ્ય અર્પણ કરેલું હોય તે દેવીનું અન્નજલાદિ નૈવેદ્ય પણ ક્યારેય ગ્રહણ ન કરવું. (૪૩) દરેક વિપ્રે દેવીના બલિદાન કર્મમાં અડદના વડાં, નાળિયેર, દૂધપાક વગેરે અર્પણ કરવું. (૪૪) જે દુમર્તિ પુરુષ મેં કરેલી મર્યાદાનો ત્યાગ કરશે તે પુરુષને આ લોકમાં વંશનો ઉચ્છેદ થશે અને મર્યા પછી યમલોકમાં કુંભીપાક નામના નરકમાં પડશે. (૪૫) જે પુરુષ કુસંગથી આસુરી એવા મદ્ય-માંસાદિ

ઉપહારો વડે દુર્ગાદેવીનું પૂજન કરે તે પુરુષ જળરહિત અરણ્યમાં બ્રહ્મરાક્ષસ થાય. (૪૬) હે માનદ દ્વિજ ! આ પ્રકારે શિલાદિ પ્રતિમામાં દેવપૂજન કહ્યું, મૂર્તિ ઉપરાંત ચક્ર, પદ્મ વગેરે પૂજાસ્થાનોમાં પણ દેવપૂજનનો વિધિ હું તમોને કહું છું. (૪૭) સ્થંડિલ કહેતાં ધૂળની ઓટલી ઉપર કરેલા ચક્ર કમળાદિ મંડળમાં યથાવિધિ યથાસ્થાન અંગ પ્રધાન દેવતાઓની તે તે મંત્રો વડે સ્થાપના કરીને પૂજન કરે. સૂર્યમાં ઉપસ્થાપન આદિથી દેવને પૂજે. અગ્નિમાં ઘૃતાદિ હોમ દ્રવ્યથી પૂજે, જળમાં ચંદન, પુષ્પાદિ દ્રવ્યો વડે દેવને પૂજે (૪૮) જિતેન્દ્રિય પૂજારી પોતાના હૃદયકમલમાં મનોમય ઉપચારોથી ભગવાનને પૂજે. બ્રાહ્મણોએ મિષ્ટાન્ન કરાવી પૂજા કરવી. ભગવાનના એકાંતિક ભક્તે પોતાના બંધુની માફક સત્કારથી દેવનું પૂજન કરવું. (૪૯) હે દ્વિજ ! ભક્તિવાળા દ્વિજોએ પ્રાતઃકાળ, મધ્યાહ્‌ન કાળ અને સાયંકાળ એમ ત્રણ વખત શ્રીહરિનું પૂજન કરવું. અશક્તોએ તો પ્રાતઃકાલમાં એકવાર જ પૂજન કરવું. (૫૦) ભગવાનની પૂજાની સમાપ્તિમાં ત્રણે કાલમાં હૃદયમાં શ્રીહરિનું સ્મરણ કરતા ભક્તજનોએ પોતાના આચાર્યથી પ્રાપ્ત થયેલો શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્રનો આદરપૂર્વક જપ કરવો. (૫૧) આપત્કાળમાં દ્વિજોએ ગાયત્રી મંત્રની પેઠે આ કૃષ્ણમંત્ર પ્રતિદિન પ્રાતઃકાળે અને સાયંકાળે ભાવશુદ્ધિપૂર્વક જપવો. (૫૨) હે દ્વિજ ! આ પ્રમાણે મેં દ્વિજોનો છ કર્મોનો વિધિ તમોને કહ્યો. હવે ગૃહસ્થાશ્રમી દ્વિજોના ધર્મો સંક્ષેપથી હું તમોને કહું છું. (૫૩)

ઇતિ શ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં દેવાર્ચનવિધિનિરૂપણ નામનો સાતમો અધ્યાય થયો ॥૭॥

●

## અધ્યાય-૮

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે દ્વિજ ! મંદ વૈરાગ્યવાળો જે સાવધિ બ્રહ્મચર્યવ્રતવાળો દ્વિજ ગુરુને દક્ષિણા આપીને શાસ્ત્રવિધિ પ્રમાણે સ્નાન કહેતાં સમાવર્તન સંસ્કાર કરે. (૧) ગુરુની આજ્ઞા પ્રમાણે વ્રત અને વેદાધ્યયન સમાપ્ત કરી તે દ્વિજ વાંસનો દંડ તથા પરિધાનીય વસ્ત્ર અને ઉત્તરીય વસ્ત્ર ધારણ કરે. (૨) બે યજ્ઞોપવીત, જળે સહિત તામ્રપાત્ર, છત્ર, મેલરહિત શ્વેત વસ્ત્ર, મસ્તકે બાંધવાનું વસ્ત્ર, પાદુકા અને પગરખાં ધારણ કરે. (૩) સુવર્ણનાં કુંડલો અને વેદને ધારણ કરતો, કેશવપન કરાવેલો, નખ કપાવેલા છે તેવો, હંમેશાં શ્વેત વસ્ત્ર ધારણ કરનાર સ્નાતક નામધારી દ્વિજ ગૃહે નિવાસ કરે. (૪) દ્વિજ એક દિવસ પણ આશ્રમે રહિત ન રહે, કેમકે જે આશ્રમ વિના રહે તે પ્રાયશ્ચિતથી શુદ્ધ થાય છે. (૫) અનાશ્રમી ન રહેતાં તે દ્વિજ સવર્ણા (પોતાની જાતિવાળી) સારાં લક્ષણોવાળી, પિતાની અસમાનગોત્રા અને માતાના પણ સપિંડ સંબંધ રહિત ભાર્યાની સાથે વિવાહ કરે. (૬) યુગાન્તરમાં, અતિ કામથી વ્યાકુલ ત્રૈવર્ણના માણસને પરદારાસંગની નિવૃત્તિ માટે અસવર્ણ વિવાહવિધિ હતો. (૭) અસવર્ણ વિવાહ હાલ કળિયુગમાં તો સ્વજાતિથી પતનમાં નિમિત્ત

હોવાથી શાસ્ત્રજ્ઞ મુનિઓએ નિષેધ કરેલો હોવાથી અસવર્ણ વિવાહ ન કરે. (૮) ઉત્તમ બુદ્ધિવાળો દ્વિજ સ્ત્રીસંબંધમાં ફેફરું રોગયુક્ત, ક્ષયરોગ યુક્ત, કુષ્ઠ રોગયુક્ત, નિંદિત કુળ, પતિત કુળ અને દુરાચારી કુળ - આ બધાનો ત્યાગ કરે. (૯) દાઢી-મૂછ વગેરે પુરુષ લક્ષણે રહિત, ઉંમરમાં પોતાનાથી નાની, અને સુશીલ એવી કન્યા સાથે સર્વ ભાવથી સારી રીતે દ્વિજ લગ્ન કરે. (૧૦) સૌંદર્યાદિ સુલક્ષણોથી સંપન્ન એવી કન્યા પણ જો દુષ્ચારિત્રવાળી હોય તો તે કુલક્ષણ શિરોમણિ થાય છે અને જે કન્યા સૌંદર્યાદિ લક્ષણથી રહિત હોય તેમ છતાં સાધ્વી કહેતાં ચારિત્રશીલ હોય તો સર્વ શુભ લક્ષણોનું સ્થાન કહેવાય છે. (૧૧) બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ - આ આઠ પ્રકારના વિવાહો કહ્યા છે. (૧૨) તેમાં પહેલા ચાર વિવાહ બ્રાહ્મણોના કહ્યા છે, ત્યાર પછીના ત્રણ આસુરાદિ વિવાહો ઘણું કરીને ક્ષત્રિયો અને વૈશ્યોના કહેલા છે અને હીન જાતિ શૂદ્રને આઠમો પૈશાચ વિવાહ કહ્યો છે. (૧૩) વિવાહ પછી દ્વિજે સર્વ દેવતાઓને સર્વદા પ્રસન્ન કરવા માટે વૈવાહિક અગ્નિ ગ્રહણ કરવો. (૧૪) તે સમયે વૈવાહિક અગ્નિ જો પ્રમાદવશ ગ્રહણ ના કર્યો હોય તો પિતાના દ્રવ્યના વિભાગ સમયે પ્રયત્નપૂર્વક ગ્રહણ કરવો. (૧૫) મોટાભાઈ દારા અને અગ્નિના સંગ્રહ રહિત હોય તો નાનો ભાઈ સ્ત્રી અને અગ્નિ ગ્રહણ ન કરે. અન્યથા તે પ્રાયશ્ચિત યોગ્ય થાય છે. (૧૬) આમ થવાથી બંને ભાઈઓ પૈકી નાનોભાઈ પરિવેત્તા સંજ્ઞાવાળો થાય અને મોટાભાઈ પરિવિત્તિ સંજ્ઞાવાળો કહેવાય. તે બંને પણ પ્રાયશ્ચિત યોગ્ય જ જાણવા. (૧૭) મોટા ભાઈની આજ્ઞાથી નાનો ભાઈ સ્ત્રી અને અગ્નિનો પરિગ્રહ કરે તો દોષ નથી જ. અથવા મોટાભાઈ ધનની વૃદ્ધિ વગેરેમાં આસક્ત હોય, અથવા રોગી હોય કે નાસ્તિક હોય ત્યારે તો નાનોભાઈને સ્ત્રી અને અગ્નિનો સંગ્રહ કરવામાં દોષ જ નથી. (૧૮) વિવાહથી સંસ્કૃત અગ્નિમાં અથવા પિતાના દ્રવ્યના વિભાગ સમયે ગ્રહણ કરેલા અગ્નિમાં સ્માર્ત કર્મ કરે. અને શ્રૌત કર્મ આહવનીય અગ્નિમાં કરે. (૧૯) સ્થાનની અનુકૂળતાના અભાવે અથવા પોતાની નિર્ધનતાને કારણે જે દ્વિજ અગ્નિ વિનાનો હોય તે પ્રાતઃકાળે અને સાયંકાળે સંધ્યાના અંતે હોમની જગ્યાએ જલાંજલિ આપે. (૨૦) પ્રાતઃકાળમાં હોમ સમયે સૂર્ય અને પ્રજાપતિને નમસ્કાર કરે. અને 'સૂર્યપ્રજાપતિભ્યામ્ નમઃ' આમ બોલીને જલાંજલિ અર્પે અને સાયંકાળે 'અગ્નિપ્રજાપતિભ્યામ્ નમઃ' આમ બોલીને જલાંજલિ અર્પે. (૨૧) ધર્મસ્થાપક ભગવાનની મર્યાદાનું પાલન કરતો દ્વિજ ભાર્યા કરીને પણ કામવશ યથેષ્ટાચરણ તો ક્યારેય પણ ન કરે. શાસ્ત્રની મર્યાદાથી જ પોતાની સ્ત્રીનો સંગ કરે. (૨૨) ગૃહસ્થને ઋતુકાલે ભાર્યા પ્રત્યે અભિગમન શ્રુતિએ કહેલું છે. ઋતુપ્રાપ્તિ દિવસથી સોળ રાત્રિ સુધી ઋતુકાલ માનેલો છે. (૨૩) પુત્રેચ્છાવાળો ગૃહસ્થ સોળ રાત્રિઓમાં સમસંખ્યાવાળી રાત્રિઓમાં અને કન્યાની ઈચ્છાવાળો ગૃહસ્થ વિષમસંખ્યાવાળી રાત્રિઓમાં અભિગમન કરે. તે યુગ્મ અને વિષમ રાત્રિઓમાં પણ ઉત્તરોત્તર આગળ વર્તતી રાત્રિને શ્રેષ્ઠ કહેલી છે. (૨૪) હે દ્વિજશ્રેષ્ઠ ! ઋતુકાળમાં પણ પ્રયત્નથી વર્જ્ય તિથિઓને સાંભળો. આગલી ચાર રાત્રિઓ વર્જ્ય છે અને દિવસો તો સર્વદા વર્જ્ય છે. (૨૫) શ્રાદ્ધનો દિવસ, શ્રાદ્ધનો આગલો

દિવસ, સમગ્ર પર્વતિથિઓ-અમાવાસ્યા, પૂર્ણિમા, વ્યતિપાત આદિ, દશમી, દ્વાદશી તથા સંક્રાંતિ અને એકાદશી આદિ વ્રતના દિવસો વર્જ્ય છે એમ જાણવું. (૨૬) ગૃહસ્થ જન સ્ત્રીસંગ માટે વર્જિત સમયોમાં સ્વદારા પ્રત્યે ગમન ના કરે. વર્જ્ય દિવસોમાં સ્ત્રીસંગ કરનાર પુરુષ બિલાડો કે કૂતરો થાય છે. (૨૭) ઘરમાં રહેલા ગૃહસ્થોએ સર્વ ઉપાયોથી સર્વ પ્રકારે ભાર્યાનું રક્ષણ કરવું. અને અન્ન, વસ્ત્ર, આભૂષણાદિ વડે સર્વદા સ્ત્રીઓનું સન્માન કરવું. (૨૮) સ્ત્રીજનને વિવાહથી પૂર્વ સમયે પિતા રક્ષણ કરે, યુવાવસ્થામાં પતિ રક્ષણ કરે, વૃદ્ધાવસ્થામાં પુત્રો રક્ષણ કરે. સ્ત્રીઓને સ્વતંત્રતા નથી. (૨૯) મહાકુલમાં જન્મેલી હોય તો પણ સ્ત્રીઓ સ્વતંત્ર થઈ જાય તો વિનાશ પામે છે. આથી બ્રહ્માએ સ્ત્રીઓની અસ્વતંત્રતા કલ્પેલી છે. (૩૦) સર્વ વર્ણોમાં પરદારાગમન ક્યારેય પણ ન કરવું. પરદારાનું ગમન મનુષ્યમાં યજ્ઞસુકૃત, દેવમંદિરોમાં કરેલા પુણ્ય અને આયુષ્યનો વિનાશ કરે છે. (૩૧) આયુષ્ય, તપ, કીર્તિ, તેજ, યશ અને લક્ષ્મીનો વિનાશ કરનારું મુખ્ય આ પરસ્ત્રીગમન છે. (૩૨) આ લોકમાં પુરુષને પરદારાના સેવન જેવું આયુષ્ય વિનાશ કરનારું બીજું કશું અન્ય છે જ નહિ. (૩૨) જે પુરુષો પરસ્ત્રીને દુષ્ટ વિકારવાળા મનથી જુએ છે તે પુરુષો પૃથ્વીમાં જન્મથી રોગીઓ થાય છે, તે નિશ્ચિત વાત છે. (૩૪) જે મૂઢ જનો પરસ્ત્રીઓ ઉપર દુષ્ટ દૃષ્ટિનો પ્રયોગ કરે છે તે દુષ્ટભાવથી પુરુષો જન્મથી જ આંધળા થાય છે. (૩૫) જે પુરુષો સ્ત્રીઓને બાંધીને ઉપભોગ કરે છે, પોતાની ઈચ્છાને તાબે ન થનાર સ્ત્રીનો દ્વેષ કરે છે, પરસ્ત્રીઓના મંડળોમાં વિહાર કરે છે, પારકી સ્ત્રીઓને પારકી સ્ત્રીઓ સાથે સંબંધ કરાવી આપે છે, પોતાના સંબંધવાળી સ્ત્રીને અન્ય પ્રત્યે મોકલીને તેનાથી પ્રાપ્ત થયેલ ધનને ભોગવે છે, સ્ત્રીના જેવો વેશ ધારણ કરી સ્ત્રીઓને છેતરીને ઉપભોગ કરે છે, પોતાની માગણીનો અસ્વીકાર કરનાર સ્ત્રી પર બલાત્કાર કરે છે, સ્ત્રીભાવવાળા થઈને સ્ત્રીઓને લોભાવે છે, સ્ત્રીઓની કથામાં લુબ્ધ થાય છે અને સ્ત્રીઓને પ્રલોભન આપે છે - આ બધા કામી પુરુષો સ્ત્રીઓનાં ગાત્રોમાં રહેલાં રૂવાડાં જેટલાં હજારો વર્ષ નરકમાં પડે છે. (૩૬-૩૭-૩૮) અને તે પુરુષો ઊકળતા તેલોમાં રંધાઈને કૃમિઓ દ્વારા ભક્ષણ કરાય છે અને અગ્નિ અને ક્ષારની નદીઓથી પીડા પામે છે. (૩૯) જે દુરાચારી મૂઢ પુરુષો યોનિ રહિત પુરુષોમાં મૈથુન માટે પ્રવર્તે છે તે દુર્બુદ્ધિ પુરુષો મરીને બીજા જન્મમાં નપુંસક થાય છે. (૪૦) કોઈપણ ગૃહસ્થ પુરુષ પોતાના સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રીઓનો આપત્કાળ વિના સ્પર્શ કરે નહિ. (૪૧) વિવેકવાન પુરુષ માતા, બહેન કે દીકરી સાથે પણ એકાંત સ્થળે ન બેસે. એકાંત સ્થાન વિના પણ પ્રયોજન પૂરતો જ વ્યવહાર કરે. (૪૨) હે દ્વિજ ! આ લોકમાં મનુષ્યોને સ્ત્રીઓ અને સ્ત્રીલંપટ જનોનો પ્રસંગ પણ બંધનનું કારણ છે. આથી વિવેકી પુરુષ, એ બંને પ્રકારના પ્રસંગોનો ત્યાગ કરી, ભગવાનને પ્રિય એવા સત્પુરુષોમાં આસક્તિવાળો થાય. (૪૩)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં ગૃહસ્થધર્મમાં વિવાહાદિનિરૂપણ નામનો આઠમો અધ્યાય થયો. ॥૮॥

●

## અધ્યાય-૯

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્ર ! અન્ય જનોને પીડા નહિ કરતો થકો ગૃહસ્થ પરલોકમાં સહાય કરનારો ધર્મ રાફડાના શિખરની પેઠે ધીરે ધીરે વૃદ્ધિ પમાડે. (૧) પરલોકમાં ધર્મ જ સહાય કરનારો થાય છે. દ્રવ્ય, ઘર વગેરે ઉપકરણો કે પિતા, માતા, પુત્ર, ભાઈ, પત્ની, મિત્રો વગેરે કોઈ સહાયરૂપ થતાં નથી. (૨) દેહ મૃત્યુ પામે ત્યારે પુત્ર-ભાઈ વગેરે બાંધવો મૃત દેહને ચિતામાં બાળી પાછું વાળીને જોયા વગર ચાલ્યા જાય છે કેવળ ધર્મ જ મરનારની સાથે જાય છે. (૩) જો કામ રક્ષણ કરવા યોગ્ય હોય તો તે કામને શિવજીએ શા માટે બાળી નાખ્યો ? ધન રક્ષણ કરવા યોગ્ય હોય તો હરિશ્ચંદ્રાદિ રાજાઓએ તે ધનનું રક્ષણ કેમ ન કર્યું ? (૪) અને ધર્મ તો પ્રાચીન યુગમાં શિબિ જેવા રાજાઓએ અને દધિચિ જેવા ઋષિઓએ પોતાનો દેહ અર્પણ કરીને પણ ધર્મનું રક્ષણ કર્યું. (૫) જગત્પતિ શ્રીહરિ પણ ધર્મ વડે જ તત્કાળ પ્રસન્ન થાય છે. આ સમગ્ર બ્રહ્માંડ ધર્મ વડે જ ધારણ કરાયેલું છે. (૬) ધર્મ, અર્થ અને કામરૂપ વર્ગમાં પણ ધર્મ જ સર્વથી શ્રેષ્ઠ મનાયો છે. અર્થ મધ્યમ કહેલો છે અને કામ કનિષ્ઠ કહેલો છે. માટે ધર્મનો જ આશ્રય કરવો. (૭) ધર્મનો વિરોધ ન થાય તેમ અર્થનું સેવન કરવું. કામ પણ ધર્મનો વિરોધ ન થાય તેમ સેવવો. પંડિતોએ ધર્મનાં દશ ઐશ્વર્યો કહેલાં છે. (૮) હે સન્મતિ વિપ્ર ! તપ, દાન, ક્ષમા, શ્રદ્ધા, ભાવશુદ્ધિ, બહુશાસ્ત્ર શ્રવણ, યજ્ઞક્રિયા, દયા, સત્ય અને સંયમ - આ દશ ધર્મના ઐશ્વર્યો જાણવા. (૯) ઋષિઓ ધર્મ વડે સંસારસાગર તરી ગયા છે. સર્વ લોકો ધર્મમાં જ પ્રતિષ્ઠા પામી રહ્યા છે. દેવો ધર્મથી જ વૃદ્ધિ પામ્યા છે. માટે ધર્મ જ સેવન કરવા યોગ્ય માન્યો છે. (૧૦) આથી ગૃહસ્થ ધર્મપરાયણ થઈ આદરયુક્ત થકો પાંચ પ્રકારની હિંસાના દોષના નિવારણ માટે દરરોજ પાંચ મહાયજ્ઞો કરે. (૧૧) ખાંડણિયો, ઘંટી, ચૂલો, પાણિયારું અને સાવરણી આ પાંચ પ્રકારે પાપનાં કારણો કહેલાં છે. (૧૨) તે દોષોના નિવારણ માટે પંચ મહાયજ્ઞો કરવા. જો ના કરે તો તે પાપોથી યુક્ત ગૃહસ્થ નરકોને પામે. (૧૩) દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, મનુષ્યયજ્ઞ : આ પ્રમાણે પાંચ મહાયજ્ઞો સર્વ દોષોને નાશ કરનારા કહ્યા છે. (૧૪) અગ્નિહોત્રી શાલાગ્નિમાં અને અગ્નિરહિત હોય તે પાકાગ્નિમાં શાસ્ત્રવિધિથી દેવતાઓને હવિષ્યાન્ન (ઘી) આપે, તે દેવયજ્ઞ કહેવાય છે. (૧૫) દ્વિજે અગ્નિના અભાવમાં જળમાં અથવા પૃથ્વીમાં હોમ કરવો. અન્નના અભાવમાં શાકાદિથી પણ દેવયજ્ઞ કરવો. (૧૬) હોમ કરતાં બાકી રહેલ અન્ન વડે ગાયના છાણથી લીંપેલ ભૂમિ ઉપર પૃથ્વી આદિ ભૂતોને બલિ દરરોજ સમર્પણ કરે તે ભૂતયજ્ઞ કહેવાય છે. (૧૭) યથાશક્તિ સ્વશાખાનું અધ્યયન તે બ્રહ્મયજ્ઞ કહ્યો છે. આ બ્રહ્મયજ્ઞ તર્પણ કર્યા પહેલાં જ કરવો. જો તે સમયે ન કર્યો હોય તો વૈશ્વદેવને અંતે યથાશક્તિ કરવો. (૧૮) જો બ્રહ્મયજ્ઞ પ્રાતઃકાળે કરે તો સંગવ સમય પછીથી કરે અથવા સંધ્યા વંદનાદિ નિત્યકર્મોને અંતે કરે અથવા વૈશ્વદેવના અંતે બ્રહ્મયજ્ઞ કરે. આ પ્રમાણે બ્રહ્મયજ્ઞ ત્રણ પ્રકારનો માનેલો છે. (૧૯) ઋગ્વેદી વેદપાઠારંભમાં પ્રથમ જળમાં સ્નાન કરી હાથમાં દર્ભ લઈને બ્રહ્મયજ્ઞને કરે. પછી માધ્યાહ્નિકી સંધ્યા કરે. (૨૦) અને તૈત્તરીય શાખાનો દ્વિજ મધ્યાહ્ને સ્નાન

કરી મધ્યાહ્‌ન સંધ્યાની ઉપાસના કરી બ્રહ્મયજ્ઞ કરી પછી તર્પણ કરે. (૨૧) પોતાની વેદસંહિતાના એક અધ્યાયનો પાઠ કરે અથવા અશક્ત લક્ષ્મીસૂક્ત સહિત પુરુષસૂક્તનો પાઠ કરે. અથવા અશક્ત પુરુષ ઋષિપ્રણીત વિષ્ણુસ્તોત્રનો પાઠ કરે. (૨૨) વેદાદિપાઠના અસામર્થ્યમાં દ્વિજ સ્વાધ્યાય માટે પ્રણવ સહિત વેદરૂપા ગાયત્રીનો એકવાર જપ કરે. (૨૩) પિતૃઓના ઉદ્દેશથી નિરંતર એક બ્રાહ્મણને ભોજન કરાવે અથવા અશક્ત પુરુષ ભૂમિ ઉપર પિંડ આપે તે પિતૃયજ્ઞ કહેલો છે. (૨૪) ગાયો, કૂતરાં, કાગડા અને બીજા ક્ષુદ્ર જીવોને થોડુંક અન્ન આપે અને પછી બારણામાં ઊભો રહીને દ્વિજ અતિથિની પ્રતીક્ષા કરે. (૨૫) વૈશ્વ દૈવ કર્મના અંતે દૈવ ઇચ્છાથી આવેલ વૃદ્ધ, બાળક, યુવાન, મૂર્ખ કે પંડિત એવા અતિથિ મનુષ્યને સાક્ષાત્ આ વિષ્ણુ જ આવ્યા એમ માને. (૨૬) ત્યારબાદ દ્વિજ પ્રતિદિન શક્તિ અનુસાર અતિથિને હંતકાર, અગ્ર અથવા ભિક્ષા આપે. આ પ્રમાણે મનુષ્ય યજ્ઞ થાય. (૨૭) એક ગ્રાસ જેટલું ભિક્ષા કહેવાય છે. ચાર ભિક્ષા જેટલું અગ્ર કહેવાય છે અને એવાં ચાર અગ્ર મળીને હંતકાર કહેવાય છે. (૨૮) તે વૈશ્વદેવમાં પ્રાપ્ત થયેલ અતિથિને અન્નજળાદિ વડે તથા ચંદન-પુષ્પાદિ વડે યથાશક્તિ પૂજન કરે. (૨૯) મિત્રને અતિથિ ન કરે તથા એક ગામમાં રહેનારને અતિથિ ન કરે. કેમ કે વૈશ્વદેવના અંતે ઈશ્વરેચ્છાથી આવેલા અને જેનું નામ અને ગોત્ર જાણ્યું ન હોય તેને અતિથિ જાણવો. (૩૦) પંડિતજન આવેલ અતિથિને ગોત્ર અને ચારિત્ર્ય ન પૂછે, તથા સ્વાધ્યાય ન પૂછે. સુરૂપ હોય કે કુરૂપ તો પણ તેને પ્રજાપતિ તુલ્ય જાણે. (૩૧) કેમ કે તે નિત્ય રહેતો નથી તેથી અતિથિ કહેવાય છે. અતિથિ તૃપ્ત થવાથી ગૃહસ્થ મનુષ્ય યજ્ઞોત્પન્ન ઋણથી મુક્ત થાય છે. (૩૨) વટેમાર્ગુ, દુર્બળ આજીવિકાવાળો, વિદ્યાર્થી, વૈરાગ્યવાન, સંન્યાસી અને બ્રહ્મચારી આ છ ધર્મથી ભિક્ષુક છે. (૩૩) સંન્યાસી, વ્રતી, અગ્નિહોત્રી અને આ લોકમાં યજ્ઞ કરનારો-આ ચાર સદા અતિથિઓ કહેલા છે અને તે દિને દિને અપૂર્વ અતિથિ જાણવા. (૩૪) જે ગૃહસ્થાશ્રમી અતિથિને નહિ આપીને અન્ન ખાય છે તે કેવળ પાપને જ ખાય છે અને અન્ય જન્મમાં વિષ્ટા ખાય છે. (૩૫) જે પુરુષના ઘેરથી અતિથિ હતાશ થઈને પાછો જાય છે તે અતિથિ તે પુરુષને પાપ આપી તેના પુણ્યને લઈને ચાલ્યો જાય છે. (૩૬) ગૃહસ્થ પોતે જે અન્નાદિ જમે છે તેના વડે શક્તિ અનુસાર આદરપૂર્વક અતિથિનું પૂજન કરે અથવા જલથી કે શાકથી અતિથિનો સત્કાર કરે. (૩૭) અન્ન અને વસ્ત્ર આપવામાં પાત્રનો વિચાર ના કરે. કેમ કે ક્ષુધાતુર છે તે અન્નદાનનું પાત્ર છે અને વસ્ત્રરહિત જન તે વસ્ત્રદાનનું પાત્ર છે. (૩૮) આ પ્રમાણે મેં પંચયજ્ઞોનો વિધિ સંક્ષેપથી કહ્યો છે. જે વિધિ ગૃહસ્થાશ્રમીએ સર્વ પ્રકારે અનુષ્ઠાન કરવા યોગ્ય છે. (૩૯) જે દ્વિજ અજ્ઞાનવશ પંચમહાયજ્ઞોને નહિ કરીને ભોજન કરે તો તે મૂઢાત્મા પક્ષીયોનિને પામે છે. (૪૦) પાંચ મહાયજ્ઞોનું અનુષ્ઠાન નહિ કરનારો ગૃહસ્થ દ્વિજ પૂર્વોક્ત પાંચ પાપનાં સ્થાનોથી થયેલા મહાદોષથી લેપાયો થકો મરીને યમયાતનાને પામે છે માટે સુબુદ્ધિ ગૃહસ્થ પંચમહાયજ્ઞોને દરરોજ કરે. (૪૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં ગૃહસ્થના ધર્મમાં સ્માર્તકર્મવિધિ નિરૂપણ નામનો નવમો અધ્યાય થયો. ॥૯॥

# અધ્યાય-૧૦

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! જે આચાર શ્રુતિ-સ્મૃતિમાં કહેલો છે અને સદ્‌ધર્મમાં પ્રીતિવાળા સત્પુરુષોએ સારી રીતે આચરણ કરેલો હોય તે આચારને ગૃહસ્થ સેવન કરે, તેનાથી વિરુદ્ધનું કદાપિ આચરણ ન કરે. (૧) દરરોજ સ્નાન-સંધ્યાપરાયણ, સત્યવાદી, જિતેન્દ્રિય, અસૂયા રહિત, વિનમ્ર, શાંત, લોભ-મોહથી રહિત, ગાયત્રીમંત્રના જાપમાં આસક્ત, ગાય અને બ્રાહ્મણના હિતમાં પ્રીતિવાળો, મા-બાપના હિતમાં આચરણે યુક્ત, દેવ-બ્રાહ્મણોનો પૂજક, ઈન્દ્રિયોને નિયમમાં રાખનાર, યજ્ઞ કરનાર, ક્ષમાવાન અને પરદ્રોહ રહિત ગૃહસ્થાશ્રમી આ લોકમાં યથોચિત ધર્મ, અર્થ અને કામનું સેવન કરે. (૨-૩-૪) ધર્મે રહિત કામને તથા ધર્મે રહિત અર્થને મનથી પણ સંભારે નહિ. પોતાના ધર્માચરણમાં કષ્ટ પામવા છતાં પણ પોતાના ધર્મનો સર્વથા ત્યાગ ન કરે. (૫) ગૃહસ્થાશ્રમી ધર્મ, અર્થ અને કામનું સેવન અતિ કષ્ટપૂર્વક ન કરે, પરંતુ અનાયાસથી સેવે. કૂતરાં, ચાંડાળ, પતિત પર્યંત સદા અન્નનો વિભાગ કરીને આપે. (૬) હે દ્વિજ ! મૃગો, પક્ષીઓ, અન્ય ક્ષુદ્ર જીવોને પણ પોતાના પુત્ર સમાન જુએ. વિચાર કરતાં પુત્રાદિ અને મૃગાદિમાં જીવપણે ભેદ નથી. (૭) પિતૃજનો, ભાઈઓ, પુત્રો, મિત્રો અને જ્ઞાતિજનો જે કહે - જે ઈચ્છા કરે તે મમતાએ રહિત થઈ અનુમોદન આપે. (૮) ગૃહસ્થાશ્રમને યોગ્ય ક્રિયાઓ કરતો થકો મહામુનિઓનું સેવન કરે. તેમના સમાગમથી ગૃહો અને સ્ત્રીધનાદિ વગેરેમાં આસક્તિ વગરનો થાય. (૯) જે પુરુષો અધિકાર સંપન્ન અને ધનાદિથી સંપન્ન હોય તે ગૃહસ્થો નાના પ્રકારના યજ્ઞો વડે શ્રીહરિનું યજન કરે. (૧૦) આ કલિયુગમાં અશ્વમેધાદિ યજ્ઞોનો નિષેધ હોવાથી વિષ્ણુયાગ અને મહારુદ્ર વગેરે યજ્ઞો કરવા. (૧૧) પશુહિંસાથી રહિત યજ્ઞો સાત્ત્વિક દેવો અને શ્રીહરિને પ્રિય છે - આથી પોતાના ઉદયને ઈચ્છતા ગૃહસ્થે દ્રવ્યો વડે હિંસારહિત યજ્ઞ કરવા. (૧૨) આ લોકમાં અહિંસા તુલ્ય અન્ય કોઈ પવિત્ર ધર્મ નથી અને ભૂતલ ઉપર પ્રાણીહિંસા સમાન પાપ નથી. (૧૩) દૂધપાક અને ઘી વગેરે હુત દ્રવ્યોથી દેવતાઓને તૃપ્ત કરીને દક્ષિણાયુક્ત ભોજન વડે બ્રાહ્મણોને સારી રીતે તૃપ્ત કરે. (૧૪) અગ્નિચક્ર જોઈને હોમનો આરંભ કરવો અન્યથા તો અહીં ક્રૂર ગ્રહોના મુખમાં આહૂતિ પડવાથી મહા ભય થાય. (૧૫) યજ્ઞમાં વરણ કરેલા બ્રાહ્મણો, યજમાન અને યજમાનની પત્નીએ બ્રહ્મચર્યાદિ નિયમોનું પ્રયત્નપૂર્વક પાલન કરવું. (૧૬) જે યજ્ઞમાં એકપણ વ્યક્તિ જો બ્રહ્મચર્યાદિ નિયમથી ભ્રષ્ટ થાય અને જો યથોચિત પ્રાયશ્ચિત ન કરે તો તે યજ્ઞ નિષ્ફળ જાય. (૧૭) જે યજ્ઞમાં જે પ્રમાણે કહી હોય તે પ્રમાણે દક્ષિણા ન હોય, જ્યાં વૈદિક બ્રાહ્મણો ન હોય તથા જે યજ્ઞમાં બ્રાહ્મણો તૃપ્ત થાય તેવાં ભોજન ન હોય - તે યજ્ઞ પણ નિષ્ફળ થાય. (૧૮) મનુષ્યોએ બ્રાહ્મણના મુખમાં ઘી ભરેલા મોદક હોમવાથી જેવા શ્રીહરિ પ્રસન્ન થાય છે તેવા યજ્ઞકુંડમાં હુતદ્રવ્યોના સમૂહોથી પ્રસન્ન થતા નથી. (૧૯) એટલા માટે બહુ ઘી-સાકર યુક્ત ભોજનોથી બ્રાહ્મણોનું તર્પણ આ જ મહાન સર્વોત્તમ યજ્ઞ માન્યો છે. (૨૦) બ્રાહ્મણો પ્રસન્ન થવાથી શ્રીહરિ અત્યંત પ્રસન્ન થાય છે. શ્રીહરિ પ્રસન્ન થાય તો ત્રિલોકી તૃપ્ત થાય તેમાં સંશય નથી. (૨૧) ભગવાનને જેવા બ્રાહ્મણો પ્રિય છે તેવું

તો ભગવાનને પોતાનું શરીર પ્રિય નથી, અન્ય દેવો પણ પ્રિય નથી અને દેવી લક્ષ્મીજી પણ પ્રિય નથી. (૨૨) જે પુરુષે બ્રાહ્મણો પૂજ્યા છે, તેમણે શ્રીહરિ પૂજ્યા સમાન છે અને જેમણે બ્રાહ્મણો અપમાનિત કરેલા છે તેમણે શ્રીહરિ અપમાનિત કરેલા છે. (૨૩) બ્રાહ્મણ વિદ્યા રહિત હોય કે વિદ્વાન હોય તોપણ ભૂતળ ઉપર મનુષ્યોને પૂજનીય અને ભોજનીય છે પરંતુ અપમાન કરવા યોગ્ય કદાપિ નથી. (૨૪) આથી ગૃહસ્થ નિર્મત્સર થકો સદા બ્રાહ્મણોને માનતો થકો ઉત્તમ દેશ અને ઉત્તમ કાળ વિશેષોમાં વિશેષપણે ધર્મને કરે. (૨૫) જે સ્થળે સત્પાત્ર પ્રાપ્ત થાય તે અતિ પવિત્ર દેશ જાણવો. જે સ્થળે ભગવાનનો પ્રાદુર્ભાવ થાય તથા જ્યાં સત્પુરુષોનું વિચરણ હોય તે અતિ પવિત્ર દેશ જાણવો. (૨૬) અને જ્યાં તપ, વિદ્યા, દયા વગેરેથી યુક્ત ઉત્તમ બ્રાહ્મણો હોય તથા જ્યાં નિરંતર ભક્તિભાવથી ભગવાનની પ્રતિમાનું પૂજન થતું હોય તે દેશ ખૂબ પુણ્યવાળો જાણવો. (૨૭) જે દેશમાં પુરાણોમાં પ્રસિદ્ધ ગંગાદિ નદીઓ છે, તથા પુષ્કરાદિ સરોવરો છે તથા મુનિજનોએ આશ્રય કરેલાં તીર્થક્ષેત્રો છે તથા જ્યાં ઋષિમુનિઓના તપસ્થાનો હોય તે અતિ પવિત્ર દેશ જાણવો. આ બધા સર્વ પુણ્યકર્મ કરવામાં યોગ્ય દેશો છે. (૨૮-૨૯) આ પુણ્ય દેશોમાં અન્ય સ્થાનથી હજારગણું પુણ્ય થાય આથી પુણ્યદેશરૂપ તીર્થોમાં વિશેષ પુણ્ય કરે. (૩૦) હે દ્વિજ ! ભગવાનનાં પ્રાદુર્ભાવથી-વિચરણથી અને નિવાસથી તથા મુનિજનોના સ્વીકાર અર્થાત્ પોતાનો નિવાસ કરવાથી તીર્થોનું પવિત્રપણું કહેલું છે. (૩૧) તીર્થયાત્રા કરવાની ઇચ્છાવાળો પ્રથમ ઘરમાં ઉપવાસ કરી શ્રી ગણેશ અને પિતૃઓ તથા શાંત બ્રાહ્મણો અને સંત સાધુજનોનું પૂજન કરે. (૩૨) ત્યારબાદ ગૃહસ્થ નિયમવાળો થઈને, પારણા કરીને, તીર્થમાં જાય. તીર્થમાં બ્રાહ્મણોની પરીક્ષા કરવી નહિ અને સર્વ અન્નાર્થીઓને જમાડવા. (૩૩) તીર્થપ્રાપ્તિના પ્રથમ દિવસે જ મુંડન અને ઉપવાસ કરે. તીર્થને પામીને શ્રાદ્ધ અને બ્રાહ્મણ તર્પણ કરે. (૩૪) જે મનુષ્યના હાથ, પગ અને મન તેમજ વિદ્યા, તપ અને કીર્તિ સારી રીતે નિયમમાં હોય તે જ મનુષ્ય તીર્થફળને પામે છે. (૩૫) ક્રોધથી રહિત, તીર્થમાં વિશ્વાસવાળો, સત્યવાદી, જિતેન્દ્રિય, તેમજ ભૂતપ્રાણીમાત્ર ઉપર આત્મદૃષ્ટિવાળો હોય તે પુરુષ તીર્થમાં કહેલા ફળને પામે છે. (૩૬) તીર્થયાત્રા કરનાર પુરુષ પશુ આદિ જાતિમાં ઉત્પન્ન ન થાય, નઠારા દેશમાં ઉત્પન્ન થાય નહિ, દુઃખી ન થાય, સ્વર્ગમાં જનારો થાય. તે પુરુષ મોક્ષ માટે ઉપાયભૂત સત્સંગ આદિને પામે છે. (૩૭) શ્રદ્ધા વિનાનો, પાપાત્મા, નાસ્તિક, સંશયવાળો અને કારણો ખોળનારો - આ પાંચ પ્રકારના મનુષ્યોને તીર્થફળ પ્રાપ્ત થતું નથી. (૩૮) જે પુરુષ બ્રહ્મચર્યથી રહિત થઈને તીર્થયાત્રા અગર એકાદશી વગેરે વ્રત કરે તે પુરુષ તીર્થયાત્રા તથા વ્રતના ફળને પામતો નથી ઊલટાનો પાપને જ પામે છે. (૩૯) તીર્થ સિવાય અન્ય સ્થાનમાં કરેલું પાપ પુણ્યતીર્થમાં નાશ પામે છે, પુણ્યક્ષેત્રમાં કરેલું પાપ તો અત્યંત વજ્રલેપ થાય છે. (૪૦) આથી સદ્‌ગૃહસ્થ તીર્થમાં ઇન્દ્રિયોને નિયમમાં કરીને જ યથાશક્તિ દાન આપે તથા બ્રાહ્મણોને ભોજન કરાવે. (૪૧) નિર્મળ પુરુષ તીર્થમાં ઉમરમાં પોતાથી મોટી સ્ત્રીઓને માતાતુલ્ય, સમાન અવસ્થાવાળી સ્ત્રીઓને બહેન સમાન તથા પોતાથી નાની અવસ્થાવાળી સ્ત્રીઓને કન્યા તુલ્ય સમજે. (૪૨) તીર્થયાત્રા કરેલો પુરુષ ફરી ઘેર આવી શ્રાદ્ધને કરે પછી બ્રાહ્મણોને જમાડી

યાત્રાફળને પ્રાપ્ત કરે. (૪૩) પુણ્યતીર્થોના આશ્રયવાળો સૂચિત વિધિથી સત્કર્મ કરતો ગૃહસ્થ પુણ્યકાલમાં પોતાના ધનને અનુસારે શ્રદ્ધાપૂર્વક પુણ્ય કરે. (૪૪) ભાદરવા માસના કૃષ્ણપક્ષમાં થનારું પોતાના માતા-પિતા અને કાકા વગેરેનું શ્રાદ્ધ કરે. ધનસંપત્તિ ના હોય તો બધાનું ભેગું જ શ્રાદ્ધ કરે. (૪૫) તિથિનો ક્ષય હોય, વ્યતિપાત, વિષુવ, દક્ષિણાયન, ઉત્તરાયણ, દ્વાદશીએ અનુરાધા નક્ષત્ર કે શ્રવણ નક્ષત્રનો સંગમ, એકાદશીએ કે દ્વાદશીએ ઉત્તરા-ફાલ્ગુની કે ઉત્તરાષાઢા કે ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનો સંગમ, કાર્તિક સુદ નવમી, માઘ સુદ સાતમ, અખાત્રીજ, હેમંત શિશિર ઋતુના બીજા પખવાડિયાની અષ્ટમીઓ, તેના પછીની ચાર નવમીઓ, કપિલા છઠ, અર્ધોદયયોગ, પૂર્ણચંદ્રયુક્ત પૂર્ણિમાઓ કે એકકળામાત્ર ન્યૂનચંદ્રયુક્ત પૂર્ણિમાઓ, તે તે માસ નામનાં નક્ષત્રોએ યુક્ત પૂર્ણિમાઓ, પોતાના જન્મનક્ષત્ર યુક્ત દિવસ, મન્વાદિ તિથિઓ અને યુગાદિની તિથિઓ, વિષ્ણુના અન્નકૂટાદિ ઉત્સવો, જન્માષ્ટમી, રામનવમી વગેરે પ્રાદુર્ભાવ દિવસો, અમાવાસ્યા, સૂર્યની બાર રાશિઓમાં સંક્રમણના દિવસો, ચંદ્રસૂર્યના ગ્રહણના દિવસો - આ બધા પુણ્યકાળોમાં સ્નાન, દાન, જપ, હોમ, શ્રાદ્ધ, બ્રહ્મભોજન વગેરે પુણ્યને યથાશક્તિ કરે. આ પુણ્ય નિશ્ચિતપણે અક્ષય થાય છે. (૪૬-૫૧) સોમવતી અમાસ, રવિવારી સાતમ, મંગળવારી ચોથ, બુધવારી આઠમ - આ ચાર તિથિઓ તો સૂર્યગ્રહણના તુલ્ય માની છે. આ તિથિઓમાં કરેલાં દાન, જપ, હોમાદિક વડે કોટિગણું અધિક પુણ્ય થાય છે. (૫૨-૫૩) વળી પોતાની સ્ત્રીના ગર્ભાધાન, પુંસવન અને સીમંત નામના સંસ્કાર દિવસે, પુત્રના જાતકર્માદિ સંસ્કાર સમયે, પોતાના મંત્ર દીક્ષા, યજ્ઞ દીક્ષા વગેરે સંસ્કારના દિવસોમાં, માતાપિતાના પ્રેતકર્મમાં, માતાપિતાના વાર્ષિક મરણ દિવસે તથા પોતાના અભ્યુદયમાં (આકસ્મિક લાભમાં) યથાશક્તિ પુણ્ય કરે. (૫૪-૫૫) શ્રોત્રિય, કુલીન, વિનીત, તપસ્વી, વ્રતમાં રહેલા કે દરિદ્ર આ બધા કે બધામાંથી એક ગુણવાળા બ્રાહ્મણને સર્વ પ્રકારે દાન આપવું જ. (૫૬) હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! મનુષ્યોના કલ્યાણ માટે સત્યયુગમાં જે તપ કહેલું છે, ત્રેતાયુગમાં જેમ યજ્ઞો કહેલા છે, દ્વાપર યુગમાં જેમ વિધિપૂર્વક ભગવાનનું પૂજન કહેલું છે તે પ્રકારે જ કલિયુગમાં મનુષ્યોના હિત માટે દાન કહેલું છે. (૫૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં ગૃહસ્થધર્મોમાં દેશકાલપાત્રવિશેષનિરૂપણ નામનો દશમો અધ્યાય થયો. ॥૧૦॥

●

## અધ્યાય-૧૧

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! આ લોકમાં સર્વ દાનોમાં અન્નદાન બધાના કરતાં વિશેષ છે. કારણ કે અન્ન જ પ્રાણીઓના પ્રાણો ધારણ કરવામાં કારણ છે. આથી અન્નદાતાને પ્રાણદાતા કહ્યો છે. (૧) પુરાકલ્પમાં બ્રહ્માજી અન્નને અમૃત કહે છે. ત્રણ લોક અન્નનો આશ્રય કરી વર્તે છે; આમાં સંશય નથી. (૨) યાચના કરતા સુપાત્ર બ્રાહ્મણને જે ગૃહસ્થ અન્ન આપે છે તે પુરુષ પરલોકમાં હિત કરનારો ખજાનો ધારણ કરે છે. (૩) જે પુરુષ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અથવા હરકોઈ

ક્ષુધાતુરને જોઈ પોતે ઉપવાસ કરીને તેમને અન્ન આપે છે તે જ ખરા ધર્મને જાણનારો છે. (૪) પાપી પુરુષ પણ જો અન્નાર્થીને અન્ન આપે તથા બ્રાહ્મણને વિશેષપણે આપે છે તે પાપથી લેપાતો નથી. (૫) અન્ન આપનાર પુરુષના સર્વ અભીસિપ્ત ફળોને આપનારા અન્નવૃક્ષો આ લોક અને પરલોકમાં પણ થાય છે આમાં જરા પણ સંશય નથી. (૬) અન્નના અભાવમાં તો શરીર સંબંધી પાંચ ધાતુઓ ભેદાય છે, આ લોકમાં બલવાન માણસનું બલ પણ અન્નના અભાવથી નાશ પામી જાય છે. (૭) ત્રણ લોકમાં સ્થાવર જંગમ જે કંઈ પ્રાણીમાત્ર અન્નથી જ જીવે છે આથી બુદ્ધિમાન જનોએ ધર્મ માટે અન્ન આપવું. (૮) હે સુવ્રત ! અન્નદાતા મનુષ્યનું શરીર સામર્થ્ય, ઈન્દ્રિયબલ, યશ અને પુણ્ય ત્રણે લોકમાં નિરંતર વધે છે. (૯) અન્નદાતાઓનાં બાલસૂર્ય સમાન આકૃતિવાળાં મહેલાતો રૂપ સ્થાવર અને સંકલ્પ પ્રમાણે ગતિ કરનારા વિમાનરૂપ ભવનો સ્વર્ગમાં પ્રકાશે છે. (૧૦) પીળાશથી યુક્ત શ્વેત વર્ણવાળા પ્રાસાદો છે તથા કનક સમાન ઉજ્જ્વલ એવી શય્યાઓ છે. તે પ્રાસાદો અને શય્યાઓને અન્ન આપનારા પુરુષો પામે છે માટે અન્નદાની થવું. (૧૧) લાખ બ્રાહ્મણો અથવા દશ હજાર બ્રાહ્મણો અથવા એક હજાર અથવા સો બ્રાહ્મણોને જે પુરુષ દૂધપાક વગેરે શ્રેષ્ઠ અન્નોથી ભોજન કરાવે તે પુરુષ સૂર્યસમાન કાંતિવાળા દિવ્ય વિમાનમાં બેસીને દેવગણો દ્વારા કીર્તિગાન પામે છે અને સ્વર્ગમાં નિવાસ કરે છે તે નિશ્ચયવાત છે. (૧૨-૧૩) તેવી જ રીતે આ લોકમાં ભૂમિદાન પણ મહાદાન કહેવાય છે. મનુષ્ય ભૂમિદાનથી સર્વ મનોરથોને પામે છે. (૧૪) જે પુરુષ પાકેલા ધાન્યથી પરિપૂર્ણ ગોચર્મ માત્ર જેટલી પૃથ્વી સદાચારી બ્રાહ્મણને દાનમાં આપે છે. તે પુરુષ અંતે અપરિમિત ફળ પામે છે. (૧૫) એક સાંઢ અને સો ગાયો જેટલી પૃથ્વીમાં બેસી શકે તે ભૂમિ પરિમાણથી ગોચર્મ માત્ર કહેવાય છે. (૧૬) ભૂમિદાતા પુરુષ સમગ્ર પાતક રહિત થાય અને તત્કાળ જ નિશ્ચય અશ્વમેધ યજ્ઞથી પણ અધિક પુણ્યને પામે છે. (૧૭) અતિ બુદ્ધિશાળી પુરુષ પૃથ્વીને દાનમાં આપતો થકો સુવર્ણ, રજત, વસ્ત્ર, મણિ, મોતી અને રત્ન આ બધું જ આપે છે. અર્થાત્ આ બધાના ફળને પામે છે. (૧૮) જે પુરુષ આ લોકમાં ભૂમિદાન કરે છે તે પાંચ પૂર્વજ પુરુષો, પોતે અને પાંચ પછીની પેઢીના પુરુષો એમ બધા મળીને અગિયાર પુરુષોનો ઉદ્ધાર કરે છે. (૧૯) જે પુરુષ યથાશાસ્ત્ર પૂજન કરી બ્રાહ્મણને સર્વ ઉપકરણોથી ભરેલું મજબૂત ઘર આપે તે પુરુષ બ્રહ્મલોકને પામે છે. (૨૦) જે બ્રહ્મલોકમાં સુવર્ણમય કિલ્લાઓ છે અને જ્યાં નાનાવિધ રત્નોથી સુશોભિત ઉન્નત ભવનો છે તે સર્વને ઘરનું દાન આપનાર પુરુષ પામે છે. (૨૧) જે પુરુષ કુટુંબવાળા બ્રાહ્મણને વિધિપૂર્વક સારા સ્વભાવવાળી, વાછરડા સહિત, વસ્ત્ર સહિત, રૂપાળી, ખૂબ દૂધ દેનારી, સોનાની શીંગડીઓવાળી, ચાંદીના ઝાંઝરવાળી, મુક્તાફળના હારવાળી, દક્ષિણા સહિત એવી ગાય આપે છે તે પુરુષ વિષ્ણુલોકને પામે છે. (૨૨-૨૩) જે પુરુષ બ્રાહ્મણને દક્ષિણા સહિત સુવર્ણનું દાન આપે છે તે પુરુષ મલિનતાને પામતો નથી અને સર્વ પ્રકારના દોષોથી મુક્ત થઈ જાય છે. (૨૪) જે પુરુષ માઘ માસમાં બ્રાહ્મણને તામ્રપાત્રમાં ભરેલા તલ આપે છે તે પુરુષ યમલોકને જોતો નથી. (૨૫) જે પુરુષ ઉનાળામાં પાણી અને પગરખાંનું દાન આપે છે અને ચોમાસામાં છત્રીનું દાન આપે છે તે ચંદ્રલોકને પામે છે. (૨૬) જે પુરુષ એકાદશીનું વ્રત કરીને

દ્વાદશીએ વિષ્ણુભક્ત દ્વિજો તથા વિશેષ કરીને વિરક્ત ત્યાગીજનોને જમાડે તે સર્વ યજ્ઞોના ફળને પામે છે જ; તેની ઉપર ભગવાન પ્રસન્ન થઈ તેનું સમગ્ર મનોવાંછિત પરિપૂર્ણ કરે છે. (૨૭-૨૮) જે પુરુષ માગશર માસની દ્વાદશીના દિવસે કેશવ ભગવાનનું પૂજન કરી તે ભગવાનના ભક્તોને ભોજન કરાવે તે અશ્વમેધ યજ્ઞના ફળને પામે છે. (૨૯) પોષ માસમાં ભક્તિભાવથી નારાયણનું પૂજન કરીને દ્વાદશીના રોજ બ્રાહ્મણોને જમાડે તે પુરુષને વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. (૩૦) અને જે પુરુષ માઘ માસમાં માધવ ભગવાનનું સારી રીતે પૂજન કરી દ્વાદશીના દિવસે બ્રાહ્મણોને જમાડે તે પુરુષને રાજસૂય યજ્ઞનું ફળ મળે છે. (૩૧) જે પુરુષ ફાગણ માસમાં દ્વાદશીના દિવસે ગોવિંદ ભગવાનની પૂજા કરી બ્રાહ્મણોને જમાડે તેને અતિરાત્ર યજ્ઞફળની પ્રાપ્તિ થાય. (૩૨) જે પુરુષ ચૈત્ર માસમાં દ્વાદશીના દિને વિષ્ણુનું ભક્તિપૂર્વક પૂજન કરી તે ભગવાનના ભક્ત બ્રાહ્મણો અને સાધુઓને યથાશક્તિ જમાડે તે પુરુષ પૌંડરિક યજ્ઞના ફળને પામે અને દેહાંતે દેવને પણ દુર્લભ એવા દિવ્ય ભગવાનના ધામને પામે છે. (૩૩-૩૪) જે પુરુષ વૈશાખ માસમાં દ્વાદશીના રોજ મધુસૂદન ભગવાનની પૂજા કરી બ્રાહ્મણોને જમાડે તે પુરુષને અગ્નિષ્ટોમ નામે યજ્ઞનું ફળ મળે. (૩૫) જે પુરુષ જેષ્ઠમાસમાં દ્વાદશીના દિવસે ત્રિવિક્રમ ભગવાનનું પૂજન કરી વિપ્રોને જમાડે તે પુરુષ ગવાયન યજ્ઞનું ફળ પામે છે. (૩૬) જે પુરુષ અષાડ માસમાં દ્વાદશીના રોજ શ્રદ્ધાથી વામન ભગવાનનું પૂજન કરી વિપ્રોને જમાડે તેને સોમયાગનું ફળ પ્રાપ્ત થાય છે. (૩૭) જે પુરુષ શ્રાવણ માસમાં દ્વાદશીના દિવસે શ્રીધર ભગવાનનું પૂજન કરી બ્રાહ્મણોને ભોજન કરાવે તેને વિશ્વજિત યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. (૩૮) જે પુરુષ ભાદરવા માસમાં દ્વાદશીના દિવસે હૃષિકેશ ભગવાનનું પૂજન કરી બ્રહ્મભોજન કરાવે તેને સૌત્રામણી નામના યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. (૩૯) જે પુરુષ આસો માસમાં દ્વાદશીના દિવસે પદ્મનાભ ભગવાનનું પૂજન કરી વિપ્રોને જમાડે તેને સોમયજ્ઞ સંબંધી ફળની પ્રાપ્તિ થાય છે. (૪૦) જે પુરુષ કાર્તિક માસમાં દ્વાદશીના રોજ દામોદર ભગવાનનું પૂજન કરી બ્રાહ્મણ ભોજન કરાવે તેને સર્વ યજ્ઞોનું ફળ પ્રાપ્ત થાય છે. (૪૧) વૈષ્ણવી દ્વાદશી તિથિ નારાયણ ભગવાનની અતિશય પ્રિય તિથિ છે; તે દ્વાદશીના રોજ જે કંઈ કર્મ કરે તે પુણ્ય અક્ષય થાય તે નિશ્ચય વાત છે. (૪૨) તે દિવસે બ્રાહ્મણોને યથાશક્તિ દાનો આપે અને તે તે ઋતુને યોગ્ય ભોજનો વડે ભગવાનના ભક્તોને પ્રસન્ન કરે. (૪૩) આવી રીતના પ્રકારવાળો (દાની) ગૃહસ્થાશ્રમી નાની નાની ઘંટડીઓના સમૂહોથી શોભાયમાન અને સૂર્ય સમાન કાંતિવાળા દિવ્ય વિમાનમાં બેસી ભગવાનના ધામને પામે છે. (૪૪) રોગવાળા પુરુષને રોગનાશ માટે ઔષધ, પથ્ય આહાર અને ઘી વગેરે આપે છે તે પુરુષ રોગરહિત અને દીર્ઘાયુષ્યવાળો થાય છે. (૪૫) જે પુરુષ વેદપુસ્તક, મીમાંસાદિ શાસ્ત્ર, ભાગવતાદિ પુરાણ, કે મહાભારત આદિ પુસ્તકનું દાન આપે છે તેને અક્ષય પુણ્ય થાય અને સર્વ પાપોનો પણ નાશ થાય છે. (૪૬) જે પુરુષ ઠંડીના દિવસોમાં વસ્ત્રો, કાષ્ઠો, ધાબળા વગેરે બ્રાહ્મણોને આપે છે તે પુરુષ નિત્ય સુખને પામે છે. (૪૭) લોકમાં જે જે વસ્તુ અતિશય પ્રિય હોય તથા ઘરમાં જે કંઈ પ્રિય હોય તે જ વસ્તુને અવિનાશી ઇચ્છતા પુરુષે તે તે વસ્તુઓ શમદમાદિ ગુણસંપન્ન પાત્રને આપવી જોઈએ. (૪૮) જે નર ચૈત્ર માસમાં દરરોજ અથવા

શુકલ પક્ષની દ્વાદશીના રોજ બ્રાહ્મણને શ્વેત વસ્ત્રનું દાન આપે છે તે પુરુષ અક્ષય સ્વર્ગફળને પામે છે. (૪૯) વૈશાખ માસમાં સોનાનું દાન આપનાર, જેઠ માસમાં છત્રી અને પગરખાંનું દાન આપનાર તથા અષાઢ માસમાં શય્યાનું દાન આપનાર દેહાંતે શ્વેતદ્વીપને પામે છે. (૫૦) શ્રાવણ માસમાં પુરાણ પુસ્તકોનું દાન કરનાર, ભાદરવા માસમાં ગાયોનું દાન કરનાર અને આસો માસમાં અશ્વોનું દાન કરનાર પુરુષ પોતાના કુળને ઉદ્ધારે છે. (૫૧) જે પુરુષ કારતક માસમાં કામળીનું દાન કરે, માગશરમાં લવણનું દાન કરે, પોષ માસમાં અન્નપર્વતનું દાન કરે અને ફાગણ માસમાં કેસરચંદનાદિ સુગંધી દ્રવ્યોનું દાન કરે તે પુરુષ સદા સુખી રહે. (૫૨) પોતાની કીર્તિ વધારવા માટે, તેમજ ભયથી કે લોભથી દાન ન કરવું પરંતુ પોતાનું પરલોકમાં હિત થવાની ઈચ્છાથી જ પાત્ર વિપ્રને દાન કરવું. (૫૩) જે બ્રાહ્મણ પાત્રભૂત હોય તો પણ પ્રતિગ્રહ લઈને અસત્કાર્યમાં વિનિયોગ કરતો હોય તો તેને દાન કદાપિ ન જ આપવું. (૫૪) જે વિપ્ર જ્યાં ત્યાંથી દાન લઈને કેવળ તેનો સંગ્રહ જ કરે છે અને ધર્મમાર્ગમાં તેનો ઉપયોગ કરતો નથી તેને કદાપિ ન જ આપવું. (૫૫) દાનસમય સૂર્યગ્રહણાદિ પ્રાપ્ત થાય અને પાત્રભૂત બ્રાહ્મણ સમીપે ન હોય તો. ''યથાકાળ આવેલા અમુક બ્રાહ્મણને હું દાન આપીશ'' એવો મનથી સંકલ્પ કરીને તે સંકલ્પ કરેલા જળને જળમધ્યે મૂકી દેવું. (૫૬) આ પ્રમાણે કરવાથી દાન કરનારને દશ વખત કરેલા દાન જેટલું ફળ થાય અને દાન લેનાર બ્રાહ્મણને પ્રતિગ્રહમાં દોષ ન થાય. (૫૭) જે બ્રાહ્મણ વિદ્યાવાન હોય, જે દરિદ્ર હોય, જે લક્ષ્મીભ્રષ્ટ હોય, જે જરૂરતમંદ હોય અને જે સુશીલ હોય તેને વિશેષપણે આપેલું દાન અક્ષય ફળને સાધે છે. (૫૮) ક્રોધરહિત, ધર્મપરાયણ, નિત્ય સત્ય ભાષણવાળા તથા ઈન્દ્રિય દમનમાં તત્પર આવા સાધુ-વિપ્રો છે તેને આપેલું દાન મહાફળને આપે છે. (૫૯) પોતામાં પૂજ્યપણાની બુદ્ધિ વિનાના નિર્માની, સર્વ વચન સહન કરનારા, કોઈ જાતની સ્પૃહા વિનાના, જિતેન્દ્રિય, સર્વ પ્રાણીઓનું હિત ઈચ્છનારા, સર્વત્ર મિત્રભાવનાવાળા જે વિપ્રો છે તેમને આપેલું દાન મહાફળવાળું થાય છે. (૬૦) જે દ્વિજશ્રેષ્ઠ અંગો સહિત ચાર વેદને ભણેલો, સ્નાનાદિ ષટ્કર્મમાં નિષ્ઠાવાળો, જિતેન્દ્રિય અને રાગદ્વેષાદિ રહિત શાંત છે તે પુરુષ સત્પાત્ર કહેવાય છે. (૬૧) ધનવાન ગૃહસ્થ આવા સુપાત્ર વિપ્રોને દાન આપે છે તે દાન તત્ક્ષણ હજારગણા અધિક ફળને આપે છે. (૬૨) બુદ્ધિ, શાસ્ત્ર, શીલ અને સદાચારથી સમન્વિત એવો એક પણ દ્વિજોત્તમ પુરુષ જ આખા કુળને નિશ્ચય તારે છે. (૬૩) સકળ સત્પાત્રગુણસંપન્ન, સાધુસંમત એવા બ્રાહ્મણને દૂર દેશથી બોલાવરાવી તેનો સત્કાર કરી સર્વ ભાવ વડે પૂજન કરે. (૬૪) આ નવ જણામાં આપેલ ધનાદિ નિષ્ફળ થાય છે. તે નવ જણા કહે છે : ચાટ, ચારણ, ચોર, કુવૈદ્ય, ધૂર્ત, કિતવ, શઠ, મલ્લ અને બન્દિજન કહેતાં સ્તુતિપાઠક. (૬૫) શ્રીહરિ કહે છે : હે દ્વિજેન્દ્ર ! ગૃહસ્થજન ન્યાયથી સંપાદન કરેલા ધન વડે જ યથાશક્તિ દાન કરે. પોતાના પોષ્યવર્ગને ક્લેશ પમાડીને તે થકી મળેલા ધનથી કે અન્યાયથી પ્રાપ્ત કરેલા ધન વડે દાન ન કરે. (૬૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં ગૃહસ્થધર્મોમાં દાનવિધિનિરૂપણ નામે અગિયારમો અધ્યાય થયો. ॥૧૧॥

## અધ્યાય-૧૨

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! ગૃહસ્થ પોતાના વૈભવ પ્રમાણે અતિદૃઢ, ચૂનાથી ધોળેલું અને મંડપે સહિત, હરિપ્રતિમા પ્રતિષ્ઠા માટે યોગ્ય એવું મંદિર ભક્તિપૂર્વક કરાવે. (૧) હે સુવ્રત ! ગૃહસ્થ જે જે પ્રકારે મજબૂત મંદિર બંધાવે તે તે પ્રકારે ફળનું અધિકપણું જાણવું. (૨) જ્યોતિષશાસ્ત્રમાં કહેલી રીત અનુસાર પૂર્વ દિશાના સાધનપૂર્વક રમણીય મંદિર બંધાવે અને તે મંદિરની આગળ એક ભૂમિકાવાળો ગરૂડ મંડપ કરાવે. (૩) અને મંદિરની ચારે બાજુ યાત્રિક વૈષ્ણવભક્તોએ રહેવા યોગ્ય કોટ સહિત મનોહર ધર્મશાળા કરાવે. (૪) મંદિરના ચોકમાં ફળ પુષ્પમય વૃક્ષોયુક્ત બગીચો કરાવે. વળી મધુર, નિર્મળ, અખૂટ જળવાળી, રમણીય પગથિયાંવાળી વાવ બનાવે. (૫) જ્યારે તે મધ્ય મંદિરમાં શ્રીવાસુદેવ ભગવાનની સ્થાપના કરે ત્યારે અગ્નિકોણમાં દુર્ગાદેવી, નૈર્ઋત્યકોણમાં સૂર્ય, વાયુકોણમાં બ્રહ્મા અને ઈશાનકોણમાં ગણપતિ સહિત શિવની સ્થાપના યથાવિધિ મહોત્સવ સહિત કરાવવી. (૬-૭) પંચરાત્ર અને સપ્તરાત્ર નામની હરિની ઉપાસનાને જણાવનારાં શાસ્ત્રો પ્રથમ શ્રીહરિએ કહ્યાં છે. (૮) તે તંત્રો નારદાદિ મુનિવરોએ કાળે કરી આ લોકમાં અને સ્વર્ગલોકમાં વિભાગ કરીને સ્થાપન કરેલાં છે. આ પચીશ તંત્રો છે તેનાં નામો તમે મારા થકી સાંભળો. (૯) હયગ્રીવ, વૈષ્ણવ, પૌષ્કર, ગાર્ગ્ય, ગાલવ, પ્રાહલાદ, નારદીય, શ્રીપ્રશ્ન, શૌનક, શાંડિલ્ય, ઐશ્વર, તાર્ક્ષ્ય, વાસિષ્ઠ, જ્ઞાનસાગર, સ્વાયંભૂવ, વિશ્વોક્ત, સત્યોક્ત, કાપિલ, નારાયણીય, આત્રેય, નારસિંહા, આરૂણ, બૌદ્ધાયન, સાનંદ અને અષ્ટાંત - આ પચીશ તંત્રો છે. (૧૦-૧૧-૧૨) આ પચીશ તંત્રો પૈકી એક વિષ્ણુપ્રધાન દેવ જેમાં છે એવા વૈષ્ણવતંત્રને અનુસરીને મંદિર-પ્રતિષ્ઠા-પૂજાદિ સર્વ કરવું. (૧૩) વાસુદેવનો ભક્ત ધનસમૃદ્ધ હોય તો તેણે વિષ્ણુનું જ જેમ એમ તદાત્મક શિવ, સૂર્ય, ગણપતિ, પાર્વતીનું પણ પ્રધાન મંદિર બનાવે. (૧૪) સર્વ દેવોની પ્રતિષ્ઠામાં ચૈત્ર, ફાગણ, વૈશાખ અને જેઠ માસ મંગળકારી જાણવા. કેટલાક ચૈત્ર માસને પ્રતિષ્ઠામાં વર્જ્ય ગણે છે. (૧૫) વિષ્ણુ ભગવાનની પ્રતિષ્ઠામાં મધ, માંસ યોગ્ય નથી તેવી જ રીતે દેવોના પ્રતિષ્ઠા કર્મમાં દક્ષિણાયનનો નિષેધ છે. (૧૬) માઘ, ફાગણ, વૈશાખ, જેઠ અને અષાઢ આ પાંચ મહિનામાં શુક્લ પક્ષમાં શિવસ્થાપન ઉત્તમ માનેલું છે. (૧૭) જે પુરુષ દેવાલય તથા ધર્મશાળા બંધાવે છે તે પુરુષ પોતાના સાત પુરુષોને સંસારથકી તારે છે. (૧૮) તે દેવાલય આદિમાં જેટલી સંખ્યામાં ઈંટો ગોઠવેલી હોય તેટલા હજાર વર્ષ પર્યંત તે દેવાલય બનાવનાર સ્વર્ગમાં વાસ કરે છે. (૧૯) જે પુરુષ શ્રીમાન વાસુદેવ ભગવાનનું ખૂબ મજબૂત સુંદર ઉત્તમ મંદિર બંધાવે છે તે પુરુષ મોક્ષને પામે છે તે નિશ્ચિત વાત છે. (૨૦) જે પુરુષ વાસુદેવનું સાધારણ પ્રકારનું પણ નવું મંદિર બંધાવે તો સર્વ લોકોએ નમસ્કાર કરાયેલા વૈકુંઠ લોકને પામે છે. (૨૧) હે વિપ્ર ! જે પુરુષ શ્રી વાસુદેવનું કનિષ્ઠ મંદિર બંધાવે તે પુરુષ ઈન્દ્રલોકને પામે તે નિશ્ચિતવાત છે. (૨૨) અતિ ધનાઢ્ય પુરુષ શ્રી વાસુદેવ ભગવાનના સર્વોત્તમ મંદિર બંધાવવાથી જે ફળ પામે છે તે ફળ તો થોડા ધનવાળો પુરુષ નિયમ તત્પર થઈને યથાશક્તિ કનિષ્ઠ મંદિર બનાવીને પામે છે. (૨૩) અન્ય કોઈએ કરાવેલા મંદિરમાં

દેવપ્રતિષ્ઠા કરાવવાથી સાર્વભૌમ રાજા થાય, કેવળ દેવમંદિર નિર્માણ કરાવવાથી ત્રિભુવનના રાજ્યને પામે, પ્રતિષ્ઠા કરેલા દેવની દરરોજ પૂજા કરવા માટે દાન આપનાર બ્રાહ્મલોકને પામે છે. જ્યારે મંદિર નિર્માણ, મૂર્તિપ્રતિષ્ઠા અને પૂજાપ્રવાહ આ ત્રણે કાર્યથી શ્રી વાસુદેવના સમત્વ કહેતાં પાર્ષદપણાને પામે છે. (૨૪) જે પુરુષ દંભે રહિત, શ્રીહરિની પ્રસન્નતા માટે ભગવાનનું મંદિર બંધાવે તે પુરુષ એકસો કુળોનો ઉદ્ધાર કરી વૈકુંઠમાં નિવાસ કરે છે. (૨૫) જે પુરુષ જીર્ણ દેવાલયને કે મઠને ચૂના વગેરેથી લીંપાવી તેનો જીર્ણોદ્ધાર કરે છે તે પુરુષને મહાપુણ્ય થાય. (૨૬) જે પુરુષ મંદિર વાળીચોળીને સાફ રાખે, મંદિરને લીંપાવેગુપાવે તથા તેમાં દીવો કરવાની સેવા કરે છે તે વિષ્ણુલોકને પામે છે. (૨૭) જે નરો કૂવાઓ, વાવો અને તળાવો કરાવે છે તેને નિશ્ચે અક્ષય પુણ્ય થાય છે. (૨૮) જેણે ગળાવેલા તળાવમાં વર્ષાકાળ પર્યંત પાણી રહે છે તે પુરુષને અગ્નિહોત્રીને જે ફળ થાય છે તે ફળ થાય છે એમ પંડિતજનો કહે છે. (૨૯) અને જે પુરુષે બંધાવેલા જળાશયમાં શરત્કાળમાં પણ જળ ભરેલું રહે છે તે હજાર ગાયોના દાનના ફળને પામે છે. (૩૦) અને જેના તળાવમાં હેમંત ઋતુપર્યંત જળ રહે છે તે પુરુષ બહુ સુવર્ણવાળા યજ્ઞના ફળને પામે છે. (૩૧) હે સુવ્રત ! જે પુરુષના સરોવરમાં શિશિર કાળ સુધી જળ રહે તે પુરુષને અગ્નિહોત્ર યજ્ઞ કરવાનું ફળ થાય છે. (૩૨) જે પુરુષના બંધાવેલા સરોવરમાં વસંત સમયમાં પણ જળ ભરાઈ રહે તે અતિશય યજ્ઞના ફળને પામે છે. (૩૩) જે પુરુષના જળાશયમાં ગ્રીષ્મઋતુમાં પણ જળ ભરાયેલું રહે તે અશ્વમેધ યજ્ઞના ફળને પામે છે. (૩૪) જે પુરુષે ગળાવેલા જળાશયમાં ગાયો, સાધુજનો અને અન્યજનો સદા જળ પીએ છે તે પુરુષ આખા કુળને તારે છે. (૩૫) જેના જળાશયમાં પશુ-પક્ષી વગેરે તૃષાતુર જળપાન કરે છે તેને નિરવિધ પુણ્ય થાય છે. (૩૬) તળાવની ચારેબાજુ વડ વગેરે છાયાપ્રધાન વૃક્ષોને જેઓ રોપે છે તેઓ આ લોકમાં કીર્તિને પામીને પરલોક સ્વર્ગમાં અક્ષય્ય સુખને પામે છે. (૩૭) અને અખંડ સુખની ઈચ્છાવાળા ગૃહસ્થોએ સરોવરના સમીપમાં આંબા વગેરે શુભ વૃક્ષોથી સુશોભિત બગીચા પણ કરાવવા જોઈએ. (૩૮) ઉપવનોમાં દેવપિતૃકાર્યમાં ઉપયોગી સર્વ પુષ્પલતાઓ અને ફળવૃક્ષો રોપાવવાં જોઈએ. (૩૯) જે પુરુષ એક પીપળો, એક લીંબડો, એક વડ, દશ આંબલીઓ, ત્રણ કોઠીઓ, ત્રણ બીલીઓ, ત્રણ આમળીઓ તથા નવ આંબા રોપાવે તે પુરુષ નરકમાં જાય જ નહિ. (૪૦) જે પુરુષ આ લોકમાં વિષ્ણુ ભગવાનને ઉદ્દેશીને આ પ્રકારે પૂર્ત કર્મ ભક્તિથી કરે છે તે અંતરહિત ફળ આપનારું થાય છે આથી, ઈષ્ટાપૂર્ત આદિ બધું ભગવદ્ ભક્તિપૂર્વક કરવું. (૪૧) ગૃહસ્થોએ દરરોજ, દર મહિને કે દર વર્ષે સૂર્યાદિ ગ્રહોને શાસ્ત્રોક્ત વિધિથી પૂજવા. રાજાઓએ તો વિશેષપણે પૂજવા. (૪૨) જે ગૃહસ્થને જે ગ્રહ દુષ્ટ ભવનમાં રહેલો હોય તે ગ્રહ ગૃહસ્થે પ્રયત્નપૂર્વક પૂજવો. ગ્રહ પ્રસન્ન થકો પૂજકને સુખ આપે છે અને ક્રોધિત થકો અપૂજકને દુઃખ આપે છે તે નિશ્ચિત વાત છે. (૪૩) સપ્તમ સ્થાનમાં રહેલા સૂર્યે રાવણનું પતન કર્યું અને અષ્ટમ સ્થાનમાં રહેલા ચંદ્રે હિરણ્યકશ્યપુને હણ્યો. (૪૪) મંગળની પીડાથી નમુચિ રણમાં હણાયો, અને બુધે પાંડવોને દ્યૂતક્રિયામાં જોડ્યા. (૪૫) દુર્યોધન રાજાને જન્મસ્થાનમાં રહેલા બૃહસ્પતિએ હણ્યો અને છઠ્ઠા સ્થાનમાં રહેલા શુક્રે હિરણ્યાક્ષનો

નાશ કર્યો. (૪૬) શનિશ્ચરે સૌદાસ નામના રાજાને નરમાંસ ભક્ષણમાં પ્રવર્તાવ્યો; રાહુએ નળરાજાને પીડા પમાડીને (નળરાજા) ભૂતળમાં ભટકાવ્યો. (૪૭) જન્મસ્થાનમાં રહેલા કેતુથી પીડાયેલો સંગ્રામજિત રાજા રાજ્યભ્રષ્ટ થઈને ભૂમિમાં જ્યાં ત્યાં ભટકતો થયો હતો. આ પ્રકારે ઘણા ઘણા રાજાઓ ગ્રહના દોષોથી પીડા પામ્યા હતા. (૪૮) આથી તે ગ્રહોની શાંતિ યથાવિધિ દાન આપીને કરવી જોઈએ. રક્તવર્ણ-વાળો કશ્યપપુત્ર સૂર્ય કલિંગ દેશમાં ઉત્પન્ન થયેલો છે એ પ્રકારે જનોથી પૂજાય છે. (૪૯) શ્વેતવર્ણવાળો બ્રહ્માપુત્ર ચંદ્ર મધ્યદેશમાં ઉત્પન્ન થયેલો કહેલો છે, રક્તવર્ણવાળો રુદ્રપુત્ર મંગળ અવંતિ દેશમાં ઉત્પન્ન થયેલો છે એ પ્રકારે પૂજાય છે. (૫૦) પીળા વર્ણવાળો ચંદ્રપુત્ર બુધ મગધ દેશમાં ઉત્પન્ન થયેલો કહેલો છે. સુરાચાર્ય બ્રહ્મસ્પતિ પીતવર્ણવાળો બ્રહ્મપુત્ર સિન્ધુદેશમાં ઉત્પન્ન થયેલો છે; શુક્લવર્ણવાળો ભૃગુપુત્ર શુક્ર ભોજદેશમાં ઉત્પન્ન થયેલો માનેલો છે. કૃષ્ણ વર્ણવાળો સૂર્યપુત્ર શનિ સૌરાષ્ટ્ર દેશમાં ઉત્પન્ન થયેલો જાણવો. (૫૧-૫૨) કાળા વર્ણવાળો પ્રજાપતિપુત્ર રાહુ સિંહલ દેશમાં ઉત્પન્ન થયેલો છે; કૃષ્ણવર્ણવાળો અગ્નિપુત્ર કેતુ મધ્યદેશમાં જન્મેલો પૂજાય છે. (૫૩) સૂર્યનું માણિક્ય દાન કહેલું છે. ચંદ્રનું મુક્તાફળ કહેતાં મોતીદાન અને મંગળનું વિદ્રુમ નામે રત્નદાન કહેલું છે અને બુધનું મરકતમણિરૂપ દાન તથા બૃહસ્પતિનું ગારુત્મત મણિરૂપદાન કહેલું છે. શુક્રનું પુષ્પરાગ મણિરૂપ દાન કહેલું છે. શનિનું નિર્મળ શ્યામવજ્રક નામના હીરાનું દાન કહેલું છે. અને રાહુ તથા કેતુના ગોમેદમણિ તથા વૈદુર્યક મણિદાન કહેલાં છે - (૫૪) સૂર્યાદિ ગ્રહોની ધેનુ આદિ દક્ષિણાઓ મુનિઓએ કહેલી છે. ધેનુ સૂર્યની દક્ષિણા, શંખ ચંદ્રની દક્ષિણા, લાલ કાંતિવાળો બલિવર્દ મંગળની દક્ષિણા, સુવર્ણ બુધની દક્ષિણા, પીળું વસ્ત્ર બૃહસ્પતિની દક્ષિણા, શ્વેત અશ્વ શુક્રની દક્ષિણા, શ્યામ ગાય શનિની દક્ષિણા, કાળું લોઢું રાહુની દક્ષિણા અને લોહ કેતુની દક્ષિણા છે. સ્નાન, દાન, હોમ, બલિપ્રદાન અને દક્ષિણા વડે તે ગ્રહો પ્રસન્ન થાય (૫૫)

**શ્રીહરિ બોલ્યા :**

હે વાડવ ! દેવતાઓ અને બ્રાહ્મણોને વંદન કરવાથી તથા ગુરુવચન સંપાદન કરવાથી અને દરરોજ સાધુપુરુષોનું સેવન કરવાથી તથા પ્રતિદિન સચ્છાસ્ત્રોનું સંશીલન કરવાથી, હોમ કરવાથી, યજ્ઞનું દર્શન કરવાથી તેમજ પવિત્ર મનોભાવ અને જપ તથા દાનથી આ બધા ગ્રહો; પુરુષને ક્યારેય પણ પીડા કરતા નથી. (૫૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં ગૃહસ્થધર્મોમાં ઈષ્ટાપૂર્ત કર્મવિધિ નિરૂપણ નામનો બારમો અધ્યાય થયો. ॥૧૨॥

●

## અધ્યાય-૧૩

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

હે વિપ્ર ! જે પુરુષને ભરણપોષણ કરવા યોગ્ય માતાપિતા આદિની જીવિકા માટે ત્રણ વર્ષ ચાલે તેટલું અનાજ હોય અથવા તેથી અધિક હોય તે દ્વિજ સોમયાગ વડે યજન કરવાને યોગ્ય છે. (૧)

જે પુરુષને એક વર્ષ ચાલે તેટલું અનાજ હોય તે પુરુષ સોમયાગથી પૂર્વે થયેલા અગ્નિહોત્ર વગેરે ક્રિયાઓ સર્વ મનોરથોની પરિપૂર્તિ માટે કરે. (૨) અગ્નિહોત્ર, દર્શનામક યાગ, પૂર્ણમાસ નામનો યાગ, પશુયાગ, ચાતુર્માસયાગ, સોમયાગ આ શ્રૌતક્રિયાઓ જાણવી. (૩) હે મહામતે ! તે શ્રૌતક્રિયાઓ કામ્ય અને નિત્ય એમ બે પ્રકારની કહેલી છે. જેને ત્રણ વર્ષ ચાલે તેટલું અન્ન હોય તે દ્રવ્યવાળા માટે કામ્ય કહેલી છે અને સ્વશક્તિ અનુસારે નિત્ય કહેલી છે. (૪) દર વર્ષે સોમયાગ કરવો. ઉત્તરાયણ અને દક્ષિણાયનમાં પશુયાગ કરવો અને ધાન્યોની ઉત્પત્તિ થાય ત્યારે આગ્નયણેષ્ટિ યાગ કરાય છે. (૫) દ્વિજ સંવત્સરે સંવત્સરે ચાતુર્માસના યાગ કરે, સમયે સમયે અન્ય યાગો પણ યથાવિધિ કરે. (૬) હવિ સંસ્થાના સાત યાગ થાય છે તેમાં પ્રથમ અગ્ન્યાધાન કહેતાં ઉદયકાલે અગ્નિ પરિગ્રહ છે. ત્યારપછી અગ્નિહોત્ર કહેલ છે. ત્યારબાદ દર્શ અને પૌર્ણમાસ યાગ કહેલ છે. (૭) ચાતુર્માસયાગ, અયનયાગ, ત્યારબાદ સૌત્રામણી યાગ માનેલો છે. એ પ્રમાણે યાજ્ઞિકોએ યથાસમય તેને અનુસરીને જાણવા. (૮) હેમંત અને શિશિર ઋતુના મહિનામાં કૃષ્ણાષ્ટમીમાં યજન, સ્થાલીપાક, દર્શશ્રાદ્ધ, શ્રવણાકર્મ, પ્રત્યવરોહણ, શૂલગવ, આશ્વયુજી આ સાત પાક સંસ્થા કહેલા છે. તે યજ્ઞો યથાવિધિ કરવા જોઈએ. (૯-૧૦) અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉકથ, ષોડશી, વાજપેય, અતિરાત્ર અને સાતમો અપ્તોર્યામ; (૧૧) ધનવાન પુરુષ તથા ધર્મયજ્ઞોમાં ઉત્તમ અને યજ્ઞકુશળ એવો ગૃહસ્થ અગાઉ કહેલા આ સાત સંસ્થાભેદો વડે અગ્નિ છે મુખ જેમનું એવા દેવોનું યજન કરે. (૧૨) આ યજ્ઞોમાં કોઈ પુરુષે કોઈપણ સમયે પશુનો વધ કરવો નહિ જોઈએ કેમકે મહર્ષિઓએ વ્રીહિમય પશુ મુખ્ય કહેલો છે. પણ સાક્ષાત્ પશુવધ નહિ. (૧૩) આથી વ્રીહિમય પશુ વડે જ યાગ કરવો જોઈએ. સાક્ષાત્ પશુઘાતમાં તો હણાયેલો પશુ પરલોકમાં તે પશુ હણનારના શરીરને ચીરીને માંસ ખાય છે. (૧૪) કોઈપણ વિઘ્ન દ્વારા સોમાદિ યાગો તો સંભવ ન હોય તો તે યાગના સમયે સાવધાન થકો વિશ્વાનર છે દેવતા જેના એવા વૈશ્વાનરી નામે યાગને કરે. (૧૫) જે પુરુષ નાસ્તિક સ્વભાવથી અથવા આળસથી આહવની યાદિ અગ્નિઓને કુંડોમાં સ્થાપન કરવાની અભિલાષા કરતો નથી. તે પુરુષ મરીને ઘોર નરકોને પામે છે એમાં લગીરે સંશય નથી. (૧૬) સ્નાન કરી, જપ કરી, હોમ કરી, અતિથિઓને આપીને જે દ્વિજ ભોગવે છે તે સર્વદા અમૃતને ખાય છે અને દેહાંતે અક્ષય લોકને પામે છે. (૧૭) સ્નાન કર્યા વિના જે અન્ન ખાય છે તે મળ-પાપને ખાય છે, જપ કર્યા વિના ખાતો થકો પૂયશોણિતને ખાય છે. હોમ કર્યા સિવાય ખાનારો કૃમિકીટાદિને ખાય છે અને અતિથિને આપ્યા સિવાય અન્નને ખાનારો વિષ્ટા ખાય છે. (૧૮) સંન્યાસી, વાનપ્રસ્થાશ્રમી, બ્રહ્મચારી, ગરીબ, સાધુજનો અને યાચકોનું પોષણ ગૃહસ્થો માટે પરમ હિતકારી થાય છે. (૧૯) હે દ્વિજ ! આ કારણને લીધે જ પુરાણોમાં અન્ય આશ્રમો કરતાં ગૃહસ્થાશ્રમ મુનિજનોએ ઉત્તમ કહેલો છે. (૨૦) પોતાને ઘેર અતિથિનું આગમન થાય ત્યારે ઊભા થઈ આદરપૂર્વક અતિથિને નમસ્કાર કરી આસન આપી યથાયોગ્ય પૂજન કરવું. (૨૧) સુમધુર વચનો વડે સ્વાગતાદિ પૂછી પછી ભોજન કરાવવું. અતિથિ પ્રસન્ન થવાથી ત્રિલોકી સંતુષ્ટ થાય છે આ પ્રમાણે ગૃહસ્થ જાણે. (૨૨) જો આ પ્રકારે અતિથિ પૂજન વગેરે ન થાય તો વિષમ

કહેતાં દુરવગાહ ઘરરૂપ અંધકૂપમાં પડીને તે ગૃહસ્થ ભૂતળ ઉપર શા માટે ન પામે ? (૨૩) આ લોકમાં પશુ, પક્ષી, મૃગ વગેરે ઘણા જીવો કેવળ પોતાનું પેટ ભરનારા છે. જો ગૃહસ્થ પણ તેવી જ વૃત્તિવાળો કહેતાં માત્ર ઉદર ભરનારો જ હોય તો હે દ્વિજ ! તે ગૃહસ્થ તે પશુ વગેરેની પંક્તિમાં ભળેલો કેમ ન થાય ? - થાય જ. (૨૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં ગૃહસ્થધર્મમાં શ્રૌતકર્મવિધિ નિરૂપણ નામનો તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

●

## અધ્યાય-૧૪

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્ર ! હવે ગૃહસ્થ બ્રાહ્મણ સંબંધી વિશેષ વિધિ હું તમોને કહું છું. બ્રાહ્મણ નિરંતર આંતરબાહ્ય પવિત્ર થકો વર્તે અને સર્વદા સ્નાનાદિ ષટ્કર્મોમાં નિષ્ઠાવાળો થાય. (૧) ગૃહસ્થ વિપ્ર શાંત, દાંત, તિતિક્ષુ થાય અને નિત્ય વેદાર્થનું ચિંતવન કરતો થકો વર્તે, ક્યારેય સ્વધર્મનો ત્યાગ ન કરે અને દુઃસંગ કદાપિ ન જ કરે. (૨) ગૃહસ્થ બ્રાહ્મણ શ્વેતવસ્ત્રધારી, ટૂંકા કેશ અને દાઢીમૂછવાળો તથા તપ છે પ્રિય જેને, તથા અતિ સૂક્ષ્મ વસ્ત્રોને નહિ ધારનારો અને સદા આળસરહિત અને અલ્પ નિદ્રાવાળો થાય. (૩) ગૃહસ્થ નિત્ય સ્નાનસંધ્યાપરાયણ, નિત્ય બ્રહ્મયજ્ઞપરાયણ તથા નિત્ય ગાયત્રીજપપરાયણ તથા શ્રાદ્ધમાં આદર રાખનારો એવી રીતનો ગૃહસ્થ સંસારથી મુક્ત થાય છે. (૪) નિરંતર દેવપિત્રિ અતિથિઓને રાંધેલું અન્ન યથાવિધિ વિભાગ કરી આપીને શેષ અન્ન જમવાના સ્વભાવવાળો, તેમજ નિરંતર ક્ષમાયુક્ત અને દીનજન ઉપર દયાળુ ગૃહસ્થ કહેલો છે - કેવળ ગૃહ કે ગૃહિણીથી ગૃહસ્થ ન કહેવાય. (૫) અહુત, હુત, પ્રહુત, પ્રાશિત અને બ્રાહ્મ આ પાંચ યજ્ઞોને વિપ્ર દરરોજ કરે. (૬) ગાયત્રી જપ અહુત યજ્ઞ જાણવો, અગ્નિમાં આહુતિ દાનરૂપ હુત યજ્ઞ, ભૌતિક બલિરૂપ પ્રહુત યજ્ઞ, પિતૃઓને બલિદાન એ પ્રાશિત યજ્ઞ અને દ્વિજ-અતિથિ સત્કારરૂપ બ્રાહ્મયજ્ઞ જાણવા. (૭) બ્રાહ્મણ આ પાંચ યજ્ઞોને કરતો થકો કષ્ટ પામતો નથી અન્યથા ખાંડણિયો વગેરે પંચ સૂના કહેતાં પાંચ હિંસાને પામે. (૮) જે વિપ્ર ભોજન કેવળ પોતાને માટે જ કરે છે, સ્ત્રીસંગને કેવળ કામોપભોગ માટે કરે છે અને વેદાદિ અધ્યયન કેવળ જીવિકા માટે જ કરે છે તે પુરુષનું જીવિત નિષ્ફળ થાય. (૯) કેવળ વ્યાકરણાદિ શબ્દશાસ્ત્રના પઠનમાં આસક્તનો મોક્ષ ન થાય. જે રમણીય ભવનમાં નિવાસ કરીને, ઉત્તમ ભોજન અને આચ્છાદનમાં તત્પર થાય અને મેળવેલી વિદ્યાથી લોકોનાં ચિત્તને આકર્ષણ કરવામાં આસક્ત પુરુષનો મોક્ષ ન થાય. (૧૦) એકાંત સ્થળનું સેવન કરનાર, ભગવાનને સદા સાથે રાખનાર, સર્વ ઇન્દ્રિયોમાંથી પ્રીતિને તોડનાર, સ્વાધ્યાયમાં મન પરોવનાર તેમજ સર્વદા હિંસારહિત એવા પુરુષનો અવશ્ય મોક્ષ થાય. (૧૧) માટે બ્રાહ્મણ નિત્ય વ્રતવાળો થાય, અગ્નિસેવા પરાયણ થાય, અગ્નિહોત્રી થાય. તપશ્ચર્યામાં તત્પર થાય તેમજ જિતેન્દ્રિય થાય. (૧૨) પરસ્ત્રીસંગ, ચોરી વગેરે પાપ બુદ્ધિપૂર્વક કરીને ધર્મના ધર્મીપણાની પ્રસિદ્ધિ માટે કૃચ્છાદિ વ્રત ન કરે. કારણ કે આવી રીતનો ધર્મના બહાને પાપ કરનારો

બ્રાહ્મણ મરીને પરલોકમાં અને આ લોકમાં બ્રહ્મવાદીઓ દ્વારા નિંદિત થાય છે. (૧૩) પાખંડી, વેદ વિરુદ્ધ આચારવાળા, વામ આચારવાળા, દેવદ્રોહી, વેદનિંદક એવા મનુષ્યોનો દૂરથી જ ત્યાગ કરે. (૧૪) અસત્ય ભાષણ, પરદારાસંગ, અભક્ષ્યનું ભક્ષણ, તથા શ્રુતિએ કહેલા અગ્નિહોત્રાદિ ધર્માચરણના ત્યાગથી બ્રાહ્મણના કુળનો નાશ થાય છે. (૧૫) દુષ્કુળની કન્યા સાથે વિવાહથી, સ્નાનસંધ્યાદિ ક્રિયાઓના લોપથી, વેદોના અપઠનથી અને બ્રાહ્મણોનો અપરાધ કરવાથી સત્કુળો પણ કુલહીનતાને પામે છે. (૧૬) પુરુષ પરનિંદા ન કરે, આત્મશ્લાઘાપરાયણ ન થાય અને પાપ રહિત પુરુષને પ્રાણાંતે પણ પાપી ન કહે. (૧૭) વિપ્ર સ્નાન કરી મૃત્તિકાથી ઊર્ધ્વપુંડ્ર તિલક કરે, અગ્નિમાં હોમ કરી ભસ્મ વડે ત્રિપુંડ્ર કરે, દેવતાઓનું પૂજન કરી કેસરાદિ ચંદન વડે તિલક કરે અને જળમાં રહીને જળ વડે જ તિલક કરે. (૧૮) સ્નાન સંધ્યા તર્પણાદિ તથા જપ હોમ સુરાર્ચન ભોજનથી પહેલાં કરવું જોઈએ. અને સાયં સંધ્યા આહુતિ વિનાની કરવી. (૧૯) બ્રાહ્મણનો આ દેહ વિષયભોગ માટે નથી પણ આ લોકમાં કૃચ્છ તપ માટે અને મરીને પરલોકમાં અનંત સુખ માટે જ કલ્પવામાં આવ્યો છે. (૨૦) ધનુષ્યની પ્રત્યંચા ખેંચવી, શત્રુઓને પીડા પમાડવી, ખેતી કરવી, વેપાર કરવો, પશુ પાળવાં અને દ્રવ્યોપાર્જન માટે અન્ય વર્ણોની સેવા કરવી - આ બધું બ્રાહ્મણ માટે અકરણીય છે. (૨૧) શિલોંછવૃત્તિનો આશ્રય કરી પોતાનો નિર્વાહ અર્થાત્ પોતાના કુટુંબનું પોષણ કરે. આ શિલોંછવૃત્તિ જ બ્રાહ્મણ માટે ઉત્તમ કહેલી છે. (૨૨) બ્રાહ્મણ અશ્વસ્તનાન્ન વર્તે શ્વસ્તન એટલે નિર્વાહ સાધક અન્ન જેને નથી એવો વર્તે અથવા ત્રાહિકાન્ત વર્તે કહેતાં ત્રણ દિવસ પર્યંત ચાલે તેટલા અન્નવાળો થાય એથી વધારે નહિ. અથવા કુટુંબવાળો બ્રાહ્મણ કુમ્ભીધાન્યપરિગ્રહવાળો થાય એટલે કે પોતાના કુટુંબને છ દિવસ ચાલે તેટલા ધાન્યના પરિગ્રહવાળો થાય, વધારે નહિ. (૨૩) અથવા બ્રાહ્મણ ગૃહસ્થ ધર્મોનું સારી રીતે આચરણ કરતો થકો કુસૂલધાન્યવાળો થકી જીવે. બાર દિવસ ચાલે તેટલા અન્નનું આધારપાત્ર કુસૂલ કહેવાય તેટલું અન્ન રાખે. તેમાં પણ અશક્ત માટે બીજી જીવિકા કહે છે જે અશક્ત હોય તો અયાચિતા વૃત્તિનો આશ્રય કરે. (૨૪) અધ્યાપન, યાજન અને પ્રતિગ્રહ આ ત્રણ અમૃતા છે નામ જેનું એવી શાલીવ સંજ્ઞાવાળી બ્રાહ્મણોની જીવિકા કહેલી છે. (૨૫) બ્રાહ્મણોને આ બધી વૃત્તિઓ પણ કલિયુગમાં દેશકાળની વિષમતાથી અસાધ્ય કે કષ્ટસાધ્ય થાય છે, આથી બ્રાહ્મણ મૃતનામક નિત્યયાચન કહેતાં દરરોજ ભિક્ષા માગવારૂપ યાયાવર વ્રત તેનો આશ્રય કરે. બુદ્ધિમાન યાયાવર વડે જ યથાકથંચિત નિર્વાહને કરે. (૨૬-૨૭) રાજા પાસેથી પ્રતિગ્રહ ન ગ્રહણ કરે, શૂદ્ર પાસેથી પ્રતિગ્રહ ગ્રહણ ન કરે તેમજ પતિત થકી પણ પ્રતિગ્રહ ન સ્વીકારે અને ક્યારેય એકના એક ગૃહસ્થની યાચના ન કરે. (૨૮) આહારની શુદ્ધિ થવાથી સત્ત્વ-અંતઃકરણની શુદ્ધિ થાય છે, સત્ત્વની શુદ્ધિ થવાથી ધ્રુવા સ્મૃતિ-ધ્યાનસિદ્ધિ થાય છે, તે થવાથી વાસનારૂપ સમગ્ર ગ્રંથિઓનો વિપ્રમોક્ષ કહેતાં નિવૃત્તિ થાય છે. (આમ, અન્નશુદ્ધિ મુમુક્ષુને અત્યંત અપેક્ષિત છે.) (૨૯) માટે વિપ્રજાતિ શૂદ્ર, નટ, નર્તક આદિનું અન્ન તથા ગણ કહેતાં વેશ્યાના ગાયક ગંધર્વનું અન્ન તથા વેશ્યા અને હીનજાતિનું અન્ન સર્વ પ્રકારે ભક્ષણ ન કરે. (૩૦) સર્વ અતિથિઓ, ભૃત્યવર્ગ અને સ્વજન આ બધાનું સર્વસામાન્ય એટલે કે સમાન ભોજન

પ્રતિદિન ગૃહસ્થ માટે પ્રશંસનીય માનેલું છે. આમ, ગૃહસ્થ પાકભેદ અને પંક્તિભેદ ન કરે. (૩૧) શૂદ્રનું અન્ન અગ્રાહ્ય કહ્યું છે તેમાં આટલા અપવાદ કહ્યા છે.) આર્ધિક એટલે પોતાના ખેતરમાં ખેતી કરતો હોય તે ભાગિયો, કુળપરંપરાગત મિત્ર, પોતાનો ગોવાળિયો, વાણંદ, અને જે શૂદ્ર પોતાને 'હું તમારો દાસ છું' એમ નિવેદન કરે તેણે આપેલું કાચું અન્ન ગ્રહણ કરવું. (૩૨) પ્રથમ પૃથ્વી ઉપર ૐ भूपतये नमः ઈત્યાદિ મંત્રથી ભૂતબલી મૂકીને, પછી अमृतोपस्तरणमसि આ મંત્રથી અપોશન કરીને, પછી 'प्राणाय स्वाहा' ઈત્યાદિ મંત્રથી પ્રાણાગ્નિહોત્ર કરીને પછી મૌન ધારણ કરીને બ્રાહ્મણ ભોજન કરે. (૩૩) મૌન વિના સ્નાન કરનાર પુરુષની શક્તિને વરુણદેવ હરે છે. મૌન વિના હોમ કરનાર પુરુષની લક્ષ્મીને અગ્નિદેવ હરે છે અને મૌન વિના ભોજન કરનાર પુરુષના આયુષ્યને યમદેવ હરે છે. આથી સ્નાન, હોમ અને ભોજનમાં મૌન કહેલું છે. (૩૪) ભોજનપાત્રના મધ્યભાગમાં ભાત મૂકવો, દક્ષિણબાજુ ઘીયુક્ત દૂધપાક રાખવો, શાક-દાળ-કઢી વગેરે આગળ રાખવાં, લાડુ આદિ ભક્ષ્ય અને શીરો વગેરે ભોજ્ય વસ્તુ ડાબી બાજુ રાખવાં. (૩૫) એક પંક્તિમાં જો એક પણ પાપી બેસે તો બીજા તે પંક્તિમાં બેઠેલા સર્વે તે પાપીના પાપથી લેપાય છે માટે અવશ્ય પંક્તિનો વિભાગ કરવો. (૩૬) હવે પંક્તિભેદનો પ્રકાર કહે છે : સગડીમાં ભરેલા અગ્નિથી, ભસ્મથી, થાંભલાથી, જળથી, દ્વારથી અને માર્ગથી આ પ્રમાણે છ પ્રકારથી પંક્તિ ભેદાય છે. (૩૭) જે ગૃહસ્થ કેવળ પોતાના ઉદરભરણ પરાયણ થઈને સ્વાર્થે અન્ન રાંધીને જમે છે તે પાપને જ જમે છે. જેઓ પિતૃદેવ મનુષ્યોને યથાવિધિ આપીને જમે છે તે અમૃત ભક્ષણ કરે છે. (૩૮) બ્રાહ્મણ યજ્ઞ માટે જ્યાં-ત્યાંથી યાચન ન કરે. અને જો યજ્ઞાર્થે માગી લાવેલું હોય તો તે બધું ય યજ્ઞકર્મમાં વાપરી નાખે. (૩૯) દાન લેવામાં આટલા ઉત્તરોત્તર યથાક્રમ દશ દશ ગણા અધિક દુષ્ટ જાણવા. સૂની-પ્રાણીઓની હિંસા કરનારો, ચક્રી-ઘાંણી ઘાલીને તેલ વેચનારો, ધ્વજી-દારૂ વેચનારો, વેશ્યા અને અધાર્મિક રાજા; આ પાંચ જણા પાસેથી વિપ્ર પ્રતિગ્રહ ન જ કરે. (૪૦) શાસ્ત્રમાં કહેલા વર્તનથી હીન અને લુબ્ધ એવા રાજા પાસેથી પ્રતિગ્રહ લઈને બ્રાહ્મણ વંશે સહિત એકવિશ નરકોને પામે છે. (૪૧) મૃગચર્મ, મૃતશય્યા (મરેલાને ઉદ્દેશીને આપેલી શય્યા) અને પ્રસવોન્નમુખી બકરીને કુરુક્ષેત્રમાં ગ્રહણ કરનારા બ્રાહ્મણને ફરીથી માનુષ જન્મની પ્રાપ્તિ ન થાય. (૪૨) લોહ, તલ, ભેંસ, તેલ, મીઠું, તિલધેનુ અને મણિ આ સાતનો પ્રતિગ્રહ અતિઘોર-પ્રબળ-પાપ સંપાદક છે. (૪૩) નદીના પ્રવાહને અવધિ કરીને ચાર હાથ પરિમિત પ્રદેશની અંદર પ્રાણ જવાનો પ્રસંગ હોય તોપણ પ્રતિગ્રહ ન જ કરે. (૪૪) જે બ્રાહ્મણ કૃષ્ણમૃગચર્મનો પ્રતિગ્રહ કરે છે, જે ઘોડાઓનો ક્રયવિક્રય કરે છે, જે નવશ્રાદ્ધ-પ્રેતશ્રાદ્ધનું અન્ન જમે છે તે પુનર્જન્મમાં મનુષ્ય ન જ થાય, પશુપક્ષ્યાદિ યોનિને પામે છે. (૪૫) અહર્નિશ સદાચારમાં વર્તતો, વેદાભ્યાસ પરાયણ, અદ્રોહવૃત્તિથી જીવનારો અને શાસ્ત્રનિષ્ઠ સન્મતિ સંપન્ન બ્રાહ્મણ પોતાના આવા સત્કર્મમાં પૂર્વજન્મના સુકૃતના અધિકપણાનું સ્મરણ કરે. (૪૬) કાષ્ઠમય હાથી અને ચર્મમય મૃગની પેઠે વિદ્યાહીન મૂર્ખ બ્રાહ્મણ - આ ત્રણે નામધારી માત્ર છે કહેતાં નિરર્થક છે. (૪૭) વિદ્યા વિના અને તપ વિના કેવળ જાતિથી 'હું વિપ્ર છું' એવું અભિમાન ધરીને દાન ગ્રહણ કરનારો બ્રાહ્મણ દાતા સહિત અધોગતિને પામે છે.

(૪૮) વિદ્યારહિત મૂર્ખ બ્રાહ્મણ માલપૂવા, સોનું, ગાય, અશ્વ, પૃથ્વી અને તલનું દાન કરતો થકો અગ્નિમાં પડેલા કાષ્ઠની પેઠે ભસ્મીભૂત થઈ જાય છે. (૪૯) જે બ્રાહ્મણ વેદમાં કહેલા આચરણવાળો અને જિતેન્દ્રિય હોવાથી દાન ગ્રહણ કરવા શક્તિમાન હોવા છતાં દાન ગ્રહણ કરતો નથી તે બ્રાહ્મણને સ્વર્ગ જરા પણ દુર્લભ નથી. (૫૦) જે બ્રાહ્મણ ગૃહસ્થ ઉંછ વૃત્તિવાળો અને પોતાના ધર્માચરણમાં તત્પર છે અને જેણે કામસુખના આરંભનો ત્યાગ કર્યો છે તે મહર્લોકમાં હર્ષને પામે છે. (૫૧) જે બ્રાહ્મણ એક મહિના સુધી કે પંદર દિવસ જ શૂદ્રના અન્નને જમે છે તે મરીને શૂદ્રયોનિમાં જ જન્મે છે તેમાં સંશય નથી. (૫૨) જીવિકા માટે પીડિત તેથી દુર્બળ એવો બ્રાહ્મણ સચ્છૂદ્રોના ઘરે કણોની ભિક્ષા કરે તે બ્રાહ્મણ પાપથી લેપાતો નથી. (૫૩) જે શુદ્ધ કુળમાં જન્મેલો, મદ્ય-માંસથી નિવૃત્તિ પામેલો અને દ્વિજજાતિમાં ભક્તિવાળો હોય તથા વણિકવૃત્તિવાળો હોય તે સચ્છૂદ્ર જાણવો. (૫૪) જે વિપ્ર પ્રતિદિન હુતશેષ હવિષ્યાન્નને જ જમે છે પણ બીજાને નહિ અને રાત્રિના મધ્યમ બે પહોરમાં જ નિદ્રાને કરે છે પણ પ્રથમ અને અંતિમ પ્રહરમાં નહિ તે કદાપિ ખેદ પામતો નથી. (૫૫) જે વસ્ત્ર નીલી (ગળી)થી રંગેલું હોય તે વસ્ત્ર જો બ્રાહ્મણ ધારણ કરે તો તે બ્રાહ્મણ એક દિવસ ઉપવાસ કરી પંચગવ્ય ભક્ષણ વડે શુદ્ધ થાય છે. (૫૬) બ્રાહ્મણ કોઈપણ સમયે (આપત્તિકાળમાં પણ) અપેય (સુરા આદિ)ને પીએ નહિ અને અભક્ષ્ય-ડુંગળી-લસણ વગેરે)ને કદાપિ ખાય નહિ તથા મદ્યમાસાંદિનો ગંધ પણ ક્યારેય ગ્રહણ કરે નહિ. (૫૭) જો કોઈપણ સમયે અજાણતા મદ્યમાંસના ગંધનું ગ્રહણ થાય તો સ્નાન કરી, વિષ્ણુ ભગવાનનું સ્મરણ કરી અને ગામ બહાર સાયંસંધ્યા કરે. (૫૮) પોતાની પત્નીના (ગર્ભાધાનાદિ), પોતાના (વિષ્ણુદીક્ષા-ગ્રહણાદિ), પુત્રના (નિતકર્માદિ) અને પુત્રીના (વિવાહાદિ) સંસ્કારોને યથાયોગ્ય, યથાકાળ, યથાવિધિ બ્રાહ્મણ અવશ્ય કરે. (૫૯) કોઈપણ પુરુષે અને વિશેષ કરીને બ્રાહ્મણે ક્યારેય પણ કન્યાવિક્રય કરવો નહિ. જે કન્યાવિક્રય કરનારો છે તે રૌરવ નામના નરકને પામે છે. (૬૦) કન્યાવિક્રયથી આવેલું ધન એક અણુમાત્ર પણ જેણે ગ્રહણ કરેલું હોય તે ધન કુળે સહિત ગ્રહણ કરનારને નરકમાં લઈ જાય તે નિશ્ચિત વાત છે. (૬૧) કન્યાને વસ્ત્રાદિ વડે અલંકૃત કરી જમાઈને કહે : 'આ કન્યાને અલંકૃત કરીને તમો પરણો.' આ પ્રકારે દેશકાળના વિષમપણાથી વરે આપેલા જે અલંકારો હોય તે બધા જ યથાશક્તિ પોતે કરાવેલા અલંકારો સહિત કન્યાને આપી દેવા જોઈએ. (૬૨-૬૩) આવી રીતે કરવાથી ધનગ્રહણ નિમિત્તનો દોષ પિતાને થતો નથી એમ ભીષ્મપિતામહ રાજા યુધિષ્ઠિરને કહેતા હતા. કન્યાવિક્રયથી આવેલું ધન પોતા માટે અણુમાત્ર પણ ન ગ્રહણ કરવું એ સનાતન ધર્મ છે. (૬૪) પુત્રી આઠ વર્ષની થતાં ગૌરી નામથી કહેવાય, નવ વર્ષની થતાં રોહિણી નામથી કહેવાય, દશ વર્ષની થતાં કન્યા નામથી કહેવાય અને દશ વર્ષથી આગળની જે હોય તે રજઃસ્વલા કહેવાય. (૬૫) ગૌરી સંજ્ઞાવાળી કુમારીને પરણાવનાર સ્વર્ગને પામે છે. રોહિણી નામવાળી કુમારીને પરણાવનાર વૈકુંઠને પામે છે, કન્યા સંજ્ઞાવાળી કુમારીને પરણાવનાર બ્રહ્મલોકને પામે છે અને રજસ્વલાને પરણાવનાર પિતા રૌરવ નરકને પામે છે. (૬૬) જો નહિ પરણાવેલી

કુમારી પિતાના ઘરમાં રજસ્વલા થાય તો તેનો પિતા ગર્ભપાતી જાણવો અને તે કન્યા વૃષલી કહેતાં શૂદ્રી જાણવી. (૬૭) જમાઈમાં સત્કુલ, સુશીલ, સ્વસ્વામીપણું, વિદ્યા, ધન, શરીર અને ઉંમર વગેરે ગુણો જોઈને કન્યાદાનના યોગ્ય સમયે જ પુત્રીને પરણાવવી. (૬૮) જે ખૂબ નજીક રહેતો હોય, જે ખૂબ દૂર રહેતો હોય, જે ધનથી ઉચ્છૃંખલ થયેલો હોય, જે નિર્ધન-દરીદ્રી હોય, જે ક્ષેત્રાદિ વૃત્તિરહિત હોય અને જે મૂર્ખ હોય - આ છ વરો વર્જ્ય માન્યા છે. એવાને પુત્રીનું દાન ન કરવું. (૬૯) જ્યારે સિંહરાશિમાં ગુરુ વર્તતા હોય અને તથા ધનુરાશિ અને મીનરાશિમાં સૂર્ય વર્તતા હોય ત્યારે વિવાહ પ્રશંસનીય નથી. કારણ કે આવા યોગમાં વિવાહ કરે તો કન્યા વિધવા થાય છે. (૭૦) સિંહ રાશિમાં ગુરુ રહે અને ગોદાવરી અને ભાગીરથી ગંગાના મધ્યપ્રદેશમાં વિવાહ ન થાય, તથા સર્વ દેશોમાં સૂર્ય મઘા નક્ષત્રમાં રહે સતે તથા મીન રાશિમાં રહે સતે વિવાહ ન થાય. (૭૧) ભાગીરથી ગંગાના ઉત્તર કિનારે તથા દક્ષિણ દેશમાં રહેલી ગોદાવરીના દક્ષિણ કિનારે સિંહ રાશિમાં રહેલ ગુરુ થયે સતે (ઉપવીત સંસ્કાર અને) વિવાહ દોષયુક્ત નથી. (૭૨) સાતમા વર્ષથી આરંભી વેધાદિ દશ દોષથી રહિત એવા સમયે સર્વ વર્ણોમાં કન્યાનો વિવાહ મંગળકારી માનેલો છે. (૭૩) વિષમ વર્ષમાં ત્રણ માસથી આગળ વિવાહશુદ્ધિને વાત્સ્યાયનાદિ સંતો પંડિતો પ્રશંસા કરે છે અને સમવર્ષમાં તો સ્ત્રીજનનના માસથી માસત્રય પર્યંત જ વિવાહશુદ્ધિની સંતો પ્રશંસા કરે છે. (૭૪) હે વિપ્રવર્ય ! વિવાહ, ચૌલ, ઉપનયન, યજ્ઞ તેમજ રાજાઓના પટ્ટાભિષેકમાં તથા સીમંત, યાત્રા અને જાતકર્મ સંસ્કારમાં 'ઘાતચંદ્ર' નામના દોષને ચિંતવવો કહેતાં જોવો નહિ તે નિશ્ચય વાત છે. (૭૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં ગૃહસ્થના ધર્મોમાં બ્રાહ્મણના વિશેષ વિધિનિરૂપણ નામનો ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥

●

## અધ્યાય-૧૫

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે નિષ્પાપ વિપ્ર ! મેં પ્રથમ વર્ણધર્મોમાં જે જીવિકા વૃત્તિઓ કહેલી છે તે વૃત્તિઓ વડે ધનોપાર્જન કરીને તેનો સદ્વ્યય કરે. (૧) ગૃહસ્થ વિપ્ર પ્રતિદિન પોતપોતાના વર્ણાનુસારી જીવિકાનો સમાશ્રય કરીને ધન સંપાદન કરે પણ નીચની નોકરી ન જ કરે. (૨) આ લોકમાં ગૃહસ્થ બ્રાહ્મણ માટે ચાર પ્રકારની જીવિકાઓ માનેલી છે : શિલોંછ, શાલીન, સંચય અને વાર્તા. (૩) દ્વિજોત્તમ બ્રાહ્મણ તે ચાર જીવિકા વૃત્તિઓમાં ઉત્તરોત્તર વૃત્તિને હીન-કનિષ્ઠ જાણે. તેથી દેશ, કાળ અને પોતાના સામર્થ્યને જોઈ એક વૃત્તિનો આશ્રય કરે. (૪) ખેતરના માલિકે ત્યાગી દીધેલા કણસલાના કણોનું ગ્રહણ કરવું તે શિલોંછ વૃત્તિ કહેવાય, અયાચિત શાલીન કહેવાય; યજન અધ્યાપનાદિથી પ્રાપ્ત થયેલું સંચય કહેવાય અને વૈશ્યોએ પોતાના ખેતરમાં કૃષિ કરાવવી તે વૃત્તિ વાર્તા કહેવાય. આ વૃત્તિઓ સામાન્યપણે કહેલી છે. તથા વિદ્યાનો પ્રકર્ષ પણ ખૂબ ધન પમાડે છે.

(૫-૬) વળી હવ્ય કહેતાં દેવતાન્ન અને કવ્ય કહેતાં પિતૃઅન્નના અર્પણથી તથા શૌચાદિ નિયમોના અભ્યાસથી પ્રસન્ન થયેલા દેવતાઓ કોઈક સમયે ખૂબ ધન આપે છે જ. (૭) વળી કોઈક સમયે મણિ, સોનું, ચાંદી વગેરેની ખાણોમાંથી ધન પ્રાપ્ત કરાય છે. તથા કોઈક સમયે બ્રહ્મર્ષિઓની પ્રસન્નતાથી આકસ્મિક ધન પ્રાપ્ત થાય છે. (૮) ગૃહસ્થને આ બધું ધન ન્યાયથી પ્રાપ્ત થયેલ માનેલું છે. ધર્મકાર્યોમાં એ જ ધન ઉત્તમ માનેલું છે. (૯) એ જ રીતે ક્ષત્રિય રાજાને રાજનીતિ કહેતાં અષ્ટાદશ વ્યવહાર દ્વારા પ્રાપ્ત થયેલું ધન ધર્મકાર્યોમાં ઉપયોગી કહેલું છે. એ સિવાયનું ઉપયોગી કહ્યું નથી. હે બ્રાહ્મણ ! એમ તમે જાણો. (૧૦) જ્યારે સર્વોત્તમ એવી વર્ણપ્રાપ્ત વૃત્તિથી કુટુંબ પોષણમાં વિપ્ર અશક્ત હોય ત્યારે પોતાની હલકી એવી અન્ય જીવિકાવૃત્તિને ગ્રહણ કરે; આપત્કાળ વિના તો હીનવૃત્તિને ગ્રહણ ન કરે. (૧૧) આપત્કાળમાં બ્રાહ્મણ હિંસાપ્રધાન ક્ષાત્રવૃત્તિનો ત્યાગ કરી વૈશ્યવૃત્તિ કહેતાં કૃષિ વાણિજ્યાદિ વૃત્તિનો આશ્રય કરે. એ રીતે ક્ષત્રિય રાજા પણ પોતાની વૃત્તિથી કષ્ટ પામતો હોય તો વૈશ્યવૃત્તિનો આશ્રય કરે. (૧૨) વૈશ્ય પોતાની વૃત્તિથી જીવનનિર્વાહ ન કરી શકતો હોય તો પરિચર્યારૂપ શૂદ્રવૃત્તિનો આશ્રય કરે. અને શૂદ્ર જો સ્વવૃત્તિથી જીવન પામતો ન હોય તો શિલ્પી-સુતાર-ધોબી વગેરેની વૃત્તિનો આશ્રય કરીને પોતાની આપદાને તરે. (૧૩) બ્રાહ્મણાદિ સર્વ ચાતુર્વર્ણજન આપત્તિમાંથી મુક્ત થાય ત્યારે યથાવિધિ પ્રાયશ્ચિત કરીને પોતપોતાની ઉત્તમ વૃત્તિને પ્રથમની પેઠે આશરીને જીવનનિર્વાહ કરે. (૧૪)

**શ્રીહરિ કહે છે :**

હે માનદ ! આ કલિયુગમાં બ્રાહ્મણ ક્ષત્રિયને પોતપોતાના વર્ણપ્રાપ્ત ઉત્તમ વૃત્તિથી જીવનનિર્વાહ થવો દુર્લભ છે તો તે બંનેએ અવશ્યપણે વૈશ્યવૃત્તિનો આશ્રય કરીને કુટુંબ અતિથિનું પોષણ કરતા થકા ધર્મકાર્યમાં તત્પર રહેવું. (૧૫-૧૬) વૈશ્યવૃત્તિઓ પૈકી કૃષિ-ખેતીનો આશ્રય કરે. કૃષિ અસંભવ હોય તો વાણિજ્ય કહેતાં ક્રય-વિક્રયરૂપ વેપારનો આશ્રય કરે. વાણિજ્યના અભાવમાં કુસીદક કહેતાં વ્યાજવટાવનો આશ્રય કરે. તેમાં પણ કુસીદક અંતે પરપીડાકારક પાપકર્મ હોવાથી બ્રાહ્મણ તેનો ત્યાગ કરે. (૧૭) દારિદ્રયથી પીડાતા પુરુષ પાસેથી આપેલા દ્રવ્ય કરતાં ચારગણું આઠગણું વધારે નિઃશંક થઈને લેણદારથકી વસૂલ કરાય છે તેથી તેને કુસીદ કહેલું છે. આથી બ્રાહ્મણ આવી પાપમય વૃત્તિનો આશ્રય ન જ કરે. (૧૮) વિપ્ર પ્રાણનાશ સમાન આપત્તિ વિના ક્યારેય પણ ધનના સ્વામી પાસેથી ધનગ્રહણ કરે જ નહિ. (ઋણ ન કરે). ધર્મકાર્ય માટે તથા વિષયસુખની પ્રાપ્તિ માટે બ્રાહ્મણ ક્યારેય પણ ઋણ ન કરે. (૧૯) નિર્ધન ગૃહસ્થ બ્રાહ્મણને તો વિશેષપણે ધનસ્વામી (લેણદાર) એ કરેલી પીડા સમાન બીજું કંઈપણ દુઃખ નથી. (૨૦) પાંચમા દિવસે અને છઠ્ઠા દિવસે ડોડીની ભાજી માત્રનું ભક્ષણ શ્રેષ્ઠ છે. રાજાને સુધ્ધાં ધનસ્વામીએ કરેલી પીડા શ્રેષ્ઠ નથી. તો બીજાની તો વાત જ શી કહેવી ? અર્થાત્ દુઃખ પામે જ. (૨૧) આથી કલિયુગમાં વિપ્ર પોતાની વૃત્તિથી કુટુંબનું પોષણ કરવા અસમર્થ હોય તો વૈશ્યવૃત્તિમાંથી એક કેવળ કૃષિવૃત્તિનો જ આશ્રય કરે. (૨૨) હે દ્વિજવર્ય ! ઉત્તમદ્વિજને આપત્કાળમાં સ્વજીવિકા માટે

ખેતીરૂપ વૈશ્યવૃત્તિ શ્રેષ્ઠ કહેલી છે. ભાગવતમાં સ્વયં શ્રીકૃષ્ણ ભગવાને જ પૂર્વે ઉદ્ધવને આ પ્રમાણે કહેલું છે. (૨૩)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં ગૃહસ્થના ધર્મોમાં જીવિકાવૃત્તિનિરૂપણ નામનો પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

●

## અધ્યાય-૧૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપતે ! આ પ્રમાણે શ્રી નારાયણમુનિ ભગવાનનું વાક્ય સાંભળી શ્રીહરિના પ્રિય એવા શિવરામ વિપ્ર મનમાં થયેલા સંશયને ફરી શ્રીહરિ પ્રત્યે પૂછવા લાગ્યા. (૧)

બ્રાહ્મણ બોલ્યા :

હે પ્રભો ! શરૂઆતમાં તમે બ્રાહ્મણ માટે કૃષિકર્મનો નિષેધ કર્યો અને ફરી પાછું હમણાં તેનું વિધાન કરો છો આથી મને સંશય થયેલો છે તો હે ભગવન્ ! તે સંશયને તમો દૂર કરો. (૨)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે દ્વિજ ! જો કે બ્રાહ્મણને કૃષિકર્મ નિષિદ્ધ જ છે આમાં સંશય નથી તો પણ જીવિકા માટે અન્ય કોઈ ગતિ નહિ હોવાથી મેં બ્રાહ્મણ માટે કૃષિકર્મનું પ્રતિપાદન કરેલ છે. (૩) આ કલિયુગમાં શિલોંછાદિ વૃત્તિનું આચરણ શક્ય નથી, વળી લોક પણ યજ્ઞમાં રુચિવાળો નથી કે જેથી બ્રાહ્મણનો યાજ્યવૃત્તિથી નિર્વાહ થાય, વળી ધનવંતોને પણ વિદ્યામાં રુચિ નથી કે જેથી અધ્યાપન વૃત્તિથી પણ નિર્વાહ થઈ શકે. (૪) અને આ પૃથ્વી ઉપર કોઈ ખૂબ શુદ્ધ સ્વરૂપ દાતા પણ નથી કે જેથી પ્રતિગ્રહવૃત્તિથી તેનો નિર્વાહ પણ થઈ શકે. આથી પરાશર મુનિના સિદ્ધાંતથી કૃષિની આજ્ઞા આપેલી છે. (૫) બ્રાહ્મણ પોતાની પ્રકૃતિને અયોગ્ય શૂદ્રવૃત્તિનો આશ્રય કરે કે નીચ જાતિ થકી પ્રતિગ્રહને કરવા માંડે તો બંને પ્રકારે અનર્થ થાય. આના નિવારણ માટે મેં આ કૃષિવૃત્તિ શ્રેય કરનારી કહી છે. (૬) વિપત્તિમાં કૃષિવૃત્તિને કરતો વિપ્ર ખેતીથી પ્રાપ્ત થયેલા ધાન્યથી પિતૃઓ, દેવતાઓ તથા બ્રાહ્મણોની પૂજા કરે. પૂજા વડે પ્રસન્ન થયેલા તેઓ એના કૃષિજન્ય પાપને નાશ કરે છે. (૭) કૃષિકર્તા રાજાને છઠ્ઠો ભાગ આપી, પછી વધેલામાંથી વીશમો ભાગ દેવતાઓ અને પિતૃઓને આપી, પછી બાકીનામાંથી ત્રીશમો ભાગ બ્રાહ્મણોને આપે તો કૃષિકર્તા કૃષિદોષને પામતો નથી. (૮) આમ, કૃષિકર્મને કરતો બ્રાહ્મણ પોતાના સ્નાનસંધ્યાદિ નિત્યકર્મોનો ત્યાગ ન જ કરે. ક્ષત્રિય પણ આપત્તિકાળમાં સ્વકર્મોને ત્યાગ નહિ કરતો થકો જ ખેતી કરે. (૯) લૂલાલંગડા, દુર્બળ, થાકી ગયેલ, રોગી, ભૂખ્યો, કૃશ શરીરવાળો, ઘરડો, આંધળો : આવા બળદને ખેતીમાં જોડે નહિ. (૧૦) દૃઢ અંગવાળો, નિરોગી, ધરાયેલો, અંડવાળો, નપુંસકત્વ રહિત, પુષ્ટ અંગવાળો, સબળ અને મત્ત એવા બળદને ખેતીમાં જોડે. (૧૧) આખો દિવસ જોડે નહિ પરંતુ દિવસનો અર્ધો ભાગ જોડે. પછી સ્નાનાદિકને કરે. હળ, ધૂસરું, પરોણો વગેરે બૃહત્પરાશર સ્મૃતિમાં કહેલા માપ પ્રમાણે જ કરે પરંતુ ન્યૂનાધિક નહિ. (૧૨) હળ વગેરે કંઈપણ શાસ્ત્રમાં કહેલા માપથી ન્યૂન કે

અધિક ન જ કરવું. અને નિર્દય થકી ક્રોધાવેશથી બળદને ક્યારેય પણ પીડે નહિ. (૧૩) ક્યારેય રાયણ કે વડ આદિ વૃક્ષનું હળ ન બનાવે. તથા બીલી કે લીંબડાનું પણ હળ ન બનાવે, જો કરે તો તે દરિદ્રપણાને પામે છે. (૧૪) વાછડાના નાક વીંધવા માટે ખેર કે શિંશપ વૃક્ષના લાકડાનો બાર આંગળ લાંબો ખીલો બનાવે અને વીંધવાની ક્રિયા જાણનારો જ નાક વીંધે. (૧૫) ત્રીજા કે ચોથા વર્ષમાં જ્યારે વાછડો મજબૂત બળવાન થાય ત્યારે નાક વીંધવું અથવા દૂબળા વાછડાનું નાક વીંધવું નહિ. (૧૬) આ લોકમાં ગાયો અને બળદો વડે જ ગૃહસ્થાશ્રમીનો ગૃહાશ્રમ નિશ્ચિત વર્તે છે. આથી દ્વિજ ગાયો અને બળદોને યત્નપૂર્વક પાલન કરે. (૧૭) વનમાં સૂકા ઘાસને ભક્ષણ કરી પ્રતિદિન દૂધ સ્રવે છે. ઘી આદિ વડે દેવતાઓને સંતુષ્ટ કરવાના સ્વભાવવાળી ગાયો મનુષ્યોને સદા પૂજ્ય છે. (૧૮) ગાયોના અતિ પવિત્ર અંગોમાં સમસ્ત દેવો નિશ્ચય વાસ કરે છે. આથી ગાયો સર્વને પૂજનીય છે. ગૃહસ્થાશ્રમી ગાયોનું સંરક્ષણ કરે. (૧૯) વત્સ વિનાની ગાય દોવી નહિ, વત્સને ધવરાવ્યા વિના દોવી નહિ, જેનો ગર્ભ સ્રવી ગયો હોય તેવી ગાય દોવી નહિ તેમજ ગર્ભધારણને ઉન્મુખ દશામાં રહેલી હોય તેવી ગાય દોવી નહિ, વિવાયેલી ગાય દશ દિવસ પહેલાં દોવી નહિ તેમજ રોગવાળી અને બે વત્સને પ્રસવનારી ગાય દોવી નહિ. (૨૦) દ્વિજોએ ગાયો અને બળદોને ઉત્તરાભિમુખ કે દક્ષિણાભિમુખ બાંધવા પણ પૂર્વાભિમુખ કે પશ્ચિમાભિમુખ બાંધવા નહિ. (૨૧) ગાયો, બળદો અને ઘોડાઓ બાંધવાની સ્થળે ખૂબ ધારવાળું લોઢાનું દાતરડું હંમેશાં રાખવું જોઈએ જેથી અગ્નિ આદિકનો ભય પ્રાપ્ત થાય ત્યારે દામણના બંધનને કાપવામાં તત્કાળ ઉપયોગી થઈ પડે. (૨૨) જે પુરુષ ભક્તિભાવથી ગાયોનું પૂજન વંદન કરે છે અને પોષણ કરે છે તે પુરુષ અશ્વમેધાદિ યજ્ઞોના ફળને તત્કાળ પામે છે. (૨૩) જે પાપી જનો ગાયોને તાડન કરે છે કે ગાયોને રોવરાવે છે તે નરો કોટિ વર્ષો પર્યંત નરકાગ્નિમાં રંધાય છે. (૨૪) ગાયોના પાલનમાં મહર્ષિઓએ જે પુણ્ય કહેલું છે તેથી દશ ગણું પુણ્ય બળદોના પાલનમાં વધારે થાય છે. (કેમકે તેનાથી ખેતી થાય છે અને અન્ન થાય છે.) (૨૫) જે પુરુષ બળદના વૃષણનો ઉચ્છેદ કરે કે કરાવે તે પુરુષના વંશનો ઉચ્છેદ થાય એમાં સંશય નથી. (૨૬) અને તે પુરુષ આ લોકમાં મિથ્યા કલંકને પામે તથા અત્યંત અપકીર્તિ પામે તેમજ પરલોકમાં અસિપત્રવન નામના નરકને પામે. (૨૭) વળી જે જે યોનિમાં તે પુરુષનો જન્મ થાય તે તે યોનિમાં તે પ્રકારે જ થાય કહેતાં તે પુરુષના વૃષણનો ઉચ્છેદ થાય અને મહાદુઃખને પામે. (૨૮) અને બ્રાહ્મણ વૃષણોત્છેદ રૂપ કર્મ કરીને પોતાની વિપ્ર જાતિથી ભ્રષ્ટ થાય છે અને ચાંડાળની પેઠે દેવપિતૃ કર્મમાં ત્યાજ્ય થાય છે. (૨૯) જે હેતુ માટે બળદો ધાન્યોને ઉત્પન્ન કરે છે, ખરીઓ વડે મસળે છે અને અનાજ ભરેલા ગાડાને ઘેર લાવવા ખેંચે છે. અને અનાજ દરેક જગ્યાએ ઉપયોગમાં આવવાથી લોકોને આનંદ પમાડે છે. આથી બળદો પૂજનીય છે. (૩૦) અને ભાર વહન કરવાથી ખેદ પામેલા હોવા છતાં બળદો પોતાના સ્વામી આગળ કશું કહેતા નથી અને પોતે સૂકું ઘાસ અને અનાજના કણસલાં રૂપ ફોતરાં ખાય છે. (૩૧) આવી રીતના બળદો સર્વ લોકોની વૃદ્ધિના કારણભૂત છે આથી તેમનું પ્રયત્નપૂર્વક પાલન અને સર્વજનોએ સર્વથા પોષણ કરવું જોઈએ. (૩૨) જે ગૃહસ્થ ઘરમાં બાંધેલા પશુઓનું સમય સમય

પર જળ અને ઘાસ વડે પોષણ ન કરે તે પુરુષ રૌરવ આદિ નરકોમાં પડે છે. (૩૩) પશુઓના પાલનમાં અશક્ત પુરુષ તે પશુઓ ધનાઢ્યને આપી પોતે વનમાં જઈ તપ કરે. પણ તે પશુઓને વૃથા ત્રાસ ન આપે. (૩૪) આ પ્રમાણે ધર્મને જાણીને જ બળદોનું પાલન અને પોષણ કરતો થકો સર્વ બીજો ખેતરમાં વાવે. સર્વ બીજોને વાવનારો કષ્ટ પામતો નથી. (૩૫) તે તે વસ્તુઓને વાવવાનું સ્થાન તથા વાવવાનો સમય વગેરે તેને લગતાં ધર્મશાસ્ત્ર થકી જાણીને ડાંગર, શેરડી, શણ, કપાસ, વંતાક વગેરેને વાવે. (૩૬) વરસાદ સમયે વાવનાર, ઘાટું વાવનાર, બળદોનું પોષણ કરનાર, બીજોનો સંગ્રહ કરનાર, પ્રભાતે ખેતરમાં જનાર આવી રીતે વર્તનાર ખેડૂત ખેદને પામતો નથી. (૩૭) ખેડૂત સાવધાન થકો, વ્યતિપાત યમઘંટ વગેરે કુયોગ રહિત શુભ દિવસે પ્રથમ શાસ્ત્રસંમત વિધિ કરે. (૩૮) મઘા, મૂલ, અનુરાધા, વિશાખા, રોહિણી, હસ્ત, મૃગશીર્ષ, ઉત્તરા, પુષ્ય, ધનિષ્ઠા, પૌશ્મ, અશ્વિની આટલા પૈકી કોઈપણ એક નક્ષત્રમાં દ્રવ્ય અને સમયને અનુસારે યથોક્ત વિધિથી ગૃહસ્થ નાંદીશ્રાદ્ધને કરે. (૩૯-૪૦) પરાશર ઋષિનું સ્મરણ કરતો થકો હળમુખથી ઉદ્‌ભવેલાં સીતાજીની મંત્ર વડે સ્થાપના કરીને દહીં, દુર્વા, ચોખા, પુષ્પો અને શમી પત્રો વડે સીતાજીની પૂજા કરે. (૪૧) ત્યારબાદ તે ગૃહસ્થ તેમને નૈવેદ્ય અર્પણ કરી આરતી અને પ્રદક્ષિણા કરે પછી ક્ષેત્રપાળમુખ્યોને બળિભાગ અર્પણ કરે. (૪૨) ત્યારપછી રંગેલા શીંગડાવાળા પોતાના બળદોના કંકુ, ચોખા, પુષ્પમાળા વડે પૂજા કરીને પછી ગૃહી હળને જોડે. (૪૩) સોનું કે ચાંદી વડે હળના ફળાના અગ્રભાગને થોડોક ઘસીને "હે સોમ્યે ! હે દેવી ! હે કુમારી ! હે સીતે ! સમૃદ્ધિની પ્રાપ્તિ માટે દેવોએ પણ પૂજેલાં તમે જેમ શક્તિ ઋષિના પુત્ર પરાશરઋષિને સિદ્ધિ આપનારાં થયાં હતાં તેમ મને સિદ્ધિ આપનારાં થાવ" - આવા મંત્રને ઉચ્ચારીને ખેતરને ખેડે. (૪૪-૪૫) વાવવામાં, કાપવામાં તથા ધાન્યોના ખળામાં પ્રવેશ કરાવવામાં તથા ગાડામાં ભરી વહન કરવાના સમયમાં પણ ખેડૂતોએ આ જ વિધિ જાણવો. (૪૬) સાવધાનીપૂર્વક બળદોનું પાલન કરતો થકો જ ખેતીમાં વાહનમાં બળદોને જોડે. બળદોનું નહિ પાલન કરતો થકો વહન કરનારો ખેડૂત તો નિશ્ચય કુંભીપાક નરકમાં પડે. (૪૭) બ્રહ્માએ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે અન્નનિષ્પત્તિ માટે બળદોનું સર્જન કર્યું છે. સચરાચર સમગ્ર ત્રિલોકી અન્ન વડે જ જીવે છે. (૪૮) આથી તે બળદોનું પાલન કરનારા દ્વિજોએ યથોક્ત વિધિથી ખેતી અને હળ વગેરેનું યોજન કરવું જોઈએ. (૪૯) શક્તિપુત્ર પરાશરઋષિના નામસ્મરણ વિના, સીતાના સ્થાપન વિના તેમજ મંત્રો વડે પ્રોક્ષણ વિના કૃષિકર્મ કરે છે તેઓનું તે કર્મ દ્ઢ વાડ વગેરે લૌકિક સંરક્ષણ વિના કરાતા કૃષિકર્મની પેઠે ફળ આપનારું થતું નથી. (૫૦) ગામના સીમાડાની જમીન, સ્મશાનભૂમિ, વૃક્ષોની ઘાટી છાયાવાળી જમીન, અને જેમાં યજ્ઞસ્તંભ રોપ્યો હોય એવી જમીન કૃષિકાર ખેડે નહિ. (૫૧) ખારવાળી જમીન, પથરાકાંકરાવાળી જમીન, કોઈએ પોતાને નહિ આપેલી પારકી જમીન તથા નદીના કિનારાની જમીનમાં વાવેતર ન કરે. (૫૨) જે દ્વિજ સર્વ-સાધારણ સીમાડાની જમીન વગેરેને જો દ્વેષને લીધે કે રોષને લીધે ખેડે તો તે ઘોર તામિસ્ર નરકને પામે એમાં સંશય નથી. (૫૩) જે પુરુષ પારકા ખેતરમાંથી એક આંગળ જેટલી પૃથ્વીનું જો અપહરણ કરે તો તે તે પાપથી રૌરવ નરકને

પામે. (૫૪) ગામથી બહુ દૂરના ખેતરમાં, ગામથી બહુ નજીકના ખેતરમાં તેમજ માર્ગની બંને પડખાના ખેતરમાં ખેતી કરનાર પુરુષ બહુ કષ્ટને પામે છે. (૫૫) દોષરહિત, મંગળકારી, સારી, ચીકણી, પાણીના પ્રવેશ માટે યોગ્ય અને નીચાણવાળી સારી જમીનમાં વાવેતર કરે, જેથી સારા ફળની પ્રાપ્તિ થાય છે. (૫૬) ખેતરની ચારે બાજુ મોટી ઊંચી ઘાટી મજબૂત સારી વાડ કરે, જેથી પશુઓ, મૃગો કે મનુષ્યો વગેરે પ્રવેશ કરી શકે નહિ. (૫૭) ખેડૂત દ્વિજ ખેતરના ગુણોને સારી રીતે જાણીને તેને સ્થાનમાં યથાયોગ્ય યથાકાળ બીજોને વાવે અને પછી તેની સંભાવના રક્ષણ-પ્રેક્ષણાદિમાં તત્પર રહે. (૫૮) ગૃહસ્થ અમાવાસ્યાના દિવસે ખેતી ન કરે. તે દિવસે ખેતી કરનારો પિતૃઓને નરકમાં નાખે છે અને પોતે પણ નરકમાં પડે છે. (૫૯) જે નર ઈન્દુક્ષય કહેતાં અમાસને દિવસે વૃક્ષછેદન કરે તેને તે વૃક્ષના પાંદડા જેટલી ભૃણહત્યાઓ લાગે છે એ નિશ્ચય વાત છે. (૬૦) સર્વ પ્રાણીઓના ઉપકારાર્થે તથા યજ્ઞાદિની સિદ્ધિ અર્થે અને રાજાના કોષની વૃદ્ધિ અર્થે ખેડૂત જ સમર્થ થાય છે. (૬૧) માટે ભૂખ વડે પીડા પામતા જંતુઓની તૃપ્તિ માટે દ્વિજ મૂઠી મૂઠી અન્ન તે પ્રાણીઓને આપે તેથી કૃષિજનિત દોષની ઉપશાંતિ થાય છે. (૬૨) ખેતરમાં પડેલા જેટલા કણોને પક્ષીઓ-જંતુઓ ખાય છે તેટલા પાપથી ખેતરનો ધણી મુક્ત થાય છે એમાં સંશય નથી. (૬૩) ખેડૂત અન્નદાન વડે કૃષિદોષથી મુક્ત થાય છે તે હેતુ માટે તૈયાર થયેલાં ડાંગર આદિ ધાન્ય ખળામાં આવે ત્યારે સીતામખ કહેતાં સીતાપૂજનરૂપ યજ્ઞને કરે. (૬૪) ખળાની ચોતરફ ઘાટી એવી કાંટાની વાડનું આવરણ કરે તે વાડ એક પ્રવેશદ્વારવાળી કરે તથા ગધેડા ઊંટ વગેરેથી પ્રવેશ ન કરી શકાય એવી અને રખેવાળથી સારી રીતે રક્ષણ કરાતી વાડ કરે. (૬૫) પરાશરમુનિનું સ્મરણ કરતો થકો ત્રણે કાળે સીતાની પૂજા કરે. મંત્રયુક્ત જળ વડે ધાન્યોનું પ્રોક્ષણ કરે અને તૈયાર થયેલાં ધાન્યોની ભસ્મ વડે રક્ષા કરે. (૬૬) ગૃહસ્થજન ખળામાં ભૂતપ્રેત પિશાચ વગેરેનાં નામો ન બોલે અને સૂતિકાગ્રહની પેઠે ખળાનું ચોમેરથી રક્ષણ કરે. (૬૭) ઉત્તમ દિવસના પૂર્વભાગમાં ધાન્યોનું માપ કરે. દિવસના નવમા-મુહૂર્તમાં ભિક્ષુકોને ભિક્ષાદાનાદિ વડે ખળાની પૂજા કરે. (૬૮) તેમાં ઈન્દ્રાદિ દેવતાઓ, સોમપાદિ પિતૃઓ અને સનકાદિ મનુષ્યોનું યજન કરે અને તે સમયે ત્યાં આવેલા બ્રાહ્મણોને અન્નદાન આપે. (૬૯) ખળાના યજ્ઞમાં, વિવાહ કર્મમાં, મકરાદિ સંક્રાંતિકાળે, ચંદ્રસૂર્ય ગ્રહણ સમયે, પુત્રોત્પત્તિ સમયે અને વ્યતિપાતના યોગમાં જે જે આપેલું હોય તે અક્ષય થાય છે. (૭૦) ખેતીકારે ઊપજેલા અનાજનો પાંચમો કે સાતમો કે નવમો કે બારમો ભાગ યથાશક્તિ ખળાયજ્ઞમાં બ્રાહ્મણાદિને આપવો જોઈએ. (૭૧) તે ખળાયજ્ઞમાં જે કોઈ દ્વિજો આવેલા હોય તે સર્વની સર્વ હળધારી ખેડૂતોએ થોડી થોડી અતિથિની પેઠે થોડું થોડું અન્ન આપવા વડે પૂજા કરવી. (૭૨) શૂદ્રો, છાદડી વગેરે બનાવનારાઓ, બીજા પણ પતિત, નીચ યોનિવાળા, ગરીબ, અનાથ, નપુંસકો, કોઢવાળા, દાદરવાળા, આંધળા, બહેરા, મૂંગા, લંગડા, ચંડાળ અને પુષ્કસ તથા બીજા જે કોઈ અન્નાર્થીઓ ખળામાં આવેલા હોય તેમને યથાશક્તિ અન્ન આપવું. (૭૩-૭૪) એ રીતે તમામ અન્નાર્થીઓને મધુર વચનપૂર્વક અન્નદાન વડે સંતોષ પમાડીને વિદાય કરે. પછી પોતાના ઘરે ધાન્યને લાવી નવાન્ન શુદ્ધિ નિમિત્ત યાગ કરે. (૭૫) પછી રાજાને છઠ્ઠો ભાગ,

દેવતાઓને વીશમો અને વિપ્રોને ત્રીશમો ભાગ આપે. અન્યથા ખેતી સંબંધી દોષ ટળે નહિ. (૭૬) કેટલાક ઋષિઓ કૃષિ, પ્રતિગ્રહ અને વાણિજ્યાદિની શુદ્ધિ માટે કહે છે જે પ્રાપ્ત થયેલામાંથી અમુક ભાગનું બ્રાહ્મણાદિને આપવું. તે સર્વ દોષોની શુદ્ધિ કરનારું છે. (૭૭) પ્રતિગ્રહથી પ્રાપ્ત થયેલ ધનમાંથી વિપ્ર ચોથો ભાગ, વાણિજ્ય લબ્ધ ધનમાંથી વણિક ત્રીજો ભાગ અને ખેતીમાંથી પ્રાપ્ત થયેલ ધનમાંથી ખેડૂત વીશમો ભાગ આપે. આપનાર પુરુષને કર્મનું પાતક લાગતું નથી. (૭૮) કલિયુગમાં ખેતી કરતાં બીજી કોઈપણ વૃત્તિ સુકર નથી. જો ધર્મથી ખેતી કરે તો તે થકી અન્યત્ર સુખ નથી. (૭૯) ખેતી કરવાથી અન્ન વસ્ત્રે રહિતપણું આવતું નથી. અન્નવસ્ત્રાદિ સર્વ સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. અતિથિ આદિકના સત્કારની સુકરતા થાય છે અને એને ક્યારેય પણ દરિદ્રપણું થતું નથી. (૮૦) હે વિપ્રવર ! ત્રૈવર્ણિક એવા દ્વિજોનો કૃષિકાર્યનો વિધિ શાસ્ત્રમાં છે તે આ તમોને પરાશર ઋષિના સિદ્ધાંત અનુસાર કહ્યો છે. દ્વિજોએ આ વિધિ મારા કહ્યા પ્રમાણે જ કરવો. (૮૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં ગૃહસ્થધર્મોમાં કૃષિકર્મવિધિનિરૂપણ નામનો સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

●

## અધ્યાય-૧૭

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્ર ! માતા, પિતા અને ગુરુઓની પૂજા કહેતાં ભોજન વસ્ત્રદાનાદિ વડે સન્માન તેને હું બહુ માનું છું, જે પૂજા ગૃહસ્થ દ્વિજોને આ લોક પરલોકમાં મહાસુખ આપનારી થાય છે. (૧) માતાપિતા અને ગુરુએ આજ્ઞા કરેલો પણ ધર્મ છે એમાં સંશય નથી. કેમકે તે માતાપિતા અને ગુરુ જ ત્રણ વેદો છે અને તેઓ જ બ્રહ્માદિ ત્રણ દેવો છે તથા દક્ષિણાદિ ત્રણ અગ્નિઓ છે. અર્થાત્ અગ્નિહોત્ર ફળને આપનારા છે. (૨) જે દ્વિજ આ માતાદિ ત્રણની અપ્રમાદથી સેવા કરે છે તે ભૂરાદિ ત્રણે લોકને જીતે છે - આ લોકો તેને દુર્લભ નથી. માટે પૂજ્યતમ એમનું કદાપિ અપમાન ન કરે, નિત્ય એમને અનુસરીને વર્તે. (૩) તેમનો અનાદર કરવાથી સર્વ સત્ક્રિયાઓ નિષ્ફળ થઈ જાય છે માટે એમનું અપમાન કરનારાને આ લોક પરલોકમાં કશું શુભ થતું જ નથી. (૪) જે પુરુષ પુણ્યકર્મ કરી મમત્વ રહિત થકો માતાપિતા અને ગુરુને અર્પણ કરે છે તેનું પુણ્ય હજારગણું થાય તેમાં લગીરે સંશય નથી. (૫) શ્રોત્રિય (વેદવેત્તા) દશની અપેક્ષાએ ગાયત્રીમંત્રને આપનાર આચાર્ય સદા અધિક માનેલા અને એવા દશ આચાર્યોની અપેક્ષાએ એક ઉપાધ્યાય - ઉપવીત આદિ ક્રિયાઓ કરાવી વેદ ભણાવનાર-અધિક માનેલા છે. અને એવા દશ ઉપાધ્યાયથી પણ પિતા ગૌરવ વડે અધિક માનેલ છે. પિતાની અપેક્ષાએ દશગણી માતા પૂજનીય છે. માતા તો સર્વની અપેક્ષાએ શ્રેષ્ઠતર છે. (૬-૭) મારા મત અનુસાર માતાપિતા કરતાં ગુરુ અતિશય શ્રેષ્ઠ છે. કેમકે માતાપિતા તો ફક્ત ધર્મકારણ શરીરને જ ઉપજાવે છે અને ગુરુ તો જ્ઞાનદાન વડે શરીરના બંધનથી શિષ્યને મુકાવે છે આથી ગુરુ માતાપિતા કરતાં પણ અતિશય શ્રેષ્ઠ કહેવાય છે. (૮-૯) માતાપિતા અને ગુરુ દોષથી યુક્ત હોય તો પણ પુત્રે તેમને દૂષિત ન ગણવા જોઈએ, તાડન કે તિરસ્કૃત ન કરવા જોઈએ કેમકે તેઓ સર્વ

પ્રકારે પૂજનીય જ છે. (૧૦) જે ગુરુ જ્ઞાનોપદેશ વડે પોતાના અજ્ઞાનને દૂર કરી મોક્ષ આપે છે, બુદ્ધિમાન પુરુષ આ ગુરુના ઉપકારને જાણતો થકો તે ગુરુનો દ્રોહ કહેતાં અપકાર ન કરે પરંતુ ઉપકાર કરે. (૧૧) જે ગુરુ થકી બ્રહ્મવિદ્યા રૂડી રીતે મેળવી છે તે ગુરુનું જે શિષ્ય વાણી, મન અને કર્મ વડે અર્ચન કરતો નથી તેનું સર્વ શાસ્ત્રાધ્યયન નિષ્ફળ થાય છે. (૧૨) જે પુરુષ ગર્વથી મોહિત થકો ગુરુનો અનાદર કરે છે તે ભ્રૂણહત્યા કરતાં પણ અધિક પાપને પામે આમાં જરા પણ સંશય નથી. (૧૩) જે પુરુષ પિતાને પ્રસન્ન કરતો થકો બ્રહ્માજીને પ્રસન્ન કરે છે અને માતાને પ્રસન્ન કરતો થકો પૃથ્વીને પ્રસન્ન કરે છે. (૧૪) જે પુરુષે માતા અને પિતાથી પણ અધિકપણે જ્ઞાનપ્રદાતા ગુરુને પૂજેલા છે તે પુરુષે પરબ્રહ્મ જ પૂજેલા છે. તે હેતુ માટે ગુરુ અતિશય પૂજ્ય છે. (૧૫) માટે માતા-પિતા અને ગુરુને સદાય અનુસરે. એ ત્રણનો દ્રોહ કરનારો મરીને કુંભીપાકમાં પડે એમાં સંશય નથી. (૧૬) મિત્રદ્રોહી, કૃતઘ્ની, હળનાશક અને ગુરુઘાતી આટલા પુરુષને જે પાપ થાય છે તે પાપનું તો પ્રાયશ્ચિત જ નથી. (૧૭) ગૃહસ્થ જે તે માતા પિતા અને ગુરુની સાથે ક્યારેય સંવાદ (વિવાદ) ન કરે તથા યજ્ઞમાં હોમ માટે વરણ કરેલા ઋત્વિજની સાથે, મામાની સાથે, સેવકો સાથે અને અતિથિઓ સાથે પણ કોઈ સમયે સંવાદ ન કરે. (૧૮) વૃદ્ધજન, બાળક, દુઃખી, દુર્બળ, જ્ઞાતિ સંબંધી બાંધવો, ભાઈ, દીકરી, પુત્ર, ભાભી તથા પોતાની પત્ની સાથે વિવાદ ન કરે. (૧૯) ગૃહસ્થ જે તે ઉપર કહેલા પિતા આદિ વ્યક્તિઓ સાથે કદાપિ વિવાદ ન કરે. આ પિતાદિથી વશ કરાયેલો (તેમને અનુકૂળ વર્તતો) પુરુષ સર્વ લોકોને વશ કરે છે. આમાં કોઈ સંશય નથી. (૨૦) સારી પેઠે આરાધના કરાયેલા આ પિતા આદિ અન્નાદિ વડે સંતુષ્ટ કર્યા થકા નિમ્નલિખિત લોકોને પમાડે છે. ગુરુ દિવ્ય બ્રહ્મલોકને પમાડે છે. પિતા બ્રહ્માના સત્યલોકને પમાડે છે. (૨૧) અતિથિ ઈન્દ્રલોકને પમાડે છે, ઋત્વિજો સ્વર્ગલોકને પમાડે છે. ભાઈની ભાર્યાઓ અપ્સરા લોકને પમાડે છે; જ્ઞાતિજનો વિશ્વદેવોના લોકને પમાડે છે. (૨૨) સંબંધી બાંધવો દિશા લોકને પમાડે છે, માતા અને મામા પ્રસન્ન થકા પૃથ્વીના લોકને પમાડે છે. વૃદ્ધ, બાળ, આતુર અને કૃશજનો અંતરિક્ષ લોકને પમાડે છે. (૨૩) ભાઈ, દીકરી અને પુત્ર વગેરે ભૌમ સ્વર્ગને પમાડે છે આથી ગૃહસ્થાશ્રમી સર્વદા આ પિતા આદિનું અન્નાદિ વડે પોષણ કરે. (૨૪) વળી પોતાનું હિત ઈચ્છતો દ્વિજાતિ નિત્ય સચ્છાસ્ત્રોનું સેવન કરે. તે સશાસ્ત્રોના અર્થોના અજ્ઞાનમાં તેના જાણનારા પંડિતોને પૂછે. (૨૫) સર્વના શ્રેય માટે પ્રવર્તેલી શ્રુતિ તથા ઋષિઓએ કહેલું સ્મૃતિશાસ્ત્ર તેના હાર્દને નહિ સમજીને જે પુરુષ તેને દોષયુક્ત સમજે તે પુરુષ બ્રહ્મઘાતી થાય. (૨૬) પ્રાણાપત્તિમાં પણ સંન્યાસીનું અન્નજળ લેવું નહિ. સંન્યાસીનું અન્ન ગોમાંસને તુલ્ય છે અને સંન્યાસીનું જળ સુરાબિંદુ સમાન છે. (૨૭) સંન્યાસી જનોને સોનું આપીને બ્રહ્મચારીઓને પાનબીડું આપીને અને ચોરોને અભયદાન આપીને દાતા પણ નરકને પામે તો ગ્રહણ કરનારો તો પામે તેમાં કહેવાનું જ શું હોય ? (૨૮) જે પુરુષ સંન્યાસી જનોને શ્રદ્ધાપૂર્વક પાત્ર ભરાય તેટલી અને સર્વ રસોથી યુક્ત એવી ભિક્ષા આપે તો તે ભિક્ષાદાનનું પુણ્ય અનંત થાય છે. (૨૯) જે પુરુષ વ્યાધિગ્રસ્ત સંન્યાસીઓને રહેવા માટે નિવાસસ્થાન બનાવે અને દુઃખી એવા ભિક્ષુઓને પથ્ય ઔષધ અન્નાદિ વડે પરિચર્યા કરે તે પુરુષને અપાર પુણ્ય થાય.

(૩૦) જે ગૃહસ્થ સંન્યાસીને જોઈ ઊભો થઈ નમસ્કાર કરી પાદ્ય અને આસનાદિ વડે તેમનું સન્માન ન કરે તે પુરુષનું પુણ્ય નાશ પામે છે. (૩૧) ભિક્ષા માગવા આવેલો બ્રહ્મચારી, કોઈ ત્યાગી કે બ્રાહ્મણ હોય તેને ભિક્ષા નહિ આપીને જે પુરુષ અપમાનિત કરે તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે. (૩૨) માતા, પિતા, ગુરુ, પત્ની, સંતાનો, સેવકો, અભ્યાગત, અતિથિ અને અગ્નિ આ નવ પ્રતિદિન પોષવા યોગ્ય છે. (૩૩) સંપત્તિની કામના હોય તો દીન, અનાથ અને વિદ્યા-તપાદિ વડે શ્રેષ્ઠ એવા જનોને આપવું જોઈએ. એમને અન્નદાન નહિ આપનારા જનો પરજન્મમાં પરભાગ્યોપજીવી (બીજાના અન્ન ઉપર નભનારા) થાય છે. (૩૪) ન્યાયપૂર્વક સ્વવૃત્તિથી આવેલ દ્રવ્ય વડે પરલોક સંબંધી કાર્ય કરવું જોઈએ. ગૃહસ્થે પુણ્ય કાળમાં સત્પાત્રને શ્રદ્ધાપૂર્વક વિધિ પ્રમાણે દાન આપવું જોઈએ. (૩૫) જે પુરુષ વિધિ રહિત દાન કુપાત્રને આપે છે તે દ્રવ્ય જ કેવળ નાશ પામતું નથી પરંતુ દાન કરતાં વધેલું ધન પણ નાશ પામે છે. (૩૬) અસત્ય ભાષણથી યજ્ઞ નિષ્ફળ થાય છે. ગર્વથી તપ ક્ષય પામે છે, આત્મશ્લાઘાથી દાનનું ફળ નાશ પામે છે તથા વિપ્રોના અપમાનથી આયુષ નાશ પામે છે. (૩૭) ગૃહસ્થ મત્સર રહિત થકો વયોવૃદ્ધ, તપોવૃદ્ધ અને જાતિથી ઉત્કૃષ્ટ એવા જનોને યથોચિત વિનયપૂર્વક સદા માને-પૂજે. (૩૮) બ્રાહ્મણોનું જ્યેષ્ઠપણું મહત્ત્વ સદા જ્ઞાનથી જ છે તેમાં વૃદ્ધાવસ્થાની અપેક્ષા નથી. ક્ષત્રિયોનું જ્યેષ્ઠપણું પરાક્રમથી છે. વૈશ્યોનું જ્યેષ્ઠપણું ધન-ધાન્યાદિ વડે છે તથા શૂદ્રાદિકોનું જ્યેષ્ઠપણું જન્મથી કહેતાં વૃદ્ધાવસ્થાથી જ છે. (૩૯) દાન, ભોજન અને પૂજન પ્રસંગમાં સમીપે રહેલો અથવા ક્રમ પ્રાપ્ત બ્રાહ્મણને છોડી અન્ય દૂર રહેલા બ્રાહ્મણને ન સ્વીકારે. (૪૦) આ પ્રથમ આવ્યો છે એમ માનીને મૂર્ખ વિપ્રને ન જ પૂજે પણ તે મૂર્ખને ઉલ્લંઘન કરીને દૂર રહેલા જ્ઞાનસંપન્ન વિપ્રને પૂજે, જેમ બળતા અગ્નિને છોડીને ભસ્મમાં હોમાતું નથી તેમ. (૪૧) હે દ્વિજવર્ય ! જે ગૃહીજન ગુરુજનો, વિપ્રો અને સાધુજનોને વિનયપૂર્વક માને-પૂજે તે આ લોકમાં મહાકીર્તિને પામે છે અને મરીને પરલોકમાં પોતાને ઈચ્છિત મહાસુખને પામે છે. (૪૨)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં ગૃહસ્થધર્મોમાં ગુરુજનસન્માનનિરૂપણ નામનો સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

●

## અધ્યાય-૧૮

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હવે ગૃહસ્થો માટે હિતાવહ એવો સદાચાર હું તમોને કહું છું. સત્પુરુષો જેનું આચરણ કરે તે સદાચાર ધર્મ માનેલો છે. (૧) તે સદાચારનું પાલન કરનારા મનુષ્યો દીર્ઘાયુષ્ય, ધન, પુત્રાદિ સુખ ધનસંપત્તિ, ધર્મ તથા ધર્મજન્ય શાશ્વત એવો ઈશ્વરલોક તથા લોકમાં પણ વિદ્વાનજનોમાં પૂજ્યપણાને પામે છે. (૨) જે વિદ્વાન જિતેન્દ્રિય થકો સદાચારથી વર્તે છે તે પરબ્રહ્મ ભગવાનને પામે છે. આ લોક અને પરલોકમાં અતિશય શ્રેષ્ઠ થાય છે. (૩) સદાચાર જ પરમ ધર્મ અને પરમ તપ છે અને સદાચારથી જ આયુષ્યની વૃદ્ધિ થાય છે અને સદાચારથી જ પાપનો ક્ષય થાય છે. (૪) રાગદ્વેષે

રહિત એવા પંડિતજનો પૃથ્વી ઉપર જે આચારનું અનુષ્ઠાન કરે છે તે સદાચારને વિબુધજનો ધર્મનું મૂળ કહે છે. (૫) ધર્મનું સર્વસ્વ પ્રથમ યમ અને નિયમો માનેલા છે, આથી ડાહ્યા મનુષ્યોએ સર્વ પ્રકારે યમનિયમોમાં જ પ્રયત્ન કરવો. (૬) સત્ય, ક્ષમા, આર્જવ-અકુટિલપણું, ધ્યાન, અક્રૂરતા, અહિંસા, દમ, પ્રસાદ, માધુર્ય અને મૃદુતા - આ દસ યમો કહેલા છે. (૭) આંતર-બાહ્ય શૌચ, સ્નાન, તપ, દાન, મૌન, ઈજ્યા (પોતાના ઈષ્ટદેવનું યજન), અધ્યયન, વ્રત, ઉપવાસ અને બ્રહ્મચર્ય આ દસ નિયમો કહેલા છે. (૮) કામ, ક્રોધ, મદ, મોહ, માત્સર્ય અને લોભ - આ છ અંતઃશત્રુઓને જીતે તો સર્વ સ્થળે વિજયી થાય. (૯) પરલોકમાં સુખાવહ એવા ધર્મનું જ સદા રક્ષણ કરવું. પરલોકમાં ધર્મ સિવાય અન્ય કોઈ જનને સહાય કરનારો છે જ નહિ. (૧૦) મરણ સમયે ઘરમાં જ્યાં દ્રવ્ય રાખ્યું હોય ત્યાં જ રહી જાય છે. પુત્રો અને બાંધવો સ્મશાનથી પાછા વળે છે, પરંતુ પોતે કરેલ કર્મ એક જ જનાર જીવની પાછળ જાય છે. (૧૧) વેદોનો અનભ્યાસ, સદાચારનો ત્યાગ, પ્રમાદ તથા અપવિત્ર અશોધિત અન્નદોષ - આટલા દોષથી યમરાજા દ્વિજાતિને અનર્થમાં પાડે છે. આથી આ દોષો દ્વિજને વારંવાર સંસારને પમાડે છે. (૧૨) માટે દ્વિજાતિએ પ્રયત્નપૂર્વક વેદાભ્યાસ કરવો, સદાચાર સેવવો અને સંતોના સમાગમથી જ્યાં સદાચારલાભ થાય એવાં તીર્થો સેવવાં. (૧૩) પ્રભાતે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પોતાના હિતનું ચિંતવન કરે. રાત્રિનો છેલ્લો પહોર તે બ્રાહ્મમહૂર્ત કહેવાય છે. (૧૪) અથવા રાત્રિનો ઉપાંત્ય કહેતાં અંતિમ મુહૂર્ત જે ચારે ઘડી બાકી રહેલો રાત્રિનો અંતિમ ભાગ પણ બ્રાહ્મમુહૂર્ત કહેવાય છે. આવા બાહ્મમુહૂર્તમાં કરેલી નિદ્રા મનુષ્યના પુણ્યનો ક્ષય કરનારી છે. (૧૫) તેમાં જો પ્રમાદથી સૂઈ રહે તો દ્વિજ પાદકૃચ્છ્ર પ્રાયશ્ચિત કરવાથી તે દોષમાંથી શુદ્ધ થાય છે. (૧૬) બ્રાહ્મમુહૂર્તમાં જાગીને સ્વહૃદયમાં સત્પુરુષોના ગુરુ એવા શ્રીહરિનું ધ્યાન કરી પ્રણામ કરે. પછી શ્રીહરિના ભક્તોનાં નામો હર્ષપૂર્વક ઉચ્ચારતો થકો તેમને પ્રણામ કરે.(૧૭) અને તે દ્વિજ ભગવાનની વિભૂતિભૂત દેવો તથા મહર્ષિઓને સંભારતો થકો પુણ્યક્ષેત્ર દ્વારકા આદિક અને ગંગાદિ નદીઓને સંભારતો થકો પ્રણામ કરે. (૧૮) પછી પ્રાતઃપઠનીય આ ત્રણ શ્લોકોનો પાઠ કરે : હું સંસારભયરૂપ મહાપીડાની શાંતિ માટે પ્રાતઃકાળમાં શ્રીનારાયણ ભગવાનનું સ્મરણ કરું છું. ગરુડ છે વાહન જેમનું અને અંજન સમાન કાંતિવાળા, ઘનશ્યામ મૂર્તિ એવા અને ગજેન્દ્રનો મોક્ષ કરનારા, ચક્રરૂપ આયુધવાળા અને કોમળ કમળપત્ર સમાન નેત્રોવાળા શ્રી નારાયણ ભગવાનનું હું સ્મરણ કરું છું. (૧૯) પરમ પુરુષ, નરકરૂપી સમુદ્રને પાર પમાડનારા, મુમુક્ષુજનોને આશ્રય કરવા યોગ્ય, શ્રેષ્ઠ એવા બ્રાહ્મણોના આશ્રયભૂત શ્રી નારાયણના બન્ને ચરણકમળોને મન, વાણી અને મસ્તક વડે પ્રભાતમાં નમસ્કાર કરું છું. (૨૦) પોતાની ભક્તિ કરનાર જનોને સંસારાદિ મહાભયનો નાશ કરનાર, પૂર્વ જન્મમાં થયેલા સર્વ પાપોના ભયની નિવૃત્તિ અર્થે પ્રાતઃકાળમાં નમસ્કાર કરું છું. જે નારાયણ ગજગ્રાહ વેળાએ ગજેન્દ્રનો મોક્ષ કરનાર, તેના ઘોર શોકનો નાશ કરનારા અને શંખચક્રધારી નારાયણને હું નમસ્કાર કરું છું. (૨૧) જે પુરુષ આ પાવિત્ર્યકારી ત્રણ શ્લોકોનો સવારે પાઠ કરે તે પુરુષને ત્રિલોકીના એક સ્વામી શ્રીહરિ પોતાના નિવાસસ્થાનમાં સ્થાન આપે છે. (૨૨) પછી તે પુરુષ ઊઠીને ગામથી

નૈર્ઋત્ય દિશામાં, ધનુષ્યથી છોડેલું બાણ જેટલે દૂર જાય તેટલી ભૂમિને ઉલ્લંઘીને મળમૂત્રનો ત્યાગ કરવા જાય. (૨૩) તૃણ વડે ભૂમિને ઢાંકી મસ્તકને વસ્ત્ર વડે ઢાંકી નિર્જન એવા સ્થાનમાં મળમૂત્રનું વિસર્જન કરે. (૨૪) દિવસે અને સંધ્યા સમયે ઉપવીતને કાન ઉપર રાખી ઉત્તરાભિમુખ થકો મળમૂત્ર કરે અને રાત્રિએ મળમૂત્ર કરવા જાય ત્યારે દક્ષિણાદે મુખે કરે. (૨૫) રાત્રિમાં છાયા કે અંધકાર હોય ત્યારે તથા દિવસે પણ છાયા નીચે કે વાદળાના અંધકાર સમયે સ્પષ્ટ દિશાનું ભાન નહિ થવાથી અથવા પ્રાણપીડાનો ભય ઉપસ્થિત હોય ત્યારે જેમ પોતાને અનુકૂળ પડે અને રક્ષણ થાય તેમ મુખ રાખીને મળવિસર્જન કરે. (૨૬) રાત્રિના સમયે મળમૂત્રનો ત્યાગ કરવા ગામથી બહાર ન જવું; તે ઉત્સર્ગકર્મ પોતાના ઘરની સમીપે કરી લેવું. રોગીજને પણ ગામથી બહાર ન જવું. (૨૭) પુરુષ દક્ષિણ દિશામાં મળોત્સર્ગ વિધિ કરીને શુદ્ધ જળાશય આદિમાં મૃત્તિકા અને જળ વડે હાથપગ પ્રક્ષાલનરૂપ શૌચ કરે. (૨૮) ઊભો ઊભો મળમૂત્રનો ત્યાગ ન કરે. જળમાં ન કરે. ગો, બ્રાહ્મણ, અગ્નિ, સૂર્ય, ચંદ્રની સન્મુખ ન કરે. હળથી ખેડેલી જમીનમાં ન કરે. માર્ગમાં, નદીના તટમાં, ગાયોના મધ્યમાં, ધાન્યના મધ્યમાં અને જીર્ણ દેવાલયમાં ન કરે તથા સ્ત્રીઓની સન્મુખ ન કરે. જળાશયમાં થૂંકવાની ક્રિયા તથા નાક છીંકવાની ક્રિયા ન કરે. (૨૯-૩૦) જળાશયથી એકસો હાથ છોડીને મૂત્રત્યાગ કરે અને મળત્યાગમાં બસો હાથ છોડીને કરે તેમ જ તીર્થાદિ સ્થળે એથી ચાર ગણું અંતર છોડીને મળત્યાગ કરે. (૩૧) શુદ્ધિ માટેની માટી માર્ગમાંથી ગ્રહણ ન કરે. તેમજ ખાર ભૂમિ કે વિષ્ટા સ્થાનથી પણ ગ્રહણ ન કરે. તેમજ બીજાની શૌચ કરતાં બાકી રહેલી, જંતુઓવાળી તથા રાફડામાં થયેલી માટીને ગ્રહણ ન કરે. (૩૨) લિંગશુદ્ધિ માટે એકવાર, ગુદાશુદ્ધિ માટે ત્રણવાર, ડાબા હાથની શુદ્ધિ માટે દસ વખત અને બન્ને હાથ ભેગા કરી સાત વાર અને પગોમાં ત્રણ ત્રણ વાર મૃત્તિકા જળ વડે શુદ્ધિ કરવી. (૩૩) આ શુદ્ધિનું અડધું સ્ત્રીઓ અને શૂદ્રો માટે કહેલું છે. બ્રાહ્મણ પણ રાત્રિમાં સ્ત્રી શૂદ્ર તુલ્ય અગાઉ કહેલાથી અડધું શૌચ કરે અને સૌ કોઈએ માર્ગમાં ચાલતા મળત્યાગ કરવો પડે તો શૂદ્રની પેઠે અડધુ શૌચ કરે. (૩૪) (મળશૌચ પછી હવે મૂત્રશૌચ કહે છે.) એકવાર મૃત્તિકા જળ લઈ લિંગ શુદ્ધ કરવી તથા ડાબા હાથમાં ત્રણ વાર મૃત્તિકા જળે સહિત અને બન્ને હાથોમાં બે વાર મૃત્તિકા આપવી. મુનિજનોએ આ મૂત્રશૌચ કહ્યું છે. (૩૫) ધર્મને જાણનારા દ્વિજજનો મળ ત્યાગ કરી બાર કોગળા કરે, મૂત્રોત્સર્ગ કરી છ કે ચાર કોગળા કરે. (૩૬) પીતાં પીતાં બાકી રહેલું કે હાથપગ પ્રક્ષાલન કરતાં બાકી રહેલું પાણી પીએ નહિ. પરંતુ જો બીજા પાત્રનો અભાવ હોય ત્યારે તો પીતાં બાકી રહેલું જળ થોડુંક ભૂમિ ઉપર ઢોળી દઈને પછી પીએ. (૩૭) અગાઉ કહેલું શૌચ ગૃહસ્થોને માટે છે. તે શૌચ બ્રહ્મચારીઓ માટે બમણું કહેલું છે; વાનપ્રસ્થો માટે ત્રણ ગણું અને સંન્યાસીઓ માટે ચાર ગણું કહેલું છે. (૩૮) રોગાદિથી પીડિતજન આ શૌચ યથાશક્તિ કરે, સમર્થ પુરુષ અગાઉ કહેલા પ્રકારે કરે. આ શૌચ પ્રયત્નપૂર્વક દેશકાળને અનુસરીને કરે. (૩૯) મળમૂત્ર વિસર્જન પછી જળ ન હોય તો, જ્યારે જળ પ્રાપ્ત થાય ત્યારે વસ્ત્રે સહિત સ્નાન કરે. (૪૦) જળ વિનાના જંગલમાં, રાત્રિમાં, ચોર-વ્યાઘ્રથી વ્યાકુલ માર્ગમાં, જળાશય નહિ મળતાં મળમૂત્રનો ઉત્સર્ગ કરે તોપણ પોતાનાં પાત્ર-દ્રવ્યાદિ

હાથમાં હોય તોપણ શૌચ નહિ કરવાના દોષથી લેપાતો નથી. (૪૧) શુદ્ધિ પ્રયત્નપૂર્વક કરવી, કારણ કે દ્વિજાતિ શુદ્ધિના આશ્રયવાળી હોય છે. શૌચાચાર વિનાના દ્વિજોની સર્વ ક્રિયાઓ - સંધ્યાવંદનાદિ કર્મો નિષ્ફળ થાય છે. (૪૨) પંડિતજનોએ આભ્યંતર અને બાહ્ય એમ બે પ્રકારનું શૌચ કહેલું છે. બાહ્ય શૌચ મૃત્તિકા અને જળ વડે થાય અને ભાવશુદ્ધિ કહેતાં અંતઃકરણની શુદ્ધિ આભ્યંતર શૌચ જાણવું. (૪૩) આભ્યંતર શૌચ વિના માત્ર બાહ્ય શૌચથી શુદ્ધિ ન થાય. આથી જે પુરુષ બન્ને પ્રકારે શૌચ કરે છે તે શુદ્ધ થાય છે. (૪૪) નારી અને દ્રવ્યમાં લુબ્ધ અને પ્રાણીઓના દ્રોહમાં આસક્ત તથા નિંદિત વચનને બોલનાર પુરુષને મૃત્તિકાના પર્વતો અને સર્વ નદીઓના જળ વડે શૌચ કરવાથી પણ શું ફળ છે ? કશું પણ નથી. (૪૫) મુખશુદ્ધિ માટે હંમેશાં કીટાદિ જંતુરહિત અને ટચલી આંગળીના અગ્રભાગ જેટલા જાડા લીલા દાતણ વડે દંતધાવન કરે. (૪૬) બ્રાહ્મણ માટે દાતણ લીલું બાર આંગળનું કહેલું છે. ક્ષત્રિયાદિ માટે એકેક આંગળ ઓછું માનેલું છે. અર્થાત્ ક્ષત્રિયને અગિયાર, વૈશ્યને દશ આંગળ અને શૂદ્રને નવ આંગળ સમજવું. (૪૭) પ્રતિપદા, અમાવાસ્યા, વ્રતના દિવસ, શ્રાદ્ધનો દિવસ અને સંક્રાંતિકાળમાં કાષ્ઠ વડે દંતધાવન ન કરે. (૪૮) દાતણ ન મળે ત્યારે અથવા નિષેધ કરેલા દિવસે જળના બાર કોગળા વડે દંતશુદ્ધિ કરે. (૪૯) જે પુરુષ કોગળા કરતી વખતે તર્જની આંગળી વડે દાંતને ઘસે છે તે પુરુષ તો મૂઢાત્મા છે અને પાપકર્મ યુક્ત થાય છે. (૫૦) દ્વિજજનોને પ્રતિદિન નવ આવશ્યક કર્મો કહેલાં છે. સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, દેવપૂજન, વૈશ્વદેવ, અતિથિસત્કાર અને પિતૃતર્પણ-આ નવ કર્મોએ રહિત જે દ્વિજ છે તે તો ચંડાળસમ સમજવો. (૫૧-૫૨) ઉત્સાહ, મેધા, સૌભાગ્ય, રૂપ અને લક્ષ્મીનું સંપાદક તથા મનની પ્રસન્નતામાં હેતુ એવા પ્રાતઃસ્નાનને મુનિઓ વખાણે છે. (૫૩) પ્રાતઃસ્નાન પાપ, દરિદ્રતા, મલિનતા, અપવિત્રતા અને દુઃસ્વપ્નનો નાશ કરે છે. તથા સંતોષ અને શરીર પુષ્ટિ આપે છે. (૫૪) કોઈપણ સ્થળે કે સમયે ઘણા જંતુઓથી વ્યાપ્ત જળાશયમાં આપત્કાળમાં પણ શૌચ સ્નાનાદિ ક્રિયાઓ કરવી નહિ. (૫૫) જળાશય ભલે નિર્મળ હોય છતાં જો નીચ જાતિ વડે સેવાયેલું હોય તો તેમાં આપત્કાળમાં પણ કોઈ સમયે સ્નાનાદિ ક્રિયા ન કરવી. (૫૬) નીચ જાતિથી સંબંધ પામેલું વૃક્ષ અને લીપેલું સ્થળ પણ દ્વિજોએ નિવાસ કરવા માટે ક્યારેય સ્વીકારવું નહિ. (૫૭) અન્ન, જલ અને નિવાસસ્થાન જેનું હોય તેની જાતિ યથાર્થપણે પૂછયા વગર કયારેય પણ તેનો સ્વીકાર કરવો નહિ. (૫૮) સંધ્યારહિત એવો વિપ્ર અપવિત્ર અને સર્વ કર્મમાં અયોગ્ય થાય છે. સંધ્યાહિન વિપ્ર કરેલા પુણ્યના ફળને પામતો નથી. (૫૯) જે ક્રિયાબહુલ વિધિયજ્ઞો છે, વૈશ્વદેવાદિ પાક યજ્ઞો છે અને બીજા પણ ઘણા યજ્ઞો છે. તે બધા યજ્ઞો જપયજ્ઞની સોળમી કળા સમાન પણ થતા નથી. (૬૦) જે દ્વિજ ધનઉપાર્જનમાં આસક્ત થકો અગ્ન્યાધાનને કરતો નથી અને સાયં કે પ્રાતઃકાળ હોમ કરતો નથી તે દ્વિજ નરકને પામે છે. (૬૧) જે દ્વિજ વેદવેદાંગોને યથાશક્તિ ભણતો નથી તથા ભારત ઈતિહાસ તથા ભાગવતાદિ પુરાણ અને ભગવાનના વિષ્ણુસહસ્ર નામાદિ સ્તોત્રને પઠતો નથી તે, બ્રહ્મહત્યારો પ્રાપ્ત થાય છે. (૬૨) જે દ્વિજ જગત્પ્રભુ પુરુષોત્તમ નારાયણને ભક્તિપૂર્વક પ્રતિદિન પૂજતો નથી તે પછીના જન્મમાં ગર્દભ થાય છે અને પછી ભૂંડપણાને પામે છે.

(૬૩) માધ્યાહ્નિક વૈશ્વદેવને ગૃહસ્થ પોતે જ કરે, સાયં સમયે પત્ની સિદ્ધાન્ન વડે મંત્રવર્જિત બલિ આપે. (૬૪) જે અધમ દ્વિજો વૈશ્વદેવ કર્યા વિના ખાય છે તે આ લોકમાં અન્નહીન થાય અને મરીને કાગડા થાય છે. (૬૫) કોદરા, અડદ, ચણા, તુવેર, વાલ, તેલથી બનાવેલી વસ્તુ, મીઠાવાળું અન્ન - આટલું વૈશ્વદેવમાં ન વાપરે. (૬૬) હોમ કરવાથી પાપ નાશ પામે છે, સ્વાધ્યાયથી સાંસારિક દુઃખથી શાંતિ મળે છે. અને દેવાર્ચન કરવાથી ઈચ્છિત લોકની પ્રાપ્તિ થાય છે. (૬૭) અને કોઈ અન્નાર્થી આવે તો આ પાત્ર છે કે કુપાત્ર છે એવો વિચાર ન કરે. ચંડાળને કે કૂતરાને આપેલું અન્ન પણ નિષ્ફળ થતું જ નથી. (૬૮) જે દ્વિજ જળની અંજલીઓ વડે પિતૃઓને તર્પણ નથી કરતો તેના અંગનું રુધિર તે પિતૃઓ દરરોજ પીએ છે. અર્થાત્ રુધિરપાન તુલ્ય દુઃખ નિશ્ચય પામે છે. (૬૯) આ ગૃહસ્થો પ્રતિદિન જો ભાગવતાદિ પુરાણને સાંભળે તો ભોજનથી પહેલાં માત્ર સંહિતા (અર્થરહિત) ને સાંભળે અને અર્થે સહિત તો ભોજન કરીને દરરોજ સાંજના અથવા રાત્રે સાંભળે (૭૦) ગૃહસ્થજન ભગવાન શ્રીહરિની ભક્તિવાળા ધર્મપરાયણ એવા સત્પુરુષોનો સમાગમ દરરોજ યથાશક્તિ યથાવકાશ કરે. કેમ કે સત્સમાગમથી જ ઉત્તમ બુદ્ધિની પ્રાપ્તિ થાય. (૭૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં સદાચારમાં દ્વિજોનું આહ્નિકવિધિનિરૂપણ નામનો અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

●

## અધ્યાય-૧૯

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! ગૃહસ્થ પ્રાતઃકૃત્ય સંધ્યાવંદનાદિ કરીને પ્રતિદિન ગુરુવંદન કરે અને ગુરુજનો વંદન કરનારને શુભ આશીર્વાદો આપે. (૧) ઉપવીત આપી વેદ આપનાર આચાર્ય, પોતાના ઉપાધ્યાય, વેદાદિના અધ્યાપક, માતા, પિતા, ગુરુ, ધર્મવૃદ્ધ અને વયોવૃદ્ધ આટલા ગુરુજનોને સર્વથા નમસ્કાર કરે. (૨) જેના થકી લૌકિક કે વૈદિક કે આધ્યાત્મિક જ્ઞાન ગ્રહણ કર્યું હોય તે જ્ઞાન આપનારા ગુરુને સર્વથી પહેલાં જ અભિવાદન કરે. (૩) પાખંડ મત સ્થાપક, પતિત, નાસ્તિક, પાપોથી દૂષિત, સંતોના દ્રોહી અન કૃતઘ્ની આવા પુરુષ ગુરુ હોય તો પણ નમસ્કાર ન જ કરે. (૪) ઉતાવળે ચાલતા, અસાવધાન, સ્નાન કરતા, મળમૂત્રનો ત્યાગ કરતા, દાતણ કરતા અને ઊલટી કરતા આવી અવસ્થામાં રહેલા ગુરુને અભિવાદન ન કરે. (૫) જપ, યજ્ઞ અને વ્રતમાં રહેલા, સમિધ, પુષ્પ, દર્ભ અને અગ્નિને લઈને આવતા, જળપાત્ર કે ભિક્ષાપાત્રને લઈને આવતા ગુરુને અભિવંદન ન કરે. (૬) દેવતાઓની પ્રતિમા, સંન્યાસી તથા વૈષ્ણવજનને જોઈને તત્ક્ષણ જ નમસ્કાર કરે, નહિતર પ્રાયશ્ચિત કરવું પડે. (૭) એ જ પ્રકારે સ્ત્રી પણ સાસુ વગેરે સ્ત્રીઓને અને ગુરુપત્નીને પ્રણામ કરે. રજસ્વલા, સૂતિકા અને પાપિણી એવી સ્ત્રીને નમસ્કાર ન કરે. (૮) નમસ્કાર કરવાના સ્વભાવવાળા અને નિત્ય વૃદ્ધજનોનું સેવન કરવાના શીલવાળા પુરુષના આયુષ-પ્રજ્ઞા-યશ અને બળ આ ચાર સારી રીતે વૃદ્ધિ પામે છે. (૯) દેહ વડે ત્રણ પ્રકારનું કર્મ, વાણી વડે ચાર પ્રકારનું કર્મ અને મન વડે ત્રણ પ્રકારનું એમ દશ કર્મપથોનો ત્યાગ કરે. (૧૦) પ્રાણીમાત્રની હિંસા, પરપદાર્થની ચોરી અને

પરસ્ત્રીગમન, શરીરથી આ ત્રણનો સર્વ પ્રકારે પરિત્યાગ કરે. (૧૧) અસત પ્રલાપો, કઠોર ભાષણ, ચાડિયાપણું અને પરપીડાકારી મિથ્યાપવાદ આ ચાર વાણીનાં કર્મો ગૃહી પ્રયત્નપૂર્વક ત્યાગ કરે. (૧૨) પરધન હરવાના ઉપાયનું ચિંતન, બીજાના અનિષ્ટનું ચિંતન અને વેદવાદોમાં નાસ્તિકપણું આ ત્રણ કર્મો મનથી ત્યાગ કરે. (૧૩) જેવી રીતે વૃક્ષ પોતાને કાપવા માટે આવેલાને પણ પોતાની છાયા આપે છે પરંતુ સંકોચ કરતું નથી તેવી રીતે ગૃહસ્થ-જને પોતાને ઘેર શત્રુ આવ્યો હોય તોપણ તેનું યોગ્ય આતિથ્ય કરવું. (૧૪) એકાદશી, દ્વાદશી વગેરે નિષેધ કરેલી તિથિઓમાં સ્વભાર્યા પ્રત્યે ગમન ન કરે. રજસ્વલા, ઋતુકાળને નહિ પામેલી, વ્રતમાં રહેલી અને બીમાર એવી પોતાની સ્ત્રી પ્રત્યે ગમન ન કરે. (૧૫) જે ગૃહી કામમોહિત થઈ એકાદશી આદિક વ્રતમાં રહેલી પોતાની પત્નીનો વ્રતભંગ કરાવે છે તે પુરુષ કુંભીપાક નરકમાં પ્રવેશે છે. (૧૬) બુદ્ધિમાન એવો દ્વિજજન લસણ, ધોળાં રીંગણાં, ડુંગળી, ગૃંજન કહેતાં લસણના આકારવાળા લાલ કંદ તથા કાળંગડું ક્યારેય ભક્ષણ કરે નહિ. (૧૭) ઉદય પામતા, અસ્ત પામતા, તથા ગગનમધ્યને પામેલા સૂર્યને ન જુએ તેમજ રાહુગ્રસ્ત અને જળપ્રતિબિંબિત સૂર્યને જુએ નહિ. (૧૮) પુરુષ જે તે માર્ગમાં ગતિ કરતો થકો દેવમંદિર, બ્રાહ્મણ, ગાય, મધુ, મૃત્તિકા, ઘી, જાતિશ્રેષ્ઠ, વયોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ, તપસ્વી, પીપળો, ચૈત્યવૃક્ષ (દેવાલયાદિકમાં પૂજવા સારુ રોપેલું વૃક્ષ), ગુરુ, જળ ભરેલો ઘડો, રાંધેલું, અન્ન, દહીં અને સર્ષપ - આટલી વ્યક્તિ અને વસ્તુને પ્રદક્ષિણ કહેતાં જમણી બાજુએ રાખીને ચાલે. (૧૯-૨૦) વૃદ્ધ, ભારવાળો, રાજા, વિદ્યાસ્નાતક, વ્રતસ્નાતક, સ્ત્રી, રોગી, વરરાજા, ગાડાવાળો, મદ્યપાનથી નશામાં ચકચૂર, ગાંડો, ત્યાગી-સાધુ વગેરેને માર્ગે ચાલતાં રસ્તો કરી આપવો. (૨૧) અતિથિ, ક્ષત્રિય, ત્યાગી અને ક્ષુધાતુરને પરમ પ્રીતિથી જમાડે તથા યથાયોગ્ય સન્માન કરે. (૨૨) વેદનો અભ્યાસ કરીને અન્નનું સુપાચન કરનાર શ્રોત્રિય, પોતાને-અન્ન આપનારાને તથા તેના દસ પૂર્વજો દસ અનુજો એમ એકવીસ પુરુષોને સંસાર-સાગરથી તારે છે. (૨૩) ભગવાનના ભક્ત અતિથિઓને જમાડી ગામની ભાગોળ સુધી તેમને વળાવવા જાય, સર્વત્ર વિનય રાખવો-વળી ઉત્તમ ભક્તોને વિષે વિશેષપણે વિનય રાખવો. (૨૪) પારકા ભોજન ઉપર પ્રીતિ ન રાખવી. જો કોઈ અનિંદિત પુરુષે આમંત્રણ આપ્યું હોય તો જમવા જવામાં દોષ નથી. વાણી, હાથ અને પગના ચાપલ્યનો ત્યાગ કરવો તેમજ અતિ ભોજન વર્જ્ય ગણવું. (૨૫) ભોજન સમયે ભોજનના પાત્રની નીચે ચાર ખૂણાવાળું, ત્રણ ખૂણાવાળું, ગોળાકાર કે અર્ધચંદ્રાકાર મંડળ અનુક્રમે વિપ્રાદિ ચાર વર્ણોએ કરવું. (૨૬) પૂર્વે 'ૐ કાર' અને અંતે 'સ્વાહા' યુક્ત પ્રાણાદિ પાંચ નામો વડે તથા પ્રણવાદિ સ્વાહાંત એક આત્મશબ્દ વડે છ આહુતિઓ પ્રાણાગ્નિહોત્ર વિધિથી હોમે. (૨૭) તર્જની, મધ્યમા અને અંગૂઠા વડે પ્રાણવાયુની આહુતિ કહેલી છે. કનિષ્ઠા, અનામિકા અને અંગૂઠા વડે અપાનવાયુની આહુતિ કહેલી છે. (૨૮) મધ્યમા, અનામિકા અને અંગૂઠા વડે વ્યાન પ્રમાણે પ્રાણવાયુની આહુતિ કહેલી છે. મધ્યમા, અનામિકા અને બીજી આંગળીઓ વડે ઉદાન પ્રાણવાયુની આહુતિ માનેલી છે. (૨૯) અંતરાત્મા એવા સમાન પ્રાણવાયુની આહુતિ દરેક આંગળીઓ વડે માનેલી છે. આ છ આહુતિઓને દ્વિજ દાંત વડે ન સ્પર્શ કરે પરંતુ જિહ્‌વાથી જ ગળે. (૩૦) સંન્યાસી, વૃદ્ધ, બ્રહ્મચારી, ગર્ભિણી,

આતુર, બાળક, અતિથિ અને સેવકોને સારી રીતે જમાડી પછી દંપતી પોતે જમે. (૩૧) કૃષ્ણાષ્ટમી, રામનવમી, વામનજયંતી, એકાદશી અને શિવરાત્રિએ ગૃહસ્થ રોગાદિ આપત્તિ વિના અન્નને જમે નહિ. (૩૨) વૈષ્ણવજનોએ આ વ્રતના દિવસે પરાધીનપણું અને આપત્તિકાળ વિના વ્યાવહારિક કામકાજ ન જ કરવું જોઈએ. (૩૩) પોતાની પત્ની સાથે ભોજન કરે નહિ. ભોજન કરતી, છીંક ખાતી, બગાસું ખાતી અને સુખપૂર્વક બેઠેલી પોતાની પત્નીને જુએ નહિ. (૩૪) પોતાના નેત્રને કાજળથી આંજતી, તૈલાભ્યંગને કરતી, નિઃવસ્ત્રા, પ્રસવ કરતી અને મળમૂત્રનો ત્યાગ કરવા બેઠેલી સ્ત્રીને ક્યારેય પણ જુએ નહિ. (૩૫) પ્રાતઃસંધ્યા અને સાયંસંધ્યા સમયે શયન ન કરે, દિવસે ન સૂએ, રાત્રિના પહેલા અને છેલ્લા પહોરમાં સૂએ નહિ, અપવિત્ર અંગ સહિત ન સૂએ, બન્ને સંધ્યા વખતે જમે નહિ. (૩૬) પરશુરામ, કાર્તિકસ્વામી, હનુમાનજી, ગરુડ અને ભીમસેનને જે પુરુષ હંમેશાં શયન સમયે સ્મરણ કરે, તેને ખરાબ સ્વપ્નો આવતાં નથી. (૩૭) પોતાના દૂધનું પાન કરતી ગાય જોઈને બીજાને કહે નહિ અથવા વાછરુને ધવરાવતી ગાયને જોઈને તેના માલિકને કહે નહિ. આકાશમાં ઇન્દ્રધનુષ્યને જોઈને અન્યને દેખાડે નહિ. શૂન્ય ઘરમાં કોઈ સમયે એકલો ન સૂએ. અને માર્ગમાં એકલો ચાલે નહિ. (૩૮) રજસ્વલા સાથે બોલે નહિ, પરસ્ત્રી સાથે એકાંતમાં ન જ બોલે, માર્ગમાં એકલી જતી પરસ્ત્રીને બોલાવે નહિ. (૩૯) સુરા મદ્ય આદિ અપેય વસ્તુ ક્યારેય ન પીએ. માંસાદિ અભક્ષ વસ્તુ ન ખાય, નહિ આપવા યોગ્ય સ્ત્રી આદિનું દાન ન કરે અને ન કરવા યોગ્ય ચોરી વગેરે કર્મ ન જ કરે. (૪૦) નહિ બોલવા યોગ્ય નાસ્તિક વગેરેને બોલાવે નહિ, નિંદિત ચર્મ, નીલી લાખ વગેરેને વેચે નહિ. અત્યાજ્ય એવા સ્વધર્મ અને સ્ત્રીપુત્રાદિકને ત્યજે જ નહિ અને પતિતાદિકની સાથે બેસે નહિ. (૪૧) કાણા, આંધળા, કૂબડા, ખૂંધા, બાડિયા, વાંકા હાથવાળા, ખોડા, મૂંગા, બહેરા, રોગાદિથી પીડિત - આ સર્વનો ક્યારેય પણ તિરસ્કાર ન કરે. (૪૨) પતિ અને પત્ની, બ્રાહ્મણ અને અગ્નિ, શિવ અને નંદિ, વિષ્ણુ અને ગરુડ, બે સ્ત્રીઓ આ બધાની વચ્ચેથી પસાર થઈને ચાલવું નહિ. (૪૩) દાન, આચમન, હોમ, ભોજન, દેવપૂજન, સ્વાધ્યાય સમયે તથા ગુરુ અને દેવની આગળ પ્રૌઢપાદથી રહેવું નહિ. (૪૪) આસન પર બન્ને પાદતળ મૂકીને ઊભડક બેઠેલો તથા જાનુ, જંઘા કે સાથળ ઉપર એક પગ મૂકેલો કે ચઢાવેલો આ બધા પ્રૌઢપાદ કહેવાય છે. (૪૫) પોતાનું નામ, ગુરુનું નામ, અતિ કૃપણનું નામ, મોટા પુત્રનું નામ, મોટી પુત્રીનું નામ અને પત્નીનું નામ-આ નામ બોલે નહિ, અન્યથા આયુષ્યનો ક્ષય થાય. (૪૬) ગુરુ, તપસ્વી, વૃદ્ધજન, વિદ્યાવાન, સદ્‌ગુણી, વૈષ્ણવજન તથા રાજા આટલાને તુંકારેથી બોલાવે નહિ. (૪૭) પુરુષ પારકા ખેતરમાં ચરતી ગાય અંગેની જાણ ખેતરના ધણીને ન કરે. પાણી પાયા વગરના પશુઓને રાત્રિમાં ક્યારેય પણ બાંધે નહિ. (૪૮) દેવ, ગુરુ, અને બ્રાહ્મણોને કોઈના દ્વારા અપાતું ધનાદિક તેનો નિષેધ ન કરે. પોતાની પ્રશંસા ન કરે, પરનિંદાનો ત્યાગ કરે, (૪૯) પુરુષ કદાપિ શસ્ત્રો કે સર્પોની સાથે રમત ન કરે, કૂવાને કૂદવાની ક્રિયા ન કરે તથા પગને અન્ય પગ વડે ઘસીને ધુએ જ નહિ. (૫૦) એક અગ્નિમાં અન્ય અગ્નિને નાખે નહિ, ગુરુના દુરાચરણને અન્ય પાસે પ્રકાશિત ન કરે, જે કોઈના પણ સુહૃદનું મરણ કે ભાવિ પીડા તેના સુહૃદને

પોતે કહી સંભળાવે નહિ. (૫૧) સુબુદ્ધિ જન ભોજનમાં સાક્ષાત્ લવણ ગ્રહણ ન કરે અને દુરાચારી પુરુષને જોઈ જાય તો સૂર્યનું દર્શન કરે અને વિષ્ણુનું સ્મરણ કરે. (૫૨) જે શાસ્ત્ર શ્રુતિ-સ્મૃતિથી વિરુદ્ધ હોય તથા પાખંડ મતને આશ્રય કરેલું હોય, કેવળ તર્કપ્રતિપાદક હોય, ઈશ્વર સ્વરૂપ પ્રતિપાદનથી રહિત હોય તેનો દૂરથી જ ત્યાગ કરે. (૫૩) કૂતરાએ સ્પર્શ કરેલું, પક્ષીઓનું એઠું, વાળ અને કીટાદિથી યુક્ત હોય, ભાર્યાનું ઉચ્છિષ્ટ તથા ગાયે સૂંઘેલું એવું અન્ન ન જ ભક્ષણ કરે. (૫૪) મદ્યમાંસાદિકના સ્પર્શવાળું તથા રજસ્વલાએ સ્પર્શ કરેલું અન્ન જમવું નહિ. વિષ્ટામય સ્થળમાં થયેલું શાકાદિ જમવું નહિ. (૫૫) ચૈત્યવૃક્ષ- (ઉદ્દેશતરુ)ને કાપે નહિ. માર્ગમાં રહેલા છાયાવાળા વૃક્ષનું છેદન ન કરે. પોતાના થકી ઉત્કૃષ્ટની કે નીચની પથારી અને આસનનું ઉલ્લંઘન કરવું નહિ. (૫૬) અમંગળ આચરણવાળા ન થવું, અમંગળ વાણીવાળા ન થવું. અધર્મના ઉપદેશ વડે કોઈપણ વ્યક્તિનું ધન હરવું નહિ. (૫૭) પોતાનું કામ કરાવીને પછી નોકર-મજૂર વગેરેને અગાઉ નક્કી થયા મુજબ આપવું પણ તેમને ઠગવા નહિ. કોઈ સ્ત્રીને લોભ ન પમાડે, માદક વસ્તુનું ભક્ષણ ન કરે. (૫૮) ડાહ્યો માણસ પોતે કરેલા ધર્મને પ્રકાશિત ન કરે, તથા પાપને છુપાવે નહિ. સર્વ ભૂતો પ્રત્યે અનુકંપાવાળું પોતાનું હિત નિત્ય કરે. (૫૯) પોતાનું વય, વર્ણને અનુરૂપ ક્રિયા, પોતાનું ધન, પોતે પ્રાપ્ત કરેલી વિદ્યા, પોતાનું કુળ, પોતાનો દેહ, પોતાની વાણી, પોતાની બુદ્ધિ - આટલાંને અનુરૂપ જ કર્મ કરે. (૬૦) બ્રાહ્મણધન અને દેવધનને પ્રાણાંતે પણ ગ્રહણ ન કરે, કેમ કે તે ધનરૂપી ઝેર કાલકૂટ નામના મહાવિષ કરતાં પણ અધિક ભયંકર છે એમ મહર્ષિઓ કહે છે. (૬૧) કોઈની આપ્યા વગરની કોઈપણ વસ્તુ કદાપિ ગ્રહણ કરે નહિ કેમ કે જીવોને ચોરી સમાન અતિ દુઃખદાયી બીજું કોઈપણ પાપ નથી. (૬૨) બુદ્ધિમાન કાષ્ઠ, ફળ, ઘાસ કે પુષ્પ કોઈની વાડીમાંથી માલિકની સમક્ષ દેવાદિ પૂજનરૂપ ધર્મકાર્યાર્થે ગ્રહણ કરે. અન્યથા માલિકની ગેરહાજરીમાં પોતાના સ્વાર્થ માટે ગ્રહણ કરે તો પુરુષ પતિત થાય. (૬૩) પુરુષ ક્યારેય પણ કોઈના ઉપર મિથ્યા અપવાદનું આરોપણ ન કરે. મિથ્યાપવાદને કહેનારો યાવદ્ચંદ્ર દિવાકર પૂયોદ નામના નરકમાં પડે છે. (૬૪) સદા સત્ય જ બોલે, તે સત્ય જો બીજાને પીડાકારી થતું હોય તો સત્ય ન બોલવું. સત્ય ભાષણ સમાન બીજું પુણ્ય નથી એમ બ્રહ્મા કહે છે. (૬૫) પૂર્વે બ્રહ્માએ એક હજાર અશ્વમેધયજ્ઞ અને સત્ય બન્નેને તોલ્યાં ત્યારે તુલામાં યજ્ઞો કરતાં સત્ય જ અધિક થયું. (૬૬) સ્ત્રીઓ આગળ, પરિહાસ કથામાં, આજીવિકા માટે, વિવાહ પ્રસંગે, પ્રાણ સંકટમાં હોય ત્યારે તથા ગો-બ્રાહ્મણ-ગુરુના કાર્ય માટે અસત્ય બોલવામાં દોષ નથી. (૬૭) નિરંતર મંગળ જ બોલે, અન્યોનું પણ સદા મંગળ ઈચ્છે, આ લોકમાં મંગળકારી પુરુષો સાથે જ સંસર્ગ રાખે, અમંગળ પુરુષો સાથે સંસર્ગ ન જ કરે. (૬૮) મર્યાદા વિનાના, ઉન્મત્ત કહેતાં વિક્ષિપ્ત ચિત્તવાળા, મત્ત કહેતાં મદ્યપાનાદિથી વિક્ષિપ્ત ચિત્તવાળા, અવિનીત અને અશીલ કહેતાં અશ્લીલ પ્રવૃત્તિવાળા, ચોરી-પરદારાગમન આદિથી દૂષિત જનોની સાથે મિત્રતા ન કરે. (૬૯) અતિ ખર્ચાળ, અતિ લોભી, અતિ વૈરવૃત્તિવાળા, અસત્યવાદી, ઘાતકી, પરદારાગામી અને લોકનિંદક એવા જનો સાથે મૈત્રી ન કરે. (૭૦) જુગારમાં આસક્તિવાળા, નીચ પુરુષો, વૈશ્યાગામી નરો, દરિદ્રી જનો, કેવળ પ્રારબ્ધને જ

માનનારા જનો સાથે પુરુષ ક્યારેય પણ ન બેસે. (૭૧) સદાચારનું અવલંબન કરનારા, વિદ્યા-વિનય-સંપન્ન તથા નિત્ય ઉદ્યોગશાલી એવા સાધુપુરુષો સાથે મૈત્રી કરે. (૭૨) બહુ ઊંડા જળમાં પ્રવેશ કરે નહિ. બળતા ઘરમાં પ્રવેશ કરે નહિ, ઝાડની ઊંચી ટોચ પર ચડે નહિ, દાંતોને વારે વારે કટકટાવે નહિ. (૭૩) ચાર રસ્તા જ્યાં ભેગા મળતા હોય તે સ્થાન, ઉદ્દેશ્યવૃક્ષ, સ્મશાન, ઉપવન અને દુષ્ટ સ્ત્રીનું સામીપ્ય - આ બધાનો રાત્રિમાં સદા ત્યાગ કરે. (૭૪) ધનનો નાશ પણ સહન કરવો. વૈર કરવાથી ધનની પ્રાપ્તિ થતી હોય તો ધનપ્રાપ્તિને જતી કરે. (કેમકે વૈર સર્વ કરતાં મોટું અનર્થકારી છે.) ગુરુની આગળ ક્યારેય પણ ઊંચા આસને બેસે નહિ. (૭૫) જે પુરુષ મત્સર રહિત થઈને ક્રોધ પામેલા સર્વ બંધુઓને શાંતિ પમાડે છે અને જે પુરુષ ભય પામેલા જનોને આશ્વાસન આપે છે તે પુરુષને સ્વર્ગ તો અતિ અલ્પ ફળ છે, અર્થાત્ સ્વર્ગથી પણ અધિક ફળ પામશે. (૭૬) જે પુરુષની ભાર્યા, પુત્ર, ભાઈ, મિત્ર, દાસ, સમાશ્રિતો અને જીભ વિનયથી યુક્ત હોય તેનું સર્વત્ર ગૌરવ કહેતાં મહત્ત્વ જ થાય છે. (૭૭) પુરુષ ઊંચે જોઈને જ ચાલે, વાંકું જોઈને કે દૂર દૂર જોઈને ન ચાલે. ધૂસરીના પ્રમાણ જેટલી ચાર હાથ આગળ દૃષ્ટિ રાખી પૃથ્વીના તળને જોતો થકો ચાલે. (૭૮) સર્વસ્વ આપવું અતિ ઉત્તમ છે, સંતાનાદિ વંશ હોય તો સર્વસ્વ ન આપે. આપત્તિમાં પણ ભાર્યા, શરણાગત, કુળજીવિકા અને પુત્રોને કદાપિ ન આપે. (૭૯) બુદ્ધિમાન પુરુષ પોતે દેવામાંથી મુક્ત થઈ ગયો હોય તે ઋણશુદ્ધિ, પોતાનો વંશ, ધાન્યાદિ પદાર્થોનો ક્રય-વિક્રય, કન્યાદાન અને પોતામાં રહેલા ગુણનું અધિકપણું-આ બધાને ગુપ્ત ન જ રાખે. (૮૦) ગર્ભાધાનાદિ સંસ્કારનું અન્ન જમે નહિ (સમીપ સંબંધી માટે બાધ નથી) તથા પ્રેતશ્રાદ્ધનું અન્ન જમે નહિ તથા સ્વયં શ્રાદ્ધ કરીને પછી પરશ્રાદ્ધમાં જમવા જાય જ નહિ. (૮૧) ગ્રામ્ય ગીત, વાદ્ય, નૃત્યમાં પ્રીતિ ન કરે. રાત્રિએ તૃપ્તિપર્યંત ભોજન ન કરે. બળદની પીઠ પર બેસે નહિ. બાહુઓ વડે નદીને તરે નહિ. (૮૨) અધાર્મિક ગામ, પાંખડીજનોથી વ્યાપ્ત ગામ, દુષ્ટ રાજાથી પીડિત અને જીવિકા રહિત ગામમાં વાસ ન કરે. (૮૩) જે ગામમાં રાજા ધર્મનિષ્ઠ હોય, બ્રાહ્મણ વેદપાઠી હોય, નદી વહેતા જળવાળી હોય, ઋણપ્રદાતા વણિક કે અન્ય કોઈ હોય અને સારો વૈદ્ય હોય તેવા ગામમાં ગૃહસ્થ વાસ કરે. (૮૪) જે પુરમાં પુરવાસીજનો પરસ્પર અનુકૂળ એકમતવાળા, ન્યાયને અનુસરીને વર્તનારા અને પરસ્પર નિર્મત્સરી હોય તેમાં વાસ સુખકારક થાય છે. (૮૫) શરીરના રોમ અને નખને કદાપિ દાંત વડે તોડે કે ઉખાડે નહિ. નખો વડે નખોને છેદે નહિ. નખ વડે તૃણોનું છેદન કરે નહિ. (૮૬) જે કર્મ પરિણામે અશુભ માટે જ થાય તે કર્મનો યત્નપૂર્વક ત્યાગ કરે. પોતાના કે પારકા ઘરમાં અદ્વાર (ચોરમાર્ગ)થી પ્રવેશ કરે નહિ. (૮૭) પુરુષ પાસાઓ વડે રમે નહિ. ધર્મવિનાશકોની સાથે ક્યારેય બેસે નહિ. કદાપિ નગ્ન સુએ નહિ તથા નગ્ન થઈ જળમાં પ્રવેશે નહિ. (૮૮) નિરોગી પુરુષ ખંજોળવાના નિમિત્ત વિના પોતાની નાસિકા, કાન, મુખ વગેરે છિદ્રોને સ્પર્શે નહિ તથા ઉપસ્થાદિ ગુહ્ય અંગમાં રહેલાં રૂવાડાંને સ્પર્શે નહિ. કેમકે તેના સ્પર્શથી સ્વયં અપવિત્ર થવાય છે. (૮૯) પગ ધોયેલું પાણી, મૂત્ર, ઉચ્છિષ્ટ અન્ન અને જળ, થૂંક, ગળફા કે નાસિકામળ આ બધું ઘર થકી દૂર ફેંકે. (૯૦) બન્ને હાથો વડે મસ્તકને ખંજોળે નહિ, ઉદર-સાથળ

આદિ અવયવોમાં હાથો વડે મૃદંગની માફક આસ્ફાળન કરે નહિ, વગર નિમિત્તે બૂમો પાડે નહિ, નખો વડે કેશલુંચન કરે નહિ. (૯૧) પૂર્વ સમૃદ્ધિઓથી ત્યાગ કરાયેલા સ્વાત્માને ક્યારેય અવમાને નહિ. ઐશ્વર્યમાંથી ભ્રષ્ટ થયેલા માટે જીવવાથી શું પ્રયોજન ? એમ પોતામાં તિરસ્કારબુદ્ધિ કરે નહિ. કેમ કે સદા ઉદ્યમશીલ જનો માટે લક્ષ્મી કે વિદ્યાઓ દુર્લભ નથી. (૯૨) હે માનદ ! સત્ય જ બોલે. સત્ય પણ અપ્રિય ન બોલે પરંતુ પ્રિય સત્ય બોલે. પ્રિય પણ અસત્ય ન બોલે - આ જ મહર્ષિઓએ આદર કરેલો ધર્મ છે. (૯૩) વસ્ત્ર વડે ગાળ્યા વિનાનું જળ કે દૂધ પીએ નહિ, મોટી ધારથી જળપાન કરે નહિ. ઊભો ઊભો જળ પીએ નહિ. ભોજનના અવસર વિના ડાબા હાથ વડે જળ પીએ નહિ. (૯૪) એક ખરીવાળી ઘોડીનું દૂધ, ઊંટડીનું દૂધ, ઘેટીનું દૂધ, ગાયનું નવું દૂધ (વત્સપ્રસવ પછી દશ દિવસ ન થયા હોય તેવું) પીવું નહિ. રાત્રે દહીંનું ભોજન વર્જ્ય માનેલું છે. (૯૫) ત્રૈવર્ણિક પુરુષે સર્વથા મદ્યપાન કરવું નહિ. માંસ ભક્ષણ કરવું નહિ કારણ કે જે માંસભક્ષણમાં નરકને પમાડનારી હિંસા રહેલી છે. (૯૬) જ્ઞાનહીન પુરુષ પોતાના દેહની પુષ્ટિ માટે પ્રાણીઓને હણે છે. આવા દુરાચારી પુરુષને આ લોક કે પરલોકમાં સુખ મળતું નથી. (૯૭) પ્રાણીઓને મારનારો, અનુમોદન આપનારો, પકાવનારો, ખાનારો, ખરીદનારો, વેચનારો, ઉપાડીને ખરીદનાર માલિકને ત્યાં લઈ જનારો અને વેચવા માટે મરાવનારો - આ આઠ હિંસાદોષથી લેખાય છે. (૯૮) લીલા વાલ, પાપડી, લીલી તુવેર, તેમજ લીલા વટાણાની શીંગો વગેરે ફોતરા સાથે શેકેલી કે ઊંધીયું બનાવેલી હોય તે પુરુષ કે સ્ત્રીઓએ ખાવી નહિ. કેમકે તેમાં સૂક્ષ્મ જંતુઓના નાશનો સંભવ છે. (૯૯) તીર્થસ્થળોમાં પણ સ્વર્ગની કામનાથી આત્મઘાત ક્યારેય પણ ગૃહસ્થ ન જ કરે. વળી ક્રોધથી કે ઝેર ખાઈને કે ગળે ટૂંપો ખાઈને પણ આત્મઘાત ક્યારેય ન કરે. (૧૦૦) બ્રાહ્મણ મળે ત્યારે કુશળ પૂછે, ક્ષત્રિયને મળીને આરોગ્ય પૂછે, વૈશ્યને મળીને સુખ સમાચાર પૂછે અને શૂદ્ર મળે ત્યારે સંતોષ જ પૂછે. (૧૦૧) ચાડિયાપણું, પરદારાસંગ, ક્રોધ, દ્રોહ, ચોરી, દ્વેષ, દંભ, કપટ-આ બધાનો બુદ્ધિમાન પુરુષ દૂરથી ત્યાગ કરે. (૧૦૨) પોતાનું જન્મનક્ષત્ર, મૈથુન, મંત્ર, પોતાના ઘરમાં રહેલ જન સંબંધી અયોગ્યાચરણ આદિ ગૃહછિદ્ર, પરકૃત ઠગાઈ, પોતાનું આયુષ્ય, ધન, કોઈએ કરેલું પોતાનું આપમાન અને સ્ત્રી આ બધી વસ્તુઓ સારી રીતે ગુપ્ત રાખે. (૧૦૩) વેદ, બ્રાહ્મણ, દેવો, રાજા, સાધુ, તપસ્વી અને પતિવ્રતા સ્ત્રીઓની ક્યારેય નિન્દા ન કરે. (૧૦૪) મનુષ્યની સ્તુતિ ન કરે, પોતાને અપમાનિત ન કરે. મનોવેગ, વાણીવેગ અને જિહ્વાના વેગનો ત્યાગ કરે. (૧૦૫) કોઈપણ માણસને મોટું કષ્ટ આવી પડે ત્યારે જે ધન આપ્યું હોય તે આ લોક અને પરલોકમાં અનંત ગણા ફળવાળું થાય છે. (૧૦૬) જે પુરુષ માબાપ વગરના નિરાધાર પુરુષને ધનસંપત્તિ વડે યજ્ઞોપવીત અને વિવાહ આદિ વડે સંસ્કાર કરાવે તે પુરુષ સર્વોત્કૃષ્ટ શ્રેયને પામે છે. (૧૦૭) એક જ પુરુષને દ્વિજોચિત્ત સંસ્કાર કરાવવાથી મનુષ્ય જે શ્રેય પામે છે તેને અગ્નિહોત્રો કે અગ્નિષ્ટોમાદિ યજ્ઞો વડે પણ પ્રાપ્ત કરાતું નથી. (૧૦૮) જે પુરુષ પોતાના પૈસે અનાથ વિપ્રનો વિવાહ કરાવી ધર્મનિષ્ઠ આપે છે તે આ લોકમાં પરમ સુખને પામે છે. અને પરલોકમાં અક્ષય સ્વર્ગને પામે છે. (૧૦૯) સારા રાજ્યમાં નિવાસ કરે. સુમિત્રમાં મિત્રભાવ કરે.

પાતિવ્રત્યપરાયણ સ્ત્રીમાં પ્રીતિવાળો થઈ ઘરમાં વસે અને ઉત્તમ શિષ્યને એકાંતમાં ઉપદેશ આપે. (૧૧૦) હે વિપ્ર ! કુરાજાના રાજ્યમાં વસનારાને નિર્ણયપણું ક્યાંથી હોય ? કુમિત્રની સાથે મૈત્રી કરનારાને પોતાનું હિત ક્યાંથી થાય ? કુભાર્યા સાથે ઘરમાં વસનારાને સુખ ક્યાંથી આવે ? કુશિષ્યને બોધ કરનારાને સુખ ક્યાંથી મળે ? દુઃખ જ અંતે મળે (૧૧૧)

ઈતિશ્રી સત્સંગીજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં સદાચારનિરૂપણમાં ત્યાજ્ય અને ગ્રાહ્ય કર્મનિરૂપણ નામનો ઓગણીસમો અધ્યાય થયો. ॥૧૯॥

●

## અધ્યાય-૨૦

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્ર ! ખરાબ સ્વપ્ન આવે, દુર્જનનો સ્પર્શ થઈ જાય, મુંડન અને મૈથુન કર્મ કર્યા પછી, અને મડદાનો સ્પર્શ થાય ત્યારે તત્ક્ષણ જ સ્નાન કરે. (૧) વેદબાહ્ય મત જૈન બૌદ્ધિકોના સ્પર્શમાં અને નાસ્તિક-ચાર્વાકના સ્પર્શમાં સ્નાન કરે. સ્નાન કરીને સૂર્યના દર્શન કરે અને હરિનામોનો જપ કરે. (૨) શિશુને રજસ્વલાનો સ્પર્શ થાય તો તેને પાણીની છાંટ નાખવાનું કહ્યું છે, બાળકને સ્પર્શ થાય તો આચમન કહ્યું છે અને કુમારને માટે સ્નાન જ કહ્યું છે. (૩) અન્નપ્રાશન સંસ્કાર પહેલાં શિશુ જાણવો. ચૌલ સંસ્કારથી પહેલાં બાલ જાણવો ને ઉપવીત સંસ્કાર પર્યંત કુમાર જાણવો. (૪) ખળામાં કે ખેતરમાં રહેલું ધાન્ય; કૂવો-વાવ-તળાવ વગેરેમાં રહેલું જળ અને ગોસ્થાનમાં રહેલું દૂધ અસ્પૃશ્યજને સ્પર્શ કરેલું હોય તો પણ ગ્રહણ કરવા યોગ્ય જાણવું. (૫) જળ, સાથવો, શેકેલું ધાન્ય, દહીં, છાશ, ઘી, દૂધ, આ બધું શૂદ્રના હાથનું પણ દ્વિજે ગ્રહણ કરી શકાય છે એમ મનુ મહારાજે કહ્યું છે. (૬) ધોબીના હાથમાં રહેલું ધોયેલું વસ્ત્ર, દુકાનમાં વેચવા માટે ટોપલામાં ભરી મૂકેલું અનાજ, તેમજ માધુકરી વૃત્તિથી મળેલું પકવાન્ન તે સર્વ જળપ્રોક્ષણ માત્રથી શુદ્ધ થાય છે. જો કે ભિક્ષાન્ન જો અસ્પૃશ્ય ચાંડાળાદિકનો સાક્ષાત્ સ્પર્શ પામેલું હોય તો જળ પ્રોક્ષણથી શુદ્ધ ન થાય. (૭) અંત્યજોનાં સ્પર્શવાળાં ધાન્યોની શુદ્ધિ વાયુથી થાય છે. ઘી વગેરેની અગ્નિથી શુદ્ધિ થાય છે, હાથીના દાંત અને મૃગચર્મની શુદ્ધિ પણ કાળ નિર્ગમન થતાં થાય છે. (૮) યજ્ઞપાત્રોની શુદ્ધિ ગરમ જળ વડે થાય. પીઠ, બાજોઠ વગેરે કાષ્ઠની - સૂતરના તંતુઓની અને સુતરાઉ વસ્ત્રોની શુદ્ધિ જળ વડે થાય. (૯) નાના જળાશયમાં ચોમાસામાં આવેલું નવું જળ ત્રણ દિવસે શુદ્ધ થાય. મોટા જળાશયમાં દસ દિવસે શુદ્ધ થાય. કૂવો કે વાવ આદિ જળ માટે બીજી કોઈ ગતિ જ ન હોય તો તે જળાશયનું જળ એક દિવસના અંતરે શુદ્ધ જાણવું. (૧૦) જૂના લીંપણને ઉખાડી નાખી જળ છાંટી અને ફરી લીંપવાથી ગૃહની શુદ્ધિ થાય. અપવિત્ર પદાર્થના લેખનવાળું પાત્રાદિ મૃત્તિકા અને જળ વડે ગંધ કાઢી નાખવાથી શુદ્ધ થાય. (૧૧) કામળી, રેશમી વસ્ત્રો, પર્વતના બકરાના વાળમાંથી બનાવેલો કામળો, વલ્કલ, અતસીના સૂત્રથી બનાવેલ વસ્ત્રો, બહુમૂલ્ય વસ્ત્રો આ બધાં વાયુ તડકામાં શોષણ અને પ્રેક્ષણથી જ શુદ્ધ થાય છે. (૧૨) તળાઈ, ઓશીકું, કસુંબાદિ રંગથી રંગેલાં વસ્ત્રો થોડી વાર તડકામાં તપાવી હાથ વડે વારે વારે માર્જન કરી પછી જળપ્રેક્ષણ કરવાથી શુદ્ધ થાય.

વધારે મલિનતાને પામ્યાં હોય તો જળ વડે શુદ્ધ કરવાં જોઈએ. (૧૩-૧૪) તાંબાના પાત્રની શુદ્ધિ ખટાઈથી થાય, કલઈ-સીસાની શુદ્ધિ ક્ષારથી થાય, કાંસાની શુદ્ધિ ભસ્મ જળથી થાય અને પિત્તળની શુદ્ધિ મૃત્તિકા જળથી થાય (૧૫) કાંસાનું પાત્ર મદ્યથી લિપ્ત ન થયું હોય તો ભસ્મથી શુદ્ધ થાય પરંતુ સુરા-મૂત્ર-વિષ્ટા વગેરેથી અપવિત્ર થયું હોય તો છોલી નાખવાથી શુદ્ધ થાય. (૧૬) તાંબાનું પાત્ર માંસાદિથી અપવિત્ર ન થયું હોય તો આંબલી વગેરેથી શુદ્ધ થાય પરંતુ માંસથી લિપ્ત થયું હોય તો અગ્નિમાં તપાવવાથી શુદ્ધ થાય. (૧૭) કાંસાનાં પાત્ર ગાયે સૂંઘેલાં હોય, ચાંડાળે સ્પર્શેલાં હોય અથવા શૂદ્રોના ઉચ્છિષ્ટ હોય તે દશ પ્રકારના ક્ષારો વડે શુદ્ધ થાય છે. (૧૮) મોટો અન્ન સમૂહ કૂતરાદિના સ્પર્શથી દૂષિત થયો હોય તો જેટલો ભાગ સૂંઘી સ્પર્શી દૂષિત કર્યો હોય તેટલો આગળનો ભાગ કાઢી ત્યાગ કરી બાકીનો જળપ્રોક્ષણથી શુદ્ધ થાય છે. (૧૯) રજ, અગ્નિ, અશ્વ, ગાય, વૃક્ષની છાયા, સૂર્યાદિનાં કિરણો, હિમજળબિંદુઓ, પૃથ્વી, વાયુ, નદીનું વહેતું જળ, મક્ષિકાઓ અને ગોવત્સ વગેરે ચાંડાળાદિના સ્પર્શથી દૂષિત થતાં નથી. (૨૦) દર્ભો, કાળિયાર મૃગચર્મ, મંત્ર, ગાયો, અગ્નિ, બ્રાહ્મણો અને તલ આટલાં અપવિત્રપણાને પામતા નથી માટે એકવાર ઉપયોગમાં લીધા હોય તોપણ તે તે કર્મમાં ફરી ફરી ઉપયોગમાં લેવા (૨૧) પિંડોમાં મૂકેલા દર્ભો નિર્માલ્ય દોષને પામે છે. બ્રાહ્મણો પ્રેતભોજનમાં નિર્માલ્યતાને પામે છે. શૂદ્રોમાં મંત્ર નિર્માલ્ય થાય છે અને સંન્યાસીઓમાં અગ્નિ નિર્માલ્યતાને પામે છે. (એટલે ઉપયોગને અયોગ્ય છે.) (૨૨) જળ વડે શરીરની શુદ્ધિ થાય છે. સત્યથી મન શુદ્ધ થાય છે; જીવાત્મા વિદ્યા અને તપથી શુદ્ધ થાય છે. બુદ્ધિ ભગવત્સ્વરૂપના જ્ઞાનથી શુદ્ધ થાય છે. (૨૩) જન્મ અને મરણ બન્ને પ્રકારના આ શૌચ કહેતાં સૂતકની વર્ણાશ્રમને ઉચિત મહર્ષિસંમત એવી શુદ્ધિ હું તમોને સંક્ષેપથી કહીશ. (૨૪) પુત્રનો જન્મ થતાં પિતા વસ્ત્ર સહિત સ્નાન કરે. જન્મનું સૂતક દસ રાત્રિ દિવસ પર્યંત લાગે છે. તે સૂતકમાં સંધ્યાવંદન પૂજાદિ કર્મ ન કરવું જોઈએ. (૨૫) પુત્રને જન્મ આપનાર માતા એકવીસ દિવસે શુદ્ધ થાય અને કન્યાની માતા એક મહિને શુદ્ધ થાય તેમ નિશ્ચિત જાણો. (૨૬) (સાત પેઢી સુધી સપિંડક કહેવાય છે. એવા) સર્વ સપિંડોને દશ અહોરાત્ર સૂતક માનેલું છે. (આઠમી પેઢીને આરંભીને ચૌદમી પેઢી સુધીનાને સોદક સમજવા) સર્વ સોદકોને ત્રણ અહોરાત્ર સૂતક મુનિજનોએ કહેલું છે. (૨૭) જન્માશૌચમાં સૂતિકા નારીને ત્યાગ કરીને બીજા સપિંડોને પરસ્પર સ્પર્શ કરવાનો નિષેધ નથી. સૂતિકા સ્ત્રીના સ્પર્શમાં તો સ્નાન કરવું જ જોઈએ. (૨૮) પુત્રજન્મમાં પિતાને પ્રથમ, છઠ્ઠા અને દસમા દિવસે સૂતક લાગતું નથી. આથી પિતા પુત્રનો જન્મ થતાં જાત કર્માદિને કરે અને ગાયો, ભૂમિ સુવર્ણાદિકનું દાન કરે. તે સમયે દાન લેનારને પણ દોષ નથી. (૨૯-૩૦) જન્મ પછીના દસ દિવસથી મધ્યે પુત્રનું મૃત્યુ થાય તો તે સૂતક માતાને પૂરા દશ દિવસ પર્યંત લાગે અને પિતા કે ભાઈ કે સપિંડોને ત્રણ દિવસ પર્યંત જ સૂતક લાગે. (૩૧) હવે મરણસૂતક કહે છે : સપિંડોને મરણસૂતક દસ અહોરાત્રનું લાગે છે અને સર્વ સોદકોને ત્રણ અહોરાત્રનું મુનિજનોએ કહેલું છે. (૩૨) દશ દિવસના મધ્યે જ જો બાળક મૃત્યુ પામે તો તે બાળકનું બાંધવોએ શબાશૌચ ન પાળવું. ત્યારે તેઓએ પ્રસવાશૌચ જ પાળવાનું જાણવું. (૩૩)

નામકરણ પછી અને દાંતની ઉત્પત્તિ પહેલાં જ બાળ જો મરણ પામે તો સપિંડોને સ્નાનમાત્ર વિધાન છે. દાંતોની ઉત્પત્તિ પછી અને ત્રીજું વર્ષ જે દાહકાળ તેથી પહેલાં જો બાળક મૃત્યુ પામે તો એક દિવસનું સૂતક પાળવાનું જાણવું. (૩૪) બ્રાહ્મણને દશ દિવસનું, ક્ષત્રિયને બાર દિવસનું, વૈશ્યને પંદર દિવસનું અને શૂદ્રને ત્રીશ દિવસનું આશૌચ-સૂતક કહેવાય છે. (૩૫) સામાન્યપણે ચાતુર્વર્ણને દશ અહોરાત્રનું આશૌચ કહેલું છે અને આપત્કાળમાં તો દસ દિવસનો પણ નિયમ નથી. (૩૬) આચાર્ય મરણ પામતાં ત્રણ દિવસ આશૌચ પાળવાનું ઋષિઓ કહે છે. તથા માતામહ, દીકરીનો પુત્ર અથવા સ્વકીય યજમાન બહેનનો પુત્ર મૃત્યુ પામે ત્યારે ત્રણ દિવસનું સૂતક સમજવું (૩૭) મામા કે મામી, સાસુ કે સસરો, જમાઈ કે બહેન આટલાનું સ્વગૃહે મરણ થાય તો ત્રણ દિવસનું સૂતક જાણવું. (૩૮) અને અન્યત્ર મરણમાં તો પક્ષિણી કહેતાં પૂર્વાપર દિવસોથી યુક્ત એક રાત્રિ અશુદ્ધિ કહેલી છે તથા ફોઈ, માસી, સાળો, ઉત્તમ મિત્ર અને શિષ્ય મૃત્યુ પામે ત્યારે પક્ષિણી આશૌચ કહેલું છે. (૩૯) પોતાના દેશના અધિપતિ કે પોતાના ગામના અધિપતિના મૃત્યુમાં એક અહોરાત્ર સૂતક કહેવાય છે સ્વલ્પ સંબંધીજનના મૃત્યુમાં વસ્ત્રોસહિત સ્નાનથી શુદ્ધિ કહેલી છે. (૪૦) રાત્રિમાં મરણ થયેલું હોય તો રાત્રિના ત્રણ વિભાગ કરી ગણતાં પૂર્વના બે ભાગમાં મરણ કે જન્મ થાય તો પૂર્વ દિન લેવો અને ત્રીજા છેલ્લા ભાગમાં થાય તો સૂતકમાં ઉત્તર દિવસ લેવો. (૪૧) કેટલાક પંડિતોના મતે અર્ધ રાત્રિથી પહેલાં જો જન્મ કે મરણ થાય તો પૂર્વ દિવસ લેવો અને અર્ધરાત્રિ પછી થાય તો પરદિન લેવો. બીજા કોઈ વળી સૂર્યોદય પહેલાં મરણ થાય તો પૂર્વ-દિન અને સૂર્યોદય પછી જન્મ કે મરણ થાય તે પરદિન લેવો એમ કહે છે. (૪૨) સાગ્નિક કહેતાં આવસથ્ય આદિ અગ્નિના પરિગ્રહવાળો મરણ પામે તો તેના દાહદિવસને આરંભીને સૂતકના દિવસની સંખ્યા સમજવી અને નિરગ્નિ મરણ પામતાં તેના મરણદિનથી આરંભીને સૂતકના દિવસોની સંખ્યા જાણવી. (૪૩) જન્મસૂતકની દસ દિવસ પછી જાણ થાય તો ફરી સૂતક લાગતું નથી. પરંતુ હે દ્વિજોત્તમ ! મરણસૂતકમાં દસ દિવસ પછી જાણવામાં આવે તો આ વ્યવસ્થા છે તેનું નિરૂપણ કરું છું. (૪૪) દસ દિવસ વ્યતીત થયા પછી જો મરણ જાણવામાં આવે તો ત્રણ માસની સમાપ્તિ સુધી ત્રણ દિવસનું સૂતક પાળવું, ચોથા માસથી આરંભીને છ માસની સમાપ્તિ સુધી પક્ષિણી (દોઢ દિવસ) સૂતક પાળવું. સાતમા માસથી આરંભી નવમા માસની સમાપ્તિ સુધીમાં જાણવામાં આવે તો એક અહોરાત્ર સૂતક જાણવું અને દસમા માસથી આરંભીને સ્નાનથી શુદ્ધ થાય છે. (આ એક જ દેશમાં મરણ વિષયવાળું જાણવું.) (૪૫) કેટલાક મહર્ષિઓ દેશાંતરમાં મરણ સાંભળતાં સ્નાનમાત્રથી શુદ્ધિને કહે છે. સંન્યાસી કે વાનપ્રસ્થના મૃત્યુમાં પણ તેના ગોત્રિઓ સ્નાનથી શુદ્ધ થાય છે. (૪૬) જ્યાં ગંગાદિ મહાનદીનું વ્યવધાન હોય અથવા જ્યાં પર્વતનું વ્યવધાન હોય અથવા જે દેશમાં લોકોની ભાષા બદલાઈ જતી હોય તે દેશાંતર કહેવાય છે. (૪૭) સ્વદેશ હોય કે પરદેશ હોય, સંવત્સરથી આગળ ઉપર પણ ખબર પડે તો માતા, પિતા, ભાર્યા કે પિતાનું સૂતક તેમના સપિંડ સંબંધી જનોને પૂરેપૂરું દસ દિવસનું લાગે છે. (૪૮) યુદ્ધમાં મરાયેલાનું સૂતક લાગતું નથી. ગો-બ્રાહ્મણ રક્ષણાર્થે મરેલાનું સૂતક નથી. જે સાવધાનપણે

સ્વેચ્છાથી દુર્મરણ (શસ્ત્ર, જળ, કૂપપતન વગેરેથી) પામેલા હોય તેનું સૂતક લાગતું નથી. (૪૯) જો જન્મસૂતક મધ્યે બીજું જન્મસૂતક આવી પડે તથા મરણસૂતક વચ્ચે બીજું મરણસૂતક આવી પડે તો બન્ને પ્રકારના સૂતકમાં પૂર્વ સૂતકના બાકી રહેલા દિવસોમાં જ શુદ્ધિ થાય અને પછીના સૂતકનું વર્જન થાય (૫૦) ચાલુ સૂતકના દશમા દિવસે બીજું દસ દિવસનું સૂતક આવે અને દસમા દિવસની માત્ર રાત્રિ બાકી રહી હોય તો તે દસમા દિવસ થકી અધિક બીજા બે દિવસ સૂતક પાળવાથી શુદ્ધ થાય. જો દસમા દિનની રાત્રિનો છેલ્લો પહોર માત્ર બાકી હોય તો કેવળ અધિક ત્રણ દિવસ સૂતક પાળવાથી શુદ્ધ થાય. (૫૧) મરણસૂતક આવેલું હોય અને તેમાં જન્મસૂતક આવી પડે તો તે મરણસૂતકથી જન્મસૂતક ટળી જાય. પરંતુ જન્મસૂતકની મધ્યે મરણસૂતક આવી પડે તો પણ મરણસૂતક જન્મસૂતકથી ટળી શકે નહિ. અર્થાત્ જન્મસૂતકના અવશેષથી મરણસૂતકની શુદ્ધિ ન થાય. (૫૨) સ્વલ્પ આશૌચ અર્થાત્ ત્રણ દિનના સૂતક દરમિયાન દીર્ઘાશૌચ અર્થાત્ દસ દિવસનું સૂતક આવે તો અગાઉનું નાનું સૂતક સમાપ્ત થવાથી શુદ્ધિ ન થાય પરંતુ દસ દિવસથી જ શુદ્ધિ થાય (૫૩) હે દ્વિજ ! પોતાના દસ દિવસના સૂતકમાં બીજું સૂતક આવી જાય તો પણ પુત્ર કે ભાઈ વગેરેએ યથાકાલ અને યથાક્રમ નવ શ્રાદ્ધો આપવા જોઈએ. (અશુચિપણાની શંકા ન કરવી.) (૫૪) આ માટે બીજા સૂતકથી અપવિત્ર એવો પુત્ર પિત્રાદિકના અગિયારમા દિવસે આદ્ય શ્રાદ્ધ કરે જ. શ્રાદ્ધકર્તાની શ્રાદ્ધકરણકાળમાં તાત્કાલિક શુદ્ધિ છે જ. ત્યારપછી શ્રાદ્ધકર્તા ફરીથી અશુદ્ધ થાય છે. (૫૫) હે સન્મતે ! ઋષિજનોએ સૂતક આશૌચ વિસ્તાર બહુ પ્રકારે કહેલો છે. આથી બીજો વિશેષ તો આર્ષગ્રંથો થકી જાણવો. (૫૬) હે સુવ્રત ! નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, વાનપ્રસ્થો, સંન્યાસીઓ અને ઉપકુર્ણાવક બ્રહ્મચારીઓને જન્માશૌચ મરણશૌચ લાગતું નથી એમ સત્પુરુષોએ કહેલું છે. (૫૭) આથી તે નૈષ્ઠિક બ્રહ્મચારી વગેરે માતા,પિતા અને ગુરુનું મરણ સાંભળી વસ્ત્રો સહિત સ્નાન કરે. તે સિવાય અન્યનું મરણ સાંભળીને ક્યારેય સચૈલ સ્નાન ન કરે. (૫૮) વ્રત, યજ્ઞ, વિવાહ, જપ, શ્રાદ્ધ અને હોમ આ બધું આરંભ થઈ ગયું હોય અને વચ્ચે સૂતક આવે તો તે લાગતું નથી. વ્રતાદિના આરંભ પહેલાં સૂતક આવી પડે તો તે પાળવું જ જોઈએ. (૫૯) યજ્ઞમાં બ્રાહ્મણનું વરણ તે પ્રારંભ કહેવાય વ્રત-સત્રમાં સંકલ્પ કરવો તે પ્રારંભ કહ્યો છે. વિવાહાદિકમાં નાંદીશ્રાદ્ધ પ્રારંભ જાણવો અને શ્રાદ્ધમાં રસોઈની બધી ક્રિયા તે પ્રારંભ છે. (આમા સૂતક નથી એમ જાણવું.) (૬૦) સૂતક ચાલુ હોય અને સાંવત્સરિક શ્રાદ્ધ આવે તો પંડિતજનોએ તે શ્રાદ્ધ સૂતકના અંતે અથવા અમાસના દિવસે યથાવિધિ કરવું જોઈએ. (૬૧) આપત્કાળ પામેલા ચારેવર્ણના સર્વજનોને સૂતક છે જ નહિ. પરંતુ સ્વસ્થકાળમાં આ સર્વ સૂતક પાળવાનું છે. (૬૨) સૂતકમાં સંધ્યાવંદનાદિ સર્વ નિત્યકર્મોનો ત્યાગ કહેલો છે પરંતુ પ્રારંભ કરી દીધેલાં જાતેષ્ટિ આદિ નૈમિત્તિક કર્મો તો યથાવિધિ કરવાં જ. (૬૩) સૂતકમાં બ્રાહ્મણ દર્ભ અને જળથી રહિત માનસી સંધ્યા કરે અને વિપ્ર દસ દિવસ વૈશ્વદેવ રહિત રહે. (૬૪) આગ્નિહોત્રાદિ શ્રૌત કર્મમાં સ્નાન કરી તત્કાળ કહેતાં હોમ પર્યંત શુદ્ધિ પામે, હોમકાળ બાદ ફરી અશુદ્ધ થાય. સ્માર્ત કર્મ તો અન્ય વિપ્ર પાસે કરાવે. (૬૫) મીઠું, ફળ, પુષ્પ, શાક, કાષ્ઠ, ઘી, તેલ, દૂધ અને દુકાનમાં વેચવા માટે મૂકેલાં ગોળ-ધાન્યાદિમાં મરણસૂતકનો

દોષ નથી જ. (સૂતકીનું પણ તે ગ્રહણ કરવું.) (૬૬) રોગી જનને સ્નાનનો પ્રસંગ આવ્યો હોય ત્યારે તેના બદલામાં તંદુરસ્ત પુરુષ સ્નાન કરી કરીને દશવાર રોગીને સ્પર્શ કરે તો રોગી શુદ્ધ થાય છે. (૬૭) જ્વરપીડિત હોવાથી સ્નાન કરવા અસમર્થ એવી રજસ્વલા નારીને ચોથે દિવસે બીજી શુદ્ધ નારી સ્નાન કરી કરીને દશ વખત સ્પર્શ કરે તો, તે પણ શુદ્ધ થાય છે. (૬૮) રાજા, રાજપુરુષો, અન્નસત્રમાં પ્રવર્તેલા, વ્રતિજનો, વૈદ્ય, શિલ્પી, ચિત્રકાર, સુતાર વગેરે સ્નાન કરીને તત્ક્ષણ પોતપોતાનાં કાર્ય કરવામાં શુદ્ધ થાય છે. (૬૯)

**શ્રી હરિ કહે છે :**

હે દ્વિજ ! આ પ્રમાણે જન્મસૂતક અને મરણસૂતક મેં સંક્ષેપથી કહ્યું. તેવી જ રીતે ત્રીજું એક રાહુ સૂતક જાણવું. (૭૦) સર્વ વર્ણોને રાહુદર્શનમાં સૂતક લાગે છે. ગ્રહણના આરંભમાં સ્નાન કરીને જપાદિ કર્મો કરવાં. પ્રથમ રાધેલું અન્ન ગ્રહણ સમયે રહ્યું હોય તો તે અપવિત્ર હોઈને ત્યાજ્ય છે. (૭૧) અથાણું, દૂધ, છાશ, દહીં તથા તેલ કે ઘીમાં પકાવેલ અન્ન, માણ કે ગાગરમાં ભરેલ જળ આ બધું તલ અને દર્ભ નાખવાથી ગ્રહણ સમયે દૂષિત થતું નથી. (અહીં જળમાં દોષાભાવ કહ્યો.) તે આપત્કાળ કે ગંગાજળ માટે જાણવો. (૭૨) સૂર્યગ્રહણ થવાનું હોય ત્યારે પ્રથમ ચાર પહોર ભોજન ન કરે. ચંદ્રગ્રહણમાં પૂર્વ ત્રણ પહોર ભોજન ન કરે. (આમાં બાળ, વૃદ્ધ અને રોગાતુરને અપવાદ ગણવા) સૂર્યનો ગ્રસ્તોદય હોય તો પ્રથમ રાત્રિના ચાર પ્રહર ભોજન ન કરે. અને ચંદ્રનો ગ્રસ્તોદય થાય તો પ્રથમ દિને ભોજન ન કરે. (૭૪) સૂર્ય જો ગ્રસ્ત થયેલો અસ્ત થાય તો અહોરાત્ર ઉપવાસ કરવો અને બીજા દિવસે સૂર્યદર્શન કરી ભોજન કરવું. (૭૫) ચંદ્ર જો ગ્રસ્ત થયેલો અસ્ત પામે તો અમુક સમયે મુક્તિ થશે એમ નિશ્ચય જાણી સ્નાનહોમાદિ પુણ્ય કાર્ય કરે અને ફરી જ્યારે ચંદ્રોદય થાય ત્યારે ભોજન કરે. (૭૬) બાલ, વૃદ્ધ અને રોગાતુરોને ભોજનાદિમાં સૂર્યચંદ્રના ગ્રહણથી પહેલાં એક પ્રહર વર્જ્ય ગણવો. (૭૭) જે સૂર્યચંદ્રગ્રહણ સમયે અજ્ઞાનથી ભોજન કરે છે તે નરાધમ પ્રાજાપત્ય વ્રતથી શુદ્ધ થાય છે. જે વેધકાળમાં જમે છે તે ત્રણ દિવસના ઉપવાસથી શુદ્ધ થાય. (૭૮) રવિવારે સૂર્યગ્રહણ કે સોમવારે ચંદ્રગ્રહણ આવે તો તે પુણ્યવૃદ્ધિ કરનારો ચૂડામણિ નામનો પ્રસિદ્ધ યોગ જાણવો. (૭૯) બીજા વારોમાં સૂર્ય કે ચંદ્ર ગ્રહણમાં જે પુણ્ય કહેલું છે તે પુણ્ય ચૂડામણિ નામના યોગમાં કોટિ ગણું અધિક કહેલું છે. (૮૦) ગ્રહણના પ્રારંભે સ્નાન કહેલું છે. ગ્રસ્ત થતાં હોમ દેવાર્ચનાદિ કરવું, મુકાવા માંડતાં દાન કરવું, મુક્ત થતાં શુદ્ધિ સ્નાન કરવું. (૮૧) જે પુરુષ ગ્રહણ સૂતકમાં મુક્તિ થયા બાદ સ્નાન ન કરે તે પુરુષ જ્યાં સુધી બીજું ગ્રહણ ન થાય ત્યાં સુધી સૂતકી કહેવાય. (૮૨) ગરમ જળ કરતાં શીતોદક પવિત્ર છે. પારકા જળ કરતાં પોતાનું જળ પવિત્ર છે. કૂવામાંથી કાઢેલા જળ કરતાં તળાવમાં રહેલું જળ પવિત્ર છે. તળાવના જળ કરતાં ગિરિઝરણાનુ જળ શ્રેષ્ઠ છે. (૮૩) ઝરણાનાં જળ કરતાં સરોવરનું જળ પવિત્ર છે, અને તેનાં કરતાં નદીનું જળ પવિત્ર છે અને સામાન્ય કરતાં ગંગાદિ નદીનું જળ પવિત્ર છે, અને તેના કરતાં પણ સમુદ્રનું જળ ખૂબ જ પુણ્યકારી છે. (૮૪) પોતાની શુદ્ધિ માટે યથાયોગ્ય સ્નાન કરવું તથા ગાય, ભૂમિ, સોનું, તલ વગેરેનું યથાશક્તિ દાન આપવું. (૮૫) ભૂમિદાન આપનારો મંડલાધીશ થાય,

અન્નદાન આપનારો સર્વ લોકોમાં ખૂબ સુખી થાય. અને પૃથ્વી ઉપર કીર્તિવાળો થાય. રૂપાનો દાન આપનારો રૂપવાન થાય. (૮૬) દીપદાતા નિર્મળ આંખવાળો થાય, ગોદાતા સ્વર્ગલોકગામી થાય અને સુવર્ણદાતા દીર્ઘાયુ થાય અને તલનું દાન આપનારો ઉત્તમ પ્રજાવાળો થાય. (૮૭) ઘરનું દાન આપનારો ખૂબ ઊંચા મહેલવાળો થાય, વસ્ત્રદાતા ચંદ્રલોકને પામે, અશ્વદાતા દિવ્ય વાહનવાળો થાય, બળદ આપનારો લક્ષ્મીવાળો થાય. (૮૮) પાલખી અને ઉત્તમ પલંગનું દાન આપનારો પતિવ્રતા ભાર્યાએ સંપન્ન થાય છે માટે યથાશક્તિ શ્રદ્ધાપૂર્વક અગાઉ કહેલું દાન આપવું. (૮૯) જે શ્રદ્ધાથી દાન કરે છે અને શ્રદ્ધાથી દાન સ્વીકારે છે તે બન્ને સ્વર્ગમાં વાસવાળા થાય. શ્રદ્ધાના અભાવમાં આપેલું અને સ્વીકારેલું દાન નિષ્ફળ થાય એ નિશ્ચિત વાત છે. (૯૦) જે પુરુષ સૂર્યચંદ્રના ગ્રહણમાં યથાવિધિ શ્રાદ્ધ કરે છે તે પુરુષ સમગ્ર પૃથ્વીનું દાન કરવાથી જે ફળ થાય તે ફળને નિશ્ચે પામે છે. (૯૧) ચંદ્રના ગ્રહણમાં રાત્રિ શ્રાદ્ધમાં દોષ નથી. સૂતકી પુરુષને પણ ગ્રહણમાં શ્રાદ્ધાદિ ક્રિયા કહેલી છે. (૯૨) આ પ્રકારે હે વિપ્ર ! મેં તમોને સદાચારવિધિ બતાવ્યો તે સર્વ ગૃહસ્થાશ્રમી જનોને સુખદાયક થાય છે. (૯૩)

**શ્રીહરિ કહે છે :**

હે દ્વિજેન્દ્ર ! તે આ સદાચારવિધિને જે પુરુષ શ્રદ્ધાભક્તિપૂર્વક નિત્ય આચરણ કરે તે પુરુષ આ લોકમાં ખૂબ જ શુદ્ધ કીર્તિને પામીને પરલોકમાં ભગવાનના દિવ્ય ગોલોકધામને પામે. (૯૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં સદાચાર પ્રકરણમાં શુદ્ધિવિધિનિરૂપણ નામનો વીશમો અધ્યાય થયો. ॥૨૦॥

●

## અધ્યાય-૨૧

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

ગૃહસ્થ પુરુષ નિયમ તત્પર થઈને યથાશક્તિ યથાસમય, સાધનસંપત્તિ અનુસાર વિધિપૂર્વક શ્રાદ્ધને કરે. (૧) મરેલા પોતાના પિત્રાદિકને કે અગ્નિષ્વાતાદિક પિતૃઓને ઉદ્દેશીને તેમની પ્રસન્નતા માટે ભોજન અને દાન શ્રદ્ધાપૂર્વક અપાય છે તેને શ્રાદ્ધ કહ્યું છે. (૨) નિયતપણે પ્રતિદિન કરવાનું નિત્યશ્રાદ્ધ, એકોદ્દિષ્ટ નૈમિત્તિક શ્રાદ્ધ, કામ્ય અને વૃદ્ધિશ્રાદ્ધ, સપિંડી કરણ શ્રાદ્ધ, ગોષ્ઠિશ્રાદ્ધ, અમાવાસ્યાદિ પર્વમાં કરાતું પાર્વણશ્રાદ્ધ, આઠમું શુદ્ધિ માટે કરાતું શુદ્ધિ શ્રાદ્ધ, નવમું કર્માંગ શ્રાદ્ધ, અને દસમું દેવોને ઉદ્દેશીને કરાતું દૈવિક શ્રાદ્ધ, શરીર પુષ્ટિ માટે કરાતું પૌષ્ટિક શ્રાદ્ધ અને દેશાંતરમાં જવા સમયે કરાતું યાત્રિક શ્રાદ્ધ; આમ બાર પ્રકારનાં શ્રાદ્ધો જાણવાં. (૩-૪) કેટલાક મુનિજનો એકોદ્દિષ્ટ (એક પિતાને જ ઉદ્દેશીને કરાય તે) પાર્વણ, વૃદ્ધિશ્રાદ્ધ અને સપિંડીકરણ આ રીતે ચાર પ્રકારનું શ્રાદ્ધ કહે છે. (૫) દક્ષિણાપ્રણવ દેશ અર્થાત્ દક્ષિણ દિશામાં કંઈક નમતા પ્રદેશમાં, પુષ્કરાદિ તીર્થોમાં તેમજ પોતાના ગૃહમાં તેમાં પણ વાળવું, લીપવું વગેરે ભૂમિસંસ્કારે યુક્ત સ્થાનમાં પ્રયત્નપૂર્વક શ્રાદ્ધને કરે. (૬) હે દ્વિજ ! જે સ્થાનમાં તુલસીના વનની છાયા હોય તે સ્થાને પિતૃઓની તૃપ્તિ માટે શ્રાદ્ધ કરવું જોઈએ. (૭) ગયાશિર નામના સ્થાનમાં જે પુરુષ સમડી

પત્રના પ્રમાણથી પિંડદાન આપે તે પુરુષ સાત ગોત્રોના એકસોએક કુલો કહેતાં પુરુષોને તારે છે. (પિતા, માતા, ભાર્યા, બહેન, દીકરી, ફોઈ અને માસી આ સાત ગોત્રો કહેવાય છે) વિદ્વાન પુરુષ મ્લેચ્છ દેશમાં તથા રાત્રિમાં કે સંધ્યાકાળે, બ્રાહ્મણ રહિત થકો શ્રાદ્ધ ન કરે. તથા અંતરિક્ષ દેશ અર્થાત્ મેડા ઉપર શ્રાદ્ધ કદાપિ ન કરે. (૯) દેશકાળની અનુકૂળતા અને શ્રાદ્ધ સંપત્તિ સારી હોય તો પોતાના પિતૃઓની તૃપ્તિ માટે ઋષિજનો છન્નુ શ્રાદ્ધો કરવાનું કહે છે. (૧૦) બાર અમાવાસ્યાઓ, ચૌદ મનુતિથિઓ, ચાર યુગાદિ તિથિઓ, બાર સંક્રાંતિપ્રવેશતિથિઓ, તેર વૈધૃતિયોગો, તેર વ્યતિપાતયોગો, મહાલય કહેતા ભાદરવા માસના બીજા પક્ષની પંદર અને એક આસો સુદ ૧ મળી સોળ તિથિઓ, આદ્યંતતિથિ સંયુક્ત કહેતાં સપ્તમી અને નવમી નામની પૂર્વાપર ચાર તિથિઓએ સહિત અષ્ટકાઓ કહેતાં હેમંતશિશિર ઋતુના અપરપક્ષની ચાર અષ્ટમીઓ મળીને બાર દિવસો -આ પ્રકારે દર વરસે શ્રાદ્ધદિવસો છન્નું થાય છે. (૧૧) ભાદરવા વદી તેરશના દિવસે મઘા નક્ષત્રમાં ચંદ્ર હોય અને હસ્ત નક્ષત્રમાં સૂર્ય હોય ત્યારે ગજચ્છાયા નામનો યોગ થાય તે ગજચ્છાયા યોગમાં કરેલ શ્રાદ્ધ મહાફળવાળું થાય. (૧૨) સમસ્ત ગંગા મહાનદીઓમાં અને ગયાશિર સિવાયના સર્વતીર્થોમાં શ્રાદ્ધ ધર્મને જાણનાર પુરુષ પિતા જીવતા હોય તો પણ શ્રાદ્ધ કરે. (૧૩) દર્શ પાર્વણ શ્રાદ્ધ, ગયાશ્રાદ્ધ, મહાલય શ્રાદ્ધ અને તિલતર્પણ જેનો પિતા જીવિત હોય તે પુરુષ ન કરે એમ પ્રતિષેધ કરેલ છે. (૧૪) ધર્મજ્ઞ પુરુષ તીર્થયાત્રાના પ્રસંગે ગયાજીમાં ગયો હોય તો ત્યાં તીર્થશ્રાદ્ધ કરે પરંતુ શ્રાદ્ધ કરવા નિમિત્તે ગયા જાય નહિ. (૧૫) વિવાહના આરંભમાં પુત્ર જન્મમાં પુત્રેષ્ટિ યાગમાં, સોમયાગમાં અને તીર્થમાં ગયે સતે અને શ્રોત્રિય બ્રાહ્મણ આગમન ટાણે-આ છ પ્રસંગે જીવિત હોવા છતાં શ્રાદ્ધ કરે. (૧૬) ભાદરવા માસના કૃષ્ણપક્ષના સોળ દિવસોમાં, ગયા શ્રાદ્ધે, વૃદ્ધિશ્રાદ્ધમાં, ચાર અષ્ટકો અને બીજા દિવસે આવતી ચાર નવમીઓ, બાર દેવોના સંબંધી શ્રાદ્ધ જાણવા, બાકી છ પુરુષના શ્રાદ્ધ જાણવા. (૧૭) મેષ અને તુલાના સંક્રમણમાં - ઉત્તરાયન અને દક્ષિણાયન, વૃષાદૌ, સૂર્યના સંક્રમણમાં મન્વાદિમાં અને યુગાદિમાં પિંડપ્રદાન થકી અન્ય શ્રાદ્ધકર્મ માત્ર કરવું. પિંડપ્રદાન ન કરવું. (૧૮) અન્વષ્ટકાઓ કહેતાં માઘ આદિ ચાર માસની વદી નવમી તિથિઓમાં, વૃદ્ધિશ્રાદ્ધમાં, ગયાશ્રાદ્ધમાં અને મરણતિથિશ્રાદ્ધમાં માતાનું અલગ સ્વતંત્રપણે શ્રાદ્ધ કરવું. અન્ય શ્રાદ્ધદિનોમાં તો પતિની સાથે જ કરવું પણ સ્વતંત્રપણે નહિ. (૧૯) સંધ્યાવંદનાદિ સ્વધર્મ નિષ્ઠાવાન અને વેદ શાસ્ત્રાર્થવેત્તા એવો જ બ્રાહ્મણ શ્રાદ્ધમાં ભોજનને યોગ્ય છે. દુરાચારવાળો બ્રાહ્મણ કદિ નહિ. (૨૦) જે વેદાધ્યયનવાળો, તપમાં નિષ્ઠાવાળો, અને સદાચારસંપન્ન હોય તેવા બ્રાહ્મણને વિદ્વાન પિતૃશ્રાદ્ધોમાં પ્રયત્નપૂર્વક પૂજે. (૨૧) માત્ર ગાયત્રી પરાયણ એવો પણ નિયમયુક્ત બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. અન્ય ચતુર્વેદી બ્રાહ્મણ નિયમ રહિત અને સર્વભક્ષી હોય તથા પાપ કર્મ કરનારો બ્રાહ્મણ શ્રાદ્ધમાં સ્વીકાર્ય નથી. (૨૨) તીર્થોમાં ક્યારેય બ્રાહ્મણની પરીક્ષા ન કરે. અન્નાર્થી પ્રાપ્ત થયેલો કોઈપણ બ્રાહ્મણ ભોજનને યોગ્ય છે એમ મનુ ભગવાને કહેલું છે. (૨૩) જો વિદ્યાદિ ગુણસંપન્ન બ્રાહ્મણ ન મળે તો માતામહાદિક પણ જો ગુણસંપન્ન હોય તો શ્રાદ્ધમાં પૂજનીય ગણવા. (૨૪) માતામહ (નાના), દૌહિત્ર (પુત્રીનો પુત્ર), ભાગિનેય (બહેનનો પુત્ર), મામો,

માસીનો પુત્ર, માસીના પુત્રનો પુત્ર, મામાનો પુત્ર, જમાઈ, સાસરો, સાળો, તેનો પુત્ર, યજ્ઞકર્તા વિપ્ર, ગુરુ (વેદ ભણાવનાર), ઉપાધ્યાય (વેદના એક દેશનો અધ્યાપક), આચાર્ય (ઉપવીત સંસ્કાર આપનાર), શ્રોત્રિય - વેદ ભણેલો - આ માતામહાદિ જો સુશીલ સદાચારી હોય તો જ શ્રાદ્ધમાં યોગ્ય છે. પરંતુ જો દુરાચારી હોય તો ત્યાગ કરવા યોગ્ય છે. (૨૫-૨૭) જે બ્રાહ્મણ યુગાનુસાર વિદ્યા-આચારાદિ ગુણે સંપન્ન હોય અને જો નિંદ્ય કર્મ કરનાર ન હોય તો શ્રાદ્ધકર્મમાં પૂજ્ય જાણવો. (૨૮) ભગવાનનો ભક્ત એવો ત્યાગીપુરુષ શ્રાદ્ધમાં જમે ત્યારે તો તે શ્રાદ્ધ સંપત્તિ વિના પણ પરિપૂર્ણ થઈ જાય. (૨૯) જે ગામમાં યતિઓ હોય તો તેની અવજ્ઞા કરીને જે જન શ્રાદ્ધમાં બીજાને જમાડે તો તે પિતૃઓને અર્પેલું અન્ન રાક્ષસોને પામે છે. (૩૦) દૈવકર્મમાં ઉત્તર ભાગમાં પૂર્વાભિમુખે રહેલા દ્વિજોને બેસાડે અને પ્રિયકર્મમાં પૂર્વભાગમાં ઉત્તરાભિમુખે બેસાડે. (૩૧) દૈવકર્મમાં બે બ્રાહ્મણો અને પિતૃ કર્મમાં ત્રણ બ્રાહ્મણોને જમાડે અથવા બન્ને કર્મમાં એક એક બ્રાહ્મણને જમાડે. ભલે સમૃદ્ધિવાન હોય તો પણ આથી વિશેષ વિસ્તાર કરવામાં આસક્ત ન થાય. (૩૨) કેમ કે વિસ્તારમાં જે પ્રવૃત્તિ છે તે સત્ક્રિયા, દેશ, કાળ, શૌચ, બ્રાહ્મણ આ પાંચની સંપત્તિ-ગુણોત્કર્ષનો નાશ કરે છે. વિસ્તારમાં પ્રવર્તેલાને આ પાંચની ગુણસંપત્તિ સિદ્ધ થાય જ નહિ. (૩૩) શ્રાદ્ધ ભૂમિમાં બ્રાહ્મણો જમવા બેસી ગયા હોય તોપણ બ્રહ્મચારી કે ભિક્ષુક ભોજન માટે આવી ચડે તો તેમને પણ યથેચ્છ ભોજન કરાવે. (૩૪) શ્રાદ્ધકર્તા પુરુષ, દાતણ, પાનબીડું, તૈલાભ્યંગ, ઉપવાસ, સ્ત્રીસંગ, ઔષધસેવન અને પરન્નભોજન - આ સાત કર્મોનો ત્યાગ કરે. (૩૫) શ્રાદ્ધ ભોજન કરનાર બીજીવાર ભોજન, ભારવહન, વૈદાધ્યયન, મૈથુન, દાન દેવું, દાન લેવું, હોમ - આ આઠ કર્મોનો ત્યાગ કરે. (૩૬) આવતે દિવસે કરવામાં આવનારા શ્રાદ્ધમાં જમનારો અને શ્રાદ્ધ કરનારો પુરુષ પૂર્વરાત્રિએ ભોજન અને ઋતુકાળમાં પણ મૈથુનકર્મનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરે. (૩૭) શ્રાદ્ધ કરીને કે શ્રાદ્ધ જમીને જે પુરુષ સ્ત્રીસંગ કરે તેના પિત્રિઓ તે માસમાં તેના વીર્યમાં સૂએ છે. (૩૮) અન્ન, દૂધ, ઘી, મધ અને સાકર વગેરે વડે તર્પણ કરેલા સર્વ પિતૃગણો સંપૂર્ણ તૃપ્તિને પામે છે. (૩૯) પુરાણોમાં કોઈ સ્થળે પિતૃઓને માંસ આપવાનું કહ્યું છે. અને વળી કોઈ સ્થળે તેનો નિષેધ કરેલો છે. આ અંગેનો નિર્ણય તમે સાંભળો, (૪૦) દેવતાઓ, અસુરો અને મનુષ્યોને સુખપ્રાપ્તિ માટે વેદને અનુસરીને જ પુરાણાદિ શાસ્ત્રસમૂહ બોધ કરે છે. (૪૧) શ્રાદ્ધપ્રાપ્તિની ઇચ્છા રાખનારા પિતૃઓ ત્રણ પ્રકારના છે. દેવો. દૈત્યો અને મનુષ્યો આ પ્રકારે તે બધા ભિન્ન ભિન્ન સ્થાનમાં નિવાસ કરનારા છે. (૪૨) ત્રણે પ્રકારના પિતૃઓમાં કેટલાક સત્ત્વગુણવાળા, કેટલાક રજોગુણવાળા અને કેટલાક તમોગુણવાળા પિતૃઓ છે. (૪૩) જે પિતૃઓમાં સત્ત્વગુણ હોય તે દેવો કહેલા છે. અને જેમાં રજોગુણ હોય તે મનુષ્યો કહેલા છે અને જેમાં તમોગુણ હોય તે દૈત્યો કહેલા છે. (૪૪) ઘઉંના અન્ન, જવ, ડાંગર, ઘી, દૂધ, સાકર અને ભાતભાતનાં પકવાન્નો સાત્ત્વિક દેવોને પ્રિય છે. (૪૫) કટુ, તીક્ષ્ણ, લવણ, ખાટું, ગરમ અને મુખાદિમાં દાહ કરનારું રાજસ પિતૃઓને રુચે છે. (૪૬) ઉચ્છિષ્ટ, નીરસ, દુર્ગંધવાળું, સંસ્કૃત કે અસંસ્કૃત એવા માંસો, મદ્ય, વાસી અને અપવિત્ર તામસોને રુચે છે. (૪૭) આ પ્રકારે દેવો પણ

ગુણભેદથી ત્રણ પ્રકારના જાણવા. અસુરો અને મનુષ્યો પણ ગુણભેદોથી ત્રણ પ્રકારના જાણવા. આ પ્રકારે ત્રણે લોકમાં ગુણભેદોથી ત્રિવિધપણું છે જ. (૪૮) એક એક સત્ત્વાદિ ગુણવાળા પણ સ્વભાવ કહેતાં તત્પરિણામોનું બહુપણું હોવાથી તથા રસેચ્છાનું પણ અનેકવિધપણું હોવાથી પિતૃ બહુ પ્રકારના છે. (૪૯) તે અનેક પ્રકાર મધ્યે રાજસ અને તામસ એવા પિતૃઓ પોતપોતાની રુચિને અનુસારે ભિન્ન ભિન્ન પશુઓના માંસની ઇચ્છા કરે છે; બીજા નથી ઇચ્છતા. (૫૦) સાત્ત્વિક પિતૃઓ તો ઋષિધાન્યો તથા સાકર અને ઘી સહિત દૂધપાકને ઇચ્છે છે. ક્યારેય માંસનો તો સંસર્ગ પણ નથી ઇચ્છતા. (૫૧) રાજસ અને તામસ પિતૃઓ પણ ઘી, દૂધપાક, માલપુવા, વડાં વગેરેથી તૃપ્ત થાય છે, તેઓ માંસ વડે કદી તૃપ્ત થતા નથી. (૫૨) આથી શ્રાદ્ધકર્તા પોતાના પિતૃઓના સ્વભાવ-ગુણ વગેરે જાણીને તેમને અભિપ્સિત જ આપે પરંતુ વગર વિચાર્યે માંસ તો ન જ આપે. (૫૩) પોતાના પિતૃ જેવા સત્ત્વાદિ ગુણયુક્ત હોય તેવો વિચાર કરીને જ પિતૃઓને અત્યંત પ્રીતિ કરે તેવા ગુણવાળું અન્ન આપે. (૫૪) રાજસ અને તામસ એવા પણ ક્યારેક સાત્ત્વિક સત્પુરુષોના સમાગમથી પોતાના દુષ્ટ સ્વભાવના ગુણોનો જરૂર ત્યાગ કરે છે. (૫૫) જેમ પૂર્વે મદ્ય-માંસનો ભક્ષણ કરનારો અને સ્રીઓનો સહચારી અજામિલ વૈષ્ણવ સાત્ત્વિક સંતોના સમાગમથી તામસભાવ (મદ્યમાંસ ભક્ષણાદિ)નો ત્યાગ કરતો હતો. (૫૬) તે હેતુ માટે વૈષ્ણવ જનોના સમાગમથી અજામિલ સાત્ત્વિકો મધ્યે ઉત્તમ પૃથ્વી ઉપર પ્રસિદ્ધ થયો હતો. બીજા પણ ઘણા દુષ્ટો સત્સંગથી સાધુવૃત્તિવાળા થઈ ગયા. (૫૭) આ રીતે આ લોકમાં જે માંસભક્ષી રાજસ અને તામસ પુરુષો છે તે સત્પુરુષોના સમાગમથી પરલોકમાં પણ સાત્ત્વિકપણાને પ્રાપ્ત થયેલા છે. (૫૮) તત્કાળ જ દુષ્ટ કર્મનો નાશ કરાવનારા પરોપકારી શીલવાળા શ્રી નારદાદિ સંતો ત્રણે લોકમાં ભ્રમણ કરે છે. (૫૯) પોતાના પિતૃઓ સત્સંગથી જો સાત્ત્વિકભાવને પામેલા હોય તો માંસ વડે શ્રાદ્ધ કેવળ પાપ કર્મ જ થાય. (૬૦) માંસભક્ષણથી નિવૃત્તિ પામેલા ને દિવ્ય લોકમાં રહેલા અને જેમને હવિષ્યાન્ન પ્રિય છે એવા પિતૃઓને ઉદ્દેશી જે પુરુષ માંસ આપે તે પોતાના પિતૃઓનો હત્યારો થાય. (૬૧) પ્રથમ પોતાને પશુનો દ્રોહ કહેતાં મારવાની ઇચ્છા થાય, તે શ્રાદ્ધથી પિતૃઓનો દ્રોહ થાય, કુળમાં પોતે પાપ સ્થાપ્યું તેથી કુળદ્રોહ થાય, આ પ્રમાણે તે સઘળા કુળનો દ્રોહ કરનાર થાય. (૬૨) આવી રીતે તે પુરુષને ચાર પ્રકારનો મહાન દ્રોહ થાય. આવી રીતના પાપનું પ્રાયશ્ચિત્તથી પણ વિશોધન-શુદ્ધિ થાય નહિ. (૬૩) આ લોકમાં અપકીર્તિને પામી મરીને યમપુરીમાં યાવત્ચંદ્ર દિવાકરૌ કુંભિપાકાદિ નરકોમાં પકાવાય છે. (૬૪) આથી બુદ્ધિમાન પુરુષ વગર વિચાર્યે માંસ વડે શ્રાદ્ધ કદાપિ ન કરે. જો કરે તો કર્તા, કારયિતા અને ભોક્તા અધોગતિને પામે છે. (૬૫) કળિયુગમાં માંસ વડે પિતૃકર્મ કરવાનો સર્વમાં નિષેધ કરેલો છે. આથી આવું પિતૃકર્મ ક્યારેય પણ કરવું નહિ. (૬૬) આ હેતુ માટે મુનિશ્રેષ્ઠ એવા પરાશર મુનિ પોતાને અનુસરેલા સર્વ સુવ્રત આદિ મુનિજનોને નીચે પ્રમાણે કહેતા હતા. કલિયુગમાં પરાશરસ્મૃતિને મુખ્ય માનેલી છે. (૬૭) તે તે સમયે નીપજતું શાક, અન્ન, દૂધ, ઘી, સાકર, મધ વગેરે વડે બ્રાહ્મણોને તૃપ્ત કરવાથી મનુષ્યના પિતૃઓ તૃપ્ત થાય છે. (૬૮) જે પુરુષ પ્રાણીનો વધ કરી પિતૃઓને માંસ વડે તૃપ્ત કરવા યત્ન કરે છે તે મૂર્ખ ચંદનનો ત્યાગ

કરી કોલસાનો લેપ કરે છે એમ જાણવું. (૬૯) જેમ બાળક કૂવામાં કંઈક વસ્તુ નાખીને પછી તેને લેવાની ઈચ્છાથી પોતે કૂવામાં પડે છે તેમ માંસ વડે શ્રાદ્ધ કરનારો પણ સંસારસમુદ્રમાં પડે છે, તેનો ઉદ્ધાર થતો નથી. (૭૦) આ પ્રકારે પરાશર મુનિના વચનથી ધર્મશાસ્ત્રનો આશ્રય કરેલો અને ઉત્તમ બુદ્ધિવાળો પુરુષ નિત્ય શ્રાદ્ધમાં માંસનો ત્યાગ કરે. (૭૧) આથી દ્વિજ નિર્દોષ એવા દૂધપાક અને ઋષિધાન્યો વગેરે પિતૃઓને અર્પણ કરે જેથી તે પિતૃઓ સંતુષ્ટ થાય છે. (૭૨) શ્રાદ્ધમાં ગાયોનું દૂધ, દહીં અને ઘી ખૂબ જ પવિત્ર છે અને ભેંસોનું તો ઘી જ શ્રેષ્ઠ કહેલું છે, દૂધ વગેરે શ્રેષ્ઠ કહેલું નથી. (૭૩) કુતપકાળ, (દિવસનો આઠમો મુહૂર્ત) નેપાળી કામળો, રૂપાનું પાત્ર, દર્ભ, તલ અને દીકરીનો દીકરો આટલાં શ્રાદ્ધમાં પવિત્ર જાણવાં. (૭૪) ગોત્ર અને નામનો ઉચ્ચાર કરીને ક્ષણદાન અર્ધ્યાદિકને કરે. બુદ્ધિમાન શ્રાદ્ધ કર્તાએ સર્વત્ર સકાર અક્ષરે સહિત ગોત્રનો ઉચ્ચાર કરવો. (૭૫) જો ગોત્રનું જ્ઞાન ન હોય તો કાશ્યપગોત્ર ઉચ્ચારવું કેમ કે સર્વ પ્રજાઓ કશ્યપ થકી થયેલી છે એમ વેદો કહે છે. (૭૬) પિતાદિકના નામનું જ્ઞાન ન હોય તો 'પૃથ્વીશત્' નામથી પિતાનો નિર્દેશ કરે. 'અંતરિક્ષસત્' નામથી પિતામહનો નિર્દેશ કરે. 'દિવિષત્' નામથી પ્રપિતામહનો નિર્દેશ કરે. (૭૭) વિભક્તિઓ વડે પિત્રાદિકને જે કંઈ અપાય છે તે બધું સફળ જાણવું અને વિભક્તિ રહિત જે કંઈ અપાય છે તે નિરર્થક જાણવું. (૭૮) અક્ષય્ય ને આસનમાં ષષ્ઠી વિભક્તિ વાપરવી અને આવાહનમાં દ્વિતીયા વિભક્તિ વાપરવી ને અન્નદાનમાં ચતુર્થી વિભક્તિ વાપરવી. બાકીની વિભક્તિઓ સંબોધનમાં વાપરવી. (૭૯) વિસર્જન, પાત્રચાલન, વિકિર, પંક્તિવારણ, હસ્તશુદ્ધિ, અપોશાન - આ છ કર્મો પિતા પ્રથમ છે જેમાં એવા કરવાં (બીજું દેવ પ્રથમ જેમાં છે એવું કરવું.) (૮૦) સ્વાગત, સ્વસ્તિવચન, ગોત્રશેષ, પ્રદક્ષિણા, અર્ઘ્ય, દક્ષિણાદાન - આ છ કર્મોમાં સવ્ય (ડાબે ખભે જનોઈ) અન્યત્ર અપસવ્ય (જમણે ખભે જનોઈ) કરવું. (૮૧) અગથિયાનાં પુષ્પો, ભાંગરાના પત્રો, બે પત્રવાળી તુલસીની મંજરીઓ, આમળીના પત્રો, ચંપાનાં પુષ્પો, તલનાં પુષ્પો - આ છ વસ્તુઓ પિતૃઓને વિશેષ વહાલી છે. (૮૨) કેતકી, કરેણ, બોરસલી, મોગરો, પાડળ, જાઈનાં પુષ્પો-આ છ પ્રકારનાં પુષ્પો શ્રાદ્ધમાં પ્રયત્નપૂર્વક ત્યાગવાં. (૮૩) જે પુરુષ અગ્નિવર્જિત કે ધનરહિત હોય કે દુઃખથી પીડિત હોય તે કાચા અન્ન વડે શ્રાદ્ધ કરે. શૂદ્ર સદૈવ કાચા અન્ન વડે શ્રાદ્ધ કરે. (૮૪) સાંવત્સરિક શ્રાદ્ધ, આપરપક્ષિક શ્રાદ્ધ, સપિંડ શ્રાદ્ધ તથા ગયાશ્રાદ્ધને આપત્તિને પણ પામેલો દ્વિજ કાચા અન્નથી ન કરે. (૮૫) આમ, શ્રાદ્ધ વિધિ અતંર્ગત કરવામાં આવનારા આવાહનમાં, સ્વધાકારમાં વિસર્જનમાં મંત્રો પંડિતોએ ઊહ્યા-ઊહથી પઠવા. અન્ય કર્મમાં તો મંત્રો ઊહથી ન બોલવા. (૮૬) આમાન્નનો પણ અભાવ હોય તો બુદ્ધિમાન માનવ આમાન્નથકી કિંમતમાં ચાર ગણા શુદ્ધ સુવર્ણથી શ્રાદ્ધ કરે. (૮૭) બુદ્ધિમાન પુરુષ પુત્રજન્મમાં સુવર્ણથી જ શ્રાદ્ધ કરે. કલ્યાણની કામનાવાળો તે જન પુત્રજન્મમાં પકવાન્નથી કે આમાન્નથી શ્રાદ્ધ ન કરે. (૮૮) જે પુરુષ સર્વ શ્રાદ્ધોમધ્ય સમગ્ર પાર્વણ શ્રાદ્ધ કરવા અશક્ત હોય તે પુરુષ શ્રાદ્ધ સમયે સંકલ્પવિધિથી પાર્વણ શ્રાદ્ધ કરે. (૮૯) આવાહન, સ્વધા શબ્દ, અર્ઘ્ય, અગ્નિકરણ, વિકિરપિંડ, પિંડદાન - આ છનો સંકલ્પથી કરાતા શ્રાદ્ધમાં ત્યાગ કરે. (૯૦) દ્રવ્ય અને વિપ્રનો અભાવ હોય તો માત્ર પિંડ આપવો અથવા શ્રાદ્ધદિન આવે ત્યારે ઉપવાસી થાય. (૯૧) અથવા

ફળયુક્ત જળ ભરેલો ઘડો બ્રાહ્મણને આપે અથવા ગાયને ઘાસ નાખે પરંતુ પુણ્યરહિત દિવસ નિર્ગમન ન કરે. (૯૨) માતાપિતાના શ્રાદ્ધવિધિની પૂર્વે બ્રહ્મયજ્ઞ તથા તર્પણ ન કરે, પરંતુ શ્રાદ્ધની સમાપ્તિ પછી બન્ને કરે આ નિયમ ઋગ્વેદીઓ માટે છે. (૯૩) મહાલયાદિ શ્રાદ્ધ સમયે સ્ત્રી રજસ્વલા થઈ હોય તો ઋતુપ્રાપ્તિથી પાંચમે દિવસે શ્રાદ્ધ કરવું અથવા અમાસને દિવસે કરવું. (૯૪) ભાર્યા રજસ્વલા થયેલી હોય તોપણ વાર્ષિક કે માસિક શ્રાદ્ધો મરણ-દિવસે જ પાક વડે યથાવિધિ કરવા. (૯૫) વ્રતના ઉપવાસના દિવસે શ્રાદ્ધ આવે તો યથાવિધિ શ્રાદ્ધ કરી તે પિતૃસેવિત અન્નને સૂંઘીને ઉપવાસ કરે. (૯૬) સંન્યાસીના પણ વાર્ષિકાદિ શ્રાદ્ધને પુત્ર યથાવિધિ કરે. તેનું મહાલયમાં જે શ્રાદ્ધ છે તે તો દ્વાદશીના દિવસે પાર્વણ શ્રાદ્ધ કરવું. (૯૭) આમશ્રાદ્ધ પૂર્વાહ્ને થાય. એકોદ્દિષ્ટ મધ્યાહ્ને થાય, પાર્વણ અપરાહ્ને થાય અને વૃદ્ધિ નિમિત્તનું નાંદીશ્રાદ્ધ પ્રાતઃકાળે જ થાય. (૯૮) પિત્રાદિકના મરણદિવસ કે માસને નહિ જાણનાર પુરુષ માગશર માસ, માઘ માસ અથવા અમાવાસ્યાને દિવસે સાંવત્સરિક શ્રાદ્ધ કરે. (૯૯) યજ્ઞ, વિવાહ, દેવપ્રતિષ્ઠા, ઉપનયન, સમાવર્તન, ગર્ભાધાનાદિ સંસ્કારો, દીક્ષા : આટલાંને વિષે વૃદ્ધિશ્રાદ્ધ કરવું. (૧૦૦) પિતા સંન્યાસી થયો કે પતિત થયો હોય તો પૂર્વે પિતાએ જે પિત્રિઓને આપ્યું હોય તેમને જ પુત્ર-વૃદ્ધિશ્રાદ્ધમાં કે તીર્થશ્રાદ્ધમાં આપે. (૧૦૧) તીર્થશ્રાદ્ધમાં 'या दिव्या आप' ઇત્યાદિ મંત્રો વડે અર્ઘ્યપ્રદાન, 'विश्वेदेवास आगता' ઇત્યાદિ ઋચાઓ વડે આવાહન, 'इदं विष्णुर्विचक्रमे' આ ઋચા વડે દ્વિજનો અંગૂઠો મુકાવવો, 'तृप्ताःस्थ' એમ વિપ્રો પ્રત્યે તૃપ્તિ પ્રશ્ન, 'येऽग्नि दग्ध' આ ઋચા વડે ભૂમિ ઉપર વિકિર અન્નપ્રદાન-આટલાને ત્યાગ કરે. (૧૦૨) હે દ્વિજ ! સર્વ શ્રાદ્ધોમાં પ્રાપ્ત થયેલા અતિથિઓને યત્નપૂર્વક જમાડવા, જે અતિથિ ભોજન વડે શ્રાદ્ધની પરિપૂર્ણતા થાય. (૧૦૩) બ્રહ્મચારી પોતાનાં માતાપિતાની દાહથી આરંભીને સપિંડ પર્યંત ઔર્ધ્વદૈહિક ક્રિયા અવશ્ય કરે, માસિક અને વાર્ષિક પણ કરે. (૧૦૪) સંન્યાસી તો માતપિતાનું પણ મરણ નિમિત્તે આશૌચ, ઔર્ધ્વદૈહિક શ્રાદ્ધ અને અશ્રુપાત કદાપિ ન કરે. (૧૦૫) જે પુરુષ સમયસર પોતાના અધિકારને અનુસરી શ્રાદ્ધકાળે પિતૃઓને અને દેવતાઓને પૂજે નહિ તે નક્કી નરકમાં પડે છે. (૧૦૬) શ્રાદ્ધ કરનાર પુરુષ અરોગી, પ્રકૃતિમાં રહેનારા, ચિરાયુ, પુત્રપૌત્રવાન, ધનવાન અને ધનભોગી થાય. (૧૦૭) જે નર પિતૃઓ ક્યાં છે ? ક્યાં સ્થાને રહે છે ? ક્યાંઈ નથી એવું મનમાં વિચારી શ્રાદ્ધ નથી કરતો તેનું લોહી તેના પિતૃઓ કુપિત થઈને પીવે છે. (૧૦૮) જેમ ગાયથી વિખૂટો પડેલો વાછડો હજારો ગાયોમાંથી પોતાની માતાને ખોળીને પામે છે તેમ ગોત્ર અને નામ વડે ઉદ્દેશીને આપેલું શ્રાદ્ધાન્ન મંત્ર દ્વારા પિતૃઓને પામે છે. (૧૦૯) પૂર્વે કરેલા શુભ કર્મોના યોગથી પિતા જો દેવ થયો હોય તો તે શ્રાદ્ધ કરનારાનું અન્ન અમૃત થઈ સ્વર્ગાદિમાં તેને અવશ્ય પ્રાપ્ત થાય છે. (૧૧૦) અને જો મનુષ્યપણાને પામ્યો હોય તો શ્રાદ્ધાન્ન ઉચિત ભોજનરૂપે થઈને તેને મળે છે. જો પશુપણાને પામ્યો હોય તો ઘાસરૂપે તેને મળે છે, અને જો સાપ થયો હોય તો વાયુરૂપ થઈને તેને મળે છે. (૧૧૧) આ પ્રમાણે શ્રાદ્ધાન્ન સર્વ યોનિમાં તે તેના અન્નપણે પરિણામ પામીને પિતૃઓને પ્રાપ્ત થાય

છે. માટે સાવધાનપણે શ્રાદ્ધ અવશ્ય કરવું. (૧૧૨) હે વિપ્ર ! આ પ્રકારે મેં આ સર્વ શ્રાદ્ધવિધિ યથાવત સંક્ષેપથી કહેલો છે. હવે કળિયુગમાં વર્જ્ય એવા જે ધર્મો મહર્ષિઓએ સ્મૃતિઓમાં નિરૂપણ કર્યા છે તે હું હવે તમોને કહીશ. (૧૧૩)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં શ્રાદ્ધવિધિ નિરૂપણ નામનો એકવીસમો અધ્યાય થયો. ॥૨૧॥

●

## અધ્યાય-૨૨

**શ્રી નારાયણમુનિ ભગવાન બોલ્યા :**

ધર્મશાસ્ત્રમાં પુરુષોના અને સ્ત્રીઓના વર્ણાશ્રમના બહુ ધર્મો વિસ્તારથી ખૂબ વર્ણન કરેલા છે. (૧) તે ધર્મો યુગ અનુસાર ગ્રહણ કરવા પરંતુ એક યુગના ધર્મો બીજા યુગમાં ગ્રહણ ન કરવા. ભારતમાં ભીષ્મપિતામહે યુધિષ્ઠિરના પ્રત્યે આ અંગે વચન કહ્યું છે. (૨) સત્યયુગમાં ધર્મો અન્ય છે. ત્રેતાયુગમાં ધર્મો સત્યયુગથી અન્ય છે. દ્વાપર યુગમાં ધર્મો તથા કળિયુગમાં ધર્મો અન્ય છે. તે તે યુગને અનુસારે ધર્મોનું યથાશક્તિ આચરણ કરવું. (૩) કલિયુગમાં ત્યાગ કરવા યોગ્ય કેટલાક ધર્મો હું તમોને કહું છું કે જે ધર્મો પુરાણો અને સ્મૃતિઓમાં પણ નિષેધ કરેલા છે. (૪) ગૌમેધ, નરમેધ અને અશ્વમેધ નામના યજ્ઞો તથા મદ્યપાન અને સુરાપાન કળિયુગમાં ત્યાજ્ય કહેલા છે. (૫) તેમ જ સૌત્રામણિ નામના યજ્ઞમાં સૂંઘીને પણ સુરાગ્રહણ ન કરવું તથા દેવ, અતિથિ તથા શ્રેષ્ઠજન માટે પશુવધ ન કરવો. (૬) તેમજ કળિયુગમાં શ્રાદ્ધમાં પિતૃઓને ક્યારેય માંસદાન ન કરવું તેમ જ અગ્નિહોત્ર ન કરવું અને સંન્યાસ પણ ન લેવો. (૭) તથા પરણાવેલી, રજસ્વલા ધર્મને ન પામેલી હોય તેવી દ્વિજ કન્યાઓનો પતિ મૃત્યુ પામે તો તેનો પુનર્વિવાહ કળિયુગમાં ન કરવો. (૮) કળિયુગમાં સ્નાતકાદિએ જળપાન અર્થે મૃત્તિકાનું કમંડળ ન રાખવું અને પુત્રોત્પત્તિ માટે મોટાભાઈની પત્નીમાં દિયરનો નિયોગ ન કરવો. (૯) જે પુરુષ કળિયુગમાં યથાશાસ્ત્ર નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાલન કરવા અસમર્થ હોય તેણે આજીવન બ્રહ્મચર્ય ક્યારેય ધારણ ન કરવું. (૧૦) જે પ્રાયશ્ચિત કરવાથી શરીર પડી જાય તેવું પ્રાયશ્ચિત કળિયુગમાં ત્યાગવું અને વાનપ્રસ્થાશ્રમ પણ ન કરવો. (૧૧) ધર્મયુદ્ધમાં પણ આતતાયી દ્વિજનો વધ ક્યારેય ન કરવો તથા જે યજ્ઞમાં પશુવધ થાય તેવો યજ્ઞ કળિમાં ન જ કરવો. (૧૨) બ્રહ્મહત્યાદિ મહાપાપવાળાનો સંગ કરનાર પુરુષને તે પાપીતુલ્ય પ્રાયશ્ચિત્ત આપવું નહિ. સોમયાગનો વિક્રય ન કરવો. (૧૩) પુરુષે કે સ્ત્રીએ વૃદ્ધાવસ્થામાં સ્વર્ગપ્રાપ્તિ માટે પણ અગ્નિપ્રવેશ તેમજ પર્વત શિખર પરથી પડતું ન મૂકવું. (૧૪) હિમાલયમાં મહાપ્રસ્થાન-ગમન ન કરવું અને પોતાનું શરીર ગંગાદિ જળપ્રવાહમાં ક્યારેય પણ ત્યાગવું નહિ. (૧૫) કદાપિ ગુપ્તપણે મહાપાપ થઈ જાય તો શાસ્ત્રમાં કહેલો જળાદિ પ્રવેશરૂપ મરણોપાય ક્યારેય ન કરવો. જપાદિ વડે તે પાપનું પ્રાયશ્ચિત કરવું. (૧૬) પ્રતિષ્ઠિત મનુષ્યને દુઃસહ લોકાપવાદ પ્રાપ્ત થાય તો કોઈ સ્થળમાં છાનું રહેવું પરંતુ પોતાના શરીરનો ત્યાગ ન કરવો. (૧૭) અને જો પ્રચ્છન્ન રહેવા અસમર્થ હોય તો તે પ્રતિષ્ઠિત સ્ત્રી કે પુરુષે શીઘ્ર દેશાંતરગમન કરવું પરંતુ આત્મઘાત તો ન

જ કરવો. (૧૮) ધાન્ય કે ફળાદિની પ્રાપ્તિ વિના ત્રણ ત્રણ દિવસો વીતી જાય તોપણ પુરુષે ચોરીનું કર્મ તો કળિયુગમાં ન જ કરવું. (૧૯) ફોઈની પુત્રી કે મામાની પુત્રી અને અસમાન વર્ણની કન્યા ક્યારેય ન જ પરણવી. (૨૦) ઘીમાં પકાવેલ, દૂધમાં પકાવેલ અને કડાઈમાં રાંધેલું સદાચારનિષ્ઠ પણ શૂદ્ર થકી બ્રાહ્મણે કળિમાં ગ્રહણ ન જ કરવું. (૨૧) શિષ્યે ગુરુપત્ની સાથે ગુરુની પેઠે ન વર્તવું. (અર્થાત્ ગુરુની પેઠે ગુરુપત્નીના પાદસેવનમાં પ્રવર્તવું નહિ.) સંન્યાસીઓએ ચારે વર્ણોમાં ભિક્ષા ન કરવી. (૨૨) ગુરુને યથાશક્તિ દક્ષિણા આપવી પરંતુ ગુરુને ઈપ્સિત દક્ષિણા કળિમાં ન આપવી. ગાયોએ પીતાં બાકી રહેલા જળ વડે આચમન ન કરવું. (૨૩) વેદાદિરૂપ જે ગુણો તેના અભિમાનથી મરણાશૌચનો સંકોચ ન કરવો અને અસ્થિસંચયન પછી અલ્પનુજ્ઞા કરેલો અંગસ્પર્શ કળિમાં ન જ કરવો. (૨૪) આ બધા ધર્મો કળિયુગમાં વર્જ્ય કહ્યા છે. આ ધર્મોનાં વિધિવાક્યોને કળિ સિવાયના યુગ માટે પણ જાણવાં (૨૫) હે દ્વિજસત્તમ ! કળિમાં નિષેધ કરેલા ધર્મો પૈકી અગ્નિહોત્ર અને સંન્યાસ-આ બન્ને ધર્મવાન, વૈરાગ્યશીલ અને સમર્થ એવા દ્વિજને માટે નિષિદ્ધ નથી. આવા પુરુષે કળિયુગમાં ઉપરોક્ત બન્ને ગ્રહણ કરવામાં હાનિ નથી. (૨૬) પૃથ્વીમાં જ્યાં સુધી વર્ણવિભાગ હોય, જ્યાં સુધી વેદવિહિત કર્મની પ્રવૃત્તિ હોય ત્યાં સુધી કળિમાં પણ આ બન્ને શક્તિમાન અને વૈરાગ્યશીલ દ્વિજને કર્તવ્ય પણે કહેલા છે. દેવલમુનિએ કહ્યું છે : જેને ધર્મપાલનનું સામર્થ્ય ન હોય અને ઉત્તમ વૈરાગ્ય ન હોય તેને મહર્ષિઓએ આ બન્નેનો નિષેધ કરેલો છે. (૨૭-૨૮) હે દ્વિજશ્રેષ્ઠ ! તે આ સર્વ ગૃહસ્થધર્મો મેં તમોને સંક્ષેપથી કહ્યા તે ધર્મો બધા ગૃહસ્થોએ પ્રયત્નપૂર્વક પાળવા. (૨૯) આ લોકમાં ગૃહસ્થોમાં પણ જે મારા આશ્રિતોના આચાર્યપદમાં રહેલા, ધર્મવંશમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણો હોય તેમના ધર્મો સામાન્યપણે સંક્ષેપથી આ પહેલાં કહ્યા તે જ છે. (૩૦) તેમનો જે વિશેષ ધર્મ છે તે પણ હું તમોને સંક્ષેપથી કહું છું. ભગવાનને અર્પણ કર્યા વગરની કોઈપણ વસ્તુ ખાવી નહિ. (૩૧) સમીપ સંબંધથી રહિત એવી સધવા સ્ત્રીઓ તેમનો ક્યારે સ્પર્શ ન કરવો, તેમની સાથે બોલવું નહિ, તેમને ઉપદેશ ન કરવો. (૩૨) હે દ્વિજોત્તમ ! વિધવા નારીના સંસર્ગનો ત્યાગ તો સાધારણ ધર્મથી છે જ. આ પ્રમાણે ગુરુપદે રહેલા બ્રાહ્મણોનો વિશેષ ધર્મ જાણવો. (૩૩) હવે ગૃહસ્થાશ્રમી રાજાઓના વિશેષ ધર્મો હું તમોને કહું છું જે ધર્મોના આચરણથી રાજા આ લોકમાં કીર્તિ અને સુખને પામીને પરલોકમાં સુખીયો થાય છે. (૩૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં કળિવર્જ્યધર્મ નિરૂપણ નામનો બાવીશમો અધ્યાય થયો. ॥૨૨॥

●

## અધ્યાય-૨૩

**શ્રીનારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! ક્ષત્રિયવંશમાં ઉત્પન્ન થયેલો રાજ્યાભિષેકને પામ્યો થકો પોતાના રાજધર્મના પાલન દ્વારા પ્રજાઓને નિત્ય આનંદ પમાડે તે 'રાજા' એવી સાર્થક સંજ્ઞાને પામે છે. (૧) આવો ધર્મમાં નિષ્ઠાવાળો રાજા દેવો વિષે અને બ્રાહ્મણો વિષે ભક્તિવાળો થાય, સત્યવાદી અને જિતેન્દ્રિય

થાય, દાનશૂર અને સર્વદા પ્રસન્ન મુખવાળો થાય. (૨) વસંત ઋતુમાં ઉદય થનારો સૂર્ય અતિ તીક્ષ્ણ કે અતિ મૃદુ પણ નથી હોતો, તેમ રાજા અતિતીક્ષ્ણ પણ ન થાય કે અતિ મૃદુ પણ ન થાય. તથા વિચક્ષણ અને લક્ષ્મીવાન રાજા પ્રજાઓનો હિતકારી થાય. (૩) કેમ કે કોમળ અંતઃકરણવાળા રાજાને પ્રજાઓ ઉલ્લંઘન કરે છે અને તીક્ષ્ણ રાજાથી લોક ઉદ્વેગને પામે છે. આથી રાજા સમવૃત્તિવાળો થાય. (૪) રાજા પોતાના અને પારકા નરોની લક્ષણો વડે પરીક્ષા કરે. કેટલાંક લક્ષણો ઉપકાર અને અપકાર વડે પ્રત્યક્ષથી જાણી શકાય. કેટલાંક લક્ષણો નેત્ર-મુખમાં વિકારાદિ વડે અનુમાનથી જાણી શકાય. કેટલાંક લક્ષણો અન્યત્ર કાર્યદર્શન વડે ઉપમાનથી જાણી શકાય અને કેટલાંક લક્ષણો સામુદ્રિકાદિ શાસ્ત્રો વડે શબ્દપ્રમાણથી જાણી શકાય. (૫) મૃગયા, પાસાની રમત, દિવસનિદ્રા, નિંદા, પરાંગના, ગીત, નૃત્ય, વાદ્ય, સુરાપાન, ચાડિયાપણું, પ્રાણીપીડન, દુઃસાહસ, કઠોર વાણી, કઠોર દંડ, ઈર્ષ્યા, ગુણોમાં દોષનું આરોપણ (અસૂયા), અર્થદૂષણ (પોતાના અને પારકા દ્રવ્ય ભંજન) - આ અઢાર વ્યસનોનો સ્વાર્થસિદ્ધિને સમજનારો રાજા ત્યાગ કરે. (૬-૭) તેમાં મૃગયાદિ પ્રથમ દસ વ્યસન કાળથી ઊપજેલો ગણ છે. પિશનતા વગેરે આઠ વ્યસનો ક્રોધથી ઊપજેલા ગણ છે. બન્ને ગણ નરકને પમાડનારા છે એમ જાણી રાજા તે બન્નેમાં આસક્ત થાય નહિ. (૮) જેવી રીતે ગર્ભિણી સ્ત્રી પોતાનું પ્રિય પડતું મૂકીને ગર્ભનું હિત જ કરે છે, રાજા પણ પોતાનું પ્રિય ત્યાગ કરી લોકહિતને કરે. (૯) રાજાએ પોતાના સેવકાદિ પરિજનો સાથે હાસ્યવિનોદ ન કરવો. કેમકે અતિ પરિચયથી તે પરિજનો મર્યાદાનો ત્યાગ કરે છે. (૧૦) પછી નિરંકુશ થકા તે સેવકો સ્વસ્થાને રહેતા નથી, ક્રોધ કરે છે, ઊંચેથી બોલે છે. રાજાએ કોઈ કાર્ય માટે પ્રેરણા આપી હોય છતાં સંકલ્પ-વિકલ્પ કરે છે અને રાજાના વચનનું ઉલ્લંઘન કરીને વર્તે છે. (૧૧) અને તે છકી ગયેલા પરિજનો સ્ત્રીઓની રક્ષા કરનારા પુરુષો સાથે આસક્ત થાય છે. રાજા આગળ નિર્લજથકા ચેષ્ટા કરે છે. રાજાના સમાન વેશ ધારે છે અને રાજાનાં વાહનો ઉપર ચઢી બેસે છે. (૧૨) આ અંગે વધુ કહેવાનો શો અર્થ છે ? સભામાં પણ રાજાનું અપમાન અને તિરસ્કાર કરે છે અને નગર કે દેશવાસી નિર્બળ જનોને પીડા પમાડે છે. (૧૩) આથી રાજા પરિહાસના સ્વભાવવાળો ન થાય. ઉચિત ન્યાયનું જ આચરણ કરે. નિત્ય ઉદ્યમશીલ અને ધૈર્યવાન થાય તથા શત્રુઓને ભય વધારનારો થાય. (૧૪) સ્વામી, અમાત્ય, મિત્ર, ધનભંડાર, દેશ, દુર્ગ (કિલ્લો) અને સૈન્ય-આ સાત રાજ્યનાં અંગ છે અને પ્રકૃતિઓ છે. તે સાત રાજ્યનાં અંગોનો દ્રોહ કરનારને સજા અત્યંત શિક્ષા કરે. (૧૫) પોતાના ભાગરૂપ કર લેવા નિમિત્તે વરસાદ-વાયુ વગેરે વડે પરધાન્ય-તૃણ આદિનો નાશ ન થાય તેમ રાજા આયોજન કરે. વધુ વરસાદ પહેલાં જ પોતપોતાના ઘેર ધાન્યાદિ લાવવા માટે આજ્ઞા આપે, પોતાનો કરભાગ પોતે ગ્રહણ કરે. (૧૬) શાસ્ત્રને અનુસરેલો છે નિર્ણય જેનો અને જીતેલ છે ક્રોધ જેણે એવો રાજા ક્યારેય પણ સત્યથી ચલાયમાન થાય નહિ. અને ધર્મ-અર્થ અને કામરૂપ પુરુષાર્થોનો પરસ્પર બાધ જેમ ન થાય તેમ તે તે સમયે સેવન કરે. (૧૭) વર્ણાશ્રમના ધર્મો છે તે પ્રયત્નપૂર્વક પાલન કરવા-કરાવવા અને બીજાના હાર્દને જાણ્યા વિના સર્વ જનોમાં વિશ્વાસને ન જ કરે. (૧૮) ચતુર રાજા યુદ્ધ માટે રાખેલા હાથી, ઘોડા, રથ, પદાતિ આ

ચતુરંગ બળને યુદ્ધ કરવા લાયક યુદ્ધસ્થળો લક્ષણો વડે જાણે, ચાર યાત્રાકાળો (પોતાના પક્ષે મિત્રવૃદ્ધિ અને કોષવૃદ્ધિ તથા રિપુના પક્ષે મિત્રહાનિ અને કોષહાનિ - આ ચાર યાત્રાકાળ છે) શત્રુના પરાજય માટે પ્રયાણસમયોને જાણે તથા આપત્કાળના ધર્મોને જાણે. (૧૯) સંધિ, વિગ્રહ, યાન, દ્વૈધીભાવ, સમાશ્રય અને સ્થળ આ છ ગુણો છે. તેનો નિશ્ચય રાજા સ્વયં કરે. (૨૦) દરરોજ ધર્મશાસ્ત્રો અને પુરાણો સાંભળે. સ્વપક્ષ અને શત્રુપક્ષમાં, તીર્થોમાં સેનાપતિ વગેરેમાં ગુપ્તચરોની યોજના કરે. (૨૧) (તીર્થ એટલે ગુપ્તચર મોકલવાના સ્થાન) પંદર તીર્થો આ પ્રમાણે છે : સેનાપતિ, દ્વારપાલ, સૈનિકોને ઉપદેશ આપનારા, અંતઃપુરનો અધિપતિ , જેલનો અધિકારી, રાજ્યમાં કરવા યોગ્ય અને નહિ કરવા યોગ્ય અર્થોનો પ્રયોજક, કોશાધ્યક્ષ, પુરાધ્યક્ષ, કાર્યનિર્માણકર્તા, ધર્માધ્યક્ષ, સભાપતિ, દંડપાલ, રાષ્ટ્રપતિ, દુર્ગપાલ, વનસંરક્ષક-આ પંદર તીર્થસ્થાનોને રાજા શત્રુના ગુપ્તચરોથી રક્ષા કરે. તેમાં પોતાના ગુપ્તચરો નિયોજીને અન્ય ચારોથી પોતાના ચારોની રક્ષા કરે. અન્યના ગુપ્તચરો પોતાના ગુપ્તચરોને ફોડી નાખે તો મહા અનર્થ થાય. (૨૨-૨૩-૨૪) તથા શત્રુપક્ષમાં અમાત્ય, યુવરાજ પુરોહિતો સહિત સેનાપતિ વગેરે પંદર તીર્થો એમ કુલ અઢાર તીર્થોમાં ગુપ્તચરોનું રાજા સ્વયં નિયોજન કરે. (૨૫) અમાત્ય, રાષ્ટ્ર, છ પ્રકારના દુર્ગ (દુર્ગમ સ્થાન) કોશ અને દંડ : આમ, સ્વપક્ષમાં પ્રકૃત્તિ પંચક અને પર પક્ષમાં પણ પ્રકૃતિ પંચક જાણવું. (૨૬) આ દશ પ્રકૃતિ વર્ગમાં સ્થાન, વૃદ્ધિ અને ક્ષય તેનો નિશ્ચય કરીને જ પ્રતિપક્ષના પરાજય માટે ઉદ્યમ કરે. (૨૭) રાજા સદાચારપરાયણ થઈ વૃદ્ધોનું સેવન કરે. વિષયલોલુપતાએ રહિત, ચારચક્ષુ (ગુપ્તચરરૂપી નેત્રવાળો) અને મંદ હાસ્યપૂર્વક બોલનારો થાય. (૨૮) પોષણ કરવા માટે નીમેલા પદાધિકારીઓએ જેનું પોષણ કરવાનું બાકી રાખ્યું હોય તેમનું પોષણ કરે અને પોષણ કરતા જનોની તપાસ રાખે. રાજા પોતે જ ગ્રહણ કરનાર, દાતા અને વિશુદ્ધ આચારવાળો થાય. (૨૯) જે રાજા સર્વત્ર શંકાશીલ, ક્રોધી, સર્વ હરિ લેનાર, કુટિલ તથા લોભી હોય તે રાજાનો સ્વજનો જ શીઘ્ર વધ કરે છે. (૩૦) રોગરહિત, કુલીન, ભક્તિવાળા, શૂરવીર, વિવેકી, અન્યથી નહિ છેતરાનારા, શિષ્ટ, માનવાળા, અન્યને માન આપનારા, બીજાઓને પણ માન આપનારા, ચૌદ પ્રકારની વિદ્યાઓને જાણનારા, લોકવૃત્તાંતને જાણનારા, પરલોકને જાણનારા, અચલ સ્વભાવવાળા અને ધર્મમાં નિષ્ઠાવાળા આવી રીતના પુરુષોને રાજ્યભાર ચલાવવામાં રાજા પોતાના સહાયભૂત બનાવે છે. (૩૧-૩૨) સહાયપણે સ્વીકારેલા શિષ્ટજનો સાથે રાજા સ્વયં છત્ર અને શાસન થકી અન્યત્ર તુલ્ય ભોગવાળો થાય. છત્ર અને આજ્ઞાથી તેમનાથી અધિક થાય પ્રત્યક્ષ કે પરોક્ષ જે રાજા સહાયજનો સાથે તુલ્યભોગવાળો છે તે જ સુખ પામે છે. (૩૩) જીર્ણ ભવનોનો સમુદ્ધાર કરવો. અન્નવસ્ત્રના અભાવથી દુઃખી જનોનું નિરીક્ષણ કરી તેમને અન્નવસ્ત્રાદિ અપાવવા, શત્રુઓને ભય પમાડવા નિત્ય યુદ્ધાદિનું ઉત્થાન કરવું અને વૃદ્ધ-બુદ્ધિમાનોની સેવા કરવી. આમ કરવાથી રાજાને અજ્ઞાત અર્થો જાણવા મળે. (૩૪) શીઘ્ર કાર્યકર્તા, સુપ્રસન્ન, ગંભીર અને મહામના એવો રાજા પોતાના ઔરસ પુત્રોની પેઠે પ્રજાનું કપટે રહિત પાલન કરે. (૩૫) જે રાજાના રાજ્યમાં પ્રજા ચોરભયથી રહિત, તેથી લોકો વૈભવને છુપાવે નહિ. પ્રજા હર્ષ પામેલી, નિર્ભય, ધાર્મિક હોય

તે રાજા રાજ્યપદને લાયક છે. (૩૬) પ્રજાઓનું રક્ષણ કરવું એ જ રાજાનો પરમધર્મ કહેવાય છે. પ્રજાના પુણ્યનો ચતુર્થાંશ પ્રજારક્ષણથી જ રાજા પામે છે. (૩૭) પૂર્વે સત્યયુગમાં ધર્મોનો નાશ થયો ત્યારે પ્રજાના પાલન માટે રહેલા ભગવાને રાજા નિર્માણ કર્યો. માટે રાજાએ ધર્મનું પાલન કરવું. (૩૮) રાજાએ અધાર્મિક જનોને દંડ આપી ચોરોને પકડી ભય આપી કે મારીને પણ સ્વપ્રજાને ધર્મમાર્ગમાં સ્થાપન કરવી જોઈએ.

**શ્રીહરિ બોલ્યા :**

હે દ્વિજેન્દ્ર ! રાજા નીતિશાસ્ત્રથી દંડવા યોગ્ય અને દંડવા નહિ યોગ્ય, તેને સારી રીતે જાણીને પછી દંડવા યોગ્ય પુત્ર, શત્રુ અને પાખંડીને યથાયોગ્ય જ દંડ આપે, અદંડ્યનો દંડ ન કરે. (૩૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં રાજધર્મોમાં અષ્ટાદશવ્યસનાદિ નિરૂપણ નામનો ત્રેવીસમો અધ્યાય થયો. ॥૨૩॥

●

## અધ્યાય-૨૪

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! નાસ્તિકપણું, અસત્ય ભાષણ, ક્રોધ, પ્રમાદ, દીર્ઘસૂત્રીપણું, નીતિજ્ઞ જ્ઞાનીઓની ઉપેક્ષા, આળસ, પંચેન્દ્રિયને આધીનપણું, કર્તવ્યાર્થોનો પોતે એકલાએ જ વિચાર કરવો, અનર્થજ્ઞો સાથે વિચારવિમર્શ, નિર્ણીત અર્થોનો અનારંભ, મંત્રનું પરિરક્ષણ ન કરવું, મંગળકારી દેવપૂજનાદિક નહિ કરવું. એક સાથે સર્વ શત્રુઓને લક્ષ્ય બનાવી યુદ્ધ માટેની પ્રવૃત્તિ - આ ચૌદ દોષોનો રાજા પ્રયત્નપૂર્વક ત્યાગ કરે (૧-૨-૩) બાળક, અતિવૃદ્ધ, ભયશીલ, મહારોગી, જ્ઞાતિએ ત્યાગ કરેલો, લોભી, ધનના લોભીઓએ જીતી લીધેલો, વૈરાગ્યવાન, પ્રકૃતિથી ભયજનક, વિષયાસક્ત ચિત્તવાળો, અવ્યવસ્થિત ચિત્ર અને મંત્રવાળો, દેવ-બ્રાહ્મણની નિંદા કરનારો, દુર્ભાગી, દૈવૈકવાદી, દુર્ભિક્ષના દુઃખથી પીડિત, સૈન્યના દુઃખવાળો, સત્ય ને ધર્મથી રહિત, વિદેશવાસી, દંભી - આ વીશ જણાની સાથે રાજા સંધિ ન કરે. (૪-૫-૬-૭) ત્રીજા જણના કાનમાં જેમ ન જાય તેમ મંત્રનો ઉચ્ચાર કરે. રાજા રાત્રિમાં બે પ્રહર નિદ્રા કરે. પહેલા અને છેલ્લા પ્રહરમાં સૂએ નહિ. બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને પોતે અમાત્યાદિ સાથે પૂર્વે કરેલી મંત્રણા અંગે સારાસારની વિચારણા કરે. (૮) પંદર વર્ષની વયવાળા, યુદ્ધ માટે સમર્થ, ક્ષત્રિયકુમારોને કુશળ યુદ્ધશાસ્ત્રી દ્વારા શિક્ષણ અવશ્ય અપાવે. હજાર મૂર્ખાઓને આપીને પણ એક પંડિતને ગ્રહણ કરે. (૯) સર્વદા વિનયસંપન્ન, કુલીન, અનેક શાસ્ત્રોના અભિપ્રાયને જાણનાર, અસૂયાથી રહિત અને અગાધ બુદ્ધિવાળો : આવા ગુણવાળાને રાજાએ પુરોહિત કરવો જોઈએ. (૧૦) સામુદ્રિક શાસ્ત્રનો જાણકાર; અંગપરીક્ષામાં નિષ્ણાત; ધૂમકેતુ, ભૂકંપ, ડાબા અંગનું ફરકવું વગેરે અશુભસૂચક ઉત્પાતોની આગાહી તથા તેની શાંતિની વિધિ કરનાર; જ્યોતિષશાસ્ત્રના જાણનારાઓમાં ઉત્તમ : આવા ગુણવાળાને રાજાએ જ્યોતિષશાસ્ત્રી તરીકે સ્થાપવો. (૧૧) આયુર્વેદના તત્ત્વને જાણનાર, અષ્ટાંગ યુક્ત ચિકિત્સામાં કુશળ, બુદ્ધિ અને અવસ્થામાં અધિક અને પોતાનામાં પ્રીતિવાળા વૈદ્યને રાજાએ રાજવૈદ નીમવો. (૧૨) પાંચ

પ્રકારનો દેવ સંબંધી ભય (અગ્નિ, જળ, વ્યાધિ, દુકાળ અને મરકી) અને પાંચ પ્રકારનો મનુષ્યસંબંધી ભય (ચોર, ઠગારા, શત્રુ, રાજા વાલેસરીઓ અને રાજાનો લોભ) એમ દશવિધ ભય શત્રુના પરાજયમાં કારણ જાણીને પછી રાજા વિજયયાત્રા કરે. (૧૩) શત્રુના રાજ્યમાં સેનાધિપતિને ગુપ્તપણે રત્નો વગેરે કીમતી વસ્તુઓ યથોચિત આપે જેથી તેના સૈન્યમાં ફાટફૂટ થાય. (૧૪) રાજા સ્વયં જિતેન્દ્રિય અને સાવધાન થઈને પછી અસાવધાન અને અજિતેન્દ્રિય એવા શત્રુ રાજાને જીતવાની ઈચ્છા કરે. (૧૫) પરરાષ્ટ્રમાં ધાન્ય કાપવાનો સમય કે ધાન્યોના દુર્ભિક્ષ ઉપદ્રવનો સમય જાણીને વિજયેચ્છુ રાજા શત્રુને જીતવાનું આયોજન કરે. વિશ્વાસુ માણસો દ્વારા પોતાના ભોજન, વસ્ત્ર, ગંધાદિનું રક્ષણ કરવું. (નહિ તો વિષપ્રયોગથી રાજાનું મૃત્યુ થાય.) (૧૬) દ્રવ્યભંડાર, અનાજનો કોઠાર, રથ-અશ્વાદિ વાહનો, પુરના દરવાજાઓ, ધન રત્નાદિકની આવક, શસ્ત્રભંડાર - આ બધાનું રક્ષણ પોતાના કલ્યાણકારી વિશ્વાસુ સેવકો દ્વારા કરાવે. (૧૭) વિવેકબુદ્ધિ રાજા રસોયાદિ આભ્યંતર થકી અને સેનાપતિ આદિ બાહ્ય પરિજનો થકી સર્વદા પોતાનું રક્ષણ કરે. પુત્ર અને અમાત્યાદિ થકી આભ્યંતર અને બાહ્યનું રક્ષણ કરે તથા પરસ્પર રક્ષણ કરે. આમ રાજા સર્વનું રક્ષણ કરે. (૧૮) ધનભંડારમાંથી ધનનો વ્યય થયો હોય તો રાજા તેને પૂરવા માટે પ્રયત્ન કરે. સારો પાક અને આવક થઈ હોય તો ત્રણ ભાગથી પૂરે, સમાન વર્ષ પાકે ત્યારે અર્ધાંશથી વ્યયની પૂર્તિ કરે. અને દુકાળનું વર્ષ હોય તો ચતુર્થાંશથી પૂર્તિ કરે. પણ બધું વાપરી નાંખીને ખજાનો ખાલી ન કરે. (૧૯) જ્ઞાતિજનો, વૃદ્ધજનો, ગુરુજનો, વણિકો, શિલ્પીઓ, આશ્રિતજનો અને દરિદ્રજનો-આ બધાને ધન-ધાન્યાદિ આપીને રાજા વારંવાર અનુગૃહીત કરે. (૨૦) રાજાએ પોતાના હિતેચ્છુની પોતાને વિષે હેતવાળા, કુશળ પુરુષને અજ્ઞાની માણસોની વાતો સાંભળવા માત્રથી, તેઓના દોષની સમીક્ષા કર્યા વિના, તેમના અધિકારથી પદભ્રષ્ટ ન કરે. (૨૧) ધર્મને જાણનારા જનોને ધર્મકાર્યમાં જોડવા, પંડિતજનોને અર્થકાર્યમાં જોડવા, અંતઃપુરમાં નપુંસકોને નિયુક્ત કરવા, અને નીચ કાર્યમાં નીચ જનોને યોજવા. (૨૨) લોભિયા અને મૂર્ખ જનોને કામ સંબંધી અને અર્થ સંબંધી કાર્યમાં નિયુક્ત ન કરે. લોભરહિત અને બુદ્ધિસંપન્ન વ્યક્તિઓને સર્વ કાર્યમાં નિયુક્ત કરે. (૨૩) કાર્યો કરવામાં અવિશારદ અને ધનાધિકારી બનાવેલો તથા કામક્રોધથી યુક્ત એવો મૂર્ખ ઈષ્ટકાર્યોની અસિદ્ધિને લીધે પ્રજાઓને કેવળ પીડા કરનારો જ થાય. (૨૪) બુદ્ધિમાન રાજા સાયંસધ્યોપાસના કરી રાત્રિમાં એકાંત સ્થળે ગુપ્તચરોએ કહેલું સાંભળે અને પરરાષ્ટ્રના જનોને પણ પોતાના વશમાં કરે. (૨૫) લોભીજનને ધન આપીને, અનમ્ર (માની)ને બહુમાન આપીને, બીકણને ભય દેખાડીને અને પંડિતને યથાર્થ વાક્ય કહીને યથાયોગ્ય વશ કરે. (૨૬) પરરાષ્ટ્ર પોતાને વશ થઈ જાય ત્યારે જે દેશમાં જે આચાર, વ્યવહાર અને કુલમર્યાદા હોય તે જ પ્રકારે તે રાષ્ટ્રનું પરિપાલન કરે; પરંતુ તેનું અતિલંઘન કરે નહિ. (૨૭) અને પોતાના રાષ્ટ્રમાં તે તે સ્થાનમાં સર્વને પીવા યોગ્ય પાણી વડે મોટાં મોટાં તળાવો, વિભાગ અનુસાર સંપાદન કરે. (૨૮) વળી રાજા બુદ્ધિશાળી, શૂરવીર, કાર્યાનુષ્ઠાનમાં કુશળ અને રાજપ્રશાસનને અનુસારે મળી સંપીને ગ્રામ કાર્યોને કરનારા પાંચ પાંચ પુરુષોની પ્રત્યેક ગામમાં સ્થાપના કરે. (૨૯) સ્વયં રાજા

આહિરજનોનાં સ્થાનોને ગામ જેવા અનેકજનોના અધિષ્ઠાનવાળા કરે. આ વસાહતની નગર જેવી હાટ, ચોક વગેરેથી રચના કરે. આહીરજનો પાસેથી અલગ ધન કરરૂપે અનુક્રમપૂર્વક ગ્રહણ કરે. (૩૦) અંતઃપુરની સ્ત્રીઓનું સારી રીતે રક્ષણ કરે. તે સ્ત્રીઓને આંતરિક વિખવાદથી મુક્ત કરી આનંદમાં રાખે. તેમનાં વાક્યોને સત્ય ન માને. ખાનગી વાત સ્ત્રીસન્મુખ કદાપિ પ્રગટ કરે નહિ. (૩૧) પોતાના અને શત્રુના બલાબલની પરીક્ષા કરીને શત્રુઓની સાથે 'યુવરાજ અમાત્યાદિ' સપ્તપ્રકૃતિની સાથે સંધિ કરીને રાજા આ લોકમાં આઠ કર્મોનું સેવન કરે જેથી કોશવૃદ્ધિ થાય. (૩૨) થોડા ખર્ચમાં ઘણા ફળદાયી આર્થિક લાભ કરાવનારાં આર્થિક કાર્યોનો આરંભ કરે. પોતાના દ્રવ્ય ભંડારને હાનિકારક વૈશ્યાદિના કૃષિ-વાણિજ્યાદિમાં અંતરાયને ન કરે. (૩૩) સર્વ કિલ્લાઓ- ધનધાન્ય, આયુધ, જળ, યંત્રો, સુથાર આદિ શિલ્પીઓ અને ધનુર્ધરો વડે ભરેલા રાખે. (૩૪) નિત્ય ધનમાનાદિની પ્રાપ્તિમાં સંતુષ્ઠ, શૂરવીર, બુદ્ધિમાન, સંગ્રામમાં ધૈર્યયુક્ત, રાજાના કાર્યમાં શુદ્ધ માનસવાળો કુલીન અને રાજામાં પ્રીતિવાળો એવો સેનાપતિ નીમવો. (૩૫) પોતે ચીંધેલું શત્રુસૈન્ય પરાજય આદિ કાર્ય સ્વપરાક્રમથી પાર પાડીને આવેલા જનને દાન-ભેટ-પારિતોષિક અર્પણ કરી, સભામાં બહુમાન કરી, પગાર વધારી આપવો. (૩૬) વિદ્યાગુણ વિનયસંપન્ન અને શિલ્પશાસ્ત્રોમાં કુશળ એવા પુરુષોને રાજા ધન-વસ્ત્ર-દાન વગેરેથી સન્માનિત કરે. (૩૭) પરરાષ્ટ્રનું વૃત્તાંત જાણવા માટે રાજાએ બુદ્ધિ અને યુક્તિ વડે વિચક્ષણ એવા પુરુષોને ખાનગીમાં પગાર આપીને પરરાષ્ટ્રમાં સ્થાપવા. (૩૮) જેની દુષ્ટ ક્રિયા જોવામાં આવેલી છે એવા દુષ્ટ ચોરને પકડીને જેલમાં પૂરે. પરંતુ તેને ધનાદિકના લોભે કરીને છોડે નહિ. (૩૯) પ્રારંભમાં દરિદ્ર પરંતુ પાછળથી દૈવ અનુકૂળ થવાથી ધનાઢ્ય થયેલા જનને મિથ્યા અપવાદથી દૂષિત ન કરવા. તેવા જનનું મંત્રી વગેરે થકી રક્ષણ કરે. (૪૦) લોભથી પ્રેરાઈને દૂર દેશાવરથી વેપાર માટે પોતાના રાજ્યમાં આવેલા વેપારી થકી યથાયોગ્ય કર ગ્રહણ કરવો અને તેમની શુલ્કજીવી જનો થકી રક્ષા કરવી. (૪૧) ધર્મ-અર્થના વિજ્ઞાનવાળા વૃદ્ધજનોનું વાક્ય રાજા નિત્ય સાંભળે અને ઉત્તમ કાર્ય કરનારા પુરુષની રાજા સભામાં પ્રશંસા કરે. (૪૨) અને સર્વ શિલ્પીજનોનું સર્વદા દ્રવ્ય અને જરૂરી ચીજવસ્તુઓ ચાર માસ ચાલે તેટલું સારી રીતે નિયમસર રાજા તેમને આપે. (૪૩) રાક્ષસો, અગ્નિ, વાઘ, વ્યાધિ, સર્પ વગેરેના ભયથી દેશનું પાલન કરે. અંધ, મૂંગા, અપંગ અને વિકલાંગોનું રાજા પિતાની માફક પાલન કરે. (૪૪) સુબુદ્ધિ રાજાએ વિશેષપણે આ છ અનર્થો ત્યાગવા. નિદ્રા, આળસ, ભય, ક્રોધ, કોમળપણું, દીર્ઘસૂત્રતા - આ છ દોષો ત્યાગવા. (૪૫) રાજાએ પ્રથમ પંડિત બ્રાહ્મણ પાસેથી પ્રયત્નપૂર્વક નીતિશાસ્ત્ર ભણવું. હું તમોને તે પંડિતનાં લક્ષણો કહું છું. (૪૬) મહાભારતાદિ ઈતિહાસ અને પુરાણોનો જ્ઞાતા, ન્યાય જાણનારો, ધર્મતત્ત્વનો જ્ઞાતા, છ અંગોએ સહિત વેદને જાણનારો, સારો વક્તા, પ્રૌઢ અને બુદ્ધિમાન, કવિ, જ્ઞાનકાંડ અને કર્મકાંડને જાણનારો, નીતિજ્ઞ, સ્મૃતિવાળો તથા પ્રમાણો વડે ધર્મ, કામ, અર્થ અને મોક્ષનો નિર્ણય કરનાર, ભૂગોળ તત્ત્વને જાણનાર, સંધિ-વિગ્રહાદિ વિભાગને જાણનારો, ઉત્તરોત્તર પ્રતિવાદ કરવામાં મહાસમર્થ, ઐક્યમાં વિશારદ - ભિન્ન ભિન્ન સ્થળમાં છૂટાં છૂટાં રહેલાં વાક્યોને મહાવાક્યપણે

એક કરી તાત્પર્ય નિર્ણયમાં સમર્થ, અથવા સર્વ શાખા પ્રત્યયન્યાયથી એકાર્થપણાના અબોધનમાં સમર્થ, બે અર્થના તાત્પર્યથી પ્રયોજેલા એક વાક્યમાંથી અર્થનું તાત્પર્ય જાણવામાં નિપુણ, એક કાર્યમાં અનેક ધર્મોનો અને તેના ફળનો સમન્વય કરી તેનું નિરૂપણ કરવામાં સમર્થ, પ્રતિજ્ઞા-હેતુ-ઉદાહરણ-ઉપનયન-નિગમન નામના પાંચ અવયવોવાળા ન્યાયપ્રયોગમાં સમર્થ, બીજાએ કે પોતે પ્રયોજેલા હેતુના ગુણદોષને અને તેના વિભાગોને જાણવામાં નિષ્ણાત, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ગાનવિદ્યાશાસ્ત્ર, યુદ્ધકલા અને ધનુર્વિદ્યામાં કુશળ-આ બધા ગુણથી સંપન્ન હોય તે જ રાજાનો અધ્યાપક થાય. (૪૭ થી ૫૧) આવા પ્રકારના વિદ્વાન પાસેથી સ્વયં રાજા ધનુર્વિદ્યા, નીતિશાસ્ત્ર અને બીજાં પણ શાસ્ત્રો પ્રયત્નપૂર્વક ભણે. (૫૨) હાથી-ઘોડા-રથ તેનાં સૂત્રો-લક્ષણ પરીક્ષા, ચિકિત્સા, ઔષધ, ઉદ્દીપન, માદક આદિક પ્રકારને પ્રતિપાદન કરનારા ગ્રંથોના સિદ્ધાંતોને સંક્ષેપથી સૂત્ર સંજ્ઞાવાળાં શાસ્ત્રો, તથા યંત્રો (અગ્નિ-ઔષધબળથી સીસાના-કાંસાના પથ્થરના ગોળા ફેંકવાના લોહમય નાળ-તોપ વગેરે નામથી પ્રસિદ્ધ છે.) તેને સૂચવનારું શાસ્ત્ર તથા સર્વ આગ્નેય આદિ અસ્ત્રો-શસ્ત્રોના ઉપસંહાર સહિત યથાવિધિ મંત્રોએ સહિત પ્રયોગોને ભણે. (૫૩) હે દ્વિજ ! રાજા અધ્યાપક પંડિતને બહુ પ્રકારનાં વસ્ત્રો, રત્નો, વાહનો, સુંદર આભૂષણો, રૂપામુદ્રાઓ અને સુંદર સુવર્ણમય નાના પ્રકારનાં ઉપકરણો તથા ઉત્તમ મહેલ વગેરે વડે સંતોષ પમાડે. (૫૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા
પ્રકરણમાં ધર્મોપદેશમાં રાજધર્મોમાં ચૌદ દોષ આદિ નિરૂપણ નામનો ચોવીશમો અધ્યાય થયો.
॥૨૪॥

●

## અધ્યાય-૨૫

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! રાજાઓને ધર્મ યશદાયી અને સ્વર્ગ પમાડનારો થાય છે. ધર્મથી જ શત્રુઓનો પરાભવ થાય છે. માટે રાજા ધર્માચરણ તત્પર થાય. (૧) પોતાનું મન, દેશ, ઉપાયો, અમાત્યાદિ સહાયો, કાલ અને કર્મ - આ છ વર્ગ રાજનીતિથી થાય માટે રાજા ધર્મનું આચરણ કરે. (રાજા ધાર્મિક હોય ને ધર્મ પ્રવર્તાવે તો અધર્મમાં પણ રહેલું લોકોનું મન ધર્મમાં જ પ્રવર્તે, કુત્સિત દેશ પણ સારો દેશ થઈ જાય.) (૨) રાજા ધર્મસિદ્ધિ માટે વેદત્રય (ઋગ્, યજુ, સામ) વિદ્યાને જાણે, કામસિદ્ધિ માટે કૃષિકર્મ વણજવ્યાપાર રૂપ વિદ્યા જાણે, અર્થસિદ્ધિ માટે દંડનીતિ જાણે અને મોક્ષસિદ્ધિ માટે આત્મ-અનાત્મ વિવેકરૂપ આન્વીક્ષિકી વિદ્યાને જાણે. આથી રાજાએ આ ચાર વિદ્યાઓ શીખવી. (૩) રાજા સામ, ભેદ, દાન અને નિગ્રહ (દંડ) આ ચાર ઉપાયોનું યથોચિત આયોજન કરે. જ્યારે કોઈ અર્થ સાધવાનો ન હોય ત્યારે પાંચમો ઉપાય ઉપેક્ષાનો પ્રયોગ કરે. (૪) અધમ, મધ્યમ અને ઉત્તમ એવી સંધિઓને જાણે. શત્રુના ભયથી કરાતી સંધિ અધમ જાણવી. શત્રુએ કરેલા સત્કારથી કરેલી સંધિ મધ્યમ અને શત્રુએ આપેલા ધનના સ્વીકારથી કરાતી સંધિ

ઉત્તમ જાણવી. અર્થજય, ધર્મજય અને આસુરજય એમ જય પણ ત્રણ પ્રકારનો જાણવો. શત્રુના સૈન્ય-સેનાપતિને ધન આપી ફોડીને મેળવેલો જય અર્થજય છે. શત્રુ ન જાણે તેમ નિદ્રા, મદ, મૂર્છા વગેરે સમયે મેળવેલો જય આસુર જય કહેવાય અને ધાર્મિક યુદ્ધથી મેળવેલો ધર્મજય ઉત્તમ છે. (૫) રથો, હાથીઓ, ઘોડાઓ, પદાતિઓ, વેઠિયાઓ, નાવિકો, રાજાની મુદ્રા ધારણ કરનારા, આગળ ચાલનારા જાસૂદ તથા સેનામાર્ગનો ઉપદેશ આપનારા ગુરુઓ આ આઠ પ્રકારની પ્રસિદ્ધ 'દંડસેના' જાણો. (૬) પહેરવાના વસ્ત્રમાં અને જમવાના અન્નમાં પારકાએ કરેલો વિષપ્રયોગ તથા વિપ્ર દ્વારા મંત્રાદિ પ્રયોગથી કરાવેલો અભિચાર આ ત્રણ પ્રકારની અપ્રકટસેના દંડ લક્ષણોથી જાણવી. (૭) રાજા સૂર્યાદિ ગ્રહો અને અશ્વિની આદિ નક્ષત્રો, તેના માર્ગ, તેના ગુણો, પૃથ્વીના ગુણ ભેદો, મંત્ર-યંત્રથી પોતાનું રક્ષણ તથા યુદ્ધકૌશલને જાણે. (૮) ગરુડાકૃતિવ્યૂહ, મકરાકારવ્યૂહ, ક્રૌંચ-આકૃતિવ્યૂહ, ચક્રાકૃતિવ્યૂહ, સુચીમુખાવ્યૂહ, મહાવ્યૂહ, વજ્રાકારવ્યૂહ, સર્વતોભદ્ર-મંડળાકારવ્યૂહ, અર્ધચંદ્રાકારવ્યૂહ, શકટાકારવ્યૂહ, શૃંગાટકાકાર (ત્રિકોણ)-વ્યૂહ, ઈત્યાદિ સેના ગોઠવવાના વ્યૂહોને રાજા જાણે અને રચેલા વ્યૂહ પ્રકારથી જ સૈન્યોનો સર્વત્ર સંચાર કરે. (૯-૧૦) પદાતિઓ, હાથીઓ અને ઘોડાઓના પોષણ માટેના ઉપાયોને રાજા શાસ્ત્ર થકી જાણે અને રથનિર્માણાદિ શિલ્પ પ્રકાર અને આયુધનિર્માણ પ્રકારને રાજા શાસ્ત્ર થકી જાણે. (૧૧) ઉત્પાત આદિનું લક્ષણ, તેના શમનના ઉપાય તથા સૈન્યના પ્રોત્સાહન અને પરીક્ષણનો વિધિ, શત્રુ-મિત્ર-ઉદાસીનના લક્ષણનો ભેદ તથા દૂતોના લક્ષણને રાજા શાસ્ત્ર થકી જાણે. (૧૨) ખળ જનોના ઉન્મૂલનનો પ્રકાર, અસ્ત્ર-શસ્ત્રના પ્રયોગ પ્રકાર; દેશ, ગામ અને કુળના આચારો તેમ જ વેદોક્ત ધર્મોને રાજા સારી રીતે જાણે. (૧૩) તથા શત્રુ-મિત્ર અને ઉદાસીન - આ ત્રણેયના ચાર ચાર મિત્રો એમ કરીને બાર રાજાઓના મંડલની સ્થિતિ જાણે. તેમ જ અપરાધને અનુસારે ધર્મશાસ્ત્ર થકી દંડને જાણે. (૧૪) સુબુદ્ધિરાજા ધનુર્વેદ અને નીતિશાસ્ત્રને કુશળ ગુરુ થકી ભણીને, પૂર્વે કહેલા પ્રકૃતિભેદ અને ઉપાયભેદને જાણીને ધાર્મિક યુદ્ધ વડે શત્રુઓને જીતીને ધર્મની વૃદ્ધિ કરે. (૧૫) સામ, દાન અને ભેદ વડે સ્વબુદ્ધિથી ઘણા લાંબા સમયે શત્રુને વશ કરે. પણ વગર વિચાર્યે તત્કાળ યુદ્ધ ન કરે. (૧૬) જો સામ, દામ, ભેદાદિ ત્રણે ઉપાયો વડે શત્રુઓ વશ ન થાય ત્યારે રાજા નિર્ભય થકો ધર્મયુદ્ધ કરે. (૧૭) જો શત્રુ રાજાઓ યુદ્ધમાં મરણ પામી જાય તો ધાર્મિક રાજા વશ કરેલા તેમના પુત્રોને તે રાજ્ય પોતે પાછું અર્પણ કરે છે. (૧૮) જો યુદ્ધમાં રાજા યુક્તિપ્રયુક્તિ કે બુદ્ધિબળથી શત્રુઓને પકડી લે તો તેમને રાજ્યમાં લાવી કારાગારમાં સ્થાપન કરે. (૧૯) ઉત્તમ રાજા કેદ કરેલા શત્રુઓને જીવન પર્યંત અન્નવસ્ત્રાદિ આપે. કેમકે કેદ કરેલા શત્રુઓ ગાયો કરતાં પણ અધિક દયાપાત્ર છે. (૨૦) ક્રૂર કર્મવાળો રાજા બંદિવાન કરેલા શત્રુઓને મારે કે મરાવે છે તે રાજા બ્રહ્મહત્યાદિ મહાપાપોથી યુક્ત થાય છે એ નિશ્ચય વાત છે. (૨૧) બુદ્ધિહીન રાજા તો સામાદિ ત્રણ ઉપાયોનો ત્યાગ કરી કેવળ યુદ્ધપરાયણ જ થાય છે. તે રાજાના સારા પુરુષો, હાથી, ઘોડાઓ વગેરે નાશ પામે છે. (૨૨) તેનો ધનભંડાર પણ નાશ પામે છે પછી કંગાલ થઈ જાય છે. પછી ચોરીકર્મ કરીને નાશ પામે આથી સામાદિ ઉપાય કર્યા વિના યુદ્ધનો આરંભ ન કરે. (૨૩)

પોતાના ધનનો એક તૃતીયાંશ પોતાના જીવન માટે વાપરે અને બાકી રહેલા બે ભાગનો ધર્મકાર્યમાં ઉપયોગ કરે કેમ કે જીવિત તો અનિત્ય છે. (૨૪) રાજા શીલ વડે પ્રજાઓને આનંદ પમાડતો થકો ધર્મપૂર્વક તેનુ પાલન કરે. દંડને યોગ્ય નહિ તેવી વ્યક્તિઓને રાજા દંડ ન આપે અને દંડને યોગ્ય વ્યક્તિઓને અવશ્ય દંડ આપે. (૨૫) જો રાજા પ્રજાઓનું પાલન ન કરે તો અન્યાયો પ્રવર્તે અને પ્રજા વર્ણસંકર થાય અને રાજ્યમાં દુષ્કાળ પડે. (૨૬) જે રાજા પ્રજાઓનું રક્ષણ નહિ કરતો થકો કેવળ પોતાનો કર જ વસૂલ કરે છે તે રાજા પ્રજાઓના પાપ ખાય છે અને પોતાના પુણ્યનો ત્યાગ કરે છે. (૨૭) ધર્મનિષ્ઠ સુજ્ઞ રાજા પ્રજાઓના રક્ષણોથી કર વસૂલ કરે છે. અને તે પણ માત્ર છઠ્ઠો ભાગ જ કર રૂપે ગ્રહણ કરે. (૨૮) રાજાએ પ્રથમ પોતાનું મન જીતવું પછી પોતાના શત્રુઓ જીતવા કેમ કે જિતેન્દ્રિય રાજા શત્રુઓને જીતવા સમર્થ થાય છે. (૨૯) રાજા વેદ અને વેદના અંગોને જાણનારો થાય. નીતિવેત્તા અને વિષ્ણુભક્તિવાળો તેમજ દાનશીલ, યજ્ઞશીલ અને તપઃશીલ થાય. (૩૦) રાજનાં કાર્યોને સિદ્ધ કરનારા સેવક વર્ગોને ધન-વસ્ત્રાદિ વડે સન્માનિત કરે. ગુપ્ત રીતે પ્રજાને પીડનારા અમાત્ય કે યુવરાજ આદિનું નિયંત્રણ કરે. (૩૧) રાજા જે ધર્મને પ્રવર્તાવે તે જ ધર્મને લોક અનુસરે છે. રાજા ઉપર કાળનું બળ નથી પણ રાજા જ કાળનું કારણ છે. (૩૨) સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ જે જે યુગો થાય છે તે રાજા વર્તાવે તેમ વર્તે છે. આથી રાજા જ યુગ કહેવાય છે. (યુગ ધર્મનો પ્રવર્તક રાજા જ છે.) (૩૩) આ લોકમાં ઈષ્ટની પ્રાપ્તિરૂપ યોગ અને પ્રાપ્ત થયેલાનું રક્ષણ રૂપ ક્ષેમ તથા સુવૃષ્ટિ - આ બધાનું મૂળ રાજા જ કહેલ છે. પ્રજાઓમાં વ્યાધિઓ, મરણ અને ભયાદિનું મૂળ પણ રાજા જ કહેલ છે. (૩૪) ભય થકી પ્રજાઓનું રક્ષણ નહિ કરનાર રાજાને એક દિવસ જે પાપ લાગે છે તેનું ફળ હજાર વર્ષ પર્યત યમપુરીમાં ભોગવે છે. (૩૫) રાજા ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરીને એક દિવસ વડે જે પુણ્ય પ્રાપ્ત કરે છે તેનું ફળ દસ હજાર વર્ષ સુધી સ્વર્ગમાં ભોગવે છે. (૩૬) રાજા દ્વારા સુરક્ષિત પ્રજાઓ આ લોકમાં ધર્મનું આચરણ કરે છે તે ધર્મનો એક ચતુર્થાંશ રાજાને મળે છે. (૩૭) પોતાના આશ્રિત જનોનું જે ધન ચોરોએ ચોરેલું રાજા વડે પાછું મેળવી આપવાનું અશક્ય હોય તો રાજાએ પોતાના ધનભંડારમાંથી અનુજીવિજનોને આપવું જોઈએ. (૩૮) અમાત્યાદિ વડે નાશ કરાતા રાજભંડારને રાજાના હિતની ઈચ્છાથી જો કોઈ જન કહે તો તે જનનું વચન રાજાએ એકાંતમાં સાંભળવું અને તે પુરુષને અમાત્યાદિ વડે ભય ન થાય તેમ રાજાએ તેનુ રક્ષણ કરવું. (૩૯) પ્રાજ્ઞ, મેધાવી, પ્રતિભાશાલી, જિતેન્દ્રિય, કુલીન, બહુશ્રુત, સત્યસંપન્ન, બાહોશ, શૂર એવા જનોને રાજા સર્વ કર્મોમાં સન્માનિત કરે. (૪૦) રાજા જે તે કૃપણ, અનાથ, વૃદ્ધ, વિધવા સ્ત્રીઓ તેમના યોગ અને ક્ષેમ તથા જીવિકાવૃત્તિની નિત્ય વ્યવસ્થા કરે. (૪૧) રાજા નિષ્કપટ થકો બ્રહ્મવિદોના, આશ્રમોમાં બ્રહ્મજ્ઞજનોનો સત્કાર અને પૂજા કરી તેમને વસ્ત્રો, વાસણો અને ભોજન સર્વદા અપાવે. (૪૨) અને તે તપસ્વીઓને સ્વયં રાજા સર્વદા વિનયયુક્ત થઈને પોતાનો દેહ, સર્વ કાર્યો અને સમગ્ર દેશને પણ પ્રયત્ન પૂર્વક નિવેદન કરે. (૪૩) કોઈ આપત્કાળ આવતાં રાજા તપસ્વીઓમાં વિશ્વાસ કરે. કેમ કે ચોરો સુધ્ધાં તાપસોમાં વિશ્વાસ કરે છે. (૪૪) દરેક ગામ દીઠ એક અધિપતિ કરે. ત્યારપછી દશ ગામોનો એક અધિપતિ કરે. (તેના

ઉપર) સો ગામોનો એક અધિપતિ કરે. (તેના પણ ઉપર) હજાર ગામોનો એક અધિપતિ કરે. (સર્વ ઉપર) પોતાના દેશમાં રહેલાં સમગ્ર ગામોનો એક પ્રધાન અધિપતિ કરે. આ રીતના ક્રમથી રાજા સમગ્ર રાજ્યનું રક્ષણ કરે. જે રીતે પ્રજા ક્લેશ ન પામે તે રીતે આળસે રહિત સાવધાન થકો રાજા રક્ષણ કરે. (૪૫-૪૬) તે જ પ્રકારે રાજા વણિકજનોનો વ્યવહાર તથા શિલ્પીઓની શિલ્પકળાને જોઈને તેમના ધનક્ષય અને નિર્વાહ વિચારીને તેને અનુસારે જ તેમના થકી કરને ગ્રહણ કરે. (૪૭) ચાડીચુગલી કરનારા જનોનું વચન સાંભળીને કંઈ કાર્ય રાજા ન જ કરે, પરંતુ પોતે વિચાર કરી નિશ્ચય કરી પછી યથાયોગ્ય કરે. (૪૮) આ લોકમાં પાપબુદ્ધિવાળા અને મીઠી મીઠી વાણી બોલનારા સુલભ હોય છે. પરંતુ અપ્રિય હિતવચનનો વક્તા દુર્લભ છે અને તેવા વચનનો શ્રોતા પણ દુર્લભ છે. (૪૯) જે જન નિત્ય ધર્મપરાયણ થકો સ્વામીનું પ્રિય-અપ્રિય ત્યાગ કરીને આરંભકાળે તો અપ્રિય જણાતાં પરંતુ પરિણામે હિતકારી થનારા વચનોને કહે છે તેવા જનથી જ રાજા સહાયવાળો થાય છે. (૫૦) હે દ્વિજેન્દ્ર ! જે વચનથી પોતાનું અહિત થાય એવું પ્રિય વચન જે જન બોલે તે પોતાની જ્ઞાતિનો કે સંબંધી હોય તોપણ તે પુરુષનું તેવું વચન મતિમાન્ રાજા ન જ સાંભળે. (૫૧)

ઇતિશ્રી સંત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં રાજાના ધર્મોમાં ષડ્‌વર્ગાદિ નિરૂપણ નામનો પચીસમો અધ્યાય થયો. ।।૨૫।।

●

## અધ્યાય-૨૬

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! રાજા રાગદ્વેષ રહિત થઈ ધર્મોનું પાલન કરે, પરલોક કામુક થઈ સ્નેહ કરે, પરંતુ લોભાદિથી નહિ. કટુવાણી રહિત થકો અર્થાનું સંપાદન કરે, ધર્મ અને અર્થને નહિ નાશ કરતો થકો ઇન્દ્રિયપ્રીતિ કરે. (૧) અદીન થકો હિતને કરે. શૂર થકો અવાદહુક થાય, દાતા થકો કુપાત્રવર્ષી ન થાય. પ્રતિભાયુક્ત થકો દયાવાન થાય. (૨) બંધુઓ સાથે વિગ્રહ ન કરે. કુપુરષો સાથે સંધિ ન કરે. ગુપ્તચરને થોડું ન આપે પરંતુ ખૂબ આપે અને રાજા અન્યોને પીડા આપ્યા સિવાય કાર્ય કરે. (૩) અસત્પુરુષો આગળ પ્રયોજન ન કહે. તેમનો કદી આશ્રય ન કરે. રાજા સાધુજનો પાસેથી કંઈપણ ગ્રહણ ન કરે. પોતાના ગુણોનાં વખાણ ન કરે. (૪) રાજા લુબ્ધ પુરુષોને કાર્યમાં પ્રેરે નહિ, ગુપ્તવિચારને પ્રદર્શિત ન કરે. પરીક્ષા કર્યા વગર દંડ ન કરે. અપકારી જનોનો વિશ્વાસ ન કરે. (૫) રાજા ઈર્ષ્યારહિત થકો સ્ત્રીઓનું રક્ષણ કરનારો થાય. શુદ્ધ નિષ્કપટ થકો ઘૃણારહિત થાય. સ્ત્રીઓનું અતિશય સેવન ન કરે. અહિતકર મિષ્ટાન્ન ભક્ષણ ન કરે. (૬) નમ્ર થકો માન્ય જનોનું પૂજન કરે. નિષ્કપટભાવથી ગુરુ જનોનું સેવન કરે. દંભ રહિત થઈ દેવોનું પૂજન કરે. દૈવી લક્ષ્મીની ઇચ્છા કરે. (૭) નમ્રતા ધારણ કરી જ્ઞાનવૃદ્ધ તપોવૃદ્ધ જનોનું સેવન કરે, સમયને નહિ જાણનારો ન થાય. મોક્ષ માટે સાંત્વના ન કરે, અનુગ્રહ કરતો થકો શત્રુઓનો તિરસ્કાર ન કરે. (૮) શત્રુ કે દોષને જાણ્યા સિવાય પ્રહાર ન કરે. શત્રુઓને હણીને શોક ન કરે. વગર વિચાર્યે અચાનક ક્રોધ ન કરે.

રાજા અપકારી જનો પ્રત્યે કોમળ ન થાય. (૯) આ પ્રકારે જે રાજા છત્રીશ ગુણ સંપન્ન હોય તેને તો શત્રુઓ પરાભવ કરી શકતા નથી અને તે મહા યશને પામે છે. (૧૦) રૂપ, વર્ણ અને સ્વરથી યુક્ત (ગંભીર સ્વરવાળો), સહનશીલ, અસૂયાથી રહિત, કુલીન, પૂર્વાપર અનુસંધાનવાળો, બુદ્ધિમાન, નીતિને જાણનાર, ક્રૂરતાથી રહિત, રાજા માન આપે કે અપમાન કરે પણ સદા પ્રસન્નચિત્ત હોય, શૂરવીર, પંડિત અને હિતૈષી હોય એવા પુરુષને રાજા મંત્રી બનાવે. (૧૧-૧૨) જે જનો કુલીન, શીલસંપન્ન, મુખરાગાદિના નિરીક્ષણ માત્રથી હૃદયના ભાવને જાણનારા, દુષ્ટ સ્વભાવ રહિત, દેશ અને કાળના વિધાનને જાણનારા, શૂર, ધીર, હિતૈષી, જ્ઞાન-વિજ્ઞાન સંપન્ન, પોતાના અને અન્યોના સ્વભાવને જાણનારા, સત્યનિષ્ઠ અને સદા સંતુષ્ટ હોય એવા જનોને જ રાજાએ સુહૃદજનો બનાવવા, (૧૩-૧૪) (મંત્રનાં પાંચ અંગો કહે છે) સહાય-પુરુષ અને દ્રવ્યની સંપદાઓ, સાધનોના ઉપાયો-કર્મોના આરંભના ઉપાયો, દેશકાળનો અતિક્રમ ન કરવારૂપ વિભાગ, વિનિપાત પ્રતિકાર=વિપત્તિનું નિરાકરણ અને કાર્યસિદ્ધિ=ફળ સિદ્ધિ આ પાંચમી જાણવી. (૧૫) રાજકાર્યમાં મંત્રનાં આ પાંચ અંગો જાણવાં. રાજાએ મંત્રનું સંવરણ (ગુપ્ત રાખવું) પ્રયત્નપૂર્વક કરવું. (૧૬) અલ્પ મતિવાળા, તત્કાળ કરવા યોગ્ય કાર્યમાં વિલંબ કરનારા, આળસુ અને નિર્બળો સાથે રાજા ગુપ્ત વિચારણા ન કરે. રાજા નિદ્રા તથા આળસને જીતે. (૧૭) રાજા મંત્ર-ગુપ્ત વિચાર ન કરે. વિદ્યામદ, ધનમદ તથા પુત્રપૌત્રાદિ કુટુંબીજનોથી થતો મદ-આ ત્રણેનો ત્યાગ કરી, જ્યાં સુધી કાર્યની સિદ્ધિ ન થાય ત્યાં સુધી રાજા મંત્રને ગુપ્ત રાખે. (૧૮) મહેલમાં, પર્વતના શિખર ઉપર, ઘાસ વગેરેના આવરણે રહિત વનમાં કે એકાંત સ્થળમાં રાજા નીતિશાસ્ત્રના રહસ્યને જાણનારાની સાથે મંત્રને રૂડી રીતે કરે. (૧૯) ધન્વદુર્ગ, મહીદુર્ગ, ગિરિદુર્ગ, વૃક્ષદુર્ગ, જળદુર્ગ અને મર્ત્યદુર્ગ - આ છ રાજાના કિલ્લાઓ છે. આમાંથી ગમે તે દુર્ગનો રાજા આશ્રય કરે. આ છ દુર્ગમાં છેલ્લે મનુષ્યદુર્ગ છે તે શત્રુઓ માટે પાર કરવો અશક્ય છે. (૨૦) હિતૈષી એવા રાજાએ ચારે વર્ણના જનો ઉપર સર્વદા દયા જ રાખવી. સુરક્ષિત એવી પ્રજાઓ રાજાની કીર્તિને ખૂબ જ વધારે છે. (૨૧) દારૂ પીવાની આદતવાળા, જુગારી, ધુતારા, પાખંડી, પરાંગના લંપટ જનો, ભાટ અને ચારણો - આ સર્વનું રાજાએ નિયંત્રણ કરવું જોઈએ. (૨૨) રાજા ધનાઢ્ય જનોનું સન્માન કરે, કેમ કે ધનવાન જનોને લીધે લોકવ્યવહારની સ્થિતિ અનુવર્તે છે. ભક્ષણ કરવા યોગ્ય ફળવાળાં વૃક્ષોનું ક્યારેય પણ છેદન ન કરાવે. (૨૩) રાજા વૃત્તિહીન બ્રાહ્મણોની આજીવિકા બાંધી આપે. બ્રાહ્મણોને આપત્તિમાંથી ઉદ્ધાર કરતો રાજા કદાપિ દુઃખ પામતો નથી. (૨૪) રાજા દીન, અનાથ અને વૃદ્ધોને વૃત્તિદાનથી સુખી કરી તેમના અશ્રુઓનું પરિમાર્જન કરે. તેવાઓને આનંદ ઉપજાવનાર રાજા આપત્તિમાં કદાપિ કલેશને પામતો નથી. (૨૫) રાજા આપત્તિકાળમાં દીર્ઘસૂત્રી ન થાય. કેમ કે શીઘ્ર કાર્ય કરનારો અર્થને પામે છે, દીર્ઘસૂત્રી વિનાશને પામે છે. (૨૬) ગાયો અને બ્રાહ્મણોનું સર્વદા હિત કરે અને તેના માટે શૂરો સાથે રાજા યુદ્ધ કરે. રાજા વિપ્રનું અન્ન કદાપિ હરે નહિ. તેમજ કૃષિકર્મમાં હળ વગેરેને ભાંગી નંખાવીને વિઘ્ન ન કરે. (૨૭) શિલ્પીઓ જે સાધન વડે જીવતા હોય, જે જનનું જે આજીવિકાનું સાધન હોય તે સાધન-ઉપકરણ લઈ લેવા માટે રાજા યોગ્ય નથી. બધું જ લૂંટી લેવાનો

પ્રસંગ હોય ત્યારે પણ આજીવિકાની વસ્તુઓ હરવી નહિ. (૨૮) આયુધથી જીવનારાનાં આયુધો ન લઈ લે, વાહનાદિ વડે જીવનારાના ગાડુ વગેરે વાહનો, વેશ્યાઓના અલંકારો અને વાજિંત્રો વગાડનારાનાં વાજિંત્રોનું રાજા અપહરણ ન કરે. (૨૯) હે વિપ્રસત્તમ ! આ લોકમાં મનુષ્યોને જીવિકાનું જે સાધન હોય તેનું હરણ કરે છે તે શસ્ત્રપ્રહારથી પણ અધિક છે, માટે ધર્મજ્ઞ રાજા જીવિકાનાં સાધનોનું ક્યારેય પણ આહરણ ન જ કરે. (૩૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં રાજાના ધર્મોમાં છત્રીસ ગુણાદિ નિરૂપણ નામનો છવ્વીશમો અધ્યાય થયો. ॥૨૬॥

●

## અધ્યાય-૨૭

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

મીમાંસા વ્યાકરણાદિ શાસ્ત્રશ્રવણ તથા વેદાધ્યયનથી સંપન્ન, ધર્મશાસ્ત્રને જાણનારા, સત્યવાદી, લાજશરમવાળા, બાહ્યેન્દ્રિયોનું દમન કરનારા, દયા અને કોમળપણાથી યુક્ત, ન્યાય-અન્યાયને તત્ત્વથી સારી રીતે કહેવામાં સમર્થ, શત્રુ અને મિત્રમાં દ્વેષરાગે રહિત - આવા લક્ષણવાળા જનોને રાજાએ સભાસદો કરવા. (૧-૨) અર્થી અને પ્રત્યર્થીના વિવાદાનુગત જોઈ પૂછીને જે વિવેચન કરે તે પ્રાડ્‌વિવાક કહેવાય તે ન્યાયાધીશ, અમાત્ય, વિદ્વાન બ્રાહ્મણો, પુરોહિત અને સભાસદોની સાથે જ રાજા વ્યવહારોને યથાવિધિ જુએ કે વિચારે. (૩) લૌકિક વ્યવહાર, વેદાર્થને જાણનાર અને ધર્મશાસ્ત્રને જાણનાર સાત, પાંચ કે છેવટે ત્રણ વિપ્ર સભાસદો જ્યાં બેઠેલા હોય તે સભા યજ્ઞપરિષદ તુલ્ય જાણવી. (૪) સર્વ કોઈ વિવાદોમાં વ્યવહાર (દાવા ફરિયાદ)ના ભાષાપાદ, ઉત્તરપાદ, ક્રિયાપાદ અને સાધ્યસિદ્ધિપાદ આવા અનુક્રમથી ચાર પાદો દર્શાવવામાં આવ્યા છે. (૫) રાજધર્મમાં (નીચે પ્રમાણે) અઢાર જ વ્યવહાર પદો જાણવા (વાદીપ્રતિવાદીનો જે વિવાદ તે વ્યવહાર કહ્યો છે) : **૧. ઋણાદાન** : દેણદાર અને લેણદારના વિષયમાં ઋણ આપવા લેવાના ધર્મનું ઉલ્લંઘન તે ઋણાદાન નામનું વ્યવહારપદ. **૨. નિક્ષેપ** : જ્યાં પોતાના દ્રવ્ય વિશ્વાસથી મૂકે તે પાછું ન આપે તે નિક્ષપ નામનું વિવાદપદ **૩. અસ્વામિવિક્રય** : થાપણ મૂકેલું કે ખોવાયેલું કે જડેલું કે ચોરેલું પારકું દ્રવ્ય તેના ધણીને પૂછયા વગર વેચી નાખવું તે અસ્વામિવિક્રય વિવાદપદ. **૪. સંભૂય સમુત્થાન** : લાભ માટે પરસ્પર મળીને વ્યવહાર કરતાં વેપારીઓને લાભ રહેલા અર્થવિભાગ અંગેનો કલહ તે સંભૂયસમુત્થાન નામનું વિવાદપદ. **૫. દત્તાનપાકર્મ** : અયોગ્ય રીતે આપીને ફરીથી પાછું લેવું જે વિવાદપદમાં હોય તે દત્તાનપાકર્મ વિવાદપદ **૬. સંવિદવ્યતિક્રમ** : રાજાએ કરેલી પાખંડ શાસ્ત્રાદિની મર્યાદાનું ઉલ્લંઘન અંગેનો વિવાદ. **૭. સીમાવિવાદ** : બે ખેતર, બે ઘર, બે ગામ, બે દેશની પરસ્પર સીમા નક્કી થઈ હોય તેને લગતો વિવાદ. **૮. સ્તેયસાહસ** : ધણીને છેતરીને દ્રવ્યનું અપહરણ તે સ્તેય તથા રાજદંડ કે જનોના આક્રોશને અવગણીને બલાત્કારે પરદ્રવ્યહરણ-પરસ્ત્રીહરણ તે સાહસ તે બન્ને મળીને સ્તેયસાહસ વિવાદપદ જાણવું. **૯. ક્રયવિક્રયાનુશય** : મૂલ્ય આપીને ખરીદી કરીને પણ ઘણા લાભની ઈચ્છાથી ખરીદી કરનારને

અનુતાપ થાય તે ક્રયાનુશય તથા મૂલ્ય લઈને વેચીને પણ ઘણા લાભની ઇચ્છાથી વેચનારને અનુતાપ થાય તે વિક્રયાનુશય. આ બન્ને મળીને ક્રયવિક્રયાનુશદ વિવાદપદ કહેવાય. **૧૦. સ્વામિપાળ વિવાદ** : ગાય આદિ પશુઓનો માલિક અને જે પગાર લઈને તેને પાળનારો ગોવાળ તે બન્નેનો વિવાદ. ધણિયાતા ખેતરમાં પશુઓને ચરાવવાથી ખેતરના માલિક અને પશુપાલક વચ્ચેનો વિવાદ સ્વામિપાળવિવાદ કહેવાય છે. **૧૧. અભ્યુપેત્યાશુશ્રૂષા** : હું તમારી સેવા કરીશ એમ અંગીકાર કરીને પછી સેવા ન કરવાથી ઉપસ્થિત થતો વિવાદ. **૧૨. વાક્પારુષ્ય** : દેશ, જાતિ, કુળાદિકના આક્રોશ અને કુત્સિત શબ્દવાળું જે અન્યને ઉદ્વેગ ઉપજાવનારું વચન વાક્પારુષ્ય વિવાદ પદ. **૧૩. દંડપારુષ્ય** : બીજાના અંગને હાથ-પગ-આયુધ વગેરેથી પીડા આપવી તે દંડપારુષ્ય વિવાદપદ. **૧૪. સ્ત્રીસંગ્રહ** : પરસ્ત્રીનો સ્પર્શાદિ કરવો તે સ્ત્રીસંગ્રહ નામનું વિવાદપદ જાણવું. **૧૫. વેતનાદાન** : નોકરવર્ગને સેવાનિમિત્તે આપવાના પગાર બાબતને વેતનાદાન વિવાદપદ કહેવાય છે. **૧૬. દ્યુતસમાહ્વય** : પાસા, પત્તા વગેરે અચેતન પદાર્થો તથા કુકડાં-ઘેટા વગેરે પ્રાણીઓ વડે રમવામાં આવતી હાર-જીતની રમતો અંગેનો વિવાદ. **૧૭. દાયભાગ** : પિતૃધનની વહેંચણી અંગે ભાઈ ભાઈ વચ્ચેનો વિવાદ દાયભાગ વિવાદપદ કહેવાય છે. **૧૮. સ્ત્રીપુરુષધર્મ** : પતિ-પત્ની વચ્ચેના પરસ્પર વર્તવાની રીતિ અંગેનો પરસ્પર ઉદ્‌ભવેલો વિવાદ સ્ત્રીપુરુષધર્મ વિવાદપદ કહેવાય છે. આ અઢાર વ્યવહારપદો છે. (૬-૯) આ અઢાર પદોનો નિર્ણય (ફેંસલો) માનુષપ્રમાણો વડે અને તેના અભાવમાં દિવ્ય પ્રમાણો વડે કરે. (૧૦) મુનિઓ સર્વને વ્યવહારમાં શ્રેય કરનારા મનુષ્ય સંબંધી પ્રમાણો સાક્ષીઓ, લેખો-દસ્તાવેજો અને ભોગવટો આ ત્રણ કહે છે. (૧૧) તુલાયંત્ર ઉપર આરોહણ, અગ્નિથી તપાવેલા લોખંડના ગોળાદિનું ગ્રહણ કરવું, મંત્રેલા જળમાં ડૂબકી, વિષ ખવરાવવું. ઉગ્ર દેવતાઓને સ્નાન કરાવેલા જળનું પાન કરાવવું. અભિમંત્રિત ચોખા ચવડાવવા, તપાવેલા તેલમાં હાથ નાખવો, ભોજપત્રમાં લખીને સમાન મૃત્તિકાની માટલીમાં ગુપ્તપણે રાખેલા ધર્મ અને અધર્મ બે લખેલામાં એકનું ગ્રહણ કરવું-આ આઠ પ્રકારના દિવ્ય પ્રમાણો મુનિઓએ કહેલાં છે. (૧૨) જે વિવાદમાં સભામાં રહેલ સર્વ સભ્યજન આ સાચું છે, બરાબર છે, એમ માને તે વિવાદ નિઃશંક નિર્દોષ, ફેંસલો જાણવો; અન્યથા તે નિર્દોષ ન કહેવાય. (૧૩) વિવાદના વિષયભૂત વસ્તુનું, તેના અધિકૃત વાદી-પ્રતિવાદીનું મહત્ત્વ અને લઘુપણું જોઈ તથા દેશ-કાળને જોઈ રાજા સાક્ષી આદિ માનુષ પ્રમાણો વડે નિર્ણય કરે. (૧૪) સભાસદો પૈકી એક માનુષી ક્રિયાને બોલે અને બીજો દૈવી ક્રિયાને બોલે, તો રાજા બન્ને પૈકી માનુષી ક્રિયાને ગ્રહણ કરે પણ દૈવી ક્રિયાને ગ્રહણ ન કરે. (૧૫) વિવાદને કરતા મનુષ્યોના મધ્યે માનુષી ક્રિયા જો એક દેશવ્યાપિની હોય તોપણ તે જ ગ્રહણ કરવી પણ પૂર્ણ કહેતાં સર્વદેશવ્યાપ્ત એવી દૈવી ક્રિયા રાજાએ ગ્રહણ ન કરવી. (૧૬) નૃપોત્તમ પોતાના સભ્યોના બુદ્ધિબળ વડે તેમજ શાસ્ત્રથી માનુષ પ્રમાણો વડે વાદનો નિર્ણય કરે. (૧૭) જે રાજાને સભ્યોનું કે પોતાનું બુદ્ધિબળ નથી તે રાજા તો અગ્નિ-જળ વગેરે દિવ્ય પ્રમાણો વડે નિર્ણય કરે અને તે રાજા અધમ જાણવો. (૧૮) નિર્ણયમાં સભ્યો અને પોતાની બુદ્ધિની પરીક્ષા જાણવી. પીડા વિના વિવાદાસ્પદ પ્રાણીઓની કાર્યસિદ્ધિ થાય

તે જ ખરી બુદ્ધિ જાણવી. (૧૯) ન્યાયાધીશ પૂછનાર થાય, રાજા શિક્ષક થાય, સભ્યો કાર્યની પરીક્ષા કરનારા થાય, ગણક ધનને ગણે, લેખક ન્યાયને લખે. (૨૦) રાજા દંડ આપવા પૂર્વાભિમુખ બેસે, સભાસદો ઉત્તરાભિમુખ બેસે, ગણક પશ્ચિમાભિમુખ બેસે અને લેખક દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેસે. (૨૧) શત્રુઓને પીડા કરનારા રાજા સભાસ્થાનોમાં શાસ્ત્રપ્રણીત માર્ગ વડે દિવસના પૂર્વ ભાગમાં કાર્યોનો નિર્ણય કરે. (૨૨) દિવસનો આઠમો ભાગ એટલે કે અપરાહ્‌ન સમયને છોડીને જે ત્રણ ભાગ રહે છે તે સમય વ્યવહારોનો ઉત્કૃષ્ટ કાળ શાસ્ત્રદષ્ટ કહેલો છે. (૨૩) ચતુર્દશી, અમાવાસ્યા, પૂર્ણિમા તથા અષ્ટમી-આ તિથિઓમાં વિચક્ષણ રાજા ઋણાદાનાદિ વ્યવહારો ન જુએ. (૨૪) વનમાં રહેનારા ગોપાલકો માટે અરણ્યમાં સભા થાય. સૈનિકો માટે સેનામાં જ સભા થાય અને વેપારીઓ માટે વેપારી સંઘોમાં સભા થાય; તે તે સ્થાનોમાં સભા કરી નિર્ણય કરે. (૨૫) કેવળ ધર્મશાસ્ત્રને જ અનુસરીને રાજાએ નિર્ણય ન કરે. પરંતુ પ્રાચીન દેશાચાર, કુલાચાર, અને જાતિ આચારોને અનુસરીને નિર્ણય કરે. (૨૬) વાદી-પ્રતિવાદી બન્નેના વિવાદમાં સમર્થ એવો સાક્ષી ગ્રહણ કરવો; વિવાદમાં રાજાએ દુષ્ટ પુરુષને લક્ષણોથી જાણવો જોઈએ. (૨૭) જેનું કપાળ પરસેવાવાળું થાય, જીભ વડે હોઠોને ચાટનારો, ભયને મારે ગદ્‌ગદ્ અને સ્ખલિત વાણીવાળો, એક સ્થળે સ્થિર ઊભો નહિ રહેનારો, ફીકા મુખવાળો થઈ ગયો હોય, હોઠોને કરડનારો, વક્રદષ્ટિવાળો તથા પૂર્વાપર વિરુદ્ધ વાચાળ, સ્વાભાવિક વિકૃતિને ધારણ કરનારો હોય તેવા પુરુષને રાજાએ સાક્ષી આદિક ક્રિયામાં દુષ્ટ જાણવો. (૨૮-૨૯) અગાઉ કહેલા લક્ષણવાળા પુરુષોમાં પણ કોઈ પુરુષ ગરીબ સ્વભાવનો હોવાથી સભાક્ષોભને લીધે ભય પામે, શરીર કાંપે, બોલતાં થોથવાય - આ લક્ષણો હોવા છતાં તે દુષ્ટ નથી. આથી રાજાએ તેની પરીક્ષા કરી જાણવો જોઈએ. (૩૦) સત્કુળમાં જન્મેલા, દાન દેવાના સ્વભાવવાળા, ધાર્મિક, સત્યવાદી, અકુટિલ પુત્રોવાળા, ધનસંપત્તિવાળા, તપ કરવાના સ્વભાવવાળા, શ્રૌતસ્માર્ત ક્રિયામાં નિષ્ઠાવાળા - આવા લક્ષણવાળા સાક્ષીઓ માન્યા છે. સાક્ષીઓ ત્રણથી ઓછા નહિ હોવા જોઈએ. જે વર્ણ અને જે જાતિના જનનો દાવો હોય તે વર્ણ અને જાતિના જ સાક્ષી જાણવા. અથવા સજાતિ અને સવર્ણના સાક્ષીના અભાવમાં સર્વ વર્ણમાં સર્વ પ્રકારના સાક્ષી પણ લઈ શકાય છે. (૩૧-૩૨) ધર્મતત્ત્વને જાણનારા રાજાએ સ્ત્રીઓ, બાળકો, અતિવૃદ્ધ, મદ્યપાન કરવાથી વિક્ષિપ્ત ચિત્તવાળો, ઉન્મત્ત, જુગારી, શાપિત, પતિત, ખળ, અપંગ, ચોર, સાહસી, શત્રુ, પાખંડી, કપટમય દસ્તાવેજ કરનારા, આપ્તજન, બંધુઓએ ત્યાગ કરેલો, મિથ્યાવચનાદિ દોષવાળો, એક કામ કરવાવાળા સહાયો, ચારણો - આ બધા સાક્ષીકર્મમાં ક્યારેય લેવા નહિ કેમ કે આ બધા કાર્યનો ધ્વંસ કરનારા છે. (૩૩-૩૪-૩૫) જે મનુષ્ય જાણતો હોવા છતાં પણ કામવશ કે ક્રોધવશ થઈ અથવા ભયનો માર્યો પ્રશ્નનો ઉત્તર સાક્ષી પૂરે નહિ તો પોતે જ પોતાના ગળામાં હજાર વરુણપાશોને આરોપે છે. (૩૬) જે સાક્ષાત્ જોનારો સાક્ષી હોય તોપણ પૂરે નહિ અથવા વિરુદ્ધ બોલનારો થાય તો તે પણ પોતામાં હજારો વરુણપાશોને આરોપે છે. (૩૭) એક વર્ષ પૂરું થયે તે ખોટો સાક્ષી એક પાશથી મુકાય છે આથી સત્ય જાણનાર પુરુષે યથાર્થપણે સત્ય જ વદવું જોઈએ. (૩૮) બેના વિવાદમાં એક સ્વયં

મિથ્યાવાદી હોવા છતાં પણ બીજા સત્યવાદીને મિથ્યાવાદી કહે છે તે આ અધર્મથી ધર્મનો વેધ જાણવો. જે વિવાદમાં અધર્મથી વીંધાયેલો ધર્મસભાને પ્રાપ્ત થાય છે તે વિવાદને જે સભાસદો મિથ્યાવચનરૂપ વેધથી રહિત ન કરે તે સભાસદો દોષવાળા થાય છે. (૩૯) મુખ્ય સભાપતિ નિશ્ચયપણે અધર્મના અર્ધા ભાગને પામે છે. અધર્મને કરનારાઓ પોતે અધર્મના ચતુર્થાંશને પામે છે અને અન્ય સભાસદો ચોથો ભાગ પામે છે. (૪૦) સભામાં ધર્મને પૂછનાર ન્યાયધીશને ખોટી સાક્ષી પૂરે છે, અસત્ય બોલે છે તે મિથ્યાસાક્ષીઓનું ઈષ્ટાપૂર્ત કર્મનું ફળ નાશ પામે છે તેમજ સાત પૂર્વના સાત પછીના અને પોતે એમ કુળના પંદર પુરુષો નાશ પામી જાય છે. (૪૧) પાતકીઓ, મહાપાતકીઓ, આગ લગાડનારાઓ, સ્ત્રીઓ-બાળકોના હત્યારાઓ જે લોકોને પામે છે તે લોકોને ખોટી સાક્ષી આપનાર પામે છે. તે નિશ્ચિત વાત છે. સભામાં ખોટી સાક્ષી પૂરવાથી સર્વ પુણ્ય નાશ પામે છે. (૪૨-૪૩) જે સાક્ષીમાં મનુષ્ય ગાય વગેરે પ્રાણીઓનો વધ પ્રસંગ આવતો હોય તેમાં અસત્ય બોલનાર પુરુષ દોષ પામતો નથી. અન્યથા જૂઠું બોલે તો પાપને પામે જ. (૪૪) દ્રવ્ય હરાઈ ગયેલા પુરુષને, હણાઈ ગયેલા પુત્રવાળાને, દેવાદારને, અપત્ય રહિત પુરુષને, સ્વાર્થથી ભ્રષ્ટ થયેલાને, પતિ રહિત સ્ત્રીને, રાજા વડે બંધાયેલા કે દંડાયેલ પુરુષને એક પત્ની છતાં બીજી પત્ની કરેલી હોય તેવી સ્ત્રીને, વાઘથી ઘવાયેલને જે દુઃખ થાય છે તે બધાં દુઃખ સાક્ષીમાં અસત્ય બોલનારને થાય છે. આથી સભામાં બેઠેલા સભાસદો તથા સાક્ષીજનોએ સત્ય જ બોલવું જોઈએ. (૪૫-૪૬-૪૭) સભાસદો અને અમાત્યાદિએ જે દંડ કહ્યો હોય તેમાં પણ રાજા પોતે વિચાર કરીને જ શિક્ષા માટે દંડ આપે પરંતુ એકદમ વિચાર્યા વગર ન આપે. (૪૮) હે દ્વિજ ! લોભથી મોહિત બુદ્ધિવાળો જે રાજા કેવળ અર્થશાસ્ત્રપરાયણ જ થાય તે રાજા પોતાના ધર્મથી ભ્રષ્ટ થઈને તત્કાળ જ સમગ્ર પુરુષાર્થથી ભ્રષ્ટ થાય છે. (૪૯)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં રાજધર્મમાં અષ્ટાદશવ્યવહાર નિરૂપણ નામનો સત્યાવીસમો અધ્યાય થયો. ॥૨૭॥

●

## અધ્યાય-૨૮

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! રાજા ક્રોધ, લોભ રહિત થકો, ધર્મશાસ્ત્રને અનુસારે દંડાદિ આપવામાં શત્રુ, મિત્ર અને પુત્રમાં સમભાવથી પ્રવર્તે; જેવો શત્રુમાં દંડ તેવો જ પુત્ર અને મિત્રમાં પણ કરવો જોઈએ (૧) જ્યારે સ્મૃતિઓનો પરસ્પર વિરોધ આવતો હોય ત્યારે ન્યાયને બળવાન જાણવો અને તે ન્યાય વ્યવહારથી સમજવો તથા અર્થશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રનો વિરોધ હોય ત્યારે અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્ર પ્રબળ પ્રમાણ છે એમ સ્થિતિ જાણવી. (૨) સ્મૃતિકાર એક હોવા છતાં પણ સ્મૃતિવાક્યોનો પરસ્પર જે વિરોધ દેખાય છે તેમાં કારણ હું તમોને કહું છું. (૩) મહર્ષિઓએ ભગવાનના સંકલ્પને અનુસારે સાત્ત્વિક, રાજસ અને તામસ એવા મનુષ્યોને જોઈને તે સર્વ મનુષ્યોના હિત માટે

સ્મૃતિઓ રચી છે. (૪) તે સ્મૃતિઓમાં જે પુરુષો જેવા સ્વભાવવાળા છે તે પુરુષોને તેવાં સ્મૃતિવચનો રુચે છે અને વાક્યોમાં પણ ધર્મપ્રતિપાદક સ્મૃતિ વચન બલિષ્ઠ માનેલું છે. (૫) આથી સભ્યો સહિત રાજાએ સ્વસ્થ ચિત્ત વડે વિચારીને ધર્મમર્યાદાની સ્થિતિ-વૃદ્ધિ માટે શિક્ષાર્થે અપરાધીને દંડ આપવો. (૬) રુદ્રે પ્રવર્તાવેલા આ દંડને જો રાજા કોઈને અધર્મથી આપે તો તે દંડ રાજાનો જ વિનાશ કરે છે. (૭) અને તે દંડ જો ધર્મપૂર્વક અને શિક્ષાર્થે સારી રીતે પ્રયોગ કરેલો હોય તો તે ધાર્મિક રાજાનું રાજ શત્રુ રહિત વૃદ્ધિ પામે છે. (૮) રાજા જો દંડ ન આપે તો પ્રજા સ્વયં યથેષ્ટ કર્મ કરે અને ધર્મનો વિનાશ થાય તે નિશ્ચિત વાત છે. (૯) પૂર્વે કુમાર્ગમાં પ્રવર્તેલી પ્રજાની ધર્માધર્મસંકરતા જોઈને બ્રહ્માદિ દેવતાઓએ ભક્તિભાવથી પ્રાર્થના કરેલા શંકરે કૃપા કરીને દંડનું સર્જન કર્યું. (૧૦) જગતને વશ કરવા સમર્થ અને સાક્ષાત્ રુદ્ર સ્વરૂપ એવા દંડે આવિર્ભૂત થઈ સર્વ પ્રજાઓને પોતપોતાની ધર્મમર્યાદામાં સ્થાપન કરી. (૧૧) આ દંડઅધિષ્ઠાતા દંડ નામનો દેવ પૂર્વે બ્રહ્માદિ દેવોએ પૂજેલો, ત્યારબાદ ક્ષુપ અને સ્વયંભૂ મનુ વગેરે બ્રહ્માના પુત્રોએ પૂજેલો, પછી ઈન્દ્રાદિ દેવોએ પૂજેલો, પછી બ્રહ્માદિની મર્યાદામાં રહેલા યમાદિ દિક્પાલોએ પૂજેલો; અનુક્રમે ભૂતળમાં આવતાં અદ્યાપિ પર્યંત સર્વ રાજાઓએ રક્ષણ કરાયેલો છે. (૧૨-૧૩) નીલકમલપત્ર સમાન શ્યામ, ચતુર્ભુજ, ચાર દાઢવાળો, આઠ પગવાળો, અનેક નેત્રવાળો, ખીલા જેવા કાનવાળો, ઊંચા ઊભા રૂંવાડાવાળો, જટાવાળો; બે જીભોવાળો, તાંબા જેવા મુખવાળો, વાઘચર્મરૂપી બખતરવાળો, આવી આકૃતિવાળો સર્વનો નિયામક દંડદેવ સદા પૂજ્ય છે. (૧૪-૧૫) ખડગાદિ વડે સર્વના કર્મને જોનારો એટલા માટે જ સર્વાત્મા એવો દંડ મૂર્તિમાન થકો લોકમાં વિચરે છે. (૧૬) દેવતાઓ, દૈત્યો, મનુષ્યો તથા સર્વ પ્રજાપતિઓ - આ સર્વે સર્વદા તે દંડથી ભય પામતાં પોતપોતાની મર્યાદામાં રહીને પૂર્વે સુખીયા થયા છે. (૧૭) આ લોકમાં જો દંડ ન હોય તો પરસ્પરને પીડા કરે. આ દંડના ભયને લીધે જ પરસ્પર હણતા નથી તે નિશ્ચિત વાત છે. (૧૮) દંડ વડે રક્ષણ કરાયેલી પ્રજા રાજાને વૃદ્ધિ પમાડે છે, આથી રાજાએ ધર્મની રક્ષા માટે દંડને માનવો-પૂજવો જોઈએ. (૧૯) પૂર્વે મનુ વગેરે ધર્મશીલ રાજાઓએ જેવી રીતે દંડ પ્રવર્તાવેલો છે તેવી રીતે ધર્મશીલ રાજાઓના માર્ગને અનુસરીને રાજાએ વર્તવું-પોતાની ઈચ્છા પ્રમાણે વર્તવું નહિ. (૨૦) ઈશ્વરે દંડ શિક્ષા માટે કહેલો છે, વધ માટે કહેલો નથી તે નિશ્ચય વાત છે. આથી રાજા પ્રજાઓને શિક્ષા અપાવી સન્માર્ગમાં સ્થાપન કરે. (૨૧) ધાર્મિક રાજા વધને યોગ્ય બ્રાહ્મણોને મારે નહિ. તથા વિષ્ણુ, શિવ આદિ દેવોમાં ભક્તિનિષ્ઠાવાળા જનો, અનાથો તથા ત્યાગીજનોનો વધ કરે નહિ. (૨૨) જો તેઓ બ્રહ્મહત્યાદિ મહાપાપો કરે કે રાજદ્વેષાદિ કરે તે પાપને સૂચવનારાં ચિહ્નોથી મુખાદિ ચિહ્નિત કરીને પોતાના દેશમાંથી તડીપાર કરે. (૨૩) આતતાયી લક્ષણવાળો વિપ્ર-ગુરુ-આચાર્ય રણમાં શસ્ત્ર ઉગામીને સામે આવે તોપણ ધાર્મિક રાજા તેને બંદીવાન બનાવીને કારાગારમાં પૂરે પણ તેમને હણે નહિ. (૨૪) રાજા યુદ્ધમાં પણ અપયશ કરનારા દુર્બળોને ન જ હણે. રાજા પોતે અસમાન મનુષ્યો સાથે યુદ્ધ ન કરે. અતિનીચ જાતિવળા સાથે લડે નહિ. (૨૫) જેમને હણવાથી

રાજાને અપયશ મળે એવા આ છે. :- યુદ્ધ કરતાં થાકી ગયેલો યોદ્ધો, યુદ્ધ થકી ડરી ગયેલો, દુઃખવેગને લીધે રડતો, બાળક, વૃદ્ધ, રોગાતુર જે યુદ્ધ માટે તૈયાર થયો ન હોય તેવો, અસહાય, જાતિકુળથી અતિનીચ, ભિક્ષુક, 'હુ તમારો છું' એમ બોલનારો, નપુંસક, શસ્ત્રરહિત, અન્ય સાથે યુદ્ધમાં વ્યસ્ત, યુદ્ધ જોવા આવનારો, વિક્ષિપ્ત ચિત્તવાળો, સારથિ, દૂત, યુદ્ધથી પરાઙ્મુખ, વિખરાયેલા કેશવાળો, જેનો કચ્છબંધ છૂટી ગયો હોય, ભયથી બેસી ગયેલો, જે સારથિઓ રહિત, જેનો અશ્વ મરી ગયો હોય, હાથ જોડનારો, વૃક્ષ પર ચઢી ગયેલો, કવચ વગરનો, ખાનપાનમાં પ્રવૃત્ત હોય - આ સર્વ તથા ઘોડો, સારથિ, હાથી કે બળદને ન મારે. (૨૬-૨૯) રાજાએ બ્રાહ્મણોને દંડ ન આપવો જોઈએ કારણ કે રાજાનો ઉદ્ભવ બ્રાહ્મણો થકી જ થયેલો છે; અન્યથા બ્રાહ્મણોને દંડ આપવાથી જેમ જળમાં અગ્નિ શમી જાય તેમ ક્ષાત્રતેજ બ્રાહ્મણોમાં શમી જાય છે. (૩૦) માતાપિતા, ગુરુ અને તપસ્વીને કદાપિ તાડન ન કરે. કોઈએ પણ સર્વથા પ્રાણીમાત્રમાં સ્ત્રી જાતિની હત્યા કરવી નહિ. (૩૧) કોઈ પ્રકારની જીવિકા ન હોવાના કારણે કોઈ વેદને જાણનારો કે સ્નાતક ચોરીમાં પ્રવર્તે તો તેને વૃત્તિ આપવા વડે પોષણ કરવો. તથા વૃત્તિરહિત સાધુઓ, સ્ત્રીઓ, રંકો, અનાથોનું પોષણ રાજાએ જ કરવું. (૩૨) જીવિકા રહિત જનો જીવિકા પ્રાપ્ત કરીને પણ ચોરી આદિક દુષ્ટ કર્મથી નિવૃત્તિ ન પામે તો રાજાએ તે જનોને તેમના બાંધવસહિત તે દેશમાંથી કાઢી મૂકવા. (૩૩) રાજા શત્રુના સમાચાર લાવનાર દૂતને ક્યારેય પણ મારે નહિ. કુલીન, શીલસંપન્ન, પ્રશસ્ત વાણીવાળો, નીતિવિચક્ષણ, પ્રિય બોલનારો, યથોક્તવાદી તેમજ સ્મરણશક્તિવાળો - આ સાત ગુણે યુક્ત દૂત હોય તેને મારી રાજા નરકને પામે અને ક્ષાત્રધર્મથી પતિત થાય. (૩૪-૩૫) દેવ, બ્રાહ્મણ, આર્ત, સાધુ અને અનાથોની જીવિકા હરનારો રાજા અમાત્યો સહિત નિઃશંકપણે કુંભીપાક નામે નરકમાં પડે છે. (૩૬) પોતે આપેલી કે બીજાએ આપેલી બ્રાહ્મણની જીવિકાને જે રાજા હરે છે તે સાઈઠ હજાર વર્ષ પર્યંત વિષ્ટામાં કૃમિરૂપે ઉત્પન્ન થાય છે. (૩૭) જે જનો અનાથ અને રાંક હોય એવા જનો ઉપર રાજા દયાને જ કરે પરંતુ ક્યારેય પણ તેને કલેશ પમાડે નહિ. (૩૮) દુર્બળ પુરુષનું નેત્ર, ઝેર અને અગ્નિ સમાન માનેલું છે, તે કલેશ આપનાર રાજાના કુળને અવશ્ય બાળી નાંખે છે તેમાં સંદેહ નથી. (૩૯) રાજાએ દુઃખી કરેલા દુર્બળ જને બાળી દીધેલું નૃપકુળ ફરી અંકુરિત ન જ થાય. કેમ કે આ દંડ અમાનુષ છે, દૈવકૃત છે. આ દંડથી રાજા હણાઈ જ જાય છે. (૪૦) જે દેશમાં દુર્બળ જન અન્યોથી તાડન કરતાં રક્ષાને પામતો નથી તે દેશમાં તે અપરાધથી રાજા અને સભાસદોનો સમૂળ વંશવિનાશ થાય છે તે નિશ્ચિત વાત છે. (૪૧) જે કોઈ બળવાન જન દુર્બળ જીવને પીડા પમાડે છે. તે પાપ પીડનારા જનના કુળને મૂળે સહિત નિશ્ચય ભસ્મીભૂત કરે છે. (૪૨) કૃપણ, અનાથ અને વૃદ્ધોનું જે અશ્રુપરિમાર્જન (દુઃખ ટાળવું) પાલન અને પોષણ છે તે રાજાનો ધર્મ કહેવાય છે. (૪૩) રાજા કામવશ, લોભવશ, કે પરભય અથવા વૈરભાવથી કોઈ સમયે ક્ષાત્રધર્મનો ત્યાગ ન કરે. સર્વ રાજાઓ ધર્મ વડે જ દિવ્ય લોકોને પામી ગયેલા છે. (૪૪) હે વિપ્ર ! જે કારણથી આ લોકમાં યુધિષ્ઠિરાદિ મોટા મોટા મહીપાળો

પ્રજાપાલનરૂપ સ્વધર્મનો ક્યારેય ત્યાગ કરતા ન હતા, આથી જ તેમની નિર્મળ કીર્તિ અદ્યાપિપર્યંત લોકમાં વિસ્તાર પામેલી છે. (૪૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં રાજધર્મોમાં દંડનિરૂપણ નામનો અઠ્યાવીસમો અધ્યાય થયો. ॥૨૮॥

●

## અધ્યાય-૨૯

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

બ્રહ્મવિદ્ બ્રાહ્મણોની સેવા રાજા પ્રયત્નપૂર્વક કરે. તેમની પ્રસન્નતાથી રાજ્યની વૃદ્ધિ થાય છે અને બ્રાહ્મણોની અપ્રસન્નતાથી રાજ્યનો ક્ષય થાય છે. (૧) સેવાથી સંતુષ્ટ થયેલા વિપ્રો રાજાઓનું શું શું ઇચ્છિત સિદ્ધ નથી કરતા ? સમગ્ર અભીષ્ટને સાધી આપે છે. વિપ્રો પોતાના તપોબળથી દેવોને પણ સેવાપરાયણ કરે છે. (૨) પૂર્વે બહુ રાજાઓ બ્રાહ્મણોની પ્રસન્નતાને લીધે મોટાં પુણ્યો કરી અતિ દુર્લભ સિદ્ધિને પામ્યા છે. (૩) સ્વર્ગને પામેલા નહુષાદિ બહુ રાજાઓ બ્રાહ્મણોનો અનાદર કરવાથી નાશ પામ્યા છે. બીજા બહુ દેવો અને દૈત્યો પણ નાશ પામ્યા છે. (૪) માટે શ્રેયને ઇચ્છતો રાજા મદનો ત્યાગ કરી નિત્ય બ્રાહ્મણોનું તર્પણ કરે અન્યથા રાજા રાજલક્ષ્મીથી ભ્રષ્ટ થઈ જાય છે. (૫) રાજાએ કદાપિ બ્રાહ્મણોનો પરાભવ ન કરવો. તે બ્રાહ્મણો પૂજવા યોગ્ય, નમસ્કાર કરવા યોગ્ય અને પુત્રની પેઠે સદા પોષણ કરવા યોગ્ય છે. (૬) બ્રાહ્મણો જ આ સર્વ લોકોને ધારી રહ્યા છે. તેઓ ધર્મને જાણે છે, ધર્મનો ઉપદેશ આપે છે. ધર્મશાસ્ત્રના રચનારા છે. ધર્મપાલક બ્રાહ્મણો જ ધર્મના સેતુ છે. (૭) બ્રાહ્મણોનો આશ્રય કરીને દેવો મનુષ્યો આદિ જીવે છે. યજ્ઞોના પ્રવર્તક બ્રાહ્મણો છે. દેવોને ઉદ્દેશીને હવ્ય અને પિતૃઓને ઉદ્દેશીને અપાતું અન્ન કવ્ય આ વિપ્રોને જ પ્રથમ અપાય છે. માટે તેઓ હવ્ય-કવ્યના અગ્રભોજી માન્યા છે. (૮) બ્રાહ્મણો વેદોને ક્રીડા કરવાના બગીચારૂપ છે. સર્વ કર્મફળોના જ્ઞાતા છે. સમગ્ર પ્રાણીઓની ગતિ જાણનારા છે માટે આ બ્રાહ્મણો સર્વએ સર્વદા માનનીય છે. (૯) હે દ્વિજ ! બ્રાહ્મણો દેવત્વરહિતને દેવત્વયુક્ત કરે છે, દૈવિતને અદૈવિત કરે છે. કોપાયમાન થયેલા વિપ્રો અન્ય નવીન લોકોને પણ સર્જે છે. (૧૦) જેમનો ક્રોધાગ્નિ દંડકારણ્યમાં પડેલો આજ સુધી શાંતિ પામ્યો નથી, ક્રોધ પામેલા મહાનુભાવ બ્રાહ્મણો (અગસ્ત્યાદિ)એ તત્કાળ મીઠા સમુદ્રને અપેય-ખારો કરી દીધો છે. (૧૧) જે બ્રાહ્મણોમાં વૃદ્ધો જ જેમ એમ સર્વ બાળકો પણ સન્માનને યોગ્ય છે. જન્મથી જ તેઓ લોકગુરુ છે આથી તેઓ સર્વને પૂજ્ય છે. (૧૨) તપ અને વિદ્યાના વિશેષથી તે બ્રાહ્મણો પરસ્પર પણ પૂજાય છે, તે બ્રાહ્મણો પ્રમાણોના પ્રમાણભૂત છે. આ વિપ્રોને ક્યો બુદ્ધિમાન પુરુષ પરાભવ કરે ? - કોઈપણ ન કરે. (૧૩) વિદ્યા વિનાનો બ્રાહ્મણ પણ દાનાદિકમાં દેવ સમાન મહાન પાત્ર છે. તો પછી વિદ્વાન બ્રાહ્મણ તો અતિ ઉત્તમ દેવ જ કહેવાય અને તેને પૂર્ણ સાગરના તુલ્ય જાણવો. (૧૪) જેમ અગ્નિ મંત્રથી સંસ્કૃત હોય કે અસંસ્કૃત હોય પણ તે મહત્ દૈવત છે તેમ બ્રાહ્મણ વિદ્વાન હોય કે અવિદ્વાન તે પણ મહત્ દૈવત છે. (૧૫) જેમ તેજસ્વી અગ્નિ સ્મશાનોમાં પણ દૂષિત થતો નથી તે જ અગ્નિ

યજ્ઞશાળામાં અત્યન્ત શોભાસ્પદ થાય છે. તેમ બ્રાહ્મણ પણ વિદ્યાવાન હોય કે વિદ્યારહીત હોય તોપણ તેજથી વિહિન થતો નથી. (૧૬) જેવો તેવો પણ બ્રાહ્મણ સદા પૂજનીય માનેલો છે કેમ કે પૂર્વે કિરાતની આકૃતિવાળા બ્રાહ્મણે ગરુડના કંઠપ્રદેશને દાહ કર્યો હતો. (૧૭) સર્વજનોએ બ્રાહ્મણોને સદા પૂજવા જોઈએ. તેમાં પણ રાજાઓએ વિશેષરૂપે પૂજવા જોઈએ. કેમ કે તેમનો અપરાધ કરવાથી ક્ષણમાં જ રાજ્ય નાશ પામે. (૧૮) રાજા બ્રાહ્મણને પ્રિય વિવિધ પકવાન્નો જલેબી, મૌતૈયા વગેરે , અને ખૂબ ઘીસાકરથી બનાવેલા લાડુ આદિ ભોજ્ય પદાર્થો તેમજ તેમને પ્રિય એવાં શાક આદિ વડે બ્રાહ્મણોને નિત્ય તૃપ્ત કરે. (૧૯) બ્રાહ્મણો પોતાનાં ઈષ્ટ ભોજનોથી જેમ જેમ પ્રસન્ન થાય તેમ તેમ ધાર્મિક રાજા હંમેશાં કરે. (૨૦) જેવા બ્રાહ્મણમુખમાં હોમેલાં ખૂબ ઘી આદિ હુત દ્રવ્યો વડે ભગવાન નારાયણ તૃપ્ત થાય છે તેવા અગ્નિમુખમાં હોમેલાં હવિષાન્નો વડે તૃપ્ત થતા નથી. (૨૧) આથી બ્રાહ્મણોને નારાયણબુદ્ધિથી પ્રયત્નપૂર્વક જમાડવા અને ભોજનને અંતે બ્રાહ્મણોને દક્ષિણા આપવી. આ બ્રાહ્મણોને સંતોષ પમાડીને પોતપોતાના નિવાસમાં મોકલે. (૨૨) ઉત્તમ રાજા પોતાની સંપત્તિ પ્રમાણે પ્રતિદિન, દશ, સો, હજાર, દશ હજાર કે લાખ બ્રાહ્મણોને જમાડે. (૨૩) તેમ જ ગાયો, સુવર્ણ, તલ આદિ નિત્યદાનો, પુત્રજન્માદિ નૈમિત્રિક દાનો અને યજ્ઞાદિ ક્રિયાઓમાં કહેલાં વેદોક્ત દાનો રાજા યથાવિધિ આપે. (૨૪) તેમ જ રાજા નક્ષત્ર, તિથિ, મેષાદિ સંક્રાતિ અને નાના પર્વોમાં ઋષિઓએ પૃથક્ પૃથક્ કહેલાં દાનો કરે. (૨૫) રાજા વાવ, કૂવા, તળાવો અને પરબો બંધાવે જેમાં ગાયો, બ્રાહ્મણો, સાધુજનો અને અન્ય પુરુષો પણ જળપાન કરે. (૨૬) ગ્રીષ્મઋતુમાં જેના તળાવમાં પાણી સુકાઈ ન જાય એટલું પરિપૂર્ણ રહે છે તે જન કદાપિ દુસ્તર વિષમ મોટા કલેશને પામતો નથી. (૨૭) જે પુરુષ દરેક માસ અને દરેક ઋતુએ તે માસ ઋતુઓના કાલમાં યોગ્ય કેરીના રસો, દૂધપાકો વડે બ્રાહ્મણોને તૃપ્ત કરે છે તેનું મોટું અક્ષય પુણ્ય થાય છે. (૨૮) તે પ્રકારે રાજા યજ્ઞોમાં દૂધપાક, ઘી, સાકર આદિ હવિષ્ય વડે દેવોને સંતૃપ્ત કરે અને ઘણી દક્ષિણાઓ આપે. (૨૯) રાજા સુદ્દઢ દેવાલયો બંધાવે તે મંદિરોમાં જીવિકાઓની વ્યવસ્થા સાથે દેવોની સ્થાપના કરાવે. (૩૦) રાજા આજીવિકાવાળી નાના પ્રકારની ધર્મશાળાઓ બંધાવે તથા બ્રાહ્મણોને પાત્ર અન્ન આદિ ઉપકરણો સહિત ગૃહો અર્પણ કરે. (૩૧) ઉત્તમ વ્રતવાળો રાજા ફળપુષ્પોવાળાં વૃક્ષો-સંપન્ન નાના પ્રકારના બાગબગીચા કરાવે તેમજ દ્વિજજનોને ફળવાળાં આંબા આદિ વૃક્ષો આપે. (૩૨) જે રાજા જનસમુદાયનું રક્ષણ અને પોષણ કરતો થકો તેમને તીર્થયાત્રામાં લઈ જાય તે રાજા અનંત યજ્ઞના પુણ્યને પામે. (૩૩) રાજા નિષ્કપટ થઈને જો જિતેન્દ્રિય અને બ્રહ્મનિષ્ઠ એક જનને પૂજે તો તે પુણ્ય સર્વ પુણ્યોથી અધિક થાય. (૩૪) રાજા અન્નાર્થી જીવમાત્રને અન્નજળ અપાવે. અન્નદાનથી બીજું વધારે કોઈ શ્રેષ્ઠદાન નથી તે નિશ્ચય વાત છે. (૩૫) અન્નથી પ્રાણીઓના પ્રાણો થાય છે. પ્રાણીમાત્ર અન્નથી જીવે છે. અન્નથી રહિત દેહી મૃત્યુ પામે છે. આથી અન્ન અપાવે. (૩૬) રાજા પોતાના દેશમાં સર્વત્ર ગામોગામ અન્નક્ષેત્રો કરાવે. પોતાના નિવાસના નગરમાં તો દરરોજ અન્નાર્થીઓને ઉત્સાહપૂર્વક અન્ન આપે. (૩૭) જે રાજા બ્રાહ્મણો, અતિથિઓ, ભિક્ષુકો, અનાથો અને વટેમાર્ગુઓને યથાયોગ્ય અન્ન વડે પૂજે તેણે દેવતાઓ સારી રીતે તૃપ્ત કરેલા

જાણવા. (૩૮) જે રાજાના નગરમાં કોઈ પણ માણસ અન્ન વિના ભૂખ્યો એક અહોરાત્ર પર્યંત રહે છે તે રાજાના પુણ્યને હરી લે છે તેમાં સંશય નથી. (૩૯) આથી બુદ્ધિમાન રાજા સાવધાન થકો નગરમાં પોતે ભૂખ્યાઓને શોધાવી ભૂખ્યા જનોને પ્રયત્નપૂર્વક નિત્ય અન્ન અપાવે. (૪૦) લોકમાં જે અન્નદાતા છે તે જ પ્રાણદાતા માટે સર્વદાતા કહ્યો છે તે અનંત ફળને પામે છે અને આ લોક-પરલોકમાં ઉત્તમ કીર્તિને પામે છે. (૪૧) સુવર્ણમય, સૂર્યની કાંતિ સમાન રમણીય, નાની ઘંટડીઓના સમુદાયથી શોભાયમાન, અપ્સરાઓથી મંડિત, નાની વાવ્યોથી શોભાયમાન, વસ્ત્રો, અલંકારો, નાના પ્રકારનાં ભોજનોના પર્વતો અને ઘી આદિ રસોની નદીઓથી શોભાયમાન સ્વૈચ્છિક ગતિવાળા વિમાનમાં બેસીને રાજા સ્વર્ગમાં જાય છે. (૪૨-૪૩) હે દ્વિજવર્ય ! તે રાજા ગંધર્વગણોએ ગાન કરાતી છે કીર્તિ જેની એવો થકો ઘણાં સુખોને પામે છે. તથા તે રાજા ઈન્દ્ર સંબંધી દિવ્ય વિમાનો, અપ્સરાઓ અને દિવ્ય રસોના ઉપભોગોને પામે છે. (૪૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં રાજધર્મોમાં બ્રાહ્મણપ્રશંસાદિનિરૂપણ નામનો ઓગણત્રીશમો અધ્યાય થયો. ॥૨૯॥

●

## અધ્યાય-૩૦

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

રાજા માંસ ભક્ષણ ન કરે તેમજ હિંસા કરવાના સ્વભાવવાળો ન થાય તેમ જ માંસભક્ષી અન્ય જનોને પણ હિંસા કરતા અટકાવે. (૧) અહિંસાધર્મ સર્વ ધર્મોની અપેક્ષાએ ઉત્તમ કહેલો છે અને સર્વ જનોને સાધારણ છે માટે હિંસા મન, વચન અને શરીરથી ત્યાગ કરવી, કોઈના સંગ વડે થતી હિંસા પણ ત્યાગવી. (૨) જેમ ચાર પગવાળો પશુ એક પગથી રહિત હોય તો ચાલી શકતો નથી, ઊલટો ગમનના અભાવથી અલ્પકાળમાં નિશ્ચય મૃત્યુ પામે છે. તેમ જ અહિંસાધર્મ પણ ઉપર કહેલાં મન-વચન-કાય-સંગરૂપ ચારમાંથી એક પાદે પણ રહિત થાય તો નાશ જ થઈ જાય. (૩-૪) માટે પ્રથમ તો મનથી હિંસાનો ત્યાગ કરે, પછી વાણીથી ત્યાગ કરે, તે પછી કર્મથી ત્યાગ કરી જે પુરુષ માંસભક્ષણ નથી કરતો તે મુક્ત થઈ જાય છે. (૫) રાજા સર્વ પ્રાણીઓનો પિતા, છે સર્વ જીવો રાજાના સંતાનો છે તેથી સર્વ જીવોનું હિંસકના ભયથી રાજાએ પુત્રવત્ રક્ષણ કરવું. (૬) માંસને પુત્રમાંસતુલ્ય જાણવા છતાં રસાસ્વાદથી લોભાઈને વિમોહિત થઈને જે માંસ ખાય છે તે પુરુષ તો રાક્ષસ જ કહેવાય છે. (૭) સદાચારી શિબિ વગેરે ઘણા રાજાઓ પોતાના જીવનનો પણ ત્યાગ કરી પોતાના માંસ વડે અન્યના માંસનું રક્ષણ કરી સ્વર્ગને પામી ગયા. (૮) સપ્તર્ષિઓ, વાલખિલ્યાદિ, સૂર્યનારાયણની આગળ ચાલનારા સાઠ હજાર મુનિઓ, ચંદ્રનાં કિરણોનું પાન કરનારા ઋષિઓ, માંસ ભક્ષણના અભાવને કહે છે અને સર્વ મહર્ષિઓ અમાંસભક્ષણની પ્રશંસા કરે છે. (૯) યજ્ઞોમાં પશુઓનું સાક્ષાત્ હનન પણ વેદસંમત નથી. પરંતુ અસાત્ત્વિક વૃત્તિવાળા રજ-તમ સ્વભાવવાળા મનુષ્યોના રાગથી પ્રાપ્ત હિંસાની નિવૃત્તિ માટે કહ્યું છે. (૧૦) આવી રીતે ધર્મપરાયણ રાજા યથાવિધિ રાજ્ય કરી આયુષ્યના ત્રીજા ભાગમાં જ્યેષ્ઠ પુત્રને રાજ્ય અર્પણ કરી

દે. (૧૧) સ્વયં રાજા વનમાં પ્રવેશ કરી સત્પુરુષોનો સમાગમ પામીને જો પરમાત્મામાં દ્ઢ ભક્તિ કરે તો પરમ પદને પામે. (૧૨) ધાર્મિક રાજા રાજ્ય કરતો થકો જો યુદ્ધમાં મરણ પામે તે પણ સ્વર્ગને પામે છે અને ત્યાં બહુવિધ ભોગોને ભોગવે છે. (૧૩) ત્યારબાદ બાકી રહેલા પુણ્યપ્રતાપે યથાસમયે મનુષ્યદેહ પ્રાપ્ત કરી સત્પુરુષોનો સમાગમ કરી ભગવાનની ભક્તિ કરી સંસારથી મુક્ત થઈ જાય છે. (૧૪) જો રાજમદથી ઉન્મત્ત થયેલો રાજા સ્વેચ્છા મુજબ વર્તીને પૂર્વોક્ત મર્યાદાનું ઉલ્લંઘન કરે છે તે રાજા આ લોકમાં મોટી અપકીર્તિને પામે છે. (૧૫) તે રાજા મરીને પ્રજાઓનું પાપ ગ્રહણ કરી પાપકર્મોના ફળને યમપુરીમાં યાવત્‌ચંદ્ર દિવાકરૌ ભોગવે છે. (૧૬) પછી કાળે કરીને કીડા, પક્ષી વગેરેની યોનિઓમાં ભટકે છે. માટે રાજા ધર્મનિષ્ઠ અને નિયમ તત્પર થઈને પ્રજાઓનું પાલન કરે. (૧૭) પૂર્વે બ્રહ્માએ રાજાઓના ધર્મબોધ માટે અને પ્રજાઓની સુખપ્રાપ્તિ માટે એક લાખ અધ્યાયવાળું નીતિશાસ્ત્ર રચ્યું. (૧૮) ત્યારપછી શિવજી જે અલ્પ આયુષ્યવાળા જનોને જોઈ તે નીતિશાસ્ત્રને ટૂંકાવીને દસ હજાર અધ્યાયવાળું વૈશાલાક્ષ નામનું મનોહર નીતિશાસ્ત્ર કર્યું. (૧૯) પછી ઈન્દ્રે શિવ થકી પ્રાપ્ત થયેલા દશ હજાર અધ્યાયવાળું નીતિશાસ્ત્રને ટૂંકાવીને બાહુદંતક નામનું ઉત્તમ નીતિશાસ્ત્ર ફરીથી કર્યું. (૨૦) હે દ્વિજ ! કેટલોક કાલ ગયા પછી બૃહસ્પતિએ બાહુદંતકને સંક્ષેપ કરીને બાર્હસ્પત્ય નામનું ત્રણ હજાર અધ્યાયવાળું નીતિશાસ્ત્ર કર્યું. (૨૧) ત્યારપછી શુક્રાચાર્યે ત્રણ હજાર અધ્યાયોને સંક્ષિપ્ત કરી હજાર અધ્યાયવાળું નીતિશાસ્ત્ર પ્રસિદ્ધ કર્યું તે શાસ્ત્રને મુનિઓએ પૃથ્વીમાં ચોતરફ પ્રવર્તાવ્યું. (૨૨) ફરી પાછું અલ્પ બુદ્ધિ અને અલ્પ આયુષ્યવાળા જનોને જોઈ ભરદ્વાજ આદિ મુનિજનોએ સંક્ષેપથી પ્રવર્તાવ્યું. (૨૩) તે જ નીતિશાસ્ત્ર મેં તો સાર માત્ર કહ્યું અન્યત્ર વિસ્તારથી કહેલું છે. રાજાએ ધર્મપૂર્વક પ્રજાઓનું રક્ષણ કરવું જોઈએ એમ તે નીતિગ્રંથોમાં નિશ્ચય કરેલો છે. (૨૪) હે દ્વિજસત્તમ ! આ પ્રકારે મેં તમોને રાજધર્મો કહ્યા જે રાજધર્મોને આશરેલો રાજા ઈન્દ્ર સાથે આનંદ કરે છે. (૨૫) જે પુરુષ આ પૂર્વોક્ત ગૃહસ્થ ધર્મોને ભગવદ્ ભક્તિએ સહિત આચરણ કરે તે પુરુષ ભગવાનના પરમ ધામને પામે છે તે નિશ્ચય વાત છે. (૨૬) જે પુરુષ ભગવાનની ભક્તિરહિત થકો પણ પરમ શ્રદ્ધાપૂર્વક પૂર્વોક્ત ધર્મોનું આ લોકમાં આચરણ કરે તે પણ સ્વર્ગને પામે છે. (૨૭) પછી તે સ્વર્ગને પામેલા પુરુષ પોતાના પુણ્યથી પ્રાપ્ત થયેલા જે ઘણા દિવ્ય ભોગો ભોગવીને ફરી આ લોકમાં પુણ્યાત્મા પુરુષના ભવનમાં જન્મ પામીને પૂર્વ જન્મે કરેલા પુણ્યથી પણ વિશેષ પુણ્ય કરે છે. (૨૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં રાજધર્મોમાં અહિંસાદિ સનાતનધર્મ નિરૂપણ નામનો ત્રીશમો અધ્યાય થયો. ॥૩૦॥

## અધ્યાય-૩૧

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે દ્વિજ ! હવે સધવા અને વિધવા સ્ત્રીઓના આ લોક અને પરલોકમાં સુખ આપનારા ધર્મો હું નિરૂપણ કરું છું (૧) પૂર્વે કૈલાસમાં શંભુની સમીપમાં સતી નામના શંભુપત્નીએ ગંગા આદિક સર્વ સ્ત્રીઓને ઉદ્દેશીને સર્વ સ્ત્રીઓના મંગળકારી સર્વ ધર્મો કહ્યા હતા. (૨) હે દ્વિજ ! વિશેષે

સહિત તે જ ધર્મોને પૃથ્વીને વિષે મહાસુખને ઇચ્છતી સ્ત્રીઓના હિતને માટે હું તમોને કહું છું. (૩) સત્કુલમાં જન્મ, રૂપ, ગુણથી અનુરૂપ યોગ્ય પિતા-ભાઈ વગેરે દ્વારા તે વર સાથે યથાવિધિ જે વિવાહિત થાય તે સ્ત્રી સધવા સ્ત્રી કહેવાય છે. (૪) જે નારીઓ કાળના વેગથી મરી ગયેલા પતિવાળી થાય તે વિધવા જાણવી. જે સ્ત્રીઓને સંન્યાસીઓના સમાન ધર્મવાળી કહેલી છે. (૫) બંને પ્રકારની સ્ત્રીઓમાં પ્રથમ સધવા; કુલટા અને પતિવ્રતા એમ બે પ્રકારની કહેલી છે. જે સ્ત્રીઓ પતિ વિના અન્ય પુરુષોમાં આસક્ત થયેલી હોય તે કુલટા માનેલી છે. (૬) ઉત્તમ કુળમાં જન્મેલી હોય તોપણ દુષ્ટ સ્વભાવવાળી હોય તેને કુલટા જાણવી. કુલટા નિત્ય અધર્માચરણના સ્વભાવવાળી, દુષ્ટ મુખવાળી અને કંકાસણી હોય છે. (૭) દુર્મતિવાળી કુલટા સ્ત્રી પોતાના પતિને નિત્ય તિરસ્કારે છે અને જાર પુરુષ સાથે સર્વદા રમણ કરે છે. ધર્મિષ્ઠ એવા પણ પોતાના પતિને વિષતુલ્ય જુએ છે. (૮) અતિશય પાપવાળી કુલટા સ્ત્રી જારને કામભાવથી શુભ દૃષ્ટિ અને કટાક્ષ વડે નિરંતર આ તો કામદેવ જેવા છે એમ હરખથી દેખે છે. (૯) કુલટા એવી કામિની સ્ત્રી મનોહર વેશવાળા યુવાન તેમજ સંભોગમાં શૂરવીર એવા પુરુષને જોઈ સદા કામાતુર થાય. (૧૦) કુલટા ગુરુ, પિતા, સસરાએ તિરસ્કાર કરાયેલી, પોતાના પુત્ર વગેરેએ રક્ષણ કરાયેલી તોપણ જાર પુરુષને ઉપપતિ કરે છે. રાજાઓ દ્વારા પણ તે વશ કરી શકાતી નથી. (૧૧) કુલટાને કંઈ પણ પ્રિય નથી અને પ્રયોજનવશ સર્વ પ્રિય પણ થાય છે. જે ગાયો નવું નવું ઘાસ અને નવું નવું વન ઇચ્છે છે તેમ કુલટા પણ નવા નવા પુરુષને પ્રાર્થે છે. (૧૨) કુલટાનું ચંચળ મન જાર પુરુષમાં સ્નેહવાળું થાય છે પરંતુ વ્રત, તપ, ધર્મ કે ગૃહકાર્યમાં પ્રીતિવાળું થતું નથી. તથા ગુરુજનમાં પણ સ્નેહવાળું થતું નથી. (૧૩) સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવા ભેદથી ત્રણ પ્રકારની કુલટા સ્ત્રીઓ પુરાણોમાં કહેલી છે. (૧૪) તેમાં સમાન વર્ણવાળા પુરુષોમાં આસક્ત સ્ત્રીઓ સ્વૈરિણી કહેલી છે. સમાન અને અસમાન વર્ણમાં આસક્ત હોય તે કામિની કહી છે અને જે સ્ત્રીઓ સમાન વર્ણ અને અસમાન વર્ણવાળા પુરુષો તથા સ્વસંબંધી પુરુષોમાં પણ આસક્ત હોય તે પુંશ્ચલી કહી છે. (૧૫-૧૬) આ ત્રણ પ્રકારની કુલટાઓ દેહાંત પછી કલ્પ પર્યંત યમયાતનાઓને જ પામે છે તેમની સદ્‌ગતિ થતી જ નથી. (૧૭) જે સ્ત્રીને પતિસેવા જ વ્રત હોય તે તો પતિવ્રતા કહી છે. પતિવ્રતાને પોતાનો પતિ પ્રાણો કરતાં પણ નિશ્ચય અધિક પ્રિય હોય છે. (૧૮) જે સ્ત્રીને પોતાનો પતિ દેવ, દૈત્ય અને મનુષ્યાદિથી અધિક હોય તે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને ઈશ્વરની પેઠે નિષ્કપટભાવથી સદાય સેવે. (૧૯) જે સ્ત્રી વ્રત, દાન, તપ, પૂજા, જપ અને હોમ આદિ પોતાના પતિની આજ્ઞા પ્રમાણે કરે તે સ્ત્રી પતિવ્રતા જાણવી. (૨૦) એક પુત્રવાળા મનુષ્યનું મન જેમ પુત્રમાં રહે છે, વૈષ્ણવભક્તોનું મન જેમ શ્રીહરિમાં રહે છે, જેમ એક નેત્રવાળાનું મન નેત્રમાં, જેમ તરસ્યા મનુષ્યનું મન જળમાં રહે છે, ભૂખ્યાનું મન જેમ અન્નમાં, કામુકોનું મન જેમ સ્ત્રીમાં, ચોરોનું મન જેમ પરધનમાં રહે છે, નઠારી સ્ત્રીઓનું મન જેમ જાર પુરુષમાં રહે છે, પંડિતોનું મન જેમ શાસ્ત્રમાં રહે છે, વેપારીઓનું મન જેમ વેપારમાં રહે છે તેમ સાધ્વી પતિવ્રતા નારીનું મન નિરંતર પોતાના સ્વામીમાં રહે છે. (૨૧-૨૨-૨૩) હે દ્વિજવર્ય !

પતિવ્રતા સ્ત્રીઓના ધર્મો તમોને હું પ્રથમથી કહું છું જે મારા કહેલા ધર્મોને આશરેલી પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિએ સહિત દેવતાઓને પણ દર્શનીય સતીલોકને પામે છે. (૨૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં સ્ત્રીધર્મોમાં સધવાસ્ત્રીભેદલક્ષણ નિરૂપણ નામનો એકત્રીશમો અધ્યાય થયો. ॥૩૧॥

●

## અધ્યાય-૩૨

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

પતિવ્રતા નારીઓને તો પતિ જ ઈશ્વર માનેલો છે. આથી તેમણે પતિને જ ઈશ્વરબુદ્ધિથી આદરપૂર્વક સેવવો. (૧) પ્રભાતમાં જાગી, સ્નાન કરી, પાત્રાદિ ઉપકરણોને ઊજળાં માંજી, ધોયેલા શુદ્ધ વસ્ત્રને ધારણ કરી, પવિત્રપણે પોતાના પતિની સેવામાં તત્પર થાય. (૨) પતિને શુદ્ધ નિર્મળ જળ વડે સ્નાન કરાવી તેમને પહેરવા ધોયેલું વસ્ત્ર આપીને તે પતિના ચરણોનું હર્ષપૂર્વક પ્રક્ષાલન કરે. (૩) પછી પતિને આસન ઉપર બેસાડી તેના લલાટમાં, બન્ને હાથો અને હૃદય ઉપર ચંદન લગાવી કંઠમાં પુષ્પમાળા અર્પણ કરે. (૪) પછી 'નમઃ કાંતાય' મંત્ર વડે અમૃતતુલ્ય ભોગ દ્રવ્યો વડે ભક્તિભાવથી પૂજા અને સ્તુતિ કરી હર્ષપૂર્વક નમસ્કાર કરે. (૫) પછી પૂરતા અજવાળામાં ચોખા આદિ અન્નને સાફ કરી, પોતે શુદ્ધ થઈ પવિત્ર સ્થળે પતિને પ્રિય સુસંસ્કૃત રસોઈ બનાવી પતિવ્રતા નારી પતિને જમાડે. (૬) પતિને જમાડ્યા પછી પતિવ્રતા જમે, પતિ ઊભા રહેતાં ઊભી રહે, પતિ સૂઈ જતાં સૂઈ જાય. પતિના જાગવા પહેલાં જાગે. (૭) અલંકૃત કર્યા વિનાનું શરીર પતિને ક્યારેય ન દેખાડે, કારણવશાત્ પતિ પરદેશ ગયો હોય ત્યારે અલંકારો ધારણ કરે નહિ. (૮) પતિની આયુષ્યવૃદ્ધિ માટે પતિનું નામ કદી ઉચ્ચારે નહિ. અન્ય પુરુષનું નામ પણ પોતાના પતિનું જ હોય તો પણ તેનો ઉચ્ચાર ન કરે. (૯) પતિએ કદાચ તિરસ્કાર કરતાં પણ પતિને તિરસ્કારે નહિ પરંતુ મધુરભાષિણી થાય. પતિએ તાડન કરી હોય તો પણ પ્રસન્ન રહે. ઘરના બારણામાં લાંબો સમય ઊભી ન રહે. ઉચ્ચ સ્વરથી કદાપિ બોલે નહિ. (૧૦) પતિ બોલાવે તો ઘરનાં કામ છોડી તરત જ પાસે જાય અને કહે : 'હે સ્વામિન્ ! આ હું આવી, આજ્ઞા કરો' એમ ધીમે રહી પ્રિય વચન બોલે. (૧૧) શ્રીહરિની પૂજાનાં સાધનો પતિના કહ્યા વગર જ તૈયાર કરી આપે. જે સમયે જે વસ્તુ જરૂરની હોય તે સમયે તે વસ્તુ હાજર રાખે. (૧૨) પતિને ભોજન કરતાં વધેલું અન્નાદિ કે ફળ વગેરે જમે. પતિએ આપેલ કોઈપણ વસ્તુ મહાપ્રસાદ સમજી ગ્રહણ કરે. (૧૩) દેવો, પિતૃઓ, અતિથિઓ, ગાયો અને ભિક્ષુઓને આપ્યા વિના તથા પરિચારક વર્ગોને આપ્યા વિના અન્નને પતિવ્રતા ન જમે. (૧૪) પતિવ્રતા સ્ત્રી બ્રાહ્મણો, દુર્બળો, અનાથો, દીન, અંધ, કૃપણ અને જે કોઈ ભૂખ્યો હોય તેનું અન્નથી પોષણ કરે. (૧૫) ગૃહોપયોગી ઉપકરણોને યથાસ્થાને સ્થાપનારી, હર્ષવાળી, કાર્યકુશળ અને ધનાદિનો દુર્વ્યય નહિ કરનારી એવી સતી પતિને પૂછયા વિના ઉપવાસ-વ્રત વગેરે ન કરે. (૧૬) ઉત્તમ આચારોવાળી તે પતિવ્રતા નારી સામાજિક ઉત્સવોના દર્શનનો ત્યાગ કરે. એકલી તીર્થમાં ન જાય તેમજ વિવાહદર્શન માટે ન જાય. (૧૭) આવશ્યક રહસ્યકાર્ય

હોય તોપણ સુખેથી સૂઈ રહેલા, સુખેથી બેઠેલા અથવા ઈચ્છા મુજબ ક્રીડા કરતા પતિને ઉઠાડે નહિ. (૧૮) રજસ્વલાપણું પામતાં ત્રણ દિવસ-રાત્રિ પર્યંત પતિને પોતાનું મુખ દેખાડે નહિ અને જ્યાં સુધી સ્નાન ન કરે ત્યાં સુધી પતિને પોતાનું વાક્ય સંભળાવે નહિ. (૧૯) ત્યારપછી ચોથે દિવસે સારી રીતે સ્નાન કરતાં પતિના મુખને જ જુએ, બીજા કોઈનું કદાપિ નહિ. જો પતિ બહાર ગયેલો હોય તો પતિનું ધ્યાન કરી સૂર્યદર્શન કરે. (૨૦) હળદર, કુંકુમ, સિંદૂર, કાજળ, તાંબૂળ, કાંચળી, ચોળી, મંગલસૂત્ર, હાથ-કાન-નાક-પગ વગેરે અંગમાં ધારવાનાં આભરણો, કેશ સંસ્કારે સહિત કબરીભૂષણ - આ સર્વને સ્વામીના આયુષ્યની ઈચ્છાવાળી પતિવ્રતા નારી ક્યારેય દૂર કરે નહિ. (૨૧-૨૨) પતિવ્રતા નારી ધોબણ, હેતુવાદથી ધર્મકર્મમાં અશ્રદ્ધા ઉપજાવનારી, પાખંડ માર્ગને અવલંબેલી સંન્યાસિણી તથા દુર્ભાગી સ્ત્રી સાથે બહેનપણાં ન કરે. (૨૩) તેમ જ વિશ્વાસુ જનને ઠગનારી, ગૃહ્યાચરણોને જોનારી તથા નપુંસક નરની સાથે કદાપિ સખીપણું ન જ કરે. (૨૪) પુરુષવેશને ધારણ કરનારી, બહુ વાર્તા કરવાના સ્વભાવવાળી તથા લોકોના બહુ ગૃહે વારેવારે ભટકનારી સ્ત્રી સાથે સખીપણું ન કરે. (૨૫) તથા દ્યુત આદિ વ્યસનવાળી, માદક પદાર્થો ખાનારી, ચાડિયાપણું કરનારી તથા વેશ્યા સાથે સખીપણું ન કરે. (૨૬) અત્યંત કોપ કરનારી, અન્યનો પરાભવ કરવામાં સમર્થ, ચોરી કરનારી, દુષ્ટ ચિત્તવાળી, અતિ ચંચળ સ્વભાવવાળી તથા બહુ ખાવાના સ્વભાવવાળી સ્ત્રી સાથે મિત્રતા ન કરે. (૨૭) પતિ ઉપર વિશેષ દ્વેષ કરનારી સ્ત્રી સાથે ક્યારેય બોલે નહિ. એકલી ક્યારેય પણ ન રહે અને નગ્ન થઈને કયારેય સ્નાન ન કરે. (૨૮) પતિવ્રતા નારી ખાંડણિયો, સાંબેલું, સાવરણી, પથ્થર, ઉમરો તથા યંત્રાદિક ઉપર કદાપિ બેસે નહિ. (૨૯) મૈથુન સમય સિવાય નિર્લજ્જપણું ન કરે અને જે જે વિષયમાં પોતાના સ્વામીની પ્રીતિ હોય તેમાં જ પ્રીતિવાળી થાય. (૩૦) ઉચ્ચ આસનમાં બેસે નહિ, નિષ્કારણ પારકા ઘેર ન જાય, લાજ આવે તેવાં વાક્યો ન બોલે અને અપશબ્દો તો ક્યારેય પણ ન બોલે. (૩૧) સાસુસસરા આદિ વડીલોની આગળ ઊંચે સ્વરે બોલે નહિ, પરપુરુષ સાથે બોલે નહિ અને તેનો સ્પર્શ કરે નહિ. (૩૨) તેમાં સંન્યાસી, વેપારી, વૈદ્ય તથા વૃદ્ધની સાથે કામ પૂરતી જ વાત કરે, પરંતુ વધારે બોલે નહિ. (૩૩) પતિવ્રતા નારી બુદ્ધિપૂર્વક નરપશુને પણ જુએ નહિ. ક્યાંય પણ કલહ કરે નહિ. કોઈને મિથ્યાપવાદ આપે નહિ. (૩૪) નારીને પતિ જ એક પરમ દૈવત અદ્વિતીય માનેલું છે માટે તેને દરરોજ પૂજે. તેનું વચન ઉલ્લંઘે નહિ. (૩૫) નપુંસક, નિર્ધન, વ્યાધિગ્રસ્ત, વૃદ્ધ, દુઃસ્વભાવવાળો અને ભાગ્યહીન હોય તો પણ પતિવ્રતા નારી પોતાના પતિને સર્વથા સેવે. (૩૬) પોતાના પતિને હર્ષિત જોઈ પોતે હરખ પામે, ખેદયુક્ત જોઈ સદા ખેદને પામે, એ રીતે સંપત્તિમાં અને વિપત્તિમાં એકરૂપ થાય. (૩૭) ઘરમાં ઘી, તેલ, મીઠું વગેરે થઈ રહ્યાં હોય તોપણ પતિને 'આ નથી'-'આ નથી' એમ ન બોલે. પ્રયાસવાળા કાર્યમાં પતિને જોડે નહિ. (૩૮) બહારથી આવતાં જાણીને પોતાના પતિને એકદમ ઊઠી સામે જઈ વિનયપૂર્વક ભક્તિભાવથી જળ, આસન, તાંબૂલ, પંખો, પગસંવાહન અને મધુર, શુભ તથા શ્રમને નિવારનારા પ્રિય વાક્યો વડે પોતાના પતિને પ્રસન્ન કરે. (૩૯-૪૦) પતિ દેવ છે. પતિ ગુરુ છે. ધર્મ, તીર્થ અને વ્રત આ બધું સર્વથા પતિ જ છે. આથી

પતિવ્રતાએ ક્યારેય પણ તેનું અપમાન કરવું નહિ. (૪૧) દેવ, મનુષ્ય, ગંધર્વ, યુવાન, ધનવાન, સ્વલંકૃત કે રૂપાળો અન્ય પુરુષ વિષ્ટા તુલ્ય જાણવો. (૪૨) જેમ દેહને છાયા અનુસરે છે તેમ પતિવ્રતા પોતાના સ્વામીને સદા અનુસરે. કેમ કે 'ભર્તાની સહચારી થા' એમ બ્રાહ્મણો વિવાહ સમયે ભણે છે. (૪૩) સ્વામીની આજ્ઞા ગ્રહણ કરીને જ પતિવ્રતા નિત્ય અને નૈમિત્તિક એવા વ્રત ઉપવાસ-નિયમોને કરે. (૪૪) પૂર્વે કહેલા પતિવ્રતાના ધર્મોમાં કોઈ સમયે જો એક પણ ધર્મોનો ભંગ થાય તો સાધ્વી સ્ત્રી શીઘ્ર તેનું પ્રાયશ્ચિત કરે. (૪૫) પ્રાતઃકાળે જલદી ઊઠવું આદિ પોતાના વ્રતોમાં અજ્ઞાનથી ભંગ થાય તો તે સ્વવ્રત ભંગમાં પૃથક્ પૃથક્ એક એક ઉપવાસ પ્રતિવ્રતાએ કરવો. (૪૬) જે નારી વાણીના દોષથી બ્રહ્માના પાંચમા મુખથી નીકળેલ ગાળો વાચક અપશબ્દો જો બોલે તો નારી પાદકૃચ્છ વ્રત કરે. (૪૭) સાધ્વી સ્ત્રી અજાણે જો પતિને તાડન કરે તો સ્વશુદ્ધિ માટે ચાર ઉપવાસ કરે. જો હાથ વડે તાડન થઈ ગયું હોય તો અને દૈવયોગથી અજાણે દંડા વડે એકવાર પણ તાડન થઈ ગયું હોય તો પતિવ્રતા બાર ઉપવાસવાળું પારાક વ્રત કરે. (૪૮-૪૯) હે દ્વિજ ! આ પ્રકારે સંક્ષેપથી સધવા સ્ત્રીના ધર્મો મેં તમોને કહ્યા. આ લોકમાં ધર્મવાળી પતિવ્રતા નારી દુર્લભ છે. (૫૦) જે નારી પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરી વ્રત ઉપવાસ નિયમોને કરે છે તે નારી પતિના આયુષ્યને હરનારી છે અને મર્યા પછી નરકને પામે છે. (૫૧) પતિધર્મથી ભ્રષ્ટ થયેલી તે નારીનાં સારી રીતે કરેલાં દાન-ઉપવાસ-પુણ્યો સર્વથા નિષ્ફળ થાય છે. (૫૨) જે નારી મન-વાણી અને કર્મથી પણ પતિનું ઉલ્લંઘન કરતી નથી તેનું જ પુણ્યફળ કહેલું છે અન્ય નારીનું નહિ તે નિશ્ચિત વાત છે. (૫૩) વાણીના દોષ રહિત, બાહ્ય અને આભ્યંતર શૌચવાળી, ધૈર્યવાળી, શુભવ્રતોવાળી અને યોનિદુષ્ટ નહિ એવી નારીઓ સમગ્ર જગતને ધારણ કરે છે. (તેમના પુણ્યથી જ જગત સ્થિર રહે છે.) (૫૪) યોનિદુષ્ટ સ્ત્રીને પરપુરુષ સંગથી થયેલ દોષને નિવારણ કરનારું પ્રાયશ્ચિત છે જ નહિ તે તો હણાયેલી જ છે. પ્રાયશ્ચિત કરવાથી ફરી પતિવ્રતા થતી જ નથી. અપશબ્દોચ્ચારપૂર્વક વાણીદોષથી દુષ્ટ થયેલ જન માટે પુરાણ પુરુષોએ પ્રાયશ્ચિત કહેલું છે. (૫૫) તે યોનિદુષ્ટા સ્ત્રી હજારો કલ્પે પણ સદ્‌ગતિ પામતી નથી પરંતુ પક્ષીઓની હજારો યોનિઓમાં જન્મી દુઃખાગ્નિથી રંધાય છે. (૫૬) અસતી તે યોનિ દુષ્ટા સ્ત્રી કદાચિત્ નામમાત્ર મનુષ્ય જન્મને પામે તો શ્વાનભક્ષક ચાંડાળ યોનિને પામે (૫૭) જે નારી પતિએ કંઈ કાર્ય કહેતાં ક્રોધથી પતિને ઉત્તર આપે તે નારી ગામમાં કૂતરી થાય છે અને નિર્જન વનમાં શિયાળ થાય છે. (૫૮) જે દુર્મતિ નારી પતિનો ત્યાગ કરી એકાંતમાં પરપુરષના સંકેત પ્રમાણે વિચરે છે તે નારી ઝાડના કોતરમાં રહેનારી ક્રૂર ઘુવડી થાય છે. (૫૯) જે નારી પતિએ પ્રહાર કરતાં પતિને પ્રહાર કરવા પ્રવર્તે છે તે સ્ત્રી વાઘણ કે બિલાડી થાય છે. જે સ્ત્રી પરપુરુષને કટાક્ષથી જુએ તે વાંકા નેત્રવાળી થાય છે. (૬૦) જે નારી પતિનો ત્યાગ કરીને એકલી જ મિષ્ટ ભોજન ખાય છે તે નારી ગામમાં ભૂંડણ થાય અથવા પોતાની જ વિષ્ટા ખાનારી વાગોળ થાય. (૬૧) જે સ્ત્રી પતિને તુંકારે બોલાવે તે સ્ત્રી અવશ્ય મૂંગી થાય. જે નારી શોક્ય (સપત્ની) ઉપર સદા ઈર્ષ્યા રાખે તે વારે વારે

દુર્ભાગણી થાય. (૬૨) જે સ્ત્રી પતિની દૃષ્ટિ ચુકાવીને કૌતુકથી કોઈ પરપુરુષને જોઈ લે તો તે પૃથ્વી ઉપર કાણી, કુરૂપા અને દુષ્ટ મુખવાળી થાય છે. (૬૩) દુરાચારી નારીઓ શિયળવ્રતના ભંગથી પિતા, માતા અને પતિ ત્રણેના કુળને નરકમાં નાખે છે અને આ લોક અને પરલોકમાં બહુ દુઃખી થાય છે. (૬૪) ધર્મપરાયણ ભર્તા પત્નીના શીલભંગને લીધે મહા પ્રયાસ વડે મેળવેલા સ્વર્ગ થકી પણ પડી જાય છે. આથી સ્ત્રીએ શિયળવ્રતનું રક્ષણ કરવું. (૬૫) સ્ત્રીએ પુણ્યના પાત્રભૂત એવું પોતાનું શરીર સુખના આભાસરૂપ પરપુરુષના સ્પર્શથી મહાપ્રયત્નપૂર્વક રક્ષવું. (૬૬) સ્ત્રી પાતિવ્રત્યના પ્રતાપથી આ લોકમાં વિપુલ કીર્તિ પ્રાપ્ત કરે છે તથા અક્ષય એવો સ્વર્ગમાં વાસ પ્રાપ્ત કરે છે, અને લક્ષ્મીજીની સાથે સખીપણું પ્રાપ્ત કરે છે. (૬૭) જો પતિ વાસુદેવ પરમાત્માની ઉપાસનાથી વિમુખ હોય અથવા બ્રહ્મહત્યાદિ મહાપાપથી દૂષિત હોય તો સ્ત્રીએ તેનો ત્યાગ કરવો. (૬૮) તે જ પતિ જો ભગવાનનું ભજન કરે અને પ્રાયશ્ચિતો વડે પાતકથી શુદ્ધ થાય ત્યારે તો તે પતિને ઈશ્વરની પેઠે ફરી સેવન કરે. (૬૯) પતિવ્રતા નારી પોતાના શરીરમાં જેટલા રૂંવાડા છે (સાડા ત્રણ કરોડ) તેને દશ હજારે ગુણતાં જેટલા વર્ષ થાય તેટલા વર્ષ પર્યંત પોતાના પતિની સાથે ક્રીડા કરતી થકી સ્વર્ગસુખને ભોગવે છે. (૭૦) પતિવ્રતા નારીના માતા અને પિતા બન્ને ધન્ય છે. જેના ઘરમાં પતિવ્રતા નારી છે તે પતિ ધન્ય છે અને શ્રીમાન છે. આ જ બીજી લક્ષ્મી છે. (૭૧) જે પુરુષનું સો જન્મોથી સંપાદન કરેલું પુણ્ય હોય તે પુરુષના ઘરમાં ધર્મનિષ્ઠા પતિવ્રતા નારી હોય. (૭૨) પતિવ્રતાના પુણ્યથી પિતાના વંશના, માતાના વંશના અને પતિના વંશના ત્રણ ત્રણ પુરુષો સ્વર્ગ સુખોને ભોગવે છે. (૭૩) સુરાપાનાદિ અકાર્યકારી, પતિત, ગુણહીન પતિને પતિવ્રતા સ્ત્રી તારે છે અને પોતાના જીવાત્માને પણ તારે છે. (૭૪) સૂર્ય પણ ભય પામતો સતો પતિવ્રતાનો સ્પર્શ કરે છે. ચંદ્ર અને વાયુદેવ પણ પોતાને પવિત્ર કરવા જ પતિવ્રતાનો સ્પર્શ કરે છે. અન્ય પ્રકારે સ્પર્શ કરતા નથી. (૭૫) પૃથ્વી ઉપર જેટલાં તીર્થો છે તે સર્વે સતી સ્ત્રીના ચરણોમાં રહેલા છે. તેના શરીરમાં સર્વ દેવો અને તપસ્વીજનોનું તેજ રહેલું છે. (૭૬) સાધ્વી સ્ત્રીની ચરણ રજ વડે પૃથ્વી તત્કાળ જ શુદ્ધ થાય છે. મહાપાપી પણ પતિવ્રતાને નમસ્કાર કરી પાપોથી મુક્ત થાય છે. (૭૭) મહાપુણ્યવાળી પતિવ્રતા નારી ક્ષણમાં જ પોતાના પ્રતાપ વડે ત્રિલોકીને ભસ્મસાત્ કરવા સદા સમર્થ થાય છે. (૭૮) પતિવ્રતા નારી તો અરુંધતી, સાવિત્રી, અનસૂયા, શાંડિલી, અહલ્યા, પાર્વતી, દ્રૌપદી, શતરૂપા, મેના સુનીતિ, સંજ્ઞા (સૂર્યપત્ની), અગ્નિપત્ની સ્વાહા- આ સર્વને તુલ્ય છે. આવી પતિવ્રતા પૃથ્વીમાં કોઈ વિરલા જ હોય છે. (૮૦) હે દ્વિજેન્દ્ર ! ત્યાં ત્યાં ઘરોઘર સ્ત્રીઓ તો પ્રાયઃ કૂતરીઓ જેવી હોય છે. મનુષ્ય જાતિમાં ઉત્પન્ન થઈને પણ દેવાંગનાઓએ પણ આશ્ચર્યપૂર્વક વંદનીય છે ચરણકમળ જેનાં એવી કોઈપણ પતિવ્રતા નારી ધન્ય જ છે. (૮૧)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
ધર્મોપદેશમાં સ્ત્રીધર્મોમાં પતિવ્રતાધર્મનિરૂપણ નામનો બત્રીસમો અધ્યાય થયો. ॥૩૨॥

●

## અધ્યાય-૩૩

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! જે પતિવ્રતા સ્ત્રીઓ કહી છે તે તો ઉત્તમા, મધ્યમા અને કનિષ્ઠા એવા ભેદથી ત્રણ પ્રકારની માનેલી છે. (૧) ત્રણ પ્રકારની પતિવ્રતામાં કનિષ્ઠા, પૂર્વે કહેલા સર્વ ધર્મોને પાલન કરતી પતિને સેવતી થકી તે પતિ થકી કામસુખની અભિલાષા રાખે છે. (૨) કામોપભોગમાં પ્રીતિવાળી કનિષ્ઠા શૃંગારરસથી યુક્ત એવી હાવ, ભાવ અને ઉક્તિ-યુક્તિઓ વડે જેમ પોતાને પતિ ઉપભોગ કરવા ઈચ્છે તેમ કરે. (૩) પરપુરુષના રૂપ ગુણોને જોઈને તે પરપુરુષમાં આકર્ષાયેલા મનને વશ કરવા શક્તિમાન ન થાય પણ વચન અને શરીરને વશ કરે (૪) અને મધ્યમા પતિવ્રતા પૂર્વે કહેલા સર્વ ધર્મોને પાલન કરે. દેહપુષ્ટિને નહિ ઈચ્છતી તથા પ્રીતિપૂર્વક પતિસેવાપરાયણ થાય છે. (૫) ધન, રૂપ, વય અને ગુણો વડે બીજા પુરુષને પોતાના સ્વામીથી અધિક જોઈને પણ મધ્યમા, પતિવ્રતા મન, વાણી અને શરીરથી ચલાયમાન થાય નહિ. (૬) કોઈપણ સમયે દૈવયોગથી દેશ, કાળ, ક્રિયા અને સંગનું વિષમપણું થવાથી મનના સંકલ્પ માત્રથી અન્ય પુરુષમાં ચલાયમાન થાય. (૭) દેશકાળાદિકના વિષમપણાના અભાવમાં તો પરમ ધૈર્ય પામેલી મધ્યમા પતિવ્રતાનું મન ક્યારેય સ્વપ્નમાં પણ પરપુરુષનો સંકલ્પ ન જ કરે. (૮) મધ્યમા પતિવ્રતા પોતાના પતિ પાસેથી પણ કોઈ સમયે પોતે કામસુખ ન ઈચ્છે. પરંતુ પતિએ આપેલા કામસુખને તે પ્રસન્ન ચિત્તથી ઈચ્છે. (૯) આ પ્રમાણે મધ્યમ પતિવ્રતાનું નિરૂપણ કર્યું. હવે ઉત્તમ પતિવ્રતાનું નિરૂપણ કરું છું. ઉત્તમા પૂર્વોક્ત સર્વ ધર્મોનું સમગ્રપણે પાલન કરે. (૧૦) ધન, રૂપ, યૌવન અને ગુણો વડે પર પુરુષને પોતાના પતિ કરતાં અધિક જોઈને કાયા, વાણી, મન વડે ચલાયમાન ન જ થાય. (૧૧) દેશ, કાળ, ક્રિયા, સંગ વગેરેનું વિષમપણું થયે સતે ઉત્તમા પતિવ્રતા મનથી પણ પરપુરુષનો ક્યારેય સંકલ્પ પણ ન કરે. (૧૨) ક્યારેય સંન્નિપાતાદિ રોગ અથવા અજાણથી માદક વસ્તુનું ભક્ષણ થઈ જાય તોપણ ઉત્તમ પતિવ્રતા નારીનું મન પરપુરુષમાં ક્યારેય ભ્રાંત થાય નહિ. (૧૩) પતિની સેવા કરતી ઉત્તમ પતિવ્રતા પોતે કામસુખ ઈચ્છે નહિ તથા કોઈ સમયે પતિએ પ્રીતિથી આપવા માંડેલા કામસુખને નિશ્ચિતપણે ન ઈચ્છે. (૧૪) જો પતિએ આગ્રહથી કામસુખ આપ્યું હોય તો ઘણાં લીંબુના ચૂસવાથી દાંત ખાટા થઈ જવાથી પુરુષ જેમ ચણા ચાવે તેમ અરુચિથી કામસુખનો અનુભવ કરે. (૧૫) ઉત્તમ પતિવ્રતા પોતાના દેહને અને પુરુષ માત્રનાં શરીરોને તથા શરીરસંબંધી સુખને વૈરાગ્ય વડે અસત્ય જાણે અને ભગવાન સંબંધી સુખને સત્ય જાણે. (૧૬) જો પતિ કામસુખ ભોગવવા કદાચિત બીજી સ્ત્રીને પરણે તો રાજી થાય અને પતિના કહેવાથી સપત્ની (શોક્ય)નું દાસીપણું પણ આચરે. (૧૭) આવી ઉત્તમ પતિવ્રતા ભૂતળ ઉપર દુર્લભ છે એ નિશ્ચિત વાત છે. દેવો પણ ઉત્તમા નારીને દૂષિત દૃષ્ટિથી જોવા સમર્થ થતા નથી. (૧૮) જે કનિષ્ઠા કહેલી છે તે તો પોતાના ધર્મનું પાન કરીને સાત જન્મે મધ્યમાપણાને પામે છે. (૧૯) અને તે પતિવ્રતા પાછા સાત જન્મે ઉત્તમા થાય છે જ. હવે તે સ્ત્રીઓના પતિ મર્યા પછી ત્રિવિધ

પતિવ્રતાઓની જે ગતિ છે તે કહું છું. (૨૦) આ ત્રણ પ્રકારની પતિવ્રતાઓમાં ઉત્તમ પતિવ્રતા તો પોતાના પતિના મરણ પહેલાં જ 'આ મારા પતિ આ દિવસે અને આ મુહૂર્તમાં મૃત્યુ પામશે' એમ પોતે જાણે. (૨૧) આ ઉત્તમા પતિવ્રતા નારી પોતાના અને પોતાના પતિના પૂર્વે થયેલા સાત સાત જન્મો કે તેથી અધિક જન્મોને યથાપૂર્વ જાણે છે. (૨૨) વિવર્ધમાન છે સત્ય અંગ જેનું એવી સતી મરણ દિવસે પતિ સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરી શરીરના ભાનથી રહિત થઈ જાય છે એ નિશ્ચય વાત છે. (૨૩) ચિતામાં પ્રવેશ કર્યે સતે પતિવ્રતાના દેહમાંથી પહેલાંથી જ જીવ સતીલોકને પામી જાય છે. ત્યારબાદ અગ્નિ તે પતિવ્રતાના શરીરને બાળે છે. (૨૪) આથી ઉત્તમા પતિવ્રતાને જરાપણ દાહપીડા થતી જ નથી અને તેને આત્મઘાતનો દોષ પણ છે જ નહિ. (૨૫) મધ્યમા પતિવ્રતા તો પતિના મરણ દિવસે જ પોતાના અને પતિના એક પૂર્વજન્મને જાણે છે. તે પતિની સાથે તાદાત્મ્યપણું પામે છે. (૨૬) તે મધ્યમા સ્વકીય ધૈર્ય વડે પ્રાપ્ત થયેલ છે શૂરાતન જેને એટલા માટે જ અચળ અને આકુળતા રહિત થકી ચિતામાં દાહવ્યથાને સહન કરે છે. જેમ રણસંગ્રામમાં શૂરવીર રણવ્યથા સહે છે તેમ. (૨૭) અને કનિષ્ઠા પતિવ્રતા તો પોતાના કે પતિના પૂર્વજન્મને જાણતી નથી. કેવળ લોકલાજથી ચિતામાં પ્રવેશ કરે છે. (૨૮) કામનું વ્યાકુળપણું હોવાથી પ્રમાદથી ચારિત્ર્યનો લોપ થતાં પિતા અને સસરાના વંશને લાંછન લાગવાના ભયથી ચિતાપ્રવેશ કરે છે અથવા વિધવાધર્મનું આચરણ ઘણું કઠિન હોવાથી તથા સ્વરક્ષક સત્પુત્રાદિકનો અભાવ હોવાથી તે કનિષ્ઠા પતિવ્રતા ચિતાપ્રવેશ કરે છે. (૨૯-૩૦) તે ધર્મચારિણી પતિવ્રતા વ્યાકુળ થકી ચિતામાં બળે છે. આ ત્રણે પ્રકારની પતિવ્રતાઓ શ્રીરુદ્ર સહિત પાર્વતીના લોકને અવશ્ય પામે છે. (૩૧) સતીલોકમાં ઉત્તમા પતિવ્રતા પતિએ સહિત ઉત્તમ સુખને ભોગવે છે. મધ્યમા પતિવ્રતા પતિએ સહિત મધ્યમ સુખને ભોગવે છે અને કનિષ્ઠા તો સ્વામીની સાથે કનિષ્ઠ સુખને ભોગવે છે. (૩૨) ત્રણ પ્રકારની પતિવ્રતાઓમાં જે પતિવ્રતાઓને અગ્નિ પ્રવેશનો નિષેધ છે તે કહું છું. (૩૩) ભગવાનને વિષે ભક્તિવાળી, આત્મા-પરમાત્મા સંબંધી જ્ઞાનવાળી, વૈરાગ્યવાન્ અને બ્રહ્મચર્ય આદિ વિધવા ધર્મ પાલનમાં શક્તિમતી, મોક્ષની ઈચ્છાવાળી, ગર્ભિણી અને વીરપુત્રને ઉત્પન્ન કરનારી, નાનાં બાળકોવાળી - આવી નારીઓએ અગ્નિપ્રવેશ કરવો નહિ. સદા હરિનું સેવનું કરવું. (૩૪-૩૫) પતિવ્રતાનો ધર્મ પણ નવધા ભક્તિ રહિત કેવળ પતિવ્રતા ધર્મ અને નવધા ભક્તિ સહિત, એમ બે પ્રકારનો કહ્યો છે. (૩૬) તેમાં પહેલાં કેવળ ધર્મનું ફળ સતીલોકની પ્રાપ્તિરૂપ કહેલું છું. અને બીજાનું તો ભગવાનના ગોલોકધામની પ્રાપ્તિરૂપ ફળ જાણવું. (૩૭) પતિવ્રતા ગોલોકમાં અનુપમ એવું લક્ષ્મીતુલ્ય સુખ પામે છે. સતી સ્ત્રીનો પતિ પણ ધામમાં ભગવાનનો શ્રેષ્ઠ પાર્ષદ થાય છે. (બન્ને ભગવાન સંબધી સુખ પામે છે.) (૩૮) હે દ્વિજ ! પતિવ્રતાઓમાં જે સ્ત્રીઓના ગુરુપદે રહેલી ધર્મવંશીય વિપ્ર સ્ત્રીઓ હોય તેમણે પણ પૂર્વોક્ત ધર્મો સાધારણપણે પાલન કરવાના છે. (૩૯) તેમના વિશેષ ધર્મ તો આ છે. પ્રસવ સમય, રજસ્વલાપણું આદિ આપદા વિના ભગવાનને અર્પણ કર્યા વગરની કંઈપણ વસ્તુ જમવી નહિ. (૪૦) પોતાના

સમીપ સંબંધ વિનાના જે પુરુષો તેનો સ્પર્શ, સંભાષણ, દર્શનાદિ કદાપિ તેમણે ન જ કરવું. આ પ્રમાણે તેનો વિશેષ ધર્મ જાણવો. (૪૧) હે દ્વિજ ! મેં અહીંયાં સધવા સ્ત્રીઓના ધર્મો પોતાના ફળે સહિત તમોને કહ્યા. હવે વિધવાઓના સમગ્ર ધર્મો તમોને કહું છું. (૪૨)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં સ્ત્રીધર્મોમાં પતિવ્રતા-ભેદ-તદ્ધર્મનિરૂપણ નામનો તેત્રીસમો અધ્યાય થયો. ॥૩૩॥

●

## અધ્યાય-૩૪

શ્રી નારાયણમુનિ બોલ્યા :

હે દ્વિજ ! વિધવા સ્ત્રીઓએ મસ્તકે ધારેલો કબરીનો બંધ (કેશપાશ) તેણીના પતિના સંસકૃતિમાં બંધન માટે થાય છે માટે વિધવાએ માથાના વાળનું મુંડન કરાવવું. (૧) જો મસ્તકે કદાચ કેશ રાખે તો જટાની માફક ઓળ્યા વગરના રાખે અને કેશોનું તીર્થમાં કે શુભ પર્વમાં મુંડન કરાવવું. (૨) આપત્તિકાળ સિવાય વિધવા સદા એકવાર ભોજન કરે. (રોગાદિ આપત્કાળમાં ફરી ભોજનમાં દોષ નથી.) વિધવા ધર્મહીન સ્ત્રીઓનો સંગ ન જ કરે. (૩) વિધવા નારી રોગાદિ આપત્તિ વિના પલંગમાં શયન ન કરે. નગ્ન થઈને સ્નાન ન કરે તથા ક્રોધને તો દૂરથી જ ત્યાગ કરે. (૪) વિધવા સ્ત્રી આપત્તિકાળ સિવાય કોઈ સમયે તેલમર્દન ન કરે તથા સુંગધીમાન દ્રવ્યોનો ઉપભોગ ન કરે. (૫) કંઠમાં પ્રાણ આવી ગયા હોય તોપણ બળદ ઉપર વિધવા આરોહણ ન કરે. માદક ભાંગ આદિકનું ભક્ષણ ન જ કરે. તાંબૂલ પણ ક્યારેય ન ખાય. (૬) વિધવા અતિભોજન ન કરે. ધાતુવર્ધક દૂધ-ઘી ન જમે. રોગાદિ આપદામાં રોગના શમન પૂરતા ઘી-દૂધ જમવામાં દોષ નથી. (૭) ઘી ગોળ આદિથી મિશ્રિત લાડુ આદિ મિષ્ટાન્ન વધારે પ્રમાણમાં જમે નહિ. લવિંગાદિ ઉત્તેજક વસ્તુ ભક્ષણ ન કરે. આકર્ષક સુંદર વસ્ત્રને ધારે નહિ. કસુંબાદિક રંગથી રંગેલું વસ્ત્ર પહેરે નહિ. (૮) પુષ્પમાળા, ચંદન, સિંદૂર, અંજન, શંખવલય (ચૂડીઓ) તેમ જ સુવર્ણાલંકાર તથા સોનાના તારથી ગૂંથેલા જરિયાની વસ્ત્ર આદિ ધારણ ન કરે. (૯) ભગવાનની પ્રસાદીભૂત કુંકુમ, ચંદનાદિ સૌભાગ્ય દ્રવ્ય એક આંગળી વડે જ ગળામાં ધારણ કરે. પરંતુ લલાટાદિ અંગોમાં ધારે નહિ. (૧૦) તથા વિધવા શ્રીહરિના પ્રસાદીરૂપ પુષ્પમાળા આદિ કંઠ કે બાહુ આદિ ઉપર ધારણ ન કરે પરંતુ ભક્તિભાવથી સૂંઘીને વિસર્જન કરે. (૧૧) તેમજ સૂક્ષ્મ અને ચિત્રવિચિત્ર વસ્ત્રો ધારણ ન કરે, કંચુક (ચોળી) ધારણ ન કરે તેમ જ ક્યારેય વિકૃત વસ્ત્રો ધારે નહિ. (૧૨) હાથ અને પગ રંગે નહિ. દાંત અને નખ પણ રંગે નહિ, કુંકુમ ધારણ ન કરે, તેમ જ ભાલમાં કુંકુમાદિ વડે પત્રાકારે ચીતરાતી શોભાજનક ભાલપત્રિકા ધારે નહિ. (૧૩) સુવાસિની સ્ત્રીના જેવો વેષ, પુરુષનો વેષ, સંન્યાસિની સ્ત્રીનો વેશ તથા નર્તકીના વેષને વિધવા ધારણ કરે નહિ. (૧૪) લલાટના કેશોને ઉખાડે નહિ. વ્યર્થ અહીં તહીં ભમે નહિ. એકલી ક્યારેય પણ પારકા ઘેર બેસવા જાય નહિ. (૧૫) વૃદ્ધ એવા પણ પિતા કે કાકાદિ વડીલના ખોળામાં ક્યારેય ન બેસે. સસરા પક્ષના જનોની હાજરીમાં જ જેમ એમ પિતૃપક્ષના જનોની હાજરીમાં પણ ઉપહાસવચનને બોલે નહિ. (૧૬) ગ્રામ્યધર્મવાર્તાને માતાની

આગળ પણ બોલે નહિ. પરસ્ત્રીઓની આગળ પણ શૃંગારરસ સંબંધી વાર્તા ન જ કરે. (૧૭) વિધવા ક્યારે પણ હોળીની રમત ન જ કરે. અપશબ્દોને ન જ ઉચ્ચારે. કોઈને મિથ્યાપવાદ આપે નહિ. કોઈને ગાળ પણ ન દે. (૧૮) શ્વસુર પક્ષના જનો સાથે નિર્લજ્જ થઈને વાદ ન કરે. પાપથી દૂષિત થયેલી નારીની મિત્રતા ક્યારેય પણ ન કરે. (૧૯) તે વિધવા પરિવ્રાજિકા સાથે તેમજ સ્ત્રી-પુરુષની દૂતિકા સાથે તેમજ શૂદ્રથી પણ નીચ જાતિમાં જન્મેલી નારીની સાથે મિત્રતા કદાપિ ન કરે. (૨૦) જે યવનજાતિમાં જન્મેલી હોય, જે કામાકુળ હોય, જે પાખંડિની હોય, જે ભગવાનના અવતારોમાં વિશ્વાસ રહિત હોય તેવી સ્ત્રીઓ સાથે વિધવા મિત્રતા ન કરે. (૨૧) જે સ્ત્રી લાજ વિનાની હોય, જે ઔષધિને જાણનારી હોય, જે મંત્ર-યંત્રને જાણનારી હોય, જે ગર્ભને પાડનારી હોય અને ધૂર્ત હોય એવી સાથે વિધવા મૈત્રી ન કરે. (૨૨) નિંદિત પુરુષના ઘેર જો પતિવ્રતા નારી હોય તોપણ તે પતિવ્રતાના દર્શન માટે પણ તે નિંદિત પુરુષના ઘેર વિધવા જાય નહિ. (૨૩) ધર્મવાળી એવી પણ પોતાનાથી અતિ નીચ જાતિની સ્ત્રીના ઘરે વિધવા સ્ત્રીએ બેસવા જવું નહિ. (૨૪) વિધવા નારીને પોતાની જીવિકા માત્ર ચાલે એટલું જ ધન હોય તો તે ધર્મકાર્યમાં પણ ક્યારેય વાપરવું નહિ. (૨૫) કારણ કે જીવિકામાત્ર ધનનો વ્યય કરી નાખવાથી જીવિકા માટે ફરી અન્યનો આશ્રય લેવો પડે તેથી સ્વધર્મથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવે તેમાં જરાપણ સંદેહ નથી. (૨૬) વિધવા નારી વિવાહ, દેશાંતરથી આવેલા યાત્રીઓનો સંઘ કે રાજસૈન્ય, નૃત્ય, ગીત અને જનસમાજોત્સવ તેમજ સારા વેશધારી રાજકુમારાદિ પુરુષ આ બધાને જોવા જાય નહિ. (૨૭) દર્પણમાં મુખ ન જુએ. કોઈપણ સ્થળે એકલી જાય નહિ. સ્વચ્છંદપણે ક્રીડા કરતા પુરુષોને ક્યારેય પણ ન જુએ. (૨૮) કામભાવથી પરપુરુષને ન જ જુએ, તેમની સાથે બોલે નહિ તથા સ્પર્શ ન કરે. સચ્છાસ્ત્રોમાં કહેલી કથાઓ વિના પુરુષ સંબંધી રૂપ-ગુણના વર્ણનવાળી વાર્તાઓ ન સાંભળે, (૨૯) વાઘ, સાપ, અગ્નિ, જળ આદિ ભયાપત્તિમાં પુરુષનો સ્પર્શ અને તેની સાથે ભાષણ કરવું પડે તો વિધવાને દોષ નથી. ધાવણા બાળકના સ્પર્શમાં પણ વિધવાને દોષ નથી. (૩૦) ધોઈને સુકાયેલું, ધોયેલું, ભીનું અને વણવપરાયેલું નવીન વસ્ત્ર સિવાય પુરુષે પહેરવાના વસ્ત્રને અડે નહિ. પુરુષના અંગ ઉપર રહેલાં વસ્ત્રને અડે નહિ. (૩૧) કામભાવનાથી હૃદયમાં પુરુષનું ચિંતન કરે નહિ. મૈથુનભાવવાળું સ્ત્રી-પુરુષ સંબંધી ચિત્ર ચીતરે નહિ, એવા ચિત્રને સ્પર્શે નહિ અને તેવા જ કાષ્ઠાદિના પૂતળાને સ્પર્શે નહિ. (૩૨) પશુપક્ષી આદિના મૈથુનને બુદ્ધિપૂર્વક જુએ નહિ. પોતાના કાર્યની સિદ્ધિને માટે પણ વિધવા પુરુષની સાથે મૈત્રી તો ન જ કરે. (૩૩) પુરુષને મળમૂત્રોત્સર્ગ કરવાના સ્થળે વિધવા મળમૂત્રોત્સર્ગ ન કરે. પુરુષની દૃષ્ટિ સાથે પોતાની દૃષ્ટિ બાંધીને ક્યારેય જુએ નહિ. (૩૪) ધર્મમાં રહેલી વિધવા નહિ બોલતી થકી હાથ અને દૃષ્ટિના ચેનચાળા વડે પુરુષને જ્ઞાપન ન કરે. (પુરુષના ગુહ્યાંગને ન જુએ) (૩૫) હંમેશાં ચાર હાથ પુરુષથી દૂર ચાલે. દેવમંદિરોમાં મહોત્સવ પ્રસંગે વિધવા નારીએ પુરુષના સ્પર્શથી પોતાના શરીરની રક્ષા કરવી. (૩૬) જે ઘરમાં મેડા ઉપર પુરુષ એકલો જ સૂતેલો હોય તે ઘરમાં તેથી ઉપલા માળમાં કે તેથી નીચેના માળમાં પણ વિધવા સ્ત્રી એકલી સૂએ નહિ. (૩૭) પુરુષની સભા, પોતાનું વક્ષઃસ્થળ, પેટ

કે સાથળ દેખે તેવી રીતે વિધવા નારી ક્યારેય પણ ન બેસે. હાથપગનું ચપળપણું અને અંગઘર્ષણ પુરુષો દેખે તેમ ન કરવું. (૩૮) વિધવા શ્વસુરપક્ષ અને પિતૃપક્ષથી ખાનગીમાં કોઈ પુરુષની સાથે સ્ત્રી મારફત વ્યવહાર ન કરે. તેમજ પુરુષને સ્ત્રી દ્વારા કંઈ આપે નહિ કે કોઈપણ વસ્તુ ગ્રહણ પણ ન કરે. (૩૯) યુવાન વિધવા, માર્ગમાં યુવાન વયના બંધુજનની સાથે પણ એકલી ન જ ચાલે અને એકાંતમાં તેની સાથે બેસે નહિ. (૪૦) વિધવા ધર્મોમાં પુરુષની સાથે ભાષણ, સ્પર્શ કે જોવા આદિનો નિષેધ કરેલો છે. તે તો સમીપ સંબંધી પુરુષોથી અન્ય પુરુષો માટે છે એમ જાણવું. (૪૧) પિતા, ભાઈ, કાકા, કાકાના પુત્રો અને તેમના પુત્રો આદિ, માતામહ, મામા, મામાના પુત્રો અને તેમના પુત્રો, માસી, બહેનના પતિ, પુત્રો તથા ફોઈના પતિ, તેનો પુત્ર, ગુરુ અને તેમના પુત્રો, અન્નદાતા અને તેના પુત્રો, સસરો અને તેમનો ભાઈ, જેઠ અને દિયર અને તેમના પુત્રો, દીકરીના પુત્રો તથા તેમના પતિ અને પોતાના પુત્ર પૌત્ર આદિ આ બધા વિધવાના સમીપ સંબંધવાળા જાણવા. તે બધા જો ધાર્મિક હોય તો તેના સ્પર્શ, ભાષણ કે દર્શનમાં દોષ નથી (૪૨-૪૫) વિધવા એકલી કમાડથી આવૃત્ત એવા પણ ઘરમાં અથવા નિર્જન સ્થાનમાં કોઈ સમયે પોતાના પિતાની સાથે પણ ન જ બેસે. (૪૬) આ બધા પોતાના સંબંધીજનો પાપી અને ભગવાનથી વિમુખ હોય તો વિધવા નારી તેમની સાથે ભાષણ કે સ્પર્શ કરે નહિ. (૪૭) એવા પાપી સંબંધીજનોનો ત્યાગ કરી પતિવ્રતા એવી વિધવા નારી નિષ્કામવ્રતનું રક્ષણ કરનાર પિતા ભાઈ કે પુત્ર સમાન બીજા સ્વધર્મનિષ્ઠ પોષક જનોનો આશ્રય કરે. (૪૮) પોતાના સંબંધ રહિત એવો પણ પુરુષ પિતાની માફક પોતાનું પોષણ કરે અને ધર્મનું પાલન કરાવે તે જ પિતા કહેલો છે. સ્વધર્મનો ઘાતક પિતા કહેલો નથી. (૪૯) જે ભાઈની માફક પોતાનું પોષણ કરે અને નિષ્કામ વ્રતનું પાલન કરાવે તે જ ખરો ભાઈ કહેલો છે, પણ સ્વધર્મનો ઘાતક નહિ. (૫૦) જે પોતાને પુત્રની પેઠે પોષણ કરે અને ધર્મનું પાલન કરાવે તે જ ખરો પુત્ર કહેલો છે. પણ ધર્મઘાતક પુત્ર કહેલો નથી. (૫૧) તે ધર્મરક્ષકો શરીર સંબંધ રહિત તેમજ ભિન્ન વર્ણ હોવા છતાં પણ પિતા, ભાઈ કે પુત્ર તુલ્ય નિશ્ચે જાણવા. (૫૨) ધર્મવાળી વિધવા સ્ત્રીને તેમનો સ્પર્શ, ભાષણ કે દર્શન તેમજ તેમના વસ્ત્રોના સ્પર્શમાં પણ દોષ નથી જ. (૫૩) જે વિધવાને પિતા, ભાઈ આદિ સંબંધી જનો હોય એવી વિધવા પણ જો નિષ્કામવ્રત રક્ષણની ઈચ્છાવાળી હોય તો ધર્મરક્ષક કોઈપણ પુરુષનો અવશ્ય આશ્રય કરે. (૫૪) ધર્મપરાયણા નારી ક્યારેય પણ સ્વતંત્ર હોય નહિ. પોતાની જ્ઞાતિનો પુરુષ ધર્મરક્ષક ના હોય તો ધર્મરક્ષક રાજાનો આશ્રય કરે. (૫૫) વિધવા નારી જાતિ ભ્રષ્ટ કરે તેવું કંઈપણ કર્મ કરે નહિ. કેમ કે બુદ્ધિશુદ્ધિનું કારણ જાતિશુદ્ધિ કહેવાય છે. (૫૬) હવે જે વિધવાની જીવિકા ક્રયવિક્રયરૂપ (વેચાતું લેવાદેવારૂપ) કે ખેતી કે સેવા આદિથી હોય તેનો નિર્ણય હવે કહું છું. (૫૭) આ ક્રયવિક્રયરૂપ વ્યવહારમાં જો પુરુષ સાથે ભાષણ કે સ્પર્શ કરવો પડે તો જીવિકા વ્યવહાર કરવાનો હોય તેટલો સમય પૂરતો જ ભાષણાદિમાં વિધવાને દોષ નથી. કારણ તેને જીવિકા માનેલી છે. (૫૮) તે વિધવા પોતાના જીવન નિમિત્તે જો કુલોચિત વ્યવહાર ન કરે તો પરનો આશ્રય કરવાથી નિષ્કામવ્રતથી ભ્રષ્ટ થાય. (૫૯) માનસપૂજા અને પ્રતિમાપૂજામાં યથાપ્રાપ્ત ચંદન પુષ્પાદિ ઉપચારો વડે શ્રી

વિષ્ણુનું પૂજન કરવું. વિધવાએ વિષ્ણુને જ પોતાના સ્વામી માનવા જોઈએ. (૬૦) પ્રતિદિન તે ભગવાનના નામમંત્રનો યથાશક્તિ જપ કરે અને દરેક કાર્યોમાં દિનરાત શ્રીહરિનું જ સ્મરણ કરે. (૬૧) રજોદર્શન, સૂતક અને રોગાદિ સમયે ભગવાનનું માનસ-પૂજન સ્વયં કરે અને બાહ્ય પ્રતિમા-પૂજન અન્ય સ્ત્રી પાસે કરાવે. (૬૨) વિધવા નારી આવશ્યક ઘરનું કામકાજ કરી આખો દિવસ ભગવાનની ભક્તિ જ કરે, પણ વ્યર્થ કાળ નિર્ગમન કરે નહિ. (૬૩) હે દ્વિજ ! ધર્મનિષ્ઠ એવી વિધવા નારી સંન્યાસી, બ્રહ્મચારી તથા અનાશ્રમી જનનું અન્ન ક્યારેય આપત્તિકાળમાં પણ ભક્ષણ ન કરે. તેમના અન્નના ભક્ષણથી શુભ મતિનો અવશ્ય નાશ થાય છે. (૬૪)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાંધર્મોપદેશમાં સ્ત્રીધર્મોમાં વિધવાના કબરીબન્ધવર્જનાદિ ધર્મનિરૂપણ નામનોચોત્રીસમો અધ્યાય થયો. ॥૩૪॥

## અધ્યાય-૩૫

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! જે એકાદશી જન્માષ્ટમી વગેરે વ્રતો નિત્ય છે તેને અવશ્ય વિધવા કરે અને તે વ્રતોમાં શ્રી વાસુદેવ ભગવાનનું પૂજન આદરપૂર્વક કરે. (૧) ધર્મપરાયણ વિધવાએ યથાશક્તિ વ્રતો અવશ્ય કરવાં, ત્રણ રાત્રિ ઉપવાસ, પાંચ રાત્રિ ઉપવાસ અથવા પક્ષ ઉપવાસ લક્ષણ વ્રતને પણ કરે. (૨) અથવા માસ પર્યંત ઉપવાસ કે ચાંદ્રાયણવ્રત અથવા કૃચ્છ્રવ્રત, પારાકવ્રત અથા તપ્તકૃચ્છ્ર વ્રત પૈકી એક વ્રત યથાશક્તિ કરે. (૩) અથવા વિધવા નારી યવાન્ન, ફલાહાર, શાકાહાર કે પયોવ્રત વડે પ્રાણનિર્વાહ કરે. આ વ્રતવિશેષો મરણ પર્યંત આ પ્રમાણે કરે. (૪) વૈશાખ, કાર્તિક અને માઘમાસમાં સ્નાન, દાન, તીર્થયાત્રા, ભગવન્નામજપ વગેરે વિશેષ નિયમોને આચરે. (૫) વિધવા ધનાદિ વૈભવ હોય તો વૈશાખમાસમાં જળ ભરેલા ઘડાઓ, કાર્તિક માસમાં ઘીના દીવાઓ અને માઘ માસમાં ધાન્ય-સહિત તલ બ્રાહ્મણોને આપે. (૬) વૈશાખ માસમાં પરબ બંધાવવી, શિવજી ઉપર ગળતી ચઢાવવી, પગરખાં, પંખો, છત્રી, વસ્ત્રો અને ચંદન વગેરે આપવું. (૭) કપૂર સહિત તાંબૂલ પુષ્પહાર, વિવિધ જળપાત્રો, પુષ્પમય ગૃહો આપવાં. (૮) નાના પ્રકારનાં શરબત વગેરે, દ્રાક્ષ-કેળાં વગેરે ફળો વિપ્રોને આપવાં. આ બધું ‘મારા પતિ મારા ઉપર પ્રસન્ન થાઓ’ એમ સંકલ્પ કરીને આપવું. (૯) કાર્તિક માસમાં યવાન્ન (જવ) જ ભક્ષણ કરે. અથવા એક જ અન્ન ભક્ષણ કરે. રીંગણ, સુરણ, શૂક, ધાન્ય, શિંબીધાન્ય (શિંગમાંથી નીકળેલ અડદ-મગ વગેરે)નો ત્યાગ કરે (૧૦) કાર્તિક માસમાં તેલનો ત્યાગ કરે, મધનો ત્યાગ કરે, કાંસાના પાત્રમાં ભોજન ન કરે. કાર્તિક માસમાં વાશી (પડતર) અને લવણશાકનો ત્યાગ કરે. (૧૧) કાર્તિક માસમાં જો મૌનવ્રત રાખે તો બ્રાહ્મણને સુંદર અવાજવાળી ઘંટડી આપે. પત્રાવળીમાં જ ભોજન કરવાનું વ્રત રાખે તો ઘીથી ભરેલું કાંસાનું પાત્ર વિપ્રને આપે (૧૨) પાથર્યા વિના ભૂમિ ઉપર શયનવ્રતમાં તળાઈ સહિત મનોહર શય્યા આપવી. ફળત્યાગનો નિયમ ધાર્યો હોય તો તે ફળનું દાન કરે. રસત્યાગનું નિયમ લીધું હોય તો ઘી આદિ જે રસનો ત્યાગ કર્યો હોય તે રસનું દાન કરે. (૧૩) ધાન્યત્યાગ વ્રત ધાર્યું હોય તો જે ધાન્યનો ત્યાગ કર્યો હોય તેનું દાન વિપ્રને કરે અથવા ડાંગરનું દાન કરે. તેમજ

બ્રાહ્મણોને સુંદર શણગારેલી અને સુવર્ણે સહિત ગાયો શક્તિ અનુસાર પ્રયત્નપૂર્વક આપે. (૧૪) એક બાજુ સર્વ દાનો અને બીજી બાજુ દીપદાન છે તે હેતુ માટે કાર્તિક માસમાં તે દીપદાન સર્વ પ્રકારે કરવું. (૧૫) માઘ માસમાં સૂર્યે જરાક ઉદય પામતાં સ્નાન કરે. આ માઘ સ્નાન કહ્યું છે. માઘ સ્નાન કરનારી વિધવા કાર્તિક માસના કહેલા નિયમો યથાશક્તિ પાલન કરે. (૧૬) યતિઓ, તપસ્વીઓ, અને વિપ્રોને યથાશક્તિ લાડુ, સૂતરફેણી, વડાં, ઘૂઘરા, જલેબી, શીરો વગેરે પકવાન્નો વડે જમાડે. શુદ્ધ ઘીમાં પકાવેલાં મરિયાં સહિત શુદ્ધ કપૂરથી વાસિત, સાકરથી પરિપૂર્ણ, નેત્રને આનંદ આપનારા અને સુંગધીવાળાં પકવાન્નો જમાડે. (૧૭-૧૮) સૂકા લાકડાના ભારા ઠંડીને હરાવવા આપે. રૂથી ભરેલી ડગલી આપે તથા ઓસિકા સહિત ખૂબ રૂ ભરેલી તળાઈઓ ઠંડીના નિવારણ માટે આપે. (૧૯) તથા મજીઠના રંગથી રંગેલાં વસ્ત્રો, ઓઢી શકાય તેવી રૂથી ભરેલી ગોદડીઓ આપે. તેમજ જાયફળ, લવિંગ તથા ઈલાયચી સહિત તાંબૂલો આપે. (૨૦) વિવિધ-રંગી ધાબળાઓ, વાયુસંચારે રહિત ગૃહો, સુંવાળા પગરખાં તથા શરીરે મર્દન કરવાનાં સુગંધી તેલ વિપ્રોને આપે. (૨૧) તે વિધવા દાન આપતી વખતે 'આ દાનથી ભર્તાસ્વરૂપ ભગવાન મારી ઉપર સદાય પ્રસન્ન થાઓ' એમ બોલીને ધન આપે. (૨૨) વિધવા યથાશક્તિ આવી રીતના વિવિધ નિયમો અને વ્રતો વડે વૈશાખ, કાર્તિક અને માઘ માસોને યાવજ્જીવ નિર્ગમન કરે. (૨૩) વ્રત અને ઉપવાસથી રહિત એવી નારી તો નિશ્ચય ભ્રષ્ટ અને કામાકુળા થાય જેમ કાર્તિક માસમાં કૂતરી અને વાંદરી કામાકુળ થાય છે તેમ. (૨૪) વિધવા પોતાના વ્રતનું પાલન કરવા પૂર્વક સ્ત્રીઓની સભામાં બેસી ધર્મપરાયણ વક્તા પાસેથી ભાગવતાદિક સચ્છાસ્ત્રની કથા સાંભળે. (૨૫) કર્મ, વાણી અને મનથી પ્રયત્નપૂર્વક ધર્મનું આચરણ કરે. સ્વર્ગપ્રાપ્તિનું અસાધન અને લોકોનો અભિશાપ ઉત્પન્ન કરનાર એવો ધર્મ હોય તેનું આચરણ ન જ કરે. (૨૬) જે વિધવા નારી મૃત્યુ પામેલા પતિનું ચિંતવન કરતી કરતી પૂર્વે કહેલા ધર્મોનું પાલન કરે તે નારી પતિની સાથે સતીલોકને પામે (૨૭) હે દ્વિજ ! જે વિધવા નારી પોતાના ધર્મમાર્ગમાં રહીને નિરંતર ભગવાન શ્રીકૃષ્ણને જ પોતાના પતિ તરીકે ચિંતવન કરતી થકી તે સર્વેશ્વરને સર્વ ભાવથી સદા ભજે તે નારી ભગવાનના પરમ પદને કહેતાં બ્રહ્મપુરધામને પામે. (૨૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
ધર્મોપદેશમાં સ્ત્રીધર્મોમાં વિધવાઓનાં વ્રતવિશેષવિધિનિરૂપણ નામનો પાંત્રીશમો અધ્યાય થયો.
॥૩૫॥

●

## અધ્યાય-૩૬

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! હવે વિધવા નારીને ક્યારેક અજાણે ધર્મભંગ થતાં જે પ્રાયશ્ચિત છે તેનું હું નિરૂપણ કરું છું, જે પ્રાયશ્ચિત કરવાથી વિધવા સંપૂર્ણ ઉત્તમ સ્વધર્મફળને પામે. (૧) વિધવા નારી કબરીબંધનને કરે (મસ્તકે કેશપાશ બંધન કરે), પલંગ ઉપર શયન કરે, ધર્મભ્રષ્ટ સ્ત્રીનો સંગ કરે

તો એક ઉપવાસ કરે. (૨) બીજીવાર ભોજન કરે, નગ્ન થઈ સ્નાન કરે, અતિભોજન કરે, તૈલ્યાભંગ કરે તો વિધવા એક એક ઉપવાસ કરે. (૩) સુગંધી દ્રવ્યોનો ઉપભોગ કરે, બળદ ઉપર આરોહણ કરે, કે દૂધ ઘીનું પુષ્કળ પાન કરે તો એક એક ઉપવાસ કરે. (૪) ઉત્તેજક લવિંગાદિ પદાર્થનું ભક્ષણ કરે, તાંબૂલ કે માદક વસ્તુનું સેવન કરે તો એક ઉપવાસ કરે. (૫) દિવ્ય, સૂક્ષ્મ, ચિત્રવિચિત્ર તથા કસુંબાથી રંગેલ વસ્ત્ર ધારણ કરે અથવા કંચુકી ધારણ કરે તો વિધવા એક એક ઉપવાસ કરે. (૬) દેશકુળાચાર વિરુદ્ધ વસ્ત્ર ધારણ કરે, હાથ-પગ કે દાંત રંગે, અથવા સિંદૂર કે કુંકુમ ધારણ કરે તો એક એક ઉપવાસ કરે. (૭) પુષ્પહારને ધારે, ચંદનનો લેપ કરે, શંખવલય કંકણાદિ ધારણ કરે, આંખમાં કાજળ લગાવે કે લલાટમાં અર્ચા કરે તો એક એક ઉપવાસ કરે. (૮) તથા ભગવાનની પ્રસાદીભૂત ચંદનને લલાટાદિમાં ધારણ કરે, તેવા પુષ્પહારને કંઠમાં ધારણ કરે તો એક એક ઉપવાસ કરે. (૯) સુવર્ણના તારવાળું વસ્ત્ર ધારણ કરે, સુવર્ણાદિ ધાતુના અલંકારો ધારણ કરે તથા સુવાસિની સ્ત્રીના જેવો વેશ (નાકનું આભૂષણ ધારવારૂપ) ધારે તો એક એક ઉપવાસ કરે. (૧૦) સંન્યાસિની(સ્ત્રી)ના જેવો વેશ કે નર્તકીના જેવો વેશ ધારણ કરે અથવા પુરુષના જેવો વેષ ધારણ કરે તો એક એક ઉપવાસ કરે. (૧૧) કપાળના કેશોનું ઉત્પાટન કરે (ઉખાડે), કાર્ય વિના માર્ગમાં ભમ્યા કરે અને પારકે ઘેર બેસવા જાય તો એક એક ઉપવાસ કરે. (૧૨) તથા પિતૃપક્ષના જનો સાથે ઉપહાસની ઉક્તિ કરે, પિતાના ખોળામાં બેસે, માતાની આગળ મૈથુનવાર્તાને ઉચ્ચારે તો એક એક ઉપવાસ કરે. (૧૩) સ્ત્રીપુરુષ સંબંધી શૃંગારવાર્તાનું શ્રવણ કીર્તન કરે અથવા કોઈને ગાળ દે તો વિધવા એક ઉપવાસ કરે. (૧૪) અપશબ્દોને ઉચ્ચારે, હોળીની ક્રીડા કરે કે કોઈના પર મિથ્યાપવાદ આરોપણ કરે તો એક ઉપવાસ કરે. (૧૫) શ્વસુર પક્ષના જનો સાથે નિર્લજ્જપણે વાદ કરે, પાપદૂષિત નારી સાથે મૈત્રી કરે, તો વિધવા એક ઉપવાસ કરે. (૧૬) સંન્યાસિની સ્ત્રી, દૂતકર્મ કરનારી સ્ત્રી, નીચ જાતિની સ્ત્રી તેમજ કામુકી સ્ત્રી સાથે મિત્રતા કરે તો એક ઉપવાસ કરે. (૧૭) પાખંડિની, યવની, મંત્રયંત્રને જાણનારી અને નાસ્તિકી નારી સાથે વિધવા મૈત્રી કરે તો એક એક ઉપવાસ કરે. (૧૮) નિર્લજ્જ, ઔષધિને જાણનારી, ગર્ભપાત કરાવનારી અને ધૂર્તા નારી સાથે વિધવા મૈત્રી કરે તો એક એક ઉપવાસ કરે. (૧૯) પતિવ્રતાને જોવાના હેતુથી અભિશાપને પામેલા પુરુષના ઘેર જાય અથવા નીચ જાતિના ઘેર ગમન કરે તો વિધવા એક ઉપવાસ કરે. (૨૦) નૃત્ય, ગીત, વિવાહ, જનસંઘ તેમાં સુંદર વેશવાળા પુરુષોના ઉત્સવો (જનસમાજોત્સવ) જોવા માટે ગમન કરે તો વિધવા એક ઉપવાસ કરે. (૨૧) સ્વેચ્છાથી ક્રીડા કરતા પુરુષોને જોવા એકલી જાય અથવા કામભાવથી પુરુષને જુએ તો વિધવા એક ઉપવાસ કરે, (૨૨) પુરુષોના રૂપ-ગુણનું-વાર્તાઓનું શ્રવણ કે કીર્તન કરે અથવા પુરુષના અંગનો સ્પર્શ કરે તો વિધવા એક ઉપવાસ કરે. (૨૩) ધોયેલા, નવા કે ભીના વગેરેથી ભિન્ન એવા પુરુષ-વસ્ત્રનો સ્પર્શ કરે, પુરુષ સાથે બોલે કે પુરુષ સંબંધી, દુષ્ટ સંકલ્પ થઈ જાય તો એક ઉપવાસ કરે. (૨૪) પુરુષના ચિત્રને ચીતરે, મૈથુનાસક્ત આકૃતિવાળા પૂતળાનો સ્પર્શ કરે, સ્વકાર્યસિદ્ધિ માટે પુરુષ સાથે મૈત્રી કરે તો વિધવા એક ઉપવાસ કરે. (૨૫) પશુપક્ષી આદિનું મૈથુન બુદ્ધિપૂર્વક જુએ, પુરુષના ગુહ્ય અંગને જુએ,

બોલ્યા વિના હાથ કે નેત્રની ચેષ્ટાથી પુરુષને કોઈ બાબત જણાવે તો વિધવા એક ઉપવાસ કરે. (૨૬) પુરુષની દૃષ્ટિ સાથે પોતાની દૃષ્ટિ જોડે અથવા પુરુષના મળમૂત્ર ત્યાગ કરવાના સ્થળે પોતે તે ક્રિયા કરે તો પણ એક ઉપવાસ કરે. (૨૭) આપત્તિ વિના ધનુર્માપ (ચાર હાથ) વ્યવધાન વિના પુરુષને સમીપે ચાલે તો એક ઉપવાસ કરે. (૨૮) જે ઘરમાં મેડા ઉપર કે નીચલે માળે પુરુષ સૂતો હોય તેવા ઘરમાં રાત્રિએ એકલી જ સૂએ તો એક ઉપવાસ કરે. (૨૯) જે વિધવા નારી પુરુષોની સભા જોઈ શકે તેવી રીતે છાતી, પેટ અને સાથળને ઢાંક્યા વગર બેસે અથવા પોતાના કરચરણાદિ અંગનું ચપળપણું કરતી થકી બેસે તો એક ઉપવાસ કરે. (૩૦) પિતા સંબંધી કે સસરા સંબંધી જનોથી ગુપ્તપણે અન્ય સાથે વ્યવહાર રાખે અથવા દર્પણમાં પોતાનું મુખદર્શન કરે તો એક ઉપવાસ કરે. (૩૧) તરુણ ભ્રાતાદિ બંધુજન સાથે પણ માર્ગમાં તરુણી એકલી ગમન કરે કે એકાંત સ્થાનમાં તેની સાથે બેસે તો એક ઉપવાસ કરે. (૩૨) ભગવાન શ્રીહરિની માનસીપૂજા કે બાહ્યપૂજા ન કરે, અથવા નિત્ય જપવાનો મંત્ર ન જપે તો એક ઉપવાસ કરે. (૩૩) આવશ્યક ઘરકામ વિના ભગવાનની ભક્તિ વિના વ્યર્થકાળ નિર્ગમન કરે તો એક ઉપવાસ કરે. (૩૪) વિધવા જે ઘરમાં એકલી રહેતી હોય તેના બારણામાં કોઈ પુરુષ પ્રવેશ કરીને તત્કાળ બહાર નીકળી જાય તોપણ તે એક ઉપવાસ કરે. (૩૫) જે સ્થળે પોતે એકલી હોય તે સ્થળે પ્રવેશેલા પુરુષને 'દૂર જા દૂર જા' એમ આક્રોશ કરીને દૂર કરે તોપણ પોતે એક ઉપવાસ કરે. (૩૬) જો વિધવા તે પુરુષને કાઢી ન મૂકે અને પોતે તે સ્થાનમાં રહે તો તે વિધવા ચાર દિવસના ઉપવાસ કરે. (૩૭) સ્વપ્નમાં પુરુષનો સંગ થઈ જાય તો એક ઉપવાસ કરે અને સ્વપ્નમાં પોતાના બંધુજનનો સંગ થઈ જાય તો પાદકૃચ્છ્ર નામનું વ્રત કરે. (૩૮) જે વિધવા પોતાના ધનનો વ્યય કરી પછી જીવિકા માટે બીજાની સેવા કે ભિક્ષાવૃત્તિ કરે તે વિધવા ચાંદ્રાયણ વ્રત કરે. (૩૯) જીવિકા માટે વસ્તુ ક્રયવિક્રયમાં જો પુરુષનો સ્પર્શ કરવો પડે તો સ્નાનમાત્રથી પવિત્ર થાય અને જો પુરુષ સાથે ભાષણ કરે તો ભગવાનના પાંચસો નામનો જપ (પાંચ માળા) કરે. (૪૦) છાણા, ઘાસ, માટી, કાષ્ઠ કે છાણ વગેરે લાવવામાં આવશ્યક પુરુષસ્પર્શ થાય તો સ્નાનમાત્રથી શુદ્ધ થાય છે. (૪૧) કોઈપણ સમયે કામભાવથી પોતાના સંબંધી પુરુષોનું અવલોકન થઈ જાય અથવા ભાષણ સ્પર્શાદિ થઈ જાય તો બમણું પ્રાયશ્ચિત (બે ઉપવાસ) કરે. (૪૨) એક પત્નીવ્રતવાળો, ત્યાગી, વિધુર, શરણાગત, સંભોગની ઈચ્છા વગરનો અને વિશ્વાસશીલ આ છ પ્રકારનાં પુરુષો પૈકી એકનો સાક્ષાત્ સંગ એકવાર પણ જો થઈ જાય તો તે વિધવા એક વર્ષ પર્યંત એક દિવસ ઉપવાસ કરીને બીજે દિવસે મીઠા વિનાનો સાથવો પીએ ત્યારે વિધવા શુદ્ધ થાય. (૪૩-૪૪) અથવા ધારણાપારણા નામના આ વ્રતમાં ભોજનના દિવસે મીઠા વગરનો સાથવો ખાવામાં અશક્ત સિંધાલૂણથી યુક્ત એક જાતનું અન્ન જમે. (૪૫) તેમાં પણ અશક્તિમાન એવી વિધવા લવણે સહિત બે પ્રકારનાં અન્ન જમે. તથા ઉપવાસના દિવસે જળમાત્રને પીએ અથવા કેવળ છાશ પીએ. (૪૬) આ ધારણાપારણાદિ વ્રત કરતાં કરતાં વચ્ચે જો રોગાદિ આપત્તિકાળ આવી પડે તો તે આપત્તિકાળ વીત્યા પછી બાકી રહેલું વ્રત સમાપ્ત કરે. (૪૭) એક વર્ષનું આ વ્રત કરવામાં અસમર્થ સ્ત્રી નવ માસ વ્રત કરે. તેમાં પણ અસમર્થ હોય તો છ માસ અને તેમાં પણ અસમર્થ હોય

તો ત્રણ માસ વ્રત કરે પછી શુદ્ધ થાય છે. (૪૮) લોકો પોતાના પુરુષસંગાત્મક પાપને જાણી ગયા હોય તો પૂર્વોક્ત પ્રાયશ્ચિત્ત કહેલું છે અને જો આ પાપ પ્રકાશમાં આવ્યું ન હોય તો શાસ્ત્રસંમત પ્રાયશ્ચિત્ત કહું છું. (૪૯) પોતાની આગળ ભગવાનની મૂર્તિ સ્થાપન કરી નિર્નિમેષ નેત્રે, દૃઢ આસન કરી મૌન ધારણ કરી ચાર અક્ષરનો 'નારાયણ' મંત્ર જપે. (૫૦) જિતેન્દ્રિય વિધવા છ માસ સુધી દરરોજ પાંચ હજાર મંત્રનો જપ કરે. જપના અંતે એકવાર ભોજન કરે. (૫૧) એકપત્નીવ્રતવાળા આદિ છ પ્રકારના પુરુષો પૈકી કોઈપણ પુરુષમાં ભ્રષ્ટ થયેલી સ્ત્રી માટે જે વ્રત કહેલું છે તે વ્રત છ પ્રકાર સિવાયના પુરુષમાં ભ્રષ્ટ થયેલી સ્ત્રી માટે અડધું - છ માસનું કહેલું છે. (૫૨) અજાણતાં એકવાર મદ્યપાન થઈ જાય કે માંસભક્ષણ થઈ જાય કે સોનાની ચોરી કરે તો તે વિધવા ચાંદ્રાયણવ્રતને કરે. (૫૩) આ પુરુષપ્રસંગ કે મદ્યપાનાદિ કરવામાં ધર્મશાસ્ત્રોમાં મોટું પ્રાયશ્ચિત્ત કહેલું છે. પરંતુ કલિયુગમાં તે પ્રાયશ્ચિત્ત કરવું અશક્ય હોવાથી આટલું જ પ્રાયશ્ચિત્ત કહેલું છે. (૫૪) એક દિવસ ચાલે તેટલું રાંધેલું અન્ન ચોર્યું હોય, શાક, મૂળ, ફળ ચોર્યું હોય કે પત્ર ચોર્યું હોય અથવા દહીં-દૂધ વગેરેની ચોરી કરી હોય તે એક એક દિવસ ઉપવાસ કરે. (૫૫) જો મિષ્ટાન્ન અથવા ઘી ચોર્યું હોય તો બે દિવસ ઉપવાસ કરે. આ રીતે વસ્ત્ર, પાત્ર, અલંકાર આદિ હરણમાં યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત જાણવું. (૫૬) અજાણતાં લીખ, જૂ, માંકડ આદિ સૂક્ષ્મ જંતુનો ઘાત કરે તો વિધવા એક ઉપવાસ કરે. (૫૭) અજ્ઞાનથી કોઈ સમયે ઉંદર આદિનો વધ થઈ જાય તો ભગવાનનું નામકીર્તન કરતી થકી વિધવા બે ઉપવાસ કરે. (૫૮) આ પ્રમાણે ઉત્તરોત્તર જીવોનું મહત્પણું અને અલ્પપણું જાણી દેશકાળ આદિ જોઈ પ્રાયશ્ચિત્ત કરે. (૫૯) જો આપઘાત કરે તો તે વિધવા નારી યમયાતનાઓને ભોગવી પ્રેત કે સાપ આદિ તામસી યોનિઓમાં જ જન્મે છે. (૬૦) એકાદશી કે ભગવાનના જન્મદિવસોમાં આપત્તિકાળ વિના જો ઉપવાસ ન કરે તો ચાંદ્રાયણવ્રત કરે. (૬૧) જો અજાણતાં પણ સંન્યાસી, બ્રહ્મચારી કે અન્યાશ્રમીનું અન્ન જમે તો શુભ ચાંદ્રાયણવ્રત કરે. (૬૨) જો અજ્ઞાનથી જાતિભ્રષ્ટ કરનાર કર્મ થઈ જાય તો શ્રીહરિના સ્મરણ સાથે ચાંદ્રાયણવ્રત કરે. (૬૩) અજાણમાં એક વાર વ્રતભંગ થઈ જાય તો આ મેં કહેલ પ્રાયશ્ચિત્ત સર્વત્ર જાણવું. વારંવાર થઈ જાય તેના માટે નહિ. (૬૪) પ્રાયશ્ચિત્તના ઉપવાસના દિવસોમાં દિનરાત ભગવન્નામ-કીર્તન કરવું તેથી પૂર્ણફળ થાય (૬૫) પ્રાયશ્ચિત્ત કરનારી નારી પ્રાયશ્ચિત્તના ઉપવાસોમાં એકાદશી આદિ ઉપવાસને ગણે નહિ. (તે તો જુદા જ કરવાના) (૬૬) એકાદશી આદિ ઉપવાસના દિવસે શુદ્ધિ માટેનો ઉપવાસ આવે તો તેને ત્રીજા દિવસે જુદો કરે. (૬૭) પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરતાં ફરી જો બીજો ઉપવાસ આવે તો તેને તંત્ર કહેતાં અનુક્રમથી કરે. (૬૮) પ્રાયશ્ચિત્તના ઉપવાસના દિવસે પાણી કે છાશ વિના અન્ય ફળ-મૂળાદિ પણ ક્યારેય ભક્ષણ ન કરે. (૬૯) વ્રતભંગ થવાથી જે નારી પ્રાયશ્ચિત કરશે તે ગોલોકમાં લક્ષ્મી સમાન મહાસુખને પામશે. (૭૦) જે નારી પૂર્વોક્ત વ્રતને કરશે નહિ કે કરતી સ્ત્રીને નિષેધ કરશે તે બન્ને સ્ત્રીઓને ભગવાનની આજ્ઞાને અનુસરેલા યમરાજ નરકમાં ફેંકશે. (૭૧) યમયાતના દ્વારા અપરાધ નાશ થયા પછી ભગવાનના અનુચરો તે બન્ને સ્ત્રીઓને સૂર્યસમાન કાંતિવાળા વિમાન દ્વારા ગોલોકમાં લઈ જશે. (૭૨) તે બન્ને સ્ત્રીઓએ પૂર્વે

શ્રીહરિની ભક્તિ કરેલી હોવાથી તે બન્ને ગોલોક ધામમાં દેવીઓને ઈચ્છિત લક્ષ્મીજીના દાસીપણાને પામશે. (૭૩) જે વિધવા સ્ત્રી વિષ્ણુભક્તિ રહિત હોય તોપણ પોતાના ધર્મોને પાલન કરતી થકી પ્રાયશ્ચિત્ત કરે તે સ્ત્રી સતીલોકને પામે. (૭૪) જે સ્ત્રી પ્રાયશ્ચિત્ત ન કરે તે તીવ્ર યમયાતનાઓને ભોગવી શુદ્ધ થઈને પછી સતીલોકને વિનાસંશય પામે છે. (૭૫) હે વિપ્ર ! આ પ્રકારે વિધવા સ્ત્રીઓના ધર્મો મેં કહ્યા અને તે ધર્મોથી પતનનું પ્રાયશ્ચિત્ત પણ મેં કહ્યું. હવે સધવા-વિધવા સર્વ સ્ત્રીઓનું સામાન્ય ભગવત્પૂજન હું કહું છું. (૭૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં સ્ત્રીધર્મોમાં વિધવાધર્મભંગપ્રાયશ્ચિત્ત નિરૂપણ નામનો છત્રીશમો અધ્યાય થયો. ॥૩૬॥

## અધ્યાય-૩૭

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે દ્વિજ ! સર્વ સ્ત્રીઓએ ભગવાન શ્રી વાસુદેવની મૂર્તિનું પૂજન દરરોજ પ્રસન્નતાપૂર્વક કરવું જોઈએ. તે પૂજાનો વિધિ હું તમોને સંક્ષેપથી કહું છું. (૧) પ્રાતઃકાળે પવિત્ર જળથી સ્નાન કરી, ધોયેલું શ્વેત વસ્ત્ર ધારણ કરી, આચમન કરી, ચંદન-પુષ્પાદિ પૂજા દ્રવ્યોને એકઠાં કરે. (૨) ઉજ્જ્વલ જલપાત્ર, ગાળેલું નિર્મળ પાણી તથા આચમનપાત્ર, ભગવાનને સ્નાન કરાવવાનું પાત્ર, ચંદન અને ચોખા, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, મુખવાસ, દક્ષિણા અને આરતી આ બધું સંપાદન કરે. (૩-૪) સ્ત્રીઓએ શાલિગ્રામની પૂજા ન કરવી જોઈએ. આ હેતુ માટે સ્ત્રીઓ કમલાપતિ શ્રીકૃષ્ણની પ્રતિમાની પૂજા કરવી. (૫) નખના સ્પર્શવાળા જળ વડે શ્રીહરિની પૂજા ન કરે. આચમન કરતાં બાકી રહેલા જળથી કે પગથી ઓળંગેલા જળ વડે શ્રીહરિની પૂજા ન કરે. (૬) પૂજન સમયે ઘીનો કે તલના તેલનો દીવો કરે. પૂજાના ઉપહારો ન મળે તો મંત્રમાત્રથી પૂજન કરે. (૭) પૂજા કરતી વખતે અન્ય સ્ત્રી સાથે વાતો ન કરે. આમતેમ જુએ નહિ. ક્રોધને ક્યારે પણ ન કરે. (૮) નારી પવિત્ર સ્થાને બેસી આચમન કરી તાળી વગાડીને કે ધીમે ધીમે ઘંટડી વગાડીને શ્રીહરિને ઉત્થાપન કરે(જગાડે). (૯) (ઉત્થાપન મંત્ર) હે ગોવિંદ પ્રભો ! તમે ઊઠો ઊઠો 'હે ગરુડધ્વજ ! તમે ઊઠો. હે લક્ષ્મીપતે ! તમો ઊઠો અને ત્રિલોકીમાં તમો મંગલ કરો. (૧૦) આ મંત્રથી શ્રીહરિની પ્રતિમાનું ઉત્થાપન કરી વસ્ત્રથી માર્જન કરે પછી તે મૂર્તિને સુકોમળ સિંહાસનમાં (તેના અભાવે) નાના કંડિયામાં સ્થાપન કરે. (૧૧) પથ્થરની, કાષ્ઠની, સુવર્ણાદિ ધાતુની, ચંદન આદિની, ચિતરામણની, રેતીની, મનથી કલ્પેલી અને મણિમયી આમ આઠ પ્રકારની શ્રીહરિની પ્રતિમા મુનિજનોએ પૂજ્ય કહેલી છે. (૧૨) પૂર્વમુખે કે ઉત્તરમુખે અથવા પ્રતિમા સન્મુખ સ્વસ્તિકાસને બેસી પોતાના હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરે. (૧૩) કોટાનાકોટિ સૂર્ય સમાન કાંતિવાળા દિવ્ય સિંહાસનમાં વિરાજમાન, દ્વિભુજ, ઘનશ્યામ, કરોડો કામદેવ જેવા સુંદર, અનેક દિવ્ય આભરણવાળા, પીળા રેશમી વસ્ત્રોવાળા, મોરલી વગાડતાં અને રાધા રમા સહિત શ્રીહરિનું ધ્યાન કરે. (૧૪-૧૫) વળી વામભાગમાં ગૌર કાંતિવાળા ધર્મદેવે આદરથી સેવેલા અને દક્ષિણ ભાગમાં ભક્તિદેવીએ ગાઢ

સ્નેહથી ઉપાસના કરાતા, તથા ઈન્દ્રાદિ અને દેવગણોથી અનેક દિવ્ય ઉપહારો વડે પૂજેલા, પાર્ષદોએ છત્ર, ચામર, અને પંખા વડે સેવન કરાતા વાસુદેવ ભગવાનનું પોતાના હૃદયકમળમાં ધ્યાન કરી પોતાને પ્રિય મનઃકલ્પિત અનેક ઉપચારો વડે શ્રીહરિનું પૂજન કરે. (૧૬-૧૭-૧૮) હૃદયમાં ધ્યાન કરેલા ભગવાન શ્રીહરિનું પ્રતિમામાં આવાહન કરી યથાપ્રાપ્ત ઉપચારો વડે **श्रीकृष्णाय नमः** આ ષડક્ષર મંત્રથી પૂજન કરે. (૧૯) આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, મુખવાસ, દક્ષિણા, આરતી અને મંત્રપુષ્પાંજલિ આ સોળ ઉપચારો અનુક્રમે સમર્પીને ભગવાનની પ્રાર્થના કરે. (૨૦-૨૧) હે શ્રીકૃષ્ણ ! હે નારાયણ ! હે દેવદેવ ! હે રાધિકાકાંત ! હે સત્પુરુષોએ પૂજા કરવા યોગ્ય ! હે ભક્તિપ્રિય ! આનંદિત કરેલા છે ભક્તિ ધર્મ જેમણે એવા હે પ્રભો ! હે સ્વાશ્રિતના દુઃખ નાશ કરનારા હરે ! હે નાથ ! મારા ઉપર પ્રસન્ન થાઓ. (૨૨) આ લોકમાં વિવિધ સાંસારિક ભય થકી અને પરલોકમાં યમયાતનાથી મારું રક્ષણ કરવા સમર્થ આથી નિયંતા એવા તમારામાં જ લોકમાં પતિ શબ્દ સાર્થક છે. આથી તો મેં તમોને પતિ કરેલા છે. (૨૩) જે નારી તપ અને પૂજન આદિ વડે આપને આરાધીને બીજાને પતિ તરીકે સ્વીકારે છે તે નારી તમારી માયાથી જ મોહ પામેલી છે. પરિણામે આ લોક પરલોકમાં ભયથી મુક્ત થતી નથી. (૨૪) આથી હે ઈશ ! હું ધર્મ, તપ, વ્રત આદિ વડે તમારે વિષે પ્રીતિ જ ઈચ્છું છું અન્ય કશું નહિ . આથી હે આત્મબંધો ! તમો પ્રસન્ન થાઓ અને મનમાં રહેલો મારો મનોરથ પૂર્ણ કરો. (૨૫) આ પ્રમાણે પ્રાર્થના કરી પ્રભુને નમસ્કાર કરી સ્ત્રી પ્રતિમા થકી તેમને ફરીથી પોતાના હૃદયમાં ધારણ કરે અને પ્રતિમાને પ્રતિદિન કંડિયામાં શયન કરાવે. (૨૬) આ પ્રકારે મેં શ્રીહરિની પૂજાનો વિધિ સંક્ષેપથી કહ્યો જે પૂજાવિધિ કરવાથી સ્ત્રીઓની પ્રભુમાં પ્રેમની વૃદ્ધિ થાય. (૨૭) હે નિષ્પાપ વિપ્ર ! કૃષ્ણપૂજાવિધિની સમાપ્તિમાં સ્ત્રી ભગવાનના ચરણકમળમાં ચિત્ત સમર્પીને સ્થિર આસને બેસીને ગુરુપત્નીએ આપેલા કૃષ્ણમંત્રનો પાંચસો વખત જપ કરે. (૨૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં સ્ત્રીધર્મોમાં શ્રીકૃષ્ણપૂજાવિધિ નિરૂપણ નામનો સાડત્રીશમો અધ્યાય થયો. ॥૩૭॥

●

## અધ્યાય-૩૮

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્ર ! સધવા અથવા વિધવા નારી રજસ્વલા થાય તો તે સ્ત્રી ત્રણ રાત્રિ સુધી સ્ત્રી કે પુરુષને ક્યારે પણ સ્પર્શ કરે નહિ. (૧) ઈન્દ્રે (વૃત્રાસુર હત્યાથી થયેલ) બ્રહ્મહત્યાનો ચોથો ભાગ સ્ત્રીઓને આપેલો છે તે મહિને મહિને રજોરૂપે દેખાય છે. (૨) તે રજસ્વલા પહેલે દિવસે ચાંડાલી સમાન કહેલી છે, બીજે દિવસે બ્રહ્મઘાતિની સમાન, ત્રીજે દિવસે ધોબણ સમાન, ચોથે દિવસે શૂદ્ર સમાન કહેલી છે. (૩) દેવતા અને પિતૃ સંબંધી કાર્યમાં પાંચમા દિવસે શુદ્ધ થાય છે. (વિવાહ આદિ) આપત્તિકાળમાં તો ત્રીજા દિવસે ઉપવાસથી શુદ્ધ થાય છે. (૪) નારી રજોદર્શનરૂપ

મહાપાપને ક્યારે પણ ગુપ્ત ન રાખે. આ મહાપાપ ગુપ્ત રાખવાથી તે નારી બ્રહ્મહત્યાથી મુક્ત થતી નથી. (૫) તે રજસ્વલા સ્ત્રી બીજી રજસ્વલા અથવા અરજસ્વલા સ્ત્રીને જાણી જોઈને જો સ્પર્શ કરે અથવા અન્ય અરજસ્વલા તે રજસ્વલાને બુદ્ધિપૂર્વક જો અડે તો પાપ લાગે છે. (૬) આ અંગે ધર્મશાસ્ત્રોમાં કૃચ્છવ્રતથી શુદ્ધિ કહેલી છે તે પ્રાયશ્ચિત્ત કળિયુગમાં સર્વ નારીઓ કરવા શક્તિમાન નથી. (૭) આથી અહીંયાં રજસ્વલા કે અરજસ્વલા સ્પર્શાદિમાં સર્વ સ્ત્રીઓ કરી શકે તેવું પ્રાયશ્ચિત્ત કહું છું. જે સ્ત્રી જાણી જોઈને અડે તે એક ઉપવાસ કરે. (૮) અજાણતાં સ્પર્શ થઈ જાય તો તત્કાળ વસ્ત્રોએ સહિત સ્નાન કરી તે નારી શ્રીહરિનામ સ્મરણ કરે. (૯) આપત્તિકાળમાં બુદ્ધિપૂર્વક સ્પર્શ થાય ત્યારે સ્નાન કરવાથી શુદ્ધ થાય છે. રજસ્વલા સ્ત્રી-પુરુષનો જાણે-અજાણે સ્પર્શ કરે તેના માટે આ જ નિર્ણય કહેલો છે. (૧૦) રજોધર્મ કયારેય પણ ગુપ્ત ન રાખવો એમ મોટા મનીષીઓ કહે છે. પતિવ્રતા સ્ત્રીઓનો સદાચાર આ પ્રમાણે જ પ્રવર્તે છે. (૧૧) રજોધર્મ ગુપ્ત નહિ રાખવાથી સ્ત્રીઓનો બ્રહ્મહત્યા દોષ નાશ પામે છે. અને આત્મીયજનોની પરપુરુષ થકી ગર્ભની શંકા નાશ પામે છે. (૧૨) આથી ચારે વર્ણની અને ધર્મસિદ્ધિની ઈચ્છાવાળી સ્ત્રીઓએ આ પુરાતની મર્યાદા અવશ્ય પાળવી. (૧૩) જે નારી પુરુષની કે નારીની બ્રહ્મચર્ય વ્રતમાં રહેલી નિષ્ઠાનો કપટ વચનો વડે ભંગ કરાવે તે સ્ત્રીને ઊંચા સ્વરે અત્યંત બૂમો પાડતી થકી ક્રોધથી લાલ નેત્રોવાળા યમરાજના દૂતો તપાલેવા લાલ લોઢાના સળિયા વડે દઝાડે છે. (૧૪-૧૫) પછી યમદૂતો તે સ્ત્રીને તપાવેલા તેલવાળા કુંભીપાક નામના નરકમાં રંધાવે છે અને પછી રુધિર, વિષ્ટા, પાચમય કુંડમાં નાખે છે. (૧૬) આ સ્ત્રી આવી યમયાતના સાડાત્રણ કરોડ વર્ષ પર્યંત ભોગવીને પછીથી અરણ્યમાં નિર્જળ પ્રદેશમાં પિશાચણ થાય છે. (૧૭) એ જ રીતે જે કામી પુરુષ સ્ત્રીના કે પુરુષના બ્રહ્મચર્યવ્રતનો ભંગ કરાવે છે તે પુરુષ મરીને નરકોને પામે છે. (૧૮) અને તે પુરુષ કુંભીપાક નરકમાં રંધાય છે, તેને વારંવાર સર્પો કરડે છે અને યમદૂતો વડે વારંવાર તાડન કરાતાં ઉચ્ચ સ્વરે આર્તનાદ કરે છે. (૧૯) જે પુરુષો નિષ્કામવ્રતવાળા નરનારીઓના વ્રતનું રક્ષણ કરશે તે પુરુષો નિષ્કામવ્રતવાળા જનોની ગતિને અવશ્ય પામશે. (૨૦) હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! આ પ્રકારે મેં તમોને સ્ત્રીઓના સતીગીતા નામના ધર્મો કહ્યા. તે ધર્મો સર્વ સ્ત્રીઓ માટે હિતકારી છે. (૨૧) આ સતીગીતાને જે નારી સંભળશે કે પાઠ કરશે તે બન્ને અવશ્ય સ્વવાંચ્છિત ફળને પામશે (૨૨) જે નારી નિત્યનિયમપૂર્વક આ લોકમાં પાઠ કરશે તે આ લોકમાં મોટી કીર્તિને પામશે અને અંતે શ્રીહરિના ધામને પામશે. (૨૩) હે દ્વિજ ! આ પ્રકારે દ્વિતીયઆશ્રમી ગૃહસ્થ પુરુષો તથા સ્ત્રીઓના ધર્મો મેં તમોને કહ્યા. તે આ ધર્મો પુરુષો અને સ્ત્રીઓએ સતત સાંભળવા અને પાઠ કરવા તથા નિરંતર પાલન કરવા. (૨૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણ ચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
ધર્મોપદેશમાં સ્ત્રીધર્મોમાં સ્ત્રી સાધારણ ધર્મ નિરૂપણ નામનો આડત્રીશમો અધ્યાય થયો. ॥૩૮॥

●

## અધ્યાય-૩૯

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્ર ! જે મુનિઓએ દુષ્કર હોવાથી કલિયુગમાં વર્જ્યપણે કહેલા વાનપ્રસ્થાશ્રમ ધર્મો તમોને ધર્મતત્ત્વના બોધ માટે કહું છું. (૧) બ્રાહ્મણ આયુષ્યના ત્રીજા ભાગમાં (એકાવનમે વર્ષે) ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી ત્રીજા વાનપ્રસ્થાશ્રમનો આશ્રય કરે. (૨) પુત્રના પુત્રને જોઈને સ્ત્રીસંભોગાદિ ઈન્દ્રિયાહારોનો ત્યાગ કરી પત્નીના પોષણ માટે પુત્રને આદેશ આપી પોતે વનમાં જાય. (૩) જો સ્ત્રી પોતાની મનોવૃત્તિને અનુકૂળ હોય અને તપ કરવામાં સમર્થ હોય તો વિદ્વાન વિપ્ર તેને પોતાની સાથે જ લઈ જાય; નહિતર ઊલટાનું દુઃખ આપનારી થાય માટે સાથે ન લઈ જાય. (૪) ગ્રામ્યભોગ થકી વિમુખ, ધૈર્યવાન, બ્રહ્મચર્યાશ્રમમાં રહેલો હોય તોપણ અથવા વિધુર હોય- આ સર્વે વાનપ્રસ્થાશ્રમનો આશ્રય કરે. (૫) તે ગૃહસ્થ પ્રથમ પોતાના ગુરુને પૂછીને પછી ધાર્મિક રાજાને પૂછી ત્યારબાદ પિતા-ભાઈ આદિ સંબંધીજનોને પૂછીને પછી વાનપ્રસ્થાશ્રમને ગ્રહણ કરે. (૬) પ્રશસ્ત એવા ઉત્તરાયણ કાળમાં શુક્લપક્ષની કોઈપણ તિથિએ પૂર્વાહ્ન સમયે વનમાં જઈ નિયમયુક્ત થઈ સાવધપણે તપને કરે. (૭) દ્વિજદેહને સમુચિત તપ જ આ વાનપ્રસ્થાશ્રમનો પ્રધાન ધર્મ છે. તેથી ઉત્સાહપૂર્વક અને ધૈર્ય ધારીને તપ કરે. (૮) અગ્નિહોત્ર મુનિને અગ્નિહોત્ર અને દર્શાદી કર્મ સાક્ષાત્ પશુના વધ વિના ગૃહસ્થાશ્રમની માફક જ યથાવિધિ કહેલું છે. (૯) પોતે લાવેલ નમાર આદિ ઋષિધાન્યો વડે પુરોડાશને હોમ કરે. અગ્નિની રક્ષા કાજે પર્ણશાળા કરે. પોતે તો પર્ણકુટીથી બહાર નિવાસ કરે. (૧૦) તે મુનિ અનાકુળ થકો કાંકરાવાળી ભૂમિ કે શિલા ઉપર શયન કરે. સ્થિર ચિત્તવાળો મુનિ ક્રોધને જીતે, તત્ત્વચિંતન કરે, કદાપિ બીજી વાર ભોજન ન કરે. (૧૧) તે મુનિ મદ્ય- માંસનું સદા વર્જન કરે, સદા બ્રહ્મચર્યયુક્ત થાય, કોઈ પણ પ્રાણીનો દ્રોહ કરે નહિ, પત્ની સાથે શયન કરે નહિ. (૧૨) નમારાદિ અન્નો, શાકો કે ફળો વડે પાંચ યજ્ઞો કરે. ભિક્ષુકો અને અતિથિઓનો જળ, કંદમૂળ, ફળાદિક વડે સત્કાર કરે. (૧૩) વાનપ્રસ્થ વલ્કલવસ્ત્ર, તૃણમય, પાંદડામય કે મૃગચર્મનું વસ્ત્ર ધારણ કરે. જિતેન્દ્રિય થકો દંડ અને કમંડળુ ધારણ કરે. (૧૪) કેશ, રોમ, દાઢી, મૂછ કે નખોનું છેદન ન કરે, પોતાના શરીરમાં રહેલો મેલ ધુએ નહિ અને વસ્ત્રાદિથી માર્જન કરે નહિ. (૧૫) શરીરનાં અંગોને ચોળ્યા વગર ત્રિકાળ સ્નાન કરે. પૃથ્વી ઉપર શયન કરે. દરરોજ દાંત સાફ ન કરે. વારંવાર આસનને ચલાયમાન ન કરે. (૧૬) વનાશ્રમી આઠ પ્રકારે પરસ્ત્રી પ્રસંગનો સર્વથા ત્યાગ કરે. પોતાની સ્ત્રી સાથે પણ યજ્ઞકર્મમાં જરૂર પૂરતી જ વાત કરે. (૧૭) વાનપ્રસ્થી વનમાં નીપજેલા નમારાદિ અન્નને અથવા કોઠા, બોરાં, પીપરટેટી વગેરે ફળો એક જ વાર જમે, બીજી વાર નહિ. (૧૮) શાંત, દાંત, કોમળ ચિત્તવાળો, ધૈર્યવાન વનાશ્રમી મૂલ-કંદ-ફલ-મુનિ અન્નોને તથા ફલોના રસ-તેલને જમે, ઘૃતાદિ ન જમે. (૧૯) પોતાના નિર્વાહ માટે નમારાદિ પોતે જ લાવે. તે વનાશ્રમી દાંતરૂપી ખાંડણિયાથી જ ખાનારો થાય. દાંત ન હોય તો પથ્થરથી ફૂટીને ખાય. (૨૦) ખેડ કરવાથી પાકેલું અન્ન ન ખાય. વિના ખેડેલું પરંતુ સમય વિનાનું ઉત્પન્ન થયેલું ન ખાય. અગ્નિથી પકાવેલ અન્નફળાદિક અથવા અપકવ અન્નફળાદિક અથવા સમયસર પાકેલા ફલાદિકને ખાય. (૨૧) મુનિ ભોજનના અંતે જ પાત્રાદિ શુદ્ધ કરી નાખે એટલું

જ રોજ લાવે અથવા બે-ત્રણ દિવસ ચાલે તેટલું અન્ન સંગ્રહ કરે અથવા છ માસ કે એક વર્ષ પર્યંત ચાલે તેટલું સંગ્રહ કરે. (૨૨) અગાઉ જે કંઈ સંચય કરેલું હોય તે અન્ન આસો માસમાં ત્યાગ કરી દે અને ફરી પોતે મુનિ અન્નાદિ સર્વ લાવીને રાખે. (૨૩) ધીમે ધીમે ક્રમથી જ પોતાનું તપ વૃદ્ધિ પમાડે કેમકે તત્કાલ જ સર્વ અન્નાદિના સંગ્રહનો ત્યાગ કરે તો રત્નની માફક દુર્લભ માનવશરીર નાશ પામે. (૨૪) પ્રતિદિન હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરતો થકો તપથી શરીરને સૂકવી નાખે. પ્રથમ નમારાદિ અન્ન જમે પછી ફળ-મૂળ આદિ જમનારો થાય. (૨૫) પછી રાત્રીએ જ ભોજન કરનારો થાય. પછી એકાંતરે ખાનારો થાય, પછી ચોથા દિવસે, પછી પાંચમા દિવસે કે છઠ્ઠા દિવસે ફળ-મૂળ આદિ ખાનારો થાય. (૨૬) અથવા ચાંદ્રાયણવ્રતવાળો થાય, અથવા પખવાડિયે ખાનારો કે એક મહિને જમનારો થાય. અથવા કેવળ દૂધપાન કરીને રહે, અથવા દૂધના ફીણનું ભક્ષણ કરે અથવા કેવળ જળપાન કરે અથવા ધૂમ્રપાન કરીને રહે. (૨૭) ચંદ્રની કિરણનું પાન કરનારો થાય અથવા વાયુભોજી એમ અનુક્રમે થાય. આ પ્રમાણે તપમાં પ્રીતિવાળો વનાશ્રમી ક્યારેય પણ અસાવધાન ન થાય. (૨૮) ઇન્દ્રિયોનો વિશ્વાસ ન કરે. સદા નિયત મનવાળો થાય. ક્ષુદ્ર કામનાની પ્રાપ્તિ માટે મૂર્ખતાથી પોતના તપનો ત્યાગ કરે નહિ. (૨૯) સ્ત્રીકથા શ્રવણાદિમાં બ્રહ્મચર્યના અંગનો ભંગ થવાથી એક ઉપવાસ કરે, અને સદા સાવધાન થકો વર્તે. (૩૦) જે પુરુષ પત્ની સાથે વનમાં જઈને કામથી મૈથુનનું આચરણ કરે. બ્રહ્મચર્યવ્રતથી ભ્રષ્ટ થયેલો તે વનાશ્રમી વ્રતભંગનું દેહાન્ત પ્રાયશ્ચિત કરે. (૩૧) વનાશ્રમીથી જે પુત્ર ઉત્પન્ન થાય તે તો દ્વિજજનોએ સ્પર્શ કરવા યોગ્ય નથી. અને તેનો વેદાદિમાં અધિકાર નથી. માટે વનાપ્રસ્થી કામને જીતે. (૩૨) ગ્રીષ્મ ઋતુમાં પંચાગ્નિનું સેવન કરે. વર્ષાઋતુમાં વની જલધારાનું સેવન કરે અને શિશિર ઋતુમાં કંઠ પર્યંત જળમાં રહે. (૩૩) તે વનાશ્રમી જેમ પોતાનો દેહપાત ન થાય તેમ યથાશક્તિ તપ કરે. ધૈર્યયુક્ત અને દંભરહિત થકો કરે. (૩૪) વાનપ્રસ્થી બાર કે આઠ કે ચાર કે બે કે એક વર્ષપર્યંત યથાશક્તિ વનમાં તપ કરે, દુઃખથી ડરે નહિ. (૩૫) જે કોઈ પુરુષ કાંટાદિ વડે પીડા પમાડે અને જે પુરુષ ચંદનાદિ વડે પૂજા કરે તે બન્નેના વિષે ક્રોધ કે હર્ષને ન કરે. બન્ને ઉપર સમદૃષ્ટિવાળો થાય. (૩૬) તપ કરવામાં અસમર્થ વાનપ્રસ્થી પોતામાં અગ્નિને આધાન (વિસર્જન) કરીને આ લોકમાં નિયત સ્થાન રહિત થકો પ્રાણવૃત્તિ માટે તપસ્વીઓ પાસે ભિક્ષા માગે. (૩૭) અથવા ગામમાંથી શુદ્ધ બ્રાહ્મણના ઘેરથી ભિક્ષા માગીને આઠ ગ્રાસ ભોજન કરે. આઠ ગ્રાસ વડે જીવન ચલાવવામાં અસમર્થ હોય તો સોળ ગ્રાસ જમે. (૩૮) નિત્ય સ્વાધ્યાયશીલ થાય, ગાયત્રીજપ તત્પર થાય. તથા નિદ્રા અને આળસને જીતીને રાત્રિમાં ધ્યાનપરાયણ થાય. (૩૯) જે વની વસિષ્ઠાદિ બ્રહ્મર્ષિઓએ કહેલી સેવેલી આ નિયત ચર્યાને કરે તે પુરુષ અગ્નિની પેઠે સર્વ અપરાધોને બાળી નાખે અને દુર્જેય એવા લોકોને પામે છે. (૪૦) જે વની વૃદ્ધાવસ્થા કે રોગથી પરાભવ પામેલો સતો પોતાના આશ્રમને ઉચિત ક્રિયામાં અસમર્થ થાય તે પુરુષ હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરતો થકો અનાશનાદિ લઘુ વ્રતમાત્રને કરે. (૪૧) આ પ્રકારે વનાશ્રમી મન જીતીને તપ કરતો થકો દેહના અંત સમયે તાપસોને ઇચ્છિત એવા મહર્લોકને પામે છે. (૪૨) હે વિપ્ર ! જે વની વાનપ્રસ્થાશ્રમમાં રહ્યો થકો વિષ્ણુભક્તિ સહિત તપ કરે છે તે વૈષ્ણવ ધામને પામે છે. (૪૩) વૃત્તિ કહેતાં જીવિકાના ભેદથી વૈખાનસ, વાલખિલ્ય,

ઔદંબર અને ફેનપ એમ ચાર પ્રકારના વાનપ્રસ્થો જાણવા. (૪૪) તેમાં પહેલા વૈખાનસ તપસ્વી વિના ખેડે નિષ્પન્ન અન્નો વડે જીવનનિર્વાહ કરનારા જાણવા અને બીજા વાલખિલ્ય તો નવીન અન્ન પ્રાપ્ત થાય ત્યારે પૂર્વ સંગ્રહિત અન્નનો ત્યાગ કરનારા જાણવા. (૪૫) જે પુરુષો પ્રાતઃકાળે ઊઠી પ્રથમ જ જે દિશાને જુએ છે તે દિશાથી લાવેલા કંદમૂલ વગેરેથી જીવે તે ત્રીજા ઔંદુબર નામના કહેલા છે. (૪૬) અને જેઓ વૃક્ષો ઉપરથી આપમેળે પડેલાં ફળ, પુષ્પ કે પત્રો વડે જીવે છે તે ફેનપ કહેલા છે. (૪૭) તપ કરનાર આ વાનપ્રસ્થને જો સર્વત્ર દૃઢ વૈરાગ્ય થાય તો ચોથો સંન્યાસ નામનો આશ્રમ કહેલો છે. (૪૮) હે વિપ્રવર્ય ! મેં વાનપ્રસ્થાશ્રમના ધર્મો સંક્ષેપમાં તમને કહી સંભળાવ્યા. હવે ચોથો જે સંન્યાસાશ્રમ તેના સ્મૃતિપ્રસિદ્ધ સર્વ ધર્મોને પણ કહું છું. (૪૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં વાનપ્રસ્થાશ્રમ ધર્મનિરૂપણ નામનો ઓગણચાલીસમો અધ્યાય થયો. ||૩૯||

●

## અધ્યાય-૪૦

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે બ્રહ્મન્ ! ચાર પુરુષાર્થોમાં જેમ ચોથો મોક્ષરૂપ પુરુષાર્થ શ્રેષ્ઠ કહેલો છે, તેમ ચાર આશ્રમોમાં ચોથો સંન્યાસાશ્રમ શ્રેષ્ઠ કહેલો છે. (૧) વ્રતી કે અવ્રતી, અગ્નિહોત્રી કે અગ્નિરહિત જે પુરુષ વૈરાગ્યને પ્રાપ્ત થાય તે પુરુષ બ્રહ્મચર્યાશ્રમ કે ગૃહસ્થાશ્રમ કે વાનપ્રસ્થાશ્રમથી સંન્યાસને ગ્રહણ કરે. (૨) હે દ્વિજ ! મુનિજનો કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ એમ ચાર પ્રકારનો સંન્યાસી કહે છે. (૩) જે દેહે અશક્ત હોવાથી પુત્રાદિકે બનાવી આપેલી પર્ણશાળામાં કે ઘરના એકાંત પ્રદેશમાં રહીને શિખા, ઉપવીત, ત્રણ દંડ અને કાષાય વસ્ત્રોને ધારીને બંધુઓના ઘેર કે પોતાને ઘેર ભિક્ષાને ગ્રહણ કરે તે આત્મજ્ઞ સંન્યાસી કુટીચક કહેલો છે. (૪-૫) અને જે સંન્યાસી પૂર્વે કહેલા કાષાય વસ્ત્રાદિ વેશવાળો થકો સ્વબંધુગ્રહોથી અન્યત્ર ભિક્ષાને કરે તે બહૂદક કહેલ છે. (૬) જે યતિ બહૂદક સમાન વેશવાળો થકો એક દંડને ધારણ કરે છે તે આ લોકમાં હંસ નામે સંન્યાસી કહેલો છે. (૭) ચોથો સંન્યાસી જ્ઞાનવૈરાગ્યથી સુશોભિત પરમહંસ નામવાળો થકો એક દંડ અને વસ્ત્ર ધારણ કરે અથવા કોઈ સંન્યાસી દંડ અને વસ્ત્ર ન પણ ધારણ કરે. (૮) જે દિવસે વૈરાગ્ય પામે તે દિવસે જ ચાલી નીકળે એમ વેદોક્તિ હોવાથી સંન્યાસનો હેતુ વૈરાગ્ય છે આથી હું તમોને વૈરાગ્યના ભેદો કહું છું. (૯) મંદ, તીવ્ર અને તીવ્રતર એવા ભેદથી વૈરાગ્ય ત્રણ પ્રકારનો છે. મંદ વૈરાગ્યવાળાને સંન્યાસમાં અધિકાર નથી. તીવ્ર વૈરાગ્યમાં તો વિવિદિશા અને વિદ્વત્ સંન્યાસ એમ વિવિધ સંન્યાસ થાય અને તીવ્રતર વૈરાગ્યમાં તે બે સંન્યાસો થાય. (૧૦) પુત્ર-દારા-ધનાદિકનો નાશ થતાં 'સંસારને ધિક્કાર છે' એમ જે તાત્કાલિક વૈરાગ્ય થાય તે મંદ વૈરાગ્ય જાણવો. (૧૧) 'મારે આ જન્મમાં પુત્ર, દારા કે ધનાદિ પદાર્થો ન હો' આવી જે અતિ નિશ્ચલ બુદ્ધિ છે તે વૈરાગ્ય તીવ્રતા જાણવી. (૧૨) 'આ લોકમાં પુનરાવર્તન કરનારો સ્વર્ગાદિ કોઈપણ લોક મારે ન હો' એવી જે દૃઢ બુદ્ધિ તે તીવ્રતર વૈરાગ્ય સર્વશ્રેષ્ઠ કહેલો છે. (૧૩) અપક્વ જ્ઞાનીને જે સંન્યાસ છે તે વિવિદિશા નામનો સંન્યાસ કહેલો છે. દૃઢ જ્ઞાનવાળાનો જે

સંન્યાસ છે તે વિદ્વત સંન્યાસ કહેલો છે જ. (૧૪) જો વૈરાગ્ય દઢ હોય તો ત્રૈવર્ણિક પુરુષ સંન્યાસને સ્વીકારે. અવિરક્ત સંન્યાસી તો અવશ્ય ભ્રષ્ટ થાય છે. (૧૫) વૈરાગ્ય વિના ઇન્દ્રિયોનો નિગ્રહ ન થાય અને તે વિના ત્યાગ ન થાય. ત્યાગ વિના સંન્યાસ કયા સ્થાને રહી શકે ? (૧૬) ઋણાપાકરણ આદિ સ્મૃતિઓ વૈરાગ્ય વિનાના પુરુષને સંન્યાસનો નિષેધ કરે છે માટે વિચાર્યા વિના સંન્યાસ ધારણ ન કરે. (૧૭) દ્વિજ પુરુષ સહસા સંન્યાસ ગ્રહણ કરી પછી જે વૈરાગ્યના અભાવથી વિષયોનું સેવન કરે તો તે મૂઢ પુરુષ સંન્યાસાશ્રમથી ભ્રષ્ટ થાય છે. (૧૮) જે પુરુષ સંન્યાસ ગ્રહણ કરી ઘી આદિ રસમાં અને નારીમાં લુબ્ધ થાય તે પુરુષ મહારૌરવ નામના નરકમાં તીવ્ર યાતનાઓ ભોગવશે એમ યમરાજાએ વચન કહ્યું છે. (૧૯) આ લોકમાં વૈરાગ્ય વિનાના ઘણા ઘણા સંન્યાસીઓ ભ્રષ્ટ થયેલા જોવા મળે છે તો પોતાના વૈરાગ્યની દઢતા વિચારીને પ્રસન્નચિત્તવાળો થઈ સંન્યાસી થાય. (૨૦) સંન્યાસાશ્રમને સ્વીકારવા ઇચ્છતો દ્વિજ પ્રથમ ગુરુ, સ્વજન અને રાજાને પૂછીને શુક્લ પક્ષમાં ઉત્તમ દિવસે સંન્યાસ ગ્રહણ કરે. (૨૧) તેમાં પ્રથમ દૈવ, આર્ષ, દિવ્ય, પિત્ર્ય, માતૃક, માનુષ, ભૌતિક, આત્મક આ આઠ શ્રાદ્ધો કરીને, પછી પ્રાજાપત્ય ઈષ્ટિ કરીને, અગ્નિને આત્મામાં આરોપીને, કૃષ્ણમાં જ એકમનવાળો થઈને ગુરુની આજ્ઞા લઈને 'संन्यस्तोऽहं' એમ યથાવત પ્રૈષ્યમંત્રને ઉચ્ચારે. (૨૨-૨૩) રોગાદિ પીડિત પુરુષને સંન્યાસ સ્વીકારવામાં અનુષ્ઠાન નથી, ક્રિયા પણ નથી. પ્રૈષમાત્ર કહેતાં ત્યાગવાક્યને ઉચ્ચારીને જ સંન્યાસ સ્વીકારે. (૨૪) યથાવિધિ સંન્યાસ ગ્રહણ કરી સ્વધર્મોનો આશ્રય કરેલો સદા નિયમ તત્પર એવો મુનિ પરબ્રહ્મના જ્ઞાનની પ્રાપ્તિ માટે બ્રહ્મનિષ્ઠ ગુરુને સેવે. (૨૫) ભગવાનની ભક્તિવાળો તે સંન્યાસી સંન્યાસ ધર્મોનો આશ્રય કરતો થકો, દઢ વૈરાગ્યયુક્ત અને આત્મા-પરમાત્માના પ્રત્યક્ષ અનુભવાત્મક જ્ઞાનવાળો થકો તીર્થોમાં વિચરણ કરે. (૨૬) આ યતિ સુજ્ઞ પુરુષોએ પૂજા કરતાં કે અજ્ઞાની જનોએ તાડન કરતાં પણ હર્ષ-શોકે રહિત થઈ સદા પ્રસન્ન મનવાળો થઈ સર્વત્ર સમદષ્ટિવાળો વિચરણ કરે. (૨૭) બે કોપીન, દંડ, આછાદન વસ્ત્ર, મૃત્તિકા, કમંડલુ, ભિક્ષાપાત્ર, પાદુકા, શીત અને આતપ નિવારણકારી જૂનાં વસ્ત્રોથી બનાવેલ ગોદડી આટલી વસ્તુઓને ભિક્ષુક ધારણ કરે, તેથી બીજું સંગ્રહ કરે નહિ. (૨૮-૨૯) ગોદડી, વસ્ત્ર અને કૌપીન ગૈરિક ધાતુથી રંગેલી જ ધારણ કરે. અતિશય વાદ, ચાડિયાપણું અને પરહિંસામય વાણીનો ત્યાગ કરે. (૩૦) વસ્ત્ર ધારણ કરે કે ન કરે તેમાં નિયમ નથી. જ્ઞાનરૂપ દંડ મુખ્ય જાણે. વેણુ સંબંધી દંડ ગૌણ જાણે. (૩૧) ત્રિદંડીપણામાં પણ જે વેણુથી બનેલા ત્રણ દંડો ગૌણ જ જાણવા, વાણી મન કર્મના દંડોને વિચક્ષણ યતિઓએ મુખ્ય માનવા. (૩૨) સંન્યાસી વાણીદંડમાં મૌનનો આશ્રય કરે, કર્મના દંડમાં ચેષ્ટારહિતપણાનો આશ્રય કરે. મનના દંડમાં પ્રાણાયામનું સમ્યક્ ઉપાશ્રય કરે. (૩૩) સંન્યાસી બ્રાહ્મણોએ આપેલ અધ્યાત્મશાસ્ત્રને ગ્રહણ કરે. અધ્યાત્મ પુસ્તકને લખાવવા માટે ધનસંગ્રહ ન કરે કેમ કે ધનસંગ્રહ યતિધર્મમાં દૂષણરૂપ છે. (૩૪) પત્ર, પુષ્પ, જળ, મૃત્તિકા, મૂળ, ફળ - આ બધું વિનાછુપાવે ખુલ્લેખુલ્લું ગ્રહણ કરે. તેમજ ક્રોધ રહિત અને શુદ્ધ રહે. ભૂમિ ઉપર શયન કરે. (૩૫) સંન્યાસી શબ્દબાણોથી હણાયો થકો પણ શાંત વાણીને જ બોલે. ને નિસ્પૃહ થકો શબ્દે શબ્દે 'નારાયણ'

નામનો ઉચ્ચાર કરે. (૩૬) સંન્યાસી વાણી-મન-કાયાની ક્રિયાઓમાં સદા સાવધાન થાય. જિતેન્દ્રિય થકો સ્નાન, ધ્યાન, તપ, દાન અને યોગને કરે. (૩૭) તેમાં મનોમય રાગાદિનો ત્યાગ તે સ્નાન કહ્યું છે. તત્ત્વાર્થનિશ્ચય તે ધ્યાન કહ્યું છે. વાગાદિ ઇન્દ્રિયો અને મન તેનું એકાગ્રપણું તે પરમ તપ કહેલું છે. (૩૮) ભૂતમાત્રને સંસારનિવૃત્તિરૂપ અભય આપવું તે દાન કહ્યું છે. જીવાત્મા-પરમાત્માનો સંબંધ જોડવો તે યોગ કહેવાય છે. તે આ સ્નાનાદિ પાંચ ગુણોની દ્દઢતા હરિભક્તિથી જે યતિને થાય તે મુક્ત થાય છે. (૩૯) યતિ પ્રાણીમાત્રને હણે નહિ. સુનિશ્ચિત સત્ય બોલે. ગોબ્રાહ્મણાદિકની હિંસા આદિ થતાં હોય ત્યાં જૂઠું બોલવામાં દોષ નથી. (૪૦) ચોરી, વેર, મદ, લોભ, કુટિલતા, સ્ત્રીકથા, શોક, મત્સર, ભય, તૃષ્ણા, જનસ્નેહ-આ બધાનો સંન્યાસી ત્યાગ કરે. (૪૧) જે ક્રોધ જ્ઞાન, તપ, અર્ચન, દાન અને દેહ-આ બધાને બાળી નાખે છે; પ્રાણહારી અને શત્રુ એવા તે ક્રોધને સંન્યાસી દૂરથી જ ત્યાગ કરે. (૪૨) પલંગ, સફેદ વસ્ત્ર, સુરાપાન, દિવસે શયન, તથા અગાઉ ત્યાગ કરેલા સ્ત્રી, પુત્ર કે મિત્રાદિનો પ્રસંગ સંન્યાસીને અધોગતિ આપે છે. (૪૩) વિવેકી સંન્યાસી રસ્તામાં ચાલતી વખતે સદા જંતુરહિત જમીન જોઈ પગ મૂકે. નીચે જોયા વિના વેગથી દોડે નહિ. વસ્ત્રથી ગાળેલા જળને જ પીએ. (૪૪) અને તે મુનિ શાંત, દાંત, સંસારથી નિવૃત્ત, સહનશીલ, શ્રદ્ધાયુક્ત, દયાળુ, ધૈર્યવાન, અને કર્મફળ ત્યાગી બને. (૪૫) વ્રત, ઉપવાસ, નિયમો અને વિષ્ણુપૂજાનો ત્યાગ ન કરે. સદા પ્રણવનો જપ કરે અને તેના અર્થનો વિચાર કરે. (૪૬) ઉપનિષદોનું વારંવાર શ્રવણ-મનન કરે તથા નિદિધ્યાસન કરે. તેથી સંન્યાસી જ્ઞાનવિજ્ઞાન સંપન્ન થાય. (૪૭) આત્મનિષ્ઠ સંન્યાસી સાંખ્યજ્ઞાન વડે દેહ અને આત્માનું સ્વરૂપ જુદું જુએ, જીભ અને ઉપસ્થના વેગને જીતે, તથા અષ્ટપ્રકારે બ્રહ્મચર્યવાળો થાય. (૪૮) જ્ઞાનનિષ્ઠા વડે આત્માના બંધન અને મોક્ષનું અન્વેષણ કરે. ઇન્દ્રિયોનો વિષયોમાં પ્રવેશ તે બંધ અને તેમનો જે સંયમ તે મોક્ષ જાણવો. (૪૯) પોતાના ગુરુની આજ્ઞા પામીને આ પૃથ્વી ઉપર વિચરણ કરે. સારભૂત અને મોક્ષના સાધનભૂત જ્ઞાનની ઉપાસના કરે. (૫૦) ભિક્ષા માટે પુર, ગ્રામ અને વ્રજોમાં જનસમૂહમાં પ્રવેશતો થકો પવિત્ર દેશ, પવિત્ર નદી, પવિત્ર પર્વત, પવિત્ર વન અને પવિત્ર આશ્રમવાળી ભૂમિમાં વિચરણ કરે. (૫૧) પૂછ્યા વગર કશું બોલે નહિ, અન્યાયથી બોલનારા પ્રત્યે કાંઈ બોલે નહિ. પોતે વિદ્વાન અને મેધાવી હોય તો પણ જડની પેઠે વિચરે. (૫૨) એક જ ગામમાં એક જ નદીના કિનારા ઉપર કે એક જ જનરહિત ભવનમાં બહુ દિવસો વાસ ન કરે. (૫૩) યતિ નગરમાં પાંચ દિવસ, ગામમાં એક દિવસ વાસ કરે. જનોના સંગથી મુક્ત પુરુષને પણ સર્વ દોષો થાય છે. આથી જનસંગનો ત્યાગ કરે. (૫૪) હે દ્વિજ ! સંતનો સંગ તો અવશ્ય કરવો. જેથી બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થાય. વ્રત-નિયમોથી વૃદ્ધ સંન્યાસીઓને ગુરુની પેઠે માનતો થકો પ્રણામ કરે. (૫૫) ત્યાગ કરેલ છે સંગ અને ક્રોધ જેણે તથા મિતાહારી અને જિતેન્દ્રિય થકો બુદ્ધિ વડે નવ દ્વારોને ઢાંકી યતિ સદા ધ્યાનનો જ અભ્યાસ કરે. (૫૬) નિત્યકર્મથી યુક્ત એવો યતિ શૂન્યાવકાશોમાં, ગુફાઓમાં, વનમાં તથા નદી કિનારા ઉપર વાસ કરે. (૫૭) પૂર્વરાત્રિ, પાછલીરાત્રિ કે મધ્યરાત્રિમાં અને સંધ્યા સમયમાં આળસરહિત થકો વિશેષપણે પરમાત્માનું ધ્યાન કરે. (૫૮) કોઈ સ્ત્રી સાથે વાતો ન કરે. સંન્યાસગ્રહણ પહેલાં

દીઠેલી કોઈપણ સ્ત્રીને સંભારે નહિ. લૌકિક અર્થવાળા અને ઉપનિષદથી ભિન્ન ગ્રંથોનો અભ્યાસ ન કરે. (૫૯) ચર મૃગાદિક અને અચર વૃક્ષાદિકના પાલનમાં આસક્તિવાળો ન થાય. વિષ-અફીણાદિ તથા બીજરૂપે ધાન્યાદિ અને સુવર્ણઆદિ ધાતુને પોતાની પાસે રાખે નહિ પરંતુ મળમૂત્રની પેઠે તેનો ત્યાગ કરે. (૬૦) જે ગામમાં કે નગરમાં પોતાનો સંબંધી હોય ત્યાં એક દિવસ વાસ ન કરે. તે સંબંધીજનના સુખદુઃખને સાંભળીને હર્ષશોકરૂપ વિકારને કદાપિ પામે નહિ. (૬૧) ભિક્ષુક ક્યારેય પણ સંબંધીના મૃત્યુના શોકથી રોવે છે તો તત્ક્ષણ અનુતાપ પામીને ત્યાંથી ચારસો ગાઉ દૂર જવાથી તે પાપથી મુક્ત થાય છે. (૬૨) વૃદ્ધ હોવા છતાં પણ પોતે વૃદ્ધ સ્ત્રીમાં વિશ્વાસ ન કરે. કેમ કે જીર્ણ થઈ ગયેલી ગોદડીમાં પણ જીર્ણ વસ્ત્ર જોડાય છે જ. (૬૩) બાહ્ય અને આભ્યંતર એમ દ્વિવિધ શૌચનું આચરણ કરે. બાહ્યશૌચ મૃત્તિકાજળ વડે થાય છે અને આભ્યંતર શૌચ તો મન-શુદ્ધિ વડે થાય છે. (૬૪) આત્મનિષ્ઠ એવો સંન્યાસી વ્યાવહારિક અર્થોમાં આસક્ત થાય નહિ. બીજાઓ સાથે વિવાદ ન કરે. ધનસંગ્રહ ન કરે અને અન્ય દ્વારા ધનસંગ્રહ કરાવે નહિ. (૬૫) જે યતિ અજિહ્વ થાય, નપુંસક થાય, લંગડો થાય, બહેરો થાય, આંધળો થાય અને મુગ્ધ થાય તે મુક્ત થાય, બીજો ન થાય. (૬૬) જે યતિ દૈવઈચ્છાથી પ્રાપ્ત થયેલું પ્રિય અથવા અપ્રિય ખાય છે. હિતકારી, થોડું, યથાર્થ અને કોમળ વચન બોલે છે તે સંન્યાસી અજિહ્વ કહેલો છે. (૬૭) જે સંન્યાસી સ્ત્રીદર્શન જનિત ક્ષોભથી રહિત થઈને કુમારી, યુવતી અને સો વર્ષની સ્ત્રીને સમાનપણે જુએ તે સંન્યાસીને પંડક (નપુંસક) માનેલો છે. (૬૮) જે તીર્થસ્થાન કે ભિક્ષા માટે અથવા વિષ્ટામૂત્રના ત્યાગ માટે ચાર કોશથી અધિક જેની ગતિ નથી તે સંન્યાસી પંગુ કહેવાય. (૬૯) ઊભા રહેલા કે ચાલતા જે યતિનું નેત્ર ચાર યુગપરિમિત પ્રદેશથી અધિક પ્રસરતું નથી તે યતિ અંધ કહેલો છે. (ચાર હાથમાપને એક યુગ કહેવાય છે.) (૭૦) જે સંન્યાસી સ્તુતિ-નિંદા, હિત કે અહિત અને મર્મસ્થળને ભેદે તેવું લોકોએ કહેલ વચન સાંભળતો થકો પણ વિકાર પામતો નથી તે બધિર કહેવાય. (૭૧) જે યતિ વિકારનો હેતુ સમીપે હોવા છતાં પણ વિકાર રહિત અને જિતેન્દ્રિય થકો મૂઢની માફક વર્તે તે મુગ્ધ કહેવાય છે. (૭૨) આત્મનિષ્ઠ યતિ પોતાનું નામ, ગોત્ર, કુળ, દેશ, શાસ્ત્ર, આચરણ, બળ, ઉંમર, શીલને કોઈની પાસે ક્યારેય પણ પ્રકાશ ન કરે. (૭૩) સ્ત્રીના લાકડાના પૂતળાને સ્પર્શે નહિ. નારીની ચિત્રપ્રતિમાને જુએ નહિ. નારી, દ્રવ્ય અને રસ આ ત્રણ નિશ્ચેય યતિને પતિત કરે છે. (૭૪) ત્યાગનિષ્ઠ યતિ નિયતનિવાસવર્જિત થાય. દેવાલયમાં કે ગામથી બહાર વૃક્ષ નીચે કે નિર્જન સ્થળમાં વસે. (૭૫) પ્રાણાંતિક ભય વિના કે મળમૂત્રના ત્યાગ વિના રાત્રિએ, મધ્યાહ્નને તથા સંધ્યાસમયે ક્યાંય ન જાય. (૭૬) હે દ્વિજવર્ય ! જે રીતે શરીરને અધિક પીડા ન થાય અને જેમ અકસ્માત મૃત્યુ ન થઈ જાય તેવી રીતે સંન્યાસી શાસ્ત્રરૂપ દૃષ્ટિથી જોતો થકો સ્વધર્મનું આચરણ કરે. (૭૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
ધર્મોપદેશમાં સંન્યાસીના ધર્મોમાં પ્રવ્રજ્યાધિકારાદિ નિરૂપણ નામનો ચાલીશમો અધ્યાય થયો. ॥૪૦॥

●

## અધ્યાય-૪૧

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે દ્વિજ ! સંન્યાસી દૃઢ વ્રતવાળા વાનપ્રસ્થોને ત્યાં સદા ભિક્ષા માગે. કેમકે તેમના અન્ન વડે શીઘ્ર શુદ્ધબુદ્ધિવાળો થઈને (આત્મા-પરમાત્મા સંબંધી) જ્ઞાનસિદ્ધિને પામે છે. (૧) વાનપ્રસ્થોના અભાવમાં ગામમાં રહેલા ઉત્તમ શ્રૌત્રિય બ્રાહ્મણોને ત્યાં ભિક્ષા માગે. અને અશ્રોત્રિય બ્રાહ્મણોના અભાવમાં જેવા મળે તેવા બ્રાહ્મણોને ત્યાં ભિક્ષા માગે. (૨) કોઈના પણ સંગ વિનાનો અને અલક્ષિત થકો ભિક્ષા માટે નગર કે ગામોમાં પ્રવેશ કરે. અહીંતહીં ઘરોની શોભા અને સંપત્તિઓને જુએ નહિ. (૩) સંન્યાસી ભિક્ષા માટે ફરતો થકો ગ્રામ્ય વાર્તાઓને ન સાંભળે તથા અનુરાગથી સ્ત્રીઓને જુએ નહિ અને તે સ્ત્રીઓને તો માતા અને બહેન સમાન ગણે. (૪) માટીનું, લાકડાનું, તુંબડાનું, વાંસનું, વેલાના રેસાનું, પથ્થરનું, પાંદડાનું, ઘાસનું અથવા અતસીસૂત્રથી બનાવેલું - આ બધા પૈકી એક ભિક્ષાપાત્ર યતિઓને ગ્રહણ કરવાનું કહ્યું છે. (૫) આ ભિક્ષાપાત્રોની શુદ્ધિ જળ વડે થાય, ગાયોના પૂંછના વાળ ઘસવાથી થાય. સ્વધર્મમાં રહેલો સંન્યાસી ક્યારેય પણ ધાતુપાત્રને સ્પર્શે નહિ. (૬) ભિક્ષુક બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોના ઘેરથી ભિક્ષા ગ્રહણ કરે. તેમાં આ નિયમ છે. પૂર્વેના અભાવમાં પર થકી ગ્રહણ કરે. (બ્રાહ્મણના અભાવમાં ક્ષત્રિય થકી અને ક્ષત્રિયના અભાવમાં વૈશ્ય થકી ભિક્ષા લેવી.) નિંદિત કર્મવાળાઓનો ત્યાગ કરે. (૭) વેદવેદાંગને ભણેલો બ્રાહ્મણ જો પાપાચારી હોય તો તેના થકી ભિક્ષા લેવી નહિ કેમ કે તેનું અન્ન અશુદ્ધ છે. આહારશુદ્ધિ જ સર્વ માટે બુદ્ધિશુદ્ધિમાં હેતુ છે. (૮) ત્રૈવર્ણિકના અભાવમાં બે ઉપવાસ થયા પછી શૂદ્રની પણ ભિક્ષા લેવી એમ મેધાતિથિ નામે મહર્ષિ કહે છે. (૯) કળિયુગમાં તો જીવિકાના ભેદથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વૃત્તિવાળા બ્રાહ્મણોથી જ યાચના કરે. તેમાં પૂર્વ બ્રાહ્મણવૃત્તિવાળાના અભાવમાં પર કહેતાં ક્ષત્રિય વૃત્તિવાળા બ્રાહ્મણ પાસે યાચે. પરંતુ બિડાલ અને મ્લેચ્છ આદિ વૃત્તિવાળા બ્રાહ્મણ પાસે કદી યાચના ન કરે. (૧૦) શુદ્ધ બ્રાહ્મણ વંશમાં ઉત્પન્ન થયેલો હોય, જાતકર્મ, ચૌલ અને ઉપનયનાદિ સંસ્કારો વડે સંસ્કૃત હોય, વેદાધ્યયન સંપન્ન હોય, ષટ્કર્મ કરનારો હોય, તથા જેમાં સત્ય, શમ, દમ, અદ્રોહ, અક્રૂરપણું, કૃપા, ઘૃણા (કુકર્મમાં મનનો વિષાદ), તપ અને ભક્તિ હોય તે (મુખ્ય) બ્રાહ્મણ કહેવાય. (૧૧-૧૨) વેદાધ્યાયી, શસ્ત્રધારી, દાની, રાજ્યમાં રુચિવાળો, લાજવાળો, અશ્વ અને યુદ્ધપ્રિય, શૂરવીર અને ધૈર્યયુક્ત હોય તે વિપ્ર ક્ષત્રિય કહેવાય. (૧૩) ખેતીકર્મ, વાણિજ્ય, વ્યાપાર, ગોરક્ષા, વ્યાજવટાવ આદિ જીવિકાવાળો અને વેદાધ્યાયી અને દાની હોય તે બ્રાહ્મણ વૈશ્ય કહેવાય છે. (૧૪) સર્વ ભક્ષ્યમાં પ્રીતિવાળો, નિત્ય ઘી-તેલ-લાખ-લવણ નિષિદ્ધ વસ્તુઓને વેચનારો, આચારહીન અને વેદાધ્યયન રહિત બ્રાહ્મણ શૂદ્ર કહેવાય છે. (૧૫) ચોરીપ્રિય, સદા લોભવાળો, દંભી, તુચ્છ વાર્તા વડે લોકરંજન કરનારો, હિસક કર્મમાં રુચિવાળો અને ધૂર્ત હોય તે બ્રાહ્મણ બિડાલ કહેવાય છે. (૧૬) વાવ, કૂવા, સરોવર, ખેતર, તળાવ, બગીચા આદિનો નાશ કરનાર સ્નાનસંધ્યાદિથી રહિત હોય તે બ્રાહ્મણ મ્લેચ્છ કહેલો છે. (૧૭) અભક્ષભક્ષી, મૂઢ, પરસ્ત્રી લંપટ, અપવિત્ર તથા કાર્ય કે અકાર્યને નહિ જાણનારો વિપ્ર પશુ માનેલો છે. (૧૮) દયાહીન, પ્રમાદી, શ્રુતિ-સ્મૃતિ માર્ગને ઉલ્લંઘન કરનારો,

સુરાપાનમાં રત અને માંસભક્ષક બ્રાહ્મણને ચાંડાલ કહેલો છે. (૧૯) બિલાડ મ્લેચ્છાદિ બ્રાહ્મણોને છોડીને ઉત્તમ બ્રાહ્મણોમાં નિંદિત અને પતીતોને પણ છોડીને પવિત્ર એવા ત્રણ પાંચ કે સાત બ્રાહ્મણો પાસે યતિ અન્ન ભિક્ષા માંગે. (૨૦) વૈદ્ય, સ્ત્રી આધીન, પારધી, શલ્યધારી, કુલટા સ્ત્રી, જાળવાળો અને નપુંસક-આ બધાની પાસે યતિ ક્યારેય પણ ભિક્ષાની યાચના ન કરે. (૨૧) હે દ્વિજ ! સંન્યાસીઓને માટે માધુકરી નામની ભિક્ષા ઉચિત માનેલી છે. જેટલી ભિક્ષા વડે ઉદરપૂર્તિ થાય તેટલી જ ભિક્ષા માંગે. (૨૨) જેના ઘેરથી પાંચવાર કે સાતવાર ભિક્ષાર્થી જવા છતાં ભિક્ષા મળે નહિ તે ઘરને ચાંડાલની માફક સર્વદા ત્યાગ કરે. (૨૩) લોભથી ઉપરાઉપર એક જ ઘરે ભિક્ષા માગવા જવું નહિ. અન્ય ઘરોના અભાવમાં તો તે ઘેર પણ દિવસાંતરે (એકાંતરે) જવું. (૨૪) જ્યાં ધુમાડો ન નીકળતો હોય, સાંબલાનો અવાજ આવતો ન હોય, અંગારા પ્રજ્વલિત ન હોય અને જ્યાં જનો જમતા હોય એવા ઘેર બપોર પછી સંન્યાસી નિત્ય ભિક્ષાચરણ કરે. (૨૫) કળિયુગમાં આ નિયમ તો પ્રાયઃ ઘટે નહિ તે હેતુ માટે પ્રથમ જ આને ઘેર ભિક્ષા માગવા જવું. એવો સંકલ્પ કર્યા વગર મધ્યાહ્ન કાળ પછી સાત ઘર સુધી તે સંન્યાસી યાચના કરે (૨૬) જે દેશમાં બહુ અન્ન પાકે અને જે દેશમાં મનુષ્યો અતિથિ વગેરેને માનતા હોય અને જે દેશમાં ઉદ્વેગરહિત થઈને ભિક્ષા આપે છે તે દેશમાં યતિ યત્નથી જાય. (૨૭) જે દ્વિજોને ત્યાં જન્મસૂતક-મરણસૂતક હોય તે દ્વિજોને ભિક્ષા લેવામાં છોડી દે. અને જે ઘરમાં શ્રાદ્ધનો પ્રસંગ હોય ત્યાં ક્યારેય પણ ભિક્ષા ન માગે. (૨૮) ભિક્ષાલિપ્સુ સંન્યાસી કોઈ સમયે બંધ બારણાના છિદ્રમાંથી ન જુએ, ક્યારેય ઊંચા શબ્દે બોલાવે નહિ. વાસેલા દ્વારને દંડ વડે ખખડાવે નહિ. (૨૯) ભિક્ષા સમયે દંડને દક્ષિણ કાખમાં બાહુ વડે ધારણ કરી ડાબા હાથમાં પાત્રને ધારણ કરી, જમણા હાથ વડે ભિક્ષાયુક્ત પાત્રને ઢાંકે. (૩૦) ભિક્ષાટન કરતો યતિ માર્ગમાં જો અપવિત્ર વસ્તુને અડી જાય તો સપાત્ર યથાવિધિ સ્નાન કરી છ પ્રાણાયામોને કરે. (૩૧) રજસ્વળા, શબ, ચાંડાળ, ચોર, નાસ્તિક અને કાપાલિક આટલાંએ સ્પર્શેલી ભિક્ષા ત્યાગ કરી દે અને વસ્ત્રે સહિત સ્નાન કરે. (૩૨) ભીંત, રથ, કાષ્ઠ, મંચ, નૌકા, ગજ, વૃક્ષ, તૃણસમૂહ, જળાશય અને જળપ્રવાહમાં (રજસ્વળાદિકનો) સ્પર્શ હોય ત્યાં જો યતિને સ્પર્શ થાય તો સ્પર્શદોષ નથી. (૩૩) ભિક્ષા લઈને પાછો વળેલો યતિ ભિક્ષાન્ન રહિત પાત્ર જળમાં બોળીને પવિત્ર પ્રદેશમાં મૂકીને પછી પોતે હાથપગ ધોઈને પવિત્ર મૌનયુક્ત થઈને જમવા બેસે. જે અન્નથી ધાતુપ્રકોપ થાય એ અન્ન સંન્યાસી ત્યાગ કરે. (૩૪-૩૫) મુનિ વિષ્ણુનું નૈવેદ્ય જમે. અન્ય દેવનું નૈવેદ્ય ન જમે. અપોષણ આદિ વિધિપૂર્વક જમે. ભિક્ષાને અમૃત માનીને જમે. (૩૬) યતિ દાંત અને હોઠ વડે પ્રાણાહુતિનો ક્યારેય સ્પર્શ કરે નહિ. પ્રાણાહુતિ આપતાં વધેલું અન્ન પોતે ઔષધની માફક જમે. (૩૭) ડાબા હાથમાં પાત્ર ધારણ કરી જમણા હાથ વડે જમે. જેટલા આહારથી દેહ ટકી રહે તેટલો અડધો આહાર કરે. (૩૮) મિતાહારીને કામ કે દર્પ આદિ દોષો બાધ કરતા નથી. સદા એક વખત ભોજન કરે. ભિક્ષિત અન્નનો સંગ્રહ ન કરે. (૩૯) સર્વકાળમાં બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરે. કેમ કે આ લોકમાં દ્વિજન્મા બ્રાહ્મણોનો સંન્યાસ એટલા માટે જ કહેલો છે. (૪૦) યતિ આપત્તિ આવ્યા વિના થોડું પણ ભાતું ગ્રહણ ન કરે અને આપત્કાળમાં એક દિવસ ભોજન ચાલે તેટલું માત્ર જ ગ્રહણ કરે. (૪૧) હે દ્વિજ ! આપત્તિ વિના યતિ જો એક ઘરનું અન્ન ત્રણ

દિવસ પર્યંત જમે તો સો પ્રાણાયમોને કરે. (તો દોષ શાંતિ થાય) (૪૨) અને જે યતિ આપત્તિ વિના પ્રમાદથી જો બીજીવાર જમે તો તપ્તકૃચ્છ્વ્રત કરવા વડે તે યતિ તે દોષમાંથી મુક્ત થાય છે. (૪૩) અશક્ત એવો સંન્યાસી પ્રાણરક્ષા માટે મૂળ કે ફળ બીજીવાર ભક્ષણ કરે તો દોષ નથી. તેમજ ઔષધસેવનથી કે ફરી દાતણ કરવાથી દોષ નથી. (૪૪) હે વિપ્રેન્દ્ર ! મૃત્તિકા, જળ, ભિક્ષા આદિ પદાર્થની યાચના કરવા નિમિતે બ્રાહ્મણ સ્ત્રીની સાથે બોલવામાં યતિને દોષ નથી. પરંતુ તેને માટે પુરુષની અનુપસ્થિતિમાં અને એકાંતમાં બોલે તો યતિ દૂષિત થાય જ. (૪૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં સંન્યાસધર્મોમાં ભૈક્ષવિધિનિરૂપણ નામનો એકતાલીશમો અધ્યાય થયો. ॥૪૧॥

●

## અધ્યાય-૪૨

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

યતિ વાર્ષિક ચાતુર્માસ (અષાઢ એકાદશીથી આરંભી કાર્તિક એકાદશી પર્યંત) એક જ ગામ કે નગરમાં વાસ કરે. આપત્તિ અવસ્થામાં બે માસ સુધી એક ગામ કે નગરમાં વસીને પછી ત્યાંથી જાય. (૧) વર્ષાકાળમાં યતિ જેટલાં ગામોમાં સંચરે તેટલા કૃચ્છ્રોપવાસોને કરે. ત્યારપછી જ શુદ્ધ થાય. (૨) સદાચાર રહિત ગામ કે નગરમાં યતિ વસે નહિ. સારા આચારવાળા પણ જે ગામ કે નગરમાં પોતાના સંબંધી જન હોય ત્યાં વાસ ન કરે. (૩) ચોરના ઉપદ્રવવાળું, બ્રહ્મહત્યાદિ દોષવાળું, કે દુષ્કાળના દુઃખવાળું, રાષ્ટ્રભંગાદિકની પીડાવાળું જો ગામ થાય તો વર્ષાકાળમાં પણ યતિ તેમાં ન વસે. શીઘ્ર તેનો ત્યાગ કરે. (૪) બે મહિને પૂર્ણિમાના દિવસે સંન્યાસીઓને કેશમુંડન કહેલું છે તે મુંડન ચાતુર્માસમાં ન કરાવવું. તથા નદીઓ વર્ષાકાળમાં તરવી નહિ. (૫) આસન, પાત્રલોપ, સંચય, શિષ્યસંગ્રહ, દિવાસ્વાપ અન વૃથાલાપ. આ છ વસ્તુ યતિને બંધન કરનારી છે. (૬) તેમાં વર્ષા સમય વિના એક દિવસથી અધિક ગામમાં નિવાસ તથા પાંચ દિવસથી અધિક નગરમાં નિવાસ તે આસન કહ્યું છે. (૭) તુંબીપાત્ર આદિ પાત્રો કહેલાં છે. તેમાંથી એકનો પણ જે સંગ્રહ ન કરવો તે ભૈક્ષભોજી સંન્યાસી માટે પાત્રલોપ કહેલો છે. (૮) દંડ, પાત્ર આદિ ગ્રહણ કરેલા હોય તેનાથી વધારે ઉપકરણનો કાળાંતરમાં ઉપભોગ માટે સંગ્રહ કરવો તે સંચય કહ્યો છે. (૯) શુશ્રૂષા, લાભ, પૂજા, યશ આદિ સ્વાર્થની લાલસાથી શિષ્યોનો પરિગ્રહ કરવો. પરંતુ કરુણાથી નહિ, તે શિષ્યસંગ્રહ કહેવાય. (૧૦) વિદ્યાદિ ગુણોનું અજ્ઞાનરૂપ અંધકારને નાશ કરવાપૂર્વક હૃદયમાં પ્રકાશ કરવાપણું હોવાથી વિદ્યા દિવસ કહેવાય છે. અવિદ્યા રાત્રિ કહેવાય છે. વિદ્યાના અભ્યાસમાં પ્રમાદ કરવો તે દિવાસ્વાપ કહેવાય છે. (૧૧) આત્મા-અનાત્માના વિવેકરૂપ કથાને છોડી ભિક્ષાન્ન, પાત્ર કે શિષ્યાદિની પ્રશંસા અને રાજાઓ તથા યુદ્ધાદિની વાર્તાઓ તે વૃથાલાપ કહેવાય છે. (૧૨) યતિ જો કોડીમાત્રનો પણ સંગ્રહ કરે તો દરરોજ હજાર ગાયના વધનું પાપ થાય : આ પુરાતની શ્રુતિ છે. (૧૩) યતિ એકવાર પણ જો હૃદયમાં સ્નેહભાવથી સ્ત્રીને જુએ તો બે કોટિ કલ્પ સુધી કુંભીપાકમાં પડે છે એમાં સંશય નથી. (૧૪) સંન્યાસી પુત્રાદિના મરણ પામ્યે સતે

સ્નાન કરે. માતા-પિતાનું મરણ સાંભળી વસ્ત્રે સહિત સ્નાન કરી શુદ્ધ થાય છે. (૧૫) જે પુરુષ સંન્યાસ ગ્રહણ કરી સ્વધર્મમાં ન વર્તે તે યતિને રાજાએ કૂતરાના પગના ચિહ્ન વડે અંકિત કરી તત્કાલ સ્વદેશથી કાઢી મૂકવો. (૧૬) જે યતિ તૃણાદિકને છેદે, વૃક્ષાદિને કાપે, અન્નને રાંધે અને વીર્યપાત કરે તે યતિને જોઈને વસ્ત્રે સહિત સ્નાન જ કરવું. (૧૭) તલ, ધાન્ય, સુવર્ણ, પુથ્વી, ગાયો, દાસી અને મઠ વગેરેનો સંગ્રહ કરનાર યતિને સ્વધર્મનિષ્ઠ યતિઓએ પોતાના મંડલથી બહિષ્કૃત કરવો. તે યતિના દર્શનથી સ્નાન કરવું. (૧૮) જે પુરુષ સંન્યાસધર્મમાં આરૂઢ થઈ પછી ફરી પાછો ગૃહસ્થાશ્રમ કરે છે તે સર્વ ભૂતોએ નિંદા કરવા યોગ્ય અને પિતૃઘાતી થાય છે. (૧૯) સંન્યાસાદિ ત્યાગ કરીને ગૃહીભાવને પામવાથી પોતાના ધર્મથી પડેલા સંન્યાસીઓ તથા વાનપ્રસ્થોને ચાંડાલ જાણવા. તે ચાંડાલ આદિના ઉત્પન્ન થયેલા સંતાનોને રાજા ચાંડાલો સાથે વાસ કરાવે. (૨૦) પોતાના ધર્મથી ભ્રષ્ટ થયેલો ભિક્ષુ અન્નદાન પરાયણ થાય છે તે ધર્મઘ્ન છે. તે પોતાના પાપથી પોતાને અન્ન આપનાર, અન્ન ગ્રહણ કરનાર, અન્ન અને પોતાનો આત્મા આ ચારને હણે છે. (૨૧) રાત્રિમાં ફરી ભોજન માટે અન્ન, શ્વેત વસ્ત્ર, તાંબૂલ, મદ્ય, માંસ, વાહન, રજાઈ, પલંગ, ધન, નારી, વિવિધ રસ આટલી વસ્તુઓને સંન્યાસી જેની ભોગવે છે તે પુરુષનું કુળ તથા પોતાના કુળને રૌરવ નરકમાં નિશ્ચે નાખે છે. (૨૨-૨૩) જ્યારે સંન્યાસી પ્રમાદથી બે ગામમાં ભિક્ષા માંગે તથા અંગરખુ ધારણ કરે તો તે ચાંદ્રાયણવ્રત કરે. (૨૪) ધાન્ય, વૃક્ષ, લતા, મૂળ, ફળ, ફૂલ, પાન જે યતિ ઉખાડે તે યતિ અવિચી નામના નરકમાં પડે છે. (૨૫) સૂક્ષ્મ જંતુઓને હણવામાં, દશ પ્રાણાયામો કરે. સ્વપ્નમાં સ્ત્રીનો સમાગમ કરે તો સ્નાન કરી ત્રણ હજારવાર 'ૐ નમો નારાયણાય' મંત્રનો જપ કરે. (૨૬) સંન્યાસી ઇન્દ્રિયોની દુર્બળતાથી સ્ત્રીને જોઈ જો સ્રવી જાય તો ત્રણ દિવસ ઉપવાસ અને એકસો પ્રાણાયામ કરે. (૨૭) સ્વપ્નમાં જો વીર્યસ્ખલન થઈ જાય તો સ્નાન કરી દશ પ્રાણાયામો કરે. યતિને વીર્યપાતમાં સર્વત્ર ઉપવાસ તો કહેલો જ છે. (૨૮) ભિક્ષાની ક્રિયા વિના સ્ત્રીની સાથે અજાણતાં જો બોલે તો સ્નાન કરી ભગવન્નામ જપ કરતો થકો ઉપવાસ કરે. (૨૯) ધર્માચરણ કરનાર યતિએ અજાણ્યે સ્ત્રીની કથા-શ્રવણાદિ આદિ સાત પૈકી કોઈપણ એક થઈ જાય તો એવી જ રીતે ઉપવાસ પ્રાણાયામાદિ કરવું જ જોઈએ. (૩૦) યતિ જો કામબુદ્ધિથી સ્ત્રી-કથા, શ્રવણ આદિ સાતમાંથી એકને એકવાર કરે તો હરિનામ જપતો થકો તપ્તકૃચ્છ્ર વ્રત કરે. (૩૧) આઠમું ક્રિયાનિર્વૃતિ નામનુ મૈથુન સાક્ષાત્ થઈ જાય તો તે બ્રહ્મચર્યત્યાગ રૂપ પાપનું પ્રાયશ્ચિત શિશ્નનું ઉચ્છેદન સંન્યાસી પોતે જ વનમાં કરી નાંખે. (૩૨) આ લોકમાં પોતાનું કર્મ પ્રસિદ્ધ કરતો સતો ફળમૂળ ખાનારો અને ઇન્દ્રિયોનું દમન કરતો થકો સદા તીર્થોમાં વિચરે અને સત્પુરુષોની પ્રસન્નતા મેળવવાથી શુદ્ધ થાય. (૩૩) જે પુરુષ સંન્યાસી થઈને ફરી મૈથુનનું સેવન કરે તે સાઠ હજાર વર્ષો સુધી વિષ્ટામાં કીડો થાય છે. (૩૪) જો સંન્યાસી કામથી મોહ પામીને ખંજોળવા વડે વીર્યપાત કરે તો તે સાંતપત વ્રત કરી ત્રણ લાખ પ્રણવને જપે. (૩૫) અસત્ આલાપ કરે તો ધર્મભીરુ યતિ અહોરાત્ર ઉપવાસ કરે અને સો પ્રાણાયામ કરે. (૩૬) નિત્ય એક જ ઘરનું અન્નભક્ષણ, મદ્ય, માંસ તથા શ્રાદ્ધભોજન તથા પ્રત્યક્ષલવણ – આટલા યતિઓને જમવામાં અયોગ્ય છે. (૩૭) આમાંથી

એકનું અજ્ઞાનથી ભક્ષણ થાય તો યતિ ભગવન્નામ જપતો થકો પ્રાજાપત્ય કૃચ્છ્ર વ્રત કરે. (૩૮) વાણી, મન અને શરીરથી થનારા જે કેટલાક નિયમના ભંગરૂપ અપરાધ થાય તો સત્પુરુષોને જણાવીને તેઓ કહે તે પ્રાયશ્ચિત કરે. (૩૯) આવી રીતે જે યતિ કોઈ સમયે સ્મૃતિએ કહેલા ધર્મથી ન ચળે તે સંન્યાસીઓના અભિવાંછિત બ્રહ્મલોકને પામે. (૪૦) જે સંન્યાસી આ સંન્યાસ ધર્મોને ભગવત્ ભક્તિએ સહિત આચરે છે તે નિશ્ચય ભગવાનના પરમ પદને પામે છે. (૪૧) કેટલાક આચાર્યો જ્ઞાનસંન્યાસ, વેદસંન્યાસ અને કર્મસંન્યાસ આ પ્રકારે સંન્યાસમાં ત્રણ ભેદ કહે છે. (૪૨) જે યતિ સ્ત્રીપુત્રાદિ સંગથી નિર્મુક્ત અને દ્વંદ્વોરહિત, નિર્ભય અને સ્વસ્વરૂપમાં જ સ્થિતિવાળો છે તે જ્ઞાનસંન્યાસી કહેવાય છે. (૪૩) નિર્દ્વંદ્વ, નિષ્પરિગ્રહ, મુમુક્ષુ અને વિજિતેન્દ્રિય થકો નિત્ય વેદોનો જ અભ્યાસ કરે છે તે વેદ સંન્યાસી કહેવાય છે. (૪૪) અને જે સંન્યાસી અગ્નિઓને આત્માધીન કરીને 'બ્રહ્માર્પણ બ્રહ્મ હવિઃ' આ પ્રમાણે કર્મો કરતો સતો મહાયજ્ઞપરાયણ છે તે કર્મસંન્યાસી જાણવો. (૪૫) આ ત્રણ પૈકી પ્રથમનો જ્ઞાનસંન્યાસી સર્વોત્કૃષ્ઠ માનેલો છે. તે જ્ઞાનસંન્યાસીને આશ્રમના અંગભૂત કશું કર્તવ્ય નથી, તેમ દંડપાત્રાદિ ચિહ્ન અપેક્ષિત નથી. (૪૬) જો યતિને વૈરાગ્યની દ્ઢતાથી શ્રીહરિની ભક્તિ અને જ્ઞાનની પરિપક્વતા થાય તો દંડપાત્રાદિ લિંગનો પણ ત્યાગ કરે. (૪૭) સુખદુઃખને દેહના પ્રારબ્ધાનુગત જાણીને દંડાદિ લિંગ સહિત આશ્રમનો પણ ત્યાગ કરી વિધિનિષેધને પણ અગોચર થઈ વિચરણ કરે. (૪૮) ગૂઢધર્મનો આશ્રય કરેલો તે વિદ્વાન (જ્ઞાનસંન્યાસી) સર્વ ભૂતોને સંદેહ ઉત્પન્ન કરતો અને વર્ણાશ્રમ ચિહ્ન રહિત થકો મૂઢ જનની માફક જ આચરણ કરે. (૪૯) મોક્ષધર્મોમાં સાવધાન, અલ્પાહારી અને જિતેન્દ્રિય થકો ઉન્મત્ત, બાળક કે જડની માફક અને મૂકની માફક વર્તતો થકો પૃથ્વી ઉપર વિચરણ કરે. (૫૦) બ્રહ્માનંદમાં નિમગ્ન અને ગૃહ-પુત્રાદિમાં સુખેચ્છા રહિત, પરિગ્રહ રહિત એવા યતિને જેમ નદિ આદિનાં જળ મહાસમુદ્રને મળે છે તેમ ચોમેરથી સુખ જ પ્રાપ્ત થાય છે. (૫૧) હે વિપ્ર ! આવો નિર્વિકલ્પ સમાધિવાળો વિદેહમુક્ત સંન્યાસી ફરી સંસારને પામતો નથી. (૫૩) અને હે દ્વિજ ! જે સવિકલ્પ સમાધિમાં રહેલા જીવનમુક્તો હોય છે તે સાધનદશાને પામેલા અને સાધુપુરુષો જેવી વૃત્તિવાળા વૈષ્ણવો છે. (૫૩) તે ત્યાગી, સંન્યાસીઓએ લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, માન વગેરેનો ત્યાગ કરી સર્વભાવથી શ્રીહરિને જ ભજવા જોઈએ. (૫૪) આ ચાર વર્ણો અને ચાર આશ્રમો મધ્યે જેઓ સામાન્ય કે મહતી વિષ્ણુદીક્ષાને ગ્રહણ કરે તેઓને સામાન્ય ધર્મો તો બધા આ જ જાણવા અને વિશેષ ધર્મો છે તે તો તમોએ (ચતુર્થ પ્રકરણમાં કહેલા) દીક્ષાવિધિથી જાણવા. (૫૬) હે દ્વિજવર્ય ! આ પ્રકારે સમગ્ર વર્ણાશ્રમોના સર્વ ધર્મો મેં કહ્યા. જે પુરુષ આ ધર્મોનો પાઠ કરશે કે સાંભળશે તે પુરુષ ધર્મમાં સ્થિર બુદ્ધિને નિશ્ચય પામશે. (૫૭)

ઈતિશ્રી સંત્સગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં સંન્યાસધર્મોમાં ત્યાગિહેયકર્મતત્પ્રાયશ્ચિતનિરૂપણ નામનો બેતાલીશમો અધ્યાય થયો. ॥૪૨॥

●

## અધ્યાય-૪૩

**શ્રી શિવરામ વિપ્ર બોલ્યા :**

હે જગદ્‌ગુરુ શ્રીહરે ! જે જનો ને વર્ણથી ભિન્ન હોય ને જે બીજા ભિલ આદિ ચોર વૃત્તિવાળા હોય તેમના ધર્મો કહો. (૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે દ્વિજ ! જે ચાર વર્ણોથી ભિન્ન અનુલોમજ કે પ્રતિલોમજ સૂત કે વૈદેહક આદિ હોય અને જે તે થકી ઈતર ચૌર્ય જીવિકાવાળા ભિલ્લ, શક કંકાદિ હોય હે વિપ્ર ! સ્વહિતાર્થી એવા પૂર્વે કહેલા સુતાદિ કે ભિલ્લાદિએ માતાપિતાની શુશ્રૂષા તથા ગુરુની સેવા, બ્રહ્મચારી આદિ આશ્રમવાસીઓની સેવા તથા રાજાઓની સેવા કરવી. (૨-૩) તે સંકરજાતિઓની જીવિકા તેમની કુળપરંપરાથી ચાલી આવતી જાણવી. પરંતુ તેમાં પણ કુલાચારથી પ્રાપ્ત થયેલી હિંસા અને ચોરી સર્વથા ત્યાગ કરવી. (૪) અહિંસા, સત્ય, અક્રોધ, શૌચ અને અદ્રોહ આટલા સામાન્ય ધર્મો સર્વ મનુષ્ય માત્રને માટે કહેલાં છે. (૫) આ સર્વેએ પિતૃયજ્ઞો (શ્રાદ્ધ) કરવા તથા કૂવાઓ, પરબો વગેરે કરાવવું તથા યથાશક્તિ ભક્તિપૂર્વક બ્રાહ્મણોને દાન દેવું. (૬) જો ધનસંપત્તિ હોય તો સર્વયજ્ઞોની દક્ષિણા આપવી અને અન્નવસ્ત્રાદિ વડે સ્ત્રી, પુત્રાદિકનું પોષણ કરવું. (૭) કોઈએ પણ ક્યારેય સર્વ પ્રાણીઓના મધ્યે સ્ત્રીજાતિ સર્વથા ન જ હણવી. જે પોતાની સાથે યુદ્ધ કરવા આવ્યો હોય તેને તો હણવો. બળાત્કારથી પરસ્ત્રીઓ ગ્રહણ કરવી નહિ. (૮) ગાયો, સાધુઓ અને બ્રાહ્મણોની રક્ષા માટે યુદ્ધ કરવું. તપસ્વી, બાળક અને ભીરુને કદાપિ હણવો નહિ. (૯) આ જનોએ તપસ્વીઓની સેવા પોતાનું સર્વસ્વ ખર્ચી નાંખીને પણ કરવી, અન્ન, ફળ અને જળ વડે અતિથિઓનું તર્પણ કરવું. (૧૦) દેવતાઓ, પિત્રીઓ અને વિપ્રોનો ભક્તિપૂર્વક સત્કાર કરવો અને પૂજા કરવી. જે પુરુષો દેવાદિકને પીડા પમાડતા હોય તેમને યથાયોગ્ય શિક્ષા કરવી. (૧૧) ચોરોએ પારકા ખેતરમાંથી ધાન્યનું અપહરણ ન કરવું. જેનું જે જીવિકા સાધન હોય તેનો નાશ ન કરવો. (૧૨) તેઓએ સંતોની આજ્ઞાનું ઉલ્લંઘન મનથી પણ ન જ કરવું. સત્પુરુષોનો અપરાધ કરવાથી સર્વ સુકૃત મૂળ સહિત નિશ્ચે નાશ પામે છે. (૧૩) હે દ્વિજ ! આ પ્રકારે મેં સંકરજાતીય જનો અને દસ્યુ જાતિના ધર્મો તેમના જ શ્રેયને કરનારા મેં તમોને યથાશાસ્ત્ર કહ્યા. (૧૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે ભગવાન શ્રીહરિએ કહેલા ધર્મોને સાંભળીને રાજી થઈને ફરી પ્રભુ શ્રીહરિને એમ પૂછવા લાગ્યા. (૧૫)

**બ્રાહ્મણ પૂછે છે :**

હે સ્વામિન્ ! તમોએ વર્ણ અને આશ્રમ તથા તેમનાથી ભિન્ન એવા સર્વ જનોના ધર્મો પૃથક્ પૃથક્ અનુક્રમથી કહ્યા. (૧૬) હે વિભો ! હવે વર્ણોને લોકમાં તે તે પાપમાં જે પ્રાયશ્ચિતવિધિ કહ્યો છે તેને સાંભળવાની ઈચ્છા રાખું છું. (૧૭) હે જગદ્‌ગુરો ! મહાપાપો અને અલ્પપાપોનું મનુષ્યોએ સર્વથા કરવા યોગ્ય એવું પ્રાયશ્ચિત કહો. (૧૮) તથા હે સ્વામિન્ ! તે તે પ્રાયશ્ચિતમાં કરવાનાં જે સમગ્ર કૃચ્છ્રાદિવ્ર તો તેનાં લક્ષણો પણ કૃપા કરી મને કહેવાને યોગ્ય છો. (૧૯)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે ઉદાર બુદ્ધિવાળા શિવરામ વિપ્રે ધર્મને જાણવા માટે પૂછેલા ભગવાન શ્રીહરિએ પ્રસન્ન થઈને બધુંય ધર્મરહસ્ય યથાશાસ્ત્ર કહેવાનો આરંભ કર્યો. (૨૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
ધર્મોપદેશમાં સંકરજાતિધર્મ નિરૂપણ નામનો તેંતાલીશમો અધ્યાય થયો. ॥૪૩॥

●

## અધ્યાય-૪૪

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્ર ! તમોને સંક્ષેપથી પ્રાયશ્ચિતવિધિ કહું છું. તેનો વિસ્તાર અન્ય શાસ્ત્રોમાં છે, અહીં તો સાર માત્ર કહેવાય છે. (૧) નાનાં મોટાં પાપકર્મોને નાશ કરનાર જે સાધન તે જ અહીંયાં પ્રાયશ્ચિત્ત કહેવાય છે. (૨) મહર્ષિઓએ છ પ્રકારનાં પાપો કહેલાં છે : પાતક, મહાપાપ, ઉપપાપ, પ્રકીર્ણ, અતિપાપ અને અત્યધિપાતક : આ છ પ્રકારના પાપો કામ અને અકામથી કરેલા પ્રત્યેક બબ્બે પ્રકારનાં જાણવાં. (૩-૪) મહાપાપના સમાન જે પાપો તે પાતક નામથી કહેવાય છે. બ્રહ્મહત્યા, સુરાપાન, સુવર્ણચોરી, ગુરુસ્ત્રીગમન, બ્રહ્મહત્યાદિ પાપ કરનારનો સંગ હે ઉત્તમ વિપ્ર ! આ પાંચ મહાપાપો કહેલાં છે. (૫-૬) પાતક નામના પાપ કરતાં જે ન્યૂન પાપ હોય તે ઉપપાતક કહેલું છે. મહાપાપ કરતાં પણ જે પાપ અધિક હોય તે અતિપાપ કહેવાય છે. (૭) તે અતિપાપ કરતાં પણ જે પાપ અધિક હોય તે અત્યધિપાતક જાણવું અને ઉપપાપથી જે ન્યૂન હોય તે અહીં પ્રકીર્ણ નામે પાપ કહેલું છે. (૮) અહીં પંડિતોએ જે પાપનું પ્રાયશ્ચિત્ત કહેલું છે તે અજ્ઞાનથી કરેલા પાપ માટે કહેલું છે. જાણીજોઈને કરેલાં પાપોમાં બમણું પ્રાયશ્ચિત જાણવું. (૯) જાણીને વારંવાર કરેલા પાપમાં પ્રાયશ્ચિત્ત છે જ નહિ. જાણીને વારંવાર પાપ કરનાર પાપી નરક અને કૂતરાં ભૂંડ આદિ કુયોનિમાંથી મુક્ત થતો નથી. (૧૦) કર્તા, કરાવનાર, અનુમોદન આપનાર, સહાય કરનાર અને અનુગ્રહ કરનાર આ બધાય કર્મફળભાગી થાય છે. (૧૧) પાંચમા વર્ષથી ઉપરની તે દશમા વર્ષના અંત સુધીની અવસ્થામાં રહેલા બાળકે કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત ભાઈ, પિતા કે બીજા મિત્રાદિ જન કરે. (૧૨) છ વર્ષથી અંદરના બાળકને પાતક લાગતું નથી. માટે તેને પ્રાયશ્ચિત્ત કે રાજદંડ નથી. (૧૩) અગિયાર વર્ષથી લઈ સોળ વર્ષ સુધીનો બાળક પોતે અડધું પ્રાયશ્ચિત્ત તથા વૃદ્ધ, રોગી અને સ્ત્રીઓ અડધું પ્રાયશ્ચિત્ત કરે. (૧૪) કોઈપણ પુરુષે ક્યારેય પણ જાણી જોઈને પાપ કરવું નહિ. અજ્ઞાનથી એકવાર જો પાપ થઈ જાય તો તે પાપનું પ્રાયશ્ચિત્ત કરે. (૧૫) પાપકર્મ કરનારો પુરુષ સ્નાન કરીને સભ્ય બ્રાહ્મણોને ગાય અને સુવર્ણ આપીને બન્ને હાથ જોડીને પોતાનું પાપ નિવેદન કરે. (૧૬) વેદશાસ્ત્રના અર્થમાં સંપન્ન, ધર્મનિષ્ઠ, જિતેન્દ્રિય, દશથી ઓછા નહિ એવા બ્રાહ્મણોએ કરેલી બ્રાહ્મણોની સભા કહેલી છે. (૧૭) વેદશાસ્ત્રને જાણનારા સાત અથવા પાંચ અથવા ત્રણ પણ બ્રાહ્મણો જે પ્રાયશ્ચિત્ત કહે તે ધર્મ થાય. અથવા આત્મા-અનાત્માના વિવેકને જાણનાર તથા ધર્મશાસ્ત્ર જાણનાર એક પણ જે બોલે તે ધર્મ થાય. (૧૮) બ્રાહ્મણોની જે સભા તેનાથી ક્ષત્રિયોની બમણી માની છે. વૈશ્યોની ત્રણ ગણી કહેલી છે. અને સભાએ કહેલું વ્રત પ્રાયશ્ચિત્ત કહેલું છે.

(૧૯) અધર્મ કહેનારા લાખ મૂર્ખાઓની સભા કહેવાતી નથી. અને લોભિયાઓ અને પક્ષપાતીઓની પણ સભા કહેવાતી નથી. (૨૦) તે સભા કેવળ વૃદ્ધોની કે કેવળ યુવાનોની ન થાય. રમણરૂપવાળા પુરુષોથી પણ ન થાય. ધનવાનોની પણ ન થાય. પણ ત્રણ વિદ્વાન પંડિતોની અથવા એક જ વિદ્વાનની સભા કહેવાય. (૨૧) શાસ્ત્રાધ્યયનથી સંપન્ન, સત્યવાદી, જિતેન્દ્રિય, સદા સદાચારમાં તત્પર અને રાગદ્વેષાદિથી રહિત હોય તે પુરુષ સભાને યોગ્ય છે. (૨૨) ઉંમરથી નાના હોય તોપણ જો ધર્મને જાણનારા દ્વિજો હોય તે જ વૃદ્ધો જાણવા. પણ મૂર્ખ અને વૃથા ધોળા વાળ આવી ગયેલાને વૃદ્ધો ન જાણવા. (૨૩) જ્યાં સત્ય છે ત્યાં ધર્મ છે, જ્યાં અસત્ય છે ત્યાં અધર્મ છે. ધર્મ જય પામે છે, અધર્મ જય પામતો નથી. સત્યનો વિજય થાય છે પણ અસત્યનો નહિ. (૨૪) પ્રાયશ્ચિત્તમાં અને વ્યવહારમાં અને વ્રતના આદેશમાં જો ધર્મ (ન્યાય) અને અધર્મ (અન્યાય) સભા જે કહે તે થાય. (૨૫) જ્યોતિષ, વ્યવહાર, પ્રાયશ્ચિત્ત કે રોગચિકિત્સાને નહિ જાણનારો જે પુરુષ બીજા પ્રકારે બોલે તે મહાપાતકી થાય. (૨૬) સભાએ કહેલી ક્રિયા કરવાથી પાતકી તો શુદ્ધ થાય, પરંતુ સભામાં જો અધર્મ-અન્યાય કહેલો હોય તો સભા પાપયુક્ત થાય છે. (૨૭) માટે પાપથી ડરતા ધાર્મિકોએ સત્યનો સમાશ્રય કરીને સભાના બ્રાહ્મણોએ ધર્મ જ કહેવો, અધર્મ કહેવો નહિ. (૨૮) સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, દુર્બળો, રોગાદિગ્રસ્ત શરીરોવાળા અને ઉપવાસ કરવામાં અશક્ત જનો ઉપર સભાએ અનુગ્રહ કરવો. (૨૯) દેશ, કાળ, વય અને સામર્થ્ય જાણીને ધર્મવેદી ઉત્તમ બ્રાહ્મણોએ અનુગ્રહ કરવો. (૩૦) લોભ, મોહ, ભય કે મિત્રતાથી જો અનુગ્રહ કરે તો તે મૂઢ નિર્ણાયકો નિશ્ચે રૌરવ નામના નરકોને પામે છે. (૩૧) પ્રાચીન, ધર્મને જાણનારા, ધાર્મિક ધર્માચરણપરાયણ મહર્ષિઓએ ધર્મ કહેલો છે. બીજાઓએ કહેલો નથી. આથી તે ધર્મ વિચાર કરીને જ કહેવો. (૩૨) દેશાચાર, કુલાચાર અને ગ્રામાચારને જાણીને જ શાસ્ત્રમાં કહેલો આચાર કહેવો જોઈએ પરંતુ ક્યારેય એકદમ કહેવો નહિ. (૩૩) સભાએ કહેલા પ્રકારે પાતકી પુરુષ વ્રતનું આચરણ કરે તેથી શુદ્ધ થાય અન્યથા નરકને પામે. (૩૪) રહસ્ય પાપ કરનાર જો સ્વયં પંડિત હોય તો ધર્મશાસ્ત્ર જોઈને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરે. બીજો તો સારા વિદ્વાનને પૂછીને પ્રાયશ્ચિત્ત કરે. (૩૫) હે દ્વિજવર્ય ! તેમાં પ્રથમથી મહાપાપોનું તથા સમાન સાધારણ પાપોનું પ્રાયશ્ચિત્ત ઋષિપ્રણીત શાસ્ત્રોને નહિ ઉલ્લંઘન કરીને હું કહું છું. તો સુજ્ઞ જનોએ શક્તિ અનુસારે આ લોકમાં પ્રાયશ્ચિત્ત કરવા યોગ્ય છે. (૩૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
ધર્મોપદેશમાં પ્રાયશ્ચિત્ત વિધિમાં પર્ષન્ નિરૂપણ નામનો ચુંમાલીશમો અધ્યાય થયો. ॥૪૪॥

●

## અધ્યાય-૪૫

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે દ્વિજ ! જો અજાણથી બ્રાહ્મણ બ્રાહ્મણને મારે તો પોતે તે પાપની નિવૃત્તિ માટે બાર વર્ષ સુધી વ્રત કરે. (૧) તે વ્રત કહે છે : પોતે હણેલા બ્રાહ્મણનું કપાળ (માથાની ખોપરી) અથવા તે ન મળે તો બીજા કોઈ બ્રાહ્મણનું માથાનું કપાળ બ્રહ્મહત્યાના બોધ માટે પોતાના હાથમાં ધારણ કરીને

ફરીથી દંડના અગ્રભાગમાં બાંધેલું બીજું કપાળ (કોઈ મરેલા બ્રાહ્મણનું) ધારીને બીજા હાથમાં ખંડિત લાલ રંગનું મૃત્તિકાનું શરાવ ભિક્ષા માટે ધારણ કરતો તે બ્રહ્મહત્યારો એકલો કેવળ કાંબળી વસ્ત્રને ધારીને સર્વ ભૂતોના હિતમાં તત્પર થઈને વનમાં પર્ણકુટી બનાવીને અથવા ગામથી બહાર પર્ણકુટી કરીને વસે અથવા વૃક્ષના મૂળમાં વસે (૨-૩-૪) વનમાં થયેલા ફલાદિથી જીવે અથવા ગામમાંથી ભિક્ષા લાવે, પોતાનું બ્રહ્મહત્યારૂપ કર્મને નિવેદન કરતો થકો અકલ્પિત સાત ઘરોથી યાચના કરે. (૫) સ્થાનમાં આવીને એક જ વાર જમે. જિતેન્દ્રિય, સ્વધર્મમાં રહેલો, જટાને ધારણ કરતો સતો બ્રહ્મચર્યનું પાલન કરે. (૬) નિત્ય ઠંડા પાણીએ સ્નાન કરે, પાપની શુદ્ધિ માટે તીર્થોમાં ગમન કરે, સર્વત્ર પોતાનું પાપકર્મ જાહેર કરે. આમ, બાર વર્ષ પૂરા થાય ત્યારે શુદ્ધ થાય છે. (૭) ચોર, વાઘ આદિથી બ્રાહ્મણ અને ગાયોનું રક્ષણ કરતો થકો જો મૃત્યુ પામે અથવા જીવે તોપણ બાર વર્ષ પૂરા થયા પહેલાં શુદ્ધ થાય છે. (૮) કોઈપણ રાજાના અશ્વમેધ યજ્ઞના અંતે રાજાઓ અને બ્રાહ્મણોનો જેમાં સમાગમ છે એવા અવભૃથમાં પોતાનું પાતક જાહેર કરી તેમની સાથે સ્નાન કરીને પણ તત્કાળ બાર વર્ષ પૂર્ણ થયા વગર શુદ્ધ થાય છે. (૯) બાર વર્ષાત્મક બ્રહ્મહત્યા વ્રત શરૂ કર્યા પછી વચ્ચે કોઈ તીવ્ર રોગવાળા બ્રાહ્મણને અથવા ગાયને ઔષધો વડે નીરોગી કરે તો તે ભોગવેલાં વર્ષોથી જ શુદ્ધ થઈ જાય છે, બાકીનાં વર્ષો વ્રત કરવાનું રહે નહિ. (૧૦) પ્રાયશ્ચિત્તનો સમારંભ કર્યા પછી કર્તા મૃત્યુ પામી જાય તો તે પ્રાણી મરણને દિવસે જ આ લોક અને પરલોકમાં શુદ્ધ થઈ જાય છે. (૧૧) પાપીને અનુગ્રહ કરનાર તે પ્રાયશ્ચિત નવ વર્ષાત્મક કરે. પ્રયોજક વ્રત અડધું કરે. અનુમોદક સાડા ચાર વર્ષ વ્રત કરે. (૧૨) પ્રોત્સાહક, શસ્ત્રદાતા, માર્ગદર્શક તથા આશ્રયદાતા વગેરે આ વ્રત ત્રણ વર્ષ સુધી કરે. જે પુરુષ વચનથી બ્રાહ્મણને હણીશ એવા ઉચ્ચારણથી બ્રહ્મહત્યારૂપ પાપનું આચરણ કરે તો તે પુરુષ દોઢ વર્ષ સુધી આ વ્રત કરે. (૧૩) જે પુરુષ સંકલ્પ માત્રથી જો બ્રહ્મહત્યાને કરે તો તે પણ બાર દિવસ ઉપવાસ કરી પછી પંચગવ્ય વડે શુદ્ધ થાય છે. (૧૪) વિદ્યાથી ગુણરહિત એવો પણ બ્રાહ્મણ ગૃહક્ષેત્રાદિના કારણથી તિરસ્કાર કરાયો થકો ક્રોધથી જો આપઘાત કરી મરણ પામે તો તિરસ્કાર કરનાર બ્રાહ્મણ ત્રણ વર્ષ પર્યંત કૃચ્છ્વ્રતને કરે. અથવા પોતાની શુદ્ધિ માટે સરસ્વતી નદીના સાગરપ્રવેશ સ્થાનથી આરંભીને ઉત્પત્તિસ્થાન પર્યંત તીર્થાટન કરે પછી નિર્ગુણ બ્રાહ્મણને મરવામાં નિમિત્ત ભૂત પાપી શુદ્ધ થાય અને મરેલ વિપ્ર પણ બંધનથી મુકાય છે. (૧૫-૧૬) આ જે બાર વર્ષાત્મક પ્રાયશ્ચિત્ત કહ્યું તે વિદ્યાદિ ગુણ રહિત બ્રાહ્મણવધ માટે જાણવું. સગુણ બ્રાહ્મણવધમાં તો બમણું પ્રાયશ્ચિત કહ્યું તે વિદ્યાદિ ગુણ રહિત બ્રાહ્મણવધ માટે જાણવું. સગુણ બ્રાહ્મણવધમાં તો બમણું પ્રાયશ્ચિત્ત કરે. (૧૭) બમણું પ્રાયશ્ચિત કરવામાં અસમર્થ હોય તો પહેલું બાર વર્ષનું પ્રાયશ્ચિત્ત કરીને બીજા બાર વર્ષના પ્રાયશ્ચિત્ત માટે ઉત્તમ બ્રાહ્મણોને હજાર ગાયોનું દાન આપે. (૧૮) જો અજાણતા બ્રાહ્મણને ક્ષત્રિય અથવા વૈશ્ય હણે તો ક્ષત્રિય બ્રાહ્મણ કરતાં બમણું અને વૈશ્ય બ્રાહ્મણ કરતાં ત્રણ ગણું પ્રાયશ્ચિત કરે. (૧૯) ગૃહસ્થો માટે જે પ્રાયશ્ચિત્ત છે તે બ્રહ્મચારી માટે બમણું, વાનપ્રસ્થોને ત્રણ ગણું અને સંન્યાસીઓને ચાર ગણું પ્રાયશ્ચિત્ત જાણવું. (૨૦) પિતા આચાર્યાદિ ગુરુજનોનો તિરસ્કાર કે નિંદા, નાસ્તિકભાવથી વેદની નિંદા, અસચ્છાસ્ત્રનો વિનોદ અને આળસ આદિ વડે ભણેલા વેદનું ભૂલી જવું. અભિષેક કરાયેલા

રાજાનો વધ, યજ્ઞાદિમાં દીક્ષિત થયેલાનો વધ, સગર્ભાનો ઘાત, અગ્નિહોત્રીની ભાર્યાનો વધ, અત્રિગોત્રની સ્ત્રી જાતિનો વધ, રજસ્વલાનો વધ, ઔષધાદિ વડે ગર્ભનો ઘાત, શરણાગતનો ઘાત આ બધાં પાપો બ્રહ્મહત્યા સમાન જાણવાં. (૨૧-૨૨-૨૩) બ્રહ્મહત્યાદિ મહાપાપો માટે જે પ્રાયશ્ચિત્ત કહેલું છે તેનાથી અડધું સમાન પાપો માટે જાણવું. હવે સુરાપાનનું પ્રાયશ્ચિત્ત કહું છું. (૨૪) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય અજાણથી એકવાર જો સુરા (દારૂ) પીએ તો તે પુરુષ દ્વિજની સમીપમાં ભીનાં વસ્ત્ર ધારણ કરીને લોઢાના પાત્રમાં સુરાને અગ્નિ જેવી તપાવીને તે જ પાત્રથી પાપી સ્વયં પીએ. તેવા પ્રકારના સુરા પાનથી મરણ પામવાથી શુદ્ધિને પામે છે. (૨૫-૨૬) અથવા બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિત્તની માફક બાર વર્ષના વ્રતનું આચરણ કરે. હાથમાં સુરાના ચિહ્નવાળો ધ્વજ અને સુરાપાન પાત્ર રાખે. (૨૭) બીજું બધું બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિત્તની પેઠે કરે, અનેક તીર્થો કરે. જ્યારે બાર વર્ષનો સમય પૂરો થાય ત્યારે ફરી ઉપનયનાદિ સંસ્કાર વડે શુદ્ધ થાય છે. (૨૮) અસાવધાનતાથી પાણીના ભ્રમથી મદિરાપાન થઈ જાય તો તેનું વમન કરી નાખે અને તે પાપને નાશ કરનારું શક્તિમાન પુરુષ ત્રણ વર્ષનું વ્રત કરે. અશક્ત માટે એક વર્ષનું વ્રત કહ્યું છે. (૨૯) જો વિપ્ર કે દ્વિજ પુરુષ અજ્ઞાનથી સુરા પીએ તો તે પુરુષને ફરીથી ઉપનયનાદિ સંસ્કાર કરવાથી શુદ્ધિ થાય એમ પરાશર મુનિએ કહ્યું છે. (૩૦) જે પુરુષ દરરોજ રાત્રે તલનો ખોળ અથવા ચોખાની કણકીનું એકવાર ભોજન કરે, પંચગવ્યનું પાન કરે તેથી શુદ્ધિ પામે. (૩૧) ઔષધોમાં કોઈ અજાણ્યા વૈદ્યે મેળવીને આપેલી મદિરાનું પાન કરીને કાળાંતરે સુરા પીધાનું જ્ઞાન થાય ત્યારે અજ્ઞાનથી મદિરા પીનારો ચાંદ્રાયણ વ્રત કરે અને યથાશક્તિ દાન કરે. (૩૨) કોઈ દ્વિજ જો સુરાપાત્રમાં રહેલું જળ પીએ તો દૂધમાં પકાવેલી બ્રાહ્મી સુવર્ચલા બાર દિવસ સુધી પીએ. (૩૩) જે જાણી જોઈને સ્વેચ્છાથી પ્રત્યક્ષ સુરાની ગંધ સૂંઘે તો દ્વિજ સાંતપનકૃચ્છને કરે. જો અજાણથી સૂંઘે તો પ્રાજાપત્ય વ્રત કરે. (૩૪) સર્વદા નિષેધ કરેલાં લસણ વગેરે અભક્ષ્યનું બુદ્ધિપૂર્વક ભક્ષણ, ગુરુજનો આગળ કુટિલપણું, પોતાના ઉત્કર્ષ નિમિત્તે રાજસભાદિમાં અસત્ય ભાષણ, સુહૃદનો વધ, ખોટી સાક્ષી પૂરવી, રજસ્વલામુખચુંબન - આ બધાં પાપો સુરાપાન સમાન કહેલાં છે. આ મહાપાતક સમાન પાપમાં અડધું પ્રાયશ્ચિત્ત કહેલું છે. વૃદ્ધ, બાળક, આતુર અને સ્ત્રીઓનો વિધિ તો પૂર્વે કહેલા પ્રકારે જાણવો. (૩૫-૩૬-૩૭) જો ત્રૈવર્ણિક જન બ્રાહ્મણનું પાંચ માસ જેટલું સોનું ચોરે તો તેનું પ્રાયશ્ચિત્ત હું કહું છું. (૩૮) બ્રાહ્મણનું સોનું ચોરનારો ભીનાં વસ્ત્રોવાળો, છૂટા કેશવાળો, લોઢાનું મુસળ લઈને રાજસભામાં જઈને પોતાનો દોષ રાજાને નિવેદન કરે. (૩૯) પછી તે સુવર્ણ ચોર - 'આ મુસળ વડે મને મારો' એમ કહે. પછી ધર્મને જાણનાર રાજા પોતે તે મુસળ વડે એકવાર પ્રહાર કરે. (૪૦) આમ એકવાર તાડન કરવાથી જો તે મરી જાય તો શુદ્ધિને પામે છે અથવા તાડન કરવા છતાં જીવી જાય તોપણ શુદ્ધ થઈ જાય અથવા તો પૂર્વની માફક બાર વર્ષનું વ્રત કરે. (૪૧) જો રૂબરૂ જ બળજબરીથી સોનું હરેલું હોય તો હાથમાં લાકડાની તલવાર ધારણ કરતો થકો અને જો પરોક્ષ સોનું હરેલું હોય તો ધ્વજમાં ચિહ્ન તરીકે લોઢાનું ખાતરીયું ધારણ કરતો થકો વ્રત કરે. (૪૨) જો સોનું સોળમાસાથી અધિક અથવા ઓછું લીધેલું હોય તો વ્રતના આચરણરૂપ પ્રાયશ્ચિત્તમાં અધિક-ન્યૂનપણું કરવું. ઓછામાં ઓછું પ્રાયશ્ચિત્ત અને અધિકમાં અધિક પ્રાયશ્ચિત્ત કરવું. (૪૩)

જો આપત્તિથી કહેતાં દરિદ્રાવસ્થાથી સોનું હરે તો ચોરીમાં દોષ જાણનાર પુરુષ છ વર્ષ પર્યંત સુવર્ણચોરીનું વ્રત કરે. અથવા તીર્થોમાં ભમે તેથી દોષમુક્ત થાય છે. (૪૪) જે મનથી પણ બ્રાહ્મણનું સોનું અપહરણ કરે તે પુરુષ બ્રહ્મચર્યાદિ નિયમ અને વ્રતવાળો થઈ બાર દિવસ સુધી કેવળ વાયુભક્ષણ કરનારો થાય. (૪૫) બ્રાહ્મણના દાસ-દાસી, અશ્વ, ગાય, પૃથ્વી કે રત્નનું અપહરણ તથા કોઈપણ પુરુષની થાપણની ઉચાપત આ બધાં સુવર્ણચોરી સમાન કહેલાં છે. (મહાપાપસમ પાતકમાં મહાપાપના પ્રાયશ્ચિત્તનું અડધું પ્રાયશ્ચિત્ત કરવું.) (૪૬) ગુરુ-સ્ત્રી-ગમન ચોથું મહાપાતક કહેવાય છે. પિતા મુખ્ય ગુરુ માનેલા છે. સાવકી માતા ગુરુ સ્ત્રી માનેલી છે. (૪૭) જો ચારેય વર્ણનો કોઈપણ પુરુષ એકવાર અપરમાતા(ગુરુસ્ત્રી)નો અંગસંગ કરે તે મહાપાપ જાણવું. તે પાપનું પ્રાયશ્ચિત્ત આ પ્રમાણે કરવું. (૪૮) ગુરુસ્ત્રી સંગકર્તા પુરુષ શરીરનાં સર્વ રૂવાડાં મુડાવીને આખા શરીરે ઘીનો લેપ કરીને દિગમ્બર થઈને પોતાનો દોષ સર્વત્ર જાહેર કરીને તપાવેલી લોખંડની શય્યામાં, અગ્નિથી તપાવેલી લાલચોળ લોખંડની પ્રતિમાને આલિંગીને સૂઈ જતાં મરણ પામે. તે દેહાંતપ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે. (૪૯-૫૦) અથવા લિંગે સહિત બન્ને વૃષણનું છેદન કરી પોતાના હાથ વડે ધારણ કરી પાછળ જોયા વગર નૈર્ઋત્ય દિશામાં ગમન કરે. (૫૧) જ્યાં સુધી ચાલવાના માર્ગને ભીંત-વાડ વગેરે અંતરાય કરનારું આડું ના આવે ત્યાં સુધી સીધેસીધો ચાલીને પછી માર્ગમાં ભીંત વગેરે જ્યાં અંતરાય આવે તે સ્થળમાં જ મરણ પર્યંત ઊભો રહે, પછી મરણથી શુદ્ધ થાય. (૫૨) અથવા હાથમાં લિંગના ચિહ્નવાળા ધ્વજને ધારણ કરી બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિત્તની પેઠે બાર વર્ષનું વ્રત કરે. બાર વર્ષ પૂરાં થયે શુદ્ધ થાય. (૫૩) પરાશરમુનિ તો આ ગુરુસ્ત્રીગમનનું પ્રાયશ્ચિત્ત કરવા અશક્ત પુરુષ માટે દેશકાળાનુસારે અત્યંત નાનું પ્રાયશ્ચિત્ત કહે છે. (૫૪) જિતેન્દ્રિય થકી એક વર્ષ સુધી કૃચ્છ્વ્રત કરે. અથવા પ્રાજાપત્ય વ્રત કરે અથવા ત્રણ માસ સુધી ચાંદ્રાયણ વ્રત કરે. (૫૫) માતાની બહેન, પિતાની બહેન, કાકાની સ્ત્રી, મામી, આચાર્યની સ્ત્રી, મિત્રની પત્ની, સગોત્રવાળી સ્ત્રી, વ્રત કરનારી, સાસુ, સંન્યાસિણી, રાણી, શિષ્યની સ્ત્રી, મંત્રોપદેષ્ટાની પત્ની, બહેનની સખી, રજસ્વલા સ્ત્રી, કોઈએ થાપણ મૂકેલી સ્ત્રી, શરણાગત સ્ત્રી, બ્રાહ્મણ સ્ત્રી, કુમારી, ધાવ, અન્ન આપનારી સ્ત્રી-આટલી સ્ત્રીઓ પૈકી કોઈપણ એકના પ્રત્યે ગમન કરનારો પુરુષ ગુરુ-સ્ત્રીના પ્રત્યે ગમન કરનાર સમાન કહેવાય છે. (૫૬-૫૮) આ ગુરુ-સ્ત્રી-ગમન સમાન પાપકર્તાએ જો જ્ઞાનથી બુદ્ધિપૂર્વક પાપ કર્યું હોય તો લિંગનું છેદન કરવું અથવા નવ વર્ષ પર્યંત વ્રત કરવું. જો અજ્ઞાન કે અનિચ્છાથી પાપ કરેલું હોય તો છ વર્ષ પર્યંત વ્રત કરવું. (૫૯) જો પુરુષ માતા, બહેન, પુત્રી કે પુત્રવધૂના પ્રત્યે ગમન કરે તો તે અતિપાપ ગણાય છે. તેનું પ્રાયશ્ચિત્ત અગ્નિપ્રવેશ જાણવું. (૬૦) જે પુરુષને એક વર્ષ પર્યંત બ્રહ્મહત્યાદિ મહાપાપીનો સંબંધ ભોજન, આસન, શય્યાદિ વડે થાય છે તે પણ મહાપાતકી થાય છે. (૬૧) જે પાપીનો તે પુરુષને સંસર્ગ થાય તે પુરુષનું જે પ્રાયશ્ચિત્ત વ્રત કહેલું છે તે બાર વર્ષ સુધી પ્રાયશ્ચિત્ત કરે ત્યારબાદ શુદ્ધ થાય છે. (૬૨) સંસર્ગ દોષ સર્વ પાપોમાં જાણવો. પાપ કરનારને જે વ્રત કહેલું છે તે જ વ્રત સંગ કરનાર પણ કરે (૬૩) પાપીના સંસર્ગીનો જે સંસર્ગી હોય તે પુરુષ એકપાદ ન્યૂન એવું પ્રાયશ્ચિત્ત કરે. એવા ક્રમથી સંસર્ગીઓમાં તારતમ્ય જાણવું. (૬૪) આ પ્રાયશ્ચિત્ત પ્રકરણમાં અહીં બાર વર્ષ પર્યંત

આદિક જે નૈમિત્તિક વ્રત કહ્યું તે યથાશક્તિ જપ-પાઠ વગેરેથી સિદ્ધિ આપનારું કહ્યું છે. આ વ્રત વિદ્યાવાળા દ્વિજાતિ જનોએ કરી શકાય એમ છે. (૬૫) આથી સ્ત્રીઓ અને વિદ્યા વિનાના જનોએ કરી શકાય પણ 'શ્રી કૃષ્ણાય નમઃ' 'શ્રી નારાયણાય નમઃ' 'શ્રી વિષ્ણવે નમઃ' ઇત્યાદિ નામમંત્રનો જપ કરવો. (૬૬) વેદમંત્રના અધિકારે રહિત એવો શૂદ્ર પણ આ ભગવાનના નામોચ્ચારણથી બાર વર્ષ આદિ કાળે શૂદ્ધ થાય છે તથા દાન, ઉપવાસ તથા ગાયો-બ્રાહ્મણોની સેવા વડે નિશ્ચે શૂદ્ધ થાય છે. (૬૭) હે ઉદાર બુદ્ધે ! મેં મહાપાપોના પ્રાયશ્ચિત્ત આદિનો સંક્ષેપ તમોને કહ્યો. બીજો સવિસ્તર સર્વ વિધિ મિતાક્ષરાદિથી જાણવો. (૬૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
ધર્મોપદેશમાં પ્રાયશ્ચિત્તવિધિમાં મહાપાતકપાતકાતિપાતકપ્રાયશ્ચિત્ત નિરૂપણ નામનો
પિસ્તાલીશમો અધ્યાય થયો. ॥૪૫॥

●

## અધ્યાય-૪૬

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે દ્વિજ ! એક માસ પર્યંત ચાંદ્રાયણ વ્રતથી જ અથવા દૂધપાનથી ઉપપાતકની શુદ્ધિ થાય, આવો સામાન્ય નિર્ણય છે. (૧) ગૌહત્યા, સમયસર યજ્ઞોપવીત ધારણ ન કરવી, ચોરીનું કર્મ, ફળ-પુષ્પાદિનો વિક્રય, પારિવિત્ય કહેતાં નાનાભાઈનો વિવાહ થઈ ગયા પછી મોટાનો વિવાહ જ ન થવો, પરિવેદન કહેતાં મોટાભાઈને રહતે થકે નાનાભાઈનો દારાગ્નિ સંયોગ, ભૃતકાધ્યાપિતત્વ કહેતાં અધ્યાપકને મૂલ્ય આપી સેવક બનાવી તેની પાસેથી અધ્યયન કરવું, ભૃતકાધ્યાપન કહેતાં મૂલ્ય લઈને અધ્યાપન કરવું. પરદારાસેવન, સ્ત્રી આદિનો વધ, નાસ્તિકપણું, અવકીર્ણિતા કહેતાં બ્રહ્મચારીને સ્ત્રીનો પ્રસંગ, તળાવ વગેરે વિક્રય, હીન યોનિનું સેવન, ઋણાનપાક્રિયા કહેતાં કરેલું કરજ પાછું ન આપવું વગેરે ઉપપાપો જાણવાં. તેનું પ્રાયશ્ચિત્ત અનુક્રમે કહું છું. (૨-૩-૪) જો બ્રાહ્મણ અજાણથી દુર્બળ વૃદ્ધ ગાયને લાકડીથી કે પથ્થરથી મારે અને તે ગાય મરી જાય તો તે બ્રાહ્મણ એક માસ નિરાહાર થઈ, પંચગવ્યનું પાન કરનારો અહિંસાદિ નિયમોનું પાલન તથા બ્રહ્મચર્યવ્રતનિષ્ઠ થઈ નિત્ય ગોસેવામાં તત્પર થાય. (૫-૬) ગોઘાતક ધૈર્યયુક્ત થકો ત્રણે કાળ સ્નાન કરે. વનમાં જતી ગાયની પાછળ ઉઘાડા પગે ગમન કરે. ગાય જે જે સ્થળે જાય ત્યાં તેની પાછળ જાય, ગાયને રોકે નહિ. (૭) ગાય ઊભી રહે તો પોતે ઊભો રહે, ગાય ચાલે ત્યારે પોતે ચાલે તે બેસે ત્યારે બેસે, ગરમી, ઠંડી અને વાયુને સહન કરે. (૮) તે વ્રતી સાયંકાળે ગૌશાળામાં ગાયની સમીપમાં પાથર્યા વગર પૃથ્વી ઉપર શયન કરે. આ પ્રમાણે પ્રતિદિન કરતો અને જિતેન્દ્રિય થકો માસ પર્યંત કરે. (૯) ચોર-વ્યાઘ્રાદિથી ભય પામેલી, રોગથી પીડા પામેલી, ખાડામાં પડી ગયેલી કે કાદવમાં ફસાયેલી ગાયને પ્રાણો વડે પણ બચાવે. (૧૦) જો પોતાના કે બીજાના ઘર, ખેતર કે ખળામાં ગાય ખાતી હોય તો બીજાને ન કહે. વાછડો ધાવી જતો હોય તો તે પણ ન કહે. (૧૧) આ પ્રમાણે એક માસ વ્રત કરીને માસને અંતે ઉત્તમ પાત્ર બ્રાહ્મણને સોનાની શીંગડીઓવાળી, રૂપાની ખરીઓવાળી, વાછરુએ સહિત, કાંસાના દોવાના પાત્રવાળી. તામ્રપૃષ્ઠા, સારા સ્વભાવવાળી,

વસ્ત્રે સહિત, રત્નમય લોચનવાળી, કિંમત આપીને ખરીદેલી એકવાર પ્રસવવાળી, રૂપાળી અને બહુ દૂધવાળી : આવી ગાયનું યથાવિધિ દાન કરે. (૧૨-૧૩) ગાયના દાન પછી ધનના શઠપણાથી રહિત વ્રતી દક્ષિણા આપે. પછી બ્રાહ્મણોને તૃપ્ત કરીને તેમની આજ્ઞાથી શુદ્ધ થાય છે. (૧૪) જો શ્રોત્રિય બ્રાહ્મણની ગુણવાળી ગાયને જો શસ્ત્રથી હણે તો ભિક્ષા માગી ખાતો સતો ત્રણ વર્ષ સુધી પૂર્વે કહેલું વ્રત કરે (૧૫) તે શ્રોત્રિયની ગાયને મારનારો તે હણેલી ગાયનું ભીનું ચામડું ઓઢી પોતાના ગાયહનનરૂપ દુષ્કર્મને પ્રકાશ કરતો થકો ત્રણ વર્ષનો સમય પૂરો થાય ત્યારે ગોવધથી પવિત્ર થાય છે. (૧૬) જો ગાયના પૂંછનું છેદન કરે કે હાડકાં ભાંગી નાખે કે દાંતને કે શીંગડાને ઉપાડી ભાંગી નાખે તો અર્ધો માસ વ્રત કરે. (૧૭) વીજળી પડવાથી કે અગ્નિ દાહ વડે કે ભીંત આદિના પડવાથી જો ગાયો મૃત્યુ પામે તો એમાં મનુષ્યોને દોષપાપ નથી. (૧૮) આ કહેલું પ્રાયશ્ચિત બ્રાહ્મણ માટે પૂરેપૂરું જાણવું. ક્ષત્રિયને એક પાદ ઓછું જાણવું, વૈશ્ય અર્ધું કરે અને શૂદ્ર એક પાદ કરે. (૧૯) જે વિપ્ર મુખ્ય અથવા ગૌણ કાળમાં ઉપનયન સંસ્કારે રહિત હોય તે વ્રાત્ય કહ્યો છે. જો વ્રાત્ય વિપ્ર સોળ વર્ષ વીતી જવા છતાં પણ જો ઉપનયન સંસ્કાર ન પામે તો તે પાપની નિવૃત્તિ માટે બે માસ સુધી માત્ર જવનો સાથવો જ જમે, પછી એક માસ માત્ર દૂધ પીએ, પછી પંદર દિવસ આમિક્ષા (ઊના દૂધમાં દહીં મેળવવું) ભોજી થાય, પછી આઠ દિવસ કેવળ ઘી જમે, તે પછી છ દિવસો યાચના વિના મળે તે ખાય, પછી ત્રણ દિવસ જલપાન કરી જીવન ચલાવે, પછી અહોરાત્ર ઉપવાસ કરે ત્યારબાદ ઉપનયન સંસ્કાર વડે શુદ્ધ થાય. (૨૦-૨૨) બીજું સ્તેયરૂપ ઉપપાપ છે તેમાં પ્રાયશ્ચિત્ત કહીએ છીએ : 'બ્રાહ્મણ બ્રાહ્મણના ઘેરથી ધાન્યની ચોરી કરે અથવા સુવર્ણ વિના બીજા ધનને અપહરણ કરે તો શુદ્ધ થઈ નિયમપાલનમાં તત્પર અને બ્રહ્મચર્યને પાળતો થકો એક વર્ષ સુધી કૃચ્છ્રવ્રતો કરે, તેમ કરવાથી શુદ્ધ થાય. (૨૩-૨૪) બ્રાહ્મણ જો ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્રના ઘેરથી ધાન્યાદિ ચોરે તો બ્રાહ્મણધન હરણ કરતાં અર્ધું (છ માસ) પ્રાયશ્ચિત્ત કરે, વૈશ્યધન હરણનું તેથી અર્ધું (ત્રણ માસ) અને શુદ્રધન હરણનું તેથી પણ અર્ધું (દોઢ માસો પ્રાયશ્ચિત્ત કરે). (૨૫) જે પુરુષ રત્નો, ધાતુઓ, ધાન્ય, પશુઓ, ઘાસ કે કાષ્ઠાદિને ચોરે તો તેમાં તે તે વસ્તુના મૂલ્યાનુસારે પ્રાયશ્ચિત જાણવું. (૨૬) એકવાર ભોજન થાય તેટલા ધાન્ય સમાન મૂલ્યવાળું દ્રવ્ય હરણ કરે તો પંચગવ્ય ભક્ષણ કરતો થકો ઉપવાસ કરે તો શુદ્ધ થાય. (૨૭) એકવાર ભોજન કરતાં જો બમણું દ્રવ્ય ચોરેલું હોય તો બે દિવસ ઉપવાસ કરે તેથી શુદ્ધ થાય. (૨૮) આ અનુક્રમથી ચોરીમાં આવેલા પદાર્થને અનુસારે પ્રાયશ્ચિત જાણવું. પ્રથમ ચોરેલું પદાર્થ તેના સ્વામીને આપે પછી વ્રતનું આચરણ કરે. (૨૯) જેટલા પ્રાયશ્ચિતના દિવસનો અવધિ હોય ત્યાં સુધી યથાશક્તિ નિરંતરપણે કૃચ્છ્રવ્રતોને કરે. (૩૦) જે પુરુષ પૃથ્વી, સોનું, ગાય કે ઘોડા ચોરીથી લે તે પુરુષ તે પૃથ્વી આદિના માલિકને પાછું આપીને તેને પ્રયત્નપૂર્વક પ્રસન્ન કરીને તે માલિકે 'તું શુદ્ધ થઈ ગયો' એમ કહેવાયેલો તે પાપ થકી શુદ્ધ થાય છે. (૩૧) અથવા તો રાજાને નિવેદન કરી તે રાજાએ દ્રવ્યા-દંડાદિથી શુદ્ધિને પમાડેલ હોય તો પણ શુદ્ધ થાય છે અથવા રાજાએ દયાથી મુક્ત કરેલો હોય અથવા પોતે કરેલા તપથી શુદ્ધ થાય. (૩૨) જો બ્રાહ્મણ નહિ વેચવા યોગ્ય રાંધેલું અન્ન, ગોળ, તલ, પુષ્પ કે ફળ વેચે તો સૌમ્ય કૃચ્છ વ્રત કરે. (૩૩) લાખ, મીઠું, તેલ, દૂધ, દહીં, ઘૃત અને ચર્મવસ્ત્રો વગેરેને વેચે તો ચાંદ્રાયણ

વ્રતનું આચરણ કરે. (૩૪) મનઃશિલા, છીપલીઓ, ગૂગળ, અંજન, ગૈરિક ધાતુ, હિંગ, કામળી, ગાય, શીંગડાં, પાષાણ, શસ્ત્ર, હાડકાં, નખ, ઘર, મણિ, મુક્તાફળ, પ્રવાળ, વાંસ, વાંસની બનાવેલી વસ્તુ, મૃત્તિકાનો ઘડો, કોડિયાં, પૃથ્વી આદિનો વિક્રય કરી બ્રાહ્મણ તપ્તકૃચ્છ્રવ્રત કરે. (૩૫-૩૬) સગો મોટો ભાઈ હોવા છતાં નાના ભાઈનો સ્ત્રી-અગ્નિ પરિગ્રહ તે પરિવેદન કહેવાય છે અને તે નાનો ભાઈ પરિવેત્તા કહેવાય છે. (૩૭) પરિવેત્તા એવો નાનો ભાઈ રહે સતે મોટાભાઈનો સ્ત્રી-અગ્નિ પરિગ્રહ તે પરિવત્ર્ય કહેવાય તે મોટોભાઈ આ લોકમાં પરિવિત્ત કહેલો છે. (૩૮) આ પરિવેત્તા અને પરિવિત્તિ બન્ને વિપ્ર ગૃહોમાં એક વર્ષ પર્યંત ભિક્ષા કરતાં થકા પ્રાજાપત્ય કૃચ્છ્રવ્રત વડે કરીને બંને તે દોષ થકી શુદ્ધ થાય છે. (૩૯) જે પણ કરીને ભણે છે અને જે વિદ્યાનું મૂલ્ય કરીને ભણાવે છે તે બન્ને દોઢ માસ પર્યંત અગ્નિમાં તપાવેલી બ્રાહ્મી દૂધ સાથે પાન કરીને તે પાપથી શુદ્ધ થાય છે. (૪૦) બ્રાહ્મણ સ્ત્રીઓમાં જો ક્ષત્રિયાદિકનું ગમન થાય તો ગુરુસ્ત્રીગમન પ્રાયશ્ચિતની માફક પ્રાયશ્ચિત જાણવું. જો બ્રાહ્મણ લગારેક વ્યભિચારિણી બ્રાહ્મણીને જાણીને ગમન કરે તો તે બ્રાહ્મણ બ્રહ્મચર્યવ્રત યુક્ત થકો ત્રિવાર્ષિક ભિક્ષાટન, જપાદિક વ્રત કરે. વિપ્ર ક્ષત્રિય સ્ત્રી પ્રત્યે મૈથુન માટે ગમન કરે તો બે વર્ષ સુધી તે વ્રત કરે. (૪૧-૪૨) હે વિદ્વવર્ય ! સર્વ વ્રતમાં તપશ્ચર્યા મુખ્ય જાણવી કારણ કે નિશ્ચયયુક્ત તપ જ પ્રાયશ્ચિત માનેલું છે. (૪૩) જો એક સંગ કરવાથી પણ ગર્ભ રહી જાય તો સર્વ બ્રાહ્મણાદિએ તે પાપની શાંતિ માટે બમણું વ્રત કરવું. (૪૪) બ્રાહ્મણ વૈશ્યની સ્ત્રી પ્રત્યે ગમન કરે તો એક વર્ષ સુધી વ્રત કરે. ક્ષત્રિયાદિ સર્વને પણ સગોત્ર સ્ત્રીગમનમાં ગુરુસ્ત્રીસંગ તુલ્ય પાપ લાગે છે. (૪૫) બ્રાહ્મણ એકવાર પણ શૂદ્ર ગમન કરે તો છ માસનું વ્રત કરે. પરંતુ શૂદ્રીમાં ગર્ભને ઉત્પન્ન કરે તો વિપ્ર ત્રણ વર્ષનું વ્રત કરે. (૪૬) હવે ક્ષત્રિય જો ક્ષત્રિયા (પરસ્ત્રી)ને પામે તો બે વર્ષનું વ્રત કરે, વૈશ્યા (વૈશ્ય સ્ત્રી)ને પામે તો વાર્ષિક વ્રત કરે અને શૂદ્રાને પામે તો છ માસ સુધી વ્રત કરે. (૪૭) વૈશ્ય વૈશ્ય સ્ત્રી પ્રત્યે ગમન કરે તો બે વર્ષ વ્રત કરે તથા શૂદ્ર સ્ત્રી પ્રત્યે ગમન કરે તો એક વર્ષનું વ્રત કરે. અને જો શૂદ્ર શૂદ્રવર્ણની સ્ત્રી પ્રત્યે ગમન કરે તો છ માસનું વ્રત કરે. (૪૮) પ્રતિલોમપણે વ્યભિચાર વૈશ્ય, ક્ષત્રિયામાં ગમન કરે અથવા શૂદ્ર, વૈશ્યા અને ક્ષત્રિયામાં ગમન કરે તો જીવન પર્યંત તપ માનલું છે અને બ્રાહ્મણી સાથે ગમન કરવાથી તો ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રને અગ્નિપ્રવેશ જ કહેલો છે. (૪૯) જો બ્રાહ્મણ મોહથી વ્યભિચારિણી એવી અંત્યજ સ્ત્રી પ્રત્યે એકવાર જ ગમન કરે તો તે બ્રાહ્મણ બે ચાંદ્રાયણવ્રત કરે. (૫૦) સવર્ણોમાં અનુલોમમાં મૈથુનાચરણમાં ત્રૈવાર્ષિક જે વ્રત માનેલું છે તે સર્વ સ્ત્રીઓને પણ પુરુષોની માફક જ જાણો. (બ્રાહ્મણી બ્રાહ્મણ સાથે મૈથુન કરે, તો ત્રણ વર્ષનું વ્રત કરે, ક્ષત્રિય સ્ત્રી ક્ષત્રિય સાથે ગમન કરે તો બે વર્ષનું વ્રત કરે, વૈશ્ય સ્ત્રી વૈશ્ય સાથે ગમન કરે તો એક વર્ષનું વ્રત કરે અને શૂદ્રી શૂદ્ર સાથે ગમન કરે તો છ માસનું વ્રત કરે.) (૫૧) પૂર્વે કહેલ પ્રાયશ્ચિત્ત કરવામાં અશક્ત સ્ત્રીઓ માટે ચાંદ્રાયણવ્રત માનેલું છે. યથાશક્તિ પ્રજાપત્યાદિ કૃચ્છ્રવ્રતો વ્યભિચારની શુદ્ધિ કરનારાં છે. (૫૨) તથા અશક્ત પુરુષોને ચાંદ્રાયણ વ્રતથી પરદારા સંગજનિત દોષની શુદ્ધિ થાય એમ પરાશર ઋષિએ કહ્યું છે. (૫૩) જે નારી એકવાર પણ ચંડાળ, યવન કે મ્લેચ્છોથી ભોગવાયેલી હોય અથવા તેમના અન્નને ખાનારી થાય તો તે નારી સળગતા અગ્નિમાં પ્રવેશ કરે. (૫૪) હવે જો બ્રાહ્મણ લગારેક

વ્યભિચારિણી બ્રાહ્મણીનો અજાણતાં વધ કરે તો એકાગ્ર મનવાળો થઈને એક વર્ષ પર્યંત કૃચ્છ્રવ્રત કરે. (૫૫) બ્રાહ્મણ વ્યભિચારિણી ક્ષત્રિયાને તથા વૈશ્યાને તથા શૂદ્રીને હણીને અનુકમે છ માસનું, ત્રણ માસનું અને દોઢ માસનું વ્રત કરે. (૫૬) જો મારેલી બ્રાહ્મણી, ક્ષત્રિયા, વૈશ્યા અને શૂદ્રી વગેરે સ્ત્રીઓ પતિવ્રતાદિ ગુણયુક્ત હોય તો તેમના વધનું અનુક્રમથી બાર વર્ષ, છ વર્ષ, ત્રણ વર્ષ અને દોઢ વર્ષ વ્રત કરે. (૫૭) તથા બ્રાહ્મણ અજાણ્યે ગુણરહિત ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના વધમાં અનુક્રમે ત્રણ વર્ષ, એક વર્ષ અને છ માસ બ્રહ્મહત્યા વ્રત કરે. (૫૮) હે દ્વિજ ! ગુણવાન ક્ષત્રિયાદિના વધમાં આઠ વર્ષ, છ વર્ષ અને ત્રણ વર્ષ બ્રહ્મહત્યાવ્રત કરે પછી શુદ્ધ થાય. (૫૯) હાથીની હત્યામાં નીલ વર્ણના પાંચ બળદોનું દાન કરે. પોપટને હણે તો બે વર્ષનો વાછડો આપે, ગધેડો-બકરો-ઘેટાને મારે તો એક એક બળદ આપે, ક્રૌંચ પક્ષીને હણે તો ત્રણ વર્ષનો વાછડો આપે. (૬૦) હંસ, બાજ, વાનર, વાઘ, શિયાળ આદિ જળચર કે સ્થળચર પક્ષીઓ તથા મોર અને ભાસ પક્ષીને મારે તો દરેકના બદલે એક એક ગાયનું બ્રાહ્મણને દાન કરે. મૃગલા કે ખંજન આદિ પક્ષીને મારે તો એક એક વાછડીનું દાન કરે. (૬૧) સાપને મારે તો બ્રાહ્મણને લોહદંડ આપે. નપુંસક મૃગપક્ષી વગેરેને હણે તો માષપરિમિત કલાઈ અને સીસાનું દાન કરે. (૬૨) ભૂંડને મારે તો ઘીનો ઘડો આપે, ઊંટને હણે તો ગુંજાપરિમિત સુવર્ણદાન કરે. અશ્વને મારે તો વસ્ત્રનું દાન કરે. તેતર પક્ષીને માર્યું હોય તો દ્રોણમાપવાળા તલ આપે. પૂર્વે કહેલાં હાથી આદિના વધમાં કહેલાં દાનો આપવામાં અશક્ત વ્યક્તિ તે એક એક પાપની શુદ્ધિ માટે કૃચ્છ્રવ્રત કરે. તે વ્રતમાં પ્રથમ દિવસે પંચગવ્ય ભક્ષણ કરે. બીજા દિવસે ઉપવાસ કરે. (૬૩-૬૪) બિલાડો, ઘો, નોળિયો, દેડકો તથા કાગડો, ઘુવડ આદિ પક્ષીઓને હણે તો ત્રણ દિવસ સુધી કેવળ દૂધમાત્રને પીવે અથવા પાદકૃચ્છ્રવ્રત કરે. (૬૫) ફળ, પુષ્પ, અન્ન અને રસો થકી ઉત્પન્ન થતાં હાડકાં વગરનાં જંતુઓની હત્યામાં પ્રાણાયામ તથા એકપળ ઘી (ભોજનના સ્થાને) ભક્ષણરૂપ પ્રાયશ્ચિત્ત કરવું. (૬૬) ફળવાળા આંબા આદિ વૃક્ષો, પુષ્પ ખીલેલાં વૃક્ષો, પુષ્પવાળી વેલીઓ તેમજ ગળો આદિ વિરૂધાઓના છેદનમાં ગાયત્રી આદિક શત સો ઋચાઓનો જપ કરવો. (૬૭) યજ્ઞસ્થાન, સ્મશાન, સીમાડો, પુણ્યસ્થાન અને દેવાલયમાં ઉત્પન્ન થયેલા ફળપુષ્પવૃક્ષાદિક અને પ્રકૃતિથી જ વિખ્યાત પીપળો આદિક વૃક્ષોના છેદનમાં પણ બમણું પ્રાયશ્ચિત્ત જાણવું. (૬૮) વીર્યપાત કરીને, અસત્ય ભાષણ કરીને એક હજાર ગાયત્રીમંત્રનો જપ કરે તેમજ હાથ, વાણી અને પગના ચાંચલ્યમાં પણ એક હજાર ગાયત્રી જપ કરે. (૬૯) એકવાર પણ નાસ્તિકભાવથી વેદની નિંદા થઈ જાય તો પોતાની શુદ્ધિ માટે પ્રાજાપત્ય નામનું પ્રાયશ્ચિત કરે. (૭૦) ઉપકુર્વાણ બ્રહ્મચારી અથવા નૈષ્ઠિકવર્ણી એકવાર સ્ત્રી પ્રત્યે ગમન કરે તો તે અવકીર્ણી (સ્ખલિત વીર્યવાળો) થાય. આ બ્રહ્મચારી રાત્રિમાં જંગલમાં ચાર માર્ગવાળા સ્થળે એક આંખવાળા ગધેડાથી નિર્ઋતિ યાગને કરે. ત્યારબાદ વ્રત કરે. અને ઊભા વાળવાળું ગધેડાનું ચામડું ધારણ કરી વનમાં વસે (૭૧-૭૨) પછી તે અવકીર્ણી લોઢાનું પાત્ર ધારણ કરી ગામમાં સાત ઘેર ભિક્ષા માગે અને ભિક્ષાન્ન એકવાર જમે તેમ જ સંયમેયુક્ત થકો ત્રિકાલ સ્નાન કરે. (૭૩) જે સ્ત્રી પ્રત્યે ગમન કર્યું હોય તે સ્ત્રી જો બ્રાહ્મણી હોય તો તો ત્રણ વર્ષ સુધી વ્રત કરે અને ક્ષત્રિયાણી હોય તો બે વર્ષ અને જો વૈશ્ય સ્ત્રી હોય તો એક વર્ષ વ્રત કરે. (૭૪) અને જો શૂદ્ર સ્ત્રી પ્રત્યે ગમન કરે

તો પતિત થાય છે અને અગ્નિપ્રવેશથી શુદ્ધ થાય છે. પોતે જો હસ્તમૈથુનાદિ વડે વીર્યપાત કર્યો હોય તો નૈર્ઋતિ નામક માત્ર યાગ કરે. વ્રતની જરૂર નથી. (૭૫) સ્વપ્નાવસ્થામાં જો વીર્યપાત થઈ જાય તો સ્નાન કરી સૂર્યની પૂજા કરી આઠસો ગાયત્રી મંત્ર જપ કરી એક ઉપવાસથી શુદ્ધ થાય છે. (૭૬) ચાંદ્રાયણ, પ્રાજાપત્ય વગેરે વ્રતોમાં બ્રહ્મચર્યમાં પોતાની સ્ત્રીનો સંગ થાય તો પોતાની શુદ્ધિ માટે આ યાગ જાણવો. (૭૭) વાનપ્રસ્થો અને યતિઓ જો બ્રહ્મચર્યનો ભંગ કરે તો ત્રણ પારાકવ્રત સહિત આ વ્રત કરે. (૭૮) બ્રહ્મચારી આદિ જો આ વ્રત કરવામાં અસમર્થ હોય તો હૃદયમાં શ્રીહરિનું સ્મરણ કરતા થકા જીવન પર્યંત તપ કરે. (૭૯) વાવ, કૂવો, તળાવ, ઉપવન, પોતે કરેલું પુણ્ય, પુત્ર, પત્ની અને પોતાના દેહને જો વેચે તો તીર્થોનું સેવન કરતો અને ભિક્ષાપ્રાપ્ત અન્નને જમતો થકો એક વર્ષ પર્યંત વ્રત કરે. (૮૦) ગર્દભી અને વેશ્યાના અભિગમનમાં પ્રાજાપત્ય કૃચ્છ્વ્રત કરે. હીનયોનિસેવન પાપમાં આ વ્રતથી જ પાપ થકી મુક્ત થવાય છે. (૮૧) (દેવઋષિપિતૃ સંબંધી) વૈદિક ઋણ, (દેણદાર થકી ગ્રહણ કરેલું) લૌકિક ઋણ શક્તિ હોવા છતાં પાછું ન આપવું; આપત્તિ વિના પ્રમાદવશ અગ્નિહોત્ર ન કરવો, શાસ્ત્રોમાં નિષેધ કરેલ વ્યાજવટાવ વડે જીવિકા ચલાવવી, લવણનું ઉત્પાદન કરવું, નિંદિત દ્રવ્યો વડે જીવન ચલાવવું, અયાજ્ય હીનજાતિ શૂદ્રાદિને યજન કરાવવું, પિતા-માતા-અને પુત્રનો ત્યાગ, કન્યાનું આંગળી વડે યોનિ વિદારણ, બીજા શાસ્ત્રો આદિમાં પ્રીતિવશ સ્વાધ્યાયનો ત્યાગ, કુટિલતા, વ્રતલોપ, ભગવત્સમર્પણ વિના કેવળ પોતાના અર્થે રસોઈ બનાવવી, મદ્યપાન કરનારી પોતાની સ્ત્રીનું સેવન, સ્ત્રીને વેશ્યાપણું સંપાદિત કરીને તે ધનથી અને જનોને વશ કરનારી ઔષધિઓના વેચાણથી જીવન ચલાવવું, હિંસાનાં સાધનો-જાળભાલો વગેરે સાધનો-બનાવવાં, મૃગયા આદિક અઢાર વ્યસનો, પગાર લઈને શૂદ્રની સેવા, હિનોમાં મિત્રતા, ચાર્વાક આદિ અસચ્છાસ્ત્રોના વારંવાર પઠનપાઠન વડે વિનોદ કરવો, સોનાની ખાણો વગેરેમાં અધિકારપણું, પોતાના નિત્યકર્મોનો ત્યાગ, અનાશ્રમી-કોઈપણ આશ્રમમાં ન રહેવું, પુરુષમાં મૈથુન, દુષ્કર્મ કરનારાઓનો પ્રતિગ્રહ, આ બધાં ઉપપાપોનું પ્રત્યેકની શાંતિ માટે દ્વિજ પુરુષ યમ અને નિયમોથી યુક્ત થકો ત્રણ માસનું વ્રત કરે. (૮૨-૮૮) બ્રહ્મચર્ય, દયા, ક્ષમા, દાન, સત્ય, અકુટિલતા, અહિંસા, પરદ્રવ્યનું અપહરણ ન કરવું, મધુર સ્વભાવપણું અને ઈન્દ્રિયદમન - આ યમો કહ્યા છે. (૮૯) સ્નાન, મૌન, ઉપવાસ, યાગ, સ્વાધ્યાય, લિંગ નિગ્રહ, ગુરશુશ્રૂષા, શૌચ, અક્રોધ અને અપ્રમાદ-આ બધા નિયમો કહેલા છે. (૯૦) જિતેન્દ્રિય યતિ માસ પર્યંત એક વાર જવનો સાથવો જમે, બે માસ સુધી શાક અથવા ભાત આદિ હવિષ્યાન્ન જમે, અને તે પણ અલ્પમાત્રામાં તેમ જ એક વાર જ જમે, અને તે પણ ભિક્ષામાં પ્રાપ્ત થયેલું જ જમે. (૯૧) અશક્ત પુરુષે તો એક માસ સુધી કૃષ્ણમંત્ર જપયુક્ત ચાંદ્રાયણવ્રત કરવું. તે વ્રત સર્વ પાપોને નાશ કરનારું છે. (૯૨) હે વિપ્રવર્ય ! તપ વિના મનુષ્યોનાં પાપોનો નાશ થતો જ નથી. આ લોકમાં જે પાપનું પ્રાયશ્ચિત નથી કરતો તે પાપનું ફળ તેને પરલોકમાં અવશ્ય ભોગવવું પડે છે. (૯૩)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં પ્રાયશ્ચિત્તવિધિમાં ઉપપાતક પ્રાયશ્ચિત્ત નિરૂપણ નામનો છેંતાલીશમો અધ્યાય થયો. ॥૪૬॥

## અધ્યાય-૪૭

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્ર ! પૂર્વે કહેલા મહાપાપ આદિ પાપો કરતાં ન્યૂન પાપો પ્રકીર્ણ કહેવાય છે. તે પણ પ્રાયશ્ચિત્તના આચરણ વિના કર્તાને પરલોકમાં પીડે જ છે. (૧) જે દ્વિજ ! ક્યારેક યજ્ઞશેષ એવું પણ માંસ ભક્ષણ કરે તો તે ચાંદ્રાયણ વ્રતથી જ શુદ્ધિને પામે, અન્યથા શૂદ્ધ ન થાય. (૨) રજસ્વલા બ્રાહ્મણીને જો ચાંડાળનો કે પતિતનો સ્પર્શ થયો હોય તો તે ચાંદ્રાયણવ્રત કરી અને બ્રાહ્મણોને જમાડીને શુદ્ધ થાય. (૩) જે વિપ્ર ઉચ્છિષ્ટ અન્નાદિકને જમે કે બીજાએ પીતાં બાકી રહેલું જળપાન કરે કે ઉચ્છિષ્ટ ઘી પીએ તો તે ચાંદ્રાયણવ્રત કરે. (૪) ધોબીને વસ્ત્ર ધોતાં જે જળબિંદુઓ પડે છે તે વસ્ત્ર ધોવાની શિલાની સમીપમાં રહેલું જળપાન કરે તો ચાંદ્રાયણ વ્રત કરે. (૫) જે અગ્નિસહિત હોઈને પણ પાંચ મહાયજ્ઞોને કરે નહિ તે દ્વિજાધમ થાય. આવા અધમ દ્વિજના અન્નને જે દ્વિજ જમે તે ચાંદ્રાયણવ્રત કરે. (૬) વેશ્યા, ગંધર્વ, બહુયજ્ઞ કરનાર, અને મહાપાતકીઓના અન્નને જો જમે તો ચાંદ્રાયણવ્રત કરે. (૭) મીઠા સહિત દૂધપાન કરે, રાત્રિએ દહીંમિશ્રિત સાથવો જમે તથા ઉપપાતકીઓના અન્નને જમે તો ચાંદ્રાયણવ્રત કરે. (૮) ગર્ભાધાનાદિ સંસ્કાર નિમિત્તનું અન્ન, પ્રેતશ્રાદ્ધનું અન્ન, ધોબી-મોચી વગેરે અતિ નીચ જનોનું અન્ન તથા સૂતકીઓના અન્નને જમે તો દ્વિજ તપ્તકૃચ્છ્વ્રત કરે. (૯) સ્વૈરિણી સ્ત્રીનું અન્ન જમે તથા શય્યા આસન આદિમાં બેસીને જમે તો દ્વિજ સ્વશુદ્ધિ માટે પ્રાજાપત્યવ્રત કરે. (૧૦) દ્વિજાતિ અજાણતાં ચંડાળના કૂવાનું કે ચંડાળના પાત્રનું જળ પીએ તો ગોમૂત્ર અને સાથવાનો આહાર કરીને ત્રણ દિવસે શુદ્ધ થાય. (૧૧) દ્વિજ અજાણે જાતિદુષ્ટ એવા અભક્ષ્ય ડુંગળી લસણ આદિનું ભક્ષણ કરે તો તપ્તકૃચ્છ વ્રત કરે. (૧૨) પિતા કે ગુરુ આદિ વડીલોને ટુંકારા હુંકારા વડે અપમાન કરે અથવા અતિ મોટા જનો આગળ હુંકારો કરે, દ્વિજ પુરુષ તેમને વિનયવચનો વડે રાજી કરી ઉપવાસ કરતો થકો સ્નાનથી શુદ્ધ થાય છે. (૧૩) કોઈપણ પુરુષને વાંસની સળીમાત્રથી પણ તાડન કરે કે દોરડીથી બાંધે કે વિવાદથી જીતીને પણ તે પુરુષને પ્રસન્ન કરવાથી શુદ્ધિ થાય છે. (૧૪) જે દ્વિજ પુરુષો જનોઈ વિના ભોજન કરે તે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ત્રણ દિવસ, બે દિવસ અને એક દિવસ એમ અનુક્રમથી ઉપવાસ કરે. (૧૫) તર્જની આંગળી વડે દાતણ કરીને, પ્રત્યક્ષ લવણ ખાઈને અને મૃત્તિકાનુ ભક્ષણ કરીને તેની શુદ્ધિ માટે પાદકૃચ્છ્વ્રત કરે. (૧૬) હે વિપ્ર ! અપેયપાન તથા અસ્પૃશ્યનો સ્પર્શ વગેરે અનેક પ્રકારનાં ઘણાં ઘણાં પ્રકીર્ણ પાપો છે. (૧૭) તે પાપોનું ગૌરવ અને લાઘવ જોઈને ઉત્તમ દ્વિજોને પૂછીને પોતપોતાના પાપને અનુસારે પ્રાયશ્ચિત્ત કરે. (૧૮) બ્રાહ્મણ કરતાં ક્ષત્રિયાદિની શુદ્ધિ એક એક પાદ ઓછી જાણવી. અને ગૃહસ્થ કરતાં બ્રહ્મચારી આદિને બમણું પ્રાયશ્ચિત્ત જાણવું. (૧૯) હે બ્રહ્મન્ ! જે ત્યાગી વૈષ્ણવ સાધુજનો હોય તેમણે મહાપાપાદિનું પ્રાયશ્ચિત્ત બ્રહ્મચારીની માફક જાણવું. (૨૦) બધાં સૂક્ષ્મ પાપોમાં બ્રહ્મચર્ય આદિથી યુક્ત એક દિવસના ઉપવાસરૂપ પ્રાયશ્ચિત્ત ભગવાનનાં નામોના ઉચ્ચારણ સહિત કલ્પવું. તેથી જ તે પ્રાયશ્ચિત્ત કરે. (૨૪) પ્રાયશ્ચિતાદિ ક્રિયા

કરવાના આરંભમાં મધ્યમાં અને અંતમાં નારાયણ ! હરે ! કૃષ્ણ ! રામ ! ગોવિંદ ! માધવ ! વગેરે ભગવાનનાં નામોનું ઉચ્ચારણ કરે. (૨૫) હવે અતિ અધિક પાપોનું પ્રાયશ્ચિત્ત સંક્ષેપમાં કહું છું. વૈષ્ણવ સ્ત્રીપુરુષોનો દ્રોહ, નિંદા, તિરસ્કાર, હરિ અને હરની નિંદા અને તેમની પ્રતિમાનું ખંડન, શાલિગ્રામ અને જ્યોતિર્લિંગની અવજ્ઞા, વેદનું ખંડન, બુદ્ધિપૂર્વક દેહ-વિપ્ર-ગાય-તીર્થક્ષેત્રની નિંદા, અનાથ પ્રાણીઓનો દ્રોહ, પતિવ્રતા સ્ત્રીનો દ્રોહ-આ બધાં અત્યાધિક પાપો જાણવાં. (૨૬-૨૮) આ અત્યધિક પાપો કરનારા પુરુષોનું બુદ્ધિપૂર્વક દર્શન કે સ્પર્શ કરે તો પાદકૃચ્છવ્રત પ્રાયશ્ચિત્ત કહેલું છે. (૨૯) હે સત્તમ ! આ અત્યધિક પાપોનું પ્રાયશ્ચિત્ત મહર્ષિઓએ કોઈપણ ગ્રંથમાં કહ્યું નથી. (૩૦) માટે આ પાપોનું પ્રાયશ્ચિત્ત જે વૈષ્ણવાદિનો અપરાધ કર્યો હોય તેમને જ પ્રસન્ન કરતા થકી બીજું નથી. તેમને રાજી કરવાથી અપરાધી શુદ્ધ થાય છે. (૩૧) પોતાનું પાપ બીજાએ જાણ્યું હોય તેના માટે આ પ્રાયશ્ચિત્ત કહેલું છે. પોતાનું પાપ બીજાએ જાણ્યું ન હોય તેના માટે તો પોતાની શક્તિ અનુસાર જપ અને દાન કહેલું છે. (૩૨) મહાપાપ કર્યું હોય તો એક વર્ષ પર્યંત પ્રતિદિન મધ્યાહ્ન સુધી પુરુષસૂક્તનો જપ કરે. ઉપપાપમાં છ માસ પર્યંત જપ કરે. (૩૩) અથવા તો પ્રતિદિન સ્નાન કરી યમનિયમસંપન્ન થઈ, અલ્પાહારી થઈ जित ते पुण्डरीकाक्ष આ સ્તોત્રરૂપ મહાપુરુષવિદ્યા અથવા ગાયત્રી જપ કરે. (૩૪) અથવા દરરોજ નિયમતત્પર થઈ પ્રતિમારૂપ ભગવાન હરિની આગળ બેસી તેમાં સ્થિર દૃષ્ટિ રાખીને તેમના श्री कृष्णाय नमः ઈત્યાદિ નામમંત્રને પાંચ હજાર વાર જપે. (૩૫) બુદ્ધિમાન પુરુષ પોતાના પાપનું ગૌરવ અને લાઘવ જોઈને યથાસમય સાવધાન થકો પ્રાયશ્ચિત્ત કરે. (૩૬) આ પ્રકારે પાપોનું પ્રાયશ્ચિત્ત સંક્ષેપથી કહ્યું. તેનો વિશેષ તો મુનિજનોએ સ્મૃતિગ્રંથોમાં ઘણો બતાવ્યો છે. (૩૭) જે મનુષ્ય આ લોકમાં જે પાપનું પ્રાયશ્ચિત્ત કરે તે પાપનું ફળ યમલોકમાં ભોગવતો નથી. (૩૮) જો ગૃહસ્થ પાપ કરીને પ્રાયશ્ચિત્ત ન કરે તો ધર્મિષ્ઠ રાજા તેની પાસે પ્રાયશ્ચિત્ત કરાવે જ કેમકે રાજા પ્રજાઓનો પતિ છે. (૩૯) બ્રહ્મચારી, વાનપ્રસ્થ, સંન્યાસી અને હરિભક્તો ઉપર રાજાની આજ્ઞા પ્રવર્તતી નથી તેથી તેઓએ યમના ભયથી પોતે જ પ્રાયશ્ચિત્ત કરવું. (૪૦) જે પાપમાં અગ્નિપ્રવેશરૂપ કે મૃત્યુદાહક અન્ય પ્રાયશ્ચિત્ત મેં કહેલું છે તે તો પ્રાચીન મુનિઓના મતથી કહેલું છે. (૪૧) હે દ્વિજ ! માટે તેવા સ્થળમાં જીવનપર્યંત તપ જાણવું. આત્મઘાતદોષરૂપ હોવાથી આવી રીતનું તપ જ કલિયુગમાં હિતકારી છે. (૪૨) લોકલાજ આદિ આવશ્યક સંકટ પ્રાપ્ત થાય ત્યારે તો પોતાના દેશથી અન્ય દેશમાં જઈને વસે પરંતુ દેહપાત તો ન જ કરે. (૪૩) દેશાંતરમાં પણ ગ્રામ્ય વિષયસુખનો ત્યાગ કરી, પુણ્યક્ષેત્રમાં રહીને, યાચના વિના મળેલા ધાન્યથી જીવન ચલાવતો થકો, રાત્રિદિવસ પોતાની શક્તિ પ્રમાણે શ્રીહરિનું ભજન કરે તે પુરુષ સમસ્ત પાપે રહિત થઈ જાય છે. (૪૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં પ્રાયશ્ચિત્ત વિધિમાં પ્રકીર્ણપાતકાત્યાધિકપાતકપ્રાયશ્ચિત્ત-નિરૂપણ નામનો સુડતાલીશમો અધ્યાય થયો. ॥૪૭॥

●

# અધ્યાય-૪૮

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વિપ્રવર ! હવે પાપશુદ્ધિના કારણભૂત એવા ચાંદ્રાયણ આદિ વ્રતોનાં મુનિઓએ કહેલાં લક્ષણો હું તમોને કહું છું (૧) શુક્લ પક્ષમાં પ્રતિપદાથી આરંભને પૂર્ણિમા પર્યંત તિથિવૃદ્ધિક્રમ અનુસારે એક એક ગ્રાસ વધારતા જઈ આંબળા જેવડા ગ્રાસ ભક્ષણ કરે. કૃષ્ણપક્ષમાં એક એક ગ્રાસ ઓછો કરે. (૨) ઓસાવ્યા વિનાનો ભાત, ભિક્ષાન્ન, શેકેલા ઘઉં-ચણા-જવ વગેરેનો લોટ, જવનો સાથવો, દશ પ્રકારનાં શાકો પૈકી કોઈપણ એક શાક, દૂધ, દહીં, ઘી, મૂળ, ફળ અને જળ - આ બધાં દ્રવ્યો ઉત્તરોત્તર શ્રેષ્ઠ જાણવાં. આમાંથી કોઈપણ એક વસ્તુ ચાંદ્રાયણ કરનાર સ્વશક્તિ અનુસાર ભક્ષણ કરે. (૩-૪) અમાવાસ્યાને દિવસે જમવું નહિ. તિથિવૃદ્ધિમાં સોળ કોળિયા થાય, તિથિક્ષયમાં ચૌદ કોળિયા થાય. તે તો તિથિની વૃદ્ધિ-હ્રાસને અનુસારે જાણવું. (૫) આ યવમધ્ય ચાંદ્રાયણ નામનું વ્રત કહેલું છે તે સર્વ પાપોનું શમન કરનારું અને ધર્મવૃદ્ધિ કરનારુ જાણવું. (૬) હવે પિપીલિકા (કીડી) મધ્યવાળું ચાંદ્રાયણ કહે છે. માસના કૃષ્ણપક્ષમાં વદી એકમને દિવસે ચૌદ કોળિયા જમે. એક એક કોળિયો પ્રતિદિન ઓછો કરતો થકો કૃષ્ણ પક્ષ સમાપ્ત કરે. (૭) તેવી જ રીતે શુક્લ પક્ષની પ્રતિપદાને દિવસે એક કોળિયા જમે. પ્રતિદિન એક એક કોળિયો વધારે જમનારો શુક્લ પક્ષ સમાપ્ત કરે. (૮) આ વ્રત પિપીલિકા મધ્ય ચાંદ્રાયણ કહેલું છે. યથારુચિ બેમાંથી એક વ્રતને પુરુષ કરે (બંનેમાં અમાવાસ્યાને દિવસે ઉપવાસ અવશ્ય કરવો.) (૯) બસોને ચાલીસ કોળિયા એક માસમાં ગમે તે પ્રકારે જમે તે પણ **ચાંદ્રાયણવ્રત** કહેલું છે. (૧૦) નિયમિત મનવાળો વ્રતકર્તા મધ્યાહ્ન પછી દરરોજ હવિષ્યાન્નના આઠ આઠ કોળિયા એક માસ પર્યંત જમે. આ **યતિચાંદ્રાયણ** વ્રત માનેલું છે. (૧૧) જે વિપ્ર નિશ્ચલ ચિત્તવાળો થકો પ્રાતઃકાળે ચાર કોળિયા અને સૂર્યાસ્ત પછી ચાર કોળિયા જમે તેને **શિશુ ચાંદ્રાયણ વ્રત** કહેલું છે. (૧૨) નિયમિત ચિત્તવાળો અને દૃઢ વ્રતવાળો થઈને હવિષ્યાન્નના દરરોજ ત્રણ ત્રણ કોળિયા એક માસ પર્યંત જમે. આ **ઋષિચાંદ્રાયણ વ્રત** કહેલું છે. (૧૩) (યતિ ચાંદ્રાયણ, શિશુચાંદ્રાયણ અને ઋષિચાંદ્રાયણ આ ત્રણમાં પ્રતિપદાએ વ્રતનો આરંભ કરવો એવો નિયમ નથી. કોઈપણ તિથિએ આરંભ કરી એક માસ વ્રત કરે. સર્વ ચાંદ્રાયણ વ્રતોમાં એકાદશી આદિ વ્રતનો લોપ થાય તેનો દોષ નથી.) સાત રાત્રિ સુધી ચાર આંચળમાંથી નીકળેલું ગાયનું દૂધ પાન કરે. પછી સાત રાત્રિ સુધી ત્રણ આંચળમાંથી કાઢેલ ગાયનું દૂધ પાન કરે, પછી સાત રાત્રિ બે આંચળમાંથી નીકળેલું ગાયનું દૂધ પાન કરે, પછી છ રાત્રિ સુધી એક આંચળમાંથી નીકળેલું ગાયનું દૂધ પાન કરે, પછી ત્રણ રાત્રિ પર્યંત વાયુભક્ષી થાય, (ઉપવાસ કરે) આ સોમાયન નામનું વ્રત સર્વ પાપને નાશ કરનારું કહ્યું છે. (૧૪-૧૫) પ્રથમ ચાર દિવસ દરરોજ બપોરે એક વાર જમે, પછીના ચાર દિવસ રાત્રે ભોજન કરે, પછીના ચાર દિવસ યાચના વિના મળેલા અન્નને એક વાર જમે તે પછી ચાર દિવસ ઉપવાસ કરે. આ પ્રકારે સોળ દિવસનું કૃચ્છ્રવ્રત માનેલું છે. (૧૬) તપાવેલા દૂધ, ઘી અને જળને મિશ્રિત કરીને એક દિવસ પીએ અને પછીના દિવસે ઉપવાસ કરે, આ (બે દિવસનું) **તપ્તકૃચ્છ્ર** નામનું વ્રત કહ્યું છે. (૧૭) એક દિવસ તપાવેલું દૂધ, એક દિવસ તપાવેલું ઘી અને એક દિવસ તપાવેલું પાણી પીએ અને ચોથે

દિવસે ઉપવાસ કરે આ **મહાતપ્તકૃચ્છવ્રત** કહેવાય છે. (૧૮) તપ્તકૃચ્છવ્રતને કરતો બ્રાહ્મણ એકવાર સ્નાન કરી સાવધાન થઈ ત્રણ દિવસ ગરમ જળ પીએ, પછી ત્રણ દિવસ ગરમ દૂધ પીએ, પછીના ત્રણ દિવસ ગરમ ઘી પીએ અને પછીના ત્રણ દિવસ વાયુભક્ષી થાય. (૧૯) તેનું પ્રમાણ કહે છે. ત્રણ પળ જેટલું જળપાન કરે, બે પળ દૂધપાન કરે, એક પળ ઘીપાન કરે અને પછી ત્રણ દિવસ ગરમ જળની વરાળનું સેવન કરે. (આમ બાર દિવસનું વ્રત જાણવું) (૨૦) આ વ્રતમાં જો ત્રણ દિવસ ઠંડું જળ, ત્રણ દિવસ ઠંડું દૂધ, ત્રણ દિવસ ઠંડું ઘી અને ત્રણ દિવસ ઉપવાસ-આ પ્રકારે બાર દિવસનું **શીતકૃચ્છવ્રત** જાણવું (૨૧) એક દિવસ પંચગવ્ય અને દર્ભનું જળ મિશ્ર કરીને પીએ અને પછી એક દિવસ ઉપવાસ કરે તે **સાંતપન વ્રત** જાણવું. (૨૨) વ્રતકર્તા પુરુષ ભિન્ન ભિન્ન સાંતપન દ્રવ્યો (ગોમૂત્ર, ગોમય, ગાયનું દૂધ, ગાયનું દહીં, ગાયનું ઘી અને દર્ભવાળું જળ)ને અનુક્રમે છ દિવસ પીએ અને સાતમા દિવસે ઉપવાસ કરે. આને **મહાસાંતપનવ્રત** કહેવાય છે. (૨૩) આ સાત દિવસ સાધ્ય એવું સાંતપન વ્રત કહેવાય છે. આ સાત દિવસથી સાધ્ય **સાંતપનવ્રત** ત્રણ વાર આવર્તન કરેલું હોય અર્થાત્ તેના તે જ વસ્તુના ત્રણ ત્રણ દિવસ સેવનથી એકવીશ દિવસ વડે સાધ્ય એવું **મહાસાંતપન** વ્રત કહ્યું છે. (આ **જાબાલમુનિનો** મત છે) (૨૪-૨૫) જે પુરુષ ત્રણ દિવસ ગોમૂત્ર પીએ, ત્રણ દિવસ ગોમય પીએ, ત્રણ દિવસ દહીં પીએ, ત્રણ દિવસ દૂધ પીએ, ત્રણ દિવસ ઘી પીએ. (૨૬) આ મહાસાંતપન વ્રત પાપોને નાશ કરનારું છે. અને ત્રણ દિવસ પર્યંત પ્રતિદિન પંચગવ્યનું ભક્ષણ કરવાથી **યતિસાંતપનવ્રત** કહેવાય છે. (૨૭) ખાખરો, ઉંબરડો, કમળ, બીલી તથા કુશોદક આ પાંચથી પર્ણકૃચ્છવ્રત થાય છે. (પહેલે દિવસે ખાખરાના પાન નાંખી ઉકાળેલું પાણી, પછીના દિવસે ઉંબરડાના પાન, પછીના દિવસે કમલપત્ર, પછીના દિવસે બીલીના પાનનું ઉકાળેલું જળ અને પાંચમે છેલ્લે દિવસે દર્ભનું જળ પીએ) આમ પાંચ દિવસનું **પર્ણકૃચ્છવ્રત** જાણવું. (૨૮) ત્રણ દિવસ ઉપવાસ કરી શુદ્ધ થયેલો પુરુષ પૂર્વોક્ત બધાંય પાંદડાંને ઉકાળીને તે જળ પીએ તો આ ચાર દિવસનું **પર્ણકૃચ્છવ્રત** કહેવાય છે. (૨૯) એક માસ કેવળ ફળોના ભક્ષણથી **ફળકૃચ્છવ્રત** કહેવાય છે. માસ પર્યંત શ્રીફળ (બીલીફળ)ના ભક્ષણથી શ્રીકૃચ્છવ્રત કહ્યું છે. અને એક માસ પર્યંત કમળના બીજનું ભક્ષણ કરવાથી **પદ્મકૃચ્છવ્રત** કહેવાય છે. (૩૦) એક માસ સુધી કેવળ આંબળા ખાવાથી બીજું શ્રીકૃચ્છવ્રત કહેવાય છે. માસ પર્યંત પાંદડાં ખાવાથી **પત્રકૃચ્છ** અને પુષ્પ ખાવાથી **પુષ્પકૃચ્છ** વ્રત કહેવાય છે. (૩૧) માસ પર્યંત કેવળ મૂળ ભક્ષણ કરવાથી મૂલકૃચ્છ અને માસ પર્યંત કેવળ જળપાન કરીને રહેવાથી જલકૃચ્છ તેમ જ દૂધ વગેરેમાં પણ વિચક્ષણોએ એ જ પ્રમાણે જાણવું. જેમ કે **ક્ષીરકૃચ્છ**, દધિકૃચ્છ વગેરે. (૩૨) એક દિવસ એકવાર મધ્યાહ્ન પછી ભોજન કરે, પછીના દિવસે સાયંકાળે ભોજન કરે, એક દિવસ યાચના વગર પ્રાપ્ત થયેલા અન્નને એક વાર જમે અને ચોથો દિવસે ઉપવાસ કરે. આ **પાદકૃચ્છવ્રત** કહેલું છે. (૩૩) ત્રણ દિવસ સુધી પ્રાતઃકાળે ભોજન કરે, પછી ત્રણ દિવસ સાયંકાળે ભોજન કરે, પછી ત્રણ દિવસ એકવાર અયાચિત અન્ન જમે, પછી ત્રણ દિવસ ઉપવાસ કરે. આમ બાર દિવસનું **પ્રાજાપત્યવ્રત** જાણવું. (૩૪) હે દ્વિજ ! પ્રાજાપત્યવ્રતમાં પ્રાતઃકાળ, સાયંકાળ અને અયાચિત ત્રણ ત્રણ દિવસ ભોજનના કહ્યા તેમાં તે અન્ન પોતાના ખોબામાં માય તેટલું જ ભોજન કરે. ખોબામાં

પણ એક જ વાર લેવાનું. પછીના ત્રણ દિવસ ઉપવાસ. આમ બાર દિવસે અતિકૃચ્છ્રવ્રત કહેવાય છે. (૩૫) **આપસ્તંભ** મુનિ પ્રાજપત્યવ્રતને ચાર પ્રકારે વિભાગ કરીને બ્રાહ્મણાદિ વર્ણક્રમથી પાદકૃચ્છ્રવ્રત કહે છે. (૩૬) ત્રણ દિવસ પર્યંત ઉપવાસ એક પાદ, ત્રણ દિવસ પર્યંત અયાચિત અન્નભોજન બીજો પાદ, ત્રણ દિવસ સાયંકાળે ભોજનરૂપ ત્રીજો પાદ અને ત્રણ દિવસ પ્રાતઃકાળે ભોજનરૂપ ચોથો પાદ. (૩૭) શૂદ્ર વર્ણ ત્રણ દિવસ પર્યંત પ્રાતઃકાળ ભોજન રૂપ પાદ કરે, વૈશ્ય વર્ણ ત્રણ દિવસ સાયંકાળ ભોજનરૂપ પાદ કરે, ક્ષત્રિયવર્ણ ત્રણ દિવસ પર્યંત અયાચિત અન્નભોજનરૂપ પાદ કરે અને બ્રાહ્મણવર્ણ ત્રણ દિવસ પર્યંત ઉપવાસ રૂપ પાદને કરે. (૩૮) સાયંકાળ ભોજનમાં બાર બાર કોળિયા કહેલા છે, પ્રાતઃકાળ ભોજનમાં પંદર ગ્રાસ, અયાચિત ભોજનમાં ચોવીશ કોળિયા કહેલા છે. ત્યારબાદ ઉપવાસ કહેલ છે. (૩૯) એક એક દિવસ સાયંકાળે અને પ્રાતઃકાળે ભોજન કરે. બે દિવસ પર્યંત અયાચિત અન્ન જમે, પછી બે દિવસ ઉપવાસ કરે તે **કૃચ્છાર્ધવ્રત** કહેલું છે. (૪૦) કેવળ દૂધ પીએ ને એકવીશ દિવસ નિર્ગમન કરે તે કૃચ્છાતિકૃચ્છ્રવ્રત જાણવું. અથવા કેવળ જળ પીઈને બાર દિવસ ગાળે તે પણ **કૃચ્છાતિકૃચ્છ્રવ્રત** કહેવાય છે. (૪૧) હે દ્વિજસત્તમ ! બાર દિવસ સુધી કેવળ ઉપવાસો કરે તે **પારાકવ્રત** કહેલું છે અને મુનિજનોએ આ વ્રત સર્વ પાપોને શુદ્ધ કરનારું કહ્યું છે. (૪૨) વ્રતી પુરુષ તલનો ખોળ, સાથવો અને છાશ-આ ત્રણ એકએક દિવસ એમ ત્રણ દિવસ જમીને ચોથા દિવસે ઉપવાસ કરે તે **સૌમ્યકૃચ્છ્રવ્રત જાબાલમુનિના** મતથી કહ્યું છે. (૪૩) એક દિવસ તલનો ખોળ ભક્ષણ કરી, બીજા દિવસે છાશ, ત્રીજે દિવસે કેવળ જળ, અને ચોથા દિવસે કુશોદક પાન કરી પાંચમા દિવસે ઉપવાસ કરે તે પણ **સૌમ્યકૃચ્છ વ્રત પરાશર મતથી** કહેવાય છે. (૪૪) એક દિવસ તલનો ખોળ, બીજા દિવસે ઓસામણ, ત્રીજા દિવસે છાશ, ચોથા દિવસે જળપાન અને પાંચમા દિવસે સાથવો આમ પાંચ દિવસ કરી પછી છઠ્ઠા દિવસે ઉપવાસ-આ પણ સૌમ્યકૃચ્છ્રવ્રત યાજ્ઞવલ્કય મતથી જાણવું. (૪૫) આ બધા પૈકી એક એકનો યથાશાસ્ત્ર ત્રણ ત્રણ દિવસ સુધી અભ્યાસ કરતાં અર્થાત્ ત્રણ દિવસ તલનો ખોળ, ત્રણ દિવસ ઓસામણ, ત્રણ દિવસ છાશ, ત્રણ દિવસ જળ અને ત્રણ દિવસ સાથવો આમ પંદર દિવસ સુધી કરે તે **તુલાપુરુષકૃચ્છ યાજ્ઞવલ્કયમતથી** કહ્યું છે. (૪૬) ત્રણ દિવસ ઓસામણ, ત્રણ દિવસ તલનો ખોળ, ત્રણ દિવસ છાશ, ત્રણ દિવસ જળ, ત્રણ દિવસ સાથવો અને છ દિવસ વાયુભક્ષ (ઉપવાસ) થાય. આ એકવીશ દિવસનું યમમુનિના મતથી તુલાપુરુષકૃચ્છ્રવ્રત કહેલું છે. વ્રતના ભેદોમાં સર્વત્ર સ્વશક્તિ અનુસારે પક્ષ ગ્રહણ કરવો. (૪૭-૪૮) હવે વ્રતના મધ્યે ઉત્તમ વ્રત **બ્રહ્મકૂર્ચ** નામનું કહું છું. જે વ્રત કરવાથી મનુષ્યો સર્વ પાપોથી મુક્ત થાય છે. (૪૯) નિયમિત મનવાળો થઈ પૂર્વ દિવસે ઉપવાસ કરી બીજે દિવસે કુશોદકે સહિત પંચગવ્ય પાન કરે. (૫૦) ગોમૂત્ર, ગોબર, ગાયનું દૂધ, ગાયનું દહીં, અને ગાયનું ઘી-આ પંચગવ્ય કહેવાય છે. પંચગવ્ય અને કુશોદક તો પવિત્ર અને દેહશુદ્ધિ કરનારું છે. (૫૧) ગોમૂત્ર લાલ ગાયનું, ગોબર ધોળી ગાયનું, દૂધ કાંચનવર્ણી ગાયનું, દહીં નીલવર્ણી ગાયનું અને ઘી કાળા રંગની ગાયનું લેવું. સર્વ વર્ણવાળી ગાયોના અભાવમાં તો કપિલા ગાયનું બધું ગ્રહણ કરવું. પંચગવ્યમાં આ વિધિ જાણવો. (આ બધું **પરાશરમતથી** કહ્યું છે.) (૫૨-૫૩). ગોમૂત્ર આઠ માસા લેવું, ગોબર સોળ માસા લેવું. દૂધનું બાર માસા માપ કહેલું છે,

દહીંના દશ માસા જાણવા, ગોમૂત્રની માફક ઘી આઠ માસા માપ ઈષ્ટ છે. કુશોદક ચાર માસા જાણવું. (પાંચ ચણોઠીનો એક માસો થાય) તો તે ગ્રહણના મંત્રો કહે છે : ગાયત્રી મંત્રથી ગોમૂત્ર ગ્રહણ કરી, 'ગન્ધદ્વારા' આ મંત્રથી ગૌમય ગ્રહણ કરીને, 'આપ્યાયસ્વ' મંત્ર વડે દૂધ ગ્રહણ કરી. 'દધિકાણ્વ ઈતિ' મંત્ર વડે દહીં પછી 'તેજોસિ શુક્રમ્' મંત્ર વડે ઘી અને 'દેવસ્યત્વા' મંત્ર વડે કુશોદક ગ્રહણ કરી પછી મંત્રો વડે શુદ્ધ કરેલ પંચગવ્યને અગ્નિ સમીપે લઈ જઈ હોમ કરે. પંચગવ્યને સાત પત્રવાળા અને જેના અગ્રભાગ છેદાયા નથી એવા લીલી કાંતિવાળા દર્ભો વડે લઈ લઈને इरावती - इदं विष्णुश्चमानस्तोक च शंवती - ઈત્યાદિ ઋચાઓના ઉચ્ચારણપૂર્વક યથાવિધિ પંચગવ્ય હોમવું. પછી હોમ કરતાં બાકી રહેલું હુત દ્રવ્યનું દ્વિજ પાન કરે. હુતશેષને પ્રણવોચ્ચારણથી સારી રીતે હલાવી એક કરીને પ્રણવથી તેને અભિમંત્રીને પ્રણવથી તેને લઈને પ્રણવથી તેને પીવે. તે પાનનું પાત્રઃ પલાશના પત્રના મધ્યભાગ અથવા કમલપત્ર વડે પાન કરે. (૫૪-૬૦) અથવા સુવર્ણપાત્ર વડે કે રજતપાત્ર વડે કે જમણા હાથમાં રહેલાં બ્રહ્મતીર્થથી પુનઃ પાન કરે. આ **બ્રહ્મકૂર્ચ** નામે વ્રત જાણવું. આ શરીરનાં સર્વ પાપોને નાશ કરનારું છે. (૬૧) આ અભિમંત્રેલા કુશોદક સહિત પંચગવ્યનું ત્રણ દિવસ સેવન કરાયેલું **યતિસાંતપન** વ્રત (શંખમુનિતા મતે) કહ્યું છે. બાર દિવસ પર્યંત કેવળ તલના ભક્ષણથી **આગ્રેયકૃચ્છવ્રત** કહેવાય છે. (૬૨) ગાયના છાણમાંથી નીકળેલા અને તેનો સાથવો બનાવેલા જવ વડે જ એક માસ સુધી જે જીવન ચલાવવું તેને **યામ્યકૃચ્છ** વ્રત કહે છે. (૬૩) તેમ જ ગાયના છાણમાંથી નીકળેલા આખા જવ ભક્ષણ કરીને જ એક માસ પર્યંત રહેવું તેને ઉત્તમ એવું **યાવકકૃચ્છ વ્રત** કહેલું છે. (૬૪) એક માસ સુધી પોતાના ખોબામાં સમાય તેટલા તલના ખોળનું ભક્ષણ કરે તેને **કૌબેરકૃચ્છવ્રત** કહેવાય છે. (૬૫) ગોમૂત્રથી સ્નાન કરે, ગોબરનું ભક્ષણ કરે, ગાયની વચ્ચે સદા રહે, ગાયના છાણમાં શયન કરે, હે દ્વિજોત્તમ ! ગાયોએ જળ પીધું ન હોય ત્યાં સુધી પોતે જળપાન ન કરે, ગાયોએ આહાર ન કર્યો હોય ત્યાં સુધી પોતે જમે નહિ, ગાયો ઊભી રહેતાં સ્વયં ઊભો રહે, બધી ગાયો જ્યારે બેસી જાય ત્યારપછી પોતે બેસે-આ પ્રમાણે એક માસ સુધી પુરુષ જે વ્રત કરે તે **ગોવ્રતકૃચ્છ** નામનું વ્રત કહેવાય છે. (૬૬-૬૭-૬૮) બે મહિના સુધી કેવળ આમિક્ષા (ગરમ દૂધમાં દહીં નાખી ફાડી નાખેલું દૂધ)થી જીવનનિર્વાહ કરે. પછી પંદર દિવસ કેવળ દૂધ ઉપર રહે, પછી આઠ દિવસ દહીં ઉપર રહે, ત્યારપછી ત્રણ દિવસ માત્ર ઘીનું પાન કરીને રહે, ત્યારપછી ત્રણ દિવસ ઉપવાસ કરે. ત્રણ માસમાં એક દિવસ ઓછો-નેવ્યાશી દિવસ વડે સાધ્ય એવું **ઉદ્દાલક વ્રત** કહેવાય છે. આ વ્રત વિરાસને સહિત અધિક ગુણવાળું માનલું છે. (બધાં કૃચ્છવ્રતો વીરાસને સહિત કરે તો બહુગુણ આપનારાં જાણવાં.) (૬૯-૭૦) દિવસે ઊભો જ રહે અને રાત્રિએ બેસી જ રહે, તે આ **વીરાસન** કહ્યું છે. વીરાસન મહાપાતકોનો નાશ કરનારું કહ્યું છે. (૭૧) હે સુવ્રત વિપ્ર ! આ પ્રકારે આ લોકમાં બધાં પાપોને નિવૃત્તિ પમાડનારાં આ કૃચ્છવ્રતો (કષ્ટસાધ્યવ્રતો) મેં તમોને કહ્યાં. (૭૨) ઉત્તમ દ્વિજ એક વર્ષમાં અજ્ઞાનથી ભોજનની શુદ્ધિ માટે એક પણ કૃચ્છવ્રતને કરે. જાણપૂર્વક ખાધેલા ભોજનની શુદ્ધિ માટે તો વિશેષપણે કૃચ્છવ્રત કરે. (૭૩) જાણે કે અજાણે પાપ થઈ ગયું હોય તેને કૃચ્છવ્રત શુદ્ધ કરે છે. કૃચ્છવ્રતના આચરણથી પાપની નિવૃત્તિથી શુદ્ધ જનોને નરકયાતના ભોગવવી પડતી નથી. (૭૪)

લક્ષ્મીની કામનાવાળો, પોતાના દેહની પુષ્ટિની કામનાવાળો, સ્વર્ગની કામનાવાળો તેમજ દેવને પ્રસન્ન કરવાની કામનાવાળો પુરુષ સર્વથા કૃચ્છવ્રત કરે, (૭૫) હે દ્વિજ ! આ પ્રમાણે ચાર વર્ણ અને ચાર આશ્રમવાળા જનોના તેમજ વર્ણાશ્રમથી ઇતર એવાં અનુલોમજ અને પ્રતિલોમજ જનોનાં પ્રાયશ્ચિતે સહિત ધર્મો મેં તમોને કહ્યાં. (૭૬) આ ધર્મોનું જે જનો ભક્તિભાવથી કીર્તન કરશે અથવા ભાવપૂર્વક સાંભળશે તે જનો પાપ રહિત થશે. (૭૭) આમ, મનુષ્યોના હિત માટે મેં ધર્મનું તત્ત્વ કહ્યું. જે ધર્મતત્ત્વ શાસ્ત્રમાં પ્રાયશઃ આર્ષવાક્યો કહેતાં ઋષિઓ-પ્રણીત ગ્રંથ વચનો તેમજ તેનો અર્થ વર્ણન કરેલો છે. (૭૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે તે બ્રાહ્મણ સાક્ષાત્ ભગવાન શ્રીહરિનું વચન સાંભળીને પરમ પ્રસન્ન થઈને તે પ્રભુને નમસ્કાર કરીને સ્તુતિ કરવા લાગ્યા. (૭૯)

**શિવરામ વિપ્ર બોલ્યા :**

હે પ્રભો ! સદાચાર ધર્મોનું આચરણ કરનારા ધર્મના ઉપદેશક વક્તા, ધર્મ પ્રવર્તનના સંકલ્પવાળા, ધર્મમાં સમ્યક્ સ્થિતિવાળા, ધર્મની રક્ષા કાજે જેમનો અવતાર છે એવા ધર્મનંદન ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. (૮૦) ધર્મ-ભક્તિને ઇષ્ટ સુખ આપનારા, ધર્મ સહિત ભક્તિનો બોધ આપનારા, ધર્મનિષ્ઠ જનો જેમને અતિ પ્રિય છે એવા ધર્મનંદન શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ. (૮૧) ધર્મ સંસ્થાપન પ્રવૃત્તિમાં ઉદ્યમવાળા, ધર્મશાસ્ત્રોના પ્રવર્તક, તેમજ ધર્મે સહિત જ્ઞાનના ઉપદેષ્ટા એવા ધર્મનંદન શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ. (૮૨) સદાચાર રહિત જનોનું ઉન્મૂલન કરનારા, ધર્મના સ્વરૂપને પ્રકાશિત કરનારા, ધર્મકાર્યોમાં સદા તત્પર એવા ધર્મનંદન શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ. (૮૩) ધર્મના આશ્રયભૂત, ધર્મમાં રુચિવાળા, પ્રશસ્ત ધર્મવાળા, ધર્મની ધુરા ધારી રહેલા, તથા ધર્મનિષ્ઠ જનોથી સેવન કરાતા એવા ધર્મનંદન શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ. (૮૪) ધર્મના વિજ્ઞાતા, ધર્મનું શરીર માફક રક્ષણ કરનારા, ધર્માચરણરૂપ છે સમગ્ર ક્રિયાઓ જેમની, ધર્મયુક્ત કીર્તિવાળા અને ધર્મમાં જ મતિવાળા એવા ધર્મનંદન શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ. (૮૫) સત્ય જ્ઞાન આદિ ધર્મ સર્ગનું પોષણ કરનારા, ધર્મવંશમાં સ્થાન કરેલ છે પોતાની ધર્મધુરા જેમણે, ધર્મદેવ છે ઇષ્ટ જેમને, ધર્મદેવના પુત્ર હોવાથી ધર્મ એવા નામથી પણ કહેવાતા એવા ધર્મનંદન શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ. (૮૬) ધર્મના રક્ષણથી વિખ્યાત થયેલા, ધર્મપત્ની જે ભક્તિમાતા તેમના પુત્ર, ધર્મેયુક્ત ઉદ્ધવ સંપ્રદાયના આચાર્ય એવા ધર્મનંદન શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ (૮૭).

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! તે શિવરામ વિપ્રે આ પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરી પ્રણામ કર્યા. ત્યારબાદ બ્રાહ્મણોને તે સર્વ ધર્મોનો ઉપદેશ આપતા હતા. (૮૮) હે રાજન્ ! જે જનો પૃથ્વી ઉપર આ ધર્મશાસ્ત્રોનો નિત્ય પાઠ કરે તે જનો પોતપોતાના ધર્મોને જાણે અને વર્ણસંકરપણાને પણ ન પામે.

(૮૯) ધર્મનિષ્ઠાવાળા તે જનો આ લોક અને પરલોકમાં કીર્તિ અને બહુ સુખને જરૂર પામે તેમાં લગીરે સંદેહ નથી. (૯૦) એવા ધર્મનિષ્ઠ પુરુષો ઉપર જ વાસુદેવ ભગવાનની અવશ્ય કૃપા થાય છે. ત્યારબાદ તે જનો સંસારથી ખરેખર મુક્ત થઈ જાય છે. (૯૧) આથી પોતપોતાના ધર્મને જાણવાની ઈચ્છાવાળા તથા શ્રીહરિના ભક્ત એવા સ્ત્રીપુરુષોએ આ ધર્મશાસ્ત્રનું ભક્તિભાવપૂર્વક સદા શ્રવણ અને પઠન કરવું જોઈએ. (૯૨)

**મુનિ કહે છે :**

હે રાજન્ ! સર્વ નિયામક સ્વામિનારાયણ મહાપ્રભુ પોતાના આશ્રિત બ્રાહ્મણ શિવરામને માનવોના કલ્યાણ કરનારા સામાન્ય અને વિશેષ ધર્મો કહેતા હતા તે શ્રી નારાયણમુનિને હું નમસ્કાર કરું છું.(૯૩)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં ધર્મોપદેશમાં પ્રાયશ્ચિત્તવિધિમાં ચાંદ્રાયણાદિવ્રતલક્ષણનિરૂપણ નામનો અડતાલીશમો અધ્યાય થયો. ॥૪૮॥

●

## અધ્યાય-૪૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારે ધર્મોને કહેતા, પ્રતિદિન ધર્મ સંબંધી વાર્તાઓ કરતા, તેથી પોતાના ભક્તજનોને સંશય રહિત કરતા એવા શ્રીહરિ મહાપ્રભુને ગઢપુરમાં દોઢ વર્ષ વીતી ગયું. (૧) હે રાજન્ ! ગઢપુરમાં જ વસંતોત્સવ કરીને શ્રી નારાયણમુનિ પોતાના સેવકોએ સહિત શ્રીનગર (અમદાવાદ) પધાર્યા. (૨) શ્રીહરિ ત્યાં મોટી સામગ્રીઓ વડે ફાગણ વદી એકમ શ્રી નરનારાયણ જન્મોત્સવ રૂપ મહાન ફૂલડોળનો ઉત્સવ કરીને પછી ત્યાંથી વડતાલ પધાર્યા. (૩) વડતાલમાં રામનવમીના રોજ મોટો ઉત્સવ કરી શ્રીહરિ ચૈત્રી પૂર્ણિમાના દિવસે જ પોતાના સેવકોની સાથે ફરી ગઢપુર પધાર્યા. (૪) ત્યારપછી ચૈત્ર વદી બીજના દિવસે સુખપૂર્વક વિરાજમાન શ્રીહરિને ઉત્તમરાજા બે હાથ જોડી, વિનયયુક્ત થઈને, નમસ્કાર કરીને બોલ્યા. (૫) હે સ્વામિન્ ! સમર્થ અને ગરીબોના હિતકારી તમોએ કૃપા કરીને તમારા સેવક એવા અમારા સર્વ મનોરથો પૂર્ણ કર્યા છે. (૬) હે સત્પતે ! મારી જયલલિતાદિ બહેનોનો અને સર્વ પુરવાસી જનોના હૃદયમાં એક ઈચ્છા રહે છે તે પૂર્ણ કરવા યોગ્ય આપ જ છો. (૭) અમારા દુર્ગપુરમાં શ્રીકૃષ્ણનું મંદિર આપ કરાવી આપો. અમારી આ પ્રાર્થના આપે અવશ્ય જ પૂર્ણ કરવી. (૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

આ પ્રમાણે ઉત્તમ રાજાએ પ્રાર્થના કરેલા શ્રીહરિ પ્રસન્ન થકા તે રાજા પ્રત્યે બોલ્યા કે હે રાજન્ ! તમારી સર્વની જેવી ઈચ્છા છે તે પ્રકારે જ હું કરીશ. (૯) આ પ્રમાણે ઉત્તમ રાજાને કહીને શ્રીહરિ મહાપ્રભુ વિરક્તાનંદ નામના મુનિને કહેવા લાગ્યા : હે મુને ! તમોએ આ દુર્ગપુરમાં કૃષ્ણનું સુંદર મંદિર કરાવવું. (૧૦) અને ઉત્તમ રાજા તમારી આજ્ઞામાં વર્તતા થકા મંદિર કરવામાં જરૂરી સર્વ

વસ્તુઓ લાવી આપશે. (૧૧) હું પણ ઘણું કરીને અહીંયાં જ રહેલો છું માટે જ્યારે કંઈ પૂછવું હોય, ત્યારે મને પૂછજો. (૧૨) આ પ્રકારે શ્રીહરિએ આજ્ઞા કરેલા અને શ્રીહરિના આજ્ઞાપાલક તે વિરક્તાનંદમુનિએ, 'જેમ તમો કહો છો, તેમ હું કરીશ' એમ બોલ્યા, પછી ઉત્તમ રાજા આનંદ પામ્યા, તેમની બન્ને બહેનો તથા નગરમાં રહેલા ભક્તો પણ ખૂબ આનંદ પામ્યાં. (૧૩) પછી તે મુનિએ શિલ્પશાસ્ત્રમાં નિપુણ શિલ્પીઓને બોલાવીને મંદિરનો આરંભ કરાવ્યો. રાજા પણ તેમાં ઉપયોગી સર્વ વસ્તુઓ મંગાવી આપવા લાગ્યા. (૧૪) હે રાજન્ ! શ્રીહરિ ઘણું કરીને દરરોજ, મંદિરનું બાંધકામ થતું હતું તે સ્થાનમાં આવીને બેસતા હતા. શિલ્પીઓની મંદિર-રચના-કલાના ચાતુર્યની પ્રશંસા કરીને પોતાના ભક્તોને આનંદ પમાડતા હતા. (૧૫) ભગવાન શ્રીહરિએ દુર્ગપુરમાં સુંદર મંદિર બંધાવવાનો આરંભ કર્યો ત્યારે પ્રભુને લઈ જવા માટે જૂનાગઢથી અનુપસિંહ (હેમંતસિંહ રાજાના નાનાભાઈ) આવ્યા. (૧૬) અનુપસિંહ ભગવાન શ્રીહરિ સમીપે જઈ પ્રણામ કરી બન્ને હાથ જોડી ઊભા રહીને બોલ્યા. હે ભગવન્ ! જૂનાગઢમાં મંદિર તૈયાર થયું છે. (૧૭) તો તમો મુનિ ગણ અને પાર્ષાદોએ સહિત ત્યાં પધારીને યથાવિધિ યથાકાળ કૃષ્ણની પ્રતિષ્ઠા કરો. (૧૮) હે રાજન્ ! આવું અનુપસિંહનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિએ ઉત્તમ બ્રાહ્મણોને બોલાવી ભગવાનની પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત પૂછયું. (૧૯) ત્યારે વૈશાખ વદી બીજના ગુરુવારે કૃષ્ણપ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત છે. આ પ્રમાણે મુહૂર્ત જોવામાં કુશલ બ્રાહ્મણોએ કહ્યું. શ્રીહરિએ તે બ્રાહ્મણોને દક્ષિણા આપી. (૨૦) પછી શ્રીહરિ પોતાના ભાઈઓ અને તેમના પુત્રો (અયોધ્યાપ્રસાદજી, રઘુવીરજી)ને સાથે લઈ મુનિમંડળ, વર્ણિમંડળ તથા પાર્ષદવર્ગથી વીંટાઈને વૈશાખ સુદ દશમના રોજ દુર્ગપુરથી નીકળી શ્રીહરિ તેરશના દિવસે જૂનાગઢ આવ્યા (૨૧) શ્રીહરિ આવી રહ્યા છે એવા સમાચાર સાંભળી હર્ષ પામેલા હેમંતસિંહ વગેરે પુરવાસી જનો જેટલામાં સન્મુખ જવા નીકળતા હતા તેટલાકમાં તો શ્રીહરિ તે પુરીમાં પહોંચી ગયા. (૨૨) તે બધા શ્રીહરિને પ્રણામ કરી શ્રીહરિથી પણ આદર કરાયા સતા તે બધા સેવકો સહિત શ્રીહરિને યથાયોગ્ય ગૃહોમાં ઉતારો કરાવી અતિ પ્રસન્ન થઈને ખૂબ હર્ષથી શ્રીહરિનું આતિથ્ય કરવા લાગ્યા. (૨૩) પછી શ્રીહરિ મંદિરમાં આવ્યા. ચારે તરફ જોઈને પ્રસન્ન થયા અને મંદિર બનાવનારા સર્વ કારીગરોની વારંવાર પ્રશંસા કરવા લાગ્યા. હેમંતસિંહ તથા બ્રહ્માનંદમુનિની પણ પ્રશંસા કરવા લાગ્યા. (૨૪) પછી શ્રીહરિ હેમંતસિંહના મહેલમાં પોતાને ઉતારે પધારી, હેમંતસિંહના સેવકો પાસે દેવપ્રતિષ્ઠા માટે યથાયોગ્ય મહાઉપહારો-પૂજાદ્રવ્યો મંગાવ્યાં. (૨૫) હે રાજન્ ! પોતે જ કૃષ્ણ શ્રીહરિએ વેદશાસ્ત્રના જાણનારા અને જૂનાગઢના નિવાસી ઉત્તમ બ્રાહ્મણોએ કહેલા વિધિ અનુસાર બે દિવસ કૃષ્ણમૂર્તિની પ્રતિષ્ઠા કરી. (૨૬) હે રાજન્ ! શ્રી નારાયણમુનિ વિલંબ નામના સંવત્સરમાં વૈશાખ વદી બીજના દિવસના પ્રથમના બે પ્રહરમાં (સંવત ૧૮૮૪) ઉત્તમ એવા વિશાળ મંદિરમાં રાધારમણદેવની સ્થાપના કરી પૂજા કરતા હતા. (૨૭) અગાઉ જેમ વડતાલમાં લક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠાનો મોટો ઉત્સવ કર્યો હતો તેવો જ કૃષ્ણપ્રતિષ્ઠાનો મહોત્સવ અહીં પણ ભગવાને કર્યો. (૨૮) પછી શ્રીહરિએ પુરવાસી સર્વ વિપ્રો તથા બીજાં ગામોથી આવેલા સર્વ

બ્રાહ્મણોને ઈષ્ટ ભોજનથી તથા યથાયોગ્ય રૂપિયાની દક્ષિણાઓ આપીને ખૂબ જ તૃપ્ત કર્યા. (૨૯) હે રાજન્ ! સૌરાષ્ટ્ર દેશના અધિપતિ બહાદુરખાન, શ્રીહરિનો મહાપ્રતાપ જોઈને. આશ્ચર્યસહિત, શ્રીહરિની સમીપે આવીને પ્રણામ કરીને દાસની માફક ઊભા રહ્યા. (૩૦) શ્રીહરિએ તે રાજાનું સન્માન કર્યું. પછી તે રાજાએ શ્રીહરિમહાપ્રભુને તે મંદિરની જમીનનો ધર્મલેખ (ધર્માદા દસ્તાવેજ) કરાવીને ભગવાનને અર્પણ કર્યો. અને પોતાના દેશમાં તે મંદિર માટે ધાન્ય, ઘી, ગોળ વગેરે લાવવામાં દાણ નહિ લેવાનો લેખ પણ લખી આપ્યો. (૩૧) મારે યોગ્ય જે કામ હોય તે સર્વ મને જ કહેવું એમ શ્રીહરિને પ્રાર્થનાપૂર્વક કહીને તે રાજા પ્રભુની આજ્ઞાથી પોતાના સદને ગયા. (૩૨) પછી શ્રીહરિ મહાપ્રભુ તે મંદિરના ડાબા પડખાના મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવ, પાર્વતીજી અને ખૂબ દર્શનીય ગણપતિની યથાવિધિ સ્થાપના કરી. (૩૩) પછી કૃષ્ણમંદિરની જમણી બાજુના મંદિરમાં દ્વારકાધીશ્વર (રણછોડજી)ની મૂર્તિની સ્થાપના કરી. જે મૂર્તિના દર્શનથી અહીંયાં જ દ્વારિકા તીર્થફળ થાય. (૩૪) હે રાજન્ ! આ પ્રમાણે ત્રણે મંદિરોમાં યથાવિધિ પ્રતિષ્ઠા કરીને, બ્રાહ્મણોને ગાયો, પૃથ્વી, સોનું, તલ, ઘણાં ઘણાં નવીન વસ્ત્રોનાં દાનો આપ્યાં. (૩૫) અપરિમિત ઐશ્વર્યવાળા તે પ્રભુ ભક્તજનોથી સુગંધી દ્રવ્યો, પુષ્પો, વસ્ત્રો, સુવર્ણ અને આભૂષણો આદિ વડે પ્રેમથી પૂજા કરાયેલા થકા, શ્રીહરિએ વૈશાખ વદી દશમીની રાત્રિએ દેવોની સેવા અને ઉત્સવોની વ્યવસ્થા કરી. (૩૬) પછી એકાદશી ત્યાં ઉત્સવ કરીને, બારશના રોજ પારણાં કરીને પોતાની સાથે આવેલા ભક્તજનોની સાથે, પુરવાસી જનસમૂહે પ્રાર્થના કરાયા થકા તે જૂનાગઢથી નીકળ્યા. (૩૭) હે રાજન્ ! પોતાની પાછળ વળાવવા આવતા અને આંખમાંથી આંસુ સારતા જૂનાગઢવાસી પોતાના ભક્તજનોને આગ્રહપૂર્વક પાછા વાળી, પછી માર્ગમાં પોતાના આત્મીય ભક્તોને આનંદ પમાડતા થકા વૈશાખ વદી અમાસને દિવસે ગઢપુર પધાર્યા. (૩૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
જૂનાગઢમાં રાધારમણપ્રતિષ્ઠાનિરૂપણ નામનો ઓગણપચાસમો અધ્યાય થયો. ॥૪૯॥

●

## અધ્યાય-૫૦

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! શ્રીહરિ ગઢપુરમાં મંદિર કરાવતા થકા પ્રતિદિન ધર્મવાર્તાઓ વડે પોતાના ભક્તોને પ્રસન્ન કરતા થકા સુખેથી નિવાસ કરતા હતા. (૧) પછી એક સમયે વિનયથી યુક્ત મુકુન્દાનંદ નામના વર્ણિરાજ શ્રીહરિને નમસ્કાર કરી બે હાથ જોડીને આદરપૂર્વક પૂછવા લાગ્યા. (૨)

**મુકુન્દાનંદ બોલ્યા :**

હે ભગવન્ ! આપના આશ્રિત નૈષ્ઠિક બ્રહ્મચારી એવા અમારે અવશ્ય પાળવાના ધર્મો સમગ્રપણે આપના થકી સાંભળવા હું ઈચ્છા રાખું છું. (૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરાધિપ ! આ પ્રકારે તે વર્ણિવરે પૂછતાં, ભક્તિ-ધર્મના પોષક ભગવાન શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા. (૪)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વર્ણિરાજ ! તમોએ બહુ સારું પૂછેલું છે. નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મો યથાશાસ્ત્ર હું તમોને કહું છું. (૫) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણેય દ્વિજો બ્રહ્મચર્યાશ્રમના અધિકારી કહેલા છે. (૬) તે દ્વિજ ગર્ભાધાનાદિ સંસ્કારોથી સંસ્કૃત અને યથાકાળ ઉપનયન સંસ્કારને પ્રાપ્ત કરી પછી બ્રહ્મચર્યને યોગ્ય થાય છે. (૭) બુદ્ધિરહિત દ્વિજ માટે 'સાવિત્ર' નામનું ત્રણ રાત્રિનું બ્રહ્મચર્ય કહેલું છે. તે થકી લગારેક બુદ્ધિયુક્ત પરંતુ દુર્બળ પુરુષ માટે આ બ્રહ્મચર્ય 'પ્રાજાપત્ય' નામનું એક વર્ષ પર્યંતનું છે. (૮) બુદ્ધિવાળો હોય પણ ગૃહસ્થાશ્રમમાં રુચિવાળો હોય તેવા પુરુષને વૈરાગ્યનું મંદપણું હોવાથી 'બ્રાહ્મ' નામનું બ્રહ્મચર્ય બાર વર્ષનું કહેલું છે. (૯) ગૃહસ્થાશ્રમની અભિલાષા રહિત અને બુદ્ધિ તેમજ વૈરાગ્યના બળવાળા વિરલ પુરુષને 'નૈષ્ઠિક' નામનું આજીવન બ્રહ્મચર્ય કહેલું છે. (૧૦) ચતુર્વિધ બ્રહ્મચારીઓ પૈકી નૈષ્ઠિક બ્રહ્મચારી પોતાના મોક્ષાર્થે તત્કાળ સદ્‌ગુરુનો આશ્રય કરે. તે નૈષ્ઠિક બ્રહ્મચારી વિષ્ણુ ભગવાનના માહાત્મ્ય જ્ઞાન માટે ગુરુ થકી જ્ઞાનકાંડાત્મક વેદ ભણે. (૧૧) નૈષ્ઠિક બ્રહ્મચારી ગુરુ પાસેથી પોતાની શક્તિ પ્રમાણે શિક્ષાદિ અંગે સહિત તથા અર્થે સહિત વિદ્યાભ્યાસ કરીને પછી ગુરુને યથાશક્તિ સુવર્ણાદિ દક્ષિણા આપે. (૧૨) જે નૈષ્ઠિક બ્રહ્મચારી તીવ્ર વૈરાગ્યવાન હોવાથી ઉદ્ધવસંપ્રદાયમાં નૈષ્ઠિકી દીક્ષાને પ્રાપ્ત થાય તેના ધર્મો હવે હું કહું છું. (૧૩) તે નૈષ્ઠિક વ્રતથી જ જીવન પર્યંત પોતાના સદ્‌ગુરુના સેવનમાં જ કૃતસંકલ્પ હોય તે બ્રહ્મચારી શ્રીહરિમાં ભક્તિવાળો થાય. (૧૪) આ વિપ્રવર્ણી નિત્ય યજ્ઞોપવીત, શિખા અને ગળામાં ચારે તરફ ફરી વળે તેવી તુલસીની બેવડી કંઠી ધારણ કરે. (૧૫) મુંજમયી મેખલા, ખાખરાનો કે બીલીનો દંડ અને આસન માટે મૃગચર્મ ધારણ કરે. (૧૬) નૈષ્ઠિકવર્ણી પવિત્ર થકો પવાલા સહિત જળ ભરેલું તાંબા કે પિત્તળનું કમંડળુ ધારણ કરે. અને તે કમંડળુ જળ ગાળવાના વસ્ત્રે સહિત ઊજળું માંજેલું ધારણ કરે. (૧૭) પંચકેશોને ધારણ કરે. જટામાં જૂ આદિ જંતુનો સંભવ હોવાથી તેમાં અગ્નિહોમની ભસ્મ લગાવે. પરંતુ તેમાં અન્ય ભસ્મ કે તેલ મિશ્ર ન કરે. (૧૮) જટામાં જંતુની ઉત્પત્તિમાં તથા માતાપિતાના મરણમાં અને મહારોગાદિ આપત્તિમાં તથા તીર્થક્ષેત્રમાં બગલ, ઉપસ્થ અને શિખાએ રહિત મુંડન કરાવે. (૧૯) વર્ણી બે શ્વેત કૌપીનો અને તે ઉપર ધારવાનાં બે ધોતિયાં અને ભોજન સમયે પહેરવા માટે શણનું કંતાન કે કાંબળી રાખે. (૨૦) ગોદડી, ચાદર, બે પંચિયાં, માથે બાંધવાનો ચોખંડો રૂમાલ આટલાં વસ્ત્રો લાલ માટીથી રંગેલાં જ ધારણ કરવાં. (૨૧) પૂજાનાં ઉપકરણો-કળશ, આચમની, અભિષેકનું પાત્ર, નૈવેદ્યપાત્ર આદિ સાધનો સહિત શાલિગ્રામ તેમજ ચિત્ર-પ્રતિમા તેમજ ભગવાન માટે પાક બનાવવાનાં આવશ્યક ધાતુપાત્રો પોતાની પાસે રાખે. (૨૨) આ બ્રહ્મચારી ધર્મજ્ઞાન આદિની અભિવૃદ્ધિ માટે જેટલાં પોતાને ઉપયોગી સચ્છાસ્ત્ર પુસ્તકો હોય તેટલાં પાસે રાખે. (૨૩) આસન માટે કામળીનો કટકો, ગૌમુખીએ સહિત માળા, તિલક માટે ગોપીચંદન અને પાદુકા રાખે બ્રહ્મચારીએ આટલો જ સંગ્રહ કરવો. (૨૪) વર્ણી આ કહેલાથી અધિક વસ્તુ જેટલા દિવસ સંગ્રહ કરે તેટલા ઉપવાસો પોતાની શુદ્ધિ માટે કરે. (૨૫) બ્રહ્મચારીએ ક્રીડા કરતી કે ઊભી રહેલી સ્ત્રીઓને કામભાવથી જોવી નહિ. સ્ત્રીઓ સંબંધી વાર્તાઓ તેમજ અસચ્છાસ્ત્રોમાં રહેલી સ્ત્રીઓની કથાઓ ન સાંભળવી, ન ગાવી કે

ન વાંચવી (૨૬) તેમજ સ્ત્રીઓ સાથે ક્રીડા, વિનોદહાસ્ય કે ગુહ્યવાક્ય આચરે નહિ કે પુરુષ દ્વારા ગુહ્યવચન કહેવરાવે નહિ; મનથી પણ સ્ત્રીઓને ઈચ્છે નહિ. (૨૭) સ્ત્રીના કરચરણાદિ અવયવનો સ્પર્શ તો ક્યારેય ન કરે, સ્ત્રીએ પહેરવાના વસ્ત્રને સ્પર્શ કરે નહિ. પણ સ્ત્રીનું વસ્ત્ર ધોઈને સૂકવેલું, ધોયેલું, ભીનું અને નવીન વસ્ત્ર હોય તો તેના સ્પર્શનો દોષ નથી. (૨૮) દેવતાની પ્રતિમા સિવાયની કોઈપણ સ્ત્રીની પ્રતિમા કાષ્ઠ, ધાતુ, વસ્ત્ર, મૃત્તિકા કે ચિત્રામણની હોય તેનો પણ તે બ્રહ્મચારી સ્પર્શ ન કરે. (૨૯) નૈષ્ઠિક વર્ણી સ્ત્રી-જાતિનું ગુહ્ય અંગ જાણીને દૂરથી પણ ન જુએ તેમજ નગ્ન બાલિકાને પણ ન જુએ. (૩૦) સ્ત્રી સાથે સંભાષણ ન કરે, તથા સ્ત્રીનું ચિત્ર ન દોરે તેમજ મૈથુન ક્રિયાવાળું ચિત્ર આદિ ચિત્રને બુદ્ધિપૂર્વક જુએ કે અડે નહિ. (૩૧) મૈથુનાસક્ત ચિત્રો જે ઘરમાં હોય તે ઘરમાં બ્રહ્મચારી વાસ ન કરે તેમ જ સ્ત્રીના મુખ સામે મુખ રાખી ક્યારેય પણ બેસે નહિ. (૩૨) સ્ત્રીને કોઈપણ પદાર્થ ગુપ્ત રીતે મોકલે નહિ તેમજ સ્ત્રીએ મોકલાવેલી કોઈપણ વસ્તુ એકાંતમાં ગ્રહણ કરે નહિ. (૩૩) પુરુષની સમીપમાં પણ સ્ત્રીને ઉદ્દેશી શ્રીહરિ સંબંધી કથાવાર્તા પણ ન કરે. તેમ જ સ્ત્રીના મુખથકી તે કથાવાર્તાને સાંભળે નહિ. (૩૪) જે ઘરમાં દંપતી (સ્ત્રી-પુરુષ બન્ને) રાત્રિએ સૂતા હોય તે થકી એક ભીંતમાત્ર અંતરાયવાળા ઘરમાં બ્રહ્મચારી સૂએ નહિ. જો દંપતી ન સૂતાં હોય ત્યારે તો દોષ નથી. (૩૫) બહુ પુરુષો હોય છતાં પણ જે ઘરમાં સ્ત્રી રહેતી હોય તેવા ઘરમાં સૂએ નહિ અને સ્ત્રીઓના અવરજવરવાળા સ્થાનમાં મૂળમૂત્રાદિક વિસર્જન કરવું નહિ. (૩૬) જે જે સ્થાનમાં સ્ત્રીઓ સ્નાન, મળમૂત્રોત્સર્ગ આદિ ક્રિયાઓ કરતી હોય તે તે સ્થાનમાં વર્ણીએ તે તે ક્રિયા ક્યારેય પણ ન કરવી. (૩૭) આપત્કાળ પડ્યા વિના સ્ત્રી થકી ચાર હાથની જગ્યાનો ત્યાગ કર્યા વગર સમીપમાં ચાલવું નહિ. માર્ગ સાંકડો હોય, ભગવાનના જન્માષ્ટમી આદિ ઉત્સવ હોય કે સ્ત્રીના મૂઢપણામાં આ નિયમ ન જળવાય તો બાધ નથી. (૩૮) નૈષ્ઠિક બ્રહ્મચારી ક્યારેય પણ સ્ત્રીની સાથે એકાંત સ્થળે ન જ રહે. અને પોતે વૃદ્ધ હોય તોપણ સ્ત્રીની સાથે માર્ગમાં કદાપિ ચાલે નહિ. (૩૯) વર્ણી ક્યારેય પણ અશ્વ-રથાદિ વાહન ઉપર ન બેસે અને જ્યારે રોગાદિ આપદામાં કયારેક બેસે ત્યારે સ્ત્રી સાથે ગાડા વગેરે વાહનમાં બેસે નહિ. (૪૦) જે ઘેર પીરસનારી સ્ત્રી હોય, પુરુષ ન હોય તેવા ઘેર જમવા ન જ જાય. તથા સ્ત્રીવેશધારી પુરુષનો સ્પર્શ ન કરે. (૪૧) વર્ણી, સ્ત્રીના ગુણ કે અવગુણને ક્યારેય વર્ણવે નહિ. પોતાના નિવાસસ્થાનમાં લીંપવા, વાળવા, જળ લાવવા આદિ કાર્યો માટે સ્ત્રીને પ્રવેશ કરાવે નહિ. (૪૨) ઉપર કહેલા નિયમોમાં જે જે નિયમનો પ્રમાદવશ ભંગ થાય ત્યારે તે નિયમભંગ માટે એક ઉપવાસરૂપ પ્રાયશ્ચિત કહેલું છે. (૪૩) આ સ્ત્રી સંબંધી નિષેધ-સાક્ષાત્ સ્પર્શ અને એકાંતમાં સ્થિતિ એ બે સિવાયના પોતાના સમીપ સંબંધવાળી સ્ત્રીઓ થકી અન્ય સ્ત્રીઓ માટે જાણો. (૪૪) બૃહદ્વ્રતધારી નૈષ્ઠિક બ્રહ્મચારી તો એકાંત સ્થળે પોતાની માતુશ્રી સાથે પણ ક્યારેય ન રહે અને માતાનો પણ પ્રત્યક્ષ સ્પર્શ ન કરે. (૪૫) જો આવશ્યક કાર્ય હોય તો સમીપ સંબંધવાળી સ્ત્રીનો સ્પર્શ કર્યા વિના તેની સાથે ભાષણાદિ કરે. અવશ્ય કાર્ય વિના તો સંભાષણાદિ ન કરે. (૪૬) ક્યારેક કષ્ટરૂપ આપત્કાળમાં, પોતાની સમીપ સંબંધ વિનાની સ્ત્રીની સાથે પણ સ્પર્શ અને ભાષણ કહેલ છે તે સંક્ષેપથી કહું છું. (૪૭) અન્ન, જળ, કાષ્ઠ, પાત્રાદિની યાચનામાં તેમ જ અવિદિત પોતાના ઉતારાને લગતો પ્રશ્ન પૂછવામાં સ્ત્રીને

ઉદ્દેશીને પુરુષ પ્રત્યે બોલે તેનો બાધ નથી. (૪૮) આવાં આવશ્યક કાર્ય હોય ત્યારે સ્ત્રી સાથે બોલવામાં આ પ્રકારે રીતિ છે. હવે સ્ત્રી પ્રત્યે પ્રત્યક્ષ ભાષણ સમય હું સૂચવું છું. (૪૯) પોતાના બંધીવાળા આશ્રમમાં સ્ત્રી પ્રવેશ કરી જાય, અથવા પોતાનો સ્પર્શ કરવા પ્રયત્ન કરે ત્યારે તો તે સ્ત્રી સાથે (પ્રતિષેધ માટે) પ્રત્યક્ષ બોલવામાં વર્ણીને દોષ નથી. (૫૦) જળ, અગ્નિ, મારકણું પશુ, દાઢવાળા સર્પાદિ, શસ્ત્રપાત, વિષ, વગેરેથી ભય સમયે, અથવા ઘર કે વૃક્ષાદિથી પડવાથી અથવા રોગ જ્વરાદિ આવ્યો હોય ત્યારે આવી રીતના પ્રાણાંતિક આપત્તિકાળના સમયમાં પોતાને અને સ્ત્રીને પણ મુકાવા માટે સ્ત્રીની સાથે પ્રત્યક્ષ બોલવામાં કે સ્પર્શવામાં વર્ણીને દોષ નથી જ. આપત્તિ ન હોય તો દોષ છે. (૫૧-૫૨) આ લોકમાં બ્રહ્મચારીને સ્ત્રીપ્રસંગ સર્વથા નિષિદ્ધ જ છે. તેમજ બંધનકારી એવો સ્ત્રીલંપટ જનનો પ્રસંગ પણ ત્યાગ કરવાનો કહેલો છે. (૫૩) વર્ણી ક્યારેય બુદ્ધિપૂર્વક વીર્યપાત ન કરે. આપમેળે ક્યારેક સ્વપ્નમાં કે જાગ્રતમાં વીર્યપાત થઈ જાય તો એક દિવસ ઉપવાસ કરે. (૫૪) પ્રમાદથી પોતે જ વીર્યપાત કરે તો વર્ણી ચાંદ્રાયણવ્રત કરે અને સ્ત્રીનો સાક્ષાત્ સંગ થાય તો વર્ણી પોતાના બૃહદ્ નૈષ્ઠિક વ્રતથી પતિત થયેલો જાણવો. (૫૫) પછી તે બ્રહ્મચારીને સેંકડો પ્રાયશ્ચિતોથી પણ નૈષ્ઠિકપણું ફરી પ્રાપ્ત થાય જ નહિ. તેથી તે વર્ણી તો ઉદ્ધવ સંપ્રદાયને આશ્રિત નૈષ્ઠિક બ્રહ્મચારીના મંડળથી ભ્રષ્ટ થયેલો જાણવો. (૫૬) આ પતિત વર્ણી, પ્રાયશ્ચિત કરીને ગૃહસ્થાશ્રમ કરે. અને ગૃહસ્થાશ્રમમાં સાધુઓની સેવા કરતાં કરતાં લક્ષ્મીનારાયણનું ભજન કરે. (૫૭) જો ઉત્તમ કુળ કે દ્રવ્યાદિના અભાવથી સ્ત્રીની પ્રાપ્તિ ન થાય તો મુક્તિ માટે ચોથો આશ્રમ (સંન્યાસ) સ્વીકારીને તપશ્ચરણ કરે. (૫૮) હે વર્ણિરાજ ! તે સંન્યાસી સંન્યાસાશ્રમમાં પણ પ્રતિદિન કમળાપતિ ભગવાનની ભક્તિ કરે. તેથી તે પાપકર્મથી મુક્ત થઈ મરીને ભગવાનના ધામને જ પામે. (૫૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
નૈષ્ઠિક ધર્મોમાં બ્રહ્મચારી પરિગ્રહ સ્ત્રીપ્રસંગવર્જન નિરૂપણ નામનો પચાસમો અધ્યાય થયો. ॥૫૦॥

●

## અધ્યાય-૫૧

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુકુન્દાનદ ! વર્ણિએ ક્રોધ કરવો જ નહિ. જો કદાચિત સ્વભાવવશ આકસ્મિક ક્રોધ થઈ જાય તો તત્ક્ષણ જેના પર ક્રોધ કર્યો હોય તે પુરુષને પ્રણામ કરી પ્રસન્ન કરે. (૧) પાપનું મૂળ લોભ છે માટે તે સર્વ પ્રકારે ત્યાગ કરવા યોગ્ય છે. અને કહેલ વસ્તુઓથી વધારે વસ્તુઓ સંગ્રહ કરે નહિ. (૨) તીર્થયાત્રા વિના પોતે ધન રાખે કે રખાવે નહિ. સર્વ ભોગો તેમજ દ્યૂતાદિ વ્યસનોનો ત્યાગ કરે. (૩) કોઈક સમયે પોતાના દેહસંબંધી જનોની આપત્તિ જોઈને તે આપત્તિની નિવૃત્તિ માટે ધન સંપાદન કરવા ઉદ્યમ ન કરે. (૪) મોહ, મદ, મત્સર, માન અને આળસનો ત્યાગ કરે તેમજ દંભ, દર્પ, કૃપણતા, કલહ અને પરનિંદાનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરે. (૫) લોકનિંદિત વાણી ન બોલે, અભક્ષ્યનું ભક્ષણ ન કરે, અસ્પૃશ્યનો સ્પર્શ ન કરે તેમજ વર્ણિ અપેયનું ક્યારેય પાન ન કરે. (૬) વર્ણિ ક્યારેય પણ મર્મભેદક વચન ન બોલે, નિંદાગર્ભિતવાણી, વ્યર્થવાણી અને અપ્રિય વચન

ઉચ્ચારે નહિ. ક્યારેય અસત્ય બોલે નહિ, તથા અન્યને દુઃખ ઉત્પન્ન કરનારું સત્ય ભાષણ પણ કયારેય ન કરે (૭) વર્ણિ રસોમાં ન લોભાય, પ્રતિદિન એક જ ગૃહસ્થને ત્યાં ભિક્ષા માગે નહિ, પ્રાયઃ ધાતુવર્ધક અન્નનું ભક્ષણ ન જ કરે. (૮) ગધેડી, ઊંટડી, ઘોડી અને હાથણીનું દૂધ ક્યારેય પણ આપત્તિકાળમાં ઔષધ તરીકે પણ ન લેવું. (૯) બ્રહ્મચારી મદ્ય-માંસભક્ષી ચંડિકા કે ભૈરવ આદિને નિવેદન કરેલું અન્ન આપત્તિમાં પણ કદાપિ ભક્ષણ ન કરે. (૧૦) અફીણ-ભાંગ, તમાકુ આદિ કોઈ માદક વસ્તુ ખાય નહિ, માંસનો તો સ્પર્શ સુધ્ધાં ન કરે, તથા ડુંગળી-લસણ આદિને ખાય નહિ, અશ્રદ્ધાપૂર્વક આપેલા અન્નને જમે નહિ. (૧૧) આ વર્ણિ મદ્યથી કે માંસથી મિશ્રિત ઔષધ પણ ન જ ખાય. અને અજ્ઞાત ગુણવાળા વૈદ્યનું ઔષધ ન જ ગ્રહણ કરે. (૧૨) આ નૈષ્ઠિક બ્રહ્મચારી ભગવાનને નિવેદન કર્યા વિનાનું અન્ન કે ફળ પત્રાદિ કાંઈપણ ક્યારેય પણ જમે જ નહિ. (૧૩) અતિ આહાર ન કરે, આપત્તિકાળ સિવાય બીજીવાર ન જમે. નિત્ય પૌર્વાહ્નિક કર્મ ક્ર્યા વિના કદાપિ ભોજન ન કરે. (૧૪) વર્ણિ ક્યારેય પણ કોઈ પુરુષ થકી આગ્રહપૂર્વક ભિક્ષા ગ્રહણ કરે નહિ. અન્ન યાચનામાં વાસેલા બારણાને ખખડાવે નહિ, બુમો ન પાડે. (૧૫) એક દિવસ ચાલે તેટલું અન્ન પણ ગાય, બ્રાહ્મણાદિની હત્યાના પાપવાળા, પતિત, પાપકર્મમાં તત્પર અને જન્મ-મરણના સૂતકી દ્વિજ થકી કદાપિ યાચે નહિ. (૧૬) અણગળ જળથી હાથ-મોં ધોવા વગેરે ન કરે. મદ્યપાત્રાદિનો સ્પર્શ કરે નહિ, કૂતરા-ગધેડા વગેરે અમંગલ પશુઓનો સ્પર્શ ન કરે. (૧૭) બ્રહ્મચારી આપત્કાળમાં પણ ગધેડો, ઊંટ, બળદ, પાડો, બકરો તેના પર ક્યારેય બેસે નહિ. (૧૮) બ્રહ્મચારી આપત્તિ વિના દિવસે નિદ્રા ન કરે, રાત્રિના પહેલા અને છેલ્લા પ્રહર તથા પ્રાતઃસંધ્યા અને સાંયસંધ્યા-સમયે શયન ન કરે. (૧૯) બ્રહ્મચારી શ્રીહરિની પ્રસાદીભૂત ચંદનથી પણ અંગમાં લેપન ન કરે, તથા સુગંધી તેલથી શરીર ઉપર મર્દન ન કરે. (૨૦) કસ્તૂરી, કુંકુમ આદિ સુગંધિદ્રવ્ય ધારણ ન કરે. કોઈ સમયે દાંત રંગે નહિ તેમ જ દાંતોને ઘસીને ઊજળા ન કરે (૨૧) વર્ણિ છત્ર ધારણ ન કરે. નાચગાનનો પ્રેક્ષક ન બને. કાષાય વસ્ત્રો પણ અતિ લાલ રંગવાળાં ધારણ ન કરે. (૨૨) સ્નાન સમયે અંગ-મર્દન ના કરે. પગ ઘસીને ન ધુએ. પોતાના મુખને દર્પણમાં જુએ નહિ. (૨૩) વસ્ત્રો ધોઈને ખૂબ ઊજળાં ન કરે. નેત્રોમાં કાજલ ક્યારેય ન આંજે તથા તાંબુ આદિનું ભક્ષણ ન કરે. (૨૪) ગ્રામ્યગીતો ગાય નહિ, ગ્રામ્યવાર્તા કરે નહિ, દૂતકર્મને કરે નહિ, ચારકર્મ તથા ચડિયાપણું કરે નહિ. (૨૫) દેવતાની મૂર્તિઓ, તીર્થો, ધાર્મિક જનો, ગાયો, વેદો, પતિવ્રતા સ્ત્રીઓ અને સદ્‌ગુરુની નિંદા ન કરે. (૨૬) મન, વચન, કાયાથી પ્રાણીમાત્રની હિંસા ન કરે. લીલા વૃક્ષની સૂક્ષ્મ ડાળીને દાતણ માટે પણ કાપે નહિ. (૨૭) પ્રભુની પૂજા માટે તુલસીપત્ર, પુષ્પાદિ, હોમ માટે સમિધા, દર્ભોને ગ્રહણ કરતાં આ વર્ણિ દોષ પામતો નથી. (૨૮) બ્રહ્મચારી સૂર્યાસ્ત પછી આપત્કાળ પડ્યા વિના માર્ગમાં ચાલે નહિ. દિવસે પણ માર્ગમાં જંતુઓને જોઈને ધીમે ધીમે ચાલે. (૨૯) બહુ જંતુવાળા જળાશયમાં બહ્મચારીએ ક્યારેય પણ સ્નાન ન કરવું, જળાશયમાંથી લાવેલું જળ ગાળીને સ્નાન કરવું (૩૦) બ્રહ્મચારી શુદ્ધિ માટે જળપાત્ર વિના તથા પોતાનો પછવાડેનો કચ્છ કાઢ્યા વિના મૂત્રનો ત્યાગ ન કરે. (૩૧) ક્યારેય પણ આપઘાત ન કરે. જાતિમાંથી ભ્રષ્ટ કરનાર

કર્મ ન કરે. હાથ, પગ કે આંખ આદિનું ચપળપણું ન કરે તેમજ કૂદે નહિ. (૩૨) રાજા, રાજપુરુષો, સ્ત્રીઓ તથા ગુરુજનો સાથે વર્ણિ, જે વિવાદથી પોતાનો જય થાય તેવો, વિવાદ ન કરે. (૩૩) વર્ણિ વાણીથી બીજાઓને ઉદ્વેગ કરે નહિ. બીજાઓ માટે અવિશ્વાસુ ન બને. પોતે ધૈર્યવાન થકો દુર્જનોની નઠારી વાણીથી ઉદ્વેગ ન પામે. (૩૪) વર્ણિ ક્યારેય પણ ચોરમાર્ગે કે સાંકડા માર્ગે કરી ગૃહસ્થના ઘેર ન જાય. તથા કોઈના પણ બાળકનું લાલન ન કરે. (૩૫) વર્ણિ આપદા વિના ખાટલામાં ન સૂએ, નગ્ન ન જ સૂએ, કેશ ઉખાડે નહિ તથા મણિ આદિકનો પ્રતિગ્રહ ન કરે. (૩૬) મૃત્તિકા, ઘાસ કે કાષ્ઠ આદિ જો ધણિયાતું હોય તો તેના સ્વામીને પૂછયા વિના ચોરીથી ક્યારેય ગ્રહણ ન કરે. તેના સ્વામીની આજ્ઞાથી ગ્રહણ કરવામાં દોષ નથી. (૩૭) આપત્તિ વિના સંધ્યા કે હોમનો સમય ઉલ્લંઘવો નહિ. તેમજ વિષ્ણુપૂજા અને ગુરુની સેવા તેમજ સૂર્યોપસાનને ઉલ્લંઘે નહિ. (૩૮) પોતાની જીવિકા માટે ખેતર, વાડી, વૃક્ષારોપણ કરે નહિ. અન્નસંગ્રહ ક્યારેય કરે નહિ. દૂધ-દહીં-ઘી આદિ રસનો સંગ્રહ કરે નહિ. (૩૯) કોઈપણ સમયે ગુરુજનનો અપવાદ કહેતાં દોષ ન બોલે. સાધુપુરુષોનું ઉલ્લંઘન કરે નહિ. વિકૃત વસ્ત્રો ન ધારણ કરે. પગરખાં ન પહેરે. (૪૦) બ્રહ્મચારી આપત્કાળ વિના ગોદડી ઓઢે નહિ. અને તે ગોદડી જો સ્ત્રીએ ઓઢેલી હોય તો આપત્કાળમાં પણ ન ઓઢે. (૪૧) બ્રહ્મચારી તેલ વડે કેશ સંસ્કાર ન કરે. મનુષ્ય કે પશુને તણખલાથી પણ તાડન ન કરે. (૪૨) વિપ્ર, ભિક્ષુક, બંદીજન, ગાયક વગેરેની આજીવિકા નષ્ટ થાય તેવી રીતે ભગવાન સંબંધી કથાવાર્તા પણ ન કરે. (૪૩) માતાપિતા, પોતાના ઉપાધ્યાય, આચાર્ય, ગુરુભાઈ કે સહાધ્યાયી અને પોતાના ગુરુ-આટલા થકી અન્ય સહોદરનું પણ ઔર્ધ્વ દૈહિક કર્મ બ્રહ્મચારી ન જ કરે. (પિતા વગેરે ઔર્ધ્વ-દૈહિક ક્રિયામાં તો શાસ્ત્રવચન હોવાથી દોષ નથી.) (૪૪) જો બ્રહ્મચારી રોગાદિ આપત્કાળ વિના આ કહેલા નિષેધોમાંથી જે નિષેધનું ઉલ્લંઘન કરે તે બ્રહ્મચારી તે દોષના નિવારણ માટે ભિન્ન ભિન્ન ઉપવાસ કરે. (૪૫) હે વર્ણિવર્ય ! જે બ્રહ્મચારી દુષ્કર્મનું પ્રાયશ્ચિત નથી કરતો તે મૂઢ તો આ પૃથ્વીલોકમાં અપકીર્તિ પામે છે અને તે ઉદ્ધવ સંપ્રદાયથી વિમુખ થયેલો જાણવો. (૪૬)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
નૈષ્ઠિકધર્મોમાં નિષિદ્ધક્રિયાનિરૂપણ નામનો એકાવનમો અધ્યાય થયો. ॥૫૧॥

●

## અધ્યાય-૫૨

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

વિષ્ણુભક્ત બ્રહ્મચારી આળસે રહિત સાવધાન થઈને દેવતા સંબંધી અને પિતૃસંબંધી કર્મ સમયસર યથાશાસ્ત્ર પ્રતિદિન કરે. (૧) બ્રહ્મચારીઓના આચાર્ય શ્રી નરનારાયણમુનિ પોતે સાક્ષાત્ પરમેશ્વર હોવા છતાં પણ પરોપકાર માટે દેવતાઓથી પણ દુષ્કર તપને કરતા થકા દૈવસંબંધી અને પિતૃસંબંધી કર્મ નિત્ય કરે છે જ તોપછી આધુનિક વર્ણિઓએ તે કર્મ ન ઉલ્લંઘન

કરવું એમાં કહેવું જ શું ? ન જ ત્યાગ કરવું. (૨-૩) બ્રહ્મચારી સમયે સમયે ત્રણ સંધ્યા (પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયં) યથાવિધિ ઉપાસના કરે. સૂર્યનું ઉપસ્થાન કરે અને વેદમાતા ગાયત્રીને જપે. (૪) સાયંકાળે અને પ્રાતઃકાળે પ્રદીપ્ત અગ્નિમાં પ્રતિદિન હોમ કરે અને અશક્ત હોય તો હોમ સમયે જળમાં જલાંજલિ આપે. (૫) આપત્તિ વિના પ્રતિદિન અપક્વ અન્ન બ્રાહ્મણોને ત્યાંથી માગી લાવીને તેની રસોઈ બનાવી વિષ્ણુ ભગવાનને નૈવેદ્ય કરીને જમે. (૬) બ્રહ્મચારી ત્રણ વખત સ્નાન કરે તથા દરરોજ વિષ્ણુપૂજા કરે તેમજ યથાશક્તિ પાંચ યજ્ઞો (દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, અને મનુષ્યયજ્ઞ) કરે. (૭) વર્ણિ સદા ઉપવીત ધારણ કરે. સર્વદા શિખા બાંધેલી રાખે. યથાકાળ યથોચિત માતાપિતાનું શ્રાદ્ધ કરે. (૮) મેખલા, મૃગચર્મ, દંડ, ઉપવીત અને તુંબિકા આટલામાંથી જે જે ખંડિત થાય તે જળમાં ફેંકી દે પરંતુ મંત્ર વડે નવાં ધારણ કર્યા પછી જૂનાં ફેંકે. (૯) પ્રાણીહિંસક, સૂતકી, પાખંડી, યવન, અંત્યજ અને પાપી આટલાંનો સ્પર્શ થઈ જાય કે સ્મશાનભૂમિ વચ્ચેથી નીકળાય તો વસ્ત્ર સહિત સ્નાન કરે. (૧૦) કૂતરા, ગધેડા આદિ અપવિત્ર પ્રાણીના સ્પર્શમાં તથા માંસાદિ વસ્તુના સ્પર્શમાં તથા અસજ્જન થકી ભિક્ષામાં મળેલા અન્નના કે સ્વભાવદુષ્ટ અન્નભોજનમાં તથા વચનમાં અને મળોત્સર્ગમાં અથવા દુઃસ્વપ્ન આવી જવામાં નૈષ્ઠિક વ્રતધારી બ્રહ્મચારી સ્નાન કરે. (૧૧) સ્ત્રીના અંગનો સ્પર્શ કે સ્ત્રીના અંગ ઉપર રહેલા વસ્ત્રનો સ્પર્શ કોઈ સમયે અજાણતાં થઈ જાય તો સ્નાન કરીને ઉપવાસ કરે. (૧૨) વર્ણિ સર્વ એકાદશીઓ તથા ભગવાનની જન્મજયંતી જન્માષ્ટમી આદિ તિથિઓના ઉત્સવને દિવસે સંપ્રદાય અનુસાર ઉપવાસ કરે. (૧૩) વર્ણી શુદ્ધ થઈ ભગવાનને નૈવેદ્ય ધરેલું પ્રસાદિભૂત તેમ જ વૈશ્વદેવ કરતાં અવશેષ રહેલું અન્ન પ્રતિદિન નિયમિત પ્રમાણસર જ જમે. (૧૪) આત્મનિષ્ઠ વર્ણી કૃચ્છ્રચાંદ્રાયણાદિ વ્રતોમાં આસક્તિવાળો થાય. વ્રતોથી ચામડી અને હાડકાં જ શરીરમાં બાકી રહે એવો થાય. માંસલોહી સૂકવી નાંખે. (૧૫) આત્મા-પરમાત્માનું જ્ઞાન, સાક્ષાત્ અનુભવરૂપ વિજ્ઞાન અને વૈરાગ્યથી સંપન્ન તેમજ વિજિતેન્દ્રિય, દૃઢ નિશ્ચયવાળો થઈને શ્રીહરિમાં એકાંતિકી ભક્તિ કરે. (૧૬) ગુરુની સમીપે તેની આજ્ઞાનું પાલન કરતો થકો દાસની માફક વર્તે. તેમજ ગમન, સ્થિતિ કે શયન વેળાએ ગુરુથી અતિ દૂર ન રહે. (૧૭) ઉત્તમ બુદ્ધિવાળો વર્ણી શાંત, દાંત અને ધૃતિમાન થાય. પાષાણ અને સુવર્ણમાં સમદૃષ્ટિવાળો તેમજ મિત્ર, ઉદાસીન અને શત્રુમાં સમદૃષ્ટિવાળો થાય. (૧૮) વર્ણી સર્પની જેમ પોતાના બંધુઓથી ભય પામે, શબની પેઠે સ્ત્રીથી ભય પામે અને મિષ્ટાન્ન તૃપ્તિથી તો નરકની જેમ ભય પામે. (૧૯) વર્ણી, બ્રાહ્મણોનું કુશળ ઇચ્છતો, સભામાં બ્રાહ્મણોની પ્રશંસા કરે, મત્સર રહિત થઈને ભગવદ્ ભક્તોનું પ્રીતિપૂર્વક સન્માન કરે. (૨૦) બ્રહ્મચારી ધર્માર્થે જ પ્રાણ ધારણ કરે, અને ધર્મ-સદાચારનું ફળ તો શ્રીહરિને પ્રસન્નતા જ જાણે પરંતુ તુચ્છ એવું વિષયસુખ ન જાણે. (૨૧) નૈષ્ઠિક વર્ણી ગોદાન આદિ દાનોથી પણ અધિક એવું અભયદાન સર્વ પ્રાણીને ભગવાન સંબંધી વાર્તાઓ વડે જ સર્વકાળમાં આપે. (૨૨) બ્રહ્મચારી સ્નાન સમયે, હોમ સમયે, જપ કરતાં, ભોજન કરતાં, તેમજ પ્રાતઃ અને સાયં સંધ્યા સમયે મૌનવ્રત રાખે તથા મલમૂત્ર ત્યાગના સમયમાં તથા શૌચક્રિયાની અવધિ સુધી મૌન ધારણ કરે. (૨૩) આ

બધા વિધિઓમાં જો પ્રમાદથી એક પણ વિધિનું ઉલ્લંઘન કરે તો તે દોષની શુદ્ધિ માટે એક ઉપવાસ કરે. (૨૪) જ્ઞાન, સત્ય, તિતિક્ષા, લજ્જા, નિર્મત્સરપણું, ધૈર્ય, તપ, શમ, દમ, અનસૂયા, દાન અને યજ્ઞ - બાર ગુણ કહ્યા છે. (૨૫) કામ, ક્રોધ, શોક, મોહ, તૃષ્ણા, ઈર્ષ્યા, અકૃપા, સ્પૃહા, લોભ, અસૂયા, જુગુપ્સા અને માન - આ બાર દોષ માનેલા છે. (૨૬) આ કામાદિ બાર ઈર્ષાએ રહિત અને આ બાર જ્ઞાનાદિ ગુણોએ સંપન્ન અને નિત્ય શ્રીહરિની ભક્તિમાં તત્પર અને સતત ગુરુની સેવાને આચરતો વર્ણી આ લોકમાં સર્વાધિક બને છે તે નિશ્ચિત વાત છે. (૨૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં નૈષ્ઠિક ધર્મોમાં બ્રહ્મચારિઓને વિહિત ક્રિયાનિરૂપણ નામનો બાવનમો અધ્યાય થયો ।।૫૨।।

●

## અધ્યાય-૫૩

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વર્ણિન્ ! બ્રહ્મચારીએ પ્રતિદિન વેદાભ્યાસ કરવો કેમ કે વેદ નારાયણથી ઉત્પન્ન થયેલો હોવાથી, નારાયણાત્મક, સનાતન કહેલો છે. (૧) વેદાર્થના જ્ઞાન વિના શ્રીહરિના માહાત્મ્યનું અતિશય જ્ઞાન થાય નહિ, આથી વેદનો અર્થ આદરપૂર્વક વિચારવો. (૨) તત્ત્વાર્થને જાણનારા પુરાતન પંડિતોએ સર્વ પ્રમાણોમાં વેદ જ પરમ પ્રમાણરૂપ કહેલો છે. (૩) જે પ્રકારે પ્રણવ- ૐ કાર મૂલક વેદ નારાયણ થકી ઉદ્‌ભૂત કહેતાં શ્વાસ રૂપે પ્રગટ થયેલો છે તે જ પ્રકારે આ વર્ણિના ધર્મપ્રકરણમાં અધ્યયનના પ્રસંગથી સંક્ષેપમાં હું તમોને કહું છું. (૪) પ્રકૃતિ પુરુષ થકી પર નારાયણ અને વાસુદેવ શબ્દવાચ્ય ભગવાન પુરુષોત્તમ જ સૃષ્ટિના આદિકાળમાં પોતાના અક્ષરધામમાં વિરાજમાન હતા. (૫) પછી સ્વતંત્ર અને સર્વ સ્વામી પુરુષોત્તમભગવાને બ્રહ્માંડની સૃષ્ટિ કરવા ઈચ્છા કરતા થકા, બ્રહ્મધામમાં સૂતેલા પ્રકૃતિ પુરુષને પોતાની દૃષ્ટિ માત્રથી જાગ્રત કર્યાં. (૬) શ્રી વાસુદેવ ભગવાને મહાપુરુષરૂપે દૃષ્ટિમાત્રથી મહામાયામાં વીર્ય ધારણ કર્યું.જેમ પુરુષ થકી સ્ત્રી ગર્ભ ધારણ કરે તેમ મહામાયાએ મહાપુરુષના વીર્યને ગ્રહણ કર્યું. (૭) તે મહામાયાથી અનેક પ્રધાનપુરુષો આવિર્ભૂત થયા. પછી ભગવાન વાસુદેવે પ્રધાનપુરુષ રૂપે પ્રધાન પ્રકૃતિમાં વીર્ય ધારણ કર્યું. (૮) તે ચિદ્‌રૂપ ભગવાનનું વીર્ય અચિદ્‌રૂપ માયામાં રહેલા રજઃસત્ત્વ-તમોરૂપ ગુણો સાથે મિશ્રિત થતાં સત્ત્વ આદિ ત્રિગુણાત્મક મહતત્ત્વ રૂપ થયું. (૯) આ પ્રધાનરૂપ માયાએ મહતત્ત્વને પ્રસવ આપ્યો. તે મહતત્ત્વ અહંકાર આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી આ છ આવરણોથી આચ્છાદિત હિરણમય અંડકોશને સર્જે છે. (૧૦) વિરાટ નામનો આ અંડકોશ મહાપુરુષે સર્જેલા, અનેક અંડના આશ્રયભૂત કારણાર્ણવ નામના જળમાં બહુ કાળ રહ્યો. (૧૧) તે અંડકોશમાં કાળે કરી વૈરાજ પુરુષનો આવિર્ભાવ થયો. અવ્યક્ત છે ઈન્દ્રિયો જેનાં એવા તે વૈરાજ પુરુષ પોતાના આશ્રયભૂત તે અંડકોશમાં રહેલા, ગર્ભના જળમાં બહુકાળ સૂઈ રહ્યા. (૧૨) આ વૈરાજ પુરુષ બ્રહ્માદિ ઈશ્વરો, ચતુર્વિધ જીવો, તેમના સ્થાનભૂત લોકો તેમની ભોગ્ય વસ્તુઓ અને ભોગનાં ઉપકરણો સર્જવા સમર્થ થયા નહિ. (૧૩) વાસુદેવની કાલશક્તિ વડે વૈરાજપુરુષના મુખ,

બાહુ અને પગ આદિ બાહ્ય અવયવો અને હૃદયાદિ અંદરના અવયવો વ્યક્ત-સ્પષ્ટ થયાં. (૧૪) વરુણાદિ આધિ દેવો બાહ્યેન્દ્રિયો સાથે મુખ આદિ ગોલકોમાં અને ચંદ્રાદિ અધિદેવો આભ્યંતર ઇન્દ્રિયો સાથે હૃદયાદિ સ્થાનમાં નિવાસ કરતા હતા. (૧૫) ત્યારે તે વૈરાજ પુરુષના વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત નામનાં શરીરો - જેમ આ લોકમાં દેવમનુષ્યાદિકના સ્થૂળ, સૂક્ષ્મ એ કારણરૂપ ત્રણ શરીરો સ્પષ્ટ થાય છે, તેમ સુસ્પષ્ટ થાય. (૧૬) જેમ એક નાળિયેરનું ફળ પરિપક્વ દશામાં ત્રણ પ્રકારે છોતરાં, કાચલી અને કોપરારૂપે વ્યક્ત થાય તેમજ વૈરાજ પુરુષનું એકપણ શરીર ત્રણ પ્રકારે સ્પષ્ટ જાણવું. (૧૭) વૈરાજપુરુષ વિરાટાદિ ત્રણ શરીરના સંબંધથી બ્રહ્મા, વિષ્ણુ, શિવાદિ સંજ્ઞાને પામે છે. ત્યારપછી તે વૈરાજપુરુષ ગોલકો-અધિભૂતા ઇન્દ્રિયો-અધ્યાત્મ, દેવો-અધિદેવો પ્રત્યે તાદાત્મ્ય સંબંધથી વ્યાપ્ત થયા. (૧૮) તેવા વૈરાજ પુરુષ પણ જ્યારે ઊભા થવા માટે, ક્રિયા કરવા માટે સમર્થ થયા નહિ ત્યારે શ્રી પુરુષોત્તમ નારાયણ મહાપુરુષરૂપે વૈરાજ પુરુષમાં પ્રવેશ કર્યો.(૧૯) તે પુરુષોત્તમ પ્રવેશ કરીને વૈરાજપુરુષના ક્ષેત્રજ્ઞ ભાવને અંતર્યામીપણે પામીને તથા તેની ઇન્દ્રિયો આદિકનું અધિષ્ઠાતાપણું પામીને સહસ્રશીર્ષપુરુષ સંજ્ઞાને પામ્યા. (૨૦) તે પુરુષોત્તમે પ્રથમ વૈરાજપુરુષના મસ્તકમાં સહસ્રદલ કમળમાં આવિર્ભૂત થઈ અક્ષર બ્રહ્માત્મક નાદ ઉપજાવ્યો. (૨૧) તે નાદ સુષુમ્ણા નાડી માર્ગે તત્કાળ જ વૈરાજના નાભિકંદમાં વ્યાપીને મહાપ્રાણે સહિત થઈને નાભિકંદથી ઊર્ધ્વપ્રદેશમાં વૃદ્ધિ પામ્યો. (૨૨) ત્યારે તે નાદથી કેળના ડોડાની પેઠે રહેલું અધોમુખવાળું નાભિપદ્મ ઊર્ધ્વમુખ થઈને વૈરાજ પુરુષના હૃદય સુધી વ્યાપ્ત થયું. (૨૩) વૈરાજના નાભિકંદમાં જે નાદ થયો તે 'પરાવાણી' નામે વેદોની ઉત્પત્તિ માટે ભગવાન પુરુષોત્તમે બીજરૂપપણે પ્રકાશિત કરી. (૨૪) ત્યારબાદ તે નાભિ થકી તેજના પ્રવાહરૂપ અર્ધમાત્રાત્મિકા પરાવાણી વૈરાજપુરુષના હૃદયાકાશને પામી 'પશ્યંતિ' નામથી વિખ્યાત થઈ. (૨૫) તે પરાવાણી કંઠ દેશને પામીને 'મધ્યમા' સંજ્ઞાને પામી અને વૈરાજના મુખમાં પામીને 'વૈખરી' એવા નામને પામી. (૨૬) જેમ જળયંત્રમાં જળ ઊર્ધ્વપ્રદેશ થકી અધઃપ્રદેશને એક માર્ગે કરી પામી તે થકી અન્ય માર્ગેથી ઊર્ધ્વપ્રદેશને પામે છે એની પેઠે આ નાદ પણ મસ્તક થકી નાભિને પામી ફરી ત્યાંથી મુખને પામે છે. (૨૭) પછી વૈખરી, મધ્યમા અને પશ્યંતીના ઉત્પત્તિના સ્થાનભૂત વૈરાજ પુરુષના વદન, કંઠ અને હૃદયમાં ત્રૈલોકયધારક ત્રણ વર્ણો અનુક્રમે પ્રાદુર્ભાવ પામ્યા. (૨૮) તે વર્ણોમાં અકાર પ્રથમ કહ્યો છે. બીજો ઉકાર અને છેલ્લો મકાર કહેલા છે. આ અકારાદિ ત્રણ વર્ણો અનુક્રમે સત્ત્વ, રજ અને તમોગુણાત્મક છે. (૨૯) એ વર્ણોના અકારાદિ અનુક્રમથી અધીશ્વરો અને સત્ત્વ, રજ, તમ અને મુખ, કંઠ, હૃદય નામે, તેમના અનુક્રમથી અધીશ્વરો, વિરાટાદિ ત્રણ દેહના યોગથી વિષ્ણુઆદિ સંજ્ઞાવાળા વિષ્ણુ, બ્રહ્મા, મહેશ - એ મુખાદિ સ્થાનોમાં વિશેષપણે રહેલા છે. (૩૦) તે વર્ણો શ્રીહરિ નારાયણની ઇચ્છાથી પોતપોતાના સ્થાનમાં રહ્યા થકા જ વૈરાજના હૃદયાકાશમાં એકત્વને પામ્યા. પછી પ્રણવનો ધ્વનિ થયો. (૩૧) મહાપ્રાણ છે પ્રધાન જેમાં એવો પ્રણવ નામનો ઘોષ હૃદયમાં મનોમયતા રૂપ પશ્યંતિ નામને કંઠમાં ઇન્દ્રિયમયપણું - મધ્યમા નામને પામીને તથા વૈરાજપુરુષના મુખને પામી વૈખરી સંજ્ઞાથી અનેક

વર્ણ રૂપે વ્યક્ત થયો. (૩૨) ત્યારબાદ સૃષ્ટિના આરંભમાં ય ર લ વ અંતઃસ્થ વર્ણો, શ ખ સ હ ઉષ્મવર્ણો, અકારાદિ સ્વર વર્ણો, ક થી મ સુધીના સ્પર્શ વર્ણો વગેરે સકલ વર્ણો આવિર્ભાવ પામ્યા અને તે વર્ણો થકી સૃષ્ટિના આરંભકાળમાં વેદોનો પ્રાદુર્ભાવ થયો. (૩૩) જેમ નાદ એકવિધ હોવા છતાં પણ સ્થાનના ભેદથી (પરા, પશ્યંતી, મધ્યમા, વૈખરી) ચાર પ્રકારનો થયો તેમ ભગવાન નારાયણ પણ ચતુર્વિધ થયા. (૩૪) નાભિપદ્મમાં પરાવાણીના દેવતા વાસુદેવ નામે કહેલા છે. તથા હૃદયમાં પશ્યંતીના દેવતા સંકર્ષણ નામે કહેલા છે. (૩૫) અને કંઠમાં મધ્યમા વાણીના દેવ પ્રદ્યુમ્ન કહેલા છે તેમ જ મુખમાં વૈખરી વાણીના દેવતા અનિરુદ્ધ કહેલા છે. (આથી વાસુદેવ ભગવાનની ભાષા પરાવાણી, સંકર્ષણની મધ્યમા, પ્રદ્યુમ્નની પશ્યંતી અને અનિરુદ્ધની વૈખરી એમ જાણવું.) (૩૬) વિષ્ણુ, બ્રહ્મા અને મહેશ નામના વૈરાજ શરીરના ત્રણ અભિમાની દેવો પોતપોતાના સ્થાનમાં રહીને તે તે વાણીના અધિદેવતા અનિરુદ્ધ આદિને અનુક્રમથી ઉપાસે છે. (૩૭) તે અધિદેવો પૈકી સંકર્ષણાદિ ત્રણ ભગવાન પુરુષોત્તમની સગુણ મૂર્તિઓ છે અને નાભિકમળમાં સ્વયં વાસુદેવ ભગવાન તો નિર્ગુણ છે. (૩૮) આ પ્રમાણે સૃષ્ટિના આદિકાળમાં સાક્ષાત્ ભગવાન શ્રી પુરુષોત્તમ નારાયણ થકી જ સર્વાર્થબોધક શ્રી વેદ પ્રગટ થયા. (૩૯) સાક્ષાત્ નારાયણના મુખકમળથી ઉત્પન્ન થવાથી વેદ જ સર્વ વાઙ્મયમાં મુખ્ય છે. આથી વર્ણીએ વેદ અવશ્ય ભણવો. (૪૦) તે બ્રહ્મચારીએ અછેદ્ય અને અખંડ ચૈતન્યવાળો પોતાનો આત્મા શરીરથી પૃથક્ વિલક્ષણ જાણવો અને તે આત્માનું અક્ષરબ્રહ્મ સાથે ઐક્ય જાણીને તે બ્રહ્મરૂપ થઈને શ્રી હરિ નારાયણનું ભજન કરે. (૪૧) સ્ત્રી આદિ ભોગોના ઉપભોગ વડે કામવિષય ક્યારે પણ શમતો નથી. અગ્નિમાં જેમ ઘી હોમવાથી તે વધારે પ્રજ્વલિત થાય તેમ ઉપભોગથી કામ અધિક અધિક વધતો જ જાય છે. (૪૨) પૃથ્વી ઉપર જે જે કાંઈ ડાંગર, જવ, સોનું, પશુઓ કે સ્ત્રીઓ આદિ છે તે બધું જ એક માણસને પ્રાપ્ત થાય તોપણ તેની તૃષ્ણાની પૂર્તિ પૂરી ના થાય. આ પ્રકારે જોતો થકો બ્રહ્મચારી મોહ પામતો નથી. (૪૩) કાળક્રમે વૃદ્ધાવસ્થા આવતાં પુરુષના કેશ, દાંત વગેરે જીર્ણ થઈ જાય છે તોપણ જીવિતાશા અને ધનાશા કુમારી કન્યાની પેઠે વૃદ્ધિ પામે છે. (૪૪) શરીરનું નાશવંતપણું હોવાથી, સમગ્ર દેહના ઉપભોગ્ય પદાર્થોમાં અને દેહના સંબંધીઓમાં તૃષ્ણાનો ત્યાગ કરીને ધર્મનિષ્ઠ થઈને વર્ણી શ્રીહરિને ભજે. (૪૫) તે વર્ણી અશુભ દેશ, કાળ, ક્રિયા, દેવ, શાસ્ત્ર, મંત્ર અને પુરુષોનું ક્યારેય સેવન ન કરે. પરંતુ શુભ દેશાદિનું સેવન કરે. (૪૬) હે મુકુન્દાનન્દ વર્ણીન્ ! આ લોકમાં જે પુરુષો અસત દેશકાદિનું સેવન કરે છે તે જનો-સાધુઓ પણ અસાધુપણાને બલાત્કારે જ પામે છે. માટે પોતાના શ્રેયને ઈચ્છતા પુરુષે અસત્ દેશાદિને અતિ દૂરથી જ ત્યાગી દેવા અને શુભ દેશાદિનું જ સેવન કરવું. (૪૭)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં નૈષ્ઠિક ધર્મોમાં બ્રહ્મચારીઓને વેદાધ્યયન પ્રસઙ્ગેન વેદોત્પત્તિ નિરૂપણ નામનો ત્રેપનમો અધ્યાય થયો ॥૫૩॥

●

## અધ્યાય-૫૪

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે વર્ણિન્ ! હવે આ બ્રહ્મચારીઓને આવશ્યક આહ્નિક કર્મ છે તે અનુક્રમે સંક્ષેપમાં હું તમોને કહું છું. (૧) બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને શ્રી નરનારાયણનું હૃદયકમળમાં ધ્યાન કરીને, તે ભગવાન અને તેમના ભક્તોનાં નામોને ઉચ્ચારપૂર્વક સ્મરણ કરતો થકો તેમને નમસ્કાર કરે. (૨) ત્યારપછી જળપાત્ર લઈ શૌચવિધિ કરવા માટે ગામથી બહાર નૈર્ઋત્ય કે દક્ષિણ દિશામાં એકલો ગમન કરે. (૩) ઘાસ વડે પૃથ્વીને ઢાંકીને વસ્ત્રથી મસ્તક ઢાંકી નિર્જન પવિત્ર દેશમાં બ્રહ્મચારી મળમૂત્ર ત્યાગ કરે. (૪) કાન ઉપર જનોઈ રાખીને દિવસે અને પ્રાતઃસાયં બન્ને સંધ્યા સમયે ઉત્તરમુખે જ મળમૂત્ર કરે. રાત્રિએ તો દક્ષિણ મુખે જ કરે. (૫) છાયામાં કે અંધકારમાં, રાત્રિમાં કે દિવસે પ્રાણાદિ ભયો આવી પડે ત્યારે તો કઈબાજુ મુખ રાખીને મળત્યાગ કરવો તેનો કોઈ મેળ નથી પણ જેમ સુખ થાય તેમ મુખ રાખીને મળત્યાગ કરે. (૬) રાત્રિએ કે વિપત્તિમાં મળોત્સર્ગ માટે ગામથી બહાર વર્ણિએ ન જ જવું. પોતાના આશ્રમ સમીપે જ કોઈ જગ્યાએ તે ક્રિયા કરવી. (૭) ઊભો ઊભો મળમૂત્રોત્સર્ગ ક્રિયા ન કરે. જળમાં ન કરે. બ્રાહ્મણ, ગાય, અગ્નિ, સૂર્ય, ચંદ્રને સંમુખ થઈને ન કરે. ખેડેલી જમીનમાં, માર્ગમાં, નદીતટમાં, ગાયોમધ્યમાં, ધાન્યમધ્યે, જીર્ણ દેવાલયમાં તથા સ્ત્રીના સંમુખ કદાપિ મળમૂત્રોસર્ગને ન કરે તથા થૂંકવું-નાક છીંકવું વગેરે ક્રિયાઓ ન કરે. (૮-૯) જળાશયથી સો હાથ પ્રદેશ છોડીને પેશાબ કરે, મળત્યાગમાં જલાશયથી બસો હાથ છોડે અને તીર્થસ્થાનોમાં તો એનાથી ચારગણું છોડીને મળમૂત્રનો ત્યાગ કરે. (૧૦) મૃત્તિકાજળ વડે ગુદાપ્રક્ષાલન આદિ શૌચ કરીને, શુદ્ધ જળાશય પ્રત્યે જઈને ત્યાં મૃત્તિકાજળ વડે હાથપગને ધુએ. (૧૧) જંતુઓવાળી, અપવિત્ર સ્થાનમાં રહેલી, શૌચ કરતાં વધેલી તથા રાફડામાંથી ઉખાડેલી મૃત્તિકા શૌચવિધિમાં ક્યારેય લેવી નહિ. (૧૨) એકવાર મૃત્તિકાથી લિંગ ધોવું, ગુદાને ત્રણ વાર મૃતિકાથી ધોવી, ડાબા હાથને દશવાર ધુએ, બન્ને હાથ ભેગા કરીને સાતવાર ધુએ અને બન્ને પગને ત્રણ વાર ધુએ. (૧૩) મૂત્રોત્સર્ગમાં લિંગને મૃત્તિકા જળ વડે એક વાર ધુએ, ડાબા હાથને ત્રણવાર ધુએ અને બન્ને ભેગા કરીને બેવાર ધુએ. આ મૂત્ર શૌચ કહેલું છે. (૧૪) ધર્મજ્ઞ દ્વિજ મળોત્સર્ગ કર્યા પછી બાર કોગળા કરે અને મૂત્રોત્સગમાં છ કે ચાર કોગળા કરે. (૧૫) દ્વિજ પીતાં બાકી રહેલું અને શૌચ કરતાં વધેલું જળ આચમન કરે નહિ. બીજા પાત્રના અભાવમાં થોડુંક ઉપલું પાણી પૃથ્વી ઉપર છોડી બાકીના જળને ઉપયોગમાં લેવું. (૧૬) આ શૌચ ગૃહસ્થ દ્વિજ પુરુષ માટે કહેલું છે. તેથી બ્રહ્મચારી આ શૌચ બમણું કરે. રાત્રિએ તથા માર્ગમાં તેનાથી અર્ધી શુદ્ધિ કરવી. (૧૭) માંદો માણસ યથાશક્તિ શુદ્ધિ કરે. શક્તિમાન માણસ યથાશાસ્ત્ર વિધિ કરે. આ શૌચ દેશકાળને અનુસરીને વર્ણિ પ્રયત્નપૂર્વક કરે. (૧૮) મૂત્ર અને મળનો ત્યાગ કર્યા પછી જો પાણી ન મળ્યું હોય તો જ્યારે જળ મળે ત્યારે વસ્ત્રે સહિત સ્નાન કરે. (૧૯) જળરહિત અરણ્યમાં, રાત્રિમાં, ચોર અને વાઘથી ભયંકર માર્ગમાં મળમૂત્રનો ત્યાગ કરીને પણ જો યત્કિંચિત દ્રવ્ય હાથમાં હોય તો શૌચ નહિ કરવાના દોષથી લેપાતો નથી. (પરંતુ જ્યારે જળ મળે ત્યારે વસ્ત્રે સહિત સ્નાન કરી પવિત્ર થવું.) (૨૦) શૌચપાત્ર અંદર અને બહારથી માંજીને શુદ્ધ કરે. તુબડું ત્રણ વાર ધોવાથી શુદ્ધ થાય;

ધાતુપાત્ર જળ અને માટીથી શુદ્ધ થાય (૨૧) આ પ્રમાણે શૌચવિધિ કરીને વર્ણિ દાતણથી મુખશુદ્ધિ કરે. બ્રહ્મચારીએ કાષ્ઠ વડે દાંતોને અતિશય ઘસવા નહિ. (૨૨) વર્ણિને લીલા વૃક્ષને કાપવાના દોષથી તે કાષ્ઠનો નિષેધ કહેલો છે. આથી જેવા મળે તેવા દાતણથી જીભની શુદ્ધિ કરે. (૨૩) બ્રહ્મચારી ઊભા રહીને દાતણ ન કરે. માર્ગે ચાલતાં દાતણ ન કે પશ્ચિમાભિમુખ દાતણ ન કરે. બીજાની સાથે વાતો કરતાં દાતણ ન કરે. (૨૪) વ્રત માટે કરેલા ઉપવાસના દિવસે, શ્રાદ્ધના દિવસોમાં, મેષાદિ સંક્રાંતિ અને પૂર્ણિમાદિ પર્વના દિવસે દાતણ ન કરવું. બાર કોગળા કરવા. (૨૫) પછી નદી, તળાવ કે કૂવા કાંઠે સ્નાનવિધિ કરે. આપત્તિમાં ગરમ પાણીથી સ્નાન કરે અથવા વધારે આપત્તિ હોય તો માનસ સ્નાન કરે. (૨૬) પોતાના હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરી શ્રીહરિના નામના ઉચ્ચારણપૂર્વક મનથી કલ્પેલા જળ વડે જે સ્નાન તે માનસ સ્નાન કહેવાય છે. (૨૭) સ્નાન સમયે વિષ્ણુના ચરણમાંથી પ્રગટેલા કલ્યાણકારી, ભગીરથના તપથી સિદ્ધરૂપ, મહાપાતકને નાશ કરનારી ગંગામૈયાનું સ્મરણ કરે. (૨૮) વર્ણી ઉત્તરમુખે અથવા પૂર્વમુખે રહીને સ્નાન કરી, સ્નાનના અંગભૂત તર્પણ કરીને જળના પાત્રે સહિત ભીનાં વસ્ત્રોવાળો પોતાના આશ્રમમાં આવે. (૨૯) વર્ણી જો તે જળાશયમાં અનુકૂળતા હોય તો જળ વડે તિલક કરી ભીને વસ્ત્રે જળમાં રહીને પ્રાતઃસંધ્યા કરે. (૩૦) વર્ણી ભીનાં વસ્ત્રોવાળો થઈને તર્પણાદિ જળમાં કરે અને અગ્નિમુખા ગાયત્રીનો જપ જળથી બહાર બેસીને કરે. (૩૧) સ્નાન કરીને વસ્ત્ર અને હાથ વડે શરીરના અવયવોને સાફ કરે નહિ (લૂછે નહિ). કેશોને ખંખેરે નહિ તથા પહેરેલા વસ્ત્રને ધુણાવે નહિ. (૩૨) સ્નાન કરતાં વર્ણીના દેહમાં જેટલા રોમ સાડા ત્રણ કરોડ છે તેટલા તેમાં તીર્થો રહેલાં છે. માટે પરિમાર્જન ન કરે એમ કહે છે. (૩૩) મસ્તકના તીર્થોદકોને દેવતાઓ પીએ છે, જેટલા મુખમાં છે તેમને પિત્રીઓ પીએ છે. જેટલા વૃક્ષઃસ્થળમાં છે તેમને ગંધર્વો પીએ છે, જેટલાં શરીરની નીચેના ભાગમાં તીર્થો છે તેનું જળ સર્વ જંતુઓ પીએ છે. (૩૪) પછી પોતાના આશ્રમમાં આવીને બન્ને હાથ-પગ ધોઈને, સ્પર્શદોષરહિત એવાં ધોયેલાં વસ્ત્રોને ધારણ કરે. (૩૫) જે વસ્ત્ર એક જ વાર ધોયેલું હોય, જે સ્ત્રીએ ધોયેલું હોય, જે શુદ્ધ ધોયેલું હોય તથા જે વસ્ત્ર દક્ષિણ પાલવે સૂકવેલું હોય તે વસ્ત્ર નહિ ધોયેલું અશુદ્ધ જ જાણવું. (૩૬) હે દ્વિજ ! ધોયેલું રેશમી વસ્ત્ર, શણનું વસ્ત્ર, ઊનનું વસ્ત્ર, તૃણ નિર્મિત વસ્ત્ર, વલ્કલ વસ્ત્ર, અને કેળના પાંદડા આદિક વસ્ત્રના સ્પર્શમાં દ્વિજને દોષ નથી. (૩૭) બ્રાહ્મણ સંધ્યા, હોમ, જપ, દેવતાપૂજન, પિતૃ કર્મ આદિ ક્રિયામાં ક્યારેય પણ એક જ વસ્ત્ર ધારણ ન કરે. (૩૮) જો ઓઢવાનું વસ્ત્ર ન હોય તો પહેરેલા વસ્ત્રમાંથી અડધા વસ્ત્ર વડે અથવા વસ્ત્રના કકડા વડે કે બીજી જનોઈ વડે ઉપવસ્ત્રનો સંકલ્પ કરે. (૩૯) મળવાળું વસ્ત્ર ધારેલો નગ્ન કહેવાય. કેવળ કૌપીન ધારેલો, કચ્છે રહિત, ઓઢેલા વસ્ત્ર વિનાનો, ઢીલા બાંધેલા કચ્છવાળો તે નગ્ન જ કહેવાય. (૪૦) ઘરમાં ભીના વસ્ત્રવાળો, એક કચ્છવાળો, કેડના કચ્છથી રહિત અને બે કચ્છવાળો નગ્ન કહેવાય. (૪૧) પહેરવાના વસ્ત્રથી બહાર બાંધેલી કાછડી વિદ્વાનોએ આસુરી માનેલી છે તે ધર્મ સંબંધી કાર્યોમાં પ્રયત્નપૂર્વક વર્જનીય છે. (૪૨) શૂદ્રે લીંપેલા જળ વડે વર્ણીએ દેવસંબંધી અને પિતૃસંબંધી કર્મ તથા સંધ્યોપાસનાદિ નિત્ય કર્મ ન જ કરવું. (૪૩) સમિધ, દર્ભ, પુષ્પ, આદિ બ્રાહ્મણ પોતે જ લાવે. શૂદ્રે લાવેલાં કે વેચાતાં લીધેલાં તે દ્રવ્યો વડે લક્ષ્મીપતિનું પૂજન

ન કરે. (૪૪) સત્વર પૂજાદ્રવ્યા યથાલબ્ધ લાવી તૈયાર કરી પવિત્ર સ્થાનમાં કામળીના આસન ઉપર બેસે. (૪૫) વર્ણી ઉત્તરાભિમુખ કે પૂર્વાભિમુખ સ્વસ્તિકાસનમાં બેસીને આચમન કરી પ્રાણાયામ કરીને ઊર્ધ્વપુંડ્ર તિલક કરે. (૪૬) સ્નાન કરી મૃત્તિકા વડે ઊર્ધ્વપુંડ તિલક કરે. અગ્નિમાં હોમ કરીને ભસ્મથી તિલક કરે. દેવોને પૂજીને ચંદન વડે તિલક કરે. તથા જળ મધ્યે જળથી તિલક કરે. (૪૭) વર્ણી વૈષ્ણવી ગાયત્રીનો પાઠ કરતાં કરતાં ગોપીચંદન નામની શુદ્ધ મૃત્તિકા વડે પાંચ ઊર્ધ્વપુંડ્ર તિલક કરે. (૪૮) લલાટ, કંઠ, હૃદય અને બન્ને બાહુ ઉપર આંગળી વડે તિલક કરે. ગોપીચંદનના અભાવમાં તો અગ્નિહોત્રની ભસ્મથી કરે. (૪૯) પ્રાતઃ સંધ્યોપાસના કરી વર્ણી શક્તિ અનુસાર એક હજાર ગાયત્રી અથવા એકસો આઠ ગાયત્રી જપ કરે. આપત્તિકાળમાં દશ ગાયત્રી જપ કરે જ. (૫૦) ત્યારપછી નિત્ય કરવાનો હોમ કરી, પ્રથમ ભૂતશુદ્ધિ સ્વશરીરમાં યથાવિધિ કરીને અંગન્યાસ કરન્યાસપૂર્વક સંશોધેલા પ્રાણની પણ પ્રતિષ્ઠા કરે. (આ રીતે ભૂતશુદ્ધિ આદિક નહિ કરનારો ભગવત્પૂજામાં લાયક થતો નથી) (૫૧) બ્રહ્મસ્વરૂપ પોતાના આત્માને અક્ષરબ્રહ્મની સાથે વિચારથી એકતાને પામેલો વર્ણી પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ શ્રીવિષ્ણુનું હૃદયકમળમાં ધ્યાન કરી પ્રથમ માનસી પૂજા કરી, પછી બાહ્યપૂજન કરે. (૫૨) શાલગ્રામ શિલામાં શ્રીહરિનું આવાહન ન કરવું. અન્ય ચલ પ્રતિમાઓમાં તો આવાહન (અને વિસર્જન) કરવું. (૫૩) પૂજાપદ્ધતિમાં કહેલી પૂજારીતિને અનુસરીને પ્રાપ્ત થયેલા ઉપચારો વડે મૂળમંત્રે સહિત અને પુરુષસૂક્ત મંત્રો વડે પૂજન કરે. (૫૪) વિષ્ણુપૂજનમાં પુરુષસૂક્તની દેહન્યાસ-દેવન્યાસ-ઉપચારાર્પણ- અભિષેક અને સ્તુતિમાં પાંચ આવૃત્તિઓ થાય છે. આ સર્વ સદ્‌ગુરુથકી જાણીને તે જ ક્રમથી અર્ચન કરે. (૫૫) પુષ્પ, ધૂપ, આદિ પ્રાપ્ત ન થયા હોય ત્યારે તે પુષ્પાદિ મંત્ર વડે મનથી અર્પણ કરવા. આ પ્રકારે નિયમ તત્પર અને પ્રભુમાં જ એક મનવાળો થઈને પરમ પ્રીતિથી ભગવાનનું પ્રતિદિન પૂજન કરે. (૫૬) અમુક દેશે, અમુક કાલે એમ દેશકાળના સંકીર્તનપૂર્વક સંકલ્પ કરી, દેહમાં અને દેવમાં ન્યાસ વિધિ કરીને પછી વરુણાદિ મંત્રો વડે કળશ, શંખ અને ઘંટાનું પૂજન કરે. (૫૭) પૂજાનાં દ્રવ્યો પુષ્પાદિનું સંપ્રોક્ષણ કરીને ધ્યાન કરે, પછી આવાહન અને આસન સમર્પણ કરે. પછી પાદ્ય, અર્ધ્ય, આચમન સમર્પીને પછી પંચામૃતથી સ્નાન સમર્પણ કરે. (૫૮) આ પ્રકારે લઘુપૂજા ને અભિષેક કરી વસ્ત્ર, ઉપવીત, ચંદન તથા નાનાવિધ પુષ્પો સમર્પણ કરે. (૫૯) પછી તુલસીપત્રો, અબીલ, ગુલાલાદિ સૌભાગ્ય દ્રવ્યો અને ધૂપ સમર્પે, પછી દીપ, ફલાદિ નૈવેદ્ય, અને હસ્ત પ્રક્ષાલનાર્થે જળ અર્પણ કરે. (૬૦) પછી તે વર્ણી મુખપ્રક્ષાલન માટે જળ અર્પે, પછી તાંબૂલ, સોપારી અને દક્ષિણા અર્પણ કરે, ત્યારપછી શ્રીહરિની આરતી કરીને પુષ્પાંજલિ અર્પણ કરે. (૬૧) ત્યાર પછી પ્રદક્ષિણા, સ્તુતિ અને નમસ્કાર કરી ક્ષમાપ્રાર્થના કરે. પછી કૃષ્ણમંત્ર અને વૈષ્ણવી ગાયત્રીનો યથાશક્તિ જપ કરે. (૬૨) જપ માટે તુલસીકાષ્ઠમાંથી બનેલી જપમાળા સર્વોત્તમ જાણવી અથવા કમળના બીજમાંથી બનેલ જપમાળા મંગલકારી જાણવી. આમળાના કાષ્ઠમાંથી બનાવેલી જપમાળા પણ શુભાવહ છે. (૬૩) સ્વાસ્તિકાસને બેસીને, સરલ શરીરવાળો થઈને એકાગ્ર દૃષ્ટિપૂર્વક, વસ્ત્રથી માળાને ઢાંકીને, મૌનવ્રત ધારણ કરી સ્થિરચિત્તવાળો થઈ જપ કરે. (૬૪) પછી વેદ પુરાણ ભારત સ્તોત્રાદિકનો યથાશક્તિ પાઠ કરી ભગવાનની મૂર્તિને

નમસ્કાર કરી ગુરુજનોને અભિવંદન કરે. (૬૫) પછી પવિત્ર દ્વિજો પાસેથી કાચું સીધું માગી લાવી સ્નાન કરી વર્ણિ રસોઈ બનાવે. મધ્યાહ્ન સંધ્યા અને પિતૃતર્પણ કરે. (૬૬) આદરપૂર્વક ભગવાનને મહાનૈવેદ્ય સમપર્ણ કરી આવાહન કરેલી શ્રીહરિ મહાપ્રભુની મૂર્તિ ફરી હૃદયમાં ધારણ કરે. (૬૭) ગાળ્યા વિનાનું ઘી, દૂધ કે જળ વિષ્ણુને નિવેદન કરવું નહિ. કેશ-રજ-જંતુથી દૂષિત અન્ન, બળી ગયેલું, દુર્ગંધીવાળું અને અશુદ્ધ અન્ન ભગવાનને નૈવેદ્ય ધરવું નહિ. (૬૮) તે પછી વર્ણી વૈશ્વદેવ કરે. પછી કોઈ યાચક પોતાની પાસે યાચના કરે તો હર્ષયુક્ત થઈને અન્નનો વિભાગ કરીને આપે. (૬૯) વર્ણી હોમ કરતાં અને આપતાં બાકી રહેલા અન્નનું પાત્ર ભૂમિ પર કરેલા ચોખંડા મંડળમાં મૂકીને પછી પ્રોક્ષણ કરે. (૭૦) પછી વર્ણી પૂર્વાભિમુખ બેસીને અપોશન કરી પ્રાણાહુતિ આપીને, કૃષ્ણપ્રસાદીભૂત અન્ન મૌન રહીને જમે. (૭૧) જો કોઈ પવિત્ર બ્રાહ્મણ પોતાને ભોજનાર્થે નિમંત્રે તો ભિક્ષા માગવા ન જ જાય અને તે વિપ્રના ઘેર ભોજન કરવા જાય. (૭૨) તે બ્રાહ્મણઘરે પોતાના આરાધવાની ભગવત્પ્રતિમાને નૈવેદ્ય કરી પૂર્વે કહેલી વિધિપૂર્વક જમે. જો પોતાના વ્રતનો ભંગ ન થાય તેમ હોય તો શ્રાદ્ધમાં ભોજન કરે. (૭૩) વર્ણી આચમન અને ચળુ કરી ભોજનપાત્ર શુદ્ધ કરી દિવસનો શેષ ભાગ વેદ સચ્છાસ્ત્રોના પઠન દ્વારા સમાપ્ત કરે. (૭૪) સાયંકાળે સ્નાન અને સંધ્યોપાસના કરી હોમ કર્મ કરે. વર્ણી યથાશક્તિ શ્રીકૃષ્ણ મહામંત્રનો જપ કરી ભગવાન સંબંધી કથા કરે. (૭૫) રાત્રિનો પહેલો પહોર વીત્યા પછી હૃદયમાં શ્રીહરિનું ધ્યાન ધરીને બ્રહ્મચારી જનોના સમૂહમાં પૃથ્વી ઉપર શયન કરે. (૭૬) આ પ્રમાણે બ્રહ્મચારીના નિત્યકર્મોનો વિધિ મેં સંક્ષપથી કહ્યો. આ વિધિનો સમગ્ર વિસ્તાર તો ધર્મશાસ્ત્રથી જાણવો. (૭૭) સંધ્યા, પૂજા, વૈશ્વદેવ અને હોમાદિનો વિધિ તેને પ્રતિપાદન કરનારા પદ્ધતિગ્રંથ થકી જાણવો. (૭૮) જે નૈષ્ઠિક વર્ણી ભૂમિમાં મેં કહેલા નિયમ-ધર્મોનું પાલન કરતો થકો ભગવાનને સેવે તે વર્ણી પોતાને ઇચ્છિત એકાંતિકી મુક્તિને પામે જ. (૭૯) જે પુરુષ આ ધર્મોને પ્રીતિથી સાંભળે કે જે કીર્તન કરે તે બન્ને પાપસમૂહથી મુક્ત થઈ દેવલોકને પામે. (૮૦) હે વર્ણિરાજ ! પૃથ્વીમાં પોતાના હિતમાં પ્રીતિવાળા, તીવ્ર વૈરાગ્યને પામતાં ગૃહક્ષેત્રાદિકનો ત્યાગ કર્યો છે જેમણે એવા, મહત્તપ વડે શ્રીહરિની આરાધના કરવા ઉત્સાહયુક્ત ચિત્તવાળા નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે આ લોકમાં પૂર્વે કહેલા ધર્મો પોતાના કલ્યાણ માટે નિરંતર અનુષ્ઠાન કરવા, તે ધર્મપાલનથી પ્રસન્ન થયેલા મહાપ્રભુ શ્રીહરિ તે વર્ણીઓને સકળ પ્રાર્થના કરાયેલું આપે છે. (૮૧)

**સુવ્રત મુનિ બોલ્યા :**

હે નરપતે ! આ પ્રમાણે જગદ્‌ગુરુ શ્રીહરિ મહાપ્રભુજીએ, પોતાના હિત માટે કહેલા ધર્મો સાંભળીને મુકુન્દાનંદ વર્ણી પરમ સંતોષ પામીને સત્પુરુષોના સ્વામી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૮૨)

**મુકુન્દાનંદ બોલ્યા :**

પોતાના આશ્રિત જનોના આત્યંતિક કલ્યાણમાં કારણભૂત જે અપાર કારુણ્યાદિ ગુણોરૂપી અલંકૃત છે ચરણકમળ જેમના એવા, અતિ કરુણાવ્યાપ્ત છે નેત્રકમળ જેમનાં એવા, હે અનાથના નાથ, અને નાના પ્રકારનાં પાપોના સમૂહને શાંત કરનારાં છે નામો જેમના એવા હે ગુરુરાજ ! આપ

શ્રીહરિને નિત્ય નમસ્કાર છે. (૮૩) તમો જીવોના અનાદિ અજ્ઞાનરૂપ અંધકારને મૂળથી નાશ કરનાર સૂર્ય છો. પોતાના ચરણકમળના આશ્રિત સમગ્ર જનોને પામવાને ઈચ્છિત વસ્તુઓ આપવામાં કલ્પવૃક્ષ છો. ભાગવત ધર્મનું પરિપાલન કરવાના સ્વભાવથી શોભાયમાન એવા હે ગુરુરાજ ! શ્રીહરિ તમોને નિત્ય નમસ્કાર છે. (૮૪) આ ક્ષેત્રમાં બ્રહ્મરંધ્રમાં સહસ્રદલ કમળમાં યોગકલા નિષ્ણાત જનોએ ધ્યાન કરવા યોગ્ય સાક્ષાત્ ઈશ્વર મૂર્તિ નારાયણ છો. અને તમો જ સર્વ અર્થોને સંપાદન કરનાર વેદરૂપી કલ્પવૃક્ષની ઉત્પત્તિમાં કારણભૂત છો એવા હે ગુરુરાજ ! શ્રી હરિ તમોને નિત્ય નમસ્કાર છે. (૮૫) હે સ્વામિન્ ! તમો મદિરા-માંસ-મૈથુનમાં આસક્ત પુરુષોના હિત માટે જ તેમના એક દંડધર છો તથા સનાતન ધર્મ અને અહિંસામય યજ્ઞનું રક્ષણ કરો છો એવા હે ગુરુરાજ ! શ્રી હરિ તમોને નિત્ય નમસ્કાર છે. (૮૬) હે ઈશ ! સમગ્ર બ્રહ્માંડમાં રહેલા જે બ્રહ્માદિ જેવા સર્વ કોઈને જીતવાથી બહુ બળવાન બનેલા કામ, લોભ, રસ, માન, લોભ વગેરે દૈત્યોને આ લોકમાં પરાભવ પમાડતા તમો પ્રગટ પ્રતાપવાળા છો એવા હે ગુરુરાજ ! શ્રીહરિ તમોને નિત્ય નમસ્કાર છે. (૮૭) આ જગતમાં પોતે જ સમગ્ર સદાચારને દ્રઢપણે આચરણ કરતા અને સ્વાશ્રિત જનોને ધર્મમાર્ગમાં વર્તાવતા એવા હે ગુરુરાજ ! શ્રીહરિ તમોને નિત્ય નમસ્કાર છે. (૮૮) પૃથ્વીમાં ગુરુ નામથી પ્રસિદ્ધ સ્ત્રીસંભોગ, રસાસ્વાદ, ધનઉપાર્જનમાં આસક્ત માટે મૂઢ બુદ્ધિ જેમની છે એવા જનોને ઠગનારા, અસુર ગુરુઓને તમારી કીર્તિ જે દરરોજ ક્ષીણ કરે છે એવા હે ગુરુરાજ ! શ્રીહરિ તમોને નિત્ય નમસ્કાર છે. (૮૯) પૃથ્વી ઉપર તમો એક જ મુક્તિ માર્ગ રૂપ કમળના ઉદ્‌ઘાટન કરનારા સૂર્ય છો માટે મુમુક્ષુ મુનિઓએ આશ્રય કરેલા છે. તમારા ચરણકમળમાં વિઘ્નોથી પરાભવ નહિ પામેલી મારી ભક્તિ હો. હે ગુરુરાજ ! શ્રીહરિ તમોને નિત્ય નમસ્કાર છે. (૯૦)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરેન્દ્ર ! આ પ્રકારે શ્રીહરિની સ્તુતિ કરી, મહાનુભાવ ઉદારબુદ્ધિ વર્ણીન્દ્ર મુકુન્દાનંદજીએ શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પ્રતિદિન શ્રીહરિએ કહેલા ધર્મમાં જ રહેલા તે વર્ણી પરમભક્તિથી શ્રીહરિની સેવામાં તત્પર થઈ રહ્યા. (૯૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્ર પાંચમા પ્રકરણમાં નૈષ્ઠિક ધર્મોમાં બ્રહ્મચારીઓનાં આહ્નિકવિધિ નિરૂપણ નામનો ચોપનમો અધ્યાય થયો. ।।૫૪।।

●

## અધ્યાય-૫૫

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતે પ્રતાપસિંહ ! ત્યારબાદ ભગવાન્ શ્રીહરિની આજ્ઞાથી આરંભેલું મંદિર કૃષ્ણપ્રતિમા સ્થાપન યોગ્ય તૈયાર થતાં ઉત્તમ રાજા ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી બોલ્યા : (૧) હે ભગવન્ ! આ મંદિર શ્રીકૃષ્ણ પ્રતિમા સ્થાપના યોગ્ય થઈ ગયું છે. તો આપ શુભ મુહૂર્તમાં કૃષ્ણપ્રતિષ્ઠા કરો. (૨) ઉત્તમ રાજાનું વચન સાંભળી પ્રસન્ન થયેલા શ્રીહરિએ રામચંદ્ર નામના

જ્યોતિષને કૃષ્ણ પ્રતિષ્ઠાનું મુહૂર્ત પૂછયું. (૩) ત્યારે રામચંદ્ર જોષી બોલ્યા : આ આસો માસમાં સુદી બારશના દિવસે જ ઉત્તમ મુહૂર્ત છે. તેથી તે મંદિરમાં તમો ભગવાનની પ્રતિમાની સ્થાપના કરો. (૪) શ્રીહરિએ ઉત્તમ રાજાને કહ્યું કે આજથી પાંચમા દિવસે જ શુભ મુહૂર્ત છે. તો પ્રતિષ્ઠામાં ઉપયોગી સમગ્ર સામગ્રીઓ વિનાવિલંબે તૈયાર કરાવો. (૫) આ પ્રમાણે ભગવાને કહેલા ઉત્તમ રાજા હર્ષ પામીને પુરોહિત બ્રાહ્મણોને પૂછીને જલ્દી કામ કરનારા સેવકો પાસે તમામ સામગ્રીઓ મંગાવી તૈયાર કરવા તત્પર થયા. (૬) ભગવાને મંદિર સમીપે કેળના થાંભલા વડે સુશોભિત વિશાળ મંડપ કરાવીને તેમાં વેદિકા કરાવી. (૭) વિજયાદશમી(દશેરા)એ પોતાનાં દર્શન કરવા માટે બહારગામથી આવેલા ભક્તજનોને શ્રીકૃષ્ણપ્રતિષ્ઠોત્સવનાં દર્શન કરવા માટે દુર્ગપુરમાં રોકી રાખ્યા. (૮) ત્યારબાદ શ્રીહરિએ વેદપાઠી અને વિધિમાં કુશળ વિપ્રવરોને બોલાવીને એકાદશીના રોજ અતિ આદરપૂર્વક પ્રતિષ્ઠા અને વિધિનો આરંભ કર્યો. (૯) હે રાજન્ ! શ્રીહરિ સુંદર પીતાંબર ધારણ કરી, આછો લાલ રેશમી વસ્ત્ર ઓઢીને, પ્રતિષ્ઠાવિધિને જાણનારા બ્રાહ્મણોના ઉચ્ચારેલા વેદમંત્રો વડે પીઠો ઉપર દેવોનું આવાહન કરીને યથાવિધિ પૂજા કરી. (૧૦) ત્યારબાદ શ્રીહરિએ સંવત ૧૮૮૫ના આસો સુદ બારશના દિવસે પ્રાતઃકાળ બાદ સંગવ સમયમાં તે મંદિરમાં રાધિકા સહિત પ્રૌઢમૂર્તિ ગોપીનાથ નામના શ્રીકૃષ્ણની યથાવિધિ સ્થાપના કરી. (૧૧) પ્રતિષ્ઠા સમયે ખૂબ જ મોટો વાજિંત્રોનો ધ્વનિ થયો અને વૈદિક બ્રાહ્મણોનો વેદઘોષ થયો. શ્રીહરિ પોતે શ્રી ગોપીનાથજીની વિવિધ ઉપચારો વડે પૂજા કરીને સ્થિર દૃષ્ટિથી તેમના સામે જોઈ રહ્યા. (૧૨) આમ ભગવાને મુહૂર્તપર્યંત એકાગ્ર દૃષ્ટિથી નિહાળેલા તે ગોપીનાથજી દિવ્ય શોભાથી દેદીપ્યમાન જણાયા. અપૂર્વ દિવ્ય શોભાવાળા શ્રી ગોપીનાથજીના દર્શન કરીને ભક્ત અને અભક્ત સર્વ કોઈ જનો અત્યંત આશ્ચર્ય પામી ગયા. (૧૩) પછી શ્રીહરિ પૂર્ણાહુતિ હોમ કરી, દેવોનું વિસર્જન કરાવી પ્રતિષ્ઠાવિધિમાં વરણ કરેલા વિપ્રોને મુખ્ય પક્ષ તરીકે દક્ષિણા વડે સંતોષ પમાડ્યા. (૧૪) ઉદારબુદ્ધિ, શ્રીહરિએ પ્રતિષ્ઠા પ્રસંગે ઉત્તમ બ્રાહ્મણોને ગાયો, સુવર્ણમુદ્રાઓ, ઘોડા, તલ, સુંદર વસ્ત્રો વગેરે વિવિધ દાનો આપ્યાં. (૧૫) પછી શ્રીહરિએ બીજા દેશોમાંથી અને બીજા નગરમાંથી આવેલા અનેક બ્રાહ્મણ સમૂહો તથા નગરવાસી સર્વ બ્રાહ્મણો તેમ જ સમગ્ર મુનિજનોને નાના પ્રકારનાં ભોજનો વડે સંતૃપ્ત કર્યા. (૧૬) આ પ્રકારે કૃષ્ણપ્રતિષ્ઠોત્સવ સમાપ્ત કરીને, ભક્તજનોએ પૂજેલા ધર્મતનય ભગવાન શ્રીહરિએ પ્રતિષ્ઠોત્સવનાં દર્શન કરવા બહારગામથી આવેલા ભક્તજનોને પોતપોતાને ગામે જવાની અનુજ્ઞા આપી. (૧૭) પોતાના બંધુજનોએ સહિત ઉત્તમરાજા પણ બહુકાળના પોતાના મનોરથનું શ્રીગોપીનાથ મૂર્તિપ્રતિષ્ઠા રૂપ ફળ ભગવત્કૃપાથી તે સમયે પામતાં પરમ હર્ષ પામીને પ્રેમભક્તિ વડે નિત્ય શ્રીહરિની સેવા કરવા લાગ્યા. (૧૮) શ્રીહરિની પરમ આશ્રિત જયા ને લલિતા (જીવુબા અને લાડુબા) નામની ઉત્તમ રાજાની બન્ને બહેનો તેમજ દુર્ગવાસી સર્વ ભક્તજનો પરમાનંદને પામ્યા. (૧૯) હે રાજન્ ! ભગવાન શ્રી સ્વામિનારાયણ તે દિવસથી આરંભીને તીવ્ર વૈરાગ્યને આશરીને જડભરતની પેઠે નિસ્પૃહપણે વર્તવા લાગ્યા (૨૦) શ્રીહરિ કોઈ સમયે જમે, કોઈ સમયે ના જમે. ક્યારેક અન્ન જમે તો ક્યારેક ફળ જમે. ક્યારેક પાંદડાં જમે અને ક્યારેક તો

કેવળ વાયુભક્ષણ કરીને ઉપવાસ કરવા લાગ્યા. (૨૧) સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદોને પોતપોતાના ધર્મમાં વર્તાવવા માટે શ્રીહરિ મહાપ્રભુ ગોપાલાનંદ મુનિને બોલાવીને તે પ્રતિ વાક્ય બોલ્યા : (૨૨) હે મુને ! તમોએ આ સાધુ આદિ સર્વને આચાર્યની અનુમતિથી જ પોતપોતાના ધર્મમાં વર્તાવવા એમ મુનિને કહીને પછી પ્રભુ સાધુઓ પ્રત્યે બોલ્યા : (૨૩) મારા આશ્રિત તમો સર્વેએ આ ગોપાળાનંદ મુનિની આજ્ઞામાં વર્તવું. જે કોઈ અમારા આ કહેલાથી અન્ય રીતે વર્તશે તે મારો ભક્ત નથી જ—એમ નિશ્ચય જાણવું. (૨૪) ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે આજ્ઞા કરેલા તે સાધુ આદિ સર્વે ભક્તજનો શ્રીહરિને નમસ્કાર કરી વચન બોલ્યા : 'હે ભગવન્ ! અમો સર્વે આપના કહેવા પ્રમાણે જ કરીશું, અન્યથા નહિ જ કરીએ.' (૨૫) હે ભૂપતે ! તે સમયે તેઓનું અંગીકાર વચન સાંભળીને પ્રસન્ન થયેલા ભગવાન પોતાના આશ્રિતો પ્રત્યે બોલ્યા : 'હે ભક્તો ! જો મારા કહ્યા પ્રમાણે વર્તશો તો તમારું કલ્યાણ થશે જ.' (૨૬) પછી ભગવાન પોતાના દેહનું પણ બહુધા અનુસંધાન નહિ રાખતા, ખાનપાનાદિ સમગ્ર દેહસંબંધી વ્યવહારનો પણ પરિત્યાગ કરીને જ્ઞાન, ભક્તિ-વૈરાગ્યે સહિત સંપૂર્ણ યોગ તથા ધર્મનો પૂર્વની માફક જ સ્વભક્તોને ઉપદેશ આપતા થકા બોલ્યા : (૨૭) 'કોઈપણ મારા આશ્રિત જનોએ પોતાના વર્ણાશ્રમને અનુરૂપ વેદોક્ત ધર્મનો ત્યાગ કરવો નહિ. અક્ષરબ્રહ્મની સાથે પોતાના આત્માને ઐક્ય ભાવથી નિશ્ચય કરીને, ભગવાન સિવાય બ્રહ્માંડમાં પ્રવર્તતી માયિક વસ્તુમાત્રમાં, અણુમાત્ર પણ પ્રીતિનો ત્યાગ કરીને, પ્રકાશમાન શ્વેત ઘન તેજયુક્ત અક્ષરધામમાં વિરાજમાન વાસુદેવ પુરુષોત્તમ નારાયણમાં પરાભક્તિ કરવી. અને ભગવાનનું માહાત્મ્ય જાણવા માટે તેમના એકાંતિક ભક્ત સાધુઓનું સેવન કરવું.' આ રીતે ધર્મપુત્ર નીલકંઠ નામે શ્રીહરિએ પોતાના ભક્તો પ્રતિ ઉપદેશ કર્યો. (૨૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
દુર્ગપુરે શ્રી ગોપીનાથ પ્રતિષ્ઠાનિરૂપણ નામનો પંચાવનમો અધ્યાય થયો. ॥૫૫॥

●

## અધ્યાય-૫૬

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપ ! કૃષ્ણથી ઇતર પદાર્થોમાં સર્વથા પ્રીતિરહિત એવા શ્રીહરિને ધર્મજ્ઞાનાદિ પ્રશ્ન પૂછનાર પુરુષ ઉપર પ્રીતિ વૃદ્ધિ પામતી ગઈ. (૧) શ્રીહરિની સેવામાં સદા તત્પર શતાનંદમુનિ એક સમયે તેમના ચરણ ચાંપતા થકા તેમની પાસે રહ્યા હતા. (૨) તેવામાં સ્વયં ભગવાન તે મુનિ પ્રત્યે બોલ્યા : હે મુને ! જો તમારે કાંઈ પૂછવું હોય તો હમણાં જ મને પૂછો. હું તેનો ઉત્તર કહીશ. (૩) હે નરાધિપ ! આ પ્રકારે ભગવાને કહેલા મહામતિમાન્ શતાનંદમુનિ અતિ પ્રસન્ન થઈને બે હાથ જોડીને નમસ્કાર કરીને એમ પૂછવા લાગ્યા. (૪)

**શતાનંદમુનિ બોલ્યા :**

હે સ્વામિન્ ! સર્વજ્ઞ અને યોગીઓએ સેવનીય એવા આપની પાસેથી યમાદિ અંગે સહિત યોગને હુ તત્ત્વપૂર્વક જાણવા ઇચ્છું છું. (૫) જોકે મને તો કેવળ તમારા કૃપાથી જ યોગીઓને પણ

દુર્લભ એવી સમાધિસિદ્ધિ, યમનિયમાદિ સાધનસંપત્તિ વિના પણ પ્રાપ્ત થઈ છે. (૬) તોપણ પાતંજલાદિ યોગશાસ્ત્રને અનુસારે સમાધિ અને તેના અંગભૂત યમાદિ સર્વ સાધનોના સ્વરૂપ, લક્ષણ, ઉદાહરણ આદિ જાણવાની ઇચ્છા રાખું છું. (૭)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! યોગમાં પ્રવર્તતા જનોનું હિત ઇચ્છતા શતાનંદમુનિએ પૂછેલા ભગવાન શ્રીહરિ પ્રસન્ન થઈને અગાધબુદ્ધિ મુનિ પ્રત્યે બોલ્યા : (૮)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! તમારી બુદ્ધિ ઘણી સારી છે કેમ કે તે અષ્ટાંગ યોગને પૂછો છો. યોગ સમાન પોતાના ઇચ્છિત અર્થને આપનારું અન્ય કોઈ સાધન નથી. (૯) સાધુઓએ પણ દુર્નિગ્રહ એવા મનનો નિગ્રહ યોગ વિના કરી શકાતો નથી. ભક્તિ અને જ્ઞાન પણ યોગથી જ નિશ્ચય સિદ્ધિને પામે છે. (૧૦) પ્રથમ યોગશાસ્ત્ર હિરણ્યગર્ભ મુનિએ પ્રવર્તાવ્યું. તે જ શાસ્ત્ર પતંજલિ સ્વરૂપ શેષ નારાયણે વિસ્તારેલું છે. (૧૧) હું તે યોગશાસ્ત્રનો સાર ગ્રહણ કરીને અંગે સહિત યોગ તમોને હુ કહું છું. ભગવાનને વિષે મનની સમાધિ કહેતાં એકાગ્રતાએ જ યોગનું સ્વરૂપ તમે જાણો. (૧૨) સુવર્ણાદિ ધાતુમાં રહેલા સર્વ દોષોને જેમ પ્રદીપ્ત અગ્નિ નાશ કરે છે તેમ મનમાં રહેલા સર્વ દોષોને સમાધિયોગ નાશ કરે છે. (૧૩) આથી ઉત્સાહી ભક્તે દોષોના નાશ માટે ભગવાનનો સમાધિરૂપ યોગાભ્યાસ તત્કાળ કરવો જોઈએ. (૧૪) અંગો સહિત સમાધિયોગને સાધવા ઇચ્છતા સાધકે સર્વ પ્રથમ સર્વયોગકલાનિધિ ગુરુનો ભક્તિભાવથી અવશ્ય આશ્રય કરવો. (૧૫) યોગસાધક પુરુષ યોગ જાણનાર ગુરુના મનને અનુકૂળ નિત્ય સેવાથી તેમને પ્રસન્ન કરે. પછી તે ગુરુએ કહેલ રીતિ વડે યોગનો સારી રીતે અભ્યાસ કરે. (૧૬) યોગસાધક પુરુષ પવિત્ર, સમથળ, રેતી-કાંકરાથી રહિત, મનને પણ અનુકૂળ અને મક્ષિકાદિ ઉપદ્રવે રહિત એવા દેશમાં નિવાસ કરે. (૧૭) જે દેશમાં અન્ન, વસ્ત્ર, જળ આદિ વડે પોતાની શુશ્રૂષા કરનાર પુરુષની અનુકૂળતા હોય તેમ જ જે સ્થળમાં શીત, વાત કે દંશ આદિની બાધા ન હોય અને જ્યાં પોતાને ઉચિત નદી આદિ જળાશયની અનુકૂળતા હોય તેવા આશ્રમમાં ચિંતાવર્જિત ભક્ત યોગાભ્યાસ કરે. (૧૯) નદી-કૂવાના સમીપમાં, ભયવાળા દેશમાં, સ્મશાનમાં, બહુ શબ્દ થતો હોય તેવા પ્રદેશમાં, અગ્નિ અને જળની નજીકના પ્રદેશમાં, જીર્ણ ગૌશાળામાં, ચાર રસ્તા કે આંગણામાં અપવિત્ર દેશમાં, દુર્ગંધીવાળા પ્રદેશમાં, સૂકા ખરી પડેલાં પાંદડાંઓના સમૂહમાં, તથા જનોથી વ્યાપ્ત પ્રદેશમાં સાધક યોગાભ્યાસ ન કરે. (૨૦-૨૧) સાધક બહુજનોનો સંગ, બહુ ભાષણ, અતિ આહાર, અતિપરિશ્રમ, રસોમાં અતિલોલુપતા તથા અતિ ક્રોધ ન કરે. (૨૨) ઉદરના બે ભાગને અન્નથી પૂરે, એક ભાગને જળથી પૂરે, એક ભાગને ખાલી રાખેઃ આ પ્રકારે યોગાભ્યાસી અલ્પાહારી થાય. (૨૩) યોગસાધક પુરુષ જવ, ચોખા, ઘઉં, ગાયનું દૂધ, ઘી, સૂંઠ ભક્ષણ કરે. યોગ સિદ્ધ થયા પછી જવ આદિ ભક્ષણનો નિયમ નથી. (૨૪) મદ્ય અને માંસનો સંસર્ગ સર્વ પ્રકારે ત્યાગ કરે તેમજ ભાંગ, તમાલપત્ર, અફીણ અને માદક તથા દુર્ગંધી વસ્તુ વગેરેને સર્વ પ્રકારે ત્યાગે. (૨૫) સાધક યોગી દહીં, છાશ, આંબલી

આદિનું ભક્ષણ ન જ કરે. તથા અડદ, કળથી, શાક, તીખા પદાર્થો અને લવણનો ત્યાગ કરે. (૨૬) તેલ, મરચાં, બહુ ગરમ પદાર્થો, હીંગ, અતિ ઠંડું વાસી તથા પૂર્વે અપરિચિત પદાર્થને ભક્ષણ કરે નહિ. (૨૭) સાધક નિત્ય ઉત્સાહવાળો થાય, આળસ અને શિથિલતાનો ત્યાગ કરે અને સ્ત્રીનો પ્રસંગ તો પ્રયત્નપૂર્વક સર્વથા ત્યાગ કરે. (૨૮) સાધક સ્ત્રીલંપટ પુરુષ અને પાપબુદ્ધિવાળા જનો, અને ધૂર્ત જનોનો સર્વથા ત્યાગ કરે એ નિશ્ચય વાત છે. જો એમ ના કરે તો સ્ત્રીલંપટાદિના સમાગમથી પરિપક્વ યોગવાળો સિદ્ધ યોગી પણ નિશ્ચે ભ્રષ્ટ થાય છે. તો સાધક ભ્રષ્ટ થાય તેમાં શું નવાઈ ? ભ્રષ્ટ થાય જ. (૨૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં યોગોપદેશમાં સાધનોચિતદેશાહાર નિરૂપણ નામનો છપ્પનમો અધ્યાય થયો. ॥૫૬॥

●

## અધ્યાય-૫૭

**નારાયણમુનિ બોલ્યા :**

હે દૃઢવ્રત ! સમાધિયોગનાં આઠ અંગો મનીષીજનોએ કહેલાં છે. તે આઠ અંગો અનુક્રમથી હું તમોને કહું છું : (૧) તેમાં પ્રથમ અંગ યમો કહેલા છે. બીજું અંગ નિયમો કહેલા છે. ત્યારપછી ત્રીજું અંગ આસનો, ચોથું પ્રાણાયામ, પાંચમું પ્રત્યાહાર, પછી છઠ્ઠું ધારણા, સાતમું અંગ ધ્યાન તથા આઠમું અંગ સમાધિ કહેલું છે. અષ્ટાંગ સાધ્ય સંપ્રજ્ઞાત સમાધિ આ પૂર્વોક્ત અષ્ટાંગો વડે સિદ્ધ થાય છે તે નિશ્ચય વાત છે. (૨-૩) હે વિદ્વન્ ! તેમાં શરૂઆતનાં પાંચ અંગો તે સમાધિનાં બહિર્ભૂત અંગો તમો જાણો તથા ધારણાદિ ત્રણ અંતરંગ અંગો તમો જાણો. (૪) હવે યમાદિ અંગોનાં લક્ષણો અને ફળો યોગશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જ સંક્ષેપમાં પૃથક્ પૃથક્ કહું છું. (૫) જે સાધનો હિંસાદિ નિષિદ્ધ પાપકર્મોથી સ્વાશ્રિત યોગસાધકને પાછો વાળીને યોગમાં જ સ્થિર કરે છે તેને વિદ્વાન પુરુષોએ યમો કહેલા છે. (૬) હે સુવ્રત ! અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ યમ કહેલાં છે. (૭) શરીર, વાણી અને મનથી પણ કદાપિ કોઈપણ પ્રાણીને પીડા ન કરવી તે સંતોએ અહિંસા કહેલી છે. (૮) જે ધર્મ અને અધર્મને સારી રીતે જોઈને જ જે યથાર્થ કથન તથા જે સર્વ પ્રાણી માટે હિતકારી વાક્ય તે સત્ય કહેવાય છે. (૯) પોતાને નહિ આપેલું જે પરધન તેનું પરોક્ષપણે કે બળજબરીથી ક્યારેય પણ જે ગ્રહણ ન કરવું તે અસ્તેય કહેલું છે. (૧૦) સમ્યક્ વસ્તુના વિચાર વડે સ્ત્રીસંગનો આઠ પ્રકારે ત્યાગ તે બ્રહ્મ કહેતાં બ્રહ્મધામની પ્રાપ્તિ કરાવનારું બ્રહ્મચર્ય કહેલું છે. (૧૧) પોતે વિચાર કરી ત્યાગ કરેલા પદાર્થોનો અસંચય તેને તત્ત્વદર્શી મહર્ષિઓ અપરિગ્રહ કહે છે. (૧૨) સર્વથા નિર્વેરપણું અહિંસાનું ફળ છે. પવિત્ર કર્મોનું અસ્રાવિપણું સત્યનું ફળ છે. (અસત્યથી તો છિદ્રવાળા ઘડામાંથી પાણીની પેઠે પુણ્ય સ્રવી જાય છે) (૧૩) નાના પ્રકારનાં દિવ્ય રત્નોની પ્રાપ્તિ અસ્તેયનું ફળ છે. વીર્યલાભ અને શીઘ્ર યોગસિદ્ધિ બ્રહ્મચર્યનું ફળ જાણવું. (૧૪) મનના વિક્ષેપોનો નાશ અપરિગ્રહનું ફળ માનેલું છે. આ પ્રમાણે પાંચ યમો કહ્યા. હવે નિયમો કહું છું. (૧૫) જે સ્વર્ગાદિ પ્રાપ્તિ માટે યાગાદિથી નિવૃત્તિ પમાડી

યોગસાધક સ્વાશ્રિત યોગીને મોક્ષધર્મોમાં સ્થાપન કરે છે તે આ યોગ પ્રકરણમાં નિયમો કહેલા છે. (૧૬) શૌચ, તપ, સંતોષ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન આ પાંચ જ યોગ વિશારદોએ નિયમ કહેલા છે. (૧૭) તેમાં બાહ્ય અને આભ્યંતરના ભેદથી શૌચ બે પ્રકારનું કહેલું છે. મૃત્તિકા અને જળ વડે બાહ્ય શૌચ થાય તથા ભાવશુદ્ધિથી આંતર શૌચ થાય. (૧૮) કૃચ્છ્ર અને ચંદ્રાયણ આદિથી શરીરનું જે શોષણ તથા ઈન્દ્રિયોનું એકાગ્રપણું તે તપ કહેવાય છે. (૧૯) હે સુમતે ! ઈશ્વરેચ્છાથી પ્રાપ્ત થયેલ અન્નાદિ વડે બીજી ઈચ્છા રહિત જે તુષ્ટિ તેને વિદ્વાનોએ સંતોષ કહેલો છે. (૨૦) ભક્તિપૂર્વક યથાશક્તિ નિરંતર ઉપનિષદોનો અથવા બીજા ભક્તિશાસ્ત્રનો જે પાઠ તેને સ્વાધ્યાય જાણવો. (૨૧) શ્રીહરિ મહાપ્રભુનું મનથી નિરંતન ચિંતન, વાણીથી સ્તુતિ અને શરીરથી ચંદન-પુષ્પાદિ વડે પૂજન — આ પ્રકારે ઈશ્વરપ્રણિધાન કહેલું છે. (૨૨) અંતઃકરણની શુદ્ધિ, સુમનોભાવ, ઈન્દ્રિયોનો નિગ્રહ અને આત્મદર્શન યોગ્યતા - શૌચનું ફળ છે. (૨૩) ઈન્દ્રિયો અને બુદ્ધિની શુદ્ધિ અને પાપોનો ક્ષય - તપનું ફળ જાણવું. સર્વોત્તમ સુખની પ્રાપ્તિ સંતોષનું ફળ છે. (૨૪) ઈષ્ટદેવની પ્રસન્નતા સ્વાધ્યાયનું ફળ જાણવું. શીઘ્ર સમાધિસિદ્ધિ ઈશ્વરપૂજનનું ફળ છે. (૨૫) યોગીએ યોગની સિદ્ધિ માટે વસ્ત્ર, મૃગચર્મ કે દર્ભ વગેરે આસનમાં બેસાય છે અથવા સ્વસ્તિક આદિ આસન વડે બેસાય છે તે યોગનું ત્રીજું અંગ આસન કહેલું છે. (૨૬) યોગપ્રક્રિયાના જાણકાર જનો આસનો બહુ પ્રકારનાં કહે છે. તેમાં ચોર્યાશી આસનો યોગીઓ માટે મુખ્ય માન્યાં છે. (૨૭) તે ચોરાશી આસનો પૈકી યોગી પુરુષો ત્રીશ આસનો મુખ્ય કહે છે. તેમાં પણ ચૌદ આસનો મુખ્ય છે તે તમોને કહું છું. (૨૮) સ્વસ્તિક, ગોમુખ, વીર, યોગ, પદ્મ, કુક્કુટ, કૂર્મ, ધનુષ, મયૂર અને પશ્ચિમોત્તાસન. (૨૯) શબ, સિદ્ધ, સિંહ અને ભદ્ર આ ચૌદ આસનો છે. હવે આ ચૌદ આસનોનાં લક્ષણ અનુક્રમથી યથાર્થપણે હું તમોને કહું છું. (૩૦) યોગસાધક બન્ને ચરણતળને ઢીંચણ-સાથળ વચ્ચે મૂકીને, સરલ દેહવાળો થઈને બેસે તે સ્વસ્તિક આસન કહેલું છે. (૩૧) જમણા પાર્શ્વભાગમાં ડાબા પગની ઘૂંટીને મૂકે અને ડાબા પાર્શ્વભાગમાં જમણા પગની ઘૂંટીને મૂકીને જે બેસવું, તેથી ગાયના મુખ જેવી આકૃતિ થાય તેને ગોમુખાસન કહેલું છે. (૩૨) એક પગને સાથળ ઉપર મૂકે અને બીજા પગ ઉપર સાથળને ધારણ કરે. યોગસાધકોએ સારી રીતે કરી શકાય તેવું આ વીરાસન કહેલું છે. (૩૩) ડાબી જમણી ઘૂંટી વડે વિપરીત ક્રમથી ગુદાને રોકીને નિશ્ચળ થાય તે આ યોગીસંમત યોગાસન કહ્યું છે. (૩૪) ડાબા સાથળ ઉપર જમણા પગને મૂકી બીજા ડાબા પગને જમણા સાથળ ઉપર મૂકીને ઊલટાસૂલટા ક્રમથી પાછળ પ્રસારેલા હાથ વડે પગના બે અંગૂઠાને પકડે તે આ આસન પદ્માસન કહ્યું છે. (૩૫) પાછળ પ્રસારેલા હાથથી પકડેલા પગના અંગૂઠાથી રહિત કેવળ પૂર્વોક્ત પદ્માસન બાંધીને બન્ને હાથ ઢીંચણ સાથળના મધ્યભાગથી પૃથ્વી ઉપર ધારણ કરી ભૂમિથી નિતંબાદિને અધ્ધર રાખે ત્યારે કુક્કુટાસન થયું કહેવાય. (૩૬) કુક્કુટાસનના બંધમાં રહેલો અને પરસ્પર સંલગ્ન આંગળીઓવાળા બે હાથ વડે ગરદનને પકડીને કાચબાની પેઠે ઉત્તાનપણે (ચત્તું રહેવું) તે સ્થિતિને ઉત્તનાકૂર્માસન કહ્યું છે. (૩૭) ડાબા સાથળના મૂળમાં જમણા ચરણને રાખી જાનુથી બહાર વેષ્ટિત જમણા હાથ વડે તે જમણા પગને ધારણ કરે તે ધનુરાસન કહેવાય. (૩૮) આ આસન પેટના રોગોનો નાશ કરનારું, કુંડલીનો બોધ આપનારું, અવયવોની

સ્થિરતા કરનારું અને મુનિસંમત કહ્યું છે. (૩૯) બે હાથની હથેળી વડે ભૂમિને અવલંબન કરીને નાભિના જમણા અને ડાબા ભાગને કુંણી ઉપર સ્થિતિવાળા કરીને તે કુંણી ઉપર શરીર રાખીને દંડની પેઠે નિશ્ચલ લાંબા ગાત્રવાળો થાય તે આ મયૂરાસન માન્યું છે. (૪૦) આ આસન ઉદરના રોગો મટાડે છે. જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે તથા અજાણથી ખાધેલા ઝેરને તથા ન પચે એવા ખાધેલા અન્નને પચવી નાંખે છે. (૪૧) બન્ને પગોને દંડની માફક લાંબા કરી તે પગોના બન્ને અગ્ર ભાગોને બન્ને હાથ વડે પકડી ઢીંચણ ઉપર મસ્તકને મૂકે તે આ પશ્ચિમતાનક આસન કહ્યું છે. (૪૨) આ આસન પવનને પશ્ચિમ દ્વારની ગતિવાળો કહે છે. જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે ને ઉદરને કૃશ કરે જ છે. (૪૩) ભૂમિ ઉપર શબની પેઠે ચત્તા સૂઈ રહેવું તે શબાસન કહ્યું છે. આ આસન સર્વ આસનો કરવાથી ઉપજેલા થાકને દૂર કરે છે અને ચિત્તની વિશ્રાંતિ સાધે છે. (૪૪) સીવની જે લિંગની નીચે રહેલી નાડીને ડાબી પાની વડે દબાવી ડાબી ઘૂંટી ઉપર જમણી ઘૂંટીને મૂકે તે આ સિદ્ધાસન કહ્યું છે. (૪૫) આ આસન અન્ય આસનોની અપેક્ષાએ અગ્રેસર હોઈ રાગ માત્રને નાશ કરનારું છે. આસનને કેટલાક વજ્રાસન કહે છે. કેટલાક મુક્તાસન અને કેટલાક ગુપ્તાસન કહે છે. (૪૬) વૃષણની નીચે સીવનીના બે પડખામાં ઘૂંટીને મૂકે. ડાબા ભાગમાં જમણી ઘૂંટીને અને જમણા ભાગમાં ડાબી ઘૂંટીને મૂકે પછી પહોળી કરેલી આંગળીઓવાળા બન્ને હાથને જાનુ ઉપર મૂકીને મુખ ફાડીને નાસિકાના અગ્રભાગને જોતો રહે તે આ સિંહાસન કહ્યું છે. આનાથી યોગીઓને અભિવાંછિત સિદ્ધિ પ્રાપ્ત થાય છે. (૪૭-૪૮) વૃષણની નીચે રહેલાં સીવનીના બે પડખામાં ઉક્ત પ્રકારે અનુક્રમે ઘૂંટી મૂકીને પાછળ કરેલા બે હાથ વડે બે પાદને પકડે તે આ ઉત્તમ ભદ્રાસન કહ્યું છે. (૪૯) આવાં બહુ પ્રકારનાં આસનોને યોગશાસ્ત્રમાં પારંગત નિષ્ણાતો કહે છે. તેમાં જે આસન સ્થિરસુખવાળું પોતાને થાય તે એક યોગાભ્યાસ સમયે આશ્રય કરે. (૫૦) આસનોના શ્રમથી ઉત્પન્ન થયેલા પસીના વડે અંગ વિમર્દન કરે, આથી શરીરની દૃઢતા અને કોમળતા થાય છે. (૫૧) શીતોષ્ણાદિ સર્વ દ્વંદ્વોની સહનશીલતા, શરીરના રોગોનો નાશ તથા પ્રાણાયામમાં અધિકારપણું- આ સર્વ કોઈ આસનોનું ફળ કહેલું છે. (૫૨) ઉક્ત આસનો જ્યારે સિદ્ધ થાય ત્યારે ગુરુએ ઉપદેશેલા માર્ગ વડે નાડી શુદ્ધીકરણનો અભ્યાસ કરે. (૫૩) નાડીશોધન વિના (કેવળ આસનસિદ્ધિથી) પ્રાણાયામ સિદ્ધ થતો નથી. નાડીઓ મળથી વ્યાપ્ત હોવાથી શરીર મધ્યે વાયુ ફરી શકતો નથી (૫૪) ધોતિ, બસ્તિ, નેતિ, ત્રાટક, નૌલિકા, કપાલભાતિ ઈત્યાદિ અનેક ક્રિયાભેદો નાડીશોધન માટે કહેલા છે. (૫૫) ચાર આંગળ પહોળા શ્વેત વસ્ત્રને ધીમે ધીમે ગળે, ફરી તે વસ્ત્રને ધીમે ધીમે બહાર કાઢે તે આ કાસ, શ્વાસ, કફ આદિ રોગોને નાશ કરનારી ધોતિ કહી છે. (ગળવાના વસ્ત્રની લંબાઈ પંદર હાથ જાણવી. તે વસ્ત્ર સુંવાળું ને ઝીણું લેવું.) (૫૬) નાભિ સુધી જળમાં રહીને ગુદા દ્વારા જળને ખેંચીને બસ્તિ જે નાભિનો નીચેલો પ્રદેશ તેનું ક્ષાલન કરી તે જ માર્ગથી જળને બહાર કાઢી નાકે તે સર્વ રોગને હરનારો બસ્તિ ક્રિયાનો પ્રયોગ જાણવો. (૫૭) શિશ્ન ઈન્દ્રિય વડે જળને ખેંચીને ફરી તે જ માર્ગથી અથવા ગુદાથી જળને બહાર કાઢી નાંખે. બીજો આ બસ્તિનો પ્રકાર છે. (૫૮) મુખ દ્વારા પાણી પીને તે પાણી ગુદા દ્વારા કાઢી નાખે. તે આ શંખ પ્રક્ષાલન નામની બસ્તિક્રિયા યોગીઓએ કહેલી છે. (૫૯) પ્રથમ મુખથી જળ પીને ફરી તે જળ

મુખ વડે જ વમન કરે તે આ નાડીઓને શોધનારી ગજકરણી નામની બાસ્તિક્રિયા કહેલી છે. (૬૦) નાસિકાના છિદ્રમાં સુવાળા સ્વચ્છ (એક વેંત જેટલો લાંબો) સૂતરનો દોરો ઘાલીને મુખથી આકર્ષણ કરે તે આ નેતિ ક્રિયા જાણવી. આ નેતિ નેત્ર અને મસ્તકના રોગને નાશ કરનારી થઈને દિવ્ય દૃષ્ટિને આપે છે. (૬૧) જ્યાં સુધી અશ્રુપાત થાય ત્યાં સુધી અતિ સૂક્ષ્મ ધ્યેય સ્વરૂપને સ્થિર દૃષ્ટિથી જોઈ રહે. આ નેત્રરોગ તથા આળસને નાશ કરનારી ત્રાટક નામની ક્રિયા જાણવી. (૬૨) યોગસાધક ખભાને નમતા રાખીને ઉદરને સમધિક ભમાવાના વેગથી ડાબી અને જમણી બાજુથી ભમાવે તે આ નૌલિક્રિયા કહી છે. આ ક્રિયા વાત, પિત્ત, કફાદિ સર્વ દોષોનો નાશ કરનારી છે. (૬૩) ધમણની પેઠે વેગથી રેચક (નાસા દ્વારા વાયુનું બહાર કાઢવું) અને પૂરક (નાસિકામાં તેનો પ્રવેશ કરાવવો)ને સંભ્રમે સહિત કરે તે આ કફાદિ દોષોને નાશ કરનારી યોગીસંમત કપાલભાતિ નામની ક્રિયા કહી છે. (૬૪) પૂર્વોક્ત ક્રિયાઓ કરવાથી યોગસાધકની સમસ્ત નાડીઓ શુદ્ધ થઈ જાય છે. નાડીઓ શુદ્ધ થતાં તેનું શરીર કૃશતાને પામે છે. દેહમાં કાંતિ આવે છે, જઠરાગ્નિનું પ્રદીપન થાય છે, પ્રણવધ્વનિનું શ્રવણ થાય છે, આરોગ્ય થાય છે અને બહુકાળ વાયુધારણનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. (૬૫-૬૬) આ પ્રકારે નાડીસંશોધન કરીને પ્રાણાયામનો અભ્યાસ કરે. કારણ કે વાયુ ચંચળ હોય તો ચિત્ત ચંચળ થાય છે અને વાયુ નિશ્ચળ હોય તો ચિત્ત પણ નિશ્ચળ થાય છે. (૬૭) આસનનો દૃઢ આશ્રય કરી સ્વસ્થ ચિત્તવાળો થઈને ગુરુએ કહેલા ક્રમ પ્રમાણે જ ધીરે ધીરે પ્રાણસંયમ (પ્રાણાયામ)ને કરે. (૬૮) હે મુને ! પ્રાણ શબ્દથી શરીર સંબંધી વાયુ કહેવાય છે તે પ્રાણવાયુના નિયમનને આયામ કહેવાય છે. આથી પ્રાણોના નિગ્રહને પ્રાણાયામ કહેલો છે. (૬૯) પ્રાણાયામ બે પ્રકારનો કહેલો છે : એક સગર્ભ અને બીજો અગર્ભ. જપ અને ધ્યાન વિનાનો અગર્ભ અને જપ તથા ધ્યાન સહિત સગર્ભ પ્રાણાયામ જાણવો. (૭૦) યોગીજનોએ કેવળ અગર્ભ કરતાં સગર્ભ પ્રાણાયામ શ્રેષ્ઠ કહેલો છે. સગર્ભ પ્રાણાયામ અભ્યાસથી યોગની સિદ્ધિ શીઘ્ર થાય છે. (૭૧) બન્ને પ્રકારનો આ પ્રાણાયામ પૂરક-રેચક-કુંભક-શૂન્યક ભેદથી ચાર પ્રકારનો કહ્યો છે. તેના લક્ષણો સાંભળો (૭૨) જેમ મુખમાં ધારેલા કમળનાળથી જળ આકર્ષાય છે, તેમ બાહ્ય વાયુનું નાસિકાથી જે આકર્ષણ તે પૂરક પ્રાણાયામ કહેવાય છે. (૭૩) હૃદયાકાશમાંથી વાયુને બહાર કાઢી હૃદયાકાશને શૂન્ય-વાયુરહિત કરે તે યોગશાસ્ત્ર વિશારદોએ રેચક પ્રાણાયામ કહ્યો છે. (૭૪) દૃઢ સ્થિતિવાળો યોગી ઉચ્છ્‌વાસ અને નિશ્વાસને રોકે તે જળ ભરેલા કુંભની માફક સ્થિર રહેલો તે પ્રાણાયામ કુંભક કહેલો છે. (૭૫) હે બ્રહ્મન્ ! પંડિતોએ આ કુંભક પ્રાણાયામ બે પ્રકારનો કહ્યો છે : એક આભ્યંતર અને બીજો બાહ્ય કહેવાય છે. (૭૬) હે મુને ! પાયુમાં વર્તતા મૂલાધારચક્રમાં પ્રાણ રોકવો તે આભ્યંતર કુંભક પ્રાણાયામ જાણવો. (૭૭) તેમ સોળ પ્રણવો વડે ધીરે ધીરે પૂરક કરવો, બત્રીશ પ્રણવો વડે રેચક કરવો અને કુંભક ચોસઠ વડે વિષ્ણુ ગાયત્રીનો પાઠ કરતો થકો શક્તિ પ્રમાણે જ પ્રાણાયામ કરે. (૭૯) જમણી બાજુ નાસિકાના પુટમાં પિંગલા નાડી રહેલી છે. ડાબા નાસાપુરમાં ઈડા નાડી રહેલી છે, તેમાં પિંગલામાં સૂર્ય અને ઈડામાં ચંદ્ર દેવતા રહેલા છે ઈડા-પિંગલા નાડીની મધ્યે સુષુમ્ણા નાડી રહી છે. તેમાં અગ્નિ દેવતા છે. (૮૦) ઈડા નાડી વડે પૂરક પ્રાણાયામને કરી ત્યારબાદ કુંભક પ્રાણાયામ કરે. ત્યારપછી પિંગલા નાડી વડે ધીરે ધીરે યોગીપુરુષ

રેચક પ્રાણાયામને કરે, (૮૧) અથવા યોગસાધક પિંગલા વડે પૂરક પ્રાણાયામને કરી પછી કુંભક કરી ઈડા નાડી દ્વારા રેચક પ્રાણાયામને કરે. (૮૨) ધીરે ધીરે કરેલા ન્યાયયુક્ત પ્રાણાયામ વડે યોગીને રોગનો નાશ અને સિદ્ધિ પ્રાપ્ત થાય; એમ ના કરે તો રોગની ઉત્પત્તિ અને સિદ્ધિનો અભાવ થાય (૮૩) પ્રાતઃકાળે, મધ્યાહ્નકાળે, સાયંકાળે અને અડધી રાત્રે આ ચાર વાર દરેક વખતે વીશ વીશ કુંભકોને ધીમે ધીમે કરે. ચાર સમય મળીને એંશી કુંભકો થાય (આ ઉત્તરોત્તર વૃદ્ધિક્રમથી એંશી પર્યંત કુંભકો કરવાનું જાણવું-પરંતુ એકદમ વૃદ્ધિ પમાડે નહિ.) (૮૪) પ્રાણાયામ સિદ્ધિમાં જો કનિષ્ઠ સ્થિતિ હોય તો સાધકને પરસેવો થાય. મધ્યમ સ્થિતિમાં શરીરમાં કંપ થાય અને ઉત્તમ સ્થિતિમાં વારેવારે આસન થકી ઉત્થાન (ઊંચું ઊપડવું) થાય. (૮૫) બાહ્ય વાયુનું પૂરણ અને આંતરવાયુનું રેચન એ બે વિનાની જે સ્થિતિ (કેવળ કુંભક) તે આ શૂન્યક નામનો પ્રાણાયામ જાણવો. આ શૂન્યક યોગીજન પ્રસિદ્ધ જે શૂન્યવેધ તેની પ્રથમ ભૂમિકારૂપ માન્યો છે. (૮૬) હે સુવ્રત ! ધારણામાં મનની યોગ્યતા થાય. આ યોગવિત્તમ મુનિજનોએ પ્રાણાયામનું ફળ કહ્યું છે તેવું પાતંજલ સૂત્ર છે : 'धारणासु च योग्यता मनसः' ઈતિ (૮૭) આ શૂન્યક નામના પ્રાણાયામનું સર્વ પ્રાણાયામોથી અધિકપણું છે. તે સર્વ વિશેષો હુ તમોને કહું છું. (૮૮) યોગનાં અંગોમાં શૂન્યક પ્રાણાયામને સમાન બીજું કોઈ શ્રેષ્ઠ યોગનું અંગ નથી. કારણ કે શૂન્યક પ્રાણાયામની સિદ્ધિ થતાં નાદ નામના બ્રહ્મ સ્વરૂપનો પ્રકાશ થાય છે, તેમાં આ યોગીને પરબ્રહ્મ સુખનું અનુભવાત્મક જ્ઞાન થાય છે. (૮૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં યોગોપદેશના યમનિયમાસનપ્રાણાયામલક્ષણનિરૂપણ નામનો સત્તાવનમો અધ્યાય થયો. ။૫૭။

●

## અધ્યાય-૫૮

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! શૂન્યક નામનો પ્રાણાયામ યોગજ્ઞ પંડિતોએ શ્રેષ્ઠપણે માનેલો છે. નિર્વાસનિક ચિત્તવાળા પુરુષના હૃદયમાં જ શૂન્યક પ્રાણાયામ ઉત્પન્ન થાય છે. (૧) તે પ્રાણાયામ હૃદયમાં સિદ્ધ થતાં પ્રાણાદિ દશ વાયુઓ પોતપોતાના સ્થાન હૃદયાદિ અવકાશોમાં શમી જાય છે. (૨) તે સમયે યોગશીલ પુરુષની જાગૃતાવસ્થા સુષુપ્તિ સમાન કોઈ વિલક્ષણ અવસ્થા થઈ જાય છે તથા દેહમાં નિશ્ચળતા અને અંતરમાં નાનાવિધ નાદોનું શ્રવણ થાય છે. (૩) યોગી પ્રથમ વીણાના ધ્વનિ જેવા સૂક્ષ્મ ધ્વનિ સાંભળી પછી અંતરમાં જ આ યોગી જાગ્રત દશાની માફક પ્રબુદ્ધ થાય છે. પછી વેણુનાદને સાંભળે છે. (૪) પછી મૃદંગના જેવા નાદને સાંભળે છે, ત્યારબાદ શંખ ને દુંદભિ જેવા નાદ સાંભળે છે ત્યારપછી ભેરી આદિ અનેક વાજિંત્રોના તુલ્ય નાદો સાંભળે છે. (૫) પછી મેઘની ગર્જના સમાન અનંત પ્રકારના નાદોને સાંભળીને અત્યંત બોધયુક્ત થઈને પોતાના હૃદયકમળમાં તેજનો સમુદાય જુએ છે. (૬) ત્યારબાદ તે યોગી વ્યષ્ટિ અને સમષ્ટિ સંજ્ઞાવાળા દેહો (સ્થૂળ-સૂક્ષ્મ-કારણ, વિરાટ-સૂત્રાત્મા-અવ્યાકૃત)માં શ્વાસોશ્વાસ સ્વરૂપથી રહેલા મૂર્તિભૂત પ્રણવને પોતાના

હૃદયમાં જુએ છે (સાક્ષાત્ કરે છે). (૭) આ લોકમાં યોગીઓ પ્રણવની પ્રાપ્તિ માટે આળસે રહિત થઈને હંમેશાં શ્વાસે શ્વાસે અષ્ટાક્ષર મહામંત્ર ૐ नमो नारायणाय નો અભ્યાસ કરે છે. (વારંવાર ઉચ્ચારણ કરે છે) (૮) પ્રણવના સાક્ષાત્કાર પહેલાં તો આકાશની માફક અપાર, જેને નાદબ્રહ્મ કહે છે, અત્યંત ઉજ્જ્વલ એક તેજના સમૂહને સાક્ષાત્ જુએ છે. (૯) તે તેજના સમૂહમાંથી જેમ અગ્નિમાંથી તણખો નીકળે તેમ સૂર્યમંડળ સમાન ઘણા તેજનાં મંડળો નીકળે છે. (તેને પણ યોગી જુએ છે) (૧૦) પછી યોગી તેજના સમૂહમાંથી નીકળતા નાદરૂપ તેજોમય શ્વેત પ્રણવનું દર્શન કરે છે. (૧૧) તે તેજોરાશિમાં તેજોના ચક્રતુલ્ય કાંતિવાળા ઉત્પન્ન થતા અને લય પામતા એવા ઘણા પ્રણવધ્વનિઓનું યોગીને દર્શન થાય છે. (૧૨) જેમ સમુદ્રમાં મહાતરંગો અને મેઘમાં વીજળીઓ ઉત્પન્ન થાય છે અને લય પામે છે, તેમ જ તેજઃપુંજમાં અસંખ્ય પ્રણવનાદો ઉત્પન્ન થાય છે અને લય પામે છે. (તેને યોગી સાક્ષાત્ જુએ છે) (૧૩) નાદાત્મક પ્રણવના મહાધ્વનિમાં પ્રથમ સાંભળેલા સર્વ વિવિધ નાદો લય પામી જ જાય છે. (૧૪) આ પ્રણવનો મહિમા ચારેય વેદોમાં બહુધા વર્ણવ્યો છે. તે મહિમાનો સાર એકઠો કરીને સંક્ષેપથી હું તમોને કહું છું. (૧૫) આ લોકમાં જે કાંઈ વાણીપ્રચુર શાસ્ત્ર છે તેનું કારણ આ પ્રણવ જાણવો. માટે તે બીજ રૂપ સનાતન છે. (૧૬) તે પ્રણવની અકાર, ઉકાર, મકાર અને અર્ધમાત્રિકા આ ચાર માત્રાઓ છે. તે સર્વ (શાસ્ત્રો અને બ્રહ્માંડો)ના આધારપણે માનેલી પ્રસિદ્ધ છે. (૧૭) જે વિરાટદેહ, વિષ્ણુ અને સ્થિતિકાળ આ ત્રણ અકારને આશરીને વર્તે છે. સૂત્ર-સૂક્ષ્મ દેહ, હિરણ્યગર્ભ (બ્રહ્મા) અને સૃષ્ટિકાળ આ ત્રણ ઉકારનો આશ્રય કરીને વર્તે છે. (૧૮) ઈશ્વરનું અવ્યાકૃત શરીર-કારણ દેહ ઈશ્વર (શિવ) અને લયકાળ આ ત્રણ મકારને આશરીને વર્તે છે. ચિદાકાશ, અક્ષરબ્રહ્મ અને તુરીય-વાસુદેવ આ ત્રણ અર્ધમાત્રિકાને આશરીને વર્તે છે. (૧૯) બાવન વર્ણ માત્રિકાઓ, (અકારાદિ શિક્ષામાં પ્રસિદ્ધ છે), ભૂરાદિ સાત વ્યાહૃતિઓએ સહિત વેદો, વેદનાં શિક્ષાદિ છ અંગો ઈત્યાદિ જે કંઈ વાણીમય છે તે બધાનું મૂળ પ્રણવ છે. (૨૦) પ્રણવનાં દર્શન થયા પછી પ્રણવના તેજથી સમગ્ર અવકાશ વ્યાપેલો છે : આ પ્રમાણે જોઈને યોગી ઉત્તમ આનંદ પામે છે. (૨૧) તે પ્રણવના આલંબનથી જ શૂન્ય અને મહાશૂન્યાદિ ભૂમિકાઓને ભેદીને યોગી જ્યાંથી નાદ ઉદય થાય છે તે નાદાત્મક નારાયણ પ્રભુને પામે છે. (૨૨) કાર્ય અને કારણરૂપ એવો આ નાદ જેના અંગ થકી પ્રાદુર્ભવે છે તે નારાયણનું યોગી પોતાના હૃદયકમળમાં સાક્ષાત્ દર્શન કરે છે. (૨૩) ત્યારપછી તે યોગી આ લોકમાં કૃતકૃત્ય થઈ જાય છે એમાં કોઈ સંશય નથી તે નારાયણ પ્રભુના અનુગ્રહથી તે યોગી ભગવાનના સર્વોત્તમ બૃહત્ અક્ષરધામને પામે છે. (૨૪) શૂન્યક પ્રાણાયામની સિદ્ધિથી જ આ સ્થિતિ થાય છે. સમાધિના તત્ત્વને જાણનારાઓએ આ સ્થિતિને સહજ (અકૃત્રિમ) સમાધિ કહેલી છે. (૨૫) સહજ સમાધિવાળો તે યોગી સ્થૂળદેહમાં રહેલો છે તોપણ સદા સાક્ષીની માફક વર્તે છે. તે યોગી આત્યંતિક લય સ્થિતિને પામીને ઉન્નિદ્ર કહેતાં જાગૃત થકો વર્તે છે. (૨૬) આ શૂન્યક પ્રાણાયામ સર્વે લોકથી સાધ્ય નથી. એક જન્મમાં કરેલાં પુણ્યસંચયો વડે પણ પ્રાપ્ત થતો નથી. (૨૭) અનેક જન્મોથી ઉત્પન્ન થયેલા સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય યુક્ત ભગવદ્‌ભક્તિ સ્વરૂપ-પુણ્યકર્મના સંચયો વડે

જેનું ચિત્ત સમગ્ર વાસનાએ રહિત થાય છે, હે મુને ! તે પુરુષને સત્સંગ અને સચ્છાસ્ત્રના અભ્યાસ વિના પણ સાક્ષાત્ ભગવાન વાસુદેવની ઇચ્છાથી જ શૂન્યકમાં સ્થિતિ થાય છે. (૨૮-૨૯) જેમ પૂર્વે ઋષભદેવના પુત્રો આદિ નવ યોગેશ્વરોની પેઠે આ પુરુષ પણ બાલ્યાવસ્થામાં પણ અક્ષરબ્રહ્મની સાથે પોતાના આત્માના ઐક્યનો અનુભવ કરે છે. (૩૦) કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, અમસ અને કરભાજન - આ નવ ઋષભદેવના પુત્રો બાલ્યાવસ્થામાં પણ બ્રહ્મસાક્ષાત્કારને પામીને યોગ જાણનારાઓમાં ઉત્તમ સિદ્ધો થઈ ગયા. (૩૧-૩૨) હમણાં પણ આ ભૂમિતલ ઉપર જે કોઈ ઋષભદેવના પુત્રો સમાન હોય તે ભગવાનની ઇચ્છાથી અકસ્માત તેવી સ્થિતિને પામે છે. (૩૩) હે સન્મતે ! આ લોકમાં શૂન્યક પ્રાણાયામની સિદ્ધિ માટે ચિત્તના નિર્વાસનિકપણા વિના અન્ય કોઈ ઉપાય છે જ નહિ. (૩૪) વાસનાએ રહિત ચિત્તવાળા પુરુષના હૃદયમાં તે શૂન્યક પ્રાણાયામ પૂરક રેચકાદિ અભ્યાસક્રિયાઓ વિના પણ તત્કાલ જ અકસ્માત ઉત્પન્ન થાય છે. (૩૫) હે મુને ! આ પ્રમાણે મેં તમોને પ્રાણાયામનું સ્વરૂપ કહ્યું. જે પ્રાણાયામ યોગ વિશારદોએ સામાન્ય અને વિશેષ એવા ભેદ વડે કહેલ છે. (પૂરક, કુંભક, રેચકપણે સામાન્ય અને શૂન્યપણે વિશેષ જાણવો.)(૩૬) હે મુને ! જે પુરુષ આ લોકમાં ધૈર્યયુક્ત થઈને યોગસિદ્ધ પુરુષે બતાવેલા માર્ગ વડે પ્રાણાયામનો અભ્યાસ કરે છે તેનું મન ભલે પ્રકૃતિથી અતિ ચંચલ હોઈને મોક્ષોન્મુખ જનોનું અનન્ય શત્રુ હોય તોપણ શીઘ્ર નિશ્ચલપણાને પામે છે એમાં સંશય નથી. (૩૭)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
યોગોપદેશમાં શૂન્યકપ્રાણાયામલક્ષણનિરૂપણ નામનો અઠ્ઠાવનમો અધ્યાય થયો. ॥૫૮॥

●

## અધ્યાય-૫૯

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! પ્રાણાયામ સાધવાની ઇચ્છાવાળા પુરુષે નાસિકાના નિઃશ્વાસમાં પાંચ તત્ત્વો સર્વ પ્રકારે જાણવા યોગ્ય છે. (૧) વળી ઈડા, પિંગલા અને સુષુમ્ણા નાડી વહેતી હોય ત્યારે યોગીએ જે કર્તવ્ય છે તે પણ તત્ત્વથી જાણવું. (૨) સૂર્ય અને ચંદ્ર સંબંધી તિથિ-પક્ષ-વારાદિ ભેદ પણ જાણવો. યોગસાધકે આ યથાશાસ્ત્ર જાણીને યથાકાળ સમગ્ર ક્રિયાઓ કરવી. (૩) આ બધું સ્વરશાસ્ત્રમાં વિસ્તારથી વર્ણવેલું છે. તેનો સારાંશ ખેંચી સાધકોના હિત માટે હું કહું છું. (૪) પાંચ તત્ત્વો મધ્યે પૃથ્વીતત્ત્વ પીતવર્ણવાળું અને ચતુષ્કોણ જાણવું. તે સમયે શ્વાસ બાર આંગળના પ્રમાણવાળો મધ્યગતિવાળો થાય. (૫) નાસિકા નિઃશ્વાસમાં પૃથ્વીતત્ત્વ વર્તમાન હોય ત્યારે સ્વભાવ સ્થિર થાય, સુગંધી પદાર્થમાં રુચિ થાય અને હૃદયમાં પીળા વર્ણવાળા પદાર્થોના સંકલ્પ થાય. (૬) આવું ધરાતત્ત્વ નાસા-નિઃશ્વાસમાં વહેતું હોય ત્યારે યોગીજને પોતાને યોગ્ય એવાં સ્થિર કાર્યો જ કરવાં, તે થકી અન્ય કર્મ ન કરવું. (૭) જળતત્ત્વ શ્વેત વર્ણવાળું અને અર્ધચંદ્ર જેવી આકૃતિવાળું હોય ત્યારે શ્વાસ અધોગતિવાળો અને સોળ આંગળના પ્રમાણનો લાંબો થાય. (૮) ત્યારે પ્રકૃતિમાં ચંચળતા થાય અને હૃદયમાં રસાસ્વાદની તૃષ્ણા થાય, શ્વેત પદાર્થોનું મનમાં

ચિંતવન થાય. આ સમયે શાંતિકર્મને કરે. (૯) તેજતત્ત્વ રક્તવર્ણ અને ત્રિકોણ જાણવું. ત્યારે શ્વાસ ઊર્ધ્વગતિવાળો થાય, તે ગતિ ચાર આંગળ પરિમિત જાણવી. તે સમયે સ્વભાવ તીક્ષ્ણ થાય. (૧૦) ત્યારે રૂપવિષયમાં રુચિ થાય અને હૃદયમાં લાલ પદાર્થોનું સ્મરણ થાય ત્યારે યોગી પોતાને ઉચિત તીક્ષ્ણ કર્મ કરે. (૧૧) વાયુતત્ત્વ લીલા વર્ણવાળું અને ગોળાકાર જાણવું. ત્યારે શ્વાસની આઠ આંગળ પરિમિત વક્રગતિ હોય ત્યારે સ્વભાવ અતિ ચંચલ થાય. ત્યારે સ્પર્શસુખમાં પ્રીતિ થાય. મનમાં લીલા પદાર્થોનો સંકલ્પ થાય. તેમાં યોગી ચરકર્મો(જલદી કરવાની ક્રિયાઓ)ને કરે. (૧૨-૧૩) આકાશતત્ત્વ શ્યામ અને બિન્દુ સમાન આકૃતિ જાણવું. ત્યારે યોગીના શ્વાસની એક આંગળ પર્યંત ચોમેર ગતિ થાય. (૧૪) ત્યારે પ્રકૃતિમાં શૂન્યના શબ્દમાં પ્રીતિ અને સંકલ્પરહિતપણું થાય. ત્યારે યોગીએ આત્મચિંતન કરવું. (૧૫) આદ્ય પૃથ્વીતત્ત્વ ને અંતિમ આકાશત્ત્વમાં પ્રાણાયામ શ્રેષ્ઠ છે. બીજાં જળતત્ત્વમાં અને ત્રીજા તેજતત્ત્વમાં પ્રાણાયામ મધ્યમ છે. ચોથા વાયુતત્ત્વમાં પ્રાણાયામ કનિષ્ઠ છે. (૧૬) ઈડા નાડીમાં જળતત્ત્વ વહેતું હોય ત્યારે જ જળપાન કરે, જ્યારે પિંગલા નાડીમાં તેજતત્ત્વ વહેલું હોય ત્યારે જ ભોજન અને મળોત્સર્ગ કરે. (૧૭) જ્યારે સુષુમ્ણા નાડી વહેતી હોય ત્યારે ભગવાનનું ધ્યાન અને પ્રાણાયામ કરે. બીજું કાંઈ પણ સ્થિર કે ચલાયમાન કર્મ ન કરે. (૧૮) દિવસે ચંદ્રમા સંબંધી (ઈડા) નાડી ચલાવે તથા રાત્રિમાં સૂર્યસંબંધી (પિંગલા) નાડીને ચલાવે, જળપાન આદિ કરવું હોય ત્યારે તો તેટલો કાળ સૂર્યસંબંધી નાડીને વિપરીત કરે અર્થાત્ સૂર્યસંબંધી નાડીને બદલે ચંદ્રસંબંધી નાડીને ચલાવે. (૧૯) યોગીએ શુક્લપક્ષ ચંદ્રનો સમજવો અને કૃષ્ણપક્ષ સૂર્યનો સમજવો તથા બુધવાર, શુક્રવાર, સોમવાર અને ગુરુવાર ચંદ્રના જાણવા અને રવિવાર, શનિવાર અને મંગળવાર સૂર્યના જાણવા. (૨૦) શુક્લપક્ષના પ્રતિપ્રદાથી આરંભીને અમાવાસ્યા પર્યંત ત્રણ ત્રણ દિવસો (પ્રતિપદા, દ્વિતીયા અને તૃતીયા એમ ત્રણ દિનો, ચતુર્થી, પંચમી, ષષ્ઠી એમ ત્રણ દિનો - આવા ક્રમથી જ) અનુક્રમે ચંદ્રના અને પછી સૂર્યના સમજવા. (૨૧) ચંદ્રનાડી ઈડા ચાલતાં તેના ઉક્ત પ્રકારે ચંદ્રપક્ષ, ચંદ્રતિથિ અને ચંદ્રવારનો સંયોગ થાય તો કરાતું સર્વ કાર્ય સિદ્ધ થાય છે. તેમજ સૂર્યનાડી પિંગળા ચાલતાં તેને સૂર્યપક્ષ, સૂર્યતિથિ અને સૂર્યવારનો સમાગમ થાય તો કરવામાં આવતું સર્વ કાર્ય સિદ્ધ થાય છે. (૨૨) આ ચંદ્ર અને સૂર્ય સંબંધી પક્ષ-તિથિ-વારોનું મિશ્રણ થાય તો આરંભ કરેલ કર્મનું મનોવાંછિત ફળ શીઘ્ર થતું નથી. (૨૩) હે મુને ! આ પ્રકારે તત્ત્વાદિકનાં સ્વરૂપો સંક્ષેપથી મેં તમોને કહ્યાં તેને યોગસાધક પુરુષ સ્વાર્થસિદ્ધિ માટે જાણે. (૨૪) આ બધું તત્ત્વાદિ વિજ્ઞાન પૂર્વે કહેલા નિયમોમાં સ્થિતિવાળા યોગસાધકને થાય, પરંતુ નિયમોથી વિરુદ્ધ વર્તનારાને થતું નથી. (૨૫) જે કુપથ્ય ભોજનશીલ હોય, જે બહુ ભોજનશીલ હોય, જે પ્રમાદી હોય, જે વ્યસની હોય, જે ક્રોધી હોય, જે બહુભાષી હોય, જે દિવસે શયન કરનારા હોય, જે કામી હોય- આ બધા તત્ત્વાદિ વિજ્ઞાનને જાણતા નથી. (૨૬) પ્રાણાયામ નિરૂપણના પ્રસંગથી આ તત્ત્વાદિકનું નિરૂપણ કર્યું. જે તત્ત્વાદિના જ્ઞાનવાળા જનો પ્રયોજનની સિદ્ધિ અને અસિદ્ધિ હૃદયમાં જાણવા શક્તિમાન થાય છે. (૨૭) હે સુબુદ્ધ ! આ પ્રકારે મેં યમ-નિયમ-આસન-પ્રાણાયામ આ ચાર

યોગાંગોનું સ્પષ્ટપણે નિરૂપણ કર્યું. હવે બીજા પ્રત્યાહારાદિ અંગો ફળ સાથે અનુક્રમથી હું તમોને કહું છું. (૨૮)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
યોગોપદેશમાં તત્ત્વાદિજ્ઞાનનિરૂપણ નામનો ઓગણસાઇઠમો અધ્યાય થયો. ॥૫૯॥

●

## અધ્યાય-૬૦

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

પોતપોતાના શબ્દાદિ વિષયોમાંથી શ્રોત્ર આદિ સર્વ ઇન્દ્રિયોનું આત્મામાં જે સમાકર્ષણ (પાછી વાળવું) તે પ્રત્યાહાર કહ્યો છે. (૧) યોગસાધકના શ્રોત્રાદિ ઇન્દ્રિયોની પરવશતા થકી વિશેષપણે મુક્તિ થાય છે, તે આ યોગનિષ્ણાતોએ પ્રત્યાહારનું ફળ કહ્યું છે. (૨) આધારાદિ ચક્રોમાં અથવા હૃદય વિષે ભગવાનની મૂર્તિમાં પ્રાણસહિત મનનું જે ધાર-સ્થિરીકરણ તે ધારણા કહી છે. (મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂરમ્, અનાહત, વિશુદ્ધિ અને આજ્ઞા-આ છ ચક્રો છે.) (૩) ધ્યાનની સિદ્ધિ એ ધારણાનું ફળ યોગીઓએ કહ્યું છે. હવે યોગનું સાતમું અંગ જે ધ્યાન તે કહીશ. (૪) યમાદિ છ અંગોના અભ્યાસથી ક્ષીણ થઈ ગયેલ છે કર્મદોષ જેનો એવું પોતાનું મન થયે સતે ભગવાનમાં પ્રેમવૃદ્ધિ કરનારું ધ્યાન યોગીએ સાધવું. (૫) નાભિહૃદમાં આઠ પત્રોવાળું, અધોમુખવાળું, કેળના ડોડા જેવું, બાર આંગળ નાળવાળું એવું કમળ વર્તે છે. (૬) પ્રણવના ધ્વનિઓથી વિકસિત થયેલું અને ઊર્ધ્વમુખ કરાયે સતે વિકસેલ નાભિપદ્મમાં જે તેજોમંડળ તેના મધ્યમાં વાસુદેવનું ચિંતન તે ધ્યાન કહેવાય છે. (૭) એકીસાથે ઉદય પામેલા કરોડો સૂર્ય સમાન શોભાયમાન મુખારવિંદવાળા, ઉત્તમ કમળપત્રો સમાન નેત્રવાળા, કંઠમાં કૌસ્તુભમણિથી સુશોભિત, પ્રીતિના અતિશયથી મુરલી વગાડતા, સર્વ પ્રકારના અલંકારોના ભૂષણરૂપ, ધારણ કર્યો છે સુંદર મુગટ જેમણે, કાનોમાં સુશોભિત કુંડળવાળા, લંબાયમાન બાહુવાળા, પીતાંબરને ધારી રહેલા, એવા શ્રી વાસુદેવનું હૃદયકમળની સમીપમાં નાભિકમળની અંદર તેજોમંડળમાં ધ્યાન કરવું. (૮) કંઠમાં ભક્તોએ અર્પણ કરેલા મોતી અને પુષ્પોની માળાઓની પંક્તિઓ વડે શોભાયમાન અને મનોહર ઉજ્જ્વલ હેમમય, ઉત્તમ બ્રહ્મસૂત્ર(યજ્ઞોપવીત)ને ધારણ કરેલા એવા પ્રભુ શ્રી વાસુદેવ ભગવાનનું ધ્યાન કરતો થકો દૃઢ મતિવાળો અને નિશ્ચલ યોગસાધક ચરણકમળ આદિ અંગો મધ્યે એક એક અંગમાં પૃથક્ પૃથક્ મન ધારણ કરે. (૯) અથવા ભગવાન વાસુદેવના રામકૃષ્ણાદિક અવતારો થઈ ગયા તેમાંથી પોતાને પ્રિય એવા એક સ્વરૂપનું એકાગ્ર થઈને યોગસાધક ધ્યાન કરે. (૧૦) અથવા જેવી પોતે જોયેલી અને આચાર્યે પ્રતિષ્ઠા કરી સ્થાપન કરેલી ભગવાનની પ્રતિમાનું પ્રતિદિન ધ્યાન કરે તથા ભગવાનના સંબંધને પામેલી દિવ્ય અસ્ત્ર-વસ્ત્ર- આભૂષણ વગેરે વસ્તુઓ પણ ધ્યાન કરવા યોગ્ય છે. (૧૧) આ પ્રકારે નિત્ય પ્રત્યે ધ્યાનનો અભ્યાસ કરનાર યોગીને તત્કાલ ભગવાનમાં ભક્તોને અભિવાંછિત એવો પ્રેમ વૃદ્ધિ પામે છે. (૧૨) જો કે આ દેહમાં યોગીએ ધ્યાન કરવાનાં સ્થાન ઘણાં છે તે મધ્યે આ નાભિકંદમાં કોઈપણ વિશેષ છે તે કહું છું તે

સાંભળો. (૧૩) ધ્યાન કરનાર યોગી નાભિપદ્મમાં રહેલા તેજોમંડળમાં સર્વ દેવોના દેવ શ્રી વાસુદેવનું જ્યારે દર્શન કરે છે તે જ સમયે નાભિકંદથી નીચે, ઊંચે અને વાંકી નીકળેલી સર્વ નાડીઓ પ્રાણો સહિત સંકોચ પામે છે. અને તેનું ચિત્ત-ધ્યેય ભગવાન વાસુદેવમાં આત્યંતિક નિરોધને પામી જાય છે. (૧૪-૧૫) આથી તો ધ્યાનને જાણનારા યોગીજનો એકાગ્ર મનવાળા થઈને સત્વરે સિદ્ધિ આપનારા નાભિકમળમાં નિત્ય સાવધાન થઈને ભગવાન વાસુદેવનું ધ્યાન કરે છે. (૧૬) ભગવાનની મૂર્તિનું ધ્યાન કરનારા યોગીને આ ચાર પ્રકારનાં વિઘ્નો પીડે છે માટે વિઘ્નોને જાણીને વિદ્વાન યોગી આળસે રહિત થઈને તેનો પરાભવ કરે. (૧૭) એ ચાર વિઘ્નોમાં પ્રથમ લય કહેલો છે. (નિદ્રાને ઉન્મુખપણું લય કહેવાય). પછી બીજો વિક્ષેપ નામનો છે. (કામ ભોગોન્મુખપણું વિક્ષેપ કહેવાય). ત્રીજો કષાય નામનો અંતરાય કહેલો છે (તીવ્ર રાગદ્વેષાદિથી દુઃખ-ચિંતાને ઉન્મુખપણું તે કષાય કહેવાય). ચોથો રસાસ્વાદ રૂપ અંતરાય જાણવો. (સમાધિમાં જોયેલા નાના પ્રકારના સ્વર્ગાદિ દેવસ્થાનોના સુખના આસ્વાદમાં ઉન્મુખપણું તે રસાસ્વાદ જાણવો.) (૧૮) આ દોષો ચિત્તની અવસ્થા વિશેષો છે તેને યોગસાધક બુધજનોએ જીતવા જ, એમ ના કરે તો યોગી યોગભ્રષ્ટ થઈને જન્મ-મરણાત્મક સંસારને પામે છે તેમાં સંશય નથી. (૧૯) ચિત્તને લય થકી પ્રબુદ્ધ કરે, વિક્ષેપથી ચિત્તને નિવૃત્ત કરે, કષાયને જ્ઞાનાભ્યાસથી નાશ કરે, વિરક્તિ વડે રસાસ્વાદનો ત્યાગ કરે. (૨૦) આ લયાદિ અંતરાયોના વિજય વિના તો ધ્યાન સિદ્ધ ન થાય. અને સ્થિતિ વિના મુક્તિ કયાંથી થાય ? માટે ધ્યાતા યોગી લયાદિ ચારેય દોષોને અવશ્ય જીતે. (૨૧) અને યોગનું આઠમું અંગ સમાધિને કહું છું. ધ્યાનના અભ્યાસથી વૃદ્ધિ પામેલા પ્રેમ વડે ભગવાન શ્રીહરિમાં મનનું એકાગ્રપણું થાય તે સમાધિ જાણવી. (૨૨) શ્રીહરિની મૂર્તિના ચરણ આદિ એક એક અંગનું પૃથક્ પૃથક્ જે ચિંતન કહ્યું તે ન કરે પરંતુ સમગ્ર મૂર્તિનું જ ચિંતન કરે. (૨૩) શ્રીહરિની સંપૂર્ણ મૂર્તિનું નિરંતરપણે જે ચિંતન છે તે યોગમાં નિપુણ યોગીઓએ યોગના અંગરૂપ સમાધિ કહેલી છે. (૨૪) બહુકાળ પર્યંત ધ્યેય વાસુદેવની મૂર્તિમાં મનની વૃત્તિનું અવિચ્છિન્નપણે રહેવું તે યોગીઓએ સંપ્રજ્ઞાત નામની અંગી સમાધિ કહેલ છે. (૨૫) અહીં ધ્યાન અંગ અને અંગી સમાધિનું વિલક્ષણપણું સૂક્ષ્મ દૃષ્ટિથી પક્વ-અપક્વ ભેદે કરીને જાણવું (૨૬) જેમ વેદને ભણનારો તથા વેદને ભણેલો અને વેદનો અધ્યાપક પુરુષ આ પ્રકારે આ ત્રણે અનુક્રમથી ઉત્તરોત્તર શ્રેષ્ઠ કહેલા છે. (૨૭) તેમજ અહીંયાં પણ યમાદિ છ અંગોથી સંપન્ન વ્યક્તિ કરતાં ધ્યાનવાળો શ્રેષ્ઠ છે તે થકી અંગસમાધિવાન શ્રેષ્ઠ છે અને તે કરતાં પણ સંપ્રજ્ઞાત સમાધિવાળો શ્રેષ્ઠ કહ્યો છે. (૨૮) હે સન્મતે ! આ પૂર્વોક્ત આઠ અંગોમાં યમાદિ પાંચ બહારનાં અંગો કહ્યાં છે અને ધારણાદિ ત્રણ અંતરંગ કહેલાં છે. તેમાં પણ અંતરંગનું શ્રેષ્ઠપણું છે એમ જાણો. (૨૯) જે પુરુષ પૂર્વે કરેલાં પુણ્યોના સમૂહના સંસ્કારો વડે પ્રથમથી જ અંતરંગ ધારણા-ધ્યાનાદિને પામ્યો હોય તે બહિરંગ યમાદિની પ્રાપ્તિ માટે પ્રયત્ન ન કરે. (૩૦) વાસુદેવનો જે એકાંતિક ભક્ત વિષ્ણુમાં અતિશય સ્નેહથી સમાધિ પામે છે તે ભક્તને સિદ્ધિઓ સમાધિમાં વિઘ્ન કરે છે. (૩૧) અણિમા, મહિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, વશિતા, ઈશિતા, લઘિમા અને કામપૂર્તિ આ

આઠ સિદ્ધિઓ છે. (૩૨) તથા બીજી પણ મોહ ઉપજાવનારી સેંકડો સિદ્ધિઓ છે. શ્રીહરિ ભગવાનના માહાત્મ્યને જાણનારો યોગી તેમાં આસક્ત ન જ થાય. (૩૩) જેમ આકાશમાં ઊડનારા પ્રમત્ત પક્ષીને વ્યાધ હણે છે તેમ સિદ્ધિઓની જાળમાં આસક્ત થયેલા યોગીને કાળરૂપ પારધી નાશ કરે છે એમાં સંશય નથી. (૩૪) માટે સર્વતઃ સિદ્ધિજાળ મોહથકી મનને પાછું વાળીને પરમાત્મા વાસુદેવમાં ધારણ કરે જેથી તે જીવન્મુક્ત થાય. (૩૫) ભગવાનની મૂર્તિ સિવાય અન્ય કોઈપણ વસ્તુમાં જે પુરુષનું મન આસક્ત થાય તે પુરુષને અતિ પ્રબલ વિઘ્ન થાય છે. (૩૬) આ લોકમાં જે યોગી ભગવાન વિના અન્ય તુચ્છ પદાર્થમાં આસક્ત થાય તે તો ભગવાનના ધામના માર્ગમાં આવતા અમાનુષ દિવ્ય સ્વર્ગ-રત્ન-મંદિરાદિ ભોગમાં કેમ આસક્ત ન થાય ?-થાય જ. (૩૭) આ લોકમાં દૃઢ વૈરાગ્ય અને દૃઢ જ્ઞાનવાળા યોગીને ક્યાંય પણ ક્યારેય પણ કોઈપણ વિઘ્ન થાય નહિ. (૩૮) દેવોએ તથા સિદ્ધિઓએ ત્યાં ત્યાં બહુ પ્રલોભન પમાડતાં પણ ઉદ્દાલક આદિઓની પેઠે ક્યારેય પણ આસક્ત થતો નથી. (૩૯) આ અંગી સમાધિ પણ બુધજનોએ બે પ્રકારે કહેલ છે : એક સંપ્રજ્ઞાત નામની અને બીજી અસંપ્રજ્ઞાત નામની. (૪૦) તેમાં સંપ્રજ્ઞાત સમાધિનું સ્વરૂપ પ્રથમ કહ્યું છે. હવે અસંપ્રજ્ઞાતનું સ્વરૂપ નિરૂપું છું. તેના નિરૂપણ પ્રસંગથી ચિત્તની પાંચ ભૂમિકાઓ તમો સાંભળો. (૪૧) ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને રુદ્ધ એમ ચિત્ત પાંચ પ્રકારનું છે. તે હેતુથી ભૂમિકાઓ પણ તે નામવાળી જ છે. (૪૨) તે ચિત્તના પાંચ પ્રકાર ભેદોમાં પ્રથમના બે ક્ષિપ્ત અને મૂઢ તેમાં સમાધિ થાય જ નહિ. સમાધિ થાય કે ન થાય એવી શંકાને સ્થાન નથી અને વિક્ષિપ્ત ચિત્તમાં ક્યારેક ધ્યાનનો સંભવ છે. (૪૩) ચિત્તની આ ભૂમિકામાં ચિત્તની ધ્યેયાકારમાં એકાગ્રતા થાય છે ત્યારે સંપ્રજ્ઞાત સમાધિ થાય છે. સર્વ વૃત્તિઓનો એક જ ધ્યેયાકારમાં જે નિરોધ-(રુદ્ધ) નામની આ પાંચમી ભૂમિકામાં અસંપ્રજ્ઞાત સમાધિ થાય છે. (૪૪) આ સંપ્રજ્ઞાત સમાધિમાં આનંદસમુદ્ર શ્રીહરિ નારાયણમાં ચિત્તનો વિલય થયે સતે આનંદ સમુદ્ર શ્રીહરિ નારાયણમાં મગ્ન એવો યોગી બાહ્ય કે આંતર કંઈપણ જાણતો નથી. (૪૫) હે મુને ! આ અસંપ્રજ્ઞાત સમાધિનિષ્ઠ યોગીની ચિત્તવૃત્તિઓનું ફરીથી ભગવદ્સ્વરૂપથી જુદા થવામાં જે સંભવ થાય છે તે પણ કાષ્ઠ વિનાના અગ્નિની માફક ધીમે ધીમે શાંત જ થઈ જાય છે. (૪૬) પછી પ્રશાંત ચિત્તવાળો યોગી બ્રહ્મરૂપપણે રહ્યો થકો હૃદયમાં અનિર્વચનીય પરમાનંદને અનુભવે છે. (આ મહામુક્તની સ્થિતિ કહી). (૪૭) આ યોગી પોતાના શરીરમાં રહેલ યત્ કિંચિત્ સ્થૂલ, સૂક્ષ્મ અને ભૌતિક છે તે બધું જ યથાર્થપણે સમાધિમાં જુએ છે. (૪૮) અને તે યોગી બ્રહ્માંડમાં રહેલું જે કંઈ છે તે સર્વને પણ નાડીમાર્ગથી સંચરીને પોતાના હૃદયાકાશમાં સ્વતંત્રપણે જુએ છે. (૪૯) હે વિદ્વન્ ! યોગી પોતાના દેહમાં રહેલું પંચભૂતાત્મક નાડીચક્રાદિ સારી રીતે જુએ છે. યોગશાસ્ત્રના પારને પામેલા યોગી પુરુષોએ જાણેલું તે સર્વ તત્ત્વપૂર્વક હું તમોને કહું છું. (૫૦)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં યોગોપદેશમાં પ્રત્યાહારધારણાધ્યાનસમાધિલક્ષણનિરૂપણ નામનો સાઈઠમો અધ્યાય થયો ॥૬૦॥

●

# અધ્યાય-૬૧

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! શરીરમાં અગ્નિના સ્થાનપણે માનેલા છ કોશો છે. તેમાં જઠરાગ્નિએ પક્વ થયેલો અન્નરસ રુધિર થાય છે. (૧) પોતાના કોશમાં વહ્નિએ પક્વ થયેલું લોહી માંસ થાય છે. માંસના કોશમાં રહેલા અગ્નિને પક્વ થયેલું માંસ મેદભાવને પામે છે. (૨) મેદ પોતાના કોશમાં રહેલા અગ્નિએ પક્વ કરાતાં અસ્થિરૂપે થાય છે. અસ્થિના કોશમાં રહેલાં અગ્નિએ પક્વ થતાં અસ્થિ મજ્જા થાય. પોતાના કોશમાં રહેલા અગ્નિએ પક્વ થયેલી મજ્જા શુક્ર-વીર્ય રૂપે થાય છે. (૩) વીર્યનું પરિણામ (અવસ્થાંતરપ્રાપ્તિ) નથી. તે વીર્ય જીવનો પ્રથમ કોશ છે. શુક્રકોશાદિ છ કોશો કેળના થાંભલાની ત્વચાઓ જ જેમ એમ આ દેહના છે. (૪) મનુષ્યના દેહમાં ત્રણસો ને સાઠ અસ્થિ (હાડકાં) છે તેમાં દાંતોના મૂળ પ્રદેશમાં (દાંતોને બેસવાના સ્થાન) રહેલાં અસ્થિઓ બત્રીશ અને બત્રીશ દાંત મળીને કુળ ચોસઠ છે. વીશ નખો છે. (૫) બે હાથ અને પગની સળીઓના આકારનાં અસ્થિ વીશ છે જ. એક એક આંગળીમાં ત્રણ ત્રણ અસ્થિ છે. એમ મળીને વીશ આંગળીઓનાં અસ્થિની સંખ્યા સાઠ થઈ. (૬) ચાર ઘૂંટીઓમાં ચાર-ચાર અસ્થિ છે. પગના પશ્ચિમ બન્ને ભાગમાં બે અસ્થિ માનેલા છે. બન્ને ભુજાઓમાં અરત્ની માપનાં ચાર અસ્થિ છે. જંઘામાં ચાર અસ્થિ છે. જાનુ (જંઘા સાથળનો સંધિ) સાથળ ખભા અને કપોળમાં બબ્બે અસ્થિ છે. તાળુઅક્ષ (કર્ણતંત્રને મધ્યે શંખ થકી અધોભાગ) અને કેડમાં બે બે અસ્થિ છે. શિશ્નમાં એક અસ્થિ છે. (૭-૮) હનુમાં (કપોળના નીચેના ભાગનું જડબું) એક અસ્થિ છે. ડોકમાં પંદર અસ્થિ છે. જત્રુ (વૃક્ષઃસ્થળ અને ખભાના સંધિ)માં બે અસ્થિ છે. બરડામાં પિસ્તાલીશ અસ્થિ છે. (૯) નેત્ર ગંડ (કપોળ અને અક્ષનો મધ્યપ્રદેશ) અને લલાટમાં બે બે અસ્થિ રહ્યાં છે. નાસિકામાં એક અસ્થિ રહ્યું છે. અર્બુદ (અવાંતર અસ્થિઓ) અને સ્થાનક (પડખામાં રહેલા અસ્થિઓના આધારભૂત અસ્થિઓ) સાથે પાર્શ્વ (બહુમૂળમાં અધોભાગ બે પડખાં)ના અસ્થિઓ બોંતેર છે. (૧૦) મસ્તક કપાળનાં અસ્થિ ચાર છે. શંખ જે ભૂકુટિ અને કાનનો મધ્યપ્રદેશ તેમાં બે અસ્થિ છે. ઉરઃસ્થળમાં સત્તર અસ્થિ છે - આ પ્રકારે પુરુષના અસ્થિઓની ગોઠવણીનો ક્રમ છે. (૧૧) ઓજ, નાભિ, ગુદા, શુક્ર, રુધિર, શંખ, શિર, ગળું, હૃદય આદિ આ દેહમાં પ્રાણનાં મુખ્ય સ્થાનો છે. (૧૨) આ દેહમાં વાત, પિત્ત અને શ્લેષ્મને વહન કરનારી પ્રધાનપણે (નાભિ સાથે બંધાયેલી અને સકલ કલેવરમાં વ્યાપેલી) નાડીઓ ચાલીશ છે. આ નાડીઓના શાખા ભેદો પ્રધાનપણે સાતસો છે. (૧૩) પ્રાણાદિ વાયુઓને વહન કરનારી નાભિથી ઉત્પન્ન થયેલી નાડીઓ ચોવીશ છે. તેની શાખા નાડીઓ બસો છે. (૧૪) આ નાડીઓએ સહિત શિરાઓ શાખા, ઉપશાખા અને અવાંતર ઉપશાખા આદિ ભેદથી ઓગણત્રીશ લાખ નવસો છપન (૨૯,૦૦,૯૫૬) થાય છે. (૧૫) અંગ અને પ્રત્યંગ સંધિઓના બંધક સ્નાયુઓ પણ આ શરીરમાં નવસો છે. (બે હાથ, બે પગ, મધ્યભાગ અને મસ્તક : આ છ અંગ જાણવાં. ઉદર, નાભિ, લલાટ, નાસિકા ચિબુક અને નેત્ર આ છ પ્રત્યંગ કહ્યાં છે) પેશીઓ પાંચસો છે. (૧૬) દાઢી, મૂછ અને મસ્તકના મળીને ત્રણલાખ કેશો છે. મર્મસ્થળો એકસો સાત

છે. મુખ્ય સાંધાઓ બસો છે. (૧૭) આ શરીરમાં રૂંવાડાંના સૂક્ષ્મ અંશો પરસેવાના સ્થાનભૂત અને વાયુસંબંધી પરમાણુઓએ સહિત જુદા વિભક્ત કરીને દર્શાવેલા ઘણા છે. (૧૮) તે શરીરના રૂંવાડાંના સૂક્ષ્માંશો ચોપન કરોડ સડસઠ લાખ પચાસ હજાર યોગીજનોએ માનેલા છે. (૧૯) આ સર્વ સ્થૂળ દૃષ્ટિથી કોઈએ ક્યારેય પણ જાણી શકાતું નથી. સૂક્ષ્મદર્શી એવા સમાધિસંપન્ન જનોએ આ બધું જોઈ શકાય છે. (૨૦) દેહમાં ખાધેલો આહાર જેનો સારી રીતે પરિપાકને પામે છે તેના શરીરમાં ભુક્તાહારનો સારાંશ નવ અંજલિ પરિમિત હોય છે. (અંજલિનો પર્યાય કુડવ શબ્દ છે. એટલે લગભગ પાશેર જાણવું.) જળની દશ અંજલિઓ, વિષ્ટાંશ સાત અંજલિ, અને રુધિરની આઠ અંજલિઓ વર્તે છે. (૨૧) મૂત્રની ચાર અંજલિ, પિત્તની પાંચ અંજલિ, શ્લેષ્મ કફની છ અંજલિ, મજ્જાની એક અંજલિ, મેદની બે અંજલિ અને વસા-માંસાંશની ત્રણ અંજલિ વર્તે છે. (૨૨) મસ્તકમાં રહેલા સ્નેહ, શ્લેષ્મસાર અને વીર્ય પ્રત્યેક અર્ધ અંજલિ પરિમિત વર્તે છે. આ પ્રકારે સમધાતુ શરીરની આ સ્થિતિ કહી છે. (૨૩) દેહના મધ્યમાં રહેલું હૃદય મનનું સ્થાન કહેલું છે. કફનું સ્થાન પણ હૃદય માનેલું છે અને પિત્ત તો નાભિમાં રહેલું છે. (૨૪) પક્વાશય નાભિથી નીચે રહેલો છે અને આમાશય નાભિથી ઉપર રહેલો છે અને મધ્યમાં જઠરાગ્નિ રહેલો છે. તેમાં પ્રાણો પણ વર્તે છે. (૨૫) તે નાભિ મધ્યે ચાર આંગળ પ્રમાણવાળો અંડાકૃતિ કંદ વર્તે છે. આ કંદ દેહસ્થિતિનું કારણ છે. આ કંદના મધ્યભાગમાં નાભિચંદ્ર છે. (૨૬) તે જ ચક્રમાં જીવાત્મા પુણ્ય-પાપોથી પ્રેરિત થઈને પ્રાણોમાં આરૂઢ થકો ભ્રમણ કરે છે. જેમ પોતે સ્વેચ્છાથી બનાવેલી તંતુજાળમાં કરોળિયો વિહાર કરે છે તેમ. (૨૭) હે મુને ! નાભિમાં રહેલા કંદના પડખામાં ચોમેર આઠ કૂંડાળાવાળી અને સર્પિણીના આકારવાળી કુંડલિની નામની શક્તિ બ્રહ્મરંધ્રનુ દ્વાર રોકીને સૂતેલી છે. (૨૮) નાભિકંદમાંથી ઊપજેલી બોંતેર હજાર નાડીઓ દેહના સર્વ પ્રદેશોમાં પ્રસરેલી છે. તે નાડીઓમાં ચૌદ મુખ્ય છે. (૨૯) સુષુમ્ણા, પિંગલા, ઈડા, વારુણા, સરસ્વતી, યશસ્વિની, હસ્તિજિહ્વા, પુષા, વિશ્વોદરા, કુહુ, અલંબુષા, ગાંધારી, શંખિની, પયસ્વિની – આ ચૌદ મુખ્ય છે. હે મુને ! આ ચૌદમાં પણ પ્રથમની ત્રણ સુષુમ્ણા, પિંગલા, ઈડા નાડીઓ મુખ્ય માની છે. (૩૦-૩૧) તે ત્રણના મધ્યે કંદમધ્યથી ઉત્પન્ન થયેલી સુષુમ્ણા નાડી ઊર્ધ્વ ગતિ આપનારી છે. તે સુષુમ્ણા મસ્તકમાં બ્રહ્મરંધ્રમાં રહેલી માટે સર્વ નાડીઓથી અધિક છે. (૩૨)

ઉપર શ્લોક ૨૭માં જીવનું નાભિકંદમાં ભ્રમણ બતાવ્યું અને જીવ તો હૃદયમાં રહે છે એવો સિદ્ધાંત છે તેના માટે શું સમજવું ? આનો ખુલાસો એ છે કે હૃદયકમળમાં રહેલા આ જીવની અન્ય અવયવોની અપેક્ષાએ નાભિકંદમાં પ્રાણધારણસત્તા વિશેષ હોવાથી નાભિકંદમાં કહેલી તેની સ્થિતિ વિરુદ્ધ નથી અથવા સાંખ્યવેદાંત મતથી જીવની હૃદયમાં સ્થિતિ અને યોગ-આયુર્વેદના મતથી નાભિચંદ્રમાં જીવની સ્થિતિ કહી છે, એમ બે મતથી બે પ્રકારે ઉક્તિ છે. માટે વિરોધ નથી એમ જાણવું. ઊર્ધ્વગામી પિંગલા નાડી નાભિકંદથી ઉદ્ભવીને દક્ષિણ ભાગમાં નાસિકાના અંતને પામીને રહેલી છે. ઈડા પણ ડાબી નાસિકાના અંત સુધી સુષુમ્ણાના ડાબા ભાગમાં રહેલી છે. (૩૩) નાભિકંદમાંથી નીકળેલી વારુણી નાડી ઉપર-નીચે સર્વ સ્થળે પ્રસરેલી છે. સરસ્વતી નાડી

નાભિકંદમાંથી ઉદ્‌ભવીને ઊર્ધ્વભાગમાં જિહ્વા સુધી પ્રસરેલી છે. (૩૪) યશસ્વિની નાડી જમણા પગના અંગૂઠા પર્યંત નીચે પ્રસરે છે. હસ્તિજિહ્વા નાડી ડાબા પગના અંગૂઠા પર્યંત પ્રસરેલી છે. (૩૫) પૂષા નામની નાડી નાભિકંદમાંથી ઉદ્‌ભવી પિંગલા નાડીના પાછળ ભાગે નીકળીને જમણા નેત્ર પર્યંત વ્યાપીને વર્તે છે. વિશ્વોદરા નાડી મુખના મધ્યભાગમાં રહેલી છે. (૩૬) સુષુમ્ણા નાડીના પૂર્વ ભાગમાં થઈને નીકળેલી કુહુ નાડી શિશ્ન પર્યંત રહેલી છે. તથા અલંબુષા નાડી મુખના મધ્ય પ્રદેશથી અધોમુખવાળી છે. (૩૭) હે મુને ! ઈડા નાડીના પાછળના પ્રદેશમાં ગાંધારી નામની નાડી ડાબા નેત્ર સુધી રહેલી છે અને શંખિની નાડી નાભિકંદથી ઉદ્‌ભવીને ડાબા કાન પર્યંત ઊર્ધ્વગમન કરનારી છે. (૩૮) તથા પયસ્વિની નાડી નાભિકંદમાંથી નીકળી જમણા કાન પર્યંત વ્યાપીને રહેલી છે. આ નાડીઓમાં બીજી હજારો નાડીઓ ઉત્પન્ન થયેલી જાણવી. (૩૯) એ આદિક શરીરમાં રહેલું જે કંઈ પંચભૂતજન્ય છે તે સર્વ આ લોકમાં સમાધિયોગમાં રહેલો યોગી યોગદૃષ્ટિ વડે જુએ છે. એ સિવાય બીજો કોઈ જોઈ શકતો નથી. (૪૦) હે મહર્ષે ! વાસુદેવ ભગવાનના ચરણકમળની એકાંતિક ઉપાસનાથી, તેમના ચરણકમળની કૃપાથી પાત્રતાને પામેલા યોગીઓએ અપ્રાપ્ય એવી કોઈપણ વસ્તુ આ લોકમાં કે પરલોકમાં છે જ નહિ તે નિશ્ચય વાત છે. (૪૧)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
યોગોપદેશમાં ભૌતિકદેહવિકારનિરૂપણ નામનો એકસઠમો અધ્યાય થયો. ॥૬૧॥

●

## અધ્યાય-૬૨

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! હવે અધોદલથી ઊર્ધ્વદલ સર્વ બ્રહ્માંડ રચનાને પણ સંક્ષપમાં અનુક્રમપૂર્વક હું કહું છું. (૧) અધોદલની ઉપર વિસ્તૃત મહત્ જળ વર્તે છે. તે જળની ઉપર મહાકૂર્મ વર્તે છે. તે કૂર્મની ઉપર શેષ છે. (૨) સહસ્રફણાવાળા શેષના એક મધ્ય ફણા પર સંપૂર્ણ ભૂગોળ છે. અને તે ભૂગોળના પુટો (ઉપર ઉપર વર્તતાં અંતઃછિદ્રો)માં સાત લોકો છે. (૩) ભૂગોળના પ્રથમ પુટમાં મનોહર પાતાળલોક છે. પાતાળ લોકમાં મણિયુક્ત ઉજ્જ્વલ ફણાવાળા વાસુકિપ્રમુખ નાગો વસે છે. (૪) પાતાળ લોકના ઉપર રસાતળ લોકમાં દૈત્યો અને દાનવો રહે છે. તેની ઉપર મહાતળ લોકમાં તક્ષકાદિ નાગો રહે છે. (૫) તેની ઉપર તલાતળ લોક છે, જેમાં ગણો સહિત મયદાનવ રહે છે. તેની ઉપર સૂતળ લોક છે તેમાં ભગવાન વિષ્ણુએ સહિત બળિરાજા રહે છે. (૬) તેની ઉપર વિતળ લોકમાં હાટકેશ્વર ભગવાન શિવ રહે છે અને તેની પર અતલ નામના લોકમાં ગણો સહિત બળદાનવ રહે છે. (૭) તે થકી ઉપર આ આઠમો (આપણો) ભૂર્લોક છે તેના મધ્ય પ્રદેશે મેરુ નામે મહાપર્વત છે. તેના ઉપર બ્રહ્મા, વિષ્ણુ અને શિવની નગરીઓ વર્તે છે. (૮) તે મેરુપર્વત ઉપર ઈન્દ્રાદિ આઠ દિગપાલોની અમરાવતી આદિ આઠ નગરીઓ તે તે દેવની તે તે દિશામાં રહેલી છે. (૯) તે મેરુની ચોતરફ ખારા સમુદ્રથી વીંટાયેલો અને ભારતાદિ નવ ખંડોએ સંયુક્ત એવો જંબુદ્વીપ

વર્તે છે. (૧૦) તે નવ ખંડોના મધ્યે ઈલાવૃત નામના ખંડમાં સંકર્ષણ ઉપાસ્ય વર્તે છે. ભદ્રાશ્વ ખંડમાં હયગ્રીવ ઉપાસ્ય વર્તે છે. હરિવર્ષ ખંડમાં નૃસિંહજી ઉપાસ્ય વર્તે છે. (૧૧) કેતુમાળ ખંડમાં કામદેવ ભગવાન ઉપાસ્ય છે. રમ્યક ખંડમાં મત્સ્ય ભગવાનની ઉપાસના છે. હિરણ્યમય ખંડમાં કૂર્મ ભગવાનની ઉપાસના છે. (૧૨) કુરુખંડમાં વરાહ ભગવાનની ઉપાસના છે. કિંપુરુષ નામના ખંડમાં રામચંદ્ર ભગવાન ઉપાસ્ય છે. અને આ ભારતખંડમાં નરનારાયણ ઋષિ ઉપાસ્ય છે. (૧૩) ખારા સમુદ્રથી વીંટાઈ રહેલા આ લાખ યોજન પ્રમાણવાળા જંબુદ્વીપ થકી ઉત્તરોત્તર વર્તતો દ્વીપ પણ બમણા પરિમાણવાળો જાણવો. અને દ્વીપને વીંટાઈ રહેલો સમુદ્ર પણ બમણા પરિમાણવાળો જાણવો. (૧૪) જંબુદ્વીપ થકી ઉત્તર પ્લક્ષ નામનો દ્વીપ છે. તે શેરડીરસના સમુદ્રથી વીંટાયેલ છે. ત્યાં સૂર્યાત્મક હરિને લોકો ઉપાસે છે. (૧૫) તે થકી ઉત્તર શાલ્મલી દ્વીપ વર્તે છે. તે સુરાસાગરથી વીંટાયેલો છે. તેમાં ચંદ્રરૂપ હરિનું જનોઉપાસન કરે છે. (૧૬) તે થકી પર કુશદ્વીપ છે. તે ઘૃતસાગરથી વીંટાયેલો છે, તેમાં અગ્નિ રૂપ હરિનું લોકો ઉપાસન કરે છે. (૧૭) તે થકી ઉત્તર ક્રૌંચદ્વીપ છે. ક્ષીરસાગરથી તે વીંટાયેલો છે. તેમાં જળરૂપ વાસુદેવને લોકો ઉપાસે છે. (૧૮) તેથી પર દધિમંડોદ સાગરથી વીંટાયેલો શાકદ્વીપ રહેલો છે. ત્યાં જનો વાયુરૂપ હરિને ઉપાસે છે. (૧૯) તે થકી પર પુષ્કર નામનો દ્વીપ છે. તે સ્વાદૂદક સમુદ્રથી વેષ્ટિત છે. ત્યાં લોકો કમલ ઉપર રહેલા બ્રહ્માની ઉપાસના કરે છે. (૨૦) તે થકી પર સુવર્ણમયી પૃથ્વી વર્તે છે તે પછી લોકાલોક પર્વત છે. તે પર્વતની ઉપર ચાર દિશામાં ચાર દિગ્ગજો છે. (૨૧) તે લોકાલોક ઉપર જ વિષ્વકસેન આદિ પાર્ષદોથી યુક્ત મહાપુરુષ નામના સાક્ષાત્ ભગવાન લોકના સંરક્ષણ માટે રહ્યા છે. (૨૨) હે સન્મતે ! આવી રીતના ભૂર્લોકથી ઉપર ભુવર્લોક છે. તે લોક ભૂતપ્રેત પિશાચ આદિકને વિહાર કરવાનું સ્થાન છે. (૨૩) બ્રહ્માંડની મધ્યમાં રહેલો સૂર્ય પૃથ્વીની મધ્યમાં રહેલા મેરુ પર્વત ઉપર વર્તતા ઈન્દ્રાદિ દિગ્પાલોના નગરો ચોતરફ દિવ્ય રથમાં બેસીને ભ્રમણ કરે છે. (૨૪) તે સૂર્યના ઉપર ચંદ્ર, નક્ષત્ર, શુક્ર, બુધ, મંગળ અને બૃહસ્પતિનાં મંડળો અનુક્રમેથી આવેલાં છે. (૨૫) બૃહસ્પતિના મંડળથી ઉપર શનિશ્ચરનું મંડળ વર્તે છે તેથી ઉપર સપ્તર્ષિનું મંડળ છે. તેથી ઉપર વૈષ્ણવધામ ધ્રુવપદ વર્તે છે. (૨૬) તે ધ્રુવપદ સમીપ પ્રદેશમાં અતિ શોભાયમાન સ્વર્ગલોક છે. તેમાં સર્વ દેવગણોએ સહિત ત્રિલોકીના સ્વામી ઈન્દ્ર રહે છે. (૨૭) સૂર્યમંડળાદિ ધ્રુવપદ પર્યંત સર્વ ગ્રહચક્ર શિશુમાર ચક્રને આધારે રહ્યું છે. તે શિશુમારચક્રની ઉપર દેદીપ્યમાન મહર્લોક વર્તે છે. (૨૮) મહર્લોક ઉપર જનલોક છે. તેની ઉપર તપલોક છે. આ મહર્લોકાદિ ત્રણે લોકોમાં ઋષિમંડળો રહેલાં છે. (૨૯) તે તપોલોકથી ઉપર સત્યલોક છે. તે વિશ્વસ્રષ્ટા બ્રહ્માનું સ્થાન છે. આ ચૌદેય લોકો ચોતરફ અંધકારથી આવૃત્ત છે. (૩૦) હે મુને ! તે અંધકારના આવરણના ઉપર ગર્ભોદક વર્તે છે. ગર્ભોદકથી પર પૃથ્વી આદિ આઠ આવરણ છે તે આવરણથી પર મૂળ પ્રકૃતિ છે તે મૂળ પ્રકૃતિથી પર પરંજ્યોતિ અક્ષરાખ્ય ભગવાનનું ધામ છે જે બ્રહ્મપુર કહેવાય છે. (૩૧-૩૨) આ પ્રકારની રચનાવાળા આ બ્રહ્માંડમાં યોગી પુરુષ સમાધિ વડે તે તે નાડીના માર્ગ દ્વારા ગમન કરી તે તે સ્થાનને પ્રત્યક્ષ જુએ છે. (૩૩) પ્રકૃતિથી પર જે ભગવદ્ધામો છે તેને સુષુમ્ણા નાડી દ્વારા

સમાધિનિષ્ઠ સાક્ષાત્ કરે છે. સમાધિ થકી પાછો પંચમહાભૂતના દેહને પામી યોગી જાગ્રત થાય છે. (૩૪) આ પ્રકારે સમાધિમાં સ્વતંત્રપણું નારાયણ ભગવાનમાં પ્રેમ વડે થાય. તેથી તે પ્રેમની વૃદ્ધિ માટે બુદ્ધિમાન પુરુષ ગુરુ પાસેથી યોગનું શિક્ષણ પ્રાપ્ત કરે. (૩૫) હે નિષ્પાપ મુને ! ભક્તિયોગમાં જે નિપુણ હોય તે સદ્‌ગુરુની શિક્ષાથી આ યોગનો અભ્યાસ કરનારા યોગીને ઇચ્છિત યોગસિદ્ધિ તત્કાળ થાય; અન્યથા તો ન જ થાય (૩૬)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં યોગોપદેશમાં
બ્રહ્માંડરચનાનિરૂપણ નામનો બાસઠમો અધ્યાય થયો ॥૬૨॥

●

## અધ્યાય-૬૩

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! નિષ્પન્ન સમાધિવાન્ યોગીન્દ્ર સ્વતંત્ર હોય છે. કાળભયથી રહિત થકો તે સ્વેચ્છાથી જ દેહને ધારણ કરે છે કે દેહનો ત્યાગ કરે છે. (૧) યોગી પુરુષને દેહત્યાગમાં અથવા બહુકાળ દેહ ધારણ કરવામાં પાંચ મહાભૂતોનું સ્વરૂપ તત્ત્વથી જાણવું અપેક્ષિત છે. (૨) પિંડ બ્રહ્માંડના કારણભૂત પાંચ મહાભૂતોના જ્ઞાન વિના આ ભૌતિક દેહ (પૃથ્વી તત્ત્વ પ્રધાન)ની ત્યાગ અને અત્યાગની કલાને કેવી રીતે જાણે ? - ન જ જાણે. (૩) આથી કારણરૂપ પંચ મહાભૂતો જાણવાં જોઈએ. તે કારણરૂપ મહાભૂતોનાં બ્રહ્માંડ અને પિંડમાં રહેલાં કાર્યો પણ જાણવાં જોઈએ. (૪)

**શતાનંદમુનિ બોલ્યા :**

હે પ્રભો ! પિંડ અને બ્રહ્માડનાં કારણભૂત મહાભૂતોને વિશેષ જાણવાની ઇચ્છા રાખું છું. તમો તે મને કહેવાને યોગ્ય છો. (૫) આ લોકમાં વર્તતા કાર્યરૂપ અને કારણરૂપ પૃથ્વી વગેરે પાંચ ભૂતો સમાનપણે દેખાય છે. તો કાર્યકારણભાવને પામેલાં તેમનો ભેદ કેવી રીતે જાણી શકાય ? (૬)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુનિ ! કાર્યો અને કારણનો આધાર આધેય ભાવથી તથા અલ્પત્વ અને મહત્ત્વથી કાર્યકારણોનો ભેદ તમો જાણો. (૭) જેમ પૃથ્વી પિંડ થકી થયેલા ઘટાદિકો પૃથ્વીમાં સૂક્ષ્મરૂપે રહ્યા છે તેવી રીતે કારણભૂત મહાભૂતોમાં કાર્યરૂપ અંડગોલકો સૂક્ષ્મરૂપે રહ્યા છે. (૮) જેમ સમુદ્રો તરંગોના આધારભૂત છે, તેવી જ રીતે મહાભૂતો પંચમહાભૂતાત્મક બ્રહ્માંડોના આધારભૂત છે. (૯) પૃથ્વી આદિ પાંચ મહાભૂતો તો પુરુષ અને પ્રકૃતિને આશ્રિત જ જાણવાં, કારણ કે પુરુષ અને પ્રકૃતિના યોગમાં પંચમહાભૂત દ્વારા બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. (૧૦) હે સન્મતે ! જેમ આ લોકમાં પક્ષીના જોડલાના મિથુની ભાવથી ઈંડાની ઉત્પત્તિ દેખાય છે તેમ પુરુષ-પ્રકૃતિથી પર પરમાત્માની ઇચ્છા-સંકલ્પથી જ પુરુષ અને પ્રકૃતિનો સંબંધ થતાં મહાભૂત દ્વારા બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે, અન્યથા નહિ. (૧૧-૧૨) આ બ્રહ્માંડ મધ્યે જે પૃથ્વી આદિક પાંચ ભૂતો છે તે ઈશ્વરેચ્છાથી પાંચ મહાભૂતોના અંશોથી ઉત્પન્ન થયેલાં છે. (૧૩) જેમ આ લોકમાં પક્ષીઓના ઈંડાના મધ્યે સમયે કરી પક્ષીના દેહની ઉત્પત્તિ થાય છે તેમ બ્રહ્માંડમાં પંચભૂતોની ઉત્પતિ થાય છે. (૧૪) માટે જ

પંચભૂતોના કાર્યકારણ ભાવને જાણનારા મુનિઓ બ્રહ્માંડને ઉપજાવનારા મહાભૂતોને કારણ મહાભૂતો કહે છે અને બ્રહ્માંડમાં રહેલાંને તો કાર્યભૂતો કહે છે. (૧૫) પિંડ નામનો સ્થૂળ દેહ શુક્રશોણિતથી ઉત્પન્ન થયેલો છે તે પણ સ્ત્રીપુરુષના સંયોગથી પૃથ્વી આદિક કાર્યભૂત પાંચ ભૂતોના અંશથી ઉત્પન્ન થયેલો છે. (૧૬) તે પંચભૂતના મધ્યે કઠિનતારૂપ જે આધાર તે પૃથ્વી કહેવાય છે. તેમ જ શરીરમાં જે દ્રવ છે તે જળ અને ઉષ્મા છે તે તેજ કહેવાય છે. (૧૭) હે સુવ્રત ! તથા ચેષ્ટા વાયુ છે, અવકાશ આકાશ છે. આ પ્રકારે પાંચેય ભૂતો સર્વ શરીરોમાં વર્તે છે. (૧૮) શરીર પંચભૂતાત્મક હોવા છતાં પણ અગ્નિ, જળ અને વાયુ આ ત્રણ વિશેષરૂપે મુખ્યપણે શરીરમાં છે એમ યોગીએ જાણવું. (૧૯) તે ત્રણમાં પણ વાયુ મુખ્ય છે. જળ અને તેજ વાયુને આશ્રિત છે અને વાયુ પણ જળ તેજને આશ્રિત છે એમ આ ત્રણેય તત્ત્વો પરસ્પર આશ્રયવાળાં જાણવાં. (૨૦) આ શરીરમાં રક્ત આદિ છ કોશોમાં રહેલા રક્તાદિ ધાતુઓની પક્વતાને કરનારો જઠર અગ્નિ દેહને ધારણ કરી રાખે છે તે નિશ્ચિત વાત છે. (૨૧) જળ વીર્યરૂપે શરીરનું કારણ છે, વીર્યથી જ શરીર ટકે છે. વીર્યના નાશથી શરીરનો નાશ થાય છે. (૨૨) વાયુ પ્રાણપંચક (પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન) રૂપે સમગ્ર શરીરને ચેષ્ટિત કરતો થકો ઇન્દ્રિયાદિ રૂપતાને પામીને શરીરને ધારણ કરે ચે. (૨૩) સર્વે પ્રાણો પ્રાણીઓના શરીરમાં નાભિ મધ્યમાં રહેલા છે અને તે નાભિ સ્થાનથી જ આડાઅવળા ઊંચેનીચે પ્રસરે છે. (૨૪) સુષુમ્ણા નાડીમાં મુખ્યપણે સર્વદા વાયુ વહન કરે છે. સુષુમ્ણાને આશ્રિત સર્વ નાડીઓમાં સુષુમ્ણા થકી જ પ્રવેશ કરે છે. (૨૫) હે સત્તમ ! નાભિથી ઊંચે રહેલો પ્રાણ શરીરનું પરિપાલન કરતો સતો મસ્તકમાં તથા મસ્તકમાં રહેલા અગ્નિમાં વ્યાપીને વર્તે છે. (૨૬) નાભિની નીચે અપાન જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. અપાન અને પ્રાણની મધ્યમાં જઠરાગ્નિ વર્તે છે. (૨૭) વ્યાન શરીરને ચેષ્ટા કરાવતો સતો સર્વ સંધિઓમાં વર્તે છે. ઉદાન કંઠમાં રહેલો સતો બળ જે વજન ઉપાડવાની શક્તિ અને ગમનાદિક પ્રયત્નને અનુકૂળ ઉદ્યોગનો પોષક છે. (૨૮) સમાન વાયુ જે કંઈ ખાંધેલું-પીધેલું તેને સમ રીતે સ્થાને પમાડતો અને રક્તાદિ છ કોશોમાં રહેલા અગ્નિને પ્રદીપન કરતો થકો નાભિમાં વર્તે છે. (૨૯) આ રીતે અગ્નિ જળ વાયુનું દેહમાં પ્રાધાન્ય અને તેમાં પણ વાયુનું પ્રાધાન્ય યોગ જાણનારાઓએ કહ્યું છે. (૩૦) માટે યોગીએ દેહના ત્યાગમાં અને ધારણ કરવામાં આવહાદિરૂપ બ્રહ્માંડમાં રહેલો અને પ્રાણાદિરૂપ દેહમાં રહેલો વાયુ-એ બન્નેનું એકરૂપપણે ચિંતન કરવું. (૩૧) પ્રાણનો નિરોધ કરતાં પ્રાણને આશ્રિત જઠરાગ્નિ પોતે નિરોધ પામે છે. પ્રાણાગ્નિના નિરોધથી યોગીનું શરીર બહુકાળ પર્યંત રહે. (૩૨) જે યોગીને દેહધારણમાં અરુચિ હોઈને તેના ત્યાગની ઇચ્છા થાય તો તે યોગી વાયુનું ધ્યાન કરીને શરીરનો સુખેથી ત્યાગ કરે. (૩૩) યોગને જાણનાર યોગી પિંડ- બ્રહ્માંડમાં રહેલા વાયુના સ્વરૂપનો નિશ્ચય કરીને પછી પ્રથમ દૃઢ આસન કરે. (૩૪) પછી પોતાને જે લોકપ્રાપ્તિની ઇચ્છા હોય તે લોકમાં રહેલા વાયુનું હૃદયમાં ધ્યાન કરીને પોતાના શરીરનો ત્યાગ કરે. (૩૫) બ્રહ્માંડવાયુની સાથે પોતાનો પ્રાણ એક કરેલો હોવાથી પોતે વાયુરૂપ થઈને કાળ સાથે પણ એકાત્મપણાને પામેલો માટે સર્વત્ર નિર્ભય યોગી દેવાદિકોએ સ્તુતિ કરાતો થકો પોતાને ઇચ્છિત

ભગવલ્લોકને પામે છે. (૩૬) પછી તે યોગી વાસુદેવની કૃપાથી ભાગવતી તનુને પામીને પરમાનંદને અનુભવતો થકો વર્તે છે. આ યોગી આ રીતે પરમપુરુષના પરમ ધામને પામીને સાક્ષાત્ મૂર્તિમતી લક્ષ્મીની પેઠે મુક્ત મુનિન્દ્રોએ સદા ધ્યાન કરવા યોગ્ય શ્રી વાસુદેવ ભગવાનના ચરણકમળમાં સેવાપરાયણ થઈને પોતાને અભિવાંછિત સર્વોત્તમ સુખને પામે છે. (૩૮)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં યોગોપદેશમાં બાહ્યાભ્યાંતરપંચભૂતસ્વરૂપનિરૂપણ નામનો ત્રેસઠમો અધ્યાય થયો. ॥૬૩॥

●

## અધ્યાય-૬૪

**શ્રી શતાનંદમુનિ બોલ્યા :**

હે ભગવન્ ! પિંડબ્રહ્માંડમાં રહેલા વાયુના સ્વરૂપને તત્ત્વથી જાણવા માટે ઈચ્છું છું તો તમો તેવા પ્રકારના વાયુનું સ્વરૂપ કહેવા માટે યોગ્ય છો. (૧)

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

આ વાયુ સર્વાધાર, સર્વત્ર પ્રવિષ્ટ હોવાથી સર્વત્ર અને સર્વનો આધાર હોવાથી સર્વાત્મ કહ્યો છે. તે આ વાયુ દેહ નામના પિંડમાં, બ્રહ્માંડમાં અને પિંડબ્રહ્માંડથી બહાર પણ છે. (૨) પિંડ અને બ્રહ્માંડમાં રહેલો વાયુ પૃથક્ પૃથક્ સાત પ્રકારનો જાણવો. હે બુદ્ધિમન્ ! તેમાં પિંડમાં રહેલા સાત પ્રકારના વાયુને તમો સાંભળો. (૩) પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, છઠ્ઠો ઉત્ક્રમણ અને સાતમો વાયુ આધાર નામનો છે. (૪) હવે આવહ, પ્રવહ, ઉદ્‌વહ, સંવહ તથા વિવહ, પરિવહ અને પરાવહ — આ અનુક્રમથી બ્રહ્માંડમાં રહેલો આ વાયુ સાત પ્રકાર કહેલો છે. હે અનઘ ! પિંડ અને બ્રહ્માંડમાં રહેલા વાયુઓનાં લક્ષણો તમોને કહું છું તેમાં પિંડમાં રહેલા પ્રાણાદિ પાંચ વાયુઓનાં લક્ષણો - આ પ્રકરણમાં પૂર્વેના અધ્યાયમાં કહેલાં જ છે. છઠ્ઠા ઉત્ક્રમણ વાયુનું લક્ષણ તમોને કહું છું. (૭) ઉત્ક્રમણ નામનો છઠ્ઠો વાયુ મૂલાધાર ચક્રમાં રહેલો છે તે મૃત્યુને આશરીને પ્રાણનો ઉત્ક્રમણ કરનારો (શરીરથી પ્રાણને બહાર કાઢનારો) છે. (૮) આધાર નામનો સાતમો વાયુ દેહથી બહાર અને અંદર રહે છે. તે સર્વ તત્ત્વોનો આધાર છે એમ કહેવાય છે. (૯) બ્રહ્માંડમાં પ્રથમ આવહ નામનો વાયુ વૃષ્ટિ સમયે ધુમાડાની ઉષ્માથી ઉત્પન્ન થયેલા વાદળાંને આકાશમાં વરસાદ માટે ચલાયમાન કરે છે. (૧૦) તે આવહ વાયુ અનુક્રમથી ધૂપ, જ્યોતિ (સૂર્ય સંબંધી તેજ), જળ અને સ્નેહને પામી અતિ કાંતિવાળો વીજળીરૂપ થાય છે. આ પ્રમાણે જાણો. (૧૧) હે મુને ! બીજો પ્રવહ નામનો વાયુ સૂર્ય, ચંદ્ર, તારા વગેરે જ્યોતિચક્રના ભ્રમણમાં કારણભૂત છે. એ જ વાયુ ચંદ્રાદિકના ઉદયને કરનાર હોવાથી સર્વત્ર વાય છે. (૧૨) ત્રીજો ઉદ્વહ નામનો વાયુ સમુદ્રોમાંથી જળનો સમુદ્ધાર કરી આકાશમાં મેઘોને એકદમ આપે છે. (૧૩) ચોથો સંવહ નામનો વાયુ મેઘોને એકઠા કરે છે, ફરી વર્ષવા માટે ભેદી નાખે છે, તે ભેદન કરવાથી મહાનાદ ઉત્પન્ન થાય છે. (૧૪) એ જ વાયુ અંતરિક્ષમાં વિમાનોનો વાહક હોવાથી પોતાના વેગથી પર્વતનાં શિખરોને પણ પાડી દે છે. (૧૫) પાંચમો વિવહ નામનો વાયુ મહાવેગથી અતિ તીક્ષ્ણ

ધ્વનિવાળો, વીજળીપાત, ભૂકંપાદિ ઉત્પાતોમાં કારણભૂત છે. આ વાયુ ગગનમાં આકાશગંગાને ધારી રાખે છે. (૧૬) તે વિવહ વાયુથી પ્રતિહત એવો સૂર્ય હજારો કિરણોવાળો હોવા છતાં પણ એક કિરણની માફક કોમળ તેજવાળો આકાશમાં ભાસે છે. (૧૭) છઠ્ઠો પરિવહ નામનો વાયુ ચંદ્રની વૃદ્ધિ કરનારો માનેલો છે. આ જ વાયુ પ્રલયકાળે બ્રહ્માંડનો નાશ કરનાર માન્યો છે, યમ તથા મૃત્યુ આ વાયુનો આશ્રય કરીને વર્તે છે. (૧૮) આ વાયુ સંસારમાં આસક્ત બુદ્ધિવાળા જનોને મૃત્યુરૂપ છે. ધ્યાનના અભ્યાસમાં આસક્ત યોગીજનોને તો અમૃત (મોક્ષ) આપનારો છે. (૧૯) સાતમો પરાવહ નામનો વાયુ તો યોગીજનોને અત્યંત પ્રિય થાય છે. બ્રહ્માંડની અંદર અને બહાર આનંદદાયક થતો વાયુ છે. (૨૦) હે બ્રહ્મન્ ! આ પરાવહ વાયુ યોગીને પોતાને અભિલષિત પુનરાવૃત્તિ રહિત એવા સ્થાનને પમાડે છે માટે સર્વથી અધિક માનેલો છે. (૨૧) આ આવહ આદિ સાતેય વાયુઓનો સ્થાનભેદ પુરાણોમાં કહેલો તે સ્થાનવિશેષને હું અનુક્રમથી કહું છું. (૨૨) પ્રથમ આવહ વાયુનું સ્થાન ભૂતલથી આરંભીને મેઘમંડળ સુધી કહ્યું છે. મેઘમંડળથી આરંભી સૂર્યમંડળ પર્યંત બીજા પ્રવહ નામના વાયુનું સ્થાન કહેલું છે. ત્રીજા ઉદ્વહ વાયુનું સ્થાન ચંદ્રલોક કહ્યું છે. (૨૩) નક્ષત્રલોક ચોથા સંવહ વાયુનું સ્થાન કહેલું છે, પાંચમા વિવહ વાયુનું સ્થાન ગ્રહલોક છે. છઠ્ઠા પરિવહ વાયુનું સ્થાન સપ્તર્ષિલોક છે, અને છેલ્લા પરિવહ વાયુનું સ્થાન ધ્રુવલોક કહેલું છે. (૨૪) આ પ્રકારે બાહ્યવર્તી અને શરીરવર્તી સાત સાત વાયુઓ મેં તમોને કહ્યા. તે (બાહ્ય-આભ્યંતર) વાયુ પરસ્પર એકાત્મભાવથી ધ્યાન કરવા યોગ્ય માનેલા છે. (૨૫) નાભિ, નાસાગ્ર, હૃદય અને જમણા પગનો અંગૂઠો – આ સ્થાનો મુનિઓએ પ્રાણની ઉપાસના માટે માનેલા છે તે નિશ્ચય જાણો. (૨૬) તે પૈકી એક સ્થાનમાં યોગી પુરુષ પ્રાણવાયુનું ધ્યાન કરે. તે પ્રાણવાયુ કેવો છે તો નીલ વર્ણવાળો, પ્રણવે સહિત અને મકારનો જે અંત-પશ્ચાત્તનયકાર બીજાક્ષર છે શરીર જેનું એવો જાણવો. એવો પ્રાણવાયુનું આવહ નામના બાહ્ય વાયુ સાથે એકપણે ચિંતન કરે એવી રીતે અપાનાદિકનું પણ બાહ્ય પ્રવહાદિક વાયુઓ સાથે એકાત્મપણે ધ્યાન કરવું. (૨૭-૨૮) અપાનને પેની, ડોકનો વાંસેનો ભાગ અથવા ડોકનો ઊંચો ભાગ, પૃષ્ઠભાગ અને ગુદા-આ ચાર મધ્યે એક સ્થાનમાં રહેવાપણે પ્રણવસહિત યકાર બીજ શરીરપણે કૃષ્ણવર્ણ પણે અને પ્રવહ વાયુ સાથે એકાત્મપણે ચિંતન કરે. (૨૯) વ્યાનને ઉદ્‌વહ વાયુ સાથે એકાત્મપણે, પ્રણવસહિત લકાર બીજાક્ષર શરીર જેનું છે. ઈન્દ્રધનુષ્યના ઉદય ક્રાંતિવાળા એવાને ત્વગિન્દ્રિય સ્થાનમાં ચિંતન કરે. (૩૦) મસ્તક, હૃદય, તાળુનો અગ્રભાગ, કંઠ અને ચરણતળ એ સ્થાનો પૈકી એક સ્થાનમાં લાલ વર્ણવાળો ઓકારે સહિત રકાર બીજરૂપ મૂર્તિ ધારી રહેલો, ઉદાન વાયુને સંવહ વાયુ સાથે એકી ભાવને પામેલાનું ધ્યાન કરે. (૩૧) સમાનવાયુને વિવહ વાયુ સાથે એકતાને પામેલો, પ્રણવ સહિત વકારબીજ શરીર જેનું છે, ગૌરવર્ણ જેનો છે, એવાને નાભિમાં કે હૃદયમાં કે સર્વ સંધિઓમાં પામેલો ધ્યાન કરે. (૩૨) ઉત્ક્રમણ નામના છઠ્ઠા વાયુને પરિવહ વાયુની સાથે એકતાને પ્રણવસહિત હકાર શરીરબીજ જેનું છે, શ્વેતવર્ણ જેનો છે, એવાને ઈડા નાડીમાં ધ્યાન કરે. (૩૩) સાતમા આધાર નામના વાયુને પરાવહ બાહ્યવાયુની સાથે એકાત્મતાને પામેલો, પ્રણવસહિત

અકારબીજ શરીર જેનું છે, અતિશ્વેતવર્ણ જેનો છે એવાને પિંગળા નાડીમાં ચિંતન કરે. (૩૪) આ સાત પ્રકારના ધ્યાનોમાં પ્રથમ છના ધ્યાનમાં જન્મમરણાદિ પુનરાવૃત્તિ જ છે. સાતમા ધ્યાનમાં તો યોગીને ફરીથી જન્મસંકટ થાય નહિ. (૩૫) આ છ વાયુઓ તેના ઉપાસકોને મહા તેજસ્વી પોતપોતાના લોકોને પમાડે છે અને સાતમો વાયુ તો ઈપ્સિત ભગવાનના ધામને પમાડે છે. (૩૬) આ પ્રકારે વાયુની સ્થિતિ જાણી પોતાને જેવી ઈચ્છા હોય તેવા વાયુની સાધના કરી તે વાયુ આત્મક યોગી દેહનો ત્યાગ કરે. (૩૭) હે બ્રહ્મન્ ! જીતેલ છે મન જેમણે તથા નારાયણ ભગવાનમાં ભક્તિને કરતા એવા યોગીઓને શરીરનો ત્યાગ-અત્યાગ સ્વાધીન વર્તે છે. (૩૮) હે મુને ! પરમ સમાધિનિષ્ઠાને પામેલા એમ પોતાનો દેહ ત્યાગ કરવામાં સ્વાધીનપણાને પામેલા યોગીઓએ કરવા યોગ્ય કર્તવ્ય મેં તમોને કહ્યું. હવે જે યોગીઓ દેહત્યાગમાં સ્વાતંત્ર્યને પામેલા નથી તેમણે જે કર્તવ્ય છે તે હવે હું કહું છું. (૩૯)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં યોગોપદેશમાં બાહ્યાભ્યંતર વાયુસ્વરૂપનિરૂપણ નામનો ચોસઠમો અધ્યાય થયો. ॥૬૪॥

●

## અધ્યાય-૬૫

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

હે મુને ! આ લોકમાં પ્રથમથી જ જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં આગળ કહીશ એવાં ચિહ્નો વડે યોગીપુરુષોએ પોતાના મૃત્યુનું સમીપપણું દેહ પડ્યા પહેલાં જ નિશ્ચિત કરવું. (૧) જે પુરુષનો મૃત્યુકાળ નજીક આવ્યો હોય તે પુરુષ દેવમાર્ગ, ધ્રુવ, શુક્ર અને અરુંધતીનો તારો તથા પોતાની છાયાને જોઈ શકતો નથી. (૨) જેનો મૃત્યુકાળ સમીપ આવ્યો હોય તે પુરુષ સૂર્ય, અગ્નિ, ચંદ્રને નિસ્તેજ જુએ અને કદાચિત્ આકાશમાં ચંદ્રાદિ જ્યોતિબિંબને દ્વિરૂપપણે (બે-બે દેખાય) જુએ (૩) અથવા ઊલટી, મૂત્ર, મળાદિકને સુવર્ણ અને ચાંદી સમાન જુએ, વૃક્ષોને પણ કદાચિત્ સુવર્ણ સમાન દેખે છે. (૪) સમીપ મૃત્યુવાળો યોગી કાદવ કે રેતીમાં પોતાનાં પગલાંને અર્ધા જ જુએ, પૂરાં નહિ. પોતાની છાયાને છિદ્ર સહિત દેખે, પોતાના પ્રતિબિંબને મસ્તક રહિત દેખે. (૫) જ્યારે કૃશ શરીર તત્કાળ સ્થૂળ થાય અથવા સ્થૂળ દેહ તત્કાળ કૃશ થાય, તે પણ સમીપમાં આવેલા મૃત્યુનું ચિહ્ન જાણવું. (૬) જે યોગીનો દેહ ઘેટાના શરીરની માફક દુર્ગંધવાળો થાય અથવા બળતા શબની સમાન ગંધવાળો થાય તેનું સમીપે મૃત્યુ જાણવું. (૭) સ્નાન કરતાંની સાથે જ જે યોગીનું હૃદય અને બન્ને ચરણો તત્કાળ સુકાઈ જાય તે પુરુષ પણ થોડા સમયમાં જ નિશ્ચે મૃત્યુ પામે. (૮) જે યોગીનું ખાધેલું કે પીધેલું કંઈપણ ઉદરમાં પચે નહિ, ઔષધ પણ ખાવા છતાં લગીર ફાયદો ન કરે, તેને પણ સમીપ મૃત્યુવાળો જાણવો. (૯) તાલુ, ઉદર કે હૃદયમાં દાહ થાય, નાક અને કાન વાંકા થઈ જાય અને અંગના સર્વ સાંધાઓમાં શૂળ આવે તે પણ સમીપ મૃત્યુનું ચિહ્ન જાણવું. (૧૦) જમીને તૃપ્ત થયેલો હોય છતાં પણ જેને સખત ભૂખ લાગે અને જેને ઓલવી નાંખેલા દીવાની ગંધનું જ્ઞાન ન થાય તે પણ સમીપમાં આવેલા અંતકાળવાળો જાણવો. (૧૧) જેને બીજાના નેત્રની કીકીમાં પોતાનું

પ્રતિબિંબ ન દેખાય અને જે બન્ને કાન બંધ કરીને પોતાના પ્રાણમાંથી ઉદ્ભવતો ઘોષ ન સાંભળે તેનું પણ નજીકમાં મૃત્યુ જાણવું. (૧૨) ઇન્દ્રિયોએ ગ્રહણ થતા વિષયોનું સારાનરસાપણે ભિન્ન ભિન્ન જ્ઞાન ન થાય તે પણ સમીપમાં આવેલા મૃત્યુનું ચિહ્ન જાણવું. (૧૩) આંખો ચકળચકળ થાય, નાભિપ્રદેશ કાળો પડી જાય, દાંત કાળા થઈ જાય, અને સ્વભાવનું એકદમ વિપરીતપણું થઈ જાય - આ બધાં નજીક આવેલાં મૃત્યુનાં ચિહ્નો છે. (૧૪) જ્યારે પૂજનીય વડીલજનોના અપમાનમાં પ્રવૃત્તિ થાય, દાનપાત્રમાંથી દ્રવ્ય લેવામાં પ્રવૃત્તિ થાય ઇત્યાદિ જાગ્રત અવસ્થામાં સમીપ મૃત્યુનાં ચિહ્નો જાણવાં. (૧૫) જે વ્યક્તિ ખર, ઊંટ, વાનર, રીંછ વગેરે વાહનમાં બેસીને દક્ષિણ દિશા તરફ જતો પોતાને સ્વપ્નમાં જુએ તેને મરણ આવ્યું ઢૂંકડું જાણો. (૧૬) જે સ્વપ્નમાં પોતાને ખાડામાં પડેલો જુએ અથવા બીજાએ ખાડામાં રોકી રાખેલો જુએ તેનું મૃત્યુ સમીપમાં આવેલું જાણવું અથવા સ્વપ્નમાં જે મડદાને આલિંગન કરે તેનું પણ સમીપમાં મૃત્યુ જાણવું. (૧૭) જે સ્વપ્નમાં જળમાં ડૂબવા લાગે અથવા સ્વપ્નમાં અગ્નિપ્રવેશ કરે, અથવા ઝેર ખાય અથવા કાદવમાં ચોંટી જાય-આ સર્વ પણ સમીપમાં મૃત્યુ આવેલું જાણવું. (૧૮) જે પુરુષ સ્વપ્નમાં શરીરે તેલ ચોળીને, નગ્ન થઈને, જપાકુસુમની માળાને ધારીને દક્ષિણ દિશા તરફ જાય તેનું મૃત્યુ નજીક જાણવું. (૧૯) હે સન્મતે ! ઇત્યાદિ સ્વપ્નમાં થનારાં ચિહ્નો જાણવાં. તે સ્વપ્નચિહ્નો વડે કરીને યોગી પુરુષ પોતાનું મરણ પાસે આવેલું જાણે. (૨૦) પોતાને જે દિવસે સમીપ મૃત્યુનું ચિહ્ન થાય તે દિવસથી આરંભી બુદ્ધિમાન યોગી તત્કાલ સાવધાન થઈ જાય. (૨૧) પોતાને દેહ અને સકલ જગત અસત્ય જ છે એવા નિશ્ચયથી પોતાનું શરીર અને જગતથી વૈરાગ્ય પામેલો યોગી ભગવાન શ્રીહરિની નવધા ભક્તિમાં તલ્લીન થઈ જાય. (૨૨) તે ભક્ત યોગી નિર્ભય થઈને કાળે કરીને શરીર મૃત્યુ પામે સતે સ્વતંત્ર યોગીની પેઠે જ ભગવાનના પરમ ધામને પામે છે. (૨૩) હે મુનિસત્તમ ! આ પ્રમાણે યોગનો મહિમા વર્તે છે. તે હેતુ માટે શ્રેયાર્થી પુરુષોએ આ યોગ આદરપૂર્વક સિદ્ધ કરવો. (૨૪) પહેલાં પણ ઘણા મહર્ષિઓ અને સેંકડો રાજાઓ આ યોગને સાધીને મનોવાંછિત ફળને પામ્યા છે માટે ઉદાર બુદ્ધિવાળા જનોએ આ યોગ અવશ્ય સિદ્ધ કરવો. (૨૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
યોગોપદેશમાં કાલજ્ઞાનનિરૂપણ નામનો પાંસઠમો અધ્યાય થયો. ॥૬૫॥

●

## અધ્યાય-૬૬

**શ્રી નારાયણમુનિ બોલ્યા :**

આ યોગ શુભ દેશાદિકમાં સેવન કરતાં સિદ્ધ થાય છે; અશુભ દેશાદિકમાં સેવન કરતાં સિદ્ધ થતો નથી, ઊલટો નાશનું કારણ થાય છે. (૧) દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને સંગ-આ આઠ જેવાં હોય તેવું જ ફળ તેના સેવનારાઓને થાય છે. (૨) સેવન કરેલા આ દેશકાળાદિક શુભ હોય તો મનુષ્યોની બુદ્ધિ શુભ થાય અને અશુભ વડે બુદ્ધિ અશુભ થાય તે નિશ્ચય વાત છે. (૩) આથી બુદ્ધિમાન પુરુષ અશુભ દેશકાળાદિકનો ત્યાગ કરી તે શુભોનું જ સેવન શીઘ્ર

કરે, જેથી હિત થાય. (૪) આ પ્રકારે યોગજ્ઞ એવા સનકાદિ આદિને સંમત યોગશાસ્ત્રનું રહસ્ય (યોગાનુશાસનમ્) સાંગોપાંગ સમગ્રપણે જાણવાની ઈચ્છાવાળા તમોને મેં કહ્યું. (૫) પ્રશસ્ત બુદ્ધિવાળા તમારું યોગ્યપણું હોવાથી પરમ ગુહ્ય આ યોગશાસ્ત્ર જેવું તમોએ પૂછયું તેવું મેં રૂડી રીતે તમોને કહ્યું. (૬) સર્વ શાસ્ત્રોના અર્થનું દોહન કરીને તે યોગશાસ્ત્રનો સાર મેં કાઢેલો છે. સર્વ લોકોને હિતાવહ એવો આ સાર મેં તમોને કહ્યો. (૭) જે પુરુષ આ યોગશાસ્ત્રને સાંભળે કે કિર્તન કરે તે બન્ને પણ સર્વ પાપના સમૂહોથી મુક્ત થાય. (૮)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપ ! આ પ્રમાણે સદ્ગુરુ ભગવાન શ્રીહરિએ કહેલું યોગશાસ્ત્ર સાંભળીને શ્રી શતાનંદ મુનિ અત્યંત પ્રસન્ન થઈ ગયા. (૯) બીજા પણ શ્રીહરિ મહાપ્રભુજીના આશ્રિત સર્વ મુનિજનો તે યોગશાસ્ત્ર સાંભળી પરમાનંદ પામીને શ્રીહરિ મહાપ્રભુની સ્તુતિ કરી વંદના કરવા લાગ્યા. (૧૦) તે શતાનંદમુનિ પણ પરમાનંદ પામીને પરમ આદરપૂર્વક પ્રભુને નમસ્કાર કરી નરાકૃતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. (૧૧)

**શતાનંદમુનિ બોલ્યા :**

હે વાસુદેવ ! નિર્મલ અક્ષરધામમાં સદા નિવાસ કરનાર, નારાયણમુનિ નામવાળા, આપના સ્વામિનારાયણ વગેરે નામના સ્મરણ-કીર્તન માત્રથી નરકનું નિવારણ થાય છે, મેઘ સમાન શ્યામ શરીરવાળા સદા શ્વેત કાંતિવાળા, આપ દ્વિભુજ છો અને ચતુર્ભુજ પણ છે. એવા ભક્તિધર્મના પુત્ર હે પ્રભો ! હું તમારા શરણે આવેલો છું. (૧૨) પોતાના ભક્તજનોની શિક્ષા માટે, એટલે પોતાના આચરણથી શીખવવા માટે જ, જે પોતે એકાંતિક ધર્મનું તથા અષ્ટાંગયોગ અને તેની સર્વ કળાઓનું તથા મહાવ્રતોનું આજીવન પરિપાલન કરે છે એવા ધર્મભક્તિના પુત્ર હે પ્રભો ! હું તમારા શરણે આવેલો છું. (૧૩) જ્યારે શ્વાસ દેહની અંદર અને અંતરમાં સ્થિર કરે છે ત્યારે જે પ્રતિલોમવૃત્તિથી ભગવાનની મૂર્તિને અંતરમાં ધારે છે અને જ્યારે શ્વાસ બહાર કાઢે છે ત્યારે જે અનુલોમવૃત્તિથી નેત્ર આગળ બહાર ભગવત્સ્વરૂપને ધારે છે, એટલે જે મનની વૃત્તિ બન્ને પ્રકારે ભગવત્સ્વરૂપમાં અખંડ જોડાયેલી રાખે છે. સાગરમાં ભરતી આવે છે ત્યારે વેગથી પાણી ચઢે છે અને ઓટ આવે છે ત્યારે વેગથી પાણી પાછું ફરે છે તેમ, મનની વૃત્તિમાં અનુલોમ-વિલોમ ક્રિયા સતત થતી રહેલી હોવાના કારણે ભક્તિધર્મના પુત્રને અહીં ચંદ્રોદયના આશ્રયવાળું જે સમુદ્રજળ તેની ઉપમા આપેલી છે, એવા ભક્તિ-ધર્મના પુત્ર હે પ્રભો ! હું તમારા શરણે આવેલો છું. (૧૪) ચક્ષુઆદિ દશ બાહ્યેન્દ્રિય ગણ, મન આદિ ચાર અંતરીન્દ્રિય ગણ, પ્રાણાદિ શ્વાસ અને અધિદેવતાઓ ગુણ-સ્વભાવને અનુસારે ગુણકાર્યોમાં પ્રવર્તતા તે સર્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયોને પણ તેમનાથી વિલક્ષણપણે રહીને પોતાના પ્રતાપ વડે સ્વસ્વરૂપથી પૃથક્પણે જોતા એવા ભક્તિ-ધર્મના પુત્ર હે પ્રભો ! હું તમારા શરણે આવેલો છું. (૧૫) શબ્દાદિક વિષયોના ઉપભોગ માટેની કામનાઓ (અશુભ વાસના), અને ક્રિયાઓ, માયિક આકાર, માયાજન્ય અજ્ઞાન અને માયિક ગુણો યુક્ત કામના અને ક્રિયાનો ભગવાનના સ્વરૂપમાં આત્યંતિક નિષેધ કરવા અને સમજાવવા માટે નિર્બિજ

સાંખ્ય અને નિર્બીજ યોગમતની યુક્તિઓ એટલે રહસ્યને પોતાના જીવન દ્વારા બરાબર સમજાવનારા ભક્તિધર્મના પુત્ર હે પ્રભો ! હું તમારા શરણે આવેલો છું. (૧૬) રમાપતિ ભગવાન શ્રી વાસુદેવમાં દિવ્યાકૃતિપણું, સર્વોત્કૃષ્ટ તેજસ્વીપણું, સર્વ જીવોનું માયાબંધન નિવારણપૂર્વક તેમના આત્યંતિક કલ્યાણ સંપાદન રૂપ સત્યસંકલ્પપણું, દયા ને કૃપાપણું અને ભક્તજનો અર્પણ કરે છે તે સેવા ગ્રહણ કરવી, એ સદા સ્વભાવતઃ પ્રવર્તે છે. એ પ્રતિપાદન કરવા માટે સાલંબ એટલે સબીજ સાંખ્ય અને યોગમાર્ગની યુક્તિઓ એટલે રહસ્યને પોતાના જીવન દ્વારા સમજાવનારા, ભક્તિધર્મના પુત્ર હે પ્રભો ! હુ તમારા શરણે આવેલો છું. (૧૭) કામી, ચોર, નટ, વ્યસની અને દ્વેષી હંમેશાં જ પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે જેમ પોતાના મનમાં અનાયાસે અતિ આનંદથી સ્મરણ કરે છે તેવી જ રીતે પરમ હર્ષપૂર્વક શ્રી નારાયણમાં સદા જોડાયેલા રહેલા એવા ભક્તિધર્મના પુત્ર હે પ્રભો ! હું તમારા શરણે આવેલો છું. (૧૮) પતિવ્રતા નારી, ચકોર પક્ષી, પતંગિયું, માછલું, મોર અને ચક્રવાક આ સર્વ પોતાના પ્રિયાતિપ્રિય વસ્તુ (અનુક્રમે પતિ, ચંદ્ર, અગ્નિ, જળ, મેઘ, ચક્રવાકી)માં અતિપ્રેમથી સદા અંતરથી જોડાયેલા રહે છે તેમ શ્રી વાસુદેવની મૂર્તિમાં હર્ષથી સદા જોડાયેલા રહેતા ભક્તિધર્મના પુત્ર હે પ્રભો ! હું તમારે શરણે આવેલો છું. (૧૯) સ્નેહાતુર હોય તે પોતાના પ્રિય પાત્ર પાસે, ભયાતુર હોય તે જેનાથી ભય પામ્યો હોય તેની પાસે, રોગાતુર રોગનિવારક વૈદ્ય પાસે અને ક્ષુધાતુર જન અન્ન આપીને ક્ષુધા નિવારનાર જન પાસે, જેમ માન મૂકીને દીનભાવે વર્તે છે તેમ, એકાંતિક સંતો આગળ (સ્વાશ્રિત જન શિક્ષણાર્થે) સ્વમાન મૂકીને દીનપણાને દર્શાવનારા ભક્તિધર્મના પુત્ર હે પ્રભો ! હું તમારે શરણે આવેલો છું. (૨૦) સ્વધર્મમાં સદા સુદ્ઢ સ્થિર વર્તીને, પોતે જ અક્ષરબ્રહ્મ છે એ રીતે અક્ષરબ્રહ્મ સાથે એકાત્મકભાવ કેળવીને, શબ્દાદિ પંચ વિષયોમાં વૈરાગ્ય પામીને, પરાત્પર અતિ શ્વેત પ્રકાશપુંજના મધ્યમાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન દિવ્ય સાકારમૂર્તિ શ્રીહરિને, ભક્તજનોએ સર્વદા સેવવા જોઈએ એવો પોતાનો સિદ્ધાંત સમજાવતા ભક્તિધર્મના પુત્ર હે પ્રભો ! હું આપને શરણે આવેલો છું. (૨૧) હે સંસારરૂપી જાળમાં પડેલા સમગ્ર જીવોના બંધુ એવા હે પ્રભો ! સત્શાસ્ત્રોનું નિત્ય વાંચન અને શ્રવણ કરવામાં સર્વદા આસક્ત અને જ્ઞાની મહાત્માઓ અને સત્પુરુષોની સભામાં બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરતા ભક્તિધર્મના પુત્ર હે પ્રભો ! હું તમારે શરણે આવેલો છું. (૨૨)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતે ! શતાનંદમુનિ આ પ્રમાણે સ્તુતિ અને નમસ્કાર કરીને હાથ જોડીને ભગવાનની આગળ ઊભા રહ્યા ત્યારે ભગવાન શ્રીહરિ પ્રસન્ન થઈને શતાનંદ મુનિ પ્રત્યે બોલ્યા : (૨૩) હે મહર્ષે ! તમારી ઉપર હું પ્રસન્ન થયો છું તો તમોને જે અભિષ્ટ હોય તે હાલ મારી પાસે માગો, તે તમોને હું આપીશ તેમાં સંશય નથી. (૨૪)

**શતાનંદમુનિ બોલ્યા :**

જો તમો મારા પર પ્રસન્ન થયેલા હો તો અત્યારે કૃપા કરી મારો લાંબા સમયનો મનોરથ પૂર્ણ કરવા માટે તમો યોગ્ય છો. (૨૫) હે જગદ્‌ગુરો ! હું તમારા ચરિત્રનો ગ્રંથ રચવા ઈચ્છું છું. તો તે

ગ્રંથ રચવાની આજ્ઞા પ્રથમ મને આપો. કેમ કે આપે પ્રથમ પ્રતિજ્ઞા કરેલી છે. (૨૬) તે ગ્રંથ રચવાથી મારો વિદ્યાભ્યાસનો શ્રમ સફળ થશે. મારું અભિષ્ટ તમો આપો. તમો ભક્તોનું અભિષ્ટ આપનારા છો. (૨૭) આ પ્રકારે શ્રીહરિમાં ગાઢ અનુરાગયુક્ત પ્રશસ્ત બુદ્ધિવાળા શતાનંદમુનિએ પ્રાર્થના કરેલા શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા : હે યોગિન્ ! તમારા મનોરથને અનુસાર ગ્રંથ કરો. (૨૮) જેવું સાંભળેલું અને જેવું સ્વયં જોયેલું એવું મારું ચરિત્ર તમો વર્ણન કરો. હે નિષ્પાપ મુને ! તમારી બુદ્ધિમાં ત્રણે કાળનું જ્ઞાન છે જ. (૨૯) સર્વના મનના અભિપ્રાયોને પણ તમો નિશ્ચે જાણશો. તમને કંઈપણ અવિદિત રહેશે જ નહિ; કેમ કે તમે મને અતિ પ્રિય છો. (૩૦) હે મુને ! હું જ્યારે આ પૃથ્વી ઉપરથી અંતર્ધાન થઈશ ત્યારે મારા આશ્રિત જનોને તમારો કરેલો ગ્રંથ જ મહાન આશ્રયરૂપ થશે. (૩૧) તમો પ્રથમ મારી લખેલી શિક્ષાપત્રીને અનુષ્ટુપ છંદથી વિચરિત શ્લોકોથી જ યથાર્થપણે તત્કાળ ગૂંથો, પછી તમો મહાગ્રંથને રચો (૩૨) હે મુને ! જન રહિત એકાંત સ્થળે બુદ્ધિ સ્થિર થાય એટલા માટે ગોપીનાથ મંદિરમાં એક ઓરડી નિવાસને યોગ્ય છે માટે તેમાં તમો રહો. (૩૩)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નરાધિપ ! આ પ્રકારે શ્રી નારાયણ મહાપ્રભુએ કહેલા આદેશ-વચનોથી શતાનંદમુનિ અત્યંત પ્રસન્ન થયા. શ્રીહરિને પ્રણામ કરી પોતાના નિવાસસ્થાનમાં ગયા. (૩૪) ત્યાં જઈને શતાનંદમુનિ શ્રહરિની આજ્ઞાને જ શુભ મુહૂર્ત જાણીને શ્રી ગોપીનાથ ભગવાનના મંદિરમાં આવેલી રમણીય ઓરડીમાં પોતાનો નિવાસ કરીને તે જ સમયે શિક્ષાપત્રી ગૂંથવા માટે ઉદ્યમયુક્ત થયા. (૩૫)

ઇતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં શતાનન્દવરપ્રદાન નામનો છાસઠમો અધ્યાય થયો. ॥૬૬॥

●

## અધ્યાય-૬૭

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે નૃપસત્તમ ! જે સમયે શ્રીહરિએ શિક્ષાપત્રી ગ્રંથસ્થ કરવાની આજ્ઞા આપી તે સમયે ધનતેરશ હતી. તે દિવસે શતાનંદમુનિએ (સંવત ૧૮૮૫ના આસો વદી તેરશને દિવસે) શિક્ષાપત્રી ગૂંથવાનો આરંભ કર્યો. (૧) ઉત્તમ બુદ્ધિવાળા તે મુનિએ ગૂંથેલી શિક્ષાપત્રી કારતક સુદ-૨ યમદ્વિતીયાને દિવસે સમાપ્ત થઈ. તે શિક્ષાપત્રીના બસોબાર શ્લોકો થયા. (૨) પછી તે મુનિએ ભગવાન શ્રીહરિની પ્રસન્નતા માટે અર્થદીપિકા નામની શોભન ટીકાનો આરંભ કર્યો. તે ટીકા માગશર માસની સુદ પાંચમના રોજ સંપૂર્ણ કરી. (૩) હે રાજન્ ! વસંત પંચમીના દિવસે જ સાંજના સમયે સભામાં મુનિજનોની સાથે વિરાજમાન શ્રીહરિને સટીક શિક્ષાપત્રી સમર્પણ કરી. (૪) શ્રી હરિ જે તે ટીકા સહિત શિક્ષાપત્રીને જોઈ ખૂબ સંતોષ પામ્યા અને સભામાં શતાનંદમુનિની બહુ પ્રકારે

પ્રશંસા કરી. (૫) જેવો મારો હૃદયનો અભિપ્રાય હતો તેટલો મારો અભિપ્રાય આ શતાનંદમુનિએ ટીકા સહિત શિક્ષાપત્રીમાં સમગ્રપણે બતાવેલો છે. આ પ્રકારે મુક્તાનંદાદિ મુનિજનો અને ભક્તજનો પ્રતિ ભગવાન બોલ્યા. (૬) તે પ્રભુ શ્રીહરિએ પોતાના કંઠમાં રહેલો પુષ્પનો હાર અતિ પ્રસન્નતાપૂર્વક શતાનંદ મુનિને આપ્યો અને તેમના મસ્તક પર અતિપ્રેમથી પોતાના બે કરકમળ મૂક્યા. (૭) હે નૃપ ! પછી શ્રીહરિ આ શિક્ષાપત્રી નિત્યાનંદમુનિ પાસે સભામાં વંચાવતા હતા. મુનિજનો અને ભક્તજનો તે શિક્ષાપત્રી સાંભળીને અત્યંત આનંદ પામ્યા. (૮) ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુ પોતાના સર્વ ભક્તોને કહેવા લાગ્યા કે તમો બધા સાંભળો : "જે મારા આશ્રિત હોય તે સર્વેએ પ્રતિદિન આ શિક્ષાપત્રીનો પાઠ કરવો અથવા સાંભળવી. (૯) હંમેશાં ભોજન કરતાં પહેલાં જ પવિત્ર થઈને સ્વસ્તિક આસને બેસીને મારા ભક્તોએ આ શિક્ષાપત્રીના પાઠ કરવા. રોગાદિ આપત્કાળમાં આ નિયમ નથી (૧૦) દિવસે પાઠ કરવાની અનુકૂળતા ન થાય તો રાત્રે પોતાનો નિત્યવિધિ કરી એક સ્થળે બેસીને જ શિક્ષાપત્રી આદરપૂર્વક વાંચવી. (૧૧) જે પ્રકારે પોતાના હૃદયમાં શિશ્રાપત્રીમાં રહેલા અર્થની સ્ફુરણા થાય તેવી રીતે મારા આશ્રિતોએ નિત્ય પ્રત્યે ધીરે રહીને સ્પષ્ટ ઉચ્ચારણપૂર્વક પાઠ કરવો. (૧૨) આ પ્રકારે શ્રીહરિ મહાપ્રભુનું વચન સાંભળી સર્વ ભક્તજનો તે સમયે "અમો તમારા કહ્યા પ્રમાણે જ કરશું" એમ વિનમ્રતાપૂર્વક બોલ્યા. (૧૩) પછી શ્રીહરિએ શતાનંદમુનિને કહ્યું ! હે મહાબુદ્ધે ! હવે તમો પોતાના મનને ઈચ્છિત ઉત્તમ ગ્રંથ રચો. તે ગ્રંથ કરવામાં તમો સમર્થ છો. (૧૪) તમારી બુદ્ધિસંપત્તિ શ્રીકૃષ્ણની કૃપાથી તમને પ્રાપ્ત થઈ છે એમ અમને સર્વને જણાય છે, નહિતર આ સટીક શિક્ષાપત્રીમાં મારો આવો અભિપ્રાય કહેવા માટે કોણ સમર્થ થાય ? (૧૫) આવી રીતે ભગવાને કહેતાં, તે શતાનંદમુનિ શ્રીહરિને પ્રણામ કરી દેવોને પણ દુર્લભ એવી શ્રીહરિની પ્રસન્નતાને પામીને પોતાના નિવાસસ્થાને આવ્યા. (૧૬) ત્યારબાદ શ્રીહરિની પ્રસન્નતાથી પ્રાપ્ત થયેલ છે સર્વજ્ઞપણું જેમને એવા યોગીરાજ શતાનંદમુનિએ માગશર સુદી છઠ્ઠ (ચંપા છઠ્ઠ) ને દિવસે સત્સંગિજીવન નામનો આ ગ્રંથ રચવાનો આરંભ કર્યો. (૧૭) મુનિશ્રી એક એક પ્રકરણ સંપૂર્ણ કરીને સર્વ નિયંતા શ્રીહરિ મહાપ્રભુને સંભળાવતા હતા.તેથી શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થઈ ગયા. (૧૮) હે રાજન્ ! તે શ્રીહરિ મહાપ્રભુ પણ શ્રવણ વિના બીજું વ્યાવહારિક કાર્યમાત્રનો ત્યાગ કરીને ચંપા છઠ્ઠથી જ આરંભીને નિરંતર શ્રીમદ્ ભાગવતના દશમ અને પંચમ સ્કંધનું વારંવાર શ્રવણ કરવા લાગ્યા. (૧૯) શ્રીહરિ અપરાહ્ન સમયે પોતાના નિવાસસ્થાનના ઓટા ઉપર બેસીને અનન્ય ગતિવાળા પોતાના ભક્તોને પોતાનાં દર્શન આપતા હતા. (૨૦) બે-ત્રણ દિવસે, ક્યારેક પાંચ-છ દિવસે ક્યારેક ત્રણ-ચાર દિવસ વીતે ત્યારે શ્રીહરિની નાના પ્રકારની આશ્ચર્યરૂપ વાર્તાઓ થતી હતી. (૨૧) હે રાજન્ ! પુરવાસી જનો, દેશાંતરના જનોએ જોયેલ છે આશ્ચર્ય જેમણે એવા થકા સભામાં શ્રીહરિ આગળ જે જે વાર્તાઓ કરતા હતા તે તે હું તમોને કહું છું. (૨૨) નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ આદિ શ્રીહરિએ સ્થાપન કરેલી કૃષ્ણમૂર્તિઓ છે તેમાં જે જે કૃષ્ણમૂર્તિ જ્યાં જ્યાં જ્યારે જ્યારે શ્રીહરિએ સ્થાપન

કરેલી છે તે દિવસથી આરંભીને ત્યાં ત્યાં આશ્ચર્ય થતું હતું તે આશ્ચર્ય ભક્તો અને અભક્તો-પુરુષો અને સ્ત્રીઓ સૌ દેખતાં હતાં. (૨૩-૨૪-૨૫) હે મહીપતે ! કોઈ કોઈ સમયે તે શ્રીહરિની મૂર્તિઓ સાક્ષાત્-પ્રત્યક્ષ ભગવાનની પેઠે મનોહર વિવિધ ક્રિયાઓ કરતી હતી. (૨૬) ક્યારેક પોતાનું દર્શન કરતા જનોને જોઈ તે મૂર્તિઓ હસવા લાગતી હતી. અને ક્યારેક પોતે પુષ્પ, ચંદન વસ્ત્ર નૈવેદ્યાદિ ઉપહારોને પ્રત્યક્ષ ગ્રહણ કરતી હતી. (૨૭) કોઈ સમયે તે મૂર્તિ પોતાની સન્મુખ ધરેલા થાળને પ્રત્યક્ષ જમતી હતી. ક્યારેક નિવેદન કરેલું દૂધ પ્રત્યક્ષ પીતી હતી. કોઈ સમયે નિવેદન કરેલ જળ પ્રત્યક્ષ પીતી હતી. (૨૮) કોઈ સ્થળે તે મૂર્તિ સંકટથી રોકાઈ ગયેલા અને પોતાનું નિત્ય દર્શન કરવાના નિયમવાળા જનોને અન્ય ગામોમાં પણ પોતાનું પ્રત્યક્ષ દર્શન આપતી હતી. (૨૯) તે મૂર્તિઓ પોતાની પાસે પ્રાર્થનાપૂર્વક પુત્રયાચના કરનાર કેટલાક જનોને પુત્રો આપતી હતી અને કેટલાક જનોને બળવાન વેરી દ્વારા આવેલા સંકટ થકી નિવારણ કરતી હતી. (૩૦) તે મૂર્તિઓ કોક સમયે પોતાની સેવા કરતા એવા નિર્ધન પુરુષોને ધનવાન પુરુષ પ્રત્યે સ્વપ્નમાં પ્રેરણા કરીને ધન અપાવતી હતી. (૩૧) કોઈ સમયે તો તે મૂર્તિઓનું દર્શન કરનારા જનો તે જ ક્ષણે સમાધિને પામી જતા હતા. કોઈ સમયે તે મૂર્તિઓને જોનારા જનો ઘણું તેજ જોતા હતા. (૩૨) આ વગેરે ઘણા આશ્ચર્યો તે તે કૃષ્ણનાં મંદિરોમાં થતાં હતાં. તે આશ્ચર્યોને જોઈને પૃથ્વી ઉપર ઘણા જનો તેમૂર્તિઓનો સમાશ્રય કરતા હતા. (૩૩) ત્યાં ત્યાં થયેલું આ સર્વ આશ્ચર્ય દેખીને કેટલાક દેશાંતરથી ત્યાં આવેલા જનો આ સર્વ આશ્ચર્ય સભામાં વિરાજમાન ભગવાનની આગળ તે તે સમયે નિવેદન કરતા હતા. (૩૪) સભામાં રહેલા મનુષ્યો દેશાંતરથી આવેલા જનોએ કહેલા વૃત્તાંતને સાંભળીને આશ્ચર્ય પામી ગયા; સભામાં બેઠેલા સર્વ મનુષ્યો આ બધો પ્રતાપ આ શ્રીહરિ મહાપ્રભુનો જ છે એમ જાણતા હતા. (૩૫) નારાયણ મુનિ પૂર્વે કહેલું વૃત્તાંત આદરપૂર્વક સાંભળીને તે વૃત્તાંત કહેનારા જનો અને સભામાં રહેલા પોતાના જનોને કહેવા લાગ્યા : (૩૬) ‘હે ભક્તો ! પ્રત્યક્ષ શ્રી કૃષ્ણમાં અને નરનારાયણાદિ મૂર્તિઓમાં જરાપણ ભેદ નથી જ એમ તમો જાણો.'' (૩૭) હે ભૂપ ! આ પ્રકારે અભેદ પ્રતિપાદક એવું ભગવાન શ્રીહરિનું વચન સાંભળી સર્વ જનો પરમ હર્ષને પામ્યા. આ પ્રકારે શ્રીહરિ મૂર્તિઓ દ્વારા પણ પોતાનું ઐશ્વર્ય વિસ્તારતા હતા. (૩૮) જનોનું મંગળ કરનારું છે સ્વરૂપ જેમનું અને આત્મારામ તથા સત્પુરુષોના સ્વામી અને પૂર્વોક્ત પ્રકારે વર્તતા એવા શ્રીહરિ મહાપ્રભુને આ પ્રકારે રહેતાં રહેતાં દોઢ વર્ષ વીતી ગયું. (૩૯) હે માનવપતે ! આ પ્રકારે તે શ્રીહરિનો પ્રતાપ સમુદ્રપર્યંત પૃથ્વી ઉપર ચોતરફ ગામેગામ અને પુરેપુરમાં વ્યાપી ગયો. શ્રીહરિ મહાપ્રભુના નિર્મળ યશને પ્રત્યેક ઘેર સ્ત્રીઓ અને પુરુષો પ્રતિદિન પ્રેમથી બહુધા ગાવા લાગ્યાં. (૪૦)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં શ્રીહરિસ્થાપિત નરનારાયણાદિ મૂર્તિપ્રતાપનિરૂપણ નામનો સડસઠમો અધ્યાય થયો. ॥૬૭॥

●

# અધ્યાય-૬૮

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે ભૂપતે ! ત્યારપછી ભગવાન શ્રીહરિ જેઠ માસના શુકલપક્ષની નવમીની અપર રાત્રિમાં ફરીપણ પોતે જ મનમાં એમ વિચાર કરવા લાગ્યા. (૧) આ ભૂતલ ઉપર મેં જે કાર્ય માટે અવતાર ધાર્યો છે તે કાર્ય સમગ્રપણે મેં સંપાદન કર્યું છે. કંઈપણ કાર્ય બાકી નથી. (૨) અધાર્મિક એવા ગુરુરૂપ અસુરો અને ધર્મ તેમજ સાધુપુરુષોનો દ્રોહ કરનારા રાજાઓ આ બધાને પણ મેં સ્વ-પ્રતાપ વડે પરાસ્ત કરી દીધા છે. (૩) તેમ જ અધર્મવંશથી ઉત્પન્ન થયેલા લોભ, ઈર્ષ્યા, કામ, ક્રોધ આદિ દોષોને માનવોના હૃદયમાંથી સચ્છાસ્ત્ર અને સ્વપ્રતાપ વડે ઉખેડી નાંખ્યા છે. (૪) અને મેં ધરાતલ ઉપર સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, દયા આદિ ધર્મવંશજોને મનુષ્યોના હૃદયમાં રૂડી રીતે સ્થાપન કર્યા છે. (૫) તેમ જ મનુષ્યોના કલ્યાણ માટે ઘરોઘર સર્વ પ્રકારે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યથી યુક્ત એવી ભક્તિ સર્વત્ર પ્રવતાવેલી છે. (૬) ધર્મદેવ, મૂર્તિદેવી અને ઉદ્ધવજીને દુર્વાસાના શાપથી મેં મુકાવ્યાં છે. તેમજ ઋષિજનોને પણ બહુધા મુક્ત કરેલા છે. (૭) વળી પૃથ્વી ઉપર જન જન પ્રત્યે બ્રહ્મવિદ્યા આદિ સકળ વિદ્યાઓ અને નાના પ્રકારની યોગકળાઓ તથા અહિંસામય યજ્ઞો પણ પ્રવર્તાવ્યા છે. (૮) દેવો, બ્રાહ્મણો, તીર્થો, વેદો, સત્પુરુષો તથા ભાગવતાદિ સચ્છાસ્ત્રોની માન્યતા સર્વ પ્રકારે પ્રવર્તાવી છે. (૯) કૌલાર્ણવ આદિ અસચ્છાસ્ત્ર અને વેદબાહ્ય નાસ્તિક મતનું ખંડન કરી ભૂતળ ઉપર સનાતન ધર્મની સ્થાપના કરી છે. (૧૦) આ લોકમાં મારા આશ્રિત જનોના સુખ માટે મંદિરો કરાવીને નરનારાયણાદિ મારી મૂર્તિઓની સ્થાપના કરી છે. (૧૧) વળી ભક્તિમાર્ગની પ્રવૃત્તિ માટે ધર્મવંશમાં થયેલા દ્વિજોમાં આચાર્યપણું સ્થાપન કરેલું છે તેમ જ દીક્ષારીતિ પણ પ્રવર્તાવી છે. (૧૨) પૃથ્વીમાં સ્વાશ્રિતજનોમાં સદાચારની પ્રવૃત્તિ માટે સર્વશાસ્ત્રના સારરૂપી શિક્ષાપત્રી મેં પ્રવર્તાવી છે. (૧૩) વળી નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, ગૃહસ્થો, સ્ત્રીઓ, સાધુઓ તથા અન્ય પાર્ષદાદિના ધર્મો પણ મેં સમ્યક્ પ્રકારે નિરૂપ્યા છે. (૧૪) જન્માષ્ટમી આદિ સર્વ વ્રતો અને ઉત્સવોનો સર્વ વિધિ પણ મેં કહેલો છે. અષ્ટાંગયોગનો પણ સકળ વિધિ મેં નિરૂપણ કરેલો છે. (૧૫) કળિયુગમાં ભવિષ્યમાં જન્મ પામનારા જનોનો સંસાર થકી ઉદ્ધાર કરવા માટે શતાનંદમુનિ પાસે સત્સંગિજીવન નામનો ગ્રંથ કરાવ્યો છે તે ગ્રંથ લગભગ પૂરો પણ થઈ ગયો છે. (૧૬) આ પ્રમાણે મેં પોતાનાથી જે કર્તવ્ય હતું તે તમામ સંપાદન કરેલું છે. હવે પછી હાલમાં પૃથ્વી ઉપરથી પોતાનું જે અક્ષરધામ તેમાં જવું જોઈએ. (૧૭) પરંતુ અત્યારે જ જો હું અંતર્ધાન થઈ જઈશ તો મારે વિષે અત્યંત પ્રીતિવાળા સર્વ મારા આશ્રિતો મારા અંતર્ધાન થવાના ક્ષણે જ શરીરોનો ત્યાગ કરશે. (૧૮) આથી મારો વિરહ સહન કરવા માટે સર્વ પ્રકારે અસમર્થ તે મારા આશ્રિતોને સર્વ પ્રકારે ઉદ્વેગ ન થાય તેમ કરીને જ હું સર્વોત્તમ પોતાના ધામ પ્રત્યે જાઉં. (૧૯) હે નૃપ ! આ પ્રકારે કરેલ છે સંકલ્પ જેમણે એવા તે શ્રી નારાયણમુનિએ મુકુન્દાનન્દવર્ણીદ્ર દ્વારા દુર્ગપુરમાં રહેલા સ્વાશ્રિતોને તત્કાળ બોલાવ્યા. (૨૦) ત્યારે રામપ્રતાપભાઈ આદિ ધર્મકુળ પરિવાર સત્વરે તે સ્થળે આવી ગયા તથા પોતાની માતાઓ સહિત અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી બંને આવી ગયા. (૨૧) તથા

મુક્તાનંદમુનિ શીઘ્ર ત્યાં આવી ગયા, તેમજ ગોપાળાનંદમુનિ, નિત્યાનંદમુનિ, શુકાનંદમુનિ અને બ્રહ્માનંદમુનિ આ બધા સત્વરે આવી ગયા. (૨૨) તથા આનંદાનંદમુનિ અને ભજનાનંદમુનિ પણ આવી ગયા તથા નિર્ગુણાનંદ વગેરે બીજા સાધુઓ તત્કાળ આવ્યા. (૨૩) ગૃહસ્થો દીનાનાથ આદિ બ્રાહ્મણો, તેમજ સોમલાખાચર, સુરાખાચર, દાદાખાચર વગેરે ક્ષત્રિયો પણ તત્કાળ આવ્યા. (૨૪) રતનજી તથા મિયાંજી મુખ્ય જેમાં છે એવા ભગુજી આદિ પાર્ષદો ત્યાં આવી ગયા. તેમજ જયા, રમા, લલિતા વગેરે સર્વ બાઈઓ પણ ત્યાં આવી. (૨૫) ત્યાં આવી તે ભક્તો શ્રીહરિ મહાપ્રભુને પ્રણામ કરી; તે પ્રભુના સમીપે યથોચિત બેસી ગયા. તે સમયે શ્રીહરિ તે સર્વના પ્રત્યે બોલ્યા : (૨૬) 'હે ભક્તો! તમો સર્વ મારાં સત્ય વચન જ સાંભળો. તમો મને મનુષ્યરૂપ ધારણ કરનાર પરમેશ્વર નિશ્ચય જાણો. (૨૭) જે પ્રયોજન માટે મેં આ અવતાર ધારણ કરેલો તે સમગ્ર કાર્ય મેં કર્યું. કંઈ થોડું પણ બાકી નથી. (૨૮) આથી હું હવે મારા ધામમાં જઈશ. માટે તમોએ ક્ષુદ્ર જીવની માફક શોક કરવો યોગ્ય નથી. તમારે મારો શોક કરવો નહિ... આવું મારું વચન તમારે માનવું. (૨૯) આવું વજ્રપાત સમાન શ્રીહરિનું વચન સાંભળીને તે ભક્તો તો રોતા રોતા આકુળવ્યાકુળ થઈ ગયાં છે અંતર જેમનાં એવા થકા અકસ્માત પૃથ્વી ઉપર ઢળી પડ્યા. (૩૦) કેટલાક જનો તો મૂર્છા પામી ગયા. કેટલાંક તો લીન થઈ ગયાં છે નાડીપ્રાણ જેમનાં એવા થઈ ગયા અને કેટલાક ભક્તો નેત્રોથી નીચે પડતાં રુધિરનાં બિંદુઓ જેમને છે એવા થઈ ગયા. (૩૧) તે સર્વ જનો અત્યંત વિલાપ કરવા લાગ્યા. કેટલાક વિભ્રાંત ચિત્તવાળા થઈ ગયા. હે હરે ! અમોને પણ તમારી સાથે ધામમાં લઈ જાઓ. આ પ્રમાણે સર્વ ભક્તો બોલ્યા. (૩૨) હે ભૂપતે ! ત્યારબાદ શ્રીહરિ પોતાના હૃદયમાં ચિંતવન કરવા લાગ્યા કે આ બધા મારા વિયોગને સહન નહિ કરે અને નિશ્ચય પ્રાણોને ત્યાગ કરી દેશે. (૩૩) અન્ય પ્રાણીઓના કલ્યાણ માટે તેમજ મેં સ્થાપન કરેલ ઉદ્ધવ સંપ્રદાયની પ્રવૃત્તિ માટે પણ હમણાં પૃથ્વી ઉપર આ સર્વને મારે રાખવાં જ છે. (૩૪) માટે હું મારા યોગ સામર્થ્યથી આ મારા ભક્તોના મનની દૃઢતા તત્કાળ કરું. આ પ્રમાણે વિચારીને ભક્તોના મનમાં ધૈર્યશક્તિનો પ્રવેશ કરાવતા હતા. (૩૫) પછી ભક્તો પ્રાપ્ત થયું છે ધૈર્યનું અવલંબન જેમને એવા ઊઠીને બેઠા ત્યારે ભક્તોનું પ્રિય કરનારા સર્વેશ્વર શ્રીહરિ પોતાના ભક્તોને આશ્વાસન આપતા બોલ્યા : (૩૬) તમોએ ચિંતા કરવી નહિ. હું ભૂતલ ઉપર પ્રત્યક્ષરૂપે રહેલો છું. જેમ કે વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ તથા ભક્તિધર્મથી યુક્ત રહેલો એવો મને જાણો. (૩૭) તથા અમદાવાદમાં શ્રી નરનારાયણરૂપ રહું છું તથા શ્રી ગઢપુરમાં શ્રી ગોપીનાથરૂપે હું રહેલો છું આ પ્રકારે તમો જાણો. (૩૮) મારામાં અને આ જે રૂપો મેં કહ્યાં તેમાં જરાપણ ભેદ નથી જ. ભૂતલ ઉપર મૂર્તિરૂપે રહેલો સાક્ષાત્ હું જ છું એમ નિશ્ચય જાણો. (૩૯) આ પ્રત્યક્ષ રૂપ મૂર્તિઓનું સેવન કરનારા જનોને સાક્ષાત્ મારું દર્શન થશે. હાલમાં આ મૂર્તિઓ પ્રત્યક્ષની માફક વર્તે છે. (૪૦) આ મૂર્તિઓનું સેવન તે પ્રત્યક્ષ મારું જ સેવન છે એમ જાણું છું જ માટે તમારે આ પ્રત્યક્ષ સ્વરૂપ મૂર્તિઓનું ભક્તિભાવપૂર્વક સેવન કરવું. (૪૧) એ પ્રકારે જ મારી આગળ બેઠેલા અયોધ્યાપ્રસાદજી અને પઘુવીરજી આ બંને તમારા ગુરુ (આચાર્ય) મેં કરેલા છે માટે તેમને તમોએ યથાયોગ્ય

માનવા-પૂજવા. (૪૨) તથા તમો સર્વેએ શિક્ષાપત્રીમાં કહેલા ધર્મોમાં અધિકાર પ્રમાણે સર્વદા વર્તવું. મારો શોક ક્યારેય પણ ન કરવો એવી મારી આજ્ઞા છે. (૪૩) મારી પાછળ આપઘાત કરવો નહિ, અન્નનો ત્યાગ કરવો નહિ. મારા કહ્યા પ્રમાણે જે કરશે નહિ તે પુરુષ આ લોકમાં અને પરલોકમાં મારો નહિ થાય. (૪૪)

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે રાજન્ ! આ પ્રકારનું શ્રીહરિનું વચન સાંભળી આંખોમાં આંસુઓ ભરેલા તે સર્વે શ્રીહરિની તેવી જ ઈચ્છા જાણીને, શ્રીહરિનું વચન શિરોમાન્ય કરતા હતા. (૪૫) પછી સર્વ ભક્તો શ્રીહરિને પ્રણામ કરીને બન્ને હાથ જોડીને બોલ્યા : હે પ્રભો ! અમારું મન તમારા ચરણકમળમાં જ સદા રહો. (૪૬) હે પ્રભો ! અમોએ જીવબુદ્ધિથી કોઈ સમયે તમારા જે જે અપરાધો કરેલા હોય તે સર્વ પણ તમો ક્ષમા કરવાને યોગ્ય છો. (૪૭) જ્યારે અમો તમારું ધ્યાન કરીએ ત્યારે તમારું દર્શન આપજો. પોતાથી કે પારકા દ્વારા પણ અમોને તમારી ભક્તિમાં ક્યારેય પણ અંતરાય ન થાય એવી કૃપા કરો. (૪૮) હે મહાપ્રભો ! તમો અમોને જલદી તમારા સમીપે ધામમાં લઈ જજો. આ પ્રમાણે તમારા ચરણકમળના આશ્રયવાળા અમો હાલમાં તમારી પ્રાર્થના કરીએ છીએ. (૪૯) આ પ્રમાણે સર્વ ભક્તોની વિનયયુક્ત વાણી સાંભળીને શ્રીહરિએ પોતાના ભક્તોને 'તમારા કહ્યા પ્રમાણે થાઓ' એમ કહ્યું. હવે હું આહ્નિક કર્મ કરું છું. તમો સર્વ પોતપોતાના સ્થાને જાઓ એમ કહ્યું. (૫૦) હે નિષ્પાપ રાજન્ ! ત્યારબાદ તે સમસ્ત ભક્તો મહાપ્રભુજીને નમસ્કાર કરીને, પગ ભાંગી ગયા હોય એમ લડખડતી ગતિવાળા, અશ્રુપૂર્ણ નેત્રવાળા થકા શ્રીહરિનું જ એક ચિંતવન કરતા થકા પોતપોતાને નિવાસે ગયા. (૫૧) તે સમયે ભૂમિતલ ઉપર મોટા મોટા ઉત્પાતો થવા લાગ્યા. અતિ તીવ્રવેગવાળો મહાન ઝંઝાવાતી વાયુ વાવા લાગ્યો. તેના વેગથી બહુ વૃક્ષો પડી ગયાં (૫૨) અચાનક પ્રગટેલો અગ્નિ જ્વાળાઓ વૃદ્ધિ પામતાં ગગનતળને ચાટતો થકો બહુ ગામોને બાળી દેવા લાગ્યો. ગર્ભને ભેદનારો વજ્રઘોષ થવા લાગ્યો. પૃથ્વી પર વીજળીઓ પડવા લાગી. (૫૩) કોઈ જગ્યાએ પથ્થરોનો વરસાદ તો કોઈ સ્થળે રુધિરની વૃષ્ટિ થવા લાગી. તે સમયે અચાનક મનુષ્યોના હૃદયમાં ત્રાસ થઈ આવ્યો. (૫૪) તે જ ક્ષણે સાધુપુરુષોનાં મન પણ કલુષિત થઈ ગયાં. ગ્રીષ્મઋતુનો સૂર્યપણ આકાશમાં નિસ્તેજ થઈ ગયો. (૫૫) હરિભક્ત પુરુષોનાં ડાબાં અંગો ફરકવા લાગ્યાં તથા ભક્ત સ્ત્રીઓનાં જમણાં અંગો ફરકવા લાગ્યાં, જે તે ભાવિ અશુભનું સૂચક છે. (૫૬) અકસ્માત આ ઉત્પાતોને જોઈ, ઉત્પાતોનાં લક્ષણોને જાણનારા જનો, આ સર્વ ઉત્પાતો શ્રીહરિના અંતર્ધાનને જ સૂચવે છે' એમ માનવા લાગ્યા. (૫૭) પછી શ્રીહરિ તે ગંગા દશહરા તિથિના દિવસે સ્નાન કરી આહ્નિક કર્મ કરી બ્રાહ્મણોને ગાયો આદિકનાં ઘણાં દાનો યથાવિધિ આપતા હતા. (૫૮) શ્રીહરિ સ્નાન કરી, ધોયેલાં વસ્ત્રો ધારણ કરીને ઊર્ધ્વપુંડ્ર તિલક કરીને, ગાયના છાણ વડે લીંપેલી ભૂમિ ઉપર દર્ભો પાથરીને ઉપર તલ વેરીને તેમાં સિદ્ધાસનથી બેસીને પોતાની નાસિકાના અગ્ર ઉપર સ્થિર દૃષ્ટિ રાખીને સ્વબુદ્ધિથી સ્વસ્વરૂપના ધ્યાનપર થયા. તે સમયે તેમનુ દિવ્ય તેજ સ્ફુરતાં અન્યજનોએ ન જોઈ શકાય એવું થયું. (૫૯-૬૦) નિત્યાનંદમુનિ અને

ગોપાળાનંદમુનિ શ્રીહરિની આગળ ઊભા હતા. અને ભજનાનંદમુનિ અને શુકાનંદમુનિ શ્રીહરિની આગળ હાજર હતા. (૬૧) તે સમયે આકાશમાં અકસ્માત કરોડો વિમાનો અને તે શ્રીહરિ મહાપ્રભુના પાર્ષદોની કોટિઓ તથા દેવતાઓની કોટિઓ દેખાવા લાગી. (૬૨) અક્ષરધામથી આવેલા દિવ્ય ભક્તોએ દિવ્ય ચંદન, દિવ્ય પુષ્પો અને દિવ્ય વસ્ત્રાભૂષણો વગેરે ધૂપદીપ આદિ સર્વ ઉપચારો વડે પૂજા કરાયેલા શ્રીહરિ તે દિવ્ય પાર્ષદો સાથે અહીંથી સ્વધામ પધાર્યા. (સંવત ૧૮૮૬ ના જેઠ સુદ દશમના રોજ મધ્યાહ્‌ન સમયે આ લોકથી અંતર્ધાન થયા.) (૬૩) માર્ગમાં શ્રીહરિને અતિ ઉત્સાહપૂર્વક પૂજા કરતા બ્રહ્માદિ દેવોને મોટો મહોત્સવ થયો અને તે દેવોનાં દિવ્ય વાજિંત્રોનો મહાન ધ્વનિ થયો. (૬૪) હે રાજન્ ! પૂજા કરતાં તે દેવતાઓનાં ચંદનરસનાં બિંદુઓ તથા દિવ્ય પુષ્પો તે સમયે પૃથ્વી ઉપર કોઈ કોઈ સ્થલે પડતાં હતાં. (૬૫) શ્રીહરિની આગળ રહેલા નિત્યાનંદાદિ ચાર મુનિઓ ભગવાનનું આશ્ચર્યમય તિરોધાન (સ્વધામગમન) જોઈને અતિ આશ્ચર્ય પામીને તેમણે આપેલી ધૈર્યશક્તિને ધારીને ઊંચે સ્વરે તે ભગવાનનું નામકીર્તન કરવા લાગ્યા. (૬૬) નિત્યાનંદાદિ મુનિજનોએ કરેલું નામ કીર્તન સાંભળીને સર્વે ભક્તો તે સ્થળે સત્વરે આવી પહોંચતાં ભગવાનનું અંતર્ધાન જાણીને તત્ક્ષણ ઊપજેલા શોકવેગથી કરુણ વિલાપ કરવા લાગ્યા, (૬૭) પછી તે સમસ્ત ભક્તો શ્રીહરિની ઈચ્છાથી ધૈર્યને પામ્યા. શોકવેગને ઉપરથી શમાવીને ઊંચા સ્વરે ભગવાનનું નામકીર્તન કરવા લાગ્યા. (૬૮) ત્યારપછી તે પ્રભુના દત્તકપુત્રો શ્રી અયોધ્યાપ્રસાદજી અને શ્રી રઘુવીરજી શ્રીહરિની ઔર્ધ્વદૈહિક ક્રિયા યથોચિત અને યથાવિધિ કરતા હતા. (૬૯) હે નૃપ ! અખંડ સચ્ચિદાનંદ મૂર્તિ ભગવાન શ્રીહરિનો આ પૃથ્વી પર જે પ્રાદુર્ભાવ તિરોભાવ તે કેવળ લીલા જ છે એમ જાણો. (૭૦) આવી ભગવાનની લીલામાં અસુરો મોહ પામે છે. શ્રી રાધિકાકાંત ભગવાનની યોગમાયાનો વૈભવ-ઐશ્વર્યને જાણનારા ભક્તો તો ક્યારેય મોહ પામતા નથી. (૭૧) જેમ નટની માયામાં તેને જોનારા મોહ પામે છે છતાં નટની માયાને જાણનારા ક્યારેય તેમાં મોહ પામતા નથી તેવી જ રીતે ભગવાનના અનન્ય ભક્તો શ્રીહરિની લીલામાં ક્યારેય મોહ પામતા નથી. (૭૨) હે પૃથ્વીપતે! જે પુરુષ આ લોકમાં શ્રીહરિ મહાપ્રભુની આ તિરોધાન લીલાનો પાઠ કરે કે જે પુરુષ ભક્તિભાવથી તેનું શ્રવણ કરે તે બન્ને શ્રીહરિના પ્રતાપથી યમરાજના પાશબંધ (નરકપાતરૂપ દંડ)થી મુક્ત થઈ જાય છે એમાં જરાપણ સંદેહ નથી. (૭૩) ઉખાડી નાખ્યો છે સ્વકીય ધર્મદ્રોહી અધર્મસર્ગ જેમણે એવા અને સારી રીતે વૃદ્ધિ પમાડ્યો છે. જ્ઞાન-વૈરાગ્યાદિ સ્વરૂપવાળો ધર્મસર્ગ જેમણે એવા સ્વતંત્ર, પોતાનાં જે ભક્તજનોના સમગ્ર મનોરથ પૂર્ણ કરવાથી કલ્પવૃક્ષ સમાન ભગવાન શ્રીહરિ વૃત્તાલયપુરમાં અને સર્વત્ર પ્રત્યક્ષપણે સર્વોત્કર્ષ પણે વર્તે છે. (૭૪)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
ભગવત્તિરોધાનલીલાનિરૂપણ નામનો અડસઠમો અધ્યાય થયો. ॥૬૮॥

●

## અધ્યાય-૬૯

**સુવ્રતમુનિ બોલ્યા :**

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે સર્વનું મંગલ કરનાર શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ચરિત્ર પ્રશ્નોને અનુસાર મેં તમોને અનુક્રમથી કહ્યું. (૧) તેમાં પ્રથમ હિમાદ્રિમાં રહેલા બદરિકાશ્રમમાં નારાયણ સાથે મરિચ્યાદિ મહર્ષિઓના સમાગમ અને અધર્મવૃત્તાંત નિવેદન તમોને કહ્યું (૨) હે નૃપ ! તે પછી નારાયણની સમીપે મૂર્તિ (ભક્તિ) પત્નીની સાથે ધર્મદેવનું આગમન કહ્યું. દુર્વાસાના શાપથી તે સર્વેનો મનુષ્યભાવ કહ્યો. (૩) ઉદ્ધવ, ધર્મ, મૂર્તિ અને ઋષિઓનો પણ પૃથ્વી ઉપર જન્મવૃત્તાંત કહ્યું. તે પછી ધર્મદેવનો ભક્તિની સાથે મંગળ વિવાહ કહ્યો. (૪) ત્યાર પછી ભક્તિએ સહિત ધર્મને અસુરોનો ઉપદ્રવ થવાથી ઉદ્ધવાવતાર શ્રી રામાનંદસ્વામીનો સમાશ્રય કહ્યો. (૫) ફરી દૈત્યાંશ શત્રુઓએ પીડા પમાડેલા ધર્મે આરાધના કરાયેલા હનુમાનજીની આજ્ઞાથી પોતાના ઘેરથી વૃંદાવન ગયા તે કહ્યું. (૬) પછી વિષ્ણુયાગથી આરાધના કરેલા ભગવાન શ્રીકૃષ્ણનું દર્શન અને વરદાનાદિ મેં તમોને કહ્યું. મહાવનમાં ધર્મદેવને દ્રોણપુત્ર અશ્વત્થામાનો શાપ પણ તમોને કહ્યો. (૭) તે પછી સુર સમૂહોને વિન્ધ્યવાસિની દેવીનો શાપ કહ્યો. તે પછી ધર્મદેવના ભવનમાં શ્રીહરિનો પ્રાદુર્ભાવમહોત્સવ કહ્યો. (૮) પછી શ્રીહરિનું નામકરણ, ચૌલસંસ્કાર અને કાલિદત્ત અસુરનો નાશ કહ્યો. અયોધ્યામાં શ્રીહરિની પૌગંડલીલા તથા ઉપનયન સંસ્કાર કહ્યો. (૯) પછી શ્રીહરિએ માતા પ્રત્યે હરિગીતા કહી તથા ભક્તિ અને ધર્મને દિવ્ય ગતિ આપી તે કહ્યું તથા ભગવાનનો ગૃહત્યાગ કહ્યો. પછી વનમાં ભૈરવનો પરાજય કહ્યો. (૧૦) પછી પુલહાશ્રમમાં શ્રીહરિએ કરેલી સૂર્યોપાસના અને સૂર્યનારાયણની પ્રસન્નતા કહી. પછી શ્રીહરિકૃત યોગાભ્યાસ કહ્યો. પછી પિબૈક વગેરે મહાશાક્તોનો પરાજય કહ્યો. (૧૧) પછી ઉત્કલ દેશમાં જગન્નાથપુરીમાં રહેલા અસુર સમૂહોનો પરાજય કહ્યો. પછી શ્રીહરિની તીર્થયાત્રા અને મહાટવીમાં પાર્વતીશંકરનું દર્શન કહ્યું. (૧૨) પછી લોજપુરમાં મુક્તાનંદ, સુખાનંદ આદિ રામાનંદમુનિના શિષ્યોનો સમાગમ કહ્યો. પછી શ્રી રામાનંદ સ્વામીનું દર્શન, તથા શ્રીહરિ રામાનંદ સ્વામીની શિષ્ય થયા તે કહ્યું (૧૩) (આ પ્રમાણે પ્રથમ પ્રકરણનો અનુક્રમ સમાપ્ત થયો.) શ્રી રામાનંદસ્વામીના શિષ્યોનો શ્રીહરિના ગુરુપણાનો સ્વીકાર કહ્યો. પછી દિવ્યભાવ પ્રદર્શન, પછી માંગરોળમાં સમાધિનિષ્ઠ મેઘજિતનો પરાજય કહ્યો. પછી સ્વપ્રતાપનું દર્શન તમોને કહ્યું. (૧૪) તે પછી સમાધિઓનો પ્રાદુર્ભાવ કહ્યો. તેમાં કૃષ્ણરૂપનું પ્રદર્શન કહ્યું. પછી નારાયણગીતા અને લોભાદિ દોષોની દુષ્ટતા કહી. (૧૫) પછી ભૂમિ ઉપર શ્રીહરિએ કરેલા અહિંસા ધર્મનું સ્થાપન કહ્યું. ત્યારપછી ખટવાંગ અને અભયભૂપનો સંવાદ કહ્યો. (૧૬) અભયરાજાની પ્રાર્થનાથી શ્રીહરિનું ગઢપુરમાં આગમન કહ્યું. પછી ભગવાને ગવર્નર ભૂપાળને આપેલું વરદાન કહ્યું. (૧૭) ત્યારપછી નાના પ્રકારનાં ગામો અને પુરોમાં ઉદ્ધવ સંપ્રદાયનું પ્રકાશન કહ્યું. તેમાં અનેક ગામ-નગરોમાં શ્રીહરિનું વિચરણ અને અનાયાસે ધર્મસ્થાન કહ્યું. (૧૮) પછી વિષ્ણુયાગાદિ અનેક યજ્ઞોનું વિધાન કહ્યું. ત્યારબાદ કૌલ-નાસ્તિકાદિ મત સંપ્રદાયોનું ખંડન કહ્યું. પછી શ્રીહરિનો દિગ્વિજય કહ્યો. દુર્ગપુરમાં

શ્રીહરિનો નિવાસ કહ્યો. (૧૯) (આ પ્રમાણે દ્વિતીય પ્રકરણનો અનુક્રમ કહ્યો.) પછી પોતાની બહેનો વગેરે સહિત ઉત્તમ રાજાની ભક્તિનો ઉત્કર્ષ કહ્યો. ત્યારપછી હરિની સેવાની વ્યવસ્થિતિ કહી. પછી વિસ્તારપૂર્વક અન્નકૂટનો મહોત્સવ કહ્યો (૨૦) પછી પ્રતિદિન સભામાં ભક્તસમુદાયોને કથાવાર્તાથી આનંદ પમાડતા તે કહ્યું. પછી શ્રીહરિએ કરેલું સત્સંગદીપનું પ્રકાશન કહ્યું. (૨૧) પછી ધર્મની રક્ષા કહેલી છે. પછી સ્પર્શવિવેક, ધર્મસિદ્ધિ, નિષ્કામશુદ્ધિ અને સાધુઓનો આહ્નિક વિધિ કહ્યો. (૨૨) પછી કૃષ્ણસ્વરૂપોનું ઐક્ય કહેલું છે. કૃષ્ણમંત્ર જપનો વિધિ, એકાદશી વ્રતવિધિ, અને મહાન્ પ્રબોધિની ઉત્સવ કહ્યો. (૨૩) પછી વડતાલ મહાન પુષ્પદોલોત્સવ-નરનારાયણ જન્મોત્સવ કહ્યો. (આ પ્રમાણે તૃતીય પ્રકરણનો અનુક્રમ સમાપ્ત થયો.) પછી પુરાણશ્રવણનો સર્વવિધિ નિરૂપ્યો. (૨૪) પછી શ્રી ભાગવત મહા-પુરાણનું મહાત્મ્ય વિશેષપણે કહ્યું. પછી સારંગપુરમાં જન્માષ્ટમી મહોત્સવ કર્યો તે કહ્યું. (૨૫) ત્યારપછી હે રાજન્ ! નાગડકાપુરમાં શ્રીહરિનું ગમન કહ્યું. પંચાળામાં શ્રીહરિનું ગમન કહ્યું. ત્યાં શ્રુતિના અર્થનો નિર્ણય કહ્યો. (૨૬) પછી શ્રીનગર (અમદાવાદ)માં શ્રી નરનારાયણાદિની પ્રતિષ્ઠા કહી છે. ત્યારપછી શ્રીનગરનું શ્રીહરિએ માહાત્મ્ય કહેલું છે. (૨૭) પછી ભુજનગરમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કહેલી છે. પછી મૂળીપુરીમાં રાધાકૃષ્ણાદિ દેવોની પ્રતિષ્ઠા કહેલી છે. (૨૮) પછી મૂળીપુરીનું મહાત્મ્ય કહેલું છે. પછી વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણાદિની વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરેલી છે. (૨૯) હે રાજન્ ! ત્યારપછી ધોળકામાં શ્રી મુરલીમનોહર નામના શ્રીહરિની પ્રતિષ્ઠા અને પછી દુર્ગપુર પ્રત્યે આગમન કહ્યું છે. (૩૦) ત્યારબાદ શ્રીહરિએ ચિત્રપ્રતિમાની પ્રવૃત્તિ કરેલી છે તે કહ્યું. ત્યારબાદ વડતાલમાં શ્રી દ્વારકેશનું આગમન કહ્યું. (૩૧) પછી ત્રિયુગ શબ્દાર્થ નિર્ણય કહેલો છે. ત્યારપછી પોતાના બન્ને ભાઈઓના બન્ને પુત્રોનો દત્તકવિધિથી સ્વીકાર કહ્યો અને તે બન્નેને આચાર્યપદમાં (ગુરુપદે) સ્થાપન કર્યા તે કહ્યું. (૩૨) ત્યારપછી મુનિ સહિત શ્રીહરિનું વડોદરા પ્રત્યે ગમન કહેલું છે. સયાજીરાવ મહારાજાએ શ્રીહરિનું સન્માન કર્યું, તે કહ્યું અને શિક્ષાપત્રીનું લેખન કહ્યું. (૩૩) ત્યારબાદ શ્રીનગરમાં દોલોત્સવ કહ્યો પછી જેતલપુરમાં રેવતી-બળદેવ-હરિકૃષ્ણ મહારાજનો પ્રતિષ્ઠોત્સવ કહેલો છે. (૩૪) પછી પશ્ચિમ દેશના ભક્તો સાથે જ શ્રી હરિનું ભાલદેશમાં ગમન કરેલું છે. પછી ધોલેરાનગરમાં રાધાકૃષ્ણદેવની સ્થાપના કહેલી છે. (૩૫) પછી દીક્ષાવિધિનો ઉપદેશ તથા ભૂમિ ઉપર દીક્ષાવિધિની પ્રવૃત્તિ અને વ્રતોત્સવોનો વિધિ તથા સાધુધર્મોનું અનુશાસન કહેલું છે. (૩૬) હે નરાધિપ ! ત્યારબાદ જ્ઞાનોપદેશ અને સાંખ્યશાસ્ત્રનો અર્થ નિશ્ચય કહેલો છે. (આ પ્રમાણે ચતુર્થ પ્રકરણનો અનુક્રમ સમાપ્ત થયો.) પછી પાંચમા પ્રકરણના આરંભમાં શ્રીહરિએ કરેલો ધર્મોપદેશ મેં તમોને કહેલો છે. (૩૭) તેમાં વર્ણો, આશ્રમો, તેનાથી બાહ્યો તથા સ્ત્રીઓના સર્વેના પણ ધર્મો શ્રીહરિએ વિસ્તારથી કહ્યા છે. (૩૮) પછી મોટાં અને નાનાં સર્વ પાપોનું પ્રાયશ્ચિતવિધાન કહ્યું તથા ચાંદ્રાયણાદિ કૃચ્છ્રવ્રતોનાં લક્ષણો કહ્યાં. (૩૯) પછી જૂનાગઢમાં દ્વારિકાધીશની પ્રતિષ્ઠા કહી. પછી નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મો કહ્યા. (૪૦) પછી ગઢપુરમાં ગોપીનાથ ભગવાનની પ્રતિષ્ઠા કહી. સાંખ્યયોગનો ઉપદેશ અને યોગશાસ્ત્રના

અર્થનો સંગ્રહ કહ્યો. (૪૧) પછી શતાનંદમુનિને વરદાન આપ્યું તે કહ્યું પછી તેમની પાસે જ સત્સંગિજીવનનું નિર્માણ કરાવ્યું તે કહ્યું. (૪૨) ત્યારબાદ પોતાના આવિર્ભાવનું કારણ અને તેનો વિચાર કહેલો છે. પછી ભક્તોનું બોધન કહ્યું. ત્યારપછી ભગવાન શ્રીહરિની અંતર્ધાન લીલા કહેલી છે. (૪૩) હે રાજન્ ! આ પ્રકારે ભગવાન શ્રીહરિનું અદ્‌ભુત ચરિત્ર જેવું તમોએ પૂછ્યું તેવા ક્રમથી જ સર્વ ચરિત્ર મેં તમોને કહ્યું. (૪૪) આ પાવનકારી સત્સંગિજીવન નામનું શાસ્ત્ર રચીને ગુરુ એવા શતાનંદમુનિએ તત્ત્વપૂર્વક મને ભણાવ્યું. (૪૫) હે નૃપ ! પ્રીતિપૂર્વક સાંભળવાની ઈચ્છાવાળા તમોને મેં તે સર્વ શાસ્ત્ર કહ્યું. આ શાસ્ત્ર વેદ, શાસ્ત્ર, પુરાણોના પરમ સારરૂપ છે. (૪૬) જે જનો પૃથ્વી ઉપર સત્સ્વરૂપ એવા સર્વેશ્વર ધર્મનંદન શ્રીહરિને આશરેલા છે તે સર્વ સત્સંગી કહેલા છે. તે સત્સંગીઓને આ શાસ્ત્ર જીવનરૂપ જ છે. માટે તે સત્સંગીઓએ આ શાસ્ત્ર નિરંતર સર્વ પ્રકારે શ્રવણ-પઠનાદિ વડે સેવન કરવા યોગ્ય છે. (૪૭) દ્વિજન્મા પુરુષ સત્સંગિજીવનના પઠનથી વેદાદિના પાઠથી થનાર ફળને પામે તથા સર્વ યજ્ઞોના ફળને અવશ્ય પામે. (૪૮) ચાતુર્વર્ણ્ય નર કે નારી આ ગ્રંથને પરમ આદરથી સાંભળી આ લોક અને પરલોકમાં પણ ઈચ્છિત સુખને પામે. (૪૯) આ ગ્રંથના શ્રવણથી બ્રાહ્મણ બુદ્ધિને પામે, ક્ષત્રિય આધિપત્યને પામે, વૈશ્ય સંપત્તિને પામે તથા શૂદ્ર સુખને પામે. (૫૦) પુરુષ જે જે કામનાથી આ સત્સંગિજીવનનો પાઠ કરે કે શ્રવણ કરે તે પુરુષ તે તે મનોરથને પામે છે. કામના રહિત પુરુષ શ્રીહરિમાં ઉત્તમ ભક્તિને પામે. (૫૧) જે દ્વિજો આ સત્સંગિજીવનનું એકસોઆઠ પારાયણરૂપ પુરશ્ચરણ કરશે તેમના સર્વ મનોરથો નિશ્ચય સિદ્ધિને પામશે (૫૨) ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યને જાણવા-પામવાની ઈચ્છાવાળા નરોએ આ ગ્રંથ પ્રયત્નપૂર્વક સેવન કરવો. (૫૩) જે જનોને આત્યંતિક કલ્યાણની ઈચ્છા હોય તેમણે તો અભીષ્ટ ફળને આપનારો આ ગ્રંથ વિશેષપણે સાંભળવો અને પાઠ કરવો. (૫૪) આ ગ્રંથના જ્ઞાનવાળા પુરુષોને કિંચિત્ પણ જાણવાનું બાકી રહેતું નથી માટે સ્વહિતાર્થી પુરુષોએ આ ગ્રંથ સર્વ પ્રયત્નથી સેવવો. (૫૫) (હવે આ ગ્રંથનું માહાત્મ્ય સમાપ્ત કરતા થકા સુવ્રતમુનિ પોતાના ઈષ્ટદેવને તથા ગ્રંથકાર શતાનંદમુનિને પ્રણામ કરે છે.) નારાયણમુનિ એવા અને કૃષ્ણ છે બીજું નામ જેમનું એવા શ્રીહરિ ભગવાન સ્વામિનારાયણને નમસ્કાર હો. અને તેમના પરમોપાસક ભક્ત અને મારા ગુરુ છે એવા શતાનંદમુનિને વારંવાર નમસ્કાર હો. (૫૬) આ પ્રમાણે મુનિવર્ય સુવ્રતે કહેલું નારાયણચરિત્ર સાંભળીને તે પ્રતાપસિંહ રાજા પ્રસન્નતાપૂર્વક બોલ્યા : (૫૭) હે મુનિશ્રેષ્ઠ ! તમારા સમાગમથી હું ધન્ય થઈ ગયો છું. મારો મનુષ્યજન્મ પણ સફળ થઈ ગયો એમાં સંદેહ નથી. (૫૮) હે મહામુને ! હાલમાં ભગવાન શ્રી સ્વામિનારયણનાં ચરિત્રો સાંભળી મારા હૃદયમાં અનહદ આનંદ ઊપજેલો છે જેનું વર્ણન કરવા હું શક્તિમાન નથી. (૫૯) હે સુવ્રતમુને ! તમે તો ધન્ય છો, જે તમે આ લોકમાં સાક્ષાત્ શ્રીહરિને સેવેલા છે તથા પ્રેમપૂર્વક સેવા વડે તેમને વશ કરેલા છે તે ભગવાનના તમો કૃપાપાત્ર છો. (૬૦) હે મુને ! સત્પુરુષોમાં સ્વાભાવિક જ પરોપકારીપણું રહેલું છે. તમો તો અમ જેવાઓને સદ્‌બોધ આપવા ભૂતળમાં વિચરો છો. (૬૧) હું તમારો શિષ્ય છું, હું તમારા જ શરણને પામેલો છું. મારી ઉપર તમો અનુગ્રહ કરો જેથી તે પ્રભુ

શ્રીહરિનું મને સાક્ષાત્ દર્શન થાય. (૬૨) આ પ્રકારે પ્રતાપસિંહ રાજાએ પ્રાર્થના કરેલા સુવ્રતમુનિ તે રાજાને કહેવા લાગ્યા. હે રાજન્ ! જેવા સાંભળ્યા તેવા શ્રીહરિનું તમો ધ્યાન કરો. તે પ્રભુ અવશ્ય તમોને દર્શન આપશે. (૬૩) જે જનો આ સંત્સગિજીવન ગ્રંથને પ્રીતિપૂર્વક સાંભળે તેમને ભગવાન શ્રીહરિ સાક્ષાત્ દર્શન આપે જ-એમ મારા ગુરુ શતાનંદ મુનિએ મને કહ્યું હતું. (૬૪) તે પછી દૃઢ નિશ્ચયવાળા પ્રતાપસિંહ રાજા સુવ્રતમુનિને પ્રણામ કરીને સુસ્થિર આસનવાળા થઈને હૃદયકમળમાં યથાશ્રુત ભગવાન શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. (૬૫) ભગવાનના પ્રત્યક્ષ જ્ઞાનવાળા તે ગુરુ સુવ્રતમુનિના અનુગ્રહથી અને શાસ્ત્રશ્રવણના પુણ્યથી તે રાજા પોતાના હૃદયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનું દર્શન કરતા હતા. (૬૬) તેજ:પુંજના મધ્યે કોટિ કંદર્પસમાન સુંદર, તથા અક્ષરમુક્તોથી સેવન કરાતા શ્રીહરિ ભગવાનનું સાક્ષાત્ દર્શન પામીને રાજા પરમાનંદને પામ્યા. (૬૭) દર્શન પછી ઊઠેલા તે રાજા અત્યંત પ્રસન્ન થઈને સુવ્રતમુનિને પ્રણામ કરીને બોલ્યા : "હે મુનિશ્રેષ્ઠ! તમારી કૃપાથી હું અત્યારે કૃતાર્થ થયેલો છું તે નિશ્ચય વાત છે." (૬૮) ત્યારે રાજા પ્રત્યે મુનિ બોલ્યા : હે રાજન્ ! તમો આ પ્રકારે સદા શ્રીહરિનું ધ્યાન કરો તેથી તમો તેમના પરમપદ (અક્ષરધામ)ને પામશો. (૬૯) હે રાજન્ ! તમો આ પાવન ક્ષેત્ર (જગન્નાથપુરી)માં રહીને ભગવાન સ્વામિનારાયણનું સદા ભજન કરો. આ પ્રકારે રાજાને કહી, તે રાજાએ નમસ્કાર કરેલા સુવ્રતમુનિ ત્યાંથી અન્ય ક્ષેત્ર પ્રત્યે ગયા. (૭૦) તે રાજા જગન્નાથપુરીમાં રહીને પ્રેમપૂર્વક શ્રીહરિનું ધ્યાન-ભજન કરતા થકા, થોડા સમયમાં તે ભગવાનના પરમધામ અક્ષરધામ પામી ગયા. (૭૧) જે શ્રીહરિની કથાનું શ્રવણ મંગલકારી છે. જેમનું કીર્તન મંગળકારી છે, જેમનું સ્મરણ પણ મંગળકારી છે તે શ્રીહરિ મહાપ્રભુ અમારા સર્વનું મંગળ કરો. (૭૨) અધર્મસર્ગને સમૂળ નાશ કરનારા, ધર્મસર્ગની અધિક પુષ્ટિને કરનારા તથા સર્વવિધ પાપોને હરનારા અને પાતાના ભક્તોના દુઃખ હરનારા એવા શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન સ્વભક્તોએ સહિત મારા ઉપર પ્રસન્ન થાઓ. (૭૩)

ઈતિશ્રી સત્સંગિજીવનમાં નારાયણચરિત્રમાં ધર્મશાસ્ત્રમાં પાંચમા પ્રકરણમાં
ગ્રંથાનુક્રમણિકાનિરૂપણ નામનો ઓગણસિત્તેરમો અધ્યાય થયો. ॥૬૯॥

●

## સત્સંગિજીવનનું પાંચમું પ્રકરણ સમાપ્ત થયું.